VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-01-2020



૧. ગુજરાત સરકાર : રાજ્ય સરકારના કર્મચારીઓ માટે પાંચ ટકા મોંઘવારી ભથ્થુ મંજુર (વહીવટ)



- ✓ હાલમાં ૧૨ ટકા મોંઘવારી ભથ્થું મળે છે તે વધીને ૧૭ ટકા થશે
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા કર્મચારીઓ માટે ૧લી જુલાઈ 2019 થી મંજૂર કરાયું હતું
- ✓ રાજ્ય સરકાર પણ ૧લી જુલાઈ 2019થી મોંઘવારી ભથ્થું આપશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય : ગુજરાત સરકાર (તબીબી શિક્ષણ)

- ✓ પંચમહાલ(ગોધરા), ગીર સોમનાથ, બેટ દ્વારકા, બોટાદ અને મોરબીમાં નવી મેડિકલ કોલેજો શરૂ કરાશે

આ હોસ્પિટલોને અપગ્રેડ કરી ૩૦૦ પથારીની બનાવાશે

- ✓ પંચમહાલ (ગોધરા)ની ૨૧૦ બેડની હોસ્પિટલ
- ✓ ગીર સોમનાથ વેરાવળની ૧૫૦ બેડની હોસ્પિ.
- ✓ દે.દ્વારકાઃ ખંભાળિયામાં ૧૫૦ બેડની હોસ્પિટલ.
- ✓ બોટાદ શહેરમાં આવેલી ૧૦૦ બેડની હોસ્પિ.
- ✓ મોરબી શહેરમાં આવેલી ૨૦૦ બેડની હોસ્પિ.

33 પૈકી 28 જિલ્લામાં મેડિકલ કોલેજના નેટવર્કથી એમબીબીએસની બેઠકો વધીને 6300 થશે

- ✓ જગ્યા ઓછી હશે તો બીજે હોસ્પિટલ બનશે
- ✓ નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે હવે જો વર્તમાન હોસ્પિટલને મેડિકલ કોલેજ સાથેની હોસ્પિટલમાં અપગ્રેડશન કરવા ૧૫ એકરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં અન્યત્ર નવી હોસ્પિટલ અને કોલેજ સ્થાપવાની મંજૂરી મળે છે.
- ✓ આથી, આ પાંચેય જિલ્લા પૈકી જે હોસ્પિટલ કેમ્પસ પાસે ૧૫ એકરથી ઓછી જગ્યા હશે

ત્યાં આસપાસની સ્થિતિનો તાગ મેળ બાદ નજીકમાં જ નવી હોસ્પિટલ-કોલેજ સ્થાપવામાં આવશે.

- ✓ નવ કોલેજો GMERS હેઠળ કાર્યરત થશે.
- ✓ GMERS- ગુજરાત મેડિકલ એન્ડ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. FDI : ગુજરાત (અર્થશાસ્ત્ર)



- ✓ નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ છ માસ એપ્રિલથી સપ્ટેમ્બર 2019 માં રૂપિયા 24,012 કરોડનું વિદેશી રોકાણ ગુજરાતમાં આવ્યું
- ✓ વર્ષ 2018-19માં આ રોકાણ માત્ર રૂપિયા 12,618 કરોડ હતું

આંકડા જાહેર કરનાર

- ✓ કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા દેશના રાજ્યોએ મેળવેલા ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ, (એફડીઆઈ)ના આંકડાઓ જાહેર કરવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગુજરાત પોલીસ : પરિવર્તન

હવે ગુજરાત પોલીસના યુનિફોર્મ પર એક સરખા G.P.- GUJARAT POLICE બેઝ લાગશે

હાલની સ્થિતિ

- ✓ ગુજરાત પોલીસના યુનિફોર્મ પર હાલમાં જિલ્લા વાઈઝ અલગ - અલગ બેજ સાથે નવા યુનિફોર્મ લગાવવામાં આવે છે. પરંતુ હવે આ અલગ-અલગ બેજની જગ્યાએ સમગ્ર ગુજરાત રાજ્ય પોલીસ માટે એક સમાન શાન G. P. (ગુજરાત પોલીસ) બેજ તથા ગુજરાત પોલીસના લોગોને શોલ્ડર એમ્બલમ તરીકે લગાવવા મંજૂરી આપી.

અન્ય વિગત

- ✓ આ સિવાય નેઈમ પ્લેટમાં કર્મચારીના જિલ્લાનું નામ રાખવામાં આવશે. તેમજ હવેના યુનિફોર્મ પર રાષ્ટ્રપતિ દ્વારા એનાયત કરાયેલ નિશાન હશે.
- ✓ ગુજરાત પોલીસ લોકરક્ષક/પોલીસ કોન્સ્ટબલ, હેડ કોસ્ટેબલના યુનિફોર્મમાં અલગ-અલગ ડિસ્ટ્રિક્ટ બેમાંથી કોમન GP બેજ અંગેની એકસૂત્રતા જળવાય અને

અન્ય રાજ્યોમાં સુનિશ્ચિત ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે ગુજરાત પોલીસના જિલ્લા વાઈઝ અલગ અલગ બેજની જગ્યાએ એક સમાન GP બેજ લગાવવા માટે ગણવેશમાં સુધારો કરવાની તેમજ રાષ્ટ્રપતિ દ્વારા એનાયત કરાયેલ પોલીસ નિશાનને યુનિફોર્મમાં સામેલ કરવામાં આવશે.

✓ વર્તમાન પોલીસ વડા – શિવાનંદ ઝા. વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નવું વર્ષ તારીખ 01-01થી કેમ શરૂ થાય છે ?

ગ્રેગોરીયન કેલેન્ડરમાં નવા વર્ષની શરૂઆત પહેલી જાન્યુઆરીથી

✓ યુરોપ અને દુનિયાના મોટાભાગના દેશોમાં નવું વર્ષ ૧ જાન્યુઆરીથી શરૂ થાય છે.

✓ પરંતુ હંમેશાં આવું થતું નથી અને હાલમાં દુનિયાના તમામ દેશોમાં ૧ જાન્યુઆરીથી નવા વર્ષની શરૂઆત માનવામાં આવતી નથી.

✓ ૫૦૦ વર્ષ પહેલાં મોટાભાગના ખ્રિસ્તી દેશોમાં ૨૫ માર્ચ અને ૨૫ ડિસેમ્બરના દિવસે નવા વર્ષની ઉજવણી થતી હતી.

✓ ૧ જાન્યુઆરીથી નવું વર્ષ મનાવવાની શરૂઆત પહેલી વાર ઈ.સ. ૪૫ પહેલાં રોમન રાજા જુલિયસ સિઝરે કરી હતી.

✓ રોમન સામ્રાજ્યમાં કેલેન્ડરનું ચલણ હતું.

✓ પૃથ્વી અને સૂર્યની ગણનાને આધારે રોમન રાજા નૂમા પોપિલુસે એક નવું કેલેન્ડર લાગુ કર્યું હતું.

✓ આ કેલેન્ડર ૧૦ મહિનાનું હતું કારણ કે, ત્યારે એક વર્ષને લગભગ ૩૧૦ દિવસનું માનવામાં આવતું હતું ત્યારે એક અઠવાડિયું પણ આઠ દિવસનું માનવામાં આવતું હતું.

✓ નૂમાએ માર્ચની જગ્યાએ જાન્યુઆરીને વર્ષનો પહેલો મહિનો માની લીધો હતો.

✓ જાન્યુઆરી નામ રોમન દેવેતા જેનુસને નામે છે.

✓ જેનુસ રોમન સામ્રાજ્યમાં શરૂઆતમાં દેવતા માનવામાં આવતા હતા જેના બે મોઢા હતા. આગળના મોઢાની શરૂઆત અને પાછળના મોઢાને પાછળના અંત તરીકે માનવામાં આવતો હતો.

✓ માર્ચનો પહેલો મહિનો રોમન દેવતા માર્સને નામે મનાવવામાં આવતો હતો.

✓ પરંતુ માર્સ યુદ્ધનો દેવતા હતા. માએ યુદ્ધની જગ્યાએ શરૂઆતના દેવતાનો મહિનાથી વર્ષની શરૂઆત કરવાની યોજના હતી.

✓ એક ગ્રેગોરિયન કેલેન્ડરમાં નવા વર્ષની શરૂઆત ૧ જાન્યુઆરીથી થાય છે

હવે લીપ યર તેને કહેવામાં આવશે જેમાં ૪ અથવા ૪૦૦થી ભાગી શકાય.

✓ સામાન્ય વર્ષોમાં ૪નો ભાગ જરૂરી નથી. તો શતાબ્દી વર્ષમાં ૪ અને ૪૦૦ બન્નેને ભાગવી જરૂરી છે.

- ✓ લીપ યરનો એક દિવસ આખો એક દિવસ હોતો નથી તેમાં ૨૪ કલાકથી લગભગ ૪૬ મિનિટ ઓછી હોય છે જેનાથી ૩૦૦ વર્ષ સુધી દર શતાબ્દી વર્ષમાં એક વાર લીપ યર ન મનાવવામાં આવે.
- ✓ પરંતુ ૪૦૦મા વર્ષમાં લિપ યર આવે છે અને ગણતરી યોગ્ય રીતે જળવાઈ રહે છે.
- ✓ જેમ કે ૧૯૦૦માં ૪૦૦નો ભાગ આવતો નથી તેથી ૪થી વિભાજિત થયા છતાં પણ લિપ ઇયર હતું નહીં.
- ✓ જ્યારે વર્ષ ૨૦૦૦ લિપ યર હતું. આ કેલેન્ડરનું નામ ગ્રેગોરિયન કેલેન્ડર છે. આ કેલેન્ડરમાં નવા વર્ષની શરૂઆત ૧ જાન્યુઆરીથી થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬.ISRO - નવા અવકાશી પ્રોજેક્ટને મંજૂરી



વિગત

- ✓ ઇસરોના અધ્યક્ષ કે. સિવન દ્વારા સરકાર અને અવકાશી સંસ્થાના વર્ષ-૨૦૨૦ના આગામી લક્ષ્યાંકોને જાહેર કરવામાં આવ્યા હતા.
- ✓ સરકાર દ્વારા ચંદ્રયાન-૩ પ્રોજેક્ટને મંજૂરી આપી દેવાઈ છે. તેના ઉપર સામાન્ય કામ શરૂ થઈ ગયું છે અને ૨૦૨૧માં તો તેને લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે.
- ✓ તેઓ આ વર્ષે ગગનયાન અને ચંદ્રયાન-૩ ઉપર કામ કરશે. જે ભારતના સ્પેસ રિસર્ચના ક્ષેત્રમાં માઈલસ્ટોન સાબિત થશે.
- ✓ આ ઉપરાંત ગગનયાન માટે ભારતીય એરફોર્સના ચાર પાયલોટ્સની અવકાશયાત્રી તરીકે પસંદગી પણ થઈ ગઈ છે.
- ✓ તેમને તાલીમ માટે રશિયા મોકલાશે.
- ✓ આ ઉપરાંત ગગનયાન મિશન માટે સલાહકાર સમિતિની રચના તેમજ દેશમાં બીજા સ્પેસ પોર્ટ બનાવવાનો તખતો પણ તૈયાર થઈ રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. આ માટે તામિલનાડુના તુતુકડીમાં ભૂમિ અધિગ્રહણની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ હોવાનો પણ તેમણે સ્વીકાર કર્યો હતો.

અન્ય

250 કરોડના ખર્ચે ત્રીજું મિશન પાર પડાશે

- ✓ ઇસરોના વડાએ જણાવ્યું કે, ચંદ્રયાન-૩ને સરકારે અધિકારિક રીતે મંજૂરી આપી દીધી
- ✓ તેનું કોન્ફિડરેશન ચંદ્રયાન-૨ જેવું જ હશે. તેમાં પણ ચંદ્રયાન-૨ની જેમ જ લેઝર, રોવર અને એક પ્રોપલ્શન મોડ્યુલનું માળખું હશે.
- ✓ ચંદ્રયાન-૨નું ઓર્બિટર બે વર્ષ સુધી કાર્યરત રહેશે
- ✓ મંગળ ગ્રહથી માંડીને શનિ સુધીના વિવિધ ગ્રહો ઉપર યાન મોકલવાના મહત્વકાંક્ષી

પ્રોજેક્ટ ઇસરો પાસે છે અને તેના ઉપર કામ ચાલી રહ્યું છે.

- ✓ હાલમાં ગગનયાન મહત્ત્વનો પ્રોજેક્ટ છે. રશિયા તેમાં ભારતને મદદ કરી રહ્યો છે. દેશના અન્ય સ્થળોએ પણ સ્પેસ પોર્ટ બનાવવાની કામગીરી ઝડપી કરાઈ છે.
- ✓ તામિલનાડુના તુતિકોરિન (તુતુકુડી), ખાતે બીજો સ્પેસ પોર્ટ બનાવાશે.
- ✓ ઈસરોનું મુખ્ય મથક - બેંગાલુરુ
- ✓ ઇસરોના અધ્યક્ષ - કે. સિવન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વૈશ્વિક બાબતો

- ✓ ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ મથકોની યાદીનું આદાન-પ્રદાન સંપન્ન
- ✓ વર્ષ-૧૯૯૧થી દર વર્ષે ૧લી જાન્યુઆરીએ આ માહિતીની આપ-લે કરાઈ છે.

અન્ય માહિતી

- ✓ એક-બીજાની જેલોમાં રહેલા નાગરિકો જવાનો માછીમારોને મુક્ત કરવાની પણ માંગણી

સંધિ

- ✓ ૩૧ ડિસેમ્બર, ૧૯૮૮ના રોજ થયેલા પરમાણુ મથકો પર હુમલા પર પ્રતિબંધ મૂકતા કરાર હેઠળ આ યાદીનું આદાનપ્રદાન થયું હતું.
- ✓ સધાયેલી સંધિ મુજબ પ્રત્યેક વર્ષની પહેલી તારીખે બંને દેશો આ સંધિ હેઠળ આવરી લેવામાં આવેલા પરમાણુ મથકોની યાદીનું આદાનપ્રદાન કરે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ફ્લાવર શો 2020



- ✓ સ્થાન - સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ
- ✓ તારીખ - 4 થી 12 જાન્યુઆરી-2020
- ✓ ૧૦ લાખથી વધુ ફૂલો પ્રદર્શિત કરવામાં આવશે.
- ✓ આયોજન - અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. આરબીઆઈ - નવતર પ્રયોગ



- ✓ પ્રજ્ઞાચક્ષુ નકલી ચલણી નોટો ઓળખી શકે તે હેતુથી મોબાઈલ એઈડેડ આઇડેન્ટી ફાયર મની એપ્લિકેશન લોંચ કરાય

- ✓ અંધ,મૂક અને બધિર માટે આ એપ્લિકેશન ઉપયોગી
- ✓ નામ – મની એપ
- ✓ મહાત્મા ગાંધી સિરીઝની નોટની ઓળખ થઇ શકશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. ખેલ કૂદ - નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપ 2019

વિજેતા –

નેશનલ બેસ્ટ પ્લેયર અર્શ પ્રીત ભૂલ્લર

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. ખેલ કૂદ – 3જી વિન્ટર યુથ ઓલિમ્પિક ગેમ્સ -2020

વિન્ટર ઓલિમ્પિકમાં તમામ રમતો બરફ પર રમાય છે

યજમાન – લુસાને (સ્વિત્ઝર્લેન્ડ)

સમયગાળો – તા. 9 થી 22 જાન્યુ. 2020



વિગત

- ✓ લુસાને ત્રીજી વિન્ટર યુથ ઓલિમ્પિક ગેમ્સની મેચો 9 જાન્યુઆરીથી સ્વિત્ઝર્લેન્ડના લુસાને શહેરમાં શરૂ થશે.
- ✓ 22 જાન્યુઆરી સુધી ચાલનારી ગેમ્સમાં 70 દેશના 2 હજારથી વધુ ખેલાડીઓ તેમાં ભાગ લેશે.
- ✓ 8 રમતોની કુલ 16 ઈવેન્ટ થશે.
- ✓ સ્કીઇંગ ઈવેન્ટનો ટ્રેક તૈયાર થઈ ગયો છે.
- ✓ ગેમ્સમાં ભારતનો કોઈ ખેલાડી ભાગ લઈ રહ્યો નથી.
- ✓ ગત ગેમ્સમાં અમેરિકાએ 10 ગોલ્ડ સહિત 16 મેડલ જીતી પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

૧૨. સ્ટાર્ટઅપ : સિદ્ધિ : ગુજરાત



- ✓ 43 ટકા સ્ટાર્ટઅપ શેર સાથે ગુજરાત દેશનું સ્ટાર્ટઅપ હબ
- ✓ વિશ્વમાં સ્ટાર્ટઅપ ક્ષેત્રે ભારત ત્રીજું સૌથી મોટું રાષ્ટ્ર બન્યું.

અન્ય વિગત

- ✓ કેન્દ્ર સરકારની ઇન્ફર્મેશન ટેક્નોલોજી (આઇટી) ક્ષેત્રની સંસ્થા નાસ્કોમના રિપોર્ટ મુજબ 2014થી 2019ના સમયગાળા

દરમિયાન એવરેજ વાર્ષિક 12થી 15 ટકાના ધોરણે સ્ટાર્ટઅપમાં વૃદ્ધિ થઈ છે.

- ✓ આ સમયગાળા દરમિયાન દેશભરમાં 150 સ્ટાર્ટઅપમાંથી 43 ટકા ફંડેડ સ્ટાર્ટઅપ માત્ર ગુજરાતમાં કાર્યરત છે.
- ✓ વિશ્વમાં સ્ટાર્ટઅપ ક્ષેત્રે ભારત ત્રીજું સૌથી મોટું રાષ્ટ્ર બન્યું છે, જેમાં ગુજરાતનું મહત્વનું યોગદાન છે.
- ✓ ગુજરાતમાં 1500થી વધુ રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ અને 222 ફંડેડ સ્ટાર્ટઅપ છે.
- ✓ આ ક્ષેત્રમાં ગુજરાતનું પોટેન્શીયલ જોતા બાંગ્લાદેશ, ભૂતાન, મ્યાનમાર, શ્રીલંકા, થાઇલેન્ડ અને નેપાળ જોડાયેલા છે તેવા બિમસ્ટેક દેશો આગામી સ્ટાર્ટઅપ કન્વેન્શન ગુજરાતમાં યોજવાનું આયોજન પણ કરી રહ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૩. 'વન નેશન વન રેશનકાર્ડ' યોજના

વિશેષતા – તા.1લી જાન્યુઆરી-2020થી ગુજરાત સહિત ૧૨ રાજયોમાં અમલ

- ✓ કેન્દ્રીય ગ્રાહક મંત્રાલયે ચાલુ વર્ષના જન મહિનાથી વન નેશન-વન રેશન કાર્ડ યોજના શરૂ કરવાની જાહેરાત કરી હતી.
- ✓ આ યોજના દાખલ થયા પછી લોકો ગમે ત્યાંથી રાશનની ખરીદી કરી શકશે.
- ✓ નવા વર્ષના પ્રથમ દિવસે દેશના ૧૨ રાજ્યોમાં આ યોજના અમલી બનાવી દેવાઈ હતી અને અન્ય રાજ્યોમાં પણ શરૂ થતાં રાશન કાર્ડ ધારકોને મોટી રાહત થશે.
- ✓ જે રાજ્યોમાં આ યોજના લાગુ કરાઈ છે તેમાં ગુજરાત, આંધ્ર પ્રદેશ, તૈલંગાણા, મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, ગોવા, ઝારખંડ અને ત્રિપુરાનો સમાવેશ થતો હતો.
- ✓ અન્ય રાજ્યોમાં પણ પહેલી જૂનથી અમલ કરાશે : ગમે તે રાજ્યમાંથી અનાજ અને અન્ય રેશન ખરીદી શકાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૪. ભીમા કોરેગાંવ યુદ્ધની 202મી વરસી તા. 01-01-2020

મહત્વ

- ✓ ભીમા કોરેગાંવમાં અંગ્રેજો અને મરાઠીઓના યુદ્ધની ૨૦૨મી વરસીએ દલિત સમુદાયના ૫ લાખ લોકો ભેગા થયા હતા.
- ✓ યુદ્ધમાં ભાગ લેનાર દલિત સમુદાયના મહાર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૫. જન્મ દિવસ વિશેષ : ૧લી જાન્યુઆરી

વેડછીની વડવાઈ : મકનજીબાબા



- ✓ દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાના બેડ઼કૂવા ગામે જન્મેલા મકનજી વેડછી ગામની શાળામાં શિક્ષક હતા. ભાવનાશીલ, ચીવટવાળા, ચારિત્રશીલ, સ્વાશ્રયી અને સાદાઈ જેવા અનેક સદગુણો ધરાવતા મકનજીભાઈ સુરત જિલ્લામાં ગાંધી પ્રવૃત્તિઓનો સીમાસ્તંભ હતા.
- ✓ ચુનીલાલ મહેતા અને જુગતરામ દવે જેવા ગાંધીવાદીઓ મકનજી જેવા આદિવાસી કાર્યકર્તાઓની મદદથી તેમની પ્રવૃત્તિઓ વિસ્તારી શક્યા હતા.
- ✓ ખાદીનો પ્રચાર હોય કે રેંટિયા પ્રવૃત્તિઓ હોય તેઓ દરેક બાબતોમાં આગેવાની કરતા હતા. દાંડીકૂચમાં તેમણે 'અરુણ ટુકડી'માં ભાગ લીધો હતો.
- ✓ હિન્દ છોડો આન્દોલન દરમિયાન તેઓએ વાલોડ મથકે કામ કર્યું, ધરપકડ પણ વહોરી એકવાર તો પોલીસે તેમનો દેખાવ કિશોર જેવો લાગતો હોવાથી ધમકાવી કાઢી મૂક્યા પણ તેમના કામની ગંભીરતા જોઈ જેલમાં ધકેલી દીધા ત્યાંથી છૂટ્યા પછી પણ સત્યાગ્રહીઓને મદદ કરવાનું, ઘાયલોની સેવા કરવાનું ચાલુ રાખ્યું હતું.
- ✓ મકનજીભાઈનું એક મહત્વનું કામ 1937ના વર્ષે અમલમાં આવેલા ગણોતધારાનો પ્રચાર અને પ્રસાર કરવાનું હતું. આઝાદી પછી પણ સર્વોદય,ભૂદાન વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓમાં તેઓ સંકળાયેલા રહ્યા હતા.
- ✓ સ્થાનિક સ્તરે તેઓ 'મકનજી બાબા' અને 'લઘુ ગાંધી' તરીકે પંકાયા હતા.

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૧-૨૦૨૦)

1. તાજેતરમાં 1 જાન્યુઆરી 2020ની સ્થિતિએ ગુજરાત સરકાર દ્વારા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો- **5%**
2. 1 જાન્યુઆરી 2020ની સ્થિતિએ ગુજરાત સરકાર દ્વારા કર્મચારીઓને કુલ કેટલા ટકા મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે-**17%**
3. ગુજરાત સરકાર દ્વારા કયા- કયા જિલ્લામાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા તાજેતરમાં કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે- **પંચમહાલ, ગીર સોમનાથ, બેટદ્વારકા , બોટાદ અને મોરબી**
4. કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટર્નલ ટ્રેડ દ્વારા આંકડા મુજબ વર્ષ 2019-20 પ્રથમ છ માસમાં ગુજરાતમાં કેટલું વિદેશી રોકાણ આવ્યું- **24,012 કરોડ**
5. નવા બદલાવ મુજબ સમગ્ર ગુજરાત પોલીસના યુનિફોર્મ ઉપર હવે કયો નવો બેઝ લાગશે- **ગુજરાત પોલીસ**
6. વિશ્વમાં નવા વર્ષની શરૂઆત 1 જાન્યુઆરીથી કયા કેલેન્ડર મુજબ થાય છે-- **ગ્રેગોરીયન કેલેન્ડર**
7. દર કેટલા વર્ષે લીપ યર આવે છે-**4**
8. વર્ષ 2020માં લીપ યર હોવાથી કયા મહિનામાં 29 દિવસ હશે- **ફેબ્રુઆરી**
9. ઈસરો દ્વારા કયા વર્ષ સુધીમાં ચંદ્રયાન- 3 લોન્ચ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે- **વર્ષે 2021**
10. ઈસરો દ્વારા કયા મિશન માટે ભારતીય એર ફોર્સના ચાર પાયલોટની અવકાશયાત્રી તરીકે પસંદગી કરાઈ છે- **ગગનયાન**
11. ગગનયાન માટે પસંદગી કરાયેલા ભારતીય એર ફોર્સના પાયલોટને કયા દેશમાં તાલીમ માટે મોકલવામાં આવશે- **રશિયા**
12. ભારતના મહત્વના ગગનયાન પ્રોજેક્ટમાં કયો દેશ ભારતને સહયોગ કરી રહ્યો છે- **રશિયા**
13. ઈસરો દ્વારા ભારતના કયા રાજ્ય અને સ્થળ ઉપર દેશનું બીજું સ્પેસ પોર્ટ નિર્માણ કરવાનું નક્કી કરાયું છે- **તમિલનાડુ- તુતીકોરીન(તુતુકુડી)**
14. ઇસરોના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો- **કે.સિવન**
15. વર્ષે 1991થી કયા બે દેશો વચ્ચે દર તા.1 જાન્યુઆરીના રોજ પરમાણુ મથકોની યાદી, જેલમાં

રહેલા નાગરિકો જેવી માહિતીની આપ-લે કરવામાં આવે છે - **ભારત અને પાકિસ્તાન**

16. તાજેતરમાં તારીખ 4 થી 12 જાન્યુઆરી દરમિયાન કયા સ્થળે રાજ્યકક્ષાનો ફ્લાવર શો યોજાયો- **સાબરમતી રિવરફ્રન્ટ -અમદાવાદ**
17. RBI દ્વારા તાજેતરમાં પ્રજ્ઞાચક્ષુ, મુક -બધીર લોકો નકલી ચલણી નોટો ઓળખી શકે તે માટે એપ લોન્ચ કરાઈ- **મની એપ**
18. તારીખ 9 જાન્યુઆરીથી ત્રીજી વિન્ટર યુથ ઓલમ્પિક ગેમ્સ-2020 નો પ્રારંભ કયા શહેરમાંથી થયો- **લુસાને(સ્વિટ્ઝર્લેન્ડ)**
19. ત્રીજી વિન્ટર યુથ ઓલમ્પિક ગેમ્સ-2020ની વિશેષતા જણાવો- **માત્ર બરફના મેદાન પર રમાતી રમત**
20. ત્રીજી વિન્ટર યુથ ઓલમ્પિક ગેમ્સ-2020માં ભારત સિવાય કેટલા દેશોના ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે- **70**
21. ત્રીજી વિન્ટર યુથ ઓલમ્પિક ગેમ્સ-2020માં કુલ કેટલી રમતો યોજાશે- **08**
22. સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાત કેટલા ટકા સ્ટાર્ટઅપ શેર સાથે પ્રથમ ક્રમે છે- **43%**
23. વિશ્વમાં સ્ટાર્ટઅપ ક્ષેત્રે ભારત કયું સ્થાન ધરાવે છે- **ત્રીજું**
24. તાજેતરમાં 1 જાન્યુઆરી 2020 થી કેટલા રાજ્યોમાં 'વન નેશન વન રેશનકાર્ડ' યોજના અમલી બની છે- **12**
25. કયા કયા રાજ્યમાં 'વન નેશન વન રેશનકાર્ડ' યોજના અમલી બની છે- **ગુજરાત,આંધ્ર પ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, ગોવા, ઝારખંડ અને ત્રિપુરા**
26. ભીમા- કારેગાવ યુદ્ધની તાજેતરમાં 202મી વરસી ક્યારે અને કયા રાજ્યમાં ઉજવાઈ- **1 જાન્યુઆરી અને મહારાષ્ટ્ર**
27. ગુજરાતના વતની વેડછીની વડવાઈ એવા મકનજી બાબાનો જન્મ ક્યારે થયો હતો- **01.01**
28. ગુજરાત સરકાર દ્વારા સ્ટાર્ટઅપને ઇનોવેટિવ પ્રક્રિયા, રો- મટીરીયલ અને સંસાધનો માટે કેટલા સુધીની સહાય કરવામાં આવે છે- **રૂ.10 લાખ** વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 02-01-2020



૧. સુધારો ગુજરાત : સરકાર

- ✓ ગુજરાત સરકારના કર્મીઓને વિપસ્યના માટે દસ દિવસ, પંચકર્મ માટે આઠ દિવસની ઓન ડ્યુટી રજા મળશે નહીં.
- ✓ નાણા વિભાગની મંજૂરી વિના ઠરાવ બહાર પડાતા રદ કરાયો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટ 2020



- ✓ તારીખ - 3 4 અને 5 જાન્યુઆરી 2020
- ✓ સ્થળ - હેલીપેડ ગાંધીનગર
- ✓ સરદાર ધામ ખાતે ૫૦ ફૂટ ઊંચી, 17000 કિલોગ્રામની સરદારની કાંસ્ય પ્રતિમા મુકાય
- ✓ પ્રથમ પ્રારંભ - વર્ષ 2018.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. 5G ટેકનોલોજી : ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે ક્રાંતિ



- ✓ 5G - ફિફથ જનરેશન

5G વિશે :

શું છે 5G ટેક્નોલોજી?

- ✓ 5G મોબાઇલ ઇન્ટરનેટ કનેક્ટિવિટી આગળના જનરેશનની ટેક્નોલોજી છે. એ ઘણી સ્પીડ ધરાવે છે અને સ્માર્ટફોન અને અન્ય ઉપકરણોને વધારે ઝડપી કનેક્શન પ્રદાન કરે છે.
- ✓ વાયરલેસ નેટવર્કમાં આ ટેક્નોલોજી વધારે સ્પીડથી કામ કરે એવી રીતે ડિઝાઇન કરાઈ છે. એમાં ઇન્ટરનેટને બદલવાની ક્ષમતા છે.
- ✓ આ 5G સેલ્ફ ડ્રાઇવિંગ કાર, વર્ચ્યુઅલ રિયાલિટી, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ અને અન્ય ટેક્નોલોજી માટે કરોડરજ્જૂનું કામ કરશે.
- ✓ ઘણા દેશોએ તો ૨૦૧૨થી જ આ ટેક્નોલોજીને ડેવલપ કરવા માટે તૈયારી કરી લીધી હતી અને ૨૦૨૦ સુધીમાં 5G સર્વિસ ઉપલબ્ધ કરાવવાની યોજના બનાવી છે.

શા માટે 5G ટેક્નોલોજી?

- ✓ આપણે સૌ હાલમાં જે મોબાઇલ વાપરીએ છીએ એમાં ઇન્ટરનેટનો ઉપયોગ કરીએ છીએ.
- ✓ સ્માર્ટફોનમાં ઘણી બધી સુવિધાઓ છે અને એ પોર્ટેબલ છે, એને ગમે ત્યાં લઈ જઈ શકાય છે.
- ✓ સ્માર્ટફોનમાં જ ઇન્ટરનેટની સુવિધા હોવાથી એનાથી ભણી શકાય છે.
- ✓ યુટયૂબ પર વીડિયો જોઈ શકાય છે, મૂવી જોઈ શકાય છે.
- ✓ પણ હવે HD (હાઈ ડેફિનેશન)નો જમાનો છે. HDથી પિક્ચર ક્વોલિટી સુંદર મળે છે અને એથી એની સાઇઝ પણ વધી છે.
- ✓ હાલમાં આપણે જે 4G ટેક્નોલોજી વાપરીએ છીએ એ ઘણી સ્લો છે અને એથી મૂવી ડાઉનલોડ કરવામાં વાર લાગે છે.
- ✓ ક્યારેક યુટયૂબ પરના વીડિયો જોતી વખતે સ્લો સ્પીડનો અનુભવ થાય છે.
- ✓ હાલની 4G એટલે કે ફોર્થ જનરેશન ટેક્નોલોજીની સ્પીડ ઓછી છે અને તેથી આપણને 5G ટેક્નોલોજીની જરૂર ઊભી થઈ છે.
- ✓ સ્લો ડેટા રેટના કારણે આપણને જે પરેશાની હાલમાં થઈ રહી છે એનો ઉકેલ 5G ટેક્નોલોજીમાં છે.

શું છે વિશેષતા ?

- ✓ 5G ટેક્નોલોજી ૨૦૦૯માં ભારતમાં લોંચ કરાયેલી 4Gનું સ્થાન લેશે.
- ✓ 5G એ 4G કરતાં ૧૦૦ ગણી ઝડપી હશે અને ૧૦ ગીગાબાઇટ પ્રતિ સેકન્ડ એની સ્પીડ હશે.
- ✓ એમાં ત્રણ કલાકની ફિલ્મ સેકંડોમાં ડાઉનલોડ થઈ જશે.
- ✓ આ ટેક્નોલોજી સ્માર્ટ વોશિંગ મશીન, સ્માર્ટ ફ્રીઝ, સેલ્ફ ડ્રાઇવિંગ કાર અને તમામ ઓટોમેટિક ઉપકરણોમાં ઉપયોગમાં લેવાય છે.

મુશ્કેલી અને એનો ઉકેલ

- ✓ 5Gના મિલીમીટર વેવ્ઝ બિલ્ડિંગોને પાર કરી શકતાં નથી.
- ✓ ખરાબ મોસમમાં પણ એ કામ કરતાં બંધ થાય છે.
- ✓ જોકે આનો ઉકેલ છે. 5Gમાં સિગ્નલોને ઘણા નાના સેલ સ્ટેશનોથી ટ્રાન્સમિટ કરાશે અને એને વીજળીના થાંભલા કે બિલ્ડિંગો પર લગાવવામાં આવશે.
- ✓ ગલીઓમાં પણ થાંભલાઓ પર આ સિગ્નલો લગાવાશે. આના કારણે યૂઝર્સને કોઈ સમસ્યાનો સામનો નહીં કરવો પડે.

અન્ય વિગત

- ✓ ભારત સરકારે ચીનની હુવાવે કંપનીને 5G નેટવર્કના ટ્રાયલ્સ માટે પરવાનગી આપી.
- ✓ આપણા દેશમાં હાલમાં મોબાઇલ નેટવર્ક 4G ટેક્નોલોજીથી કાર્યરત છે પણ એમાં સ્પીડ ઓછી છે, ડેટા ટ્રાન્સફર થતાં વાર લાગે છે અને તેથી ભારતના લોકોને ઝડપી ડેટા સ્પીડ મળે અને ભારતીયો પણ વિશ્વ કક્ષાની ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકે એ માટે 5G ટેક્નોલોજીની ટ્રાયલ્સ શરૂ થશે.
- ✓ ભારતમાં 5Gના ટ્રાયલ્સ આ મહિને શરૂ થવાના છે. એના પછી 5G સ્પેક્ટ્રમ માટે બોલી લાગશે.
- ✓ ટેલિકોમ કંપનીઓ સરકારને સ્પેક્ટ્રમની કિંમતો પર ફેરવિચાર કરવા કહી રહી છે પણ સરકારે કોઈ પગલાં લીધાં નથી.

૮૦ ટકા દેશોમાં 4G ટેક્નોલોજી છે!

- ✓ આશ્ચર્યની વાત એ છે કે ગણ્યાગાંઠ્યા દેશોમાં 5G ટેક્નોલોજી ડેવલપ કરવામાં આવી રહી છે, દુનિયામાં ૮૦ ટકા દેશોમાં 4G ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે.
- ✓ આવું એટલા માટે છે કારણ કે આ ટેક્નોલોજી ડેવલપ કરવામાં અબજો રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ જરૂરી છે.
- ✓ આજે બધા લોકો 4G ટેક્નોલોજી વાપરી રહ્યા છે એથી એના ડિવાઇઝની સંખ્યા વધી છે અને એથી કનેક્ટિવિટીની સમસ્યા નડી રહી છે કારણ કે 4Gમાં બેન્ડવિડ્થ ઓછી છે.
- ✓ 5G પ્રતિ સેકન્ડ એક ટેરા બિટથી વધારે સ્પીડ આપે છે, જ્યારે 4Gમાં ૧૦૦ મેગા બિટ પ્રતિ સેકન્ડની સ્પીડ મળે છે.
- ✓ 5Gમાં વધારે સ્પીડ હોવાથી કોઈ પણ હોલોગ્રામ ટીવી, ઓગમેન્ટેડ રિયાલિટી અને અલ્ટ્રા લાર્જ વોલ્યૂમ ટ્રાન્સફરની સાથે એકી સાથે રિયલ ટાઇમ એક્સપિરિયન્સનો અનુભવ મળશે.
- ✓ 5Gના યૂઝર્સ હંમેશાં કનેક્ટેડ રહેશે. હાઈસ્પીડ ટ્રેન હોય કે પ્લેન, સર્વત્ર લોકો કનેક્ટેડ રહેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. TRAI - DTH અને કેબલ ઓપરેટર માટે આગામી તારીખ ૧લી માર્ચ 2020થી નવા નિયમો અમલી



- ✓ માત્ર રૂપિયા 153માં ફરજિયાત 200 ફ્રી ટુ એર ચેનલ ઉપલબ્ધ કરાવાશે.

<u>વિગત</u>

<u>TRAIના નવા નિયમો</u>

- ✓ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ નવા ટેરિફ ઓર્ડર (NTO)માં સુધારાની જાહેરાત કરી છે જે અંતર્ગત કેબલ ઓપરેટરોએ તેમના ગ્રાહકોને પ્રતિ માસ રૂપિયા ૧૫૩ (કરવેરા સહિત)માં મહત્તમ ૨૦૦ ચેનલ ફરજિયાત ઉપલબ્ધ કરાવવી પડશે.
- ✓ ગ્રાહક હિતોની સુરક્ષા માટે ટ્રાઇએ કેબલ અને બ્રોડકાસ્ટિંગ સર્વિસિઝ માટે નવા રેગ્યુલેટરી ફ્રેમવર્કમાં કરેલા સુધારા અંતર્ગત હવે કેબલ ટીવી યૂઝર્સ ઓછી કિંમતમાં વધુ ચેનલો જોઇ શકશે.
- ✓ ગ્રાહકોએ હવે દર મહિને તમામ ફ્રી ટુ એર ચેનલો માટે મહત્તમ રૂપિયા ૧૬૦ જ ચૂકવવાના રહેશે.

<u>ટ્રાઇના નવા નિયમો</u>

1. ૧૫૩ રૂપિયામાં ૨૦૦ ફ્રી ટુ એર ચેનલો ઉપલબ્ધ કરાવવી પડશે
2. ૪૦ ટકા રકમ ઘરમાં વધારાના કેબલ જોડાણ માટે વસૂલી શકાશે
3. ડિસ્ટ્રિબ્યૂશન પ્લેટફોર્મ ઓપરેટર્સ (DPO) તેમના પ્લેટફોર્મ પર ઉપલબ્ધ તમામ ચેનલ માટે રૂપિયા ૧૬૦થી વધુ વસૂલી શક્શે નહીં
4. માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ફરજિયાત કરાયેલી ચેનલો NCFની ચેનલોની ગણતરીમાં લેવાશે નહીં
5. આ લા કાર્ટે ચેનલો બકેટમાં સમાવિષ્ટ પે ચેનલોના આ લા કાર્ટે દરો બકેટના દરથી દોઢ ગણા રાખી શકશે નહીં
6. બકેટનો હિસ્સો હોય તેવી દરેક પે ચેનલના આ લા કાર્ટે દરો બકેટની પે ચેનલના સરેરાશ દરથી ત્રણ ગણાથી વધુ હોવા જોઇએ નહીં
7. ઘરમાં એક કરતાં વધુ ટીવી હોય તો એક જ વ્યક્તિના નામે એક કરતાં વધુ કેબલ જોડાણ માટે કેબલ ઓપરેટર વધારાના જોડાણ માટે જાહેર કરાયેલી ફીના મહત્તમ ૪૦ ટકા રકમની વસૂલાત કરી શક્શે.
8. આ લા કાર્ટે ચેનલ પર હવે મહત્તમ રૂપિયા ૧૯ના સ્થાને રૂપિયા ૧૨ જ વસૂલી શકાશે.

- ✓ DTH - ડાયરેક્ટર ટુ હોમ
- ✓ TRAI - ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા
- ✓ TRAI વડુમથક - મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વડાપ્રધાન મોદી બે દિવસ, તારીખ 2 અને 3 જાન્યુઆરી-2020 કર્ણાટકની મુલાકાતે



- ✓ પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોના ખાતામાં રૂપિયા 12,000 કરોડ જમા કરાવ્યા

અન્ય જાહેરાતો લોકાર્પણ

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિસાન ક્રેડિટ કાર્ડ જારી કર્યાં.
- ✓ સન્માન નિધિ'(PM-KSAN) યોજનાનો ત્રીજો હપ્તો જાહેર કર્યો.
- ✓ માછીમારોને ડીપ સી શિપિંગ બોટ અને ટ્રાન્સપોન્ડર આપવામાં આવ્યા
- ✓ ખેડૂતો માટે ઈલેક્ટ્રોનિક મંડી ઈનામ નેટવર્કનું વિસ્તરણ થઈ રહ્યું છે.
- ✓ અન્નદાતા ઊર્જાદાતા બને તે માટે પીએમ કુસુમ યોજના શરૂ કરવામાં આવી છે.
- ✓ દક્ષિણ ભારતની તાકાતને એગ્રો એકસ્પોર્ટની તાકાત બનાવવા માગીએ છીએ
- ✓ તેલંગણા હળદર ઉત્પાદનનું કેન્દ્ર, સરકાર ઉત્પાદન વધારવા રિસર્ચને પ્રોત્સાહન આપી રહી છે.
- ✓ સરકાર નાળિયેરની ખેતી કરતા ખેડૂતોનાં હિત માટે કામ કરી રહી છે, કાજુના બગીચાઓના, વિસ્તરણની સંભાવના ઘણી
- ✓ કર્ણાટક સહિત ૭ રાજ્યોના ભૂજળ સ્તર ઊંચાં લાવવાનો પ્રયાસ, અટલ ભૂજળ યોજના

પીએમ મોદીએ DRDOની પાંચ લેબોરેટરી સમર્પિત કરી

- ✓ પીએમ મોદીએ બેંગલોરમાં યુવા વૈજ્ઞાનિકો માટે DRDOની પાંચ લેબોરેટરી દેશને સમર્પિત કરી હતી.
- ✓ આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, મને ખુશી છે કે એડવાન્સ ટેકનોલોજીના ફિડમાં પાંચ લેબોરેટરી તૈયાર કરવાના વિચારને ગંભીરતાથી લેવાયો અને હવે તે બેંગલોર, કોલકાતા, ચેન્નઇ, હૈદરાબાદ અને મુંબઇમાં તૈયાર થઇ રહી છે.
- ✓ આ લેબોરેટરીઓ દેશમાં ઉભરતી ટેકનોલોજીના ફિલ્ડમાં સંશોધનોમાં મદદરૂપ થશે.
- ✓ રાજધાની બેંગલુરુ
- ✓ મુખ્યમંત્રી- બી.એસ.યેદુયેરપ્પા
- ✓ રાજ્યપાલ- વજુભાઈ વાળાવિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬.SDG ઈન્ડિયા ઈન્ડેક્સ-2019

SDG – સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ



ગુજરાતની સ્થિતિ

- ✓ આ ડેટા અનુસાર ગુજરાતમાં ગુણવત્તાયુક્ત શિક્ષણમાં ૨૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે.
- ✓ વર્ષ ૨૦૧૮માં ૬૭ પોઈન્ટ હતા, જે ઘટીને વર્ષ ૨૦૧૯માં ૫૭ પોઈન્ટ થઈ ગયા છે.
- ✓ **આર્થિક અસમાનતા દૂર કરવા મામલે** પણ ૨૦ પોઈન્ટનો ઘટાડો દેખાયો છે, વર્ષ ૨૦૧૮માં ૭૯ પોઈન્ટ હતા જે વર્ષ ૨૦૧૯માં ઘટીને ૫૯ પોઈન્ટ થઈ ગયા છે.
- ✓ **ભૂખમરો દૂર કરવાની કામગીરી**માં પણ નબળો દેખાવ રહ્યો છે, તેમાં ૧૦ પોઈન્ટનો ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૮માં ૪૯ પોઈન્ટ હતા, જે વર્ષ ૨૦૧૯માં ઘટીને ૩૯ પોઈન્ટ થઈ ગયા છે.
- ✓ **શુદ્ધ પાણી અને ગટરની સુવિધા મામલે** પણ ગુજરાતનો ઈન્ડેક્સ ઘટ્યો છે. વર્ષ ૨૦૧૮માં ૧૦૦ પોઈન્ટ હતા, જેમાં ૮ પોઈન્ટનો ઘટાડો થયો છે એટલે કે વર્ષ ૨૦૧૯માં ૯૨ પોઈન્ટ થઈ ગયા છે.
- ✓ **ઈકોનોમિક ગ્રોથ મામલે** પણ પાંચ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૧૮માં આ મામલે ૮૦ પોઈન્ટ હતા, જે વર્ષ ૨૦૧૯માં૭૫ પોઈન્ટ થયા છે.

એક વર્ષમાં કયા ક્ષેત્રમાં કેટલા પોઈન્ટનો ઘટાડો

ક્ષેત્ર	પોઈન્ટ ઘટ્યા
ગુણવત્તાયુક્ત શિક્ષણ	- ૨૦
આર્થિક અસમાનતા દૂર કરવી	- ૨૦
ભૂખમરો દૂર કરવો	- ૧૦

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. 'સ્ટડી ઈન ગુજરાત' અભિયાન - ગુજરાત સરકાર

હેતુ –

- ✓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતને દેશના એજ્યુકેશનલ હબ તરીકે પ્રસ્થાપિત કરવા અને દેશ-વિદેશના વિદ્યાર્થીઓને રાજ્યમાં ઉચ્ચશિક્ષણ માટે આમંત્રણ આપવાના હેતુથી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા 'સ્ટડી ઈન ગુજરાત' અભિયાન હાથ ધરાયું છે.

અન્ય વિગત

- ✓ ગુજરાત સરકારની 22 સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ અને ચાર કોલેજો 'સ્ટડી ઈન ગુજરાત'અભિયાનમાં ભાગ લઈ રહી છે.
- ✓ CEPT, ગણપત યુનિવર્સિટી, IIT-RAM, GNLU, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, પંડિત

દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી સહિતની 22 યુનિવર્સિટી આ અભિયાનમાં ભાગ લઈ રહી છે.

- ✓ 'સ્ટડી ઈન ગુજરાત'અભિયાન અંતર્ગત રોડ-શોમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.
- ✓ 'સ્ટડી ઈન ગુજરાત' અંતર્ગત વિવિધ અભ્યાસક્રમો, એપ્લિકેશનની પ્રક્રિયા અને યુનિવર્સિટીઓ વિશે વધુ માહિતી પ્રાપ્ત કરવા માટે સત્તાવાર વેબસાઇટ www.study.gujarat.gov.inની મુલાકાત લઈ શકો છો.

- ✓ 'સ્ટડી ઈન ગુજરાત' કાર્યક્રમ માટે શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની આગેવાનીમાં સરકારી અધિકારીઓનું પ્રતિનિધિમંડળ 12 દેશોના વિદ્યાર્થીઓને આકર્ષવા માટે રોડ-શો યોજશે.
- ✓ 'સ્ટડી ઈન ગુજરાત' કાર્યક્રમમાં આફ્રિકન મિડલ ઇસ્ટ અને સાઉથ એશિયાના 12 દેશોનો સમાવેશ કર્યો છે.
- ✓ આ કાર્યક્રમ અંતર્ગત તારીખ 15મી જાન્યુઆરી, 2020થી 12 દેશોમાં રોડ-શો યોજાશે. જેમા કુવૈત, દુબઇ, મસ્કત, રિયાધ,શ્રીલંકા, નેપાળ, ઝિમ્બાબ્વે, બાંગ્લાદેશ, કેન્યા, ઇથોપિયા, યુગાન્ડા અને ભૂટાનનો સમાવેશ થાય છે.
- ✓ ઉપરાંત દેશના દસ શહેરોમાં પણ રોડ-શો યોજાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ગૌરવ – ચાર ગુજરાતીઓનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન : નવી દિલ્હી

- ✓ **પ્રદાન–** સામાજિક ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ

1. સ્માર્ટ વિલેજના સર્જક હિમાંશુપટેલ (સા.કાં)

- ✓ પુંસરીને દેશનું પ્રથમ સ્માર્ટ વિલેજ બનાવનાર સરપંચ.
- ✓ 2006માં સરપંચ બની 2013માં નં.1 ગ્રામ પંચાયત બનાવી.
- ✓ ગ્રામ પંચાયત મોડલ ગ્રામ પર 10 હજાર સરપંચો કામ કરે છે.

2. વંચિતોના વણોતર મિત્તલબેન (અમદાવાદ)

- ✓ વિચરતા સમુદાય સમર્થન મંચ થકી વિચરતી જાતિ માટે કામ કરતા મિત્તલ પટેલે હજારોને સરનામું અપાવ્યું.
- ✓ રાષ્ટ્રપતિના હસ્તે નારીશક્તિ પુરસ્કાર સહિત અનેક સન્માન મેળવી ચૂક્યાં છે.

3. પાણીદાર માણસ બિપ્લબ કેતન (અમદાવાદ)

- ✓ ઉત્તર ગુજરાતના સૂકા પ્રદેશમાં જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અદ્વિતીય કામગીરી કરી છે.
- ✓ તેમણે વિકસાવેલી 'ભૂંગરૂ ' નામની ટેકનિક પાણી રિચાર્જ માટે શ્રેષ્ઠ વ્યવસ્થા છે. જેનો ખેડૂતોએ લાભ લીધો છે.

4. <u>હસ્તકલાનો જાણતલ ઇસ્માઇલ ખત્રી (કચ્છ)</u>

- ✓ કચ્છના ઇસ્માઇલ ખત્રી 5000 વર્ષ જૂની અજરખબાટિક હસ્તકલા રખોપી રહ્યા છે.
- ✓ યુકેની ડી મોટફોર્ટ યુનિ.એ લંડન બોલાવી ડૉક્ટરેટની પદવીથી સન્માનિત કર્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૯. યુનિસેફ : અહેવાલ - વિશ્વભરમાં નવા વર્ષના પ્રારંભે 3.92 લાખ બાળકોનો જન્મ થયો</u>

- ✓ સૌથી વધારે 67,385 બાળકો ભારતમાં જન્મ્યા
- ✓ વર્ષ 2020માં પ્રથમ બાળકનો જન્મ ફિજીમાં થયો
- ✓ UNના અહેવાલ મુજબ વર્ષ-2050 સુધીમાં 27.3 કરોડની વૃદ્ધિ સાથે ભારત વસ્તી મામલે વિશ્વમાં પ્રથમ ક્રમે હશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૧૦. વિશ્વની પ્રથમ ડ્રાઈવરલેસ હાઈસ્પીડ સ્માર્ટ ટ્રેન : ચીનમાં સફળ પરીક્ષણ (ટેકનોલોજી)</u>

- ✓ <u>શહેરો -</u> બેઈજિંગ અને ઝાંગજિયાકો
- ✓ <u>ટ્રેનની ઝડપ-</u> 350 કિલોમીટર પ્રતિ કલાક
- ✓ 5Gની સુવિધા ઉપલબ્ધ

<u>વિશેષતા</u>

- ✓ આ સ્માર્ટ ટ્રેને 174 કિલોમીટરનું અંતર 10 સ્ટોપ લઈને માત્ર 47 મિનિટમાં પૂરું કર્યું હતું.
- ✓ ટ્રેનમાં સ્માર્ટ લાઈટિંગ્સ ઉપરાંત 5જી અને વાયરલેસ ચાર્જિંગની સુવિધા પણ ઉપલબ્ધ છે.
- ✓ આ ટ્રેનના પ્રોજેક્ટ પાછળ 56,496 કરોડ રૂપિયાનું બજેટ ફાળવાયું હતું.
- ✓ ચીનમાં 2022નો વિન્ટર ઓલિમ્પિક્સ યોજાશે. એ ઓલિમ્પિક્સની યજમાની પાટનગર બેઈજિંગ અને ઝાંગજિયાકો શહેર કરે છે.
- ✓ ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખીને ચીને ખાસ સ્માર્ટ ટ્રેન બેઈજિંગ અને ઝાંગજિયાકો શહેર વચ્ચે શરૂ કરી છે.
- ✓ ચીને દાવો કર્યો હતો કે આ સ્માર્ટટ્રેન દુનિયાની પ્રથમ ડ્રાઈવરલેસ હાઈસ્પીડ ટ્રેન છે. બેઈજિંગ અને ઝાંગજિયાકો શહેર વચ્ચેનું 174 કિલોમીટરનું અંતર આ ટ્રેન માત્ર 45થી 47 મિનિટમાં પૂરું કરશે.
- ✓ બેઈજિંગથી ઉપડેલી આ સ્માર્ટટ્રેને ઝાંગજિયાકો શહેર સુધી સ્માર્ટ ટેકનોલોજી, ચીને ખાસ વિકસાવેલી નેવિગેશન સિસ્ટમની મદદથી પહોંચી હતી.
- ✓ આ પ્રોજેક્ટ પાછળ ચીને અંદાજે 56,496 કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું હતું. એ ટ્રેનમાં વાયરલેસ ચાર્જિંગ, 5જી નેટવર્ક કનેક્શન અને સ્માર્ટ લાઈટિંગ્સની સુવિધા ઉપલબ્ધ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. એનિમિયા રોગ – ભારત અને ગુજરાતની સ્થિતિ

અહેવાલ

એનિમિયા એટલે શું

- ✓ રક્તકણોમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ઉંમર પ્રમાણે ખૂબ જ ઓછું હોય તેને એનિમિયા કહેવામાં આવે છે . શરીરમાં ઓક્સિજનનું પરિવહન હિમોગ્લોબિન દ્વારા થાય છે.
- ✓ જેના કારણે તબીબોના મતે જરૂરી માત્રામાં હિમોગ્લોબિન હોવું જરૂરી છે.
- ✓ એનિમિયા થવાના કારણોમાં હિમોગ્લોબિન બનવા માટે જરૂરી ઘટક તત્વો ઓછા હોવા, હોવા રક્તકણોનું ઝડપથી તૂટી જવું, રક્તકણોનું ઓછું બનવું જવાબદાર છે.
- ✓ ખોરાકમાં આયર્નની ઉણપ-શરીરમાં આયર્નનનું બરાબર પાચન ન થવું, કૃમિના ઈન્વેક્શન, પુખ્તવયની મહિલાઓમાં મેન્સુઅલ બ્લડ લોસ જેવા કારણોથી એનિમિયા થઈ શકે છે.

એનિમિયા ધરાવતી મહિલાઓનું પ્રમાણ ક્યાં સૌથી ઓછું?

રાજ્ય/સંઘ પ્રદેશ	પ્રમાણ	રાજ્ય/સંઘ પ્રદેશ	પ્રમાણ
મિઝોરમ	૨૪.૮%	અરુણાચલ પ્રદેશ	૪૩.૨%
મણિપુર	૨૬.૪%	કર્ણાટક	૪૪.૮%
નાગાલેન્ડ	૨૭.૮%	ઉત્તરાખંડ	૪૫.૨%
ગોવા	૩૧.૩%	લક્ષદ્વિપ	૪૬.૦%
કેરળ	૩૪.૩%	(*લોકસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર. ૧૨ થી ઓછા ગ્રામ પર ડેસિલીટરના આધારે પ્રમાણ.)	
સિક્કીમ	૩૪.૯%		

એનિમિયા ધરાવતી મહિલાઓનું પ્રમાણ ક્યાં સૌથી વધુ

રાજ્ય/સંઘ પ્રદેશ	પ્રમાણ	રાજ્ય/સંઘ પ્રદેશ	પ્રમાણ
દાદરા નગર	૭૯.૫%	પશ્ચિમ બંગાળ	૬૨.૬%
ચંદીગઢ	૭૬.૦%	બિહાર	૬૦.૩%
આંદમાન નિકોબાર	૬૫.૬%	આંધ્ર પ્રદેશ	૬૦.૦%
ઝારખંડ	૬૫.૨%	દીવ દમણ	૫૮.૯%
હરિયાણા	૬૨.૬%	તેલંગણા	૫૬.૬%

- ✓ ગુજરાતમાં ૫૫ ટકા મહિલાઓને એનિમિક ભારતમાં ગુજરાત ૧૩માં સ્થાને
- ✓ **વય જૂથ–** ૧૫ થી ૪૯ વર્ષ

૧૨. નિમણૂક - AIIMSના પ્રો. સુરેશ ચંદ્રા શર્મા NMCના પ્રથમ અધ્યક્ષ



અન્ય વિગત

- ✓ કાર્યકાળ- ત્રણ વર્ષ અથવા ૭૦ વર્ષ સુધી
- ✓ કૌભાંડોના કારણે બદનામ થયેલી મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સ્થાને મોદી સરકાર દ્વારા ભારતમાં મેડિકલ શિક્ષણના નવા નિયમનકાર તરીકે નેશનલ મેડિકલ કમિશનની રચના કરવામાં આવી છે.
- ✓ કેબિનેટની અપોઈન્ટમેન્ટ સમિતિએ ત્રણ વર્ષ અથવા ૭૦ વર્ષની વય સુધી તેમની નિમણૂકને મંજૂરી આપી છે.
- ✓ મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ)ના બોર્ડ ઓફ ગવર્નર્સમાં સેક્રેટરી જનરલપદે (રહેલા રાકેશ કુમાર વત્સની સમાન સમય મર્યાદા માટે નવા પંચમાં સેક્રેટરી તરીકે નિમણૂક કરાઈ છે.
- ✓ NMC - નેશનલ મેડિકલ કાઉન્સિલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૪. અપનાપન યોજના : ગુજરાત પોલીસ (સુરક્ષા)

- ✓ એકલવાયુ જીવન જીવતા વૃદ્ધો માટે અમદાવાદ પોલીસની અપનાપન યોજના
- ✓ હેતુ- સિનિયર સિટીઝનને મદદરૂપ થવા માટે ગેસ, દવા લાવી અપાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૫. ગુજરાતની પ્રથમ સરકારી સ્માર્ટ સ્કૂલ – કાંકરિયા (અમદાવાદ)



વિગત અને વિશેષતાઓ

- ✓ અમદાવાદમાં કાંકરિયા મ્યુનિ.શાળા નં.5,6 ગુજરાતની પ્રથમ સ્માર્ટ સ્કૂલ બની છે. જ્યાં વિકસીત દેશો જેવી સ્કૂલમાં માળખાકિય સુવિધાઓ ઉભી કરવા ઉપરાંત અત્યાધુનિક ટેકનોલોજીથી શિક્ષણ આપવામાં આવનાર છે.
- ✓ જોયફૂલ લર્નિંગ ક્લાસ, સ્માર્ટ ક્લબ, મેથ્સ-સાયન્સ લેબ, ડિઝિટલ પ્લોનિટોરિયમ, ફ્યુચર ક્લાસરૂમ, થ્રીડી એજ્યુકેશનલ ચાર્ટ વીથ વોલ વોટરપ્રૂફિંગ, ફ્લેસ સેલિંગ અને મલ્ટી પ્લે સ્ટેશન આ શાળાના મુખ્ય આકર્ષણ છે.
- ✓ સરકારી શાળાઓની દશા સુધારવા અને ખાનગી શાળાઓને ટક્કર આપવા માટે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા શહેરમાં કાંકરિયા ખાતે 1.60 કરોડના ખર્ચે આધુનિક સ્કૂલ બનાવાઇ છે. જેમાં થ્રીડી પેઇન્ટિંગની મદદથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાશે.

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી 2020ના પ્રથમ સપ્તાહમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટ કયા અને ક્યારે યોજાઇ હતી- **હેલીપેડ ગાંધીનગર અને 3,4, 5 જાન્યુઆરી-2020**
2. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના કર્મચારીઓને પંચકર્મ અને વિપશ્યના માટે ઓન ડ્યુટી રજા આપવાનો નિર્ણય કયા વિભાગ દ્વારા રદ કરવામાં આવ્યો- **નાણા વિભાગ**
3. તાજેતરમાં અમદાવાદ ખાતે કયા સ્થાન ઉપર સરદાર વલ્લભભાઈ પટેલની 50 ફૂટની વિશાળ પ્રતિમાનું મુખ્યમંત્રીના હસ્તે અનાવરણ કરાયું- **સરદારધામ**
4. 5Gનું વિસ્તૃત નામ જણાવો- **ફિફ્થ જનરેશન**
5. ભારતમાં 4G ક્યારે લોન્ચ કરવામાં આવ્યું હતું- **વર્ષ 2009**
6. 5Gમાં 4G કરતા ઈન્ટરનેટની ઝડપ કેટલી વધુ હોય છે-**100 ગણી વધુ- 10 ગીગાબાઈટ પ્રતિ સેકન્ડ ઝડપ**

7. ભારતમાં કેન્દ્ર સરકારે કામચલાઉ ધોરણે કઈ કંપનીને 5Gના ટ્રાયલ માટે મંજૂરી આપી છે- **હુવાવે**
8. TRAIના આદેશ મુજબ કઈ તારીખથી કેબલ ઓપરેટરોએ માસિક રૂ.153 (મહત્તમ રૂ.160)માં 200 ફ્રી ટુ એર ચેનલ ફરજિયાત ઉપલબ્ધ કરાવવી પડશે- **1 માર્ચ 2020**
9. TRAIનું વડુમથક ક્યાં આવેલું છે- **મુંબઈ**
10. TRAIનું વિસ્તૃત નામ જણાવો- **ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા**
11. જાન્યુઆરી 2020માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ડીઆરડીઓ દ્વારા નવનિર્મિત કેટલી લેબોરેટરીઓ દેશને સમર્પિત કરાઈ- **05**
12. ડીઆરડીઓ દ્વારા કયા કયા શહેરોમાં લેબોરેટરીઓ તૈયાર થઇ રહી છે- **બેંગલુરુ, કોલકાતા, ચેન્નઈ, હૈદરાબાદ અને મુંબઈ**
13. SDG ઇન્ડિયા ઈન્ડેક્સ-2019 મુજબ ગુજરાતમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, આર્થિક અસમાનતા દૂર કરવા અને ભૂખમરો દૂર કરવા સંદર્ભે કેટલા પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે- **20-20 અને 10**
14. SDGનું વિસ્તૃત નામ જણાવો- **સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ**
15. ગુજરાતમાં દેશ-વિદેશના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તેવા હેતુથી ગુજરાત સરકારે જાન્યુઆરી-2020માં કયું અભિયાન લોન્ચ કર્યું- **Study in Gujarat**
16. Study in Gujarat અંતર્ગત કેટલા દેશોના વિદ્યાર્થીઓને ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે આમંત્રિત કરાશે-**12**
17. સામાજિક ક્ષેત્રે કરેલ ઉત્કૃષ્ઠ કામગીરી બદલ જાન્યુઆરી 2020માં રાષ્ટ્રપતિના હસ્તે કયા કયા ગુજરાતીઓનું સન્માન કરાયું- **1). પુંસરી સ્માર્ટ વિલેજના સર્જક પૂર્વ સરપંચ- હિમાંશુ પટેલ 2). વિચરતી જાતિના કલ્યાણ માટે કાર્યરત મિત્તલબેન પટેલ 3). જળ વ્યવસ્થાપનની કામગીરી બદલ શ્રી બિપ્લબ કેતન. 4). હસ્તકલાના જાણકાર શ્રી ઈસ્માઈલ ખત્રી(કચ્છ)**
18. વિશ્વભરમાં વર્ષ-2020ના પ્રારંભે કેટલાં બાળકોનો જન્મ થયો - **3.92 લાખ**
19. વિશ્વભરમાં વર્ષ-2020ના પ્રારંભે સૌથી વધુ બાળકોનો જન્મ કયા દેશમાં થયો – **ભારત 67,385 બાળકો**
20. વર્ષ 2020માં પ્રથમ બાળકનો જન્મ કયા દેશમાં થયો હતો - **ફિજી**
21. UNના અહેવાલ મુજબ વર્ષ-2050 સુધીમાં ભારત વસ્તી મામલે વિશ્વમાં કેટલામાં ક્રમે હશે - **27.3 કરોડની વસ્તીની વૃદ્ધિ સાથે પ્રથમ ક્રમે**
22. જાન્યુઆરી-૨૦૨૦માં વિશ્વની પ્રથમ ડ્રાઈવરલેસ હાઈસ્પીડ સ્માર્ટ ટ્રેનનું કયા દેશમાં સફળ પરીક્ષણ કરાયું - **ચીન**
23. જાન્યુઆરી-૨૦૨૦માં વિશ્વની પ્રથમ ડ્રાઈવરલેસ હાઈસ્પીડ સ્માર્ટ ટ્રેન ચીનના કયા બે શહેરો વચ્ચે સફળ પરીક્ષણ કરાયું - **બેઈજિંગ અને ઝાંગજિયાકો**
24. વર્ષ-2022નો વિન્ટર ઓલિમ્પિક્સ કયા દેશમાં યોજાશે – **ચીન**
25. રક્તકણોમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ઉંમર પ્રમાણે ખૂબ જ ઓછું હોય તેને શું કહેવામાં આવે છે - **એનિમિયા**
26. ૧૫ થી ૪૯ વર્ષનું વય જૂથ ધરાવતી ભારતીય મહિલાઓમાં એનિમિક મામલે ગુજરાતની મહિલાઓનું સ્થાન જણાવો – **૧૩**
27. જાન્યુઆરી-૨૦૨૦માં NMCના પ્રથમ અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **AIIMSના પ્રો. સુરેશ ચંદ્રા શર્મા**
28. NMCનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ મેડિકલ કાઉન્સિલ**
29. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં મેડિકલ શિક્ષણના નિયમન માટે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સ્થાને કયા નવા કમિશનની રચના કરી- **નેશનલ મેડિકલ કમિશન**
30. નેશનલ મેડિકલ કાઉન્સિલના અધ્યક્ષનો કાર્યકાળ જણાવો - **ત્રણ વર્ષ અથવા ૭૦ વર્ષ સુધી**
31. એકલવાયુ જીવન જીવતા વૃદ્ધો માટે અમદાવાદ પોલીસ દ્વારા કઈ નવી યોજના શરૂ કરવામાં આવી છે - **અપનાપન યોજના**
32. ગુજરાતની પ્રથમ સરકારી સ્માર્ટ સ્કૂલનું નામ જણાવો – **અમદાવાદની કાંકરિયા મ્યુનિ. શાળા નં. 5 અને 6**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 03-01-2020



૧. વૈશ્વિક વિવાદ : અમેરિકા V/S ઈરાન



- ✓ USAના ડ્રોન હુમલામાં ઈરાનની સેનાના જનરલ કાસીમ સુલેમાનીનુ મોત
- ✓ કાસીમ સુલેમાની ઈરાનિયન રિવોલ્યુશનરી ગાડર્સ કોર્પ્સ IRGCના કુદ્સ ફોર્સનો વડો
- ✓ હુમલાનું સ્થળ - આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બગદાદ (ઈરાક)
- ✓ USના લશ્કરી વડુંમથક પેન્ટાગોનનો દાવો (તા.3-1-2020)
- ✓ PMF- ઈરાન સમર્થિત લડાકુઓનુ સંગઠન પોપ્યુલર મોબિલાઈઝેશન ફોર્સિંઝ (PMF)નો ડેપ્યુટી કમાન્ડર અબુ માહદી અલ મુહાન્દીસનુ પણ મોત કુલ 10ના મોત
- ✓ ઈસ્માઈલ કાની જનરલ સુલેમાનીના અનુગામી

શા માટે સુલેમાનીની હત્યા:અમેરિકાના આરોપ



- ✓ સુલેમાની અમેરિકી રાજદ્વારીઓ, ઇરાકી અધિકારીઓ પર હુમલાની યોજનાઓ બનાવી રહ્યા હતા. કુદ્સ ફોર્સ ૬૦૩ અમેરિકન સૈનિકોની હત્યા માટે જવાબદાર.
- ✓ ઇરાનિયન રિવોલ્યુશનરી ગાર્ડ્સ ૪૦ વર્ષથી ઇરાની સરકારના સમર્થન સાથે આતંકવાદી પ્રવૃત્તિમાં સંડોવાયેલા છે.
- ✓ જર્મની બોરિનયા, બલ્ગેરિયા, કેન્યા, બહેરિન અને તુર્કીમાં કુદ્સ ફોર્સના કાવતરા ઝડપાયા છે.

- ✓ ઇરાન સમગ્ર વિશ્વમાં આતંકવાદ હિંસા માટે ભંડોળ પૂરું પાડી રહ્યો છે.
- ✓ ઇરાન અલકાયદાના આતંકવાદીઓને આશ્રય આપી દક્ષિણ એશિયા અને સીરિયામાં મોકલી રહ્યો છે.

ઇસ્માઇલ કાની જનરલ સુલેમાનીના અનુગામી



- ✓ ઇરાનના સર્વોચ્ચ નેતા ખામૈનીએ રિવોલ્યુશનરી ગાડર્સની ફોરેન ઓપરેશન્સ પાંખના વડા ઇસ્માઇલ કાનીની કુદ્સ ફોર્સના વડા તરીકે નિયુક્તિની જાહેરાત કરી હતી.
- ✓ ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા ખામૈની
- ✓ રાજધાની તહેરાન (ઈરાન)
- ✓ રાજધાની બગદાદ (ઈરાક)



- ✓ ઈરાકના PM આદેલ અબ્દેલ માહદી
- ✓ ખાસ કુદ્સ ગાડર્સને અમેરિકા, સાઉદી અરબે, ઇઝરાયેલે સુલેમાનીને આંતકી જાહેર કરેલ છે.

કોણ હતો સુલેમાની

- ✓ **રિવોલ્યુશનરી ફોર્સનો વડો હતો, ઈરાનમાં નેશનલ હીરો તરીકે મશહૂર**
- ✓ કાસિમ સુલેમાની ઇરાની ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપર્સ (આઇઆરજીસી) કુદ્સ ફોર્સ યુનિટનો વડો હતો. તે પશ્ચિમ એશિયામાં ઇરાનની હિલચાલનો મુખ્ય વ્યુહરચનાકાર ગણાતો હતો.
- ✓ સુલેમાની 1998થી ઇરાનની કુદ્સ ફોર્સનું નેતૃત્વ કરતો હતો. તે ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતોલ્લાહ અલી ખોમેનીને રિપોર્ટ કરતા હતા.
- ✓ તેઓ ઇરાનમાં દેશભક્ત હીરો તરીકે મશહૂર હતો.
- ✓ તેણે યમનથી માંડીને સીરિયા સુધી અને ઇરાકથી લઈને અન્ય પશ્ચિમ એશિયાઈ દેશો સુધી સૈન્ય, જાસૂસી અને આર્થિક હિલચાલનું મજબૂત નેટવર્ક ઊભું કર્યું જેથી આ દેશોમાં ઈરાનની અસર વધારી શકાય.
- ✓ સુલેમાનીએ ઇરાક અને સીરિયામાં આઇએસ સામે કૂર્દ લડવૈયા અને શિયા મિલિશિયાને એક કરવાનું કામ કર્યું.
- ✓ હિઝબુલ્લાહ અને હમાસ જેવાં કટ્ટરવાદી સંગઠનોની મદદ કરી. સીરિયામાં બશર અલ અસદનો સલાહકાર રહ્યો.

રિવોલ્યુશનરી ગાડર્સ : ઈરાનનું ત્રીજું સૌથી ધનિક સંગઠન, ઈસ્લામિક વ્યવસ્થાનું જતન કરે છે



- ✓ રિવોલ્યુશનરી ગાડર્સની રચના 1979માં ઈરાની ક્રાંતિ પછી થઈ હતી.
- ✓ તેનો હેતુ દેશની ઈસ્લામિક વ્યવસ્થાના રક્ષણનો અને નિયમિત સેના સાથે સંતુલન જાળવવાનો હતો.
- ✓ મૂળે ઈરાનના મૌલવીઓએ એક નવા કાયદાનો મુસદ્દો તૈયાર કર્યો, જેમાં નિયમિત સેનાને દેશની સરહદની અને આંતરિક સુરક્ષાની જવાબદારી અપાઈ અને રિવોલ્યુશનરી ગાડર્સને નિઝામની સુરક્ષાનું કામ મળ્યું.
- ✓ સમય જતાં રિવોલ્યુશનરી ગાડર્સની ભૂમિકા વધતી ગઈ અને તે સૌથી શક્તિશાળી સેના બની ગઇ. હવે તે કાયદો-વ્યવસ્થા લાગુ કરવામાં પણ મદદ કરે છે. સેના, એરફોર્સ અને નેવીને પણ મદદ કરે છે.
- ✓ કુદ્સ ફોર્સ રિવોલ્યુશનરી ગાડર્સની સ્પેશિયલ આર્મી છે, જે વિદેશોમાં સંવેદનશીલ મિશનને અંજામ આપે છે.
- ✓ રિવોલ્યુશનરી ગાડર્સ ઈરાનના અર્થતંત્રના એક તૃતીયાંશ હિસ્સાને નિયંત્રિત પણ કરે છે અને ઈરાનનું ત્રીજું સૌથી ધનિક સંગઠન પણ છે.
- ✓ ઈરાની તેલ નિગમ પહેલા અને ઈમામ રઝાની દરગાહ બીજા ક્રમે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. 107મી ભારતીય સાયન્સ કોંગ્રેસ-2020 (વિજ્ઞાન જગત)



- ✓ તા.3જી થી 7મી જાન્યુઆરી-2020
- ✓ સ્થળ- બેંગ્લૂરૂ (કર્ણાટક)
- ✓ વડાપ્રધાન મોદી દ્વારા શુભારંભ
- ✓ વિષય :- વિશ્વના નિષ્ણાંતો ખેતી અને ખેડૂતોની સમસ્યા દૂર કરવાના વિકલ્પો પર ચર્ચા કરશે.
- ✓ થીમ – સાયન્સ એન્ડ ટેક્નોલોજી:રૂરલ ડેવલપમેન્ટ
- ✓ PM દ્વારા ઈનોવેટ પેટન્ટ પ્રોડ્યુસ, પ્રોસ્પરનો વૈજ્ઞાનિકને મંત્ર અપાયો.

ઈનોવેશનમાં ભારતનું રેન્કિંગ સુધરીને પરમા ક્રમનું થયું

- ✓ મોદીએ કહ્યું કે બેંગ્લૂરૂ હવે સ્ટાર્ટઅપ માટે મહત્વનું હબ બની ગયું છે.
- ✓ ઈનોવેશનમાં ભારતનું રેન્કિંગ સુધર્યું છે અને પરમો ક્રમ મેળવ્યો છે.
- ✓ આર્થિક વિકાસને નવી દિશા આપવા ભારતને ટેકનોલોજી અને લોજિકલ જુસ્સાની જરૂર છે.
- ✓ સમાજને જોડવામાં સાયન્સ અને ટેકનોલોજીએ મહત્વની ભૂમિકા નિભાવી.
- ✓ આપણા કાર્યક્રમોએ ૫ વર્ષમાં વધુમાં વધુ ટેકનોલોજી બિઝનેસ ઈક્યુબેટરનું નિર્માણ કર્યું છે.
- ✓ નવા વર્ષ અને નવા દાયકાનો પહેલો કાર્યક્રમ વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતો હોવા અંગે તેમણે આનંદ વ્યક્ત કર્યો.
- ✓ સરકારી વહીવટમાં નોકરશાહી ઘટાડવા માટે મોદીએ આ પ્રસંગે I-STEM પોર્ટલ લોન્ચ કર્યું હતું જે રિસર્ચ ક્ષેત્રે કામ કરશે.
- ✓ ભારત આજે વિજ્ઞાન ક્ષેત્રમાં આગળ વધ્યું છે તે સતત ૧૦ ટકાના દરે વિકસી રહ્યું છે
- ✓ જ્યારે વિશ્વમાં વિકાસની આ ઝડપ ૪ ટકા જ છે.
- ✓ સૌપ્રથમ આયોજન – કોલકતા
- ✓ તા. 15થી 17 જાન્યુઆરી-1914
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૧-૨૦૨૦)</u>

1. તાજેતરમાં 3 થી 7 જાન્યુઆરી 2020 દરમિયાન ભારતીય સાયન્સ કોંગ્રેસ -2020 ક્યાં યોજાયું હતું- **<u>બેંગલુરૂ</u>**
2. તાજેતરમાં જાન્યુઆરી 2020માં કેટલાકમી ભારતીય સાયન્સ કોંગ્રેસ -2020 યોજાઈ -**<u>107</u>**
3. ભારતીય સાયન્સ કોંગ્રેસ -2020ની થીમ જણાવો- **<u>સાયન્સ એન્ડ ટેકનોલોજી: રૂરલ ડેવલપમેન્ટ</u>**
4. ભારતીય સાયન્સ કોંગ્રેસનો સૌપ્રથમ પ્રારંભ ક્યારે અને ક્યાં થયો હતો- **<u>1914 અને કોલકત્તા</u>**
5. ભારતીય સાયન્સ કોંગ્રેસ-2020ના ઉદ્ઘાટન દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારી વહીવટમાં નોકરશાહી ઘટાડવા કયુ પોર્ટલ લોન્ચ કર્યું- **<u>I-STEM</u>**
6. ઇનોવેશનમાં ભારતનું રેન્કિંગ વિશ્વમાં કયા ક્રમે છે- **<u>52મા</u>**
7. તા 03 જાન્યુઆરી 2020ના રોજ અમેરિકી ડ્રોનના હુમલામાં કયા દેશની સેનાના કયા જનરલનું મોત થયું હતું- **<u>ઈરાન અને જનરલ કાસીમ સુલેમાની</u>**
8. ઇરાનની સેનાનો વડો જનરલ કાસીમ સુલેમાની કઈ ફોર્સનો વડો હતો- **<u>ઇરાનિયન રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ -IRGC: કુદ્સ ફોર્સ</u>**
9. તા 03 જાન્યુઆરી 2020ના રોજ અમેરિકી ડ્રોનના હુમલામાં ઈરાની સેનાના વડા કાસીમનું કયા એરપોર્ટ ઉપર મોત થયું હતું-**<u>આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બગદાદ (ઇરાક)</u>**
10. ઈરાક સમર્થિત લડાકુનું સંગઠન કયા નામે ઓળખાય છે - **<u>પોપ્યુલર મોબિલાઇઝેશન ફોર્સીસ-PMF</u>**
11. યુએસના દાવા મુજબ ઇરાનિયન રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ -IRGC: કુદ્સ ફોર્સ કોની હત્યા માટે જવાબદાર હતી- **<u>600થી વધુ અમેરિકન સૈનિક</u>**
12. જનરલ કાસીમ સુલેમાનીના અનુગામી તરીકે કોની નિયુક્તિ કરાઇ- **<u>ઈસ્માઈલ કાની</u>**
13. ઈરાનના સર્વોચ્ચ નેતાનું નામ જણાવો- **<u>આયાતોલા ખામૈની</u>**
14. ઈરાનની રાજધાનીનું નામ જણાવો- **<u>તહેરાન</u>**
15. ઈરાકની રાજધાનીનું નામ જણાવો- **<u>બગદાદ</u>**
16. ઇરાનનું ત્રીજું સૌથી ધનિક સંગઠનનું નામ જણાવો- **<u>IRGC</u>** વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 04-01-2020



૧. ખેલકૂદ - ગુજરાતી ક્રિકેટર ઇરફાન પઠાણની ક્રિકેટના ત્રણેય ફોર્મેટને અલવિદા



- ✓ ઉપનામ : સ્વિંગના સુલતાન
- ✓ ડાબોડી બોલર ઓલરાઉન્ડર

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર
મો.નં. 99256 98721

૨. નવા નિયમો : વસ્તી ગણતરી-2021



- ✓ વસ્તી ગણતરી કાર્યનો ઇનકાર કરનાર કર્મચારી માટે ત્રણ વર્ષ જેલની જોગવાઈ
- ✓ આ વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બર સુધી હાઉસ લિસ્ટિંગ થશે

વિગતો-

- ✓ રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓનાં કર્મચારીઓ કે જેમને વસ્તી ગણતરી બોર્ડ અને રજિસ્ટ્રાર જનરલ ઓફ સિટિઝન રજિસ્ટ્રેશન માટે વસ્તી ગણતરી અને NPRની કામગીરીમાં મદદ કરવાની જવાબદારી સોંપવામાં આવે તેઓ સેન્સસ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૪૮ તેમજ સિટિઝનશિપ રૂલ્સ ૨૦૦૩ હેઠળ વસ્તી ગણતરીનું કામ કરવા ઈનકાર કરી શકશે નહીં તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

કર્મચારીઓ કાયદેસર કામ કરવા બંધાયેલા

- ✓ રાજ્ય સરકારનાં કર્મચારીઓ આ બંને કાયદાઓ હેઠળ સરકાર દ્વારા સોંપવામાં આવનાર વસ્તી ગણતરીનું કામ કરવા બંધાયેલા છે.
- ✓ NPR માટે આંકડાઓ એકઠા કરતી વખતે મકાનોની યાદી તૈયાર કરવાની જવાબદારી નિભાવનાર કર્મચારીઓ તેમજ વસ્તી ગણતરી અધિકારીઓ બંનેને આ જોગવાઈ લાગુ પડશે.
- ✓ ભારતીય વસ્તી ગણતરી કાયદા મુજબ રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોનાં સત્તાવાળાઓ દ્વારા તેમનાં વિસ્તારોમાં વસ્તી ગણતરી માટે અધિકારીઓની નિયુક્તિ કરવાનું અનિવાર્ય છે.
- ✓ જેમાં મુખ્ય વસ્તી ગણતરી અધિકારી (DM), જિલ્લા અને ઉપ જિલ્લા અધિકારી અને નિરીક્ષક તેમજ ન્યુમરેટરનો સમાવેશ થાય છે.
- ✓ આ કાયદાની કલમ ૧૧ મુજબ વસ્તી ગણતરીનું કામ કરવાનો ઈનકાર કરનાર રાજ્ય સરકારના કર્મચારીને ૩ વર્ષની જેલ કે દંડ સાથે જેલની સજા થઈ શકે છે.
- ✓ સરકારે કર્મચારીઓ માટે વસ્તી ગણતરીનું કામ અનિવાર્ય બનાવ્યું છે.
- ✓ મંત્રાલય - ગૃહ (કેન્દ્ર સરકાર)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. મહારાષ્ટ્ર અને કર્ણાટક : બેલગામ વિવાદ

શું છે આ વિવાદનું કારણ ?

- ✓ ૧૯૪૭ પહેલાં મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્ય અલગ ન હતા. એ વખતે બોમ્બે પ્રેસિડન્સી અને મૈસૂર સ્ટેટ હતા.
- ✓ આજના કર્ણાટકના કેટલાય વિસ્તારો એ વખતે બોમ્બે પ્રેસિડન્સીનો હિસ્સો હતા. આજના બીજાપુર, બેલગામ, ધારવાડ અને ઉત્તર કન્નડ જિલ્લા બોમ્બે પ્રેસિડન્સીનો ભાગ હતો. બોમ્બે પ્રેસિડન્સીમાં મરાઠી, ગુજરાતી અને કન્નડ ભાષા બોલનારા લોકો રહેતા હતા.
- ✓ ભારતની આઝાદી બાદ રાજ્યોના ભાગલા શરૂ થયા. બેલગામમાં મરાઠી બોલનારાઓની સંખ્યા કન્નડ બોલનારાઓ કરતાં વધુ હતી. બેલગામ નગર નિગમે ૧૯૪૮માં માગણી કરી કે મરાઠી બહુલ લોકો હોવાથી બેલગામને પ્રસ્તાવિત મહારાષ્ટ્ર રાજ્યનો હિસ્સો બનાવાય.
- ✓ ૧૯૫૬માં રાજ્ય પુનર્ગઠન કાયદો લાગુ થયો, તો બેલગામને મહારાષ્ટ્રને સ્થાને મૈસૂર સ્ટેટનો હિસ્સો - બનાવી દેવાયો.
- ✓ મૈસૂર સ્ટેટનું નામ બદલીને ૧૯૭૩માં કર્ણાટક થયું. ૧૯૪૮માં બેલગામને મહારાષ્ટ્રમાં ભેળવવાની માગણી સાથે મહારાષ્ટ્ર એકીકરણ સમિતિના નામથી એક જૂથ બન્યું.
- ✓ આ સમિતિની માગણી હતી કે કર્ણાટકમાં આવતા ૮૦૦ મરાઠી ભાષી ગામોને

કર્ણાટકમાંથી કાઢીને મહારાષ્ટ્રમાં ભેળવી દેવાયું.

- ✓ તેમાં અધિકતર ગામો બેલગામ જિલ્લાના હતા. બેલગામ શહેરમાં પણ મરાઠી ભાષા વધુ છે, તેથી બેલગામને પણ મહારાષ્ટ્રમાં ભેળવી દેવાની માંગણી થઈ. મહાજન કમિશને કારવાડના 264 ગામ, સૂપાના 300 ગામ મહારાષ્ટ્રને સોપવાની ભલામણ
- ✓ બેલગામ કર્ણાટકને સોંપવામાં આવતાં મહારાષ્ટ્ર સરકારની માગણીના પગલે ૧૯૬૬માં કેન્દ્ર સરકારે મહાજન કમિશન બનાવ્યું.
- ✓ કમિશને ૧૯૬૭માં પોતાના અહેવાલમાં ઉત્તર કન્નડ જિલ્લાના કારવાડ સહિત ૨૬૪ ગામ તથા હલિયલ અને સૂપા . વિસ્તારના ૩૦૦ ગામ મહારાષ્ટ્રને સોંપવાની ભલામણ કરી.
- ✓ જોકે, તેમાં બેલગામ શહેર સામેલ ન હતું. એ ઉપરાંત મહારાષ્ટ્રના સોલાપુર સહિત ૨૪૭ ગામ કર્ણાટકને આપવા. સાથે જ કેરળના કાસરગોડ જિલ્લો પણ કર્ણાટકને અપાય. બેઉ રાજ્ય સરકારોએ આ રિપોર્ટનો વિરોધ કર્યો.
- ✓ વર્ષ 2014માં કર્ણાટકના તત્કાલીન મુખ્યમંત્રી સિદ્ધરમૈયાએ સમયે ૧૨ શહેરોના નામ બેલગામ બેલગાવી કરાયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ભારતના સૌથી વિવાદિત વિસ્તારો

1. અક્સાઇ ચીન

અક્સાઇ ચીન ઉત્તર પશ્ચિમમાં ભારત ચીન સીમા પર સ્થિત તિબેટ પઠારનું વિવાદિત ક્ષેત્ર છે. વર્ષ ૨૦૧૭માં ચીને ભારત - ચીન વિવાદ સમજૂતીને ધ્યાનમાં રાખીને કહ્યું હતું કે, જો ભારત, અરુણાચલપ્રદેશનું તવાંગ ચીનને આપે છે, તો તે અક્સાઇ - ચીનના પોતાના કબ્જાવાળા એક હિસ્સો ભારતને આપી શકે છે. ચીન તવાંગને દક્ષિણ તિબેટ કહે છે.

2. દેપસાંગ ઘાટી

ભારત-ચીનની વાસ્તવિક સીમા રેખા નજીક આવેલી આ દેપસાંગ ઘાટી બંને દેશોને અલગ કરે છે. વર્ષ ૨૦૧૪માં પહેલી વખત ચીને લદ્દાખ વિસ્તારની દેપસાંગ ઘાટીમાં અતિક્રમણ કરવાની વાત કબૂલી હતી અને કહ્યું હતું કે એવી ઘટનાઓ વાસ્તવિક નિયંત્રણ રેખા અંગે અલગ અલગ ધારણાઓને કારણે થઈ હતી.

3. અરુણાચલપ્રદેશ

ભારતના પૂર્વોત્તરમાં સ્થિત અરુણાચલપ્રદેશ પણ ભારત ચીન વિવાદમાં મહત્વનું સ્થાન ધરાવે છે. ચીન દાવો કરતું રહ્યું છે કે અરુણાચલ , દક્ષિણ તિબેટનો વિસ્તાર છે. વર્ષ ૨૦૧૮ની શરૂઆતમાં ચીનના સૈન્યની એ વિસ્તારમાં ઘૂસણખોરી અંગેના સમાચારો આવતા

હતા. ગયા વર્ષે ચીને દલાઇ લામાના અરુણાચલ પ્રદેશના પ્રવાસનો વિરોધ કર્યો હતો.

4. **સર ક્રીક**

સર ક્રીક અંગે પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ સહમતી થઈ શકી નથી. તે ભારતના ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લા અને પાકિસ્તાનના સિંધ પ્રાંતની વચ્ચે સ્થિતિ ૯૬ કિલોમીટર લાંબી પટ્ટી છે. આઝાદી પહેલાં એ વિસ્તાર ભારતના બોમ્બે પ્રેસિડન્સીનો વિસ્તાર હતો. તેની માલિકીનો હક સ્પષ્ટ થયો નથી. સર ક્રીક માછીમારો માટે ખાસ છે.

5. **ભારત અને POK**

ભારત અને પાકિસ્તાનની વચ્ચે કાશ્મીરના મુદ્દે વિવાદ છે. પાકિસ્તાન, ભારત કાશ્મીર પર પોતાનો દાવો કરે છે. તો ભારત ગિલગિટ બાલ્ટિસ્તાન પર દાવો કરે છે. ગિલગિટ, બાલ્ટિસ્તાન, પાકિસ્તાન પ્રશાસિત ઉત્તરી વિસ્તાર છે, જેની સીમા દક્ષિણમાં પાકિસ્તાન અને કાશ્મીરને મળે છે. ભારત તેની સીમા અફઘાનિસ્તાન સુધી હોવાનો દાવો કરે છે.

6. **સિયાચીન ગ્લેશિયર**

હિમાલયના કારાકોરમ પર્વતમાળામાં ભારત - પાકિસ્તાન નિયંત્રણ રેખાની પાસે આવેલા સિયાચીન ગ્લેશિયર પર ભારતનું નિયંત્રણ છે. પરંતુ પાકિસ્તાન તેના પર પોતાનો દાવો કરે છે. આ ક્ષેત્રમાં કમર સુધી બરફ જામેલી રહે છે. વર્ષ ૨૦૧૬માં હિમખલનને પગલે અહીં ભારતીય સેનાના ૧૦ જવાનોનાં બરફની નીચે દબાઈ જવાથી મોત થયાં હતાં.

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. મુખ્યમંત્રી સાથે મોકળા મને : ગુજરાત સરકાર



✓ મુખ્યમંત્રી દ્વારા અગત્યની જાહેરાત – ગુજરાતના દરિયામાં બહારથી આવતા માછીમારોને રોકવા નવો કાયદો બનશે

વિગત –

✓ મોકળા મને વાત કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બીજા રાજ્યોના માછીમારો ગુજરાતના દરિયામાં આવી માછીમારી ન કરી જાય તેના માટે નવો કાયદો રચવાની જાહેરાત કરી હતી.

- ✓ CMO હાઉસમાં માછીમારો સાથે શનિવાર, ૪થી જાન્યુઆરીએ વાતચીતમાં બીજા રાજ્યોના માછીમારો માટે પરમિટ લેવી પડે તે રીતે કાયદો બનાવવાની પ્રક્રિયા ચાલુ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. પાટીદાર શિરોમણી એવોર્ડ

- ✓ વિજેતા- દિવ્ય ભાસ્કરના કટાર લેખક શ્રી ગુણવંત શાહ
- ✓ સંસ્થા – પાટીદાર પરિવાર ટ્રસ્ટ (ગુજરાત)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. M-Q રેપ્ટર ડ્રોન (સંરક્ષણ)



- ✓ US દ્વારા ઈરાનના જનરલ સુલેમાનીને મારવા માટે આ ડ્રોનનો ઉપયોગ કર્યો હતો.

ફેક્ટ :

- ✓ કિંમત – 6.5 કરોડ ડોલર
- ✓ ઝડપ – 380 કિ.મી. પ્રતિ કલાક
- ✓ હથિયાર ક્ષમતા – 1700 કિ.ગ્રા.
- ✓ રેન્જ – 1850 કિ.મી.
- ✓ વજન – 2200 કિ.ગ્રા.
- ✓ ઉડ્ડયન – 50,000 ફીટની ઊંચાઈ
- ✓ હથિયાર – લેસર ગાઈડેડ મિસાઈલ
- ✓ લંબાઈ – 36 ફીટ
- ✓ પહોળાઈ - 66
- ✓ ઊંચાઈ - 12.5 ફીટ

વિશેષતા –

- ✓ જ્યાં સુધી નિશાન અંગે પાક્કી ખાતરી ન હોય ત્યાં સુધી હુમલો કરતું નથી.
- ✓ આ ડ્રોન તેના અચૂક પ્રહાર માટે જાણીતું.
- ✓ ચોક્કસ નિશાન લેવા તેમાં અનેક સેન્સર, કમ્યુનિકેશન સાધન સામગ્રી, ચીપ વગેરે ફીટ થયેલા છે. તે એક પ્રકારનું ઉડતું કમ્પ્યુટર સંચાલિત હથિયાર છે.
- ✓ જે હેલિફાયર મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો એ મિસાઈલ વળી આસપાસમાં ઓછામાં ઓછુ નુકસાન થાય એ રીતે નિર્ધારિત ટાર્ગેટને ખતમ કરે છે.
- ✓ હુમલા ઉપરાંત આ ડ્રોન જાસૂસી, સર્વેલન્સ, રેફ્યુ ઓપરેશન વગેરેમાં પણ ઉપયોગી છે.
- ✓ ખાસ્સુ ઊંચુ ઊડતું હોવાથી દુશ્મન મિસાઈલ્સ આસાનીથી તેના સુધી પહોંચી શકતા નથી.
- ✓ ડ્રોનનો મોટો લાભ એ છે કે એ તૂટી પડે તો પણ પાઈલટ રહિત હોવાથી એરફોર્સઅધિકારી ગુમાવાનો થતો નથી .

ભારત આ ડ્રોન ખરીદવાનું છે

- ✓ આ ડોન અમેરિકાની કંપની જનરલ એટોમિકસ એરોનોટિકલ સિસ્ટમ (જીએએએસ) દ્વારા તૈયાર કરાયું છે.
- ✓ અમેરિકી સરકારે મંજૂરી આપ્યા પછી કંપની હવે આ ડ્રોન ભારતને પણ વેચશે. એ માટેની પ્રાથમિક વાટાઘાટો પુરી થઈ ચૂકી છે.
- ✓ ભારત કુલ ૨૨ એમ-ક્યૂ ડ્રોન ખરીદવાનું છે. એ માટે અંદાજે ૨ અબજ ડૉલરની રકમ ખર્ચવી પડશે.

કોણ કોણ વાપરે છે ?

- ✓ અમેરિકી વાયુ સેના ઉપરાંત નાસા તેનો સંશોધન હેતુ માટે ઉપયોગ કરે છે.
- ✓ એ સિવાય ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, જર્મની, ઈટાલિ, નેધરલેન્ડ, સ્પેન, બ્રિટન, બેલ્જિયમ પણ આ ડ્રોનનો વપરાશ કરે છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. વિશ્વ બ્રેઈલ(લિપિ) દિવસ :

4 જાન્યુઆરી

- ✓ પ્રજ્ઞાચક્ષુ માટેની બ્રેઈલ લિપિના શોધક લૂઈસ બ્રેઈલનો જન્મ દિવસ
- ✓ મલાવથ પૂર્ણા એન્ટાર્કટિકાના સર્વોચ્ચ શિખર પર પહોંચનારી વિશ્વની સૌથી નાની વયની મહિલા બની છે. તેઓ ભારતીય પર્વતારોહક છે. ૨૦૧૪માં તેમણે માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો. ત્યારે તેમની ઉંમર કેવળ ૧૩ વર્ષ ૧૧ મહિના હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૧-૨૦૨૦)

1. તાજેતરમાં કયા ગુજરાતી ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી- **ઇરફાન પઠાણ**
2. ક્રિકેટર ઇરફાન પઠાણનું ઉપનામ નામ જણાવો- **સ્વિંગનો સુલતાન**
3. વસ્તી ગણતરીની કામગીરી માટે કર્મચારી ઇનકાર કરે તો કેટલા વર્ષની કેદની જોગવાઇ કરાઇ છે- **3 વર્ષ**
4. જિલ્લામાં મુખ્ય વસતી ગણતરી અધિકારી તરીકે કોને જવાબદારી સોંપાઈ છે- **જિલ્લા કલેકટર**
5. બેલગામ વિવાદ કયા બે રાજ્યો વચ્ચે ચાલી રહ્યો છે- **મહારાષ્ટ્ર અને કર્ણાટક**
6. અરબી સમુદ્રમાં માછીમારી કરવા આવતા અન્ય રાજ્યના માછીમારોને રોકવા કયુ રાજ્ય નવું કાયદો બનાવશે- **ગુજરાત**
7. ગુજરાતના મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સામાન્ય લોકો સાથે સીધો સંવાદ કરવા 'મોકળા મને'કાર્યક્રમ ક્યાં યોજાય છે- **મુખ્યમંત્રીશ્રીનું નિવાસ્થાન, ગાંધીનગર**
8. તાજેતર જાન્યુઆરી 2020માં પાટીદાર પરિવાર ટ્રસ્ટ-ગુજરાત તરફથી 'પાટીદાર શિરોમણી એવોર્ડ' કોને અર્પણ કરાયો- **દિવ્ય ભાસ્કરના કટાર લેખક ગુણવંત શાહ**
9. અમેરિકા દ્વારા ઈરાનના જનરલ સુલેમાનીની હત્યા માટે કયા ડ્રોનનો ઉપયોગ કર્યો હતો- **M-Q રેપ્ટર ડ્રોન**
10. અમેરિકન બનાવટના M-Q રેપ્ટર ડ્રોનની રેન્જ જણાવો-**1850 કિલોમીટર**
11. ભારત આગામી સમયમાં કેટલા M-Q રેપ્ટર ડ્રોન ખરીદશે- **22**
12. વિશ્વ બ્રેઇલ લિપિ દિવસ ક્યારે મનાવવામાં આવે છે- **4 જાન્યુઆરી**

    વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 05-01-2020



૧. વૈશ્વિક વિવાદ : ઈરાને USના ડ્રોનના હુમલાનો બદલો લેવા મસ્જિદ ખાતે લાલ ધ્વજ ફરકાવ્યો

વિગત/મહત્વ :

- ✓ ઇરાને પણ જનરલ કાસીમ સુલેમાનીની હત્યા બાદ શુઓમ શહેરની મસ્જિદ પર પ્રતિકાત્મક લાલ ઝંડો ફરકાવીને એક રીતે અમેરિકા સામે જંગનું એલાન કરી દીધું છે.
- ✓ ક્યુઓમ શહેરની જામકરણ મસ્જિદ ખાતે આ લાલ ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો અને તેનું સરકારી ટેલિવિઝન પર લાઇવ પ્રસારણ કરાયું હતું.
- ✓ શિયા મુસ્લિમોમાં લાલ ઝંડો અન્યાયી રીતે લોહી વહેવડાવવામાં આવ્યું હોવાનું અને મૃતકના મોતનો કે બદલો લેવાશે તેના પ્રતીક તરીકે ફરકાવવાની પરંપરા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. GST : રાજ્યોને આવકમાં પડતી ઘટનું વળતર આગામી 30 જૂન 2022 સુધી જ કેન્દ્ર દ્વારા ચૂકવાશે (અર્થશાસ્ત્ર)



વિગત-

- ✓ તા. ૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ જીએસટીનો અમલ શરૂ થયો ત્યારે કેન્દ્ર સરકારે રાજ્યોને સહમત ફોર્મ્યુલા મુજબ પાંચ વર્ષ

- ✓ વિશ્વની સૌથી કપરી રેસ ગણાતી RAAM (રેસ અક્રોસ અમેરિકા) અલ્ટ્રા સાઇક્લિંગ રેસ માટે અમદાવાદના ૩૮ વર્ષીય વિવેક શાહે ક્વોલિફાય કર્યું છે અને આ ૨૦૨૦ના વર્ષની રેસ માટે ભારતના માત્ર ત્રણ જ સાઇક્લિસ્ટ ક્વોલિફાય થયા છે.
- ✓ વિવેક શાહ આ રેસ માટે ક્વોલિફાય થનાર પ્રથમ ગુજરાતી છે.
- ✓ ૧૯૮૨થી યોજાતી આ ૪૮૦૦ કિલોમીટરની રેસ ૧૨ દિવસના ગાળામાં પૂરી કરવાની હોય છે અને પ્રત્યેક વર્ષે ૩૫ કરતાં વધારે દેશના અનેક સ્પર્ધકો ભાગ લે છે પરંતુ જૂજ સાઇલિસ્ટ જ ફાઇનલ રેસ માટે ક્વોલિફાય કરી શકે છે.
- ✓ શાહે તાજેતરમાં ગોવા ખાતે રેમ ક્વોલિફાઇંગ રેસમાં ૬૦૦ કિ.મી.નું અંતર ૩૦ના બદલે ૨૯ કલાકમાં પૂરું કરીને ક્વોલિફાય કર્યું હતું.

અન્ય ભારતીયો

- ✓ ૧. ભરત પન્નુ અને
- ✓ ૨. કબીર રાયચૂરે(મુંબઈ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. CAA - નાગરિકતા સુધારા કાયદો તારીખ 10 જાન્યુઆરી 2020થી દેશભરમાં લાગુ કરાયો (કાયદો)


भारत का राजपत्र
The Gazette of India
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY
NEW DELHI, FRIDAY, JANUARY 10, 2020/PAUSHA 20, 1941
MINISTRY OF HOME AFFAIRS
NOTIFICATION

- ✓ ગૃહ મંત્રાલય દ્વારા તારીખ 10મી જાન્યુઆરી 2020ના રોજ નોટિફિકેશન બહાર પડાયું
- ✓ ગૃહ મંત્રાલયે નોટિફિકેશન જારી કર્યાની સાથે જ દેશભરમાં આ કાયદો લાગુ થઈ ગયો છે.
- ✓ ગૃહ મંત્રાલયના નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે કેન્દ્રીય સરકાર, નાગરિકતા (સુધારા) કાયદો-૨૦૧૯ (૨૦૧૯ના ૪૭)ની ધારા ૧ની ઉપધારા હેઠળ અપાયેલી શક્તિઓનો ઉપયોગ કરીને 10 જાન્યુઆરી, 2020થી લાગુ કરે છે.
- ✓ આ નવો કાયદો લાગુ થયા બાદ અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી ધાર્મિક પ્રતાડનાનો શિકાર થયેલા હિંદૂ, ખ્રિસ્તી, શિખ, પારસી, જૈન અને બૌદ્ધ સમુદાયના લોકોને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ છે.
- ✓ જે લોકો ૨૦૧૪ની ૩૧ ડિસેમ્બર પહેલાં ભારત આવી ચૂક્યાં છે તેમને ભારતની નાગરિકતા આપવામાં આવશે.
- ✓ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સંસદના ભાષણમાં દાવો કર્યો હતો કે લાખો-કરોડો લોકોને આ કાયદાનો ફાયદો થશે અને શરણાર્થીઓને નાગરિકતા આપવામાં આવશે.
- ✓ નાગરિકતા સુધારા કાયદો મેઘાલય, આસામ, અરુણાચલ પ્રદેશ, મણિપુરના કેટલાક વિસ્તારોમાં લાગુ નહીં થાય, કેન્દ્ર સરકારે અહીં ઈનર લાઈન પરમિટ જારી કરી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. RBI - માસ્ટર KYCની ગાઈડલાઈન્સમાં સુધારો



- ✓ ફાયદો - ગ્રાહકોએ બેંકમાં જવું પડશે નહીં

શું છે વિડીયો KYCની શરતો

- ✓ હવે મોબાઈલ વીડિયો દ્વારા બેન્કો તેના ગ્રાહકોની KYC (નો યોર કસ્ટમર) દ્વારા ઓળખ કરી શકશે.
- ✓ આરબીઆઈ દ્વારા ઈ-KYCને બદલે વીડિયો KYCને મંજૂરી આપવામાં આવી છે. આ માટે માસ્ટર કેવાયસી ગાઈડલાઈન્સમાં સુધારા કરવામાં આવ્યા છે.
- ✓ આમ હવે KYCની પ્રોસેસ મોબાઈલ વીડિયો દ્વારા કરી શકાશે.
- ✓ બેન્કો NBFC, વૉલેટ સર્વિસ પ્રોવાઇડર્સ, અને અન્ય નાણાકીય સેવાઓ આપતી સંસ્થાઓને રાહત થશે.
- ✓ આનાથી બેન્કો માટે ગ્રાહકની ઓળખ સરળ બનશે.

- ✓ ઓનલાઇન કે ઓફલાઇન આ પ્રોસેસ કરી શકાશે. ઈ-કેવાયસીના વિકલ્પમાં વીડિયો કેવાયસી સિસ્ટમ દાખલ કરાઈ છે.

શું છે વીડિયો KYCની શરતો ?

- ✓ કેવાયસી માટે વીડિયો કૉલિંગ બેન્કના ડોમેન દ્વારા કરવાનું રહેશે.
- ✓ ગૂગલ ડ્યૂઓ કે વૉટસએપ જેવા થર્ડ પાર્ટી સોર્સ દ્વારા કૉલિંગ કરાશે નહીં
- ✓ બેન્કોએ વીડિયો કેવાયસી પ્રોસેસ શરૂ કરતા પહેલા પોતાની એપ્લિકેશન અને વેબસાઇટ સાથે તેને લિન્ક કરવાનું રહેશે.
- ✓ VCIPની પ્રોસેસ તાલીમ પામેલા અધિકારીઓ દ્વારા જ કરવાની રહેશે.
- ✓ RBI મુખ્યમથક – મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ-2020 : ત્રીજી સિઝનનો પ્રારંભ



- ✓ સ્થળ- ગુવાહાટી (આસામ)
- ✓ તા.10થી 22 જાન્યુઆરી-2020
- ✓ આંકડાકીય માહિતી
- ✓ કુલ રમત – 20
- ✓ ખેલાડી – 6800થી વધુ
- ✓ રાજ્યો + કેન્દ્રશાસિત પ્રદેશ તમામ
- ✓ પ્રથમ ગોલ્ડ મેડલ વિજેતા – ત્રિપુરાની જીમ્નાસ્ટ પ્રિયંકા દાસગુપ્તા
- ✓ આસામ મુખ્યમંત્રી – શ્રી સર્વાનંદ સોનોવલ
- ✓ કેન્દ્રીય રમતગમત મંત્રી – શ્રી કિરણ રિજિજુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. સુપ્રીમ કોર્ટ – જમ્મુ કાશ્મીર અંગે મહત્વનો ચૂકાદો

- ✓ ઈન્ટરનેટ જન્મસિદ્ધ અધિકાર (કલમ-19 હેઠળ)
- ✓ 144નો ઉપયોગ લોકોના બોલવાના અધિકારોને દબાવવા ન કરી શકાય : તે સત્તાનો દુરુપયોગ છે.
- ✓ ખાસ- કેન્દ્ર સરકારે ગત 5 ઓગષ્ટ-2019થી જમ્મુ કાશ્મીરમાં નેટ સેવા બંધ કરી દીધી છે.
- ✓ સાત દિવસમાં કેન્દ્રને સમીક્ષા કરવા કહ્યું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. સંયુક્ત નૌસેના કવાયત- સીગાર્ડિયન (સંરક્ષણ)

- ✓ અરબી સમુદ્રમાં ચીન અને પાકિસ્તાન નૌસેનાની સંયુક્ત નૌસેના કવાયત
- ✓ કુલ નવ દિવસ સુધી અભ્યાસ
- ✓ ભારતે સુરક્ષાના કારણોસર અરબી સમુદ્રમાં યુદ્ધ જહાજ વિક્રમાદિત્ય તૈનાત કર્યું

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. ઊર્જા મંત્રાલય:નવો નિયમ (પર્યાવરણ)

✓ તા.01-01-2020થી ઉત્પાદિત નવી ACનું તાપમાન 24 ડિગ્રીથી ઓછું થશે નહીં.

✓ અગાઉ 16 ડિગ્રી સુધી તાપમાનની સુવિધા હતી.

વિગત અને તેના ફાયદા

✓ ૨૦૨૦ના વર્ષના ઉનાળા નવું એસી ખરીદવા ઇચ્છતા હોયતો એસીનું તાપમાન ૨૪ ડિગ્રીથી ઓછું કરી શકાશે નહી.

✓ ભારત સરકારના ઉર્જા મંત્રાલયે એર કન્ડીશનર (એ.સી)માં ૨૪ ડિગ્રી ડિફોલ્ટ તાપમાન રાખવાનું નકકી કર્યું છે. આથી હવે પછી ઉત્પાદિત થતા એસી મશીનોમાં ૧૬ ડિગ્રી સુધી તાપમાન લઇ જવાની સુવિધા હશે નહી.

✓ આ અંગે તમામ બ્રાંડસના સ્ટાર રેટિંગવાળા એસી માટે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.

✓ વધતી જતી એસીની માંગ અને ઉર્જાના વપરાશના પગલે સરકાર ઘણા સમયથી આ નિયમ લાગુ પડવા વિચારી રહી હતી.

✓ હવે આ નવો નિયમ ૧ જાન્યુઆરી ૨૦૨૦થી લાગુ પડી ચૂકયો છે.

✓ એસીમાં તાપમાનના આ ડિફોલ્ટ સેટિંગથી વર્ષે ૪૦૦૦ રુપિયાની બચત થવાની શકયતા છે.

✓ વીજળી બચતના નિયમો બનાવતી સરકારની બ્યૂરો ઓફ એનર્જી એફિસિયન્સી (બીઇઇ)ની ભલામણ પછી રુમ એસી માટે આ નિયમ અમલમાં મુકવામાં આવ્યો છે.

✓ ૨૪ ડિગ્રી ડિફોલ્ટ તાપમાનનો નિયમ ભારતમાં તૈયાર કરવામાં આવ્યા હોય અને વેચવાના હોય તેવા તમામ પ્રકારના નવા એસી મશીનો પર લાગું પડશે.

✓ સરકારનું માનવું છે કે ૨૪ ડિગ્રી તાપમાનના નિયમ અમલથી ૨૪ અબજ યૂનિટ વીજળીની બચત થશે.

✓ એસીના તાપમાનમાં ૧ ડિગ્રી વધારવાથી સરેરાશ ૬ ટકા જેટલી વીજળીની બચત.

✓ બીઇઇએ ૨૦૦૬માં એસીમાં સ્ટાર લેબલિંગ અમલમાં મુકયું હતું જે ૨૦૦૯ સુધી ફરજીયાત બનાવી દીધું હતું.

✓ એક માહિતી મુજબ સ્ટાર લેબલિંગના કારણે નાણાકિય વર્ષ ૨૦૧૭-૧૮માં ૪.૬ અબજ યુનિટ વીજળીની બચત થઇ હતી જયારે ૩.૮ કરોડ ટન કાર્બન ઉત્સર્જન ઓછું થયું હતું.

✓ જાપાન અને અમેરિકામાં પણ એસી ચલાવવા માટે તાપમાન મર્યાદાના નિયમો અમલમાં છે.

✓ જાપાનમાં એસીનું ડિફોલ્ટ તાપમાન ૨૮ ડિગ્રી નકકી કરવામાં આવ્યું છે.

✓ અમેરિકાના કેલિફોર્નિયા જેવા કેટલાક સ્થળે એસી તાપમાન ૨૬ ડિગ્રીથી ઓછું નહી કરવાનો નિયમ છે.

✓ દેશમાં 24 અબજ યુનિટ વીજળીની બચત થવાનો અંદાજ

✓ એક ACના બીલમાં વર્ષે 4000ની બચત

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. દિન વિશેષ : 10 જાન્યુઆરી

વિશ્વ હિન્દી દિવસ



✓ પ્રથમ વિશ્વ હિન્દી કોન્ફરન્સ તારીખ 10 થી 12 જાન્યુઆરી 1975

✓ સ્થળ - નાગપુર

✓ ભારત સિવાય પ્રથમ વિદેશમાં હિન્દી કોન્ફરન્સ - મોરેશિયસ

✓ દર વર્ષે વિશ્વ હિન્દી દિવસ ઊજવવાની જાહેરાત વર્ષ 2006માં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા કરવામાં આવી હતી.

✓ રાષ્ટ્રીય હિન્દી દિવસ 14 સપ્ટેમ્બર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૧-૨૦૨૦)

1. ગુજરાત વિધાનસભામાં તા.૧૦મી જાન્યુઆરી-૨૦૨૦ના રોજ યોજાયેલા સત્રમાં કયા બે પ્રસ્તાવ પસાર કરાયા - **CAAને સમર્થન અને SC, ST વર્ગની રાજકીય અનામત વધારવા અંગે**
2. SC, ST વર્ગની રાજકીય અનામતને કેટલા વર્ષ વધારવાના ઠરાવને ૨૫ જાન્યુઆરી પૂર્વે ભારતના ૫૦ ટકા રાજ્યોના વિધાન મંડળોનું સમર્થન અનિવાર્ય છે - **10 વર્ષ**
3. SC, ST વર્ગની રાજકીય અનામતને વધુ ૧૦ વર્ષ લંબાવવા અંગે બંધારણમાં કેટલામો સુધારો કરાયો – **૧૨૬મો સુધારો**
4. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં ઓસ્ટ્રેલિયાના આગ પીડિત લોકોને મદદ માટે ફંડ એકત્રિત કરવા કયા ક્રિકેટર્સે તેની ટેસ્ટ કેપની હરાજી કરી - **ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેન વોર્ન**
5. ઓસ્ટ્રેલિયાના આગ પીડિત લોકોને મદદ માટે ફંડ એકત્રિત કરવા ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેન વોર્નની ટેસ્ટ કેપની હરાજી કેટલા રૂપિયામાં કરવામાં આવી - **રૂપિયા પાંચ કરોડ**
6. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેન વોર્નની ટેસ્ટ કેપની હરાજી રૂપિયા પાંચ કરોડમાં કરવામાં આવી તે કેપનું નામ જણાવો- **બેગી ગ્રીન કેપ**
7. ઓસ્ટ્રેલિયન ટુરિઝમની એમ્બેસેડરનું નામ જણાવો - **ભારતીય અભિનેત્રી પરિણીતિ ચોપરા**
8. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં 4800 કિલોમીટરની સાયકલ રેસ અક્રોસ અમેરિકા માટે ક્વોલિફાય થનાર પ્રથમ ગુજરાતી ખેલાડીનું નામ જણાવો - **વિવેક શાહ**
9. ગુજરાતી ખેલાડી વિવેક શાહે ગોવા ખાતે યોજાયેલી રેમ ક્વોલિફાઈંગ રેસમાં ૬૦૦ કિ.મી.નું અંતર કેટલા કલાકમાં પૂરું કરીને ક્વોલિફાય થયો હતો – **૨૯ કલાક**
10. વિશ્વની સૌથી કપરી રેસ ગણાતી RAAM (રેસ અક્રોસ અમેરિકા) અલ્ટ્રા સાઇક્લિંગ રેસ માટે ક્વોલિફાય થયેલા ભારતીય ખેલાડીઓના નામ જણાવો – **૧. વિવેક શાહ ૨. ભરત પન્નુ અને ૩. કબીર રાયચૂરે**
11. નાગરિકતા સુધારા કાયદો કઈ તારીખથી દેશભરમાં લાગુ કરાયો - **10 જાન્યુઆરી 2020**
12. નાગરિકતા સુધારા કાયદો દેશભરમાં લાગુ કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કઈ તારીખે નોટિફિકેશન બહાર પાડયુ - **10 જાન્યુઆરી 2020**
13. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં RBI દ્વારા માસ્ટર KYCની ગાઈડલાઈન્સમાં સુધારો કર્યો તેનો ફાયદો જણાવો - **ગ્રાહકોએ બેંકમાં જવું પડશે નહીં**
14. RBI દ્વારા માસ્ટર KYCની ગાઈડલાઈન્સમાં કરેલા સુધારા મુજબ બેન્કો તેના ગ્રાહકોની KYC (નો યોર

કસ્ટમર)ની ઓળખ શેના માધ્યમ દ્વારા કરી શકશે - **મોબાઈલ વીડિયો દ્વારા**

15. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ-2020ની કેટલામી સિઝનનો પ્રારંભ થયો - **ત્રીજી**
16. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ-2020ની ત્રીજી સિઝનનો પ્રારંભ ક્યાંથી થયો - **ગુવાહાટી (આસામ)**
17. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ-2020ની ત્રીજી સિઝનનું આયોજન કયારે કરવામાં આવ્યું હતુ - **તા.10થી 22 જાન્યુઆરી-2020**
18. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ-2020ની ત્રીજી સિઝનમાં કુલ કેટલી રમત તથા કેટલાં ખેલાડીઓ ભાગ લેશે – **20 અને 6800થી વધુ ખેલાડી**
19. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ-2020ના પ્રથમ ગોલ્ડ મેડલ વિજેતા ખેલાડી અને તેનું રાજય જણાવો – **જીમ્નાસ્ટ પ્રિયંકા દાસગુપ્તા અને ત્રિપુરા**
20. આસામના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો – **શ્રી સર્વાનંદ સોનોવલ**
21. વર્તમાન કેન્દ્રીય રમતગમત મંત્રીનું નામ જણાવો – **શ્રી કિરણ રિજિજુ**
22. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે ઈન્ટરનેટને કયો અધિકાર ગણાવ્યો - **જન્મસિદ્ધ અધિકાર (કલમ-19 હેઠળ)**
23. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે ઈન્ટરનેટને બંધારણની કઈ કલમ અંતર્ગત જન્મસિદ્ધ અધિકાર ગણાવ્યો - **કલમ-19 હેઠળ**
24. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં અરબી સમુદ્રમાં ચીન અને પાકિસ્તાન નૌસેનાની સંયુક્ત નૌસેના કવાયત યોજાઈ તેનું નામ જણાવો- **સીગાર્ડિયન**
25. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં કેન્દ્રીય ઊર્જા મંત્રાલયે કયો નવો નિયમ તા.01-01-2020થી અમલી બનાવ્યો - **ઉત્પાદિત નવા ACનું તાપમાન 24 ડિગ્રીથી ઓછું થશે નહીં**
26. વિશ્વ હિન્દી દિવસ કયારે ઉજવવામાં આવે છે - **10 જાન્યુઆરી**
27. પ્રથમ વિશ્વ હિન્દી કોન્ફરન્સ કયારે યોજાઈ હતી - **તારીખ 10 થી 12 જાન્યુઆરી 1975**
28. પ્રથમ વિશ્વ હિન્દી કોન્ફરન્સ તારીખ 10 થી 12 જાન્યુઆરી 1975નો રોજ કયા સ્થળે યોજાઈ હતી – **નાગપુર (મહારાષ્ટ્ર)**
29. ભારત સિવાય વિદેશમાં પ્રથમ હિન્દી કોન્ફરન્સ કયા સ્થળે યોજાઈ હતી - **મોરેશિયસ**
30. દર વર્ષે વિશ્વ હિન્દી દિવસ ઊજવવાની જાહેરાત કયા વર્ષે કયા વડાપ્રધાન દ્વારા કરવામાં આવી હતી - **2006માં અને મનમોહનસિંહ**
31. રાષ્ટ્રીય હિન્દી દિવસ કયારે ઉજવવામાં આવે છે - **14 સપ્ટેમ્બર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 11-01-2020



૧. પ્રોજેક્ટ – સાયબર સુરક્ષાના હેતુથી ગૃહ વિભાગના વિવિધ પ્રકલ્પોનો કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે પ્રારંભ (સાયબર સરુક્ષા)



પ્રારંભ–

- ✓ તા.11મી જાન્યુઆરી-2020
- ✓ સ્થળ- મહાત્મા મંદિર, ગાંધીનગર
- ✓ આયોજક – ગૃહ વિભાગ, ગુજરાત સરકાર

પ્રોજેક્ટની વિગત

(૧) VISHWAS-Video Integration and State Wide Advanced Security.

વિઝન -

- ✓ વર્ષ 2013-14માં જ્યારે માનનીય વડા પ્રધાન ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી હતા, ત્યારે તેમને તેમની દીર્ઘ દ્રષ્ટિ હેઠળ લોકો ની સલામતી અને સુરક્ષા માટે સીસીટીવી કેમેરા આધારિત સિસ્ટમ સ્થાપિત કરવાની યોજના ઘડવામાં આવી હતી. આના સંદર્ભમાં મોટા શહેરો (અમદાવાદ, વડોદરા અને ગાંધીનગર)માં એક પાઇલટ પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો. આ પ્રોજેક્ટના અધ્યયનના આધારે પ્રોજેક્ટને સમગ્ર રાજ્યમાં વિસ્તારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- ✓ VISWAS પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના 34 જિલ્લા મુખ્ય મથક અને 7 પર્યટક સ્થળો એમ થઇ કુલ 41 શહેરોમાં પર એડવાન્સ એનાલિટિક્સ આધારિત સીસીટીવી કેમેરા લગાવામાં આવેલ છે.

VISWAS પ્રોજેક્ટનાં ઉદ્દેશો :

- ✓ ૧૨૫૬ જંકશન પર લાગશે ૭૦૦૦થી વધુ કેમેરા

- ✓ ૩૪ ડિસ્ટ્રિક્ટ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) જોડાશે સ્ટેટ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ત્રિનેત્ર) સાથે
- ✓ સક્રિય ટ્રાફિક મેનેજમેન્ટ અને નિયંત્રણ
- ✓ ક્રાઇમ/ઘટનાની તપાસ અને વિડિઓ ફોરેન્સિક્સ
- ✓ ફોર્સ મલ્ટીપ્લાયર ઈફેક્ટથી થશે પોલીસની કાર્યક્ષમતામાં વધારો
- ✓ માર્ગ સલામતી અને અર્બન મોબિલિટી
- ✓ મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે શેરીઓને સુરક્ષિત બનશે
- ✓ ગુજરાતના તમામ શહેરો, જિલ્લા મુખ્યાલયો અને પર્યટન સ્થળો એ મળશે ચુસ્ત સુરક્ષા
- ✓ VISWAS પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત રાજ્યમાં ટાયર -2 અને ટાયર -૩ શહેરોને આવરી લેવા સીસીટીવી કેમેરા આધારિત સલામતી અને Integrated Traffic Management System (આઇટીએમએસ) સ્થાપિત કરવામાં આવશે. ફેસ-૧માં જિલ્લાઓની પોલીસ અધિક્ષક કચેરીઓમાં ૩૪ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર બનાવેલ છે.
- ✓ જેમાં ૭૦૦૦+ કેમેરાઓ કુલ ૪૧ શહેર (૩૪ જિલ્લા મથક + ૬ યાત્રા ધામ+ 1 SoU) ને આવરી લે છે. મહત્વપૂર્ણ એન્ટ્રી-એક્ઝિટ પોઇન્ટ, કી ટ્રાફિક જંકશન અને વ્યૂહાત્મક સ્થાનોનું મોનીટરીંગ એડવાન્સ એનાલિટિક્સ ટૂલની મદદથી ૩૪ જિલ્લાઓના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર ખાતે અને રાજ્યના સેન્ટ્રલ કમાન્ડ કંટ્રોલ ખાતે કરવામાં આવે છે.
- ✓ ઉપરોક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ ટ્રાફિક મેનેજમેન્ટ, ટ્રાફિક એન્ફોર્સમેન્ટ, ક્રાઈમ પ્રિવેન્શન એન્ડ ડિટેક્શન, ઘટના પછીની તપાસ, સ્ટ્રીટ્સની સલામતી, રિસોર્સ પ્લાનિંગ અને ડિપ્લોયમેન્ટ, વિડિઓ ફોરેન્સિક્સ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવી વિવિધ કાયદા અમલીકરણ ની પ્રવૃત્તિઓ માટે કરવામાં આવે છે.
- ✓ દરેક જિલ્લાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર - CCC (નેત્રમ) અને રાજ્ય કક્ષાના સ્ટેટ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર SCCC (ત્રિનેત્રમ) માં વાહન ની ઓળખ માટે ANPR અને E-Challans ને VAHAN અને SARTHI ડેટાબેઝ સાથે Integrate કરવામાં આવેલ છે. આ નેટવર્ક ગુજરાત સરકાર ના Cyber Treasury ડીપાર્ટમેન્ટ સાથે integrated છે. આ ઉપરાંત E-Challans ના ઓન લાઈન પેમેન્ટ માટે ડેબિટ / ક્રેડિટ કાર્ડ, ઇન્ટરનેટ બેંકિંગનો ઉપયોગની સુવિધા અપાયેલ છે. આ સિસ્ટમના સીસીટીવી કેમેરા 24x7x365 નજર રાખવા સક્ષમ હોવાથી આ સિસ્ટમ એ Force Multiplier Effect પ્રાપ્ત કરી છે. પોલીસની કાર્યક્ષમતા, ગુનાખોરી નિવારણ અને તપાસ, તપાસની ગુણવત્તા અને urban mobility માં એકંદર સુધારણા કરવામાં મદદ કરી છે. નોન-ઈન્ટ્રુસિવ ટ્રાફિક મેનેજમેન્ટ અને એન્ફોર્સમેન્ટ થી police intervention, allegations of

corruption, abusive police behaviour and high handedness માં ઘટાડો થવાથી નાગરિકોમાં સંતોષ છે.

- ✓ આ ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ ગુજરાત સરકારના ગૃહ વિભાગની એક મોટી પહેલ છે. આ પ્રોજેક્ટમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ, 'સુરક્ષા સેતુ' , કમ્યુનિટિ પોલીસિંગ પ્રોગ્રામ, NHAI અને અન્ય એજન્સીઓને સાથે integrated છે. તે મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે શેરીઓને સુરક્ષિત બનાવે છે અને શહેરી કેન્દ્રોમાં રસ્તાની સુરક્ષામાં સુધારો થયો છે.

<u>પ્રોજેક્ટના ફાયદા</u>

1. નાગરિકો:

- ✓ વિશ્વાસ પ્રોજેક્ટના મુખ્ય લાભાર્થીઓ મહિલાઓ, બાળકો, વરિષ્ઠ નાગરિકો, માર્ગ વપરાશકારો સહિતના નાગરિકો છે કારણ કે આ પ્રોજેક્ટ ગુનેગારોની હિલચાલ પર નજર રાખે છે, લોકો ની સુરક્ષામાં વધારો કરે છે તેમજ ગુનાની ઘટનાઓને ઘટાડે છે અને મહત્વપૂર્ણ ઘટનાઓ / રેલીઓ / મેળાઓ અને તહેવારો દરમિયાન ટ્રાફિકની મુવમેન્ટને અવિરત બનાવી ટ્રાફિક મેનેજમેન્ટ માં મદદ રૂપ થાય છે.. જાહેર સ્થળોએ નાગરિક વર્તણૂક, જાહેર / ખાનગી મિલકતોની સલામતી, નાગરિકો સાથે પોલીસ વર્તણૂકમાં સુધારો થયો છે.

2. પોલીસ:

- ✓ સીસીટીવી કેમેરા આધારિત સિસ્ટમ ટ્રાફિક મેનેજમેન્ટ અને એન્ફોર્સમેન્ટમાં ટ્રાફિક પોલીસ, હોમગાર્ડ્સ અને ટ્રાફિક બ્રિગેડના પ્રયત્નોને પૂરક બનાવેલ જેના પરિણામે ફોર્સ મલ્ટીપ્લાયર ઈફેક્ટ જોવા મળેલ છે. નોન ઈન્ટ્રુસિવ ટ્રાફિક મેનેજમેન્ટ અને એન્ફોર્સમેન્ટ પદ્ધતિથી માણસ અને પોલીસ વચ્ચે જંક્સન પર ઇન્ટરવેન્શન ઓછું થવાથી તણાવ ઓછો થયો છે. ક્રાઇમ ઇન્વેસ્ટીગેશન, ડિટેકશન અને પ્રેવેશનમાં વિડિઓ એનાલિટિક્સ અને વિડિઓ ફોરેન્સિક ટૂલ પોલીસ ને મદદ રૂપ થાય છે.
- ✓ વાહન ચોરીના કેસો માં વાહન શોધવા, ગુના આયોગમાં વપરાતા વાહનોની ઓળખ કરવા, ગુનેગારોની ઓળખ અને ધરપકડ કરવા, અદાલતમાં ફોજદારી કાર્યવાહી માટે વીડિયો ફોરેન્સિક પુરાવા કરવા માટે પોસ્ટ ઇન્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન ટૂલ ઉપયોગી છે. વિશ્વાસ પ્રોજેક્ટની મદદથી નાગરિક સેવાઓની કાર્યક્ષમતા, અસરકારકતા અને ગુણવત્તામાં સુધારો થયો છે.

3. ગુજરાત સરકારના અન્ય વિભાગો:

- ✓ વિશ્વાસ પ્રોજેક્ટ ટોલ પ્લાઝાના દેખરેખ, બ્લેક સ્પોટની ઓળખ, ટ્રાફિકના વોલ્યૂમ ના મૂલ્યાંકન વગેરે માટે માર્ગ અને મકાન વિભાગને મદદરૂપ થાય છે. આ ઉપરાંત વિશ્વાસ પ્રોજેક્ટ નો ઉપયોગ

નગરપાલિકાઓ દ્વારા શહેરી વિકાસ વિભાગ હેઠળ કચરો સાફ કરવા, રોડ ઇજનેરી, વગેરે પર નજર રાખવા માટે કરવામાં આવે છે. તંદ્રૂપરાંત વિશ્વાસ પ્રોજેક્ટ નો ઉપયોગ મહિલાઓ અને બાળ સલામતી, ગુમ થયેલ મહિલા અને બાળ ટ્રેકિંગને વધારવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યો છે. ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ Authorityથોરિટી (જીએસડીએમએ) અને મહેસૂલ વિભાગ માર્ગ અકસ્માતો, કોઈપણ કુદરતી / માનવ આપત્તીના કિસ્સામાં બચાવ અને રાહત કામગીરીના સંકલન માટે વિશ્વાસ પ્રોજેક્ટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

4. પ્લાનિંગ અને પોલિસી મેકર:

✓ વિશ્વાસ પ્રોજેક્ટનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર રસ્તાઓ પર વાહનોની ગણતરી, રોડ યુસર બિહેવિયર, ટ્રાફિક એન્જિનિયરિંગ, ટ્રાફિક ઉલ્લંઘન ટ્રેન્ડ એનાલિસિસ વગેરે માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે. તે સંબંધિત વર્ષ / મહિના / તારીખમાં નોંધાયેલા બનાવોના આધારે વિવિધ વાર્ષિક ઇવેન્ટ્સના આયોજન માટે પણ ઉપયોગી છે.

(૨) CYBER – AASHVAT (આશ્વસ્ત)

✓ AASHVAT- Assured Assistant Services Helpline For Victims at Shortest Time

સાયબર ક્રાઇમ પ્રિવેન્શન યુનિટ

✓ દેશનું પહેલું સાયબર ક્રાઇમ પ્રિવેન્શન યુનિટ જે નાગરિકોને SMS દ્વારા સાયબર ક્રાઈમ માટે વપરાયેલા ફોન નંબરો અંગે સાવચેત કરશે

✓ www.gujaratcybercrime.org પોર્ટલ પર તૈયાર હશે સાયબર ફ્રોડ માટે વપરાતા ફોન નંબરો તથા બેંક એકાઉન્ટ નંબરોનો સોથી મોટો ડેટાબેઝ

સાયબર સુરક્ષા લેબ

✓ પોલીસ રાખશે લોકોના મોબાઈલ ફોન અને Digital Deviceના આરોગ્યનું ધ્યાન

✓ મોબાઈલમાં આવતા માલવેર, વાયરસ અને અન્ય ખતરાઓની ચકાસણી કરશે.

✓ રાજ્યના દરેક સાયબર સેલમાં ટચ સ્ક્રીનવાળા કિયોસ્ક મૂકવામાં આવશે.

✓ આ સુવિધાનો લાભ નાગરિકોને નિઃશુલ્ક પ્રાપ્ત થશે

સાયબર ક્રાઈમ ઈન્સિડેન્ટ રિસ્પોન્સ યુનિટ

✓ સાયબર ક્રાઇમ પર કરશે ત્વરિત કાર્યવાહી

✓ 100 અને 112 નંબર ડાયલ કરતા સાયબર આશ્વસ્ત હેલપલાઇન યુનિટ માહિતીના આધારે લેશે જરૂરી પગલા

✓ પોલીસ સામેથી સંપર્ક કરીને તમારું આર્થિક નુકસાન અટકાવશે અને મદદ માટે કરેલ કાર્યવાહીની જાણ કરશે.

એન્ટિ સાયબર બુલીંગ યુનિટ

✓ online Harassmentથી બચવા માટે મળશે મદદ

✓ આવા ભોગ બનનારને social Mediaથી જરૂરી તકેદારીઓ માટે સુસજ્જ કરશે

- ✓ ભોગ બનનારની માહિતી ગુપ્ત રાખવામાં આવશે.
- ✓ 100 અને 112 નંબર ડાયલ કરતા જ આશ્વસ્ત હેલ્પલાઇન યુનિટ સામેથી સંપર્ક કરી આપને ઘર આંગણે જ સાયબર સુરક્ષા પૂરી પાડશે
- ✓ ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. GTU નવમો પદવીદાન સમારોહ



- ✓ સ્થાપના - વર્ષ-2009
- ✓ સ્થળ- મહાત્મા મંદિર, ગાંધીનગર
- ✓ ઉપસ્થિતિ –
- ✓ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી
- ✓ ગૃહમંત્રી શ્રી અમિત શાહ
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી
- ✓ GTU ઉપકુલપતિ – ડૉ.નવીનશેઠ
- ✓ GTU- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

ખાસ- દેશમાં પહેલીવાર સ્ટાર્ટઅપ માટે GTU દ્વારા વિદ્યાર્થીઓને ગોલ્ડ આપવાનો પ્રારંભ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નાસા – સિદ્ધિ : નાસાના ચંદ્ર-મંગળ મિશન માટે ભારતવંશી અમેરિકા એરફોર્સ માટે કર્નલ રાજા જોન ચારીની પસંદગી



વિગત-

- ✓ અવકાશયાત્રી તરીકે લગભગ ૨ વર્ષની મૂળ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરીને ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન, મૂન અને મંગળ માટેના નાસાના ભવિષ્યના મહત્વના સામેલ થનાર કુલ ૧૧ અમેરિકી અવકાશ યાત્રીઓમાં ભારતીય મૂળના અમેરિકી એરફોર્સ કર્નલ રાજા જોન ચારીની પસંદગી થઈ છે.
- ✓ ૨૦૧૭માં નાસાએ તેનો આર્ટેમિસ પ્રોગ્રામ જાહેર કર્યો હતો તે પછી ૧૮,૦૦૦ અરજીઓમાંથી સફળ અવકાશયાત્રીઓની પસંદગી કરવામાં આવી છે.
- ✓ કર્નલ રાજા જોન ચારી ઓગસ્ટ ૨૦૧૭માં ડ્યૂટીમાં જોડાયા હતા અને તાલીમ પૂરી કરી હોવાથી તેઓ ભવિષ્યના મિશન માટે પાત્ર બન્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ભારતીય નૌકાદળ : તેજસના નેવલ વર્ઝનનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)

વિશેષતા

- ✓ ભારતના સ્વદેશી ફાઇટર જેટ તેજસે પ્રથમ વખત આઇએનસ વિક્રમાદિત્ય ઉપર સફળ લેન્ડિંગ કર્યું છે.
- ✓ આઇએનએસ વિક્રમાદિત્ય ભારતનું એરક્રાફ્ટ કૅરિયર એટલે કે વિમાન વાહક જહાજ છે.
- ✓ આ પ્રથમ વખત હતું કે જ્યારે ભારતમાં બનેલા કોઈ સ્વદેશી ફાઇટર જેટે યુદ્ધ જહાજ પર લેન્ડિંગ કર્યું છે.
- ✓ ડીઆરડીઓ દ્વારા બનાવવામાં આવેલા તેજસે અરેસ્ટર વાયરની મદદથી આ લેન્ડિંગ કર્યું છે.
- ✓ આ વિમાનનું સફળ લેન્ડિંગથી ભારત અરેસ્ટેડ લેન્ડિંગ કરાવનારો છઠ્ઠો દેશ બની ગયો છે.
- ✓ આ પહેલા રશિયા, અમેરિકા, ફ્રાંસ, બ્રિટન અને ચીનને આ સફળતા મળી છે.
- ✓ આ લેન્ડિંગ બાદ હવે નૌકાદળ માટે ડબલ એન્જિન વાળા તેજસ બનાવવાનો રસ્તો સાફ થયો છે.
- ✓ સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંઘ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી બે દિવસના પશ્ચિમ બંગાળના પ્રવાસે તા.11 અને 12 જાન્યુઆરી-2020



પ્રવાસની મહત્વની બાબતો

(૧) કોલકત્તા પોર્ટ ટ્રસ્ટની 150મી જન્મજયંતિની ઉજવણી

- ✓ કોલકાતા પોર્ટ ટ્રસ્ટનાં 150 વર્ષ પૂરાં થવાના સમારોહમાં હાજરી.
- ✓ કોલકાતા પોર્ટ ટ્રસ્ટના હાલના તથા નિવૃત્ત કર્મચારીઓને સંકટગ્રસ્ત પેન્શન ફંડ માટે મોદી 501 કરોડ રૂ.ના ચેક સોંપશે.
- ✓ તેઓ 100 વર્ષના થઈ ચૂકેલા ટ્રસ્ટના બે પેન્શનર નગીના ભગત (105) અને ચંદ્ર ચક્રવર્તી (100)ને સન્માનિત પણ કરશે.
- ✓ તેઓ કોલકાતા પોર્ટ ટ્રસ્ટનું ગીત પણ લૉન્ચ કરશે.

(૨) 12 જાન્યુઆરી સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિતે બૈલુર મઠની મુલાકાત અને રોકાણ

(3) ભારતને હેરિટેજ ટુરિઝમના સેન્ટર તરીકે વિકસાવાશે

- ✓ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ભારતની કલા, સંસ્કૃતિ અને વારસાને ૨૧મી સદી અનુસાર સંરક્ષિત રાખવા

તેમને Reinvent, Rebrand, Renovate અને Rehouse કરવાના રાષ્ટ્રવ્યાપી અભિયાનનો બંગાળથી પ્રારંભ થઇ રહ્યો છે.

- ✓ કેન્દ્ર સરકાર ભારતને હેરિટેજ ટુરિઝમનું મોટું સેન્ટર બનાવવા માગે છે.
- ✓ દેશના પાંચ આઇકોનિક મ્યુઝિયમને આંતરરાષ્ટ્રીય કક્ષાના બનાવાશે. તેનો પ્રારંભ ઇન્ડિયન મ્યુઝિયમ કોલકાતા ખાતેથી થઇ રહ્યો છે.
- ✓ હું ઇચ્છું છું કે, વિપ્લવી ભારત નામનું મ્યુઝિયમ બને જેમાં મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓને સ્થાન મળવું જોઇએ.
- ✓ દુર્ભાગ્યની વાત એ છે કે બ્રિટિશ ભારતનાં ઇતિહાસના કેટલાક મહત્વના પક્ષોને નર્મદ કરાયાં હતાં.
- ✓ નેતાજી બોઝને યાદ કરતાં મોદીએ કહ્યું કે આંદોમાન નિકોબાર દ્વિપમાં એક દ્વીપનું નામકરણ નેતાજીને નામે કરવામાં આવ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. RBI - શું છે RBI દ્વારા સરકારને ચૂકવાતું ડિવિડન્ડ

વિગત

- ✓ ભારતીય રિઝર્વ બેન્ક વિદેશી ચલણો અને સરકારી બોન્ડના કારોબાર દ્વારા નફો કમાય છે.
- ✓ આ નફાનો એક હિસ્સો રિઝર્વ બેન્ક દ્વારા તાકીદની જરૂરિયાતો માટે અલગ મૂકી દેવામાં આવે છે. જ્યારે બાકીનો હિસ્સો સરકારને અપાય છે. સરકારને અપાતા આ હિસ્સાને ડિવિડન્ડ કહે છે.
- ✓ ગયા નાણાકીય વર્ષમાં રિઝર્વ બેન્કે રૂપિયા ૧.૨૩ લાખ કરોડની વધારાની કમાણી કરી હતી.
- ✓ ૨૦૧૮માં આરબીઆઇ દ્વારા પૂર્વ ગવર્નર બિમલ જાલાનના નેતૃત્વમાં રચાયેલી સમિતિએ સરકાર સાથે આરબીઆઇના નફાની વહેંચણીની ફોર્મ્યુલા તૈયાર કરી આપી હતી.
- ✓ સમિતિએ તેની ભલામણમાં જણાવ્યું હતું કે, અત્યંત અસામાન્ય પરિસ્થિતિમાં જ સરકારને વચગાળાનું ડિવિડન્ડ ચૂકવવામાં આવે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ભારતનું પ્રથમ અંતરિક્ષ યાત્રી ટ્રેનિંગ સેન્ટર (અવકાશ વિજ્ઞાન)

હ્યુમન સ્પેશ ફ્લાઈટ સેન્ટર

- ✓ સ્થળ- ઉલ્લારથી, તાલુકો-ચલ્લકેરે, બેગુલુરૂ (કર્ણાટક)

સેન્ટરની વિશેષતાઓ

- ✓ કુલ ખર્ચ રૂ. 2700 કરોડ
- ✓ અંદાજે ત્રણ વર્ષમાં પૂર્ણ થશે
- ✓ 473 એકર જમીન પર હ્યુમન સ્પેસ ફ્લાઇટ સેન્ટર બનશે.
- ✓ તે બની જતા આપણા અંતરિક્ષ યાત્રીઓને ટ્રેનિંગ માટે વિદેશ મોકલવાની જરૂર નહીં પડે.

હવામાં તરતા-તરતા કામ, ખાણી-પીણી-બાથરૂમની ટ્રેનિંગ

- ✓ સ્પેસક્રાફ્ટના ક્રૂ, સર્વિસ મોડ્યુલથી લઇ અંતરિક્ષ યાત્રીઓની ટ્રેનિંગ અને મિશન કન્ટ્રોલ આ જ સેન્ટરમાં કરાશે.
- ✓ અહીં ક્રૂ મોડ્યુલ સિમ્યુલેટરને માઇક્રોગ્રેવિટી વાતાવરણ આપવા માટે વેક્યુમ ચેમ્બર, પેરાબોલિક ફ્લાઇટ, ન્યુટ્રલ બાયેન્સીની સુવિધા સ્થાપિત કરાશે.
- ✓ આ સુવિધાઓ દ્વારા અંતરિક્ષ યાત્રીને ઝીરો ગ્રેવિટીમાં હવામાં તરતા-તરતા (વેટલેસનેસ અનુભવ કરતા) કામ કરવાની ટ્રેનિંગ આપવામાં આવે છે.
- ✓ એક્સ્ટ્રા વહીકુલર એક્ટિવિટી ટ્રેનિંગ અને ઓનબોર્ડ સર્વાઇવલ, લાઇફ સપોર્ટ સિસ્ટમ અને પુનર્વાસ તાલીમ (અંતરિક્ષથી પર ફરતા ફરી પૃથ્વીના વાતાવરણને અનુકુળ થવા)ની સુવિધા પણ હશે.

એક અંતરિક્ષયાત્રી પર 30 કરોડ રૂપિયા બચશે

- ✓ અત્યારે ગગનયાન માટે પસંદ કરાયેલા યાત્રીઓને રશિયાના રોસકોસમોસમાં ટ્રેનિંગ આપવા માટે મોકલવામાં આવે છે.
- ✓ ઇસરોએ તેના ખર્ચ અંગે કોઇ સત્તાવાર માહિતી આપી નથી. પરંતુ નિષ્ણાતો મુજબ એક અંતરિક્ષ યાત્રીની વિદેશમાં ટ્રેનિંગ પાછળ 25-30 કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે.
- ✓ સેન્ટર બન્યા બાદ આ કામ દેશમાં જ થઇ શકશે.

આવું કરનાર ભારત 6ઠ્ઠો દેશ બનશે

- ✓ અત્યાર સુધી નાસા (અમેરિકા), ઇએચુ-રોસકોસમોસ (રશિયા), જર્મની (યુરોપ), સુકુબા સ્પેસ સેન્ટર (જાપાન) અને ચાઇનીઝ નેશનલ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (ચીન)માં અંતરિક્ષ યાત્રીઓને તાલીમ આપવા અને તેમને અંતરિક્ષમાં મોકલવાની સુવિધા છે.
- ✓ દરેક સ્થાને તાલીમ માટેનો સમયગાળો ત્રણથી સાડા ત્રણ વર્ષ છે.
- ✓ પસંદગી અને પ્રારંભિક તાલીમનું કામ અરફાસન્ના ડે ઇન્સ્ટિટ્યૂટ ઓફ એરોસ્પેસ મેડિસિનમાં થઇ રહ્યું છે.
- ✓ આ ટ્રેનિંગ સેન્ટરમાં એક સાથે 3 અંતરિક્ષ યાત્રીને ટ્રેનિંગ આપવામાં આવશે.
- ✓ જ્યારે નાસામાં એક સાથે 13 યાત્રીને ટ્રેનિંગ આપવાની સુવિધા છે .

ઈસરોના ચેરમેન – કે. સિવન

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. નિમણૂક : NBT – નવી દિલ્હી :

લેફ. જનરલ યુવરાજ મલિકની બુક ટ્રસ્ટના ડાયરેક્ટર તરીકે નિમણૂક



વિગત-

- ✓ મલિક સાહિત્ય એકેડેમી વિજેતા અને હાલના ડાયરેક્ટર રીતા ચૌધરીનું સ્થાન લેશે.
- ✓ તેઓ સેનાથી ડેપ્યુટેશન પર આ હોદ્દો સંભાળશે.
- ✓ NBT – નેશનલ બૂક ટ્રસ્ટ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. સંશોધન : IIT ખડકપુર(કોલકતા)એ રૂ.10ની બ્લડ ટેસ્ટ કિટ વિકસાવી (આરોગ્ય)

વિશેષતાઓ-

- ✓ આઇઆઇટી ખડકપુરના રિસર્ચર્સ સ્પિનિંગ ડિસ્ક આધારિત ડિવાઇસ બનાવ્યું છે. જે માત્ર 10 રૂપિયામાં કમ્પલીટ બ્લડ કાઉન્ટ (સીબીસી) ટેસ્ટ 95 ટકા શુદ્ધતા સાથે કરે છે.
- ✓ સીબીસી ટેસ્ટ કરાવવાના અત્યારે 200 રૂપિયા થાય છે. તેનાથી હીમોગ્લોબિન, આરબીસી, ડબ્લ્યુબીસી અને પ્લેટલેટ્સની ચોક્કસ ફાઉન્ટિંગ થઇ શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. અવસાન - ઓમાનના સુલતાન કાબુસ બિન સૈદનું 79 વર્ષે અવસાન

- ✓ ઓમાનમાં 43 ટકા પ્રવાસીઓ તેમાં 4.5 લાખ ભારતીય મૂળના લોકો
- ✓ ભારતમાં રાષ્ટ્રીય શોક



અન્ય વિગત

- ✓ કાબુસ બિન સૈદ જ્યારે સુલતાન બન્યા ત્યારે ઓમાન બહુ પાછાત દેશ હતો.
- ✓ સમગ્ર દેશમાં માત્ર 10 કિમીના પાકા રોડ હતા અને માત્ર 3 સ્કૂલ હતી.
- ✓ તેમના પિતા બહુ રૂઢીચુસ્ત હતા. તેમણે રેડિયો સાંભળવા અને સન ગ્લાસિસ પહેરવા પર પણ પ્રતિબંધ મૂકી દીધો હતો.
- ✓ કોણ લગ્ન કરશે ? અને કોણ અભ્યાસ કરશે ? અને કોણ દેશ છોડીને જશે ? તેનો નિર્ણય પણ તેઓ જ કરતા હતા.
- ✓ બ્રિટનમાં ભણેલા કાબુસ બિન સૈદે સત્તા સંભાળ્યા બાદ ઓમાનને આધુનિક બનાવ્યું.
- ✓ તેમણે દેશના ઓઇલ અને ગેસ ભંડારથી કમાણી કરી અને ઓમાનની કાયપલટ કરી
- ✓ આજે ઓમાનમાં 62,240 કિમી પાકા રોડ અને 1500થી વધુ સરકારી સ્કૂલો છે.

- ✓ આરબ વિશ્વમાં સૌથી લાંબા સમય સુધી શાસન કરનારા સુલતાન
- ✓ રાજધાની – મસ્કત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી-૨૦૨૦માં સાયબર સુરક્ષાના હેતુથી ગૃહ વિભાગના વિવિધ પ્રકલ્પોનો કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે કયા સ્થળેથી પ્રારંભ કરાયો – **મહાત્મા મંદિર, ગાંધીનગર**
2. VISHWAS પ્રોજેક્ટનું વિસ્તૃત નામ જણાવો - **Video Integration and State Wide Advanced Security**
3. VISWAS પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના જિલ્લા મુખ્ય મથક અને પર્યટક સ્થળો સહિત કુલ કેટલા શહેરોમાં એડવાન્સ એનાલિટિક્સ આધારિત સીસીટીવી કેમેરા લગાવામાં આવેલ છે - **41**
4. AASHVAT પ્રોજેક્ટનું વિસ્તૃત નામ જણાવો- **Assured Assistant Services Helpline For Victims at Shortest Time**
5. જાન્યુઆરી-૨૦૨૦માં GTU યુનિવર્સિટીનો કેટલામો પદવીદાન સમારોહ યોજાયો - **નવમો**
6. GTU યુનિવર્સિટીના નવમા પદવીદાન સમારોહમાં દેશમાં પહેલીવાર શેના માટે GTU દ્વારા વિદ્યાર્થીઓને ગોલ્ડ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો - **સ્ટાર્ટઅપ**
7. નાસાના ચંદ્ર-મંગળ મિશન માટે ભારતવંશી અમેરિકા એરફોર્સ માટે કોની પસંદગી કરવામાં આવી - **કર્નલ રાજા જોન ચારી**
8. જાન્યુઆરી-૨૦૨૦માં ભારતીય નૌકાદળના કયા નેવલ વર્ઝનનું સફળ પરીક્ષણ કરાયું – **તેજસ**
9. ભારતના કયા સ્વદેશી ફાઈટર જેટએ પ્રથમ વખત આઈએનસ વિક્રમાદિત્ય ઉપર સફળ લેન્ડિંગ કર્યું છે - **તેજસ**
10. આઈએનએસ વિક્રમાદિત્ય શું છે - **વિમાન વાહક જહાજ**
11. તેજસ સ્વદેશી ફાઈટર જેટએ પ્રથમ વખત આઈએનસ વિક્રમાદિત્ય ઉપર સફળ લેન્ડિંગ કરતાની સાથે ભારત અરેસ્ટેડ લેન્ડિંગ કરાવનારો કેટલામો દેશ બન્યો - **છઠ્ઠો**
12. જાન્યુઆરી-2020માં કોલકત્તા પોર્ટ ટ્રસ્ટની કેટલામી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી - **150મી**
13. જાન્યુઆરી-2020માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના પ્રવાસ દરમિયાન કયા પોર્ટ ટ્રસ્ટનું ગીત લૉન્ચ કર્યું - **કોલકાતા**
14. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના પ્રવાસ દરમિયાન તા.12 જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિતે કયા મઠની મુલાકાત લીધી હતી - **બેલુર**
15. કેન્દ્ર સરકાર દ્વારા દેશના પાંચ આઇકોનિક મ્યુઝિયમને આંતરરાષ્ટ્રીય કક્ષાના હેરિટેજ ટુરિઝમ સેન્ટર તરીકે વિકસાવવાના ભાગરૂપે કયા મ્યુઝીયમના પ્રારંભ સાથે કર્યો – **ઇન્ડિયન મ્યુઝિયમ કોલકાતા**
16. ભારતીય રિઝર્વ બેન્ક શેના કારોબાર દ્વારા નફો કમાય છે - **વિદેશી ચલણો અને સરકારી બોન્ડના કારોબાર દ્વારા**
17. ગયા નાણાકીય વર્ષમાં રિઝર્વ બેન્કે કેટલા રૂપિયાની વધારાની કમાણી કરી હતી - **૧.૨૩ લાખ કરોડ**
18. વર્ષ-૨૦૧૮માં આરબીઆઇ દ્વારા કયા પૂર્વ ગવર્નરના નેતૃત્વમાં રચાયેલી સમિતિએ સરકાર સાથે આરબીઆઇના નફાની વહેંચણીની ફોર્મ્યુલા તૈયાર કરી આપી હતી - **બિમલ જાલાન**
19. ભારતમાં તૈયાર થનાર પ્રથમ અંતરિક્ષ યાત્રી ટ્રેનિંગ સેન્ટરનું નામ જણાવો - **હ્યુમન સ્પેશ ફ્લાઈટ સેન્ટર**
20. ભારતના કયા રાજયમાં દેશનું પ્રથમ અંતરિક્ષ યાત્રી સેન્ટર હ્યુમન સ્પેશ ફ્લાઈટ સેન્ટર તૈયાર થશે - **કર્ણાટક**
21. ભારતમાં તૈયાર થનાર પ્રથમ અંતરિક્ષ યાત્રી ટ્રેનિંગ સેન્ટર કેટલા વર્ષમાં તૈયાર થશે અને તેની પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે – **ત્રણ વર્ષ અને રૂ. 2700 કરોડ**
22. NBTનું વિસ્તૃત નામ જણાવો – **નેશનલ બૂક ટ્રસ્ટ**
23. જાન્યુઆરી-૨૦૨૦માં નેશનલ બુક ટ્રસ્ટના ડાયરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **લેફ. જનરલ યુવરાજ મલિક**

24. જાન્યુઆરી-૨૦૨૦માં કોના દ્વારા રૂ.10ની બ્લડ ટેસ્ટ કિટ વિકસાવવામાં આવી છે - **IIT ખડકપુર (કોલકતા)**
25. જાન્યુઆરી-૨૦૨૦માં કયા દેશના સુલતાન કાબુસ બિન સૈદનું 79 વર્ષે અવસાન થયુ - **ઓમાન**
26. ઓમાનની રાજધાની જણાવો – **મસ્કત**
27. આરબ વિશ્વમાં સૌથી લાંબા સમય સુધી શાસન કરનારા સુલતાનનું નામ જણાવો - **કાબુસ બિન સૈદ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 12-01-2020



૧. કેન્દ્ર સરકાર દ્વારા બિન યોજનાકીય ખર્ચમાં ૨૦ ટકા કાપ મૂકવાનો નિર્ણય

- ✓ હેતુ – પ્રવાસ અને ભોજન સહિતના બિન યોજનાકીય ખર્ચમાં કાપ મૂકી અંદાજપત્રીય શિસ્તનો પ્રયાસ (આર્થીક મંદી સામે લડવા)
- ✓ વડાપ્રધાનના નેતૃત્વ હેઠળના રોકાણ અને વિકાસ પરની કેબિનેટ કમિટીની બેઠકમાં નિર્ણય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. બેલૂર મઠ – સ્વામી રામકૃષ્ણ મિશનનું વડુ મથક

સ્થળ-કોલકત્તા (પશ્ચિમ બંગાળ)



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નામકરણ – કેન્દ્ર સરકાર (બંદરો)



- ✓ કોલકત્તા પોર્ટ ટ્રસ્ટનું નામ બદલીને શ્યામાપ્રસાદ મુખર્જી કરાયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ચીન – વિશ્વનું સૌથી મોટુ રેડિયો ટેલિસ્કોપ ત્રણ વર્ષ બાદ કાર્યરત (અવકાશ)



નામ– ફાઈવ હન્ડ્રેડ મીટર અર્પચર સ્ફેરિકલ રેડિયો ટેલિસ્કોપ (FAST)

વિગત-

- ✓ ગુઈઝોઉ પ્રાંતમાં સ્થાપિત ટેલિસ્કોપને તૈયાર થતાં 20 વર્ષનો સમય લાગ્યો.
- ✓ સપ્ટેમ્બર 2016થી ટ્રાયલ ચાલી રહી હતી.
- ✓ રાષ્ટ્રીય વિકાસ અને સુધાર પંચના અધિકારી શેન જૂલિને કહ્યું કે આ શક્તિશાળી ઉપકરણ બ્રહ્માંડની ઉત્પત્તિ અને વિકાસના રહસ્યોનો ખુલાસો કરવામાં મદદ કરશે. તેને દુનિયાભરના ખગોળશાસ્ત્રીઓ માટે ખોલવામાં આવશે.
- ✓ 30 ફૂટબોલ મેદાન બરાબરના ક્ષેત્રમાં બનેલું આ ટેલિસ્કોપ યૂર્ટો રિકોની અરેસિબા ઓક્ઝર્વેટરીથી 2.5 ગણું સંવેદનશીલ છે.
- ✓ પ્યુર્ટો રિકો સ્થિત ઓલ્ઝર્વેટરીમાં દુનિયાનું બીજું સૌથી મોટું સિંગલ ડિશ રેડિયો ટેલીસ્કોપ સ્થાપિત છે.
- ✓ તેનો ઉદ્દેશ્ય દૂર અંતરિક્ષમાં જીવનની શોધ ઉપરાંત એલિયન્સને શોધવાનું પણ છે.
- ✓ તે ઓછી ક્ષમતાવાળા સિગ્નલ પણ પકડી શકે છે.
- ✓ ચીનનું ટેલિસ્કોપ એક સેકન્ડમાં 38 ગીગાબાઈટ (જીબી) ડેટા એકત્રિત કરવામાં સક્ષમ છે. એટલા માટે તેને ફાઇવ હન્ડેડ મીટર અર્પચર સ્ફેરિક્લ રેડિયો ટેલિસ્કોપ (ફાસ્ટ) નામ અપાયું છે.
- ✓ ફાસ્ટની અંતરિક્ષ રેન્જ ચાર ગણી વધારે છે. તેના માધ્યમથી વિજ્ઞાનીઓ બ્રહ્માંડની ઘટનાઓને સરળતાથી શોધી શકશે.
- ✓ તેને બનાવવામાં અમેરિકા, બ્રિટન અને પાકિસ્તાન સહિત 10 દેશોએ મદદ કરી છે.

ફેક્ટ એક નજરે:

- ✓ 4450 પૈનલ લગાવાઈ છે
- ✓ 1207 કરોડ રૂપિયા ખર્ચ
- ✓ 30 ફૂટબોલ મેદાન જેટલું કદ
- ✓ 500 મીટર વ્યાસ
- ✓ 10 દેશોના વિજ્ઞાનીઓએ મદદ કરી
- ✓ 5 કિમીના દાયરામાં કોઈ શહેર નથી
- ✓ એક સેકેન્ડમાં ૩૮ ગીગા બાઈટ ડેટા એકત્રિત કરવા સક્ષમ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. BCCI – વાર્ષિક એવોર્ડ 2018-19

- ✓ BCCI મુખ્યમથક – વાનખેડે-મુંબઈ
- ✓ અધ્યક્ષ- સૌરવ ગાંગુલી
- ✓ ગુજરાતી જસપ્રિત બૂમરાહને શ્રેષ્ઠ ક્રિકેટર એવોર્ડ પોલી ઉમરગીરથી સન્માનિત
- ✓ ઉપનામ – યોર્કર મેન

વિજેતા અને એવોર્ડની વિગત



જસપ્રીત બુમરાહ :

- ✓ બેસ્ટ ઈન્ટરનેશનલ ક્રિકેટર તરીકે પોલી ઉમરીગર એવોર્ડ,
- ✓ ટેસ્ટમાં (૨૦૧૮-૧૯માં) સર્વાધિક વિકેટ બદલ દિલીપ સરદેસાઈ એવોર્ડ.

ચેતેશ્વર પૂજારા :

- ✓ ટેસ્ટમાં (૨૦૧૮-૧૯માં) સર્વાધિક રન ફટકારવા બદલ દિલીપ સરદેસાઈ એવોર્ડ

પૂનમ યાદવ :

- ✓ બેસ્ટ ઈન્ટરનેશનલ મહિલા ક્રિકેટર.

ઝુલન ગોસ્વામી :

- ✓ વન ડેમાં ૨૦૧૮-૧૯ની સિઝનમાં હાઈએસ્ટ ઈન્ટરનેશનલ વિકેટ ઝડપવા બદલ એવોર્ડ.

સ્મિતિ મંધાના –

- ✓ વન ડેમાં ૨૦૧૮-૧૯ની સિઝનમાં હાઈએસ્ટ ઈન્ટરનેશનલ રન ફટકારવા બદલ એવોર્ડ.

મયંક અગ્રવાલ - શેફાલી વર્મા :

- ✓ સિઝનમાં શ્રેષ્ઠ ઈન્ટરનેશનલ ડેબ્યુ.

દિલીપ દોશી-

- ✓ સ્પેશિયલ એવોર્ડ.

કે. શ્રીકાંત-અંજુમ ચોપરા :

- ✓ લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ

ભારતમાં રમાતી ક્રિકેટના ખેલાડીઓનું સન્માન

- ✓ શિવમ દુબેને રણજી ટ્રોફી ૨૦૧૮-૧૯માં બેસ્ટ ઓલરાઉન્ડ પર્ફોમન્સ બદલ લાલા અમરનાથ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- ✓ નિતિશ રાણાને મર્યાદિત ઓવરની સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ બદલ એવોર્ડ મળ્યો હતો.
- ✓ રણજી સિઝનમાં સર્વાધિક રન કરવા બદલ મિલિંદકુમારને અને સૌથી વધુ વિકેટ બદલ આશુતોષ અમને સન્માન આપવામાં આવ્યું હતુ.

ગુજરાતના મનન હિંગરાજીયાને એવોર્ડ



- ✓ ગુજરાતના મનન હિંગરાજીયાને પણ બીસીસીઆઇએ જુનિયર ક્રિકેટમાં હાઇએસ્ટ રન ફટકારવા બદલ એવોર્ડ આપ્યો હતો.
- ✓ મનને કર્નલ સી. કે. નાયડુ ટ્રોફીમાં સર્વાધિક રન ફટકાર્યા હતા. તે બદલ તેને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ઓમાન – નવા સુલતાન



સુલતાન કાબુસ હલથામ બિન તારીક અલ સઈદ ઓમાનના નવા શાસક

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ - 12 જાન્યુઆરી

રાષ્ટ્રીય યુવા દિવસ



- ✓ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં તા. 12 જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યુગ પુરુષ યુવા પરિષદનું આયોજન
- ✓ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગુજરાત રાજ્ય યુવક બોર્ડનું નવું નામાભિધાન કરીને સ્વામિ વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ કરવામાં આવ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ - 12 જાન્યુઆરી

નવ હિન્દુવાદના પ્રણેતા : સ્વામી વિવેકાનંદ



જન્મ - 12 જાન્યુઆરી- 1863

અવસાન - 4 જુલાઈ 1902

- ✓ મારા દેશના યુવાનો તમારે રામનામ જપવાની કોઈ જરૂર નથી, તમે ફૂટબોલ રમો, કારણ શક્તિ એ જીવન છે અને દુર્બળતા એ મૃત્યુ છે.

- ✓ 19મા સૈકામાં પશ્ચિમના સુધારાના વાવાઝોડા વચ્ચે સ્વામી વિવેકાનંદે પ્રસ્તુત વાત કરી.
- ✓ અંગ્રેજોની જૂની રાજધાની કલકત્તામાં જન્મેલા વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્રનાથ દત્ત અને પિતા કલકત્તા હાઇકોર્ટમાં વકીલ હતા, બીએ કર્યા પછી ઇશ્વરની શોધ માટે રામકૃષ્ણ પરમહંસના શરણે ગયા અને ગુરુ-શિષ્યની અમર જોડી ઇતિહાસના ચોપડે અસ્તિત્વમાં આવી.
- ✓ ગુરુ રામકૃષ્ણ પરમહંસના વિચારોનો પ્રસાર કરવાનું બીડું ઉઠાવ્યું.
- ✓ અદ્ભુત સ્મરણ શક્તિ ધરાવતા વિવેકાનંદે ભારતીય અને પશ્ચિમના દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો.
- ✓ આ પૃષ્ઠભૂમિ પર તેઓએ વિશ્વને વેદાંત અને યોગ ફિલસૂફીથી અવગત કરાવ્યું હતું.
- ✓ રાજયોગ, કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ વિશે સ્વામીજીએ ગહન ચિંતન રજૂ કર્યું છે. વિવેકાનંદે 1893માં વિશ્વ ધર્મ પરિષદ, શિકાગોમાં વ્યાખ્યાનો આપ્યા પછી વૈશ્વિક પ્રસિદ્ધિ પામ્યા હતા.
- ✓ તેમનો જન્મદિન યુવા દિવસ તરીકે ઊજવાય છે.
- ✓ અમેરિકાની શિકાગો પરિષદ પછી તેમને તોફાની હિન્દુ કહેતા હતા.
- ✓ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ, નવહિન્દુવાદનો ઝંડો બુલંદ કરનાર વિવેકાનંદનું 4 જુલાઈ 1902ના રોજ અવસાન થયું હતું.

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા બિન યોજનાકીય ખર્ચમાં કેટલા ટકા કાપ મૂકવાનો નિર્ણય કરાયો – **૨૦ ટકા**
2. જાન્યુઆરી-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા બિન યોજનાકીય ખર્ચમાં ૨૦ ટકા કાપ મૂકવાનો નિર્ણય શા હેતુથી કરવામાં આવ્યો - **પ્રવાસ અને ભોજન સહિતના બિન યોજનાકીય ખર્ચમાં કાપ મૂકી અંદાજપત્રીય શિસ્તનો પ્રયાસ માટે**
3. વડાપ્રધાનના નેતૃત્વ હેઠળની કેન્દ્રની કઈ કેબિનેટ કમિટીની બેઠકમાં બિન યોજનાકીય ખર્ચમાં ૨૦ ટકા કાપ મૂકવાનો નિર્ણય લેવાયો - **રોકાણ અને વિકાસ પરની કેબિનેટ કમિટી**
4. કોલકત્તા સ્થિત સ્વામી રામકૃષ્ણ મિશનનું વડુ મથકનું નામ જણાવો - **બેલૂર મઠ**
5. જાન્યુઆરી-૨૦૨૦માં કયા પોર્ટ ટ્રસ્ટનું નામ બદલીને શ્યામાપ્રસાદ મુખર્જીપોર્ટ ટ્રસ્ટ કરાયું-**કોલકત્તા પોર્ટ ટ્રસ્ટ**
6. ચીનમાં તૈયાર થયેલા વિશ્વનું સૌથી મોટુ રેડિયો ટેલિસ્કોપનું નામ જણાવો – **ફાસ્ટ (FAST)**
7. વિશ્વનું સૌથી મોટુ રેડિયો ટેલિસ્કોપ FASTનું વિસ્તૃત નામ જણાવો - **ફાઈવ હન્ડ્રેડ મીટર અપર્ચર સ્ફેરિકલ રેડિયો ટેલિસ્કોપ**
8. ચીનના ગુઈઝોઉ પ્રાંતમાં સ્થાપિત ફાસ્ટ ટેલિસ્કોપને તૈયાર થતાં કેટલા વર્ષનો સમય લાગ્યો – **20 વર્ષ**
9. BCCI–વાર્ષિક એવોર્ડ 2018-19માં બેસ્ટ ઈન્ટરનેશનલ ક્રિકેટર તરીકે પોલી ઉમરીગર એવોર્ડ કોને અપાયો - **ગુજરાતી ક્રિકેટર જસપ્રિત બૂમરાહ**
10. BCCI–વાર્ષિક એવોર્ડ 2018-19માં ગુજરાતી ખેલાડી જસપ્રિત બૂમરાહને ટેસ્ટમાં સર્વાધિક વિકેટ બદલ કયા એવોર્ડથી સન્માનિત કરાયો- **દિલીપ સરદેસાઈ એવોર્ડ**
11. વર્ષ-2018-19માં ટેસ્ટમાં સર્વાધિક રન ફટકારવા બદલ કયા ગુજજુ ક્રિકેટરને દિલીપ સરદેસાઈ એવોર્ડથી સન્માનિત કરાયો - **ચેતેશ્વર પૂજારા**

12. BCCI–વાર્ષિક એવોર્ડ 2018-19માં બેસ્ટ ઈન્ટરનેશનલ મહિલા ક્રિકેટરની એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ જણાવો - **પૂનમ યાદવ**
13. વન ડેમાં 2018-19ની સિઝનમાં હાઈએસ્ટ ઈન્ટરનેશનલ વિકેટ ઝડપવા બદલ કઈ મહિલા ક્રિકેટ ખેલાડીને એવોર્ડ અપાયો - **ઝુલન ગોસ્વામી :**
14. વન ડેમાં 2018-19ની સિઝનમાં હાઈએસ્ટ ઈન્ટરનેશનલ રન ફટકારવા બદલ કઈ મહિલા ક્રિકેટ ખેલાડીને એવોર્ડ અપાયો - **સ્મિતિ મંધાના**
15. BCCI–વાર્ષિક એવોર્ડ 2018-19માં લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી કયા ખેલાડીને સન્માનિત કરાયા - **કે. શ્રીકાંત અને અંજુમ ચોપરા**
16. BCCI–વાર્ષિક એવોર્ડ 2018-19માં જુનિયર ક્રિકેટમાં હાઈએસ્ટ રન ફટકારવા બદલ કોને એવોર્ડ અપાયો- **ગુજરાતના મનન હિંગરાજીયા**
17. ઓમાનના નવા શાસકનું નામ જણાવો - **સુલતાન કાબુસ હલથામ બિન તારીક અલ સઈદ**
18. રાષ્ટ્રીય યુવા દિવસ કયારે ઉજવવામાં આવે છે - **12 જાન્યુઆરી**
19. તા. 12 જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે કયો કાર્યક્રમ યોજાયો હતો - **યુગ પુરુષ યુવા પરિષદ**
20. ગુજરાત રાજ્ય યુવક બોર્ડનું નવું નામાભિધાન શુ કરવામાં આવ્યુ - **સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ**
21. સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ જણાવો અને આ દિવસને કયા દિવસથી ઉજવવામાં આવે છે - **12 જાન્યુઆરી- 1863 અને રાષ્ટ્રીય યુવા દિવસ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 13-01-2020



૧. SEBI – મુદત વધારાનો નિર્ણય (કોર્પોરેટ ગવર્નન્સ)

ચેરમેન અને MDની પોસ્ટને વિભક્ત કરવાના SEBIના આદેશના અમલ માટે બે વર્ષની મુદત વધી



✓ કંપનીઓએ હવે આગામી એપ્રિલ-૨૦૨૨ સુધીમાં આ કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

પૂર્વભૂમિકા

✓ સેબીના પુર્વ આદેશ મુજબ માર્કેટ કેપિટલાઈઝેશન મુજબ ૫૦૦ જેટલી લિસ્ટેડ કંપનીઓને તેમના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર્સ કે સીઇઓની ભૂમિકા વિભક્ત કરવાની કામગીરી ૧ એપ્રિલ ૨૦૨૦ સુધીમાં વિભક્ત કરવા ફરમાવવામાં આવ્યું હતું.

✓ લિસ્ટેડ કંપનીઓનું કોર્પોરેટ ગવર્નન્સ માળખું સુધરે તે હેતુસર સેબીએ આ સૂચના આપી હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. તાલ જવાળામુખી : સ્થળ – મનિલા (ફિલિપાઈન્સ) (કુદરતી આપત્તિ)

✓ વિસ્તાર – લુઝોન ટાપુ

✓ ફિલિપાઈન્સનો સૌથી સક્રીય જવાળામુખી

✓ છેલ્લાં ૪૫૦ વર્ષમાં આ જવાળામુખી ૩૪ વાર સક્રીય થયો છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વૈશ્વિક બાબતો – ચૂકાદો

- ✓ પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશરફને રાહત-લાહોર હાઈકોર્ટે ફાંસીની સજા માફ કરી
- ✓ અગાઉ વિશેષ અદાલતે રાજદ્રોહના આરોપસર ફાંસીની સજા ફટકારી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ૭૧મું પ્રજાસત્તાક પર્વ



ગુજરાતમાં રાજયકક્ષાની ઉજવણી રાજકોટ ખાતે

- ✓ **ખાસ ઉપસ્થિતિ-** રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી
- ✓ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલ વડોદરા ખાતે ધ્વજવંદન કરશે
- ✓ વિધાનસભા અધ્યક્ષ – રાજેન્દ્ર ત્રિવેદી આણંદ ખાતે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વૈશ્વિક પ્રવાસન – સિદ્ધિ : ગુજરાત સરકાર

સ્ટેચ્યૂ ઓફ યુનિટી-SOU હવે વિશ્વની આઠમી અજાયબી પ્રસ્થાપિત

- ✓ સંસ્થા– શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) (ચીન) દ્વારા જાહેરાત

વિવિધ પાસાઓ-

જૂનમાં ચીનના બિજિંગમાં યોજાયેલી scoની બેઠકમાં ૪ અજાયબી અંગેની પ્રક્રીયા હાથ ધરાઈ હતી



- ✓ ગયા વર્ષે જૂન માસમાં ચીનના બિજિંગમાં યોજાયેલી એસસીઓની બેઠકમાં આઠ અજાયબીઓના ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરાયા હતા તેમાં ભારતમાંથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો સમાવેશ કરાયો હતો.

આઠ સ્થળોનો સમાવેશ

1. કઝાકિસ્તાનના તામગેલીના પુરાતત્વીય સ્થળો,
2. ચીનનો ડેમિંગ પેલેસ,
3. કિર્ગિસ્તાનનું ઈસ્સીક કુલ સરોવર,
4. પાકિસ્તાનમાં મુઘલવંશનો ઐતિહાસિક વારસો ધરાવતાં સમારકો,
5. રશિયાની ગોલ્ડન રીંગ,
6. તાઝિકિસ્તાનના નવરુઝ પેલેસ

7. ઉઝબેકિસ્તાનના બુખારાના હિસ્ટોરિક સેન્ટર અને
8. સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આઠ અજાયબીમાં સામેલ કરવાનો અર્થ

- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીને એસસીઓની આઠ અજાયબીમાં સામેલ કરવાનો અર્થ એ છે કે એસઓસી પોતે પોતાના સભ્ય દેશોમાં વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો પ્રચાર કરશે.
- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા આવનારાઓની સંખ્યા અમેરિકાના 133 વર્ષ જૂના સ્ટેચ્યૂ ઓફ લિબર્ટી જોવા આવનારા પ્રવાસીઓ કરતાં પણ વધુ થઈ ગઈ છે. દરરોજ સ્ટેચ્યૂ જોવા માટે 18000થી વધુ પ્રવાસીઓ આવે છે.

સ્ટેચ્યૂને આઠમી અજાયબી ગણાવનાર SCO શું છે

- ✓ એસસીઓ એ મધ્ય એશિયાઈ દેશોનું એક એવું સંગઠન છે જે એશિયા પેસિફિક પ્રદેશોમાં સહયોગથી સલામતી, સંસ્કૃતિ, વ્યાપાર, અર્થતંત્ર અને રાજકીય ક્ષેત્રે કામ કરે છે.
- ✓ આ સંગઠનમાં ભારત ઉપરાંત રશિયા, ચીન, કિર્ગિસ્તાન, કઝાખસ્તાન, પાકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તાજિકિસ્તાન સભ્ય દેશો છે અને દરેક દેશના રાજકીય વડા તેની કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે રહે છે.
- ✓ આ સંગઠન વિશ્વના તમામ દેશોમાં તેના પ્રતિનિધિ દેશોમાં પ્રવાસન પ્રવૃત્તિ વધે તે માટે પ્રયત્ન કરે છે.
- ✓ આ ઉપરાંત જોઈન્ટ મિલિટરી ઓપરેશન દ્વારા આ દેશો આતંકવાદ જેવી સમસ્યાને નાથવાનાં પ્રયાસ પણ કરે છે.

31.65 લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી

- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું લોકાર્પણ 31 ઓક્ટોબર 2018ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારથી અત્યાર સુધીના સવા વર્ષમાં 31.65 લાખ પ્રવાસીઓએ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લીધી છે અને આ સમયગાળામાં સ્ટેચ્યૂએ 79.94 કરોડ રૂપિયાની અધધ કમાણી કરી છે.
- ✓ SCO-જનરલ સેક્રેટરી – વ્લાદિમીર નોરોવ
- ✓ ભારતના વિદેશ મંત્રી – શ્રી એસ.જયશંકર
- ✓ આયોજક– સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. સદાવ્રતની દ્વિશતાબ્દી : ધર્મ-આસ્થા

સૌરાષ્ટ્રના વિરપુરમાં જલારામ બાપાએ શરૂ કરેલા અન્નક્ષેત્રના ૨૦૦ વર્ષ પૂર્ણ



વિગત-

- ✓ જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડોનાં સૂત્રને સાર્થક કરનાર પૂજ્ય સંત શિરોમણી જલારામ બાપાએ શરૂ કરેલા સદાવ્રતના 200 વર્ષ પૂર્ણ થતાં અન્નક્ષેત્ર દ્વિ-શતાબ્દી મહોત્સવ અંતર્ગત મોરારિબાપુની કથાનું ભવ્ય આયોજન કરાયું છે.
- ✓ અમરેલીના ફતેહપુર ગામના પૂજ્ય ભોજલરામ બાપાના આદેશ અને પ્રેરણાથી વિક્રમ સવંત ૧૮૭૬ની મહાસુદ બીજના દિવસથી વીરપુરમાં પૂજ્ય બાપાના આંગણે ભૂખ્યાને ભોજન મળી રહ્યું છે.
- ✓ ૧૮ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ વીરપુરમાં દ્વિ-શતાબ્દી મહોત્સવ ઊજવવાશે જેમાં મોરારિબાપુની રામકથા અને ૧૫ થી ૨૦ હજાર બ્રાહ્મણોને બ્રહ્મચોર્યાશી કરાવવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. બુશ ફાયર – ઓસ્ટ્રેલિયા

- ✓ દાવાનળની ગંભીર અસર – ઓસ્ટ્રેલિયામાં કોઆલા નાશ પામતી પ્રજાતિની યાદીમાં સામેલ
- ✓ કોઆલાના ૩૦ ટકા રહેઠાણો બળીને ખાખ થયાં
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. સંશોધન – મિશન એન્ટાર્કટિકા

ભારતના ૩૪ વિજ્ઞાનીઓની ટીમ હવામાનનો અભ્યાસ કરવા એન્ટાર્કટિકાની સફરે રવાના

- ✓ ભારતની આ સંશોધન સફરને ધ ઈન્ડિયન સાયન્ટિફિક એક્સપિડિશન ટુ ધ સધર્ન ઑશન નામ આપવામાં આવ્યું છે.

હેતુ- હવામાનનો અભ્યાસ

- ✓ વર્ષ-૨૦૦૪થી ભારત આ સંશોધન યાત્રા યોજે છે આ ૧૧મો પ્રવાસ
- ✓ અમદાવાદની PRL સહિત દેશની ૧૮ સંસ્થાઓમા વિજ્ઞાનનો સમાવેશ
- ✓ કુલ ૧૮ પ્રયોગો કરશે

અન્ય વિગતો

- ✓ ભારતીય વિજ્ઞાનીઓની ટીમ એન્ટાર્કટિક વિસ્તારના સંશોધન માટે રવાના થઈ હતી.
- ✓ દેશની વિવિધ ૧૮ સંસ્થાઓના કુલ ૩૪ વિજ્ઞાનીઓ ટીમમાં શામેલ છે.
- ✓ ટીમની આગેવાની પુના સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રોપિકલ મિટિરિયોલોજી (આઈટીએમ)ના ડિરેક્ટર અનૂપ મહાજન લઈ રહ્યા છે.
- ✓ પૃથ્વીના દક્ષિણ છેડે એન્ટાર્કટિકા ખંડ આવેલો છે. આ ખંડ આસપાસનો સમુદ્ર સધર્ન ઓશન (દક્ષિણસમુદ્ર) તરીકે પણ ઓળખાય છે.
- ✓ સફર દરમિયાન વિજ્ઞાનીઓ કુલ ૧૮ પ્રયોગ કરશે.
- ✓ ભારતની આ જ્ઞાનયાત્રા (એક્સપિડિશન) વર્ષ ૨૦૦૪થી નિયમિત રીતે યોજાય છે. આ ૧૧મી સફર છે.

- ✓ એન્ટાર્કટિકા તરફ જતા આવા એક્સિપિડિશન હંમેશા જહાજ પર જ કરવા પડે.
- ✓ ભારતની યાત્રાનું જહાજ હિન્દ મહાસાગરમાં દક્ષિણ તરફ આવેલા દેશ મોરેશિયસથી રવાના થયું હતુ.
- ✓ વિવિધ ૧૮ સંસ્થાઓમાં અમદાવાદ સ્થિત ઈસરોની સંસ્થા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ)ના સંશોધકોનો પણ સમાવેશ થાય છે.
- ✓ આ પ્રવાસ લગભગ ૨ મહિના ચાલશે. એ દરમિયાન તેઓ વિવિધ ૬૦ સ્થળેથી જળ-હવાના નમુના એકઠા કરશે.
- ✓ એ ઉપરાંત પણ બદલાતા પર્યાવરણ અંગેના વિવિધ પ્રયોગો અને અભ્યાસ યાત્રા દરમિયાન હાથ ધરાશે.
- ✓ આવા પ્રવાસ માટે ખાસ જાતના જહાજની જરૂર પડતી હોય છે.
- ✓ ભારત પાસે એવુ જહાજ નથી માટે દક્ષિણ આફ્રિકાનું અને જાપાને તૈયાર કરી આપેલું રિસર્ચ વેસલ એસ. એસ. અગ્લસ સફર માટે પસંદ કરવામાં આવ્યું છે.
- ✓ દક્ષિણ અને ઉત્તર ધ્રુવનો પ્રવાસ કઠીન હોવાથી ખોરાક પાણી પર ખાસ ધ્યાન આપવું પડે છે.
- ✓ ભારતીય વિજ્ઞાનીઓના ખોરાક પાણી માટે જહાજ પર ખાસ ઈન્ડિયન રસોઈયાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- ✓ વર્ષ ૨૦૦૪માં સૌથી પહેલી વખત આવી સફર કેન્દ્રના મિનિસ્ટરી ઓફ અર્થ સાયન્સ દ્વારા આયોજિત કરવામાં આવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી-૨૦૨૦માં લિસ્ટેડ કંપનીઓની કઈ પોસ્ટને વિભક્ત કરવાના SEBIના આદેશના અમલ માટે બે વર્ષની મુદત વધી - **ચેરમેન અને MD**
2. ફિલિપાઈન્સના સૌથી સક્રીય જવાળામુખીનું નામ જણાવો - **તાલ જવાળામુખી**
3. ફિલિપાઈન્સના સૌથી સક્રીય તાલ જવાળામુખી છેલ્લાં ૪૫૦ વર્ષમાં કેટલીવાર સક્રીય થયો છે - **૩૪**
4. તાજેતરમાં પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશરફની ફાંસીની સજા કઈ કોર્ટે માફ કરી - **લાહોર હાઈકોર્ટ**
5. પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશરફને પાકિસ્તાનની વિશેષ અદાલતે કયા આરોપસર ફાંસીની સજા ફટકારી હતી - **રાજદ્રોહ**
6. પ્રજાસત્તાક પર્વ ૨૬ જાન્યુઆરી-૨૦૨૦ની રાજયકક્ષાની ઉજવણી કયા સ્થળે કરાઈ - **રાજકોટ**
7. સ્ટેચ્યૂ ઓફ યુનિટી-SOUને વિશ્વની કેટલામી અજાયબી તરીકે પ્રસ્થાપિત કરવાની જાહેરાત કરાઈ - **આઠમી**
8. SCOનું વિસ્તૃત નામ જણાવો - **શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન**
9. કઈ સંસ્થા દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી-SOUને વિશ્વની આઠમી અજાયબી તરીકે પ્રસ્થાપિત કરવાની જાહેરાત કરાઈ – **શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)**
10. જૂન-૨૦૧૯માં કયા સ્થળે યોજાયેલી scoની બેઠકમાં ૪ અજાયબી અંગેની પ્રક્રીયા હાથ ધરાઈ હતી - **બિજિંગ (ચીન)**
11. શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) દ્વારા જાહેર કરવામાં આવેલી વિશ્વની આઠ અજાયબીઓ જણાવો – **(૧) કઝાકિસ્તાનના તામગેલીના પુરાતત્વીય સ્થળો**

(૨) ચીનનો ડેમિંગ પેલેસ (૩) કિર્ગિસ્તાનનું ઈસ્સીક કુલ સરોવર (૪) પાકિસ્તાનમાં મુઘલવંશનો ઐતિહાસિક વારસો ધરાવતાં સમારકો (૫) રશિયાની ગોલ્ડન રીંગ (૬) તાઝિકિસ્તાનના નવરુઝ પેલેસ (૭) ઉઝબેકિસ્તાનના બુખારાના હિસ્ટોરિક સેન્ટર અને (૮) સ્ટેચ્યૂ ઓફ યુનિટી

12. સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું લોકાર્પણ કયારે અને કોના હસ્તે કરવામાં આવ્યું હતું - **31 ઓક્ટોબર 2018 અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
13. શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશનના વર્તમાન જનરલ સેક્રેટરીનું નામ જણાવો – **વ્લાદિમીર નોરોવ**
14. તાજેતરમાં સૌરાષ્ટ્રના વિરપુરમાં જલારામ બાપાએ શરૂ કરેલા અન્નક્ષેત્રના કેટલા વર્ષ પૂર્ણ થયા - **૨૦૦**
15. જાન્યુઆરી-૨૦૨૦માં હવામાનનો અભ્યાસ કરવા ભારતના ૩૪ વિજ્ઞાનીઓની ટીમ કયા ખંડની સફરે રવાના થઈ - **એન્ટાર્કટિકા**
16. જાન્યુઆરી-૨૦૨૦માં હવામાનનો અભ્યાસ કરવા ભારતના ૩૪ વિજ્ઞાનીઓની ટીમ એન્ટાર્કટિકા ખંડની યાત્રા પર છે, આ યાત્રાને શું નામ આપવામાં આવ્યું છે - **ધ ઈન્ડિયન સાયન્ટિફિક એક્સપિડિશન ટુ ધ સધર્ન ઑશન**
17. ધ ઈન્ડિયન સાયન્ટિફિક એક્સપિડિશન ટુ ધ સધર્ન ઑશન જ્ઞાનયાત્રા કયા વર્ષથી નિયમિત રીતે યોજાય છે અને વર્ષ-૨૦૨૦માં આ કેટલામી યાત્રા છે – **વર્ષ-૨૦૦૪ અને ૧૧મી યાત્રા**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 14-01-2020



૧. મકરસંક્રાંતિ ઉત્સવ



- ✓ એક માત્ર તારીખ આધારિત ઉજવાતો હિન્દુ તહેવાર- મકરસંક્રાંતિ (તા. ૧૪ જાન્યુઆરી)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વિદેશી રોકાણ : ભારત (અર્થશાસ્ત્ર)

- ✓ એમઝોન રૂ. ૭૧,૦૦૦ કરોડની ભારતીય પ્રોડ્ક્ટસ નિકાસ કરશે.

એમેઝોનના સ્થાપક CEO જેફ બેજોસ બે દિવસના ભારત પ્રવાસે

નવી દિલ્હી ખાતે એમઝોન સંભવ કાર્યક્રમનું આયોજન

રોકાણની વિગતો

- ✓ ભારતની બે દિવસની મુલાકાતે આવેલા દુનિયાની સૌથી મોટી ઈ-કોમર્સ કંપની એમેઝોનના સ્થાપક અને સીઈઓ જેફ બેજોસે કહ્યું છે કે એમેઝોન ૨૦૨૫ સુધીમાં આશરે ૧૦ અબજ ડોલર (૭૧,૦૦૦ કરોડ રૂપિયા)ની મેઈક ઈન ઈન્ડિયા પ્રોડક્ટની એક્સ્પોર્ટ કરશે.
- ✓ ભારતમાં નાના અને મીડિયમ વેપારીઓને ડિજિટાઈઝ કરવા માટે એમેઝોન ભારતમાં એક અબજ ડોલરનું રોકાણ કરશે.
- ✓ આશરે ૮.૩૦ લાખ કરોડ રૂપિયાની નેટ વર્થ ધરાવતા દુનિયાના સૌથી શ્રીમંત વ્યક્તિ જેફ બેજોસે ભારત પહોંચ્યા બાદ નવી દિલ્હીમાં રાજઘાટ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

- ✓ દિલ્હીમાં નાના અને મીડિયમ વેપારીઓ માટે આયોજિત કાર્યક્રમ એમેઝોન સંભવ કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે એમેઝોન શરૂ થઈ ત્યારે નાની કંપની હતી અને તેથી અમે પણ નાની કંપનીઓને વિશ્વફલક પર મૂકવા માગીએ છીએ.
- ✓ ભારતનો જોશ, ઊર્જા અને અહીંના લોકો વિશેષ છે. આ સદી ભારતની સદી રહેશે.
- ✓ ૨૧મી સદીમાં ભારત અને અમેરિકાનું ગઠબંધન સૌથી મહત્ત્વનું બની રહેશે.
- ✓ એમેઝોન ૨૦૩૦ સુધી ૧૦૦ ટકા સસ્ટેનેબલ ઈલેક્ટ્રિસિટીનો ઉપયોગ કરશે.
- ✓ અમે એક લાખ ઈલેક્ટ્રિક વાહનો ખરીદીશું અને જૂન સુધીમાં પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરી દઈશું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. ભૂદાનના પ્રણેતા ભારતરત્ન શ્રી વિનોબા ભાવે – ૧૨૫મું જન્મજયંતી પર્વ (ઈતિહાસ)



- ✓ જન્મ – તા. ૧૧ સપ્ટેમ્બર-૧૮૯૫
- ✓ અવસાન– તા.૧૫મી નવેમ્બર-૧૯૮૨
- ✓ 'જય જગત'નું સુત્ર આપનાર સરકારી સંતનું બિરૂદ
- ✓ રોમન મેગ્સેસે એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય.

<u>મહત્વ</u>

- ✓ મહાત્મા ગાંધીની દોઢસોમી જન્મજયંતીનું વર્ષ દેશના બીજા ગાંધી સમા સંત વિનોબાની સવાસોમી જન્મજયંતીનું પર્વ પણ છે.
- ✓ જમીન માટે મરી જનારા લોકોના યુગમાં, ટુકડો જમીન માટે ઝઘડતા ને અદાલતે ચડતા ભાઈઓના સમયમાં, કાવા-દાવા કરીને કોઈની જમીન હડપ કરી જવાના કપરા કાળમાં, જમીનને માતા નહીં પણ તેના માલિક માની તેનો ધંધો કરી માલદાર બનવાના યુગમાં પ૬ વર્ષની વયે દેશની ૭૦ હજાર કિલોમીટર (૪૩ હજાર માઈલ)ની પદયાત્રા કરીને જમીનવિહોણા ગરીબો માટે ૪૨ લાખ એકર જમીન ભૂદાનમાં મેળવનાર કોઈ વ્યક્તિ ભારતમાં જન્મ્યો હશે તેવું આવનારી પેઢી કદાચ માનશે પણ નહીં.
- ✓ ખેતીની જમીન તે વળી બીજા માટે દાનમાં મળે કે કોઈ દાનમાં આપે છે ખરું ? નવાઈ લાગે તેવો પ્રશ્ન છે પણ વિનોબાએ ૫ લાખ ૭૫ હજાર જમીનદાતાઓ પાસેથી ૧૩ વર્ષની કઠિન પદયાત્રા કરીને લાખો એકર જમીન ભૂદાનમાં મેળવી હતી તે સાચા

ભારતરત્ન વિનોબાની આ સવાસોમી જન્મજયંતીનું વર્ષ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ – ICC એવોર્ડ-૨૦૧૯



✓ મુખ્ય મથક – દુબઈ

✓ ICC- ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ

વિજેતાઓ

કોને કયો એવોર્ડ મળ્યો

✓ અમ્પાયર ઓફ ધ યર - રિચાર્ડ ઇલિંગવર્થ

✓ વન-ડે ક્રિકેટર ઓફ ધ યર - રોહિત શર્મા

✓ ૨૦૧૯ સ્પિરિટ ઓફ ધ યર -વિરાટ કોહલી

✓ ટી૨૦ પરફોર્મન્સ ઓફ ધ યર-દીપક ચહર

✓ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર - પેટ કમિન્સ

✓ ઇમેર્જિંગ ક્રિકેટર ઓફ ધ યર - માર્નસ લાબુશેન

✓ એસોસિયેટ ક્રિકેટર ઓફ ધ યર – કેયલ કોએત્ઝર

✓ સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી – બેન સ્ટોકસ

✓ ક્રિકેટર ઓફ ધ યર – બેન સ્ટોકસ

વિરાટ કોહલી આઇસીસી વનડે તથા ટેસ્ટ ટીમનો સુકાની

✓ ભારતીય સુકાની વિરાટ કોહલીને આઇસીસી વન-ડે તથા ટેસ્ટ મેચ એમ બંને ટીમના સુકાની તરીકે પસંદ કરવામાં આવ્યો છે.

✓ વન-ડેમાં કોહલી ઉપરાંત રોહિત શર્મા, મોહમ્મદ શમી તથા કુલદીપ યાદવ અન્ય ભારતીય ક્રિકેટર્સને સામેલ કરવામાં આવ્યા છે.

✓ ટેસ્ટ ટીમમાં મયંક અગ્રવાલનો ઓપનર તરીકે સામેલ કરાયો છે.

ICC ઈલેવન ઓફ ધ યર - 2019



ICC ઈલેવન ઓફ ધ ટેસ્ટ યર-2019

✓ મયંક અગ્રવાલ (ભારત)

✓ ટોમ લાથમ (ન્યૂઝીલેન્ડ)

✓ માનસ લાબુશેન (ઓસ્ટ્રેલિયા)

✓ વિરાટ કોહલી (કેપ્ટન, ભારત)

✓ સ્ટીવ સ્મિથ (ઓસ્ટ્રેલિયા)

✓ બેન સ્ટોક્સ (ઇંગ્લેન્ડ)

✓ વોલ્ટિંગ (વિ. કી. ન્યૂઝીલેન્ડ)

✓ પેટ કમિન્સ (ઓસ્ટ્રેલિયા)

✓ મિચેલ સ્ટાર્ક (ઓસ્ટ્રેલિયા)

✓ નેઇલ વાગ્નેર (ન્યૂઝીલેન્ડ)

✓ નેથન લાયન (ઓસ્ટ્રેલિયા)

ICC ઈલેવન ઓફ ધ વન-ડે યર-2019

- ✓ રોહિત શર્મા (ભારત)
- ✓ શાઈ હોપ (વિન્ડિઝ)
- ✓ વિરાટ કોહલી (કેપ્ટન, ભારત)
- ✓ બાબર આઝમ (પાકિસ્તાન)
- ✓ કેન વિલિયમસન (ન્યૂઝીલેન્ડ)
- ✓ બેન સ્ટોક્સ (ઇંગ્લેન્ડ)
- ✓ જોશ બટલર (વિ. કી.) (ઇંગ્લેન્ડ)
- ✓ મિચેલ સ્ટાર્ક (ઓસ્ટ્રેલિયા)
- ✓ ટ્રેન્ટ બોલ્ટ (ન્યૂઝીલેન્ડ)
- ✓ મોહમ્મદ શમી (ભારત)
- ✓ કુલદીપ યાદવ (ભારત)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. શીખ વિરોધી રમખાણો-૧૯૮૪ : નવી દિલ્હી (કાયદો-વ્યવસ્થા)

પોલીસની ભૂમિકા સામે તપાસ માટે રચાયેલ જસ્ટીસ ઢીંગરા પંચ દ્વારા રજૂ કરાયેલા અહેવાલનો કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકાર કરાયો



વિગત

- ✓ ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોમાં જેમની સામે આરોપ છે એવા ૬૨ પોલીસ કર્મચારીઓની ભૂમિકાની તપાસ કરવાની માગણી થઈ છે.
- ✓ સુપ્રીમ કોર્ટે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોમાં તપાસ કરવા માટે ત્રણ સભ્યોની બનેલી વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)નું ગઠન ૨૦૧૮માં કર્યું હતું.એના પ્રમુખ જસ્ટીસ (નિવૃત) એસ. એન. ઢીંગરાને બનાવવામાં આવ્યા હતા.
- ✓ કમિટીએ આ રમખાણો સાથે સંકળાયેલા ૧૮૬ કેસની તપાસ કરવાની હતી.
- ✓ ૨૦૧૯ના ઓક્ટોબરમાં કમિટીએ એનો રિપોર્ટ સોંપ્યો હતો. એવો આરોપ છે કે પોલીસની મિલીભગતથી શીખ પરિવારોને એ રાતે ટાર્ગેટ કરવામાં આવ્યા હતા અને તેથી આ પોલીસ અધિકારીઓની ભૂમિકાની તપાસ થવી જરૂરી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ચેરિટી – બુશ ફાયરની અસરગ્રસ્તો માટે વિશ્વના ટેનિસ સ્ટાર્સ ચેરિટી મેચ રમીને રૂ. ૪૮ લાખ ઓસ્ટ્રેલિયન ડોલરનું ફંડ એકત્રિત કર્યું

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જલિકટ્ટુ સ્પર્ધા : તામિલનાડુ (પરંપરાગત રમત)

સ્પર્ધા વિશે

- ✓ જલિકટ્ટુ એ તમિલનાડુ રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં યોજાતી એક પરંપરાગત રમત છે અને પોંગલના તહેવાર વખતે તેનું આયોજન કરવામાં આવે છે.
- ✓ આ રમતમાં સ્થાનિક યુવકો સાંઢને વશમાં કરવાનો પ્રયત્ન કરે છે.
- ✓ સમગ્ર રાજ્યમાં ૩૧મી જાન્યુઆરી સુધી હજારો જલિકટ્ટુ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે અને ૧૫મી જાન્યુઆરીએ મદુરાઈ ખાતે યોજાયેલી બે દિવસીય સ્પર્ધામાં આશરે ૨૦૦૦ જેટલા સાંઢ (આખલાઓએ) હિસ્સો લીધો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મદિન વિશેષ – 14 જાન્યુઆરી

હાસ્ય સાહિત્યકાર : વિનોદ ભટ્ટ

જન્મ-14 જાન્યુઆરી-1938

અવસાન – 2018



- ✓ આજે મકરસંક્રાંતિ અને આપણી ભાષાના દિગ્ગજ હાસ્યકાર વિનોદ ભટ્ટ અને કવિ લાભશંકર ઠાકરનો જન્મદિવસ તથા નરસિંહરાવ દિવેટિયાની પુણ્યતિથિ છે.
- ✓ નાનપણમાં વિનોદ તોફાની બાળક તરીકેની છાપ ધરાવતા વિનોદ ભટ્ટે કોલેજની ચૂંટણીમાં ગધેડાના ગળામાં હું વિનોદ ભટ્ટને મત નથી આપવાનો જેવા રમૂજી તુક્કાઓ પણ કરેલા.
- ✓ ગુજરાતી ભાષાના ગણમાન્ય દૈનિકો અને સામયિકોમાં વિનોદ ભટ્ટે નિયમિતપણે લખ્યું હતું.
- ✓ પરિણામે તેમના 50થી વધુ પુસ્તકો થયા છે. પહેલું સુખ તે મૂંગી નારથી પોતાની હાસ્ય સર્જન યાત્રા શરૂ કરનારા વિનોદ ભટ્ટ વિનોદના પ્રેમપત્રો, ઈદમ તૃતીયમ, ઈદમ ચતુર્થમ્, સુનો ભાઈ સાધો, વિનોદની નજરે અને હવે ઈતિહાસ, આંખ આડા કાન, ગ્રંથની ગરબડ, વિનોદ વિમર્શ, ભૂલચૂક લેવીદેવી અને જેવા અનેક પુસ્તકો દ્વારા ગુજરાતી હાસ્ય સાહિત્યને રળિયાત કર્યું છે.
- ✓ આત્મકથા - એવા રે અમે એવા
- ✓ વિનોદની નજરે પુસ્તકનું ચરિત્ર ચિત્રણ શૈલીના પુસ્તકોમાં જોટો જડે તેમ નથી. તો વિનોદ વિમર્શ હાસ્ય મીમાંસાનું તેમનું ઉત્તમ પુસ્તક છે.
- ✓ તેઓનું કુમાર ચંદ્રક, જ્યોતીન્દ્ર પારિતોષિક, નીલકંઠ પુરસ્કાર વગેરેથી સન્માન..

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૧-૨૦૨૦)

1. એક માત્ર તારીખ આધારીત ઉજવાતો હિન્દુ તહેવાર જણાવો - **મકરસંક્રાંતિ ઉત્સવ(તા. ૧૪ જાન્યુઆરી)**
2. કઈ વિદેશી કંપની રૂ. ૭૧,૦૦૦ કરોડની ભારતીય પ્રોડક્ટસ નિકાસ કરશે - **એમઝોન**

3. એમેઝોનના સ્થાપક-CEOનુ નામ જણાવો - **જેફ બેજોસ**
4. એમેઝોન કંપની કયા વર્ષ સુધીમાં ૧૦૦ ટકા સસ્ટેનેબલ ઈલેક્ટ્રિસિટીનો ઉપયોગ કરશે- **વર્ષ-૨૦૩૦**
5. ભૂદાનના પ્રણેતા ભારતરત્નનું નામ જણાવો - **વિનોબા ભાવે**
6. ભૂદાનના પ્રણેતા ભારતરત્ન શ્રી વિનોબા ભાવેની કેટલામી જન્મજયંતી ઉજવાઈ રહી છે – **૧૨૫**
7. 'જય જગત'નું સુત્ર કોણે આપ્યું હતું– **શ્રી વિનોબા ભાવે**
8. ICC એવોર્ડ-૨૦૧૯માં વન-ડે ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ જણાવો - **રોહિત શર્મા**
9. ICC એવોર્ડ-૨૦૧૯માં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીને કયા એવોર્ડથી સન્માનિત કરાયો - **૨૦૧૯ સ્પિરિટ ઓફ ધ યર**
10. ICC એવોર્ડ-૨૦૧૯માં ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ કોને અપાયો – **ઈંગ્લેન્ડના ક્રિકેટર બેન સ્ટોકસ**
11. ICC એવોર્ડ-૨૦૧૯માં કયા ખેલાડીને વનડે તથા ટેસ્ટ ટીમના સુકાની તરીકે પસંદગી કરવામાં આવી - **ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલી**
12. બુશ ફાયર અસરગ્રસ્તો માટે વિશ્વના ટેનિસ સ્ટાર્સ ચેરિટી મેચ રમીને કેટલું ફંડ એકત્રિત કર્યું - **૩. ૪૮ લાખ ઓસ્ટ્રેલિયન ડોલર**
13. શીખ વિરોધી રમખાણો-૧૯૮૪માં પોલીસની ભૂમિકા સામે તપાસ માટે રચાયેલ સમિતિનું નામ જણાવો - **જસ્ટીસ ઢીંગરા**
14. જલિકટ્ટુ એ કયા રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં યોજાતી એક પરંપરાગત રમત છે - **તમિલનાડુ**
15. પરંપરાગત જલિકટ્ટુ રમતનું આયોજન કયા તહેવાર વખતે કરવામાં આવે છે - **પોંગલ**
16. ગુજરાતી હાસ્ય સાહિત્યકાર વિનોદ ભટ્ટનો જન્મદિવસ જણાવો - **14 જાન્યુઆરી-1938**
17. હાસ્ય લેખક વિનોદ ભટ્ટની આત્મકથાનું નામ જણાવો – **એવા રે અમે એવા**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 15-01-2020



૧. ભારતીય કૌશલ સંસ્થાન (IIS) (રોજગાર)



- ✓ ગૃહમંત્રી શ્રી અમિત શાહના હસ્તે શિલાન્યાસ
- ✓ સ્થળ-નાસ્મેદ, તા. કલોલ, જિ.ગાંધીનગર
- ✓ ભારતની ત્રીજી IIS શરૂ થશે.
- ✓ અગાઉ ભારતમાં (૧) કાનપુર અને (૨) મુંબઈ ખાતે IIS કાર્યરત.

<u>હેતુ</u>

- ✓ સ્કીલ ડેવલપમેન્ટની તાલીમ આપવી
- ✓ આ સંસ્થામાં એરોસ્પેસ સંરક્ષણ AI તથા ઓઈલ અને ગેસ જેવાં ક્ષેત્રોમાં પ્રશિક્ષણ અપાશે.
- ✓ ૨૦ એકર વિસ્તારમાં તૈયાર થનારા આ સંસ્થામાં વર્ષે ૫૦૦૦ યુવાનો શ્રેષ્ઠકક્ષા કૌશલ્ય પ્રશિક્ષણ મેળવીને ઉદ્યોગ જગતમાં રોજગારી મેળવશે.
- ✓ ગુજરાતની ૨૭૨ જેટલી ITIને IIS સાથે જોડીને અપગ્રેડ કરાશે.
- ✓ **<u>આયોજક-</u>** ભારત સરકાર, ગુજરાત સરકાર અને તાતા સન્સની સંયુક્ત પહેલ.
- ✓ કેન્દ્ર સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશિલતા મંત્રી - શ્રી મહેન્દ્રનાથ પાંડેય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સાતમી આર્થિક ગણતરી-૨૦૨૦ : ગુજરાતમાં પ્રારંભ તા. ૧૫મી જાન્યુઆરી-૨૦૨૦થી પ્રારંભ (આંકડાકીય બાબતો)

હેતુ અને પ્રક્રિયા

- ✓ કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન દ્વારા સમગ્ર દેશમાં આર્થિક ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.
- ✓ ગુજરાતમાં 40 હજારથી વધુ ગણતરીદારો અને 6500થી વધુ સુપરવાઈઝરો મોબાઈલ એપ્લિકેશનના ઉપયોગથી માહિતી એકત્ર કરવાની કામગીરી કરશે.
- ✓ ગ્રામ્ય કક્ષાએ કોમન સર્વિસ સેન્ટર દ્વારા ઈ-ગ્રામનો સહયોગ લેવાશે.



- ✓ આ ગણતરી દરમિયાન તમામ ઘરની રૂબરૂ મુલાકાત લઈ ઘરની પ્રાથમિક માહિતી અને કુટુંબની વ્યક્તિઓ દ્વારા ઘરમાં ચાલતી આર્થિક પ્રવૃત્તિઓની માહિતી એકત્ર કરવામાં આવશે.
- ✓ 30 જૂન 2020 સુધીમાં સરવે તેમજ 30 સપ્ટેમ્બર સુધીમાં ડેટા એકત્રીકરણની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે.
- ✓ આર્થિક ગણતરી બાદ આ માહિતીને નિયમિત રીતે અદ્યતન કરતા રહી નેશનલ બિઝનેસ રજિસ્ટર તૈયાર કરવાનું પણ આયોજન છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. દિન વિશેષ – 15 જાન્યુઆરી

ભારતીય સેના દિવસ



- ✓ ભારતમાં સેના દિવસ 15 મી જાન્યુઆરીના રોજ દર વર્ષે ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે.
- ✓ ભારતના લેફ્ટનન્ટ જનરલ, કે એમ. કરિપ્પા (કોડેડેરા મડપ્પા કારિપ્પા)ને આદર આપવાનું શરૂ કરવામાં આવ્યું છે, જે

પ્રથમ ભારતીય સેનાના કમાન્ડર-ઇન-ચીફ હતા. તે દર વર્ષે આર્મી કમાન્ડના મુખ્યમથક અને રાષ્ટ્રીય રાજધાનીમાં અનેક લશ્કરી શો સહિત લશ્કર પરેડનું આયોજન કરીને ઉજવવામાં આવે છે.

ભારતીય સેના દિવસ ની ઉજવણી શા માટે ?

- ✓ દેશના રક્ષણ માટે તેમના જીવનનું બલિદાન કર્યું છે તેવા હિંમતવાન અને બહાદુર ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ અને સલામ આપવાની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ ભારતીય આર્મીની જનરલ કોડાંડેરા મડપ્પા કરિયપ્પાને બ્રિટિશ આર્મી જનરલ રોય બુશેર બનાવવામાં સફળ રહ્યા હતા અને સ્વતંત્ર ભારતના પ્રથમ કમાન્ડર-ઈન-ચીફ બન્યા હતા.
- ✓ ભારતીય ભૂમિ સેના હંમેશા ભારતીય સરહદમાં તેમજ કુદરતી આપત્તિઓ સાથે તમામ મુશ્કેલ સમયમાં લડવા માટે તૈયાર છે. તેઓ હિંમતથી તમામ પડકારોનો સામનો કરે છે અને રાષ્ટ્રો અને લોકોને બચાવવા માટે મુશ્કેલીઓ આવે છે.

ભારતીય સેના દિવસની ઉજવણી

- ✓ નવી દિલ્હીમાં ઇન્ડિયા ગેટ ખાતે "અમર જવાન જ્યોતિ" ખાતે ભોગ આપેલા ભારતીય સૈન્ય સૈનિકોને શ્રધ્ધાંજલિ આપવાનું શરૂ કરવા માટે દિવસને ભારતમાં સૈન્ય દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- ✓ શ્રદ્ધાંજલિ બાદ ભારતીય સેનામાં નવી ટેકનોલોજી અને સિદ્ધિઓને દર્શાવવા માટે લશ્કરી શો સહિત એક ઉત્તમ પરેડ થાય છે.
- ✓ આ મહાન પ્રસંગે યુનિટ પ્રમાણપત્રો અને સેના મેડલ સહિત બહાદુરી પુરસ્કારો વિતરણ કરવામાં આવે છે.
- ✓ જમ્મુ અને કાશ્મીરમાં આર્મી ડે ઉજવણીમાં, સૈન્યના સૈનિકોની સેવામાં બહાદુરી અને વિખ્યાત સર્વિસ એવોર્ડ્સ (સેના મેડલ, વિશ્વ સેવા ચંદ્રકો વગેરે) મળે છે.
- ✓ તેમના રાષ્ટ્રનું રક્ષણ કરતી વખતે હિંમતથી અને બોલ્ડ ભારતીય સૈનિકોને યાદ કરાવવા માટે આ દિવસને યાદ કરવામાં આવ્યો છે.

સેના દિવસ પરેડ

- ✓ આર્મી ડે પરેડ દરમિયાન સૈન્ય દિવસની ઉજવણી ભારતીય સેનાના સૈનિકો (ભારતીય સેના બેન્ડ્સ) દ્વારા કરવામાં આવે છે.
- ✓ જેમાં બીએલટી ટી –72, ટી –90 ટેન્ક્સ, બ્રહ્મોસ મિસાઇલ, કેરિયર મોર્ટાર ટ્રેક વેહિકલ, 155 એમએમ સોલ્ટમ ગન, એડવાન્સ્ડ આર્મી એવિએશન કોર્પ્સ અને લાઇટ હેલિકોપ્ટર વગેરે.
- ✓ સેનાના જનરલ– શ્રી મનોજ મુકુંદ નરવણે
- ✓ વડુ મથક – નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. જન્મદિન વિશેષ – 15 જાન્યુઆરી

સંગીતકાર ઓ. પી. નૈયર



જન્મ-15 જાન્યુઆરી-1926

અવસાન – 2007

- ✓ આજે નાની પાલખી વાળા અને ઓ. પી. નૈયરનો જન્મદિવસ તથા કવિ સુંદરજી બેટાઈ, પત્રકારત્વના ઇતિહાસકાર રતન રૂસ્તમ માર્શલની પુણ્યતિથિ છે.
- ✓ આજના પાકિસ્તાનમાં લાહોરમાં જન્મેલા ઓ. પી. નૈયરનું આખું નામ ઓમકાર પ્રસાદ નૈયર હતું.
- ✓ સંગીતની શાસ્ત્રીય ઢબે તાલીમ લઈ નૈયર ફિલ્મી સંગીતમાં જોડાયા હતા.
- ✓ તેમની પહેલી ફિલ્મ 1949ની કનીજમાં બેકગ્રાઉન્ડ સંગીતથી સંગીતયાત્રા શરૂ કરનારા નૈયરની કમ્પોઝિશનમાં શમશાદ બેગમ, ગીતા દત્ત અને મોહમ્મદ રફીએ ગીતો ગાયા હતા.
- ✓ તે પછી બાઝ, આરપાર, મહેબૂબા, મિસ કોકાકોલા, મુસાફિરખાના, મિ. એન્ડ મિસેઝ 55, સબ સે બડા રૂપૈયા, ભાગમભાગ, સી. આઈ. ડી., હમ સબ ચોર હૈ, નવા અંદાજ, શ્રીમતી 420, નયા દૌર, તુમસા નહિ દેખા, ઉસ્તાદ, ફરિસ્તા, મુજરિમ, ફાગુન, રાગિણી, દો ઉસ્તાદ, જાલી નોટ, કાશ્મીર કી કલી જેવી અનેક ફિલ્મોમાં ઓ.પી. નૈયરે સંગીત આપ્યું હતું.
- ✓ કઝરા મોહબ્બતવાલા, યહ દેશ હૈ વીર જવાનો કા, એક પરદેશી મેરા દિલ સે ગયા, લે કે પહેલા પહેલા પ્યાર, બાબુજી ધીરે ચલના કભી આર કભી પાર જેવા અનેક કર્ણપ્રિય ગીતો નૈયર સાહેબે આપ્યા છે.
- ✓ ફિલ્મ ફેર એવોર્ડ દ્વારા પણ ઓ.પી. નૈયરનું સન્માન થયું હતું.

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૧-૨૦૨૦)

1. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં ગુજરાતના કયા સ્થળે ભારતની ત્રીજી ભારતીય કૌશલ સંસ્થાનનો ગૃહમંત્રી શ્રી અમિત શાહના હસ્તે શિલાન્યાસ કરાયો - **નાસ્મેદ, તા. કલોલ, જિ.ગાંધીનગર**
2. ભારતીય કૌશલ સંસ્થાનનો હેતુ જણાવો - **સ્કીલ ડેવલપમેન્ટની તાલીમ આપવી**
3. ભારતીય કૌશલ સંસ્થાનમાં કયા ક્ષેત્રોમાં પ્રશિક્ષણ અપાશે - **એરોસ્પેસ સંરક્ષણ AI તથા ઓઈલ અને ગેસ**
4. કેન્દ્ર સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશિલતા મંત્રીનું નામ જણાવો - **શ્રી મહેન્દ્રનાથ પાંડેય**
5. ભારતમાં કેટલી અને કઈ ભારતીય કૌશલ સંસ્થાન આવેલી છે - **બે અને કાનપુર તથા મુંબઈ**
6. વર્ષ-૨૦૨૦માં દેશમાં કેટલામી આર્થિક ગણતરી યોજાશે - **સાતમી**
7. ગુજરાતમાં સાતમી આર્થિક ગણતરીનો પ્રારંભ કયારથી થયો - **તા. ૧૫મી જાન્યુઆરી-૨૦૨૦થી**

8. સાતમી આર્થિક ગણતરીનું આયોજન કેન્દ્ર સરકારના કયા મંત્રાલય હસ્તક છે -**મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન**
9. ગુજરાતમાં સાતમી આર્થિક ગણતરીમાં કેટલા ગણતરીદારો અને કેટલા સુપરવાઈઝરો દ્વારા મોબાઈલ એપ્લિકેશનના ઉપયોગથી માહિતી એકત્ર કરાશે- **40 હજારથી વધુ અને 6500થી વધુ**
10. ગુજરાતમાં સાતમી આર્થિક ગણતરીનો સરવે તેમજ ડેટા એકત્રીકરણની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે - **30 જૂન 2020 અને 30 સપ્ટેમ્બર**
11. ભારતીય સેના દિવસની ઉજવણી કયારે કરવામાં આવે છે - **૧૫ જાન્યુઆરી**
12. ભારતીય સેનાના પ્રથમ કમાન્ડર-ઇન-ચીફ કોણ હતા - **લેફ્ટનન્ટ જનરલ, કે એમ. કરિપ્પા**
13. સંગીતકાર ઓ. પી. નૈયરનો જન્મ દિવસ જણાવો – **૧૫ જાન્યુઆરી-૧૯૨૬**
14. સંગીતકાર ઓ. પી. નૈયરનું પુરૂ નામ જણાવો - **ઓમકાર પ્રસાદ નૈયર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. K-9 હોવિત્ઝર વ્રજ ટેન્ક (સંરક્ષણ)



- ✓ સુરતમાં L&T દ્વારા નિર્મિત 51મી K-9 વ્રજ ટેન્ક સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહના હસ્તે સૈન્યને સોંપાઈ
- ✓ સ્થાન- હજીરા, સુરત
- ✓ મેઈક ઈન્ડિયા અંતર્ગત નિર્માણ

વિગત

- ✓ એક ટેન્ક માટે નાના મોટા ૧૩,૦૦૦ પાર્ટ્સની જરૂર પડે છે. એમાંથી મૂલ્યની દૃષ્ટિએ ગણીએ તો ૭૫ ટકા પાર્ટ્સ સ્વદેશી
- ✓ સરકારે મેઈક ઈન ઈન્ડિયા હેઠળ એલ એન્ડ ટીને ૪૫૦૦ કરોડમાં ૧૦૦ ટેન્કનો ઓર્ડર આપ્યો હતો, જેમાંથી ૫૧ તૈયાર થઈ ચૂકી છે.
- ✓ આ ટેન્કની ડિઝાઈન ભારતની નથી, સાઉથ કોરિયન કંપની સેમસંગ ટેકવિને તૈયાર કરી છે.
- ✓ તેની પાસેથી ટેકનોલોજી ખરીદીને ભારતમાં તેનું ઉત્પાદન થઈ રહ્યું છે.
- ✓ શરૂઆતની દસ ગનની સામગ્રી કોરિયાથી આયાત કરી અહીં એસેમ્બલ કરવામાં આવી હતી.
- ✓ ભારતે તેનું સ્વદેશી નામ વ્રજ રાખ્યું છે, કોરિયન નામ K-9

વિશેષતાઓ-

- ✓ વજન ૫૦ ટન છે અને ૪૭ કિલોગ્રામનો ગોળો ૩૦થી ૫૬ કિલોમીટર સુધી દૂર ફેંકી શકે છે. એ માટે તેનું નાળચું ૧૫૫ મીલીમીટર વ્યાસનું છે.
- ✓ દર દસ સેકન્ડે એક ગોળો ફાયર થઈ શકે છે અને એક કલાક સુધી સતત ફાયરિંગ કરી શકે છે.
- ✓ ભારતે એવી ટેન્કની જરૂર પડે જે વિવિધ તાપમાન અને વિવિધ પ્રકારના વાતાવરણમાં કામ આપી શકે કેમ કે

ભારતની સરહદો પર બરફ છે, પહાડો છે, રણ છે અને ગાઢ જંગલ પણ છે. એ બધા વાતાવરણમાં અને બધા પ્રકારની ભૂગોળમાં કામ કરી શકે એવી આ ટેન્ક છે.

- ✓ ૩૬૦ કિલોમીટરની રેન્જમાં મહત્તમ ૬૭ કિલોમીટરની ઝડપે ભાગી શકે છે. ટેન્કના સંચાલન માટે કુલ ૫ વ્યક્તિની જરૂર.
- ✓ K-9 વ્રજ ગન દ્વારા 47 કિલોના ગોળાને અંદાજે 43 કિમી દૂર સુધી ફાયર કરી શકાશે. ગોળાને લક્ષ્યથી 10 મીટર સુધી વાળી શકાશે. 50 ટન વજનની ગન 70 કિમીની સ્પીડે દોડી શકે છે.
- ✓ લક્ષ્યાંક- એરોસ્પેશ ડિફેન્સ એન્ડ સર્વિસિસમાં વર્ષ-2025 સુધીમાં રૂ. 1845 અબજના ઓવરટર્નનો લક્ષ્યાંક
- ✓ ચેરમેન L&T ગ્રુપ - અનિલ નાયક
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. જીવલેણ મિલિયોઈડોસિસ રોગ (આરોગ્ય)

ગુજરાતનો પ્રથમ કેસ નવસારી ખાતે નિવૃત્ત શિક્ષકમાં મળી આવ્યો

- ✓ સામાન્ય રીતે આ રોગ વિયેટનામ ઉત્તરપૂર્વીય થાઈલેન્ડ તથા ઈશાન એશિયાના દેશોમાં જોવા મળે છે.

મિલિયોઈડોસિસ રોગ વિશે

મિલિયોઈડોસિસ વિયેટનામિસ ટાઈમ બોમ્બ તરીકે પણ ઓળખાય છે

- ✓ બાયોટેરિઝમમાં આ જીવાણુંઓનો ઉપયોગ થાય છે.
- ✓ વિયેટનામ પર આ પ્રકારનો હુમલો થયો હોય મિલિયોઇ ડોસિસ વિયેટનામિસ ટાઈમ બોમ્બ તરીકે પણ ઓળખાય છે, જેનો ઉલ્લેખ વિશ્વ આરોગ્ય સંસ્થાની થિસિસમાં પણ કરાયો છે.
- ✓ મિલિયોઈડોસિસના સૌથી વધારે કેસ થાઈલેન્ડમાં દેખાય છે.
- ✓ આ રોગ થયા પછી સારવાર લેવાય તો પણ ૫૦ ટકા કેસમાં મૃત્યુની શક્યતા રહે છે.

મિલિયોઈડોસિસના લક્ષણો

• તાવ આવવો
• ફેફ્સામાં ન્યુમોનિયા
• શરીરના કોઈપણ ભાગમાં પરુ થવું
• ખેતરમાં ખુલ્લા પગે કામ કરતા લોકોના પગના ચિરા વાટે માટીમાંથી શરીરમાં પ્રવેશી શકે

સામાન્ય રીતે ખેતમજૂર, શરાબી અને ડાયાબિટીસના દર્દીમાં દેખાતો રોગ

- ✓ ભારતમાં આ રોગના અત્યાર સુધીમાં ૫૮૫ કેસ નોંધાયા છે. જેમાં કર્ણાટકમાં ૩૦૬ અને તામિલનાડુમાં ૧૪૬ કેસ છે.
- ✓ આ ઉપરાંત કેરાલા, આંધ્રપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં પણ આ કેસ દેખાયા છે. જ્યારે ગુજરાતમાં આ પ્રથમ કેસ છે.

- ✓ સામાન્ય રીતે ખેતરમાં ખુલ્લા પગે (ભાતની ખેતીમાં વધુ) કામ કરતા લોકોમાં આ રોગ વધુ જોવા મળે છે.
- ✓ આ ઉપરાંત શરાબ પીવાની આદત ધરાવતા લોકો અને ડાયાબિટીસ કે ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા દર્દીઓમાં આ રોગ જીવલેણ સાબિત થઈ શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિમણૂક : ગુજકોમાસોલના ચેરમેનપદે પૂર્વ મંત્રી શ્રી દિલીપ સંઘાણીની પુન: અઢી વર્ષ માટે નિમણૂક



- ✓ વાઈસ ચેરમેન તરીકે – ગોવિંદ પરમાર
- ✓ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. તેજસ એક્સપ્રેસ : ભારતીય રેલવે મંત્રાલય

ગુજરાતની પ્રથમ ખાનગી ટ્રેન તેજસને મુખ્યમંત્રીશ્રીના હસ્તે અમદાવાદ ખાતેથી લીલીઝંડી અપાઈ.

રૂટ- અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ



સ્ટેશન

- ✓ અમદાવાદ
- ✓ નડિયાદ
- ✓ વડોદરા
- ✓ ભરૂચ
- ✓ સુરત
- ✓ વાપી
- ✓ બોરીવલી
- ✓ મુંબઈ સેન્ટ્રલ
- ✓ તા.17મી જાન્યુઆરી-2020ના રોજ પ્રારંભ

વિશેષ આકર્ષણો-

- ✓ 736 મુસાફરોની ક્ષમતાવાળી પૂર્ણપણે વાતાનુકુલિત ટ્રેન
- ✓ 19 જાન્યુઆરી, 2020થી સપ્તાહનાં 6 દિવસ ગુરુવાર સિવાયની નિયમિત ટ્રેન.
- ✓ તમામ મુસાફરોને રૂા.25 લાખ સુધીનો રેલ ટ્રાવેલ વીમો IRCTC દ્વારા ફ્રીમાં અપાશે.
- ✓ IRCTC વિલંબના કિસ્સામાં મુસાફરોને વળતર ચૂકવશે.
- ✓ 1 કલાકથી વધુના વિલંબના સંજોગોમાં રૂ. 100
- ✓ 2 કલાકથી વધુ વિલંબ થશે તો રૂ. 250

✓ ટ્રેન માટે 60 દિવસનો એડવાન્સ રિઝર્વેશના પિરિયડ રહેશે.
✓ રેલવે મંત્રી - શ્રી પીયૂષ ગોયલ
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલકૂદ BCCI – કોન્ટ્રાક્ટ લિસ્ટ



✓ કરારનો સમયગાળો- ઓકટોબર-2019થી સપ્ટેમ્બર-2020 સુધી

કરારની વિગત

✓ બીસીસીઆઈએ ઓક્ટોબર-2019 થી સપ્ટેમ્બર-2020 સુધીના સમય માટે ભારતના ટોચના 27 ખેલાડીઓને 4 કેટેગરીના કોન્ટ્રાક્ટ આપ્યા છે.

આ ચાર કેટેગરી : A+, A, B, C

A+ કેટેગરીની રિટેનર ફી વાર્ષિક રૂ. 7 કરોડ

પુરૂષ ટીમ

✓ વિરાટ કોહલી
✓ રોહિત શર્મા
✓ બુમરાહ

A કેટેગરીની રિટેનર ફી વાર્ષિક રૂ. 5 કરોડ

✓ આર. અશ્વિન
✓ રવીન્દ્ર જાડેજા
✓ ભુવનેશ્વર
✓ મોહમ્મદ શમી
✓ ચેતેશ્વર પૂજારા
✓ લોકેશ રાહુલ
✓ અજિંક્ય રહાણે
✓ શિખર ધવન
✓ ઇશાન્ત શર્મા
✓ કુલદીપ યાદવ
✓ રિષભ પંત

B કેટેગરીની રિટેનર ફી વાર્ષિક રૂ. 3 કરોડ

✓ રિદ્ધિમાન સાહા
✓ ઉમેશ યાદવ
✓ યઝુવેન્દ્ર ચહલહાર્દિક પંડયા
✓ મયંક અગ્રવાલ

C કેટેગરીની રિટેનર ફી વાર્ષિક રૂ. 1 કરોડ

✓ કેદાર જાધવ
✓ નવદીપ સૈની
✓ દીપક ચહર
✓ મનીષ પાંડે
✓ હનુમા વિહારી
✓ શાર્દુલ ઠાકુર
✓ શ્રેયસ ઐયર
✓ વોશિંગ્ટન સુંદર

મહિલા ટીમ

- ✓ વિમેન્સ ક્રિકેટમાં સિનિયર ખેલાડી મિતાલી રાજ અને ઝૂલન ગોસ્વામીને બીસીસીઆઇનો એક વર્ષ માટે ગ્રેડ-બીનો કોન્ટ્રાક્ટ મળ્યો છે.
- ✓ ગ્રેડ-એમાં માત્ર હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના તથા પૂનમ યાદવને સ્થાન અપાયું
- ✓ ગ્રેડ-એમાં મહિલા ક્રિકેટર્સને ૫૦ લાખ રૂપિયા, ગ્રેડ બીમાં ૩૦ લાખ તથા ગ્રેડ-સીમાં ૩૦ લાખ રૂપિયા મળે છે.
- ✓ ૧૫ વર્ષીય યુવા ખેલાડી શેફાલી વર્માને પણ કોન્ટ્રાક્ટ માટેના ખેલાડીઓની યાદીમાં સામેલ કરાઇ છે અને તેને ગ્રેડ-સીનો કોન્ટ્રાક્ટ અપાયો છે
- ✓ BCCI- બોર્ડ ક્રિકેટ ફોર કંટ્રોલ ઇન ઇન્ડિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કેન્દ્રીય ગૃહ મંત્રાલય : મહત્વની જાહેરાત (નાગરિકતા)

22 વર્ષથી હંગામી શિબિરોમાં રહેતા બ્રૂ આદિવાસીઓ ત્રિપુરામાં કાયમી વસવાટ કરી શકશે.

બ્રૂ આદિવાસી શરણાર્થી એટ-એ ગ્લાન્સ

બ્રૂ શરણાર્થીઓ માટે કેન્દ્ર સરકારની યોજના

- ✓ ૪૦ બાય ૩૦ ફૂટના પ્લોટની સુવિધા
- ✓ દર મહિને રૂ. ૫૦૦૦ની નાણાકીય સહાય
- ✓ મફત રેશન પૂરું પાડવામાં આવશે
- ✓ ૩૦,૦૦૦થી વધુ બ્રૂ શરણાર્થીઓ માટે ૬૦૦ કરોડની નાણાકીય સહાય

શરણાર્થીઓએ કેમ ત્રિપુરામાં આશરો લેવો પડ્યો

- ✓ હકીકતમાં ૧૯૯૭માં પડોશી રાજ્ય મિઝોરમમાં થયેલી હિંસા બાદ બ્રૂ જનજાતિના લોકો ભાગીને શિબિરોમાં શરણ લીધું હતું.
- ✓ તેઓ છેલ્લા ૨૨ વર્ષથી ત્યા રહે છે. તેઓ ભારત બહારથી આવ્યા નથી પરંતુ અહિંની જ એક જનજાતિ છે.
- ✓ આ જનજાતિના લોકો ઘણા લાંબા સમયથી પોતાના અધિકારોની માગ કરી રહ્યાં હતા.
- ✓ ચૂંટણી દરમિયાન તેને માટે અલગથી બૂથ પણ બનાવાયું હતું.
- ✓ બ્રૂ સમુદાય મુખ્યત્વે ત્રિપુરા, મિઝોરમ અને આસામમાં રહે છે.
- ✓ ૧૯૯૫ માં બ્રૂ અને મિઝો જનજાતિઓમાં હિંસક અથડામણ થઈ હતી ત્યારથી તેઓ ત્રિપુરામાં શિબિરોમાં રહેવા લાગ્યા હતા.

વિગત

- ✓ દેશમાં નાગરિકતા કાયદાને લાગુ પાડ્યા બાદ મોદી સરકારે બ્રૂ શરણાર્થીઓ માટે એક મોટો નિર્ણય લીધો છે.
- ✓ દિલ્હીમાં થયેલી બેઠક દરમિયાન ગૃહપ્રધાન અમિત શાહ અને બ્રૂ શરણાથીઓના પ્રતિનિધિઓની વચ્ચે સમજૂતી થઈ હતી.
- ✓ ગૃહમંત્રીએ પ્રતિનિધિઓને હૈયાધારણા આપી હતી કે ત્રિપુરામાં લગભગ ૩૦,૦૦૦થી વધુ બ્રૂ શરણાથીઓને ઠરીઠામ

કરવામાં આવશે જેમને માટે ૬૦૦ કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી છે.

- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. નિધન – ભારતીય ક્રિકેટ ટીમના સુપરફેન દાદી ચારુલત્તા પટેલનું 87 વર્ષે નિધન



- ✓ BCCI દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ઓસ્ટ્રેલિયા બુશ ફાયર (પર્યાવરણ-કુદરતી આપત્તિ)

- ✓ વૈશ્વિક વારસાને બચાવવા સિક્રેટ મિશન
- ✓ ડાયનાસોર ટ્રી નામે પ્રસિદ્ધ વોલેમી પાઈન્સની પ્રજાતિ 20 કરોડ વર્ષ જૂની : ફક્ત સિડનીમાં જ છે આવા વૃક્ષો

આ વૃક્ષો ખાસ કેમ ?

- ✓ વોલેમી પાઇન્સનાં આ વૃક્ષો દુનિયામાં ફક્ત સિડનીમાં જ બચ્યાં છે.
- ✓ 1994 સુધી તેને વિલુપ્ત મનાતાં હતાં.
- ✓ આ પ્રજાતિ 20 કરોડ વર્ષથી પણ જૂની છે.
- ✓ આ ક્ષેત્રમાં લોકોની અવર-જવર પર પ્રતિબંધ છે.

મિશન

- ✓ ઓસ્ટ્રેલિયાની ફાયરબ્રિગેડના નિષ્ણાતોની એક ટીમે જંગલોમાં લાગેલી આગથી વોલેની પાઇન્સ (ચીડ)નાં 200 વૃક્ષોને બચાવી લીધાં છે.
- ✓ માહિતી અનુસાર આ વૃક્ષો ડાયનાસોરના યુગથી પણ પહેલાંના છે.
- ✓ સિડનીના ઉત્તર-પશ્ચિમે આવેલા વિશ્વ વારસામાં સામેલ બ્લૂ માઉન્ટેનની સાંકડી ખીણમાં આ વૃક્ષો હવે અલગથી દેખાઈ રહ્યાં છે.
- ✓ જંગલની આગમાં આ વિસ્તારનો મોટો હિસ્સો નષ્ટ થઈ ગયો છે.
- ✓ નેશનલ પાર્ક એન્ડ વાઈલ્ડ લાઈફ સર્વિસના અધિકારીઓએ જણાવ્યું કે તેના માટે વિશેષ અભિયાન ચલાવાયું.
- ✓ ડિરેક્ટર ડેવિડ ક્રસ્ટ મુજબ ફાયરબ્રિગેડના કર્મીઓએ આ ડાયનાસોરથી જૂનાં વૃક્ષોને ભીના રાખવા માટે સિંચાઈ પદ્ધતિ સ્થાપી હતી.
- ✓ બે મહિના સુધી સતત આ ખીણમાં પાણીનો છંટકાવ કરાયો કેમ કે તેની આજુબાજુ આગ ફેલાઈ હતી. તે ઉપરાંત ફાયર ફાઈટર વિભાનોથી આગ ઓલવતા કેમિકલનો પણ છંટકાવ કરાઈ રહ્યો હતો.
- ✓ તેનાથી આ વૃક્ષો સુધી પહોંચતા પહેલાં આગની તીવ્રતા ઘટી ગઇ હતી.

- ✓ ન્યૂ સાઉથવેલ્સના પર્યાવરણ મંત્રી મેટ કિઆન મુજબ આ વૃક્ષોની ચારે બાજુ સુરક્ષાત્મક રિંગ બનાવાઈ હતી.
- ✓ આ એક અભૂતપૂર્વ સંરક્ષણ અભિયાન હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી-૨૦૨૦માં સુરતમાં L&T દ્વારા નિર્મિત ૫૧મી K-9 વ્રજ ટેન્ક કોના હસ્તે સૈન્યને સોંપાઈ - **સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહ**
2. સરકારે મેઈક ઈન ઈન્ડિયા હેઠળ એલ એન્ડ ટીને કેટલા કરોડમાં કેટલી વ્રજ ટેન્ક ટેન્કનો ઓર્ડર આપ્યો હતો - **૪૫૦૦ કરોડમાં ૧૦૦**
3. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહના હસ્તે સુરત ખાતે જે ટેન્ક ભારતીય સૈન્યને સોંપી તેનું સ્વદેશી તથા કોરિયનમાં શું નામ રાખવામાં આવ્યું છે - **વ્રજ ટેન્ક અને K-9**
4. કેન્દ્ર સરકારનો એરોસ્પેશ ડિફેન્સ એન્ડ સર્વિસિસમાં વર્ષ-2025 સુધીમાં કેટલા રૂપિયાનો ટન ઓવરટર્નનો લક્ષ્યાંક છે - **રૂ. 1845 અબજ**
5. એલ.એન્ડ ટી. ગ્રુપના વર્તમાન ચેરમેનનું નામ જણાવો - **અનિલ નાયક**
6. જીવલેણ મિલિયોઈડોસિસ રોગનો ગુજરાતનો પ્રથમ કેસ કયાંથી મળી આવ્યો - **નવસારી**
7. તાજેતર જાન્યુઆરી-૨૦૨૦માં મિલિયોઈડોસિસ રોગનો પ્રથમ કિસ્સો ગુજરાતમાં નોંધાયો એ રોગ કયા દેશોમાં જોવા મળે છે - **વિયેટનામ ઉત્તરપૂર્વીય થાઈલેન્ડ તથા ઈશાન એશિયા**
8. જાન્યુઆરી-૨૦૨૦ સુધીમાં મિલિયોઈડોસિસ રોગના ભારતમાં કેટલા કેસ નોંધાયા છે – ૫૮૫
9. જાન્યુઆરી-૨૦૨૦માં ગુજકોમાસોલના ચેરમેનપદે કોની નિમણૂક કરવામાં આવી - **પૂર્વ મંત્રી શ્રી દિલીપ સંઘાણી**
10. જાન્યુઆરી-૨૦૨૦માં શ્રી દિલીપ સંઘાણીની ગુજકોમાસોલના ચેરમેનપદે કેટલાં વર્ષ માટે નિમણૂક કરાઈ – **અઢી વર્ષ**
11. ગુજકોમાસોલનું વિસ્તૃત નામ જણાવો - **ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ**
12. ગુજરાતની પ્રથમ ખાનગી ટ્રેનનું નામ જણાવો - **તેજસ**
13. ગુજરાતની પ્રથમ ખાનગી તેજસ ટ્રેન કયા બે શહેરો વચ્ચે દોડશે - **અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ**
14. ગુજરાતની પ્રથમ ખાનગી તેજસ ટ્રેન કયારે અને કોના દ્વારા પ્રારંભ કરાવાયો - **તા.17મી જાન્યુઆરી-2020 અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
15. BCCIએ ઓક્ટોબર-2019 થી સપ્ટેમ્બર 2020 સુધીના સમય માટે ભારતના ટોચના કેટલા ખેલાડીઓને કોન્ટ્રાક્ટ આપ્યા – **27**
16. BCCIએ ઓક્ટોબર-2019 થી સપ્ટેમ્બર 2020 માટે 27 ખેલાડીઓને કેટલી-કઈ કેટેગરીમાં કોન્ટ્રાક્ટ આપ્યા – **ચાર કેટેગરી : A+, A, B, C**
17. BCCIના કોન્ટ્રાક્ટ મુજબ A+ કેટેગરીની રિટેનર વાર્ષિક ફી કેટલી રાખવામાં આવી છે - **રૂ. 7 કરોડ**
18. BCCIના કોન્ટ્રાક્ટ મુજબ A કેટેગરીની રિટેનર વાર્ષિક ફી કેટલી રાખવામાં આવી છે - **રૂ. 5 કરોડ**
19. BCCIના કોન્ટ્રાક્ટ મુજબ B કેટેગરીની રિટેનર વાર્ષિક ફી કેટલી રાખવામાં આવી છે - **રૂ. 3 કરોડ**
20. BCCIના કોન્ટ્રાક્ટ મુજબ C કેટેગરીની રિટેનર વાર્ષિક ફી કેટલી રાખવામાં આવી છે - **રૂ. 1 કરોડ**
21. BCCIનું વિસ્તૃત નામ જણાવો - **બોર્ડ ક્રિકેટ ફોર કંટ્રોલ ઈન ઈન્ડિયા**
22. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા 22 વર્ષથી હંગામી શિબિરોમાં રહેતા કયા આદિવાસીઓ ત્રિપુરામાં કાયમી વસવાટ કરી શકશે તેવી મહત્વની જાહેરાત કરી - **બ્રૂ આદિવાસી**
23. બ્રૂ સમુદાય મુખ્યત્વે કયા રાજયમાં વસવાટ કરે છે - **ત્રિપુરા, મિઝોરમ અને આસામ**
24. જાન્યુઆરી-૨૦૨૦માં ભારતીય ક્રિકેટ ટીમના સુપરફેન દાદીનું 87 વર્ષે નિધન થયું તેનું નામ જણાવો - **ચારુલત્તા પટેલ**
25. વોલેમી પાઇન્સનાં વૃક્ષો વિશ્વમાં કયા એકમાત્ર સ્થળે જ બચ્યાં છે - **સિડની**

26. વોલેમી પાઇન્સનાં વૃક્ષની પ્રજાતિ કેટલી જૂની છે –

અંદાજે 20 કરોડ વર્ષ

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 17-01-2020



૧. એવોર્ડ : એગ્રીકલ્ચર ટૂડે ગ્રૂપ દ્વારા મહેસાણાની દૂધસાગર ડેરીને દેશની સૌથી મોટી ઈન્ડિયન ડેરી-2020નો એવોર્ડ



દૂધસાગર ડેરી વિશે

- ✓ આજથી ૬૦ વર્ષ પૂર્વે ૧૯૬૦માં મહેસાણા ખાતે દૂધસાગર ડેરીની સ્થાપના બાદ મહેસાણા જ નહીં, પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાતમાં દૂધની શ્વેતક્રાંતિ શરૂઆત થઈ હતી. ત્યાર બાદ ધીમે ધીમે સમય જતા અત્યારે ૧૩૪૧ દૂધ મંડળીઓ અને ૬ લાખ ૧૧ હજાર કરતા વધારે દૂધ ઉત્પાદકો
- ✓ સમગ્ર દેશમાં સિમેન સ્ટેશનમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતી દૂધસાગર ડેરીને દેશ લેવલે આ એવોર્ડ મળતા ડેરીના ૬ લાખથી પણ વધુ દૂધ ઉત્પાદકોમાં ગૌરવ સાથે આનંદની લાગણી પ્રસરી.
- ✓ દૂધસાગર ડેરીના સ્થાપક – માનસિંઘભાઈ પટેલની ૧૦૦મી જન્મજયંતિની ઉજવણી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. S-400 ડિફેન્સ મિસાઈલ (સંરક્ષણ)



રશિયા ભારતને આગામી વર્ષ-2025 સુધીમાં વિશ્વની સૌથી શક્તિશાળી S-400 ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ આપશે.

- ✓ રશિયામાં ઉત્પાદન શરૂ કરાયું

ખાસિયતો :

શું છે S-400 મિસાઇલ્સ ડિફેન્સ સિસ્ટમ્સની ખાસિયતો ?

- ✓ S-400 ટ્રાયમ્ફ એર ડિફેન્સ સિસ્ટમ એક જ વખતે ૩૬ નિશાન તાકી શકે છે.
- ✓ આ સિસ્ટમથી એક સાથે ૭૨ મિસાઇલ્સ છોડી શકાય છે.
- ✓ S-400 મિસાઇલ્સ ખાસ કરીને S-૩૦૦ અને PMU-૨ એર ડિફેન્સ મિસાઇલ્સ આધારિત છે.
- ✓ આ મિસાઇલ્સ સિસ્ટમમાં એક સૈનિક નિયંત્રણ ચોકી, લક્ષ્યની જાણકારી મેળવવા ૩ કોઓર્ડિનેટ જામ રેઝિસ્ટન્ટ રડાર, ૬થી ૮ એર ડિફેન્સ મિસાઇલ કોપ્લેક્સ ૧૨ ટ્રાન્સપોર્ટર લૉન્ચર, તેમજ ફોર કોઓર્ડિનેટ ઇલ્યુમિનેશન ડિટેક્શન રડાર અને એક ટેકનિકલ સહાયક સિસ્ટમ રહેશે.
- ✓ દરેક ઊંચાઈમાં કામ આવી શકે તેવા રડાર અને એન્ટેના માટે મૂવેબલ ટાવર.
- ✓ આ મિસાઇલ્સ સિસ્ટમ ૬૦૦ કિ. મી. દૂર સુધી ટાર્ગેટને શોધી શકે છે.
- ✓ આ સિસ્ટમ સાથેની બેલેસ્ટિક મિસાઇલ્સ પાંચ થી ૬૦ કિ. મી. સુધી ટાર્ગેટને તોડી શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. UN : વર્ષ-2019-20 માટે ભારતનાં GDPનો UN દ્વારા અંદાજ 1.9 ટકા ઘટાડીને 5.7 ટકા કરાયો (અર્થશાસ્ત્ર)

- ✓ આગામી નાણાકીય વર્ષમાં ભારતનો વૃદ્ધિદર 6.6 ટકા રહેવાનો અંદાજ

સંસ્થા	ગત અંદાજ	હાલનો અંદાજ
યુએન	7.6%	5.7%
એડીબી	6.5%	5.1%
એનએસઓ	-	5%
આરબીઆઇ	6.1%	5%
વર્લ્ડ બેન્ક	6.0%	5%
મૂડીઝ	5.8%	4.9%
ફીચ	5.6%	4.6%
એસબીઆઇ	5.9%	4.6%

GDP વધારવાના ઉપાયો

વૃદ્ધિદર તેજ કરવા યુએનના 2 ઉપાય

1. ભારતે માળખાકીય સુધારાઓ આગળ વધારવાની જરૂર છે.
2. રોકાણ અને વપરાશ વધારવા માટે નાણાકીય પ્રોત્સાહન અને ફાઈનાન્સસેક્ટરમાં સુધારની જરૂરિયાત.

GDP ગ્રોથ રેટ ઘટવાના કારણો

જીડીપી ગ્રોથ રેટમાં ઘટાડાના ત્રણ મુખ્ય કારણ

1. **ઓટો સેક્ટર:** ગત વર્ષે મંદીનો માહોલ રહ્યો. વાહનોના વેચાણમાં 19 વર્ષનો સૌથી ઝડપી ઘટાડો નોંધાયો. જીડીપીમાં ઓટો સેક્ટરનો 7 ટકા અને મેન્યુફેક્ચરિંગનો 49 ટકા હિસ્સો.
2. **આઇઆઇપી:** સપ્ટેમ્બરમાં કોર્પોરેટ ટેક્સમાં મોટો ઘટાડો છતાં પણ દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન સુસ્ત રહ્યું. ઓગસ્ટથી ઓક્ટોબરમાં ઘટાડા બાદ નવેમ્બરમાં આઇઆઇપીમાં 1.8 ટકાનો વધારો થયો.

3. **એનબીએફસી :** નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઝ (NBFC)માં રોકડનું સંકટ પણ જવાબદાર છે. આ સંકટ સપ્ટેમ્બર 2018માં IL&FSને વ્યાજની ચુકવણીમાં ચૂક બાદ સર્જાયું હતું.

વૈશ્વિક વિકાસદર 2.5% રહેવાનો અંદાજ

- ✓ યુએનના જણાવ્યા પ્રમાણે લાંબા વ્યાપારિક વિવાદના કારણે ગત વર્ષે વૈશ્વિક અર્થતંત્ર 2.3 ટકાના દરે જ વૃદ્ધિ પામ્યું છે.
- ✓ જે 10 વર્ષમાં સૌથી ધીમી ઝડપ છે.
- ✓ આ વર્ષે તે 2.6 ટકાના દરે વિકસશે એવો અંદાજ છે.
- ✓ નાણાકીય ઉથલપાથલ તથા ભૂ-રાજકીય તનાવમાં વધારાના કારણે રિકવરીને માઠી અસર.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સન્માન - કોમનવેલ્થ દ્વારા મહાત્મા ગાંધી માટે 'કોમન વેલ્થ પીસ પ્રાઈઝ' અને સરદાર પટેલ માટે 'કોમન વેલ્થ પીસ ફંડ ફોર ગુડ ગવર્નન્સ એવોર્ડ' જાહેર

- ✓ કોમનવેલ્થના સેક્રેટરી જનરલ બેસોજીસ પેટ્રિકા ગુજરાતની મુલાકાતે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ISRO : અવકાશ વિજ્ઞાન



ભારતના સૌથી શક્તિશાળી સંચાર ઉપગ્રહ GSET-30નું સફળ લોન્ચિંગ

હેતુ-ફાયદો :

- ✓ ઈન્ટરનેટ સ્પીડ વધશે અને DTH સેવાઓમાં વધુ સુધારો આવશે
- ✓ જેના લોન્ચ થયા બાદ દેશની કોમ્યુનિકેશન વ્યવસ્થા વધુ મજબૂત બનશે. જેનાથી ઈન્ટરનેટની સ્પીડ વધશે.
- ✓ સાથે જ દેશમાં જ્યાં નેટવર્ક નથી, ત્યાં પણ હવે સિગ્નલ પકડાશે. આ ઉપરાંત DTH સેવાઓમાં પણ પરિવર્તન આવશે.
- ✓ આ એક ટેલિકોમ સેટેલાઈટ છે. જે ઈનસેટ સેટેલાઈટની જગ્યાએ કામ કરશે.
- ✓ જેમાં બે સોલર પેનલ અને બેટરી લાગેલી છે, જેનાથી તેને ઉર્જા મળશે.

આની જરૂર કેમ પડી ?

- ✓ જુના કોમ્યુનિકેશન સેટેલાઈટ ઈનસેટનું સમયમર્યાદા પુરી થઈ ગઈ છે. દેશમાં ઈન્ટરનેટની નવી ટેકનીક આવી રહી છે.
- ✓ 5જી પર કામ ચાલી રહ્યું છે. એવામાં વધારે શક્તિશાળી સેટેલાઈટની જરૂર હતી.
- ✓ જીસેટ-30 ઉપગ્રહ આની જરૂરિયાતોને પુરી કરશે.

વિશેષતાઓ

- ✓ કાર્યકાળ- 15 વર્ષ
- ✓ GSAT-30A ઈન્સેટ-4Aનું સ્થાન લેશે
- ✓ વર્ષ-2020નું પ્રથમ મિશન
- ✓ લોન્ચિંગ સ્થળ- ફ્રેન્ચ ગુઆનાના કૌરુ ખાતેથી
- ✓ 36,000 કિ.મી. ઊંચાઈએ જિઓ સિન્ક્રોન્સ ઓરબિટમાં સ્થિર
- ✓ રોકેટ – એરિયન S-VT 252
- ✓ વજન – 3357 કિ.ગ્રા.
- ✓ વિસ્તાર- એશિયાથી ઓસ્ટ્રેલિયા સુધીનો વિસ્તાર આવરી લેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિધન – ભારતના પૂર્વ ક્રિકેટર બાપુ નાડકર્ણીનું 86 વર્ષે અવસાન



- ✓ સ્પિનર બાપુએ 1964માં ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટમાં સળંગ 21 ઓવર મેડન નાખી હતી.
- ✓ નામ- રમેશચંદ્ર ગંગારામ નાડકર્ણી-મુંબઈ
- ✓ 41 ટેસ્ટમાં 88 વિકેટ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. NCRB : વર્ષ-2018ના અહેવાલ મુજબ ગુજરાતમાં પ્રતિ માસ સરેરાશ 55 રાહદારીઓનાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ (માર્ગ સુરક્ષા)

National Crime Records Bureau
Ministry of Home Affairs

- ✓ ગુજરાતમાં 30થી 45 વર્ષના સૌથી વધુ 8015ના મૃત્યુ
- ✓ NCRB – નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મદિન વિશેષ : 17 જાન્યુઆરી એમ.જી. રામચંદ્રન



જન્મ- 17 જાન્યુઆરી -1917

અવસાન - 24 ડિસેમ્બર-1987

- ✓ આજે એમ. જી. આરના ટૂંકા નામે પ્રસિદ્ધ થયેલા મરુધર ગોપાલન રામચન્દ્રનનો જન્મદિવસ છે.
- ✓ શ્રીલંકાના કેન્ડીમાં જન્મેલા રામચન્દ્રનનો પરિવાર મહાત્મા ગાંધીથી પ્રભાવિત હતો.
- ✓ તેઓની પહેલી ઓળખ અભિનેતા તરીકેની છે. 1936માં સાથી લીલાવથી ફિલ્મથી ફિલ્મોમાં પ્રવેશ કરનાર એમ. જી. આર 1950માં મન્થીરકુમારી ફિલ્મ દ્વારા તમિલ ફિલ્મોમાં પ્રકાશમાં આવ્યા હતા.
- ✓ 1972માં તેમને ફિલ્મફેર એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. તમિલ ફિલ્મોના ક્ષેત્રે અભૂતપૂર્વ સફળતાના પાયા પર તેઓ રાજનીતિમાં સક્રિય થયા હતા.
- ✓ ડીએમકે પક્ષના સભ્ય, ધારાસભ્ય, એઆઈડીએમકે (ઓલ ઇન્ડિયા દ્રવિડ મુનેત્ર કઝગમ) પક્ષની સ્થાપના અને તમિલનાડુના મુખ્યમંત્રી વગેરે એમ. જી. આરની રાજકીય વિકાસ અવસ્થાઓ હતી.
- ✓ તેઓ પહેલા અભિનેતા હતા જેઓ મુખ્યમંત્રી બન્યા હોય.
- ✓ તેમના મુખ્યમંત્રી કાળ (1977-1987) દરમિયાન રામચન્દ્રના કન્યાઓ માટે સ્કૂલ બસ અને મધ્યાહન ભોજન યોજનાઓ અસ્તિત્વમાં આવી હતી.
- ✓ લોકકલ્યાણકારી યોજનાઓને કારણે એમ. જી. આર મક્કલ થીલાગમ (લોકોના રાજા) તરીકે જાણીતા બન્યા હતા.
- ✓ એમ. જી. રામચન્દ્રનનું 24 ડિસેમ્બર 1987ના રોજ કિડની ફેલ થવાથી મદ્રાસમાં અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી-૨૦૨૦માં એગ્રીકલ્ચર ટૂડે ગ્રૂપ દ્વારા કઈ ડેરીને દેશની સૌથી મોટી ઈન્ડિયન ડેરી-2020નો એવોર્ડ અપાયો - **દૂધસાગર ડેરી**
2. દૂધસાગર ડેરી કયાં આવેલી છે - **મહેસાણા**
3. મહેસાણા સ્થિત દૂધસાગર ડેરીની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી – **વર્ષ-૧૯૬૦**
4. રશિયા ભારતને કયા વર્ષ સુધીમાં વિશ્વની સૌથી શક્તિશાળી S-400 ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ આપશે - **વર્ષ-2025**
5. S-૪૦૦ ટ્રાયમ્ફ એર ડિફેન્સ સિસ્ટમ એક જ વખતે કેટલા નિશાન તાકી શકે છે - **૩૬**
6. S-૪૦૦ ટ્રાયમ્ફ એર ડિફેન્સ સિસ્ટમથી એક સાથે કેટલી મિસાઇલ્સ છોડી શકાય છે - **૭૨**
7. જાન્યુઆરી-2020માં વર્ષ-2019-20 માટે ભારતનાં GDPનો UN દ્વારા અંદાજ કેટલા ટકાથી ઘટાડીને કેટલા ટકા કરાયો - **1.9 અને 5.7**
8. જાન્યુઆરી-૨૦૨૦માં કોમનવેલ્થ દ્વારા મહાત્મા ગાંધી માટે કયો એવોર્ડ જાહેર કરાયો - **કોમન વેલ્થ પીસ પ્રાઈઝ**
9. જાન્યુઆરી-૨૦૨૦માં કોમનવેલ્થ દ્વારા સરદાર પટેલ માટે કયો એવોર્ડ જાહેર કરાયો - **કોમન વેલ્થ પીસ ફંડ ફોર ગુડ ગવર્નન્સ એવોર્ડ**
10. કોમનવેલ્થના વર્તમાન સેક્રેટરી જનરલનું નામ જણાવો - **બેસોજીસ પેટ્રિકા**
11. જાન્યુઆરી-૨૦૨૦માં ભારતના સૌથી શક્તિશાળી કયા સંચાર ઉપગ્રહનું સફળ લોન્ચિંગ કરાયું - **GSET-30**

12. જાન્યુઆરી-૨૦૨૦માં ભારતના સૌથી શક્તિશાળી સંચાર ઉપગ્રહ GSET-30નું સફળ લોન્ચિંગ કરાયું તે કોનું સ્થાન લેશે - **ઈન્સેટ-4A**
13. જાન્યુઆરી-૨૦૨૦માં ભારતના કયા પૂર્વ ક્રિકેટરનું 86 વર્ષે અવસાન થયું - **બાપુ નાડકર્ણી**
14. કયા પૂર્વ ક્રિકેટ ખેલાડીએ વર્ષ-1964માં ઇંગ્લેન્ડ સામેની ટેસ્ટમાં સળંગ 21 ઓવર મેડન નાખી હતી - **બાપુ નાડકર્ણી**
15. NCRBના વર્ષ-2018ના અહેવાલ મુજબ ગુજરાતમાં પ્રતિ માસ સરેરાશ કેટલા રાહદારીઓનાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થાય છે - **55**
16. NCRBનું વિસ્તૃત નામ જણાવો – **નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (નવી દિલ્હી)**
17. પ્રસિદ્ધ તામિલ અભિનેતા તેમજ રાજકીય નેતા એમ.જી. રામચંદ્રનનો જન્મદિવસ જણાવો - **17 જાન્યુઆરી -1917**
18. પ્રસિદ્ધ તામિલ અભિનેતા એમ.જી. રામચંદ્રન કયા રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા – **તામિલનાડુ**
19. પ્રસિદ્ધ તામિલ અભિનેતા એમ.જી. રામચંદ્રનને કયા રાજકીય પક્ષની સ્થાપના કરી હતી - **ઓલ ઇન્ડિયા દ્રવિડ મુનેત્ર કઝગમ (એઆઈડીએમકે)**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 18-01-2020



૧. કૃષિ ક્ષેત્રે ગુજરાત: એટ ગ્લાન્સ

કૃષિમાં ગુજરાતનો ફાળો

- ✓ ૯.૩ ટકા સરેરાશ કૃષિ વિકાસ દર સાથે ગુજરાત દેશમાં મોખરે
- ✓ વર્ષ ૨૦૦૦માં રાજ્યના GDPમાં કૃષિનું યોગદાન રૂ.૧૮,૨૧૬ કરોડ હતુ જે ૧૭-૧૮માં ૯ ગણું વધીને રૂ. ૧,૬૮,૪૩૨ કરોડ થયું
- ✓ કપાસ અને મગફળીનાં ઉત્પાદનમાં ૩૦ ટકા ફાળા સાથે દેશમાં ગુજરાત પ્રથમ
- ✓ દિવેલાના ૯૫ ટકા ઉત્પાદન સાથે દેશમાં ગુજરાત નંબર-૧
- ✓ વરિયાળી અને જીરુંના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત નંબર-૧
- ✓ પપૈયા અને દાડમના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત બીજા સ્થાને

વાવણી માટે વિવિધ કૃષિ ધિરાણ

- ✓ કૃષિ ધિરાણ પર ૦ % વ્યાજ
- ✓ ખેડૂતો બિયારણ, ખાતર તેમજ અન્ય જરૂરી ખર્ચ માટે મેળવી રહ્યાં છે શૂન્ય ટકાના વ્યાજદરે કૃષિ ધિરાણ
- ✓ ૧૫ લાખથી વધુ ખેડૂતોને લાભ મળ્યો
- ✓ વ્યાજદર સહાય માટે અંદાજિત રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ✓ આ ઉપરાંત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દરેક ખેડૂત પરિવારને દર વર્ષે રૂ. ૬૦૦૦ની સહાય મળી છે. (૪૮ લાખથી વધુ ખેડૂતોને લાભ)

કૃષિ યાંત્રિકરણ પર સહાય

- ✓ ટ્રેક્ટરની ખરીદી પર સરકાર દ્વારા રૂ.૪૫૦૦૦ થી ૬૦૦૦૦ સુધીની સહાય
- ✓ પ્રાણીઓથી મહામૂલા પાકને બચાવવા માટે તારની વાડ લગાવવા સહાય.

વાવણી બાદ સિંચાઇની વ્યવસ્થા

- ✓ દરેક ખેતર સુધી વીજળી અને પાણી અને પાણી ઉપલબ્ધ કરાવાયા.
- ✓ વર્ષ-૨૦૦૧માં ગુજરાતમાં કુલ ૩૭.૯૬ લાખ હેક્ટર ભૂમિ ઉપર સિંચાઈની સુવિધા

ઉપલબ્ધ હતી જે ૨૦૨૦માં વધીને ૬૮.૨૯ લાખ હેક્ટર સુધી પહોંચી હતી.

- ✓ વર્ષ-૨૦૦૧માં સૂક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત ૧૫,૮૯૨ હેકટર વિસ્તાર હતો જે વધીને ૨૦૧૯માં ૧૮.૭૦ લાખ હેકટર સુધી થયેલ છે.
- ✓ સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ ૭૦ થી ૯૦ % રકમની સહાય.
- ✓ સુજલામ સુફલામ યોજનાથી ઉત્તર ગુજરાત, કચ્છ અને સુરેન્દ્રનગરના ખેડૂતોને સિંચાઇનો લાભ
- ✓ સૌની યોજનાથી સૌરાષ્ટ્રને મળી રહ્યો છે સિંચાઇનો લાભ
- ✓ આદિવાસી વિસ્તારો માટે લિફ્ટ ઇરીગેશન યોજનાથી સિંચાઈ માટે પહોંચી રહ્યું છે પાણી.
- ✓ સુજલામ સુફલામ જળ અભિયાનથી ૨૩,૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ થયો, જેના પરિણામે ચાલુ વર્ષે રવિ પાકનું વાવેતર ૧૨૫% એ પહોંચ્યું
- ✓ કૃષિ માટેની જ્યોતિગ્રામ યોજના હેઠળ ૧૬ લાખથી વધુ કૃષિ વિષયક વીજ જોડાણ અપાયાં.
- ✓ ૮ હેક્ટરથી વધુ જમીન ધરાવતા ખેડૂતોને બે ખેત વીજ કનેકશન.
- ✓ છેલ્લા ચાર વર્ષમાં ઐતિહાસિક ૪ લાખ ૬૩ હજાર ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ

કૃષિ મંત્રી – શ્રી આર.સી. ફળદુ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વૈશ્વિક નિમણૂક-ભારતીય કાયદાશાસ્ત્રી હરીશ સાલ્વે બ્રિટનની મહારાણીના કાનૂની સલાહકાર



- ✓ બ્રિટિશ ન્યાય મંત્રાલયે નવી નિમણૂકોની યાદી જાહેર કરી
- ✓ ભારતના પૂર્વ સોલિસ્ટર જનરલ
- ✓ બ્રિટનની મહારાણી એલિઝાબેથ-II
- ✓ બે પદ - કોર્ટ ઓફ ઇંગ્લેન્ડ અને વેલ્સ માટે ક્વિન સાઉન્સેલ ક્યૂસી તરીકે

કુલ નિમણૂક –

- ✓ મહારાણી માટે ૧૧૪ વકીલોની વરણી થઈ રહી છે.
- ✓ ૧૦ મહિલાપદ
- ✓ ૨૨ બિન બ્રિટિશ વંશીઓ માટેના પદ
- ✓ ૨૬ સલાહકાર માટે ૨૫૮ અરજી આવી હતી.

હરીશ સાલ્વેનો પરિચય

- ✓ હરીશ સાલ્વેના દાદા પી. કે. સાલ્વે ફોજદારી વકીલ રહ્યા છે અને તેમના પરદાદા જજ હતા.
- ✓ પિતા એન. કે. પી. સાલ્વે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીયપ્રધાન રહી ચૂક્યા છે.
- ✓ ૧૯૯૨માં સુપ્રીમ કોર્ટના વકીલ બન્યા અને ૧૯૯૫માં સોલિસિટર, જનરલ બન્યા હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વિશ્વ આર્થિક મંચ-2020 બેઠક



✓ સ્થાન - દાઓસ (સ્વિત્ઝર્લેન્ડ)

✓ દાઓસ આલ્પ્સની પર્વતમાળામાં આવેલ શહેર

WEF(વર્લ્ડ ઈકોનોમિક ફોરમ)-2020 ફેક્ટ

✓ 50મી વાર્ષિક બેઠક-2020માં વિશ્વભરના 119 અબજોપતિઓ ભાગ લઈ રહ્યાં છે.

બેઠકનો વિષય :

✓ 'સ્ટેકહોલ્ડર્સ ફોર અ કોહેઝિવ એન્ડ સબસ્ટેન્સિઅલ વર્લ્ડ'

✓ 100 દેશોના 2000 લોકો સામેલ થશે

✓ આ ધનપતિઓ વિશ્વની 500 અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે.

✓ USના સૌથી મોટા પ્રતિનિધિમંડળ બાદ બીજા ક્રમે ભારત

✓ ભારતમાંથી રેલવે મંત્રી શ્રી પીયૂષ ગોયલ અને પોર્ટ મંત્રી શ્રી મનસુખ માંડવીયાની ઉપસ્થિતિ

✓ આ વર્ષે અતિથિઓની યાદીમાં પર્યાવરણ મુદ્દે અભિયાન ચલાવનારી એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગનો સમાવેશ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કલા મહાકુંભ-2020 : ગુજરાત સરકાર



✓ ગુજરાતમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરી-2020 દરમિયાન કલા મહાકુંભ યોજાશે

✓ કુલ-23 પ્રકારની સ્પર્ધાઓ યોજાશે

હેતુ : કલા અને કલાકારોને પ્રોત્સાહિત કરવા

✓ સમાપન-તા.29મી ફેબ્રુઆરી-2020ના રોજ વડનગર ખાતે યોજાશે.

વિગત-

✓ સુગમ સંગીત, સમૂહ ગીત, લગ્ન ગીત, લોકગીત-ભજન-દૂહા-છંદ, ચોપાઈ ગરબા,

✓ લોકનૃત્ય, રાસ, એક પાત્રીય અભિનય, તબલા, ભરતનાટ્યમ, હાર્મોનિયમ, વક્તૃત્વકલા, ચિત્રકલા, નિબંધ, સ્કૂલ બેન્ડ, લોકવાર્તા, કથ્થક, કાવ્યલેખન, ગઝલ શાયરી, સર્જનાત્મક કામગીરી, શાસ્ત્રીય કંઠય સંગીત, ઓર્ગન સહિતની 23 સ્પર્ધાઓ યોજાવાની છે.

✓ વિભાગ-યુવક સેવા-સાંસ્કૃતિક અને રમત ગમત પ્રવૃત્તિ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિમણૂક : કેન્દ્ર સરકાર



- ✓ વડાપ્રધાનના પૂર્વ અગ્રસચિવ શ્રી નૃપેન્દ્ર મિશ્રાની નહેરુ મેમોરિયલ મ્યુઝીયમ એન્ડ લાયબ્રેરી(NMML) દિલ્હીના કારોબારી પરિષદના ચેરમેન તરીકે નિમણૂક
- ✓ ચેરમેન NMML-વડાપ્રધાન નરેન્દ્ર મોદી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. પ્રથમ પ્રયોગ : એમ્બ્યુલન્સને જવા માટે રેડ લાઈટવાળુ સિગ્નલ આપમેળે રસ્તો કરી આપશે (આરોગ્ય-ટેકનોલોજી)



વિશ્વમાં પ્રથમવાર અમદાવાદમાં પ્રયોગ

વિગત-

સિસ્ટમ કેવી રીતે કામ કરશે ?

- ✓ એમબ્યુલન્સમાં એક ખાસ પ્રકારનુ ટ્રાન્સ રિસીવર લગાવવામા આવશે.
- ✓ આ રિસીવર વાયરલેસ ફ્રીકવન્સી પર કામ કરી આગળ રહેલા ટ્રાફિક જંકશન પરના સિગ્નલને એમબ્યુલન્સ આવી રહી હોવાનો મેસેજ આપશે.
- ✓ જે બાદમાં એમ્બ્યુલન્સને જે તરફ જવાનુ છે એ તરફ જો રેડ સિગ્નલ હશે તો તેને ગ્રીન સિગ્નલમાં બદલવાની સાથે જંકશન પર રહેલા વાહનોને એલઈડી પર મેસેજ આપશે.
- ✓ જેથી વાહનો ડાબી તરફ વળી એમબ્યુલન્સને જમણી તરફ જવાનો માર્ગ મોકળો કરી આપશે.

હાલ રિવરફ્રન્ટ કે આશ્રમરોડ પર અભ્યાસ બાદ અન્યત્ર

- ✓ મ્યુનિ. કમિશનર વિજય નહેરાએ જણાવ્યું હતું કે જાપાનવાળા આશ્રમરોડ કે રિવરફ્રન્ટ પૈકી એક રોડમાં આવી વ્યવસ્થા નિ:શુલ્ક ઉભી કરી આપશે.
- ✓ બાદમાં મ્યુનિ.ને તે સફળ જણાય તો ટેન્ડર કરીને અન્ય વિસ્તારના ચાર રસ્તાના જંકશન પર આવી સુવિધા ઉભી કરી શકાશે.
- ✓ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ આ નિદર્શન યોજાયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મદિવસ વિશેષ : 18 જાન્યુઆરી

ન્યાયમૂર્તિ : મહાદેવ ગોવિંદ રાનડે



જન્મ- 18 જાન્યુઆરી-1842

અવસાન- 16 જાન્યુઆરી-1901

- ✓ મહાત્મા ગાંધીના ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે અને તેમના ગુરુ મહાદેવ ગોવિંદ રાનડેનો આજે જન્મદિવસ છે.મ
- ✓ હારાષ્ટ્રના નાસિક જીલ્લાના નિફાડ ગામે જન્મેલા એમ.જી રાનડેના પૂર્વજો પેશવાઈ વખતમાં ઉચ્ચ હોદ્દા પર હતા.
- ✓ બચપણમાં મહાદેવ ગોવિંદ અત્યંત શરમાળ અને વિનમ્ર હતા.તેમણે શિક્ષણ કોલ્હાપુર અને મુંબઈમાં લીધું હતું.
- ✓ ૧૮૫૯માં મેટ્રીકની પરીક્ષામાં મુંબઈ યુનિ.માં પહેલા સ્થાને રહ્યા હતા,.અર્થશાસ્ત્ર અને ઈતિહાસ સાથે બી.એ થયા સ્નાતક કક્ષાએ તેમના જવાબો એટલા તો સુંદર હતા કે પરીક્ષકે એમ.જી. રાનડેની ઉત્તરવહીઓ સાથી અધ્યાપકોને અને વિદ્યાર્થીઓને બતાવી હતી.
- ✓ તે પછી એમ.એ અને એલ.એલ.બી થયા, મેરીટ શિષ્યવૃતિ પણ મળી પરંતુ અગ્રેજ સરકારની આર્થિક મુદ્દે ટીકા કરવાને કારણે સરકારે શિષ્યવૃતિ અટકાવી દીધી હતી.અભ્યાસ પૂરો કર્યા પછી વકીલાત કરવાને બદલે શિક્ષણ વિભાગમાં અનુવાદક તરીકે જોડાયા હતા.
- ✓ અક્કલદોહ અને કોલ્હાપુર રાજ્યમાં દિવાન તરીકે પણ રહ્યા હતા.તે પછી મુંબઈની એલ્ફીન્સ્ટન્ટ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા હતા.
- ✓ ૧૮૮૩મા મુંબઈ હાઇકોર્ટમાં ન્યાયધીશ બન્યા પછી તેઓ "ન્યાયમૂર્તિ" તરીકે જાણીતા બન્યા હતા.
- ✓ મહાદેવ ગોવિંદ રાનડેની પ્રવૃતિઓ સમાજ સુધારા,આર્થિક ચિંતન જેવી અનેક બાબતો સાથે સંકળાયેલી છે.સૌપ્રથમ તો પત્ની રમાબાઈને શિક્ષણ આપી સમાજ સુધારક બનાવ્યા હતા.
- ✓ ૩૧ માર્ચ ૧૮૬૭ના રોજ પ્રાર્થના સમાજની સ્થાપના કરી હતી.આર્થિક ચિંતન ક્ષેત્રે તેઓએ અનેક લેખો થકી પરાધીન ભારતમાં આર્થિક રાષ્ટ્રવાદની ભૂમિકા તૈયાર કરી હતી.
- ✓ "મરાઠી સત્તાનો ઉદય "નામનો તેમનો ઈતિહાસ ગ્રંથ આજે પણ મરાઠી ઈતિહાસ માટે પ્રમાણભૂત ગણાય છે.
- ✓ ૧૬ જાન્યુ.૧૯૦૧ના રોજ તેમનું અવસાન થયું હતું.
- ✓ તેમની સમાજસુધારાની ઝુંબેશ તેમના પત્ની રમાબાઈ રાનડેએ જલતી રાખી હતી.

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૧-૨૦૨૦)

1. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દરેક ખેડૂત પરિવારને દર વર્ષે કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે - **રૂ. ૬૦૦૦**
2. સુજલામ સુફલામ જળ અભિયાનથી કેટલો વધારાના પાણીનો સંગ્રહ થયો છે - **૨૩,૦૦૦ લાખ ઘનફૂટ**
3. સરેરાશ કેટલા ટકા કૃષિ વિકાસ દર સાથે ગુજરાત દેશમાં મોખરે છે - **૯.૩ ટકા**
4. દિવેલાના ૯૫ ટકા ઉત્પાદન સાથે દેશમાં ગુજરાત કયા સ્થાન ઉપર છે. **નંબર વન**
5. વરિયાળી અને જીરુંના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત કયા સ્થાન ઉપર છે. **નંબર વન**
6. પપૈયા અને દાડમના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત કેટલામાં સ્થાને છે - **બીજા**
7. જાન્યુઆરી-૨૦૨૦માં કયા ભારતીય કાયદાશાસ્ત્રીની બ્રિટનની મહારાણીના કાનૂની સલાહકાર તરીકે નિમણૂક થઈ - **હરીશ સાલ્વે**
8. જાન્યુઆરી-૨૦૨૦માં બ્રિટનની મહારાણી માટે કેટલા વકીલોની વરણી કરવામાં આવી - **૧૧૪**
9. બ્રિટનની વર્તમાન મહારાણીનું નામ જણાવો - **એલિઝાબેથ**
10. ભારતીય કાયદાશાસ્ત્રી હરીશ સાલ્વે કયા વર્ષમાં ભારતના સોલિસિટર જનરલ બન્યા હતા – **વર્ષ-૧૯૯૫**
11. જાન્યુઆરી-૨૦૨૦માં વિશ્વ આર્થિક મંચની બેઠક કયા સ્થળે યોજાઈ – **દાઓસ (સ્વિત્ઝર્લેન્ડ)**
12. સ્વિત્ઝર્લેન્ડના દાઓસમાં વિશ્વ આર્થિક મંચની બેઠક-૨૦૨૦ યોજાઈ તેમાં ભારત તરફથી કોણે ભાગ લીધો હતો- **રેલવે મંત્રી શ્રી પીયૂષ ગોયલ અને પોર્ટ મંત્રી શ્રી મનસુખ માંડવીયા**
13. ગુજરાતમાં વર્ષ-૨૦૨૦નો કલા મહાકુંભ કયા મહિના દરમિયાન આયોજન કરાયું - **જાન્યુઆરી અને ફેબ્રુઆરી**
14. ગુજરાતમાં વર્ષ-૨૦૨૦ના કલા મહાકુંભ દરમિયાન કુલ કેટલા પ્રકારની સ્પર્ધાઓ યોજાશે - **23**
15. ગુજરાતમાં વર્ષ-૨૦૨૦ના કલા મહાકુંભનો સમાપન સમારોહ કયારે તથા ક્યાં યોજાશે - **તા.29મી ફેબ્રુઆરી-2020ના રોજ વડનગર ખાતે**
16. ગુજરાતમાં કયા વિભાગ દ્વારા કલા મહાકુંભનું આયોજન કરવામાં આવે છે - **યુવક સેવા-સાંસ્કૃતિક અને રમત ગમત પ્રવૃત્તિ**
17. જાન્યુઆરી-૨૦૨૦માં નહેરુ મેમોરિયલ મ્યુઝીયમ એન્ડ લાયબ્રેરી(NMML) દિલ્હીના કારોબારી પરિષદના ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **વડાપ્રધાનના પૂર્વ અગ્રસચિવ શ્રી નૃપેન્દ્ર મિશ્રા**
18. નહેરુ મેમોરિયલ મ્યુઝીયમ એન્ડ લાયબ્રેરી(NMML)ના વર્તમાન ચેરમેન -**વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
19. વિશ્વમાં પ્રથમવાર એમ્બ્યુલન્સને જવા માટે રેડ લાઈટવાળુ સિગ્નલ આપમેળે રસ્તો કરી આપશે એવો પ્રયોગ કયાં કરાશે – **અમદાવાદ**
20. ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેનો જન્મ દિવસ જણાવો - **18 જાન્યુઆરી-1842**
21. મહાત્મા ગાંધીના રાજકીય ગુરૂનું નામ જણાવો - **ગોપાલકૃષ્ણ ગોખલે**
22. મહાત્મા ગાંધીના રાજકીય ગુરૂ ગોપાલકૃષ્ણ ગોખલેના ગુરૂનું નામ જણાવો - **મહાદેવ ગોવિંદ રાનડે**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 19-01-2020



૧. નિર્ણય : રાજવી દરજ્જો- બ્રિટન (વૈશ્વિક બાબતો)



- ✓ પ્રિન્સ હેરી અને પત્ની મેગનના રાજવી દરજ્જો છોડવા પર બ્રિટનના શાહી પરિવારની મહોર

વિગત

- ✓ બ્રિટનના શાહી પરિવારનો રાજવી દરજ્જો છોડવાના પ્રિન્સ હેરી અને તેમના પત્ની મેગનના નિર્ણય પર શાહી પરિવારે મહોર મારી દીધી છે.
- ✓ કેનેડામાં શાહી દંપતી સામાન્ય વ્યક્તિ તરીકે અંગત જીવન જીવી શકે તે માટે કરાયેલા સમાધાન અંતર્ગત પ્રિન્સ હેરી અને મેગન તેમના રાજવી દરજ્જાનો ત્યાગ કરવા અને બ્રિટન સરકાર તરફથી મળતું યોગદાન છોડવા તૈયાર થયાં છે.
- ✓ રાજવી પરિવારની ફરજોમાંથી મુક્ત થવાના પ્રિન્સ હેરી અને મેગનના ચોંકાવનારા નિર્ણય પછી એક સપ્તાહ કરતાં વધુ સમય સુધી ચાલેલી અંગત મંત્રણાઓ બાદ બર્મિંગહામ પેલેસ દ્વારા જાહેરાત કરાઈ હતી.

અસરો

ઓળખ આગળથી પ્રિન્સ અને પ્રિન્સેસનાં ટાઇટલ હટી જશે

- ✓ હવે પ્રિન્સ હેરીને ફક્ત હેરી ડ્યુક ઓફ સસેક્સ અને મેગનને મેગન-ધ ડચેસ ઓફ સસેક્સ તરીકે જ ઓળખવામાં આવશે.
- ✓ તેમના નામની આગળથી પ્રિન્સ અને પ્રિન્સેસનો દરજો હટાવી લેવાયો છે.
- ✓ પેલેસના નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, નવો કરાર ૨૦૨૦ની વસત ઋતુથી અમલમાં આવશે.
- ✓ રાજધાની-લંડન
- ✓ ઇંગ્લેન્ડના મહારાણી – એલિઝાબેથ-II

- ✓ વર્ષ-1936માં કિંગ એડવર્ડ 8માંએ US મહિલા સાથે લગ્ન કરી રાજવી તાજ છોડયો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. દરિયાઈ ઉત્તરાયણ : ખંભાત-ગુજરાત



પારંપારિક રીતે ઉજવાતો ઉત્સવ

મહત્વ

- ✓ ઉતરાયણ પછીના પ્રથમ રવિવારે ખંભાતમાં દરિયાઈ ઉત્તરાયણ ઊજવવામાં આવે છે અને તેના માટે સ્થાનિક કારીગરો વિશેષ પતંગ બનાવે છે અને ઢીલ સાથે દરિયાલાલને પતંગ અર્પણ કરે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. પોલીયો રસીકરણ-2020 : ગુજરાત સરકાર



- ✓ તા.19 જાન્યુઆરીએ ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પ્રારંભ
- ✓ **માપદંડ-** 0 થી 5 વર્ષના બાળકોને પોલીયાના ટીપાં પીવડાવ્યા
- ✓ **ખાસ - રાજયમાં વર્ષ-2007થી પોલીયોનો એક પણ કેસ નોંધાયો નથી.**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. પરિક્ષણ – K-4 બેલાસ્ટિક મિસાઈલ (સંરક્ષણ)

3500 કિ.મી.ની રેન્જ ધરાવતા K-4 બેલાસ્ટિક મિસાઈલનું સફળ પરિક્ષણ



વિશેષતાઓ-

- ✓ આંધ્ર પ્રદેશ અને ઓડિશા વચ્ચેના દરિયાકિનારા પરની ચાંદીપુરની રેન્જ પરથી પરિક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

- ✓ પરમાણુ હુમલો કરવા સક્ષમ
- ✓ આ મિલાઇલ હવામાં રહેલા લક્ષ્યને ભેદવામાં અચૂક હોય છે તેમજ દુશ્મન દેશના વિમાન કે ડ્રોનને તત્કાળ નિશાન બનાવી તોડી પાડે છે.
- ✓ તેમાં ક્યુ. આર. એસ. એ. એમ. (ક્વિર રિએક્શન સર્ફેસ ટુ એર મિસાઇલ) ટેકનોલોજીનો ઉપયોગ કરાયો હોવાથી તેની ગતિ પણ અતિ ઝડપી હોય છે.
- ✓ આઇ. એન. એસ. અરિહંતની હરોળની ભારતીય નેવીની પરમાણુ સક્ષમ સબમરીનો પર આ મિલાઇલ તૈનાત કરવામાં આવશે. કે-૪ના સફળ પરિક્ષણથી ડી. આર. ડી. ઓ. (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન)ને પરમાણુ સક્ષમ મિસાઇલોના સફળ પરિક્ષણમાં સફળતા મળી છે
- ✓ સંસ્થા-DRDO, બેંગલુરૂ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિર્ણય : સંસ્કૃત ભાષા (વારસો)



- ✓ ઉત્તરાખંડના રેલવે સ્ટેશનો પર ઉર્દુના સ્થાને સંસ્કૃતમાં સાઈન બોર્ડ લગાવાશે
- ✓ હવે ત્રણ ભાષામાં બોર્ડ – સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી
- ✓ રેલવે અધિકારીઓએ જણાવ્યા મુજબ રેલવે મેન્યુઅલ પ્રમાણે નિર્ણય લેવામાં આવ્યો છે.
- ✓ રેલવે મેન્યુઅલ કહે છે કે રેલવે સ્ટેશનના નામ હિંદી, અંગ્રેજી અને રાજ્યની બીજા ક્રમની ભાષામાં લખાવા જોઇએ.
- ✓ **વર્ષ ૨૦૧૦માં ઉત્તરાખંડ સરકાર સંસ્કૃતને બીજા ક્રમની ભાષાનો દરજ્જો આપનારી દેશની પહેલી સરકાર બની રહી હતી.**
- ✓ તત્કાલિન મુખ્યપ્રધાન રમેશ પોખરિયાલ નિશંકે જણાવ્યું હતું કે તેઓ રાજ્યમાં સંસ્કૃતને પ્રોત્સાહન આપવા માંગે છે.
- ✓ વર્ષ ૨૦૧૯માં હિમાચલે પણ આવો નિર્ણય લીધો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિવ્ય ભાસ્કર : આગવી પહેલ

'નો નેગેટિવ સોમવાર'ના 5 વર્ષ પૂર્ણ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ભારતીય નાગરિકતા – કેન્દ્ર સરકાર (બંધારણ)

✓ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લાં 6 વર્ષમાં 2838 પાકિસ્તાની, 914 અફઘાની અને 172 બાંગ્લાદેશી નાગરિકોને ભારતની નાગરિકતા સોંપાઈ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી-૨૦૨૦માં પ્રિન્સ હેરી અને પત્ની મેગનના રાજવી દરજ્જો છોડવા પર કોણે મહોર મારી - **બ્રિટનના શાહી પરિવારે**
2. કયા વર્ષમાં કિંગ એડવર્ડ ૪માંએ US મહિલા સાથે લગ્ન કરી રાજવી તાજ છોડયો હતો – **વર્ષ-1936**
3. ગુજરાતમાં કયા સ્થળએ પારંપારિક રીતે દરિયાઈ ઉત્તરાયણ ઊજવવામાં આવે છે – **ખંભાત**
4. ગુજરાત સરકાર દ્વારા પોલીયો રસીકરણ-2020નો પ્રારંભ કયારે કરાવ્યો - **તા.19 જાન્યુઆરી**
5. પોલીયો રસીકરણ અંતર્ગત કયા વર્ષના બાળકોને પોલીયાના ટીપાં પીવડાવવામાં આવે છે - **0 થી 5**
6. ગુજરાતમાં કયા વર્ષથી પોલીયોનો એક પણ કેસ નોંધાયો નથી- **વર્ષ-2007**
7. જાન્યુઆરી-૨૦૨૦માં આંધ્ર પ્રદેશ અને ઓડિશા વચ્ચેના દરિયાકિનારા પરની ચાંદીપુરની રેન્જ પરથી કઈ મિસાઈલનું સફળ પરિક્ષણ કરાયું – **K-4 બેલાસ્ટિક મિસાઈલ**
8. K-4 બેલાસ્ટિક મિસાઈલ કેટલા કિ.મી.ની રેન્જ ધરાવે છે - **3500 કિ.મી.**
9. DRDOનું વિસ્તૃત નામ જણાવો - ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન
10. જાન્યુઆરી-૨૦૨૦માં લેવાયેલા નિર્ણય અનુસાર ઉત્તરાખંડના રેલવે સ્ટેશનો પર ઉર્દુના સ્થાને કઈ ભાષામાં સાઈન બોર્ડ લગાવાશે - **સંસ્કૃત**
11. કયા વર્ષમાં ઉત્તરાખંડ સરકાર દ્વારા સંસ્કૃતને બીજા ક્રમની ભાષાનો દરજ્જો આપી આ બાબતે દેશની પહેલી સરકાર બની હતી - **વર્ષ ૨૦૧૦**
12. ગુજરાતના કયા અખબાર દ્વારા 'નો નેગેટિવ સોમવાર' અભિયાન ચલાવવામાં આવે છે - **દિવ્ય ભાસ્કર**
13. જાન્યુઆરી-૨૦૨૦માં દિવ્ય ભાસ્કર અખબારના 'નો નેગેટિવ સોમવાર' અભિયાનને કેટલા વર્ષ પૂર્ણ થયા – **પાંચ વર્ષ**
14. કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લાં 6 વર્ષમાં કેટલાં પાકિસ્તાની, અફઘાની અને બાંગ્લાદેશી નાગરિકોને ભારતની નાગરિકતા સોંપાઈ – **અનુક્રમે 2838, 914 અને 172**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 20-01-2020



૧. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ-2020 : દાવોસ 50મી વાર્ષિક બેઠક



અગત્યના વિશ્લેષણો

ભારતના 1% ધનિકો પાસે દેશની ૭૦ ટકા વસ્તી કરતા ચાર ગણી વધુ સંપત્તિ

- ✓ વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ૫૦મી વાર્ષિક બેઠકમાં Oxfam દ્વારા જ કરાયેલા એક અભ્યાસમાં ભારત અને વિશ્વની આર્થિક અસમાનતાને રજૂ કરવામાં આવી હતી.
- ✓ દુનિયામાંથી ગરીબી દૂર કરવા માટે કામ કરતી આ સંસ્થાના "ટાઈમ ટુ કેર" નામના આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતના ૧ ટકા ધનકુબેરો પાસે દેશના ૭૦ ટકા એટલે કે ૯૫.૩ કરોડ લોકો કરતાં ચાર ગણી વધારે સંપત્તિ છે.
- ✓ દેશના ૬૩ ધનિકો પાસે તો ભારતના ગત વર્ષના કુલ બજેટ કરતાં વધારે સંપત્તિ છે.
- ✓ ઉલ્લેખનીય છે કે, ૨૦૧૮-૧૯માં ભારતનું કુલ બજેટ ૨૪.૪૨ લાખ કરોડ રૂપિયા હતું.
- ✓ અહેવાલમાં જણાવાયું છે કે, વૈશ્વિક સ્તરે ધનિકો અને ગરીબોની આવક અને સંપત્તિ વચ્ચે ખૂબ જ મોટી ખીણ છે. ભારતમાં આ સ્થિતિ સૌથી વધારે ખરાબ છે.
- ✓ દુનિયાના ૧ ટકા ધનિકો પાસે વિશ્વના ૬.૯ અબજ લોકોની કુલ સંપત્તિ કરતાં બમણી સંપત્તિ છે.
- ✓ અહેવાલમાં સ્પષ્ટ જણાવાયું છે કે,ભારતની જે અર્થવ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થા છે તેમાં મહિલાઓને સૌથી ઓછો આર્થિક ફાયદો થાય છે.
- ✓ ઓક્સફેમના ઈન્ડિયાના સીઈઓ અમિતાભ બેહરે જણાવ્યું કે, ભોજન બનાવવું, સાફ-સફાઈ કરવી, બાળકો અને વૃદ્ધોની સારસંભાળ રાખવી જેવા પ્રવૃત્તિઓમાં મહિલાઓ દરરોજ અબજો કલાક પસાર

કરે છે. તેના માટે તેમને કોઈ આર્થિક લાભ થતો નથી.

- ✓ આવક વગરની જવાબદારીઓ આપણી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનો ભાગ છે. તેના કારણે પુરુષો અને મહિલાઓની આવકમાં પણ મોટો તફાવત જોવા મળે છે. આવી જ અસમાનતા આ ગરીબો અને ધનિકો વચ્ચે છે.
- ✓ અસમાનતા ઘરાવતી નીતિઓનો અંત નહીં આવે ત્યાં સુધી બંને વચ્ચેનું અંતર ઘટે તેમ નથી.
- ✓ વૈશ્વિક સ્તરે અસમાનતાઓ ત્રણ દાયકામાં પહેલી વખત ઘટી છે પણ ખાસ કરીને વિકસતા અને વિકાસના માર્ગે આગળ વધતા અર્થતંત્રોમાં આર્થિક આ અસમાનતા વધી છે.

<u>દાયકામાં દુનિયામાં ધનકુબેરોની સંખ્યા બમણી થઈ</u>

- ✓ હાલમાં પણ પુરુષો અને મહિલાઓની સંપત્તિની સરખામણી કરવામાં આવે તો પુરુષોની સંપત્તિ તમામ મહિલાઓની સંપત્તિ કરતાં ૫૦ ટકા વધારે છે.
- ✓ મહિલાઓને આવક ઓછી જ મળે છે. તે ઉપરાંત તેમની સાથે આર્થિક અસમાનતા પણ રાખવામાં આવે છે.
- ✓ હાલમાં દુનિયામાં ૨,૧૫૩ ધનકુબેરો પાસે વિશ્વની ૬૦ ટકા એટલે કે ૪.૬ અબજની વસતીની કુલ સંપત્તિ કરતાં વધારે સંપત્તિ છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ધનકુબેરોની સંખ્યા બમણી થઈ છે.
- ✓ મહિલાઓને સૌથી ઓછો ફાયદો થાય છે.
- ✓ દુનિયાના માત્ર ૨૨ ધનિકો પાસે આફ્રિકાની તમામ મહિલાઓની કુલ સંપત્તિ કરતાં વધારે ધન છે.
- ✓ આર્થિક અસમાનતાને કારણે લગભગ વિશ્વના મોટાભાગના દેશોમાં સામાજિક અસંતુલન અને વિદ્રોહ જોવા મળી રહ્યો છે.
- ✓ દેશમાં મહિલાઓ અને યુવતીઓ દરરોજ કુલ ૩.૨૬ અબજ કલાક કામ કોઈપણ આવક વગર કરે છે. આ કામ બદલ તેમને વળતર મળે તો આંકડો ૧૯ લાખ કરોડ રૂપિયા થાય.
- ✓ ઘરકામ કરનારી મહિલાઓને ટેક કંપનીના સીઈઓની એક વર્ષની આવક જેટલી કમાણી કરવા માટે ૨૨,૨૭૭ વર્ષ લાગે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય - આંધ્રપ્રદેશ (વહીવટ)

આંધ્ર પ્રદેશમાં હવે ત્રણ રાજધાની બનશે



વિગત

આંધ્રપ્રદેશ સરકાર અમરાવતી ખાતે વૈધાનિક પાટનગર, વિશાખાપટ્ટનમ ખાતે વહીવટી મુખ્યાલય અને કર્નુલ ખાતે ન્યાયકીય પાટનગર ઊભું કરવાની નેમ ધરાવે છે.

- ✓ બીજી બાજુ જગનમોહન સરકાર આ દરખાસ્ત પાછી ખેંચે તેની માગણી સાથે મોટી સંખ્યામાં વિધાનસભા ગૃહ બહાર એકત્ર થઈને વિરોધ નોંધાવ્યો હતો.
- ✓ મુખ્યમંત્રી - શ્રી જગમોહન રેડ્ડી
- ✓ પાંચ નાયબ મુખ્યમંત્રી ધરાવતુ દેશનું પ્રથમ અને એકમાત્ર રાજ્ય- આંધ્ર પ્રદેશ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. રાષ્ટ્રીય રાજકારણ : જયપ્રકાશ નડ્ડા ભારતીય જનતા પાર્ટીના 11માં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા



- ✓ કાર્યકાળ - ત્રણ વર્ષ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિમણૂક- ગુજરાત સરકાર : રક્ષા શક્તિ યુનિવર્સિટી(RSU)ના ડાયરેક્ટર જનરલ તરીકે ડૉ. બિમલ પટેલની નિમણૂક



- ✓ કાર્યકાળ - ત્રણ વર્ષ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. IMF:ભારતનો વર્ષ 2019-20નો GDP ગ્રોથ રેટનો અંદાજ વધુ ઘટાડીને 4.8 કર્યો



અન્ય વિગતો

- ✓ દાવોસ ખાતેની બેઠકમાં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF) દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતનો GDP ગ્રોથનો અંદાજ વધુ ઘટાડીને ફક્ત ૪.૮ ટકા કરવામાં આવ્યો.

- ✓ જો કે ૨૦૨૦માં તેનો ગ્રોથ વધીને ૫.૮ ટકા અને ૨૦૨૧માં વધુ સુધરીને ૬.૫ ટકા રહેશે તેવું અનુમાન રજૂ કર્યું હતું.
- ✓ આ અગાઉ IMFએ ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો ગ્રોથ રેટ ૬.૧ ટકા અંદાજ્યો હતો.

કારણો

- ✓ બેન્કે તેનાં વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂકમાં જણાવ્યું હતું કે, ભારતની નોન બેન્કિંગ નાણાં કંપનીઓમાં સર્જાયેલી કટોકટી તેમજ સ્વદેશી માંગમાં થયેલા તીવ્ર ઘટાડાને કારણે ભારતનો આર્થિક વિકાસ દર ઘટશે.
- ✓ દેવામાં જે રીતે વધારો થઈ રહ્યો છે તેને કારણે પણ મંદી ઘેરી બની છે.
- ✓ IMFનાં મુખ્ય અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથે ચેતવણી આપી હતી કે તેનાં દ્વારા જાન્યુઆરીમાં ભારતનાં ગ્રોથ રેટમાં ઘટાડો થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં ભારતનો જીડીપી ગ્રોથ ૪.૫ ટકાનાં ૬ વર્ષના નીચામાં નીચા સ્તરે પહોંચ્યો હતો.

ગ્લોબલ જીડીપી કેટલી વધશે ?

- ✓ આઈએમએફએ કહ્યું કે ભારત અને અન્ય ઊભરતા દેશોમાં મંદીને કારણે વિશ્વનાં ગ્રોથનો અંદાજ ઘટાડવો પડ્યો છે.
- ✓ અલબત્ત અમેરિકા અને ચીન વચ્ચે વેપાર કરાર થતાં વિશ્વના મેન્યુફેકચરિંગ, સેક્ટરમાં ઝડપથી સ્થિતિ સુધરશે.

ગ્લોબલ જીડીપીમાં ૨૦૧૯માં ૨.૯ ટકા અને ૨૦૨૦માં ૩.૩ ટકા તેમજ ૨૦૨૧માં ૩.૪ ટકાના દરે વધારો થશે.

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. પરીક્ષા પે ચર્ચા - 2020



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં કાર્યક્રમનું આયોજન

હેતુ

- ✓ વિદ્યાર્થીઓને તણાવમુક્ત રહેવાનો મંત્ર આપ્યો

વિગત

- ✓ પીએમ મોદીએ પરીક્ષાઓ નજીક આવી રહી છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓની મૂંઝવણ અને ટેન્શન દૂર કરવા માટે 'પરીક્ષા પે ચર્ચા' કરી હતી.
- ✓ દિલ્હીનાં તાલકટોરા સ્ટેડિયમમાં ૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરીમાં તેમણે બાળકોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

- ✓ પરીક્ષા વખતે તણાવથી દૂર રહેવાનો મોદી મંત્ર આપ્યો હતો. માતાપિતાને તેમણે સલાહ આપી હતી કે બાળકો પર પ્રેશર ન લાવો, તેમને પર્ફોર્મ કરવા દો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. રાજકોટ - તિલકવિધિ



- ✓ અભિજિત મુહૂર્તમાં રાજકોટના 17મા ઠાકોર તરીકે માધાંતાસિંહ જાડેજાની તિલકવિધિ તારીખ ૨૩મી જાન્યુઆરી 2020ના રોજ
- ✓ આ વિધિ પૂર્વે રાજસૂય યજ્ઞ થશે.
- ✓ <u>સ્થાન-</u> રણજીત વિલાસ પેલેસ રાજકોટ
- ✓ <u>અભિજીત મુહૂર્ત-</u> ભગવાન શ્રીરામની પણ આ જ મુર્હતમાં તિલકવિધિ કરાઈ હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ભારતીય વાયુદળ (સંરક્ષણ)

<u>સુરક્ષાના હેતુથી દક્ષિણ ભારતમાં IAFનું સુખોઇ-30 MKIની પ્રથમ સ્ક્વોડ્રન ટાઈગર શાર્ક તહેનાત</u>

- ✓ <u>નામ-</u> ટાઈગર શાર્ક
- ✓ <u>સ્થાન-</u> તાંજાવૂર (તાંજોર) તામિલનાડુ



<u>વ્યૂહાત્મક મહત્વ</u>

- ✓ હિંદ મહાસાગરમાં ચીન ઉપર નજર રાખવા બ્રહ્મોસથી સજ્જ સુખોઇની સ્ક્વોડ્રન તહેનાત
- ✓ ભૌગોલિક રીતે ચીન ભારતની ઉત્તરમાં છે, પરંતુ હિન્દ મહાસાગરમાં સતત ચીનની ચહલ-પહલ વધી રહી છે. બાંગ્લાદેશ, મ્યાનમાર, માલદિવ્સ વગેરે દેશોમાં ચીની લશ્કરની હાજરી છે. એ હાજરી ભવિષ્યમાં ખતરો સાબિત થાય ત્યારે તેને પહોંચી વળવા માટે અત્યારથી તૈયારી જરૂરી છે.
- ✓ ઈન્ડિયન ઓશન રિજન (આઈઓઆર) કહેવાતા સમગ્ર વિસ્તારમાં ભારતીય ડિફેન્સ ફોર્સ સૌથી મોટી છે, માટે ભારતે વધારે સાવધ રહેવું પડે.

<u>અન્ય વિગત</u>

- ✓ હિન્દ મહાસાગરમાં ચીન પર નજર રાખવા બ્રહ્મોસ સજ્જ સુખોઈની સ્કોવડ્રન ગોઠવાઈ
- ✓ ભારતે આજે તમિલનાડુના તાંજાવુર (તાંજોર) ખાતે ફાઈટર વિમાન સુખોઈ-૩૦ની સ્ક્વોડ્રન નંબર ૨૨૨ સામેલ કરી હતી.
- ✓ <u>ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપીન રાવત, એર ચીફ માર્શલ ભદોરિયા</u> સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતાં.

- ✓ સમુદ્રમાં જોવા મળતી ખતરનાક માછલીના નામે આ સ્ક્વોડ્રનને 'ટાઈગર શાર્ક' નામ અપાયું છે.
- ✓ અત્યારે વિમાનોની સંખ્યા ૬ છે, જે સમય જતાં વધારીને ૧૮ કરાશે.

સુખોઈ સ્કવોડ્રનની વિશેષતાઓ

- ✓ સુખોઈમાં સજ્જ થયેલું બ્રહ્મોસ મિસાઈલ છે. વિમાન પોતે બે હજાર કિલોમીટરની ઝડપે ઉડતું હોય એ વખતે મિસાઈલ ૩૦૦ કિલોમીટરની રેન્જમાં પ્રહાર કરી શકે છે.
- ✓ મિસાઈલની ઝડપ ત્રણ હજાર કિલોમીટર.
- ✓ બ્રહ્મોસ ભારતમાં નિર્માણ પામેલું મિસાઈલ છે. સુખોઈ વિમાન રશિયન બનાવટના છે.
- ✓ ભારતે ૧૯૯૫થી અત્યાર સુધીમાં ૨૬૦ જેટલાં ખરીદ્યા છે. બીજા ૧૨ હવે મળવાના છે. ઘણા ખરા વિમાનો રશિયા પાસેથી લાઈસન્સ મેળવ્યા પછી ભારતમાં તેયાર થયા છે.
- ✓ આ વિમાનો મલ્ટિરોલર છે એટલે કે પ્રહાર પણ કરી શકે અને રક્ષણ પણ કરી શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. વૈશ્વિક બાબતો - પ્રતિબંધ

- ✓ ભારત દ્વારા ઇસ્લામિક દેશ મલેશિયાથી આયાત કરતા પામ તેલ ઉપર પ્રતિબંધ મુકાયો

કારણ-

- ✓ કલમ 370 રદ કરવા અને CAA મુદ્દે ભારત ટીકા કરવાના કારણોસર પ્રતિબંધ.
- ✓ મલેશિયાના વડાપ્રધાન- મહાતીર મોહમ્મદ
- ✓ રાજધાની- લંકાવી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ-WEF

સોશિયલ મોબિલીટી ઇન્ડેક્ષ (સામાજિક પરિવર્તન સૂચકાંક)-2020 : કુલ 82 દેશોનો સમાવેશ

ક્રમ અને દેશ

(૧) ડેનમાર્ક
(૨) નોર્વે
(૩) ઇંગ્લેન્ડ
(૪) સ્વીડન
(૫) આઇસલેન્ડ
(૧૧) જર્મની
(૧૨) ફ્રાન્સ
(૧૪) કેનેડા
(૧૫) જાપાન
(૨૧) બ્રિટન
(૭૬) ભારત

માપદંડ અને પ્રક્રિયા

- ✓ રેન્કિંગ માટે વિવિધ દેશોને પાંચ કસોટી પર પારખવામાં આવ્યા હતાં. જેના દસ આધારસ્તંભ છે. આ શ્રેણીઓમાં આરોગ્ય, શિક્ષણ, (પહોંચ, ગુણવત્તા અને સમાનતા), ટેકનોલોજી નોકરી (તક, પગાર, કાર્ય કરવાની સ્થિતિ) તથા સંરક્ષણ અને સંસ્થાન (સામાજિક સંરક્ષણ અને સમાવેશી સંસ્થાન) છે.

- ✓ આ દર્શાવે છે કે યોગ્ય પગાર, સામાજિક સુરક્ષા અને આજીવન શિક્ષણની સામાજિક પરિવર્તનમાં સૌથી મોટી ભૂમિકા છે.

ભારતનો અન્ય ક્ષેત્રે રેન્ક

- ✓ આજીવન શિક્ષણની બાબતમાં ભારત ૪૧ અને નોકરીની સ્થિતિના સંદર્ભમાં ભારત ૫૩માં ક્રમે છે. ભારત સામાજિક સુરક્ષાની બાબતમાં ૭૬મા અને પગાર વહેંચણીની બાબતમાં ૭૯મા ક્રમે છે.
- ✓ WEFની દાવોસ ખાતે ચાલી રહેલી 50મી વાર્ષિક બેઠકમાં યાદી જાહેર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. મેક્ઝિટ સમજૂતી – U.K.



- ✓ બ્રિટનના રાજવી હેરી અને પત્ની મેગને શાહી પરિવારથી દૂર થવાની ઔપચારીક સમજૂતી મેક્ઝિટ તરીકે ઓળખાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી-2020માં દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમની કેટલામી વાર્ષિક બેઠક યોજાઈ - **50મી**
2. વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ૫૦મી વાર્ષિક બેઠકમાં Oxfam દ્વારા વિશ્વની આર્થિક અસમાનતા અંગે રજૂ કરાયેલા અહેવાલનું નામ જણાવો - **"ટાઈમ ટુ કેર"**
3. વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ૫૦મી વાર્ષિક બેઠકમાં Oxfam દ્વારા રજૂ કરાયેલા અભ્યાસ મુજબ ભારતના 1% ધનિકો પાસે દેશની કેટલા ટકા વસ્તી કરતા ચાર ગણી વધુ સંપત્તિ છે – **૭૦ ટકા**
4. દુનિયાના એક ટકા ધનિકો પાસે વિશ્વના કેટલા લોકોની કુલ સંપત્તિ કરતાં બમણી સંપત્તિ છે - **૬.૯ અબજ**
5. પુરુષોની સંપત્તિ તમામ મહિલાઓની સંપત્તિ કરતાં કેટલા ટકા વધારે છે - **૫૦**
6. હાલમાં દુનિયામાં કેટલા ધનકુબેરો પાસે વિશ્વની ૬૦ ટકા એટલે કે ૪.૬ અબજની વસતીની કુલ સંપત્તિ કરતાં વધારે સંપત્તિ છે - **૨૧૫૩**
7. આંધ્ર પ્રદેશમાં કેટલી રાજધાની બનશે – ત્રણ
8. આંધ્ર પ્રદેશમાં કઈ ત્રણ રાજધાની બનશે - **અમરાવતી ખાતે વૈધાનિક પાટનગર, વિશાખાપટ્ટનમ ખાતે વહીવટી મુખ્યાલય અને કર્નુલ ખાતે ન્યાયકીય પાટનગર**
9. આંધ્રપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શ્રી જગમોહન રેડ્ડી**
10. પાંચ નાયબ મુખ્યમંત્રી ધરાવતુ દેશનું પ્રથમ અને એકમાત્ર રાજ્યનું નામ જણાવો - **આંધ્ર પ્રદેશ**
11. ભારતીય જનતા પાર્ટીના 11માં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કોન ચૂંટાયા – **શ્રી જયપ્રકાશ નડ્ડા**
12. જાન્યુઆરી-2020માં રક્ષા શક્તિ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરાઈ - **ડૉ. બિમલ પટેલ**
13. જાન્યુઆરી-2020માં IMFએ ભારતનો વર્ષ 2019-20નો GDP ગ્રોથ રેટનો અંદાજ ઘટાડીને કેટલો કર્યો - **4.8**
14. જાન્યુઆરી-2020માં IMFએ ગ્લોબલ જીડીપીમાં વર્ષ-૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૧માં કેટલા ટકાના દરે વધારો થવાનો અંદાજ મૂક્યો - **અનુક્રમે ૨.૯ ટકા, 3.3 ટકા અને 3.૪ ટકા**

15. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિદ્યાર્થીઓને તણાવમુક્ત રહેવાનો મંત્ર આપવા કયો કાર્યક્રમ યોજયો - **પરીક્ષા પે ચર્ચા-2020**
16. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પરીક્ષા પે ચર્ચા-2020 કાર્યક્રમ કયા સ્થળે યોજાયો - **દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં**
17. રાજકોટના 17મા ઠાકોર તરીકે કોની તિલક વિધિ તારીખ ૨૩મી જાન્યુઆરી 2020ના રોજ યોજાઈ - **માધાંતા સિંહ જાડેજા**
18. ભગવાન શ્રીરામની તિલકવિધિ કયા મુર્હતમાં કરાઈ હતી - **અભિજીત મુહૂર્ત**
19. જાન્યુઆરી-૨૦૨૦માં સુરક્ષાના હેતુથી દક્ષિણ ભારતમાં IAFનું સુખોઇ-30 MKIની પ્રથમ કઈ સ્ક્વોડ્રન તહેનાત કરાઈ - **ટાઈગર શાર્ક**
20. દક્ષિણ ભારતમાં IAFનું સુખોઇ-30 MKIની પ્રથમ સ્ક્વોડ્રન ટાઈગર શાર્ક કયા સ્થળે તહેનાત કરાઈ - **તાંજાવૂર (તાંજોર) તામિલનાડુ**
21. સુખોઈ વિમાન કયા દેશની બનાવટ છે - **રશિયા**
22. જાન્યુઆરી-૨૦૨૦માં ભારત દ્વારા ઇસ્લામિક દેશ મલેશિયાથી આયાત કરાતી કઈ વસ્તુ ઉપર પ્રતિબંધ મુકાયો – **પામ તેલ**
23. સોશિયલ મોબિલીટી ઇન્ડેક્ષ એટલે કે સામાજિક પરિવર્તન સૂચકાંક 2020માં કેટલા દેશોનો સમાવેશ કરાયો- **82**
24. સોશિયલ મોબિલીટી ઇન્ડેક્ષ એટલે કે સામાજિક પરિવર્તન સૂચકાંક 2020માં પ્રથમ ક્રમનો દેશ જાણાવો - **ડેનમાર્ક**
25. સોશિયલ મોબિલીટી ઇન્ડેક્ષ એટલે કે સામાજિક પરિવર્તન સૂચકાંક 2020માં ભારતનો ક્રમ જણાવો – **76મો ક્રમ**
26. બ્રિટનના રાજવી હેરી અને પત્ની મેગ અને શાહી પરિવારથી દૂર થવાની ઔપચારીક સમજૂતી કયા નામે ઓળખાય છે - **મેક્ઝિટ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 21-01-2020



૧. કોરોના વાઈરસ : ચીનમાં રહસ્યમય રીતે કોરોના વાઈરસના 220થી વધું કેસ નોંધાયા (આરોગ્ય)



- ✓ **ચીનમાં સૌપ્રથમ વૂહાન શહેરમાં આ રોગનો ઉદભવ**
- ✓ **અન્ય નામ- વૂહાન**

કોરોના વાઈરસ શુ છે ?

- ✓ કોરોના વાઇરસ સામાન્ય રીતે પશુ અને પ્રાણીઓમાં જોવા મળે છે.
- ✓ ક્રોબામાંથી ફેલાતો કોરોના રોગ
- ✓ ક્યારેક પશુઓનાં સંસર્ગમાં આવવાથી તે માનવીમાં ફેલાય છે.
- ✓ વાઇરસની અસરથી શ્વાસને લગતી સમસ્યાઓ સર્જાય છે.
- ✓ આની કોઈ રસી કે દવા શોધાઈ નથી.
- ✓ વ્યક્તિને ન્યુમોનિયા જેવી અસર થાય છે.

કેવી રીતે બચી શકાય ?

- ✓ આનાથી બચવા વ્યક્તિએ પોતાની આંખ, નાક અને ચહેરાને સ્પર્શ કરવાનું ટાળવું.
- ✓ બંને હાથને ૨૦ સેકન્ડ સાબુથી ધોવા.
- ✓ દર્દીએ જાહેરમાં લોકોથી દૂર રહેવું જોઈએ.
- ✓ બીજાનાં સંપર્કમાં આવવું ન જોઈએ.
- ✓ મોટું અને નાક ઢાંકેલા રાખવા જોઈએ.
- ✓ તાત્કાલિક સારવાર લેવી જોઈએ .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. બે દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવ-2020

- ✓ તા. 21 અને 22 જાન્યુઆરી 2020
- ✓ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પ્રારંભ



- ✓ સ્થળ- સૂર્યમંદિર મોઢેરા તા.બેચરાજી (મહેસાણા)

ઐતિહાસીક મહત્વ

- ✓ પ્રાચીન સંસ્કૃતિમાં સૂર્યદેવતાની પૂજા અર્ચના માટે જે સ્વતંત્ર મંદિરોનું નિર્માણ થતું, તેમાં ગુજરાતમાં સોલંકીયુગ દરમિયાન પાટણના રાજવી ભીમદેવ સોલંકીએ ઇ.સ. 1026માં મોઢેરામાં પુષ્પાવતી નદીના કિનારે રેતિયા પથ્થરમાંથી કલાત્મક સૂર્યમંદિરનું નિર્માણ કરાવ્યું હતું.



- ✓ સૂર્યકુંડ, સભામંડપ અને નૃત્ય મંડપ એમ ત્રણ ભાગમાં નિર્મિત સૂર્યમંદિરના એકએક પથ્થર ઉપર રામાયણ, મહાભારતના કથાનક શિલ્પો, કૃષ્ણલીલા અને સુંદર સ્ત્રી શિલ્પો કંડારેલાં છે.

વર્ષ-1992થી ઉત્તરાર્ધનો પ્રારંભ



- ✓ ઉત્તરાયણ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનું અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસો લાંબા થવાની શરૂઆત હોય તેવા અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ ઉજવવાની પરંપરા 1992થી શરૂ કરાઈ છે.
- ✓ આ વખતે ભરતનાટયમ, ઓડીસી, કુચીપૂડી, કથ્થક શાસ્ત્રીય નૃત્યથી મોઢેરાનું સૂર્યમંદિર જીવંત બની જશે.
- ✓ **વિશેષતા-** મંદિર સંકુલ- મેરુ ગુજારા શૈલી (ચૌલુક્ય)
- ✓ સૂર્યમંદિર મોઢેરા - ચૌલુક્ય શૈલી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. 71મો પ્રજાસત્તાક પર્વ -2020 (નવી દિલ્હી)



- ✓ બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારો ભારતના પ્રજાસત્તાક પર્વ 26 જાન્યુઆરીના મુખ્ય અતિથિ

વિશેષતા

- ✓ ૨૬મી જાન્યુઆરીએ તેઓ પરેડની સલામી લેશે.
- ✓ ભારતે સત્તાવાર રીતે તેમના રાજકીય પ્રવાસની જાહેરાત કરી.

- ✓ ભારત દર વર્ષે માત્ર ગણતંત્ર દિવસના અવસરે પોતાના મિત્ર દેશોના રાષ્ટ્રાધ્યક્ષોને આમંત્રણ આપે છે.
- ✓ રાષ્ટ્રપતિ બન્યા બાદ બોલસોનારોની આ પહેલી સત્તાવાર મુલાકાત.
- ✓ બોલસોનારો ભારતના ગણતંત્ર સમારોહમાં ઉપસ્થિત રહેનારા બ્રાઝિલના ત્રીજા રાષ્ટ્રપતિ છે.
- ✓ ૧૯૯૬ અને ૨૦૦૪માં પણ બ્રાઝિલના તત્કાલીન રાષ્ટ્રપતિ આવી ચૂક્યા છે.
- ✓ ૨૪ જાન્યુઆરીએ બોલસોનારોનો ચાર દિવસનો પ્રવાસ શરૂ થશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રાઝિલમાં આયોજિત બ્રિક્સ સંમેલન દરમિયાન તેમને આમંત્રિત કર્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. UN : વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલૂકનો વાર્ષિક અહેવાલ રજૂ (રોજગારી)

મહત્વના તથ્યો

- ✓ વિશ્વમાં 47 કરોડથી વધુ લોકો બેરોજગાર
- ✓ ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ બેકારીનો દર 5.4 ટકા રહેવાનો અંદાજ
- ✓ વિશ્વના 28.5 કરોડ લોકો પાસે પુરતું કામ નથી
- ✓ વિશ્વમાં છ કરોડ જેટલા લોકો દૈનિક 3.20 ડોલરથી ઓછી ખરીદી કરે છે
- ✓ આ વર્ષે બેકારોની સંખ્યા વધીને 19.05 કરોડ થઈ છે.
- ✓ મૂળ સંસ્થા : ILO - ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (જીનીવા)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ચેમ્પિયન ઓફ ચેન્જ એવોર્ડ 2019



- ✓ વિજેતા અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુન્દ્રાને સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહિત કરવા બદલ એવોર્ડથી સન્માનિત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિવસ વિશેષ : 21 જાન્યુઆરી

લોકહિત ચિંતક : દલપતરામ



જન્મ – 21 જાન્યુઆરી-1820

અવસાન – 25 માર્ચ-1998

- ✓ આજે તારીખ ૨૧ જાન્યુઆરીના રોજ દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડીનો જન્મદિવસ છે.
- ✓ આપ શિક્ષણથી પિંગળ અને અલંકાર શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરનાર દલપતરામનો જન્મ વઢવાણમાં થયો હતો.
- ✓ તેમની સાહિત્યિક પ્રગતિ સ્વામિનારાયણ સંપ્રદાય અને અંગ્રેજ અધિકારી એલેક્ઝાંડર કિન્લોક ફોર્બ્સના સાનિધ્યમાં થઇ હતી.
- ✓ તેમનું સાહિત્ય સર્જનનું ક્ષેત્ર કવિતા, નાટક, નિબંધ, છંદશાસ્ત્ર, સંપાદન વગેરે રહ્યું હતું.
- ✓ દલપત કાવ્ય, બાપાની પીપર, વેન ચરિત્ર, હુન્નરખાનની ચઢાઈ, ફાર્બસ વિલાસ, ફાર્બસ વિરહ, હરીલીલામૃત, લક્ષ્મી, મિથ્યાભિમાન, ભૂત નિબંધ, જ્ઞાતિ નિબંધ, દલપત પિંગળ, કાવ્યદોહન, તાર્કિક બોધ વગેરે તેમના જાણીતા સર્જનો.
- ✓ તેમના સર્જનો ગુજરાતના સમાજસુધારા આંદોલનની માધ્યમ માર્ગીય વિચારધારાને પોષક પણ રહ્યા હતા.
- ✓ તેમનું હુન્નરખાનની ચઢાઈ ગુજરાતના પ્રારમ્ભિક આર્થિક મિજાજને વ્યક્ત કરે છે.
- ✓ બુદ્ધિપ્રકાશ સામયિકના સંપાદક, હોપ વાંચનમાંળા અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના મંત્રી તરીકે પણ દલપતરામનું સ્મરણ થાય છે.
- ✓ હાલતા દંડે ચાલતા દંડે, દંડે સારા દિન, છાતી ઉપર પથ્થર મૂકી પૈસા લેતા છીન અને દેખ બિચારી બકરીનો પણ કોઈના જાતા પકડે કાન એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન જેવી પંક્તિઓ દ્વારા તેમણે અનુક્રમે મરાઠી અને બ્રિટિશ શાસનનું મૂલ્યાંકન કરી દીધું હતું
- ✓ બ્રિટિશ શાસને દલપતરામનું સીઆઈઈ જેવા અનેક ઇલ્કાબોથી સન્માન કર્યું હતું.
- ✓ દલપતરામનું 25 માર્ચ 1998ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી-૨૦૨૦માં ચીનમાં રહસ્યમય રીતે કયા વાઈરસના 220થી વધું કેસ નોંધાયા– **કોરોના વાઈરસ**
2. જાન્યુઆરી-૨૦૨૦માં ચીનમાં જોવા મળેલા કોરોના વાઇરસ સામાન્ય રીતે કોનામાં જોવા મળે છે - **પશુ અને પ્રાણીઓ**
3. બે દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવ-2020 કયાં યોજાયો - **સૂર્યમંદિર મોઢેરા (મહેસાણા)**
4. સૂર્યમંદિર મોઢેરા ખાતે આયોજિત ઉત્તરાર્ધ મહોત્સવ-2020નો પ્રારંભ કોણે કરાવ્યો હતો - **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
5. સૂર્યમંદિર મોઢેરા ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ-2020 કયારે યોજાયો હતો - **તા.21 અને 22 જાન્યુઆરી 2020**
6. પાટણના કયા રાજવીએ મોઢેરામાં પુષ્પાવતી નદીના કિનારે રેતિયા પથ્થરમાંથી કલાત્મક સૂર્યમંદિરનું નિર્માણ કરાવ્યું હતું - **ભીમદેવ સોલંકી**
7. પાટણના ભીમદેવ સોલંકીએ કયા વર્ષમાં મોઢેરામાં પુષ્પાવતી નદીના કિનારે રેતિયા પથ્થરમાંથી કલાત્મક સૂર્યમંદિરનું નિર્માણ કરાવ્યું હતું - **ઇ.સ. 1026**
8. મોઢેરા સૂર્યમંદિર ખાતે કયા વર્ષથી ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ થયો હતો - **વર્ષ-1992**
9. મોઢેરા સૂર્યમંદિર કઈ શૈલી ધરાવે છે - **ચૌલુક્ય શૈલી**

10. દિલ્હી ખાતે 71માં પ્રજાસત્તાક પર્વ-2020માં મુખ્ય અતિથિ તરીકે કોણ હાજરી આપશે - **બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારો**
11. જેયર બોલસોનારો ભારતના ગણતંત્ર સમારોહમાં ઉપસ્થિત રહેનારા બ્રાઝિલના કેટલામાં રાષ્ટ્રપતિ છે - **ત્રીજા**
12. કયા વર્ષમાં બ્રાઝિલના તત્કાલીન રાષ્ટ્રપતિ ભારતના ગણતંત્ર સમારોહમાં ઉપસ્થિત રહી ચૂક્યા છે – **વર્ષ ૧૯૯૬ અને ૨૦૦૪**
13. UNના વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલૂકના વાર્ષિક અહેવાલ અનુસાર વિશ્વમાં કેટલા લોકો બેરોજગાર છે - **૪૭ કરોડથી વધુ**
14. UNના વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલૂકના વાર્ષિક અહેવાલ અનુસાર વર્ષ-૨૦૨૦માં બેકારીનો દર કેટલા ટકા રહેવાનો અંદાજ છે– **૫.૪ ટકા**
15. ILOનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન**
16. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનનું મુખ્ય મથક કયાં આવેલું છે - **જીનીવા**
17. ચેમ્પિયન ઓફ ચેન્જ એવોર્ડ 2019થી કોને સન્માનિત કરાયા - **અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુન્દ્રા**
18. અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુન્દ્રાને કયા અભિયાનને પ્રોત્સાહિત કરવા બદલ ચેમ્પિયન ઓફ ચેન્જ એવોર્ડ 2019થી સન્માનિત કરાયા- **સ્વચ્છ ભારત અભિયાન**
19. ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સાહિત્ય સર્જક દલપતરામનો જન્મ દિવસ જણાવો – **૨૧ જાન્યુઆરી-૧૮૨૦**
20. અર્વાચીન ગુજરાતી સાહિત્યની પ્રથમ કવિતા બાપાની પીંપરની રચના કોણે કરી છે – **કવિશ્વર દલપતરામ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 22-01-2020



૧. ગ્લોબલ ડેમોક્રેસી ઇન્ડેક્સ-2019 વિશ્વના 165+2 દેશોમાં પ્રથમ ક્રમે નોર્વે અને ભારત ૫૧માં ક્રમે



- ✓ 165 સ્વતંત્ર દેશો અને 2 પ્રદેશમાં લોકાશાહી સ્થિતિ અંગે ચિતાર રજૂ કરાયો (કુલ-167 દેશો)

વિગતવાર સ્થિતિ

સૌથી શ્રેષ્ઠ દેશ

દેશ	સ્કોર
નોર્વે	9.87
આઈસલેન્ડ	9.58
સ્વિડન	9.39
ફિનલેન્ડ	9.25
ન્યૂઝીલેન્ડ	9.26

સૌથી ખરાબ દેશ

ઉ.કોરિયા	1.08
કાંગો	1.13
મ.આફ્રિકા	1.32
સીરિયા	1.43
ચાડ	1.61

ભારત અને પાડોશી દેશોની સ્થિતિ

દેશ	રેન્ક	સ્કોર
ભારત	51	6.90
શ્રીલંકા	69	6.27
બાંગ્લાદેશ	80	5.88
પાકિસ્તાન	108	4.25
ચાન	153	2.26

વૈશ્વિક ડેમોક્રેસી ઇન્ડેક્સ કઈ રીતે નક્કી થાય છે ?

- ✓ વૈશ્વિક ડેમોક્રેસી ઇન્ડેક્સ કોઈ પણ દેશના કુલ પાંચ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને ડેમોક્રેસી ઇન્ડેક્સ નક્કી કરવામાં આવે છે.
- ✓ આ પાંચ ક્ષેત્રોમાં ચૂંટણી પ્રક્રિયા, સરકારની કાર્યપ્રણાલી, રાજનૈતિક ભાગીદારી,

રાજનૈતિક સંસ્કૃતિ અને સામાજિક સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

- ✓ આ પાંચેય બાબતોને ધ્યાનમાં રાખીને ડેમોક્રેસી ઇન્ડેક્સની યાદી તૈયાર થાય છે.
- ✓ જેના આધારે વિવિધ દેશોને ચાર પ્રકારના શાસનમાં વર્ગીકૃત કરવામાં આવે છે.
- ✓ ૮ અંકથી વધારે સ્કોર વાળા દેશોને પૂર્ણ લોકતંત્ર
- ✓ ૬થી ૮ વચ્ચેના દેશો ત્રુટિપૂર્ણ લોકતંત્ર
- ✓ ૪થી ૬ સંકર શાસન અને
- ✓ ૪થી નીચે અંક મેળવનારા દેશોને સત્તાવાદી ગણવામાં આવે છે.

ભારતનું રેન્કિંગ ગગડવા માટે જવાબદાર મુખ્ય કારણો

(૧) ભારત સરકારે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતા આર્ટિકલ ૩૭૦ અને ૩૫છને નાબૂદ કરી નાખ્યા હતા. ત્યારબાદ જમ્મુ-કાશ્મીરનું વિભાજન કરીને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચી દેવાયું હતું. આ નિર્ણયો બાદ સરકારે જમ્મુ-કાશ્મીરમાં મોટાપાયે સુરક્ષાદળો ખડકી દઇ સ્થાનિક નેતાઓને નજરકેદ કરી દીધાં હતાં. રાજ્યમાં ઇન્ટરનેટ અને મોબાઇલ સુવિધાઓ પણ બંધ કરી દેવાઇ હતી.

(૨) આસામમાં NRCની પ્રક્રિયામાં અંતિમ યાદીમાંથી ૧૯ લાખ લોકો બાકાત રહી ગયાં છે. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમોનો સમાવેશ થાય છે. સત્તાધારી ભાજપ તેમને બાંગ્લાદેશી ઘૂસણખોરો ગણાવી રહ્યો છે જ્યારે બાંગ્લાદેશ તેનો ઇનકાર કરી રહ્યો છે.

(૩) સરકારે નાગરિકતા સુધારા કાયદાના વિરોધ પર પ્રતિબંધ મૂકવાના પ્રયાસો કર્યા છે અને ટેલિવિઝન ચેનલોને તેમનું પ્રસારણ કરતાં અટકાવી છે. મોદી સરકારના કેટલાક નેતાઓ દેખાવકારો સામે બદલો લેવાની વાતો કરી રહ્યા છે.

ગત વર્ષોમાં ભારતની સ્થિતિ

- ✓ 2017 – 42 ક્રમે
- ✓ 2018 – 41 ક્રમે
- ✓ 2019 – 51 ક્રમે
- ✓ ઈન્ડેક્સ જાહેર કરનારી સંસ્થા - ધ ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ-USA
- ✓ પ્રથમવાર – 2006થી પ્રારંભ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ISRO : ISRO દ્વારા ભારતના મહત્વના ગગનયાન (પ્રોજેક્ટ) પહેલા અવકાશમાં અભ્યાસ માટે મોકલવામાં આવનાર હ્યુમનોઈડ વ્યોમમિત્ર(રોબો) વિશ્વ સમક્ષ રજૂ કરાયો (અવકાશ વિજ્ઞાન)



- ✓ હ્યુમન રોબોટિક ક્ષેત્રે ભારતના ISROની અપૂર્વ સિદ્ધિ

વિગતવાર માહિતી

- ✓ ભારત સરકારના મહત્વાકાંક્ષી ગગનયાન પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે ઈસરો સજ્જ થઈ ગયું છે.
- ✓ આ સમાનવ મિશનને અંદાજે વર્ષ-૨૦૨૧ ડિસેમ્બર અથવા વર્ષ-૨૦૨૨માં લોન્ચ કરવામાં આવશે.
- ✓ તે પહેલાં અવકાશના અભ્યાસ માટે અને માણસો માટેની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે ઈસરો દ્વારા વ્યોમમિત્રને અવકાશમાં મોકલવામાં આવશે.
- ✓ ઈસરો દ્વારા તૈયાર કરવામાં આવેલો હ્યુમનોઇડ વ્યોમમિત્ર અંતરિક્ષમાં જઈને માનવશરીર ઉપર થતી અસરો અને અન્ય બાબતોનું અધ્યયન કરશે.
- ✓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉપર કામ કરનારો હાફ હ્યુમનોઇડ રોબો અવકાશમાંથી પોતાનો રિપોર્ટ પણ ઈસરોને મોકલાવશે.
- ✓ મહત્વાકાંક્ષી મિશન પહેલાં જનારા હ્યુમનોઇડને વિશ્વ સમક્ષ રજૂ કરાયો.
- ✓ માણસ માટે જરૂરી તમામ વિગતો ભેગી કરીને પૃથ્વી પર મોકલશે
- ✓ ૨૦૨૨ના ગગનયાન મિશન પહેલાના માનવરહિત મિશનનો ભાગ બનશે

માણસોની યોગ્ય ઓળખ ધરાવે છે

- ✓ મહિલા રોબો વ્યોમમિત્રને વિશેષ રીતે વિકસાવવામાં આવ્યો છે. તે માણસોની ઓળખ કરી શકશે અને તેની સાથે વાતચીત પણ કરી શકશે. અંતરિક્ષમાં માણસો દ્વારા કરાતી પ્રવૃત્તિઓ અને પ્રયોગોની નકલ કરી શકે છે. તે વાતચીત કરી શકે છે. અને સવાલો કરવામાં આવે તો જવાબ પણ આપે છે.

વ્યોમમિત્રએ પોતાની ઓળખ આપી

- ✓ રોબોએ પત્રકારોને પોતાની ઓળખ આપી હતી. તેણે જણાવ્યું હતું કે, હું હાફ હ્યુમનોઇડનો રે પહેલો પ્રોટોટાઇપ છું. ઉલ્લેખનીય છે કે, તેના પગ બનાવવામાં આવ્યા ન હોવાથી તેને હાફ હ્યુમનોઇડ કહેવામાં આવે છે.
- ✓ **વ્યોમ-સંસ્કૃત શબ્દ**
- ✓ **અર્થ-આકાશ એટલે કે, આકાશ મિત્ર**
- ✓ સ્થાન- ઇસરો હેડક્વાટર બેંગ્લુરૂ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ભારતીય સારંગ તોપ : સંરક્ષણ

૪૦ થી ૫૦ કિ.મી.ની રેન્જ ધરાવતી સારંગ તોપનું સફળ પરીક્ષણ



- ✓ સ્થાન-ખમરિયા રેન્જ જબલપુર
- ✓ નિર્માણ- ઓર્ડિનન્સ ફેક્ટરી કાનપુર (UP)

સારંગની ખાસિયતો –

- ✓ ૭૦ ડિગ્રી સુધી મૂવ કરી શકાય
- ✓ **લક્ષ્યાંક-** પહેલાં તબક્કામાં 30, બીજામાં ૭૦ અને પછી ૧૦૦-૧૦૦ તોપોનું નિર્માણ
- ✓ એક જ વખતે ૩ ગોળા દાગવામાં સક્ષમ
- ✓ સારંગ તોપને ૧૩૦ એમએમની એમ-૪૬ તોપને ઉન્નત કરીને બનાવાઈ છે.
- ✓ એમ-૪૬ તોપની મારકક્ષમતા ૨૭ કિમી હતી તો સારંગની મારકક્ષમતા ૩૬ કિલોમીટરની છે.
- ✓ સારંગના ગોળામાં ૮ કિલો ટીએનટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વધારે ટીએનટી એટલે વધારે તબાહી.
- ✓ સારંગનું વજન લગભગ ૮૪ ટન છે અને તેના બેરલની લંબાઈ લગભગ ૭ મીટર છે. આ તોપ અત્યારથી જ સેમી ઓટોમેટિક બની ગઈ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ઇન્ટરપોલ (સુરક્ષા)

શું છે બ્લૂ કોર્નર નોટિસ

- ✓ ઈન્ટરપોલ તેના સભ્ય દેશોના ગુનેગારોની સામે અલગ અલગ નોટિસ જારી કરે છે જેવી કે રેડ કોર્નર, બ્લૂ, બ્લેક પર્પલ, ઓરેન્જ અને યલો કોર્નર નોટિસ.
- ✓ બ્લૂ કોર્નર નોટિસ ભાગેડુ ગુનેગારની શોધખોળ માટે જારી કરવામાં આવે છે.
- ✓ ઓળખ જાહેર થઈ ચૂકી હોય કે ન થઈ હોય તેવા અથવા ગુનાહિત કાયદાનો ભંગ કરનાર ફરાર અપરાધીની સામે આ નોટિસ જારી કરવામાં આવે છે.

શું છે રેડ કોર્નર નોટિસ

- ✓ રેડ કોર્નર નોટિસ એટલે ગુનાહિત કેસોમાં દોષી ઠરેલા કોઈ વ્યક્તિને શોધવામાં અને હંગામી ધોરણે તેની ધરપકડ કરવાની વિનંતી છે.
- ✓ જોકે રેડ કોર્નર નોટિસ જારી થવાથી તે વ્યકિત દોષી સાબિત થઈ શકતો નથી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલો ઈન્ડિયા ગેમ્સ-2020 : સમાપન



- ✓ સ્થાન- ગુવાહાટી (આસામ)

મેડલ ટેલી

ક્રમ	રાજ્ય	મેડલ		
		ગોલ્ડ	સિલ્વર	બ્રોન્ઝ
૧.	મહારાષ્ટ્ર	૭૮	૭૭	૧૦૧
૨.	હરિયાણા	૬૮	૬૦	૭૨
૩.	દિલ્હી	૩૯	૩૬	૪૭
૯.	ગુજરાત	૧૬	૧૬	૨૦

- ✓ મહારાષ્ટ્ર સતત બીજા વર્ષે પ્રથમ ક્રમે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કેન્દ્રીય કેબિનેટના નિર્ણયો

(૧) જમ્મુ કાશ્મીરના વિકાસ માટે રૂ. ૮૦ હજાર કરોડનું પેકેજ

વિકાસ પેકેજમાં શું હશે

- ✓ આ વિકાસ પેકેજમાં કાશ્મીરમાં IIT, IIM, જેવી શૈક્ષણિક સંસ્થાઓ ખોલવાનો પણ સમાવેશ થાય છે.
- ✓ આ ઉપરાંત હાલ જે સ્થિતિ છે તેમાં ધરમૂળથી સુધારા કરવા માટે રોડ રસ્તા, વિજળી, પાણી, સિંચાઈ યોજનાઓને પણ આ પેકેજમાં આવરી લેવામાં આવી છે.

(૨) ભારત-બ્રાઝિલ વચ્ચે કરાર

- ✓ જીઓલોજી, મિનરલ રિસોર્સ માટે ભારત-બ્રાઝિલ વચ્ચે કરાર
- ✓ ખાણ અને ખનીજ મંત્રાલય દ્વારા જારી એક નિવેદનમાં કહેવાયું કે જીઓલોજી અને મિનરલ રિસોર્સના ક્ષેત્રમાં સહકાર માટે ઇન્ડિયા અને બ્રાઝિલ વચ્ચે એક કરાર થયો છે.
- ✓ જીઓલોજિકલ સરવે ઓફ ઇન્ડિયા મિનિસ્ટ્રી ઓફ માઇન્સ ઓફ ધ રિપબ્લિક ઓફ ઇન્ડિયા અને જીઓલોજિકલ સરવે ઓફ બ્રાઝિલ વચ્ચે કરાર થયો છે.

(3) NITને મંજૂરી

- ✓ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના કાયમી પરિસરના નિર્માણના પ્રસ્તાવને મંજૂરી આપી છે. તેને માટે ૨૦૨૧ અને ૨૦૨૨ માટે ૪,૩૭૧.૯૦ કરોડના ફંડની મંજૂરી આપવામાં આવી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. 71માં પ્રજાસત્તાક દિન પરેડ – નવી દિલ્હી (બંધારણ)

- ✓ ગુજરાત સરકાર દ્વારા પરેડમાં ગુજરાતની પાટણની 'રાણીની વાવ'ની થીમ ઉપર ટેબ્લો રજૂ
- ✓ તા.26મી જાન્યુઆરી-2020



વિશેષતા

- ✓ ગુજરાતના પાટણ જિલ્લામાં ઐતિહાસિક સરસ્વતી નદીના સાંનિધ્યમાં ૧૧મી સદીમાં રાણી ઉદયમતીએ પોતાના પતિ સોલંકી વંશના રાજા ભીમદેવ પહેલાની સ્મૃતિમાં બનાવેલી સાત માળની વાવ સાચા અર્થમાં શિલ્પ અને સ્થાપત્યના બેનમૂન નમૂનારૂપ મંદિર જેવી ભવ્ય છે.
- ✓ વાવ અને જળાશયો ગુજરાતની જીવાદોરી રહ્યા છે.
- ✓ રાણકી વાવનું જલમંદિર તરીકે વિશેષ મહાત્મય રહ્યું છે.
- ✓ પ્રજાસત્તાક દિને રજૂ કરવામાં આવનારા ટેબ્લોમાં રાણીની વાવની ભવ્યતાને

કલાત્મક સ્વરૂપમાં રજૂ કરવામાં આવશે, તેના થકી સમગ્ર રાષ્ટ્રને જળસ્રોતના મહાત્મયનો પરિચય કરાવવામાં આવશે.

- ✓ કુલ-૨૬ કલાકારો
- ✓ તૈયાર કરનાર વિભાગ – માહિતી ખાતુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. પ્રધાનમંત્રી બાલશક્તિ પુરસ્કાર-2020



- ✓ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે રાષ્ટ્રપતિ ભવન ખાતે 49 બાળકો સન્માનિત

વિગત

- ✓ રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઇશાન શર્મા, ઓમકાર સિંહ, ગૌરી મિશ્રા સહિત ૪૯ બાળકોનું બાલશક્તિ પુરસ્કાર ૨૦૨૦ આપીને સન્માન કર્યું હતું.
- ✓ પુરસ્કૃત ઇશાન શર્માએ એક રશિયન પર્યટકને બે લૂંટારુઓથી બચાવ્યા હતા
- ✓ જ્યારે ઓમકાર સિંહ સૌથી નાની ઉંમરના મૌલિક લેખક તરીકેનો વિશ્વ વિક્રમ ધરાવે છે.
- ✓ આ ઉપરાંત ગૌરી મિશ્રા ભારતની સૌથી યુવાન પિયાનોવાદક છે.
- ✓ રાષ્ટ્રપતિના હસ્તે સન્માન મેળવનારા આ તમામ બાળકો પાંચથી ૧૮ વર્ષની ઉંમર ધરાવે છે.
- ✓ દર વર્ષે નવીનીકરણ, સમાજ સેવા, શિક્ષણ, ખેલ, કલા અને સંસ્કૃતિ અને બહાદુરી ક્ષેત્રો બાળકોના પ્રદાન બદલ તેમનું બાલશક્તિ પુરસ્કાર વડે સન્માન કરવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. નિર્ણય : ડિફેન્સ એક્વેઝિશન કાઉન્સિલ-DAC (સંરક્ષણ) – નવી દિલ્હી

૩.5100 કરોડની સૈન્ય સામગ્રીની ખરીદી અને ૩.50,000 કરોડના P-75 સબમરિન પ્રોજેક્ટને મંજૂરી

વિગત

- ✓ સંરક્ષણ મંત્રાલયે ૫૧૦૦ કરોડ રૂપિયાની સૈન્ય સામગ્રી ખરીદવાને મંજૂરી આપવામાં આવી છે.
- ✓ આ સાથે જ ભારતીય નેવી માટે ભારતમાં છ પરંપરાગત સબમરીનના નિર્માણને પણ મંજૂરી આપવામાં આવી છે.
- ✓ ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટ માટે બે ભારતીય અને પાંચ વિદેશી કંપનીઓની પસંદગી કરવામાં આવી છે .

- ✓ ડીએસીએ સ્વદેશી કંપનીઓ પાસેથી ૫૧૦૦ કરોડ રૂપિયાની સૈન્ય સામગ્રી ખરીદવાની મંજૂરી આપી છે.
- ✓ જહાજના નિર્માણ માટે બે ભારતીય કંપનીઓ એલ એન્ડ ટી જૂથ અને સરકારી માલિકીની મઝગાંવ ડોક્સ લિમિટેડ તથા વિદેશી કંપનીઓમાં થાઇસેનક્રૂપ મરીન સિસ્ટમ (જર્મની), નવંતિયા (સ્પેન), નેવલ ગ્રુપ (ફ્રાન્સ) રૂબિન ડિઝાઇન બ્યુરો (રશિયા), દેવૂ શિપ બિલ્ડિંગ એન્ડ મરિન એન્જિનિયરિંગ (દક્ષિણ કોરિયા)ની પસંદગી કરવામાં આવી છે.
- ✓ આ ઉપરાંત ૫૧૦૦ કરોડ રૂપિયાની જે સૈન્ય સામગ્રી ખરીદવામાં આવશે તેમાં ડીઆરડીઓ દ્વારા ડિઝાઇન કરાયેલ અને ભારતીય ઉદ્યોગો દ્વારા સ્થાનિક સ્તરે નિર્મિત આધુનિક ઇલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલી સામેલ છે.
- ✓ ભારતમાં સબમરિન નિર્માણ માટે P-75 પ્રોજેક્ટ
- ✓ DACના અધ્યક્ષ– સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. FDI – ફોરેન ડાયરેક્ટ ઈન્વેસમેન્ટ (અર્થશાસ્ત્ર)

UN : કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ અહેવાલ



વિગતવાર સ્થિતિ

- ✓ ૨૦૧૯માં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ) આકર્ષિત કરનારા ટોચના દસ દેશોમાં ભારત પણ સામેલ હતું. ૨૦૧૯માં ભારતમાં એફડીઆઇ ૧૬ ટકા વધીને ૪૯ અબજ ડોલર રહ્યું હતું. જેના કારણે દક્ષિણ એશિયાના કુલ એફડીઆઇમાં પણ વધારો જોવા મળ્યો હતો.
- ✓ વૈશ્વિક સ્તરે ૨૦૧૯માં એફડીઆઇ એક ટકા ઘટીને ૧૩૯૦ અબજ ડોલર રહ્યું હતું.
- ✓ ૨૦૧૮માં વૈશ્વિક સ્તરે એફડીઆઈ ૧૪૧૦ અબજ ડોલર હતું.
- ✓ વિકાસશીલ દેશોએ વૈશ્વિક એફડીઆઈનો અડધાથી વધુ હિસ્સો આકર્ષિત કર્યો છે.
- ✓ દક્ષિણ એશિયામાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ ૨૦૧૯માં ૧૦ ટકા વધીને ૬૦ અબજ ડોલર થઈ ગયું છે. જેમાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા છે.
- ✓ ભારતમાં એફડીઆઈ રોકાણ ૨૦૧૯માં ૧૬ ટકા વધીને ૪૯ અબજ ડોલરે પહોંચી ગયું હોવાનો અંદાજ છે.
- ✓ ૨૦૧૮માં ૪૨ અબજ ડૉલરનું વિદેશી રોકાણ નોંધવામાં આવ્યું હતું .

- ✓ ૨૦૧૯માં દક્ષિણ એશિયામાં કુલ એફડીઆઇ ૬૦ અબજ ડોલર આવ્યું હતું જે પૈકી ફકત ભારતમાં જ ૪૯ અબજ ડોલર આવ્યા હતાં.
- ✓ ૨૦૧૯માં ભારતમાં એફડીઆઈ ૧૬ ટકા વધીને ૪૯ અબજ ડોલર રહ્યું : ૨૦૧૮માં ૪૨ અબજ ડોલર હતુ.

૨૦૧૯માં વિવિધ દેશોમાં એફડીઆઈની સ્થિતિ

દેશ	એફડીઆઈ
ભારત	૦૪૯ અબજ ડોલર
અમેરિકા	૨૫૧ અબજ ડોલર
ચીન	૧૪૦ અબજ ડોલર

- ✓ અડધાથી વધુ હિસ્સો વર્ષ-2019માં સૌથી વધુ FDI આકર્ષનારા ટોચના 10 દેશોમાં ભારતનો સમાવેશ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. જન્મ દિવસ વિશેષ : 22 જાન્યુઆરી

(૧) આચાર્ય આનંદશંકર ધ્રુવ



જન્મ – 22 જાન્યુઆરી-1869

અવસાન – 1942

- ✓ આજે ૨૨ જાન્યુ. આચાર્ય આનંદશંકર ધ્રુવનો જન્મ દિવસ.
- ✓ અમદાવાદમાં જન્મેલા આનંદશંકરે એમ.એ, એલ.એલ.બી સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.
- ✓ ૧૮૯૩માં અમદાવાદની ગુજરાત કોલેજથી સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે શૈક્ષણિક કારકિર્દી શરુ કરનાર પ્રોફે.ધ્રુવ ૧૯૩૬મા બનારસ વિશ્વ વિધાલયના ઉપકુલપતિ પદે પણ રહ્યા હતા.
- ✓ ગુજરાતના વિદ્યાજગતમાં તેઓ "સુદર્શન અને "વસંત" જેવા સાહિત્યિક સામયિકોના તંત્રી તરીકે જાણીતા છે તો "આપણો ધર્મ", "હિંદુ ધર્મની બાળપોથી", "હિંદુ (વેદ) ધર્મ", "સાહિત્ય વિચાર", "કાવ્યતત્વ વિચાર", "દિગ્દર્શન", "વિચાર માધુરી" જેવા અનેક ચિંતન ગ્રંથો તેમણે લખ્યા છે.
- ✓ ભારતીય તત્વજ્ઞાન પરિષદ અને ગુજરાત સાહિત્ય પરિષદ જેવી અનેક પરિષદો અને સંસ્થાઓના તેઓ પ્રમુખ પણ રહ્યા હતા.
- ✓ ગુજરાતી પ્રજાએ એક સ્વતંત્ર યુનિવર્સીટી સ્થાપવાનું કામ જાતે ઊપાડી લેવું જોઈએ તેવા આહવાન સાથે ગુજરાત યુનિ.ની સ્થાપનાનું બીડું પણ તેમણે ઉઠાવ્યું હતું.
- ✓ તેઓ ગુજરાત યુનિ.ના સ્વપ્નદ્રષ્ટાઓ પૈકીના એક હતા.
- ✓ સ્ત્રી શિક્ષણ વિષે પણ આચાર્ય ધ્રુવના ખાસ વિચારો હતા તેઓ કહેતા કે "આપણે ત્યાં સ્ત્રી કેળવણીનો પ્રશ્ન આજે એક રાષ્ટ્રીય પ્રશ્ન તરીકે વિચારવાનો છે.

- ✓ તેમના શૈક્ષણિક વિચારો આજે પણ જુના નથી લાગતા.
- ✓ ગુજરાત અને ભારતના આ વિદ્યાપુરુષનું ૧૯૪૨મા અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૧-૨૦૨૦)

1. ગ્લોબલ ડેમોક્રેસી ઇન્ડેક્સ-2019માં વિશ્વના કુલ કેટલા દેશોનો ચિતાર રજૂ કરાયો – **કુલ-167 દેશો**
2. ગ્લોબલ ડેમોક્રેસી ઇન્ડેક્સ-2019માં પ્રથમ ક્રમનો દેશ જણાવો – **નોર્વે**
3. ગ્લોબલ ડેમોક્રેસી ઇન્ડેક્સ-2019માં ભારતનો ક્રમ જણાવો - **51**
4. વૈશ્વિક ડેમોક્રેસી ઇન્ડેક્સ કઈ રીતે નક્કી થાય છે - **કોઈ પણ દેશના કુલ પાંચ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને**
5. વૈશ્વિક ડેમોક્રેસી ઇન્ડેક્સ કોઈ પણ દેશના કયા પાંચ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે – **(૧) ચૂંટણી પ્રક્રિયા (૨) સરકારની કાર્યપ્રણાલી (૩) રાજનૈતિક ભાગીદારી (૪) રાજનૈતિક સંસ્કૃતિ અને (૫) સામાજિક સ્વાતંત્ર્ય**
6. ગ્લોબલ ડેમોક્રેસી ઇન્ડેક્સ- 2017માં ભારત કયા ક્રમે હતુ – **42 ક્રમે**
7. ગ્લોબલ ડેમોક્રેસી ઇન્ડેક્સ- 2018માં ભારત કયા ક્રમે હતુ – **41 ક્રમે**
8. ગ્લોબલ ડેમોક્રેસી ઇન્ડેક્સ જાહેર કરનારી સંસ્થાનું નામ જણાવો - **ધ ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ**
9. ગ્લોબલ ડેમોક્રેસી ઇન્ડેક્સ જાહેર કરવાની શરૂઆત કયા વર્ષથી કરવામાં આવી – **વર્ષ-2006થી પ્રારંભ**
10. ISROએ ભારતના મહત્વના ગગનયાન પ્રોજેક્ટ પહેલા અવકાશમાં અભ્યાસ માટે મોકલવામાં આવનાર હ્યુમનોઈડને વિશ્વ સમક્ષ રજૂ કર્યો તેને શું નામ આપ્યું છે - **વ્યોમમિત્ર**
11. વ્યોમ શબ્દ કઈ ભાષાનો છે અને વ્યોમમિત્રનો અર્થ જણાવો- **વ્યોમ સંસ્કૃત શબ્દ અર્થ આકાશ મિત્ર**
12. ઈસરો દ્વારા ગગનયાન મિશનને અંદાજે કયારે લોન્ચ કરવામાં આવશે - **વર્ષ-૨૦૨૧ ડિસેમ્બર અથવા વર્ષ-૨૦૨૨**
13. ઈસરો દ્વારા તૈયાર કરવામાં આવેલો હ્યુમનોઇડ વ્યોમમિત્ર અંતરિક્ષમાં જઈને શું કામગીરી કરશે - **માનવશરીર ઉપર થતી અસરો અને અન્ય બાબતોનું અધ્યયન કરશે**
14. ઇસરોનુ હેડક્વાટર કયાં આવેલું છે – **બેંગ્લુરૂ(કર્ણાટક)**
15. ભારતે જાન્યુઆરી-૨૦૨૦માં કઈ તોપનું સફળ પરીક્ષણ કર્યું - **સારંગ તોપ**
16. ભારતે જાન્યુઆરી-૨૦૨૦માં કયા સ્થળેથી સારંગ તોપનું સફળ પરીક્ષણ કર્યું - **ખમરિયા રેન્જ જબલપુર**
17. ભારતે જાન્યુઆરી-૨૦૨૦માં સારંગ તોપનું સફળ પરીક્ષણ કર્યું તેની રેન્જ જણાવો - **૪૦ થી ૫૦ કિ.મી.**
18. સારંગ તોપનું નિર્માણ કયાં સ્થળે કરવામાં આવ્યું હતુ - **ઓર્ડિનન્સ ફેક્ટરી કાનપુર**
19. ભારત દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય તબક્કામાં કેટલી સારંગ તોપનું નિર્માણ કરવાનું લક્ષ્યાંક છે – અનુક્રમે 30, ૭૦ અને ૧૦૦
20. સારંગ તોપની મારકક્ષમતા કેટલા કિલોમીટરની છે - **૩૬**
21. બ્લૂ કોર્નર નોટિસ કોના માટે જારી કરવામાં આવે છે - **ભાગેડુ ગુનેગારની શોધખોળ માટે**
22. ગુનાહિત કેસોમાં દોષી ઠરેલા કોઈ વ્યક્તિને શોધવામાં અને હંગામી ધોરણે તેની ધરપકડ કરવા કઈ નોટિસ જારી કરવામાં આવે છે - **રેડ કોર્નર નોટિસ**
23. ખેલો ઈન્ડિયા ગેમ્સ-2020 કયા સ્થળે યોજાઈ - **ગુવાહાટી (આસામ)**
24. ખેલો ઈન્ડિયા ગેમ્સ-2020માં કયુ રાજય સતત બીજા વર્ષે પ્રથમ ક્રમે રહ્યું – **મહારાષ્ટ્ર**
25. ખેલો ઈન્ડિયા ગેમ્સ-2020માં મહારાષ્ટ્ર કેટલા મેડલ સાથે પ્રથમ ક્રમે રહ્યું – **૭૮ ગોલ્ડ, ૭૭ સિલ્વર અને ૧૦૧ બ્રોન્ઝ મેડલ**
26. ખેલો ઈન્ડિયા ગેમ્સ-2020માં ગુજરાત કેટલા મેડલ સાથે કેટલામાં ક્રમે રહ્યું - **૧૬ ગોલ્ડ, ૧૬ સિલ્વર અને ૨૦ બ્રોન્ઝ મેડલ સાથે નવમા ક્રમે**

27. જાન્યુઆરી-૨૦૨૦માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા જમ્મુ કાશ્મીરના વિકાસ માટે કેટલા રૂપિયાનું પેકેજ જાહેર કરાયું - **રૂ. ૮૦ હજાર કરોડ**
28. જાન્યુઆરી-૨૦૨૦માં જીઓલોજી, મિનરલ રિસોર્સ માટે ભારત અને કયા દેશ વચ્ચે કરાર થયા -**બ્રાઝિલ**
29. NITનું વિસ્તૃત નામ જણાવો – **નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી**
30. જાન્યુઆરી-૨૦૨૦માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા NITના કાયમી પરિસરના નિર્માણ માટે વર્ષ-૨૦૨૧ અને વર્ષ-૨૦૨૨ માટે કેટલા ફંડની મંજૂરી આપવામાં આવી - **૪,૩૭૧.૯૦ કરોડ**
31. 71માં પ્રજાસત્તાક દિન પરેડમાં ગુજરાત સરકાર દ્વારા કયો ટેબ્લો રજૂ કરાયો - **પાટણની 'રાણીની વાવ'**
32. 71માં પ્રજાસત્તાક દિન પરેડમાં ગુજરાત સરકાર દ્વારા પાટણની 'રાણીની વાવ'નો જે ટેબ્લો રજૂ કર્યો તેમાં કેટલા કલાકારોએ ભાગ લીધો હતો – **૨૬ કલાકારો**
33. પ્રજાસત્તાક દિન પરેડમાં ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા ટેબ્લો રજૂ કરવામાં આવે છે – **માહિતી ખાતા દ્વારા**
34. પાટણની 'રાણીની વાવ' કઈ સદીમાં બનાવવામાં આવી હતી - **૧૧મી સદી**
35. પાટણની 'રાણીની વાવ' સોલંકી વંશની કઈ રાણીએ પોતાના પતિ રાજા ભીમદેવ પહેલાની સ્મૃતિમાં બનાવેલી હતી - **રાણી ઉદયમતી**
36. બાલશક્તિ પુરસ્કાર-2020 કાર્યક્રમ કયા સ્થળે યોજાયો - **રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી**
37. બાલશક્તિ પુરસ્કાર-2020માં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે કેટલા બાળકોને સન્માનિત કરાયા - **49**
38. રાષ્ટ્રપતિના હસ્તે બાલશક્તિ પુરસ્કારથી કેટલા વર્ષના બાળકોને સન્માનિત કરવામાં આવે છે – **૫ થી ૧૮ વર્ષ**
39. DACનું વિસ્તૃત નામ જણાવો - **ડિફેન્સ એક્વેઝિશન કાઉન્સિલ**
40. ડિફેન્સ એક્વેઝિશન કાઉન્સિલના વર્તમાન અધ્યક્ષ કોણ છે – **સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ**
41. જાન્યુઆરી-૨૦૨૦માં સંરક્ષણ મંત્રાલયે કેટલા રૂપિયાની સૈન્ય સામગ્રી ખરીદીને મંજૂરી આપી - **૫૧૦૦ કરોડ**
42. FDIનું વિસ્તૃત નામ જણાવો– **ફોરેન ડાયરેક્ટ ઈન્વેસમેન્ટ**
43. UNના કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટના અહેવાલ અનુસાર વૈશ્વિક સ્તરે ૨૦૧૯માં એફડીઆઇ કેટલા ટકા ઘટીને કેટલું રહ્યું હતું - **એક ટકા ઘટીને ૧૩૯૦ અબજ ડોલર**
44. કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટના અહેવાલ અનુસાર વર્ષ-૨૦૧૯માં ભારતમાં એફડીઆઇ કેટલા ટકા વધીને કેટલું રહ્યું હતું - **૧૬ ટકા વધીને ૪૯ અબજ ડોલર**
45. કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટના અહેવાલ અનુસાર વર્ષ-૨૦૧૮માં વૈશ્વિક સ્તરે એફડીઆઈ કેટલું હતું - **૧૪૧૦ અબજ ડોલર**
46. ગુજરાતી સાહિત્યકાર આચાર્ય આનંદશંકર ધ્રુવનો જન્મદિવસ જણાવો - **22 જાન્યુઆરી-1869**
47. ગુજરાતી સાહિત્યકાર આચાર્ય આનંદશંકર ધ્રુવે કયા સાહિત્યિક સામયિકોના તંત્રી તરીકે સેવા આપી છે - **"સુદર્શન અને "વસંત"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 23-01-2020



૧. ગુજરાત પોષણ અભિયાન-2020-22 (આરોગ્ય)

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તા. 23 જાન્યુઆરી-2020ના રોજ દાહોદ ખાતેથી ગુજરાત પોષણ અભિયાનનો પ્રારંભ



- ✓ **લક્ષ્યાંક-** બે વર્ષ સુધી પોષણ અભિયાન ચાલશે, વિવિધ કાર્યક્રમો યોજાશે
- ✓ રાજયની ૫૩,૦૦૦થી વધુ આગણવાડીઓમાં તા.૨૫-૦૧-૨૦૨૦ થી તા. ૨૯-૦૧-૨૦૨૦ દરમિયાન પોષણની જાગૃતિ માટે વાતાવરણ નિર્માણ કાર્યક્રમ
- ✓ જીલ્લા પંચાયત સીટ કક્ષાએ તેમજ નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં તા.૩૦-૦૧-૨૦૨૦ થી તા.૦૧-૦૨-૨૦૨૦ દરમ્યાન ૧૩૦૦ જેટલા જનજાગૃતિ કાર્યક્રમો
- ✓ આંગણવાડી કાર્યકરો-આશા વર્કર અને ANM વર્કરને ત્રિવેણી પુરસ્કાર આપવાની ઘોષણા
- ✓ મહિલા અને બાળ વિકાસ મંત્રી - શ્રી ગણપતભાઈ વસાવા
- ✓ રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી - શ્રી વિભાવરી બહેન દવે
- ✓ **આયોજક-** મહિલા અને બાળ વિકાસ, ગુજરાત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નવતર પહેલ : ઈ-વેસ્ટથી ડિઝલ બનાવવાનો રેલવેનો પ્રથમ પ્લાન્ટ શરૂ (પર્યાવરણ)

વિગત અને ફાયદા

- ✓ ઇસ્ટ કોસ્ટ રેલવેએ પોતાનો ઊર્જા પ્લાન્ટ શરૂ કરી દીધો છે. જે 24 કલાક ઇ-વેસ્ટ અને પ્લાસ્ટિકમાંથી ડિઝલ ઓઇલ બનાવશે.
- ✓ તેનાથી રેલવેને વાર્ષિક 17.5 લાખ રૂપિયાની આવક થશે.
- ✓ જ્યારે તેની દેખરેખ પાછળનો ખર્ચ 10.4 લાખ રૂપિયા છે.
- ✓ પોલોફિક ટેક્નિકનો રેલવેનો આ પ્રથમ પ્લાન્ટ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિર્ણય – શત્રુ સંપત્તિ અધિનિયમ : કેન્દ્ર સરકાર

શત્રુ સંપત્તિ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર દુશ્મન દેશની ભારતમાં આવેલી સંપત્તિ વેચીને એક લાખ કરોડ રૂપિયા સરકારી તીજોરીમાં જમા કરશે.

- ✓ દેશમાં કુલ 9400 આવી સંપત્તિ છે અને તેને વેચીને સરકાર રૂ. એક લાખ કરોડની કમાણી કરશે એવી ધારણા છે.
- ✓ સરકારે દુશ્મનોની સંપત્તિ વેચવા ત્રણ ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી, જેની અધ્યક્ષતા ગૃહ મંત્રી અમિત શાહ કરશે.
- ✓ આ સમિતિમાં નાણા મંત્રી નિર્મલા સીતારામન અને પરિવહન મંત્રી નીતીન ગડકરી પણ સામેલ છે.
- ✓ એક સમિતિ કેબિનેટ સચિવ રાજીવ ગૌબાની અધ્યક્ષતામાં પણ બનાવાઈ છે,
- ✓ જ્યારે બીજી સમિતિના અધ્યક્ષ ગૃહ સચિવ અજય ભલ્લા છે.

શત્રુ સંપત્તિ ક્યાં ક્યાં છે?

રાજ્ય-પ્રદેશ	પાકિસ્તાન	ચીન	કિંમત (રૂ.કરોડ)
ઉત્તર પ્રદેશ	૪૯૯૧	-	૮૨૪૪૧.૨૩
પશ્ચિમ બંગાળ	૨૭૩૫	૫૯	૮૭૮.૨૬
દિલ્હી	૪૮૭	૨	૮૧૬.૯૦
આંધ્ર પ્રદેશ	૧૫૯	-	૧૧૬૪૧.૨૦
ગોવા	૨૬૩	-	૧૦૦.૧૦
ગુજરાત	૧૪૬	-	૧૦૦૦

અન્ય રાજ્યોમાં પણ આવી પ્રોપર્ટી છે, પરંતુ તેની સંખ્યા મર્યાદિત છે.

- ✓ ગૃહ મંત્રાલયે આદેશમાં કહ્યું છે કે, શત્રુ સંપત્તિ અધિનિયમ હેઠળ આ નિર્ણય લેવાયો છે.
- ✓ આ સંપત્તિ એ લોકોએ ત્યાગી દીધી છે, જેમણે પાકિસ્તાન કે ચીનનું નાગરિકત્વ લઈ લીધું છે.

૪. LNG ટર્મિનલ : કુદરતી ગેસ



ગુજરાતના મુંદ્રા ખાતે રૂ. 5 હજાર કરોડનું GSPC દ્વારા LNG ટર્મિનલ કાર્યરત કરાયું

વિગત

- ✓ જીએસપીસી દ્વારા મુંદ્રા ખાતે 5 હજાર કરોડના ખર્ચે એલએનજી ટર્મીનલ કાર્યરત કરાયું છે.
- ✓ પાંચ એમએમટીપીએ એલએનજી રીસીવીંગ, સ્ટોરેજ અને રીગેસીફીકેશન ક્ષમતા ધરાવતા આ ટર્મીનલને કારણે ગેસની ઉપલબ્ધતા વધવાથી 30 હજાર કરોડનું રોકાણ રોજગારીઓ વધશે.
- ✓ CNG – કોમ્પિહેન્સિંવ નેચરલ ગેસ
- ✓ GSPC – ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ કોર્પોરેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.જન્મ દિવસ વિશેષ : 23 જાન્યુઆરી

જય હિન્દ : સુભાષચંદ્ર બોઝ



જન્મ – 23 જાન્યુઆરી-1897

અવસાન– 18 ઓગષ્ટ-1945

સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ રાષ્ટ્રપ્રેમ દિવસ તરીકે ઊજવાય છે

- ✓ આજે સુભાષચંદ્ર બોઝનો જન્મદિન છે.
- ✓ ઓરિસ્સાના કટકમાં જન્મેલા સુભાષ કલકતા યુનિ. અને કેમ્બ્રિજમાં ભણ્યા હતા.
- ✓ યુવાવસ્થાથી સ્વામિ વિવેકાનંદ અને મહાન બંગાળી નેતા ચિતરંજન દાસનો તેઓ પર ગાઢ પ્રભાવ હતો.
- ✓ અપ્રિલ ૧૯૨૧મા આઈ.સી.એસ.ની નોકરી છોડી પોતાનું જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું.
- ✓ નેતૃત્વના અફાટ ગુણો તો તેમનામાં ભરેલા જ હતા.
- ✓ તેનો ભરપુર ઉપયોગ આઝાદીના આન્દોલનોમાં કર્યો હતો. અનેક વખત જેલમાં પણ ગયા.
- ✓ ૧૯૩૮મા સુરત જીલ્લામાં હરિપુરામાં કોંગ્રેસના ૫૧મા અધિવેશનમાં પ્રમુખ બન્યા.
- ✓ અધિવેશનમાં આવવા મધ્યપ્રદેશની સરહદથી ગુજરાતમાં પ્રવેશલા

સુભાષબાબુનું ગુજરાતીઓએ જે રીતે ઠેરઠેર સ્વાગત કર્યું તે અભૂતપૂર્વ હતું.

- ✓ અધિવેશનના સ્થળે તેઓને ૫૧ બળદગાડાની સવારી સાથે દોરી જવામાં આવ્યા હતા.
- ✓ આજ સમયે ગુજરાતના હળપતિ આદિવાસીઓની સમસ્યાઓ માટે લડી રહેલા કિસાન સભાવાદીઓ કેટલાક નેતાઓને હવનમાં હાડકા નાંખનારા લાગ્યા અને તેમના સરઘસ પર પ્રતિબંધ મુકવાની વાત કરી તેઓ ખ્યાલ સુભાષબાબુને આવતા તેમણે બાઈજ્જત એ સરઘસને વિઠ્ઠલનગરમાં ઘૂમવાની છૂટ આપી એટલું જ નહિ તેમની સાથે વાર્તાલાપ પણ કર્યો હતો.
- ✓ આવા મુક્ત અભિગમના કારણે ગુજરાતમાં સુભાષ બાબુનો વિશાળ અનુયાયી વર્ગ તૈયાર થયો હતો.
- ✓ નેતાજી સુભાષચંદ્ર બોઝનું ૧૯૪૫માં વિવાદાસ્પદ રીતે અવસાન થયું હતું.
- ✓ માત્ર ૪૮ વર્ષની સુભાષબાબુની રાષ્ટ્રવાદી કારકીર્દિએ આજે પણ તેમના તરફ આપણા આદર અને સન્માન જાળવી રાખ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૧-૨૦૨૦)

1. ગુજરાત પોષણ અભિયાન-2020-22નો પ્રારંભ કોણે કરાવ્યો – **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
2. ગુજરાત પોષણ અભિયાન-2020-22નો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કયાંથી શરૂ કરાવ્યો - **દાહોદ**
3. ગુજરાત પોષણ અભિયાન-2020-22નો પ્રારંભ કયારથી કરાયો - **તા. 23 જાન્યુઆરી-2020**
4. ગુજરાત પોષણ અભિયાન-2020-22નું આયોજન કયા વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે - **મહિલા અને બાળ વિકાસ**
5. ગુજરાત પોષણ અભિયાન-2020-22 અંતર્ગત આંગણવાડી કાર્યકરો-આશા વર્કર અને ANM વર્કરને કયો પુરસ્કાર આપવાની ઘોષણા કરવામાં આવી - **ત્રિવેણી**
6. ગુજરાતના વર્તમાન મહિલા અને બાળ વિકાસ મંત્રીનું નામ જણાવો - **ગણપતભાઈ વસાવા**
7. ગુજરાતના વર્તમાન રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીનું નામ જણાવો - **વિભાવરી બહેન દવે**
8. જાન્યુઆરી-૨૦૨૦માં કયાં મંત્રાલય દ્વારા ઈ-વેસ્ટથી ડિઝલ બનાવવાનો પ્રથમ પ્લાન્ટ શરૂ કરાયો – **રેલવે**
9. ઈ-વેસ્ટથી ડિઝલ બનાવવાના પ્લાન્ટથી રેલવેને વાર્ષિક કેટલા રૂપિયાની આવક થશે - **17.5 લાખ**
10. કેન્દ્ર સરકાર દુશ્મન દેશની ભારતમાં આવેલી સંપત્તિ વેચીને કેટલા રૂપિયા સરકારી તીજોરીમાં જમા કરશે - **એક લાખ કરોડ**
11. કેન્દ્ર સરકાર દ્વારા કયા અધિનિયમ અંતર્ગત દુશ્મન દેશની ભારતમાં આવેલી સંપત્તિ વેચીને સરકારી તીજોરીમાં જમા કરશે - **શત્રુ સંપત્તિ**
12. કેન્દ્ર સરકારે દુશ્મનોની સંપત્તિ વેચવા કેટલી ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી – **ત્રણ**
13. કેન્દ્ર સરકાર દ્વારા દુશ્મનોની સંપત્તિ વેચવા કોની અધ્યક્ષતામાં ત્રણ ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી - **ગૃહ મંત્રી અમિત શાહ**
14. દેશના કયા રાજયમાં દુશ્મન દેશની સંપત્તિ સૌથી વધુ આવેલી છે – **ઉત્તરપ્રદેશ**
15. જાન્યુઆરી-૨૦૨૦માં ગુજરાતના કયા બંદરે LNG ટર્મિનલ કાર્યરત કરાયું - **મુંદ્રા**
16. જાન્યુઆરી-૨૦૨૦માં ગુજરાતના મુંદ્રા બંદરે કોના દ્વારા LNG ટર્મિનલ કાર્યરત કરાયું – **GSPC**

17. જાન્યુઆરી-૨૦૨૦માં ગુજરાતના મુંદ્રા બંદરે GSPC દ્વારા કેટલા રૂપિયાના ખર્ચે LNG ટર્મિનલ કાર્યરત કરાયું - **રૂ. 5 હજાર કરોડ**
18. CNGનું વિસ્તૃત નામ જણાવો – **કોમ્પ્રિહેન્સિવ નેચરલ ગેસ**
19. GSPCનું વિસ્તૃત નામ જણાવો – **ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ કોર્પોરેશન**
20. નેતાજી સુભાષચંદ્ર બોઝનો જન્મ દિવસ જણાવો - **23 જાન્યુઆરી-1897**
21. નેતાજી સુભાષચંદ્ર બોઝનો જન્મદિન કયા દિવસ તરીકે ઊજવાઈ છે - **રાષ્ટ્રપ્રેમ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. કોમા અને બ્રેઈન ડેડ વચ્ચે મુખ્ય શું તફાવત છે ? (આરોગ્ય)



કોમા

- ✓ વ્યક્તિ કોમામાં હોય ત્યારે તેના બચવાની અને તે જીવંત રહેવાની શક્યતાઓ વધારે છે. જ્યારે વ્યક્તિના મગજની ચોક્કસ નસ કે ચેતા ઉપર ઈજા થઈ હોય ત્યારે વ્યક્તિ કોમામાં જઈ શકે છે.
- ✓ ઇન્ટોક્સિકન્ટ્સ, ન્યુરો મક્યુલર રિલેક્સન્ટ, ડિપ્રેસન્ટ ડ્રગ્સ, હાયપોથર્મિયા. જેવા ઘણા કારણો છે જેના કારણે વ્યક્તિ કોમામાં જઈ શકે છે.
- ✓ આ સ્થિતિમાંથી બહાર આવવું શક્ય છે. ઘણી વખત એક કલાક, એક દિવસ, એક મહિનો કે એકાદ કે વધારે વર્ષ વ્યક્તિ કોમમાં રહી હોય અને પાછી ભાનમાં આવી હોય તેવા કિસ્સા સામે આવ્યા છે.

બ્રેઈન ડેડ

- ✓ જ્યારે વ્યક્તિના મગજમાં ગભીર ઈજા થઈ હોય અને સતત રક્તસ્રાવને કારણે મગજના કોષોને નુકસાન થયું હોય તેને બ્રેઇન ડેડ સ્થિતિ ગણી શકાય.
- ✓ આ સ્થિતિમાં વ્યક્તિની બચવાની શક્યતા હોતી નથી. તેના ચેતાતંતુઓ ધીમે ધીમે પોતાના કાર્યો કરતા અટકી જાય છે અને સમગ્ર શરીરનું માળખું ખોરવાઈ જાય છે.
- ✓ આ સંજોગોમાં તેના જાગ્રત અને કાર્યરત અંગોને ઝડપથી જરૂરિયાતમંદ સુધી પહોંચાડી શકાય તે કારણે તેને બ્રેઇન ડેડ જાહેર કરીને ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરવામાં આવે છે.

કેરળ આ મામલે ગાઇડલાઇન સ્વીકારનાર દેશનું પહેલું રાજ્ય

- ✓ દેશમાં આ અંગે નક્કર ગાઇડલાઇન પ્રવર્તતી નથી. ખાસ કરીને દર્દી કોમામાં છે

અથવા તો બ્રેઇન ડેડ છે તેનો તફાવત કેવી રીતે કરવો તે અંગે સ્પષ્ટતા કરવી ફરજિયાત છે.

- ✓ આ દિશામાં કેરળ કામ કર્યું છે. તે દેશનું પહેલું રાજ્ય છે જેણે બ્રેઇન ડેડ સર્ટિફિકેશન મુદ્દે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) સ્વીકારી છે.
- ✓ નાગરિકોમાં જાગૃતિ આવે અને ટ્રાન્સપ્લાન્ટના કિસ્સાઓમાં છેતરપિંડી ન થાય તે આશયથી ૨૦૧૮થી આ પ્રોસિજર લાગુ કરવામાં આવી છે.
- ✓ આ પ્રોસિજર પ્રમાણે ચાર સરકારી ડોક્ટરની પેનલ જે તે વ્યક્તિની મેડિકલ ચકાસણી કર્યા બાદ તેને બ્રેઇન ડેડ જાહેર કરી શકાશે.
- ✓ બીજી સૌથી મોટી શરત એ છે કે, દર્દી ૧૦૦ ટકા કોમામાંથી પાછો ફરી ન શકે તેવી સ્થિતિ હોવી તે સાબિત કરવી.
- ✓ કોમા અથવા તો બ્રેઇન ડેડની સ્થિતિ અંગે યોગ્ય ચિતાર આપવો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ(CPI)–2019



- ✓ વિશ્વના કુલ-180 દેશોમાં પાપો ઈન્ડેસ સાથે ભારત ૪૦માં સ્થાને
- ✓ ગત વર્ષે ભારત 78માં ક્રમે હતુ.
- ✓ ચીન, બેનિન, ઘાના, અને મોરક્કો પણ ૪૦માં સ્થાને
- ✓ WEF-2020ની બેઠકમાં આ અહેવાલ રજૂ કરાયો
- ✓ સંસ્થા- ટ્રાન્સપરેન્સી ઈન્ટરનેશનલ
- ✓ સૌથી ઓછા ભ્રષ્ટ ટોપ-10 દેશો



ભ્રષ્ટાચાર વધવાના તારણો

- ✓ ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલે જણાવ્યું હતું કે, જે દેશોમાં ચૂંટણી અભિયાનોમાં નાણાનો ધોધ મુક્તપણે વહે છે તેવા દેશોમાં ભષ્ટાચાર ઘણો વધ્યો છે.
- ✓ જે દેશોમાં સરકારો ફક્ત અમીરો અને સરકાર તરફી વિદ્વાનોનું જ સાંભળે છે તેવા દેશો વધુ ભ્રષ્ટ બની રહ્યા છે.
- ✓ ભારત અને ઓસ્ટ્રેલિયા જેવા લોકશાહી દેશોમાં પણ અન્યાયી અને અપારદર્શક પોલિટિકલ ફંડિંગ તથા નીતિવિષયક મામલાઓમાં કોર્પોરેટના લોબિંગના કારણે ભ્રષ્ટાચાર પર લગામ કસવામાં નિષ્ફળતા મળી રહી છે.

- ✓ દુનિયાના અગ્રીમ અર્થતંત્રો ધરાવતા દેશો સહિતના બે તૃતીયાંશ દેશોમાં ભ્રષ્ટાચાર વધ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. પ્રધાનમંત્રી બાળ પુરસ્કાર-2020



વિગત

- ✓ દેશનાં ૪૯ બાળકોને જુદાંજુદાં ક્ષેત્રોમાં અસાધારણ કામગીરી કરવા માટે પ્રધાનમંત્રી બાળ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.
- ✓ જેમાં પથી ૧૮ વર્ષનાં બાળકોએ નવા સંશોધન, સમાજસેવા, શિક્ષણ, રમતગમત, આર્ટ અને કલ્ચર તેમજ બહાદુરી માટે પુરસ્કાર મેળવ્યા હતા.
- ✓ આમાં બાળકોને મેડલ, રૂ. ૧ લાખ રોકડા અને સર્ટિફિકેટ તેમજ પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.
- ✓ ICCW દ્વારા આ વર્ષે પાંચ વિશેષ પુરસ્કાર જાહેર કર્યા હતા જેમાં માર્કંડેય એવોર્ડ, ધ્રુવ એવોર્ડ, અભિમન્યુ એવોર્ડ, પ્રહલાદ એવોર્ડ અને શ્રવણ એવોર્ડનો સમાવેશ થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાઈરસ (આરોગ્ય)



- ✓ જર્મન વૈજ્ઞાનિકોએ ચીનમાં ફેલાયેલા વાઈરસને 'નોવેલ કોરોના વાઈરસ' નામ આપ્યું છે
- ✓ ચાઈનીઝ કોબ્રા અને ચાઈનીઝ કેટમાંથી આ વાઈરસ ફેલાયો હોવાનું મનાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નેશનલ બિઝનેસ રજીસ્ટર (NBR)

NATIONAL BUSINESS REGISTER

- ✓ હેતુ- સર્વિસ સેકટરની માહિતી મેળવવા વાર્ષિક સરવે હાથ ધરાશે

વિગત અને પ્રક્રિયા

- ✓ એનઆરસી અને એનપીઆરની કવાયત મધ્યે કેન્દ્ર સરકાર નેશનલ સ્ટેટિસ્ટિકલ બિઝનેસ રજિસ્ટર તૈયાર કરવાની યોજના બનાવી રહી છે.
- ✓ સાતમા ઇકોનોમિક સેન્સસનાં પરિણામોના આધારે દેશના તમામ બિઝનેસ એન્ટરપ્રાઇઝની માહિતી એકઠી કરાશે.
- ✓ રજિસ્ટરમાં ગૂડ્સ અને સર્વિસિઝના પ્રોડક્શન અને ડિસ્ટ્રિબ્યુશન સાથે સંકળાયેલી કંપનીઓને સામેલ કરાશે.
- ✓ નેશનલ બિઝનેસ રજિસ્ટરને પણ જિલ્લાના આધારે વર્ગીકૃત કરાશે.
- ✓ જીએસટી નેટવર્ક, ઇએસઆઈસી, ઈપીએફ અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય પાસેથી મળનારા સત્તાવાર આંકડાના આધારે આ રજિસ્ટરને સતત અપડેટ કરાશે.
- ✓ બિઝનેસની ગણતરીથી આ રજિસ્ટરનું માળખું તૈયાર કરવામાં મદદ મળશે.
- ✓ જીએસટીએન જેવા સરકારી વિભાગો પાસેની માહિતી દ્વારા આ રજિસ્ટરમાં સતત સુધારા થશે.

સંખ્યાબંધ રાજ્યોએ પોતાનું NBR શરૂ કરી દીધું છે

- ✓ રાજસ્થાન રાજ્યમાં આવેલી તમામ કંપનીઓ માટે યુનિક બિઝનેસ રજિસ્ટ્રેશન નંબર ધરાવતું રજિસ્ટર તૈયાર કર્યું છે.
- ✓ અન્ય ઘણા રાજ્યો પણ નેશનલ બિઝનેશ રજિસ્ટર તૈયાર કરવાની દિશામાં આગળ વધી રહ્યાં છે.

નેશનલ બિઝનેસ રજિસ્ટર

કંપનીનું નામ
કંપનીનું સરનામું
માલિકનું નામ
કર્મચારીઓની સંખ્યા
PAN-TANની માહિતી

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ઓક્સફર્ડ ડિક્સનરી 10મી એડિશનમાં નવા 26 ભારતીય શબ્દો સમાવાયા

શબ્દકોશમાં વિશ્વના કુલ-1000 નવા શબ્દો ઉમેરાયા



વિગત

- ✓ ઓક્સફર્ડ ડિક્શનરીની નવી એડિશનમાં ભારતના ૨૬ શબ્દોનો સમાવેશ થયો છે.
- ✓ એમાં નોંધપાત્ર શબ્દો હતા : આધાર, હડતાલ, ચાવલ, ડબ્બા, શાદી.

- ✓ ઓક્સફર્ડની એજ્યુકેશન ડિવિજનના મેનેજિંગ ડિરેક્ટર ફાતિમા દાદાએ જણાવ્યું હતું કે ૨૨ શબ્દોનો એડિશનમાં સમાવેશ કરાયો છે, જ્યારે ચાર શબ્દો ડિજિટલ પ્લેટફોર્મ ઉપર ઉપલબ્ધ છે.
- ✓ ઓક્સફર્ડની વેબસાઈટમાં નવા શબ્દોનો અર્થ અને તેનું ઉચ્ચારણ સાંભળી શકાય એવું પણ ફિચર ઉમેરાયું છે.
- ✓ ડિકશનરીમાં ભારતના શબ્દોની સંખ્યા ૩૮૪ થઈ હતી. ડિક્શનરીની એપમાં ૮૬,૦૦૦ શબ્દો સામેલ થયા છે અને ૨.૩૭ લાખ ઉદાહરણો આપવામાં આવ્યાં છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૧-૨૦૨૦)

1. વ્યક્તિના મગજની ચોક્કસ નસ કે ચેતા ઉપર ઈજા થઈ હોય ત્યારે વ્યક્તિ કઈ સ્થિતિમાં જઈ શકે છે - **કોમામાં**
2. વ્યક્તિના મગજમાં ગંભીર ઈજા થઈ હોય અને સતત રક્તસ્ત્રાવને કારણે મગજના કોષોને નુકસાન થયું હોય તેને કઈ સ્થિતિ ગણી શકાય - **બ્રેઇન ડેડ**
3. કઈ સ્થિતિમાં વ્યક્તિની બચવાની શક્યતા હોતી નથી - **બ્રેઈન ડેડની સ્થિતિમાં**
4. કોમા અને બ્રેઈન ડેડ મામલે ગાઇડલાઇન સ્વીકારનાર દેશના પ્રથમ રાજ્યનું નામ જણાવો - **કેરળ**
5. કેરળ બ્રેઇન ડેડ સર્ટિફિકેશન મુદ્દે કઈ પ્રોસિજર સ્વીકારનારું દેશનું પ્રથમ રાજ્ય બન્યું - **સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)**
6. કેરળ કયા વર્ષથી બ્રેઇન ડેડ સર્ટિફિકેશન મુદ્દે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) સ્વીકાર્યું – **વર્ષ-૨૦૧૮**
7. કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ(CPI)–2019માં કુલ કેટલાં દેશોનો સમાવેશ કરાયો છે – **180**
8. કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ(CPI)–2019માં ભારત કયા સ્થાન પર છે - **80માં સ્થાને**
9. કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ(CPI)–2018માં ભારત કયા સ્થાન પર હતું - 7**8માં સ્થાને**
10. કઈ બેઠકમાં કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ (CPI)–2019 અહેવાલ રજૂ કરાયો–**દાવોસ ખાતેની WEF-2020 બેઠકમાં**
11. કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ(CPI) કઈ સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવે છે - **ટ્રાન્સપરેન્સી ઈન્ટરનેશનલ**
12. કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ(CPI)–2019 મુજબ વિશ્વના સૌથી ભ્રષ્ટ ટોપ-3 દેશના નામ જણાવો – **ડેન્માર્ક, ન્યૂઝીલેન્ડ અને ફિનલેન્ડ**
13. ટ્રાન્સપરેન્સી ઈન્ટરનેશનલના કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સના અહેવાલ મુજબ કોઈ પણ દેશમાં ભ્રષ્ટાચાર વધવાનું સૌથી મોટું કારણ કયુ છે - **ચૂંટણી અભિયાનોમાં નાણાનો ધોધ મુક્તપણે વહેવાને કારણે**
14. પ્રધાનમંત્રી બાળ પુરસ્કાર મેળવનારા વિજેતા બાળકોને શું આપવામાં આવે છે - **મેડલ, રૂ. ૧ લાખ રોકડા અને સર્ટિફિકેટ તેમજ પ્રશસ્તિ પત્ર**
15. ICCW દ્વારા આ વર્ષે કયા પાંચ વિશેષ પુરસ્કાર જાહેર કરાયા હતા – (૧) **માર્કંડેય એવોર્ડ (૨) ધ્રુવ એવોર્ડ (૩) અભિમન્યુ એવોર્ડ (૪) પ્રહલાદ એવોર્ડ અને (૫) શ્રવણ એવોર્ડ**
16. જાન્યુઆરી-૨૦૨૦માં ચીનમાં ફેલાયેલા વાઈરસને 'નોવેલ કોરોના વાઈરસ' નામ કોણે આપ્યું - **જર્મન વૈજ્ઞાનિકોએ**
17. જાન્યુઆરી-૨૦૨૦માં ચીનમાં ફેલાયેલા 'નોવેલ કોરોના વાઈરસ' કોના દ્વારા ફેલાયો હોવાનો અંદાજ છે - **ચાઈનીઝ કોબ્રા અને ચાઈનીઝ કેટમાંથી**
18. NBRનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ બિઝનેસ રજીસ્ટર**
19. નેશનલ બિઝનેસ રજીસ્ટરનો હેતુ જણાવો - **સર્વિસ સેકટરની માહિતી મેળવવા**
20. કયા રાજ્યમાં આવેલી તમામ કંપનીઓ માટે યુનિક બિઝનેસ રજિસ્ટ્રેશન નંબર ધરાવતું રજિસ્ટર તૈયાર કર્યું છે - **રાજસ્થાન**
21. જાન્યુઆરી-૨૦૨૦માં ઓક્સફર્ડ ડિક્સનરીની કેટલામી એડિશન રજૂ કરાઈ - **10**

22. જાન્યુઆરી-૨૦૨૦માં ઓક્સફર્ડ ડિક્સનરીની 10મી એડિશનમાં કેટલા ભારતીય શબ્દો સમાવાયા - **26**
23. જાન્યુઆરી-૨૦૨૦માં ઓક્સફર્ડ ડિક્સનરીની 10મી એડિશનમાં વિશ્વના કુલ કેટલા નવા શબ્દો ઉમેરાયા - **1000**
24. જાન્યુઆરી-૨૦૨૦માં ઓક્સફર્ડ ડિક્સનરીની 10મી એડિશનમાં સમાવિષ્ટ ૨૬ નવા ભારતીય શબ્દો પૈકી નોંધપાત્ર શબ્દો જણાવો – **આધાર, હડતાલ, ચાવલ, ડબ્બા, શાદી**
25. ઓક્સફર્ડ ડિકશનરીમાં ભારતના શબ્દોની સંખ્યા કેટલી છે - ૩૮૪
26. ઓક્સફર્ડ ડિક્શનરીની એપમાં કેટલા શબ્દો સામેલ થયા છે - ૮૬,૦૦૦

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 25-01-2020



૧. પદ્મ પુરસ્કાર 2020 : 71મું પ્રજાસત્તાક પર્વ 26 જાન્યુઆરી 2020ની પૂર્વ સંધ્યાએ કેન્દ્ર સરકાર દ્વારા પદ્મ પુરસ્કાર-2020 જાહેર કરાયા

- ✓ પદ્મવિભુષણ - 07
- ✓ પદ્મભુષણ - 16
- ✓ પદ્મશ્રી - 118

.....

કુલ - 141



પદ્મવિભૂષણ વિજેતા

7 વ્યક્તિઓને પદ્મ વિભૂષણથી સન્માનિત

નામ	ક્ષેત્ર	પ્રદેશ/દેશ
જ્યોર્જ ફર્નાન્ડિઝ(મરણાપરાંત)	પૂર્વ સંરક્ષણમંત્ર	દિલ્હી
અરુણ જેટલી (મરણાપરાંત)	પૂર્વ નાણામંત્રી	દિલ્હી
અનિરુદ્ધ જગન્નાથ જનકલ્યાણ	ભારતીય મૂળના વિદેશી	મોરેશિયસ
એમસી મેરીકોમ	રમત	મણિપુર
છન્નુલાલ મિશ્રા	ઠુમરી ગાયક	ઉત્તર પ્રદેશ
સુષમા સ્વરાજ (મરણાપરાંત)	પૂર્વ વિદેશમંત્રી	દિલ્હી
વિશ્વતીર્થ સ્વામી શ્રી પેજાવર અધોક્ષજા મઠ ઉડુપી (મરણાપરાંત)	આધ્યાત્મ ગુરુ	કર્ણાટક

પદ્મભૂષણ વિજેતા

પદ્મભૂષણ(16)

1. એમ મુમતાજ અલી- આધ્યાત્મિક ગુરુ , કેરળ
2. સૈયદ મુઝફ્ફમ અલી (મરણોપરાંત)-બાંગ્લાદેશ
3. મુજફ્ફર હુસૈન બેગ, જમ્મુ-કાશ્મીર
4. અજય ચક્રવર્તી- કળા પશ્ચિમ બંગાળ
5. મનોજ દાસ - સાહિત્ય અને શિક્ષણ, પુડુચેરી
6. બાલકૃષ્ણ દોષી - વાસ્તુકાર, ગુજરાત
7. કૃષ્ણમ્મલ જગન્નાથ, તમિલનાડુ
8. એસસી જમીર, નાગાલેન્ડ
9. અનિલ પ્રકાશ જોશી, ઉત્તરાખંડ
10. શેરિંગ લેન્ડોલ- મેડિસિન , લદ્દાખ
11. આનંદ મહિન્દ્રા- ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી , મહારાષ્ટ્ર
12. નીલાકાંતા રામકૃષ્ણ માધવ મેનન (મરણાપરાંત), કેરળ
13. મમનોહર પર્રિકર (મરણોપરાંત) -પૂર્વ સીએમ, ગોવા
14. જગદીશ સેઠ- સાહિત્ય અને શિક્ષણ , અમેરિકા
15. પીવી સિંધુ -રમત, તેલંગાણા
16. વેણુ શ્રીનિવાસન- વેપાર અને ઉદ્યોગ, તમિલનાડુ

પદ્મશ્રી વિજેતા

પદ્મશ્રી

ક્રમ	નામ	ક્ષેત્ર	રાજ્ય/દેશ
24	ગુરુ શશધર આચાર્ય	આર્ટ	ઝારખંડ
25	ડો. યોગી એરોન	મેડીસીન	ઉત્તરાખંડ
26	શ્રી જય પ્રકાશ અગ્રવાલ	વેપાર	દિલ્હી
27	શ્રી જગદીશ લાલ આહુજા	સમાજસેવા	પંજાબ
28	કાઝી માસુમ અખ્તર	સાહિત્ય	પ. બંગાળ
29	સુશ્રી ગ્લોરિયા એરિરિયા	સાહિત્ય	બ્રાઝિલ
30	ખાન ઝહીરખાન બશ્તિયારખાન	સ્પોર્ટસ	મહારાષ્ટ્ર
31	ડો. પદ્માવતી બંદોપાધ્યાય	મેડીસીન	ઉત્તર પ્રદેશ
32	ડો. સુશોવન બેનરજી	મેડીસીન	પ. બંગાળ
33	ડો. દિગમ્બર બહેરા	મેડીસીન	ચંડીગઢ
34	ડો. દમયંતી બેશરા	સાહિત્ય	ઓડીશા
35	શ્રી પવાર પોપટરાવ ભગુજી	સમાજસેવા	મહારાષ્ટ્ર
36	શ્રી હિંમત રામ ભામ્બુ	સમાજસેવા	રાજસ્થાન
37	શ્રી સંજીવ ભીખચંદાની	વેપાર	ઉત્તર પ્રદેશ
38	શ્રી ગફુરભાઇ એમ. બિલખીયા	વેપાર	ગુજરાત
39	શ્રી બોબ બ્લેકમેન	પબ્લિક અફેર્સ	યુકે
40	સુશ્રી ઇન્દિરા પી પી બોરા	આર્ટ	આસામ
41	શ્રી મદન સિંહ ચૌહાણ	આર્ટ	છત્તીસગઢ
42	સુશ્રી ઉષા ચૌમાર	સમાજસેવા	રાજસ્થાન
43	શ્રી લિલબહાદુર છેત્રી	સાહિત્ય	આસામ
44	સુશ્રી લલિતા અને સુશ્રી સરોજા	આર્ટ	તામિલનાડુ
45	ડો. વજિરા ચિત્રસેન	આર્ટ	શ્રીલંકા
46	ડો. પુરૂષોત્તમ દધીચી	આર્ટ	મધ્યપ્રદેશ
47	શ્રી ઉત્સવ ચરણદાસ	આર્ટ	ઓડિશા
48	પ્રો. ઇન્દ્ર દસાનાયકે મરણોત્તર	સાહિત્ય	શ્રીલંકા
49	શ્રી સંઘ એમ દેસાઈ	સાહિત્ય	ગુજરાત
50	શ્રી મનોહર દેવદોસ	આર્ટ	તામિલનાડુ
51	સુશ્રી ઓઈનમ બેમ્બેમ દેવી	સ્પોર્ટસ	મણીપુર
52	સુશ્રી સિઆ દિસ્કિન	સમાજસેવા	બ્રાઝિલ
53	શ્રી જેમ પી ગણેશ	સ્પોર્ટસ	કર્ણાટક
54	ડો. બેંગલોર ગંગાધર	મેડીસીન	કર્ણાટક
55	ડો. રામન ગંગાખેડકર	સાયન્સ	મહારાષ્ટ્ર
56	શ્રી બેરી ગાર્ડીનર	પબ્લિક અફેર્સ	યુકે
57	શ્રી ચેવાંગ મોટુપ ગોબા	વેપાર	લદાખ
58	શ્રી ભરત ગોયેન્કા	વેપાર-ઉદ્યોગ	કર્ણાટક
59	શ્રી વાદલા ગોપાલરાવ	આર્ટ	આંધ્રપ્રદેશ
60	શ્રી ભિગાભાનુ ગૌન્ટીયા	આર્ટ	ઓડિશા
61	સુશ્રી તુલસી ગોવડા	સમાજસેવા	કર્ણાટક
62	શ્રી સુજોય કે ગુહા	સાયન્સ	બિહાર
63	મિસ. હરકેલા હજાબ્બા	સામાજિક કાર્ય	કર્ણાટક
64	ઇનામુલ હક	આર્કિયોલોજી	બાંગ્લાદેશ
65	મધુ મંસુરી હસમુખ	આર્ટ	ઝારખંડ
66	અબ્દુલ જબ્બાર (મરણોત્તર)	સામાજિક કાર્ય	મધ્ય પ્રદેશ
67	બિમલ કુમાર જૈન	સામાજિક કાર્ય	બિહાર
68	મિસ. મિનાક્ષી જૈન	સાહિત્ય	દિલ્હી
69	નેમનાથ જૈન	ટ્રેડ-ઇન્ડસ્ટ્રી	મધ્ય પ્રદેશ
70	મિસ શાંતિ જૈન	આર્ટ	બિહાર
71	સુધીર જૈન	સાયન્સ	ગુજરાત
72	બેનીચંદ્ર જમાતિયા	સાહિત્ય	ત્રિપુરા
73	સંપથ કુમાર અને મિસ વિદુષી	સાહિત્ય	કર્ણાટક
74	ડો. લીલા જોશી	મેડિસિન	મધ્ય પ્રદેશ
75	સી. કામલોવા	સાહિત્ય	મિઝોરમ
76	ડો. રવિ કન્નન આર.	મેડિસિન	આસામ
77	યઝદી નોશીરવાન કરંજીયા	આર્ટ	ગુજરાત
78	નારાયણ જે. જોશી કરાયલ	સાહિત્ય	ગુજરાત
79	ડો. નરીન્દર નાથ ખન્ના	મેડિસિન	ઉત્તર પ્રદેશ
80	નવીન ખન્ના	સાયન્સ	દિલ્હી
81	એસ. પી. કોઠારી	સાહિત્ય	અમેરિકા
82	વી. કે. મુનુસામી કૃષ્ણપાત્તર	આર્ટ	પોંડિચેરી
83	એમ. કે. કુન્જોલ	સામાજિક	કેરળ
84	મનમોહન મહાપાત્રા (મરણોત્તર)	કલા	ઓડિશા
85	ઉસ્તાદ અનવરખાન માંગનીયાર	કલા	રાજસ્થાન
86	કટ્ટુંગલ સુબ્રમણિયમ	વિજ્ઞાન	કેરળ
87	મુન્ના માસ્ટર	કલા	રાજસ્થાન
88	અભિરાજ મિશ્રા	સાહિત્ય	હિમાચલ
89	બિનાપાની મોહન્તી	સાહિત્ય	ઓડિશા
90	અરુણોદય મોંડલ	મેડિસીન	પ. બંગાળ
91	પૃથ્વિન્દ્ર મુખરજી	સાહિત્ય	ફ્રાન્સ
92	સત્યનારાયણ મુંડેયુર	સમાજસેવા	અરુણાચલ
93	મણિલાલ નાગ	કલા	પ. બંગાળ
94	એન.ચંદ્રશેખરન નાયર	સાહિત્ય	કેરળ
95	ડો. તેત્સુ નાકામુરા (મરણોત્તર)	સમાજસેવા	અફઘાનિસ્તાન
96	શિવદત્ત નિર્મોહી	સાહિત્ય	જમ્મુ-કાશ્મીર
97	પી એલ પાચુઉ	પત્રકારત્વ	મિઝોરમ
98	મુઝિક્કલ પંકજક્ષી	કલા	કેરળ
99	ડો. પ્રસાન્તાકુમાર પટનાયક	સાહિત્ય	યુએસએ

100	જોગેન્દ્રનાથ કુકન	સાહિત્ય	આસામ
101	રાહીબાઇ પોપેરે	કૃષિ	મહારાષ્ટ્ર
102	યોગેશ પ્રવીણ	સાહિત્ય	ઉત્તરપ્રદેશ
103	બિંદુ રાય	રમત	ઉત્તરપ્રદેશ
104	તરૂણદીપ રાય	રમત	સિક્કિમ
105	એસ રામકિશ્નન	સમાજસેવા	તામિલનાડુ
106	રાણી રામપાલ	રમત	હરિયાણા
107	દલવઇ અલાપતિ રાવ	કલા	આંધ્રપ્રદેશ
108	શાહબુદ્દિન રાઠોડ	સાહિત્ય	ગુજરાત
109	કલ્યાણસિંહ રાવત	સમાજસેવા	ઉત્તરાખંડ
110	ચિન્તાલા વેંકટ રેડ્ડી	કૃષિ	તેલંગણા
111	ડૉ શાંતિ રોય	મેડિસીન	બિહાર
112	રાધામોહન અને સાબરમતી	કૃષિ-પશુપાલન	ઓડિશા
113	બટાકૃષ્ણ સાહૂ	પશુપાલન	ઓડિશા
114	ટ્રિનિટી સાહઉ	કૃષિ	મેઘાલય
115	વિજય સંકેશ્વર	ઉદ્યોગ	કર્ણાટક
116	ડૉ કુશાલ સરમા	મેડિસિન	આસામ
117	સૈયદ મેહમૂદ કાદરી	સમાજસેવા	મહારાષ્ટ્ર
118	મોહમ્મદ શરિફ	સમાજસેવા	ઉત્તરપ્રદેશ
119	શ્યામસુંદર શર્મા	કલા	બિહાર
120	ડૉ. ગુરદીપ સિંહ	મેડિસિન	ગુજરાત
121	રામજી સિંહ	સમાજસેવા	બિહાર
122	વશિષ્ઠ નારાયણ સિંહ (મરણોત્તર)	વિજ્ઞાન	બિહાર
123	દયાપ્રકાશ સિંહા	કલા	ઉત્તરપ્રદેશ
124	ડૉ. સેન્દ્રા ડિસા સીઝા	મેડિસિન	મહારાષ્ટ્ર
125	વિજયસારથિ શ્યામસ્યમ	સાહિત્ય	તેલંગણા
126	કાલી સાબી-શેખ મેહબૂબ	કલા	તામિલનાડુ
127	જાવેદ અહમદ તાક	સમાજસેવા	જમ્મુ-કશ્મીર
128	પ્રદીપ થાલાપ્પિલ	વિજ્ઞાન	તામિલનાડુ
129	વાય ડી યોંગજુ	સાહિત્ય	અરુણાચલ
130	રોબર્ટ થુરમેન	સાહિત્ય	યુએસએ
131	એ આઇ ઉદયન	સમાજસેવા	ઇન્ડોનેશિયા
132	હરિશચંદ્ર વર્મા	વિજ્ઞાન	ઉત્તરપ્રદેશ
133	સુંદરમ વર્મા	સમાજસેવા	રાજસ્થાન
134	ડૉ. રામેશ વાહ્યાની	ઉદ્યોગ	યુએસએ
135	પ્રેમ વાત્સા	વેપાર	કેનેડા

આ સિવાય મહારાષ્ટ્રથી કલા ક્ષેત્રમાં : સરિતા જોશી, સુરેશ વાડકર, અદનાન સામી, કંગના રનૌત, એકતા કપૂર, કરણ જોહરને પદ્મશ્રીનું સન્માન.

✓ સન્માન મેળવનાર 34 મહિલા અને 18 વિદેશી

કુલ આઠ ગુજરાતીને સન્માન



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના વાઈરસ : ચીનમાં વાઇરસનો ભોગ બનનાર પ્રથમ ભારતીય શિક્ષિકા પ્રીતિ માહેશ્વરી

✓ સ્થાન – શેનઝેન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ગુજરાત સરકારની સિદ્ધિઓ-ઉપલબ્ધીઓ

કૃષિ વિકાસદર બે અંકોમાં ગુજરાત બન્યું અગ્રણી

✓ "સર્વગ્રાહી સિંચાઈ નીતિ"ના લીધે રાજ્યમાં કૃષિ વિકાસનો દર વધીને લગભગ બે અંકોમાં પહોંચ્યો. કપાસ-મગફળી-દિવેલા-

બટાટા અને ઈસબગુલની ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે રહ્યું.

પહેલા ઉત્પાદન, પછી મંજૂરી : નાના-લઘુ ઉદ્યોગ ક્ષેત્રે હરણફાળ

- ✓ "ફર્સ્ટ પ્રોડક્શન, ધેન પરમિશન"ની નીતિ સાથે ગુજરાત MSME ક્ષેત્રમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪,૮૩,૩૬૩ એકમો સાથે, તીવ્રતાથી વિકાસ કરી રહ્યું છે.

રોજગારી આપવામાં પણ ટોચે છે, ગુજરાત

- ✓ રોજગાર વિનિમય કચેરીના આંકડાઓ અનુસાર દેશના તમામ રાજ્યોની સરખામણીમાં ૮૧% સાથે ગુજરાત ટોચે છે.
- ✓ "સ્ટાર્ટ અપ" માટે જરુરી લોન આપીને યુવાનોને રોજગારી આપવાના રેન્કિંગમાં પણ ગુજરાત આગળ પડતું છે.

જળ નિયમનમાં પણ ગુજરાત પાણીદાર !

- ✓ જળ નિયમન-વ્યવસ્થાપન ક્ષેત્રે સતત ત્રીજા વર્ષે નીતિ આયોગના Comprehensive Water Management Index (CWMI)માં પ્રથમ.
- ✓ "સુજલામ્ સુફલામ્ યોજના" દ્વારા ૨૩૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ કરવાની સાથે સાથે રાજ્યએ ૧૬૦ નાના-મોટા નગરો અને ૧૦,૦૦૦થી વધુ ગામડાઓને પાણી પૂરું પાડ્યું.
- ✓ આ સાથે દરિયાઈ પાણીને પીવાલાયક શુદ્ધ પાણી બનાવવાના પાંચ નવા ડિસેલિનેશન પ્લાન્ટ્સ પણ ટૂંક સમયમાં અમલી બનશે.

"આયુષ્યમાન ભારત" ગુજરાતની તંદુરસ્તી અગ્રીમ હરોળમાં

- ✓ લગભગ ૮.૫ લાખ લાભાર્થીઓ અને રૂ.૧૪૦૦ કરોડથી વધુના ખર્ચ સાથે ગંભીર બીમારી જેવી કે કેન્સર, હૃદયરોગ, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ સહિતની સારવાર માટેની યોજના.
- ✓ "આયુષ્યમાન ભારત" (પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના)ના અમલીકરણમાં પણ ગુજરાત અગ્રીમ હરોળમાં રહ્યું છે.

અહીં પણ અગ્રેસર છે, ગુજરાત

- ✓ કાર્ગો હેન્ડલિંગમાં એક્સપોર્ટ.
- ✓ સૂર્યઊર્જાથી વીજળી પેદા કરવામાં ઓનલાઇન ગવર્નન્સ
- ✓ પરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં ટપક સિંચાઈમાં
- ✓ CM ડેશબોર્ડ કાર્યક્ષમતાનું નવું સોપાન
- ✓ રાજ્યના ૨૬ વિભાગો અને જિલ્લા કચેરીઓના કામ પર ૩૪૦૦ ઇન્ડિકેટર્સ દ્વારા મુખ્યમંત્રીની સીધી નજર
- ✓ ઔધોગિક રોકાણ ગુજરાત અવ્વલ

કુલ FDIમાંથી

- ✓ ગુજરાત 51 %
- ✓ દેશના અન્ય રાજયો 49 %
- ✓ ગત નાણાકીય વર્ષના (૨૦૧૯-૨૦૨૦) પ્રથમ છ માસમાં જ રૂ.૨૬૦૦૦ કરોડના વિદેશી મૂડી રોકાણ (FDI) સાથે ઔદ્યોગિક રોકાણ કરવા માટે ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યું છે.
- ✓ દેશમાં થતા કુલ ઔદ્યોગિક મૂડીરોકાણની સરખામણીએ ૫૧% "ઈન્ડસ્ટ્રીઅલ

એન્ત્રોપ્રોનીઅર મેમોરેન્ડમ (IEMs)" તો માત્ર ગુજરાતમાં જ થયા .

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. અમલ - કેન્દ્ર સરકાર (વહીવટ)

✓ દમણ ત્રણ સંઘનું વડુમથક જાહેર



વિગતવાર

✓ સંઘપ્રદેશ દાદરા નગર હવેલી, દમણ તથા દીવ પ્રશાસનના એકીકરણ બાદ તેના મુખ્ય મથકને લઈને ચાલતી અટકળોનો અંત આવ્યો હતો.

✓ સરકારના નિર્ણય મુજબ આ ત્રણેય પ્રદેશોનું મુખ્ય મથક હવે દમણ રહેશે.

✓ ૨૦૧૮ના નવે. ડિસેમ્બર માસમાં લોકસભા તથા રાજય સભામાં દમણ, દીવ તથા દા.ન.હ.ના પ્રશાસનના વિલીનીકરણ અંગે બિલ પસાર થયુ હતુ.

✓ દરમિયાનમાં સંઘપ્રદેશ દમણ-દીવ અને દાદરા નગરહવેલીનાં આગામી ૨૬ જાન્યુઆરીથી એકીકરણ બાદ પ્રદેશની રાજધાની દમણ રહેશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નીતિ આયોગ - સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગ્રોલ ઈન્ડેક્સ 2020 (આરોગ્ય)



વિગતવાર સ્થિતિ

✓ પ્રતિ દસ હજારે કુલ ડૉકટર્સ

✓ નર્સીસ, મીડ વાઇવ્સનું પ્રમાણ ગુજરાતમાં ૯૬ છે, જ્યારે અખિલ ભારતીય સરેરાશ ૮૩ છે.

✓ ગુજરાતે ૬૧ ઇન્ડેક્સ સ્કોર નક્કી કર્યો છે, જ્યારે દેશે ૬૧ સ્કોર નક્કી કર્યો છે.

✓ ગુજરાતમાં પ્રતિ હજારે માતા મૃત્યુદર ૮૭ છે, જ્યારે આ દર આંધ્રમાં ૭૪, ઝારખંડમાં ૭૬, કેરળમાં ૪૨, મહારાષ્ટ્રમાં ૫૫, તામિલનાડુમાં ૬૩, તેલંગણામાં ૭૬ છે.

✓ આમાં દેશમાં સરેરાશ ૭૦નો ગોલ નક્કી કરાયો છે.

✓ ગુજરાતના દવાખાનાઓમાં થતી પ્રસૂતિના મોટા દરમાં દાવો કરે છે, દસ હજારે માત્ર ૬૬ પ્રસૂતિ જ રાજ્યમાં દવાખાનામાં થાય

છે, જ્યારે પાર્ડિચરીમાં ૧૫૧.૨, ચંડીગઢમાં ૧૧૪.૪નો દર છે.

- ✓ નીતિ આયોગનો રિપોર્ટ કહે છે કે, પ્રત્યેક ૧,૦૦૦ જન્મ લેતાં બાળકોમાં ગુજરાત ખાતે મૃત્યુદર ૪૪ છે, જ્યારે આસામમાં ૫૭, બિહારમાં ૫૮, છત્તીસગઢમાં ૬૪, ઝારખંડમાં ૫૪, મધ્યપ્રદેશમાં ૬૫, મિઝોરમમાં ૪૬, ઓડિસામાં ૪૮, રાજસ્થાનમાં ૫૧, ઉત્તરપ્રદેશમાં ૭૮નો દર છે, જ્યારે દેશનો સરેરાશ ૫૦નો દર છે.
- ✓ રસીકરણની બાબતમાં ગુજરાતનો દર ૫૯.૬ છે, જ્યારે બિહારમાં ૪૮.૧નો દર છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. મ્યાનમાર : સૌથી મોટા મહામુનિ પેગોડા પર્વની સાથે વાર્ષિક ઉત્સવનો પ્રારંભ



- ✓ પ્રસિદ્ધ બૌદ્ધ મંદિરોમાં વર્ષે 60 જેટલા ઉત્સવ મનાવાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. 3જી કોન્ફરન્સ ઓન સ્માર્ટ સિટી 2020 : સ્થાન – વિશાખાપટ્ટનમ

Smart Cities India

વિગતો

- ✓ સ્માર્ટ સિટી મિશન એવોર્ડ સ્પર્ધા 2019 હેઠળ પ્રથમ રાઉન્ડમાં અમદાવાદની બેસ્ટ પર્ફોમન્સ શહેર તરીકે પસંદગી

100માંથી TOP-20 સ્માર્ટ સિટીને સિસ્ટર સિટી પસંદ કરાશે

- ✓ દેશના 100 સ્માર્ટ સિટીમાં ઉત્તમ પ્રદર્શન કરનારા ટોપ 20 શહેરને દેશના સૌથી પછાત શહેરોને સ્માર્ટ બનાવવાની જવાબદારી સોંપવામાં આવશે.
- ✓ વિશાખાપટ્ટનમમાં આયોજિત ત્રીજી કોન્ફરન્સ ઓન સ્માર્ટ સિટીમાં આ નિર્ણયની જાહેરાત કરાઈ હતી

ગુજરાતમાં અમદાવાદ વડોદરા પણ સ્માર્ટ સિટીઝમાં સામેલ

- ✓ ટોપ સ્માર્ટ સિટીમાં સુરત, અમદાવાદ, વડોદરા, વિશાખાપટ્ટનમ, રાંચી, ભોપાલ, ઈન્દોર, આગરા, પૂણે, વારાણસી, ઉદયપુર, નાગપુર, તિરપુર, કાનપુર, વેલ્લોર વગેરે શહેર સામેલ છે.

- ✓ જ્યારે સૌથી પછાત શહેરોમાં શિલોંગ, ગુવાહાટી, ઈટાનગર અને કાવારત્તી જેવા શહેરોનો સમાવેશ કરાયો છે.

કોન્ફરન્સ ઓન સ્માર્ટ સિટીમાં લેવાયેલા અન્ય નિર્ણયો

- ✓ આ વર્ષે મ્યુનિસિપલ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ પણ જારી થશે. એ માટે નગર નિગમ સ્તરની સર્વિસ, ફાઈનાન્સ, પ્લાનિંગ, ટેકનિક અને ગવર્નન્સને આધાર તરીકે લેવાશે.
- ✓ સ્માર્ટ સિટીનો ડેટા મેચ્યોરિટી એસેસમેન્ટ ફ્રેમવર્ક પણ તૈયાર થશે. ત્યાર પછી ડેટા એનાલિસિસના આધારે મુશ્કેલીઓના ઉકેલ લાવવામાં આવશે .
- ✓ કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. વૈશ્વિક સંબંધો- ભારત અને બ્રાઝિલ વચ્ચે ટેકનોલોજી અને પાવર સહિતના ક્ષેત્રોમાં 15 કરાર

- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેરોમ બોલસીનારો વચ્ચે દ્વીપક્ષીય વાટાઘાટો

સમજૂતી કરારના વિવિધ ક્ષેત્રો

- ✓ ભારત અને બ્રાઝીલ વચ્ચે જૈવ ઊર્જા સહયોગ અંગે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા હતા.
- ✓ આ સિવાય ફૂડ અને નેચરલ ગેસના ક્ષેત્રમાં સહયોગ માટે પણ એમઓયુ પર હસ્તાક્ષર કરાયા હતા.
- ✓ બંને દેશ વચ્ચે રોકાણ સહયોગ અને સુવિધા સંધીની પણ જાહેરાત કરાઈ હતી અને ગૂનાહિત કેસોમાં પારસ્પરિક કાયદાકીય સહયોગ અંગે પણ બંને દેશ વચ્ચે સમજૂતી થઈ હતી.
- ✓ સ્વાસ્થ્ય અને ઔષધિના ક્ષેત્રમાં પણ સહયોગ વધારવા અંગે બંને દેશોમાં એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- ✓ આ કરારો મુજબ ભારત અને બ્રાઝિલે પારંપરિક ઔષધી વ્યવસ્થા અને હોમિયોપેથીના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે પણ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.
- ✓ બંને દેશોએ ૨૦૨૦ થી ૨૦૨૪ની સમય મર્યાદા માટે સાંસ્કૃતિક આદાન પ્રદાનની પણ જાહેરાત કરાઈ હતી.
- ✓ આ સિવાય સામાજિક સલામતીના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે એમઓયુ કરાયા હતાં.
- ✓ બંને દેશોએ આંતરરાષ્ટ્રીય આતંકવાદનો સામનો કરવા માટે પણ કરાર કર્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. રાષ્ટ્રપતિ ચંદ્રક : ગુજરાત પોલીસ

- ✓ 26મી જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ જાહેર

મેડલની વિગત

(૧) વિશિષ્ટ સેવા મેડલ

✓ CID ક્રાઈમના AD-DGP ડૉ.શમસેરસિંઘ

✓ DYSP શ્રી કે.ટી. કામરીયા

(૨) પ્રસંશનીય સેવા મેડલ

✓ કુલ-17 કર્મચારી-અધિકારીઓની પસંદગી

(3) જીવનરક્ષક પદક

✓ પાંચ પોલીસ જવાનોને ગૃહ મંત્રાલયનો જીવનરક્ષા પદક તે પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાને રાષ્ટ્રપતિ મેડલની સાથે ગૃહમંત્રાલય દ્વારા પોતાની જીંદગી જોખમમાં મુકીને જીવ બચાવનાર પોલીસ જવાનોને જીવનરક્ષા મેડલ પણ જાહેર કરવામાં આવ્યા છે.

✓ જેમાં રાજકોટના પીએસઆઈ પ્રણવીરસિંહ ચંદનસિંહ સરવૈયા, ભરૂચ જિલ્લાના પોલીસ કોન્સ્ટબલ શ્રવણકુમાર ચંદ્રભાઈ વસાવા, ફીરોજભાઈ ફિજીભાઈ મુલતાની, દિનેશભાઈ નરસીભાઈ વસાવા અને મોરબી જિલ્લાના પોલીસ કોન્ટેબલ પૃથ્વીરાજસિંહ રણજીતસિંહ જાડેજાને જીવનરક્ષા પદક જાહેર થયો છે.

(૪) હોમગાર્ડ મેડલ

✓ ૨૬મી જાન્યુઆરી-૨૦૨૦ પ્રજાસત્તાક દિનને વ્યકિતગત હિંમત તથા શૌર્યના કાર્ય બદલ ૪ હોમગાર્ડના જવાનોને રાજ્યપાલના ચન્દ્રકો તથા લાંબી પ્રશંસનીય વિશિષ્ટ સેવા બદલ મુખ્યમંત્રીના ૪૬ ચન્દ્રકો જાહેર કરવામાં આવ્યા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. શૌર્ય એવોર્ડ : કેન્દ્ર સરકાર



કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ કુલ-290 શૌર્ય એવોર્ડ જાહેર કરાયા

✓ જમ્મુ કાશ્મીર પોલીસને સૌથી વધુ 108 શૌર્ય મેડલ તથા CRPFને 78 મેડલ અપાયા

✓ ગુજરાત કેડરના વરિષ્ઠ IPS અતુલ કરવાલને 'પોલીસ મેડલ ફોર ગેલેન્ટરી' એનાયત

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. 10મો રાષ્ટ્રીય મતદાતા દિવસ

તારીખ 25 મી જાન્યુઆરી 2020

"ELECTORAL LITERACY FOR STRONGER DEMOCRACY"

- ✓ રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે
- ✓ પ્રથમ પ્રારંભ - વર્ષ 2011થી
- ✓ થીમ વર્ષ-2020 - મજબૂત લોકશાહી માટે મતદાર સાક્ષરતા **(Electroal literacy for Stronger Democracy)**
- ✓ **મહત્વ-** ભારતીય ચૂંટણી પંચનો સ્થાપના દિવસ 25 જાન્યુઆરી 1950
- ✓ **હેતુ-** કોઈ પણ મતદાર રહી ન જાય
- ✓ ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશનર(CEO) - ડૉ. એસ. મુરલી કિષ્ણા
- ✓ રાષ્ટ્રીય હેલ્પ લાઈન નંબર-1950
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૨. દિન વિશેષ:તારીખ 24 જાન્યુઆરી રાષ્ટ્રીય બાલિકા દિવસ



.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૧-૨૦૨૦)

1. તાજેતરમાં 26મી જાન્યુઆરીએ કેટલામો પ્રજાસત્તાક પર્વ ઉજવાયો- **71મો**
2. ભારતમાં 25મી જાન્યુઆરી 2020ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા કુલ કેટલા પદ્મ પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે- **141**
3. ભારતમાં 25 મી જાન્યુઆરી 2020ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા કયા કયા અને કેટલા પદ્મ પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે- **પદ્મવિભૂષણ- 07, પદ્મભૂષણ- 16 અને પદ્મશ્રી- 118**
4. ભારત સરકાર દ્વારા 26 જાન્યુઆરી 2020ના રોજ કેટલા ગુજરાતીઓને કયા કયા પુરસ્કાર એનાયત કરાયા- **કુલ -8 જેમાં 01 પદ્મભૂષણ અને 07 પદ્મશ્રી**
5. ભારત સરકાર દ્વારા 26 જાન્યુઆરી 2020ના રોજ કયા 8 ગુજરાતીઓને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરાયા અને તેમનું ક્ષેત્ર જણાવો – **(૧) ગફૂરભાઇ એમ બિલાખિયા, ટ્રેડ એન્ડ ઇન્ટસ્ટ્રી (૨) એચ.એમ. દેસાઇ, સાહિત્ય-શિક્ષણ (૩) સુધીર જૈન, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ (૪) વાય એન કરંજિયા, કળા (૫) નારાયણ જે જોશી કારાયાલ (૬) સાહિત્ય-શિક્ષણ, શાહબુદ્દીન રાઠોડ સાહિત્ય-શિક્ષણ (૭) ડૉ.ગુરદીપ સિંહ, મેડિસીન અને (૮) પદ્મભૂષણ: બાલકૃષ્ણ દોશી- વાસ્તુકાર**
6. ભારત સરકાર દ્વારા 26 જાન્યુઆરી 2020ના રોજ કયા ગુજરાતીને પદ્મભૂષણ પુરસ્કાર એનાયત કરાયો અને તેનું ક્ષેત્ર-**બાલકૃષ્ણ દોશી અને સ્થપતિ (આર્કિટેક્ટ)**
7. ચીનમાં કોરોના વાઇરસ સૌપ્રથમ કયા ભારતીયમાં જોવા મળ્યો હતો- **શિક્ષિકા પ્રીતિ માહેશ્વરી**
8. 26 મી જાન્યુઆરી 2020થી કયા ત્રણ સંઘપ્રદેશનું એકીકરણ થયું- **દીવ દમણ અને દાદરા નગર હવેલી**
9. નવીન દીવ-દમણ અને દાદરાનગર હવેલીનું હવેથી મુખ્ય મથક કયું રહેશે- **દમણ**
10. તાજેતર જાન્યુઆરી 2020માં ત્રીજી સ્માર્ટ સિટી કોન્ફરન્સ ક્યાં યોજાઈ- **વિશાખાપટ્ટનમ**
11. સ્માર્ટ સિટી મિશન એવોર્ડ સ્પર્ધા-2019 હેઠળ ગુજરાતનાં કયા શહેરને 'બેસ્ટ પર્ફોમન્સ શહેર' તરીકે પસંદ કરવામાં આવ્યું છે- **અમદાવાદ**

12. જાન્યુઆરી 2020માં ભારત અને બ્રાઝિલ વચ્ચે કેટલા સમજૂતી કરાર સંપન્ન થયા- **15**
13. ભારત અને બ્રાઝિલ વચ્ચે આગામી કયા વર્ષ સુધી સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટે કરાર કરવામાં આવ્યા છે- **વર્ષ 2024**
14. ગુજરાતમાં કયા પોલીસ અધિકારીઓની રાષ્ટ્રપતિ દ્વારા 'વિશિષ્ટ સેવા મેડલ' માટે પસંદગી કરાઈ છે- **આઇપીએસ ડો.શમશેરસિંઘ અને ડીવાયએસપી શ્રી કે.ટી.કામરીયા**
15. 26 મી જાન્યુઆરી 2020 નિમિત્તે ગુજરાતમાંથી કેટલા પોલીસ અધિકારીઓની પ્રસંશનીય સેવા મેડલ માટે પસંદગી કરાઈ- **17**
16. 26 મી જાન્યુઆરી 2020 નિમિત્તે ગુજરાતમાંથી કેટલા પોલીસ અધિકારીઓની જીવન રક્ષક પદક માટે પસંદગી કરાઈ- **07**
17. કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ દળો માટે 26 મી જાન્યુઆરી નિમિત્તે કુલ કેટલા શૌર્ય એવોર્ડ જાહેર કર્યા જેમાં સૌથી વધુ કઈ પોલીસની પસંદગી કરાઈ- **290 અને જમ્મુ- કશ્મીર પોલીસને 108**
18. વરિષ્ઠ આઇપીએસ અતુલ કરવાલની 26 મી જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ કયા પ્રતિષ્ઠિત એવોર્ડ માટે પસંદગી કરાઈ- **'પોલીસ મેડલ ફોર ગેલેન્ટરી'**
19. સમગ્ર ભારતમાં 25 જાન્યુઆરી કયા દિવસ તરીકે ઉજવાય છે- **રાષ્ટ્રીય મતદાતા દિવસ**
20. રાષ્ટ્રીય મતદાતા દિવસ- 2020ની થીમ જણાવો- **'મજબૂત લોકશાહી માટે મતદાર સાક્ષરતા'(Electroal literacy for Stronger Democracy)**
21. ભારતીય ચૂંટણી પંચનો સ્થાપના દિવસ- **25 જાન્યુઆરી 1950**
22. 25 જાન્યુઆરી 2020ના રોજ ભારતમાં કેટલામો મતદાતા દિવસ ઉજવાયો - **10મો**
23. ગુજરાતમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ક્યાં કરાઈ - **ગાંધીનગર**
24. ગુજરાતના વર્તમાન સીઇઓનું નામ જણાવો- **ડૉ. એસ.મુરલી ક્રિષ્ના**
25. ભારતમાં 24 જાન્યુઆરી કયા દિવસ તરીકે ઉજવાયો- **રાષ્ટ્રીય બાલિકા દિવસ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A-DATE : 26-01-2020



૧. 'મનકી બાત' 61મી આવૃત્તિમાં PMનું તા.26મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રને સંબોધન



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિધન: યુએસના દિગ્ગજ બાસ્કેટબોલર બ્રાયન્ટ અને તેની પુત્રી ગ્રિઆનનું હેલિકોપ્ટર અકસ્માતમાં અવસાન

- ✓ અકસ્માતનું સ્થાન - લોસ એન્જેલસની પશ્ચિમે આવેલા કલાબસાસની ટેકરીઓ
- ✓ જન્મ- 23-8-1978
- ✓ સ્થળ- ફિલેડેલ્ફિયા (USA)
- ✓ વર્ષ-2018માં બ્રાયન્ટની શોર્ટ એનિમેટેડ ફિલ્મ- ડિઅર બાસ્કેટબોલરને ઓસ્કાર એવોર્ડ



કોબી બ્રાયન્ટ

- ✓ દેશ : અમેરિકા
- ✓ હાઇટ : 6 ફૂટ 6 ઈંચ
- ✓ વજન : 96 કિગ્રા
- ✓ NBA કારકિર્દી : 1996થી 2016
- ✓ પોઝિશન : શૂટિંગ ગાર્ડ
- ✓ નંબર : 8, 24.
- ✓ પોઇન્ટ્સ: 33,643 (25 પોઇન્ટ પ્રતિ ગેમ)
- ✓ રીબાઉન્ડસ : 7,047 (5.2 રીબાઉન્ડ્સ પ્રતિ ગેમ)
- ✓ આસિસ્ટ્સ : 6,306 (7.7 આસિસ્ટ્સ પ્રતિ ગેમ)

ઓલિમ્પિક્સમાં દેખાવ

- ✓ 2008 બીજિંગ ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ
- ✓ 2012 લંડન ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ
- ✓ એફઆઇબીએ અમેરિકાસ ચેમ્પિયનશિપ 2007 લાસ વેગાસમાં ગોલ્ડ મેડલ

કોબી બ્રાયન્ટ એટલે કોણ ?

- ✓ જેવી રીતે ગોલ્ફ એટલે ટાઇગરવૂડ્સ, ફોર્મ્યુલા-વન એટલે માઇકલ શુમાકર, ફૂટબોલ એટલે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો-લિયોનેલ મેસ્સી એ જ રીતે બાસ્કેટબોલ અને કોબી બ્રાયન્ટ એકમેકના પૂરક ગણી શકાય.
- ✓ આપણે ત્યાં અનેક લોકોને ગોલ્ફ, ફોર્મ્યુલા-વન, બાસ્કેટબોલના નિયમ સુદ્ધા ભલે ખ્યાલ ના હોય પરંતુ તેઓ આ દિગ્ગજ ખેલાડી તે રમતથી ચોક્કસ પરિચિત હોય છે.
- ✓ કોબી બ્રાયન્ટે માત્ર ૧૮ વર્ષની ઉંમરે અમેરિકાની લોકપ્રિય એનબીએમાં કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
- ✓ ૧૯૯૬થી ૨૦૧૬ એમ લાગલગાટ ૨૦ વર્ષ સુધી લોસ એન્જલસ લેકર્સ માટે રમીને તેણે અનેક રેકોર્ડ ધ્વસ્ત કર્યા હતા.
- ✓ ૩૪ વર્ષ ૧૦૪ દિવસની ઉંમર સાથે તે એનબીએના ઈતિહાસમાં ૩૦ હજાર પોઈન્ટ પહોંચનારો સૌથી યુવા બાસ્કેટબોલ પ્લેયર બન્યો હતો. તેણે પાંચ વખત એનબીએ ચેમ્પિયનશિપ જીતી હતી અને બે વખત એનબીએ ફાઇનલ્સનો મોસ્ટ વેલ્યુઅર્બલ પ્લેયર્સ થયો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. 26મી જાન્યુઆરી : 71મું પ્રજાસત્તાક પર્વ 2020



નવી દિલ્હી ખાતે રાજપથ પર આયોજિત વિવિધ કાર્યક્રમોની વિગતો

વર્ષ 2020ની પરેડમાં પ્રથમવાર જોવા મળેલી મહત્વની બાબતો



- ✓ (૧) ૭૧માં ગણતંત્ર દિવસની પરેડના મુખ્ય આકર્ષણમાં ૨૬ વર્ષની કેપ્ટન તાન્યા શેરગિલનો સમાવેશ થાય છે . જેણે રાજપથ ઉફર પરેડમાં પુરુષ બટાલિયનનું નેતૃત્વ કરીને ઇતિહાસ રચ્યો છે. જેની સાથે જ કેપ્ટન તાન્યા શેરગિલ ગણતંત્ર

દિવસની પરેડમાં પુરુષ ટૂકડીનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા ઓફિસર બની છે. કેપ્ટન તાન્યા શેરગિલ વિશે બીજી ખાસ વાત એ પણ છે કે તે પોતાના પરિવારની ચોથી પેઢી છે, જે સૈન્યમાં રહીને દેશની સેવા કરે છે.

- ✓ (૨) ગણતંત્ર દિવસના અવસર પર પહેલી વખત દેશના વડાપ્રધાને રાષ્ટ્રિય યુદ્ધ સ્મારક પર શહીદોને શ્રદ્ધાંજલી આપી. અત્યાર સુધી દર વર્ષે ઇન્ડિયા ગેટ ખાતે અમર જવાન જ્યોતિ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવતી હતી. ત્યારે નરેન્દ્ર મોદીએ આ પરંપરામાં આ વર્ષથી બદલાવ કર્યો છે. તો આ સાથે જ પ્રથમ વખત દેશના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે પરેડમાં ભાગ લીધો હતો.
- ✓ (૩) મુખ્ય ફલાય પાસ્ટની શરૂઆત સેનાની ત્રણે પાંખો આર્મી, નેવી અને વાયુસેનાના ત્રણ આધુનિક હેલિકોપ્ટરોએ કરી. જેને ટ્રાઈ સર્વિસ ફઓર્મેશન એવું નામ અપાયુ. આ પ્રથમ વખત હતું જ્યારે ટ્રાઇ સર્વિસ ફર્મેશને પરેડમાં ભાગ લીધો હોય.
- ✓ (૪) જમ્મુ કાશ્મીરે પ્રથમ વખત કેન્દ્ર શાસિત પ્રદેશના રૂપે પરેડમાં ભાગ લીધો. "બેક ટુ વિલેજ" થીમ પર આધારિત જમ્મુ કાશ્મીરનો ટેબ્લો રજૂ કરવામાં આવ્યો હતો. "બેક ટૂ વિલેજ" થીમનો અર્થ જમ્મુ કાશમીરના ગામડાઓ અને દુર્ગમ વિસ્તારો સુધી વિકાસ પહોંચાડવા માગે છે.
- ✓ (૫) પરેડમાં ડીઆરડીઓએ પ્રથમ વખત પોતાના એન્ટી સેટેલાઈટ હથિયારનું પ્રદર્શન કર્યું. એ-સેટ મિસાઇલ ૧૦૦૦ કિમીની ઉંચાઇએ રહેલા ઉપગ્રહ પર પ્રહાર કરવા સક્ષમ છે.
- ✓ (૬) સીએચ ૪૭એફ (આઇ) ચિનૂક હેવી લિફ્ટ હેલિકોપ્ટરે પણ પ્રથમ વખત પરેડમાં ભાગ લીધો હતો. અમેરિકી બનાવટના ત્રણ ચિનૂક હેલિકોપ્ટરો પરેડમાં જોડાયા હતા. ચિનૂક હોલિકોપ્ટરથી સેનાની સૈનિકો અને હથિયારોના પરિવહનની ક્ષમતામાં વધારો કર્યો છે.
- ✓ (૭) આર્મી એર ડિફેન્સ સ્ટાફની ટૂકડીએ ગણતંત્ર પરેડમાં પ્રથમ વખત ભાગ લીધો હતો. કેપ્ટન વિકાસકુમાર સાહુએ ટૂકડીનું નેતૃત્વ કર્યું હતું.
- ✓ (૮) ભારતીય વાયુસેનાના એએચ ૬૪-ઇ અપાચે હેલિકોપ્ટરે પ્રથમ વખત વખત ગણતંત્રની પરેડમાં ભાગ લીધો હતો. અપાચે હોલિકોપ્ટરનું નિર્માણ અમેરિકાએ કર્યું છે. પરેડમાં ભાગ લેનાર ૪૫ એરક્રાફ્ટમાં પાંચ અપાચે હોલિકોપ્ટરનો પણ સમાવેશ થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગુજરાત પોષણ અભિયાન-2020-22

- ✓ લક્ષ્યાંક- આગામી પ્રજાસત્તાક પર્વ-2021 સુધીમાં રાજ્યોના બાળકોને સુપોષિત કરવાનો લક્ષ્યાંક



- ✓ આંગણવાડીના થર્ડ પાર્ટી નિરીક્ષણ દ્વારા શ્રેષ્ઠ-સુપોષણયુક્ત આંગણવાડી જાહેર કરાશે- મુખ્યમંત્રી સ્વંયપાલક વાલી બનશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. બાપુ સ્કૂલ મે

- ✓ ગાંધીજીના વિચારો-મૂલ્યોના વિસ્તાર માટે IITEનું નવતર અભિયાન

વિગત-

- ✓ ગાંધીનગર ખાતે આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર્ય એજ્યુકેશન-IITE તા.26થી 31 જાન્યુઆરી સુધી આ અભિયાન દ્વારા રાજયભરની 1.5 લાખ વિદ્યાર્થીઓ સુધી ગાંધી વિચાર પહોંચાડશે
- ✓ આ અભિયાનમાં IITEના 480 વિદ્યાર્થીઓ અને 80 અધ્યાપકશ્રીઓ 33 જિલ્લા અને મનપાની શાળામાં ગાંધી મૂલ્યોનો પ્રચાર કરશે
- ✓ કુલપતિ- ડૉ. હર્ષદભાઈ પટેલ
- ✓ IITE-ગાંધીનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. 26મી જાન્યુઆરી : 71મું પ્રજાસત્તાક પર્વ 2020



રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વની રાજકોટ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ઉજવણી

૭. જન્મદિન વિશેષ : 26 જાન્યુઆરી ભોગીલાલ ગાંધી



જન્મ- 26 જાન્યુઆરી-1911

અવસાન- 9 જૂન-2001

- ✓ આજે તારીખ ૨૬ જાન્યુઆરી અને પ્રજાસત્તાક દિવસની સાથે કવિ -રાજવી કલાપી અને ભોગીલાલ ગાંધીનો જન્મદિવસ છે.

- ✓ ગુજરાતના એક ખૂણામાં હોવા છતાં ગુજરાતના રાજકારણ અને શિક્ષણમાં જે નગરનું માતબર યોગદાન છે તેવા મોડાસામાં ભોગીલાલ ગાંધીનો જન્મ થયો હતો .
- ✓ મોડાસા ,અમદાવાદ ,ભરૂચ અને મુંબઈમાં ભણી અંતે તેઓ ગુજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા હતા. વિદ્યાપીઠના સંસ્કારોના બળે ભોગીલાલ ગાંધી નક્કર ગાંધીવાદી અને ઉમદા રચનાત્મક કાર્યકર તરીકે તૈયાર થયા હતા.
- ✓ સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લઇ સાડા ત્રણ વર્ષથી વધુ સમય જેલમાં પણ રહ્યા હતા.
- ✓ માર્ક્સવાદના અભ્યાસ પછી તેમનામાં રશિયન સમાજવાદ તરફ આકર્ષણ વધ્યું હતું.
- ✓ ૧૯૪૦ના અરસામાં સામ્યવાદી બન્યા, પ્રગતિશીલ લેખક મંડળનું નેતૃત્વ પણ કર્યું.
- ✓ ૧૯૫૬મા સામ્યવાદથી વિમુખ થયા અને વિનોબા ભાવે, દાદા ધર્માધિકારી અને જયપ્રકાશ નારાયણના પ્રભાવમાં પુનઃ ગાંધી ચિંધ્યા માર્ગે આવ્યા હતા.
- ✓ ભોગીલાલ ગાંધીના વ્યક્તિત્વનું વધુ ઉમદા પાસું એટલે "વિશ્વ માનવ "સામયિક અને જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણીનું સંપાદન, કવિતા, નવલિકા, નિબંધ અને સંપાદનના ૮૦ થી વધુ પુસ્તકો તથા વિશ્વ માનવ સંસ્કાર ટ્રસ્ટનું સંચાલન. તેમના સાહિત્યમાં માર્ક્સ-ગાંધીની મીમાંશા દેખાય છે.
- ✓ ભોગીલાલ ગાંધી જેવા સાહિત્યકારો, કર્મશીલોથી ગુજરાત ગુણવંતી અને રળિયાત બની છે.

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૧-૨૦૨૦)

1. ગુજરાતમાં રાજ્યકક્ષાનો પ્રજાસત્તાક પર્વ કયા શહેરમાં યોજાયો- **રાજકોટ**
2. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ગુજરાતના રાજ્યપાલશ્રી સ્વાતંત્ર સેનાની અને નાગરિકોને શુભેચ્છા આપવા મળે છે તે કાર્યક્રમ કયા નામે ઓળખાય છે- એટ હોમ - **રાજભવન, ગાંધીનગર**
3. 71માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજપથ, નવી દિલ્હી ખાતે યોજાયેલી પુરૂષ બટાલિયનનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા ઓફિસર- **કેપ્ટન તાન્યા શેરગીલ**
4. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રજાસત્તાક પર્વ નિમિત્તે આ વર્ષે 2020માં બદલાવ કરીને દિલ્હી ખાતે કયા સ્મારક ઉપર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી- **રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક**
5. પ્રથમવાર જમ્મુ -કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશનો ટેબ્લો કઈ થીમ પર રજૂ કરાયો- **બેક ટૂ વિલેજ**
6. પ્રજાસત્તાક પરેડ-2020માં ભારતીય વાયુસેનાના પ્રથમવાર કયા બે અલગ હેલિકોપ્ટરોએ ભાગ લીધો- **ચિનૂક હેવી લિફ્ટ હેલિકોપ્ટર અને અપાચે હેલિકોપ્ટર**
7. 26 જાન્યુઆરી 2020 ના રોજ અમેરિકાના કયા દિગ્ગજ બાસ્કેટબોલ ખેલાડીનું હેલિકોપ્ટર અકસ્માતમાં મૃત્યુ થયું- **કોબે બ્રાયન્ટ**
8. બાસ્કેટબોલ ખેલાડી કોબે બ્રાયન્ટ કઈ ટીમ તરફથી રમતો હતો- **લોસ એન્જિલિસ લેકર્સ**
9. 26મી જાન્યુઆરી 2020ના રોજ વડાપ્રધાન દ્વારા કેટલામી 'મન કી બાત' ને સંબોધન કર્યું- **61મો**
10. ગુજરાતમાં ગાંધી વિચાર- મૂલ્યોના વિસ્તાર માટે કઈ યુનિવર્સિટી દ્વારા 'બાપુ સ્કૂલ મે' નવતર અભિયાન હાથ ધરાયું છે- **IITE ગાંધીનગર**

11. 'બાપુ સ્કૂલ મે' નવતર અભિયાન દ્વારા અંદાજે કેટલા બાળકો સુધી ગાંધી વિચાર પહોંચતો કરાશે- **1.5 લાખ**
12. IITE ના વર્તમાન કુલપતિનું નામ જણાવો- **ડોક્ટર હર્ષદભાઇ પટેલ**
13. ગુજરાતમાં પોષણ અભિયાન અંતર્ગત આગામી ક્યાં સુધીમાં બાળકોને સુપોષિત કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે- **26 જાન્યુઆરી-2021**
14. રાજવી કવિ કલાપી અને ભોગીલાલ ગાંધીનો જન્મ દિવસ જણાવો- **26 જાન્યુઆરી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 27-01-2020



૧. બોડો વિવાદ આસામ :

કેન્દ્ર સરકાર અને બોડો સંગઠન વચ્ચે 'આસામ સમજૂતિ-2020' (વહીવટ)



બોડોલેન્ડના 60 વર્ષ જૂના વિવાદનો અંત

- ✓ બોડો વિસ્તારના વિકાસ માટે કેન્દ્ર સરકાર રૂપિયા 1500 કરોડનું વિશેષ ભંડોળ ફાળવશે
- ✓ હેતુ- ઉત્તર-પૂર્વ રાજ્યોમાંથી ઉગ્રવાદ ખતમ કરવા

કરારમાં શું છે ?

- ✓ આસામમાં રહેનાર બોડો આદિવાસીઓને કેટલાક રાજકીય અધિકારો અપાશે.
- ✓ બોડો સમુદાય માટે આર્થિક પેકેજ જાહેર કરાશે.
- ✓ આસામની પ્રાદેશિક અખંડિતતા જાળવી રખાશે.
- ✓ અલગ બોડોલેન્ડ કે રાજ્ય સ્થપાશે નહીં
- ✓ બોડો સમુદાય માટે અલગ યુનિવર્સિટી સ્થપાશે.

૧૫૫૦ સભ્યો 30 જાન્યુઆરીએ આત્મસમર્પણ કરશે

- ✓ કેન્દ્રનાં ગૃહ પ્રધાન શાહે આ પ્રસંગે જાહેર કર્યું હતું કે, ઉગ્રવાદી ગ્રૂપ નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડના ૧૫૫૦ સભ્યો ૩૦ જાન્યુઆરીએ તેમના ૧૩૦ હથિયાર સોંપીને આત્મસમર્પણ કરશે. આ સમજૂતી પછી 2 આસામ અને બોડો લોકોનું ભવિષ્ય સુવર્ણમય બનશે.
- ✓ પીએમ મોદીએ કહ્યું કે: આજનો દિવસ ભારત માટે મહત્વનો છે.
- ✓ બોડો કરાર પછી હવે શાંતિ, સદભાવ અને ભાઈચારાની નવી સવાર ઉગશે.
- ✓ બોડો લોકોનાં જીવનમાં મોટું પરિવર્તન આવશે . તેમની સંસ્કૃતિ જળવાશે.

શું છે બોડો વિવાદ ?

- ✓ આશરે ૬૦ વર્ષ પહેલા આસામના બોડો બહુમતી વિસ્તારોમાં અલગ બોડોલેન્ડ બનાવવા હિંસા આચરીને માગણી કરાઈ હતી. જેની નેતાગીરી NDFBએ કરી હતી.
- ✓ સરકારે હિંસા રોકવા કાયદો ઘડવો પડ્યો હતો અને NDFB પર પ્રતિબંધ મૂક્યો હતો.
- ✓ આસામના ૪ જિલ્લા કોકરાઝાર, બાક્સા, ઉદાલગુરી અને ચિરાંગને ભેળવીને અલગ બોડો રાજ્ય માટે ૧૯૬૬-૬૭માં આંદોલન શરૂ કરાયું હતું. જેમાં ૨૮૨૩ના મોત થયા હતા.
- ✓ બોડો આસામનો સૌથી મોટો આદિવાસી સમુદાય છે. તે રાજ્યની કુલ વસતીના 6 ટકા છે.
- ✓ આશરે 50 વર્ષ પૂર્વે આસામના બોડો બહુમતી ધરાવતા વિસ્તારોમાં અલગ રાજ્યની માગ સાથે હિંસક દેખાવોની શરૂઆત થઇ હતી.
- ✓ આ દેખાવોનું નેતૃત્વ એનડીએફબી કરી રહ્યું હતું. વિરોધ એટલો વધ્યો કે કેન્દ્ર સરકારે યુએપીએ એક્ટ, 1967 હેઠળ એનડીએફબીને ગેરકાયદે જાહેર કરી દીધું.
- ✓ 1987માં ઓલ બોડો ટુડેન્ટ યુનિયને પણ બોડોલેન્ડ રાજ્ય બનાવવાની માગ કરી હતી.
- ✓ ઓક્ટોબર 1986માં રંજન દાઈમારીએ ઉગ્રવાદી સંગઠન બોડો સિક્યોરિટી ફોર્સની રચના કરી હતી. બાદમાં તેનું નામ એનડીએફબી કરી દેવાયું.
- ✓ 27 વર્ષમાં આ ત્રીજો આસામ કરાર
- ✓ મુખ્યમંત્રી- સર્બાનંદ સોનોવાલ
- ✓ રાજધાની– ગુવાહાટી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. 62મો ગ્રેમી એવોર્ડ-2020 સમારોહ (કલા)



- ✓ સ્થાન - લોસ એન્જેલસ,(USA)
- ✓ મહત્વ- સંગીતની દુનિયાનો ઓસ્કાર એવોર્ડ

વિજેતાઓ યાદી

વિજેતા - એવોર્ડ સોંગ/આલ્બમ
બિલી એલિશ - સોંગ ઓફ ધ યર બેડ ગાય
બિલી એલિશ - બેસ્ટ ન્યૂ આર્ટિસ્ટ
બિલી એલિશ - બેસ્ટ પોપ વોકલ આલબમ વ્હેન વી ઓલ ફોલ અસ્લીપ
બિલી એલિશ - રેકોર્ડ ઓફ ધ યર બેડ ગાય
બિલી એલિશ - બેસ્ટ આલબમ ઓફ ધ યર વ્હેન વી ઓલ ફોલ અસ્લીપ
લિજ્જો - બેસ્ટ પોપ સોલો પર્ફોર્મન્સ ટુથ હર્ટસ
લિજ્જો - બેસ્ટ ટ્રેડિશનલ આર એન્ડ બી પર્ફોર્મન્સ જેરોમ
લિજ્જો - બેસ્ટ અર્બન કન્ટેમ્પરરી આલબમ કોઝ આઈ લવ યૂ
લેડી ગાગા - બેસ્ટ વિઝયુઅલ મીડિયા સોંગ આઈ વિલ નેવર લવ અગેન

લેડી ગાગા - બેસ્ટ કમ્પાઇલેશન સાઉન્ડ ટ્રેક ફોર વિઝ્યુઅલ મીડિયા એ સ્ટાર ઈઝ બોર્ન
મિશેલ ઓબામા - બેસ્ટ સ્પોકન વર્ડ બીકમિંગ
બેયોન્સે - બેસ્ટ મ્યુઝિકલ ફિલ્મ હોમકમિંગ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. એર ઇન્ડિયા : કેન્દ્ર સરકાર એર ઇન્ડિયાનો 100 ટકા હિસ્સો વેચશે



✓ જાહેરનામું બહાર પડાયું
✓ અંતિમ તારીખ-17 માર્ચ 2020
✓ કારણ-છેલ્લાં ઘણા વર્ષોથી હજારો કરોડો રૂપિયાની ખોટ કરતી સરકારી માલિકીની વિમાન કંપની
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિર્ણય : મનુષ્યની દવાના ભાવ નિયંત્રણમાં રાખવા માટે ગુજરાતમાં અલગ વિભાગનો પ્રારંભ (આરોગ્ય)



✓ નામ- પ્રાઈઝ મોનીટરીંગ એન્ડ રિસોર્સિસ યુનિટ(PMRU)
✓ નિયંત્રક કચેરી- ફૂડ એન્ડ ડ્રગ કમિશનરની કચેરી ગાંધીનગર
✓ અમદાવાદ ખાતેથી પ્રારંભ
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. એનફિલ્ડ લી પોઇન્ટ 303 : બ્રિટિશ યુગની રાયફલને UP પોલીસ દ્વારા નિવૃત્ત કરાઈ (સુરક્ષા)



વર્ષ-1904માં પ્રથમવાર ભારતમાં ઉપયોગમાં લેવામાં આવી હતી

✓ વર્ષ 1980થી આ રાઇફલનું ઉત્પાદન બંધ
✓ પ્રજાસત્તાક પર્વના રોજ છેલ્લી સલામ
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬.એશિયન રેડિયોલોજી ફોરમ (આરોગ્ય)



IRIA-2020ની 73મી વાર્ષિક કોન્ફરન્સ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાઈ

- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ઉદઘાટન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. કામધેનું યુનિવર્સિટી-ગાંધીનગર

- ✓ 6ઠ્ઠો પદવીદાન સમારોહ-2020
- ✓ સ્થાન-GFSU-ગાંધીનગર
- ✓ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ એનાયત
- ✓ ઉપકુલપતિ- ડૉ. એન. એચ. કેલાવાલા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૧-૨૦૨૦)

1. તાજેતરમાં બોડોલેન્ડ વિવાદ ઉકેલવા માટે કેન્દ્ર સરકાર અને બોડો સંગઠન વચ્ચે તા.27 જાન્યુઆરી 2020ના રોજ કયો સમજૂતી કરાર થયો- **આસામ સમજૂતી-2020**
2. બોડોલેન્ડ વિસ્તાર કયા રાજ્યમાં આવેલો છે - **આસામ**
3. બોડો વિસ્તારના વિકાસ માટે કેન્દ્ર સરકાર કેટલા રૂપિયાનું વિકાસ ભંડોળ આપશે- **રૂ.1500/- કરોડ**
4. દેશમાં સૌથી વધુ 6% બોડો આદિવાસી કયા વિસ્તારમાં રહે છે- **આસામ**
5. 30 જાન્યુઆરી 2020ના રોજ આસામમાં કયા ગ્રુપના 1550 સભ્યોએ સરકાર સમક્ષ આત્મસમર્પણ કર્યું - **નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ(NDFB)**
6. NDFB દ્વારા આસામના કયા ચાર જિલ્લા અલગ કરીને અલગ બોડો રાજ્યની માંગણી કયા વર્ષથી શરૂ થઈ હતી- **કોકરાઝાર,બાક્સા,ઉદાલગુરી અને ચિરાંગ તેમજ વર્ષે 1966-1967**
7. છેલ્લા 27 વર્ષેમા આસામ સાથે આ કેટલામાં કરાર છે-3
8. આસામના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો- **સર્બોનંદ સોનોવાલ**
9. આસામની રાજધાની જણાવો- **ગુવાહાટી**
10. તાજેતરમાં અમેરિકા ખાતે કેટલામો ગ્રેમી એવોર્ડ-2020 યોજાયો- **62મો**
11. સંગીતની દુનિયાનો ઓસ્કાર એવોર્ડ કયા નામે ઓળખાય છે- **ગ્રેમી એવોર્ડ**
12. ગ્રેમી એવોર્ડ-2020 અંતર્ગત સૌથી વધુ એવોર્ડ કોને એનાયત કરાયા- **બિલી એલિશ**
13. અમેરિકાના પૂર્વ પ્રમુખના પત્ની મિશેલ ઓબામાને કયા આલ્બમ માટે વર્ષે 2020માં કયો ગ્રેમી એવોર્ડ અપાયો- **આલ્બમ - બિકમિંગ અને બેસ્ટ સ્પોકન વર્ડ એવોર્ડ**
14. તાજેતરમાં કેન્દ્ર સરકારે ખોટ કરતી એર ઇન્ડિયાનો કેટલા ટકા હિસ્સો વેચવા માટે જાહેરનામું બહાર પાડ્યું છે- **100%**
15. ગુજરાતમાં મનુષ્ય સંબંધિત દવાના ભાવ નિયંત્રણમાં રાખવા કયા વિભાગનો ક્યાંથી તાજેતરમાં પ્રારંભ થયો-**પ્રાઈઝ મોનીટરીંગ એન્ડ રિસોર્સિસ યુનિટ(PMRU) અને અમદાવાદ**
16. જાન્યુઆરી 2020માં ઉત્તરપ્રદેશ સરકારે બ્રિટિશ યુગની કઈ રાયફલને નિવૃત્ત જાહેર કરી-એનફિલ્ડ લી પોઈન્ટ -**303**
17. તાજેતરમાં એશિયન રેડિયોલોજી ફોરમની 73મી વાર્ષિક પરિષદ કયા યોજાઈ- **મહાત્મા મંદિર, ગાંધીનગર**
18. જાન્યુઆરી 2020માં કામધેનું યુનિવર્સિટીનો કેટલામો પદવીદાન સમારોહ ગાંધીનગરમાં યોજાયો- **6th**
19. કામધેનું યુનિવર્સિટીના વર્તમાન કુલપતિનું નામ જણાવો- **ડો.એન.એચ.કેલાવાળા**

20. કામધેનુ યુનિવર્સિટીનું વડુ મથક ક્યાં આવેલું છે-

ગાંધીનગર

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 28-01-2020



૧. ત્રીજી ગ્લોબલ પોટેટો કોન્કલેવ-2020 (કૃષિ)



✓ સ્થાન - મહાત્મા મંદિર, ગાંધીનગર

મહત્વના તથ્યો-

✓ છેલ્લાં 11 વર્ષમાં બટાટા ઉત્પાદનનો વિસ્તાર દેશમાં 20 ટકા જ્યારે ગુજરાતમાં 170 ટકા વધ્યો

✓ ગુજરાતમાં બટાટાનું ઉત્પાદન 6 લાખ ટનથી વધીને 37 લાખ ટન થયું છે

✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સથી સંબોધન કરતા કહ્યું કે, બટાટા પ્રોસેસિંગની મોટી કંપનીઓ અને મોટા નિકાસકારો ગુજરાતમાં હોઈ રાજ્ય બટાટાનું મુખ્ય કેન્દ્ર બન્યું છે.

✓ કેન્દ્રીય કૃષિ, ગ્રામ વિકાસ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે જણાવ્યું હતું કે, આ ત્રણ દિવસના સંમેલનમાં જે પણ નિષ્કર્ષ આવશે તે માટે ભારત સરકાર મદદ માટે ચોક્કસ વિચારશે.

✓ ઇન્ડિયન પોટેટો એસોસિયેશન, એગ્રી. રિસર્ચ કાઉન્સિલ, પોટેટો રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ સિમલા તથા ઈન્ટરનેશનલ પોટેટો સેન્ટર-પેરુના સહયોગથી આ સંમેલન ૨૦૦૮ બાદ યોજાઈ રહ્યું છે.

✓ કૃષિ મંત્રી - શ્રી આર.સી.ફળદુ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વિશ્વ ભૂખ સૂચકાંક-2019 (પોષણ)

અહેવાલ

✓ વિશ્વ ભૂખ સૂચકાંક-2019માં ભારતનું સ્થાન ૧૦૨મું ભારતની ૧૪.૫ ટકા વસતીને પૂરતું પોષણ મળતું નથી.



ભારતનો એક દાયકાળો હંગર ઇન્ડેક્સ

- ✓ 2010 - 68
- ✓ 2012 – 65
- ✓ 2014 - 55
- ✓ 2015 – 80
- ✓ 2017 - 100
- ✓ 2019 - 102
- ✓ ભારતમાં ૪૦ ટકા ફળો અને શાકભાજી તથા 30 ટકા અનાજ અયોગ્ય વ્યવસ્થાપનને કારણે ફેંકી દેવા પડે છે છે.

ભારતમાં ૧૯,૦૫,૦૦૦થી વધુ લોકો કુપોષિત

વિશ્વની પ્રત્યેક સાતમી વ્યક્તિ ભૂખ્યા પેટે સૂવે છે

- ✓ દરરોજ 244 કરોડ રૂપિયાની ભોજન સામગ્રી બરબાદ થતી હોય
- ✓ વિશ્વ ખાદ્ય સંગઠનના અહેવાલમાં જણાવ્યા મુજબ વિશ્વની પ્રત્યેક સાતમી વ્યક્તિ ભૂખી સૂવે છે.
- ✓ ભોજનના બગાડની બરબાદીને રોકવામાં આવે તો અનેક લોકોનું પેટ ભરાઇ શકે તેમ છે.
- ✓ વિશ્વ ભૂખ સૂચકાંક ૨૦૧૬માં ભારતનું સ્થાન ૫૭મું હતું. દેશમાં દર વર્ષે ૨૫.૧ કરોડ ટન અનાજ પાકે છે. પરંતુ પ્રત્યેક ચોથો ભારતીય ભૂખ્યા સૂવે છે.
- ✓ વિતરણ પ્રણાલીની ખામીને કારણે ભારતમાં દર વર્ષે ૨૩ કરોડ ટન દાળ, ૧૨ કરોડ ટન ફળ અને ૨૧ કરોડ ટન શાકભાજી બગડતા હોય છે.
- ✓ સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ ભારતમાં ૬૭૦૦ કરોડ કિલો બંજન બગડતું હોય છે. કહેવાય છે કે આટલી ખાદ્યસામમાં ભારતમાં ગરીબી રેખા નીચે રહેતા ૨૬ કરોડ લોકોનું પેટ છ મહિના સુધી કરી શકાય તેમ છે.
- ✓ દરરોજ ૨૪૪ કરોડ રૂપિયાની ભોજન સામગ્રી બરબાદ થતી હોય છે.
- ✓ ભારતમાં ૧૯,૮૫,૦૦૦થી વધુ લોકો કુપોષિત છે, તે જોતાં ભોજનના બગાડના આંકડા ચોંકાવનારા જ કહી શકાય.
- ✓ ભારતમાં દર વર્ષે ૨૧૦૦ કરોડ કિલો ઘઉં ખરાબ થઇ જતા હોય છે. આટલા ઘઉં દર વર્ષે પાકતા હોય છે.
- ✓ ભારતમાં મંદિરો, મજાર અને ગુરદ્વારા એમ ઠેરઠેર ગરીબોને ભોજન અપાતું હોય છે. પરંતુ અહીં ભોજનનો બગાડ નથી થતી, પરંતુ લગ્નસરામાં ભોજનનાં અધધધ બગાડ થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. સરદાર વલ્લભભાઈ પટેલ સશક્તિકરણ અને આજીવિકા કેન્દ્રનો શિલાન્યાસ (રોજગારી)



✓ સ્થાન- કેવડિયા(નર્મદા)

<u>હેતુ-</u> આદિજાતિ યુવાનો માટે અદ્યતન કૌશલ્ય વિકાસ કેન્દ્રનું નિર્માણ

<u>વિગત</u>

✓ કેવડીયાના વિકાસની વડાપ્રધાનશ્રીની પરિકલ્પના સાકાર કરવાની દિશામાં અને આ મુખ્યત્વે આદિવાસી ક્ષેત્રના સામાજીક આર્થિક ઉત્થાન માટેની વધુ એક પહેલરૂપે કેવડીયા ખાતે એક અદ્યતન કૌશલ્ય વિકાસ કેન્દ્ર આકાર પામશે અને કેવડિયાને હવે **સરદાર વલ્લભભાઇ પટેલ સશક્તિકરણ અને આજીવિકા કેન્દ્ર** મળશે.

✓ ભારત સરકારના વિદેશ પ્રધાન ડૉ. એસ. જયશંકરની શુભેચ્છા અને જીએમઆર વરલક્ષ્મી ફાઉન્ડેશન (જીએમઆરવીએફ) તથા સરદાર સરોવર નર્મદા નીગમના સયુક્ત સાહસ થકી રૂ. ૧૫ કરોડના રોકાણ સાથે ૧ એકર જમીન પર એક અદ્યતન કૌશલ્ય તાલીમ કેન્દ્ર બનવા જઇ રહ્યુ છે. જેનું ભૂમિપૂજન આજે કેન્દ્રીય વિદેશ મંત્રીશ્રીએ કર્યુ હતું.

✓ આ એક નિવાસી કેન્દ્ર હશે, જ્યાં એક સમયે આશરે ૧૦૦ યુવાનોને સમાવી શકાય તેવી સુવિધા હશે.

✓ આ કેન્દ્ર રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત ફ્રેમવર્ક (એનએસક્યુએફ)માં ગોઠવાયેલ ઘણા કૌશલ્ય અભ્યાસક્રમો નિ:શુલ્ક ચલાવશે.

✓ મોટાભાગના અભ્યાસક્રમો, કેવડીયામાં જ પર્યટન અને આતિથ્યની જરૂરીયાતોની માંગને ધ્યાનમાં લઇ શરૂ કરવામાં આવશે.જેમ કે ફુડ એન્ડ બેવરેજનો કારભાર, રૂમ એટેન્ડન્ટ, મિકેનિકલ હાઉસકીપીંગ, વિશેષરૂપે ડ્રેગન-ફ્રૂટ પ્રોસેસિંગ, સાબુ બનાવવાની રીત વગેરે જે સ્થાનિક યુવાઓ, મહિલાઓ તથા વિવિધ સ્વ-સહાય જૂથો વગેરેમાટે આશીર્વાદ રૂપ બનશે.

✓ <u>દર વર્ષે તેના વિવિધ ક્ષમતા નિર્માણ કાર્યક્રમો દ્વારા ૫૦૦ થી ૬૦૦ યુવાનો, ખેડૂતો, સ્વસહાય જુથ (એસએચજી) મહિલાઓ વગેરેને તાલીમ આપવાનું લક્ષ્યાંક છે.</u>

✓ આમ, આ કેન્દ્ર સ્થાનિક યુવાનો અને મહિલાઓને તેમના કૌશલ્ય વિકાસ દ્વારા

સશક્તિકરણ અને રોજગારની તકો પૂરી પાડવા માટે એક વરદાન સાબિત થશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. SEBI– ઈનસાઈડર ટ્રેડિંગ શું હોય છે

✓ કોઈ પણ કંપનીના મેનેજમેન્ટ પાસે કંપનીને લગતી ઘણી મહત્વની માહિતી હોય છે. આવી કોઈ જાણકારી લોકોને મળે એ પહેલા તેના આધારે ખરીદ વેચાણ કરીને ગેરકાયદે રીતે ફાયદો ઉઠાવાય, તો તે ઈનસાઈડર ટ્રેડિંગ ગણાય છે.

✓ સેબી એક્ટ 1992 હેઠળ ઈનસાઈડર ટ્રેડિંગ ગુનો છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિમણૂક – વૈશ્વિક બાબતો

✓ USમાં ભારતના નવા રાજદૂત તરીકે વરિષ્ઠ રાજદ્વારી તરનજીતસિંહ સંધુની નિમણૂક

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬.નિમણૂક : નવા વિદેશ સચિવ તરીકે શ્રી હર્ષવર્ધન શ્રૃંગલાની નિમણૂક



✓ કાર્યકાળ – તા.31મી જાન્યુઆરી-2020થી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ઓક્સફોર્ડ : હિન્દી વર્ડ ઓફ ધ યર - 2019 (ભાષા)

શબ્દ – संविधान

વિગત

✓ ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસના જણાવ્યા મુજબ આ શબ્દ ગયા વર્ષે લોકોના મૂળ અનેનીતિ ઘડવૈયાના ફોકસને ધ્યાનમાં રાખીને પસંદ કરવામાં આવ્યો છે .

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ટાઈકન મુંબઈ 2020 લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ (કોર્પોરેટ)



વિગત-

✓ કોર્પોરેટ વિશ્વમાં મૂલ્યોની તરફદારી કરનાર ઈન્ફોસિસના સંસ્થાપક નારાયણ મૂર્તિએ ઉદ્યોગપતિ રતન તાતાને ટાઈકોન મુંબઈ 2020 લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપ્યો હતો.

✓ ત્યારપછી તેમણે તાતાને પગે લાગીને આશીર્વાદ લીધા હતા. તાતા 82 વર્ષના છે, જ્યારે મૂર્તિ 73 વર્ષના છે.

૯. પોલીસ વિભાગ (ટેક્નોલોજી)

SDS ટેસ્ટ શું છે ?

✓ સસ્પેક્ટ ડિટેક્શન સિસ્ટમ એ કોઈપણ આરોપીના શરીરના જુદા જુદા અંગોનું મેજરમેન્ટ કરે છે.

✓ આ ટેસ્ટમાં આરોપીને મશીન પર હાથ મુકાવાય છે અને સામે ગુના સંબંધિત પ્રશ્નોત્તરી વંચાવવામાં આવે છે.

✓ આ વાંચતી વખતે જે તે આરોપીનો પરસેવો સહિત અન્ય પાર્ટ્સનું ગેલવેનિક રિસ્પોન્સ ચેક કરાય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. ખોવાયેલા મોબાઈલ માટે હેલ્પલાઈન નંબર - 14422



પ્રક્રિયા

✓ મોબાઈલ ચોરી થવાની સ્થિતિમાં પોલીસ તમને વધુ મદદ કરતી નથી.

✓ સરકાર પણ એ જાણે છે, આથી તમારી મદદ માટે સરકારે 14422 હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે.

✓ આ નંબર પર ડાયલ કર્યા પછી તમારી આઈએમઈઆઈ નંબર બતાવો અને મોબાઈલ કંપનીનું નામ અને મોડલ, બતાવીને જણાવો કે ચોરાઈ ગયો છે.

✓ આ મેસેજ મોકલતાં જ તમારી ફરિયાદ નોંધાઈ જશે. તેની સાથે જ પોલીસ અને સેવા આપનારી કંપની મોબાઈલની શોધમાં લાગી જશે.

✓ તમારા ડિવાઈસને પાસવર્ડ કે પાસકોડ સાથે લોક કરો, જેથી કોઈ તમારા એકાઉન્ટ કે અન્ય અંગત માહિતી સુધી પહોંચી ન શકે.

✓ તેના માટે ઓછામાં ઓછો ૪ ડિજિટનો, કેપિટલ અને સ્મોલ લેટરવાળો સ્ટ્રોંગ પાસવર્ડ બનાવો તમારી દરેક પ્રકારનો ડેટા ગૂગલ પર સ્ટોર રહે છે આથી ગૂગલ પાસેથી તમે તમારા મોબાઈલ લોકેશન શોધી શકો છે.

અહીં હોય છે મોબાઇલનો IMEI નંબર

✓ ફોન ચોરાઈ જાય કે ખોવાઈ જાય તો ઈન્ટરનેશનલ મોબાઈલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટિ (IMEI) નંબર શોધવો એક પડકાર હોય છે.

✓ મોબાઈલ ખરીદતા સમયે તમારી જુદી-જુદી ડાયરીઓમાં IMEI નંબર નોંધી રાખો.

✓ મોબાઈલનું બિલ અને તેના બોક્સ પર પણ આ નંબર લખેલો હોય છે.

✓ આ ઉપરાંત મોબાઈલ ફોનમાં IMEI નંબર બેટરીના બરાબર નીચે મોબાઈલની બેક પેનલ પર લખેલો હોઈ શકે છે.

- ✓ બીજી એક રીત તમે તમારા મોબાઈલ પર *06* ડાયલ કરીને પણ આ નંબર જાણી શકો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. ખેલકૂદ – બિલિયર્ડ્સ



- ✓ ભારતીય ક્યૂઈસ્ટ પંકજ અડવાણી 33મી વાર સિનિયર નેશનલ બિલિયર્ડ્સ ચેમ્પિયન
- ✓ હરિફ – સૌરવ કોઠારી
- ✓ યજમાન – પૂના
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૨. બાયોલોજિકલ વેપન (આરોગ્ય)

ચીન દ્વારા વુહાનમાં જૈવિક હથિયારો બનાવવાના પ્રયોગોમાંથી નોવેલ કોરોના પેદા થયો : ઈઝરાયેલના વાઈરોલાજિસ્ટ તજજ્ઞ-જાસૂસ દાની સોહામનો દાવો

અગત્યના તથ્યો

- ✓ રોગચાળો ફેલાવીને દુશ્મનને ખતમ કરવાનું હથિયાર એટલે બાયોલોજિકલ વેપન (જૈવિક હથિયાર)
- ✓ કોરોના શબ્દનો અર્થ – ક્રાઉન (રાજમુગુટ)
- ✓ ઈઝરાયેલની મિલિટરી ઇન્ટેલિજન્સ (જાસૂસી)માં કામ કરી ચૂકેલા દાની સોહામનું કહેવું છે કે વુહાનમાં આવેલી લેબોરેટરીમાંથી આ વાઈરસ લીક થયા છે.
- ✓ વુહાનમાં આવેલી ધ વુહાન ઈન્સ્ટિટયૂટ ઑફ વાઈરોલોજિ એકમાત્ર લેબોરેટરી છે, જ્યાં ઘાતક વાઈરસ પર સંશોધન થઈ રહ્યું છે.
- ✓ દાનીના કહેવા મુજબ ભવિષ્યના યુદ્ધો માટે ચીન અહીં ઘાતક વાઈરસ તૈયાર કરતું હતું.
- ✓ પરંતુ પોતાનો વાઈરસ પોતાને ભારે પડે એવી સ્થિતિ ઉભી થઈ છે. કેમ કે વાઈરસ લેબોરેટરીમાંથી લીક થઈ જતાં હવે સર્વત્ર રોગચાળો ફેલાઈ રહ્યો છે.
- ✓ ચીનમાં જૈવિક હથિયાર પર સંશોધન ચાલે જ છે
- ✓ આ વાઈરસ ચીને તૈયાર કર્યો હોય કે ન હોય પરંતુ ચીન બાયોલોજિકલ વેપન્સ પર કામ કરે છે.
- ✓ ભૂતકાળમાં ચીન પર એવો પણ આક્ષેપ થઈ ચૂક્યો છે કે તેણે બાયોલોજિકલ વેપન્સની સામગ્રી ઇરાન જેવા દેશોને પુરી પાડી હતી.
- ✓ હાનિકારક કેમિકલ્સની હેરાફેરી માટે 3 ચીની લેબોરેટરીને અમેરિકામાં કામ કરવા

પર અમેરિકાએ 2002માં પ્રતિબંધ પણ મુક્યો હતો.

<u>સંશોધકોને મુંઝવતો કોરોના વાઈરસ છે શું?</u>

- ✓ ડિસેમ્બર માસથી ફેલાઈ રહ્યો હોવા છતાં કોરોના અંગે ચીની તબીબો નક્કર માહિતી આપવામાં નિષ્ફળ રહ્યાં છે.
- ✓ હજુ સુધી એ સવાલનો જ જવાબ શોધી શકાયો નથી કે કોરોના વાઈરસ આવ્યો ક્યાંથી?
- ✓ સાપ અથવા ચામાચિડીયા એ બે પ્રાણીના નામ અપાય છે. પરંતુ એ અંગેના નક્કર પુરાવા પ્રાપ્ત થયા નથી.
- ✓ વાઈરસની હાજરી બ્રિટનમાં કામ કરતા ચીની ડોક્ટર પૂન લીટે છેક 2003માં પારખી હતી.
- ✓ પરંતુ એ વખતે વાઈરસ સુષુપ્તાવસ્થામાં હતો. માટે તેનાથી કોઈ ખતરો ન હતો.
- ✓ કોરોના શબ્દનો અર્થ ક્રાઉન થાય છે.
- ✓ આ વાઈરસ માઈક્રોસ્કોપ નીચે ક્રાઉન (રાજમુગટ) જેવો દેખાય છે, માટે નામ અપાયું છે.
- ✓ તીવ્ર તાવ, છાતીનો દુખાવો, કફ જેવા આ વાઈરસના લક્ષણો છે.
- ✓ પરંતુ ચીનમાં ઘણા કિસ્સામાં આ લક્ષણો સામે આવે એ પહેલા જ મોત થઈ રહ્યા છે.
- ✓ વાઈરસ નવા પ્રકારનો હોવાથી હજુ સુધી તેની કોઈ રસી કે દવા શોધી શકાઈ નથી.
- ✓ અલબત્ત, જેને વાઈરસ લાગુ પડે એ દરેક વ્યક્તિના મોત થતા નથી. તો પણ અત્યારના તબક્કે તો સાવધાની એ એકમાત્ર ઉપાય છે.
- ✓ વૈશ્વિક જૈવિક હથિયારો પ્રતિબંધિત છે

<u>૧૩. ભારતીય પુરાતત્વ વિભાગ : યુપીમાં મહાભારત કાળના 3,800 વર્ષના પૂરાવા મળી આવ્યા.</u>

સ્થાન- સિનૌલી, બાગપાત (UP)

<u>વિગતો – અવશેષો</u>

- ✓ <u>સિનૌલીમાં બે વર્ષ ઉત્ખનન કર્યા બાદ મળેલા રથ, ધનુષ બાણ, તલવાર વગેરે શબપેટીમાં યુદ્ધાઓના શબ હોવા માટેના સંકેતરૂપ</u>
- ✓ ભારતીય પુરાતત્વ ખાતાએ બાગપતના સિનૌલી ખાતે સતત બે વર્ષ સુધી ખોદકામ કરીને એકત્રિત કરેલા પુરાવાઓને તપાસ માટે લેબમાં મોકલ્યા હતા.
- ✓ કાર્બન ડેટિંગ પદ્ધતિની મદદથી કરવામાં આવેલી તપાસમાં ખોદકામ દરમિયાન મળી આવેલા અવશેષો 3,800 વર્ષ પુરાણા હોવાનું સાબિત થયું હતું.
- ✓ આ ઉપરાંત ખોદકામ દરમિયાન એક હોજ મળી આવ્યો હતો જે એક સિક્રેટ ચેમ્બર હોવાનું માનવામાં આવે છે.
- ✓ આ ચેમ્બરનું પ્રવેશ દ્વાર દક્ષિણ દિશામાં હોવાના સંકેત મળ્યા છે. ચેમ્બરનો ઉપયોગ અંતિમ સંસ્કાર માટે લાવવામાં આવતા શબને લેપ વગેરે લગાવવા માટે કરવામાં આવતો હતો અને ત્યાર બાદ

શબને શબપેટીમાં મુકીને જમીનમાં દાટી દેવામાં આવતા હતા.

- ✓ ખોદકામ દરમિયાન શાહી શબપેટીઓ, બે શબપેટી સાથે રથ, ધનુષ બાણ, તલવાર, યુદ્ધ સમયે માથાની રક્ષા માટે પહેરવામાં આવતું કવચ વગેરે મળી આવ્યું હતું જે શબપેટીમાં રાખવામાં આવેલા મૃતદેહો યોદ્ધાઓના હોય તે દિશામાં ઈશારો કરે છે.
- ✓ શબપેટીઓની સાથે માટીના વાસણોમાંથી સળગેલા અવશેષો મળી આવ્યા હતા. એએસઆઈએ માટીના વાસણોમાં રહેલા અવશેષો કેટલા પ્રાચીન છે તે જાણવા તેના ત્રણ નમૂના લખનૌ ખાતેની બીરબલ સાહની પુરાવિજ્ઞાન સંસ્થાને મોકલ્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૪. મંજૂરી – સુપ્રીમ કોર્ટ (પ્રાણીજગત)

આફ્રિકામાંથી ચિતાને ભારતમાં વસવાટ માટે લાવવાની સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂરી

અગત્યની શરતો

- ✓ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આફ્રિકન, ચિત્તા લાવી તેમને યોગ્ય જગ્યાએ રાખવા મંજૂરી આપી હતી.

હેતુ-

- ✓ ભારતીય દૂર્લભ ચિત્તાઓની સંખ્યા ઘટતી જતી હોવાનું કહી નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીએ નામિબીયાથી આફ્રિકન ચિતા લાવવાની પરવાનગી માગી હતી.
- ✓ સર્વોચ્ચ અદાલતે આ મુદ્દે નિર્ણય લેવા અને ઓથોરિટીને માર્ગદર્શન આપવા ભારતીય વન્યજીવનના પૂર્વ ડાયરેકટર રણજીતસિંહ, વાઇલ્ડ લાઇફ ઓફ ઇન્ડિયાના ડી. જી. ધનંજય મોહન અને પર્યાવરણ અને વન મંત્રાલયના ડીજીને સમાવતી ત્રણ સભ્યોની એક સમિતિ બનાવી હતી.
- ✓ આ પ્રોજેક્ટ પર સર્વોચ્ચ અદાલત નજર રાખશે અને દર ચાર મહિને પોતાનો અહેવાલ સમિતિને આપશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૫. જન્મદિવસ વિશેષ : 28મી જાન્યુઆરી

પંજાબ કેસરી : લાલા લજપતરાય



જન્મ – 28મી જાન્યુઆરી-1865

અવસાન - 1928

- ✓ આજે પંજાબ કેસરી લાલા લજપતરાય, જ્ઞાનપીઠથી પુરસ્કૃત ગુજરાતી કવિ રાજેન્દ્ર શાહ, ઉત્કૃષ્ઠ વિવેચક જયંત કોઠારી, વૈજ્ઞાનિક રાજા રમન્ના અને જનરલ કરિઅપ્પાના જન્મદિવસ તથા સોહરાબ

મોદી, ઇતિહાસકાર હસમુખ સાંકળિયાથી આજનો દિવસ ઐતિહાસિક છે.

- ✓ લાલ, બાલ અને પાલની ત્રિપુટી પૈકી લાલા લાજપતરાયનો જન્મ પંજાબના મોગા જિલ્લાના દુધિ ગામમાં થયો હતો.
- ✓ આર્ય સમાજથી પ્રભાવિત લાલાજી કોંગ્રેસની જહાલવાદી વિચારધારાના મુખ્ય નેતા હતા.
- ✓ પંજાબમાં આર્ય સમાજનો ફેલાવો અને દયાનંદ એન્ગલો વૈદિક સ્કૂલો શરૂ કરવામાં અને કુદરતી આફતોમાં લોકસેવા માટે લાલાજી હંમેશાં અગ્રેસર રહ્યા હતા.
- ✓ તેઓએ ભારતમાં 'તરુણ ભારત' નામની ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના કરી લાખો યુવાઓને ભારતની આઝાદી માટે તૈયાર કર્યા હતા.
- ✓ 1928માં સાયમન કમિશનનો ઉગ્રતાથી વિરોધ કરતા થયેલા લાઠીચાર્જમાં લાલા લાજપતરાય ઘાયલ થયા હતા.
- ✓ ભગતસિંહ, રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદે તેમના માનસપુત્રો તરીકે તેમની હત્યાનો બદલો વાળી તેમના શબ્દો સાર્થક કર્યા હતા.
- ✓ ઇંગ્લેન્ડ્સ ડેન્ટ ટૂ ઈન્ડિયા, દિ પોલિટિકલ ફ્યુચર ઓફ ઈન્ડિયા, કેટલાય મહાપુરુષોના જીવનચરિત્રો અને આત્મકથા લાલાજીનાં સર્જનો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૧-૨૦૨૦)

1. તાજેતરમાં મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય કક્ષાની કેટલામી ત્રિદીવસિય ગ્લોબલ પોટેટો કોન્કલેવ -2020 યોજાઈ - **3**
2. છેલ્લા 11 વર્ષમાં બટાટાના ઉત્પાદનનો વિસ્તાર દેશ અને ગુજરાતમાં કેટલા ટકા વધ્યો- **20% અને 170%**
3. ભારતમાં બટાટાનું મુખ્ય કેન્દ્ર કયું રાજ્ય બન્યું છે- **ગુજરાત**
4. ભારત સરકારના કેન્દ્રીય કૃષિ મંત્રીનું નામ જણાવો- **નરેન્દ્રસિંહ તોમર**
5. મહાત્મા મંદિર ખાતે યોજાયેલી ગ્લોબલ પોટેટો કોન્કલેવ -2020માં કઈ વૈશ્વિક સંસ્થાનો સહયોગ મળ્યો છે- **ઇન્ટરનેશનલ પોટેટો સેન્ટર- પેરુ**
6. ગુજરાતના કૃષિ મંત્રીનું નામ જણાવો- **આર.સી.ફળદુ**
7. વિશ્વ ખાદ્ય સંગઠનના વિશ્વ ભૂખ સૂચકાંક-2019 મુજબ ભારતનું સ્થાન કેટલામું હતું- **102**
8. વિશ્વ ખાદ્ય સંગઠનના વિશ્વ ભૂખ સૂચકાંક--2019 મુજબ ભારતની કેટલી વસ્તીને પૂરતું પોષણ મળતું નથી- **14.5 %**
9. તાજેતરમાં કેન્દ્રીય વિદેશ મંત્રી એસ.જયશંકરના હસ્તે 'સરદાર વલ્લભભાઈ પટેલ સશક્તિકરણ અને આજીવિકા કેન્દ્ર'નો શિલાન્યાસ ક્યા કરવામાં આવ્યો- **કેવડિયા(નર્મદા)**
10. કેવડિયા ખાતે આકાર પામનાર 'સરદાર વલ્લભભાઈ પટેલ સશક્તિકરણ અને આજીવિકા કેન્દ્ર'માં વર્ષે કેટલા યુવાનો- ખેડૂતોને વ્યવસાયલક્ષી તાલિમ આપવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે- **500-600**
11. તાજેતરમાં વિદેશ મંત્રાલય દ્વારા અમેરિકામાં ભારતીય રાજદૂત તરીકે કોની નિમણૂક કરાઈ- **તરનજીત સંધુ**
12. આગામી 31 જાન્યુઆરી 2020થી ભારતના વિદેશ સચિવ તરીકે કોને જવાબદારી સોંપાઈ છે- **હર્ષવર્ધન શ્રૃંગલા**
13. ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા વર્ષે 2019માં કયો શબ્દ 'હિન્દી વર્ડ ઓફ ધી યર 'જાહેર કરાયો- **સંવિધાન**
14. ગુન્હાખોરી શોધવા માટે ઉપયોગી SDS ટેસ્ટનું વિસ્તૃત નામ જણાવો- **સસ્પેક્ટ ડિટેકશન સિસ્ટમ**

15. કેન્દ્ર સરકાર દ્વારા ખોવાયેલ મોબાઈલની ફરિયાદ માટે કયો નવો હેલ્પલાઇન નંબર શરૂ કરાયો છે- **14422**
16. તાજેતરમાં ભારતીય બિલિયર્ડ્સ ખિલાડી પંકજ અડવાણી કેટલામી વખત સિનિયર નેશનલ બિલિયર્ડ્સ ચેમ્પિયન બન્યો છે- **33**
17. તાજેતરમાં ચીનમાં ફેલાયેલ નોવેલ કોરોના વાયરસ બાયોલોજિકલ વેપન હોવાનો કયા દેશના કયા નિષ્ણાત દ્વારા દાવો કરાયો છે- **ઇઝરાયેલ- મિલિટરી જાસૂસ દાની સોહામ**
18. ચીનના કયા શહેરમાં ઝેરી વાઇરસ ઉપર સંશોધન કરતી એકમાત્ર લેબોટરી આવેલી છે- **વુહાન**
19. કોરોના શબ્દનો અર્થ જણાવો- **ક્રાઉન(રાજમુગટ)**
20. તાજેતરમાં ભારતીય પુરાતત્વ વિભાગને કયા શહેરમાંથી અંદાજે 3800 વર્ષ જુના મહાભારત કાળના પુરાવા મળી આવ્યા છે- **સિનૌલી, ઉત્તર પ્રદેશ**
21. ભારતીય પુરાતત્વ ખાતાની ઉત્તર પ્રદેશના સિનૌલી ખાતેથી મહાભારત કાળના કયા કયા મુખ્ય અવશેષો મળી આવ્યા છે- **રથ, ધનુષ્ય બાણ, તલવાર, યુદ્ધ સમયે પહેરવામાં આવતું કવચ, શાહી શબપેટી વગેરે**
22. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ભારતમાં કયા દેશમાંથી ચિત્તો લાવવાની શરતી મંજૂરી આપવામાં આવી છે- **આફ્રિકા**
23. લાલા લજપતરાયનું ઉપનામ જણાવો – **કેસરી**
24. લાલા લજપતરાયનો જન્મ દિવસ જણાવો - **28 જાન્યુઆરી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 29-01-2020



૧. કેન્દ્રીય કેબિનેટ : મહત્વનો નિર્ણય

૨૪ સપ્તાહ સુધીના ગર્ભનો એબોર્શન કરવા કેબિનેટની મંજૂરી

વિગત-

- ✓ કેન્દ્રીય કેબિનેટે મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ ૧૯૭૧માં સુધારો કરવા મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૦ને મંજૂરી આપી.
- ✓ સંસદના બજેટ સત્રમાં આ સુધારા ખરડાને રજૂ કરાશે.
- ✓ સુધારા ખરડા અનુસાર ચોક્કસ કેટેગરીમાં આવતી મહિલાઓને ૨૦ના સ્થાને ૨૪ સપ્તાહના ગભનું એબોર્શન કરાવવાની પરવાનગી અપાશે.
- ✓ આ ચોક્કસ કેટેગરીની મહિલાઓનો ઉલ્લેખ મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી રૂલ્સમાં સુધારામાં કરાશે. આ ચોક્કસ કેટેગરીમાં બળાત્કાર પીડિતા, પરિવારજનના જ શારીરિક શોષણનો ભોગ બનેલી મહિલા સમાવેશ.

સરકારના નિર્ણયથી શું લાભ

- ✓ પાંચ મહિના સુધી ગર્ભવતી હોવાની ઘણી યુવતીઓને જાણ થતી નથી તેથી આ નિર્ણય લાભકારી
- ✓ ૨૪ સપ્તાહ સુધીમાં બાળકની ખોડખાંપણનું સારી રીતે નિદાન થઇ શકે
- ✓ ૨૪ સપ્તાહના કાયદેસર ગર્ભપાતથી આ પ્રસૂતાઓના મૃત્યુદરમાં ઘટાડો થશે
- ✓ બળાત્કાર પીડિતા, સગીરાઓને આ નિર્ણયથી ઘણી રાહત મળશે

અન્ય દેશોની સ્થિતિ :

- ✓ વિશ્વના બાવન ટકા દેશોમાં ગર્ભસ્થ બાળકમાં અસામાન્ય ખામીઓ હોય તો ૨૦ સપ્તાહ કરતાં વધુના ગર્ભના એબોર્શનની પરવાનગી છે.
- ✓ ડેન્માર્ક ઘાના, કેનેડા, જર્મની, વિયેટનામ અને ઝામ્બિયા સહિતના ૨૩ દેશોમાં કોઇપણ સમયે ગર્ભપાતની પરવાનગી છે.
- ✓ નેપાળ, ફ્રાંસ, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રિયા, ઇથોપિયા, ઇટાલી, આઇસલેન્ડ, સ્પેન, નોર્વે, ફિનલેન્ડ, સ્વિડન અને સ્વિત્ઝર્લેન્ડમાં

૨૦ સપ્તાહ કરતાં વધુના ગર્ભના એબોર્શનની પરવાનગી. વિશ્વના ૨૩ દેશોમાં કોઈપણ સમાયે ગર્ભપાતાની પરવાનગી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. આગોતરા જામીન અંગે સુપ્રીમની સ્પષ્ટતા (કાયદો)

આગોતરા જામીનાની મુદ્દે સુપ્રીમની સ્પષ્ટતા

✓ આગોતરા જામીનની સમયમર્યાદા નક્કી કરવા કોર્ટને કોઈ બાધ્ય કરતું નથી

✓ આગોતરા જામીન અપરાધના પ્રકાર અને સંજોગો પર આધારિત છે.

✓ અદાલત સંજોગો અને આરોપીના વ્યવહારના આધારે નિર્ણય લઈ શકે.

✓ આગોતરા જામીનથી આરોપીને સંપૂર્ણ સંરક્ષણ મળતું નથી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. રેલવે બોર્ડ - નવી દિલ્હી (વાહન વ્યવહાર)

દેશની હાઈ સ્પીડ અને સેમી હાઈસ્પીડ રેલ કોરિડોર માટે છ રેલમાર્ગની પસંદગી

✓ રેલવે બોર્ડ દ્વારા વર્ષ 2024 સુધીની યોજનાઓને રજૂ કરાઈ

કયાં કયાં બુલેટ ટ્રેન

✓ દિલ્હી-જયપુર-ઉદયપુર-અમદાવાદ

✓ મુંબઈ-નાસિક-નાગપુર

✓ મુંબઈ-પૂણે- હૈદરાબાદ

✓ ચેન્નઈ-બેંગલુરુ-મૈસુરુ

✓ દિલ્હી-ચંદીગઢ-લુધિયાણા-જલંધર-અમૃતસર

✓ દિલ્હી-નોઈડા-આગ્રા-લખનઉ-વારાણસી

✓ રેલવે બોર્ડના અધ્યક્ષ - વી.કે યાદવ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. બીટિંગ રિટ્રીટ સેરેમની(નવી દિલ્હી)



શું છે બીટિંગ રિટ્રીટ સેરેમની

✓ સેનાની ત્રણેય પાંખ દ્વારા બીટિંગ રિટ્રીટ સેરેમની સાથે પ્રજાસત્તાક દિનની ઉજવણીની પુર્ણાહુતી તા.29-01-2020

✓ ભારતીય સેનાની ત્રણેય પાંખે 29મી જાન્યુઆરીએ બીટિંગ રિટ્રિટ સેરેમનીની વિજય ચોકમાં રંગેચંગે પૂર્ણાહુતિ કરી હતી.

✓ કાર્યક્રમમાં હોદ્દાની રૂએ સેનાની ત્રણેય પાંખના વડા, રાષ્ટ્રપતિએ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી.

✓ આ કાર્યક્રમમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને દિલ્હી પોલીસ પણ ભાગ લઈને પરેડ સહિતના વિવિધ પરફોર્મન્સ કરે છે.

- ✓ આ ઉપરાંત વિવિધ સેનાએ તેમના બેન્ડ સાથે રાષ્ટ્રગીત ગાઈને તિરંગો નીચે લીધો હતો.
- ✓ આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ હાજરી આપી હતી.

ઐતિહાસિક મહત્વ

- ✓ બ્રિટીશ શાસન ધરાવતા વિશ્વના મોટા ભાગના દેશોમાં આ સેરેમની ઊજવાય છે.
- ✓ 16મી સદીના ઇંગ્લેન્ડમાં નજીકના પેટ્રોલિંગ યુનિટ્સને છાવણીમાં પરત બોલાવવા માટે બીટિંગ રિટ્રિટ સેરેમની ઊજવાતો.
- ✓ ભારતમાં પણ આ સેરેમની બ્રિટીશ શાસનની દેન છે.
- ✓ આઝાદી પછી 1950માં એલિઝાબેથ-2 અને પ્રિન્સ ફિલિપ પહેલીવાર ભારત આવ્યા ત્યારે રાજધાનીમાં આ પ્રસંગ ઊજવવાની શરૂઆત થઈ હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મદિન વિશેષ : 29 જાન્યુઆરી

ગુજરાતનાં પહેલાં મહિલા સમાજશાસ્ત્રી : ડો. તારા પટેલ

જન્મ- 29 જાન્યુઆરી 1918

અવસાન - 31 જાન્યુઆરી 2007

- ✓ આજે અમેરિકન લેખક થોમસ પેઈન, એન્ટની ચેખોવ, રોમા રોલા અને ગુજરાતનાં પહેલાં મહિલા સમાજશાસ્ત્રી તારાબેન પટેલનો જન્મ દિવસ છે.
- ✓ મૂળ વતન ખેડા જિલ્લાનું પીજ, પણ આફ્રિકાના યુગાન્ડામાં તેમનો જન્મ થયો હતો.
- ✓ તેના ખેડા જિલ્લાના સુણાવથી શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરનારાં તારાબેનનાં ડો. તારા ઘરે સરદાર પટેલ પધાર્યા અને તેમણે જ તારાબેનને ઉચ્ચ અભ્યાસ અને વિદેશમાં અભ્યાસની પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું.
- ✓ ડો.તારાબેને કોલમ્બિયા યુનિ.માંથી એમએ અને લંડન યુનિ.માંથી પીએચડીની પદવી મેળવી હતી.
- ✓ 1954માં ગુજરાત યુનિ.ના સમાજશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે જોડાયાં, વિભાગનાં પહેલાં અધ્યક્ષ પણ બન્યાં અને પોતાના સંશોધનના બળે સમાજશાસ્ત્ર વિભાગને રાષ્ટ્રીય ફલક ઉપર મૂકી આપ્યો.
- ✓ બક્ષીપંચની જ્ઞાતિઓ તથા ભિક્ષુકો વિશે તારાબેનના અહેવાલો આજે પણ નમૂનારૂપ
- ✓ તેઓએ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને સંકલ્પનાઓ અને સિદ્ધાંતો, સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિઓ તથા ભારતીય સામાજિક માળખાની સર્વગ્રાહી સમજ મળી રહે તેવા ઉદ્દેશ સાથે ગુજરાતમાં સમાજશાસ્ત્રીઓની પેઢીઓ તૈયાર કરી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૧-૨૦૨૦)

1. જાન્યુઆરી-૨૦૨૦માં કેન્દ્રીય કેબિનેટે કેટલા સપ્તાહ સુધીના ગર્ભનો એબોર્શન કરવની મંજૂરી આપી - **૨૪**
2. કેન્દ્રીય કેબિનેટે કયા એક્ટમાં સુધારો કરવા મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૦ને મંજૂરી આપી - **મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ ૧૯૭૧**
3. અત્યારસુધી ચોક્કસ કેટેગરીમાં આવતી મહિલાઓને કેટલા સપ્તાહના ગભનું એબોર્શન કરાવવાની પરવાનગી આપવામાં આવતી હતી – **૨૦ સપ્તાહ**
4. વિશ્વના બાવન ટકા દેશોમાં ગર્ભસ્થ બાળકમાં અસામાન્ય ખામીઓ હોય તો કેટલા સપ્તાહ કરતાં વધુના ગર્ભના એબોર્શનની પરવાનગી આપવામાં આવે છે - **૨૦**
5. ડેન્માર્ક ઘાના, કેનેડા, જર્મની, વિયેટનામ અને ઝામ્બિયા સહિતના ૨૩ દેશોમાં કયા સમયે ગર્ભપાતની પરવાનગી આપવામાં આવે છે – **કોઈપણ સમયે**
6. જાન્યુઆરી-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે આગોતરા જામીનની સમયમર્યાદા નક્કી કરવા બાબતે કઈ મહત્વની સ્પષ્ટતા કરી - **આગોતરા જામીનની સમયમર્યાદા નક્કી કરવા કોર્ટને કોઈ બાધ્ય કરતું નથી અને તેનાથી આરોપીને સંપૂર્ણ સંરક્ષણ મળતું નથી.**
7. દેશની હાઈ સ્પીડ અને સેમી હાઈસ્પીડ રેલ કોરિડોર માટે કેટલા રેલમાર્ગની પસંદગી કરાઈ – **૬ (છ)**
8. રેલવે બોર્ડ દ્વારા કયા વર્ષ સુધીની યોજનાઓને રજૂ કરાઈ - **2024**
9. રેલવે બોર્ડના વર્તમાન અધ્યક્ષ કોણ છે - **વી.કે યાદવ**
10. પ્રજાસત્તાક દિનની ઉજવણીની પુર્ણાહુતી કઈ સેરેમની બાદ થાય છે - **બીટિંગ રિટ્રીટ સેરેમની**
11. બીટિંગ રિટ્રીટ સેરેમની કોનો દ્વારા રજૂ કરાઈ છે - **ભારતીય સેનાની ત્રણેય પાંખ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 30-01-2020



૧. દિન વિશેષ – 30 જાન્યુઆરી :

72મો ગાંધી નિર્વાણ દિન/ શહિદ દિન



ગાંધી નિર્વાણદિન - 30 જાન્યુઆરી 1948

- ✓ સમગ્ર ભારતમાં સવારે 11.00 કલાકે બે મિનિટનું મૌન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નોવેલ કોરાના વાઈરસ (આરોગ્ય)

ભારતમાં કોરાના વાઈરસનો પ્રથમ પોઝિટિવ કેસ કેરળમાં નોંધાયો

- ✓ થ્રીસુરની હોસ્પિટલમાં સારવાર હેઠળ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. BREXIT – બ્રેક્ઝિટ

- ✓ ચાર વર્ષની મહેનત બાદ તા.31-01-2020ના રોજ બ્રિટન EUમાંથી અલગ થશે (47 વર્ષ બાદ અલગ)



વિગત – પ્રક્રિયા

- ✓ યુરોપિયન યુનિયન (ઇયુ)માંથી બ્રિટનના નીકળવાની જહેમત પૂરી થઇ. ઈયુ સંસદે બ્રેક્ઝિટ કરારને મંજૂરી આપી દીધી છે.

- ✓ તે હેઠળ બ્રિટન સ્થાનિક સમયાનુસાર 31 જાન્યુઆરીએ રાત્રે 11 વાગ્યાથી ઇયુથી અલગ થઈ જશે.
- ✓ 4 વર્ષ સુધી ચાલેલી ખેંચતાણ બાદ ઈયુ સંસદે 41 વિ. 621 મતની બહુમતીથી બ્રેકિઝટ કરાર પર મહોર લગાવી દીધી.
- ✓ આ કરારને બ્રિટિશ પીએમ બોરિસ જોનસને ગત વર્ષના અંતમાં ઈયુના 27 નેતા સાથે વાતચીત બાદ આખરી ઓપ આપ્યો હતો.
- ✓ બ્રિટને જૂન, 2016માં જનમત સંગ્રહમાં બ્રેક્ઝિટને મંજૂરી આપી દીધી હતી. તે 2020ના અંત સુધી ઇયુની આર્થિક વ્યવસ્થામાં રહેશે પણ નીતિવિષયક બાબતોમાં તેની કોઇ ભૂમિકા નહીં હોય. તે ઇયુનું સભ્ય પણ નહીં રહે.

બ્રેક્ઝિટ શું છે

- ✓ બ્રિટન ઈયુમાંથી બહાર થયું તે જ બ્રેક્ઝિટ કહેવાયું. ઈયુમાં યુરોપના 28 દેશની આર્થિક-રાજકીય ભાગીદારી છે.
- ✓ બીજા વિશ્વયુદ્ધ બાદ આર્થિક સહયોગ વધારવા ઇયુ બન્યું હતું. ખ્યાલ એવો હતો કે જે દેશો પરસ્પર વ્યાપાર કરશે તેઓ અંદરોઅંદર યુદ્ધ ટાળશે.
- ✓ યુરો ઇયુનું પોતાનું ચલણ છે, જેનો 19 સભ્ય દેશ ઉપયોગ કરે છે. બ્રિટન 1973માં ઇયુ સાથે જોડાયું હતું.

જરૂરિયાત કેમ ?

- ✓ ઈયુમાં બ્રિટનનું ક્યારેય ચાલ્યું જ નહીં. ઊલટાનું બ્રિટનના લોકોના જીવન પર ઇયુનું નિયંત્રણ વધુ છે. તે વ્યાપાર માટે બ્રિટન પર ઘણી શરતો લાદે છે.
- ✓ બ્રિટનના રાજકીય પક્ષોને લાગે છે કે અબજો પાઉન્ડની વાર્ષિક ફી આપવા છતાં બ્રિટનને ઇયુથી ઝાઝો ફાયદો નથી થતો તેથી બ્રેક્ઝિટની માગ ઊઠી હતી.

બ્રેક્ઝિટની અસરો

બ્રિટન પર:માથાદીઠ બોજ 68 હજાર રૂપિયા

- ✓ બ્રેક્ઝિટથી બ્રિટિશ અર્થતંત્રને દર વર્ષે રૂપિયા 53 હજાર કરોડનું નુકસાન થશે.
- ✓ જર્મનીના બૈર્ટેલ્સમન ફાઉન્ડેશનના તાજેતરના સ્ટડીમાં જણાવાયું છે કે ઈયુમાંથી બહાર થતાં બ્રિટનમાં વસ્તુઓ અને સેવાઓ પર ટેક્સ લાગશે, જે અત્યાર સુધી સિંગલ માર્કેટ સિસ્ટમ હોવાના કારણે નહોતો લાગતો.
- ✓ ટેક્સ લાગતાં હવે વસ્તુઓ અને સેવાઓ મોંઘી થશે અને લોકોનો ખર્ચ પણ વધશે જ્યારે આવક ઘટવાનો અંદાજ છે.
- ✓ તેના કારણે બ્રિટનના લોકોની આવકમાં અંદાજે રૂ. 45 હજાર કરોડનું નુકસાન થશે. તેનો ભાર બ્રિટનવાસીઓ પર માથાદીઠ રૂ. 68 હજાર પડશે.

દુનિયા પર: જર્મની-ફ્રાન્સનો જીડીપી વધશે

- ✓ બ્રિટન અલગ થતાં ઈયુના અર્થતંત્ર પર પણ અસર થશે. હાલ વૈશ્વિક અર્થતંત્રમાં ઇયુનો હિસ્સો 22 ટકા છે.
- ✓ બ્રિટન નીકળી જતાં તે ઘટીને 18 ટકા થઈ જશે.

- ✓ ઈયુની વસતી પણ 13 ટકા ઘટશે.
- ✓ બીજી તરફ ઈયુમાં જર્મનીનો જીડીપી 20થી વધીને 25 ટકા જ્યારે ફ્રાન્સનો 15થી વધીને 18 ટકા થઈ જશે.
- ✓ અમેરિકા પણ ફાયદામાં રહેશે.
- ✓ ઈયુના અર્થતંત્રમાં બ્રિટન રૂ. 1.50 લાખ કરોડનું યોગદાન આપે છે. ઇયુ હવે બ્રિટનને રાહતો પણ નહીં આપે.

<u>ભારત પર :એફટીએ હોવાથી મોટું બજાર મળશે</u>

- ✓ ભારત બ્રિટનમાં રોકાણ કરતો ત્રીજો મોટો દેશ છે. બ્રિટનમાં 800થી વધુ ભારતીય કંપનીઓ છે, જે 1.10 લાખ લોકોને રોજગારી આપે છે. પાઉન્ડ ગગડવાથી તેમના નફા પર અસર થશે.
- ✓ યુરોપ નવા નિયમ બનાવે તો ભારતીય કંપનીઓએ નવા કરાર કરવા પડશે. તેથી ખર્ચ વધશે અને વિવિધ દેશોના કાયદા-નિયમોથી ઝઝુમવું પડશે.
- ✓ ભારત બ્રિટન સાથે મુક્ત વ્યાપાર સમજૂતી કરી શકે છે. તેનાથી ભારતની નિકાસ વધવાનું અનુમાન છે. ઈયુ સાથે આ અંગે સહમતિ નહોતી સધાઈ.
- ✓ બ્રિટન સેન્ટ્રલ માર્કેટ છે. પોર્ટુગલ, ગ્રીસ જેવા ઘણા દેશ ત્યાંથી સામાન લઇ જાય છે. બ્રિટન સાથે એફટીએ હોવાના કારણે ભારતને વિશાળ બજાર મળશે.
- ✓ બ્રિટન ૧૯૭૩માં યુરોપિયન યુનિયન સાથે જોડાયું હતું અને હવે ૪૭ વર્ષ બાદ તેનાથી છૂટું પડશે. બ્રિટન અલગ થયા બાદ ઇયુમાં સભ્ય દેશોની સંખ્યા ૨૭ થશે.
- ✓ યુરોપ ખંડમાં કુલ ૫૦ દેશ છે, જેમાંથી કેટલાય દેશો હવે યુરોપિયન સંઘના સભ્ય નથી.

<u>વર્તમાન આ દેશો સભ્ય છે</u>

1. ઓસ્ટ્રિયા
2. બેલ્જિયમ
3. ક્રોએશિયા
4. બલ્ગેરિયા
5. સાઈપ્રસ
6. ચેક રિપબ્લિક
7. ડેન્માર્ક
8. ઈસ્તોનિયા
9. ફિનલેન્ડ
10. ફ્રાંસ
11. જર્મની
12. ગ્રીસ
13. આયરલેન્ડ
14. હંગેરી
15. ઇટાલી
16. લેટવિયા
17. લિથુનિયા
18. લક્ઝમબર્ગ
19. માલ્ટા
20. નેધરલેન્ડ
21. પોલેન્ડ
22. પોર્ટુગલ
23. રોમાનિયા
24. સ્લોવાકિયા
25. સ્લોવેનિયા
26. સ્પેન

27.સ્વીડન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. રવિ વાવેતર–ગુજરાત (કૃષિ)

✓ ગુજરાતમાં આ વર્ષે 39.90 લાખ હેકટરમાં રવિ વાવેતર : તા. 27 જાન્યુઆરી સુધીમાં 127.91 ટકા રવિ વાવેતર

✓ છેલ્લાં 6 વર્ષનું સૌથી વધુ વાવેતર

ગુજરાતમાં વર્ષ વાર રવિ વાવેતરના આંકડા (હેક્ટરમાં)

વર્ષ	વાવેતર હેક્ટર	ટકા
૨૦૧૪-૧૫	૩૦,૮૩,૦૦૦	૮૭
૨૦૧૫-૧૬	૨૮,૯૬,૦૦૦	૮૬
૨૦૧૬-૧૭	૩૦,૬૭,૯૦૦	૯૩
૨૦૧૭-૧૮	૩૪,૪૩,૨૭૪	૧૧૪
૨૦૧૮-૧૯	૨૮,૪૭,૦૬૪	૯૦.૭૯
૨૦૧૯-૨૦	૩૯,૯૦,૧૦૦	૧૨૭.૯૧

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર

✓ ગુજરાતી સાહિત્યના યુવા ગૌરવ સન્માન એનાયત.

✓ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તા.૨૯મી ફેબ્રુઆરીએ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં સાહિત્ય ગૌરવ સન્માન અને પારિતોષિક કાર્યક્રમ યોજાયો.

✓ જેમાં હિન્દી, ગુજરાતી સાહિત્યના રૂ.એક લાખના ગૌરવ પુરસ્કાર અને યુવા ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યા.

✓ કાર્યક્રમમાં જ્ઞાનપીઠ અને કેન્દ્રીય સાહિત્ય અકાદમીના વિજેતા ઓડિયા લેખિકા પ્રતિભા રાય મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા.

✓ કાર્યક્રમના અધ્યક્ષ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ તેમજ અતિથિ વિશેષ (કુલાપતિ) શ્રી ડૉ. હિમાંશુ પંડ્યા.

એવોર્ડ- પુરસ્કારની વિગત

✓ ગુજરાતીમાં ગદ્યકાર, વિવેચક અને કવિ મણિલાલ હ. પટેલને ૨૦૧૧ સાહિત્ય ગૌરવ પુરસ્કાર સન્માન

✓ હિન્દીના ખ્યાત લેખક પ્રા. જે. જે. ત્રિવેદી (ભાવનગર), યોગેન્દ્રનાથ મિશ્ર (અમદાવાદ) અને પ્રા. આલોક ગુપ્ત (ગાંધીનગર)ને સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાયા.

✓ ગુજરાતી સાહિત્યના યુવા ગૌરવ તરીકે જિગર જોષી (રાજકોટ) અને સાગર શાહ (અમદાવાદ)ને પસંદ કરાયા છે.

✓ આ ઉપરાંત ભાષા ઉત્તમ પુસ્તકોના લેખકોને પારિતોષિક એનાયત.

✓ અધ્યક્ષ–વિષ્ણુ પંડ્યા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મદિવસ વિશેષ : 30 જાન્યુઆરી

સુંદરી : જયશંકર સુંદરી

જન્મ - 30 જાન્યુઆરી 1889

અવસાન - 22 જાન્યુઆરી-1975



- ✓ આજે 30 જાન્યુઆરી મહાત્મા ગાંધીનો નિર્વાણ દિવસ અને ગુજરાતી રંગભૂમિના ભીષ્મ પિતામહ ગણાતા જયશંકર સુંદરીનો જન્મદિવસ.
- ✓ નાટકોમાં સ્ત્રીઓ અભિનય કરી શક્તી ન હતી તે જમાનામાં જયશંકર ભોજક એવું તે સ્ત્રી પાત્ર ભજવતા કે તેમના નામ સાથે સુંદરી વિશેષણ પણ જોડાઈ ગયું.
- ✓ વિસનગરમાં જન્મેલા જયશંકર 1898મા કલકત્તા ગયા, ઉર્દૂ શીખ્યા, અભિનય શીખવા માલિક, મેનેજરનાં હાથનો માર પણ ખાધો.
- ✓ એકવાર બંગાળી નાટકમાં નાયિકાની ગેરહાજરીમાં નાયિકાનું પાત્ર અદા કર્યું અને કલકત્તા તેમની કારકિર્દી માટે પ્રયોગશાળા બન્યું.
- ✓ સિતમગર નાટકને પોતાની અભિનય કારકિર્દીનું શ્રેષ્ઠ નાટક માનતા જયશંકર ભોજકને "સુંદરી" ઉપનામ સોભાગ્ય સુંદરી નાટક પછી મળ્યું હતું.
- ✓ સન 1900ની સાલમાં જયશંકર મુંબઈ ગુજરાતી નાટક મંડળીમાં જોડાયા તે પછી વિવિધ નાટક મંડળીઓમાં જુગલ કિશોરી, દેવકન્યા, જુગલ જુગારી, સ્વામિભક્ત જેવા અનેક સફળ નાટકો કર્યાં.
- ✓ જયશંકર રોજ એક કલાક તરતા, છ માઈલ ચાલતા, સરસ્વતીચંદ્ર જેવી મહાનવલ સાત વખત વાંચી હતી.
- ✓ તેઓ પત્નીને પોતાની નાટ્યગુરુ માનતા અને પાન વગર ચાલતું નહીં.
- ✓ નાટક પહેલા અડધો કલાક પહેલા તૈયાર થઈ એકાંતમાં સંવાદો મમળાવવા તેમની ટેવ હતી.
- ✓ 22 જાન્યુઆરી 1975નાં રોજ વિસનગરમાં તેમનું અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૧-૨૦૨૦)

1. ભારતમાં નોવેલ કોરોના વાઇરસનો સૌપ્રથમ કેસ કયા રાજ્યોમાં જોવા મળ્યો- **કેરળ**
2. 30 જાન્યુઆરી કયા દિવસ તરીકે ઉજવાય છે- **ગાંધી નિર્વાણ દિવસ**
3. 30 જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિનને અન્ય તરીકે ઉજવાય છે - **શહીદ દિવસ**
4. ભારતમાં કયા દિવસે વર્ષે એકવાર શહીદોના માનમાં સવારે 11:00 કલાકે બે મિનિટનું મૌન રાખવામાં આવે છે- **30 જાન્યુઆરી**
5. ચાર વર્ષની મહેનત બાદ બ્રિટન યુરોપિયન યુનિયનમાંથી સત્તાવાર રીતે ક્યારે અલગ થયું- **31 જાન્યુઆરી 2020**
6. યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનને સત્તાવાર રીતે અલગ થવાની પ્રક્રિયા કયા નામે ઓળખાય છે- BREXIT
7. BREXITનું વિસ્તૃત નામ જણાવો- **BRITAN EXIT**

8. યુરોપિયન યુનિયનમાંથી સત્તાવાર રીતે અલગ થનાર વિશ્વનો પ્રથમ દેશ જણાવો- **બ્રિટન**
9. યુરોપિયન યુનિયનમાં 1 ફેબ્રુઆરી 2020 ની સ્થિતિએ કુલ કેટલા દેશ જોડાયેલા છે- **27**
10. EU સંસદે BREXIT કરાર ઉપર કેટલા મતની બહુમતીથી મહોર લગાવી- **621 મત જ્યારે વિરુદ્ધમાં 41 મત**
11. યુરોપિયન યુનિયનના ચલણનું નામ જણાવો – **EURO(યુરો)**
12. યુરોપિયન યુનિયનના ચલણ EURO(યુરો)નો કેટલા દેશ ઉપયોગ કરે છે - **19 દેશ**
13. વિશ્વમાં કયા યુદ્ધ બાદ આર્થિક સહયોગ વધારવા યુરોપિયન યુનિયનની રચના કરવામાં આવી હતી- બીજા વિશ્વયુદ્ધ
14. ગુજરાતમાં 27 જાન્યુઆરી 2020ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રવિ વાવેતર થયું છે- **39.90 લાખ હેક્ટર**
15. શિયાળુ વાવેતરને કયા નામે ઓળખાય છે- **રવિ પાક**
16. તાજેતરમાં ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2011નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર કોને અપાયો- **કવિ, વિવેચક-મણિલાલ હ. પટેલ, હિન્દીના લેખક પ્રોફેસર જે.જે.ત્રિવેદી, યોગેન્દ્ર નાથ મિશ્ર અને પ્રોફેસર આલોક ગુપ્ત**
17. ગુજરાતી સાહિત્યનો યુવા ગૌરવ પુરસ્કાર કોને અપાયો- **જીગર જોષી અને સાગર શાહ**
18. ગૌરવ પુરસ્કાર અને યુવા ગૌરવ પુરસ્કારમાં કેટલી ઇનામી રકમ આપવામાં આવે છે- **૩.1 લાખ**
19. ગુજરાતી સાહિત્ય અકાદમીના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો- **ડોક્ટર વિષ્ણુ પંડ્યા**
20. ગુજરાતી સાહિત્ય અકાદમીનું મુખ્ય મથક ક્યાં આવેલું છે- **ગાંધીનગર**
21. જયશંકર સુંદરીનો જન્મદિવસ જણાવો- **30 જાન્યુઆરી 1889**
22. ગુજરાતી રંગભૂમિમાં ભીષ્મ પિતામહ તરીકે કોણ ઓળખાતું હતું- **જયશંકર સુંદરી**
23. જયશંકર ભોજકને સુંદરી ઉપનામ કયા નાટક બાદ મળ્યું- **સૌભાગ્ય સુંદરી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 31-01-2020



૧. આર્થિક સરવે : લોકસભામાં રજૂ કરાયો – કેન્દ્ર સરકાર



આર્થિક સરવેના અગત્યના તારણો

- ✓ વર્ષ-૨૦૨૦-૨૧માં જીડીપી ગ્રોથરેટ ૬ થી ૬.૫ ટકા રહેશે
- ✓ વર્ષ ૨૦૧૯-૨૦ના વર્તમાન નાણાકીય વર્ષનો ગ્રોથ રેટ પાંચ ટકા રહેવાનો અંદાજ.
- ✓ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી ગ્રોથરેટ ૬થી ૬.૫ ટકા રહેવાનો અંદાજ.
- ✓ ૨૦૨૫ સુધીમાં પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટે નૈતિક સંપત્તિનું સર્જન મહત્ત્વપૂર્ણ
- ✓ ૨૦૨૪-૨૫ સુધીમાં પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટે ઇન્ફ્રાસ્ટ્રકચર સેકટરમાં ૧.૪ ટ્રિલિયન ડોલરનું રોકાણ જરૂરી
- ✓ ૨૦૧૧-૧૨થી ૨૦૧૭-૧૮ સુધીમાં ૨.૬૨ કરોડ નવી નોકરીઓનું સર્જન
- ✓ ૨૦૧૧-૧૨ની સરખામણીમાં ૨૦૧૭-૧૮માં મહિલાઓની નિયમિત રોજગારીમાં આઠ ટકાની વૃદ્ધિ
- ✓ એપ્રિલ-નવેમ્બર, ૨૦૧૯માં જીએસટી કલેકશનમાં ૪.૧ ટકાની વૃદ્ધિ

૨૦૩૦ સુધીમાં આઠ કરોડ નવી નોકરીના સર્જનનો લક્ષ્યાંક

- ✓ આગામી પાંચ વર્ષમાં સારા પગારની ૪ કરોડ નોકરીનું સર્જન થશે.
- ✓ ૨૦૩૦ સુધીમાં આવી નોકરીઓ વધીને આઠ કરોડ પર પહોંચશે.

- ✓ નાણામંત્રીએ જણાવ્યું હતું કે, ભારત પાસે શ્રમ આધારિત નિકાસને પ્રોત્સાહન આપવા માટે ચીન જેવી જ તકો છે.
- ✓ એસેમ્બલ ઇન ઇન્ડિયા અને મેક ઇન ઇન્ડિયા દ્વારા ૨૦૨૫ સુધીમાં વૈશ્વિક નિકાસમાં ભારતનો હિસ્સો ૩.૫ ટકા થઇ જશે અને ૨૦૩૦માં ૬ ટકા પર પહોંચશે.
- ✓ આર્થિક સર્વેક્ષણમાં ચીન જેવી વ્યૂહરચના અપનાવવાનું સૂચન કરાયું છે.

સરકારે ૨૦૧૮-૧૯નો ગ્રોથરેટ ૬.૮%થી ઘટાડીને ૬.૧% કર્યો

- ✓ માઇનિંગ, મેન્યુફેક્ચરિંગ અને કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદનમાં નોંધાયેલા ઘટાડાને પગલે સરકારને વર્ષ ૨૦૧૮-૧૯ના જીડીપી ગ્રોથરેટનો આંકડો સુધારવાની ફરજ પડી.
- ✓ નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસે જારી કરેલા સુધારેલા આંકડા અનુસાર ૨૦૧૧-૧૨ના બેઝ વર્ષના આધારે વર્ષ ૨૦૧૮-૧૯માં રિઅલ જીડીપી રૂપિયા ૧૩૯.૮૧ લાખ અને ૨૦૧૭-૧૮માં રૂપિયા ૧૩૧.૭૫ લાખ રહ્યાં.
- ✓ સરવેમાં સરકારને આગામી 5 વર્ષમાં 4 કરોડ રોજગારીના સર્જન માટે ચીનની ફોર્મ્યુલા અપનાવવાનું સૂચન કર્યું છે.
- ✓ તેમાં શ્રમ અને નિકાસ પર આધારિત નીતિઓ સામેલ છે.
- ✓ સર્વેક્ષણમાં કહેવામાં આવ્યું છે કે મેક ઇન ઇન્ડિયા અભિયાનમાં 'એસેમ્બલ ઈન્ડિયા ફોર વર્લ્ડ'ને સામેલ કરવાથી 2025 સુધી સારા પગારવાળી 4 કરોડ અને 2030 સુધી 8 કરોડ નોકરીઓ આપી શકાશે.
- ✓ સંસદમાં બજેટના એક દિવસ પહેલા કેન્દ્રીય નાણામંત્રી શ્રી નિર્મલા સિતારામને લોકસભામાં આર્થિક સરવે રજૂ કર્યો.
- ✓ કેન્દ્રીય ખાતાવહી(બજેટ) ૨૦૨૦-૨૧
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય – ફાટકમુક્ત ગુજરાત યોજના (સુવિધા)



જાહેરાત

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ફાટકમુક્ત ગુજરાતની યોજના હેઠળ ૨૦ નગરપાલિકા વિસ્તારમાં ૧૬ રેલવે ઓવરબ્રિજ તથા ૧૦ અન્ડરપાસ બનાવવા માટે રૂ. ૭૫૭.૩૭ કરોડ ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિર્ણય : ડિજિટલ ઈકોનોમી - કેન્દ્ર સરકાર (આર્થિક)

✓ કેશ લોનની સ્વિકૃતિ અને ચૂકવણીની દૈનિક મર્યાદા રૂ. ૨૦ હજારથી ઘટાડીને રૂ. ૧૦ હજાર કરાઈ

કોને અસર પડશે ?

✓ મહેસુલ વિભાગના આ નિર્ણયની અસર માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) સેક્ટરને થવાની ધારણા છે કારણ કે આ સેક્ટરમાં મોટા પ્રમાણમાં રોકડનો જ વ્યવહાર ચાલે છે અને વેપારીઓ તમામ પ્રકારની લોન અને ખર્ચ રોકડમાં કરતા હોય છે.

નિયમમાં સુધારો

✓ આવકવેરા ખાતાના નિયમ ૬ DDમાં રહેલી નોન-કેશ પેમેન્ટમાં લાભ અને રાહત મેળવવા માટેની વિવિધ જોગવાઈઓને નવા પેમેન્ટ સિસ્ટમમાં લાવવા માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT) એ નિયમમાં સુધારો કરી દીધો છે અને નિયમ ૬BBAને નોટિફાય કરી દીધો છે.

✓ સમકાલીન ઈલેક્ટ્રોનિક માધ્યમથી પેમેન્ટ કરવામાં આવતાં ડિજિટલ ઈન્ડિયા અને ઓછા રોકડ ધરાવતી અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન મળશે .

હાલની સિસ્ટમ શું છે ?

✓ સરકારનું લક્ષ્ય બને તેટલા રોકડ રકમના વ્યવહારોને રોકવાનું છે અને ડિજિટલ ટ્રાન્ઝક્શનમાં વધારો કરવાનું છે.

✓ આના પગલે નાનામાં નાના રોકડના ટ્રાન્ઝક્શનને હવે ડિજિટલ મોડમાં કે બેન્ક દ્વારા કરવાનું ફરજિયાત બનાવી દેવાયું છે.

✓ અત્યાર સુધી નોન-કેશ પેમેન્ટ માટે બેંકનો એકાઉન્ટ પેયી ચેક, બેન્ક ડ્રાફટ કે ઈસીએસની સુવિધા હતી, પણ હવે ડિજિટલ પેમેન્ટનો એમાં વધારો કરાયો છે.

✓ આવકવેરા ખાતાના નિયમ 6ABBA હેઠળ લાભ અને રાહતો મેળવવા માટે ૧૦,૦૦૦ રૂપિયાથી વધુનું પેમેન્ટ ડિજિટલ મોડમાં કરવાનું રહેશે.

નવા ડિજિટલ પેમેન્ટ મોડ કયા ?

✓ CBDTએ એક નોટિફિકેશનમાં જણાવ્યું છે કે નવા નિયમો હેઠળ સાત નવા ઈલેક્ટ્રોનિક મોડ્સને સામેલ કરવામાં આવ્યા છે અને એમાં ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, નેટ બેંકિંગ, EIMPS (ઈમિડિયેટ પેમેન્ટ સર્વિસ). NEFT (નેશનલ ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર), RTGS (રિયલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ), UPI (યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ) અને BHIM (ભારત ઈન્ટરફેસ ફોર મની)નો સમાવેશ.

✓ આ માધ્યમથી ૧૦,૦૦૦ રૂપિયાથી વધુ રકમનું પેમેન્ટ કરનારા લોકોને આવકવેરાની કલમ હેઠળ લાભ અને રાહતો મળશે અને એના માટે કાયદામાં સુધારો કરીને એને નોટીફાય કરી દેવાયો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિમણૂક – મૂળ ભારતીય અરવિંદ કૃષ્ણા IBMના નવા CEO : આગામી 6 એપ્રિલ-2020થી કાર્યરત



વિગત

- ✓ શ્રી અરવિંદ કૃષ્ણા IIT કાનપુરના અન્ડર ગ્રેજ્યુએટ સ્ટૂડન્ટ હતા.
- ✓ અમેરિકાની અગ્રણી કંપનીઓમાં સ્થાન ધરાવતી ઇન્ટરનેશનલ બિઝનેસ મશીન્સ (IBM)નાં સીઇઓ તરીકે મૂળ ભારતીય અરવિંદ કૃષ્ણાની પસંદગી કરવામાં આવી.
- ✓ તેઓ વર્જિનિયા રોમેટીનું સ્થાન લેશે.
- ✓ ૫૭ વર્ષના અરવિંદ કૃષ્ણા ૬ એપ્રિલથી CEOનો કાર્યભાર સંભાળશે.
- ✓ રૂ. ૮.૯૩ લાખ કરોડ એટલે કે ૧૨,૫૮૮ કરોડ ડૉલરનું માર્કેટ કેપ ધરાવતી કંપનીના CEO બનશે.
- ✓ કૃષ્ણા હાલ ક્લાઉડ-કોગ્નિટિવ સોફ્ટવેર માટે IBMના સીનિયર વાઇસ પ્રેસિડેન્ટ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. WHO – નોવેલ કોરાના વાઈરસને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર (આરોગ્ય)



શું છે ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી

WHOના નિર્દેશ પર વૈશ્વિક સ્તરે બીમારી ફેલાતી રોકવાના ઉપાય હાથ ધરાય છે, તેના માટે ફંડ પણ છે

- ✓ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીને પબ્લિક હેલ્થ ઈમરજન્સી ઓફ ઈન્ટરનેશનલ કન્સર્ન (પીએચઈઆઈસી) તરીકે ઓળખાય છે.
- ✓ ડબ્લ્યુએચઓ દ્વારા તેની જાહેરાત ત્યારે કરાય છે જ્યારે કોઈ ખાસ વિસ્તાર કોઈ ગંભીર સ્વાથ્ય ખતરાનો સામનો કરી રહ્યો હોય પણ જ્યારે આ સમસ્યા વૈશ્વિક સ્તરે ફેલાવાનું જોખમ હોય છે તો પીએચઈઆઈસીની સ્થિતિ મનાય છે.
- ✓ આ સ્થિતિમાં દુનિયાભરના દેશોએ એ બીમારીથી બચાવ અને તેને ફેલાતા રોકવાના ઉપાયો કરવાના હોય છે.
- ✓ ડબ્લ્યુએચઓના તમામ 196 સભ્ય દેશો આ પ્રોટોકોલ અને ગાઈડલાઈનનું પાલન કરે છે.

- ✓ પ્રભાવિત વિસ્તારોની સરહદ અને ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લોકોનું સ્ક્રીનિંગ કરાય છે જેથી પ્રભાવિતોની ઓળખ કરીને તેમના અલગ રહેવાની વ્યવસ્થા કરી શકાય.
- ✓ આ ઈમરજન્સી માટે આકસ્મિક ફંડ હોય છે જેનો ઉપયોગ પ્રભાવિત વિસ્તારોમાં કરાય છે. હાલ ડબ્લ્યુએચઓ પાસે 1.8 મિલિયન ડોલરનું ફંડ છે.
- ✓ WHO- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન
- ✓ WHO વડુ મથક – જીનીવા (સ્વિત્ઝર્લેન્ડ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નાસા – અવકાશ વિજ્ઞાન

૩૦ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ નાસા દ્વારા સ્પિત્ઝર સ્પેસ ટેલિસ્કોપ નિવૃત



- ✓ કાર્યરત – વર્ષ-૨૦૦૩થી
- ✓ ખાસ- માત્ર ૫ વર્ષના બદલે ૧૬ વર્ષ સુધી કાર્યરત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૨-૨૦૨૦)

1. કેન્દ્રીય અંદાજપત્રના એક દિવસ અગાઉ લોકસભામાં ભારતનો આર્થિક સરવે કોના દ્વારા રજૂ કરાયો- **નાણા મંત્રી નિર્મલા સીતારામન**
2. ભારતના આર્થિક સરવે મુજબ વર્ષ 2020-21માં GDP ગ્રોથ રેટ કેટલા ટકાની વચ્ચે રહેશે - **6 થી 6.5%**
3. વર્ષે 2019-20ના વર્તમાન નાણાકીય વર્ષનો ગ્રોથ રેટ કેટલા ટકા રહેવાનું અનુમાન છે- **5%**
4. વર્ષ 2024-25 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા ભારતમાં માળખાગત સેક્ટરમાં કેટલુ રોકાણ કરવું જરૂરી છે- **1.4 ટ્રિલિયન ડોલર**
5. આર્થિક સરવે મુજબ ભારતમાં એપ્રિલથી નવેમ્બર-2019 સુધીમાં જીએસટી કલેક્શનમાં કેટલા ટકાની વૃદ્ધિ નોંધાઇ છે- **4.1%**
6. આર્થિક સરવે મુજબ ભારતમાં વર્ષે 2011-12થી 2017-18 સુધીમાં કેટલી નવી નોકરીનું સર્જન થયું છે- **2.62 કરોડ**
7. આર્થિક સરવે મુજબ ભારતમાં વર્ષે 2030 સુધીમાં કેટલી નવી નોકરીના સર્જનનો લક્ષ્યાંક નક્કી કરાયો છે- **8 કરોડ**
8. આર્થિક સરવે મુજબ ભારતમાં એસેમ્બલ ઈન ઇન્ડિયા અને મેઈક ઇન ઇન્ડિયા દ્વારા વર્ષ 2025 અને 2030 સુધીમાં વૈશ્વિક નિકાસમાં ભારતનો હિસ્સો કેટલા ટકા ઉપર પહોંચશે- **3.5% અને 6%**
9. કેન્દ્ર સરકારે વર્ષ 2018-19 ગ્રોથ રેટ કેટલા ટકાથી ઘટાડી કેટલા ટકા કરાયો- **6.8% થી 6.1%**
10. આર્થિક સરવે મુજબ ભારતમાં આગામી પાંચ વર્ષમાં 4 કરોડ રોજગારી સર્જન માટે કઈ ફોર્મ્યુલા અપનાવવાનું સૂચન કર્યું છે- **શ્રમ અને નિકાસ પર આધારિત ચીનની નીતિ**
11. ગુજરાતમાં મુખ્યમંત્રી દ્વારા જાહેર કરેલ ફાટક મુક્ત ગુજરાત યોજનામાં કેટલી રકમ ફાળવવામાં આવી- **૩.757.37 કરોડ**
12. ફાટક મુક્ત ગુજરાત યોજના અંતર્ગત ગુજરાતમાં કેટલા નવા રેલવે ઓવરબ્રિજ અને અંડરબ્રિજને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ- **16 અને 10**
13. કેન્દ્ર સરકારે ડિજિટલ ઇકોનોમીને વધુ પ્રોત્સાહિત કરવા કેશ લોનની સ્વીકૃતિ અને ચૂકવણીની દૈનિક

મર્યાદા ઘટાડીને કેટલી કરી- **રૂ. 20 હજારથી ઘટાડી રૂ. 10 હજાર કરી**

14. CBDTના નવા જાહેરનામા મુજબ કેટલા નવા ઇલેક્ટ્રોનિક પેમેન્ટ મોડને સામેલ કરાયા- **7**
15. CBDTનું વિસ્તૃત નામ જણાવો- **સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ**
16. IBMના નવા ભારતીય મૂળના CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી-**અરવિંદ કૃષ્ણા(એપ્રિલ 2020 થી)**
17. IBMના નવા ભારતીય મૂળના CEO અરવિંદ કૃષ્ણા ભારતની કઈ IITના અન્ડર ગ્રેજ્યુએટ સ્ટૂડન્ટ હતા – **કાનપુર(ઉત્તરપ્રદેશ)**
18. અરવિંદ કૃષ્ણા IBMના CEO બન્યા તે પહેલા ક્યાં અને કયા હોદ્દા પર હતા - **ક્લાઉડ-કોગ્નિટિવ સોફ્ટવેર માટે IBMના સીનિયર વાઈસ પ્રેસિડેન્ટના હોદ્દે પર**
19. IBMનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટરનેશનલ બિઝનેસ મશીન**
20. IBMએ કયા દેશની કંપની છે - **યુએસએ**
21. નોવેલ કોરોના વાયરસ અંગે કઈ સંસ્થા દ્વારા ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરાઈ- **WHO**
22. WHO દ્વારા જાહેર કરાયેલ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીને કયા નામે ઓળખવામાં આવે છે- **પબ્લિક હેલ્થ ઈમરજન્સી ઓફ ઇન્ટરનેશનલ કન્સર્ન(PHEIC)**
23. WHO દ્વારા દ્વારા જાહેર કરવામાં આવેલ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી કેટલા દેશોને લાગુ પડશે- **196**
24. WHOનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન**
25. WHOનું વડુ મથક કયાં આવેલું છે – **જીનીવા (સ્વિત્ઝર્લેન્ડ)**
26. નાસા દ્વારા 30 જાન્યુઆરી 2020ના રોજ કયા ટેલિસ્કોપને નિવૃત્તિ જાહેર કરાયો- **સ્પિત્ઝર સ્પેસ ટેલિસ્કોપ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-02-2020



૧. કેન્દ્રીય અંદાજપત્ર(બજેટ) 2020-21 - ભારત સરકાર (અર્થશાસ્ત્ર)



થીમ- મહત્વકાંક્ષી ભારત, તમામ ભારતીયોના આર્થિક વિકાસ અને કાળજી લેતા સમાજની કલ્પના

બજેટ-2020-21ની મુખ્ય વિશેષતાઓ

- ✓ તા.૧લી ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ ૨૧મી સદીના ત્રીજા દાયકાનું કેન્દ્ર સરકારનું પ્રથમ અંદાજપત્ર રજૂ કરતાં શ્રીમતી નિર્મલા સીતારમણે ભારતના અર્થતંત્રને ઊર્જા પૂરી પાડતા ટૂંકા ગાળાનાં, મધ્યમ ગાળાનાં અને લાંબા ગાળાનાં સંખ્યાબંધ દૂરગામી અસર કરનારાં પગલાંઓની જાહેરાત
- ✓ અંદાજપત્રનું કુલ કદ-રૂ.૩૦,૪૨,૨૩૦ કરોડ
- ✓ ગત વખત કરતા રૂ.૨.૫૬ લાખ કરોડ કરતા વધુ
- ✓ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં અંદાજપત્રીય ખાદ્ય રૂ. ૬,૧૯,૨૧૦ કરોડ ઉપર પહોંચવાનો અંદાજ





નાણાકીય વર્ષ 2020-21 માટે: રૂપિયો કયાંથી આવશે અને કયાં જશે



- ✓ સુધારેલો અંદાજિત ખર્ચ: રૂ. 26.99 લાખ કરોડ
- ✓ આવકનો સુધારેલો અંદાજ: અંદાજે રૂ.19.32 લાખ કરોડ.
- ✓ જીડીપીની સાધારણ વૃદ્ધિ 10 ટકા રહેવાનું અનુમાન છે.
- ✓ આવક: અંદાજે રૂ. 22.46 લાખ કરોડ
- ✓ ખર્ચ: રૂ.30.42 લાખ કરોડ
- ✓ તાજેતરમાં હાથ ધરવામાં આવેલા રોકાણને પ્રોત્સાહન આપવા કરવેરામાં નોંધપાત્ર સુધારા કરવામાં આવ્યાં છે. જોકે કરવેરામાં અનુમાનિત વધારામાં સમય લાગશે.
- ✓ રાજકોષીય ખાધ નાણાકીય વર્ષ 2019-20માં સુધારેલો અંદાજ 3.8 ટકા અને નાણાકીય વર્ષ 2020-21માં અંદાજિત ખાધ 3.5 ટકાઃ એમાં બે ઘટકો સામેલ છે;
- ✓ નાણાકીય વર્ષ 2019-20 માટે 3.3 ટકા અને નાણાકીય વર્ષ 2020-21 માટે બજેટમાં 3 ટકાનો અંદાજ.
- ✓ બજારનું ઋણઃ બજારનું ચોખ્ખું ઋણઃ નાણાકીય વર્ષ 2019-20 માટે રૂ. 4.99 લાખ કરોડ અને નાણાકીય વર્ષ 2020-21 માટે રૂ. 5.36 લાખ કરોડ.
- ✓ નાણાકીય વર્ષ 2020-21 માટે સુધારાનો એક મોટો હિસ્સો મૂડીગત ખર્ચ માટે વ્યય કરવામાં આવશે, જે 21 ટકાથી વધી ગયો.

પ્રત્યક્ષ કરવેરો

- ✓ પ્રત્યક્ષ કરવેરાની દરખાસ્તો – વૃદ્ધિને વેગ આપવા, કરવેરાનું માળખું સરળ બનાવવા, નીતિનિયમોનું પાલન સરળ બનાવવા અને કાયદાકીય પ્રક્રિયા ઘટાડવા

વ્યક્તિગત આવકવેરો:

- ✓ મધ્યમ વર્ગનાં કરદાતાઓને નોંધપાત્ર રાહત.
- ✓ નવું અને સરળ વ્યક્તિગત આવકવેરાનું પ્રસ્તાવિત માળખું નીચે મુજબ છે:



- ✓ નવી સરળ વ્યવસ્થામાંથી હાલની છૂટ અને મુક્તિ (100થી વધારે)માંથી 70ને દૂર કરવામાં આવશે.
- ✓ બાકીની છૂટછાટો અને મુક્તિઓની સમીક્ષા કરવામાં આવશે અને આગામી વર્ષોમાં એને તાર્કિક બનાવવામાં આવશે.
- ✓ નવી કરવેરા વ્યવસ્થા વૈકલ્પિક બનશે - કરદાતા જૂની વ્યવસ્થા પ્રમાણે કરવેરો ભરવાનું ચાલુ રાખી શકે છે અને એ મુજબ કરમુક્તિનો લાભ અને છૂટછાટો મેળવી શકશે.
- ✓ પ્રી-ફિલ ઇન્કમ ટેક્ષ રિટર્ન માટેનાં પગલાં લેવાની શરૂઆત કરવામાં આવશે, જેથી નવી કરવેરા વ્યવસ્થા ઇચ્છતાં કરદાતાઓ પ્રી-ફિલ્ડ ઇન્કમ ટેક્ષ મેળવી શકે અને એમને આવકવેરાની ચુકવણી કરવા માટે નિષ્ણાતની સહાયની જરૂર નહીં રહે.
- ✓ નવી કરવેરા વ્યવસ્થાથી દર વર્ષે અંદાજે રૂ. 40,000 કરોડની આવક ગુમાવવી પડશે.

કોર્પોરેટ કરવેરો:

- ✓ નવી વીજ ઉત્પાદક કંપનીઓને કરવેરાનાં 15 ટકા દર લાગુ કરવામાં આવશે.
- ✓ કોર્પોરેટ કરવેરાના દરની દ્રષ્ટિએ અત્યારે ભારત કોર્પોરેટ કરવેરાનાં દુનિયામાં સૌથી ઓછા દર ધરાવતા દેશોમાં સામેલ છે.
- ✓ લાભાંશ વિતરણ વેરો (ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યુશન ટેક્ષ (ડીડીટી):
- ✓ ભારતને રોકાણ માટે વધારે આકર્ષક બનાવવા માટે ડીડીટી દૂર કરવામાં આવ્યો.
- ✓ હોલિડે કંપનીઓ દ્વારાને એની પેટાકંપનીઓ દ્વારા પ્રાપ્ત લાભાંશ માટે મુક્તિની સુવિધા આપવામાં આવશે.
- ✓ અંદાજે વર્ષે રૂ. 25,000 કરોડની આવક ગુમાવશે.

ખેડૂતો માટે 16 સૂત્રીય પ્લાન

2022 સુધી ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય, જેના માટે 16 એક્શન પોઈન્ટ બનાવાયા

1. 6.11 કરોડ ખેડૂતોની આવક વધારવા પ્રત્યે લક્ષ્ય કેન્દ્રિત કરાશે
2. 2022 સુધી ખેડૂતોની આવક બમણી કરવાનો લક્ષ્ય

3. દૂધ, માંસ, માછલી માટે કિસાન રેલ યોજનાપાણી
4. ગંભીર સમસ્યાનો સામનો કરી રહેલા 100 જિલ્લામાં સર્વગ્રાહી જળ સંચય યોજના લાગૂ કરાશે
5. પાણી પૂરવઠા માટે 3.03 લાખ કરોડની ફાળવણી
6. અનાજના સંગ્રહ માટે તાલુકા સ્તરે વધુ ગોડાઉન બનાવવાની યોજના માટે વધુ ફંડ ફાળવાશે
7. નાબાર્ડ અને મુદ્રાના સહયોગથી ધાન્યલક્ષ્મી યોજના લાગૂ કરાશે, જેમાં અનાજના સંગ્રહમાં મહિલાઓની ભૂમિકા વધશે
8. અન્નદાતા ઉર્જાદાતા પણ બની શકે તેના માટે 20 લાખ ખેડૂતોને સોલર પમ્પ લગાડવામાં સરકાર મદદ કરશે
9. કેમિકલ ફર્ટિલાઈઝરને જરૂરિયાત કરતા વધારે ઉપયોગ થતો રોકવા માટે પગલા લેવામાં આવશે
10. 20 લાખ ખેડૂતોને સોલર પમ્પ લગાડવામાં સરકાર મદદ કરશે.
11. 15 લાખ અન્ય ખેડૂતોને ગ્રિડ કનેક્ટેડ પમ્પ આપશે
12. ભારતીય રેલવે ખેડૂત રેલવે બનાવશે. જે ટ્રેનમાં સ્ટોરેજની વ્યવસ્થા કરશે.
13. ખેડૂત ફ્લાઈટની પણ શરૂઆત કરાશે. જે એવિએશન મિનિસ્ટ્રી દ્વારા કરાશે.
14. 2021માં 15 લાખ કરોડ રૂપિયા એગ્રીકલ્ચર ક્રેડિટ માટે રાખવામાં આવ્યા છે.
15. મિલ્ક પ્રોસેસિંગ કેપેસિટીને બમણી કરવામાં આવશે. 53 મેટ્રિક ટનથી 108 મેટ્રિક ટન કરવાનું લક્ષ્ય.
16. 2.83 લાખ કરોડ રૂપિયા ખેડૂતો સાથે જોડાયેલી પ્રવૃત્તિ, સિંચાઈ અને ગ્રામીણ વિકાસ પર ખર્ચાશે.

આરોગ્ય

- ✓ હેલ્થ સેક્ટર માટે રૂપિયા 69,000 કરોડની ફાળવણી
- ✓ સ્વચ્છ ભારત માટે રૂપિયા 12,300 કરોડની ફાળવણી
- ✓ PPP મોડેલ હેઠળ હોસ્પિટલો તૈયાર કરવામાં આવશે
- ✓ આયુષ્યમાન સ્કીમમાં નવી હોસ્પિટલ ખોલવામાં આવશે
- ✓ વર્ષ 2025 સુધીમાં ટીબી રોગને નાબૂદ કરવામાં આવશે
- ✓ આયુષ્માન ભારત યોજના સાથે 20 હજાર હોસ્પિટલો જોડાઈ

શિક્ષણ/રોજગાર

- ✓ સરકાર 99 હજાર 300 કરોડ રૂપિયા એજ્યુકેશન સેક્ટર પર ખર્ચશે
- ✓ નોન ગેઝેટેડ પોસ્ટ માટે નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી બનાવાશે
- ✓ 300 કરોડ સ્કિલ્ડ ડેવલપમન્ટ માટે ફાળવાયા
- ✓ નેશનલ પોલીસ યુનિવર્સિટી, 11 ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બનશે
- ✓ નવી શિક્ષણનીતિ ટૂંક સમયમાં જાહેર થશે, બે લાખ લોકોએ સૂચનો મોકલ્યા
- ✓ ગરીબ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન એજ્યુકેશન

- ✓ માર્ચ, 2021 સુધી ડિપ્લોમા માટે 150 નવી સંસ્થા શરૂ કરાશે
- ✓ પ્રતિભાશાળી શિક્ષકોને પ્રોત્સાહન આપવા માટે 150 ઈન્સ્ટીટ્યુટ ડિગ્રી-ડિપ્લોમા કોર્સ શરૂ કરાશે.
- ✓ સરકાર એક પ્રોગ્રામ શરૂ કરશે. જેનાથી શહેરી એકમોના એન્જિનીયરોને એક વર્ષ માટે ઈન્ટર્નશીપ માટે રાખવામાં આવશે જેથી ઈન્ટર્ન પણ શીખે અને શહેરી એકમના કામકાજમાં મદદ મળી શકે

ગ્રામીણ

- ✓ એક લાખ ગ્રામપંચાયતને ફાઈબર ઓપ્ટિક્સથી કનેક્ટ કરાશે
- ✓ દેશભરમાં પ્રાઈવેટ ડેટા સેન્ટર બનાવવાની મંજૂરી
- ✓ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગના કલ્યાણ માટે 85 કરોડની ફાળવણી
- ✓ આદિવાસી જાતિ માટે 53700 કરોડની ફાળવણી

ઈન્ફ્રાસ્ટ્રક્ચર/માળખાકીય સુવિધાઓ

- ✓ 2024 સુધીમાં 100 નવા એરપોર્ટ બનાવાશે
- ✓ બેંગલુરુ-ચેન્નાઈ વચ્ચે એક્સપ્રેસ-વે બનશે
- ✓ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે વર્ષ 2023 સુધીમાં પૂરો કરાશે
- ✓ અમદાવાદ-મુંબઇ વચ્ચે વધુ હાઈ સ્પીડ ટ્રેન શરૂ કરવામાં આવશે
- ✓ ત્રણ નવા એક્સપ્રેસ-વે બનશે, 2023 સુધીમાં દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વેનું કામ પૂર્ણ કરાશે
- ✓ 18600 કરોડ રૂપિયાના ખર્ચે બેંગલુરુ સબ અર્બન પ્રોજેક્ટ પર કામ કરાશે. પોર્ટમાં ટેકનીકનો ઉપયોગ વધારાશે

સસ્તું-મોંઘું

રસોઈમાં મોંઘવારીનો વધાર, રસોડાથી જોડાયેલી 13 ચીજો મોંઘી, ફર્નીચર-ફુટવેર પણ મોંઘું; ઇલેક્ટ્રીક વાહનો સસ્તાં થશે



રસોઇમાં મોંઘવારીનો વધાર

- ✓ **રસોઇનો સામાન:** તેલ, બટર ઘી, પીનટ બટર, મકાઈ, સોયા ફાયબર, સોયા પ્રોટીન, અખરોટ.
- ✓ **રસોઇના સાધનો:** વોટર ફિલ્ટર, ફૂડ ગ્રાઇન્ડર, ઓવન, ફૂકર, ગ્રિલર, રોસ્ટર.

સૌંદર્ય પ્રસાધનો મોંઘા

- ✓ હવે સૌંદર્ય નિખાર પણ મોંઘુ પડશે. કાંસકા, હેરપીન, કર્લિંગ પીન પણ મોંઘી થશે. દૈનિક જરૂરિયાતમાં ઉપયોગમાં લેવાતી ઇસ્ત્રી પણ મોંઘી થશે.

- ✓ **ગ્રુમીંગ:** કાંસકા, હેરપીન, કર્લિંગ પીન, જૂતા, હેરક્લિપ, હેર ડ્રાયર, શેવર, હેર રિમુવિંગ અપ્લાયન્સિઝ.
- ✓ **લાઇફસ્ટાઇલ:** વોટર હીટર, ઇલેક્ટ્રિક આયરન, ફર્નીચર, લેમ્પ, લાઇટ ફિટીંગ, રમકડાં, બેલ, ટેબલ ફેન, સીલિંગ ફેન, બ્લોઅર.

આ પણ મોંઘું

- ✓ રત્નો, ચ્યૂઇંગ ગમ, કાંચનો સામાન, ટ્રોફી સિવાય એક્સાઇઝ ડ્યૂટી વધવાથી સિગરેટ, હુક્કા, તંબાકુ, જર્દા તંબાકુ પણ મોંઘી થશે.

માત્ર આ ચીજો સસ્તી

- ✓ ન્યૂઝપ્રિન્ટ, સ્પોર્ટ્સનો સામાન, માઇક્રોફોન, ઇલેક્ટ્રિક વાહનો, રો શુગર, પ્લાસ્ટિક કેમિકલ.



બજેટના ત્રણ મહત્વના વિષયો

- ✓ **મહત્વાકાંક્ષી ભારત-** આરોગ્ય, શિક્ષણ અને સમાજના તમામ વર્ગો માટે માટે વધુ નોકરીના અવસરો
- ✓ **તમામને માટે આર્થિક વિકાસ-** 'સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'
- ✓ **કાળજી લેતો સમાજ-** માનવીય અને લાગણીશીલ સમજની રચના, એમાં અંત્યોદય સુધીની પહોંચ એક શ્રદ્ધાનો આધાર છે

  મહત્વાકાંક્ષી ભારતના ત્રણ ઘટકો

- ✓ ખેતી, સિંચાઈ અને સ્વચ્છતા
- ✓ શિક્ષણ અને વિવિધ કૌશલ્યો
- ✓ આરોગ્ય, પાણી અને સ્વચ્છતા

ખેતી, સિંચાઈ અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રે કામગીરી કરવા માટે રૂ. 2.83 લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

- ✓ રૂ. 1.60 લાખ કરોડ ખેતી, સિંચાઈ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ફાળવાયા છે.
- ✓ રૂ. 1.23 લાખ કરોડ ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ માટે ફાળવવામાં આવ્યા છે.
- ✓ વર્ષ 2020-21 માટે રૂ. 15 લાખ કરોડનો લક્ષ્યાંક મુકવામાં આવ્યો છે.
- ✓ પ્રધાનમંત્રી કિસાન યોજનાના લાભાર્થીઓને કેસીસી યોજના હેઠળ આવરી લેવામાં આવશે
- ✓ નાબાર્ડની રિફાઈનાન્સ યોજનાને વધુ વિસ્તારવામાં આવશે.

- ✓ પાણીની તંગી ધરાવતા 100 જિલ્લા માટે ઘનિષ્ઠ પગલાં લેવાની દરખાસ્ત

દરિયાઇ અર્થવ્યવસ્થા (Blue Economy):

- ✓ વર્ષ 2024-25 સુધીમાં રૂ. 1 લાખ કરોડની મત્સ્ય પેદાશોની નિકાસ હાંસલ કરવામાં આવશે.
- ✓ વર્ષ 2022-23 માટે 200 લાખ ટન મત્સ્ય ઉત્પાદનનો લક્ષ્યાંક મુકવામાં આવ્યો છે.
- ✓ 3477 સાગર મિત્ર અને 500 ફીશ ફાર્મર પ્રોડ્યુસર સંગઠનોને વિસ્તરણ યોજનાઓમાં યુવાનોને સામેલ કરશે
- ✓ શેવાળ, સી-વીડ, અને કેજ કલ્ચરની ખેતીને પ્રોત્સાહિત કરવામાં આવશે.
- ✓ દરિયાઇ મત્સ્ય સંસાધનોનો વિકાસ, વ્યવસ્થાપન અને જાળવણી માટેનું આ માળખુ તૈયાર કરવામાં આવશે.

ભારતીય રેલવે પીપીપી મોડલને આધારે કિસાન રેલવેનું નિર્માણ કરશેઃ

- ✓ બગડી જાય તેવી પેદાશો (દૂધ, માંસ, માછલી, વગેરે) માટે વ્યાપક નેશનલ કોલ્ડ સપ્લાય ચેઈન ઉભી કરવાં આવશે.
- ✓ એક્સપ્રેસ અને ફેઈટ ટ્રેઈન્સમાં રેફ્રીજરેટેડ કોચ લગાવવામાં આવશે.
- ✓ નાગરિક ઉડ્ડયન મંત્રાલય મારફતે કૃષિ ઉડાન શરૂ કરવામાં આવશે.
- ✓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રૂટ્સને આવરી લેવામાં આવશે.
- ✓ પૂર્વોત્તર અને આદિવાસી જિલ્લાઓમાં ખેત પેદાશોની વધુ કિંમત મળે તેવા પ્રયાસો કરાશે.
- ✓ બાગાયત ક્ષેત્ર માટે નિકાસ તથા બહેતર માર્કેટીંગ માટે વન પ્રોડક્ટ વન ડિસ્ટ્રીક્ટનો અભિગમ હાથ ધરાશે.
- ✓ તમામ પ્રકારના ફર્ટિલાઈઝર્સ- પરંપરાગત ઓર્ગેનિક અને ઈનોવેટીવ ફર્ટિલાઝર્સનો વધુ સારો ઉપયોગ કરવામાં આવશે.

ઓર્ગેનિક, કુદરતી અને સંકલિત ખેતી માટેના પગલાઃ

- ✓ જૈવિક ખેતી પોર્ટલ- ઓનલાઈન નેશનલ ઓર્ગેનિક પ્રોડક્ટસના માર્કેટીંગને મજબૂત કરશે.
- ✓ જીરો-બજેટ નેચરલ ફાર્મીંગ (વર્ષ 2019ના બજેટમાં ઉલ્લેખ કરાયો હતો)ને મજબૂત કરવામાં આવશેઃ
- ✓ વરસાદી ખેતી ધરાવતા વિસ્તારોમાં સુસંકલિત ફાર્મીંગ સિસ્ટમને વિસ્તારવામાં આવશે.
- ✓ એકથી વધુ પાકની પદ્ધતિ, મધમાખી ઉછેર, સૌર પંપ, સૌર ઊર્જા ઉત્પાદનનો નૉન ક્રોપિંગ સિઝનમાં સમાવેશ કરાશે.
- ✓ પ્રધાનમંત્રી કુસુમ યોજનાનું વિસ્તરણ કરવામાં આવશેઃ
- ✓ અલાયદા સૌર પંપની સ્થાપના માટે 20 લાખ ખેડૂતોને સગવડ આપવામાં આવશે.

- ✓ વધુ 15 લાખ ખેડૂતોને તેમના સોલારાઈઝ્ડ ગ્રિડ કનેક્ટેડ પમ્પ સેટ માટે સહાય કરવામાં આવશે. આ યોજનાના કારણે ખેડૂતો તેમની ઉજ્જડ/વેરાન જમીન ઉપર સૌર પાવર ઉત્પાદન ક્ષમતા ઉભી કરીને તેનું ગ્રિડને વેચાણ કરી શકશે.

ગ્રામ સંગ્રહ ક્ષમતાઃ

- ✓ આ યોજના સ્વ-સહાય જૂથો મારફતે ચલાવવામાં આવશે અને તેના કારણે ખેડૂતોની અનાજ સંઘરવાની ક્ષમતા વધશે અને તેમના પરિવહન ખર્ચમાં ઘટાડો થશે.
- ✓ મહિલાઓ, સ્વ-સહાય જૂથો તેમનું ધન્ય લક્ષ્મી તરીકેનું સ્થાન ફરીથી પ્રાપ્ત કરશે.
- ✓ નાબાર્ડ જીઓ-ટેગ કૃષિ વેરહાઉસનું મેપીંગ કરશે અને કોલ્ડ સ્ટોરેજ, રિફર વાન વગેરે સુવિધાઓમાં સહાય કરશે.
- ✓ વેરહાઉસ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેટરી ઓથોરિટી (ડબલ્યુડીઆરએ)ના ધોરણો અનુસાર સંગ્રહની ક્ષમતા ઉભી કરવામાં આવશે.
- ✓ બ્લોક/તાલુકા સ્તરે કાર્યક્ષમ વેરહાઉસની સ્થાપના માટે વાયેબિલીટી ગેપ ભંડોળ ઉભુ કરવામાં આવશે.
- ✓ ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (એફસીઆઈ) અને સેન્ટર વેરહાઉસિંગ કોર્પોરેશન (સીડબલ્યુસી) આ પ્રકારના વેરહાઉસના નિર્માણની કામગીરી કરશે.
- ✓ નેગોશિએબલ વેરહાઉસીંગ રિસિપ્ટસ (ઈ-એનડબલ્યુઆર) ઉપર ધિરામને ઈ-નામ સાથે સાંકળવામાં આવશે.
- ✓ જે રાજ્ય સરકારો મોડેલ લૉ (કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા)નું અમલીકરણ હાથ ધરશે તેમને પ્રોત્સાહન આપવામાં આવશે.

પશુપાલન

- ✓ વર્ષ ૨૦૨૫ સુધીમાં મિલ્ક પ્રોસેસીંગની ક્ષમતાને બમણી કરવામાં આવશે.
- ✓ હાલની મિલ્ક પ્રોસેસિંગ ક્ષમતાને ૫.૩૫ કરોડ ટનથી વધારીને ૧૦.૮ કરોડ ટન ટન કરવામાં આવશે.
- ✓ કૃત્રિમ વીર્યદાન જે હાલમાં ૩૦ ટકા છે તે વધારીને ૭૦ ટકા સુધી લઈ જવાશે.
- ✓ ફોડર ફાર્મ્સ ઉભા કરવા માટે મનરેગા સાથે જોડાશે
- ✓ પશુઓમાં ખરવાસા-મોવાસાના રોગ, ઘેટાં- બકરાંમાં ડી પેટીસ રૂમિનન્ટ (પીપીઆર) બ્રૂસિલોસીસ જેવા રોગો નાબૂદ કરાશે.

દિનદયાળ અંત્યોદય યોજના-

- ✓ 0.5 કરોડ પરિવારોમાં 58 લાખ સ્વ-સહાય જૂથોની સ્થાપના ગરીબી નિવારણના હેતુ માટે કરવામાં આવશે.

વેલનેસ, પાણી અને સ્વચ્છતા

આરોગ્ય ક્ષેત્ર

- ✓ કુલ રૂ. 69,000 કરોડમાંથી રૂ. 6400 કરોડ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેવાય) માટે વપરાશે.
- ✓ પીએમ જન આરોગ્ય યોજના (પીએમજેવાય) હેઠળ હાલમાં 20 હજારથી વધુ હોસ્પિટલોની પેનલ જાહેર કરવામાં આવી છે.
- ✓ પબ્લિક પ્રાઈવેટ પાર્ટિસિપેશન પદ્ધતિથી વેલિડીટી ગેપ ફંડીંગ વિન્ડો મારફતે હોસ્પિટલ્સ સ્થાપવા દરખાસ્ત કરાઈ છે.
- ✓ જે મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં આયુષમાન પેનલની હોસ્પિટલો નથી તેમને પ્રથમ તબક્કામાં આવરી લેવામાં આવશે.
- ✓ મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વ્યવસ્થાનો ઉપયોગ કરીને રોગો અટકાવવા બાબતે ધ્યાન આપવામાં આવશે.
- ✓ જન ઔષધિ કેન્દ્ર યોજના હેઠળ 200 દવાઓ અને 300 સર્જીકલ્સ વર્ષ 2024 સુધીમાં તમામ જિલ્લાઓમાં પૂરા પાડવામાં આવશે
- ✓ ટીબી હારેગા, દેશ જીતેગા ઝૂંબેશ શરૂ કરવામાં આવશે. આ ઝૂંબેશ હેઠળ વર્ષ 2025 સુધીમાં ટીબીને નાબૂદ કરવા કટિબદ્ધતા વ્યક્ત કરાઈ છે.
- ✓ જલ જીવન મિશન માટે રૂ. 3.60 લાખ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.
- ✓ વર્ષ 2020-21 માટે 11,500 કરોડ ફાળવવામાં આવ્યા છે.
- ✓ સ્થાનિક જળસ્રોતોનું સંકલન કરવામાં આવશે, હાલના સ્રોતોનું રિચાર્જીંગ કરવામાં આવશે અને વોટર હાર્વેસ્ટીંગ તથા ડીસેલિનેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.
- ✓ 10 લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોમાં આ ધ્યેય આ વર્ષે જ હાંસલ કરવામાં આવશે.
- ✓ સ્વચ્છ ભારત મિશન માટે વર્ષ 2020-21માં રૂ. 12,300 કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ✓ ખૂલ્લામાં શૌચથી મુક્તિની વર્તણુંક જળવાઈ રહે તે માટે ઓડીએફ - પ્લસ માટે કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.
- ✓ લિક્વીડ અને ગ્રે વોટર મેનેજમેન્ટ પર ભાર મૂકવામાં આવશે.
- ✓ સોલીડ વેસ્ટ કલેક્શન સોર્સ છૂટા પાડવા અને પ્રોસેસીંગ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

શિક્ષણ અને કૌશલ્ય

- ✓ વર્ષ 2020-21માં રૂ. 99,300 કરોડ શિક્ષણ માટે અને રૂ. 3,000 કરોડ કૌશલ્ય વિકાસ માટે ખર્ચ કરાશે.
- ✓ ટૂંક સમયમાં નવી શિક્ષણ નીતિની જાહેરાત કરવામાં આવશે.
- ✓ પોલિસીંગ સાયન્સ, ફોરેન્સીક સાયન્સ અને સાયબર ફોરેન્સીંક માટે નેશનલ પોલિસ યુનિવર્સિટી અને નેશનલ

ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની દરખાસ્ત કરવામાં આવી છે.

- ✓ નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેંકીંગ ફ્રેમવર્ક હેઠળ ડીગ્રી સ્તરના પૂર્ણ સમયના ઓનલાઈન એજ્યુકેશન પ્રોગ્રામ દેશની ટોચની 100 શૈક્ષણિક સંસ્થાઓમાં શરૂ કરવામાં આવશે.
- ✓ નવા બહાર પડેલા એન્જીનિયરોને અર્બન લોકલ બોડીઝમાં એક વર્ષ સુધીની ઈન્ટર્નશીપ અપાશે.
- ✓ આ અંદાજપત્રમાં તબીબી કોલેજોને હાલની જિલ્લા હોસ્પિટલો સાથે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ પદ્ધતિથી જોડવામાં આવશે.
- ✓ આરોગ્ય મંત્રાલય અને કૌશલ્ય વિકાસ મંત્રાલય સ્પેશ્યલ બ્રીજ કોર્સ ડિઝાઈન કરશે.
- ✓ વિદેશમાં શિક્ષકો, નર્સો, પેરામેડિકલ સ્ટાફ અને કેર ગીવર્સ માટેની માગ સંતોષવામાં આવશે.
- ✓ નોકરી આપનારનાં ધોરણો મુજબનું કૌશલ્ય ધરાવતું શ્રમદળ તૈયાર કરવામાં આવશે.
- ✓ ઉચ્ચ શિક્ષણની 150 સંસ્થાઓ એપ્રેન્ટીશીપ સાથે જોડાયેલી ડીગ્રી/ ડિપ્લોમા અભ્યાસક્રમો માર્ચ 2021 સુધીમાં શરૂ કરી દેશે.
- ✓ એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગ અને સીધા વિદેશી મૂડી રોકાણનો શિક્ષણ ક્ષેત્રને લાભ અપાશે.
- ✓ સ્ટડી ઈન ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ એશિયન અને આફ્રિકન દેશો માટે ઈન્ડ-ફેસ્ટની દરખાસ્ત કરવામાં આવી છે.

આર્થિક વિકાસ

ઉદ્યોગ, વાણિજ્ય અને મૂડીરોકાણઃ

- ✓ ઉદ્યોગ અને વાણિજ્યને પ્રોત્સાહન અને વિકાસ માટે રૂ. 27,300 કરોડનું ભંડોળ વર્ષ 2020-21 માટે ફાળવવામાં આવ્યું છે.
- ✓ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલ સ્થાપવાની દરખાસ્ત કરવામાં આવી છે.
- ✓ 'એન્ડટુએન્ડ' સપોર્ટ પૂરો પાડવા માટે સગવડ અને સહયોગ આપવામાં આવશે.
- ✓ પોર્ટલ મારફતે કામ કરવામાં આવશે.

નેશનલ ટેકનિકલ ટેક્સટાઈલ મિશનની સ્થાપના કરવામાં આવશે.

- ✓ અમલીકરણનો ગાળો 4 વર્ષનો એટલે કે વર્ષ 2020-21 થી વર્ષ 2023-24 સુધીનો રહેશે.
- ✓ આ યોજનામાં અંદાજીત રૂ. 1480 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- ✓ યોજના મારફતે ભારતને ટેકનિકલ ટેક્સટાઈલ ક્ષેત્રે ગ્લોબલ લીડર બનાવવાનું ધ્યેય છે.

બહેતર નિકાસ ધિરાણ હાંસલ કરવા અને ધિરાણની ચૂકવણી માટેની નિર્વિક યોજના શરૂ કરવામાં આવશે અને તેમાં નીચેની જોગવાઈઓ કરવામાં આવશે.

વધુ ઈન્સ્યોરન્સ કવરેજ

- ✓ નાના નિકાસકારો માટે પ્રિમિયમમાં ઘટાડો
- ✓ દાવાઓની પતાવટ માટે સરળ પ્રક્રિયા
- ✓ ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (જીઈએમ)નું ટર્નઓવર રૂ. 3 લાખ કરોડ સુધી લઈ જવાની દરખાસ્ત છે.
- ✓ નિકાસ થતા ઉત્પાદનો ઉપર જકાત, કરવેરા વગેરેમાં સુધારો કરવામાં આવશે.
- ✓ કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્તરે નિકાસકારોને ડિજિટલ પદ્ધતિથી રિફંડ આપવામાં આવશે અને વેરો વસૂલ કરવામાં આવશે. આ પ્રથા નહીં અપનાવવામાં આવે તો રિફંડ કે મુક્તિ અપાશે નહીં.
- ✓ તમામ મંત્રાલયો પ્રધાનમંત્રીના "ઝીરો ડિફેક્ટ- ઝીરો ઈફેક્ટ" ઉત્પાદન માટે ગુણવત્તાના ધોરણો નક્કી કરતા આદેશો બહાર પાડશે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાગત સુવિધાઓ)

- ✓ આગામી 5 વર્ષના ગાળામાં માળખાગત સુવિધાઓ માટે રૂ. 100 લાખ કરોડનું મૂડી રોકાણ કરવામાં આવશે.

નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈનઃ

- ✓ 31 ડિસેમ્બર, 2019 સુધીમાં રૂ. 103 લાખ કરોડના પ્રોજેક્ટસ શરૂ કરવામાં આવ્યા છે.
- ✓ વિવિધ ક્ષેત્રના 6500થી વધુ પ્રોજેકટનું તેમના કદ અને વિકાસના તબક્કા અનુસાર વર્ગીકરણ કરવામાં આવ્યું છે.
- ✓ ટૂંક સમયમાં નેશનલ લોજીસ્ટીક્સ પોલિસી બહાર પાડવામાં આવશે
- ✓ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને મહત્વની નિયંત્રક સંસ્થાઓની ભૂમિકા અંગે સ્પષ્ટતા કરવામાં આવશે.
- ✓ એક સિંગલ વિન્ડો ઈ-લોજીસ્ટીક્સ માર્કેટની રચના કરવામાં આવશે.
- ✓ રોજગાર નિર્માણ, કૌશલ્યો અને એમએસએમઈ ક્ષેત્રને સ્પર્ધાત્મક બનાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- ✓ નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ એજન્સી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા કૌશલ્ય વિકાસની તકો ઉપર ધ્યાન આપશે.
- ✓ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓ માટે પ્રોજેક્ટ તૈયાર કરવાની સુવિધા પૂરી પાડવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે.
- ✓ યુવાન એન્જીનિયરો, મેનેજમેન્ટના સ્નાતકો અને યુનિવર્સિટીઓના અર્થશાસ્ત્રીઓને આ પ્રવૃત્તિ સાથે સક્રિયપણે જોડવામાં આવશે.
- ✓ સરકારની ઈન્ફ્રાસ્ટ્રકચર એજન્સીઓ સ્ટાર્ટ-અપમાં યુવા શક્તિનો સમાવેશ કરશે.

વાહનવ્યવહાર-માળખાગત સુવિધા
કુલ ફાળવણી રૂ. ૧.૭૦ લાખ કરોડ
ધોરીમાર્ગોઃ

- ✓ ધોરીમાર્ગોની લંબાઈ વધારવા માટેના વિકાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે,

જેમાં નીચે મુજબના માર્ગોનો સમાવેશ કરવામાં આવશેઃ

- ✓ 2500 કી.મી.ના એક્સેસ કન્ટ્રોલ હાઈવેઝ
- ✓ 9000 કી.મી.ના ઈકોનોમિક કોરિડોર
- ✓ 2000 કી.મી.ના કોસ્ટલ અને લેન્ડ પોર્ટ માર્ગો
- ✓ 2000 કી.મી.ના વ્યૂહાત્મક ધોરિમાર્ગો

ભારતીય રેલવેઝઃ

મહત્વનાં 5 પગલાઃ

1. રેલવે ટ્રેકની સાથે સાથે રેલવેની માલિકીની જમીનો ઉપર મોટી સૌર પાવર ક્ષમતા ઉભી કરવામાં આવશે.
2. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ પદ્ધતિથી 4 સ્ટેશનના રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને 150 પેસેન્જર ટ્રેન્સનું સંચાલન કરવામાં આવશે.
3. પ્રસિદ્ધ પર્યટન સ્થળોને તેજસ પ્રકારની વધુ ટ્રેનો સાથે જોડવામાં આવશે.
4. મુંબઈ અને અમદાવાદ વચ્ચે હાઈસ્પીડ ટ્રેન શરૂ કરવાની યોજના સક્રિયપણે વિચારાઈ રહી છે.
5. રૂ. 18,600 કરોડના ખર્ચે 148 કિ.મી. લાંબો બેંગાલૂરૂ સબરબન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે અને તેમાં મેટ્રો મોડલના ધોરણે ભાડાં લાગુ કરાશે. કેન્દ્ર સરકાર ઈક્વિટીમાં 20 ટકા હિસ્સો આપશે અને પ્રોજેક્ટ ખર્ચની 60 ટકા રકમ માટે બાહ્ય સહાય માટે સગવડ કરી આપશે.

- ✓ 4 રેલ્વે સ્ટેશન અને 140 ટ્રેન પીપીપી ધોરણે વિકસાવાશે
- ✓ તેજસ જેવી નવી ટ્રેન શરૂ કરાશે, આ નવી ટ્રેનોથી પ્રવાસન સ્થળોને જોડવામાં આવશે
- ✓ રેલવે ટ્રેકને સમાંતર રેલવેની જ જમીન પર સોલાર પેનલ નાંખીને વીજળી ઉત્પન્ન કરાશે, 27000 કિમી ટ્રેકનું ઈલેક્ટ્રિફીકેશન કરાશે.

ભારતીય રેલવેની સિદ્ધિઓઃ

- ✓ 550 વાઈફાઈ સુવિધાઓ તેટલી જ સંખ્યાના સ્ટેશનો પર શરૂ કરવામાં આવી.
- ✓ ફાટક વગરનાં ક્રોસિંગ સંપૂર્ણપણે દૂર કરાયા છે.

બંદરો અને જળમાર્ગોઃ

- ✓ ઓછામાં ઓછા એક પોર્ટનું કોર્પોરેટાઈઝીંગ કરવામાં આવશે અને શેર બજારમાં તેની નોંધણી કરાવવા બાબત ધ્યાનમાં લેવાશે.
- ✓ વધુ કાર્યક્ષમ સી–પોર્ટની રચના અને વૈશ્વિક સીમાચિહ્નો હાંસલ કરવા માટે વહિવટી માળખું ગોઠવવામાં આવશે.
- ✓ પ્રધાનમંત્રીના અર્થ ગંગા અભિગમ મુજબ નદી કાંઠે આર્થિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

વિમાન મથકોઃ

- ✓ ઉડાન યોજનાને બળ પૂરુ પાડવા માટે વર્ષ 2024 સુધીમાં વધુ 100 વિમાન મથકો વિકસાવવામાં આવશે.
- ✓ હાલમાં વિમાનોનો કાફલો જે 600નો છે તે આ ગાળા દરમિયાન વધારીને 1200 કરાશે તેવી અપેક્ષા છે.

વીજળીઃ

- ✓ 'સ્માર્ટ' મીટરીંગને પ્રોત્સાહિત કરાશે : આગામી ત્રણ વર્ષમાં દેશમાં 30 કરોડ સ્માર્ટ મીટર લગાવાશે.
- ✓ ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓમાં સુધારા માટે વધુ પગલાં લેવાશે.

સુવિધાઓ-

- ✓ ગ્રાહકો વીજ જોડાણ માટે વીજ કંપનીની પસંદગી કરી શકશે
- ✓ મોબાઈલ ફોનની જેમ હવે વીજ બીલ પણ પ્રિપેડ બનાવાશે
- ✓ ઈમાનદારીથી વીજ બિલ ભરતા લોકોને ૨૪ કલાક વીજળી મળશે

ઊર્જાઃ

- ✓ વર્ષ 2020-21માં ઊર્જા અને રિન્યુએબર ઊર્જા ક્ષેત્ર માટે રૂ. 22 હજાર કરોડની દરખાસ્ત કરાઈ છે. નેશનલ ગેસ ગ્રિડ હાલમાં 16,200 કી.મી. છે, તે વિસ્તારીને 27,000 કી.મી. કરવાની દરખાસ્ત કરાઈ.
- ✓ પારદર્શક રીતે ભાવ નક્કી થાય અને આર્થિક વ્યવહારોમાં આસાની થાય તે માટે વધુ સુધારા હાથ ધરવામાં આવશે.
- ✓ છેલ્લાં પાંચ વર્ષમાં બે અબજથી વધારે LED વેચાયા

નવું અર્થતંત્રઃ

નવી ટેકનોલોજીનો લાભ લેવા માટેઃ

- ✓ ખાનગી ક્ષેત્ર ડેટા સેન્ટર પાર્કસની દેશભરમાં સ્થાપના કરે તે હેતુથી ટૂંક સમયમાં નીતિ જાહેર કરવામાં આવશે.
- ✓ ભારતનેટ સાથે આ વર્ષે 1 લાખ ગામડાંઓને ફાયબર ટુ હોમ (એફએફટીએચ) મારફતે જોડાશે.
- ✓ ૨૦ MBPSની સ્પીડથી ઈન્ટરનેટ જોડાણ
- ✓ વર્ષ 2020-21માં ભારતનેટ પ્રોગ્રામ માટે રૂ. 6000 કરોડની દરખાસ્ત કરાઈ છે.

સ્ટાર્ટ-અપ્સના લાભ માટે સૂચવાયેલા પગલાઃ

- ✓ અપાર એપ્લિકેશન અને આઈપીઆઈરએસ માટે ડિજિટલ પ્લેટફોર્મને પ્રોત્સાહિત કરવામાં આવશે.
- ✓ નવા અને ઉભરતા ક્ષેત્રોમાં વિવિધ ટેકનોલોજી ક્ષેત્રોના નૉલેજ ટ્રાન્સલેશન ક્લસ્ટર સ્થાપવામાં આવશે.
- ✓ કન્સેપ્ટના ડિઝાઈનીંગ, ફેબ્રિકેશન અને પ્રૂફના વેલિડેશન માટે ટેકનોલોજી ક્લસ્ટર્સ, હાર્બરીગ ટેસ્ટ બેઝ અને લઘુ કદના ઉત્પાદન એકમો સ્થાપીને તેનું વધુ વિસ્તરણ કરવામાં આવશે.
- ✓ ભારતના જીનેટીક લેન્ડસ્કેપનું મેપીંગ કરી રાષ્ટ્રીય સ્તરની બે નવી સાયન્સ સ્કીમ શરૂ કરીને ધનિષ્ટ ડેટાબેઝ ઉભો કરાશે.

- ✓ આઇડીએશન અને સ્ટાર્ટ-અપ્સના શરૂઆતના વિકાસ ગાળા માટે તથા સીડ ફંડ ઉભુ કરાશે.
- ✓ પાંચ વર્ષના ગાળામાં નેશનલ મિશન ઓન ક્વોન્ટમ ટેકનોલોજીસ એન્ડ એપ્લિકેશન માટે રૂ.8000 કરોડ ફાળવવાની દરખાસ્ત કરાઈ છે.
- ✓ સ્ટાર્ટઅપ-ટર્નઓવરની મર્યાદા વધારવામાં આવી હતી. જેમાં રૂ. ૨૫ કરોડનું ટર્ન ઓવર ધરાવતાં સ્ટાર્ટઅપને જો સતત ટર્નઓવર રૂ. ૨૫ કરોડથી વધુ ન આવે તો સાત વર્ષમાંથી સતત ત્રણ આકારણી વર્ષ માટે તેના નફામાં ૧૦૦ ટકા કપાતની મંજૂરી છે.
- ✓ આ લાભ મોટા સ્ટાર્ટઅપ સુધી પહોંચાડવા માટે સરકારે ટર્નઓવર મર્યાદા હાલનાં રૂ. ૨૫ કરોડથી વધારીને ૧૦૦ કરોડની દરખાસ્ત કરી છે.

કાળજી લેતો સમાજઃ (કેરિંગ સોસાયટી) :

આ ક્ષેત્રમાં નીચેની બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશેઃ

- ✓ મહિલાઓ અને બાળકો
- ✓ સામાજિક કલ્યાણ
- ✓ સંસ્કૃતિ અને પર્યટન
- ✓ નાણાંકિય વર્ષ 2020-21માં પોષણલક્ષી કાર્યક્રમો માટે રૂ. 35,600 કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ✓ મહિલા સંબંધિત કાર્યક્રમો માટે રૂ. 28,600 કરોડની દરખાસ્ત કરવામાં આવી છે.
- ✓ માતૃત્વમાં પ્રવેશતી કન્યાની વય અંગેના મુદ્દે ટાસ્ક ફોર્સ રચવાની દરખાસ્ત કરવામાં આવી છે, જે તેની ભલામણો 6 માસમાં રજૂ કરશે.
- ✓ ટેકનોલોજીસની વ્યાપક સ્વિકૃતિ માટે નાણાંકિય સહયોગના હેતુથી આવાસ અને શહેરી મંત્રાલયે ગટરોનું મેન્યુઅલ ક્લિનીંગ (વ્યક્તિ પોતે ગટરમાં ઉતરીને સાફ-સફાઇ કરે) ના થાય તે સુનિશ્ચિત કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે અથવા તો સેપ્ટી ટેન્કસ પૂરી પાડવામાં આવશે.
- ✓ અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે વર્ષ 2020-21માં રૂ. 85,000 કરોડ ફાળવવાની દરખાસ્ત કરવામાં આવી છે.
- ✓ અનુસૂચિત જન જાતિઓના વધુ વિકાસ અને કલ્યાણ માટે રૂ. 53,700 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ✓ વર્ષ 2020-21માં વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટેની જોગવાઈ વધારીને રૂ. 9500 કરોડ કરવામાં આવી છે.

સંસ્કૃતિ અને પ્રવાસનઃ

- ✓ પર્યટન પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે વર્ષ 2020-21માં રૂ. 2500 કરોડની ફાળવણી કરવામાં આવશે.

- ✓ સંસ્કૃતિ મંત્રાલયે વર્ષ 2020-21માં રૂ. 3,150 કરોડ ફાળવવાની દરખાસ્ત કરી છે.
- ✓ સંસ્કૃતિ મંત્રાલય હેઠળ ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઑફ હેરિટેજ એન્ડ કન્ઝર્વેશનની રચના કરવાની દરખાસ્ત છે અને તેને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવશે.
- ✓ 5 આર્કિઓલોજીકલ સાઈટસને આદર્શ સ્થળો તરીકે ઓન-સાઈટ મ્યુઝિયમ્સ સાથે વિકસાવવામાં આવશેઃ
- ✓ રાખીગઢી (હરિયાણા)
- ✓ હસ્તિનાપુર (ઉત્તર પ્રદેશ)
- ✓ શીવસાગર (આસામ)
- ✓ ધોળાવીરા (ગુજરાત)
- ✓ અદિચન્નાલૂર (તામિલ નાડુ)
- ✓ પ્રધાનમંત્રીએ જાન્યુઆરી 2020માં જાહેરાત કરી છે કે કોલકતા ખાતેના ઇન્ડિયન મ્યુઝિયમનું પુનઃનિર્માણ કરવામાં આવશે.
- ✓ ન્યુમીસમેટીક્સ એન્ડ ટ્રેડ મ્યુઝિયમ કોલકતાના ઐતિહાસિક ઓલ્ડ મીન્ટ બિલ્ડીંગમાં ખસેડવામાં આવશે.
- ✓ દેશભરમાં ચાર વધુ મ્યુઝિયમનુ રિનોવેશન અને રિક્યુરેશન કરવામાં આવશે.
- ✓ રાંચી, ઝારખંડમાં આદિવાસી મ્યુઝિયમની સ્થાપના માટે સહયોગ પૂરો પાડવામાં આવશે.
- ✓ શિપિંગ મંત્રાલય અમદાવાદ નજીક હડપ્પન યુગના મેરીટાઈમ સ્થળે લોથલ ખાતે મેરીટાઈમ મ્યુઝિયમની સ્થાપના કરશે.
- ✓ રાજ્ય સરકારો કેટલાક સુનિશ્ચિત સ્થળોએ સંસ્થાઓની રચના માટે રોડ મેપ તૈયાર કરશે અને સ્થળો નક્કી કરશે તો વર્ષ 2021 દરમિયાન નાણાંકિય સહાય ઉપલબ્ધ કરાશે. આ દરખાસ્ત સામે વર્ષ 2020-21માં રાજ્યોને ચોક્કસ ગ્રાન્ટ પૂરી પાડવામાં આવશે.

પર્યાવરણ અને આબોહવામાં પરિવર્તન

- ✓ વર્ષ 2020-21 માટે આ કામગીરી હાથ ધરવા રૂ. 4400 કરોડની ફાળવણી કરવામાં આવી.
- ✓ યુટિલિટી કંપનીઓને પૂર્વનિર્ધારિત ધારાધોરણોથી વધારે કાર્બનનું ઉત્સર્જન કરતાં જૂનાં થર્મલ પાવર પ્લાન્ટ બંધ કરવાની સલાહ આપવા માટે દરખાસ્ત રજૂ કરવામાં આવી.
- ✓ જે રાજ્યોએ એક મિલિયન(દસલાખ)થી વધારે વસ્તી ધરાવતા શહેરોમાં સ્વચ્છ હવા સુનિશ્ચિત કરવા માટે યોજનાઓ બનાવી છે અને એના પર અમલ કર્યો છે એમને પ્રોત્સાહન આપવામાં આવશે.
- ✓ પ્રધાનમંત્રીએ દિલ્હીમાં સચિવાલય સાથે કોઅલિશન ફોર ડિઝાસ્ટર રિસાઇલન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (સીડીઆરઆઈ) શરૂ કર્યું

હતું. આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન પછી આ પ્રકારની આ બીજી પહેલ છે.

વહીવટી

- ✓ સ્વચ્છ, ભ્રષ્ટાચારમુક્ત, નીતિ સંચાલિત, સારો આશય ધરાવતો અને સૌથી વધુ મહત્વપૂર્ણ વિશ્વાસ ધરાવતો વહીવટ કરવામાં આવશે.
- ✓ કાયદામાં કરદાતા ચાર્ટર સામેલ કરવામાં આવશે, જે કરવેરાના વહીવટમાં નિષ્પક્ષતા અને અસરકારકતા લાવશે.

પરીક્ષા પછી સુધારો કરવા માટે આ પ્રકારની જોગવાઈ ધરાવતા અન્ય કાયદાઓ.

- ✓ સરકાર અને સરકારી બેંકોમાં નોન-ગેઝેટેડ પદો પર ભરતી કરવા મુખ્ય સુધારા કરવામાં આવશે:
- ✓ એક સ્વતંત્ર, વ્યાવસાયિક અને વિશેષ નેશનલ રિક્રૂટમેન્ટ એજન્સી (એનઆરએ) સ્થાપિત કરવામાં આવશે, જેનો ઉદ્દેશ કમ્પ્યુટર-આધારિત ભરતી કરવા માટે ઓનલાઇન કોમન એલિજિબિલિટી ટેસ્ટ લેવાનો હશે.
- ✓ દરેક જિલ્લામાં, ખાસ કરીને આકાંક્ષી જિલ્લાઓમાં ટેસ્ટ-સેન્ટર સ્થાપિત કરવામાં આવશે.
- ✓ વિવિધ લવાદ સહિત નિમણૂક કરવા માટે મજબૂત વ્યવસ્થા ઊભી કરવામાં આવશે તેમજ શ્રેષ્ઠ પ્રતિભાઓ અને વ્યાવસાયિક નિષ્ણાતોને આકર્ષવા માટે વિશેષ સંસ્થાઓ સ્થાપિત કરવામાં આવશે.
- ✓ કોન્ટ્રાક્ટ ધારાને મજબૂત કરવામાં આવશે.

નવી નેશનલ પોલિસી ઓન ઓફિશિયલ સ્ટેટિસ્ટિક્સ બનાવવામાં આવશે, જેનો આશય:

- ✓ એઆઈ સહિત લેટેસ્ટ ટેકનોલોજીઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા.
- ✓ ડેટા એકત્રીકરણનું આધુનિકીકરણ કરવાની રૂપરેખા બનાવવા, માહિતીનું સંકલન કરવા પોર્ટલ તૈયાર કરવા અને માહિતીનો સમયસર પ્રસાર કરવા.
- ✓ વર્ષ 2022માં ભારત જી-20નું અધ્યક્ષ હશે, જેની બેઠકની તૈયારી શરૂ કરવા રૂ. 100 કરોડનું ફંડ ફાળવવામાં આવશે.

ઉત્તર પૂર્વ ભારતનાં રાજ્યોનો વિકાસ:

- ✓ કુલ રૂ. ૩૦૪૯ કરોડની ફાળવણી
- ✓ સરકાર દ્વારા ઓનલાઇન પોર્ટલનો ઉપયોગ કરીને ફંડનાં પ્રવાહમાં સુધારો કરવામાં આવ્યો.
- ✓ બહુપક્ષીય અને દ્વિપક્ષીય ફંડિંગ સંસ્થાઓને નાણાકીય સહાય માટે વિસ્તૃત સુલભતા.

કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખનો વિકાસ:

- ✓ નાણાકીય વર્ષ 2020-21 માટે રૂ. 30,757 કરોડની રકમ પ્રદાન કરવામાં આવી છે.
- ✓ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ માટે રૂ. 5,958 કરોડ પ્રદાન કરવામાં આવ્યાં છે.

નાણાકીય ક્ષેત્ર

સરકારી બેંકોની કામગીરીમાં સુધારા:

- ✓ 10 બેંકોને 4 બેંકોમાં વિલય કરવામાં આવી.
- ✓ રૂ.3,50,000 કરોડનું મૂડીભંડોળ ઉમેરવામાં આવ્યું.
- ✓ સરકારી બેંકોની કામગીરીમાં પારદર્શકતા લાવવા અને વધારે વ્યાવસાયિકતા લાવવા વહીવટી સુધારા હાથ ધરવામાં આવશે.
- ✓ થોડી સરકારી બેંકોને વધારાની મૂડી ઊભી કરવા મૂડીબજારમાં જવા પ્રોત્સાહન આપવામાં આવશે
- ✓ ડિપોઝિટ ઇન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન (ડીઆઇસીજીસી)એ ડિપોઝિટ વીમા કવરેજ ડિપોઝિટર દીઠ રૂ. 1 લાખથી વધારીને રૂ. 5 લાખ કરવાની મંજૂરી આપી.
- ✓ શીડ્યુલ્ડ કમર્શિયલ બેંકની સ્થિતિ પર મજબૂત વ્યવસ્થા દ્વારા નજર રાખવામાં આવશે, જેથી થાપણદારોનાં નાણાં સલામત રહે.
- ✓ બેંકિંગ નિયમન ધારામાં સુધારો કરીને સહકારી બેંકોને મજબૂત કરવામાં આવશે, જે માટે:
- ✓ વ્યાવસાયિકતામાં વધારો કરવામાં આવશે.
- ✓ મૂડીની સુલભતામાં વધારો કરવામાં આવશે.
- ✓ આરબીઆઈ દ્વારા મજબૂત બેંકિંગ માટે વહીવટ અને નિરીક્ષણ સુધારાશે.
- ✓ એનબીએફસીની ઋણ વસૂલાત માટેની લાયકાતની મર્યાદા ઘટાડવામાં આવશે:
- ✓ એસેટની સાઇઝ રૂ. 500 કરોડથી રૂ. 100 કરોડ.
- ✓ લોનની સાઇઝ રૂ. 1 કરોડથી રૂ. 50 લાખ.

બેંકિંગ સિસ્ટમમાં ખાનગી મૂડી:

- ✓ સરકાર આઇડીબીઆઈ બેંકમાં એના બાકીના હિસ્સાનું વેચાણ સ્ટોક એક્સચેન્જ દ્વારા ખાનગી, રિટેલ અને સંસ્થાગત રોકાણકારોને કરશે.

રોજગારીમાં સરળ મોબિલિટી:

- ✓ યુનિવર્સલ પેન્શન કવરેજમાં ઓટોમોટિક નોંધણી.
- ✓ સંચિત ભંડોળને સલામત રાખવા આંતર-કાર્યક્ષમ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.
- ✓ પેન્શન ફંડ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા ધારામાં સુધારો કરવામાં આવશે, જેનો આશય:

- ✓ PFRDAની નિયમનકારી કામગીરીને મજબૂત કરવાનો છે.
- ✓ PFRDAમાંથી સરકારી કર્મચારીઓ માટે એનપીએસને અલગ કરવાની સુવિધા આપવાનો છે.
- ✓ સરકાર સિવાયની કંપનીઓને પેન્શન ટ્રસ્ટની સ્થાપના કરવા સક્ષમ બનાવવાનો.
- ✓ ફેક્ટર નિયમન ધારા, 2011માં સુધારો કરવામાં આવશે, જેનો આશય:
- ✓ એનબીએફસીને TReDS દ્વારા એમએસએમઈને ઇનવોઇસ ધિરાણની સુવિધા આપવા સક્ષમ બનાવવી
- ✓ બેંકો દ્વારા એમએસએમઈનાં ઉદ્યોગસાહસિકો માટે વૈકલ્પિક ઋણ પ્રદાન કરવા નવી યોજના
- ✓ અર્ધ-ઇક્વિટી તરીકે ગણી શકાશે.
- ✓ ક્રેડિટ ગેરન્ટી ફોર મીડિયમ એન્ડ સ્મોલ આંત્રપ્રિન્યોર્સ (સીજીટીએમએસઇ) દ્વારા સંપૂર્ણપણે ગેરન્ટી આપવામાં આવશે.
- ✓ સરકાર દ્વારા સીજીટીએમએસઇ ભંડોળ વધારવામાં આવશે.
- ✓ આરબીઆઈ દ્વારા એમએસએમઈનાં ઋણ પુનર્ગઠન માટેની તારીખ વધુ એક વર્ષ એટલે કે 31 માર્ચ, 2021 સુધી લંબાવવામાં આવી.
- ✓ પાંચ લાખથી વધારે એમએસએમઈને લાભ થયો છે.
- ✓ એમએસએમઈ માટે એક એપ-આધારિત ઇનવોઇસ ફાઇનાન્સિંગ લોન પ્રોડક્ટ લોંચ થશે.
- ✓ ચુકવણીમાં વિલંબ અને એના કારણે રોકડ પ્રવાહને થતી અસરની સમસ્યાનું સમાધાન કરવા

એમએસએમઈના નિકાસને વેગ:

- ✓ ફાર્માસ્યુટિકલ્સ, ઓટો ઘટકો અને અન્ય જેવા પસંદગી થયેલા ક્ષેત્ર માટે.
- ✓ સિડબી સાથે સંયુક્તપણે એક્ઝિમ બેંક દ્વારા રૂ. 1000 કરોડની યોજના શરૂ કરવામાં આવી છે.
- ✓ ટેકનોલોજી સુધારવા, સંશોધન અને વિકાસ માટે, વ્યાવસાયિક વ્યૂહરચના વગેરે માટે વ્યવહારિક સાથસહકાર.

નાણાકીય બજાર

- ✓ બોન્ડ માર્કેટની કામગીરી વધારવામાં આવશે.
- ✓ સરકારી સીક્યોરિટીની ચોક્કસ કેટેગરીઓ સંપૂર્ણપણે બિનનિવાસી રોકાણકારો માટે પણ ખોલવામાં આવશે.
- ✓ કોર્પોરેટ બોન્ડમાં એફપીઆઈ મર્યાદા 9 ટકાથી વધારીને 15 ટકા કરવામાં આવ્યો.
- ✓ નાણાકીય સમજૂતીઓનું સંપૂર્ણપણે પાલન કરવા માટે વ્યવસ્થા સ્થાપિત કરવા નવો કાયદો ઘડવામાં આવશે.
- ✓ ધિરાણ ચૂકની અદલાબદલીનો અવકાશ વધારવામાં આવશે.

- ✓ સરકારી સીક્યોરિટીઝને કારણે મુખ્યત્વે ઋણ આધારિત એક્સચેન્જ ટ્રેડેડ ફંડ નવા ડેટ-ઇટીએફ દ્વારા વધારવામાં આવ્યું.
- ✓ રિટેલ રોકાણકારો, પેન્શન ફંડ અને લાંબા ગાળાનાં રોકાણકારોને આકર્ષક સુલભતા આપવા.
- ✓ એનબીએફસીની નાણાકીય પ્રવાહિતતાની ખેંચ દૂર કરવા યુનિયન બજેટ 2019-20 પછી બનાવવામાં આવેલી ફોર્મ્યુલા માટે આંશિક ધિરાણ ગેરન્ટી યોજના.
- ✓ આને વધારવા નવી વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવશે.
- ✓ સીક્યોરિટીને સરકારી ટેકો, જેથી એનો પ્રવાહ સતત જળવાઈ રહે.

માળખાગત ક્ષેત્રને ધિરાણ

- ✓ અગાઉ જાહેર થયેલા નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન પ્રોજેક્ટ્સને રૂ. 103 લાખ કરોડ.
- ✓ આઇઆઇએફસીએલ અને એનઆઇઆઇએફની પેટાકંપની જેવી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સ કંપનીઓને ઇક્વિટી સપોર્ટ આપવા રૂ. 22,000 કરોડ.
- ✓ આઇએફએસસી, ગિફ્ટ સિટી:ગાંધીનગર) આંતરરાષ્ટ્રીય ધિરાણનું કેન્દ્ર તેમજ હાઈ એન્ડ ડેટા પ્રોસેસિંગ સેન્ટર બનવાની સંપૂર્ણ ક્ષમતા
- ✓ નિયમનકારની મંજૂરી સાથે આંતરરાષ્ટ્રીય બજારનાં સહભાગીઓ દ્વારા વેપાર માટે વધારાનાં વિકલ્પ તરીકે ગિફ્ટ સિટી ખાતે ઇન્ટરનેશનલ બુલિયન એક્સેચન્જ સ્થાપિત કરવામાં આવશે

ડિસઇન્વેસ્ટમેન્ટ

- ✓ સરકાર ઇનિશિયલ પબ્લિક ઓફર (આઇપીઓ) દ્વારા એના હિસ્સાનું વેચાણ કરશે.

રાજકોષીય વ્યવસ્થાપન

પંદરમું નાણાં પંચ (એફસી):

- ✓ પંદરમા નાણાં પંચે નાણાકીય વર્ષ 2020-21 માટે એનો પ્રથમ રિપોર્ટ રજૂ કર્યો છે
- ✓ નોંધપાત્ર પગલામાં ભલામણો સ્વીકારવામાં આવી છે
- ✓ 2021-22 માટે શરૂઆત કરીને પાંચ વર્ષ માટે એનો અંતિમ રિપોર્ટ વર્ષનાં અંતિમ ભાગમાં રજૂ કરવામાં આવશે.

જીએસટી વળતર ફંડ:

- ✓ વર્ષ 2016-17 અને 2017-18ની આવકમાંથી બાકી રહેલી સિલકને ફંડમાં બે હપ્તામાં હસ્તાંરિત કરવામાં આવશે.
- ✓ અહીં હવે પછી જીએસટી વળતર સેસ દ્વારા પ્રાપ્ત થયેલી આવકને ફંડ તરીકે હસ્તાંતરિત કરવામાં આવશે.
- ✓ કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજનાઓ અને કેન્દ્ર સરકારનાં ક્ષેત્રોની યોજનાઓની કાયાપલટ કરવી જરૂરી:

- ✓ તેમને ભવિષ્યની વિકાસશીલ સામાજિક અને વિકાસશીલ આર્થિક જરૂરિયાતોને સુસંગત બનાવવી
- ✓ દુર્લભ જાહેર સંસાધનોનો ઓછામાં ઓછો ખર્ચ થાય એ સુનિશ્ચિત કરવું
- ✓ પારદર્શકતા અને અંદાજિત રાજકોષીય આંકડાઓની વિશ્વસનિયતા પર તાજેતરમાં થયેલી ચર્ચામાં એ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, જે પ્રક્રિયા અપનાવવામાં આવી છે એ એફઆરબીએમ ધારાને સુસંગત છે.

સહકારી સંસ્થાઓ:

- ✓ સહકારી અને કોર્પોરેટ ક્ષેત્ર વચ્ચે સમાનતા લાવવામાં આવશે.
- ✓ સહકારી મંડળીઓ પર કોઈ પણ પ્રકારની છૂટ/મુક્તિ વિના 22 ટકા કરવેરો + 10 ટકા સરચાર્જ અને 4 ટકા સેસનો વિકલ્પ પ્રદાન કરવામાં આવશે.
- ✓ જેમ કંપનીઓને લઘુતમ વૈકલ્પિક કરવેરા (એમએટી)માંથી મુક્તિ મળે છે, તેમ સહકારી મંડળીઓને વૈકલ્પિક લઘુતમ કરવેરા (એએમટી)માંથી મુક્તિ આપવામાં આવી.

વિદેશી રોકાણો માટે કરવેરામાં છૂટછાટ:

- ✓ પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રો અને માળખાગત ક્ષેત્રોમાં લઘુતમ 3 વર્ષનો લોક-ઇન ગાળો ધરાવતા વિદેશી સરકારોનાં સોવેરિયન વેલ્થ ફંડમાં 31 માર્ચ, 2024 અગાઉ કરેલા રોકાણ પર વ્યાજ, ડિવિડન્ડ (લાભાંશ) અને મૂડીગત લાભની આવકને 100 ટકા કરમુક્તિ આપવામાં આવી.

અફોર્ડેબલ હાઉસિંગ:

- ✓ અફોર્ડેબલ હાઉસ માટે લેવામાં આવેલી લોન પર વ્યાજ માટે રૂ. 1.5 લાખ સુધીની કરમુક્તિની તારીખ લંબાવીને 31 માર્ચ, 2021 કરવામાં આવી.
- ✓ ડેવલપર્સને થયેલા નફા પર ટેક્ષ હોલિડેનો લાભ લેવા એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સની મંજૂરીની તારીખ લંબાવીને 31 માર્ચ, 2021 કરવામાં આવી.
- ✓ કરવેરાની સુવિધા વધારવા માટેનાં પગલાં
- ✓ આધાર દ્વારા ઓનલાઇન ઇન્સ્ટન્ટ પેનની ફાળવણી કરવામાં આવશે.
- ✓ 'વિવાદ સે વિશ્વાસ' યોજના, જેનો લાભ 30 જૂન, 2020 સુધી મળશે, જેનાથી પ્રત્યક્ષ કરવેરામાં કાયદાકીય વિવાદોમાં ઘટાડો થશે.
- ✓ વ્યાજ અને દંડમાંથી મુક્તિ – 31 માર્ચ, 2020 સુધી વિવાદ થયેલા કરવેરાની ચુકવણી કરવામાં આવશે.
- ✓ જો 31 માર્ચ, 2020 પછી લાભ લેવામાં આવ્યો હશે, તો વધારે રકમની ચુકવણી કરવી પડશે.
- ✓ કોઈ પણ સ્તરે કેસોની વિલંબિત અપીલોમાં કરદાતાઓને લાભ થશે.

✓ આવકવેરા ધારામાં સુધારો કરીને ફેસલેસ અપીલ સક્ષમ બનાવવામાં આવશે.

ચેરિટી સંસ્થાઓ માટે:

✓ દાનની જાણકારી રિટર્નમાં અગાઉથી આપવી પડશે.

✓ નોંધણીની પ્રક્રિયા સંપૂર્ણપણે ઇલેક્ટ્રોનિક કરવામાં આવશે.

✓ તમામ નવી અને હાલની ચેરિટી સંસ્થાઓને યુનિક રજિસ્ટ્રેશન નંબર (યુઆરએન) આપવામાં આવશે.

✓ ત્રણ વર્ષ માટે નવી ચેરિટી સંસ્થાઓ માટે કામચલાઉ નોંધણીને મંજૂરી આપવામાં આવશે.

✓ કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા મંડળ (સીબીડીટી) કરદાતાનાં ચાર્ટરનો સ્વીકાર કરશે.

વિલિન કરાયેલી બેંકોનું નુકસાન:

✓ આવકવેરા ધારામાં સુધારાવધારા કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ સંસ્થાઓને વિલિન થયેલી સંસ્થાઓના નુકસાન અને અવમૂલ્યનમાંથી લાભ મળે એ સુનિશ્ચિત કરવાનો છે.

પરોક્ષ વેરા

જીએસટી:

✓ ઇનવોઇસ મેળવવા ગ્રાહકોને પ્રોત્સાહન આપવા રોકડ રિવોર્ડ સિસ્ટમનો વિચાર કરવામાં આવ્યો.

✓ એસએમએસ આધારિત નિલ રિટર્ન ભરવા અને ઇનપુટ ટેક્ષ ક્રેડિટનો પ્રવાહ સુધારવા જેવી ખાસિયતો સાથે રિટર્નને સરળ બનાવવામાં આવ્યું, જેનો અમલ 1 એપ્રિલ, 2020થી પ્રાયોગિક ધોરણે થશે.

✓ કન્ઝ્યુમર ઇનવોઇસ માટે જીએસટીનાં ધારાધોરણો પૂર્ણ કરવા ડાયનેમિક ક્યુ-આર કોડ મેળવવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી.

✓ સેન્ટ્રલાઇઝ સિસ્ટમમાં મહત્વપૂર્ણ માહિતી મેળવવા ઇલેક્ટ્રોનિક ઇનવોઇસનો અમલ તબક્કાવાર રીતે થશે.

✓ ડમી કે અસ્તિત્વ ન ધરાવતા એકમોની સમસ્યાનું સમાધાન કરવા કરદાતાઓનું આધાર આધારિત વેરિફિકેશન પ્રક્રિયા પ્રસ્તુત કરવામાં આવી.

✓ કરવેરાનાં વિપરીત માળખાનું સમાધાન કરવા જીએસટી દરનાં માળખા પર ચર્ચા કરવામાં આવશે.

જકાત વેરાઓ:

✓ ફૂટવેર પર જકાત વેરો 25 ટકાથી વધારીને 35 ટકા અને ફર્નિચરની ચીજવસ્તુઓ પર જકાત વેરો 20 ટકાથી વધારીને 25 ટકા કરવામાં આવ્યો.

✓ ન્યૂઝ પ્રિન્ટ્સ અને ઓછું વજન ધરાવતા કોટેડ પેપરની આયાત પર મૂળભૂત જકાત વેરો 10 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો.

- ✓ ઇલેક્ટ્રિક વાહનો અને મોબાઇલનાં વિવિધ પાર્ટ પર જકાત વેરામાં સુધારો કરવામાં આવ્યો.
- ✓ તબીબી ઉપકરણોની આયાત પર 5 ટકા હેલ્થ સેસ લગાવવામાં આવશે, જેમાં બીસીડીમાંથી આયાત થતાં ઉપકરણો સામેલ નથી.
- ✓ ફ્યુઝ, રસાયણો અને પ્લાસ્ટિક જેવી ચોક્કસ આંતરિક ચીજવસ્તુઓ અને કાચા માલ પર જકાત વેરો ઘટાડવામાં આવ્યો.
- ✓ ઓટો-પાર્ટ, રસાયણો વગેરે જેવી ચોક્કસ ચીજવસ્તુઓ પર ઊંચો જકાત વેરો, જેનું ઉત્પાદન સ્થાનિક ઉત્પાદન ક્ષેત્રમાં પણ થાય છે.

વેપારી નીતિ સાથે સંબંધિત પગલાં

- ✓ એફટીએ (મુક્ત વેપાર સમજૂતી) હેઠળ આયાત થતી ચીજવસ્તુઓની ઉચિત ચકાસણી કરવા માટે જકાત ધારાને સુધારવામાં આવ્યો છે.
- ✓ ચોક્કસ સંવેદનશીલ ચીજવસ્તુઓ માટે એના મૂળના નિયમોની જરૂરિયાતની સમીક્ષા કરવામાં આવશે.
- ✓ વ્યવસ્થિત રીતે આયાત થતી ચીજવસ્તુઓમાં આ પ્રકારનાં ઊંચા વધારાનું નિયમન કરવા સક્ષમ બનવા માટે વેરાઓનું સંરક્ષણ કરવા સાથે સંબંધિત જોગવાઈઓને મજબૂત કરવામાં આવશે.
- ✓ સબસિડાઇઝ્ડ ચીજવસ્તુઓની આયાત અને ચીજવસ્તુઓનાં ડમ્પિંગને નિયંત્રણમાં રાખવા માટેની જોગવાઈઓને મજબૂત કરવામાં આવશે.
- ✓ ક્રાઉડ-સોર્સ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળને જકાત વેરામાંથી મુક્તિ આપવા માટેનાં સૂચનોની સમીક્ષા કરવામાં આવશે.
- ✓ સિગારેટ અને તમાકુનાં અન્ય ઉત્પાદનો પર આબકારી વેરો વધારવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી, બીડીઓ પરનાં વેરામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.
- ✓ ટેક્સટાઇલ ક્ષેત્રને લાભ આપવા પીટીએ પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી રદ કરાઈ.

ભારતીય અર્થતંત્રનાં અભૂતપૂર્વ સીમાચિહ્નો અને સિદ્ધિઓ

- ✓ અત્યારે ભારત દુનિયામાં પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે.
- ✓ વર્ષ 2014થી વર્ષ 2019 દરમિયાન સરેરાશ વૃદ્ધિ 7.4 ટકા રહી, જેમાં મોંઘવારીનો સરેરાશ દર 4.5 ટકા હતો.
- ✓ વર્ષ 2006થી વર્ષ 2016 દરમિયાન 271 મિલિયન લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યાં હતાં.
- ✓ વર્ષ 2014થી વર્ષ 2019 દરમિયાન ભારતનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ) વધીને 284 અબજ ડોલર થયું, જે વર્ષ 2009થી વર્ષ 2014 દરમિયાન 190 અબજ ડોલર થયું હતું.

- ✓ કેન્દ્ર સરકારનું ઋણ જીડીપીમાં ઘટીને 48.7 ટકા (માર્ચ, 2019) થયું હતું, જે અગાઉ 52.2 ટકા (માર્ચ, 2014) હતું.

બે પારસ્પરિક લાભદાયક પાસાં:

- ✓ ટેકનોલોજીનો વિસ્તાર કરવામાં આવશે (એનાલીટિક્સ, મશીન લર્નિંગ, રોબોટિક્સ, બાયો-ઇન્ફોર્મેટિક્સ અને આર્ટિફિશિયલ્સ ઇન્ટેલિજન્સ).
- ✓ ભારતમાં ફળદાયક વયજૂથ (15થી 65 વર્ષની વય)માં લોકોની સૌથી વધુ સંખ્યા.
- ✓ જીએસટીએ વ્યવસ્થામાં ઘણાં અવરોધો દૂર કર્યા હતા.
- ✓ ડિજિટલ ક્રાંતિ દ્વારા સંચાલિત ભારતની વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય લીડરશિપને જાળવવા માટે ભવિષ્યનાં ઉદ્દેશ
- ✓ ડિજિટલ ગવર્નન્સ દ્વારા સેવાઓ સતત અને સાતત્યપૂર્ણ રીતે પ્રદાન કરવામાં આવશે.
- ✓ નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન દ્વારા જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારો કરવામાં આવશે.
- ✓ આફતને તકમાં ફેરવીને જોખમને લઘુતમ કરવામાં આવશે.
- ✓ પેન્શન અને વીમાની પહોંચ વધારીને સામાજિક સુરક્ષાનો વ્યાપ વધારવામાં આવશે.

ગુજરાતને શુ મળ્યુ

- ✓ કેન્દ્રના શનિવારે જાહેર થયેલા 2020-21ના બજેટમાં ગુજરાતને પ્રવાસન તથા ગિફ્ટ સિટી માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. ટુરિઝમ વિકસાવવા માટે 2500 કરોડ રૂપિયા ફાળવાયા છે. તે હેઠળ ઐતિહાસિક સ્થળને વિકસાવાશે. ગુજરાતમાંથી ધોળાવીરા અને લોથલની પસંદગી કરવામાં આવી છે. આ બંને સ્થળે મ્યુઝિયમ બનાવાશે. લોથલમાં મેરીટાઈમ મ્યુઝિયમ બનાવાશે. ધોળાવીરામાં સાંસ્કૃતિક મ્યુઝિયમ બનાવાશે.



બુલેટ ટ્રેનને ગતિ આપવા આયોજન

- ✓ આ ઉપરાંત ગાંધીનગર ખાતે આવેલા ગિફ્ટ સિટીમાં ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જની શરૂઆત કરાશે. અત્યાર સુધીમાં ગિફ્ટ સિટી આઈબીસીના દરજ્જાને કારણે અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થા ધરાવે છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે દેશમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષા શક્તિ યુનિવર્સિટીની સ્થાપના કરવાનું પણ નક્કી કર્યું છે. ગુજરાત મોડલની આ બંને યુનિવર્સિટીથી દેશના અન્ય રાજ્યોમાં આતંકવાદ અને ઘૂસણખોરી તથા સાઈબર ક્રાઈમ નાથવામાં મદદ મળશે. આ અગાઉ દ્વારકામાં અંડર વોટર મ્યુઝિયમ બનાવવા માટે પણ મંજૂરી અપાઈ ચૂકી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટને ગતિ આપવા માટે પણ

આયોજન કરાયું છે. બુલેટ ટ્રેન માટેની 90 ટકા જમીન આગામી દિવસોમાં સંપાદન કરી લેવાશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કરાયો છે.

લોથલમાં મેરિટાઈમ મ્યુઝિયમ બનશે

- ✓ નાણાંમંત્રીએ લોથલમાં મેરિટાઈમ મ્યુઝિયમ બનાવવાની જાહેરાત કરી છે. લોથલના પૂરાતત્વીય અવશેષો અમદાવાદના ધોળકા તાલુકામાં સરગવાલા ગામ પાસે બે કિલોમીટર દૂર આજે પણ ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરતા ઉપલબ્ધ છે.
- ✓ અહીં ઉત્ખનન પ્રો.એસ.આર.રાવના આગેવાનીમાં ઈ.સ.1955-62 દરમિયાન થયેલું હતું. જેમાં આશરે ઈ.સ. પૂર્વે 2500-1900 વર્ષો જૂની હડપ્પન સંસ્કૃતિના લોથલ બંદર ગામે અવશેષો મળ્યા હતા. ત્યાં કોટ એટલે કિલ્લો અને નગર એમ બંને હતાં એમ જણાયું હતું.

ધોળાવીરામાં આર્કિયોલોજિકલ રિડેવલપ કરાશે

- ✓ કેન્દ્રીય બજેટમાં કચ્છ જિલ્લામાં આવેલા ધોળાવીરાને આર્કિયોલોજીકલ સાઈટ તરીકે રિડેવલપ કરવાની જાહેરાત કરી છે. ધોળાવીરા એ પ્રાચીન મહાનગર સંસ્કૃતિનું લુપ્તપ્રાય નગર છે. કચ્છના ભચાઉ તાલુકાના ખડિરબેટ વિસ્તારમાં આવેલું છે.
- ✓ આ સંસ્કૃતિ પાંચ હજાર વર્ષ જૂની છે અને એ વખતે લગભગ પચાસ હજાર લોકો આ મહાનગરમાં રહેતા હોવાનુ અનુમાન.
- ✓ આખું નગર, પાણીની વ્યવસ્થા, રાજમહેલ કે પ્રાંતના મહેલની રચના, લોકોની રહેણી કરણી વગેરે જોવા જેવું છે. સ્થાનિક લોકો ધોળાવીરાને કોટડો કે કોટડા ટિંબા તરીકે ઓળખે છે. મૂળ તો આ સ્થળ ધોળાવીરા ગામની નજીક આવેલું હોવાને કારણે તેનું નામ ધોળાવીરા પડી ગયું.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે 2023 સુધી પૂર્ણ કરાશે

- ✓ કેન્દ્રીય બજેટમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેની 2023 સુધી પૂર્ણ થઈ જશે તેવી જાહેરાત કરી છે. આ યોજના ત્રણ વર્ષમાં પૂરી થઈ જશે અને આ બે શહેર વચ્ચેનું અંતર 280 કિ.મી. કપાઈ જશે, જેથી તમે કારમાં ફક્ત 12 કલાકમાં આ અંતર કાપી શકશો.
- ✓ હાઈવે માટે જમીન હસ્તાંતરણનું કામ પણ પૂરું થઈ ગયું છે. કુલ 60માંથી 32 કોન્ટ્રાક્ટ પણ આપી દેવાયા છે. આ હાઈવે ગુરુગ્રામ નજીક સોહનાથી શરૂ થઈને મુંબઈ સુધી જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વૈશ્વિક બાબતો : US દ્વારા વિશ્વના વધુ 6 દેશોના ઈમિગ્રન્ટ્સ પર પ્રતિબંધ

પ્રતિબંધિત 6 દેશો

1. **નાઈઝિરિયા**
2. **ઈરિટ્રિયા**
3. **તાન્ઝાનિયા**
4. **સુદાન (દક્ષિણ આફ્રિકન દેશ)**
5. **કિર્ગીસ્તાન અને**
6. **મ્યાનમાર**

- ✓ અમલ – ૨૨ ફેબ્રુઆરી-૨૦૨૦
- ✓ અગાઉ ઈરાન, સિરીયા, યમન, વેનેઝુએલા, ઉત્તર કોરિયા પર પ્રતિબંધ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ – ઓસ્ટેલિયન ઓપન-૨૦૨૦ : યજમાન – મેલબોર્ન રમત-ટેનિસ



વર્ષનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ

મહિલા સિંગલ્સ વિજેતા તથા દેશ

હરિફ અને દેશ

- ✓ સોફિયા કેનિન – USA
- ✓ ગાર્બિન મુગુરુઝાન – સ્પેન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ – નિમણૂક:પેરાલિમ્પિક ખેલાડી દીપા મલિક ભારતીય પેરાલિમ્પિક સમિતિના નવા પ્રમુખ નિમાયા



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : ૧ ફેબ્રુઆરી ભારતીય તટ રક્ષક દિવસ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિમખાના સેક્ટર-૧૯ ખાતે ૪૪માં તટરક્ષક સ્થાપના દિવસની ઉજવણી

- ✓ સૂત્ર – વયંમ રક્ષામ
- ✓ આકસ્મિક દરિયાઈ સંશોધન અને બચવા માટે હેલ્પલાઈન-૧૫૫૪
- ✓ દક્ષિણ પશ્ચિમનું વડુમથક-ગાંધીનગર



- ✓ પરમ વિશિષ્ટ સેવા મેડલ અને વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત એર ઓફિસર કમાન્ડઇંગ ઈન ચીફ એરમાર્શલ શ્રી એસ.કે. ગોટિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મદિન વિશેષ : ૧ ફેબ્રુઆરી

તારી આંખનો અફીણી : વેણીભાઇ પુરોહિત



જન્મ - ૧ ફેબ્રુઆરી- ૧૯૧૮

અવસાન - 3 જાન્યુઆરી-૧૯૮૦

- ✓ જેમને સાહિત્યની સાધના સિવાય કશામા રસ ન હતો તેવા લોકપ્રિય ગીતકાર વેણીભાઇ જમનાદાસ પુરોહિતનો આજે જન્મદિવસ છે.
- ✓ જામખંભાળિયામા જન્મેલા વેણીભાઇએ પ્રાથમિક શિક્ષણ મુબઇ અને માધ્યિમક શિક્ષણ જામખંભાળિયામા લીધુ હતુ.
- ✓ અભ્યાસ પછી "બે ઘડી મોજ" સામયિકથી પોતાની કારકિદી શરૂ કરી અને તેનુ જ પરિણામ વેણીભાઇનુ સાહિત્ય સર્જન.
- ✓ પત્રકાર તરીકે જન્મભૂમિ જેવા અનેક સામયિકોમાં પણ વેણીભાઇએ કામ કર્યું હતુ.
- ✓ ગોફણગીતા શીર્ષકથી કોલમ પણ લખતા હતા.
- ✓ તેઓએ સિંજારવ, ગુલજારે શાયરી, આચમન જેવા ગીત સંગ્રહો અને અત્તરના દીવા, વાંસનું વન તથા સેતુ જેવા વાર્તાસંગ્રહ રચ્યા છે.
- ✓ તે સિવાય વેણીભાઇનું યોગદાન છંદોબદ્ધ કવિતાઓ અને બાળ કથાકાવ્યોના ક્ષેત્રે પણ ખરૂ.
- ✓ વેણીભાઇએ અખા ભગત અને સંત ખુરશીદાસ ઉપનામથી સર્જનો કર્યો હતા.
- ✓ કંકુ ફિલ્મના બધા ગીતો વેણીભાઇએ લખ્યા હતા.
- ✓ વેણીભાઈના નાનકડી નારનો મેળો, ઝરમર, અમારા મનમા, પરોઢિયાની પદમણી જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા.
- ✓ ઉમાશંકર જોષી તેમને "બંદો બદામી" કહેતા હતા.
- ✓ એમના વિસામો અને કાવડીયો જેવા ભજનો ગાધીજીને પણ પસંદ હતા.
- ✓ તેમનુ અખોવન માવડી કાવ્ય સ્વાતંત્ર્ય ભાવનાનું ઉત્તમ કાવ્ય છે.
- ✓ તેમની કવિતાઓમાં આઝાદીના ઉલ્લાસની સાથે ભક્તિનો ગેરૂઓ રંગ પણ ઝળકી આવે છે.
- ✓ વેણીભાઇએ હિદ છોડો આદોલનમા જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ કુશળ પત્રકાર, ગીતકાર-સાહિત્યકાર અને આઝાદીના લડવૈયા વેણીભાઇ પુરોહિતનુ 3 જાન્યુ.૧૯૮૦ના રોજ અવસાન થયુ હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૨-૨૦૨૦)

1. વર્ષ-૨૦૨૦-૨૧નું કેન્દ્રીય અંદાજપત્ર ક્યારે અને કોણે રજૂ કર્યું– **૧ ફેબ્રુઆરી નાણામંત્રી શ્રી નિર્મલા સિતારામન**
2. ભારતનું અંદાજપત્ર સતત બીજી વખત રજૂ કરનાર મહિલા નાણામંત્રીનું નામ જણાવો – **શ્રી નિર્મલા સિતારામન**
3. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રનું કુલ કદ - **રૂ.૩૦,૪૨,૨૩૦ કરોડ**

4. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ગત વર્ષ કરતા કેટલી રકમનો વધારો - **રૂ.૨.૫૬ લાખ કરોડ કરતા વધુ**
5. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં અંદાજપત્રીય ખાદ્ય ઉપર પહોંચવાનો અંદાજ છે - **રૂ. ૬,૧૯,૨૧૦ કરોડ**
6. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સુધારેલો અંદાજિત ખર્ચ - **રૂ. 26.99 લાખ કરોડ**
7. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આવકનો સુધારેલો અંદાજિત ખર્ચ - **રૂ.19.32 લાખ કરોડ**
8. નાણાકીય વર્ષ 2020-21ના અંદાજપત્રની થીમ- **મહત્વકાંક્ષી ભારત, તમામ ભારતીયોના આર્થિક વિકાસ અને કાળજી લેતા સમાજની કલ્પના**
9. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રના ત્રણ મહત્વના વિષયો જણાવો - **૧.મહત્વાકાંક્ષી ભારત ૨. તમામને માટે આર્થિક વિકાસ અને ૩. કાળજી લેતો સમાજ**
10. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રના મહત્વાકાંક્ષી ભારતના ત્રણ ઘટકો જણાવો - **ખેતી, સિંચાઈ અને સ્વચ્છતા, શિક્ષણ અને વિવિધ કૌશલ્યો, આરોગ્ય, પાણી અને સ્વચ્છતા**
11. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્ર મુજબ જીડીપીની સાધારણ વૃદ્ધિ કેટલા ટકા રહેવાનું અનુમાન છે - **10**
12. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં અંદાજિત આવક - **રૂ. 22.46 લાખ કરોડ**
13. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં અંદાજિત ખર્ચ - **રૂ.30.42 લાખ કરોડ**
14. રાજકોષીય ખાધ નાણાકીય વર્ષ 2019-20માં સુધારેલો અંદાજ કેટલા ટકા અને નાણાકીય વર્ષ 2020-21માં અંદાજિત ખાધ કેટલા ટકા એમાં બે ઘટકો સામેલ છે - **3.8 અને 3.5**
15. નાણાકીય વર્ષ 2019-20 માટે બજારનું ચોખ્ખું ઋણ કેટલું હતુ - **રૂ. 4.99 લાખ કરોડ**
16. નાણાકીય વર્ષ 2020-21 માટે બજારનું ચોખ્ખું ઋણ કેટલું છે - **રૂ. 5.36 લાખ કરોડ.**
17. નાણાકીય વર્ષ 2020-21ના અંદાજપત્રમાં નવી વીજ ઉત્પાદક કંપનીઓ ઉપર કરવેરાનાં કેટલા દર લાગુ કરવામાં આવશે - **15 ટકા**
18. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પાણી પૂરવઠા માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે - **3.03 લાખ કરોડ**
19. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ગંભીર સમસ્યાનો સામનો કરી રહેલા કેટલા જિલ્લામાં સર્વગ્રાહી જળ સંચય યોજના લાગૂ કરાશે - **100**
20. નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન સરકારી ખર્ચ પેટે પેન્શન, સંરક્ષણ, સબસીડી, કૃષિ, વેપાર- ઉદ્યોગ અને ઉત્તર પૂર્વના વિકાસ માટે કેટલા રકમની ફાળવણી કરવામાં આવી છે - **અનુક્રમે કરોડમાં રૂ. 2,10,682, રૂ.3,23,053, રૂ.2,27,794, રૂ.1,54,775, રૂ.27,227 અને રૂ.3,049**
21. નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન સરકારી ખર્ચ પેટે શિક્ષણ, ઉર્જા, વિદેશનીતિ, નાણા, આરોગ્ય અને ગૃહ વિભાગ માટે કેટલા નાણાની ફાળવણી કરવામાં આવી છે- **અનુક્રમે કરોડમાં રૂ. 99,312, રૂ.4,27,725, રૂ.17,347, રૂ. 41,829, રૂ.67,484 અને રૂ. 1,14,387**
22. નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન સરકારી ખર્ચ પેટે વ્યાજ, આઈટી- ટેલિકોમ, આયોજન, ગ્રામીણ વિકાસ, વૈધાનિક અને સમાજ કલ્યાણ માટે કેટલી રકમની ફાળવણી કરાઈ- **અનુક્રમે કરોડમાં રૂ.7,08,203, રૂ.59,349, રૂ.6,094, રૂ. 1,44,817, રૂ. 30,023,રૂ. 53,876**
23. નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન સરકારી ખર્ચ પેટે કર આયોજન, રાજ્યોને સહાય, વાહન વ્યવહાર, કેન્દ્રશાસિત પ્રદેશ, શહેરી વિકાસ અને અન્ય પાછળ કેટલી રકમ ફાળવવામાં આવી છે - **અનુક્રમે કરોડમાં- રૂ.1,52,962, રૂ. 2,00,447, રૂ.1,69,637, રૂ.52,864, રૂ.50,040 અને રૂ.84,256**
24. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સૌથી વધુ આવક કયા ક્ષેત્રમાંથી કેટલા ટકા થશે – **ધીરાણ અને જવાબદારીઓમાંથી ૨૦ ટકા**
25. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં GST અને બીજા ટેક્સમાંથી કેટલા ટકા આવક થશે – **૧૮ ટકા**
26. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કોર્પોરેટ ટેક્સમાંથી કેટલા ટકા આવક થશે - **૧૮ ટકા**
27. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ઈનકમ ટેક્સમાંથી કેટલા ટકા આવક થશે - **૧૭ ટકા**

28. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં નોન ટેક્સનોન રેવન્યુમાંથી કેટલા ટકા આવક થશે - **૧૦ ટકા**

29. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આવકનો સૌથી વધુ હિસ્સો કોને ફાળવવામાં આવશે કેટલા ટકા – **૨૦ ટકા**

30. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કુલ આવકમાંથી ઈન્ટરેસ્ટ પેમેન્ટ માટે કેટલા ટકા હિસ્સો ખર્ચાશે – **૧૮ ટકા**

31. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કુલ આવક પૈકી સેન્ટ્રલ સેકટર સ્કીમ માટે કેટલા ટકા હિસ્સો ફાળવવામાં આવશે – **૧૩ ટકા**

32. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કુલ આવકનો ૧૦-૧૦ ટકા હિસ્સો કોના પાછળ ખર્ચાશે – **ફાઈનેન્સ કમિશન અને બીજા ટ્રાન્સફર તથા બીજા ખર્ચ**

33. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કુલ આવકનો સૌથી ઓછો ૬-૬ ટકા હિસ્સો કોના પાછળ ખર્ચાશે – **પેન્શન તથા સબ્સિડી**

34. વર્ષે 2020-21ના કેન્દ્રીય અંદાજપત્રમાં એક રૂપિયામાં ઇન્કમ ટેક્સ, કોર્પોરેશન ટેક્સ, જીએસટી, નોન ટેક્સ રિટર્ન, એક્સાઇઝ ડ્યુટી, કસ્ટમ અને બોરોવિંગ્સ એન્ડ અધર લાયબિલિટીસ હેઠળ કેટલા પૈસા- ટકાની આવક થશે- **અનુક્રમે 17%, 18%, 18%, 10%, 7%, 4% અને 20%**

35. વર્ષે 2020-21ના કેન્દ્રીય અંદાજપત્રમાં એક રૂપિયાની સામે કયા ક્ષેત્ર પાછળ કેટલા રૂપિયા- ટકા ખર્ચ થશે- **સેન્ટ્રલ સેકટર સ્કીમ-13%, સ્ટેટસ શેર ઓફ ટેક્સ એન્ડ ડ્યુટી- 20%, ફાઈનાન્સ કમિશન એન્ડ અધર ટ્રાન્સફર્સે- 10%, સબસીડી-06%, સરક્ષણ- 08%, વ્યાજ ચુકવણી- 18%, કેન્દ્રીય યોજનાઓ- 09%, પેન્શન -06% અને અન્ય ખર્ચ- 10%**

36. ભારતને રોકાણ માટે વધારે આકર્ષક બનાવવા માટે કયો વેરો દૂર કરવામાં આવ્યો - **ડીડીટી**

37. ડીડીટીનું વિસ્તૃત નામ જણાવો - **ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યુશન ટેક્ષ (લાભાંશ વિતરણ વેરો)**

38. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વ્યક્તિગત આવકવેરામાં રૂ. ૨.૫ લાખ સુધીની વાર્ષિક આવક પર કેટલો ટેક્સ લાગુ પડશે – **૦ ટકા**

39. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વ્યક્તિગત આવકવેરામાં રૂ. ૨.૫ લાખ થી ૫ લાખ સુધીની વાર્ષિક આવક પર કેટલો ટેક્સ લાગુ પડશે – **૫ ટકા**

40. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વ્યક્તિગત આવકવેરામાં રૂ. ૫ લાખ થી ૭.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક પર કેટલો ટેક્સ લાગુ પડશે – **૧૦ ટકા**

41. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વ્યક્તિગત આવકવેરામાં રૂ. ૭.૫૦ લાખ થી ૧૦ લાખ સુધીની વાર્ષિક આવક પર કેટલો ટેક્સ લાગુ પડશે – **૧૫ ટકા**

42. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વ્યક્તિગત આવકવેરામાં રૂ. ૧૦ લાખ થી ૧૨.૫ લાખ સુધીની વાર્ષિક આવક પર કેટલો ટેક્સ લાગુ પડશે – **૨૦ ટકા**

43. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વ્યક્તિગત આવકવેરામાં રૂ. ૧૨.૫ લાખ થી ૧૫ લાખ સુધીની વાર્ષિક આવક પર કેટલો ટેક્સ લાગુ પડશે – **૨૫ ટકા**

44. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વ્યક્તિગત આવકવેરામાં રૂ. ૧૫ લાખથી વધુની વાર્ષિક આવક ઉપર કેટલો ટેક્સ લાગુ પડશે – **૩૦ ટકા**

45. ગત વર્ષ-૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં વ્યક્તિગત વાર્ષિક આવકવેરામાં રૂ. ૨.૫, રૂ. ૨.૫ થી રૂ. ૫ લાખ, રૂ. ૫ લાખથી રૂ. ૧૦ લાખ તેમજ રૂ. ૧૦ લાખથી વધારેની આવક ઉપર કેટલા ટકા ટેક્સ લાગતો હતો - **અનુક્રમે ૦ ટકા, ૫ ટકા, ૨૦ ટકા અને ૩૦ ટકા**

46. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં અનાજના સંગ્રહમાં મહિલાઓની ભૂમિકા વધારવા નાબાર્ડ અને મુદ્રાના સહયોગથી કઈ યોજના લાગૂ કરાશે - **ધાન્યલક્ષ્મી**

47. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં અન્નદાતા ઉર્જાદાતા બની શકે તે માટે અંદાજિત કેટલા લાખ ખેડૂતોને સોલર પમ્પ લગાડવામાંકેન્દ્ર સરકાર મદદ કરશે - **20**

48. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલા રૂપિયાનો કૃષિ ક્રેડિટ માટે લક્ષ્યાંક રાખવામાં આવ્યા છે - **15 લાખ કરોડ**

49. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સ્વચ્છ ભારત માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે - **12,300 કરોડ**

50. ટીબી હારેગા, દેશ જીતેગા અભિયાન અંતર્ગત ટીબી રોગને કયા વર્ષ સુધીમાં નાબૂદ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે - **વર્ષ 2025 સુધીમાં**

51. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં દેશના કેટલા રેલ્વે સ્ટેશન અને કેટલી ટ્રેન પીપીપી ધોરણે વિકસાવાશે – **4 અને 140**

52. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલા રેલવે સ્ટેશનો પર વાઈફાઈ સેવા શરૂ કરાશે - **550**

53. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રેલવે ટ્રેકને સમાંતર રેલવેની જ જમીન પર કઈ પેનલ નાંખીને વીજળી ઉત્પન્ન કરાશે - **સોલાર**

54. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલા કિમી ટ્રેકનું ઈલેક્ટ્રિફીકેશન કરાશે - **27 હજાર**

55. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં નોન ગેઝેટેડ પોસ્ટ માટે રાષ્ટ્રીય સ્તરે કઈ એજન્સી બનાવાશે - **નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી**

56. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલી રકમ સ્કિલ્ડ ડેવલપમન્ટ માટે ફાળવવામાં આવી – **રૂ. 300 કરોડ**
વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં દેશમાં પોલીસ માટે કઈ નવી યુનિવર્સિટી સ્થપાશે - **નેશનલ પોલીસ યુનિવર્સિટી**

57. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલી ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બનાવાનો લક્ષ્યાંક છે- **11**

58. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કયા સુધીમાં ડિપ્લોમા માટે કેટલી નવી સંસ્થા શરૂ કરવાનો લક્ષ્યાંક છે - **માર્ચ, 2021 સુધી અને 150**

59. FTHનું વિસ્તૃત નામ જણાવો - **ફાયબર ટુ હોમ**

60. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ભારતનેટ પ્રોગ્રામ માટે કેટલા રૂપિયાની દરખાસ્ત કરાઈ છે - **રૂ. 6000 કરોડ**

61. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલી ગ્રામપંચાયતને કયા પ્રોગ્રામ અંતર્ગત ફાઈબર ઓપ્ટિક્સથી કનેક્ટ કરાશે - **એક લાખ અને ભારત નેટ પ્રોજેક્ટ પ્રોગ્રામ**

62. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ૨૦૨૪ સુધીમાં કેટલા નવા એરપોર્ટ બનાવાશે – **૧૦૦**

63. કઈ યોજનાને બળ પૂરૂ પાડવા માટે વર્ષ ૨૦૨૪ સુધીમાં વધુ ૧૦૦ વિમાન મથકો વિકસાવવામાં આવશે - **ઉડાન યોજના**

64. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે કયા સુધીમાં પૂરો કરાશે - **વર્ષ 2023**

65. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પ્રધાનમંત્રી કિસાન યોજનાના લાભાર્થીઓને કઈ યોજના હેઠળ આવરી લેવામાં આવશે - **કેસીસી**

66. દરિયાઇ અર્થવ્યવસ્થાને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે – **બ્લ્યૂ ઈકોનોમી (Blue Economy)**

67. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વર્ષ 2024-25 સુધીમાં કેટલા કરોડની મત્સ્ય પેદાશોની નિકાસ હાંસલ કરવામાં આવશે - **રૂ. 1 લાખ**

68. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વર્ષ 2022-23 માટે કેટલા ટન મત્સ્ય ઉત્પાદનનો લક્ષ્યાંક મુકવામાં આવ્યો છે - **200 લાખ**

69. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં બ્લ્યૂ ઈકોનોમી અંતર્ગત કેટલા સાગર મિત્ર અને ફીશ ફાર્મર પ્રોડ્યુસર સંગઠનોને વિસ્તરણ યોજનાઓમાં યુવાનોને સામેલ કરશે – **3477 અને 500**

70. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ભારતીય રેલવે કયા મોડલને આધારે કિસાન રેલવેનું નિર્માણ કરશે - **પીપીપી**

71. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કયા મંત્રાલય મારફતે કૃષિ ઉડાન શરૂ કરવામાં આવશે - **નાગરિક ઉડ્ડયન**

72. ઓનલાઈન નેશનલ ઓર્ગેનિક પ્રોડક્ટસના માર્કેટીંગને મજબૂત કરવા કયુ પોર્ટલ શરૂ કરાશે - **જૈવિક ખેતી પોર્ટલ**

73. ઓર્ગેનિક પ્રોડક્ટસના માર્કેટીંગને મજબૂત કરવા કઈ યોજનાનું વિસ્તરણ કરવામાં આવશે - **પ્રધાનમંત્રી કુસુમ**

74. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કયા વર્ષ સુધીમાં મિલ્ક પ્રોસેસીંગની ક્ષમતા બમણી કરવામાં આવશે - **વર્ષ 2025**

75. હાલની મિલ્ક પ્રોસેસિંગ ક્ષમતા કેટલી છે અને તેને વધારીને કેટલી કરવામાં આવશે. - **૫.૩૫ કરોડ ટન અને ૧૦.૮ કરોડ ટન**

76. કૃત્રિમ વીર્યદાન હાલમાં કેટલા ટકા છે તે વધારીને કેટલા ટકા સુધી લઈ જવાશે – **30 અને 70**

77. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વિવિધ પશુઓમાં કયા રોગ નાબૂદ કરવાનું લક્ષ્યાંક નક્કી કરાયો છે – પશુઓમાં **ખરવાસા-મોવાસાના રોગ, ઘેટાં-બકરાંમાં ડી પેટીસ રૂમિનન્ટ (પીપીઆર) બ્રૂસિલોસીસ જેવા રોગો**

78. દિનદયાળ અંત્યોદય યોજના અંતર્ગત કેટલા પરિવારોમાં કેટલા લાખ સ્વ-સહાય જૂથોની સ્થાપના ગરીબી નિવારણના હેતુ માટે કરાશે - **0.5 કરોડ અને 58**

79. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેવાય) માટે કેટલી રકમ વાપરવામાં આવશે - **રૂ. 6400 કરોડ**

80. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં જન ઔષધિ કેન્દ્ર યોજના હેઠળ વર્ષ 2024 સુધીમાં તમામ જિલ્લાઓમાં કેટલી દવાઓ અને સર્જીકલ્સ પૂરા પાડવામાં આવશે – **200 અને 300**

81. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સ્વચ્છ ભારત મિશન માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે - **રૂ.12,300 કરોડ**

82. નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેંકીંગ ફ્રેમવર્ક હેઠળ ડીગ્રી સ્તરના પૂર્ણ સમયના ઓનલાઈન એજ્યુકેશન પ્રોગ્રામ દેશની ટોચની કેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં શરૂ કરવામાં આવશે - **100**

83. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કોને અર્બન લોકલ બોડીઝમાં એક વર્ષ સુધીની ઈન્ટર્નશીપ અપાશે - **નવા બહાર પડેલા એન્જીનિયરોને**

84. ઉચ્ચ શિક્ષણની કેટલી સંસ્થાઓમાં એપ્રેન્ટીશીપ સાથે જોડાયેલી ડીગ્રી/ ડિપ્લોમા અભ્યાસક્રમો માર્ચ 2021 સુધીમાં શરૂ કરી દેશે - **150**

85. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આર્થિક વિકાસ માટે કયા સેલ સ્થાપવાની દરખાસ્ત કરવામાં આવી છે - **ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ**

86. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આર્થિક વિકાસ માટે કઈ ટેક્સટાઈલ મિશનની સ્થાપના કરવામાં આવશે - **નેશનલ ટેકનિકલ મિશન**

87. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસનું ટર્નઓવર કેટલા રૂપિયા સુધી લઈ જવાની દરખાસ્ત છે - **રૂ. 3 લાખ કરોડ**

88. Gemનું વિસ્તૃત નામ જણાવો - **ગવર્નમેન્ટ ઈ-માર્કેટ**

89. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં તમામ મંત્રાલયો પ્રધાનમંત્રીના ઉત્પાદન માટે ગુણવત્તાના ધોરણો નક્કી કરતા આદેશો બહાર પાડશે - "ઝીરો ડિફેક્ટ-ઝીરો ઈફેક્ટ"

90. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આગામી 5 વર્ષના ગાળામાં માળખાગત સુવિધાઓ માટે કેટલું મૂડી રોકાણ કરવામાં આવશે - **રૂ. 100 લાખ કરોડ**

91.31 ડિસેમ્બર, 2019 સુધીમાં નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન હેઠળ કેટલા રૂપિયાના પ્રોજેક્ટસ શરૂ કરવામાં આવ્યા છે - **રૂ. 103 લાખ કરોડ**

92. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલા કિ.મી.ના એક્સેસ કન્ટ્રોલ હાઈવેઝ શરૂ કરવાનો લક્ષ્યાંક છે - **2500 કી.મી.**

93. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલા કિ.મી.ના ઈકોનોમિક કોરિડોર શરૂ કરવાનો લક્ષ્યાંક છે- **9000 કી.મી.**

94. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલા કિ.મી.ના કોસ્ટલ અને લેન્ડ પોર્ટ માર્ગો શરૂ કરવાનો લક્ષ્યાંક છે- **2000 કી.મી.**

95. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સ્માર્ટ' મીટરીંગને પ્રોત્સાહિત કરવા આગામી ત્રણ વર્ષમાં દેશમાં કેટલા સ્માર્ટ મીટર લગાવાશે - ૩૦ કરોડ

96. છેલ્લાં પાંચ વર્ષમાં અંદાજે કેટલા LED વેચાયા - **બે અબજથી વધારે**

97. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સ્ટાર્ટ-અપ્સ માટે ભારતના જીનેટીક લેન્ડસ્કેપનું મેપીંગ કરી રાષ્ટ્રીય સ્તરની કેટલી નવી સાયન્સ સ્કીમ શરૂ કરીને ઘનિષ્ટ ડેટાબેઝ ઉભો કરવામાં આવશે - **બે**

98. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સ્ટાર્ટ-અપ્સ માટે ભારતના જીનેટીક લેન્ડસ્કેપનું મેપીંગનો લાભ મોટા સ્ટાર્ટઅપ સુધી પહોંચાડવા માટેની હાલ રૂ. ૨૫

કરોડની ટર્નઓવર મર્યાદા વધારીને કેટલી કરવાની દરખાસ્ત કરી છે - **૧૦૦ કરોડ**

99. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેરિંગ સોસાયટી અંતર્ગત પોષણલક્ષી કાર્યક્રમો માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે - **રૂ.35,600 કરોડ**
100. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેરિંગ સોસાયટી અંતર્ગત મહિલા સંબંધિત કાર્યક્રમો માટે કેટલા રૂપિયાની દરખાસ્ત કરવામાં આવી છે - **રૂ. 28,600 કરોડ**
101. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેરિંગ સોસાયટી અંતર્ગત અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે કેટલા રૂપિયા ફાળવવાની દરખાસ્ત કરવામાં આવી છે - **રૂ. 85,000 કરોડ**
102. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેરિંગ સોસાયટી અંતર્ગત અનુસૂચિત જન જાતિઓના વધુ વિકાસ અને કલ્યાણ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે - **રૂ. 53,700 કરોડ**
103. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેરિંગ સોસાયટી અંતર્ગત વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટેની જોગવાઈ વધારીને કેટલા રૂપિયા કરવામાં આવી છે - **રૂ. 9500 કરોડ**
104. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પર્યટન પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવશે - **રૂ. 2500 કરોડ**
105. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં શિપિંગ મંત્રાલય અમદાવાદ નજીક હડપ્પન યુગના કયા મેરીટાઈમ સ્થળે મેરીટાઈમ મ્યુઝિયમની સ્થાપના કરશે - **લોથલ**
106. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પર્યટન પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે કેટલા આર્કિઓલોજીકલ સાઈટસને આદર્શ સ્થળો તરીકે ઓન-સાઈટ મ્યુઝિયમ્સ સાથે વિકસાવવામાં આવશે – **5**
107. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પર્યટન પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે ગુજરાતનીની કઈ આર્કિઓલોજીકલ સાઈટ્સને આદર્શ સ્થળ તરીકે ઓન-સાઈટ મ્યુઝિયમ્સ સાથે વિકસાવવામાં આવશે– **ધોળાવીરા**
108. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પર્યટન પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે હરિયાણાની કઈ આર્કિઓલોજીકલ સાઈટ્સને આદર્શ સ્થળ તરીકે ઓન-સાઈટ મ્યુઝિયમ્સ સાથે વિકસાવવામાં આવશે – **રાખીગઢી**
109. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પર્યટન પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે ઉત્તરપ્રદેશની કઈ આર્કિઓલોજીકલ સાઈટ્સને આદર્શ સ્થળ તરીકે ઓન-સાઈટ મ્યુઝિયમ્સ સાથે વિકસાવવામાં આવશે– **હસ્તિનાપુર**
110. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પર્યટન પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે આસામની કઈ આર્કિઓલોજીકલ સાઈટ્સને આદર્શ સ્થળ તરીકે ઓન-સાઈટ મ્યુઝિયમ્સ સાથે વિકસાવવામાં આવશે– **શીવસાગર**
111. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પર્યટન પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે તામિલનાડુની કઈ આર્કિઓલોજીકલ સાઈટ્સને આદર્શ સ્થળ તરીકે ઓન-સાઈટ મ્યુઝિયમ્સ સાથે વિકસાવવામાં આવશે– **અદિચન્નાલૂર**
112. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પર્યાવરણ અને આબોહવામાં પરિવર્તનની કામગીરી હાથ ધરવા કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - **રૂ. 4400 કરોડ**
113. રાજ્યોએ એક મિલિયનથી વધારે વસ્તી ધરાવતા શહેરોમાં યોજનાઓ બનાવી છે અને એના પર અમલ કર્યો છે એમને પ્રોત્સાહન આપવામાં આવશે - **સ્વચ્છ હવા સુનિશ્ચિત કરવા માટે**
114. CDRIનું વિસ્તૃત નામ જણાવો - **કોઅલિશન ફોર ડિઝાસ્ટર રિસાઇલન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**
115. પ્રધાનમંત્રીએ દિલ્હીમાં કોની સાથે CDRI શરૂ કર્યું હતું - **સચિવાલય**
116. આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન પછી CDRI પ્રકારની આ કેટલામી પહેલ છે - **બીજી**
117. વર્ષ 2022માં જી-20નું અધ્યક્ષપદે કયો દેશ હશે - **ભારત**
118. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વર્ષ 2022માં જી-20 બેઠકની તૈયારી શરૂ કરવા કેટલું ફંડ ફાળવવામાં આવશે - **રૂ. 100 કરોડ**
119. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ઉત્તર પૂર્વ ભારતનાં રાજ્યોના વિકાસ માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવશે - **રૂ. ૩૦૪૯ કરોડ**

120. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના વિકાસ માટે કેટલા રૂપિયાની રકમ પ્રદાન કરવામાં આવી છે - **રૂ. 30,757 કરોડ**

121. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના વિકાસ માટે કેટલા રૂપિયાની રકમ પ્રદાન કરવામાં આવી છે - **રૂ. 5,958 કરોડ**

122. DIGCનું વિસ્તૃત નામ જણાવો - **ડિપોઝિટ ઇન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન**

123. DIGCએ ડિપોઝિટ વીમા કવરેજ ડિપોઝિટર દીઠ રૂ. 1 લાખથી વધારીને કેટલા રૂપિયા કરવાની મંજૂરી આપી - **રૂ. 5 લાખ**

124. RBI દ્વારા MSMEનાં ઋણ પુનર્ગઠન માટેની તારીખ કયા સુધી લંબાવવામાં આવી - **31 માર્ચ, 2021 સુધી**

125. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સિડબી સાથે સંયુક્તપણે એક્ઝિમ બેંક દ્વારા કેટલા રૂપિયાની યોજના શરૂ કરવામાં આવી છે - **રૂ. 1000 કરોડ**

126. કોર્પોરેટ બોન્ડમાં એફપીઆઈ મર્યાદા કેટલા ટકાથી વધારીને કેટલા ટકા કરવામાં આવી – **9 થી વધારીને 15**

127. અગાઉ જાહેર થયેલા નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન પ્રોજેક્ટ્સ માટે કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા - **રૂ. 103 લાખ કરોડ**

128. કયું સેન્ટર આંતરરાષ્ટ્રીય ધિરાણનું કેન્દ્ર તેમજ હાઈ એન્ડ ડેટા પ્રોસેસિંગ સેન્ટર બનવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે - **આઇએફએસસી, ગિફ્ટ સિટી(ગાંધીનગર)**

129. નિયમનકારની મંજૂરી સાથે આંતરરાષ્ટ્રીય બજારનાં સહભાગીઓ દ્વારા વેપાર માટે વધારાનાં વિકલ્પ તરીકે કયા સ્થળે ઇન્ટરનેશનલ બુલિયન એક્સેચન્જ સ્થાપિત કરવામાં આવશે - **ગિફ્ટ સિટી, ગાંધીનગર**

130. સહકારી મંડળીઓ પર કોઈ પણ પ્રકારની છૂટ/મુક્તિ વિના 22 ટકા કરવેરો ઉપરાંત કેટલા ટકા સરચાર્જ અને કેટલા ટકા સેસનો વિકલ્પ પ્રદાન કરવામાં આવશે – **10 અને 4**

131. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રો અને માળખાગત ક્ષેત્રોમાં લઘુતમ 3 વર્ષનો લોક-ઇન ગાળો ધરાવતા વિદેશી સરકારોનાં સોવેરિયન વેલ્થ ફંડમાં કયા સમયગાળા અગાઉ કરેલા રોકાણ પર વ્યાજ, ડિવિડન્ડ (લાભાંશ) અને મૂડીગત લાભની આવકને કેટલા ટકા કરમુક્તિ આપવામાં આવી - **31 માર્ચ, 2024 અને 100 ટકા**

132. અફોર્ડેબલ હાઉસ માટે લેવામાં આવેલી લોન પર વ્યાજ માટે રૂ. 1.5 લાખ સુધીની કરમુક્તિની તારીખ લંબાવીને કયા સુધી લંબાવવામાં આવી - **31 માર્ચ, 2021**

133. કઈ યોજનાથી પ્રત્યક્ષ કરવેરામાં કાયદાકીય વિવાદોમાં ઘટાડો થશે - **'વિવાદ સે વિશ્વાસ' યોજના**

134. 'વિવાદ સે વિશ્વાસ' યોજનાનો લાભ કયા સુધી મળશે - **30 જૂન, 2020**

135. URNનું વિસ્તૃત નામ જણાવો - **યુનિક રજિસ્ટ્રેશન નંબર**

136. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં તમામ નવી અને હાલની કઈ સંસ્થાઓને યુનિક રજિસ્ટ્રેશન નંબર આપવામાં આવશે – ચેરિટી સંસ્થા

137. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેટલા વર્ષ માટે નવી ચેરિટી સંસ્થાઓ માટે કામચલાઉ નોંધણીને મંજૂરી આપવામાં આવશે - **ત્રણ**

138. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ઇનવોઇસ મેળવવા ગ્રાહકોને પ્રોત્સાહન આપવા કઈ સિસ્ટમનો વિચાર કરવામાં આવ્યો - **રોકડ રિવોર્ડ સિસ્ટમ**

139. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ફૂટવેર પર જકાત વેરો કેટલા ટકાથી વધારીને કેટલા ટકા કરવામાં આવ્યો – **25 અને 35 ટકા**

140. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ફર્નિચરની ચીજવસ્તુઓ પર જકાત વેરો કેટલા ટકાથી વધારીને કેટલા ટકા કરવામાં આવ્યો – 20 અને 25 ટકા

141. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ન્યૂઝ પ્રિન્ટ્સ અને ઓછું વજન ધરાવતા કોટેડ પેપરની આયાત પર મૂળભૂત જકાત વેરો કેટલા ટકાથી ઘટાડીને કેટલા ટકા કરવામાં આવ્યો – **10 અને 5 ટકા**

142. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કયા ઉપકરણોની આયાત પર 5 ટકા હેલ્થ સેસ લગાવવામાં આવશે - **તબીબી**

143. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં તબીબી ઉપકરણોની આયાત પર 5 ટકા હેલ્થ સેસ લગાવવામાં આવશે તેમાં કયા ઉપકરણોને સામેલ કરાયા નથી - **બીસીડીમાંથી આયાત થતાં ઉપકરણો**

144. અત્યારે ભારત દુનિયામાં કેટલામુ સૌથી મોટું અર્થતંત્ર છે - **પાંચમું**

145. ભારતીય અર્થતંત્રની વર્ષ 2014થી વર્ષ 2019 દરમિયાન સરેરાશ વૃદ્ધિ કેટલા ટકા રહી - **7.4 ટકા**

146. ભારતીય અર્થતંત્રની વર્ષ 2014થી વર્ષ 2019 દરમિયાન સરેરાશ વૃદ્ધિ 7.4 ટકા રહી તેમાં મોંઘવારીનો સરેરાશ દર કેટલા ટકા હતો - **4.5 ટકા**

147. ભારતમાં વર્ષ 2006થી વર્ષ 2016 દરમિયાન કેટલા લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યાં હતાં - **271 મિલિયન**

148. વર્ષ 2014થી વર્ષ 2019 દરમિયાન ભારતનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ) વધીને કેટલું થયું - **284 અબજ ડોલર**

149. વર્ષ 2009થી વર્ષ 2014 દરમિયાન ભારતનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ) કેટલું થયું હતું - **190 અબજ ડોલર**

150. માર્ચ, 2019 સુધીમાં ભારત સરકારનું ઋણ જીડીપીમાં ઘટીને કેટલા ટકા થયું હતું - **48.7 ટકા**

151. માર્ચ, 2014 સુધીમાં ભારત સરકારનું ઋણ જીડીપીમાં કેટલા ટકા હતું - **52.2 ટકા**

152. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કેન્દ્ર સરકારે દેશમાં ગુજરાત મોડલની કઈ બે યુનિવર્સિટી સ્થાપવાનું નક્કી કર્યું છે - **ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષા શક્તિ યુનિવર્સિટી**

153. કઈ યુનિવર્સિટી સ્થાપવાથી દેશના અન્ય રાજ્યોમાં આતંકવાદ અને ધૂસણખોરી તથા સાઈબર ક્રાઈમ નાથવામાં મદદ મળશે તેવું માનવામાં આવે છે - **ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષા શક્તિ યુનિવર્સિટી**

154. ગુજરાતમાં કયા સ્થળે અંડર વોટર મ્યુઝિયમ બનાવવા માટે મંજૂરી અપાઈ ચૂકી છે - **દ્વારકા**

155. લોથલના પૂરાતત્વીય અવશેષો કયા ગામ પાસે બે કિલોમીટર દૂર આજે પણ ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરતા ઉપલબ્ધ છે - સરગવાલા ગામ, તા. ધોળકા, જિ.અમદાવાદ

156. અમદાવાદ જિલ્લાના સરગવાલા ગામ પાસે બે કિલોમીટર દૂર લોથલના પૂરાતત્વીય અવશેષો મળી આવ્યા હતા તેનું ઉત્ખનન કોની આગેવાનીમાં કરવામાં આવ્યું હતુ - **પ્રો.એસ.આર.રાવ**

157. પ્રો.એસ.આર.રાવના આગેવાનીમાં કયા વર્ષમાં અમદાવાદ જિલ્લાના સરગવાલા ગામ પાસે બે કિલોમીટર દૂર ઉત્ખનન કરવામાં આવ્યું હતુ - **ઈ.સ.1955-62**

158. અમદાવાદ જિલ્લાના સરગવાલા ગામ પ્રો.એસ.આર.રાવના આગેવાનીમાં ઈ.સ.1955-62માં કરેલા ઉત્ખનન દરમિયાન કેટલા વર્ષો જૂની હડપન સંસ્કૃતિના લોથલ બંદર ગામે અવશેષો મળ્યા હતા - **આશરે ઈ.સ. પૂર્વે 2500-1900**

159. અમદાવાદ જિલ્લાના સરગવાલા ગામમાં થયેલા ઉત્ખનન વેળાએ હડપન સંસ્કૃતિના લોથલ બંદર ગામે કયા અવશેષો મળ્યા હતા - **કોટ એટલે કિલ્લો અને નગર**

160. કેન્દ્રીય બજેટમાં કયા જિલ્લામાં આવેલા ધોળાવીરાને આર્કિયોલોજીકલ સાઈટ તરીકે રિડેવલપ કરવાની જાહેરાત કરી છે – કચ્છ

161. કચ્છના ભચાઉ તાલુકાના ખડિરબેટ વિસ્તારમાં આવેલુ કયુ સ્થળ પ્રાચીન મહાનગર સંસ્કૃતિનું લુપ્તપ્રાય નગર છે - **ધોળાવીરા**

162. ધોળાવીરા સંસ્કૃતિ કેટલા વર્ષ જૂની હોવાનો અંદાજ છે - **પાંચ હજાર**

163. પાંચ હજાર વર્ષ પહેલા ધોળાવીરા મહાનગરમાં કેટલા લોકો રહેતા હોવાનુ અનુમાન છે - **લગભગ પચાસ હજાર**

164. પાંચ હજાર વર્ષ પૂર્વે ધોળાવીરા મહાનગર તેની કઈ વ્યવસ્થા માટે વિખ્યાત હતુ - **પાણીની વ્યવસ્થા, રાજમહેલ કે પ્રાંતના મહેલની રચના, લોકોની રહેણી કરણી**

165. કચ્છના લોકો ધોળાવીરાને કયા નામે ઓળખે છે - **કોટડો કે કોટડા ટિંબા તરીકે**

166. વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેની કામગીરી કયા વર્ષ સુધીમાં પુરી કરવાની જાહેરાત કરી છે – **વર્ષ-2023 સુધી**

167. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના કારણે દિલ્હી-મુંબઈ શહેર વચ્ચેનું અંતર કેટલા કિ.મી. કપાઈ જશે - **280 કિ.મી.**

168. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના કારણે દિલ્હી-મુંબઈ શહેર વચ્ચેનું અંતર 240 કિ.મી. કપાઈ જવાને કારણે કારમાં ફક્ત કેટલા કલાકમાં આ અંતર કાપી શકાશે - **12 કલાક**

169. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે માટે કુલ કેટલા કોન્ટ્રાક્ટ આપી દેવાયા છે - **60માંથી 32**

170. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે કયાંથી શરૂ થઈ કયા સુધી જશે - **ગુરૂગ્રામ નજીક સોહનાથી શરૂ થઈ મુંબઈ**

171. US દ્વારા વિશ્વના વધુ કેટલા અને કયા દેશોના ઈમિગ્રન્ટ્સ પર પ્રતિબંધ લગાવ્યો - **6 દેશો તથા નાઈઝિરિયા, ઈરિટ્રિયા, તાન્ઝાનિયા, સુદાન (દક્ષિણ આફ્રિકન દેશ), કિર્ગીસ્તાન અને મ્યાનમાર**

172. US દ્વારા વિશ્વના વધુ 6 દેશોના ઈમિગ્રન્ટ્સ પર પ્રતિબંધ લગાવ્યો તેનો અમલ કયારથી શરૂ થશે– **૨૨ ફેબ્રુઆરી-૨૦૨૦**

173. ફેબ્રુઆરી-૨૦૨૦માં US દ્વારા વિશ્વના વધુ 6 દેશોના ઈમિગ્રન્ટ્સ પર પ્રતિબંધ લગાવ્યો એ અગાઉ કયા દેશો પર પ્રતિબંધ લગાવ્યો છે - **ઈરાન, સિરીયા, યમન, વેનેઝુએલા અને ઉત્તર કોરિયા**

174. ટેનિસ ઓસ્ટ્રેલિયન ઓપન-૨૦૨૦નું આયોજન ક્યાં કરવામાં આવ્યુ – **મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)**

175. ટેનિસ ઓસ્ટ્રેલિયન ઓપન-૨૦૨૦ વર્ષનું પ્રથમ મહિલા સિગલ્સ ગ્રાન્ડ સ્લેમ વિજેતા ખેલાડી અને દેશ જણાવો - **સોફિયા કેનિન – USA**

176. ટેનિસ ઓસ્ટ્રેલિયન ઓપન-૨૦૨૦ વર્ષનું પ્રથમ મહિલા સિગલ્સ ગ્રાન્ડ સ્લેમના ઉપવિજેતા ખેલાડી અને દેશ જણાવો - **ગાર્બિન મુગુરુઝાન – સ્પેન**

177. ફેબ્રુઆરી-૨૦૨૦માં ભારતીય પેરાલિમ્પિક સમિતિના નવા પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **પેરાલિમ્પિક ખેલાડી દીપા મલિક**

178. ૧ ફેબ્રુઆરીને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **ભારતીય તટ રક્ષક દિવસ**

179. ગાંધીનગર ખાતે ૪૪માં તટરક્ષક સ્થાપના દિવસની ઉજવણી કોની ઉપસ્થિતિમાં યોજાઈ - **રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી**

180. ભારતીય તટ રક્ષક દિવસનું સૂત્ર જણાવો – **વયંમ રક્ષામ**

181. આકસ્મિક દરિયાઈ સંશોધન અને બચવા માટેનો હેલ્પલાઈન નંબર જણાવો - **૧૫૫૪**

182. ભારતીય તટ રક્ષક દળનું દક્ષિણ પશ્ચિમનું વડુમથક જણાવો - **ગાંધીનગર**

183. તારી આંખનો અફીણી ગીતના રચનકાર કવિ વેણીભાઇ પુરોહિતનો જન્મદિવસ જણાવો - **૧ ફેબ્રુઆરી- ૧૯૧૮**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 02-02-2020



૧.ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ :

એટ એ ગ્લાન્સ - મહત્વના ક્ષેત્રો

- ✓ ગુજરાત કેમિકલ પેટ્રોકેમિકલ્સ, ડેરી, ડ્રેસ અને ફાર્માસ્યુટીકલ્સ, સિમેન્ટ અને સીરામીક, જેમ્સ અને જ્વેલરી, ટેક્ષટાઈલ તેમજ એન્જિનિઅરીંગ જેવા ઉદ્યોગોમાં દેશમાં અગ્રેસર છે.
- ✓ ગુજરાત બેસ્ટ એન્ડ સ્ટેબલ ઈકોનોમી સ્ટેટનો દરજ્જો ધરાવતું રાજ્ય બન્યું છે.
- ✓ ઔધોગિક વિકાસમાં તેજગતીના કારણે **ગુજરાતે છેલ્લા ૧૦ વર્ષમાં બે આંકડાનો વિકાસદર હાંસલ કર્યો છે અને આ વર્ષ વિકાસદર ૯.૫% રહે તેવો અંદાજ છે.**
- ✓ ગુજરાત ટ્રાન્સપોર્ટના ક્ષેત્રમાં દેશમાં મોખરે
- ✓ ગુજરાત ઔદ્યોગિક ઉત્પાદનમાં દેશમાં પ્રથમ છે.

ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ-FDI

- ✓ ગુજરાત ભારતમાં રોકાણ માટેનું સૌથી પસંદગીનું સ્થળ-૨૦૧૯માં ગુજરાતે બમણી FDI મેળવી.
- ✓ ગુજરાતમાં એપ્રિલ-૨૦૦૦થી સપ્ટેમ્બર-૨૦૧૯ના સમય ગાળામાં કુલ ૨૧.૪૧ લાખ કરોડનું મૂડી રોકાણ થયું જે ભારતમાં સર્વાધીક છે.
- ✓ વર્ષ ૨૦૧૮-૧૯માં મેળવેલી રૂ.૧૨,૬૧૮ કરોડની FDIની સરખામણીમાં ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ છે મહિનામાં જ રૂ.૨૪,૦૧૨ કરોડની FDI મેળવી, જે નિર્ણાયક શાસનમાં રોકાણકારોનો વિશ્વાસ દર્શાવે છે.
- ✓ પારદર્શકતા, ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસ, ઓનલાઈન મંજૂરીઓ, ઉદ્યોગો માટે મૈત્રીપૂર્ણ અભિગમ વગેરે મહત્વનાં પરિબળો છે જેને કારણે ગુજરાત ભારતમાં રોકાણ માટેનું સર્વશ્રેષ્ઠ પસંદગીનું સ્થળ બન્યું છે.

સ્ટાર્ટ-અપ્સ

- ✓ દેશ દ્વારા સહયોગ કરાયેલા ૧૫૦ સ્ટાર્ટ-અપ્સમાં ૪૩% હિસ્સા સાથે ગુજરાત ભારતમાં સ્ટાર્ટ-અપ્સ ક્ષેત્રે નંબર-૧
- ✓ ગુજરાત અનેક સ્ટાર્ટ-અપ્સને આકર્ષી રહ્યું છે અને ઓલ ઈન્ડિયા સ્ટાર્ટ-અપ્સના 43% હિસ્સા સાથે રાષ્ટ્રમાં મોખરે છે.
- ✓ સ્ટાર્ટ-અપ્સ ફ્રેમવર્કના સાત સ્તંભોમાં 100 પર્સેન્ટાઈલ સ્કોર સાથે ગુજરાતે ૨૭ રાજ્યોમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.
- ✓ આટલી મોટી સંખ્યામાં સ્ટાર્ટ-અપ્સ રાજ્યમાં રોજગારીની તકો સર્જવામાં પણ મદદરૂપ બની રહ્યા છે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)

- ✓ એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જમાં ૮૧% હિસ્સા સાથે ગુજરાત દેશનું અગ્રણી રાજય
- ✓ ગુજરાતની ઔદ્યોગિક નીતિમાં MSME મોખરે છે.
- ✓ સસ્તા દરે સૌરઊર્જા, લોનમાં સહાય, શેરમાર્કેટ દ્વારા મૂડી વધારવામાં સહાય વગેરે સરકાર દ્વારા આપવામાં આવતી મુખ્ય સહાય છે.
- ✓ MSME માટે પહેલા ઉત્પાદન પછી મંજૂરીની નીતિનું ઉદ્યોગોએ હૃદયપૂર્વક સ્વાગત કર્યું છે.
- ✓ છેલ્લાં ૩ વર્ષોમાં રાજ્યમાં ૩.૮૫,૦૦૦ કરોડના રોકાણ સાથે ૪,૮૩,૩૬૬ MSMEsની સ્થાપના કરવામાં આવી છે.
- ✓ MSME ઉદ્યોગોને જરૂરી સહાય પૂરી પાડવા માટે અલગથી MSME કમિશ્નરેટની સ્થાપના ઉપરાંત ૧૧ ડિસ્ટ્રિક્ટ ઇન્ડસ્ટ્રીઝ સેન્ટર્સમાં MSME ફેસિલિટેશન ડેસ્કની સ્થાપના કરવામાં આવી છે.

મોટા ઉદ્યોગો

- ✓ સરકાર દ્વારા ખૂબ પ્રોત્સાહન મળવાને કારણે છેલ્લાં ૩ વર્ષોમાં રાજ્યમાં ૪,૮૩, ૩૬૬ MSMEs યુનિટની સ્થાપના કરવામાં આવી છે.
- ✓ વર્તમાન કેલેન્ડર ૨૦૧૯-૨૦ દરમિયાન ઓક્ટોબર સુધી દાખલ કરાયેલા ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ (ભાગ-B)ના મૂલ્યની દ્રષ્ટિએ ગુજરાત ૫૧% જેટલો બહોળો હિસ્સો ધરાવે છે.
- ✓ સમગ્ર દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં ફાઈલ કરવામાં આવેલ કુલ ૨૫૭૪ IEMs (ભાગ-B) પ્રોજેક્ટ્સમાંથી ૭૩૪ (૨૮.૫%) પ્રોજેક્ટ્સ ગુજરાતના હિસ્સે આવ્યા છે.
- ✓ છેલ્લા ત્રણ વર્ષમાં દેશમાં ૩૦% IEMs (ભાગ-A) સહિત ગુજરાત રોકાણ માટેના પસંદગીના સ્થળ તરીકે અગ્રેસર રહ્યું છે.
- ✓ છેલ્લા ૩ વર્ષ દરમિયાન સમગ્ર દેશના રૂ. ૫.૭૪ લાખ કરોડના મૂલ્યના કુલ પ્રોજેક્ટ્સમાંથી રૂ. ૧.૦૯ લાખ કરોડના ઇન્વેસ્ટમેન્ટ પ્રોજેક્ટ્સ ગુજરાતમાં સ્થાપિત કરવામાં આવ્યા છે.
- ✓ અગાઉની ૩ વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન કરવામાં આવેલા કુલ MoUsમાંથી ૬% પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક હકીકતમાં પરિણમ્યા છે અને ૪% MoUs અમલમાં મૂકવાની પ્રક્રિયા હેઠળ છે.

- ✓ વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ દરમિયાન કરવામાં આવેલા કુલ MoUsમાંથી ૨૩% MoUs ક્યારના શરૂ થઈ ચુક્યા છે અને ૨૫% પ્રોજેક્ટ્સ પ્રગતિ હેઠળ.

એક્સપોર્ટર્સ (નિકાસ)

- ✓ ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને પરિણામે IEMs (ભાગ-B)ના ૫૧% હિસ્સા સાથે ગુજરાતમાં વિશાળ પાયાના ઉદ્યોગોનો વિસ્તાર થઈ રહ્યો છે.
- ✓ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતની કુલ નિકાસોમાં ગુજરાતનો હિસ્સો ૨૦.૪ %.
- ✓ ૨૦૧૭-૧૮માં રાજ્યની કુલ નિકાસ ૬૬,૮૧૮ મિલિયન USD હતી અને ૨૦૧૮-૨૦૧૯માં ૬૭,૪૦૯ મિલિયન USD હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નોવેલ કોરાના વાઈરસ (આરોગ્ય)

ચીન બહાર પ્રથમ મૃત્યુ ફિલિપાઈન્સમાં નોંધાયું

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ – સિદ્ધિ : ક્રિકેટ



ન્યુઝીલેન્ડનો વ્હાઈટવૉશ–ભારત 5-0થી T-20 સિરીઝ જીતનાર વિશ્વની પ્રથમ ટીમ

અન્ય–

- ✓ ભારતીય ફાસ્ટ બોલર જસપ્રિત બૂમરાહ T-20 ક્રિકેટમાં સૌથી વધુ મેડન ઓવર ફેંકનાર વિશ્વનો પ્રથમ બોલર બન્યો.

૪. ખેલકૂદ – ઓસ્ટ્રેલિયન ઓપન-2020



વિજેતા અને દેશ

- ✓ નોવાક જોકોવિચ–સર્બિયા (૮મી વાર ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા)

હરિફ અને દેશ

- ✓ ડોમિનિક થીએમ – ઓસ્ટ્રિયા

વિગત –

જોકોવિચની સિદ્ધિઓ

- ✓ ૧૭મી વાર ગ્રાન્ડસ્લેમ ખિતાબા જીત્યો
- ✓ આઠમી વાર ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન
- ✓ જોકોવિચ અને થીએમ વચ્ચે ૪ કલાક સુધી મુકાબલો ચાલ્યો
- ✓ બે સેટ હાર્યા પછી દમદાર વાપસી
- ✓ ૨૦૨૦ના વર્ષનો પહેલો ખિતાબ જીત્યો

જોકોવિચે ક્યારે ક્યારે ઓસ્ટ્રેલિયન ઓપન ખિતાબ-જીત્યો

- ✓ 2008
- ✓ 2011
- ✓ 2012
- ✓ 2013
- ✓ 2015
- ✓ 2016
- ✓ 2019
- ✓ 2020
- ✓ યજમાન – મેલબોર્ન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલકૂદ – સિદ્ધિ

થાઈલેન્ડ ITFમાં ગુજરાતી ટેનિસ ખેલાડી અંકિતા રૈના સિગલ્સ અને ડબલ્સ ટાઈટલ વિજેતા



- ✓ યજમાન – થાઈલેન્ડ
- ✓ ITF – ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : 2 ફેબ્રુઆરી

વર્લ્ડ વેટલેન્ડ ડે-વિશ્વ જલપ્લાવિત દિવસ (પર્યાવરણ)



- ✓ થીમ : વેટલેન્ડ એન્ડ બાયોડાયવર્સિટી
- ✓ વર્ષ 1997થી વિશ્વ વેટલેન્ડ દિવસની શરૂઆત કરવામાં આવી છે. દર વર્ષે વિશ્વ વેટલેન્ડ દિવસ માટે એક થીમ નક્કી કરવામાં આવે છે અને એ થીમના અનુસંધાનમાં ઉજવણી કરવામા આવે છે.
- ✓ ભારતમાં વેટલેન્ડના સંરક્ષણ માટેના અનેક પ્રયાસો સફળતાપૂર્વક કરાયા છે.
- ✓ ઓરિસ્સામાં આવેલા ચિલ્કા સરોવરના સંરક્ષણ અને તેની મરામત માટે ભારતને વર્ષ 2002 મા "રામસર સંરક્ષણ એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવેલ છે.
- ✓ વિશ્વમા કુલ રામસર સાઇટ : 2,306
- ✓ સૌથી વધુ સંખ્યા : યુનાઇટેડ કિંગડમ-170
- ✓ સૌથી વધુ વિસ્તારમાં : બોલિવિયા
- ✓ ભારતમા કુલ 26 વિસ્તારોને આંતરરાષ્ટ્રિય સ્તરે 'રામસર સાઇટ" તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ સૌથી વધુ : જમ્મુ કાશ્મીર...4 સાઈટ

- ✓ એક સર્વેક્ષણ પ્રમાણે ગુજરાત રાજયમાં કુલ 831 વેટલેન્ડસ્ છે
- ✓ જેમાં ગુજરાતમાં એક માત્ર "નળ સરોવર પક્ષી અભ્યારણ્ય"ને વર્ષ-2012મા 'રામસર સાઇટ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મદિન વિશેષ : 2 ફેબ્રુઆરી

લોકહૃદયની રાજકુમારી : અમૃત કૌર





જન્મ - 2 ફેબ્રુઆરી 1889

અવસાન - 6 ફેબ્રુઆરી 1964

- ✓ આજે સ્વતંત્રતા સૈનિક અને પ્રથમ મહિલા પ્રધાન રાજકુમારી અમૃતકૌરનો જન્મદિવસ અને સ્વામી રામદાસ, રાજકોટ નરેશ લાખાજીરાજ તથા બર્ટ્રાન્ડ રસેલની પુણ્યતિથિ છે.
- ✓ પંજાબ પ્રદેશના રાજા હરનામસિંઘના 8 સંતાનો પૈકી એક માત્ર દીકરી અમૃતકૌરનો જન્મ લખનૌમાં થયો હતો.
- ✓ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ દેશમાં અને ઉચ્ચ શિક્ષણ ઓક્સફર્ડ યુનિ.માંથી પ્રાપ્ત કર્યું.
- ✓ ટેનિસનાં આ બહેતરીન ખેલાડી અને તેમાં અનેક ઈનામો જીતનાર અમૃતકૌર અભ્યાસ પછી ભારત આવી રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયાં હતાં.
- ✓ 1919માં મહાત્મા ગાંધીને મળ્યાં, દેશોદ્ધારના વિચારો મૂક્યા અને જલિયાંવાલા બાગ હત્યાકાંડ પછી હિન્દી રાષ્ટ્રીય મહાસભાના સભ્ય બન્યાં.
- ✓ તે પછી તો અમૃતકૌરે રજવાડી ઠાઠ છોડી જીવન રાષ્ટ્રને સમર્પિત કરી દીધું.
- ✓ 1930ની દાંડીકૂચ, 1942નું હિંદ છોડો આંદોલન તો ખરા જ.
- ✓ સાથે નાના મોટા અનેક આંદોલનોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ સ્વતંત્રતા સૈનિક ઉપરાંત બાળલગ્ન નાબૂદી, પરદાપ્રથા તથા દલિત ઉત્કર્ષ રાજકુમારી અમૃતકૌરના જીવનની પ્રાથમિકતાઓ હતી.
- ✓ ઓલ ઇન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની સ્થાપનાના ચાલક બળ પણ તેઓ જ હતાં.
- ✓ રાજકુમારી અમૃતકૌરનું 6 ફેબ્રુઆરી 1964ના રોજ દિલ્હીમાં અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૨-૨૦૨૦)

1. ગુજરાતનો ચાલુ વર્ષનો ઔદ્યોગિક વિકાસદર કેટલા ટકા રહેવાનો અંદાજ છે - 9.5%
2. ગુજરાતે વર્ષ 2019-20ના પ્રથમ છ માસમાં કેટલા કરોડનું FDI મેળવ્યું છે- ૩. 24 હજાર કરોડ
3. સમગ્ર દેશમાં શરૂ કરાયેલ 150 સ્ટાર્ટ અપમાં ગુજરાત કેટલા ટકા હિસ્સા સાથે નંબર વન છે- 43%

4. એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જમાં કેટલા ટકા હિસ્સા સાથે ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય રહ્યું છે - **81%**
5. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સમગ્ર દેશના રૂ. 5.47 લાખ કરોડના મૂલ્યના કુલ પ્રોજેક્ટ સામે ગુજરાતમાં કરોડના ઇન્વેસ્ટમેન્ટ પ્રોજેક્ટ સ્થાપવામાં આવ્યા છે- **રૂ. 1.09 લાખ કરોડ**
6. નાણાકીય વર્ષ 2018-19માં ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો કેટલા ટકા હતો- **20.4%**
7. નોવેલ કોરોના વાયરસનું ચીન બહાર કયા દેશમાં પ્રથમ મૃત્યુ નોંધાયું - **ફિલીપાઇન્સ**
8. ન્યૂઝીલેન્ડનો વ્હાઈટવોશ કરીને ક્રિકેટમાં T-20 સીરીઝ જીતનાર વિશ્વનો પ્રથમ દેશ- **ભારત**
9. T-20 ક્રિકેટમાં સૌથી વધુ મેડન ઓવર નાખનાર વિશ્વનો પ્રથમ બોલર અને દેશ જણાવો- **જસપ્રીત બુમરાહ અને ભારત**
10. ઓસ્ટ્રેલિયન ઓપન-2020 પુરુષ સિંગલ્સ વિજેતા અને દેશ જણાવો- **નોવાક જોકોવિચ અને સર્બિયા**
11. ઓસ્ટ્રેલિયન ઓપન-2020 પુરુષ સિંગલ્સ હરીફ અને દેશ જણાવો- **ડોમિનિક થીએમ અને ઓસ્ટ્રિયા**
12. આઠમી વખત ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા અને તેનો દેશ જણાવો- **નોવાક જોકોવિચ અને સર્બિયા**
13. થાઈલેન્ડ ITF -2020 સિંગલ્સ અને ડબલ્સ વિજેતા ખિલાડીનું નામ જણાવો- **ગુજરાતી અંકિતા રેના**
14. ITFનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન**
15. વિશ્વમાં 2 ફેબ્રુઆરી કયા દિવસ તરીકે ઉજવાય છે- **વર્લ્ડ વેટલેન્ડ ડે (જળપ્લાવિત દિવસ)**
16. વર્લ્ડ વેટલેન્ડ ડે-2020ની થીમ જણાવો- **વેટલેન્ડ એન્ડ બાયોડાઈવર્સિટી**
17. ભારતમાં કુલ કેટલા વિસ્તારોને વૈશ્વિક સ્તરે 'રામસર સાઈટ' તરીકે ઓળખવામાં આવે છે- **26**
18. ગુજરાતમાં સૌપ્રથમ કયા સરોવરને રામસર સાઇટ-વેટલેન્ડનો દરજ્જો અપાયો છે- **નળ સરોવર**
19. ભારતના પ્રથમ મહિલા મંત્રી રાજકુમારી અમૃત કૌરનો જન્મદિવસ જણાવો- **02/02/1889**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 03-02-2020



૧. નિમણૂક – કેન્દ્ર સરકાર (વહિવટ)

CBICના નવા ચેરમેનપદે એમ. અજિતકુમારની નિમણૂક



પરિચય –

- ✓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેકેટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના ચેરમેન પદે કેન્દ્ર સરકારે ૧૯૮૪ની IRS બેચના અધિકારી એમ. અજિતકુમારની નિમણૂક કરાઈ.
- ✓ કેરળના કોઝીકોડના વતની એવા એમ. અજિતકુમાર CBICના ચેરમેન પદે નિમણૂક પહેલાં CBICમાં એમિનિસ્ટ્રેશન અને વિજિલન્સ વિભાગના મેમ્બર હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.ભાસ્કર અભિયાન(સામાજિક બદલાવ) પોર્ન સાઈટ્સ પર પ્રતિબંધ



સપ્ટેમ્બર 2019 સુધી 54917 કરોડ જીબી ડેટાનો ઉપયોગ જોકે હવે કિંમત વધી રહી છે.

- ✓ મિસ્ક કોલ કરી અભિયાન સાથે જોડાઈ શકો છો
- ✓ **મો. નં. 91900 00074**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. 73મો બાફ્ટા એવોર્ડ-2020 (ફિલ્મ)

બ્રિટિશ એકેડમી ફિલ્મ એવોર્ડ– લંડન (બ્રિટન)

BAFTA - British Academy of Film and Television Arts

વિજેતા અને તેની વિગત

- ✓ બાફ્ટા એવોર્ડ : પ્રથમ વિશ્વયુદ્ધની વાત કરતી ફિલ્મ '૧૯૧૭' ને સાત એવોર્ડ



✓ (૧) પ્રથમ વિશ્વયુદ્ધની કથા કહેતી ફિલ્મ ૧૯૧૭ને સૌથી વધુ સાત એવોર્ડ મળ્યા હતા. ફિલ્મના ડિરેક્ટર સેમ મેન્ડિસે બેસ્ટ ફિલ્મ ઉપરાંત બેસ્ટ આઉટ સ્ટેન્ડિંગ બ્રિટિશ ફિલ્મ સહિતના એવોર્ડ સ્વિકાર્યા હતા.



✓ (૨) લિડિંગ એક્ટ્રેસ એટલે કે બેસ્ટ હિરોઈનનો એવોર્ડ રિની ઝેલવેગરને ફિલ્મ જુડી માટે મળ્યો હતો.

✓ (૩) બેસ્ટ એક્ટરનો એવોર્ડ જોકર ફિલ્મ માટે જેક્વિન ફિનિક્સને મળ્યો હતો. ફિનિક્સ પોતાના ભાષણમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ્ઞાતિ-જાતી-રંગના આધારે ભેદભાવ રખાતો હોવાની વાત સ્ટેજ ઉપરથી કરી હતી. તેના કારણે સમગ્ર ફિલ્મ જગત શરમમાં મુકાયું હતું.

✓ (૪) મેરેજ સ્ટોરી ફિલ્મ માટે એક્ટ્રલ લૌરા ડ્રેનને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો.

✓ (૫) વન્સ અપોન ઈન હોલિવૂડ માટે બ્રાડ પીટને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનું સન્માન મળ્યું હતું.

✓ ૧૯૧૭ ઉપરાંત જોકરને ૩ અને પેરાસાઈટને ૨ એવોર્ડ મળ્યાં હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા CBICના ચેરમેન પદે કોની નિમણૂક કરવામાં આવી છે- **અજિત કુમાર**
2. CBICનું વિસ્તૃત નામ જણાવો- **સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ**
3. સામાજિક બદલાવના હેતુથી કયા અખબાર ગ્રૂપ દ્વારા પોર્ન સાઈટ્સ પર પ્રતિબંધ મૂકવાનનું અભિયાન શરૂ કરાયું છે- **ભાસ્કર ગ્રુપ**
4. તાજેતરમાં ઇંગ્લેન્ડમાં કેટલામો બાફ્ટા એવોર્ડઝ-2020 કાર્યક્રમ યોજાયો- **73મો**
5. બાફ્ટા એવોર્ડઝ -2020માં સૌથી વધુ સાત વખત એવોર્ડ વિજેતા ફિલ્મ- **1917**
6. બાફ્ટા એવોર્ડઝ-2020માં સૌથી વધુ સાત એવોર્ડ વિજેતા ફિલ્મ 1917 કયા વિષય પર આધારિત છે- **પ્રથમ વિશ્વ યુદ્ધ પર આધારિત**
7. BAFTAનું વિસ્તૃત નામ જણાવો- **બ્રિટિશ એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન આર્ટસ**
8. બાફ્ટા એવોર્ડઝ-2020માં બેસ્ટ એક્ટર અને બેસ્ટ હિરોઈનનો એવોર્ડ કોને અપાયો - **જેકિવન ફિનિક્સ અને રિની ઝેલવેગર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 04-02-2020



૧. ખેલકૂદ - ક્રિકેટ :

અંડર-19 વર્લ્ડ કપ- 2020

ભારતનો સાતમી વાર ફાઇનલમાં પ્રવેશ



- ✓ હરીફ- પાકિસ્તાન
- ✓ યજમાન- દક્ષિણ આફ્રિકા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય - ગુજરાત સરકાર (શિક્ષણ)

રાજ્યની તમામ શાળાઓમાં CBSEની પેટર્ન મુજબ એપ્રિલથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે

અમલ - વર્ષ 2020-21થી



વિગત-

- ✓ આગામી તારીખ 20 એપ્રિલ-2020થી શાળાઓ શરૂ થશે

કેમ ફેરફાર કરાયો

- ✓ હાલમાં માર્ચ માસના અંતમાં અથવા એપ્રિલના પ્રથમ સપ્તાહમાં વાર્ષિક પરીક્ષા પુરી થયા પછી મે માસના પ્રથમ સપ્તાહમાં ઉનાળું વેકેશન ચાલુ થતા સુધી મહિનો જેટલો સમય શાળા ચાલુ રહે છે

પણ પરીક્ષા પૂર્ણ થયા પછી અસરકારક શૈક્ષણિક કામ સામાન્ય થતું નહોતું.

- ✓ સીબીએસઈ સંલગ્ન શાળાઓમાં આ સમયનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી એપ્રિલમાં જ નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય છે અને અંદાજે ચાર સપ્તાહ જેટલા સમયના શૈક્ષણિક કાર્ય પછી ઉનાળું વેકેશન શરૂ થાય છે.
- ✓ તે જ પદ્ધતિ રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ લાગુ કરવામાં આવશે.
- ✓ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે નવું શૈક્ષણિક વર્ષ ૨૦ એપ્રિલ ૨૦૨૦થી શરૂ થશે અને ઉનાળું વેકેશન ૪ મેથી ૭મી જૂન સુધી રહેશે.
- ✓ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ અને ત્યારપછીના વર્ષોથી નવું શૈક્ષણિક સત્ર એપ્રિલના પ્રથમ સપ્તાહથી શરૂ કરવાનું રહેશે અને ઉનાળું વેકેશન મે માસના પ્રથમ સપ્તાહથી શરૂ કરી જૂન માસના પ્રથમ સપ્તાહના અંત સુધી રાખવાનું રહેશે.
- ✓ તે ધ્યાને રાખી અત્યારથી જ આવતા શૈક્ષણિક વર્ષની વાર્ષિક પરીક્ષા અને તે સંલગ્ન તમામ કામગીરી માર્ચ માસમાં પુરી કરવાની રહેશે.
- ✓ શૈક્ષણિક વર્ષનું આયોજન એપ્રિલથી ચાલુ કરી પછીના વર્ષમાં માર્ચ માસ સુધી રહે તે મુજબ કરવાનું રહેશે.
- ✓ જેમાં જાહેર રજા, ઉનાળું અને દિવાળી વેકેશનનો સમય નક્કી થાય તે મુજબ કરવાનો રહેશે.
- ✓ એપ્રિલમાં પાઠ્ય પુસ્તક મળી જાય તેનું આયોજન કરવાનું રહેશે.
- ✓ ઉનાળું અને દિવાળી વેકેશનના દિવસોની સંખ્યા યથાવત રાખવાની રહેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. 11મો ડિફેન્સ એક્સ્પો-2020 (સંરક્ષણ)

યજમાન - લખનઉ (ઉત્તર પ્રદેશ)



- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રારંભ
- ✓ મુખ્ય અતિથિ- થાઇલેન્ડના વડા પ્રધાન પ્રત્યુન ચાન

એક્સ્પો 2020 એટ એ ગ્લાન્સ



- ✓ લખનઉ એશિયાના સૌથી મોટા ડિફેન્સ એકસ્પોની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે

શરૂઆત. એક્સ્પોમાં 70 દેશની 165 કંપની શસ્ત્ર પ્રદર્શન કરશે.

- ✓ થાઈલેન્ડના વડાપ્રધાન પ્રત્યુત ચાન સહિત 25 દેશના સંરક્ષણ મંત્રીઓની ઈવેન્ટમાં ઉપસ્થિતિ.
- ✓ કાર્યક્રમમાં પાકિસ્તાન-ચીન સામેલ નથી.
- ✓ આ પ્રદર્શન માટે ત્રણેય સેનાએ સામેલ.
- ✓ એક્સ્પો 5 થી 9 ફેબ્રુઆરી સુધી ચાલશે.

રૂ. 20 હજાર કરોડના રોકાણની આશા

એક્સ્પોની થીમ- "ભારત એક ઊભરતું ડિફેન્સ મેન્યુફેક્યરિંગ હબ''



- ✓ તેમાં અમેરિકા, બ્રિટન, બ્રાઝિલ અને નોર્વે સહિત અનેક દેશોના સૈન્ય ઉપકરણો બનાવતી કંપનીઓ સામેલ છે.
- ✓ ભારતમાં નાની ચીજવસ્તુઓ બનાવતી કંપનીઓએ પણ નોંધણી કરાવી છે.
- ✓ આ એક્સ્પોમાં 54 દેશ સાથે એમઓયુ સાઈન થવાની આશા છે.
- ✓ ઈઝરાયેલે સૌથી મોટું 20 લોકોનું પ્રતિનિધિમંડળ મોકલ્યું છે.
- ✓ આશરે રૂ. 20 હજાર કરોડનું રોકાણ થવાની આશા વ્યક્ત કરાઈ છે.

એફ-35 ફાઈટર જેટ અને સી-295 જેટ પણ દેખાશે

- ✓ એક્સ્પોમાં પહેલીવાર અમેરિકન એરોસ્પેસ કંપની લોકહીડ માર્ટિનનું અત્યાધુનિક એફ-35 ફાઈટર જેટ આવી રહ્યું છે.
- ✓ યુરોપિયન કંપની એરબસ પણ સી-295 વિમાન રજૂ કરશે. આ સિવાય એએસ એમબીઈ 565 પેન્થર વિમાન, એચ 145 એમ અને એચ 225 એમ હેલિકોપ્ટર પણ નજરે પડશે.
- ✓ આ ઉપરાંત સ્વદેશી ફાઈટર વિમાન તેજસ, એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ, માનવ રહિત ડ્રોન રુસ્તમ સાથે એડવાન્સ્ડ પાઈલોટલેસ ટારગેટ એરક્રાફ્ટ લક્ષ્ય-2, હેવી ડ્રોપ સિસ્ટમ અને લોન્ગ રેન્જ સબ સુપર સોનિક ક્રુઝ મિસાઈલ (નિર્ભય) પણ જોવા મળશે.
- ✓ તેજસ માર્ક-82, તેજસ માર્ક-1એ અને કાવેરી એન્જિનના મોડેલ પણ દેખાશે.
- ✓ **વડાપ્રધાન મોદી** - આગામી પાંચ વર્ષમાં પાંચ બિલિયન ડોલરના શસ્ત્રો વેચવાનો ભારતનો લક્ષ્યાંક
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વૈશ્વિક સંબંધો : ભારત-માલદીવ પાડોશી દેશ માલદીવના પર્યટનનાં વિકાસ માટે બંને દેશો વચ્ચે કરાર

પ્રવાસીઓનું આકર્ષણ અને કરાર

- ✓ દુનિયાના જે પણ વ્યક્તિને દરિયાઈ સૌંદયનું આકર્ષણ છે એને માલદીવ પ્રત્યે ખેંચાણ રહેવાનું છે.
- ✓ માલદીવની ગણના એશિયાના સૌથી નાના દેશ તરીકે થાય છે પણ આ ટચૂકડા દેશમાં રોજ હજારો પ્રવાસીઓ આવતા જતા રહે છે.
- ✓ પ્રવાસીઓને માલે કરતાં માલદીવના ટાપુઓ પર જવામાં વધુ રસ હોય છે.
- ✓ માલેમાં આવેલા દેશના એકમાત્ર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઊતરીને બહાર નીકળો એટલે સામે જ દરિયો અને જેટી છે. જેટી પરથી સ્પીડ બોટમાં પ્રવાસીઓ જુદા જુદા ટાપુઓ પર પહોંચે છે.
- ✓ માલદીવમાં સમયની સાથે દરિયાના રંગ બદલાય છે. રિઅલ એક્વા કલર જોવો હોય તો માલદીવ જવું પડે.
- ✓ દરિયાનું પાણી એટલું ચોખ્ખું છે કે તમે છેક તળિયું જોઈ શકો. દરિયામાં ફરતાં રંગબેરંગી માછલાં અને જળચરો વળી માલદીવના દરિયાને વધુ નિખારે છે.
- ✓ માલદીવમાં પર્યટનના વિકાસ માટે ભારત-માલદીવ વચ્ચે કરાર કરાયા છે.
- ✓ માલદીવમાં અદુ અતોલના પાંચ ટાપુ પર પર્યટન ક્ષેત્રની સ્થાપના માટે 24.90 લાખ ડોલરની યોજના હાથ ધરાશે.
- ✓ અદુ અતોલ માલદીવના સૌથી સુંદર સ્થળો પૈકી એક છે.
- ✓ માલદીવના 1192 ટાપુમાંથી બે ડઝનથી વધુ ટાપુઓ આ અદુ વિસ્તારમાં છે.
- ✓ આમ જોવા જઈએ તો આ યોજના બહુ મોટી નથી પણ બંને દેશ વચ્ચેના સંબંધોને સારી રીતે ઉજાગર કરે છે.
- ✓ માલદીવ ભારતના પ્રવાસીઓનું માનીતું ડેસ્ટિનેશન છે. માલદીવમાં જે પ્રવાસીઓ આવે છે તેમાં ભારતીયો બીજા નંબરે છે.
- ✓ ગયા વર્ષે પહેલાં 6 મહિનામાં જ 82,140 ભારતીય માલદીવના પ્રવાસે ગયા હતા.
- ✓ માલદીવ ટૂરિસ્ટ્સને ઓન અરાઇવલ વિઝા આપે છે એટલે પ્રવાસીઓને વધુ સરળતા રહે છે.
- ✓ માલદીવ મુસ્લિમ કન્ટ્રી છે, ત્યાંના લોકો ખૂબ જ માયાળુ અને મિલનસાર છે.
- ✓ માલદીવના લોકો ભારતને મિત્ર માને છે.
- ✓ એમાંય હમણાંની એક ઘટનાએ બંને દેશના લોકો વચ્ચેની ઉષ્મામાં જોરદાર વધારો કરી દીધો છે.
- ✓ ચીનમાં કોરોના વાઇરસે કાળો કેર મચાવ્યો છે. ચીનનું વહાન શહેર રોગચાળાના ભરડામાં ફસાયેલું છે.
- ✓ વુહાનમાં ભારતના જે સ્ટુડન્ટ્સ ભણવા ગયા હતા તેમને લેવા માટે આપણા દેશે ખાસ વિમાન મોકલ્યાં હતાં.
- ✓ આપણો દેશ ભારતીયોની સાથે વુહાનમાં ફસાયેલા માલદીવના નાગરિકોને પણ લઈ આવ્યો.
- ✓ માલદીવના 7 નાગરિકને દિલ્હી લાવીને જરૂરી સારવાર પણ આપવામાં આવી.

ભારતની નીતિ - નેબર ફૂડ ફર્સ્ટ

- ✓ ભારતની પોલિસી નેબરહુડ ફર્સ્ટની છે. માલદીવ દોસ્તીમાં મોખરે છે.
- ✓ સ્ટ્રેટેજિક દૃષ્ટિએ પણ માલદીવ આપણા માટે ખૂબ જ મહત્વનું છે.
- ✓ આપણે મધ્ય-પૂર્વના દેશોમાંથી ઓઇલ અને ગેસની આયાત કરીએ છીએ, જેમાંથી મોટા ભાગનાં જહાજ માલદીવ નજીકથી પસાર થાય છે. તેમાં કોઈ અવરોધ ન આવે તે માટે આ વિસ્તારમાં શાંતિ રહે એ જરૂરી છે.
- ✓ આ વિસ્તાર પર ચીનનો ડોળો કાયમ મંડાયેલો હોય છે. છેલ્લા થોડા સમયથી ભારત-માલદીવના સંબંધો જે રીતે આગળ વધી રહ્યા છે એ જોઈને ચીનના પેટમાં તેલ રેડાયું છે.
- ✓ ચીને આપણા બીજા પડોશીઓની જેમ જ માલદીવને પણ સકંજામાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ચીનને એવું કરવામાં સફળતા પણ મળી હતી.
- ✓ જોકે, એ પછી ચીનને આંખો મીંચીને સમર્થન આપતી માલદીવની સરકારને લોકોએ ઉખાડીને ફેંકી દીધી.
- ✓ માલદીવમાં અબ્દુલ્લા યામીન રાષ્ટ્રપતિ હતા ત્યારે ચીને તેમને તમામ રીતે સાધી લીધા હતા.
- ✓ યામીન વિશે એવું કહેવાતું કે એ પાણી પણ ચીનને પૂછીને પીવે છે.
- ✓ જે માલદીવમાં 2011 સુધી ચીનની એમ્બેસી પણ નહોતી એ ચીનને યામીને છુટો દોર આપી દીધો હતો.
- ✓ માલદીવનો એક ટાપુ તો યામીને ચીનને માત્ર 40 લાખ ડોલરમાં 50 વર્ષની લીઝ પર આપી દીધો હતો.
- ✓ ચીનની વન બેલ્ટ વન રોડ યોજના માટે યામીને કંઇ વિચાર્યા વગર સહી કરી દીધી હતી. ચીન પ્રત્યે લાગણી તો ઠીક છે, યામીને ભારતની યોજનાઓ બંધ કરાવી હતી.
- ✓ માલદીવના મીડિયામાં નોકરીની જે જાહેરાતો આવતી એમાં પણ એવું લખાતું હતું કે ભારતીયોએ અરજી કરવી નહીં.
- ✓ યામીને તો પોતાની સત્તા બચાવવા વિરોધીઓને પણ કોઈ ગુના વગર જેલમાં પૂરી દીધા હતા.
- ✓ યામીનના અત્યાચારોથી બચવા અમુક નેતાઓ તો દેશ છોડીને ચાલ્યા ગયા હતા.
- ✓ માલદીવના પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદે માલદીવથી ભાગીને શ્રીલંકામાં શરણ લીધું હતું.
- ✓ જે નેતાઓને યામીને જેલમાં પૂર્યા હતા તેમણે અદાલતમાં ધા નાખી હતી. અદાલતે એ નેતાઓને છોડવાનો આદેશ કર્યો તો યામીને જજોને પણ જેલમાં ધકેલી દીધા હતા.
- ✓ દોઢ વર્ષ અગાઉ માલદીવમાં રાષ્ટ્રપતિની ચૂંટણી થઈ હતી. યામીન સામે ચાર પક્ષ સાથે મળીને ઇબ્રાહિમ મોહમ્મદ સોલિહની આગેવાનીમાં ચૂંટણી લડી હતી.

- ✓ ચૂંટણીમાં ૪૪ ટકા જેટલું જંગી મતદાન થયું હતું. માલદીવના લોકોએ યામીનની સરકારને ફેંકી દીધી હતી.
- ✓ હારી ગયા હોવા છતાં યામીન સત્તા છોડતા નહોતા. એ વખતે તો એવો ડર પણ ફેલાયો હતો કે ક્યાંય લશ્કરનો ઉપયોગ કરીને યામીન સરમુખત્યાર ન બની બેસે.
- ✓ જોકે, આખરે તેમણે સત્તા છોડી અને ઈબ્રાહિમ મોહમ્મદ સોલિડ વડાપ્રધાન બન્યા હતા.
- ✓ સોલિડ પહેલેથી જ ભારત તરફી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ભારત પહેલેથી જ માલદીવનું સાથી રહ્યું છે.
- ✓ કોઈ પણ સંકટ પડ્યું હોય ત્યારે ભારત હંમેશા અમારી પડખે ઊભું રહ્યું છે.
- ✓ માલદીવ અંગ્રેજોના હાથમાંથી 1965માં મુક્ત થયું એ પછી માલદીવને એક આઝાદ દેશ તરીકે માન્યતા આપવામાં આપણો દેશ મોખરે હતો.
- ✓ માલદીવ પર ચીનનું 3.2 અબજ ડોલરનું દેવું છે.
- ✓ ચીનની ચાલ એવી રહી છે કે એ મદદના નામે નાણા રોકે છે અને નાના દેશને એવી હાલતમાં મૂકી દે છે કે એ નાણા પાછાં જ ન આપી શકે.
- ✓ કોઈ દેશ બરાબરનો સકંજામાં આવી જાય એ પછી ચીન પોતાની ટર્મ્સ ડિક્ટેટ કરાવે અને મન ફાવે તેમ કરે.
- ✓ માલદીવમાં ચીનને એરબેઝ બનાવવો હતો એટલે તેણે તમામ ચાલ ચાલી.
- ✓ માલદીવ હવે ચીનને પૂરેપૂરું ઓળખી ગયું છે એટલે તેણે ચીનથી કિનારો કરી લીધો.
- ✓ માલદીવમાં 30 હજાર જેટલા ભારતીયો વસે છે. મોદી માલદીવ ગયા ત્યારે ભારતીયોને પણ મળ્યા હતા.
- ✓ ભારતીયોના હિત માટે માલદીવ સાથે વાત કરી હતી અને માલદીવની સરકારે ભારતીયો માટે શક્ય હશે એ તમામ કરવાની ખાતરી આપી હતી.
- ✓ માલદીવે મોદીને પોતાના દેશનું સર્વોચ્ચ સન્માન 'નિશાન ઇજ્જુદ્દીન' એનાયત કર્યું હતું. મોદીએ પિપલ્સ મજલિસના નામે ઓળખાતી માલદીવની સંસદમાં પણ સંબોધન કર્યું હતું.



- ✓ માલદીવમાં ક્રિકેટ લોકપ્રિય છે પણ માલદીવની ક્રિકેટ ટીમ નથી.
- ✓ માલદીવના આગ્રહથી ભારત માલદીવની ક્રિકેટ ટીમ તૈયાર કરી આપવામાં પણ મદદ કરી રહ્યું છે.
- ✓ અફઘાનિસ્તાનની ક્રિકેટ ટીમ તૈયાર કરવામાં ભારતે તમામ મદદ કરી હતી એ

જોઇને માલદીવે પણ ભારતને ક્રિકેટ ટીમ તૈયાર કરી આપવા કહ્યું હતું.

- ✓ સૌથી મોટી વાત એ છે કે જે માલદીવ આપણાથી દૂર થઈ ગયું હતું એ આજે ફરી આપણો સાચો દોસ્ત બની ગયું છે.
- ✓ સાથોસાથ ચીન પણ ઓળખાઈ ગયું છે. ચીન નેપાળ, શ્રીલંકા, ભૂટાન, મ્યાનમાર, બાંગ્લાદેશ સહિતના દેશોને ભારતથી દૂર ખસેડવા પ્રયાસ કરી રહ્યું છે.
- ✓ માલદીવના ભારત સાથેના સંબંધો બીજા દેશોને પણ એ સંદેશ આપી રહ્યા છે કે ભારત કોઇ પણ જાતના સ્વાર્થ વગર સંબંધો રાખે છે, ભારત ચીન જેવું નથી.
- ✓ **રાજધાની – માલે**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. બેટલ ઓફ સિંહગઢ: તા.04-02-1670 (સુવર્ણ ઇતિહાસ)

ગઢ આલા પણ સિંહ ગેલા (મરાઠી ભાષા)

તાનાજી માલ સુરેની પુણ્યતિથિ 4 ફેબ્રુઆરી



વિગત

- ✓ ૧૬૭૦ની ૪થી ફેબ્રુઆરીએ શિવાજીના સેનાપતિ તાનાજી માલસુરે અને મોગલ બાદશાહ ઔરંગઝેબના કિલેદાર ઉદયભાણ રાઠોડ વચ્ચે પુના પાસે આવેલા કોંઢાણાના કિલ્લામાં ભીષણ જંગ ખેલાયો હતો.
- ✓ એ કિલ્લો અત્યારે સિંહગઢ નામે ઓળખાય છે અને માટે જ એ યુદ્ધ 'બેટલ ઑફ સિંહગઢ' નામે ઇતિહાસમાં નોંધાયેલું છે.



- ✓ તાજેતરમાં એ કથા પરથી 'તાન્હાજી' નામની હિન્દી ફિલ્મ પણ આવી હતી.
- ✓ સહ્યાદ્રિ પર્વતમાળાના છેડે આવેલા એકલા શિખર પર ઉભેલો આ કિલ્લો મોગલો પાસે હતો. કેમ કે ૧૬૬૫માં થયેલી 'પુરંદર સંધિ' પ્રમાણે કેટલાક કિલ્લાઓનો કબજો મરાઠાઓએ જતો કર્યો હતો, જેથી ડેક્કન પ્રાંત પર પોતાનું વર્ચસ્વ યથાવત રહે.
- ✓ સંધિ પહેલા મોગલોએ ૧૬૬૨, ૧૬૬૩ અને ૧૬૬૫માં એમ ૩ વખત મોગલોએ જિતવાનો પ્રયાસ કર્યો હતો અને દરેક વખતે મોટું સૈન્ય હોવા છતાં શિવાજીનેં આ કિલ્લો જીતી શકાયો ન હતો.

- ✓ એ કિલ્લો ફરીથી કબજે લેવા શિવાજીએ પોતાના નાનપણના મિત્ર અને તાનાજીને બોલાવીને વાત કરી.
- ✓ એ વખતે પોતાના ગામ ઉંબ્રજમાં દીકરા રાયબાના લગ્નની તૈયારી કરતા હતા. થોડા દિવસોમાં જ લગ્ન હતા. પણ શિવાજી સમક્ષ આવેલા તાનાજીએ કહ્યું કે હવે પહેલા સિંહગઢનો કિલ્લો જીતી દેખાડું પછી દીકરાના ચાર ફેરા ફેરવીશ.
- ✓ તાનાજી એ કિલ્લો જીતવા નીકળ્યા હતા, જે મોગલ સેના જીતી શકી ન હતી.
- ✓ કિલ્લાની રખેવાળી ઓરંગઝેબના રાજપૂત સૈન્ય કમાન્ડર ઉદયભાણ કરી રહ્યા હતા, જેમની પાસે ૧૪૦૦ સૈનિકોની ફોજ હતી. ફોજ કરતાં પણ મોટો લાભ કિલ્લાની રચનાનો હતો.
- ✓ કિલ્લો ઊંચાઈ પર હતો અને બહારથી કોઈ આક્રમણ કરી શકે એ વાતમાં માલ ન હતો. પણ મરાઠી ધરામાં ઉછરેલા તાનાજીથી એ વાત અજાણી ન હતી.
- ✓ પોતાના ભાઈ સુયેજી સાથે મળીને ૧૦૦૦ શૂરવિરોને ભેગા કર્યા. આક્રમણ માટે તાનાજીએ બે ટૂકડી પાડી. એક પોતાની સાથે બીજી ભાઈ સુર્ય સાથે.
- ✓ આક્રમણ માટે એ માર્ગ પસંદ કર્યો, જ્યાં સીધી કરાડ હતી. એ તરફથી કોઈ આવી શકે એવી મોગલોને કલ્પના પણ ન હતી.
- ✓ એવુ ચઢાણ ચડવુ કેમ? એ માટે તાનાજીએ બેંગાલ મોનિટર લિઝાર્ડ (ઘો)ની પસંદગી કરી. દોરડુ ઘો સાથે બાંધી તેન કરાડની દીવાલે રવાના કરી.
- ✓ દોરડુ પુરું થાય ત્યાં સુધી ઘો ઉપર ચડી, પછી તેની સાથે બાંધેલુ દોરડું પકડીને તાનાજી અને તેના સૈનિકો ઉપર ચડ્યા.
- ✓ માનવા જેવી વાત ન લાગે, પણ દીવાલ પર ચોંટેલી ઘોના પગમાં એટલી તાકાત હોય કે એ ઉખડી ન શકે, ભલે તેની સાથે ગમે તેટલો વજન બાંધી દેવાય.
- ✓ તાનાજીની ટૂકડી ઉપર પહોંચી, મોગલ સેનાને ઉંઘતી ઝડપી લઈ કિલ્લા પર કબજો કરી લીધો અને શિવાજીના સૈન્યનો વિજય થયો. એ લડાઈ તો શિવાજી જીતી ગયા પણ તાનાજી શહિદ થયા.
- ✓ એ વાત જ્યારે શિવાજીએ જાણી ત્યારે એ બોલી ઉઠ્યા, 'ગઢ આલા પણ સિંહ ગેલા' , એટલે કે ગઢ તો જીતાયો પણ સિંહ જેવો સાથીદાર તાનાજી ગુમાવવો પડ્યો.
- ✓ તાનાજીના પરાક્રમની યાદમાં એ કિલ્લો આજેય અડિખમ ઉભો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ – 4 ફેબ્રુઆરી

વર્લ્ડ કેન્સર ડે-UN દ્વારા ઉજવણી(આરોગ્ય)



- ✓ થીમ- 2019 થી 2021 માટે – 'આઈ એમ આઈ વીલ'
- ✓ ગુજરાતમાં કેન્સરના કેસમાં દર વર્ષે સરેરાશ 5 ટકાનો વધારો



વિગત –

- ✓ યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2000થી વિવિધ થીમ પરથી ૪ ફેબ્રુઆરીની ઉજવણી વર્લ્ડ કેન્સર ડે તરીકે કરવામાં આવે છે. વર્લ્ડ કેન્સર ડે માટે વર્ષ ૨૦૧૬ – ૨૦૧૮ - થીમ 'વી કેન, આઈ કેન'.

કયા રાજ્યમાં કેન્સરના સૌથી વધુ દર્દીઓ?

રાજ્ય	કેસ
ઉત્તર પ્રદેશ	૨,૭૦,૦૫૩
બિહાર	૧,૪૫,૦૫૧
મહારાષ્ટ્ર	૧,૪૪,૦૩૨
પ. બંગાળ	૧,૧૭,૨૨૦
મધ્ય પ્રદેશ	૯૮,૪૦૩
રાજસ્થાન	૯૦,૬૮૬
તામિલનાડુ	૮૬,૧૮૦
ગુજરાત	૮૦,૮૨૦
આંધ્ર પ્રદેશ	૬૨,૯૭૮
ઓરિસ્સા	૫૩,૯૩૬
દેશમાં કુલ	૧૫,૮૬,૫૭૧

(* કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલા વર્ષ ૨૦૧૮ના આંકડા.)

કયા રાજ્યમાં બ્રેસ્ટ કેન્સરના વધુ કેસ?

રાજ્ય	કેસ
ઉત્તર પ્રદેશ	૨૪,૧૮૧
મહારાષ્ટ્ર	૧૬,૩૫૮
પ.બંગાળ	૧૨,૨૩૪
બિહાર	૧૧,૩૭૮
તામિલનાડુ	૧૦,૨૬૯
મધ્ય પ્રદેશ	૯,૪૧૪
કર્ણાટક	૯,૦૫૫
ગુજરાત	૯,૦૩૯
રાજસ્થાન	૮,૪૮૩

ગુજરાતમાં બ્રેસ્ટ/ગર્ભાશયના કેન્સરના કુલ કેસ

વર્ષ	કેસ
૨૦૧૬	૧૨,૮૧૧
૨૦૧૭	૧૩,૩૭૨
૨૦૧૮	૧૩,૯૬૭

- ✓ અહેવાલ – આરોગ્ય મંત્રાલય નવી દિલ્હી

ભારતમાં દર 10માંથી એક ભારતીયને કેન્સર થાય છે

- ✓ ગુટખાથી મોંના કેન્સરના દર્દીઓની સંખ્યામાં વધારો
- ✓ ભારતમાં ૧૦ પૈકી એક ભારતીયને તેના જીવન દરમિયાન કેન્સર થાય છે અને ૧૫માંથી એક ભારતીય કેન્સરના કારણે મૃત્યુ પામે છે એમ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના લેટેસ્ટ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.
- ✓ ૪ ફેબ્રુઆરીએ વર્લ્ડ કેન્સર ડે મનાવવામાં આવે છે એ નિમિત્તે આ સંસ્થાએ બે રિપોર્ટ જારી કર્યા હતા.

- ✓ એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ૧.૩૫ અબજ લોકોની વસતી ધરાવતા ભારતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૧.૭ લાખ કેન્સરના નવા કેસ નોંધાયા છે.
- ✓ કેન્સરના કારણે ૭,૮૪,૮૦૦ લોકોનાં મૃત્યુ થયા છે અને ૨૨.૬ લાખ લોકો કેન્સરની પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી સારવાર લઈ રહ્યા છે.

  <u>ભારતમાં છ પ્રકારના કેન્સરની સંખ્યા સૌથી વધારે છે</u>
- ✓ જેમાં બ્રેસ્ટ કેન્સરના ૧,૬૨,૫૦૦ કેસ, મોંના કેન્સરના ૧,૨૦,૦૦૦ કેસ, સર્વાઇકલ કેન્સરના ૯૭,૦૦૦ કેસ, પેટના કેન્સરના ૫૭,૦૦૦ કેસ અને કોલોરેક્ટલ કેન્સરના ૫૭,૦૦૦ કેસનો સમાવેશ છે.
- ✓ તમામ કેન્સરમાં આ છ કેન્સરના દર્દીઓની સંખ્યા ૪૯ ટકા જેટલી છે.
- ✓ હેલ્પ લાઈન નંબર – 1800 22 1951
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મદિન વિશેષ : 4 ફેબ્રુઆરી

મિલે સૂર મેરા તુમ્હારા : પંડિત ભીમસેન જોશી



જન્મ - 4 ફેબ્રુઆરી 1922

અવસાન - 24 જાન્યુઆરી-2011

- ✓ ભારતીય શાસ્ત્રીય સંગીત પરંપરાને સુદ્દઢ બનાવનારા પંડિત ભીમસેન જોશીનો આજે જન્મદિવસ છે.
- ✓ કર્ણાટકના ગડગ પાસેના રોણ ગામમાં જન્મેલા ભીમસેન માતાપિતાના 16 સંતાનમાં સૌથી મોટા હતા.
- ✓ નાનપણમાં જ માતાનું અવસાન થતાં તેમનો ઉછેર સાવકી માતાએ કર્યો હતો. પંડિતજીએ બાલ્યાવસ્થામાં કિરાના ઘરાનાના ગાયક અબ્દુલ કરીમ ખાનને ગાતા જોઈ ગાયકીની પ્રેરણા પ્રાપ્ત કરી હતી.
- ✓ 11 વર્ષની ઉંમરે શાસ્ત્રીય સંગીતની તાલીમ માટે ઘર છોડી ત્રણેક વર્ષ ઉત્તર ભારતમાં ફર્યા, ખિસ્સામાં પૈસા ન હોય તો ઉછીના પૈસે પણ રેલવેમાં મુસાફરી કરતા.
- ✓ કિરાના ઘરાનાને અપનાવ્યો. 1941થી 2000 એટલે કે, 59 વર્ષ સુધી સંગીત ક્ષેત્રમાં સક્રિય રહ્યાં હતાં.
- ✓ તાનની ગતિ, તેમનો સૂર વગેરે તેમને સ્વરના વિશેષ અભ્યાસથી પ્રાપ્ત કરી હતી
- ✓ પંડિતજીએ શુદ્ધ કલ્યાણ, મિયા કી તોડી, પુરીયા ધનાશ્રી, મુલતાની, દરબારી અને રામકલી વગેરે રાગમાં મહારથ હાંસલ કરી હતી.
- ✓ તેમનું 'મિલે સૂર મેરા તુમ્હારા' ગીતે વૈશ્વિક પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી.
- ✓ ભારતીય શાસ્ત્રીય સંગીતને નવો મુકામ આપનાર પંડિત ભીમસેન જોશીનું પદ્મશ્રી,

પદ્મભૂષણ, સંગીત નાટક અકાદમી, ફિલ્મ સંગીતનો રાષ્ટ્રીય પુરસ્કાર અને ભારતરત્ન જેવા અનેક એવોર્ડથી સન્માન થયું હતું.

✓ 24 જાન્યુ. 2011ના રોજ 88 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૨-૨૦૨૦)

1. અંડર-19 વર્લ્ડ કપ-2020મા ભારતે કેટલી વખત ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે- 7
2. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ-2020 કયા દેશમાં યોજાયો- **દક્ષિણ આફ્રિકા**
3. આગામી વર્ષ 2020-21થી ગુજરાતની તમામ શાળાઓમાં સીબીએસસી પેટર્નથી નવું શૈક્ષણિક વર્ષ ક્યારે શરૂ થશે- **એપ્રિલ 2020થી**
4. તાજેતર ફેબ્રુઆરીમાં 11મો ડિફેન્સ એક્સપો -2020 ક્યાં યોજાયો- **લખનઉ, ઉત્તર પ્રદેશ**
5. 11મા ડિફેન્સ એક્સપો-2020ના મુખ્ય વિદેશી અતિથિનું નામ જણાવો- **થાઇલેંડના વડાપ્રધાનશ્રી પ્રત્યુન ચાન**
6. 11મા ડિફેન્સ એક્સપો -2020માં કેટલા દેશોએ ભાગ લીધો- 70
7. 11મા ડિફેન્સ એક્સપો -2020ની થીમ જણાવો- **"ભારત એક ઉભરતુ ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ હબ"**
8. આગામી પાંચ વર્ષમાં કેટલા શસ્ત્રો વેચવાનો ભારતનો લક્ષ્યાંક છે - **પાંચ બિલિયન ડોલર**
9. તાજેતરમાં પાડોશી દેશ માલદીવ સાથે ભારતે બંને દેશના વિકાસ માટે કયા ક્ષેત્રમાં કરાર કર્યા- **પ્રવાસન**
10. એશિયાનો સૌથી નાનો દેશ કયો - **માલદીવ**
11. માલદીવની રાજધાની જણાવો- **માલે**
12. માલદીવે પોતાના દેશનું કયું સર્વોચ્ચ સન્માન તાજેતરમાં કોણે એનાયત કર્યું હતું- **નિશાન ઈજ્જુદિન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
13. 4 ફેબ્રુઆરી 1670 કયા એક મરાઠા સેનાપતિની પુણ્યતિથિ હતી- **તાન્હાજી માલસુરે**
14. મરાઠી ભાષામાં' ગઢ આલા પણ સિંહ ગેલા' આ કહેવત કોના માટે પડી હતી- **તાન્હાજી માલસુરે**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 05-02-2020



૧. કેન્દ્રીય કેબિનેટ મહત્વના નિર્ણયો (વહીવટ)

(૧) દેશની 1540 સહકારી બેંકોનું નિયંત્રણ આરબીઆઇને સોપવામાં આવશે

- ✓ કેન્દ્રીય કેબિનેટે દેશની તમામ સહકારી બેન્કો (કોઓપરેટિવ)ને ભારતીય રિઝર્વ બેન્કના સીધા નિયંત્રણ હેઠળ લાવવા માટે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં પ્રસ્તાવિત સુધારાને મંજૂરી આપી દીધી છે.
- ✓ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં સુધારા બાદ રિઝર્વ બેન્કની સીધી દેખરેખ હેઠળ સહકારી બેન્કોની કામગીરીમાં પારદર્શકતા આવશે અને તેઓ વધુ જવાબદારીથી ફરજ નિભાવશે.
- ✓ સહકારી બેન્કોએ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેન્કો પર નિયંત્રણ માટે ઘડાયેલી શરતોનું પાલન કરવું પડશે.
- ✓ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં સુધારો થતાં ભારતીય રિઝર્વ બેન્કને નબળી કામગીરી કરી રહેલી સહકારી બેન્કોનું નિયંત્રણ પોતાના હાથમાં લેવાનો અધિકાર મળી જશે.
- ✓ કાયદામાં સુધારાના નવા પ્રસ્તાવ અનુસાર સહકારી બેન્કોએ સીઇઓની નિયુક્તિ માટે ભારતીય રિઝર્વ બેન્કની પરવાનગી લેવી પડશે અને આરબીઆઇની માર્ગદર્શિકા પ્રમાણે ઓડિટ કરાવવા પડશે.

બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં વિવિધ સુધારા

- ✓ શહેરી સહકારી બેન્કો માટે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટમાં સુધારાને કેબિનેટની મંજૂરી
- ✓ બેન્કિંગ રેગ્યુલેશના એક્ટમાં સુધારાથી આરબીઆઇને વધારાની સત્તાઓ મળશે.
- ✓ પ્રસ્તાવિત સુધારા બેન્ક, બેન્કર અથવા બેન્કિંગ શબ્દનો ઉપયોગ કરતી સહકારી સોસાયટીને જ લાગુ પડશે.
- ✓ કાયદામાં કરાયેલા સુધારાના કારણે રજિસ્ટ્રારની સત્તાઓને કોઇ અસર થશે નહીં

- ✓ કાયદામાં સુધારા ૧,૪૮૦ શહેરી સહકારી બેન્કો અને ૬૦ મલ્ટિ સ્ટેટ કોઓપરેટિવ બેન્કોને લાગુ પડશે.
- ✓ ભારતીય રિઝર્વ બેન્કને ઓડિટરની નિયુક્તિ અને હકાલપટ્ટીની સત્તા મળશે

કેન્દ્રીય કેબિનેટના અન્ય નિર્ણયો

(૨) ભારત અને શ્રીલંકા વચ્ચે આંતરરાષ્ટ્રીય ઉડાનો શરૂ કરી શકે તે માટે એલાયન્સ એરનું એર ઇન્ડિયામાંથી વિઘટન કરવાની મંજૂરી

(૩) મહારાષ્ટ્રના દહાણુ નજીક વાધવાન ખાતે રૂપિયા ૬૫,૫૪૪ કરોડના ખર્ચે બંદર નિર્માણને મંજૂરી

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. દરજ્જો - કેન્દ્ર સરકાર (શિક્ષણ)

Indian Institute of Information Technology, Surat
भारतीय सूचना प्रौद्योगिकी संस्थान, सूरत

IIIT સુરત સહિત દેશની પાંચ કોલેજોને ઇન્સ્ટિટયૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો

વિગત-

IIIT સુધારા ખરડા ૨૦૨૦ને મંજૂરી

- ✓ કેન્દ્ર સરકારની યુનિયન કેબિનેટ દ્વારા IIIT LAWS BILL-૨૦૨૦ને મંજૂરી આપવામાં આવી છે.
- ✓ જેને આધીને સુરત, ભોપાલ, ભાગલપુર, અગરતાલા અને રાઈપૂરમાં લોકભાગીદારી એટલે કે પીપીપી મોડથી IIIT આકાર પામશે.

IIIT- ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વૈશ્વિક પરિષદ (પ્રાણીજગત)

વન હેલ્થ પોલ્ટ્રી હબ આંતરરાષ્ટ્રીય પરિષદ-2020



- ✓ યજમાન- અમદાવાદ
- ✓ સમયગાળો- તારીખ 10 થી 14 ફેબ્રુઆરી 2020
- ✓ ભારત સહિત આઠ દેશોના પશુ નિષ્ણાંતો ભાગ લેશે

અન્ય વિગત

- ✓ ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર તથા આણંદ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાનારી આ પરિષદમાં યુ.કે. રિસર્ચ ઇન્સ્ટિટયૂટ તથા પોલ્ટ્રી સંશોધન ક્ષેત્રે સંકળાયેલા દેશના તથા ઈંગ્લેન્ડ, વિયેતનામ, શ્રીલંકા, બાંગ્લાદેશ, બેલ્જિયમ, સિંગાપોરના નિષ્ણાતો ભાગ લેશે.

હેતુ

✓ પોલ્ટ્રી ક્ષેત્રે મરઘામાં તથા કાર્યરત માણસોમાં જોવા મળતા એન્ટિ માઇક્રોબાયલ રેઝિસ્ટન્ટસનું પ્રમાણ ઓછું થાય તે આ પરિષદનો તથા આ ક્ષેત્રના સંશોધનનો આશય છે.

ગુજરાતને રિસર્ચ માટે રૂ. ૮ કરોડ

✓ યુકેની સંસ્થા તરફથી દેશમાં ગુજરાતની બે સંસ્થાઓ-ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર તથા આણંદ કૃષિ યુનિ.ને પોલ્ટ્રી ક્ષેત્રના સંશોધન માટે રૂ.૮ કરોડ ફાળવાયા.

✓ તામિલનાડુ રાજ્યને પણ આ રીતે ભંડોળ ફાળવાયું છે.

✓ દેશમાં મરઘાં અને ઇંડાનાં ઉત્પાદનમાં ગુજરાતનો નંબર આંધ્રપ્રદેશ, તામિલનાડુ અને પંજાબ પછી ચોથો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. 13મી COP CMS -2020

✓ યજમાન - મહાત્મા મંદિર ગાંધીનગર



✓ તારીખ 15 થી 22મી ફેબ્રુઆરી 2020

હેતુ અને મહત્વ

✓ ગુજરાત સાઇબીરિયન યાયાવર પક્ષીઓનું મોટું ડેસ્ટિનેશન હોઈ આ પક્ષીઓના સંવર્ધન અને સંરક્ષણના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય સંમેલન ૧૫થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં યોજાશે.

✓ યુનો સાથે પર્યાવરણીય સંધિમાં જોડાયેલા ૧૨૩ જેટલા દેશોના પ્રતિનિધિઓનું સંમેલન દર ત્રણ વર્ષે યોજાય છે, જે પૈકીનું ૧૩મું સંમેલન દેશમાં પહેલીવાર પાટનગરમાં યોજાવાનું છે.

✓ આ સંમેલનમાં કેન્દ્રીય પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકર ઉપરાંત ૧૬ દેશોના મંત્રીઓ તથા તેમના પ્રતિનિધિઓ સહિત ૧,૨૦૦ થી ૧,૫૦૦ જેટલા દેશ-વિદેશના ડેલિગેટ્સ ભાગ લેશે.

✓ ભારત સરકારના ખર્ચે યોજાઈ રહેલા આ સંમેલનમાં રાજ્યનો વન, પર્યવારણ અને ક્લાઈમેટ ચેન્જ વિભાગ નોડલ એજન્સીનો રોલ ભજવી રાજ્યમાં જૈવિક સંવર્ધન ક્ષેત્રે થઈ રહેલી કામગીરી અંગે સંમેલનમાં જાણકારી આપશે.

✓ આ સંમેલનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી એક્ઝિબિશન પણ લગાવવામાં આવશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. સિટીઝન એમેન્ડમેન્ટ એક્ટ - CAA (કાયદો)

CAAના વિરોધમાં ઠરાવ પસાર કરનાર મધ્યપ્રદેશ દેશનું છઠ્ઠું રાજ્ય બન્યું

- ✓ અગાઉ કેરળ, છત્તીસગઢ, પંજાબ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન બાદ હવે મધ્ય પ્રદેશ (કુલ ૬ રાજ્યો)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ : અયોધ્યા-UP (ધર્મ)

અયોધ્યામાં રામમંદિર બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ટ્રસ્ટની રચના



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોકસભામાં જાહેરાત

વિગતવાર માહિતી

- ✓ કેન્દ્ર સરકારે અયોધ્યામાં સંપાદન કરાયેલી ૬૭.૭૦૩ એકર જમીન પણ મંજૂર કરાયેલા ટ્રસ્ટને ટ્રાન્સફર કરવાનો નિર્ણય લીધો.
- ✓ રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર નામના આ ટ્રસ્ટને ભગવાન રામના જન્મસ્થળ ખાતે ભવ્ય મંદિરના નિર્માણ અને તેને સંબંધિત તમામ નિર્ણય લેવાની સત્તા અપાશે.
- ✓ આ ટ્રસ્ટી હશે : અયોધ્યાના કલેકટર જો મુસ્લીમ હશે તો હિન્દુ એડિ. કલેકટર નિમાશે
- ✓ **નવા ટ્રસ્ટની કચેરી દિલ્હીના ગ્રેટર કૈલાશ ખાતે રહેશે.**
- ✓ ટ્રસ્ટના કુલ ૧૫ સભ્યોમાં ૮ કાયમી અને ૭ નામાંકિત સભ્યોનો સમાવેશ કરાશે.

ટ્રસ્ટીઓના નામ અને પરિચય

1. **કે. પરાશરન**
   સુપ્રીમકોર્ટના વરિષ્ઠ વકીલ અયોધ્યા મામલે હિન્દુ પક્ષના વકીલ હતા. ઇન્દિરા અને રાજીવ ગાંધી સરકારમાં એટર્ની જનરલ રહ્યાં.
2. **જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીજી મહારાજ (પ્રયાગરાજ)**
   બદ્રીનાથ સ્થિત જ્યોતિષ પીઠના શંકરાચાર્ય દ્વારકાપીઠના સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીએ કોર્ટમાં કેસ કર્યો છે.
3. **જગદગુરૂ માધવાચાર્ય વિશ્વ પ્રસન્નતીર્થજી મહારાજ**
   કર્ણાટકના ઉડુપીના પજાવરા મઠના 33મા પીઠાધિશ્વર. ડિસેમ્બર 2019માં પદ સંભાળ્યું.
4. **યુગપુરુષ પરમાનંદજી મહારાજ**
   અખંડ આશ્રમ હરિદ્વારના વડા વેદાંત પર 150થી વધુ પુસ્તકો પ્રકાશિત થયા છે.
5. **સ્વામી ગોવિંદ દેવગિરીજી મહારાજ**
   મહારાષ્ટ્રના અહમદનગરમાં 1950માં જન્મ, રામાયણ, ગીતા, મહાભારત અને અન્ય પૌરાણિક ગ્રંથો પર દેશ-વિદેશમાં

પ્રવચન આપે છે. પાડુંરંગ આઠવલેના શિષ્ય છે.

6. **<u>વિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રા</u>**

અયોધ્યા રાજ પરિવારના વંશજ.

રામાયણ મેળા સંરક્ષણ સમિતિના સભ્ય-સમાજસેવક. 2009માં બસપાની ટિકિટ પર લોકસભાની ચૂંટણી લડ્યાં, હારી ગયા. ત્યારપછી ક્યારેય રાજકારણમાં આવ્યા નથી.

7. **<u>ડો. અનિલ મિશ્ર</u>**

હોમિયોપેથિક ડૉક્ટર.

હોમિયોપેથિક મેડિસિન બોર્ડના રજિસ્ટ્રાર. મિશ્રાએ 1992માં રામમંદિર આંદોલનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સંઘના અવધ પ્રાંત કાર્યવાહ છે.

8. કામેશ્વર ચૌપાલ

પટણાના નિવાસી છે. દલિત હોવાથી સામેલ. સંઘે કારસેવકનો દરજ્જો આપ્યો. 1989માં રામમંદિરમાં શિલાન્યાસની પ્રથમ ઇંટ મૂકી હતી. 1991માં રામવિલાસ પાસવાન સામે ચૂંટણી લડેલા.

9. બોર્ડ ઓફ ટ્રસ્ટી દ્વારા નોમિનેટેડ એક ટ્રસ્ટી જે હિન્દુ ધર્મના હશે.

10. બોર્ડ ઓફ ટ્રસ્ટી દ્વારા નોમિનેટેડ એક ટ્રસ્ટી જે હિન્દુ ધર્મના હશે.

11. **<u>મહંત દિનેન્દ્રાસ</u>**

અયોધ્યાના નિર્મોહી અખાડાના વડા. ટ્રસ્ટની બેઠકમાં વોટિંગનો અધિકાર નહીં હોય.

12. **<u>કેન્દ્રના પ્રતિનિધિ</u>**

હિન્દુ ધર્મના સભ્ય હશે અને કેન્દ્રની ભારતીય વહીવટી સેવાના અધિકારી હશે. આ વ્યક્તિ ભારત સરકારના સંયુક્ત સચિવ પદથી નીચેની નહીં હોય.

13. **<u>રાજ્યના પ્રતિનિધિ</u>**

હિન્દુ ધર્મના સભ્ય હશે અને યુપી સરકારમાં ભારતીય વહીવટી સેવાના અધિકારી હશે. આ વ્યક્તિ રાજ્ય સરકારના સચિવ પદથી નીચેની નહીં હોય.

14. **<u>અયોધ્યા જિલ્લા કલેક્ટર</u>**

હિન્દુ હોવું અનિવાર્ય. જો કોઈ કારણસર કલેક્ટર હિન્દુ ધર્મના ના હોય તો અયોધ્યાના એડિશનલ કલેક્ટર સભ્ય બનશે.

15. <u>રામમંદિર વિકાસ અને વહીવટ સાથે જોડાયેલા મામલાના ચેરમેન</u>ની નિમણૂક ટ્રસ્ટીઓનું બોર્ડ કરશે. તે હિન્દુ હોય તે જરૂરી.

✓ દરમિયાન અયોધ્યામાં સંપાદિત જમીનના રીસીવરે ટ્રસ્ટના બીજા સભ્ય અયોધ્યા રાજા બિમલેન્દ્ર મોહન મિશ્રને તેમનો કાર્યભાર સોંપી દીધો છે.

<u>મુસ્લિમોને મસ્જિદ માટે અયોધ્યાથી 22 કિમી દૂર રૌનાહીમાં પાંચ એકર જમીન આપવા ઉત્તરપ્રદેશ સરકારની મંજૂરી.</u>

✓ <u>સુન્ની વકફ બોર્ડ પાંચ એકર જમીનના વહીવટ માટે ઇન્ડો ઇસ્લામિક કલ્ચર ટ્રસ્ટની રચના કરશે, ટૂંક સમયમાં નોંધણી</u>

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. તીડ ચેતવણી સંગઠન શું છે ?

લોકસ્ટ વોર્નિંગ ઓર્ગેનાઈઝેશન

પરિચય અને ભૂમિકા (કૃષિ)

✓ સ્થાન – જોધપુર

✓ એલડબ્લ્યુ (તીડ ચેતવણી સંગઠન)ની રચના આઝાદી પહેલા થઈ હતી જેની ફિલ્ડ ઓફિસ વિભાજન પછી લાહોરથી જોધપુર આવી ગઈ.

✓ સંગઠનનો ઉદ્દેશ્ય 2 લાખ ચો.કિમીમાં ફેલાયેલા શિડ્યુલ્સ ડેઝર્ટ એરિયાને તીડથી બચાવવાનો છે.

✓ આ સંગઠનમાં 250નો સ્ટાફ છે.

✓ હાલ 90 પદ ખાલી છે.

✓ ઉપલબ્ધ સ્ટાફમાં લોકો ઓફિસમાં ડેટાની આપ-લે અને કોઓર્ડિનેશનમાં લાગેલા છે. જોકે બાકી ફીલ્ડમાં તહેનાત છે .

શું કરી શકે છે સંગઠન ?

✓ તીડને ભારતમાં પ્રવેશતા રોકવા માટે આ સંગઠન સરહદ પણ વટાવી શકે છે.

✓ આ વ્યવસ્થા સંરક્ષણ મંત્રાલય કરશે તથા ટીમને હાઈ-ફ્રિક્વન્સીના વાયરલેસ સેટ આપશે.

✓ ગૃહમંત્રાલય બીએસએફ મારફતે ભારત-પાક. વચ્ચે નિયમિત બેઠક કરાવશે.

✓ સિવિલ એવિએશન મંત્રાલયના એટીસી એરક્રાફ્ટ માટે એર ટ્રાફિક કન્ટ્રોલ કરશે.

✓ પાકિસ્તાને વૈશ્વિક સંધિનો ભંગ કર્યો

✓ બનાસકાંઠા તથા રાજસ્થાનમાં સૌથી મોટો તીડ હુમલો કર્યો.

✓ મે-૨૦૧૯માં તીડની જાણ ગુજરાતીને થઈ હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. કેન્દ્ર સરકાર – બેરોજગારી :

વર્ષ-૨૦૧૭-૧૮માં ભારતમાં બેકારીનો દર - ૬.૧ ટકા હતો

✓ કેન્દ્રીય રાજ્યકક્ષાના શ્રમ-રોજગાર મંત્રી – શ્રી સંતોષ ગંગવાર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા બેન્કિંગ રેગ્યુલેશન એકટમાં સુધારાને મંજૂરી આપવાથી હવે અંદાજે કેટલી સહકારી બેંકોનું નિયંત્રણ RBIને સોંપવામાં આવશે- **1540**
2. ભારત અને શ્રીલંકા વચ્ચે આંતર રાષ્ટ્રીય ઉડાનો શરૂ કરી શકાય તે હેતુથી એલાયન્સ એરની કયામાંથી કેન્દ્રીય કેબિનેટ દ્વારા વિઘટનની મજૂરી અપાઈ- **એર ઇન્ડિયા**
3. મહારાષ્ટ્રના દહાણુ નજીક કયા સ્થળે રૂપિયા 65,544 કરોડના ખર્ચે નિર્માણની કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી અપાઈ- **વાધવાન**
4. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા દેશના કયા કયા શહેરોની IIITને ઇન્સ્ટિટયૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો અપાયો એટલે કે તેને PPP મોડેલથી વિકસિત કરાશે- **સુરત, ભોપાલ ભાગલપુર, અગરતલા અને રાયચુર**

5. IIITનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી**
6. તાજેતરમાં આગામી તા. 10થી 14 ફેબ્રુઆરી 2020 દરમિયાન પશુ રોગો ઉપર સંશોધન માટે વૈશ્વિક કક્ષાની 'વન હેલ્થ પોલ્ટ્રિ હબ- આંતરરાષ્ટ્રીય પરિષદ-2020' ક્યાં યોજાશે- **અમદાવાદ**
7. વૈશ્વિક કક્ષાની 'વન હેલ્થ પોલ્ટ્રિ હબ-આંતરરાષ્ટ્રીય પરિષદ-2020'માં ભારત સહિત કેટલા દેશોના પશુ નિષ્ણાતો ભાગ લેશે- **08**
8. સાઈબીરિયન યાયાવર પક્ષીઓ ઉપર વૈશ્વિક સંશોધનના હેતુથી યુનાઇટેડ નેશન્સ દ્વારા કેટલામી 'COP CMS-2020' તારીખ 15 થી 22 ફેબ્રુઆરી 2020 દરમિયાન ક્યાં યોજાશે- **13મી અને મહાત્મા મંદિર, ગાંધીનગર**
9. COP CMSનું વિસ્તૃત નામ જણાવો- **CONFERENCE OF THE PARTIES TO THE CONVENTION ON MIGRATORY SPECIES**
10. કેન્દ્ર સરકાર દ્વારા IIIT સંદર્ભે કયા બિલને તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે- **IIIT LAWS BILL-2020**
11. CAA કાયદાના વિરોધમાં તાજેતરમાં કયા રાજ્ય દ્વારા વિધાનસભામાં ઠરાવ પસાર કરવામાં આવ્યો છે- **મધ્ય પ્રદેશ**
12. કેન્દ્રીય કેબિનેટ દ્વારા અપાયેલી મંજૂરી સંદર્ભે તા.5 ફેબ્રુઆરી -2020ના રોજ અયોધ્યામાં રામ મંદિર બનાવવા કયા ટ્રસ્ટની જાહેરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લોકસભામાં કરવામાં આવી- **શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ**
13. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં કુલ કેટલા ટ્રસ્ટીઓ- સભ્યોની નિમણૂક કરાઈ- **15(8- કાયમી અને 7 નામાંકિત)**
14. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં અનુસૂચિત જાતિ(SC)માંથી કેટલા સભ્ય કાયમી રહેશે- **01**
15. કેન્દ્ર સરકાર દ્વારા અયોધ્યામાં રામમંદિર માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવી છે- **67.703 એકર**
16. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની મુખ્ય કચેરી ક્યાં રહેશે- **ગ્રેટર કૈલાશ, દિલ્હી**
17. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્યોના તા.5 ફેબ્રુઆરી 2020ની સ્થિતિએ નામ જણાવો- **કે. પરાશરન, જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીજી મહારાજ, જગદગુરૂ માધવાચાર્ય વિશ્વ પ્રસન્નતીર્થજી મહારાજ, સ્વામી ગોવિંદ દેવગિરીજી મહારાજ, વિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રા, ડો. અનિલ મિશ્ર, કામેશ્વર ચૌપાલ, મહંત દિનેન્દ્રાસ**
18. મુસ્લિમોને મસ્જિદ માટે અયોધ્યાથી કેટલા કિ.મી. દૂર કયા સ્થળે કેટલી જમીન ફાળવવામાં આવી છે- **22, રૌનાહી અને 5 એકર**
19. સુન્ની વકફ બોર્ડ દ્વારા પાંચ એકર જમીનના વહીવટ માટે કયા ટ્રસ્ટની રચના કરાશે- **ઈન્ડો ઈસ્લામિક કલ્ચર ટ્રસ્ટ**
20. ભારતમાં પ્રવેશતા તીડની ચેતવણી માટે 'તીડ ચેતવણી સંગઠન' ક્યાં આવેલું છે- **જોધપુર (રાજસ્થાન)**
21. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2017-18માં ભારતનો બેકારીનો દર કેટલા ટકા જાહેર કરાયો- **6.1%**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 06-02-2020



૧. હેપ્પી સ્ટ્રીટ - લો ગાર્ડન અમદાવાદ (ફૂડ-આરોગ્ય)

મોર્ડન હાઇજેનિક ફૂડ સ્ટ્રીટનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ



આયોજક-

- ✓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
- ✓ અંદાજીત ખર્ચ – રૂ. 8.50 કરોડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. RBI - આર્થિક સમીક્ષા બેઠકમાં રેપો રેટ યથાવત (આર્થિક)

- ✓ રેપો રેટ- 5.15 ટકા યથાવત
- ✓ રિવર્સ રેપોરેટ- 4.90 ટકા યથાવત
- ✓ માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસીલીટી (MSF) રેટ- 5.40 ટકા યથાવત
- ✓ બેંક રેટ- 5.40 ટકા યથાવત
- ✓ વર્ષ 2020-21 માટે GDP ગ્રોથ રેટ 6.0 ટકા યથાવત રહેવાનો RBIનો અંદાજ

અન્ય આંકડાકીય વિગત

- ✓ ભારતીય રિઝર્વ બેન્કે વર્તમાન ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષ માટેની અંતિમ આર્થિક સમીક્ષામાં વ્યાજદર યથાવત રાખી, વ્યવહાર નીતિ જારી રાખવાનો નિર્ણય લીધો છે.
- ✓ RBIની મોનેટરી-પોલિસી કમિટીએ લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF) અંતર્ગત રેપોરેટ ૫.૧૫ ટકા પર યથાવત રાખ્યો છે.

- ✓ રિઝર્વ બેન્ક સતત બીજી દ્વિમાસિક સમીક્ષામાં વ્યાજદરોમાં કોઇ બદલાવ કર્યો નથી.
- ✓ ડિસેમ્બર ૨૦૧૯માં આરબીઆઇએ અગાઉ સતત પાંચવાર વ્યાજદરોમાં બદલાવ બાદ વ્યાજદરો યથાવત રાખ્યા.
- ✓ એપ્રિલ-સપ્ટેમ્બરના ૨૦૨૦ના પ્રથમ છ માસિકમાં જીડીપી ગ્રોથરેટ ૫.૫ થી ૬.૭ ટકા અને ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૦ના ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથરેટ ૬.૨ ટકા રહેવાની સંભાવના છે.
- ✓ ૨૦૧૯-૨૦૨૦ના વર્તમાન નાણાકીય વર્ષ માટે ભારતનો જીડીપી ગ્રોથરેટ પાંચ ટકા સુધી સીમિત રહેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ઈ-કેલ્ક્યુલેટર (ટેકનોલોજી)

ટેકસની ગણતરી કરવાના હેતુથી આઈ.ટી વિભાગ દ્વારા ઈ-કેલ્ક્યુલેટર લોંચ કરાયું



વિશેષતા

- ✓ આવકવેરા વિભાગના આ ઈ-કેલક્યુલેટર દ્વારા કોઈ પણ કરદાતા કપાત કે છૂટછાટના દાવા વગર નવા ટેક્સ સ્લેબ હેઠળ પોતાની ટેક્સ જવાબદારીઓની ગણતરી કરી શકે છે.
- ✓ સરકારે બજેટમાં કરદાતાઓને જૂની અને નવી સિસ્ટમ હેઠળ આવકવેરા રિટર્ન ભરવાનો વિકલ્પ આપ્યો છે.
- ✓ આ ઈ-કેક્યુલેટર આવકવેરા વિભાગની સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
- ✓ તેમાં કરદાતા એ જોઈ શકશે કે જૂની અને નવી કર વ્યવસ્થામાં તેમણે કેટલો ટેક્સ ચૂકવવો પડશે.
- ✓ વેબ પોર્ટલનો ઉપયોગ જુદીજુદી શ્રેણીના કરદાતાઓ ઇલેક્ટ્રોનિક આવકવેરા રિટર્ન ભરવા માટે કરે છે.
- ✓ કરદાતાઓ કુલ કપાત અને છૂટની ગણતરી કરી શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સિદ્ધિ - રોડ સેફ્ટી એવોર્ડ : ગુજરાત એસટી નિગમને દેશની સૌથી સલામત સવારીનો રોડ સેફ્ટી એવોર્ડ



✓ ગુજરાતમાં એક લાખ કિ.મી.એ 0.06નો દેશનો સૌથી ઓછો અકસ્માત રેટ

વિશેષતા

✓ સલામત સવારી, એસટી અમારીનું સૂત્ર ધરાવતી ગુજરાતની એસટી બસને દેશની સૌથી સલામત સવારી તરીકે કેન્દ્ર સરકાર દ્વારા રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરાયો.

✓ એસટી નિગમે 7500 ફ્લીટ સર્વિસનું સંચાલન સલામત અને ઓછામાં ઓછા અકસ્માતથી કરીને આ એવોર્ડ પ્રાપ્ત કર્યો

✓ ગુજરાતને આ એવોર્ડ વાહન વ્યવહાર નિગમોના જૂના અકસ્માતોની માહિતી અને રેટનું વિશ્લેષણ કરીને તેમજ સલામત ડ્રાઇવિંગની સ્ટ્રેટેજીના અમલીકરણથી પ્રાપ્ત થયો છે.

✓ 10 વર્ષમાં અકસ્માતોનું પ્રમાણ 0.11થી ઘટીને 0.06 જેટલું નીચું ગયું છે.

✓ એસટી નિગમ દ્વારા સલામત ડ્રાઇવિંગ માટે ઓપન હાઉસ, સેફ્ટી મિટિંગ, માસ્ટર ટ્રેઇનરની નિમણૂક, ડ્રાઇવરોનું મેડિકલ ચેકઅપ, ડ્રિન્ક એન્ડ ડ્રાઇવની નીતિ અટકાવવા બ્રેક એનેલાઇઝરથી ચેકિંગ જેવી સ્ટ્રેટેજી અમલી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. US - રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મહાભિયોગના આરોપથી મુકત (રાજકારણ)

આરોપના કારણો અને મહાભિયોગની પ્રક્રિયા

ટ્રમ્પ વિરૂદ્ધ આક્ષેપ શું હતા



આક્ષેપ નંબર ૧ :

✓ પોતાના હરિફ અને પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ જો બિડેન વિરૂદ્ધ યુક્રેન સરકાર તપાસ કરે એ માટે ટ્રમ્પે યુક્રેનના પ્રમુખને ભલામણ કરી હતી.

✓ બિડેનનો દિકરો યુક્રેનમાં બિઝનેસ ધરાવે છે. બિડેનને કોઈક રીતે ફસાવવાની ટ્રમ્પની યોજના હતી.

✓ આ આક્ષેપમાં ટ્રમ્પને ૧૦૦માંથી ૫૨ મત મળ્યા હતા, ૪૮ તેમની વિરૂદ્ધ પડયાં હતા.

આક્ષેપ નંબર ૨ :

✓ જ્યારે આ મુદ્દે તપાસ કરવાની વાત અમેરિકી કોંગ્રેસે કરી ત્યારે ટ્રમ્પે સહકાર આપવાની ના પાડી દીધી હતી.

✓ માટે કોંગ્રેસની કામગીરીમાં અવરોધ ઉભો થયો હતો. આ આક્ષેપમાં ટ્રમ્પને ૫૩ મત મળ્યાં હતા.

બિલ ક્લિન્ટન અને જોનસન પણ આરોપમુક્ત થઈ ચૂક્યા છે.

- ✓ અમેરિકી સંસદના ઉપલા ગૃહ સેનેટમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મહાભિયોગના તમામ આરોપોથી મુક્ત થઈ ગયા.
- ✓ તેમના પર સત્તાનો દુરુપયોગ કરવા અને સંસદમાં કામમાં અડચણ પેદા કરવાનો આરોપ હતો.
- ✓ પહેલા આરોપમાં ટ્રમ્પના પક્ષમાં 52 અને વિરોધમાં 48 વોટ પડ્યા.
- ✓ બીજા આરોપમાં ટ્રમ્પના પક્ષમાં 53 અને વિરોધમાં 47 વોટ પડ્યા.
- ✓ સેનેટમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને બહુમત છે. મહાભિયોગના સંકટથી નીકળનારા ટ્રમ્પ અમેરિકાના ત્રીજા રાષ્ટ્રપતિ છે.
- ✓ 18 ડિસેમ્બરે નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગનો પ્રસ્તાવ લવાયો હતો.
- ✓ ટ્રમ્પ પહેલાં પૂર્વ રાષ્ટ્રપતિઓ એન્ડ્રયુ જોનસન સામે 1868 અને બિલ ક્લિન્ટન વિરુદ્ધ 1998માં મહાભિયોગની પ્રક્રિયા શરૂ કરાઈ હતી, બંનેને સેનેટે મુક્ત કર્યા હતા.
- ✓ એક અન્ય રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સને મહાભિયોગ પહેલાં જ રાજીનામું આપી દીધું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નાસા – સિદ્ધિ (અવકાશ વિજ્ઞાન)

અવકાશમાં સૌથી વધુ સમય રહેનારી પ્રથમ મહિલા અવકાશયાત્રી ક્રિસ્ટીના કોચ (USA)



- ✓ ક્રિસ્ટીનાએ સ્પેસ સ્ટેશનમાં 328 દિવસ રહેવાનો રેકોર્ડ બનાવ્યો
- ✓ તાજેતરમાં પૃથ્વી પર પરત

વિશેષતાઓ

- ✓ નાસાના મહિલા મિશનના ભાગરૂપે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં પહોંચનારી ક્રિસ્ટિનાએ પૃથ્વીના ૫,૨૪૮ ચક્કર લગાવ્યાં : છ વખત સ્પેસવૉક કર્યું
- ✓ નાસાની અવકાશયાત્રી ક્રિસ્ટિના કોચ સ્પેસ સ્ટેશનથી યાત્રા કરીને કઝાકિસ્તાનમાં ઉતરી હતી.
- ✓ તેના નામે સૌથી વધુ સમય અવકાશમાં વીતાવવાનો રેકોર્ડ નોંધાયો હતો.
- ✓ ૩૨૮ દિવસ ક્રિસ્ટિનાએ અવકાશમાં વીતાવ્યા હતા.
- ✓ ૨૦૧૯માં નાસાએ અંતરિક્ષમાં મહિલાઓનું એક ગ્રુપ મોકલ્યું હતું, તેનું નેતૃત્વ ક્રિસ્ટિનાએ કર્યું હતું.
- ✓ ક્રિસ્ટિનાની ટીમના નામે બીજો પણ એક વિક્રમ નોંધાયો હતો.
- ✓ પહેલી વખત અવકાશમાં ત્રણ મહિલાઓએ સ્પેસ વૉક કર્યું હતું.

- ✓ સંપૂર્ણ રીતે મહિલા અવકાશયાત્રીઓએ જ સ્પેસવૉક કર્યું હોય એવું પહેલી વખત બન્યું હતું.
- ✓ ક્રિસ્ટિના લગભગ ૧૧ મહિના સ્પેસ સ્ટેશનમાં રોકાઈ હતી. એ દરમિયાન સ્પેસ સ્ટેશને ૫૨૪૮ વખત પૃથ્વીને ચક્કર લગાવ્યા હતા.
- ✓ ૫૨૪૮ પૃથ્વીના પરિભ્રમણની ક્રિસ્ટિના સાક્ષી બની હતી. એટલું જ નહીં, એ દરમિયાન સ્પેસ સ્ટેશને લગભગ ૧૩.૯ કરોડ કિલોમીટરનો પ્રવાસ પૂરો કર્યો હતો.
- ✓ આ અગાઉ સૌથી વધુ સમય અવકાશમાં વીતાવવાનો રેકોર્ડ પેગી વિટસનના નામે હતો.
- ✓ પેગીએ ૨૦૧૬-૧૭ના વર્ષમાં કુલ ૨૮૮ દિવસ એક સાથે સ્પેસ સ્ટેશનમાં વીતાવ્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મદિન વિશેષ : 6 ફેબ્રુઆરી

રાષ્ટ્રવાદની બુલંદી : કવિ પ્રદિપ



જન્મ - 6 ફેબ્રુઆરી 1915

અવસાન - 11 ડિસેમ્બર-1998

- ✓ આજ હિમાલય કી ચોટી સે હમને લલકારા છે, દૂર હટો ઓ દુનિયાવાલો હિન્દુસ્તાન હમારા હૈ" ગીત ગુંજ્યું અને 1942ના હિંદ છોડો આંદોલનમાં દેશ આંદોલિત થયો , અંગ્રેજ સરકાર દ્વારા રચયિતાની ધરપકડનું વોરંટ નીકળ્યું પણ સમય વર્તી કવિ ભૂગર્ભમાં ચાલ્યા ગયા.
- ✓ મધ્ય પ્રદેશના ઉજ્જૈન પાસે બડનગરમાં જન્મેલા કવિપ્ર પ્રદીપ લખનૌથી સ્નાતક થયા હતા.
- ✓ કવિતાઓ લખવાની શરૂ કરી, મુંબઈમાં કવિ સંમેલનમાં ગયા અને ફિલ્મી રાષ્ટ્રવાદી ગીતો લખવાનો શુભારંભ થયો.
- ✓ 5 દાયકાની કવિ કારકિર્દી દરમિયાન 70થી વધુ ફિલ્મો અને 1700થી વધુ ગીતો લખ્યા અને ભારત આખું પ્રદીપમય બની રહ્યું.
- ✓ ચલ ચલા રે નૌજવાન, આઓ બચ્ચો તુમ્હ દિખાયે ઝાંખી હિન્દુસ્તાન કી, ઇસ મિટ્ટી સે તિલક કરો એ ધરતી હૈ બલિદાન કી, દે દી હમે આઝાદી બીના ખડગ બીના ઢાલ સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ અને મેં તો આરતી ઉતારુ રે સંતોષી માતા કી જેવા અનેક ગીતો દ્વારા પ્રદીપજી ખૂબ લોકપ્રિય થયા હતા.
- ✓ લતા મંગેશકર દ્વારા એય મેરે વતન કે લોગો ગવાયા પછી પંડિત નહેરુની આંખમાં આવેલા આંસુ વગેરે કવિ પ્રદીપના સર્જનોનું સન્માન છે.

- ✓ રાષ્ટ્ર કવિ, દાદાસાહેબ ફાળકે સન્માન, સંગીત નાટક અકાદમી એવોર્ડ, સ્મૃતિ ટપાલ ટિકિટ જેવા કવિ પ્રદીપને સન્માન અપાયાં છે.
- ✓ 11 ડિસેમ્બર 1998એ તેમનું અવસાન થયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ક્યા શહેરમાં ખાણી-પાણી માટે મોર્ડન હાઇજેનિક 'હેપ્પી સ્ટ્રીટ'નું લોકાર્પણ કરાયું- **લો ગાર્ડન,અમદાવાદ**
2. આરબીઆઈ દ્વારા 6 ફેબ્રુઆરી 2020ની આર્થિક સમીક્ષા બેઠકમાં રેપો રેટ, રિવર્સ રેપો રેટ,MSF અને બેંક રેટ કેટલા ટકા યથાવત રખાયો- **અનુક્રમે 5.15%,4.90%,5.40% અને 5.40%**
3. આરબીઆઈ દ્વારા તાજેતરમાં વર્ષ 2020- 21 માટે ભારતનો GDP ગ્રોથ રેટ કેટલા ટકા રહેવાનો અંદાજ અપાયો છે- **6.0%**
4. આયકર વિભાગ દ્વારા ટેકસની સરળ ગણતરી કરવાના હેતુથી તાજેતરમાં કયુ કેલ્ક્યુલેટર -પોર્ટલ લોન્ચ કર્યું- **ઈ-કેલ્ક્યુલેટર**
5. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં દેશની સૌથી સલામત સવારીનો 'રોડ સેફ્ટી એવોર્ડ' કયા રાજ્યને અપાયો- **ગુજરાત એસ ટી નિગમ**
6. ગુજરાતમાં 1 લાખ કિલોમીટરે દેશનો સૌથી ઓછો અકસ્માત રેટ કેટલા ટકા છે- **0.06%**
7. તાજેતરમાં કયા દેશના કયા રાષ્ટ્રપ્રમુખને મહાભિયોગની પ્રક્રિયામાંથી મુક્ત જાહેર કરાયા- **અમેરિકા, ડોનાલ્ડ ટ્રમ્પ**
8. ફેબ્રુઆરી 2020માં સ્પેસ સ્ટેશનમાં-અવકાશમાં સૌથી વધુ વખત કેટલા દિવસ રહેવાનો રેકોર્ડ કઈ પ્રથમ મહિલા દ્વારા બનાવવામાં આવ્યો જે અવકાશયાત્રી તાજેતરમાં પૃથ્વી પર પરત ફર્યા- **328 દિવસ અને અમેરિકન - ક્રિસ્ટીના કોચ(નાસા)**
9. રાષ્ટ્ર કવિ અને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કવિ પ્રદીપનો જન્મ દિવસ જણાવો - **6 ફેબ્રુઆરી 1915**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 07-02-2020



૧. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ : સિસ્ટર સિટી અંતર્ગત 20 શહેરોને વિકસાવાશે (શહેરી વિકાસ)

વિશેષતા

- ✓ દેશના ટોપ-20 સ્માર્ટ સિટીને સૌથી પછાત 20 સ્માર્ટ શહેરને વધુ સ્માર્ટ બનાવવામાં મદદ કરવાની જવાબદારી સોંપાઇ છે. તેમને સિસ્ટર સિટી નામ અપાયું છે.
- ✓ સિસ્ટર સિટીને 100 દિવસની ચેલેન્જ અપાઈ છે કે તેઓ પોતાના દેખાવમાં સુધારો કરી સૌથી નીચેના 20 ક્રમથી ઉપરનો રેન્ક મેળવે.
- ✓ સિસ્ટર સિટીની જોડ બનાવવામાં તેમની સમાન વિશેષતાઓને ધ્યાનમાં રખાઇ છે.
- ✓ એક પાટનગરને બીજા પાટનગર, પહાડી શહેરને પહાડી શહેર, તટીયને તટીય, ઔદ્યોગિકને ઔદ્યોગિક અને શિક્ષણ, સ્વાથ્ય તથા ધાર્મિક પર્યટન માટે જાણીતા શહેરોને તેવા જ શહેરો સાથે જોડવામાં આવ્યા છે.

સ્માર્ટ સિટી અને તેની સિસ્ટર સિટી

- ✓ અમદાવાદ - ચંડીગઢ
- ✓ સુરત - સહારનપુર
- ✓ વડોદરા - મુરાદાબાદ
- ✓ વારાણસી - અમૃતસર
- ✓ નાસિક - જમ્મુ
- ✓ આગરા - પુડુચેરી
- ✓ ભોપાલ - આઇઝોલ
- ✓ અમરાવતી - અટલ નગર
- ✓ દેહરાદૂન - શિલોંગ
- ✓ રાંચી - શિમલા
- ✓ પૂણે ધરમશાલા
- ✓ વિશાખાપટ્ટનમ - દીવ
- ✓ ઉદયપુર - ઇટાનગર
- ✓ કોટા - પાસીઘાટ
- ✓ વેલ્લોર કવરત્તી
- ✓ કાનપુર - કરીમનગર
- ✓ નાગપુર - પોર્ટ બ્લેર
- ✓ તિરુપુર - સેલવાસ
- ✓ દાવણગેરે - બરેલી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ખેલકૂદ - નેશનલ ચેસ ટુર્નામેન્ટ

યજમાન - અમદાવાદ

✓ ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન તેમજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે "40મી નેશનલ ટીમ ચેસ ચેમ્પીયનશીપ-2020 અને 18મી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપ ફોર વિમેન-2020 ટૂર્નામેન્ટનો અમદાવાદમાં પ્રારંભ

✓ આ ટૂર્નામેન્ટમાં 270 જેટલા પ્રતિભાશાળી ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે, જેમાં છોકરાઓની 36 ટીમ તેમજ કે છોકરીઓની 17 ટીમ ભાગ લઈ રહી છે.

✓ આ ટુર્નામેન્ટમાં પ્રત્યેક ટીમમાં 5 ખેલાડીઓ છે .

✓ આ ટૂર્નામેન્ટમાં કુલ 17 ગ્રાન્ડ માસ્ટર્સ,

✓ 20 ઈન્ટરનેશનલ માસ્ટર્સ,

✓ 8 વિમેન ગ્રાન્ડ માસ્ટર્સ તેમજ

✓ 8 વિમેન ઈન્ટરનેશનલ માસ્ટર્સ ભાગ લઈ રહી છે.

✓ કુલ રૂ. 3,75,000/-ના રોકડ ઈનામો

✓ (રૂ.2,25,000/- છોકરાઓની તેમજ રૂ.1,50,000/- છોકરીઓ)ની ટીમના વિજેતા ટીમ વચ્ચે વહેંચવામાં આવશે.

✓ આ ટૂર્નામેન્ટમાં કુલ 9 રાઉન્ડ (ઓપન કેટેગરીમાં) જયારે 7 રાઉન્ડ (વિમેન કેટેગરીમાં) સ્વિસ સિસ્ટમથી રમાશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત કેટલા શહેરોને સિસ્ટર સીટી તરીકે વિકસાવવાની યોજના જાહેર કરી છે- **20**
2. કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ સિટી દ્વારા ઓછો રેન્ક ધરાવતા શહેરને વિકસાવવાના પ્રોજેક્ટને કયું નામ અપાયું છે -**સિસ્ટર સિટી**
3. વર્તમાન સ્માર્ટ સિટી દ્વારા સિસ્ટર સિટીને કેટલા દિવસમાં રેન્ક સુધારવાની ચેલેન્જ અપાઈ છે-**100 દિવસ**
4. કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સિસ્ટર સિટી માટે ગુજરાતના કયા કયા શહેરોને કયા શહેરોની જવાબદારી સોંપાઈ છે- **અમદાવાદને ચંદીગઢ, સુરતને સહરાનપુર અને વડોદરાને મુરાદાબાદ.**
5. કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ શહેરોને સિસ્ટર સિટી તરીકે વિકસાવવા કઈ પદ્ધતિ નક્કી કરાઈ છે- **પાટનગરને બીજા પાટનગર, પહાડી શહેરને પહાડી શહેર, તટીયને તટીય, ઔદ્યોગિકને ઔદ્યોગિક તેમજ શિક્ષણ, સ્વાસ્થ્ય તથા ધાર્મિક-પ્રવાસન માટે જાણીતા શહેરોને તેવા શહેરો તરીકે.**
6. ફેબ્રુઆરી 2020માં 40મી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપ-2020નો કયા શહેરમાં પ્રારંભ થયો- **અમદાવાદ**
7. 18મી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપ ફોર વિમેન-2020 તાજેતરમાં ક્યાં યોજાઈ- **અમદાવાદ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 08-02-2020



૧. વિદેશી પક્ષી ગણતરી વનવિભાગ (જીવસૃષ્ટિ)

- ✓ મહેસાણા જિલ્લાના થોર અને અમદાવાદના નળ સરોવરમાં તારીખ ૪ અને 9 ફેબ્રુઆરી 2020 દરમિયાન પક્ષી ગણતરીનો પ્રારંભ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ-2019

ન્યાય આપવામાં ગુજરાત આઠમા ક્રમે મહારાષ્ટ્ર ટોચના સ્થાને



વિગત

- ✓ ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ-૨૦૧૯માં સમગ્ર ન્યાય આપવાની ક્ષમતામાં ભારતના રાજ્યોમાં ગુજરાતે આઠમું સ્થાન હાંસલ કર્યું છે.
- ✓ દેશમાં ન્યાય કરવા માટે આવશ્યક ૪ આધારસ્તંભો પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સહાય મુદ્દે સર્વે હાથ ધરીને તૈયાર કરાયેલા રિપોર્ટમાં મહત્વના તારણો સામે આવ્યા છે.
- ✓ ગાંધીનગરમાં GNLU ખાતે બોમ્બે હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ મોહિત શાહ, ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટના ચીફ એડિટર માયા દારૂવાલા, GNLUના ડાયરેક્ટર પ્રો.એસ. શાંતાકુમાર અને ટાટા ટ્રસ્ટના પોલિસી અને એડવાઝરી હેડ શિરીન વકીલના હસ્તે આ રીપોર્ટ જાહેર કરાયો હતો.

આ રિપોર્ટ મુજબ

- ✓ ગુજરાત ન્યાયતંત્ર ક્ષેત્રે સાતમું અને કાનૂની સહાયમાં છઠ્ઠા ક્રમે આવ્યું છે.
- ✓ નિવૃત્ત ચીફ જસ્ટિસ મોહિત શાહે કહ્યું કે, આપણી સમગ્ર સિસ્ટમમાં ઘણાં સુધારા કરવા જરૂરી છે.

- ✓ કર્મચારીઓની નિમણૂંકમાં વિલંબ એ ન્યાય પ્રાણાલીની સોથી મોટી સમસ્યા છે.
- ✓ ન્યાય ક્ષેત્રે યુવા વકીલોને તાલીમ અને પ્રોત્સાહન આપવું જરૂરી છે.
- ✓ દેશમાં ન્યાય કરવાની ક્ષમતા અંગેના રેન્કિંગમાં ૧ કરોડથી વધુ વસ્તી ધરાવતા મોટાં અને મધ્યમ કદના રાજ્યોમાં મહારાષ્ટ્રને પ્રથમ સ્થાન મળ્યું છે અને ત્યારપછીના ક્રમે કેરળ, તમિળનાડુ, પંજાબ, હરિયાણાને સ્થાન મળ્યું છે.
- ✓ જ્યારે એક કરોડથી ઓછી વસ્તી ધરાવતા નાના રાજ્યોની શ્રેણીમાં ગોવા ટોચના ક્રમે આવ્યું છે.
- ✓ આ રિપોર્ટ મુજબ, દેશના ન્યાયતંત્ર અને પોલીસ તંત્રમાં ઘણી જગ્યાઓ ખાલી છે.

<u>ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ-૨૦૧૯:ગુજરાતનાં તારણો</u>

પોલીસતંત્ર

- ✓ ૩૧.૫ % જગ્યા ખાલી, દર ૩ કોન્સ્ટેબલમાંથી ૧ જગ્યા હજુ પણ ખાલી
- ✓ પોલીસમાં મહિલા કર્મચારીઓનું પ્રમાણ ૭.૨% જ્યારે અધિકારીઓ વચ્ચે મહિલાઓનું પ્રમાણ ૫.૬% હતું.
- ✓ પોલીસ આધુનિકીકરણના ફંડમાં ૫૦%થી ઓછાનો ઉપયોગ.

<u>જેલનું વહિવટીતંત્ર</u>

- ✓ ૫.૫ % સાથે રાજ્ય જેલ વહિવટીતંત્રમાં મહિલાઓનું સૌથી ઓછું પ્રતિનિધિત્વ ધરાવતા અને વધારે વસતી ન ધરાવતા રાજ્યોમાં સ્થાન.
- ✓ ૧ કરેશનલ અધિકારી ૧૨૫૦૦ કેદીઓ પર નજર રાખે છે.
- ✓ ૫ વર્ષના ગાળામાં જેલમાં અંડરટ્રાયલ કેદીઓનો હિસ્સો વધ્યો.

<u>ન્યાયતંત્ર</u>

- ✓ હાઇ કોર્ટમાં ૧૦ જજમાંથી ૧ મહિલા.
- ✓ સબઓર્ડિનેટ કોર્ટમાં ન્યાયધિશોની મંજૂર થયેલી પોસ્ટમાંથી સરેરાશ ૧ ખાલી.
- ✓ સબઓર્ડિનેટ કોર્ટમાં પેન્ડિંગ કેસનો સમયગાળો ૧૦ વર્ષનો છે.

<u>કાયદેસર સહાય</u>

- ✓ દરેક લીગલ સર્વિસ ક્લિનિક સરેરાશ ૩૭ ગામડાને સેવા આપે છે.
- ✓ કાયદાકીય સહાય માટેની કામગીરીઓ-જાગૃતિ અને સલાહ માટે એનએલએસએ દ્વારા અપાતા ફંડમાંથી ૮૦% ઓછા ફંડનો ઉપયોગ થયો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૩. વૈશ્વિક સંબંધો - ભારત અને શ્રીલંકા</u>

<u>શ્રીલંકાના વડાપ્રધાન શ્રી રાજપક્ષે ભારતની મુલાકાતે</u>

- ✓ બંને દેશના વડાઓ વચ્ચે હૈદરાબાદ હાઉસ નવી દિલ્હી ખાતે મુલાકાત યોજાઈ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાઇરસ - ચીન દ્વારા હંગામી નામ NCP અપાયુ (આરોગ્ય)

✓ નોવેલ કોરોના વાઇરસ ન્યુમોનિયા- NCP

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિમણૂક - કેન્દ્ર સરકાર

ગુજરાત કેડરના IPS મનોજ શશીધરની CBIના ડિરેક્ટર તરીકે નિમણૂક



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મદિન વિશેષ : 8 ફેબ્રુઆરી

પ્રથમ મહિલા જ્ઞાનપીઠ વિજેતા: આશાપૂર્ણાદેવી



જન્મ - 8 ફેબ્રુઆરી 1909

અવસાન - 13 જૂલાઈ-1995

✓ આજે 8 ફેબ્રુઆરી, બંગાળના મહાન સાહિત્યકાર આશાપૂર્ણાદેવી, નામી ગઝલકાર જગજિત સિંહ અને ઉસ્તાદ ફયાઝ ખાનનો જન્મદિવસ તથા ગુજરાત યુનિવર્સિટીના જ તેજસ્વી અર્થશાસ્ત્રી પ્રોફેસર બી.આર. સીનોયની પુણ્યતિથિ છે.

✓ પશ્ચિમ બંગાળમાં કોલકાતા પાસે પોટલદંગામાં ચિત્રકાર પિતા અને સાહિત્યકાર માતાને ત્યાં તેમનો જન્મ થયો હતો છતાં સાહિત્ય સર્જન માટે વાતાવરણ આશાસ્પદ ન હતું.

✓ વિપરીત સંજોગોમાં પણ આશાદેવીએ 13 વર્ષની ઉંમરે લેખનનો પ્રારંભ કર્યો.

✓ પહેલી કૃતિ જલ ઓર જામુન વાર્તા સંગ્રહ

✓ સમગ્ર જીવનકાળ દરમિયાન 225થી વધુ કૃતિઓનું સર્જન કર્યું.

✓ તેમાં સ્વર્ણલતા, પ્રથમ પ્રતિકૃતિ, પ્રેમ ઓ પ્રયોજન, અગ્નિ પરીક્ષા, બકુલ કથા, ગાછે પાતા નીલ, છાડપત્ર, માયો દર્પણ, આકાશ માટી, અધૂરે સપને, આનંદધામ, ઉદાસ મન, ચમે બદલ જાતે હૈ, મન કી ઉડાન

જેવી અનેક નવલકથાઓ, વાર્તા સંગ્રહો વગેરેનો સમાવેશ થાય છે.

- ✓ તેમના લેખનનો પ્રધાન સૂર નારી જીવન અને કુટુંબ જીવનની સમસ્યાઓનું ચિત્રણ છે. આશાદેવીએ મહિલા સર્જક તરીકે નારી મનોવિજ્ઞાનની સૂક્ષ્મ અભિવ્યક્તિ કરી છે.
- ✓ 'હું તો સરસ્વતીની સ્ટેનો છું' માનનારા આશાદેવીનું 13 જુલાઈ 1995ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૨-૨૦૨૦)

1. તાજેતર 7-8 ફેબ્રુઆરી- 2020માં ગુજરાતમાં કયા બે સ્થાનો ઉપર વિદેશી પક્ષીઓની ગણતરીનો પ્રારંભ થયો- **થોળ અને નળ સરોવર**
2. ગુજરાતમાં વિદેશી પક્ષીઓની ગણતરી કયા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે -**વન વિભાગ**
3. ગુજરાતમાં થોળ અને નળ સરોવર પક્ષી અભયારણ્ય કયા જિલ્લામાં આવેલા છે- **મહેસાણા અને અમદાવાદ**
4. તાજેતરમાં પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિના હસ્તે ' ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019' નું કઈ યુનિવર્સિટીમાંથી વિમોચન કરવામાં આવ્યું- **ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી- ગાંધીનગર**
5. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ સમગ્ર દેશમાં ન્યાય આપવામાં પ્રથમ રાજ્ય- **મહારાષ્ટ્ર**
6. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ સમગ્ર દેશમાં ન્યાય આપવામાં ગુજરાતનો ક્રમ જણાવો- **૪મો**
7. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019માં ન્યાય કરવા માટે આવશ્યક કયા ચાર આધારસ્તંભો નક્કી કરાયા છે- **પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સહાય**
8. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ ગુજરાત ન્યાયતંત્ર ક્ષેત્રે અને કાનૂની સહાયમાં દેશમાં કયો ક્રમ ધરાવે છે- **સાતમો અને છઠ્ઠો**
9. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ ન્યાય કરવાની ક્ષમતા અંગેના રેન્કિંગમાં એક કરોડ થી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં મહારાષ્ટ્ર બાદ કયા રાજ્યો બીજા,ત્રીજા,ચોથા અને પાંચમા ક્રમે આવે છે- **કેરળ, તમિલનાડુ, પંજાબ અને હરિયાણા**
10. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ- 2019 મુજબ ન્યાય આપવામાં ૧ કરોડથી ઓછી વસ્તી ધરાવતા શહેરોમાં કયું રાજ્ય અગ્રેસર છે- **ગોવા**
11. ફેબ્રુઆરી- 2029માં શ્રીલંકાના કયા વડાપ્રધાન ભારત પ્રવાસે હતા- **મહિંદા રાજપક્ષે**
12. ભારતના વડાપ્રધાન અને શ્રીલંકાના વડાપ્રધાન વચ્ચે નવી દિલ્હીમાં કયા સ્થળે દ્વિપક્ષી રાજદ્વારી સંબંધો અંગે બેઠક યોજાઇ હતી- **હૈદરાબાદ હાઉસ**
13. ફેબ્રુઆરી -2029માં ચીન દ્વારા કોરોના વાઈરસને હંગામી ધોરણે કયું નામ અપાયું- નોવેલ કોરોના વાયરસ ન્યુમોનિયા- **NCP**
14. તાજેતરમાં કેન્દ્ર સરકારમાં સીબીઆઈના ડિરેક્ટર પદે કયા ગુજરાતી આઈપીએસની નિમણૂક કરાઈ- **મનોજ શશીધરન**
15. ભારતના પ્રથમ મહિલા જ્ઞાનપીઠ ફોટા વિજેતાનું નામ જણાવો- **આશાપૂર્ણા દેવી**
16. આશાપૂર્ણા દેવીનો જન્મદિવસ જણાવો- **8 ફેબ્રુઆરી 1995**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 09-02-2020



૧. કિયારા વાવાઝોડું : બ્રિટન (કુદરતી આપતિ)

બ્રિટનમાં આશરે 144 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ખેલકૂદ - ક્રિકેટ :

અંડર-19 વર્લ્ડકપ-2020

ICC UNDER19 CRICKET WORLD CUP SOUTH AFRICA 2020

બાંગ્લાદેશ વર્લ્ડકપમાં પ્રથમવાર વિજેતા

✓ વિશ્વનો સાતમો દેશ

✓ હરીફ - ભારત

✓ યજમાન - દક્ષિણ આફ્રિકા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વ્હેલ શાર્ક (દરિયાઈ જીવસૃષ્ટિ)

સૌરાષ્ટ્રના દરિયામાંથી છેલ્લા ૧૫ વર્ષમાં અંદાજે ૭૮૧ વ્હેલ શાર્ક બચાવાઈ

✓ અન્ય નામ – બેરલ

વિશેષતા

✓ ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયામાંથી વ્હેલ શાર્ક માછલીના થતા શિકાર અંગે બીબીસીએ ફિલ્મ બનાવી એ પછી જાગેલી કેન્દ્ર સરકારે ૨૦૦૧થી વ્હેલ માછલીને શિડ્યુઅલ-૧ની સૂચિમાં મૂકી તેના શિકાર ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

✓ ગુજરાત સરકારના વન-પર્યાવરણ વિભાગે તથા મત્સ્યોદ્યોગ વિભાગે સંયુક્ત રીતે મછવારાઓની નેટમાં સપડાતી વ્હેલ શાર્કના કારણે જાળને થતાં નુકસાનનું વળતર ચૂકવવાની યોજના શરૂ કરી છે.

- ✓ જેને લઈને છેલ્લા ૧૫ વર્ષમાં ૭૮૧ વહેલ માછલીઓ રેસ્કયૂ કરાઈ પછી પાછી સાગરમાં છોડી દેવાઈ છે.
- ✓ નુકસાન પેટે જાળને થયેલી નુકસાની અથવા રૂ.૨૫ હજાર બેમાંથી જે ઓછું હોય તે વળતર ચૂકવાય છે.
- ✓ અત્યાર સુધીમાં ૧૫ વર્ષમાં કુલ રૂ. ૯૧,૨૦,૮૬૦ વળતર પેટે ચૂકવાયાં છે.
- ✓ જૂનાગઢ વન વિભાગના સૂત્રો કહે છે કે ગુજરાતના દરિયાની ઉપરની સપાટીએ ડિસેમ્બરથી માર્ચ દરમિયાન ૨૧ થી ૨૫ ડિગ્રી સેન્ટિગ્રેડ જેટલું તાપમાન રહેતું હોઈ
- ✓ આ ગાળામાં દરિયાઈ શેવાળ ઉપર નભતી આ સંપૂર્ણ શાકાહારી માછલીઓ મોટા પ્રમાણમાં સૌરાષ્ટ્ર કાંઠે જોવા મળે છે.
- ✓ જેના લિવરની તથા માંસની મોટી માગના કારણે માછીમારો શિકાર પ્રત્યે આકર્ષણ ધરાવે છે. પરંતુ શિકાર કરનારને ૩થી ૭ વર્ષની જેલની સજા તથા રૂ.૧૦ હજારના દંડની જોગવાઈ થતાં તેમજ મછવારાઓને પ્રોત્સાહક ઇનામ સાથે રૂ. ૨૫ હજાર સુધીનું વળતર ચૂકવવાનું શરૂ થતાં નેટમાં સપડાતી વ્હેલ માછલીના રેસ્કયૂનું પ્રમાણ ખાસું વધ્યું છે.
- ✓ આ સંદર્ભે વિવિધ સંસ્થાઓ તરફથી માછીમારોને જાગૃત કરવાના ચાલતા અભિયાને પણ આ બેરલ તરીકે ઓળખાતી મોટી માછલીને બચાવવામાં મોટી ભૂમિકા ભજવી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. પીએમ કૌશલ્ય વિકાસ યોજના (રોજગારી)

તાલીમ અને રોજગારી અંગેની વિગતો

- ✓ વર્ષ 2016 થી વર્ષ ૨૦૨૦ સુધીમાં 73 લાખ 47 હજાર યુવાનોને તાલીમ જે અંતર્ગત 16 લાખ 61 હજાર યુવાનોએ રોજગારી મેળવી



- ✓ વિવિધ ટ્રેડ - 137
- ✓ કૌશલ્ય વિકાસ તાલીમમાં ઉત્તર પ્રદેશ મોખરે
- ✓ ઉત્તર પ્રદેશમાં ૧૩ લાખ.
- ✓ મહારાષ્ટ્રમાં આઠ લાખ
- ✓ રાજસ્થાનમાં સાત લાખ
- ✓ મધ્યપ્રદેશમાં ૬.૫ લાખ યુવાનો તાલીમ મેળવી ચૂક્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન - પદ્મશ્રી સાહિત્યકાર ગિરિરાજ કિશોરનું 83 વર્ષે અવસાન

સ્થાન - કાનપુર (ઉત્તર પ્રદેશ)



પરિચય-

- ✓ ગાંધીજીના દ.આફ્રિકાના પ્રવાસ પર આધારિત 'પહેલા ગિરમિટિયા' નામની નવલકથાએ તેમને ઓળખ અપાવી હતી.
- ✓ 'ઢાઈ ઘર' નામની નવલકથા માટે 1992માં તેમને સાહિત્ય અકાદમીના પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. અહેવાલ- ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા-2019

ભારતમાં જામનગરમાં સૌથી વધુ ચેરના વિસ્તારમાં વધારો નોંધાયો

આંકડાકીય વિગત

ચેરના વૃક્ષોનો વિસ્તાર

- ✓ દેશમાં સૌથી વધુ ચેરના વૃક્ષો જામનગરમાં વધ્યા.
- ✓ સમગ્ર દેશમાં ચેર વન વિસ્તારમાં કુલ 54 ચોરસ કિ.મી.નો વધારો થયો છે, ત્યારે જામનગર જિલ્લામાં ચેરના વન વિસ્તારમાં 45.50 ચોરસ કીમીનો વધારો નોંધાયો છે.
- ✓ પશ્ચિમ બંગાળ બાદ ચેરના વનોમાં ગુજરાત બીજા ક્રમે છે.
- ✓ વર્ષ-2017માં સર્વે બાદ ડીસેમ્બર-2019માં દેશભરમાં ચેરના વનનો સર્વે કરી અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.
- ✓ જે મુજબ સમગ્ર દેશમાં ચેરના વન વિસ્તારમાં કુલ 54 ચોરસ કીલોમીટરનો વધારો નોંધાયો છે.
- ✓ ભારતના 12 રાજય અને કેન્દ્રશાસીત પ્રદેશમાં ચેરના વન આવેલા છે.
- ✓ ભારતના કુલ ચેર વન વિસ્તારના અંદાજીત ચોથા ભાગનો વિસ્તાર ગુજરાતમાં છે.
- ✓ ગુજરાતના 14 જિલ્લામાં ચેરના વનો આવેલા છે. જેમાં 2019ના સર્વે મુજબ સરેરાશ 37 ચોરસ કિ.મી.નો વધારો થયાનું નોંધાયું છે.
- ✓ જામનગર જિલ્લામાં વર્ષ-2017માં ચેર વન વિસ્તાર 184 ચોરસ કિ.મી. હતો.
- ✓ બે વર્ષના સમયગાળામાં ચેરના વન વિસ્તારમાં 45.50 ચોરસ કિમીનો વધારો થતાં 229.50 ચોરસ કીમી થતાં સમગ્ર દેશના વધારા પૈકી 84 ટકાનો વધારો થયો છે.
- ✓ 4975 ચો.કિમી ચેર વન વિસ્તાર ભારતમાં આવેલો છે.
- ✓ 1177 ચો. કિમી ચેરના વનનો ફેલાવો વર્ષ-2019માં ગુજરાતમાં

ચેર વન વિસ્તાર વધવાના કારણો

- ✓ મરીન નેશનલ પાર્ક દ્વારા વાવેતર અને સંરક્ષણની કામગીરી દરિયાકાંઠા પર

અનુકૂળ વાતાવરણ સહિતના કુદરતી પરિબળો

- ✓ દરિયાકાંઠાની આજુબાજુ રહેતા લોકોનો સહકાર

<u>ચેર વૃક્ષોના ફાયદા</u>

- ✓ દરિયાકાંઠા પર હોવાથી તોફાન રોકે છે
- ✓ જમીનનું ધોવાણ અટકાવે છે
- ✓ ખારા પવનો રોકે છે.
- ✓ બળતણ પૂરું પાડે છે
- ✓ ઉપયોગી ઔષધી, મધ આપે દરિયાઈ જીવો, પંખીઓ માટે રહેઠાણ પુરું પાડે છે
- ✓ પરવાળાની સાચવણી કરે છે
- ✓ દુષ્કાળ સમયે ઘાસચારો,
- ✓ દરિયાઈ તોફાન સામે રક્ષણ પુરું પાડે છે.
- ✓ ચેરના કારણે માછીમાર ભાઈઓને મચ્છી, જીંગા અને કરચલા વધુ મળે છે, પરિણામે તેની જીવનશૈલી સુધરે છે.



- ✓ <u>દહેરાદુનમાં કાર્યરત ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા વિભાગ દ્વારા દર બે વર્ષે સમગ્ર ભારતમાં વનોના ફેરફાર, વર્ગીકરણ પરિસ્થિતિનો અભ્યાસ અંગે સર્વે કરી અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવે છે.</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૭. હિન્દુ મંદિર - પાકિસ્તાનના બલુચિસ્તાનમાં 200 વર્ષ જૂનું હિન્દુ મંદિર હિન્દુઓને અપાયું</u>

- ✓ બ્લુચિસ્તાનમાં હાઇકોર્ટના આદેશ બાદ કાર્યવાહી કરાઈ
- ✓ સ્થાન – જિલ્લો-સ્લોન (પાકિસ્તાન)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૮. વૈશ્વિક બાબતો - ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન બેઠક-2020</u>



- ✓ યજમાન - જેદ્દાહ (સાઉદી અરેબિયા)

<u>બેઠકના મુખ્ય અંશો</u>

- ✓ <u>સાઉદી અરેબિયાના જેદ્દાહ ખાતે મુસ્લિમ દેશોના સંગઠન ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનની બેઠક</u>
- ✓ <u>પાકિસ્તાનની માંગ હતી કે</u> આ સંમેલનમાં કાશ્મીર મુદ્દે ચર્ચા કરવા માટે સંગઠનના સભ્ય દેશોના વિદેશ મંત્રીઓની બેઠક યોજવામાં આવે પરંતુ સાઉદી અરેબિયાએ

પાકિસ્તાનને કાશ્મીર મુદ્દે બેઠક યોજવાની ના પાડી.

- ✓ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનમાં દુનિયાના ૫૭ મુસ્લિમ દેશો સામેલ.
- ✓ વડુંમથક – જેદ્દાહ (સાઉદી અરેબિયા).
- ✓ આ સંગઠનનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય મંચ પર મુસ્લિમ દેશોનો સામૂહિક અવાજ બનવાનો છે જોકે આ સંગઠનના સભ્ય દેશો વચ્ચે જ અનેક મુદ્દે મતભેદો છે.
- ✓ છેલ્લા થોડા સમયથી પાકિસ્તાન, મલેશિયા અને તુર્કી મળીને ઇસ્લામિક દેશોની નવી ધરી રચવા પ્રયાસો કરી રહ્યાં છે પરંતુ સાઉદી અરેબિયાઓ આઈસીને સમાંતર બીજું કોઈ ઈસ્લામિક સંગઠન રચવા રાજી નથી.
- ✓ કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ દૂર કર્યો ત્યારથી પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવવા ધમપછાડા કરી રહ્યાં છે.
- ✓ પરંતુ કાશ્મીર મુદ્દે ભારતને વગોવવાની તેની નાપાક ચાલમાં મલેશિયા અને તુર્કીને બાદ કરતા બીજા કોઈ મુસ્લિમ દેશે પણ સાથ નથી આપ્યો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. વિશ્વની વિવિધ ટેકનોલોજી અને તેનો આવિષ્કાર



IBMનો જન્મ - ફેબ્રુઆરી ૧૪, ૧૯૨૪

- ✓ ટેકનોલોજી ક્ષેત્રે આજે બહું જાણીતી કંપની આઇબીએમનું આખું નામ "ઇન્ટરનેશનલ બિઝનેસ મશીન્સ'' છે.
- ✓ આ નામ તેને આજના દિવસે મળ્યું, એ પહેલાં તેનું નામ હતું કમ્પ્યુટિંગ ટેબ્યુલેટિંગ રેકોર્ડિંગ કોર્પોરેશન

ફેબ્રુઆરી ૧૪, ૧૯૪૬ : પહેલું ઈલેકટ્રોનિક કમ્પ્યુટર

- ✓ આ દિવસે યુનિવર્સિટી ઓફ પેન્સિલ્વેનિયામાં એનઆઈસી તરીકે ઓળખાતું કમ્પ્યુટર રજૂ થયું.
- ✓ જે પહેલું પૂરેપૂરું ઇલેક્ટ્રોનિક કમ્પ્યુટર હતું.
- ✓ આ મશીન એ સમયનાં અન્ય મશીન્સ કરતાં એક હજાર ગણી વધુ ઝડપે (પ્રતિ સેકન્ડ 5000) ગણતરી કરી શકતું હતું.
- ✓ તેનું વજન હતું ૪૦ ટન અને તે ૧૫૦૦ ચોરસફૂટ કરતાં વધુ જગ્યા રોકતું હતું.

ફેબ્રુઆરી ૧૪, ૧૯૮૯ : આધુનિક જીપીએસ સેટેલાઈટ

- ✓ આજે સ્માર્ટફોનમાં જીપીએસને પરિણામે દુનિયાભરની કેટકેટલીય કંપની અને આપણે પોતે પણ નકશા પર જોઈ શકીએ

છીએ કે જે તે સમયે આપણે પૃથ્વી પર બરાબર કઈ જગ્યાએ છીએ.

- ✓ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ) ૨૪ સેટેલાઈટ્સના ઝુમખાથી કામ કરે છે.
- ✓ આમાંનો પહેલો સેટેલાઈટ આ દિવસે લોન્ચ થયો હતો.

ફેબ્રુઆરી ૧૫, ૨૦૦૫ : વીડિયોયુગનો પ્રારંભ

- ✓ આજે દુનિયામાં સૌથી વધુ જોવાતી ત્રણ વેબસાઈટ ફેસબુક, ગૂગલ અને જીમેઇલ પછી ચોથા ક્રમે છે યુટ્યુબ.
- ✓ અગાઉ પેપાલમાં કામ કરનારા ત્રણ મિત્રોએ વીડિયો હોસ્ટિંગ માટે આજના દિવસે યુટ્યુબ. કોમ ડોમેઇન એક્ટિવેટ કર્યું હતું.
- ✓ ઇન્ટરનેટ પર બહુ ઓછી વેબસર્વિસ યુટ્યૂબ જેટલી ઝડપે લોકપ્રિય થઈ છે.
- ✓ યુટ્યૂબ.કોમ શરૂ થયાના બે જ વર્ષમાં, નવેમ્બર ૨૦૦૬માં ગૂગલે તે કંપની ૧.૬૫ અબજ ડોલરમાં ખરીદી લીધી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : ૯ ફેબ્રુઆરી

(૧) પ્રથમ ગુજરાતી મહિલા અનુસ્નાતક : વિનોદિની નીલકંઠ



જન્મ - ૯ ફેબ્રુઆરી-૧૯૦૭

અવસાન - ૧૯૮૭

- ✓ આજે નિબંધકાર, નવલિકાકાર, નવલકથાકાર અને બાળસાહિત્યકાર અને સામાજિક કર્મશીલ વિનોદિની નીલકંઠનો જન્મ દિવસ છે.
- ✓ ગુજરાતી સાહિત્ય અને સમાજજીવનના ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહિપતરામ રૂપરામ તેમના દાદા અને રમણભાઈ નીલકંઠ-વિદ્યાગૌરી નીલકંઠ તેમના માતા-પિતા હતા.
- ✓ અમદાવાદમાં જ પ્રાથમિક, માધ્યમિક અને કોલેજ શિક્ષણ પ્રાપ્ત કરનાર વિનોદીની બેન ૧૯૩૦મા અમેરિકાની મિશિગન યુનિ.થી સમાજશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્ર સાથે અનુસ્નાતક થયા હતા.
- ✓ તે સમયે ગુજરાતી સમાજમાં તેઓ સૌપ્રથમ મહિલા અનુસ્નાતક હતા.
- ✓ તેમની વ્યવસાયી કારકિર્દી અમદાવાદ મ્યુ. હાઈસ્કુલમાં હેડ મિસ્ટ્રેસ અને એસ.એન.ડી.ટી યુનિ.માં પ્રાધ્યાપિકા તરીકે રહી હતી વિનોદિની નીલકંઠનું માતબર યોગદાન ગુજરાતી સાહિત્યના સર્જન અને સંશોધન ક્ષેત્રે રહ્યું છે.
- ✓ સર્જનાત્મક ક્ષેત્રે પણ છે. કદલીવન, દરિયાવનાં મોતી, અંગુલીનો સ્પર્શ, કાર્પાસી અને બીજી વાર્તાઓ, રસદ્વાર, ઘર ઘરની જ્યોત(ચાર ભાગમાં) નિજાનંદ, શિશુ રંજના, મેંદીની મંજરી, બાળકોની

દુનિયામાં ડોકિયું, સફરચંદ વગેરે તેમના યોગદાન છે.

- ✓ વિદ્યાબેન નીલકંઠનું જીવનચરિત્ર અને ગુજરાતી અટકોનો ઈતિહાસ પુસ્તક તો ગુજરાતી સંશોધન સાહિત્યમાં સીમાચિન્હ રૂપ પ્રદાન છે.
- ✓ અનુવાદ સાહિત્યમાં તેઓએ બટ્રાન્ડ રસેલના પુસ્તકનો ગુજરાતીમાં "સુખની સિદ્ધિઓ" નામે અનુવાદ કર્યો છે.
- ✓ વિનોદિનીબેને સમાચારપત્રોમાં સતત ચાલીસ વર્ષ સુધી ગુણવત્તાસભર કોલમ પણ ચલાવી હતી.
- ✓ ગુજરાતમાં સામાજિક સેવાઓની અનેક સંસ્થાઓ સાથે પણ તેમનું ગાઢ જોડાણ રહ્યું હતું.
- ✓ તેમના વિષે "roadless travelled"શીર્ષકથી પુસ્તક પણ લખાયું છે.
- ✓ વિનોદિની નીલકંઠનું ૧૯૮૭મા અમદાવાદમાં અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) બાબુભાઈ જશભાઈ પટેલ

જન્મ - 9 ફેબ્રુઆરી 1911 (નડીઆદ)

અવસાન-19 ડિસેમ્બર 2002(91ની વયે)

- ✓ તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા. બે વખત મુખ્યમંત્રીના હોદ્દે રહ્યા, પ્રથમ જૂન ૧૯૭૫ થી માર્ચ ૧૯૭૬ સુધી જનતા મોર્ચાના નેતા તરીકે અને બીજી વખત એપ્રિલ ૧૯૭૭ થી ફેબ્રુઆરી ૧૯૮૦ સુધી જનતા પાર્ટીના નેતા તરીકે.
- ✓ રાજકીય પક્ષ - જનતા મોર્ચો, જનતા પાર્ટી
- ✓ સન્માન- વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ
- ✓ તેઓ વ્યવસાયે વકીલ હતા. તેઓ ૧૯૩૦માં કોલેજમાં અભ્યાસ કરતા હતા એ સમયે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા. અને એ સબબ ૧૯૪૨ સુધીમાં તેઓ સાત વખત જેલમાં ગયેલા.

કારકિર્દી

- ✓ મુંબઈ રાજ્યના તે વખતના મંત્રીમંડળમાં, ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી, તેઓ કેબિનેટ મંત્રી રહ્યા. ગુજરાતની રચના પછી ૧૯૬૭માં તેઓ ગુજરાતની ધારાસભામાં ચૂંટાયા અને વિવિધ મંત્રાલયો સંભાળેલા
- ✓ ૧૯૭૪માં, ચીમનભાઈ પટેલે નવનિર્માણ આંદોલનને કારણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું અને ધારાસભાનું વિસર્જન કરાયું.
- ✓ ચૂંટણી પછી ૧૮ જૂન, ૧૯૭૫માં તેઓ ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા.
- ✓ તેઓ વિવિધ પક્ષોના ગઠબંધનથી બનેલા જનતા મોર્ચાના નેતા બન્યા. એક અઠવાડીયા પછી, ઈન્દિરા ગાંધી દ્વારા દેશમાં કટોકટી લાદવામાં આવી પણ તેઓ માર્ચ ૧૯૭૬ સુધી પદ પર કાયમ રહ્યા. બીજી વખત તેઓ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી,

જનતા પાર્ટીના નેતા તરીકે મુખ્યમંત્રી બન્યા.

- ✓ ૧૯૭૯ની મચ્છુ બંધ હોનારત સમયે તેઓએ છ માસ સુધી સઘળું મંત્રીમંડળ અને સરકારી તંત્રને મોરબી ફેરવ્યું હતું. ૧૯૯૦ની શરૂઆતમાં, ચીમનભાઈ પટેલની સરકારમાં, કેબિનેટ મંત્રી તરીકે તેઓ સરદાર સરોવર બંધ પરિયોજનાના વડા તરીકેનો પદભાર સંભાળ્યો હતો.
- ✓ <u>તેઓ પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી હતા.</u> તેઓ ફેબ્રુઆરી, 1937માં મુંબઈની ધારાસભામાં ચૂંટાયા હતા. ઈ.સ. 1940-42 દરમ્યાન સ્વતંત્રતા સંગ્રામમાં જેલવાસ ભોગવ્યો હતો. ઈ.સ. 1946માં બીજીવાર ધારાસભ્ય ચૂંટાયા અને મુંબઈના મુખ્યમંત્રીના સંસદીય સચિવ બન્યા. ઈ.સ. 1952માં ત્રીજીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને જાહેર બાંધકામ અને વાહનવ્યવહાર ખાતાના મંત્રી બન્યા. ઈ.સ. 1956માં તેઓ મુંબઈના આયોજન, વિકાસ અને વીજળી ખાતાના મંત્રી હતા.
- ✓ ઈ.સ. 1956માં મહાગુજરાત આંદોલન સમયે તેમના રાજકીય પક્ષ પ્રત્યેના રોષને કારણે ધારાસભામાં તેમની હાર થઈ હતી અને 1962માં પણ તેમની હાર થઈ હતી. ત્યાર બાદ તેઓ ઈ.સ. 1967ની ચૂંટણીમાં વિજેતા બનતાં જાહેર બાંધકામ, વીજળી અને નાગરિક પૂરવઠા વિભાગના મંત્રી બન્યા હતા.
- ✓ ઈ.સ. 1971માં તેમણે નાણામંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી.
- ✓ 7 માર્ચ, 1975માં મોરારજી દેસાઈએ વિધાનસભા વિસર્જન માટે ઉપવાસ કર્યા હતા.સંસ્થા કોંગ્રેસ, સામ્યવાદી પક્ષ અને રીપબ્લિકન પક્ષે ભેગા મળી 'જનતા મોરચા'ની રચના કરી હતી. વિધાનસભાની ચૂંટણીમાં જનતા મોરચાને વધુ બેઠકો મળી.
- ✓ પાંચ પક્ષોના ટેકા સાથે જનતા મોરચાના નેતા બાબુભાઈ પટેલ 18 જૂન, 1975ના રોજ ગુજરાતના પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા. 25 જૂન, 1975ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ દેશમાં કટોકટીની જાહેરાત કરી.
- ✓ 60 વર્ષથી ઉપરની નિરાધાર મહિલાઓ અને 65 વર્ષથી ઉપરના નિરાધાર પુરૂષો, અપંગ અને અશક્તો માટે માસિક રૂ.૩૦ની સહાય માટેની પેન્શનની યોજના શરૂ કરી.
- ✓ તેમણે ગ્રામીણ બેંકોની સ્થાપના કરી હતી. રાજ્યમાં લોકાયુક્તની નિમણૂક માટે તેમણે પગલાં લીધાં અને લોકાયુક્તની નિમણૂક કરી. ઉપરાંત દરેક જિલ્લામાં દૂધની ડેરીઓની સ્થાપના કરી. ગાંધીનગરને અત્યાધુનિક પાટનગર બનાવવામાં તેમનો સિંહફાળો હતો. તેમણે માતૃભાષામાં વહીવટની શરૂઆત કરી.
- ✓ તેમણે રાજ્યની બંધ મિલો ચાલુ કરાવી. વધુ પેટ્રોકેમિકલ્સ સંકુલોની સ્થાપના કરી. 18 ઑગસ્ટ, 1978ના રોજ 'નર્મદા

જળવિવાદ ટ્રીબ્યુનલ'નો ચુકાદો આવ્યો. તે મુજબ 163 મીટર બાંધકામની મંજૂરી આપવામાં આવી. તેના આધારે 1979માં કામ શરૂ કરવામાં આવ્યું.

- ✓ તેમના શાસનકાળ દરમ્યાન 12 ઑગસ્ટ, 1979માં મોરબીમાં મચ્છુ ડેમ તૂટવાની ઘટના બની. તેના કારણે સૌરાષ્ટ્રમાં ભારે તારાજી સર્જાઈ. અહીં રાહતકાર્યમાં થયેલા વિલંબને કારણે 17 ફેબ્રુઆરી, 1980ના રોજ મંત્રીમંડળ બરખાસ્ત કરવામાં આવ્યું અને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું.
- ✓ ભાવનગર યુનિ.ની સ્થાપના અને શિક્ષણમાં 10+2+3ની પદ્ધતિ દાખલ કરવામાં આવી. 20 મુદ્દા કાર્યક્રમનો ગુજરાતમાં અમલ શરૂ થયો. તેમણે રાજ્યની બંધ મિલો ચાલુ કરાવી અને પેટ્રોકેમિકલ્સ સંકુલની સ્થાપના કરાવી.
- ✓ જાન્યુઆરી, 1978માં અન્ય પછાત જ્ઞાતિઓ માટે 10% અનામત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેમણે બઢતીમાં રોસ્ટર પદ્ધતિ દાખલ કરી.*
- ✓ તેમણે પોલીસ યુનિયનને માન્યતા આપી હતી, જે 1988માં રદ કરાઈ. અંત્યોદય યોજનાની શરૂઆત થઈ. તેમણે બોમ્બે હાઈ તેલક્ષેત્રમાંથી ગુજરાતને ગેસનો હિસ્સો અપાવ્યો.
- ✓ 1976માં બજેટ સત્ર દરમ્યાન વિધાનસભામાં નાગરિક પૂરવઠાની માગણી દરમ્યાન મતદાનમાં તેમનો પરાજય થતાં રાજ્યમાં 12 March, 1976ના રોજ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું.
- ✓ તેમના સમય દરમ્યાન ગુજરાતમાં બે વાર રાષ્ટ્રપતિ શાસન અમલમાં આવ્યું.

ત્રીજું રાષ્ટ્રપતિ શાસન :

- ✓ (12 માર્ચ, 1976 – 24 ડિસેમ્બર, 1976)
- ✓ રાષ્ટ્રપતિ : શ્રી ફખરૂદ્દીન અલી એહમદ
- ✓ રાજ્યપાલ : શ્રી કે. કે. વિશ્વનાથન

ચોથું રાષ્ટ્રપતિ શાસન :

- ✓ (17 ફેબ્રુઆરી, 1980 – 6 જૂન, 1980)
- ✓ રાષ્ટ્રપતિ : શ્રી નીલમ સંજીવ રેડ્ડી
- ✓ રાજ્યપાલ : શ્રીમતી શારદાબેન મુખરજી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૨-૨૦૨૦)

1. ફેબ્રુઆરી 2020માં અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા દેશ- **બાંગ્લાદેશ**
2. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ -2020 ક્યાં યોજાયો- **દક્ષિણ આફ્રિકા**
3. બાંગ્લાદેશ કુલ કેટલા વખત અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા થયો છે-**01**
4. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ -2020 હરિફ દેશનું નામ જણાવો- **ભારત**
5. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ -2020 વિજેતા બાંગ્લાદેશ વિશ્વનો કયા નંબરનો દેશ છે- **07**
6. સૌરાષ્ટ્રના દરિયામાંથી છેલ્લા 15 વર્ષમાં અંદાજે કેટલી વ્હેલ શાર્કને બચાવવાઈ- **781**
7. કેન્દ્ર સરકાર દ્વારા વ્હેલ શાર્કને કયા વર્ષથી શિડયુલ એકની સૂચિમાં મૂકીને તેના શિકાર ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે- **વર્ષ 2001**

8. ગુજરાતમાં દરિયાઈ માછીમારોને માછીમારી દરમિયાન વ્હેલ શાર્કને બચાવવાના કારણે જાળને થતું નુકસાન પેટે કયા વિભાગ દ્વારા વળતર આપવામાં આવે છે-**25000/- અને વન વિભાગ**
9. ગુજરાતમાં વ્હેલ શાર્ક અન્ય કયા નામે ઓળખાય છે- **બેરલ માછલી**
10. કેન્દ્ર સરકારના અહેવાલ મુજબ વર્ષ 2016 - 2020 દરમિયાન પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત અંદાજે કેટલા યુવાનોને તાલીમ અને રોજગારી અપાઇ- 73 લાખ 47હજાર અને રોજગારી- **16 લાખ 61હજાર**
11. PMKVY અંતર્ગત સૌથી વધુ તાલીમ આપવામાં અગ્રેસર રાજ્ય- **ઉત્તર પ્રદેશ**
12. પદ્મશ્રી ગિરિરાજ કિશોરનું ક્ષેત્ર જણાવો જેમનું તાજેતરમાં કાનપુર ખાતે અવસાન થયું- **સાહિત્યકાર**
13. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા- 2019 ના અહેવાલ મુજબ ભારતમાં કયા જિલ્લામાં ચેરના વૃક્ષોના વિસ્તારમાં સૌથી વધુ વધારો નોંધાયો છે- **જામનગર**
14. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા- 2019 ના અહેવાલ મુજબ ગુજરાતના જામનગર જિલ્લામાં ચેર વન વિસ્તારમાં કેટલો વધારો થયો છે- **45.50 ચોરસ કિલોમીટર**
15. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા- 2019ના અહેવાલ મુજબ ભારતમાં ચેર વન વિસ્તારમાં કેટલો વધારો થયો છે-**54 ચોરસ કિલોમીટર**
16. ભારતમાં પશ્ચિમ બંગાળ બાદ ચેરના સૌથી વધુ વનો ક્યાં રાજ્યમાં છે- **ગુજરાત**
17. ભારતમાં કુલ ચેર વન વિસ્તારના અંદાજે કેટલા ટકા ભાગ ગુજરાતમાં આવેલો છે- **ચોથો ભાગ**
18. કયા શહેરમાં કાર્યરત સંસ્થા દ્વારા દર કેટલા વર્ષે 'ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા' અહેવાલ રજૂ કરવામાં આવે છે- **દહેરાદૂન અને દર બે વર્ષે**
19. તાજેતરમાં પાકિસ્તાનના કયા વિસ્તારમાં આવેલું 200 વર્ષ જૂનું હિન્દુ મંદિર હિન્દુઓને પરત અપાયું- **સ્લોન જિલ્લો, બલુચિસ્તાન**
20. ફેબ્રુઆરી 2020 માં ઓર્ગેનાઇઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન-2020ની બેઠક યોજાઇ હતી- **જેદ્દાહ (સાઉદી અરેબિયા)**
21. ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનમાં કુલ કેટલા ઈસ્લામિક દેશો છે- **57**
22. ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનનું વડુ મથક ક્યાં આવેલું છે-**જેદ્દાહ**
23. ગુજરાતના પહેલા મહિલા અનુસ્નાતકનું નામ જણાવો- **વિનોદિની નીલકંઠ**
24. સાહિત્યકાર વિનોદિની નીલકંઠનો જન્મદિવસ જણાવો- **09 ફેબ્રુઆરી 1907**
25. ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રીનું નામ જણાવો – **બાબુભાઈ જસાભાઈ પટેલ**
26. ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બાબુભાઈ જસાભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો - **9 ફેબ્રુઆરી 1911**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 10-02-2020



૧. SC-ST (અત્યાચાર નિવારણ) સુધારા કાયદો-2018 (બંધારણ)



- ✓ સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચૂકાદો:- SC-ST એક્ટમાં તપાસ કર્યા વિના જ ધરપકડ કરી શકાશે, (તા. 10મી ફેબ્રુઆરી-2020)

ચૂકાદાની વિગતો અને નિર્ણય

- ✓ એસસી - એસટી (અત્યાચાર નિવારણ) કાયદો ૨૦૧૮ની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીને ફગાવતાં કેન્દ્ર સરકારને રાહત મળી છે.
- ✓ કોર્ટે કહ્યું હતું કે, કોઈ વ્યક્તિ સામે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સુધારા કાયદો, ૨૦૧૮ હેઠળ કોઈ કેસ નોંધવામાં આવે તો તપાસ કર્યા વિના એની ધરપકડ થઈ શકશે.
- ✓ આ કાયદા હેઠળ એસસી એસટીના વિરોધમાં અત્યાચારના આરોપીઓને આગોતરા જામીનની જોગવાઈને રદ કરી દેવામાં આવી છે.
- ✓ આમ હવે ફરિયાદ મળ્યા પછી તરત FIR દાખલ કરી શકાશે અને આરોપીની ધરપકડ કરી શકાશે.
- ✓ જો કોઈ વ્યક્તિ સામે નોંધવામાં આવેલા કેસમાં શરૂઆતની તપાસમાં કોઈ કેસ બનતો ન હોય તો એવા કેસમાં કોર્ટ આગોતરા જામીન આપી શકે છે.
- ✓ એફઆઈઆર નોંધવા માટે પ્રાથમિક તપાસ કરવી જરૂરી નથી. એફઆઈઆર નોંધવા માટે વરિષ્ઠ પોલીસ અધિકારીની સહમતીની પણ જરૂર નથી.

- ✓ જો પ્રથમ દૃષ્ટિએ એસસી-એસટી અધિનિયમ હેઠળ કોઈ કેસ બનતો ન હોય તો પણ અદાલત એફઆઈઆરને રદ કરી શકે છે.

<u>સુપ્રીમ કોર્ટનો અગાઉનો ચૂકાદો શુ હતો</u>

- ✓ સુપ્રીમ કોર્ટે અગાઉ કાયદાનો દુરુપયોગ રોકવા ૨૦ માર્ચ ૨૦૧૮ના રોજ એસસી-એસટી એક્ટમાં આરોપીની ધરપકડની જોગવાઈને હળવી બનાવી હતી અને તેને આગોતરા જામીન આપવાની જોગવાઈ દાખલ કરી હતી.
- ✓ કોર્ટે કાયદામાં ફેરફાર કરતી વખતે કહ્યું હતું કે, સરકારી કર્મચારી કે અધિકારી પર જ્યારે કોઈ આરોપ લાગેલો હોય તો તેવા સંજોગોમાં તેની ધરપકડ પહેલા જે તે વિભાગ પાસેથી મંજૂરી લેવાની રહેશે.
- ✓ જો સામાન્ય નાગરિક સામે આરોપ લાગેલો હોય તો એસએસપી સ્તરનાં પોલીસ અધિકારીની મંજૂરી લેવી પડશે.
- ✓ આરોપી સામે FIR પહેલા પ્રારંભિક તપાસની જોગવાઈ પણ કરાઈ હતી.

<u>સરકારે સંસદમાં સુધારા કરીને સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો બદલ્યો હતો</u>

- ✓ આ ચુકાદા પછી કેન્દ્ર સરકારે સંસદમાં કાયદામાં કેટલાક સુધારા કર્યા હતા અને કાયદામાં અગાઉ જે જોગવાઈ કરવામાં આવી હતી તેને બહાલ કરી હતી.
- ✓ કાયદામાં કરેલા આ સુધારાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.
- ✓ જેની સુનાવણી પછી ચુકાદો અનામત રખાયો હતો.

<u>ત્રણ જજિસ અરુણ મિશ્રા, વિનીત શરણ અને રવીન્દ્ર ભટ્ટની બેન્ચે ૨ વિરુદ્ધ ૧ મતથી ચુકાદો આપ્યો હતો.</u>

- ✓ સુપ્રીમ કોર્ટે તેના અગાઉના ચુકાદામાં કેન્દ્ર સરકારે કરેલા સુધારાને માન્ય રાખ્યા છે.
- ✓ સુપ્રીમનાં જજ રવીન્દ્ર ભટ્ટે કહ્યું હતું કે દેશનાં તમામ નાગરિકોને સમાન ભાવથી જોવા જોઈએ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. CMS COP-13 : મહાત્મા મંદિર ગાંધીનગર (પક્ષીજગત)



<u>થીમ- "સ્થાનાંતરિત પ્રજાતિઓ ગ્રહને જોડે છે અને અમે તેમનું ઘરમાં સ્વાગત કરીએ છીએ"</u>

<u>લોગો-</u>

- ✓ દક્ષિણ ભારતના પરંપરાગત આર્ટફોર્મ' કોલામ'થી પ્રેરિત.
- ✓ <u>કોલામ આર્ટ ફોર્મનો ઉપયોગ ભારતમાં અમુર ફાલ્કન, હમ્પબેક વ્હેલ અને દરિયાઇ કાચબા જેવી મુખ્ય સ્થળાંતર પ્રજાતિઓને દર્શાવવા માટે કરવામાં આવે છે.</u>

- ✓ સંયુક્ત રાષ્ટ્રના પર્યાવરણીય કાર્યક્રમના નેજા હેઠળ પર્યાવરણીય સંધિના સંરક્ષણ પર સ્થળાંતર પ્રજાતિઓ (સીએમએસ)ના સંમેલનની 13મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (સીઓપી), ભારત દ્વારા 17 થી 22 ફેબ્રુઆરી 2020 દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં.
- ✓ **ભારતને યજમાન તરીકે આગામી ત્રણ વર્ષ માટે પ્રમુખ તરીકે નિયુક્ત કરાશે.**
- ✓ ભારત સરકાર દ્વારા વર્ષ-1983થી સ્થળાંતરીત વન્ય પ્રાણીઓના સંરક્ષણ સંમેલન (સીએમએસ) પર હસ્તાક્ષર.

ભારત સરકારની ભૂમિકા

- ✓ ભારત સરકાર આ સ્થળાંતરીત દરિયાઈ જાતિઓ/પ્રજાતિઓની સુરક્ષા અને સંરક્ષણ માટે જરૂરી પગલાં લઈ રહી છે.
- ✓ તેમજ એમના સંરક્ષણ અને બચાવ માટેની યોજનાની તૈયારી કરી છે જે માટે સાત જાતિઓ જેમકે ડુગોંગ, વ્હેલ શાર્ક, સમુદ્રી કાચબો (બે પ્રજાતિઓ) વગેરેની ઓળખ કરાઇ.
- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 17 ફેબ્રુઆરી 2020 સીએમએસ સીઓપી 13નું ઉદઘાટન.
- ✓ 130 દેશોના પ્રતિનિધિઓ, પ્રખ્યાત સંરક્ષણવાદીઓ અને વન્યપ્રાણી સંરક્ષણના ક્ષેત્રમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય એનજીઓ સીઓપીમાં ભાગ લેશે.
- ✓ 15 અને 16 મી ફેબ્રુઆરીએ, પૂર્વ-સીઓપી બેઠકો જેમાં સ્ટેકહોલ્ડર સંવાદ, ઉચ્ચ-સ્તરની સેગમેન્ટ મીટિંગ અને ચેમ્પિયન નાઇટ એવોર્ડ સહિતના સમારોહ યોજશે.
- ✓ આ સાથે જ, ઘણી બધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પ્રદર્શન ક્ષેત્રમાં વન્યપ્રાણી સંરક્ષણની શ્રેષ્ઠ પ્રથાઓનું પ્રદર્શિત કરશે.

ઐતિહાસિક મહત્વ

- ✓ સીએમએસ સીઓપી 13, "ગિબી - ધ ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ" માટેનો માસ્કોટ એ એક ગંભીર રીતે લુપ્ત થતી પ્રજાતિ છે જેને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ 1972 અંતર્ગત સર્વોચ્ચ સંરક્ષણનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- ✓ સેન્ટ્રલ એશિયન ફ્લાયવે (સીએએફ) કે જે આર્ક્ટિક અને ભારતીય મહાસાગરો વચ્ચેના ક્ષેત્રને આવરી લેતા પ્રમુખ પક્ષી ફ્લાયવે નેટવર્કનો ભારત પણ એક ભાગ છે, એટલે કે ઓછામાં ઓછા 279ની વસ્તીમાંથી 182 સ્થળાંતરીત પ્રજાતિઓને આવરી લે છે, જેમાં 29 વૈશ્વિક સ્તરે જોખમી જાહેર થયેલી જાતિઓ પણ છે.
- ✓ ખોરાક, સૂર્યપ્રકાશ, તાપમાન, આબોહવા વગેરે જેવા વિવિધ પરિબળોને લીધે જુદા જુદા સમય દરમિયાન જંગલી પ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓ એક સ્થળેથી બીજા સ્થળે જાય છે, પક્ષીઓ અને સસ્તન પ્રાણીઓમાં મૂળ નિવાસસ્થાનથી અન્ય સ્થળ વચ્ચેનું સ્થળાંતર અથવા હિલચાલ

કેટલીક વાર હજારો કિલોમીટર/માઇલ સુધી હોય છે.

✓ સ્થળાંતર રૂટમાં સામાન્ય રીતે માળખાની સાઇટ્સ, સંવર્ધન સાઇટ્સ, પ્રાધાન્યવાળા ખોરાકની ઉપલબ્ધતા અને દરેક સ્થળાંતર પહેલાં અને પછી યોગ્ય રહેઠાણની ઉપલબ્ધતા હોવી જરૂરી છે.

ભારતની વન્યપ્રાણી સૃષ્ટિ

✓ ભારત વન્યપ્રાણી સૃષ્ટિની અનેક સ્થળાંતરિત પ્રજાતિઓનું ઘર છે જેમાં સ્નો ચિત્તા, અમુર ફાલ્કન્સ, બાર હેડ ગીઝ, બ્લેક નેકડ ક્રેન્સ, દરિયાઇ કાચબા, ડમ્પોંગ્સ, હમ્પબેક્ડ વ્હેલ, વગેરેનો સમાવેશ છે

✓ સાઇબેરીયન ક્રેન્સ (1998), મરીન ટર્ટલ્સ (2007), ડુગોંગ્સ (2008) અને રેપ્ટર્સ (2016)ના સંરક્ષણ અને સંચાલન પર સીએમએસ સાથે કાયદેસર રીતે બંધનકર્તા એમઓયુ પર હસ્તાક્ષર પણ કર્યા છે.

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી - શ્રી પ્રકાશ જાવડેકર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. ઓસ્કર એવોર્ડ-2020 (ફિલ્મ ઉદ્યોગ)

92મો એકેડમી એવોર્ડ-લોસ એન્જલસ(USA)



૯૨ વર્ષમાં પ્રથમવાર બિન અંગ્રેજી ભાષાની કોરિયાઈ ફિલ્મ 'પેરાસાઈટ'ને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ

ઓસ્કાર વિજેતા અને ફિલ્મની યાદી

✓ બેસ્ટ એક્ટ્રેસઃ રેની ઝેલવેગર

✓ બેસ્ટ એક્ટરઃ વૉકિન ફીનિક્સ

✓ બેસ્ટ પિક્ચરઃ પેરાસાઈટ

✓ બેસ્ટ એક્ટ્રેસ સપોર્ટિંગ રોલઃ લોરા ડર્ન

✓ બેસ્ટ એક્ટર સપોર્ટિંગ રોલઃ બ્રાડ પિટ

✓ બેસ્ટ ડિરેક્ટરઃ બોન્ગ જૂન હો

બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મઃ પેરાસાઈટ

✓ બેસ્ટ મેકઅપ એન્ડ હેર સ્ટાઈલિંગઃ બોમ્બશેલ

✓ બેસ્ટ ઓરિજિનલ સોન્ગઃ આઈ એમ ગોના લવ મી અગેઇન

✓ બેસ્ટ ઓરિજિનલ સ્કોરઃ જોકર

✓ બેસ્ટ વિઝ્યુઅલ ઈફેક્ટ્સઃ 1917

✓ બેસ્ટ સાઉન્ડ એડિટિંગઃ ફોર્ડ વર્સિસ ફરારી

✓ બેસ્ટ એનિમેટેડ ફિલ્મઃ ટોય સ્ટોરી 4

✓ બેસ્ટ ફિલ્મ એડિટિંગઃ ફોર્ડ વર્સિસ ફેરારી

✓ બેસ્ટ સિનેમેટોગ્રાફીઃ 1917

✓ બેસ્ટ સાઉન્ડ મિક્સિંગઃ 1917

✓ બેસ્ટ ડોક્યુમેન્ટરીઃ અમેરિકન ફેક્ટરી

✓ બેસ્ટ ડોક્યુમેન્ટરી (શોર્ટ સબ્જેક્ટ): લર્નિંગ ટુ સ્કેટબોર્ડ ઈન અ વૉરઝોન

✓ બેસ્ટ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મઃ ધ નેબર્સ વિન્ડો

✓ બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈનઃ વન્સ અપોન અ ટાઈમ ઈન હોલિવૂડ

✓ બેસ્ટ કોશ્ચ્યુમ ડિઝાઈનઃ લિટલ વિમેન

- ✓ બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મઃ હેર લવ
- ✓ બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લેઃ પેરાસાઈટ
- ✓ બેસ્ટ અડેપ્ટેડ સ્ક્રીનપ્લેઃ જોજો રેબિટ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિર્ણય - નાણા મંત્રાલય - ભારત સરકાર (આર્થિક)

એક રૂપિયાની નવી નોટ બહાર પડાશે



નવી નોટની વિશેષતા

- ✓ એક રૂપિયાની નવી નોટ પર ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાને બદલે ભારત સરકાર એવા શબ્દો લખેલા હશે તેમાં નાણા સચિવ અતનુ ચક્રવર્તીની સહી હશે તથા તે નાણા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવશે.
- ✓ નોટની જમણી બાજુએ કાળા અક્ષરોમાં સંખ્યા લખેલી હશે. પહેલા ત્રણ આલ્ફાબેટિક આકારમાં એકસરખા રહેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ઇન્ડિયા વન : ભારતનો પ્રથમ સોલાર થર્મલ પ્લાન્ટ (સૌર ઉર્જા)



વિશેષતાઓ

- ✓ રાજસ્થાનના આબુ રોડ સ્થિત બ્રહ્મકુમારી સંસ્થાનમાં બનેલા સોલાર થર્મલ પ્લાન્ટને "ઈન્ડિયા વન"ના નામે ઓળખાય છે.
- ✓ આ દુનિયાનો પ્રથમ સોલાર થર્મલ પાવર પ્લાન્ટ છે જે 24 કલાક ચાલે છે.
- ✓ તેમાં થર્મલ સ્ટોરેજની પણ સુવિધા છે જેમાં સૂર્યની ગરમીને કન્ઝર્વ કરાય છે.
- ✓ આ પ્લાન્ટમાં પ્રથમ વખત પેરાબોલિક રિફ્લેક્ટર વિથ ફિક્સ ફોકસ ટેક્નિકનો ઉપયોગ કરાયો છે.
- ✓ આ પેરાબોલિક રિફ્લેક્ટર કોઈ સૂર્યમુખીના ફૂલની જેમ સૂર્યની દિશા સાથે ફરે છે. તેને બનાવવા માટે 70 ટકા ફન્ડિંગ ભારત અને જર્મનીની સરકારે કર્યું છે, બાકી પૈસા બ્રહ્માકુમારી સંસ્થાને ખર્યા હતા.
- ✓ તેને એક રિસર્ચ પ્રોજેક્ટ તરીકે તૈયાર કરાયો છે.
- ✓ અહીં વર્ષ દરમિયાન દેશ-દુનિયામાંથી હજારો સ્ટૂડન્ટ્સ રિસર્ચ માટે આવે છે.
- ✓ આ પ્લાન્ટથી રોજ અહીં 35 હજાર લોકોનું ભોજન તૈયાર થાય છે. સાથે જ 20 હજાર લોકોની ટાઉનશિપને વીજળી મળે છે.

- ✓ દૈનિક 18 હજાર યુનિટ વીજળી ઉત્પાદન
- ✓ વિસ્તાર - 25 એકર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નાસા - અવકાશ વિજ્ઞાન

સૂર્યના ધ્રુવ પ્રદેશના અભ્યાસ માટે નાસા-ઈશાનું સંયુક્ત રીતે 1.5 અબજ ડોલરનું મિશન ફ્લોરિડાથી લોન્ચ કરાયું



- ✓ ફ્લોરિડાથી લોંચ થયેલું ઓર્બિટર સાત વર્ષમાં ૪ કરોડ ૧૮ લાખ કિલોમીટરનું કુલ અંતર કાપશે.
- ✓ ધ્રુવ પ્રદેશની તસવીરો પૃથ્વી ઉપર મોકલવાનું કામ આઓર્બિટર કરશે.
- ✓ અમેરિકન સ્પેસ એજન્સી નાસા (National Aeronautics and Space Administration) અને યુરોપિયન સ્પેસ એજન્સી (ઈસા)એ સંયુક્ત રીતે સોલાર ઓર્બિટર રવાના કર્યું હતું.
- ✓ ઓર્બિટર પ્રથમ વખત સૂર્યના ધ્રુવ પ્રદેશની તસવીર પૃથ્વી ઉપર મોકલશે.
- ✓ સૂર્યના ધ્રુવોના અભ્યાસમાં આ ઓર્બિટર ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે.
- ✓ આપણી સોલર સિસ્ટમમાં અસરકરતા આ ધ્રુવો વિશે પૃથ્વીવાસીઓ પહેલી વખત અગત્યની માહિતી મેળવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ – ૧૦ ફેબ્રુઆરી વિશ્વ કઠોળ દિવસ

- ✓ વર્ષ 2019 થી દર વર્ષે 10 ફેબ્રુઆરીએ વિશ્વ કઠોળ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ કઠોળનું મહત્વ બતાવવા માટે વિશ્વ કઠોળ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ કઠોળમાં નોંધપાત્ર માત્રામાં પોષક તત્વો જોવા મળે છે, તેમાં પ્રોટીનનું પ્રમાણ વધુ હોય છે, તે પ્રોટીનનો આદર્શ સ્રોત છે.
- ✓ કઠોળમાં ચરબી પણ ઓછી હોય છે અને દ્રાવ્ય ફાઇબરથી ભરપૂર હોય છે, જે કોલેસ્ટરોલ ઘટાડે છે અને બ્લડ સુગરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૨-૨૦૨૦)

1. SC- ST એક્ટમાં તપાસ કર્યા વિના જ ધરપકડ કરી શકાશે તેઓ મહત્વનો ચુકાદો તાજેતરમાં 10 ફેબ્રુઆરી 2020માં કઈ કોર્ટ દ્વારા અપાયો- **સુપ્રીમ કોર્ટ**
2. SC-ST સંદર્ભમાં કયા એક્ટમાં બંધારણીય યોગ્યતાને પડકારથી અરજીને સુપ્રીમ કોર્ટ દ્વારા ફગાવી હતી- **SC-ST(અત્યાચાર નિવારણ) કાયદો-2018**

3. SC- ST એક્ટમાં તપાસ કર્યા વિના જ ધરપકડ કરી શકાશે તેઓ મહત્વનો ચુકાદો તાજેતરમાં સુપ્રીમ કોર્ટની કયા ત્રણ જજની બેન્ચે આપ્યો- **અરુણ મિશ્રા,વિનીત શરણ અને રવિન્દ્ર ભટ્ટ(2 વિરુદ્ધ 1 મત)**
4. CMS COP-13:2020ની થીમ જણાવો- **" સ્થાનાંતરિત પ્રજાતિઓ ગ્રહની જોડે છે અને અમે તેમનું ઘરમાં સ્વાગત કરીએ છીએ"**
5. CMS COP-13:2020નો લોગો કયા બાબતથી પ્રેરિત છે- **દક્ષિણ ભારતના પરંપરાગત આર્ટ ફોર્મ-' કોલામ'**
6. 'કોલામ' આર્ટ ફોર્મનો ઉપયોગ ભારતમાં કઈ સ્થળાંતર પ્રજાતિઓ દર્શાવવા માટે કરવામાં આવે છે- **અમુર ફાલ્કન, હમ્પ બેક વ્હેલ અને દરિયાઈ કાચબા**
7. પર્યાવરણીય સંધિના સંરક્ષણ પર સ્થળાંતર પ્રજાતિઓના રક્ષણ માટે ભારતને યજમાન તરીકે આગામી કેટલા વર્ષ માટે પ્રમુખ તરીકે નિમણૂક અપાઈ- **ત્રણ વર્ષે**
8. ભારત સરકાર દ્વારા કયા વર્ષથી સ્થળાંતરિત વન્યપ્રાણીઓના સંરક્ષણ (CMS) સંમેલન ઉપર હસ્તાક્ષર કરેલા છે- **1983**
9. ભારત સરકારે કઈ સાત સ્થળાંતરિત જાતિઓની સંરક્ષણ અને બચાવ માટે યોજના તૈયાર કરી છે મુખ્યત્વે કઈ કઈ જાતિઓ છે- **ડુગોંગ, વ્હેલ શાર્ક અને સમુદ્રી કાચબાની બે પ્રજાતિઓ**
10. CMS COP-13:2020માં અંદાજે કેટલા દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે- **130**
11. CMS COP-13:2020નો મેસ્કોટ અને તેનું મહત્વ જણાવો- **"ગિબી-ધ ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ" - ગંભીર રીતે લુપ્ત થતી પ્રજાતિ જેને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ 1972 અંતર્ગત સર્વોચ્ચ સંરક્ષણનો દરજ્જો અપાયો છે**
12. સેન્ટ્રલ એશિયન ફ્લાય વે (CAF) એટલે શું- **CAF જે આર્કિટક અને ભારતીય મહાસાગર વચ્ચેના ક્ષેત્રને આવરી લેતા પ્રમુખ પક્ષી ફ્લાય વે નેટવર્કનો ભારત પણ એક ભાગ છે જે 279ની વસ્તીમાંથી 182 સ્થળાંતરિત પ્રજાતિઓને આવરી લે છે.**
13. કેન્દ્રીય પર્યાવરણ, વન અને વાયુ પરિવર્તન મંત્રીનું નામ જણાવો- **શ્રી પ્રકાશ જાવડેકર**
14. તાજેતરમાં કેટલામો ઓસ્કાર એવોર્ડ-2020 કાર્યક્રમ યોજાયો- **92મો**
15. ઓસ્કાર એવોર્ડ કયા ક્ષેત્ર માટે અને ક્યાંથી આપવામાં આવે છે- **ફિલ્મ ઉદ્યોગ અને લોસ એન્જેલસ- યુએસએ**
16. 92 વર્ષમાં પ્રથમવાર બિન અંગ્રેજી ભાષાની ઓસ્કાર એવોર્ડ-**2020 વિજેતા શ્રેષ્ઠ ફિલ્મ- પેરાસાઈટ**
17. ઓસ્કાર એવોર્ડ-2020 વિજેતા બેસ્ટ એક્ટ્રેસ, એક્ટર અને ડિરેક્ટરનું નામ જણાવો- **રેની ઝેલવેગર,વૉકિન ફિનિક્સ અને બોન્ગ જૂન હો**
18. તાજેતરમાં કેન્દ્રના નાણામંત્રી દ્વારા કેટલા રૂપિયાની નવી નોટ બહાર પાડવાની જાહેરાત કરાઇ છે-**1**
19. ભારતમાં રૂ.1ની ચલણી નોટ ઉપર કોના હસ્તાક્ષર હોય છે- **કેન્દ્રીય નાણા સચિવ**
20. 1ની નવી ચલણી નોટ ઉપર ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયાને સ્થાને કયા નવા શબ્દો લખેલા હશે- **ભારત સરકાર**
21. ભારતનો પ્રથમ 24 કલાક કાર્યરત ઇન્ડિયા વન-સોલર થર્મલ પ્લાન્ટ ક્યાં આકાર પામ્યો છે- **બ્રહ્માકુમારી, આબુરોડ રાજસ્થાન**
22. ફેબ્રુઆરી 2020માં પ્રથમવાર સૂર્યના ધ્રુવ પ્રદેશના અભ્યાસ માટે વિશ્વની કઈ બે અવકાશ વિજ્ઞાનની સંસ્થાઓ દ્વારા સોલાર ઓર્બિટર-મિશન લોન્ચ કરાયું- **નાસા અને ઈસા**
23. ESAનું વિસ્તૃત નામ જણાવો- **યુરોપિયન સ્પેસ એજન્સી**
24. વર્ષ 2019 થી દર વર્ષે 10 ફેબ્રુઆરીને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **વિશ્વ કઠોળ દિવસ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 11-02-2020



૧. દિલ્હી વિધાનસભા ચૂંટણી – પરિણામો

દિલ્હી — સીટો: 70 | બહુમતી: 36

પાર્ટી	સીટો	વોટ %
AAP	62 (-5)	54% (-1)
ભાજપ	08 (+5)	40% (+6)
કોંગ્રેસ	00 (0)	4% (-6)
અન્ય	00 (0)	2% (-1)

✓ કુલ બેઠકો – 70

મુખ્ય પક્ષ - બેઠકો

✓ આમ આદમી પાર્ટી – ૬૨ (વર્ષ-૨૦૧૫માં ૬૭ બેઠક)

✓ ભારતીય જનતા પાર્ટી – ૦૮ (વર્ષ-૨૦૧૫માં ૦૩ બેઠક)

✓ અન્ય – ૦૦

✓ સતત બીજીવાર આમ આદમી પાર્ટીની નવી દિલ્હીમાં સરકાર બની

✓ AAP- આમ આદમી પાર્ટી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ખેલકૂદ – સિદ્ધિ : રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર-૨૦૧૯ (હોકી)



વિજેતા –

✓ ભારતીય વિમેન્સ હોકી ટીમની ફોરવર્ડ લાલરેમ્સિયામીને ૨૦૧૯ની 'એફઆઇએચ સર્વશ્રેષ્ઠ રાઈઝિંગ સ્ટારના એવોર્ડ' માટે પસંદ કરવામાં આવી છે.

સિદ્ધિઓ –

✓ ભારતની ૧૯ વર્ષીય ખેલાડીએ આર્જેન્ટિનાની જુલિએટા જાંકુનાસ તથા નેધરલેન્ડ્સની ફેડરિક માટલાને હરાવી હતી જે બંને બીજા અને ત્રીજી ક્રમાંકે રહી .

- ✓ બેલારસ સામે ૨૦૧૭માં પદાર્પણ કર્યા બાદ લાલરેમ્સિયામી ભારતીય ટીમની મહત્વપૂર્ણ સભ્ય બની ગઈ છે.
- ✓ વતન – મિઝોરમ
- ✓ સંસ્થા – ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન(FIH)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વૈશ્વિક વેપાર – સંરક્ષણ સોદો

ભારતને ૧.૮૬૭ બિલિયન ડોલરના એર ડિફેન્સ વેપન વેચવા વ્હાઈટ હાઉસ-USAની મંજૂરી

- ✓ ભારતને US દ્વારા IADWS આપશે
- ✓ IADWS– ઈન્ટિગ્રેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ

વિગત-

- ✓ અમેરિકાએ ભારતીય સશસ્ત્રદળોના આધુનિકીકરણ અને ભારતના એર ડિફેન્સને મજબૂત બનાવવા માટે ૧.૮૬૭ બિલિયન ડોલરના ખર્ચે એર ડિફેન્સ વેપન સિસ્ટમ વેચવાનો નિર્ણય કર્યો છે.
- ✓ ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સીએ જણાવ્યું હતું કે, ભારતને ઇન્ટિગ્રેટેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ (IADWS) વેચવાનો નિર્ણય કર્યો છે.

વિશેષતા/ઉદ્દેશ

- ✓ ભારત આ ડિફેન્સ આર્ટિકલ્સ અને સર્વિસિઝનો ઉપયોગ તેના સશસ્ત્રદળોને આધુનિક બનાવવા અને હવાઈ હુમલા સામે એર ડિફેન્સ મજબૂત બનાવવા કરવા માગે છે.
- ✓ આ સિસ્ટમથી ભારતીય સેનાની ક્ષમતામાં વધારો થશે અને ભારત, અમેરિકા તથા અન્ય સહયોગી દેશો વચ્ચે લશ્કરી સહયોગમાં પણ વધારો થશે.



દિલ્હીને મિસાઈલ કવચ મળશે

- ✓ નવી દિલ્હીને મિસાઇલ કવચ પૂરું પાડવા અમેરિકા પાસેથી NASAMS-II એર ડિફેન્સ સિસ્ટમ ખરીદશે.
- ✓ અમેરિકી વિદેશ મંત્રાલયે ભારતને ઇન્ટિગ્રેટેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ (IADWS) વેચવાનો નિર્ણય કરતાં હવે દિલ્હીને મિસાઇલ કવચ મળે તેવી સંભાવના વધી ગઇ છે.
- ✓ આ ડિફેન્સ સિસ્ટમ ભારતની સ્વદેશી, રશિયન અને ઇઝરાયેલી સિસ્ટમો સાથે મળીને કામ કરશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગુજરાત સરકાર – GADના અનામત અંગેના ઠરાવની સમજ

વિગત –

GADના ઠરાવથી સર્જાયેલા વિવાદનો મુદો શું છે ?

- ✓ ગુજરાતમાં સરકારી નોકરીઓમાં ૯મી એપ્રિલ ૧૯૯૭થી મહિલા અનામત છે.
- ✓ રાજ્યના સામાન્ય વહિવટ વિભાગ-GADએ રાજસ્થાનના રાજેશકુમાર દરિયા વિરૂધ્ધ રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશનના કેસના ચૂકાદાનો આધાર લઈને ૩૩ ટકા મહિલા અનામતની ગણતરી માટે ૧લી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ નવો ઠરાવ અમલમાં મુક્યો.
- ✓ મોટાપાયે થયેલી LRD ભરતીમાં અનામત વર્ગની મહિલા ઉમેદવારોનું મેરિટ સામાન્ય સ્પર્ધાના મેરિટથી વધુ હોવા છતાંય તેમને ૩૩ ટકા અનામત હેઠળ પોતાની જ કેટેગરીમાં સમાવાતા અન્યાયની રાવ ઉઠી.
- ✓ મુળભૂત રીતે આ ઠરાવની સૌથી પહેલી અસર GPSC દ્વારા થયેલી પોલીસ ઈન્સ્પેકટરની સીધી ભરતીમાં થઈ હતી. એ વેળાએ પછાત વર્ગની પાંચ મહિલા ઉમેદવારોને જ અન્યાય થયો હોવાથી આ વિવાદ બહાર આવ્યો નહોતો !
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. WHO દ્વારા કોરોના વાઈરસનું નામ હવે 'COVID-19' અપાયું (આરોગ્ય)



COVIDનો અર્થ :

- ✓ CO-કોરોના
- ✓ VI – વાઈરસ
- ✓ D- ડિસીઝ

WHO – વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નામકરણ – કેન્દ્ર સરકાર (નાણા) રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાન-ફરિદાબાદનું નામકરણ કરાયું



વિગત

- ✓ રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાન-ફરિદાબાદ હવે અરૂણ જેટલી રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાનના નવા નામથી ઓળખાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૨-૨૦૨૦)

1. ફેબ્રુઆરી 2020માં યોજાયેલી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કયા પક્ષનો વિજય થયો છે- **આમ આદમી પાર્ટી**
2. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં સતત ત્રીજી વખત કયા પક્ષની સરકાર રચાઈ છે- **આમ આદમી પાર્ટી**
3. ફેબ્રુઆરી 2020માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે આમ આદમી પાર્ટીને કુલ કેટલી બેઠકો મળી હતી- 62
4. દિલ્હી વિધાનસભામાં કુલ કેટલી બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી- 70
5. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં બીજા નંબરનો સૌથી મોટો પક્ષ અને બેઠકો જણાવો- ભારતીય જનતા પાર્ટી- 08
6. તાજેતરમાં ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા ભારતની કઈ મહિલા ખેલાડીને સર્વ શ્રેષ્ઠ "રાઈઝિંગ સ્ટાર ઓફ ધી યર -2019"નું સન્માન અપાયું- **લાલ રેમ્સિયામી**
7. "રાઈઝિંગ સ્ટાર ઓફ ધી યર -2019"નું સન્માન અપાયું તે લાલ રેમ્સિયામી ખિલાડીનું રાજ્ય જણાવો- **મિઝોરમ**
8. FIH નું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન**
9. તાજેતરમાં વ્હાઇટ હાઉસ- યુએસએ દ્વારા ભારતને એર ડિફેન્સ વેપન વેચવા ફેબ્રુઆરી 2020 કેટલા બિલિયન ડોલરની મંજૂરી આપી -1.867
10. ભારતને અમેરિકા દ્વારા કઈ વેપન સિસ્ટમ વેચવાની તાજેતરમાં વ્હાઇટ હાઉસ દ્વારા મંજૂરી અપાઈ છે- IADWS
11. IADWSનું વિસ્તૃત નામ જણાવો- **ઈન્ટિગ્રેટેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ**
12. નવી દિલ્હીને સુરક્ષા કવચ પૂરું પાડવા અમેરિકા પાસેથી કઈ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવામાં આવશે - NASAMS-II
13. ફેબ્રુઆરી 2020માં WHO દ્વારા કોરોના વાયરસને કયું સત્તાવાર નામ આપવામાં આવ્યું- COVID-19
14. COVID-19નો વિસ્તૃત અર્થ જણાવો - CO-કોરોના,VI- વાયરસ અને D- ડિસીઝ
15. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાનને કયું નવું નામ અપાયું- **અરુણ જેટલી રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાન**
16. અરુણ જેટલી રાષ્ટ્રીય નાણા પ્રબંધન સંસ્થાન ક્યાં આવેલું છે- **ફરીદાબાદ**

..વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 12-02-2020



૧. નિર્ણય - મહારાષ્ટ્ર સરકાર (વહીવટ) સરકારી કર્મચારીઓને સપ્તાહમાં બે દિવસની રજા : કામકાજના દિવસો પાંચ (ફાઈવ ડે વર્કિંગ)

- ✓ કર્મચારીઓને એક સપ્તાહમાં 3.75 કલાક વધુ કામ કરવું પડશે એટલે કે દૈનિક 45 મિનિટ વધુ આપવી પડશે



અન્ય નિર્ણય

- ✓ મહારાષ્ટ્ર સરકારે શાળા-કોલેજોમાં પણ રાષ્ટ્રગાન ફરજિયાત બનાવી દીધું છે.
- ✓ સરકારે ૧૯ ફેબ્રુઆરીએ શિવ જયંતિથી કોલેજોમાં રાષ્ટ્રગાન ફરજિયાત બનાવી દીધું છે. કોલેજમાં અભ્યાસક્રમ શરૂ થાય તે પહેલાં પહેલા રાષ્ટ્રગાન ગાવામાં આવશે.
- ✓ તે ઉપરાંત ઓબીસી, એસઈબીસી, વીજેએનટી અને ઘુમંત જનજાતિ તથા અતિ પછાત વર્ગ માટેના રાજ્ય વિભાગનું બહુજન કલ્યાણ વિભાગ તરીકે નવું નામકરણ કરવામાં આવ્યું છે.
- ✓ ફાઈવ ડે અમલ તા. ૨૯-૨-૨૦૨૦થી
- ✓ મુખ્યમંત્રી - ઉદ્ધવ ઠાકરે
- ✓ રાજ્યપાલ – ભગતસિંઘ કોશ્યારી
- ✓ રાજધાની - મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. મહત્વનો નિર્ણય - મિશન 2024 : ગુજરાત સરકાર (શિક્ષણ વિભાગ)

મુખ્ય હેતુ

- ✓ ધોરણ 3 થી 12ની બધી પરીક્ષાના પ્રશ્નપત્રો રાજ્યકક્ષાએથી જ તૈયાર કરાશે
- ✓ ધો. 1થી 8માટે GCERT જ્યારે ધો. 9થી 12 માટે ગુજરાત બોર્ડ પ્રશ્નપત્ર તૈયાર કરશે , આગામી શૈક્ષણિક વર્ષથી અમલ

✓ ગુજરાતની શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સ્પર્ધા કરી શકે તે માટે ગુજરાત સરકારે મિશન ૨૦૨૪ હાથ ધર્યું

વિગતવાર માહિતી

પરીક્ષાલક્ષી કેવા ફેરફાર

1. ધો. 3 થી 8, 9, 11ની છ માસિક વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો રાજ્ય સ્તરેથી તૈયાર થશે, મૂલ્યાંકન વિદ્યાર્થીની શાળાના શિક્ષકોને બદલે અન્ય શાળાના કરશે.
2. ધો. 3 થી 10 ગુજરાતી, ગણિત વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્રો રાજ્ય સ્તરેથી મળશે. ધો.11-12 સાયન્સના મેથ્સ, ફિઝિકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી, અંગ્રેજીની પ્રશ્નપત્રો રાજ્યકક્ષાએથી અપાશે. ધો.12 સામાન્ય પ્રવાહના અંગ્રેજી, નામાના મૂળતત્વો, વાણિજય વ્યવસ્થા, સાયકોલોજી, ઈકોનોમિક્સ, સ્ટેટેસ્ટિકસના પ્રશ્નપત્રો રાજ્ય કક્ષાએથી અપાશે.
3. ધો.3 થી 8ના છ માસિક-વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો જીસીઈઆરટી કાઢશે, જિલ્લાકક્ષાએ છપાશે.
4. ઉત્તરવહી અન્ય શાળાના શિક્ષકો ચકા ભસણી કરશે. ધો. 9, 10, 11 અને 12ના છ માસિક, પ્રિલીમનરી પરીક્ષાના પ્રશ્નપત્રો શિક્ષણ બોર્ડ તૈયાર કરશે.
5. કોર્પોરેશન અને જિલ્લા પંચાયત સંચાલિક શાળાઓના પ્રશ્નપત્રો સહિતની જવાબદારી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, શાસનાધિકારી અને ડીપીઓની રહેશે.
6. પ્રશ્નપત્ર સહિત પરીક્ષાનો ખર્ચ સ્વનિર્ભર શાળાઓએ સરકારને આપવાનો રહેશે. સરકારી ગ્રાન્ટેડનો સરકાર ભોગવશે.
7. રાજ્યની શાળાઓએ સર્વ શિક્ષા અભિયાનની વેબસાઇટ પર વિદ્યાર્થીઓના ગુણ અપલોડ કરવાના રહેશે.

✓ સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ અને ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ (GSHSEB) સાથે એફીલીએટેડ સેલ્ફ ફાઈનાન્સ સહિત તમામ ૫૫,૦૦૦ શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવાના ભાગરૂપે રાજ્ય સરકારે કેટલાંક મહત્વના નિર્ણયો લીધા છે અને ૨૦૨૦-૨૧ના આગમી શૈક્ષણિક વર્ષથી મહત્વના નિર્ણયોનો અમલ કરાશે.

✓ જેમાં સૌથી મહત્વનો નિર્ણય રાજ્યની તમામ ગ્રાન્ટેડ, ગ્રાન્ટ-ઈન-એઈડ, ખાનગી સહિતની તમામ સ્કૂલોમાં એકસાથે જ પરીક્ષા યોજવાનો નિર્ણય છે.

✓ ડિરેક્ટર, પ્રાયમરી એજ્યુકેશન અને GSHSEB સાથે એફિલીએટેડ તમામ શાળાઓમાં સ્ટેટ ટેક્સ્ટ બૂક બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી NCERT ટેક્સ્ટ બુકનું ફરજિયાતપણે અમલ કરવાનો રહેશે.

✓ ઉપર્યુક્ત તમામ શાળાઓએ એકેડેમિક કેલેન્ડર અને ટાઈમટેબલની કોમન સિસ્ટમનું પાલન કરવાનું રહેશે.

✓ આ તમામ શાળાઓએ GSHSEB અને GCERT દ્વારા લેવાતી ધોરણ-3 થી ૧૨

સુધીના તમામ ગ્રેડ માટે સત્રાંત અને એન્યુઅલ એક્ઝામ અને પિરિયોડિક એક્ઝામ માટે સેન્ટ્રલાઈઝ એસેસમેન્ટનું પાલન કરવાનું રહેશે.

- ✓ સરકારી શાળાના શિક્ષકો અને સેલ્ફ ફાઈનાન્સ સ્કુલોના શિક્ષકોને એક બીજાની શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિનો લાભ મળે તે હેતુસર ક્રોસ-લર્નિંગનું આયોજન કરવાનું રહેશે.
- ✓ આ પગલાંને લીધે ગુજરાતમાં શાળા સ્તરે શિક્ષણ સુદ્રઢ બનશે અને JEE/NEET, વગેરે જેવી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષામાં આપણાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક બનાવશે તેમજ ૨૦૨૪ના અંતે PISA જેવી ઈન્ટરનેશનલ એસેસમેન્ટ માટે તૈયાર થવા માટે સહાયક બનશે.
- ✓ શિક્ષણ મંત્રી – શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. જાહેરાત – રાજયમાં પ્રથમવાર ગુજરાત યુનિવર્સિટી ખાતે ઇન્ડિયન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ સ્થપાશે (અર્થશાસ્ત્ર-શિક્ષણ)

હેતુ –

- ✓ અર્થશાસ્ત્રમાં ઉચ્ચ અભ્યાસ માટે રાજયમાં પ્રથમવાર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આ પ્રકારનું રિસર્ચ બેઝ્ડ સેન્ટર શરૂ થશે
- ✓ પીએમઓના પ્રિન્સિપાલ ઇકોનોમિક એડવાઈઝર શ્રી સંજીવ સન્યાલ દ્વારા જાહેરાત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. WHO - કોરોના વાઈરસ (આરોગ્ય)

WHO દ્વારા કોરોના વાઈરસને પબ્લિક એનિમી નંબર-1 જાહેર કરાયો

વિગત -

- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાઇરસને વિશ્વ માટે અત્યંત ગંભીર ધમકી ગણાવતા પબ્લિક એનિમી નંબર વન જાહેર કર્યો છે.
- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ચીનમાંથી પ્રસરેલા વાઇરસને COVID-૧૯ નામ આપવામાં આવ્યું છે.
- ✓ કોરોના વાઇરસમાં કોઇપણ આતંકવાદી હુમલા કરતાં પણ વધુ રાજકીય આર્થિક અને સામાજિક અંધાધૂંધી ફેલાવવાની ક્ષમતા છે.
- ✓ આ વાઇરસ કોઇ આતંકવાદી હુમલા કરતાં પણ વધુ ગંભીર પરિણામો લાવવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ જો વિશ્વ આ વાઇરસ પ્રત્યે ગભીર નહીં બને તો આપણી પાસે પદાર્થપાઠ શીખવાનો સમય નહીં રહે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વિનાશકારી તિડ વિશે કેટલીક મહત્વની જાણકારી (જીવ સૃષ્ટિ)



1. ક્લાઇમેટ ચેઇજને કારણે આફ્રિકા તીડના ઝુંડ માટે બ્રીડિંગ સેન્ટર બન્યુ !
2. વધુ વરસાદ અને સારી ગરમીને કારણે તીડનું પ્રજોપ્તિ માટે સાનુકૂળ સ્થિતિ સર્જાઇ છે.
3. 2019માં પૂર્વ આફ્રિકાના દેશોમાં પડેલો ભારે વરસાદ પૂર ઉપરાંત તીડની આપત્તિ લઇને આવ્યો
4. આફ્રિકામાં તીડ માટે હિંદ મહાસાગરનો હૂંફાળો પાણી જવાબદાર
5. તીડના નિયંત્રણ માટે લેવાઇ રહેલી ઉપગ્રહની તસવીરોનું વિશ્લેષણ
6. જતુનાશક દવા છાંટવા માટે હેલિકોપ્ટરથી ક્યાં કરવો તે અંગે આયોજન
7. સાત દાયકામાં સૌથી મોટો તીડનો ઉપદ્રવનો સામનો કરી રહેલા આફ્રિકાના દેશો
8. સોમાલિયાએ તો ઇમરજન્સી જાહેર કરી દીધી છે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કેન્દ્રીય કેબિનેટ

કેન્દ્ર દ્વારા મહત્વના ત્રણ નવા ખરડાને મંજૂરી



(૧) મેજર પોર્ટસ ઓથોરિટી બિલ-2020

હેતુ

✓ બંદરોના વિકાસ માટે પોર્ટ્સ ઓથોરિટી બિલ લાવવામાં આવ્યાં છે.

✓ ઇન્ટરનેશનલ માર્કેટમાં નિકાસ સુનિશ્ચિત કરવા માટે તથા બંદરો સંબંધિત વિવાદોનો નિવેડો લાવવા જૂના મેજર પોર્ટ ટ્રસ્ટ એક્ટ, ૧૯૬૩ને બદલે નવું પોર્ટ્સ ઓથોરિટી બિલ, ૨૦૨૦ લાવવામાં આવ્યું.

✓ આ નિર્ણયથી દેશના ૧૨ મુખ્ય મોટા બંદરોની કાર્યક્ષમતામાં સુધારો થશે અને ક્ષેત્રનો સમગ્ર વિકાસ આગળ ધપશે.

(૨) પેસ્ટીસાઈડ મેનેજમેન્ટ બિલ-૨૦૨૦

મહત્વની જોગવાઈઓ

હેતુ -

✓ પેસ્ટીસાઈડ મેનેજમેન્ટ બિલ 2020માં કરાયેલી જોગવાઈઓથી ખેડૂતોને ઘણી રાહત મળશે.

✓ હવે કંપનીઓ ખેડૂતોને મરજી પ્રમાણેની કિંમતે પેસ્ટીસાઈડ નહીં વેચી શકે.

✓ આ બિલ પ્રમાણે, જો કોઈ ભેળસેળવાળી કે રજિસ્ટ્રેશન વિનાની પેસ્ટીસાઈડસ વેચશે,

તો તેને દંડ ફટાકારાશે અને કાયદેસરની કાર્યવાહી પણ ચલાવી શકાશે.

- ✓ આ ઉપરાંત નકલી પેસ્ટીસાઈડથી ખેતીને નુકસાન થશે, તો વળતરની પણ જોગવાઈ
- ✓ આ બિલમાં ઓર્ગેનિક પેસ્ટીસાઈડને પ્રોત્સાહન કરવાની જોગવાઈ છે.

(3) વિવાદથી વિશ્વાસ-૨૦૨૦

મહત્વની જોગવાઈ

- ✓ **આગામી ૩૧મી માર્ચ-૨૦૨૦ સુધી ટેક્સનો વિવાદ ઉકેલે તો દંડ નહીં**
- ✓ આ યોજના હેઠળ 31 માર્ચ સુધી ટેક્સ વિવાદોનો ઉકેલ લાવનારાને દંડમાં રાહત આપવાની જોગવાઈ છે. આવું નહીં કરનારાએ આગલા નાણાકીય વર્ષમાં વિવાદો ઉકેલવા 10% વધુ ચૂકવણી કરવી પડશે.
- ✓ કુલ રૂ. 9.32 લાખ કરોડ સાથે જોડાયેલા કર વિવાદોના મામલામાં સમાધાનની જોગવાઈ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. આયુષ્યમાન ભારત યોજના : કેન્દ્ર સરકાર (આરોગ્ય)

નવીન પહેલ

- ✓ દેશમાં એક કરોડથી વધુ સ્કૂલ ટુડન્ટ્સને હેલ્થ એન્ડ વેલનેસ મેસેન્જર તથા 22 લાખથી વધુ શિક્ષકોને હેલ્થ એન્ડ વેલનેસ એમ્બેસેડર બનાવાશે.
- ✓ બાળકોના આરોગ્ય માટે આયુષ્માન ભારત યોજના હેઠળ શરૂઆત કરશે

વિગત અને લક્ષ્યાંક

- ✓ કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ અને માનવ સંસાધન વિકાસ મંત્રાલયે મળીને આયુષ્માન ભારત હેઠળ આ યોજનાની શરૂઆત કરી છે.
- ✓ દેશમાં 11 લાખ સરકારી સ્કૂલોના દરેક ધોરણના એક-એક વિદ્યાર્થીને હેલ્થ એન્ડ વેલનેસ મેસેન્જર બનાવવાનું નક્કી કરાયું.
- ✓ દરેક સરકારી સ્કૂલમાંથી બે શિક્ષકને હેલ્થ એન્ડ-વેલનેસ એમ્બેસેડર બનાવાશે તે માટે 24 કલાકનું ટ્રેનિંગ મટીરિયલ તૈયાર કરાયું. ત્યાર બાદ દર અઠવાડિયે એક કલાકનું સેશન સ્ટુડન્ટ્સ માટે હશે.
- ✓ સંબંધો-મૂલ્યો, ઉત્તરદાયી નાગરિક, જાતિ સમાનતા, પોષણ, સાફ-સફાઈ હેલ્પી લાઈફ સ્ટાઇલ, એચઆઈવી રોકવો, ઇજાથી બચાવ ઉપરાંત ઇન્ટરનેટનો યોગ્ય ઉપયોગ અંગે ટુડન્ટ્સને માહિતી અપાશે
- ✓ સ્ટુડન્ટ્સને આરોગ્ય સંબંધી કોઈ પણ પ્રકારની સમસ્યાઓ હશે તેમને સ્કૂલેથી સીધા હેલ્થ એન્ડ વેસનસ સેન્ટરે લઈ જવાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. કિયારા વાવાઝોડુ (કુદરતી આપત્તિ)

- ✓ યુરોપના જુદાં-જુદાં દેશો પ્રભાવિત.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. સુધારો – કેન્દ્ર સરકાર (આરોગ્ય)

માનવી અથવા પ્રાણી પર વપરાતું તબીબી સાધન હવે દવાની કેટેગરીમાં સામેલ કરાયું

✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેરનામું

✓ અમલ- ૧લી એપ્રિલ-૨૦૨૦થી

મહત્વની જોગવાઈ

✓ તમામ તબીબી સાધનો ગુણવત્તા અને ક્ષમતાના ચોક્કસ ધોરણોને પુરા કરે તેની ખાતરી કરવા કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે આજે માનવી અથવા પ્રાણી પર વપરાયેલું સાધન ડ્રગ એન્ડ કોમેટિક એક્ટની કલમ ત્રણ હેઠળ "ડ્રગ" (દવા) છે એવું જાહેરનામું બહાર પાડ્યું હતું જેનો પહેલી એપ્રિલે ૨૦૨૦થી અમલ શરૂ કરાશે.

✓ તબીબી સાધનોમાં ઈપ્લાન્ટેબલ, તબીબ સાધનો, સીટી સ્કેન, એમઆરઆઈ તબીબી સાધનોના ઉત્પાદકો, આયાતકારો અને વેચાણકર્તાઓને સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશ દ્વારા પ્રમાણપત્ર લેવું પડશે.

✓ હાલમાં માત્ર ૨૩ સાધનોને જ આ કાયદા હેઠળ નિયંત્રીત કરાયા છે.

✓ દવા અને તબીબી સાધનો સબંધીત ટેકનીકલ મુદે દેશની સર્વોચ્ય સલાહકાર સંસ્થા ડ્રગ ટેકનિકલ એડવાઇઝરી બોર્ડ દ્વારા એપ્રિલ ૨૦૧૯માં ભલામણ કરવામાં આવી હતી કે તમામ તબીબી સાધનોને ડ્રગ એન્ડ કોમેટિક કાયદા હેઠળ ડ્રગ-દવા જાહેર કરવા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : ૧૨ ફેબ્રુઆરી

મહર્ષિ : દયાનંદ સરસ્વતી



જન્મ - ૧૨ ફેબ્રુઆરી-૧૮૨૪

અવસાન – ૩૦ ઓકટોબર-૧૮૮૩

✓ ક્રાંતિકારી સમાજસુધારક સ્વામી દયાનંદનો જન્મ મહા વદ દસમ, ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૪ના રોજ મોરબી પાસેના ટંકારા ગામે બ્રાહ્મણ પરિવારમાં જન્મ થયો હતો.

✓ બાળપણનું નામ - મૂળશંકર

✓ એક દિવસે મૂળશંકર સત્યની ખોજમાં ઘરેથી નીકળી ગયા. સંસારની ભૌતિકતાથી દૂર ચાલતાં ચાલતાં નર્મદા નદી પર આવ્યા.

✓ પરમહંસ પરમાનંદજી પાસે વેદાન્તનો અભ્યાસ કર્યો. અહીંથી આગળ દંડી સ્વામીના પરિચયમાં આવ્યા અને દ્વારકા સંઘમાં સામેલ થઈ ગયા.

✓ મૂળશંકર દંડી સ્વામીના જ્ઞાનથી પ્રભાવિત થયા. દંડી સ્વામી પણ મૂળશંકરના

વિવેકથી પ્રસન્ન થયા અને દીક્ષા આપી દયાનંદ સરસ્વતી નામ આપ્યું. ફકત એક વર્ષમાં ધર્મશાસ્ત્રનું અધ્યન કર્યું.

- ✓ ગુરુની ખોજમાં ગુજરાત છોડીને કાશી ચાલ્યા ગયા. ત્યાં યોગાભ્યાસ કર્યો. એના પછી દૃઢ મનોબળની સાથે હિમાલયમાં તપસ્યા કરી.
- ✓ યોગ્ય ગુરુ તો ન મળ્યા, પરંતુ આત્મજ્ઞાન મળી ગયું. ત્યાર બાદ અવધૂત અવસ્થામાં રહ્યા.
- ✓ ૧૦-૧૨ વર્ષની તપસ્યા પછી સ્વામી દયાનંદ સરસ્વતી દિવ્ય ચેતનાના સ્વામી બની ગયા. પરંતુ આત્મકલ્યાણની સાથે દેશની હાલત, ધર્મનું પતન, દંભ, પાખંડ વગેરે દેશમાંથી કેમ દૂર કરવાં? આ એમના મનમાં વ્યથા હતી.
- ✓ દેશની સંસ્કૃતિને કેમ બચાવવી આ જ વિચાર કરતા હતા. હિંદુ ઉદ્ધાર માટે એમણે કઠોર પરિશ્રમ કર્યો હતો.
- ✓ તેમણે મુર્તિપૂજાનો વિરોધ, વિધવા વિવાહ સમર્થન, હરિજનોને યજ્ઞોપવીત, પશુબલિનો વિરોધ, બુરખા પ્રથાનો વિરોધ, પરજ્ઞાતીય લગ્નો, વગેરે અંગે નવું ચિંતન પ્રગટ કર્યું.
- ✓ તેમણે બ્રિટિશ શાસન, ઇસ્લામિક–ખ્રિસ્તી ધર્મ સાંસ્કૃતિક આક્રમણ અને હિંદુ ધર્મમાં પરિવર્તનની આડે આવતાં સાંપ્રદાયિક બળો સામે મોરચો માંડયો હતો. ૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના કરી હતી.
- ✓ હરિદ્વાર, આગ્રા, કાનપુર, કાશી, કોલકાતા, અલીગઢ, મથુરા, વૃંદાવન, અલ્હાબાદ, મુંબઈ દરેક જગ્યાએ એમને માનવસન્માન મળ્યું. પછી પોતાનું કાર્યક્ષેત્ર ઉત્તર ભારત બનાવ્યું.
- ✓ આજે પણ એમનું કીર્તિમંદિર પંજાબમાં છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી રાજસ્થાન તરફ ચાલ્યા ગયા જયાં ઘણા ધર્મના કાર્યક્રમો યોજયા હતા.
- ✓ દેશી રાજયોના રાજાઓને ધર્મ તરફ આકર્ષિત કર્યા.
- ✓ જોધપુરના રાજા જશવંત સિંહ પણ એનાથી પ્રભાવિત થયા અને ભોગવિલાસ અને વ્યસનથી દૂર રહ્યા હતા.
- ✓ કહેવાય છે કે મહારાજા જશવંત સિંહ ની રખાત “નન્હિ ભક્તન્” તેમજ સ્વામિના વિરોધી એવા પંડિતો, મુલ્લાઓ અને અંગ્રેજો સાથે મળીને, રસોઈયાની મદદથી જગન્નાથની સાથે ઝેરવાળું દૂધ મોકલ્યું એનાથી દયાનંદ સરસ્વતીનું મૃત્યુ ૩૦ ઓક્ટોબર ૧૮૮૩ના રોજ થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં કયા રાજ્યમાં સરકારી કર્મચારીઓ માટે સપ્તાહમાં કામકાજના પાંચ દિવસ નક્કી કરાયા- **મહારાષ્ટ્ર**
2. તાજેતરમાં કયા રાજ્યની સ્કૂલ-કોલેજોમાં રાષ્ટ્રગાન ગાવાનું ફરજિયાત કરાયું- **મહારાષ્ટ્ર**
3. ગુજરાતના વિદ્યાર્થીઓમાં જ્ઞાન, સમજ, કૌશલ્ય વિકસે અને રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓમાં સ્પર્ધા કરી શકે તે હેતુએ આગામી કયા શૈક્ષણિક સત્રથી ધોરણ 03 થી

12ની બધી પરીક્ષાના પ્રશ્નપત્રો રાજ્યકક્ષાએથી તૈયાર કરાશે- **એપ્રિલ 2020થી**

4. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની જાહેરાત મુજબ મિશન- 2024 અંતર્ગત ધોરણ-૩ થી ૪ અને ધોરણ-૯ થી 12 પ્રશ્નપત્રો કોણ તૈયાર કરશે - **GCERT અને ગુજરાત શિક્ષણ બોર્ડ**
5. ગુજરાતમાં સૌપ્રથમ કઈ યુનિવર્સિટીમાં 'ઇન્ડિયન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ'નો પ્રારંભ થશે- **ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**
6. ગુજરાતમાં સૌપ્રથમવાર કઈ યુનિવર્સિટી કેમ્પસમાં અર્થશાસ્ત્ર ઉપર રિસર્ચ બેઝડ સેન્ટર શરૂ કરવામાં આવશે- **ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**
7. તાજેતરમાં કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા કોરોના વાઈરસને પબ્લિક એનિમી નંબર-01 જાહેર કરવામાં આવ્યો- **વિશ્વ આરોગ્ય સંસ્થા**
8. ફેબ્રુઆરી- 2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કયા ત્રણ નવા ખરડાને મંજૂરી આપી- 1). મેજર પોર્ટસ ઓથોરિટી બિલ-2020 2). પેસ્ટીસાઈડ મેનેજમેન્ટ બિલ-2020 3). વિવાદથી વિશ્વાસ બિલ-2020
9. કેન્દ્ર સરકાર દ્વારા 'વિવાદથી વિશ્વાસ બિલ-2020' અંતર્ગત ક્યાં સુધીમાં ટેક્સ વિવાદનો ઉકેલ આવે તો દંડ નહીં કરવાની જોગવાઇ કરાઇ છે- **31 માર્ચ 2020**
10. મેજર પોર્ટસ ઓથોરિટી બિલ-2020 અંતર્ગત ભારતના કેટલા મુખ્ય બંદરોની કાર્યક્ષમતામાં વધારો થશે- **12**
11. આયુષ્માન ભારત યોજના અંતર્ગત બાળકોના આરોગ્ય માટે દેશના એક કરોડથી વધુ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને કઈ નવીન જવાબદારી સોંપાશે- **હેલ્થ એન્ડ વેલનેસ 'મેસેન્જર'**
12. આયુષ્માન ભારત યોજના અંતર્ગત બાળકોના આરોગ્ય માટે કેટલા શિક્ષકોને હેલ્થ એન્ડ વેલનેસ 'એમ્બેસેડર' બનાવાશે- **22 લાખથી વધુ**
13. આયુષ્યમાન ભારત યોજના કયા મંત્રાલય દ્વારા ચલાવવામાં આવે છે - **કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય**
14. તાજેતરમાં કયા દેશોમાં ભયાનક 'કિયારા' વાવાઝોડું ફૂંકાયું હતું- **યુરોપિયન દેશો**
15. તાજેતરમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયના જાહેરનામા મુજબ માનવી અથવા પ્રાણી પર વપરાતા તબીબી સાધનને હવે કઈ કેટેગરીમાં સમાવાયું- **દવા (અમલ- 01 એપ્રિલ 2020)**
16. આર્યસમાજની સ્થાપના કોણે અને ક્યારે કરી હતી - **મહર્ષિ દયાનંદ સરસ્વતી અને વર્ષ-૧૮૭૫**
17. મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જન્મ દિવસ જણાવો - **૧૨ ફેબ્રુઆરી-૧૮૨૪**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 13-02-2020



૧. સુપ્રીમ કોર્ટ - રાજકીય પક્ષોના કલંકિત ઉમેદવારો માટે મહત્વનો આદેશ



આદેશ-રાજકીય પક્ષોએ તેમના કલંકિત ઉમેદવારોની માહિતી જાહેર કરવી ફરજીયાત

સુપ્રીમ કોર્ટના મહત્વના આદેશ

1. ઉમેદવારીપત્ર ભર્યાના ૪૮ કલાકમાં ઉમેદવારની તમામ માહિતી એક સ્થાનિક અખબાર, એક રાષ્ટ્રીય અખબાર અને ફેસબુક, ટ્વિટર સહિતના સોશિયલ મીડિયા પર પ્રસિદ્ધ કરવી પડશે
2. ઉમેદવાર તેનું ઉમેદવારી પત્ર ભરે તેના ૨૪ કલાકમાં રાજકીય પક્ષે તેની માહિતી પબ્લિક ડોમેઇનમાં મૂકી છે તે અંગેનો રિપોર્ટ ચૂંટણી પંચને આપવો પડશે.
3. ઉમેદવારની માહિતી જાહેર કરાયા અંગેનો રિપોર્ટ રાજકીય પક્ષોએ ૭૨ કલાકમાં ચૂંટણી પંચને આપવો પડશે
4. ઉમેદવારના ગુનાનો પ્રકાર, તેની સામે આરોપો ઘડાયા છે કે કેમ, તમામ માહિતી પ્રસિદ્ધ કરવી પડશે
5. કથિત ઉમેદવારની જ શા માટે પાર્ટી દ્વારા પસંદગી કરાઇ તે અંગેનાં કારણો રજૂ કરવાં પડશે
6. ઉમેદવાર ચૂંટણી જીતી શકે તે માટે તેની પસંદગી કરાઈ છે તે કારણ સ્વીકાર્ય નથી

અન્ય માહિતી

- ✓ રાજકારણમાં વધતા જતા અપરાધીકરણ સામે સુપ્રીમ કોર્ટે સીમાવર્તી ચુકાદો આપ્યો છે અને કહ્યું છે કે હવેથી રાજકીય પાર્ટીઓએ ક્રિમિનલ ઉમેદવારને કેમ ટિકિટ આપી તેનું કારણ વેબસાઇટ પર જાહેર કરવું પડશે, આવું નહીં કરનાર પાર્ટી સામે કન્ટેટ ઓફ કોર્ટનો ગુનો દાખલ કરાશે

- ✓ ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શક અને જવાબદાર બનાવવા માટે સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, રાજ્ય વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ઉતારાયેલા ઉમેદવારના અપરાધિક ભૂતકાળ સહિતની વિગતો પાટીની સત્તાવાર વેબસાઇટ, સોશિયલ મીડિયા અને અખબારોમાં જાહેર કરવી પડશે.
- ✓ ઉમેદવારની પસંદગી શા માટે કરાઈ તેના ખુલાસા સાથે પાટીની વેબસાઈટ, સોશિયલ મીડિયા અને અખબારોમાં ઉમેદવારની લાયકાત, સિદ્ધિ અને અપરાધિક કેસો અંગેની માહિતી જાહેર કરવાનો આદેશ આપવાના ચૂંટણી પંચનાં સૂચનોનો સુપ્રીમ કોર્ટે સ્વીકાર કર્યો હતો.
- ✓ ઉમેદવાર ચૂંટણી જીતી શકે તેમ હોવાથી તેની પસંદગી કરાઈ છે તેવી દલીલને નકારી કાઢતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે , ઉમેદવારની પસંદગી કરવા પાછળના તેની લાયકાત, સિદ્ધિ અને યોગ્યતા જેવાં કારણો રાજકીય પક્ષોએ આપવાં પડશે.
- ✓ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ઉમેદવારની પસંદગી કર્યાના ૪૮ કલાકમાં રાજકીય પક્ષે તેની તમામ માહિતી પબ્લિક ડોમેઇનમાં મૂકવી પડશે.
- ✓ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે , અદાલતના નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ જનારા રાજકીય પક્ષો સામે અદાલતની અવમાનનાનાં પગલાં લેવાશે.
- ✓ દિલ્હીમાં તાજેતરમાં ચૂંટાયેલા ૭૦ ધારાસભ્યોમાંથી ૪૩ ધારાસભ્યોનું ક્રિમિનલ બેકગ્રાઉન્ડ છે, ૨૦૧૯માં ચૂંટાયેલા સાંસદોમાંથી ૪૩ ટકા સાંસદો પર પોલીસ ફરિયાદ નોંધાયેલી છે, જો આવું ચાલ્યાં કરશે તો દેશમાં કાયદાકીય શાસન ક્યાંથી સ્થપાશે ?

<u>ચુકાદો આપનાર બેચ</u>

- ✓ <u>જજ આર એફ નરીમાન</u>
- ✓ <u>જજ એસ રવિન્દ્ર ભટ્ટ</u>
- ✓ સુપ્રીમ કોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયાધીશ – શ્રી શરદ અરવિંદ બોબડે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૨. વૈશ્વિક બાબતો - ભારતનું ગૌરવ : બ્રિટનના મંત્રીમંડળમાં ત્રણ મૂળ ભારતીયોને મહત્વનું સ્થાન</u>



<u>વિગત</u>

1. નવા નાણાપ્રધાન- મૂળ ભારતીય રાજકારણી રિશી સુનક (ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિના જમાઈ)
2. ગૃહપ્રધાન - મૂળ ભારતીય પ્રીતિ પટેલની પુન: નિમણૂક

3. વાણિજય પ્રધાન - મૂળ ભારતીય આલોક શર્મા

ઋષિ સુનકનો ખાસ પરીચય

- ✓ રિશી સુનક યોર્કશાયરના રિચમોન્ડ ખાતેથી સાંસદ તરીકે ચૂંટાયા છે. તેમણે ભારતની આઈટી કંપની ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિની પુત્રી અક્ષતા સાથે લગ્ન કર્યા છે.
- ✓ તેઓ ૨૦૧૫માં યુકેની સંસદમાં પહેલી વખત ચૂંટાયા હતા અને કોન્ઝર્વેટિવ પાર્ટીમાં તેમનો સિતારો ઝડપથી ચમક્યો હતો.
- ✓ ઈયુથી અલગ પડવા તેઓ બ્રેક્ઝિટ વખતે જોન્સનના મજબૂત ટેકેદાર રહ્યા હતા.
- ✓ સુનક ૧ અબજ પાઉન્ડની ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ કંપનીના સહસ્થાપક છે અને નાના બ્રિટિશ બિઝનેસમાં રોકાણનો બહોળો અનુભવ ધરાવે છે .
- ✓ યુકે વડાપ્રધાન - બોરિસ જોન્સન
- ✓ રાજધાની - લંડન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ – સિદ્ધિ : હોકી એવોર્ડ

પ્લેયર ઓફ ધ યર-2019



વિજેતા

(૧) ભારતીય હોકી ટીમના સુકાની મનપ્રીતસિંહે ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH)નો પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ વિજેતા.

- ✓ આ સન્માન મેળવનાર ભારતના પ્રથમ મેન્સ હોકી ખેલાડી.
- ✓ ૨૦૧૯ની સિઝન તેના માટે યાદગાર રહી છે અને તેના નેતૃત્વમાં ભારતે ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું હતું.

(૨) ભારતના હોકી ખેલાડી વિવેક પ્રસાદને વર્ષના શ્રેષ્ઠ રાઈઝીંગ હોકી સ્ટારનો એવોર્ડ અપાયો

- ✓ સંસ્થા- ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH)
- ✓ સ્થાન - લુસાન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. AICTE : નિર્ણય (શિક્ષણ)

વર્ષ ૨૦૨૦માં ૫૦ ટકા બેઠકો ખાલી રહેતા ૨૦૨૨ સુધી નવી ઇજનેરી કોલેજોની સ્થાપના ઉપર પ્રતિબંધ

વધુ માહિતી

- ✓ બે વર્ષ બાદ પ્રતિબંધની સમીક્ષા કરાશે
- ✓ ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) એ એન્જિનિયરિંગના શિક્ષણ પર બ્રેક મારી દીધી છે.
- ✓ સમગ્ર ભારતમાં બી. ટેક. સંસ્થાઓ પર લગામ કસતાં એઆઈ સીટીઈએ ૨૦૨૨

સુધી નવી ઇજનેરીની કોલેજોની સ્થાપના પર રોક લગાવી દીધી છે.

- ✓ ૨૦૨૨ સુધી નવી ઇજનેરી કોલેજ માટેની અરજી પણ સ્વીકારવામાં આવશે નહીં.
- ✓ ૨૦૧૯-૨૦ની એડમિશન સિઝનમાં ઇજનેરીમાં ફક્ત ૫૦ ટકા બેઠકો જ ભરાતાં એઆઇસીટીઇ દ્વારા આ નિર્ણય લેવાયો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. પુસ્તક વિમોચન :

પુસ્તકનું નામ - વી.પી.મેનન

લેખક - નારાયણ બસુ



- ✓ પુસ્તક વિશે- ભારત નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવનાર વી.પી.મેનનના જીવન પર આધારિત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિમણૂક – એર ઈન્ડિયા

કેન્દ્ર સરકાર દ્વારા એર ઈન્ડિયાના નવા ચેરમેન તથા MD તરીકે રાજીવ બંસલની નિમણૂક



- ✓ IAS -૧૯૮૮ બેચ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ખેલકૂદ– ત્રીજી ખેલો ઈન્ડિયા ગેમ્સ-૨૦૨૦

પ્રથમવાર આ વખતે વિન્ટર ગેમ્સ જમ્મુ-કાશ્મિર અને લદ્દાખમાં રમાશે

વિગતવાર માહિતી

હેતુ-

- ✓ દેશમાં સ્પોર્ટ્સનું સ્તર સુધારવા અને વધુમાં વધુ લોકોને સ્પોર્ટ્સ સાથે જોડવા માટે શરૂ કરાયેલી ખેલો ઇન્ડિયા ગેમ્સ હવે તેના નેક્સ્ટ લેવલ પર પહોંચી ગઈ છે.
- ✓ 2018માં પહેલી વાર આ ગેમ્સ રમાઈ હતી.
- ✓ હવે તેમાં વિન્ટર ગેમ્સને પણ સામેલ કરી લેવાઈ છે. પહેલી વાર ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ રમાશે.
- ✓ આ ગેમ્સ લદાખ અને જમ્મુ-કાશ્મીરમાં રમાશે. બે મહિનામાં ત્રીજી વાર 'ખેલો ઇન્ડિયા ગેમ્સ'નું આયોજન થશે.
- ✓ જાન્યુઆરી-૨૦૨૦માં ગુવાહાટીમાં ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સ રમાઈ હતી, જે તેની ત્રીજી સીઝન હતી
- ✓ જ્યારે 22 ફેબ્રુઆરીથી પહેલી વાર ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ રમાશે.

- ✓ વિન્ટર ગેમ્સ લદાખમાં ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયાથી અને જમ્મુ-કાશ્મીરમાં 7 માર્ચથી રમાશે, જેમાં 7 વિન્ટર સ્પોર્ટ્સમાં 14 ઇવેન્ટ થશે.
- ✓ તેમાં 16થી વધુ રાજ્યોના અંદાજે 2,500 ખેલાડીઓ ભાગ લે તેવી શક્યતા છે.

<u>લદાખમાં ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયે અને જમ્મુ-કાશ્મીરમાં 7 માર્ચથી</u>

<u>આ રમતની ઇવેન્ટ થશે</u>

1. અલ્પાઇન સ્કીઇંગ
2. સ્નો રગ્બી
3. આઇસ સ્ટોક સ્પોર્ટ
4. સ્નો બેઝ બોલ
5. આઇસ હોકી
6. આઇસ સ્કેટિંગ
7. ક્રોસ કન્ટ્રી સ્કીઇંગ
8. સ્નોશૂઇંગમાં પુરુષ અને મહિલા ભાગ લેશે
9. સ્નો બોર્ડિંગ
10. સ્નો ડર્બી
11. સ્કાય સાઈકલમાં માત્ર પુરુષ ખેલાડી ભાગ લેશે.

- ✓ ખેલફૂદ પ્રધાન - કિરન રિજિજૂ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. વૈશ્વિક રેટિંગ – ભારત :

<u>વૈશ્વિક રેટિંગ એજન્સી S & P દ્વારા ભારતનું BBB-(માઈનસ) રેટિંગ યથાવત</u>

- ✓ ભારતીય અર્થતંત્રમાં આવેલા ઘસારાને પગલે વૈશ્વિક રેટિંગ એજન્સી સ્ટાન્ડર્ડ એન્ડ પુઅરે જાહેર કરેલા તેના રિપોર્ટમાં દેશનું રેટિંગ BBB- જાળવી રાખ્યું છે.
- ✓ ભારતનું અર્થતંત્ર પાયાગત રીતે મજબૂત વૃદ્ધિની સ્થિતિમાં છે. આગામી બેથી ત્રણ વર્ષ દરમિયાન લાંબા ગાળા માટે સુધારાની સંભાવના છે.
- ✓ કોઈપણ દેશનું બીબીબી રેટિંગ તેના નાણાંકીય વચનો પૂરા કરવાની પર્યાપ્ત ક્ષમતા હોવાનું તે જણાવે છે.

<u>2020-21માં વૃદ્ધિદર 6 % રહેશે</u>

- ✓ રેટિંગ એજન્સીનું માનવું છે કે વર્ષ 2020-21માં ભારતનો આર્થિક વૃદ્ધિદર સુધરીને 6 ટકા અને તે પછીના વર્ષે 7 ટકા અને ત્યારપછી 7.4 ટકા સુધી પહોંચી શકે છે.
- ✓ વિશ્વના અન્ય અર્થતંત્ર કરતાં ભારતનું અર્થતંત્ર સુસ્તી છતાં ઝડપથી આગળ વધશે તેવું એજન્સી માની રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. અવસાન – પર્યાવરણવિદ નોબેલ પીસ પ્રાઈઝ વિજેતા આર.કે. પચૌરી



વિગતવાર પરિચય

- ✓ ધ એનર્જી એન્ડ રિસોર્સ ઇન્સ્ટીટ્યુટ (TERI)ના પૂર્વ પ્રમુખ તેમજ નોબેલ પીસ પ્રાઇઝનું સન્માન મેળવનાર આર.કે. પચૌરીનું ૭૯ વર્ષની ઉંમરે નવી દિલ્હી ખાતે અવસાન.
- ✓ નોબેલ પીસ પ્રાઇઝ સિવાય ભારત સરકારે તેમને પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણથી પણ સન્માનિત કર્યા હતા.
- ✓ TERIના વર્તમાન ડાયરેકટર – શ્રી અજય માથુર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. નવીન પહેલ – ભારતીય ચૂંટણી પંચ

અન્ય -

- ✓ રાજયોમાં રહીને પણ મતદાતા પોતાના રાજ્યની ચૂંટણીમાં મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાશે

વિશેષ સમજૂતિ

- ✓ આઈઆઈટી મદ્રાસ સાથે મળીને એક 'બ્લોક ચેન' સિસ્ટમ વિકસિત કરાશે.
- ✓ આ સિસ્ટમની મદદ વડે ભવિષ્યમાં વ્યક્તિ બીજા રાજ્યમાં કામ કરતી હશે છતા પણ પોતાના રાજ્યની ચૂંટણી દરમિયાન મતદાન કરી શકશે.
- ✓ જો કે , સાથે જ તેમણે વ્યક્તિ પોતાના ઘરે બેસીને જ મત નહીં આપી શકે પરંતુ તેણે મતાધિકારના પ્રયોગ માટે નક્કી કરેલા સ્થળ સુધી જવું પડશે તેવી સ્પષ્ટતા કરી.
- ✓ બ્લોકચેન સિસ્ટમ એ વધારે સંખ્યામાં રેકોડર્સ રાખવા માટેની એક એવી વ્યવસ્થા છે જેમાં તમામ રેકોર્ડની માહિતી એક બીજા સાથે સંકળાયેલી હોય છે.

મુખ્ય ચૂંટણી કમિશનર– શ્રી સુનિલ અરોરા નવી દિલ્હી

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. દિન વિશેષ : ૧૩ ફેબ્રુઆરી

(1) વિશ્વ રેડિયો દિવસ



- ✓ **થીમ : રેડિયો અને વિવિધતા**
- ✓ **વર્તમાન સ્થિતિ– ૯૨ ભાષાઓ અને બોલીઓમાં ૬૦૭ સમાચાર બૂલેટિનો પ્રસારિત**
- ✓ **ભારતમાં આકાશવાણીની સ્થાપના – ૧૯૩૬**
- ✓ યુ.એન. દ્વારા રેડિયો દિવસ ઉજવવાની શરુઆત વર્ષ 2012થી કરવામાં આવી.
- ✓ રેડિયોના શોધક - જી. માર્કોની

(2) રાષ્ટ્રીય મહિલા દિવસ : હિંદના બૂલબૂલ સરોજિની નાયડુના જન્મદિવસની યાદમાં



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૨. જન્મ દિન વિશેષ : 13 ફેબ્રુઆરી

ભારતનાં બુલબુલ : સરોજિની નાયડુ



જન્મ - 13 ફેબ્રુઆરી-1879

અવસાન- 2 માર્ચ-1949

✓ 'શ્રમ કરતે હૈ હમ, કિ સમુદ્ર હો તુમહારી જાગૃતિ કા ક્ષણ, હો ચૂકા જાગરણ અબ દેખો, નિકલા દિન કિતના ઉજ્જવલ' પ્રસ્તુત કાવ્ય પંક્તિના સર્જક ભારતનાં કોકિલા, બુલબુલ તરીકે પ્રસિદ્ધ મહાન સ્વતંત્રતા સેનાની સરોજિની નાયડુ અને અમેરિકી ચિત્રકાર ગ્રાન્ટ વુડની આજે જન્મતિથિ છે.

✓ મૂળ બાંગ્લાદેશી પણ હૈદરાબાદમાં જન્મેલાં સરોજિની માતાપિતાનાં આઠ સંતાનો પૈકી સૌથી મોટાં હતાં, ઉમદા પારિવારિક અને શૈક્ષણિક વારસો ધરાવતા સરોજિનીએ 12 વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા સમગ્ર મદ્રાસ ઇલાકામાં પહેલા નંબરે પાસ કરી હતી.

✓ તેઓ નિઝામની શિષ્યવૃત્તિ પર બ્રિટનમાં ભણ્યાં હતાં. અભ્યાસ પછી 1914માં મહાત્મા ગાંધીને મળ્યા પછી તેઓના પટ્ટશિષ્યા બની ગયાં.

✓ ધરાસણા સત્યાગ્રહમાં ગાંધીજીની ધરપકડ પછી સરોજિનીએ સત્યાગ્રહનું નેતૃત્વ સંભાળ્યું. કઠોર અત્યાચારો સહન કર્યા.

✓ 1942ના હિંદ છોડો આંદોલનમાં ભાગ લઈ 21 મહિનાની નાયડુ જેલની સજા ભોગવી હતી.

✓ કોંગ્રેસનાં પહેલાં મહિલા પ્રમુખ તથા ભારતના પહેલાં મહિલા રાજ્યપાલ સરોજિની નાયડુનું 2 માર્ચ 1949ના રોજ લખનૌમાં અવસાન થયું હતું.

✓ ભારત સરકારે 13 ફેબ્રુઆરી 1964ના રોજ તેમની સ્મૃતિમાં 15 પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં રાજકીય પક્ષોએ તેમના કલંકિત ઉમેદવારોની માહિતી ફરજિયાત જાહેર કરવી પડશે તેવો મહત્વનો ચુકાદો કઈ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે- સુપ્રીમ કોર્ટ
2. રાજકીય પક્ષોના કલંકિત ઉમેદવારોએ ઉમેદવારી કર્યોના કેટલા કલાકમાં તેમની તમામ માહિતી એક સ્થાનિક અખબાર, એક રાષ્ટ્રીય અખબાર અને

ફેસબુક-ટ્વિટર સહિતના સોશિયલ મીડિયા ઉપર પ્રસિદ્ધ કરવી પડશે- **48 કલાક**

3. રાજકીય પક્ષોએ ઉમેદવારની માહિતી જાહેર કર્યા અંગેનો અહેવાલ કેટલા કલાકમાં ચૂંટણીપંચની આપવો પડશે- **72 કલાક**
4. રાજકીય પક્ષોના કલંકિત ઉમેદવારોની માહિતી જાહેર કરવા અંગેનો મહત્વનો ચુકાદો સુપ્રીમ કોર્ટની કોની બેંચ દ્વારા આપવામાં આવ્યો છે- **જજ આર એફ નરીમાન અને જજ રવિન્દ્ર ભટ**
5. ભારતના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો- **શ્રી શરદ અરવિંદ બોબડે**
6. તાજેતરમાં ભારતીય મૂળના કયા મહાનુભાવનો બ્રિટનના પ્રધાનમંડળમાં નાણા પ્રધાન તરીકે સમાવેશ કરાયો છે- **રિશી સુનક**
7. તાજેતરમાં ભારતીય મૂળના કયા મહાનુભાવનો બ્રિટનના પ્રધાનમંડળમાં ગૃહપ્રધાન તરીકે પુનઃ સમાવેશ કરાયો છે - **ગુજરાતી પ્રીતિ પટેલ**
8. તાજેતરમાં ભારતીય મૂળના કયા મહાનુભાવનો બ્રિટનના પ્રધાનમંડળમાં વાણિજ્ય પ્રધાન તરીકે સમાવેશ કરાયો છે- **આલોક શર્મા**
9. બ્રિટનના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો- **બોરિસ જોન્સન**
10. તાજેતરમાં ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા ભારતમાં સૌપ્રથમ કોને 'પ્લેયર ઓફ ધી યર-2019'નું સન્માન અપાયું- **ભારતીય હોકી ટીમના કેપ્ટન મનપ્રિત સિંહ**
11. ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા કયા ભારતીય ખેલાડીને પ્રથમવાર 'શ્રેષ્ઠ રાઇઝિંગ હોકી સ્ટાર'નો એવોર્ડ અપાયો- **વિવેક પ્રસાદ**
12. AICTE દ્વારા તાજેતરમાં આગામી કયા વર્ષ સુધીમાં નવી ઇજનેરી કોલેજોની મંજૂરી આપવા પ્રતિબંધ મુકાયો- **વર્ષ 2022**
13. AICTEનું વિસ્તૃત નામ જણાવો- **ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન**
14. તાજેતરમાં વિમોચન કરવામાં આવેલ પુસ્તક ' વી.પી.મેનન'ના લેખકનું નામ જણાવો- **નારાયણ બસુ**
15. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં એર ઇન્ડિયાના નવા ચેરમેન અને એમ.ડી તરીકે નિમણૂક કરવામાં આવી છે- **રાજીવ બંસલ**
16. વૈશ્વિક રેટિંગ એજન્સી S&P દ્વારા ફેબ્રુઆરી 2020ની સ્થિતિએ ભારતનું રેટિંગ કેટલું યથાવત રાખ્યું છે- **BBB-**
17. તાજેતરમાં કયા પર્યાવરણવિદ અને નોબેલ પીસ પ્રાઈઝ વિજેતાનું નવી દિલ્હી ખાતે અવસાન થયું- **આર.કે. પચૌરી**
18. TERIના વર્તમાન ડાયરેક્ટરનું નામ જણાવો- **શ્રી અજય માથુર**
19. TERIનું વિસ્તૃત નામ જણાવો- **ધ એનર્જી એન્ડ રિસોર્સ ઇન્સ્ટિટયૂટ**
20. ભારતમાં સૌ પ્રથમવાર ત્રીજી ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ -2020 ક્યાં યોજાશે- **જમ્મુ કાશ્મીર અને લદાખ**
21. ભારતના વર્તમાન રમત ગમત મંત્રીનું નામ જણાવો- **કિરણ રિજિજૂ**
22. હિન્દના બુલબુલ સરોજની નાયડુનો જન્મદિવસ જણાવો- **13 ફેબ્રુઆરી**
23. ભારતમાં 13 ફેબ્રુઆરી કયા દિવસ તરીકે ઉજવાય છે- **રાષ્ટ્રીય મહિલા દિવસ**
24. ભારતમાં 'રાષ્ટ્રીય મહિલા દિવસ' કયા મહિલાના જન્મદિવસની યાદમાં ઉજવાય છે- **સરોજની નાયડુ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 14-02-2020



૧. COVID-19 : કોરોના વાઈરસ (આરોગ્ય)



ભારતમાં કોરોના વાઈરસ સામે સાવચેતીના ભાગરૂપે કેન્દ્રીય પ્રધાનોની ઉચ્ચકક્ષાની સમિતિ રચાઈ

સમિતિની ભૂમિકા

- ✓ દેશમાં કોરાનાનો સામનો કરવા માટેની તૈયારી અને વ્યવસ્થા ઉપર દેખરેખ રાખશે

સમિતિમાં કયા કયા મંત્રીઓનો સમાવેશ

- ✓ આરોગ્ય પ્રધાન ડૉ.હર્ષવર્ધન
- ✓ નાગરિક ઉડ્ડયન પ્રધાન હરદીપ પુરી
- ✓ વિદેશપ્રધાન એસ.જયશંકર
- ✓ શિપિંગ પ્રધાન મનસુખ માંડવિયા અને
- ✓ રાજ્યકક્ષાનાં આરોગ્યપ્રધાન અશ્વિની કુમાર ચૌબે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. હાઈડ્રોપોનિક્સ: ખેતી માટેની નવતર પદ્ધતિ



માટીને બદલે મેટ્રેસ ફોમનો ઉપયોગ કરીને નવતર ખેતી

હાઈડ્રોપોનિક્સ શું છે ?

- ✓ માટી વિના છોડ ઉગાડાવામાં આવે તેને હાઇડ્રોપોનિક્સ પદ્ધતિ કહેવામાં આવે છે.
- ✓ તેમાં પોષક દ્રવ્યથી સમૃદ્ધ પાણીનો ઉપયોગ થાય છે અને વાદળી જેવા

પદાર્થનો ઉપયોગ મૂળ, ખાસ તો છોડને આધાર માટે વપરાય છે.

- ✓ આ રીતે ટામેટા, મરી, ભાજી અને ઔષધિનો છોડ ઉગાડી શકાય છે.
- ✓ પરંપરાગત ખેતી કરતાં આ પ્રકારની ટેકનિકમાં પાણી ઓછું વપરાય છે.
- ✓ જમીનમાં ટામેટાં ઉગાડાય તો ૨.૨ પાઉન્ડ ટામેટાં માટે ૮૮ ગેલન પાણીનો ઉપયોગ થાય છે, જ્યારે હાઇડ્રોપોનિક્સમાં એટલા જ ટામેટાં ઉગાડવા માટે ફક્ત ૧૫ ગેલન પાણીનો ઉપયોગ થાય છે. એ કારણથી જ ખરાબ પર્યાવરણમાં શાકભાજી અને બીજા છોડો ઉગાડી શકાય છે.
- ✓ **નાસાએ અવકાશમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં હાઇડ્રોપોનિક્સ દ્વારા છોડ ઉગાડવાનો પ્રયાસ કર્યો હતો.**
- ✓ આ ઉપરાંત એરોપોનિક્સનો પ્રયોગ કર્યો હતો, જેમાં પાણીને બદલે ભેજવાળી હવાનો ઉપયોગ છોડ ઉગાડવા માટે થાય છે. પરંપરાગત ખેતીમાં માટીમાં પોષક દ્રવ્યો હોય છે, જે છોડના વિકાસ માટે ઉપયોગી થાય છે.
- ✓ હાઇડ્રોપોનિક્સમાં માટીને બદલે પાણી પોષકદ્રવ્યવાળું હોય છે, તેથી તે માટીની ગરજ સારે છે.
- ✓ પાણીમાં ઉગાડો કે માટીમાં છોડ ઉગાડો પ્રકાશ સંશ્લેષણની ક્રિયા તો થતી જ રહે છે અને તેથી જ છોડ ઊગે પણ છે અને ફળ પણ આપે છે.

સંશોધન

- ✓ ગ્રેહામ સેન્ટર ફોર સસ્ટેઇનેબલ અને યુનિવર્સિટી ઓફ શેફિલ્ડ ખાતેના હાઇડ્રોપોનિક્સના પ્રયોગો પર આધારિત આ નવતર ખેતીમાં ફોમને કારણે મૂળને આધાર મળી રહે છે.
- ✓ શરણાર્થી છાવણીમાં ઘણા અનુભવી ખેડૂતો છે, તેઓએ ફોમનો ઉપયોગ કરીને અદભુત પરિણામ મેળવ્યા છે.
- ✓ તાલીમ લઈને તેઓએ પોતાની મેળે પ્રોજેક્ટ હાથ ધર્યો હતો.
- ✓ રણ જેવા પર્યાવરણમાં આ રીતે ખેતી થઈ શકે એવું કોઈએ વિચાર્યું પણ ન હતું.
- ✓ આ રીતે જોર્ડનની શરણાર્થી છાવણીમાં આ રીતે ડેઝર્ટગાર્ડન અમે તૈયાર કર્યું છે. જોકે હજુ વધુ ટકાઉ હોય એવા પ્રોજેક્ટ ઉપર કામ ચાલુ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. એરપોર્ટ સંચાલન (ઉડ્ડયન)



અદાણી જૂથ અમદાવાદ, મેંગ્લુરૂ અને લખનઉ એરપોર્ટનું ૫૦ વર્ષ સુધી સચાલન કરશે

વધુ માહિતી

- ✓ એરપોર્ટ ઓથોરિટી સાથે કરાર થયા હતા.

- ✓ સરકારે 2018માં લખનઉ, અમદાવાદ, જયપુર, મેંગ્લુરુ, ગુવાહાટી અને તિરુવનંતપુરમ એરપોર્ટનું ખાનગીકરણ કરવાનો નિર્ણય કર્યો હતો.
- ✓ ત્યારપછી થયેલી હરાજીમાં આ ત્રણ એરપોર્ટ અદાણી જૂથને ફાળે ગયા હતા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગ્લોબલ વોર્મિંગ: અસરો (પર્યાવરણ)

છેલ્લા ૧૪૧ વર્ષમાં જાન્યુઆરી-૨૦૨૦ સૌથી ગરમ માસ રહ્યો

- ✓ પહેલી વાર એન્ટાર્કટિકાનું તાપમાન ૨૦.૭૫ ડિગ્રી સેલ્સિયસ

એન્ટાર્કટિકાની વિશેષતા

- ✓ એન્ટાર્કટિકામાં વિશ્વનું 70 ટકા તાજુ પાણી છે. જો અહીંના તમામ ગ્લેસિયર્સ પીગળી જાય તો સમુદ્રની સપાટી 50 60 મીટર ઉપર આવી જાય.
- ✓ યુએનના વિજ્ઞાનીઓનું અનુમાન છે કે 21મી સદીના અંત સુધીમાં સમુદ્રની સપાટી 30થી 110 સેમી સુધી વધી જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. AGR ચૂકવણી (સંદેશા વ્યવહાર)

ટેલિકોમ વિભાગ અને ટેલિકોમ કંપનીઓ વચ્ચે વિવાદ શું હતો ?

- ✓ કેન્દ્ર સરકારના ટેલિકોમ વિભાગનું માનવું છે કે ટર્મિનેશન ફી ઉપરાંત ટેલિકોમ કંપનીઓને મળનારી તમામ આવક, રોમિંગ ફી એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (એજીઆર)નો ભાગ છે.
- ✓ બીજી તરફ ટેલિકોમ કંપનીઓએ દલીલ છે કે નોન ટેલિકોમ આવક જેવી કે ભાડું, ઇન્ટરનેટ આવક નફો વગેરેને એજીઆરમાં સામેલ ન કરવા જોઇએ.
- ✓ ઉલ્લેખનીય છે કે ૨૦૦૬માં ટેલિકોમ સેટલમેન્ટ એન્ડ એપેલેટ ટ્રિબ્યુનલ (ટીડીએસએટી)એ ટેલિકોમ કંપનીઓની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. ત્યારબાદ ટેલિકોમ વિભાગે ટીડીએસએટીના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.
- ✓ જો કે સુપ્રીમે સરકાર અને ટેલિકોમ કંપનીઓ વચ્ચેના ૧૪ વરસ જૂના કાયદાકીય સંઘર્ષમાં સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો હતો .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬.આતંકવાદી પ્રવૃત્તિઓ (વૈશ્વિક બાબતો)

વિગત

- ✓ લાહોરની આતંકવાદ વિરોધી અદાલતે આતંકવાદી હાફિઝ સઈદને પ્રતિબંધિત સંગઠન સાથે સંકળાયેલા હોવાના મામલે તેમજ આતંકવાદ માટે ગેરકાયદેસર રીતે આર્થિક સહાય પૂરી પાડવાના બે મામલાઓમાં સાડા પાંચ-સાડા પાંચ એમ કુલ ૧૧ વર્ષની જેલની સજા ફરમાવી છે.

કારણ

- ✓ મની લોન્ડરિંગ અને આતંકવાદીઓને આર્થિક સહાય પૂરી પાડવાના મામલે પાકિસ્તાન ગ્રે લિસ્ટમાં મૂકાયેલું છે અને જો તે ટેરર ફંડિંગ રોકવા માટે પગલાં ન લે તો બ્લેક લિસ્ટ થવાની શક્યતા છે એ સંજોગોમાં તેણે દેખાવ કરવા માટે પણ હાફિઝ સઈદ સામે પગલાં લેવા પડે એમ છે

FATF વિશે

- ✓ ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેનું કામ દુનિયાભરમાં ચાલી રહેલા મની લોન્ડરિંગ અટકાવવા માટે નીતિઓ ઘડવાનું છે.
- ✓ આ સંસ્થાની સ્થાપના ૧૯૮૯માં જી-૭ દેશોની પહેલ પર થઈ હતી અને તેનું મુખ્યમથક પેરિસમાં છે.
- ✓ આ સંસ્થા આંતરરાષ્ટ્રીય આર્થિક પ્રણાલિને સુધારવા માટે નીતિઓ બનાવે છે અને એ નીતિઓ લાગુ કરવાની દિશામાં કામ કરે છે.
- ✓ વર્ષ ૨૦૦૧માં એફએટીએફએ પોતાની નીતિઓમાં આતંકવાદીઓને મળતી આર્થિક સહાયને પણ સામેલ કરી હતી.
- ✓ એફએટીએફમાં કુલ ૩૮ સભ્ય દેશો છે જેમાં ભારત, ચીન, અમેરિકા , રશિયા અને બ્રિટન જેવા દેશોનો સમાવેશ થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વૈશ્વિક સંબંધો : કરાર

પોર્ટુગીઝના રાષ્ટ્રપતિ માર્સેલો ડી સોસા ભારતના પ્રવાસે

ખાસ

- ✓ ભારત અને પોર્ટુગીઝ વચ્ચે વિવિધ ક્ષેત્રે સાત સમજૂતિ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. પુલવામા - CRPFના જવાનો ઉપર આતંકવાદી હુમલાની પ્રથમ વરસી : તારીખ 14મી ફેબ્રુઆરી 2019

શ્રીનગર ખાતે પુલવામાના ૪૦ શહિદોની યાદમાં સ્મારક નિર્માણ કરાયું



૪૦ જવાનોનાં અંતિમ સંસ્કારનાં સ્થળની માટી લવાઈ

- ✓ શ્રીનગરમાં સીઆરપીએફના લેથપોરા કેમ્પમાં ૪૦ શહીદ જવાનોને સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.
- ✓ આ પ્રસંગે મહારાષ્ટ્રના ઉમેશ ગોપીનાથ જાધવ મુખ્ય અતિથિ હતા. તેઓ તમામ ૪૦ શહીદ જવાનોના ઘરે ગયા હતા.

- ✓ જાધવ તેમની સાથે જવાનોનાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં તે સ્થળની માટી લાવ્યા હતા.
- ✓ આ માટે તેમણે દેશમાં ૬૧,૦૦૦ કિ. મી.નો પ્રવાસ કર્યો હતો.

પુલવામાની ઘટના વિશે

- ✓ દેશ જ્યારે ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પ્રેમના દિવસની ઉજવણી કરવા થનગની રહ્યો હતો ત્યારે પરોઢિયે સીઆરપીએફનો કાફલો અવંતીપોરાથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેના ઉપર આતંકી હુમલો કરવામાં આવ્યો હતો.
- ✓ આ હુમલામાં સીઆરપીએફની ૭૬મી બટાલિયનના ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા અને ૨૦થી વધુને ઈજા થઈ હતી.
- ✓ આ કાફલો સવારે ૩.૩૦ કલાકે જઈ રહ્યો હતો ત્યારે એક આતંકવાદીએ વિસ્ફોટકો ભરેલી કાર અથડાવી હતી.
- ✓ CRPFના વર્તમાન વડા – એપી માહેશ્વરી
- ✓ CRPF- સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૨-૨૦૨૦)

1. ભારતમાં કોરોના વાઈરસ સામે સાવચેતીના ભાગરૂપે કોની અધ્યક્ષતામાં કેન્દ્રીય પ્રધાનોની ઉચ્ચ કક્ષાની સમિતિ રચાઈ- **આરોગ્યમંત્રી ડોક્ટર હર્ષવર્ધન**
2. માટીને બદલે મેટ્રેસ ફોમનો ઉપયોગ કરીને ખેતી માટે કઈ નવી પદ્ધતિ ઉપયોગમાં આવી છે- **હાઈ-ડ્રોપોનિક્સ**
3. માટી વિના છોડ ઉગાડવામાં આવે તેને કઈ પદ્ધતિ તરીકે ઓળખાય છે- **હાઈ-ડ્રોપોનિક્સ**
4. નાસા દ્વારા આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં કઈ પદ્ધતિથી છોડ ઉગાડવાનો પ્રયાસ કર્યો હતો- **હાઈ-ડ્રોપોનિક્સ**
5. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા અદાણી જૂથને કયા એરપોર્ટનું સંચાલન જાહેર હરાજી દ્વારા આપવામાં આવ્યું છે- **અમદાવાદ, મેંગલુરુ અને લખનઉ**
6. ગ્લોબલ વોર્મિંગનની અસરોને પરીણામે આ વર્ષે પ્રથમવાર એન્ટાર્કટિકાનું તાપમાન ક્યાં સુધી પહોંચ્યું હતું- **20.75 ડિગ્રી સેલ્સિયસ**
7. એન્ટાર્કટિકા ઉપર વિશ્વનું કેટલા ટકા તાજુ પાણી સચવાયેલું છે- **70%**
8. તાજેતરમાં લાહોરની આંતકવાદ વિરોધી અદાલતે આંતકવાદી હાફિઝ સઇદને મની લોન્ડરિંગના કિસ્સામાં કેટલા વર્ષની જેલની સજા ફરમાવી છે- **11 વર્ષ**
9. FATFનું વિસ્તૃત નામ જણાવો- **ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ**
10. FATFનું વડુ મથક ક્યાં આવેલું છે- **પેરિસ**
11. - FATF કુલ કેટલા સભ્યો દેશો છે - **38**
12. FATFની ભૂમિકા જણાવો- **વિશ્વભરમાં ચાલી રહેલા મની લોન્ડરિંગ અટકાવવા માટેની નીતિ ઘડતરનું કાર્યે**
13. ફેબ્રુઆરી-2020માં પોર્ટુગીઝના કયા રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે હતા- **માર્સેલો ડી સોસો**
14. તાજેતરમાં ભારત અને પોર્ટુગીઝ વચ્ચે વિવિધ ક્ષેત્રે કેટલાક કરાર પર સમજૂતી કરાઈ- **07**
15. દેશભરમાં કાશ્મીરમાં પુલવામા હુમલાની પ્રથમ વરસી નિમિત્તે ક્યારે શ્રદ્ધાંજલિ અપાઈ- **14 ફેબ્રુઆરી**
16. પુલવામાં કયા અર્ધલશ્કરી દળોના કાફલા ઉપર આંતકવાદી હુમલો થયો હતો જેમાં 40 જવાનો શહીદ થયા હતા- **CRPF**
17. પુલવામાં હુમલાના શહીદો માટે કયા શહેરમાં શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે- **શ્રીનગર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 15-02-2020



૧. PSA – પબ્લિક સેફ્ટી એક્ટ (કાયદો)

જનસરક્ષા કાયદો શું છે ?



- ✓ પબ્લિક સેફટી એકટ એટલે કે જન સુરક્ષા કાયદો જે લોકો રાજ્યમાં સુરક્ષા અને શાંતિ ડહોળાવે કે ખતરામાં મૂકે તેમની સામે લાગુ પાડવામાં આવે છે.
- ✓ ૧૯૭૮માં શેખ અબ્દુલ્લા દ્વારા તેને અમલી બનાવાયો હતો. તે પછી ૨૦૧૦માં તેમાં સુધારા કરાયા હતા.
- ✓ કોઈપણ જાતની ટ્રાયલ વિના કોઈપણ વ્યક્તિને વધુમાં વધુ ૨ વર્ષ જેલમાં પૂરવાની તેમાં જોગવાઈ છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. પક્ષી ગણતરી - વન વિભાગ

ગુજરાત સરકાર (પક્ષીજગત)



વિશેષતાઓ-

ગણતરીમાં સમાવિષ્ટ પક્ષી અભ્યારણ્ય

1. નળ સરોવર – અમદાવાદ
2. થોળ પક્ષી અભ્યારણ – મહેસાણા
3. કચ્છ અભ્યારણ

- ✓ દર બે વર્ષે પક્ષી ગણતરી યોજાઈ છે
- ✓ આ વર્ષે કચ્છમાં પ્રથમવાર પક્ષી ગણતરી યોજાઈ
- ✓ આયોજક - વન વિભાગ, ગુજરાત સરકાર + પક્ષી વિદો + NGO

આંકડાકીય વિગતો

નળ સરોવર-થોળમાં પક્ષીઓની સંખ્યા

નળસરોવર		
વર્ષ	પ્રજાતિ	પક્ષીઓ
૨૦૧૮	૧૨૨	૧.૩૩ લાખ
૨૦૨૦	૧૩૧	૩.૧૫ લાખ
થોળ		
વર્ષ	પ્રજાતિ	પક્ષીઓ
૨૦૧૮	૯૨	૪૦,૦૦૦
૨૦૨૦	૮૭	૫૭,૦૦૦

કચ્છ પક્ષી અભ્યારણ્ય

- ✓ કચ્છના મોટા રણમાં ૪,૮૫,૦૦૦થી વધુ
- ✓ નાના રણ ૪,૦૦,૦૦૦થી વધુ પક્ષીઓ
- ✓ મોટા અને નાના રણમાં ૫,૫૦,૦૦૦થી વધુ ફ્લેમીંગો (ત્રણ લાખથી વધુ બચ્ચાઓ)
- ✓ નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય ખાતે વનવિભાગ દ્વારા તા.૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન પક્ષી ગણતરીનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ✓ આ ગણતરી માટે નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય વિસ્તારને અનુક્રમે ૪૦ અને ૮ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યા હતા.

નળ સરોવરની જાળવણી માટે ટાસ્ક ફોર્સની રચના

- ✓ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી wildlife institute of indiaના વૈજ્ઞાનિક દ્વારા સૌપ્રથમવાર કચ્છના મોટા રણમાં કુલ છ ફ્લેમિંગો પક્ષીઓમાં ઇલેક્ટ્રોનિક ઉપકરણો બેસાડી આ પક્ષીઓની દૈનિક અવરજવરની નોંધ રાખવામાં આવે છે. રાજ્યમાં પક્ષીઓના સંરક્ષણની કામગીરીમાં બિનસરકારી સંસ્થાઓ અને પ્રકૃતિ મંડળોનો ખૂબ જ સારો સહયોગ પ્રાપ્ત થાય છે.
- ✓ રાજ્યમાં આવેલ નળ સરોવરને વર્ષ-૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા જલ પ્લાવિત વિસ્તાર એટલે કે રામસર સાઇટની માન્યતા પ્રાપ્ત થઇ છે. નળ સરોવર ઉપરાંત કચ્છના મોટા રણ અને નાના રણના જલપ્લાવિત વિસ્તારો, ખીજડીયા, ગોસાબારા, વઢવાણા તથા થોળ જેવા અનેક જલ પ્લાવિત વિસ્તારો રામસર સાઇટનો દરજ્જો મેળવવાની ક્ષમતા ધરાવે છે.

વન પર્યાવરણ મંત્રી – શ્રી ગણપતભાઈ વસાવા
કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રી–શ્રી પ્રકાશ જાવડેકર

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ગુજરાત પોલીસ: પોલીસ વિભાગ દ્વારા કાર્યરત વિવિધ આયામો (સુરક્ષા)



1. **મહિલા સુરક્ષા**

✓ ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનઃ એક ફોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર

✓ વન સ્ટોપ સેન્ટર : પીડિત મહિલાને એક જ જગ્યાએ (૨૪X૭) મળી રહી છે કાયદાકીય સહાય, પોલીસ સહાય તબીબી સહાય, સામાજિક સમસ્યામાં પરામર્શ

✓ મહિલા સુરક્ષા સમિતિ : મહિલાઓ પર થતા અત્યાચારને રોકવા રાજ્ય કક્ષાએ ઉપરાંત શહેર/જિલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાએ પણ મહિલા સુરક્ષા સમિતિનું ગઠન

✓ મહિલા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગઃ આત્મ સુરક્ષા માટે મહિલાઓને અપાઇ રહી છે તાલીમ

2. સશકત પોલીસ + ડિજિટલ ટેકનોલોજી = સુરક્ષા (૨૪X૭) શાંતિ અને સલામતી વિકાસના મુખ્ય બે આધાર

✓ ઈ-ગુજકોપ પ્રોજેક્ટ

✓ FIR થી લઇને ચાર્જશીટ સુધીની તપાસની સંપૂર્ણ કામગીરી ઓનલાઇન

✓ પોલીસની કામગીરીમાં પારદર્શિતા આવી, ૨૪ કલાકમાં FIR ઓનલાઇન ઉપલબ્ધ

✓ Pocket Cop પ્રોજેક્ટ

✓ પોલીસ સ્ટેશનનો તમામ ડેટા મોબાઇલ એપ્લિકેશનમાં

3. Pocket Comp પ્રોજેક્ટના ફાયદા

તમારી પોલીસ, તમારા માટે તમારી સેવામાં

✓ પાસપોર્ટ વેરીફિકેશનમાં સરળતા નાગરિકોને પોલીસ સ્ટેશન બોલાવ્યા વગર તેમના ઘરે જઈને પોલીસ કરી રહી છે પાસપોર્ટ વેરીફિકેશન તથા પાસપોર્ટ વેરીફિકેશનની સંપૂર્ણ પ્રક્રિયા ૨ થી ૫ દિવસમાં પૂર્ણ કરવાની વ્યવસ્થા

✓ પોલીસ ગુનાની તપાસમાં સચોટ અને ઝડપી નિર્ણય લઇ શકે તે માટે ઈ-ગુજકોપનો ડેટાબેઝ મોબાઇલ એપ્લીકેશનમાં ઉપલબ્ધ.

✓ વાહનચોરીના અનેક ગુના શોધવામાં સફળતા

4. **સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ**

સીટીઝન ફર્સ્ટ-પોલીસ તંત્રનો એક જ મહામંત્ર

✓ નાગરિકોને પોલીસને લગતી સેવાઓ મળી રહી છે ઓનલાઇન : જેમાં ગુમ થયેલ વ્યક્તિની અરજી, ભાડૂઆતની નોંધણી, એફ.આઇ.આર.ની કોપી જેવી ૧૬ સેવાઓ ઓનલાઇન ઉપલબ્ધ

✓ પોલીસ સ્ટેશન CCTV પ્રોજેક્ટ : રાજ્યના ૬૧૯ પોલીસ સ્ટેશન ૭૩૨૭ CCTV કેમેરાથી સજ્જ

✓ પોલીસનો નાગરિકો સાથેનો વ્યવહાર વધુ સંવેદનશીલ અને પારદર્શક બને તે માટે સોશિયલ મીડિયા દ્વારા નાગરિકો જોડે સીધો સંવાદ

5. **VISWAS પ્રોજેકટ - સૌનો સાથ સૌનો વિશ્વાસ**

✓ રાજ્યના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી

મળી કુલ ૪૧ સ્થળોએ ૧૨૩૮ જંક્શનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરા

✓ યુનિફાઇડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર

6. AASHVAST પ્રોજેક્ટ-

નવા પડકારોને પાહોંચી વળવા નવા સામાધાન

✓ સાઇબર ક્રાઇમથી પીડિતોને હવે ૧૦૦ અને ૧૧૨ નંબર પર કોલ કરવાથી મળશે તાત્કાલિક સહાયતા

✓ એન્ટી સાઇબર બલિંગ યુનિટ આપશે સાઇબર બુલિંગના ત્રાસથી રાહત

✓ સાઇબર સુરક્ષા લેબ દ્વારા તમારા મોબાઈલ ફોન અને બીજા ડિજિટલ સાધનોની ઓનલાઇન છેતરપીંડીથી બચાવ

✓ ગૃહ રાજયમંત્રી શ્રી – પ્રદિપસિંહ જાડેજા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વિજ્ઞાન

સેક્સ્યુઅલ ડાઈમોર્ફિઝમ એટલે શું

✓ એક જ પ્રજાતિના નર અને માદામાં બાહ્ય દેખાવમાં સાઈઝ રંગ અને આકાર માં જે ફેરફાર દેખાય છે એને સેક્સ્યુઅલ ડાઈમોર્ફિઝમ કહેવાય છે આવો ફેર માત્ર મનુષ્યમાં જ નથી પણ પક્ષીઓ અને મોરમાં પણ દેખાય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ડેનિસ વાવાઝોડુ – બ્રિટન (કુદરતી આપત્તિ)

✓ વિસ્તાર 1200 માઈલનો ઘેરાવો

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કાશી મહાકાલ એક્સપ્રેસ (રેલવે) વડાપ્રધાન મોદી દ્વારા વારાણસીથી લીલી ઝંડી અપાઈ



વિશેષતા

✓ આ હમસફર ક્લાસની વિશેષ ટ્રેન હશે.



✓ ત્રણ જ્યોતિર્લિંગ- બાબા વિશ્વનાથ, મહાકાલેશ્વર અને ઓમકારેશ્વરને જોડતી ભારતની પ્રથમ કાશી મહાકાલ એક્સપ્રેસનો પ્રારંભ.

✓ યાત્રામાં તીર્થયાત્રીઓને ભક્તિમય માહોલ મળે તે માટે તેમાં ભજન કીર્તન પણ ગૂંજશે.

✓ બોગીની ગતિવિધી પર નજર રાખવા માટે સીસીટીવીને લાઈન મોનીટરિંગ સિસ્ટમ સાથે જોડવામાં આવ્યા છે.

- ✓ આ ટ્રેન વારાણસી-ઈન્દોર વાયા લખનઉ સપ્તાહમાં બે વાર ઉપડશે
- ✓ વિધિવત ૨૦ ફેબ્રુઆરીથી પ્રારંભ
- ✓ કેન્દ્રીય રેલવે મંત્રી – શ્રી પીયુષ ગોયલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૨-૨૦૨૦)

1. PSAનો વિસ્તૃત નામ જણાવો- પબ્લિક સેફ્ટી એક્ટ
2. રાજ્યમાં સુરક્ષા અને શાંતિ ભંગ કરવાનો પ્રયત્ન કરે તેની સામે કયો કાયદો લગાવવામાં આવે છે- PSA
3. PSA સૌપ્રથમ કોના દ્વારા અને ક્યારે અમલી બનાવવામાં આવ્યો હતો- શેખ અબ્દુલ્લા અને 1978
4. PSA મુજબ કોઈપણ જાતની ટ્રાયલ વિના કોઈપણ વ્યક્તિને વધુમાં વધુ કેટલા વર્ષની જેલ કરવાની જોગવાઈ છે- 02
5. તાજેતરમાં ગુજરાતમાં વનવિભાગ દ્વારા કયા પક્ષી અભ્યારણ્યમાં પક્ષીઓની ગણતરી કરવામાં આવી- નળ સરોવર, થોળ અભયારણ્ય અને કચ્છ
6. ગુજરાતમાં દર કેટલા વર્ષે પક્ષીઓની ગણતરી કરવામાં આવે છે- 02
7. ગુજરાતમાં કયા પ્રદેશમાં પ્રથમ વખત પક્ષીઓની ગણતરી કરવામાં આવી- કચ્છ
8. તાજેતર ફેબ્રુઆરી - 2020માં કઈ તારીખે ગણતરી હાથ ધરવામાં આવી- તા.8 અને 9
9. તાજેતરમાં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ નળ સરોવરમાં કેટલી પ્રજાતિઓ મળી આવી છે- **131**
10. તાજેતરમાં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ થોળ અભ્યારણ્યમાં કેટલી પ્રજાતિઓ મળી આવી છે- **87**
11. તાજેતર ફેબ્રુઆરી -2020માં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ થોળ અભ્યારણ્યમાં કેટલા પક્ષીઓ નોંધાયા છે- **57,000(2018માં 40,000)**
12. તાજેતર ફેબ્રુઆરી -2020માં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ નળ સરોવરમાં કેટલા પક્ષીઓ નોંધાયા છે - **3.15 લાખ (2018માં 1.33 લાખ)**
13. તાજેતર ફેબ્રુઆરી -2020માં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ કચ્છના મોટા અને નાના રણમાં કેટલા પક્ષીઓ નોંધાયા છે - **4,85,000 અને 4 લાખ**
14. તાજેતર ફેબ્રુઆરી -2020માં યોજાયેલી પક્ષી ગણતરી મુજબ કચ્છના મોટા અને નાના રણમાં કેટલા ફ્લેમિંગો નોંધાયા છે - **5,50,000 થી વધુ**
15. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કચ્છમાં પ્રથમવાર કઈ સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા ફ્લેમિંગોની ગણતરી કરાઈ- **વાઈલ્ડલાઈફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા**
16. ગુજરાતમાં સૌપ્રથમ નળ સરોવરને કયા વર્ષે જલ પ્લાવિત- રામસર સાઇટનો દરજ્જો અપાયો- **2012**
17. ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રીનું નામ જણાવો- **શ્રી ગણપતભાઈ વસાવા**
18. ફેબ્રુઆરી -2020માં ભયાનક ડેનિસ વાવાઝોડુ કયા દેશમાં ફૂંકાયું હતું- **બ્રિટન**
19. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વારાણસી ખાતેથી કઈ હમસફર ક્લાસની વિશિષે ટ્રેનને લીલીઝંડી અપાઈ - **કાશી મહાકાલ એક્સપ્રેસ**
20. તાજેતરમાં શરૂ કરાયેલ કાશી મહાકાલ એક્સપ્રેસ કયા ત્રણ જ્યોતિર્લિંગને જોડશે- **બાબા વિશ્વનાથ, મહાકાલેશ્વર અને ઓમકારેશ્વર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 16-02-2020



૧. મહત્વનો નિર્ણય - LRD ભરતી : ગુજરાત સરકાર (રોજગારી)



- ✓ LRDપરીક્ષામાં 50 ટકા ગુણાંક અને 62.5 ટકા ટકા ગુણ હશે તેવી અનામત બિન અનામત વર્ગની તમામ મહિલાઓની ભરતી કરાશે
- ✓ LRD-લોકરક્ષક દળ
- ✓ સુપર ન્યુમરીથી 2150 બેઠકો વધશે

વિવાદ શું છે ?

- ✓ તા.૧-૦૮-૨૦૧૮ના ઠરાવના કારણે કાસ્ટબેઝ રિઝર્વેશનમાં મહિલા અનામતમાં ઊંચું મેરિટ ધરાવતી મહિલાઓને જનરલ કેટેગરીમાં જતાં રોકે છે, જેના કારણે એસસી-એસટી ઓબીસી મહિલાઓ આંદોલન કરી રહી છે અને ઠરાવ રદ કરવા માગણી કરી છે, બીજી તરફ બિનઅનામત કેટેગરીની મહિલાઓ ઠરાવ રદ્ ન કરવા આંદોલન કરી રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. શપથવિધિ - દિલ્હીના મુખ્યમંત્રી તરીકે સતત ત્રીજી વાર શપથગ્રહણ કરતાં શ્રી અરવિંદ કેજરીવાલ



- ✓ નાયબ મુખ્યમંત્રી તરીકે - શ્રી મનીષ સિસોદિયા
- ✓ પક્ષ - આમ આદમી પાર્ટી
- ✓ લે. ગવર્નર – શ્રી અનિલ બૈજલ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. અમદાવાદ : વિદેશી વડાઓની મુલાકાત (વૈશ્વિક સંબંધો)



✓ શ્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ અમદાવાદ પાંચમા પ્રમુખ-PMનું યજમાન બનશે.

વિગતવાર માહિતી

✓ નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા કે તરત જ સપ્ટેમ્બર, ૨૦૧૪માં અમદાવાદના આંગણે ચીનના પ્રેસિડેન્ટ શી જિનપિંગનું આગમન થયેલું.

✓ સપ્ટેમ્બર, ૨૦૧૭માં જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે,

✓ જાન્યુઆરી, ૨૦૧૮માં ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને

✓ ફેબ્રુઆરી, ૨૦૧૮માં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો અમદાવાદ આવ્યા હતા.

✓ ચીનના પ્રેસિડેન્ટ, જાપાન-ઈઝરાયેલના વડા પ્રધાનને આવકારવા ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ અમદાવાદમાં તેમની સાથે જોડાયેલા.

✓ હવે ડોનાલ્ડ ટ્રમ્પ વખતે વડા પ્રધાન પણ ખાસ હાજર રહી રોડ શૉ પણ યોજશે.

✓ ટ્રમ્પ યુએસના સળંગ ચોથા પ્રેસિડેન્ટ ભારતની મુલાકાતે અમેરિકા સાથે ભારતના ઘનિષ્ઠ બની રહેલા સંબંધોનો સકેત એ હકીકતથી પણ આવે છે કે, પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ એ અમેરિકાના સળંગ ચોથા પ્રેસિડેન્ટ છે જે ભારતની મુલાકાત લઈ રહ્યા છે.

✓ આમાં, પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટનથી ટ્રમ્પ સુધીનાનો સમાવેશ થાય છે.

✓ ક્લિન્ટન બાદ જ્યોર્જ બુશ, બરાક ઓબામા અને હવે ડોનાલ્ડ ટ્રમ્પ એમ ઉત્તરોત્તર અમેરિકાના પ્રેસિડેન્ટ બનનારા દરેક મહાનુભાવોએ તેમના કાર્યકાળ દરમિયાન ભારતની મુલાકાત લીધી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સ્ટેચ્યૂ ઓફ યુનિટી-હોમ સ્ટે પ્રોજેક્ટ (પ્રવાસન-રોજગારી)

સ્ટેચ્યૂ ઓફ યુનિટી(SOU)ની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે રાજ્યના પ્રવાસન વિભાગની યોજના 'હોમ સ્ટે પ્રોજેક્ટ'

વિશેષતા –

✓ વિશ્વની આઠમી અજાયબી ગણાતા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે આવતા

પ્રવાસીઓને હવે આદિવાસી સંસ્કૃતિને નજીકથી માણવાની તક મળશે.

- ✓ હવે આપણે આદિવાસીઓના ઘરોમાં રાત્રિ રોકાણ કરીને તેમના રસોડે બનાવેલા મકાઈનો રોટલા-રીંગણ-બટાકા અને દાણાના શાકની પણ લિજ્જત માણી શકીશું.
- ✓ ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમના હોમ સ્ટે પ્રોજેક્ટ હેઠળ નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના કેવડિયા અમદલા, ઝુંડાથી વાડી ઝરિયા સુધી પ્રવાસીઓ માટે 20 ગામના 87 ઘરમાં 158 રૂમ તૈયાર કરાયા છે.
- ✓ આ યોજનાથી 116 આદિવાસી પરિવારને રોજગારી પણ મળશે.
- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા એક વર્ષમાં 40 લાખ પ્રવાસી મુલાકાત લઈ ચૂકયા છે.
- ✓ અહીં રોજ સરેરાશ 10 થી 15 હજાર પ્રવાસી આવી રહ્યા છે .

હોમ સ્ટે પ્રોજેક્ટ શું છે ?

- ✓ કેવડિયાની આસપાસના ગામમાં હોમ સ્ટે પ્રોજેક્ટ હેઠળ સર્વે કરી 116 આદિવાસી પરિવારની પસંદગી કરાઈ છે.
- ✓ આ યોજનામાં કુલ 250 આદિવાસીઓને આવરી લેવાશે.
- ✓ અહીં ઓએનજીસી સહિતની સંસ્થાઓએ CSR હેઠળ થોડું ઘણું ભંડોળ ફાળવ્યું છે.
- ✓ આ રકમના ઉપયોગથી આદિવાસી વિસ્તારમાં આશરે રૂ. બેથી અઢી લાખના ખર્ચે પ્રવાસીઓ માટે અલાયદા રૂમ, બાથરૂમ વગેરે તૈયાર કરાયા છે.
- ✓ આદિવાસીઓને પ્રવાસીઓની આગતા સ્વાગતા અને ભોજન માટે જરૂરી તાલીમ પણ અપાશે.
- ✓ ઓનલાઈન બૂકિંગ પણ શક્ય
- ✓ ગુજરાત પ્રવાસન વિભાગ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. પ્રેરણાદાયી પુસ્તક – 'અનબ્રોકન ધ બ્રસેલ્સ ટેરર એટેક સર્વાઈવર' : એર હોસ્ટેસ નિધિ ચાફેકર ઉપર લખાયેલું પુસ્તક



નિધિનું પુસ્તક અનબ્રોકન ધ બ્રસેલ્સ ટેરર એટેક સર્વાઈવર

- ✓ ખાસ બાબત – બ્રસેલ્સ આતંકી હુમલામાં પીડાની પ્રતિક બનેલી જેટ એરવેઝ
- ✓ બેલ્જિયમ દ્વારા નિધિને ગોડર મધરનું ટાઈટલ આપ્યું છે
- ✓ મૂળ વતન – અમૃતસર

વિશેષ માહિતી

- ✓ વર્ષ 2016, માર્ચ 22, સ્થળ બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સનો એરપોર્ટ. તે દિવસે અહીં થયેલા આતંકી હુમલામાં 35 લોકોનાં મોત થયા હતા.
- ✓ ધમાકા વચ્ચે ત્યાં હાજર રહેલી જેટ એરવેઝની ફ્લાઈટ એટેન્ડેન્ટ નિધિ ખુરાના ચાફેકર ગંભીર રીતે ઘવાઈ હતી.
- ✓ ભય અને પીડામાં ડૂબેલી તેની તસવીર વિશ્વભરના મીડિયામાં હુમલાની ભયાનકતાનું પ્રતીક બની ગઈ હતી.
- ✓ હુમલા પછી તે 23 દિવસ કોમામાં રહી, હવે 22 સર્જરીમાંથી પસાર થઈ ચૂકી છે.
- ✓ નિધિએ પોતાની આપવીતી અને દુઃખમાંથી બહાર આવવાની સંઘર્ષ યાત્રા એક પુસ્તક 'અનબ્રેકન'માં લખી છે. જે તાજેતરમાં રીલિઝ થઇ છે.
- ✓ આજે નિધિ જીવનથી નિરાશ લોકોને જીવનના સુંદર પાસાનો પક્ષ સમજાવે છે.
- ✓ તેમને મોટિવેશનલ સ્પીકર તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. વડાપ્રધાન નરેન્દ્ર મોદી : પોતાના મત ક્ષેત્ર વારાણસીના પ્રવાસે

વારાણસીમાં રૂ. ૧,૨૫૪ કરોડની ૩૬ યોજનાઓનું લોકાર્પણ અને ૧૪નો શિલાન્યાસ

લોકાર્પણ કરેલી પરિયોજનાઓ

- ✓ ચૌકાઘાટ-લહરતારા ફ્લાયઓવર
- ✓ બીએચયુ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ
- ✓ બીએચયુમાં જ 14 પથારીની સાઈકિએટ્રી હોસ્પિટલ
- ✓ મહામના કેન્સર સેન્ટરનું આવાસ ભવન
- ✓ બીએચયુમાં વૈદિક વિજ્ઞાન કેન્દ્ર
- ✓ 220 કેવી વિદ્યુત ઉપ કેન્દ્ર રાજાતાલબ
- ✓ જિલ્લા મહિલા હોસ્પિટલમાં એમસીએચ વિંગ

અન્ય વિગત

દીનદયાળ ઉપાધ્યાયની સૌથી ઊંચી પ્રતિમાનું લોકાર્પણ

- ✓ વારાણસીમાં વડાપ્રધાન મોદીએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેમોરિયલ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું.
- ✓ આ દરમિયાન મોદીએ તેમની 63 ફૂટ ઊંચી પ્રતિમાનું પણ અનાવરણ કર્યું.
- ✓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કોઈ નેતાની દેશમાં આ સૌથી ઊંચી પ્રતિમા છે.
- ✓ અહીં મોદી શ્રી જગદગુરૂ વિશ્વારાધ્ય ગુરૂકુળના શતાબ્દી સમારંભના સમાપન કાર્યક્રમમાં પણ હાજર રહ્યા અને 19 ભાષામાં શ્રી સિદ્ધાંત શિખમણી ગ્રંથની અનુવાદિત આવૃત્તિ અને તેની એપ લૉન્ચ કરી હતી.
- ✓ આ ઉપરાંત મોદીએ અહીં 430 પથારીની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું પણ ઉદઘાટન કર્યું હતું .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. યોગ - ભારતની બહાર લોસ એન્જેલાસ (USA)માં પ્રથમ યોગ યુનિવર્સિટી કાર્યરત (આરોગ્ય)

- ✓ ભારતની બહાર પ્રથમ યોગ યુનિવર્સિટી અમેરિકામાં સ્થાપિત કરવામાં આવી છે.
- ✓ અહીં આ વર્ષે પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ અને યોગ પર શોધકાર્ય પણ શરૂ થશે.
- ✓ વિવેકાનંદ યોગ યુનિવર્સિટીએ લોસ એંજલસમાં 35.5 કરોડ રૂપિયાના રોકાણથી કેમ્પસ શરૂ કરાયું છે.
- ✓ કેસ વેસ્ટર્ન યુનિવર્સિટીના પ્રો.શ્રીનાથને તેના પ્રેસિડેન્ટ અને ભારતીય યોગ ગુરૂ એચ.આર. નાગેન્દ્રને ચેરમેન બનાવવામાં આવ્યા છે.
- ✓ અગાઉ ભારતમાં 2002માં પ્રથમ યોગ યુનિવર્સિટી યોગ ગુરૂ નાગેન્દ્રે જ સ્થાપિત કરી હતી.
- ✓ નાગેન્દ્ર નાસાના વિજ્ઞાની રહ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. નવીન સોફ્ટવેર : IIT – દિલ્હી (ટેકનોલોજી)

સોફ્ટવેરની કામગીરી

પૂરની લાઈવ માહિતી અંગેની વિશ્વની એકમાત્ર ટેકનિક ભારત પાસે હોવાનો દાવો

- ✓ આઇઆઇટી દિલ્હીએ એક એવું સોફ્ટવેર બનાવ્યું છે કે જેનાથી ચોમાસાના એક અઠવાડિયા અગાઉ પૂરની ચોક્કસ માહિતી મળી જશે તેમ જ ગંગામાં થઈ રહેલા પ્રદૂષણ અંગે પણ માહિતી મળી શકશે.
- ✓ આ ચોમાસાથી આઈઆઈટી દિલ્હી હવામાન વિભાગને પૂરના નાના-નાના ક્ષેત્રોના નામ અને અસરગ્રસ્તોની સંખ્યા જણાવશે.
- ✓ આ સોફ્ટવેર આઇઆઇટી દિલ્હી અને ઇન્ટિગ્રેટેડ નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ (INRM)ના કન્સલ્ટન્ટ્સ સાથે મળીને તૈયાર કર્યું છે.
- ✓ આઇએનઆરએમ કન્સલ્ટન્સ સ્ટાર્ટઅપને આઇઆઇટ દિલ્હીએ પ્રમોટ કર્યું છે. આ સ્ટાર્ટઅપ આઇઆઇટી દિલ્હીમાં 20 વર્ષ પહેલાં બનાવાયું હતું.
- ✓ આ ટીમમાં 10 વિજ્ઞાની
- ✓ તેમણે વરસાદ, તાપમાન, નદીઓ વગેરેના એક ડઝન આંકડાનું જટિલ વિશ્લેષણ કરી આ સોફ્ટવેર તૈયાર કર્યું છે.
- ✓ તેની મદદથી રોજ આખા દેશની નદીઓના વહેણ અને વરસાદની ગણતરી એક સાથે થઇ જાય છે.
- ✓ સોફ્ટવેરથી નદીઓ અંગેની લાઈવ માહિતી મળે છે.
- ✓ સામાન્ય લોકો પણ ઓનલાઈન સોફ્ટવેરની મદદથી નદીઓના વહેણની માહિતી લાઈવ જોઈ શકે છે.
- ✓ સોફ્ટવેર બનાવનારી ટીમનું નેતૃત્વ કરનારા પ્રો.અશ્વિની કુમાર ગોસાઈએ જણાવ્યું કે, સોફ્ટવેરથી ખેડૂતોને 5-7 દિવસ પહેલા જ જણાવી શકાશે કે કેટલો

વરસાદ થશે અને માટીમાં કેટલો ભેજ હોઈ શકે છે ?

- ✓ હાલ વરસાદની માહિતી તો મળી શકે છે પરંતુ એ ખબર નથી પડતી કે તેનાથી ખેતરોમાં કેટલો ભેજ થશે ?
- ✓ તેમાં ડિજિટલ એલિવેશન મોડલ (ડીઇએમ)નો ઉપયોગ કરાયો છે.
- ✓ ડીઈએમના આંકડા વૈશ્વિક સ્તરે તૈયાર કરાયેલો ડેટા છે. તેનાથી હવામાનની સ્થિતિ, કોઈ ચોક્કસ વિસ્તારમાં નદી, પૂર, માટી, તાપમાન વગેરેની તમામ માહિતી મળી જાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. નિવૃત્તિ : ભારતના ૪૬ વર્ષીય લેજેન્ડરી ટેનિસ ખેલાડી લિએન્ડર પેસની ભારતની ભૂમિ ઉપર કારકિર્દીની અંતિમ મેચ

- ✓ પ્રોફેશનલ ટેનિસ ખેલાડી તરીકેની આખરી સિઝન.
- ✓ ટુર્નામેન્ટ – બેંગાલુરૂ ટેનિસ ઓપન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. 'નમસ્તે ટ્રમ્પ' (વૈશ્વિક સંબંધો)

- ✓ અમદાવાદના મોટેરા સ્ટેડિયમના કાર્યક્રમનું અધિકૃત નામાંકન – 'નમસ્તે ટ્રમ્પ' કરાયું
- ✓ તા.૨૪-૦૨-૨૦૨૦ના રોજ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની મુલાકાતે



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. જન્મ દિન વિશેષ : 16 ફેબ્રુઆરી લોકસંસ્કૃતિકાર પુષ્કર ચંદરવાકર



જન્મ - 16 ફેબ્રુઆરી 1921

અવસાન - 16 ઓગસ્ટ 1995

ક્રાંતિકારી

- ✓ આજે 16 ફેબ્રુઆરીના રોજ ગુજરાતી લોકસાહિત્યના સીમાચિન્હ રૂપ સંશોધક પુષ્કર ચંદરવાકર, મરાઠી સેનાપતિ માધવરામ પહેલા, શાયર આરઝુ લખનવીનો જન્મદિવસ અને દાદાસાહેબ ફાળકેની પુણ્યતિથિ
- ✓ અમદાવાદ જિલ્લાના ધંધૂકા તાલુકાના ચંદરવા ગામે જન્મેલા પુષ્કર પ્રભાશંકરે

ગામના નામને અટક તરીકે ધારણ કરી ચંદરવાકર બન્યા હતા.

- ✓ બોટાદ, લીંબડી અને અમદાવાદમાં અભ્યાસ કરી તેઓ અધ્યાપક થયા હતા. પુષ્કર ચંદરવાકરની અધ્યાપક તરીકે કારકિર્દી ગુજરાતમાં અનેક ઠેકાણે રહી હતી.
- ✓ તેઓનું મહત્વપૂર્ણ યોગદાન ગુજરાત અને ભારતના લોકસાહિત્યના સંશોધન અને લેખનના ક્ષેત્ર છે.
- ✓ પુષ્કર ચંદરવાકર રાંકના રતન, પ્રિયદર્શિની, ઘર જ્યોત, નંદવાયેલા હૈયા, બાવડાના બળે, ભવની કમાણી, માનવીનો મેળો, લીલુડા લેજો, નવા ચીલે, ધરતી ભાર શે ઝીલશે, ઝાંઝવાના નીર, બાંધણી, અંતરદીપ, શુકનવંતી, પિયરનો પડોશી, મહિના ઓવારે, ચંદર ઉગે ચાલવું, વાગે રૂડી વાંસળી, ખેતરનો ખેડુ, ઓખામંડળની લોકકથાઓ, ઓલ્યા કાંઠાના અમે પંખીડા, શ્રેયાર્થી દાદાસાહેબ માવલંકર જેવી નવલકથા, એકાંકી, વિવેચન લો વિદ્યા અને ચરિત્ર સાહિત્યને લગતા પુસ્તકો લખ્યા છે.
- ✓ 16 ઓગસ્ટ 1995ના રોજ તેમનું અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૨-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા લોક રક્ષક દળમાં અનામત અને બિન અનામત કેટેગરીના ઉમેદવારોની ભરતી માટે કેટલું મેરીટ નક્કી કરાયું છે - **62.5%**
2. ફેબ્રુઆરી 2020માં સતત ત્રીજી વખત દિલ્હીના મુખ્યમંત્રી તરીકે કોને શપથ ગ્રહણ કર્યા- **શ્રી અરવિંદ કેજરીવાલ**
3. તાજેતરમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી તરીકે કોની નિયુક્તિ કરાઈ- **શ્રી મનીષ સિસોદિયા**
4. શ્રી નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા બાદ ફેબ્રુઆરી 2020માં અમદાવાદમાં કેટલામાં વડાપ્રધાન/ રાષ્ટ્રપ્રમુખ આવી રહ્યા છે- **પાંચમાં**
5. ભારતમાં સૌપ્રથમ કયા શહેરમાં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વાર આવી રહ્યા છે- **અમદાવાદ**
6. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસન અને રોજગારને પ્રોત્સાહન આપવા કયા પ્રોજેક્ટનો અમલ કરવામાં આવશે - **હોમ સ્ટે પ્રોજેક્ટ**
7. હોમ સ્ટે પ્રોજેક્ટ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુના કેટલા ગામોની પસંદગી કરવામાં આવી છે- **20**
8. 'હોમ સ્ટે પ્રોજેક્ટ' કયા વિભાગ દ્વારા અમલી બનાવવામાં આવ્યો છે - **રાજ્ય પ્રવાસન વિભાગ**
9. તાજેતરમાં વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદી દ્વારા વારાણસી ખાતે કેટલા કરોડની કેટલી યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરાયો- **૩.1,254 કરોડ, 36 યોજનાઓનું લોકાર્પણ અને 14 આપણાનો શિલાન્યાસ**
10. વારાણસી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પંડિત દિનદયાલ ઉપાધ્યાય મેમોરિયલ સેન્ટર ખાતે 63 ફૂટ ઊંચી કોની મૂર્તિનું લોકાર્પણ કર્યું- **પંડિત દિનદયાલ ઉપાધ્યાય**
11. બ્રસેલ્સ આંતકી હુમલામાં પીડાના પ્રતિક બનેલા ભારતીય એર હોસ્ટેસ નિધિ ચાફેકર ઉપર લખાયેલા પુસ્તકનું નામ જણાવો- **અનબ્રોકન ધ બ્રસેલ્સ ટેરર એટેક સર્વાઇવર**
12. બેલ્જિયમ દ્વારા મૂળ ભારતીય એર હોસ્ટેસ નિધિ ચાફેકરને કયું સન્માન અપાયું છે- **ગોડ મધર**

13. ભારત બહાર કયા શહેર- દેશમાં પ્રથમ યોગ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી- **લોસ એન્જેલસ- યુ.એસ.એ**
14. નદીઓમાં પૂર, ગંગા સફાઈ અને પ્રદૂષણ આ અંગે અગાઉથી માહિતી આપવા કઈ સંસ્થા દ્વારા સોફ્ટવેર તૈયાર કરાયું છે- **આઈ.આઈ.ટી, દિલ્હી અને ઈન્ટિગ્રેટેડ નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ**
15. તાજેતરમાં ભારતના કયા લેજેન્ડરી ટેનિસ ખેલાડીએ 46 વર્ષે પ્રોફેશનલ ટેનિસ ખેલાડી તરીકે નિવૃત્તિ જાહેર કરી- **લિયેન્ડર પેસ**
16. 24 ફેબ્રુઆરી 2020માં મોટેરા સ્ટેડિયમ અમદાવાદના ખાતે યોજાયેલા કાર્યક્રમને સત્તાવાર કયું નામ આપવામાં આવ્યું- **'નમસ્તે ટ્રમ્પ'**
17. લોકસાહિત્યના સીમાચિન્હ રૂપ સંશોધક, લોકસંસ્કૃતિકાર પુષ્કર ચંદરવાકરનો જન્મ દિવસ જણાવો - **16 ફેબ્રુઆરી 1921**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 17-02-2020



૧. સુપ્રીમ કોર્ટ - મહિલા આર્મી અફસરો માટે મહત્વનો ચુકાદો (મહિલા સશક્તિકરણ)

✓ આર્મીમાં મહિલા અફસરોને કાયમી કમિશનના લાભ આપવા કેન્દ્ર સરકારને આદેશ

સુપ્રીમના ચુકાદાના ત્રણ મહત્વના મુદ્દા

1. **સ્થાયી કમિશન :** શોર્ટ સર્વિસ કમિશન હેઠળ પાત્રતા ધરાવતી તમામ મહિલા ઓફિસરો સ્થાયી કમિશન માટે હકદાર રહેશે. શોર્ટ સર્વિસ કમિશન હેઠળ ૧૪ વર્ષથી ઓછી કે તેથી વધુ સેવા આપનાર મહિલા ઓફિસરોને કાયમી કમિશનની તક આપવા આદેશ.
2. **કોમ્બેટ રોલ :** મહિલાઓને કોમ્બેટ માટે કામગીરી સોંપવી કે કેમ તેનો નિર્ણય સરકાર કે આર્મી લઈ શકશે. યુદ્ધ લડવામાં મહિલાઓની સીધી કામગીરી એટલે કે કોમ્બેટ રોલમાં મહિલાઓને રોકવાનો નિર્ણય નીતિવિષયક છે. આથી સરકારે તે અંગે વિચારવાનું છે.
3. **કમાન્ડ પોસ્ટ:** આર્મીમાં મહિલા ઓફિસરોને કમાન્ડ પોસ્ટિંગ નહીં આપવાનું અયોગ્ય તેમજ સમાન અધિકારો નહીં આપવા સમાન છે. આ મહિલાઓને કમાન્ડ પોસ્ટિંગનો અધિકાર મળવો જોઈએ. કમાન્ડ પોસ્ટિંગ એટલે આર્મીના કોઈ-યુનિટ, કોર કે કમાનનું નેતૃત્વ કરનારી પોસ્ટિંગ એવો થાય છે.

સરકારે શું દલીલો કરી હતી ?

✓ સરકારે દલીલો કરી હતી કે મહિલાઓ શારીરિક રીતે સક્ષમ હોતી નથી. તેને યુદ્ધના મોરચે મોકલવામાં આવે તો દુશ્મનો તેનો ખોટો લાભ ઉઠાવી શકે છે.

✓ ગામડામાંથી આવતી મહિલા ઓફિસરોનું પુરુષ સૈનિકો પાલન કરશે કે કેમ તે નક્કી નથી.

✓ મહિલાઓ પર પરિવારનો બોજ હોય છે. સામાજિક જવાબદારીઓ હોય છે. આથી

તેમને કાયમી કમિશન્ડના લાભ આપી શકાય નહીં .

હાલ શું સ્થિતિ છે ?

- ✓ આર્મીમાં શોર્ટ સર્વિસ કમિશન વખતે આર્મી સર્વિસ કોર, ઓર્ડિનન્સ, એજ્યુકેશન કોર, જજ એડવોકેટ જનરલ, એન્જિનિયર, સિગ્નલ. ઈન્ટેલિજન્સ, ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલમાં જ એન્ટ્રી મેળવી શકે છે. તેમને કોમ્બેટ સર્વિસ જેવી કે ઇન્ફન્ટ્રી, આર્મ્ડ વિભાગ, તોપખાનામાં કામ અપાતું નથી.
- ✓ **એરફોર્સ અને નેવી :** એરફોર્સ, નેવીમાં મહિલાઓને કાયમી કમિશન્ડના લાભ અપાય છે. તેમને કોમ્બેટ રોલ અને ફલાઇંગ તેમજ ગ્રાઉન્ડ ડ્યૂટી અપાય છે. નેવીમાં લોજિસ્ટિકસ, એર ટ્રાફિક કન્ટ્રોલ અને પાઇલટ અને નેવલ ઇન્સ્પેકટર કેડરમાં સેવા આપી શકે છે.

કેન્દ્રે 2019 પછી નીતિ બનાવી

- ✓ દિલ્હી હાઇકોર્ટના ચુકાદા પછી ૯ વર્ષ બાદ સરકારે ફેબ્રુઆરી ૨૦૧૯માં આર્મીના ૧૦ વિભાગોમાં મહિલા ઓફિસરોને કાયમી કમિશનના લાભ આપવાની નીતિ ઘડી હતી પણ માર્ચ ૨૦૧૯ પછી આર્મીમાં જોડાનાર મહિલાઓને જ તેના લાભ આપવાનું નક્કી કર્યું હતું.
- ✓ આને કારણે જે મહિલાઓએ લાંબો સમય કાનુની લડાઈ લડી હતી તે તો લાભથી વંચિત જ રહી ગઈ હતી.

ચૂકાદો આપનાર બેંચ- જજ ડી.વાય. ચંદ્રચૂડ અને જજ અજય રસ્તોગી

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. CMS COP-13 : 2020નો શુભારંભ (વન્યજીવ સૃષ્ટિ)



- ✓ ભારતમાં પ્રથમવાર મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વીડિયો કોન્ફરન્સથી પ્રારંભ
- ✓ સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ અંગેનું આ ૧૩મું સંમેલન જે પહેલીવાર ભારતમાં અને ગુજરાતમાં યોજાઈ રહ્યાં છે તેમાં ૧૩૦ દેશોના ૩,૨૫૦ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવચનના મહત્વના અંશો

- ✓ દરિયાઈ જીવસૃષ્ટિનાં સંવર્ધનના સંદર્ભમાં ભારત ૨૦૨૦ના વર્ષમાં દરિયાઈ કાચબા

નીતિ તથા દરિયાઈ સ્થાયી વ્યવસ્થાપન નીતિ જાહેર કરી તેનો અમલ કરશે.

- ✓ પાતળા પ્લાસ્ટિકથી પ્રદૂષણના પ્રશ્નો ઉકેલવા પણ પગલાં લેવાશે. પર્યાવરણની સુરક્ષા માટે સિંગલ યૂઝ પ્લાસ્ટિક એક મોટો પડકાર છે, ત્યારે ભારતે આનો ઉપયોગ ઘટાડવાનું બીડું ઝડપ્યું છે.
- ✓ ભારતમાં વાઘની વસતી કુલ-2967

ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ અને એશિયન હાથીને શિડ્યુલ વનમાં સમાવેશ કરાશે

- ✓ ગાંધીનગરમાં આયોજીત ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં એવું નક્કી કરાયુ છે કે, એશિયન હાથી, જેગુઆર ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ, બેંગલ ફ્લોરિકન લિટરબસ્ટર્ડ વ્હાઈટ શાર્ક સહિત કુલ ૧૦ પ્રજાતિને શિડ્યુલ વનમાં સમાવેશ કરવા પ્રસ્તાવ મૂકાયો છે અને તેનું વોટિંગ કરાશે.
- ✓ કુલ મળીને ૧૧૬ પ્રજાતિના પશુ પક્ષીઓ એવા છે કે, જે લુપ્ત થવાના આરે છે ત્યારે વધુ દસેક પ્રજાતિને શિડ્યુલ વનમાં સમાવેશ કરાશે જેથી તેને લુપ્ત થતા બચાવી શકાય.
- ✓ અન્ય પ્રજાતિને શિડ્યુલ-2માં સમાવેશ કરાવવા પણ નિર્ણય લેવાયો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

- ✓ ગુજરાતે વર્ષોથી વ્હેલ શાર્ક, એશિયાટિક લાયન, ધુડખર કાચબા જેવા જીવો તથા ઘોરડ જેવા પક્ષીઓના સંરક્ષણ અને જતન માટે પગલાં લઈ તેમાં સફળતા મેળવી છે.

કેન્દ્રીય વન-પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકર

- ✓ પેરિસ સમજૂતી અંતર્ગત તાપમાન ૨ ડિગ્રી સેલ્સિયસ ઘટાડવાના લક્ષ્ય માટે બહુ ઓછા દેશો કાર્યરત છે અને ભારત એમાંનો એક દેશ છે.
- ✓ રાજ્યકક્ષાન કેન્દ્રીય પ્રધાન બાબુલ સુપ્રિયો હાજર રહ્યા.

લુપ્ત થતી પ્રજાતિના સંરક્ષણ માટે પ્રયાસો :

- ✓ ગુજરાતમાં રાજસ્થાનથી નર ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ પક્ષી લવાશે
- ✓ ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યા વધારવા કેન્દ્ર સરકારે રૂ. ૩૦ કરોડ ફાળવ્યા
- ✓ સૌથી વધુ રાજસ્થાનમાં ૧૩૦ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ.
- ✓ ભારતમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યા ઘણી ઓછી છે જેમ કે, કર્ણાટકમાં માત્ર ૧૨ જ છે.
- ✓ ગુજરાતમાં હાલમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યા માત્ર બે થી ચાર.
- ✓ સમગ્ર ભારતમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડની સંખ્યા માત્ર ૧૭૦ જેટલી જ રહી છે.

અન્ય બાબતો

- ✓ હેતુ- સ્થળાંતર કરતા યાયાવર પ્રાણી-પક્ષીઓની પ્રજાતિઓમાં સંરક્ષણ અંગે યુનોના નેતૃત્વમાં આયોજન
- ✓ સમયગાળો - તારીખ 17 થી 22મી ફેબ્રુઆરી 2020

✓ COP- કોન્ફરન્સ ઓફ ધી પાર્ટીઝ ટુ ધ કન્વેન્શન ઓન માઇગ્રેટરી સ્પીસીસ(CMS)

આયોજક - યુ.એન-એન્વાયરમેન્ટ પ્રોગ્રામ, કેન્દ્રીય પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય તથા વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત સરકાર

થીમ – સ્થાનાંતરિત પ્રજાતિઓ ગ્રહને જોડે છે અને અમે તેમનું ઘરમાં સ્વાગત કરીએ છીએ

✓ લોગો;- દક્ષિણ ભારતના પરંપરાગત આર્ટફોર્મ- કોલામ
✓ મેસ્કોટ- "ગિબી- ધ ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ"
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ – સિદ્ધિ : કેનર્સ કપ ચેસમાં ભારતીય કોનેરુ હમ્પી ચેમ્પિયન



✓ સ્થળ - યુએસએ
✓ અગાઉ ડિસેમ્બર 2019માં વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશીપ-2019 વિજેતા
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ - ICC વિમેન્સ T-20 વર્લ્ડ કપ-2020



✓ યજમાન – સિડની (ઓસ્ટ્રેલિયા)
✓ ભારતીય મહિલા ટીમના કેપ્ટન હરમનપ્રિત કૌર
✓ ભારત સહિત કુલ ૧૦ દેશ ભાગ લેશે.
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. પુસ્તક વિમોચન (સાહિત્ય)



✓ પુસ્તકનું નામ- 'ગાંધીને સમજવાનો આ જ સમય'
✓ લેખક - જેય એસ. રાજપૂત
✓ RSSના સર સંઘ ચાલક મોહન ભાગવત દ્વારા વિમોચન - નવી દિલ્હી.
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ગગનયાન - ભારતીય વાયુસેનાના ચાર પાયલોટને ગગનયાન માટે રશિયાના 'ગ્રેગરીન રિસર્ચ એન્ડ ટેસ્ટ ટ્રેનિંગ સેન્ટર' ખાતે તાલીમબદ્ધ કરવાની પ્રક્રિયાનો પ્રારંભ

વિશેષતા

- ✓ રશિયન અંતરિક્ષ યાત્રીઓને આ તાલીમ મેળવતાં પાંચ વર્ષનો સમય લાગે છે. પરંતુ ભારતીય તાલીમાર્થીઓને ખાસ ટ્રેનિંગ કાર્યક્રમ હેઠળ ૧૨ મહિનામાં જ અંતરિક્ષ યાત્રા કરી શકે તેવી તાલીમ આપવામાં આવી રહી છે.
- ✓ 'ભારતના પ્રથમ અંતરિક્ષ યાત્રી રાકેશ શર્મા'એ પણ આ જ ટ્રેનિંગ સેન્ટરમાં તાલીમ મેળવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. CAA : સમિતિની રચના- સુપ્રીમ કોર્ટ શાહીનબાગ (દિલ્હી)માં CAAનો વિરોધ કરી રહેલાં દેખાવકારો સાથે વાતચીત કરવા સુપ્રીમે ત્રણ સભ્યોની સમિતિ રચી

સમિતિના સભ્યો

1. સંજય હેગડે,
2. સાધના રામચંદ્રન,
3. પૂર્વ મુખ્ય માહિતી કમિશનર વઝાહત હબીબુલ્લાહ (ભારતના પ્રથમ RTI કમિશનર)

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. પુસ્તક વિમોચન :-

પુસ્તકનું નામ - 'બેક સ્ટેજ : ધ સ્ટોરી બિહાઈન્ડ ઇન્ડિયા હાઈ ગ્રોથ યર્સ'

- ✓ લેખક- આયોજન પંચના પૂર્વ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયા



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. UAE – પ્રથમ અણુ ઊર્જા પ્લાન્ટ

- ✓ પ્રથમ આરબ અણુ ઊર્જા પ્લાન્ટ માટે UAE દ્વારા રિએકટર લાઇસન્સ અપાયું.
- ✓ સંયુક્ત આરબ અમિરાતે (UAE) બરાખા અણુ ઊર્જા પ્લાન્ટ ખાતે રિએકટર માટે લાયન્સ આપ્યું હતું જે આરબ જગતમાં આ પ્રકારનું પ્રથમ પ્લાન્ટ હશે.
- ✓ યુએઈ પાસે પુરતી માત્રામાં ઊર્જાનો સ્ત્રોત છે જ, પરંતુ સતત વીજળીની માગ કરતી એક કરોડ પ્રજા માટે તેણે આ સૌર ઊર્જા સહિત આ વધારાનો અને વૈકલ્પિક ઊર્જા સ્ત્રોત ઊભો કર્યો હતો.
- ✓ આ ૨૪ અબજ ડોલરના ખર્ચે પ્લાન્ટમાંથી ૫૬૦૦ મેગાવોટ વીજળી પેદા કરી શકાશે, જે યુએઇની જરૂરિયાતની ૨૫ ટકા હશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. નમસ્તે ટ્રમ્પ : સુપર પાવર દેશના રાષ્ટ્રપ્રમુખ શ્રી ટ્રમ્પ માટે સુપર સિક્યુરિટીની ઝલક



કારનું નામ : આર્મોડ લિમોઝીન - 'ધ બિસ્ટ'

વિશેષતા

✓ રાષ્ટ્રપતિની સાથે અન્ય ચાર લોકો આ કારમાં બેસી શકે છે.
✓ કારના કાચ પાંચ લેયરવાળા પોલી કાર્બોનેટથી બનેલા હોય છે.
✓ બુલેટ અને મિસાઇલ પણ આ કારને નુકસાન પહોંચાડી શકતી નથી.
✓ ડ્રાઇવર તરફની વિન્ડો જ માત્ર ખુલી શકે છે અને તે પણ માત્ર ૩ ઈંચ.
✓ આ કારની સાથે પ્રેસિડેન્ટના બ્લડ ગ્રુપની બ્લડબેગ હોય છે.
✓ કારની જાડાઇ પાંચ ઈંચ હોય છે.
✓ કારની બોડી સ્ટીલ – ટાઇટેનિયમ - એલ્યુમિનિયમ-સિરામિકથી બનેલી હોય છે
✓ કારની અંદર નાઇટ વિઝન કેમેરા સામેલ.
✓ અમેરિકન સિક્રેટ એજન્સી દ્વારા તૈયાર કરાયેલા ડ્રાઇવરો જ આ કાર હંકારી શકે છે
✓ આ કાર ૧૮૦ ડિગ્રીનો વળાંક લેવા સક્ષમ
✓ કારની અંદર ઓક્સિજનની પણ સુવિધા
✓ કેબિન ડોર ૮ ઈંચ જાડો
✓ કેમિકલ યુદ્ધમાં પણ આ કારમાં બેઠેલો શખ્સ સુરક્ષિત રહે છે
✓ કારના ટાયર સ્ટિક પ્લેટેડ હોય છે
✓ કારના ટાયર ક્યારેય કોઈ પણ સંજોગમાં ફાટતા નથી
✓ કાર લેન્ડ માઈન-મિસાઇલથી પણ બચી શકે છે
✓ કારની અંદર નાના હથિયાર હોય છે
✓ ન્યૂક્લિયર - બાયોલોજીકલ - કેમિકલ એટેકથી પણ બચી શકાય છે
✓ સેટેલાઇટની સાથે પ્રેસિડેન્ટની ગાડીમાં જામર પણ ઓપરેટ થઇ શકે તેવી વ્યવસ્થા
✓ કારમાં સિક્રેટ સર્વિસ પ્રોટેક્ટિવ ડિટેઇલનો પ્રોગ્રામ લોડેડ કરેલો હોય છે.
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૨. જન્મ દિન વિશેષ : 17 ફેબ્રુઆરી ગુજરાત યુનિ.ના પહેલા કુલપતિ: હરસિદ્ધ દિવેટિયા



જન્મ - 17 ફેબ્રુઆરી-1886

અવસાન – 3 ઓગષ્ટ-1968

- ✓ આજે ગુજરાત યુનિ.ના પહેલા કુલપતિ શ્રી હરસિદ્ધ દિવેટિયાનો જન્મદિવસ છે.
- ✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા શ્રી દિવેટિયા અમદાવાદ અને મુંબઈથી બી.એ, એમ.એ સુધીનો અભ્યાસ કરી 1910મા ઉત્તર પ્રદેશના બરેલીમાં તત્વજ્ઞાન વિષયના પ્રાધ્યાપક બન્યા હતા.
- ✓ તે પછી અંદાજે 21 વર્ષ મુંબઈમાં વકીલાત કરી, 1933મા મુંબઈ હાઇકોર્ટમાં વધારાના ન્યાયધીશ તરીકે નિમાયા. તે પછી ગુજરાતની દેશી રિયાસતોમાં પણ ન્યાયધીશ તરીકે કામ કર્યું હતું.
- ✓ ગુજરાતના જાહેરજીવનની અનેક સંસ્થાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા દિવેટિયાને 23 નવે.1949ના રોજ સ્થપાયેલી ગુજરાત યુનિ.ના પ્રથમ કુલપતિ બનવાનું શ્રેય મળ્યું હતું.
- ✓ અહીં તેઓ બે ટર્મ એટલે કે અંદાજે આઠ વર્ષ સુધી કુલપતિપદે રહ્યા. કુલપતિ તરીકે તેઓ યુનિ.માંથી માનવધન અને ભારતનિર્માણની શક્તિઓ ઊપિજાવવા અને પાશ્ચાત્ય અને ભારતીય મૂલ્યોનો સુમેળ સાધવા માંગતા હતા.
- ✓ વિદ્યા અને સંસ્કારના તેજથી તેમણે ગુજરાત યુનિ.ને દેદીપ્યમાન બનાવવાની શરૂઆત કરી હતી.
- ✓ તત્વજ્ઞાનના અભ્યાસી હરસિદ્ધભાઈએ સામયિકોમાં વિચારોત્તેજક અનેક લેખોની સાથે "The art of life in bhagavat gita"નામે ગ્રંથ પણ લખ્યો છે.
- ✓ ન્યાયધીશ, કુલપતિ હરસિદ્ધ દિવેટિયાનું તારીખ 3 ઓગસ્ટ ૧૯૬૮ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૨-૨૦૨૦)

1. ફેબ્રુઆરી 2020માં સુપ્રીમ કોર્ટ દ્વારા કયા દળની મહિલા ઓફિસરોને કાયમી કમિશનના લાભ આપવાનો આદેશ કરાયો- **આર્મી**
2. શોર્ટ સર્વિસ કમિશન હેઠળ કેટલા વર્ષથી ઓછી કે તેથી વધુ સેવા આપનાર મહિલા ઓફિસરોને કાયમી કમિશનની તક આપવામાં આવશે- **14 વર્ષ**
3. યુદ્ધ લડવામાં મહિલાઓની સીધી કામગીરીને કયા નામે ઓળખવામાં આવે છે- **કોમ્બેટ રોલ**
4. આર્મીના કોઈ યુનિટ, કોર કે કમાનનું નેતૃત્વ કરનારી પોસ્ટિંગ કયા નામે ઓળખાય છે- **કમાન્ડો પોસ્ટ**
5. આર્મીમાં મહિલા ઓફિસરોને કાયમી કમિશનનો લાભ આપવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટની કોની બેન્ચ દ્વારા આપવામાં આવ્યો- **જજ ડી.વાય. ચંદ્રચૂડ અને જજ અજય રસ્તોગી**
6. તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ યાયાવર પક્ષીઓના સરક્ષણ માટેની વૈશ્વિક પરિષદ તા. 17 થી 22 ફેબ્રુઆરી-2020ના રોજ ક્યાં યોજાઈ- **મહાત્મા મંદિર, ગાંધીનગર**
7. CMS COP 13: 2020નો વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કોના દ્વારા પ્રારંભ કરાવાયો- **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**
8. CMS COP 13: 2020માં કેટલા દેશો ભાગ લઇ રહ્યા છે - **130**
9. CMS COP 13: 2020નું આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું હતું- **યુ.એન.- એન્વાયરમેન્ટ પ્રોગ્રામ,**

કેન્દ્રીય પર્યાવરણ, વન અને ક્લાઈમેટ ચેન્જ તેમજ વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત સરકાર

10. CMS COP 13: 2020નો મેસ્કોટ જણાવો- કોલામ
11. ભારતમાં વર્ષ -2020માં દરિયાઈ જીવસૃષ્ટિના સંવર્ધન માટે આગામી સમયમાં કઈ નીતિ જાહેર કરીને તેની ઉપર અમલ કરાશે- 1. દરિયાઈ કાચબા નીતિ અને 2. દરિયાઈ સ્થાયી વ્યવસ્થાપન નીતિ
12. ભારતમાં સૌથી વધુ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યા કયા રાજ્યમાં કેટલી છે- રાજસ્થાન અને 130
13. ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યામાં વૃદ્ધિ કરવા કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી છે - ૩.30 કરોડ
14. કેન્દ્ર સરકાર દ્વારા ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ એશિયન હાથી, જેગુઆર, બેંગલ ફ્લોરિકન, લિટર બસ્ટર્ડ અને સફેદ શાર્ક સહિત કેટલી પ્રજાતીને ભારતમાં અનુસૂચિ -1 માં સમાવેશ કરાશે- 10
15. ભારતમાં કુલ કેટલા પશુ-પક્ષી એવા છે કે જે લુપ્ત થવાને આરે છે- 116
16. ભારતમાં લુપ્ત સિવાયની અન્ય પ્રજાતિને કઈ અનુસૂચિમાં સમાવવાનો નિર્ણય કરાયો છે- 2
17. કેન્સેં કપ ચેસ ચેમ્પિયનશિપ- 2020 વિજેતા અને યજમાન- કોનેરુ હમ્પી અને યુએસએ
18. આગામી ICC વિમેન્સ T-20 વર્લ્ડ કપ- 2020 ક્યાં યોજાશે- સિડની ઓસ્ટ્રેલિયા
19. આગામી ICC વિમેન્સ T-20 વર્લ્ડ કપ- 2020 કુલ કેટલા દેશો ભાગ લેશે- 10
20. આગામી ICC વિમેન્સ T-20 વર્લ્ડ કપ- 2020માં ભારતીય મહિલા ટીમના કેપ્ટન જણાવો- હરમન પ્રીત કૌર
21. 'ગાંધીને સમજવાનો આ જ સમય' તાજેતરમાં પ્રકાશિત થયેલ પુસ્તકના લેખકનું નામ જણાવો- જેય.એસ.રાજપૂત
22. ગગનયાનની તૈયારીના ભાગરૂપે ભારતના ચાર વાયુદળના પાયલોટને કયા સેન્ટર ખાતે તાલીમ આપવામાં આવે છે અને દેશ જણાવો-ગ્રેગરિન રિસર્ચ એન્ડ ટેસ્ટ કોસ્મોનોટ ટ્રેનિંગ સેન્ટર અને રશિયા
23. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ 'બેક સ્ટેજ: ધ સ્ટોરી બિહાઇન્ડ ઇન્ડિયા હાઈ ગ્રોથ યસેં'ના લેખકનું નામ જણાવો - આયોજન પંચના પૂર્વ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયા
24. ભારતમાં ફેબ્રુઆરી 2020ની સ્થિતિએ અંદાજે કેટલા વાઘ આવેલા છે -2967
25. અમેરિકી પ્રમુખની સુરક્ષા માટે વપરાતી કારનું નામ જણાવો- આરમોડ લિમોઝીન - ધી બિસ્ટ

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.નવીન પહેલ - જળવાયુ પરિવર્તન : ક્લાઈમેટ ચેન્જ સામે લડવા એમેઝોનના જેફ બેઝોસ રૂ.71,419 કરોડનું દાન કરશે



- ✓ આ માટે – 'બેઝોસ અર્થ ફંડ'ની રચના કરાશે

દાનની વિગત

- ✓ એમેઝોનના માલિક અને સીઈઓ તેમજ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ જેફ બેઝોસે ક્લાઈમેટ ચેન્જ સામે લડવા માટે આશરે ૧૦ અબજ ડોલર એટલે કે રૂ.૭૧,૪૧૯ કરોડનું દાન કરવાની જાહેરાત કરી છે.
- ✓ આ રકમ તેમની કુલ સંપત્તિનાં ૭.૭ ટકા થવા જાય છે. જેફ બેઝોસની કુલ સંપત્તિ ૧૩૦ અબજ ડોલર એટલે કે આશરે રૂ.૯,૨૮,૪૪૪ કરોડ છે.
- ✓ બેઝોસ દ્વારા દુનિયાના અન્ય ધનપતિઓની જેમ પોતાની સંપત્તિમાંથી અલગ કાર્યો માટે મોટું દાન કરવાની પરંપરા શરૂ કરવામાં આવી છે.
- ✓ જળવાયુ પરિવર્તન પૃથ્વી માટે મોટો ખતરો છે

બેઝોસ અર્થ ફંડ અને તેનો ઉદ્દેશ -

- ✓ બેઝોસ અર્થ ફંડની રચના કરવામાં આવી.
- ✓ આથી તેની સામે લડવા બેઝોસ અત્યાર સુધીના વિકલ્પોને પસંદ કરીને તેના માટે નવીન રીતે કામ કરશે.
- ✓ તેના થકી ક્લાઇમેટ સાયન્ટિસ્ટ, સામાજિક કાર્યકર્તાઓ, બિનસરકારી સંગઠનોને ભંડોળ આપવામાં આવશે.
- ✓ આપણે પૃથ્વીને બચાવી શકીએ છીએ. આ માટે કંપનીઓ, દેશો, વૈશ્વિક સંગઠનો અને લોકોને પણ એકજૂથ કરવામાં આવશે.

લક્ષ્યાંક-

વર્ષ-૨૦૩૦ સુધીમાં કાર્બન ઉત્સર્જના શૂન્ય સ્તરે લાવવાનો લક્ષ્યાંક

- ✓ ક્લાઇમેટ ચેન્જ સામે લડવા એમેઝોનનાં કર્મચારીઓએ અભિયાન ચલાવવા અનુરોધ કર્યો હતો.
- ✓ જાન્યુઆરીમાં એમેઝોનનાં ૩૫૦થી વધુ કર્મચારીઓએ સહી ઝુંબેશ ચલાવી હતી.
- ✓ જેમાં ૨૦૩૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને શૂન્ય સ્તરે લાવવાની વાત હતી.
- ✓ બેઝોસે ૨૦૪૦ સુધીમાં કંપનીને કાર્બન ન્યૂટ્રલ બનાવવા અને ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ટકા નવીનીકરણ ઊર્જા ઉત્પન્ન કરવા તેમજ ૨૦૩૦ સુધીમાં ૧ લાખ ઇલેક્ટ્રિક વાહનોની ડિલિવરી કરવાની જાહેરાત ૨૦૧૯માં કરી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. આત્મકથા વિમોચન :

નામ - 'Let Me Say It Now'

- ✓ લેખક- મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર રાકેશ મારિયાની આત્મકથા



અગત્યનો ખુલાસો

- ✓ મુંબઇમાં તાજ હુમલાને હિંદુ આતંકવાદમાં ઠરાવવાનો પ્રયાસો થયો હતો.

આત્મકથા વિશે

- ✓ દેશને હચમચાવી નાખનારા વર્ષ-૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલા કેસમાં જીવતા ઝડપાયેલા આતંકવાદી અજમલ કસાબ પર ચોંકાવનારો ખુલાસો કરતા રાકેશ મારિયાએ લખ્યું છે કે, આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબાએ મુંબઈ પરના હુમલાને હિંદુ આતંકવાદના નામે ખપાવી દેવાનો કારસો ઘડ્યો હતો.
- ✓ તેની યોજના પ્રમાણે અજમલ કસાબ માર્યો ગયો હોત તો તેની ઓળખ બેંગ્લુરૂના સમીર દિનેશ ચૌધરીના નામે કરવાની તમામ તૈયારી સાથે આતંકવાદીઓ આવ્યા હતા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ - સિદ્ધિ : લૉરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ એવોર્ડ-2020



ભારતીય વિજેતા –

ભારતીય ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા ભારત રત્ન સચિન તેંડુલકરને અપાયો

લૉરિયસ એવોર્ડ વિજેતા અને રમત



- ✓ અમેરિકન જિમ્નાસ્ટ સિમોન બાઇલ્સ ચાર વર્ષમાં ત્રીજી વખત લૉરિયસ સ્પોર્ટસ વૂમન ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો જે એવોર્ડના ઇતિહાસમાં ચોથી વખત બન્યું છે

લૉરિયસ એવોર્ડ શું છે

- ✓ ૧૩ વિવિધ કેટેગરીના એવોર્ડ.
- ✓ રમતોની દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત એવૉર્ડમાંનો એક છે.
- ✓ ૧૯૯૯માં લૉરિયસ સ્પોર્ટ્સ ફોર ગુડ ફાઉન્ડેશનના ડેમલર તથા રિચીમોન્ટે આ એવૉર્ડની શરૂઆત કરી હતી.
- ✓ સૌથી પહેલો એવૉર્ડ તા. ૨૫મી મે-૨૦૦૦ના રોજ આપવામાં આવ્યો હતો.
- ✓ એવૉર્ડની મુખ્ય કેટેગરી લૉરિયસ વર્લ્ડ બ્રેક થ્રૂ ઓફ ધ યરની છે.
- ✓ ટેનિસ સ્ટાર રોજર ફેડરર સર્વાધિક ૭ વખત આ એવોર્ડ જીતી ચૂક્યો છે. તેણે પાંચ વખત સ્પોર્ટ્સમેન ઓફ ધ યર તથા એક વખત કમબેક પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ હાંસલ કર્યો હતો.
- ✓ ૨૦૦૦માં યોજાયેલા પ્રથમ સમારંભમાં નેલ્સન મંડેલાએ સ્પીચ આપી હતી .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.વૈશ્વિક બાબતો : FATF નિર્ણય (આતંકવાદ)

બેઠક - પૅરિસ (ફ્રાંસ)

- ✓ ફાઈનાન્શિયલ એકશન ટાસ્ક ફોર્સ (FATF) દ્વારા પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે ગ્રે લિસ્ટમાં યથાવતું રાખવામાં આવ્યું હતું.
- ✓ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, એફએટીએફની ચાલુ થયેલી બેઠકમાં પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય લેવાયો છે.
- ✓ આગામી એક અઠવાડિયા સુધી ચાલનારી બેઠકમાં તેને બ્લોક લિસ્ટમાં મૂકવું કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવશે.
- ✓ તેને ગ્રે સિલ્ટમાંથી બહાર આવવા માટે ૩૯ સભ્ય દેશોમાંથી ૧૨ દેશોના સમર્થનની જરૂર છે.
- ✓ તે ઉપરાંત બ્લેક લિસ્ટમાં જવાથી બચવા માટે ત્રણ દેશોનું સમર્થન જોઈએ છે જેમાં માત્ર તુર્કી અને મેલશિયાએ જ સમર્થન આપ્યું છે.
- ✓ આગામી અઠવાડિયામાં પાકિસ્તાનના ભાવીનો ફેંસલો આવી જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વૈશ્વિક અર્થતંત્ર - સિદ્ધિ

ભારત વિશ્વનું પાંચમા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર

સંસ્થા અને વિગત

- ✓ અમેરિકી થિન્ક ટેન્ક વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુના એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૯માં ભારતીય અર્થતંત્ર બ્રિટન અને ફ્રાન્સને પાછળ પાડીને વિશ્વનું પાંચમા નંબરનું અર્થતંત્ર બની ગયું છે.

વિશ્વની ટોચની પાંચ ઈકોનોમી

દેશ	જીડીપી	ક્રમ
અમેરિકા	1522	1
ચીન	1004	2
જાપાન	365	3
જર્મની	284	4
ભારત	209	5

(રકમ રૂપિયા લાખ કરોડમાં)

- ✓ ભારત હવે તેની અગાઉની સ્વમુખી નીતિઓનો ત્યાગ કરીને ઓપન માર્કેટ ઇકોનોમી તરફ વિકાસ કરી રહ્યો છે.
- ✓ ૨.૯૪ લાખ કરોડ અમેરિકન ડોલરના જીડીપી સાથે ભારતીય અર્થતંત્ર વિશ્વનું પાંચમા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે.
- ✓ વર્ષ ૨૦૧૯માં બ્રિટન અને ફ્રાન્સને પછડાટ આપીને ભારતે આ સ્થાન હાંસલ કર્યું છે
- ✓ ભારતનો માથાદીઠ જીડીપી ૨,૧૭૦ ડોલર, અમેરિકાનો માથાદીઠ જીડીપી ૬૨,૭૯૪ ડોલર.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. સંસ્થાકીય નામકરણ : IDSA

IDSA હવે ધ મનોહર પારિકર ઈન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ તરીકે ઓળખાશે



- ✓ સ્થળ-નવી દિલ્હી
- ✓ સ્થાપના – ૧૧-૧૧-૧૯૬૫

વિગત -

- ✓ કેન્દ્ર સરકારે સંરક્ષણ અભ્યાસ અને વિશ્લેષણ સંસ્થાનનું નામ બદલીને મનોહર પરિકર સંરક્ષણ અભ્યાસ અને વિશ્લેષણ સંસ્થાન કર્યું છે.
- ✓ ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી અને ગોવાના મુખ્યમંત્રી રહેલા સ્વ. પરિકર પ્રતિ સન્માન વ્યક્ત કરવા માટે આ નિર્ણય લેવાયો છે.
- ✓ તેઓ 2014થી 2017 દરમિયાન સંરક્ષણ મંત્રી હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જંગલ સફારી પાર્ક – SOU

SOU ખાતે દેશનો સૌથી મોટા ૩૭૫ એકરમાં તૈયાર કરાયેલા જંગલ સફારી પાર્કનો તા. ૧૮-૦૨-૨૦૨૦ના રોજ શુભારંભ



વિગત

આંકડાકીય વિગતો

- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી માત્ર 2 કિમી દૂર 375 એકરમાં આ જંગલ સફારી પાર્ક ખુલ્લું મુકવામાં આવ્યું છે.
- ✓ પાર્કમાં આફ્રિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા અને અમેરિકાની વિવિધ પ્રજાતિ મળી 62 જાતનાં 1500 થી વધુ પ્રાણી-પક્ષીનો સમાવેશ કરાયો છે.

સફારી પાર્કમાં પ્રવાસીઓ માટે સુવિધા

- ✓ સફારી પાર્કમાં ફરવા માટે ઈ-કાર્ટ અને ચાલતા ચાલતા જોવા માટેની સગવડ ઉભી કરાઇ છે.
- ✓ મોટેરાની ટિકિટ 200 અને બાળકોના 125 રૂપિયા ટિકિટ દર રાખવામાં આવ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ખેલકૂદ – FIFA U-17 વિમેન્સ વર્લ્ડકપ-૨૦૨૦ માટે ભારત પ્રથમવાર યજમાન

વિગતવાર કાર્યક્રમ

- ✓ સતાવાર સ્લોગન – 'કિક ઓફ ધ ડ્રીમ'નું અનાવરણ.
- ✓ આ વર્લ્ડ કપમાં વિશ્વની 16 ટીમો વચ્ચે અમદાવાદ સહિત દેશના 5 શહેરોમાં કુલ 32 મેચો રમાવવાની છે.
- ✓ આ મેચો માટે અમદાવાદ ઉપરાંત ભુવનેશ્વર, ગુવાહાટી, કોલકાતા અને નવી મુંબઈની પસંદગી કરવામાં આવી છે.
- ✓ આ મહિલા વર્લ્ડ કપ 2 નવેમ્બરથી 21 નવેમ્બર દરમિયાન યોજાશે.
- ✓ 21 નવેમ્બરના રોજ નવી મુંબઈમાં ફાઈનલ રમાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. નવીન શોધ – લિથિયમ (ખનીજ) બેંગલુરૂ પાસે અનિવાર્ય લિથિયમનો અંદાજે ૧૪,૧૦૦ ટન જથ્થો મળી આવ્યો

વિશેષતાઓ

- ✓ 'એટોમિક એનર્જી કમિશન'ના વિભાગ 'એટોમિક મિનરલ ડિરેક્ટરેટ'ના સંશોધકોએ આ જથ્થો શોધી કાઢ્યો છે.
- ✓ આ ધાતુનો જથ્થો બેંગાલુરૂથી સો કિલોમીટર દૂર આવેલા માંડિયાની ધરતીમાંથી મળી આવ્યો છે.
- ✓ લિથિયમ પૃથ્વી ઉપરની અતિ દુર્લભ ધાતુ.

જરૂરિયાત-મહત્વ

- ✓ મોબાઈલ ફોન ઉપરાંત તમામ પ્રકારના ઈલેક્ટ્રોનિક ગેજેટ કે જેમાં બેટરી હોય એ

મોટે ભાગે લિથિયમ આયન બેટરીથી જ ચાલતા હોય છે. માટે આ ધાતુના જથ્થાની શોધ ભારત માટે મહત્વપૂર્ણ ઘટના છે.

- ✓ ભારતે પોતાની જરૂરનું તમામ લિથિયમ આયાત કરવું પડે છે. 2019ના નાણાકિય વર્ષમાં જ ભારતે 1.2 અબજ ડૉલર (85 અબજ રૂપિયા)ની લિથિયમ આયન બેટરી આયાત કરી હતી.
- ✓ આખી દુનિયા અને ભારત ક્લિન એનર્જી પર ભાર મુકી રહ્યા છે.
- ✓ એ માટે વધુને વધુ બેટરીઓની જરૂર પડશે. કેમ કે વાહનો દ્વારા મોટુ પ્રદૂષણ થાય છે. તેનું સ્થાન લેવા માર્કેટમાં ઈલેક્ટ્રોનિક વાહનો આવી રહ્યા છે.
- ✓ આ વાહનો બેટરી દ્વારા જ ચાલે છે. આ બેટરીને કારણે જ વાયરલેસ ગેજેટનો યુગ પણ આવ્યો છે.
- ✓ ઘડિયાળમાં વપરાતા નાનકડા સેલથી માંડીને સોલાર પાવરના સંગ્રહ માટે કદાવર બેટરીઓનો ઉપયોગ જગવ્યાપક ધોરણે થાય છે. એટલે જ આ બેટરીનું મહત્વ પારખીને 2019ના વર્ષનું કેમેસ્ટ્રીનું નોબેલ પ્રાઈઝ બેટરીના ત્રણ સંશોધકોને આપવામાં આવ્યુ હતું.

<u>પૃથ્વી પરની સૌથી હળવી ધાતુ</u>

- ✓ ૨૦૦ વર્ષ પહેલા 1817માં લિથિયમ ધાતુની સૌ પ્રથમ વાર હાજરી સ્વિડનના રસાયણવિજ્ઞાની જોન ઓગસ્ટસે શોધી કાઢી હતી.
- ✓ અલબત્ત આ ધાતુ ખાણમાંથી સીધી મળતી નથી, અન્ય ધાતુ સાથે ભળેલી હોય છે, રાસાયણિક પ્રક્રિયા પછી તેનું ઉત્પાદન કરવું પડે છે.
- ✓ લિથિયમ પૃથ્વી પરની સૌથી હળવી ધાતુ છે, એટલે તેની બેટરી પણ અન્ય બેટરી કરતાં ઓછા વજનની બની શકે છે.
- ✓ બેટરી ઉપરાંત આ ધાતુનો ઉપયોગ એલ્યુમિનિયમ, સિરામિક, રબ્બર, લ્યુબ્રિકન્ટ વગેરે ઉત્પાદનમાં લિથિયમ વપરાય છે. પરંતુ જગતના કુલ લિથિયમ જથૃથામાંથી 40 ટકા તો બેટરી ઉત્પાદનમાં જ વપરાય છે.

<u>ઈલેક્ટ્રોનિક લાઈફ-લાઈન</u>

- ✓ વર્તમાન ઈલેક્ટ્રોનિક્સ યુગમાં લિથિયમ આયન બેટરી એ લાઈફ લાઈન છે.
- ✓ કેમ કે તેના દ્વારા જ મોબાઈલ ફોન, ટેબલેટ, લેપટોપ, ડિજિટલ કેમેરા, ટોર્ચ, ઈમર્જન્સી પાવર બેક-અપ (જનરેટર-યુપીએસ), સોલાર પાવર સ્ટોરેજ, ટીવી-એસી વગેરેના રિમોટ, હૃદયમાં બેસાડેલું પેસમેકર, ઘડિયાળ, કાર લોકનું રિમોટ, કાને સાંભળવાનું મશીન, એમપી-થ્રી પ્લેયર, લેસર પોઈન્ટર, કેલ્ક્યુલેટર, ઇલેક્ટ્રેનિક બાઈક-સાઈકલ વગેરે ચાલી શકે છે.

<u>વિશ્વમાં કયા દેશ પાસે કેટલો જથ્થો</u>

- ✓ અન્ય દેશોની સરખામણીએ ભારતનો જથ્થો બહુ નાનો છે

દેશ	-	જથ્થો (ટન)
ચીલી	-	86 લાખ
ઑસ્ટ્રેલિયા	-	28 લાખ
આર્જેન્ટિના	-	17 લાખ
ચીન	-	10 લાખ
ઝિમ્બાબ્વે	-	70 હજાર
પોર્ટુગલ	-	60 હજાર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. સરદાર પટેલ સ્ટેડિયમ

સ્થળ-મોટેરા, અમદાવાદ



✓ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનો ભારતના વડાપ્રધાન અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તે તા.૨૪મી ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ ઉદઘાટન

નવનિર્મિત મોટેરા સ્ટેડિયમની વિશેષતાઓ

✓ 1,10,000 પ્રેક્ષકોની બેઠક ક્ષમતા સાથે વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ બની જશે.

✓ રૂ. 800 કરોડના અંદાજીત ખર્ચે મોટેરા સ્ટેડિયમને નવો અને અદ્યતન ઓપ આપવામાં આવ્યો છે.

✓ ૪ લોકર રૂમ, હાલ વિશ્વના દરેક ક્રિકેટ સ્ટેડિયમમાં મહત્તમ બે ડ્રેસિંગ રૂમ હોય છે. જેના સ્થાને મોટેરામાં ૪ લોકર રૂમ હશે.

✓ 3 રાઉન્ડ મુખ્ય ગ્રાઉન્ડની સાથે બે નાના ગ્રાઉન્ડ હશે. ૧૧ ક્રિકેટ પિચ બનવાશે જેનાથી ક્રિકેટરને દરેક પિચનો મહાવરો મળી શકે.

✓ 3 હજાર કાર અને ૧૦ હજારથી વધુ ટુ-વ્હિલર્સ પાર્ક થઇ શકશે.

✓ 55 રૂમ ક્લબ હાઉસમાં હશે. આ સિવાય ઓલિમ્પિક સાઈઝ સ્વિમિંગ પૂલ, જીમ્નેશિયમ જેવી અલાયદી સુવિધા

સ્ટેડિયમમાં અન્ય આકર્ષણો

✓ સ્ટેડિયમની અંદર જ ક્રિકેટરો માટે જીમ્નેશિયમ.

✓ નેટ પ્રેક્ટિસ માટે મેદાનની બહાર ૭ નેટ્સ હશે.

✓ વિશાળ ડ્રેસિંગ રૂમ

✓ એક મ્યુઝિયમ પણ બનાવાશે.

✓ જેમાં ક્રિકેટ અને ક્રિકેટરને લગતી માહિતી - ફોટો - ખેલાડીએ ઉપયોગમાં લીધેલી વસ્તુ ટ્રોફીઓ હશે.

✓ ચાર લેયરવાળું સ્ટેડિયમ. આ ચાર લેયરમાં પ્રેક્ષકો બેસી શકશે. બે લેયર વચ્ચેના પોડિયમમાં પ્રેક્ષકો માટે નાસ્તા પાણીના સ્ટોલ હશે.

- ✓ અશક્ત અને દિવ્યાંગો માટે ખાસ રેમ્પ બનાવાયો છે. આ રેમ્પ દ્વારા તેઓ સ્ટેડિયમમાં જઈ શકશે.
- ✓ લિફ્ટની પણ વ્યવસ્થા.
8. સમગ્ર દેશના કુલ મૂડીરોકાણના કેટલા ટકાથી વધુ રોકાણ માત્ર ગુજરાતમાં આવ્યું છે- **50%**
9. IEM દ્વારા ભારતમાં થયેલા રૂ.6,78,852 કરોડના મૂડીરોકાણમાંથી ગુજરાતમાં કેટલું મૂડી રોકાણ આવ્યું- **3,43,834 કરોડ**
10. ગુજરાતમાં નવા MSME સ્થાપવા માટેની વિવિધ મંજૂરી લેવામાં કેટલા વર્ષની છૂટ આપવામાં આવી- **3 વર્ષ**
11. ભારતમાં કુલ ફન્ડેડ સ્ટાર્ટઅપમાં કેટલા ટકા સાથે ગુજરાત પ્રથમ ક્રમે છે- **43%**
12. દેશનો કુલ કાર્ગો હેન્ડલિંગમાંથી ગુજરાતનો હિસ્સો કેટલા ટકા છે- **40%**
13. વર્ષ 2018-19 માં દેશના કુલ નિકાસમાં ગુજરાત કેટલા ટકા સાથે અગ્રેસર છે- **20.4%**
14. સૌથી વધુ ફૂટબોલ મેચ રમનારો વિશ્વનો પ્રથમ ખેલાડી અને દેશ- **ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને પોર્ટુગલ**
15. તાજેતરમાં 23 ફેબ્રુઆરીના રોજ પ્રધાનમંત્રી દ્વારા કેટલામી મન કી બાત યોજાઇ- **62મી**
16. ઈસરો દ્વારા યુવાનોને વિજ્ઞાન સાથે જોડવા કયો કાર્યક્રમ લોન્ચ કરાયો- **યુવિકા**
17. યુવિકાનો વિસ્તૃત અર્થ જણાવો-**યુવા વિજ્ઞાની કાર્યક્રમ**
18. સાબરમતી આશ્રમ-અમદાવાદની મુલાકાત લેનાર પ્રથમ અમેરિકન પ્રમુખનું નામ જણાવો- **ડોનાલ્ડ જે ટ્રમ્પ**
19. તાજેતરમાં એશિયન કુસ્તી-2020 સ્પર્ધા ક્યાં યોજાઈ- **નવી દિલ્હી**
20. તાજેતરમાં યોજાયેલી એશિયન કુસ્તી-2020માં વિજેતા પ્રથમ દેશ અને ભારતનો ક્રમ જણાવો- **જાપાન(8 ગોલ્ડ) અને ભારત ત્રીજા ક્રમે(5 ગોલ્ડ)**
21. તાજેતરમાં યોજાયેલી એશિયન કુસ્તી-2020માં ભારતને કેટલા મેડલ પ્રાપ્ત થયા- **ગોલ્ડ-05, સિલ્વર-06 અને બ્રોન્ઝ-09 કુલ- 20**
22. ફેબ્રુઆરી- 2020ની સ્થિતિએ ભારતનું સૌથી મોટું વ્યાપારિક ભાગીદાર કયું રાષ્ટ્ર બન્યું- **યુએસએ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 24-02-2020



૧. વૈશ્વિક સંબંધો : ભારત – USA 'નમસ્તે TRUMP' અભિવાદન કાર્યક્રમ તારીખ 24/02/2020

સ્થળ - મોટેરા સ્ટેડિયમ અમદાવાદ



અમદાવાદમાં સૌથી જૂની લોકશાહી અને સૌથી મોટી લોકશાહીનું મિલન

- ✓ યુએસએ પ્રમુખ તારીખ 24 અને 25 ફેબ્રુઆરી 2020 ભારત પ્રવાસે
- ✓ યુએસએના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલેનીયા ટ્રમ્પ અમદાવાદની મુલાકાતે
- ✓ ભારત આવનારા ટ્રમ્પ સાતમા યુએસ રાષ્ટ્રપ્રમુખ
- ✓ મોટેરા સ્ટેડિયમમાં 1.25 લાખ લોકોએ ટ્રમ્પનું અભિવાદન કર્યું.
- ✓ **નમસ્તેનો અર્થ** - નમસ્તે એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે જેનો અર્થ છે કે આપણે કોઈ વ્યક્તિની અંદરના આત્મસન્માનને નમન કરીએ છીએ

ભારતના વડા પ્રધાન શ્રી મોદીના સંબોધનના મહત્વના અંશો

- ✓ ૨૪ ફેબ્રુઆરી,૨૦૨૦ની આ તવારીખ ભારતના અને ખાસ કરીને ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે મઢાઈ ગયો છે.
- ✓ મોટેરા સ્ટેડિયમમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પ અને તેના પરિવારનુ ભાવભીનું સ્વાગત કરતાં કહ્યું હતું કે, તમારું સ્વાગત ગુજરાતની ધરતી પર થાય છે, પરંતુ તેમાં સમગ્ર ભારતનું જોશ સમાયેલું છે.
- ✓ અમેરિકાને સ્ટેચ્યૂ ઓફ લિબર્ટીનું તો, ભારતને સ્ટેચ્યૂ ઓફ યુનિટીનુ ગર્વ છે.
- ✓ બંને દેશોમાં રહેલી વિવિધતા જ તેના મજબૂત સંબંધનો આધાર છે.

- ✓ ૨૧મી સદીમાં અમેરિકા-ભારત વિશ્વસ્તરે સંયુક્ત રીતે નેતૃત્વ કરવા સક્ષમ છે. જે વિશ્વની દિશા નક્કી કરવામાં મહત્વનો ભાગ ભજવશે.
- ✓ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત થવાથી અર્થતંત્ર મજબત થશે.
- ✓ સમગ્ર વાતાવરણ ભારતની વિવિધતાથી રંગાયેલું છે.
- ✓ સાબરમતી નદીનો આ કિનારો ભારતની આઝાદીમાં મોટું યોગદાન ધરાવે છે, જ્યાં તમારું સ્વાગત છે. આ એ જ ભૂમિ છે, જ્યાં વિશ્વની ૫૦૦૦ વર્ષ જૂની સભ્યતા રહેલી છે.
- ✓ ભારત એ અનેક ભાષાઓ, પરિધાન, ખાનપાન અને સમુદાયોનો દેશ છે.
- ✓ અમેરિકા એ લેન્ડ ઓફ ફ્રી છે, જ્યારે ભારત એ સમગ્ર વિશ્વને પરિવાર માને છે.
- ✓ બંને દેશ એકબીજાના પડકાર અને તકની આપ - લે કરે છે.



<u>અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના સંબોધનના મહત્વના અંશો</u>

- ✓ ભારતમાં વિવિધતામાં એકતા એ દુનિયા માટે પ્રેરણારૂપ
- ✓ યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે મોટેરા સ્ટેડિયમમાં ૨૫ મિનિટના ભાષણ દરમિયાન જણાવ્યું હતું કે અહીં હિન્દુ-મુસ્લિમ ક્રિશ્ચિયન - શીખ - સહિત અનેક ધર્મો - સંપ્રદાયોના લોકો વસે છે, ૧૦૦ કરતાં વધુ બોલીઓ છે, ૨ ડઝન કરતાં વધુ સત્તાવાર ભાષાઓ છે છતાં મોટી બાબત એ છે કે, આ બધામાં ભારતીયતા છે અને આ એકતા સમગ્ર વિશ્વ માટે પ્રેરણારૂપ છે.
- ✓ વડા પ્રધાન મોદી માત્ર ગુજરાતનું જ ગૌરવ નથી, પણ તેઓ સખત પરિશ્રમ અને ખંતની એ બાબતની સાબિતી છે. જે દર્શાવે છે કે ભારતીયો જે ચાહે તે હાંસલ કરી શકે છે.
- ✓ ઇસ્લામિક આતંકવાદ અને ISISના ઉચ્ચારણ સાથે જ ટ્રમ્પને તાળીઓ અને હર્ષની ચિચિયારીઓથી વધાવી લેવાયા હતા.
- ✓ યુએસ પ્રેસિડેન્ટે જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા બંને દેશો ઈસ્લામિક આતંકવાદની વિરુદ્ધમાં છે અને વખોડે છે
- ✓ આઇસીસનો તો અમે ૧૦૦ ટકા ખાતમો બોલાવી દીધો છે અને આ સંગઠનના સ્થાપક નેતા એવા લોહી તરસ્યા અલ બગદાદીને મારી નખાયો છે.

- ✓ દરેક દેશને આતંકવાદ નાબૂદ કરવાનો હક્ક છે, ભારત જે રીતે આતંકવાદનો સફાયો કરી રહ્યું છે તેમ પાકિસ્તાન પણ આતંકવાદની નેસ્તનાબૂદી માટે પગલાં લઈ રહ્યું છે, જે આવકારદાયક બાબત છે.

વિદેશી વડાઓનો અમદાવાદ આવવાનો ઇતિહાસ

- ✓ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના એકમાત્ર હેરિટેજ સિટી અમદાવાદની મહેમાનગતિ માણી
- ✓ ટ્રમ્પ અમેરિકાથી આવનારા ૭મા રાષ્ટ્રપ્રમુખ.
- ✓ ટ્રમ્પ અમદાવાદ આવનારા પહેલા અમેરિકી પ્રમુખ.
- ✓ ટ્રમ્પ અમદાવાદ આવનારા ચોથા વિદેશી રાષ્ટ્રાધ્યક્ષ
- ✓ ૨૦૧૪માં ચીનના રાષ્ટ્રપતિ શી જિંનપિંગ અમદાવાદ આવ્યા હતા
- ✓ ૨૦૧૭માં જાપાનના પીએમ શિંજો આબે અમદાવાદ આવ્યા હતા.
- ✓ ૨૦૧૮મા ઈઝરાયેલના પીએમ નેતન્યાહુ અમદાવાદ આવ્યા હતા.

અન્ય બાબતો

- ✓ યુએસએ પ્રમુખનો 22 કિલોમીટરનો રોડ શો જેમાં ૨૮ રાજ્યોની કલા સંસ્કૃતિની ઝાંખી પ્રદર્શિત કરાઈ.
- ✓ ગાંધી આશ્રમની મુલાકાતે
- ✓ રાજ્ય સરકાર દ્વારા યુએસએ પ્રમુખની ગાંધીજીના ત્રણ વાંદરાની ગ્રેનાઇટ અને આરસના પથ્થરોમાંથી તૈયાર કરેલી પ્રતિકૃતિ ભેટ અપાય
- ✓ લશ્કરની ત્રણેય પાંખના ખાસરા ઈ-સર્વિસ લાયર અપ દ્વારા વેલ્કમ કરાયું - એરપોર્ટ અમદાવાદ
- ✓ આ મુલાકાત દરમિયાન શ્રી ટ્રમ્પની સાથે તેમના પરિવારમાં પુત્રી ઇવાન્કા અને જમાઈ જેરેડ કુશનરનો સમાવેશ
- ✓ તાજમહેલ આગ્રા- યુએસએ પ્રમુખ પરિવાર સાથે તાજમહેલની મુલાકાતે
- ✓ માત્ર ભારતના જ પ્રવાસે આવીને અન્ય દેશોની મુલાકાત લીધા વિના સીધા જ પરત અમેરિકા ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ અમેરિકન પ્રમુખ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. જન્મ દિન વિશેષ : 24 ફેબ્રુઆરી

બર્ડમેન : લવકુમાર ખાચર



જન્મ - 24 ફેબ્રુઆરી-1931

અવસાન – 2 માર્ચ-2015

- ✓ આજે તારીખ ૨૪ ફેબ્રુઆરી અને ગઝલ સમ્રાટ તલત મહેમુદ, પ્રિન્સીપાલ

એસ.આર. ભટ્ટ, જયલલિતા, વિદેશી યાત્રી ઈબ્ન બતુતા, સંજય લીલા ભણસાલી અને બર્ડમેન તરીકે પ્રસિદ્ધ થયેલા શ્રી લવકુમાર ખાચરનો જન્મદિવસ.

- ✓ જસદણના રાજવી પરિવારમાં જન્મેલા લવકુમાર ખાચરે રાજકુમાર કોલેજ રાજકોટ અને દિલ્હી યુનિ.માંથી શિક્ષણ લીધુ
- ✓ ૧૯૬૭થી લવકુમાર ખાચરે પર્યાવરણ-પકૃતિવાદી પ્રવુતિઓ હિંગોલગઢમાં પ્રકુતિ શિબિરો શરુ કરીને કરી હતી.
- ✓ જીવનકાળ દરમિયાન તેઓએ ૩ હજારથી વધુ પ્રકૃતિ શિબિરો કરી હજારો લોકોને પ્રકુતિ પરત્વે અભિમુખ બનાવ્યા હતા.
- ✓ સામયિકોમાં પર્યાવરણ-પ્રકુતિ વિષયક લેખો દ્વારા પણ લવકુમાર ખાચરે પ્રકુતિ શિક્ષણનું સ્તુત્ય કાર્ય કાર્ય કર્યું હતું.
- ✓ કચ્છના અખાતમાં દરિયાઈ પાર્કની સ્થાપના એ લવકુમાર ખાચરના વિચારોનું પ્રતિબિંબ છે.
- ✓ હિંગોળગઢમાં પકૃતિ સરક્ષણ શિક્ષણ કાર્યક્રમના તેઓ સ્થાપક હતા.
- ✓ લવકુમાર ખાચરે માનસરોવરની યાત્રા પણ કરી હતી.
- ✓ પર્યાવરણ અને પ્રકૃતિ સુરક્ષાને લગતી અનેક સંસ્થાઓમાં લવકુમાર સભ્ય અને હોદ્દેદાર રહ્યા હતા.
- ✓ પર્યાવરણ જાળવણી અને પકૃતિ સુરક્ષા માટે અસાધારણ યોગદાન આપનાર લવકુમાર ખાચરનું વર્લ્ડ વાઈલ્ડ લાઈફ સોસાયટી, બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી, વેનું મેનન લાઈફ ટાઈમ એચીવમેન્ટ, પક્ષી સરક્ષણ મંડળ, ગુજરાત જેવી અનેક સંસ્થાઓ દ્વારા તેઓનું બહુમાન થયું હતું.
- ✓ "બોલો ઓછું, કામ વધુ કરો"ના જીવન ગણિતમાં માનતા લવકુમાર ખાચરનું ૨ માર્ચ ૨૦૧૫ના રોજ રાજકોટ ખાતે ૮૪ વર્ષની વયે અવસાન થયું હતું.
- ✓ અંગ્રેજી વર્તમાનપત્રોએ તેમના અવસાન પછી લવકુમાર ખાચરને "બર્ડ મેન" તરીકે અંજલિ આપી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૨-૨૦૨૦)

1. તા. 24 ફેબ્રુઆરી 2020ના રોજ ભારત દ્વારા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અભિવાદન માટેનો કયો ખાસ કાર્યક્રમ ક્યાં યોજાયો- **"નમસ્તે TRUMP" અને મોટેરા સ્ટેડિયમ, અમદાવાદ**
2. ફેબ્રુઆરી 2020માં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કયા બે દિવસ ભારતના પ્રવાસે હતા- **24 અને 25 ફેબ્રુઆરી**
3. ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની મુલાકાતે આવનાર અમેરિકાના કેટલામાં પ્રમુખ હતા- **7મા**
4. મોટેરા સ્ટેડિયમ અમદાવાદ ખાતે નમસ્તે TRUMP કાર્યક્રમમાં કેટલા લોકોએ અમેરિકી રાષ્ટ્રપ્રમુખનું અભિવાદન કર્યું હતું- **1.25 લાખ**
5. 'નમસ્તે' કઈ ભાષાનો શબ્દ છે- **સંસ્કૃત**
6. ભારતની પ્રથમ હેરિટેજ સિટી એવા અમદાવાદની મુલાકાત લેનાર પ્રથમ અમેરિકન પ્રમુખનું નામ જણાવો- **ડોનાલ્ડ ટ્રમ્પ**

7. નમસ્તે TRUMP કાર્યક્રમમાં કેટલા કિલોમીટર રોડ શો યોજાયો હતો અને ભારતના કેટલા રાજ્યોએ વિવિધ નૃત્યો રજૂ કર્યા હતા- **22 કિલોમીટર અને 28 રાજ્યો**
8. સાબરમતી આશ્રમની મુલાકાત બાદ રાજ્ય સરકાર દ્વારા અમેરિકન પ્રમુખ ટ્રમ્પને કઈ ભેટ-સોગાદ અપાઈ- **ગાંધીજીના ત્રણ વાંદરાની પ્રતિકૃતિ**
9. માત્ર ભારતના જ પ્રવાસે આવીને અન્ય દેશોની મુલાકાત લીધા વિના સીધા અમેરિકા પરત જનાર પ્રથમ અમેરિકી પ્રમુખનું નામ જણાવો- **ડોનાલ્ડ ટ્રમ્પ**
10. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પરિવાર સાથે આગ્રામાં કયા ઐતિહાસિક ધરોહરની મુલાકાત લીધી હતી- **તાજમહેલ**
11. અમદાવાદની મુલાકાતે આવનાર ડોનાલ્ડ ટ્રમ્પ કેટલામાં વિદેશી પ્રમુખ હતા- **ચોથા**
12. અમદાવાદમાં વિશ્વની સૌથી જૂની લોકશાહી- અમેરિકા અને વિશ્વની સૌથી મોટી લોકશાહી-ભારતના વડાઓનું મિલન ક્યાં નામે ઓળખાય છે- **નમસ્તે TRUMP**
13. 24 ફેબ્રુઆરી કયા પક્ષી પ્રેમી ગુજરાતીનો જન્મદિવસ છે- **લવકુમાર ખાચર**
14. લવકુમાર ખાચરનું ઉપનામ જણાવો- **બર્ડમેન**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 25-02-2020



૧. રાજયસભા ચૂંટણી : (રાજ્યશાસ્ત્ર)

ભારતમાં 17 રાજ્યોની 55 બેઠકો માટે આગામી 26 માર્ચે મતદાન

- ✓ પરિણામ - 26 માર્ચ-2020
- ✓ બેલેટ પેપર દ્વારા મતદાન
- ✓ મતદાર – જે તે વિધાનસભાના સભ્યો જ મત આપી શકશે



ગુજરાતના રાજયસભાના આ સાંસદો આગામી સમયમાં નિવૃત્ત થશે

1. ચુનીભાઈ ગોહિલ – ભાજપ
2. શંભુપ્રસાદ ટુંડિયા – ભાજપ
3. લાલસિંહ વાડોડિયા – ભાજપ
4. મધુસુદન મિસ્ત્રી – કોંગ્રેસ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સિદ્ધિ : દૈનિક ભાસ્કર હવે વિશ્વનું ત્રીજું સૌથી વધુ પ્રસાર સંખ્યા ધરાવતું સમાચારપત્ર

Dainik Bhaskar GROUP

ક્રમ	સમાચાર પત્ર	દેશ	પ્રસાર સંખ્યા
1.	યોમીઉરી શિંબુન	જાપાન	81. 2 લાખ
2.	અસાહી શિંબુના	જાપાન	56. 0 લાખ
3.	દૈનિક ભાસ્કર	ભારત	43. 2 લાખ

સ્ત્રોતઃ વેન - ઈન્ફા - વર્લ્ડ એસોસિએશન ઓફ ન્યૂઝ પબ્લિશર્સ રિપોર્ટ-2019

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. સાહિત્ય અકાદમી એવોર્ડ-2019 નવી દિલ્હી



અનુવાદકોને સાહિત્ય અકાદમી દ્વારા એવોર્ડ આપી સન્માનિત કરાશે

વિગત

- ✓ ૨૪મી ફેબ્રુઆરીએ મળેલી અકાદમીની બેઠકમાં ૨૩ ભાષાઓને લગતાં પુસ્તકોના અનુવાદ માટેના અનુવાદકોને પુરસ્કાર આપવાનો નિર્ણય લેવાયો હતો.
- ✓ પ્રત્યેક અનુવાદકને રૂ. ૫૦ હજાર ઉપરાંત તામ્રફલક એનાયત કરાશે.
- ✓ **પસંદગી-**
- ✓ આલોક ગુપ્તા દ્વારા સરસ્વતીચન્દ્રના ભાગ ૧ અને ૨નો હિન્દીમાં અનુવાદ કરવા બદલ.
- ✓ ગુજરાતના સુવિખ્યાત નૃત્યગુરૂ મૃણાલિની સારાભાઈની અંગ્રેજીમાં લખાયેલી - આત્મકથા 'ધ વોઈસ ઓફ ધ હાર્ટ'નો બકુલા ઘાસવાલાએ ગુજરાતીમાં 'અંતર્નાદ' નામે કરેલા અનુવાદ બદલ પુરસ્કૃત કરવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. અવસાન – USAના મહિલા ગણિતજ્ઞ કેથરિન જોન્સનું 102 વર્ષની વયે નિધન

- ✓ પ્રદાન - અવકાશ યાત્રા માટે રસ્તો તૈયાર કરનાર.
- ✓ NASA દ્વારા તેમને 'કોમ્પ્યુટર' તરીકેનું સન્માન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. કેન્દ્ર સરકાર : સમગ્ર ભારતમાંથી પસંદ કરાયેલા 11 MLA પૈકી ગુજરાતના ઉંઝાના MLA ડૉ. આશાબહેન પટેલનો સમાવેશ



- ✓ દિલ્હી ખાતે 'આદર્શ યુવા ધારાસભ્ય'નો એવોર્ડ એનાયત.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ભારત-અમેરિકા દ્વિપક્ષીય મંત્રણા (વૈશ્વિક સંબંધો)



- ✓ હૈદરાબાદ હાઉસ-નવી દિલ્હી

કરારની વિગતો

૩ અબજ ડોલરનો સંરક્ષણ કરાર સંપન્ન

- ✓ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને ભારતના પીએમ મોદી વચ્ચે હૈદરાબાદ હાઉસમાં બંને દેશોના પ્રતિનિધિમંડળ સાથે દ્વિપક્ષીય મંત્રણા યોજાઈ હતી.

- ✓ જેમાં બંને દેશો વચ્ચે ૩ અબજ ડૉલરનો સંરક્ષણ કરાર કરાયો હતો.
- ✓ આ ઉપરાંત અન્ય ત્રણ કરાર કરાયા હતા જેમાં ઊર્જા, હેલ્થ અને પરમાણુ સેક્ટર સામેલ છે.
- ✓ પરમાણુ રિએક્ટર માટે કરાર કરાયો હતો જે હેઠળ અમેરિકા ભારતને ૬ અણુ રિએક્ટર આપશે.
- ✓ આ ઉપરાંત હેલ્થકેર ક્ષેત્રે જેમાં માનસિક સ્વાથ્ય, ચિકિત્સા ઉત્પાદનોની સુરક્ષા તેમજ ઓઈલ અને ગેસક્ષેત્રે ઇન્ડિયન ઓઈલ અને એક્ઝોનમોબિલ વચ્ચે કરાર થયા હતા.

શું છે ૩ અબજ ડોલરનો સંરક્ષણ સોદો ?

- ✓ બંને દેશો વચ્ચેના ૩ અબજ ડૉલરના સોદામાં અમેરિકા પાસેથી ૨૪ MH-૬૦ રોમિયો હેલિકોપ્ટર ખરીદવાનો સમાવેશ થાય છે જેનું મૂલ્ય ૨.૬ અબજ ડૉલર છે.
- ✓ બીજો એક સોદો ૬-AH ૬૪E અપાચે હેલિકોપ્ટર ખરીદવાનો છે જેનું મૂલ્ય ૮૦ કરોડ ડૉલર છે. જેના પર હસ્તાક્ષર કરાયા હતા.
- ✓ ટ્રમ્પે કહ્યું હતું કે અમે વિમાન, મિસાઇલ્સ, રોકેટ, સબમરીન બનાવીએ છીએ. હવે અમે ભારત સાથે સોદો કરી રહ્યા છીએ.
- ✓ USA પ્રમુખ દ્વારા રાજઘાટ ખાતે ગાંધીજીને પુષ્પાંજલિ અપાઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વસંતોત્સવ-2020 : પ્રારંભ (કલા)

સ્થળ- સંસ્કૃતિ કુંજ, ગાંધીનગર

- ✓ વસંતોત્સવના 25 વર્ષ પૂર્ણ–રજતજયંતિ વર્ષની ઉજવણી
- ✓ થીમ-2020 – 'એક ભારત શ્રેષ્ઠ ભારત'
- ✓ વિવિધ 10 રાજ્યોના કલાકારો પોતાની કૃતિઓ રજૂ કરશે

૮. જન્મ દિન વિશેષ : 25 ફેબ્રુઆરી

રાજ વિનાના મહારાજ : રવિશંકર મહારાજ



જન્મ - 25 ફેબ્રુઆરી-1884

અવસાન – 1 જૂલાઈ-1984

- ✓ આજે ફારુખ એન્જિનિયર, મહેરબાબા, બલરાજ મધોક, તત્વજ્ઞાન બેને ડેટો ક્રોચે, અભિનેત્રી દિવ્યા ભારતી અને મૂંક સેવક રવિશંકર મહારાજ જેવા અનેક વ્યક્તિ વિશેષનો જન્મદિવસ
- ✓ કવિ નર્મદ, વિશ્વની સૌ પ્રથમ સમાચાર એજન્સીના સંસ્થાપક પોલ જુલિયસ રોઇટરની પુણ્યતિથિ છે.

- ✓ સાચા સંત, મુઠ્ઠી ઊંચેરા માનવી, કરોડપતિ ભિક્ષુક, મૂકસેવક, બીજા ગાંધી જેવા અનેક વિશેષણો જેમની સાથે રૂઢ થયા છે તેવા રવિશંકર વ્યાસનો જન્મ ખેડા જિલ્લાના રઢુ ગામે થયો હતો.
- ✓ છઠ્ઠા ધોરણ સુધી ભણ્યા પછી પિતાજીને ખેતીમાં મદદ કરવા ભણતર ત્યજ્યું.
- ✓ 1921માં જીવન રાષ્ટ્રને સમર્પિત કરી દીધું.
- ✓ સુણાવ ગામમાં શાળાની સ્થાપના કરી આચાર્યથી લઈ સેવક સુધીની જવાબદારી સંભાળી હતી.
- ✓ ખેડા જિલ્લામાં બારૈયા અને પાટણવાડિયા જેવી કોમોના ઉત્થાન માટે પ્રવૃત્ત થયા.
- ✓ 1923માં હૈડિયા વેરાની વિરુદ્ધ શરૂ થયેલા બોરસદ સત્યાગ્રહથી લઈ બારડોલી સત્યાગ્રહ, સવિનય કાનૂનભંગ અને હિન્દ છોડો આંદોલનથી લઈ ગુજરાત કક્ષાએ થયેલા લગભગ પ્રત્યેક સત્યાગ્રહમાં મહારાજશ્રીનું સીધું યોગદાન અને માર્ગદર્શન રહ્યું હતું.
- ✓ તેથી વધુ તેમનું યોગદાન સુરાજ્યની રચનાત્મક પ્રવૃત્તિઓમાં રહ્યું છે.
- ✓ 1 મે 1960ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના તેમના વરદ હસ્તે થઈ હતી.
- ✓ ભૂદાન આંદોલન વખતે તેમના પગપાળા પ્રવાસો યુવાનોને પણ શરમાવે તેવા હતાં.
- ✓ સાદાઈના પર્યાય સમા રવિશંકર મહારાજનું 1 જુલાઈના રોજ અવસાન પામેલા મહારાજની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી.
- ✓ તેમની વ્યક્તિમત્તાને પ્રમાણતા ઘણા પુસ્તકો લખાયા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૨-૨૦૨૦)

1. આગામી 26 માર્ચ 2020 ના રોજ ભારતના કેટલા રાજ્યોની કેટલી બેઠકો માટે રાજ્યસભાની ચૂંટણી યોજાશે- **17 રાજ્યો અને 55 બેઠકો**
2. આગામી 26 માર્ચ 2020ના રોજ ગુજરાતમાં રાજ્યસભાની કેટલી બેઠકો માટે મતદાન યોજાશે- **04**
3. રાજ્યસભાની ચૂંટણીમાં કોણ મતદાન કરી શકે- **વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો(ધારાસભ્ય)**
4. રાજ્યસભાની ચૂંટણીમાં કઈ પદ્ધતિથી મતદાન કરવામાં આવે છે- **બેલેટ પેપર**
5. રાજ્યસભાના સાંસદની મુદત કેટલી હોય છે- **06 વર્ષ**
6. ફેબ્રુઆરી-2020ની સ્થિતિએ વિશ્વના ત્રીજા સૌથી મોટા અખબાર(નકલ)નું નામ જણાવો- **દૈનિક ભાસ્કર**
7. ફેબ્રુઆરી-2020ની સ્થિતિએ વિશ્વના પ્રથમ અને બીજા સૌથી મોટા અખબાર(નકલ)નું નામ અને દેશ જણાવો- **યોમીઉરી શિંબુન અને અસાહી શિંબુના- જાપાન**
8. સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા સૌ પ્રથમવાર કયા બે અનુવાદકોને એવોર્ડ આપી સન્માનિત કરાશે- **આલોક ગુપ્તા- હિન્દી અનુવાદક અને બકુલા ઘાસવાલા- ગુજરાતી અનુવાદક**
9. વિશ્વમાં સૌપ્રથમ અવકાશયાત્રા માટે સંશોધન કરી રસ્તો તૈયાર કરનાર કયા મહિલા ગણિતજ્ઞનું તાજેતરમાં 102 વર્ષની વયે અવસાન થયું- **કેથરિન જોન્સ - યુએસએ**
10. સમગ્ર ભારતમાંથી પસંદ કરેલા 11 'આદર્શ યુવા ધારાસભ્યો'માં ગુજરાતના કયા ધારાસભ્યને એવોર્ડ આપી સન્માનિત કરાયા - **ઊંઝાના ધારાસભ્ય ડૉ. આશાબેન પટેલ**
11. તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષીય

મંત્રણા કયા સ્થળે યોજાઇ- **હૈદરાબાદ હાઉસ, નવી દિલ્હી**

12. ભારત અને અમેરિકા વચ્ચે તાજેતરમાં કેટલી રકમનો સંરક્ષણ કરાર સંપન્ન થયો- **3 અબજ ડોલર**
13. તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણની સાથે બીજા કયા અન્ય ક્ષેત્રોમાં કરાર કરવામાં આવ્યા- **ઊર્જા, હેલ્થ અને પરમાણુ**
14. તાજેતરમાં સંપન્ન થયેલ પરમાણુ કરાર મુજબ અમેરિકા દ્વારા ભારતને કેટલા અણુ રિએક્ટર આપવામાં આવશે-**06**
15. તાજેતરમાં ભારત-અમેરિકા વચ્ચે થયેલા સંરક્ષણ સોદામાં અમેરિકા પાસેથી કયા હેલિકોપ્ટર ખરીદવામાં આવશે- **24 MH-60 રોમિયો અને 6-AH 64E અપાચે**
16. ભારત અને અમેરિકા વચ્ચે તાજેતરમાં ઓઇલ તેમજ ગેસ ક્ષેત્રે કઈ બે કંપનીઓ વચ્ચે કરાર થયા- **ઇન્ડિયન ઓઇલ અને એક્ઝોનમોબિલ**
17. વસંતોત્સવ-2020ની થીમ જણાવો - **'એક ભારત શ્રેષ્ઠ ભારત'**
18. 25 ફેબ્રુઆરી કયા મહાનુભાવનો જન્મદિવસ છે - **રવિશંકર મહારાજ**
19. રવિશંકર મહારાજનો જન્મ કયા ગામે થયો હતો-**રઢુ, ખેડા**
20. ગુજરાત રાજ્યની સ્થાપના 1 મે 1960ના રોજ કોના હસ્તે કરવામાં આવી હતી- **પૂજ્ય રવિશંકર મહારાજ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 26-02-2020

GUJARAT BUDGET 2020-21 : AT A GLANCE

૧. ગુજરાત સરકાર : અંદાજપત્ર 2020-21

અંદાજપત્રની મુખ્ય વિશેષતાઓ

સતત આઠમી વખત અંદાજપત્ર રજૂ કરનાર નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

- કુલ કદ : રૂ. 2,17,287 કરોડ
- વર્ષ-2020-21ના અંદાજ પ્રમાણે એકંદર પુરાંત - રૂ. 605.43 કરોડ
- જયારે મહેસૂલી આવક – રૂ. 1,62,447.46 કરોડ
- જયારે મહેસૂલી ખર્ચ – રૂ. 1,61,658.07 કરોડ
- તેની સામે મહેસૂલી હિસાબ પર પુરાંત – + રૂ. 789.39 કરોડ





૨૦૧૮-૧૯ વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા

વર્ષ ૨૦૧૮-૧૯નો હિસાબ

વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ચોખ્ખી લેવડ-દેવડના કારણે **₹૧૩૭૪.૧૮ કરોડની પુરાંત** રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી. વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ-દેવડના કારણે **₹૩૫૫.૪૬ કરોડની પુરાંત** દર્શાવે છે.

(રૂપિયા કરોડમાં)

		૨૦૧૮-૧૯ ના સુધારેલા અંદાજ	૨૦૧૮-૧૯ ના હિસાબ
(૧)	એકત્રિત ફંડ		
	મહેસૂલી આવક	૧૪૦૫૩૧.૭૨	૧૩૬૦૦૧.૫૫
	મહેસૂલી ખર્ચ	૧૩૯૧૫૩.૦૬	૧૩૨૭૯૯.૫૮
	મહેસૂલી હિસાબ પર પુરાંત	(+) ૧૩૭૮.૬૬	(+) ૩૨૧૧.૯૭

વર્ષ ૨૦૧૯-૨૦ના સુધારેલા અંદાજ

૨૦૧૯-૨૦ના અંદાજમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે **₹૨૮૫.૧૨ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા હતી. વર્ષના અંતે ચોખ્ખી લેવડ-દેવડના કારણે સુધારેલ અંદાજમાં **₹૫૩૮૮.૫૨ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા છે.

(રૂપિયા કરોડમાં)

		૨૦૧૯-૨૦ના ફેરફાર કરેલ અંદાજ	૨૦૧૯-૨૦ના સુધારેલા અંદાજ
(૧)	એકત્રિત ફંડ		
	મહેસૂલી આવક	૧૫૪૭૩૧.૯૬	૧૪૯૮૨૭.૪૫
	મહેસૂલી ખર્ચ	૧૫૧૮૫૭.૯૯	૧૪૮૬૮૫.૫૫
	મહેસૂલી હિસાબ પર પુરાંત	(+) ૨૮૭૩.૯૭	(+) ૧૧૪૧.૯૦

- ✓ વર્ષ : ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર રૂ.૨,૧૭,૨૮૭ કરોડનું કદ ધરાવે છે, જે વર્ષ : ૨૦૧૯-૨૦ના અંદાજ કરતાં લગભગ રૂ.૧૨,૪૭૨ કરોડ જેટલો વધારો સુચવે છે.
- ✓ વર્ષ : ૨૦૧૯-૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં રૂ.૨૮૫.૧૨ કરોડની એકંદર પુરાંતની અપેક્ષા રાખવામાં આવી હતી, પરંતુ, ચોખ્ખી લેવડ-દેવડને કારણે સુધારેલ અંદાજમાં રૂ. ૫૩૮૮.૫૨ કરોડની એકંદર પુરાંતની અપેક્ષા છે.

<u>લાંબા ગાળાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત :</u>

- ✓ રાજયનો વિકાસલક્ષી ખર્ચ રૂ. ૧,૩૩,૨૮૩.૪૩ કરોડ જેટલો થવા પામે છે, જે રૂ. ૮૦,૪૦૧.૪૫ કરોડના બિન વિકાસલક્ષી ખર્ચ કરતાં રૂ. ૫૨૮૮૧.૯૮ કરોડ વધુ થાય છે.

<u>સુદ્દઢ મહેસુલી વલણો :</u>

- ✓ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂ. ૧,૬૨,૪૪૭.૪૬ કરોડની મહેસુલી આવક અંદાજવામાં આવેલ છે, જે નાણાકીય વર્ષ : ૨૦૧૯-૨૦ માટેના મહેસૂલી આવક રૂ. ૧,૪૯,૮૨૪.૪૫ કરોડના સુધારેલ અંદાજ કરતાં ૮.૪૨ ટકા વધારો સુચવે છે.

<u>અંદાજ પત્રના મહત્વના ક્ષેત્રો પર વિશેષ ભાર :</u>

- ✓ સરકારની ઉદાર પ્રોત્સાહક નીતિને લીધે તાજેતરમાં ભારત સરકાર દ્વારા જાહેર કર્યા મુજબ, ઇન્ડસ્ટ્રિયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ દ્વારા ભારતમાં નોંધાયેલ રૂ. ૬,૭૯,૦૦૦ કરોડના મૂડી રોકાણો પૈકી એકલા ગુજરાતમાં જ રૂ. ૩,૪૪,૦૦૦ કરોડના રોકાણ માટેના મેમોરેન્ડમ નોંધાયેલ છે, જે કુલ રોકાણના ૫૧ ટકા થાય છે. સમગ્ર દેશના ૪૩ ટકા કરતા વધુ સ્ટાર્ટ-અપ્સ એકલા ગુજરાતમાં છે.

<u>કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે : કુલ રૂ. ૭,૪૨૩ કરોડની જોગવાઈ</u>

- ✓ વડાપ્રધાનશ્રીએ ખેડૂતોના કલ્યાણને કેન્દ્રસ્થાને રાખી ગત વર્ષથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના(PM KISAN) અંતર્ગત દેશના પ્રત્યેક ખેડૂત કુટુંબને વાર્ષિક રૂ.૬૦૦૦ની સહાય આપવાની યોજના અમલી બનાવી છે.
- ✓ આ યોજના અંતર્ગત, એક જ વર્ષમાં ગુજરાતના આશરે ૪૮ લાખ ખેડૂતોને સીધેસીધા તેમના બેન્ક ખાતામાં કુલ રૂ. ૩,૧૮૬ કરોડ જમા કરાવ્યા છે.
- ✓ ગુજરાત સરકારે આ વર્ષે રાજયમાં કમોસમી અને વધુ પડતા વરસાદને કારણે ખેડૂતોના પાકને થયેલા નુકસાનને ધ્યાને લઈ, રૂપિયા ૩૭૯૫ કરોડનું અત્યાર સુધીનું સૌથી મોટું કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું છે.
- ✓ ગુજરાતના ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ દરે એટલે કે વ્યાજ રહિત પાક ધિરાણ મળે છે. જે માટે આ વર્ષે રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઈ.

<u>નવી જાહેરાત : મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના</u>

- ✓ કમોસમી વરસાદ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, જીવજંતુનો ઉપદ્રવ અને અન્ય પરિબળોથી પાક ઉત્પાદન બાદનું નુકસાન અટકાવવા માટે મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજનાની
- ✓ આ યોજના અંતર્ગત ખેડૂતોને ખેતરમાં નાના ગોડાઉન-ઓન ફાર્મ સ્ટોરેજ સ્ટ્રકચર બનાવવા <u>માટે એકમ દીઠ ૩૦,૦૦૦ સહાય આપવામાં આાવશે</u>. આવા સ્ટ્રકચરના બાંધકામ માટે એન.એ.ની મંજૂરીથી મુકિત આપવામાં આવશે. જેના માટે રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ.
- ✓ <u>કૃષિ યાંત્રિકીકરણ</u> અંતર્ગત ૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટર દીઠ રૂ. ૪૫,૦૦૦થી રૂ. ૬૦,૦૦૦ની સહાય તેમજ આશરે ૩૨,૦૦૦ ખેડૂતોને વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા રૂ. ૨૩૫ કરોડની જોગવાઈ.

<u>નવી યોજના - ગાય આધારિત પ્રાકૃતિક ખેતી</u>

- ✓ વર્તમાન સમયમાં જંતુનાશક દવાઓ અને રસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગથી થતાં નુકસાનને લીધે પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની માંગ વધી છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડ અને ડાંગ

જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજનાઓ અમલમાં છે. ગુજરાતના ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે નવી યોજનાની જાહેરાત.

- ✓ આ યોજના અંતર્ગત ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ માસિક રૂ. ૯૦૦ એટલે કે વાર્ષિક રૂ. ૧૦,૮૦૦ સહાય આપવામાં આવશે.
- ✓ પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતે ગાયનું છાણિયું ખાતર અને જીવામૃતનો ઉપયોગ કરવાનો રહેશે. જેના પરિણામે લાંબા ગાળે જમીનની ફળદ્રુપતા વધશે. લોકોને સ્વાથ્યપ્રદ ઓર્ગેનિક અનાજ અને શાકભાજી મળી રહેશે તેમજ ગૌ સેવાનો લાભ પણ મળશે.
- ✓ આ યોજના અંતર્ગત અંદાજે ૫૦ હજાર ખેડૂતોને આવરી લેવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ.

નવી યોજના : કિસાન પરિવહન યોજના

- ✓ ખેડૂતો પોતાના ઉત્પાદન રાજ્યના અન્ય શહેરોમાં અથવા દેશના અન્ય ભાગોમાં વેચાણ અર્થે લઇ જઇ શકે તે માટે પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવી ખૂબ જરૂરી બને છે. આ હેતુ માટે ભારત સરકારે કિસાન રેલ અને ઉડાન યોજના જાહેર કરી છે. જેને સુસંગત કિસાન પરિવહન યોજનાની ગુજરાત સરકાર દ્વારા જાહેરાત.
- ✓ આ યોજના દ્વારા ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી માટે રૂ. ૫૦ હજાર થી રૂ. ૭૫ હજાર સહાય આપવામાં આવશે. જેમાં પ્રથમ તબકકે અંદાજિત પાંચ હજાર ખેડૂતોને લાભ આપવા રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- ✓ ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનો રેલવે સ્ટેશન કે એરપોર્ટ સુધી પહોંચાડવા માટે સહાય આપવામાં આવશે. જે માટે ૧૦ કરોડની જોગવાઇ.
- ✓ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ ઘઉં, ચોખા, કઠોળ, બરછટ અનાજ, કપાસ, શેરડી તથા તેલીબિયાં પાકોના ઉત્પાદનમાં વૃદ્ધિ માટે સહાય આપવા રૂ. ૮૭ કરોડની જોગવાઇ.
- ✓ દેશની પ્રથમ એવી ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે સ્થાપવા માટે ૧૨ કરોડની જોગવાઈ

પશુપાલન :

નવી યોજના : પશુદાણ સહાય યોજના

- ✓ રાજયના લાખો પશુપાલકોની સહાય માટે મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજનાની જાહેરાત.
- ✓ આ યોજના હેઠળ દરેક પશુપાલકને તેમના એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માસ માટે કુલ ૧૫૦ કિલોગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા રકમની સહાય આપવામાં આવશે. જેથી દૂધાળા પશુઓને પૌષ્ટિક આહાર મળશે. રાજ્યની દૂધ ઉત્પાદક

સહકારી મંડળીઓના અંદાજિત ૧૫ લાખ સભાસદ પશુપાલકોને આ યોજનાનો લાભ કુલ રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ.

નવી યોજના : પાંજરાપોળોને અપગ્રેડ કરવા એક વખતની સહાય

- ✓ આ યોજના હેઠળ રજિસ્ટર્ડ પાંજરાપોળોને અપગ્રેડ કરવા એક વખતની સહાયરૂપે ગાયો માટે શેડ, ઘાસચારાના સંગ્રહ માટે ગોડાઉન, પાણી માટે ટ્યુબવેલની સુવિધા, સોલાર રૂફ ટોપની સ્થાપના, ઘાસચારાના પ્લોટમાં માઈક્રો ઈરીગેશન, સ્પ્રિંકલર જેવી માળખાકીય સુવિધાઓનો લાભ આપવામાં આવશે. જે માટે કુલ રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યભરમાં ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનાની સેવાઓ માટે રૂ. ૩૫ કરોડની જોગવાઈ.
- ✓ હિંમતનગર નજીક રાજપુર નવા ખાતે નવીન વેટરનરી કોલેજ. મત્સ્યોદ્યોગ અનુસ્નાતક અભ્યાસ કેન્દ્ર, પશુ સારવાર સંસ્થાઓ અને ધનિષ્ઠ પશુ સુધારણાની કચેરીઓના બાંધકામ તેમજ મરામત માટે રૂ. ૪૩ કરોડની જોગવાઇ.
- ✓ ગુજરાતની પ્રખ્યાત દેશી ગીર અને કાંકરેજ ગાયના સંવર્ધનની વિવિધ પ્રવૃતિઓ માટે રૂ. ૩૨ કરોડની જોગવાઈ.
- ✓ મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે ૨૭ કરોડની જોગવાઈ.
- ✓ વિસ્તરણ- આપણી સંસ્કૃતિ જીવ દયામાં ખૂબ જ વિશ્વાસ ધરાવે છે. મૂંગા પશુપક્ષીઓની સારવાર માટે કરૂણા એબ્યુલન્સ-૧૯૬૨(હેલ્પલાઈન)ની સેવા ૩૧ શહેરોમાં શરૂ કરવામાં આવી છે, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ , ભાવનગર અને મહેસાણા શહેરમાં ઓ સેવા સુદઢ કરવા કુલ ૧૩ કરોડની જોગવાઈ

બાગાયત

નવી યોજના : છૂટક વેચાણકારો-લારીવાળા માટે મોટી સાઈઝની છત્રી

- ✓ હજારો લારીવાળા ભાઇ બહેનો રોડની સાઇડમાં કે ખુલ્લી જગ્યામાં ઊભા રહી ફળફળાદી, શાકભાજી વગેરેનું વેચાણ કરે છે. આ નાના વ્યવસાયકારોને ગરમી, ઠંડી અને વરસાદથી રક્ષણ આપવા માટે તથા તેમની લારીઓમાં રાખવામાં આવતાં ફળફળાદી, શાકભાજી બગડી ન જાય તે માટે મોટી સાઇઝની છત્રીઓ આપવામાં આવશે. આવા અંદાજે ૬૫ હજાર છૂટક વેચાણકારો માટે રૂ. ૮ કરોડની જોગવાઇ.

બાગાયતી પાકોમાં ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ડર કંપની (એફ.પી.ઓ.) માળખાકીય સુવિધાઓ

- ✓ ખેડૂતોના બાગાયતી પાકોનું કાપણી પછી થતું નુકસાન અટકાવવા અને મૂલ્યવર્ધન માટે પ્રાયોગિક ધોરણે બનાસકાંઠા, જામનગર, કચ્છ, નવસારી અને છોટાઉદેપુરમાં ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ડર કંપની (એફ.પી.ઓ.) આધારિત માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે. જેને ઇ-

નામ સાથે સાંકળી બાગાયતી ઉત્પાદનોને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય બજારો સુધી વિકસિત કરવા રૂ.૨૫ કરોડની જોગવાઈ.

✓ જામનગર જિલ્લામાં નવું સેન્ટર ઓફ એકસલેન્સ ઊભું કરવા રૂ. ૨ કરોડની જોગવાઇ.

✓ કૃષિ યુનિવર્સિટી • કૃષિ યુનિવર્સીટીઓ માટે કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા કુલ ૭૫૦ કરોડની જોગવાઈ

મત્સ્યોદ્યોગ :

નવી યોજના : માછીમારોને એન્જિન ખરીદીમાં સહાય

✓ પરંપરાગત રીતે માછીમારી કરતાં નાના માછીમારોને એન્જિન ખરીદીમાં સહાય આપવાની નવી યોજનાની જાહેરાત. આ યોજના અંતર્ગત દરિયાઈ ફીશીંગ બોટ, ટુ સ્ટ્રોક, ફોર સ્ટ્રોક આઇબીએમ અને ઓબીએમ એન્જિન ખરીદવા માટે યુનિટ કોસ્ટ રૂપિયા એક લાખ વીસ હજારના ૫૦ ટકા સહાય આપવામાં આવશે. જે માટે રૂ. ૯ કરોડની જોગવાઇ.

✓ માછીમારોની બોટના એન્જિનમાં વપરાતાં ડીઝલ પર વેટ વેચાણવેરા માફી યોજના અંતર્ગત રૂ.૨૦૦ કરોડની જોગવાઈ.

✓ માંગરોળ, નવાબંદર, વેરાવળ, માઢવાડ, પોરબંદર અને સુત્રાપાડા મત્સ્યબંદરોના વિકાસ અને હયાત મત્સ્યબંદરોના નિભાવ તેમજ સુવિધાઓ વિકસાવવા રૂ.૧૫૦ કરોડની જોગવાઇ.

સહકાર

✓ વિવિધ ખેતપેદાશોના રક્ષણ માટે બજાર સમિતિઓને ૫૦૦૦ મેટ્રિક ટન સુધીની ક્ષમતા ધરાવતા ગોડાઉન બનાવવા માટે સહાય માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ.

✓ મિલો સાથે જોડાણ ફરતી સહ્યર સુગર મિલને સહાય આપવા માટે રૂ.૨૫ કરોડની જોગવાઈ.

✓ ભારત સરકારની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ના શેરડી પેમેન્ટ માટે ખાંડ સહકારી મંડળીઓએ પાંચ વર્ષની અવધિ માટે મેળવેલ સોફ્ટ લોનનું વ્યાજ ભારત સરકાર દ્વારા એક વર્ષ માટે ચુક્વવામાં આવનાર છે.

✓ રાજય સરકાર આ સોફ્ટ લોન સામે ભરવાપાત્ર થતા વ્યાજના ૭ % અથવા ખરેખર ચુકવવામાં આવનાર વ્યાજ આ બેમાંથી જે ઓછું હોય તેટલી વ્યાજ સહાય વધુમાં વધુ ચાર વર્ષ સુધી આપશે. જે માટે રૂ.૨૩ કરોડની જોગવાઇ

જળસંપત્તિ વિભાગની વિવિધ કામગીરી માટે રૂ. ૭૨૨૦ કરોડની જોગવાઇ

સૌની યોજના :

- ✓ સૌરાષ્ટ્ર વિસ્તાર માટે આશીર્વાદ સાબિત થયેલ સૌની યોજનાના પ્રથમ અને બીજા તબક્કાની અત્યાર સુધી પૂર્ણ થયેલ કામગીરીથી ૩૨ જળાશયો, ૪૮ તળાવો અને ૧૮૧ કરતાં વધુ ચેકડેમોમાં નર્મદાના પાણી ભરવામાં આવેલ છે. સૌની યોજનાનાં ત્રીજા તબક્કાના ૨૪૦૩ કરોડનાં પાંચ પેકેજના કામો પ્રગતિ હેઠળ છે. સૌની યોજના માટે રૂ ૧૭૧૦ કરોડની જોગવાઇ.

અટલ ભુજલ યોજના

- ✓ ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા તેમજ ભૂગર્ભ જળ વ્યવસ્થાપનને ઉત્તેજન આપવા ભારત સરકારના સહયોગથી અટલ ભુજલ યોજના અમલમાં છે. આ યોજના હેઠળ ઉત્તર ગુજરાત અને કચ્છ જિલ્લાના ૨૪ તાલુકાઓને પાંચ વર્ષના સમયગાળા માટે રૂ.૭૫૭ કરોડ ફાળવવાનું આયોજન.
- ✓ ચેકડેમ, ગામતળાવો નવા બનાવવા અને ઊંડા કરવા જેવા જળસંચય યોજનાઓના કામો માટે રૂ. ૩૬૬ કરોડની જોગવાઇ.
- ✓ બનાસકાંઠા જિલ્લામાં થરાદથી સીપુ ડેમ સધી પાઈપલાઈન નાખવાથી થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના આશરે ૬૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ થશે. જેના માટે રૂ.૨૨૫ કરોડની જોગવાઈ.
- ✓ કચ્છમાં નર્મદાના પૂરના વધારાના પાણી દ્વારા સિંચાઈ સુવિધાઓ વધારવાનું આયોજન છે. આ યોજનાથી ૫૭,૮૫૦ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ થશે. જેના માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ.
- ✓ સાબરમતી નદી પર રૂ. ૨૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી રહેલ હિરપુરા અને વિલાસણા બેરેજ માટે રૂ. ૬૦ કરોડની જોગવાઇ.

આદિજાતિ વિસ્તાર માટે કુલ જોગવાઈ રૂ. ૧૧૪૨ કરોડ

- ✓ ઉકાઈ જળાશય આધારિત રૂ. ૯૬૨ કરોડની સોનગઢ-ઉચ્છલ-નિઝર ઉદવહન સિંચાઈ યોજના માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઇ.

ભાડભૂત બેરેજ

- ✓ જમીનની ખારાશ અટકાવવા તથા ભૂગર્ભજળની ગુણવત્તા સુધારવા માટે ભાડભુત બેરેજની કામગીરી શરૂ કરવા તથા કલ્પસર યોજના અંતર્ગત અભ્યાસ પૂર્ણ કરવા માટે કુલ રૂ.૪૦૦ કરોડની જોગવાઈ.

સૂક્ષ્મ સિંચાઈ માટે : રૂ.૭૫૦ કરોડની જોગવાઈ

- ✓ ખેડૂતોની પ્રગતિશીલ વિચારસરણી અને સરકારના પ્રયત્નોથી અત્યાર સુધીમાં કુલ ૧૮.૭૪ લાખ હેકટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ યોજના અમલી કરી શકાઇ છે. રાજયના અંદાજિત ૧૧.૫૧ લાખ ખેડૂતોએ સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવીને પાણીના કરકસરયુકત ઉપયોગ દ્વારા ગુણવત્તાયુકત વધુ ઉત્પાદન મેળવેલ છે.
- ✓ રાજયમાં માઇક્રો ઇરીગેશન સિસ્ટમનો વ્યાપ વધારવા માટે અને સિંચાઇનાં પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે જે ખેડૂત જૂથો હયાત કેનાલનાં માળખામાંથી પાણી મેળવી, માઇક્રો ઇરીગેશન સિસ્ટમ મારફતે સિંચાઇ કરશે તે ખેડૂત જૂથોને પ્રવર્તમાન પીયાવાના દરમાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે.

નર્મદા યોજના માટે : રૂ. ૮૭૫૫ કરોડની જોગવાઈ

- ✓ નર્મદા યોજનાથી પૂર્ણ લાભ લેવા અને જરૂરી કામોને પૂર્ણ કરવા રૂ. ૮૭૫૫ કરોડનું આયોજન. જેના અંતર્ગત મુખ્ય બંધના આનુષંગિક કામો, પુન:વસન તથા પર્યાવરણીય કામગીરી, ગરુડેશ્વર વિયર, ગોરા બ્રિજના બાંધકામ, પાવર હાઉસોની જાળવણી, કેનાલ ઓટોમેશનની કામગીરી, પ્રપ્રશાખા નહેરો સુધીના કામો તેમજ જમીન સંપાદન જેવા કામો કરવામાં આવશે.
- ✓ નર્મદા બંધ પરથી ચોમાસા દરમિયાન ઉપલબ્ધ થનાર વધારાના પાણી પૈકી, કચ્છને ૧ મિલીયન એકર ફીટ પાણી પહોંચાડવાનું આયોજન. જે માટે કચ્છ શાખા નહેરની બાકીના કામો પૂર્ણ કરવા, દુધઇ પેટા શાખાના કામો અને તેની વિતરણ નહેરોના કામો હાથ ધરવા રૂ.૧૦૮૪ કરોડની જોગવાઇ.
- ✓ નર્મદા યોજનાના નહેર માળખાની મિયાગામ, વડોદરા, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા ઉપર કુલ ૧૮ સ્થળોએ નાના વીજ મથકો બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ પૈકી ૮ વીજ મથક કાર્યરત છે. બધા જ વીજ મથકો કાર્યરત થતાં કુલ વીજ ઉત્પાદન આશરે ૮૬ મેગાવોટ થશે. જે માટે રૂ.૯૦ કરોડની જોગવાઇ

શિક્ષણ વિભાગ માટે સૌથી વધુ : કુલ રૂ. ૩૧,૯૫૫ કરોડની જોગવાઈ

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ

નવી યોજના : સ્કૂલ ઑફ એકસલન્સ યોજના

- ✓ મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે કેળવણી એટલે બાળકના શરીર, મન અને આત્માના ઉત્તમાંશોનું આવિષ્કરણ. સરકારી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા સ્કૂલ ઑફ એકસલન્સ યોજનાની જાહેરાત. જે અંતર્ગત ઉત્કૃષ્ટ શાળાઓ બનાવી શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરાશે. રાજયની શાળાઓ પૈકી ૫૦૦ શાળાઓને સ્કુલ ઑફ એકસલન્સ તરીકે વિકસાવવામાં

આવશે. તાલુકાના સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને આ સ્કૂલમાં વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા ઉત્તમ શિક્ષણ આપવામાં આવશે. આવી શાળાઓમાં તમામ અદ્યતન માળાખાકીય સુવિધાઓ, સ્માર્ટ કલાસરૂમ, કોમ્પ્યુટર લેબ, સ્ટેમલેબ અને રમતગમતની સુવિધાઓ પૂરી પાડવા માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઇ.

- ✓ આ વર્ષે પ્રાથમિક શાળાઓના નવા ૭,૦૦૦ વર્ગખંડોનું બાંધકામ માટે રૂ.૬૫૦ કરોડની જોગવાઈ.
- ✓ શાળાકીય શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અને યોજનાઓના ઑનલાઇન રિયલ ટાઇમ મોનિટરીંગ માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને વધુ સુદઢ બનાવવામાં આવશે.
- ✓ શાળાની શૈક્ષણિક કામગીરી અને માળખાકીય સુવિધાઓના મૂલ્યાંકન માટે ગુજરાત સ્કૂલ કવોલિટિ એક્રેડીટેશન કાઉન્સીલ માટે રૂ.૫ કરોડની જોગવાઇ.
- ✓ ધોરણ ૧ થી ૮ના આશરે ૪૩ લાખ બાળકોને મધ્યાહન ભોજન યોજના અને અન્ન સંગમ યોજના માટે રૂ.૯૮૦ કરોડની જોગવાઈ.
- ✓ રાઈટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવતા અંદાજે ૪ લાખ ૨૨ હજાર વિદ્યાર્થીઓની ફી, યુનિફોર્મ, સ્કૂલ બેગ વગેરે માટે સહાય આપવા કુલ રૂ. ૫૫૦ કરોડની જોગવાઇ.
- ✓ પ્રાથમિક શાળાના ૧૫,૦૦૦ વર્ગખંડોમાં અંદાજિત ૬ લાખ બાળકોને ઉપયોગી થાય તેવા વર્ચ્યુઅલ કલાસરૂમ અને જ્ઞાનકુંજ સવલત ઊભી કરવા રૂ.૧૨૫ કરોડની જોગવાઇ.
- ✓ રાજયના અંતરિયાળ વિસ્તારોમાં ૨૪૦ કસ્તુરબા ગાંધી વિદ્યાલય રેસીડેન્સીયલ હોસ્ટેલ કમ સ્કૂલોમાં અભ્યાસ કરતી ૨૨,૦૦૦ કન્યાઓ માટે વિના મૂલ્યે રહેવા તથા ભોજનની વ્યવસ્થા માટે રૂ. ૮૫ કરોડની જોગવાઈ.
- ✓ <u>ઘરથી સ્કૂલનું અંતર એક કિલોમીટરથી વધુ હોય તેવી સરકારી શાળાઓમાં અભ્યાસ કરતાં ૧,૫૦,૦૦૦ કરતા વધુ બાળકોના પરિવહન માટે રૂ. ૬૬ કરોડની જોગવાઈ.</u>
- ✓ ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ કોલેજમાં પ્રવેશ મેળવતા અંદાજે ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબલેટ યોજના અંતર્ગત ટેબલેટ આપવા રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ .
- ✓ યુનિવર્સિટી ખાતે સંશોધન કરતાં વિદ્યાર્થીઓ માટે શોધ યોજના અંતર્ગત જોગવાઈ. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, લેકાવાડા ગાંધીનગર ખાતે વિવિધ બાંધકામ માટે રૂ.૭૫ કરોડની જોગવાઇ.
- ✓ સ્ટડી ઇન ગુજરાત કાર્યક્રમ અંતર્ગત, રાજયની શૈક્ષણિક સંસ્થાઓનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વ્યાપ વધારવા રૂ. ૧૦ કરોડની જોગવાઈ.

- ✓ ગુજરાત યુનિવર્સિટી ખાતે D.R.D.O સાથે MoU કરી સ્કૂલ ઓફ ડિફેન્સ સ્ટડીઝ શરૂ કરવા માટે રૂ. ૭ કરોડની જોગવાઈ.
- ✓ આઇ. આઇ. ટી. રામ ખાતે D.R.D.Oના સહયોગથી ડિપાર્ટમેન્ટ ઑફ એડવાન્સ ડિફેન્સ ટેકનોલોજીનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ .
- ✓ <u>સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પૉલિસી</u> અંતર્ગત અંદાજે ૧૪ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ
- ✓ <u>મુખ્યમંત્રી યુવા - સ્વાવલંબન યોજના</u> - પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવતા લાખો વિદ્યાર્થીઓ માટે સર્વગ્રાહી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં. આ યોજના હેઠળ જાતિ-જ્ઞાતિના ભેદભાવ વિના, વાલીની આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય પ્રાથમિક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પુસ્તકો તથા ગણવેશ વિનામૂલ્યે પૂરા પાડવામાં આવે છે. ઉપરાંત, ટ્યુશન ફી, ભોજનાલય અને છાત્રાલય જેવી સુવિધાઓ માટે સહાય આપવામાં આવે છે. જે માટે કુલ રૂ. ૯૩૫ કરોડની જોગવાઈ.

<u>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે : રૂ. ૧૧,૨૪૩ કરોડની જોગવાઈ</u>

- ✓ સરકાર દ્વારા <u>સશક્ત મહિલા સુપોષિત ગુજરાત</u> માટે ખાસ રણનીતિ ઘડવામાં આવી છે. માતા ગર્ભ ધારણ કરે ત્યારથી લઇને બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીનો સમયગાળો નવજાત શિશુ માટે ખૂબ જ મહત્વનો હોય છે. શિશુના જીવનના પ્રારંભિક એક હજાર દિવસ દરમિયાનના વૃદ્ધિ અને વિકાસની અસર તેના સમગ્ર જીવનકાળ પર અસરકારક બની રહે છે. આથી <u>સગર્ભા માતા અને બાળકને પૂરતો જરૂરી પોષક આહાર આપવા પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાળસખા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પુર્ણા યોજના જેવી યોજનાઓ અમલમાં મૂકી છે. જે માટે રૂ.૨૦૦૦ કરોડની માતબર રકમની જોગવાઇ.</u>
- ✓ રાજયમાં લોકપ્રિય થયેલ મુખ્યમંત્રી અમૃતમ મા અને મા વાત્સલ્ય યોજના અંતર્ગત અંદાજે ૭૭ લાખ કુટુંબની નોંધણી થયેલ છે અને અત્યાર સુધી રૂ.૩૭૧૦ કરોડના ખર્ચે અંદાજે ૨૫ લાખથી વધુ કલેઈમનો લાભાર્થીઓને લાભ આપેલ છે. જે માટે રૂ. ૧૧૦૫ કરોડની જોગવાઇ.
- ✓ આયુષ્માને ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માટે રૂ. ૪૫૦ કરોડની જોગવાઇ.

<u>નવી જાહેરાત : અર્બન હેલ્થ સેન્ટર</u>

- ✓ શહેરી વિસ્તારના નાગરિકોને ઝડપી સારવાર મળી રહે, સગર્ભા મહિલાઓની નિયમિત આરોગ્ય તપાસ થાય, જરૂરી માર્ગદર્શન અપાય, સમયસર જરૂરી પોષક આહાર અપાય, બાળકોનું સંપૂર્ણ રસીકરણ થાય અને ઇન્દ્રધનુષ કાર્યક્રમનો ૧૦૦ ટકા અમલ થાય તે માટે શહેરી વિસ્તારમાં

અર્બન હેલ્થ સેન્ટરો ચલાવવામાં આવી રહ્યા છે. જેનો વ્યાપ વધારવા ૧૦,૦૦૦ની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત કરાશે. જેના માટે રૂ. ૮૦ કરોડની જોગવાઇ.

- ✓ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં નવસારી, રાજપીપળા અને પોરબંદર ખાતે ત્રણ નવી મેડિકલ કોલેજો શરૂ કરવા મંજૂરી આપી છે. જેથી હવે રાજયમાં કુલ ૩૨ મેડિકલ કોલેજો થશે.
- ✓ એસ. એસ. જી. હોસ્પિટલ, વડોદરા ખાતે રૂ. ૧૮૦ કરોડના ખર્ચે ૬૦૦ પથારીની નવી મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ બનાવવાની રૂ. ૫૦ કરોડની જોગવાઇ.
- ✓ રાજયની લોકપ્રિય ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને સુદઢ કરવા નવી ૧૫૦ એમ્બ્યુલન્સ ખરીદવા રૂ. ૨૭ કરોડની જોગવાઈ.
- ✓ આરોગ્યની સેવાઓ માટે પાયાની અને અગત્યની કામગીરી કરતી આશા બહેનોને આગવી ઓળખ માટે યુનિફોર્મ સ્વરૂપે બે સાડી પૂરી પાડવા માટે રૂ. ૪ કરોડની જોગવાઇ.
- ✓ નવજાત શિશુની સઘન સારવાર માટે ચાર સરકારી હોસ્પિટલ ખાતે સીક નીઓનટલ કેર યુનિટની ક્ષમતા વધારવા માટે રૂ. ૨૨ કરોડની જોગવાઈ.
- ✓ મેડિકલ કોલેજ, સોલા અમદાવાદ ખાતે બેચલર ઇન ઓડીયોલોજી સ્પીચ એન્ડ લેગ્વજ પેથોલોજી કોર્સ શરૂ કરવા અને કોકલીયર ઈમ્પ્લાન્ટ સેન્ટરો કાર્યાન્વિત કરવા રૂ. ૨ કરોડની જોગવાઈ.

મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ રૂ. ૩૧૫૦ કરોડની જોગવાઈ

- ✓ પોષણ અભિયાન અંતર્ગત રૂ.૫૫ કરોડના ખર્ચે ૫૩૦૨૯ આંગણવાડીમાં સ્માર્ટ ફોન અને ગ્રોથ મોનિટરીંગ ડિવાઇસ આપવામાં આવ્યા છે, જેના કારણે ૧૧ જેટલાં રજિસ્ટરોના સ્થાને સમગ્ર કામગીરી સ્માર્ટ ફોન વડે ડિજિટલી કરવામાં આવે છે. આ કામગીરીના મોનિટરીંગ અને માર્ગદર્શન માટે અંદાજે રૂ. ૨ કરોડના ખર્ચે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. જેને વધુ સુદઢ કરવા પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટની સ્થાપના કરવામાં આવશે.

પોષણ ત્રિવેણી પ્રોત્સાહન પુરસ્કાર

- ✓ પોષણ અભિયાન અંતર્ગત ૧૦૦ % સુપોષિત આંગણવાડીની સિદ્ધિ હાંસલ કરનાર પાયાના કર્મચારીઓને પોષણ ત્રિવેણી પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવશે. આ અંતર્ગત આંગણવાડી વર્કર અને તેડાગરને અનુક્રમે રૂ. ૧૨,૦૦૦ અને રૂ. ૬,૦૦૦ તેમજ પોતાના કાર્યક્ષેત્રની તમામ આંગણવાડી સુપોષિત ફરનાર પ્રત્યેક આશા વર્કર અને એ.એન.એમ.ને રૂ. ૧૨,૦૦૦નો પુરસ્કાર આપવામાં આવશે જે માટે રૂ.૮ કરોડ જોગવાઈ.
- ✓ સુરેન્દ્રનગર જિલ્લાના ૧૫૦૦ જેટલા અગરિયા કુટુંબો માટે રણ આંગણવાડી કરવામાં આવશે.

- ✓ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લાઓની મધ્યસ્થ જેલોમાં મીની આંગણવાડીઓ શરૂ કરવામાં આવશે.
- ✓ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૫ લાખ લાભાર્થી વિધવા બહેનોને સહાય આપવા માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઈ ,
- ✓ બેટી બચાવો બેટી ભણાવોને પ્રોત્સાહન આપતી લોકપ્રિય વ્હાલી દીકરી યોજના માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ.
- ✓ ૧૮૧-અભયમ મહિલા હેલ્પ લાઈન અંતર્ગત મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ બહેનોને મદદ કરવા અને જરૂરિયાતમંદ બહેનો અને દીકરીઓનું કાઉન્સેલીંગ કરવા રૂ.૧૨ કરોડની જોગવાઇ.
- ✓ દૂધ સંજીવની યોજના : આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૩૦ લાખ લાભાર્થીઓને દૂધ સંજીવની યોજના મારફત ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટે કુલા રૂ. ૩૪૨ કરોડની જોગવાઈ.

પાણી પુરવઠા પ્રભાગ માટે : કુલ રૂ. ૪૩૧૭ કરોડની જોગવાઈ

જલ જીવન મિશન અંતર્ગત હર ઘર જલ

- ✓ સરકારે શુદ્ધ અને પર્યાપ્ત પીવાનું પાણી પૂરું પાડવા રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા ૧૩,૩૦૦થી વધુ ગામો અને ૨૦૩ શહેરી વિસ્તારો જોડવાની કામગીરી પૂર્ણ કરેલ છે. ગ્રામીણ વિસ્તારોમાં ૭૮ ટકા ઘરોમાં નળ જોડાણની સિદ્ધિ હાંસલ કરેલ છે. જલ જીવન મિશન અંતર્ગત હર ઘર જલ ના સૂત્ર સાથે વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજયના બાકી રહેતા ૧૭ લાખ ઘરોમાં નળ જોડાણ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાના આયોજન માટે રૂ.૭૨૪ કરોડની જોગવાઈ.
- ✓ આગામી ત્રણ વર્ષમાં ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાના ગામોને પાણીના સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવાનું આયોજન.
- ✓ સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાવાળા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવા આગામી ત્રણ વર્ષ માટે રૂ ૯૩૦૦ કરોડનું આયોજન. જેના થકી ૪૬૩૫ ગામોની સવા કરોડ વસ્તીને લાભ થશે. જેનો લાભ ૨૨૦૦ ગામોના ૫૦ લાખ આદિવાસી નાગરિકોને પણ મળશે.
- ✓ નલ સે જલ અભિયાન અંતર્ગત ઘરે ઘરે પાણી પહોચાડવા ફળિયાઓને મુખ્ય ગામના સમ્પથી જોડવાનું, ફળિયા તેમજ ગામ ખાતે જરૂરિયાત મુજબની સંગ્રહ ક્ષમતા ઊભી કરવા આગામી બે વર્ષમાં રૂ ૧૦૦૦ કરોડના કામો હાથ ધરવામાં આવશે. જેના થકી આશરે ૮૦૦૦ ફળિયાઓ મુખ્ય ગામોથી જોડાશે.

ડીસેલીનેશન પ્લાન્ટ-

- ✓ સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના છેવાડાના ગામોમાં જળસલામતી પ્રદાન કરવા માટે કચ્છના માંડવી, દ્વારકા, ગીર સોમનાથ, ઘોઘા અને તેની આજુબાજુના વિસ્તારમાં ૨૭ કરોડ લીટર ક્ષમતાના ડીસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાની કામગીરી હાથ ધરાયેલ છે. આગામી બે વર્ષ દરમિયાન આ પ્લાન્ટના કેપિટલ ફાળા તરીકે રૂ.૧૦૮૦ કરોડની ફાળવણી કરવામાં આવશે.
- ✓ રિયૂઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ અંતર્ગત વડોદરા, જામનગર, ગાંધીનગર અને ભાવનગર ખાતે ગંદા પાણીને ટ્રીટ કરી તેના પુન: ઉપયોગના પ્રોજેકટ પ્રગતિમાં. રાજ્યના અન્ય શહેરોમાં આ યોજનાનો વ્યાપ વધારવા રૂ.૧૦૦ કરોડની જોગવાઈ .
- ✓ ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પાણી વિતરણ કરવા રૂ.240 કરોડની યોજનાનું આયોજન છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે : કુલ રૂ. ૪૩૨૧ કરોડની જોગવાઇ

નવી જાહેરાત-

- ✓ અનુસૂચિત જાતિના ખાનગી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ ૧ થી ૮ના કુમારો અને ધોરણ ૧ થી ૫ની કન્યાઓને રૂ. ૫૦૦ તથા ધોરણ ૬ થી ૮ની કન્યાઓને રૂ. ૭૫૦ શિષ્યવૃતિ માટે તેમજ આ તમામ વિદ્યાર્થીઓને રૂ. ૬૦૦ ગણવેશ સહાય આપવાની શરૂઆત કરવામાં આવશે. જે માટે રૂ. ૧૩ કરોડની જોગવાઇ.
- ✓ વિધાર્થીઓને ભોજન બિલમાં વધારો : અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના છાત્રાલયમાં રહેતા વિધાર્થીઓને ભોજન બિલ પેટે માસિક રૂ.૧૨૦૦ સહાય વધારી હવે રૂ.૧૫૦૦ અપાશે.
- ✓ વિદ્યાર્થીઓના બુટ મોજા સહાયમાં વધારો : આદર્શ નિવાસી શાળાના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને બુટ મોજા પેટે આપવામાં આવતી સહાય રૂ.૨૦૦માં વધારો કરી હવે રૂ.૪૦૦ આપવામાં આવશે.
- ✓ ધોરણ ૯માં અભ્યાસ કરતી વિકસતી જાતિની અંદાજે ૧.૬૦ લાખ કન્યાઓ અને અનુસૂચિત જાતિની ૨૨,૫૦૦ કન્યાઓને વિના મૂલ્યે સાયકલ સહાય.

સાત ફેરા સમૂહ લગ્ન યોજનાની સહાયમાં વધારો :

- ✓ સમૂહ લગ્નોને પ્રોત્સાહન મળે તે માટે સાત ફેરા સમૂહ લગ્ન યોજના અમલમાં છે. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિની સંસ્થાઓને ૨૫ યુગલની મર્યાદામાં યુગલદીઠ રૂ.૨૦૦૦ તથા યુગલોને રૂ.૧૦,૦૦૦ આપવામાં આવે છે. તેના બદલે હવે સંસ્થાઓને યુગલદીઠ રૂ.૩૦૦૦ તથા યુગલોને રૂ.૧૨,૦૦૦ સહાય આપવામાં આવશે.
- ✓ ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અંતર્ગત ૧૦૦૦ યુગલોને સહાય આપવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ.

- ✓ પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ અંતર્ગત વિકસતી જાતિના ૧૬,૮૩૦ લાભાર્થીઓને તથા આંબેડકર આવાસ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના ૨૯૦૦ લાભાર્થીઓને મકાન બાંધવા પ્રતિ લાભાર્થી રૂ ૧.૨૦ લાખ સુધીની સહાય આપવા રૂ.૧૪૨ કરોડની જોગવાઇ.
- ✓ લઘુમતી સમુદાયના વિકાસ માટે પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસ માટે લઘુમતી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઊભી કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઇ.

સમાજ સુરક્ષા

- ✓ વૃદ્ધાશ્રમોની નિભાવ ગ્રાન્ટ માસિક રૂ.૧૫૦૦થી વધારી રૂ.૨૧૬૦ કરવામાં આવશે.
- ✓ નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત અત્યારે માસિક રૂ.૭૫૦ની સહાય આપવામાં આવે છે . જેમાં હવે ૭૫ વર્ષ કે તેથી વધુ વયના નિરાધાર વૃદ્ધોને માસિક રૂ.૧૦૦૦ પેન્શન આપવામાં આવશે. જે માટે કુલ રૂ.૧૧૭ કરોડની જોગવાઇ .
- ✓ હાલમાં ૮૦ ટકા કે તેથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને માસિક રૂ.૬૦૦ સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરી રૂ.૧૦૦૦ની સહાય આપવામાં આવશે.
- ✓ પાલક માતા-પિતા યોજના અંતર્ગત ૧૮૨૦૦ લાભાર્થીઓ માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ.
- ✓ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અંતર્ગત પરિવારના મુખ્ય વ્યક્તિનું કુદરતી કે આકસ્મિક અવસાન થાય તેવા સંજોગોમાં ૨૦,૦૦૦ સહાય આપવામાં આવે છે.
- ✓ દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને સ્વરોજગારી માટેના સાધનો માટે રૂ.૨૦,૦૦૦ની મર્યાદામાં સહાય.
- ✓ જૂનાગઢ ખાતે છોકરાઓ માટે અને રાજકોટ ખાતે છોકરાઓ તથા છોકરીઓ માટે ચિલ્ડ્રન હોમ્સના નવા મકાન બાંધકામ માટે રૂ.૬ કરોડની જોગવાઈ.
- ✓ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલમાં મૂકાયેલા શૈક્ષણિક અને રોજગારલક્ષી યોજનાઓ માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ નિગમ દ્વારા હાલમાં છાત્રાલયમાં રહેતા જે વિધાર્થીઓને ભોજન બિલ પેટે માસિક રૂ.૧૨૦૦ સહાય આપવામાં આવે છે તે વધારી હવે રૂ.૧૫૦૦ આપવામાં આવશે.

આદિજાતિ વિકાસ વિભાગ માટે રૂ. ૨૬૭૫ કરોડની જોગવાઈ

- ✓ સને ૨૦૦૭થી શરૂ કરવામાં આવેલ વનબંધુ કલ્યાણ યોજનાથી આદિજાતિ વિસ્તારના લોકોના જીવનમાં નોંધપાત્ર સુધારો થયેલ છે. આ યોજના હેઠળ રૂ. ૧૪,૧૦૬ કરોડની જોગવાઈ

- ✓ અનુદાનિત છાત્રાલયો તથા આશ્રમ શાળાઓમાં છાત્ર દીઠ માસિક રૂ.૧૫૦૦ નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે, જેમાં વધારો કરી હવે રૂ.૨૧૬૦ આપવામાં આવશે .
- ✓ અનુસૂચિત જનજાતિના છાત્રાલયમાં રહેતા જે વિધાર્થીઓને ભોજન બિલ પેટે માસિક રૂ.૧૨૦૦ સહાય આપવામાં આવે છે તે વધારી હવે રૂ.૧૫૦૦ આપવામાં આવશે.
- ✓ કડાણા, નિઝર, સોનગઢ, બોડેલી, ગરબાડા અને વિજયનગર ખાતે કુમારો માટે તેમજ કડાણા, ભિલાડ, મોડાસા અને માણેકપોર ખાતે કન્યાઓ માટે નવા સરકારી છાત્રાલયો શરૂ કરવા માટે રૂ.૩ કરોડની જોગવાઈ.
- ✓ ધોરણ ૯માં અભ્યાસ કરતી અંદાજે ૫૦,૦૦૦ વિદ્યાર્થીનીઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ આપવા રૂ.૧૯ કરોડની જોગવાઈ .
- ✓ રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ.
- ✓ ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત અંદાજે ૧૩૦૦ જેટલાં તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવા રૂ.૧૧ કરોડની જોગવાઈ.
- ✓ ટી. બી., કેન્સર, રકતપિત્ત અને સીકલસેલ એનિમિયા જેવા રોગો માટે મફત તબીબી સહાય યોજના હેઠળ રૂ.૧૦ કરોડની જોગવાઈ.
- ✓ હળપતિઓ અને આદિમજૂથોને છ પાયાની સુવિધા પૂરી પાડવા તથા સી. સી. ડી. પ્રોજેકટ હેઠળ રૂ. ૬૩ કરોડની જોગવાઈ
- ✓ માનવ ગરિમા યોજના હેઠળ અંદાજે ૧૨,૦૦૦ જેટલા લાભાર્થીઓને સ્વરોજગારીનો લાભ આપવા રૂ.૧૫ કરોડની જોગવાઈ.
- ✓ આદિજાતિ ખેડૂતોની આવકમાં વધારો થાય અને જીવન ધોરણ ઊંચું આવે તે માટે દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તારમાં વાડી પ્રોજેકટ અંતગર્ત ફળાઉ ઝાડના રોપાઓ અને ખાતર પૂરાં પાડવામાં આવે છે. હવે આદિજાતિના તમામ જિલ્લાઓમાં આ સફળ યોજનાનો વ્યાપ વધારવા કુલ રૂ.૧૧ કરોડની જોગવાઈ .
- ✓ આદિજાતિ લોકોને બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ ધંધા રોજગારના હેતુઓ માટે લીધેલ લોન ઉપર છ ટકાના દરે વ્યાજ સહાય આપવા માટે રૂ.૨ કરોડની જોગવાઈ.
- ✓ આદિજાતિ લાભાર્થીઓને મધમાખી ઉછેર માટે પ્રોત્સાહન આપવા મધ કલેકશન અને પ્રોસેસીંગ સેન્ટરની સ્થાપના માટે સહાય આપવા રૂ. ૧ કરોડની જોગવાઈ

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે કુલ રૂ.૯૦૯૧ કરોડની જોગવાઈ

નવી યોજના : માદરે વતન યોજના –

- ✓ વતનના વિકાસમાં રસ ધરાવતા દાતાઓને પ્રોત્સાહન આપવા અને ગામડાઓમાં વધુ સારી સગવડો ઊભી કરવાના ઉમદા આશયથી માદરે વતન યોજનાનો પ્રારંભ.
- ✓ આ યોજના હેઠળ ગામમાં શાળા, શાળાના રૂમ, સ્માર્ટ કલાસ, આંગણવાડી, સ્મશાન, દવાખાનું, રસ્તા, પીવાના પાણીની ટાંકી, ગામ તળાવ, ગટર વ્યવસ્થા, સામૂહિક શૌચાલય, લાયબ્રેરી, કોમ્યુનિટી હોલ, પંચાયત ઘર વગેરે જેવી સુવિધાઓને વિકસાવવા દાતાશ્રી દ્વારા આપવામાં આવતા દાનની રકમ જેટલી જ મેચિંગ રકમ (ઉદા. તરીકે જેટલી રકમ દાતા આપશે તેટલી જ રકમ સામે સરકાર ઉમેરશે) રાજય સરકાર દ્વારા ઉમેરવામાં આવશે જે માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ.

<u>નવી યોજના : મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના</u>

- ✓ આ યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓ, મહિલા ઉત્કર્ષ જૂથ બનાવી રૂપિયા ૧ લાખ સુધીનું ધિરાણ મેળવે તો તેનું સંપૂર્ણ વ્યાજ રાજય સરકાર દ્વારા સીધે સીધું બેન્કોને આપવામાં આવશે. આમાં મહિલા ઉત્કર્ષ જૂથને ઝીરો ટકા દરે લોન પ્રાપ્ત થશે જેનાથી મહિલાઓને સ્વ-રોજગાર માટે નવું બળ પ્રાપ્ત થશે. આ યોજના હેઠળ વ્યાજ સહાય આપવા કુલ રૂ. ૧૯૩ કરોડની જોગવાઇ.
- ✓ ગામડામાં સ્વચ્છતા જાળવવા માટે ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કરવું ખૂબ જ જરૂરી છે. ઘન કચરાના વ્યવસ્થાપન માટે રાજયની ૧૬૬૭ ગ્રામ પંચાયતોની ટ્રાઇસિકલ અને હેન્ડ કાર્ટ જેવા સફાઇના સાધનો પૂરા પાડવામાં આવશે. તેવી રીતે પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે ૮૦ જેટલી ગ્રામ પંચાયતોમાં 2 વોટર ટ્રીટમ પ્લાન્ટ નાખવામાં આવશે જે માટે કુલ રૂ.૬૧ કરોડની જોગવાઇ.
- ✓ ગુજરાત સરકારની યોજના અંતર્ગત ઘન કચરો ડોર ટુ ડોર કલેકશન દ્વારા એકત્ર માટે હાલ તમામ ગ્રામ પંચાયતોને વ્યકિતદીઠ માસિક રૂપિયા બે ગ્રાન્ટ આપવામાં આવે છે તેને બદલે હવે વ્યકિતદીઠ માસિક રૂપિયા ચાર ગ્રાન્ટ આપવામાં આવશે.
- ✓ <u>નવા મંજૂર આવાસની સાથે સાથે બાથરૂમની સુવિધા ઊભી કરવા માટે લાભાર્થી ફાળો રૂ.૩૦૦૦ની સામે રાજય સરકાર દ્વારા રૂ.૫૦૦૦ની સહાય આપવામાં આવશે. જે માટે રૂ.૫૦ કરોડની જોગવાઈ.</u>

<u>નવી યોજના - મુખ્યમંત્રી ગ્રામ્ય સ્વનિર્ભર યોજના</u>

- ✓ ગ્રામીણ વિસ્તારની બહેનો માટે કાયમી રોજગારીનું નિર્માણ થાય તે ઉદ્દેશથી મુખ્યમંત્રી ગ્રામ્ય સ્વનિર્ભર યોજનાની જાહેરાત. આ યોજના હેઠળ સ્વ-સહાય જૂથોની બહેનોને અનાજ અને મસાલા દળવાની ઘંટી ખરીદવા માટે સહાય આપવામાં આવશે. જે માટે રૂ.૭ કરોડની જોગવાઈ.

- ✓ વર્ષ-૨૦૨૨ સુધીમાં સૌને આવાસનો ઉમદા આશય પૂર્ણ કરવા ૩ લાખ ૧૧ હજાર આવાસોના લક્ષ્યાંક સામે અત્યાર સુધી ૨ લાખ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અન્વયે નવા ૮૫ હજાર આવાસો બાંધવામાં આવશે. જેના માટે રૂ ૧૧૦૦ કરોડની જોગવાઇ.
- ✓ સ્વચ્છ ભારત મિશન - ગ્રામીણ અંતર્ગત રૂ.૮૦૩ કરોડની જોગવાઈ.
- ✓ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર(મનરેગા) યોજના અંતર્ગત રૂ ૪૯૦ કરોડની જોગવાઇ.
- ✓ શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન માટે રૂ.૨૩૫ કરોડની જોગવાઇ.
- ✓ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના માટે રૂ.૧૯૫ કરોડની જોગવાઇ .
- ✓ ગ્રામ પંચાયતોને હાઇસ્પીડ ઇન્ટરનેટથી જોડવા, જરૂરી હાર્ડવેર તેમજ માનવબળ પૂરું પાડી ઇ-એનેબલ કરવા રૂ.૧૦૦ કરોડની જોગવાઇ.
- ✓ ગ્રામ પંચાયત એસેટ અને રેકર્ડની વ્યવસ્થિત જાળવણી તેમજ કામોનું ડુપ્લીકેશન ના થાય તે માટે જીઓ-ટેગીંગ એસેટ રજિસ્ટર તૈયાર કરવા માટે રૂ.૫ કરોડની જોગવાઇ.

<u>શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે રૂ. ૧૩,૪૪૦ કરોડની જોગવાઇ</u>

- ✓ <u>રાજ્યના શહેરોમાં વસતા ૪૫ ટકા નાગરિકોને પાયાની જાહેર સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.</u> ભારત સરકાર દ્વારા શહેરોને સ્માર્ટ સિટી બનાવવાની યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે, તે જ રીતે <u>રાજ્યના નગરોને સ્માર્ટ ટાઉન બનાવવા વિવિધ આયોજન કર્યા</u> છે.
- ✓ શહેરી વિસ્તારોમાં ખૂબ લોકપ્રિય અને ઉપયોગી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે રૂ. ૪૫૪૪ કરોડની જોગવાઈ.
- ✓ મુખ્યમંત્રી સડક યોજના હેઠળ રૂ.૫૦૦ કરોડની જોગવાઇ.
- ✓ <u>શહેરો વચ્ચે જનલક્ષી સુવિધાઓ વિકસાવવા માટે સ્પર્ધાત્મક વાતાવરણનું નિર્માણ થાય તે માટે સ્માર્ટ ટાઉન મિશન હેઠળ</u> અ અને બ વર્ગની નગરપાલિકાઓમાંથી સ્પર્ધા દ્વારા પસંદ કરેલ પાંચ નગરપાલિકાઓમાં વિકાસના કામો માટે પ્રતિ વર્ષ રૂ.૨૦ કરોડ લેખે પાંચ વર્ષમાં રૂ.૧૦૦ કરોડ ફાળવવામાં આવશે.
- ✓ <u>અમૃત યોજના</u> અંતર્ગત ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકાઓમાં પાણી પુરવઠા, ગટર, વરસાદી પાણીનો નિકાલ, પરિવહન જેવી સુવિધાઓ માટે રૂ.૮૦૦ કરોડની જોગવાઇ.
- ✓ <u>સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ૬ શહેરોમાં</u> એરિયા બેઝ વિકાસના કામો જેવા કે એરિયા રિડેવલપમેન્ટ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, ઇન્ટરમોડલ ટ્રાન્સપોર્ટ હબ, CCTV, ઇન્ટરનેટ કનેકટીવીટી વગેરે માટે રૂ. ૫૯૭ કરોડની જોગવાઇ.
- ✓ રેલવે ફાટકો પર ઓવરબ્રીજ અથવા અન્ડરબ્રીજ બનાવવા રૂ.૨૦૦ કરોડની જોગવાઈ.

- ✓ સ્વચ્છ ગુજરાત-પ્લાસ્ટિક મુક્ત ગુજરાતના ભાગરૂપે સ્વચ્છતાની કામગીરી સાથે જોડાયેલ શહેરોમાં ફરીને પ્લાસ્ટિક વીણવાનું કામ કરનાર રેગપિકર્સ શ્રમજીવીઓને સહાય અને અન્ય કામો માટે રૂ. ૫૬ કરોડની જોગવાઇ.
- ✓ ૨૦૨૨ સુધીમાં સૌને ઘર પૂરા પાડવાના ઉમદા હેતુથી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ છ લાખ આવાસો મંજૂર કરવામાં આવેલ છે. જે માટે રૂ.૮૩૦ કરોડની જોગવાઇ
- ✓ આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકોને શહેરી વિસ્તારોમાં રૂપિયા પંદર લાખની મર્યાદામાં આવાસની ખરીદીમાં રાજ્ય સરકાર તરફથી રૂપિયા એક લાખની સહાય આપવા રૂ.૫૦ કરોડની જોગવાઇ.

ગિફ્ટ સિટી

- ✓ ગિફ્ટ સિટી ખાતે ૧૩ બેંક, ૧૯ વીમા કંપનીઓ, ૫૦ થી વધુ કેપીટલ માર્કેટ સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય કક્ષાના બે એક્ષચેન્જની નાણાંકીય પ્રવૃત્તિઓને કારણે તે આંતરરાષ્ટ્રીય કક્ષાનું ફાયનાન્શિયલ હબ બનવા તરફ આગેકૂચ કરી રહ્યું છે. ગિફ્ટ સિટીમાં છેલ્લા વર્ષમાં અંદાજે ૬૦૦ બિલીયન યુ. એસ. ડોલરનું ટ્રેડીંગ થયું છે. ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય બૂલિયન એકસચેન્જની સ્થાપના થતાં મોટાપાયે રોજગારીનું નિર્માણ થશે. ગિફ્ટ સિટી માટે શેરમૂડી ફાળા પેટે રૂ.૨૦૦ કરોડની જોગવાઇ

શ્રમ અને રોજગાર વિભાગ માટે : કુલ રૂ.૧૪૬૧ કરોડની જોગવાઈ

- ✓ વૈશ્વિક કક્ષાના તેમજ ઉદ્યોગોની માંગ આધારિત કૌશલ્ય નિર્માણ માટે નાસ્મેદ, ગાંધીનગર ખાતે ૨૦ એકરમાં પીપીપી ધોરણે ટાટા ગૃપના સહકારથી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કીલ્સનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવેલ છે. જેથી રાજ્યના યુવાનો માટે રોજગારીની તકો વધશે
- ✓ મખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અંતર્ગત એક લાખ એપ્રેન્ટિસોની ભરતી માટે રૂ.૯૨ કરોડની જોગવાઈ.
- ✓ ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મિશન મારફતે પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અને અન્ય કૌશલ્ય વિકાસ યોજનાઓના માધ્યમથી ૭૦ હજાર યુવાનોને કૌશલ્ય તાલીમ અપાશે.
- ✓ યુવાનોને રોજગાર માટે તાલીમબદ્ધ કરવા ભારત સરકાર દ્વારા સ્ટ્રાઈવ પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટમાં રાજયની કુલ ૩૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ માટે રૂ.૩૩ કરોડની જોગવાઈ.

બાંધકામ શ્રમિકો માટે નવી જાહેરાત :

- ✓ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના અંદાજે ૧,૨૦,૦૦૦ બાંધકામ શ્રમિકોને કડિયાનાકા તેમજ કામના સ્થળે સિટી બસ મારફતે જવા-આવવા માટે મુસાફરી ખર્ચમાં સહાય આપવામાં આવશે, જેના કારણે કામદારોને મુસાફરી ખર્ચમાં ઘટાડો થશે અને તેમની આવકમાં વધારો થશે.
- ✓ શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત નોંધાયેલ બાંધકામ શ્રમિકોને માત્ર રૂ.૧૦માં બપોરના ભોજનનો લાભ આપવામાં આવે છે. હવે યુ - વીન કાર્ડ ધારકોને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે.
- ✓ ધન્વન્તરી આરોગ્ય રથ યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકોને આરોગ્ય વિષયક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. વધુ ૧૬ આરોગ્ય રથની સુવિધા પૂરી પડાશે.
- ✓ બાંધકામ શ્રમિકના પત્ની તેમજ મહિલા બાંધકામ શ્રમિકોને હાલમાં પ્રસૂતિ સહાય પેટે રૂ.૭૫૦૦ની સહાય આપવામાં આવે છે . તેને ઉદાર બનાવતા હવે મહિલા બાંધકામ શ્રમિકોને સગર્ભા અવસ્થા દરમિયાનના છેલ્લા બે માસ અને પ્રસૂતિ બાદના બે માસ, એમ કુલ ચાર માસ સુધી માસિક રૂ. ૫,૦૦૦ની સહાય આપવામાં આવશે. આમ, મહિલા, બાંધકામ શ્રમિકોને બે બાળકો સુધી પ્રસૂતિ સહાય પેટે કુલ રૂ. ૨૭,૫૦૦ આપવામાં આવશે. જે માટે કુલ રૂ.૬ કરોડની જોગવાઇ .
- ✓ બાંધકામ શ્રમિકોને હાઉસિંગ સબસિડી યોજના હેઠળ બેન્કમાંથી લીધેલ લોન ઉપર પાંચ વર્ષ સુધી, પ્રતિ વર્ષ રૂપિયા ૨૦ હજારની વ્યાજ સહાય આપવામાં આવશે. (કુલ રૂપિયા એક લાખ)

માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ. ૧૦,૨૦૦ કરોડની જોગવાઈ

- ✓ સાત વર્ષ કે તેથી વધુ સમય સુધી રીકાર્પેટ ન થયા હોય તેવા બાકી રહેતા ૧૫૦ તાલુકાના ૨૪૯ રસ્તાઓની ૧૧,૨૦૦ કિલોમીટર લબાઇના રસ્તાઓનું રિસરફેસીંગ રૂ.૩૬૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે. જેમાં ૯૫૦૦ કિલોમીટર લંબાઈના પ્લાન તેમજ નોનપ્લાન ગ્રામ્ય માર્ગોનો પણ સમાવેશ થાય છે. જે માટે રૂ. ૧૪૩૬ કરોડની જોગવાઈ.
- ✓ વારંવાર અકસ્માત થતા હોય તેવા રસ્તાઓનું વૈજ્ઞાનિક પદ્ધતિથી સેફટી ઑડિટ કરાવી જરૂરિયાત મુજબના તાંત્રિક સુધારા કરવાથી અકસ્માત થતા અટકાવી શકાય. આ કામગીરી માટે પ્રાથમિક તબક્કે રૂ.૨૬ કરોડની જોગવાઈ.
- ✓ ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી પણ શરૂ થનાર છે જેમાં રાજ્યના ૩૦૦૦ કિલો મીટરના ગ્રામ્ય માર્ગોને પહોળા કરવાની કામગીરી રૂ. ૧૮૦૦ કરોડની અંદાજિત કિંમતે હાથ ધરવાનું આયોજન છે. જે અંતર્ગત વિવિધ કામો માટે રાજ્યના ફાળા તરીકે પ્રારંભિક રૂ.૧૦૦ કરોડની જોગવાઈ.
- ✓ ખૂબ જ લોકપ્રિય એવી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ.૨૫૦૦ કરોડની જોગવાઇ

- ✓ મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તાર, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૧૫૩૪ કિલોમીટરના ૬૩ રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની કામગીરી રૂ.૨૯૬૩ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ.
- ✓ એક લાખ ટ્રેન વ્હીકલ યુનિટથી વધુ ટ્રાફિક હોય તેવા રેલવે ક્રોસિંગ ઉપર રેલવે અને રાજ્ય સરકારની ભાગીદારીથી ઓવરબ્રીજ બાંધવાની કામગીરી પ્રગતિમાં.

બદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે : કુલ રૂ.૧૩૯૭ કરોડની જોગવાઈ

- ✓ જાહેર પરિવહનને વધુ સુગમ અને સુલભ બનાવવા ૮૯૫ નવી બસો સેવામાં મૂકાશે. આ બસો બી. એસ. ૬ મોડલ આધારિત હોઇ વાતાવરણને પ્રદૂષણમુક્ત અને સ્વચ્છ રાખવામાં મદદ મળશે. જે માટે કુલ રૂ.૨૪૦ કરોડની જોગવાઇ.
- ✓ અલંગ શીપ રિસાયલિંગ યાર્ડનું આધુનિકીકરણ કરવાનું આયોજન છે, જે માટે અંદાજિત રૂ.૭૧૫ કરોડ ખર્ચ થશે. આ પ્રોજેકટ અંતર્ગત હાલનાં ૭૦ શિપ રિસાયલિંગ પ્લોટ અપગ્રેડ થશે અને ૧૫ નવા પ્લોટ બનાવવામાં આવશે. જેનાથી મોટા પ્રમાણમાં રોજગારીનું નિર્માણ થશે

ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ માટે કુલ રૂ ૧૩,૯૧૭ કરોડની જોગવાઈ

- ✓ કચ્છ ખાતે દુનિયાના સૌથી મોટા હાઇબ્રીડ પાર્કના નિર્માણથી, તે એક જ સ્થળેથી સૌર અને પવન ઊર્જા દ્વારા વાર્ષિક ૨૫,૦૦૦ મેગાવોટ ઊર્જા ઉત્પન્ન કરતું દુનિયાનું સૌથી મોટું સ્થળ બનશે.

  નવી યોજના : દિનકર યોજના
- ✓ સરકાર દ્વારા ખેડૂતોને પૂરતા વીજ જોડાણ, સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. હવે ખેડૂતોની વર્ષો જૂની માંગણી પૂરી કરવા દિવસ દરમિયાન વીજ પુરવઠો પૂરો પાડવાનો નિર્ધાર કર્યો છે. જેના ભાગરૂપે નવી દિનકર યોજનાની જાહેરાત. આ યોજનામાં આગામી ત્રણ વર્ષમાં ટ્રાન્સમિશન નેટવર્કને સુદઢ કરવા તેમજ નવા સબ સ્ટેશનો સ્થાપવા કુલ રૂ.૩૫૦૦ કરોડનું આયોજન. જેમાં વર્ષ માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઈ.
- ✓ આશરે એક લાખ કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૧૪૮૯ કરોડની જોગવાઇ.
- ✓ લોકપ્રિય સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત સોલર રૂફટોપ માટે સબસિડી આપવા માટે રૂ.૯૧૨ કરોડની જોગવાઈ.
- ✓ તમામ ગ્રામ પંચાયતોના વોટર વર્કસને વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા માટે રૂ.૭૬૫ કરોડની સબસિડીની જોગવાઈ.

- ✓ આગામી વર્ષે ૧૪૦ નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. જે માટે રૂ.૪૨૧ કરોડની જોગવાઈ.
- ✓ GETCOના સબસ્ટેશનની નજીકમાં આવતી સરકારી જમીનમાં ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ દ્વારા તબક્કાવાર ૨૫૦૦ મેગાવોટ સૌર ક્ષમતાના સોલાર પી. વી. પ્રોજેક્ટ સ્થાપના અંતર્ગત, આ વર્ષે ૨૫૦ મેગાવોટ ઉત્પન્ન કરવા રૂ. ૪૪૯ કરોડની જોગવાઈ.
- ✓ જૂના જર્જરિત વીજ વાયરોને બદલવા, નડતર રૂપ વીજ માળખાના સ્થળાંતર માટે, લાંબા ખેતીવાડી ફિડરોના વિભાજન માટે, કિસાન હિત ઊર્જા શક્તિ યોજનાના અમલીકરણ તથા સીમ શાળાઓમાં થ્રી ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવા રૂ. ૩૦૫ કરોડની જોગવાઈ.
- ✓ પ્રધાનમંત્રી કુસુમ યોજના અંતર્ગત ૧૮,૫૦૦ ગ્રીડ કનેકટેડ પંપને સોલારાઇઝ કરવા તથા સ્ટેન્ડ અલોન - ઓફ ગ્રીડ સોલાર પાવર એગ્રીકલ્ચર પંપ માટે કુલ રૂ. ૧૨૫ કરોડની જોગવાઇ.

ક્લાઈમેટ ચેન્જ વિભાગ માટે કુલ ૧૦૧૯ કરોડની જોગવાઈ

- ✓ રાજ્યની સરકારી શાળાઓમાં ૨૨,૫૦૦ એલ.ઈ.ડી લાઇટ અને ૨૩,૦૦૦ સ્ટાર રેટેડ પંખાઓ નાખવામાં આવશે, જે માટે રૂ.૬ કરોડની જોગવાઇ
- ✓ સરકારી અને એકલવ્ય શાળાઓની હોસ્ટેલો, સરકારી વિશ્રામ ગૃહો તથા યાત્રાધામોમાં સૌર ઊર્જા આધારિત હોટ વોટર સિસ્ટમ નાખવામાં આવશે.
- ✓ ૮૦૦ નંગ ઇ-રીક્ષા માટે પ્રતિ રીક્ષા રૂ. ૪૦,૦૦૦ની સહાય આપવામાં આવશે
- ✓ ૧૦૦૦ નંગ બેટરી ઑપરેટેડ ફ્રિયફ્રી વાહનો માટે પ્રતિ વાહન દીઠ રૂ.૧૦,૦૦૦ની સહાય આપવામાં આવશે
- ✓ ખેડૂતોને સોલાર સંચાલિત મિનિ ટ્રેક્ટર ખરીદવા તથા શહેરોમાં ઈલેકટ્રીક વાહનો માટે ચાર્જિંગ પોઈન્ટ ઊભાં કરવા સહાય આપવામાં આવશે

ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે : કુલ રૂ. ૭૦૧૭ કરોડની જોગવાઇ

- ✓ ગુજરાતમાં વર્ષ ૨૦૧૮-૧૯માં ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ કુલ રૂ. ૧૨,૬૧૮ કરોડનું થયું હતું. તેની તુલનામાં ૨૦૧૯-૨૦ના પ્રથમ ૬ મહિના દરમિયાન રૂ. ૨૪,૦૧૨ કરોડનું એટલે કે બમણું ઇન્વેસ્ટમેન્ટ મેળવીને, સમગ્ર દેશમાં ગુજરાત બેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન બન્યું છે.
- ✓ છેલ્લા ત્રણ વર્ષમાં ભારતમાં સ્થપાયેલા ૨૫૭૪ મોટા ઉદ્યોગોમાંથી ૭૩૫ મોટા એકમો એકલા ગુજરાતમાં જ સ્થપાયા છે.
- ✓ રોજગાર સર્જન કરતા ઉદ્યોગોને સહાય આપવાની યોજનાઓ જેવી કે સ્કીમ ફોર ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ, પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝ, મેગા ઇનોવેટિવ પ્રોજેકટ, એરોસ્પેસ અને ડિફેન્સ સેકટરને પ્રોત્સાહન આપવા રૂ. ૯૫૦ કરોડની જોગવાઇ.

- ✓ ડીપ-સી પાઈપલાઈન તથા આંતરમાળખાકીય સુવિધાના જુદા જુદા પ્રોજેકટને સહાય આપવા ૫૦૦ કરોડની જોગવાઇ.
- ✓ રાજ્યના વાયેબલ માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ.
- ✓ ગુજરાતને વૈશ્વિક કક્ષાએ રોકાણ માટેના ઉત્તમ સ્થળ તરીકે પ્રસ્થાપિત કરનાર વાયબ્રન્ટ ગુજરાત સમિટના આયોજન માટે રૂ. ૯૫ કરોડની જોગવાઇ.
- ✓ સંશોધન અને નવીનતમ સાહસો માટે યુવા વર્ગ વધારે ઉત્સાહી બને તે માટેની સ્ટાર્ટઅપ-ઇનોવેશન યોજના માટે રૂ. ૧૮ કરોડની જોગવાઈ.

ખાણ અને ખનીજ

- ✓ રાજ્યમાં ખાણ કામ માટે એનવાયરમેન્ટ ક્લીયરન્સ પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે. આ પ્રમાણપત્ર ઝડપથી અને સરળતાથી મેળવવા સરકાર દ્વારા એનવાયરમેન્ટ સ્ટડી રિપોર્ટ તૈયાર કરવા રૂ.૨૦ કરોડની જોગવાઇ
- ✓ ખનીજ ક્ષેત્રે પ્રોડકશન અને મેન્યુફેકચરમાં ફાળો વધારવા ગુજરાત ગ્રેનાઇટ, બ્લેકટ્રેપ, બેન્ટોનાઇટ, ચાઇનાકલે ખનીજ નીતિ માટે રૂ.૬ કરોડની જોગવાઈ
- ✓ અંબાજી અને ધ્રાંગધ્રા ખાતેના સ્ટોન આર્ટીઝન પાર્કના વિકાસ માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ

કુટિર અને ગ્રામોદ્યોગવાજપાઇ બેન્કેબલ યોજના - અન્વયે ઉધોગ, સેવા અને વેપાર એમ ત્રણ ક્ષેત્રમાં રૂ.૮ લાખ સુધી ધિરાણ આપવામાં આવે છે. અંદાજે ૩૭,૦૦૦ લાભાર્થીઓને ધિરાણ સહાય આપવા રૂ. ૪૧૧ કરોડની જોગવાઈ

- ✓ માનવ કલ્યાણ યોજના અન્વયે નાના ધંધા રોજગાર કરતા સમાજના નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા, તેમના ધંધાને અનુરૂપ સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવામાં આવે છે. આશરે ૨૮,૦૦૦ જેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવા કુલ રૂ.૪૮ કરોડની જોગવાઈ

પ્રવાસન માટે : કુલ રૂ. ૪૮૦ કરોડની જોગવાઇ

- ✓ ગીરમાં સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સંખ્યાને ધ્યાને લઇ અમરેલી ખાતે આંબરડી લાયન સફારી પાર્કના અદ્યતન વિકાસ માટે રૂ.૫ કરોડની જોગવાઈ
- ✓ પ્રવાસન નીતિ અંતર્ગત ૩૮૩ જેટલા પ્રોજેક્ટ હેઠળ રૂ.૧૨,૦૦૦ કરોડનું રોકાણ થનાર છે. જે પૈકી ૧૯૭ પ્રોજેકટ ચાલુ થયેલ છે અને ૧૯૦૦૦ લોકોને રોજગારી મળી છે. જે માટે રૂ. ૬૦ કરોડની જોગવાઇ

- ✓ બોર્ડર ટુરિઝમના વિકાસ મારફતે નવી પેઢીમાં દેશભક્તિની ભાવના બળવત્તર બનાવવા નડાબેટ સીમા દર્શન પ્રોજેકટ હેઠળ આંતર માળખાકીય સવલતો તથા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોના આયોજન માટે રૂ. ૩૫ કરોડની જોગવાઈ
- ✓ બાલાસિનોર ડાયનાસોર ફોસીલ પાર્કની મુલાકાતે આવનાર પ્રવાસીઓને સંખ્યાને ધ્યાને લઇ તેના વધુ વિકાસ માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ
- ✓ શુકલતીર્થ, કબીરવડ, મંગલેશ્વર અને અંગારેશ્વરનો મેગા સર્કિટ તરીકે વિકાસ કરવા ભારત સરકાર તરફથી રૂ. ૨૩ કરોડ ફાળવવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫ કરોડ ઉમેરીને આ સ્થળોનો વિકાસ કરવામાં આવશે.
- ✓ સાબરકાંઠા જિલ્લાના પોળો ફોરેસ્ટ ખાતે પ્રવાસી સુવિધાઓનો વિકાસ કરવા માટે રૂ.૫ કરોડની જોગવાઈ
- ✓ વેળાવદર ખાતે કાળીયાર અભયારણ્યનો વિકાસ કરવા માટે રૂ. ૩ કરોડની જોગવાઈ
- ✓ જૂનાગઢ ઉપરકોટ, ધોળાવીરા તથા માતાના મઢ ખાતે પ્રવાસી સુવિધાઓ વિકસાવવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ
- ✓ પ્રસિદ્ધ હેરીટેજ શહેર વડનગરનો ભારત સરકારના સંયુકત પ્રયાસથી અંદાજિત રૂ.૨૦૦ કરોડના ખર્ચે પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવામાં આવી રહેલ છે.
- ✓ કોસ્ટલ ટુરીઝમ અંતર્ગત શિવરાજપુર બીચના વિકાસ માટે રૂ.૧૫૦ કરોડના કામો પીપીપીના ધોરણે હાથ ધરવામાં આવેલ છે
- ✓ ગિરનાર ક્ષેત્રના વિકાસ અને ગિરનાર રોપ-વે ની કામગીરી પીપીપીના ધોરણે વિકસાવવા માટે રૂ.૧૩૦ કરોડના કામો હાથ ધરવામાં આવેલ છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડિયા

- ✓ આ વિસ્તારના સંતુલિત અને આયોજનબદ્ધ વિકાસ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળની સ્થાપના કરવામાં આવી છે.
- ✓ વિવિધ આકર્ષણો- અહીં જંગલ સફારી, વિશ્વ વન, આરોગ્ય વન, એકતા નર્સરી, કેક્ટસ ગાર્ડન, વેલી ઓફ ફ્લાવર્સ, ન્યુટ્રીશન પાર્ક, ઓકીડેરિયમ, ક્રોકોડાઇલ સેન્ટર વગેરેનું નિર્માણ કાર્ય હાથ ધરાયેલ છે. આમ, આ પ્રવાસન સ્થળના સર્વાંગી વિકાસ માટે કુલ રૂ. ૩૮૭ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે.

પવિત્ર યાત્રાધામ – રૂ. ૧૪૭ કરોડની જોગવાઈ

- ✓ રાજ્યના ૬ મહત્વનાં યાત્રાધામો અને અન્ય મંદિરોના વિકાસ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઇ.
- ✓ સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે યાત્રાધામોની સ્વચ્છતા માટે : રૂ.૧૭ કરોડની જોગવાઈ

- ✓ સુરત જિલ્લાના મહુવા તાલુકામાં આવેલ આદિવાસીઓના આસ્થાના ધામ અનાવલ, કાવેરો-કાવેરી અને ગુપ્ત સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે વિવિધ સુવિધાઓ રૂ.૧૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે

કૃષ્ણ નગરી દ્વારકાનો વિકાસ

- ✓ બેટ દ્વારકા અને ઓખાને જોડતા અરબી સમુદ્ર ઉપર ૪.૫૬ કિલોમીટર લંબાઈના ચારમાર્ગીય સીગ્નેચર બ્રીજની કામગીરી રૂ. ૯૬૨ કરોડ ખર્ચે પ્રગતિમાં છે.
- ✓ બેટ દ્વારકામાં કૃષ્ણલીલા તાદશ કરતું મ્યુઝિયમ બનાવવા અને યાત્રાળુઓ માટે પ્રાથમિક સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે
- ✓ સોમનાથ અને દ્વારકાની એક જ દિવસમાં મુલાકાત લઇ શકાય તે માટે વિમાન સેવા શરૂ કરવા રૂ.૧ કરોડની જોગવાઇ

નાગરિક ઉડ્ડયન

- ✓ ઉડાન યોજના અંતર્ગત પોરબંદર, મુન્દ્રા, ભાવનગર અને જામનગર જેવા વિસ્તારોને એર કનેક્ટવીટીથી તથા કેવડીયા, સાબરમતી અને શેત્રુંજયને વૉટરડ્રોમથી જોડવા માટે કુલ રૂ.૪૫ કરોડની જોગવાઇ
- ✓ રાજપીપળા, અમરેલી, કેશોદ અને મહેસાણા ખાતે એરપોર્ટ ડેવલપમેન્ટ માટે રૂ.૨૫ કરોડની જોગવાઇ.

વન અને પર્યાવરણ વિભાગ માટે : કુલ રૂ. ૧૭૮૧ કરોડની જોગવાઈ

- ✓ વન્ય જમીન અન્ય હેતુઓ માટે ઉપયોગ અર્થે આપવામાં આવે ત્યારે યુઝર એજન્સી પાસેથી જરૂરી ચાર્જ વસૂલવામાં આવે છે. આ રકમમાંથી વનીકરણ, વન સંરક્ષણ, ભૂમિ, અને ભેજ સંરક્ષણ, વન્ય પ્રાણી તેમજ જૈવિક વિવિધતાનું વ્યવસ્થાપન જેવા કામો માટે કમ્પેનસેટરી અફોરસ્ટેશન ફન્ડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઑથોરીટી-કેમ્પા અંતર્ગત રૂ. ૨૫૦ કરોડની જોગવાઈ.
- ✓ વનોના સંરક્ષણ અને સંવર્ધન માટે : રૂ.૨૮૧ કરોડની જોગવાઇ
- ✓ ધરમપુર ખાતે સર્પ સંશોધન કેન્દ્ર, વેળાવદર નજીક ખડમોર પક્ષી સંવર્ધન કેન્દ્ર, દીપડાઓને રેડિયો કોલર લગાવવા, આદિવાસી વિસ્તારમાં ડ્રેગન ફ્રૂટ ઉછેર અને પ્રોસેસીંગ માટે કુલ રૂ.૧૦ કરોડની જોગવાઇ

- ✓ પ્લાસ્ટિક બેગના વિકલ્પ તરીકે પુનઃ ઉપયોગમાં લઇ શકાય તેવી રોપા ઉછેર માટે વિશેષ રીતે તૈયાર કરેલ ટ્રે ના ઉપયોગથી સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગ મુકત નર્સરી બનાવવા માટે રૂ.૨ કરોડની જોગવાઈ

ગૃહ વિભાગ માટે : કુલ રૂ.૭૫૦૩ કરોડની જોગવાઇ

- ✓ ગૃહ વિભાગની વિવિધ સંવર્ગની ૧૧ હજાર નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે.
- ✓ હોમગાર્ડઝ જવાનોના હાલના ૪૫,૨૮૦ના સંખ્યાબળમાં ૪,૫૨૮નો વધારો કરી કુલ સંખ્યાબળ ૪૯,૮૦૮નું કરવાનું આયોજન.
- ✓ રાજયની જનતાની સુરક્ષા અને સલામતી માટે વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત સીસીટીવી કેમેરા લગાવવા રૂ.૧૧૧ કરોડની જોગવાઈ
- ✓ મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે સેફ સિટી પ્રોજેકટ અંતર્ગત નિર્ભયા ફંડ માટે રૂ.૬૩ કરોડની જોગવાઈ
- ✓ રાજયના પાટનગર ગાંધીનગરની સુરક્ષા વ્યવસ્થા સુદઢ કરવા નવી પોલીસ કમિશ્નર કચેરીની રચના કરાશે.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે : કુલ રૂ.૧૨૭૧ કરોડની જોગવાઈ

- ✓ ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે આ વર્ષે સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અપાતા અનાજમાં ઉમેરો કરી પહેલીવાર તુવેરદાળનું પણ વિતરણ કરવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત આશરે ૬૬ લાખ લાભાર્થીઓને, લાભાર્થી દીઠ વાર્ષિક ૧૨ કિલોગ્રામ તુવેરદાળનું રાહત દરે વિતરણ કરવામાં આવશે, જે માટે રૂ.૨૮૭ કરોડની જોગવાઇ.

મહેસૂલ વિભાગ માટે : કુલ રૂ. ૪૪૭૩ કરોડની જોગવાઈ

- ✓ ખેતીની જમીનની માપણી આધુનિક પદ્ધતિથી સચોટ થાય તે માટે વધુ ૧૦૮ તાલુકામાં નવા ડી.જી.પી.એસ મશીનો વસાવવા રૂ.૨૭ કરોડની જોગવાઈ.
- ✓ શહેરી તેમજ નગરપાલિકા વિસ્તારોમાં નાના ક્ષેત્રફળવાળા પ્લોટ, ખેતીની જમીન કે મિલકતની માપણી આધુનિક પદ્ધતિથી કરવા માટે ૧૫૦ ઇલેકટ્રોનિક ટોટલ સ્ટેશન મશીન ખરીદવા રૂ.૧૩ કરોડની જોગવાઈ

વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ માટે : કુલ રૂ. ૪૯૭ કરોડની જોગવાઈ

- ✓ રાજયની ૬૫૦૦થી વધારે કચેરીઓને જીસ્વાન કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

- ✓ સાયન્સ સિટીમાં એકવેટીક, રોબોટિક્સ, સ્પેસ અને એસ્ટ્રોનોમી ગેલેરી જેવી થીમ બેઇઝ ગેલેરીઓના વિકાસ માટે રૂ.૭૫ કરોડની જોગવાઇ
- ✓ બાયોટેકનોલોજી યુનિવર્સિટીના મકાન બાંધકામ તથા અન્ય સુવિધાઓના વિકાસ માટે રૂ.૪૩ કરોડની જોગવાઈ
- ✓ રાજ્યની દરેક ગ્રામ પંચાયતને ઓપ્ટિકલ ફાયબરથી જોડવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ
- ✓ બાયોટેકનોલોજી ક્ષેત્રે ચાલતા સંશોધનથી ઉદ્યોગ, પર્યાવરણ, મરીન અને જીનોમિક્સ જેવા ક્ષેત્રોને લાભ મળે તે હેતુથી રૂ. ૭ કરોડની અધતન લેબોરેટરીનું નિર્માણ કરવાનું આયોજન.

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે : કુલ રૂ. ૫૬૦ કરોડની જોગવાઈ

- ✓ ખેલ મહાકુંભના આયોજન માટે રૂ. ૭૯ કરોડની જોગવાઇ
- ✓ ખેલકૂદ ક્ષેત્રે ઉભરતી પ્રતિભાઓને શિક્ષણ સાથે ખેલકૂદની સઘન તાલીમ આપવા બનાવવામાં આવેલ જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કુલ માટે રૂ.૭૨ કરોડની જોગવાઇ .
- ✓ પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટેની શકિતદૂત યોજના અંતર્ગત રૂ.૬ કરોડની જોગવાઈ
- ✓ ગ્રામ્ય વિસ્તારમાં રમત ગમતના વિકાસ માટે માળખાકીય સુવિધાઓ વિકસાવવા, રમત પ્રત્યે અભિરુચિ વધારવા તેમજ જામનગર ખાતે સ્પોર્ટસ મ્યુઝિયમ બનાવવા માટે રૂ.૫ કરોડની જોગવાઈ

કલા મહાકુંભ માટે રૂ. ૯ કરોડની જોગવાઇ

- ✓ નૃત્ય, સંગીત, નાટકના અભ્યાસ અને સંશોધનને ઉત્તેજન પૂરું પાડવા વડનગર ખાતે તાનારીરી પર્ફોર્મિંગ આર્ટ કોલેજની સ્થાપના કરવા રૂ. ૧ કરોડની જોગવાઈ
- ✓ યોગના પ્રચાર પ્રસાર માટે રૂ.૨ કરોડની જોગવાઇ

માહિતી અને પ્રસારણ વિભાગ માટે : કુલ રૂ. ૧૬૯ કરોડની જોગવાઈ

- ✓ માન્યતા ધરાવતા પત્રકારોને અકસ્માતે અવસાનના કેસમાં રૂપિયા પાંચ લાખ અને કુદરતી અવસાનના કેસમાં રૂપિયા પચાસ હજારનું વીમા કવચ આપવામાં આવે છે. હવે, કુદરતી અવસાનનાં કિરસામાં રૂપિયા એક લાખનું વીમા કવચ પૂરું પાડવામાં આવશે

કાયદા વિભાગ માટે : કુલ રૂ.૧૬૮૧ કરોડની જોગવાઈ

✓ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને વકીલોના વેલ્ફર માટે અનુદાન આપવા રૂ.૫ કરોડની જોગવાઈ

સામાન્ય વહીવટ વિભાગ માટે કુલ રૂ. ૧૭૬૬ કરોડની જોગવાઈ

નવી યોજના – ગુજરાતને જાણો

✓ ગુજરાતને જાણો નામની નવી યોજનાની જાહેરાત. જે અંતર્ગત વિદેશમાં વસતા ગુજરાતી યુવાનો રાજ્યની મુલાકાતે આવતા રહે તે માટે અલગ અલગ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે. જેનાથી તેઓ આપણી માતૃભાષા, સંસ્કૃતિ અને ભવ્ય વારસાના પરિચયમાં રહે.

✓ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ એ. ટી. વી. ટી. અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતના વિકાસના કામો માટે રૂ. ૧૩૦૮ કરોડની જોગવાઇ

✓ રાજ્યના નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ થાય તે માટે શરૂ કરેલ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત અંદાજે બે કરોડ સેવાઓ નાગરિકોને સ્થળ ઉપર જ પૂરી પડાઈ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માટે કરવેરાની દરખાસ્ત

વીજકર - કોલ્ડ સ્ટોરેજ ઉપરનો વીજકર

✓ કોલ્ડ સ્ટોરેજ ઉપર હાલમાં ૨૦ ટકાના દરે વીજકર લાગુ કરવામાં આવેલ છે. જેથી આ વીજકરનો દર હાલના ૨૦ ટકાથી અડધો કરી ૧૦ ટકા કરવાની દરખાસ્ત.

✓ સૂચિત દરખાસ્તના પરિણામે રાજયની વેરાકીય આવકમાં વાર્ષિક રૂ. ૩.૬૦ કરોડનો ઘટાડો થવાનો અંદાજ, જેનો લાભ રાજ્યમાં અસ્તિત્વ ધરાવતાં અંદાજિત ૧૩૦૦ કોલ્ડ સ્ટોરેજને મળશે.

ધાર્મિક સ્થળો ઉપરનો વીજકર

✓ રાજયમાં આવેલ મંદિરો, મસ્જિદો, ચર્ચ, ગુરુદ્વારા, દેરાસર, અગિયારી જેવા વિવિધ ધર્મોના ધાર્મિક સ્થળો કે જ્યાં પૂજા, પ્રાર્થના કરવામાં આવતા હોય કે નમાઝ પઢવામાં આવતી હોય, તેમજ દેરી, સમાધિ, સ્મશાનગૃહ, દરગાહ, કબ્રસ્તાન જેવા સ્થળોના વીજ વપરાશ પર હાલ ૨૫ ટકાના દરે વીજકર અમલમાં છે. હાલનો ૨૫ ટકાનો વીજકર ઘટાડીને ગ્રામ્ય વિસ્તારોમાં ૭.૫ ટકા અને શહેરી વિસ્તારોમાં ૧૫ ટકા કરવાની દરખાસ્ત.

✓ સૂચિત દરખાસ્તના પરિણામે રાજ્યની વેરાકીય આવકમાં વાર્ષિક ૫.૧૧ કરોડનો ઘટાડો થવાનો અંદાજ, જેનો લાભ રાજ્યના અંદાજે ૧૦,૫૦૦ ધાર્મિક સ્થળોને મળશે

ધર્મશાળાઓ ઉપર વીજ કર :

- ✓ આવી ધર્મશાળામાં થતા વીજ વપરાશ ઉપર હાલ ૨૫ ટકાના દરે વીજકર લાગુ થાય છે. આ તમામ ધર્મશાળાઓના દરમાં ઘટાડો કરી, એચ. ટી. વીજ જોડાણ ધરાવતી ધર્મશાળાઓને ૧૫ ટકા તથા એલ. ટી. વીજ જોડાણ ધરાવતી ધર્મશાળાઓને ૧૦ ટકા વીજકર લાગુ કરવો.
- ✓ સૂચિત દરખાસ્તના પરિણામે રાજ્યની વેરાકીય આવકમાં વાર્ષિક ૧.૪૫ કરોડનો ઘટાડો થવાનો અંદાજ.
- ✓ જેનો લાભ રાજયમાં અસ્તિત્વ ધરાવતી અંદાજિત ૮૧૫ ધર્મશાળાઓને મળશે.

<u>વિવિધ સર્વિસ સેક્ટર તેમજ તમામ વ્યવસાયોના સ્થળોના વીજ વપરાશ ઉપર</u>

- ✓ વિવિધ સર્વિસ સેક્ટર તેમજ તમામ વ્યવસાયોના સ્થળોના વીજ વપરાશ ઉપર અત્યારે ૨૫ ટકા વીજકર લાગુ થાય છે. જેમાં ઘટાડો કરીને ૨૦ ટકા કરવાની દરખાસ્ત.
- ✓ જેનો લાભ રાજ્યના ૩૦ લાખ જેટલા દુકાનદારો/વેપારીઓ/ રીગરોને અને આવી ઓફિસ ધરાવનારાને મળશે.
- ✓ સૂચિત દરખાસ્તના પરિણામે રાજ્યની વેરાકીય આવકમાં વાર્ષિક રૂ. ૩૨૦ કરોડનો ઘટાડો થવાનો અંદાજ.
- ✓ સને ૨૦૨૦-૨૧ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ

	(રકમ રૂ. કરોડમાં)
✓ (૧) અંદાજ અનુસારની પુરાંત	(+) ૬૦૫.૪૩
✓ (૨) વીજકરમાં સૂચિત ઘટાડો/રાહત	(-) ૩૩૦.૧૬
✓ (૩) એકંદર અંદાજિત પુરાંત	(+) ૨૭૫.૨૭

અંદાજપત્ર ૨૦૨૦-૨૧માં જાહેર કરવામાં આવેલ ગુજરાત સરકારની વ્યક્તિલક્ષી યોજનાઓ

અનુ.	લાભાર્થી	લાભ
૧	ખેડૂત	મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના હેઠળ ખેતરમાં નાના ગોડાઉન બનાવવા માટે એકમ દીઠ ₹૩૦,૦૦૦ સહાય અને ગોડાઉનના બાંધકામ માટે એન.એ.ની મંજૂરીથી મુક્તિ
૨	ખેડૂત	ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ માસિક ₹૯૦૦ એટલે કે વાર્ષિક ₹૧૦,૮૦૦ સહાય.
૩	ખેડૂત	કિસાન પરિવહન યોજના દ્વારા ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી માટે ₹૫૦ હજાર થી ₹૭૫ હજાર સહાય
૪	ખેડૂત	ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનો રેલવે સ્ટેશન કે એરપોર્ટ સુધી પહોંચાડવા માટે સહાય
૫	ખેડૂત	ખેતી માટે દિવસ દરમિયાન વીજ પુરવઠો પૂરો પાડવાનો નવી દિનકર યોજના
૬	ખેડૂત	બાગાયતી પાકના મૂલ્ય વર્ધન માટે કૌશલ્ય વર્ધન અંગેની તાલીમ
૭	ખેડૂત	ખેતપેદાશોના રક્ષણ માટે બજાર સમિતિઓને ગોડાઉન બનાવવા માટે સહાય
૮	પશુપાલક	મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજના હેઠળ પશુપાલકને તેમના એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માસ માટે કુલ ૧૫૦ કિલોગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા રકમની સહાય
૯	લારીવાળા અને નાના વ્યવસાયકાર	ગરમી, ઠંડી અને વરસાદથી રક્ષણ આપવા માટે તથા તેમની લારીઓમાં રાખવામાં આવતાં ફળફળાદી, શાકભાજી બગડી ન જાય તે માટે મોટી સાઈઝની છત્રી
૧૦	નાના માછીમાર	નાના માછીમારોને એન્જિન ખરીદીમાં સહાય આપવાની નવી યોજના જે અંતર્ગત દરિયાઈ ફીશીંગ બોટ, ૨ સ્ટ્રોક, ૪ સ્ટ્રોક આઈબીએમ અને ઓબીએમ એન્જીન ખરીદવા સહાય
૧૧	નાના માછીમાર	બોટ પર સેફ્ટી સાધનો વસાવવા માટે સાધન સહાય
૧૨	ખાંડ મંડળીના સભાસદ	નબળી કે બંધ ખાંડ સહકારી મિલોનું સદ્ધર સુગર મિલોના જોડાણ માટે સહાય
૧૩	ખાંડ સહકારી મંડળી	સોફ્ટ લોન સામે ભરવાપાત્ર થતા વ્યાજના ૭% અથવા ખરેખર ચુકવવામાં આવનાર વ્યાજ આ બે માંથી જે ઓછું હોય, તેટલી રકમની વ્યાજ સહાય વધુમાં વધુ ચાર વર્ષ સુધી
૧૪	ખેડૂત જૂથના સભ્ય	જે ખેડૂત જૂથો હયાત કેનાલનાં માળખામાંથી પાણી મેળવી, માઈક્રો ઈરીગેશન સિસ્ટમ મારફતે સિંચાઈ કરશે તે ખેડૂત જૂથોને પ્રવર્તમાન પીયાવાના દરમાં ૫૦ ટકા રાહત

અનુ.	લાભાર્થી	લાભ
૧૫	શહેરી વિસ્તારના નાગરિક	શહેરી વિસ્તારના નાગરિકોને ઝડપી સારવાર મળી રહે, સગર્ભા મહિલાઓની નિયમિત આરોગ્ય તપાસ થાય, જરૂરી માર્ગદર્શન અપાય, સમયસર જરૂરી પોષક આહાર અપાય, બાળકોનું સંપૂર્ણ રસીકરણ થાય અને ઈન્દ્રધનુષ કાર્યક્રમનો ૧૦૦ ટકા અમલ થાય તે માટે શહેરી વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટરો વ્યાપ વધારવા ૧૦,૦૦૦ ની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટરની રચના
૧૬	અગરીયા કુટુંબના બાળક	સુરેન્દ્રનગર જિલ્લાના ૧૫૦૦ જેટલા અગરિયા કુટુંબો માટે રણ આંગણવાડી
૧૭	અનૂસૂચિત જાતિના વિદ્યાર્થી	અનૂસૂચિત જાતિના ખાનગી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ ૧ થી ૮ ના કુમારો અને ધોરણ ૧ થી ૫ ની કન્યાઓને ₹૫૦૦ તથા ધોરણ ૬ થી ૮ ની કન્યાઓને ₹૭૫૦ શિષ્યવૃતિ માટે તેમજ આ તમામને ₹૬૦૦ ગણવેશ સહાય
૧૮	અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થી	અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને બુટ–મોજા પેટે ₹૨૦૦માં બમણો વધારો કરી ₹૪૦૦ની સહાય
૧૯	અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના યુગલ	સમૂહ લગ્નોને પ્રોત્સાહન મળે તે માટે સાત ફેરા સમૂહ લગ્ન યોજના અમલમાં છે. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિની સંસ્થાઓને ૨૫ યુગલની મર્યાદામાં યુગલદીઠ ₹૨૦૦૦ તથા યુગલોને ₹૧૦,૦૦૦ આપવામાં આવે છે. તેના બદલે હવે સંસ્થાઓને યુગલદીઠ ₹૩૦૦૦ તથા યુગલોને ₹૧૨,૦૦૦ સહાય
૨૦	નિરાધાર વૃદ્ધ	નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત માસિક સહાય જેમાં ૬૫ વર્ષ કે તેથી વધુ વયના નિરાધાર વૃદ્ધોને માસિક ₹૧૦૦૦ પેન્શન
૨૧	વૃદ્ધાશ્રમવાસી	વૃદ્ધાશ્રમોમાં માસિક નિભાવ ગ્રાન્ટ ₹૧૫૦૦ આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે ₹૨૧૬૦ ની સહાય
૨૨	માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યકિત	૮૦ ટકા કે તેથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યકિતઓને માસિક ₹૬૦૦ સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરી ₹૧૦૦૦ની સહાય
૨૩	છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ	ભોજન બિલ પેટે માસિક ₹૧૨૦૦ સહાય આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે ₹૧૫૦૦ ની સહાય
૨૪	છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ	ભોજન બિલ પેટે માસિક ₹૧૨૦૦ સહાય આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે ₹૧૫૦૦ ની સહાય
૨૫	છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ	ભોજન બિલ પેટે માસિક ₹૧૨૦૦ સહાય આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે ₹૧૫૦૦ ની સહાય
૨૬	અનુદાનિત છાત્રાલયો તથા આશ્રમ શાળાઓના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ	અનુદાનિત છાત્રાલયો તથા આશ્રમ શાળાઓની નિભાવ ગ્રાન્ટમાં છાત્ર દીઠ માસિક ₹૧૫૦૦ નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે ₹૨૧૬૦ ની સહાય

અનુ.	લાભાર્થી	લાભ
૨૭	આદિજાતિના ઉદ્યમી	આદિજાતિ લોકોને બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ ધંધા રોજગારના હેતુઓ માટે લીધેલ લોન ઉપર છ ટકાના દરે વ્યાજ સહાયની જોગવાઈ
૨૮	મહિલા ઉત્કર્ષ જૂથ સભ્ય	મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના નામની નવી યોજનાની અંતર્ગત મહિલા ઉત્કર્ષ જૂથને ઝીરો ટકા દરે રૂ. એક લાખ સુધીની લોન
૨૯	ગ્રામીણ વિસ્તારની બહેનો	ગ્રામીણ વિસ્તારની બહેનો માટે મુખ્યમંત્રી ગ્રામ્ય સ્વનિર્ભર યોજના હેઠળ સ્વ-સહાય જૂથોની બહેનોને અનાજ અને મસાલા દળવાની ઘંટી ખરીદવા માટે સહાય
૩૦	ગ્રામીણ કુટુંમ્બ	ગ્રામીણક્ષેત્રોમાં દરેક કુટુંબને નવા મંજૂર આવાસની સાથે સાથે બાથરૂમની સુવિધા ઊભી કરવા માટે લાભાર્થી ફાળો ₹૩૦૦૦ની સામે રાજય સરકાર દ્વારા ₹૫૦૦૦ની સહાય
૩૧	શ્રમજીવી	સ્વચ્છતાની કામગીરી સાથે જોડાયેલ રેગપિકર્સ શ્રમજીવીઓને સહાય
૩૨	આર્થિક રીતે પછાત વર્ગના નાગરિક	આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકોને શહેરી વિસ્તારોમાં આવાસની ખરીદીમાં રૂપિયા એક લાખની સહાય.
૩૩	બાંધકામ શ્રમિક	અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના બાંધકામ શ્રમિકોને કડિયાનાકા તેમજ કામના સ્થળે સિટી બસ મારફતે જવા-આવવા માટે મુસાફરી ખર્ચમાં સહાય
૩૪	બાંધકામ શ્રમિક	શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત યુ-વીન કાર્ડ ધારકોને રૂ. દસના રાહત દરે ભોજન
૩૫	મહીલા બાંધકામ શ્રમિક	બાંધકામ શ્રમિકના પત્ની તેમજ મહિલા બાંધકામ શ્રમિકોને હાલમાં પ્રસૂતિ સહાય પેટે ₹૭૫૦૦ની સહાય આપવામાં આવે છે. હવે મહિલા બાંધકામ શ્રમિકોને સગર્ભા અવસ્થા દરમિયાનના છેલ્લા બે માસ અને પ્રસૂતિ બાદના બે માસ, એમ કુલ ચાર માસ સુધી માસિક ₹૫,૦૦૦ની સહાય
૩૬	વન અધિકાર કાયદા હેઠળના લાભાર્થી	વન અધિકાર કાયદા હેઠળના લાભાર્થીઓને ફાળવેલ જમીનમાં આંબા, કાજુ અને માનવેલ બામ્બુના રોપા વિના મૂલ્યે આપવાની યોજના
૩૭	રોજગાર વાચ્છુક યુવાનો	રાજ્યની કાયદો વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા વિવિધ સંવર્ગની ૧૧ હજાર નવી જગ્યાઓ
૩૮	રોજગાર વાચ્છુક યુવાનો	કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉપયોગી થતા હોમગાર્ડઝ જવાનોના સંખ્યાબળમાં વધારો
૩૯	જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના રાશન કાર્ડ ધારકો	ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અપાતા અનાજમાં ઉમેરો કરી પહેલીવાર તુવેરદાળનું પણ રાહત દરે વિતરણ
૪૦	પત્રકારશ્રી	માન્યતા ધરાવતા પત્રકારોને કુદરતી અવસાનના કિસ્સામાં હવે રૂપિયા એક લાખનું વીમા કવચ
૪૧	ધારાશાસ્ત્રીશ્રી	બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને વકીલોના વેલ્ફેર માટે અનુદાન
૪૨	વિદેશમાં વસતા ગુજરાતી (એન.આર.જી.) યુવાનો	ગુજરાતને જાણો નામની નવી યોજના અંતર્ગત વિદેશમાં વસતા ગુજરાતી યુવાનો રાજ્યની મુલાકાતે આવતા રહે તે માટે અલગ અલગ પ્રવૃતિઓનું આયોજન.

૨. દિન વિશેષ : 26 ફેબ્રુઆરી દેશના પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદનો 609મો જન્મદિવસ



તા. 26 ફેબ્રુઆરી-1411 , સ્થાપક – અહેમદ શાહ

અમદાવાદ મહાનગરના કેટલાક સંભારણાં

- ✓ પહેલી જૂલાઈ-૧૯૫૦ના રોજ અમદાવાદ શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો
- ✓ અમદાવાદ શહેરના પ્રથમ મેયર ચિનુભાઈ ચીમનલાલ શેઠ હતા.
- ✓ શહેરના પ્રથમ મ્યુનિસિપલ કમિશનર બી.પી. પટેલ હતા. પ્રથમ કમિશનર તરીકે બી. પી. પટેલે વર્ષ-૧૯૫૦થી વર્ષ-૧૯૫૪ સુધી કાર્યભાર સંભાળ્યો હતો.
- ✓ વર્ષ-૧૯૫૧માં અમદાવાદ શહેરની કુલ વસ્તી ૮,૩૭,૧૬૩ હતી.
- ✓ વર્ષ-૧૯૫૧માં અમદાવાદ શહેર બાવન ચોરસ કીલોમીટર વિસ્તારમાં વસેલુ હતુ.
- ✓ વર્ષ-૨૦૨૦માં અમદાવાદ શહેર ૪૬૬ ચોરસ કીલોમીટર વિસ્તારમાં વિસ્તરેલું છે.

સરદાર વલ્લભભાઈ નગરપાલિકાના પ્રમુખ બન્યા

- ✓ લોખંડી પુરુષ તરીકે જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલ ૫ જૂલાઈ-૧૯૧૭ના રોજ અમદાવાદના દરીયાપુર વોર્ડમાં થયેલી પેટા ચૂંટણીમાં વિજયી બન્યા હતા.
- ✓ અમદાવાદ નગરપાલિકાના પ્રમુખ તરીકે સરદાર વલ્લભભાઈએ ૯ ફેબ્રુઆરી-૧૯૨૪થી ૧૩ એપ્રિલ-૧૯૨૮ સુધી કાર્યભાર સંભાળ્યો હતો.

૩. દિન વિશેષ : 26 ફેબ્રુઆરી , વીર સાવરકરની પૂણ્યતિથિ



જન્મ - ૨૮ મે ૧૮૮૩ , અવસાન - ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૨-૨૦૨૦)

1. ગુજરાત સરકારનું અંદાજપત્ર વર્ષ ૨૦૨૦-૨૧ સતત કેટલી વખત કોણે રજૂ કર્યું – **આઠમીવાર અને નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલ**
2. ગુજરાત સરકારનું અંદાજપત્ર વર્ષ ૨૦૨૦-૨૧ કયારે રજૂ થયું – **૨૬મી ફેબ્રુઆરી-૨૦૨૦**
3. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્રનું કુલ કદ કેટલું છે : **રૂ. 2,17,287 કરોડ**
4. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્ર અનુસાર અંદાજ પ્રમાણે એકંદર પુરાંત જણાવો : **રૂ. 605.43 કરોડ**
5. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્ર અનુસાર મહેસૂલી આવક જણાવો : **રૂ. 1,62,447.46 કરોડ**
6. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્ર અનુસાર મહેસૂલી ખર્ચ જણાવો : **રૂ. 1,61,658.07 કરોડ**
7. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્ર અનુસાર મહેસૂલી હિસાબ પર પુરાંત જણાવો : **+ રૂ. 789.39 કરોડ**
8. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતનું અંદાજપત્ર વર્ષ : ૨૦૧૯-૨૦ના અંદાજ કરતાં કેટલો વધારો સુચવે છે : **લગભગ રૂ.૧૨,૪૭૨ કરોડ**
9. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્રમાં ફેરફાર કરેલ અંદાજપત્રમાં એકંદર કેટલા પુરાંતની અપેક્ષા કેટલા રૂપિયાની રાખવામાં આવી હતી : **રૂ.૨૮૫.૧૨ કરોડ**
10. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્ર અનુસાર રાજયનો વિકાસલક્ષી ખર્ચ કેટલો થવા પામે છે : **રૂ. ૧,૩૩,૨૮૩.૪૩ કરોડ**
11. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્ર અનુસાર રાજયનો બિન વિકાસલક્ષી ખર્ચ કેટલો થવા પામે છે : **રૂ. ૮૦૪૦૧.૪૫ કરોડ**
12. ગુજરાતના અંદાજપત્રમાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે મહેસુલી આવક કેટલી અંદાજવામાં આવેલ છે - **રૂ. ૧,૬૨,૪૪૭.૪૬ કરોડ**
13. ગુજરાતના અંદાજપત્રમાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે મહેસુલી આવક - રૂ. ૧,૬૨,૪૪૭.૪૬ કરોડ અંદાજવામાં આવેલ છે જે નાણાકીય વર્ષ : ૨૦૧૯-૨૦ માટેના મહેસૂલી આવક રૂ. ૧,૪૯,૮૨૪.૪૫ કરોડના સુધારેલ અંદાજ કરતાં કેટલા ટકાનો વધારો સુચવે છે - **૮.૪૨ ટકા**
14. ઈન્ડસ્ટ્રિયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ દ્વારા ભારતમાં કેટલા કરોડના મૂડી રોકાણો નોંધાયેલ હતા- **રૂ. ૬,૭૯,૦૦૦ કરોડ**
15. ઈન્ડસ્ટ્રિયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ દ્વારા ભારતમાં નોંધાયેલ રૂ. ૬,૭૯,૦૦૦ કરોડના મૂડી રોકાણો પૈકી એકલા ગુજરાતમાં જ કેટલા રોકાણ માટેના મેમોરેન્ડમ નોંધાયેલ છે - **રૂ. 3,૪૪,૦૦૦ કરોડ**
16. ઈન્ડસ્ટ્રિયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ દ્વારા ભારતમાં નોંધાયેલ રૂ. ૬,૭૯,૦૦૦ કરોડના મૂડી રોકાણો પૈકી એકલા ગુજરાતમાં જ રૂ. ૩,૪૪,૦૦૦ કરોડના રોકાણ માટેના મેમોરેન્ડમ નોંધાયેલ છે, જે કુલ રોકાણના કેટલા ટકા થાય છે - **૫૧ ટકા**
17. સમગ્ર દેશના કેટલા ટકા કરતા વધુ સ્ટાર્ટ-અપ્સ એકલા ગુજરાતમાં છે - **૪૩ ટકા**
18. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્ર અનુસાર **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે** - **રૂ. ૭,૪૨૩ કરોડ**
19. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના(PM KISAN) અંતર્ગત દેશના પ્રત્યેક ખેડૂત કુટુંબને વાર્ષિક કેટલા રૂપિયા આપવાની યોજના અમલી બનાવી છે - **રૂ.૬૦૦૦**
20. ગુજરાત સરકારે વર્ષ-૨૦૧૯-૨૦માં રાજયમાં કમોસમી અને વધુ પડતા વરસાદને કારણે ખેડૂતોના પાકને થયેલા નુકસાનને ધ્યાને લઈ, કેટલા રૂપિયાનું અત્યાર સુધીનું સૌથી મોટું કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું છે - **રૂપિયા ૩૭૬૫ કરોડ**
21. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્રમાં રાજયના ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ દરે એટલે કે વ્યાજ રહિત પાક ધિરાણ મળે છે. જે માટે આ વર્ષે કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે - **રૂ. ૧૦૦૦ કરોડ**

22. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્રમાં કમોસમી વરસાદ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, જીવજંતુનો ઉપદ્રવ અને અન્ય પરિબળોથી પાક ઉત્પાદન બાદનું નુકસાન અટકાવવા માટે કઈ નવી યોજનાની જાહેરાત કરવામાં આવી - **મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના**
23. મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેડૂતોને ખેતરમાં નાના ગોડાઉન-ઓન ફાર્મ સ્ટોરેજ સ્ટ્રકચર બનાવવા માટે એકમ દીઠ કેટલી સહાય આપવામાં આવશે – **રૂ. ૩૦,૦૦૦**
24. વર્ષ-૨૦૨૦-૨૧ના ગુજરાતના અંદાજપત્રમાં કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટર દીઠ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે - **રૂ. ૪૫,૦૦૦થી રૂ. ૬૦,૦૦૦**
25. ગુજરાતના ખેડૂતો ગાય આધારિત ખેતી તરફ વળે તે માટે કઈ નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે - **ગાય આધારિત પ્રાકૃતિક ખેતી**
26. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ માસિક-વાર્ષિક કેટલી સહાય આપવામાં આવશે – **માસિક રૂ. ૯૦૦ એટલે કે વાર્ષિક રૂ. ૧૦,૮૦૦ સહાય**
27. પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતે શેનો ઉપયોગ કરવાનો રહેશે - **ગાયનું છાણિયું ખાતર અને જીવામૃતનો**
28. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી યોજના અંતર્ગત અંદાજે કેટલા ખેડૂતોને આવરી લેવા માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે - **૫૦ હજાર ખેડૂતો તથા રૂ. ૫૦ કરોડ**
29. ખેડૂતો પોતાના ઉત્પાદન રાજ્યના અન્ય શહેરોમાં અથવા દેશના અન્ય ભાગોમાં વેચાણ અર્થે લઇ જઇ શકે તે માટે પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી ભારત સરકારે કઈ યોજનાની જાહેરાત કરી છે - **કિસાન રેલ અને ઉડાન યોજના**
30. ખેડૂતો પોતાના ઉત્પાદન રાજ્યના અન્ય શહેરોમાં અથવા દેશના અન્ય ભાગોમાં વેચાણ અર્થે લઇ જઇ શકે તે માટે પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી ભારત સરકારે કિસાન રેલ અને ઉડાન યોજનાની જાહેરાત કરી છે તેને સુસંગત ગુજરાત સરકાર દ્વારા કઈ નવી જાહેરાત કરી છે - **કિસાન પરિવહન યોજના**
31. ગુજરાત સરકાર દ્વારા કિસાન પરિવહન યોજના દ્વારા ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી માટે કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે - **રૂ. ૫૦ હજાર થી રૂ. ૭૫ હજાર**
32. ગુજરાત સરકારે કયા મિશન હેઠળ ઘઉં, ચોખા, કઠોળ, બરછટ અનાજ, કપાસ, શેરડી તથા તેલીબિયાં પાકોના ઉત્પાદનમાં વૃદ્ધિ માટે સહાય આપવા રૂ. ૮૭ કરોડની જોગવાઇ કરી છે - **રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન**
33. પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે દેશની કઈ પ્રથમ યુનિવર્સિટી સ્થાપવા માટે ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે - **ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી**
34. ગુજરાતમાં લાખો પશુપાલકોને પશુદાણ સહાય કઈ નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે - **મુખ્યમંત્રી પશુદાણ સહાય**
35. ગુજરાતમાં મુખ્યમંત્રી **પશુદાણ સહાય યોજના** અંતર્ગત પશુપાલકને તેમના એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માસ માટે દૂધાળા પશુઓને પૌષ્ટિક આહાર આપવા માટે કેટલા પશુદાણની ખરીદી પર કેટલા ટકા રકમની સહાય આપવામાં આવશે - **૧૫૦ કિલોગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા**
36. ગુજરાતમાં પાંજરાપોળોને અપગ્રેડ કરવા કેટલી વખત સહાય આપવાની નવી યોજના અમલમાં મૂકવામાં આવી – **એક વખત**
37. ગુજરાતમાં કેટલા ગામ દીઠ એક પશુ દવાખાનું શરૂ કરવામાં આવશે - **૧૦ ગામ દીઠ**
38. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્ર મુજબ હિંમતનગર નજીક રાજપુર નવા ખાતે નવીન કઈ કોલેજ સ્થાપવામાં આવશે - **વેટરનરી કોલેજ**
39. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ગુજરાતની કઈ પ્રખ્યાત ગાયના સંવર્ધનની વિવિધ પ્રવૃતિઓ માટે રૂ. ૩૨ કરોડની જોગવાઈ - **દેશી ગીર અને કાંકરેજ ગાય**

40. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે કેટલી જોગવાઈ કરવામાં આવી છે - **૨૭ કરોડ**

41. મૂંગા પશુપક્ષીઓની સારવાર માટે કઈ સેવા ૩૧ શહેરોમાં શરૂ કરવામાં આવી છે - **કરુણા એબ્યુલન્સ-૧૯૬૨(હેલ્પલાઈન)**

42. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રાજયના કયા શહેરમાં કરુણા એબ્યુલન્સ-૧૯૬૨(હેલ્પલાઈન) સેવા સુદઢ કરવા કુલ ૧૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે - **અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ , ભાવનગર અને મહેસાણા**

43. હજારો લારીવાળા ભાઇ બહેનો રોડની સાઇડમાં કે ખુલ્લી જગ્યામાં ઊભા રહી ફળફળાદી, શાકભાજી વગેરેનું વેચાણ કરે છે તે બગડી ન જાય તેના માટે કઈ નવી સુવિધા આપવાની જાહેરાત કરાઈ છે - **મોટી સાઇઝની છત્રીઓ**

44. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં અંદાજે કેટલા છૂટક વેચાણકારો-લારીવાળાઓને મોટી સાઈઝની છત્રી આપવામાં આવશે - **૬૫ હજાર**

45. ખેડૂતોના બાગાયતી પાકોનું કાપણી પછી થતું નુકસાન અટકાવવા અને મૂલ્યવર્ધન માટે પ્રાયોગિક ધોરણે કયા જિલ્લાઓમાં ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ડર કંપની (એફ.પી.ઓ.) આધારિત માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે - **બનાસકાંઠા, જામનગર, કચ્છ, નવસારી અને છોટાઉદેપુર**

46. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કયા જિલ્લામાં નવું સેન્ટર ઓફ એકસલેન્સ ઊભું કરવા રૂ. ૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે - **જામનગર**

47. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કૃષિ યુનિવર્સિટીઓ માટે કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે - **૭૫૦ કરોડ**

48. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પરંપરાગત રીતે માછીમારી કરતાં નાના માછીમારોને શેની ખરીદીમાં સહાય આપવાની નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે - **એન્જિન**

49. માછીમારોને એન્જિન ખરીદીમાં સહાય યોજના અંતર્ગત દરિયાઈ ફીશીંગ બોટ, ટુ સ્ટ્રોક, ફોર સ્ટ્રોક આઇબીએમ અને ઓબીએમ એન્જિન ખરીદવા માટે કેટલા રૂપિયાની કેટલા ટકા સહાય આપવામાં આવશે - **યુનિટ કોસ્ટ રૂપિયા એક લાખ વીસ હજારના ૫૦ ટકા સહાય**

50. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કયા મત્સ્યબંદરોના વિકાસ અને હયાત મત્સ્યબંદરોના નિભાવ તેમજ સુવિધાઓ વિકસાવવા રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે - **માંગરોળ, નવાબંદર, વેરાવળ, માઢવાડ, પોરબંદર અને સુત્રાપાડા**

51. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં વિવિધ ખેતપેદાશોના રક્ષણ માટે બજાર સમિતિઓને કેટલા ટન સુધીની ક્ષમતા ધરાવતા ગોડાઉન બનાવવા માટે સહાય માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરાઈ છે - **૫૦૦૦ મેટ્રિક ટન**

52. ભારત સરકારની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ના શેરડી પેમેન્ટ માટે ખાંડ સહકારી મંડળીઓએ કેટલી અવધી માટે મેળવેલ સોફ્ટ લોનનું વ્યાજ ભારત સરકાર દ્વારા એક વર્ષ માટે ચુક્વવામાં આવનાર છે - **પાંચ વર્ષ**

53. ભારત સરકાર દ્વારા શેરડી પેમેન્ટ માટે ખાંડ સહકારી મંડળીઓએ પાંચ વર્ષની અવધી માટે મેળવેલ સોફ્ટ લોનનું વ્યાજ એક વર્ષ માટે ચુક્વવામાં આવનાર છે જે અંતર્ગત ગુજરાત સરકાર આ સોફ્ટ લોન સામે ભરવાપાત્ર થતા વ્યાજના કેટલા અથવા ખરેખર ચુકવવામાં આવનાર વ્યાજ આ બેમાંથી જે ઓછું હોય તેટલી વ્યાજ સહાય વધુમાં વધુ કેટલા વર્ષ સુધી આપશે - **૭ % તથા ચાર વર્ષ**

54. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં **જળસંપત્તિ વિભાગની વિવિધ કામગીરી માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે** - **રૂ. ૭૨૨૦ કરોડ**

55. સૌરાષ્ટ્ર વિસ્તાર માટે આશીર્વાદ સાબિત થયેલ સૌની યોજનાના પ્રથમ અને બીજા તબક્કાની અત્યાર સુધી પૂર્ણ થયેલ કામગીરીથી કેટલા જળાશયો, તળાવો અને ચેકડેમોમાં નર્મદાના પાણી ભરવામાં આવેલ છે – **૩૨, ૪૮ અને ૧૮૧થી વધુ**

56. સૌની યોજનાનાં કેટલામાં તબક્કાના ૨૪૦૩ કરોડનાં પાંચ પેકેજના કામો પ્રગતિ હેઠળ છે - **ત્રીજા**

57. સૌની યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલા રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે - **રૂ ૧૭૧૦ કરોડ**

58. ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા તેમજ ભૂગર્ભ જળ વ્યવસ્થાપનને ઉત્તેજન આપવા ભારત સરકારના સહયોગથી કઈ યોજના અમલમાં છે - **અટલ ભુજલ યોજના**

59. અટલ ભુજલ યોજના હેઠળ કયા જિલ્લાના ૨૪ તાલુકાઓને પાંચ વર્ષના સમયગાળા માટે રૂ.૭૫૭ કરોડ ફાળવવાનું આયોજન છે - **ઉત્તર ગુજરાત અને કચ્છ જિલ્લો**

60. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સાબરમતી નદી પર રૂ. ૨૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી રહેલ કયા બેરેજ માટે રૂ. ૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે - **હિરપુરા અને વિલાસણા**

61. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આદિજાતિ વિસ્તાર માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે - **રૂ. ૧૧૪૨ કરોડ**

62. જમીનની ખારાશ અટકાવવા તથા ભૂગર્ભજળની ગુણવત્તા સુધારવા માટે કઈ કામગીરી શરૂ છે - **ભાડભુત બેરેજ**

63. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સૂક્ષ્મ સિંચાઈ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે - **રૂ.૭૫૦ કરોડ**

64. ખેડૂતોની પ્રગતિશીલ વિચારસરણી અને સરકારના પ્રયત્નોથી અત્યાર સુધીમાં કેટલા વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ યોજના અમલી કરી શકાઇ છે - **૧૮.૭૪ લાખ હેકટર**

65. રાજયના અંદાજિત કેટલા ખેડૂતોએ સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવીને પાણીના કરકસરયુકત ઉપયોગ દ્વારા ગુણવત્તાયુકત વધુ ઉત્પાદન મેળવેલ છે - **૧૧.૫૧ લાખ**

66. જે ખેડૂત જૂથો હયાત કેનાલનાં માળખામાંથી પાણી મેળવી, માઇક્રો ઇરીગેશન સિસ્ટમ મારફતે સિંચાઇ કરશે તે ખેડૂત જૂથોને પ્રવર્તમાન પીયાવાના દરમાં કેટલા ટકા રાહત આપવામાં આવશે - **૫૦**

67. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં નર્મદા યોજના માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે - **રૂ. ૮૭૫૫ કરોડ**

68. નર્મદા બંધ પરથી ચોમાસા દરમિયાન ઉપલબ્ધ થનાર વધારાના પાણી પૈકી, કચ્છને કેટલું પાણી પહોંચાડવાનું આયોજન છે - **૧ મિલીયન એકર ફીટ**

69. નર્મદા યોજનાના નહેર માળખાની મિયાગામ, વડોદરા, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા ઉપર કુલ કેટલા સ્થળોએ નાના વીજ મથકો બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે તે પૈકી કેટલા વીજ મથક કાર્યરત છે – **૧૮ અને ૮**

70. નર્મદા યોજનાના નહેર માળખાના બધા જ વીજ મથકો કાર્યરત થતાં વીજ ઉત્પાદન આશરે કેટલુ થશે - **૮૬ મેગાવોટ**

71. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં શિક્ષણ વિભાગ માટે સૌથી વધુ કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે - **રૂ. ૩૧,૯૫૫ કરોડ**

72. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સરકારી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા કઈ યોજનાની જાહેરાત કરવામાં આવી છે - **સ્કૂલ ઓફ એકસલન્સ**

73. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રાજયની શાળાઓ પૈકી કેટલી શાળાઓને સ્કુલ ઓફ એકસલન્સ તરીકે વિકસાવવાનું આયોજન છે - **૫૦૦**

74. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પ્રાથમિક શાળાઓના નવા કેટલા વર્ગખંડોના બાંધકામ માટે રૂ.૬૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે - **૭,૦૦૦**

75. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં શાળાકીય શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અને યોજનાઓના ઑનલાઇન રિયલ ટાઇમ મોનિટરીંગ માટે કયા સેન્ટરને વધુ સુદઢ બનાવવાનું આયોજન છે - **કમાન્ડ એન્ડ કંટ્રોલ**

76. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં શાળાની શૈક્ષણિક કામગીરી અને માળખાકીય સુવિધાઓના મૂલ્યાંકન અર્થે શેના માટે રૂ.૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે - **ગુજરાત સ્કૂલ કવોલિટિ એક્રેડીટેશન કાઉન્સીલ**

77. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રાઈટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવતા અંદાજે કેટલા વિદ્યાર્થીઓની ફી, યુનિફોર્મ, સ્કૂલ બેગ વગેરે માટે સહાય આપવા કુલ રૂ. ૫૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે - **૪ લાખ ૨૨ હજાર**

78. પ્રાથમિક શાળાના કેટલા વર્ગખંડોમાં અંદાજિત ૬ લાખ બાળકોને ઉપયોગી થાય તેવા વર્ચ્યુઅલ કલાસરૂમ અને જ્ઞાનકુંજ સવલત ઊભી કરવા રૂ.૧૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે - **૧૫,૦૦૦**

79. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ઘરથી સ્કૂલનું અંતર કેટલા કિલોમીટરથી વધુ હોય તેવી સરકારી શાળાઓમાં અભ્યાસ કરતાં ૧,૫૦,૦૦૦ કરતા વધુ બાળકોના પરિવહન માટે રૂ. ૬૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે – **એક**

80. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ કોલેજમાં પ્રવેશ મેળવતા અંદાજે કેટલા વિદ્યાર્થીઓને ટેબલેટ યોજના અંતર્ગત ટેબલેટ આપવા રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ - **ત્રણ લાખ**

81. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં યુનિવર્સિટી ખાતે સંશોધન કરતાં વિદ્યાર્થીઓ માટે કઈ યોજના અમલમાં મુકવામાં આવી છે - **શોધ યોજના**

82. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રાજયની શૈક્ષણિક સંસ્થાઓનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વ્યાપ વધારવા કયા કાર્યક્રમ અંતર્ગત, રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરાઈ છે - **સ્ટડી ઇન ગુજરાત**

83. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે કઈ સંસ્થા સાથે MoU કરી સ્કૂલ ઓફ ડિફેન્સ સ્ટડીઝ શરૂ કરવા માટે રૂ. ૭ કરોડની જોગવાઈ કરાઈ છે - **D.R.D.0**

84. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આઇ. આઇ. ટી. રામ ખાતે કઈ સંસ્થાના સહયોગથી ડિપાર્ટમેન્ટ ઑફ એડવાન્સ ડિફેન્સ ટેકનોલોજીનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ કરાઈ છે - **D.R.D.O**

85. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પૉલિસી અંતર્ગત અંદાજે કેટલા વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરાઈ છે - **૧૪ લાખ વિદ્યાર્થીઓ**

86. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવતા લાખો વિદ્યાર્થીઓ માટે સર્વગ્રાહી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં., ટ્યુશન ફી, ભોજનાલય અને છાત્રાલય જેવી સુવિધાઓ માટે સહાય આપવા માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **કુલ રૂ. ૯૩૫ કરોડ**

87. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૧૧,૨૪૩ કરોડ**

88. શિશુના જીવનના પ્રારંભિક કેટલા દિવસ દરમિયાનના વૃદ્ધિ અને વિકાસની અસર તેના સમગ્ર જીવનકાળ પર અસરકારક બની રહે છે - **એક હજાર દિવસ**

89. સગર્ભા માતા અને બાળકને પૂરતો જરૂરી પોષક આહાર મળી રહે તે માટે સરકારે કઈ યોજનાઓ અમલમાં મૂકી છે જેના માટે રૂ.૨૦૦૦ કરોડની માતબર રકમની જોગવાઇ કરાઈ છે - **પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાળસખા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પુર્ણા યોજના**

90. રાજયમાં લોકપ્રિય થયેલ મુખ્યમંત્રી અમૃતમ મા અને મા વાત્સલ્ય યોજના અંતર્ગત અંદાજે કેટલા કુટુંબની નોંધણી થયેલ છે - **૭૭ લાખ**

91. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ. ૪૫૦ કરોડ**

92. શહેરી વિસ્તારના નાગરિકોને ઝડપી સારવાર મળી રહે તે માટે તેનો વ્યાપ વધારવા કેટલી વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત કરાશે - **૧૦,૦૦૦**

93. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં કઈ ત્રણ નવી મેડિકલ કોલેજો શરૂ કરવા મંજૂરી આપી - **નવસારી, રાજપીપળા અને પોરબંદર**

94. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં ત્રણ નવી મેડિકલ કોલેજો શરૂ કરવા મંજૂરી આપવાની સાથે હવે રાજયમાં કુલ કેટલી મેડિકલ કોલેજો થશે - **૩૨**

95. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રાજયની લોકપ્રિય ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને સુદઢ કરવા કેટલી નવી એમ્બ્યુલન્સ ખરીદવા રૂ. ૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે - **૧૫૦ એમ્બ્યુલન્સ**

96. ગુજરાતના વર્ષ-૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આરોગ્યની સેવાઓ માટે પાયાની અને અગત્યની કામગીરી કરતી આશા બહેનોને આગવી ઓળખ માટે યુનિફોર્મ સ્વરૂપે કેટલી સાડી પૂરી પાડવા માટે રૂ. ૪ કરોડની જોગવાઇ કરાઈ છે - **બે**

97. ગુજરાતમાં નવજાત શિશુની સઘન સારવાર માટે ચાર સરકારી હોસ્પિટલ ખાતે કઈ યુનિટની ક્ષમતા વધારવા માટે રૂ. ૨૨ કરોડની જોગવાઈ કરાઈ - **સીક નીઓનટલ કેર**

98. મેડિકલ કોલેજ, સોલા અમદાવાદ ખાતે કયો કોર્ષ શરૂ કરવા અને કોકલીયર ઈમ્પ્લાન્ટ સેન્ટરો કાર્યાન્વિત કરવા રૂ. ૨ કરોડની જોગવાઈ કરાઈ - **બેચલર ઇન ઓડીયોલોજી સ્પીચ એન્ડ લેગ્વજ પેથોલોજી**

99. ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કેટલા કરોડની જોગવાઈ કરાઈ - **રૂ. ૩૧૫૦**

100. ગુજરાતમાં પોષણ અભિયાન અંતર્ગત ૧૦૦ % સુપોષિત આંગણવાડીની સિદ્ધિ હાંસલ કરનાર પાયાના કર્મચારીઓને કયો પુરસ્કાર આપવામાં આવશે - **પોષણ ત્રિવેણી પ્રોત્સાહન**

101. પોષણ ત્રિવેણી પ્રોત્સાહન પુરસ્કાર અંતર્ગત આંગણવાડી વર્કર અને તેડાગરને અનુક્રમે કેટલી રકમનો તેમજ પોતાના કાર્યક્ષેત્રની તમામ આંગણવાડી સુપોષિત ફરનાર પ્રત્યેક આશા વર્કર અને એ.એન.એમ.ને કેટલી રકમનો પુરસ્કાર આપવામાં આવશે - **રૂ. ૧૨,૦૦૦ અને રૂ. ૬,૦૦૦ તથા રૂ. ૧૨,૦૦૦**

102. સુરેન્દ્રનગર જિલ્લાના ૧૫૦૦ જેટલા અગરિયા કુટુંબો માટે કઈ આંગણવાડી શરૂ કરવામાં આવશે - **રણ આંગણવાડી**

103. ગુજરાતમાં કઈ મધ્યસ્થ જેલોમાં મીની આંગણવાડીઓ શરૂ કરવામાં આવશે - **અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લા**

104. ગુજરાતમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત કેટલી લાભાર્થી વિધવા બહેનોને સહાય આપવા માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઈ - **૫ લાખ**

105. બેટી બચાવો બેટી ભણાવોને પ્રોત્સાહન આપતી લોકપ્રિય વ્હાલી દીકરી યોજના માટે કેટલી જોગવાઇ કરાઈ – **૫૦ કરોડ**

106. ગુજરાતમાં કઈ હેલ્પ લાઈન અંતર્ગત મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ બહેનોને મદદ કરવા અને જરૂરિયાતમંદ બહેનો અને દીકરીઓનું કાઉન્સેલીંગ કરવા રૂ.૧૨ કરોડની જોગવાઇ કરાઈ - **૧૮૧-અભયમ મહિલા**

107. ગુજરાતમાં આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૩૦ લાખ લાભાર્થીઓને કઈ યોજના મારફત ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવામાં આવે છે - **દૂધ સંજીવની યોજના**

108. ગુજરાતમાં પાણી પુરવઠા પ્રભાગ માટે અંદાજપત્રમાં કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૪૩૧૭ કરોડ**

109. જલ જીવન મિશન અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં કેટલા ટકા ઘરોમાં નળ જોડાણની સિદ્ધિ હાંસલ કરેલ છે - **૭૮ ટકા**

110. જલ જીવન મિશન અંતર્ગત હર ઘર જલ ના સૂત્ર સાથે કયા વર્ષ સુધીમાં રાજયના બાકી રહેતા કેટલા ઘરોમાં નળ જોડાણ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાના આયોજન માટે રૂ.૭૨૪ કરોડની જોગવાઈ કરાઈ - **વર્ષ ૨૦૨૨ અને ૧૭ લાખ ઘર**

111. આગામી કેટલા વર્ષમાં ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાના ગામોને પાણીના સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવાનું આયોજન – **ત્રણ વર્ષ**

112. સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના છેવાડાના ગામોમાં જળસલામતી પ્રદાન કરવા માટે કયાં અને કેટલા વિસ્તારોમાં ૨૭ કરોડ લીટર ક્ષમતાના ડીસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાની કામગીરી હાથ ધરાયેલ છે - **કચ્છના માંડવી, દ્વારકા, ગીર સોમનાથ, ઘોઘા**

113. રિયૂઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ અંતર્ગત કયા જિલ્લાઓમાં ગંદા પાણીને ટ્રીટ કરી તેના પુનઃ ઉપયોગના પ્રોજેકટ પ્રગતિમાં છે - **વડોદરા, જામનગર, ગાંધીનગર અને ભાવનગર**

114. રાજ્યના અન્ય શહેરોમાં રિયૂઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ યોજનાનો વ્યાપ વધારવા કેટલા કરોડની જોગવાઈ છે - **રૂ.૧૦૦**

115. કયા શહેરમાં ૨૪ કલાક પાણી વિતરણ કરવા રૂ.240 કરોડની યોજનાનું આયોજન છે - **ગાંધીનગર**

116. ગુજરાત અંદાજપત્રમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ. ૪૩૨૧ કરોડ**

117. ગુજરાતમાં અનુસૂચિત જાતિના ખાનગી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ ૧ થી ૮ના કુમારો અને ધોરણ ૧ થી ૫ની કન્યાઓને તેમજ ધોરણ ૬ થી ૮ની કન્યાઓને કેટલી શિષ્યવૃતિ તેમજ તમામ વિદ્યાર્થીઓને કેટલી ગણવેશ સહાય અપાશે - રૂ. ૫૦૦ અને રૂ. ૭૫૦ શિષ્યવૃતિ તથા રૂ. ૬૦૦ ગણવેશ સહાય

118. ગુજરાતમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના છાત્રાલયમાં રહેતા વિધાર્થીઓને ભોજન બિલ પેટે માસિક રૂ.૧૨૦૦ સહાય વધારી હવે કેટલા રૂપિયા અપાશે - **રૂ.૧૫૦૦**

119. ગુજરાતમાં આદર્શ નિવાસી શાળાના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને બુટ મોજા પેટે આપવામાં આવતી સહાય રૂ.૨૦૦માં વધારો કરી હવે કેટલી આપવામાં આવશે - **રૂ.૪૦૦**

120. ગુજરાતમાં કયા ધોરણમાં અભ્યાસ કરતી વિકસતી જાતિની અંદાજે ૧.૬૦ લાખ કન્યાઓ અને અનુસૂચિત જાતિની ૨૨,૫૦૦ કન્યાઓને વિના મૂલ્યે સાયકલ સહાય અપાશે - **ધોરણ ૯**

121. ગુજરાતમાં સમૂહ લગ્નોને પ્રોત્સાહન મળે તે માટે કઈ યોજના અમલમાં છે - **સાત ફેરા સમૂહ લગ્ન યોજના**

122. ગુજરાતમાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિની સંસ્થાઓને કેટલાની મર્યાદામાં યુગલદીઠ રૂ.૨૦૦૦ તથા યુગલોને રૂ.૧૦,૦૦૦ આપવામાં આવે છે. તેના બદલે હવે સંસ્થાઓને કેટલી સહાય આપવામાં આવશે - **૨૫ યુગલ અને યુગલદીઠ રૂ. ૩૦૦૦ તથા યુગલોને રૂ.૧૨,૦૦૦**

123. ગુજરાતમાં ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અંતર્ગત કેટલા યુગલોને સહાય આપવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરાઈ છે - **૧૦૦૦**

124. ગુજરાતમાં કઈ યોજના અંતર્ગત વિકસતી જાતિના ૧૬,૮૩૦ લાભાર્થીઓને તથા કઈ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના ૨૯૦૦ લાભાર્થીઓને મકાન બાંધવા પ્રતિ લાભાર્થી રૂ ૧.૨૦ લાખ સુધીની સહાય આપવા રૂ.૧૪૨ કરોડની જોગવાઇ કરાઈ છે - **પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ તથા આંબેડકર આવાસ યોજના**

125. ગુજરાતમાં લઘુમતી સમુદાયના વિકાસ માટે કયા કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસ માટે લઘુમતી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઊભી કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરાઈ - **પ્રધાનમંત્રી જન વિકાસ**

126. ગુજરાતમાં વૃદ્ધાશ્રમોની નિભાવ ગ્રાન્ટ માસિક કેટલી કરાશે - **રૂ.૧૫૦૦થી વધારી રૂ.૨૧૬૦**

127. ગુજરાતમાં નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત અત્યારે માસિક કેટલી સહાય આપવામાં આવે છે - **રૂ.૭૫૦**

128. ગુજરાતમાં નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત માસિક રૂ.૭૫૦ સહાય અપાઈ છે જેમાં હવે ૭૫ વર્ષ કે તેથી વધુ વયના નિરાધાર વૃદ્ધોને માસિક કેટલું પેન્શન આપવામાં આવશે - **રૂ.૧૦૦૦**

129. ગુજરાતમાં હાલમાં કેટલા ટકા કે તેથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યકિતઓને માસિક રૂ.૬૦૦ સહાય અપાઈ છે તેમાં વધારો કરી કેટલી સહાય આપવામાં આવશે – **૮૦ ટકા તથા રૂ.૧૦૦૦**

130. ગુજરાતમાં પાલક માતા-પિતા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓ માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ કરાઈ છે - **૧૮૨૦૦**

131. ગુજરાતમાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અંતર્ગત પરિવારના મુખ્ય વ્યક્તિનું કુદરતી કે આકસ્મિક અવસાન થાય તેવા સંજોગોમાં કેટલી સહાય આપવામાં આવે છે – રૂ. ૨૦,૦૦૦

132. દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને સ્વરોજગારી માટેના સાધનો માટે કેટલા રૂપિયાની મર્યાદામાં સહાય અપાઈ છે - રૂ.૨૦,૦૦૦

133. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલમાં મૂકાયેલા શૈક્ષણિક અને રોજગારલક્ષી યોજનાઓ માટે કેટલી જોગવાઇ કરવામાં આવી છે - રૂ.૫૦૦ કરોડ

134. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા હાલમાં છાત્રાલયમાં રહેતા જે વિધાર્થીઓને ભોજન બિલ પેટે માસિક કેટલી સહાય આપવામાં આવે છે તે વધારી હવે કેટલી આપવામાં આવશે - રૂ.૧૨૦૦ તથા રૂ.૧૫૦૦

135. ગુજરાત અંદાજપત્રમાં આદિજાતિ વિકાસ વિભાગ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - રૂ. ૨૬૭૫ કરોડ

136. ગુજરાતમાં કયા વર્ષથી વનબંધુ કલ્યાણ યોજનાનો પ્રારંભ થયો હતો – વર્ષ-૨૦૦૭

137. ગુજરાતમાં અનુદાનિત છાત્રાલયો તથા આશ્રમ શાળાઓમાં છાત્ર દીઠ માસિક કેટલી નિભાવ ગ્રાન્ટ અપાતી હતી જેમાં વધારો કરી હવે કેટલા રૂપિયા આપવામાં આવશે - રૂ.૧૫૦૦ તથા રૂ.૨૧૬૦

138. ગુજરાતમાં અનુસૂચિત જનજાતિના છાત્રાલયમાં રહેતા જે વિદ્યાર્થીઓને ભોજન બિલ પેટે માસિક રૂ.૧૨૦૦ સહાય આપવામાં આવે છે તે વધારી હવે કેટલી આપવામાં આવશે - રૂ.૧૫૦૦

139. ગુજરાતમાં ધોરણ ૯માં અભ્યાસ કરતી અંદાજે ૫૦,૦૦૦ વિદ્યાર્થીનીઓને કઈ યોજના હેઠળ સાયકલ આપવા રૂ.૧૯ કરોડની જોગવાઈ કરાઈ છે - વિદ્યાસાધના યોજના

140. ગુજરાતમાં કયા સ્થળે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ કરાઈ છે - રાજપીપળા

141. ગુજરાતમાં ટી. બી., કેન્સર, રકતપિત્ત અને સીકલસેલ એનિમિયા જેવા રોગો માટે કઈ યોજના હેઠળ રૂ.૧૦ કરોડની જોગવાઈ કરાઈ છે - મફત તબીબી સહાય યોજના

142. ગુજરાતમાં કઈ યોજના હેઠળ અંદાજે ૧૨,૦૦૦ જેટલા લાભાર્થીઓને સ્વરોજગારીનો લાભ આપવા રૂ.૧૫ કરોડની જોગવાઈ કરાઈ છે - માનવ ગરિમા યોજના

143. ગુજરાતમાં આદિજાતિ ખેડૂતોની આવકમાં વધારો થાય અને જીવન ધોરણ ઊંચું આવે તે માટે દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તારમાં કયા પ્રોજેક્ટ અંતગર્ત ફળાઉ ઝાડના રોપાઓ અને ખાતર પૂરાં પાડવામાં આવે છે - વાડી પ્રોજેકટ

144. ગુજરાતમાં આદિજાતિ લોકોને બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ ધંધા રોજગારના હેતુઓ માટે લીધેલ લોન ઉપર કેટલા ટકાના દરે વ્યાજ સહાય આપવા માટે રૂ.૨ કરોડની જોગવાઈ કરાઈ છે - ૭ ટકા

145. ગુજરાતમાં આદિજાતિ લાભાર્થીઓને મધમાખી ઉછેર માટે પ્રોત્સાહન આપવા મધ કલેકશન અને પ્રોસેસીંગ સેન્ટરની સ્થાપના માટે સહાય આપવા કેટલી જોગવાઈ કરાઈ છે - રૂ. ૧ કરોડ

146. ગુજરાત અંદાજપત્રમાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે કેટલી જોગવાઈ કરાઈ છે - રૂ.૯૦૯૧ કરોડ

147. ગુજરાતમાં વતનના વિકાસમાં રસ ધરાવતા દાતાઓને પ્રોત્સાહન આપવા અને ગામડાઓમાં વધુ સારી સગવડો ઊભી કરવાના ઉમદા આશયથી કઈ નવી યોજનાનો પ્રારંભ કરાયો છે - માદરે વતન યોજના

148. ગુજરાતમાં નવી માદરે વતન યોજના અંતર્ગત કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે – રૂ. ૨૦૦ કરોડ

149. માદરે વતન અંતર્ગત વિવિધ સુવિધાઓ વિકસાવવા દાતાશ્રી દ્વારા આપવામાં આવતા દાનની રકમ સામે કેટલી રકમ રાજય સરકાર દ્વારા ઉમેરવામાં આવશે – મેચિંગ રકમ-દાનના રકમ જેટલી

150. ગુજરાતમાં કઈ યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓ, મહિલા ઉત્કર્ષ જૂથ બનાવી ૧ લાખ સુધીનું ધિરાણ મેળવે તો તેનું સંપૂર્ણ વ્યાજ રાજય સરકાર દ્વારા સીધે સીધું બેન્કોને આપવામાં આવશે - મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

151. ગુજરાત સરકારની યોજના અંતર્ગત ઘન કચરો ડોર ટુ ડોર કલેકશન દ્વારા એકત્ર માટે હાલ તમામ ગ્રામ પંચાયતોને વ્યક્તિદીઠ માસિક રૂપિયા બે ગ્રાન્ટ આપવામાં આવે છે તેને બદલે હવે વ્યક્તિદીઠ માસિક રૂપિયા કેટલી ગ્રાન્ટ આપવામાં આવશે – **રૂપિયા ચાર**

152. ગુજરાતમાં નવા મંજૂર આવાસની સાથે સાથે બાથરૂમની સુવિધા ઊભી કરવા માટે લાભાર્થી ફાળો રૂ.૩૦૦૦ની સામે રાજય સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવશે - **રૂ.૫૦૦૦**

153. ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારની બહેનો માટે કાયમી રોજગારીનું નિર્માણ થાય તે ઉદ્દેશથી કઈ નવી યોજનાની જાહેરાત કરાઈ છે - **મુખ્યમંત્રી ગ્રામ્ય સ્વનિર્ભર યોજના**

154. ગુજરાતમાં કઇ યોજના હેઠળ સ્વ-સહાય જૂથોની બહેનોને અનાજ અને મસાલા દળવાની ઘંટી ખરીદવા માટે સહાય આપવામાં આવશે - **મુખ્યમંત્રી ગ્રામ્ય સ્વનિર્ભર યોજના**

155. ગુજરાતમાં સ્વચ્છ ભારત મિશન - ગ્રામીણ અંતર્ગત કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૮૦૩ કરોડ**

156. ગુજરાતમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર(મનરેગા) યોજના અંતર્ગત કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ-**રૂ ૪૯૦ કરોડ**

157. ગુજરાતમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત કેટલા કરોડની જોગવાઇ કરાઈ છે - **રૂ.૧૯૫**

158. ગુજરાતમાં ગ્રામ પંચાયતોને હાઇસ્પીડ ઇન્ટરનેટથી જોડવા, જરૂરી હાર્ડવેર તેમજ માનવબળ પૂરું પાડી ઇ-એનેબલ કરવા કેટલી જોગવાઇ કરાઈ છે - **રૂ.૧૦૦ કરોડ**

159. ગુજરાતમાં ગ્રામ પંચાયત એસેટ અને રેકર્ડની વ્યવસ્થિત જાળવણી તેમજ કામોનું ડુપ્લીકેશન ના થાય તે માટે કયા રજીસ્ટર તૈયાર કરવા માટે રૂ.૫ કરોડની જોગવાઇ કરાઈ છે - **જીઓ-ટેગીંગ એસેટ રજિસ્ટર**

160. ગુજરાત અંદાજપત્રમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કેટલી જોગવાઇ કરાઈ છે - **રૂ. ૧૩,૪૪૦ કરોડ**

161. ગુજરાતના શહેરોમાં વસતા કેટલા ટકા નાગરિકોને પાયાની જાહેર સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે - ૪૫ ટકા

162. ભારત સરકાર દ્વારા શહેરોને સ્માર્ટ સિટી બનાવવાની યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે, તે જ રીતે રાજ્યના નગરોને વિકસાવવા માટે કયુ નવું આયોજન હાથ ધરાયું છે - **સ્માર્ટ ટાઉન**

163. ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં ખૂબ લોકપ્રિય અને ઉપયોગી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે કેટલી જોગવાઈ કરાઈ છે - **રૂ. ૪૫૪૪ કરોડ**

164. ગુજરાતમાં મુખ્યમંત્રી સડક યોજના હેઠળ કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ.૫૦૦ કરોડ**

165. શહેરો વચ્ચે જનલક્ષી સુવિધાઓ વિકસાવવા માટે સ્પર્ધાત્મક વાતાવરણનું નિર્માણ થાય તે માટે સ્માર્ટ ટાઉન મિશન હેઠળ કાય વર્ગની નગરપાલિકાઓ વચ્ચે સ્પર્ધા યોજાશે - **અ અને બ વર્ગ**

166. ગુજરાતમાં અમૃત યોજના અંતર્ગત કેટલી મહાનગરપાલિકા અને કેટલી નગરપાલિકાઓમાં પાણી પુરવઠા, ગટર, વરસાદી પાણીનો નિકાલ, પરિવહન જેવી સુવિધાઓ માટે રૂ.૮૦૦ કરોડની જોગવાઇ કરાઈ છે – **૮ અને ૨૩**

167. ગુજરાતમાં રેલવે ફાટકો પર ઓવરબ્રીજ અથવા અન્ડરબ્રીજ બનાવવા કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ.૨૦૦ કરોડ**

168. સ્વચ્છ ગુજરાત-પ્લાસ્ટિક મુક્ત ગુજરાતના ભાગરૂપે સ્વચ્છતાની કામગીરી સાથે જોડાયેલ શહેરોમાં ફરીને પ્લાસ્ટિક વીણવાનું કામ કરનાર કયા શ્રમજીવીઓને સહાય અને અન્ય કામો માટે રૂ. ૫૬ કરોડની જોગવાઇ કરાઈ છે - **રેગપિકર્સ શ્રમજીવી**

169. ગુજરાતમાં આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકોને શહેરી વિસ્તારોમાં કેટલા રૂપિયાની મર્યાદામાં આવાસની ખરીદીમાં રાજ્ય સરકાર તરફથી કેટલા રૂપિયાની સહાય આપવા રૂ.૫૦ કરોડની જોગવાઇ કરાઈ છે - **પંદર લાખ તથા એક લાખ**

170. ગુજરાત અંદાજપત્રમાં શ્રમ અને રોજગાર વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ.૧૪૬૧ કરોડ**

171. વૈશ્વિક કક્ષાના તેમજ ઉદ્યોગોની માંગ આધારિત કૌશલ્ય નિર્માણ માટે નાસ્મેદ, ગાંધીનગર ખાતે ૨૦ એકરમાં પીપીપી ધોરણે ટાટા ગૃપના સહકારથી કઈ સંસ્થાનું નિર્માણ કરાયું છે - **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કીલ્સ**

172. ગુજરાતમાં મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અંતર્ગત કેટલા એપ્રેન્ટિસોની ભરતી માટે રૂ.૯૨ કરોડની જોગવાઈ કરાઈ છે - **એક લાખ**

173. ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મિશન મારફતે કઈ યોજના અને અન્ય કૌશલ્ય વિકાસ યોજનાઓના માધ્યમથી ૭૦ હજાર યુવાનોને કૌશલ્ય તાલીમ અપાશે - **પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના**

174. યુવાનોને રોજગાર માટે તાલીમબદ્ધ કરવા ભારત સરકાર દ્વારા કયો પ્રોજેક્ટ શરૂ કરાયો છે જેમાં રાજયની કેટલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવેલ છે - **સ્ટ્રાઈવ પ્રોજેકટ તથા કુલ ૩૦**

175. ગુજરાતના કયા શહેરોમાં અંદાજે ૧,૨૦,૦૦૦ બાંધકામ શ્રમિકોને કડિયાનાકા તેમજ કામના સ્થળે સિટી બસ મારફતે જવા-આવવા માટે મુસાફરી ખર્ચમાં સહાય આપવામાં આવશે - **અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ**

176. ગુજરાતમાં શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત નોંધાયેલ બાંધકામ શ્રમિકોને માત્ર રૂ.૧૦માં બપોરના ભોજનનો લાભ આપવામાં આવે છે તેમાં હવે કયા નવા કાર્ડ ધારકોને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે - **યુ - વીન કાર્ડ ધારકો**

177. ગુજરાતમાં ધન્વન્તરી આરોગ્ય રથ યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકોને આરોગ્ય વિષયક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે જેમાં હવે વધુ કેટલા આરોગ્ય રથનો સમાવેશ કરાશે - **વધુ ૧૬ આરોગ્ય રથ**

178. ગુજરાતમાં બાંધકામ શ્રમિકના પત્ની તેમજ મહિલા બાંધકામ શ્રમિકોને હાલમાં પ્રસૂતિ સહાય પેટે રૂ.૭૫૦૦ની સહાય આપવામાં આવે છે જેમાં હવે મહિલા બાંધકામ શ્રમિકોને સગર્ભા અવસ્થા દરમિયાનના છેલ્લા બે માસ અને પ્રસૂતિ બાદના બે માસ, એમ કુલ ચાર માસ સુધી માસિક કેટલી સહાય આપવામાં આવશે - **રૂ. ૫,૦૦૦**

179. ગુજરાતમાં મહિલા, બાંધકામ શ્રમિકોને બે બાળકો સુધી પ્રસૂતિ સહાય પેટે કુલ કેટલી રકમ આપવામાં આવશે - **કુલ રૂ. ૨૭,૫૦૦**

180. ગુજરાતમાં બાંધકામ શ્રમિકોને હાઉસિંગ સબસિડી યોજના હેઠળ બેન્કમાંથી લીધેલ લોન ઉપર પાંચ વર્ષ સુધી, પ્રતિ વર્ષ કેટલા રૂપિયાની વ્યાજ સહાય આપવામાં આવશે - **રૂપિયા ૨૦ હજાર**

181. ગુજરાત અંદાજપત્રમાં માર્ગ અને મકાન વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૧૦,૨૦૦ કરોડ**

182. ગુજરાતમાં કેટલા સમયથી રીકાર્પેટ ન થયા હોય તેવા બાકી રહેતા ૧૫૦ તાલુકાના ૨૪૯ રસ્તાઓની ૧૧,૨૦૦ કિલોમીટર લબાઇના રસ્તાઓનું રિસરફેસીંગ રૂ.૩૬૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે - **સાત વર્ષ કે તેથી વધુ**

183. ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી પણ શરૂ થનાર છે જેમાં ગુજરાતના કેટલા કિલો મીટરના ગ્રામ્ય માર્ગોને પહોળા કરવાની કામગીરી રૂ. ૧૮૦૦ કરોડની અંદાજિત કિંમતે હાથ ધરાશે - **૩૦૦૦ કિ.મી.**

184. ગુજરાતમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ.૨૫૦૦ કરોડ**

185. કેટલો ટ્રાફિક હોય તેવા રેલવે ક્રોસિંગ ઉપર રેલવે અને રાજ્ય સરકારની ભાગીદારીથી ઓવરબ્રીજ બાંધવાની કામગીરી પ્રગતિમાં છે - **એક લાખ ટ્રેન વ્હીકલ યુનિટથી વધુ**

186. ગુજરાત અંદાજપત્રમાં બદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ.૧૩૯૭ કરોડ**

187. ગુજરાતમાં જાહેર પરિવહનને વધુ સુગમ અને સુલભ બનાવવા બી. એસ. ૬ મોડલ આધારિત કેટલી નવી બસો સેવામાં મૂકાશે - **૮૯૫ નવી બસો**

188. ગુજરાતમાં કયા શીપ રિસાયલિંગ યાર્ડનું આધુનિકીકરણ કરવા માટે અંદાજિત રૂ.૭૧૫ કરોડ ખર્ચાશે - **અલંગ**

189. ગુજરાત અંદાજપત્રમાં ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ ૧૩,૯૧૭ કરોડ**

190. કચ્છ ખાતે દુનિયાના સૌથી મોટા કયા પાર્કના નિર્માણથી, તે એક જ સ્થળેથી સૌર અને પવન ઊર્જા દ્વારા વાર્ષિક કેટલા મેગાવોટ ઊર્જા ઉત્પન્ન કરતું દુનિયાનું સૌથી મોટું સ્થળ બનશે - **હાઇબ્રીડ પાર્ક તથા ૨૫,૦૦૦**

191. ગુજરાતમાં ખેડૂતોને દિવસ દરમિયાન વીજ પુરવઠો પૂરો પાડવાના ભાગરૂપે નવી કઈ યોજનાની જાહેરાત કરાઈ - **દિનકર યોજના**

192. દિનકર યોજનાની આગામી ત્રણ વર્ષમાં ટ્રાન્સમિશન નેટવર્કને સુદઢ કરવા તેમજ નવા સબ સ્ટેશનો સ્થાપવા કુલ કેટલા રૂપિયાનું આયોજન માટે આ વર્ષે રૂ.૫૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે - **રૂ.૩૫૦૦ કરોડ**

193. ગુજરાતમાં આશરે કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૧૪૮૯ કરોડની જોગવાઇ કરાઈ છે - **એક લાખ**

194. ગુજરાતમાં સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત સોલર રૂફટોપ માટે સબસિડી આપવા માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ.૯૧૨ કરોડ**

195. ગુજરાતમાં આગામી વર્ષે કેટલા નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે - **૧૪૦**

196. GETCOના સબસ્ટેશનની નજીકમાં આવતી સરકારી જમીનમાં ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ દ્વારા તબક્કાવાર ૨૫૦૦ મેગાવોટ સૌર ક્ષમતાના સોલાર પી. વી. પ્રોજેક્ટ સ્થાપના અંતર્ગત, આ વર્ષે કેટલા મેગાવોટ ઉત્પન્ન કરાશે - **૨૫૦ મેગાવોટ**

197. ગુજરાતમાં પ્રધાનમંત્રી કુસુમ યોજના અંતર્ગત કેટલા ગ્રીડ કનેકટેડ પંપને સોલારાઇઝ કરાશે - **૧૮,૫૦૦**

198. PMKUSUM નું વિસ્તૃત નામ જણાવો- પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન

199. ગુજરાત અંદાજપત્રમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **૧૦૧૯ કરોડ**

200. ગુજરાતમાં ૮૦૦ નંગ ઇ-રીક્ષા માટે પ્રતિ રીક્ષા કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે - **રૂ. ૪૦,૦૦૦**

201. ગુજરાતમાં ૧૦૦૦ નંગ બેટરી ઑપરેટેડ દ્વિચક્રી વાહનો માટે પ્રતિ વાહન દીઠ કેટલી સહાય આપવામાં આવશે - **રૂ.૧૦,૦૦૦**

202. ગુજરાત અંદાજપત્રમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ. ૭૦૧૭ કરોડ**

203. વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ૬ મહિના દરમિયાન કેટલું ઇન્વેસ્ટમેન્ટ મેળવીને, સમગ્ર દેશમાં ગુજરાત બેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન બન્યું છે - **રૂ. ૨૪,૦૧૨ કરોડ**

204. ગુજરાતને વૈશ્વિક કક્ષાએ રોકાણ માટેના ઉત્તમ સ્થળ તરીકે પ્રસ્થાપિત કરનાર વાયબ્રન્ટ ગુજરાત સમિટના આયોજન માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ. ૯૫ કરોડ**

205. ગુજરાતમાં સંશોધન અને નવીનતમ સાહસો માટે યુવા વર્ગ વધારે ઉત્સાહી બને તે માટેની સ્ટાર્ટઅપ- ઇનોવેશન યોજના માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૧૮ કરોડ**

206. ગુજરાતમાં વાજપાઇ બેન્કેબલ યોજના અન્વયે ઉધોગ, સેવા અને વેપાર એમ ત્રણ ક્ષેત્રમાં કેટલા રૂપિયા સુધી ધિરાણ આપવામાં આવે છે - **રૂ.૮ લાખ**

207. ગુજરાતમાં કઈ યોજના અન્વયે નાના ધંધા રોજગાર કરતા સમાજના નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા, તેમના ધંધાને અનુરૂપ સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવામાં આવે છે - **માનવ કલ્યાણ યોજના**

208. ગુજરાત અંદાજપત્રમાં પ્રવાસન વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે – **રૂ. ૪૮૦ કરોડ**

209. ગીરમાં સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સંખ્યાને ધ્યાને લઇ અમરેલી ખાતે કયા સફારી પાર્કના અદ્યતન વિકાસ માટે રૂ.૫ કરોડની જોગવાઈ કરાઈ છે - **આંબરડી લાયન**

210. બોર્ડર ટુરિઝમના વિકાસ મારફતે નવી પેઢીમાં દેશભક્તિની ભાવના બળવત્તર બનાવવા કયા પ્રોજેકટ હેઠળ આંતર માળખાકીય સવલતો તથા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોના આયોજન માટે રૂ. ૩૫ કરોડની જોગવાઈ કરાઈ છે - **નડાબેટ સીમા દર્શન**

211. બાલાસિનોર ડાયનાસોર ફોસીલ પાર્કની મુલાકાતે આવનાર પ્રવાસીઓને સંખ્યાને ધ્યાને લઇ તેના વધુ વિકાસ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ.૧૦ કરોડ**

212. દક્ષિણ ગુજરાતના કયા સ્થળોને મેગા સર્કિટ તરીકે વિકાસ કરવા ભારત સરકાર તરફથી રૂ. ૨૩ કરોડ ફાળવવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫ કરોડ ઉમેરીને આ સ્થળોનો વિકાસ કરાશે - **શુકલતીર્થ, કબીરવડ, મંગલેશ્વર અને અંગારેશ્વર**

213. સાબરકાંઠા જિલ્લાના પોળો ફોરેસ્ટ ખાતે પ્રવાસી સુવિધાઓનો વિકાસ કરવા માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ.૫ કરોડ**

214. વેળાવદર ખાતે કાળીયાર અભયારણ્યનો વિકાસ કરવા માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૩ કરોડ**

215. પ્રસિદ્ધ હેરીટેજ શહેર વડનગરનો ભારત સરકારના સંયુકત પ્રયાસથી અંદાજિત કેટલા રૂપિયાના ખર્ચે પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવામાં આવી રહેલ છે - **રૂ.૨૦૦ કરોડ**

216. કોસ્ટલ ટુરીઝમ અંતર્ગત કયા બીચના વિકાસ માટે રૂ.૧૫૦ કરોડના કામો પીપીપીના ધોરણે હાથ ધરવામાં આવેલ છે - **શિવરાજપુર બીચ**

217. **સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડિયાને પ્રવાસન સ્થળના** સર્વાગી વિકાસ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે - **કુલ રૂ. ૩૮૭ કરોડ**

218. ગુજરાત અંદાજપત્રમાં પવિત્ર યાત્રાધામ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે – **રૂ. ૧૪૭ કરોડ**

219. સુરત જિલ્લાના મહુવા તાલુકામાં આવેલ આદિવાસીઓના આસ્થાના ધામ અનાવલ, કાવેરો- કાવેરી અને ગુપ્ત સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે વિવિધ સુવિધાઓ કેટલા રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવશે - **રૂ.૧૦ કરોડ**

220. બેટ દ્વારકામાં કયુ મ્યુઝિયમ બનાવવા અને યાત્રાળુઓ માટે પ્રાથમિક સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે - **કૃષ્ણલીલા તાદશ કરતું**

221. કઈ યોજના અંતર્ગત પોરબંદર, મુન્દ્રા, ભાવનગર અને જામનગર જેવા વિસ્તારોને એર કનેક્ટવીટીથી તથા કેવડીયા, સાબરમતી અને શેત્રુંજયને વૉટરડ્રોમથી જોડવા માટે કુલ રૂ.૪૫ કરોડની જોગવાઇ કરાઈ છે - **ઉડાન યોજના**

222. રાજપીપળા, અમરેલી, કેશોદ અને મહેસાણા ખાતે એરપોર્ટ ડેવલપમેન્ટ માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ.૨૫ કરોડ**

223. ગુજરાત અંદાજપત્રમાં વન અને પર્યાવરણ વિભાગ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૧૭૮૧ કરોડ**

224. CAMPA-નું વિસ્તૃત નામ જણાવો - **કમ્પેનસેટરી અફોરસ્ટેશન ફન્ડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઑથોરીટી**

225. ગુજરાતમાં વનીકરણ, વન સંરક્ષણ, ભૂમિ, અને ભેજ સંરક્ષણ, વન્ય પ્રાણી તેમજ જૈવિક વિવિધતાનું વ્યવસ્થાપન જેવા કામો માટે કોના અંતર્ગત રૂ. ૨૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે- **કમ્પેનસેટરી અફોરસ્ટેશન ફન્ડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઑથોરીટી-કેમ્પા**

226. ધરમપુર ખાતે સર્પ સંશોધન કેન્દ્ર, વેળાવદર નજીક ખડમોર પક્ષી સંવર્ધન કેન્દ્ર, દીપડાઓને રેડિયો કોલર લગાવવા, આદિવાસી વિસ્તારમાં ડ્રેગન ફ્રૂટ ઉછેર અને પ્રોસેસીંગ માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **કુલ રૂ.૧૦ કરોડ**

227. પ્લાસ્ટિક બેગના વિકલ્પ તરીકે પુનઃ ઉપયોગમાં લઇ શકાય તેવી રોપા ઉછેર માટે વિશેષ રીતે તૈયાર કરેલ ટ્રે ના ઉપયોગથી કઈ નર્સરી બનાવવા માટે રૂ.૨ કરોડની જોગવાઈ કરાઈ - **સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગ મુકત**

228. ગુજરાત અંદાજપત્રમાં ગૃહ વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ.૭૫૦૩ કરોડ**

229. ગુજરાતમાં ગૃહ વિભાગની વિવિધ સંવર્ગની કેટલી નવી જગ્યાઓ ઊભી કરાશે - **૧૧ હજાર**

230. ગુજરાતમાં જનતાની સુરક્ષા અને સલામતી માટે કયા પ્રોજેક્ટ અંતર્ગત સીસીટીવી કેમેરા લગાવવા રૂ.૧૧૧ કરોડની જોગવાઈ કરાઈ છે- **વિશ્વાસ પ્રોજેક્ટ**

231. ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે કયા પ્રોજેક્ટ અંતર્ગત નિર્ભયા ફંડ માટે રૂ.૬૩ કરોડની જોગવાઈ કરાઈ છે - **સેફ સિટી પ્રોજેકટ**

232. ગુજરાતના કયા શહેરમાં સુરક્ષા વ્યવસ્થા સુદઢ કરવા નવી પોલીસ કમિશ્નર કચેરીની રચના કરાશે - **ગાંધીનગર**

233. ગુજરાત અંદાજપત્રમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ.૧૨૭૧ કરોડ**

234. ગુજરાતમાં ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે આ વર્ષે સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અપાતા અનાજમાં ઉમેરો કરી પહેલીવાર કઈ દાળનું પણ વિતરણ કરવાનું નક્કી કરેલ છે - **તુવેર દાળ**

235. પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે આશરે ૬૬ લાખ લાભાર્થીઓને, લાભાર્થી દીઠ વાર્ષિક કેટલા કિલોગ્રામ તુવેરદાળનું રાહત દરે વિતરણ કરવામાં આવશે - **૧૨ કિલોગ્રામ**

236. ગુજરાત અંદાજપત્રમાં મહેસૂલ વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **કુલ રૂ. ૪૪૭૩ કરોડ**

237. ગુજરાતમાં ખેતીની જમીનની માપણી આધુનિક પદ્ધતિથી સચોટ થાય તે માટે વધુ કેટલા તાલુકામાં નવા ડી.જી.પી.એસ મશીનો વસાવવા રૂ.૨૭ કરોડની જોગવાઈ કરાઈ છે - **૧૦૮**

238. ગુજરાત અંદાજપત્રમાં વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **કુલ રૂ. ૪૯૭ કરોડ**

239. ગુજરાતની કેટલી સરકારી કચેરીઓને જીસ્વાન કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે - **૬૫૦૦થી વધારે**

240. ગુજરાતમાં દરેક ગ્રામ પંચાયતને ઓપ્ટિકલ ફાયબરથી જોડવા માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૧૦ કરોડ**

241. ગુજરાતમાં બાયોટેકનોલોજી ક્ષેત્રે ચાલતા સંશોધનથી ઉદ્યોગ, પર્યાવરણ, મરીન અને જીનોમિક્સ જેવા ક્ષેત્રોને લાભ મળે તે હેતુથી કેટલા રૂપિયાની અધતન લેબોરેટરીનું નિર્માણ કરાશે - **રૂ. ૭ કરોડ**

242. ગુજરાત અંદાજપત્રમાં રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૫૬૦ કરોડ**

243. ગુજરાતમાં ખેલ મહાકુંભના આયોજન માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ. ૭૯ કરોડ**

244. ગુજરાતમાં પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટેની શકિતદૂત યોજના અંતર્ગત કેટલા રૂપિયાની જોગવાઈ - **રૂ.૬ કરોડ**

245. ગુજરાતમાં કલા મહાકુંભ માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ. ૯ કરોડ**

246. નૃત્ય, સંગીત, નાટકના અભ્યાસ અને સંશોધનને ઉત્તેજન પૂરું પાડવા વડનગર ખાતે કઈ કોલેજની સ્થાપના કરવા રૂ. ૧ કરોડની જોગવાઈ કરાઈ છે - **તાનારીરી પર્ફોર્મિંગ આર્ટ**

247. ગુજરાતમાં યોગના પ્રચાર પ્રસાર માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ.૨ કરોડ**

248. ગુજરાત અંદાજપત્રમાં માહિતી અને પ્રસારણ વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૧૬૯ કરોડ**

249. એક્રેડિટેડ પત્રકારોને અકસ્માતે અવસાનના કેસમાં રૂપિયા પાંચ લાખ અને કુદરતી અવસાનના કેસમાં રૂપિયા પચાસ હજારનું વીમા કવચ આપવામાં આવે છે તેના બદલે હવે, કુદરતી અવસાનનાં કિસ્સામાં કેટલા રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવશે - **એક લાખ**

250. ગુજરાત અંદાજપત્રમાં કાયદા વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ.૧૬૮૧ કરોડ**

251. ગુજરાત અંદાજપત્રમાં સામાન્ય વહીવટ વિભાગ માટે કુલ કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૧૭૬૬ કરોડ**

252. વિદેશમાં વસતા ગુજરાતી યુવાનો રાજ્યની મુલાકાતે આવતા રહે તેઓ આપણી માતૃભાષા, સંસ્કૃતિ અને ભવ્ય વારસાના પરિચયમાં રહે તે માટે કઇ નવી યોજના શરૂ કરાશે - **ગુજરાતને જાણો**

253. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ એ. ટી. વી. ટી. અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતના વિકાસના કામો માટે કેટલા રૂપિયાની જોગવાઇ કરાઈ છે - **રૂ. ૧૩૦૮ કરોડ**

254. રાજ્યના નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ થાય તે માટે શરૂ કરેલ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત અંદાજે કેટલી સેવાઓ નાગરિકોને સ્થળ ઉપર જ પૂરી પાડવામાં આવી છે - **બે કરોડ સેવાઓ**

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માટે કરવેરાની દરખાસ્ત

255. ગુજરાતમાં કોલ્ડ સ્ટોરેજ ઉપર હાલમાં ૨૦ ટકાના દરે વીજકર લાગુ કરવામાં આવેલ છે. જેથી આ વીજકરનો દર હાલના ૨૦ ટકાથી ઘટાડી કેટલા ટકા કરવાની દરખાસ્ત છે - **૧૦ ટકા**

256. રાજયમાં આવેલ મંદિરો, મસ્જિદો, ચર્ચ, ગુરુદ્વારા, દેરાસર, અગિયારી જેવા વિવિધ ધર્મોના ધાર્મિક સ્થળોના વીજ વપરાશ પર હાલ ૨૫ ટકાના દરે વીજકર અમલમાં છે. હાલનો ૨૫ ટકાનો વીજકર ઘટાડીને ગ્રામ્ય-શહેરી વિસ્તારોમાં કેટલા ટકા કરવાની દરખાસ્ત છે - **ગ્રામ્ય વિસ્તારમાં ૭.૫ ટકા અને શહેરી વિસ્તારોમાં ૧૫ ટકા**

257. ધર્મશાળામાં થતા વીજ વપરાશ ઉપર હાલ ૨૫ ટકાના દરે વીજકર લાગુ થાય છે. આ તમામ ધર્મશાળાઓના દરમાં ઘટાડો કરી, એચ. ટી. વીજ જોડાણ ધરાવતી ધર્મશાળાઓને કેટલા ટકા તથા એલ. ટી. વીજ જોડાણ ધરાવતી ધર્મશાળાઓને કેટટલા ટકા વીજકર લાગુ કરાશે - **૧૫ ટકા તથા ૧૦ ટકા**

258. વિવિધ સર્વિસ સેક્ટર તેમજ તમામ વ્યવસાયોના સ્થળોના વીજ વપરાશ ઉપર અત્યારે ૨૫ ટકા વીજકર લાગુ થાય છે. જેમાં ઘટાડો કરીને કેટલા ટકા કરવાની દરખાસ્ત છે - **૨૦ ટકા**

259. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માટે કરવેરાની આ સૂચિત દરખાસ્તના પરિણામે રાજ્યની વેરાકીય આવકમાં વાર્ષિક કેટલા રૂપિયાનો ઘટાડો થવાનો અંદાજ છે - **રૂ. ૩૨૦ કરોડ**

260. સને ૨૦૨૦-૨૧ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ મુજબ વીજકરમાં સૂચિત ઘટાડો/રાહત બાદ એકંદર અંદાજિત પુરાંત જણાવો : **(+) ૨૭૫.૨૭ (રકમ રૂ. કરોડમાં)**

261. 26 ફેબ્રુઆરી-2020ના રોજ દેશના પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદનો કેટલામા જન્મદિવસની ઊજવણી કરવામાં આવી - **609મો**

262. વીર સાવરકરનું અવસાન કયારે થયું હતું - **૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬.**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 27-02-2020



૧. ખેલકૂદ - નિવૃત્તિ : પાંચ ગ્રાન્ડસ્લેમ વિજેતા મારિયા શારાપોવાની ટેનિસમાંથી નિવૃત્તિ



- ✓ વતન – રશિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. GST : નવો ટોલ ફ્રી નંબર જાહેર (કર)



- ✓ કુલ-૧૨ ભાષાઓમાં માહિતી આપશે

વિગત

- ✓ ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ નેટવર્ક જીએસટી હેલ્પડેસ્ક માટે નવો ટોલ ફ્રી નંબર 1800 103 4786 શરૂ કર્યો છે.
- ✓ ઈનડાયરેક્ટ ટેક્સ સાથે જોડાયેલા પ્રશ્નો કે સમસ્યાના સમાધાન માટે આ નંબરનો સંપર્ક સાધી શકાશે.
- ✓ આ ટોલ ફ્રી નંબર 365 દિવસ કાર્યરત રહેશે. સવારના નવ વાગ્યાથી રાત્રે નવ વાગ્યા સુધી કોલ કરી શકાશે.
- ✓ નવા ટોલ ફ્રી નંબરની શરૂઆત સાથે જીએસટી હેલ્પડેસ્ક રૂપે કામ કરી રહેલો જુનો નંબર 0120 - 24888999 સેવામાંથી દૂર થયો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. 43મી UNHRC કોન્ફરન્સ-2020 (માનવ અધિકાર)

- ✓ સ્થાન – જિનિવા
- ✓ સમયગાળો- 24મી ફેબ્રુઆરીથી 20મી માર્ચ-2020 સુધી
- ✓ UNHRCનું વિસ્તૃત નામ– યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કમિશન

- ✓ ખાસ- UNમાં પાકિસ્તાનને ભારતનો જવાબ– જમ્મુ કાશ્મીર ભારતનું અભિન્ન અંગ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. આઈક્યૂ એર વિઝ્યુઅલના વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ-2019 (પર્યાવરણ)

- ✓ વિશ્વના ૩૦ સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતના ૨૧ શહેરો.

વધુ વિગત

- ✓ પ્રદૂષણ અંગે અહેવાલ જાહેર કરતી સંસ્થા આઇક્યૂ એરવિઝ્યુઅલના વર્લ્ડ એર ક્વૉલિટી રિપોર્ટ ૨૦૧૯ના આંકડા મુજબ દુનિયાના બાકીના દેશોની સરખામણીએ ભારતમાં પ્રદૂષણની સમસ્યા વધારે ગંભીર
- ✓ વૈશ્વિક સ્તરે હવાની ગુણવત્તા અંગે જાણકારી આપતી આઇક્યૂ એરવિઝ્યુઅલના સંશોધકોએ પોતાના ગ્રાઉન્ડ મોનિટરિંગ સ્ટેશનોથી આંકડા એકઠા કર્યાં છે જે પીએમ ૨.૫ કણોના આધારે કરવામાં આવ્યા છે.
- ✓ આટલા સૂક્ષ્મ કદના ઝેરી કણો માનવીના શ્વસનતંત્રમાં ઘર જમાવીને બેસી જાય છે અને અનેક રોગોને નોતરે છે.
- ✓ એર ક્વોલિટી એટલે કે હવાની ગુણવત્તા માપવાના ઘણાં માપદંડ છે પરંતુ જેમાં સૌથી વધારે પ્રચલિત છે હવામાં પીએમ ૨.૫ અને પીએમ ૧૦નું પ્રમાણ.
- ✓ પીએમ નો અર્થ છે પાર્ટિક્યૂલેટ મેટર એટલે કે હવામાં રહેલા સૂક્ષ્મ કણો.
- ✓ પીએમ ૨.૫ અને પીએમ ૧૦ આ કણોની સાઇઝ દર્શાવે છે. સામાન્ય રીતે આપણા શરીર પરના વાળની સાઇઝ પીએમ ૫૦ જેટલી હોય છે. એના પરથી અંદાજ લગાવી શકાય કે પીએમ ૨.૫ અને પીએમ ૧૦ કેટલા સૂક્ષ્મ કણ હશે.
- ✓ સામાન્ય સંજોગોમાં ૨૪ કલાકમાં હવામાં પીએમ ૨.૫નું પ્રમાણ ૬૦ માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ અને પીએમ ૧૦નું પ્રમાણ ૧૦૦ માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ.
- ✓ આ કણોનું આના કરતા વધારે પ્રમાણ હોય તો એ સ્થિતિ ભયજનક ગણાય. સાદા શબ્દોમાં કહીએ તો આજે પ્રદૂષણના કારણે શ્વાસમાં જે હવા લેવામાં આવે એ જ ઝેર બની ચૂકી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. કેન્દ્રીય કેબિનેટ (વહિવટ)

- ✓ સરોગેસી (રેગ્યુલેશન) બિલ-2020ને કેબિનેટની મંજૂરી.
- ✓ હેતુ- કોમર્શિયલ સરોગેસી પર પ્રતિબંધ મૂકવાનો ઉદ્દેશ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. રેલવે પોલીસ (સુરક્ષા)

મુસાફરોની સુરક્ષા માટે 'સુરક્ષિત સફર મોબાઈલ' એપ લોન્ચ



વિગત

- ✓ ટ્રેક માય ટ્રરની માહિતી આપશો તો, પોલીસ સતત તેનું ધ્યાન રાખશે.
- ✓ ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે
- ✓ રેલવે પેસેન્જરોને અસામાજિક તત્વો, નકલી પોલીસ સહિતની ટોળકીઓ પરેશાન કરતી હોય છે. તેવા કિસ્સાઓમાં લોકોને પોલીસ સ્ટેશન જવાની જરુર રહેશે નહી અને સીધા રેલવે પોલીસની એપ્લિકેશન પર ફરિયાદ કરી શકે તે માટે રેલવે પોલીસે એપ્લિકેશન લોંચ કરી છે. તેમાં સામાન્ય લોકો પોલીસને ઇન્ફરમેશન પણ આપી શકશે.

એપ્લીકેશનના અગત્યના ફીચર્સ

1. **ફરિયાદ-**

   જો કોઈ પ્રવાસીના સામાનની ચોરી થાય કે લુંટનો બનાવ બને તો જે તે પ્રવાસી ફરિયાદના ઓપ્શનમાં જઈને પોતાની ફરિયાદ નોંધાવી શકશે. રેલ્વેના કંટ્રોલ અને પેટ્રોલિંગ પોલીસ બને આ ફરિયાદ પર કામ કરશે. કંટ્રોલમાંથી પ્રવાસીને તેની ટિકીટનો પીએનઆર નંબર પુછીને આગળની કાર્યવાહી કરાશે.

2. **વુમન ડેસ્ક-**

   આ ફંકશન ખાસ મહિલાઓ માટે તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં છેડતીનો ભોગ બનેલી મહિલા પોતાની ઓળખ છુપાવીને ફરિયાદ કરી શકશે.

3. **સજેશન –**

   પ્રવાસની રિઝર્વ સીટ હોય અને કોઈ વ્યક્તિ સીટ માટે પરેશાન કરે તે સિવાય પોલીસનું ગેરવર્તન હોય તેવા સંજોગોમાં પ્રવાસી પોતાનું સજેશન આ ફંકશન દ્વારા આપી શકશે.

4. **શંકાસ્પદ વ્યકિત –**

   કોઈ પ્રવાસીને તેની નજીકમાં બેઠેલી વ્યક્તિનું વર્તન શંકાસ્પદ જણાય તો આ ફંકશન મારફતે પોલીસને જાણ કરાતા જ પોલીસ કાર્યવાહી કરશે અને ફરિયાદ કરનારી વ્યક્તિની ઓળખ પણ છુપી રાખશે.

5. **કોલ –**

   આ ફંકશન રેલ્વેના કંટ્રોલ સાથે જોડાયેલ હશે અને કોઈ સંજોગોમાં પ્રવાસી તેનો ઉપયોગ કરશે તો સીધી રિંગ કંટ્રોલરૂમમાં જશે અને તે મુજબ કાર્યવાહી થશે.

6. **કોન્ટેક્ટ કોપ –**

   આ ફંકશનમાં જીઆરપીના તમામ પોલીસકર્મીઓથી લઈને ડીઆઈજી સુધીન અધિકારીઓના ફોટોગ્રાફ્સ, ફોન નંબર અને ઈમેલની માહિતી હશે.

7. **કોન્ફિડન્સીયલ –**

ડ્રગ્સ, જુગાર કે અપહરણ સંદર્ભે પ્રવાસ ઓળખ છુપાવી પોલીસને જાણ કરી શકશે.

8. **ટ્રેક માય રૂટ –**

ટ્રેનમાં પ્રવાસ કરતા સિનીયર સિટીઝન કે એકલી મુસાફરી કરતી મહિલા તે ક્યાંથી બેઠા અને ક્યાં જઈ રહ્યા છે તેની માહિતી આપશે તે આપાતકાલીન સ્થિતીમાં પોલીસ તેમને મદદ કરશે.

9. **ફીડબેક –**

આ ફંકશન મારફતે પોલીસ કંટ્રોલમાં પોલીસ પ્રવાસીઓનો પોલીસની કામગીર અંગેનો અભિપ્રાય પુછશે.

10. **ટચ ટુ પેનિક –**

આ ફંકશન મારફતે ઈમરજન્સી વખતે પ્રવાસી પોલીસની મદદ મેળવી શકશે.

✓ અમદાવાદ ખાતેથી ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા લોન્ચિંગ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. તીડ મુક્તિ મિશન (કુદરતી આપત્તિ)

પાકિસ્તાનને તીડના આક્રમણથી મુક્ત કરાવવા માટે ચીન દ્વારા ૧ લાખ તીડખાઉં બતકનું સૈન્ય તૈયાર :

✓ **બતક - તીડ સામે કુદરતી જૈવિક હથિયાર**

તીડખાઉં બતક સૈન્યની વિશેષતા

✓ પાકિસ્તાનમાં સિંધ પ્રાંતમાં 40 ટકા પાક તીડના કારણે નાશ પામ્યો

✓ એક બતક ૪ વર્ગ મીટરના વિસ્તારને તીડના આતંકથી મુક્ત કરાવી શકે છે. વિશેષજ્ઞોનું માનવું છે કે એક બતક દિવસમાં ૨૦૦ તીડને આરોગી જાય છે.

✓ બતકનાં બચ્ચાં ૪૦ તીડ ખાઈ શકે છે. તીડના હુમલા સામે લડવા માટે બતકોને પાકિસ્તાન મોકલતા પહેલાં ચીનના પશ્ચિમમાં આવેલા શિનજિયાંગ પ્રાંતમાં પરીક્ષણ શરૂ કરાશે.

✓ એક બતક ૪ વર્ગ મીટરના વિસ્તારને તીડના આતંકથી મુક્ત કરાવી શકે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. સામાજિક આર્થિક સમીક્ષા : 2017-18 : ગુજરાત સરકાર

આંકડાકીય વિગતો

✓ સરકારે તૈયાર કરેલી સામાજિક આર્થિક સમીક્ષા : 2017-18 વર્ષમાં ચાલુ કિંમતોએ જીડીપીનો વૃદ્ધિ દર 13.8 ટકા અંકાયો હતો.

✓ જે 2018-19માં 13.1 ટકા અને 2019-20માં મુજબ 10.07 ટકાએ નોંધાશે તેવો અંદાજ.

✓ આમ માત્ર 2 જ વર્ષમાં જીડીપી વૃદ્ધિદર 3 ટકા ઘટશે.

✓ જ્યારે સ્થિર ભાવે જીડીપીનો વૃદ્ધિદર 2018-19ના વર્ષમાં 9.2 ટકાનો અંદાજ છે જે વર્ષ 2016-17માં 11.7 ટકા જ્યારે 2017-18માં 11.2 ટકા નોંધાયો હતો.

✓ અહીં પણ 2.5 ટકાનો ઘટાડો થશે. રાજ્ય સરકારની રાજવિત્તિય ખાધ 54 હજાર કરોડથી વધુ નોંધાતા સરકારને પોતાના

ખર્ચ માટે જાહેર દેવું વધારવાની ફરજ પડશે.

- ✓ વર્ષ 2022-23માં આ દેવું 3 લાખ 71 હજાર કરોડે પહોંચી જશે.
- ✓ ગુજરાત સરકારને પાછલાં 2 વર્ષમાં GST વળતર સ્વરૂપે કેન્દ્ર પાસેથી 51371.24 કરોડ રૂપિયાને બદલે 44361.61 કરોડ રૂપિયા મળ્યાં.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. વૈશ્વિક સંબંધો : ભારત-મ્યાનમાર

મ્યાનમાર (બ્રહ્મદેશ)ના PM વિન મીન્ટ ભારતના પ્રવાસે



બંને દેશો વચ્ચે વિવિધ કરાર અને વિગત.

- ✓ આ મુલાકાત દરમિયાન તેમની સાથે ભારતના વિવિધ ક્ષેત્રમાં ૧૦ કરાર પણ થયા હતા.
- ✓ મુખ્ય કરાર મ્યાનમારના સંઘર્ષરત રાજ્ય રાખિનના વિકાસકાર્ય અંગેનો હતો.
- ✓ ઉપરાંત દરિયાઈ સુરક્ષા, સરહદેથી થતી ઘૂસણખોરી સામે સંયુક્ત પગલા વગેરે મુદ્દે સહી સિક્કા થયા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૨-૨૦૨૦)

1. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં કઈ મહિલા ટેનિસ ખેલાડીએ ટેનિસમાંથી નિવૃત્તિ જાહેર કરી – **રશિયન ખેલાડી મારિયા શારાપોવા**
2. રશિયન ટેનિસ મહિલા ખેલાડી મારિયા શારાપોવાએ આંતરરાષ્ટ્રીય કારકિર્દી દરમિયાન કેટલા ગ્રાન્ડસ્લેમ જીત્યા છે - **પાંચ ગ્રાન્ડસ્લેમ**
3. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં GST હેલ્પ ડેસ્ક માટેનો 0120–24888999ને બદલે કયો નવો ટોલ ફ્રી નંબર જાહેર કર્યો - **1800 103 4786**
4. GST હેલ્પ ડેસ્ક માટેનો નવો ટોલ ફ્રી નંબર 1800 103 4786 કુલ કેટલી ભાષાઓમાં માહિતી આપશે - **૧૨**
5. GSTનું વિસ્તૃત નામ જણાવો-**ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ**
6. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં 43મી UNHRC કોન્ફરન્સ-2020 કયા સ્થળે યોજાઈ - **જિનિવા**
7. UNHRCનું વિસ્તૃત નામ જણાવો – **યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કમિશન**
8. આઈક્યૂ એર વિઝ્યુઅલના વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ-2019 વિશ્વના ૩૦ સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતના કેટલા શહેરોનો સમાવેશ થયો છે - **૨૧**
9. પીએમનો અર્થ જણાવો - **પાર્ટિક્યૂલેટ મેટર એટલે કે હવામાં રહેલા સૂક્ષ્મ કણો**
10. સામાન્ય સંજોગોમાં ૨૪ કલાકમાં હવામાં પીએમ ૨.૫નું પ્રમાણ કેટલા માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ - **૬૦**
11. પીએમ ૧૦નું પ્રમાણ કેટલા માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હોવું જોઇએ - **૧૦૦**
12. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં કોમર્શિયલ સરોગેસી પર પ્રતિબંધ મૂકવાના ઉદ્દેશથી કેન્દ્રીય કેબિનેટે કયા બિલને મંજૂરી આપી-**સરોગેસી (રેગ્યુલેશન) બિલ-2020**
13. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં રેલવે પોલીસ દ્વારા મુસાફરોની સુરક્ષા માટે કઈ મોબાઈલ એપ લોન્ચ કરી - **'સુરક્ષિત સફર મોબાઈલ' એપ**
14. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં પાકિસ્તાનને તીડના આક્રમણથી મુક્ત કરાવવા માટે કયા દેશ દ્વારા ૧ લાખ તીડખાઉં બતકનું સૈન્ય તૈયાર કરાયું – **ચીન**

15. ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરેલી સામાજિક આર્થિક સમીક્ષા : 2017-18 વર્ષમાં ચાલુ કિંમતોએ જીડીપીનો વૃદ્ધિ દર કેટલા ટકા અંકાયો હતો - **13.8 ટકા**
16. ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરેલી સામાજિક આર્થિક સમીક્ષા : 2017-18 વર્ષમાં ચાલુ કિંમતોએ જીડીપીનો વૃદ્ધિ દર 13.8 ટકા અંકાયો હતો જે 2018-19માં કેટલા ટકા અને 2019-20માં કેટલા ટકા નોંધાવવાનો અંદાજ છે - **13.1 અને 10.07 ટકા**
17. ગુજરાત સરકારને પાછલાં 2 વર્ષમાં GST વળતર સ્વરૂપે કેન્દ્ર પાસેથી કેટલા રૂપિયા મળવાના હતા તેના બદલે કેટલા રૂપિયા મળ્યાં – **રૂ. 51371.24 કરોડ અને રૂ. 44361.61 કરોડ**
18. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં મ્યાનમાર (બ્રહ્મદેશ)ના વડાપ્રધાન ભારતના પ્રવાસે હતા તેનું નામ જણાવો - **વિન મીન્ટ**
19. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં મ્યાનમાર (બ્રહ્મદેશ)ના વડાપ્રધાન વિન મીન્ટના ભારત પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રમાં કેટલા કરાર થયા- ૧૦

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 28-02-2020



૧.સિદ્ધિ : ભારતીય સૈન્યના ડૉ. માધુરી કોનિટકર દેશના પ્રથમ મહિલા લેફ્ટનન્ટ જનરલ બન્યા (સંરક્ષણ)



- ✓ પતિ-પત્ની બંને લેફ્ટનન્ટ જનરલ બન્યાની પ્રથમ ઘટના
- ✓ કોનિટકરે ત્રણ વર્ષ પહેલાં પૂણેમાં એએફએમસીના પહેલા મહિલા ડીન તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.
- ✓ તેમને આર્મી મેડિકલ કોરમાં પહેલું બાળચિકિત્સા નેફ્રોલોજી યુનિટ સ્થાપિત કરવાનું શ્રેય પણ અપાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. GDP : કેન્દ્ર સરકાર (આર્થિક વિકાસ)

- ✓ ભારતનો ત્રીજો ક્વાર્ટર એટલે કે ઓકટોબર-2019થી ડિસેમ્બર-2019નો GDP 4.7 ટકા રહ્યો

અન્ય સુધારેલા અંદાજ

- ✓ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ કવાર્ટર અને બીજા કવાર્ટરના જીડીપી આંકડાઓને સંશોધિત કરીને અનુક્રમે પાંચ ટકાથી વધારી ૫.૬ ટકા અને ૪.૫ ટકાથી વધારી ૫.૧ ટકા કરવામાં આવ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. દરિયાઈ સુરક્ષા – પેટ્રોલિંગ

પેટ્રોલિંગ ICG જહાજ 'વજ્ર' ચેન્નઈ ખાતેથી લોન્ચ કરાયું

ICG વજ્ર વિશે

- ✓ મેઈક ઈન ઈન્ડિયા હેઠળ નિર્માણ
- ✓ આધુનિક કમ્યુનિકેશ સામગ્રીને કારણે આ જહાજ દિવસ ઉપરાંત રાતે પેટ્રોલિંગ માટે પણ એટલું જ ઉપયોગી થશે.
- ✓ જહાજની લંબાઈ ૯૮ મિટર, પહોળાઈ ૧૫ મિટર અને વજન ૨૧૦૦ ટન છે.
- ✓ ૧૨૧ નાવિકો તેનું સંચાલન કરશે.
- ✓ ડાયરેક્ટર જનરલ - કે. નટરાજન

- ✓ ICG – ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સંરક્ષણ નિકાસ ક્ષેત્રે ભારત : બેંગાલુરુના એચએએલ ખાતે આયોજિત કર્ણાટક રાજ્યોત્સવની ઊજવણી

સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહનું નિવેદન

- ✓ છેલ્લા બે વર્ષમાં આપણી વાર્ષિક નિકાસ ૧૭૦૦૦ કરોડ રૂપિયા રહી છે પણ હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની ક્ષમતાને જોતા મને વિશ્વાસ છે કે ૨૦૨૪ સુધીમાં ભારતની સંરક્ષણ નિકાસ વધીને ૩૫,૦૦૦ કરોડ રૂપિયા થઇ જશે.
- ✓ ભારતને આયાત કરનાર રાષ્ટ્ર તરીકે જોવા માગતા નથી.
- ✓ હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની ક્ષમતાને જોઇ લાગે છે કે, ભારત ચોક્કસપણે નિકાસ કરનાર રાષ્ટ્ર બનશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : ૨૮ ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ



વર્ષ-૨૦૨૦ની થીમ – "વૂમન ઈન સાયન્સ"

વિશેષતા

- ✓ ૨૮મી ફેબ્રુઆરી દર વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવાય છે. કેમ કે ભારતના વિજ્ઞાની સર સી. વી. રમને ૧૯૨૮ની ૨૮મી ફેબ્રુઆરીએ રમન ઈફેક્ટ નામની શોધ કરી હતી.
- ✓ રમન ઈફેક્ટ એ પ્રકાશની વહેંચણીનું વિજ્ઞાન છે, જે સામાન્ય માણસને કદાચ ન સમજાય. પરંતુ વિજ્ઞાન જગતમાં તેનું વિશેષ મહત્વ છે.
- ✓ આ શોધ માટે સર રમને ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રનું નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- ✓ ભારતે આપેલા કેટલાક સંશોધનો માટે જગત સદાય ભારતવર્ષનું ઋણી રહેશે. એવા સંશોધનો આ મુજબ છે.

ભારતે વિજ્ઞાન વિશ્વમાં શું પ્રદાન આપ્યુ

1. શૂન્યનું મહત્વ કંઈ ન હોવા છતાં ઘણુ બધુ છે અને તેનો સૌ પ્રથમ ઉપયોગ ભારતમાં થતો હતો. ૨૦૧૭માં ફરીથી વિજ્ઞાનીઓએ જાહેર કર્યું કે ત્રીજી અને ચોથી સદીની ભારતીય હસ્તપ્રતોમાં સૌ પ્રથમ વાર શૂન્ય વપરાયેલા નજરે પડયા.



2. શર્ટમાં ટાંકવાનું બટન અચાનક તૂટી જાય તો ઘણી વખત પ્રસંગમાં શરમ અનુભવવી પડે. એ બટન વાપરાનારા સૌ પહેલા ભારતીયો હતા.



3. આર્યનઓરમાંથી લોખંડ બનાવાની રીતભારત યુરોપમાં બે-ત્રણ સદીથી વપરાય છે. પ્રાચીન ભારતીય અવશેષો જોતાં જણાય છે કે લોખંડ-પોલાદનું મિશ્રણ કરી સર્વોત્તમ સ્ટીલ બનાવાતું હતું. એના દ્વારા બનતી તલવારો દુનિયાભરમાં જાણીતી હતી. તેનો જાણીતો નમુનો દિલ્હીનો લોહ સ્તંભ છે.



4. શેમ્પુ - હિન્દી ભાષાના શબ્દ ચંપોમાંથી અંગ્રેજી ભાષાએ શબ્દ અપનાવ્યો અને આજે ઓળખાય છે એ શેમ્પુ તરીકે. મોગલો માથાના મસાજની પ્રક્રિયાને ચંપો કહેતા હતા, એ માટે વપરાતું તેલ-પ્રવાહી સમય જતાં શેમ્પુ નામે લોકપ્રિય થયું. અંગ્રેજોને તેનો પ્રથમ પરિચય બંગાળી ઉદ્યોગપતિ દીન મહમ્મદે ૧૮મી સદીમાં કરાવ્યો હતો.



5. યોગની લોકપ્રિયતા હવે અજાણી નથી. દર વર્ષે યોગ દિવસે દુનિયાભરમાં લોકો યોગ સમજતા હોય કે ન હોય પરંતુ શરીર વાંકા-ત્રાંસુ કરી યોગાસન કરે છે. મહર્ષિ પતંજલીએ શરીર શુદ્ધિકરણની એ પદ્ધતિ સાડા ત્રણ હજાર વર્ષ પહેલા શોધી હતી.



6. આચાર્ય શુશ્રુતે શોધેલી શરીર સારવારની વિવિધ પદ્ધતિ, સર્જરીની રીત-ભાત, સર્જરી માટેના સાધનો પણ હવે દુનિયાથી અજાણ્યા નથી. એટલે દુનિયાના કોઈ રોગનો ઉપાય લેબોરેટરીમાં મળે ન મળે શુશ્રુત સહિંતામાં અચૂક મળે.



7. રેડિયો એટલે કે વાયર વગર (વાયરલેસ) કમ્યુનિકેશ થઈ શકે તેની શોધ ઈટાલિના ગુગ્લી એલ્મો માર્કોનીએ કરી હોવાનું મનાય છે કેમ કે તેમણે પેટન્ટ નોંધાવી હતી. તેમની પહેલા એ કામગીરી સર જગદીશચંદ્ર બોઝ કરી દેખાડી પરંતુ પેટન્ટ ન નોંધાવી એટલા માટે તેમના નામે શોધ ન નોંધાઈ.



8. હડપ્પન યુગમાં ઉભું કરવામાં આવેલું કેનાલ નેટવર્ક જોરદાર હતું. આજે પણ ધોળાવીરા કે લોથલમાં તેના પુરાવા જોઈ શકાય છે. બીજી બાજુ ભારત સરકાર કે દુનિયાની અન્ય સરકારો એવુ જળ વ્યવસ્થાપન કરી શકતી નથી એ પણ હકીકત છે.



9. અમેરિકા-રશિયાએ ચંદ્ર પર અનેક મિશન મોકલ્યા અને માણસો પણ ઉતાર્યા. પરંતુ ચંદ્ર પર પાણી હોવાના પુરાવા ભારતના મિશન ચંદ્રયાન-૧ દ્વારા છેક ૨૦૦૮માં મળ્યા.



10. ડેટાની હેરાફેરી માટેનું મહત્વનું સાધન હોય તો એ એક યુએસબી છે. એ શોધ ભારતમાં તો નથી પરંતુ કરનાર ભારતીય સંશોધક અજય ભટ્ટ છે. એમાં પણ એ મૂળ તો વડોદરાના જ છે. ભારતના વિજ્ઞાન-સંશોધન પ્રત્યે ગર્વ લઈ શકાય એવું લિસ્ટ તો આ રીતે ઘણુ લાંબુ બની શકે એમ છે.



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૨-૨૦૨૦)

1. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં ભારતીય સૈન્યના કયા મહિલા દેશના પ્રથમ લેફ્ટનન્ટ જનરલ બન્યા - **ડૉ. માધુરી કોનિટકર**
2. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં ભારતીય સૈન્યના ડૉ. માધુરી કોનિટકર દેશના પ્રથમ મહિલા લેફ્ટનન્ટ જનરલ બનવાની સાથે પતિ-પત્ની બંને લેફ્ટનન્ટ જનરલ બન્યાની કેટલામી ઘટના બની - **પ્રથમ ઘટના**
3. પૂણેમાં એએફએમસીના પહેલા મહિલા ડીનનું નામ જણાવો - **ડૉ. માધુરી કોનિટકર**

4. ભારતના ત્રીજા ક્વાર્ટર એટલે કે ઓકટોબર-2019થી ડિસેમ્બર-2019નો GDP કેટલા ટકા રહ્યો - **4.7 ટકા**
5. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ કવાર્ટર અને બીજા કવાર્ટરના જીડીપી આંકડાઓને સંશોધિત કરીને અનુક્રમે કેટલા ટકાથી વધારી કેટલો કરવામાં આવ્યો છે - **પાંચ ટકાથી વધારી ૫.૬ ટકા અને ૪.૫ ટકાથી વધારી ૫.૧ ટકા**
6. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં કયું ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપનું જહાજ ચેન્નઈ ખાતેથી લોન્ચ કરાયું - **'વજ્ર'**
7. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપનું 'વજ્ર' જહાજ કયાં નિર્માણ પામ્યુ - **મેઈક ઈન ઈન્ડિયા હેઠળ નિર્માણ**
8. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં ચેન્નઈ ખાતેથી લોન્ચ કરાયેલા ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપનું 'વજ્ર' જહાજની લંબાઈ, પહોળાઈ અને વજન જણાવો - **લંબાઈ ૯૮ મિટર, પહોળાઈ ૧૫ મિટર અને વજન ૨૧૦૦ ટન**
9. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં ચેન્નઈ ખાતેથી લોન્ચ કરાયેલા ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપનું 'વજ્ર' જહાજનું કેટલા નાવિકો સંચાલન કરશે - **૧૨૧**
10. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપના વર્તમાન DGનું નામ જણાવો - **કે. નટરાજન**
11. ICGનું વિસ્તૃત નામ જણાવો– **ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપ**
12. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૦માં કર્ણાટકમાં કયા સ્થળે રાજ્યોત્સવ યોજાયો - **બેંગાલુરુના એચએ એલ ખાતે**
13. છેલ્લા બે વર્ષમાં ભારતની વાર્ષિક નિકાસ કેટલા રૂપિયા રહી છે – **રૂ. ૧૭૦૦૦ કરોડ**
14. વર્ષ-૨૦૨૪ સુધીમાં ભારતની સંરક્ષણ નિકાસ વધીને કેટલા રૂપિયા થવાનો અંદાજ છે – **રૂ. ૩૫,૦૦૦ કરોડ**
15. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - **૨૮ ફેબ્રુઆરી**
16. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની વર્ષ-૨૦૨૦ની થીમ જણાવો – **"વૂમન ઈન સાયન્સ"**
17. દર વર્ષે ૨૮મી ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે શા માટે ઊજવવામાં આવે છે – **૨૮મી ફેબ્રુઆરીએ ભારતીય વિજ્ઞાની સર સી.વી. રમને રમન ઈફેક્ટની શોધ કરી તેના માનમાં**
18. ભારતના વિજ્ઞાની સર સી.વી. રમને રમન ઈફેક્ટની શોધ કયારે કરી હતી - **૧૯૨૮ની ૨૮મી ફેબ્રુઆરીએ**
19. ભારતના વિજ્ઞાની સર સી.વી. રમને શોધેલ રમન ઈફેક્ટ શું છે - **પ્રકાશની વહેંચણીનું વિજ્ઞાન**
20. ભારતીય વિજ્ઞાની સર સી. વી. રમનને રમન ઈફેક્ટની શોધ બદલ કયા વર્ષમાં ભૌતિકશાસ્ત્રનું નોબેલ પ્રાઈઝ મળ્યું હતું – **વર્ષ-૧૯૩૦**
21. ચંદ્ર પર પાણી હોવાના પુરાવા ભારતના કયા મિશન દ્વારા કયારે મળ્યા હતા – **મિશન ચંદ્રયાન-૧ અને વર્ષ-૨૦૦૮**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 29-02-2020



૧. કિસાન ઉત્પાદક સંગઠન કંપની (FPO)

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કિસાન યોજનાના એક વર્ષ નિમિતે ચિત્રકૂટ (UP) ખાતેથી 10,000 FPOનો શુભારંભ



✓ કેન્દ્ર સરકાર દ્વારા બજેટમાં FPO માટે 6865 કરોડની જોગવાઈ

FPO મહત્વની જોગવાઈઓ

1. રાષ્ટ્રીય/પ્રાદેશિક પ્રશિક્ષણ સંસ્થાઓ દ્વારા સ્ટેક હોલ્ડરોને પ્રશિક્ષણ
2. રાષ્ટ્રીય પરિયોજના, વ્યવસ્થાપન એજન્સી દ્વારા કિસાન ઉત્પાદક સંગઠન (FPO)ને માર્ગદર્શન
3. પ્રત્યેક FPOને પ્રોફેશનલ કલસ્ટર બેઝડ બિઝનેસ ઓર્ગેનાઈઝેશન દ્વારા ૫ વર્ષ માટે હેન્ડ હોલ્ડિંગ
4. રૂા.૧,૫૦૦ કરોડની ક્રેડિટ ગેરંટી ફન્ડનું સર્જન
5. સંગઠનોને બેન્કો દ્વારા રૂા. ૨ કરોડ સુધીની ક્રેડિટ ગેરંટીની સુવિધા
6. કેન્દ્ર સરકાર દ્વારા સંગઠનમાં મહત્તમ રૂા.૧૫ લાખ ઈક્વિટી ગ્રાન્ટની જોગવાઈ.
7. પ્રત્યેક સંગઠનમાં ઓછામાં ઓછા ૩૦૦ સભ્યોની ભાગીદારી (ઉત્તર-પૂર્વ તથા પર્વતીય ક્ષેત્રોમાં ૧૦૦ સભ્યો)
8. કિસાન ઉત્પાદક સંગઠનોની નોંધણી ભારતીય કંપનીઝ એક્ટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ હેઠળ

મંત્રાલય- કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય

કેન્દ્રીય મંત્રી શ્રી - નરેન્દ્રસિંહ તોમર

ઉત્તરપ્રદેશ મુખ્યમંત્રી- શ્રી યોગી આદિત્યનાથ

ઉત્તરપ્રદેશ રાજ્યપાલ-શ્રી આનંદીબહેન પટેલ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. US – તાલીબાન વચ્ચે શાંતિ કરાર (વૈશ્વિક સંબંધો)

- ✓ કરારનું સ્થાન – દોહા(કતાર)
- ✓ અફઘાનિસ્તાનમાં યુદ્ધનો અંત



કરાર અંગે વધુ વિગતો

- ✓ તાલિબાન સાથે ૧૭ મહિના લાંબી મંત્રણાઓ બાદ અમેરિકા અફઘાનિસ્તાનમાં છેલ્લા ૧૮ વર્ષથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા સંમત થયો છે.
- ✓ કતારની રાજધાની દોહા ખાતે કરાયેલા કરાર અનુસાર અમેરિકા અફઘાનિસ્તાનમાંથી તબક્કાવાર સેના પાછી ખેંચી લેશે.
- ✓ દોહામાં કરાર પર હસ્તાક્ષર પહેલાં અમેરિકા અને અફઘાનિસ્તાન દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, જો તાલિબાન કરારની તમામ શરતોનું ચુસ્તતાથી પાલન કરશે તો અમેરિકા ૧૪ મહિનામાં અફઘાનિસ્તાનમાંથી તેની સેના પાછી ખેંચી લેશે.
- ✓ કરારના ૧૩૫ દિવસમાં અમેરિકા તેના ૮,૦૦૦ સૈનિકોને પરત બોલાવી લેશે. હાલ અફઘાનિસ્તાનમાં નાટોના ૧૬,૫૦૦ સૈનિકો છે. અમેરિકા અને તેના સાથી દેશો ૧૪ મહિનામાં અફઘાનિસ્તાનમાંથી સેના પાછી ખેંચી લેશે અને ત્યારબાદ તેમના તમામ બેઝ પરથી સુરક્ષા દળોને પાછા ખેંચી લેવામાં આવશે.
- ✓ કતારના દોહામાં અમેરિકા અને તાલિબાન વચ્ચેના શાંતિ કરાર માટે ૩૦ દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના વિદેશમંત્રી અને પ્રતિનિધિ પહોંચ્યા હતા.
- ✓ આ કરારમાં પહેલીવાર ભારતને હાજર રહેવા આમંત્રણ અપાયું હતું.
- ✓ કતારની સરકાર દ્વારા મળેલા આમંત્રણના પગલે દોહા ખાતે ભારતના રાજદૂત પી કુમારને કરારના સમારોહમાં હાજરી આપી

અફઘાનિસ્તાનમાં યુદ્ધનું મુખ્ય કારણ

- ✓ ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ ન્યૂયોર્ક શહેરમાં આવેલા વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટિવન ટાવર પર અલકાયદા દ્વારા કરાયેલા આતંકવાદી હુમલા બાદ અમેરિકી પ્રમુખ જ્યોર્જ ડબ્લ્યુ બુશે અફઘાનિસ્તાન પર હુમલાના આદેશ આપ્યા હતા.
- ✓ થોડા મહિનામાં જ અમેરિકાના નેતૃત્વમાં નાટોની સેનાઓએ તાલિબાન, ઓસામા બિન લાદેન અને અલકાયદાના ટોચના આતંકવાદીઓને પાકિસ્તાનની સરહદમાં નાસી જવા મજબૂર કરી દીધાં હતાં.
- ✓ જોકે તાલિબાનનો અંત ક્યારેય આવ્યો નહોતો. તાલિબાન ફરી એકવાર એકત્ર થયા હતા અને અત્યારે અડધા અફઘાનિસ્તાન પર તેમનો કબ્જો છે.

એક પણ આતંકી સંગઠનને સાથ નહીં આપવાની ખાતરી : ભારતને ફાયદો

- ✓ તાલિબાનના પાકિસ્તાન સાથે ગાઢ સંબંધ હોવાથી ભારતની રાષ્ટ્રીય સુરક્ષા પર જોખમ વધી શકે
- ✓ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતને અફઘાનિસ્તાન જેવો ગાઢ સાથી દેશ ગુમાવવો પડશે
- ✓ તાલિબાન સત્તામાં આવતાં કાશ્મીરમાં આતંકવાદ વકરવાનો ભય રહેલો છે
- ✓ ભારત દ્વારા અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા સંખ્યાબંધ વિકાસના કામો ભયજનક પર અસર પડવાનું જોખમ

અફઘાન.ના વિકાસમાં ભારતની મહત્વની ભૂમિકા

- ✓ અફઘાનિસ્તાન સાથે ભારતે પડોશી ધર્મ બરાબર નિભાવ્યો છે. યુદ્ધ પછી એ દેશને બેઠા થવામાં ભારતે શક્ય એટલી મદદ કરી છે. માટે અફઘાનિસ્તાન ભારતને મોટા ભાઈ તરીકે માન આપે તેમાં નવાઈ નથી.

ભારતે ત્યાં કરેલી કેટલીક વિકાસલક્ષી કામગીરી

- ✓ ઈન્ડિયા અફઘાન ફ્રેન્ડશિપ ડેમ, અફઘાનિસ્તાનના પશ્ચિમ ભાગે આવેલી હરી નદી બંધાઈ રહેલા બંધને આવુ નામ અપાયું છે કેમ કે એ ભારત બનાવી રહ્યું છે. એ બંધનું કામ આમ તો ૧૯૭૬માં શરૂ થયુ હતું પણ પછીથી આંતરીક અશાંતિને કારણે અટકી પડ્યું હતું. એ પછી ભારતે ૧૯૮૮મા અને બાદમાં ૨૦૦૬મા મદદ પહોંચાડી ડેમનું બાંધકામ ફરી શરૂ કરાવ્યું હતું. એ ડેમનો કેટલોક ભાગ ૨૦૧૬માં ભારતના વડાપ્રધાન અફઘાન ગયા ત્યારે જ ખુલ્લો મુકી દેવાયો હતો.
- ✓ ડેલારામ અને ઝારાંજને જોડતો અફઘાનિસ્તાનનો હાઈવે નંબર ૬૦૬ ભારતના બોર્ડર રોડ, ઓર્ગેનાઈઝેશને બાંધ્યો છે.
- ✓ ૨૧૮ કિલોમીટરનો હાઈવે નહોતો ત્યારે આ બન્ને શહેરો વચ્ચેનું અંતર કાપતા બાર-ચૌદ કલાક લાગતા હતાં. હવે માત્ર ૩ કલાકમા કાપી શકાય છે.
- ✓ ભારતે ૨૦૦૫માં શરૂ કરીને ૬ અબજ રૂપિયાના ખર્ચે ૨૦૦૯મા એ હાઈવે ખુલ્લો મુકી દીધો હતો.
- ✓ આ હાઈવે પુરો ન થાય એટલા માટે તાલિબાનોએ અનેક વખત હુમલા કર્યા હતા જેમા ૬ ભારતીય સહિત કુલ ૧૩૫ના મોત થયા હતાં. તો પણ ભારતે રસ્તો પુરો કરી બતાવ્યો હતો.
- ✓ તાલિબાનોએ તોડી પાડ્યા પછી અફઘાનિસ્તાનને સંસદનું નવુ બાંધકામ ભારતે કરી આપ્યું હતુ.
- ✓ ભારતે મકાનની ડિઝાઈનથી માંડીને કામદારો સહિતની સવલતો અહીંથી મોકલાવી હતી.
- ✓ પાંચ વર્ષ પહેલા ૨૦૧૫માં જ ભારતે અફઘાનિસ્તાનને ૩ એમઆઈ-૨૫ હેલિકોપ્ટરો આપ્યા હતા, એ પણ વિનામૂલ્યે.
- ✓ અફઘાનિસ્તાની સેના બેઠી થઈ શકે એ માટે તેને શસ્ત્રોની પણ જરૂર છે.

- ✓ ભવિષ્યમાં ભારતે વધુ એક હેલિકોપ્ટર પણ આપવાનું છે.
- ✓ જ્યાં હુમલો કરીએ ત્યાં વિજયી જ થઈશું એવો અમેરિકાનો ભ્રમ વિએટનામ, ક્યુબા, સોમાલિયા પછી વધુ એક વખત અફઘાન ધરતી ઉપર ભાંગ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. પર્યાવરણ બચાવવાની વૈશ્વિક પહેલ : યુરોપના લક્ઝમબર્ગમાં બધા જ નાગરિકો માટે ટ્રામ, ટ્રેન અને બસમાં વિનામૂલ્યે મુસાફરીનો નિર્ણય



- ✓ વિશ્વમાં પ્રથમવાર જાહેર પરિવહન મફત
- ✓ કુલ વસ્તી – 6 લાખ

ફાયદા

- ✓ દેશમાં ટ્રાફિક સમસ્યાથી છુટકારો મેળવવા સરકારે આ નિર્ણય લીધો છે.
- ✓ લક્ઝમબર્ગ સારી આર્થિક પ્રગતિ સાધી રહ્યો છે, પરંતુ દેશ ટ્રાફિક સમસ્યાનો સામનો કરી રહ્યો છે.
- ✓ માથાદીઠ કારની સંખ્યા વધુ છે.
- ✓ પ્રતિ પાંચે માત્ર એક પ્રવાસી જાહેર પરિવહનનો ઉપયોગ કરે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સોલાર રૂફ ટોપ યોજના : ગુજરાત સરકાર

ભારતમાં સૌથી વધુ નોંધણી ગુજરાતમાં

- ✓ છેલ્લાં 5 મહિનામાં 1,05,794 વીજ ગ્રાહકોની નોંધણી
- ✓ ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વૈશ્વિક બાબતો : મલેશિયાના નવા PM તરીકે મોહિઉદ્દીન યાસિનની નિયુક્તિ

- ✓ સમ્રાટ – અલ સુલતાન અબ્દુલા રૈયતુદ્દીન દ્વારા નવા PMની જાહેરાત
- ✓ રાજધાની - કુઆલાલમ્પુર.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ઓઝોન વાયુની વિશ્વ ઉપર અસરો

- ✓ જ્યારે હવામાં ભળેલું ઓઝોન માનવીનાં ફેફસાંમાં જાય છે, તો એ ફેફસાનાં નાનાં છિદ્રો એટલે કે આલ્વલોડને બંધ કરવાનો પ્રયાસ કરે છે. એ સંજોગોમાં ખાંસી અને છાતીમાં દર્દની ફરિયાદ થઇ શકે છે. ગંભીર કેસોમાં ફેફસાં કામ કરવું બંધ કરી શકે છે.
- ✓ પાનોમાં ઓઝોન કંઇક એવી જ અસર દેખાય છે. વૃક્ષો સ્ટોમેટા નામના જે છિદ્રોથી

ફોટોસિન્થેસિસ કરે છે. તેને ઓઝોન પૂરી દે છે. ઓસ્લો યુનિવર્સિટીના સંશોધક એન વૉલ્સનેસ અને ફ્રેડ સ્ટોર્ડલે પણ એ અંગે કામ કર્યું છે. વૉલ્સનેસનું કહેવું છે કે ઓઝોનના પ્રભાવની સરખામણી અન્ય કારક જેવા છોડમાં કીટક અને રોગ, ગરમી તથા સુકાઇ જવા સાથે પણ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે ૨૦૧૪માં બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં થયેલા સંશોધનમાં જણાયું છે કે ભારતમાં પાકને થતા નુકસાનનું મુખ્ય કારણ જમીન પરનો ઓઝોન છે.

✓ આ અસરને સમજવા માટે વાયસીએસ સ્કોરને સમજવો પડશે. આ સ્કોરમાં જીવિત અને મૃત કારકોને ધ્યાનમાં રાખતા ઉત્પાદન ઉપરની અસરને મપાય છે. આ સ્કોર ૨થી ૪ની વચ્ચે કઢાય છે. જ્યાં ૪ સૌથી મહત્તમ સ્તર છે. જેટલો સ્કોર ઊંચો હશે એટલા જ વધુ પાકને અસર થઇ છે.

✓ આ શોધમાં એ પણ જણાયું કે ફક્ત ઓઝોનનો વાયસીએસ સ્કોર બાકીના કારકોથી ઘણો મોટો છે. દુનિયામાં ઓઝોનનો સૌથી વધુ વાયસીએસ સ્કોર પશ્ચિમોત્તર ભારત, પાકિસ્તાન અને દક્ષિણ અમેરિકામાં જોવા મળ્યો છે.

ઓઝોનનું સ્તર જમીન પર વધ્યું છે

✓ ઓઝોન ઓક્સિજનના ત્રણ અણુઓથી બને છે. જ્યાં ઓક્સિજનના બે અણુ વધુ સ્થિર હોય છે અને જીવનના અસ્તિત્વ માટે જરૂરી છે. તો બીજી તરફ ઓક્સિજનના ત્રણ અણુ જમીન પર ભેગા થઇને માનવી તથા વૃક્ષોના શ્વાસ ઘૂંટી શકે છે.

✓ આ ઓઝોન જમીન પર ત્યારે જમા થાય, જ્યારે વાહનો, વીજળી પ્લટ, રિફાઇનરીઓ અને અન્ય સ્ત્રોતોથી થતું પ્રદૂષણ સૂર્યના પ્રકાશની સાથે મળીને હાનિકારક ગેસ બની જાય છે.

✓ દિલ્હીમાં શિયાળામાં સ્મોગ એ રીતે જ બને છે. ઓઝોન જ સ્મોગનું મુખ્ય કારણ છે.

✓ વાયુની ગુણવત્તા સંબંધી સ્પષ્ટ નિયમોના અભાવને કારણે ઓઝોનનું સ્તર જમીન પર વધી રહ્યું છે, જે ભારતના કેટલાંય રાજ્યો માટે સમસ્યા બની રહ્યું છે.

ભારત અને બાકીના દેશોમાં કયો છે નિયમ ?

✓ ૨૦૧૭માં જર્મનીના સ્પ્રિંગર પ્રકાશનમાં પ્રકાશિત શોધના લેખક અને આઇઆઇટી કાનપુરના પ્રોફેસર શ્યામલાલ ગુપ્તાએ કહ્યું કે ભારતમાં ઓઝોન સંબંધિત કોઇ નક્કર નીતિ નથી, જો કે અલગ સરકારી વિભાગ વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

✓ ઓસ્લોના સંશોધકનું કહેવું છે કે જમીન પરના ઓઝોનની અસર ભારત અને ચીન જેવા દેશો પર સૌથી વધુ પડશે. જ્યા વધતી વસતીની સાથે ભોજનની જરૂરિયાત પણ વધી રહી છે.

✓ નોર્વે અને આર્કટિકમાં પણ જમીન પરના ઓઝોનની સમસ્યા ગંભીર છે. એવું એટલા

માટે છે કે અહીં ઉનાળામાં દિવસ ૨૪ કલાકનો હોય છે.

- ✓ શિપિંગ અને વિતરણથી ઘણી વરાળ ભેગી થાય છે. અત્યાર સુધી જેટલી શોધ થઇ છે, તેમાં પહેલી વખત કોઇએ એ પત્તો લગાવ્યો કે કઇ રીતે દિવસ લાંબો હોય તેથી જમીન પરનો ઓઝોન વનસ્પતિને અસર કરે છે. સંશોધક સ્ટોર્ડલ અને વૉલ્સનેસે કલોવર નામના ઘાસને અલગ અલગ સમયમાં ત્રણ વખત છ કલાક માટે ઓઝોનમાં રખાયું હતું.
- ✓ તેના પ્રભાવથી ઘાસ પર કાળા ધબ્બા જોવા મળતા હતા. એવું ત્યારે જોવા મળ્યું જ્યારે ઘાસને દરરોજ ઓછામાં ઓછા દસ કલાક સુર્યપ્રકાશમાં રાખવામાં આવ્યું હતું.
- ✓ નોર્વેમાં ઓઝોન હાલના વર્ષોમાં દર ઘનમીટરે ૧૫૦ માઇક્રોગ્રામ જેટલું જોવા મળે છે. નોર્વેના પ્રદૂષણ નિયમો મુજબ માનવી દર ઘન મીટરે ૧૮૦ માઇક્રોગ્રામ સુધી પ્રદુષણ સહન કરી શકે છે.
- ✓ જો કે દુનિયામાં વાયુમંડળ પર ઓઝોનની પરત ખવાઇ રહી છે. એ ગાબડાં રોકવા માટે તો કેટલાય કાયદા બન્યા છે, પરંતુ જમીન પરના ઓઝોન પર કોઇ ખાસ કાયદો નથી. તેની સરખામણી બાકીના વાયુ પ્રદૂષણ સાથે જ કરાય છે.
- ✓ ઓસ્લોમાં ક્લોવર ઘાસ પર થયેલા પ્રયોગમાં ઓઝોનની જોખમી અસર જોવા મળે છે. એવી અસર આપણા માનવ શરીર પર થાય એવું આપણે ઇચ્છતા નથી. આવનારા સમયમાં આ અદ્રશ્ય પ્રદૂષણને નજર અંદાજ કરવું મુશ્કેલ હશે કેમકે એ માનવી અને પર્યાવરણ માટે ઘણું જ ઘાતક સાબિત થઇ શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. પ્રયાગરાજ (UP) : PM મોદીની ઉપસ્થિતિમાં ત્રણ ગિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ

- ✓ નવા ત્રણ વર્લ્ડ રેકોર્ડ સાથે પ્રયાગરાજની ધરતી પર છેલ્લા એક વર્ષમાં ૧૧ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા હતા.

1. હેન્ડ ઓપરેટેડ ટ્રાઇસિકલની સૌથી મોટી પરેડ જેમાં ૩૦૦ ટ્રાઇ સિકલ સામેલ હતી.
2. પીએમની હાજરીમાં એક કલાકમાં સૌથી વધુ દિવ્યાંગોને હેન્ડ ઓપરેટેડ ટ્રાઇસિકલનું વિતરણ. મોદીએ એક કલાકમાં ૬૦૦ ટ્રાઇસિકલનું વિતરણ કર્યું.
3. વ્હીલચેર્સની સૌથી લાંબામાં લાંબી કતાર જેમાં ૪૦૦ વ્હીલચેર્સને એક જ લાઇનમાં રાખીને ૨ કિ.મી. લાંબી દોડ યોજાઈ.

- ✓ PM દ્વારા ચિત્રકૂટમાં બુંદેલખંડ એક્સપ્રેસ-વેની આધારશિલા મૂકાઈ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. નિર્ણય : આગામી તા.1લી જૂનથી ખુલ્લી મીઠાઈ પર એક્સપાયરી તારીખ લખવી ફરજિયાત (આરોગ્ય)

- ✓ આદેશ– ફડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ્ટાન્ડર્ડ ઓથોરિટી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. AI : રાજ્યમાં પ્રથમવાર – ફેશિયલ રેકગ્નિશન સોફ્ટવેરનો વડોદરા શહેરમાં પાઈલોટ પ્રોજેક્ટ તરીકે પ્રારંભ (સુરક્ષા-ટેક્નોલોજી)



વિગત

- ✓ રાજ્યમાં પ્રથમ વખત વડોદરામાં 'એઆઈ ફેશીયલ રેક્ગનાઈઝ સોફ્ટવેરનો ઉપયોગ કરીને સીસીટીવી હેઠળ ગુનેગારો પર ખાસ નજર રાખી ઝડપી લેવાના પાઈલોટ પ્રોજેક્ટ હેઠળ 500 કેમેરા લગાવવાનું શરૂ કરાશે.
- ✓ આ પ્રોજેક્ટ હેઠળ વડોદરામાં નવા 1300 સીસીટીવી કેમેરા લગાવાશે. હાલ શહેરમાં 650 કેમેરા લાગેલા છે. જ્યારે 2 મહિનામાં આ પ્રોજેક્ટ પુરો કરવાનો ટાર્ગેટ છે.
- ✓ પોલીસ કમિશનર અનુપમસિંઘ ગહલૌતે જણાવ્યું હતું કે, વડોદરાની આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ (AI) ફેશીયલ રેક્ગ્નેશન સોફ્ટવેરના ઉપયોગ માટે પ્રથમ પસંદગી કરવામાં આવી છે.

AI ટેકનોલોજી કઈ રીતે કામ કરે છે

કેપ્ચરિંગ

- ✓ પહેલી રિક્વાયર્મેન્ટ પ્રમાણે કેમેરો ઈમેજ કેપ્ચર કરે છે

એક્સ્ટ્રેક્ટિંગ

- ✓ ઈમેજમાંથી ચહેરાના ચોક્કસ ફીચર્સ કલેક્ટ કરવામાં આવે છે

કમ્પેરિંગ

- ✓ ડેટાબેઝની ઈમેજ સાથે આ ચહેરાના ચોક્કસ ફીચર્સને સરખાવવામાં આવે છે.

મેચિંગઃ

- ✓ ડેટાબેઝની અંદર સ્ટોર કરવામાં આવેલા ડેટા સાથે વેરીફાઈ કરી ઓળખ કરી આપે છે.

ફાયદા

- ✓ ગુમ લોકોને શોધી શકાશે, રીઢા ગુનેગારો પર નજર રહેશે
- ✓ પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, આ સોફ્ટવેરમાં મીસીંગ વ્યક્તિઓના ડેટા પણ અપલોડ કરી દેવામાં આવશે. જેના પગલે કોઈ મીસીંગ વ્યક્તિ શહેરમાં દેખાશે તેની જાણ પણ કંટ્રોલ રૂમને થઈ જશે અને મીસીંગ વ્યક્તિને તેના પરિવારને સોંપાશે.
- ✓ શહેરમાં જે 1300 કેમેરા લાગશે તેમાં ખાસ કરીને બસ ડેપો અને રેલ્વે સ્ટેશનને પણ આવરી લેવાશે. આ બંને સ્થળ પર મોટાભાગે આરોપીઓની ગતિવિધી વધારે હોય છે.
- ✓ જ્યારે પોલીસ દ્વારા ચીલઝડપ કરનારા આરોપીઓ મુખ્ય ટાર્ગેટ રહેશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. કચ્છી ગધેડાને રાષ્ટ્રીય માન્યતા (પશુપાલન)



- ✓ આ ઉપરાંત ગુજરાતની નારી અને ડગરી ગાયને પણ માન્યતા

વિશેષતાઓ

- ✓ તાજેતરમાં નવી દિલ્હી ખાતે ભારત સરકારની બ્રિડ રજીસ્ટ્રેશન કમિટીની મીટીંગમાં કચ્છી ગધેડાની માન્યતાને મંજૂરી આપવામાં આવી છે.
- ✓ ભારતમાં હિમાચલના સ્પીતી, જામનગરના હાલારી પછી કચ્છના કચ્છી ગધેડાને રજીસ્ટ્રેશન નંબર INDIA - DONKY-0400 -KACHCHHI-05003U સાથે દેશની ગધેડાની ત્રીજી ઓલાદ તરીકે માન્યતા આપવામાં આવી છે.
- ✓ દેશની કુલ ૧૩ નવી પશુ ઓલાદોને માન્યતા આપવામાં આવી છે જેમાં કચ્છી ગધેડા સાથે નારી ગાય અને ડગરી ગાય એમ ગુજરાત રાજયની ત્રણ નવી પશુ ઓલાદોનો સમાવેશ થાય છે.

વિસ્તાર-

- ✓ કચ્છી ગધેડાને માન્યતા માટેની પ્રોફાઈલ તૈયાર કરવા માટે મુખ્યત્વે બન્ની પચ્છમ, ભુજ, અબડાસા, લખપત વિગેરે વિસ્તારોના ગદર્ભ રાખતા પરિવારોનો સાથ સહકાર લઈને આશરે ૧૦૦૦ જેટલા ગર્દભનો શારીરિક અને જનિનિક અભ્યાસ કરવામાં આવ્યો.
- ✓ જનિનિક (જીનેટીકલ મૌલીકયુલર) અભ્યાસ આણંદ કૃષિ યુનિ. દ્વારા કરવામાં આવ્યો હતો. કચ્છી ગધેડાની સંખ્યાને ઘટતી અટકાવવા, આ ઉપયોગી પ્રાણીની ખુબીઓ બહાર લાવવા માટે તેમજ તેને સંરક્ષિત કરવા માટે કચ્છમાં ગધેડા સંવર્ધન ફાર્મ તેમજ ગધેડા ઉછેરકોને પ્રોત્સાહન માટે કચ્છનું સ્થાનિક પશુપાલન વિભાગ, રાજય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓનો અમલ કરવા પ્રયાસો હાથ ધરવામાં આવશે.

ધાર્મિક-ઐતિહાસિક મહત્વ

- ✓ કચ્છના અફાટ રણમાં સેવાની ધુણી ધખાવનાર કચ્છના કબીર એવા સંત જિલ્લામાં મેકરણ દાદાના બે માનીતા સંગાથી એટલે લાલીયા ગધેડો અને મોતીયો કૂતરો.
- ✓ મેકરણદાદા લાલીયા ગધેડાની પીઠે પાણી અને રોટલાની ઝોલી નાખીને કચ્છમાં ધોમ ધખતા નિર્જન રણમાં વટેમાર્ગુઓ માટે સેવાની મહેક જગાવી હતી.

- ✓ કચ્છમાં જોવા મળતા કચ્છી ગધેડાની જાત વિશિષ્ટ અને અલગ હોઈ રાષ્ટ્રીય સ્તરે માન્યતા અપાવવા હાથ ધરાયેલા પ્રયાસોને સફળતા મળી છે.
- ✓ યોગાનુયોગ મહાશિવરાત્રિ નિમિતે સમાચાર મળતા સમગ્ર કચ્છમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. કચ્છમાં કચ્છી ગધેડાની વસ્તી આશરે ૩૦૦૦થી ૪૦૦૦ જેટલી છે.
- ✓ સંસ્થા – સહજીવન સંસ્થાના છેલ્લાં પાંચ વર્ષના પ્રયાસોથી સફળતા મળી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. જન્મ દિન વિશેષ : ૨૯ ફેબ્રુઆરી રાજપુરુષ : મોરારજી દેસાઈની ૧૨૫મી જન્મજયંતિ



જન્મ - ૨૯ ફેબ્રુઆરી-૧૮૯૬

અવસાન – ૧૦ એપ્રિલ-૧૯૯૫

- ✓ આજે અંગ્રેજી મહિના પ્રમાણે દર ચાર વર્ષે જેઓની જન્મતારીખ આવે છે તેવા મોરારજી દેસાઈ જન્મદિન છે.
- ✓ વલસાડ જિલ્લાના ભડેલી ગામે જન્મેલા મોરારજી રણછોડજી દેસાઈએ સાવરકુંડલા, વલસાડ અને મુંબઈની વિલ્સન કોલેજથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.
- ✓ તેઓની વ્યવસાયી અને રાજકીય કારકિર્દી ગોધરામાં ડેપ્યુટી કલેકટર, મુંબઈ સરકારમાં પ્રધાન, કેન્દ્ર સરકારમાં વેપાર-નાણા પ્રધાન, ભારતના નાણાપ્રધાન અને ભારતના વડાપ્રધાન સુધી રહી હતી.
- ✓ મોરારજી દેસાઈ 1930માં સરકારી નોકરીમાંથી રાજીનામું આપી રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા. દરમિયાન જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ આઝાદી પછી ભારતના રાજકારણમાં મોખરાનું સ્થાન ધરાવતા મોરારજીભાઈએ 1969માં અલગ કોંગ્રેસ અને 1977માં જનતા પક્ષની રચના કરી જ હતી.
- ✓ વચ્ચે ગુજરાતના અલગ રાજ્યની રચના સામે ઉપવાસ પર પણ ઊતર્યા હતા.
- ✓ કટોકટી પછી 24 માર્ચ 1977થી 28 જુલાઈ 1979 સુધી મોરારજી દેસાઈ ભારતના વડાપ્રધાન રહ્યા હતા.
- ✓ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ, ભારત રત્ન મોરારજી દેસાઈનું 10 એપ્રિલ 1995ના રોજ અવસાન થયું.
- ✓ આજે ભારતના પ્રથમ એડવોકેટ જનરલ જમશેદજી બહેરામજી કાંગા અને ખ્રિસ્તી વડા ધર્મગુરુ પોપ જોન પોલ ત્રીજાનો પણ જન્મદિવસ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૨-૨૦૨૦)

1. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કયા સ્થળેથી ભારતમાં સૌપ્રથમ 10,000 FPO નો શુભારંભ કરાવ્યો - **ચિત્રકૂટ- ઉત્તપ્રદેશ**
2. FPO નું વિસ્તૃત નામ જણાવો- **કિસાન ઉત્પાદક સંગઠન/ કંપની**
3. FPO માટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલા કરોડનું ક્રેડિટ ગેરંટી ફંડનું સર્જન કરાયું છે - **રૂ.1500 કરોડ**
4. FPO અંતર્ગત દ્વારા કેટલી રકમ સુધીની ક્રેડિટ ગેરંટીની સુવિધા અપાશે- **રૂ. 2 કરોડ**
5. પ્રત્યેક FPOમાં ઓછા ઓછા કેટલા સભ્યોની ભાગીદારી જરૂરી છે- **300**
6. FPO અંતર્ગત ઉત્તર -પૂર્વ તથા પર્વતીય ક્ષેત્રોમાં કેટલા સભ્યોની ભાગીદારી આવશ્યક છે- **100**
7. FPOની નોંધણી કયા ભારતીય કંપનીઝ એક્ટ હેઠળ કરવામાં આવશે- **કો-ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ**
8. FPO ની યોજના કયા મંત્ર દ્વારા લાવવામાં આવી છે- **કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય**
9. ભારતના વર્તમાન કેન્દ્રીય કૃષિમંત્રીનું નામ જણાવો- **નરેન્દ્રસિંહ તોમર**
10. તાજેતરમાં 29 ફેબ્રુઆરી 2020ના રોજ અફઘાનિસ્તાનમાં યુદ્ધવિરામ માટે 18 વર્ષ બાદ કોની વચ્ચે શાંતિ કરાર કરાયા- **અમેરિકા અને તાલીબાન**
11. અમેરિકા અને તાલીબાન વચ્ચે કયા સ્થળે યુદ્ધવિરામ માટે શાંતિ કરાર કરાયા- **દોહા(કતાર)**
12. અમેરિકા અને તાલિબાન વચ્ચે દોહા ખાતે થયેલા શાંતિ કરારમાં ભારતના કયા પ્રતિનિધિ હાજર રહ્યા હતા- **ભારતીય રાજદૂત પી. કુમાર**
13. અફઘાનિસ્તાનમાં અમેરિકા દ્વારા તાલિબાન વિરુદ્ધ શરૂ કરાયેલ યુદ્ધનું મુખ્ય કારણ જણાવો- **11 સપ્ટેમ્બર 2001ના રોજ ઓસામા બિન લાદેન- અલકાયદા દ્વારા અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર કરવામાં આવેલો હુમલો**
14. વિશ્વમાં સૌપ્રથમ પ્રદૂષણ અને ટ્રાફિકના હલ માટે કયા દેશ દ્વારા જાહેર પરિવહન વિનામૂલ્યે કરાયું - **લક્ઝમબર્ગ**
15. ગુજરાતના વર્તમાન ઊર્જા મંત્રીનું નામ જણાવો- સૌરભભાઈ પટેલ
16. માર્ચ -2020ની સ્થિતિએ છેલ્લા પાંચ મહિનામાં સોલર રૂફ ટોપ યોજના અંતર્ગત સૌથી વધુ નોંધણી કયા રાજ્યમાં થઈ છે- **ગુજરાત**
17. મલેશિયાના સમ્રાટ દ્વારા તાજેતરમાં કયા નવા વડા પ્રધાનની નિમણૂક કરવામાં આવી-**મોહિઉદીન યાસીન**
18. મલેશિયાના વર્તમાન સમ્રાટનું નામ જણાવો-**અલ સુલતાન અબ્દુલ્લા રૈયતુદીન**
19. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં તાજેતરમાં ઉત્તર પ્રદેશના કયા શહેરમાં દિવ્યાંગો માટે સૌથી મોટી 300 હેન્ડ ઓપરેટેડ ટ્રાઈસિકલ પરેડ, એક કલાકમાં સૌથી વધુ 600 ટ્રાઇસિકલનું વિતરણ અને સૌથી લાંબી 400 વ્હીલચેરને એક જ લાઈનમાં રાખીને બે કિલોમીટર લાંબી દોડ યોજીને ત્રણ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે- **પ્રયાગરાજ**
20. વડાપ્રધાન દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના એક વર્ષ પૂર્ણ નિમિતે કઈ શરૂઆત કરાવી- **FPO**
21. કેન્દ્ર સરકાર દ્વારા આગામી કઈ તારીખથી ખુલ્લી મીઠાઈઓ ઉપર એક્સપાયરી તારીખ લખવાનું ફરજિયાત કરાવ્યું- **1 જૂન 2020**
22. ગુજરાતમાં સુરક્ષાના હેતુથી રાજ્યમાં પ્રથમવાર AI આધાર ફેશિયલ રેકગ્નિશન સોફ્ટવેરનો પાયલોટ પ્રોજેક્ટ કયા શહેરમાંથી પ્રારંભ કરાયો છે - **વડોદરા**
23. તાજેતર ફેબ્રુઆરી-2020માં ભારત સરકાર દ્વારા ગુજરાતના કયા પ્રાણીઓની રાષ્ટ્રીય માન્યતા આપવામાં આવી છે- **કચ્છી ગધેડો, નારી ગાય અને ડગરી ગાય**
24. ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં ગધેડાની કઈ ત્રણ ઓલાદને રાષ્ટ્રીય માન્યતા અપાઇ છે- સ્પીતી-**હિમાચલ પ્રદેશ, હાલારી- જામનગર અને કચ્છી ગધેડા**
25. ફેબ્રુઆરી -2020માં યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની બેઠકમાં કુલ કેટલા પશુ ઓલાદને રાષ્ટ્રીય માન્યતા અપાઇ- **13**
26. કચ્છમાં ખાસ કરીને કયા વિસ્તારમાં કચ્છી ગધેડા જોવા મળે છે - **બન્ની, પચ્છમ, ભૂજ, અબડાસા અને લખપત**

27. કચ્છી ગધેડાનો જનિનિક(જિનેટિકલ મૌલિકયુલર) અભ્યાસ ગુજરાતની કઈ યુનિવર્સિટી દ્વારા કરાયો- **આણંદ કૃષિ યુનિવર્સિટી**

28. કચ્છના અફાટ રણમાં સેવાની ધૂણી ધખાવનાર કચ્છના કબીર એવા સંત દાદા મેકરણના બે માનીતા સંગાથી કયા હતા જેની મદદથી દાદા પાણી અને રોટલો જરૂરીયાત મંદને પહોંચાડતા- **લાલિયા ગધેડો અને મોતીયો કુતરો**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-03-2020



૧. સ્વદેશી : HAL દ્વારા ભારતમાં જ વિશ્વના શ્રેષ્ઠ દેશી અપાચે હેલીકોપ્ટર નિર્માણનો પ્રારંભ (સંરક્ષણ)

- ✓ પાયલોટ પ્રોજેક્ટ તરીકે 10 થી 12 ટનના હેલીકોપ્ટર તૈયાર કરાશે : પ્રારંભિક ડિઝાઇન તૈયાર



- ✓ લક્ષ્યાંક આગામી વર્ષ 2027 સુધીમાં તૈયાર કરાશે
- ✓ અંદાજે 500 હેલિકોપ્ટર ઉત્પાદનનો લક્ષ્યાંક
- ✓ HALના પ્રમુખ- શ્રી આર. માધવન
- ✓ HAL- હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ
- ✓ વડુ મથક – બેંગલોર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. NSG : 29 સ્પેશિયલ કમ્પોઝિટ ગ્રૂપ કોમ્પલેક્સ : નવા પરીસરનું ગૃહમંત્રી શ્રી અમીત શાહના હસ્તે ઉદ્ઘાટન

- ✓ સ્થાન – રાજારહાટ, કોલકત્તા
- ✓ NSGના જવાનો વર્ષમાં 100 દિવસ પરિવાર સાથે રહી શકશે તેવી નીતિ ઘડાશે.
- ✓ NSG- નેશનલ સિક્યુરિટી ગાર્ડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. નિમણૂક : સામના મેગેઝિન

શિવસેનાના મુખપત્ર સામનાના સંપાદક તરીકે ઉદ્ધવ ઠાકરેના પત્ની રશ્મિ ઠાકરેની પસંદગી



- ✓ સ્થાન – મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નોવેલ કોરાના : વાયરસ સામે લડવા ADB સભ્ય દેશોને રૂપિયા 29 કરોડ આપશે



વિગત :

- ✓ એશિયન ડેવલપમેન્ટ બેન્ક (એડીબી) એશિયા અને પેસિફિક ક્ષેત્રમાં કોરોના વાઈરસથી લડવા વિકાસશીલ દેશોને મદદરૂપ થવા માટે અંદાજે રૂ. ૨૯ કરોડ (૪૦ લાખ ડોલર) આપશે.
- ✓ ફિલિપાઈન્સ - મનિલામાં મુખ્યાલય ધરાવતી ફન્ડિંગ એજન્સીએ ફેબ્રુઆરીના પ્રારંભમાં સભ્ય દેશોને કોરાનાથી લડવા માટે ૨૦ લાખ યુએસ ડોલરનું ભંડોળ આપવાની જાહેરાત કરી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.બાભનિયાબ ગામ : ઉત્ખનન દરમિયાન 4000 વર્ષ જૂનું ગામ મળી આવ્યું (વારાણસી-ઉત્તર પ્રદેશ) (ઇતિહાસ)

- ✓ ઉત્ખનન કરનાર- બનારસ હિંદુ યુનિવર્સિટીના સંશોધકો
- ✓ ખાસ- પૌરાણિક ગ્રંથોમાં પણ કળા માટે જાણીતા આ ગામનો ઉલ્લેખ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૩-૨૦૨૦)

1. ભારતમાં જ વિશ્વના શ્રેષ્ઠ દેશી અપાચે હેલીકોપ્ટર નિર્માણનો પ્રારંભ કોના દ્વારા કરાયો - **HAL**
2. ભારતમાં દેશી અપાચે હેલીકોપ્ટર નિર્માણનો પાયલોટ પ્રોજેક્ટ તરીકે કેટલા ટનના હેલીકોપ્ટર તૈયાર કરાશે - **10 થી 12**
3. ભારતમાં વર્ષ-2027 સુધીમાં કેટલા દેશી અપાચે હેલીકોપ્ટર તૈયાર કરવાનો લક્ષ્યાંક છે–**500 હેલિકોપ્ટર**
4. HALનું વિસ્તૃત નામ જણાવો - **હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ**
5. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **શ્રી આર. માધવન**
6. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડનું વડુ મથક કયાં આવેલુ છે – **બેંગલોર**
7. NSGના 29 સ્પેશિયલ કમ્પોઝિટ ગ્રૂપ કોમ્પલેક્સના નવા પરીસરનું કોના હસ્તે ઉદ્ઘાટન કરાયું - **ગૃહમંત્રી શ્રી અમીત શાહ**
8. ગૃહમંત્રી શ્રી અમીત શાહ દ્વારા માર્ચ-૨૦૨૦માં NSGના 29 સ્પેશિયલ કમ્પોઝિટ ગ્રૂપ કોમ્પલેક્સના નવા પરીસરનું ઉદ્ઘાટન કરાયું હતુ તે ક્યા આવેલું છે - **રાજારહાટ, કોલકત્તા**
9. NSGના જવાનો વર્ષમાં કેટલા દિવસ પરિવાર સાથે રહી શકશે તેવી નીતિ ઘડાશે - **100**
10. NSGનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ સિક્યુરિટી ગાર્ડ**
11. માર્ચ-૨૦૨૦માં શિવસેનાના મુખપત્ર સામનાના સંપાદક તરીકે કોની પસંદગી કરાઈ - **ઉદ્ધવ ઠાકરેના પત્ની રશ્મિ ઠાકરે**
12. શિવસેનાનું મુખપત્ર સામનાનું મુખ્યમથક કયાં આવેલું છે – **મુંબઈ**
13. નોવેલ કોરાના વાયરસ સામે લડવા એશિયન ડેવલપમેન્ટ બેન્ક સભ્ય દેશોને કેટલા રૂપિયા આપશે - **29 કરોડ**

14. ફન્ડિંગ એજન્સી એશિયન ડેવલપમેન્ટ બેન્કનું મુખ્યાલય ક્યાં આવેલુ છે - **મનિલા (ફિલિપાઈન્સ)**
15. માર્ચ-૨૦૨૦માં ઉત્ખનન દરમિયાન ઉત્તરપ્રદેશના કયા સ્થળે 4000 વર્ષ જૂનું ગામ મળી આવ્યું – **વારાણસીનું બાભનિયાબ ગામ**
16. માર્ચ-૨૦૨૦માં ઉત્તરપ્રદેશના વારાણસીનું બાભનિયાબ ગામે 4000 વર્ષ જૂનું ગામ મળી આવ્યું તેનું ઉત્ખનન કોના દ્વારા કરવામાં આવ્યું હતું – **બનારસ હિંદુ યુનિવર્સિટી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 02-03-2020



૧. એપિજેનેટિક્સ વિજ્ઞાન (આરોગ્ય)

- ✓ એપિજેનેટિક્સ ટેસ્ટ : વ્યક્તિની સાચી ઉંમર જણાવતી ટેક્નોલોજી
- ✓ એપિજેનેટિક્સ ક્લોક્સ એપિજેનેટિક્સના વિસ્તારનો છે. તેમાં કેમિક્લ માર્ક્સ કેવી રીતે જીનની અભિવ્યક્તિને અસર કરે છે તેનો અભ્યાસ કરવામાં આવે છે અને આપણને વયન અને રોગની પ્રોસેસ કેવી રીતે કામ કરે છે તે સમજવામાં મદદ કરે છે.
- ✓ <u>એપિજેનેટિક ડીએનએને બાંધનાર નાના અણુઓનો અભ્યાસ છે.</u> આ નાના અણુઓ ડીએનએના લીનિયર બદલતા નથી પરંતુ તેઓ ડીએનએના ૩ ડી સ્ટ્રક્ટરને બંધ કરીને અથવા ખોલીને જિન્સ ચાલુ કે બંધ કરી શકે છે.
- ✓ જો આપણે જિન્સની હળવા બલ્બ તરીકે વિચારતા હોય તો એપિજેનેટિક માર્ક્સ ડિમર, સ્વિચને ઉપર કે નીચે ખસેડી શકે છે પરંતુ તે પ્રકાશના રંગને બદલી શકતું નથી.
- ✓ વ્યક્તિની જીવનશૈલી અને તેના માહોલને અનુલક્ષીને કેટલાક એપિજેનેટિક માર્ક્સ બદલાઈ શકે છે.
- ✓ વ્યક્તિની જેમ જેમ ઉંમર વધે છે. તેમ તેમ એપિજેનેટિક માર્ક્સમાં ફેરફાર આવે છે. જેનેટિક ટેસ્ટની જેમ એપિજેનેટિક ટેસ્ટ પણ કાયદાના પાલનમાં અને ઇમિગ્રેશન સેટિંગમાં વપરાય છે સાથે સાથે તેનો ઉપયોગ સંશોધન, મેડિકલના સંદર્ભમાં પણ ઉપયોગ કરવામાં આવે છે.
- ✓ ડીએનએ ટેસ્ટિંગમાંથી શીખવામાં આવેલ બોધપાઠ ચેતવણી અને જવાબદાર અમલીકરણની જરૂર પર ભાર મૂકે છે.
- ✓ જેનેટિક રિસર્સ, ટેસ્ટિંગના બીજા પણ ઉપયોગો છે જેમાં રોગના જોખમની પણ માહિતી મળી રહે છે. સંદિગ્ધની ઓળખ, ગુનાઓના પીડિતોની ઓળખ માટે પોલીસ તપાસમાં પણ ડીએનએ ટેસ્ટ કોમન ટૂલ્સ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભારતમાં બેરોજગારી દર : ફેબ્રુઆરી-2020 દેશનો બેરોજગારી દર વધીને 7.78 ટકાએ

Centre For Monitoring Indian Economy
at
IMT Ghaziabad

CMIE

- ✓ આંકડા જાહેર કરનાર સંસ્થા- CMIE : સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી

વિગત-

- ✓ આંકડા મુજબ ફેબ્રુઆરીમાં ભારતનો બેરોજગારી દર ૭.૧૬ ટકાથી વધીને ૭.૭૮ ટકા થયો છે. આ બેરોજગારી દર ઓક્ટોબર ૨૦૧૯ પછી સૌથી વધારે છે.
- ✓ ૨૦૧૯ના છેલ્લા ત્રણ મહિનામાં ભારતની ઈકોનોમી સૌથી ઓછી ગતિએ આગળ વધી. નિષ્ણાતોના જણાવ્યાનુસાર, એશિયાની સૌથી મોટી ઇકોનોમી એવા ભારતમાં મંદીનું એક કારણ વૈશ્વિક સ્તરે કોરોના વાઇરસનો ફેલાવો છે.

શહેરોમાં બેરોજગારી ઘટી, ગ્રામીણ વિસ્તારોમાં વધી

- ✓ શહેરી વિસ્તારોમાં બેરોજગારી દર ૯.૭૦ ટકાથી ઘટીને ૮.૬૫ ટકા રહ્યો છે.
- ✓ ગ્રામીણ ક્ષેત્રોમાં બેરોજગારી દર ફેબ્રુઆરીમાં વધીને ૭.૩૭ ટકા થયો જે ગત જાન્યુઆરી મહિનામાં ૫.૯૭ ટકો હતો.
- ✓ જાન્યુઆરી ૨૦૨૦માં ગ્રામીણ બેરોજગારી દર ૬ ટકા હતો તો ડિસેમ્બર ૨૦૧૯માં આ દર ૬.૯ ટકા હતો.
- ✓ બીજી બાજુ ફિચ સોલ્યુશે ભારતના ચાલુ નાણાકીય વર્ષના આર્થિક વૃદ્ધિના પોતાના પહેલા અનુમાનને ઘટાડીને ૪.૯ ટકા કરી દીધું છે.
- ✓ આ પહેલા તે ૫.૧ ટકાનું અનુમાન જાહેર કર્યું હતું. એજન્સીએ કહ્યું હતું કે કોરાના વાઇરસની અસરને કારણે પુરવઠા સપ્લાયમાં ગરબડ સર્જાતા તથા ઘરેલુ માગ નબળી પડવાને કારણે આર્થિક વૃદ્ધિનું અનુમાન ઘટાડવામાં આવ્યું છે.
- ✓ એજન્સીએ દેશના નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વૃદ્ધિ દરનું અનુમાન પણ ૫.૯ ટકાથી ઘટાડીને ૫.૪ ટકા કરી દીધું છે.
- ✓ ઉપરાંત સીએમઆઈએએ ગ્રામીણ ક્ષેત્રોમાં બેરોજગારીના આંકડા પણ જારી કરવામાં આવ્યા હતા જે વધારે ચિંતાનજક છે.
- ✓ મેન્યુફેક્યરિંગ સેક્ટરની ગતિ જાન્યુઆરીની તુલનાએ ફેબ્રુઆરી મહિનામાં ઘણી ધીમી રહી છે.
- ✓ મેન્યુફેક્યરિંગ પીએમઆઈ જાન્યુઆરીમાં ૫૫.૩ ટકા પર હતો જે ફેબ્રુઆરીમાં ઘટીને ૫૪.૫ ટકા પર આવી ગયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સુવિધા : વિમાનમાં મુસાફરી દરમિયાન વાઈ-ફાઈ ઉપયોગની કેન્દ્ર દ્વારા મંજૂરી (ઉડ્ડયન)



વિગત

- ✓ સરકારે વિમાનમાં ઉડાન દરમિયાન વાઈ-ફાઈ દ્વારા ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે.
- ✓ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તેના માટેનું જાહેરનામું પણ બહાર પાડ્યું છે અને એરક્રાફ્ટ એક્ટ 1937માં સુધારો કર્યો છે. તે અનુસાર, 'પાયલટ ઈન કમાન્ડ' ઉડાન દરમિયાન વાઈ-ફાઈ દ્વારા પ્રવાસીઓને ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની મંજૂરી આપી શકે છે.
- ✓ આ ફેરફાર બાદ પ્રવાસીઓ ઈન્ટરનેટ દ્વારા લેપટોપ, સ્માર્ટફોન, ઈ રીડર, સ્માર્ટવોચ કે ટેબલેટ જેવા ડિવાઈસને ઈન્ટરનેટ સાથે કનેક્ટ કરી શકે છે.

  અત્યારે ઈલેક્ટ્રિક ડિવાઈસનો ઉપયોગ થઈ શકતો નથી
- ✓ એરક્રાફ્ટ એક્ટ 1937ના નિયમ 29B અંતર્ગત એવો નિયમ બનાવવામાં આવ્યો હતો કે, કોઈ પણ પ્રવાસી અથવા પાયલટ ફ્લાઇટમાં ઇલેક્ટ્રોનિક ડિવાઇસીસનો ઉપયોગ કરી શકશે નહીં.
- ✓ હવે મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન અંતર્ગત પેટા નિયમ 1 ના આધાર પર પાઇલટ ઇન કમાન્ડ આ સેવા ઉપલબ્ધ કરાવી શકે છે.
- ✓ વિમાન જ્યાં સુધી રન વે પર હશે ત્યારે અને લેન્ડ કરતી વખતે આ સેવા આપવામા આવશે નહીં.

વિસ્તારા એરલાઈન્સે ઈન્ટરનેટ સેવા આપવાની જાહેરાત કરી

- ✓ ઉડાન દરમિયાન પ્રવાસીઓને વાઈ-ફાઈ દ્વારા ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપનારી વિસ્તારા દેશની પ્રથમ એરલાઈન્સ કંપની બનવા જઈ રહી છે.
- ✓ વિસ્તારા થોડા જ સપ્તાહમાં ઈન ફ્લાઈટ વાઈફાઈ દ્વારા તેના બોઇંગ 787 ડ્રીમલાઇનર્સ વિમાનમાં આ સુવિધા પ્રદાન કરશે.
- ✓ વિસ્તારા ટાટા ગ્રુપ અને સિંગાપોર એરલાઇન્સની સંયુક્ત કંપની છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વિશ્વનું બીજું અને ભારતનું પ્રથમ ઈન્ફન્ટ્રી મ્યુઝિયમ



સ્થાન – મહુ (ઈન્દોર-મધ્યપ્રદેશ)

- ✓ ઈન્ફન્ટ્રી – પગપાળા સેના
- ✓ આ વર્ષમાં સામાન્ય લોકો માટે ખુલ્લું મૂકાશે

અન્ય વિશેષતાઓ

- ✓ ઈન્ફન્ટ્રીના 1747થી લઈને 2020 સુધીના ગૌરવશાળી ઈતિહાસ, શૌર્ય તથા વીર સૈનિકોનાં બલિદાનોને થ્રીડી પ્રિન્ટર અને હાથથી બનેલા માનવીની જેમ આબેહૂબ દેખાતા સ્ટેચ્યૂ, મયૂરલ્સ તથા ફોટો ગેલરીથી શણગારાયું છે. તેનો પ્રથમ તબક્કો પૂરો થઈ ગયો છે. આશરે બે એકરમાં બનેલા ત્રણ માળના મ્યુઝિયમને ત્રણ તબક્કામાં તૈયાર કરાઈ રહ્યું છે. બીજા અને ત્રીજા ફેઝનું કામ શરૂ થવાનું છે. અહીં બેટલ ઓફ પ્લાસી 1757, બેટલ ઓફ સારાગઢી 1897, બેટલ ઓફ બક્સર, ભારત-પાક યુદ્ધ 1965 અને 1971ની સાથે જ શિવાજી તથા સુભાષચંદ્ર બોઝ વગેરેના ઈતિહાસને રજૂ કરાયો છે.
- ✓ સૈનિકો દીવાલથી કૂદતાં, પર્વતો પર શત્રુથી લડતાં દેખાશે. મ્યુઝિયમનું નિર્માણ 2009માં શરૂ થયું હતું. અહીં યુદ્ધ લડતા, 40 ફૂટ ઊંચી દીવાલ કૂદતાં અને ઘરમાં છુપાયેલા આતંકીઓને પકડતાં સૈનિકોના સ્ટેચ્યું બનાવાયા છે. તેને થ્રીડી પ્રિન્ટરના માધ્યમથી તૈયાર કરાયા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. શસ્ત્રો નિકાસ : ભારતની વધુ એક સિદ્ધિ (વેપાર)

- ✓ ભારત દ્વારા આર્મેનિયાને લશ્કરી હથિયાર વેચવાનો કરાર.
- ✓ **સંસ્થા–** DRDO અને BEL

કરારની વિગત

- ✓ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા વિકસિત અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ. દ્વારા નિર્મિત ચાર કરોડ ડોલર (આશરે ૨૯૦ કરોડ રુપિયા)ના હથિયારો આર્મેનિયા ભારત પાસેથી ખરીદશે.
- ✓ "સ્વાતિ વેપન લોકેટિંગ રડાર" સિસ્ટમ સહિતના આ હથિયારો મેક ઈન ઈન્ડિયા અંતર્ગત ઉત્પાદિત કરવામાં આવેલા છે
- ✓ રશિયા અને પોલેન્ડે આર્મેનિયા માટે હથિયારોની ટ્રાયલનું આયોજન કર્યું હતું પરંતુ આર્મેનિયાએ ભારત દ્વારા બનાવવામાં આવેલી સિસ્ટમ પર વિશ્વાસ મુકીને ડીલ ફાઈનલ કરી હતી.
- ✓ કરાર અંતર્ગત ભારત ચાર "સ્વાતિ વેપન લોકેટિંગ રડાર" આર્મેનિયાને પૂરા પાડશે જે ૫૦ કિમીની રેન્જમાં દુશ્મનના મોર્ટાર, શેલ, રોકેટ સંહિતના હથિયારો ઝડપથી અને ચોકસાઈથી શોધી શકે છે.
- ✓ આર્મેનિયા યુરોપના કાકેશસ ક્ષેત્રમાં આવેલો દેશ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૩-૨૦૨૦)

1. વ્યક્તિની સાચી ઉંમર જણાવતી ટેક્નોલોજી-વિજ્ઞાનનું નામ જણાવો - **એપિજેનેટિક્સ વિજ્ઞાન**
2. ફેબ્રુઆરી-2020માં CMIE દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ દેશનો બેરોજગારી દર વધીને કેટલા ટકાએ પહોંચ્યો - **7.78**
3. CMIEનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી**
4. ફેબ્રુઆરી-2020માં CMIE દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ શહેરી વિસ્તારોમાં બેરોજગારી દર 9.70 ટકાથી ઘટીને કેટલા ટકા રહ્યો – **8.65 ટકા**
5. ફેબ્રુઆરી-2020માં CMIE દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ગ્રામીણ ક્ષેત્રોમાં બેરોજગારી દર ફેબ્રુઆરીમાં વધીને કેટલા ટકા થયો – **7.37 ટકા**
6. ફિચ સોલ્યુન્શે કોરાના વાઇરસની અસરને કારણે પુરવઠા સપ્લાયમાં ગરબડ સર્જાતા તથા ઘરેલુ માગ નબળી પડવાને કારણે ભારતના આર્થિક વૃદ્ધિનું અનુમાન ઘટાડીને કેટલા ટકા કરી દીધું – **4.9 ટકા**
7. ફિચ સોલ્યુન્શે એજન્સીએ દેશના નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વૃદ્ધિ દરનું અનુમાન 5.9 ટકાથી ઘટાડીને કેટલા ટકા કરી દીધું – **5.4 ટકા**
8. કેન્દ્ર સરકારે વિમાનમાં કયા સમય દરમિયાન વાઈ-ફાઈ દ્વારા ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી - **ઉડાન**
9. કેન્દ્ર સરકારે કયા એક્ટમાં સુધારો કરી વિમાનમાં ઉડાન સમય દરમિયાન વાઈ-ફાઈ દ્વારા ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી - **એરક્રાફ્ટ એક્ટ 1937**
10. વિસ્તારા એ ટાટા ગ્રુપ અને કઈ એરલાઇન્સની સંયુક્ત કંપની છે - **સિંગાપોર**
11. ઈન્ફન્ટ્રીનો અર્થ જણાવો – **પગપાળા સેના**
12. વિશ્વનું બીજું અને ભારતનું પ્રથમ ઈન્ફન્ટ્રી મ્યુઝિયમ વર્ષ-2009થી કયાં તૈયાર થઈ રહ્યું છે – **ઈન્દોરના મહુ ખાતે (મધ્યપ્રદેશ)**
13. ઈન્દોરના મહુ ખાતેના ભારતના પ્રથમ ઈન્ફન્ટ્રી મ્યુઝિયમમાં કોનો ઈતિહાસ રજૂ કરાયો છે - **બેટલ ઓફ પ્લાસી 1757, બેટલ ઓફ સારાગઢી 1897, બેટલ ઓફ બક્સર, ભારત-પાક યુદ્ધ 1965 અને 1971ની સાથે જ શિવાજી તથા સુભાષચંદ્ર બોઝનો ઈતિહાસ**
14. માર્ચ-૨૦૨૦માં ભારત દ્વારા કયા દેશને લશ્કરી હથિયાર વેચવાનો કરાર કરાયો - **આર્મેનિયા**
15. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા વિકસિત અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ. દ્વારા નિર્મિત કેટલી કિંમતના હથિયારો આર્મેનિયા ભારત પાસેથી ખરીદશે - **ચાર કરોડ ડોલર (આશરે ૨૯૦ કરોડ રુપિયા)**
16. ભારત-આર્મેનિયા દેશ વચ્ચે થયેલા કરાર અંતર્ગત ભારત કયા હથિયાર આર્મેનિયાને પૂરા પાડશે - **ચાર "સ્વાતિ વેપન લોકેટિંગ રડાર"**
17. આર્મેનિયા દેશ ક્યાં આવેલો છે - **યુરોપના કાકેશસ ક્ષેત્રમાં**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 03-03-2020



૧.ગુજરાત અંદાજપત્ર 2020-21માં જાહેર કરેલી નવી બાબતો / જાહેરાત / યોજનાઓ વિગતવાર

કુલ 10 નવી બાબતો

1. **ખેડૂતો માટે મુખ્યમંત્રીશ્રીની ભેટ દિનકર યોજના**

   ગુજરાતમાં ખેડૂતોને રાતે જાગીને પાણી-ખેતીની ચિંતા ન કરવી પડે તે બાબત સુનિશ્ચિત કરવા માટે સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ દિવસ દરમ્યાન વીજ પૂરવઠો પૂરો પાડવા માટે દિનકર યોજના જાહેર કરી છે. ખેડૂતલક્ષી ગુજરાત સરકારે ખેડૂતના હિતોને કેન્દ્રમાં રાખીને આ નિર્ણય લીધો છે.

2. **સ્કૂલ ઓફ એકસલન્સ**

   સરકારી સ્કૂલોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે, આધુનિક શિક્ષણની વ્યવસ્થા જેમ કે સ્માર્ટ કલાસ રૂમ, કમ્પ્યુટર લેબ, સ્ટેમ લેબ તથા રમતગમતની ઉચ્ચ વ્યવસ્થા સાથે ૫૦૦ સરકારી સ્કૂલોને સ્કૂલ ઓફ એકસલન્સના રૂપમાં વિક્સાવવામાં આવશે.

3. **આરોગ્યશીલ ગુજરાત માટે અર્બન હેલ્થ સેન્ટર**

   આરોગ્યશીલ ગુજરાત માટે અર્બન હેલ્થ સેન્ટર દસ હજારની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર જેમાં M.B.B.S. અથવા આયુષ ડૉક્ટર દ્વારા ઉચ્ચકક્ષાની આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવશે.

4. **મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના મહિલા સશક્તિકરણનું નવું સોપાન**

   મહિલા સ્વયં સહાયતા સમૂહ જે પોતાના રોજગાર તથા સ્વરોજગારની તકો વધારવા રૂ.1 લાખની લોન લેવા ઈચ્છે તો રાજ્ય સરકાર સંપૂર્ણ વ્યાજ ભરી તેમને 0 % વ્યાજ પર લોન ઉપલબ્ધ કરાવશે.

5. **ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન**

   રોજગાર માટે યુવાનો તૈયાર થાય અને ગુજરાતમાં સ્કિલ ઈકો સિસ્ટમ મજબૂત થાય તે હેતુથી ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના

6. **<u>સ્માર્ટ ગુજરાતનું સ્માર્ટ ટાઉન મિશન</u>**

નાગરિકો માટે સુવિધાઓ વિકસિત થાય તે હેતુંથી રાજ્યના શહેરો વચ્ચે સકારાત્મક સ્પર્ધાના આયોજન પાછળ રૂ. ૧૦૦ કરોડ ફાળવવાનો નિર્ણય. સ્માર્ટ ટાઉન મિશન અંતર્ગત વર્ગ "અ" અને વર્ગ "બ"ની નગરપાલિકાઓ વચ્ચે સ્પર્ધાના માધ્યમથી વિકાસના કાર્યો માટે પસંદ કરેલ નગરપાલિકાને ૨૦ કરોડ ફાળવાશે.

7. **<u>હર ઘર જલ દ્વારા પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ</u>**

નલ સે જલ અભિયાન હેઠળ ઘરે-ઘરે પીવાનું પાણી પહોંચાડવાના કામમાં ગુજરાત ૫% લક્ષ્ય પ્રાપ્ત કરીને ભારતમાં પ્રથમ ક્રમે છે. જલ જીવન મિશનનાં હર ઘર જલ અભિયાન અંતર્ગત આગામી બે વર્ષ એટલે કે ૨૦૨૨ સુધીમાં રાજ્યના બાકી રહેતા ૧૦ લાખ ઘરોમાં નળ જોડાણનું કામ પૂરું કરાશે

8. **<u>માદરે વતન યોજના : તમારુ દાન તેટલું જ સરકારનું યોગદાન</u>**

અનિવાસી ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં વસે છે અને તે પોતાના વતન માટે કઈક કરવાની ભાવના રાખે છે. ગામમાં વિવિધ વિકાસના કાર્યો અને સુવિધાઓને વિકસાવવા દાતાશ્રી દ્વારા આપવામાં આવતા દાનની રકમ જેટલી જ મેચિંગ રકમ રાજ્ય સરકાર દ્વારા ઉમેરાશે.

9. **<u>પ્રોટિન અને પોષણયુક્ત ગુજરાત માટે તુવેરદાળ વિતરણ</u>**

પહેલીવાર ગુજરાતની જનતાને પ્રોટિન અને પોષણયુક્ત બનાવવા અનાજ વિતરણમાં પહેલીવાર તુવેરદાળનો સમાવેશ. લગભગ ૬૬ લાભાર્થી દીઠ વાર્ષિક ૧૨ કિલો તુવેરદાળનું રાહત દરે વિતરણ

10. **<u>વનબંધુઓનો વણથંભ્યો વિકાસ</u>**

ગુજરાત સરકારે છેલ્લા દસ વર્ષમાં વનબંધુઓના કલ્યાણ માટે રૂ. ૯૦,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે. વનબંધુ કલ્યાણ યોજનાથી આદિજાતિ વિસ્તારનાં લોકોના જીવનમાં નોંધપાત્ર સુધારા માટે ૧૪,૧૦૬ કરોડની જોગવાઈ હેઠળ શિક્ષણ, આરોગ્ય, માર્ગ પરિવહન, રોજગાર, વીજળી અને સ્વચ્છતા વિકાસના કાર્યોનો સમાવેશ

11. **<u>મહત્વના અન્ય મુદ્દાઓ</u>**

ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતને ગાય દીઠ નિભાવ ખર્ચ પેટે વાર્ષિક

- ✓ રૂ.૧૦,૮૦૦ ની સહાય મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ગોડાઉન ઓનફાર્મ સ્ટોરેજ સ્ટ્રકચર બનાવવા માટે એકમ દીઠ રૂ.૩૦,૦૦૦ની સહાય સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત ગુજરાત માટે રૂ. ૫૬ કરોડની જોગવાઈ
- ✓ માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ.૧૦,૨૦૦ કરોડની જોગવાઈ. જેમાં

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ.૨,૫૦૦ કરોડની જોગવાઈ

- ✓ સમાજ કલ્યાણ વિભાગને સોશિયલ સેક્ટરના વિકાસકાર્યો માટે રૂ.૪,૩૨૧ કરોડની ફાળવણી
- ✓ નર્મદા બંધ પરથી ચોમાસા દરમિયાન ઉપલબ્ધ થનાર વધારાના પાણી પૈકી, કચ્છને ૧ મિલીયન એકરફીટ પાણી પહોંચાડવાનું આયોજન છે
- ✓ મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજના હેઠળ દરેક પશુપાલકને તેમના એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માસ માટે કુલ ૧૫૦ કિલોગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા રકમની સહાય આપવામાં આવશે
- ✓ મા અમૃતમ, માં વાત્સલ્ય, આયુષ્યમાન ભારત યોજના માટે રૂ.૧,૫૫૫ કરોડની જોગવાઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સુપરસેલ વાવાઝોડુ : (કુદરતિ આપત્તિ)

- ✓ USના ટેનેસીમાં ત્રાટકેલું ભયાનક વાવાઝોડું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.નોવેલ કોરોના (COVID-13) વાયરસ (આરોગ્ય)

પ્રભાવિત દેશ

- ✓ વિશ્વના 70 દેશો કોરોનાની ઝપેટમાં આવ્યા
- ✓ સમગ્ર વિશ્વમાં ભારતીય પરંપરા પ્રમાણેના 'નમસ્તે' અભિવાદન માટે ઝુંબેશ
- ✓ 'નો હેન્ડ શેક' માટે વિશ્વના દેશોની ખાસ ગાઈડલાઈન



- ✓ સંશોધન– હેન્ડ શેકથી 124 મિલિયન બેકટરિયા ટ્રાન્સફર થાય છે જયારે નમસ્તે બેકટરિયા મુક્ત અભિવાદન
- ✓ ડરોના ! હેન્ડ શેક છોડો, નમસ્તે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિમણૂક : ગુજરાત હાઈકોર્ટમાં ચાર નવા ન્યાયાધિશની નિમણૂક-અમદાવાદ

નામ

1. જજ ઈલેશ વોરા
2. જજ રાજેન્દ્ર શરિન
3. જજ શ્રી ગીતા ગોપી
4. જજ અશોકકુમાર જોષી

- ✓ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ – શ્રી વિક્રમનાથ દ્વારા શપથ લેવડાવ્યા.
- ✓ ગુજરાત હાઈકોર્ટમાં 3 માર્ચ 2020ની સ્થિતિએ કુલ-30 જજ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.સંશોધન : મહાસાગરોનું તાપમાન (સમૃદ્રી વિજ્ઞાન)

સંશોધનનું તારણ:-

- ✓ નેશનલ સેન્ટર ફોર એટમોસ્ફરિક રિસર્ચના વૈજ્ઞાનિકોનું માનવું છે કે મહાસાગરોનું તાપમાન વધવાનું એક માત્ર કારણ ગ્લોબલ વોર્મિંગ છે. એમાં પણ ૧૯૫૫થી ૧૯૮૬ દરમિયાન મહાસાગરોના તાપમાન વધુ વધવાની શરુઆત થઇ હતી . જયારે ૧૯૮૭ થી ૨૦૧૯ના ૩૨ વર્ષના ગાળા દરમિયાન ૪૫૦ ગણો વધારો થયો છે.
- ✓ છેલ્લા ૩૨ વર્ષમાં મહાસાગરોમાં ૨૨૮ સેકિસટલિયન જેટલી ગરમી શોષાઈ હતી. આ ગરમી બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનના હિરોશિમાં શહેર પર ફેંકાયેલા એક અણુબોંબની ગરમીની સરખામણીમાં ૩૬૦ કરોડ અણુ બોંબ જેટલી છે. આનો મતલબ કે પ્રત્યેક દર સેકન્ડે ૫ થી ૬ જેટલા અણુ બોંબ જેટલી પ્રચંડ ઉર્જા દરિયામાં મળી રહી છે.
- ✓ સંસ્થા – ન્યૂયોર્ક (USA)
- ✓ ખાસ- દરિયાની ગરમી માપવાની આ પ્રક્રિયામાં સપાટીથી ૨ હજાર મીટરના ઉંડાણ સુધી પાણીના તાપમાનને ધ્યાનમાં રાખવામાં આવે છે.
- ✓ 14 વૈજ્ઞાનિકોની ટીમે મહાસાગર તાપમાનનો રેકોર્ડ તપાસ્યો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : 3 માર્ચ

વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડેની ઉજવણી



- ✓ હેતુ- જંગલી પ્રાણીઓમાં જૈવ વૈવિધ્યની રક્ષા અને પ્રોત્સાહન માટે આ દિવસની ઉજવણી

થીમ-2020

- ✓ Sustaining All Life On Earth
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 3 માર્ચ

ગુલામીએ સપનું દીઠું ગુલાબી : જમશેદજી તાતા

જન્મ : 3 માર્ચ ૧૮૩૯

અવસાન ૧૯૦૪



- ✓ આજે તારીખ 3 માર્ચ ગુલામ ભારતમાં ગુલાબી સપનું જોનારા જમશેદજી નસરવાનજી તાતાનો જન્મદિવસ.
- ✓ નવસારીમાં જન્મેલા જમશેદજીએ નવસારી અને મુંબઈમાં શિક્ષણ લીધું હતું. 1858માં 19 વર્ષની ઉંમરે તેઓ પિતાના વારસાગત વ્યવસાયમાં જોડાયા, હોંગકોંગમાં અનુભવ પ્રાપ્ત કરી પ્રયોજકીય પ્રવૃત્તિ શરૂ કરી.
- ✓ 1869માં મુંબઈમાં એલેકઝાન્દ્રા, 1877માં એમ્પ્રેસ, 1886માં સ્વદેશી અને 1903માં અમદાવાદમાં એડવાન્સ મિલ શરૂ કરી.
- ✓ તાતા લાઈન નામથી વહાણવટા કંપની ચાલુ કરી પણ જમશેદજીનું અસલ હીર તો લોખંડ અને પોલાદ ઉદ્યોગમાં ઝળકી ઊઠ્યું હતું.
- ✓ અનેક અવરોધો વચ્ચે એ જમાનામાં સાહસિક ગણાય તેવા સાહસની બાથ ભીડી હતી તે માટે બધી માળખાકીય સુવિધાઓ પણ ઊભી કરી દીધી હતી.
- ✓ તેમની કાર્ય યોજનાના ભાગરૂપે 1907માં તાતા આયર્ન એન્ડ સ્ટીલ કંપની (ટીસ્કો)ની સ્થાપના થઈ હતી પણ તે પહેલા 1904માં જમશેદજી તાતાનું અવસાન થઈ ચૂક્યું હતું.
- ✓ આજે ટેલીફોનના શોધક ગ્રેહામ બેલ, હાસ્યકાર જશપાલ ભટ્ટી, સ્વતંત્રતા સૈનિક ફૂલચંદભાઈ શાહ, ક્રિકેટર એમ. એલ. જયસિન્હાનો જન્મ દિવસ તથા નામાંકિત સાહિત્યકાર હરિ નારાયણ આપ્ટે, શાયર ફિરાક ગોરખપુરી અને ક્વિઝ ક્રિકેટર માર્ટિન ક્રોવની પુણ્યતિથિ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૩-૨૦૨૦)

1. માર્ચ 2020માં અમેરિકાના ટેનેસી પ્રદેશમાં કયુ ભયાનક વાવાઝોડું ત્રાટક્યું હતું- **સુપરસેલ**
2. માર્ચ- 2020ની સ્થિતિએ વિશ્વના અંદાજે કેટલા દેશોમાં COVID-13 વાયરસ ફેલાયો હતો- **70**
3. COVID-13નું ઇન્ફેક્શન આગળ વધતો રોકવા માટે સમગ્ર વિશ્વ દ્વારા "હેન્ડ શેક"ની સામે કયું એક અભિયાન હાથ ધરવામાં આવ્યું- **"નમસ્તે" અભિયાન**
4. 3 માર્ચ 2020ના રોજ ગુજરાત હાઇકોર્ટમાં કયા ચાર જજની નિમણૂક કરવામાં આવી- **1. જજ ઇલેશ વોરા 2. જજ રાજેન્દ્ર શરિન 3. જજ ગીતા ગોપી અને 4. જજ અશોક કુમાર જોશી**
5. માર્ચ 2020ની સ્થિતિએ ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો- **શ્રી વિક્રમનાથ**
6. માર્ચ 2020ની સ્થિતિએ ગુજરાત હાઇકોર્ટમાં કુલ જજની સંખ્યા જણાવો- **30**

7. તાજેતરમાં કઈ સંસ્થાના 14 વૈજ્ઞાનિકો દ્વારા મહાસાગરોના તાપમાન ઉપર સંશોધન કરાયું- **નેશનલ સેન્ટર ફોર એટમોસ્ફરિક રિસર્ચ- ન્યૂયોર્ક**
8. વિશ્વના મહાસાગરોના તાપમાનમાં વર્ષ 1987થી 2019ના આ સમયગાળા દરમિયાન કેટલો વધારો થયો છે- **450 ગણો**
9. દરિયાની ગરમી માપવાની આ પ્રક્રિયામાં સપાટીથી કેટલા મીટર ઊંડાણ સુધી પાણીના તાપમાનને ધ્યાને રાખવામાં આવે છે- **2000 મીટર**
10. સમગ્ર વિશ્વમાં 3 માર્ચને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે- **world wildlife day**
11. World Wildlife Day- 2020ની થીમ જણાવો- **"SUSTAINING ALL LIFE ON EARTH"**
12. ભારતના મહાન ઉદ્યોગપતિ શ્રી જમશેદજી તાતાનો જન્મ દિવસ જણાવો- **3 માર્ચ 1839**
13. જમશેદજી તાતાનો જન્મ કયા શહેરમાં થયો હતો- **નવસારી**
14. મહાન ઉદ્યોગપતિ જમશેદજી તાતાએ સૌપ્રથમ કયા ક્ષેત્રે પોતાનો ઉદ્યોગ શરૂ કર્યો હતો- **વહાણવટા**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 04-03-2020



૧. સઘન મિશન ઈન્દ્રધનુષ 2.0 (આરોગ્ય)



મિશન ઇન્દ્રધનુષનો મુખ્ય ઉદ્દેશ :

- ✓ દેશના તમામ બે વર્ષથી નાની ઉમરના બાળકો અને સગર્ભા માતાઓને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવાનો છે. વધુમાં, બે વર્ષથી વધુ ઉંમરના બાળકોને પણ કોઈ પણ રસીકરણ સેશન પર રસીકરણ સેવાઓ પૂરી પાડવાનો છે.
- ✓ આ સમગ્ર પ્રક્રિયા અભિયાન સ્વરૂપે અમલીકરણ કરી રાજ્યમાં તેમજ દેશમાં સંપૂર્ણ રસીકરણનો વ્યાપ ૯૦%થી વધારી રોગમુક્ત સમાજ બને તે ઉદ્દેશ્ય છે.

કયા રોગો સામે રક્ષણ

- ✓ દેશભરમાં રસીકરણ કાર્યક્રમ મારફતે ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ડીક્વેરીયા, ઊટાટીયુ, ધનુર, હીબ બેકટેરિયાથી થતા રોગો, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા જેવા રોગો સામે રક્ષણ પૂરું પાડવામાં આવે છે.

સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0 વિષે

- ✓ આ સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0 અંતર્ગત સંપૂર્ણ રસીકરણમાં નોંધપાત્ર વધારો થાય અને દેશના ખાસ વિસ્તારોમાં વંચિત રહેલ બાળકો અને સગર્ભા માતાઓને રસીકરણની સેવાઓ મળે તે સુનિશ્ચિત કરવાનો છે.
- ✓ સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0ની શરૂઆત ડીસેમ્બર ૨૦૧૯થી થયેલ છે. દેશના ૨૭૧ જિલ્લાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આ અમલમાં છે.
- ✓ જેમાં ડિસેમ્બર ૨૦૧૯થી માર્ચ ૨૦૨૦ના પ્રથમ અઠવાડિયાના ૭ દિવસ મમતા દિવસ-બુધવાર, રવિવાર અને રજાના દિવસો સિવાયના દિવસોમાં સેશન પ્લાન કરી રસીકરણની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- ✓ ગુજરાતના ૩૩ જિલ્લા અને ૮ કોર્પોરેશન વિસ્તારોમાં ડીસેમ્બર ૨૦૧૯થી અમલવારી શરૂ કરેલ છે. જેના તબક્કાવાર આયોજન તારીખ ૦૨ ડીસેમ્બર, ૨૦૧૯, તારીખ ૦૬ જાન્યુઆરી-૨૦૨૦, ૦૩ ફેબ્રુઆરી-૨૦૨૦ અને ૦૨ માર્ચ-૨૦૨૦માં ૭ દિવસ સુધી યોજાનાર છે.
- ✓ જેમાં ત્રણ રાઉન્ડ પૂર્ણ કરેલ છે અને ચોથો રાઉન્ડ ૨ માર્ચ, ૨૦૨૦થી શરૂ થશે.

સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ-ગુજરાત

- ✓ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે ગુજરાતના ૧૨ લાખ બાળકો અને ૧૩ લાખથી વધુ સગર્ભા માતાઓને રસીકરણની સેવાઓ પૂરી પાડવા ૫૦,૨૬૮થી વધુ રસીકરણ/મમતા સેશનનું આયોજન થાય છે.
- ✓ આ તમામ લાભાર્થીઓ "નામ સાથેની ટ્રેકિંગ સીસ્ટમ" ટેકો+ દ્વારા ટ્રેક કરી સમયાનુસાર સેવાઓ પૂરી પડાય છે.
- ✓ આમ ગુજરાત રાજ્યમાં પૂર્ણ રસીકરણનો લક્ષ્યાંક ૧૦૦% થાય તે માટે તમામ પ્રયાસો હાથ ધરેલ છે.
- ✓ ટેકો+ અનુસાર સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ દરમ્યાન વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૯૯૧૮૮૧ (૯૨.૨%) સુધી રસીકરણ થયેલ છે. (૨૭.૨.૨૦૨૦ સુધી)

દેશમાં ૧૯૮૫થી સાર્વત્રિક રસીકરણનો પ્રારંભ

સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0–ગુજરાત

- ✓ ગુજરાતમાં સઘન મિશન ઇન્દ્રધનુષનો પ્રથમ રાઉન્ડની શરૂઆત ૨ ડિસેમ્બર, ૨૦૧૯થી અમદાવાદથી કરાઈ છે.
- ✓ અત્યાર સુધી કુલ ત્રણ તબક્કા પૂર્ણ કરેલ છે. આ ત્રણ તબક્કામાં ૧૫૬૪૩ રસીકરણ સેશન દ્વારા સમગ્ર ગુજરાતના ૭૩,૭૫૫ બાળકો અને ૧૩,૭૬૫ સગર્ભા માતાઓને રસીકરણનો લાભ આપેલ છે.
- ✓ આ ત્રણ તબક્કા દરમ્યાન રાત્રી સેશન પણ કરેલ છે જેમાં કુલ ૧૯૯ રાત્રી સેશનમાં ૭૨૧ બાળકો અને ૧૪૧ સગર્ભા માતાઓને છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ : (બંધારણ) ગુજરાત વિધાનસભા દ્વારા એવોર્ડ આપવાની જાહેરાત



સંસદ અને અન્ય રાજ્યોમાં અપાતા એવોર્ડ વિશે

- ✓ ભારતીય સંસદના બંને ગૃહો અર્થાત રાજ્યસભા અને લોકસભાના વર્તમાન સભ્યોને તેમની સંસદસભ્ય તરીકેની ઉત્કૃષ્ઠ કામગીરીની કદરરૂપે સન ૧૯૯૫થી

દર વર્ષે "આઉટસ્ટેન્ડીંગ પાર્લામેન્ટરીયન એવોર્ડ" આપવામાં આવે છે.

- ✓ તેમજ ભારતના આસામ, રાજસ્થાન, કર્ણાટક, ઝારખંડ, ઉત્તરાખંડ સહિતના રાજ્યોના વિધાનમંડળો દ્વારા તેમના વિધાનમંડળના વર્તમાન સભ્યોને ધારાસભ્ય તરીકેની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ દર વર્ષે એક ધારાસભ્યને બેસ્ટ એમ.એલ.એ. એવોર્ડ, બેસ્ટ લેજીસ્લેટર એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવે છે.

હેતુ અને કયા વર્ષથી પ્રારંભ:-

- ✓ સંસદીય લોકશાહી અંગે સાચી સમજ કેળવવાની આપણી સૌની જવાબદારી છે.
- ✓ વિધાનસભા જેવી મહાન સંસ્થાનું ગૌરવ અને મોભો જાળવવા માટે તેની કાર્યપધ્ધતિના નિયમોને વ્યાપક સંદર્ભમાં યથાર્થ રીતે સમજવા જરૂરી છે.
- ✓ આ તમામ જવાબદારીઓ જે સભ્યશ્રી યથાર્થ રીતે નિભાવે તેને પ્રોત્સાહિત કરવા પણ એટલા જ જરૂરી છે.
- ✓ કેન્દ્ર નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓને પણ તેમની ફરજો અને જવાબદારીઓ સારી રીતે અદા કરવાની પ્રેરણા મળે તે આશયથી ગુજરાત વિધાનસભામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ધારાસભ્યશ્રીને પ્રોત્સાહિત કરવાના હેતુથી વર્ષ ૨૦૧૯થી દર વર્ષે "શ્રેષ્ઠ ધારાસભ્ય" તરીકેનો એવોર્ડ આપવાનો નિર્ણય.
- ✓ અધ્યક્ષ : શ્રી રાજેન્દ્ર ત્રિવેદી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. કેન્દ્રીય કેબિનેટ : અગત્યના નિર્ણય (વહીવટ)

(૧) મંત્રીમંડળે કંપની (બીજો સુધારો) વિધેયક, 2019ને મંજૂરી આપી

- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકે કંપની કાયદા, 2013માં સુધારો લાવવા માટે કંપની (બીજો સુધારો) વિધેયક, 2019ને મંજૂરી આપી છે.
- ✓ આ વિધેયક અંતર્ગત નાદારીના એવા કેસો કે જેને હેતુપૂર્વક નિર્ધારિત કરી શકાય, જે અન્યથા છેતરપિંડીના ઇરાદાથી નથી અથવા મોટાપાયે જાહેરહિતમાં સંડોવાયેલ નથી તેની ગુનાખોરી દૂર કરશે. તેનાથી દેશમાં ગુનાખોરીમાં ન્યાય પ્રણાલીને આગળ ધરાવવામાં મદદ મળી શકશે. આ વિધેયકના કારણે કાયદાનું પાલન કરનારી કોર્પોરેટ કંપનીઓને કામ કરવામાં વધુ સરળતા કરી આપશે.
- ✓ અગાઉ, કંપની (સુધારો) વિધેયક, 2015માં કાયદાની કેટલીક ચોકક્સ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો હતો જેથી કાયદાની વિવિધ જોગવાઇઓના અમલીકરણમાં પડતી સમસ્યાઓનો નિકાલ લાવી શકાય.

(૨) સરકારી બેંકોનુ મર્જર

વિગતો

10 સરકારી બેંકોનું ચાર બેંકોમાં મર્જર

- ✓ અમલ :- આગામી તારીખ 1લી એપ્રિલ 2020થી પ્રક્રિયાનો પ્રારંભ
- ✓ હવે ભારતમાં સરકારી બેન્કોની સંખ્યા 27થી ઘટીને 12 થશે.

બેંક મર્જર વિશે

(a) પંજાબ નેશનલ બેંકમાં ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ અને યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયાનું વિલિનીકરણ

(b) કેનેરા બેંકમાં સિન્ડિકેટ બેંકનું વિલિનીકરણ

(c) યુનિયન બેંક ઓફ ઇન્ડિયામાં આંધ્ર બેંક અને કોર્પોરેશન બેંકનું વિલિનીકરણ

(d) ઇન્ડિયન બેંકમાં અલ્હાબાદ બેંકનું વિલિનીકરણ

- ✓ આ વિલિનીકરણથી દેશમાં સાત મોટી સરકારી બેંકો ઊભી થશે, જેનો કુલ વ્યવસાય રૂપિયા આઠ લાખ કરોડ છે અને આ તમામ બેંકો દેશનાં દરેક ખૂણામાં પોતાની પહોંચ ધરાવે છે.

(3) NRIને એર ઇન્ડિયામાં 100 ટકા હિસ્સો ખરીદવાની મંજૂરી

ખરીદારોનો વ્યાપ વધારવાનો નિર્ણય

- ✓ ભારતીય નાગરિકતા ધરાવતા બિનનિવાસી ભારતીય (એનઆરઆઇ) હવે સબસ્ટેન્શિયલ ઓનરશિપ એન્ડ ઈફેક્ટિવ કન્ટ્રોલ (SOEC) નિયમનું ઉલ્લંઘન કર્યા વિના એર ઈન્ડિયામાં ૧૦૦ ટકા હિસ્સો ખરીદી શકે છે.
- ✓ અગાઉ એર ઇન્ડિયામાં એનઆરઆઇની માલિકી ૪૯ ટકા જ રાખવામાં આવી હતી કારણ કે એર ઇન્ડિયા પર ૫૧ ટકાનો બહુમતી અધિકાર ભારતીયનો હોય તે જરૂરી હતું.
- ✓ હવે એનઆરઆઈ એસઓઇસી નિયમનું ઉલ્લંઘન કર્યા વિના એર ઈન્ડિયાનો ૧૦૦ ટકા હિસ્સો ખરીદી શકશે.

પાર્શ્વભૂમિકા:- FDI

- ✓ એફડીઆઈ એ દેશના આર્થિક વૃદ્ધિનું મોટું સંચાલક ઘટક અને આર્થિક વિકાસ માટે બિન ધિરાણયુક્ત નાણાનો સ્રોત છે. એફડીઆઈ નીતિની સતત ચાલતી પ્રક્રિયા અંતર્ગત સમીક્ષા કરવામાં આવે છે જેનો ઉદ્દેશ્ય દેશમાં મોટા પ્રમાણમાં વિદેશી રોકાણને આકર્ષિત કરવાનો હોય છે. સરકારે એફડીઆઈ ઉપર રોકાણકાર માટે અનુકુળ નીતિ રજૂ કરી છે જે અંતર્ગત મોટા ભાગના ક્ષેત્રો અને પ્રવૃત્તિઓમાં ઓટોમેટીક રૂટ અંતર્ગત 100% એફડીઆઈની પરવાનગી અપાઈ છે.
- ✓ ભારતને એક આકર્ષક રોકાણ માટેનું ગંતવ્યસ્થાન બનાવવા માટે છેલ્લા કેટલાક સમયમાં એફડીઆઈ નીતિની જોગવાઈઓને અનેક જુદા જુદા ક્ષેત્રોમાં સતત ઉદાર બનાવવામાં આવી છે.

તેમાંના કેટલાક ક્ષેત્રોમાં ડીફેન્સ બાંધકામ વિકાસ, ટ્રેડીંગ, ફાર્માસ્યુટિકલ, પાવર એક્સચેન્જ, વીમા ક્ષેત્ર, પેન્શન, અન્ય નાણાકીય સેવાઓ, એસેટ રીકન્સ્ટ્રકશન કંપનીઓ, બ્રોડકાસ્ટિંગ, સિંગલ બ્રાંડ રીટેલ ટ્રેડીંગ, કોલસા ખાણ, ડીજીટલ મીડિયા વગેરેનો સમાવેશ થાય છે.

- ✓ આ સુધારાઓ વડે છેલ્લા કેટલાક સમયમાં રેકોર્ડ એફડીઆઈના પ્રવાહને આકર્ષિત કરી ભારતમાં મોટું યોગદાન આપવામાં આવ્યું.
- ✓ ભારતમાં 2014-15માં એફડીઆઈનો પ્રવાહ 45.15 બિલીયન અમેરિકી ડોલર રહ્યો હતો અને હવે તે ત્યારથી સતત વધી રહ્યો છે.
- ✓ એફડીઆઈનો પ્રવાહ 2015-16માં 55.56 બિલીયન અમેરિકી ડોલર, 2016-17માં 60.22 બિલીયન અમેરિકી ડોલર, 2017-18માં 60.97 બિલીયન અમેરિકી ડોલર થયો છે અને છેલ્લા નાણાકીય વર્ષ 2018-19માં આ એફડીઆઈ પ્રવાહ દેશમાં અત્યાર સુધીનો સૌથી વધુ એટલે કે 62.00 બિલીયન અમેરિકી ડોલર (પ્રોવિઝનલ ફિગર) નોંધાયો છે.
- ✓ છેલ્લા સાડા 9 વર્ષ દરમિયાન (એપ્રિલ 2000- સપ્ટેમ્બર 2019) કુલ એફડીઆઈ પ્રવાહ 642 બિલીયન અમેરિકી ડોલર રહ્યો છે જ્યારે છેલ્લા સાડા 5 વર્ષ દરમિયાન (એપ્રિલ 2014-સપ્ટેમ્બર 2019) દરમિયાન મેળવવામાં આવેલ કુલ એફડીઆઈ પ્રવાહ 319 અમેરિકી ડોલર રહ્યો છે કે જે છેલ્લા સાડા 9 વર્ષના કુલ એફડીઆઈ પ્રવાહના 50% જેટલો છે.
- ✓ વૈશ્વિક એફડીઆઈ પ્રવાહને છેલ્લા કેટલાક વર્ષોથી વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરવો પડી રહ્યો છે.
- ✓ યુએનસીટીએડીના વિશ્વ રોકાણ અહેવાલ 2019માં જણાવ્યા અનુસાર વર્ષ 2018માં વૈશ્વિક સીધા વિદેશી મૂડી રોકાણ (એફડીઆઈ)માં 13%નો ઘટાડો જોવા મળ્યો છે અને પાછલા વર્ષે તે 1.3 ટ્રીલીયન અમેરિકી ડોલર સુધી નીચે ઉતરી ગયો છે કે જે સતત ત્રીજા વર્ષે જોવા મળેલ ઘટાડો છે.
- ✓ વૈશ્વિક પરિદ્રશ્ય નબળું હોવા છતાં ભારત વૈશ્વિક એફડીઆઈ પ્રવાહને આકર્ષવા માટે ભારત પ્રથમ પસંદગીનું અને આકર્ષક સ્થળ યથાવત જળવાયેલું રહ્યું છે.
- ✓ દેશમાં એફડીઆઈ નીતિના ક્ષેત્રને વધુ ઉદાર અને સરળ બનાવીને હજુ અનેકગણા વધારે વિદેશી રોકાણને આકર્ષવાની ક્ષમતા રહેલી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સુપ્રીમ કોર્ટ:ભારતમાં ક્રિપ્ટોકરન્સીના સોદા હવે કાયદેસર : SC એ RBI દ્વારા મુકેલો પ્રતિબંધ હટાવ્યો (વર્ચ્યુઅલ કરન્સી)



વર્ષ 2018માં RBI દ્વારા ક્રિપ્ટોકરન્સી ઉપર ભારતમાં પ્રતિબંધ મુકાયો હતો.

શું છે ક્રિપ્ટોકરન્સી

- ✓ ક્રિપ્ટોકરન્સી ડિજિટલ અને ઇન્ટરનેટ પર ચાલતી વર્ચ્યુઅલ કરન્સી છે જેમાં કરન્સી યુનિટના ઉદ્ભવ, નિયંત્રણ અને ફંડના ટ્રાન્સફર માટે એનક્રિપ્શન ટેકનિકનો ઉપયોગ કરાય છે.
- ✓ આ કરન્સી રિઝર્વ બેન્કના દાયરામાં ઓપરેટ થતી નથી. ક્રિપ્ટોકરન્સી કોમ્પ્યુટર એલ્ગોરિધમ પર તૈયાર થયેલું સ્વતંત્ર ચલણ છે. તેના પર કોઇ સરકારનું નિયંત્રણ નથી. ક્રિપ્ટોકરન્સીનો કોઇ માલિક નથી .

વિશ્વમાં 2116 ક્રિપ્ટોકરન્સી પ્રચલિત, બજાર મૂડી 119.46 અબજ ડોલર

- ✓ ઇન્ટરનેટ પર ક્રિપ્ટોકરન્સીનો પ્રારંભ જાન્યુઆરી ૨૦૦૯માં બિટકોઇનના નામે જાપાનમાં થયો હતો.
- ✓ હાલમાં દુનિયાભરમાં બિટકોઇન, રિપ્લડ, એથેરમ, કાર્ડનો જેવી ૨૧૧૬ ક્રિપ્ટોકરન્સી પ્રચલિત છે.
- ✓ તેમની બજારમૂડી ૧૧૯.૪૬ અબજ ડોલર આંકવામાં આવે છે.
- ✓ ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરીને દુનિયામાં કોઇ પણ ખૂણામાં કોઇપણ વ્યક્તિને પેમેન્ટ કરી શકાય છે.
- ✓ આ માટે કોઇ બેન્કને માધ્યમ બનાવવાની જરૂર પડતી નથી.
- ✓ ક્રિપ્ટોકરન્સી પીઅર ટુ પીઅર ટેકનોલોજી પર આધારિત છે .
- ✓ ઇન્ટરનેટ એન્ડ મોબાઇલ એસોસિયેશન ઓફ ઇન્ડિયા (IMA) દ્વારા રિઝર્વ બેન્કના પ્રતિબંધને પડકાર અપાયો હતો. આ સંસ્થાએ દલીલ કરી હતી કે, ક્રિપ્ટોકરન્સી કોઈ ચલણ નથી પરંતુ કોમોડિટી છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.લોકપાલ (ફરિયાદ)ના નિયમો જાહેર (બંધારણ)

મુખ્ય જોગવાઈઓ

- ✓ નિયમોની જોગવાઈ મુજબ પદસ્થ કે પૂર્વ વડાપ્રધાન વિરુદ્ધ ભ્રષ્ટાચારની કોઈ ફરિયાદ થશે તો લોકપાલની પૂર્ણકક્ષાની બેન્ચ તેની સુનાવણી કરશે. આ નિયમો એવી જોગવાઈ પણ ધરાવે છે કે બેન્ચને ફરિયાદની વિગતો અસ્પષ્ટ કે અયોગ્ય લાગશે તો તેઓ ૩૦ દિવસમાં તે ફરિયાદ ફગાવી પણ શકશે. લોકપાલે અરજી કેમ ફગાવી તેની સ્પષ્ટતા પણ કરવાની રહેશે નહીં.



- ✓ લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૩ એવી જોગવાઈ પણ ધરાવે છે કે પદસ્થ કે પૂર્વ વડાપ્રધાન સામેની ભ્રષ્ટાચાર સંબંધી ફરિયાદ અંગેની સુનાવણી કાર્યવાહી કેમેરા સામે કરવાની રહેશે અને લોકપાલ એવા તારણ પર આવે કે ફરિયાદ ફગાવી દેવા યોગ્ય છે ત્યારે આવી તપાસનો રેકર્ડ જાહેર નહીં થઈ શકે કે કોઈને ઉપલબ્ધ કરાવવામાં પણ નહીં આવે.
- ✓ લોકપાલે ફરિયાદ માટેની સમયમર્યાદા પણ નક્કી કરેલી છે. મહત્તમ સાત વર્ષ પહેલાં જે વડા પ્રધાનપદ સંભાળતા હોય તેમની સામે જ ફરિયાદ થઇ શકશે. લોકપાલ અધિનિયમની કલમ ૫૩ કહે છે કે અપરાધ થયાના સાત વર્ષમાં તે અપરાધ અંગે ફરિયાદ કરી શકાશે.
- ✓ ઓળખ જાહેર નહીં થાય લોકપાલ (ફરિયાદ) નિયમો ૨૦૨૦ જોગવાઇ ધરાવે છે કે જે સંબંધમાં ફરિયાદ થઇ હોય તે અંગે કોઇપણ કોર્ટ ટ્રિબ્યુનલ કે કોઇપણ સત્તાવાળા સમક્ષ કાર્યવાહી પડતર હશે તો લોકપાલ તે ફરિયાદને ફગાવી શકે છે.
- ✓ નિયમો મુજબ થયેલી ફરિયાદમાં તપાસ થઇને તેનો નિકાલ ના થાય ત્યાં સુધી ફરિયાદી અને જે જાહેરસેવક વિરુદ્ધ ફરિયાદ થયેલી હશે તે બંનેની ઓળખ જાહેર નહીં થાય. ઉપરાંત ફરિયાદીની ઓળખને ફરજિયાત ગોપનીય રખાશે.

ભારતના વર્તમાન લોકપાલ: પીનાકિચંદ્ર ઘોષ



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન : કેન્દ્ર સરકાર દ્વારા ગામડામાં બીજા તબક્કાનો પ્રારંભ

વિગત

- ✓ ગ્રામીણ ભારત માટે લોન્ચ કરાયેલા આ મિશન માટે પાંચ વર્ષમાં 1,40,881 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

- ✓ કેન્દ્રીય ગ્રામીણ વિકાસમંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કહ્યું કે તેમાંથી દરેક પંચાયતને સુકો અને ભીનો કચરો અલગ કરવાનું જણાવાશે.
- ✓ શહેરની જેમ જ ગામડામાં પણ બંને કચરા પહેલેથી જ અલગ કરાય તેવી વ્યવસ્થા થશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. નિર્ણય: ઉતરાખંડના ગ્રીષ્મકાલીન પાટનગર તરીકે ગૈરસેંણ શહેરની પસંદગી

વિગત

- ✓ ઉત્તરાખંડ સરકારે ગેરસેંણને ગ્રીષ્મકાલીન પાટનગર જાહેર કર્યું છે. એટલે કે ઉનાળા દરમિયાન રાજ્ય સરકાર તમામ કામ દહેરાદૂનના સ્થાને ગેરસેંણથી કરશે.
- ✓ વર્તમાન પાટનગર : દહેરાદૂન
- ✓ મુખ્યમંત્રી : ત્રિવેન્દરસિંધ રાવત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮.સંગઠિત અને બિનસંગઠિત ક્ષેત્ર શું છે

- ✓ **સંગઠિત ક્ષેત્ર એટલે** કે સરકારના યોગ્ય સત્તાવાળાના નિયંત્રણ હેઠળના એકમો કે જે સરકારના નિયમોનું પાલન કરતા હોય. તેમાં બિઝનેસ, સરકાર, મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં ફેક્ટરી એક્ટ, બોનસ એક્ટ, પીએફ એક્ટ, લધુતમ વેતન અધિનિયમ સહિતના કાયદાનું પાલન થતું હોય છે.
- ✓ **બિન સંગઠિત એકમો** એટલે એવા એકમો કે જેના પર સરકારનું કોઇ નિયંત્રણ ના હોય અને જેને કોઇ નિયમો પાળવાની જરૂર નથી હોતી. તેમાં કોઇ પણ કાયદા હેઠળ તેનું નિયંત્રણ થતું હોતું નથી .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. નિમણૂક : BCCI દ્વારા પૂર્વ સ્પિનર સુનિલ જોષીની નવા ચીફ સિલેક્ટર તરીકે પસંદગી

- ✓ ટીમ ઈન્ડિયાના ઝડપી બોલર હરવિંદરસિંહની પણ પસંદગી તરીકે નિમણૂક
- ✓ પસંદગી – ક્રિકેટ એડવાઈઝરી કમિટી (CAC)
- ✓ BCCI – મુખ્ય મથક – વાનખેડે, મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. દિન વિશેષ : 4 માર્ચ

49મો રાષ્ટ્રીય સલામતી દિવસ



ખાસ:-બાંધકામ શ્રમિકો માટે ઉજવાય છે.

થીમ- Enhance Health & Safety Performance By Use Of Advanced Technology

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૩-૨૦૨૦)

1. ભારતમાં "સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0 " અંતર્ગત કેટલા વર્ષથી નાની ઉંમરના બાળકો તેમજ સગર્ભા માતાઓને સાર્વત્રિક રસીકરણ હેઠળ આવરી લેવાયા છે- **2 વર્ષ**
2. "સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0"નો મુખ્ય ઉદ્દેશ જણાવો- **સંપૂર્ણ રસીકરણ વ્યાપ 90% થી વધારી સમાજને રોગમુક્ત બનાવવો**
3. ભારતમાં "સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0"ની શરૂઆત ક્યારે થઈ હતી- **ડિસેમ્બર- 2019**
4. ભારતમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનો સૌપ્રથમ પ્રારંભ કયારે થયો હતો- **વર્ષ 1985**
5. ભારતમાં રસીકરણ કાર્યક્રમ અંતર્ગત કયા રોગો સામે રક્ષણ પૂરું પાડવામાં આવે છે- **ઝેરી કમળો, બાળ ટીબી, પોલિયો, ડીપ્થેરિયા, ઉટાંટિયું, ધનુર, હીબ બેક્ટેરિયા, રોટા વાયરસ, ઓરી અને રુબેલા**
6. ગુજરાતમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત તમામ લાભાર્થીઓના નામ સાથે કઈ ટ્રેકિંગ સિસ્ટમ દ્વારા સમયાનુસાર સેવા પૂરી પાડવામાં આવે છે-**ટેકો +**
7. માર્ચ 2020માં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ દ્વારા ધારાસભ્યો માટે કયો એવોર્ડ જાહેર કરાયો- **" શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ"**
8. ગુજરાતમાં "શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ"નો આપવાનો પ્રારંભ કયા વર્ષથી કરાશે- **વર્ષ 2019**
9. ગુજરાત વિધાનસભાના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો- **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**
10. તાજેતરમાં વિદેશી રોકાણ વધારવાના હેતુથી NRI દ્વારા એર ઇન્ડિયામાં કેટલા ટકા હિસ્સો ખરીદવાની કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી અપાઈ- **100%**
11. આ અગાઉ એર ઇન્ડિયામાં NRI કેટલા ટકા હિસ્સો ખરીદી શકતા હતા- **49%**
12. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા વધુ કેટલી સરકારી બેન્કોનું કેટલીક બેંકોમાં મર્જર કરવાની પ્રક્રિયાને મંજૂરી આપી- **10 સરકારી બેન્કોને 4 બેન્કોમાં મર્જર કરાશે**
13. ભારતમાં 10 સરકારી બેન્કોને 4 બેન્કોમાં મર્જર કરવાની પ્રક્રિયાનો પ્રારંભ ક્યારથી કરવામાં આવશે- **01 એપ્રિલ 2020થી**
14. ભારતમાં હવે 27 સરકારી બેંકોની સંખ્યા ઘટીને ઘટીને કેટલી થશે - **12**
15. બેંકોના આ વિલીનીકરણથી દેશમાં કુલ કેટલી મોટી સરકારી બેંકો ઊભી થશે જેનો કુલ વ્યવસાય □. આઠ લાખ કરોડ છે- **07**
16. કેન્દ્ર સરકારની તાજેતરની જાહેરાત મુજબ કઈ 10 બેંકોનું કઈ ચાર બેન્કોમાં મર્જર થશે- **(a) પંજાબ નેશનલ બેંકમાં ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ અને યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયાનું વિલિનીકરણ (b) કેનેરા બેંકમાં સિન્ડિકેટ બેંકનું વિલિનીકરણ (c) યુનિયન બેંક ઓફ ઇન્ડિયામાં આંધ્ર બેંક અને કોર્પોરેશન બેંકનું વિલિનીકરણ (d) ઇન્ડિયન બેંકમાં અલ્હાબાદ બેંકનું વિલિનીકરણ**
17. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ભારતમાં કઈ કરન્સીના સોદા કાયદેસર કરવામાં આવ્યા- **cryptocurrency- virtual currency**
18. કયા વર્ષે ભારતમાં RBI દ્વારા cryptocurrency ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો- **2018**
19. સમગ્ર વિશ્વમાં cryptocurrencyનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે અને કઈ કરન્સીથી થયો હતો- **વર્ષ 2009 અને બિટકોઈન- જાપાન**
20. ભારતમાં લોકપાલના નવા નિયમ પ્રમાણે નિયુક્ત કરેલી બેંચને ફરિયાદની વિગતો અસ્પષ્ટ કે આ યોગ્ય લાગશે તો કેટલા દિવસમાં ફરિયાદ ફગાવી પણ શકશે- **30 દિવસ**
21. લોકપાલના નવા નિયમ પ્રમાણે વર્તમાન કે પૂર્વ વડાપ્રધાન વિરુદ્ધ ભ્રષ્ટાચારની કોઈ ફરિયાદ થશે તો લોકપાલની કઈ બેન્ચ તેની સુનાવણી કરી શકશે- **પૂર્ણ કક્ષાની બેન્ચ**

22. લોકપાલના નવા નિયમ પ્રમાણે મહત્તમ કેટલા વર્ષ પહેલા વડાપ્રધાન પદ સંભાળતા હોય તો જ તેમની સામે જ ફરિયાદ કરી શકાશે- **7 વર્ષ**
23. લોકપાલ અધિનિયમની કલમ 53 મુજબ અપરાધ થયાના કેટલા વર્ષમાં અપરાધ અંગે ફરિયાદ કરી શકાશે- **7 વર્ષ**
24. લોકપાલના નવા નિયમ પ્રમાણે જાહેરસેવક સામે ફરિયાદ કરનારની ઓળખ ક્યાં સુધી ગોપનીય રખાશે- **કાયમી**
25. ભારતના વર્તમાન લોકપાલનું નામ જણાવો- **પિનાકી ચંદ્ર ઘોષ**
26. મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માર્ચ 2020થી ગામડામાં કયા તબક્કાનો પ્રારંભ થયો- **બીજા**
27. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોની જેમ હવે ગામડામાં પણ કયો કચરો અલગ કરાશે- **ભીનો અને સૂકો**
28. તાજેતરમાં ઉત્તરાખંડ સરકાર દ્વારા તેના ગ્રીષ્મકાલીન પાટનગર તરીકે કયા શહેરની પસંદગી કરાઈ- **ગૈરસેંણ**
29. માર્ચ 2020માં BCCI દ્વારા ટીમ ઈન્ડિયાના મુખ્ય પસંદગીકાર તરીકે કોની નિમણૂક કરાઈ- **પૂર્વ સ્પીનર સુનિલ જોશી**
30. માર્ચ 2020માં BCCI દ્વારા ટીમ ઈન્ડિયાના પસંદગીકાર તરીકે કોની નિમણૂક કરાઈ- **પૂર્વ ઝડપી બોલર હરવિંદર સિંહ**
31. તાજેતરમાં 4 માર્ચના રોજ રાષ્ટ્રીય કક્ષાએ કયો દિવસ ઉજવાયો- **49 મો "રાષ્ટ્રીય સલામતી દિવસ"**
32. "રાષ્ટ્રીય સલામતી દિવસ" કયા ક્ષેત્રના શ્રમિકો માટે ઉજવવામાં આવે છે- **બાંધકામ**
33. રાષ્ટ્રીય સલામતી દિવસ- 2020ની થીમ જણાવો- **"ENHANCE HEALTH AND SAFETY PERFORMANCE BY USE OF ADVANCED TECHNOLOGY"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 05-03-2020



૧. EPF વ્યાજદર જાહેર : વર્ષ 2019-20 EPFનો વ્યાજદર 8.65થી ઘટાડીને 8.50 ટકા કરાયો (આર્થિક)



- ✓ વર્ષ 2018-19માં EPFની થાપણો પર 8.65 ટકા વ્યાજ ચૂકવાયું હતુ.
- ✓ **નિર્ણય:** EPFના બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની બેઠકમાં નિર્ણય
- ✓ **EPFO**-એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન

કેન્દ્રીય શ્રમ મંત્રી- શ્રી સંતોષકુમાર ગંગવાર

- ✓ મંત્રાલય - શ્રમ મંત્રાલય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નોવેલ કોરોના વિશે આગાહી કરતાં પુસ્તકો (આરોગ્ય)



(૧) The Eyes Of Darkness

- ✓ The Eyes Of Darkness... એક વાઈરસ વિશ્વને બરબાદ કરી નાખશે ડૂન ફૂટઝની નોવેલ ૩૯ વર્ષ પહેલાં ૧૯૮૧માં લખાઈ હતી.
- ✓ The Eyes Of Darkness નામની આ નોવેલમાં કોરોનાની વાત હતી. તેમાં જણાવાયું હતું કે, આગામી સમયમાં વુહાન-૪૦૦ નામનો વાઈરસ આવશે. તે સમગ્ર વિશ્વમાં મોતનું તાંડવ ફેલાવશે.
- ✓ દુનિયામાં ક્યાંક જૈવિક હથિયારો બનાવવામાં આવી રહ્યાં છે. આ પ્રયાસમાં

જ એક વાઈરસનો જન્મ થશે જે સમગ્ર વિશ્વને બરબાદ કરી નાખશે. આ વાઈરસ સમગ્ર વિશ્વમાં મહામારી તરીકે ફેલાશે.

(૨) End of Days

- ✓ સિલ્વિયા બ્રાઉનના પુસ્તક End Of Days Predictions and Prophecies About The End of The Worldની પણ ખૂબ જ ચર્ચા ચાલી રહી છે.
- ✓ ૧૨ વર્ષ પહેલા પ્રસિદ્ધ થયેલા આ પુસ્તકના ૩૧૨ નંબરના પેજ ઉપર લખવામાં આવ્યું છે કે ૨૦૨૦માં ન્યૂમોનિયા જેવો એક રોગ ફેલાશે. સમગ્ર વિશ્વમાં તેના કારણે મોત થશે.
- ✓ લોકોના ફેફસાં અને બ્રાંકોઈ ટ્યુબ્સ ઉપર આ વાઈરસની અસર થશે અને તેનો કોઈ ઉપચાર નહીં હોય. આ બિમારી લોકોના જીવન બરબાદ કરી નાખશે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ફ્રીડમ ઈન ધ વર્લ્ડ 2020 : ભારત વિશ્વમાં 83માં ક્રમે



- ✓ મુકત લોકશાહી દેશની બાબતમાં ભારતનું સ્થાન છેલ્લા 25 દેશોમાં આવ્યું
- ✓ ફૂલ પોઇન્ટ : 71
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નોવેલ કોરોના વાઇરસ - અન્ય નામ : COVID-19



- ✓ વધુ માહિતી માટે ગુજરાતમાં ફીવર હેલ્પલાઇન 104નો ઉપયોગ કરવા અનુરોધ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. સંશોધન - NASHની સારવાર માટે વિશ્વની પ્રથમ દવા ઝાયડસ કેડિલા દ્વારા વિકસાવાઈ (આરોગ્ય)



કયા અંગને અસર -

- ✓ લિવરની વ્યાધિ માટે : લિવરમાં નોન આલ્કોહોલિક ફેટ જમા થવા સામે NASH રોગ ઉદભવે.
- ✓ NASH- નોન આલ્કોહોલિક સ્ટેઈટો હિપેટાઇટિસ
- ✓ આ દવાને DCGIની મંજૂરી
- ✓ DCGI : ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા
- ✓ ઝાયડસ કેડિલા ગુજરાતી ફાર્મા કંપની – અમદાવાદ
- ✓ ચેરમેન – પંકજ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. 5th ભારતીય ફાર્મા 2020 અને ભારતીય તબીબી ઉપકરણ 2020 પરિષદ-પ્રદર્શન



- ✓ તારીખ 5 થી 7 માર્ચ-2020, મહાત્મા મંદિર ગાંધીનગર
- ✓ ગુજરાતમાં પ્રથમવાર આયોજન

થીમ

- ✓ આ કાર્યક્રમની થીમ "ભારતીય ફાર્મા: પરવડે તેવી અને ગુણવત્તાપૂર્ણ સ્વાસ્થ્ય સંભાળ હાંસલ કરવાના પડકારો દૂર કરવા અને ભારતીય તબીબી ઉપકરણ: સાર્વત્રિક સ્વાસ્થ્ય સંભાળ માટે પરવડે તેવા જવાબદારીપૂર્ણ અને ગુણવત્તાપૂર્ણ તબીબી ઉપકરણોને પ્રોત્સાહન આપવું" છે.

હેતુ :-

- ✓ આ કાર્યક્રમનો હેતુ, મેડિકલ ઇલેક્ટ્રોનિક્સ, ઉપકરણો, સ્વાસ્થ્ય નિદાન, હોસ્પિટલો અને સર્જિકલ ઉપકરણો વગેરેને સામેલ કરીને ગ્રાહક કેન્દ્રી ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમનો હેતુ આપણા ઇલેક્ટ્રોનિક્સ ટેક્નોલજી વિકાસ અને ઉત્પાદન બેઝને સશક્ત બનાવવા માટે ઇકોસિસ્ટમની રચના કરવા બાબતે ચર્ચા કરવાનો અને ટેકનોલોજી નિદર્શનનો છે.

આયોજક –

- ✓ આ રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ્સ વિભાગના ઉપક્રમે ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી–FICCI અને ગુજરાત સરકારના સહયોગથી

ઉપસ્થિતિ –

- ✓ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, રસાયણ અને ખાતર મંત્રી શ્રી સદાનંદ ગૌડા દ્વારા પરિષદનું ઉદઘાટન
- ✓ ભારતીય ફાર્માસ્યુટિકલનું બજાર જથ્થાની દૃષ્ટિએ સમગ્ર દુનિયામાં ત્રીજું સૌથી મોટુ અને મૂલ્યની દૃષ્ટિએ તેરમું સૌથી મોટું બજાર છે.
- ✓ ભારત સમગ્ર દુનિયામાં સૌથી મોટો જેનરિક દવાઓનો પૂરવઠાકાર દેશ છે.

સાથે સાથે, ભારતમાં તબીબી ઉપકરણ ઉદ્યોગનું મૂલ્ય USD 5.2 બિલિયન આંકવામાં આવે છે, જે ભારતમાં સ્વાસ્થ્ય સંભાળ ઉદ્યોગમાં USD 96.7 બિલિયનના મૂલ્ય સાથે 4-5 ટકાનું યોગદાન આપે છે.

- ✓ આ કાર્યક્રમ દરમિયાન ફાર્માસ્યુટિકલ્સ અને તબીબી ઉપકરણો પર આધારિત એક પ્રદર્શન પણ યોજાયુ. 200થી વધુ ફાર્માસ્યુટિકલ અને તબીબી ઉપકરણ કંપનીઓ આ પ્રદર્શનમાં ભાગ લેશે. સમગ્ર દુનિયામાંથી 5,000 કરતા વધુ ફાર્માસ્યુટિકલ અને બાયોટેકનોલોજી પ્રોફેશનલ્સ આ ત્રણ દિવસીય પરિષદમાં ભાગ લેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. UNના માજી મહામંત્રી અને પેરુના પૂર્વ વડાપ્રધાન શ્રીયુત પેરેજ દ કુયારનું 100 વર્ષે અવસાન

- ✓ મહામંત્રી તરીકે વર્ષ 1982થી વર્ષ 1991 સુધી કાર્યરત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ડાંગ દરબાર 2020 : ડાંગ જિલ્લાના લોકોનો મુખ્ય તહેવારનો પ્રારંભ

હોળી પહેલા ચાર-પાંચ દિવસ પહેલા ડાંગ દરબાર યોજાય છે



- ✓ **વિશેષતા:** ડાંગના રાજવીઓની શોભાયાત્રા નીકળે છે
- ✓ રાજવીઓનું સન્માન કરાય છે
- ✓ રાજકીય પેન્શન પણ આપવામાં આવે છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૩-૨૦૨૦)

1. તા. 4 માર્ચ 2020ની સ્થિતિએ કેન્દ્રના શ્રમ મંત્રાલય દ્વારા વર્ષે 2019-20 માટે EPF વ્યાજ દર કેટલા ટકા નક્કી કરાયો :- **8.50%**
2. EPF ઉપર વર્ષ 2018-19 માં કેટલા ટકા વ્યાજ દર આપવામાં આવતો હતો- **8.65%**
3. EPFOનું વિસ્તૃત નામ જણાવો- **એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન**
4. કેન્દ્ર સરકારના શ્રમ મંત્રીનું નામ જણાવો- **સંતોષકુમાર ગંગવાર**
5. COVID -19 જેવા ભયાનક રોગચાળાની આગાહી કરતા કયા બે પુસ્તકો વર્ષો પહેલા પ્રકાશિત થયા હતા- **1. The Eyes of Darkness 2. End of Days**
6. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ Freedom in the World-2020 અહેવાલમાં ભારત વિશ્વમાં કયા ક્રમે છે- **83**
7. ગુજરાત સરકાર દ્વારા COVID-19 અંગે વધુ માહિતી કે મદદ માટે કઈ હેલ્પલાઇન જાહેર કરવામાં આવી છે- **104 ફીવર હેલ્પલાઇન**

8. NASHની સારવાર માટે વિશ્વમાં સૌપ્રથમ કઈ ફાર્મા કંપની દ્વારા સંશોધન કરીને દવા વિકસાવવામાં આવી છે- **ઝાયડસ કેડિલા- અમદાવાદ**
9. NASHનું વિસ્તૃત નામ જણાવો- **નોન આલ્કોહોલિક સ્ટેઈટો હીપેટાઇટિસ**
10. NASH રોગ શરીરના કયા અંગને અસર કરે છે- **લીવર**
11. તાજેતરમાં 5th ભારતીય ફાર્મા 2020 અને ભારતીય તબીબી ઉપકરણ 2020 પરિષદ-પ્રદર્શન 5-7 માર્ચે દરમિયાન ક્યાં યોજાયું- **મહાત્મા મંદિર ગાંધીનગર**
12. ભારતીય ફાર્મા બજાર વિશ્વમાં જથ્થાની દ્રષ્ટિએ કેટલામું સ્થાન ધરાવે છે- **ત્રીજું**
13. કેન્દ્ર સરકારના રસાયણ અને ખાતર મંત્રીનું નામ જણાવો- **સદાનંદ ગૌડા**
14. તાજેતરમાં યુનાઇટેડ નેશનના કયા પૂર્વ મહામંત્રીનું 100 વર્ષે અવસાન થયું અને તેમનો દેશ જણાવો- **પેરેજ દ કુયાર અને પેરુ**
15. ડાંગ જિલ્લાના મુખ્ય તહેવારનું નામ જણાવો- **ડાંગ દરબાર**
16. ડાંગ જિલ્લામાં ડાંગ દરબારનો પ્રારંભ ક્યારે થાય છે- **હોળીના પહેલા**
17. ડાંગ દરબાર તહેવાર દરમિયાન કોની શોભાયાત્રા નીકાળવામાં આવે છે- **ડાંગના રાજવીઓની**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 06-03-2020



૧. નિર્ણય : ગુજરાત સરકાર આંગણવાડી કર્મચારીઓના માનદવેતન રૂપિયા 600 તેમજ તેડાગર બહેનોના વેતનમાં રૂપિયા ૩૦૦નો વધારો

- ✓ અમલ : 1લી માર્ચ 2019થી
- ✓ આ નિર્ણયથી 53029 આંગણવાડી કાર્યકરને લાભ થશે

વિગત :

- ✓ સરકારના આ નિર્ણયથી આંગણવાડી કાર્યકરને મળતું માસિક વેતન રૂ. ૭૨૦૦થી વધીને રૂ.૭૮૦૦ થશે
- ✓ તેડાગર બહેનોનું વેતન રૂ. ૩૬૫૦થી વધીને રૂ. ૩૯૫૦ થશે.
- ✓ મીની આંગણવાડીના કાર્યકરનું વેતન રૂ. ૪૧૦૦થી વધીને મહિને રૂ. ૪, ૪૦૦ થશે.
- ✓ આ નિર્ણયનો અમલ ૧લી માર્ચ ૨૦૧૯ની પાછલી અસરથી કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ : ૮ માર્ચનો ઇતિહાસ

- ✓ યુનોના આદેશ અનુસાર છેલ્લા કેટલાક વર્ષોથી ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે મનાવવામાં આવે છે.
- ✓ અતીતમાં અવલોકન કરીએ તો વર્ષ ૧૯૦૮માં ઔદ્યોગિક, સામાજિક વિકાસના સમયે ન્યૂયોર્કમાં હજારો મહિલાઓએ વિશાળ રેલી કાઢી હતી. તેમની માગ હતી કે કામના બદલામાં યોગ્ય વેતન, નોકરીમાં મર્યાદિત સમય, પુરુષની જેમ સમાન હક, ચૂંટણીઓમાં મતાધિકાર જેવા અનેક મુદ્દાઓને આવરી લેવાયા હતા.
- ✓ ૧૯૦૯માં અમેરિકી સોશિયાલિસ્ટ પાર્ટીએ પ્રથમ વાર રાષ્ટ્રીય મહિલા દિન મનાવ્યો. ત્યાર બાદ ૧૯૧૦માં ડેન્માર્કની રાજધાની કોપનહાગેનમાં મહિલાઓના આંતરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન થયું.
- ✓ ક્લાસ જેટકીન નામની મહિલાએ આ સંમેલનમાં મહિલાઓ માટે એક

આંતરરાષ્ટ્રીય દિવસ નક્કી કરવાનો પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો.

- ✓ જેટકીન જર્મની સોશિયલ ડેમોક્રેટ પાટીનાં મહિલા વિભાગનાં પ્રમુખ હતાં. પ્રસ્તાવ રજૂ કરતાં જેટકીને કહ્યું કે, વર્ષમાં એક દિવસ એવો હોવો જોઈએ જ્યારે મહિલાઓ પોતાની માગણીઓ જાહેરમાં સૌની સમક્ષ રજૂ કરે.
- ✓ સંમેલનમાં હાજર ૧૦૦થી વધુ મહિલા પ્રતિનિધિઓએ આ સુચનને આવકારી દર વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ મનાવવાનો નિર્ણય કર્યો.
- ✓ <u>૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધમાં માનવ સંહાર વિરુદ્ધ અનેક મહિલા સંગઠનોએ પ્રદર્શનો કર્યા, એને મહિલા અધિકારો સાથે વણી લઈને ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન જાહેર કરવામાં આવ્યો.</u>
- ✓ કેટલાંક વર્ષો પછી વિશ્વ સંસ્થા યુનોએ એને સમર્થન આપ્યું અને બેલેન્સ ફોર બેટરની થીમ સાથે મહિલા વિકાસ ઉપર કાર્યક્રમો યોજવા વિશ્વને હાકલ કરી.
- ✓ ૧૯૧૪થી શરૂ થયેલો સિલસિલો આજે વિશ્વવ્યાપી છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા યુનોએ ૧૯૭૫-૧૯૮૫ના દાયકાને વિશ્વ મહિલા વિકાસ દશક તરીકે જાહેર કર્યો. એ પછી થોડા સમય બાદ યુનાઈટેડ નેશનના ડિવિઝન ફોર ધ એડવાન્સમેન્ટ ઑફ વિઝન નામના વિભાગે આ મુદ્દો ઉઠાવી લીધો અને તેણે યુનાઇટેડ નેશનની સોશિયલ એન્ડ ઇકોનોમિક્સ કાઉન્સિલને એ વાત માટે સંમત કરી કે સત્તારૂઢ અને નિર્ણયકર્તા એકમો પર અસર પાડવા અને પ્રભાવી બનવા માટે રાજકીય ક્ષેત્રે મહિલાઓની ઓછામાં ઓછી ૩૦ ટકા કે તેથી પણ વધુ ભાગીદારી આવશ્યક છે.
- ✓ પછી યુનોની અનેક કોન્ફરન્સોમાં આ માટે ભલામણ કરવામાં આવી. ખાસ કરીને ૧૯૯૫માં બેઇજિંગમાં યોજાયેલ ચોથી આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા પરિષદમાં સ્ત્રીઓ માટે સંસદમાં ૩૩ ટકા બેઠકો અનામત રાખવાની વાત ભારપૂર્વક રજૂ કરવામાં આવી.
- ✓ આના આધારે ૧૯૯૬માં ભારતમાં વડા પ્રધાન દેવગૌવડાના નેતૃત્વ હેઠળની સરકારે લોકસભામાં પહેલી વાર મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવાનું બિલ રજૂ કર્યું પણ કોંગ્રેસ-ભાજપ સહિત અન્ય વિપક્ષોએ વિરોધ કરતા તે વખતની અગિયારમી લોકસભામાં એ બિલ પસાર ન થઈ શક્યું . એ પછી ૩૩ ટકા મહિલા અનામત બિલના વિલંબિત સૂર સતત સંભળાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. ટાઇમ મેગેઝીન : 100 વૂમન ઑફ ધ યર-2020 જાહેર

- ✓ વર્ષ-1927થી 2020 સુધીની શક્તિશાળી મહિલાઓ અને ટાઈમ પર્સન ઓફ ધ

યરમાં સમાવેલી 11 મહિલાઓ એમ કુલ 100 મહિલાઓને સ્થાન

✓ આ યાદીમાં બે ભારતીય મહિલાઓનો પણ સમાવેશ

ભારતની સ્થિતિ : વૂમન ઓફ ધ યર

✓ ટાઇમ મેગેઝિને પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી અને સ્વતંત્રતા સેનાની રાજકુમારી અમૃત કૌરનો સદીની ૧૦૦ શક્તિશાળી મહિલાઓની યાદીમાં સમાવેશ કર્યો છે.

✓ ટાઇમ મેગેઝિને ૧૯૪૭ના વર્ષ માટે રાજકુમારી અમૃત કૌર અને ઇન્દિરા ગાંધીની ૧૯૭૬ના વર્ષ માટે વુમન ઓફ ધ યર તરીકે પસંદગી કરી છે. તેમના માટે ખાસ કવરપેજ પણ તૈયાર કર્યા છે.

(૧) ઇન્દિરા ગાંધી વિશે

✓ મેગેઝિને ઇન્દિરા ગાંધી વિષે લખ્યું છે કે, "૧૯૭૬માં ઇન્દિરા ગાંધી ઇસ્પેસ ઓફ ઇન્ડિયા હતા તે પછી તેઓ ભારતમાં મહાન સત્તાવાદી બની ગયા.

✓ ૧૯૭૫માં આર્થિક અસ્થિરતા વચ્ચે ઇન્દિરા સરકાર સામે દેખાવો શરૂ થયા હતા અને તેમની ચૂંટણી અમાન્ય જાહેર થયા પછી કટોકટીની જાહેરાત કરી દીધી.

✓ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની પુત્રી જેટલી કઠોર હતી તેટલી જ કરિશ્માથી ભરેલી હતી.

(૨) રાજકુમારી અમૃતકૌર

✓ કેબિનેટમાં સામેલ થનારા પ્રથમ મહિલા

✓ મેગેઝિને અમૃત કૌર વિષે લખ્યું છે કે કપુરથલા રોયલ ફેમિલી સાથે સંબંધ ધરાવતા રાજકુમારી કૌર ૧૯૧૮માં ઓક્સફર્ડમાં અભ્યાસ કર્યા પછી ભારત પાછા ફર્યા હતા અને મહાત્મા ગાંધીના સિદ્ધાંતોના પ્રશંસક બની રહ્યા હતા.

✓ તેમને ધ્યેય ભારતની આઝાદી હતી. તેમણે અનેક સામાજિક મુદ્દા પણ ઉઠાવ્યા હતા.

✓ ખાસ : ૪ માર્ચ નિમિત્તે વિશેષ અંક પ્રસિદ્ધ

✓ ટાઇમ મેગેઝીન - USA

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ : વર્લ્ડ મેરેથોન ચેલેન્જ

✓ યજમાન:- નોવા-એન્ટાર્ટિકા

✓ આદિત્ય રાજ વર્લ્ડ મેરેથોન ચેલેન્જ પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય

✓ વતન : ગુરગાંવ

સ્પર્ધાની વિશેષતા :

✓ 7 દિવસમાં 7 મહાદ્વીપમા 7 મેરેથોનમાં હિસ્સો લેવાનો હોય છે.

✓ **રૂટ:** એન્ટાર્ટિકા, ઓસ્ટ્રેલિયા યુરોપ, એશિયા અને મિયામી (અમેરિકા)



- ✓ કુલ- 32 ખેલાડી (17 પુરુષ + 15 મહિલા)
- ✓ મેરેથોન પૂર્ણ કરવા કુલ સમય 168 કલાક જ્યારે આદિત્યે એ તે 164 કલાકમાં પૂર્ણ કરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વિશ્વ મહિલા દિવસ : આફ્રિકાના રવાન્ડામાં વિશ્વમાં સૌથી વધુ 62 ટકા મહિલા સંસદમાં પ્રતિનિધિત્વ કરે છે

- ✓ રાજધાની– કિંગાલી
- ✓ રવાન્ડા– કૃષિ પ્રધાન દેશ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૩-૨૦૨૦)

1. માર્ચ 2020માં ગુજરાત સરકાર દ્વારા આંગણવાડીના કર્મચારીઓ, તેડાગરની બહેનોના તેમજ મિની આંગણવાડીના બહેનોના વેતનમાં કેટલા રૂપિયાનો વધારો કર્યો- **અનુક્રમે રૂ. 600, રૂ. 300 અને રૂ. 300**
2. રાજ્ય સરકાર દ્વારા વેતન વધારા બાદ હાલમાં આંગણવાડીના કર્મચારીઓ, તેડાગરની બહેનોના તેમજ મિની આંગણવાડીના બહેનોને માસિક કેટલુ વેતન આપવામાં આવે છે- **અનુક્રમે રૂ. 7800/, રૂ.3950/- અને રૂ.4400/-**
3. ગુજરાત સરકાર દ્વારા આંગણવાડીના કાર્યકરોના પગાર વધારાનો અમલ કઈ તારીખથી કરવામાં આવશે- **01 માર્ચ 2019થી**
4. ટાઈમ મેગેઝિન દ્વારા "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'-2020 નિમિત્તે કયો ખાસ અંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે- **100 વુમન ઓફ ધ યર**
5. ટાઇમ મેગેઝીનના "100 વુમન ઓફ ધ યર" માં ભારતની કઈ બે મહિલાઓનો સમાવેશ થાય છે- **રાજકુમારી અમૃત કૌર અને પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી**
6. ટાઇમ મેગેઝીનના "100 વુમન ઓફ ધ યર" અંકમાં ક્યાંથી ક્યાં સુધીની વિશ્વની શક્તિશાળી મહિલાઓનો સમાવેશ કરાયો છે- **વર્ષ 1927 થી 2020**
7. તાજેતરમાં "વર્લ્ડ મેરેથોન ચેલેન્જ-2020" કયા ખંડમાં યોજાઇ- **એન્ટાર્ટિકા**
8. વર્લ્ડ મેરેથોન ચેલેન્જ-2020 સૌપ્રથમ કયા ભારતીય પૂર્ણ કરી- **આદિત્ય રાજ**
9. વર્લ્ડ મેરેથોન ચેલેન્જ-2020 પૂર્ણ કરનાર ભારતીય આદિત્ય રાજનું વતન જણાવો- **ગુરુગાવ**
10. વર્લ્ડ મેરેથોન ચેલેન્જ-2020માં સાત દિવસમાં કેટલા મહાદ્વીપ અને મેરેથોનમાં હિસ્સો લેવાનો હોય છે- **7 અને 7**
11. વિશ્વની એકમાત્ર કયા દેશની સંસદમાં સૌથી વધુ 62 % પ્રતિનિધિ મહિલાઓ છે- **રવાન્ડા**
12. કૃષિ પ્રધાન દેશ રવાન્ડાની રાજધાની જણાવો- **કિંગાલી**
13. ટાઈમ મેગેઝિન કયા દેશમાંથી પ્રસિદ્ધ થાય છે- **અમેરિકા**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 07-03-2020



૧.ગુજરાત સરકાર: મહિલા સશક્તિકરણ

- ✓ હેલ્પ લાઈન નંબર – 1800 233 1111
- ✓ વર્ષ ૨૦૧૯-૨૦માં મહિલા આયોગ અને નારી અદાલતો માટે રૂ.૮૦૪.૪૮ લાખની જોગવાઇ
- ✓ તાલુકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં ૨૭૦ નારી અદાલતો શરૂ
- ✓ નારી અદાલતો દ્વારા ૨૦૦૦થી વધુ કેસોનો નિકાલ
- ✓ મહિલાઓના લગ્નજીવન સબંધિત સમસ્યાઓના કેસો અંગે આયોગમાં ૬૦૦૦થી વધુ કેસોની સુનાવણી
- ✓ મહિલા આયોગ દ્વારા મહિલાઓના લગ્નજીવન તેમજ અન્ય સબંધિત ૨૧૦૦૦થી વધુ અરજીઓનો નિકાલ
- ✓ ૨૮ યુનિવર્સિટી સેમિનારમાં ૨૮૦૦૦થી વધુ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને આપી કાયદાઓની જાણકારી
- ✓ તાલુકા કક્ષાએ ૩૧૮ નારી સંમેલનમાં ૧,૬૦,૦૦૦થી વધારે મહિલાઓએ ભાગ લીધો
- ✓ જિલ્લા કક્ષાએ ૧૨૦ કાયદા શિબિરોમાં પણ ૫૫,૦૦૦ સ્થાનિક સ્વરાજયની ચૂંટાયેલ મહિલા પ્રતિનિધિઓએ ભાગ લીધો
- ✓ આયોગના મહિલા હેલ્પલાઈન નં. ૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧ દ્વારા ૪૦,૦૦૦ મહિલાઓનું કાઉન્સેલીંગ
- ✓ NRI મેરેજ સબંધિત ૨૦૦ કેસોની કાર્યવાહી
- ✓ આયોગના સોશિયલ કાઉન્સિલર દ્વારા ૨૫,૦૦૦ મહિલાઓનું કાઉન્સેલીંગ

શિક્ષણ - મહિલાઓનું શૈક્ષણિક સશકિતકરણ

- ✓ કન્યા કેળવણીની દિશામાં આગેકદમ

વ્હાલી દીકરી યોજના:

- ✓ દીકરીઓનો જન્મદર વધે, ડ્રોપઆઉટ રેશિયો ઘટે તે હેતુથી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૪,૦૦૦, નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૬,૦૦૦ અને ૧૮

વર્ષની ઉમરે ઉચ્ચશિક્ષણ/લગ્નમાં રૂ. ૧,૦૦,૦૦૦ની સહાય આપે છે

બેટી બચાવો બેટી પઢાવોઃ

- ✓ આ સામાજિક અભિયાન દ્વારા દીકરીનો જન્મદર વધે, દીકરીઓમાં માધ્યમિક શિક્ષણનો દર વધે, સ્વાસ્થ્ય અને સુરક્ષા માટેના પરિણામલક્ષી પગલાં

કસ્તુરબા ગાંધી વિદ્યાલયઃ

- ✓ રેસિડેન્શિયલ હોસ્ટેલ કમ સ્કૂલોમાં અભ્યાસ કરતી ૨૨,૦૦૦ કન્યાઓ માટે વિના મૂલ્યે રહેવા તથા ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત

<u>સ્વાથ્ય અને પોષણ</u>

સશકત મહિલા, કુપોષિત ગુજરાત

- ✓ પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાલસખા યોજના, કસ્તૂરબા પોષણ સહાય યોજના, પૂર્ણા યોજના જેવી વિવિધ યોજનાઓ થકી ધાત્રી માતા અને બાળકોને પોષણયુક્ત આહાર મળે અને મહિલાઓ રોગમુક્ત રહે તેના માટે સરકાર ખડે પગે

દૂધ સંજીવની યોજનાઃ

- ✓ આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૩૦ લાખ લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ
- ✓ **૪૦ લાખ શૌચાલય નિર્માણ** કરીને ગુજરાત ODF રાજ્ય જાહેર થયું છે જેનો નારી સન્માન અને નારી સ્વાથ્ય સાથે સીધો નાતો છે.

<u>મહિલા સુરક્ષા</u>

ગુજરાતમાં કાયદાને વ્યવસ્થાનું રાજ સરકારે જીત્યો મહિલાઓનો વિશ્વાસ

૧૮૧ અભયમ્ હેલ્પલાઈનઃ

- ✓ એક કોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર

વન સ્ટોપ સેન્ટર

- ✓ પીડિત મહિલાને એક જ જગ્યાએ (૨૪x૭) મળી રહી છે કાયદાકીય સહાય, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજિક સમસ્યામાં પરામર્શ

મહિલા સુક્ષા સમિતિ

- ✓ મહિલાઓ પર થતા અત્યાચારને રોક્વા રાજય કક્ષાએ ઉપરાંત શહેર/જિલ્લા/ તાલુકા/ગ્રામ્ય કક્ષાએ પણ મહિલા સુરક્ષા સમિતિનું ગઠન

મહિલા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ

- ✓ આત્મ સુરક્ષા માટે મહિલાઓને અપાઈ રહી છે તાલીમ

નારી અદાલત-મહિલા અદાલત

- ✓ ગુજરાત સરકાર દ્વારા ૨૭૦ નારી અદાલતોની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા ૧૮,૦૦૦ કેસનું સમાધાન કરવામાં આવ્યું છે.
- ✓ તેટલું જ નહીં પણ દરેક ગામ, તાલુકા અને શહેરમાં મહિલા સુરક્ષા સમિતિનું ગઠન કરવામાં આવ્યું
- ✓ રાજ્યના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મળી કુલ ૪૧ સ્થળોએ ૧૨૩૮ જંકશનો

ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરા નેટવર્ક, જેનાથી સ્ત્રી સુરક્ષાને વેગ મળી રહ્યો છે

- ✓ એન્ટી સાઈબર બુલિંગ યુનિટની સ્થાપના આપી રહી છે મહિલાઓને સાયબર બુલિંગથી રાહત

<u>રોજગાર-સ્વરોજગાર દ્વારા મહિલાઓનું આર્થિક સશક્તિકરણ</u>

- ✓ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓ જૂથ બનાવી રૂ. 1 લાખ સુધીનું ધિરાણ મેળવે તો તેનું સંપૂર્ણ વ્યાજ રાજ્ય સરકાર ચુકવશે. મહિલાઓને સ્વરોજગાર માટે પ્રોત્સાહન આપતી અદભુત યોજના છે.
- ✓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા આરક્ષણ અને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે આરક્ષિત રાખીને ગુજરાત સરકારે મહિલાઓને સમાન તક આપી છે

<u>મહિલા સશક્તિકરણની ધ્યાનાકર્ષક બાબતો</u>

- ✓ ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૫ લાખ લાભાર્થી વિધવા બહેનોને પ્રતિ માસ સહાય
- ✓ મહિલા સમ્માન જળવાઈ રહે તે ઉદેશથી નવા મંજૂર આવાસની સાથે-સાથે બાથરૂમની સુવિધા ઉભી કરવા માટે લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા ૫૦૦૦ની સહાય
- ✓ અનુસૂચિત જાતિની દીકરીઓને લગ્ન સમયે નાણાકીય સહાય આપતી કુંવરબાઈનું મામેરૂ યોજના
- ✓ વર્ષ ૨૦૨૦-૨૧ના "જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ'' માં મહિલાલક્ષી યોજનાઓ માટે રૂ. ૭૮,૪૧૮ કરોડ ફાળવીને ગુજરાત સરકારએ ઉત્કૃષ્ટ ઉદાહરણ સમાજ સામે રજુ કર્યું છે.

<u>કેન્દ્ર સરકારના મહિલા સશક્તિકરણના પ્રયાસો</u>

- ✓ 1 કરોડ પ્રધાનમંત્રી માતૃવંદના લાભાર્થી
- ✓ 1.5 કરોડ પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થી
- ✓ 8 કરોડ ગેસ કનેક્શન
- ✓ 10 કરોડ પરિવાર આયુષ્યમાન ભારત યોજના લાભાર્થી
- ✓ 11 કરોડ શૌચાલય
- ✓ 15 કરોડ મહિલાઓ મુદ્રા યોજના લાભાર્થી
- ✓ આંગણવાડી તથા આશા કાર્યકરોનાં માનદ વેતનમાં 50 ટકા સુધીનો વધારો
- ✓ માતૃત્વ રજાઓનો સમયગાળો હવે 26 અઠવાડિયાં
- ✓ ગર્ભના ત્રીજાથી છઠ્ઠા મહિના સુધી, દર મહિનાની 9 તારીખે ગર્ભવતીની નિઃશુલ્ક સ્વાસ્થ્ય તપાસ
- ✓ સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ અત્યાર સુધી 1.67 કરોડથી પણ વધુ ખાતાં ખોલવામાં આવ્યાં છે.
- ✓ લઘુમતી વર્ગની 1.92 કરોડ વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ મળી
- ✓ સ્ટેન્ડ-અપ ઈન્ડિયા હેઠળ મહિલાઓને રૂ. 10 લાખથી રૂ. 1 કરોડ સુધીની લોન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ખેલકૂદ – ભારતીય ક્રિકેટર્સ વસીમ જાફરે નિવૃત્તિ જાહેર કરી

- ✓ સિદ્ધિ – રણજી ટ્રોફીના 10 ટાઈટલ પોતાના નામે કર્યાં
- ✓ **ઉપનામ–** સ્થાનિક ક્રિકેટના રનમશીન તરીકે
- ✓ વર્ષ-2009માં બીજી જ ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં ત્રેવડી સદી નોંધાવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. દિન વિશેષ : 7 માર્ચ

જન ઔષધિ દિવસ



- ✓ દેશભરમાં 7મી માર્ચે જન ઔષધિ દિવસની ઊજવણી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દારા શિકોહ : કેન્દ્ર સરકાર દ્વારા શિકોહની કબર શોધવા માટે ટી.જે. અલોનની અધ્યક્ષતામાં 7 સભ્યોની કમિટીની રચના (ઈતિહાસ)

- ✓ **કબરનું સ્થાન–** નવી દિલ્હીમાં આવેલા હુમાયુના મકબરાની પાછળ સ્થિત કબરોમાં



વિગત

- ✓ ગીતા અને 52 ઉપનિષદનો પહેલી વાર સંસ્કૃતમાંથી ફારસીમાં અનુવાદ કરીને પૂરી દુનિયાને ભારતીય સનાતન સંસ્કૃતિથી વાકેફ કરાવનારા દારા શિકોહની કબર ક્યાં છે તે તેમના મોતના 360 વર્ષ પછી પણ રહસ્ય જ છે.
- ✓ આ સવાલનો જવાબ શોધવા માટે નિષ્ણાતોની સમિતિ રચાઈ છે.
- ✓ ભાઇ ઔરંગઝેબે દારાનું માથું વાઢીને આગરાના કિલ્લામાં લટકાવી દીધું હતું
- ✓ દારા શિકોહ મુગલ બાદશાહ શાહજહાં બાદ દિલ્હીની ગાદીનો ઉત્તરાધિકારી હતો.
- ✓ તેના પર કટ્ટરપંથીઓએ બુતપરસ્ત મૂર્તિપૂજક હોવાનો આરોપ મૂક્યો.
- ✓ તેનો ફાયદો ઉઠાવી ઔરંગઝેબે વિદ્રોહ કર્યો અને પોતે બાદશાહ બની ગયો.
- ✓ 1659ની 30 ઓગસ્ટે દિલ્હીમાં દારા શિકોહને મોતની સજા અપાઈ.
- ✓ તેનું માથું વાઢીને આગરા લઈ જવાયું અને ધડ દિલ્હીમાં હુમાયૂના મકબરાના - પરિસરમાં દફનાવાયું હતું.

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે સમિતિ રચી છે

✓ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે દારા શિકોહની કબર શોધવા ટી. જે. અલોનની અધ્યક્ષતામાં નિષ્ણાતોની 7 સભ્યની સમિતિ રચી છે.

1. કે. કે. મુહમ્મદ
2. ASIના પૂર્વ ડાયરેક્ટર જનરલ આર. એસ. બિષ્ટ
3. બી. આર. મણિ
4. કે. એન. દીક્ષિત
5. બી. એમ. પાંડેય
6. અશ્વિની અગ્રવાલ અને
7. સૈયદ જમાલ હસન.

કબર શોધીને તેની જાળવણી કરીશું

✓ દારા શિકોહની કબર કઈ છે તે અંગે હાલ કોઇ માહિતી નથી. કબર શોધવા માટે નિષ્ણાતોની સમિતિ રચાઈ છે.

✓ આ સમિતિ જ જણાવશે કે કેવી રીતે દારા શિકોહની કબર શોધીને તેની જાળવણી કરી શકાય છે ?

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ડાયરેક્ટર (સ્મારક) - ટી. જે. અલોન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૩-૨૦૨૦)

1. ગુજરાતમાં તાલુકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં કેટલી નારી અદાલતો દ્વારા કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યા છે – **૨૭૦ અને ૨૦૦૦થી વધુ કેસ**
2. ગુજરાત મહિલા આયોગનો હેલ્પલાઈન નંબર જણાવો - **૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧**
3. ગુજરાત સરકારની કઈ યોજના હેઠળ રેસિડેન્શિયલ હોસ્ટેલ કમ સ્કૂલોમાં અભ્યાસ કરતી ૨૨,૦૦૦ કન્યાઓ માટે વિના મૂલ્યે રહેવા તથા ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ છે - **કસ્તુરબા ગાંધી વિદ્યાલય**
4. ગુજરાત સરકારની દૂધ સંજીવની યોજના હેઠળ આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત કેટલા લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ અપાઈ છે - **અંદાજિત ૩૦ લાખ**
5. કેટલા શૌચાલય નિર્માણ કરીને ગુજરાત ODF રાજ્ય જાહેર થયું છે - **૪૦ લાખ**
6. ગુજરાતમાં સ્ત્રી સુરક્ષાને વેગ આપવા રાજયના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મળી કુલ કેટલા સ્થળોના કેટલા જંકશનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરા નેટવર્ક સ્થાપવામાં આવ્યું છે – **૪૧ અને ૧૨૩૮**
7. ગુજરાતમાં કઈ યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓ જૂથ બનાવી રૂ. 1 લાખ સુધીનું ધિરાણ મેળવે તો તેનું સંપૂર્ણ વ્યાજ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે - **મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના**
8. ગુજરાતમાં કઈ યોજના હેઠળ અંદાજિત ૫ લાખ લાભાર્થી વિધવા બહેનોને પ્રતિ માસ સહાય ચૂકવવામાં આવે છે - **ગંગા સ્વરૂપ આર્થિક સહાય**
9. ગુજરાતમાં અનુસૂચિત જાતિની દીકરીઓને લગ્ન સમયે નાણાકીય સહાય આપવા માટે કઈ યોજના કાર્યરત છે - **કુંવરબાઈનું મામેરૂ યોજના**
10. કેન્દ્ર સરકાર દ્વારા મહિલા સશક્તિકરણના પ્રયાસો હેઠળ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે - **1 કરોડ**
11. કેન્દ્ર સરકાર દ્વારા મહિલા સશક્તિકરણના પ્રયાસો હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને લાભ અપવામાં આવ્યો છે - **1.5 કરોડ**
12. માર્ચ-૨૦૨૦માં કયા ભારતીય ક્રિકેટર્સે નિવૃત્તિ જાહેર કરી - **વસીમ જાફર**
13. ભારતીય ક્રિકેટર વસીમ જાફરે રણજી ટ્રોફીના કેટલા ટાઈટલ પોતાના નામે કર્યાં છે – **૧૦**
14. ક્યા ભારતીય ક્રિકેટરને સ્થાનિક ક્રિકેટના રનમશીન તરીકે ઓળખવામાં આવે છે - **વસીમ જાફર**
15. ક્યા ભારતીય ક્રિકેટરે વર્ષ-2009માં બીજી જ ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં ત્રેવડી સદી નોંધાવી હતી-**વસીમ જાફર**

16. દેશભરમાં 7મી માર્ચે કયા દિવસની ઊજવણી કરવામાં આવે છે - **જન ઔષધિ**
17. કેન્દ્ર સરકાર દ્વારા દારા શિકોહની કબર શોધવા માટે કોની અધ્યક્ષતામાં 7 સભ્યોની કમિટીની રચના કરવામાં આવી - **ટી.જે. અલોન**
18. ગીતા અને 52 ઉપનિષદનો પહેલીવાર સંસ્કૃતમાંથી ફારસીમાં અનુવાદ કરીને વિશ્વને ભારતીય સનાતન સંસ્કૃતિથી વાકેફ કરાવનાર મુગલ બાદશાહનું નામ જણાવો - **દારા શિકોહ**
19. દિલ્હીમાં દારા શિકોહને કયારે મોતની સજા આપવામાં આવી હતી – **30મી ઓગસ્ટ-1659**
20. કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા દારા શિકોહની કબર શોધવા માટે જે ટી.જે. અલોનની અધ્યક્ષતામાં 7 સભ્યોની કમિટીની રચના કરવામાં આવી - **કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય**
21. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે દારા શિકોહની કબર શોધવા ટી. જે. અલોનની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી તેના સભ્યોના નામ જણાવો – **(૧) કે. કે. મુહમ્મદ, (૨) બી. આર. મણિ, (૩) કે. એન. દીક્ષિત, (૪) બી. એમ. પાંડેય, (૫) અશ્વિની અગ્રવાલ અને (૬) સૈયદ જમાલ હસન**
22. વર્તમાન ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના ડાયરેક્ટરનું નામ જણાવો - **ટી. જે. અલોન**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 08-03-2020



૧. વિશ્વ મહિલા દિવસ : ૮ માર્ચ કેન્દ્ર સરકાર દ્વારા દેશની મહિલાઓના સ્વપ્ન સાકાર કરવા પ્રયાસોની એક ઝલક



- ✓ થીમ-2020 : I am Generation Equality: Realizing Women's Rights.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

વિશ્વ મહિલા દિવસ નિમિતે વડાપ્રધાનશ્રી દ્વારા આ 7 મહિલાઓને પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ સોંપ્યું હતુ. જેમને વડાપ્રધાનના એકાઉન્ટ પરથી પોતાની સફળ કહાની રજૂ કરી



1. માલવિકા અૈયર

13 વર્ષની હતી ત્યારે એક બોમ્બ બ્લાસ્ટમાં બન્ને હાથ ગુમાવવા પડ્યા. હિંમત ન હારી. શિક્ષણને સૌથી મોટું હથિયાર બનાવ્યું.



2. વિજયા પવાર

ગામડાંમાં વણઝારા હસ્તકળા જીવંત રાખવા સક્રિય છે. 682 મહિલાને ટ્રેનિંગ આપી. મહિલાઓને સશક્ત બનાવે છે.



3. સ્નેહા મોહનદાસ

2015માં ફૂડબેંક ઇન્ડિયા શરૂ કરી હતી. સ્નેહા ઇચ્છે છે કે દેશમાં કોઈ ભૂખ્યું ન રહે. ઝુંબેશ સાથે સેંકડો લોકો જોડાયા છે.



4. કલાવતીદેવી

લોકોને શૌચાલય માટે જાગૃત કર્યા અને ભીખ માગીને રૂપિયા ભેગા કરી 55 શૌચાલય બંધાવી આપ્યા હતા.



5. **વીણાદેવી**

ઘરમાં જ મશરૂમની ખેતી કરી સક્ષમ બની રહ્યા છે તથા અન્ય મહિલાઓને પણ આર્થિક રીતે મજબૂત બનાવી રહ્યા છે.



6. કલ્પના રમેશ

આર્કિટેક્ટર તરીકે એવા ઘર બનાવ્યા જ્યાં પાણીનું ટીપુંય ન વેડફાય. લોકોને રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે જાગૃત કર્યા.



7. **આરિફા જાન**

28 મહિલાનું એક જૂથ બનાવી કાશ્મીરની ટ્રેડિશનલ પશ્મીના શાલ, જાજમ તથા અન્ય ક્રાફ્ટ બનાવવાનું શરૂ કર્યું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.નારી શક્તિ એવોર્ડ : ૪ માર્ચ નિમિતે ભારતની 15 મહિલાઓનું નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે એવોર્ડ આપી સન્માન



એવોર્ડ વિજેતા મહિલાઓ અને વિશેષતા

1. પદલા ભૂદેવી
2. વીણા દેવી – મશરૂમ મહિલા
3. આરિફા જાન – હસ્તકલા
4. ચામી મુર્મુ – લેડી ટાર્ઝન - પર્યાવરણ
5. નિલ્ઝા વાંગ્મો – લદ્દાખ
6. રશ્મિ ઉર્ધ્વાદીશી
7. માન કૌર – દોડવીર-ચંદીગઢનો ચમત્કાર
8. કલાવતી દેવી – લેડી મેગન (શૌચાલય)
9. તાશી અને નુન્ગાશી મલિક
10. કૌશિકી ચક્રવતી
11. અવની ચતુર્વેદી – પાઈલોટ-IAF
12. ભાવના કંઠ – પાઈલોટ-IAF
13. મોહનાસિંહ જિતરવાલ – પાઈલોટ-IAF
14. ભાગીરથી અમ્મા (105)
15. કાર્થ્યાયિની અમ્મા (૯૪) – કેરળ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ – ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020



✓ વિજેતા–ઓસ્ટ્રેલિયા (કુલ પાંચમીવાર વિજેતા)

✓ ઉપવિજેતા – ભારત

✓ યજમાન – મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)

✓ ઓસ્ટ્રેલિયન કેપ્ટન – મેગે લેનિંગ
✓ કેપ્ટન લેનિંગનું આ ત્રીજુ T-20 ટાઇટલ
✓ ભારતીય કેપ્ટન – હરમિનપ્રિત કૌર
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નવો પક્ષ : અપની પાર્ટી

✓ સ્થળ – કાશ્મીર
✓ સ્થાપક – અલ્તાફ બુખારી



વિગત -

✓ જમ્મુ-કાશ્મીરના પૂર્વ નેતા અને રાજ્યના પૂર્વ નાણામંત્રી અલ્તાફ બુખારીએ નવી પાર્ટીની જાહેરાત કરી.
✓ જમ્મુ-કાશ્મીર અપની પાર્ટી (જેકેએપી) નામે આ પાર્ટીમાં કોંગ્રેસ, પીડીપી સહિત અન્ય પક્ષોના 30 નેતા જોડાયા છે.
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. હોલિકા દહન – ઉત્સવ



✓ હોળી દહનમાં પંચગવ્ય – ગુગળ, ગાયનું ઘી, લીમડાના પાન, સરસવ અને કપૂરની આહૂતિ આપી વાતાવરણને જંતુમુક્ત બનાવવા નાગરિકોને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની અપીલ
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૩-૨૦૨૦)

1. પ્રતિ વર્ષ વિશ્વ મહિલા દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - **૪ માર્ચ**
2. વિશ્વ મહિલા દિવસ-2020ની થીમ જણાવો - **I am Generation Equality: Realizing Women's Rights**
3. વિશ્વ મહિલા દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કેટલી મહિલાઓને પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ સોંપ્યું હતુ. જેમણે વડાપ્રધાનના એકાઉન્ટ પરથી પોતાની સફળ કહાની રજૂ કરી હતી - **૭ મહિલા**
4. વિશ્વ મહિલા દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા જે સાત મહિલાઓને પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ સોંપ્યું હતુ તે મહિલાઓના નામ જણાવો – **(૧) માલવિકા ઐયર, (૨) વિજયા પવાર, (૩) સ્નેહા મોહનદાસ, (૪) કલાવતીદેવી, (૫) વીણાદેવી, (૬) કલ્પના રમેશ અને (૭) આરિફા જાન**
5. કઈ મહિલાએ 13 વર્ષની ઉંમરે એક બોમ્બ બ્લાસ્ટમાં બન્ને હાથ ગુમાવ્યા બાદ પણ શિક્ષણને સૌથી મોટું હથિયાર બનાવ્યું હતુ - **માલવિકા ઐયર**
6. કઈ મહિલાએ ગામડાંમાં વણઝારા હસ્તકળા જીવંત રાખવા 682 મહિલાને ટ્રેનિંગ આપી મહિલાઓને સશક્ત બનાવી હતી -**વિજયા પવાર**
7. કઈ મહિલાએ દેશમાં કોઈ ભૂખ્યું ન રહે તે હેતુથી વર્ષ-2015માં ફૂડબેંક ઇન્ડિયા શરૂ કરી હતી-**સ્નેહા મોહનદાસ**
8. કઈ મહિલાઓએ ભીખ માગીને રૂપિયા ભેગા કરી 55 શૌચાલય બંધાવી લોકોને શૌચાલય માટે જાગૃત કર્યા - **કલાવતીદેવી**

9. કઈ મહિલાએ લોકોને રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે જાગૃત કર્યા તથા આર્કિટેક્ટર તરીકે એવા ઘર બનાવ્યા જ્યાં પાણીનું ટીપુંય ન વેડફાય - **કલ્પના રમેશ**
10. કઈ મહિલાએ 28 મહિલાનું એક જૂથ બનાવી કાશ્મીરની ટ્રેડિશનલ પશ્મીના શાલ, જાજમ તથા અન્ય ક્રાફ્ટ બનાવવાનું શરૂ કર્યું - **આરિફા જાન**
11. 8 માર્ચ નિમિતે ભારતની 15 મહિલાઓને નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે કયો એવોર્ડ આપી સન્માનિત કરાઈ - **નારી શક્તિ એવોર્ડ**
12. ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020ના વિજેતા દેશનું નામ જણાવો - **ઓસ્ટ્રેલિયા (કુલ પાંચમીવાર વિજેતા)**
13. ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020ના ઉપવિજેતા દેશનું નામ જણાવો – **ભારત**
14. ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020નું આયોજન કયાં કરવામાં આવ્યું હતુ – **મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)**
15. ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020 ટાઈટલ વિજેતા ઓસ્ટ્રેલિયન કેપ્ટનનું નામ જણાવો – **મેગ લેનિંગ**
16. તાજેતર માર્ચ-2020માં કાશ્મીરમાં કયા નવા પક્ષની રચના કરવામાં આવી - **જમ્મુ-કાશ્મીર અપની પાર્ટી**
17. તાજેતર માર્ચ-2020માં કાશ્મીરમાં રચાયેલા નવા પક્ષ જમ્મુ-કાશ્મીર અપની પાર્ટીના સ્થાપકનું નામ જણાવો - **અલ્તાફ બુખારી**
18. તાજેતર માર્ચ-2020માં જમ્મુ-કાશ્મીર અપની પાર્ટી (જેકેએપી)માં કોંગ્રેસ, પીડીપી સહિત અન્ય પક્ષોના કેટલા નેતા જોડાયા - **30**
19. તાજેતરમાં હોળી દહનમાં પંચગવ્ય– ગુગળ, ગાયનું ઘી, લીમડાના પાન, સરસવ અને કપૂરની આહૂતિ આપી વાતાવરણને જંતુમુક્ત બનાવવા કોના દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી હતી - **મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 09-03-2020



૧. ફ્લાઈંગ કાર ઉત્પાદન (વિદેશી રોકાણ)

ગુજરાત સરકાર અને નેધરલેન્ડ PAL-V કંપની વચ્ચે ગુજરાતમાં ફ્લાઈંગ કાર ઉત્પાદન માટે પ્રોજેક્ટ શરૂ કરવા સમજૂતિ કરાર



કરાર અંગેની વિગતો

- ✓ વર્ષ-2021ની મધ્યમાં ફ્લાઈંગ કારનું કોમર્શિયલ ઉત્પાદન શરૂ કરવાનું આયોજન : કલાકના 160 કિલોમીટરની ઝડપ રહેશે.
- ✓ સૌપ્રથમ આવો પ્રોજેક્ટ શરૂ કરવા PAL-Vએ ગુજરાત પર પસંદગી ઉતારી છે એમ કંપનીના ઈન્ટરનેશનલ બિઝનેસ ડેવલપમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ કાલો માસબોમીલે જણાવ્યું હતું.
- ✓ ગુજરાતમાં શરૂ થનારા તેમના ફ્લાઈંગ કાર ઉત્પાદન પ્લાન્ટમાંથી આવનારા દિવસોમાં યુરોપ, યુએસ અને વિશ્વના અન્ય દેશોમાં ફ્લાઈંગ કાર નિકાસ કરવા તેઓ તત્પર છે.
- ✓ આગામી વર્ષ-૨૦૨૧ના મધ્યમમાં ગુજરાતમાં ઉત્પાદન થનારી આ ફ્લાઈંગ કાર્સનું કોમર્શિયલ લોચિંગ કરવાના આયોજન સાથે તેઓ આગળ વધી રહ્યા છે. યુરોપ અને યુએસમાંથી આવી ૧૧૦ કારના ઓર્ડર્સ તેમને મળી ચૂક્યા છે.

આ ફ્લાઈંગ કારની વિશેષતા શું છે ?

- ✓ આ કારની ખાસિયત એ છે કે, માત્ર ત્રણ મિનીટમાં જ તે રોડ પર દોડીને ટેકઓફ કરી લેશે.
- ✓ ફ્લાઈંગ કારમાં નાના એરક્રાફ્ટ-પ્લેનમાં હોય છે તેવા રોટેક્ષ એન્જિનનો ઉપયોગ કરાશે. જયારે ફ્લાઇંગ કાર જમીન પર લેન્ડ કરશે ત્યારે એક એન્જિન કાર્યરત રહેશે.
- ✓ તે વખતે ફ્લાઈંગ કારની ઝડપ પ્રતિ કલાક ૧૬૦ કીમી હશે. જયારે હવામાં

ફલાઇંગ કારના બંને એન્જિન કાર્યરત હશે જેથી પ્રતિ કલાક ૧૮૦ કિમીની ઝડપથી ઉડશે.

- ✓ ફલાઇંગ કારની એક વાર ટેન્ક ફુલ કરી ૫૦૦ કિમી સુધીની આકાશી સફર કરી શકાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અફઘાનિસ્તાન (વૈશ્વિક રાજકારણ)

અશરફ ગનીના બીજીવાર રાષ્ટ્રપતિ તરીકે શપથ



- ✓ રાજધાની – કાબૂલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. લિસિપ્રિયા કંગુજમ : 9 વર્ષિય એન્વાયરમેન્ટ એક્ટિવિસ્ટ

- ✓ રાજ્ય – મણિપુર



કેમ ચર્ચામાં છે ?

- ✓ મણિપુરની લિસિપ્રિયા કંગુજમ સાત વર્ષની હતી ત્યારથી પર્યાવરણ માટે દેખાવો કરતી આવી છે, દુનિયાના ૨૧ દેશોમાં તેણીએ ક્લાઇમેટ ચેન્જ માટેનાં સંમેલનોમાં હાજર રહી વક્તવ્ય આપ્યાં છે.
- ✓ આજે તે દુનિયાની સૌથી ઓછી ઉંમરની એન્વાયર્નમેન્ટ એક્ટિવિસ્ટ તરીકે જાણીતી બની છે.
- ✓ વુમન્સ ડેના દિવસે પીએમ મોદીએ પોતાના સોશિયલ એકાઉન્ટ્સ દેશભરની સાત પ્રેરણાદાયી મહિલાઓને સોંપ્યાં હતાં, પરંતુ તેમાંથી એક ૯ વર્ષની લિસિપ્રિયા કંગુજમે એવું કહીને પીએમ મોદીનું આ સન્માન સ્વીકારવાની ના પાડી કે તમે મારો અવાજ સાંભળતા નથી એટલે હું સન્માનનો અસ્વીકાર કરું છું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સોલાર રૂફટોપ યોજના– સિદ્ધિ (ઊર્જા)

દેશના સોલાર રૂફટોપના 64 ટકા પ્લાન્ટ ગુજરાતમાં કાર્યરત



- ✓ રાજ્યમાં અંદાજે 50,915 પ્લાન્ટ સ્થપાયા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. શસ્ત્ર આયાત અંગે સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો વાર્ષિક અહેવાલ (સંરક્ષણ)

શસ્ત્રોની આયાતના મામલે વર્ષ-2015-2019 વચ્ચે વિશ્વમાં સાઉદી અરેબિયા બાદ ભારત બીજા ક્રમે

✓ ભારતે સૌથી વધુ શસ્ત્રો રશિયા પાસેથી ખરીદ્યા હતા.

✓ જો કે આયાત ૭૨ ટકાથી ઘટી ૫૬ ટકા થઈ : પાકિસ્તાનનો ક્રમ ૧૧મો

✓ સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે આજે જારી કરેલા વાર્ષિક અહેવાલમાં પાંચ વર્ષમાં શસ્ત્રોના સૌથી મોટા પાંચ ખરીદદાર દેશો

1. સાઉદી એરેબિયા
2. ભારત
3. ઈજીપ્ત
4. ઓસ્ટ્રેલિયા
5. ચાઇના.

✓ આ તમામ દેશો ભેગા મળીને જે શસ્ત્રોની ખરીદી કરે છે તે શસ્ત્રોની કુલ આયાતનો ૩૬ ટકા થાય છે.

✓ વિશ્વના સૌથી વધુ શસ્ત્રોની નિકાસ કરનાર દેશોમાં ભારતનું સ્થાન ૨૫મું હતું. ભારતે મ્યાંમાર, શ્રીલંકા અને મોરિશિયસને શસ્ત્રો વેચ્યા હતા.

✓ અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે પાંચ વર્ષ દરમિયાન ભારતની શસ્ત્રોની આયાત અમેરિકા અને રશિયામાંથી ઘટી હતી.

✓ રશિયાની શસ્ત્રોની કુલ નિકાસમાં ભારતનો હિસ્સો ૨૫ ટકા હતો.

✓ વર્ષ ૨૦૧૪થી ૨૦૨૦ વચ્ચે ભારતને શસ્ત્રો સપ્લાય કરનાર રશિયા સૌથી મોટો દેશ હતો, પરંતુ ભારતને કરાતી કુલ નિકાસમાં ૭૨ ટકાથી ઘટીને ૫૬ ટકાની નિકાસ થઈ ગઈ હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૩-૨૦૨૦)

1. તાજેતર માર્ચ-2020માં ગુજરાત સરકાર અને કયા દેશ વચ્ચે ફ્લાઇંગ કાર ઉત્પાદન માટે પ્રોજેક્ટ શરૂ કરવા સમજૂતિ કરાર કરવામાં આવ્યો - **નેધરલેન્ડ**
2. તાજેતર માર્ચ-2020માં ગુજરાત સરકાર અને નેધરલેન્ડની કઈ કંપની વચ્ચે ગુજરાતમાં ફ્લાઇંગ કાર ઉત્પાદન માટે પ્રોજેક્ટ શરૂ કરવા સમજૂતિ કરાર કરાયો - **PAL-V**
3. તાજેતર માર્ચ-2020માં ગુજરાત સરકાર અને નેધરલેન્ડની PAL-V કંપની વચ્ચે ગુજરાતમાં ફ્લાઇંગ કાર ઉત્પાદન માટે થયેલા સમજૂતિ કરાર અનુસાર કંપની દ્વારા કયા વર્ષ સુધીમાં કારનું કોમર્શિયલ ઉત્પાદન શરૂ કરવાનું આયોજન છે – **વર્ષ-2021**
4. ગુજરાતમાં શરૂ થનારા ફ્લાઇંગ કાર ઉત્પાદન પ્લાન્ટમાંથી ભવિષ્યમાં કયા દેશોમાં કારની નિકાસ કરવાનું લક્ષ્યાંક છે – **યુરોપ અને યુએસ**
5. ફ્લાઇંગ કારની એક વાર ટેન્ક ફુલ કરવાથી કેટલા કિલોમીટર સુધીની આકાશી સફર કરી શકાશે - **500**
6. તાજેતર માર્ચ-2020માં કોણે બીજીવાર અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા - **અશરફ ગની**
7. અફઘાનિસ્તાનની રાજધાનીનું નામ જણાવો - **કાબૂલ**

8. વિશ્વની સૌથી ઓછી ઉંમરની એન્વાયર્નમેન્ટ એક્ટિવિસ્ટનું નામ જણાવો-**લિસિપ્રિયા કંગુજમ(9 વર્ષ)**
9. વિશ્વની સૌથી ઓછી ઉંમરની એન્વાયર્નમેન્ટ એક્ટિવિસ્ટ લિસિપ્રિયા કંગુજમનું વતન જણાવો - **મણિપુર**
10. તાજેતર માર્ચ-2020માં મણિપુરની 9 વર્ષિય એન્વાયરમેન્ટ એક્ટિવિસ્ટ, લિસિપ્રિયા કંગુજમ કયા કારણે ચર્ચામાં હતી - **લિસિપ્રિયાએ વડાપ્રધાન મોદી તેમનો અવાજ સાંભળતા ન હોવાનું કારણ આપી મહિલા દિવસ નિમિતે સન્માનનો અસ્વીકાર કર્યો હતો**
11. દેશના સોલાર રૂફટોપના કેટલા ટકા પ્લાન્ટ ગુજરાતમાં કાર્યરત છે - **64 ટકા**
12. ગુજરાતમાં માર્ચ-2020ની સ્થિતિએ કેટલા સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થપાયા - **અંદાજે 50,915**
13. તાજેતરના સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના અહેવાલ અનુસાર ભારત શસ્ત્રોની આયાતના મામલે વર્ષ-2015-2019 વચ્ચે વિશ્વમાં કેટલામાં ક્રમે હતુ - **બીજા ક્રમે**
14. તાજેતરના સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના અહેવાલ અનુસાર શસ્ત્રોની આયાતના મામલે વર્ષ-2015-2019 વચ્ચે વિશ્વનો કયો દેશ પ્રથમ ક્રમે હતો - **સાઉદી અરેબિયા**
15. ભારતે માર્ચ-2020ની સ્થિતિએ સૌથી વધુ શસ્ત્રો કયા દેશ પાસેથી ખરીદ્યા હતા – **રશિયા**
16. વિશ્વના સૌથી વધુ શસ્ત્રોની નિકાસ કરનારા દેશોમાં ભારતનું સ્થાન જણાવો – **૨૫મુ**
17. ભારત કયા કયા દેશોમાં શસ્ત્રોની નિકાસ કરે છે – **મ્યાંનમાર, શ્રીલંકા અને મોરેશિયસ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 10-03-2020



૧. ગુજરાત પોલીસ દ્વારા નવા મેડલની જાહેરાત : પ્રશંસા મેડલ - "DGP's Commendation Disc" (સુરક્ષા)



વિગત

- ✓ ગુજરાત પોલીસના તમામ સંવર્ગના પોલીસ અધિકારીશ્રીઓને તેઓની સરાહનીય/પ્રશંસનીય કામગીરી બદલ "DGP's Commendation Disc (ડી.જી.પી.શ્રી દ્વારા પ્રશંસા મેડલ) એનાયત કરાશે

પસંદગીની પ્રક્રિયા –

- ✓ નિયત કરેલ માપદંડ આધારે શહેર/જિલ્લા, એ.ટી.એસ., કોસ્ટલ સીકયુરીટી, સી.આઇ.ડી., આઇ.બી., સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, હથિયારી એકમો, ટેકનિકલ સર્વીસ અને એસ.સી.આર.બી., તાલીમ વિભાગ, એસ.ટી.બી. વિભાગના મળી કુલ-૧૧૦ યોગ્યતા ધરાવતા તમામ સંવર્ગના પોલીસ અધિકારીશ્રીઓને “DGP's Commendation Disc” મેડલ એનાયત કરાશે
- ✓ નિયત કરેલ કમિટિ નકકી કરેલ માપદંડ મુજબ યોગ્યતા ધરાવતા પોલીસ અધિકારીશ્રીઓને પ્રથમવાર માટે એપ્રિલ-૨૦૨૦માં ડી.જી.પી. શ્રી શિવાનંદ ઝાના હસ્તે આ પ્રશંસા મેડલ એનાયત કરાશે.

હેતુ –

- ✓ પોલીસ ફોર્સનું મનોબળ મજબૂત બને તથા વધુ કાર્યક્ષમ રીતે પોલીસ વિભાગની તમામ શાખા યુનિટમાં દરેક સંવર્ગના પોલીસ અધિકારી પોતાની ફરજ બજાવે, તેવી ઉચ્ચ ભાવના સાથે આ પ્રસંશા મેડલ એનાયત કરનાર સમગ્ર દેશમાં ગુજરાત ૭મું રાજય બનશે.

- ✓ આ પ્રમાણે D.G.P & HoPF મારફતે પેરા મીલ્ટી ફોર્સ તથા અન્ય ૬ રાજયોમાં “DGP's Commendation Disc” એનાયત કરવામાં આવે છે.
- ✓ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી - શ્રી શિવાનંદ ઝા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ઉત્સવ - ધૂળેટીની ઉજવણી (સંસ્કૃતિ)



- ✓ ગુજરાત સહિત દેશના વિવિધ રાજયમાં ફાગણ વદ એકમના દિવસે ધૂળેટીની ઉત્સાહભેર ઊજવણી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સી.એમ. ડેશ બોર્ડ – ગુજરાત સરકાર

- ✓ ગુજરાત સરકારની ગુડ ગવર્નન્સની દિશામાં સી.એમ. ડેશબોર્ડ અંતર્ગત વિકસાવેલ ‘રિઅલ ટાઇમ પર્ફોમન્સ સિસ્ટમ’.
- ✓ હેતુ- રાજ્યના તમામ વિભાગોને એક જ પ્લેટફોર્મ પર આવરી લેવાનો

સ્થાન–મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાન, ગાંધીનગર

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નવતર પહેલ - Papar box Authentication & Tracing Application : ગુજરાત સરકાર (શિક્ષણ)

ઉપયોગ –

- ✓ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા દરમિયાન પ્રશ્નપત્રોની ગોપનીયતા અને વર્ગખંડોમાં સીલબંધ કવર પહોચ્યા છે કે નહી તેની માહિતી મોબાઈલ દ્વારા મળશે
- ✓ આ માટે Papar box Authentication & Tracing Application (PATA) એપ્લિકેશન ગાંધીનગર ખાતેથી શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની હાજરીમાં લોન્ચિંગ

ફાયદા અને કાર્ય પદ્ધતિ –

- ✓ આ એપ્લીકેશનના કારણે બોર્ડની જાહેર પરિક્ષાના પ્રશ્નપત્રોના સીલબંધ બોક્ષ પહોચ્યાનો સમય અને પરીક્ષા સ્થળની માહિતી મોબાઈલ એપ દ્વારા સ્થળ પર જ મળશે.
- ✓ ફોટોગ્રાફસના આધારે પ્રશ્નપત્રોના બોક્ષ કેટલા વાગ્યે પરીક્ષા સમયે પહોચ્યા, પરીક્ષા કેન્દ્રના કયા લોકેશન પર રાખવામાં આવ્યા, પ્રશ્નપત્રોના બોક્ષ પરીક્ષા કેન્દ્રો પર સીલબંધ રીતે પહોચ્યા છે કે નહી, પ્રશનપત્રોના બોક્ષ સીલબંધ અને સમયસર મળ્યા છે કે નહીં, ઉપરાંત પરીક્ષા પૂર્ણ થયા બાદ હાજર પરિક્ષાર્થીઓની લખાયેલ જવાબવહીઓ

સીલબંધ કરવામાં તેમજ કયા સમયે મુકાયેલ છે તે પણ જાણી શકાશે.

- ✓ શિક્ષણ મંત્રી - શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

પ.જન્મ દિન વિશેષ : ૧૦ માર્ચ

પરંપરાભંજક ચિત્રકાર : ભૂપેન ખખ્ખર



જન્મ - ૧૦ માર્ચ-૧૯૩૪

અવસાન – ૮ ઓગષ્ટ-૨૦૦૩

- ✓ આજે તારીખ ૧૦ માર્ચના રોજ માધવરાવ સિંધિયા, અસગરઅલી એન્જીનીયર, રશિયાનો રાજા ઝાર એલેકઝાંડર ત્રીજો અને ભારતીય કળા જગતના મોટા ગજાના ચિત્રકાર ભૂપેન ખખ્ખરનો જન્મદિવસ છે.
- ✓ મુંબઈમાં પરમ્પરાગત કલાકાર કુટુંબમાં જન્મેલા ખખ્ખર પરિવારમાં સૌથી મોટા સંતાન હતા. ચાર વર્ષની ઉમરે પિતાનું અવસાન થયું.
- ✓ ભૂપેન ખખ્ખર મુંબઈ યુનિ.થી અર્થશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્ર ઉપરાંત વાણીજ્યમાં પણ સ્નાતક થયા હતા.
- ✓ તેઓએ સ્વપ્રશિક્ષિત કલાકાર તરીકે બહુ મોડી કારકિર્દી શરુ કરી હતી. તેમની શરૂની કારકિર્દી ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે રહી હતી.
- ✓ વડોદરાની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસમાં જોડાયા ૧૯૬૫થી સોલો ચિત્ર પ્રદર્શનો અને પછી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શનો શરુ કર્યા હતા તેમના ચિત્ર પ્રદર્શનો લંડન, બર્લિન, ટોકિયો વગેરે સ્થળોએ યોજાયા હતા.
- ✓ ભૂપેન ખખ્ખરના ચિત્રોમાં ભારતીય મીથકો અને મિથકીય વિષયવસ્તુવાળા ચિત્રોનું પ્રાધાન્ય છે. તેમના ચિત્રો વર્ણાત્મક અને જીવન ચરિત્રાત્મક પણ રહ્યા છે.
- ✓ કલાના માધ્યમથી ભૂપેન ખખ્ખરે સજાતીયતાને પણ આબેહુબ રીતે રજુ કરી.
- ✓ ભૂપેન ખખ્ખરની કલાસાધનાનું દિ રોયલ પેલેસ ઓફ આમ્સટરડેમમાં એવોર્ડ, સ્ટાર ફાઉન્ડેશનની ફેલોશીપ અને પદ્મશ્રી વગેરે દ્વારા થયું છે. તેમના જીવન પર એકાધિક પુસ્તકો લખાયા છે .
- ✓ અંગ્રેજી વિષે અભ્યાસ ન હોવા છતાં આંતરરાષ્ટ્રીય ખ્યાતીપ્રાપ્ત આ ચિત્રકારનું ૮ ઓગસ્ટ ૨૦૦૩ના રોજ અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડ મી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૩-૨૦૨૦)

1. ગુજરાતમાં ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષાના પ્રશ્નપત્રોના ક્લાસરૂમ સુધીના સર્વેલન્સ માટે તાજેતરમાં કઈ એપ લોન્ચ કરાઈ- **PATA**
2. PATAનું વિસ્તૃત નામ જણાવો- **પેપર બોક્સ ઓથેન્ટિકેશન એન્ડ ટ્રેસિંગ એપ્લિકેશન**

3. ગુજરાતના વર્તમાન શિક્ષણ મંત્રીનું નામ જણાવો- **શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**
4. માર્ચ 2020થી ગુજરાત પોલીસે તમામ અધિકારી-કર્મચારીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી કયો નવો મેડલ આપવાની જાહેરાત કરી છે- **પ્રશંસા મેડલ- "DGP's: Commendation Disc"**
5. ગુજરાત પોલીસ દ્વારા દર વર્ષે કેટલા અધિકારી-કર્મચારીને પ્રશંસા મેડલ- "DGP's: Commendation Disc આપી સન્માનિત કરાશે- **110**
6. ભારતમાં ધુળેટીનો તહેવાર કઈ તિથિના રોજ ઉજવવામાં આવે છે - **ફાગણ વદ એકમ**
7. ગુજરાત સરકાર દ્વારા તમામ વિભાગોને એક જ પ્લેટફોર્મ હેઠળ સાંકળી લેતી કઈ નવી સિસ્ટમ ગાંધીનગર ખાતે વિકસાવવામાં આવી છે- **CM ડેશ બોર્ડ**
8. CM ડેશ બોર્ડ અંતર્ગત કઈ નવી સિસ્ટમ વિકસાવવામાં આવી છે- **રિયલ ટાઇમ પર્ફોર્મન્સ સિસ્ટમ**
9. ચિત્રકાર ભૂપેન ખખ્ખરનો જન્મદિવસ જણાવો- **10 માર્ચ 1934**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 11-03-2020



૧. ઓપરેશન કમળ (રાજકારણ)

- ✓ મધ્યપ્રદેશમાં ભાજપના 'ઓપરેશન કમળ' બાદ રાજવી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા પૂર્વ સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયા ભાજપમાં જોડાયા
- ✓ મધ્યપ્રદેશમાં ભાજપ તરફથી રાજ્યસભાના ઉમેદવાર



સિંધિયા પરિવાર – ગ્વાલિયર વિશે

- ✓ ગ્વાલિયરના સિંધિયા પરિવાર અંગે કહેવાય છે કે તેઓ ભલે કોઇ પણ પક્ષમાં ચૂંટણી લડયા હોય કે, ભલે અપક્ષ ચૂંટણી લડે, પણ ગ્વાલિયરમાં ઝંડો તો તેમના પરિવારનો જ લહેરાતો હોય છે.
- ✓ છેલ્લા છ દાયકાથી મધ્યપ્રદેશની રાજનીતિમાં આ પરિવારનો દબદબો રહ્યો છે. રાજનીતિની શરૂઆત રાજમાતા વિજ્યારાજે સિંધિયાએ કરી હતી. એ શરૂઆત હવે જ્યોતિરાદિત્ય સિંધિયા સુધી પહોંચી છે.
- ✓ ગ્વાલિયરના મશહૂર સિંધિયા રાજપરિવારના રાજમાતા વિજ્યારાજ સિંધિયાએ સૌથી પહેલાં રાજનીતિમાં પગલું માંડયું હતું. તેમણે રાજનીતિની શરૂઆત કોંગ્રેસથી કરી જનસંઘમાં સામેલ થયા.
- ✓ વર્ષ ૧૯૫૭માં તેઓ ગુનાથી લોકસભા બેઠક જીતી સંસદમાં પહોંચ્યા હતા. દસ વર્ષ કોંગ્રેસમાં રહ્યા બાદ ૧૯૬૭માં તેઓ જનસંઘમાં સામેલ થયા હતા.
- ✓ મહારાણી વિજ્યારાજે ઇચ્છતા હતા કે તેમના પાંચ સંતાનોમાંથી માધવરાવ અને તેમના પુત્ર જ્યોતિરાદિત્ય ઉપરાંત તમામ ભાજપમાં જ રહે.

જ્યોતિરાદિત્યનું ગુજરાત કનેક્શન

- ✓ જયોતિરાદિત્યના પત્ની પ્રિયદર્શનીરાજે બરોડાના ગાયકવાડ પરિવારના

રાજકુમારી છે. તેમના પિતા સંગ્રામસિંહ ગાયકવાડ છેલ્લા શાસક પ્રતાપસિંહ ગાયકવાડના દીકરા છે.

✓ પ્રિયદર્શનીની માતા નેપાળના રાજપરિવારના છે. જ્યોતિરાદિત્યને એક દીકરો મહાઆર્યમન અને એક દીકરી અનન્યા સિંધિયા છે.

માધવરાવે શરૂઆત જનસંઘથી કરી હતી

✓ રાજનીતિમાં માધવરાવે ૨૬ વર્ષની વયે પગલું પાડયું હતું. તેઓ જનસંઘમાં હતા, પરંતુ ૧૯૭૭માં કટોકટી બાદ ૧૯૮૦માં જ્યોતિરાદિત્યના પિતાએ કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી કેન્દ્રીયમંત્રી પણ બન્યા.

વસુંધરારાજે તો રાજસ્થાનના મુખ્યમંત્રી પણ બન્યાં

✓ જ્યોતિરાદિત્યના ફોઇ વસુંધરા રાજે રાજસ્થાનના મુખ્યમંત્રીપદે પણ રહી ચૂક્યા છે. વસુંધરા રાજેના દીકરા દુષ્યંત ઝાલાવાડના સાંસદ છે. જ્યોતિરાદિત્યના બીજા ફોઈ યશોધરા પણ ભાજપના સાંસદ.

ફોઈ યશોધરા પણ પાંચ વખત વિધાનસભ્ય બન્યાં

✓ વસુંધરારાજેના બહેન યશોધરા ૧૯૭૭માં અમેરિકા જતા રહ્યા. ૧૯૯૪માં તેઓ ભારત પાછા ફર્યા ત્યારે માતા વિજ્યારાજેની ઇચ્છાથી ૧૯૯૮માં ભાજપની ટિકિટ પર ચૂંટણી લડયા હતા.

✓ પાંચ વખત વિધાનસભ્ય બનેલા યશોધરારાજે શિવરાજસિંહની સરકારમાં મંત્રી પણ હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. આરોગ્યલક્ષી – નવતર પ્રયોગ : અમદાવાદના નાગરિકો હવે 100 નંબર ડાયલ કરી બ્લડ મેળવી શકશે

હેતુ-

✓ હવે પોલીસની 100 નંબરની હેલ્પલાઈન સુરક્ષાની સાથે સાથે હેલ્થની કામગીરી પણ નિભાવશે

✓ નાગરીકોને ઈમરજન્સીમાં રક્ત મળી રહે તેના માટે અમદાવાદ રેડક્રોસ અને શહેર પોલીસ દ્વારા રક્ત હેલ્પલાઈન '૧૦૦' શરૂ કરી છે.



✓ શહેર પોલીસ કમિશનર આશિષ ભાટીયા તેમજ રેડક્રોસ સંસ્થાના ચેરમેન કિરણ ચુડગર, ક્રાઈમ બ્રાન્ચના સ્પેશીયલ કમિશનર અજય તોમરની ઉપસ્થિતિમાં આ હેલ્પલાઈનનો શુભારંભ કરાયો હતો.

✓ આમ હવે પોલીસની ૧૦૦ નંબરની હેલ્પલાઈન સુરક્ષાની સાથે સાથે હેલ્થની પણ કામગીરી નિભાવશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નોવેલ કોરોના (COVID-19) : WHO દ્વારા કોરોનાને વૈશ્વિક રોગચાળો જાહેર (આરોગ્ય)



✓ દુનિયાના 110 દેશમાં 4,300થી વધુ લોકોનો શિકાર કરી ચૂકેલા કોરોના વાઈરસ (કોવિડ–19)ને વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ મહામારી જાહેર કરી દીધો છે.

✓ સંગઠને કહ્યું છે કે, અત્યાર સુધી 1.18 લાખ લોકોથી વધુ તેનો ભોગ બની ચૂક્યા છે.

✓ આ મહામારીની જાહેરાત કરતા સંગઠનના મહા સચિવ ડૉ.રેડ્રોસ અદનોમ ગ્રેબ્યાસસે કહ્યું કે, આ વાઈરસ દુનિયામાં ફેલાવાનો હજુ ખતરો છે.

✓ આ મહામારી સામે લડવા દરેક વ્યક્તિએ ભાગીદારી નોંધાવવી પડશે.

મહામારીનો અર્થ : દુનિયામાં મોટી સંખ્યામાં લોકોનું પીડિત હોવું.

✓ એપિડેમિક એટલે કે મહામારી એ ચેપીરોગને કહેવાય છે કે જેનાથી એક જ સમયે દુનિયાભરમાં મોટી સંખ્યામાં લોકો અસરગ્રસ્ત થઈ શકે છે.

✓ મહામારી જેવા રોગનું તાજેતરનું ઉદાહરણ 2009માં 'ફેલાયેલો સ્વાઈન ફ્લૂ હતો.

✓ કોઈ નવા વાઈરસથી ફેલાતી મહામારી વધુ ઘાતક હોય છે કેમ કે તે લોકોમાં સરળતાથી ફેલાઈ શકે છે.

✓ કોરોના વાઇરસમાં પણ આ બધાં લક્ષણ મળી આવ્યાં છે

WHO – વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન

WHO વડુમથક – જીનિવા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ISS : અવકાશ વિજ્ઞાન

✓ ISSમાં એસ્ટ્રોનોટ્સે ઉગાડયા વધારે પોષક તત્વો ધરાવતા લેટ્સ

આ પ્રયોગને વેગ-૦૧ નામ અપાયું

✓ ૨૦૧૫માં સ્પેસમાં શાકભાજી ઉગાડવાના સમાચાર સામે આવ્યા હતા. એ દરમિયાન ત્રણ અંતરિક્ષયાત્રીઓ દ્વારા સ્પેસ સ્ટેશનમાં શાકભાજી ઉગાડવામાં આવી હતી.

✓ જ્યારે પ્રયોગ થયો ત્યારે તેને વેગ-૦૧ નામ આપવામાં આવ્યું હતું જ્યારે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં વેગી નામના એક્સપિરિમેન્ટ હેઠળ આ શાકભાજી ઉગાડવામાં આવ્યા હતા.

- ✓ આ પ્રયોગમાં સ્કોટ કેલી નામની એક મહિલાનો પણ સમાવેશ થતો હતો. તેણે જણાવ્યું હતું કે, નાસા દ્વારા મંગળ ઉપર જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નજીકના ભવિષ્યમાં આ મિશન પણ પાર પાડવામાં આવશે.
- ✓ મંગળ ઉપર જવા માટે એક એવા સ્પેસક્રાફ્ટની જરૂર પડશે જેમાં શાકભાજી ઉગાડી શકાય.
- ✓ વિપરિત સ્થિતિમાં અહીંયા સર્વાઈવ કરવા માટે સ્પેસ ક્રાફ્ટમાં આવી શાકભાજી ઉગાડી શકાય તો અંતરિક્ષયાત્રીઓન લાભ થાય તેમ છે.

વધુ પ્રયોગો પ્રગતિમાં

- ✓ એસ્ટ્રોનોટ્સે જે લેટ્સ ઉગાડયાં હતાં એમાંથી કેટલાંક તેમણે ખાધાં હતાં અને બાકીનાં તેમણે પૃથ્વી પર પાછાં મોકલી દીધાં હતાં. એના પર પ્રયોગ થઈ રહ્યા છે.
- ✓ આકાશમાં અલ્ટાવાયોલેટ કિરણો અને રેડિએશન ખૂબ જ પ્રમાણમાં હોય છે અને એની કોઈ અસર થઈ શકે કે નહીં એનો સ્ટડી હાલમાં ચાલી રહ્યો છે.
- ✓ આકાશ જેવા વાતાવરણમાં પૃથ્વી પર ખાસ પ્રકારની લેબોરેટરીમાં આ પ્રકારે લેટસ ઉગાડવામાં આવી રહ્યાં છે અને એની પણ સરખામણી થઈ રહી છે.

ચંદ્ર પર શાકભાજી ઉગાડાશે

- ✓ એલન મસ્ક તેના સ્પેસએક્સ કાર્યક્રમ હેઠળ ૨૦૨૪માં ચંદ્રની ધરતીના દક્ષિણ ધ્રુવ પર શાકભાજીનું વાવેતર કરવા માગે છે.
- ✓ આ માટે આર્ટેમિસ-૩ નામનું મિશન તૈયાર થઈ રહ્યું છે.

ISS પર આ વસ્તુઓ પણ ઉગાડાઈ છે

- ✓ વૈજ્ઞાનિકો અને એસ્ટ્રોનોટ્સ ISS પર લેટસ ઉપરાંત ઘઉં, ચોખા, ડુંગળી, ચાઇનીઝ કોબી, વટાણા, મૂળા, લસણ, કાકડી, ટયૂલિપ્સ, પાર્સલી, બટાટા, સૂરજમુખી અને અરબીડોપ્સિસ જેવા છોડ ઉગાડી ચૂક્યા છે.

સ્પેસ મિશન માટે ઉપયોગી

- ✓ ૨૦૨૦ના દાયકાના મધ્ય કે અંતમાં નાસા મંગળ પર સમાનવ યાન મોકલવા માગે છે. એવું મનાય છે કે ૨૦૩૦ સુધીમાં માણસો મંગળ પર વસવાટ કરતા થઈ જશે.
- ✓ આવા પ્રોજેક્ટ માટે આવા પ્રયોગ જરૂરી છે. થોડાં વર્ષો પહેલાં એક ફિલ્મ આવી હતી જેમાં મંગળ મિશન પર ગયેલો એક એસ્ટ્રોનોટ ત્યાં જ ફસાઈ જાય છે અને ત્યાં બટાટા ઉગાડીને જીવતો રહે છે. આવું કંઈ હવે શક્ય બનવા જઈ રહ્યું છે.

શું છે ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)?

- ✓ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પૃથ્વીની સપાટીથી ૪૦૦ કિલોમીટર ઉપર એક હરતીફરતી પ્રયોગશાળા છે. એ ૧૦૦ અબજ ડોલરના ખર્ચે તૈયાર કરાઈ છે.

- ✓ એમાં સાયન્સ અને એન્જિનિયરિંગને લગતા પ્રયોગો અને રિસર્ચ થઈ રહ્યાં છે.
- ✓ ૨૦૦૦ના નવેમ્બરથી એમાં કોસ્મોનોટ્સ અને એસ્ટ્રોનોટ્સ આવનજાવન કરે છે. હ્યુમન રિસર્ચ, સ્પેસ મેડિસિન, લાઇફ સાયન્સિસ, એસ્ટ્રોનોમી અને વેધશાળાને લગતા રિસર્ચ એમાં થાય છે.
- ✓ ૨૦૨૪ સુધી આ પ્રોજેક્ટ માટે અમેરિકાએ મોટું ભંડોળ આપ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. સ્માર્ટ સિટીના નવા નિયમો (માળખાગત સુવિધા)

કેન્દ્ર દ્વારા શહેરો વચ્ચે ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધામાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ પણ સામેલ

- ✓ સ્માર્ટ સિટી હેઠળ દેશના 100 શહેરો વચ્ચે ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા થશે.

નવા નિયમોમાં શું હશે ?

- ✓ સમગ્ર દેશમાં દિવ્યાંગોની સરળતા માટે પ્રાથમિક સુવિધા આપવી ફરજિયાત છે તેવી રીતે આગામી દિવસોમાં શહેરોમાં બાળકોની સરળતા માટે પૂરતી સુવિધા છે કે નહીં તે અંગે પણ નિયમ બની શકે છે.
- ✓ જેમાં શહેરના શૌચાલયોમાં બાળકો લઘુશંકા કરી શકે તે પ્રકારે યુરિનલ નીચું છે કે નહીં, ટોઇલેટ સીટ નીચી છે કે નહીં, ટોઇલેટ બહાર નીકળ્યા બાદ બાળક હાથ ધોઇ શકે તે માટે ગેન્ડી નીચી છે કે નહીં, શાળાએથી ઘરે જતા હોય ત્યારે ફૂટપાથ તે ચાલી શકે તેવી છે કે નહીં, રોડ ક્રોસ કરવા માટે શું વ્યવસ્થા છે સહિતના મુદ્દા પર આ સ્પર્ધા થશે અને રેન્કિંગ જાહેર થશે.
- ✓ માર્ચ માસના અંત સુધીમાં દેશનાં 100 સ્માર્ટ શહેરો ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થશે.
- ✓ આ રજિસ્ટ્રેશન થયા બાદ ભાગ લેનારા શહેરમાં ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી માટે કરેલી કામગીરી તેમજ કામ કરવાની ઇચ્છા શક્તિઓના આધારે 20 શહેર પસંદ કરવામાં આવશે.

સ્પર્ધાનો હેતુ

- ✓ આ સ્પર્ધાનો મુખ્ય હેતુ બાળકો માટે શહેરમાં સુવિધા ઊભી કરવાનો છે, બાળકોની રોજિંદી ક્રિયાઓ તેમજ તેની સુરક્ષાઓને ધ્યાને લેવામાં આવી છે.
- ✓ ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા બાદ કેન્દ્ર સરકાર ટેક્નિકલ ટીમ શહેરોમાં મોકલશે જે બાળકોની સુવિધામાં વધારો થાય તે પ્રકારે કેવા ફેરફાર કરવા જરૂરી છે તેનું માર્ગદર્શન આપશે.

આ મુદ્દે થશે ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા, માર્ચ અંતથી શરૂ થશે રજિસ્ટ્રેશન

- ✓ સિટી બસમાં બાળકો ચઢી શકે તે પ્રકારના બસ સ્ટોપ પર વ્યવસ્થા છે?
- ✓ સિટી બસમાં બાળકો બેસી શકે એ મુજબની બેઠક વ્યવસ્થા છે.

- ✓ જાહેર શૌચાલયમાં ટોઇલેટ અને યુરિનલની ઊંચાઈ નીચી છે?
- ✓ શૌચાલયમાં બાળકોને હાથ ધોવા માટે વૉશબેઝિનની ઊંચાઈ નીચી છે?
- ✓ શાળા નજીકની ફૂટપાથ પર બાળકો ચાલીને જઇ શકે તેવી છે?
- ✓ બાળકો સરળતાથી રોડ ક્રોસ કરવા માટે કોઇ વ્યવસ્થા છે?
- ✓ બગીચામાં બાળકોને ઇજા થાય તેવી કોઇ વસ્તુઓ કે રાઇડ નથી ને?
- ✓ બગીચાઓમાં બાળકો માટે કેવી સુવિધા ઊભી કરવામાં આવી છે.
- ✓ બાળકો સારી રીતે રમી શકે તે માટે બગીચામાં કેવી વ્યવસ્થા છે?
- ✓ બાળકોની બૌદ્ધિક ક્ષમતામાં વધારો થાય તે પ્રકારની કોઇ ગેમ બગીચાઓમાં છે?

<u>ચાઇલ્ડ ફ્રેન્ડલી 20 શહેરો વચ્ચેની સ્પર્ધામાં કેન્દ્ર સરકાર માર્ગદર્શન આપશે</u>

- ✓ કેન્દ્ર સરકારે દેશનાં 20 શહેરો વચ્ચે ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધાનું આયોજન કર્યું છે.
- ✓ આ સ્પર્ધામાં જે શહેરો ભાગ લેશે તે શહેરમાં ચાઇલ્ડ ફ્રેન્ડલી સુવિધા ઊભી કરવા માટે કેન્દ્ર સરકાર ટેકનિકલ ટીમ મોકલી મદદ કરશે.
- ✓ આ ટીમ શહેરમાં કેવા પ્રકારના ફેરફાર કરવાથી બાળકોની સુવિધામાં વધારો થશે તેની માહિતી આપશે.
- ✓ રાજકોટ શહેર આ સ્પર્ધામાં ભાગ લેશે અને ટેકનિકલ ટીમની મદદથી બાળકોની સુવિધામાં વધારો કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ખેલકૂદ – મહિલા વન ડે વર્લ્ડકપ-2021

<u>કાર્યક્રમ</u>

- ✓ ICCએ આવતા વર્ષે ન્યૂઝીલેન્ડમાં થનારી મહિલા વન-ડે વર્લ્ડ કપનો 1 મહિનાનો કાર્યક્રમ જાહેર કર્યો.
- ✓ આ વર્લ્ડ કપ 6 ફેબ્રુઆરીથી શરૂ થશે, 7 માર્ચથી ફાઇનલ થશે.
- ✓ ટુર્નામેન્ટમાં કુલ 8 ટીમ ઉતરશે.
- ✓ અત્યાર સુધી ચાર ટીમ ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ઇંગ્લેન્ડ અને દ.આફ્રિકાએ ક્વોલિફાય કરી લીધું છે.
- ✓ ભારત-પાક. વચ્ચે છેલ્લા 1 વર્ષથી નવેમ્બરમાં થનારી સીરિઝ પર ICCએ કોઇ નિર્ણય નથી લીધો.
- ✓ આ સીરિઝ પછી 5મી ટીમ મુદ્દે નિર્ણય લેવાશે, 3 ટીમનો નિર્ણય જુલાઇમાં થનારી ક્વોલિફાય મેચ પછી થશે.

<u>ખાસ જાહેરાત - આ વર્લ્ડકપમાં સેમિફાઇનલ અને ફાઇનલ માટે રિઝર્વ-ડે રખાયો.</u>

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વૈશ્વિક રાજકારણ : રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન આગામી વર્ષ-2036 સુધી પદ ઉપર રહી શકે



વિગત

બંધારણમાં સુધારો કરાયો

- ✓ રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન વર્ષ-2000થી રશિયાનું નેતૃત્વ કરી રહ્યા છે.
- ✓ રશિયાની સંસદે પણ ત્રીજા અને અંતિમ રીડિંગમાં વધુ એક વ્યાપક બંધારણીય સુધારાને મંજૂરી આપી દીધી.
- ✓ આ પગલાથી પુટિનને 2024માં તેમના વર્તમાન કાર્યકાળ સમાપ્ત થયા પછી 12 વર્ષ સુધી સત્તામાં ટકી રહેવાની છૂટ મળી.
- ✓ ક્રેમલિન હસ્તક નીચલા ગૃહ, સ્ટેટ ધૂમાએ બંધારણમાં સુધારો કર્યો હતો. જેમાં 380-0 મત સાથે સુધારાને મંજૂરી આપી દેવામાં આવી હતી.
- ✓ જોકે 43 સભ્યો આ મતદાન વખતે ગેરહાજર રહ્યા હતા.
- ✓ આ પ્રસ્તાવિત સુધારા પર એક રાષ્ટ્રવ્યાપી મતદાન 22 એપ્રિલે કરવામાં આવશે.
- ✓ ક્રેમલિનના ટીકાકારોએ આ સુધારાને એક સનકી સુધારો ગણાવતાં આ પગલાની આકરી ટીકા કરી હતી અને દેખાવો કરવાની ચીમકી આપી હતી.
- ✓ કેજીબીના 67 વર્ષના પૂર્વ અધિકારી પુટિન રશિયા પર 20 વર્ષથી પણ વધુ સમયથી શાસન કરી રહ્યા છે.
- ✓ ચાર વર્ષના બે સતત કાર્યકાળમાં રાષ્ટ્રપતિ રહ્યાં પછી બંધારણને લીધે પુટિન 2008માં વડાપ્રધાન બન્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : 11 માર્ચ

નો સ્મોકિંગ ડે



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૩-૨૦૨૦)

1. મધ્યપ્રદેશમાં ભાજપના 'ઓપરેશન કમળ' બાદ રાજવી અને કોંગ્રેસના કયા દિગ્ગજ નેતા ભાજપમાં જોડાયા - **જ્યોતિરાદિત્ય સિંધિયા**
2. જયોતિરાદિત્યા સિંધિયાના પત્ની પ્રિયદર્શની રાજે કયા પરિવારના રાજકુમારી છે - **બરોડાના ગાયકવાડ**
3. અમદાવાદના નાગરિકો કયો નંબર ડાયલ કરી બ્લડ મેળવી શકશે એવો નવતર પહેલ શરૂ કરાઈ - **100**
4. પોલીસની 100 નંબરની હેલ્પલાઈન કઈ કામગીરી નિભાવશે - **સુરક્ષાની સાથે હેલ્થ**

5. નાગરીકોને ઈમરજન્સીમાં રક્ત મળી રહે તેના માટે અમદાવાદ રેડક્રોસ અને શહેર પોલીસ દ્વારા કઈ હેલ્પલાઈ શરૂ કરાઈ - **રક્ત હેલ્પલાઈન '૧૦૦'**
6. માર્ચ-2020માં કઈ વૈશ્વિક સંસ્થાએ નોવેલ કોરોના (COVID-19)ને વૈશ્વિક રોગચાળો(મહામારી) જાહેર કર્યો - **WHO**
7. તાજેતર માર્ચ-2020માં WHOએ નોવેલ કોરોના રોગને મહામારી જાહેર કર્યો હતો આ પહેલા વર્ષ-2009માં કયા રોગને મહામારી જાહેર કરાયો હતો - **સ્વાઈન ફ્લૂ**
8. તાજેતરમાં ISSના એસ્ટ્રોનોટ્સે ઉગાડેલા લેટ્સ પ્રયોગને શું નામ અપાયું - **વેગ-૦૧**
9. પૃથ્વીની સપાટીથી ૪૦૦ કિલોમીટર ઉપર એક હરતીફરતી પ્રયોગશાળા બનાવવામાં આવી છે તેનું નામ જણાવો - **ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન**
10. પૃથ્વીની સપાટીથી ૪૦૦ કિલોમીટર ઉપર કેટલા રૂપિયાના ખર્ચે હરતીફરતી પ્રયોગશાળા-ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન બનાવાયુ છે - **૧૦૦ અબજ ડોલર**
11. માર્ચ-2020ના સ્માર્ટ સિટીના નવા નિયમો અંતર્ગત શહેરો વચ્ચે ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધામાં ગુજરાતના કયા શહેરો સામેલ કરાયા - **અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ**
12. સ્માર્ટ સિટી હેઠળ દેશના કેટલા શહેરો વચ્ચે ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા યોજાશે અને તેમાંથી અંતિમ કેટલા શહેરોની પસંદગી કરાશે – **100 અને 20**
13. મહિલા વન ડે વર્લ્ડકપ-2021 કયા દેશમાં યોજાશે - **ન્યૂઝીલેન્ડ**
14. મહિલા વન ડે વર્લ્ડકપ ટુર્નામેન્ટમાં-2021માં કુલ કેટલી ટીમ ઉતરશે - **8**
15. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન કયા વર્ષથી રશિયાનું નેતૃત્વ કરી રહ્યા છે – **વર્ષ-2000**
16. તાજેતર માર્ચ-2020માં રશિયાના બંધારણમાં કરાયેલા મહત્વના સુધારાની અસર જણાવો- **રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન આગામી વર્ષ-2036 સુધી પદ ઉપર રહી શકશે**
17. કયા દિવસને 'નો સ્મોકિંગ ડે' તરીકે ઊજવવામાં આવે છે – **11 માર્ચ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 12-03-2020



૧. ખેલકૂદ : ઓલિમ્પિકના 133 દિવસ પહેલાં ગ્રીસમાં ટોર્ચ રિલેનો પ્રારંભ

ટોર્ચ રિલેની વિશેષતાઓ

- ✓ ગ્રીસના પ્રાચીન શહેર ઓલિમ્પિયા ખાતે ટોક્યો ગેમ્સ માટેની મશાલ સળગાવવામાં આવી હતી. આ પ્રસંગે પરંપરાગત પહેરવેશ પહેરીને મહિલાઓએ સૂર્યના સીધા પ્રકાશની મદદથી ટોર્ચ રિલે સળગાવી હતી.
- ✓ મશાલ રેલી ગ્રીસમાં આઠ દિવસ ફરશે અને આ દરમિયાન ૩૫૦૦ કિલોમીટરનું અંતર કાપશે. ૧૯મી માર્ચે એથેન્સના પેનાથેનિક સ્ટેડિયમ ખાતે આ મશાલને ટોક્યો ઓલિમ્પિકના આયોજકોને સુપરત કરવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નોવેલ કોરોના : કોરોનાને કારણે ભારતમાં પ્રથમ મૃત્યુ કર્ણાટકમાં નોંધાયું

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ગ્લોબલ એવોર્ડ-2019 : ચીનના સાન્યા ફિનિક્સ ઈન્ટરનેશનલ એરપોર્ટને 4 ગ્લોબલ એવોર્ડ-2019



- ✓ ચીનના હેનાન પ્રાંત સ્થિત સાન્યા ફીનિક્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ ગ્લોબલ એવોર્ડ 2019 પોતાના નામે કર્યો છે.
- ✓ એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલે (એસીઆઇ) 6 લાખ લોકોના સરવે બાદ આ સાન્યા ફીનિક્સ એરપોર્ટને આ સન્માનથી નવાજ્યુ.
- ✓ સરવેમાં 84 દેશના પ્રવાસીઓ જોડાયા, જેમણે 41 ભાષામાં જવાબ આપ્યા.

- ✓ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રાહક સેવા, સુવિધા અને પર્યાવરણની દ્રષ્ટિએ એરપોર્ટને 4 એવોર્ડ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : 12 માર્ચ

(૧) દાંડીકૂચ :

વર્ષ-૧૯૩૦થી ૨૦૨૦ : ૯૦ વર્ષ પૂર્ણ

દાંડીકૂંચનો રૂટ



કૂચની જરૂર શા માટે પડી ?

- ✓ અંગ્રેજોને જ્યારે આવક ઓછી પડે ત્યારે ભારતીય પ્રજા પર કોઈ પ્રકારનો કર વધારી દેતા હતા.
- ✓ ૧૯૨૦ના દાયકામાં અંગ્રેજોએ મીઠા પર કર વધારવાની શરૂઆત કરી ૨૪૦૦ ટકા કરી દેવાયો હતો ! ૧૯૨૫-૨૬ના વર્ષની બ્રિટિશ સરકારની સમગ્ર ભારતની કુલ આવકમાંથી ૧૯.૭ ટકા આવક મીઠાંના કરમાંથી થઈ હતી.
- ✓ પરિણામે ગાંધીજીએ કૂચ કરીને | કાયદાનો ભંગ કરવાનું આયોજન ઘડી કાઢ્યું હતું. પણ કૂચ કરવાથી અંગ્રેજોને શું ફરક પડશે અને કૂચ સફળ થશે કે કેમ એ વિશે સ્થાનિકથી લઈને રાષ્ટ્રિય સ્તર સુધીના આગેવાનો દ્વિધામાં હતા. પણ ગાંધીજી પોતાની લડત અને લડતની પદ્ધતિ અંગે બહુ સ્પષ્ટ હતા.

પ્રવાસનું અદભૂત આયોજન

- ✓ આજના નેશનલ હાઈ-વેના યુગમાં સાબરમતી આશ્રમથી દાંડીનું અંતર પોણા ત્રણસો કિલોમીટર થાય છે. પરંતુ એ જમાનામાં આજના જેવા હાઈ વે ન હતા. વળી વધુને વધુ લોકોને ભાગીદાર બનાવી શકાય એ માટે એક પછી એક ગામ ફરતાં જવાનું પ્રવાસ આયોજન કરાયું હતું.
- ✓ એટલે સાબરમતીથી નીકળ્યા ત્યાં સુધીમાં દાંડીકૂચ કુલ ૪૦ ગામોમાંથી પસાર થઈ હતી અને મહી, વાત્રક જેવી દસ નદી પસાર કરી હતી.
- ✓ દાંડીયાત્રા શરૂ તો ૧૨મી માર્ચે થઈ હતી, પરંતુ પૂર્ણાહુતી ૨૪ દિવસ પછી ૬ઠ્ઠી એપ્રિલે થઈ હતી. એ દરમિયાન દેશ વિદેશના અનેક પત્રકારો, ગાંધીપ્રેમીઓ આ યાત્રામાં જોડાયા હતા અને વ્યાપક ધોણે દાંડીની પ્રસિદ્ધિ થઈ હતી.

કુચ ક્યાં પુરી કરવી ?

- ✓ શરૂઆતમાં દાંડી સુધી કૂચ કરવાનો વિચાર ન હતો. બોરસદ તાલુકામાં મહી નદીના કાંઠે આવેલા ગામ બદલપુર સુધી જઈને જ પરત ફરવાનું હતું.
- ✓ જો એ સ્થળ પસંદ થયું હોત તો કૂચ પોણા ચારસોને બદલે સો કિલોમીટર સુધીની જ થઈ હોત.
- ✓ પરંતુ સુરતના કાર્યકરતા કલ્યાણરાય મહેતા અને અન્ય સાથીદારોએ ગાંધીજીને કહ્યું કે તમારો પ્રવાસ લંબાવી દો, તો વધારે અસર થશે.
- ✓ ગાંધીજીના ગળે એ વાત ઉતરી એટલે તેમણે સ્થળ શોધવાની સૂચના આપી.
- ✓ એ માટે એક નાનકડી સમિતિ પણ બની અને ગાંધીજીના સાથીદાર મહાદેવભાઈ પોતે બારડોલી પહોંચ્યા હતા. આસપાસના ઘણા ગામો ફર્યા પછી દાંડીનો દરિયાકિનારો પસંદ કરાયો.

બાપુને બદલે સરદાર કેદ થયા

- ✓ અંગ્રેજો ગાંધીજીને કૂચ શરૂ કરતાં પહેલા જ પકડી લે એવી પૂરી શક્યતા હતી. ગાંધીજી પોતે પણ ગમે ત્યારે ધરપકડ થશે એમ માનીને જ ચાલતા હતા.
- ✓ પોતાની ધરપકડ થાય તો શું કરવું તેની સૂચના સાથીદારોને આપી રાખી હતી. એ સ્થિતિ વચ્ચે અંગ્રેજોએ રાસ ગામેથી ૭મી માર્ચે સરદાર પટેલને પકડી લીધા હતા.
- ✓ સરકારે સરદારને ૫૦૦ રૂપિયાનો દંડ અને ૩ માસની કેદ ફરમાવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) વિશ્વ કિડની દિવસ



વિશ્વ કિડની દિવસ સ્લોગન –

- ✓ ભારત અને વિશ્વભરમાં કિડનીનાં રોગોનું પ્રમાણ ભયજનક રીતે વધતું જાય છે. કિડનીના રોગો અંગે જનજાગૃતિ માટે વિશ્વનાં ૧૦૦થી વધુ દેશોમાં ૧૨ માર્ચે વિશ્વ કિડની દિવસ ઉજવવામાં આવે છે. વર્ષ-૨૦૨૦, વિશ્વ કિડની દિવસનું સ્લોગન છે - "સાવચેતી, વહેલા નિદાન અને કાળજીથી, સર્વત્ર સર્વજનોમાં તંદુરસ્ત કિડની" છે.

૫. જન્મ દિન વિશેષ : 12 માર્ચ

(૧) દાંડી કૂચના ચિત્રકાર: કનુ દેસાઈ



જન્મ - 12 માર્ચ-1907

અવસાન – 8 ડિસેમ્બર-1980

- ✓ આજના દિવસે ૧૯૩૦ના વર્ષે દાંડીકૂચનો પ્રારંભ થયો હતો. આજ દાંડીયાત્રાના ચિત્રો કંડારનાર કનુ દેસાઇનો જન્મદિન પણ છે.
- ✓ ભરૂચમાં જન્મેલા કનુ દેસાઇનો ઉછેર અમદાવાદમાં થયો હતો.૧૯૨૧માં યોજાયેલી હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં સ્વયંસેવક તરીકે જોડાઈ જાહેરજીવનમાં પદાર્પણ કર્યું હતું.
- ✓ તેના બીજા જ વર્ષે કલાગુરૂ રવિશંકર રાવળ પાસેથી કળાશિક્ષણ પ્રાપ્ત કર્યું. ૧૯૩૦માં ગાંધીજીના જીવન માટે મહાભિનિષ્ક્રમણ સમી દાંડીકૂચ શરૂ થતાં તેના ચિત્રો દોર્યા તેનું આલ્બમ કુમાર કાર્યાલય દ્વારા બહાર પડ્યું હતું.
- ✓ જે દાંડીકૂચનું ચિત્રમય દસ્તાવેજીકરણ બન્યું. ૧૯૩૮માં હરિપુરામાં યોજાયેલી મહાસભામાં ડેલિગેટ બનવા સાથે અધિવેશન સ્થળને સુશોભિત કરવાનું કામ પણ કનુ દેસાઈએ કર્યું હતું.
- ✓ તેમના કળાકીય સર્જનો "જીવન મંગલ "અને "નૃત્યરેખા "શીર્ષક તળે પ્રકાશિત થયા છે. તેઓએ ફિલ્મોના સેટ અને આર્ટ ડિરેક્ટર તરીકે પણ કામ કર્યું હતું. જેમાં રામરાજ્ય, ભરત મિલાપ વગેરે ફિલ્મોનો સમાવેશ થાય છે.
- ✓ તેમની કળાસાધના રણજિતરામ સુવર્ણચંદ્રક, બેસ્ટ આર્ટ ડિરેકશનનો ફિલ્મ ફેર એવોર્ડ અને ગુજરાત ગૌરવ એવોર્ડ વગેરેથી પોંખાઇ છે.
- ✓ ગુજરાતના કળા જગતમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કનુ દેસાઈનું ૮ ડીસે.૧૯૮૦ ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૩-૨૦૨૦)

1. આગામી ટોક્યો ઓલિમ્પિક- 2020 માટે ટોર્ચ રિલેનો પ્રારંભ તાજેતરમાં કયા શહેરમાંથી થયો અને દેશ જણાવો- **ઓલિમ્પિયા અને ગ્રીસ**
2. ઓલિમ્પિકની મશાલ આજે પણ કયા માધ્યમથી પ્રજ્વલિત કરવામાં આવે છે - **સૂર્યના સીધા પ્રકાશથી**
3. ઓલિમ્પિક -2020ની મશાલની કેટલા કિલોમીટરનું અંતર કાપશે – **3500**
4. ભારતમાં માર્ચમાં નોવેલ કોરોના વાઈરસને કારણે દુઃખદ પ્રથમ મૃત્યુ કયા રાજ્યમાં નોંધાયું હતું- **કર્ણાટક**
5. એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ દ્વારા તાજેતરમાં કયા એરપોર્ટને ગ્લોબલ એવોર્ડ-2019થી નવાજવામાં આવ્યું છે-**સાન્યા ફિનિક્સ ઇન્ટરનેશનલ એરપોર્ટ-ચીન**
6. ભારતમાં કયા દિવસે દાંડીકૂચનો પ્રારંભ થયો હતો - **12.03.1930**
7. વિશ્વ કિડની દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **12 માર્ચ**
8. વિશ્વ કિડની દિવસ-2020નું સ્લોગન જણાવો- **"સાવચેતી, વહેલા નિદાન અને કાળજીથી, સર્વત્ર સર્વજનોમાં તંદુરસ્ત કિડની"**
9. વિશ્વ કિડની દિવસ-2020ની થીમ જણાવો - **"Kidney Health for Everyone Everywhere- From Prevention to Detection and Equitable Access to Care"**

10. દાંડીકૂચના ચિત્રકાર કનુભાઇ દેસાઇનો જન્મદિવસ જણાવો - **12 માર્ચ 1907**
11. દાંડીકૂચનું ચિત્રમય દસ્તાવેજીકરણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું - **ચિત્રકાર કનુભાઇ દેસાઇ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 13-03-2020



૧. નોવેલ કોરોના વાયરસ (આરોગ્ય)

૧૩ માર્ચની સ્થિતિએ ભારતના ૧૪ રાજ્યોમાં કોરોનાના કેસ



અસરો –

યુપી અને મહારાષ્ટ્રમાં કોરોનાની મહામારી જાહેર જ્યારે ઓરિસ્સાએ કોરોનાને ડિઝાસ્ટર જાહેર કર્યો

- ✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા એડવાઇઝરી જાહેર
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા માસ્ક, હેન્ડ સેનિટાઈઝર્સ અને હાથના મોજાંનો જીવનજરૂરી દવામાં આગામી ૧૦૦ દિવસ સુધી સમાવેશ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. રાજ્યસભા ચૂંટણી : ગુજરાત (બંધારણ)



વર્તમાનમાં ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીના સમીકરણો

- ✓ રાજ્યસભામાં જય-પરાજયના સાદા ગણિતને આ રીતે સમજો
- ✓ ૧૮૨ની ગુજરાત વિધાનસભામાં ગત વર્ષે મોરવાહડફના અપક્ષ ભૂપેન્દ્ર ખાંટનું સભ્યપદ રદ થતા અને સુપ્રિમ કોર્ટે દ્વારકાથી ભાજપના પબુભા માણેકને ગેરલાયક ઠેરવતા સાંપ્રત સમયમાં આ બંને બેઠકો ખાલી છે.

- ✓ આથી, વિધાનસભામાં ૧૮૦ ધારાસભ્યો છે. જે પૈકી ભાજપ પાસે ૧૦૩ અને વિપક્ષ કોંગ્રેસમાં ૭૩ સભ્યો છે. જ્યારે એક અપક્ષ, એક NCP અને બે BTPના ધારાસભ્યો છે.
- ✓ રાજ્યસભામાં ચાર બેઠકોની ચૂંટણીમાં એક બેઠક જીતવા એક ઉમેદવાર માટે ૩૭ ધારાસભ્યોના ફર્સ્ટ પ્રેફરન્સ અર્થાત્ એકડાના મતો જોઈએ.
- ✓ આ નિસબતે કોંગ્રેસ પાસે અપક્ષ જિગ્નેશ મેવાણી સમેત ૭૪ મતો હોવાથી તમામ ધારાસભ્યો અકબંધ રહે તો બંને ઉમેદવારો સરળતાથી ચૂંટણી જીતશે.
- ✓ પરંતુ, ત્રણ કે તેથી વધુ ધારાસભ્યો કોંગ્રેસના વ્હિપની વિરૂધ્ધ ભાજપના ઉમદેવારને મત આપશે તો સ્થિતિ પલટાશે !
- ✓ ભાજપના દાવા મુજબ પોતાના ૧૦૩ ઉપરાંત NCP-BTPના ત્રણ એમ કુલ મળી ૧૦૬ ધારાસભ્યોનું સર્મથન છે.
- ✓ આથી, ૭૪ મતે બે બેઠકો જીત્યા બાદ વધેલા ૩૨ ધારાસભ્યોના ફર્સ્ટ પ્રેફરન્સમાં ક્રોસવોટિંગ (કોંગ્રેસ)ના ત્રણ મતો ઉમેરાતા ત્રીજા ઉમેદવાર માટેનું બળ વધીને ૩૫નું થશે. જેમાં સેકન્ડ પ્રેફરન્સનું મુલ્ય ઉમેરાતા ત્રીજી બેઠક પણ કબ્જે થઈ જશે !
- ✓ પણ જો કોંગ્રેસના એક પણ ધારાસભ્ય ભાજપના આ જાસામાં ન આવે, વ્હિપને વફાદાર રહેશે તો ભાજપનું આ સપનું ૨૬મી માર્ચની સાંજે જ ચકનાચૂર થઈ જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.જાહેરાત - બીપીએલ યાદી (ગુજરાત સરકાર)

વર્ષ 2011ની બીપીએલની યાદીમાં સમાવિષ્ટ લોકોને વર્ષ 2022 સુધી સરકારી યોજનાઓના લાભ અપાશે

અન્ય વિગત

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, છેલ્લે વર્ષ ૨૦૧૧માં રાજ્યમાં તૈયાર થયેલી ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદી એટલે બીપીએલ યાદીમાં રેડેશન પદ્ધતિ હોઈ શૂન્યથી ૬, ૬ થી ૧૨ એમ વિવિધ ગ્રેડમાં આવતા ગરીબ લોકોને યાદી મુજબ આવાસ યોજના હોય કે ટોઇલેટનો લાભ આપવાની યોજના હોય તેનો અમલ થાય છે.
- ✓ રાજ્ય સરકારની પ્રથમ અગ્રતા એ છે કે, ૨૦૧૧ની યાદીમાં સમાવિષ્ટ લોકોને ૨૦૨૨ સુધીમાં લાભ આપવો. ૨૦૨૨માં આ યાદી પૂરી થશે એ પછી યાદીમાં રહી ગયેલાંઓને લાભ આપવાની બાબત વિશે સરકાર વિચારશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ:રણજી ટ્રોફી 2019-20 (ક્રિકેટ)

સૌરાષ્ટ્ર ચોથી વાર ફાઈનલમાં આવ્યા બાદ પ્રથમવાર રણજી ટ્રોફી વિજેતા

- ✓ વિજેતા - સૌરાષ્ટ્ર (પ્રથમવાર)
- ✓ હરીફ - બંગાળ
- ✓ યજમાન- રાજકોટ (ગુજરાત)
- ✓ કેપ્ટન-સૌરાષ્ટ્ર ટીમ : જયદેવ ઉનડકટ
- ✓ કેપ્ટન-બંગાળ ટીમ : અભિમન્યુ ઈશ્વરન
- ✓ પ્લેયર ઓફ ધ મેચ- અર્પિત વસાવડા
- ✓ બંગાળ-૧૪મી વાર ફાઈનલમાં પહોંચ્યું હતું જેમાં બે વાર વિજેતા

અન્ય વિગતો.

- ✓ સૌરાષ્ટ્રની ટીમે ૧૯૫૦-૫૧થી રણજીમાં ભાગ લેવાનું શરૂ કર્યું તે પછી આ પહેલી વખત તેઓ રણજી ટ્રોફી જીત્યા હતા.
- ✓ સૌરાષ્ટ્ર ક્ષેત્રની નવાનગર ટીમ ૧૯૩૬-૩૭માં અને વેસ્ટર્ન ઈન્ડિયા ટીમ ૧૯૪૩-૪૪માં રણજી ટ્રોફી જીતી હતી.
- ✓ છેલ્લી ૧૦ વર્ષમાં સૌરાષ્ટ્ર ચોથી એવી ટીમ બની છે કે, જે પહેલી વખત રણજી ટ્રોફી જીતી છે.
- ✓ રાજસ્થાને ૨૦૧૦-૧૧માં, ગુજરાત ૨૦૧૬-૧૭માં, વિદર્ભે ૨૦૧૭-૧૮માં અને સૌરાષ્ટ્ર ૨૦૧૯-૨૦માં ટાઈટલ જીત્યું હતુ.
- ✓ બંગાળની ટીમ ૧૪મી વખત રણજી ટ્રોફીની ફાઈનલ રમી હતી અને ૧૨મી વખત હારી હતી.
- ✓ આ સાથે સૌથી વધુ રણજી ફાઈનલ હારવાનો રેકોર્ડ તેમણે આગળ ધપાવ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. WHO : મહામારીના માપદંડ



કેવી રીતે મહામારી નક્કી કરાય છે ?

- ✓ WHO દ્વારા કોઈ બીમારી કે રોગચાળાને જાહેર કરવા માટે કોઈ ચોક્કસ ધોરણો હોતાં નથી. કોઈ બીમારીથી થનારા મોત અને ઇન્સ્ટ્રક્શન અથવા તેનાથી પ્રભાવિત દેશોની સંખ્યાને આધારે કોઈ બીમારીને મહામારી જાહેર કરી શકાય નહીં.
- ✓ વર્ષ ૨૦૦૩માં સાર્સ નામનો વાઇરસ ફેલાયો હતો. તે ૨૬ દેશમાં ફેલાયો હતો. આમ છતાં સાર્સ રોગચાળાને વાઇરસ કે મહામારી જાહેર કરવાનો WHOએ નિર્ણય લીધો ન હતો.
- ✓ કોઈ બીમારીને જ્યારે મહામારી જાહેર કરવામાં આવે ત્યારે તેનાથી કોઈ બિનજરૂરી ડર કે ગભરાટની સ્થિતિ ન સર્જાય તે પણ જોવાનું હોય છે .

મહામારી જાહેર કરવાના નિયમો

- ✓ મહામારી જાહેર કરતી વખતે એક બાબત ધ્યાનમાં રાખવામાં આવે છે કે કોઈ પ્રભાવિત દેશમાંથી જ્યારે ઓછી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય ત્યારે તેને મહામારી જાહેર કરવામાં આવતી નથી.

- ✓ જ્યારે એક કરતા વધુ દેશોમાં સ્થાનિક સ્તરે લોકોમાં બીમારી ફેલાય ત્યારે તેને મહામારી જાહેર કરવામાં આવે છે.
- ✓ જ્યારે કોઈ રોગચાળાને મહામારી જાહેર કરવામાં આવે ત્યારે તેનો અર્થ એવો કરી શકાય કે વ્યક્તિનો ચેપ લાગવાથી આ રોગ ફેલાઈ શકે છે.
- ✓ સરકાર માટે અને લોકો માટે તે ચેતવણીનો સૂર ઉચ્ચારે છે .

મહામારી અને સ્થાનિક મહામારી વચ્ચે તફાવત

- ✓ મહામારી (pandemic) અને સ્થાનિક મહામારી (Epidemic) વચ્ચે એ તફાવત રહેલો છે કે પેડેમિક એટલે કે મહામારી એક કરતા વધુ દેશમાં ફેલાય છે જ્યારે સ્થાનિક મહામારી (Epidemic) કોઈ એક દેશમાં મર્યાદિત સંખ્યામાં જ ફ્લાયેલી હોય છે.
- ✓ જે બીમારી આખા વિશ્વમાં ફેલાયેલી હોય તેને મહામારી કહેવાય છે. જ્યારે એપિડેમિક કોઈ દેશ કે રાજ્ય કે ક્ષેત્ર કે સરહદો સુધી જ સીમિત હોય છે.
- ✓ અગાઉ ૧૯૧૮થી ૧૯૨૦ સુધી સ્પેનિશ લૂને મહામારી જાહેર કરાઈ હતી.

કોરોનાએ સમગ્ર વિશ્વને ભરડામાં લીધું છે

- ✓ કોરોના વાઇરસે આખા વિશ્વમાં કેર મચાવ્યો છે. વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં તે ફેલાયેલો છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૪૨૭૨ લોકોનાં મોત થયાં છે.
- ✓ આખા વિશ્વમાં ૧,૧૦,૦૦૦થી વધુ લોકોને તેનો ચેપ લાગ્યો છે. ૧૧૦થી વધુ દેશમાં તે ફેલાયો છે તેથી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા તેને મહામારી એટલે કે (pandemic) જાહેર કરવામાં આવેલ છે.
- ✓ કોરોના વાઇરસના રોગચાળાને મહામારી જાહેર કરવાથી તેનાં લક્ષણો કે રોગની પ્રકૃતિમાં કોઈ ફેરફાર થતો નથી.
- ✓ જ્યારે કોઈ બીમારી એક દેશ કે સીમા સુધી મર્યાદિત રહેવાને બદલે આખા વિશ્વમાં ફેલાય ત્યારે તેને મહામારી જાહેર કરવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કોરોના સામે જંગ - વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પહેલ : સાર્ક દેશો સંયુક્ત રીતે કોરોના સામનો કરવા સજ્જ થાય



- ✓ યોગ્ય સ્ટ્રેટર્જી માટે વિડિયોકોન્ફરન્સનો મોદીજીનો પ્રસ્તાવનો સ્વિકાર
- ✓ સાર્કના દેશો તા.૧૫મી માર્ચ-૨૦૨૦ના રોજ વિડિયોકોન્ફરન્સના માધ્યમથી સંવાદ

સમર્થન

- ✓ દુનિયાના ૧૦૦થી વધારે દેશોમાં કોરોના વાઇરસનો ચેપ લાગ્યો છે ત્યારે પાડોશી

દેશ ચીન જે ન કરી શક્યું એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી બતાવ્યું છે અને પીએમ મોદીની આ પહેલની સાર્ક દેશોના પ્રમુખોએ આવકાર આપ્યો છે.

- ✓ પીએમ મોદીએ સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન (સાર્ક) દેશોમાં વાઇરસ મહામારીથી નીપટવા ચર્ચા માટે વીડિયો ચેટિંગનો પ્રસ્તાવ મૂક્યો હતો.
- ✓ સાર્ક દેશોમાં ભારત ઉપરાંત પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભુતાન, માલદિવ, શ્રીલંકા અને નેપાળનો સમાવેશ.
- ✓ પીએમ મોદીએ સાર્ક દેશોને આહવાન કર્યું હતું કે તમામ ૮ રાષ્ટ્રાધ્યક્ષ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાઈને કોરોનાના વિરોધમાં સંયુક્ત લડાઈ સામે ચર્ચા કરે.
- ✓ પીએમ મોદીએ ટ્વિટમાં લખ્યું હતું કે વિશ્વની સૌથી મોટી વસતી ધરાવતા સાઉથ એશિયાએ તેના લોકોને સ્વસ્થ રાખવા માટેની દિશામાં કોઈ કસર છોડવી જોઈએ નહીં.
- ✓ હું સાર્ક દેશોના નેતૃત્વ સામે કોરોના વાઇરસ સામે લડવા માટે મજબૂત રણનીતિ બનાવવાનો પ્રસ્તાવ મૂકું છું.
- ✓ આ પ્રસ્તાવનો સાર્કના દેશો દ્વારા સહર્ષ સ્વિકાર

પીએમ મોદીની શાનદાર પહેલ : ગોટબાયા રાજપક્સા

- ✓ પીએમ નરેન્દ્ર મોદીની અપીલ બાદ શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્સાએ ટ્વિટ કરીને લખ્યું હતું કે કોરોના વાઇરસ મામલે પીએમ નરેન્દ્ર મોદીએ શાનદાર પહેલ કરી છે. શ્રીલંકા આ રીતે વાતચીત કરવા માટે તૈયાર છે.
- ✓ ભુતાનના વડા પ્રધાન લોતેય શેરિંગે ટ્વિટમાં લખ્યું કે આને લીડરશિપ કહેવાય. સાર્ક ક્ષેત્રના સભ્ય તરીકે આપણે સાથે આવવું જોઈએ અન્યથા એનાથી અર્થવ્યવસ્થાને નુકસાન થઈ શકે છે. હું વીડિયો કોન્ફરન્સિંગ માટે તૈયાર છું.
- ✓ માલદિવના રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ સોલિહે પીએમ મોદીનો આભાર માનતાં લખ્યું હતું કે કોરોના વાઇરસને હરાવવા માટે આપણે સૌએ એક સાથે આવવાની જરૂર છે. અમે ક્ષેત્રીય એકતા બતાવવાની ઝુંબેશનું સમર્થન કરીએ છીએ.
- ✓ નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ કહ્યું હતું કે આ ઝુંબેશમાં અમે સાથ આપવા માટે તૈયાર છીએ.

SAARC-સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭.કેન્દ્રીય કર્મચારી : મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો (વહીવટ)



- ✓ અમલ - 1/1/2020થી
- ✓ અત્યાર સુધી 17 ટકા D. A. અપાતું હતું હવે વધીને 21 ટકા થયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. કેન્દ્ર સરકાર : સ્માર્ટ સિટી પ્રોજેક્ટ યોજનાનું રેન્કિંગ જાહેર(કુલ 100 સ્માર્ટ સિટી)

ક્રમ – શહેર અને રાજય

(1) આગરા - ઉત્તર પ્રદેશ

(2) અમદાવાદ - ગુજરાત

(3) કાનપુર - ઉત્તર પ્રદેશ

(5) સુરત -ગુજરાત

(7) વારાણસી - ઉતર પ્રદેશ

(9) વડોદરા - ગુજરાત

અન્ય વિગત

- ✓ ભારત સરકારે સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં પ્રોજેક્ટના અમલીકરણ, ફંડ ટ્રાન્સફર અને ફંડ યુટીલાઈઝ કરવા મુદ્દે સ્માર્ટ સીટી યોજનામાં પસંદ પામેલા ૧૦૦ શહેરોનું રેકિંગ કર્યું હતું જેમાં અમદાવાદને બીજો ક્રમ મળ્યો છે.
- ✓ IS - ઇસ્લામિક સ્ટેટ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૩-૨૦૨૦)

1. ભારત સરકાર દ્વારા દેશમાં સૌપ્રથમવાર કોરોના વાયરસની કીટ બનાવવાની મંજૂરી કઇ કંપનીને અપાઈ- **<u>કો-સારા ડાયગ્નોસ્ટિક્સ પ્રા. લિ., અમદાવાદ</u>**
2. કો-સારા ડાયગ્નોસ્ટિક્સ પ્રા. લિ.- અમદાવાદ દ્વારા કોરોના વાઇરસ સામે રક્ષણ માટે કઈ કીટ તૈયાર કરવામાં આવશે- **<u>રિએજન્ટ કિટ્સ</u>**
3. ભારતમાં કોરોના વાઇરસ સામે લડવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા. 22 માર્ચના રોજ લોકોને સ્વયંભૂ જોડાવા કઈ અપીલ કરાઈ- **<u>જનતા કરફ્યુ</u>**
4. કોરોના સામે રક્ષણ માટે ભારતમાં સ્વેચ્છાએ જનતા કરફ્યુનો સમયગાળો કયો નક્કી કરાયો- **<u>સવારે 7 થી રાત્રે 9 કલાક</u>**
5. ભારતમાં કોરોના સામે સાવચેતીના હેતુથી જનતા કરફ્યુ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કયું સૂત્ર અપાયું-" **<u>હમ સ્વસ્થ તો જગ સ્વસ્થ"</u>**
6. કોરોના સામે લડવા કેન્દ્ર સરકાર દ્વારા કઈ એક ટાસ્ક ફોર્સની રચના કરાઈ - **<u>COVID-19 ઇકોનોમિક ટાસ્ક ફોર્સ</u>**
7. તાજેતરમાં અમેરિકાની અવકાશ એજન્સી NASAના અહેવાલ મુજબ સંભવિત એપ્રિલ-2020માં કયો ઉલ્કા પિંડ પૃથ્વીની ખૂબજ નજીકથી પસાર થશે જે પૃથ્વીની નુકસાન પહોંચાડી શકે છે - **<u>52768(1998 OR-02)</u>**
8. તાજેતરમાં અંદાજપત્ર સત્ર-2020 દરમિયાન સંસદમાં અપાયેલી માહિતી મુજબ ફેબ્રુઆરી 2020ની સ્થિતિ કેટલા ટકા લોકોને આધારકાર્ડ અપાયા - **<u>90%</u>**
9. ભારતમાં તાજેતરમાં જ સૌપ્રથમ ટેઝર ગન ખરીદનાર રાજ્ય અને વિભાગનું નામ જણાવો - **<u>ગુજરાત અને પોલીસ વિભાગ</u>**
10. ટેઝર ગન ચલાવવાથી ટાર્ગેટને સામે શું અસર થાય છે - **<u>શરીરમાં વીજ પ્રવાહનું પરિવહન થતાં થોડાક સમય માટે સ્નાયુઓ જકડાઈને શિથિલ થઈ જાય</u>**
11. ભારતીય બંધારણની કઈ કલમ અનુસાર રાજ્યસભામાં 12 સભ્યો રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત કરવામાં આવે છે- **<u>80</u>**
12. રાજ્યસભાના સભાપતિનું નામ જણાવો - **<u>ઉપરાષ્ટ્રપતિ- શ્રીવેંકૈયા નાયડુ</u>**
13. તાજેતરમાં યુએસએ દ્વારા આઇએસના કયા વડાને બ્લેક લિસ્ટમાં મુક્યો છે જેની માહિતી આપનાર માટે 50 લાખ ડોલરના ઇનામની જાહેરાત કરી છે - **<u>આમિર મોહમ્મદ અબ્દુલ રહેમાન અલ-માલવી</u>**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 20-03-2020



૧. WHO અહેવાલ – કોરોના વાયરસ : ભારતમાં કોરોનાનું સંક્રમણ સ્થાનિક સ્તરે પહોંચ્યું



કમ્યુનિટી લોકલ ટ્રાન્સમિશન એટલે શું ?

- ✓ કોરોના સંક્રમિત વ્યક્તિ જે તે ભૌગોલિક સ્થળ ખાતે હાજર હોય
- ✓ **ખાસ-** વિશ્વમાં પહેલાં 1 લાખ કેસ 3 મહિનામાં બીજા એક લાખ કેસ 12 દિવસમાં નોંધાયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વરિષ્ઠ નાગરિક કલ્યાણ ફંડ (આર્થિક બાબતો)



- ✓ નવો વ્યાજ દર – ૬.૮૫ ટકા
- ✓ અગાઉનો વ્યાજ દર – ૭.૯ ટકા

સમગયાળો

- ✓ સરકારે સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડમાં જમા કરાવેલી રકમ પર વ્યાજદરમાં ઘટાડો કર્યો છે અને હાલના ૭.૯ ટકા વ્યાજદરના બદલે હવે ૬.૮૫ ટકા વ્યાજ મળશે.
- ✓ ૧ એપ્રિલ, ૨૦૧૯થી ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી જમા રકમ પર હવે ૬.૮૫ ટકા વ્યાજ મળશે.
- ✓ આ પહેલાં ૧ એપ્રિલ, ૨૦૧૮થી ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી વ્યાજદર ૭.૯ ટકા હતો.

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ફંડ

- ✓ ફાઇનાન્સ એક્ટ, ૨૦૧૫ હેઠળ સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડની સ્થાપના કરાઈ.

- ✓ આ ફંડની સ્થાપના એટલા માટે કરાઈ હતી કે-સિનિયર સિટિઝનોથી સંબંધિત તમામ યોજનાઓને એમના હિતમાં ઉપયોગમાં લેવામાં આવે.
- ✓ નાની બચત યોજના, એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફન્ડ, પબ્લિક પ્રોવિડન્ટ ફન્ડ સ્કીમ અને જીવન અને નોન જીવન વીમા યોજના, કોલ માઈડ પ્રોવિડન્ટ ફંડને સિનિયર સિટિઝન્સના વેલ્ફર ફંડમાં સામેલ કરી શકાય.
- ✓ ૨૦૧૯ના ડિસેમ્બર સુધીમાં આમાં ૪૧૦ કરોડ રૂપિયા જમા હતા.
- ✓ કેન્દ્ર ૨૦૧૫ના નાણાકીય અધિનિયમ હેઠળ સિનિયર સિટિઝન વેલ્ફર ફંડ અધિનિયમને લાગુ કરીને આ ભંડોળની રચના કરી હતી.
- ✓ આ ભંડોળનો ઉપયોગ સિનિયર સિટિઝનોની સુવિધા માટે ખર્ચ કરવામાં આવનાર હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. ખેલકૂદ : ભારતના મહાન ફૂટબોલર લિજેન્ડ તથા ઓલિમ્પિક સુકાની પ્રદિપકુમાર (પી.કે.) બેનરજીનું કોલકત્તા ખાતે 83 વર્ષની વયે નિધન



પ્રદીપકુમાર બેનર્જીનો પરિચય

- ✓ જન્મ સ્થળ – જલપાઈગુડી
- ✓ જન્મ - 23/06/1936
- ✓ અવસાન - 20/03/2020
- ✓ પોઝિશન : સ્ટ્રાઈકર
- ✓ યુથ ફેરિયર : બિહાર (૧૯૫૧)
- ✓ કલબ: આર્યન એફસી (૧૯૫૪), પૂર્વીય રેલવે એફસી (૧૯૫૫ થી ૬૭)

ફૂટબોલમાં શ્રી બેનરજીની સિદ્ધિઓ

- ✓ વર્ષ-1962ના ગોલ્ડ વિજેતા બેનરજી
- ✓ ભારતીય ફૂટબોલના ગોલ્ડન યુગના સાક્ષી.
- ✓ ઈ.સ. ૧૯૫૫માં ઢાકા (બાંગ્લાદેશ)માં રમાયેલી ચતુષ્કોણીય શ્રેણીથી આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો પ્રારંભ કર્યો.
- ✓ ૧૯ વર્ષની ઉંમરે પીકે બેનર્જીએ ટુર્નામેન્ટમાં પાંચ ગોલ ફટકાર્યા ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા
- ✓ ઈ.સ. ૧૯૫૬ના મેલબોર્ન ઓલિમ્પિકમાં ભાગ લીધો. ઓસ્ટ્રેલિયાને ક્વાર્ટર ફાઈનલમાં ૪-૨થી હરાવનારી ટીમમાં સામેલ હતા.
- ✓ ઈ.સ. ૧૯૬૦ના રોમ ઓલિમ્પિકમાં ભારતીય ટીમના કેપ્ટન તરીકે ભાગ લીધો અને ફ્રાન્સ સામે ૧-૧થી ડ્રો થયેલી મેચમાં એકમાત્ર ગોલ ફટકાર્યો.
- ✓ ૧૯૫૮ ટોકિયો, ૧૯૬૨ જકાર્તા અને ૧૯૬૬ બેંગ્કોક એશિયન ગેમ્સમાં ભાગ લીધો, જેમાંથી ૧૯૬૨ની જકાર્તા એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ટીમમાં સામેલ.

- ✓ ફાઈનલમાં ભારતે ૨-૧થી સાઉથ કોરિયાને હરાવ્યું, તે મેચમાં બેનર્જીએ ગોલ ફટકાર્યો.
- ✓ કુઆલાલુપુરમાં યોજાતા મેડ્રેકા કપમાં ત્રણ વખત દેશનું પ્રતિનિધિત્વ કર્યું.
- ✓ ઈ.સ. ૧૯૫૮ અને ૧૯૬૪માં સિલ્વર મેડલ જીતનારી અને ઈ.સ. ૧૯૬૫માં બ્રોન્ઝ જીતનારી ટીમમાં સામેલ હતા.

વિવિધ એવોર્ડ

- ✓ ૧૯૬૧માં અર્જુન એવોર્ડ શરૂ કરાયો ત્યારે તે મેળવનારા કેટલાક શરૂઆતના ખેલાડીઓમાં તે સામેલ હતા.
- ✓ ૧૯૯૦માં પદ્મશ્રી એનાયત થયો હતો.
- ✓ ૧૯૯૦માં ફિફા તેમને ફેર પ્લે એવોર્ડ એનાયત કર્યો હતો. જે અત્યાર સુધી ભારતના કોઈ ખેલાડીને મળેલું આવું એકમાત્ર સન્માન છે.
- ✓ ૨૦૦૪માં ફિફાએ તેમને ભારતના ૨૦મી સદીના શ્રેષ્ઠ ફૂટબોલર જાહેર કરતાં તેમને સેન્ટેનિયલ ઓર્ડર ઓફ મેરિટ એનાયત કર્યું હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. MyGov Corona HelpDesk : કેન્દ્ર સરકાર દ્વારા વોટ્સએપ પર હેલ્પ ડેસ્કનો પ્રારંભ કરાવાયો

હેલ્પ ડેસ્કની વિગતો

- ✓ કેન્દ્ર સરકારે વોટસએપ પર MyGov Corona Helpdesk શરૂ કરી હતી. આ ચેટબોટ તમામ યૂઝર્સ માટે ઉપલબ્ધ.



- ✓ આ માટે યૂઝરે કોન્ટેકટ લિસ્ટમાં ૯૦૧૩૧૫૧૫૧૫ નંબર સેવ કરી હેલ્પડેસ્કને મેસેજ મોકલવાનો રહેશે.
- ✓ સરકારે કોરોનાની માહિતી માટે હેલ્પલાઇન નંબર ૧૦૭૫ જારી કર્યો છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.નિર્ભયા ગેંગરેપ હત્યા કેસ (ન્યાયતંત્ર)

ચારેય દોષિતોને તા.20/03/2020ના રોજ સવારે 5.30 કલાકે ફાંસી અપાઈ



- ✓ સ્થાન – તિહાર જેલ, નવી દિલ્હી
- ✓ દુ:ખદ ઘટના – તા.16/12/2012, નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કોરોનાની ઓળખ માટે થતો PCR ટેસ્ટ શું છે

- ✓ પીસીઆર એટલે - પોલિમરાઈઝ ચેઈન રિએક્શન.
- ✓ આ શબ્દ મેડિકલ સાયન્સનો છે, પરંતુ તેનો સામાન્ય અર્થ વસતી વધારો એવો કરી શકાય. પોલિમર શબ્દનો અર્થ જ સંખ્યાબંધ ઉત્પાદન એવો થાય છે.
- ✓ સાદા શબ્દોમાં કહીએ તો પીસીઆર દ્વારા ખબર પડે કે વાઈરસ શરીરમાં ઘૂસીને જથ્થાબંધ ઉત્પાદન કરવા લાગ્યો છે કે નહીં.

ટેસ્ટની પ્રક્રિયા

- ✓ ટેસ્ટ માટે શંકાસ્પદ વ્યક્તિના ડીએનએનો નમૂનો (જે મોટે ભાગે લાળમાંથી મળી રહે) લેવામાં આવે છે.
- ✓ કોઈ પણ વાઈરસે શરીરને કંઈ નુકસાન કરવું હોય તો એ ડીએનએ મારફત જ કરી શકે. માટે ડીએનએમાં વાઈરસની હાજરી હોય જેની વર્તણૂક નોંધવામાં આવે છે.
- ✓ મનુષ્ય અને બીજા તમામ સજીવોનું શરીર કોષનું બનેલું છે. કોષનું ઉત્પાદન સતત થતું રહે છે. ઉત્પાદન બંધ થાય ત્યારે મૃત્યુ થાય.
- ✓ વાઈરસનું કામ ડીએનએમાં રહેલી કોષ ઉત્પાદનની ફેક્ટરી પર કબજો લઈને કોષના બદલે વાઈરસ પેદા કરવાનું છે. ટેસ્ટ દરમિયાન ખબર પડી આવે કે વાઈરસનું જથ્થાબંધ (ચેઈન રિએક્શન) ઉત્પાદન થઈ રહ્યું છે.

PCR ટેસ્ટના શોધક - કેરી મુલીસ



પીસીઆર ટેસ્ટની રીત અમેરિકાના સંશોધક કેરી મુલીસે ૧૯૮૩માં શોધી કાઢી હતી.

- ✓ એ માટે ૧૯૯૩માં તેમને માઈકલ સ્મિથ સાથે સંયુક્ત રીતે કેમેસ્ટ્રીનું નોબેલ પ્રાઈઝ પણ મળ્યું હતું.
- ✓ ૧૯૪૪માં જન્મેલા કેરીનું ૨૦૧૯ના ઑગસ્ટમાં નિધન થયુ હતુ.

વિશ્વના સૌથી ફાસ્ટ સુપર કોમ્પ્યુટર "સમિટે" કોરોના સામે લડી શકતા 77 તત્વો શોધ્યા

- ✓ કોરોના સામે લડત આપવા ટેકનોલોજીનો ઉપયોગ કરાઈ રહ્યો છે.
- ✓ આઈબીએમનું સુપર કપ્યુટર સમિટ પણ કોરોના સામેની લડતમાં જોડાયુ છે.
- ✓ સમિટ જગતનું સૌથી ફાસ્ટ સુપર કમ્યુટર, જે સેકન્ડમાં અબજો ગણતરી કરી શકે છે.
- ✓ વિવિધ ડ્રગ્સ અને દવાઓના કોમ્બિનેશનને આ કપ્યુટર દ્વારા તપાસાઈ રહ્યાં છે.
- ✓ જગતમાં અનેક પ્રકારની દવા, અનેક પ્રકારની દવાના મિશ્રણ (કોમ્બિનેશન) હોય ત્યારે દરેકનું પરીક્ષણ કરવું શક્ય નથી.

- ✓ આ સંશોધકોએ સમિટ સમક્ષ કોરોના વાઈરસની પ્રતિકૃતિ તૈયાર કરીને કમ્પ્યુટરને આપી હતી. એ પછી કઈ દવાથી વાઈરસ આગળ ફેલાતો અટકી શકે તેની ગણતરી કપ્યુટરે કરી હતી.
- ✓ આવી તપાસમાં અબજો ગણતરી કરવી પડે. સમિટે અબજો ગણતરી કર્યા પછી ૭૭ એવા એલિમેન્ટ (તત્વો) શોધી કાઢ્યા, જે કોરોના વાઈરસ સામે કારગત નિવડી શકે.
- ✓ સંશોધકોએ હવે અબજોને બદલે ૭૭ એલિમેન્ટનું જ પરિક્ષણ કરવાનું રહેશે.
- ✓ ઓક રિજ નેશનલ લેબોરેટરી- ટેનિસીનીમાં આવેલા આ કમ્પ્યુટરે અગાઉ અલ્ઝાઈમર્સ જેવા રોગોની દવા શોધવામાં પણ મદદ કરી.
- ✓ આ સંશોધકોએ વિવિધ ૮ હજાર પ્રકારની દવા-ડ્રગ્સના મોડેલ કપ્યુટર સમક્ષ રજૂ કર્યા હતા.
- ✓ તેમાંથી આ કમ્પ્યુટરે અબજો મિશ્રણ પેદા કરીને ક્યા મિશ્રણથી વાઈરસનું કામકાજ અટકી શકે એમ છે, તેની થિયરી તૈયાર કરી હતી.
- ✓ હવે આ થિયરીને આધારે રસી તૈયાર કરવામાં મદદ મળી શકશે.

IBM - ઈન્ટરનેશનલ બિઝનેસ મશીન

વિગતવાર માહિતી

- ✓ કોઈ પણ પ્રકારના વાઈરસની તપાસ માટે આ ટેસ્ટ સૌથી વિશ્વાસપાત્ર ગણાય છે. એચઆઈવી માટે પણ વિવિધ ટેસ્ટ થાય છે, જેમાંનો એક ટેસ્ટ પીસીઆર છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 20 માર્ચ

વિશ્વ ચકલી દિવસ



- ✓ હેતુ- ચકલી બચાવો અભિયાન
- ✓ દિલ્હીનું રાષ્ટ્રીય પક્ષી
- ✓ હાઉસ સ્પૈરોને ગુજરાતમાં ચકલી અને હિંદીમાં ગૌરૈયા કહેવામાં આવે છે.
- ✓ ઘર ચકલી ડોમેસ્ટિકસ કેટેગરીમાં આવતું એક પક્ષી છે.
- ✓ ચકલી યુરોપ અને એશિયા ખંડમાં સામાન્ય રીતે દરેક જગ્યા પર જોવા મળે છે.
- ✓ આ ઉપરાંત જગતભરમાં જ્યાં જ્યાં માણસ ગયો, ત્યાં આ પક્ષીએ એનું અનુકરણ કર્યું અને અમેરિકાના મોટાભાગના સ્થાનો, આફ્રિકાનાં કેટલાંક સ્થાનો, ન્યૂઝીલેન્ડ અને

ઓસ્ટ્રેલિયા તથા અન્ય નગરીય વસાહતોમાં પોતાનાં ઘર બનાવી રહેવાનું ચાલુ કર્યું.

✓ શહેરી ઇલાકાઓમાં ચકલીઓની ૭ પ્રકારની પ્રજાતિઓ જોવા મળી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૩-૨૦૨૦)

1. કોરોના સંક્રમિત વ્યક્તિ જે તે ભૌગોલિક સ્થળ ખાતે હાજર હોય તેને શું કહેવાય છે - **કમ્યુનિટી લોકલ ટ્રાન્સમિશન**
2. સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડમાં જમા રકમ ઉપર તા. ૧ એપ્રિલ, ૨૦૧૯થી તા.૩૧ માર્ચ ૨૦૨૦ સુધી કેટલા ટકા વ્યાજ મળશે - **૬.૮૫**
3. સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડમાં જમા રકમ ઉપર તા. ૧ એપ્રિલ, ૨૦૧૮થી તા. ૩૧ માર્ચ, ૨૦૧૯ દરમિયાન કેટલા ટકા વ્યાજ મળતુ હતુ - **૭.૯**
4. સિનિયર સિટિઝનોથી સંબંધિત તમામ યોજનાઓને એમના હિતમાં ઉપયોગમાં લેવામાં આવે તે હેતુથી કયા એક્ટ અંતર્ગત સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડની સ્થાપના કરવામાં આવી છે - **ફાઇનાન્સ એક્ટ, ૨૦૧૫**
5. તાજેતર માર્ચ-2020માં ભારતના કયા મહાન ફૂટબોલરનું અવસાન થયું- **પ્રદિપકુમાર(પી.કે.) બેનરજી**
6. ભારતીય ફૂટબોલના ગોલ્ડન યુગના સાક્ષી પી.કે. બેનરજીએ કયા વર્ષમાં ગોલ્ડ મેળવ્યો હતો - **વર્ષ-1962**
7. ભારતીય ફૂટબોલર પી.કે. બેનરજીને ૧૯૬૧માં કયો એવોર્ડ મળ્યો હતો - **અર્જુન એવોર્ડ**
8. ભારતીય ફૂટબોલર પી.કે. બેનરજીને કયા વર્ષમાં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા - **વર્ષ-૧૯૯૦**
9. વર્ષ-૧૯૯૦માં ફિફા દ્વારા પી.કે. બેનરજીને કયા એવોર્ડથી સન્માનિત કર્યા હતા. જે અત્યાર સુધી ભારતના કોઈ ખેલાડીને મળેલું આવું એકમાત્ર સન્માન છે - **ફેર પ્લે એવોર્ડ**
10. ભારત સરકારે કોરોના માટે વોટ્સએપ પર કઈ હેલ્પ ડેસ્કનો પ્રારંભ કરાવ્યો હતો - **MyGov Corona HelpDesk**
11. નિર્ભયા ગેંગરેપ હત્યા કેસના ચારેય દોષિતોને કઈ તારીખે સવારે 5.30 કલાકે ફાંસી અપાઈ - **તા.20/03/2020**
12. કોરોનાની ઓળખ માટે થતો PCR ટેસ્ટનું વિસ્તૃત નામ આપો - **પોલિમરાઈઝ ચેઈન રિએક્શન**
13. પોલિમર શબ્દનો અર્થ જણાવો - **સંખ્યાબંધ ઉત્પાદન**
14. PCR ટેસ્ટના શોધકનું નામ જણાવો - **કેરી મુલીસ**
15. પીસીઆર ટેસ્ટની રીત અમેરિકાના સંશોધક કેરી મુલીસે કયા વર્ષમાં શોધી કાઢી હતી - **૧૯૮૩**
16. કેરી મુલીસને PCR ટેસ્ટની શોધ માટે વર્ષ-૧૯૯૩માં માઈકલ સ્મિથ સાથે સંયુક્ત રીતે કયા એવોર્ડથી સન્માનિત કરાયા હતા - **કેમેસ્ટ્રી નોબેલ પ્રાઈઝ**
17. તાજેતર માર્ચ-૨૦૨૦માં વિશ્વના સૌથી ફાસ્ટ કયા કોમ્પ્યુટરે કોરોના સામે લડી શકતા 77 તત્વો શોધ્યા - **સુપર કોમ્પ્યુટર "સમિટ"**
18. IBMનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટરનેશનલ બિઝનેસ મશીન**
19. વિશ્વ ચકલી દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - **20 માર્ચ**
20. દિલ્હીના રાષ્ટ્રીય પક્ષીનું નામ જણાવો – **ચકલી**
21. હાઉસ સ્પૈરોને ગુજરાતી તથા હિન્દીમાં કયા નામે ઓળખવામાં આવે છે - **ચકલી તથા ગૌરૈયા**
22. શહેરી વિસ્તારોમાં ચકલીઓની કેટલા પ્રકારની પ્રજાતિઓ જોવા મળે છે - **૦૬**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 21-03-2020



૧. નોવેલ કોરોના વાઈરસ - ભારત કોરોના ફેઝ-3 તરફ : કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો પ્રારંભ (આરોગ્ય)

તા. 21/03/2020

ફેઝ-1 : વિદેશમાં સંક્રમિત થઈને આવેલા કોરોના પોઝિટિવ દર્દીઓ
ફેઝ-2 : ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા વ્યક્તિના સંપર્કમાં આવેલા પોઝિટિવ કેસ.
ફેઝ 3 : કોમ્યુનિટી ટ્રાન્સમિશન જેમાં વ્યક્તિને ચેપ કયાંથી લાગ્યો તેની ખબર જ પડતી નથી.
ફેઝ - 4 : ચીન, ઇટાલી અને ઇરાન જેવી મહામારી સર્જાય

મહામારી ફેઝ-1 થી 4 આ રીતે સમજો :

ફેઝ-1 :

- ✓ વિદેશમાં સંક્રમિત થઈને આવેલા કોરોના પોઝિટિવ દર્દીઓ

ફેઝ-2 :

- ✓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા વ્યક્તિના સંપર્કમાં આવેલા પોઝિટિવ કેસ.

ફેઝ-3 :

- ✓ કોમ્યુનિટી ટ્રાન્સમિશન જેમાં વ્યક્તિને ચેપ કયાંથી લાગ્યો તેની ખબર જ પડતી નથી.

ફેઝ - 4 :

- ✓ ચીન, ઇટાલી અને ઇરાન જેવી મહામારી સર્જાય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કેન્દ્રીય કેબિનેટ : મહત્વના કુલ-5 નિર્ણયો



(૧) કેબિનેટમાં ૧૨,૫૦૦ નવા આયુષ કેન્દ્રો ખોલવામાં આવશે. તે માટે ૩૪ કરોડ રૂપિયા ખર્ચ થશે.

(૨) ભારતે બેલ્જિયમ સાથે કરેલી પ્રત્યાર્પણ સંધિને પણ મંજૂરી આપવામાં આવી છે. તે સંધિ હેઠળ ભારત અને બેલ્જિયમ પોતાને ત્યાં છુપાયેલા અપરાધીઓને એકબીજાને સોંપી શકશે.

(3) કપાસના સમર્થન મુલ્ય માટે સર્વેક્ષણ કરવામાં આવશે. અંદાજે ૨ હજાર કરોડ રૂપિયાની ભરપાઈ માટે રાહત પેકેજની જાહેરાત પણ થઈ હતી.

(૪) દેશને ઈલેક્ટ્રોનિક, ફાર્મા અને તબીબી ઉપકરણોના ઉત્પાદન મોરચે હબ બનાવવા નિર્ણય લેવામાં આવ્યો છે.

- ✓ દેશમાં ફાર્મા કંપનીઓ માટે મોટો સ્કોપ છે. વિશ્વમાં આપણે ફોર્મ્યુલેશન મેડિસિન નિકાસ કરીએ છીએ.
- ✓ દેશના ચાર રાજ્યોમાં મેડિકલ ડિવાઈસ પાર્ક ઊભા કરવામાં આવશે.

(૫) ૨૦૨૫ સુધીમાં ૨૦ લાખ નોકરીઓ ઊભી કરવાનું લક્ષ્ય

- ✓ વર્ષ ૨૦૧૮માં નેશનલ ઇલેક્ટ્રોનિક નીતિ ઘડી, કાઢવામાં આવી હતી. આવનારા દિવસોમાં ૨૦ લાખ કરોડનું રોકાણ આ ક્ષેત્રમાં કરવામાં આવશે.
- ✓ ૨૦૨૫ સુધીમાં ૨૦ લાખ નોકરીઓ પેદા કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું.
- ✓ કંપનીઓને ૪ થી ૬ ટકા પ્રોડક્શન લિન્કડ ઇન્સેટિવ આપવામાં આવશે.
- ✓ ઇલેક્ટ્રોનિક ડિવાઇસના કંપોનન્ટ બનાવવા પર પણ ભાર મૂકવામાં આવશે.
- ✓ કપનીઓને કુલ ઉત્પાદન ખર્ચ પર ૨૫ ટકા ઇન્સેટિવ આપવામાં આવશે.
- ✓ મોટી કપનીઓની સાથોસાથ નાની કંપનીઓને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ટેકટોનિક પ્લેટ (ભૂગોળ)



- ✓ ટેકટોનિક પ્લેટ અંગે IIG સંસ્થાનો અહેવાલ
- ✓ દેશમાં ભૂગર્ભ જળ ઘટતાં ટેકટોનિક પ્લેટ ખસવાના દરમાં 12%નો ઘટાડો થયો જેને કારણે દેશમાં ભૂકંપનું જોખમ પણ ઘણું ઘટયું
- ✓ હિમાલય પર્વતનું ભારતીય ઉપમહાદ્વીપના ક્લાઇમેટ ચેન્જમાં મોટું યોગદાન છે. તેનું ખસવું અન્ય કારણો સાથે ભૂગર્ભજળના સ્તરમાં ફેરફાર પર પણ નિર્ભર કરે છે.
- ✓ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ જીયોમેગ્નેટિઝમ (આઇઆઇજી)ના વિજ્ઞાનીઓએ અભ્યાસ દ્વારા જાણ્યું કે ભૂગર્ભજળ ઘટવાથી ઇન્ડિયન ટેક્ટોનિક પ્લેટ ખસવાના દરમાં 12 ટકાનો ઘટાડો થયો છે.
- ✓ ભૂગર્ભજળમાં ઘટાડા અંગે જાણવા માટે કરાયેલા આ અભ્યાસનું એક કારણ એવું પણ છે કે ભૂકંપનું જોખમ પણ ઘટ્યું છે.
- ✓ જમીનની નીચે ટેક્ટોનિક પ્લેટ પરસ્પર ટકરાવાથી જ ભૂકંપ આવે છે.

- ✓ પ્લેટો ખસવાનો દર ઘટશે તો ભૂકંપ પણ ઓછા આવશે.
- ✓ ભારતનું હિમાલય ક્ષેત્ર સિસ્મિક ઝોન-5માં આવે છે. ભૂકંપની દ્રષ્ટિએ તે દેશમાં સૌથી વધુ સંવેદનશીલ છે.
- ✓ આ ઝોનમાં ઉત્તર-પૂર્વીય વિસ્તાર, જમ્મુ કાશ્મીર, હિમાચલ, ઉત્તરાંચલ, કચ્છ, ઉત્તર બિહાર અને આંદામાન-નિકોબાર સામેલ.
- ✓ જર્નલ ઓફ જિયોફિઝિકલ રિસર્ચમાં પ્રકાશિત અભ્યાસ મુજબ, પાણી એક લ્યુબ્રિકેટિંગ એજન્ટ (ચીકાશ આપતા પદાર્થ) તરીકે કામ કરે છે. તેથી સૂકી ઋતુમાં ફોલ્ટ (આંતરિક ભૂખંડ) ખસવાનો દર ઘટી જાય છે.
- ✓ આઈઆઈજીના વરિષ્ઠ વિજ્ઞાની સુનીલ સુકુમારન જણાવે છે કે પાછલા દાયકાઓમાં હિમાલયની તળેટી અને ગંગા બેલ્ટના મેદાની ભાગો સતત ડૂબી રહ્યા છે અને તેની આસપાસના વિસ્તારોમાં ભૂસ્ખલન તથા ટેક્ટોનિક હલચલ નોંધાઇ છે.
- ✓ જમીનની નીચે પાણીનું પ્રમાણ અને સપાટી પર ભૂખંડના ભારના તફાવતની ગણના ખૂબ જટિલ છે.
- ✓ સંશોધક અજીત સાજીએ જણાવ્યું કે તેમણે જીપીએસ અને ગ્રેવિટી રિકવરી એન્ડ ક્લાઇમેટ એક્સપરિમેન્ટ (ગ્રેસ)ના ડેટાનો ઉપયોગ કરીને ભૂગર્ભજળના પ્રમાણમાં તફાવતની ગણતરી કરી નાસા ગ્રેસ સેટેલાઇટના ડેટાથી આઈઆઈજીને હિમાલય ક્ષેત્રમાં જળવિજ્ઞાનને સમજવામાં મદદ મળી.
- ✓ ટેક્ટોનિક પ્લેટ એક વર્ષમાં 4-5 મિ. મી. ખસે છે
- ✓ ધરતીમાં 12 ટેક્ટોનિક પ્લેટ છે. આ પ્લેટો તેમના સ્થાનેથી હલતી, ફરતી અને ખસતી રહે છે. તે એક વર્ષમાં તેના સ્થાનેથી અંદાજે 4-5 મિ. મી. સુધી ખસે છે.
- ✓ તે ઉપર-નીચે કે આગળ-પાછળ કોઇ પણ દિશામાં ખસે છે.
- ✓ આ અભ્યાસથી એ સમજવામાં મદદ મળી કે જળવિજ્ઞાન જળવાયુને કેવી રીતે અસર કરે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. જન્મદિન વિશેષ : 21 માર્ચ

નારી હકોના ચેમ્પિયન :પુષ્પાબેન મહેતા



જન્મ - 21 માર્ચ - 1905

અવસાન – 2 એપ્રિલ-1988

- ✓ આજે ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન, અભિનેતા અરવિંદ પંડ્યા અને મહાન નારી પ્રતિભા પુષ્પાબેન મહેતાનો જન્મદિવસ.

- ✓ કલમ, કડછી અને બરછી માટે પંકાયેલી વડનગરા નાગર જ્ઞાતિમાં તેમનો જન્મ પ્રભાસ પાટણમાં થયો હતો.
- ✓ પિતા હરિપ્રસાદ દેસાઈ બ્રિટિશ અને જૂનાગઢની નવાબીમાં મહત્ત્વનું સ્થાન ધરાવતાં હતાં.
- ✓ નાનપણથી જ ગૃહવ્યવસ્થા માથે આવી પડી પણ આજ બાબત પુષ્પાબેન માટે ભાવિ જીવનની પ્રયોગશાળા સમું બન્યું હતું.
- ✓ વાંચનનો શોખ ધરાવતાં પુષ્પાબેન પ્રભાસ પાટણ અને મહાલક્ષ્મી ફીમેલ કોલેજમાં ભણ્યાં હતાં.
- ✓ શાળામાં 14 વર્ષની ઉંમરે ક્ષમા, દયા અને કૃપા વિશે સતત ત્રણ કલાક બોલ્યાં હતાં, બોલવાની રીતે જ નહીં શાળામાં ઈનામ ન મળવાથી રડતી છોકરીને પોતાને મળેલું ઈનામ આપી દઈ પ્રત્યક્ષ પ્રમાણ આપ્યું.
- ✓ પુષ્પાબેન ગાંધીજીથી ગાઢ રીતે પ્રભાવિત હતાં. પુષ્પાબેન સૌરાષ્ટ્ર ધારાસભા, મુંબઈ ધારાસભા, સૌરાષ્ટ્ર બંધારણ સભાના, 1970માં રાજ્યસભાના સભ્ય પણ હતાં. રાજ્યસભામાં તેમણે ગર્ભપાત વિરોધી બિલ રજૂ કર્યું હતું.
- ✓ આઝાદી પછીની ગુજરાતની જાહેર જીવનની મોટાભાગની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત અને જમનાલાલ બજાજ સહિતના પુરસ્કારોથી સન્માનિત પુષ્પાબેનનું 2 એપ્રિલ 1988ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 21 માર્ચ

(૧) વિશ્વ કવિતા દિવસ (world poetry day)



- ✓ સંયુક્ત રાષ્ટ્ર સંઘે ..૨૧ માર્ચને વિશ્વ કવિતા દિવસ તરીકે જાહેર કર્યો છે. સાહિત્યનો સૌથી વધુ લોકપ્રિયને જૂનો પ્રકાર પણ આજ.કવિતા સંગીતે મઢાય ને મધુરા સ્વરે ટહુકે ..પછીતો હૈયે એવી જડાય કે યુગવર્તી બની જાય. આપણું પ્રાચીન સાહિત્ય ઋષી મુનિઓએ કવિતા રૂપે જ ભેટ ધર્યું છે..વેદ, મહાભારત, રામાયણ, કે કવિ કાલિદાસ વગેરેની અમર રચનાઓ આપણી સંસ્કૃતિનું ગૌરવ છે. આપણા વેદ વ્યાસજીએતો એક લાખ શ્લોકો થકી મહાભારતનું મહાકાવ્ય લખ્યું હતું...બોલાય જાયને અધધ.
- ✓ કવિતા એટલે કે poetry ...એ ગ્રીક ભાષાના શબ્દ..poieo જેનો અર્થ છે..હું સર્જન કરું છું પરથી ઉતરી આવ્યો છે.આપણી અતિ પ્રાચીન સભ્યતાઓ જે વિકસી હતી..ગ્રીક અને સુમેરિકન..તે લોકો પણ કવિતા કરતા

હતા. ગ્રીક મહાકાવ્યો..ઈલિડય અને ઓડિસીની..પણ જગતની યાદગાર કવિતાઓમાં ગણના થાય છે.

- ✓ કવિતા પ્રેમીઓને જાણતાં જ ખુશી થાય એવા સમાચાર એ છે કે..આજથી ૪ હજાર પૂર્વે..સુમેરિકન કાળમાં..મોસેપોટેમિયા એટલે કે આજના ઈરાનમાં ,એક રાજાની પ્રસંશા સાથે તેમના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતા શીલા લેખમાં , વિશ્વની જૂનામાં જૂની કવિતા પ્રાપ્ત થઈ છે...'Epic of Gilgamesh' અને તેની થોડી પંક્તિઓ સચવાયેલી અનામત છે. જે ૧૮૮૦ના દસકાઓમાં ઐતિહાસિક ખોદકામ કરતાં મળેલ. આ કવિતા પણ વિવિધ પથ્થરો પર ક્રમશઃ લખાઈ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) આંતરરાષ્ટ્રીય વન દિવસ

થીમ-2020–FOREST AND BIODIVERSITY



- ✓ સંસ્થા – સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN)

૧. ઈતિહાસ અને મહત્વ :

- ✓ વિશ્વભરના લોકોમાં વનો પ્રત્યે જાગૃતિ, વન સંવર્ધન અને તેના સંરક્ષણની ભાવના વિકસાવવા માટે તેમજ વનોની સમગ્ર જીવસૃષ્ટિમાં અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) દ્વારા તા. ૨૧ માર્ચના દિવસને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું સને ૧૯૭૧થી ઠરાવવામાં આવેલ છે.
- ✓ આ ઉજવણી માટે દર વર્ષે જુદી-જુદી થીમ (વિષયવસ્તુ) નક્કી કરવામાં આવે છે.
- ✓ વર્ષ-૨૦૨૦માં ઉજવણી માટે "FORESTS AND BIODIVERSITY"ની થીમ નક્કી કરવામાં આવેલ છે.

  <u>રાષ્ટ્રીય વન નીતિ ૧૯૮૮ મુજબ પર્યાવરણ સમતુલા માટે ૩૩ ટકા વિસ્તાર હોવો જોઇએ.</u>
- ✓ જ્યારે આપણા રાજ્યમાં વનો હેઠળ ૧૧ ટકા જેટલો વિસ્તાર છે.
- ✓ ઓછા વનોના પરિણામે વન આધારિત ઉપજોમાં તીવ્ર ખેંચ અને મહા મુશ્કેલીઓ અનુભવવી પડે છે.
- ✓ ઉપરાંત જમીનનું સતત ધોવાણ, દરિયાકિનારે વધતી જતી ખારાશ, પાતાળમાં પાણીના જળ નીચા જવા, ઉત્પાદકતામાં થતો ઘટાડો વગેરે વર્ષો જુની ઉકેલો મગતી સમસ્યાઓ ઉપરાંત રક્ષણાત્મક ઓઝોન વાયુના આવરણમાં ઉદભવેલા વિક્ષેપો અને તેને કારણે વધતી જતી ગ્રીનહાઉસની અસર અને જલવાયુ પરિવર્તન જેવા ગંભીર પ્રશ્નો ઉમેરાયા છે.

૨. ભારતીય બંધારણમાં જોગવાઈ

- ✓ ભારતીય બંધારણમાં સને ૧૯૭૬માં ૪૨ માં સુધારા દ્વારા બંધારણની કલમ ૪૮-એમાં રાજ્ય સકારોને ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, રાજ્યના જંગલો, વન્યજીવન અને પર્યાવરણનું રક્ષણ કરવાની તેમની ફરજ છે.
- ✓ બંધારણની કલમ-૫૧ એ દ્વારા વન, સરોવર, નદી, વન્યપ્રાણી સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ હોવાનું જણાવ્યું છે.
- ✓ ગુજરાત રાજ્યનું એ સદભાગ્ય છે કે વન સંપતિ અને વૃક્ષ ઉછેર માટે રાજયની પ્રજા અને શાસકો ચિંતિત અને જાગૃત છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સક્રિય છે

૩. જૈવ વિવિધતા (BIODIVERSITY) અંગે

- ✓ ગુજરાતનો ગૌરવ સમા સિંહનાં સંરક્ષણ ક્ષેત્રે અદ્વિતિય સફળતા મે-૨૦૧૫ની વસ્તી ગણતરીમાં સિંહોની સંખ્યા ૫૩ થયેલ છે. જે ૨૭%નો વધારો દર્શાવે છે.
- ✓ રાજયમાં દિપડાની સંખ્યા સને ૨૦૧૧માં ૧૧૬૦ હતી. જે સને ૨૦૧૬ની વસ્તી ગણતરી મુજબ તેમની સંખ્યા ૧૩૯૫ થયેલ છે. જે છેલ્લાં ૫ વર્ષમાં ૨૦%નો વધારો સુચવે છે.
- ✓ રીંછની વસ્તી સને ૨૦૧૧ માં ૨૯૩ હતી. જે સને ૨૦૧૬ની વસ્તી ગણતરી મુજબ તેમની સંખ્યા ૩૪૩ થયેલ છે. જે છેલ્લાં ૫ વર્ષમાં ૧૭%નો વધારો સુચવે છે.
- ✓ આ ઉપરાંત સમગ્ર દેશમાં માત્ર ગુજરાત રાજ્યમાં જ કુદરતી રીતે વિહરતું જોવા મળતું ભારતીય ધુડખરની વસ્તી સને ૨૦૦૯માં ૪૦૩૮ હતી. જે સને ૨૦૧૪ની વસ્તી ગણતરી મુજબ તેમની સંખ્યા ૪૪૫૧ થયેલ છે, જે છેલ્લાં ૫ વર્ષમાં ૧૦%નો વધારો સુચવે છે.
- ✓ તાજેતરના સને ૨૦૧૯ના ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના અહેવાલ અનુસાર રાજ્યના જળપ્લાવિત વિસ્તાર ૧૨૧૦૬૭૫ હેકટર નોંધાયેલ છે. જે વન વિસ્તારના ૩૯.૮૮% થયેલ છે.

૪. ગુજરાતમાં વનની સ્થિતિ

- ✓ તાજેતરમાં ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલા વર્ષ ૨૦૧૭ના અહેવાલ અનુસાર રાજયમાં કુલ વન વિસ્તાર ૧૪,૮૫૭ ચો. કી. મી. થયેલ છે જે વર્ષ ૨૦૧૭ની સરખામણીએ ૧૦૦ ચો. કિ.મી.નો વધારો થયેલ છે.
- ✓ સને ૨૦૦૪માં રાજ્યમાં કરવામાં આવેલી વૃક્ષ ગણતરી મુજબ વન બહારના વિસ્તારમાં ૨૫.૧ કરોડ વૃક્ષો હતા જે વધીને સને ૨૦૧૭ના અભ્યાસ મુજબ ૩૪.૩૫ કરોડ થવા પામેલ છે.
- ✓ આમ ૧૩ વર્ષમાં ૩૭%નો વધારો થયેલ છે. એટલું જ નહી ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૦૧ના અહેવાલ મુજબ ગુજરાત રાજ્ય ૨.૦૬% વૃક્ષ આચ્છાદિત વિસ્તાર સાથે દેશમાં ૧૬મા ક્રમે હતું જે

રાજ્યની જનતાના સહિયારા પ્રયાસોથી સને ૨૦૧૯ના અહેવાલ અનુસાર આપણા રાજ્યમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ૩.૫૨% થયેલ છે.

- ✓ ગુજરાતમાં વર્ષ-૨૦૦૪થી રાજયકક્ષાના વન મહોત્સવનો પ્રારંભ
- ✓ પ્રથમ સાંસ્કૃતિક વન – પુનિત વન, ગાંધીનગર, ૨૦૦૪
- ✓ પુનિત વન – નક્ષત્ર આધારિત
- ✓ વર્ષ-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાતમાં કુલ-૧૯ સાંસ્કૃતિક વન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૩-૨૦૨૦)

1. તા.21/03/2020ની સ્થિતિએ ભારતમાં નોવેલ કોરોના વાઈરસ કયા ફેઝમાં પહોંચ્યો હતો - **ફેઝ-3, કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો પ્રારંભ**
2. માર્ચ-2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેટલા નવા આયુષ કેન્દ્રો ખોલવા માટે મંજૂરી આપવામાં આવી - **૧૨,૫૦૦**
3. માર્ચ-2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેટલા કુલ કેટલા રૂપિયાના ખર્ચે ૧૨,૫૦૦ નવા આયુષ કેન્દ્રો ખોલવાની મંજૂરી આપી – **૩૪ કરોડ**
4. તાજેતરમાં ભારત-બેલ્જિયમ વચ્ચે થયેલી પ્રત્યાર્પણ સંધિથી શું ફાયદો થશે – **ભારત-બેલ્જિયમ પોતાને ત્યાં છુપાયેલા અપરાધીઓને એકબીજાને સોંપી શકશે**
5. માર્ચ-2020 કેન્દ્રીય કેબિનેટ દ્વારા ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્લસ્ટર્સ (EMC) દ્વારા સામાન્ય સુવિધાઓ અને સવલતો સાથે વિશ્વ કક્ષાના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે કોને આર્થિક સહાય આપવાની મંજૂરી અપાઈ - **મોડિફાઇડ ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્લસ્ટર્સ (EMC 2.0)**
6. ભારતમાં આગામી સમયમાં કેટલા રાજ્યોમાં મેડિકલ ડિવાઈસ પાર્ક ઊભા કરવાનું આયોજન છે - **ચાર**
7. વર્ષ ૨૦૧૮માં ઘડાયેલી નેશનલ ઇલેક્ટ્રોનિક નીતિ અંતર્ગત આ ક્ષેત્રમાં આગામી સમયમાં કેટલા રૂપિયાનું રોકાણ કરવાનું તથા કેટલી રોજગારી ઉત્પન્ન કરવાનું ભારત સરકારનું લક્ષ્યાંક છે – **રૂ. ૨૦ લાખ કરોડ અને ૨૦ લાખ નોકરી**
8. તાજેતર માર્ચ-૨૦૨૦ના IIGના અહેવાલ અનુસાર દેશમાં ભૂગર્ભ જળ ઘટતાં ટેકટોનિક પ્લેટ ખસવાના દરમાં કેટલા ટકાનો ઘટાડો થયો જેને કારણે દેશમાં ભૂકંપનું જોખમ પણ ઘણું ઘટયું - **12%**
9. IIGનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ જીયોમેગ્નેટિઝમ**
10. ધરતીમાં કેટલી ટેક્ટોનિક પ્લેટ આવેલી છે – **12**
11. નારી હકોના ચેમ્પિયન એવા પુષ્પાબેન મહેતાનો જન્મ દિવસ જણાવો - **21 માર્ચ – 1905**
12. વિશ્વ કવિતા દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - **21 માર્ચ**
13. આંતરરાષ્ટ્રીય વન દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - **21 માર્ચ**
14. આંતરરાષ્ટ્રીય વન દિવસ -2020ની થીમ જણાવો – **FOREST AND BIODIVERSITY**
15. રાષ્ટ્રીય વન નીતિ ૧૯૮૮ મુજબ પર્યાવરણ સમતુલા માટે કેટલા ટકા વન વિસ્તાર હોવો જોઇએ - **૩૩ ટકા**
16. ગુજરાતમાં કેટલા ટકા વન વિસ્તાર આવેલો છે-**૧૧ ટકા**
17. ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના ૨૦૧૯ના અહેવાલ અનુસાર ગુજરાતમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર કેટલા ટકા થયેલ છે - **૩.૫૨%**
18. ગુજરાતમાં કયા વર્ષથી રાજયકક્ષાના વન મહોત્સવનો પ્રારંભ થયો હતો - **વર્ષ-૨૦૦૪**
19. ગુજરાતનું પ્રથમ સાંસ્કૃતિક વન જણાવો – પુનિત વન, ગાંધીનગર (૨૦૦૪)
20. ગુજરાતનું પ્રથમ સાંસ્કૃતિક પુનિત વન શાના પર આધારિત છે – **નક્ષત્ર આધારિત**
21. વર્ષ-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાતમાં કુલ કેટલા સાંસ્કૃતિક વન આવેલા છે – **૧૯**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 22-03-2020



૧. 'જનતા કરફ્યૂ' – કોરોના સામે લડવા દેશના 130 કરોડ લોકોની સ્વૈચ્છિક તાળાબંધી



- ✓ સવારે-૭.૦૦ થી સાંજે ૯.૦૦ સુધી લોકો ૧૪ કલાક ઘરમાં રહ્યાં
- ✓ સાંજે ૫.૦૦ કલાકે ૫ મિનિટ લોકોએ શંખનાદ, તાળીઓ પાડી તમામ સેવાકર્મીઓનુ અભિવાદન કર્યું
- ✓ સાવચેતી–દેશના ૨૫ રાજ્ય-કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૪૬ જિલ્લાઓમાં સંપૂર્ણ લોકડાઉનના આદેશ (તા.૨૨-૦૩-૨૦૨૦)



- ✓ તા.૩૧મી માર્ચ-૨૦૨૦ સુધી તમામ પ્રવાસી ટ્રેન રદ
- ✓ અનેક સ્થળોએ કલમ-૧૪૪ લાગુ કરાઈ
- ✓ વિશ્વના ૧૮૮ દેશોમાં કોરોનાનો કેર (તા.૨૨-૦૩-૨૦૨૦)
- ✓ ગુજરાતમાં જાહેરનામાના ભંગ બદલ સંબંધિતોની સામે 'ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-૨૦૨૦' અન્વયે કાનુની કાર્યવાહી કરવામાં આવશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય – કોરોના વાઈરસના ટેસ્ટ માટે ખાનગી લેબને મંજૂરી : રૂ. ૪૫૦૦ ચૂકવવા પડશે



વિગત

- ✓ કેન્દ્ર સરકારે ખાનગી લેબોરેટરીઓને કોરોના વાઈરસના શંકાસ્પદ કેસોમાં સેમ્પલ ટેસ્ટિંગ કરવાની મંજૂરી આપી.
- ✓ ભારતમાં યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા મંજૂર કરાયેલ ટેસ્ટિંગ કિટ દ્વારા ખાનગી લેબોરેટરીઓ કોરોનાના ટેસ્ટ કરી શકશે.
- ✓ સરકારના આ નિર્ણયથી દેશમાં કોરોના સેમ્પલના ટેસ્ટિંગમાં ઝડપ આવશે.

ભારત હાલ કોરોના સ્ટેજ-ટુ અને થ્રી ટ્રાન્સમિશનના તબક્કામાં

- ✓ ICMR અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ જિનોમિક્સ એન્ડ ઈન્ટેગ્રેટિવ બાયોલોજી ડિરેકટર અનુરાગ અગ્રવાલના જણાવ્યા મુજબ ભારત હાલ કોરોનાના સ્ટેજ-ટુ અને સ્ટેજ-થ્રી વચ્ચેના તબકકામાં છે.
- ✓ જેમાં સોશિયલ ડિસ્ટન્સિંગ વધુ અસરકારક રહેશે. સ્ટેજ-૩માં લોકડાઉન અનિવાર્ય છે.
- ✓ આમાં દરેક કેસની સંપૂર્ણ તપાસ જરૂરી બને છે. આ તબકકામાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને જનતા કરફયૂ મહત્વના છે. આમ સરકાર સાચી દિશાનાં પગલાં લઈ રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. દિન વિશેષ : 22 માર્ચ

વિશ્વ જળ દિવસ

થીમ :- 'Water and Climate Change'



વિશ્વ જળ દિવસ વિશે

- ✓ 1 ટકા શુદ્ધ પાણીનો 60મો ભાગ ખેતી અને ઉદ્યોગમાં ઉપયોગ
- ✓ રિયો ડિ જાનેરોમાં ૧૯૯૨માં યોજવામાં આવેલ પર્યાવરણ તથા વિકાસનાં સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં વિશ્વ જળ દિવસની વાત કરાઈ હતી. ત્યારથી ૨૨ માર્ચના રોજથી વિશ્વ જળ દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ પાણી બચાવવાનો સંકલ્પને ધ્યાનમાં રાખીને આ દિવસની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે.
- ✓ એક સર્વે અનુસાર વિશ્વનાં ૧.૫ અબજ લોકોને શુદ્ધ પાણી નથી મળતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. જન્મ દિન વિશેષ : 22 માર્ચ

કવિ શિરોમણી : સુંદરમ



જન્મ - 22 માર્ચ-1908

અવસાન – 13 જાન્યુઆરી-1991

- ✓ 'તને મેં ઝંખી છે, યુગોથી દીઠેલા પ્રખર સહરાની તરસથી' જેવા અમર ગુજરાતી પ્રણય કાવ્યના કવિ અને વિશ્વ સાહિત્યમાં બિરાજે તેવી 'ખોલકી' વાર્તાના સર્જક સુન્દરમનો આજે જન્મ દિવસ.
- ✓ સુન્દરમનું મૂળ નામ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર અને જન્મ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મીયામાતર ગામે.
- ✓ પ્રારંભિક શિક્ષણ મીયામાંતર, આમોદમાં લઈ ગુજરાત વિદ્યાપીઠથી સ્નાતક થયા હતા. ભાષાવિશારદ પણ થયા અને સોનગઢમાં અધ્યાપન શરૂ કર્યું.
- ✓ સુંદરમની પછીની પ્રવૃત્તિઓ અમદાવાદ જ્યોતિસંઘ અને અરવિંદ આશ્રમ પોંડિચેરીમાં રહી હતી.
- ✓ તેમના વ્યક્તિત્વ અને સર્જન પર ગાંધી અને અરવિંદનો ઘેરો પ્રભાવ હતો.
- ✓ કોયા ભગતની કડવી વાણી અને ગરીબોના ગીતો, કાવ્યમંગલા, વસુધા, યાત્રા અને રંગ રંગ વાદળિયા તેમના કાવ્ય ગ્રંથો
- ✓ હીરાકણી અને બીજી વાતો, પિયાસી તથા ઉન્નયન તેમનાં જાણીતા વાર્તાસંગ્રહો છે.
- ✓ સુન્દરમે વાસંતી પૂર્ણિમા, ચિદંબરા, પાવકને પંથે, દક્ષિણાયન, અવલોકન, સાહિત્ય ચિંતન, સમર્યના અને શ્રી અરવિંદ મહાયોગી જેવા નાટક, અંજલિ, પ્રવાસ અને ચરિત્ર ગ્રંથો પણ લખ્યા છે.
- ✓ 13 જાન્યુઆરી 1991ના રોજ તેમનું અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૩-૨૦૨૦)

1. ગુજરાતમાં કોરોના સામે બહાર પાડવામાં આવેલા જાહેરનામાના ભંગ બદલ કયા એક્ટ હેઠળ સજાની જોગવાઈ કરવામાં આવેલી છે-' ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-2020'
2. કોરોના વાયરસના ટેસ્ટ માટે કેન્દ્ર સરકારે તાજેતરમાં કોને મંજૂરી આપી- ખાનગી લેબોટરીઓને
3. ભારતમાં ખાનગી લેબોરેટરીઓને કોરોના વાઈરસના શંકાસ્પદ કેસોના ટેસ્ટિંગ માટે કોના દ્વારા મંજૂરી અપાઈ - યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન
4. તા.૨૨મી માર્ચ-૨૦૨૦ની સ્થિતિએ કોના અહેવાલ અનુસાર ભારતમાં કોરોના વાઈરસ સ્ટેજ-ટુ અને સ્ટેજ-થ્રી વચ્ચેના તબકકામાં છે - ICMR અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ જિનોમિક્સ એન્ડ ઈન્ટેગ્રેટિવ બાયોલોજી

5. ભારતમાં કોરોના વાયરસના ટેસ્ટ માટે ખાનગી લેબને રૂપિયા ચૂકવવા પડશે- **રૂ.4500/-**
6. વિશ્વ જળ દિવસ-2020ની થીમ જણાવો - **'Water and Climate Change'**
7. કયા વર્ષમાં રિયો ડિ જાનેરોમાં યોજવામાં આવેલ પર્યાવરણ તથા વિકાસનાં સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં દર વર્ષે તા.22મી માર્ચને વિશ્વ જળ દિવસ તરીકે ઊજવવાનું નક્કી કરાયું – **વર્ષ-1992**
8. એક સર્વે અનુસાર વિશ્વનાં અંદાજે કેટલા લોકોને શુદ્ધ પાણી નથી મળતું – **1.5 અબજ**
9. ગુજરાતના જાણીતા સાહિત્યકાર ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારનું તખ્ખલુસ જણાવો – **સુંદરમ**
10. ગુજરાતી કવિ-લેખક સુંદરમનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો - **22 માર્ચ-1908 અને ભરૂચના મિયામાતર ગામે**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 23-03-2020



૧. કોરોના વાઇરસ : સાવચેતીના ભાગરૂપે સંપૂર્ણ ગુજરાત તારીખ ૩૧મી માર્ચ- ૨૦૨૦ સુધી લોકડાઉન : આવશ્યક સેવાઓ ચાલુ રહેશે



- ✓ તમામ સરહદો બંધ કરાઈ
- ✓ લોકડાઉન ભંગ કરનારને છ માસની જેલ અને એક હજારનો દંડ
- ✓ તારીખ ૨૩ માર્ચની સ્થિતિએ ૩૬ માંથી ૩૦ રાજ્ય લોકડાઉન (૨૮ રાજ્ય અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય – ઈ-સ્ટેમ્પ : મહેસૂલ વિભાગ - ગુજરાત સરકાર

જોગવાઈ:-

- ✓ ઈ-સ્ટેમ્પિંગ માટે ઓથોરાઇઝ્ડ કલેક્શન સેન્ટર(ACC)ને ૦.૧૫ ટકા કમિશન તેમજ ઈ-સ્ટેમ્પ દીઠ રૂ. ૧૦ કમિશન ચૂકવવામાં આવશે.

હેતુ

- ✓ રાજ્ય સરકારે આ નિર્ણય એસીસી ધારકોને વાજબી કમિશન મળી રહે તે હેતુથી લીધો. જેના લીધે, તેમનો ઉત્સાહ પણ વધશે.
- ✓ ઈ-સ્ટેમ્પિગથી સ્ટેમ્પ પેપરના વેચાણમાં સલામતી, સુવિધા ઉપલબ્ધ થશે. જેના લીધે, છેતરપિંડી અને ગેરરીતિઓ અટકશે. ઉપરાંત, સ્ટેમ્પના વેચાણમાં પારદર્શકતા આવશે.

મહેસૂલ મંત્રી - શ્રી કૌશિકભાઈ પટેલ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.મધ્યપ્રદેશ : ભાજપના શિવરાજસિંહ ચૌહાણ ચોથીવાર મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે



- ✓ રાજ્યપાલ - શ્રી લાલજી ટંડન
- ✓ રાજધાની – ભોપાલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વર્તમાનમાં પ્રચલિત થયેલા – કરફ્યૂ, લોકડાઉન અને જનતા કરફ્યુ વચ્ચેનો તફાવત

(૧) કરફ્યૂ

- ✓ કોઈ પણ દેશમાં કાયદા હેઠળ જો કરફ્યૂ લગાડી દેવામાં આવે તો લોકો ઈમરજન્સીને બાદ કરતાં કોઈ પણ સ્થિતિમાં પોતાના ઘરોમાંથી બહાર નીકળી શકતા નથી.
- ✓ કરફ્યૂ ઘણો આકરો નિયમ છે જે હેઠળ લોકોને અમુક નિશ્ચિત સમય સુધીમાં ઘરોમાં રહેવાનું હોય છે. તેનો ભંગ કરનારને જેલની સજા થઈ શકે છે.

(૨) લોકડાઉન

- ✓ મોટી સંખ્યામાં લોકોને ઘરોમાં બંધ રાખવા માટે લોકડાઉન સૌથી શ્રેષ્ઠ સ્થિતિ હોય છે.
- ✓ આ સામાન્ય રીતે ત્યારે લગાડવામાં આવે છે જ્યારે સ્થિતિ ઈમરજન્સી જેવી હોય તેથી કોઈ એક જગ્યાને સીમિત કરવા માટે લોકડાઉન કરવામાં આવે છે.
- ✓ આ સંજોગોમાં બહાર નીકળવા માટે પરવાનગી લેવી પડે છે.

(૩) જનતા કરફ્યુ

- ✓ જનતા કરફ્યુ કે સ્વય કરફ્યુ એક જાતે લાદવામાં આવેલું લોકડાઉન છે. લોકો પોતાની વિવેક મરજી અને સતર્કતા સાથે ઘરમાં બંધ રહે છે.
- ✓ જોકે ઘરની બહાર જવા માટે કોઈ સજા કે દંડની જોગવાઈ નથી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ICMRની જાહેરાત (આરોગ્ય) સુવિધા માટે વપરાતા દવા હાઈડ્રોક્સી ક્લોરોક્વિન કોરોના દરદી પર અસરકારક

- ✓ ઇન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા જાહેરાત

અન્ય વિગતો

- ✓ સંધિવા માટે વપરાતી દવા હાઇડ્રોક્સી ક્લોરોક્વિન કોરોના દર્દીઓ પર કારગત
- ✓ કોરોના પોઝિટિવ દર્દીને ૪૦૦ mg દવાનો ડોઝ પહેલા દિવસે બે ટાઇમ અને

ત્યારબાદ ૫ દિવસ સુધી ૨૦૦ mgનો ડોઝ સવાર-સાંજ અપાશે

- ✓ કોરોના વાઇરસના દર્દીઓ માટે સહેલાઈથી ઉપલબ્ધ થતી એક દવા આ રોગ પર અસરકારક રીતે રિસ્પોન્સ આપી રહી છે.
- ✓ ઇન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિચર્સ દ્વારા જાહેરાત કરાઈ છે કે, કોરોના વાઇરસના હાઇ રિક્સ દર્દીની સારવાર માટે હાઇડ્રોક્સી ક્લોરોક્વિન (HYDROXY CHLOROQUINE) મેડિસિન કારગત છે.
- ✓ આ સંજોગોમાં દુનિયાભરમાં કોરોનાના દર્દીઓના મોત થઈ રહયાં છે. ત્યારે ડોક્ટર્સ કોરોનો દર્દીઓ પર જાતજાતની દવાઓના પ્રયોગો કરી રહયાં હતાં. તેમાં આખરે હાઇડ્રોક્સી ક્લોરોક્વિન HYDROXY CHLOROQUINE) મેડિસિન કોરોના વાઇરસના દર્દીઓ પર અસરકારક નીવડી છે, તેવું ICMR દ્વારા પણ જાહેરાત કરાઈ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. વૈશ્વિક કક્ષાએ આરોગ્યના આઠ માપદંડમાં ભારતની સ્થિતિ અંગે અહેવાલ

આરોગ્ય સુવિધાઓ અંગે ભારત વિશ્વમાં ૧૪૫માં ક્રમે

આરોગ્ય સેવાઓના વિવિધ માપદંડ પર કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશોની સ્થિતિ કેવી છે ?

- ✓ ડોક્ટરો, નર્સ, આરોગ્ય કર્મચારીઓની ઉપલબ્ધતા, આરોગ્ય સેવાઓ પાછળ ખર્ચ થનારું સરકારી બજેટ, કોઈ દેશની બીમારીઓ સામે લડવાની ક્ષમતા વગેરે એવા માપદંડ છે, જે કોઈ દેશની આરોગ્ય સિસ્ટમને મજબૂત બનાવે છે.

(૧) હેલ્થકેર સુધી પહોંચવા રેન્કિંગ

આરોગ્ય સુવિધાઓ આપવામાં ભારત ૧૪૫માં ક્રમે

- ✓ જનરલ મેડિકલ જર્નલ લેન્સેટે ૨૦૧૮માં ૧૯૫ દેશોમાં લોકો સુધી આરોગ્ય સેવાઓ સુધી પહોંચના વિવિધ માપદંડોના આધારે આ રેન્કિંગબહાર પાડ્યું હતુ. જેમાં સારું રેન્કિંગ મેળવનારા ઈટાલી, જર્મની અને સ્પેન જેવા દેશ પર કોરોના વાઈરસથી વધુ પ્રભાવિત

ભારત – ૧૪૫
ચીન – ૪૮
ઈટાલી – ૯
સ્પેન – ૧૯
ઈરાન – ૬૬
જર્મની – ૧૮
અમેરિકા – ૨૯







(૭) આઈસીયુ પથારીની સ્થિતિ

- ✓ 1 લાખ લોકો દીઠ દેશમાં છે 2.3 આઈસીયુ બેડ
- ✓ 2.3 આઈસીયુ પથારી છે. ભારતમાં 1 લાખ લોકો પર કોરાના દર્દીઓની સંખ્યા વધતા તેની જરૂરિયાત વધશે
- ✓ 12.5 આઈસીયુ પથારી છે ઈટલીમાં, પ્રતિ એક લાખ વ્યક્તિએ, જ્યારે ચીનમાં 3.6 લાખ. કોરોના પછી નવી હોસ્પિટલ બનાવીને ચીને ક્ષમતા વધારી, સ્પેનમાં 9.7 આઈસીયુ બેડ, જર્મનીમાં આ સંખ્યા 29.2 અને અમેરિકામાં 34.7 છે.

(૮) મહામારી સામે લડવાની ક્ષમતા

- ✓ જે દેશોનું રેન્કિંગ સારું ત્યાં વધુ કોરોના દર્દી !
- ✓ 57મો ક્રમ છે ભારતનો મહામારીને રોકવાની ક્ષમતાની બાબતે
- ✓ 1લો ક્રમ અમેરિકાનો છે, તેમ છતાં અહીં કોરોનાના 15 હજારથી વધુ દર્દી
- ✓ રેન્કિંગ ગ્લોબલ હેલ્થ સિક્યોરિટી ઈન્ડેકસ 2019 પર આધારિત છે, વિચિત્ર વાત છે કે, અત્યારે સારું રેન્કિંગ ધરાવતા દેશોમાં વધુ દર્દી જોવા મળી રહ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. નાણા બિલ-૨૦૨૦ પસાર (કેન્દ્ર સરકાર)

- ✓ કેન્દ્ર સરકારરૂ. ૮ સુધી પેટ્રોલ-ડિઝલમાં એક્સાઈઝ ડયૂટી વધારી શકશે

અન્ય વિગતો

- ✓ સરકાર રૂ. ૮ સુધીની એકસાઇઝ ડયુટી વધારી શકશે નાણાં બીલ-૨૦૨૦ પસાર
- ✓ ભવિષ્યમાં પેટ્રોલ-ડિઝલમાં પ્રતિ લીટર રૂ. ૮ સુધીની એકસાઇઝ ડયુટી વધારવા સરકારને સત્તા આપતો સુધારો કાયદામાં કરાયો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. કોરોના વાયરસ : નવીન પહેલ (આરોગ્ય)

- ✓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે મુંબઈમાં દેશની પ્રથમ COVID-19 દરદીઓ માટે ૧૦૦ બેડની અલગથી હોસ્પિટલ બનાવાશે

વિગત

- ✓ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે મુંબઈમાં દેશની પ્રથમ COVID-19 દર્દીઓ માટે અલગથી હોસ્પિટલ સેટઅપ કરી
- ✓ રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળીને COVID-19ના દર્દીઓ માટે એક વિશેષ રીતે 100 બેડનો હોસ્પિટલ સેટઅપ કર્યો.
- ✓ નિર્માણ- રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા મુંબઈ મ્યુનિસિપલ સાથે મળીને હોસ્પિટલ બનાવશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. માયલેબ કિટ : કોરોનાની તપાસ માટે પ્રથમ કિટ 'માય લેબ'ને કેન્દ્રની મંજૂરી



- ✓ નામ- માયલેબ પેથોડિટેક્ટ કોવિડ-19 ક્વોલિટેટિવ PCR કિટ
- ✓ કંપની- માયલેબ કિસ્કવરી સોલ્યૂશન્સ પ્રા.લિ. પૂના (મહારાષ્ટ્ર)
- ✓ WHOની ગાઈડલાઈન મુજબ કિટ તૈયાર કરાઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦ દિન વિશેષ : ૨૩ માર્ચ ૧૯૩૧ શહીદ દિવસ

મહાન ક્રાંતિકારી ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને ફાંસી અપાઈ હતી.



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. જન્મ દિન વિશેષ : ૨૩ માર્ચ લોહિયાવાદઃ રામમનોહર લોહિયા



જન્મ : 23 માર્ચ-1910

અવસાન : 12 ઓક્ટોબર 1967

- ✓ આજે મહાન ક્રાંતિકારીઓ ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવનો શહીદ દિવસ છે. ઉપરાંત રામમનોહર લોહિયાનો જન્મદિવસ
- ✓ ફૈઝાબાદ પાસે અકબરપુરમાં જન્મેલા લોહિયાના માતા તેમની અઢી વર્ષની ઉમરમાં જ અવસાન પામ્યાં.
- ✓ પિતા પાસેથી દેશભક્તિ, આઝાદી અને ગાંધીવિચારનો વારસો મળ્યો હતો.
- ✓ 1929માં કોલકાતાથી સ્નાતક થયા, પીએચ.ડી થવા જર્મની ગયા ત્યાંથી પદવી મેળવી.
- ✓ યુરોપ નિવાસ દરમિયાન લોહિયાએ ભારતીય રાષ્ટ્રવાદના પ્રચાર માટે સંગઠન પણ રચ્યું હતું.
- ✓ ભારત આવ્યાં પછી ગાંધીપ્રભાવમાં જીવન દેશ માટે સમર્પિત કર્યું.
- ✓ અનેક આંદોલનોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો. 1934માં કોંગ્રેસ સમાજવાદી પક્ષના એક સ્થાપક સભ્ય બન્યા.
- ✓ આઝાદી બાદ લોહિયા સમાજવાદી રાજનીતિ, લિંગભેદનો અંત, નાતજાતના નિવારણ માટે રોટી-બેટી વ્યવહારની હિમાયત જેવાં અનેક મુદ્દે સક્રિય રહ્યાં હતાં. 12 ઓક્ટોબર 1967ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૩-૨૦૨૦)

1. કોરોના વાઇરસ સંદર્ભે સાવચેતીના ભાગરૂપે સંપૂર્ણ ગુજરાતને કઈ તારીખ સુધી લોકડાઉન જાહેર કરાયું – **તા. ૨૪ થી ૩૧મી માર્ચ- ૨૦૨૦ સુધી**
2. ગુજરાતમાં લોકડાઉન ભંગ કરનારને કઈ સજા અપાશે - **છ માસની જેલ અને એક હજારનો દંડ**
3. ગુજરાત સરકારે માર્ચ-૨૦૨૦માં ઈ-સ્ટેમ્પિંગ માટે ACCને કેટલા ટકા કમિશન તેમજ ઈ-સ્ટેમ્પ દીઠ કેટલું કમિશન ચૂકવવાનો નિર્ણય કર્યો - **૦.૧૫ ટકા તથા રૂ. ૧૦**
4. ACCનું વિસ્તૃત નામ જણાવો - **ઓથોરાઇઝ્ડ કલેક્શન સેન્ટર**
5. ગુજરાતના વર્તમાન મહેસૂલ મંત્રીનું નામ જણાવો - **કૌશિકભાઈ પટેલ**
6. માર્ચ-૨૦૨૦માં કોણે ચોથીવાર મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા - **શિવરાજસિંહ ચૌહાણ**
7. મધ્યપ્રદેશના વર્તમાન રાજ્યપાલનું નામ જણાવો - **લાલજી ટંડન**
8. મધ્યપ્રદેશની રાજધાની જણાવો – **ભોપાલ**
9. કયા નિયમ હેઠળ લોકોને અમુક નિશ્ચિત સમય સુધીમાં ઘરોમાં રહેવાનું હોય છે તેનો ભંગ કરનારને જેલની સજા કરવામાં આવે છે - **કરફ્યુ**
10. ઈમરજન્સી જેવી સ્થિતિમાં કોઈ એક જગ્યાને સીમિત કરવા માટે કયો નિયમ લાગૂ કરાઈ છે - **લોકડાઉન**
11. લોકો પોતાની વિવેક મરજી અને સતર્કતા સાથે ઘરમાં બંધ રહે તેને શું કહેવામાં આવે છે - **જનતા કરફ્યુ**
12. ICMRનું વિસ્તૃત નામ જણાવો – **ઇન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિસર્ચ**
13. ઇન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિચર્સ દ્વારા કોરોના વાઇરસના હાઇ રિક્સ દર્દીની સારવાર માટે કઈ મેડિસન કારગત હોવાનું જાહેર કરાયું - **હાઇડ્રોક્સી ક્લોરોક્વિન (HYDROXY CHLOROQUINE)**
14. વૈશ્વિક કક્ષાએ આરોગ્યના આઠ માપદંડમાં આરોગ્ય સુવિધાઓ બાબતે ભારત વિશ્વમાં કેટલામા ક્રમે છે - **૧૪૫માં ક્રમે**
15. વર્ષ-૨૦૧૮માં ૧૯૫ દેશોમાં લોકો સુધી આરોગ્ય સેવાઓ સુધી પહોંચના વિવિધ માપદંડોના આધારે

કોના દ્વારા રેન્કિંગ બહાર પડાયું હતુ જેમાં ભારત ૧૪૫માં ક્રમ પર હતુ - **જનરલ મેડિકલ જર્નલ લેન્સેટ**

16. મહામારીને રોકવાની ક્ષમતાની બાબતે ભારતનો ક્રમ જણાવો - **57મો**
17. મહામારીને રોકવાની ક્ષમતાની બાબતે પ્રથમ ક્રમે કયો દેશ છે – **અમેરિકા**
18. નાણા બિલ-૨૦૨૦ પસાર થવાને કારણે કેન્દ્ર સરકાર કેટલા રૂપિયા સુધી પેટ્રોલ-ડિઝલમાં એક્સાઈઝ ડયૂટી વધારી શકશે - **રૂ. ૮**
19. કયુ ફાઉન્ડેશન મુંબઈમાં દેશની પ્રથમ COVID-19 દર્દીઓ માટે ૧૦૦ બેડની અલગથી હોસ્પિટલ બનાવાશે - **રિલાયન્સ ફાઉન્ડેશન**
20. રિલાયન્સ ફાઉન્ડેશન કોની સાથે મળીને મુંબઈમાં દેશની પ્રથમ COVID-19 દર્દીઓ માટે અલગથી હોસ્પિટલ બનાવવાની જીહેરાત કરી - **મુંબઈ મ્યુનિસિપલ**
21. કોરોનાની તપાસ માટે કઈ પ્રથમ કિટને ભારત સરકાર દ્વારા મંજૂરી અપાઈ - **'માય લેબ'**
22. WHOની ગાઈડલાઈન મુજબ કોરોનાની તપાસ માટે કઈ કંપની દ્વારા 'માય લેબ' કિટ તૈયાર કરાઈ - **માયવેલ ડિસ્કવરી સોલ્યૂશન્સ પ્રા.લિ. પૂના (મહારાષ્ટ્ર)**
23. મહાન ક્રાંતિકારી ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને કયારે ફાંસી અપાઈ હતી – **તા. ૨૩ માર્ચ ૧૯૩૧**
24. તા.૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ મહાન ક્રાંતિકારી ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને ફાંસી અપાઈ તેને કયા દિવસ તરીકે ઓળખવામાં આવે છે – **શહીદ દિવસ**
25. રામમનોહર લોહિયાનો જન્મ દિવસ જણાવો - **23 માર્ચ-1910**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 24-03-2020

March

24

૧. કોરોના વાઇરસ (આરોગ્ય) ઇતિહાસમાં સૌથી મોટી મહામારી સામે પ્રથમવાર સમગ્ર ભારત 21 દિવસ માટે સંપૂર્ણ લોકડાઉન



- ✓ કોરોનાના પ્રકોપથી બચવા વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ભારતની ૧૩૦ કરોડ જનતાને ઘરમાં જ રહેવા અપીલ



- ✓ આરોગ્યલક્ષી સુવિધાઓ માટે રૂ. ૧૫,૦૦૦ કરોડનું ખાસ આર્થિક પેકેજ
- ✓ આવશ્યક સેવા સંપૂર્ણ ચાલુ રહેશે
- ✓ સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721 .

૨. કોરોના વાયરસ સામે સાવચેતી - સોશિયલ ડિસ્ટન્સિંગ અંગે ICMRનો અહેવાલ : ૬૨ ટકા ચેપ ઘટે

- ✓ કોરોના ચેપને રોકવાનો સૌથી મોટો ઉપાય છે સોશિયલ ડિસ્ટન્સિંગ.
- ✓ આઈસીએમઆરે કહ્યું કે આ ચેપ એક વ્યક્તિથી 4 લોકો સુધી ફેલાઈ શકે છે, પછી 4થી 16 અને આ જ રીતે આગળ. સોશિયલ ડિસ્ટન્સિંગનું કડકાઈથી પાલન ચેપને 62 ટકા સુધી ઘટાડી શકે છે.
- ✓ જો એવું માનીએ કે દર બીજા દિવસે એક વ્યક્તિ 4 લોકોને ચેપગ્રસ્ત કરે છે, તો દર બીજા દિવસે આ ચારથી 16 વ્યક્તિ ચેપગ્રસ્ત થઈ જશે.
- ✓ આવું જ ચાલતું રહેશે તો એક ચેપગ્રસ્ત વ્યક્તિ 15 દિવસમાં 27 કરોડ લોકોને ચેપગ્રસ્ત કરી દેશે. એટલા માટે સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી છે.

✓ ICMR - ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ - નવી દિલ્હી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.વર્તમાન સ્થિતિ સંદર્ભે કેન્દ્ર સરકારના અન્ય પ્રજાલક્ષી નિર્ણયો : નાણા મંત્રી શ્રી નિર્મલા સીતારામન



(૧) આગામી તારીખ ૩૦મી જૂન ૨૦૨૦ સુધી ઇન્કમટેક્સ રિટર્ન ભરી શકાશે

(૨) પાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરાવવાની તારીખ પણ લંબાવીને ૩૦મી જૂન ૨૦૨૦ કરાઈ

(૩) ઉદ્યોગો માટે જાહેરાત

✓ વિવાદથી વિશ્વાસ સ્કીમની તારીખ ૩૦ જૂન કરવામાં આવી.

✓ પાંચ કરોડ રૂપિયાથી ઓછું ટર્ન ઓવર ધરાવતી કંપનીઓને વિલંબથી જીએસટી ફાઈલ કરવા મુદ્દે કોઈ વ્યાજ, પેનલ્ટી કે લેટ ફીસ લાગુ થશે નહીં.

✓ પાંચ કરોડથી વધારાનું ટર્ન ઓવર ધરાવતી કંપનીઓને લેટ ફી પેનલ્ટી નહીં લાગે અને જે વ્યાજ વસૂલવામાં આવે છે તે પણ ૧૮ ટકાથી ઘટાડીને ૯ ટકા કરવામાં આવશે.

✓ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૬૦ દિવસે ફરજિયાત કરવામાં આવતી મિટિંગના નિયમોમાં રાહત.

✓ નવી બનેલી કંપનીઓએ છ મહિનામાં કંપનીનો અહેવાલ આપવાનો હોય છે. તેમને રાહત આપતા વધુ છ મહિનાની મુદત આપવામાં આવી.

✓ માર્ચ-એપ્રિલ-મે દરમિયાન જે પણ રિટર્ન ફાઈલિંગની તારીખો આવે છે તે વધારીને ૩૦ જૂન કરવામાં આવી.

✓ માર્ચ ૨૦૨૦ સુધીમાં ઓડિટરનો રિપોર્ટ ફાઈલ કરવાની સમય મર્યાદા એક વર્ષ વધારાઈ.

✓ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે જે પણ ઇન્ડિપેન્ડન્ટ બોર્ડ ઓફ ડિરેક્ટરે કંપનીની એકપણ બેઠકમાં હાજરી નહીં આપી હોય તેમની સામે કોઈ પગલાં લેવાશે નહીં.

✓ ૧ કરોડથી ઓછા વેપાર કરતી કંપનીઓ સામે દેવાળિયા પ્રક્રિયા પણ હાથ ધરવામાં નહીં આવે.

(૪) બેન્કિંગ ક્ષેત્રની જાહેરાત

✓ ડેબિટ કાર્ડધારકો આગામી ત્રણ મહિના સુધી કોઈપણ ATMમાંથી પૈસા ઉપાડી શકશે. તે માટે કોઈ ચાર્જ નહીં લાગે.

✓ સેવિંગ્સ ખાતાઓમાં મિનિમમ બેલેન્સ રાખવાનો નિયમ હાલ પૂરતો દૂર કરાયો. તેમાં પણ કોઈ દંડ નહીં લાગુ પડે.

- ✓ ટ્રેડ અને ફાઇનાન્સ કન્ઝ્યુમર માટે બેન્કના ચાર્જિસ પણ ઘટાડાશે.
- ✓ કોમર્સ ડિપાર્ટમેન્ટ દ્વારા સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. સમય મર્યાદામાં વધારો કરવા અંગે નિર્ણય લેવાશે પણ સ્કીમમાં કોઈ ફેરફાર કરાશે નહીં.
- ✓ સરકાર અને સેબી દ્વારા અઠવાડિયામાં ત્રણ વખત શેરમાર્કેટ ઉપર નજર રાખવામાં આવી રહી છે. આગામી સમયમાં તે અંગે પણ કેટલીક જાહેરાતો કરાઈ શકે છે.

(૫) ઇન્કમટેક્સ અને જીએસટીમાં રાહત

- ✓ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ITR ફાઇલિંગની મર્યાદા ૩૦ જૂન કરાઈ
- ✓ ૨૦૧૮-૧૯ માટે વિલંબથી ઇન્કમટેક્સ રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ માર્ચથી વધારીને ૩૦ જૂન કરવામાં આવી.
- ✓ વિલંબથી આઈટીઆર ફાઈલ કરવા ઉપર દંડ સ્વરૂપે લેવાતા ૧૨ ટકા વ્યાજને ઘટાડીને ૯ ટકા કરવામાં આવ્યું છે.
- ✓ ટીડીએસ પણ વિલંબથી જમા કરાવવા મુદ્દે ૧૮ ટકા વ્યાજ લાગતું હતું તે ૯ ટકા કરવામાં આવ્યું છે.
- ✓ આધાર અને પાનકાર્ડને જોડવાની સમયમર્યાદા પણ જૂન ૨૦૨૦ કરવામાં આવી.
- ✓ વેલ્થ ટેક્સ એક્ટ, બેનામી પ્રોપર્ટી ટ્રાન્સફર એક્ટ, બ્લેક મની એક્સ, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન જેવા વિવાદ ઉકેલતી સ્કીમોની મર્યાદા ૩૦ જૂન કરાઈ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ : ટોક્યો ઓલિમ્પિક-૨૦૨૦ એક વર્ષ માટે સ્થગિત - IOCનો નિર્ણય

સંભવિત વર્ષ ૨૦૨૧ની ઉનાળુ સિઝન પહેલા ગેમ્સ યોજવા માટે IOC કટિબદ્ધ



- ✓ ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦ તરીકે જ આવતા વર્ષે ઓળખાશે
- ✓ IOC - ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી
- ✓ રાજધાની - ટોક્યો (જાપાન)
- ✓ PM - શિન્ઝો આબે
- ✓ IOC પ્રમુખ - થોમસ બાક
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. હંતા વાયરસ : (આરોગ્ય)



પીડિત દર્દી, હંતા વાઇરસ ઉંદરોએ ફેલાવ્યો હોવાનું અનુમાન છે

ચીનમાં નવા હંતા વાયરસનો પગપેસારો : એક વ્યક્તિનું મોત

જાણો શું છે હંતા વાયરસ ?

- ✓ કોરોના વાઈરસ જેટલો હંતા વાઈરસ ઘાતક નથી. આ વાઈરસ ઉંદર કે ખીસકોલીના સંપર્કમાં આવનાર વ્યક્તિથી ફેલાય છે.
- ✓ સેન્ટર ફોર ડિસિઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન રિપોર્ટ મુજબ ઉંદરના ઘરની અંદર-બહાર આવવાથી હંતા વાઈરસના ચેપનો ખતરો વધે છે.
- ✓ ખાસ કરીને કોઈ સ્વસ્થ વ્યક્તિ છે અને તે પણ હંતા વાઈરસના સંપર્કમાં આવી જાય તો તેને પણ ચેપ લાગતો હોવાનો ખતરો રહે છે.

હંતા વાઈરસ જીવલેણ છે ?

- ✓ સીડીસીના રિપોર્ટ મુજબ હંતા વાઈરસ જીવલેણ છે.
- ✓ આનો ચેપ લાગનાર લોકોના મરવાનો આંકડો ૩૮ ટકા સુધી છે.
- ✓ ચીનમાં હંતા વાઈરસનો મુદ્દો એવા સમયમાં સામે આવ્યો છે કે જ્યારે આખી દુનિયા વુહાનથી નીકળેલા કોરોના વાઈરસની મહામારીથી પીડાઈ રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ગુજરાત સરકાર : ગુજરાતમાં ધોરણ 1 થી 9 અને 11ના વિદ્યાર્થીઓ માટે માસ પ્રમોશન જાહેર

- ✓ નવું શૈક્ષણિક વર્ષ હવે એપ્રિલના બદલે જૂનથી શરૂ કરાશે



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જાહેરાત : કેન્દ્ર સરકાર કોરોના સામે લડવા કંપનીઓ જે ખર્ચ કરશે તેને CSR પ્રવૃત્તિ તરીકે ગણવામાં આવશે



CSR વિશે-

- ✓ કંપની કાયદા હેઠળ નફો કરતી કંપનીઓએ તેમના ત્રણ વર્ષના નફાના બે ટકા રકમ સીએસઆર પાછળ વાપરવાની હોય છે.
- ✓ તે અંગે કોર્પોરેટ બાબતના મંત્રાલયે સ્પષ્ટતા કરી કે, કોવિડ-19 માટે સીએસઆર ફંડમાંથી થતાં ખર્ચને CSR હેડ હેઠળ જ આવરી લઈ શકાશે.

- ✓ જેમાં પ્રિવેન્ટીવ હેલ્થકેર અને સેનિટેશન સહિતની એક્ટિવિટીઝ અને ખર્ચનો સમાવેશ થાય છે.
- ✓ સરકાર એક પોર્ટલ પણ તૈયાર કરશે તેની ઉપર જરૂરી ઉપકરણો, દવાઓ વગેરેની યાદી પણ મૂકવામાં આવશે અને કોર્પોરેટ્સને તેમાં કેશ કે જરૂરીયાત અનુસારની મદદ માટે પરવાનગી આપવામાં આવશે.
- ✓ CSR- કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : 24 માર્ચ

વિશ્વ ટીબી દિવસ



- ✓ વિશ્વ ટીબી દિવસ- 2020ની થીમ- "ITS TIME TO END TB"
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૩-૨૦૨૦)

1. કોરોના વાયરસની ચેઈન આગળ વધતી અટકાવવા ભારતના ઇતિહાસમાં સૌપ્રથમવાર તા. 24 માર્ચ 2020થી આવશ્યક સેવાઓ સિવાય કેટલા દિવસ માટે સમગ્ર દેશને લૉકડાઉન કરાયો - **21 દિવસ (14.04.2020)**
2. કેન્દ્ર સરકાર દ્વારા કોરોના વાયરસ સામે લડવા આરોગ્યલક્ષી સુવિધા વધારવા માટે કેટલી રકમનું આર્થિક પેકેજ જાહેર કરાયું- **રૂ.15,000 કરોડ**
3. ભારતમાં લૉકડાઉનની સ્થિતિએ કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા ઇન્કમટેક્સ રિટર્ન ભરવાની તારીખ ક્યાં સુધી લંબાવાઇ છે - **30.06.2020**
4. ભારતમાં લૉકડાઉનની સ્થિતિએ કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા પાન કાર્ડ સાથે આધાર કાર્ડને લીંક કરવાની તારીખ ક્યાં સુધી લંબાવાઇ છે-**30.06.2020**
5. ભારતમાં લૉકડાઉનની સ્થિતિએ કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા કોઈપણ એટીએમમાંથી ડેબિટ કાર્ડ દ્વારા નાણા ઉપાડવા ઉપર આગામી કેટલા માસ સુધી કોઈ પણ ચાર્જ લાગશે નહીં – **3**
6. ટોક્યો ઓલમ્પિક -2020ને આગામી કેટલા વર્ષ સુધી કોરોનાના કારણે સ્થગિત કરવામાં આવ્યો છે- **1 વર્ષ**
7. ઓલમ્પિકના સંદર્ભમાં IOCનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી**
8. ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો- **થોમસ બાક**
9. તાજેતરમાં હંતા જીવલેણ વાયરસ કયા દેશમાં જોવા મળ્યો છે - **ચીન**
10. ચીનમાં જોવા મળેલ હંતા વાયરસ શાનાથી ફેલાય છે - **ઉંદર કે ખિસકોલી દ્વારા**
11. કોરોના વાયરસથી સાવચેતીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા કયા ધોરણના વિદ્યાર્થીઓ માટે માસ પ્રમોશનની જાહેરાત કરાઈ - **ધોરણ: 1 થી 9 અને 11**
12. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કંપની કાયદા હેઠળ કરવામાં આવતી CSR પ્રવૃત્તિમાં કયા ભયાનક રોગની સારવાર સામેલ કરવામાં આવી છે - **કોરોના વાયરસ**
13. CSRનું વિસ્તૃત નામ જણાવો – **કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી**

14. તાજેતરના ICMR અહેવાલ મુજબ સોશિયલ ડિસ્ટન્સિંગ દ્વારા કોરોના વાઇરસનો ચેપ કેટલા ટકા ઘટે છે- **62%**
15. કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે સૌથી મહત્વનો ઉપાય કયો - **સોશિયલ ડિસ્ટન્સિંગ**
16. ICMRનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ**
17. વિશ્વ ટીબી દિવસ કયારે આવે છે - **24 માર્ચ**
18. વિશ્વ ટીબી દિવસ-2020ની થીમ જણાવો - **"ITS TIME TO END TB"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 25-03-2020

March

25



૧. કોરોના વાઈરસ : ગુજરાતમાં સવારે ૮ થી સાંજે ૪ સુધી જ પેટ્રોલ-ડિઝલ મળશે

- ✓ નાગરિકોના પ્રશ્નો-આવશ્યક સેવાઓ માટે ગૃહ વિભાગ દ્વારા બે હેલ્પલાઈન શરૂ

(૧) ૧૦૭૦

(૨) ૫૧૯૦૦

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. મહત્વની જાહેરાત : ગુજરાત સરકાર

- ✓ રાજ્યના ૬૦ લાખ ગરીબ પરિવારોના ૩.૨૫ કરોડ લોકોને ઘઉં, ચોખા, દાળ, ખાંડ તથા મીઠુ આગામી એક માસ સુધી વિનામૂલ્યે અપાશે

જાહેરાત

- ✓ ગરીબ પરિવારોને એપ્રિલ માસમાં વ્યક્તિદિઠ ૩.૫૦ કિ.ગ્રા. ઘઉં, ૧.૫૦ કિ.ગ્રા. ચોખા તથા કુટુંબ દિઠ ૧ કિ.ગ્રા. ખાંડ તથા દાળ અને મીઠું સસ્તા અનાજની દુકાનો પરથી વિના મૂલ્ય આપવામાં આવશે.
- ✓ અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં આવતા શાકભાજી, ફળ-ફળાદિનો પુરવઠો જાળવવા મુખ્યમંત્રીશ્રીનો દિશા નિર્દેશ
- ✓ નાગરિકોને પુરતી માત્રામાં સરળતાથી દૂધ મળી રહે તે માટે ડેરી - દૂધ સંઘો પર દૂધની, આવક - વિતરણ વ્યવસ્થા પર રાજ્ય સરકારના અધિકારીઓ દેખરેખ રાખશે

- ✓ નાગરિકોને શાકભાજી, ફળ-ફળાદિની અવિરત ઉપલબ્ધિ માટે ૭૫ APMCમાં સહકાર સચિવની આગેવાનીમાં દેખરેખ રખાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. NPR : દેશમાં કોરોનાને કારણે NPR અપડેટની પ્રક્રિયાને અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરાઈ

- ✓ આગામી ૧લી એપ્રિલ-૨૦૨૦થી આ કાર્ય શરૂ થવાનું હતુ
- ✓ NPR- નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ક્વોરેન્ટાઈન અને આઈસોલેશન વચ્ચેનો તફાવત : બંને અલગ બાબતો

ક્વોરેન્ટાઈન એટલે શુ ?

- ✓ તે તંદુરસ્ત વ્યક્તિને અલગ રાખવા માટે છે, જેને ચેપ લાગવાની શંકા છે. ક્વોરેન્ટાઈનમાં તેને રાખે છે, જે તાજેતરમાં જ પ્રભાવિત દેશમાંથી પરત ફર્યો હોય કે ચેપ લાગેલી વ્યક્તિના સંપર્કમાં આવ્યો હોય.
- ✓ આ 14 દિવસનો સમય હોય છે, કેમ કે 14 દિવસમાં સ્પષ્ટ થઈ જાય છે કે, વ્યક્તિ બીમાર છે કે નહીં.
- ✓ તેમાં વ્યક્તિ પરિવારની સાથે ઘરમાં અલગ રૂમમાં સાવચેતી સાથે રહી શકે છે.

આઈસોલેશન એટલે શુ ?



- ✓ આ એવા લોકો માટે છે, જેમના અંદર લક્ષણ દેખાય છે, કે જેમનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.
- ✓ આઈસોલેશનમાં એ વ્યક્તિને અલગ રાખવામાં આવે છે, જેના લક્ષણ સ્પષ્ટ હોય છે.
- ✓ આ ત્યાં સુધી ચાલે છે જ્યાં સુધી વ્યક્તિ સંપૂર્ણ રીતે સાજો ન થઈ જાય કે કોઈ લક્ષણ ન દેખાય.
- ✓ તેમાં બીમાર વ્યક્તિએ એકલા જ રહેવાનું હોય છે. ડોક્ટરની દેખરેખ જરૂરી હોય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. કોરોના વાયરસ : કેન્દ્ર દ્વારા ભારતમાં BPLના ૮૦ કરોડ લોકોને ૨ રૂપિયા કિલો ઘઉં અને ૩ રૂપિયા કિલો ચોખા વિનામૂલ્યે અપાશે

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિધન : લોકપ્રિય કાર્ટૂન કોમિક સિરિઝ એસ્ટ્રક્સિના સહ સર્જક અને કાર્ટુનિસ્ટ આલ્બર્ટ ઉદેરઝોરનું ૯૨ વર્ષે નિધન

- ✓ સ્થાન – ફ્રાંસ
- ✓ થીમ – આ સિરિઝ ગુલગુલિસ અને રોયન સામ્રાજ્ય વચ્ચેની લડાઈ છે.
- ✓ આ સિરિઝનો ૧૦૦થી વધુ ભાષામાં અનુવાદ થયો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : તિથિ-ચૈત્ર સુદ એકમ,

(૧) આજથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ



(૨) ગુડી પડવો પર્વ : મહારાષ્ટ્રીયન લોકોનો તહેવાર



- ✓ મરાઠી લોકોનો નવા વર્ષનો પ્રથમ દિવસ એટલે ગુડી પડવો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : ૨૫ માર્ચ

આર્થિક રાષ્ટ્રવાદના જનક : અંબાલાલ સાકરલાલ દેસાઈ

જન્મ : 25 માર્ચ - 1844

અવસાન : 1914



- ✓ ગાંધી પહેલાના ગાંધી ગણી શકાય પણ ગુજરાતીઓ દ્વારા અવગણાયેલા અંબાલાલ સાકરલાલ દેસાઈનો આજે જન્મદિવસ છે.
- ✓ જૂના ખેડા જિલ્લાના અલીણા ગામે બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં તેમનો જન્મ થયો હતો.
- ✓ બી. એ., એમ. એ. થયા ગુજરાતી સમાજમાં તેઓ પહેલા અનુસ્નાતક હતા. વકીલાતનો અભ્યાસ પણ કર્યો, પરંતુ વકીલાત કરવાને બદલે શિક્ષકનો પવિત્ર વ્યવસાય સ્વીકાર્યો.
- ✓ અમદાવાદની સૌથી જૂની કોલેજ ગુજરાત કોલેજમાં પણ અધ્યાપન કાર્ય કર્યું હતું.

- ✓ અંબાલાલ સાકરલાલ ગુજરાતમાં આર્થિક રાષ્ટ્રવાદના પ્રણેતા પણ કહેવાય છે. સ્વદેશીને લગતી ઘણી સંસ્થાઓ, સ્વદેશી પ્રદર્શનોમાં તેમનું સીધું યોગદાન રહ્યું હતું. 20માં સૈકાના પ્રારંભે મહાત્મા ગાંધી જે વાતો દેશ સમક્ષ કરવાના હતા તેમાંની સ્વદેશી અને વિદેશી બહિષ્કારને લગતી વાતો અને વ્યવહારુ અમલ તેઓ 19મા સૈકાના ઉત્તરાર્ધમાં જ કરી ચૂક્યા હતા.
- ✓ નડિયાદમાં સ્વદેશી મિલની પણ સ્થાપના કરી હતી.
- ✓ 1914માં 70 વર્ષની વયે તેમનુ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૩-૨૦૨૦)

1. ગુજરાતમાં લૉકડાઉનના સંદર્ભે લોકોને આવશ્યક સેવાઓ ઉપલબ્ધ થાય માટે કઈ નવી બે હેલ્પલાઈન ગૃહ વિભાગ દ્વારા શરૂ કરાઈ- **1070 અને 51900**
2. ગુજરાત સરકાર દ્વારા લૉકડાઉન દરમિયાન રાજ્યના 60 લાખ BPL- ગરીબ પરિવારોના 3.25 કરોડ લોકોને એક માસ સુધી કયું રાશન વિનામૂલ્યે અપાશે- **ઘઉં, ચોખા, દાળ, ખાંડ, મીઠું**
3. તા. 01.04.2020થી શરૂ થનારી NPRની પ્રક્રિયા આગામી કયાં સુધી સ્થગિત કરાશે - **અનિશ્ચિત કાળ માટે**
4. કવોરેન્ટાઈન એટલે શું - **તંદુરસ્ત વ્યક્તિને અલગ રાખવા માટેની વ્યવસ્થા, જેને ચેપ લાગવાની શંકા છે**
5. કવોરેન્ટાઈનમાં કેટલા દિવસ સુધી વ્યક્તિને અલગ રાખવામાં આવે છે - **14 દિવસ**
6. આઇસોલેશન એટલે શું - **જે વ્યક્તિની અંદર રોગના લક્ષણ દેખાય અને જેમનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હોય**
7. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં લૉકડાઉન દરમિયાન કેટલા કરોડ બીપીએલ લાભાર્થીઓને વિનામૂલ્યે ઘઉં અને ચોખા આપવામાં આવશે - **80 કરોડ**
8. તાજેતરમાં ફ્રાન્સમાં કયા લોકપ્રિય કૉમિક કાર્ટૂનિસ્ટનું 92 આ વર્ષે નિધન થયું - **આલ્બર્ટ ઉદેરઝોર**
9. તાજેતરમાં લોકપ્રિય કાર્ટૂન કૉમિક સિરીઝ "એસ્ટ્રક્સિ"ના કયા સહ સર્જકનું અવસાન થયું- **આલ્બર્ટ ઉદેરઝોર**
10. ભારતમાં ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ ક્યારથી થાય છે - **ચૈત્ર સુદ એકમ**
11. ગુડી પડવો કયા રાજ્યના લોકોનો નવા વર્ષનો પ્રથમ દિવસ છે - **મહારાષ્ટ્ર**
12. ગુડી પડવો ક્યારે ઉજવાય છે - **ચૈત્ર સુદ એકમ**
13. ગુજરાતમાં આર્થિક રાષ્ટ્રવાદના પિતા એવા અંબાલાલ સાકરલાલ દેસાઈનો જન્મદિવસ જણાવો - **25 માર્ચ 1844**

    વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 26-03-2020



૧. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના : કોરોના વાયરસ સામે લડવા માટે અનાજ-આર્થિક રાહત પેકેજ - કેન્દ્ર સરકાર

મહામારી સામે લડવા માટે ગરીબ લોકોને રૂ. 1.70 લાખ કરોડનું પેકેજ તાત્કાલિક અસરથી અમલ થશે



- ✓ વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત અંદાજે કુલ ૮૦ કરોડ લોકોને લાભ મળશે
- ✓ પેકેજ દેશના 63 લાખ જૂથ અને સાત કરોડ પરિવારોને લાભ થશે

કોને શું મળશે

(૧) સ્વાસ્થ્યકર્મી



- ✓ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોના 22 લાખ કર્મચારીનો 50 લાખ રૂ. નો વીમો હશે.
- ✓ તેમાં ડોક્ટર્સ ઉપરાંત આશા વર્કર, સફાઈકર્મી, વોર્ડ બોય, નર્સ, પેરામેડિકલ સ્ટાફ અને ટેક્નિશિયન્સને આવરી લેવાશે.

(૨) ગરીબ



- ✓ મહિને વ્યક્તિદીઠ 5 કિલો અનાજ મળે છે. હવે 3 મહિના સુધી વધુ 5 કિલો મળશે. દર મહિને 1 કિલો દાળ મળશે. 80 કરોડ ગરીબોને મતલબ કે દેશની બે-તૃતીયાંશ વસતીને ફાયદો. 40 હજાર કરોડ ખર્ચ થશે
- ✓ ઉજ્જવલા યોજના હેઠળ 3 મહિના ગેસ સિલિન્ડર મફત અપાશે.

(૩) કર્મચારી/કંપની

- ✓ 3 મહિના સુધી પ્રોવિડન્ટ ફંડમાં કર્મચારી અને એમ્પ્લોયરનો ફાળો સરકાર આપશે. આ નિર્ણય એ તમામ કંપનીઓને લાગુ પડશે કે જેમના કર્મીઓની સંખ્યા 100 કે તેનાથી ઓછી હોય અને તેમાંથી 90% કર્મીઓનું વેતન 15 હજાર રૂ. થી ઓછું હોય. કર્મચારી તેના ફાળાનો 75% હિસ્સો કે 3 મહિનાના વેતન જેટલી રકમમાંથી ઓછું હોય તે ઉપાડી શકે છે.

(૪) ખેડૂત, મહિલા, દિવ્યાંગ

- ✓ કિસાન સન્માન નિધિની 6 હજાર, રૂ. વાર્ષિક સહાયનો 2 હજાર રૂ. નો પહેલો હપ્તો ચૂકવાશે.
- ✓ 20.5 કરોડ મહિલાઓના જનધન ખાતાંમાં 3 મહિના 500-500 રૂ.
- ✓ ગરીબ નાગરિકો, વિધવાઓ, દિવ્યાંગોને એકસામટા હજાર રૂ.
- ✓ મહિલા સહાયતા સમૂહોની ગેરંટીમુક્ત લોનની લિમિટ 10થી 20 લાખ રૂ. 7 કરોડ પરિવારને લાભ થશે.

(૫) મનરેગા શ્રમિક



- ✓ મનરેગા હેઠળ દૈનિક વેતનમાં રૂ.20નો વધારો, દૈનિક વેતન રૂ. 182થી વધારીને રૂ. 202 કરાયું. તેનાથી 13.62 કરોડ પરિવારને લાભ થશે. 5 કરોડ શ્રમિકોને 2-2 હજાર રૂ. મળશે.

(૬) બાંધકામ શ્રમિક

- ✓ દેશના કન્સ્ટ્રક્શન સેક્ટર સાથે સંકળાયેલા ૩.૫ કરોડ નોંધાયેલા કામદારોને લાભ આપવા માટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને રૂપિયા ૩૧,૦૦૦ કરોડનું કન્સ્ટ્રક્શન વેલ્ફેર ફંડ વાપરવા નિર્દેશ આપ્યો છે.

(૭) ડિસ્ટ્રિક્ટ ફંડ

- ✓ સરકારે કોરોના વાઇરસના કેસોના સ્ક્રીનિંગ અને ટેસ્ટિંગ માટેની સુવિધાઓ ઊભી કરવા રાજ્ય સરકારોને ડિસ્ટ્રિક્ટ મિનરલ્સ ફંડનો ઉપયોગ કરવાની સૂચના આપી છે. સરકારે જણાવ્યું હતું કે, રાજ્યો આ ફંડનો ઉપયોગ મેડિકલ ટેસ્ટિંગ, સ્ક્રીનિંગ અને અન્ય હેલ્થકેર સુવિધા માટે કરે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. WHO : કોરોના સામે દરેક દેશે કુલ છ પગલા લેવા WHOનું સૂચન



✓ વિશ્વ આરોગ્ય સંગઠને જણાવ્યું છે કે તેણે તમામ દેશોને નીચે મુજબના ૬ પગલાં લેવા સૂચવ્યું છે.

(૧) આરોગ્ય કર્મીઓની સંખ્યા વધારવી

(૨) આરોગ્ય કર્મીઓને તાલીમ આપીને મોટી સંખ્યામાં મેદાનમાં ઉતારવામાં આવે

(૩) શંકાસ્પદ કેસો શોધી કાઢવાની સિસ્ટમ કામે લગાડવામાં આવે.

(૪) ટેસ્ટ કિટનું ઉત્પાદન વધારીને તેની ઉપલબ્ધિ વધારવામાં આવે

(૫) કોરોના વાઇરસ હેલ્થ સેન્ટરના રૂપમાં તબદીલ થઈ શકે તેવા સંકુલો શોધીને તૈયાર રાખવામાં આવે.

(૬) મળી આવેલા કેસોને ક્વોરન્ટાઇન કરવાની યોજના ઘડવામાં આવે .

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. G-20 બેઠક - 2020 : સમગ્ર બેઠક પ્રથમવાર વર્ચ્યુઅલ પ્લેટફોર્મ થકી યોજાઈ (વિડીયો કોન્ફરન્સ)



યજમાન :

✓ દેશ-સાઉદી અરેબિયા, રાજધાની – રિયાધ

G20
SAUDI ARABIA 2020
LOGO

મુખ્ય વિષય :

✓ કોરોનાને હરાવવા વિશ્વ એક જૂથ થાય

રાહત પેકેજ

✓ ગ્લોબલ ઈકોનોમી સુધારવા માટે જી-૨૦ દેશો પાંચ ટ્રિલિયન ડોલર આપશે.

✓ કોરોનાને કારણે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ઉદ્યોગધંધા ચોપટ થઈ ગયા છે. મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ઉપર બ્રેક વાગી ગઈ છે.

✓ વિશ્વના મોટાભાગના દેશો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. આ સ્થિતિમાંથી દુનિયાને બહાર લાવવા માટે જી-૨૦ દેશો દ્વારા પહેલ કરવામાં આવી છે.



- ✓ જી-૨૦ દેશો દ્વારા વિશ્વના અર્થતંત્રમાં પાંચ ટ્રિલિયન ડોલર ઠાલવવામાં આવશે. આ મુદ્દે ભારતીય પીએમ મોદી દ્વારા ડબ્લ્યુએચઓને પણ મજબૂત બનાવવા માટે હાકલ કરવામાં આવી હતી.

<u>ગ્રુપ-૨૦ વિશે</u>

- ✓ <u>વિશ્વના ૮૫ ટકા ઈકોનોમી ધરાવતા ૨૦ દેશોનો સમૂહ</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાયરસ:રોગ અંગે તબીબોની અગત્યની સ્પષ્ટતા

<u>શરદી, ખાંસી એ 'કોરોના' નથી : ખોટો 'હાઉ' ન રાખો</u>

- ✓ કોરોનાનો કેર વર્તાઈ રહ્યો હોવાને પગલે સામાન્ય શરદી, ખાંસી અને તાવને કારણે લોકો ગભરાટના માર્યા ડોક્ટર પાસે જતા હોય છે.
- ✓ પરંતુ શરદી, ખાંસી અને તાવ એ કોરોનાના શંકાસ્પદ લક્ષણો નથી અને તેના કારણે લોકોએ મનમાં ખોટો 'હાઉ' રાખવાની જરૂર નથી.
- ✓ COVID-૧૯નો વાવર ફેલાવાને કારણે શરદી, ખાંસી હોય તે અંગે લોકોમાં ગેરસમજ પ્રવર્તે છે.
- ✓ શ્વસનતંત્રના નિષ્ણાત તબીબોના સર્વસંમત અભિપ્રાય મુજબ, કોરોના અંગે ખોટી માન્યતા કે 'ડર' રાખવાની જરૂર નથી.
- ✓ સામાન્ય શરદી, ખાંસી અને 'કોરોના'ના શંકાસ્પદ લક્ષણો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરીને ગેરસમજ દૂર કરવા તબીબોએ સૌને અપીલ કરી છે.

સૂકી ખાંસી + છીંક	=	વાયુ પ્રદૂષણ
ખાંસી + કફ + છીંક + વહેતું નાક	=	સાધારણ શરદી
ખાંસી + કફ + વહેતું નાક + શરીરમાં કળતર + કમજોરી + હળવો તાવ	=	ફલૂ
સૂકી ખાંસી + શરીરમાં દર્દ + કમજોરી + ખૂબ વધારે તાવ + શ્વાસ લેવામાં તકલીફ	=	કોરોના

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિધન : બોલીવૂડ અભિનેત્રી નિમ્મીનું ૮૮ વર્ષે મુંબઈમાં અવસાન

- ✓ મૂળ નામ : નવાબ બાનો
- ✓ સમયગાળો : વર્ષ 1950 થી 1960
- ✓ અગત્યની ફિલ્મ : બરસાત, આન, દીદાર વગેરે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કોવિડ-19 : દેશની પ્રથમ કોવિડ-19 હોસ્પિટલ ઓડિશાના ભૂવનેશ્વરમાં નિર્માણ પામશે

- ✓ ઓડિશા સરકાર દેશની સૌથી મોટી કોવિડ-૧૯ હોસ્પિટલ બનાવવા જઈ રહી છે
- ✓ આ હોસ્પિટલમાં કુલ ૧,૦૦૦ બેડ હશે અને આગામી એક પખવાડિયામાં તે કામ કરવાનું શરૂ કરી દેશે.
- ✓ ઓડિશા સરકાર, કોર્પોરેટ્સ અને મેડિકલ કોલેજો વચ્ચે ૧,૦૦૦ બેડની એક એક્સક્લુઝિવ કોવિડ-19 ટ્રીટમેન્ટ હોસ્પિટલ સ્થાપિત કરવા માટે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર થયા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : ૨૬ માર્ચ

આધુનિક મીરાં : મહાદેવી વર્મા



જન્મ : ૨૬ માર્ચ- ૧૯૦૭

અવસાન : ૧૧ સપ્ટેમ્બર ૧૯૮૭

- ✓ 'હિન્દી ભાષા કે સાથ હમારી અસ્મિતા જુડી હુઈ હૈ, હમારે દેશ કી સંસ્કૃતિ ઔર રાષ્ટ્રીય એકતા કી હિન્દી ભાષા સંવાહિકા હૈ.'
- ✓ હિન્દી માટે આટલું સન્માન ધરાવનારા મહાદેવી વર્માનો આજે જન્મદિવસ છે. તે દિવસે હોળી હતી.
- ✓ ફરુખાબાદમાં જન્મેલાં મહાદેવીના પરિવારમાં બસો-વર્ષથી કોઈ દીકરી જન્મી ન હતી.
- ✓ અત્યંત લાડકોડમાં ઉછરેલાં મહાદેવી વર્મા જબલપુરથી સ્નાતક અને અલ્હાબાદથી અનુસ્નાતક થયાં હતાં.
- ✓ વિદ્યાર્થીવસ્થામાં કવિતા લખવી શરૂ કરી, આવી એક સ્પર્ધામાં ઈનામમાં ચાંદીનો કટોરો પ્રાપ્ત થયેલો જે મહાત્મા ગાંધીને ભેટ આપી દીધેલો.
- ✓ તેઓ મરાઠી મિશ્રિત હિન્દી બોલતાં અને આઝાદીની લડતોમાં કાવ્યપાઠ પણ કરતાં. મહાદેવીનો સમાવેશ હિન્દીના ચાર પ્રમુખ છાયાવાદી કવિઓમાં થાય છે.
- ✓ તેમણે નૌહાર, રશ્મિ, નીરજા, સાંધ્યા ગીત, દીપશીખા, યામાં , સપ્તપૂર્ણા, અતીત કે ચલચિત્ર ઝડપી સ્મૃતિ કી રેખાયે, દૃષ્ટિબોધ, નિલાંબરા, આત્મિકા, વિવેચનાત્મક ગદ્ય, ક્ષણદા જેવાં પુસ્તકો લખ્યાં.
- ✓ 11 સપ્ટેમ્બર 1987ના રોજ તેઓનું અવસાન થયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૩-૨૦૨૦)

1. કેન્દ્ર સરકારે નોવેલ કોરોના વાયરસ સંદર્ભે માર્ચ-૨૦૨૦માં કેટલા રૂપિયાનું પેકેજ જાહેર કર્યું – રૂ. 1.70 લાખ કરોડ

2. કેન્દ્ર સરકારે માર્ચ-૨૦૨૦માં નોવેલ કોરોના વાયરસ સંદર્ભે કઈ યોજના અંતર્ગત રૂ. 1.70 લાખ કરોડનું પેકેજ જાહેર કર્યું - **પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના**
3. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત અંદાજે કેટલા લોકોને લાભ મળશે - **કુલ ૮૦ કરોડ**
4. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત હેલ્થ સેક્ટરમાં કામ કરતા લોકોને ત્રણ મહિના માટે કેટલા રૂપિયાનો વીમો સરકાર તરફથી અપાશે – **રૂ. ૫૦ લાખ**
5. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત અંદાજે ૩ કરોડ જેટલા વિધવા, દિવ્યાંગ અને વૃદ્ધોને આગામી ત્રણ મહિના માટે બે હપ્તામાં કેટલી સહાય અપાશે - **રૂ. ૧,૦૦૦**
6. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત સ્વસહાયતા મહિલા જૂથ સાથે જોડાયેલા પરિવારોને કેટલી કોલેટરલ ફ્રી લોન મળશે - **૨૦ લાખ (પહેલા ૧૦ લાખ અપાતી હતી)**
7. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત 80 કરોડ ગરીબોને ત્રણ મહિના માટે મફત અનાજ અપાશે આ માટે કેટલા રૂપિયાનો ખર્ચ થશે - **40 હજાર કરોડ**
8. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ પરિવારોને કઈ યોજના હેઠળ 3 મહિના ગેસ સિલિન્ડર મફત અપાશે - **ઉજ્જવલા**
9. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કિસાન સન્માન નિધિની રૂ. 6 હજારનો વાર્ષિક સહાયના કેટલા રૂપિયાનો પહેલો હપ્તો ચૂકવાશે - **રૂ. 2 હજાર**
10. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત દેશની 20.5 કરોડ મહિલાઓના જનધન ખાતાંમાં 3 મહિના કેટલા રૂપિયાની મદદ કરાશે - **રૂ. 500-500**
11. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત મનરેગા હેઠળ દૈનિક વેતન રૂ. 182ને બદલે કેટલુ અપાશે- **રૂ. 202**
12. દેશના કન્સ્ટ્રક્શન સેક્ટર સાથે સંકળાયેલા ૩.૫ કરોડ નોંધાયેલા કામદારોને લાભ આપવા માટે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને કેટલા રૂપિયાનું કન્સ્ટ્રક્શન વેલ્ફેર ફંડ વાપરવા નિર્દેશ આપ્યો – **રૂ. ૩૧,૦૦૦ કરોડ**
13. કેન્દ્ર સરકારે કોરોના વાઇરસના કેસોના સ્ક્રીનિંગ અને ટેસ્ટિંગ માટેની સુવિધાઓ ઊભી કરવા રાજ્ય સરકારોને કયા ફંડનો ઉપયોગ કરવા સૂચના આપી - **ડિસ્ટ્રિક્ટ મિનરલ્સ ફંડ**
14. માર્ચ-૨૦૨૦માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાયરસ સંદર્ભે દરેક દેશને કુલ કેટલા પગલા લેવા સૂચન કર્યું હતુ - **છ**
15. G-20 બેઠક–2020 કયા યોજાઈ હતી - **સાઉદી અરેબિયા**
16. સાઉદી અરેબિયાના રાજાનું નામ જણાવો - **રાજા સલમાન**
17. તાજેતરમાં ૨૦૨૦માં કેટલામી G-20 બેઠક યોજાઈ – **૧૫મી**
18. G-20 બેઠક–2020નો મુખ્ય વિષય કયો હતો - **કોરોનાને હરાવવા વિશ્વ એક જૂથ થાય**
19. ગ્લોબલ ઈકોનોમી સુધારવા માટે જી-૨૦ દેશો કેટલું રાહત પેકેજ આપશે - **પાંચ ટ્રિલિયન ડોલર**
20. માર્ચ-૨૦૨૦માં કોરોના વાયરસ અંગે તબીબોએ કઈ અગત્યની સ્પષ્ટતા કરી હતી - **શરદી, ખાંસી એ 'કોરોના' નથી : ખોટો 'હાઉ' ન રાખો**
21. માર્ચ-૨૦૨૦માં કઈ બોલીવૂડ અભિનેત્રીનું 88 વર્ષે મુંબઈમાં અવસાન થયુ - **નિમ્મી**
22. માર્ચ-૨૦૨૦માં અવસાન પામનાર બોલીવૂડ અભિનેત્રી નિમ્મીનું મૂળ નામ અને તેનો સમયગાળો જણાવો - **નવાબ બાનો તથા વર્ષ 1950 થી 1960**
23. દેશની પ્રથમ કોવિડ-19 હોસ્પિટલ કયાં નિર્માણ પામશે – **ભૂવનેશ્વર (ઓડિશા)**
24. આધુનિક મીરાં તરીકે ઓળખાતા મહાદેવી વર્માનો જન્મ દિવસ જણાવો - **૨૬ માર્ચ- ૧૯૦૭**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 27-03-2020



૧. RBI : કોરોના વાયરસ સંદર્ભે ગ્રાહકોને વિવિધ રાહતો આપવા RBI દ્વારા બેંકોને નિર્દેશ

RR-રેપોરેટ વ્યાજદરમાં 75 બેઝિસ પોઇન્ટનો ઘટાડો : હાલમાં રેટ 4.40 ટકા

RBIની વિવિધ જાહેરાતો



RBIનું ઇએમઆઇ પેકેજ એટ એ ગ્લાન્સ

- ✓ હોમ, ઓટો, કોર્પોરેટ સહિતની તમામ લોન લેનારને લાભ, લોકડાઉનના કારણે આવકમાં ઘટાડો થાય તો આગામી ૩ મહિના સુધી રિપેમેન્ટ પર અસર નહીં થાય
- ✓ ઇએમઆઇની ચુકવણી મોકૂફી પ્રિન્સિપલ અને ઇન્ટરેસ્ટ એમ બંને પર લાગુ થશે
- ✓ ત્રણ મહિના ઇએમઆઇની ચુકવણી નહીં કરવાની કસ્ટમરની ક્રેડિટ હિસ્ટ્રી પર અસર નહીં થાય
- ✓ લોનધારકના ખાતાને નોન પરફોર્મિંગ આસેટ તરીકે ગણી લેવાશે નહીં
- ✓ ઓછું ભંડોળ ધરાવતી કોર્પોરેટ કંપનીઓ માટે રાહતભર્યો નિર્ણય, બિઝનેસ ઠપ હોવાથી લોનની પુનઃચુકવણીમાં મોટી રાહત કંપનીઓને અસ્તિત્વ ટકાવવામાં મદદ મળશે
- ✓ ઇએમઆઇની આવક ઘટતાં બેન્કોના કેશ ફ્લો પર અસર થશે પરંતુ લિક્વિડિટી જાળવી રાખવા આરબીઆઇએ કેશ રિઝર્વ રેશિયોમાં ઘટાડો કર્યો

આરબીઆઇની આર્થિક સમીક્ષા

રેપોરેટ

- ✓ ૭૫ બેઝિસ પોઇન્ટ ઘટાડીને ૪.૪૦ ટકા કરાયો
- ✓ બેન્કોને આરબીઆઇ પાસેથી સસ્તા દરે ધિરાણ મળશે

- ✓ હોમ, ઓટો સહિતની તમામ લોન સસ્તી થશે
- ✓ વ્યાજદર સાથે જોડાયેલ લોનના ઇએમઆઈમાં ઘટાડો થશે



રિવર્સ રેપોરેટ

- ✓ ૯૦ બેઝિસ પોઇન્ટના ઘટાડા સાથે ૪.૦ ટકા કરાયો
- ✓ રેપોરેટ કરતાં રિવર્સ રેપોરેટ ઓછો હોવાથી બેન્કો RBIને ધિરાણ ઘટાડશે
- ✓ RBIમાં થાપણો ઘટતાં બેન્કોની લિક્વિડિટીમાં વધારો થશે

કેશ રિઝર્વ રેશિયો-

- ✓ કેશ રિઝર્વ રેશિયોમાં ૧૦૦ બેઝિસ પોઇન્ટનો ઘટાડો : હવે કુલ 3 ટકા
- ✓ આરબીઆઇ પાસે ફરજિયાત રાખવાની થાપણમાં એક ટકાનો ઘટાડો થતાં બેન્કો પાસે રોકડ વધશે. આ નિર્ણયને કારણે બેન્કોની લિક્વિડિટીમાં ૧,૩૭,૦૦૦ કરોડનો વધારો થશે.

ક્યાંથી લોન લીધી હશે તો આ લાભ?

- ✓ તમામ કોમર્શિયલ બેન્ક
- ✓ પ્રાદેશિક ગ્રામીણ બેન્ક
- ✓ સ્મોલ ફાઇનાન્સ બેન્ક
- ✓ લોકલ એરિયા બેન્ક
- ✓ કો-ઓપરેટિવ બેન્ક
- ✓ આખા ભારતના ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટયૂટ
- ✓ હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓ
- ✓ માઇક્રો ફાઇનાન્સ ઇન્સ્ટિટયૂટ

ક્રેડિટ કાર્ડના પેમેન્ટ પર લાભ નહીં

- ✓ ક્રેડિટ કાર્ડ પરના ધિરાણોને ટર્મ લોન નહીં પરંતુ રિવોલ્વિંગ ક્રેડિટ ગણવામાં આવે છે. આરબીઆઇ દ્વારા ફકત ટર્મ લોન માટે જ ઇએમઆઇ મોકૂફ રાખવાની પરવાનગી આપી છે તેથી ક્રેડિટ કાર્ડના પેમેન્ટનો તેમાં સમાવેશ થતો નથી.
- ✓ RBI ગવર્નર - શક્તિકાંત દાસ
- ✓ મુખ્ય મથક – મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગુજરાત સરકાર : મુખ્યમંત્રી રાહત નિધિમાં આપેલું દાન-ફાળો આવકવેરાની કલમ 80 G હેઠળ કરમુક્તને પાત્ર

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721



3. મનોરંજન : 33 વર્ષ બાદ આજ તા.28-માર્ચથી દૂરદર્શન પર પુનઃ રામાયણ શ્રેણીનો પ્રારંભ



- ✓ કાર્યક્રમ રોજ સવારે ૯.૦૦ અને રાત્રે 9:00 કુલ બે એપિસોડ પ્રકાશિત થશે
- ✓ નિર્માતા - રામાનંદ સાગર
- ✓ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય નવી દિલ્હી
- ✓ મંત્રી - શ્રી પ્રકાશ જાવડેકર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાયરસ : વિશ્વમાં કોરોના વાયરસનો ભોગ બનનાર પ્રથમ વડાપ્રધાન - બોરિસ જોનસન બ્રિટન

- ✓ દેશ – બ્રિટન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન : ભારતના શ્રેષ્ઠ ચિત્રકાર અને આર્કિટેક એવા સતિષ ગુજરાલનું નવી દિલ્હીમાં 94 વર્ષે અવસાન



- ✓ પૂર્વ પીએમ આઈ.કે. ગુજરાલના નાના ભાઈ હતા
- ✓ એવોર્ડ - પદ્મવિભૂષણ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ઓપરેશન નમસ્તે : કોરોના વાયરસ સામેના યુદ્ધમાં ભારતીય સેનાનું ઓપરેશન નમસ્તે

- ✓ મદદ – સૈન્ય આઇસોલેશન સેન્ટર અને આઇસીયુ જેવી આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે
- ✓ હેલ્પલાઇન નંબર પણ કાર્યરત
- ✓ આર્મી જનરલ - મુકુંદ નરવાણે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. કોરોના વાયરસ સંદર્ભે નેશનલ સોશિયલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ હેઠળ કેન્દ્ર સરકારનો નિર્ણય

નેશનલ સોશિયલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ (NSAP)હેઠળ દેશની ૩ કરોડ વિધવાઓ, સિનિયર સિટીઝન અને દિવ્યાંગોને એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ત્રણ માસનુ પેન્શન એડવાન્સમાં આપશે

- ✓ ૬૦થી ૭૯ વર્ષના સિનિયર સિટીઝનને રૂ. ૨૦૦ અને ૮૦ કે તેથી વધુ ઉંમરના સિનિયર સિટીઝનને રૂ. ૫૦૦નું માસિક પેન્શન અપાય છે
- ✓ ૪૦ થી ૭૯ વર્ષની વિધવાઓને દર મહિને રૂ.૩૦૦ અને ૮૦ કે તેથી વધુ ઉંમરની વિધવાઓને દર મહિને રૂ. ૫૦૦ પેન્શન આપવામાં આવે છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૩-૨૦૨૦)

1. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ RBI દ્વારા રેપો રેટમાં કેટલા બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો- **75**
2. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ રેપો રેટનો દર જણાવો - **4.40%**
3. લોન ધારકોના હિતમાં RBI દ્વારા EMI ચૂકવવામાં કેટલા મહિનાની છૂટ આપવા ભારતની બેન્કોને નિર્દેશ અપાયા છે- **3 માસ**
4. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ RBI દ્વારા રિવર્સ રેપો રેટમાં કેટલા બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરાયો- **90**
5. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ દેશમાં રિવર્સ રેપો રેટમાં કેટલા ટકા છે- **4 %**
6. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ RBI દ્વારા કેશ રિઝર્વ રેશિયોમાં કેટલા બેઝિસ પોઈન્ટનો કરાયો - **100 અથવા 1%**
7. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ દેશમાં કેશ રિઝર્વ રેશિયો કેટલા ટકા છે- **3%**
8. આરબીઆઇના વર્તમાન ગવર્નરનું નામ જણાવો- **શક્તિકાંત દાસ**
9. કોરોના વાયરસ સામે લડવા માટે મુખ્યમંત્રી રાહત નિધિમાં આપેલું દાન કઈ કલમ હેઠળ કરમુક્તિને પાત્ર છે - **આવકવેરા કલમ 80-G**
10. ભારતમાં રામાનંદ સાગર નિર્મિત કઈ લોકપ્રિય ધાર્મિક શ્રેણી 33 વર્ષ બાદ પુનઃ દુરદર્શન ચેનલ ઉપર શરૂ કરાઈ- **રામાયણ**
11. વર્તમાન કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રીનું નામ જણાવો - **શ્રી પ્રકાશ જાવડેકર**
12. કોરોના વાયરસનો ભોગ બનનાર વિશ્વના પ્રથમ વડાપ્રધાન અને દેશનું નામ જણાવો- **બોરિસ જોનસન અને બ્રિટન**
13. ભારતીય સેના દ્વારા કોરોના વાયરસ સામે લડવા વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા કયું ઓપરેશન હાથ ધરાયું- **" ઓપરેશન નમસ્તે"**
14. કોરોના વાયરસ સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા NSAP હેઠળ દેશની ત્રણ કરોડ વિધવા બહેનો, સિનીયર

સિટીઝન અને દિવ્યાંગોને એપ્રિલના પ્રથમ માસમાં કેટલા માસનું પેન્શન એડવાન્સમાં ચૂકવાશે- **3 માસ**

15. NSAPનું વિસ્તૃત નામ જણાવો- **નેશનલ સોશિયલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ**
16. NSAP હેઠળ દેશના 60 થી 79 વર્ષના સિનિયર સિટીઝન તેમજ 80થી વધુ ઉંમરનાને માસિક કેટલું પેન્શન અપાય છે- **રૂ.200 અને રૂ.500**
17. NSAP હેઠળ દેશના 40 થી 79 વર્ષના વિધવા બહેનો તેમજ 80થી વધુ ઉંમરનાને માસિક કેટલું પેન્શન અપાય છે- **રૂ.300 અને રૂ.500**
18. તાજેતરમાં 94 વર્ષે દિલ્હીમાં અવસાન પામેલ પદ્મવિભૂષણ શ્રી સતીષ ગુજરાલનું કાર્યક્ષેત્ર જણાવો- **ચિત્રકાર અને આર્કિટેક**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 28-03-2020



૧. PM-CARES FUND : કોરોના સામે લડવા કેન્દ્ર સરકારને મદદરૂપ-સહયોગ કરવા લોકો દાન કરી શકે તે હેતુથી PM-CARES FUNDની રચના



- ✓ દાનની તમામ રકમ આવકવેરાની કલમ 80G હેઠળ કરમુક્ત
- ✓ PM–CARES FUND: પ્રધાનમંત્રી સિટીઝન આસિસ્ટન્ટ એન્ડ રિલીફ ઈન ઈમરજન્સી સિચ્યુએશન ફંડ

PM–CARES FUND વિશે :

- ✓ પીએમ-કેર ફંડ એક પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ હશે. વડા પ્રધાન તેના ચેરપર્સન હશે તેમજ ગૃહમંત્રી, સંરક્ષણ મંત્રી અને નાણામંત્રી ટ્રસ્ટના સભ્યો રહેશે.
- ✓ આ ફંડને વિપરિત સ્થિતિમાં રહેતા લોકો સુધી પહોંચાડી શકીશું. તેના કારણે જ સ્વસ્થ ભારત અને ભાવિ પેઢીને સારા ભવિષ્ય માટે સહયોગ આપવો જોઈએ.

PM-CARES FUNDમાં દાન કરવાની પ્રક્રિયા

- ✓ ખાતાનું નામ: PM CARES
- ✓ ખાતા નંબર: ૨૧૨૧PM૨૦૨૦૨
- ✓ આઈએફએસસી કોડ: SBIN0000691
- ✓ સ્વિફ્ટ કોડ : SBININBB104
- ✓ બેન્કનું નામ: એસબીઆઈ, નવી દિલ્હી મેઈન બ્રાન્ચ
- ✓ યુપીઆઈ આઈડી : pmcares@sbi
- ✓ ઉપરાંત pmindia.gov.in વેબસાઈટ ઉપર ડેબિટ કાર્ડ ક્રેડિટ કાર્ડ, ઈન્ટરનેટ બેન્કિંગ,

યુપીઆઈ (BHIM, PhonePe, Amazon Pay, Google Pay, PayTM, Mobikwik) આરટીજીએસ, એનઈએફટી દ્વારા દાન કરી શકાશે.

દાનની વિગત

- ✓ તાતા જૂથ અને ટાટા ટ્રસ્ટ કુલ રૂપિયા ૧૫૦૦ કરોડ દાનમાં આપશે
- ✓ અભિનેતા અક્ષય કુમાર ૨૫ કરોડ દાનમાં આપશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગુજરાત સરકાર : કોરોના વાયરસ સામે લડવા માટે અગત્યના નિર્ણયો

(૧) રાજ્યના દરેક જિલ્લામાં કોરોના સામે લડવા ૧૦૦ બેડની આઈસોલેશન હોસ્પિટલ તૈયાર કરાશે (૧૦ વેન્ટિલેટર+ ૯૦ અન્ય બેડ)



(૨) પોલીસ કે અન્ય રક્ષકના ફરજ દરમિયાન મૃત્યુના કેસમાં રૂ. ૨૫ લાખનું વળતર



(૩) ધારાસભ્યશ્રીને તેને વિકાસ માટે મળતી વાર્ષિક રૂ. ૧.૫ કરોડની ગ્રાન્ટમાંથી રૂ.૨૫ લાખ આરોગ્ય માટે ફાળવી શકશે

(૪) સામાજિક ન્યાય અધિકારીતા અને આદિજાતિ વિભાગના છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને-લાભાર્થીઓને એક માસ માટે રૂ. ૧૫૦૦ DBT દ્વારા તેમના ખાતામાં જમા કરાશે



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વૈશ્વિક સહાય : USA દ્વારા કોરોના વાયરસનો સામનો કરવા ૬૪ દેશોને ૧૭૪ મિલિયન ડોલરની આર્થિક મદદ કરી



વિગત

- ✓ જ્યાં કોરોના ઝડપથી વધી રહ્યો છે ત્યાં તમામ પ્રકારની મેડિકલ સુવિધા ઊભી કરવા આ રકમ ખર્ચાશે.
- ✓ અમેરિકાએ ફેબ્રુઆરીમાં ૧૦૦ મિલિયન ડૉલરની રાહતો જાહેર કરી હતી તે ઉપરાંત આ સહાય પેકેજ વધારાનું રહેશે.
- ✓ આમાં અનેક મેડિકલ સંસ્થાઓ જેવી કે સેન્ટર્સ ફોર ડિસીસ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન જેવી સંસ્થાઓનો સમાવેશ કરાયો છે.
- ✓ અમેરિકાનાં વિદેશ વિભાગે જણાવ્યું હતું કે છેલ્લા ૨૦ વર્ષમાં ભારતને ૨.૮ અબજ ડૉલરની જુદી જુદી સહાય કરાઈ છે.

US દ્વારા એશિયાના આ દેશને મદદ કરાઈ

- ✓ ભારત 2.9 મિલિયન ડોલર
- ✓ શ્રીલંકા 1.3 મિલિયન ડોલર
- ✓ નેપાળ 1.8 મિલિયન ડોલર
- ✓ બાંગ્લાદેશ 3.4 મિલિયન ડોલર
- ✓ અફઘાનિસ્તાન 5.0 મિલિયન ડોલર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. COVID-19 : કુલ 4 તબક્કા



(૧) કોમ્યુનિટી ટ્રાન્સફર સૌથી ખતરનાક

- ✓ **પ્રથમ તબક્કો:** વિદેશથી આવેલા વ્યક્તિમા કોરોનાનો ચેપ હોય.
- ✓ **બીજો તબક્કો:** વિદેશમાંથી આવેલા વ્યક્તિના પોઝિટિવ કેસમાંથી ચેપ ફેલાવાની શરૂઆત થાય. લોકલ ટ્રાન્સમીશનમા ચેપ ક્યાંથી લાગ્યો તેનુ પગેરૂ મેળવી શકાય છે. ભારતમાં અત્યારે આ તબક્કો છે.
- ✓ **ત્રીજો તબક્કો:** થર્ડ સ્ટેજ કોમ્યુનિટી ટ્રાન્સફર તરીકે ઓળખાય છે. એ સૌથી ખતરનાક છે. કારણ કે તેમાં સમુદાય છે ચેપ લાગવાની શરૂઆત થાય છે અને મોટા વિસ્તારમાં ચેપ ફેલાય છે.
- ✓ આ સ્ટેજમાં વાઇરસને ટ્રેસ કરવો એટલે કે ચેપ કેવી રીતે લાગ્યો એ જાણવું મુશ્કેલ થઇ પડે છે.

✓ **<u>ચોથો તબક્કો:</u>** ઇટલી-સ્પેનમાં જે જોવા મળ્યું છે, ચીન જે ભોગવી ચૂક્યું છે એ ચોથો તબક્કો છે. જે વાઇરસનો ફેલાવો બધી દિશાએથી થવા માંડે એક-બે નહી પણ એક સાથે સંખ્યાબંધ પોઝિટિવ કેસ નોંધાવા લાગે છે.

<u>(૨) ઈન્કયુબેશન પિરિયડ એટલે શું</u>

✓ કોવિડ-૧૯ના ટ્રેન્ડ મુજબ હવે આ વાઇરસનો ઇન્ક્યુબેશન પિરિયડ શરૂ થયો છે, આથી ગુજરાતમાં પાંચમી એપ્રિલ સુધીમાં કોરોના ચેપગ્રસ્ત કેસો વધે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

✓ ઇક્યુબેશન પિરિયડ એટલે <u>કોરોનાનો ચેપ લાગે પછી શરીરમાંથી ૧૪ દિવસમાં આ વાઇરસ એક્ટિવ થાય</u> છે અને તેના લક્ષણો લગાડવાની શરૂઆત કરે છે.

✓ એટલે અત્યાર સુધીના પાંચ-છ દિવસના લોકડાઉન દરમિયાન જેમને ચેપ લાગ્યો હશે તેવા વ્યક્તિઓમાં આગામી એક સપ્તાહથી ૧૦ દિવસ દરમિયાન તેના લક્ષણો જોવા મળશે.

✓ આવા વ્યક્તિઓના સંપર્કમાં આવેલા વ્યક્તિઓમાં પણ એ જ ક્રમે ચેપગ્રસ્ત થઇ શકે છે. આથી આ સમયગાળામાં ચૂસ્તપણે લોકડાઉનનો પાલન કરવુ જોઇએ.

<u>(૩) રોગ પ્રતિકારક શક્તિમાં વધારો</u>

✓ કોરોના વાયરસના જીવલેણ રોગચાળાથી બચવા માટે રોગ પ્રતિકારક શક્તિ વધારવી અત્યંત આવશ્યક છે.

✓ કોરોનાની ઝપટમાં ન આવી જવાઈ તે માટે દરેક વ્યક્તિએ રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે વિટામીન 'C' લેવું ખૂબ જ જરૂરી છે.

✓ લીંબુ, મોસંબી, સંતરા, નારંગીમાંથી ભરપુર વિટામીન C મેળવી શકાય છે.

✓ મેડિકલ સ્ટોર્સમાંથી લિસ્સી નામની ગોળી ખરીદીને પણ વિટામીન સી મેળવી શકાય.

✓ ગરમ કરેલ પાણી પીવું જોઈએ, તુલસી, તજ, મરી, લવિંગ, સૂંઠ, અજમાના પાન, વગેરેનો ઉકાળો પીવાથી પણ રોગ પ્રતિકારક શક્તિ વધારી શકાય

✓ નિયમિત કસરત કરવી, નિયમિત પૌષ્ટિક આહાર લેવો અને ૭થી ૮ કલાક ઉંઘ લેવી જોઈએ.

✓ દિવસમાં સમયાંતરે હાથ ધોવા, ગાર્ગલ કરવાનું સલાહભર્યું હોવાનું તબીબોએ જણાવ્યું છે.

<u>(૪) PPE-પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ કિટ</u>

✓ **<u>વિશેષતા-જેમાં માસ્ક, ફૂલ બોડી કવર, સ્યૂટ કેપ સહિતની અનેક વસ્તુઓ હોય છે</u>**

✓ **<u>જે ખાસ કરીને કોરોનાની સારવાર કરતાં ડૉકટર અને તેના મેડિકલ સ્ટાફને અપાઈ છે.</u>**

✓ સેમ્પલ લીધા પછી પીપીઈ કિટ નષ્ટ કરવામાં આવે છે



Personal Protective Equipment (PPE) Kit Basic MIN-02

કોરોનો ટેસ્ટ માટે કિટનો ઉપયોગ

- ✓ કર્મચારી એક કાળી બેગમાં પીપીઇ કીટ (જેમાં માસ્ક, ફુલ બોડી કવર સૂટ, કેપ સહિતની અન્ય ચીજો હોય છે. સાથે દર્દીના ઘરે જાય છે. પરત આવી આ પીપીઈ કિટને કેમિકલથી નષ્ટ કરી નાંખવામાં આવે છે. જે બાદ લેબોરેટરીમાં સેમ્પલની તપાસ કરાઈ છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૩-૨૦૨૦)

1. કોરોના વાયરસ સામે લડવા દેશના લોકો કેન્દ્ર સરકારને આર્થિક મદદ-સહયોગ કરી શકે તે માટે કયા નવા ફંડની રચના કરવામાં આવી - **PM-CARES FUND**
2. PM-CARES FUNDનું વિસ્તૃત નામ જણાવો- પ્રાઈમ મિનિસ્ટર - **સિટીઝન આસિસ્ટન્ટ એન્ડ રીલિફ ઈન ઈમરજન્સી સિચ્યુએશન્સ ફંડ**
3. PM-CARES FUND પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ કોણ હોય છે - **વડાપ્રધાન**
4. PM-CARES FUND ટ્રસ્ટના હોદ્દાની રૂએ અન્ય સભ્યો કોણ હોય છે- **નાણામંત્રી, ગૃહ મંત્રી અને સંરક્ષણ મંત્રી**
5. PM-CARES FUNDમાં આપેલું દાન આવકવેરાની કલમ હેઠળ કરમુક્તિની પાત્ર છે - **80 G**
6. ગુજરાતમાં કોરોના વાયરસ સામે લડવા દરેક જિલ્લામાં કેટલા બેડની આઈસોલેશન હોસ્પિટલ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે - **100**
7. કોરોના સામે ફરજ બજાવતા સુરક્ષાકર્મીઓનું મૃત્યુ થાય તો ગુજરાત સરકાર તેમના પરિવારને કેટલું વળતર ચૂકવશે- **રૂ.25 લાખ**
8. ગુજરાતમાં ધારાસભ્યશ્રીને વાર્ષિક મળતી રૂ.1.5 કરોડની ગ્રાન્ટમાંથી કેટલી રકમ આરોગ્ય માટે ફાળવી શકશે- **રૂ.25 લાખ**
9. રાજ્યમાં સામાજિક ન્યાય અધિકારીતા અને આદિજાતિ વિભાગના છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને આગામી એપ્રિલ માસ માટે કેટલી રકમ DBTના માધ્યમથી તેમના ખાતામાં જમા કરાશે- **રૂ.1500/-**
10. USA દ્વારા કોરોના વાયરસનો સામનો કરવા વિશ્વના કેટલા દેશોને કેટલી આર્થિક મદદની જાહેરાત કરી- **64 દેશ અને 174 મિલિયન ડોલર**
11. USA દ્વારા કોરોના સામે લડવા ભારત માટે કેટલી આર્થિક મદદ જાહેર કરી - **2.9 મિલિયન ડોલર**
12. COVID-19 રોગના કુલ કેટલા તબક્કા છે - **04**
13. COVID-19 રોગમાં ત્રીજો તબક્કો ક્યાં નામે ઓળખાય છે - **કમ્યુનિટી ટ્રાન્સફર - સૌથી ખતરનાક**
14. ઈન્કયુબેશન પિરિયડ એટલે કોરોનાનો ચેપ લાગે પછી વ્યક્તિના શરીરમાંથી કેટલા દિવસમાં આ વાયરસ સક્રિય થાય છે - **14 દિવસ**
15. કોરોના વાયરસ જેવા રોગો સામે રોગ પ્રતિકારક શક્તિ વધારવા કયુ વિટામીન લેવું સૌથી અગત્યનું છે - **C**
16. કોરોના જેવા રોગના સંદર્ભમાં PPEનું વિસ્તૃત નામ જણાવો - **પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ કિટ**

17. કોરોનાની સારવાર કરતા મેડિકલ સ્ટાફને કઈ કિટનો ઉપયોગ કરવો ફરજીયાત છે- **PPE**

18. PPEનું અન્ય નામ જણાવો- **MIN -02**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 29-03-2020



૧. વડાપ્રધાન મોદી : 'મન કી બાત'ની 63મી આવૃતિ યોજાઈ (૨૯-૦૩-૨૦૨૦)



- ✓ 'મન કી બાત' કાર્યક્રમ પ્રત્યેક માસનો છેલ્લો રવિવારે પ્રસિદ્ધ થાય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. પેશન્ટ ઝીરો (આરોગ્ય)

વિશ્વની સૌપ્રથમ કોરોના દર્દી એવી 57 વર્ષીય મહિલા સારવારના અંતે સાજી થઈ



- ✓ નામ - વેઇ સુઝિયાન-ચીન
- ✓ ચીન દ્વારા તેને 'પેશન્ટ ઝીરો'ની ઓળખ અપાઇ હતી
- ✓ પ્રથમ કેસ : તા.૧૯ ડિસેમ્બર ૨૦૧૯ વુહાન

પેશન્ટ ઝીરો તરીકે નામ કોણે આપ્યું ?

- ✓ ચીનની ન્યૂઝ વેબસાઇટ 'ધ પેપર'ને ટાંકતાં આ મહિલાને પેશન્ટ ઝીરો જાહેર કરતા અહેવાલો વિશ્વભરના સમાચારપત્રોમાં ચમક્યા હતા.
- ✓ બ્રિટનના મિરર, સિડનીના ન્યૂઝ ડોટ ઓસ્ટ્રેલિયા ઉપરાંત ભારતની પીટીઆઇ તેમજ આઇએએનએસ સમાચાર સંસ્થાએ પણ આ મહિલા પેશન્ટ ઝીરો હોવાના અહેવાલ આપ્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિર્ણય : ખાનગી કંપનીનું CSR ભંડોળ પીએમ કેર ફંડમાં જમા કરાવી શકાશે (વહીવટ)



- ✓ CSR - કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (કોર્પોરેટ સામાજિક દાયિત્વ)

નિયમ-

- ✓ કંપની કાયદા મુજબ ચોક્કસ કક્ષાનો નફો રળતી કંપનીઓએ પોતાના ત્રણ વર્ષના સરેરાશ શુદ્ધ નફાના બે ટકા જેટલી રકમ એક નાણાકીય વર્ષમાં સીએસઆર પ્રવૃત્તિ પાછળ ખર્ચ કરવાની રહેતી હોય છે.
- ✓ પીએમ કેર્સકેર્સની રચના કોઈ સંકટભરી સ્થિતિનો સામનો કરવા પ્રભાવિત લોકોને મદદ માટે થયેલી છે.
- ✓ પીએમ-કેર્સમાં કંપની દ્વારા થનારા કોઇપણ યોગદાનને સીએસઆર ખર્ચ માનવામાં આવશે.

શું છે પીએમ કેર્સ ફંડ

- ✓ સરકારે પ્રાઇમ મિનિસ્ટર્સ સિટિઝન આસિસ્ટન્ટ એન્ડ રિલીફ ઈન ઇમરજન્સી સિચુએશન ફંડ (પીએમ-કેર્સ ફંડ)ની રચના કરી છે.
- ✓ કોરોના વાઇરસને કારણે ઊભી થનારી તાકીદની સ્થિતિને પહોંચી વળવા તે ભંડોળનો ઉપયોગ થશે.
- ✓ તાકીદે મદદની જરૂર પડે તેવા સંકટનો સામનો કરી રહેલા પ્રભાવિત લોકોને રાહત આપવા આ ભંડોળની રચના થયેલી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સ્ટાર્ટ અપ : મેઈડ ઇન ગુજરાત (સંશોધન)

દેશનું પ્રથમ સેનિટાઈઝર મશીન તૈયાર: માત્ર ૧૦ સેકન્ડમાં સમગ્ર શરીર જંતુમુક્ત કરે છે

- ✓ સ્થાન : રાજકોટ



વિગત

- ✓ રાજકોટની મેયર બીનાબેન આચાર્યએ આ મશીનનો ટેસ્ટ કર્યો
- ✓ રાજકોટ કોર્પોરેશનને મશીન ભેટ આપ્યું, પાણીમાં માત્ર 6% હાઈડ્રોજન પેરોક્સાઈડ ભેળવીને સ્પ્રે કરાય છે.
- ✓ રાજકોટ દેશનું પ્રથમ ડિસઈન્ફેકશન મશીન રાજકોટના ત્રણ યુવાનોએ કર્યું છે. તે માત્ર 10 સેકન્ડમાં વ્યક્તિને જંતુમુક્ત કરી દે છે.
- ✓ આ માટે પાણીમાં 6 ટકા હાઈડ્રોજન પેરોક્સાઈડ ભેળવવામાં આવે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ગુજરાતની આંતરરાષ્ટ્રીય સીમા સ્માર્ટ બોર્ડરમાં તબદીલ (સુરક્ષા)



✓ વિસ્તાર : કચ્છ અને બનાસકાંઠા

✓ ગુજરાતની 425 કિલોમીટર બોર્ડર લાઇટોથી સીલ : ફેન્સીંગ સાથે 11880 સોડિયમ લાઈટ

આવી હશે ગુજરાતની સ્માર્ટ બોર્ડર

✓ કૉસ્મિહેન્સીવ ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ (CIBMS) ઇઝરાયેલની મદદ અને સ્વદેશી પદ્ધતિથી ડેવલપ કરવામાં આવી.

✓ તેનાથી છુપા સીસીટીવી કેમેરાની મદદથી કન્ટ્રોલ રૂમમાંથી ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવી શકાશે.

✓ સંવેદનશીલ વિસ્તારોમાં તારની વાડની સાથે લેસર વૉલ બનાવવાની સાથે લેસર બીમ, કેમેરા, રડાર અને સેન્સર લાગશે.

✓ સ્માર્ટ ફેન્સિંગ ઇલેક્ટ્રોનિક સર્વેલન્સથી સજ્જ હશે. તેમાં નાઇટ વિઝન કેમેરા, હેન્ડહેલ્ડ થર્મલ ઈમેજર્સ, બેટલ ફિલ્ડ સર્વેલન્સ રડાર ઉપરાંત ડાયરેક્શન ફાઇન્ડર ગ્રાઉન્ડ સેન્સર, હાઈપાવર ટેલિસ્કોપ છે.

✓ ઘૂસણખોર ફેન્સિંગની નજીક પણ આવશે તો પકડાઈ જશે.

✓ કુલ બોર્ડર વિસ્તાર : 508 કી.મી

એલઇડી લગાવવાથી દર મહિને BSFના 41 લાખ રૂપિયા બચશે

✓ ગુજરાત સરહદે અત્યારે 2,970 પોલ પર 11,880 સોડિયમ લાઈટ્સ લાગી છે. એટલે કે પ્રત્યેક પોલ પર 4 લાઇટ્સ છે.

✓ એક રાતમાં પોલ દીઠ 12 યુનિટ વીજ વપરાશ થાય છે.

✓ દૈનિક 35,640 યુનિટ એટલે કે 2.49 લાખનો વીજ વપરાશ ખર્ચ છે.

✓ બીએસએફદર મહિને 74.84 લાખ રૂપિયા વીજ બિલ ચૂકવે છે.

✓ એલઆઇડી લગાવ્યા બાદ 55 ટકા સુધી વીજળીની બચત થશે.

✓ એલઇડીથી મહિને વીજ ખર્ચ 1.12 લાખ યુનિટ એટલે કે 33.67 લાખ રૂપિયા થઈ જશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. અર્થ અવર ડે (પર્યાવરણ)



- ✓ તા. 28 માર્ચ ઉજવાયો
- ✓ વર્ષ-૨૦૨૦ની થીમ- 'રેઇઝ યોર વોઇસ ફોર નેચર'
- ✓ અર્થ અવર ડે દર વર્ષે માર્ચ મહિનાના છેલ્લા શનિવારે મનાવવામાં આવે છે.
- ✓ રાત્રે 8.30થી 9.30 દરમિયાન લાઇટ સ્વેચ્છાએ બંધ રખાઈ : બ્લેક આઉટ
- ✓ હેતુ : પર્યાવરણને બચાવવા
- ✓ સંસ્થા : વર્લ્ડ વાઇડ ફંડ (WWF)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ટેકનોલોજી હિસ્ટ્રી : એપ્રિલના નવા આવિષ્કાર વિશે

- ✓ ટેક્નોલોજીની દુનિયામાં, અગાઉ શું શું બન્યું આ સમયગાળામાં

એપ્રિલ ૧,૧૯૭૬: એપલ કંપનીનો જન્મ

- ✓ સ્ટીવ જોબ્સ અને સ્ટીવ વોઝનિકે આજના દિવસે તેમની પર્સનલ કમ્પ્યૂટર કિટ્સ વેચવા એપલ કમ્પ્યૂટર કંપની સ્થાપી.
- ✓ પછી તો એમની જોડી અને કંપનીએ એવી પ્રગતિ કરી કે એપલ નામ ફળ જેટલું જ ટેક્નોલોજી માટે પણ જાણીતું થઈ ગયું

એપ્રિલ ૧, ૨૦૦૪ : જી-મેઇલની ક્રાંતિકારી શરૂઆત

- ✓ ૧૯૯૭માં યાહૂ મેઇલની શરૂઆત થઈ ત્યારે તેમાં ૪ એમબી સ્પેસ મળતી હતી.
- ✓ ૨૦૦૪માં તે ૧૦૦ એમબી થઈ અને અને તેની સામે, આજના દિવસે લોન્ચ થયેલ જીમેઇલમાં સીધી ૧ જીબીની સ્પેસ મળી !
- ✓ જીમેઇલમાં જોડાવા માટે પહેલાં આમંત્રણ મળવું જરૂરી હતું અને આટલી તોતિંગ સ્પેસને કારણે સૌએ પહેલાં તેને ગૂગલની એપ્રિલ ફૂલની મજાક જ માની હતી.

એપ્રિલ ૨, ૧૯૮૦ માઇક્રોસોફ્ટનું પહેલું હાર્ડવેર

- ✓ આજના દિવસે માઈક્રોસોફ્ટે ઝેડ-૮૦ સોફ્ટકાર્ડ નામે તેનું પહેલું હાર્ડવેર લોન્ચ ક્યું હતું, જે એપલના પર્સનલ કમ્પ્યૂટરમાં જોડીને તેમાં એ સમયની લોકપ્રિય ઓપરેટિંગ સિસ્ટમના પ્રોગ્રામ્સ ચલાવી શકાતા હતા !

એપ્રિલ 3, ૧૯૭૩ : પહેલો સેલ ફોન કોલ

- ✓ આજના દિવસે, ન્યૂયોર્ક શહેરના રસ્તે માર્ટિન કૂપરે પહેલો સેલ ફોન કોલ કર્યો !
- ✓ આ અમેરિકન એન્જિનિયર વાયરલેસ કમ્યુનિકેશન ઈન્ડસ્ટ્રીના પ્રણેતા અને સેલફોનના જનક ગણાય છે.

એપ્રિલ ૭, ૧૯૬૪ : આઇબીએમ સિસ્ટમ ૩૬૦

- ✓ આઇબીએમ કંપની સિસ્ટમ ૩૬૦ નામનું મેઇનફ્રેમ આર્કિટેક્ચર લોન્ચ કર્યું.
- ✓ આ સિસ્ટમમાં એકબીજા સાથે જોડાયેલાં ૬ મોડેલ્સઓ અને તેમાં વળી બીજા ૪૦ પેરિફેરલ્સ હતા.

- ✓ આ સિસ્ટમ તમામ પ્રકારના કસ્ટમર્સની જરૂરિયાત સંતોષી શકે તેવી હોવાથી તેને ૩૬૦ નામ અપાયું હતું.
- ✓ કંપનીએ આ સિસ્ટમ વિક્સાવવા પાંચ અબજ ડોલરનો જુગાર ખેલ્યો, જે આજ સુધી સૌથી જોખમી બિઝનેસ દાવમાંનો એક ગણાય છે !
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. માનવ જીવનને જોખમમાં મૂકનાર વિવિધ વાયરસ-રોગ (આરોગ્ય)



(૧) રોટા વાઇરસ

- ✓ રોટા વાયરસને ચાઇલ્ડ કિલર વાઇરસ તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ આ વાઇરસના કારણે દર વર્ષે વિશ્વમાં પાંચ લાખ બાળકોના મોત થાય છે.
- ✓ રોટાની અસરથી નવજાત શિશુથી માંડી આઠ વર્ષ સુધીના બાળકોના ભારે ઝાડા-ઉલ્ટી થાય છે.

(૨) સ્મોલ પોક્સ (શીતળા)

- ✓ શીતળાના કારણે અત્યાર સુધીમાં દુનિયામાં આશરે ૫૦ કરોડ લોકોના મોત થયા છે.
- ✓ આ વાઇરસનો મૃત્યુદર ૯૦ ટકા છે. સ્મોલ પોક્સને આર-૦ (આર-નોટ) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ✓ શીતળાનો રિપ્રોડક્શન નંબર ૩થી ૬ હોય છે એટલે કે આ વાઇરસથી સંક્રમિત વ્યક્તિ અન્ય ૩થી ૬ વ્યક્તિને પણ ચેપ લગાડી શકે છે.
- ✓ જો કે હવે શીતળાની રસી શોધાઈ ચૂકી હોવાથી હવે આ રોગ કોઇને થતો નથી.

(૩) યલો ફીવર (પિત્ત જવર)

- ✓ યલો ફીવરથી પીડાતા વ્યક્તિને હાલત સૌથી દયનીય માનવામાં આવે છે.
- ✓ યલો ફીવરમાં નાક, આંખ, મોઢું અને પેટમાંથી લોહી નીકળે છે. આ સ્થિતિમાં પહોંચનારા દર્દીઓ પાંચથી દસ દિવસમાં મૃત્યુ પામે છે.
- ✓ અત્યારે પણ યલો ફીવર દર વર્ષે દુનિયામાં બે લાખ લોકોને સંક્રમિત કરે છે.

(૪) ઇન્ફ્લુએન્ઝા

- ✓ ઇન્ફ્લુએન્ઝા કે ફલૂના કારણે દર વર્ષે પાંચ લાખ લોકોના જીવ જાય છે.
- ✓ પેન્ડેમિક ફલૂને સૌથી ખતરનાક ગણવામાં આવે છે. દુનિયાના મોટા ભાગના વિસ્તારોને બાનમાં લેનારા ફલૂને પેન્ડેમિક કહેવામાં આવે છે.
- ✓ સ્પેનિશ ફલુએ પાંચથી દસ કરોડ લોકોનો ભોગ લીધો હતો.

(૫) ડેન્ગ્યૂ

- ✓ ડેન્ગ્યૂ રોગ એડિસ ઇજીપ્તી પ્રકારના મચ્છરના કરડવાથી થાય છે અને દુનિયાના ૧૧૦ દેશોમાં ડેન્ગ્યૂના કેસો જોવા મળે છે.
- ✓ દર વર્ષે વિશ્વમાં દસ કરોડ લોકોને ડેન્ગ્યૂનો ચેપ લાગે છે અને ૨૦ હજાર લોકોના મોત પણ થાય છે.
- ✓ જે લોકોને બીજીવાર ડેન્ગ્યૂનો ચેપ લાગે તેઓ ગંભીર પરિસ્થિતિમાં મૂકાઇ જાય છે.

(૬) રેબિસ (હડકવા)

- ✓ હડકવાને અગાઉના દાયકાઓમાં અતિ ગંભીર રોગ માનવામાં આવતો હતો.
- ✓ કૂતરાં કે ચામાચીડિયાના બચકું ભરવાથી કે નખ વાગવાથી રેબિસનો ચેપ લાગે છે.
- ✓ રેબિસના કારણે દર વર્ષે ૬૦ હજાર લોકોના મૃત્યુ થાય છે.

(૭) હિપેટાઇટિસ બી અને સી

- ✓ હિપેટાઇટિસ-બીના કારણે અત્યારે પણ દર વર્ષે આશરે સાત લાખ લોકોના મોત થાય છે. આ વાઇરસ લીવર પર સીધી અસર કરે છે.
- ✓ હિપેટાઇટિસ-સીના કારણે દર વર્ષે સાડા ત્રણ લાખ લોકોના મૃત્યુ થાય છે.

(૮) ઇબોલા (મારબર્ગ વાયરસ)

- ✓ ઇબોલા કે મારબર્ગ વાયરસ હજુ પણ માનવ ઇતિહાસના સૌથી ખતરનાક વાયરસોમાં સ્થાન ધરાવે છે, કારણ કે હજુ પણ ઇબોલાના ઇલાજ માટે કોઇ નક્કર સારવાર કે રસી શોધી શકાઇ નથી.
- ✓ ઇબોલા લાગુ પડવાથી વ્યક્તિને હેમરેજીક ફીવર કે ઓર્ગન ફેલ્યોર થાય છે.

(૯) એચ. આઇ. વી. (એઇડ્સ)

- ✓ હાલના સમયે દુનિયામાં આશરે ચાર કરોડ લોકો એઈડ્સથી પીડાઈ રહ્યા છે. ગત ત્રીસ વર્ષમાં આશરે વીસ લાખ લોકો આ વાયરસના કારણે મૃત્યુ પામ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. સુવિધા : COVID-19 - AIIMS દિલ્હી દ્વારા દેશભરના ડોક્ટરને કોરોનાના માર્ગદર્શન માટે CoNTeC સેવાનો પ્રારંભ



Covid-19 National Teleconsultation Centre - CoNTeC

- ✓ AIIMS- ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ-નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. વર્ષ 2020 : 'ઈન્ટરનેશનલ યર ઓફ નર્સ એન્ડ મિડવાઈફ' તરીકે ઉજવણી



ફ્લોરેન્સ નાઈન્ટી ગર્લનો પરિચય

- ✓ વર્ષ-૨૦૨૦ને 'ઇન્ટરનનેશનલ યર ઓફ નર્સ એન્ડ મિડવાઇફ' તરીકે ઊજવી રહ્યું છે. જેનો સંબંધ ૨૦૦ વર્ષ પહેલાં ૧૮૨૦માં ઇટાલીમાં જન્મનાર ફ્લોરેન્સ નાઈન્ટી ગર્લ સાથે જોડાયેલો છે.
- ✓ તેણે માનવજાતની સેવા કરી અને નર્સિંગને અનોખી ઓળખ આપી હતી.
- ✓ દુનિયાની તમામ વર્ગો માટે આજનો સમય કસોટીનો છે અને કપરો છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૩-૨૦૨૦)

1. 29 માર્ચ 2020ના રોજ વડાપ્રધાન દ્વારા "મન કી બાત"ની કેટલામી આવૃતિ પ્રસારિત કરાઈ - **63મી**
2. ભારતમાં વડાપ્રધાનશ્રી દ્વારા "મન કી બાત" ક્યારે પ્રસારિત કરવામાં આવે છે - **માસના છેલ્લા રવિવારે**
3. વર્ષ 2020ને સમગ્ર વિશ્વ કયા વર્ષ તરીકે ઉજવી રહ્યું છે - **"ઇન્ટરનેશનલ યર ઓફ નર્સ એન્ડ મિડવાઈફ"**
4. કોની યાદમાં 2020ને "ઇન્ટરનેશનલ યર ઓફ નર્સ એન્ડ મિડવાઈફ" તરીકે ઉજવવામાં આવે છે - **200 વર્ષ પહેલા ઈટાલીમાં જન્મ લેનાર ફ્લોરેન્સ નાન્ટિન્ગલ**
5. સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ કોરોના વાઈરસનો ભોગ બનનાર કઈ 57 વર્ષીય મહિલા સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ થઇ છે અને ચાઈનીઝ વેબસાઈટ દ્વારા તેને કહ્યું સન્માન અપાયું છે - **વેઈ ગુઝિયાન (વુહાન)પેશન્ટ ઝીરો**
6. કોરોના વાયરસ સામે આર્થિક મદદ મળી રહે તે હેતુથી ખાનગી કંપનીઓ CSR ભંડોળ કયા ફંડમાં જમા કરાવી શકશે- **PM-CARES FUND**
7. માત્ર 10 સેકન્ડમાં શરીરને બહારથી જંતુમુક્ત બનાવતું દેશનું પ્રથમ મેઇડ ઈન ગુજરાત બોડી સેનિટાઈઝર મશીન ક્યાં તૈયાર કરાયું - **રાજકોટ**
8. ગુજરાતમાં કચ્છ અને બનાસકાંઠામાં આવેલી વૈશ્વિક બોર્ડર કઈ પદ્ધતિથી તૈયાર કરવામાં આવી - **કૉસ્મિહેન્સિવ ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ**
9. કૉસ્મિહેન્સિવ ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ કયા દેશ દ્વારા ડેવલોપ કરવામાં આવી છે - **ઇઝરાયેલ**
10. સમગ્ર વિશ્વમાં વર્ષે 2020માં "અર્થ અવર ડે" ક્યારે મનાવાયો- **29 માર્ચ**
11. પર્યાવરણ બચાવવાના હેતુથી "અર્થ અવર ડે" કઈ સંસ્થા દ્વારા મનાવવામાં આવે છે - **world wide fund**
12. "અર્થ અવર ડે" દરમ્યાન લાઈટ ક્યારે બંધ રાખવામાં આવે છે - **રાત્રે 8.30 થી 9.30**
13. સમગ્ર વિશ્વમાં "અર્થ અવર ડે" દર વર્ષે ક્યારે મનાવાય છે - **માર્ચ મહિના છેલ્લા શનિવારે**
14. "અર્થે અવર ડે" 2020ની થીમ જણાવો - **"રેઈઝ યોર વોઇસ ફોર નેચર"**
15. વિશ્વમાં "ચાઈલ્ડ કિલર વાયરસ" તરીકે કોને ઓળખવામાં આવે છે - **રોટા વાયરસ**
16. શીતળા વાઈરસ- સ્મોલ પોક્સને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે - **આર-0 અથવા આર-નોટ**
17. COVID-19ની સારવાર કઈ રીતે કરવી તે અંગે ભારતભરના ડોક્ટરોને તાત્કાલિક માર્ગદર્શન મળી રહે તે હેતુથી AIIMS-નવી દિલ્હી દ્વારા કઈ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે - **CoNTeC**
18. CoNTeCનું વિસ્તૃત નામ જણાવો- **Covid-19 National Teleconsulation Centre**
19. AIIMSનું વિસ્તૃત નામ જણાવો - **ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સીસ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 30-03-2020



૧. કોરોના વાયરસના કારણે ચલણમાં આવેલા નવા શબ્દો



1. લૉકડાઉન :

✓ લૉકડાઉન એવી સ્થિતિ છે, જેમાં લોકોને ઘરમાંથી બહાર નીકળવાનું હોતું નથી.

2. સોશિયલ ડિસ્ટેન્સિંગ :

✓ કોરોનાથી બચવા માટે લોકો વચ્ચે એક મીટરથી વધુનું અંતર હોવું જોઈએ, જેને સોશિયલ ડિસ્ટેન્સિંગ કહે છે.

3. કવોરન્ટાઇન :

✓ કોરોના વાઇરસના ચેપ લાગ્યાની શંકા હોય એવી વ્યક્તિને બીજા લોકોથી ભળવા ન દેવાય એ સ્થિતિ

4. સેલ્ફ આઇસોલેશન :

✓ જો તમે કોઇ સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા, તો કોરોનાના સંક્રમણના લક્ષણ દેખાય ત્યાં સુધી રાહ જોવાને બદલે બીજા લોકોના સંપર્કથી અલગ થઈ જવું એ સ્થિતિ

5. પેન્ડેમિક :

✓ પેન્ડેમિક એટલે એવી બીમારી જે આખા વિશ્વમાં ફેલાઈ ગઈ હોય.

6. વર્ક ફ્રોમ હોમ :

✓ અંગ્રેજીમાં તેને WFH કહે છે. ઘરમાં રહીને જ કંપનીનું કામ કરો તેને વર્ક ફ્રોમ હોમ કહે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગુજરાત સરકાર : કોરોનાના કારણે હોમ કોરોન્ટાઇનમાં રહેલાના કાઉન્સેલિંગ માટે ટેલી મેડિસન સુવિધાનો પ્રારંભ (ટેકનોલોજી)

- ✓ હેલ્પલાઈન '1100' ઉપર ફોન કરી માર્ગદર્શન માંગી શકશે
- ✓ હેતુ : શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સમસ્યાના નિરાકરણ માટે 24 કલાક સેવા ઉપલબ્ધ
- ✓ આયોજક : GVK EMRE 108 - કઠવાડા, અમદાવાદ



COVID-19 દવા અંગે

- ✓ COVID-19 અંગેની પ્રોફાઈલેકસીસ માટેની દવા ટેબ. હાઈડ્રોકસી કલોરોકવીન નામની દવાને શીડયુલ H1 ડ્રગ તરીકે જાહેર કરેલ છે. જેથી હવે આ દવા માત્ર અને માત્ર અધિકૃત ડોકટરના પ્રિસ્કીપશન પર જ મળી શકે છે.
- ✓ ટ્વિટર હેન્ડલ : GujHFWDept
- ✓ હેલ્પલાઇન : 104
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. N -95 માસ્ક (આરોગ્ય)



- ✓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ગાઈડ લાઈન પ્રમાણે, કોરોના વાઈરસથી બચવા માટે એન-95 માસ્ક સૌથી ઉત્તમ છે અને તેના પછી સૌથી સુરક્ષિત થ્રી-પ્લાય માસ્ક છે.
- ✓ ઑલ ફૂડ એન્ડ ડ્રગ લાઈસન્સ હોલ્ડર ફાઉન્ડેશનના નેશનલ પ્રેસિડેન્ટ અભય પાંડેએ 31 જાન્યુઆરી 2020ના રોજ ભારત સરકારને પત્ર લખીને જણાવ્યું કે, એન-95 માસ્કની નિકાસ રોકવી જોઈએ.
- ✓ સરકારે તુરત તેની નિકાસ રોકવા માટે પગલાં લીધા. આમ છતાં, હાલ દેશમાં એન-95ની અછત સર્જાઈ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.કોપકોવ અભ્યાસ : કોરોના વાયરસને રોકવા વૈશ્વિક સ્તરે કોપકોવ અભ્યાસનો પ્રારંભ

કોપકોવ: કલોરોક્વીન-હાઈડ્રોકસી કલોરોક્વીન પ્રિવેન્શન ઓફ કોવિડ-19

કોપકોવ અભ્યાસ-ટ્રાયલ વિશે

- ✓ કોરોના (કોવિડ-૧૯)નો ઇલાજ શોધવા માટે આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરાનારી ટ્રાયલ માટે ગુજરાતની ઇન્ટાસ ફાર્મો હાઇડ્રોકસી કલોરોક્વીનની વીસ લાખ ટેબ્લેટ દાન કરી છે.
- ✓ થોડા દિવસોમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની આગેવાનીમાં આંતરાષ્ટ્રીય સ્તરે અભ્યાસ હાથ ધરવામાં આવશે.
- ✓ હાઇડ્રોકસી કલોરોક્વીન દવા દ્વારા કોરોનાને રોકવાના અથવા તેના લક્ષણો ઓછાં કરવા માટે થોડાં દિવસોમાં એક આંતરરાષ્ટ્રીય અભ્યાસ હાથ ધરાવાનો છે.
- ✓ આ અભ્યાસને કોપકોવ (કલોરોકવીન-હાઇડ્રોક્સી કલોરોકવીન પ્રિવેન્શન ઓઉ કોવિડ-૧૯) નામ આપવામાં આવ્યું છે.
- ✓ આ અભ્યાસની આગેવાની ઓક્સફોર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો લેશે, આ ઉપરાંત વિશ્વના વિવિધ દેશોના નિષ્ણાતો પણ તેમાં જોડાશે.
- ✓ વિશ્વભરમાં કોરોનાના દર્દીઓની સારવાર સાથે સંકળાયેલા આશરે ૪૦ હજાર તબીબો અને સ્વાસ્થયકર્મીઓ તેમાં મદદરૂપ થશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલકૂદ : ટોક્યો ઓલમ્પિક હવે આગામી ૨૩ જુલાઇ ૨૦૨૧થી યોજાશે

- ✓ ઉદ્ઘાટન : ૨૩ જુલાઇ-૨૦૨૧
- ✓ સમાપન : ૮ ઓગસ્ટ-૨૦૨૧



પેરા ઓલમ્પિક - ૨૦૨૧

- ✓ ૨૪ ઓગસ્ટથી ૫ સપ્ટેમ્બર-૨૦૨૧ દરમિયાન યોજાશે
- ✓ દિવ્યાંગ ખેલાડીઓ માટે એ જ મેદાન ઉપર રમતોત્સવ-પેરા ઓલમ્પિક
- ✓ જાહેરાત : ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. વૈશ્વિક રોકાણ : ADB NIIF દ્વારા ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ૧૦ કરોડ ડૉલરનું રોકાણ કરશે (આર્થિક)

અન્ય વિગત

- ✓ એશિયન ડેવલોપમેન્ટ બેંક (એડીબી)એ જાહેરાત કરી છે કે નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ (NIIF) દ્વારા ઇન્ડિયન ઇન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરમાં ૧૦ કરોડ ડોલરનું રોકાણ કરશે.
- ✓ અસામાન્ય અને પડકારજનક સમયમાં NIIF ફંડ માટે એશિયન ડેવલોપમેન્ટ બેંકનું વચન ખૂબ જ મહત્વપૂર્ણ છે
- ✓ ADB : એશિયન ડેવલપમેન્ટ બેંક

- ✓ NIIF : નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : ૩૦ માર્ચ

રજતપટની પહેલી ડ્રીમ ગર્લ :દેવિકા રાની



જન્મ - ૩૦ માર્ચ - ૧૯૦૮

અવસાન – ૮ માર્ચ ૧૯૯૪

- ✓ ભારતીય મહિલાઓ "રસોડાની રાણી" જ હતી ત્યારે એક સાહસિક યુવતીએ તદ્દન નવતર ક્ષેત્રમાં પ્રવેશ કર્યો.ક્ષેત્ર હતું ફિલ્મો અને પ્રયોજક મહિલા નામે દેવિકા રાની. આજે તેમનો જન્મદિવસ છે.
- ✓ જૂનાં મદ્રાસ પ્રાંતના વિશાખાપટ્ટનમમાં વલ્ટયેરમાં અત્યંત ધનિક પરિવારમાં તેમનો જન્મ થયો હતો. પિતા પ્રાંતના પહેલા સર્જન અને કાકા કલકત્તા હાઇકોર્ટના ચીફ જસ્ટીસ હતા. પ્રારંભિક શિક્ષણ મેળવી દેવિકા ઇંગ્લેન્ડ ગયા. ત્યાં નાટય શિક્ષણ લીધું અને ફિલ્મોમાં અભિનય કરવાના ઇરાદા સાથે ભારત આવ્યા. પણ પરિવારને તે સ્હેજે મંજૂર ન હતું.
- ✓ ૧૯૨૮માં દેવિકા રાનીનો પરિચય નિર્માતા હિમાંશુ રોય સાથે થયો અને તેમણે દેવિકાને ફિલ્મી પરદે પ્રસ્તુત કર્યા. બંનેની પહેલી ફિલ્મ" કર્મા "હતી. તે પછી તો જવાની કી હવા, અંજાન, સાવિત્રી, ઈજ્જત , અછૂત કન્યા,જન્મભૂમિ, જીવન નૈયા જેવી અનેક ફિલ્મોમાં અભિનય આપ્યો. અછૂત કન્યાના કસ્તુરીના પાત્ર પછી તો "ડ્રીમ ગર્લ "અને "લેડી ઑફ ઇન્ડિયન સ્ક્રીન" જેવી ઉપાધિ મળી.
- ✓ દેવિકા એ પોતાના યુગથી આગળ જર્જર સામાજિક રૂઢિઓ અને માન્યતાઓને પડકારી માનવીય મૂલ્યો અને સંવેદના ઓને સ્થાપિત કરવાનું સ્તુત્ય કાર્ય બજાવ્યું હતું. ૧૯૪૦ માં પતિ હિમાંશુનાં અવસાન પછી હિંમત હાર્યા વગર બોમ્બે ટોકિઝ સ્ટુડિયો પર નિયંત્રણ સ્થાપ્યું.૧૯૪૫ માં રશિયન ચિત્રકાર રોરિક સાથે પુનઃ લગ્ન કરી બેંગ્લોરમાં સ્થાયી થયા.
- ✓ દેવિકા રાનીનું પદ્મશ્રી, સોવિયત લેન્ડ નહેરુ પુરસ્કાર અને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માન થયું હતું.
- ✓ તારીખ ૮ માર્ચ ૧૯૯૪ ના રોજ તેમનું અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૩-૨૦૨૦)

1. કોરોના વાયરસ જેવી જીવલેણ બિમારી સમયે "સોશિયલ ડિસ્ટેન્સિંગ" સમયે બે લોકો વચ્ચે કેટલું અંતર જાણવું જરૂરી છે - **1 મીટરથી વધુ**
2. સરકારી આદેશ મુજબ લોકોને પોતાના ઘરમાંથી બહાર ન નીકળવાની સ્થિતિને શું કહેવામાં આવે છે - **લોકડાઉન**
3. કોઈપણ વ્યક્તિને કોઈ ગંભીર રોગનો ચેપ લાગ્યા હોવાની શંકાને આધારે અન્ય લોકોથી દૂર રાખવાની સ્થિતિને શું કહેવાય છે- **ક્વોરન્ટાઈન**
4. WFHનું વિસ્તૃત નામ જણાવો- **વર્ક ફ્રોમ હોમ**
5. આખા વિશ્વમાં ફેલાયેલી બિમારી માટે WHO દ્વારા કયો શબ્દ ઉપયોગમાં લેવાય છે- **પેન્ડેમિક**
6. ગુજરાત સરકાર દ્વારા હોમ ક્વોરન્ટાઈનમાં રહેલા લોકોના કાઉન્સેલિંગ-પ્રશ્નોના નિરાકરણ માટે કઈ હેલ્પલાઇન-ટેલી મેડિસિન સુવિધાનો પ્રારંભ કર્યો છે - **1100**
7. COVID-19 અંગેની પ્રોફાઈલેક્સીસ માટેની દવા ટેબલેટ હાઈડ્રોક્સી ક્લોરોક્વિન નામની દવાને કયા ડ્રગ તરીકે જાહેર કરાઈ છે જે અધિકૃત ડોક્ટર દ્વારા જ પ્રિસ્ક્રાઈબ કરવામાં આવે છે - **શિડ્યુલ H1 ડ્રગ**
8. WHOની માર્ગદર્શિકા મુજબ કોરોના વાયરસના ચેપથી બચવા માટે કયો માસ્ક ઉત્તમ છે- **N-95**
9. કોરોના વાયરસ અંગે માહિતી માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગનું ટ્વિટર હેન્ડલ અને હેલ્પલાઇન નંબર જણાવો - **GujHFWDept અને 104**
10. કોરોના વાયરસને રોકવા માટે વૈશ્વિક કક્ષાએ હાલમાં કયો સંયુક્ત અભ્યાસ કરવામાં આવી રહ્યો છે - **"કોપકોવ"**
11. "કોપકોવ"નું વિસ્તૃત નામ જણાવો - **ક્લોરોક્વિન-હાઈડ્રોક્સિ ક્લોરોક્વિન પ્રિવેન્શન ઓફ કોવીડ-19**
12. ટોક્યો ઓલમ્પિક-2021નો પ્રારંભ ક્યારે થશે - **23 જુલાઈ-2021**
13. પેરાલિમ્પિક-2021નો પ્રારંભ ક્યારે થશે - **24 ઓગસ્ટ 2021**
14. પેરાલિમ્પિક-2021 ક્યાં યોજાશે - **ટોક્યો- જાપાન**
15. પેરાલિમ્પિક ખાસ કરીને કયા ખેલાડીઓ માટે યોજાય છે - **દિવ્યાંગ**
16. માર્ચ 2020માં ADB NIIF દ્વારા ભારતમાં માળખાગત ક્ષેત્રમાં કેટલું રોકાણ કરવાની જાહેરાત કરી છે - **10 કરોડ ડોલર**
17. ADBનું વિસ્તૃત નામ જણાવો- **એશિયન ડેવલોપમેન્ટ બેન્ક**
18. NIIFનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ**
19. રજતપટની પ્રથમ ડ્રીમ ગર્લ શ્રી દેવિકા રાનીનો જન્મદિવસ જણાવો - **30 માર્ચ 1908**
20. અભિનેત્રી દેવિકા રાનીને પદ્મશ્રી ઉપરાંત ભારતીય ફિલ્મ જગતમાં કયો સર્વોચ્ચ એવોર્ડ અપાયો છે - **દાદાસાહેબ ફાળકે એવોર્ડ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. UN CTAD : વૈશ્વિક અર્થતંત્ર ઉપર હાલની સ્થિતિ અંગે ટ્રેડ રિપોર્ટ (અર્થતંત્ર)



મહત્વના તારણો :

વિશ્વ અર્થતંત્ર મંદીના ભરડામાં સપડાશે ભારત અને ચીન ઉગરી જશે

- ✓ સંયુક્ત રાષ્ટ્રની ટ્રેડ અને વિકાસ સંસ્થા યુનાઇટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)નો ટ્રેડ રિપોર્ટ મુજબ આ વર્ષે કોરોનાનાં પ્રકોપની વૈશ્વિક અર્થતંત્ર પર કારમી થપાટ પડશે અને આખું વૈશ્વિક અર્થતંત્ર મંદીની ગર્તામાં ધકેલાઈ જશે.
- ✓ મંદીનો આ તબક્કો વેપાર ઉદ્યોગો માટે વર્ષ ૨૦૦૮-૦૯ની મંદી કરતા વધુ ભયાનક પુરવાર થશે. આખા વિશ્વની આવકમાં ટ્રિલિયન ડોલર્સનો ઘટાડો થશે અને તમામ પ્રકારનાં વેપાર ઉદ્યોગોને ભરપાઈ ન થઈ શકે તેટલું પારાવાર નુકસાન થશે. જો કે વૈશ્વિક મંદીના આ તબક્કામાં ભારત અને ચીન ઊગરી જશે તેવું રિપોર્ટનું તારણ છે. ખાસ કરીને વિકાસશીલ દેશોને મરણતોલ ફટકો પડશે અને બરબાદીનાં આરે આવીને ઊભા રહેશે.

મંદીથી બચવા ત્રિપાંખિયો વ્યૂહ :

- ✓ ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ ખાતે સ્પેશિયલ ઉપાડ હક ધરાવતા દેશોમાં ૧ ટ્રિલિયન ડોલરની નાણાકીય સહાય કરવી કે મૂડી ઠાલવવી.
- ✓ આ વર્ષે દેવાના બોજ હેઠળ દટાયેલા વિકાસશીલ દેશોનાં ૧ ટ્રિલિયન ડોલરનાં દેવા માફ કરવા.
- ✓ વધારે જાનહાનિવાળા દેશોમાં હેલ્થ રિકવરી માટે ૫૦૦ અબજ ડોલરનું ફંડ ફાળવવાનો માર્શલ પ્લાન.

વિકાસશીલ દેશોની સ્થિતિ :

- ✓ વિકાસશીલ દેશોને બે વર્ષ સુધી ૨ ટ્રિલિયનથી ૩ ટ્રિલિયન ડોલર્સ જેટલી નાણાંની તંગી અનુભવવી પડશે
- ✓ આખા વિશ્વની નાણાકીય અને આર્થિક સ્થિતિ વણસી રહી છે ત્યારે આગામી બે વર્ષ દરમિયાન અનેક દેશોમાં નાણાભીડ સર્જાશે અને ફોરેન એક્સ્ચેન્જમાં ગાબડાં પડશે. વિકાસશીલ દેશોને બે વર્ષ સુધી ૨ ટ્રિલિયનથી ૩ ટ્રિલિયન ડોલર્સ જેટલી નાણાંની તંગી અનુભવવી પડશે. ભારત અને ચીન મંદીમાથી કઈ રીતે ઊગરી જશે તેનાં કારણો તેણે દર્શાવ્યા નથી.

રેસ્ક્યુ પેકેજની ભલામણ :

- ✓ વિશ્વની બે તૃતીયાંશ વસતી હાલ વિકાસશીલ દેશોમાં વસે છે તેમને કોરોનાને કારણે અભૂતપૂર્વ નુકસાન થશે આથી આવા દેશો માટે ૨.૫ ટ્રિલિયન ડોલરનું રેસ્ક્યૂ પેકેજ જાહેર કરવા યુએનએ સૂચવ્યું છે. કોમોડિટીની નિકાસ કરતા સમૃદ્ધ દેશોનાં રોકાણમાં આગામી ૨ વર્ષમાં ૨ ટ્રિલિયનથી ૩ ટ્રિલિયન ડોલર્સનો ઘટાડો થશે.

UNCTAD વિશે

- ✓ UNCTAD : યુનાઇટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ
- ✓ CTADના સેક્રેટરી જનરલ : મુખીશા કિટુચી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વર્લ્ડ બેંક : કોરોના કેર અંગે વૈશ્વિક ચેતવણી (રોજગારી)

- ✓ કોરોના વાઇરસનાં કેર પછી ઈસ્ટ એશિયા અને પેસિફિક દેશોનાં ૧૧૦ લાખ લોકો ગરીબીમાં ધકેલાઈ જશે તેવી ધારણા વર્લ્ડ બેન્કે રજૂ કરી હતી.
- ✓ સરકારોના તમામ પગલાં છતાં એશિયા-પેસિફિકના દેશો પરથી કોમ્યુનિટી ટ્રાન્સમિશનનું જોખમ દૂર થયું નથી.
- ✓ હાલ આવા દેશોમાં ૩૫૦ લાખ લોકો ગરીબીની રેખાની બહાર છે જેમાં એકલા ચીનમાં જ ૨૫૦ લાખ લોકો ગરીબીથી બચી શક્યા છે.
- ✓ જો કોરોનાને કારણે આખા વિશ્વમાં નાણાકીય સ્થિતિ ડામાડોળ બનશે તો વધુ ૧૧૦ લાખ લોકો ગરીબીમાં સપડાશે.
- ✓ ઈસ્ટ એશિયા અને પેસિફિકનાં દેશોમાં ગ્રોથ ઘટીને ૨.૧ ટકાથી માઇનસ ૦.૫ ટકા જેટલો થઈ શકે છે. જે ૨૦૧૯માં ૫.૮ ટકા અંદાજવામાં આવ્યો હતો. ચીનનો ગ્રોથ ઘટીને ૨.૩ ટકા અને વધુ ઘટીને ૦. ૧ ટકા થઈ શકે છે જે ૨૦૧૯માં ૬.૧ ટકા અંદાજવામાં આવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિમણૂક : બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય વડા તરીકે દાદી હૃદયમોહનીજીની વરણી

- ✓ મુખ્ય વડા શ્રી જાનકી દીદીના અવસાનના કારણે નવી વરણી કરાઈ
- ✓ પરિચય : જન્મ- જુલાઈ 1925
- ✓ સ્થાન : હૈદરાબાદ સિંધ (પાકિસ્તાન)
- ✓ માત્ર ૯ વર્ષની વયે બ્રહ્માકુમારી સાથે જોડાયા હતા
- ✓ બાળપણનું નામ : શોભા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાયરસ : રોગનો કેર વધતા કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદને "હોટસ્પોટ" જાહેર કરાયું



હોટસ્પોટના માપદંડ :

- ✓ ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વે પ્રોગ્રામમાં ફરજ બજાવતાં સૂત્રો કહે છે કે, કોઈ પણ વિસ્તારના એક કલસ્ટરમાં ૧૦થી વધુ કેસો હોય તો તને હોટ સ્પોટ તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ અલબત્ત, કેસોની સંખ્યા મામલે આ માપદંડમાં અમદાવાદ ફિટ બેસતું નથી, કારણ કે આ હોટસ્પોટ જાહેર કરાયા ત્યારે અમદાવાદમાં પાંચ જેટલા કોરોનાના પોઝિટિવ કેસ હતા. જેની સામે મોતની સંખ્યા ત્રણ હતી.
- ✓ ૧૦૦ કેસે એક મોત થવું જોઈએ, જોકે અમદાવાદમાં કેસની ઓછી સંખ્યા સામે મોતનું પ્રમાણ વધારે હોવાથી અમદાવાદને હોટ સ્પોટ તરીકે પસંદ કરાયું હતું.
- ✓ કોરોના વાયરસે કેર વર્તાવાનું શરૂ કર્યું છે ત્યારે ભારત સરકારે ૧૦ હોટસ્પોટ આઈડેન્ટીફાઈ કર્યા છે, જેમાં અમદાવાદનો પણ સમાવેશ કર્યો છે. અસામાન્ય રીતે કેસો વધી રહ્યા છે જેમાં અમદાવાદને પણ સામેલ કરાયું છે.
- ✓ દિલ્હીમાં જ નિઝામુદ્દીન અને દિલસાદ ગાર્ડન ઉપરાંત નોઈડા, મેરઠ, ભીલવાડા, અમદાવાદ, કસારગોડ, પઠાણમીટ્ટા, મુંબઈ અને પુણેનો સમાવેશ થાય છે.
- ✓ કેન્દ્ર સરકાર હોટ સ્પોટ જાહેર કરે તે પહેલાં જ ગુજરાત સરકારે જાહેર કર્યું હતું કે, ૩૦મી માર્ચના સોમવારથી અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા અને ગાંધીનગર શહેર-જિલ્લામાં પોઝિટિવ દર્દીના નિવાસસ્થાનથી ૩થી પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં ફરતા વિસ્તારમાં ચેપ નિયંત્રણની કામગીરી કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. મરકઝ (મસ્જિદ) નિઝામુદ્દીન (ધર્મ)



- ✓ આ સંસ્થા તબલિગ જમાતનું ઇન્ટરનેશનલ હેડક્વાર્ટર્સ છે
- ✓ મરકઝ – સત્સંગ/સભા
- ✓ વિસ્તાર : નિઝામુદ્દીન - નવી દિલ્હી
- ✓ કોરોનાના કારણે પ્રતિબંધ હોવા છતાં અહીં તારીખ ૧૩ અને ૧૫ માર્ચના રોજ ઈજતેમાનું વાર્ષિક સંમેલન યોજાયું
- ✓ જેમાં દેશ-વિદેશના ૮ હજારથી વધુ મુસ્લિમ એકત્રિત થયા જેના કારણે ભારતમાં આ વિસ્તાર કોરોનાનું એપી સેન્ટર બનવા જઈ રહ્યું છે.
- ✓ **એક્શન:** ઈજતેમાના આયોજક મૌલાના સાદ સામે એપિડેમિક એક્ટ અને IPCની વિવિધ જોગવાઇઓ હેઠળ કેસ દાખલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કેન્દ્ર સરકાર : પોસ્ટ ઓફિસમાં નાની બચતના વ્યાજદરોમાં ફેરફાર (આર્થિક)



અગત્યની બાબતો ૩૧મી માર્ચ-૨૦૨૦ની સ્થિતિએ

- ✓ પોસ્ટની યોજનાઓના વ્યાજદરમાં ૧.૪૦ ટકા સુધીનો ઘટાડો
- ✓ KVPની મુદત હવે ૧૧૩ માસના બદલે ૧૨૪ માસ
- ✓ KVP : કિસાન વિકાસ પત્ર
- ✓ સાદા બચત ખાતામાં ૪ ટકા વ્યાજદરો યથાવત

કઈ યોજનામાં કેટલો વ્યાજદર

ક્યા કેટલો વ્યાજદર ટકામાં		
યોજના	હાલનો દર	નવો દર
બચત ખાતું	4.0	4.0
1 વર્ષની FD	6.9	5.5
2 વર્ષની FD	6.9	5.5
3 વર્ષની FD	6.9	5.5
5 વર્ષની FD	7.7	6.7
5 વર્ષ રિકરિંગ	7.2	5.8
સિનિયર સિટિઝન	8.6	7.4
માસિક આવક	7.6	6.6
NSC	7.9	6.8
PPF	7.9	7.1
KVP	7.6	6.9
સુકન્યા સમૃદ્ધિ	8.4	7.6

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. IMFના અંદાજ અનુસાર ભારતનો GDP (આર્થિક)

GDP-ભારત 10 વર્ષમાં 218%ના ગ્રોથ સાથે ૬ ક્રમ આગળ વધ્યું

- ✓ ભારતની અર્થવ્યવસ્થાએ ગત 10 વર્ષમાં 6 ક્રમની છલાંગ લગાવી છે. હવે તે દુનિયામાં ટોપ-5માં સામેલ છે.



- ✓ ગત એક દાયકામાં દેશનો જીડીપી 218 ટકા વધ્યો છે. આઇએમએફના અંદાજ અનુસાર, 2019ના અંત સુધી ભારતનો જીડીપી રૂ.223 લાખ કરોડ સુધી પહોંચ્યો.
- ✓ 2009માં આ આંકડો રૂ.12 લાખ કરોડ.

જીડીપી માપદંડ

- ✓ જીડીપી કોઈપણ દેશના આર્થિક સ્થિતિ માપવાનું માપદંડ છે. ભારતમાં જીડીપીની ગણના ત્રિમાસિકના ધોરણે થાય છે.
- ✓ કૃષિ, ઉદ્યોગ, અને સર્વિસ સેક્ટર જીડીપીના 3 મુખ્ય પ્રમુખ ઘટક છે. આ સેક્ટરમાં ઉત્પાદનમાં થતી વધ-ઘટના આધારે જીડીપી ગ્રોથ નક્કી કરવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. તબીબી તારણ : જન્મથી જ અપાતી BCG રસીના પરિણામે ભારતીયોની રોગ પ્રતિકારક શક્તિ કુદરતી રીતે વધુ જેથી કોરોના ઓછો જીવલેણ

બાળપણમાં બીસીજીની રસી અપાઈ ત્યાં મૃત્યુઆંક નીચો



- ✓ રસીનું મૂળ કામ શરીરમાં ઘૂસી આવતા વાઈરસ-બેકટેરિયા સામે રક્ષણ કરવાનું છે.
- ✓ પોલિયો સહિતના અનેક રોગોની રસી બાળક પાંચ-સાત વર્ષનું થાય ત્યાં જ આપી દેવામાં આવે છે. ઘણા લોકો આ રસીકરણથી દૂર રહે છે.
- ✓ સંશોધકોનું કહેવું છે કે કોરાના મોત એવી જગ્યાએ વધ્યા છે, જ્યાં રસીકરણનો વ્યાપક ઉપયોગ થયો છે એવા દેશોમાં મૃત્યુઆંક ઓછો છે. ખાસ કરીને બીસીજી નામની રસી જીવનરક્ષક સાબિત થઈ છે.
- ✓ અમેરિકા, ઈટાલી, સ્પેન અને ફ્રાન્સ એવા દેશો છે, જ્યાં બીસીજીની રસી અપાતી નથી. એટલે કે ત્યાં બાળપણમાં રસી નથી અપાતી. રોગ થાય ત્યારે સારવાર માટે અપાય છે.
- ✓ ભારત-ચીન અને અન્ય કેટલાક દેશોમાં બાળપણથી જ બીસીજીની રસી અપાય છે. ચીનમાં મૃત્યુઆંક મર્યાદિત રહ્યો છે અને ભારતમાં તો હજુ સુધી કાબુમાં છે.

- ✓ બીસીજીએ બેસિલિઆ ક્લિમેન્ટી ગુરિનનું ટૂંકુ નામ છે અને આ રસીની ભલામણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જ કરી હતી.
- ✓ ભારત ૧૯૪૯થી આ રસી આપે છે અને લગભગ ૯૭ ટકા બાળકોને રસી અપાઈ ચૂકી છે. આ રસી રાજરોગ ટીબીથી રક્ષણ માટે અપાય છે, પરંતુ તેના બીજી આડફાયદા પણ છે, જે આવા રોગચાળા વખતે સામે આવે છે.
- ✓ બહુ જ નાની ઉંમરમાં બાળકોને બીસીજીની રસી આપી દેવામાં આવતી હોવાથી તેમના શરીરમાં ટી લિમ્ફોસાઈટ એક્ટિવ થઈ જતાં હોય છે. ટીલિમ્ફોસાઈટને આપણે શરીરના રક્ષક દળના સેનાપતિ તરીકે ઓળખાવી શકીએ છીએ.
- ✓ આ ટી લિમ્ફોસાઈટ્સ શરીરમાં કોઈપણ નવા વાયરસ કે બૅક્ટરિયા પ્રવેશે કે તરત જ તેને મારી નાખવાની કામગીરી કરે છે.
- ✓ ભારતીયોના શરીરમાં બીસીજીની રસીને કારણે ટી લિમ્ફોસાઈટ વધુ સક્રિય રહેતો હોવાથી કોરોના વાયરસનો ચેપ ઝડપથી ફેલાતો નથી. અને ફેલાઈ ત્યારે તેનો પ્રતિકાર કરવાની ક્ષમતા પણ અન્ય દેશના નાગરિકો કરતા વધુ ઝડપથી આવી જાય છે.
- ✓ બર્ડ ફ્લુને સ્વાઈન ફ્લુની તકલીફમાંથી ભારતીયો વિશ્વના અન્ય દેશોની તુલનાએ વહેલા બહાર આવી શક્યા છે તેનું કારણ પણ ભારતીયોની વધુ મજબૂત રોગપ્રતિકારક શક્તિ છે.
- ✓ BCG- Bacille Calmette Guerin (બેસિલિઆ કિલમેન્ટી ગુરિન)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : ૩૧ માર્ચ

ભારતના પ્રથમ મહિલા તબીબ : ડોક્ટર આંનદીબાઈ જોષી



જન્મ - ૩૧ માર્ચ – ૧૮૬૫

અવસાન – ૧૨ માર્ચ ૧૮૮૭

- ✓ આજે માર્ચનો છેલ્લો દિવસ અને રેને દેકાર્ટે અને ભારતમાં મેડીકલની પહેલી પદવી પ્રાપ્ત કરનાર આનંદીબાઈ જોષીનો જન્મદિવસ છે.
- ✓ પૂણેમાં જન્મેલા આનંદીબાઈનું બચપણનું નામ યમુના હતું. ૯ વર્ષની બાળવયે તેમનાથી ૨૦ વર્ષ મોટા વિધુર ગોપાળરાવ સાથે લગ્ન થયા.પતિએ આનંદીબાઈ નામ આપ્યું.આમ કજોડું કહેવાય પણ આ દમ્પતીએ ઐતિહાસિક ભૂમિકા અદા કરી .

- ✓ ૧૪મા વર્ષે માતા બનેલાં આનંદીબાઈનો પુત્ર જન્મના ૧૦માં દિવસે મૃત્યું પામ્યો અને તેમણે કસમયે થતાં મોતને નિવારવા ડોકટર થવાનું નક્કી કર્યું. તેમાં પતિ ગોપાળરાવે રૂઢિચુસ્ત જમાનાની લેશમાત્ર ચિંતા કર્યા વગર દામ્પત્ય ધર્મ બજાવ્યો.
- ✓ પત્નીને મરાઠી, સંસ્કૃત અને અંગ્રેજી શીખવ્યું. મહિલાઓને શિક્ષણ પણ નસીબ ન હતું ત્યારે આ એક ક્રાંતિ હતી. કારણ જે છોકરી ભણે તેનો પતિ મરી જાય તેવી માન્યતાનો એ જમાનો હતો.
- ✓ આનંદીબાઈ એ ૧૮૮૩ માં અમેરિકાની પેનસિલવેનિયાની વુમન મેડિકલ કોલેજમાં પ્રવેશ લીધો અને ૧૧ માર્ચ ૧૮૮૬ ના રોજ ૧૯ વર્ષની ઉંમરે મેડિકલની પદવી લઈ ભારત આવ્યા.લોકમાન્ય ટિળક સહિતના લોકોએ તેમનું નાયિકાની જેમ દેશમાં સ્વાગત કર્યું. કોલ્હાપુરના શાસકે ફિઝિશિયંન તરીકે નિમણુક આપી.
- ✓ પરંતુ અમેરિકાનું ઠંડુ વાતાવરણ અને સાનુકૂળ ખોરાકના અભાવે તબિયત બગડી, ટી.બી. નું નિદાન થયું અને માત્ર ૨૨ વર્ષની વયે ભારતના ઇતિહાસમાં તેજ લીસોટા સમાન આનંદી બાઈનું અવસાન થયું.
- ✓ જે ઉદ્દેશથી તેઓએ મેડિકલ ડિગ્રી હાંસલ કરી હતી તે ભલે ફળીભૂત ન થયો પણ આનંદીબાઈ જોષીએ ભારતમાં સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણ અને ખાસ તો તબીબી શિક્ષણનાં દ્વાર ખોલી દીધા હતા.
- ✓ આવી યુગ પરિવર્તનકારી મહિલા વિશે ૧૮૮૮માં કેરોલિન વિલ્સે "The Life of dr.anandibai joshee" નામે જીવનચરિત્ર લખ્યું છે. તેમના જીવન સંઘર્ષ વિશે મરાઠીમાં નવલકથા અને દૂરદર્શને ટેલિવિઝન સિરિયલ બનાવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૧-૦૩-૨૦૨૦)

1. કોરોના વાઈરસના કારણે વિશ્વનું અર્થતંત્ર ભયાનક મંદીના ભરડામાં સપડાશે તેવો રિપોર્ટ યુએનની કઈ સંસ્થા દ્વારા માર્ચે 2020માં પ્રસિદ્ધ કરાયો- **UN CTAD**
2. UN CTADના અહેવાલ અનુસાર વિશ્વના કયા દેશોને સૌથી વધુ આર્થિક મંદી અસર કરશે - **વિકાસશીલ દેશો**
3. UN CTADના અહેવાલ અનુસાર વિશ્વના કયા બે દેશો અન્ય દેશોની તુલનામાં આર્થિક મંદીમાંથી ઝડપથી બહાર આવશે - **ભારત અને ચીન**
4. UN CTADનું વિસ્તૃત નામ જણાવો- **યુનાઇટેડ નેશન્સ-કોન્ફરન્સ ઑન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ**
5. વર્લ્ડ બેન્કના માર્ચે 2020ના અહેવાલ મુજબ કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે ઈસ્ટ એશિયા અને પેસિફિક દેશોના અંદાજે કેટલા લોકો ગરીબીમાં ધકેલાઈ જવાની ચિંતા વ્યક્ત કરી છે - **110 લાખ**
6. UN દ્વારા કોરોના મહામારી સંદર્ભે વિકાસશીલ દેશો માટે કેટલા ડોલરનું રાહત પેકેજ જાહેર કરવાનું વિશ્વ સમક્ષ સૂચવ્યું છે - **2.5 ટ્રિલયન ડૉલર**
7. તાજેતરમાં બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય વડા તરીકે કોની નિમણૂક કરાઈ - **દાદી હૃદયમોહિનીજી**
8. કોરોના વાયરસના કેસ વધતા કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કયા શહેરને સૌપ્રથમ રાજ્યનું "hotspot" જાહેર કર્યું - **અમદાવાદ**
9. કોરોના સંદર્ભે " hotspot" જાહેર કરવાના માપદંડોમાં મુખ્ય શું છે - **કોઈપણ વિસ્તારના એક ક્લસ્ટરમાં 10**

થી વધુ કેસ હોય તો તેને hotspot જાહેર કરાય છે જે વિસ્તારમાં સઘન તપાસ કરવામાં આવે છે અને સંપૂર્ણ લૉકડાઉન પણ કરાય છે

10. ભારતમાં તબલિગ જમાતનું ઇન્ટરનેશનલ હેડક્વાર્ટર્સ ક્યાં આવેલું છે-**મરકઝ(મસ્જિદ) નિઝામુદ્દીન, નવી દિલ્હી**
11. ઈસ્લામમાં મરકઝનો અર્થે શું થાય છે - **સત્સંગ/સભા**
12. ભારતમાં કોરોના વાયરસના કારણે એકથી વધુ લોકોએ ભેગા થવા ઉપર પ્રતિબંધ હોવા છતાં મરકઝ નિઝામુદ્દીન, નવી દિલ્હી ખાતે કયા આયોજનમાં દેશ-વિદેશના 8000થી વધુ લોકો ભેગા થયા જે દેશમાં કોરોના વાયરસ ફેલાવવાનું એપીસેન્ટર સાબિત થઇ રહ્યું છે - **ઈજતેમા**
13. તાજેતરમાં માર્ચે 2020માં કેન્દ્ર સરકાર દ્વારા પોસ્ટ વિભાગમાં નાની બચતના વ્યાજ દરોમાં કેટલા ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે - **1.40%**
14. ભારતીયોમાં જન્મથી અપાતી કઈ રસીના પરિણામે કોરોના વાયરસ સામે લડવા રોગ પ્રતિકારક શક્તિ અન્ય દેશો કરતાં વધુ છે- **BCG**
15. ભારતમાં કયા વર્ષથી BCG રસી અપાઈ છે - **1949**
16. BCGનું વિસ્તૃત નામ જણાવો-**બેસિલિઆ કિલમેન્ટી ગુરિન**
17. IMFના અહેવાલ મુજબ ભારતમાં છેલ્લા દસ વર્ષમાં GDP કેટલા ટકા વધ્યો છે જેના પરિણામે ભારત વિશ્વની પ્રથમ પાંચ ઇકોનોમીમાં સામેલ છે- **218%**
18. IMFના અહેવાલ મુજબ વર્ષે 2019ના અંત સુધીમાં ભારતનો GDP ક્યાં સુધી પહોંચ્યો હતો- **223 લાખ કરોડ**
19. ભારતમાં GDPની ગણના દર કેટલા મહિને કરવામાં આવે છે - **ત્રિમાસિક**
20. ભારતમાં GDPના મુખ્ય પ્રમુખ ઘટક જણાવો - **કૃષિ, ઉદ્યોગ અને સર્વિસ સેકટર**
21. ભારતના પ્રથમ મહિલા તબીબીનું નામ અને જન્મ દિવસ જણાવો-**આનંદીબાઈ જોષી અને 31 માર્ચે 1865**
22. પ્રથમ મહિલા ડોકટર આનંદીબાઈના જીવન ઉપર વર્ષ-૧૮૮૮માં કેરોલિન વિલ્સે કયુ જીવનચરિત્ર લખ્યું હતુ **- "The Life of dr.anandibai joshee"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-04-2020



૧.કોરોના વાઈરસ : તબલિગ મરકઝના કારણે દેશમાં મહામારી વકરી-સરકાર



નિઝામુદ્દીન મરકઝમાંથી ૨૩૬૧ તબલિગ મળ્યા- (નવી દિલ્હી) જેમાંથી ૬૧૭માં કોરોનાના લક્ષણ

તબલિગમાં કોરોના પોઝિટિવ (૩૧ માર્ચની સ્થિતિએ

- ✓ તામિલનાડુમાં ૧૧૦ તબલિગના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા
- ✓ આંધપ્રદેશમાં જમાતમાં ભાગ લઈ આવેલા ૪૩ પોઝિટિવ
- ✓ કરીમનગરમાં ૧૦ ઇન્ડોનેશિયન નાગરિકો
- ✓ ઝારખંડના રાંચીમાં ૧ મલેશિયન નાગરિક
- ✓ આસામમાં ૫ ભારતીય તબલિગ કોરોના પોઝિટિવ
- ✓ પોંડિચેરીમાં બે પોઝિટિવ
- ✓ જયપુરમાં ૬૪ તબલિગની ઓળખ, ૧૩ના ટેસ્ટ પોઝિટિવ .

એકશન:

- ✓ વિદેશી તબલિગોના કોરોના ટેસ્ટ કરી વહેલામાં વહેલી તકે દેશ નિકાલ કરવા આદેશ
- ✓ તબલિગી જમાતના સભ્યોને ભારતના પ્રવાસી વિઝા જારી નહીં કરવા તમામ દૂતાવાસોને કડક સૂચના
- ✓ ૭૦ દેશોમાંથી આવેલા ૨૦૦૦ તબલિગ હાલ ભારતના વિવિધ વિસ્તારોમાં કાર્યરત
- ✓ તબલિગ જમાતના વડા– મૌલાના મુહમ્મદ સાદ સહિત કુલ-૬ સામે FIR
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના વાયરસ સામે કેન્દ્ર સરકારે લીધેલા પગલાં



- ✓ **ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ તા.૩૦ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ કેરળના ત્રિશુર જિલ્લામાં નોંધાયો હતો.**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. કેન્દ્ર સરકાર : દેશમાં રાજકોષીય ખાદ્ય ઘટાડવાના પ્રયાસો (અર્થશાસ્ત્ર)

- ✓ સરકાર આગામી છ મહિના દરમિયાન ૪.૮૮ લાખ કરોડનું ઋણ બજારમાંથી મેળવશે
- ✓ નાણાપ્રધાન નિર્મલા સીતારામન વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ રજૂ કરતી વખતે બજારમાંથી ૭.૮ લાખ કરોડનું ઋણ લેવાના અંદાજો જાહેરાત કરી ચૂક્યા છે. હવે તે પૈકીની ૬૦ ટકા રકમનું ઋણ આરંભિક છ મહિનામાં જ લેવામાં આવશે.
- ✓ નાણાપ્રધાને બજારમાંથી મેળવવામાં આવનારા ઋણનો ઉપયોગ મૂડીકીય ખર્ચ પાછળ થશે તેમ જણાવ્યું હતું. સરકારે મૂડીકીય ખર્ચમાં ૨૧ ટકાની વૃદ્ધિ કરવા જોગવાઇ કરેલી છે.
- ✓ સરકાર રાજકોષીય ખાધમાં ઘટાડો કરવા બજારમાંથી ઋણ મેળવે છે.
- ✓ મુદતી બોન્ડ અને ટ્રેઝરી બિલની મદદથી આ રકમ બજારમાંથી મેળવાય છે.
- ✓ વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં સરકારે રાજકોષીય ખાધ ૭.૯૬ લાખ કરોડ રહેવાનો અંદાજ લગાવ્યો છે. તે ખાધ સકળ ઘરેલુ ઉત્પાદનના ૩.૫ ટકા રહેશે.

લૉકડાઉનથી નવ લાખ કરોડના નુકસાનની ભીતિ

- ✓ લૉકડાઉનને કારણે અર્થતંત્રને ૧૨૦ અબજ ડોલર (અંદાજે નવ લાખ કરોડ રૂપિયા)નું નુકસાન થઇ શકે છે.
- ✓ આ નુકસાન ભારતના સકળ ઘરેલુ ઉત્પાદનના ચાર ટકા બરોબર છે.
- ✓ ૧૪ એપ્રિલ સુધી રહેનારા લોકડાઉનને કારણે ઉત્પાદન, વેચાણ, માગ બધું જ ઠપ છે.

રિઝર્વ બેન્કે રાજ્યોની WMA મર્યાદા વધારી

- ✓ રિઝર્વ બેન્કે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટેની 'વેઝ એન્ડ મિન્સ એડવાન્સિસ' (ડબ્લ્યુ. એમ. એ.)ની મર્યાદામાં ૩૦ ટકા સુધીનો વધારો કર્યો છે.
- ✓ આ જોગવાઇ ૩૦ સપ્ટેમ્બર સુધી અમલી રહેશે. બેન્ક્સ હવે બફર માટે સાચવી રાખેલી મૂડીનો ઉપયોગ પણ કરી શકશે.

નિકાસ નિયમોમાં પણ આપી છૂટછાટ

- ✓ બેન્કે નિકાસકારોને નિકાસ પ્રોસિડ્સ માટે પણ છ મહિનાની મુદત લંબાવી આપી છે.
- ✓ અત્યાર સુધી નિકાસ પ્રોસિડની મુદત નવ મહિનાની હતી, પરંતુ કોવિડ-૧૯ પ્રકોપને કારણે ઊભી થયેલી સ્થિતિને જોતાં તે મુદત વધારીને ૧૫ મહિના કરવામાં આવી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાયરસ સંદર્ભે લોકોને સહાયરૂપ બનવા ગુજરાત સરકાર દ્વારા અગત્યના નિર્ણયો

(૧) દરેક કામદાર-શ્રમિકના બેંક ખાતામાં રૂ.૧,૦૦૦/- જમા કરાવશે

- ✓ કુલ-૬૫ લાખ કામદારો-શ્રમિકો માટે રૂ. ૬૫૦ કરોડનું પેકેજ

કોને લાભ મળશે

- ✓ ગરીબ શ્રમજીવી, અસંગઠિત કામદારો અને બાંધકામ કામદારો
- ✓ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા (NFSA) હેઠળના ૬૬ લાખ કુટુંબોને એપ્રિલમાં વિનામૂલ્યે અન્ન પુરવઠાના વિતરણ માટે સઘન આયોજન
- ✓ NFSAના દરેક લાભાર્થીને વિનામૂલ્યે અન્ન વિતરણ
- ✓ અંત્યોદય અન્ન યોજના (AAY)ના આશરે ૮ લાખ લાભાર્થીઓને કાર્ડ દીઠ ૨૫ કિ. ગ્રા. ઘઉં તથા ૧૦ કિ. ગ્રા. ચોખા
- ✓ અગ્રતા ધરાવતા (PHH) આશરે ૫૮ લાખ કુટુંબોને પ્રતિ વ્યક્તિ ૩.૫ કિ. ગ્રા. ઘઉં તથા ૧.૫ કિ. ગ્રા. ચોખા
- ✓ તમામ ૬૬ લાખ લાભાર્થીઓને કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. દાળ
- ✓ લાભાર્થીઓને કાર્ડ દીઠ ખાંડ અને મીઠું પણ વિનામૂલ્યે મળશે
- ✓ લાભાર્થીઓએ મળવાપાત્ર જથ્થા તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા અંગે ફરિયાદ માટે જિલ્લા કક્ષાના ટોલ ફ્રી નંબર : ૧૦૦૦ ઉપર સંપર્ક કરવો

(૨) પાક ધિરાણની ભરપાઈની મુદ્દતમાં બે મહિનાનો વધારો (કૃષિ)



- ✓ ખેડૂતો હવે તા. ૩૧ મે-૨૦૨૦ સુધીમાં ધિરાણ ભરવાનું રહેશે

- ✓ વધારાનું રૂ. ૧૬૦ કરોડનું વ્યાજ ખેડૂતો વતી સરકાર ચૂકવશે
- ✓ લાભ – ૨૧.૨૪ લાખ ખેડૂતો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. બેન્કિંગ ક્ષેત્ર : ૬ નાની સરકારી બેન્કોનું ૪ મોટી બેન્કોમાં મેગા મર્જર અમલી



વિગત-

કઈ નાની બેન્ક કઈ બેન્કમમાં વિલીન થઈ

- ✓ ઓરીએન્ટલ બેન્ક ઓફ કોમર્સ અને યુનાઇટેડ બેન્ક ઓફ ઇન્ડિયા હવે પંજાબ નેશનલ બેન્કમાં વિલીન થઈ.
- ✓ સિન્ડિકેટ બેન્ક કેનેરા બેન્કમાં વિલીન થઈ.
- ✓ આંધ્ર બેન્ક અને કોર્પોરેશન બેન્ક હવે યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયામાં વિલીન થઈ
- ✓ અલ્હાબાદ બેન્ક હવે ઇન્ડિયન બેન્કમાં વિલીન થઈ.

આ બેન્કો મર્જ થશે	આ નામ હશે	મર્જર બાદ કુલ કારોબાર	ક્યાંક
ઓરીએન્ટલ, કોર્પોરેશન્ટલ બેન્ક ઓફ કોમર્સ, યુનાઇટેડ બેન્ક ઓફ ઇન્ડિયા	પંજાબ નેશનલ બેન્ક	₹ 17.94 લાખ કરોડ	બીજી સૌથી મોટી બેન્ક બનશે
કેનરા બેન્ક, સિન્ડિકેટ બેન્ક	કેનરા બેન્ક	₹ 15.20 લાખ કરોડ	સૌથી ત્રીજી મોટી બેન્ક હશે
યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયા, આંધ્ર બેન્ક, કોર્પોરેશન બેન્ક	યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયા	₹ 14.59 લાખ કરોડ	પાંચમી સૌથી મોટી બેન્ક બનશે
ઇન્ડિયન બેન્ક, અલ્હાબાદ બેન્ક	અલ્હાબાદ બેન્ક	₹ 8.08 લાખ કરોડ	સાતમી સૌથી મોટી બેન્ક બનશે
કુલ કારોબાર ₹ 55.81 લાખ કરોડ			

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. વટહુકમ : PM CARES FUNDમાં દાન આપનાર રકમ આવકવેરામાં ૧૦૦ ટકા કરમુક્ત



- ✓ સરકારે આ અંગેનો વટહુકમ બહાર પાડીને તેને કાયદેસરનું રૂપ પણ આપી દીધું છે.
- ✓ રાષ્ટ્રપતિએ 'કરવેરા અને આવક કાયદા વટહુકમ, ૨૦૨૦'ને મંજૂરી આપી.
- ✓ આવકવેરા રિટર્ન ભરવાની સમયમર્યાદા વધી વટહુકમ જાહેર થતાં વર્ષ ૨૦૧૮-૧૯નું રિટર્ન ભરવાની સમયમર્યાદા પણ ૩૧ માર્ચથી વધારીને ૩૦ જૂન કરાઈ છે.
- ✓ પેન નંબર સાથે આધાર નંબર લિંક કરવાની અંતિમ મુદતમાં પણ ત્રણ મહિનાનો વધારો કરીને સમયમર્યાદા ૩૦ જૂન સુધી લંબાવવામાં આવી છે.
- ✓ વટહુકમની જોગવાઇ મુજબ માર્ચ એપ્રિલ અને મે મહિનામાં રજૂ થતાં કેન્દ્રીય એક્સાઇઝ રિટર્ન પણ જમા કરાવવની મુદત પણ વધારીને ૩૦ જૂન, ૨૦૨૦ કરવામાં આવી છે.

આવકવેરા રાહતો માટેના રોકાણોની સમયમર્યાદા પણ વધી

- ✓ આવકવેરા કાયદાની કલમ ૮૦ સી, ૮૦ ડી, ૮૦ જી હેઠળ ક્રમશ : જે વીમા પોલીસી, પીપીએફ, રાષ્ટ્રીય બચતપત્ર, ચિકિત્સા સંબંધી પ્રીમિયમ વગેરેમાં રોકાણ કરતાં કરમાં રાહત મળે છે.
- ✓ આવા રોકાણો કરવાની મર્યાદા પણ ૩૦ જૂન, ૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. કાયમી રહેવાસી : જમ્મુ કાશ્મીર

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા કેન્દ્ર શાસિત પ્રદેશના રહેવાસી અંગે નવીન ગેઝેટ જાહેર

કોને લાભ થશે

- ✓ જમ્મુ-કાશ્મીરનાં કેન્દ્રશાસિત પ્રદેશમાં ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી રહેતા લોકો હવે ત્યાંનાં કાયમી રહીશ કે અધિવાસી ગણાશે.
- ✓ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કર્યાનાં તેમજ તેને કાશ્મીર અને લદ્દાખનાં બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજિત કર્યાનાં ૮ મહિના પછી સરકારે ત્યાંના રહીશો માટે ડોમિસાઇલનાં નવા નિયમો જાહેર કર્યા હતા.
- ✓ જે લોકો જમ્મુ એન્ડ કાશ્મીરમાં ૧૫ કે તેથી વધુ વર્ષથી રહેતા હોય તે ઉપરાંત ૭ વર્ષથી ત્યાં અભ્યાસ કરતા હોય અને ત્યાં આવેલી શિક્ષણ સંસ્થાઓમાંથી ધોરણ ૧૦ કે ૧૨ની પરીક્ષા આપી હોય તેઓ પણ ત્યાંનાં રહીશ ગણાશે. આ અગાઉ બંધારણની કલમ ૩૫-એ મુજબ ત્યાં ડોમિસાઇલનાં નિયમો અમલમાં હતા.
- ✓ જમ્મુ એન્ડ કાશ્મીરનાં રિલીફ એન્ડ રિહેબિલિટેશન કમિશનર દ્વારા જેમને માઇગ્રન્ટ તરીકે રજિસ્ટર કરવામાં આવ્યા હોય તેઓ પણ હવે ત્યાંનાં રહીશ ગણાશે.

3A હેઠળ આવતા અધિકારીઓનાં સંતાનોને લાભ

- ✓ કલમ 3Aમાં જણાવવામાં આવ્યા મુજબનાં અધિકારીઓ કે જેમણે જમ્મુ કાશ્મીરમાં કુલ ૧૦ વર્ષ ફરજ બજાવી હોય તેવા અધિકારીઓના સંતાનો તેમજ જે માતાપિતા કલમ 3Aની શરતો સંતોષતા હોય અને ત્યાંનાં કાયમી રહીશ ગણાતા હોય તેવા માતાપિતાનાં સંતાનો પણ ત્યાનાં અધિવાસી ગણાશે.
- ✓ કાયમી ડોમિસાઇલ ધરાવતા લોકો જ કાશ્મીરમાં નોકરી માટે અરજી કરી શકશે.
- ✓ કેન્દ્ર સરકારે કાશ્મીરમાં કાયમી વસવાટનાં નવા નિયમો અમલમાં મૂક્યા પછી હવે જે લોકો આ નિયમો હેઠળ યોગ્યતા ધરાવતા હશે તેઓ જ સરકારી નોકરીમાં કે કોન્સ્ટેબ્યુલરીમાં જુનિયર હોદ્દાઓ પર નિયુક્તિને પાત્ર ઠરશે.
- ✓ કાશ્મીરનો ભૂભૌગોલિક દરજ્જો બદલાયા પછી અને કલમ ૩૭૦ રદ કરાયા પછી એવી ભીતિ હતી કે દેશની કોઈપણ વ્યક્તિ ત્યાં નોકરી કરી શકશે કે ત્યાંની રહીશ ગણાશે.

- ✓ આથી આવી આશંકા દૂર કરવા માટે કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહની સુચનાને આધારે ડોમિસાઇલનાં નવા નિયમો જાહેર કરાયા હતા અને ત્યાંનાં રહીશોની આશંકા દૂર કરાઈ હતી.
- ✓ ડોમિસાઇલનાં નવા નિયમો રૂ. ૨૫,૫૦૦નું બેઝિક વેતન ધરાવતા તમામ હોદ્દા પર ભરતીને લાગુ પડશે.
- ✓ અમિત શાહે કાશ્મીરનાં નેતાઓને ખાતરી આપી હતી કે કેન્દ્ર સરકાર દ્વારા આ કેન્દ્રશાસિત પ્રદેશનાં ભૂભૌગોલિક દરજ્જામાં કોઈ ફેરફાર કરાશે નહીં.
- ✓ કાશ્મીરમાં ડોમિસાઇલનાં નવા નિયમ અન્ય રાજ્ય કરતા વધુ સારા હશે.

સરકારી નોકરીઓ ફક્ત કાશ્મીરીઓ માટે જ અનામત

- ✓ સરકારે સ્પષ્ટતા કરી હતી કે જમ્મુ એન્ડ કાશ્મીરમાં તમામ સરકારી નોકરીઓ ફક્ત કાશ્મીરનાં અધિવાસીઓ માટે જ અનામત રહેશે.
- ✓ તમામ ગેઝેટેડ અને નોન ગેઝેટેડ જગ્યાઓ તેમજ તમામ ક્લાસ-૪ જગ્યાઓ કાશ્મીરી અધિવાસીઓ માટે જ અનામત રહેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. BS-06 પેટ્રોલ અને ડિઝલના વેચાણની શરૂઆત : તા. ૧લી એપ્રિલ-૨૦૨૦ (પર્યાવરણ)

અન્ય વિગત

- ✓ પેટ્રોલિયમ કંપનીઓએ 1 એપ્રિલથી બીએસ-6 પેટ્રોલ-ડીઝલનું વેચાણ શરૂ કરી દીધું છે.
- ✓ કંપનીઓએ એક સપ્તાહ અગાઉથી પેટ્રોલ પંપ પર બીએસ-6 ઇંધણનો પુરવઠો ભરી દીધો હતો.
- ✓ આ માટે કંપનીઓએ 35 હજાર કરોડનું રોકાણ કર્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. દિન વિશેષ : ૧ એપ્રિલ નાણાકીય વર્ષનો પ્રારંભ



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૪-૨૦૨૦)

1. કોરોનાના વાયરસની ગંભીરતાને ધ્યાને લઇને કઇ જમાતના સભ્યોના ભારતના પ્રવાસી વિઝા નહીં આપવાની તમામ દૂતાવાસોને કડક સૂચના અપાઇ છે- તબલિગ/તબલિગી

2. સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ કોરોના વાયરસનો કેસ ક્યારે અને કયા દેશમાં નોંધાયો હતો - **7 જાન્યુઆરી 2020 અને ચીન**
3. ભારતમાં સૌપ્રથમ કોરોના વાયરસનો કેસ કઈ તારીખે નોંધાયો હતો- **30 જાન્યુઆરી 2020**
4. ભારતમાં સૌપ્રથમ કોરોના વાયરસનો કેસ કયા જિલ્લા અને રાજ્યમાં નોંધાયો હતો-**ત્રિસુર અને કેરળ**
5. કેન્દ્ર સરકાર દેશમાં રાજકોષીય ખાધ ઘટાડવા આગામી છ મહિનામાં કેટલું ઋણ બજારમાંથી મેળવશે - **રૂ. 4.88 લાખ કરોડ**
6. કેન્દ્ર સરકારના વર્ષ 2020-21ના અંદાજપત્રમાં બજારમાંથી કુલ કેટલું ઋણ લેવાનું જણાવાયું હતું - **રૂ. 7.8 લાખ કરોડ**
7. કેન્દ્ર સરકારે મૂડીકીય ખર્ચમાં કેટલા ટકાની વૃદ્ધિ કરવાની જોગવાઈ કરેલી છે- **21 %**
8. વર્ષ 2020-21ના કેન્દ્રીય અંદાજપત્રમાં સરકારે દેશમાં રાજકોષીય ખાધ કેટલા કરોડ રહેવાનો અંદાજ લગાવ્યો છે - **રૂ.7.96 લાખ કરોડ**
9. માર્ચ-2020ની સ્થિતિએ ભારતના અર્થતંત્રને કોરોના વાયરસથી પ્રભાવિત લોકડાઉનના કારણે કેટલા કરોડનું નુકસાન જવાનો અંદાજ છે - **રૂ. 9 લાખ કરોડ**
10. RBI દ્વારા રાજ્યો-UTની WMA મર્યાદા આગામી 30 સપ્ટેમ્બર-2020 સુધી વધારીને કેટલા ટકા કરાઈ જેથી કરીને બેંકો તેમની પાસેની બફર મૂડીનો ઉપયોગ કરી શકશે - **30%**
11. WMAનું વિસ્તૃત નામ જણાવો - **'વેઝ એન્ડ મિન્સ એડવાન્સિસ'**
12. કોરોના વાયરસની સ્થિતિમાં કામદારો, શ્રમિકો અને અસંગઠિત ક્ષેત્રના કામદારોને મદદરૂપ થવા ગુજરાત સરકાર તેમના બેંક એકાઉન્ટમાં કેટલા રૂપિયા જમા કરાવશે જેના માટે રૂ.650/- કરોડનું પેકેજ જાહેર કરાયું- **રૂ. 1000/-**
13. ગુજરાતમાં લાભાર્થીઓને મળવાપાત્ર અન્ન જથ્થા તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા અંગે ફરિયાદ માટે જિલ્લા કક્ષાએ કયો ટોલ ફ્રી નંબર જાહેર કરાયો- **1000**
14. ગુજરાતમાં કયા કાયદા હેઠળ અંદાજે 66 લાખ પરિવારોને એપ્રિલ-2020માં વિનામૂલ્યે અન્ન પુરવઠો વિતરણ કરાશે – **રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો (NFSA)**
15. AAYનું વિસ્તૃત નામ જણાવો – **અંત્યોદય અન્ન યોજના**
16. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને પાક ધિરાણ ભરપાઈ કરવાની મુદતમાં કેટલો વધારો કરવામાં આવ્યો જેનું વ્યાજ બેન્કોને ગુજરાત સરકાર ચૂકવશે - **31 મેં 2020(બે માસ)**
17. ભારતમાં તા.01 એપ્રિલ 2020ની સ્થિતિએ કેટલી નાની સહકારી બેંકોનું 4 મોટી બેંકોમાં મર્જર થયું- **6**
18. PM-CARES FUNDમાં દાન આપનાર રકમને આવકવેરામાં કેટલા ટકા કરમુક્તિ અપાઇ જેના માટે કેન્દ્ર સરકારે વટહુકમ બહાર પાડયો- **100%**
19. કેન્દ્રના ગૃહમંત્રાલય દ્વારા તા.02 એપ્રિલ-2020માં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ- કાશ્મીરના રહેવાસીઓ માટે જાહેર કરાયેલ નવીન ગેઝેટ પ્રમાણે કેટલા વર્ષથી ત્યાં રહેતા લોકોને હવે કાયમી રહીશ કે અધિવાસી ગણવામાં આવશે- **15 વર્ષે કે તેથી વધુ**
20. કેન્દ્રના ગૃહમંત્રાલય દ્વારા તા. 02 એપ્રિલ-2020માં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ- કાશ્મીરના રહેવાસીઓ માટે જાહેર કરાયેલ ડોમિસાઈલનાં નવા નિયમ- ગેઝેટ પ્રમાણે કેટલા વર્ષથી ત્યાં રહેતા લોકોને હવે કાયમી રહીશ કે અધિવાસી ગણવામાં આવશે - **15 વર્ષે કે તેથી વધુ સમય, 7 વર્ષેથી ત્યાં અભ્યાસ કરતા હોય અને ત્યાં આવેલી શિક્ષણ સંસ્થાઓમાંથી ધોરણ-10 કે 12ની પરીક્ષા આપી હોય તેઓ પણ ત્યાંના રહીશ ગણાશે, તેમજ જમ્મુ-કાશ્મીરના રિલીફ એન્ડ રિહેબિલિટેશન કમિશનર દ્વારા જેમને માઇગ્રન્ટ તરીકે નોંધવામાં આવ્યા હોય**
21. જમ્મુ-કાશ્મીરમાં કુલ કેટલા વર્ષથી ફરજ બજાવતા અધિકારીઓના સંતાનો કલમ 3A હેઠળ ત્યાંના રહેવાસી ગણવામાં આવશે- **10 વર્ષ**
22. આ ઉપરાંત કલમ 3Aની શરતો સંતોષતા હોય તેવા કયા માતા-પિતાના સંતાનોને પણ જમ્મુ-કાશ્મીરના અધિવાસી ગણાશે- **ત્યાંના કાયમી રહીશ ગણાતા હોય તેવા**
23. જમ્મુ-કાશ્મીરમાં રહેવાસીના નવા નિયમ પ્રમાણે કોણ ત્યાં સરકારી નોકરી માટે અરજી કરી શકશે - **કાયમી ડોમિસાઈલ ધરાવતા લોકો**

24. જમ્મુ-કાશ્મીરમાં ડોમીસાઈલના નવા નિયમ પ્રમાણે કેટલા રૂપિયાનું બેઝિક વેતન ધરાવતા તમામ હોદ્દાઓની ભરતીમાં આ નિયમ લાગુ પડશે - **રૂ.25,500/-**
25. જમ્મુ-કાશ્મીરમાં રહેવાસીઓના નવા નિયમ પ્રમાણે ફક્ત કોના માટે સરકારી નોકરીઓમાં અનામત રહેશે- **કાશ્મીરના અધિવાસીઓ માટે**
26. ડોમીસાઈલના નવા નિયમ પ્રમાણે તમામ ગેઝેટેડ અને નોન-ગેઝેટેડ જગ્યાઓ તેમજ ક્લાસ-4ની જગ્યાઓ કોના માટે અનામત રહેશે - **કશ્મીરી અધિવાસીઓ**
27. ભારતમાં વાહન પ્રદૂષણ ઘટાડવાના હેતુથી તારીખ 01 એપ્રિલ 2020થી કયું પેટ્રોલ ડીઝલનું વેચાણ શરૂ થયું- **BS-06**
28. પર્યાવરણના સંદર્ભમાં BSનું વિસ્તૃત નામ જણાવો - **ભારત સ્ટાન્ડર્ડ**
29. ભારતમાં નાણાકીય વર્ષનો પ્રારંભ કઈ તારીખથી થાય છે - **01 એપ્રિલ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 02-04-2020



૧. ગૃહ મંત્રાલય : કેન્દ્ર સરકાર (કાયદો)



- ✓ લૉકડાઉનનું ઉલ્લંઘન કરનારા સામે IPCની વિવિધ કલમ તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-2005 હેઠળ કેસ નોંધાવા કેન્દ્રીય ગૃહ મંત્રાલયનો રાજ્યોને આદેશ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ખેલકૂદ : વિશ્વના જાણીતા ગણિતશાસ્ત્રી અને ક્રિકેટની રમતને ડકવર્થ લુઈસ નિયમ આપનાર ટોની લુઈસનું 78 વર્ષે લંડનમાં અવસાન

- ✓ સાંકેતિક નામ – D/L
- ✓ નિયમ આપનાર – ફ્રાન્ક ડકવર્થ અને ટોની લુઈસ



- ✓ ડકવર્થ લુઈસનો પ્રથમ ઉપયોગ : વર્ષ-1997માં આ નિયમને આઇસીસી સમક્ષ રજૂ કર્યો ત્યારબાદ વર્ષ-1999માં ઇંગ્લેન્ડ ખાતે રમાયેલા વર્લ્ડ કપમાં તેનો પ્રથમ અમલ કરાવ્યો હતો

શું છે ડકવર્થ લુઈસ પદ્ધતિ

- ✓ વરસાદ અથવા ખરાબ હવામાનથી પ્રભાવિત થયેલી મેચમાં રન ચેઝ કરવા માટે નવો ટાર્ગેટ (તર્કસંગત) આપી શકાય

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સાવચેતી : કોરોના વાયરસથી બચવા ગુજરાતનું સૌથી મોટું માસ ક્વોરન્ટાઈન સુરતના રાંદેર વિસ્તારમાં



✓ આ વિસ્તારમાં કુલ 16754 મકાનોમાં 54 હજાર લોકોને 14 દિવસ માટે હોમ ક્વોરન્ટાઈન કરાયા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. UN : કોરોનાના કારણે વર્ષ 2020માં વૈશ્વિક જીડીપીમાં 1 ટકાનો ઘટાડો થશે

✓ અગાઉ 2.5 ટકાનો અંદાજ હતો પણ હવે 1.5 ટકા રહેવાનો અંદાજ

✓ અહેવાલ- યુએન ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. કોવિડ 19 : આરોગ્ય સેતુ એપ (ટેક્નોલોજી-આરોગ્ય)



✓ ભારત સરકારે આરોગ્ય સેતુ એપ લોન્ચ કરી છે. આ એક પ્રકારની ટ્રેકર એપ છે.

✓ કોઇ વ્યક્તિને પોતે કોઇ કોરોના દર્દીની આસપાસથી પસાર થઇ છે કે નહીં તે તપાસવામાં આ એપ મદદ કરી શકે છે.

એપ કોના દ્વારા તૈયાર કરાઈ

✓ કેન્દ્ર સરકારનાં ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે આરોગ્ય મંત્રાલયના સહકાર સાથે તૈયાર કરેલું આ એપ ગૂગલ પ્લે તથા એપલના એપ સ્ટોર પર ઉપલબ્ધ છે.

કેવી રીતે કામ કરે છે

✓ આરોગ્ય સેતુ એપ ઈન્સ્ટોલ કરવા પર પહેલીવાર ઓપન કરતા કેટલીક પરમિશન્સ આપવાની રહેશે. આ એપ તમારા મોબાઈલ નંબર, બ્લ્યુટૂથ અને લોકેશન ડેટાની મદદથી જાણ કરી શકે છે તમે સુરક્ષિત છો અથવા પછી સંક્રમણનો ખતરો છે.

✓ આ એપ જીપીએસ તથા બ્લૂટૂથ બંનેનો ઉપયોગ કરે છે. જીપીએસના આધારે

વપરાશકારનું ચોક્કસ લોકેશન નક્કી થાય છે જ્યારે બ્લૂટૂથના આધારે એ ખ્યાલ આવશે કે તમે ક્યારે અને ક્યાં કોઇ નોવેલ કોરોના વાયરસ ધરાવતી વ્યક્તિથી લગભગ છ ફૂટ જેટલા નજીકના અંતરે પસાર થયા હતા.

અન્ય વિગતો

- ✓ આરોગ્ય સેતુ એપમાં સરકારમાં નોંધાયેલા કોરોના કેસનો તમામ ડેટા ફીડ કરી દેવામાં આવ્યો છે. વધુને વધુ લોકો આ એપ ડાઉનલોડ કરશે અને તેમાં પોતાની વિગતો ઉમેરશે તેમ તેમ આ એપની ઉપયોગિતા વધશે.
- ✓ આ એપમાં ટ્રેકિંગ ઉપરાંત કોવિડ 19 વિશે ઉપયોગી માહિતી તથા સલાહસૂચનો પણ આપવામાં આવ્યાં છે. તેમાં તમામ રાજ્યોની કોરોના હેલ્પલાઇન ના નંબર પણ આપવામાં આવ્યા છે.

11 ભાષાઓમાં ઉપલબ્ધ

- ✓ કોરોના વાયરસ ટ્રેકર આરોગ્ય સેતુ એપ્લિકેશન 11 ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે. જેમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉડિયા, મરાઠી, બાંગ્લા અને પંજાબી સામેલ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : ચૈત્ર સુદ નોમ



રામનવમી:ભગવાન શ્રીરામનો જન્મદિન તિથિ : ચૈત્ર સુદ નોમ

વર્તમાન સંદર્ભમાં ભગવાન શ્રીરામ :

- ✓ કોરોના વાયરસને કારણે દુનિયાના આગળ પડતા દેશો ભયંકર તકલીફમાં મૂકાઈ ગયા છે ત્યારે દેશમાં ૨૧ દિવસના લૉકડાઉનને કેટલાક મુર્ખાઓ સાહજિકતાથી લઈને સમગ્ર દેશ માટે ખતરારૂપ બની રહ્યાં છે
- ✓ આ લોકોએ ભગવાન રામના ૧૪ વર્ષના વનવાસમાંથી શીખ મેળવવાની છે કે કઈ રીતે એકાંતમાં રહીને જનસેવા થઈ શકે છે.
- ✓ ભારતીય સંસ્કૃતિની ધરોહર એવા રામાયણ અને મહાભારતના બંને ગ્રંથોમાં વનવાસની વાત આવે છે.
- ✓ આ વનવાસ દરમિયાન ભગવાન રામ અને પાંડવોએ જનસેવા કરી સાથેસાથે પોતાના સામર્થ્ય અને શક્તિમાં પણ વધારો કર્યો.
- ✓ લક્ષ્મણા રેખા ઓળંગી તે માતા સીતાજીને પણ તકલીફ પડી, આ લોકડાઉનની

લક્ષ્મણ રેખાનું માન રાખવામાં જ આપણી ભલાઈ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૪-૨૦૨૦)

1. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આદેશ મુજબ ભારતમાં કોરોના વાયરસ સંદર્ભે લોકડાઉનનો ભંગ કરનાર સામે કયા એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવશે - **ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ -2005**
2. વિશ્વના કયા જાણીતા ગણિતશાસ્ત્રી અને ક્રિકેટની રમતમાં ડકવર્થે લુઈસના નિયમ આપનાર કોનું તાજેતર એપ્રિલ 2020માં અવસાન થયું- **ટોની લુઇસ**
3. ડકવર્થ લુઈસનું સાંકેતિક નામ જણાવો- **D/L**
4. વિશ્વસ્તરે ક્રિકેટની રમતને ડકવર્થ લુઈસના નિયમો આપનાર મહાનુભાવોના નામ જણાવો – **ફ્રાન્ક ડકવર્થ અને ટોની લુઈસ**
5. ક્રિકેટમાં ડકવર્થ લુઈસ નિયમનો પ્રથમ પ્રયોગ કયા વર્ષે થયો હતો- **1999**
6. ક્રિકેટમાં ડકવર્થ લુઈસ નિયમનો પ્રથમ પ્રયોગ કયા દેશમાં થયો હતો- **ઇંગ્લેન્ડ**
7. ક્રિકેટમાં ડકવર્થ લુઈસ નિયમનો પ્રથમ પ્રયોગ કઈ ટૂર્નામેન્ટમાં થયો હતો - **વર્લ્ડ કપ-1999**
8. ક્રિકેટમાં વરસાદ અથવા ખરાબ હવામાનથી પ્રભાવિત થયેલી મેચમાં રન ચેઝ કરવા માટે નવો લક્ષ્યાંક આપવામાં આવે છે તે પદ્ધતિને શું કહેવાય છે - **ડકવર્થ લુઈસ**
9. કોરોના વાઈરસથી સાવચેતીના ભાગરૂપે ગુજરાતના કયા વિસ્તારમાં 54 હજાર લોકો માટે સૌથી મોટું માસ કવૉરન્ટાઈન ઉભુ કરાયું- **રાંદેર, સુરત**
10. યુએન ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સના અહેવાલ મુજબ કોરોનાના કારણે વર્ષે - 2020માં વૈશ્વિક GDPમાં કેટલા ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે- **1%(અંદાજે 1.5% રહેશે)**
11. ભારતમાં કોઈ વ્યક્તિ પોતે કોરોનાના દરદીની આસપાસથી પસાર થઈ છે કે નહીં તે તપાસવા માટે કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા કઈ ટ્રેકર એપ ગૂગલ પ્લે ઉપર ઉપલબ્ધ કરાવી છે- **આરોગ્ય સેતુ**
12. આરોગ્ય સેતુ એપ ગુજરાતી સહિત ભારતની કેટલી ભાષામાં ઉપલબ્ધ છે - **11**
13. "આરોગ્ય સેતુ" ટ્રેકર એપ કઈ કઈ ભાષામાં ઉપલબ્ધ છે - **ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, તમિલ, તેલુગુ,કન્નડ, મલયાલમ, ઉડિયા, મરાઠી, બાંગ્લા અને પંજાબી**
14. તિથિ મુજબ ચૈત્ર સુદ નોમ એટલે કોની જન્મ તિથિ- **ભગવાન રામ-રામ નવમી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 03-04-2020



૧. વડા પ્રધાન મોદીની કોરોના વાઇરસ સંદર્ભે જાહેર અપીલ



- ✓ મોદીએ કહ્યું કે રવિવારે ૫ એપ્રિલે રાત્રે ૯ કલાકે આપણે સૌએ કોરોનાનાં સંકટને પડકાર ફેંકવાનો છે અને પ્રકાશની તાકાતનો પરિચય કરાવવાનો છે.
- ✓ આ ૫ એપ્રિલે ૧૩૦ કરોડ દેશવાસીઓએ કોરોનાનાં અંધકારને દૂર કરવા મહાશક્તિનું જાગરણ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વર્લ્ડ બેંક : કોરોના સામે લડવા વર્લ્ડ બેંકની ભારતને 1 અબજ ડોલરની ઇમરજન્સી મદદ (કુલ રૂ. 76 અબજ)

- ✓ કુલ 25 દેશો માટે 1.9 અબજ ડોલરની સહાય

અન્ય દેશ-

- ✓ શ્રીલંકા – 12.86 કરોડ
- ✓ પાક. - 20 કરોડ ડોલર
- ✓ અફઘાનિસ્તાન - 10 કરોડ ડોલર
- ✓ માલદિવ્સ- 73 લાખ ડોલર

ઉપયોગ :

- ✓ સ્ક્રિનિંગ, દર્દીઓની શોધખોળ, ડોક્ટર અને હેલ્થ વર્કસ માટે PPE ખરીદી શકાશે
- ✓ નવા આઇસોલેશન વોર્ડ

ભાવિ આયોજન

- ✓ ડૉકટરો અને હેલ્થ વર્કર્સ માટે PPF ખરીદી શકાશે.
- ✓ નવા આઈસોલેશન વૉર્ડ શરૂ કરી શકાશે.
- ✓ વર્લ્ડ બેન્ક દ્વારા આગામી 15 મહિનામાં કોરોના સામે સપોર્ટ મેઝર્સ લેવા તેમજ

ઈકોનોમીની રિકવરી માટે 160 અબજનું પેકેજ જાહેર કરવામાં આવશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. ADB : કોરોના વાયરસના કારણે ભારતનો વૃદ્ધિદર ઘટીને ૪ ટકા રહેવાનું અનુમાન

નાણાકીય વર્ષ 2020-21 વૈશ્વિક અર્થતંત્રને રૂપિયા 300 લાખ કરોડના નુકસાનનો અંદાજ



અન્ય અસરો

✓ આ સદીની કોરોના સૌથી મોટી મહામારી છે તેની સામાજિક, નાણાંકીય, આરોગ્ય અને શિક્ષણ પર વ્યાપક અસર પડશે.

✓ જીડીપીના મુખ્ય અર્થશાસ્ત્રી યેસુયુકી સાવદાએ કહ્યું કે વૈશ્વિક અર્થતંત્રને અસર થઈ છે અને ભારત પણ તેમાંથી બાકાત નથી. પરંતુ તેનો આર્થિક પાયો મજબૂત છે આથી આગામી નાણાકીય વર્ષે તેના અર્થતંત્રમાં જોરદાર સુધારો થશે.

✓ એડીબીએ આઉટલુક 2020 માટે કહ્યું કે આગામી નાણાંકીય વર્ષમાં ભારતનો જીડીપી 6.2 ટકા સુધી પહોંચી શકે છે.

✓ ADB - એશિયન ડેવલોપમેન્ટ બેન્ક

✓ મુખ્યમથક - મનિલા (ફિલીપાઇન્સ)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વાયુ પ્રદૂષણ : વિશ્વમાં લૉકડાઉનની પર્યાવરણ ઉપર હકારાત્મક અસરો (પર્યાવરણ)

અમદાવાદ સહિત દેશના 85 શહેરોમાં પ્રથમવાર પ્રદૂષણ સૌથી ઓછું - AQI 100થી નીચે



✓ જલંધર શહેર-પંજાબથી લગભગ 200 કિમી દૂર હિમાચલના ધરમશાળા નજીકની પહાડીઓ જોવા મળી હતી. દાયકાઓ પછી આવું દૃશ્ય જોવા મળ્યું.

✓ બીજા વિશ્વયુદ્ધ પછી પ્રથમવાર વિશ્વમાં આટલું પ્રદૂષણ ઘટ્યું

✓ સમુદ્રતટથી જલંધરની ઊંચાઈ 228 મીટર છે, જ્યારે આ પહાડીઓ 4342 મીટરની ઊંચાઈએ છે.

- ✓ પંજાબના અનેક શહેરોમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ 50થી નીચે આવી ગયો છે. પરિણામે જલંધરના રહેવાસીઓ પોતાના ઘરમાંથી હિમાલય દર્શન કરી રહ્યાં છે અને આ પ્રકારના ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પર અપલોડ કરી રહ્યાં છે.
- ✓ તસવીરમાં જોવા મળતાં ધોળાધાર રેન્જ કુલુમાંથી વહેતી બિયાસ નદી સુધી લંબાયેલી છે. કેટલીક ઉંમરલાયક મહિલાઓએ તો નરી આંખે આ દેશ્ય દેખાતા હિમાલયની પોતાના ઘરમાંથી જ પૂજા પણ કરી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. IMF : વિદેશી હૂંડિયામણ ભંડારમાં ભારત વિશ્વમાં ૪મા ક્રમે: કુલ કદ રૂ. 35 લાખ કરોડ



- ✓ પ્રથમ - ચીન 255 લાખ કરોડ
- ✓ IMF - ઇન્ટરનેશનલ મોનીટરીંગ ફંડ
- ✓ વિદેશી હૂંડિયામણની બાબતમાં ભારત વિશ્વના ટોપ-10 દેશોમાં આઠમા ક્રમ પર છે.
- ✓ ભારતનું વિદેશી હૂંડિયામણ 35 લાખ કરોડ રૂપિયા છે. જ્યારે ચીન પહેલા ક્રમ પર છે તેમની પાસે 255 લાખ કરોડ રૂપિયાનું વિદેશી હૂંડિયામણ છે.
- ✓ બીજા ક્રમ પર જાપાન રહેલું છે તેઓની પાસે 104.05 લાખ કરોડ રૂપિયાનું હુંડિયામણ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 3 એપ્રિલ

સૌરાષ્ટ્રના સાધુ: અમૃતલાલ પઢિયાર



જન્મ – 3 એપ્રિલ- ૧૮૭૦

અવસાન – ૨ જુલાઇ - ૧૯૧૯

- ✓ 3 એપ્રિલે કમલાદેવી ચટ્ટોપાધ્યાય, જનરલ માણેકશા અને "સૌરાષ્ટ્રના સાધુ "તરીકે બીરદાવાયેલા અમૃતલાલ સુંદરજી પઢિયારનો જન્મદિન.
- ✓ ચોરવાડમાં જન્મેલા અમૃતલાલે માંડ પાંચમાં ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો પણ અપાર જીજ્ઞાસાવૃત્તિ હોવાથી લખવાનો છંદ લાગ્યો હતો.
- ✓ શરૂના કઠિન દિવસોમાં ચણા ફાકીને પણ ગુજરાન ચલાવ્યું હતું. આર્ય વિધવા શીર્ષકથી પુસ્તક પ્રકાશિત કર્યું અને રૂઢિચુસ્તોનો ખોફ વહોરી લીધો.

- ✓ મુંબઇ ગયા ત્યાંજ સ્થાયી થવાનું નક્કી કર્યું. અહી ચોરવાડમાં પિતાએ પુત્રના લગ્નની તૈયારી કરી, અમૃતલાલે મુંબઈથી ના કહેવડાવી, પિતા આઘાત જીરવી ન શક્યા અને મૃત્યુ પામ્યાં.દરમિયાન મુંબઈમાં માંદા પડ્યા અને ચોરવાડ પાછા આવ્યા. વૈદકનો અભ્યાસ કરી વૈદ તરીકે પંકાયા.
- ✓ સમાંતરે છાપા અને સામયિકોમાં લેખો લખી લેખક તરીકે પ્રસ્થાપિત થયા.ફરી મુંબઇ ગયા અને શેઠ લક્ષ્મીદાસ ખીમજીને ત્યાં નોકરીએ રહ્યા.
- ✓ શેઠને ત્યાં છાપા વાંચી સંભાળવતા " જામે જમશેદ", "વીસમી સદી", "સમાલોચક", "આર્યપ્રકાશ", "નુરે ઈલમ" અને "ગુજરાતી "જેવાં સામયિકોમાં લેખો લખતા. તેનાં વિસ્તૃત અને સ્વતંત્ર રૂપે "આર્ય વિધવા", "અમૃત વચનો", "મહાપુરુષોના વચનો", "નવા યુગની વાતો", "સંસારમાં સ્વર્ગ" (૧૪ ભાગ) અને "અંત્યજ સ્ત્રોત "જેવાં પુસ્તકો લખ્યાં. તેમાં સંસારમાં સ્વર્ગ અને અંત્યજ સ્ત્રોત જેવાં પુસ્તકો ખાસ્સાં ચર્ચાસ્પદ રહ્યા હતા.
- ✓ હું તો ગામડાના લોકો માટે લખું છું તેમ કહેનાર અમૃતલાલનું નીરક્ષરોમાં ધર્મ અને અધ્યાત્મ વિષયક માહિતી પહોંચાડવામાં મોટું યોગદાન રહ્યું છે.
- ✓ ગુજરાતના જ્ઞાનજગતમાં લગભગ અવગણાંયેલા કહી શકાય એવા અમૃતલાલ પઢિયારનું બીજી જુલાઇ ૧૯૧૯ના રોજ મુંબઈમાં કોલેરાથી અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૪-૨૦૨૦)

1. કોરોના મહામારી સામે લડી રહેલા ભારતના લોકોમાં ઊર્જાનો સંચય થાય તેવા ઉદ્દેશથી વડાપ્રધાનશ્રી મોદી દ્વારા એપ્રિલની કઈ તારીખે સાંજે 9:00 કલાકે પોતાના ઘરોમાં 9 મિનિટ માટે દીવો, મીણબત્તી, ટોર્ચ લાઈટ કે મોબાઇલની ટોર્ચ ચાલુ રાખવાનો લોકોને અનુરોધ કર્યો હતો- **5 એપ્રિલ 2020**
2. કોરોના વાયરસ સામે લડવા વર્લ્ડ બેંક દ્વારા ભારતને કેટલા ઇમરજન્સી ફંડની મદદ કરવાની જાહેરાત કરી છે - **1 અબજ ડોલર (રૂ.76 અબજ)**
3. કોરોના વાયરસ સામે લડવા વર્લ્ડ બેંક દ્વારા વિશ્વના કેટલા દેશો માટે કેટલી રકમની સહાય જાહેર કરી છે - **25 દેશ અને કુલ 1.9 અબજ ડોલર**
4. કોરોના વાયરસના કારણે ADB દ્વારા વર્ષે 2020-21માં ભારતનો વૃદ્ધિદર ઘટીને કેટલા ટકા રહેવાનું અનુમાન કરાયું છે - **4%**
5. કોરોના વાયરસના કારણે વૈશ્વિક અર્થતંત્રને કેટલા કરોડનું નુકસાન જવાનો અંદાજ એપ્રિલ-2020માં ADB દ્વારા રજૂ કરાયો છે - **રૂ. 300 લાખ કરોડ**
6. ADB દ્વારા વર્ષ 2022માં ભારતનો GDP કેટલા ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે - **6.2%**
7. ADBનું વિસ્તૃત નામ જણાવો- **એશિયન ડેવલપમેન્ટ બેંક**
8. ADBનું વડુ મથક ક્યાં આવેલું છે – **મનિલા (ફિલીપાઇન્સ)**
9. દેશમાં લૉકડાઉનની સ્થિતિની પર્યાવરણ ઉપર જોવા મળતી હકારાત્મક અસરોના પરિણામે એપ્રિલ 2020 દરમિયાન અમદાવાદ સહિત દેશના 85 શહેરોમાં AQI કેટલા અંકથી નીચે હતો - **100**
10. AQIનું વિસ્તૃત નામ જણાવો - **એર ક્વોલિટી ઇન્ડેક્ષ**
11. IMFના અહેવાલ મુજબ એપ્રિલ 2020ની સ્થિતિએ વિદેશી હૂંડિયામણમાં ભારતનો ક્રમ જણાવો – **08**

12. IMFના અહેવાલ મુજબ એપ્રિલ 2020ની સ્થિતિએ ભારતના વિદેશી હૂંડિયામણનું કદ જણાવો- **૩.35 લાખ કરોડ**
13. IMFના અહેવાલ મુજબ એપ્રિલ 2020ની સ્થિતિએ વિશ્વમાં સૌથી વધુ ચીનના વિદેશી હૂંડિયામણનું કદ જણાવો- **૩.255 લાખ કરોડ**
14. વર્લ્ડ બેંક દ્વારા આગામી 15 માસમાં કોરોના વાઈરસ સામે સહાય કરી પગલા લેવા તેમજ વર્લ્ડ ઈકોનોમીને પુનઃ જીવિત કરવા અંદાજે કેટલા અબજનું પેકેજ જાહેર કરાશે- **160 અબજ**
15. IMFનું વિસ્તૃત નામ જણાવો-**ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ**
16. "સૌરાષ્ટ્રના સાધુ" તરીકે ઓળખાતા અમૃતલાલ પઢિયારનો જન્મદિવસ જણાવો - **3 એપ્રિલ 1870**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 04-04-2020



૧. કોરોના વાઇરસ : WHO અને US પછી ભારતે પણ માસ્ક પહેરવા એડવાઇઝરી જાહેર કરી



- ✓ કેન્દ્ર સરકાર દ્વારા ફેસ કવર્સ માટે DIY ગાઈડ જાહેર કરવામાં આવી છે. જો મેડિકેટેડ માસ્ક ન હોય તો ઘરે કાપડમાંથી બનાવેલા માસ્ક પહેરીને ચહેરો ઢાંકવા અનુરોધ કર્યો છે. કોરોનાની અસર ન હોય તો પણ માસ્ક કે ફેસકવર દ્વારા ચહેરો ઢાંકવો.
- ✓ સરકારે કહ્યું છે કે માસ્ક પહેરવાથી કે ચહેરો ઢાંકવાથી કોમ્યુનિટીમાં કોરોનાનું સંક્રમણ થતું રોકી શકાશે અને કોરોનાગ્રસ્તોની તેમજ તેનાથી થતા મૃત્યુની સંખ્યાને અંકુશમાં રાખી શકાશે.
- ✓ સામાન્ય પબ્લિક માટે હોમમેડ માસ્કનો ઉપયોગ કરવાથી અનેક દેશોમાં કોરોનાનું સંક્રમણ ઘટાડી શકાયું હોવાનાં દાવા કરાયા છે.
- ✓ WHO તેમજ અમેરિકા પછી કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલયે હોમમેડ પ્રોટેક્ટિવ કવર ફોર ફેસ એન્ડ માઉથ અંગે એડવાઈઝરી જાહેર કરી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભારતમાં વીજ ઉત્પાદન ક્ષમતા (ઉર્જા)

- ✓ ભારતની કુલ વીજ ઉત્પાદન ક્ષમતા - ૩૭૦ ગીગાવોટ
- ✓ ભારતમાં રોજની વીજ માગ - ૧૫૦ ગીગાવોટ
- ✓ પમી એપ્રિલે રાત્રે ૯ કલાકે ૯ મિનિટ માટે ૧૫ હજાર મેગાવોટની માગ અચાનક ઘટી જશે



ભારતમાં વીજળી માગની લોડ પેટર્ન

- ✓ ૩૨ ટકા ડોમેસ્ટિક લોડ
- ✓ ૪૦ ટકા ઇન્ડસ્ટ્રિયલ લોડ
- ✓ ૨૦ ટકા એગ્રિકલ્ચર લોડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સંશોધન : 'ધમણ-1' રાજકોટની કંપનીએ સ્વદેશી વેન્ટિલેટર માત્ર દસ દિવસમાં તૈયાર કર્યું



વધુ વિગત

- ✓ કોરોના વાઈરસથી વિશ્વભરમાં ફેલાયેલી મહામારી સામેની લડતમાં ગુજરાતને મહત્વની સફળતા.
- ✓ રાજકોટની એક કંપનીએ કોરોના દર્દીઓના ઈલાજમાં સૌથી મહત્વની ભૂમિકા ભજવતા સ્વદેશી બનાવટના ધમણ-1 નામના વેન્ટિલેટરનું ફક્ત 10 દિવસમાં નિર્માણ કર્યું

વેન્ટિલેટરની ખાસિયત અને કિંમત

- ✓ ધમણ-1ના બધા પાર્ટ્સ સ્વદેશી છે અને તેની પડતર ફક્ત રૂ. 1 લાખ જેટલી છે. જ્યારે બજારમાં અન્ય સામાન્ય વેન્ટિલેટરની કિંમત રૂ. 6.50 લાખ જેટલી હોય છે અને અત્યારે તો તેની પણ ભયંકર શોર્ટેજ છ.

ધમણ નામ શા માટે

- ✓ જે રીતે હાર્મોનિયમમાં ધમણ હોય છે અને તે સૂરને જીવંત રાખે છે તે રીતે ફેફસાં પણ ધમણની શૈલી પર કામ કરીને જીવનના સૂરને જીવંત રાખે છે માટે તેનું નામ ધમણ રાખ્યું છે.

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા રાજકોટની કંપની જ્યોતિ સીએનસીના પરાક્રમસિંહ જાડેજાએ આજે ગાંધીનગરમાં ધમણ-1ને લોંચ કર્યું હતું. આગામી 10 દિવસમાં ગુજરાત સરકારને કંપની તરફથી 1000 ધમણ-1 વેન્ટિલેટર સપ્લાય કરાશે.

મેઈડ ઈન ગુજરાતની થીમ પર વેન્ટિલેટર

- ✓ કોરોના વાઈરસ સામેની લડાઈમાં વેન્ટિલેટરની સૌથી મહત્વની ભૂમિકા છે. પોઝિટિવ દર્દીને શ્વાસમાં તકલીફ પડે એટલે વેન્ટિલેટર પર તેને રાખવા પડે છે. આવામાં વેન્ટિલેટરની અછત સર્જાય તે સ્વાભાવિક છે.

- ✓ રાજકોટની જ્યોતિ સીએનસીએ ઓછા ખર્ચે અસરકારક વેન્ટિલેટર બનાવવાનો પડકાર ઝીલ્યો હતો અને પરાક્રમસિંહ જાડેજાએ મેઈડ ઈન ગુજરાત, મેઈડ ઈન રાજકોટ એવું આ વેન્ટિલેટર બનાવીને તેને કાર્યરત કરી દેખાડ્યું છે. 150 નિષ્ણાત ઈજનેરોની ટીમે 10 દિવસમાં વેન્ટિલેટર બનાવ્યું
- ✓ ડૉ. રાજેન્દ્રસિંહ પરમારની ટીમ કે જેણે 5 વર્ષ યુએસમાં કામ કર્યું છે તે આ મશીનનું બ્રેઈન છે. તેમની સાથે 150 નિષ્ણાત ઈજનેરોની ટીમ આ વેન્ટિલેટરને બનાવવાના કાર્યમાં જોડાઈ હતી. તેણે સાતેક દિવસમાં જ વેન્ટિલેટરની ડિઝાઈન અને પાર્ટ્સ એસેમ્બલિંગનું કાર્ય પૂરું કર્યું હતું.
- ✓ જ્યારે ગાંધીનગર ઈક્યૂડીસી ઈન્સ્ટિટ્યૂટમાં બે દિવસ સુધી તેનું પરીક્ષણ કરાયું હતું. આ વેન્ટિલેટર પરીક્ષણના બધા માપદંડો પર ખરું ઉતર્યું તે પછી તેને પ્રમાણિત કર્યું હતું અને સતત 10 કલાક સુધી તેનું પરીક્ષણ ચાલ્યું હતું.
- ✓ બધા પાર્ટ્સ સ્વદેશી, 26 કંપનીઓનું ધમણ-1માં યોગદાન
- ✓ વેન્ટિલેટર બનાવવા સુરત, જામનગર, મોરબી, મુંબઈ, ચેન્નઈ, બેંગ્લોર સહિતની ભારતીય કંપનીઓએ પાર્ટ્સ આપ્યા છે અને આ કારણે જ આ વેન્ટિલેટરની બનાવટનો ખર્ચ રૂ. 1 લાખથી પણ ઓછો આવ્યો છે.

સિવિલમાં દર્દી પર પરીક્ષણ સફળ, ધમણ-2-3 પણ બનાવશે

- ✓ અત્યારે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં ધમણ-1નું કોરોનાના પેશન્ટ પર પરીક્ષણ કરાયું હતું. આ વેન્ટિલેટર પાંચ કલાક કરતા વધુ સમયથી દર્દી પર સારી રીતે કામ કરી રહ્યું છે.
- ✓ ધમણ-1 એ પ્રેશર કંટ્રોલ્ડ ઈક્વિપમેન્ટ છે અને ખાસ કોવિડ-19ના પેશન્ટ માટે બનાવ્યું છે. તે ઈએમઆઈ ટેસ્ટ એટલે કે ઈલેક્ટ્રો મેગ્નેટિક ઈન્ટરફિયરન્સ ક્રાઈટેરિયાના ટેસ્ટમાં પણ સફળ થયું છે. આગળ જતાં તેઓ ધમણ 2 અને 3 પણ બનાવશે જે ઘણું એડવાન્સ્ડ વેન્ટિલેટર હશે.
- ✓ અત્યારની ઈમરજન્સીને ધ્યાનમાં રાખીને રિસ્પાયરેટરી સિસ્ટમને સપોર્ટ કરતું આ વેન્ટિલેટર બનાવ્યું છે.
- ✓ અત્યારે કંપનીએ 3 મશીન બનાવ્યા છે અને 3 દિવસ બાદ રોજના 100 મશીન બનાવી પહેલા 1000 વેન્ટિલેટર ગુજરાત સરકારને ડોનેટ કરશે. પછી બીજા રાજ્યોને આપશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. જાહેરાત : કોરોનાની તપાસ અને ઇલાજ હવે આયુષ્યમાન ભારત યોજના હેઠળ થઇ શકશે

- ✓ મૂળ યોજના - PMJAY



- ✓ કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેરાત
- ✓ અંદાજે ૫૦ કરોડ લોકોને લાભ મળશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલકૂદ : ભારતમાં પ્રથમવાર યોજાનાર FIFA અંડર-17 મહિલા વર્લ્ડ કપ કોરોના વાયરસને કારણે સ્થગિત

આગામી તા. 2 થી 21 નવેમ્બર 2020 દરમિયાન ભારતના વિવિધ શહેરોમાં મેચ યોજાવાની હતી.

- ✓ ફૂટબોલ નિયમનકારી સંસ્થા ફીફાએ કોરોના વાયરસને કારણે આ વર્ષે નવેમ્બરમાં ભારતમાં યોજાનારા ફીફા અન્ડર -17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપને મુલતવી રાખવાની ઘોષણા કરી.
- ✓ ફીફાએ જણાવ્યું હતું કે કોવિડ-19 રોગચાળાને પગલે તાજેતરમાં ફીફા કાઉન્સિલ બ્યુરો દ્વારા સ્થાપિત કરાયેલ ફીફા-કન્ફેડરેશન્સ વર્કિંગ ગ્રૂપ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- ✓ 'ફિફા વર્કિંગ ગ્રૂપે ઓગસ્ટ-સપ્ટેમ્બર 2020માં યોજાનારી ફીફા અન્ડર-20 મહિલા વર્લ્ડ કપ પનામા-કોસ્ટા રિકા 2020ને મુલતવી રાખવાનો નિર્ણય કર્યો હતો.
- ✓ નવી તારીખોની જાહેરાત પછી કરાશે.
- ✓ ફીફા અન્ડર -17 વર્લ્ડ .કપ ભારતના 2 નવેમ્બરથી 21 નવેમ્બર સુધી દેશના પાંચ શહેરોમાં યોજાવાનો હતો.
- ✓ **ફિફા પ્રમુખ - જિયાની ઈન્ફન્ટિનો**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૪-૨૦૨૦)

1. કેન્દ્ર સરકારે કોરોના વાયરસ સામે ફેસ કવર્સે માટે કઈ ગાઈડલાઈન જાહેર કરે છે - DIY
2. DIYનો વિસ્તૃત અર્થ જણાવો- "DO IT YOURSELF"
3. કોરોના વાયરસના સંક્રમણથી બચવા માટે તાજેતરમાં ભારત સરકાર સહિત વિશ્વની કઈ એક સંસ્થાએ "હોમમેડ પ્રોટેક્ટિવ કવર ફોર ફેસ એન્ડ માઉથ માસ્ક" પહેરવા અંગેની એડવાઇઝરી જાહેર કરી છે - WHO
4. વર્તમાન સ્થિતિને ધ્યાને રાખીને MII અને MIG અભિયાન હેઠળ રાજકોટની કઇ કંપનીએ સ્વદેશી વેન્ટિલેટર તૈયાર કર્યું છે - જ્યોતિ CNC
5. જ્યોતિ CNC દ્વારા તૈયાર કરાયેલું સ્વદેશી વેન્ટિલેટરને કયું નામ અપાયું - "ધમણ-1"

6. ગુજરાતમાં "ધમણ-1" વેન્ટિલેટરને સૌપ્રથમ કોરોના સંક્રમિત દરદીઓની સારવાર માટે કઈ હોસ્પિટલમાં મુકવામાં આવ્યું જેનું CM શ્રી વિજયભાઈ રૂપાણીએ નિરીક્ષણ કર્યું હતું - **સિવિલ હોસ્પિટલ- અમદાવાદ**
7. સ્વદેશી "ધમણ-1" વેન્ટિલેટરને તૈયાર કરનાર મુખ્ય ઈજનેરનું નામ જણાવો - **શ્રી પરાક્રમસિંહ જાડેજા**
8. સ્વદેશી "ધમણ-1" વેન્ટિલેટરને તૈયાર કરવામાં અંદાજે કેટલો ખર્ચે થાય છે - **રૂ. 1 લાખ**
9. વૈશ્વિક બજારમાં પ્રતિ વેન્ટિલેટરની અંદાજે કિંમત કેટલી છે - **રૂ. 6.5 લાખ**
10. રાજકોટની જ્યોતિ CNC પ્રથમ કેટલા વેન્ટિલેટર ગુજરાત સરકારને વિનામૂલ્યે સેવાના હેતુથી આપશે - **1000**
11. "ધમણ-1" વેન્ટિલેટર કયા પ્રકારનું સાધન છે - **"પ્રેશર કંટ્રોલ્ડ ઈક્વિપમેન્ટ"**
12. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કોરોનાની તપાસ અને સારવારને કઈ યોજના હેઠળ સામેલ કરવામાં આવી છે - **આયુષ્યમાન ભારત યોજના(PMJAY)**
13. કોરાના વાયરસને કારણે ભારતમાં યોજાનાર ફૂટબોલની કઈ વૈશ્વિકકક્ષાની ટૂર્નામેન્ટ સ્થગિત કરાઈ છે - **FIFA U-17 મહિલા વર્લ્ડ કપ**
14. વૈશ્વિકકક્ષાની ફુટબોલની નિયમનકારી સંસ્થા કઈ છે - **FIFA**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 05-04-2020



૧. કોરોના વાયરસ સામે લડવા PM મોદીનું 9pm9minute initiative (આરોગ્ય)



હેતુ-

- ✓ કોરોના વાયરસના સંક્રમણના કારણે દેશભરમાં ફેલાયેલા અંધકારને નાબૂદ કરવાના હેતુથી પ્રકાશ પર્વની ઉજવણી



- ✓ કોરોનાના અંધકારને હટાવવા કાશ્મિરથી કન્યાકુમારી સુધી પ્રકાશ પર્વ
- ✓ રવિવારે રાત્રે 9 કલાકે દેશમાં વીજળીની માંગ 117 ગીગાવોટથી ઘટીને 85.3 ગીગાવોટ થઈ ગઈ. ગ્રિડ ફેલ્યોરની શંકાઓ પોકળ પૂરવાર થઈ



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય – ગુજરાત સરકાર : કોરોનામાં ફરજ બજાવતા વિવિધ કર્મચારીઓને રૂ. 25 લાખની સહાય (વહીવટ)



કોનો કોનો સમાવેશ

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અગાઉ રાજયના કોઈ પોલીસ કર્મચારીનું કોરોના વાઇરસ કોવિડ-૧૯માં અવસાન થાય તો તેમના વારસને રૂ. ૨૫ લાખની સહાય આપવાની જાહેરાત કરેલી છે.
- ✓ હવે આવું છત્ર મહાનગરપાલિકા કે નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારી, આરોગ્ય સેવાના કર્મચારી, મહેસૂલ વિભાગના અધિકારી કે કર્મચારી, અન્ન અને નાગરિક પુરવઠા તંત્રના કર્મચારી કે સસ્તા અનાજના દુકાનધારકને પણ પૂરું પાડવાનો નિર્ણય જાહેર થયો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. હાઈડ્રોક્સિક્લોરોક્વીન દવા

વર્તમાન મહત્વ-

- ✓ મેલેરિયાની સારવારમાં વપરાતી આ દવા કોરોના વાયરસ સામે લડવા મહત્વની સાબિત થઈ રહી છે.
- ✓ ભારતમાંથી આ દવાના નિકાસ ઉપર પ્રતિબંધ છે. આ દવાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે.
- ✓ **ખાસ-** US પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પાસે આ દવાની માંગણી કરી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. LAMA : ગુજરાતમાં COVID-19ના શંકાસ્પદ દરદી હોસ્પિટલમાંથી સારવાર વિના ભાગી જશે તો તેની સામે LAMA હેઠળ ફોજદારી કાર્યવાહી કરાશે

- ✓ LAMA- લીવ અગેઈન્સ્ટ મેડિકલ એડવાઈઝરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. રેપિડ ટેસ્ટિંગ : ગુજરાતમાં કોરોના માટે રેપિડ ટેસ્ટિંગનો પ્રારંભ (આરોગ્ય)



વિગત

- ✓ ICMR તરફથી કોરોના માટેના રેપિડ ટેસ્ટિંગની 1000 કિટ ગુજરાત આવી જશે અને રાજ્યનું આરોગ્ય તંત્ર મોટાપાયે કોરોનાનું ટેસ્ટિંગ શરૂ કરશે.
- ✓ આ ટેસ્ટિંગ પદ્ધતિમાં વ્યક્તિના લોહી કે મૂત્રના નમૂનાનું પરિક્ષણ કરીને પણ કોરોનાના ચેપની વિગત ચકાસી શકાય છે.
- ✓ હજુ બે દિવસ પહેલા જ ICMR દ્વારા ભારતમાં આ ટેસ્ટિંગને મંજૂરી આપી છે.
- ✓ ICMR – ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ-નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : ૫ એપ્રિલ

૫૭મો 'નેશનલ મેરિટાઈમ ડે'

થીમ-૨૦૨૦ :-

- ✓ "Sustainable shipping for a sustainable planet."



- ✓ પ્રારંભ – ૫ એપ્રિલ-૧૯૬૪
- ✓ ઈતિહાસ– તા.૦૫-૦૪-૧૯૧૯ના રોજ સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીનું પ્રથમ સ્વદેશી જહાજ મુંબઈથી લંડનની સફરે નીકળ્યું હતુ. જે ભારતનું વિદેશી સફર કરનાર પ્રથમ જહાજ હતું.
- ✓ મહાત્મા ગાંધીએ આ દિવસને 'નેશનલ મેરિટાઈમ ડે' તરીકે ઉજવવાનું સૂચન કર્યું હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૪-૨૦૨૦)

1. ભારતમાં "નેશનલ મેરીટાઈમ ડે" ક્યારે મનાવાય છે - 5 એપ્રિલ
2. "નેશનલ મેરીટાઈમ ડે"-2020ની થીમ જણાવો- "સસ્ટેનેબલ શિપિંગ ફોર અ સસ્ટેનેબલ પ્લેનેટ"
3. ભારતમાં "નેશનલ મેરીટાઈમ ડે" બનાવવાનો પ્રારંભ કયા વર્ષે થયો હતો- 1964
4. વર્ષ 2020માં કેટલામો "નેશનલ મેરીટાઈમ ડે" ઉજવાયો - 57
5. ભારતમાં 5 એપ્રિલને "નેશનલ મેરીટાઈમ ડે" ઉજવવાનું સૂચન કોને કર્યું હતું - મહાત્મા ગાંધી
6. કોરોના વાયરસના અંધકારને હરાવવા હેતુથી ભારતમાં "પ્રકાશપર્વ"ની ઉજવણી ક્યારે કરાઈ- 5 એપ્રિલ-2020, રાત્રે 9:00 કલાકે
7. ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા ફરજ બજાવતા સંબંધિત વિભાગના કર્મચારીઓને મૃત્યુના કિસ્સામાં કેટલી આર્થિક સહાયની ગુજરાત સરકારે જાહેરાત કરી છે - રૂ. 25 લાખ
8. ભારતમાં મેલેરિયાની સારવારમાં વપરાતી કઈ દવા કોરોના વાયરસ સામે લડવા મહત્વની સાબિત થઇ રહી છે - હાઈડ્રોક્સિક્લોરોક્વિન
9. ભારતમાં મેલેરિયાની સારવારમાં વપરાતી કઈ દવા કોરોના વાયરસ સામે લડવા મહત્વની સાબિત થઇ રહી છે જે દવાની અમેરિકાએ ભારત પાસે માગણી કરી છે, જેના નિકાસ ઉપર ભારતે પ્રતિબંધ મૂક્યો છે - હાઈડ્રોક્સિક્લોરોક્વિન

10. ગુજરાતમાં કોરોના વાયરસની સારવાર દરમિયાન કોઈ દરદી હોસ્પિટલમાંથી ભાગી જાય તો તેની સામે કયા એક્ટ હેઠળ ફોજદારી કાર્યવાહી કરાશે - **LAMA**
11. LAMAનું વિસ્તૃત નામ જણાવો - **લીવ અગેઈન્સ્ટ મેડિકલ એડવાઈઝરી**
12. કોરોના સામે 'રેપિડ ટેસ્ટિંગ' પદ્ધતિમાં દરદીના કયા ટેસ્ટ કરવામાં આવે છે - **લોહી અને મૂત્ર**
13. કોરોના સામે 'રેપિડ ટેસ્ટિંગ' પદ્ધતિને કઈ સંસ્થાએ માન્યતા આપી છે - **ICMR**
14. ICMRનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ- નવી દિલ્હી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A - DATE : 06-04-2020



૧. કેન્દ્રીય કેબિનેટ : મહત્વનો નિર્ણય (વહીવટ)



1. કોરોના સામે લડવા પીએમ સહિતના તમામ સાંસદોના પગારમાં એક વર્ષ સુધી ૩૦ ટકાનો કાપ
2. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તમામ રાજ્યપાલ, વડાપ્રધાન અને તમામ સાંસદો દ્વારા આગામી એક વર્ષ સુધી પોતાના પગારનો ૩૦ ટકા હિસ્સો લેશે નહીં.
   ૧ એપ્રિલ ૨૦૨૦થી એક વર્ષ સુધી અમલી રહેશે.
3. દરેક સાંસદને પોતના મત વિસ્તારના વિકાસ માટે મળતું વર્ષે રૂ. ૧૦ કરોડનું એમપી લોકલ એરિયા ડેવલપમેન્ટ ફંડ (MPLAD) પણ બે વર્ષ સુધી સ્થગિત કરાયુ
   સાંસદોને આ યોજના માટે દર વર્ષે દસ-દસ કરોડ રૂપિયા આપવામાં આવે છે. હવે આગામી બે વર્ષ સુધી આ રકમ કન્સોલિડેટેડ ફંડ ઓફ ઇન્ડિયામાં જમા કરવામાં આવશે.
   - ✓ આ સંયુક્ત રકમ અંદાજે રૂ. ૭,૯૦૦ કરોડ રૂપિયા થાય છે.
   - ✓ હેતુ: કોરોના મહામારીને અટકાવવામાં આર્થિક મદદ મળી રહે તે માટે.
4. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના મંત્રી અને તમામ ધારાસભ્યોના પગારમાં એક વર્ષ સુધી ૩૦ ટકાનો કાપ

- ✓ આ ઉપરાંત ધારાસભ્યના મતવિસ્તારના વિકાસની ગ્રાંટ પણ કોરોના સામે લડવા ઉપયોગ કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના સંક્રમણ : પ્રાણી (આરોગ્ય)

ન્યુયોર્ક-USAના બ્રોંક્સ ઝૂની વાઘણ નાદિયાને કોરોનાનો ચેપ

- ✓ બિન પાલતું પ્રાણીમાં માણસ દ્વારા કોરોના સંક્રમણનો આ પ્રથમ કેસ
- ✓ સાવચેતીના ભાગરૂપે ભારતના તમામ ઝૂ, નેશનલ પાર્ક અને ટાઇગર રિઝર્વ હાઈ એલર્ટ પર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સ્માર્ટ સિટી : ભારતના સ્માર્ટ સિટી રેન્કિંગમાં અમદાવાદ પ્રથમ ક્રમે (શહેરી વિકાસ)

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : ૬ એપ્રિલ

(૧) વિશ્વ રમત દિવસ



- ✓ **હેતુ-** વિકાસ અને શાંતિ માટે રમત જરૂરી
- ✓ **નામ-** ઈન્ટરનેશનલ ડે ઓફ સ્પોર્ટ્સ ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ
- ✓ **ઈતિહાસ :** એથેન્સ, ગ્રીસમાં ૧૮૯૬માં ઓલિમ્પિક રમતોત્સવનો પ્રથમ પ્રારંભ થયો હતો.
- ✓ IOC દ્વારા તેની યાદમાં તા.૬ એપ્રિલ-૨૦૧૪થી આ દિવસની ઉજવણી કરાઈ છે
- ✓ **IOC-** ઈન્ટરનેશનલ ઓલિમ્પિક્સ કમિટી
- ✓ **આયોજક -** UNO
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(2) ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ

સ્થાપના : ૬ એપ્રિલ-૧૯૮૦



- ✓ હાલમાં ભારતની સૌથી મોટી રાજકીય પાર્ટી બીજેપી
- ✓ મૂળ નામ : જનસંઘ (૧૯૫૦)

✓ સ્થાપક : શ્યામાપ્રસાદ મુખર્જી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મજયંતિ : ચૈત્ર સુદ-૧૩

મહાવીર જયંતિ



પાંચ સિદ્ધાંતો-

1. અહિંસા
2. સત્ય
3. અચૌર્ય
4. બ્રહ્મચર્ય
5. અપરિગ્રહ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : ૬ એપ્રિલ

નાટયકાર, કવિશ્રી : ચંદ્રવદન મહેતા



જન્મ – ૬ એપ્રિલ-૧૯૦૧

અવસાન – ૧૯૯૨

✓ આજે ગુજરાતના ઉચ્ચ દરજ્જાના નાટ્યકાર, કવિ અને ચરિત્રકાર ચંદ્રવદન મહેતાનો જન્મદિન છે. ગુજરાતના વિદ્યાજગતમાં ચં. ચી. મહેતા તરીકે પ્રસિદ્ધ.

✓ સુરતમાં જન્મેલાં ચંદ્રવદન મહેતા નાનપણથી જ તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ ધરાવતા હતા. પ્રાથમિક શિક્ષણ વડોદરા, માધ્યમિક શિક્ષણ સુરતથી અને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજથી સ્નાતક થયા હતા. કોલેજ પૂરી કરી શિક્ષક બન્યા.

✓ નાટકના અનહદ શોખને કારણે આકાશવાણીમાં નોકરી સ્વીકારી. મુંબઈ-અમદાવાદ આકાશવાણીમાં નિયામકના હોદ્દે પણ રહ્યા.

✓ આકાશવાણીની નોકરીએ તેમના નાટકના શોખને ઊર્જા પૂરી પાડી. રંગભૂમિની સૂઝ અને તખ્તાને જીવંત કરતાં અનેક નાટકો તેમણે રચ્યા છે.

✓ જેમાં આગગાડી, મેના પોપટ, રમકડાંની દુકાન, શેતલને કાંઠે, હોહોલિકો મુખ્ય છે.

✓ તેમનાં નાટકોએ ગુજરાતમાં થિયેટર મૂવમેન્ટનો પાયો નાંખ્યો હતો.

✓ નર્મદ ચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ એમ અનેક રીતે સન્માન થયું છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૪-૨૦૨૦)

1. કેન્દ્રીય કેબિનેટ દ્વારા કોરોના સામે લડવા માટે ફંડ એકત્રિત કરવા આગામી એક વર્ષે સુધી વડાપ્રધાન સહિત તમામ સાંસદના પગારમાં કેટલા ટકાનો કાપ મુકવાનો નિર્ણય કરાયો છે - 30%
2. કેન્દ્રીય કેબિનેટ દ્વારા કોરોના સામે લડવા માટે ફંડ એકત્રિત કરવા આગામી કયા માસથી સાંસદના પગારમાં 30%ના કાપનો પ્રારંભ થયો - 01.04.2020
3. કેન્દ્ર સરકાર દ્વારા કોરોના મહામારી સામે આર્થિક સહયોગના હેતુથી સાંસદોને તેમના મત વિસ્તારના વિકાસ માટે અપાતું ફંડ કેટલા વર્ષ માટે સ્થગિત કરવામાં આવ્યું છે - 2 વર્ષે
4. કેન્દ્ર સરકાર દ્વારા સાંસદોને તેમના મત વિસ્તારના વિકાસ માટે દર વર્ષે કેટલું ફંડ આપવામાં આવે છે- રૂ.10 કરોડ
5. કેન્દ્ર સરકાર દ્વારા સાંસદોને તેમના મત વિસ્તારના વિકાસ માટે આપવામાં આવતું ફંડ કયા નામે ઓળખાય છે - MPLAD
6. MPLAD નું વિસ્તૃત નામ જણાવો - મેમ્બર ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ ફંડ
7. કોરોના વાયરસ સામે આર્થિક મદદના હેતુથી બે વર્ષ માટે અટકાવવામાં આવેલ MPLAD ફંડની અંદાજે કેટલી રકમ ઉપયોગમાં લેવાશે- રૂ.7900 કરોડ
8. આગામી બે વર્ષ માટે MPLADની રકમ કયા ફંડમાં જમાં લેવાશે- કન્સોલિડેટેડ ફંડ ઓફ ઈન્ડિયા
9. ગુજરાત સરકારે પણ કેન્દ્ર સરકારની જેમ તમામ મંત્રી અને ધારાસભ્યના પગારમાંથી કેટલી રકમ કોરોના મહામારી સામે લડવા આપવાનો નિર્ણય કર્યો છે - 30%
10. ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને તમામ રાજ્યપાલ પણ તેમના પગારમાંથી કેટલો હિસ્સો કોરોના મહામારી સામે લડવા આપશે- 30%
11. વિશ્વમાં સૌપ્રથમ બિન પાલતુ પ્રાણીઓમાં કોરોના સંક્રમણની પ્રથમ ઘટના કયા શહેરના કયા પ્રાણી સંગ્રહાલયમાં નોંધાઇ છે - ન્યૂયોર્ક-બ્રોંકસ ઝૂ
12. વિશ્વમાં સૌપ્રથમ બિન પાલતું પ્રાણીઓમાં કોરોના સંક્રમણની પ્રથમ ઘટના કયા પ્રાણીમાં જોવા મળી છે- નાદિયા વાઘણ
13. એપ્રિલ-2020ના પ્રારંભે સ્માર્ટ સિટી રેન્કિંગમાં અમદાવાદને સમગ્ર દેશમાં કયો ક્રમ પ્રાપ્ત થયો છે - 01
14. "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - 6 એપ્રિલ
15. "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" કોના દ્વારા ઉજવવામાં આવે છે - ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી
16. વિશ્વમાં સૌપ્રથમ ઓલમ્પિકનો પ્રારંભ ક્યારે થયો હતો જેની યાદમાં "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" ઉજવાય છે- 6 એપ્રિલ 1896
17. પ્રથમ ઓલમ્પિક કયા શહેર-દેશમાં રમાયો હતો- એથેન્સ- ગ્રીસ
18. યુનાઇટેડ નેશન્સ દ્વારા આંતર રાષ્ટ્રીય રમત દિવસને અન્ય કયા નામથી મનાવવામાં આવે છે-ઇન્ટરનેશનલ ડે ઓફ સ્પોર્ટ્સ ફોર ડેવલોપમેન્ટ એન્ડ પીસ
19. IOC દ્વારા "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી કરાયો- 2014
20. વર્તમાન સ્થિતિએ ભારતના સૌથી મોટો રાજકીય પક્ષનું નામ જણાવો - ભારતીય જનતા પાર્ટી
21. ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ જણાવો- 6 એપ્રિલ 1980
22. ભારતીય જનતા પાર્ટી અગાઉ કયા નામે ઓળખાતી હતી - જનસંઘ
23. જનસંઘના સ્થાપક કોણ હતા - શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી
24. મહાવીર જયંતિ કયારે ઉજવવામાં આવે છે – ચૈત્ર સુદ તેરસ
25. ભગવાન મહાવીરે આપેલા પાંચ સિદ્ધાંતો જણાવો - 1.અહિંસા 2. સત્ય 3. અચૌર્ય 4.બ્રહ્મચર્ય 5.અપરિગ્રહ
26. ગુજરાતના નાટયકાર અને કવિ શ્રી ચંદ્રવદન મહેતાનો જન્મદિવસ જણાવો – ૬ એપ્રિલ-૧૯૦૧
27. ગુજરાતના વિદ્યા જગતમાં ચંદ્રવદન મહેતા કયા નામે ઓળખાતા હતા – ચં.ચી. મહેતા
28. ચંદ્રવદન મહેતાનું જન્મસ્થળ જણાવો – સુરત

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 07-04-2020



૧. કોરોના સંક્રમણ : કોરોના સંક્રમીત એક દરદી લોકડાઉનનું પાલન ન કરે તો ૩૦ દિવસ અંદાજે ૪૦૬ લોકોને વાઈરસનો ચેપ લગાડી શકે



- ✓ તારણ – ICMR-નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય : સોશિયલ મીડિયા (કાયદો-વ્યવસ્થા)



- ✓ વોટ્સએપ પર કોરોના અંગે સાવચેતીના ભાગરૂપે એક વખતમાં એક જ યુઝરનો મેસેજ ફોરવર્ડ કરી શકાશે
- ✓ અત્યાર સુધી વર્ષ-૨૦૧૯થી એક સાથે પાંચને મેસેજ ફોરવર્ડ કરી શકાતો હતો જેમાં હવે કોરોના અંગેના ખોટા મેસેજ રોકવા આ નિર્ણય કરાયો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિર્ણય : ગુજરાત સરકાર – MLA ગ્રાન્ટ (વહીવટ)

વિગત

✓ MLAને મળતી વાર્ષિક રૂ. ૧.૫૦ કરોડની ગ્રાન્ટ પણ આગામી એક વર્ષ સુધી કોરોના અટકાવવા માટે વપરાશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના ઈફેક્ટ

1. ૧ એપ્રિલ-૨૦૨૦ના રોજ, સંયુકત રાષ્ટ્રએ જાહેરાત કરી કે નવેમ્બર ૨૦૨૦માં ગ્લાસગોમાં યોજાનારી સીઓપી ૨૬ મી (કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ) ૨૦૨૧ સુધી મુલતવી રાખવામાં આવી છે.
2. ભારત અને ચીને COVID-૧૯ રોગચાળાને કારણે તેમના રાજદ્વારી સંબંધોની ૭૦મી વર્ષગાંઠની ઉજવણી માટે નિર્ધારિત તમામ ઇવેન્ટ્સ મુલતવી રાખી છે.
   જોકે બંને દેશોના નેતાઓએ અભિનંદન સંદેશાઓની આપ-લે કરી હતી.
   ભારત એશિયામાં પ્રથમ બિનસામ્યવાદી દેશ છે જેણે પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇના સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા.
3. પૂણે સ્થિત માયલાબ ડિસ્કવરીની સંશોધન અને વિકાસ ટીમે કોવિડ-૧૯ રોગ માટે પ્રથમ વખત ભારતમાં ઉત્પાદિત એક ટેસ્ટ કિટ વિકસાવી છે. તે પહેલી સ્વદેશી કિટ છે, જેને છ અઠવાડિયાંના રેકોર્ડ સમયમાં વિકસાવવામાં આવી છે, જેને 'પેથો ડિટેક્ટ' નામ આપવામાં આવ્યું છે. સામાન્ય રીતે આવી ટેસ્ટ કિટ વિકસાવવામાં ત્રણથી ચાર મહિના લાગે છે.
4. પર્યટન મંત્રાલયે વિદેશી પર્યટકોને સહાય માટે પોર્ટલ 'સ્ટ્રેન્ડ ઇન ઇન્ડિયા' શરૂ કર્યું. આ પોર્ટલનો ઉદ્દેશ COVID-૧૯નાં જોખમો વચ્ચે તેમના દેશથી દૂર અટવાયેલા વિદેશી પ્રવાસીઓને માહિતી પૂરી પાડવાનો છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. RBI : રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની ઓવરડ્રાફ્ટ સુવિધા ૧૪ દિવસથી વધારીને ૨૧ દિવસ કરાઈ (આર્થિક)



✓ આ ઉપરાંત ત્રિમાસિક ગાળા માટે ઓવર ડ્રાફટની અવધિ ૫૦ દિવસ કરાઈ

✓ સમયગાળો - તા.૩૦-૦૯-૨૦૨૦ સુધી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નવતર પહેલ : CBSE દ્વારા ધોરણ-૯ અને ૧૦માં નવ વિષયનો વિકલ્પ અપાશે (શિક્ષણ)

વિગતવાર માહિતી

11મા ધોરણ માટે ત્રણ સ્કિલ કોર્સ

- ✓ સીબીએસઈ 11માં ધોરણ માટે ડિઝાઈન થિંકિંગ, ફિઝિકલ એક્ટિવિટી ટ્રેનર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નામના ત્રણ વિષયની શરૂઆત કરશે, જે 2020-21થી ભણાવાશે.
૫.દિન વિશેષ : 13 એપ્રિલ

જલિયાવાલા બાગ હત્યાકાંડ



✓ તારીખ ૧૩મી એપ્રિલ 1919

✓ સ્થાન : અમૃતસર (પંજાબ)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૪-૨૦૨૦)

1. વૈશ્વિક સ્તરે તેલ ઉત્પાદનમાં ઘટાડો કરવા એપ્રિલ-2020માં કોની કોની વચ્ચે સહમતિ થઈ છે - **ઓપેક દેશો અને રશિયા**
2. આગામી મે અને જૂન 2020 દરમિયાન તેલ ઉત્પાદનમાં દૈનિક કેટલા બેરલનો કાપ મૂકવામાં આવશે - **97 લાખ બેરલ**
3. આગામી જુલાઈ 2020 પછી તેલ ઉત્પાદનમાં આ કાપ ઘટાડીને દૈનિક કેટલો કરાશે - **80 લાખ બેરલ**
4. કોરોનાના કારણે ક્રૂડ ઓઈલની વૈશ્વિક સપ્લાયમાં લગભગ કેટલા ટકા જેટલો ઘટાડો નોંધાશે - **20 %**
5. વૈશ્વિક સ્તરે તેલ ઉત્પાદન ઘટાડવાનો નિર્ણય કયાં સુધી ચાલુ રાખવામાં આવશે- **વર્ષે 2020**
6. OPECનું વિસ્તૃત નામ જણાવો - **ધ ઓર્ગેનાઇઝેશન ઓફ ધ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રિઝ**

7. OPECનું સ્થાપના વર્ષે જણાવો - **14.09.1965 (મૂળ-1960)**
8. OPECનું વર્તમાન વડુમથક જણાવો - **વિયાના-ઓસ્ટ્રિયા**
9. OPECના કુલ સભ્ય દેશો જણાવો-**13**
10. ADBએ કોરોના સામે લડતા દક્ષિણ એશિયન દેશોને આપવાની નાણાકીય સહાયમાં કેટલો વધારો કર્યો - **13.05 બિલિયન ડૉલર**
11. ADB દ્વારા કોરોના સામે લડતા દક્ષિણ એશિયન દેશોને હવે કુલ કેટલી નાણાકીય સહાયમાં કરવામાં આવશે- **20 બિલિયન ડૉલર**
12. દુઃખદ જલિયાંવાલા બાગ હત્યાકાંડની તારીખ જણાવો - **13.04.1919**
13. વર્ષે 2020માં જલિયાંવાલા બાગ હત્યાકાંડની કેટલામી વરસી છે- **101**
14. જલિયાંવાલા બાગ કયા શહેર-રાજ્યમાં આવેલો છે- **અમૃતસર,પંજાબ**
15. જે દરદી કોરોનાથી સાજા થયા હોય અને તેમના લોહીમાં રહેલા પ્લાઝમાને અલગ તારવીને કોરોનાથી પિડાતા દરદીમાં ઈન્જેક્ટ કરવામાં આવે તેને કઈ થેરપી કહેવાય છે જેને તાજેતરમાં સફળતા મળી છે - **કોન્વાલેસેન્ટ પ્લાઝમા થેરપી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 14-04-2020



૧. લૉકડાઉન: ભારતમાં કોરોના વાયરસને હરાવવા માટે લૉકડાઉન આગામી તારીખ ૦૩ મે ૨૦૨૦ સુધી લંબાવાયું



Lockdown 2.0: PM Modi spells out seven-point strategy

લૉકડાઉન-૧ :

✓ ૨૧ દિવસ

✓ તારીખ ૨૫ માર્ચથી ૧૪ એપ્રિલ-૨૦૨૦

લૉકડાઉન-૨ :

✓ ૧૯ દિવસ

✓ તારીખ ૧૫ એપ્રિલથી ૩ મે ૨૦૨૦

વડાપ્રધાનશ્રી દ્વારા જનતાને આ સાત પગલાઓ-સપ્તપદી મંત્રનું અવશ્ય પાલન કરવાની અપીલ

1. ઘરના વડીલોનું ધ્યાન રાખો, જૂની બીમારીથી પીડાતા પરિવારના વડીલોની વિશેષ કાળજી લો.
2. લૉકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન કરવું જ પડશે, હમેશાં ઘરમાં તૈયાર કરેલા માસ્કનો ઉપયોગ કરો
3. રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુષ મંત્રાલયે આપેલી માર્ગદર્શિકાનું પાલન કરો.
4. દરેક વ્યક્તિએ આરોગ્ય સેતુ મોબાઇલ એપ ડાઉનલોડ કરવી જોઈએ.
5. ગરીબોને શક્ય એટલી તમામ મદદ કરો, તેમની અન્નની જરૂરિયાતો પૂરી પાડો.
6. ઔદ્યોગિક જગતમાં કોઈની નોકરીમાંથી હકાલપટ્ટી ન કરશો, સહકર્મચારીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખો.
7. આપણા ડોક્ટરો, સફાઈ કર્મચારીઓ, પોલીસ વગેરેનું તેમના યોગદાન માટે સન્માન કરો.

"વયં રાષ્ટ્ર જાગ્રયામ"

✓ **અર્થ :** આવો આપણે રાષ્ટ્રને જગાડીને તેની સુરક્ષા કરીએ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય : ગુજરાત સરકાર (કાયદો-વ્યવસ્થા)

ગુજરાત : અમદાવાદમાં ગત ૧૮ વર્ષ પછી કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત એવા કોટવિસ્તાર અને દાણીલીમડામાં તારીખ 21 એપ્રિલ 2020 સુધી કરફ્યુ લદાયો

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. સંશોધન : ICMR દ્વારા ચામાચીડિયામાં વધુ એક વાયરસ શોધાયો (આરોગ્ય)

નવા શોધાયેલા વાઈરસનું નામ : બેટ કોરોના

વિસ્તૃત વિગતો

✓ જોકે વિજ્ઞાનીઓએ સ્પષ્ટતા કરી કે તેને કોરોના વાઈરસ (કોવિડ–19) સાથે કોઈ લિન્ક નથી.

✓ આ અભ્યાસ 2018-19માં ચાલી રહ્યો હતો અને ત્યારે કોવિડ-19 અસ્તિત્વમાં પણ નહોતો.

✓ આઈસીએમઆરે ચામાચીડિયાની બે પ્રજાતિઓ ટ્રોપસ અને રાઉસ્ટસ પર અભ્યાસ કર્યો.

✓ ટ્રોપસ ચામચીડિયાના નમૂના કેરળ, કર્ણાટક, ચંદીગઢ, ગુજરાત, હિમાચલપ્રદેશ, ઓડિશા, પુડુચેરી, પંજાબ, તેલંગાણા અને તમિલનાડુથી લેવાયા હતા.

✓ રાઉસ્ટસ ચામાચીડિયાના નમૂના કેરળ, કર્ણાટક, ચંદીગઢ, ગુજરાત, ઓડિશા, પંજાબ અને તમિલનાડુથી લેવાયા હતા.

✓ ટ્રોપસના 508 માંથી 21, જોકે રાઉસ્ટસના 78માંથી 4 નમૂના પોઝિટિવ મળ્યા હતા.

✓ જોકે કેરળ, હિમાચલપ્રદેશ, પુડુચેરી અને તમિલનાડુના જ ચામાચીડિયાથી લેવાયેલા નમૂના જ પોઝિટિવ મળ્યા હતા.

✓ આઈસીએમઆરના અભ્યાસમાં કહેવાયું છે કે હાલ ભારતમાં ચામાચીડિયાની બે પ્રજાતિઓમાં આ વાઈરસ મળ્યો છે. ભવિષ્યમાં આવા વાઈરસથી ફેલાતી મહામારી વિશે જાણી શકાય અને તેની ઓળખ કરી સારવારની રીત વિકસાવી શકાય.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સંશોધન : આરોગ્ય સુરક્ષા

ભારતીય નેવીના દક્ષિણ કમાન્ડ દ્વારા કોરોના સંક્રમિત દર્દીની સુરક્ષિત હવાઈયાત્રા માટે 'એર ઈવાક્યુએશન પોડ' વિકસાવ્યું

હેતુ

- ✓ કોચી(કેરળ)ના ભારતીય નેવીના દક્ષિણ કમાન્ડે એર ઇવાક્યુએશન પોડ વિક્સાવ્યું.
- ✓ તેનાથી કોરોના દર્દીની હવાઈ યાત્રા સુરક્ષિત થઈ જાય છે અને તેમને એક સ્થળેથી બીજે સ્થળે સહેલાઈથી લઈ જવાય છે.
- ✓ તેનાથી બીજાને સંક્રમણ ફેલાવાનું જોખમ પણ રહેતું નથી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વૈશ્વિક અર્થતંત્ર : અહેવાલ



- ✓ IMF અને વર્લ્ડ બેંકના એપ્રિલ-૨૦૨૦ના વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક અહેવાલ મુજબ આ વર્ષે-૨૦૨૦-૨૧માં ભારતનો વિકાસદર ૧.૯ ટકા જયારે ચીનનો વિકાસદર ૧.૨ ટકા રહેવાનો અંદાજ
- ✓ આ ઉપરાંત આવતા વર્ષે ભારતનો GDP ૭.૪ ટકા સુધી જઈ શકે છે જયારે ચીનનો ૯.૨ ટકા રહેવાનો અંદાજ.
- ✓ **સ્ત્રોત :** IMF અને વર્લ્ડ બેંકની USના વોશિંગ્ટન ખાતે યોજાયેલી બેઠકમાંથી માહિતી ઉપલબ્ધ (તા.૧૪-૦૪-૨૦૨૦)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દેશનું પ્રથમ : "કોરોના કેર સેન્ટર" અમદાવાદ ખાતે કાર્યરત



- ✓ **ક્ષમતા -** કુલ ૨૦૦૦ દરદીઓને સારવાર આપી શકાય
- ✓ **સ્થળ:** સમરસ હોસ્ટેલ, યુનિવર્સિટી કેમ્પસ, અમદાવાદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ જયંતી - 14 એપ્રિલ : ભારત રત્ન અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૯મી જન્મજયંતી



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૪-૨૦૨૦)

1. ભારતમાં કોરોના વાયરસને હરાવવા આગામી કઈ તારીખ સુધી લૉકડાઉન લંબાવાયું- **03 મે 2020 (19દિવસ)**
2. ભારતમાં કોરોના વાયરસને હરાવવા વડાપ્રધાન શ્રી દ્વારા દેશના લોકોને કયા મંત્રનું અવશ્ય પાલન કરવા કર્યો છે - **સપ્તપદી મંત્ર- સાત પગલા**
3. લૉકડાઉન દરમિયાન ભારતના વડાપ્રધાન દ્વારા રાષ્ટ્ર જોગ સંદેશમાં કહેવામાં આવેલ "વયં રાષ્ટ્ર જાગ્રયામ"નો અર્થ જણાવો - **"આવો આપણે રાષ્ટ્રને જગાડીને તેની સુરક્ષા કરીએ"**
4. ભારતમાં કોરોના વાયરસને હરાવવા માટેના લૉકડાઉનના પ્રથમ બે તબક્કા કેટલા દિવસના હતા - **21 અને 19 દિવસ**
5. કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુથી અમદાવાદના કોરોના વાયરસથી કયા સૌથી વધુ પ્રભાવિત વિસ્તારમાં તા.15 એપ્રિલથી કરફ્યુ લાદવામાં આવ્યો- **કોટ વિસ્તાર અને દાણીલીમડા**
6. તાજેતરમાં ICMR દ્વારા ચામાચીડિયામાંથી વધુ એક નવો વાયરસ શોધાયો- **બેટ કોરોના**
7. તાજેતરમાં ICMR દ્વારા ચામાચીડિયાની કઈ બે પ્રજાતિઓમાંથી "બેટ કોરોના" નવો વાયરસ શોધો- **ટ્રોપસ અને રાઉસ્ટસ**
8. ICMR દ્વારા કરાયેલી સ્પષ્ટતા મુજબ નવા શોધાયેલા બેટ કોરોના વાયરસને વર્તમાન કયા વાયરસ સાથે કોઈ જોડાણ નથી- **COVID-19**
9. તાજેતરમાં ICMR દ્વારા નવા શોધાયેલા બેટ કોરોના માટે કયા રાજ્યોમાંથી લેવામાં આવેલ ચામાચીડિયાના નમૂના પોઝિટિવ મળ્યા હતા - **કેરળ, હિમાચલ પ્રદેશ,પુડુચેરી અને તમિલનાડુ**
10. કોરોના સંક્રમિત દર્દીઓને સુરક્ષિત હવા યાત્રા માટે ભારતીય નૌકાદળ દ્વારા કયું નવું પોડ વિકસાવવામાં આવ્યું - **"એર ઈવાક્યુએશન પોડ"**
11. "એર ઈવાક્યુએશન પોડ" ભારતીય નેવીના કયા કમાન્ડ દ્વારા વિકસાવવામાં આવ્યું છે - **દક્ષિણ કમાન્ડ-કોચી(કેરળ)**
12. તાજેતરના એપ્રિલ-2020ના IMF અને વર્લ્ડ બેંકના ઇકોનોમિક આઉટલૂક અહેવાલ મુજબ વર્ષ 2020-21માં ભારત અને ચીનનો વિકાસ દર કેટલા ટકા રહેવાનો અંદાજ છે - **1.9 % અને 1.3 %**
13. એપ્રિલ 2020માં દેશનું પ્રથમ "કોરોના કેર સેન્ટર" કયાં કાર્યરત કરાયું - **સમરસ હોસ્ટેલ, અમદાવાદ**
14. દેશના પ્રથમ "કોરોના કેર સેન્ટર"ની સારવાર ક્ષમતા જણાવો - **2000 દરદી**
15. બંધારણના ઘડવૈયા, ભારતરત્ન ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી જણાવો - **14 એપ્રિલ**
16. ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની વર્ષે 2020માં કેટલામી જન્મ જયંતી ઉજવાઇ - **129મી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 15-04-2020



૧. લૉકડાઉન 2.0 : ભારતમાં અર્થતંત્રને પુન: ધબકતું કરવા કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૦ એપ્રિલથી અમુક ક્ષેત્રોમાં આંશિક છૂટછાટ આપતી માર્ગદર્શિકા જાહેર

ઈકોનોમી બૂસ્ટર : આ ક્ષેત્રમાં છૂટછાટ અપાઈ

વિવિધ ૧૨ સેક્ટર

(૧) તમામ આરોગ્ય સેવાઓ

- ✓ હોસ્પિટલ, ક્લિનિક, ટેલિમેડિસિન ફેસિલિટી, ડિસ્પેન્સરી, ફાર્મસી, જનઔષધિ કેન્દ્રો સહિત દવાની દુકાન, મેડિકલ ઇક્વિપમેન્ટ શોપ
- ✓ મેડિકલ લેબોરેટરી અને કલેક્શન સેન્ટર, રિસર્ચ લેબ, વેટરનરી હોસ્પિટલ, ડિસ્પેન્સરી, પેથોલોજી લેબ, રસી અને દવાઓના સપ્લાય અને વેચાણ
- ✓ હોમ કેર પ્રોવાઇડર્સ, હોસ્પિટલોને પુરવઠો આપતી સંસ્થાઓ
- ✓ ફાર્માસ્યુટિકલ, મેડિકલ ડિવાઇસ, મેડિકલ ઓક્સિજન, પેકેજિંગ, રો મટિરિયલના મેન્યુફેક્ચરિંગ એકમો
- ✓ એમ્બ્યુલન્સનાં ઉત્પાદન સહિત મેડિકલ-હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું કન્સ્ટ્રક્શન

(૨) કૃષિ સેક્ટર સંબંધિત પ્રવૃત્તિઓ

- ✓ ખેતરોમાં ખેડૂત, ખેતમજૂરોની કામગીરી
- ✓ એમએસપી ઓપરેશન અને કૃષિ ઉત્પાદન ખરીદતી એજન્સીઓ
- ✓ રાજ્યો-યુટી અથવા એપીએમસી દ્વારા સંચાલિત મંડીઓ, રાજ્ય-યુટી-ઇન્ડસ્ટ્રી દ્વારા સીધા માર્કેટિંગ ઓપરેશનો, ખેડૂત સંગઠનો-સહકારી જૂથો દ્વારા માર્કેટિંગ ઓપરેશનો
- ✓ કૃષિ મશીનરી અને તેમના સ્પેરપાર્ટ્સની દુકાનો, રિપેરિંગની દુકાનો
- ✓ ફાર્મ મશીનરી સાથે સંબંધિત કસ્ટમ હાયરિંગ કેન્દ્રો
- ✓ ખાતર, જંતુનાશકો, બિયારણોનું ઉત્પાદન, વિતરણ અને વેચાણ
- ✓ વાવણી અને કાપણીને સંબંધિત મશીનરીની ઇન્ટર સ્ટેટ મૂવમેન્ટ

(૩) ફિશરીઝ, હેચરીઝ, ફીડ પ્લાન

- ✓ દરિયામાં અને આંતરિક વિસ્તારોમાં માછીમારી– એક્વાકલ્ચર ઇન્ડસ્ટ્રીની પ્રવૃત્તિ
- ✓ હેચરીઝ, ફીડ પ્લાન્ટ અને કોર્મિશયલ મત્સ્ય ઉત્પાદન
- ✓ માછલી, ઝીંગા, ફિશ સીડ અને કામદારોનું પરિવહન

(૪)પશુપાલન, પોલ્ટ્રી, લાઇવ સ્ટોક ફાર્મિંગ

- ✓ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ દ્વારા મિલ્ક કલેક્શન, પ્રોસેસિંગ, ડિસ્ટ્રિબ્યૂશન. દૂધ અને દૂધની બનાવટોનું પરિવહન અને વેચાણ, સપ્લાય ચેઇન
- ✓ પોલ્ટ્રી અને હેચરિંગ, લાઇવ સ્ટોક ફાર્મિંગ પ્રવૃત્તિ સહિત પશુપાલન ફાર્મની કામગીરી
- ✓ પશુ આહારનું ઉત્પાદન જેમાં રો મટિરિયલનો સપ્લાય પણ સમાવિષ્ટ
- ✓ ગૌશાળા સહિતના પશુ શેલ્ટર હોમની કામગીરી

(૫) ફાઇનાન્શિયલ સેક્ટર

- ✓ આરબીઆઇ અને આરબીઆઇ દ્વારા ફાઇનાન્શિયલ બજારો અને એનપીસીઆઇ, સીસીઆઇએલ જેવાં એકમો, પેમેન્ટ સિસ્ટમ ઓપરેટરો અને પ્રાઇમ ડીલરો
- ✓ બેન્કોની શાખા, એટીએમ, બેન્કિંગ ઓપરેશનો માટેના આઇટી વેન્ડર્સ, બેન્કિંગ કોરસપોન્ડ્ન્ટ્સ, એટીએમ ઓપરેશન અને કેશ મેનેજમેન્ટ એજન્સીઓ
- ✓ સેબી, કેપિટલ અને ડેબ્ટ માર્કેટ સર્વિસ
- ✓ આઇઆરડીએઆઇ અને વીમા કંપનીઓ

(૬) જાહેરક્ષેત્રનાં એકમો

- ✓ ઓઇલ એન્ડ ગેસ સેક્ટરનાં ઓપરેશનો
- ✓ વીજળી ઉત્પાદન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યૂશન
- ✓ પોસ્ટ ઓફિસો સહિતની પોસ્ટલ સેવાઓ
- ✓ પાણી, સેનિટેશન અને વેસ્ટ મેનેજમેન્ટ સેક્ટરની કામગીરી
- ✓ ટેલિકોમ્યુનિકેશન અને ઇન્ટરનેટ સેવાઓની કામગીરી

(૭)માલસામાનનું આંતરરાજ્ય પરિવહન

- ✓ માલસામાન લઇ જતા વાહનોને પરવાનગી
- ✓ રેલવે દ્વારા ગૂડ્સ અને પાર્સલ ટ્રેન સેવાઓ
- ✓ એર ટ્રાન્સપોર્ટ માટે એરપોર્ટ ખાતેની કામગીરી
- ✓ બંદરો અને ઇનલેન્ડ કન્ટેનર ડેપો ખાતેની કામગીરી
- ✓ પરિવહન માટે લેન્ડ પોર્ટ્સ ખાતેની કામગીરી
- ✓ બે ડ્રાઇવર અને એક ક્લિનરને પરવાનગી
- ✓ સામાનની ડિલિવરી બાદ ખાલી ટ્રકને જવાની પરવાનગી
- ✓ હાઇવે પર ટ્રક રિપેરિંગની દુકાનો અને ઢાબા ખુલ્લા રહેશે
- ✓ રેલવે, એરપોર્ટ, બંદરોના સ્ટાફને પરવાનગી

(૮) જીવનજરૂરી વસ્તુઓનો સપ્લાય

- ✓ સમયની કોઇપણ મર્યાદા વિના જીવનજરૂરી વસ્તુઓનાં ઉત્પાદન, જથ્થાબંધ વેચાણ, છૂટક વેચાણ સાથે સંકળાયેલા નાના-મોટા સ્ટોર, ઇ-કોમર્સ કંપનીઓને પરવાનગી
- ✓ કરિયાણા અને અન્ય જીવનજરૂરી વસ્તુઓની દુકાનો, લારી અને ગાડાં, રેશનની દુકાનો, ગ્રોસરી, હાઇજીન આઇટમ્સ, ફળ, શાકભાજી, ડેરી અને દૂધના બૂથ, ચિકન, મીટ અને ફિશની દુકાન, પશુ આહાર અને ઘાસચારાની દુકાનને પરવાનગી

(૯) કોર્મિશયલ- પ્રાઇવેટ કંપનીઓ

- ✓ પ્રિન્ટ-ઇલેક્ટ્રોનિક મીડિયા, DTH – કેબલ સેવા
- ✓ આઇટીને લગતી સેવાઓ ૫૦% કર્મચારી સાથે
- ✓ સરકારી કામગીરી માટે જ ડેટા અને કોલ સેન્ટર
- ✓ ગ્રામ પંચાયત સ્તરે માન્યતા પ્રાપ્ત કોમન સર્વિસ સેન્ટર
- ✓ ઇ-કોમર્સ કંપનીઓ, ઇ-કોમર્સનાં વાહનોને મંજૂરી
- ✓ કોલ્ડ સ્ટોરેજ, વેરહાઉસિંગ સેવાઓ
- ✓ પ્રાઇવેટ સિક્યુરિટી સર્વિસ, કોમ્પ્લેક્સમાં મેઇન્ટેનન્સ સર્વિસ
- ✓ આશ્રય આપતી હોટલ, ધર્મશાળા, લોજ અને મોટેલ

(૧૦) પ્રાઇવેટ ઔદ્યોગિક એકમો

- ✓ ગ્રામીણ વિસ્તારમાં આવેલા ઉદ્યોગો
- ✓ સેઝમાં આવેલા ઉદ્યોગો, નિકાસલક્ષી એકમો, ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને ઇન્ડસ્ટ્રિયલ ટાઉનશિપમાં આવેલા ઉદ્યોગો
- ✓ દવાઓ, ફાર્માસ્યુટિકલ, મેડિકલ ડિવાઇસ, તેમનું રો મટિરિયલ અને ઇન્ટરમિડિયેટ સહિત જીવનજરૂરી સામાનનું ઉત્પાદન કરતા ઉદ્યોગો
- ✓ ગ્રામીણ વિસ્તારમાં આવેલા ફૂડ પ્રોસેસિંગ યુનિટ
- ✓ કન્ટિન્યુઅસ પ્રોસેસ ધરાવતાં પ્રોડક્શન એકમો
- ✓ આઇટી હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ
- ✓ કોલસા-ખનીજની ખાણો, પરિવહન, વિસ્ફોટકોનો સપ્લાય
- ✓ પેકેજિંગ મટિરિયલ બનાવતાં એકમો
- ✓ શણ ઉદ્યોગને પરવાનગી
- ✓ ઓઇલ અને ગેસ સંશોધન, રિફાઇનરી
- ✓ ગ્રામીણ વિસ્તારોમાં ઇંટોના ભઠ્ઠા

(૧૧) કન્સ્ટ્રક્શન પ્રવૃત્તિઓ

- ✓ ગ્રામીણ વિસ્તારોમાં સડક નિર્માણ, સિંચાઈ પ્રોજેક્ટ, બિલ્ડિંગ અને તમામ પ્રકારના ઇન્ડસ્ટ્રિયલ પ્રોજેક્ટ
- ✓ રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટનું નિર્માણ
- ✓ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપલ વિસ્તારોમાં સાઇટ પર જ કામદારો ઉપલબ્ધ હોય તો કન્સ્ટ્રક્શન પ્રવૃત્તિ

(૧૨) ઇમર્જન્સી વાહનો

- ✓ પ્રાઇવેટ ફોર વ્હીલરમાં બેક સીટ પર ડ્રાઇવર સાથે એક વ્યક્તિને પરવાનગી
- ✓ ટુ વ્હીલરમાં ફક્ત ડ્રાઇવરને પરવાનગી
- ✓ પરવાનગી અપાયેલા સેક્ટરની તમામ વ્યક્તિઓને મંજૂરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વૈશ્વિક ખેતી : ઘઉં ઉત્પાદનમાં ચીન નંબર-૧ જ્યારે ભારત-બીજા ક્રમે



- ✓ ઘઉંની હવે મંડીઓમાં આવકો શરૂ થઈ ચૂકી છે, આ વર્ષે દેશમાં રેકોર્ડ બ્રેક 10.62 કરોડ ટન ઘઉંનું ઉત્પાદન થવાનો અંદાજ.
- ✓ ચીન અલ્જીરિયામાં ઘઉંનું ઉત્પાદન કરે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. કેન્દ્ર સરકાર : નવી માર્ગદર્શિકા

- ✓ કોરોના મહામારી અટકાવવા જાહેરમાં થૂંકનારાને દંડ અથવા એક વર્ષની કેદ
- ✓ દારૂ, ગુટખા, તંબાકુના વેચાણ પર પ્રતિબંધ
- ✓ **માસ્ક પહેરવું ફરજિયાત કરાયું**
- ✓ ગૃહ મંત્રાલય – ભારત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સિદ્ધિ : વૈશ્વિક બાબતો (અર્થતંત્ર)

US અર્થતંત્રને જીવંત કરવા પ્રમુખ ટ્રમ્પના સલાહકારોમાં ૬ ભારતીયોને સ્થાન



- ✓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાઇરસ મહામારીને પગલે ખરાબ રીતે પ્રભાવિત થયેલી ઇકોનોમીને પાટે ચઢાવવા માટે 'ગ્રેટ અમેરિકન ઇકોનોમિક રિવાઇવલ ઇન્ડસ્ટ્રી ગ્રૂપ'ની રચના કરાઇ.
- ✓ ટ્રમ્પ વિભિન્ન ઉદ્યોગો અને વર્ગોના ૨૦૦થી વધુ ટોચના અમેરિકી દિગ્ગજોને સમાવીને લગભગ ૧.૫ વિભિન્ન જૂથોની રચના કરી. આ ગ્રૂપો તેમને અમેરિકી અર્થવ્યવસ્થાને પાટે ચઢાવવા સબંધી સૂચનો કરશે.

મૂળ છ ભારતીય અમેરિકનો અને કંપની

- ✓ ટ્રમ્પના ટેકનોલોજી ગ્રૂપમાં સુંદર પિચાઇ(ગુગલ), સત્યા નડેલા (માઈક્રોસોફ્ટ), આઇબીએમના અરવિંદ કૃષ્ણ અને માઇક્રોનના સંજય મેહરોત્રા તથા વિનિર્માણ ગ્રૂપમાં પેરનોડ રેકોર્ડની

ભારતીય અમેરિકન એન મુખરજી અને ફાઇનાન્શિયલ ગ્રૂપમાં માસ્ટરકાર્ડના અજય બંગાનો સમાવેશ કર્યો છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન : રંગભૂમિ અને ગુજરાતી ચલચિત્રના અભિનેત્રી શ્રી પલ્લવી બેન મહેતાનું નિધન (ચલચિત્ર)



✓ ૮૬ વર્ષે અમદાવાદ ખાતે નિધન

✓ ફિલ્મ – કંકુ

✓ શિકાગો વિશ્વ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ વિજેતા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. અવસાન : જૂની પેઢીના ગાયક અને રાવણ હથ્થાના સિદ્ધહસ્ત લોકકલાકાર બાબુભાઈ બારોટનું નિધન (લોક-સંસ્કૃતિ)



વતન – વાંકાનેર (જિ.મોરબી)

પુરૂનામ – બાબુભાઈ કાનજીભાઈ બારોટ

રણપ્રદેશનું લોકગીત – ઓંટિયો(ઊંટીયો) ધીમો હાંક..

✓ તેમના દ્વારા ગાવામાં આવેલુ "ઓંટિયો ધીમો હાંક" અમે ઓરડા આપીશું. દાંતણ દાડમી આપીશું. ભોજનમાં લાપસી આપીશુ.મહેમાનગતિનું ઉદાહરણ પુરું પાડતું અને પ્રેમનું પ્રતિક આ ગત પ્રાચિન લોકશૈલીમાં ગવાય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૪-૨૦૨૦)

1. ભારતમાં કોરોના વાયરસ સામે લડવા અમલી બનાવેલ લૉકડાઉનમાં કેન્દ્ર સરકાર દ્વારા તા.20 એપ્રિલથી કેટલા મુખ્ય સેક્ટરોમાં આંશિક છૂટછાટ આપવામાં આવી - **12 સેક્ટર**
2. વિશ્વમાં ઘઉં ઉત્પાદનમાં પ્રથમ અને બીજા ક્રમનો દેશ જણાવો- **ચીન અને ભારત**
3. ભારતમાં ઘઉંનું ઉત્પાદન કરતા ટોચના પાંચ રાજ્યોના નામ જણાવો - **ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન**
4. ભારતમાં આ વર્ષે કેટલા કરોડ ટન ઘઉંનું ઉત્પાદન થવાનો અંદાજ છે - **10.62 કરોડ ટન**
5. તાજેતર એપ્રિલ-2020માં ગુજરાતી રંગભૂમિ અને ચલચિત્રના કયા અભિનેત્રીનું અમદાવાદ ખાતે 86 વર્ષે નિધન થયું- **શ્રી પલ્લવીબેન મહેતા**
6. ગુજરાતી ચલચિત્રના અભિનેત્રી શ્રી પલ્લવીબેન મહેતાને કઈ ફિલ્મ માટે શિકાગો આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો- **કંકુ**
7. કોરોના મહામારી સામે લડવા સમગ્ર દેશમાં માસ્ક પહેરવાનું ફરજિયાત કરતી માર્ગદર્શિકા કયા મંત્રાલય દ્વારા જાહેર કરાઈ - **ગૃહ મંત્રાલય**

8. કોરોનાની મહામારી સામે યુએસ અર્થતંત્રને પુનઃ જીવંત બનાવવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દ્વારા પસંદ કરવામાં આવેલા વિવિધ ગ્રુપમાંના 200 મહાનુભાવમાં કયા કયા 06 મૂળ ભારતીયોનો સમાવેશ થાય છે - **ટેકનોલોજી ગ્રુપ-સુંદર પિચાઈ-google, સત્યા નાડેલા-માઈક્રોસોફ્ટ, અરવિંદ કૃષ્ણ-IBM, સંજય મેહરોત્રા-micron, વિનિર્માણ ગ્રુપમાં-એન. મુખર્જી તેમજ ફાઇનાન્સિયલ ગ્રૂપમાં- અજય બંગા- માસ્ટર કાર્ડ**
9. કોરોનાની મહામારી સામે યુએસ અર્થતંત્રને પુનઃ જીવંત બનાવવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કયા ગ્રુપની રચના કરાઈ - **"ગ્રેટ અમેરિકન ઇકોનોમિક રિવાઇવલ ઇન્ડસ્ટ્રી ગ્રુપ"**
10. તાજેતર એપ્રિલ-2020માં ગુજરાતના કયા જૂની પેઢીના ગાયક અને રાવણ હથ્થાના સિદ્ધહસ્ત લોક કલાકારનું અવસાન થયું - **બાબુભાઈ બારોટ**
11. રાવણહથ્થાના સિદ્ધહસ્ત લોક કલાકાર બાબુભાઈ બારોટનું વતન જણાવો- **વાંકાનેર(મોરબી)**
12. ગુજરાતમાં રણપ્રદેશનું લોકગીત અને મહેમાનગતિનું ઉદાહરણ આપતું "ઓંટિયો (ઊંટીયો) ધીમો હાંક.....અમે ઓરડા આપીશું...." કોના દ્વારા ગવાયું હતું - **બાબુભાઈ બારોટ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 16-04-2020



૧.સંશોધન:અટીરા દ્વારા N-99 માસ્ક માટેનું ઉચ્ચ ગુણવત્તાયુક્ત કાપડ તૈયાર કરાયું

✓ સંસ્થા : ATIRA, અમદાવાદ



✓ અમદાવાદ ટેક્સટાઇલ્સ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ એસોશીએશન (ATIRA) અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવેલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના સંયુક્ત ઉપક્રમે હાલ દેશમાં અદ્યતન N99 માસ્કનું ઉત્પાદન WHO ના માપદંડ અનુસાર થઈ રહ્યું છે.

N95 અને N99 વચ્ચેનો તફાવત

✓ N95 માસ્કની ફિલ્ટરેશન કેપેસિટિ (ગાળણ ક્ષમતા) 95% હોય છે. 0.3 માઇક્રોનથી મોટા તમામ કણો (પાર્ટિક્યુલેટ મેટર) N95 માસ્ક 95%ની ક્ષમતા સાથે ફિલ્ટર કરી શકે છે. જ્યારે N99 માસ્કની ગાળણ ક્ષમતા લગભગ 100%(99.99%)હોય છે.

✓ ડી.આર.ડી.ઓ. ભારત સરકાર માન્ય માસ્ક ઉત્પાદન એકમ ધરાવે છે. અટીરા ભારતની એકમાત્ર સંસ્થા છે જ્યાં N99 માસ્કનું ફિલ્ટર મટીરીયલ તૈયાર કરવામાં આવે છે.

N99 માસ્કની વિશેષતા

✓ કોટેડ ફાઇબરના ઉપયોગથી N99 માસ્કનું ફિલ્ટર લેયર તૈયાર કરવામાં આવે છે. N99 માસ્કમાં 5 સ્તર આવે છે જેમાં 3 સામાન્ય સ્તરની વચ્ચે 2 ફિલ્ટર લેયર હોય છે. N99 માસ્ક ભારતમાં ઉપલબ્ધ વિવિધ માસ્કનો સર્વોચ્ચ પ્રકાર છે.

✓ પોલીએમાઇડ-૬ પ્રકારનું નાયલોન ફિલ્ટરના ઉત્પાદનમાં વાપરવામાં આવે છે આ માટેના ગ્રેન્યુઅલ્સ જર્મનીથી તાત્કાલિક લાવવાની જરૂરિયાત પડી હતી.

કાપડ તૈયાર કરવાની ક્ષમતા

- ✓ શરૂઆતમાં અહીં રોજના ૧૦,૦૦૦ માસ્ક માટેનું કાપડ તૈયાર થતું હતું જે ક્ષમતા હવે રોજના ૧૫ હજાર માસ્કના કાપડ સુધી વધારવામાં આવી છે.

અટીરા વિશે

- ✓ અટીરા-ATIRA એક ટેક્સટાઇલ સંશોધન સંસ્થા છે.
- ✓ વિક્રમ સારાભાઇ અને કસ્તુરભાઇ લાલભાઇએ સ્થાપેલી સંસ્થા 'અટીરા'ની વર્તમાન ઇમારતનો પાયો સરદાર વલ્લભભાઇ પટેલે નાખ્યો હતો. 'અટીરા' ઇસરો સાથે મળીને વિવિધ સંશોધન કાર્યો પણ કરી રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સિદ્ધિ - સંશોધન : ગુજરાત બાયોટેકનોલોજીકલ રિસર્ચ દ્વારા કોરોના વાયરસની રસી માટે અગત્યનું 'જિનોમ સિક્વન્સ'ની શોધ (આરોગ્ય)

હેતુ-વેક્સિન અને દવા બનાવવામાં સરળતા રહેશે



અન્ય વિગત

ગુજરાતે શોધી કાઢી એ કોરોના વાઈરસની જિનોમ સિકવન્સ શું છે ?

- ✓ કોઈ વ્યક્તિની કુંડળી મળી આવે તો એ વ્યક્તિનો પરિચય પણ મળી શકે. એ રીતે વાઈરસને ઓળખવા તેની રચના-બંધારણ જાણવા જરૂરી છે. એ કામગીરી કરવામાં ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (જીબીઆરસી)ને સફળતા મળી છે.
- ✓ માત્ર ગુજરાત નહીં, સમગ્ર ભારત માટે એ મોટી સિદ્ધિ છે. જીબીઆરસીએને ગુજરાત સરકારે ૩૧મી માર્ચે આ કામગીરીની મંજૂરી આપી હતી.
- ✓ ટૂંકા સમયગાળામાં આ સંસ્થાએ વાઈરસના મૂળ સુધી પહોંચવામાં સફળતા મેળવી છે.

જિનોમ સિકવન્સ

- ✓ દરેક સજીવનું શરીર પંચમહાભૂતનું બનેલું હોય એ આપણે જાણીએ છીએ. વિજ્ઞાનીઓ એવુ જાણે છે કે દરેક સજીવના શરીરની અંદર બે તત્વોએ હોય ડીએનએ અને આરએનએ બન્નેના નામ અઘરા છે અને એ જાણવાની આપણે જરૂર પણ નથી.
- ✓ મનુષ્યની જીનેટિક એટલે અનુવાંશિક માહિતી આ બને એસિડમાં રહેલી હોય છે.
- ✓ ડીએનએને હજુ સંશોધકો પુરેપુરૂ ઓળખી શકયા નથી, પરંતુ જો ઓળખી શકે તો કઈ ઉંમરે વાળ ધોળા થશે અને કઈ ઉંમરે ગોઠણનો દુઃખાવો આરંભાશે એ જાણી શકાય. તો પણ ડીએનએમાં રહેલી કેટલીક

કમબદ્ધ માહિતી ઓળખવામાં સંશોધકો સફળ થયા છે અને એ જિનોમ સિકવન્સ તરીકે ઓળખાય છે.

- ✓ મનુષ્યના શરીરમાં ડીએનએ હોય તો વાઈરસ જેવા સજીવોના શરીરમાં આરએનએ હોય છે.
- ✓ આરએનએ અને ડીએનએ સજીવના શરીરની અંદર રહેલા અતીસુક્ષ્મ એવા તત્વ છે, જે આપણને ક્યારેય જોવા મળવાના નથી, છતાં મહત્વના છે.
- ✓ એમાં જે તત્વો ગોઠવાયેલા હોય છે એ જિનોમ સિકવન્સ તરીકે ઓળખાય છે. સંશોધકોને કોરોના વાઈરસના જિનોમ સિકવન્સની જાણકારી મેળવવામાં સફળતા મળી છે.

<u>ગુજરાતે આ ક્ષેત્રે શું શોધ્યું ?</u>

- ✓ કોઈ સમસ્યાનું સમાધાન ત્યારે જ શોધી શકાય જ્યારે એ સમસ્યા વિશે પુરતી જાણકારી મળે, કોરોના વાઈરસના કિસ્સામાં ખાટલે મોટી ખોટ એ છે કે વાઈરસની સંપૂર્ણ જાણકારી વિજ્ઞાનીઓને મળી નથી. માટે અનેક સંશોધકો અનેક લેબોરેટરીમાં વાળ કરતાં હજારોગણુ નાનું કદ ધરાવતા વાઈરસની રચના જાણવામાં પડ્યાં છે.
- ✓ સંશોધકોને વાઈરસ શું છે એ વર્ષોથી ખબર છે. પરંતુ દર થોડા વર્ષે ફૂટી નીકળતા નવાં નવાં વાઈરસ વિશે જાણકારી નથી હોતી.
- ✓ જેવી રીતે ડિસેમ્બર ૨૦૧૯થી પ્રગટ થયેલા કોરોના વાઈરસ અંગે પણ નથી. તો પછી તેની જાણકારી મેળવવા આનએમાં રહેલી જિનોમ સિકવન્સ ઓળખવી પડે.
- ✓ ગુજરાતના સંશોધકોને કોરોનાની આખે આખી (હોલ) સિકવન્સ ઓળખવામાં સફળતા મળી છે. એટલે કે વાઈરસને મહદઅંશે ઓળખી શક્યા છે.
- ✓ એ પછી જ ખબર પડી કે વુહાનથી શરૂ થયા પછી પાંચ મહિનામાં વાઈરસે પાંચ વખત સ્વરૂપ બદલ્યું છે.
- ✓ આપણા દુશ્મનો આપણી સામે વેશપલટો કરીને આવે તો આપણે તેને ઓળખી ન શકીએ અને દુશ્મનો આપણા પર અસરકારક રીતે હુમલો કરી શકે. વાઈરસો પણ આવું જ કરે છે.
- ✓ કોઈ વાઈરસ ફ્લાવાનો શરૂ થાય પછી મોટે ભાગે એ પોતાનું સ્વરૂપ બદલતો રહે. એટલે તેની દવા કે રસી શોધવાનું કામ અધરું (અશક્ય નહીં) થાતું જાય.
- ✓ ગુજરાતે જિનોમ સિકવન્સ ઓળખી તેનાથી ખબર પડી કે વુહાનમાંથી રવાના થયા પછી વાઈરસે નવ વખત સ્વરૂપ પરિવર્તન કર્યું છે.

<u>આ સંશોધનથી શું લાભ ?</u>

- ✓ વાઈરસ ઓળખાઈ ગયો એટલે ચેકપોસ્ટ પર પોલીસે કોઈને રોકી રાખે એમ રોકી શકાય એવું રાતોરાત શક્ય નથી. પરંતુ

વાઈરસની ઓળખ કરવામાં સફળતા દુનિયાની બહુ ઓછી પ્રયોગશાળાઓને મળી છે, એટલે પહેલા તો એ ગુજરાતની ટેકનોલોજી-વિજ્ઞાન ક્ષેત્રે મોટી સિદ્ધિ છે.

- ✓ વાઈરસની ઓળખ થયા પછી તેની રસી કે દવા બનાવાનું કામ પ્રમાણમાં સહેલું બનશે.
- ✓ વિજ્ઞાને સંશોધન હંમેશા સહિયારા ધોરણે ચાલતું હોય છે. કોઈ એક જગ્યાએથી વાઈરસની સમગ્ર જાણકારી મળી જાય એવુ દર વખતે શક્ય નથી.
- ✓ દુનિયાની અન્ય કેટલીક પ્રયોગશાળાઓએ પણ વાઈરસની ભીતરી રચના સમજવામાં સફળતા મેળવી હતી.
- ✓ હવે ગુજરાતે શોધી કાઢેલી જાણકારીની અન્ય સંસ્થાઓ સાથે આપ-લે કરી પરીણામલક્ષી કામગીરી.

કોરોના જંગ સામે ગુજરાતના નવા સંશોધનો

- ✓ ગુજરાતમાં કોરોના વાઈરસ સામે લડવા માટે રાજકોટમાં વેન્ટિલેટર બનાવવામાં સફળ રહ્યા પછી પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ (PPE) સૂટ બનાવવામાં પણ સફળ રહ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વૈશ્વિક અર્થતંત્ર : IMF (આર્થિક બાબત)

કોરોના મહામારીને કારણે એશિયાનો વર્ષ ૨૦૨૦માં ગ્રોથ રેટ શૂન્ય ટકા રહેવાનું અનુમાન



પરિણામ

- ✓ અત્યાર સુધીનાં ૬૦ વર્ષનાં ઇતિહાસમાં પહેલીવાર એશિયાના દેશોનો આર્થિક વિકાસ દર સ્થગિત થઈ જશે.
- ✓ ગ્લોબલ ફાઇનાન્શિયલ ક્રાઇસિસ વખતે પણ એશિયાનો ગ્રોથ રેટ ૪.૭ ટકા અને એશિયન ક્રાઇસિસ વખતે ૧.૩ ટકા રહ્યો હતો.
- ✓ વૈશ્વિક ઇકોનોમીનાં ગ્રોથમાં ૩ ટકાનું ગાબડું પડશે જ્યારે અમેરિકાનો ગ્રોથ રેટ ૬ ટકા અને યુરોપનો ૬.૬ ટકા ઘટશે.
- ✓ ખાસ કરીને ભારત અને ચીન સહિત એશિયાનાં તમામ દેશોએ હેલ્થ સેક્ટરને સહાય કરીને તેનું રક્ષણ કરવું પડશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલ કૂદ : નિર્ણય - BCCI



IPL અને T-20 લીગ અનિશ્ચિત સમય માટે મુલતવી રખાઈ

- ✓ BCCI : મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલ કૂદ:ભારતીય વિમેન્સ ટીમ વર્ષ-૨૦૨૧ વન-ડે વર્લ્ડકપ માટે ક્વોલીફાય



- ✓ યજમાન : ન્યુઝીલેન્ડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નવતર પહેલ : ખેલ કૂદ

વિશ્વની પ્રથમ ઈન્ટરનેશનલ વર્ચ્યૂઅલ શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૦

- ✓ કુલ- સાત દેશ
- ✓ ખેલાડી – ૫૦
- ✓ ખાસ – ખેલાડીઓએ ઈલેક્ટ્રોનિક શૂટિંગ ટાર્ગેટનો પ્રયોગ કર્યો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. નિર્ણય : ગુજરાત સરકાર

રાજ્યમાં કોરોનાના તમામ દરદીઓને વિનામૂલ્યે સારવાર અપાશે

વિગતવાર માહિતી

- ✓ કલેક્ટર કોરોનાની વિનામૂલ્ય સારવાર માટે ખાનગી હોસ્પિટલોને ડેઝિગનેટ કરશે આવી હોસ્પિટલો સાથે 2 મહિનાનો કરાર કરાશે અને 15 લાખ રૂપિયા એડવાન્સ ચૂકવાશે.
- ✓ ઓપીડી કન્સલ્ટેશન અને દવાઓ તેમજ એક્સ રે, લોહીની તપાસ માટે 200 રૂપિયા દર્દી દીઠ ચૂકવવામાં આવશે. ઓપીડી એમડી દ્વારા ચલાવવાની રહેશે.
- ✓ દવાઓ પણ દર્દીઓને વિનામૂલ્ય આપવાની રહેશે. જ્યારે ઇનડોર માટે આઇસોલેશન બેડના 1800 રૂપિયા પ્રતિદિનથી લઇને આઇસીયુ અને વેન્ટીલેટર જેવી સુવિધાઓ માટે 4500 રૂપિયા પ્રતિદિનનો ખર્ચ હોસ્પિટલને ચૂકવાશે.
- ✓ ખાલી રહેલી પથારી માટે પણ પ્રતિદિન રૂ. 720થી 1800 ચૂકવવામાં આવશે. આ દરોમાં બેડ ચાર્જ, ડોક્ટર વિઝીટ ફી, નર્સીંગ ચાર્જ, દવાઓ, લેબોરેટરી તેમજ રેડિયોલોજી તપાસ, દર્દીના ચા - નાસ્તો, ભોજન, રજા આપ્યા બાદ પાંચ દિવસ સુધીની દવા સહિતના ખર્ચનો સમાવેશ થાય છે.
- ✓ આ હોસ્પિટલોને દરરોજ ટ્રીપલ લેયર માસ્ક, 14 માસ્ક, પીપીઈ કીટ અને હાઇડ્રો ગોળીઓ પણ પુરી પાડવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. કેન્દ્ર સરકાર : દેશમાં અનાજ ઉત્પાદન લક્ષ્યાંક વર્ષ ૨૦૨૦-૨૧

- ✓ પાક વર્ષ ૨૦૨૦-૨૧ જૂલાઈથી જૂન માટે ૨૯.૮૩ કરોડ ટન અનાજ ઉત્પાદનનો લક્ષ્યાંક
- ✓ ચાલુ પાક વર્ષ કરતા આ લક્ષ્યાંક બે ટકા વધારે
- ✓ કેન્દ્રીય કૃષિ મંત્રી – શ્રી નરેન્દ્રસિંહ તોમર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. દિન વિશેષ : ૧૬ એપ્રિલ

ભારતીય રેલવેનો ૧૬૭મો સ્થાપના દિવસ



- ✓ સ્થાપના - તા. ૧૬-૦૪-૧૮૫૩
- ✓ પ્રથમ રૂટ : બોરીબંદર (મુંબઈ)થી થાણે – ૩૪ કિલોમીટર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : ૧૬ એપ્રિલ

સ્નેહરશ્મિ : ઝીણાભાઈ રતનજી દેસાઈ

જન્મ – ૧૬ એપ્રિલ ૧૯૦૩

અવસાન – ૬ જાન્યુઆરી ૧૯૯૧



- ✓ આજના દિવસે જ પંચમહાલના 5 નાયક આદિવાસીઓને અંગ્રેજોએ ફાંસીના માંચડે લટકાવી દીધા હતા. આ ઘટનાને આજે 150 વર્ષ થયાં.
- ✓ આજના દિવસે જ મૂર્ધન્ય સાહિત્યકાર સ્નેહરશ્મિ અને સમાજશાસ્ત્રી અક્ષયકુમાર દેસાઈનો જન્મ થયો હતો. મૂળ નામ ઝીણાભાઈ રતનજી દેસાઈ અને જન્મસ્થળ વલસાડ જિલ્લામાં ચીખલી ખાતે પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ ચીખલીમાં મેળવ્યું.
- ✓ 1920માં અસહકારનું આંદોલન શરૂ થતાં અભ્યાસ પડતો મૂકી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા અને સ્નાતક થઈ અધ્યાપક બન્યા.
- ✓ 1930માં 'સત્યાગ્રહ પત્રિકા'નું સંપાદન સંભાળ્યું. 1938માં અમદાવાદમાં ચી. ન. વિદ્યાવિહારના આચાર્યપદેથી નિવૃત્ત થયા.
- ✓ 1942માં હિંદ છોડો આંદોલનમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ આઝાદીના સૈનિક કરતાં સ્નેહરશ્મિ સાહિત્યકાર તરીકે વધુ જાણીતા છે.
- ✓ અધ્ય, અણદીઠ જાદુગર, પનઘટ, કેવળ બીજ, હીરાના લટકણિયાં, શ્રીફળ,

અંતરપટ, સાફલ્ય ટાણું વગેરે તેમની જાણીતી કૃતિઓ છે.

✓ 6 જાન્યુઆરી 1991ના રોજ અવસાન થયું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૪-૨૦૨૦)

1. WHOના માપદંડ મુજબ ભારતમાં સૌપ્રથમ N-99 માસ્કનું કાપડ કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયું - **ATIRA**
2. ATIRA દ્વારા તૈયાર કરવામાં આવેલ N-99 માસ્કના કાપડની ગાળણ ક્ષમતા કેટલા ટકા છે- **99.99%**
3. N-95 માસ્કની ગાળણ ક્ષમતા કેટલા ટકા છે - **95%**
4. ATIRA સાથે અન્ય કઈ સંસ્થા મળીને લગભગ 100% ગાળણ ક્ષમતા ધરાવતા માસ્ક તૈયાર કરવામાં આવશે - **DRDO**
5. નવીન N99 માસ્ક કેટલા સુરક્ષિત લેયર ધરાવે છે- **05**
6. નવીન N99 માસ્કનું કાચું મટીરીયલ કયા દેશ દ્વારા વિનામૂલ્યે અપાયું છે - **જર્મની**
7. નવીન N99 માસ્કનું ફિલ્ટર લેયર શાનું બનેલું છે - **કોટેડ ફાયબર**
8. કોરોનાની દવા તૈયાર કરવા માટે મહત્વનું "જિનોમ સિકવન્સ" તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયું - **ગુજરાત બાયોટેકનોલોજીકલ રિસર્ચ સેન્ટર**
9. N99 માસ્ક તૈયાર કરવા માટે કયા પ્રકારનું નાયલોન ફિલ્ટરના ઉત્પાદનમાં વાપરવામાં આવે છે–**પોલિએમાઈડ-06**
10. ATIRAનું વિસ્તૃત નામ જણાવો - **અમદાવાદ ટેક્સટાઇલ્સ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ એસોસિએશન**
11. દરેક સજીવના શરીરની અંદર કયા બે અતિસૂક્ષ્મ તત્વો રહેલા હોય છે- **DNA અને RNA**
12. માનવ શરીરમાં રહેલી કેટલી ક્રમબદ્ધ માહિતી ઓળખવામાં સંશોધકો સફળ થયા છે તેને કયા નામે ઓળખાય છે - **"જિનોમ સિકવન્સ"**
13. IMFના તાજેતરના અહેવાલ મુજબ કોરોના મહામારીના કારણે એશિયાનો વર્ષ 2020માં ગ્રોથ રેટ કેટલા ટકા રહેવાનું અનુમાન છે - **0%**
14. કોરોના મહામારીના કારણે બીસીસીઆઈ દ્વારા તાજેતરમાં કઈ બે ટુર્નામેન્ટ મુલતવી રાખવામાં આવી છે - **IPL અને T-20**
15. તાજેતરમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વર્ષ -2021મા યોજનાર કયા વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ કર્યું છે- **ICC વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ-2021**
16. ICC વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ-2021 કયા દેશમાં યોજાશે - **ન્યૂઝીલેન્ડ**
17. વિશ્વની પ્રથમ ઈન્ટરનેશનલ વર્ચ્યુઅલ શૂટિંગ ચેમ્પિયનશિપ-2020 ક્યારે યોજાઇ - **એપ્રિલ-2020**
18. વિશ્વની પ્રથમ ઈન્ટરનેશનલ વર્ચ્યુઅલ શૂટિંગ ચેમ્પિયનશિપ-2020માં ભારત સહિત કેટલા દેશોએ ભાગ લીધો - **07**
19. ગુજરાત સરકારે કયા રોગના દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવાનો નિર્ણય કર્યો છે - **કોરોના વાયરસ**
20. ગુજરાત સરકાર કોરોનાના દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવા જિલ્લાની ખાનગી હોસ્પિટલો સાથે કેટલા મહિનાનો કરાર કરીને કેટલી રકમ એડવાન્સ સારવાર પેટે આપશે- **2 માસ અને રૂ. 15/- લાખ**
21. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2020-21માં ભારતમાં અનાજ ઉત્પાદનો લક્ષ્યાંક કેટલો નક્કી કરાયો છે - **29.83 કરોડ ટન**
22. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2020-21માં ભારતમાં અનાજ ઉત્પાદનો લક્ષ્યાંક ચાલુ પાક વર્ષે કરતાં કેટલા ટકા વધુ નક્કી કરાયો છે - **2%**
23. વર્તમાન કેન્દ્રીય કૃષિ મંત્રીનું નામ જણાવો- **નરેન્દ્રસિંહ તોમર**
24. ભારતીય રેલવેનો સ્થાપના દિવસ જણાવો - **16 એપ્રિલ 1853**
25. ભારતીય રેલવેનો કેટલામો સ્થાપના દિવસ 2020માં મનાવવામાં આવ્યો - **167મો**
26. ગુજરાતના સાહિત્યકાર ઝીણાભાઇ રતનજી દેસાઈનો જન્મ દિવસ જણાવો- **16 એપ્રિલ 1903**
27. ગુજરાતના સાહિત્યકાર ઝીણાભાઇ દેસાઈનું ઉપનામ જણાવો - **"સ્નેહરશ્મિ"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 17-04-2020



૧. RBI : ભારતીય અર્થતંત્રને વેગ આપવા RBI દ્વારા રૂપિયા ૧ લાખ કરોડનું બીજું COVID-19 પેકેજ જાહેર (અર્થતંત્ર)

RRR 25 બેઝીસ પોઇન્ટ ઘટાડીને 3.75 % કરાયો



હેતુ :

- ✓ અર્થતંત્ર અને ફાઇનાન્શિયલ સેક્ટરને વેગ આપવા ભારતીય રિઝર્વ બેન્કે તા.૧૭મી એપ્રિલે, બીજું કોવિડ-૧૯ પેકેજ જાહેર કર્યું હતું. રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે બિઝનેસ અને નાના નોન બેન્કિંગ ધિરાણકર્તાઓને મજબૂતાઇ આપવા નોન બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઓને ભંડોળ ઉપલબ્ધ કરાવવા, બેન્કોની ધિરાણ ક્ષમતા વધારવા અને લોન ચૂકવવામાં વિલંબ થતાં લોનધારકોને ડિફોલ્ટર બનવાથી બચાવવા સંખ્યાબંધ જાહેરાતો કરી હતી

પેકેજના મહત્વના અંશો :

રકમની ફાળવણી

- ✓ ૫૦,૦૦૦ કરોડ રૂપિયા-TLTRO અંતર્ગત
- ✓ ૨૫,૦૦૦ કરોડ રૂપિયા NABARD
- ✓ ૧૫,૦૦૦ કરોડ રૂપિયા SIDBI
- ✓ ૧૦,૦૦૦ કરોડ રૂપિયા NHB

રાજ્યોની WMA લિમિટમાં ૬૦% સુધીનો વધારો

- ✓ રાજ્યોને વધુ છૂટછાટ મળી રહે તે માટે આરબીઆઇએ ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજના સ્તરે WMAની લિમિટ ૬૦ ટકા સુધી વધારી છે.

પગલાં અને તેની અસરો

એનબીએફસીમાં રોકાણો કરતી બેન્કો માટે વધુ એક TLTRO (ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન)નો રાઉન્ડ
અસર: NBFC અને એમએફઆઇને તેમના માટે અનામત રખાયેલા રૂ.૫૦,૦૦૦ કરોડમાંથી ૫૦ ટકા મેળવી શકશે

નાબાર્ડને રૂ.૨૫,૦૦૦ કરોડ, સિડબીને ૧૫,૦૦૦ કરોડ અને NHBને ૧૦,૦૦૦ કરોડ
અસર : કૃષિ ધિરાણકારો, વેપાર, હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓને લાભ, આ સંસ્થાઓ પાસેથી ફાઇનાન્સ મળશે

રિવર્સ રેપો રેટ ૨૫ બેઝિસ પોઇન્ટ ઘટાડીને ૪.૦ ટકાથી ૩.૭૫ ટકા કરાયો
અસર : બેન્કો હવે આરબીઆઇમાં રોકાણ કરવાના બદલે રૂપિયા ૬.૯ લાખ કરોડનું ધિરાણ કરી શકશે

૧ માર્ચે બાકી નોન NPA લોન માટે ૯૦ દિવસનો નિયમ મોરાટોરિયમમાં લાગુ નહીં થાય
અસર: બેન્કોએ નોન એનપીએ લોનધારકોને ડિફોલ્ટર તરીકે દર્શાવવા નહીં પડે

બેન્કો બે ત્રિમાસિક સુધી મોરાટોરિયમ પરની ૧૦ ટકા જોગવાઇને જાળવી રાખશે
અસર: બેન્કો ટૂંકાગાળાની અને લાંબાગાળાની સમસ્યા ધરાવતા લોનધારકોને અલગ કરી શકશે

ડિફોલ્ટ થયેલી લોન માટેની ૨૧૦ દિવસની મર્યાદા ૯૦ દિવસ લંબાવાઇ
અસર : બેન્કોને રિઝોલ્યુશન પ્લાન પર નિર્ણય લેવામાં રાહત અને સમય મળી રહેશે

૨૦૨૦ના વર્ષમાં કોમર્શિયલ અને સહકારી બેન્કોએ ડિવિડન્ડ ચૂકવવું નહીં પડે
અસર : બેન્કો મૂડીને બચાવી શકશે અને ક્રેડિટ લોસ પચાવી શકશે જેથી ધીરાણ વધી શકશે

કોમર્શિયલ બેન્કોનો લિક્વિડિટી કવરેજ રેશિયો ૮૦ ટકાથી વધારી ૧૦૦ ટકા કરાયો
અસર : બેન્કોને ધિરાણ માટે વધુ મૂડી ઉપલબ્ધ થશે અનામત ૫૦,૦૦૦ કરોડમાંથી ૫૦ ટકા મેળવી શકશે

NBFC રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ માટે કોમ્પિટિશન ડેટ એક વર્ષ સુધી લંબાવી શકશે
અસર : ડેવલપર્સને વધુ સમય મળશે, NBFCને પણ NPA ક્લાસિફિકેશનમાં વિલંબનો સમય મળશે

વેઝ એન્ડ મિન્સ એડવાન્સ અંતર્ગત રાજ્યોને ઓવરડ્રાફ્ટની સુવિધા બમણી
અસર : રાજ્ય સરકારોને નાણાકીય વર્ષના પ્રારંભે જ પોતે લીધેલાં ધિરાણો પર ઊંચો વ્યાજદર ચૂકવવો નહીં પડે

NBFC અને MFIમાં રોકાણ, ધિરાણ વધશે

- ✓ રિઝર્વ બેન્કે યોગ્ય કદના હપ્તામાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડ માટે ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન (TLTRO ૨.૦) હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.
- ✓ તેમાંથી કુલ રકમના ૫૦ ટકા રકમ નાના અને મધ્યમ કક્ષાના એનબીએફસી અને એમએફઆઇમાં રોકાણ થવું જોઇએ.

TLTRO : ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન

NBFC : નોન-બેન્કિંગ ફાયનાન્સિઅલ કંપની

MFI : માઇક્રો ફાયનાન્સ ઇન્સ્ટિટયૂટ

NHB : નેશનલ હાઉસિંગ બેંક

NPA : નોન-પર્ફોર્મિંગ એસેટ

NABARD : નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ

SIDBI: સ્મૉલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઓફ ઈન્ડિયા

WMA : વેઝ એન્ડ મીન્સ એડવાન્સ

- ✓ RBI ગવર્નર : શક્તિકાન્ત દાસ
- ✓ RBI મુખ્ય મથક : મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.નવું ઉપકરણ: ગુજરાતમાં i-create સંસ્થા દ્વારા માત્ર 10 મિનિટમાં ચીજવસ્તુઓને 100 ટકા જંતુમુક્ત કરતું ઉપકરણ તૈયાર કરાયું

નવીન ઉપકરણની વિશેષતાઓ

- ✓ કોરોના વાઇરસના આ ચેપી રોગચાળાથી બચવા માટે આઈ-ક્રિએટ સંસ્થાએ ફક્ત ૧૦ મિનિટમાં જ ચીજવસ્તુને જંતુમુક્ત કરી શકાય તેવું ઉપકરણ ડેવલપ કર્યું છે.
- ✓ પ્રવાહી સિવાય માસ્ક, મોબાઇલ ફોન, ચલણી નાણાં, ચાવી, કરિયાણું, શાકભાજી વગેરે ચીજવસ્તુઓ ફક્ત ૧૦ મિનિટમાં જ જંતુમુક્ત કરી શકાય છે.
- ✓ હાલ કોરોનાની મહામારી વચ્ચે આ ઉપકરણ મહત્તમ ઉપયોગી બની શકે છે. લોકડાઉન પછી પણ આ ઉપકરણ રોજિંદા જીવનમાં ઉપયોગી બનશે.
- ✓ વિવિધ સંસાધનોનો ઉપયોગ કરીને ઉપકરણ તૈયાર કરાયું છે. આ ઉપકરણ પારજાંબલી કિરણો દ્વારા વસ્તુને ૧૦૦ ટકા જંતુમુક્ત કરે છે.
- ✓ આ ડિવાઇસ ૨૬૦ નેનો મીટરની તરંગ લંબાઈ કોઈ પણ વાઇરસ કે બેક્ટરિયાના RNA (રિબોન્યૂક્લિક એસિડ) અને DNA (ડિઓક્સરિબોન્યૂક્લિક એસિડ)નો નાશ કરે છે.
- ✓ પારજાંબલી કિરણોનો ઉપયોગ કરીને જંતુમુક્ત કરતા હોવાથી સાવચેતીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.
- ✓ અમદાવાદ નજીક ધોલેરામાં ૪૦ એકરના પરિસરમાં આવેલાં i-Create (ઇન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિન્યોર એન્ડ ટેકનોલોજી) કાર્યરત છે.

RNA : રિબોન્યૂક્લિક એસિડ

DNA : ડિઓક્સ રિબોન્યૂક્લિક એસિડ

i-Create : ઇન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિન્યોર એન્ડ ટેકનોલોજી

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. કિસાન રથ મોબાઈલ એપ : કેન્દ્ર સરકાર (કૃષિ)



એપનો હેતુ

- ✓ કેન્દ્રએ કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં સરળતા માટે કિસાન રથ મોબાઈલ એપ લોન્ચ કરી છે. જેના થકી ખેડૂતો પોતાના વિસ્તારમાં વાહન બોલાવી શકશે.
- ✓ લોકડાઉનમાં ખેડૂતોને કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં મુશ્કેલી, પડી રહી છે. તેમની મદદ માટે આ એપ લોન્ચ કરવામાં આવી.
- ✓ કેન્દ્રીય કૃષિ મંત્રી - નરેન્દ્રસિંહ તોમર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાયરસ : પુલ ટેસ્ટિંગ પદ્ધતિ



ઉત્તરપ્રદેશની પુલ ટેસ્ટિંગ મેથડ ગુજરાત અપનાવશે

પુલ ટેસ્ટિંગ કરવાની પદ્ધતિ

- ✓ પાંચ વ્યક્તિના નમૂના લેવામાં આવે છે.
- ✓ આ પાંચેય નમૂના મિક્સ કરાય છે. એ પછી મિક્સ નમૂનાનું ટેસ્ટિંગ થાય છે.
- ✓ જો ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવે તો તમામ નેગેટિવ હોવાનું સ્પષ્ટ થાય છે.
- ✓ જો ટેસ્ટ પોઝિટિવ આવે તો પછી ફરીથી તમામ પાંચના વ્યક્તિગત રીતે ટેસ્ટ કરાશે.
- ✓ માત્ર એક કિટથી 5 વ્યક્તિના ટેસ્ટ થાય છે એક કીટથી એકને બદલે પાંચ વ્યક્તિનો ટેસ્ટ થાય તો તે સસ્તું પડે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. રેપિડ બ્લડ ટેસ્ટ : કોરોના વાયરસ સામે ગુજરાતમાં રેપિડ બ્લડ ટેસ્ટ શરૂ



વિશેષતા અને ઉપયોગ

- ✓ રેપિડ ટેસ્ટિંગ કિટની મદદથી વધુ લોકોનું સ્ક્રિનિંગ કરી શકાશે. તેને પરિણામે કોરોના વાઈરસના વધુ દરદીઓને, ઓળખી શકાશે. પરિણામે તેનો ચેપ ફેલાતો અટકાવવાની કામગીરીને વધુ તેજ અને સઘન બનાવી શકાશે.
- ✓ રેપિડ ટેસ્ટમાં જેઓ પોઝિટિવ આવશે તેમનો ફરીથી આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવશે. ત્યારબાદ જ તેમને

કોરોના વાઈરસના કન્ફર્મ દરદી ગણવામાં આવશે.

- ✓ તેની મદદથી ગુજરાતના કોરોનાગ્રસ્ત વિસ્તારમાં રોગને ફેલાતો અટકાવવાની કામગીરી વધુ તેજ બનાવી શકાશે.
- ✓ રેપિડ બ્લડ ટેસ્ટ કરવાથી કોરોના વાઈરસના ચેપના ચિહ્નો જે દરદીઓમાં જોવા ન મળતા હોય તે દરદીઓને પણ આસાનીથી ઓળખી શકાશે.
- ✓ કોરોના વાઈરસના ચેપનો ભોગ બન્યો હોય પણ તેના ચિહ્નો ન દેખાતા હોય તેવા દરદીને એસિમ્પ્ટોમેટિક દરદી ગણવામાં આવે છે.
- ✓ આ દરદી એક મહિનો સમાજમાં ફરતો રહે તો તેને કારણે ૪૦૬ દરદીઓને ચેપ લાગી જવાનો ખતરો રહે છે. તેથી સરકારે રેપિટ બ્લડ સિસ્ટમની ટેસ્ટિંગ કરવાનું નક્કી કર્યું.
- ✓ અત્યાર સુધી ગુજરાત સરકાર દ્વારા હોટસ્પોટ ગણાતા વિસ્તારોમાં વ્યાપક ટેસ્ટિંગ કરાઈ રહ્યાં છે. આ ટેસ્ટિંગ જૂની સિસ્ટમથી થાય છે.
- ✓ ગુજરાત સરકારને ૨૪,૦૦૦ કિટનો સપ્લાય પહોંચાડવામાં આવ્યો
- ✓ રેપિડ બ્લડ ટેસ્ટ કરવાથી કોઈપણ વ્યક્તિને છેલ્લા થોડા દિવસોમાં કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હશે તો તેના શરીરમાં ઇમ્યુનોગ્લોબિન-એમ જોવા મળશે.
- ✓ આ ઇમ્યુનોગ્લોબિન-એમ જે તે વ્યક્તિમાં બહારથી આવેલા નવા વાઈરસનો પ્રતિકાર શરીરે કરવાનું ચાલુ કરી દીધું હોવાનો નિર્દેશ આપે છે.
- ✓ આ નિર્દેશ મળવાથી તેને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હોવાનું સ્પષ્ટ થઈ શકે છે.
- ✓ આ ચિહ્નો જે વ્યક્તિમાં જોવા મળ્યો હોય તેમને જ મેલેરિયાની બીમારીમાં અસરકારક ગણાતી હાઈડ્રોક્સીક્લોરોક્વિનની દવા આપીને તેને થયેલી કોરોના વાઈરસની અસરમાંથી મુક્ત કરાવવાના પગલાં પણ સત્વર લઈ શકાશે.
- ✓ અત્યાર સુધી જેમનામાં કોરોના વાઈરસના ચેપના સિમ્પટમ ન હોય તેવી વ્યક્તિને આ દવા આપી શકાતી નહોતી. હવે રેપિડ બ્લડ ટેસ્ટ આવ્યા પછી તેમને પણ આ દવા આપીને સાજા કરી શકાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. વિજ્ઞાની જૂન અલ્મેડા

સિદ્ધિ :

- ✓ વર્ષ-૧૯૬૪ કોરોના વાયરસની સૌપ્રથમ ઓળખ કરનાર સ્કૉટિસ મહિલા – જૂન અલ્મેડા
- ✓ સ્થાન : સેન્ટ થોમસ હોસ્પિટલ-લંડન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મદિન વિશેષ : ૧૭ એપ્રિલ

લોક આંદોલનના પહેલા શહીદ : ધીરન ચિન્નામલાઈ

જન્મ – ૧૭ એપ્રિલ ૧૭૫૭

અવસાન – ૩૧ જૂલાઈ ૧૮૦૫



- ✓ આજે ભારતના પ્રજાકીય આંદોલનોના પહેલા શહીદ ધીરન ચિન્નામલાઈનો જન્મદિન છે.
- ✓ પશ્ચિમ તમિલનાડુના ઈરોડ પાસેના મલયાલયમ (કોંગુ વિસ્તાર) ખાતે જન્મેલા ધીરનનું મૂળ નામ તીર્થગિરિ હતું.
- ✓ ચિન્નાએ ફ્રેન્ચ લશ્કરમાં રહી લશ્કરી તાલીમ લીધી અને તેનો ઉપયોગ અંગ્રેજો સામે લડવામાં કર્યો હતો. તેમની નાની સેનાએ અંગ્રેજો સામેના યુદ્ધમાં ટીપુ સુલતાનને પણ મદદ કરી હતી.
- ✓ તેમણે અંગ્રેજો સામેના યુદ્ધોમાં સ્થાનિક ઉપરાંત મરાઠાઓની પણ મદદ લીધી હતી 1 હજાર માણસનું સૈન્ય, નાનો કિલ્લો અને ગેરિલા યુદ્ધ પદ્ધતિથી તેઓ લડતા હતા.
- ✓ કાવેરી, ઓડાનીલાઈ અને અરાચૂલારના યુદ્ધમાં તેમણે બ્રિટિશ સેનાના છક્કા છોડાવી દીધા. અંગ્રેજ સૈનિકો ઉપરાંત અધિકારીઓ પણ તેના નામથી કાંપતા.
- ✓ 3 જૂન 1800એ બ્રિટિશ કિલ્લા પર હલ્લો કર્યો પણ નિષ્ફળ રહ્યા. ધીરને પોતાના રસોઈયા નલ્લાપનની દગાખોરીથી પકડાયા.
- ✓ અંગ્રેજોએ ચિન્નામલાઈ અને તેમના બે ભાઈને 31 જુલાઈ 1805ના રોજ શિવગિરિના કિલ્લામાં ફાંસીની સજા આપી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૪-૨૦૨૦)

1. ભારતીય અર્થતંત્રને વેગ આપવા એપ્રિલ 2020માં આરબીઆઈ દ્વારા કેટલા લાખ કરોડનું બીજુ COVID-19 પેકેજ જાહેર કર્યું- ₹.1 લાખ કરોડ
2. ભારતીય અર્થતંત્રને વેગ આપવા એપ્રિલ 2020માં આરબીઆઈ દ્વારા જાહેર કરાયેલા બીજુ COVID-19 પેકેજમાં કોને કેટલી રકમ ફાળવવામાં આવી - TLTRO- ₹.50,000 કરોડ NABARD- ₹. 25,000 કરોડ, SIDBI- ₹.15,000 કરોડ અને NHB- ₹.10,000 કરોડ
3. એપ્રિલ 2020 આરબીઆઈ દ્વારા RRRમાં કેટલા બેઝીસ પોઈન્ટનો ઘટાડો કરાયો અને હાલ RRR કેટલા ટકા છે- 25 અને 3.75%
4. આરબીઆઈ દ્વારા રાજ્યોની WMA લિમિટમાં કેટલા ટકા સુધીનો વધારો કરાયો- 60%
5. આરબીઆઈ દ્વારા કોમર્શિયલ બેન્કોનો liquidity coverage ratio 80 ટકાથી વધારીને કેટલો કરાયો - 100%

6. TLTROનું વિસ્તૃત નામ જણાવો - **ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન**
7. NBFCનું વિસ્તૃત નામ જણાવો - **નોન-બેન્કિંગ ફાયનાન્સિઅલ કંપની**
8. MFIનું વિસ્તૃત નામ જણાવો - **માઈક્રો ફાયનાન્સ ઈન્સ્ટિટયૂટ**
9. NHBનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ હાઉસિંગ બેંક**
10. NPAનું વિસ્તૃત નામ જણાવો - **નોન-પર્ફોમિંગ એસેટ**
11. NABARDનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ**
12. SIDBIનું વિસ્તૃત નામ જણાવો - **સ્મૉલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઓફ ઈન્ડિયા**
13. WMAનું વિસ્તૃત નામ જણાવો- **વેઝ એન્ડ મીન્સ એડવાન્સ**
14. RNAનું વિસ્તૃત નામ જણાવો - **રિબોન્યૂક્લિક એસિડ**
15. DNAનું વિસ્તૃત નામ જણાવો- **ડિઓક્સ રિબોન્યૂક્લિક એસિડ**
16. i-Createનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિન્યોર એન્ડ ટેકનોલોજી**
17. RBIના વર્તમાન ગવર્નરનું નામ જણાવો - **શક્તિકાન્ત દાસ**
18. RBIનું મુખ્ય મથક કયાં આવેલું છે - **મુંબઈ**
19. ગુજરાતમાં કઈ સંસ્થા દ્વારા માત્ર 10 મિનિટમાં ચીજવસ્તુઓને 100 ટકા જંતુમુક્ત કરતું ઉપકરણ તૈયાર કરાયું- **i-Create**
20. કોરોના મહામારીના સમયે દેશના ખેડૂતોને કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં સરળતા રહે તે માટે તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ એપ લોન્ચ કરાઈ- **કિસાન રથ મોબાઇલ એપ**
21. કોરોના વાયરસની તપાસ માટે એક સાથે પાંચ વ્યક્તિના નમૂના લઈને તે તમામને મિક્સ કરીને તપાસ કરવાની પદ્ધતિ કયા નામે ઓળખાય છે- **પુલ ટેસ્ટિંગ પદ્ધતિ**
22. ગુજરાતમાં શરૂ કરવામાં આવનાર કોરોના વાયરસ અંગેની "પુલ ટેસ્ટિંગ પદ્ધતિ" મૂળ કયા રાજ્યમાં સૌપ્રથમ ઉપયોગમાં લેવાઈ છે - **ઉત્તર પ્રદેશ**
23. કોરોના વાયરસનો ચેપ લાગ્યો હોય પરંતુ એના ચિન્હો ન દેખાતા હોય તેવા દર્દીને તબીબી ભાષામાં શું કહેવામાં આવે છે- **એસિમ્પ્ટોમેટિક દરદી**
24. ગુજરાતમાં કોરોના વાયરસનો ભોગ બનેલ "એસિમ્પ્ટોમેટિક દરદી" માટે કઈ પદ્ધતિથી તપાસ કરવામાં આવશે - **રેપિડ બ્લડ ટેસ્ટ**
25. સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ કયા વર્ષે અને કયા મહિલા વિજ્ઞાની દ્વારા કોરોના વાયરસની ઓળખ કરવામાં આવી હતી - **વર્ષ 1964 અને જૂન અલ્મેડા**
26. કોરોના વાયરસના શોધક જૂન અલ્મેડાનો દેશ જણાવો - **સ્કોટલેન્ડ**
27. ભારતમાં લોક આંદોલનના પહેલા શહીદનું નામ અને વતન રાજ્ય જણાવો - **ધીરન ચિન્નામલાઇ અને પશ્ચિમ તામિલનાડુ**
28. ભારતમાં લોક આંદોલનના પહેલા શહીદ ધીરન ચિન્નામલાઇનો જન્મદિવસ જણાવો-**17 એપ્રિલ 1757**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 18-04-2020



૧. નિર્ણય : ગુજરાત સરકાર (વહીવટ)

અન્ન સુરક્ષા ધારા હેઠળ ૬૬ લાખ BPL કાર્ડ ધારકોના બેંક ખાતામાં ગુજરાત સરકાર રૂ. ૧૦૦૦/- જમા કરાવશે

- ✓ રાજ્ય સરકાર આ સહાય માટે રૂ. ૬૬૦ કરોડનો બોજો ઉઠાવશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. રાહત : કેન્દ્ર સરકાર (વહીવટ)

- ✓ કોરોના વાઇરસ સામે લડવા કેન્દ્ર સરકારે જાહેર કરેલી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKY) હેઠળ એપ્રિલ, મે, અને જૂન ૨૦૨૦ આગામી ત્રણ મહિના માટે કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં તેમના માસિક વેતનના ૨૪ ટકા રકમ જમા કરવામાં આવશે.



અન્ય વિગત

- ✓ આ અંગેની જોગવાઈ અંતર્ગત આ રકમમાં કર્મચારીઓ અને માલિકોના P.F. યોગદાન અને સરકારની સહાયના હિસ્સાને આવરી લેવામાં આવશે.
- ✓ PMGKY યોજના હેઠળ કર્મચારીઓને તેના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી ૭૫ ટકા રકમ અથવા ત્રણ મહિનાનો પગાર બેમાંથી જે ઓછી હોય તેટલી રકમ ઉપાડવાની મંજૂરી આપવાની જોગવાઈ કરવામાં આવી છે અને ઉપાડ નોન રિફન્ડેબલ છે.
- ✓ EPF હેઠળ નોંધાયેલા લગભગ ૪ કરોડ જેટલા કર્મચારીઓના પરિવારો આ યોજનાનો લાભ લઈ શકશે.

PMGKY : પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. FDIના નિયમોમાં ફેરફાર : કેન્દ્ર સરકાર (વિદેશ નીતિ)



નવા નિયમો

✓ કોરોના મહામારી સંકટ સંદર્ભે કેન્દ્ર સરકારે તકવાદી અધિગ્રહણ પર નિયંત્રણ રોકવા માટે વર્તમાન FDIના નિયમોમાં ફેરફાર.

✓ નવા નિયમ હેઠળ જે દેશોની સરહદ ભારત સાથે સંકળાયેલી છે, તે દેશોના રોકાણકારો ભારત સરકારની મંજૂરી વિના અહીં રોકાણ કરી શકશે નહીં.

✓ મતલબ કે ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના રોકાણકારો કે કંપનીઓને ભારતમાં રોકાણ કરવા માટે ભારત સરકારની મંજૂરી લેવી પડશે.

✓ DPIITની અખબારી યાદી મુજબ કોઈ દેશની સરહદ ભારત સાથે સંકળાયેલી હોય તો એ દેશનો કોઈ પણ રોકાણકાર ફક્ત ભારત સરકારની મંજૂરી વિના રોકાણ કરી શકશે નહીં.

✓ રોકાણકાર કોઈ વ્યક્તિ હોય કે કોઈ કંપની હોય કે સરકારી બેન્ક હોય તો પણ એ નિયમ લાગુ પડશે.

✓ મોટા ભાગના સેક્ટરોમાં સીધું વિદેશી રોકાણ થઈ શકે છે અને એ માટે રોકાણ કર્યા બાદ રિઝર્વ બેન્કને જ જાણ કરવાની રહે છે.

✓ પરંતુ સરંક્ષણ, ટેલિકોમ, મીડિયા, ફાર્માસ્યુટિકલ અને ઇન્શ્યોરન્સ જેવા સેક્ટરમાં એફડીઆઇ માટે સરકારની મંજૂરી જરૂરી છે.

FDI : ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. શોધ : ભારતમાં કોરોનાના ટેસ્ટ માટે વૈજ્ઞાનિકો દ્વારા પેપર બેઝ્ડ ટેસ્ટ સ્ટ્રિપ – 'Feluda' તૈયાર કરાઈ (આરોગ્ય)



✓ ભારતનાં વૈજ્ઞાનિકોએ પેપર બેઝ્ડ કોરોના ટેસ્ટ સ્ટ્રિપ બનાવી છે જેનાં ઉપયોગથી વ્યક્તિને કોરોના છે કે નહીં તેને મિનિટોમાં જ પરીક્ષણ કરી શકાશે. આ ટેસ્ટ સ્ટ્રિપને Feluda નામ આપવામાં આવ્યું છે.

'Feluda'નો અર્થ

- ✓ Feluda ફિલ્મ નિર્માતા સત્યજીત રેનાં કાલ્પનિક જાસૂસનું નામ છે તેનાં પરથી કિટને આ નામ અપાયું છે. CRISPR ટેકનોલોજી આધારિત આ ટેસ્ટિંગ કિટનું દેશમાં થોડા સમયમાં ઉત્પાદન શરૂ કરાશે.

કેવી રીતે ટેસ્ટ કરાશે :

- ✓ જે પ્રેગ્નન્સી ટેસ્ટની જેમ કામ કરશે એટલે કે કલર બદલાતા કોરોના છે કે કેમ તેની જાણ થઈ જશે
- ✓ સ્ટ્રિપ ટેસ્ટ કિટનાં ઉપયોગ માટે કોઈ મશીનની જરૂર પડશે નહીં. કોરોના પોઝિટિવ કેસ હશે તો તેનો રંગ બદલાઈ જશે ટેસ્ટ કિટનું પરિણામ ૧૦૦ ટકા એક્યૂરેટ છે.

સ્ટ્રિપ કોના દ્વારા તૈયાર કરાઈ

- ✓ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચની ઇન્સ્ટિટ્યૂટ ઓફ જિનોમિક્સ એન્ડ ઇન્ટિગેટિવ બાયોલોજી (CSIR IGIB)ની ટીમ દ્વારા તેને તૈયાર કરાઈ છે.

અંદાજે ચાર્જ:પ્રતિ ટેસ્ટ રૂ.૫૦૦નો ખર્ચ થશે

- ✓ ખાનગી લેબમાં કોરોનાનો ટેસ્ટ રૂ. ૪,૫૦૦માં થાય છે ત્યારે આ કિટથી ફક્ત રૂ. ૫૦૦માં ટેસ્ટ થઈ શકશે જે પ્રેગ્નન્સી ટેસ્ટની જેમ કામ કરશે.
- ✓ કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે દેશમાં મે મહિનાથી દર મહિને ૨૦ લાખ ટેસ્ટિંગ કિટ બનાવવામાં આવશે. જેમાંથી ૧૦ લાખ કિટ રેપિડ એન્ટિબોડી હશે અને ૧૦ લાખ કિટ RT-PCR વાળી હશે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. પહેલ : કોરોના સામે દેશમાં પ્રથમવાર SVP, અમદાવાદમાં પ્લાઝમા થેરાપીથી સારવાર શરૂ



થેરાપીથી કોરોનાની સારવાર

- ✓ કોરોના પોઝિટિવ બાદ તેમાંથી સાજા થનારા દર્દીના પ્લાઝમાં સાથે આ થેરાપી થાય છે.
- ✓ કેન્દ્રના ICMR દ્વારા ગુજરાતને પ્લાઝમા થેરાપી માટે મંજૂરી

કેવી રીતે થાય છે કોરોનાના દરદીની પ્લાઝમા થેરાપીથી સારવાર

- ✓ બ્લડમાં સેલ અને પ્લાઝમા હોય છે. સેલમાં શ્વેત કણ અને રક્ત કણ હોય છે. તે સિવાયનું લોહી પ્લાઝમા કહેવાય.
- ✓ જે દર્દી સાજો થાય તેના શરીરમાં એન્ટીબોડીઝ વિકસી હોય છે. આવા દર્દીના પ્લાઝમાને અન્ય દર્દીના શરીરમાં દાખલ

કરવામાં આવે તો આવા દર્દી સાજા થવાની આશા રહે છે.

કોરોના વાયરસથી મુક્ત અમદાવાદની સ્મૃતિ ઠક્કર દેશની પ્રથમ પ્લાઝમા ડોનર બની

- ✓ આ પ્લાઝમાના રાત્રિ દરમિયાન એચઆઈવી સહિત જુદા જુદા ૧૫ થી ૨૦ ટેસ્ટ કરવામાં આવશે.

સારવારના માપદંડ:

- ✓ જે દર્દી ક્રિટીકલ હોય, વેન્ટિલેટર પર હોય તેની સારવાર થઈ શકે નહીં. માત્ર માઈલ્ડ અને મોડરેટ હોય તેવા દર્દીની જ સારવાર થઈ શકે.
- ✓ હોસ્પિટલ : સરદાર વલ્લભભાઈ પટેલ–અમદાવાદ (SVP)
- ✓ AMC સંચાલિત હોસ્પિટલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. સયુક્ત રાષ્ટ્રસંઘ : ભારતમાં ગરીબો ઉપર લોકડાઉનની અસરો અંગે અહેવાલ



- ✓ યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી (યુએનયુ)ના રિપોર્ટ મુજબ જો કોરોના સૌથી ખરાબ સ્થિતિમાં પહોંચશે તો ભારતમાં વધુ 10.4 કરોડ લોકો ગરીબ થઈ જશે.



માપદંડ :

- ✓ યુએનયુનું આકલન વિશ્વબેન્ક દ્વારા નક્કી ગરીબીના માપદંડોના આધારે કરાયું.
- ✓ અભ્યાસ મુજબ વિશ્વ બેન્કના માપદંડો અનુસાર ભારતમાં હાલ આશરે 81.2 કરોડ લોકો ગરીબી રેખા નીચે છે. આ દેશની કુલ વસતીના 60 ટકા જેટલા છે.
- ✓ મહામારી અને લૉકડાઉન વધવાથી દેશની આર્થિક સ્થિતિ પર વિપરીત અસર થશે અને ગરીબોની આ સંખ્યા વધીને 91.5 કરોડ થઈ જશે જે કુલ વસતીના 68 ટકા થઈ જશે.
- ✓ જો આ અનુમાન સાચું ઠરશે તો દેશ 10 વર્ષ પાછળ ધકેલાઈ જશે.

ગરીબીના માપડંદ

- ✓ વિશ્વ બેન્કના નક્કી માપદંડો મુજબ ભારતમાં 3.2 ડૉલર પ્રતિ દિવસ (243 રૂપિયા દરરોજ) થી ઓછા કમાનારા લોકો ગરીબી રેખા નીચે છે.
- ✓ જો ગરીબ દેશો માટે નક્કી ગરીબીના માપદંડ 1.9 ડૉલર પ્રતિદિવસ આવક (આશરે 145 રૂપિયા) માનીએ તો ભારતમાં

કોરોના સંકટના કારણે 15 લાખથી 7.6 કરોડ લોકો અતિ ગરીબની કેટેગરીમાં સામેલ થઈ જશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ગૌરવ : કોરોના સામે ભારતે કરેલી વૈશ્વિક મદદ



✓ વિશ્વ કોરોના મહામારી સામે લડી રહ્યું છે ત્યારે ભારતે અનેક દેશોમાં હાઇડ્રોકલોરોક્વીન દવાની કરેલી મદદ બદલ સ્વિટ્ઝરલેન્ડે પહાડી પર ભારતના તિરંગા સાથે ભારતનો આભાર વ્યક્ત કર્યો.

✓ કોવિડ 19 વિરુદ્ધ લડતમાં તમામ ભારતીયો માટે એકતા દર્શાવવા માટે સ્વીટ્ઝરલેન્ડના મેટરહોર્ન પર્વત, ઝેરમેટ, પર 1000 મીટરથી વધુ કદનો ભારતીય ત્રિરંગો તમે જોઈ શકો છો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : ૧૮મી એપ્રિલ

વર્લ્ડ હેરિટેજ ડે (વિશ્વ વારસો દિવસ)



થીમ-૨૦૨૦ : "Shared Cultures, Shared Heritage, Shared Responsibility"

✓ ભારતની એકમાત્ર હેરિટેજ સિટી- અમદાવાદ.

✓ દર વર્ષે ૧૮મી એપ્રિલના રોજ યુ.એન.ની સંસ્થા યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેજ ડે એટલે કે વિશ્વ વારસો દિવસની ઉજવણી કરવામાં આવે છે.

હેતુ-

✓ દુનિયાના કોઇપણ ખુણામાં માનવજાતની સહિયારી વિરાસતની જાળવણી અને સુરક્ષા માટે લોકોમાં જાગૃતિ લાવવા માટે વિશેષ રૂપે વર્લ્ડ હેરિટેજ ડે ની ઉજવણી કરવામાં આવે છે

✓ યુનેસ્કો દ્વારા દુનિયામાં સાંસ્કૃતિક અથવા ભૌતિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવતા સ્થાનોને વર્લ્ડ હેરીટેજ સાઇટ્સ તરીકે જાહેર કરવામાં આવે છે.

ફાયદો-

✓ કોઇપણ સ્થળને હેરીટેજ સાઇટ્સ તરીકે જાહેર કરવાથી તેની જાળવણી માટે

સ્થાનિક સરકાર દ્વારા અને યુનેસ્કો દ્વારા વિશેષ ખ્યાલ રાખવામા આવે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : ૧૮ એપ્રિલ

મહર્ષિ : ધોન્ડું કેશવ કર્વે

જન્મ – ૧૮ એપ્રિલ-૧૮૫૮

અવસાન – ૧૯૬૪



✓ આજે ધોંડું કેશવ કર્વે, ગાંધીવાદી કર્મશીલ રામલાલ પરીખ, અભિનેત્રી લલિતા પવાર અને અર્થશાસ્ત્રી ડેવિડ રિકાર્ડોનો જન્મદિન.

✓ મહર્ષિ કર્વેનું પૈતૃક ગામ મહારાષ્ટ્રના કોંકણ દરિયાકાંઠાનું મરૂડ પણ જન્મ મોસાળ શેરવલીમાં થયો હતો.

✓ તેમની પહેલાંના ત્રણ ભાઈઓ નાનપણમાં જ મૃત્યુ પામતા માતા બાળક ધોંડુના સ્વાથ્ય વિશે સતત ચિંતિત રહેતા હતાં પણ ચિંતિત માને કયાં ખબર હતી કે પુત્ર 104 વર્ષ જીવશે અને ઇતિહાસમાં નામ અંકિત કરશે.

✓ મુંબઈ ભણવા ગયા ત્યાં ખર્ચ કાઢવા ટયુશન કરતાં પણ તેમાંથી 1 રૂપિયો ધર્માદામાં આપતા.

✓ નાની મોટી નોકરી કરતાં પુનાની ફર્ગ્યુશન કોલેજમાં ગણિતના પ્રોફેસર બન્યા.

✓ સમાજ સુધારા માટે પોતાનાથી દાખલા ઊભા કરવા જોઈએ તે ન્યાયે પત્ની અને બહેનને વેકેશનમાં ભણાવતા.

✓ તેમનો સૌથી મોટો દાખલો તે 11 માર્ચ 1893એ આનંદીબાઈ સાથે કરેલાં વિધવાલગ્ન.

✓ આ પુનઃ લગ્ન પશ્ચિમ ભારતમાં રૂઢિચુસ્ત માનસમાં હાહાકાર મચાવી દીધો.

✓ તેમના કામનું માનદ પીએચડી, ડી. લિટ, પદ્મવિભૂષણ અને ભારતરત્નથી સન્માન થયું છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૪-૨૦૨૦)

1. અન્ન સુરક્ષા ધારા હેઠળ ગુજરાત સરકાર રાજ્યના 66 લાખ બીપીએલ કાર્ડ ધારકોના બેંક ખાતામાં કેટલી રકમ જમા કરાવશે- રૂ.1000/-
2. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ કેન્દ્ર સરકાર એપ્રિલ, મે અને જૂન-2020 એમ ત્રણ મહિના માટે કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં તેના માસિક વેતનના કેટલા ટકા રકમ જમા કરાવશે - 24%
3. એપ્રિલ 2020માં ભારત સરકારે તકવાદી અધિગ્રહણ પર નિયંત્રણ રોકવા માટે વર્તમાન એફડીઆઇના નિયમોમાં કયા મહત્વના ફેરફાર કર્યા - જે દેશોની સરહદ ભારત સાથે સંકળાયેલી હશે તેવા દેશોના

રોકાણકારો ભારત સરકારની મંજૂરી વિના ભારત સરકારની મંજૂરી વિના રોકાણ કરી શકશે નહીં.

4. FDIનું વિસ્તૃત નામ જણાવો - **ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ**
5. ભારતમાં કોરોનાના ટેસ્ટ માટે વૈજ્ઞાનિકો દ્વારા શોધાયેલ પેપર બેઝડ ટેસ્ટ સ્ટ્રિપને કયું નામ આપવામાં આવ્યું છે - **Feluda**
6. મિનીટોમાં કોરોના વાયરસ ટેસ્ટનું પરિણામ આપતી પેપર બેઝડ ટેસ્ટ સ્ટ્રિપ-"Feluda" કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાઈ છે - **IGIB**
7. "Feluda" તૈયાર કરનાર IGIB સંસ્થાનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્સ્ટિટયૂટ ઓફ જિનોમિક્સ એન્ડ ઇન્ટિગેટિવ બાયોલોજી**
8. મિનીટોમાં કોરોના વાયરસ ટેસ્ટનું પરિણામ આપતી પેપર બેઝડ ટેસ્ટ સ્ટ્રિપ-"Feluda" દ્વારા ટેસ્ટ કરાવવાનો અંદાજીત ખર્ચ કેટલો થાય છે - **૩.500/-**
9. મિનીટોમાં કોરોના વાયરસ ટેસ્ટનું પરિણામ આપતી પેપર બેઝડ ટેસ્ટ સ્ટ્રિપ-"Feluda" કઈ ટેકનોલોજી આધારે તૈયાર કરવામાં આવી છે - **CRISPR**
10. "Feluda" કીટનો અર્થ જણાવો-**ભારતના મહાન ફિલ્મ નિર્માતા સત્યજીત રેના"કાલ્પનિક જાસૂસ"નું નામ**
11. ભારતમાં સૌપ્રથમ કોરોના દરદી ઉપર સામે "પ્લાઝમા થેરાપી"થીસારવાર કઈ હોસ્પિટલમાં શરૂ કરાઈ - **સરદાર વલ્લભભાઈ પટેલ(SVP), અમદાવાદ**
12. કેન્દ્ર સરકારની કઈ સંસ્થા દ્વારા સમગ્ર દેશમાં સૌપ્રથમ ગુજરાતમાં કોરોનાના દર્દીઓ ઉપર પ્લાઝમા થેરાપીથી સારવારની મંજૂરી અપાઈ - **ICMR**
13. કોરોના વાયરસથી મુક્ત અમદાવાદની કઈ દીકરીએ દેશની પ્રથમ પ્લાઝમા ડોનર તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યું - **સ્મૃતિ ઠક્કર**
14. યુનાઇટેડ નેશન્સ યુનિવર્સિટીના એપ્રિલ 2020ના અહેવાલ મુજબ કોરોનાની સ્થિતિના કારણે ભારતમાં વધુ કેટલા લોકો ગરીબીમાં ધકેલાશે છે - **10.4 કરોડ**
15. વિશ્વ બેન્કના માપદંડ અનુસાર ભારતમાં હાલ એપ્રિલ-2020ની સ્થિતિએ આશરે કેટલા લોકો ગરીબી રેખા નીચે જીવે છે - **81.2 કરોડ**
16. વિશ્વ બેંક દ્વારા નક્કી કરેલા માપદંડ મુજબ ભારતમાં પ્રતિ દિવસ કેટલા ડોલર-રૂપિયાથી ઓછા કમાનાર લોકોને ગરીબી રેખા નીચે ગણવામાં આવે છે - 3.2$ અથવા ૩.243/-
17. વિશ્વ બેંક દ્વારા ગરીબ દેશો માટે ગરીબીના માપદંડ પ્રમાણે પ્રતિ દિવસ કેટલી આવક નક્કી કરવામાં આવી છે - **1.9$ અથવા ૩.145/-**
18. ભારત દ્વારા કોરોના સંકટ સામે વિશ્વના દેશોની કરેલી દવાની મદદ બદલ આભાર માટે કયા દેશ દ્વારા મેટરહોર્ન અને ઝેરમટ પર્વત ઉપર 1000 મીટરનો ડિજિટલ તિરંગો લહેરાવ્યો હતો - **સ્વિટ્ઝર્લેન્ડ**
19. વર્લ્ડ હેરિટેજ ડે ક્યારે ઉજવવામાં આવે છે- **18 એપ્રિલ**
20. વર્લ્ડ હેરિટેજ ડે-2020ની થીમ જણાવો - **"શેરડ્ કલ્ચર, શેરડ્ હેરિટેજ, શેરડ્ રિસ્પોન્સિબિલિટી"**
21. ભારતની એકમાત્ર હેરિટેજ સિટી જણાવો - **અમદાવાદ**
22. ભારતરત્ન, મહર્ષિ ધોન્ડું કેશવ કર્વેનો જન્મદિવસ જણાવો - **18.04.1858**
23. ભારતરત્ન, મહર્ષિ ધોન્ડું કેશવ કર્વેનો જન્મ કયાં રાજ્યમાં થયો હતો - **કાંકણ, મહારાષ્ટ્ર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

✓ આ યોજનાથી ગ્રામ વિસ્તારોમાં મિલકતના અધિકારો અંગેની સ્પષ્ટતા કરશે. આ યોજના ડ્રોન સર્વેલન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરી બહેતર ગુણવત્તા ધરાવતી ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ હાથ ધરી શકાશે

ઉદ્દેશ :

✓ આ કાર્યક્રમનો ઉદ્દેશ ગામડાંના લોકોને તેમની નિવાસી મિલકતોના યોગ્ય દસ્તાવેજો પૂરા પાડવાનો છે કે જેથી તે તેમની આર્થિક અસ્કયામતોનો આર્થિક હેતુ માટે ઉપયોગ કરી શકે.

✓ આ યોજનાથી ગામડાંમાં આયોજન તથા આવકના એકત્રીકરણ કરવામાં સરળતા

થશે તથા મિલકતના અધિકારો અંગે સ્પષ્ટતા થશે.

- ✓ આ યોજનાથી મિલકત અંગેના વિવાદો નિવારવામાં પણ સહાય થશે.
- ✓ આ કાર્યક્રમ હેઠળ તૈયાર કરવામાં આવેલા નકશાનો ઉપયોગ કરીને ગુણવત્તા ધરાવતી ગ્રામ વિકાસ યોજનાઓ તૈયાર કરી શકાશે.
- ✓ સ્વામિત્વ યોજના એ પંચાયતી રાજ મંત્રાલય, રાજ્યોના પંચાયતી રાજ વિભાગો અને સર્વે ઓફ ઈન્ડીયાનો ગ્રામ વિસ્તારોને મિલકતોની માન્યતાના સુસંકલિત ઉપાયો આપવા માટેની યોજના.
- ✓ આ યોજના હેઠળ અતિ આધુનિક ડ્રોન સર્વેઇંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગ્રામ વિસતારોની રહેણાકની જમીનોની માપણી કરવાનો છે.
- ✓ આ કાર્યક્રમનો અમલ હાલમાં 6 રાજ્યમાં હાથ ધરવામાં આવ્યો છે, જેમાં હરિયાણા, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ આ યોજના હેઠળ અતિ આધુનિક સર્વેક્ષણ પધ્ધતિ અપનાવીને ગ્રામ વિસ્તારોની આવાસોની જમીનના નકશા તૈયાર કરવામાં આવશે.
- ✓ આ વર્ષ દરમ્યાન પંજાબ અને રાજસ્થાનમાં 101 કન્ટીન્યુઅસ ઓપરેટીંગ રેફરન્સ સ્ટેશન્સ (CORS) સ્થાપવામાં આવશે. જેનાથી આગામી વર્ષે નિવાસી વિસ્તારોમાં વાસ્તવિક સર્વેક્ષણ અને નકશા તૈયાર કરવાની કામગીરીનો તખ્તો તૈયાર થશે.

<u>ઈ-ગ્રામ સ્વરાજ અંગેની રૂપરેખા</u>

- ✓ આ પ્રક્રિયાથી પ્રિયા સોફ્ટ અને પીએફએમએસ જેવા પંચાયતી રાજ મંત્રાલયના પેમેન્ટ પોર્ટલ્સનું સંકલન કરીને મજબૂત નાણાંકિય વ્યવસ્થા સ્થાપવામાં સહાય થશે.
- ✓ આ એપ્લિકેશનનો ઉદ્દેશ વિકેન્દ્રીત આયોજન, પ્રોગ્રેસ રિપોર્ટીંગ અને કામગીરી આધારિત હિસાબી પધ્ધતિ વડે દેશભરની પંચાયતી રાજ સંસ્થાઓમાં બહેતર પારદર્શકતા અને મજબૂતી લાવવાનો છે.
- ✓ તેનાથી પંચાયતોની ભરોસાપાત્રતા વધારવામાં સહાય થશે અને પંચાયતી રાજ સંસ્થાઓના ભંડોળનો બહેતર ઉપયોગ થઈ શકશે.
- ✓ વધુમાં, ઈ-ગ્રામ સ્વરાજ ઉચ્ચતર સંસ્થાઓ મોનિટરીંગનું અસરકારક માધ્યમ પૂરૂં પાડે છે. આ એક સિંગલ પ્લેટફોર્મ હશે, જે પંચાયતોની આયોજનની હિસાબી યોજનાઓ માટે કામ આવશે.
- ✓ ઓનલાઈન પેમેન્ટ મોડ્યુલ (અગાઉનું પ્રિયાસોફ્ટ-પીએફએમએસ ઈન્ટરફેસ (પીપીઆઈ) એ અનોખી કામગીરી બજાવે છે અને પંચાયતો તેના વેન્ડર્સ અને સર્વિસ પ્રોવાઈડર્સને તેની મારફતે ઓનલાઈન ચૂકવણી કરી શકે છે.

- ✓ આ પ્રકારનું મોડ્યુલ રજૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ પંચાયતોમાં મજબૂત નાણાં વ્યવસ્થા સ્થાપવાનો છે કે જેથી તેમની ભરોંસાપાત્રતા અને ઈમેજમાં સુધારો થાય.
- ✓ આ પ્રયાસને ડીજીટલ ઈન્ડિયા પ્રોગ્રામ સાથે પણ જોડવામાં આવશે અને તેનાથી ભારતને ડીજીટલી શક્તિમાન સમાજ અને "ફેસલેસ, પેપરલેસ અને કેશલેસ નૉલેજ ઈકોનોમીમાં રૂપાંતર કરવાનો છે."
- ✓ કેન્દ્રીય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. સ્વયંમ : ક્લાસ સેન્ટ્રલ લિસ્ટમાં 2019ના શ્રેષ્ઠ 30 ઓનલાઇન કોર્સમાં સ્વયંમના છ કોર્સને સ્થાન (શિક્ષણ)

વિગત

- ✓ ધ ક્લાસ સેન્ટ્રલ (સ્ટેન્ફોર્ડ, એમઆઇટી, હાર્વર્ડ વગેરે જેવી ટોચની યુનિવર્સિટીમાંથી ફ્રી ઓનલાઇન કોર્સ એટલે કે એમઓઓસી)એ વર્ષ 2019ના શ્રેષ્ઠ 30 ઓનલાઇન અભ્યાસક્રમોની યાદીમાંથી સ્વયંમના 6 અભ્યાસક્રમોને સ્થાન આપ્યું.
- ✓ ઓનલાઇન અભ્યાસક્રમો માટેનું ઇન્ટિગ્રેટેડ પ્લેટફોર્મ 'સ્ટડી વેબ્સ ઓફ એક્ટિવ લર્નિંગ ફોર યંગ એસ્પાયરિંગ માઇન્ડ્સ' (સ્વયંમ)એ ઇન્ફોર્મેશન અને કમ્યુનિકેશન ટેકનોલોજી (આઇસીટી)નો ઉપયોગ કરે છે, જેમાં સ્કૂલ (ધોરણ 9થી ધોરણ 12)થી લઈને પોસ્ટ ગ્રેજ્યુએટ લેવલને આવરી લેવામાં આવે છે.
- ✓ અત્યાર સુધી કુલ 2867 અભ્યાસક્રમો સ્વયંમ દ્વારા ઓફર થયા છે અને 568 અભ્યાસક્રમોને જાન્યુઆરી, 2020 માટે ઓફર કરવા અપલોડ કરવામાં આવ્યાં છે.
- ✓ આશરે 57 લાખ (57,84,770) યુનિક યુઝર/રજિસ્ટ્રેશન સ્વયંમ પ્લેટફોર્મ પર થયું છે અને સ્વયંમના વિવિધ કોર્સમાં આશરે 1.25 કરોડ (125,04,722) નોંધણી થઈ છે.
- ✓ આ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટીચર એજ્યુકેટર્સ માટે ઓનલાઇન અભ્યાસક્રમો પણ પૂરાં પાડે છે. એને તમે swayam.gov.in પરથી એક્સેસ કરી શકશો.

6 અભ્યાસક્રમો-સંસ્થાઓની યાદી

1. એકેડેમિક રાઇટિંગ: એચ એન બી ગઢવાલ યુનિવર્સિટી (સેન્ટ્રલ યુનિવર્સિટી) શ્રીનગર, ગઢવાલ.
2. ડિજિટલ માર્કેટિંગ: પંજાબ યુનિવર્સિટી ચંદીગઢ.
3. એનિમેશન: બનારસ હિંદુ યુનિવર્સિટી
4. મેથેમેટિકલ ઇકોનોમિક્સ: દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
5. પાયથોન ફોર ડેટા સાયન્સ: ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, મદ્રાસ
6. અર્લી ચાઇલ્ડહૂડ કેર એન્ડ એજ્યુકેશન (ઇસીસીઇ) : એવિયનશિલિંગમ ઇન્સ્ટિટ્યૂટ

ફોર હોમ સાયન્સ એન્ડ હાયર એજ્યુકેશન ફોર વિમેન, કોઇમ્બતૂર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. લાઇફલાઇન ઉડાન : કોવિડ-19 લોકડાઉન દરમિયાન લાઇફલાઇન ઉડાન ફ્લાઇટ્સ અંતર્ગત સમગ્ર દેશમાં આવશ્યક અને તબીબી સામાન પહોંચાડાયો (લોજીસ્ટિક)

✓ કોવિડ-19 મહામારી સામે ભારતની લડાઇમાં દેશના અંતરિયાળ અને સરહદી વિસ્તારો સુધી આવશ્યક તબીબી પૂરવઠો પહોંચાડવા માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા 'લાઇફલાઇન ઉડાન' અંતર્ગત ફ્લાઇટ્સ ચલાવવામાં આવે છે.

✓ એર ઇન્ડિયા, અલાયન્સ એર, ભારતીય વાયુ સેના અને ખાનગી કેરિઅર્સ દ્વારા કુલ 383 ફ્લાઇટ્સનું પરિચાલન કરવામાં આવ્યું છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : ૨૭ એપ્રિલ

આજના દિવસે મહાદેવી વર્માને જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માન કરાયુ હતુ



ગૂગલએ મહાદેવી વર્માને ડૂડલ બનાવી યાદ કર્યાં

✓ મહાદેવી વર્મા ભારતના મહાન સાહિત્યિક લેખક, કવિ, સ્વાતંત્ર્ય સેનાની અને શિક્ષણવિદ હતા.

✓ આ Google doodle સોનલ ઝોહરા દ્વારા કરવામાં આવ્યું છે આ ડૂડલમાં, ઝાહરાએ બતાવ્યું છે કે સુંદર વિચારોમાં કવિ કેવી રીતે લખે છે. આ ડૂડલએ બતાવ્યું છે કે મહાદેવ વર્મા એક વૃક્ષ નીચે બેઠા છે જ્યાં એક નદી છે અને તે કવિતા લખે છે.

✓ કાવ્યાત્મક સંકલન માટે મળ્યું, જ્ઞાનપીઠ

✓ મહાદેવી વર્માને 'આધુનિક મીરા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

✓ **મહાદેવી વર્માએ 'યામા" નામના કવિતાના સંકલન માટે 27 એપ્રિલ, 1982ના રોજ ભારતના સૌથી વધુ સાહિત્યિક સન્માન 'જ્ઞાનપીઠ પુરસ્કાર' મેળવ્યો હતો.**

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : ૨૭ એપ્રિલ

(૧) વિશ્વ ગ્રાફિક ડિઝાઈન દિવસ

(World Graphic Design Day)

- ✓ વિશ્વ ગ્રાફિક ડિઝાઇન દિવસ, ૨૭ એપ્રિલનાં રોજ ઉજવવામાં આવે છે.



- ✓ જે ૧૯૬૩માં સ્થપાયેલ ગ્રાફિક ડિઝાઇનની વૈશ્વિક સંસ્થા 'ઇકોગ્રાડા' (Icograda)ની વર્ષગાંઠની ઉજવણી રૂપે ઉજવવામાં આવે છે.
- ✓ આની શરૂઆત ૧૯૯૫ થી થયેલ. આ દિવસ ગ્રાફિક ડિઝાઇન અને માહિતી રૂપરેખાનાં વ્યવસાયની ઉજવણીરૂપે ઉજવવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૪-૨૦૨૦)

1. એપ્રિલ 2020માં આરબીઆઈ દ્વારા મ્યુચ્યુઅલ ફંડ્સ માટે કેટલા કરોડનું લિક્વિડિટી પેકેજ જાહેર કર્યું- **રૂ.50,000/- કરોડ**
2. મ્યુચ્યુઅલ ફંડ્સ માટે બજારમાં નાણાકીય તરલતા જાળવવા બિડની ઓછામાં ઓછી રકમ કેટલાના ગુણાંકમાં રહેશે- **રૂ.1 કરોડ કે તેના ગુણાંકમાં**
3. ગુજરાતમાં કઈ સંસ્થાના વડપણ હેઠળ રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં કોરોના ટેસ્ટિંગની સુવિધા શરૂ કરાશે- **NIPER**
4. ગુજરાતમાં NIPER સંસ્થાના વડપણ હેઠળ રાજ્યની કઈ કઈ શૈક્ષણિક સંસ્થાઓનો કોરોના ટેસ્ટિંગની સુવિધા માટે મેડિકલ ક્લસ્ટરમાં સમાવેશ કરાયો છે - **1.NIPER 2. ગુજરાત યુનિવર્સિટી 3. આઈઆઈટી-ગાંધીનગર અને 4. ગુજરાત ટેકનોલોજિકલ રિસર્ચ સેન્ટર- ગાંધીનગર**
5. COVID-19ની ભાવિ સ્થિતિને પહોંચી વળવા કેન્દ્રના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી દ્વારા દેશમાં કોરોના સેમ્પલના ટેસ્ટિંગ માટે કેટલા ચેપ્ટર તૈયાર કરવામાં આવશે - **10**
6. COVID-19ની ભાવિ સ્થિતિને પહોંચી વળવા કેન્દ્રના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી દ્વારા દેશમાં કોરોના સેમ્પલના ટેસ્ટિંગ માટે તૈયાર કરવામાં આવનાર ચેપ્ટર માટે ગુજરાતમાંથી નોડલ તરીકે કઇ સંસ્થાની પસંદગી કરાઈ છે-**NIPER, ગાંધીનગર**
7. NIPERનું વિસ્તૃત નામ જણાવો- **નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી એજ્યુકેશન એન્ડ રિસર્ચ**
8. રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ પાસે કેવા પ્રકારની લેબ ઉપલબ્ધ હોય તેમાં કોરોનાના સેમ્પલના ટેસ્ટિંગ માટે સંકલનની જવાબદારી આપવામાં આવશે- **RTPCR અને બાયોસેફટી લેબ**
9. સંરક્ષણ પાછળ ખર્ચ કરતા વિશ્વના દેશોનો અહેવાલ કઈ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવે છે - **સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ**
10. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ" ક્યા દેશમાં આવેલી છે - **સ્વિડન**
11. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ"ના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ વર્ષે 2019ના અહેવાલ મુજબ સંરક્ષણ પાછળ ખર્ચ કરતા વિશ્વના ટોચના એકથી ત્રણ દેશોના નામ જણાવો - **અમેરિકા, ચીન અને ભારત**
12. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ"ના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ વર્ષે 2019ના અહેવાલ મુજબ સંરક્ષણ પાછળ ખર્ચ કરતા વિશ્વના ટોચના એકથી ત્રણમાં કયા દેશનો પ્રથમવાર સમાવેશ થયો છે-**ભારત**

13. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ"ના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ વર્ષે 2019ના અહેવાલ મુજબ સંરક્ષણ પાછળ ખર્ચ કરતા વિશ્વના ટોચના એકથી ત્રણ દેશોનો ખર્ચે જણાવો- **અમેરિકા- 732 અબજ ડૉલર, ચીન-261 અબજ ડૉલર અને ભારત-71.1 અબજ ડૉલર**
14. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ"ના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ વર્ષે 2019ના અહેવાલ મુજબ સંરક્ષણ પાછળ ખર્ચે કરતાં દેશોએ વર્ષે 2018 કરતાં ખર્ચેમાં કેટલા ટકાનો વધારો કર્યો છે- 3.6%
15. પંચાયતી રાજની નવી પહેલ સમાન સ્વામિત્વ યોજનાનો હેતુ જણાવો - **ગામડાંના લોકોને તેમની નિવાસી મિલકતોના યોગ્ય દસ્તાવેજો પૂરા પાડવાનો જેથી તે તેમની આર્થિક અસ્કયામતોનો આર્થિક હેતુ માટે ઉપયોગ કરી શકે**
16. કેન્દ્ર સરકારની સ્વામિત્વ યોજના શાના માટેની છે - **પંચાયતી રાજ મંત્રાલય, રાજ્યોના પંચાયતી રાજ વિભાગો અને સર્વે ઓફ ઈન્ડીયાનો ગ્રામ વિસ્તારોને મિલકતોની માન્યતાના સુસંકલિત ઉપાયો આપવા માટેની યોજના**
17. CORSનું વિસ્તૃત નામ જણાવો - **કન્ટીન્યુઅસ ઓપરેટીંગ રેફરન્સ સ્ટેશન્સ**
18. વર્તમાન કેન્દ્રીય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ મંત્રીનું નામ જણાવો - **શ્રી નરેન્દ્રસિંહ તોમર**
19. SWAYAMનું વિસ્તૃત નામ જણાવો - **પ્લેટફોર્મ 'સ્ટડી વેબ્સ ઓફ એક્ટિવ લર્નિંગ ફોર યંગ એસ્પાયરિંગ માઇન્ડ્સ'**
20. કયા લિસ્ટમાં 2019ના શ્રેષ્ઠ 30 ઓનલાઇન કોર્સમાં સ્વયંમના છ કોર્સને સ્થાન મળ્યુ – **ધ ક્લાસ સેન્ટ્રલ**
21. કોવિડ-19 લૉકડાઉન દરમિયાન કઈ ફ્લાઇટ્સ અંતર્ગત સમગ્ર દેશમાં આવશ્યક અને તબીબી સામાન પહોંચાડાયો - **લાઇફલાઇન ઉડાન**
22. કોવિડ-19 લૉકડાઉન દરમિયાન કયા મંત્રાલય દ્વારા લાઇફલાઇન ઉડાન ફ્લાઇટ્સ અંતર્ગત સમગ્ર દેશમાં આવશ્યક અને તબીબી સામાન પહોંચાડાયો – **કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય**
23. ભારતના મહાન સાહિત્યકાર મહાદેવી વર્માને 27 એપ્રિલ (1982)ના રોજ સાહિત્યનો કયો સર્વોચ્ચ પુરસ્કાર અપાયો હતો જેની યાદમાં google દ્વારા ડૂડલ બનાવ્યું હતું- **'જ્ઞાનપીઠ પુરસ્કાર'**
24. મહાદેવી વર્માને કયા કવિતાના સંકલન માટે 'જ્ઞાનપીઠ પુરસ્કાર' અપાયો હતો - **"યામા"**
25. મહાન સાહિત્યકાર મહાદેવી વર્માને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે- **આધુનિક મીરા**
26. 'વિશ્વ ગ્રાફિક ડિઝાઇન દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે - **27 એપ્રિલ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 28-04-2020



૧. કોરોના સંક્રમિત દર્દીઓ માટે કેન્દ્રની નવી માર્ગદર્શિકા (આરોગ્ય)



સરકારની ગાઇડ લાઇન

1. પ્રારંભિક લક્ષણ ધરાવતા હોવાનું પ્રમાણ અપાય તે જ હોમ આઇસોલેશનમાં રહી શકશે.
2. દર્દીને સેફ આઇસોલેશનની અને પરિવારના સભ્યોને ક્વોરન્ટાઇન કરવાની સુવિધા હશે. તેમને જ આ પરવાનગી અપાશે
3. દર્દીની ૨૪ કલાક કાળજી લેવા વ્યક્તિને અધિકૃત કરવી પડશે
4. કેર ગિવર અને દર્દીના સંપર્કમાં આવેલા તમામે હાઇડ્રોક્સિક્લોરોક્વિન લેવાની રહેશે
5. દર્દીએ આરોગ્ય સેતુ એપ ફરજિયાત ડાઉનલોડ કરી સતત એક્ટિવ રાખવી પડશે.
6. દર્દીએ તેના આરોગ્ય અંગે જિલ્લા સર્વેલન્સ અધિકારીને સતત માહિતી આપતા રહેવું પડશે

કયાં ગંભીર લક્ષણોની જાણ કરવાની રહેશે ?

- ✓ શ્વાસ લેવામાં તકલીફ સર્જાય
- ✓ છાતીમાં સતત દુખાવો અથવા દબાણની ફરિયાદ
- ✓ માનસિક મૂંઝવણ અથવા ઊઠવામાં તકલીફ
- ✓ હોઠ અને ચહેરાનો રંગ બદલાવો
- ✓ કેર ગિવરે તાત્કાલિક સર્વેલન્સ અધિકારીને જાણ કરવાની રહેશે
- ✓ આરોગ્ય મંત્રાલય ભારત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. UFO : યુએસના પેન્ટાગોનની UFOની માન્યતા પર પ્રથમવાર મહોર (ખગોળ વિજ્ઞાન)



વિગત

- ✓ બ્રહ્માંડમાં પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો પર જીવન હોવાની સંભાવના અંગે માનવી શોધ ચલાવી રહ્યો છે.
- ✓ ઘણીવાર લોકોએ પરગ્રહવાસીઓ દ્વારા પૃથ્વીની મુલાકાત અને તેમના યાન જોયાના દાવા કરાયા છે.
- ✓ એલિયન્સના આ યાનને આપણે અનઆઇડેન્ટિફાઇડ ફ્લાઇગ ઓબ્જેક્ટ (યુએફઓ) તરીકે ઓળખીએ છીએ.
- ✓ અમેરિકી નેવીના પાઇલટ દ્વારા યુએફઓના વર્ષ ૨૦૦૪ અને ૨૦૧૫માં વીડિયો તૈયાર કરાયા હતા.
- ✓ અમેરિકાના સંરક્ષણ વિભાગના વડામથક પેન્ટાગોન દ્વારા ૩ વીડિયો સત્તાવાર રીતે જારી કર્યા હતા.

UFO શું છે ?

- ✓ સૈકાઓથી માનવી આકાશમાં ઊડતી રકાબી જોયાનો દાવો કરતો આવ્યો છે. ઘણાએ તો યુએફઓ અને તેમાં સવાર થઇને આવતા પરગ્રહવાસીઓ સાથે મુલાકાતના દાવા પણ કરેલા છે.
- ✓ આકાશમાં ઉડાન ભરતા પાઇલટને આ પ્રકારના અજાણ્યા અવકાશી પદાર્થો દેખાયા છે. આ પ્રકારના અવકાશી પદાર્થોને આપણે યુએફઓ તરીકે ઓળખીએ છીએ.

૩. લઘુગ્રહ : પૃથ્વીની અત્યંત નજીકથી પસાર થશે (ખગોળ વિજ્ઞાન)

- ✓ આજે પૃથ્વીની અત્યંત નજીકથી ૧.૨ માઇલ પહોળો લઘુગ્રહ પસાર થશે ૫૨૭૬૮ (૧૯૯૮ OR૨) નામનો ૧.૨ માઇલ પહોંળો લઘુગ્રહ ૨૯મી એપ્રિલ-૨૦૨૦ના રોજ પૃથ્વીથી ૩,૯૯,૦૮,૭૯૧ માઇલ દૂરથી ૧૯,૪૬૧ માઇલ પ્રતિ કલાકની ઝડપે પસાર થશે.
- ✓ જો આ કદનો લઘુગ્રહ પૃથ્વી સાથે ટકરાય તો તે વ્યાપક વિનાશ વેરી શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. શેર બજાર : શું છે રાઇટ્સ ઇશ્યૂ ? (આર્થિક)

- ✓ શેરબજારમાં લિસ્ટેડ કંપની મૂડી ઊભી કરવા રાઇટ્સ ઇશ્યૂ કરતી હોય છે.



- ✓ કંપની તેના હાલના શેરહોલ્ડર્સને કંપનીના શેર નક્કી કરેલા ભાવથી ખરીદવાની ઓફર કરતી હોય છે.
- ✓ જેમાં શેરહોલ્ડર્સ નક્કી કરેલા રેશિયો મુજબ શેર ખરીદી શકે છે. રેશિયો કંપની દ્વારા નક્કી કરાય છે.
- ✓ નક્કી કરેલા સમયગાળામાં શેરધારકોએ શેર ખરીદવાના હોય છે. રાઇટ્સ ઇશ્યૂથી આપવામાં આવનાર શેરથી કંપનીના માલિકીહકમાં કોઈ ફરક પડતો નથી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ADB : ભારતને કોરોના સામે લડવા 1.5 અબજ ડોલરની જંગી લોન આપશે



હેતુ અને વિગત

- ✓ એશિયન ડેવલોપમેન્ટ બેન્કે નોવલ કોરોનો વાઈરસનો સામનો કરવા ભારતને મદદ કરવાના હેતુ સાથે 1.5 અબજ ડોલર (રૂ.11400 કરોડ) ની લોન મંજૂર કરી છે.
- ✓ રોગચાળાને ફેલાતો અટકાવવાને પ્રાથમિકતા આપતાં ગરીબો અને આર્થિક રીતે નબળા વર્ગ માટે સામાજિક સુરક્ષા સહિત મદદરૂપ બનવા એડીબી બેન્ક ભારતને સમર્થન આપી રહી છે.
- ✓ એડીબી પ્રેસિડન્ટ મસાત્સુગુ અસાકાવાએ જણાવ્યું હતુ કે, એડીબી આ અણધારી આફત સામે લડવા માટે ભારત સરકારને સહકાર આપવા પ્રતિબદ્ધ છે. વિશાળ પેકેજના ભાગરૂપે ઝડપથી ફંડની ફાળવણી કરવામાં આવશે. એડીબી સરકાર અને અન્ય ડેવલોપમેન્ટ પાર્ટનર્સ સાથે મળી ફંડ પૂરું પાડશે.
- ✓ કોવિડ–19 એક્ટિવ રિસ્પોન્સ એન્ડ એક્સપેન્ડિચર સપોર્ટ પ્રોગ્રામ આરોગ્ય સુવિધાઓ અને સંભાળમાં સુધારો કરવા ફાળો આપશે.
- ✓ તદુપરાંત ૮૦ કરોડથી વધુ લોકોને સામાજિક સુરક્ષા પ્રદાન કરશે. જેમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો, ખેડૂતો, હેલ્થકેર વર્કર્સ, મહિલાઓ, વરિષ્ઠો, દિવ્યાંગો, નીચી આવક ધરાવતા રોજમદારો, કંસ્ટ્રક્શન મજૂરોને સહાય પૂરી પાડવા મહામારીનો સામનો કરતા

સીપીઆરઓ હેઠળ કેર્સ પ્રોગ્રામને ફંડ આપશે.

- ✓ એડીબી પ્રેસિડન્ટ - મસાત્સુગુ અસાકાવા

એડીબી મુખ્ય મથક - મનિલા (ફિલિપાઈન્સ)

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ - ૨૮ એપ્રિલ :

વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ

(World day for safety and health at work)



વર્ષ-૨૦૨૦ થીમ :

- ✓ **"stop the pandemic: safety and health at work can save lives"**
- ✓ આ દિવસ પ્રતિવર્ષ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) દ્વારા મનાવવામાં આવે છે.
- ✓ આ દિવસને 2003ના વર્ષથી ઉજવવામાં આવી રહ્યો છે.
- ✓ આ વખતનો વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની 100મી વર્ષગાંઠથી પ્રેરિત છે.

ILO– ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન

- ✓ **સ્થાપના:** 29 ઓક્ટોબર 1919
- ✓ આ એક ત્રિપક્ષીય સંગઠન છે, જેમાં સરકાર, રોજગાર આપનાર તથા કર્મચારી ત્રણેય શ્રમ અંગેના માનક નિશ્ચિત કરવા અંગે વિચાર વિમર્શ કરે છે.
- ✓ ILO સંયુક્ત રાષ્ટ્રની એક વિશેષ એજન્સી.

મુખ્યમથક : જીનીવા, સ્વિન્ઝરલેન્ડ

- ✓ **સભ્ય દેશ :** 187
- ✓ નોબેલ શાંતિ પુરસ્કાર - 1969માં
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૪-૨૦૨૦)

1. કોરોના સંક્રમિત દર્દીઓ માટે કેન્દ્રની નવી માર્ગદર્શિકા મુજબ કોણ હોમ આઇસોલેશનમાં રહી શકશે – **જેને પ્રારંભિક લક્ષણ ધરાવતા હોવાનું પ્રમાણ અપાય તે**
2. કોરોના સંક્રમિત દર્દીઓ માટે કેન્દ્રની નવી માર્ગદર્શિકા મુજબ દર્દીએ કઈ એપ ફરજિયાત ડાઉનલોડ કરી સતત એક્ટિવ રાખવી પડશે - **આરોગ્ય સેતુ**
3. કોરોના સંક્રમિત દર્દીઓ માટે ભારત સરકારના કયા વિભાગ દ્વારા નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ હતી - **આરોગ્ય મંત્રાલય**
4. એપ્રિલ-૨૦૨૦માં કોના દ્વારા UFOની માન્યતા પર પ્રથમવાર મહોર મારવામાં આવી હતી - **યુએસના પેન્ટાગોન**
5. યુએસનું સંરક્ષણ હાઉસ કયા નામે ઓળખાય છે – **પેન્ટાગોન**
6. પરગ્રહવાસી એલિયન્સ દ્વારા પૃથ્વીની મુલાકાત અને તેમના યાનને કયા નામે ઓળખવામાં આવે છે- **UFO**
7. UFOનું વિસ્તૃત નામ જણાવો - **અનઆઇડેન્ટિફાઇડ ફ્લાઇગ ઓબ્જેક્ટ**
8. અમેરિકી નેવીના પાઇલટ દ્વારા કયા વર્ષમાં યુએફઓના વીડિયો તૈયાર કરાયા હતા - **વર્ષ ૨૦૦૪ અને ૨૦૧૫**

9. સૈકાઓથી આકાશમાં ઊડતી રકાબીને માનવી કયા નામે ઓળખે છે - **અનઆઇડેન્ટિફાઇડ ફ્લાઇગ ઓબ્જેક્ટ (યુએફઓ)**
10. તા.૨૯મી એપ્રિલ-૨૦૨૦ના રોજ કયો લઘુગ્રહ પૃથ્વીની અત્યંત નજીકથી પસાર થયો હતો - **૫૨૭૬૮ (૧૯૯૮ OR૨)**
11. તા.૨૯મી એપ્રિલ-૨૦૨૦ના રોજ ૫૨૭૬૮ (૧૯૯૮ OR૨) નામનો લઘુગ્રહ પૃથ્વીની અત્યંત નજીકથી પસાર થયો હતો તેની પહોળાઈ જણાવો - **૧.૨ માઇલ પહોળો**
12. શેરબજારમાં લિસ્ટેડ કંપની શા માટે રાઇટ્સ ઇશ્યૂ કરતી હોય છે - **મૂડી ઊભી કરવા**
13. શેરબજારમાં લિસ્ટેડ કંપની રાઇટ્સ ઇશ્યૂ અંતર્ગત શું કરતી હોય છે - **કંપની તેના હાલના શેરહોલ્ડર્સને કંપનીના શેર નક્કી કરેલા ભાવથી ખરીદવાની ઓફર કરતી હોય છે**
14. રાઇટ્સ ઇશ્યૂથી આપવામાં આવનાર શેરથી કંપનીના માલિકીહકમાં શું ફરક પડે છે - **કોઈ ફરક પડતો નથી**
15. ADB દ્વારા ભારતને કેટલી લોન અપાશે - **1.5 અબજ ડોલર**
16. ADB દ્વારા કયા હેતુસર ભારતને 1.5 અબજ ડોલરની લોન આપશે - **નોવલ કોરોનો વાઈરસનો સામનો કરવા ભારતને મદદ કરવા**
17. ADBનું વિસ્તૃત નામ જણાવો - **એશિયન ડેવલોપમેન્ટ બેન્ક**
18. એશિયન ડેવલોપમેન્ટ બેન્કના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **મસાત્સુગુ અસાકાવા**
19. એશિયન ડેવલોપમેન્ટ બેન્કનું મુખ્ય મથક કયા આવેલું છે - **મનિલા (ફિલિપાઈન્સ)**
20. વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ કયારે ઉજવવામાં આવે છે - **૨૮ એપ્રિલ**
21. વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ વર્ષ-૨૦૨૦ની થીમ જણાવો - **"stop the pandemic: safety and health at work can save lives"**
22. પ્રતિ વર્ષ ૨૮ એપ્રિલના રોજ કયા સંગઠન દ્વારા વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ મનાવવામાં આવે છે - **આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન**
23. ILOનું વિસ્તૃત નામ જણાવો-**આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન**
24. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા કયા વર્ષથી પ્રતિ વર્ષે ૨૮ એપ્રિલના રોજ કયા સંગઠન દ્વારા વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ મનાવવામાં આવે છે – **વર્ષ-૨૦૦૩**
25. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કયારે થઈ હતી - **29 ઓક્ટોબર 1919**
26. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન કોની વિશેષ એજન્સી છે - **સંયુક્ત રાષ્ટ્ર**
27. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનનુ મુખ્યમથક કયા આવેલું છે - **જીનીવા, સ્વિન્ઝરલેન્ડ**
28. એપ્રિલ-૨૦૨૦ની સ્થિતિએ ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના સભ્ય દેશોની સંખ્યા કેટલી છે- **187**
29. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનને કયા વર્ષમાં નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો – **વર્ષ-1969**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 29-04-2020



૧. નિર્ણય : કેન્દ્ર સરકાર

કેન્દ્રના કર્મચારીઓ માટે કોરોના અંગેની "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરવી ફરજિયાત (આરોગ્ય)



હેતુ

- ✓ કોવિડ-૧૯ સંક્રમણની ચેઇન તોડવા માટે આ એપ ઉપયોગી સાબિત થશે.
- ✓ કેન્દ્ર સરકારમાં કામ કરતા અધિકારી અને કર્મચારી ઉપરાંત આઉટસોર્સ સ્ટાફે પણ કાર્યાલયે જવા નીકળતાં પહેલાં એપ પોતાના સ્ટેટસની સમીક્ષા કરવી પડશે.
- ✓ એપ જો સેફ ' કે ' લો રિસ્ક સ્ટેટસ બતાવે તો જ તેઓ ફરજ બજાવવા કાર્યાલયે હાજર થઇ શકશે.
- ✓ તમામ વિભાગો, મંત્રાલયો, કેબિનેટ સચિવો અને વડા પ્રધાન કાર્યાલયને પણ આ આદેશ પાઠવી દેવામાં આવ્યા છે.
- ✓ કોવિડ-૧૯ પોઝિટિવ કેસના નજીકના સંપર્કમાં આવેલી વ્યક્તિને શોધી કાઢવા નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે આરોગ્ય સેતુ એપ વિકસાવી હતી.
- ✓ આ એપ યૂઝરને ટ્રેક કરવા બ્લૂટૂથ અને લોકેશન ડેટાનો ઉપયોગ કરીને યૂઝર કોને મળે છે અને કોના ગાઢ સંપર્કમાં આવે છે તેના પર નજર રાખે છે.
- ✓ નીતિ આયોગ અને ટેક ઉદ્યોગના સ્વયંસેવકોએ સાથે મળીને આ એપ વિકસાવી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અવસાન : અભિનેતા ઈરફાન ખાન

અવસાન : તા. ૨૯-૦૪-૨૦૨૦, મુંબઈ

જન્મ : તા.૦૭-૦૧-૧૯૬૭

જન્મ સ્થળ - જયપુર



- ✓ બોલિવુડના લોકપ્રિય અદાકાર ઇરફાન ખાનનું ૫૪ વરસની વયે નિધન.
- ✓ છેલ્લા ત્રણ વર્ષથી તેઓ કેન્સર સામે લડી રહ્યાં હતા. જેમણે મુંબઈની કોકિલા બેન હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા.

ફિલ્મી કારકિર્દી



- ✓ અભિનેતાએ કારકિર્દીની શરૂઆત ૧૯૮૮ની આંતરરાષ્ટ્રીય ફિલ્મ સલામ બોમ્બેથી કરી હતી જે ઓસ્કર માટે પણ નોમિનેટ થઇ.
- ✓ ગુજરાતી વાર્તા પરથી બનેલી સિરિયલમાં અભિનય
- ✓ ઇરફાને ઘણી સિરિયલોમાં પણ કામ કર્યું હતુ. જેમાં શ્રીકાન્ત, ભારત એક ખોજના ૩૨ અને ૩૩મો એપિસોડ, ચાણક્ય, ચંદ્રકાન્તા, ધ ગ્રેટ મરાઠા, બનેગી અપની બાત, ડરનો સમાવેશ થાય છે.
- ✓ ગુજરાતી લેખક ચંદ્રકાંત બક્ષીની લોકપ્રિય વાર્તા એક સાંજની મુલાકાત પરથી હિન્દીમાં એક શામ કી મુલાકાત નામે સિરિયલ તૈયાર થઈ હતી.

ઇરફાનને મળેલા મહત્વના એવૉર્ડ્સ

- ✓ પદ્મશ્રી - ૨૦૧૧
- ✓ નેશનલ ફિલ્મ એવોર્ડ-૨૦૧૩માં ફિલ્મ પાન સિંહ તોમર માટે
- ✓ આઇફા એવોર્ડ ફોર બેસ્ટ એકટર ૨૦૧૮ માં ફિલ્મ હિન્દી મીડિયમ માટે અને ૨૦૦૮માં ફિલ્મ લાઇફ ઇન એ મેટ્રોમાં બેસ્ટ સપોર્ટિંગ એકટર માટે.
- ✓ કુલ પાંચ વખત ફિલ્મ ફેર એવોર્ડ, જેમાં હિન્દી મીડિયમ, પાનસિંહ તોમર, લાઈફ ઈન અ મેટ્રો, હાસિલ (તમિલ).. વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ ૨૦૧૪માં ફિલ્મ લન્ચ બોક્સ માટે એશિયન ફિલ્મ એવોર્ડ મળ્યો હતો.
- ✓ દુબઇ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ લાઇવટાઇમ અચિવમેન્ટ એવોર્ડ ૨૦૧૭માં મળ્યો હતો.

ઇરફાન ખાનની યાદગાર ફિલ્મો

- ✓ પિકુ - દીપિકા પદુકોણ અને અમિતાભ બચ્ચન સાથે
- ✓ તલવાર - આયુષી તલવારની સત્ય ઘટના પરની આધારિત ફિલ્મ
- ✓ ધ લન્ચ બોક્સ - પતિ-પત્ની વચ્ચેના પ્રેમ સંબંધો
- ✓ પાન સિંહ તોમર - આ ફિલ્મ એવા ઇન્ડિયન આર્મી સોલજર પરઆધારિત હતી જેને પરાણે ગુંડો બનવું પડે છે.
- ✓ મકબૂલ –
- ✓ હિન્દી મિડીયમ
- ✓ મદારી
- ✓ લાઇફ ઇન મેટ્રો
- ✓ ધ સ્લમ ડોગ મિલિયોનર
- ✓ ધ નામસેક
- ✓ હૈદર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. નિમણૂક : UNમાં ભારતના નવા સ્થાયી પ્રતિનિધિ તરીકે સચિવ શ્રી ટી.એસ. તિરુમૂર્તિ



વિગત :

- ✓ વિદેશ મંત્રાલયમાં આર્થિક બાબતોના સચિવ ટી. એસ. તિરુમૂર્તિની નિમણૂક સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના નવા સ્થાયી પ્રતિનિધિ તરીકે કરવામાં આવી છે.
- ✓ તિરુમૂર્તિ નિવૃત્ત થયેલા અકબરુદ્દીનનું સ્થાન લીધુ.
- ✓ IAF-1985 બેચ
- ✓ તિરુમૂર્તિ કુઆલાલુમ્પુર(મેલશિયા) ખાતે ઉચ્ચાયુક્ત રહી ચૂકયા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.પીટર્સબર્ગ ક્લાઈમેટ ડાયલોગ્સ-11 (પર્યાવરણ)

ભારત દ્વારા 30 દેશો સાથે આબોહવામાં પરિવર્તન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા



- ✓ તા. ૨૭ અને ૨૮ એપ્રિલ-૨૦૨૦ના રોજ પીટર્સબર્ગ આબોહવા સંવાદની પ્રથમ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

ઉદ્દેશ :

- ✓ પીટર્સબર્ગ આબોહવા સંવાદના અગિયારમા સત્રમાં ભારતે અન્ય 30

દેશોની સાથે સામૂહિક લવચીકતાને સંવર્ધિત કરવા અને આબોહવામાં પરિવર્તનની કાર્યવાહીને પ્રોત્સાહન આપીને તથા ખાસ કરીને નિઃસહાય લોકોની પણ સહાયતા કરીને કોવિડ-19 પછી અર્થવ્યવસ્થાઓમાં અને સમાજોમાં નવો પ્રાણ ફૂંકવા પડકારો ઝીલવા અને સાધનો પર ચર્ચાવિચારણા કરી હતી.

- ✓ પ્રથમ વર્ચ્યુઅલ પીટર્સબર્ગ આબોહવા સંવાદમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવામાં પરિવર્તન મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, વર્તમાનમાં જે રીતે સંપૂર્ણ વિશ્વ એક થઈને નોવેલ કોરોનાવાયરસ માટે રસી શોધવામાં લાગ્યા છીએ, એ જ રીતે પર્યાવરણ સંબંધિત ટેકનોલોજી આપણી પાસે મુક્ત સ્રોત સ્વરૂપે હોવી જોઈએ, જે વાજબી કિંમતે ઉપલબ્ધ કરાવવી જોઈએ.
- ✓ 1 ટ્રિલિયન ડોલરની સહાય આપવાની યોજના બનાવવી જોઈએ."

આયોજક :

- ✓ આ બેઠકનું આયોજન 2010થી આબોહવાના સંબંધમાં આંતરરાષ્ટ્રીય ચર્ચાવિચારણા અને આબોહવા સાથે સંબંધિત કામગીરીની પ્રગતિ પર કેન્દ્રીત અનૌપચારિક ઉચ્ચ-સ્તરીય રાજકીય ચર્ચાઓ માટે એક મંચ પ્રદાન કરવા માટે જર્મની દ્વારા થઈ રહ્યું છે.
- ✓ વર્ચ્યુઅલ 11મા પીટર્સબર્ગ આબોહવા સંવાદની સહ-અધ્યક્ષતા જર્મની અને બ્રિટન દ્વારા કરી હતી, જે સંયુક્ત રાષ્ટ્ર, આબોહવામાં પરિવર્તનમાં ફ્રેમવર્ક સંમેલન (યુએનએફસીસીસી) માટે 26મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (સીઓપી 26)ની આગામી અધ્યક્ષ છે.
- ✓ સંવાદનો મુખ્ય એજન્ડા- સામૂહિક લવચીકતાને પ્રોત્સાહન આપવા અને આબોહવામાં પરિવર્તનની કાર્યવાહીને પ્રેરિત કરીને તથા વિશેષ સ્વરૂપે અસહાય લોકોની પણ સહાયતા કરીને સંયુક્ત સ્વરૂપે કોવિડ-19 પછી અર્થવ્યવસ્થાઓ અને સમાજમાં નવો પ્રાણ ફૂંકવાના પડકારને ઝીલવાનો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : ૨૯ એપ્રિલ : આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ



આયોજન :

- ✓ આંતરરાષ્ટ્રીય નૃત્ય પરિષદ તથા 'અંબ્રેલા ઓર્ગેનાઇઝેશન' દ્વારા યુનેસ્કોનાં

સહયોગમાં, ૨૯ એપ્રિલનાં રોજ દરેક પ્રકારનાં નૃત્યો માટે મનાવવામાં આવે છે.

- ✓ આ ઉજવણી ૧૯૮૨થી યુનેસ્કોની આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થા દ્વારા, શરૂ કરાયેલ છે.

હેતુ :

- ✓ આ ઉજવણીનો મુખ્ય હેતુ લોકોમાં નૃત્યનાં મહત્વ પ્રત્યે જાગરુકતા ઉત્પન્ન કરવાનો તથા વિશ્વભરની સરકારોને, નૃત્યનું શિક્ષણ આપતી સવલતો ઉભી કરવા માટે મનાવવાનોં છે.
- ✓ **કોની યાદમાં:** ફ્રેંચ બેલે ડાન્સર જીન જ્યોર્જીયસ નોવેરની યાદમાં વિશ્વ નૃત્ય દિવસની ઉજવણી.
- ✓ ભારત જેવાં સાંસ્કૃતિક વિરાસત ધરાવતાં દેશમાં લોકનૃત્ય અને શાસ્ત્રીય નૃત્ય જેવી મજબૂત પરંપરા વિકાસ પામી છે.
- ✓ શાસ્ત્રીય નૃત્યોમાં ભરતનાટયમ, કથ્થક, મણિપૂરી, ઓડિસી, કુચીપુડી જેવાં નૃત્યો સાથે ભાગવતમેલનાટકમ, ચાક્યાકુથુ, કુડિયેટમ, રામનાટયમ જેવાં ઓછાં પ્રચલિત નૃત્યો વિકાસ પાડયાં છે.
- ✓ આ દિવસને કોઇ ખાસ પ્રકારની નૃત્યશૈલી સાથે સંબંધ નથી, પણ નૃત્યની કળા તરફ વધુ લોકોનું ધ્યાન ખેંચાય તે માટે ઇન્ટરનેશનલ ડાન્સ ડેની ઊજવણી કરવામાં આવે છે.
- ✓ ગરબાને ગુજરાતમાં સ્ટેટ ડાન્સનો દરજ્જો આપવામાં આવ્યો છે.

ભારતના અગત્યના રાજ્યો અને નૃત્યો

- ✓ તમિળનાડુ - ભરતનાટ્યમ,
- ✓ ઓડિશા - ઓડિશી
- ✓ પશ્ચિમ બંગાળ - ગૌદિયા
- ✓ ઉત્તર પ્રદેશ - કથ્થક
- ✓ કેરળ - કથકલી મોહિનીઅટ્ટમ
- ✓ આંધ્ર પ્રદેશ - કુચીપુડી
- ✓ મણીપુર - મણીપુરી
- ✓ આસામ - સતીર્ય
- ✓ રાજસ્થાન - ધૂમર
- ✓ ગુજરાત – ગરબો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : ૨૯ એપ્રિલ

કાપડ ઉદ્યોગના જનક:રણછોડલાલ છોટાલાલ

જન્મ : ૨૯ એપ્રિલ ૧૮૨૩

અવસાન : ૨૬ ઓકટોબર ૧૮૯૮



- ✓ ‘અંગ્રેજો આપણા દેશમાંથી કાચો માલ લઈ જાય, ધન ઢસડી જાય અને માત્ર મશીનોના માલિક હોવાથી કાપડ પેદા કરે ને મોંઘાદાટ ભાવે ભારતમાં ઠાલવે, આપણે મશીનો આયાત કરી અહીં જ કાપડ

ઉત્પાદન ન કરી શકીએ' પરાધીન ભારતમાં આ પ્રકારની વિચારણા સાથે એક યુવાને ભારતમાં કાપડ મિલ સ્થાપવાનું બીડું ઉઠાવ્યું અને સાર્થક કર્યું.

- ✓ આ યુવાન ઉદ્યોગપતિ નામે રણછોડલાલ છોટાલાલનો આજે જન્મદિવસ. ડાકોરમાં જન્મ થયો હોવાથી માતાપિતાએ નામ રણછોડ રાખ્યું.
- ✓ 20 વર્ષ સુધી જકાત અને દફતર ખાતાઓમાં નોકરી કરી. સમાચારપત્રો, પુસ્તકો અને નિષ્ણાતો પાસેથી જ્ઞાન લઈ કાપડ મિલનું પ્રયોજન કર્યું.
- ✓ તેના માટે બ્રિટનથી મશીનરી મંગાવી પણ ભારત આવતા પહેલા ખંભાતના દરિયામાં ડૂબી ગઈ અને તેનો ઈજનેર પણ કોલેરામાં મૃત્યુ પામ્યો છતાં હિંમત હાર્યા વગર પ્રયત્નો ચાલુ રાખ્યા અને 26 મે 1864ના રોજ 'અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિનિંગ મિલ કંપની' શાહપુરમાં શરૂ કરી અને ભાવિ માન્ચેસ્ટરનો પાયો નાખ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૪-૨૦૨૦)

1. તાજેતરમાં 29 એપ્રિલના રોજ બોલિવૂડના કયા અભિનેતાનું મુંબઈ ખાતે કેન્સરથી અવસાન થયું- **ઈરફાન ખાન**
2. અભિનેતા ઈરફાન ખાનનો જન્મદિવસ જણાવો- **07.01.1967**
3. અભિનેતા ઈરફાન ખાનનો જન્મ ક્યાં થયો હતો- **જયપુર(રાજસ્થાન)**
4. અભિનેતા ઇરફાન ખાને પોતાની કારકિર્દીની શરૂઆત 1988માં કઈ ફિલ્મથી કરી હતી- **સલામ બોમ્બે**
5. ગુજરાતી લેખક ચંદ્રકાંત બક્ષીની કઈ ગુજરાતી લોકપ્રિય વાર્તા ઉપરથી બનેલી હિન્દી સિરીયલમાં ઈરફાન ખાને અભિનય કર્યો હતો–**એક સાંજની મુલાકાત**
6. અભિનેતા ઇરફાન ખાનને પ્રતિષ્ઠિત પદ્મશ્રી પુરસ્કાર કયા વર્ષે અપાયો હતો- **2011**
7. અભિનેતા ઇરફાન ખાનને કઈ ફિલ્મ માટે આઇફા એવોર્ડ ફોર બેસ્ટ એક્ટર-2018 એનાયત કરાયો હતો- **હિન્દી મીડીયમ**
8. અભિનેતા ઇરફાન ખાનને કયા વર્ષે દુબઈ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં "લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ" અપાયો હતો- **વર્ષે 2017**
9. અભિનેતા ઇરફાન ખાનને કઈ ફિલ્મ માટે નેશનલ ફિલ્મ એવોર્ડ-2013 એનાયત કરાયો હતો - **પાન સિંહ તોમર**
10. કેન્દ્ર સરકાર દ્વારા કર્મચારીઓ માટે કોરોના વાયરસની અપડેટ વિગત આપતી કઈ એપ ડાઉનલોડ કરવાનું ફરજિયાત કરાયું છે - **આરોગ્ય સેતુ**
11. એપ્રિલ 2020માં યુએન ખાતે ભારતના નવા સ્થાયી પ્રતિનિધિ તરીકે કોની નિમણૂક કરાઇ છે - **ટી.એસ. તિરુમૂર્તિ**
12. સચિવ ટી.એસ. તિરુમૂર્તિ કઈ બેન્યના IFS અધિકારી છે - **વર્ષે 1985**
13. તાજેતરમાં આબોહવામાં પરિવર્તન સંબંધિત મુદ્દા ઉપર ચર્ચા માટે પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11" ક્યારે યોજાઈ - **તા.27-28 એપ્રિલ 2020**
14. તાજેતરમાં યોજાયેલી પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11"માં ભારતના પ્રતિનિધિ તરીકે કોને ભાગ લીધો હતો - **શ્રી પ્રકાશ જાવડેકર**
15. વર્તમાન કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રીનું નામ જણાવો - **શ્રી પ્રકાશ જાવડેકર**
16. તાજેતરમાં યોજાયેલી પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11" ભારત સહિત કુલ કેટલા દેશોએ ભાગ લીધો- **30**
17. તાજેતરમાં યોજાયેલી પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11"નો પ્રથમ પ્રારંભ ક્યારે થયો હતો- **વર્ષે 2010**

18. તાજેતરમાં યોજાયેલી પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11"ની સહ અધ્યક્ષતા કયા બે દેશો દ્વારા કરાઇ- **જર્મની અને બ્રિટન**
19. આગામી સમયમાં યોજાનાર UNFCCC માટેની 26મી conference of parties(COP-26)ના અધ્યક્ષ કોણ છે- **જર્મની અને બ્રિટન**
20. "આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ" ક્યારે ઉજવાય છે - **29 એપ્રિલ**
21. "આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ" ઉજવવાનો પ્રારંભ કોના દ્વારા ક્યારથી થયો હતો-**આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થા-unesco અને વર્ષે 1982થી**
22. કોની યાદમાં "આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ" ઉજવાય છે - **ફ્રેન્ચ બેલે ડાન્સર જીન જ્યોજીયસ**
23. કાપડ ઉદ્યોગના પિતા રણછોડલાલ છોટાલાલનો જન્મદિવસ જણાવો - **29 એપ્રિલ 1823**
24. કાપડ ઉદ્યોગના પિતા રણછોડલાલ છોટાલાલનો જન્મ ક્યાં થયો હતો- **ડાકોર**
25. તા.26 મે 1864ના રોજના "અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિનિંગ મીલ કંપની" સ્થાપીને અમદાવાદમાં ભાવિ માન્ચેસ્ટરનો પાયો કોને નાખ્યો હતો - **રણછોડલાલ છોટાલાલ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 30-04-2020



૧. નિર્ણય : ગુજરાત સરકાર (આરોગ્ય)



ગુજરાતના 60માં સ્થાપના દિવસે મહત્વના નિર્ણયો

✓ ગુજરાતના ૬૦માં સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ 30મી એપ્રિલ-2020ના રોજ પ્રજાજોગ સંબોધનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહત્વના નિર્ણય જાહેર કર્યા

(૧) મા-વાત્સલ્ય અને મા-અમૃતમ કાર્ડ ધારકો

✓ મા-વાત્સલ્યમ અને મા અમૃમ યોજના હેઠળ કાર્ડ ધરાવતા ૭૭ લાખ પરિવારોમાં કોઈને મેડિકલ સર્જરી, પ્રેગ્નન્સી વખતે કે ઓપરેશનના સંજોગોમાં કોવિડ ૧૯ના ટેસ્ટનો ખર્ચ પણ સરકાર ઉઠાવશે.

(૨)લોકડાઉનમાં ૬૧ લાખ APL-1 કાર્ડ ધારકો

✓ મે મહિનામાં પણ પરિવાર દિઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડ ૭ થી ૧૨મી મે દરમિયાન વિતરણ કરવાનું જણાવ્યું હતું. આ નિર્ણયથી અંદાજે રૂ. ૨૦૦ કરોડ ખર્ચ થશે.

(૩) વિદ્યાર્થીઓ માટે ચિત્ર, નિબંધ અને લેખન સ્પર્ધા

✓ ગુજરાત કોરોના વોરિયર્સ વિષય પર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા વિધાર્થીઓને મુખ્યમંત્રીશ્રીનું આહવાન

✓ ૧લી મે થી ૧૦મી મે દરમિયાન રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને કોલેજના વિધાર્થીઓ માટે ૩ કેટેગરીમાં ગુજરાત કોરોના વોરિયર્સ વિષય ઉપર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન

- ✓ જિલ્લા કક્ષાએ પ્રથમ ૩ વિજેતાઓને અનુક્રમે રૂ. ૧૫ હજાર, ૧૧ હજાર અને પાંચ હજાર ઈનામો
- ✓ રાજ્યકક્ષાએ ૫ વિજેતાઓને દરેક કેટેગરીમાં પ્રત્યેકને રૂ. ૨૫ હજારના પુરસ્કાર આપવામાં આવશે

(૪) કોરોના સામે લોકજાગૃત્તિ અભિયાન



કોરોનાની સામે લોકકેળવણી અભિયાનની હાકલ



- ✓ ૧લી મે નિમિત્તે દરેક વ્યક્તિ કોરોનાને પરાસ્ત કરવા સંકલ્પ લે
- ✓ હું સંકલ્પ લઉં છું કે . . .

1. **હું માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળીશ નહીં**
2. **હું સોશ્યલ ડિસ્ટન્સનું હંમેશા ધ્યાન રાખીશ, દો ગજ દૂરી સંકલ્પનું પાલન કરીશ**
3. **દિવસમાં વારંવાર સાબુથી હાથ ધોઈશ**

- ✓ દરેક વ્યક્તિ આ સંકલ્પ લઈ તેનો વીડિયો #VijaySankalp સાથે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ જેવાં કે, ટ્વીટર, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ ઉપર અપલોડ કરીને આપણી સામુહિક શક્તિ પ્રદર્શિત કરી કોરોના વોરિયર્સ માટે આપણી સંવેદનશીલતા પણ પ્રગટ કરીએ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અવસાન : અભિનેતા રોમાન્સ કિંગ રિશી કપૂરની વિદાય (બોલીવૂડ)



પરિચય

- ✓ હુલામણુ નામ – ચિન્ટુ
- ✓ જન્મ : - 04-09-1952
- ✓ અવસાન: તા.30-04-1952, મુંબઈ
- ✓ કપૂર ખાનદાનનું મૂળ વતન : પાકિસ્તાન
- ✓ લ્યુકેમિયા રોગ સામે જંગ હાર્યા

✓ આત્મકથા : ખુલ્લમ ખુલ્લા

67 વર્ષની જિંદગીમાં 63 વર્ષ પરદા પર વિતાવ્યા

✓ 155થી વધુ ફિલ્મો કરી,
✓ 3 વર્ષની વયથી શરૂ થયેલી આ સફર 67 વર્ષની વય સુધી ચાલી.
✓ બાળકલાકાર, લીડ એક્ટર અને ચરિત્ર અભિનેતા તરીકે કામ કર્યું.
✓ 1973થી 2000 વચ્ચે 92 ફિલ્મોમાં લીડ એક્ટર હતા.
✓ 36 સુપરહિટ રહી.
✓ હીરો તરીકે પ્રથમ ફિલ્મ બોબી માટે તેમને 1974માં બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો

2000 પછી 45થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો

✓ 2000 પછી લગભગ 45થી વધુ ફિલ્મોમાં ચરિત્ર અભિનેતા તરીકે કામ કર્યું.
✓ લવ આજકલ, અગ્નિપથ, મુલ્ક જેવી ફિલ્મો કરી.
✓ દો દૂની ચાર માટે તેમને ફિલ્મફેરનો બેસ્ટ ક્રિટિક એવોર્ડ મળ્યો હતો.
✓ 2016માં કપૂર એન્ડ સન્સ માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટર તો 2008માં તેમને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ મળ્યો હતો.
✓ મેરા નામ જોકરમાં બાળ કલાકાર તરીકે શ્રેષ્ઠ અભિનય માટે એવોર્ડ
✓ છેલ્લી ફિલ્મ બોડી 2019માં આવી હતી.

ટોપ ફિલ્મ

✓ બોબી (1973)
✓ ખેલખેલમેં (1975)
✓ કભી કભી (1976)
✓ અમર અકબર એન્થની (1977)
✓ સરગમ (1979)
✓ કર્જ (1980)
✓ પ્રેમરોગ (1982)
✓ ચાંદની (1989)
✓ હિના (1991)
✓ બોલ રાધા બોલ (1992)
✓ મુલ્ક (2018)
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. અવસાન : ગુજરાતી લેખિકા કુંદનિકા કાપડિયાનું 93 વર્ષે વલસાડના નંદિગ્રામ આશ્રમમાં નિધન (સાહિત્ય)



પરિચય

✓ નંદીગ્રામના સહસ્થાપક
✓ સાત પગલાં આકાશમાં નામની પ્રસિદ્ધ ગુજરાતી કૃતિનાં લેખિકા અને પરમ શ્રદ્ધેય ઋષિ મકરંદ દવેના પત્ની કુંદનિકા

કાપડિયાનું નંદીગ્રામ ખાતે 93 વર્ષની વયે નિધન.

- ✓ કુંદનિકા કાપડિયાએ 29 એપ્રિલે મોડી રાત્રે અંતિમ શ્વાસ લીધા હતા.
- ✓ તેમનો જન્મ લીંબડીમાં 11 જાન્યુઆરી 1927ના રોજ થયો હતો. તેઓ એક નવલકથા અને સ્ટોરી રાઇટર હતા. તેમને ગુજરાતી સાહિત્યમાં યોગદાન આપવા બદલ સાહિત્ય એકેડમી એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

પરિચય તથા સાહિત્ય સર્જન



વિવિધ પદવીઓથી સન્માનિત

- ✓ તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગુજરાતના ગોધરા ખાતે તેમણે લીધું હતુ. ત્યારબાદ કોલેજ શિક્ષણ તેમણે ભાવનગર (શામળદાસ કોલેજ)માં પુર્ણ કર્યું હતુ. ત્યાં તેમણે ૧૯૪૮માં રાજકારણ અને ઇતિહાસ સાથે બી. એ. (બેચલર ઓફ આર્ટસ)ની ની પદવી મેળવી હતી. ત્યારબાદ તેમણે મુંબઈ સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાંથી 'એન્ટાયર પોલીટીક્સ' સાથે એમ. એ. (માસ્ટર ઓફ આર્ટસ)ની પદવી મેળવી હતી.
- ✓ ગુજરાતી ભાષાના અગ્રગણ્ય વાર્તાકાર
- ✓ પ્રેમના આંસુ, વધુને વધુ સુંદર નવલિકાના લેખક અને પરોઢ થતાં પહેલા, અગનપિપાસા નવલકથા પણ રચી હતી. 1985માં સાહિત્ય અકાદમી તરફથી પુરસ્કાર મળ્યો હતો.

શૈલી, વિવેચન અને કૃતિ

- ✓ એમની પ્રથમ રચના "પ્રેમનાં આંસુ" વાર્તા
- ✓ ધૂમકેતુ, શરદબાબુ, ટાગોર, શેક્સપિયર અને ઈબ્સનમાંથી પોતાને સર્જનકાર્યની પ્રેરણા મળી હોવાનું એ જણાવે છે.
- ✓ એમના વાર્તાસંગ્રહોમાં પ્રેમનાં આંસુ (1954) તથા વધુ ને વધુ સુંદર (1968), કાગળની હોડી (1978) અને જવા દઈશું તમને (1983) મુખ્ય છે.
- ✓ ફિલસૂફી, સંગીત ને પ્રકૃતિ જેવા વિષયોને વિશેષ રીતે પ્રયોજતી એમની વાર્તાઓમાં રહસ્યમયતા કોઈ ને કોઈ રીતે આલેખાયેલી હોય છે.

- ✓ એમણે લખેલી ત્રણ નવલકથાઓ પૈકી પહેલી પરોઢ થતાં પહેલાં (1968) જીવનમાં પડેલા દુઃખના તત્વને અતિક્રમીને મનુષ્ય પોતાના આનંદરૂપ સાથે શી રીતે અનુસંધિત થઈ શકે એ મૂળભૂત પ્રશ્ન છેડીને કલાત્મક ધ્વનિમયતાથી પરોઢનાં આશાકિરણની ઝાંખી કરાવતી કથા છે.
- ✓ અગનપિપાસા (1972) બુદ્ધિ કરતાં હૃદય પરની આસ્થા પ્રગટ કરીને નવો દ્રષ્ટિકોણ પ્રગટ કરતી કથા છે.
- ✓ સાત પગલાં આકાશમાં (1984) નામની એમની બહુચર્ચિત દીર્ઘનવલ આધુનિક નારીના વિદ્રોહની કંઈક અંશે દસ્તાવેજી કથા છે.

પુરસ્કાર:

- ✓ 1985માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર તેમને તેમની નવલકથા સાત પગલાં આકાશમાં માટે મળ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. અવસાન : પૂર્વ ભારતીય ફૂટબોલર ચુની ગોસ્વામીનું 82 વર્ષે અવસાન



પરિચય અને સિદ્ધિઓ

- ✓ ભારતીય ફૂટબોલ ટીમના પૂર્વ કેપ્ટન ફૂટબોલર સુબીમલ ચુની ગોસ્વામીનું 30 એપ્રિલ-2020ના રોજ 82 વર્ષની વયે હાર્ટ એટેકના કારણે નિધન.
- ✓ તેમના નેતૃત્વમાં ભારતીય ટીમે 1962માં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- ✓ ભારત માટે 1956થી 1964 દરમિયાન 50 મેચમાં રમેલા ગોસ્વામીને પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ પણ મળ્યો હતો.
- ✓ ગોસ્વામી 1954માં ક્લબ ફૂટબોલથી કરિયરના શરૂઆત કરી હતી.
- ✓ 1964માં 27 વર્ષની વયે નિવૃત્તિ લીધા બાદ તેઓ ક્રિકેટ રમતા બંગાળની રણજી ટીમના કેપ્ટન બન્યા હતા.
- ✓ 1971-72માં તેમની કેપ્ટન્સીમાં ટીમ રણજી ફાઇનલમાં યજમાન મુંબઈ સામે હારી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : ૩૦ એપ્રિલ

ફિલ્મ ઉધોગના જનક: દાદાસાહેબ ફાળકેનો ૧૫૦મો જન્મ દિવસ

જન્મ – ૩૦ એપ્રિલ-૧૮૭૦

અવસાન – ૧૯૪૪

✓ મૂળનામ – ધૂંડીરાજ ગોવિંદ



✓ હિન્દી ફિલ્મના ક્ષેત્રે દાદાસાહેબ ફાળકે પુરસ્કાર જેમના નામથી અપાય છે તેવા દાદાસાહેબ ફાળકેનો આજે જન્મદિવસ.

✓ આજના દિવસે જ જર્મન સરમુખત્યાર એડોલ્ફ હિટલરે આત્મહત્યા કરી હતી.

✓ દાદાસાહેબ ફાળકેનું મૂળ નામ ધુંડીરાજ ગોવિંદ ફાળકે અને જન્મ મહારાષ્ટ્રના નાસિકના ત્રંબકેશ્વરમાં થયો હતો.

✓ પિતાએ તે જમાનામાં મુંબઈની જે. જે. સ્કૂલમાં ભણવા મૂક્યા હતા.

✓ 20મા સૈકાના પ્રારંભે 'ધ લાઈફ ઓફ ક્રાઈસ્ટ' ફિલ્મ જોઈ અને આવું હિંદુ દેવ - દેવતાઓ વિશે કેમ ન થઈ શકે ? તેવા વિચાર સાથે ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ઝૂકાવ્યું.

✓ ફિલ્મનો ટેક્નિકલ ભાગ શીખવા જર્મની પણ ગયા અને 21 એપ્રિલ 1913ના રોજ "રાજા હરિશ્ચન્દ્ર" રિલીઝ કરી. તે પછી સત્યવાન સાવિત્રી, લંકા દહન, કૃષ્ણ જન્મ જેવી 95થી વધુ ફિલ્મો અને 26 શોર્ટ ફિલ્મો કરી.

✓ હિન્દુસ્તાની ફિલ્મ કંપનીની સ્થાપનાથી ફિલ્મના વ્યવસાયી સંગઠનનો પાયો પણ નાંખ્યો. ફિલ્મોની ધૂનમાં આરોગ્ય પ્રત્યે દુર્લક્ષ્ય સેવતા એક આંખ ગુમાવેલી, પત્નીનાં ઘરેણાં ગીરવે મૂકેલા.

✓ વર્ષ 1944માં તેમનું અવસાન થયું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૪-૨૦૨૦)

1. ગુજરાતના 60માં સ્થાપના દિવસ નિમિતે ગુજરાત સરકારે મા-વાત્સલ્ય અને મા-અમૃતમ કાર્ડ ધારકો માટે કયો મહત્વનો નિર્ણયો કર્યો - મા કાર્ડ ધરાવતા ૭૭ લાખ પરિવારોમાં કોઈને મેડિકલ સર્જરી, પ્રેગ્નન્સી વખતે કે ઓપરેશનના સંજોગોમાં કોવિડ ૧૯ના ટેસ્ટનો ખર્ચ પણ સરકાર ઉઠાવશે
2. ગુજરાત સરકારે લોકડાઉનમાં ૬૧ લાખ APL-1 કાર્ડ ધારકો માટે ક્યો મહત્વનો નિર્ણય કર્યો - મે મહિનામાં પણ પરિવાર દિઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડ વિતરણ કરવાનો
3. ગુજરાત કોરોના વોરિયર્સ વિષય પર શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ માટે નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કયારે કરવામાં આવ્યું હતુ - ૧ થી ૧૦ મે-૨૦૨૦ દરમિયાન
4. રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને કોલેજના વિધાર્થીઓ માટે કેટલી કેટેગરીમાં ગુજરાત કોરોના વોરિયર્સ વિષય ઉપર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતુ – ત્રણ કેટેગરી

5. ગુજરાત કોરોના વોરિયર્સ વિષય ઉપર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધા અંતર્ગત જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય વિજેતાને કેટલા રૂપિયાના ઈનામો અપાશે- **અનુક્રમે રૂ.૫ હજાર, રૂ.૧૧ હજાર અને રૂ.૧૫ હજાર**
6. ગુજરાત કોરોના વોરિયર્સ વિષય ઉપર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધા અંતર્ગત રાજ્યકક્ષાએ ૫ વિજેતાઓને દરેક કેટેગરીમાં પ્રત્યેકને કેટલો પુરસ્કાર આપવામાં આવશે - **રૂ. ૨૫ હજાર**
7. કોરોના સામે લોકજાગૃત્તિ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સ્થાપના દિવસ નિમિતે રાજયના પ્રજાજનોને કયા સંકલ્પો લેવા અનુરોધ કર્યો હતો – **(૧) હું માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળીશ નહીં (૨) હું સોશ્યલ ડિસ્ટન્સનું હંમેશા ધ્યાન રાખીશ, દો ગજ દૂરી સંકલ્પનું પાલન કરીશ અને (૩) દિવસમાં વારંવાર સાબુથી હાથ ધોઈશ**
8. કોરોના સામે લોકજાગૃત્તિ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સ્થાપના દિવસ નિમિતે રાજયના પ્રજાજનોને ત્રણ સંકલ્પ લઈ તેનો વીડિયો કયા હેશટેગ સાથે સોશ્યલ મીડિયા ઉપર અપલોડ કરવા અનુરોધ કર્યો - #VijaySankalp
9. તા.૩૦મી એપ્રિલ-૨૦૨૦ના રોજ બોલીવૂડના કયા રોમાન્સ કિંગ અભિનેતાનું અવસાન થયું - **રિશી કપૂર**
10. રોમાન્સ કિંગ અભિનેતા રિશી કપૂરનું હુલામણુ નામ જણાવો – **ચિન્ટુ**
11. એપ્રિલ-૨૦૨૦માં અવસાન પામનાર બોલીવૂડ અભિનેતા રિશી કપૂરનો જન્મ દિવસ જણાવો - **04-09-1952**
12. તાજેતરમાં એપ્રિલ-૨૦૨૦માં જેમનું નિધન થયુ એ બોલીવૂડ અભિનેતા રિશી કપૂર કઈ બિમારીથી પીડાતા હતા - **લ્યુકેમિયા રોગ**
13. રિશી કપૂરની હીરો તરીકે કઈ પ્રથમ ફિલ્મ માટે 1974માં બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો – **બોબી**
14. બોલીવૂડ અભિનેતા રિશી કપૂરને કઈ ફિલ્મ માટે ફિલ્મફેરનો બેસ્ટ ક્રિટિક એવોર્ડ મળ્યો હતો- **દો દૂની ચાર**
15. બોલીવૂડ અભિનેતા રિશી કપૂરને 2016માં કઈ ફિલ્મ માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટર માટે તેમજ કયા વર્ષે લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ મળ્યો હતો - **કપૂર એન્ડ સન્સ અને વર્ષ-2008**
16. બોલીવૂડ અભિનેતા રિશી કપૂરની આત્મકથાનું નામ જણાવો - **ખુલ્લમ ખુલ્લા**
17. બોલીવૂડ અભિનેતા રિશી કપૂરની કઈ અંતિમ ફિલ્મ હતી જે વર્ષ-2019માં આવી હતી - **બોડી**
18. એપ્રિલ-૨૦૨૦ના રોજ કયા જાણીતા ગુજરાતી લેખિકાનું અવસાન થયું હતું - **કુંદનિકા કાપડિયા**
19. એપ્રિલ-૨૦૨૦માં જાણીતા ગુજરાતી લેખિકા કુંદનિકા કાપડિયાએ કયા સ્થળે અંતિમ શ્વાસ લીધા હતા - **વલસાડના નંદિગ્રામ આશ્રમમાં**
20. વલસાડ જિલ્લાના ધરમપુર નજીકના નંદિગ્રામ આશ્રમ સ્થાપક-સહસ્થાપકનું નામ જણાવો - **મકરંદ દવે અને કુંદનિકા કાપડિયા**
21. ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ-લેખક ઋષિ સ્વ.મકરંદ દવેના પત્નીનું નામ જણાવો - **કુંદનિકા કાપડિયા**
22. ગુજરાતી સાહિત્યની પ્રખ્યાત નવલકથા 'સાત પગલાં આકાશમાં'ના સર્જકનું નામ જણાવો- **કુંદનિકા કાપડિયા**
23. જાણીતા નવલકથા સર્જક કુંદનિકા કાપડિયાને કયા વર્ષે સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી પુરસ્કાર મળ્યો હતો – **વર્ષ-1985**
24. ગુજરાતી લેખિકા કુંદનિકા કાપડિયાને તેમની કઈ નવલકથા માટે વર્ષ-1985નો સાહિત્ય અકાદમી દિલ્હીનો એવોર્ડ મળ્યો હતો - **'સાત પગલાં આકાશમાં'**
25. સાહિત્ય અકાદમી દિલ્હી પુરસ્કાર પ્રાપ્ત કરનાર પ્રથમ ગુજરાતી મહિલા સાહિત્યકારનું નામ જણાવો - **કુંદનિકા કાપડિયા**
26. ગુજરાતી મહિલા સાહિત્યકાર કુંદનિકા કાપડિયાની પ્રથમ રચના કઈ છે – **'પ્રેમના આંસુ' વાર્તા**
27. ગુજરાતી મહિલા સાહિત્યકાર કુંદનિકા કાપડિયાનું ઉપનામ જણાવો – **'સ્નેહધન'**
28. તા.૩૦મી એપ્રિલ-૨૦૨૦ના રોજ કયા રમતવીરનું અવસાન થયું - **સુબીમલ ચુની ગોસ્વામી**
29. તાજેતર એપ્રિલ-૨૦૨૦માં અવસાન પામનાર સુબીમલ ચુની ગોસ્વામી કઈ રમત સાથે સંકળાયેલા હતા - **ફૂટબોલ**

30. ફૂટબોલર સુબીમલ ચુની ગોસ્વામીના નેતૃત્વમાં ભારતીય ટીમે કયા વર્ષમાં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો – **વર્ષ-1962**
31. ફૂટબોલર સુબીમલ ચુની ગોસ્વામીને ભારત સરકારના કયા મહત્વના એવોર્ડ મળ્યા હતા - **પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ**
32. ફૂટબોલમાંથી 1964માં 27 વર્ષની વયે નિવૃત્તિ લીધા બાદ સુબીમલ ચુની ગોસ્વામીએ ક્રિકેટ રમતા કઈ ટીમના કેપ્ટન બન્યા હતા - **બંગાળની રણજી ટીમ**
33. તા.૩૦ એપ્રિલ-૨૦૨૦ના રોજ ફિલ્મ ઉધોગના જનક સમાન કયા વ્યક્તિનો ૧૫૦મો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો - **દાદાસાહેબ ફાળકે**
34. દાદાસાહેબ ફાળકે પુરસ્કાર જેમના નામથી અપાય છે તેવા દાદાસાહેબ ફાળકેનું મૂળનામ જણાવો - **ધૂંડીરાજ ગોવિંદ**
35. દાદાસાહેબ ફાળકેનો જન્મ કયારે અને કયાં થયો હતો – **તા.૩૦ એપ્રિલ-૧૮૭૦ અને મહારાષ્ટ્રના નાસિકના ત્ર્યંબકેશ્વર**
36. ભારતીય સિનેમા જગતની પ્રથમ ફિચર ફિલ્મ કઈ હતી - **"રાજા હરિશ્ચન્દ્ર"**
37. ભારતીય સિનેમા જગતની પ્રથમ ફિચર ફિલ્મ "રાજા હરિશ્ચન્દ્ર"ના નિર્મતાનું નામ જણાવો-**દાદાસાહેબ ફાળકે**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-05-2020



૧.દિન વિશેષ: ગુજરાતનો 60મો સ્થાપના /ગૌરવ દિવસ :હીરક જયંતિની ઉજવણી સ્થાપના : તા. 1લી મે-1960



- ✓ કોરોના મહામારીના કારણે ગુજરાત સ્થાપના દિવસની રાજ્યકક્ષાની સાબરકાંઠાના હિંમતનગર ખાતે યોજાનારી ઉજવણી રદ્દ કરાઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગુજરાત હાઈકોર્ટનો 60મો સ્થાપના દિવસ : તા. 1લી મે -1960

સ્થળ-અમદાવાદ



- ✓ હાઈકોર્ટની હીરક જયંતિની ઉજવણી
- ✓ વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ – શ્રી વિક્રમનાથ (25માં મુખ્ય ન્યાયમૂર્તિ)



ગુજરાત હાઇકોર્ટનો ઇતિહાસ

- ✓ પહેલી મે, ૧૯૬૦ના રોજ મુંબઇ રાજ્યમાંથી વિભાજીત થયા બાદ તે જ દિવસે ગુજરાત હાઇકોર્ટ અસ્તિત્વમાં આવી.
- ✓ આશ્રમ રોડ પર આકાશવાણીની ઓફિસ નજીક આવેલી ચિલ્ડ્રન હોસ્પિટલનું બિલ્ડીંગ હાઇકોર્ટ સંકુલ તરીકે ઉપયોગમાં લેવાયું હતું.
- ✓ જસ્ટિસ એસ. ટી. દેસાઇ આ કોર્ટના સૌથી પહેલાં ચીફ જસ્ટિસ બન્યા હતા.
- ✓ હાઇકોર્ટના ચીફ જસ્ટિસ રહી ચૂકેલા જસ્ટિસ પી. એન. ભગવતી બાદમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા અને તેમને ભારતીય ન્યાયતંત્રના ઉત્કૃષ્ટ જજો પૈકીના એક માનવામાં આવે છે.
- ✓ અત્યાર સુધીમાં મૂળ ગુજરાત હાઇકોર્ટના દસ જજ સુપ્રીમ કોર્ટમાં ફરજ બજાવી ચૂક્યા છે અને હાઇકોર્ટના ૧૩ જજ અન્ય હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા છે.

છ દાયકામાં હાઇકોર્ટના ઐતિહાસિક ચુકાદાઓ

- ✓ જેમાં નદીના પટમાં રેતીના ખનન પર પ્રતિબંધ સામેના ચુકાદા,
- ✓ જળસ્ત્રોતોમાં મૂર્તિઓના વિસર્જન પરના પ્રતિબંધ
- ✓ આરોપીઓની પબ્લિક પરેડ પરનો પ્રતિબંધ
- ✓ મેરિટલ રેપની ટીકા અને તેને ગુનો ગણવાની ભલામણ
- ✓ ઇ-મેઇલથી સમન્સ પાઠવવાનો નિર્ણય વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. લૉકડાઉન 3.0 : કેન્દ્ર સરકાર દ્વારા લૉકડાઉન તા. 17 મે 2020 સુધી લંબાવાયુ (મહામારી)

4 તબક્કામાં કોરોના સામે જંગ તવારીખ



રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનના માપદંડ



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.ભારતમાં પ્રથમવાર કોરોના ટેબ્લેટની ટ્રાયલ માટે મંજૂરી (આરોગ્ય)

- ✓ કંપની - ગ્લેનમાર્ક ફાર્મા - મુંબઈ

વિગત :

- ✓ મુંબઈ સ્થિત દવા કંપની ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલને કોરોના માટે ટેબલેટની હ્યુમન ટ્રાયલ કરવાની મંજૂરી મળી.
- ✓ ડ્રગ કન્ટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) દ્વારા આ મંજૂરી આપવામાં આવી અને ક્લિનિકિલ ટ્રાયલની મંજૂરી મેળવનારી એ દેશની પ્રથમ કંપની છે.
- ✓ આ કંપનીને રસી નહીં પણ ફાવાપિરિવિરા નામેની ટેબલેટની મંજૂરી મળી છે, કેમ કે તેણે એ પ્રકારે દવા તૈયાર કરી છે.
- ✓ રેમડેસિવિઅર દવા કોરોનાના ટ્રીટમેન્ટ માટે ઉપયોગી હોવાનો અમેરિકાનો દાવો
- ✓ બીજી તરફ અમેરિકા કેટલાક સમયથી રેમડેસિવિઅર નામની દવાનો કોરોના પર પ્રયોગ કરી રહ્યું હતું. આ દવાના હકારાત્મક પરિણામો આવ્યા છે.
- ✓ કેલિફોર્નિયા સ્થિત કંપની ગ્લિએડ સાયન્સે જણાવ્યુ હતુ કે જેટલા દરદી પર પ્રયોગ કર્યો તેમાંથી અડધાને સાજા કરવામાં સફળતા મળી છે. અમુક દરદી તો પાંચ જ દિવસમાં સાજા થઈને ઘરે ગયા છે.
- ✓ એટલે એક વાત નક્કી છે કે દવા ઉપયોગી તો છે જ. ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે પણ સ્વિકાર કર્યો હતો કે આ દવા ઉપયોગી છે. ભારતમાં તેનો કઈ રીતે વપરાશ કરવો તેની વિચારણા થઈ રહી છે.
- ✓ મુંબઈમાં જે દવાને મંજૂરી મળી એ ફાવાપિરિવિર ટેબલેટ અગાઉ જાપાનમાં ઈન્ફ્લુએન્ઝાની દવા તરીકે ઉપયોગી સાબિત થઈ ચૂકી છે.
- ✓ દવાની અસરકારકતા જોતા સરકારે કંપનીને મંજૂરી આપી છે, માટે કંપની નિયમ પ્રમાણે ૧૫૦ ક્લિનિકલ ટ્રાયલ કરશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન : ગુજરાતના રણજી ટીમના પૂર્વ કેપ્ટન પંકજ ઝવેરીનું 75 વર્ષે નિધન

કારકિર્દી :

- ✓ તેમણે ૫૮ રણજી ટ્રોફી મેચ રમી ફાસ્ટ બોલિંગ કરતા ૧૪૦ વિકેટ ઝડપી હતી અને ૯૭૨ રન નોંધાવ્યા હતા. ૭૫ રન તેમનો સર્વોચ્ચ સ્કોર હતો.
- ✓ તેમની કેપ્ટન્સી હેઠળ ગુજરાતે તાલીમ શિલ્ડ ટુર્નામેન્ટ જીતી હતી.
- ✓ નિવૃત્તિ પછી તેઓ ક્રિકેટ પ્રતિભાઓ અને પીચ બનાવવામાં તેમનો બહોળા અનુભવનો લાભ જુદા જુદા સેન્ટરોને આપતા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ચીન : માઉન્ટ એવરેસ્ટ પર 5G નેટવર્કનો પ્રારંભ (સંચાર)



વિગત

- ✓ રોકાણ : અંદાજે રૂ. 10 કરોડ
- ✓ માઉન્ટ એવરેસ્ટ પર પણ હવે 5G નેટવર્કની સુવિધા શરૂ થઈ ગઈ છે.
- ✓ ચીને ૨૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ 5G નેટવર્કનો ટાવર લગાવી દીધો હોવાથી હવે એવરેસ્ટની ઊંચાઈએ પણ 5Gનું સિગ્નલ મેળવી શકાશે.
- ✓ ચીન તરફથી પર્વતારોહણ માટે જતા સાહસિકોને આ લાભ મળશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. રામાયણ : TV શ્રેણી (મનોરંજન)

દૂરદર્શન પર રામાયણના પુન:પ્રસારણનો નવો વિક્રમ સ્થપાયો

- ✓ **રેકોર્ડ:** રામાયણ દુનિયાની સૌથી વધુ જોવાયેલી શ્રેણી
- ✓ તા.16મી એપ્રિલ-2020ના રોજ 7.7 કરોડ દર્શકો નોંધાયા



વિગત

- ✓ રામાનંદ સાગરની લોકપ્રિય ધારાવાહિક રામાયણનું પુન:પ્રસારણ શરૂ કરવામાં આવ્યા બાદ ઘણા રેકોર્ડ સર્જાયા છે,આ ધારાવાહિકને અપ્રતિમ લોકચાહના મળી રહી છે.
- ✓ રામાયણને ૨૮મી માર્ચથી ૪ એપ્રિલ દરમિયાન ૫૦ કરોડ દર્શકો મળ્યા હતા. રામાયણનું પુનઃ પ્રસારણ શરૂ થયું તેના ચાર દિવસ પછી ૧૭ કરોડ દર્શકો નોંધાયા હતા. દર્શકોનો એ આંકડો ઉત્તરોત્તર વધ્યો
- ✓ દૂરદર્શને ટ્વીટ કરીને માહિતી આપી હતી કે રામાયણનો ૧૬મી એપ્રિલે પ્રસિદ્ધ થયેલો એપિસોડે દુનિયાનો સૌથી વધુ જોવાયેલો ટેલિવિઝન પ્રોગ્રામ બન્યો
- ✓ ઉલ્લેખનીય છે કે અગાઉનો વિક્રમ પણ રામાયણના નામે જ હતો. ૧૯૮૭થી ૧૯૮૮ દરમિયાન રામાયણ દુનિયામાં સૌથી વધુ જોવાયેલી ટીવી સીરિયલ હતી , જે રેકર્ડ છેક ૨૦૦૩ સુધી અતૂટ રહ્યો હતો.
- ✓ જ્યારથી રામાયણ રી ટેલિકાસ્ટ થયું છે, ત્યારથી ટીઆરપીનાં લિસ્ટમાં તે નંબર 1 છે. થોડા દિવસ પહેલા પ્રસાર ભારતીનાં સીઇઓ શશી શેખરએ જણાવ્યું હતું.
- ✓ જે પ્રમાણે 2015થી લઇને અત્યાર સુધી જનરલ એન્ટરટેઇનમેન્ટ કેટેગરી (સિરિયલ્સ)નાં મામલે આ શો ટોપ પર છે, વર્ષ 2015થી અત્યાર સુધી સૌથી વધુ ટીઆરપી જનરેટ કરનારો હિંદી જનરલ એન્ટરટેઇનમેન્ટ શો રામાયણ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ગુજરાત સરકાર : પાણી માટે હેલ્પલાઈન (જળ વ્યવસ્થા)

- ✓ ગુજરાતના ગામડાઓમાં પાણીની સમસ્યા માટે 1916 હેલ્પલાઈન કાર્યરત કરાઈ



- ✓ રાજ્યમાં ઉનાળાના સમય દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા 1916 હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી.
- ✓ હેન્ડપંપ રીપેરીંગ, મીની પાઇપ યોજનાનું રીપેરીંગ અને વ્યક્તિગત કે જુથ પાણી પુરવઠા યોજના દ્વારા અપાતા પાણી અંગેની કોઇપણ ફરિયાદ આ નંબર ઉપર નોંધાવી શકાશે.
- ✓ 18002333944 ઉપર પણ ફરિયાદ નોંધાવી શકાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. દિન વિશેષ : 1લી મે

વિશ્વ શ્રમ દિવસ

- ✓ પ્રથમ પ્રારંભ : 1889



થીમ 2020 : '**Maintaining Safety And Security At The Work Place**'

- ✓ વિશ્વ શ્રમ સંગઠન દ્વારા ઉજવણી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : ૧ મે

સંગીત સાધના : મન્ના ડે



જન્મ – ૧લી મે-૧૯૧૯

અવસાન– ૨૪ ઓકટોબર-૨૦૧૩

- ✓ આજે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની સાથોસાથ મહાન સંગીતકાર મન્ના ડે, અભિનેતા બલરાજ સહાનીનો જન્મદિવસ અને રચનાત્મક કાર્યકરો મોતીભાઈ ચૌધરી અને નિર્મલા દેશપાંડેની પુણ્યતિથિ.
- ✓ મન્નાડેનું મૂળ નામ - પ્રબોધચંદ્ર ડે
- ✓ જન્મ કોલકાતામાં થયો હતો.
- ✓ બાબુર પાઠશાળા અને સ્કોટિશ ચર્ચ કોલેજમાં અભ્યાસ કર્યો. પિતાની ઈચ્છા તેમને વકીલ બનાવવાની હતી પોતે પણ

ઘણો સમય વકીલાત કે સંગીતકાર એવા અસમંજસમાં રહ્યા.

- ✓ એક વાર ગાતી વખતે ઉસ્તાદ બાદલખાને તેમને સાંભળ્યા અને પ્રતિભા પારખી.
- ✓ મન્ના ડેની સંગીતકાર તરીકેની કારકિર્દી સાત દાયકાથી વધુ રહી હતી.
- ✓ તે દરમિયાન તમન્ના, ઉપકાર, દીવાર, અમર અકબર એન્થની, વક્ત, આવારા, બોબી, સત્યમ શિવમ સુન્દરમ્, મેં તુલસી તેરે આંગન કી, સીતા ઔર ગીતા, મેરા નામ જોકર, પડોસન, શ્રી 420, નીલ કમલ જેવી સફળ ફિલ્મોમાં ગીત ગાયા હતા.
- ✓ હું સંગીત સાથે ક્યારેય મજાક નહીં કરું તેવા મંત્ર સાથે સંગીતની સાધના કરનારા મન્ના ડેનું 24 ઓક્ટોબર 2013ના રોજ અવસાન થયું.

એવોર્ડ

- ✓ પદ્મશ્રી – 1971
- ✓ પદ્મભૂષણ-2005
- ✓ દાદા સાહેબ ફાળકે – 2007
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૫-૨૦૨૦)

1. તા. 1લી મે-2020ના રોજ ગુજરાત રાજયનો કેટલામો સ્થાપના /ગૌરવ દિવસ ઉજવવામાં આવ્યો – 60
2. હિરક જયંતિની ઉજવણી કેટલા વર્ષે કરવામાં આવે છે - 60
3. ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ જણાવો - તા. 1લી મે-1960
4. ગુજરાત હાઈકોર્ટનો સ્થાપના દિવસ જણાવો - તા. 1લી મે -1960
5. ગુજરાત હાઈકોર્ટ કઈ સ્થળે આવેલી છે - અમદાવાદ
6. ગુજરાત હાઈકોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો – શ્રી વિક્રમનાથ
7. ગુજરાત હાઈકોર્ટના સૌથી પહેલાં ચીફ જસ્ટિસ કોણ બન્યા હતા - જસ્ટિસ એસ. ટી. દેસાઇ
8. હાઇકોર્ટના ચીફ જસ્ટિસ રહી ચૂકેલા કયા જસ્ટિટસ બાદમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા - જસ્ટિસ પી. એન. ભગવતી
9. ભારતમાં લૉકડાઉન 3.0નો સમયગાળો જણાવો - તા. 4 મે થી 17 મે 2020
10. ભારતમાં લૉકડાઉનના પ્રથમ ફેઝનો સમયગાળો જણાવો – 25 માર્ચથી 14 એપ્રિલ
11. ભારતમાં લૉકડાઉનના બીજા ફેઝનો સમયગાળો જણાવો – 15 એપ્રિલથી 3 મે
12. ભારતમાં કોરોના સામે લડવા કયા દિવસે જનતા કર્ફ્યૂ કરવામાં આવ્યો હતો – 22 માર્ચ
13. જે જિલ્લામાં કોરોના વાઇરસના પ્રસારનો દર અને મોતનો આંકડો ઊંચો હોય તેને કયા ઝોનમાં રાખવામાં આવ્યા છે-રેડ ઝોન
14. શ્વસનતંત્રના ઓછા કેસ સામે આવ્યા હોય તેવા જિલ્લાને કયા ઝોનમાં રાખવામાં આવ્યા છે – ઓરેન્જ ઝોન
15. છેલ્લા ૨૧ દિવસમાં કોરોનાનો એક પણ કેસ સામે નથી આવ્યો તેવા જિલ્લાને કયા ઝોનમાં રાખવામાં આવ્યા છે - ગ્રીન ઝોન ભારતમાં પ્રથમવાર કોરોના ટેબ્લટની હ્યુમન ટ્રાયલ માટે કઈ કંપનીને મંજૂરી અપાઈ - ગ્લેન માર્ક ફાર્મા - મુંબઈ
16. DCGIનું વિસ્તૃત નામ જણાવો - ડ્રગ કન્ટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા
17. મુંબઈની ગ્લેન માર્ક ફાર્મા કંપનીને કઈ ટેબ્લટની હ્યુમન ટ્રાયલ માટે મંજૂરી અપાઈ - ફાવાપિરિવિરા ટેબલેટ
18. મે-૨૦૨૦માં ગુજરાતના રણજી ટીમના કયા પૂર્વ કેપ્ટનનું 75 વર્ષે નિધન થયુ - પંકજ ઝવેરી
19. ચીન દ્વારા કયા પર્વત ઉપર 5G નેટવર્કનો પ્રારંભ કર્યો - માઉન્ટ એવરેસ્ટ

20. ચીન દ્વારા માઉન્ટ એવરેસ્ટ ઉપર 5G નેટવર્ક સ્થાપવા માટે કેટલું રોકાણ કર્યું - **અંદાજે રૂ. 10 કરોડ**
21. તાજેતરમાં દૂરદર્શન ઉપર કઈ શ્રેણીઓ પુનઃ પ્રસારણનો નવો રેકોર્ડ સર્જ્યો- **રામાયણ**
22. તાજેતરમાં દૂરદર્શન ઉપર તારીખ ૧૬મી એપ્રિલ 2020ના રોજ વિશ્વમાં સૌથી વધુ જોવાયેલી શ્રેણી અને તેના અંદાજે દર્શકો જણાવો- **રામાયણ અને 7.7 કરોડ**
23. ધાર્મિક ટીવી શ્રેણી રામાયણના સર્જકનું નામ જણાવો- **શ્રી રામાનંદ સાગર**
24. "વિશ્વ શ્રમ દિવસ" ક્યારે ઉજવાય છે - **1 મે**
25. વિશ્વ શ્રમ દિવસ-2020ની થીમ જણાવો - **"MAINTAINING SAFETY AND SECURITY AT THE WORK PLACE"**
26. સંગીત સાધના એવા ભારતના મહાન સંગીતજ્ઞ મન્ના ડેનો જન્મદિવસ જણાવો - **1 મે 1919**
27. મન્ના ડેનનું મૂળ નામ જણાવો- **પ્રબોધ ચંદ્ર ડે**
28. ગુજરાતના ગામડામાં પાણીની સમસ્યાના હલ માટે તાજેતરમાં ગુજરાત સરકારે કઈ હેલ્પલાઇન કાર્યરત કરી છે - **1916**
29. સંગીત સાધના એવા ભારતના મહાન સંગીતજ્ઞ મન્ના ડેને પદ્મશ્રી, પદ્મભૂષણ અને દાદા સાહેબ ફાળકે એવોર્ડ અનુક્રમે કયા વર્ષે અપાયા - **1971, 2005 અને 2007**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 02-05-2020



૧. નિયમ : AICTE (શિક્ષણ)

છેલ્લાં પાંચ વર્ષમાં ૩૦ ટકા જ બેઠકો ભરનારી કોલેજોની ૫૦ ટકા બેઠકો રદ કરાશે

Apporoved By
All India Council For Technical Education
AICTE(NEW DELHI)

- ✓ અમલ : વર્ષ-૨૦૨૦-૨૧થી
- ✓ છેલ્લી ગણતરી: વર્ષ ૨૦૧૯-૨૦

કોને લાગૂ પડશે

- ✓ ઈજનેરી, ફાર્મસી, MBA, MCA
- ✓ AICTE: ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના મહામારી સામે આર્થિક સહાય : કેન્દ્ર સરકાર

મહિલા જન ધન બેંક ખાતામાં રૂ. ૫૦૦નો બીજો હપ્તો જમા



- ✓ નિર્ણય : કોરોના મહામારીના પગલે કેન્દ્ર સરકાર એપ્રિલ, મે અને જૂન-૨૦૨૦ સુધી આ ખાતામાં રૂ. ૫૦૦-૫૦૦ જમા કરાવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. USA : કોરોના મહામારી સામે લડવા વિવિધ દેશોને આર્થિક સહાય (વિદેશ નીતિ)



17. ગુજરાતમાં ૧૨૦૦ દિવસમાં નવો ઉદ્યોગ શરૂ કરનારને નવા પ્રોજેક્ટમાં શ્રમ કાયદાઓની કઈ ત્રણ છૂટછાટ નહીં અપાય - **(૧) લઘુતમ વેતનધારો પાળવો પડશે (૨) ફેક્ટરીમાં સેફ્ટી સુરક્ષાના જે વર્તમાન કાયદા છે તેમાં કોઈ છૂટછાટ, ઢીલ નહીં અપાય અને (૩) કામદારને ફેક્ટરીમાં અકસ્માત થાય, જેમાં એના કોઈ અંગને ઈજા થાય કે તેનું મૃત્યુ થાય તો જે હાલના કાયદામાં જોગવાઈ છે, તે મુજબ તેને વળતર આપવું પડશે.**
18. ગુજરાતમાં જે નવા ઉદ્યોગો રાજ્યમાં આવે તેમને મંજુરીની બધી જ પ્રક્રિયા ઓનલાઇન કરીને માત્ર કેટલા દિવસમાં જમીન ફાળવણી અને અન્ય જરૂરી પરવાનગીઓ કેટલા દિવસમાં આપી દેવાશે – **૭ અને ૧૫**
19. દર વર્ષે ૮મી મેના રોજ કયો દિવસ મનાવવામાં આવે છે - **રેડક્રોસ ડે-થેલેસેમીયા ડે**
20. દર વર્ષે ૮મી મેના રોજ કોની યાદમાં રેડક્રોસ દિવસ ઉજવાય છે - **રેડક્રોસના સ્થાપક હેનરી ડન્ટના જન્મદિનની યાદમાં**
21. રેડક્રોસ ડેનો પ્રથમ પ્રારંભ જણાવો – **તા. ૮ મે ૧૯૪૮**
22. રેડક્રોસ દિવસ ઉજવવાનો હેતુ જણાવો- **"આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ આંદોલન" ઉજવણી કરવા**
23. 'કયા પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર 'ઠુમરીના રાણી' તરીકે ઓળખાય છે – **ગિરીજા દેવી**
24. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર ગિરીજા દેવીનો જન્મ દિવસ જણાવો - **૮ મે - ૧૯૨૯**
25. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર ધ્રુવ ભટ્ટનો જન્મ દિવસ જણાવો - **૮, મે- ૧૯૪૭**,
26. ગુજરાતી ભાષાની 'સમુદ્રાન્તિકે', 'તત્વમસિ' અને 'અત્રપિ' નવલકથાના લેખકનું નામ જણાવો–**ધ્રુવ ભટ્ટ**
27. તાજેતરમાં ગુજરાતી ફિલ્મ રેવાને કયો મહત્વનો એવોર્ડ મળ્યો હતો - **રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ**
28. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ રેવા કઈ નવલકથા પરથી બનાવવામાં આવી છે - **'તત્વમસિ'**
29. રેવાનું બીજુ નામ જણાવો – **નર્મદા**
30. ગુજરાતી કવિ ધ્રુવ ભટ્ટના કયા કવિતા સંગ્રહને ગુજરાતી સાહિત્ય પરિષદનો એવોર્ડ મળ્યો છે - **'ગાય તેનાં ગીત'**
31. ભારત સહિત વિશ્વમાં ગીતા-ઉપનિષદનું જ્ઞાન વહેંચવા માટે ચિન્મય મિશનના ૩૦૦થી વધુ કેન્દ્રની સ્થાપના કોણે કરી હતી - **સ્વામી ચિન્મયાનંદજી**
32. સ્વામી ચિન્મયાનંદજીનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો – **તા. ૮મી મે-૧૯૧૬ અને કેરળના એર્નાકુલમ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 09-05-2020



૧. કોરોના દરદી : કેન્દ્ર દ્વારા નવી ગાઈડલાઈન (આરોગ્ય)

અત્યંત ક્રિટીકલ દરદીને જ હોસ્પિટલમાંથી રજા આપતા પહેલાં કોરોના ટેસ્ટ કરાશે



ત્રણ પ્રકારના દરદીઓ

(૧) અત્યંત ગંભીર સ્થિતિના દરદી

✓ કોરોના વાઇરસના સંક્રમણના ગંભીર દરદીઓ અને અન્ય ગંભીર બીમારી ધરાવતા કોરોનાના દરદીઓને આરટી - પીસીઆર ટેસ્ટ નેગેટિવ આવ્યા પછી જ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાશે.

(૨) હળવું અથવા અત્યંત હળવું સંક્રમણ ધરાવતા દરદી

✓ હળવા લક્ષણ સાથે હોસ્પિટલમાં દાખલ કરાયેલા દરદીનો તાવ અને હૃદયના ધબકારા નિયમિત રીતે મપાશે.

✓ દરદીમાં ૩ દિવસ સતત તાવ ન રહે અને લક્ષણ જોવા ન મળે ૧૦ દિવસ બાદ કોઈપણ પ્રકારના ટેસ્ટિંગ વિના હોસ્પિટલમાંથી રજા આપી દેવાશે.

✓ રજા બાદ દરદીએ ૭ દિવસ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે.

(૩) મધ્યમ કક્ષાનું સંક્રમણ ધરાવતા દરદી

✓ જે દરદીઓમાં મધ્યમ કક્ષાનું સંક્રમણ હશે તેમના શરીરમાં તાવ અને ઓક્સિજનની કેટલી જરૂર છે તેના આધારે મોનિટર કરાશે.

✓ જો દરદીનો તાવ ૩ દિવસમાં ઊતરી જશે અને ચાર દિવસ સુધી તેને કોઈ ઓક્સિજન સપોર્ટની જરૂર નહીં પડે તો તેને કોરોનાના લક્ષણ દૂર થયા પછીના

૧૦ દિવસમાં કોઈપણ પ્રકારના ટેસ્ટ વિના હોસ્પિટલમાંથી રજા આપી દેવાશે.

- ✓ આ પ્રકારના દરદીને ગાઇડલાઇન પ્રમાણે ૭ દિવસ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે.
- ✓ જેમનો તાવ ૩ દિવસમાં ન ઊતરે અને સતત ઓક્સિજના પર રખાયેલા દરદીઓને પણ મોડરેટ કેટેગરીમાં ગણાશે.
- ✓ આવા દરદીમાં ક્લિનિકલ લક્ષણો સમાપ્ત થાય અને સતત ૩ દિવસ સુધી ઓકિસજનની જરૂર ન પડે ત્યારબાદ જ હોસ્પિટલમાંથી કોઈપણ પ્રકારના ટેસ્ટ વિના રજા આપવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વર્લ્ડ વૉર-2 (ઈતિહાસ)

દ્વિતીય વિશ્વ યુદ્ધના ૭૫ વર્ષ પૂર્ણ – પ્લેટિનિયમ જયુબિલી :

યુદ્ધનો અંત : ૮મી મે-૧૯૪૫



- ✓ નામ- વિક્ટરી ઈન યુરોપ
- ✓ વિકટરી દિવસની ૭૫મી વરસીએ યુ.કે.ના ક્વિન એલિજાબેથ-૨નો પ્રજાજોગ સંદેશો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. શ્રીરામ જન્મભૂમિ તિર્થ ક્ષેત્ર ટ્રસ્ટ : અયોધ્યા (ધર્મ)

ટ્રસ્ટમાં દાન આપનારને 80-G હેઠળ આવકવેરામાં છૂટ

વિગત :

- ✓ અયોધ્યામાં શ્રી રામ મંદિર નિર્માણ માટે બનેલા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને દાન આપનારાઓ માટે રાહત મળે એવું પગલું ભરાયું છે.
- ✓ સરકારે આ ટ્રસ્ટને દાન માટે અપાતા નાણાં પર ૮૦-જી હેઠળ આવક વેરામાં રાહત આપવાનો નિર્ણય કર્યો છે.
- ✓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટર ટેક્સીસ (સીબીડીટી) તરફ્ટી તેની અધિસૂચના બહાર પડી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાયરસ : ગુજરાત – અમદાવાદની એક દિવસની મુલાકાતે આવેલા AIIMS દિલ્હીના ડાયરેક્ટર– તબીબી ડૉ. રણદિપ ગુલેરિયા

અન્ય તબીબ- ડૉ. મનીશ સુનેજા પણ જોડાયા



- ✓ હેતુ: અમદાવાદ-ગુજરાતમાં વધી રહેલા કેસ અને મૃત્યુદરની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : ૯ મે

(૧) ભારત સેવક : ગોપાલ કૃષ્ણ ગોખલે



જન્મ – ૯ મે - ૧૮૬૬

અવસાન – ૧૯ ફેબ્રુઆરી - ૧૯૧૫

- ✓ 'ભારતનો નાયક, મહારાષ્ટ્રનું ઘરેણું, શ્રમિકોનો રાજકુમાર અહીં પરલૌકિક વિશ્રામ ફરમાવી રહ્યો છે. તેઓ તરફ જુઓ અને તેમના જેવું આચરણ કરવાનો પ્રયાસ કરો'' આ વિધાનો વૈચારિક મતભેદો હોવા છતાં લોકમાન્ય તિલકે ગોપાલકૃષ્ણ ગોખલે વિશે કહ્યા હતા.
- ✓ આજે ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મદિવસ. મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના કોથાપુર ગામે જન્મેલા ગોખલેએ કોથાપુર અને મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.
- ✓ મુંબઈમાં ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં શિક્ષક થયા, ફર્ગ્યુસન કોલેજમાં પ્રધાનાચાર્ય વગેરે તેઓની વ્યવસાયી કારકિર્દી હતી.
- ✓ 1905માં કોંગ્રેસના પ્રમુખ પણ થયા હતા પણ તેમણે 1904માં 'ભારત સેવક સમાજ' સંસ્થા સ્થાપી.
- ✓ આ સંસ્થાના આશ્રયે સેંકડોની સંખ્યામાં ભારત સેવકો તૈયાર કર્યા.
- ✓ ભારત વિકાસની ચાવી શિક્ષણમાં જોતા ગોખલે ગુણવત્તાવાળા અંગ્રેજી પુસ્તકો પુષ્કળ વાંચતા.
- ✓ તેમના વિષે કહેવાતું કે ગોખલેએ જે પુસ્તક ન વાંચ્યું હોય તે પુસ્તક વાંચવા જેવું નહિ જ હોય.
- ✓ 19 ફેબ્રુઆરી 1915ના રોજ તેમનું અવસાન.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) ગુજરાતી સાહિત્યકાર : ઈશ્વર પેટલીકર

- ✓ જન્મ તારીખ: ૯-૫-૧૯૧૬
- ✓ વતન : આણંદ

- ✓ મૃત્યુ: ૨૨-૧૧-૧૯૮૩
- ✓ નામ - ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ, 'ઈશ્વર પેટલીકર'
- ✓ નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, નિબંધકાર, પત્રકાર.



- ✓ જન્મ ચરોતરના પેટલાદ તાલુકાના પેટલી ગામમાં.
- ✓ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પેટલી, મલાતજ અને સોજિત્રામાં.
- ✓ ૧૯૩૫માં મેટ્રિક. વડોદરાની પુરુષ અધ્યાપનશાળામાં તાલીમ લઈ, ૧૯૩૮માં ઉત્તમ પદની પદવી મેળવી.
- ✓ ૧૯૪૪ સુધી નેદરા અને સાણિયાદની શાળામાં શિક્ષણકાર્ય અને સાહિત્યસર્જનનો આરંભ.
- ✓ આણંદથી પ્રકાશિત થતા 'પાટીદાર' અને 'આર્યપ્રકાશ'નું સંપાદન તથા લગ્નસહાયક કેન્દ્રનું સંચાલન.
- ✓ 'લોકનાદ', 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'સ્ત્રી', 'નિરીક્ષક' વગેરે પત્રો-સામયિકોમાં સામાજિક અને રાજકીય વિષયો ઉપર નિયમિત કટારલેખન.
- ✓ ૧૯૬૦થી અમદાવાદમાં સ્થાયી નિવાસ. પત્રકારત્વની સાથે સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધુ સક્રિય.
- ✓ ૧૯૬૧માં રણજિતરામ સુવર્ણચંદ્રક.
- ✓ ૧૯૮૩માં હૃદયરોગના હુમલાથી અવસાન.

સાહિત્ય સર્જન :

- ✓ નવલકથા તેમ જ ટૂંકી વાર્તાક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન છે.
- ✓ ગ્રામીણસમાજને એની પૂરેપૂરી લાક્ષણિકતાઓ સાથે નિરૂપતી નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓમાં જીવનનો વિશાળ અનુભવ, વૈવિધ્યભર્યાં પાત્રો અને પ્રસંગો, પાત્રોનું મનોવિશ્લેષણ, ગામડાની લોકબોલી, કહેવતો અને રૂઢિપ્રયોગોનો ઉચિત ઉપયોગ વગેરેને કારણે એમનું કથાસાહિત્ય હૃદ્ય અને લોકપ્રિય બન્યું છે.
- ✓ 'જન્મટીપ' નવલકથા અને 'લોહીની સગાઈ' ટૂંકીવાર્તાના લેખક તરીક જાણીતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૫-૨૦૨૦)

1. કેન્દ્ર સરકારે કોરોના વાયરસના દર્દીઓ માટે તાજેતરમાં જાહેર કરેલ નવી ગાઇડલાઇન પ્રમાણે હોસ્પિટલમાંથી રજા આપતા પહેલા કેવા દર્દીઓનો જ કોરોના ટેસ્ટ કરવામાં આવશે-**અત્યંત ગંભીર (ક્રિટીકલ)**
2. કેન્દ્ર સરકારે કોરોના વાયરસના દર્દીઓ માટે તાજેતરમાં જાહેર કરેલ નવી ગાઇડલાઇન પ્રમાણે આ દર્દીઓને કયા કયા ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવ્યા -

1. અત્યંત ગંભીર 2. અત્યંત હળવું સંક્રમણ અને 3. મધ્યમ કક્ષાનું સંક્રમણ

3. કેન્દ્રની નવી ગાઇડલાઇન પ્રમાણે અત્યંત હળવું સંક્રમણ ધરાવતા કોરોનાના દર્દીઓને સતત કેટલા દિવસ તાવ ન રહેતો કેટલા દિવસ બાદ ટેસ્ટ વિના રજા આપવામાં આવશે અને તેમને કેટલા દિવસ હોમ આઈસોલેશનમાં રહેવું પડશે- **10 દિવસ અને 7 દિવસ**
4. નવી ગાઇડલાઇન મુજબ કોરોનાના દર્દીઓને ત્રણ દિવસમાં તાવ ન ઉતરે અને સતત ઓક્સિજન પર રાખવા પડે તેને કઇ કેટેગરીમાં સામેલ કરાશે- **મોડરેટ**
5. તાજેતરમાં બીજા વિશ્વયુદ્ધના કેટલા વર્ષ પૂર્ણ થયા- **75 વર્ષ**
6. તાજેતરમાં બીજા વિશ્વયુદ્ધના 75 વર્ષ કઈ તારીખે પૂર્ણ થયા- **08.05.2020**
7. બીજા વિશ્વયુદ્ધના 75 વર્ષ પુર્ણ નિમિતે કોના દ્વારા બ્રિટનની દેશજોગ સંદેશો આપવામાં આવ્યો - **રાણી એલિઝાબેથ-2**
8. 75 વર્ષ પૂર્ણ થવાથી કઈ ઉજવણી કરવામાં આવે છે - **પ્લેટિનમ જ્યુબિલિ**
9. રામ મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટમાં દાન આપનારની રકમને કઈ કલમ હેઠળ આવક વેરામાંથી મુક્તિ અપાવશે- **80 G**
10. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદમાં કોરોના વાયરસના મૃત્યુના કેસ વધતા તેની સમીક્ષા માટે કયા તજજ્ઞ ગુજરાત મુલાકાતે આવ્યા હતા – **AIIMS (દિલ્હી) ડાયરેક્ટર ડોક્ટર રણદીપ ગલેરિયા**
11. ભારત સેવક એવા "ગોપાલ કૃષ્ણ ગોખલે"નો જન્મદિવસ જણાવો- **9 મે 1866**
12. ભારતના નાયક એવા ગોપાલ કૃષ્ણ ગોખલેનો જન્મ ક્યાં થયો હતો- **કોથાપુર, મહારાષ્ટ્ર**
13. ગોપાલ કૃષ્ણ ગોખલે "ભારત સેવક સમાજ"ની સ્થાપના કયા વર્ષે કરી હતી- **1904**
14. ગુજરાતી સાહિત્યકાર ઈશ્વર પેટલીકરનો જન્મદિવસ જણાવો- **09.05.1916**
15. ગુજરાતી સાહિત્યકાર ઈશ્વર પેટલીકરનો જન્મ કયાં થયો હતો - **પેટલાદ તાલુકાના પેટલી ગામે**
16. ગુજરાતી સાહિત્યકાર ઇશ્વરભાઇ મોતીભાઈ પટેલનું ઉપનામ જણાવો- **"ઈશ્વર પેટલીકર"**
17. જન્મટીપ- નવલકથા અને લોહીની સગાઈ જેવી ટૂંકી વાર્તાના લેખક જણાવો- **ઈશ્વર પેટલીકર**
18. સાહિત્યકાર ઈશ્વર પેટલીકરને કયા વર્ષે "રણજિતરામ સુવર્ણચંદ્રક" એવોર્ડ અપાયો હતો- **1961**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 10-05-2020



૧. ઉદ્યોગોની સુરક્ષા માટે NDMA દ્વારા નવી ગાઈડલાઈન પ્રસિદ્ધ

ઉદ્યોગોને પ્રથમ સપ્તાહમાં ટ્રાયલ બેઝ પર કામ કરવા આદેશ

દિશા-નિર્દેશ :

કામદારોની સુરક્ષા માટે ઔદ્યોગિક એકમો માટેના નિર્દેશો

1. ફેક્ટરી પ્રિમાઇસિસમાં ૨૪ કલાક સેનિટાઇઝેશન થવું જોઇએ. ફેક્ટરીઓમાં વિશેષ કરીને લંચ રૂમ અને કોમન ટેબલ સહિતના કોમન એરિયામાં દર બેથી ત્રણ કલાકે સેનિટાઇઝેશન થવું જોઇએ. ટેબલના ઉપયોગ બાદ ડિસઇન્ફેક્ટન્ટથી સફાઇ થવી જોઇએ.
2. કોરોનાનો પ્રસાર અટકાવવા અને કામદારોની સુરક્ષા માટે તેમના રહેવાની વ્યવસ્થાનું સેનિટાઇઝેશન કરવું જોઇએ.
3. જોખમ ઘટાડવા માટે ચોકકસ સાધનો પર કામ કરતા કર્મચારીઓને સેનિટાઈઝ કરવા જોઇએ.
4. વિચિત્ર અવાજ અથવા ગંધ, ખુલ્લા વાયર, વાઇબ્રેશન, લીક, ધુમાડો, અસામાન્ય વોબલિંગ સહિતના ભયજનક સંકેતો મળે તો તાત્કાલિક મરામત હાથ ધરવી અથવા કંપનીમાં કામ અટકાવી દેવું.
5. કામદારોનું ટેમ્પરેચર દિવસમાં બે વાર માપવું, કોરોનાનાં લક્ષણ દેખાય તેવા કામદારોએ ફરજ પર હાજર થવું નહીં. તમામ કર્મચારીઓને માસ્ક અને હેન્ડ સેનિટાઈઝર પૂરાં પાડવાં.
6. મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફના ૩૩ ટકા કર્મચારી ફરજ પર હાજર રહે, તથા તેમાં કર્મચારીની પસંદગી કરતી વખતે પ્લાન્ટની ટેકનીકલ સેફટી માટે કામ કરતા કર્મચારીને પહેલી પ્રાથમિકતા આપવામાં આવે.

પ્લાન્ટ શરૂ કરવા માટેની ગાઈડલાઈન

1. મેન્યુફેક્ચરિંગ પ્રોસેસ માટે તમામ પ્રવૃત્તિઓ શરૂ કરતાં પહેલાં પ્લાન્ટનું સંપૂર્ણ સેફટી ઓડિટ કરવું.
2. કોઇપણ હોનારાત ન સર્જાય તે માટે પ્લાન્ટ શરૂ કરતાં પહેલાં તે જરૂરી તમામ ટાઇટનેસનું પાલન કરવામાં આવે.
3. સિસ્ટમને ઓપરેટિંગ ફ્લુઇડથી પ્રેશરાઈઝ કરીને તમામ લીકેજ ચેક કરવામાં આવે, એરલાઇનના લીકેજ સોપ સોલ્યુશન દ્વારા ચેક કરાય,
4. તમામ વેક્યૂમ સિસ્ટમના લીક ટેસ્ટ ફરજિયાત, જરૂરી વેક્યૂમ માટે સિસ્ટમમાંથી તમામ એર દૂર કરવામાં આવે.
5. તમામ માનવ સ્ત્રોતો સાથે પ્રોડક્શન શરૂ કરતાં પહેલાં ટ્રાયલ ટેસ્ટિંગ કરી લેવામાં આવે.
6. ૨૪ કલાક એમએએચની ઇમર્જન્સી અને પ્રોફેશનલ ટેકનિકલ ટીમોની તહેનાતી સુનિશ્ચિત કરવામાં આવે .

✓ NDMA : નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (નવી દિલ્હી)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના વાયરસ : નિર્ણય

દેશના ૧૦ રાજયના ૭૫ જિલ્લાઓમાં કોમ્યુનિટી ટ્રાન્સફર ચેક કરવા માટે ICMR કોરોના ટેસ્ટ કરશે



✓ આ સર્વે માટે એન્ઝાઈમ લિન્ક્ડ ઈમ્યૂનોસોરબન્ટ એસ્સે (ELISA) ટેસ્ટ કિટનો ઉપયોગ કરાશે

કયા કયા રાજ્યોમાં ટીમ મોકલાશે

✓ ગુજરાત, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ અને તેલંગણા.

✓ કોરોના વધુ સ્પેડ થયો છે તેવા ૭૫ જિલ્લાને પ્રાથમિકતા

હેતુ :

✓ કોરોનાના હોટસ્પોટ જિલ્લાને અલગ તારવીને ત્યાં કોરોના શા માટે વધુ ફેલાય છે અને તેની પેટર્ન શા માટે બદલાઈ રહી છે તેનાં કારણો શોધવા અને કોરોનાને ડામવાનાં પગલાં લેવા આયોજન કરાયું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સન્માન : ઈઝરાયલના એક માર્ગને કવિવર ટાગોરનું નામકરણ

વિગત :

✓ રવિન્દ્રનાથ ટાગોરની 7 મે-2020ના રોજ 159મી જન્મજયંતિ નિમિત્તે તેલ અવીવ

(ઈઝરાયલ)ના એક રસ્તાને ટાગોરનું નામ આપ્યું છે.



- ✓ ઈઝરાયલના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ માહિતી આપતા લખ્યું હતું કે, માનવીય જીવનમાં ટાગોરે આપેલા યોગદાન બદલ તેલ અવીવના એક રસ્તાને તેમનું નામ આપીને સન્માનિત કરાયા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : વિશ્વ માતા દિવસ (વર્લ્ડ મધર્સ ડે)

ખાસ : મે માસનો બીજો રવિવાર 'મા' દિવસ તરીકે

મધર્સ ડે–માતૃ સ્મૃતિ અને માતૃ વંદનાનો દિવસ



- ✓ આ દિવસે સંતાનો પોતાની પ્રિય માતાને યાદ કરે છે અને અવનવા ગ્રીટિંગ કાર્ડ તેમ જ એને ગમતી કોઈ ભેટ-સોગાદ ખરીદીને આપવાનો રીવાજ છે.
- ✓ અન્ય પ્રકારે પણ આ દિવસે સંતાનો માતા પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે.

મધર્સ ડે નો ટૂંકો ઇતિહાસ

- ✓ મધર્સ ડેનો ટૂંકમાં ઇતિહાસ એવો છે કે ૧૯૦૯ની સાલમાં ૯મી મેના દિવસે અમેરિકાની મિસ એના જાર્વીસે જ્યારે એની વ્હાલી માંદી માતા ઘણાં વર્ષ પથારીવશ રહ્યા પછી મૃત્યું પામી ત્યારે મનમાં નક્કી કર્યું કે હું એવું કંઇક કરું કે આખું વિશ્વ મારી માતાને યાદ કરે.
- ✓ એના આ વિચારને સમર્થન મેળવવાના એના અથાક પ્રયત્નો પછી ૧૯૧૩માં સૌ પ્રથમ વાર પેન્સીલ્વેનીયા સ્ટેટમાં મધર્સ ડે ઉજવાયો હતો.
- ✓ ૧૯૧૪માં અમેરિકાના એ વખતના પ્રમુખ વુડ્રો વિલ્સને મે મહિનાની ૯મી તારીખે કાયદો પસાર કરી દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે નેશનલ મધર્સ ડે તરીકે ઉજવવા માટે કાયદેસર રીતે જાહેરાત બહાર પાડી હતી.
- ✓ ત્યારથી સમગ્ર અમેરિકામાં આ તારીખે મધર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ ભારતમાં પણ હવે મધર્સ ડે ની ઉજવણી શરૂ થઇ ચુકી છે.
- ✓ ગુજરાતી સાહિત્યમાં સૌથી નાનો પણ સૌથી સુંદર શબ્દ જો કોઈ હોય તો એ છે "મા".

- ✓ આ શબ્દમાં કેટલા અર્થ સમાયા છે ! સ્વ.હરીન્દ્ર દવે એ સરસ કહ્યું છે. "મા કદી મરતી નથી. મા નો દેહ ન હોય ત્યારે એનું વ્હાલ હવાના કણમાં વીખરાઈને આલિંગન આપે છે. જેને પત્ર ન લખ્યો હોય છતાં જેની આંખોમાં લખવા ધારેલા પત્રનો જવાબ વંચાય તે મા."
- ✓ મા શોકમાં આશ્વાસન છે, દુઃખ અને દુર્બળતામાં એ આપણી આશા અને શક્તિપુંજ છે. પ્રેમ,કરુણા,સહાનુભૂતિ અને ક્ષમાશીલતાનો ઝરો છે.
- ✓ શિવાજીની માતા જીજીબાઈ અને મોહનદાસ ગાંધીની માતા પુતળીબાઈની જેમ દરેક માતા પોતાના સંતાનના જીવનમાં સંસ્કારોનું સિંચન કરીને અવિસ્મરણીય ભાગ ભજવતી હોય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૫-૨૦૨૦)

1. ભારતમાં લૉકડાઉન બાદ ઉદ્યોગો અને કામદારોની સુરક્ષા માટે તાજેતરમાં કોના દ્વારા નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવી-NDMA
2. ભારતમાં લૉકડાઉન બાદ ઉદ્યોગો અને કામદારોની સુરક્ષા માટે પ્રથમ સપ્તાહમાં ટ્રાયલ બેઝ પર કામ કરવા તાજેતરમાં કોના દ્વારા નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવી-NDMA
3. ભારતમાં લૉકડાઉન બાદ ઉદ્યોગો અને કામદારોની સુરક્ષા માટે તાજેતરમાં NDMA દ્વારા નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવી છે જેમાં મેનેજમેન્ટ અને વહીવટી સ્ટાફના કેટલા ટકા કર્મચારીઓ હાજર રહેશે-33%
4. NDMAનું વિસ્તૃત નામ જણાવો- નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી
5. મે માસના બીજા રવિવારને વિશ્વમાં કયા દિવસ તરીકે ઉજવાય છે- મધર્સ ડે
6. ICMR દ્વારા દેશના કેટલા રાજ્યો અને જિલ્લાઓમાં કમ્યુનિટી ટ્રાન્સફર ચેક કરવા કોરોનાના ટેસ્ટ કરવામાં આવશે- 10 અને 75
7. કમ્યુનિટી ટ્રાન્સફર ચેક કરવા કોરોનાના ટેસ્ટ કરવા માટે ICMR દ્વારા દેશભરમાં કઈ કીટનો ઉપયોગ કરવામાં આવશે- ELISA
8. ELISAનું વિસ્તૃત નામ જણાવો - એન્ઝાઈમ લિન્કડ ઈમ્યૂનોસોરબન્ટ એસ્સે
9. ICMR દ્વારા દેશના કયા કયા રાજ્યોમાં કમ્યુનિટી ટ્રાન્સફર ચેક કરવા કોરોનાના ટેસ્ટ કરવામાં આવશે- ગુજરાત, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણા
10. ઇઝરાઇલના તેલ અવીવ શહેરના એક માર્ગને તાજેતરમાં ક્યાં એક મહાન ભારતીય કવિવરનું નામ અપાયું - ટાગોર માર્ગ
11. તાજેતરમાં તા.7 મે 2020ના રોજ મહાન કવિવર રવિન્દ્રનાથ ટાગોરની કેટલામી જન્મ જયંતી ઉજવાઇ- 159મી
12. સમગ્ર વિશ્વમાં મે માસના બીજા રવિવારને કયા દિવસ તરીકે ઉજવાય છે - મધર્સ ડે
13. "મધર્સ ડે"ની સૌપ્રથમ ઉજવણીનો પ્રારંભ કયા વર્ષે કયા દેશમાં થયો હતો- 1914- અમેરિકા

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 11-05-2020



૧. સંશોધન : દેશનું પ્રથમ 'હૉટ એર સીમ સિલીંગ' મશીન રાજકોટ ખાતે વિકસાવ્યું (સ્ટાર્ટઅપ)



વિગત :

- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આવા તબીબો-પેરામેડિકલ સ્ટાફની રક્ષા માટે ઉપયોગમાં લેવાતા પર્સનલ પ્રોટેકટીવ ઇકવીપમેન્ટ PPEને સ્પેશ્યલાઇઝડ ટેપથી સંપૂર્ણ સુરક્ષિત બનાવતા ભારતના સૌ પ્રથમ હોટ એર સીમ સિલીંગ મશીનનું લોચીંગ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંપન્ન કર્યું હતું.

કંપની અને વિગત :

- ✓ રાજકોટની મેક પાવર સી.એન.સી. મશીન્સ લીમીટેડ દ્વારા "મેઇક ઇન ઇન્ડીયા-મેઇક ઇન ગુજરાત"ની નેમ સાથે આ મશીન રાજકોટ ખાતે નિર્માણ કરાયું.

વિશેષતા :

- ✓ PPE કિટ તૈયાર થાય ત્યારે તેની સિલાઇની સોય 2 MM એન દોરો લગભગ 0.5 MM સાઇઝનો હોય છે.
- ✓ આના પરિણામે કિટ પર રહી જતાં નાના-ઝીણા છીદ્રોમાંથી સંક્રમિત દર્દીના લોહી કે પ્રવાહીનો પ્રવેશ કીટમાં થાય તો સંક્રમિતની સારવાર કરતા તબીબ-પેરામેડિકલ સ્ટાફને પણ વાયરસના ચેપની અસર થઇ શકે છે.
- ✓ આવાં જે છીદ્રો PPE સુટ-કિટ પર રહી ગયેલા હોય તેને સીલ કરવાની અદ્યતન ટેકનોલોજી આ હોટ એર સીમ સિલીંગ મશીનના ઉપયોગથી સ્પેશ્યલાઇઝડ ટેપના માધ્યમથી રાજકોટની મેક પાવર

સી.એન.સી. મશીન્સ લીમીટેડ દ્વારા વિકસાવવામાં આવી છે.

- ✓ PPE કિટમાં સિલાઇ પ્રક્રિયામાં જે છીદ્રો રહી ગયા હોય તેને આ ટેપના ઉપયોગથી સીલ કરીને PPE કિટ વાયરસનો પ્રતિકાર કરવા માટે વોટર એન્ડ એર પ્રુફ બનાવવામાં આવે છે.
- ✓ હાલમાં ચાયના-કોરિયાથી આયાત થતાં આવા મશીનની કિંમત પણ રૂ. ૭ થી ૮ લાખ અને ડિલીવરીનો સમયગાળો પણ ૧૨-૧૩ અઠવાડિયા થઇ જાય છે.
- ✓ આ સ્થિતીના નિવારણ માટે ભારતમાં આવા મશીન્સનું નિર્માણ ૫૦ ટકા ઓછી કિંમતે કરવામાં આવી રહ્યાં છે.
- ✓ માત્ર ૨૦ જ દિવસના ટૂંકાગાળમાં ૧૦૦ વ્યકિતઓ-કામદારોની ટીમે ૮૦ ટકા ઇન હાઉસ પાર્ટસ સાથે ભારતમાં સૌપ્રથમ હોટ એર સીમ સીલીંગ મશીનના ઉત્પાદનનું ગૌરવ રાજકોટને અપાવ્યું છે.
- ✓ ઇન્ડીયન મેડીકલ એસોસિયેશન રાજકોટ બ્રાન્ચના તબીબોના માર્ગદર્શન સાથે ખૂબ જ ટૂંકાગાળામાં તૈયાર થયેલા આવા ૨૦૦ હોટ એર સીમ સીલીંગ મશીન પ્રથમ બેચમાં તૈયાર કરવામાં આવ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના દરદીઓ માટે કેન્દ્રની નવી ગાઈડલાઈન (આરોગ્ય)

- ✓ કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દરદીઓએ ૧૭ દિવસ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે

વિગતવાર માહિતી :

- ✓ કોરોનાનાં ઘણા હળવા લક્ષણો ધરાવતા કે પ્રી સિમ્ફેમેટિક દર્દીઓ તેમનાં પોતાનાં ઘરમાં જ આઇસોલેશનમાં રહીને કોરોનાની સારવાર લઈ શકશે.
- ✓ કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલય દ્વારા આ અંગે તા.૧૧મી મે-૨૦૨૦ના રોજ નવી ગાઇડલાઇન્સ જાહેર કરવામાં આવી હતી.
- ✓ જે મુજબ કોરોનાનાં હળવા લક્ષણો ધરાવતા દર્દીઓએ ૧૭ દિવસ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે.
- ✓ તેમને છેલ્લા ૧૦ દિવસમાં તાવ ન આવ્યો હોય તો જ ૧૭ દિવસ પછી હોમ આઇ સોલેશનમાંથી મુક્તિ મળશે.
- ✓ હોમ આઇસોલેશન પૂરું થયા પછી દર્દીએ ફરી કોરોનાનો ટેસ્ટ કરાવવાનો રહેશે નહીં.
- ✓ હોમ આઇ સોલેશનનાં નિયમોનું પાલન કરવા દર્દીએ બાંયધરી આપવી પડશે.
- ✓ હોમ આઇસોલેશનવાળા દર્દીને શરૂઆતમાં પ્રાથમિક લક્ષણો દેખાય ત્યારથી ૧૭ દિવસ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે.
- ✓ પ્રી સિપ્ટોમેટિક કેસોમાં સેમ્પલ ટેસ્ટથી ૧૭ દિવસ ગણવાનાં રહેશે.

- ✓ આ અગાઉ આરોગ્ય મંત્રાલયે ૨૭ એપ્રિલે બહુ હળવા લક્ષણો ધરાવતા કે પ્રી સિમ્પ્ટોમેટિક દર્દીઓને આઇ સોલેશનમાં રહેવા પરવાનગી આપી હતી.
- ✓ હવે હોમ આઇ સોલેશનવાળા દર્દી અને તેમની દેખભાળ રાખનાર બંનેએ નિયમોનું પાલન કરવું પડશે.
- ✓ દર્દીની દેખભાળ રાખનાર અને સંપર્કમાં આવનાર લોકોએ ડોક્ટરની સલાહ મુજબ હાઇડ્રોક્સિક્લોરોક્વિન લેવાની રહેશે કે બીજી દવાઓ લેવાની રહેશે.
- ✓ મોબાઇલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની રહેશે.
- ✓ વિશ્વમાં કોરોનાનાં અત્યાર સુધીનાં અનુભવ મુજબ કોરોનાનાં ૮૦ ટકા કેસ હળવા લક્ષણોવાળા છે, જ્યારે ૨૦ ટકા કેસમાં જ ગંભીર લક્ષણો જણાયા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. શિયાન H-20 (સંરક્ષણ)

- ✓ ચીન દ્વારા વિકસાવવામાં આવેલું સ્ટીલ્થ સુપર સોનિક બોમ્બર વિમાન



વિશેષતા :

- ✓ પરમાણુ બોમ્બથી સજજ મિસાઈલ

મારક ક્ષમતા – વિસ્તાર

- ✓ રેન્જ–૮૫૦૦ કિ.મી.
- ✓ હવા, જમીન અને પાણીમાં માર કરવા સક્ષમ
- ✓ રડારમાં નહીં પકડાય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૧૯૬૩ : રાજ્ય સરકાર દ્વારા મહત્વનો ફેરફાર કરતો વટહુકમ (કૃષિ-વેપાર)

હેતુ:ખેડૂતોને સ્પર્ધાત્મક ભાવ મળી રહે તે માટે

Extra No. 6 વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

© સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXI] WEDNESDAY, MAY 6, 2020 / VAISAKHA 16, 1942

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV

Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.

AGRICULTURE, FARMERS WELFARE AND CO-OPERATION DEPARTMENT

Sachivalaya, Gandhinagar, Dated the 6th May, 2020.

GUJARAT ORDINANCE NO. 3 OF 2020.

AN ORDINANCE

further to amend the Gujarat Agricultural Produce Markets Act, 1963.

WHEREAS the Legislative Assembly of the State of Gujarat is not in Session;

AND WHEREAS the Governor of Gujarat is satisfied that circumstances exist which render it necessary for him to take immediate action to amend the Gujarat Agricultural Produce Markets Act, 1963;

Guj. 20 of 1964.

NOW, THEREFORE, in exercise of the powers conferred on him by clause (1) of article 213 of the Constitution of India, the Governor of Gujarat is hereby pleased to make and promulgate the following Ordinance, namely:

IV Ex.-6 6-1

APMC એક્ટમાં મહત્વના ફેરફાર

- ✓ APMC દ્વારા માર્કેટ યાર્ડની બહાર વેચવા પર કોઈ નિયમન ન હોવાથી તેઓ કોઈ સેસ વસૂલી શકશે નહીં
- ✓ ખાનગી માર્કેટ યાર્ડ સ્થાપી શકાશે.
- ✓ હવે તમામ વેપારીઓના લાઈસન્સ રાજ્યવ્યાપી ગણાશે. હવેથી કોઈ મંડી-બજાર માટે લાઈસન્સ ઈસ્યુ કરાશે નહીં.
- ✓ કોઈપણ ટ્રેડર રાજ્યમાં ગમે ત્યાં ખરીદ અને વેચાણ કરી શકશે.
- ✓ તમામ હયાત લાઈસન્સ ધારકોને ૬ મહિનામાં યુનિફાઈડ લાઈસન્સમાં તબદીલ કરાશે.
- ✓ ખેડૂતોને એક જ દિવસમાં પેમેન્ટ ચૂકવવા જોગવાઈ
- ✓ શાકભાજી-ફળો ઉપર કોઈ જ નિયંત્રણ નહીં
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિમણૂક : PCIના અધ્યક્ષ તરીકે પેરાલિમ્પિક ખેલાડી શ્રી દીપા મલિકની નિમણૂક (ખેલકૂદ)



કારકિર્દી :

- ✓ રમત : ગોળાફેંક

મળેલા સન્માનો :

- ✓ પેરાલિમ્પિક રમતોત્સવ-2016માં સિલ્વર મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા
- ✓ અર્જુન એવોર્ડ - 2012
- ✓ પદ્મશ્રી - 2017
- ✓ ખેલ રત્ન એવોર્ડ-2019 મેળવનાર પ્રથમ મહિલા પેરા એથ્લિટ
- ✓ મોટર સ્પોર્ટ્સ ક્લબ ઓફ ઈન્ડિયા તરફથી ઓફિશિયલ રેલી લાઈસન્સ મેળવનારી દેશની પ્રથમ દિવ્યાંગ હતી.
- ✓ દેશની સૌથી મુશ્કેર કાર રેલી રેડ ડિ હિમાલયા અને ડેઝર્ટ સ્ટોર્મમાં ભાગ લઈ ચૂકી છે.
- ✓ PCI : પેરાઓલિમ્પિક કમિટી ઓફ ઈન્ડિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ગિફ્ટ સિટી : ગાંધીનગર એશિયાના પ્રથમ નેશનલ સ્ટોક ફોરેન એક્સચેન્જ ખાતે ફોરેન કરન્સી એક્સચેન્જ સેન્ટરનો પ્રારંભ (અર્થતંત્ર)



- ✓ નાણામંત્રી શ્રી નિર્મલા સિતારમણ દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રારંભ

કામગીરી :

- ✓ આ એક્સચેન્જમાં ભારતીય નાણાં સહિત યુએસએ પાઉન્ડ, કેનેડિયન ડોલર, ઓસ્ટ્રેલિયન ડોલરમાં ટ્રેડિટ, ડેરિવેટિવ્સ, ફ્યૂચર અને ઓપ્શનનું કામકાજ થઇ શકશે.
- ✓ અત્યાર સુધી આવા વ્યવહારો માટે ભારતીઓએ સિંગાપોર અથવા તો અમેરિકાના એક્સચેન્જની મદદ લેવી પડતી હતી.

રોજગારી :

- ✓ ગિફ્ટ સિટીમાં આ એક્સચેન્જ શરૂ થતા 30થી 40 મોટી કંપનીઓ ગાંધીનગરમાં આવશે અને તેના કારણે 8થી 10 હજાર લોકોને નવી રોજગારી મળશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વૈશ્વિક વિવાદ : ચીન (વિદેશ નીતિ)

- ✓ ભારતથી 684 કિલોમીટરના અંતરે ચીને હિંદ મહાસાગરમાં કૃત્રિમ ટાપુ બનાવવાનું કામ શરૂ કર્યું
- ✓ કારણ: ચીન દ્વારા હિંદ મહાસાગરમાં પોતાની પકડ જમાવવા
- ✓ ભારતથી ૬૮૪ કિલોમીટરના અંતરે માલદિવ્સની જળસીમામાં ચીને કૃત્રિમ ટાપુ બનાવવાનું કામ શરૂ કર્યું છે. ઓપન સોર્સ ઈન્ટેલિજન્સ એનાલિસ્ટ ડીટ્રેસ્ફા સેટેલાઈટ ઈમેજના આધારે આ ખુલાસો થયો હતો. સેટેલાઈટ ઈમેજમાં જણાતું હતું એ પ્રમાણે ચીને માલદિવ્સની નજીક અને ભારતથી ૬૮૪ કિલોમીટર દૂર ટાપુ બનાવવાનું શરૂ કર્યું છે.
- ✓ ચીને ૨૦૧૬માં જ આ વિસ્તારવાદી નીતિનો પાયો નાખી દીધો હતો. માલદિવ્સના ભારત વિરોધી પૂર્વ પ્રમુખ અબ્દુલ્લા યામીન પાસેથી ૨૦૧૬માં ચીની કંપનીઓએ ૧૬ ટાપુ લીઝથી ખરીદ્યા હતા. હવે ચીન આ ટાપુઓની નજીક મોટા પાયે કૃત્રિમ ટાપુ બનાવીને હિંદ મહાસાગરમાં તેની શક્તિ વધારવાની પેરવી કરી રહ્યું છે.
- ✓ નિષ્ણાતોએ એવી શક્યતા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં ચીન આ ટાપુ ઉપર સૈન્યબળ કે હથિયારો તૈનાત કરીને ભારતને ઘેરવાની કોશિશ કરશે. ચીને માલદિવ્સને કરજમાં ડૂબાડી દીધું છે અને હવે તેનો ફાયદો લેવાનું શરૂ કર્યું છે. વૈશ્વિક સ્તરે પક્કડ મજબૂત બનાવવા ચીને નાના દેશોને પોતાની જાળમાં ફસાવ્યા છે. એમાં માલદિવ્સનો પણ સમાવેશ થાય છે. ૯૦ હજાર વર્ગ કિલોમીટરમાં ફેલાયેલા માલદિવ્સને ડ્રેગને ભરડામાં લીધું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : ૧૧ મે

રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ

કોની યાદમાં ?

- ✓ તત્કાલીન વડાપ્રધાન-શ્રી અટલ બિહારી બાજપેઈના નેતૃત્વમાં ભારતે વર્ષ-૧૯૯૮માં પોખરણમાં કરેલું બીજું અણુ પરીક્ષણ
- ✓ મુખ્ય વૈજ્ઞાનિક - ડૉ. અબ્દુલ કલામ
- ✓ નામ- ઓપરેશન શક્તિ



- ✓ થીમ-૨૦૨૦ : 'Rebooting the Economy through Science, Technology and Research Translations titled RESTART'.
- ✓ મંત્રાલય: સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : ૧૧ મે

તસવીરકળાના કસબી : જગન મહેતા



જન્મ : ૧૧ મે - ૧૯૦૯

અવસાન : ૧૦ ફેબ્રુઆરી - ૨૦૦૩

- ✓ આજે પ્રસિદ્ધ દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિ અને તસવીરકળાના કસબી એવા જગન મહેતાનો 111મો જન્મદિવસ.
- ✓ વિરમગામમાં જન્મેલા જગન મહેતાએ કલાગુરુ રવિશંકર રાવળના સાંનિધ્યમાં તસવીર કળામાં પ્રસ્થાન કર્યું.
- ✓ ફોટોગ્રાફીનું કામ શીખવા જર્મની પણ ગયા હતા પણ નાદુરસ્ત તબિયતને કારણે સ્વદેશ પરત આવ્યા.
- ✓ જર્મનીમાં સુભાષચંદ્ર બોઝને પણ મળ્યા હતા.
- ✓ સ્વદેશ પરત ફરી અહીં જ વિવિધ સંસ્થા અને જાત અનુભવોના આધારે ફોટોગ્રાફીમાં પારંગત થયા હતા.
- ✓ જગનભાઈએ ભારતભરના તીર્થસ્થાનો અને કુદરતી સૌંદર્યવાળા સ્થાનોને પોતાની આગવી સૂઝ અને સમજથી કેમેરામાં કેદ કર્યા હતા.
- ✓ તેઓએ ગાંધીજીની બિહાર શાંતિયાત્રાથી લઈ ગુજરાતના ગ્રામીણ અને આદિવાસી જનજીવનની તસવીરો કચકડે કંડારી હતી.
- ✓ જગન મહેતાએ 1978થી 1986 દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ગુજરાતી સારસ્વતોના ફોટોગ્રાફ્સ તૈયાર કર્યા હતા.
- ✓ વર્ષ 2003માં તેમનું અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૫-૨૦૨૦)

1. 'મેઈક ઇન ઇન્ડિયા' અંતર્ગત PPE કીટને ખાસ ટેપથી સંપૂર્ણ સુરક્ષિત બનાવતું ભારતનું સૌપ્રથમ "હોટ એર સીમ સિલિંગ મશીન" કયા શહેરમાં વિકસાવવામાં આવ્યું - **રાજકોટ**
2. PPE કીટને ખાસ ટેપથી સંપૂર્ણ સુરક્ષિત બનાવતું ભારતનું સૌપ્રથમ "હોટ એર સીમ સિલિંગ મશીન" કઈ કંપની દ્વારા વિકસાવવામાં આવ્યું - **મેક પાવર સી.એન.સી મશીન્સ લિમિટેડ**
3. "હોટ એર સીમ સિલિંગ મશીન"ની PPE કિટના સંદર્ભમાં વિશેષતા જણાવો- **કિટમાં સિલાઈ પ્રક્રિયામાં જે છીદ્રો રહી ગયા હોય તેને આ ટેપના ઉપયોગથી સીલ કરીને વાયરસ પ્રતિકાર માટે વોટર એન્ડ એર પ્રુફ બનાવવામાં આવે છે**
4. PPE કિટ તૈયાર કરવા"હોટ એર સીમ સિલિંગ મશીન" અત્યારે કયા દેશ પાસેથી મંગાવવામાં આવે છે- **ચાઇના અને કોરિયા**
5. કેન્દ્રના આરોગ્ય મંત્રાલયની 11 મેની નવી ગાઇડલાઇન મુજબ કોરોનાના હળવા લક્ષણો ધરાવતાં દર્દીઓને કેટલા દિવસ સુધી હોમ આઈસોલેશનમાં રહેવું પડશે - **17 દિવસ**
6. કેન્દ્રના આરોગ્ય મંત્રાલયની 11 મેની નવી ગાઇડલાઇન મુજબ કોરોનાના હળવા લક્ષણો ધરાવતાં દર્દીઓને કેટલા દિવસ સુધી તાવ ન આવ્યો હોય તો 17 દિવસ બાદ હોમ આઈસોલેશનમાંથી મુક્તિ મળશે- **10**
7. વિશ્વમાં કોરોનાના અત્યાર સુધીના અનુભવ મુજબ કેટલા ટકા કેસ હળવા લક્ષણોવાળા છે- **80%**
8. તાજેતરમાં "શિયાન H-20" સ્ટીલ્થ સુપરસોનિક બોમ્બર વિમાન કયા દેશ દ્વારા તૈયાર કરાયું - **ચીન**
9. તાજેતરમાં ચીન દ્વારા તૈયાર કરાયેલ "શિયાન H-20" સ્ટીલ્થ સુપરસોનિક બોમ્બર વિમાનની રેન્જ જણાવો- **8500 કિ.મી.**
10. ગુજરાતના ખેડૂતોને તેમના ઉત્પાદનના સ્પર્ધાત્મક ભાવ મળી રહે તે માટે કયા વર્ષના"ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ"માં સુધારો કરી વટહુકમ બહાર પાડવામાં આવ્યો - **વર્ષ 1963**
11. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા APMC એક્ટમાં કયા મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે - **તમામ વેપારીઓના લાઈસન્સ રાજ્યવ્યાપી ગણાશે, કોઈ મંડી-બજાર માટે લાઈસન્સ ઈસ્યુ કરાશે નહીં, કોઈપણ ટ્રેડર રાજ્યમાં ગમે ત્યાં ખરીદ અને વેચાણ કરી શકશે, તમામ હયાત લાઈસન્સ ધારકોને ૬ મહિનામાં યુનિફાઈડ લાઈસન્સમાં તબદીલ કરાશે.**
12. તાજેતરમાં ખેલકૂદ સંબંધિત PCIના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી – **પૂર્વે પેરાલિમ્પિક ખિલાડી દીપા મલિક**
13. પેરાલિમ્પિક રમતોત્સવ 2016માં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ખિલાડી-**દીપા મલિક**
14. દીપા મલિકને કયા વર્ષે "રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ" એનાયત કરાયો હતો- **2019**
15. PCIનું વિસ્તૃત નામ જણાવો - **પેરાઓલિમ્પિક કમિટી ઓફ ઇન્ડિયા**
16. પેરાલિમ્પિક ખિલાડી દીપા મલિકની રમત જણાવો- **ગોળા ફેંક**
17. પેરાલિમ્પિક ખિલાડી દીપા મલિકને કયારે અર્જુન એવોર્ડ અને પદ્મશ્રી અપાયો - **2012 અને 2017**
18. મે 2020માં નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા વીડિયો કોન્ફરન્સથી એશિયાના સૌપ્રથમ ફોરેન કરન્સી એક્સચેન્જ સેન્ટરનો પ્રારંભ ક્યાં કરવામાં આવ્યો- **ગિફ્ટ સિટી, ગાંધીનગર**
19. એશિયાના સૌપ્રથમ ફોરેન કરન્સી એક્સચેન્જ સેન્ટરમાં ભારતીય નાણા સહિત કયા દેશોની કરન્સી એક્સચેન્જનું કામ થઈ શકશે-**યુ.એસ.એ., કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે**
20. તાજેતર મે-૨૦૨૦માં ચીને ભારતથી ૬૮૪ કિલોમીટરના અંતરે કયા દેશની જળસીમામાં કૃત્રિમ ટાપુ બનાવવાનું કામ શરૂ કર્યું – **માલદિવ્સ**
21. તાજેતર મે-૨૦૨૦માં ચીને કયા કારણોસર માલદિવ્સની જળસીમામાં કૃત્રિમ ટાપુ બનાવવાનું કામ શરૂ કર્યું - **હિંદ મહાસાગરમાં પોતાની પકડ જમાવવા**
22. તાજેતરમાં 11 મેના રોજ ભારતમાં કયો દિવસ ઉજવવામાં આવ્યો - **રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ**
23. "રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ" 2020ની થીમ જણાવો- **'Rebooting the Economy through Science,**

Technology and Research Translations titled RESTART'.

24. ભારતમાં કઈ ઘટનાની યાદમાં "રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ"ઉજવવામાં આવે છે - **ભારતે વર્ષે 1998માં વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં પોખરણ ખાતે કરેલું બીજું અણુ પરીક્ષણ**
25. ભારતે વડાપ્રધાન અટલ બિહારી બાજપેયી અને વૈજ્ઞાનિક ડોક્ટર અબ્દુલ કલામના નેતૃત્વમાં કરેલા બીજા અણુ પરીક્ષણને કયું નામ આપવામાં આવ્યું હતું - **ઓપરેશન શક્તિ**
26. પ્રસિદ્ધ ગુજરાતી જગન મહેતાનો જન્મદિવસ જણાવો- **11 મે 1909**
27. ગુજરાતી જગન મહેતાનું ક્ષેત્ર જણાવો – **તસવીર કળાના કસબી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 12-05-2020



૧. આત્મનિર્ભર ભારત અભિયાન : ભારત સરકાર (આર્થિક)

જાહેરાત: કોરોના સામે જંગ જીતવા કેન્દ્ર સરકાર દ્વારા અત્યારસુધીનું સૌથી મોટું રૂ. ૨૦ લાખ કરોડનું આર્થિક પેકેજ જાહેર



પેકેજની વિશેષતાઓ

- ✓ લેન્ડ, લેબર, લિક્વિડિટી અને લોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલું આત્મ નિર્ભરતાનું પેકેજ દેશના GDPના ૧૦ ટકા જેટલું રહેશે

ભારતની આત્મનિર્ભરતાના પાંચ પિલર્સ

1. **ઈકોનોમી:** એક એવી ઈકોનોમી જે ઈન્ક્રીમેન્ટલ ચેન્જ નહીં પણ ક્વોન્ટમ જમ્પ લાવે.
2. **ઈન્ફ્રાસ્ટ્રક્ચર:** એક એવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જે આધુનિક ભારતની ઓળખ બને.
3. **સિસ્ટમ:** એક એવી સિસ્ટમ જે વિતેલી સદીના રીતે નહીં પણ ૨૧મી સદીની ટેક્નોલોજી ડ્રિવન વ્યવસ્થા ઉપર આધારિત હોય.
4. **ડેમોગ્રાફી:** દુનિયાની સૌથી લોકશાહીની ડેમોગ્રાફી આત્મનિર્ભર ભારત માટે આપણી ઊર્જાનો સ્રોત હોય.
5. **ડિમાન્ડ:** તેના માંગ-ચક્ર અને તેની તાકાતનો ઉપયોગ કરવાની હવે જરૂર છે.

કોના માટે આર્થિક પેકેજ

- ✓ કરોડો લોકોની રોજગારી એવા કુટિર, ગૃહ, લઘુ ઉદ્યોગ, એમએસએમઇ માટે

- ✓ દરેક ઋતુમાં દેશવાસીઓ માટે દિવસ રાત મહેનત કરતા ખેડૂત અને શ્રમિક માટે
- ✓ ઇમાનદારીથી ટેક્સ આપીને દેશના વિકાસમાં યોગદાન આપતા મધ્યમવર્ગ માટે
- ✓ ભારતને આર્થિક બુલંદી પર લઇ જવા માટે પ્રતિબદ્ધ ઉદ્યોગ જગત માટે
- ✓ LOCAL માટે VOCAL બનો તેમજ LOCALથી ગ્લોબલ માટે વડાપ્રધાન મોદીનું સ્વદેશી અપનાવવા નાગરિકોને આહ્વાન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સદભાવના એમ્બેસેડર : UNO (પર્યાવરણ)

સંયુક્ત રાષ્ટ્રના 'બીટ ધ પોલ્યુશન' અભિયાનના ભારતના સદભાવના એમ્બેસેડર તરીકે અભિનેત્રી દિયા મિર્ઝાના કાર્યકાળને વર્ષ-૨૦૨૨ સુધી લંબાવાયો



વિગત :

- ✓ દિયા મિર્ઝાએ 'બીટ ધ પોલ્યુશન' અભિયાનમાં સક્રિય ભાગ લીધો હતો. તેમણે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી, પરિપત્ર ફેશન અને યુએનપીના અન્ય અભિયાનમાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.
- ✓ 'બીટ ધ પ્રદૂષણ' અભિયાનના ભાગ રૂપે ૨૦૨૨ સુધીમાં ભારત સિંગલ યુઝ પ્લાસ્ટિકથી સંપૂર્ણપણે મુક્ત થવાનું કામ થઇ રહ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. PPE કિટ : ભારતીય નૌકાદળ (આરોગ્ય)



- ✓ ભારતીય નૌકાદળ દ્વારા તાજેતરમાં ડિઝાઇન અને ઉત્પાદિત વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો (પીપીઇ)ને મોટા પ્રમાણમાં ઉત્પાદન અને ક્લિનિકલ ઉપયોગ માટે પ્રમાણિત કરવામાં આવ્યું છે.

કોના દ્વારા વિકસાવાયું :

- ✓ આ પીપીઇને ઇનોવેશન સેલ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ નેવલ મેડિસિન, મુંબઇ અને નેવલ ડોકયાર્ડ મુંબઇની ટીમે વિકસિત કરી છે.

- ✓ આઈ.એન.એમ.એસ. (ન્યુક્લિયર મેડિસિન અને સંલગ્ન વિજ્ઞાન સંસ્થા) દિલ્હીએ આ પી.પી.ઇ.નું પરીક્ષણ અને પ્રમાણપત્ર લીધું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.વંદે ભારત મિશન-2.0 : બીજો તબક્કો (મદદ)



- ✓ સમયગાળો : તા. ૧૬મી મેથી ૨૨મી મે-૨૦૨૦ સુધી)
- ✓ મદદ : ૩૧ દેશોમાં ફસાયેલા ભારતીયો માટે ૧૪૯ ફ્લાઈટ્સ મોકલાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારતીય ટ્વિટર એકાઉન્ટ (વિદેશ નીતિ)

- ✓ નામ: ગિલગીટ-બાલ્ટિસ્તાન, લદ્દાખ (UT) ભારત
- ✓ ટ્વિટર એકાઉન્ટના પ્રોફાઈલ પિકચરમાં 'સત્યમેવ જયતે'ની મુદ્રા અને ત્રિરંગાની ઈમેજ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : ૧૨ મે

આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ



થીમ-૨૦૨૦ : Nurses: A Voice to Lead – Nursing the World to Health, demonstrates how nurses are central to addressing a wide range of health challenges.

- ✓ **પ્રથમ નર્સ**- ફ્લોરેન્સ નાઇટિંગલની જન્મ દિવસની યાદમાં
- ✓ આ વર્ષે તેની ૨૦૦મી જન્મજયંતિ

ફ્લોરેન્સ નાઇટિંગલ વિશે :

- ✓ ફ્લોરેન્સ નાઇટિંગલે નર્સિંગને આધુનિક રૂપ આપ્યું, રોગનો ડેટા એકઠો કરવો તેમની પહેલ
- ✓ આધુનિક નર્સિંગના ફાઉન્ડર ફ્લોરેન્સ નાઇટિંગલનો જન્મ ઇટાલીના ફ્લોરેન્સમાં થયો.
- ✓ તેઓ ગણિત અને ડેટામાં જીનિયસ હતા. આ ખાસિયતનો ઉપયોગ તેમણે હોસ્પિટલોની સ્થિતિ અને લોકોનું આરોગ્ય સુધારવા માટે કર્યો.
- ✓ તેમણે જ્યારે પહેલી વાર નર્સિંગમાં જવાની ઇચ્છા વ્યક્ત કરી તો તેમના માતા-પિતા

તૈયાર ન થયા. પછી તેમની જીદ આગળ ઝૂક્યા અને ટ્રેનિંગ માટે જર્મની મોકલ્યા.

- ✓ 1853માં ક્રીમિયા યુદ્ધ દરમિયાન તેમને તુર્કીની સૈન્ય હોસ્પિટલમાં મોકલાયા.
- ✓ આ પહેલી વાર બ્રિટને મહિલાઓને સૈન્યમાં સામેલ કરી હતી.
- ✓ તેઓ બરાક હોસ્પિટલ પહોંચ્યા તો જોયું કે ફ્લોર પર સખત ગંદકી હતી. તેમણે સૌથી પહેલું કામ આખી હોસ્પિટલ સાફ કરવાનું કર્યું.
- ✓ સૈનિકો માટે સારા ભોજન અને ચોખ્ખા કપડાંની વ્યવસ્થા કરી. પહેલી વાર સૈનિકો તરફ આટલું ધ્યાન અપાયું.
- ✓ તેમની માગ પર બનેલી સમિતિએ નોંધ્યું કે તુર્કીમાં 18 હજાર પૈકી 16 હજાર સૈનિકના મોત ગંદકી અને ચેપી રોગોથી થયા હતા.
- ✓ ફ્લોરેન્સના પ્રયાસો થકી જ બ્રિટિશ સૈન્યમાં મેડિકલ, સેનિટરી સાયન્સ અને સ્ટેટિસ્ટિકલ વિભાગ બન્યા.
- ✓ હોસ્પિટલોમાં સાફસફાઈનું ચલણ તેમની જ દેન છે.
- ✓ આ હોસ્પિટલમાં નાઇટ શિફ્ટમાં તેઓ હાથમાં મશાલ પકડીને દર્દીઓની સેવા કરતા હતા. તેથી 'લેડી વીથ ધ લેમ્પ' નામથી મશહૂર થયા.
- ✓ આજે પણ તેમના માનમાં નર્સિંગની પ્રતિજ્ઞા હાથમાં લેમ્પ રાખીને લેવાય છે. આને નાઇટિંગલ પ્લેજ કહે છે.
- ✓ 1860માં બ્રિટનમાં તેમના નામથી નર્સિંગ સ્કૂલની સ્થાપના થઈ .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : ૧૨ મે

યુગમૂર્તિ સાહિત્યકાર : ર.વ.દેસાઈ

જન્મ – ૧૨ મે-૧૮૯૨

અવસાન – ૨૦ સપ્ટેમ્બર-૧૯૫૪

- ✓ ગુજરાતી સમાજમાં ર.વ. દેસાઈના ટૂંકા નામે પંકાયેલા રમણલાલ વસંતલાલ દેસાઈનો આજે જન્મદિવસ છે.
- ✓ ર.વ.દેસાઈનું મૂળગામ પંચમહાલ જિલ્લાનું કાલોલ ગામ જ્યાં જન્મ થયો હતો.



- ✓ વડોદરા જિલ્લાના શિનોર ગામે રમણલાલ બી.એ, એમ.એ થયા પછી વડોદરામાં શિક્ષક અને પછી ગાયકવાડીમાં હજૂર કામદાર તરીકે જોડાયા હતા.

- ✓ ર.વ દેસાઈએ નાટક, નવલકથા, વાર્તા, કવિતા, આત્મકથા અને જીવનચરિત્રો ઉપરાંત ઈતિહાસ અને સંસ્કૃતિ જેવા વિષયોને કુશળતાપૂર્વક ખેડ્યા છે. છતાં એકંદરે તેમની છબી નવલકથાકાર તરીકેની રહી છે.
- ✓ 100 ઉપરાંત પુસ્તકોના રચયિતા ર.વ દેસાઈની 32 જેટલી નવલકથાઓ"માં 'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ', શૌર્ય તર્પણ, ઠગ, ક્ષિતિજ, ગ્રામલક્ષ્મી, અપ્સરા, જયંત વગેરે જાણીતી નવલકથાઓ" છે.
- ✓ ગુજરાતમાં ઈતિહાસના વિષયવસ્તુની સજ્જતા સાથે નવલકથાઓ" લખનારા સર્જકોમાં દેસાઈ શીર્ષસ્થ સ્થાને છે.

આત્મકથા :

- ✓ 'ગઈકાલ' (1950)
- ✓ 'મધ્યાહનના મૃગજળ' (1956)
- ✓ 1932મા તેમને ગુજરાતી સાહિત્યનો માનવંતો રણજીતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.
- ✓ નવલકથાના ક્ષેત્રે મળેલી લોકપ્રિયતાને કારણે તેઓ" 'યુગમૂર્તિ' સ્વભાવને લીધે સૌજન્ય મૂર્તિ અને અંગત વર્તુળોમાં 'ભાઈસાહેબ' તરીકે જાણીતા થયા હતા.
- ✓ ગુજરાતી ભાષાના આ લોકપ્રિય નવલકથાકારનું 20 ઓગસ્ટ 1954ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૫-૨૦૨૦)

1. ભારત સરકાર દ્વારા કોરોના સામે જંગ જીતવા મે 2020માં કયા આર્થિક અભિયાનની જાહેરાત કરવામાં આવી - **"આત્મનિર્ભર ભારત અભિયાન"**
2. ભારત સરકારે "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત અત્યાર સુધીના સૌથી મોટા કેટલી રકમની આર્થિક પેકેજની જાહેરાત કરી - **રૂ. 20 લાખ કરોડ**
3. "આત્મનિર્ભર ભારત અભિયાન"ના મુખ્ય પાંચ સ્તંભ જણાવો - **અર્થવ્યવસ્થા, માળખાગત સુવિધા, સિસ્ટમ, ડેમોગ્રાફી અને ડિમાન્ડ**
4. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરેલું આર્થિક પેકેજ દેશના GDPના કેટલા ટકા જેટલું રહેશે- **10 %**
5. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરેલ પેકેજ કોને કેન્દ્ર સ્થાને રાખીને તૈયાર કરાયું છે - **લેન્ડ, લેબર, લિક્વિડિટી અને લૉ**
6. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી નાગરિકોને કયા બે મંત્ર ઉપર ભાર મૂકવા અનુરોધ કર્યો છે - **લોકલ માટે વોકલ બનો અને લોકલથી ગ્લોબલ માટે સ્વદેશી અપનાવો**
7. "આત્મનિર્ભર ભારત અભિયાન"ના મુખ્ય પાંચ સ્તંભનો વિસ્તૃત અર્થે જણાવો- **(૧) ઈકોનોમી: એક એવી ઈકોનોમી જે ઈન્ક્રીમેન્ટલ ચેન્જ નહીં પણ ક્વોન્ટમ જમ્પ લાવે. (૨) ઈન્ફ્રાસ્ટ્રક્ચર: એક એવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જે આધુનિક ભારતની ઓળખ બને. (૩) સિસ્ટમ: એક એવી સિસ્ટમ જે વિતેલી સદીના રીતે નહીં પણ ૨૧મી સદીની ટેક્નોલોજી ડ્રિવન વ્યવસ્થા ઉપર આધારિત હોય. (૪) ડેમોગ્રાફી: દુનિયાની સૌથી લોકશાહીની ડેમોગ્રાફી આત્મનિર્ભર ભારત માટે આપણી ઊર્જાનો સ્રોત હોય. (૫) ડિમાન્ડ: તેના માંગ-ચક્ર અને તેની તાકાતનો ઉપયોગ કરવાની હવે જરૂર છે.**
8. સંયુક્ત રાષ્ટ્રના કયા અભિયાનના સદભાવના એમ્બેસેડર તરીકે ભારતીય અભિનેત્રી દિયા મિર્ઝાનો કાર્યકાળ લંબાવાયો- **બીટ ધ પોલ્યુશન**
9. સંયુક્ત રાષ્ટ્રના 'બીટ ધ પોલ્યુશન' અભિયાનના સદભાવના એમ્બેસેડર તરીકે ભારતીય અભિનેત્રી દિયા મિર્ઝાનો કાર્યકાળ ક્યાં સુધી લંબાવાયો- **વર્ષ 2022**

10. 'બીટ ધ પોલ્યુશન' અભિયાન અંતર્ગત કયા વર્ષ સુધીમાં ભારતને 'સિંગલ યુઝ પ્લાસ્ટિક'થી સંપૂર્ણપણે મુક્ત કરાશે- **વર્ષે 2022**
11. તાજેતરમાં ભારતીય સેનાના કયા દળને PPE કિટ તૈયાર કરવાની માન્યતા આપવામાં આવી છે - **ભારતીય નૌકાદળ**
12. ભારતીય નૌકાદળની કઈ ટીમ દ્વારા PPE કિટ વિકસાવવામાં આવી છે - **ઈન્સ્ટિટ્યૂટ ઑફ નેવલ મેડિસિન, મુંબઈ તેમજ નેવલ ડોકયાર્ડ, મુંબઈ**
13. "વંદે ભારત મિશન-02"નો સમયગાળો દર્શાવો - **તા. 16 થી 22 મે 2020**
14. તાજેતરમાં ગિલગિટ-બાલ્ટિસ્તાનના સમર્થનમાં ભારતે સત્તાવાર કયું નવું ટ્વિટર એકાઉન્ટ લોંચ કર્યું છે - **ગિલગિટ-બાલ્ટિસ્તાન, લદાખ(UT) ભારત**
15. સમગ્ર વિશ્વમાં "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ"તરીકે ક્યારે ઉજવવામાં આવે છે - **12 મે**
16. "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **Nurses: A Voice to Lead – Nursing the World to Health, demonstrates how nurses are central to addressing a wide range of health challenges.**
17. સમગ્ર વિશ્વમાં "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ" કોના જન્મદિવસની યાદમાં ઉજવવામાં આવે છે - **પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલ**
18. પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલની આ વર્ષે 2020માં કેટલામી જન્મ જયંતી ઉજવાય છે - **200મી**
19. પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલનો જન્મ કયા દેશમાં થયો હતો - **ઇટાલી(ફ્લોરેન્સ શહેર)**
20. પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલ કયા નામથી કયા નામથી પ્રખ્યાત હતા - **" લેડી વીથ ધ લેમ્પ"**
21. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈનો જન્મદિવસ જણાવો - **12 મે 1892**
22. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈનું આખું નામ જણાવો - **રમણલાલ વસંતલાલ દેસાઈ**
23. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈની આત્મકથાનું નામ જણાવો- **'ગઈકાલ' (1950) અને 'મધ્યાહનના મૃગજળ' (1956)**
24. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈને કયા વર્ષે "રણજિતરામ સુવર્ણચંદ્રક" એવોર્ડ અપાયો હતો- **1932**
25. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈની જાણીતી નવલકથાઓના નામ જણાવો- **'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ', શૌર્ય તર્પણ, ઠગ, ક્ષિતિજ, ગ્રામલક્ષ્મી, અપ્સરા, જયંત**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 13-05-2020



૧.આત્મનિર્ભર ભારત અભિયાન:પેકેજ-૧

પેકેજની વિશેષતા

રૂ. ૫.૯૪ લાખ કરોડનું પેકેજ : ૭ મોટા નિર્ણય

નાણાંની ફાળવણી:૧થી ૭ મહત્વની જોગવાઈ



1. **રૂ. 3.7 લાખ કરોડ :**
   એમએસએનઈને ગેરંટી વગરની લોન મળશે. 45 લાખ યુનિટમાં કામ શરૂ થઈ શકશે. 3 કરોડ નોકરી બચશે.
2. **રૂ.75 હજાર કરોડ :**
   એનબીએફસી, એચએફસી અને એમએફઆઈમાં રોકડ વધારવાની મદદ માટે જાહેર કરાયા.
3. **રૂ. 6,750 કરોડ :**
   કર્મચારીઓના ઇપીએફ ખાતામાં વેતનના 24 ટકાના બદલે 20 ટકા રકમ જશે આથી પ્રવાહિતા વધશે.
4. **રૂ.50 હજાર કરોડ :**
   બિનપગારદારના ટીડીએસ અને ટીસીએસ 14 મેથી 31 માર્ચ 2021 સુધી 25 ટકા કપાશે.
5. **રૂ. 90 હજાર કરોડ :**
   વીજ કંપનીઓને મૂડી પૂરી પડાશે પરંતુ લોન રાજ્ય સરકારોની ગેરંટી ઉપર જ મળશે.
6. **ITRમાં રાહત :**
   31 ઓક્ટોબર 2020 સુધી ભરાનારા તમામ આઈટી રિટર્ન હવે 30 નવેમ્બર સુધી ભરી શકાશે.
7. **રિયલ એસ્ટેટને છૂટ :**
   જે પ્રોજેક્ટ 25 માર્ચ કે ત્યારપછી પૂરા થનારા હતા તેની અવધિ છ મહિના સુધી વધારાઈ.

પેકેજ-૧માં સૌથી વધુ ભાર MSME ઉદ્યોગો ઉપર



હેતુ :

- ✓ કોરોના મહામારીના કારણે મૃતપાય બનેલા ભારતીય અર્થતંત્રમાં નવો શ્વાસ ફૂંકવા અને દેશને આત્મનિર્ભર બનાવવાના વડા પ્રધાન મોદીના આહ્વાનને વેગ આપતાં તા.૧૩મી મે-૨૦૨૦ના રોજ કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામને રૂપિયા ૨૦ લાખ કરોડનાં આર્થિક પેકેજ અંતર્ગત એમએસએમઇ, ડિસ્કોમ, રીઅલ એસ્ટેટ સહિતના સેક્ટરો માટે પહેલા બુસ્ટર ડોઝની જાહેરાત કરી હતી.
- ✓ સીતારામને એમએસએમઇ માટે રૂપિયા ૩ લાખ કરોડની કોલેટરલ ફ્રી (બિનજામીન પાત્ર) લોનની ઘોષણા કરી હતી. જેનો લાભ ૪૫ લાખ જેટલી માઇક્રો, સ્મોલ, મિડિયમ ઇન્ડસ્ટ્રીને મળશે.
- ✓ નાણામંત્રીએ સ્ટ્રેસ્ડ એમએસએમઇ માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડની લિક્વિડિટીની જાહેરાત કરી હતી જેનો લાભ સ્ટ્રેસ્ડ અને એનપીએ એમએસએમઇ મેળવી શક્શે.
- ✓ તે ઉપરાંત નાણામંત્રીએ એમએસએમઇના એક્સપાન્સન માટે રૂપિયા ૫૦,૦૦૦ કરોડની મૂડી જારી કરવાનો પણ નિર્ણય લીધો હતો.
- ✓ રોકાણ વધવાના કારણે એમએસએમઇનો દરજ્જો ચાલ્યો જતાં લાભ નહીં મેળવતા ઉદ્યોગોને આ પેકેજનો લાભ મળતો રહે તે માટે એમએસએમઇની વ્યાખ્યામાં પણ બદલાવ કરવામાં આવ્યો છે.
- ✓ સરકારે ગ્લોબલ ટેન્ડરની વ્યાખ્યામાં સુધારો કરી રૂપિયા ૨૦૦ કરોડ સુધીના ટેન્ડરને ગ્લોબલ ટેન્ડર નહીં ગણવા નક્કી કર્યું.
- ✓ સરકાર દ્વારા બિઝનેસ અને તેના કામદારોને રૂપિયા ૨૫૦૦ કરોડનો ઇપીએફ સપોર્ટ વધુ ૩ મહિના માટે મળતો રહેશે.

કંપનીઓ અને કામદારોને વધુ ૩ મહિના માટે રૂ. ૨૫૦૦ કરોડની ઈપીએફ સહાય



- ✓ વડા પ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ઇપીએફ અંતર્ગત કર્મચારી અને નોકરીદાતાના ૧૨-૧૨ ટકા હિસ્સાની સરકાર દ્વારા ચુકવણી
- ✓ માર્ચ, એપ્રિલ અને મે ૨૦૨૦ના મહિનાઓ માટે સરકારે આ નાણા જમા કરાવ્યાં હતાં
- ✓ સરકાર હવે જૂન, જુલાઇ અને ઓગસ્ટ ૨૦૨૦ માટે પણ ઇપીએફના નાણા જમા કરાવશે
- ✓ ૩.૬૭ લાખ કંપનીના ૭૨.૨૨ લાખ કર્મચારીને રૂપિયા ૨૫૦૦ કરોડની રાહત મળશે

<u>કંપનીઓ-કર્મચારીઓને રૂ. ૬,૭૫૦ કરોડનો લિક્વિડિટી સપોર્ટ</u>

- ✓ આગામી ત્રિમાસિકમાં ઉત્પાદન વધારવા માટે કંપનીઓને આર્થિક સહાયની જરૂર હતી
- ✓ કર્મચારીઓ વધુ પગાર ઘેર લઇ જઇ શકે અને નોકરીદાતાઓને પીએફનો હિસ્સો ચૂકવવામાં રાહતની જરૂર હતી
- ✓ કર્મચારી અને નોકરીદાતાનો ઇપીએફમાં હિસ્સો આગામી ૩ મહિના સુધી ૧૨-૧૨ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરાયો
- ✓ જાહેર ક્ષેત્રનાં એકમો અને કેન્દ્ર સરકારની કંપનીઓમાં કર્મચારીનું ઇપીએફ યોગદાન ૧૨ ટકા જ રહેશે
- ✓ આ યોજનાનો લાભ વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ૨૪ ટકા ઇપીએફનો લાભ નહીં મેળવતા કર્મચારીઓ માટે
- ✓ આગામી ૩ મહિના માટે કર્મચારીઓ અને નોકરીદાતાઓને રૂપિયા ૬૭૫૦ કરોડનો લિક્વિડિટી સપોર્ટ મળી રહેશે.

<u>લોન માટે કોઇ ગેરંટી ફી કે નવા ગેરંટરની જરૂર નથી</u>

- ✓ એમએસએમઈ સહિત બિઝનેસ માટે રૂપિયા ૩ લાખ કરોડની કોલેટરલ ફ્રી ઓટોમેટિક લોન
- ✓ બિઝનેસ-એમએસએમઇને રો મટિરિયલ ખરીદવા,રિસ્ટાર્ટ કરવા લોન અપાશે
- ✓ રૂ. ૨૫ કરોડ સુધીની લોન બાકી હોય તેવા અને રૂ. ૧૦૦ કરોડનું ટર્નઓવર ધરાવનારાને લોન અપાશે.
- ✓ લોનની મુદત ચાર વર્ષની રહેશે અને ૧૨ મહિના પ્રિન્સિપલ રિપેમેન્ટમાંથી મુક્તિ. પ્રિન્સિપલ અને ઇન્ટરેસ્ટ પર બેન્કો અને એનબીએફસીને ૧૦૦ ટકા ક્રેડિટ ગેરંટી કવર. આ યોજનાનો ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધી લાભ લઇ શકાશે. લોન માટે કોઇ ગેરંટી ફી કે નવા ગેરંટરની જરૂર નથી.
- ✓ ૪૫ લાખ એકમોને આ યોજનાનો લાભ મળશે

<u>સબોર્ડિનેટ ડેબ્ટ સ્ટ્રેસ્ડ એમએસએમઈ માટે</u>

- ✓ સરકાર સ્ટ્રેસ્ડ એમએસએમઇ માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડના સબોર્ડિનેટ ડેબ્ટની જોગવાઇ કરશે
- ✓ એનપીએમાં સામેલ કરાયેલ કાર્યરત એમએસએમઇ આ લોન મેળવવા માટે યોગ્ય

- ✓ સીજીટીએમએસઇને સરકાર દ્વારા રૂપિયા ૪૦૦૦ કરોડની સહાય
- ✓ સીજીટીએમએસઇ બેન્કોને આંશિક ગેરંટી સપોર્ટ પૂરો પાડશે
- ✓ એમએસએમઇના પ્રમોટર્સને બેન્કો દ્વારા ઋણ અપાશે જેને પ્રમોટર તેના એકમમાં રોકી શકશે

એમએસએમઇને ઇક્વિટી ફંડિંગ કરાશે

- ✓ MSME : માઇક્રો સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝિસ.
- ✓ રૂપિયા ૧૦,૦૦૦ કરોડના કોર્પસ સાથે ફંડ ઓફ ફંડ્સની રચના કરાશે
- ✓ એમએસએમઇને ઇક્વિટી ફંડિંગ કરાશે
- ✓ ફંડ ઓફ ફંડનું સંચાલન મધર ફંડ અને ડોટર ફંડ દ્વારા કરાશે
- ✓ ડોટર ફંડ લેવલે ફંડને રૂપિયા ૫૦,૦૦૦ કરોડનું ભંડોળ ઉપલબ્ધ થશે

એમએસએમઈની નવી વ્યાખ્યા કરાઈ

- ✓ લાંબા સમયથી એમએસએમઇની નવી વ્યાખ્યા કરવાની માગ સરકારે સ્વીકારી
- ✓ નવી વ્યાખ્યા અંતર્ગત મૂડીરોકાણની મર્યાદા વધારાઈ
- ✓ ટર્નઓવરના વધારાના માપદંડ પણ દાખલ કરાયા
- ✓ મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટર વચ્ચેનો તફાવત નાબૂદ
- ✓ વ્યાખ્યામાં બદલાવ માટે કાયદામાં જરૂરી સુધારા કરાશે

રૂપિયા ૨૦૦ કરોડ સુધીનાં ટેન્ડરને ગ્લોબલ ટેન્ડર નહીં ગણાય

- ✓ ભારતીય એમએસએમઇ અને અન્ય કંપનીઓને વિદેશી કંપનીઓની સ્પર્ધાથી બચાવવા નિર્ણય
- ✓ રૂ. ૨૦૦ કરોડથી સુધીનાં ટેન્ડર હવે ગ્લોબલ ટેન્ડર નહીં ગણાય
- ✓ જનરલ ફાઇનાન્શિયલ રૂલ્સ અમલી બનાવાશે
- ✓ આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયાની દિશામાં કદમ
- ✓ એમએસએમઇને બિઝનેસ વધારવામાં મદદ મળશે

એમએસએમઈ માટે અન્ય જાહેરાતો

- ✓ ટ્રેડ ફેર અને પ્રદર્શનોના સ્થાને એમએસએમઇને પ્રમોટ કરવા ઇ-માર્કેટ લિંક શરૂ કરાશે
- ✓ ઇ-માર્કેટપ્લેસ દ્વારા એકઠા કરાયેલા ડેટાનો ઉપયોગ કરીને ટ્રાન્ઝેક્શન આધારિત ધિરાણને પ્રોત્સાહન અપાશે
- ✓ સરકાર એમએસએમઇ વેન્ડર્સના કેન્દ્ર અને જાહેર ક્ષેત્રનાં એકમો પાસે બાકી નીકળતાં નાણાનું સેટલમેન્ટ કરી રહી છે
- ✓ સરકાર અને જાહેર ક્ષેત્રનાં એકમો પાસેથી એમએસએમઇના બાકી લેણાને ૪૫ દિવસમાં રિલીઝ કરી દેવાશે

ટીડીએસ/ટીસીએસના દરમાં વર્તમાન દર કરતાં ૨૫ ટકાનો ઘટાડો કરાયો



- ✓ વધારે ભંડોળ ઊભું કરવાના હેતુસર રેસિડેન્ટ્સને કરવામાં આવતા નોન સેલેરાઈડ સ્પેસિફિક પેમેન્ટ પરના ટેક્સ ડિડક્શન એસ સોર્સ (ટીડીએસ) અને ટેક્સ કલેક્શન સોર્સ (ટીસીએસ)માં વર્તમાન દર કરતા ૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો.
- ✓ કોન્ટ્રાક્ટના પેમેન્ટ, પ્રોફેશનલ ફી, વ્યાજ, ભાડા, ડિવિડન્ડ, કમિશન, બ્રોકરેજ વગેરે ઉપર પણ ટીડીએસના નવા દર લાગુ પડશે.
- ✓ ટીડીએસ અને ટીસીએસ ઘટાડાના નવા દર નાણાકિય વર્ષના બાકીના દિવસો એટલે કે, ૧૪-૦૫-૨૦૨૦થી ૩૧-૦૩-૨૦૨૧ સુધી લાગુ રહેશે.
- ✓ આ પગલાં દ્વારા ૫૦,૦૦૦ કરોડની લિક્વિડિટી ઊભી થશે

ડાયરેક્ટ ટેક્સનાં અન્ય પગલાં

- ✓ ચેરિટેબલ ટ્રસ્ટ, નોન કોર્પોરેટ બિઝનેસ અને પ્રોફેશન કે જેમાં પ્રપોરાઈટરશીપ, પાર્ટનરશીપ, એલએલપી અને કો-ઓપરેટિવનો સમાવેશ થાય છે તેના તમામ પેન્ડિંગ રિફન્ડ તાકીદે રિલીઝ કરાશે.
- ✓ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના આઈટી રીટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૦ અને ૨૧ ઓક્ટોબર ૨૦૨૦ હતી તે વધારીને ૩૦ નવેમ્બર ૨૦૨૦ કરવામાં આવી છે અને ટેક્ટ ઓડિટની તારીખ પણ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦થી વધારીને ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ કરવામાં આવી છે.
- ✓ એસેસમેન્ટની તારીખ ૩૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી વધારીને ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ કરાઇ છે. જેમની એસેસમેન્ટ તારીખ ૩૧ માર્ચ ૨૦૨૧ હતી તે વધારીને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ કરવામાં આવી છે.
- ✓ વિવાદ સે વિશ્વાસ સ્કીમની તારીખ પણ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ કરાઇ છે.

DISCOMs માટે ૯૦,૦૦૦ કરોડનું લિક્વિડિટી ઈન્જેક્શન

- ✓ પાવર ડિસ્ટ્રિબ્યૂશન કંપનીઓ (DISCOMs)ની રેવન્યૂમાં ઘટાડો થયો છે.
- ✓ માગ ઘટવાના કારણે આ કંપનીઓ અભૂતપૂર્વ કેશ ફ્લોની સમસ્યા સામે ઝઝુમી રહી છે.
- ✓ પાવર જનરેશન અને ટ્રાન્સમિશન કંપનીઓને DISCOMsદ્વારા ૯૪,૦૦૦ કરોડનું દેવું ચુકતે કરવાનું છે.

- ✓ પીએફસી અને આરઈસી દ્વારા DISCOMને ૯૦,૦૦૦ કરોડનું ભંડોળ પૂરું પાડવામાં આવશે.
- ✓ દેવાદોરની રકમ ચૂકતે કરીને DISCOMને મુક્ત કરાવવા માટે જ રાજ્યની ગેરન્ટીના આધારે આ રકમ આપવામાં આવશે.
- ✓ ડિજિટલ પેમેન્ટ સુવિધા, રાજ્ય સરકારોના દેવાની ચુકવણી અને તેના ફાઈનાન્સિયલ ઓપરેશનલ નુકસાનને ઘટાડવાની યોજના સાથે આ રકમ આપવામાં આવશે.
- ✓ આ ઉપરાંત સેન્ટ્રલ પબ્લિક સેક્ટર જનરેશન કંપનીઓ દ્વારા DISCOMને રાહત આપવામાં આવશે અને તે અંતિમ ગ્રાહક (ઉદ્યોગો) સુધી પહોંચાડવામાં આવશે.

NBFC, HFC અને MFI માટે 30,000 કરોડની સ્પેશિયલ લિક્વિડિટી સ્કીમ

- ✓ વર્તમાન સમયમાં NBFC, HFC અને MFIને ડેબ્ટ માર્કેટમાં ભંડોળ ભેગુ કરવામાં મુશ્કેલી પડી રહી છે.
- ✓ તેને પગલે જ સરકાર દ્વારા 30,000 કરોડની સ્પેશિયલ લિક્વિડિટી સ્કીમ જાહેર કરવામાં આવી છે.
- ✓ આ સ્કીમ હેઠળ સરકાર દ્વારા NBFC, HFC અને MFIના તમામ પ્રાઈમરી અને સેક્ન્ડરી માર્કેટના ડેબ્ટ પેપર્સ ખરીદવામાં આવશે. તેના થકી આરબીઆઈ અને સરકારી પગલાને લિક્વિડિટડીની અછત નહીં વર્તાય.
- ✓ લિક્વિડિટી વધારવા દરમિયાન તમામ ગેરન્ટી ભારત સરકાર દ્વારા જ આપવામાં આવશે.
- ✓ આ સ્કીમ દ્વારા NBFC, HFC અને MFI અને મ્યુચ્યુઅલ ફંડમાં લિક્વિડિટી સંબંધિત સમર્થન મળશે અને બજારમાં લોકોનો વિશ્વાસ વધશે.

NBFC માટે ૪૫,૦૦૦ કરોડની આંશિક ક્રેડિટ ગેરંટી સ્કીમ

- ✓ NBFC, HFC અને MFIને હાલમાં ઓછા ક્રેડિટ રેટિંગ સાથે લિક્વિડિટીની જરૂર છે જેથી તેઓ એમએસએમઈ અને વૈયક્તિક ઉદ્યોગોને નવેસરથી લોન આપી શકે.
- ✓ વર્તમાન આંશિક ક્રેડિટ ગેરન્ટી સ્કીમને લંબાવવામાં આવશે જેથી દેવાના જોખમોને કવર કરી શકાય.
- ✓ આ સ્કીમમાં પહેલું ૨૦ ટકાનું નુકસાન ભરપાઈ કરવાની જવાબદારી ગેરન્ટર એટલે કે ભારત સરકારની રહેશે. એએ રેટેડ પેપર અને અનરેટેડ પેપર્સને પણ રોકાણ માટે માન્ય ગણવામાં આવશે.
- ✓ આ સ્કીમથી ૪૫,૦૦૦ કરોડની લિક્વિડિટી ઉભી થશે.

કોરોનાને રેરા હેઠળ પણ કુદરતી આપત્તી જ માનવામાં આવે

- ✓ મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો અને રેગ્યુલેટરી ઓથોરિટીને આ સૂચનો કરવામાં આવશે :

- ✓ કોવિડ-૧૯ને રેરા હેઠળ પણ કુદરતી આપત્તી જ માનવામાં આવે
- ✓ ૨૫ માર્ચ ૨૦૨૦ સુધીના કે ત્યાર પછીના રેરા હેઠળ તમામ પ્રોજેક્ટને સૂઓ મોટો લઈને વૈયક્તિક અરજી વગર જ નોંધણી અને પ્રોજેક્ટ પૂરા કરવા માટે છ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવે.
- ✓ જરૂર જણાય તો રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા વધારાનો ત્રણ મહિનાનો સમય આપવામાં આવશે. પ્રોજેક્ટ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પણ નવી ટાઈમલાઈન સાથે ઓટોમેટિકલી નવું બનાવી જ દેવું.
- ✓ રેરા હેઠળ ચાલતા વિવાદોના નિકાલ માટેની ટાઈમલાઈન પણ વધારવામાં આવે.
- ✓ આ પગલાને લીધે ડેવલપર્સ ઉપર પ્રોજેક્ટ પૂરા કરવાના દબાણમાંથી રાહત મળશે અને ઘર ખરીદનારા લોકોને પણ નવી તારીખોના આધારે તેમના ઘરનું પઝેશન મળી જશે.

<u>કોન્ટ્રાક્ટર્સ</u>

- ✓ તમામ કોન્ટ્રાક્ટર્સને સેન્ટ્રલ એજન્સીઓ (રેલવે, રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રાલય, સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ) દ્વારા કામ પૂરા કરવા ૬ મહિનાની મુદત આપવામાં આવી છે.
- ✓ આ રાહત હેઠળ બાંધકામ, માલસામાન અને સેવાઓના કરારનો સમાવેશ થશે.
- ✓ સરકારી એજન્સીઓ દ્વારા આંશિક રીતે બેન્ક ગેરંટી રિલીઝ કરવામાં આવશે. કરાર આધારે જેમ જેમ કામ પૂરા થયા હશે તેમ મિનિમમ બેન્ક ગેરંટી રિલીઝ કરવામાં આવશે.
- ✓ ૨૦૦ કરોડથી વધુના માલસામાનની ખરીદી માટે હવે ગ્લોબલ ટેન્ડરની જરૂર નથી.



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૨. અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવવા ઉચ્ચ સ્તરીય સમિતિની રચના : ગુજરાત સરકાર (આર્થિક)</u>

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના વાયરસની મહામારી અને લૉકડાઉન વચ્ચે ગુજરાતમાં આર્થિક ગતિવિધિઓ-

ઉદ્યોગ-વેપાર-ધંધા-રોજગાર સહિતના ક્ષેત્રોના પુનઃનિર્માણ, પુનઃગઠનની ભલામણો સૂચવવા માટે ૧૩મી મે-૨૦૨૦ના રોજ ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે.



✓ આ સમિતિના અધ્યક્ષપદે ભારત સરકારના પૂર્વ નાણા સચિવ હસમુખ અઢિયાની નિમણૂક કરાઈ છે, છ સભ્યોની આ સમિતિ છે.

<u>કામગીરી :</u>

✓ મહામારીના સંકટથી રાજ્યના અર્થતંત્રની ડિમાન્ડ અને સપ્લાય ચેઇનને પણ વિપરીત અસર પડી છે. મુખ્યમંત્રી એ આ બધી જ બાબતોનો સર્વગ્રાહી અભ્યાસ કરીને આર્થિક ગતિવિધિઓની સુધારણા માટેની ભલામણો સુચવવા આ ઉચ્ચસ્તરિય સમિતિ રચવાનો નિર્ણય કર્યો.

✓ સમિતિએ તલસ્પર્શી કાર્યયોજના એકશન પ્લાન સાથે પોતાની ભલામણોનો અહેવાલ સરકારને એક માસમાં આપવાનો રહેશે.

✓ વચગાળાનો અહેવાલ ઇન્ટરીમ રિપોર્ટ બે સપ્તાહમાં સોંપશે.

✓ સમિતિ સેકટરલ - સબ સેકટરલ આર્થિક નુકશાનનો અભ્યાસ કરીને સેકટર સ્પેસીફિક પૂર્વગઠન માટેના ઉપાયો સુઝાવો આપશે.

✓ રાજ્યની રાજકોષિય ક્લિકલ અને અંદાજપત્રીય બજેટ સ્થિતીની સમીક્ષા અને તેના સુધારાત્મક પગલાંઓ સૂચવવાની બાબતનો પણ સમાવેશ કરાયો છે.

✓ રાજકોષિય ખાધ ક્લિકલ ડેફ્લિટ અંદાજો અને વર્તમાન કર માળખાની પણ પૂર્વવિચારણા તેમજ પૂર્નગઠનની બાબતે પણ ભલામણો કરશે.

✓ અન્ય રાષ્ટ્રમાંથી પોતાના એકમો બીજા દેશ - રાષ્ટ્રમાં ખસેડવા ઇચ્છતી વિદેશી કંપનીઓને રોકાણો માટે આકર્ષિત કરવા માટેની યોગ્ય નીતિ ઘડતરની ભલામણો પણ કરશે.

✓ આર્થિક અને રાજકોષિય સુધારણા માટે ત્વરિત, મીડીયમ ટર્મ ટૂંકાગાળાનો અને લાંબાગાળાનો સર્વગ્રાહી એકશન પ્લાન આ સમિતિ તૈયાર કરશે.

✓ અધ્યક્ષ : પૂર્વ કેન્દ્રીય નાણા સચિવ ડૉ. હસમુખ અઢીયા

<u>કુલ છ સભ્યો :</u>

1. અધ્યક્ષ: પૂર્વ કેન્દ્રીય નાણા સચિવ ડૉ. હસમુખ અઢીયા
2. IIM અમદાવાદના પૂર્વ પ્રાધ્યાપક પ્રો. રવિન્દ્ર ધોળકીયા

3. જાણીતા ટેક્ષ કન્સલટન્ટ મૂકેશ પટેલ
4. ફાયનાન્સીયલ એકસપર્ટ પ્રદિપ શાહ
5. પૂર્વ આઇ.એ.એસ. અધિકારી કિરીટ શેલત
6. સભ્ય સચિવ તરીકે GIDCના એમ.ડી. એમ. થેન્નારસન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક :BRICS (આર્થિક)

જાહેરાત: BRICSની બેંક દ્વારા કોરોના સામે લડવા ભારતને ૧ અબજ ડોલરનું ધિરાણ



વિગત :

✓ બ્રિક્સ દેશોની વિકાસ બેન્ક કોરોના માટે ભારતને એક અબજ ડોલરનું ધિરાણ આપ્યું

✓ બિક્સ દેશોની નવી વિકાસ બેન્કે કોરોના સંક્રમણને અટકાવવા લેવાઈ રહેલાં પગલાં અને મહામારીને કારણે થયેલા માનવીય, સામાજિક અને આર્થિક નુકસાન જેવાં સંજોગોમાં મદદ કરવા ભારતને એક અબજ ડોલરના ધિરાણની ફાળવણી કરી.

હેતુ :

✓ કોવિડ -૧૯ સંક્રમણને ફેલાતું અટકાવવા ભારત દ્વારા થઈ રહેલા પ્રયાસ અને મહામારીને કારણે થયેલા સામાજિક અને આર્થિક નુકસાન જેવા સંજોગોમાં મદદ કરવા આ ધિરાણને કરવામાં આવ્યું છે.

✓ કોવિડ-૧૯નો સામનો કરવા તાકીદે નાણાકીય મદદની જરૂરિયાત હોવાથી એનડીબીએ તાકીદના સહાય કાર્યક્રમ હેઠળ ધિરાણ મંજૂર કર્યું છે.

ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB)વિશે :

✓ બાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના બનેલા બિક્સ સંગઠન દ્વારા ૨૦૧૪માં શાંઘાઇ ખાતે ન્યૂ ડેવલપમેન્ટ બેન્કની રચના થઈ હતી.

✓ બિક્સ દેશોમાં માળાખાકીય સુવિધા અને ટકાઉ વિકાસ સધાય તેવા પ્રોજેક્ટને સંસાધનોની ફાળવણી માટે આ બેન્કની રચના થઈ હતી.

✓ સ્થાપના : વર્ષ-૨૦૧૪

✓ મુખ્ય મથક : શાંઘાઈ (ચીન)

✓ અધ્યક્ષ : ભારતીય બેન્કર – કે.વી.કામથ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. MSMEની નવી વ્યાખ્યા :



- ✓ નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત MSMEs માટે તમામ જાહેરાતો કરી છે. આ ઉપરાંત MSMEsની વ્યાખ્યા પણ બદલી દેવામાં આવી છે.
- ✓ MSMEનું : માઇક્રો સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝિસ.

MSMEની પ્રવર્તમાન વ્યાખ્યા

માપદંડ : પ્લાન્ટ, મશીનરી અથવા ઇક્વિપમેન્ટમાં રોકાણ

વર્ગીકરણ	માઇક્રો	સ્મોલ	મીડિયમ
મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સ	રૂ. ૨૫ લાખથી ઓછું રોકાણ	રૂપિયા પાંચ કરોડથી ઓછું રોકાણ	રૂપિયા ૧૦ કરોડથી ઓછું રોકાણ
સર્વિસ સેક્ટર્સ	રૂ. ૧૦ લાખથી ઓછું રોકાણ	રૂપિયા બે કરોડથી ઓછું રોકાણ	રૂપિયા પાંચ કરોડથી ઓછું રોકાણ

એમએસએમઇની નવી સુધારેલી વ્યાખ્યા

માપદંડ : ટર્નઓવર

વર્ગીકરણ	માઇક્રો	સ્મોલ	મીડિયમ
મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સ સર્વિસ સેક્ટર્સ	રૂ. ૧ કરોડથી ઓછું રોકાણ, રૂ. ૫ કરોડથી ઓછું ટર્નઓવર	રૂ. ૧૦ કરોડથી ઓછું રોકાણ, રૂ. ૫૦ કરોડથી ઓછું ટર્નઓવર	રૂ. ૨૦ કરોડથી ઓછું રોકાણ, રૂ.૧૦૦ કરોડથી ઓછું ટર્નઓવર

માઇક્રો એન્ટરપ્રાઇઝ

- ✓ નવી વ્યાખ્યામાં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ યૂનિટને એક કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ક્લાસિફિકેશન ઇન્વેસ્ટમેન્ટ અને ટર્નઓવર બંનેનાં આધારે કરવામાં આવ્યું છે. 1 કરોડ સુધી ઇન્વેસ્ટમેન્ટ અને 5 કરોડ સુધી ટર્નઓવરવાળી કંપની માઇક્રો કેટેગરીમાં આવશે. પહેલા મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે ઇન્વેસ્ટમેન્ટની સીમા 25 લાખ અને સર્વિસ એન્ટરપ્રાઇઝ માટે ઇન્વેસ્ટમેન્ટની સીમા 10 લાખ હતી.

સ્મોલ એન્ટરપ્રાઇઝ

- ✓ એક કરોડથી 10 કરોડ સુધી ઇન્વેસ્ટમેન્ટ અને 5 કરોડથી 50 કરોડ સુધીનાં ટર્નઓવરવાળી કંપનીઓ આ કેટેગરીમાં આવશે. જુની પરિભાષામાં મેન્યુફેક્ચરિંગ એન્ટરપ્રાઇઝિસ માટે ઇન્વેસ્ટમેન્ટની સીમા 25 લાખથી 5 કરોડ સુધી હતી. સર્વિસ એન્ટરપ્રાઇઝ માટે આ સીમા 10 લાખથી 2 કરોડ સુધી હતી.

મીડિયમ એન્ટરપ્રાઇઝ

- ✓ 10-20 કરોડ સુધી ઇન્વેસ્ટમેન્ટ અને 50-100 કરોડ સુધી ટર્નઓવરવાળી કંપનીઓ આ કેટેગરીમાં આવશે. જૂની વ્યાખ્યા પ્રમાણે મેન્યુફેક્ચરિંગ એન્ટરપ્રાઇઝ માટે ઇન્વેસ્ટમેન્ટ સીમા 5-10 કરોડની વચ્ચે અને સર્વિસ એન્ટરપ્રાઇઝ માટે આ સીમા 2-5 કરોડની વચ્ચે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. આત્મનિર્ભર ભારત અભિયાન

ભારતની CAPFની કેન્ટિનોમાં આગામી ૧લી જૂન-૨૦૨૦થી સ્વદેશી વસ્તુઓ જ વેચાશે



વર્ષે કેટલો વેપાર :

✓ એક અંદાજ મુજબ પેરામિલિટરી કેન્ટીનોમાં દર વર્ષે આશરે રૂ.૨૮૦૦ કરોડની ચીજવસ્તુઓનું વેચાણ થાય છે.

કોનો કોનો સમાવેશ :

✓ CAPFમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF), બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF), સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF), ઇન્ડો તિબેટન બોર્ડર પોલીસ (ITBP), શસ્ત્ર સીમા બળ (SSB), નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG) તેમજ આસામ રાઇફલ્સનો સમાવેશ થાય છે.

✓ CAPF : સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ

✓ મંત્રાલય : ગૃહ, ભારત સરકાર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ફોર્બ્સ મેગેઝિન : ગ્લોબલ-૨૦૦૦ - વિશ્વની શક્તિશાળી કંપનીઓની ૧૮મી વાર્ષિક યાદી જાહેર (બિઝનેસ)



✓ પ્રથમ કંપની : ICBS-ચીન

✓ યાદીમાં ભારતની ૫૦ કંપનીનો સમાવેશ

વિગત :

✓ અમેરિકાના 'ફોર્બ્સ' મેગેઝિને તેનું વાર્ષિક 'ગ્લોબલ-૨૦૦૦' કંપની લિસ્ટ જાહેર કર્યું.

✓ ૨૦૦૩થી પ્રગટ થતાં આ લિસ્ટમાં દુનિયાની સૌથી પાવરફૂલ ૨૦૦૦ કંપનીઓનો સમાવેશ કરવામાં આવે છે.

✓ એ લિસ્ટમાં ચીનની 'ઈન્ડસ્ટ્રિઅલ એન્ડ કમર્શિઅલ બેન્ક ઑફ ચાઈના (આઈસીબીસી)' જગતની પ્રથમ ક્રમની કંપની જાહેર થઈ છે.

✓ આ લિસ્ટમાં કંપનીનું વેચાણ, સંપત્તિ, નફો, માર્કેટ વેલ્યુ.. વગેરે મુદ્દા ધ્યાનમાં લેવામાં આવે છે.

✓ પ્રથમ દસ કંપનીઓમાં જ ચીનની પાંચ કંપની છે, જ્યારે ચાર અમેરિકાની અને એક સાઉદી અરબની છે.

✓ ટોપ-૧૦માં ચીનની ચાર મોટી બેન્કોનો સમાવેશ થઈ ગયો છે. ૨૦૦૦ કંપનીઓના લિસ્ટમાં સૌથી છેલ્લા ક્રમની કંપની પણ ચીનની જ ઝેઈજિંગ સેન્ચુરી ગ્રુપ છે.

✓ આ લિસ્ટમાં ભારત પણ છે. ભારતની ૫૦ કંપનીઓને લિસ્ટમાં સ્થાન મળ્યું છે.

✓ જેમાં પ્રથમ ક્રમે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ છે. તમામ ૨૦૦૦ કંપનીઓની કુલ સંપત્તિ ૨૦૧.૪ ટ્રિલિયન ડૉલર, રેવન્યુ ૪૨.૩ ટ્રિલિયન ડૉલર જ્યારે, નફો ૩.૩ ટ્રિલિયન ડૉલર નોંધાયો છે.

લિસ્ટની હાઈલાઈટ્સ :

✓ ૨૦૦૦ નામોમાં અમેરિકાની ૫૮૮, જ્યારે ચીનની ૩૨૪ કંપનીઓ છે. અમેરિકા માટે નોંધપાત્ર વાત એ છે કે ગેપ સાંકડો થતો જાય છે. જેમ કે ૨૦૦૩માં પહેલું લિસ્ટ જાહેર થયું એમાં અમેરિકાની ૭૭૬ કંપની,

ચીનની ૪૩ કંપની હતી. ચીની કંપનીઓની સંખ્યા વધતી જાય છે, અમેરિકાની ઘટતી જાય છે.

- ✓ ૨૦૧૯માં આવેલા આઈપીઓને કારણે સાઉદી ઓઈલ કંપની આર્માકો લિસ્ટમાં સીધી પાંચમા ક્રમે પહોંચી ગઈ હતી. જ્યારે ઓઈલ-ગેસ સેક્ટરની બધી કંપનીઓમાં એ પ્રથમ ક્રમે છે.
- ✓ ઉબેર ટેકનોલોજી પહેલી વાર પ્રથમ હજારના લિસ્ટમાં પ્રવેશી છે. આ વખતે તેનો ક્રમ ૭૧૨મો છે.
- ✓ ગ્રુપ વિડીયો કોલિંગની સગવડ આપતી ચીની કંપની ઝૂમ પ્રથમ વાર લિસ્ટમાં શામેલ થઈ છે. તેનો નંબર ૧૬૦૧મો છે.
- ✓ ૨૦૦૦ કંપનીઓમાં સૌથી વધુ ૪૩૯ બેન્કિંગ સેક્ટરની છે. એ પછી ૧૬૧ ટેકનોલોજી, ૧૩૭ કન્સ્ટ્રક્શન, ૧૧૧ ઈન્સ્યુરન્સ, ૧૦૧ ઓઈલ-ગેસની અને ૧૦૫૧ કંપનીઓ અન્ય ક્ષેત્રની છે.

ભારતની ટોપ-૧૦ કંપની :

ભારતની ટોપ-૧૦

ક્રમ	કંપની
૫૮	રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ
૧૪૬	એચડીએફસી બેન્ક
૧૭૧	એસબીઆઈ
૨૫૫	આઈસીઆઈસીઆઈ
૨૬૯	ઓએનજીસી
૨૭૯	એચડીએફસી
૩૭૫	તાતા કન્સલટન્સી
૩૮૯	ઈન્ડિયન ઓઈલ
૪૪૩	એલ એન્ડ ટી
૪૮૭	એનટીપીસી

વિશ્વની ટોપ-૧૦ કંપની :

વિશ્વની ટોપ-૧૦ કંપની

ક્રમ	કંપની	દેશ
૧	આઈસીબીસી	ચીન
૨	ચાઈના કન્સ્ટ્રક્શન બેન્ક	ચીન
૩	જે.પી.મોર્ગન	અમેરિકા
૪	બર્કશાયર હેથવે	અમેરિકા
૫	એગ્રિ બેન્ક ઑફ ચાઈના	ચીન
૬	આર્માકો	સાઉદી
૭	પિંગ એન ઈન્સ્યુરન્સ	ચીન
૮	બેન્ક ઑફ અમેરિકા	અમેરિકા
૯	એપલ	અમેરિકા
૧૦	બેન્ક ઓફ ચાઈના	ચીન

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મદિન વિશેષ : ૧૩ મે

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ:નીલમ સંજીવ રેડ્ડી

જન્મ : ૧૩ મે ૧૯૧૩

અવસાન : ૧ જૂન ૧૯૯૬

- ✓ આજે ભારતના બે પૂર્વ રાષ્ટ્રપતિઓ, અનુક્રમે ફકરુદીન અલી એહમદ અને નીલમ સંજીવ રેડ્ડીનો જન્મદિવસ છે.



- ✓ નીલમ સંજીવ રેડ્ડીનો જન્મ જુના મદ્રાસ પ્રાંતના અનંતપુરમાં થયો હતો. શરૂનું શિક્ષણ અને કોલેજ અનંતપુરમાં કરી.

- ✓ ૧૯૨૯મા મહાત્મા ગાંધીની અનંતપુરની મુલાકાત પછી ભણતર છોડી સત્યાગ્રહમાં જોડાયા.
- ✓ ૧૯૪૨ના હિન્દ છોડો અન્દોલનમાં ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ દરમિયાન નીલમ સંજીવ રેડ્ડીની રાજકીય વિકાસયાત્રા પણ ચાલુ હતી.
- ✓ ૧૯૪૬મા મદ્રાસ લેજીસ્લેટીવ એસેમ્બલીના સભ્ય બન્યા.
- ✓ આન્ધ્રપ્રદેશના પહેલા મુખ્યમંત્રી (૧૯૬૨-૬૪), બે વાર લોકસભાના સ્પીકર(૧૯૬૭-૬૯), કેન્દ્ર સરકારમાં મંત્રી, કોંગ્રેસના પ્રમુખ(૧૯૬૦-૬૨) અને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રેડ્ડીનો પોલીટીકલ ગ્રાફ હતો.
- ✓ મોરારજી સરકારમાં સ્પીકર અને ૨૫ જુલાઈ ૧૯૭૭ થી ૨૫ જુલાઈ ૧૯૮૨ દરમિયાન જનતા પક્ષના ઉમેદવાર તરીકે ભારતના છઠા રાષ્ટ્રપતિ બન્યા
- ✓ તેમના રાષ્ટ્રપતિકાળ દરમિયાન મોરારજી દેસાઈ, ચરણસિંહ અને ઇન્દિરા ગાંધી એમ ત્રણ વડાપ્રધાનો આવ્યા હતા. તે સમયે તેઓ ભારતના સૌથી યુવા રાષ્ટ્રપતિ હતા.
- ✓ રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીનું ૧ જુન ૧૯૯૬ના રોજ ૮૩ વર્ષની વયે બેંગ્લોરમાં અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૫-૨૦૨૦)

1. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત પેકેજ-1માં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી- **૩.5.94 લાખ કરોડ**
2. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરાયેલ પેકેજ-1 માં સૌથી વધુ ભાર કયા ક્ષેત્ર ઉપર મૂકવામાં આવ્યો છે- **MSME**
3. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત MSME એકમો માટે કેટલી રકમની જામીનગીરી વિનાની લોનની ઘોષણા કરી- **૩.3 લાખ કરોડ**
4. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત MSME એકમો માટે કેટલી રકમની લિક્વિડિટીની જાહેરાત કરી છે- **૩. 20,000 કરોડ**
5. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત MSME એકમો માટે કેટલી રકમની એક્સપાન્સન મૂડીની જાહેરાત કરી છે - **૩.50,000 કરોડ**
6. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરાયેલ પેકેજ-1 માં સૌથી વધુ ભાર MSME ઉપર મૂકવામાં આવ્યો છે જેનાથી અંદાજે કેટલા એકમોને ફાયદો થશે - **45 લાખ**
7. કેન્દ્ર સરકારે ગ્લોબલ ટેન્ડરની વ્યાખ્યામાં સુધારો કરીને હવેથી કેટલી રકમ સુધીના ટેન્ડરને ગ્લોબલ ટેન્ડર નહીં ગણવા જાહેરાત કરી છે- **૩.200 કરોડ**
8. કેન્દ્ર સરકાર દ્વારા વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કંપની અને કામદારોનો કેટલા ટકા હિસ્સો આગામી કેટલા મહિના સુધી સરકાર ચૂકવશે- **12-12% અને જૂન, જુલાઈ,ઓગસ્ટ**
9. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત એમએસએમઇ એકમોને કેટલા વર્ષ માટે લોન મળશે અને શરૂઆતના ક્યાં સુધી મૂડી ચૂકવવામાંથી મુક્તિ અપાઇ છે- **4 વર્ષ અને 1 વર્ષ**
10. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત આગામી ત્રણ માસ માટે સરકારી કંપનીઓના કર્મચારીએ PFમાં કેટલા ટકા ફાળો આપવાનો જ્યારે સરકાર કેટલા ટકા ફાળો આપશે- **10% અને 12%**

11. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત કર્મચારી અને નોકરીદાતાઓનો EPF હિસ્સો આગામી ત્રણ માસ સુધી કેટલા ટકા રહેશે - **10-10% (બે ટકાનો ઘટાડો)**
12. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત ટીડીએસ અને ટીસીએસના વર્તમાન દર કરતા કેટલા ટકાનો ઘટાડો કરાયો- **25%**
13. ભારતમાં વર્ષ 2020માં IT રિટર્ન ભરવાની તારીખ વધારીને ક્યાં સુધી લંબાવાઈ- **30 નવેમ્બર 2020**
14. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત NBFC, HFC અને અને MFI માટે કેટલા કરોડની સ્પેશિયલ લિક્વિડિટી સ્કીમ આપવામાં આવી - **રૂ. 30,000 કરોડ**
15. કેન્દ્ર સરકાર દ્વારા કોરોનાને રેરા હેઠળ કઈ આપત્તિ માનવામાં આવશે - **કુદરતી**
16. તમામ કોન્ટ્રાક્ટરને સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા કામ પૂર્ણ કરવા માટેની મુદતમાં કેટલો વધારો કરાયો - **06 માસ**
17. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત પાવર જનરેટર કંપનીઓ માટે કેટલા કરોડ ફાળવવામાં આવ્યા- **રૂ. 90,000 કરોડ**
18. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરાયેલ રાહત પેકેજ વિશ્વનું કયા ક્રમનું સૌથી મોટું રાહત પેકેજ છે- **5th**
19. કોરોના વાયરસને પગલે મે-૨૦૨૦માં ગુજરાત સરકારે અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવવા શાની રચના કરી – **ઉચ્ચ સ્તરીય સમિતિ**
20. કોરોના વાયરસને પગલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અર્થતંત્રને વધુ વેગવંતુ કરવા ભલામણ આપવા બનાવેલી છ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ પદે કોની નિમણૂક કરી - **પૂર્વ કેન્દ્રીય નાણા સચિવ હસમુખ અઢિયા**
21. કોરોના વાયરસને પગલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અર્થતંત્રને વધુ વેગવંતુ કરવા ભલામણ આપવા બનાવેલી ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ પૂર્વ કેન્દ્રીય નાણા સચિવ હસમુખ અઢિયા સિવાયના અન્ય સભ્યોના નામ જણાવો – **IIM અમદાવાદના પૂર્વ પ્રાધ્યાપક પ્રો. રવિન્દ્ર ધોળકીયા, જાણીતા ટેક્ષ કન્સલટન્ટ મૂકેશ પટેલ, ફાયનાન્સીયલ એકસપર્ટ પ્રદિપ શાહ, પૂર્વ આઇ.એ.એસ. અધિકારી કિરીટ શેલત, સભ્ય સચિવ તરીકે GIDC ના એમ.ડી. એમ. થેન્નારસન**
22. કોરોના વાયરસને પગલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અર્થતંત્રને વધુ વેગવંતુ કરવા ઉચ્ચ સ્તરીય સમિતિએ તલસ્પર્શી કાર્યયોજના એકશન પ્લાન સાથે તેની ભલામણોનો અહેવાલ સરકારને કેટલા સમયમાં આપવાનો રહેશે - **એક માસમાં**
23. બેંકના સંદર્ભમાં NDBનું વિસ્તૃત નામ જણાવો - **ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક**
24. કઈ બેન્કને બ્રિક્સ દેશોની વિકાસ બેન્ક તરીકે ઓળખવામાં આવે છે - **ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક**
25. બ્રિક્સ દેશોની વિકાસ બેન્ક NDB દ્વારા કોરોના માટે ભારતને કેટલું ધિરાણ આપ્યું - **એક અબજ ડોલર**
26. બ્રિક્સ કયા દેશોનું સંગઠન છે - **બાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા**
27. ન્યૂ ડેવલપમેન્ટ બેન્કની રચના કોના દ્વારા કરવામાં આવી હતી - **બિક્સ સંગઠન દ્વારા**
28. બિક્સ સંગઠન દ્વારા ન્યૂ ડેવલપમેન્ટ બેન્કની રચના કયારે કરવામાં આવી હતી – **વર્ષ-૨૦૧૪**
29. ન્યૂ ડેવલપમેન્ટ બેન્કનું મુખ્ય મથક કયાં આવેલું છે - **શાંઘાઇ (ચીન)**
30. ન્યૂ ડેવલપમેન્ટ બેન્કના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો – **ભારતના જાણીતા બેન્કર કે.વી.કામથ**
31. MSMEનું વિસ્તૃત નામ જણાવો - **માઇક્રો સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝિસ**
32. MSMEની નવી વ્યાખ્યા મુજબ કેટલા રૂપિયા સુધી ઇન્વેસ્ટમેન્ટ અને કેટલા રૂપિયા સુધી ટર્નઓવરવાળી કંપની માઇક્રો એન્ટરપ્રાઈઝની કેટેગરીમાં આવશે - **1 કરોડ અને 5 કરોડ**
33. MSMEની નવી વ્યાખ્યા મુજબ કેટલા રૂપિયા સુધી ઇન્વેસ્ટમેન્ટ અને કેટલા રૂપિયા સુધી ટર્નઓવરવાળી કંપની સ્મોલ એન્ટરપ્રાઈઝની કેટેગરીમાં આવશે - **1 કરોડથી 10 કરોડ અને અને 5 કરોડથી 50 કરોડ**
34. MSMEની નવી વ્યાખ્યા મુજબ કેટલા રૂપિયા સુધી ઇન્વેસ્ટમેન્ટ અને કેટલા રૂપિયા સુધી ટર્નઓવરવાળી

કંપની મીડિયમ એન્ટરપ્રાઈઝની કેટેગરીમાં આવશે - **10-20 કરોડ અને 50-100 કરોડ**

35. ભારતની કઈ કેન્ટિનોમાં સ્વદેશી વસ્તુઓ જ વેચાશે – **CAPF કેન્ટિન**
36. ભારતની CAPF કેન્ટિનોમાં ક્યારથી સ્વદેશી વસ્તુઓ જ વેચાશે – **૧લી જૂન-૨૦૨૦**
37. દેશભરમાં સીએપીએફના કર્મચારીઓની સંખ્યા જણાવો - **10 લાખ**
38. CAPFનું વિસ્તૃત નામ જણાવો – **સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ**
39. કોના દ્વારા વિશ્વની શક્તિશાળી કંપનીઓની ગ્લોબલ-૨૦૦૦ યાદી બહાર પાડવામાં આવે છે – **ફોર્બ્સ મેગેઝિન-અમેરિકા**
40. ફોર્બ્સ મેગેઝિન દ્વારા વર્ષ-૨૦૨૦માં ગ્લોબલ-૨૦૦૦ની કેટલામી વાર્ષિક યાદી બહાર પાડવામાં આવી - **૧૮મી**
41. ફોર્બ્સ મેગેઝિન દ્વારા વર્ષ-૨૦૨૦માં બહાર પાડવામાં આવેલી ગ્લોબલ-૨૦૦૦ની ૧૮મી વાર્ષિક યાદીમાં પ્રથમ ક્રમે કઈ કંપની હતી- **'ઈન્ડસ્ટ્રિઅલ એન્ડ કમર્શિઅલ બેન્ક ઑફ ચાઈના-ચીન**
42. ફોર્બ્સ મેગેઝિન દ્વારા વર્ષ-૨૦૨૦માં બહાર પાડવામાં આવેલી ગ્લોબલ-૨૦૦૦ની ૧૮મી વાર્ષિક યાદીમાં ભારતની કેટલી કંપનીઓનો સમાવેશ કરાયો છે - **૫૦**
43. ફોર્બ્સ મેગેઝિન દ્વારા ક્યા વર્ષથી ગ્લોબલ-૨૦૦૦ની વાર્ષિક યાદી બહાર પાડવાનો પ્રારંભ થયો હતો – **વર્ષ-૨૦૦૩**
44. ફોર્બ્સ મેગેઝિન દ્વારા પ્રતિ વર્ષ બહાર પાડવામાં આવતા ગ્લોબલ-૨૦૦૦ની યાદીમાં કઈ કંપનીઓનો સમાવેશ કરવામાં આવે છે - **દુનિયાની સૌથી પાવરફૂલ ૨૦૦૦ કંપની**
45. ફોર્બ્સ મેગેઝિન દ્વારા વર્ષ-૨૦૨૦માં બહાર પાડવામાં આવેલી ગ્લોબલ-૨૦૦૦ની ૧૮મી વાર્ષિક યાદીમાં સમાવિષ્ટ ૫૦ ભારતીય કંપનીઓમાં પ્રથમ ક્રમે કોણ છે - **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ**
46. ફોર્બ્સ મેગેઝિન દ્વારા પ્રતિ વર્ષ બહાર પાડવામાં આવતા ગ્લોબલ-૨૦૦૦ કંપનીઓની કુલ સંપતિ, રેવન્યુ અને નફો કેટલો છે – **કુલ સંપત્તિ ૨૦૧.૪ ટ્રિલિયન ડૉલર, રેવન્યુ ૪૨.૩ ટ્રિલિયન ડૉલર જ્યારે, નફો ૩.૩ ટ્રિલિયન ડૉલર**
47. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી નીલમ સંજીવ રેડ્ડીનો જન્મ દિવસ જણાવો - **૧૩ મે ૧૯૧૩**
48. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ફકરુદીન અલી એહમદનો જન્મ દિવસ જણાવો - **૧૩ મે ૧૯૧૩**
49. આન્ધ્રપ્રદેશના પહેલા મુખ્યમંત્રી અને તેનો કાર્યકાળ જણાવો - **શ્રી નીલમ સંજીવ રેડ્ડી (૧૯૫૨-૫૪)**
50. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી નીલમ સંજીવ રેડ્ડી કેટલીવાર લોકસભાના સ્પીકર બન્યા હતા - **બે વાર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 14-05-2020



૧.આત્મનિર્ભર ભારત અભિયાન: રૂ. ૩.૧૬ લાખ કરોડનું પેકેજ-૨ જાહેર (આર્થિક)

કોને કોને લાભ :

- ✓ પ્રવાસી શ્રમિક, ખેડૂત, ફેરિયા અને લારીવાળા સહિતના ગ્રામીણ અને શહેરી ગરીબો તથા મધ્યમવર્ગ માટે રાહતના ૯ પગલાંની જાહેરાત.
- ✓ જેમાંથી ૩ પગલાં પ્રવાસી શ્રમિક માટે, એક મુદ્રા શિશુ લોનધારકો માટે, એક પગલું સ્ટ્રીટ વેન્ડર્સ માટે, એક પગલું હાઉસિંગ માટે, એક પગલું આદિવાસીઓ માટે રોજગાર સર્જન અને બે પગલાં નાના ખેડૂતો માટે હતાં.

પ્રવાસી શ્રમિકો :

- ✓ પ્રવાસી શ્રમિકોની યોજનાના અમલની સંપૂર્ણ જવાબદારી રાજ્યોની રહેશે



- ✓ રાજ્યમાં એનએફએસએ અથવા સ્ટેટ કાર્ડના લાભાર્થી ન હોય તેવા પ્રવાસી શ્રમિકોને બે મહિના માટે વ્યક્તિદીઠ પાંચ કિલો ઘઉં અથવા ચોખા અને પરિવાર દીઠ એક કિલો ચણા અથવા દાળ અપાશે
- ✓ આ યોજનાનો લાભ ૮ કરોડ પ્રવાસી શ્રમિકોને મળશે, સમગ્ર ખર્ચ ભારત સરકાર વહન કરશે

- ✓ પ્રવાસી શ્રમિકોની ઓળખ કરીને યોજનાના અમલની સંપૂર્ણ જવાબદારી રાજ્યોની રહેશે

<u>વન નેશન વન રેશન કાર્ડ સ્કીમ અને સસ્તાં ભાડાંનાં મકાનો</u>



- ✓ વન નેશન વન રેશન કાર્ડ દ્વારા પ્રવાસી શ્રમિક રેશનની ગમે તે દુકાન પરથી અનાજ મેળવી શક્શે
- ✓ ઓગસ્ટ ૨૦૨૦ સુધીમાં ૨૩ રાજ્યોમાં ૬૭ કરોડ એટલે કે ૮૩ ટકા રેશનકાર્ડધારકોને આવરી લેવાશે
- ✓ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માર્ચ ૨૦૨૧ સુધીમાં સિસ્ટમ ઓટોમેશનનું કામ પૂરું કરી લેશે
- ✓ સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પ્રવાસી શ્રમિક અને શહેરી ગરીબો માટે સસ્તાં ભાડાંનાં મકાનોની યોજના શરૂ કરશે. પીપીપી મોડ અંતર્ગત સરકારી સહાય દ્વારા શહેરોમાં તૈયાર થયેલાં મકાનોને એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સમાં તબદીલ કરાશે
- ✓ મેન્યુફેક્ચરિંગ એકમો, ઇન્ડસ્ટ્રીઝ, સંસ્થાનો, અને એસોસિયેશનોને તેમની પોતાની જમીનો પર સસ્તાં ભાડાનાં મકાનો તૈયાર કરવા માટે સરકાર સહાય કરશે

<u>ખેડૂતો માટે :</u>



- ✓ NABARD દ્વારા ભંડોળ: આ યોજનાનો લાભ ૩ કરોડ નાના અને સીમાંત ખેડૂતોને મળશે
- ✓ નાના અને સીમાંત ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી નથી, તેમની પાસે આર્થિક સ્ત્રોત અપૂરતા
- ✓ તેમને મુખ્યત્વે આરઆરબી અને ગ્રામીણ સહકારી બેન્કો પાસેથી ધિરાણ મળે છે
- ✓ NABARD આરઆરબી અને ગ્રામીણ સહકારી બેન્કોની કૃષિ લોન જરૂરિયાતો

માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડની વધારાની સહાય આપશે

- ✓ ૩૩ રાજ્ય સહકારી બેન્કો, ૩૫૧ જિલ્લા સહકારી બેન્કો અને ૪૩ આરઆરબી આ કામમાં સંકળાયેલી છે
- ✓ આ યોજનાનો લાભ ૩ કરોડ નાના અને સીમાંત ખેડૂતોને મળશે

<u>કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ૨.૫ કરોડ ખેડૂતોને રૂપિયા બે લાખ કરોડની ક્રેડિટ</u>

- ✓ કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા પીએમ કિસાન યોજનાના લાભાર્થીઓને કન્સેશનલ ક્રેડિટ માટેનું વિશેષ અભિયાન, આ અભિયાનમાં માછીમારો અને પશુપાલકોને પણ આવરી લેવાશે
- ✓ આ યોજના દ્વારા ખેડૂતો ઓછા વ્યાજદરે લોન પ્રાપ્ત કરી શકશે
- ✓ કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા પીએમ કિસાન યોજનાના લાભાર્થીઓને અઢી કરોડ ખેડૂતોને રૂપિયા બે લાખ કરોડની ક્રેડિટનો લાભ મળશે

<u>મુદ્રા શિશુ લોન :</u>



- ✓ મુદ્રા શિશુ લોનધારકોને વ્યાજમાં રૂપિયા ૧,૫૦૦ કરોડની રાહત
- ✓ મુદ્રા અંતર્ગત લોન લેનારા નાના બિઝનેસને લોકડાઉનનાં કારણે ગંભીર અસર થઇ છે અને તેઓ ઇએમઆઇ ચૂકવી શક્યા નથી, તેમને રિઝર્વ બેન્ક દ્વારા ઇએમઆઇમાં રાહત અપાઇ છે
- ✓ હાલમાં મુદ્રા શિશુ લોન અંતર્ગત રૂપિયા ૧.૬૨ લાખ કરોડની લોન અપાઇ છે, મહત્તમ રૂ. ૫૦,૦૦૦ની લોન અપાય છે.
- ✓ સરકાર ૧૨ મહિના માટે શિશુ લોનધારકોને વ્યાજમાં બે ટકાની રાહત આપશે
- ✓ મુદ્રા શિશુ લોનધારકોને રૂપિયા ૧,૫૦૦ કરોડની રાહત મળશે

<u>સ્ટ્રીટ વેન્ડર્સ માટે રૂપિયા ૫,૦૦૦ કરોડની સ્પેશિયલ ક્રેડિટ ફેસિલિટી</u>

- ✓ કોરોના મહામારીનાં કારણે ફેરિયાઓની રોજગારી પર ગંભીર અસર પડી છે
- ✓ તેમને સહાય કરવા સરકાર એક મહિનામાં વિશેષ યોજના શરૂ કરશે
- ✓ શરૂઆતમાં તેના માટે રૂપિયા ૧૦,૦૦૦ સુધીની રકમ ફાળવાશે, ડિજિટલ પેમેન્ટ કરનારાને આર્થિક લાભ આપી પ્રોત્સાહિત કરાશે, ૫૦ લાખ લારીવાળા અને ફેરિયાઓને યોજનાનો લાભ મળશે, આ માટે સરકાર રૂપિયા ૫,૦૦૦ કરોડ ફાળવશે
- ✓ સીધા કામો પર રખાતા પ્રવાસી / આંતરરાષ્ટ્રીય પ્રવાસી શ્રમિકો માટેની વ્યાખ્યામાં સુધારો



<u>હાઉસિંગ સેક્ટર</u>

- ✓ રૂપિયા ૬ થી ૧૮ લાખની વાર્ષિક આવક ધરાવતા મધ્યમવર્ગ માટે ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવશે, ૨.૫ લાખ મધ્યમવર્ગીય પરિવારોને લાભ મળશે



- ✓ અત્યાર સુધી યોજનાનો ૩.૩ લાખ મધ્યમવર્ગીય પરિવારોને લાભ મળ્યો છે
- ✓ હાઉસિંગ સેક્ટરમાં રૂપિયા ૭૦,૦૦૦ કરોડનું રોકાણ આવી શકે, નોકરીઓનું સર્જન થશે
- ✓ સ્ટીલ, સિમેન્ટ, ટ્રાન્સપોર્ટ અને કન્સ્ટ્રક્શન મટિરિયલની ડિમાન્ડમાં વધારો થશે.

<u>સીધા કામ પર રખાતા પ્રવાસી/આંતરરાજ્ય પ્રવાસી શ્રમિકો માટેની વ્યાખ્યામાં સુધારો કરાયો</u>

<u>લેબર કોડ અને લાભો -૧ :</u>

- ✓ દેશભરમાં લઘુતમ વેતનનો અધિકાર અને બિનસંગઠિત ક્ષેત્ર સહિતના તમામ કામદારોને સમયસર વેતનની ચુકવણી સુનિશ્ચિત કરાશે, લઘુતમ વેતન નક્કી કરવાની પ્રક્રિયા સરળ બનાવાઈ, કર્મચારીઓ માટે વાર્ષિક આરોગ્ય ચકાસણી
- ✓ તમામ કામદારોને નિયુક્તપત્ર આપવાનું ફરજિયાત, નુકસાનકારક કામ સાથે સંકળાયેલી સંસ્થાઓમાં ૧૦ કરતાં ઓછા કામદાર હશે તો પણ સેફ્ટી એન્ડ હેલ્થ કોડ લાગુ થશે

<u>લેબર કોડ અને લાભો – ૨ :</u>

- ✓ પ્રવાસી શ્રમિકો માટે વેલ્ફેર બેનિફિટ્સની પોર્ટેબિલિટી, દેશભરના જિલ્લાઓ અને ૧૦ કે તેથી વધુ કર્મચારીને નોકરી રાખતા સંસ્થાનોમાં ESIC કવરેજનું વિસ્તરણ
- ✓ ૧૦ કરતાં ઓછા કર્મચારી ધરાવતા સંસ્થાનોમાં ESIC કવરેજ સ્વૈચ્છિક રીતે અમલી
- ✓ ૧૦ કરતાં ઓછા કામદાર હોય તો પણ નુકસાનકારક ઉદ્યોગોમાં ESIC કવરેજ ફરજિયાત

લેબર કોડ અને લાભો – ૩ :

- ✓ ગિગ અને પ્લેટફોર્મ વર્કર્સ માટે સોશિયલ સિક્યુરિટી યોજના, જૂના કામદારો માટે રિસ્કિલિંગ ફંડ શરૂ કરાયું. તમામ વ્યવસાયોમાં મહિલા કામદારોને કામની પરવાનગી, સુરક્ષાનાં પગલાં સાથે રાત્રે પણ કામ કરવાની પરવાનગી
- ✓ બિનસંગઠિત ક્ષેત્ર માટે સોશિયલ સિક્યુરિટી ફંડની જોગવાઈ
- ✓ રોજગાર માટે ગ્રેજ્યુઇટી- પાંચને બદલે એક વર્ષની સેવા પૂરી થતાં ગ્રેજ્યુઇટીની જોગવાઈ

વતન પરત આવતા પ્રવાસી શ્રમિકોને મનરેગામાં સમાવાયા

- ✓ ૧૩ મે ૨૦૨૦ સુધી ૧૪.૬૨ કરોડ વ્યક્તિ પ્રતિ દિવસ કામનું સર્જન
- ✓ અત્યાર સુધી તેની પાછળ કુલ રૂપિયા ૧૦,૦૦૦ કરોડનો ખર્ચ
- ✓ ૧.૮૭ લાખ ગ્રામ પંચાયતમાં ૨.૩૩ કરોડ શ્રમિકોને કામ
- ✓ મે ૨૦૧૯ની સરખામણીમાં મનરેગામાં ૪૦થી ૫૦ ટકા વધુ શ્રમિકો નોંધાયા
- ✓ વતન પરત ફરતા શ્રમિકોની મનરેગામાં નોંધણી કરવામાં આવી રહી છે
- ✓ મનરેગા એક્ટની જોગવાઈઓ પ્રમાણે પ્રવાસી શ્રમિકોને કામ આપવા રાજ્યો-યુટીને સલાહ
- ✓ ચોમાસામાં પણ મનરેગાનાં કામ ચાલુ રાખવાની યોજના, વેતન ૧૮૨થી વધારી રૂ. ૨૦૨ કરાયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના : (યોજના)



- ✓ આત્મનિર્ભર ભારત અભિયાનને સાકાર કરવા નાના માણસો માટે મોટી યોજના
- ✓ રૂ. ૫૫૦૦ કરોડનું પેકેજ જાહેર કરતી રાજ્યની સંવેદનશીલ સરકાર

લાભાર્થી અને સહાય :

- ✓ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના લોકડાઉનની પરિસ્થિતિના કારણે આર્થિક મુશ્કેલી અનુભવી રહેલા નાના વેપારીઓ, મધ્યમ વર્ગ, કારીગરો, પરંપરાગત

વ્યવસાયિકો, રીક્ષાચાલકો, બાંધકામ શ્રમિકો વગેરેને રૂ.૧ લાખ સુધીનું મળશે ધિરાણ માત્ર ૨ ટકાના વ્યાજે.

અંદાજે કેટલાને લાભ :

- ✓ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના હેઠળ અંદાજિત ૧૦ લાખ નાના માણસોને મળશે લાભ

અન્ય વિગતો :

- ✓ લાભાર્થીઓએ વાર્ષિક માત્ર ૨ ટકા વ્યાજ ચુકવવાનું રહેશે, જ્યારે બાકીનું વાર્ષિક ૬ ટકા વ્યાજ રાજ્ય સરકાર ભરશે
- ✓ આ યોજનાના ફોર્મ તા.૨૧ મે ૨૦૨૦થી ૩૧ ઓગષ્ટ-૨૦૨૦ સુધી અંદાજે ૯ હજાર જેટલી રાજ્યની સહકારી બેંકો તથા ક્રેડિટ કોઓપરેટીવ સોસાયટીઓમાં ઉપલબ્ધ થશે
- ✓ રાજ્યની સહકારી બેંકો તથા ક્રેડિટ કો. ઓપરેટીવ સોસાયટીઓ મારફત વાર્ષિક ૨ ટકાના દરે એક લાખ સુધીનું તારણ વગર ધિરાણ અપાશે
- ✓ લાભાર્થીએ ત્રણ વર્ષના સમયગાળામાં ધિરાણ પરત કરવાનું રહેશે. જેમાં પ્રથમ ૬ મહિના વ્યાજ અને મુદ્દલ ભરવું નહિ પડે ત્યારબાદ ૩૦ સરખા હપ્તામાં ધિરાણ પરત કરવાનું રહેશે
- ✓ અરજીફોર્મ લાભાર્થીઓને સહકારી બેંકો/ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીઓ પાસેથી વિનામૂલ્યે મળશે.
- ✓ આ ધિરાણ મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા સ્ટેમ્પ ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે
- ✓ હાલમાં જેઓ ધંધા-વ્યવસાયમાં કાર્યરત હોય તેઓને આ યોજના હેઠળ ધિરાણ મળશે. જેમાં તા. ૧/૧/૨૦૨૦ના રોજ હયાત વ્યવસાયમાં કાર્યરત હોવા જોઇએ
- ✓ તા.૩૧/૮/૨૦૨૦ સુધીમાં સંબંધિત નાગરિક સહકારી બેંક /જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક/ગુજરાત રાજ્ય સહકારી બેંકની સંબંધિત શાખાને/સંબંધિત ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીને નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે
- ✓ 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના' નાના માણસને પુનઃ બેઠા કરીને ગુજરાતના વિકાસને ફરીથી વેગવંતો બનાવશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. લોકડાઉન બાદ કેન્દ્ર દ્વારા ખેડૂતોને વિવિધ સહાય :

- ✓ ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્રને અપાયેલી સીધી સહાય
- ✓ રૂપિયા ૪.૨૨ લાખ કરોડની કૃષિ લોન લેનારા ૩ કરોડ ખેડૂતોને ૩ મહિના સુધી લોન મોરેટોરિયમ અપાયું
- ✓ ૧લી માર્ચ ૨૦૨૦થી બાકી વ્યાજ અને કૃષિ લોન પર રિપેમેન્ટ ઇન્સેન્ટિવ ૩૧ મે સુધી લંબાવાયાં

- ✓ રૂપિયા ૨૫,૦૦૦ કરોડની લોન લિમિટ ધરાવતા ૨૫ લાખ નવા કિસાન ક્રેડિટ કાર્ડ મંજૂર કરાયાં
- ✓ ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્રને અપાયેલો લિક્વિડિટી સપોર્ટ
- ✓ ૧ માર્ચથી ૩૦ એપ્રિલ ૨૦૨૦ સુધીમાં રૂપિયા ૮૬,૬૦૦ કરોડની ૬૩ લાખ લોન મંજૂર કરાઈ
- ✓ માર્ચ ૨૦૨૦માં સહકારી અને ગ્રામીણ બેન્કોને નાબાર્ડ દ્વારા રૂપિયા ૨૯,૫૦૦ કરોડની સહાય
- ✓ ગ્રામીણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે માર્ચ ૨૦૨૦ દરમિયાન રાજ્યોને રૂરલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત રૂ. ૪,૨૦૦ કરોડની સહાય
- ✓ માર્ચ ૨૦૨૦થી રાજ્ય સરકાર કૃષિ ઉત્પાદનોની ખરીદી કરી શકે તે માટે રૂ. ૬,૭૦૦ કરોડની વર્કિંગ કેપિટલ લિમિટ મંજૂર
- ✓ બે મહિનામાં માઇગ્રન્ટ અને શહેરી ગરીબોને અપાયેલી સહાય
- ✓ પ્રવાસી શ્રમિકો માટે શેલ્ટર અને ખોરાક પૂરાં પાડવા માટે સરકારે રાજ્યોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડનો ઉપયોગ કરવાની મંજૂરી આપી
- ✓ કેન્દ્ર સરકારે એસડીઆરએફમાં રાજ્યોનાં ભંડોળમાં વધારો કરવા ૩ એપ્રિલના રોજ એડવાન્સ ૧૧,૦૦૨ કરોડ જારી કરી દીધા
- ✓ લોકડાઉનના સમયગાળામાં શહેરી બેઘરો માટેનાં શેલ્ટરમાં રહેતાં લોકોને દિવસમાં ૩ સમય ભોજનની વ્યવસ્થા કરાઈ
- ✓ ૧૨,૦૦૦ સેલ્ફ હેલ્પ ગ્રૂપ દ્વારા ૩ કરોડ માસ્ક અને ૧.૨૦ લાખ લિટર સેનિટાઇઝર તૈયાર કરાયાં, તેના દ્વારા શહેરી ગરીબોને રોજગારી મળી રહી
- ✓ એસએચજીને એપ્રિલ ૨૦૨૦માં રિવોલ્વિંગ ફંડની ચુકવણી માટે પૈસા પોર્ટલનો ગુજરાતમાં પાયલોટ બેઝિસ પર ઉપયોગ કરાયો, મે ૨૦૨૦ સુધીમાં તમામ રાજ્યોમાં અમલ કરાશે.
- ✓ ૧૫ માર્ચ ૨૦૨૦થી શહેરી ગરીબોના ૭,૨૦૦ નવા સેલ્ફ હેલ્પ ગ્રૂપની રચના કરાઈ છે

CAMPA ફંડનો ઉપયોગ કરી આદિવાસીઓને રોજગાર

- ✓ નાગરિકો માટે રોજગારની તકોનાં સર્જનની જરૂર
- ✓ ૨૦૧૬માં કાયદા દ્વારા કમ્પેન્શેટરી એફોરેસ્ટેશન મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી CAMPAની રચના કરાઈ
- ✓ CAMPA માટે ટૂંકસમયમાં રૂપિયા ૬,૦૦૦ કરોડનાં ભંડોળની ફાળવણી કરાશે
- ✓ ફંડનો ઉપયોગ વનીકરણ અને પ્લાન્ટેશન, ફોરેસ્ટ મેનેજમેન્ટ સહિતનાં કામોમાં કરાશે
- ✓ શહેરી, ઉપનગરીય અને ગ્રામીણ વિસ્તારોમાં નોકરીની તકો સર્જાશે

- ✓ આદિવાસીઓ માટે રોજગારની તકોનું સર્જન થશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. PM - CARES ફંડ : કોરોના વાયરસની મહામારી સંદર્ભે PM-CARES ફંડમાંથી રૂ. 3,100 કરોડની ફાળવણી



- ✓ 50,000 મેક ઈન ઇન્ડિયા વેન્ટિલેટર માટે રૂ. 2000 કરોડની ફાળવણી
- ✓ પરપ્રાંતીય શ્રમિકો માટે રૂ. 1000 કરોડની ફાળવણી
- ✓ કોવિડ-19ની રસીના સંશોધન માટે રૂ.100 કરોડની ફાળવણી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૫-૨૦૨૦)

1. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત કેન્દ્રીય નાણામંત્રી દ્વારા કેટલી રકમનું પેકેજ-૨ જાહેર કરાયું - **રૂ. ૩.૧૬ લાખ કરોડ**
2. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૨માં કયા વર્ગને લાભ અપાશે - **પ્રવાસી શ્રમિક, ખેડૂત, ફેરિયા અને લારીવાળા સહિતના ગ્રામીણ અને શહેરી ગરીબો તથા મધ્યમવર્ગ**
3. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત ૮ કરોડ પ્રવાસી શ્રમિકોને કયાં સુધી મફત અનાજ અપાશે – **જૂલાઈ-૨૦૨૦ સુધી**
4. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત રાસનકાર્ડ ન ધરાવતા શ્રમિકોને કેટલું રાશન વિનામૂલ્યે અપાશે - **પાંચ કિલો ઘઉં અથવા ચોખા અને પરિવાર દીઠ એક કિલો ચણા અથવા દાળ**
5. વન નેશન વન રેશન કાર્ડ અંતર્ગત ઓગષ્ટ-૨૦૨૦ સુધીમાં કેટલા રાજ્યોના કેટલા કરોડ રેશનકાર્ડધારકોને લાભ અપાશે - **૨૩ રાજ્યોમાં ૬૭ કરોડ એટલે કે ૮૩ ટકા**
6. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત કેટલા કરોડ નાના ખેડૂતોને પાકની વાવણી માટે નાણાકીય સહાય અપાશે - **૩ કરોડ ખેડૂત**
7. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા કેટલા કરોડ ખેડૂતોને કેટલા કરોડની ક્રેડિટ અપાશે - **૨.૫ કરોડ તથા રૂપિયા ૨ લાખ કરોડ**
8. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત મુદ્રા શિશુ લોનધારકોને આગામી એક વર્ષ સુધી વ્યાજમાં કેટલા ટકા સુધીની રાહત અપાશે – **૨ ટકા**
9. હાલમાં મુદ્રા શિશુ લોન અંતર્ગત રૂપિયા ૧.૬૨ લાખ કરોડની લોન અપાઇ છે, જેમાં મહત્તમ કેટલા રૂપિયાની લોન અપાય છે – **રૂ.૫૦,૦૦૦**
10. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત શેરી ફેરિયાઓ માટે કેટલા કરોડની સ્પેશિયલ ક્રેડિટ ફેસિલિટી અપાઈ – **રૂ. ૫,૦૦૦ કરોડ**
11. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત શેરી ફેરિયાઓને કેટલી રકમ સુધી લોન અપાશે - **રૂ. ૨ હજાર થી રૂ. ૧૦ હજાર સુધી**

12. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત રૂપિયા ૬ થી ૧૮ લાખની વાર્ષિક આવક ધરાવતા મધ્યમવર્ગ માટે ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ કયાં સુધી લંબાવાઈ - **માર્ચ ૨૦૨૧**
13. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત હાઉસિંગ સેક્ટર માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી– **રૂ. ૭૦,૦૦૦ કરોડ**
14. લેબર કોડ અંતર્ગત પ્રવાસી શ્રમિકો માટે વેલ્ફેર બેનિફિટ્સની પોર્ટેબિલિટી, દેશભરના જિલ્લાઓ અને કેટલાથી વધુ કર્મચારીને નોકરી રાખતા સંસ્થાનોમાં ESIC કવરેજનું વિસ્તરણ કરાશે - **૧૦**
15. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત પ્રવાસી શ્રમિકોની સુધારેલી વ્યાખ્યા મુજબ કેટલા કરતાં ઓછા કામદાર હોય તો પણ નુકસાનકારક ઉદ્યોગોમાં ESIC કવરેજ ફરજિયાત - **૧૦**
16. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત રોજગાર માટે ગ્રેજ્યુઇટી-પાંચને બદલે કેટલા વર્ષની સેવા પૂરી થતાં આપવાની જોગવાઈ – **એક વર્ષ**
17. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત વતન પરત આવતા પ્રવાસી શ્રમિકોને કઈ રોજગાર આપતી યોજનામાં સમાવાયા - **મનરેગા**
18. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત મનરેગા શ્રમિકોનું વેતન કેટલાથી વધારી કેટલું કરાયું - **૧૮૨થી વધારીને રૂ. ૨૦૨**
19. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત ગુજરાત સરકારે નાના વેપારીઓ, મધ્યમ વર્ગ, કારીગરો, પરંપરાગત વ્યવસાયિકો, રીક્ષાચાલકો, બાંધકામ શ્રમિકો વગેરેને સસ્તા દરે લોન આપવા કઈ યોજના જાહેર કરી – **આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના**
20. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત ગુજરાત સરકારે જાહેર કરેલી આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત ૨ ટકાના વાર્ષિક વ્યાજે કેટલી લોન અપાશે - **રૂા.૧ લાખ સુધી**
21. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત રૂપિયા એક લાખ સુધીની લોનમાં પ્રથમ કેટલા મહિના વ્યાજ અને મુદ્દલ ચૂકવવામાંથી રાહત અપાઈ છે – **પ્રથમ ૬ માસ**
22. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત કોઈ પણ જામીન વિના માત્ર અરજીના આધારે અપાનાર લોનની મુદ્દત જણાવો – **ત્રણ વર્ષ**
23. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેટલા રૂપિયાનું પેકેજ જાહેર કરાયું - **રૂ. ૫૫૦૦ કરોડ**
24. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત લાભાર્થીએ કેટલા સરખા હપ્તામાં બેંકોને ધિરાણ પરત કરવાનું રહેશે - **૩૦**
25. કોરોના વાયરસ મહામારી સંદર્ભે PM-CARES ફંડમાંથી કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - **રૂ. 3,100 કરોડ**
26. કોરોના વાયરસ મહામારી સંદર્ભે PM-CARES ફંડમાંથી 50,000 મેક ઈન ઇન્ડિયા વેન્ટિલેટર માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - **રૂ. 2000 કરોડ**
27. કોરોના વાયરસ મહામારી સંદર્ભે PM-CARES ફંડમાંથી પરપ્રાંતીય શ્રમિકો માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - **રૂ. 1000 કરોડ**
28. PM-CARES ફંડમાંથી કોવિડ-19ની રસીના સંશોધન માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - **રૂ.100 કરોડ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 15-05-2020



૧. આત્મનિર્ભર ભારત અભિયાન : પેકેજ-૦૩ (આર્થિક)

કુલ રૂ.૧,૬૨,૮૪૩ કરોડની ફાળવણી

કોને કોને લાભ :

- ✓ કૃષિ, પશુપાલન, ડેરી ઉદ્યોગ, મત્સ્યપાલન, મધમાખી ઉછેર વગેરે

પેકેજની મુખ્ય વિશેષતા :

- ✓ ખેડૂતો માટે ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ માટે રૂપિયા ૧ લાખ કરોડનું એગ્રિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ
- ✓ નાની ફૂડ પ્રોડક્ટ કંપનીઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજના પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત માછીમારો માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડની ફાળવણી
- ✓ ૧૫,૦૦૦ કરોડનું પશુપાલન માળખાકીય વિકાસ ભંડોળ
- ✓ હર્બલ ખેતીને પ્રોત્સાહન માટે રૂપિયા ૪,૦૦૦ કરોડની ફાળવણી
- ✓ મધ ઉત્પાદન માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઈ
- ✓ **તમામ ફળ અને શાકભાજીનો ઓપરેશન ગ્રીનમાં સમાવેશ**
- ✓ ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કૃષિ માર્કેટિંગમાં ત્રણ સુધારા

પેકેજ-૩ની હાઈલાઈટ્સ :

- ✓ કોરોના સામે જંગમાં ભારતીય અર્થતંત્રને બળ આપવા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા માટેના રૂપિયા ૨૦ લાખ કરોડના રાહત પેકેજના ત્રીજા તબક્કાની કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને તા.૧૫મી મે-૨૦૨૦ના રોજ જાહેરાત કરી.
- ✓ સીતારામને કૃષિ, મત્સ્યપાલન, ડેરી ઉદ્યોગ, પશુપાલન અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ૧૧ પગલાંની ઘોષણા કરી
- ✓ કેન્દ્ર સરકાર નાના અને સીમાંત ખેડૂતોને ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા રૂપિયા ૧ લાખ કરોડના એગ્રિ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની તાત્કાલિક રચના કરશે.

- ✓ સહકારી ડેરીઓને વર્ષ ૨૦૨૦-૨૧માં વ્યાજમાં વાર્ષિક બે ટકાની રાહત આપતી યોજનાની જાહેરાત, જેના કારણે તેમની પાસે વધારાના રૂપિયા ૫,૦૦૦ કરોડની લિક્વિડિટી ઉપલબ્ધ થશે અને બે કરોડ ખેડૂતોને તેનો લાભ થશે.



- ✓ સરકારે પીએમ મોદીના વોકલ ફોર લોકલના આહ્વાનને પરિપૂર્ણ કરવા માઇક્રો ફૂડ કંપનીઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજનાની જાહેરાત કરી છે.
- ✓ દેશના પશુધનનાં સંરક્ષણ માટે અને તેમને બીમારીઓથી બચાવવા સરકારે નેશનલ એનિમલ ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત રૂપિયા ૧૩,૩૪૩ કરોડની ફાળવણી કરી
- ✓ જેમાં દેશના ૧૦૦ ટકા પશુધનનું રસીકરણ કરાશે.
- ✓ આગામી બે વર્ષમાં ૧૦ લાખ હેક્ટર જમીનને હર્બલ ખેતી અંતર્ગત આવરી લેવાશે જેના કારણે ખેડૂતોને રૂપિયા ૫,૦૦૦ કરોડની આવક થશે.
- ✓ ગંગા નદીના કિનારા પર ૮૦૦ હેક્ટર જમીન પર મેડિસિનલ પ્લાન્ટ્સનો કોરિડોર તૈયાર કરાશે.
- ✓ સરકારે મધ ઉત્પાદન કરતા ખેડૂતો માટે રૂપિયા ૫૦૦ કરોડની ફાળવણી કરી છે જે અંતર્ગત બીકિપિંગ ડેવલપમેન્ટ સેન્ટર, માર્કેટિંગ અને સ્ટોરેજ સેન્ટરો વિકસાવાશે.
- ✓ ઓપરેશન ગ્રીન હવે ટામેટાં, ડુંગળી અને બટાટાથી વિસ્તારિત કરીને હવે તમામ પ્રકારનાં ફળ અને શાકભાજીને પણ લાગુ થશે. જેમાં સ્ટોરેજ પર ૫૦ ટકા અને સરપ્લસ માર્કેટથી ખાધ ધરાવતા માર્કેટ સુધીના પરિવહનમાં ૫૦ ટકાની સબસિડી અપાશે.

કૃષિ: ઇન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ અને કેપેસિટી બિલ્ડિંગને મજબૂત બનાવતાં પગલાં



- ✓ ખેડૂતો માટે ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ માટે રૂપિયા ૧ લાખ કરોડનું એગ્રિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ

- ✓ ખેડૂતોને ઘરઆંગણે લણણી પછીની માળખાકીય સુવિધાઓ અને કોલ્ડ સ્ટોરેજ ચેઇનનો મોટો અભાવ દેશમાં છે
- ✓ ટૂંકાગાળાની કૃષિ લોન અને કૃષિ માળખાકીય સુવિધાઓમાં લાંબાગાળાના રોકાણ પર પૂરતું ધ્યાન અપાયું નથી, ખેડૂતોને ઘરઆંગણે કૃષિ માળખાકીય પ્રોજેક્ટ ઉપલબ્ધ બને તે માટે રૂપિયા એક લાખ કરોડનું ભંડોળ ફાળવાશે
- ✓ લણણી પછીના મેનેજમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ખેડૂતોને નજીકમાં જ તમામ સુવિધાઓ અપાશે
- ✓ રૂપિયા એક લાખ કરોડનાં ભંડોળની તાત્કાલિક રચના

નાની ફૂડપ્રોડક્ટ કંપનીઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજના

- ✓ આ યોજના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ગ્લોબલ આઉટરિચ સાથે વોકલ ફોર લોકલના વિઝનને પ્રોત્સાહન આપશે
- ✓ બિનસંગઠિત ફૂડ પ્રોડક્ટ કંપનીઓને એફએસએસએઆઇના ધોરણોને સમકક્ષ બનાવવા ટેક્નિકલ સહાય, બ્રાન્ડ તૈયાર કરવા અને માર્કેટિંગમાં સહાય
- ✓ વોકલ ફોર લોકલના લક્ષ્યાંકો હાંસલ કરવા આ યોજના બે લાખ નાની ફૂડ કંપનીઓને મદદ કરશે
- ✓ યુપીમાં કેરી, કાશ્મીરમાં કેસર, ઉત્તરપૂર્વમાં વાંસ, આંધ્રપ્રદેશમાં મરચાં, તેલંગણામાં હળદર જેવી ક્લસ્ટર આધારિત બ્રાન્ડ વિકસાવાશે
- ✓ આરોગ્ય અને સુરક્ષાનાં ધોરણોમાં સુધારો થશે, ખેડૂતોનું રિટેઇલ માર્કેટ સાથે જોડાણ વધશે, ખેડૂતોની આવક વધશે
- ✓ સુધારેલી આરોગ્ય જાગૃતિના સંદર્ભમાં નવા એક્સપોર્ટ માર્કેટ ખુલ્લાં થશે

હર્બલ ખેતીથી ખેડૂતોની આવકમાં રૂપિયા ૫,૦૦૦ કરોડનો વધારો થશે



- ✓ નેશનલ મેડિસિનલ પ્લાન્ટ્સ બોર્ડે ૨.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં મેડિસિનલ પ્લાન્ટની ખેતીને સહાય કરી
- ✓ રૂપિયા ૪,૦૦૦ કરોડના ખર્ચે આગામી બે વર્ષમાં ૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં હર્બલ ખેતી કરાશે
- ✓ તેના દ્વારા ખેડૂતોને રૂપિયા ૫,૦૦૦ કરોડની આવક થશે
- ✓ મેડિસિનલ પ્લાન્ટ માટે સ્થાનિક મંડીઓનું નેટવર્ક તૈયાર કરાશે
- ✓ નેશનલ મેડિસિનલ પ્લાન્ટ્સ બોર્ડ ગંગા નદીના કિનારા પર ૮૦૦ હેક્ટરનો મેડિસિનલ પ્લાન્ટ કોરિડોર તૈયાર કરશે

માછીમારો માટે ૨૦,૦૦૦ કરોડની ફાળવણી



- ✓ પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાનો પ્રારંભ કરાશે
- ✓ દરિયાઈ, આંતરિક જળાશયો અને એક્વાકલ્ચર પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૧,૦૦૦ કરોડનો ખર્ચ કરાશે
- ✓ ફિશિંગ હાર્બર, કોલ્ડ ચેઇન અને માર્કેટ વગેરે માટે રૂપિયા ૯,૦૦૦ કરોડનો ખર્ચ થશે
- ✓ કેજ કલ્ચર, સીવીડ ફાર્મિંગ, ઓર્નામેન્ટલ ફિશરિઝને પ્રોત્સાહન, નવી બોટ માટે સહાય, લેબોરેટરી નેટવર્ક વિકસાવાશે
- ✓ માછીમારોને વ્યક્તિગત અને હોડીના વીમાની જોગવાઈ
- ✓ પાંચ વર્ષમાં વધારાના ૭૦ લાખ મત્સ્ય ઉત્પાદનનો લક્ષ્યાંક
- ✓ આ યોજના અંતર્ગત ૫૫ લાખથી વધુને રોજગારી.

પશુ રોગ નિયંત્રણ/ વિકાસ ભંડોળ



- ✓ રૂપિયા ૧૩,૩૪૩ કરોડની ફાળવણી સાથે ફૂટ એન્ડ માઉથ ડિસિઝ અને બ્રુસેલોસિસ રોગોના નિવારણ માટે રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ યોજના
- ✓ દેશમાં કુલ ૫૩ કરોડ પશુ, ભેંસ, ઘેટાં, બકરાં અને ડુક્કરનું ૧૦૦ ટકા રસીકરણ કરાશે
- ✓ અત્યાર સુધીમાં ૧.૫ કરોડ ગાય અને ભેંસનું રસીકરણ
- ✓ કેટલ ફીડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ડેરી પ્રોસેસિંગમાં ખાનગી મૂડીરોકાણને સમર્થન



- ✓ ૧૫,૦૦૦ કરોડનું પશુપાલન માળખાકીય વિકાસ ભંડોળ
- ✓ ડેરી પ્રોડક્ટની નિકાસ માટે પ્લાન્ટ નાખનારને સહાય કરાશે

<u>તમામ ફળ અને શાકભાજીનો ઓપરેશન ગ્રીનમાં સમાવેશ</u>

- ✓ ખેતરમાં બગડી જતાં ફળ અને શાકભાજીની કિંમત અને વેચાણમાં ઘટાડો અટકાવવાની જરૂર
- ✓ <u>ઓપરેશન ગ્રીનમાં હવે ટામેટાં, ડુંગળી અને બટાકાની સાથે તમામ પ્રકારનાં ફળ અને શાકભાજીનો સમાવેશ</u>
- ✓ સરપ્લસ માર્કેટથી ખાધ ધરાવતા માર્કેટ સુધી આ ઊપજોનાં પરિવહન માટે ૫૦ ટકા સબસિડી
- ✓ આ ઊપજોના કોલ્ડ સ્ટોરેજ સહિતનાં સંગ્રહસ્થાનો માટે ૫૦ ટકા સબસિડી
- ✓ ૬ મહિના પાયલોટ પ્રોજેક્ટ, ત્યારબાદ તેનો વિસ્તાર કરાશે જ

<u>મધમાખી ઉછેરનારા માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઈ</u>



- ✓ ગ્રામીણ વિસ્તારોમાં મધ ઉત્પાદન આજીવિકામાં મદદરૂપ પ્રવૃત્તિ છે
- ✓ પરાગધાન દ્વારા પાકની ઊપજ અને ગુણવત્તામાં વધારો થાય છે
- ✓ મધમાખીના ઉછેરથી મધ અને મીણ જેવાં ઉત્પાદનોનો લાભ મળે છે
- ✓ સરકાર મધમાખી વિકાસ કેન્દ્રો, મધ કલેક્શન, માર્કેટિંગ, સ્ટોરેજ સેન્ટર, મધની વેલ્યૂ એડિશન ફેસિલિટીમાં સહાય કરશે
- ✓ મધની ગુણવત્તા અને ટ્રેસેબિલિટી સિસ્ટમનો અમલ કરાશે
- ✓ મહિલાઓને પ્રોત્સાહિત કરીને ક્ષમતામાં વધારો થશે
- ✓ મધમાખીનો ઉછેર કરનારા અને ન્યુક્લિયસ સ્ટોકની ગુણવત્તા વિકસાવાશે
- ✓ આ યોજનાથી બે લાખ મધમાખી ઉછેરનારાની આવકમાં વધારો થશે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત મધ મળશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૨. આવશ્યક ચીજવસ્તુ ધારામાં આ ત્રણ મોટા વહિવટી સુધારા કરાશે (કેન્દ્ર સરકાર)</u>

<u>(૧) શાસન-વહીવટી સુધારા : એસેન્શિયલ કોમોડિટી એક્ટમાં સુધારા કરાશે</u>

- ✓ ખેડૂતોને ઊપજની સારી કિંમત મળી રહે તે માટે એસેન્શિયલ કોમોડિટી એક્ટમાં સુધારા કરાશે
- ✓ દેશમાં અછતના સમયમાં એસેન્શિયલ કોમોડિટી એક્ટ ૧૯૫૫ લાગુ કરાયો હતો

- ✓ કૃષિ સેક્ટરને સ્પર્ધાત્મક બનાવી અને રોકાણ આકર્ષીને ખેડૂતોને તેમની ઊપજની સારી કિંમત અપાવવાની જરૂર
- ✓ ખાદ્ય તેલ, સિરિઅલ્સ, તેલીબિયાં, દાળો, ડુંગળી અને બટાકા સહિતની કૃષિ ઊપજોને નિયંત્રણ મુક્ત કરાશે
- ✓ કિંમતોમાં વધારો, રાષ્ટ્રીય હોનારતો. દુકાળ જેવી સ્થિતિમાં સ્ટોક લિમિટ લાગુ કરાશે. પ્રોસેસર્સ અને વેલ્યૂ ચેઇન પાર્ટિસિપન્ટ અથવા નિકાસની માગ પ્રમાણે સ્ટોક લિમિટ લાગુ નહીં થાય.

(૨) કૃષિ ઉત્પાદનની કિંમત અને ગુણવત્તાની ખાતરી

- ✓ વાવણીના સમયે પોતાની ઊપજની શું કિંમત મળશે તે જાણવા ખેડૂતો પાસે સ્ટાન્ડર્ડ મિકેનિઝમનો અભાવ
- ✓ પ્રોસેસર્સ, એગ્રિગેટર્સ, મોટા રિટેલર અને નિકાસકારો સાથે પારદર્શક રીતે કામ કરી શકાય તે માટે ખેડૂતો માટે કાયદાકીય માળખાની રચના થશે.
- ✓ આ માળખામાં ખેડૂતોનું જોખમ ઘટાડા, તેમના ઉત્પાદનનું પૂરતું વળતર અપાવવા અને ગુણવત્તાનાં ધોરણોનો સમાવેશ કરાશે

(૩) ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કૃષિ માર્કેટિંગ સુધારા

- ✓ અત્યારે ખેડૂતો એપીએમસીના લાઇસન્સધારક વેપારીઓને જ તેમની ઊપજો વેચવા બંધાયેલા છે
- ✓ બીજા કોઈ ઔદ્યોગિક ઉત્પાદનોનાં વેચાણ માટે આ પ્રકારનાં નિયંત્રણો અમલમાં નથી
- ✓ તેના પરિણામે કૃષિ ઉત્પાદનોનું મુક્ત રીતે વેચાણ કરવામાં અવરોધો આવે છે. ખેડૂતોને તેમની ઊપજની પૂરતી કિંમત મળતી નથી, તેથી સરકાર ખેડૂતો માટે વિશેષ કાયદો ઘડી કાઢશે
- ✓ ખેડૂત આકર્ષક કિંમત મળે ત્યાં પોતાની ઊપજનું વેચાણ કરી શકશે
- ✓ કોઈપણ અવરોધ વિના આંતરરાજ્ય વેપાર કરી શકાશે. કૃષિ ઉત્પાદનનાં ઇ-ટ્રેડિંગ માટે માળખું તૈયાર કરાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વાવાઝોડુ : અમ્ફાન / એમ્ફાન (કુદરતિ આપત્તિ)



(૧) બંગાળના અખાતમાં સર્જાઈ રહેલું અમ્ફાન વાવાઝોડુ

- ✓ સંભવિત અસર : પૂર્વ કાંઠાના ૮ રાજ્યો
- ✓ નામ આપનાર દેશ : થાઈલેન્ડ
- ✓ અમ્ફાનનો અર્થ : આકાશ

(૨) વોંગફોંગ :

- ✓ એશિયાઈ ટાપુ દેશ ફિલિપાઈન્સમાં ત્રાટકેલુ વૉંગફૉંગ વાવાઝોડુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. IBRD-વર્લ્ડ બેન્ક (આર્થિક સહાય)

- ✓ કોરોના સામે લડવા વિશ્વ બેન્ક દ્વારા ભારતને ૧ અબજ ડોલરની લોન
- ✓ અગાઉ પણ ૧ અબજ ડોલરની સહાય

THE WORLD BANK
IBRD • IDA | WORLD BANK GROUP

ઉપયોગ :

- ✓ કોરોનાને લગતા સરકારી કાર્યક્રમો માટે અને ખાસ કરીને શહેરી ગરીબો, માઈગ્રન્ટ મજૂરો, આર્થિક રીતે નબળા વર્ગનાં પરિવારોની સામાજિક સુરક્ષા અને સહાય માટે ભારતને મળનારી આ રૂ.૭,૬૦૦ કરોડની સહાયનો ઉપયોગ કરવાનો રહેશે. વર્લ્ડ બેન્ક , આ રીતે કોરોના સામે લડવા 3 ક્ષેત્રોમાં સહયોગ પુરો પાડશે.
- ✓ IBRD : ઈન્ટરનેશનલ બેન્ક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ

NDB એ પણ ભારતને ૧ અબજ ડોલરની મદદ કરી

- ✓ આ અગાઉ ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (NDB) દ્વારા પણ ભારતને કોરોના સામે લડવા ઇમરજન્સી સહાય પેટે ૧ અબજ ડૉલરની લોન અપાઈ છે.
- ✓ કોરોનાનો પ્રસાર રોકવા અને કોરોનાથી થનારા માનવીય, સામાજિક, આર્થિક નુકસાનને ઘટાડવા આ રકમનો ઉપયોગ કરાશે.

ADB દ્વારા ૧.૫ અબજ ડોલરની મદદ

- ✓ એશિયન વિકાસ બેન્ક દ્વારા પણ ભારતને કોરોના સામેના જંગ માટે ૧.૫ અબજ ડૉલરનું સહાય પેકેજ આપવામાં આવ્યું છે. જેનો ઉપયોગ આર્થિક અને સામાજિક નુકસાન રોકવા માટે કરવાનો રહેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારતીય નૌકાદળ (સંરક્ષણ)



ભારત સરકારે નૌકાદળ માટે U.S. પાસેથી કુલ 24 MH-60R ચોપર્સ ખરીદવા સોદો કર્યો

- ✓ **હેલિકોપ્ટરનું નામ:** MH-60 R
- ✓ **કંપની:** લોકહિડ માર્ટિન કંપની, USA
- ✓ **કુલ રકમ :** 90.5 કરોડ ડોલર
- ✓ **કાર્ય:** લડાયક ચોપર્સ ભારતના દરિયામાં ચીન અને પાકિસ્તાનની સબમરિન પર નજર રાખશે

- ✓ સંભવિત આવતા વર્ષે આ ચોપર્સ ભારતને મળશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ



(૧) આત્મનિર્ભર ભારત પેકેજ પાર્ટ વન :

- ✓ રૂ.૫,૯૪,૨૫૦ કરોડનો પહેલો બુસ્ટર ડોઝ
- ✓ રૂપિયા ૩ લાખ કરોડની કોલેટરલ ફ્રી ઓટોમેટિક લોન
- ✓ રૂપિયા ૨૦,૦૦૦ કરોડની સ્ટેસ્ડ એમએસએમઇ માટે ફાળવણી
- ✓ એમએસએમઇ ફંડ ઓફ ફંડ્સ દ્વારા રૂપિયા ૫૦,૦૦૦ કરોડનું ઇક્વિટી ઇન્ફ્યૂઝન
- ✓ રૂપિયા ૨૦૦ કરોડ સુધીના ટેન્ડરને ગ્લોબલ ટેન્ડર નહીં ગણાય
- ✓ બિઝનેસ અને કર્મચારીઓને રૂપિયા ૨,૫૦૦ કરોડની ઇપીએફ સહાય
- ✓ કર્મચારીઓ અને નોકરીદાતાઓને રૂપિયા ૬,૭૫૦ કરોડનો લિક્વિડિટી સપોર્ટ
- ✓ એનબીએફસી, હાઇસિંગ કોર્પોરેશન અને માઇક્રો ફાઇનાન્સ કંપનીઓ માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડની લિક્વિડિટી ફેસિલિટી
- ✓ ડિસ્કોમને રૂપિયા ૯૦,૦૦૦ કરોડની લિક્વિડિટી સહાય
- ✓ ટીડીએસ અને ટીસીએસ રિડક્શન દ્વારા રૂપિયા ૫૦,૦૦૦ કરોડની લિક્વિડિટી

(૨) આત્મનિર્ભર ભારત પેકેજ પાર્ટ ટુ :

- ✓ ૮ કરોડ પ્રવાસી શ્રમિકોને રૂપિયા ૩,૫૦૦ કરોડના ખર્ચે બે મહિના સુધી મફત અનાજ
- ✓ વન નેશન વન રેશન કાર્ડ સ્કીમ માર્ચ ૨૦૨૧ સુધીમાં સમગ્ર દેશમાં લાગુ
- ✓ પ્રવાસી શ્રમિકો અને શહેરી ગરીબો માટે સસ્તાં ભાડાંનાં મકાનો
- ✓ મુદ્રા શિશુ લોનધારકોને વ્યાજમાં રૂપિયા ૧,૫૦૦ કરોડની રાહત
- ✓ સ્ટ્રીટ વેન્ડર્સ માટે રૂપિયા ૫,૦૦૦ કરોડની સ્પેશિયલ ક્રેડિટ ફેસિલિટી
- ✓ ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ લંબાવતા હાઉસિંગ સેક્ટરને રૂપિયા ૭૦,૦૦૦ કરોડનો લાભ મળશે
- ✓ આદિવાસીઓને રોજગાર CAMPA માટે ટૂંકસમયમાં રૂપિયા ૬,૦૦૦ કરોડનાં ભંડોળની ફાળવણી
- ✓ NABARD દ્વારા ખેડૂતો માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડનું વધારાનું તાકીદનું ભંડોળ
- ✓ કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ૨.૫ કરોડ ખેડૂતોને રૂપિયા બે લાખ કરોડની ક્રેડિટ

(૩) આત્મનિર્ભર ભારત પેકેજ પાર્ટ થ્રી :

- ✓ ખેડૂતો માટે ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ માટે રૂપિયા ૧ લાખ કરોડનું એગ્રિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ

- ✓ નાની ફૂડ પ્રોડક્ટ કંપનીઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજના પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત માછીમારો માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડની ફાળવણી
- ✓ ૧૫,૦૦૦ કરોડનું પશુપાલન માળખાકીય વિકાસ ભંડોળ
- ✓ હર્બલ ખેતીને પ્રોત્સાહન માટે રૂપિયા ૪,૦૦૦ કરોડની ફાળવણી
- ✓ મધ ઉત્પાદન માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઈ
- ✓ તમામ ફળ અને શાકભાજીનો ઓપરેશન ગ્રીનમાં સમાવેશ
- ✓ ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કૃષિ માર્કેટિંગ સુધારા ૩
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. કોરોના વાઈરસ : આત્મનિર્ભરતા માટેનું કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ કિટ – 'એલાઈઝા' વિકસાવાઈ

- ✓ કિટ વિકસાવનાર સંસ્થા : ICMR અને NIV (પૂના)

અન્ય વિગત :

- ✓ દેશને કોરોના ટેસ્ટમાં આત્મનિર્ભર બનાવવા માટે ઘરઆંગણે જ સંશોધન શરૂ કરાયું હતું
- ✓ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈસ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી પૂણેના વૈજ્ઞાનિકોએ સ્વદેશી એન્ટિબોડી, ટેસ્ટ કિટ કોવિડ કવચ એલાઈઝા વિકસાવી
- ✓ ગુજરાતની ફાર્મા કંપની ઝાયડસ કેડિલાને તેનું માસ પ્રોડક્શન શરૂ કરવા કોન્ટ્રાક્ટ અપાયો છે.
- ✓ પ્રથમ બેચમાં કિટનું ટ્રાયલ સફળ રહેતા હવે 24000 લોકો પર સર્વેલન્સ ટ્રાયલ કરવામાં આવશે.
- ✓ આ કિટની સૌથી મોટી ખાસિયત એ છે કે એક વખતમાં 90 ટેસ્ટ માત્ર અઢી કલાકમાં થઈ શકશે.
- ✓ રેપિડ ટેસ્ટ કિટની પોઝિટિવ શોધવાનો રેટ 98.7 ટકા છે જ્યારે કોઈ પણ કેસ ખોટા પોઝિટિવ નહીં આપે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ગાર્ડનર પિનાન્સલ- USA

વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જ્વાળામુખી (ભૂગોળ)



- ✓ સ્થાન : હવાઈ ટાપુ USA

વિશેષતા :

- ✓ ઊંચાઈ - ૪૫૦૦ મીટર
- ✓ જથ્થો - ૧.૫ ઘન કિલોમીટર
- ✓ તાપમાન-૬.૫ કરોડ વર્ષથી ગરમ રહ્યો છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. દિન વિશેષ : ૧૫ મે

વિશ્વ પરિવાર દિવસ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : ૧૫ મે

અમર શહિદ સુખદેવ થાપર



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૫-૨૦૨૦)

1. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત કુલ કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - **રૂ.૧,૬૨,૮૪૩ કરોડ**
2. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત મુખ્ય કયા ક્ષેત્રો માટે વિવિધ જાહેરાત કરવામાં આવી - **કૃષિ, પશુપાલન, ડેરી ઉદ્યોગ, મત્સ્યપાલન, મધમાખી ઉછેર વગેરે**
3. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત નાના અને સીમાંત ખેડૂતોને ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા કેટલા રૂપિયાના એગ્રિ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની તાત્કાલિક રચના કરાશે - **રૂપિયા ૧ લાખ કરોડ**
4. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત નાની ફૂડ પ્રોડક્ટ કંપનીઓ માટે કેટલા રૂપિયાની યોજના જાહેર કરાઈ – **રૂ. ૧૦,૦૦૦ કરોડ**
5. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત કઈ યોજના થકી માછીમારો માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી - **પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના**
6. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત પશુપાલનના માળખાકીય વિકાસ માટે કેટલું ભંડોળ અપાશે - **૧૫,૦૦૦ કરોડ**
7. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત હર્બલ ખેતીને પ્રોત્સાહન માટે કેટલા રૂપિયાની ફાળવણી કરાઈ - **રૂપિયા ૪,૦૦૦ કરોડ**
8. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત મધ ઉત્પાદન માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ - **રૂપિયા ૫૦૦ કરોડ**
9. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત ઓપરેશન ગ્રીનમાં કોનો સમાવેશ કરાયો - **તમામ ફળ અને શાકભાજી**
10. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કયા ક્ષેત્રમાં ત્રણ મહત્વના સુધારા કરાયા - **કૃષિ માર્કેટિંગ**
11. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત કૃષિ, મત્સ્યપાલન, ડેરી ઉદ્યોગ, પશુપાલન અને સંલગ્ન

પ્રવૃત્તિઓ માટે કુલ કેટલા પગલાંની ઘોષણા કરી - **૧૧ પગલાં**

12. વડાપ્રધાન મોદીના વોકલ ફોર લોકલના આહ્વાનને પરિપૂર્ણ કરવા કોના માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજનાની જાહેરાત કરાઈ - **માઇક્રો ફૂડ કંપનીઓ**
13. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત દેશના પશુધનનાં સંરક્ષણ માટે અને તેમને બીમારીઓથી બચાવવા સરકારે કયા પ્રોગ્રામની જાહેરાત કરી-**નેશનલ એનિમલ ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ**
14. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત નેશનલ એનિમલ ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી- રૂ.**૧૩,૩૪૩ કરોડ**
15. નેશનલ એનિમલ ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત દેશના કેટલા ટકા પશુધનનું રસીકરણ કરાશે – **૧૦૦ ટકા**
16. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત આગામી બે વર્ષમાં કેટલી જમીનને હર્બલ ખેતી અંતર્ગત આવરી લેવાશે જેના કારણે ખેડૂતોને રૂપિયા ૫,૦૦૦ કરોડની આવક થશે - **૧૦ લાખ હેક્ટર**
17. ગંગા નદીના કિનારા પર ૮૦૦ હેક્ટર જમીન પર કયો કોરિડોર તૈયાર કરાશે - **મેડિસિનલ પ્લાન્ટ્સ**
18. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત મધ ઉત્પાદન કરતા ખેડૂતો માટે રૂપિયા ૫૦૦ કરોડની ફાળવણી કરી છે જે અંતર્ગત કયા સેન્ટરો વિકસાવાશે - **બીકિપિંગ ડેવલપમેન્ટ સેન્ટર, માર્કેટિંગ અને સ્ટોરેજ સેન્ટરો**
19. ઓપરેશન ગ્રીન અંતર્ગત સ્ટોરેજ પર કેટલા ટકા અને સરપ્લસ માર્કેટથી ખાધ ધરાવતા માર્કેટ સુધીના પરિવહનમાં કેટલા ટકાની સબસિડી અપાશે - **૫૦ ટકા અને ૫૦ ટકા**
20. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૩ અંતર્ગત આવશ્યક ચીજવસ્તુ ધારામાં ક્યા મોટા વહિવટી સુધારા કરાશે - **(૧) શાસન-વહીવટી સુધારા, (૨) કૃષિ ઉત્પાદનની કિંમત અને ગુણવત્તાની ખાતરી, (૩) ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કૃષિ માર્કેટિંગ સુધારા**
21. ખેડૂતોને ઊપજની સારી કિંમત મળી રહે તે માટે ક્યા એક્ટમાં સુધારા કરાશે - **એસેન્શિયલ કોમોડિટી એક્ટ**
22. દેશમાં અછતના સમયમાં ક્યો એક્ટ લાગુ કરાયો હતો - **એસેન્શિયલ કોમોડિટી એક્ટ ૧૯૫૫**
23. મે-૨૦૨૦માં બંગાળના અખાતમાં સર્જાયેલા કયા વાવાઝોડાથી દેશના પૂર્વ કાંઠાના ૮ રાજ્યોને અસર થઈ – **અમ્ફાન/ એમ્ફાન વાવાઝોડુ**
24. મે-૨૦૨૦માં બંગાળના અખાતમાં સર્જાયેલા રહેલા વાવાઝોડાને અમ્ફાન/ એમ્ફાન નામ કયા દેશે આપ્યું હતુ - **થાઈલેન્ડ**
25. થાઈ ભાષામાં અમ્ફાનનો અર્થ શો થાય છે - **આર્કાઈવ્ઝ**
26. મે-૨૦૨૦માં એશિયાઈ ટાપુ દેશ ફિલિપાઈન્સમાં ત્રાટકેલુ વાવાઝોડાનું નામ જણાવો - **વૉંગફૉંગ**
27. મે-૨૦૨૦માં કોરોના સામે લડવા વિશ્વ બેન્ક દ્વારા ભારતને કેટલા ડોલરની સહાય આપવાની જાહેરાત કરી - **૧ અબજ**
28. IBRDનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટરનેશનલ બેન્ક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ**
29. ભારત સરકારે નૌકાદળ માટે U.S. પાસેથી કુલ કેટલા MH-60R ચોપર્સ ખરીદવા સોદો કર્યો - **24**
30. ભારત સરકારે નૌકાદળ માટે U.S. પાસેથી કુલ 24 MH-60R ચોપર્સ ખરીદવા સોદો કર્યો તે બનાવનાર કંપનીનું નામ જણાવો - **લોકહિડ માર્ટિન કંપની, USA**
31. ભારત સરકારે નૌકાદળ માટે U.S. પાસેથી MH-60R ચોપર્સ ખરીદવા સોદો કર્યો તેનું કાર્ય જણાવો - **ભારતના દરિયામાં ચીન અને પાકિસ્તાનની સબમરિન પર નજર રાખશે**
32. કોરોના વાઈરસ, આત્મનિર્ભરતા માટે કઈ કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ કિટ વિકસાવાઈ - **'એલાઈઝા'**
33. કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ 'એલાઈઝા' કિટ વિકસાવનાર સંસ્થાનું નામ જણાવો - **ICMR અને NIV (પૂના)**
34. મહારાષ્ટ્રના પૂના સ્થિત NIV સંસ્થાનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી**
35. ગુજરાતની કઈ કંપનીને કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ 'એલાઈઝા' કિટના ઉત્પાદન કરવાનો કોન્ટ્રાક્ટ અપાયો - **ફાર્મા કંપની ઝાયડસ કેડિલા**

36. કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ 'એલાઈઝા' કિટની સૌથી મોટી ખાસિયત જણાવો - **એક વખતમાં 90 ટેસ્ટ માત્ર અઢી કલાકમાં થઈ શકશે**
37. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખીનું નામ જણાવો - **ગાર્ડનર પિનાન્સલ(USA)**
38. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખી ગાર્ડનર પિનાન્સલ ક્યાં આવેલો છે - **હવાઈ ટાપુ(USA)**
39. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખી ગાર્ડનર પિનાન્સલની ઊંચાઈ જણાવો - **૪૫૦૦ મીટર**
40. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખી ગાર્ડનર પિનાન્સલનો જથ્થો જણાવો - **૧.૫ ઘન કિલોમીટર**
41. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખી ગાર્ડનર પિનાન્સલનું તાપમાન જણાવો - **૬.૫ કરોડ વર્ષથી ગરમ**
42. વિશ્વ પરિવાર દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **૧૫ મે**
43. અમર શહિદ સુખદેવ થાપરનો જન્મ દિવસ જણાવો - **૧૫ મે**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 16-05-2020



૧. આત્મનિર્ભર ભારત અભિયાન : પેકેજ-૦૪ (આર્થિક)





કયા ક્ષેત્રને લાભ

- ✓ કોલસા, ખનીજ, સંરક્ષણ, એરસ્પેસ, વીજકંપનીઓ, સ્પેસ અને ઓટોમેટિક એનર્જી સેકટરમાં વ્યાપક માળખાકીય સુધારાની ઘોષણા

હાઈલાઈટ્સ

- ✓ એમ્પાવર્ડ ગ્રૂપ ઓફ સેક્રેટરીઝ દ્વારા ફાસ્ટ ટ્રેક ઇન્વેસ્ટમેન્ટને ઝડપથી મંજૂરી અપાશે, રોકાણકારો સંકલન સાધવા દરેક મંત્રાલયમાં પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની રચના કરાશે
- ✓ સંરક્ષણ ઉત્પાદનમાં ઓટોમેટિક રૂટ અંતર્ગત એફડીઆઇ લિમિટ ૪૯ ટકાથી વધારી ૭૪ ટકા કરાશે, શસ્ત્રોની આયાત પર ઉત્તરોતર પ્રતિબંધ લદાતો રહેશે



- ✓ ૩,૩૭૬ ઔદ્યોગિક પાર્ક, એસ્ટેટ અને સેઝમાં ઉપલબ્ધ પાંચ લાખ હેક્ટર જમીન ઉદ્યોગો સ્થાપવા અપાશે, ૨૦૨૦-૨૧માં તમામ ઇન્ડસ્ટ્રિયલ પાર્કનું રેન્કિંગ
- ✓ ડિસ્કોમની બિનકાર્યક્ષમતાનો બોજો ગ્રાહકો પર નહીં આવે, કેન્દ્રશાસિત પ્રદેશોમાં વીજળી વિભાગો અને કંપનીઓનું ખાનગીકરણ કરવાનો નિર્ણય
- ✓ સેટેલાઇટ લોન્ચ અને અંતરિક્ષ આધારિત સેવાઓમાં પ્રાઇવેટ કંપનીઓને આમંત્રણ, ઇસરોની સુવિધાઓ અને અન્ય સંબંધિત એકમોનો ઉપયોગ કરવાની પરવાનગી
- ✓ ખનીજ સેક્ટરમાં પ્રાઇવેટ મૂડીરોકાણ વધારાશે, ખાનગી કંપનીઓને પારદર્શક હરાજી પ્રક્રિયા દ્વારા ૫૦૦ ખાણની ઓફર કરાશે, બોક્સાઈટ અને કોલસા ખાણની સંયુક્ત હરાજી થશે
- ✓ ભારતીય એરસ્પેસના ઉપયોગ પરના નિયંત્રણો હળવા બનાવાશે એવિએશન સેક્ટરને રૂપિયા ૧૦૦૦ કરોડનો લાભ થશે, ત્રણ રાઉન્ડમાં ૧૮ એરપોર્ટનું ખાનગીકરણ કરાશે



કોલસા સેક્ટરમાં પ્રાઇવેટ સેક્ટરની ભાગીદારી શરૂ કરાશે

- ✓ કોલસાની આયાતમાં ઘટાડો કરી કોલસાના ઉત્પાદનમાં સ્વનિર્ભરતા વધારવાની જરૂર
- ✓ સરકાર કોલસા સેક્ટરમાં સ્પર્ધા, પારદર્શકતા અને પ્રાઇવેટ સેક્ટરની ભાગીદારી શરૂ કરશે
- ✓ આ માટે પ્રતિ ટન રૂપિયાના સ્થાને મહેસૂલ વહેંચણીની વ્યવસ્થા ગોઠવાશે, અગાઉ એન્ડ-યૂઝ માલિકી સાથેના કેપ્ટિવ કસ્ટમર જ નિવિદા ભરી શક્તા હતા
- ✓ હવે કોઇ પણ કંપની કોલસાની ખાણ માટે નિવિદા ભરી શકશે, કોલસો ખુલ્લા બજારમાં વેચી શકશે, કોલસાના બિઝનેસમાં એન્ટ્રી નિયમો હળવા કરાશે
- ✓ શરૂઆતમાં ૫૦૦ કોલસાની ખાણો ઓફર કરાશે
- ✓ યોગ્યતાની કોઇ શરતો નહીં, ફક્ત સીલિંગ સાથેની ચુકવણી કરવાની રહેશે

માળખાકીય વિકાસ માટે રૂ. ૫૦,૦૦૦ કરોડની જોગવાઇ

- ✓ મહેસૂલી હિસ્સેદારીમાં વળતર દ્વારા કોલ ગેસિફિકેશન-લિક્વિફેકિશન માટે લાભ અપાશે
- ✓ પ્રાઇવેટ ખાણોમાંથી કોલસાના ઉત્પાદન અને કોલ ઇન્ડિયાના વર્ષ ૨૦૨૩-૨૪

સુધીમાં ૧ અબજ ટન કોલસા ઉત્પાદનના લક્ષ્યાંકને પૂરું કરવા

- ✓ ખાણથી રેલવે સાઇડિંગ સુધી કન્વેયર બેલ્ટ દ્વારા કોલસાને પહોંચાડવા રૂપિયા ૧૮૦૦૦ કરોડનું રોકાણ કરાશે
- ✓ કોલ ઇન્ડિયા લિમિટેડની ખાણોમાંથી કોલ બેડ મિથેન કાઢવાના અધિકારની હરાજી કરાશે



- ✓ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટે માઇનિંગ પ્લાનને ઓનલાઇન અપલોડ કરી શકાય તેવો બનાવાયો છે
- ✓ આંશિક રીતે શોધાયેલી ખાણો માટે સંશોધન અને ઉત્પાદનની વ્યવસ્થા અમલમાં આવશે
- ✓ અગાઉ ફક્ત સંપૂર્ણ રીતે શોધાયેલી કોલસાની ખાણની જ હરાજી થતી હતી, હવે આંશિક શોધાયેલી ખાણની પણ હરાજી થશે
- ✓ કોલસાની ખાણ શોધવામાં પ્રાઇવેટ સેક્ટરની ભાગીદારીને પરવાનગી અપાશે
- ✓ સમયમર્યાદા કરતાં પહેલાં ઉત્પાદન પૂરું કરી લેનારી કંપનીને મહેસૂલ વહેંચણીમાં વળતરનો લાભ અપાશે
- ✓ ઓનલાઈન અપલોડ કરી શકાય તેવો બનાવાયો છે.
- ✓ તેના દ્વારા વાર્ષિક ઉત્પાદનમાં ૪૦ ટકાનો આપોઆપ વધારો થશે
- ✓ કોલ ઇન્ડિયાના ગ્રાહકોને કોમર્શિયલ ટર્મ્સમાં રાહત, રૂપિયા ૫૦૦૦ કરોડની રાહત અપાશે
- ✓ કોલસાના નોન પાવર ગ્રાહકો માટે હરાજીમાં રિવર્સ પ્રાઇસ ઘટાડાઇ, ક્રેડિટની શરતો હળવી બનાવાઇ, લિફ્ટિંગ પિરિયડમાં વધારો કરાયો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વૈશ્વિક સંબંધો : US ભારતને ૨૦૦ વેન્ટિલેટર્સ ભેટમાં આપશે

- ✓ કિંમત : 2.6 મિલિયન ડોલર (પ્રતિ નંગ કિંમત 13,000 ડોલર)
- ✓ કોરોના વેક્સિન બનાવવા ભારત અને અમેરિકા સાથે મળીને કામ કરશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. પ્રવાસી શ્રમિકો માટે : કેન્દ્ર સરકાર દ્વારા 'નેશનલ માઈગ્રન્ટ ઈન્ફોસિસ્ટમ' પોર્ટલ લોન્ચ

હેતુ : શ્રમિકોને આવાગમન સરળ બનાવવા અને તેની માહિતી માટે

ડેશબોર્ડમાં શું હશે?

✓ રાજ્ય પોર્ટલ પર શ્રમિકોને મોકલનારા અને બોલાવનારા રાજ્ય એકબીજાને માહિતી આપી શકશે.

✓ પોર્ટલ પર શ્રમિકોના નામ, વય, મોબાઈલ નંબર, તેમની જવાની તારીખ અને પ્રવાસની તારીખ પણ હશે જેથી ખ્યાલ આવશે કે કયા રાજ્યમાંથી કેટલા શ્રમિકો ગયા અને આવ્યા.

✓ મોબાઈલ નંબરથી શ્રમિક પર નજર રાખી શકાશે.

✓ સંસ્થા : NDMA-નવી દિલ્હી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. આત્મનિર્ભર ભારત (આર્થિક) :

આઝાદી બાદ અત્યારસુધીના સૌથી મોટા આત્મનિર્ભર પગલાં

(૧) હરિયાળી ક્રાંતિ (ગ્રીન) :

✓ હરિયાળી ક્રાંતિ મુખ્યત્વે દેશમાં કૃષિ ઉત્પાદન વધારવા માટે લાગુ કરાયેલી આર્થિક નીતિ હતી. તે અંતર્ગત કૃષિ પાક માટે ગુણવત્તાયુક્ત બીજોના પ્રયોગને મહત્વ અપાયું હતું.

તેની જરૂર કેમ પડી ?

✓ વર્ષ 1947માં દેશની વસતી આશરે 30 કરોડ હતી, પરંતુ ખાદ્યાન્ન ઉત્પાદન ઓછું થવાના કારણે માંગ સંતોષવી અશક્ય હતી. એટલે ખાદ્યાન્ન ઉત્પાદનને પ્રોત્સાહન આપવા કૃષિ જિલ્લા યોજના શરૂ કરાઈ. 1966-67માં તેને હરિયાળી ક્રાંતિના રૂપમાં સત્તાવાર રીતે અપનાવાઈ.

તેનો પ્રભાવ

✓ વર્ષ 1968માં ઘઉંનું ઉત્પાદન 170 લાખ ટન થઈ ગયું, જે એ સમયનો રેકોર્ડ હતું. 2019માં દેશમાં 102.19 મિલિયન ટન ઘઉંનું ઉત્પાદન થયું. 2026 સુધી ભારત ઘઉં ઉત્પાદનમાં નં. 1 બની શકે છે.

(૨) શ્વેત ક્રાંતિ (વ્હાઈટ) :

✓ વર્ષ 1965માં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડની સ્થાપના કરાઈ. તેમાં વિશ્વ ખાદ્ય કાર્યક્રમ હેઠળ દૂધ પાઉડર અને બટર ઓઈલના વેચાણ સાથે ઓપરેશન ફ્લડની શરૂઆત કરાઈ.

તેની જરૂર કેમ પડી ?

✓ તેનો હેતુ ગ્રામીણ આવકમાં સુધારો કરવાનો, દૂધ ઉત્પાદનમાં આગળ વધવાનો અને ગ્રાહકો ઉત્પાદકો માટે સંતુલિત મૂલ્ય વ્યવસ્થા રચવાનો હતો. 1951-52થી 1971-72 સુધી બે દસકામાં જ

દેશમાં દૂધ ઉત્પાદન 1.7 કરોડ ટનથી વધીને 2.2 કરોડ ટન થઈ ગયું. આ ક્રાંતિ લક્ષ્ય પૂરા કરવામાં સફળ રહી.

તેનો પ્રભાવ :

✓ કેન્દ્ર સરકારના પશુપાલન , ડેરી અને મત્સ્ય પાલન દ્વારા 2019 માં એક પ્રશ્નના જવાબમાં આપેલી માહિતી પ્રમાણે , ભારત દૂધ ઉત્પાદનમાં દુનિયામાં અગ્રણી દેશ બની ગયો છે .

3. વાદળી ક્રાંતિ (બ્લ્યૂ) :

✓ એક પેકેજ પ્રોગ્રામ દ્વારા માછલી અને સમુદ્ર ઉત્પાદનોમાં કરાતો વિકાસ વાદળી ક્રાંતિ તરીકે ઓળખાતો. ભારતમાં તેની શરૂઆત સાતમી પંચવર્ષીય યોજનાથી થઈ હતી.

તેની જરૂર કેમ પડી ?

✓ તેનો મુખ્ય હેતુ રોજગારી વધારવાનો હતો. તે અંતર્ગત આઠમી પંચવર્ષીય યોજના (1992-97) દરમિયાન મરીન ફિશરીઝ પ્રોગ્રામ શરૂ કરાયો. તેમાં બહુરાષ્ટ્રીય કંપનીઓના સહકારને પણ પ્રોત્સાહન અપાયું. ઉત્પાદન વધારવાની સાથે પ્રજાતિમાં સુધારા માટે મોટી સંખ્યામાં સંશોધન કેન્દ્રો પણ સ્થાપવામાં આવ્યા.

તેનો પ્રભાવ :

✓ માછલી અને તેને લગતા ઉત્પાદનોમાં છેલ્લા દસકામાં ભારતે સરેરાશ 14.8 ટકાનો વિકાસદર હાંસલ કર્યો છે, જ્યારે એ ગાળામાં આ ક્ષેત્રનો વૈશ્વિક વિકાસદર સરેરાશ ફક્ત 7.5 ટકા હતો.

4. 1991ના આર્થિક સુધારા :

✓ 21 જૂન 1991ના રોજ નરસિમ્હારાવ સરકારે ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીની નવી નીતિ જાહેર કરી, જેમાં આયાત માટે લાયસન્સની જટિલ પ્રક્રિયાને સરળ બનાવી દેવાઈ હતી

1991 પહેલા :

✓ લાયસન્સ રાજના કારણે વિદેશી રોકાણકારો નહીવત હતા. ભારતનું અર્થતંત્ર બંધ હતું.

✓ આર્થિક સુધારા પહેલા દેશમાં ગરીબી 0.44 ટકાના દરે ઘટતી હતી.

✓ 1991માં ભારતનો કુલ જીડીપી 266 બિલિયન ડૉલર હતો.

2020માં અત્યાર સુધી :

✓ વિદેશી રોકાણના મામલામાં ભારત ટોપ 10 દેશમાં સામેલ થઈ ચૂક્યું છે.

✓ વર્લ્ડ બેંકના 2019ના રિપોર્ટ પ્રમાણે, ગરીબી દર ભારતમાં અડધો થઈ ગયો છે.

✓ છેલ્લા નાણાકીય વર્ષમાં દેશનો જીડીપી 2.59 ટ્રિલિયન ડૉલર હતો.

આત્મનિર્ભરતા માટે કેન્દ્રની વર્તમાન સરકાર દ્વારા ૨૦૧૪થી અત્યાર સુધી લીધેલા મહત્વના પગલાં

5. સ્ટાર્ટઅપ ઈન્ડિયા 16 જાન્યુઆરી, 2016 :

- ✓ **બજેટ:** રૂ.10 હજાર કરોડના કોષ સાથે ફંડ ઓફ ફંડ્સની સ્થાપના કરાઈ છે. કેન્દ્રનો ડીપીઆઈઆઈટી વિભાગ આ યોજનાની દેખરેખ રાખતી સંસ્થા તરીકે કામ કરે છે.
- ✓ **ફાયદો:** 28,979 સ્ટાર્ટઅપ્સને 1 માર્ચ, 2020 સુધી માન્યતા

6. મેક ઈન ઈન્ડિયા -25 સપ્ટેમ્બર 2014 :

- ✓ **બજેટ :** મેક ઈન ઈન્ડિયાનો હેતુ ભારતને વૈશ્વિક ઉત્પાદન હબ બનાવવાનો છે. 2020-21ના બજેટમાં આ યોજના માટે રૂ.1,281.91 કરોડનું બજેટ અપાયું હતું.
- ✓ **ફાયદો:** 49 બિલિયન ડોલર 2019-20 સુધી એફડીઆઈપહોંચી ગઈ

7. મુદ્રા યોજના -8 એપ્રિલ 2015 :

- ✓ યુવાનોને સ્વરોજગાર માટે સહાયતા આપવા માટે આ યોજના શરૂ કરાઈ હતી. તેના માટે 2018ના બજેટમાં તત્કાલીન નાણામંત્રીએ રૂ.3 લાખ કરોડની જોગવાઈ કરી હતી.
- ✓ **ફાયદો:** 3.23 લાખ કરોડ રૂપિયાની લોન અત્યાર સુધી સ્વીકૃત થઈચૂકી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૪ મહત્વના અંશો :

આત્મનિર્ભર ભારત અધ્યાય-૪:મહત્વના અંશો

સંરક્ષણ :



- ✓ ડિફેન્સ મેન્યુફેકચરિંગ સેક્ટરમાં એફડીઆઇની મર્યાદા ૪૯ ટકાથી વધારી ૭૪ ટકા
- ✓ સરકારે કેટલાક હથિયારોની યાદી બનાવી જેની આયાત કરી શકાશે નહીં
- ✓ સંરક્ષણ ખરીદીને લગતા નિર્ણયો ઝડપથી લેવામાં આવશે
- ✓ સરકાર ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડનું કોર્પોરાઇટેઝેશન કરવામાં આવશે.

નાગરિક ઉડ્ડયન :

- ✓ વધુ છ એરપોર્ટનું ખાનગીકરણ કરવામાં આવશે

- ✓ ભારતને એરક્રાફ્ટ મેઇન્ટેનન્સ, રિપેર અને ઓવરહોલ (એમઆરઓ) માટેનું વૈશ્વિક હબ બનાવવામાં આવશે
- ✓ નાગરિક ઉડ્ડયન સેક્ટર માટે વધારે એર સ્પેસ ખુલ્લી મૂકવામાં આવશે. જેના કારણે ભારતીય એરલાઈન્સને ૧૦૦૦ કરોડ રૂપિયાની બચત થશે.

કોલ અને માઈનિંગ :

- ✓ કોલ સેક્ટરમાં કોમર્શિયલ માઇનિંગને મંજૂરી
- ✓ કોલ સેક્ટરના માળખાના વિકાસ માટે ૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરાશે
- ✓ ખાનગી કંપનીઓના પ્રવેશને સરળ બનાવાશે, ૫૦ બ્લોક તાત્કાલિક ફાળવાશે
- ✓ બોક્સાઇટ અને કોલમિનરલ બ્લોકની સંયુક્ત હરાજી શરૂ કરાશે

વીજળી વિતરણ :

- ✓ કેન્દ્ર શાસિત પ્રદેશમાં કાર્યરત વીજળી વિતરણ કંપનીઓનું ખાનગીકરણ કરવામાં આવશે.
- ✓ વીજ કંપનીઓ માટે નવી ટેરિફ નીતિનું ઘડતર કરવામાં આવશે જેથી ગ્રાહકોના હિતોનું રક્ષણ થાય.

સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રકચર :

- ✓ સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં ખાનગી સેક્ટરનું રોકાણ વધારવા માટે ૮૧૦૦ કરોડ રૂપિયાની રેવમ્પડ વાયાબિલિટી ગેપ ફંડિગ સ્કીમ શરૂ કરવામાં આવશે. જેમાં હોસ્પિટલને પણ આવરી લેવામાં આવશે.



- ✓ આ સ્કીમમાં સરકારના ફંડની રકમ ૨૦ ટકાથી વધારી ૩૦ ટકા કરવામાં આવશે.

અવકાશ સેકટર :

- ✓ ખાનગી કંપનીઓ પણ સેટેલાઇટ લોન્ચ કરી શકશે
- ✓ ખાનગી કંપનીઓ ઇસરોની સુવિધાઓનો ઉપયોગ કરી શકશે.

એટોમિક એનર્જી :

- ✓ મેડિકલ આઇસોટોપ્સના ઉત્પાદન માટે પીપીપી મોડ હેઠળ રિસર્ચ રિએક્ટરની રચના કરાશે જેના કારણે કેન્સર સહિતના રોગોની સસ્તા દરે સારવાર ઉપલબ્ધ બનશે
- ✓ ફૂડ પ્રિઝરવેશન માટે ઇરરેડિએશન ટેકનોલોજીનો ઉપયોગ કરવા પીપીપી મોડ હેઠળ એકમોની રચના કરાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : ૧૬ મે

રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ



- ✓ **<u>પ્રભાવિત દેશો :</u>** ૧૨૯
- ✓ **<u>રોગનો વાહક:</u>**એડિસ ઈજીપ્તી માદા મચ્છર
- ✓ ડેન્ગ્યુ રોગ વિશે જાગૃતતા લાવવા તથા ટ્રાન્સમિશન સીઝન શરૂ થાય તે પહેલાં દેશમાં રોગના નિયંત્રણ માટે નિવારક પગલાંને વેગ આપવા ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની ભલામણ સાથે ૧૬ મી મેના રોજ 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'ની ઉજવણી કરવામાં આવે.
- ✓ ડેન્ગ્યુ ફિવર (ડીએફ) એ વિષાણું (વાયરસ) થી થતો અને મચ્છર દ્વારા ફેલાતો રોગ છે.
- ✓ ડેન્ગ્યુ ફિવરના ગંભીર પ્રકારને ડેન્ગ્યુ હેમરેજીક ડિવર (ડી.એચ.એફ.) અને ડેન્ગ્યુ શોક સીન્ડ્રોમ (ડીએસએસ) તરીકે ઓળખાય છે.
- ✓ ડેન્ગ્યુ તાવના વાયરસ ફલેવી વાયરસ પ્રકારના છે અને તે સીરોટાઇપ ૧, ૨, ૩ અને ૪ (ડેન્ગ્યુ ૧, ૨ ૩ અને ૪) તરીકે ઓળખાય છે.
- ✓ ડેન્ગ્યુનો મચ્છર (એડિસ) ચોખ્ખા પાણીમાં ઘરની અંદર રહેલ નાના-નાના પાત્રોમાં ઈંડા મુકે છે. તેના પોરા પાણીમાં ખુણો બનાવીને, જાણે ઊંધે માથે લટકતી સ્થિતિમાં તરે છે. તેને નરી આંખે સહેલાઈથી જોઈ શકાય છે.
- ✓ આ મચ્છર ટાઈગર મચ્છર તરીકે જાણીતો છે. રંગે કાળો અને શરીરના પૃષ્ઠ ભાગ પર સફેદ રંગના ટપકા ધરાવે છે, અને આ મચ્છર ચેપી હોય તો ડેન્ગ્યુનો રોગ ફેલાવે છે. જયાં ઉત્પન્ન થાય છે. ત્યાં જ રોગ ફેલાવે છે.
- ✓ તેની ઉડ્ડયન ક્ષમતા ઓછી, આશરે ૧૦૦ મીટર હોવાથી, આ મચ્છર ઘર કે કાર્યસ્થળે પાણીના સંગ્રહસ્થાનોમાં ઇંડા મુકતા જોવા મળે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૫-૨૦૨૦)</u>

1. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા પેકેજ -04માં કેટલી રકમ ફાળવવામાં આવી છે - **<u>અંદાજે ૩.1.63 લાખ કરોડ</u>**
2. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા પેકેજ-04 માં મુખ્યત્વે કયા ક્ષેત્રોને લાભ આપવામાં આવ્યો છે - **<u>કોલસા, ખનીજ, સંરક્ષણ, એર સ્પેસ , વીજ કંપનીઓ, સ્પેસ અને એટોમિક એનર્જી.</u>**

3. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા પેકેજ-04 સંરક્ષણ ઉત્પાદનમાં ઓટોમેટિક રૂટ દ્વારા એફડીઆઈની મર્યાદા વધારીને કેટલા ટકા કરાઈ- **49% થી વધારી 74%**
4. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત દેશમાં આગામી સમયમાં કેટલા હેક્ટર જમીનમાં ઉદ્યોગો સ્થાપવા માટે ફાળવવામાં આવશે- **5 લાખ હેક્ટર**
5. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત દેશમાં કુલ ત્રણ રાઉન્ડમાં કેટલા એરપોર્ટનું ખાનગીકરણ કરાશે- **18**
6. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ખાનગી કંપનીઓને પારદર્શક હરાજી પ્રક્રિયા દ્વારા કેટલી બોકસાઈટ અને કોલસાની ખાણની ઓફર કરાશે- **500**
7. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત કોલ સેક્ટરના વિકાસ માટે કેટલી રકમની ફાળવણી કરાઈ- **રૂ.50,000**
8. કોલ ઇન્ડિયાના વર્ષે 2023-24 સુધીમાં કોલસા ઉત્પાદન કેટલું લક્ષાંક નક્કી કરાયું છે- **1 અબજ ટન**
9. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ભારતને એરોસ્પેસ ક્ષેત્રે કોનુ વૈશ્વિક હબ બનાવવામાં આવશે- **એર ક્રાફ્ટ મેઈન્ટેનન્સ, રીપેર અને ઓવરહોલ**
10. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ભારતમાં સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કેટલા કરોડની ફાળવણી કરાઈ- **રૂ. 8100 કરોડ**
11. . આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૪ અંતર્ગત ભારતીય એરસ્પેસના ઉપયોગ પરના નિયંત્રણો હળવા બનાવાશે જેને લીધે એવિએશન સેક્ટરને કેટલા રૂપિયાનો લાભ થશે - **રૂપિયા ૧૦૦૦ કરોડ**
12. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૪ અંતર્ગત કયા પ્રદેશોમાં વીજ કંપનીઓનું ખાનગીકરણ કરાશે – **કેન્દ્રશાસિત પ્રદેશ**
13. ખાણથી રેલવે સાઇડિંગ સુધી કન્વેયર બેલ્ટ દ્વારા કોલસાને પહોંચાડવા કેટલા રૂપિયાનું રોકાણ કરાશે - **રૂપિયા ૧૮૦૦૦ કરોડ**
14. .અમેરિકા દ્વારા ભારતને કેટલા નંગ વેન્ટિલેટર્સ ભેટમાં આપવામાં આવશે- **200**
15. તાજેતરમાં કોરોના મહામારી સામે લડવા કયા દેશ દ્વારા ભારત સાથે મળીને વેક્સિન બનાવવાની જાહેરાત કરી છે- **અમેરિકા**
16. US ભારતને ૨૦૦ વેન્ટિલેટર્સ ભેટમાં આપશે તેની અંદાજિત કિંમત જણાવો - **2.6 મિલિયન ડોલર (પ્રતિ નંગ કિંમત 13,000 ડોલર)**
17. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પ્રવાસી શ્રમિકોના આવાગમનની માહિતી માટે કયું નવું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે - **"નેશનલ માઈગ્રન્ટ ઇન્ફોસિસ્ટમ પોર્ટલ"**
18. "નેશનલ માઈગ્રન્ટ ઇન્ફોસિસ્ટમ પોર્ટલ" કોના દ્વારા લોન્ચ કરાયું- **NDMA**
19. કેન્દ્ર સરકાર દ્વારા પ્રવાસી શ્રમિકો માટે લોન્ચ કરવામાં આવેલ 'નેશનલ માઈગ્રન્ટ ઈન્ફોસિસ્ટમ'નો હેતુ જણાવો - **શ્રમિકોને આવાગમન સરળ બનાવવા અને તેની માહિતી માટે**
20. ભારતમાં હરિયાળી ક્રાંતિનો પ્રારંભ કયા વર્ષે થયો હતો- **1966-67**
21. દેશમાં કૃષિ ઉત્પાદન વધારવા માટે કઈ આર્થિક નીતિ લાગૂ કરાઈ હતી - **હરિયાળી (ગ્રીન) ક્રાંતિ**
22. ભારતને આત્મનિર્ભર બનાવવા "સ્ટાર્ટ અપ ઇન્ડિયા"નો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો હતો - **16 જાન્યુઆરી 2016**
23. ભારતને વધુ આત્મનિર્ભર બનાવવા "મેઈક ઇન ઇન્ડિયા"નો શુભારંભ ક્યારે કરવામાં આવ્યો હતો - **25 સપ્ટેમ્બર 2014**
24. યુવાનોને સ્વરોજગાર આપવાના હેતુથી મુદ્રા યોજનાનો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો હતો - **8 એપ્રિલ 2015**
25. ભારતમાં "રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ" ક્યારે મનાવવામાં આવે છે- **16 મે**
26. ડેન્ગ્યૂ રોગનો વાહક જણાવો - **એડીસ ઇજિપ્ત માદા મચ્છર**
27. એડીસ ઇજિપ્ત માદા મચ્છર અન્ય કયા નામથી ઓળખાય છે- **ટાઈગર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 17-05-2020



૧. આત્મનિર્ભર ભારત અભિયાન : પેકેજ - ૦૫ અંતિમ (આર્થિક)



કોને કોને લાભ :

- **માઈગ્રેન્ટ પ્રવાસીઓને, રોજગાર, આરોગ્ય, શિક્ષણ, બિઝનેસ, કંપની એક્ટ, ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ, જાહેરક્ષેત્રની કંપનીઓને વિવિધ રાહતો અને સુધારાના પગલાંઓ**

પેકેજ-૫ની હાઈલાઈટ્સ :

1. મનરેગા, આરોગ્ય, શિક્ષણ, બિઝનેસ, કંપની એક્ટ, ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ, રાજ્ય સરકારો અને તેમને સંલગ્ન સ્ત્રોત અને જાહેર ક્ષોત્રની કંપનીઓની સેગમેન્ટમાં વિવિધ રાહત અને સુધારાનાં પગલાંની નાણામંત્રી દ્વારા ઘોષણા
2. દેશનાં તમામ સેક્ટર પ્રાઇવેટ કંપનીઓ માટે ખુલ્લાં કરાશે, વ્યૂહાત્મક સેક્ટરોમાં પણ ખાનગી કંપનીઓને પ્રવેશ, અન્ય સેકટરોમાં કામ કરતી સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરી દેવાશે
3. ઓનલાઇન શિક્ષણ માટે વડા પ્રધાન ઇ-વિદ્યા યોજના, દીક્ષા યોજના અંતર્ગત ઇ-કન્ટેન્ટ અને ક્યૂઆર કોડ સાથેના પાઠયપુસ્તકો, ધોરણ ૧ થી ૧૨ માટે દરેક ધોરણ માટે એક ટીવી ચેનલ, ટોચની ૧૦૦ યુનિ.ને ૩૦ મે ૨૦૨૦થી ઓનલાઇન અભ્યાસક્રમોની મંજૂરી
4. ઇનસોલ્વન્સીની પ્રક્રિયા શરૂ કરવા માટેની મર્યાદા ૧ લાખથી વધારીને રૂપિયા ૧ કરોડ, કોરોના મહામારી સ્થિતિને આધારે નવી ઇનસોલ્વન્સી પ્રક્રિયાઓ એક વર્ષ સુધી શરૂ નહીં કરાય

5. ટેક્નિકલ અને પ્રક્રિયાના કારણે થયેલી નાની ભૂલોને સાંકળતા કંપની એક્ટના ઉલ્લંઘનોને અપરાધની શ્રેણીમાંથી હટાવાયાં, ૭ સમાધાન થઈ શકે તેવા અપરાધોનો પડતા મુકાયા, પાંચ અપરાધો માટે વૈકલ્પિક માળખા અંતર્ગત પગલાં લેવાશે
6. ભારતીય કંપનીઓને વિદેશમાં સિક્યુરિટીઝ ડાયરેક્ટ લિસ્ટિંગની પરવાનગી, શેરબજારોમાં NCD લિસ્ટ કરાવતી ખાનગી કંપનીઓને લિસ્ટેડ કંપની ગણાશે નહીં
7. કેન્દ્ર સરકારે ૨૦૨૦-૨૧ માટે રાજ્યોની નેટ બોરોઇંગ લિમિટ GDPના ૩ થી વધારી પાંચ ટકા કરી, રાજ્ય સરકારો વધારાના રૂ. ૪.૨૮ લાખ ઊભા કરી શકશે

વિવિધ ક્ષેત્રો મુજબ કરેલી જાહેરાત :

(૧) રોજગારને વેગ આપવા મનરેગામાં વધુ રૂ. ૪૦,૦૦૦ કરોડની ફાળવણી :



- ✓ સરકાર મનરેગા અંતર્ગત વધારાના રૂપિયા ૪૦,૦૦૦ કરોડની ફાળવણી કરશે
- ✓ જેના કારણે ૩૦૦ કરોડ વ્યક્તિ દિવસની રોજગારીનું સર્જન થશે
- ✓ ચોમાસાની સિઝનમાં મોટી સંખ્યામાં શ્રમિકો પરત ફરી રહ્યાં હોવાથી વધુ રોજગાર સર્જનની જરૂર
- ✓ જળસંચય સંસાધનો સહિત ગુજરાનના વધુ સ્ત્રોત મોટી સંખ્યામાં ઊભા કરાશે
- ✓ ઉચ્ચ ઉત્પાદન દ્વારા ગ્રામીણ અર્થતંત્રને મદદ મળશે

(૨) આરોગ્ય સુધારા અને પગલાં :



- ✓ આરોગ્ય ક્ષેત્રમાં સરકાર દ્વારા કરાતા ખર્ચમાં વધારો કરાશે
- ✓ ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોમાં આરોગ્ય અને વેલનેસ સેન્ટરોની સંખ્યામાં મોટો વધારો કરાશે

- ✓ કોઈપણ મહામારીને પહોંચી વળવા તમામ જિલ્લામાં ચેપી રોગની હોસ્પિટલો બનાવાશે
- ✓ જિલ્લા અને તાલુકા સ્તરે સરકારી પ્રયોગશાળાઓ અને જાહેર આરોગ્ય એકમો સ્થપાશે
- ✓ આઇસીએમઆર દ્વારા આરોગ્ય ક્ષેત્રે સંશોધનોને પ્રોત્સાહન અપાશે
- ✓ નેશનલ ડિજિટલ હેલ્થ મિશનની યોજના ઘડી કાઢશે.

(૩) ઇનસોલ્વન્સી અને બેન્કરપ્સી સંબંધિત પગલાં દ્વારા ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસને પ્રોત્સાહન

- ✓ મોટી સંખ્યામાં એમએસએમઇને સુરક્ષિત કરવા નાદારીની પ્રક્રિયા શરૂ કરવા માટેની મર્યાદા રૂપિયા ૧ લાખથી વધારીને રૂપિયા ૧ કરોડ કરાઈ
- ✓ ઇનસોલ્વન્સી, બેન્કરપ્સી કોડની કલમ ૨૪૦એ અંતર્ગત એમએસએમઇ માટે ઇનસોલ્વન્સીના સમાધાન માટે વિશેષ વ્યવસ્થાની જાહેરાત કરાશે
- ✓ કોરોના મહામારીની સ્થિતિને આધારે નવી ઇનસોલ્વન્સી પ્રક્રિયાઓ એક વર્ષ સુધી શરૂ નહીં કરાય
- ✓ ઇનસોલ્વન્સીની પ્રક્રિયા શરૂ કરવાના હેતુ માટે આઇબીસી અંતર્ગત ડિફોલ્ટની વ્યાખ્યામાંથી કોવિડ-૧૯ સંલગ્ન દેવાની બાદબાકી માટે કેન્દ્ર સરકારને સશક્ત કરાશે

(૪) સ્વનિર્ભર ભારત : જાહેર ક્ષેત્રની કંપનીઓ માટે પોલિસી

- ✓ પ્રાઇવેટ કંપનીઓ માટે તમામ સેક્ટર ખુલ્લાં કરવા, ચોક્કસ કાર્યક્ષેત્રોમાં જાહેર ક્ષેત્રની કંપનીઓ મહત્ત્વની ભૂમિકા ભજવે તેવી નવી નીતિની જરૂર
- ✓ જાહેર હિતમાં સરકારી કંપનીઓની હાજરી જરૂરી છે તેવા વ્યૂહાત્મક સેક્ટરોની યાદી જાહેર કરાશે
- ✓ વ્યૂહાત્મક સેક્ટરોમાં ઓછામાં ઓછી એક સરકારી કંપની રહેશે પરંતુ પ્રાઇવેટ કંપનીઓને પણ પરવાનગી અપાશે
- ✓ અન્ય સેક્ટરોમાં કામ કરતી સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરાશે
- ✓ નિરર્થક વહીવટી ખર્ચ ઘટાડવા વ્યૂહાત્મક સેક્ટરોમાં ફક્ત એકથી ચાર સરકારી કંપનીઓ જ રખાશે, અન્ય સરકારી કંપનીઓનું ખાનગીકરણ, મર્જર અથવા તો હોલ્ડિંગ કંપનીઓમાં વિલીનીકરણ કરાશે

(૫) કોવિડ-૧૯ પછી ટેક્નોલોજીની સહાયથી શિક્ષણ

- ✓ ડિજિટલ,ઓનલાઇન શિક્ષણ માટે તાત્કાલિક વડા પ્રધાન ઇ-વિદ્યા યોજનાનો પ્રારંભ કરાશે
- ✓ રાજ્યોમાં શાળા શિક્ષણ માટે દીક્ષા યોજના અંતર્ગત તમામ ધોરણો માટે ઇ-કન્ટેન્ટ અને ક્યૂઆર કોડ સાથેનાં પાઠયપુસ્તકો
- ✓ ધોરણ ૧થી ૧૨ માટે દરેક ધોરણ માટે એક ટીવી ચેનલ શરૂ કરાશે



- ✓ શિક્ષણ આપવા માટે રેડિયો, કોમ્યુનિટી રેડિયો, પોડકાસ્ટનો વ્યાપક ઉપયોગ કરાશે
- ✓ પ્રજ્ઞાચક્ષુ અને બધિર દિવ્યાંગો માટે વિશેષ ઇ-કન્ટેન્ટ
- ✓ ટોચની ૧૦૦ યુનિ.ને ૩૦ મે ૨૦૨૦થી ઓન- લાઇન અભ્યાસક્રમો શરૂ કરવાની પરવાનગી
- ✓ વિદ્યાર્થી, શિક્ષક અને પરિવારોને માનસિક તંદુરસ્તી માટે સાઇકોલોજિકલ સપોર્ટ કરવા મનોદર્પણ યોજનાનો પ્રારંભ કરાશે
- ✓ વૈશ્વિક અને ૨૧મી સદીની કુશળતાને ધ્યાનમાં રાખીને નવો રાષ્ટ્રીય અભ્યાસક્રમ, શાળાઓ માટે શિક્ષણ પદ્ધતિઓનું માળખું શરૂ કરાશે
- ✓ રાષ્ટ્રીય પાયાગત સાક્ષરતા અને ગણના મિશન અંતર્ગત ૨૦૨૫ સુધીમાં ધોરણ પાંચ સુધી દરેક બાળક અભ્યાસમાં સક્ષમ બને તે માટે ડિસેમ્બર ૨૦૨૦માં પ્રારંભ કરાશે

(૬) કોર્પોરેટ માટે ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ :

- ✓ વિદેશી ન્યાયઅધિકાર ક્ષેત્રોમાં ભારતીય કંપનીઓને સિક્યુરિટીઝના ડાયરેક્ટ લિસ્ટિંગની પરવાનગી
- ✓ શેરબજારોમાં નોન કર્ન્વિટબલ ડિબેન્ચર લિસ્ટ કરાવતી ખાનગી કંપનીઓને લિસ્ટેડ કંપની ગણાશે નહીં
- ✓ કંપની એક્ટ ૧૯૫૬ની કલમ ૯એનો કંપની એક્ટ ૨૦૧૩માં સમાવેશ
- ✓ એનસીએલએટીની વધારાની, વિશેષ બેન્ચ રચવાનો અધિકાર
- ✓ નાની કંપનીઓ, વન પર્સન કંપની, પ્રોડયુસર કંપની અને સ્ટાર્ટ અપને તમામ ભૂલો માટે નજીવી પેનલ્ટી કરાશે

(૭) કંપની એક્ટમાં રહેલી કેટલીક અપરાધિક જોગવાઈઓની બાદબાકી :

- ✓ નાની ટેકનિકલ અને પ્રક્રિયાના કારણે થયેલી ભૂલોને સાંકળતા કંપની એક્ટના ઉલ્લંઘનોને અપરાધની શ્રેણીમાંથી હટાવાયાં
- ✓ સીએસઆર રિપોર્ટિંગમાં ખામી, બોર્ડ રિપોર્ટમાં અપૂરતી માહિતી, ફાઇલિંગમાં રહેલી ખામી, એજીએમના આયોજનમાં વિલંબ હવે ગુનો નહીં
- ✓ સમાધાન થઇ શકે તેવા મોટાભાગના અપરાધોને ઇન્ટરનલ એજ્યુડિકેશન મિકેનિઝમમાં સમાવાશે
- ✓ આ સુધારાના કારણે ક્રિમિનલ કોર્ટ અને એનસીએલટીમાં અવરોધો ઘટશે

✓ ૭ સમાધાન થઇ શકે તેવા અપરાધોને પડતા મુકાયા, પાંચ અપરાધો માટે વૈકલ્પિક માળખા અંતર્ગત પગલાં લેવાશે



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. લૉકડાઉન ૪.૦ : તા. ૧૮ થી ૩૧ મે-૨૦૨૦ સુધી લંબાવાયુ (કેન્દ્રીય ગૃહ મંત્રાલય)

લૉકડાઉન-૪.૦ માટે નવી ગાઈડલાઈન :

✓ કેન્દ્ર સરકારે રેડ, ઓરેન્જ, ગ્રીન અને કન્ટેનમેન્ટ ઝોનની સીમાઓ નક્કી કરવાનો અધિકાર રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આપી દીધો છે.

✓ કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ગાઇડલાઇન પ્રમાણે જિલ્લા સત્તાવાળાઓ દ્વારા રેડ અને ઓરેન્જ ઝોન, કન્ટેનમેન્ટ અને બફર ઝોન નક્કી કરવામાં આવશે.

✓ પ્રતિબંધિત સિવાયની તમામ પ્રવૃત્તિઓને લોકડાઉન ૪.૦માં પરવાનગી અપાઇ છે.

✓ જોકે કન્ટેનમેન્ટ ઝોનમાં જીવનજરૂરી અને આવશ્યક સેવાઓ જ જારી રહેશે.

✓ તે ઉપરાંત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સ્થિતિની સમીક્ષાના આધારે વિવિધ પ્રકારના ઝોનમાં ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લઇ શકે છે.

✓ સાંજના ૭થી સવારના ૭ કલાક સુધીના નાઇટ કરફ્યૂમાં જીવનજરૂરી સેવાઓ

સિવાયની કોઇપણ પ્રવૃત્તિને પરવાનગી નહીં અપાય અને કોઇપણ વ્યક્તિ બહાર નીકળી શકશે નહીં.

✓ સ્થાનિક સત્તાવાળાઓ કાયદાકીય જોગવાઇઓ અંતર્ગત તેમના અધિકાર ક્ષેત્રમાંના સમગ્ર વિસ્તારમાં આદેશો જારી કરી શકશે.

કોવિડ-૧૯ અટકાવવા માટેની રાષ્ટ્રીય માર્ગદર્શિકા :

✓ જાહેર સ્થળો અને કામનાં સ્થળોએ ચહેરા પર માસ્ક પહેરવો ફરજિયાત

✓ જાહેર સ્થળો અને કામનાં સ્થળોએ થૂંકનારને દંડ ફટકારાશે

✓ જાહેર સ્થળો અને પરિવહનમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવામાં આવે

✓ લગ્નમાં સોશિયલ ડિસ્ટન્સિંગ, ૫૦થી વધુ વ્યક્તિને પરવાનગી નહીં

✓ અંતિમ ક્રિયામાં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ૨૦થી વધુ વ્યક્તિને પરવાનગી નહીં

✓ જાહેર સ્થળો શરાબ, પાન, ગુટખા, તમાકુના ઉપયોગ પર પ્રતિબંધ

✓ દુકાનદારોએ બે ગ્રાહકો વચ્ચે ૬ ફૂટનું અંતર ફરજિયાત જાળવવું પડશે

✓ બને ત્યાં સુધી વર્ક ફ્રોમ હોમની પ્રેક્ટિસ જારી રાખવી

કોરોના મહામારી સામે લડવા ભારતમાં લૉકડાઉનના વિવિધ તબક્કા :

જનતા કર્ફ્યૂ	તા. ૨૩ માર્ચ-૨૦૨૦	૧૪ કલાક
લૉકડાઉન-૧.૦	તા. ૨૫ માર્ચથી તા. ૧૪ એપ્રિલ-૨૦૨૦	દિવસ-૨૧
લૉકડાઉન-૨.૦	તા. ૧૫ એપ્રિલ થી ૩ મે-૨૦૨૦	દિવસ-૧૯
લૉકડાઉન-૩.૦	તા. ૪ મે થી ૧૭ મે-૨૦૨૦	દિવસ-૧૪
લૉકડાઉન-૪.૦	તા. ૧૮ મેથી ૩૧ મે-૨૦૨૦	દિવસ-૧૪

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિર્ણય : ગુજરાત સરકાર (આરોગ્ય)

✓ રાજ્યમાં જાહેર જગ્યાએ થૂંકવા બદલ એક સરખો રૂ. ૨૦૦ દંડ વસૂલાશે

✓ રાજ્યમાં માસ્ક ન પહેરનાર પાસેથી રૂ. ૨૦૦નો દંડ વસૂલાશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૫-૨૦૨૦)

1. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત કયા ક્ષેત્રોને લાભ અપાશે - **માઈગ્રેન્ટ પ્રવાસીઓને, રોજગાર, આરોગ્ય, શિક્ષણ, બિઝનેસ, કંપની એક્ટ, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ, જાહેરક્ષેત્રની કંપનીઓ**

2. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત દેશનાં કયા સેક્ટર પ્રાઇવેટ કંપનીઓ માટે ખુલ્લાં કરાશે – **તમામ સેકટર**
3. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત દેશની ટોચની કેટલી યુનિ.ને ૩૦ મે ૨૦૨૦થી ઓનલાઇન અભ્યાસક્રમોની મંજૂરી આપી - **૧૦૦**
4. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત ઇનસોલ્વન્સીની પ્રક્રિયા શરૂ કરવા માટેની મર્યાદા કેટલાથી વધારીને કેટલી કરાઈ - **રૂપિયા ૧ લાખ તથા રૂપિયા ૧ કરોડ**
5. કોરોના મહામારી સ્થિતિને આધારે નવી ઇનસોલ્વન્સી પ્રક્રિયાઓ કેટલા સમય સુધી શરૂ નહીં કરાય- **એક વર્ષ**
6. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત ટેક્નિકલ અને પ્રક્રિયાના કારણે થયેલી નાની ભૂલોને સાંકળતા કંપની એક્ટના ઉલ્લંઘનોને કઈ શ્રેણીમાંથી હટાવાયાં - **અપરાધ**
7. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત ભારતીય કંપનીઓને વિદેશમાં શાની પરવાનગી અપાઈ - **સિક્યુરિટીઝ ડાયરેક્ટ લિસ્ટિંગ**
8. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત શેરબજારોમાં કયું લિસ્ટ કરાવતી ખાનગી કંપનીઓને લિસ્ટેડ કંપની ગણાશે નહીં - **NCD**
9. કેન્દ્ર સરકારે ૨૦૨૦-૨૧ માટે રાજ્યોની નેટ બોરોઇંગ લિમિટ GDPના કેટલા ટકાથી વધારી કેટલા ટકા કરી - **૩ થી વધારી ૫ ટકા**
10. કેન્દ્ર સરકારે ૨૦૨૦-૨૧ માટે રાજ્યોની નેટ બોરોઇંગ લિમિટ GDPના ૩ થી વધારી ૫ ટકા કરી તેના કારણે રાજ્ય સરકારો વધારાના કેટલા રૂપિયા ઊભા કરી શકશે - **રૂ. ૪.૨૮ લાખ**
11. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત સરકાર મનરેગા અંતર્ગત વધારાના કેટલા રૂપિયાની ફાળવણી કરશે – રૂ. **૪૦,૦૦૦ કરોડ**
12. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત સરકાર દ્વારા મનરેગા અંતર્ગત વધારાના રૂ. ૪૦,૦૦૦ કરોડની ફાળવણી કરવાથી કેટલા વ્યક્તિ દિવસની રોજગારીનું સર્જન થશે - **૩૦૦ કરોડ**
13. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત કોઈપણ મહામારીને પહોંચી વળવા દેશના તમામ જિલ્લાઓમાં કઈ હોસ્પિટલો બનાવાશે- **ચેપી રોગની હોસ્પિટલો**
14. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત આરોગ્ય સંદર્ભે કઈ મહત્વની યોજના ઘડવામાં આવશે - **નેશનલ ડિજિટલ હેલ્થ મિશન**
15. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત મોટી સંખ્યામાં એમએસએમઇને સુરક્ષિત કરવા નાદારીની પ્રક્રિયા શરૂ કરવા માટેની મર્યાદા કેટલાથી વધારી કેટલા રૂપિયા કરાઈ- **રૂ.૧ લાખથી વધારીને રૂ. ૧ કરોડ**
16. કોવિડ-૧૯ પછી ટેક્નોલોજીની સહાયથી ડિજિટલ, ઓનલાઇન શિક્ષણ માટે તાત્કાલિક કઈ યોજનાનો પ્રારંભ કરાશે - **વડા પ્રધાન ઇ-વિદ્યા યોજના**
17. રાજ્યોમાં શાળા શિક્ષણ માટે કઈ યોજના અંતર્ગત તમામ ધોરણો માટે ઇ-કન્ટેન્ટ અને ક્યૂઆર કોડ સાથેનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરાશે - **દીક્ષા યોજના**
18. કયા ધોરણ માટે ટીવી ચેનલ શરૂ કરાશે - **ધોરણ ૧થી ૧૨ દરેક માટે ચેનલ**
19. ભારતમાં લૉકડાઉન ૪.૦નો સમયગાળો જણાવો - **તા. ૧૮ થી ૩૧ મે-૨૦૨૦**
20. કોવિડ-૧૯ના પગલે રાજ્ય સરકારે જાહેર જગ્યાએ થૂંકવા બદલ એક સરખો કેટલા રૂપિયાનો દંડ વસૂલાશે - **રૂ. ૨૦૦**
21. કોવિડ-૧૯ના પગલે રાજ્ય સરકારે માસ્ક ન પહેરનાર પાસેથી એક સરખો કેટલા રૂપિયાનો દંડ વસૂલાશે - **રૂ. ૨૦૦**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 18-05-2020



૧. ગુજરાત સરકાર : તા. ૧૯-૦૫-૨૦૨૦થી ૯૨ ટકા ગુજરાત હવે લૉકડાઉન મુક્ત (વહીવટ)



વિગત :

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તા.૧૮મી મે-૨૦૨૦ના રોજ જાહેર કર્યું હતું કે તા.૧૯મી મે-૨૦૨૦થી કન્ટેનમેન્ટ ઝોન બહાર સાબરમતી નદીની પૂર્વ તરફનું અમદાવાદ શહેર અને સુરત શહેર બાદ કરતા સમગ્ર રાજ્યમાં તમામ આર્થિક પ્રવૃત્તિઓ લોકડાઉન-૪ દરમિયાન સવારના ૮ થી બપોરના ૪ વાગ્યા સુધી કરી શકાશે.
- ✓ આમ, અમદાવાદના પૂર્વ વિસ્તાર અને રાજ્યના અન્ય કન્ટેનમેન્ટ ઝોનની આશરે ૫૦ લાખની વસતિ જ લોકડાઉન હેઠળ રહે છે. બાકીના ૯૨ ટકાથી વધુ લોકોને લોકડાઉનમાંથી મુક્તિ મળી છે.

એટ એ ગ્લાન્સ :

- ✓ નોન કન્ટેનમેન્ટ વિસ્તારમાં તમામ વેપાર, ધંધા, સવારે ૮થી સાંજે ૪ સુધી ખોલી શકાશે
- ✓ અમદાવાદ અને સુરત શહેર વિસ્તારો મહદ્ અંશે નિયંત્રણ હેઠળ
- ✓ કોમ્પ્લેક્સમાંની દુકાનો-ઓફિસો ODD-EVEN સ્કીમ મુજબ ખોલવાના રહેશે
- ✓ ડ્રાઈવર સહિત બે પ્રવાસી સાથે રિક્ષા, ટેક્સી અને ખાનગી વાહનોને મુક્તિ

- ✓ મોટરસાઈકલ પર માત્ર એક સવારીની જ છૂટ
- ✓ ઓટો રિપેરિંગ, સર્વિસિંગના એકમો ખોલી શકાશે
- ✓ ઓફિસીઝ અને રોડસાઈડ ધાબા ૩૩ ટકા ક્ષમતા સાથે ખુલી શકશે
- ✓ કન્ટેનમેન્ટ ઝોનમાં આવશ્યક સેવા ચાલુ પણ ત્યાં રહેતા શ્રમિકો, વેપારી બહાર જઈ નહીં શકે
- ✓ રેસ્ટોરેન્ટ, હોટેલ્સ ખોલી શકાશે પણ માત્ર કેરી-આઉટ, હોમ ડિલિવરી માટે જ
- ✓ લિકર શોપને રાજ્યભરમાં ક્યાંય છૂટ નહીં

અમૂલ પાર્લર પર માસ્કનું વેચાણ :

- ✓ રાજ્યભરમાં અમૂલ પાર્લરો ઉપર માસ્કના વેચાણની વ્યવસ્થા થશે.
- ✓ થ્રી-લેયર માસ્ક રૂ. ૫માં અને એન-૯૫ માસ્ક રૂ. ૬૫માં મળશે.
- ✓ સરકાર આ વ્યવસ્થા ગોઠવશે. અમદાવાદમાં તા.૧૮મી મેથી અને રાજ્યભરમાં ૧૯મી મેથી આ વ્યવસ્થા શરૂ થઇ જશે.

માસ્ક વિના નીકળનારા અને થૂંકનારા રૂ. ૨૦૦નો દંડ

- ✓ રાજ્યમાં જાહેરમાં નિકળનારી દરેક વ્યક્તિ માટે માસ્ક પહેરવો ફરજિયાત છે જો તે નહીં હોય તો રૂ. ૨૦૦નો દંડ થશે.
- ✓ આ જ રીતે જાહેરમાં થૂંકનારાને પણ રૂ. ૨૦૦નો દંડ થશે.

આ દરમિયાન સમગ્ર રાજ્યમાં સાંજે ૭થી સવારે ૭ સુધી કર્ફ્યું

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ICMR : કોરોનાના પરીક્ષણ માટે માર્ગદર્શિકામાં સુધારો કરાયો (આરોગ્ય)

અગાઉ તા. ૯-૪-૨૦૨૦ના રોજ કરાયેલા સુધારા બાદ પુન: ફેરફાર

કયો ફેરફાર કરાયો :

- ✓ આઇસીએમઆર દ્વારા જે નવી વ્યુહરચના બહાર પાડવામાં આવી છે, લક્ષણ દેખાતા હોય એવા હોટસ્પોટસ કે કલસ્ટરમાંના કેસોમાં સાત દિવસમાં પરિક્ષણ આરઆરટી -પીસીઆર પદ્ધતિથી અને સાત દિવસ પછી એન્ટિબોડી ટેસ્ટ કરવાનો રહેશે.
- ✓ આઇસીએમઆરએ અગાઉ ફક્ત ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા, સંપર્કમાં આવનારા, એસએઆરઆઈ દર્દીઓ અને ઉચ્ચ જોખમ ધરાવતા સંપર્કોવાળા લક્ષણો નહીં ધરાવનારા તમામ લોકોના પરીક્ષણની મંજૂરી આપી હતી.

કોના થશે પરીક્ષણ ? :

- ✓ જેનામાં કોરોનાના લક્ષણ દેખાય અને જે છેલ્લા ૧૪ દિવસમાં વિદેશથી આવ્યા હોય
- ✓ જે કોરોનાના દર્દીની સંપર્કમાં આવ્યાનું ચોક્કસ હોય.
- ✓ તમામ સ્વાસ્થ્ય કર્મીઓ જેમનામાં લક્ષણ દેખાય કે લક્ષણ દેખાતા હોય એવા ફ્રન્ટલાઇન વર્કર્સ જે કોરોનાના કન્ટેનમેન્ટ ઝોનમાં કામગીરીમાં સામેલ હોય.
- ✓ ખૂબ જ ગંભીર શ્વસન સબંધી દર્દી.
- ✓ કોરોનાના દર્દીના સંપર્કમાં સીધા આવ્યા વિના લક્ષણવાળા કોન્ટેક્ટ જે હાઇ રિસ્ક પર હોય તેમના પથી ૧૦ દિવસમાં ટેસ્ટ થશે. મતલબ કે પહેલાં ૫ થી ૧૪ દિવસ દરમિયાન કરવાના હતા, હવે દિવસ ૧૪ થી ઘટાડીને ૧૦ કરવામાં આવ્યા છે.
- ✓ કન્ટેનમેન્ટ ઝોન કે હોટસ્પોટના ઇન્ફ્લુએન્ઝાના જેવી બીમારીવાળા દર્દીઓ.
- ✓ તમામ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓમાં જેમને ઇન્ફ્લૂએઝ જેવી બિમારીના લક્ષણ હોય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. અમ્ફાન : ભારત દેશમાં ૨૧ વર્ષ બાદ બંગાળની ખાડીમાં સુપર સાઈક્લોન (કુદરતી આપત્તિ)

- ✓ ઓડિશામાં ૧૮૫ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે
- ✓ અગાઉ વર્ષ-૧૯૯૯માં ઓડિશા અને કંડલા બંદર સહિતના વિસ્તારોમાં સુપર સાઈક્લોન ફૂંકાયું હતું.

સુપર સાઈક્લોન શું છે ?

- ✓ 150 થી 200 કિમીની ઝડપે જ્યારે પવન સાથે વાવાઝોડું ફૂંકાય ત્યારે તેને સુપર સાઈકલોન તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ આ વાવાઝોડામાં રસ્તા ફાટી જાય છે, બહુમાળી ઇમારતો ધારાશાયી થઈ જાય છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. UGC : નવી ગાઈડલાઈન મુજબ UG અને PGના અભ્યાસક્રમમાં કોરોનાનું પ્રકરણ ઉમેરાશે

- ✓ **વિષય:** કોરોના સાથે કઈ રીતે જીવવું તેનો સમાવેશ કરાશે.

ज्ञान-विज्ञान विमुक्तये
UGC

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. WHO : તા.૧૮ અને તા.૧૯ મે, બે દિવસીય WHOની વર્ચ્યૂઅલ બેઠકનો પ્રારંભ



- ✓ વિષય : કોરોના ક્યાંથી પેદા થયો તેની સ્વતંત્ર તપાસ કરવા ભારત સહિત ૧૨૦થી વધુ દેશોની માગ

વાઈરસની માહિતી આપનારા તાઈવાનને બેઠકમાંથી બાકાત રખાતા વિવાદ

- ✓ તાઈવાન વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું સ્વતંત્ર ઓબ્ઝર્વર રાષ્ટ્ર છે. આ બેઠકમાં તેને બકાત રખાયું છે.
- ✓ માત્ર આ બેઠકમાં નહીં ૨૦૧૬ પછીની બધી બેઠકોમાંથી તાઈવાની બાદબાકી કરી દેવાઈ છે. કેમ કે તાઈવાનને ચીન સ્વતંત્ર રાષ્ટ્ર નથી માનતું પોતાનો હિસ્સો ગણે છે.
- ✓ ચીનના દબાણથી જ તાઈવાનને બાકાત રખાયાનું મનાય છે.
- ✓ તાઈવાને જ વાઈરસ અંગે કેટલીક ઉપયોગી માહિતી શરૂઆતી ગાળામાં ડબલ્યુએચઓને આપી હતી.
- ✓ પરંતુ ડબલ્યુએચઓએ એ માહિતી નજરઅંદાજ કરી હતી.
- ✓ સ્થાન – જીનીવા (સ્વિસ)
- ✓ સ્થાપના – વર્ષ-૧૯૪૮
- ✓ પ્રમુખ – ટેડરોસ (WHO)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મદિન વિશેષ : ૧૮ મે

ભગત સાહેબ : નિરંજન ભગત



જન્મ : ૧૮ મે ૧૯૨૬

અવસાન : ૧ ફેબ્રુઆરી ૨૦૧૮

- ✓ વિદ્યાર્થીપ્રિય, કવિ-વિવેચક નિરંજન નરહરિલાલ ભગતનો આજે જન્મદિવસ છે.
- ✓ અમદાવાદમાં જન્મેલા નિરંજન ભગતે અમદાવાદ અને મુંબઈથી શિક્ષણ લીધું હતું.
- ✓ 1942ના હિન્દ છોડો આંદોલનના જુવાળમાં અભ્યાસ છોડ્યો, 1944માં મેટ્રિક, 1949માં વિનયન સ્નાતક અને 1950માં અમદાવાદથી અનુસ્નાતક થયા.
- ✓ 1950થી 1986 સુધી અમદાવાદની કોલેજોમાં અધ્યાપન કાર્ય કર્યું. સાહિત્ય સર્જન ક્ષેત્રે છંદોલય, કિન્નરી, અલ્પવિરામ, આધુનિક કવિતાઃ કેટલાક પ્રશ્નો,

સ્વાધ્યાયલોક, યંત્ર વિજ્ઞાન અને મંત્ર કવિતા, ન્હાનાલાલની ઊર્મિ કવિતા, મીરાંબાઈ, સુન્દરમ્ કેટલાક કાવ્યો, ચિત્રાંગદા, ઓડેનનાં કાવ્યો વગેરે તેમના કવિતા, વિવેચન, સંપાદન અને અનુવાદ ક્ષેત્રે પ્રદાનો છે.

✓ નિરંજન ભગતના યોગદાનનું કુમાર ચંદ્રક, નર્મદ ચંદ્રક, પ્રેમાનંદ સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, નરસિંહ મહેતા પુરસ્કાર, સાહિત્ય અકાદમી પુરસ્કાર, સાહિત્ય અકાદમી દિલ્હીના સલાહકાર સમિતિના સભ્ય અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ એમ સન્માન થયું.

✓ પ્રસિદ્ધિની ઝાકમઝોળથી જોજનો દૂર રહી માત્ર સાહિત્ય પદાર્થની ખેવનામાં મસ્ત રહેલા આપણી ભાષાના શ્રેષ્ઠતમ સાહિત્યકાર ભગત સાહેબનું 1 ફેબ્રુઆરી 2018ના 91 વર્ષની વયે અવસાન થયું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૫-૨૦૨૦)

1. ગુજરાતમાં લૉકડાઉનમાં તા.19 મેની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં કયા સમયગાળા દરમિયાન કર્ફ્યુનો કડક અમલ કરવામાં આવ્યો હતો-**સાંજે 7.00થી સવારે 7.00**
2. લૉકડાઉન 4.0માં ગુજરાતમાં કોરોના મહામારી સામે જંગ જીતવા કોમ્પલેક્ષમાંની દુકાનો કઈ પદ્ધતિથી ચાલુ રાખવાની યોજના બનાવી છે- **ODD - EVEN**
3. લૉકડાઉન 4.0માં ગુજરાતમાં ખાનગી કાર અને મોટરસાયકલ ઉપર કેટલા પેસેન્જરની મંજૂરી અપાઈ - **2 અને 1**
4. ગુજરાતમાં કોરોના સામે જંગ જીતવા રાજ્યભરના અમૂલ પાર્લર ઉપરથી કેટલા સસ્તા દરે થ્રી લેયર અને N-95 માસ્ક ઉપલબ્ધ કરવામાં આવે છે - **₹.05 અને ₹.65**
5. ભારતમાં કોરોના પરીક્ષણ માટે કઈ સંસ્થા દ્વારા પુનઃ માર્ગદર્શિકામાં સુધારો કરાયો - **ICMR**
6. ICMR દ્વારા કોરોનાના લક્ષણ દેખાય અને છેલ્લા કેટલાક દિવસમાં વિદેશમાંથી આવ્યા હોય તેનું પરિક્ષણ કરાશે - **14 દિવસ**
7. એમ્ફાન જેવું સુપર સાયક્લોન સંભવિત કેટલા વર્ષ બાદ ભારતમાં તોફાન મચાવશે- **21વર્ષે**
8. અંદાજે કેટલા કી.મી કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાય તેને સુપર સાયક્લોન કહે છે - **150-200**
9. UGCની ગાઈડલાઈન મુજબ હવે કયા અભ્યાસક્રમમાં કોરોના સાથે કઈ રીતે જીવવું તેનું પ્રકરણ સામેલ થશે - **UG અને PG**
10. વૈશ્વિક સ્તરે સૌપ્રથમવાર WHOની બે દિવસીય વર્ચ્યુઅલ બેઠક ક્યારે યોજાઈ- **તા. 18/19 મે 2020**
11. WHOનું સ્થાપના વર્ષ જણાવો - **1948**
12. WHOનું વડુ મથક જણાવો - **જિનીવા**
13. કવિ-વિવેચક નિરંજન ભગતનો જન્મદિવસ જણાવો - **18 મે 1926**
14. કવિ-વિવેચક નિરંજન ભગતનુ ઉપનામ જણાવો - **ભગત સાહેબ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. સરહદી વિવાદ : ભારત – નેપાળ

✓ **વિવાદ:** ભારતના કાલાપાની, લિંપિયાધુરા, અને લિપુલેખ નેપાળે તેના નવા રાજકીય નકશામાં સામેલ કરી પોતાનો હોવાનો દાવો કર્યો

નકશા અંગે :

✓ નેપાળે નવો રાજકીય નકશો જારી કર્યો હતો. આ દરમિયાન તિબેટ, ચીન અને નેપાળની સરહદે આવેલા ભારતીય વિસ્તારો કાલાપાની, લિપુલેખ એને લિંપિયાધુરાને નેપાળે પોતાનો ભાગ ગણાવ્યા હતા.

✓ મહત્વની વાત એ છે કે, નેપાળ દ્વારા એકાએક જારી કરવામાં આવેલા પોતાના નવા નકશામાં તેની ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમે આવેલી આંતરરાષ્ટ્રીય સરહદોની પણ છણાવટ કરવામાં આવી છે.

✓ હવે તેણે આ સરહદોને અડીને આવેલા તમામ વિસ્તારોને પોતાના રાજકીય અને પ્રશાસનિક વ્યવસ્થાઓ હેઠળના ગણાવ્યા.

એટ એ ગ્લાન્સ :

✓ **સવાલ:** લિપુલેખ ક્યાં આવ્યું અને તેનું મહત્ત્વ શું છે ?

✓ **જવાબ:** લિપુલેખ ભારત, નેપાળ અને ચીનની સરહદ સાથે જોડાયેલો વચ્ચેનો વિસ્તાર છે. ૧૭,૦૬૦ ફૂટની ઉંચાઈએ આવેલો આ વિસ્તાર ફૂટનીતિક રીતે મહત્વનો છે. દર વર્ષે ભારત અને ચીન વચ્ચે અહીંયા રસ્તા માર્ગે વેપાર થાય છે અને નેપાળ તેનો વિરોધ કરે છે.

✓ **સવાલ:** હાલમાં કેમ વિવાદ સર્જાયો ?

✓ **જવાબ:** ભારતે યાત્રીઓ અને સ્થાનિક વેપારીઓની સવલત માટે અહીંયા ૮૦ કિ.મીનો રસ્તો બનાવ્યો. તેનાથી માનસરોવર યાત્રાનો માર્ગ ટૂંકો થઈ ગયો અને ૮૦ ટકા યાત્રા ભારતના

વિસ્તારોમાંથી જ શક્ય બની. નેપાળમાંથી બે માર્ગે માનસરોવર યાત્રા થતી હતી જે હવે ઓછી થઈ જવાની તેથી વિવાદ સર્જાયો છે.

✓ **સવાલ:** નેપાળને અત્યારે જ વિરોધ કેમ યાદ આવ્યો?

✓ **જવાબ:** નેપાળ સમગ્ર લિપુલેખને પોતાનો વિસ્તાર માને છે. ભારત તરફથી અહીંયા રસ્તો બનાવવાનું શરૂ કરાતા તેણે વિરોધ નોંધાવ્યો. તે આ પહેલાં પણ અનેક વખત ભારત વિરુદ્ધ આ મુદ્દે ફરિયાદ કરતો આવ્યો છે.

✓ **સવાલ :** આ વિસ્તારના ભાગ પડેલા છે ?

✓ **જવાબ :** ભારત અને નેપાળ વચ્ચે ૧૮૧૬ માં સુગૌલી સંધિ થઈ હતી. આ સંધિ હેઠળ આ પ્રદેશની સરહદ નક્કી કરવામાં આવી હતી. મહાકાલી નદીના પશ્ચિમ વિસ્તાર ઉપર ભારતનો અને પૂર્વ વિસ્તાર ઉપર નેપાળનો કબજો છે.

વિવાદ કેમ ? :

✓ મહાકાલી નદી બે ધારાના જોડાણથી બને છે. એક શાખા લિપુલેખના ઉત્તર-પશ્ચિમી લિમ્પિયાધૂરાથી નીકળે છે અને બીજી શાખા દક્ષિણ લિપુલેખથી નીકળે છે. નેપાળ ઉત્તર-પશ્ચિમી શાખાને મુખ્ય માને છે અને કાલાપાની, લિમ્પિયાધૂરા તથા લિપુલેખને પોતાના વિસ્તારો માને છે, જ્યારે ભારત દક્ષિણની શાખાને મુખ્ય માને છે. તેના પગલે આ તમામ વિસ્તારો ભારતમાં હોવાનું જણાવાય છે. ભારત પાસે તેના નક્કર પુરાવા પણ છે. બીજી તરફ સમયાંતરે નેપાળ આ મુદ્દે વિવાદ ચગાવતો રહ્યો છે.

નકશો :



ભારતીય વિદેશ મંત્રાલયનો જવાબ :

✓ ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, લિપુલેખા માર્ગ પહેલેથી ભારતની સરહદમાં આવે છે. આ રસ્તે પહેલાં પણ માનસરોવર યાત્રા થતી હતી.

✓ તાજેતરમાં ભારતે અહીંયા માત્ર રસ્તો બનાવવાનું કામ કર્યું છે જેથી યાત્રીઓ, વ્યાપારીઓ અને સ્થાનિકોને આવન જાવનમાં સરળતા રહે.

✓ ભારત દ્વારા ૮ મેના રોજ લિપુલેખ-ધારામૂલા માર્ગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.WEF:એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ (ઊર્જા)

- ✓ WEFના ઈન્ડેક્સમાં ભારતનો વૈશ્વિક સ્તરે ૭૪મો ક્રમ
- ✓ WEF : વર્લ્ડ ઈકોનોમી ફોરમ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. SCO : વિદેશમંત્રીઓની વીડિયો વીડિયો કોન્ફરન્સ (વેપાર)

- ✓ SCOનું શિખર સંમેલન આગામી જૂલાઈ-૨૦૨૦માં યોજાશે
- ✓ **સ્થાન :** સેન્ટ પિટર્સબર્ગ (રશિયા)

સભ્ય દેશો :

- ✓ શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનમાં ભારત, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, ચીન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ.

SCO: શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સ્વચ્છ ભારત અભિયાન (સ્વચ્છતા)

દેશભરના કચરામુક્ત શહેરોના રેટિંગ જાહેર

- ✓ રેટિંગ સ્ટાર : 7, 5, 3 અને 1 સ્ટાર

કેટેગરી રાજ્ય અને શહેરો :

ફાઈવ સ્ટાર રેટિંગ :

- ✓ ગુજરાત : સુરત અને રાજકોટ
- ✓ મધ્યપ્રદેશ : ઈન્દોર
- ✓ મહારાષ્ટ્ર : નવી મુંબઈ
- ✓ કર્ણાટક : મૈસુર

થ્રી સ્ટાર રેટિંગ :

- ✓ ગુજરાત : અમદાવાદ અને ગાંધીનગર
- ✓ નવી દિલ્હી
- ✓ ચંદીગઢ
- ✓ હરિયાણા : કરનાલ
- ✓ આંધ્રપ્રદેશ : તિરુપતિ, વિજયવાડા
- ✓ છત્તીસગઢ : ભીલાઈનગર

વન સ્ટાર રેટિંગ

- ✓ ગુજરાત : વડોદરા
- ✓ દિલ્હી : કેંટ અને રોહતક
- ✓ જાહેર કરનાર મંત્રાલય : કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રાલય
- ✓ મંત્રી : શ્રી હરદિપસિંહ પૂરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ગિલગિટ-બાલ્ટિસ્તાન : ગુમાવેલું કાશ્મિર પરત લેવાના ભારતના પ્રયાસો શરૂ (સરહદી વિવાદ)

સમગ્ર સ્થિતિ દર્શાવતો ખાસ નકશો :



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મદિન વિશેષ : ૧૯ મે

ભાવનગરના પ્રજાવત્સલ શાસક મહારાજા : કૃષ્ણકુમારસિંહ

જન્મ : ૧૯ મે ૧૯૧૨

અવસાન : ૨ એપ્રિલ ૧૯૬૫



✓ ગુજરાતનાં ઈતિહાસમાં જેમનું નામ આદરપાત્ર રીતે લેવામાં આવે છે તેવા ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહનો આજે જન્મદિવસ છે.

✓ ગોહિલ વંશના ભાવસિંહના આ જ્યેષ્ઠ પુત્રનો જન્મ ભાવનગરમાં થયો હતો.

✓ કુમાર કુષ્ણકુમારે શિક્ષણ રાજકુમાર કોલેજ રાજકોટ અને ઇંગ્લેન્ડની હેરો સ્કૂલમાં લીધું હતું.

✓ 7 વર્ષની સગીર વયે ભાવનગરના શાસક બન્યા.

✓ પુખ્તવયે સ્વતંત્ર શાસક બન્યા પછી ઉદારવાદી અને પ્રજા વત્સલ શાસક તરીકેની છબી ઊભી કરી હતી.

✓ 1919 થી 1948 દરમિયાન કૃષિ સુધારા, ગ્રામ સુધારણા, વીજળીઘર, શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના, બંદરનું નિર્માણ, નવી મિલો અને કારખાનાઓની સ્થાપના, ભૂગર્ભ ગટરયોજનાઓ, રસ્તાઓનું નિર્માણ, ચિકિત્સાલયોની સ્થાપના વગેરે તેમના શાસનની સિદ્ધિઓ હતી.

✓ લોકશાહી સંસ્થાઓની શરૂઆત માટે પણ કૃષ્ણકુમારસિંહને યાદ કરાય છે.

✓ આઝાદી પછી નવા સૌરાષ્ટ્ર રાજ્યના તેઓ ઉપરાજ્ય પ્રમુખ બન્યા હતા.

✓ સૌરાષ્ટ્રના રજવાડાંઓને ભારત સંઘમાં જોડવામાં પણ તેમની ભૂમિકા હતી.

✓ 1948માં મદ્રાસના ગવર્નર બન્યા હતા, ગવર્નર તરીકે માત્ર 1 રૂપિયો પગાર લેતા.

✓ અનેક એવોર્ડોથી સન્માનિત, ભાવનગર યુનિ.સાથે જેમનું નામ જોડાયેલું છે તેવા કૃષ્ણકુમારનું 2 એપ્રિલ 1965ના રોજ અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૫-૨૦૨૦)

1. તાજેતરમાં પાડોશી દેશ નેપાળે ભારતના કયા વિસ્તારો તેના નવા રાજકીય નકશામાં સામેલ કરી વિવાદ સર્જ્યો હતો - કાલાપાની, લિંપિયાધુરા, અને લિપુલેખ
2. લિપુલેખ વિસ્તાર ક્યાં આવેલો છે - ભારત, નેપાળ અને ચીનની સરહદ સાથે જોડાયેલ વચ્ચેનો વિસ્તાર
3. ભારતે લિપુલેખ વિસ્તારમાં યાત્રીઓ અને સ્થાનિક વેપારીઓની સવલત માટે કેટલા કિ.મીનો રસ્તો બનાવ્યો - ૮૦

4. ભારત અને નેપાળ વચ્ચે ૧૮૧૬માં કઈ મહત્વની સંધિ થઈ હતી - **સુગૌલી સંધિ**
5. સુગૌલી સંધિ કયા દેશ વચ્ચે અને શા માટે થઈ હતી – **ભારત-નેપાળ તથા પ્રદેશની સરહદ નક્કી કરવા**
6. મહાકાલી નદીના પશ્ચિમ વિસ્તાર ઉપર ભારતનો અને પૂર્વ વિસ્તાર ઉપર કયા દેશનો કબજો છે - **નેપાળ**
7. ભારત દ્વારા તા.૮ મે-૨૦૨૦ના રોજ નેપાળ સરહદે ક્યા માર્ગનું ઉદ્ઘાટન કર્યું હતું - **લિપુલેખ-ધારામૂલા**
8. તાજેતર મે-૨૦૨૦માં જાહેર થયેલા એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ જણાવો - **૭૪મો**
9. WEFનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ ઈકોનોમી ફોરમ**
10. એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ કોના દ્વારા જાહેર કરવામાં આવે છે - **વર્લ્ડ ઈકોનોમી ફોરમ**
11. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી SCOનું શિખર સંમેલન જૂલાઈ-૨૦૨૦ ક્યા સ્થળે યોજાયું - **સેન્ટ પિટર્સબર્ગ (રશિયા)**
12. SCOનું વિસ્તૃત નામ જણાવો – **શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન**
13. શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનના સભ્ય દેશોના નામ જણાવો - **ભારત, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, ચીન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાન**
14. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જાહેર થયેલા કચરામુક્ત શહેરોના રેટિંગમાં ફાઈવ સ્ટાર ધરાવનાર શહેરોના નામ જણાવો - **ગુજરાતના સુરત અને રાજકોટ, મધ્યપ્રદેશનું ઈન્દોર, મહારાષ્ટ્રનું નવી મુંબઈ, કર્ણાટકનું મૈસુર**
15. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જાહેર થયેલા કચરામુક્ત શહેરોના રેટિંગમાં થ્રી સ્ટાર ધરાવનાર શહેરોના નામ જણાવો - **ગુજરાતનું અમદાવાદ અને ગાંધીનગર, નવી દિલ્હી, ચંદીગઢ, હરિયાણાનું કરનાલ, આંધ્રપ્રદેશનું તિરુપતિ અને વિજયવાડા તથા છત્તીસગઢનું ભીલાઈનગર**
16. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જાહેર થયેલા કચરામુક્ત શહેરોના રેટિંગમાં વન સ્ટાર ધરાવનાર શહેરોના નામ જણાવો - **ગુજરાતનું વડોદરા તથા દિલ્હીનું કેંટ અને રોહતક**
17. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કચરામુક્ત શહેરોને રેટિંગ કયા મંત્રાલય દ્વારા આપવામાં આવે છે - **કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રાલય**
18. વર્તમાન કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રીનું નામ જણાવો - **શ્રી હરદિપસિંહ પૂરી**
19. ભાવનગરના પ્રજાવત્સલ શાસક મહારાજા કૃષ્ણકુમારસિંહનો જન્મદિવસ જણાવો - **૧૯ મે ૧૯૧૨**
20. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહના નામ સાથે ગુજરાતની કઈ યુનિવર્સિટીનું નામ જોડાયેલું છે – **ભાવનગર યુનિવર્સિટી**
21. લોકશાહી સંસ્થાઓની શરૂઆત માટે ક્યા મહારાજાને યાદ યાદ કરાય છે - **મહારાજા કૃષ્ણકુમારસિંહ**
22. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહ આઝાદી પછી રાજ્યના ઉપરાજ્ય પ્રમુખ બન્યા હતા - **નવા સૌરાષ્ટ્ર**
23. મહારાજા કૃષ્ણકુમારસિંહ ક્યારે અને કયા રાજ્યના ગવર્નર બન્યા હતા અને ગવર્નર તરીકે માત્ર 1 રૂપિયો પગાર લેતા – **વર્ષ-1948માં મદ્રાસ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 20-05-2020



૧.સુપર સાઈક્લોન: અમ્ફાન (કુદરતી આપત્તિ)



અમ્ફાનનું કદ :

- ✓ વોલ કલાઉડની પહોળાઈ : ૧૨૦ કિલોમીટર જેટલી
- ✓ સાઇકલોની આંખનો વ્યાસ : ૩૦ થી ૪૦ કિલોમીટર
- ✓ સાયકલોનનો પાછળનો હિસ્સો : ૧૨૦ કિલોમીટર
- ✓ પવનની ઝડપ : અંદાજે ૧૯૦ કિલોમીટર
- ✓ જમીન પર ટકરાયું: સુંદરવન પશ્ચિમ બંગાળ

સુધારો : અમ્ફાનનો અર્થ- આકાશ

ખાસ :

- ✓ અગાઉ ભૂલથી 'અમ્ફાન'નો અર્થ 'આર્કાઈવ્ઝ' દર્શાવ્યો હતો, પણ તેનો અર્થ 'આકાશ' થાય છે.
- ✓ અમ્ફાન (AMPHAN) ઉચ્ચારણ UM-PUN
- ✓ મૂળ – થાઈ ભાષાનો શબ્દ

અમ્ફાન એટલે શું ?

- ✓ વર્લ્ડ મિટિરિયોલોજિકલ ડિપાર્ટમેન્ટ (વિશ્વ હવામાન સંસ્થા)એ વાવાઝોડાના નામ આપવા માટે વિવિધ દેશોને સતા આપી છે. પણ દરેક દેશે આપેલું નામ વારા પ્રમાણે વપરાતું રહે છે.
- ✓ ૨૦૦૪થી હિન્દ મહાસાગરના આઠ દેશોએ આપેલા નામો વારાફરતી ઉપયોગ.
- ✓ અમ્ફાન એ નામ થાઈલેન્ડે ૨૦૦૪માં આપ્યું હતું. તેનો ઉપયોગ અત્યારે કરવામાં આવ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના જંગ : અમદાવાદ સિવિલમાં 'કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમ' શરૂ કરાયો (આરોગ્ય)

- ✓ **હેતુ:** કોરોનાના દર્દીઓના સ્વજનને હવે ફોનથી તમામ માહિતી અપાશે
- ✓ **સેવાઓ :** દર્દીના દાખલ થવાથી રજા આપવા સુધીની તમામ વિગતો તેના પરિવારજનોને મળી રહેશે
- ✓ શિક્ષણ વિભાગના ૪૦ કર્મચારીઓને કામગીરી સોપાઇ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. અભિયાન : 'હું પણ કોરોના વૉરીયર્સ' અથવા 'હું પણ કોરોના યોદ્ધા' - ગુજરાત સરકાર (જાગૃતિ)



કોરોના સામે જનજાગૃતિ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ફેસબુક દ્વારા દ્વારા અભિયાન લોન્ચ કર્યું

- ✓ 'હું પણ કોરોના વૉરીયર્સ' હેઝટેગ સાથે પોસ્ટ કરો

સમયગાળો : તારીખ- ૨૧મી મે થી ૨૭મી મે-૨૦૨૦ (સપ્તાહ)

આ ત્રણ સંકલ્પ લેવા અપીલ

1. વડીલો-બાળકો ઘરમાં જ રહે તેની તકેદારી રાખે.
2. માસ્ક પહેર્યા વગર કે કારણ વગર ઘર બહાર ન નીકળે.
3. 'દો ગજ કી દૂરી' સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવે.

અભિયાનની રૂપરેખા :

- ✓ આ અભિયાન દરમિયાન રોજ જાણીતી વ્યક્તિઓ દ્વારા લોકોને જાગૃતિ માટે સંદેશો અપાશે અને ૨૨ મીએ દાદા દાદી કે વડીલો સાથે સેલ્ફી લઈને તે સોશિયલ મીડિયા ઉપર 'હું પણ કોરોના વોરિયર્સ' તરીકે પોસ્ટ કરીએ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર (વહીવટ)

મહત્વના નિર્ણયો

(૧) MSMEને રૂ. 3 લાખ કરોડના ધિરાણ માટે NCGTC આપી શકાશે ગેરંટી

વિગત :

- ✓ મોદી સરકારના રૂ. ૨૦ લાખ કરોડના આત્મનિર્ભર ભારત પેકેજને કેબિનેટની મંજૂરી

- ✓ એમએસએમઈને રૂ. ૩ લાખ કરોડનાં ધિરાણ માટે એનસીજીટીસી આપી શકશે ગેરંટી
- ✓ કેબિનેટે એમએસએમઈ સહિત ધિરાણ મેળવવામાં રસ ધરાવતા મુદ્રા એકમોને ધિરાણ પૂરું પાડવા માટે ઇમરજન્સી ક્રેડિટ ગેરંટી સ્કીમને મંજૂરી આપી હતી.
- ✓ આ યોજના હેઠળ નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ (એનસીજીટીસી) માટે એકમોને વધુ ધિરાણ પૂરું પાડવા માટે ૧૦૦ ટકા ગેરંટી પૂરી પાડવામાં આવશે.
- ✓ આ હેતુ માટે ભારત સરકાર તરફથી વર્તમાન વર્ષ અને તે પછીની ત્રણ નાણાકીય વર્ષ માટે રૂપિયા ૪૧,૦૦૦ કરોડનું ભંડોળ પૂરું પાડવામાં આવશે.
- ✓ કેબિનેટે આ યોજનાની જાહેર થયાથી ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધી કે પછી જીઇસીએલ દ્વારા આ ધિરાણ ગેરંટી યોજના હેઠળ રૂપિયા ૩ લાખ કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવે તે બંનેમાં જે સમય વહેલો હોય ત્યાં સુધી આ નિયમ અમલી રાખવા નિર્ણય લીધો છે.
- ✓ આ ઋણ યોજનાની જાહેરાત વડાપ્રધાનના રૂપિયા ૨૦ લાખ કરોડથી વધુના વિશેષ આત્મનિર્ભર પેકેજ હેઠળ જ કરવામાં આવી
- ✓ એનસીજીટીસીની મદદથી લગભગ ૪૫ લાખ એમએસએમઈને અપાનારાં ધિરાણ પર ૧૦૦ ગેરંટી અપાઇ શકે તેમ છે.

(૨) પ્રધાનમંત્રી વય વંદના યોજના ફરી શરૂ થશે



- ✓ PM નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં કેન્દ્ર સરકારે વડીલો માટેની ખાસ પેન્શન યોજના 'વડા પ્રધાન વય વંદના સ્કીમ' ફરી શરૂ કરવાનો નિર્ણય.

યોજનાની જોગવાઈઓ :

- ✓ આ યોજનામાં જોડાવા માટેની અંતિમ મુદત માર્ચ-૨૦૨૩ સુધીની રહેશે.
- ✓ એલઆઇસીને આધીન રાખવામાં આવેલી આ પેન્શન યોજનાનો લાભ ૬૦ વર્ષની ઉંમર પછી મળી શકે છે.
- ✓ આ યોજનાનો ભાગ બનવા વ્યક્તિએ રૂપિયા ૧.૫૦ લાખ રૂપિયાનું રોકાણ કરવાનું રહે છે .
- ✓ અગાઉ આ યોજના ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ બંધ થઇ હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિમણૂક : WHO (આરોગ્ય)

ભારતના કેન્દ્રીય આરોગ્યમંત્રી ડૉ. હર્ષવર્ધન WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે ત્રણ વર્ષ માટે નિયુક્ત



વિગત :

- ✓ હર્ષવર્ધન વિશ્વ આરોગ્ય સંગઠનના ૩૪ સભ્યોના બનેલા એક્ઝિક્યુટિવ બોર્ડના આગામી અધ્યક્ષ બની રહેશે.
- ✓ ડૉ.હર્ષવર્ધન ૨૨ મેના રોજ પદભાર સંભાળશે.
- ✓ તેઓ જાપાનના ડૉ. હિરોકી નકાતાનીનું સ્થાન લેશે.
- ✓ ડૉ. હિરોકી હાલમાં ૩૪ સભ્યોના બનેલા વિશ્વ આરોગ્ય સંગઠનના કારોબારી બોર્ડનું અધ્યક્ષપદ સંભાળી રહ્યા છે.
- ✓ તા. ૧૯મી મે-૨૦૨૦ના રોજ ૧૯૪ દેશોની વિશ્વ આરોગ્ય સભાએ કારોબારી બોર્ડમાં ભારતના પ્રતિનિધિની વરણી અંગેની દરખાસ્ત પર હસ્તાક્ષર કર્યાં.
- ✓ વિશ્વ આરોગ્ય સંગઠનના દક્ષિણ-પૂર્વ એશિયા સમૂહે ગયા વર્ષે ભારતની ત્રણ વર્ષની મુદત માટે કારોબારી બોર્ડમાં વરણી કરવાનો સર્વસહમતીથી નિર્ણય લીધો હતો.
- ✓ ક્ષેત્રિય સમૂહોએ એક વર્ષ માટે કારોબારી અધ્યક્ષપદે ભારતના પ્રતિનિધિની વરણીનો પણ લીધો હતો.

WHOના કારોબારી બોર્ડ અંગે :

- ✓ બોર્ડ અધ્યક્ષપદ તે પૂર્ણકાલીન જવાબદારી નથી. કેન્દ્રીય આરોગ્ય પ્રધાને માત્ર કારોબારી બોર્ડનું અધ્યક્ષપદ સંભાળવાનું રહેશે.
- ✓ આ કાર્યકારી બોર્ડમાં આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલા ૩૪ સભ્યો હોય છે.
- ✓ ત્રણ વર્ષની મુદત માટે સભ્ય દેશોના પ્રતિનિધિની બોર્ડમાં વરણી થતી હોય છે.
- ✓ બોર્ડની બેઠક વર્ષમાં ઓછામાં ઓછા બે વાર મળતી હોય છે.
- ✓ સામાન્યપણે જાન્યુઆરીમાં બોર્ડની મુખ્ય બેઠક મળતી હોય છે.
- ✓ બીજી બેઠક મે મહિનામાં વિશ્વ આરોગ્ય મહાસભા મળે તે પછી તરત મળતી હોય.
- ✓ આરોગ્ય સભામાં લેવામાં આવેલા નિર્ણયો અને ઘડી કાઢવામાં આવતી નીતિનો અમલ બોર્ડ દ્વારા થતો હોય છે .
- ✓ WHO : વિશ્વ આરોગ્ય સંગઠન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. તાઈવાન : પ્રમુખ પદે બીજી મુદ્દત માટે જંગી બહુમતીથી ત્સાઈ-ઇંગ વેની જીત (વૈશ્વિક રાજકારણ)

✓ પુનઃ બીજીવાર તાઈવાનના પ્રમુખ પદે ત્સાઈ-ઇંગ વેની વરણી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. લૉકડાઉનના પરિણામે વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જનની સ્થિતિ (પર્યાવરણ)

✓ **અહેવાલ :** નેચર ક્લાઈમેન્ટ જર્નલ

અગત્યના તારણો :

✓ લૉકડાઉનના કારણે વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જનના પ્રમાણમાં સરેરાશ ૧૭ ટકા સુધીનો ઘટાડો

વિવિધ દેશોમાં એપ્રિલ-૨૦૨૦માં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો

✓ USA : ૩૩ ટકા

✓ ચીન : ૨૫ ટકા

✓ યુરોપિયન દેશો : ૨૭ ટકા

✓ ભારત : ૨૬ ટકા

દર વર્ષે કાર્બન ઉત્સર્જન આટલું ઘટે તો પૃથ્વીનું તાપમાન ૧.૮ ડિગ્રી ઓછુ થઈ શકે :

✓ સ્ટડીમાં નોંધ કરવામાં આવી હતી કે જો મહામારી સિવાય પણ માનવજાત દર વર્ષે ૧૫ થી ૧૭ ટકા સરેરાશ કાર્બન ઉત્સર્જન ઓછું કરે તો પૃથ્વીનું સરેરાશ તાપમાન ૧.૮ ડિગ્રી ઘટાડી શકાય તેમ છે.

✓ આગામી દશકામાં (૨૦૫૦ થી ૨૦૭૦ સુધીમાં) પૃથ્વીનું તાપમાન સેરેરાશ ૧.૮ ડિગ્રી વધી જશે.

✓ અત્યારે જે તાપમાન છે એટલું જ તાપમાન જાળવી રાખવું હોય તો અત્યારથી માનવજાતે કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન આ વર્ષે ઘટ્યું એમ દર વર્ષે ઘટાડવું પડશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : ૨૦ મે

(૧) વિશ્વ મધમાખી દિવસ



થીમ-૨૦૨૦ : મધમાખીઓને બચાવો (Save the Bees)

✓ સ્લોવેનિયામાં મધમાખી પાલક અને આધુનિક મધમાખી ઉછેરના પાયોનિયર એવા "એન્ટોન જેસના"નો આજના દિવસે તા.૨૦-૦૫-૧૭૩૪ના રોજ જન્મ થયો હતો.

✓ આ દિવસ મનાવવા માટેના સ્લોવેનીયા દ્વારા મુકવામાં આવેલા પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્રોના સભ્ય રાષ્ટ્રો દ્વારા ડિસેમ્બર ૨૦૧૭માં સ્વીકાર કરવામાં આવ્યો હતો.

✓ સૌપ્રથમવાર તા.૨૦-૦૫-૨૦૧૮ના રોજ આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) દિન વિશેષ-૧૮ મે : વર્લ્ડ મ્યુઝિયમ ડે



- ✓ ઉજવણી : યુનેસ્કો (UNO)
- ✓ થીમ-૨૦૨૦ : **"Museums for Equality: Diversity and Inclusion"**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૫-૨૦૨૦)

1. તાજેતરમાં પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં ફૂંકાયેલા "અમ્ફાન"વાવાઝોડાનો અર્થ જણાવો- **આકાશ**
2. "અમ્ફાન" મૂળ કઈ ભાષાનો શબ્દ છે - **થાઈ**
3. વર્ષ-2004થી હિંદ મહાસાગરમાં ઉદભવતા વાવાઝોડાના નામ કેટલા દેશો દ્વારા આપવામાં આવે છે - **08**
4. કોરોનાના દર્દીઓ માટે તેમના સ્વજનોને ફોન દ્વારા માહિતી આપવા માટે રાજ્યમાં સૌપ્રથમ વાર 'કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ' ક્યાં શરૂ કરાયો છે -**સિવિલ હોસ્પિટલ, અમદાવાદ**
5. ગુજરાતના મુખ્યમંત્રીએ કોરોના વાયરસ સામે જાગૃતિ માટે સોશિયલ મીડિયામાં એક સપ્તાહનું કયું અભિયાન લોન્ચ કર્યું - **"હું પણ કોરોના વોરિયર્સ"/"હું પણ કોરોના યોદ્ધા"**
6. "હું પણ કોરોના વોરિયર્સ" જાગૃતિ અભિયાનમાં કયા ત્રણ સંકલ્પ લેવા મુખ્યમંત્રીએ સામાન્ય જનતાને અપીલ કરી છે - **(૧) વડીલો-બાળકો ઘરમાં જ રહે તેની તકેદારી રાખે. (૨) માસ્ક પહેર્યા વગર કે કારણ વગર ઘર બહાર ન નીકળે. (૩) 'દો ગજ કી દૂરી' સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવે**
7. "હું પણ કોરોના વોરિયર્સ" જાગૃતિ અભિયાનનો સમયગાળો જણાવો - **તારીખ 21મે થી 27 મે 2020**
8. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટના નિર્ણય મુજબ MSME એકમોને રૂપિયા 3 લાખ કરોડના ધિરાણની ગેરંટી કોણ આપી શકશે - **NCGTC**
9. NCGTCનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ**
10. તાજેતરના કેન્દ્રીય કેબિનેટના નિર્ણય મુજબ માર્ચ 2020માં બંધ કરેલી વડીલો માટેની કઈ યોજના ફરીથી શરૂ કરાશે - **પ્રધાનમંત્રી વય વંદના યોજના**
11. "પ્રધાનમંત્રી વય વંદના યોજના"માં જોડાવા માટેની અંતિમ મુદત જણાવો - **માર્ચ 2023**
12. "પ્રધાનમંત્રી વય વંદના યોજના" અંતર્ગત પેન્શન યોજનાનો લાભ કેટલા વર્ષની ઉંમર પછી મળે છે - **60 વર્ષ**
13. પ્રધાનમંત્રી વય વંદના યોજનામાં જોડાવા વ્યક્તિએ કેટલા રૂપિયાનું રોકાણ કરવાનું રહે છે - **રૂ. 1.50 લાખ**
14. તાજેતરમાં WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે કયા ભારતીયની બહુમતીથી નિમણૂક કરાઈ - **કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન**
15. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન આગામી કેટલા વર્ષ સુધી WHOના કારોબારી અધ્યક્ષ રહેશે- **3 વર્ષ**
16. WHOના કારોબારી બોર્ડમાં કેટલા સભ્યો છે - **34**
17. WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ તરીકે ભારતના પ્રતિનિધિની વરણી માટે વિશ્વના કેટલા દેશોએ સમર્થન આપ્યું - **194**
18. ડૉ.હર્ષવર્ધન WHOમાં બોર્ડના કારોબારી અધ્યક્ષ તરીકે કોનું સ્થાન લેશે - **ડૉ. હિરોકી નકાતાની, જાપાન**
19. તાજેતરમાં તાઈવાનના પ્રમુખ પદે કોની બીજીવાર જીત થઈ છે - **ત્સાઈ- ઈંગ વે**
20. તાજેતરમાં "નેચર ક્લાઈમેટ ચેન્જ જર્નલ"માં પ્રસિદ્ધ થયેલા અહેવાલ મુજબ લૉકડાઉનના કારણે વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જનના પ્રમાણમાં કેટલા ટકાનો સરેરાશ ઘટાડો થયો છે - **17%**
21. લૉકડાઉનના કારણે એપ્રિલ 2020ની સ્થિતિએ અમેરિકા, ચીન, યુરોપિયન દેશો અને ભારતમાં કાર્બન ઉત્સર્જનમાં અનુક્રમે કેટલા ટકાનો ઘટાડો નોંધાયો છે - **33,25,27 અને 26**

22. વિશ્વના વૈજ્ઞાનિકોના મતે ૬૨ વર્ષે કાર્બન ઉત્સર્જનમાં આ પ્રકારે ઘટાડો થાય તો પૃથ્વીનું તાપમાન કેટલા ડિગ્રી ઓછું થઈ શકે - 1.8
23. "વિશ્વ મધમાખી દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - **20 મે**
24. વિશ્વ મધમાખી દિવસ-2020ની થીમ જણાવો - **મધમાખીઓને બચાવો**
25. વિશ્વ મધમાખી દિવસ સૌપ્રથમ યુનાઇટેડ નેશન્સ દ્વારા ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી થયો - 20.05.2018
26. કોના જન્મદિવસની યાદમાં 20 મે વિશ્વ મધમાખી દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **એન્ટોન જેસના (સ્લોવેનિયા)**
27. વિશ્વમાં મધમાખી પાલક અને આધુનિક મધમાખી ઉછેરના પાયોનીયર તરીકે કોણ ઓળખાય છે - **એન્ટોન જેસના(સ્લોવેનિયા)**
28. "વિશ્વ મ્યુઝિયમ દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે – 18 **મે**
29. "વિશ્વ મ્યુઝિયમ દિવસ"-2020ની થીમ જણાવો - **"Museums for Equality: Diversity and Inclusion"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 21-05-2020



૧. કેન્દ્ર સરકાર : દેશમાં ૩૩.૩૩ ટકા ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ કરવા માટે ભારત સરકારે મંજૂરી આપી – તા.૨૫મી મે-૨૦૨૦થી પ્રારંભ (ઉડ્ડયન)



નિયમો અને શરતો :

- ✓ સાત કેટેગરી માટે રૂટ : ત્રણ મહિના (તા.૨૪-૦૮-૨૦૨૦) માટે ભાડા નક્કી
- ✓ ડોમેસ્ટિક એરલાઇન્સને વર્ષ ૨૦૨૦ના સમર શિડ્યુલ માટે સરકાર દ્વારા મંજૂરી અપાયેલ ફ્લાઇટના એક તૃતીયાંશ એટલે કે ૩૩.૩૩ ટકા ફ્લાઇટનું બે મેટ્રો શહેર અને મેટ્રો શહેરથી નોન-મેટ્રો શહેર વચ્ચે સંચાલન કરવાની પરવાનગી આપવામાં આવી છે.
- ✓ બે મેટ્રો શહેર વચ્ચે મંજૂર કરાયેલ સમર શિડ્યુલ ૨૦૨૦ની એક તૃતીયાંશ ક્ષમતાના ફ્લાઇટ ઓપરેશન હાથ ધરી શકાશે
- ✓ મેટ્રો શહેરથી નોન મેટ્રો શહેર માટે જ્યાં સપ્તાહમાં ૧૦૦ કરતાં વધુ ફ્લાઇટ છે તેમાં મંજૂર કરાયેલ સમર શિડ્યુલ ૨૦૨૦ની એક તૃતીયાંશ ક્ષમતાની ફ્લાઇટ મંજૂર કરાઈ છે.

7 ફ્લાઈટના રૂટના આધારે ભાડુ :

ફ્લાઈટ	લઘુતમ	મહતમ
૪૦ મિનિટ	રૂ.૨,૦૦૦	રૂ.૬,૦૦૦
૪૦ થી ૬૦ મિનિટ	રૂ.૨,૫૦૦	રૂ.૭,૫૦૦
૬૦ થી ૯૦ મિનિટ	રૂ.૩,૦૦૦	રૂ.૯,૦૦૦
૯૦ થી ૧૨૦ મિનિટ	રૂ.૩,૫૦૦	રૂ.૧૦,૦૦૦
૧૨૦ થી ૧૫૦ મિનિટ	રૂ.૪,૫૦૦	રૂ.૧૩,૦૦૦
૧૫૦ થી ૧૮૦ મિનિટ	રૂ.૫,૫૦૦	રૂ.૧૫,૭૦૦
૧૮૦ થી ૨૧૦ મિનિટ	રૂ.૬,૫૦૦	રૂ.૧૮,૬૦૦

- ✓ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી – શ્રી હરદીપસિંહ પુરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના મહામારી : નિર્ણય (આરોગ્ય)

- ✓ ભારતમાં હવે દરેક મૃતકના દેહનો કોરોના ટેસ્ટ કરાશે–ICMR



વિગત:

- ✓ આઇસીએમઆરએ જણાવ્યું છે કે હવે દરેક મૃતકના દેહને શબગૃહમાં મોકલી આપતાં પહેલાં કોરોના ટેસ્ટ કરાશે.
- ✓ તેના નાકમાંથી સેમ્પલ લેવામાં આવશે.
- ✓ કોરોનાનો રિપોર્ટ મળ્યા બાદ જ જિલ્લા તંત્રને મૃતદેહ સોંપવામાં આવશે.
- ✓ આઇસીએમઆરની ગાઇડલાઇન પ્રમાણે સામાન્ય દર્દીઓના મોત બાદ પણ આ જ પ્રક્રિયા અપનાવવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. કોરોના વાયરસ (આરોગ્ય વિજ્ઞાન)



હર્ડ ઈમ્યુનિટી શું છે ?

- ✓ હર્ડ ઈમ્યુનિટી એટલે જ્યારે કોરોના જેવા ચેપી વાઈરસની મહામારી ફેલાયેલી હોય અને તેની રસી શોધાઈ જ ન હોય ત્યારે માત્ર સામાન્ય લોકોની વ્યક્તિગત રોગપ્રતિકારક શક્તિના બળે જ જંગ લડવાની રણનીતિ અપનાવાય.
- ✓ જેમ જેમ વધુ લોકો આ વાઈરસના સંક્રમણમાં આવે અને તેમની રોગપ્રતિકારક શક્તિના બળે શરીરમાં એન્ટીજન સર્જાય એટલે આપોઆપ આવી વ્યક્તિ ચેપની ચેઈનને તોડે અને આગળ વધતો અટકાવે.
- ✓ આમાં, જોખમ એ છે કે જેની રોગપ્રતિકારક શક્તિ ઓછી છે અથવા તો કો-મોર્બિડિટી છે કે વૃદ્ધાવસ્થા છે તેમને આ વાઈરસ ભરખી જાય તેનો ય ભય રહે.
- ✓ મૃત્યુઆંક વધવા પણ માંડે. પણ એક વખત સમગ્ર વસતિમાં તે ફેલાઈ જાય એટલે વાઈરસને નવો હોસ્ટ ન મળે અને સંક્રમણ રોકાય. ત્યાં સુધીમાં કદાચ તેની રસી પણ શોધાઈ જાય.

- ✓ આ હર્ડ ઈમ્યુનિટી આધારિત રણનીતિ ગણાય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : ૨૧ મે
આતંકવાદ વિરોધી દિવસ

- ✓ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૨૯મી પૂણ્યતિથિ



21 મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ કેમ મનાવવામાં આવે છે?

- ✓ રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી દિવસની સત્તાવાર જાહેરાત 21 મે, 1991ના રોજ ભારતના સાતમાં વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા થયા બાદ કરવામાં આવી હતી.
- ✓ તેઓની હત્યા તમિલનાડુમાં એક અભિયાન દરમિયાન એક આતંકવાદી દ્વારા કરવામાં આવી હતી.
- ✓ ત્યારબાદ, વી.પી સિંહ સરકારે 21 મેને આતંકવાદી વિરોધી દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારથી આ દિવસ મનાવવામાં આવે છે.
- ✓ આ સાથે જ તમામ સરકારી કાર્યલય, સાર્વજનિક સંસ્થાઓમાં આતંકવાદ વિરોધી પ્રતિજ્ઞા લેવામાં આવે છે.

હેતુ :

- ✓ આતંકવાદ વિશે લોકોને માહિતગાર કરવા, લોકોની વેદના અને લોકોના જીવન પર થતી આતંકવાદની અસર વિશે જાગરૂકતા ફેલાવવા માટે દર વર્ષે 21 મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૫-૨૦૨૦)

1. કેન્દ્ર સરકારે દેશમાં કેટલા ટકા ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ કરવા માટે મંજૂરી આપી – 33.33
2. કોરોના મહામારી સંદર્ભે લોકડાઉન બાદ દેશમાં 33.33 ટકા ડોમેસ્ટિક ફ્લાઈટને પુન: ક્યારથી શરૂ કરવામાં આવી હતી - તા.૨૫મી મે-૨૦૨૦
3. કેન્દ્ર સરકાર દ્વારા સાત ડોમેસ્ટિક ફ્લાઈટના આધારે લઘુતમ-મહત્તમ ભાડુ કેટલા માહિના માટે નક્કી કરાયું - ત્રણ મહિના (તા.૨૪-૦૮-૨૦૨૦)
4. કેન્દ્ર સરકાર દ્વારા સાત ડોમેસ્ટિક ફ્લાઈટના આધારે ૪૦ મિનિટની મુસાફરી માટે લઘુતમ-મહત્તમ ભાડુ કેટલું નક્કી કર્યું – રૂ. ૨,૦૦૦ તથા રૂ. ૬,૦૦૦
5. કેન્દ્ર સરકાર દ્વારા સાત ડોમેસ્ટિક ફ્લાઈટના આધારે ૧૮૦ થી ૨૧૦ મિનિટની મુસાફરી માટે લઘુતમ-મહત્તમ ભાડુ કેટલું નક્કી કર્યું – રૂ. ૬,૫૦૦ તથા રૂ. ૧૮,૬૦૦
6. કોની ગાઈડલાઈન અનુસાર ભારતમાં દરેક મૃતકના દેહનો કોરોના ટેસ્ટ કરાશે - ICMR
7. ચેપી વાઈરસની મહામારી ફેલાયેલી હોય અને તેની રસી શોધાઈ જ ન હોય ત્યારે માત્ર સામાન્ય લોકોની વ્યક્તિગત રોગપ્રતિકારક શક્તિના બળે જ જંગ લડવાની રણનીતિને શું કહેવામાં આવે છે - હર્ડ ઈમ્યુનિટી

8. આતંકવાદ વિરોધી દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **૨૧ મે**
- ✓ એપેડેમિક ડીસીઝ એક્ટ હેઠળ મળેલી સત્તાની રૂએ રાજ્યના આરોગ્ય વિભાગના અધિક નિયામક દ્વારા ખાનગી હોસ્પિટલો માટે આદેશ બહાર પાડવામાં આવ્યો છે.
- ✓ જે મુજબ રાજ્યમાં આવેલી તમામ ખાનગી હોસ્પિટલો , નર્સીંગ હોમ કે જે 20 કે તેથી વધુ બેડની સુવિધા ધરાવતી હોય તેમને કુલ બેડના 50 ટકા બેડ કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલા દરે સારવાર માટે ઉપલબ્ધ કરાવવાના રહેશે.
- ✓ સુપ્રીમકોર્ટના નિર્દેશને પગલે રાજ્ય સરકારે ખાનગી હોસ્પિટલો માટે આ આદેશ જારી કર્યો છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ભારતમાં FDI (વિદેશી રોકાણ)

વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતમાં FDI ૧૩ ટકા વધીને રેકોર્ડ ૪૯.૯૮ અબજ ડોલર

- ✓ ગત વર્ષની સ્થિતિ : ભારતમાં એપ્રિલથી માર્ચ ૨૦૧૮-૧૯માં FDI ૪૪.૩૬ અબજ ડોલર થયુ હતુ

વર્ષ ૨૦૧૯-૨૦માં સૌથી વધુ FDI

- ✓ દેશ : સિંગાપોર
- ✓ રોકાણ : ૧૪.૬૭ અબજ ડોલર

ભારતમાં સેકટર મુજબ રોકાણની વિગતો :

- ✓ સેકટર-ક્ષેત્રો પ્રમાણે ફોરેન રોકાણમાં વર્ષ ૨૦૧૯-૨૦માં સર્વિસિઝમાં ૭.૮૫ અબજ ડોલર, કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેરમાં ૭.૬૭ અબજ ડોલર, ટેલીકોમ્યુનિકેશન્સમાં ૪.૪૪ અબજ ડોલર, ટ્રેડીંગમાં ૪.૫૭ અબજ ડોલર, ઓટોમોબાઈલમાં ૨.૮૨ અબજ ડોલર, કન્ટ્રકશનમાં ૨ અબજ ડોલર અને કેમિકલ્સમાં એક અબજ ડોલરનું રોકાણ થયું

આંકડા આપનાર વિભાગ :

- ✓ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)

અન્ય દેશોમાં FDIની વિગતો :

- ✓ આ એફડીઆઈ રોકાણમાં સૌથી વધુ રોકાણ સિંગાપુરથી ૧૪.૬૭ અબજ ડોલરનું થયું.
- ✓ મોરિશિયસથી ૮.૨૪ અબજ ડોલર, કેયમેન આયલેન્ડથી ૩.૭ અબજ ડોલર, જાપાનથી

૩.૨૨ અબજ ડોલર અને ફ્રાંસથી ૧.૮૯ અબજ ડોલર થયું છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮.ભારત-ચીન વચ્ચે તુલના (વિદેશ નીતિ)



વસતી ક્ષેત્રફળ અને બિઝનેસમાં બંને દેશો વચ્ચેનો તફાવત :

ક્ષેત્રફળ :

✓ ચીન પાસે ૯૬ લાખ વર્ગ કિલોમીટરની જમીન છે.

✓ ભારત પાસે ૩૩ લાખ વર્ગ કિલોમીટરનો વિસ્તાર છે, પરંતુ ભૌગોલિક રીતે ભારત વધુ સમૃદ્ધ છે. ભારતની જમીન વધુ ફળદ્રુપ છે.

વસતિ :

✓ ચીનની વસતિ ૧૪૩ કરોડ છે.

✓ ભારતની વસતિ અંદાજે ૧૩૭ કરોડ છે.

બિઝનેસમાં બંને દેશ વચ્ચે તફાવત :

✓ ભારતની જીડીપી ૨૨૫૬ અબજ ડોલર છે.

✓ ચીનની જીડીપી ૧૧,૨૧૮ અબજ ડોલર છે.

✓ માથા દીઠ જીડીપી ભારતમાં ૬૬૧૬ ડોલર ચીનમાં ૧૫,૩૯૯ ડોલર છે.

✓ ભારતમાં સરેરાશ માથાદીઠ વાર્ષિક આવક ૧૭૪૩ ડોલર છે.

✓ ચીનમાં ૮૮૦૬ ડોલર છે.

✓ ચીનનો વેપાર ૨૦૧૮માં ૫૨ અબજ ડોલર હતો.

✓ ભારતનો વેપાર ૨૪.૭૦ અબજ ડોલર હતો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. ASIનો અહેવાલ : વિયેતનામમાં હેરિટેજ સાઈટ ચામ મંદિર સંકુલમાંથી નવમી સદીનું શિવલિંગ મળી આવ્યું (ઈતિહાસ-પ્રાચીન સ્થાપત્ય)



વિગત :

✓ વિયેતનામના ચામ મંદિરના જિર્ણોદ્ધારનું કામ કરતાં ભારતના આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા-એએસઆઈને નવમી સદીનું શિવલિંગ મળી આવ્યું છે.

- ✓ એએસઆઈની ચાર સભ્યોની ટીમ માય સોન ખાતે જિર્ણોદ્ધાર અને જાળવણીની યોથી સિઝનમાં વ્યસ્ત છે.
- ✓ આ વર્ષે તેઓ જાન્યુઆરીથી જુન સુધી કામ કરશે.
- ✓ એએસઆઇ દ્વારા આ મંદિર સંકુલમાં બે અલગ અલગ જૂથોમાં કામ કરીને મંદિરોનો જિર્ણોદ્ધાર કર્યો છે. ટીમ હવે ત્રીજા ગ્રુપ મંદિર પર કામ કરી રહ્યા છે.
- ✓ આ બાબત બંને દેશો વચ્ચે સભ્યતાનો સંપર્ક દર્શાવે છે. ભારતના વિકાસનું આ એક સાંસ્કૃતીક ઉદાહરણ છે.
- ✓ ચામ મંદિર સંકુલ એ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટનો હિસ્સો.
- ✓ વિયેટનામના કુઆંગ નામ પ્રાંતમાં માયસોન ખાતે તે આવેલું છે.
- ✓ ઐતિહાસિક મહત્વ: નવમી સદીમાં રાજા ઇન્દ્રવર્મન બીજાએ આ મંદિરો બનાવ્યા હતા.
- ✓ આ જ વિસ્તારમાં ડાંગડોંગ બૌદ્ધ મઠ પણ આવેલો છે.
- ✓ અગાઉ માયસોન મંદિર સંકુલમાંથી છ અન્ય શિવલિંગો મળી આવ્યા હતા પણ આ મોનોલિથિક શિવલિંગ પર કોતરણી હોવાથી તેનું મહત્વ વધારે છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : ૨૮ મે

ક્રાંતિવીર : વી.ડી. સાવરકર

જન્મ – ૨૮ મે-૧૮૮૩

અવસાન – ૨૬મી ફેબ્રુઆરી-૧૯૬૬

જન્મ સ્થળ:ભગુર, જિલ્લો- નાસિક (મહારાષ્ટ્ર)



- ✓ આજે ક્રાંતિકારી વિનાયક દામોદર સાવરકર, અભિનેતા અને રાજનેતા એન. ટી. રામારાવનો જન્મદિવસ છે.
- ✓ સાવરકરની શૈક્ષણિક કારકિર્દી ઘણી તેજસ્વી હતી.
- ✓ સાવરકર શરૂમાં લોકમાન્ય ટિળક અને તેમના કેસરી પત્રથી પ્રભાવિત હતા.
- ✓ મહારાષ્ટ્રમાં ચાફેકર બંધુઓની ફાંસી વખતે બાળ સાવરકરે ઉપવાસ કર્યો હતો.
- ✓ 1906માં કાયદાનો અભ્યાસ કરવા ગયા.
- ✓ અભિનવ ભારત નામની સંસ્થાની સ્થાપના કરી વિદેશોમાં ભારતની આઝાદી માટે જાગૃતિ લાવવાના પ્રયાસો બદલ સાવરકરની ધરપકડ કરવામાં આવી.
- ✓ ઇંગ્લેન્ડથી ભારત લાવતા હતા ત્યારે મોરિયા નામના જહાજમાંથી છલાંગ

લગાવી દરિયામાં કૂદી પડ્યા, ફરી પકડાયા અને કાલાપાનીની સજા માટે અંદમાન નિકોબારની સેલ્યુલર જેલમાં મોકલાયા.

- ✓ જેલમાં કોલસાથી દીવાલો પર કવિતાઓ લખતા, સાવરકરે ગોમાન્તક નામથી મહાકાવ્ય, હિંદુ પદ પાદશાહી, મેરા આજન્મ કારાવાસ જેવા પુસ્તકો પણ લખ્યા છે.
- ✓ 20 મે 1937ના રોજ અંદમાનથી સાવરકરની મુક્તિ થયા પછી હિન્દુ મહાસભાના પ્રમુખ બન્યા.
- ✓ "સ્વતંત્રતા અમારું ધ્યેય છે, આઝાદી અમારો રાષ્ટ્રધર્મ છે અને ગુલામીમાંથી મુક્તિ અમારો મોક્ષ છે" એ જીવન મંત્ર બનાવનારા સાવરકરનું 26 ફેબ્રુઆરી 1966ના રોજ અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૫-૨૦૨૦)

1. વૈશ્વિક ક્ષેત્રે સૌર ઊર્જામાં પોતાની ભૂમિકા નિશ્ચિત કરવા માટે ભારત સરકાર કઈ યોજના- પ્રોજેક્ટ લોન્ચ કરવા જઇ રહી છે- OSOWOG
2. OSOWOGનું વિસ્તૃત નામ જણાવો- **વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ**
3. ભારત હવે વૈશ્વિક ભૂમિકામાં આગળ વધવા "વૈશ્વિક ઇલેક્ટ્રિક સિટી"બનાવવાના હેતુથી કઈ યોજના લોન્ચ કરવા જઈ રહ્યું છે- OSOWOG
4. OSOWOG પ્રોજેક્ટ ચીનની કઈ યોજના સામે ભારતનો પડકારના રૂપમાં જોવામાં આવે છે- વન બેલ્ટ, વન રોડ
5. ભારત અને ફ્રાન્સની સહયોગથી કાર્યરત ISAમાં હાલ કેટલા દેશો જોડાયા છે- 67
6. ISAનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ**
7. OSOWOG પ્રોજેક્ટમાં પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં કયા કયા દેશોનો સમાવેશ થાય છે - **પૂર્વ ઝોન- મ્યાનમાર, વિયેતનામ, થાઇલેંડ અને કમ્બોડિયા જેવા દેશો, પશ્ચિમ ઝોન- મધ્ય પૂર્વ અને આફ્રિકન દેશો**
8. તાજેતરમાં ચીનની સંસદમાં કયા દેશમાં સિક્યુરિટી લૉ અમલી બનાવતું બિલ બહુમતીથી પસાર કરાયું- હોંગકોંગ
9. વર્તમાનમાં ચીનનો મુખ્ય શાસક પક્ષ જણાવો- **નેશનલ પીપલ્સ કોંગ્રેસ**
10. મે 2020ના વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ કોરોનાના કારણે વિશ્વનું સૌથી લાંબી મુદતનું લૉકડાઉન વિશ્વના કેટલા લોકોને અત્યંત ગરીબીમાં ધકેલી દેશે - 4.9 કરોડ
11. -મે 2020ના વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ કોરોનાના કારણે વિશ્વનું સૌથી લાંબી મુદતનું લૉકડાઉન ભારતના કેટલા લોકોને અત્યંત ગરીબીમાં ધકેલી દેશે-1.2 કરોડ
12. મે 2020ના વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ વર્તમાનમાં પ્રતિદિન કેટલા ડોલરની આવકમાં જીવન નિર્વાહ કરી રહેલા લોકો કોરોનાના કારણે અત્યંત ગરીબીમાં ધકેલાઈ જશે- 1.90 $
13. યુનિસેફના મે 2020ના અહેવાલ મુજબ કોરોના મહામારીના કારણે વિશ્વમાં કેટલા બાળકો વર્ષ 2020ના અંત સુધીમાં ગરીબીમાં હોમાશે - 8.6 કરોડથી વધુ
14. મે 2020માં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને ત્વરિત પાન કાર્ડ મેળવવા માટેની કઈ યોજના લોન્ચ કરી - **આધાર- ફ્રી ઇન્સ્ટન્ટ પાનકાર્ડ(e-PAN કાર્ડ)/ ઇલેક્ટ્રોનિક પાનકાર્ડ**
15. ગુજરાતમાં ખાનગી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે કેટલા ટકા પથારીઓ અનામત રાખવામાં આવશે- 50%
16. વર્ષ 2019-20મા ભારતમાં એફડીઆઇમાં કેટલા ટકાનો વધારો થયો - 13%

17. વર્ષ 2019-20ની સ્થિતિએ ભારતમાં કેટલી રકમનું એફડીઆઇ- સીધું વિદેશી રોકાણ થયું - **49.98 અબજ ડોલર**
18. વર્ષ 2018-19ની સ્થિતિએ ભારતમાં કેટલી રકમનું એફડીઆઇ- સીધું વિદેશી રોકાણ થયું હતું - **44.36 અબજ ડોલર**
19. વર્ષ 2019-20માં સૌથી વધુ વિદેશી રોકાણ મેળવનાર દેશ અને રોકાણ જણાવો - **સિંગાપોર અને 14.67 અબજ ડોલર**
20. વર્ષ 2019-20માં ભારતમાં સૌથી વધુ વિદેશી રોકાણ કયા ક્ષેત્રમાં, કેટલું આવ્યું - **સર્વિસિઝ અને 7.85 અબજ ડોલર**
21. ભારત અને ચીનનું જમીન વિસ્તારનું ક્ષેત્રફળ જણાવો- **ભારત-33 લાખ વર્ગ કિલોમીટર અને ચીન-96 લાખ વર્ગ કિલોમીટર**
22. તાજેતરમાં ASI દ્વારા કયા દેશમાં જીણોદ્ધાર દ્વારા નવમી સદીનું શિવલિંગ મળી આવ્યું છે - **વિયેતનામ**
23. તાજેતરમાં વિયેતનામમાં કયા મંદિર સંકુલમાંથી નવમી સદીનું શિવલિંગ મળી આવ્યું છે - **ચામ મંદિર**
24. નવમી સદીમાં વિયેતનામમાં ચામ મંદિર કયા રાજાએ બંધાવ્યું હતું - **રાજા ઇન્દ્રવર્મન બીજો**
25. ચામ મંદિરને યુનેસ્કો દ્વારા કયો દરજ્જો અપાયો છે - **વર્લ્ડ હેરિટેજ સાઈટ**
26. ચામ મંદિર એ વિયેતનામમાં કયાં અને કયા પ્રાંતમાં આવેલું છે - **માયસોન અને કુઆંગ પ્રાંત**
27. ASIનું વિસ્તૃત નામ જણાવો - **આર્કિયોલોજિકલ સરવે ઓફ ઇન્ડિયા**
28. ક્રાંતિવીર વીર સાવરકરનો જન્મદિવસ જણાવો - **28 મે 1883**
29. વીર સાવરકરનું જન્મ સ્થળ જણાવો- **ભગુર, મહારાષ્ટ્ર**
30. સજાએ કાલાપાની દરમિયાન આંદામાનની જેલમાં વીર સાવરકર દ્વારા લખાયેલ પુસ્તકો નામ જણાવો- **ગોમાન્તક મહાકાવ્ય, હિંદુ પદ પાદશાહી, મેરા આજન્મ કારાવાસ**
31. ક્રાંતિવીર વીર સાવરકરનું આખું નામ જણાવો- **વિનાયક દામોદર સાવરકર**
32. વીર સાવરકરનું અવસાન ક્યારે થયું હતું - **26 ફેબ્રુઆરી 1966**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 29-05-2020



૧.નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ - NSO : ભારત સરકાર (આર્થિક)

NSO દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ના ભારતના આર્થિક વિકાસના આંકડા જાહેર

આંકડાકીય માહિતી :

- ✓ વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતનો જીડીપી ગ્રોથ રેટ ૪.૨ ટકા નોંધાયો છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી ઓછો
- ✓ જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૦ સુધીના અંતિમ ત્રિમાસિક ગાળામાં જીડીપી વૃદ્ધિદર ૩.૧ ટકા

ચોથા ત્રિમાસિકમાં બદતર દેખાવ :

૫.૯૨ ટકા	કૃષિ સેક્ટર
૨.૨ ટકા	કેન્સ્ટ્રક્શન સેક્ટર
૧.૪ ટકા	મેન્યુફેક્ચરિંગ સેક્ટર
૨.૬ ટકા	હોસ્પિટાલિટી સેક્ટર

કયા સેક્ટરમાં કેટલો ઘટાડો :

૧૫.૫ ટકા	કોલ સેક્ટર
૮૬ ટકા	સિમેન્ટ સેક્ટર
૮૩.૯ ટકા	સ્ટીલ સેક્ટર
૪.૫ ટકા	ફર્ટિલાઇઝર સેક્ટર
૬.૪ ટકા	ફૂડ ઓઇલ સેક્ટર
૧૯.૯ ટકા	નેચરલ ગેસ
૨૨.૮ ટકા	વીજળી સેક્ટર

વર્ષ ૨૦૧૯-૨૦નું આર્થિક ચિત્ર :

૫.૨ ટકા	એપ્રિલ-જૂન ૨૦૧૯
૪.૪ ટકા	જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૧૯
૪.૧ ટકા	ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૯
૪.૨ ટકા	જાન્યુઆરી-માર્ચ ૨૦૨૦

લોકડાઉન બાદ દેશના સર્વિસ સેક્ટરને સૌથી મોટી અસર

- ✓ ભારતના જીડીપીમાં પંચાવન ટકાનો હિસ્સો ધરાવતા સર્વિસ સેક્ટરને ૨૫ માર્ચ પછી દેશમાં લદાયેલા લોકડાઉનના કારણે સૌથી મોટી અસર પડી છે.
- ✓ ૨૦૧૯-૨૦ના છેલ્લા ત્રિમાસિકમાં ટ્રેડ, હોટેલ અને ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં વૃદ્ધિદર ૨.૬ ટકા વધ્યો હતો. ફાઇનાન્શિયલ

સર્વિસિઝમાં ૨.૪ ટકાનો વધારો નોંધાયો હતો.

દેશવ્યાપી લોકડાઉનના પગલે એપ્રિલ ૨૦૨૦માં દેશના ૮ કોર સેક્ટરના આઉટપુટમાં ૩૮ ટકાનો તોતિંગ ઘટાડો

- ✓ લોકડાઉનના કારણે દેશના અર્થતંત્ર પર ગંભીર અસર પડી હોવાનું પ્રતિબિંબ પાડતાં મહત્ત્વના કોર સેક્ટરના આઉટપુટમાં એપ્રિલ ૨૦૨૦માં ૩૮ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો હતો. અર્થતંત્રના મહત્ત્વના એવા ૮ સેક્ટરના આઉટપુટમાં માર્ચ મહિનામાં ૯ ટકા સુધી ઘટાડો થયો હતો.
- ✓ એપ્રિલ મહિનામાં સંપૂર્ણ લોકડાઉન હોવાના કારણે દેશમાં કોઈ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ થઈ શકી નહોતી જેની કોર સેક્ટર પર ગંભીર અસર થઈ છે.

પ્રતિ વ્યક્તિ આવક 6.1 ટકા વધી 1.4 લાખ રૂપિયા થઈ

- ✓ 2011-12ના સ્થિર મૂલ્યો પર 2019-20માં જીડીપીનો આકાર 145.66 લાખ કરોડ રૂપિયા થવાનો અનુમાન છે.
- ✓ આ એક વર્ષ પહેલાં 139.81 લાખ કરોડ રૂપિયા હતું.
- ✓ વર્તમાન મૂલ્યો પર તે 203.40 લાખ કરોડ રૂપિયા છે.
- ✓ જ્યારે સ્થિર મૂલ્યની દૃષ્ટિએ 2869 રૂપિયા (3.12 %) વધી 94,954 રૂપિયા રહી છે.

વિગતવાર વિવરણ

- ✓ આંકડાકીય મંત્રાલયે જણાવ્યું હતું કે, ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષમાં ભારતના જીડીપીનો ગ્રોથરેટ ૪.૨ ટકા ઉપર રહ્યો હતો.
- ✓ આમ ગ્રોથરેટ ૧૧ વર્ષના તળિયે પહોંચી ગયો છે.
- ✓ ૨૦૧૮-૧૯માં ભારતના જીડીપીનો ગ્રોથરેટ ૬.૧ ટકા રહ્યો હતો
- ✓ આમ એક વર્ષમાં દેશના અર્થતંત્રના વૃદ્ધિદરમાં ૧.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.
- ✓ ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષના છેલ્લા અને ચોથા જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રિમાસિકમાં જીડીપીનો વૃદ્ધિદર ૩.૧ ટકા રહ્યો હતો જે છેલ્લા બે વર્ષનો સૌથી ધીમો વૃદ્ધિદર હતો.
- ✓ આ પહેલાં ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષના ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના ત્રીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથરેટ ૪.૧ ટકા (સુધારેલો), બીજા અને પહેલા ત્રિમાસિકમાં અનુક્રમે ૪.૪ અને ૫.૨ ટકા નોંધાયો હતો.
- ✓ જાન્યુઆરીથી માર્ચ સુધીના ચોથા ત્રિમાસિકમાં ગ્રોથરેટમાં મોટો ઘટાડો નોંધાતાં આખા વર્ષનો ગ્રોથરેટ તળિયે બેઠો હતો. ગ્રોસ વેલ્યૂ એડેડ (જીવીએ)ના આધારે દેશના અર્થતંત્રે ૨૦૧૯-૨૦ના ચોથા ત્રિમાસિકમાં ૩ ટકા અને ત્રીજા ત્રિમાસિકમાં ૪.૫ ટકાના દરે વિકાસ કર્યો હતો.

- ✓ ચોથા ત્રિમાસિકમાં સરકારની ટેક્સની આવકમાં પણ મોટો ઘટાડો નોંધાતાં આખા વર્ષનો જીવીએ ૩.૯ ટકા પર રહ્યો હતો. ચોથા ત્રિમાસિકમાં એકમાત્ર કૃષિ સેક્ટરમાં બમ્પર રવી પાકના કારણે ૫.૯ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી.
- ✓ ભારતમાં કોરોના મહામારીના પ્રસાર માટે ૨૫મી માર્ચથી લોકડાઉનનો અમલ શરૂ કરાતાં છેલ્લા ત્રિમાસિકમાં માર્ચના ૭ દિવસ આર્થિક પ્રવૃત્તિઓ થંભી ગઈ હતી પરંતુ મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, માર્ચ મહિનામાં લદાયેલા લોકડાઉનના કારણે જીડીપી ગ્રોથરેટ પર મોટી અસર થઈ છે. જોકે લોકડાઉનની ખરેખરી અસર તો વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં વધુ દેખાશે.
- ✓ **NSO :આંકડાકીય મંત્રાલય, ભારત સરકાર**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગુજરાતમાં વર્ષ-૨૦૧૯-૨૦માં FDIની સ્થિતિ : ગુજરાત સરકાર(વિદેશી રોકાણ)

ગુજરાતમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ઔદ્યોગિક ક્ષેત્રે ૪૨,૯૭૬ કરોડનું જંગી વિદેશી રોકાણ આવ્યું

- ✓ રોકાણના ઈરાદાઓ મેળવવામાં પણ ૫૧ ટકા IEM ગુજરાતમાં

વિગત :

- ✓ ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનેશનલ ટ્રેડ દ્વારા દેશના રાજ્યોએ મેળવેલા એફડીઆઇના લેટેસ્ટ આંકડા જાહેર કર્યા છે, આ એફડીઆઇ, રાજ્યમાં ૨૦૧૮-૧૯ના વર્ષમાં આવેલા રૂ.૧૨,૬૧૮ કરોડના એફડીઆઇની તુલનામાં ત્રણ ગણું હતું.



- ✓ દેશમાં એફડીઆઇનો વિકાસ દર ૧૪ ટકા વધ્યો હતો, જેની સામે ગુજરાતનો વૃદ્ધિ દર ઘણો વધુ રહ્યો છે.
- ✓ વર્ષ ૨૦૧૯-૨૦માં એફડીઆઈ મેળવવામાં કર્ણાટકનો ક્રમ બીજો રહ્યો હતો, પરંતુ એનાં કરતાંય ગુજરાતમાં એફડીઆઇ ૮ ગણું વધ્યું હતું.
- ✓ કુલ એફડીઆઇમાંથી ૩૪ ટકા રોકાણ ભાજપશાસિત કર્ણાટકમાં અને દિલ્હીમાં ૧૧ ટકા આવ્યું હતું.
- ✓ મહારાષ્ટ્રમાં એફડીઆઇ ઘટીને ૩ ટકા માઇનસ (નેગેટિવ) અને તામિલનાડુમાં ૮ ટકા માઇનસ (નેગેટિવ) આવ્યું છે.

IEM :

- ✓ ગુજરાતે ઇન્ડસ્ટ્રિયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ આઇઇએમ યાને રોકાણના ઇરાદાપત્રો કરવામાં દેશના કુલ આઇઈએમમાંથી ૫૧ ટકા ઇરાદાપત્રો મેળવી સિદ્ધિ હાંસલ કરી

અગાઉથી આયોજન :

- ✓ ગુજરાતમાં એપ્રિલ-૧૯થી ૩૦મી સપ્ટેમ્બર ૧૯ના ૬ મહિનામાં જ ૨૬૨ વિદેશી કંપનીઓએ કારોબાર શરૂ કરી દીધો હોવાનો દાવો કરતાં ઉદ્યોગ વિભાગના અગ્રસચિવે જણાવ્યું કે, ઓટોમોબાઇલ, હેવી ઇન્ડસ્ટ્રીઝ, કેમિકલ્સ એન્ડ પેટ્રો કેમિકલ્સ, ફાર્મા તેમજ સર્વિસ સેક્ટરમાં વધુ રોકાણો પ્રેરિત કરવા માટે એક હાઈપાવર કમિટીની રચના પણ કરાઈ છે.
- ✓ **અહેવાલ :** ઉદ્યોગ વિભાગ ગુજરાત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. અવસાન : રાજકારણ

છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી અજીત જોગીનું ૭૪ વર્ષે નિધન



- ✓ વતન : ગૌરેલા
- ✓ કલેક્ટરની નોકરી છોડીને રાજકારણમાં આવ્યા હતા
- ✓ શરૂઆત કોંગ્રેસ પક્ષથી કરી
- ✓ હાલમાં છત્તીસગઢ જનતા કોંગ્રેસના વડા હતાં (નવો પક્ષ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.સોનમ વાંગચૂક: શિક્ષણવિદ-ઈનોવેટર (આત્મનિર્ભર ભારત)

- ✓ **ઝુંબેશ:** ચીનને પાઠ ભણાવવા 'બાયકોટ મેડ ઈન ચાઈના'નો પ્રારંભ
- ✓ આપણે સૌએ સ્વદેશી અપનાવીને ચીનની આર્થિક કમર તોડીએ તો ભારત માટે પણ વરદાન સાબિત થશે

ઝુંબેશના મહત્વના પાસાંઓ :

- ✓ ચીનને પાઠ ભણાવવા શિક્ષણવિદ અને ઈનોવેટર સોનમ વાંગચુકે 'મેડ ઇન ચાઇના' વસ્તુઓનો બહિષ્કાર કરીને ચીનની આર્થિક સ્થિતિ નબળી પાડવા ઝુંબેશ હાથ ધરી છે.
- ✓ ચીનની વસ્તુઓનો એટલા મોટા પાયે બોયકોટ કરવો જોઇએ કે તેનું અર્થતંત્ર પડી ભાંગે અને ત્યાંની જનતા ગુસ્સામાં સત્તાપલટો કરી નાખે.
- ✓ આ ઝુંબેશ ભારત માટે પણ વરદાન સાબિત થશે.

સોનમનો પરિચય

એવોર્ડ : ગ્લોબલ એવોર્ડ ઓફ સસ્ટેઈનેબલ આર્કિટેકટર



- ✓ **જન્મ :** તા. ૦૧-૦૯-૧૯૬૬
- ✓ **સ્થળ :** યુલેટોક્પો (ULETOKPO)
- ✓ **સંસ્થા :** સ્ટૂડન્ટ્સ એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ મૂવમેન્ટ ઓફ લદ્દાખ
- ✓ **શિક્ષણ :** NIT-શ્રીનગર (વર્ષ-૧૯૮૭)
- ✓ ખાસ : થ્રિ-ઈડિયટ્સ ફિલ્મમાં સોનમની ભૂમિકા આમિર ખાને ભજવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન : વિખ્યાત જ્યોતિષ બેજાન દારૂવાલાનું ૯૦ વર્ષે અમદાવાદ ખાતે અવસાન



- ✓ જન્મ : તા. ૧૧-૦૭-૧૯૩૧
- ✓ મુંબઈ, પારસી પરિવાર

સચોટ આગાહી :

- ✓ સંજય ગાંધીનું આકસ્મિક અવસાન થશે.
- ✓ ઇન્દિરા ગાંધીની હત્યા કરાશે.
- ✓ અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન બનશે.
- ✓ ગુજરાતમાં વિનાશક ભૂકંપ આવશે.
- ✓ કારગીલ યુદ્ધ
- ✓ ૨૦૦૪માં યુપીએનો વિજય થશે અને મનમોહન સિંહ વડાપ્રધાન બનશે.
- ✓ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી પ્રચંડ વિજય સાથે વડાપ્રધાન બનશે.
- ✓ સેન્સેક્સ ૩૯ હજાર વટાવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. અવસાન : ફિલ્મ ગીત સર્જક – ગીતકાર શ્રી યોગેશ ગૌરનું ૭૭ વર્ષે મુંબઈ ખાતે નિધન



- ✓ જન્મ : લખનઉ

✓ વર્ષ : ૧૯૪૩

પ્રચલીત ગીત :

✓ જિંદગી કૈસી હૈ પહેલી,

✓ રિમઝિમ ગિરે સાવન

✓ આયે તુમ યાદ મુજે

✓ રજનીગંધા ફૂલ તુમ્હારે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. એવોર્ડ : ભારતીય સેનાના મેજર સુમન ગવાનીને UN મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત કરાયા (મહિલા સન્માન)



✓ પ્રથમ ભારતીય મહિલા અધિકારી

✓ UNના મહામંત્રી એન્ટોનિયો ગુટરેસ દ્વારા સન્માન અપાયું.

✓ શ્રી સુમન – UN મિલિટરી મિશન હેઠળ દક્ષિણ સુદાનમાં તહેનાત હતા.



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. WHO : વિદ્યાર્થીઓમાં વ્યસન મુક્તિ (આરોગ્ય)

નવીન પહેલ : ઇનોવેટિવ ટૂલ કીટ લોન્ચ

ટૂલ કીટ વિશે :

✓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કિશોરોને તમાકુના વ્યસનથી બચાવવા માટે તા. ૨૯મી મે-૨૦૨૦ના રોજ નવા ઈનોવેટિવ ટૂલકિટ લૉન્ચ કરી હતી.

✓ તેને 13 થી 17 વર્ષના સ્કૂલના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે.

✓ તેમાં પાંચ મિનિટનો વીડિયો, 10 મિનિટની ક્વિઝ વગેરે સામેલ છે.

✓ આ ટૂલકિટમાં સંદેશ અપાયો છે કે, કેવી રીતે આવા ઉત્પાદનો વેચતી કંપનીઓ છેતરપિંડી કરે છે.

૯. નાણાકીય ખાદ્ય : ભારતમાં વર્ષ ૨૦૧૯-૨૦માં નાણાકીય ખાધ વધીને જીડીપીના ૪.૬ ટકા (આર્થિક વિકાસ)

વિગત :

- ✓ આવક નબળી રહેતા નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં દેશની નાણાકીય ખાધ વધીને જીડીપીના ૪.૬ ટકા થઇ છે.
- ✓ નાણાકીય ખાધ સરકારની આવક અને ખર્ચ વચ્ચેનો તફાવત છે.
- ✓ કન્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (સીજીએ)ના આંકડા અનુસાર ૨૦૧૯-૨૦માં નાણાકીય ખાધ જીડીપીના ૪.૫૯ ટકા છે.
- ✓ જ્યારે આવક ખાધ ૩.૨૭ ટકા છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. દિન વિશેષ : તારીખ ૨૯મે

એવરેસ્ટ આરોહણ દિવસ

તા.૨૯મી મે-૧૯૫૩



- ✓ **મહત્વ:** ભારતના શેરપા તેનસિંગે સૌપ્રથમ વિશ્વના સૌથી ઉંચા પર્વત હિમાલયના સર્વોચ્ચ શિખરે પહોંચીને ત્રિરંગો ફરકાવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૫-૨૦૨૦)

1. વિશ્વમાં "એવરેસ્ટ આરોહણ" તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે - **29 મે, 1953**
2. કયા ભારતીય પર્વતારોહક દ્વારા સૌપ્રથમ એવરેસ્ટ આરોહણ કરીને વિશ્વના સૌથી ઉંચા શિખર ઉપર તિરંગો ફરકાવ્યો હતો- **શેરપા તેનસિંગ**
3. મે 2020ની સ્થિતિએ કેન્દ્ર સરકારની કઈ સંસ્થા દ્વારા ભારતના વર્ષે 2019-20ના આર્થિક વિકાસના આંકડા જાહેર કરવામાં આવ્યા - **NSO**
4. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિદર કેટલા ટકા નોંધાયો છે, જે છેલ્લા 11 વર્ષમાં સૌથી ઓછો છે - **4.2%**
5. NSO મુજબ વર્ષ 2018-19માં ભારતનો GDP વૃદ્ધિદર કેટલા ટકા નોંધાયો હતો- **6.1 %**
6. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતમાં જાન્યુઆરીથી માર્ચે 2020નો છેલ્લા ત્રિમાસિક ગાળામાં GDP વૃદ્ધિદર કેટલા ટકા રહ્યો - **3.1 %**
7. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતમાં જાન્યુઆરીથી માર્ચે 2020નો છેલ્લા ત્રિમાસિક ગાળામાં સૌથી વધુ કૃષિમાં વૃદ્ધિદર કેટલા ટકા રહ્યો - **5.9 %**
8. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતમાં જાન્યુઆરીથી માર્ચે 2020નો છેલ્લા ત્રિમાસિક ગાળામાં બાંધકામ, મેન્યુફેક્ચરિંગ અને હોસ્પિટલ ક્ષેત્રે વૃદ્ધિદર કેટલા ટકા રહ્યો - **અનુક્રમે 2.2%, 1.4% અને 2.6%**
9. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ત્રિમાસિક ગાળામાં GDP વૃદ્ધિદર કેટલા ટકા રહ્યો હતો - **અનુક્રમે 5.2 %, 4.4 % અને 4.1 %**
10. ભારતમાં પ્રતિ વ્યક્તિ આવક કેટલા ટકા વધીને કેટલી થઈ - **6.1 % અને રૂ.1.4 લાખ**
11. NSOનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ**
12. ગુજરાતમાં વર્ષ 2019-20માં ઔદ્યોગિક ક્ષેત્રે કેટલા કરોડનું જંગી વિદેશી રોકાણ આવ્યું છે- **રૂ. 42,976 કરોડ**
13. રોકાણના સૌથી વધુ ઈરાદા પત્રો મેળવવામાં પણ ગુજરાતે સમગ્ર દેશમાં કેટલા ટકા IEM મેળવવાની સિદ્ધિ પ્રાપ્તિ કરી છે - **51%**

14. IEM એટલે શું -**ઇન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોસેં મેમોરેન્ડમ**
15. તાજેતરમાં છત્તીસગઢના કયા પ્રથમ મુખ્યમંત્રીનું 74 વર્ષે અવસાન થયું- **અજિત જોગી**
16. છતીસગઢ રાજ્યની રચના કયા વર્ષે, કયા વડાપ્રધાનશ્રીના સમયગાળામાં કરવામાં આવી હતી - **વર્ષ 2000 અને શ્રી અટલ બિહારી બાજપેઈ**
17. ભારત અને ચીનની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખીને " બોયકોટ મેડ ઈન ચાઇના" ઝુંબેશનો પ્રારંભ કોના દ્વારા કરવામાં આવ્યો છે - **શિક્ષણવિદ અને ઈનોવેટર શ્રી સોનમ વાંગચૂક- લદાખ**
18. શિક્ષણવિદ અને ઈનોવેટર શ્રી સોનમ વાંગચૂકના જીવન ઉપરથી બોલિવૂડમાં કઈ એક ફિલ્મ બની હતી- 3 idiots
19. તાજેતરમાં ભારતના કયા વિખ્યાત જ્યોતિષશાસ્ત્રીનું 90 વર્ષે અમદાવાદ ખાતે અવસાન થયું - **બેજાન દારૂવાલા**
20. શ્રી બેજાન દારૂવાલાનો જન્મ કયાં અને કયા પરિવારમાં થયો હતો - **મુંબઈ અને પારસી પરિવાર**
21. હિન્દી ફિલ્મોના "જિંદગી કેસી હે પહેલી" અને "રિમઝિમ ગિરે સાવન" જેવા પ્રચલિત ગીતોના કયા રચયિતાનું તાજેતરમાં મુંબઈ ખાતે અવસાન થયું - **શ્રી યોગેશ ગૌર**
22. હિન્દી ફિલ્મોના ગીતકાર શ્રી યોગેશ ગૌરનો જન્મ ક્યાં થયો હતો - **લખનૌ ઉત્તર પ્રદેશ**
23. "UN મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધી યર" એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય મહિલા મેજર - **શ્રી સુમન ગવાની**
24. વિશ્વભરના 13 થી 17 વર્ષના વિદ્યાર્થીઓ- કિશોરોને તમાકુના વ્યસનથી બચાવવા તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 'ઇનોવેટિવ ટૂલકિટ' લોન્ચ કરવામાં આવી છે - WHO
25. ભારતમાં વર્ષે 2019-20માં નાણાકીય ખાધ વધીને જીડીપીના કેટલા ટકા થઈ છે - 4.6%
26. CAGના અહેવાલ મુજબ ભારતમાં વર્ષે 2019-20માં આવક ખાધ જીડીપીના કેટલા ટકા છે - 3.27 %

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 30-05-2020



૧. કેન્દ્ર સરકાર : કોરોના મહામારી સામે કેન્દ્રની નવી માર્ગદર્શિકા જાહેર (આરોગ્ય)



અનલોક 1.0 : દેશને ત્રણ તબક્કામાં ખુલ્લો મુકવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય

કુલ ત્રણ તબક્કા

અનલોક ફેઝ 1.0 તા. ૮મી જુનથી



- ✓ જાહેર જનતા માટે ધાર્મિક સ્થળો અને પૂજા અર્ચનાના સ્થળો ખુલ્લાં મુકાશે
- ✓ હોટેલ, રેસ્ટોરન્ટ અને અન્ય હોસ્પિટાલિટી સેવાઓ
- ✓ શોપિંગ મોલ

અનલોક ફેઝ 2.0 (જુલાઇમાં નિર્ણય)

- ✓ શાળા-કોલેજ, શૈક્ષણિક, તાલીમી અને કોચિંગ સંસ્થાઓ
- ✓ (રાજ્યો સાથે ચર્ચા કર્યા પછી)

અનલોક ફેઝ 3.0 (સ્થિતિની સમીક્ષા બાદ)

- ✓ આંતરરાષ્ટ્રીય પેસેન્જર ફ્લાઇટ, મેટ્રો રેલ

- ✓ સિનેમા હોલ, જિમ, સ્વિમિંગ પૂલ, એન્ટરટેઇનમેન્ટ પાર્ક, થિયેટર, બાર, ઓડિટોરિયમ, એસેમ્બ્લી હોલ
- ✓ સામાજિક, રાજકીય, સ્પોર્ટ્સ, મનોરંજન, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સમારોહ અને કાર્યક્રમો.

અનલૉક 1.0 માર્ગદર્શિકા

1. **અનલોક ૧.૦ : જાહેર સ્થળોએ ૬ ફૂટનું સોશિયલ ડિસ્ટન્સિંગ ફરજિયાત**

- ✓ જિલ્લા સત્તાવાળા દ્વારા કન્ટેનમેન્ટ ઝોન નક્કી કરાશે
- ✓ જિલ્લા સત્તાવાળાઓને કન્ટેનમેન્ટ ઝોનની સીમાઓ નક્કી કરવાનો અધિકાર
- ✓ કન્ટેનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક સુવિધાઓને જ પરવાનગી અપાશે
- ✓ કન્ટેનમેન્ટ ઝોનમાંથી કોઇને બહાર જવા કે ઝોનમાં પ્રવેશવાની પરવાનગી અપાશે નહીં
- ✓ ફક્ત મેડિકલ ઇમર્જન્સી અને જીવનજરૂરી વસ્તુઓના પૂરવઠા અને સેવાઓને જ પરવાનગી
- ✓ કન્ટેનમેન્ટ ઝોનમાં વ્યાપક કોન્ટેક્ટ ટ્રેસિંગ, ઘેરઘેર સર્વેલન્સ અને ક્લિનિકલ વિઝિટ કરાશે
- ✓ નવા કેસ આવે ત્યાં બફર ઝોન નક્કી કરવાનો રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અધિકાર
- ✓ બફર ઝોનમાં જિલ્લા સત્તાવાળાઓ દ્વારા નિયંત્રણો નક્કી કરાશે

2. **રાજ્યની અંદર – આંતરરાજ્ય માલ પરિવહન તથા પ્રવાસીઓને મુક્તિ**

- ✓ રાજ્યની અંદર અને આંતરરાજ્ય માલસામાનના પરિવહન પર કોઇ પ્રતિબંધ નહીં
- ✓ રાજ્યની અંદર અને આંતરરાજ્ય પ્રવાસ પર કોઇ પ્રકારના નિયંત્રણ નહીં
- ✓ તે માટે અલગ પરવાનગી અથવા તો ઇ-પરમિટની જરૂર નહીં રહે
- ✓ જાહેર આરોગ્ય જોખમાતું હોય તો રાજ્ય સમીક્ષા કરીને નિયંત્રણો લાદી શકે છે
- ✓ પ્રવાસી ટ્રેન, શ્રમિક સ્પેશિયલ ટ્રેનને મુક્તિ
- ✓ વિદેશમાં ફસાયેલા ભારતીયો, ચોક્કસ વ્યક્તિઓના વિદેશપ્રવાસ, વિદેશની નાગરિકોના વિમાની પ્રવાસને મુક્તિ
- ✓ કોઇપણ રાજ્ય પાડોશી દેશો સાથેના માલસામાનના પરિવહનને અટકાવશે નહીં

3. **કોવિડ-૧૯ના નિયંત્રણ માટે દેશવ્યાપી માર્ગદર્શિકા**

- ✓ જાહેર સ્થળો, કામના સ્થળો અને મુસાઉરી દરમિયાન ફેસ માસ્ક ફરજિયાત
- ✓ જાહેર સ્થળોએ ૬ ફૂટનું સોશિયલ ડિસ્ટન્સિંગ ફરજિયાત
- ✓ મોટા જાહેર મેળાવડા પરનો પ્રતિબંધ જારી રહેશે
- ✓ લગ્ન સમારોહમાં ૫૦થી વધુ અને અંતિમ ક્રિયામાં ૨૦થી વધુ વ્યક્તિને પરવાનગી નહીં

- ✓ જાહેરમાં થૂંકનાર સામે સજાત્મક કાર્યવાહી, રાજ્યો કાયદા પ્રમાણે સજા અને દંડ નક્કી કરે
- ✓ જાહેર સ્થળે શરાબ, પાન, ગુટખા, તમાકુ વગેરેનું સેવન પ્રતિબંધિત
- ✓ બને ત્યાં સુધી વર્ક ફ્રોમ હોમની પ્રેક્ટિસ જારી રાખવી, કચેરીઓમાં કામના મર્યાદીત કલાકો

લોકડાઉન 5.0

- ✓ દેશના તમામ કન્ટેનમેન્ટ ઝોનમાં તારીખ ૩૦મી જૂન 2020 સુધી લોકડાઉન 5.0 અમલી
- ✓ રાત્રી કર્ફ્યું હવે રાતના ૯.૦૦ કલાકથી સવારના ૫.૦૦ કલાક સુધી જ અમલમાં
- ✓ જાહેરાત : કેન્દ્રીય ગૃહ મંત્રાલય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. WHO : WHO સાથે તમામ સંબંધો તોડવાની USAની જાહેરાત (વૈશ્વિક બાબતો)

- ✓ USA હવે WHOને મળનારું ફંડ અન્ય વૈશ્વિક સાર્વજનિક આરોગ્ય સંસ્થાઓને આપશે
- ✓ અમેરિકા દ્વારા વાર્ષિક રૂ. ૩૩૭૫ કરોડનું ફંડ WHOને આપવામાં આવે છે.
- ✓ અમરિકા દ્વારા કોરોનાની સારવાર માટે રૂ. ૯ હજાર કરોડ અપાયા.



WHO સાથે સંબંધો તોડી નાખવાના કારણો :

- ✓ WHO એ ચીનનાં દબાણને વશ થઈને કોરોના ફેલાવવાની વિશ્વને મોડી જાણ કરી.
- ✓ WHO મહામારીને રોકવા મહત્વનાં અને અસરકારક પગલાં લેવામાં નિષ્ફળ ગયું.
- ✓ WHOએ અમેરિકાએ સુચવેલાં સમયસર સુધારા કર્યા નહીં.
- ✓ કોરોના મહામારી અંગે ચીન સાથે મિલીભગતનાં આક્ષેપો
- ✓ કોરોના વાઈરસને વુહાનમાંથી વિશ્વમાં ફેલાવવામાં આવ્યો તેને માટે ચીન સાથે ટેન્શન.
- ✓ WHO ચીનનાં પ્રભાવમાંથી મુક્ત થાય તો જ તેની સાથે સંબંધો રાખવા ટ્રમ્પની તૈયારી.

WHO સાથે સંબંધો તોડવાનો અમેરિકાનો નિર્ણય ખતરનાક પુરવાર થશે : નિષ્ણાતોનો મત :

- ✓ કોરોના સામેની વિશ્વની લડાઈ ધીમી પડશે અને વધુ મુશ્કેલ બનશે.
- ✓ અનેક માસૂમ બાળકોનું આરોગ્ય જોખમાશે.
- ✓ વિશ્વનાં અનેક દેશોમાં પોલિયોનું જોખમ વધશે.
- ✓ મેલેરિયાથી થતા મોતમાં વધારો થશે.

- ✓ કોરોના સહિત અનેક જીવનરક્ષક વેક્સિન બનાવવામાં વિલંબ થશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. 'ધ સ્ટેટ્સ ઓફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ - ૨૦૨૦" (વન પર્યાવરણ)



- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘ'ની પેટા સંસ્થા ' ફૂડ એન્ડ એગ્રિકલ્ચર નાઈઝેશન (ફાઓ) દ્વારા વિશ્વના જંગલો અંગે અહેવાલ રજૂ કરાયો



અહેવાલના મુખ્ય તારણો :

(૧) વિશ્વમાં કુલ જંગલ વિસ્તાર : ૪.૦૬ અબજ હેકટર

(૨) આયોજન : વર્ષ ૨૦૩૦ સુધીમાં વિશ્વનો વન વિસ્તાર ૩ ટકા સુધી વધારવાનું UNનું આયોજન

- ✓ રિપોર્ટ પ્રમાણે ૧૯૯૦થી આજ સુધીના ૩૦ વર્ષમાં ધરતીના પટમાંથી કુલ ૧૭.૮ લાખ ચોરસ કિલોમીટર જંગલો સાફ કરી દેવાયા
- ✓ આફ્રિકા ખંડના દેશ લિબિયા જેટલો આ વિસ્તાર થયો.
- ✓ બીજી તરફ સારી વાત એ છે કે જંગલો કપાવાના દર જરા ધીમો પડ્યો છે.
- ✓ ૧૯૯૦ થી ૨૦૦૦ દરમિયાન વર્ષે સરેરાશ ૭૮ હજાર ચોરસ કિલોમીટર જંગલો સાફ થતાં હતા.
- ✓ ૨૦૦૦ થી ૨૦૧૦ વચ્ચે એ પ્રમાણ ઘટીને પર હજાર ચોરસ કિલોમીટર અને
- ✓ ૨૦૧૦ થી ૨૦૨૦ વચ્ચે ઘટીને ૪૭ હજાર ચોરસ કિલોમીટર થયું છે. એટલે કે વર્ષે સરેરાશ એટલા જંગલો કપાય છે.
- ✓ જંગલો કપાય છે, સામે ઉગાડાય છે માટે કુલ જંગલ વિસ્તારની સ્થિતિમાં થોડો સુધારો જોવા મળ્યો હતો.
- ✓ આખા જગતમાં કુલ જંગલો ૪.૦૬ અબજ હેક્ટર છે. આખા વિશ્વની વસ્તી વચ્ચે વહેંચી દેવામાં આવે તો પ્રત્યેક વ્યક્તિના ફાળે સરેરાશ ૫૦૦૦ ચોરસ મિટરનું જંગલ આવે.
- ✓ ૨૦૩૦ સુધીમાં વિશ્વનો વન વિસ્તાર ૩ ટકા સુધી વધારવાનું રાષ્ટ્રસંઘનું આયોજન
- ✓ વિશ્વના કુલ જંગલ પૈકી અડધાથી વધારે જંગલો પાંચ દેશો રશિયન ફેડરેશન (રશિયા અને આસપાસના દેશો), બ્રાઝિલ, કેનેડા, અમેરિકા અને ચીનમાં જ આવેલા છે.

- ✓ જગતના જંગલો પૈકી સૌથી વધુ ૨૦.૧ ટકા રશિયન ફેડરેશન પાસે છે એ પછી બ્રાઝિલ પાસે ૧૨.૨ ટકા, કેનેડા પાસે ૮.૫ ટકા, અમેરિકા પાસે ૭.૬ ટકા, ચીન પાસે ૫.૪ ટકા, ઑસ્ટ્રેલિયા પાસે ૩.૩ ટકા, કોંગો પાસે ૩.૧ ટકા, ઈન્ડોનેશિયા પાસે ૨.૩ ટકા, પેરુ પાસે ૧.૮ ટકા, ભારત પાસે ૧.૮ ટકા અને બાકીના જગત પાસે ૩૩.૯ ટકા જંગલો આવેલા છે.
- ✓ જંગલો કપાવાનું મોટું કારણ ખેતી માટે ખુલ્લી કરાઈ રહેલી જમીન છે.
- ✓ જગતના જંગલોમાં લગભગ ૧૦ કરોડ પ્રજાતિના સજીવો રહે છે. જંગલને એ સજીવો જ ધમધમતું રાખે છે.
- ✓ આખા જગતના જંગલોમાં ૬૦,૦૮૨ પ્રકારના વૃક્ષો ઉગે છે. એમાંથી વળી ૪૫ ટકા વૃક્ષો તો માત્ર દસ ટ્રી-ફેમિલીના જ છે.
- ✓ વૃક્ષોની આ પ્રજાતિઓ પૈકી ૨૦,૩૩૪ પ્રકારના વૃક્ષોનો સમાવેશ એવા લિસ્ટમાં કરવામાં આવ્યો છે, જેના પર નષ્ટ થવાનો ખતરો છે.
- ✓ સૌથી વધુ ૯૨૨૩ પ્રજાતિના વૃક્ષો એકલા બ્રાઝિલમાં જોવા મળે છે એ પછી કોલંબિયામાં ૬૦૨૧, ઈન્ડોનેશિયામાં ૫૬૨૩, મલેશિયામાં ૫૪૩૮, વેનેઝુએલામાં ૪૮૭૯, ચીનમાં ૪૬૮૦, પેરુમાં ૪૬૧૨, ઈક્વેડોરમાં ૩૭૫૦, મેક્સિકોમાં ૩૫૧૪ અને માડાગાસ્કરમાં ૩૨૯૭ પ્રજાતિના વૃક્ષો જોવા મળે છે.
- ✓ વિશ્વમાં કુલ ૨૮ હજાર પ્રકારના છોડ-વેલા એવા છે, જેનો આયુર્વેદિક ઉપયોગ નોંધાયો છે.
- ✓ કોરોના હોય કે બીજી કોઈ પણ બિમારી તેની સારવાર આયુર્વેદમાં શોધ્યા વગર જગતને ચાલતું નથી.
- ✓ જગતમાં ૮.૬ કરોડ લોકોને સીધા જંગલને કારણે કામ-ધંધો મળે છે. આ માટે ગ્રીન જોબ શબ્દ વપરાય છે.
- ✓ બીજા ૮૮ કરોડ લોકો એવા છે, જે જલાઉ લાકડા લેવા જંગલમાં જાય છે.
- ✓ અલબત્ત, આખા જગતની વસ્તી છેવટે વન પર આધારીત છે, વન વગર કોઈને ચાલી શકતું નથી.
- ✓ આખા જગતના જંગલ વિસ્તારમાંથી ૧૮ ટકા વિસ્તાર (૭૦ લાખ ચોરસ કિલોમીટર) જંગલો નેશનલ પાર્ક, સેન્યુરી એમ વિવિધ રીતે આરક્ષીત કરાયેલા છે.
- ✓ વિવિધ જંગલમાં ૧૭ પ્રજાતિના એવા મોટા સજીવો નોંધાયા છે, જે મનુષ્યો પર હુમલો કરી મારી નાખે છે. બીજી તરફ ઝેરી જનાવર કરડવાથી વર્ષે એકાદ લાખ મોત નોંધાય છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કેન્દ્રની વર્તમાન NDA સરકારનું બીજી ટર્મનું ૩૦મી મે-૨૦૨૦ના રોજ એક વર્ષ પૂર્ણ (વહીવટ)

મોદી સરકાર 2.0

✓ છેલ્લાં એક વર્ષની કેન્દ્ર સરકારની સિદ્ધિઓ

<u>પ્રધાનમંત્રી મોદીના પત્રના મુખ્ય અંશો</u>

✓ તલાક અને નાગરિકતા કાયદામાં બચવા માટે જાહેર કરાયેલા દિશા નિર્દેશોનું પાલન કરવાની જરૂર છે.

✓ આપણા એક હાથમાં કર્મ અને કર્તવ્ય છે, તો બીજા હાથમાં સફળતા નિશ્ચિત છે.

✓ વડાપ્રધાન મોદીએ લખ્યું છે કે કોરોના પછી અર્થતંત્રને ફરીથી પાટા પર લાવવા દુનિયા સામે સૌથી મોટો પડકાર બની ગયો છે.

✓ ભારતમાં આર્થિક ક્ષેત્રમાં દુનિયાને આશ્ચર્યચકિત અને પ્રેરિત કરવાનું સામર્થ્ય છે, પરંતુ તેના માટે પહેલા દેશને આત્મનિર્ભર બનાવવું પડશે.

✓ વડાપ્રધાને આશા વ્યક્ત કરી કે ૨૦ લાખ કરોડ રૂપિયાના આત્મનિર્ભર પેકેજના આધારે ભારત આયાત પર નિર્ભરતા ઓછી કરીને આત્મનિર્ભર બનવામાં સફળ થશે.



✓ વડાપ્રધાને છેલ્લા એક વર્ષમાં સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે <u>કલમ ૩૭૦, રામ મંદિર, ટ્રીપલ તલાક અને નાગરિકતા કાયદામાં સંશોધન</u> લાંબા સમય સુધી યાદ રખાશે.

✓ તેનાથી ભારતની વિકાસ યાત્રાને નવી ગતિ મળી છે.

✓ દેશના ત્રણેય સૈન્યો વચ્ચે સમન્વય વધારવા માટે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના પદની રચના અને ૨૦૨૨માં મિશન ગગનયાનની તૈયારીઓને તેમણે સરકારની સિદ્ધિઓ ગણાવી હતી.

✓ છેલ્લા એક વર્ષમાં સરકારે પીએમ કિસાન ભંડોળ મારફત ૯.૫ કરોડ ખેડૂતોને ૭૨,૦૦૦ કરોડ રૂપિયાની મદદ કરી છે. સાથે જ ખેડૂતો, ખેત મજૂરો, નાના દુકાનદારો અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનારા મજૂરો માટે ત્રણ હજાર રૂપિયાનું પેન્શન સુનિશ્ચિત કરવાનું કામ કર્યું છે.

✓ ૫૦ કરોડ પશુઓના રસીકરણ અને ૧૫ કરોડ ગ્રામીણ ઘરોમાં નળથી શુદ્ધ પાણી પહોંચાડવાનું કામ પણ ચાલુ છે.

✓ પહેલી વખત દેશમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરનારાની સંખ્યા શહેરોની સરખામણીમાં ગામોમાં ૧૦ ટકા વધુ થઈ ગઈ છે.

✓ આ જ ક્રમમાં વડાપ્રધાને તેમના છેલ્લા કાર્યકાળમાં થયેલી સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક, વન રેન્ક વન પેન્શન અને જીએસટી જેવા નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો હતો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : હલ્દી ઘાટીનું યુદ્ધ

તા. ૩૦મી મે-૧૫૭૬



વિગત :

- ✓ આ દિવસે અકબરના પુત્ર સલીમ અને મહારાણા પ્રતાપ વચ્ચે ભીષણ યુદ્ધ થયું.



- ✓ ચેતક ઘોડાએ રાણાનો અદ્ભૂત બચાવ કર્યો.
- ✓ આજે પણ હલ્દીઘાટીમાં ચેતકનું સ્મારક પ્રેરણા આપે છે.
- ✓ સાથે સાથે મહારાણા પ્રતાપની શૌર્યગાથાની યાદ પણ અપાવે છે

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : ૩૦ મે

સાહિત્યનો નવોન્મેષ : સુરેશ જોશી

જન્મ – ૩૦ મે-૧૯૨૧

અવસાન – ૬ ઓગસ્ટ-૧૯૮૬



- ✓ વિવેચક, નિબંધકાર, નવલકથાકાર, વાર્તાકાર અને અનુવાદક સુરેશ હરિપ્રસાદ જોશીનો આજે જન્મદિવસ છે.
- ✓ બારડોલી તાલુકાના વાલોડ ગામે જન્મેલા સુરેશ જોષીએ શરૂઆતનું શિક્ષણ વાલોડ, સોનગઢ અને નવસારીમાં મેળવ્યું હતું.
- ✓ 1943માં એલ્ફિન્સ્ટન કૉલેજ મુંબઈથી સ્નાતક અને 1945માં અનુસ્નાતક થયા.
- ✓ કરાચીની ડી. જે. સિંધ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા
- ✓ 1947માં વલ્લભ વિદ્યાનગર અને 1951 થી એમ. એસ. યુનિ. વડોદરામાં અધ્યાપક બન્યા, ત્યાંથી 1981માં નિવૃત્ત થયા.
- ✓ ઉપજાતિ, પ્રત્યંચા, ઇતરા, તથાપિ, કિંચિત્, ગુજરાતી કવિતાનો આસ્વાદ, કાવ્ય ચર્ચા, છિન્નપત્ર, વિદૂલા, કથાચક્ર, ઇદમ્ સર્વમ, અમેરિકી સાહિત્યનો અનુવાદ જેવાં કવિતા,

લઘુનવલ, વિવેચન, સંપાદન અને અનુવાદના પુસ્તકો કર્યા.

✓ સર્જનાત્મક ઉપરાંત ફાલ્ગુની, વાણી, મનીષા, ક્ષિતિજ, ઊહાપોહ અને એતદ્ જેવાં સામયિકોના સંપાદન દ્વારા પણ તેમની આધુનિકતાનો ઉન્મેષ દેખાયો હતો.

સુરેશ જોષીને મળેલા એવોર્ડ્સ :

✓ નર્મદ સુવર્ણચંદ્રક – ૧૯૭૧

✓ ૧૯૮૩માં મળેલા સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કારની એમના દ્વારા અસ્વીકૃતિ.

✓ રણજિતરામ સુવર્ણચંદ્રક

✓ ગુજરાતી સાહિત્યસર્જન અને વિવેચનમાં સીમાસ્તંભ સમા સુરેશ જોષીનું 6 ઓગસ્ટ 1986ના રોજ નડિયાદમાં અવસાન થયું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૫-૨૦૨૦)

1. દેશમાં કોરોના મહામારીના કારણે અમલી લૉકડાઉનમાંથી દેશને તબક્કાવાર બહાર લાવવા કેન્દ્ર સરકાર દ્વારા કયા નવા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે- **અનલૉક 1.0**
2. કોરોના મહામારીના કારણે અમલી લૉકડાઉનમાંથી દેશને કેટલા તબક્કામાં બહાર લાવવા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જાહેરાત કરાઈ છે - **અનલૉક 1.0,અનલૉક 2.0 અને અનલૉક 3.0**
3. દેશના તમામ કન્ટેનમેન્ટ ઝોનમાં આગામી ક્યાં સુધી લૉકડાઉન 5.0 અમલમાં રહેશે- **30 જૂન 2020**
4. તાજેતર મે 2020માં અમેરિકા દ્વારા કઈ સંસ્થા સાથે આર્થિક સંબંધો તોડવાની જાહેરાત કરવામાં આવી છે- **WHO**
5. અમેરિકા દ્વારા વાર્ષિક કેટલા કરોડ રૂપિયાની અંદાજે સહાય WHOને આરોગ્યલક્ષી સુવિધા માટે આપવામાં આવે છે- **૩.3375 કરોડ**
6. ભારતમાં હલ્દીઘાટીનું યુદ્ધ ક્યારે થયું હતું - **30/05/1576**
7. ભારતમાં રાજસ્થાન પ્રદેશમાં હલ્દીઘાટીનું યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું- **મહારાણા પ્રતાપ અને અકબરના પુત્ર સલીમ વચ્ચે**
8. કેન્દ્રની એનડીએ સરકારે તાજેતરમાં કઈ તારીખે તેની બીજી ટર્મ-મુદતનું એક વર્ષ પૂર્ણ કર્યું - **30/05/2020**
9. વિશ્વમાં વન- જંગલોની વૈશ્વિક સ્થિતિ અંગે તાજેતરમાં યુનાઇટેડ નેશન્સની કઈ સંસ્થા દ્વારા 2020નો રિપોર્ટ રજૂ કર્યો- **FAO**
10. વિશ્વમાં વન-જંગલોની વૈશ્વિક સ્થિતિ અંગે તાજેતરમાં યુનાઇટેડ નેશન્સની પેટા સંસ્થા FAO દ્વારા 2020નો રિપોર્ટ કયા નામથી રજૂ કરાયો - **"ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"**
11. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020" અહેવાલ મુજબ સમગ્ર વિશ્વમાં હાલમાં કુલ કેટલા વિસ્તારમાં જંગલો આવેલા છે- **4.06 અબજ હેકટર**
12. "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ UN દ્વારા આગામી કયા વર્ષ સુધીમાં કેટલા ટકા વનનો વિસ્તાર કરવાનું આયોજન છે - **2030 અને 3%**
13. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વર્ષે 1990થી એટલે કે છેલ્લા 30 વર્ષે દરમિયાન પૃથ્વી ઉપરથી કેટલા વિસ્તારમાં જંગલો ઓછા થયા છે- **17.8 લાખ ચોરસ કિલોમીટર**
14. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વના કુલ જંગલો પૈકી 50 ટકાથી વધારે જંગલો કયા પાંચ દેશોમાં આવેલા છે- **રશિયન ફેડરેશન, બ્રાઝિલ, કેનેડા, અમેરિકા અને ચીન**
15. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વના જંગલો પૈકી સૌથી વધુ 20.1% જંગલો કયા દેશ પાસે છે - **રશિયન ફેડરેશન એટલે રશિયા અને આસપાસના દેશો**
16. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020" અહેવાલ મુજબ ભારત પાસે કેટલા ટકા જંગલો છે- **1.8%**

17. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વમાં જંગલો કાપવાનું મુખ્ય કારણ શું છે - **ખેતી માટે જમીન ખુલ્લી કરવી**
18. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ સમગ્ર વિશ્વમાં અંદાજે કેટલા પ્રકારના વૃક્ષો ઉગે છે -**60,082**
19. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ સમગ્ર વિશ્વમાં આ પ્રકારના છોડ અને વેલાનો આયુર્વેદિક દવા માટે ઉપયોગ કરવામાં આવે છે- **28 હજાર**
20. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વમાં કેટલા લોકોને જંગલને કારણે સીધી રોજગારી મળે છે- **8.6 કરોડ**
21. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વમાં લોકોને જંગલને કારણે સીધી રોજગારી-ધંધો મળે છે તેના માટે કયો શબ્દ વપરાય છે- **'ગ્રીન જોબ'**
22. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020" અહેવાલ મુજબ વિશ્વમાં જંગલ વિસ્તારમાંથી કેટલા ટકા વિસ્તારમાં જંગલો, નેશનલ પાર્ક અને સેન્ચ્યુરી એમ વિવિધ રીતે આરક્ષિત કરાયેલો છે - **18 %(70 લાખ ચોરસ કિલોમીટર)**
23. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વના જંગલોમાં અંદાજે કેટલા કરોડ પ્રજાતિના સજીવો રહે છે - **10 કરોડ**
24. FAOનું વિસ્તૃત નામ જણાવો - **ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશન**
25. FAOનું વડું મથક ક્યાં આવેલું છે - **રોમ, ઇટાલી**
26. FAOનો સ્થાપના દિવસ જણાવો- **16/05/1945**
27. તા.૩૦મી મે-૨૦૨૦થી કયા આધુનિક ગુજરાતી સાહિત્યકારની જન્મ શતાબ્દિ મહોત્સવનો પ્રારંભ થયો - **સુરેશ જોશી**
28. ગુજરાતી આધુનિક ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોશીનો જન્મદિવસ જણાવો – **૩૦ મે ૧૯૨૧**
29. ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોશીને નર્મદ સુવર્ણ ચંદ્રક કયા વર્ષમાં મળ્યો હતો – **૧૯૭૧**
30. ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોશીએ તેમને વર્ષ-૧૯૮૩માં મળેલા કયા પ્રતિષ્ઠિત એવોર્ડનો અસ્વિકાર કર્યો હતો- **દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 31-05-2020



૧.SpaceX – NASA (અવકાશ વિજ્ઞાન)

✓ **સિદ્ધી:** અમેરિકાની અવકાશ એજન્સી NASA અને એલન મસ્કની સ્પેશએક્સ કંપનીએ ઈતિહાસ રચ્યો : વિશ્વનું પ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ISS – સ્પેશ સ્ટેશન ઉપર સફળતાપૂર્વક પહોંચ્યું



ફેક્ટ ફાઈલ

✓ અવકાશ યાનનું નામ : ક્રુ ડ્રેગન

✓ ક્યાંથી લોન્ચ કરાયું : કેનેડી સ્પેશ સેન્ટર, ફ્લોરિડા (USA)

ખાનગી કંપની, માલિક અને દેશ

✓ કંપની : સ્પેશ એક્સ

✓ માલિક : એલન મસ્ક

✓ દેશ : USA

✓ **કરાર :** NASAનો સ્પેસ એક્સ સાથે ૨.૬ અબજ ડોલરનો કરાર

પ્રથમ અવકાશ યાત્રી :

૧. રોબર્ટ બેનકેન

૨. ડગ્લાસ હર્લે



✓ **કેટલા દિવસ ISS પર રોકાણ:** ૧૧૦ દિવસ

વિગતવાર માહિતી :

- ✓ તા. ૩૧મી મે-૨૦૨૦ના રોજ અમેરિકાના ઇસ્ટન ટાઇમ મુજબ સવારે ૧૦:૧૬ કલાકે નાસાના બે અંતરિક્ષ યાત્રી રોબર્ટ બેનકેન અને ડગ્લાસ હર્લે સાથે યાન ડ્રેગન આંતરરાષ્ટ્રીય અવકાશ મથક ખાતે સફળતાપૂર્વક પહોંચ્યું હતું.
- ✓ અવકાશયાત્રીઓએ કોઇ ખાનગી રોકેટ દ્વારા અવકાશયાત્રા કરી હોય એવી આ પહેલી ઘટના હતી.
- ✓ બંને અવકાશયાત્રી ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) ખાતે ૧૧૦ દિવસ રહી રિસર્ચ વર્ક કરશે.
- ✓ યાનના લોન્ચિંગ પ્રસંગે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાજર રહ્યાં હતા.

બંને અવકાશયાત્રી ISS પર શું કરશે?

- ✓ બંને અવકાશયાત્રી અગાઉ નક્કી કર્યા મુજબ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) ખાતે ૧૧૦ દિવસ રહેશે અને ત્યાં રિસર્ચ વર્ક કરશે.
- ✓ સ્પેસ એક્સની કેપસ્યૂલ ડ્રેગન અવકાશમાં ૨૧૦ દિવસ રહી શકશે તે પછી તેને રિપેરિંગ માટે પૃથ્વી પર પાછી લાવવી પડશે.
- ✓ બંને અવકાશયાત્રી સ્પેસક્રાફટમાં કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે.
- ✓ રોબર્ટ બેનકેન અગાઉ બે વખત ૨૦૦૮ અને ૨૦૧૦માં સ્પેસ સ્ટેશન જઈ ચૂક્યા છે અને ત્રણ વખત સ્પેસવૉક કર્યું છે.
- ✓ ડગ્લાસ હર્લે સ્પેસક્રાફટ કમાન્ડર છે. તેઓ ૨૦૦૯ અને ૨૦૧૧માં સ્પેસ સ્ટેશન જઈ ચૂક્યા છે.

બંને અવકાશયાત્રીઓની સાથે એક રમકડાનું ડાયનોસોર મોકલાયું



- ✓ આ ડાયનોસોરને કેપ્સ્યૂલમાં ગ્રેવિટી માપવા માટે મોકલાયું છે જે બંને અવકાશયાત્રીનું મનોબળ પણ વધારતું રહેશે.

નવા યુગમાં નવો સ્પેસસૂટ

- ✓ અમેરિકાની અવકાશયાત્રાના નવા યુગના મંડાણ થયા હતા, ત્યારે નાસાના બંને અવકાશયાત્રીઓના સ્પેસસૂટ પણ નવા હતા.
- ✓ એ માટે એલન મસ્કે ચાર વર્ષ સુધી મહેનત કરી હતી.
- ✓ કોસ્ચ્યૂમ ડિઝાઇનર જોસ ફર્નાન્ડિઝની સાથે રહીને એલન મસ્કે આ નવો સ્પેસસૂટ તૈયાર કરાવ્યો હતો.

- ✓ જોસ ફર્નાન્ડિઝ તો હોલિવૂડની સુપરહીટ ફિલ્મો ધ એવેન્જર્સ અને એક્સ મેન માટે કામ કરી ચૂક્યા છે.
- ✓ આ સ્પેસસૂટની ખાસિયત એ છે કે એ કસ્ટમ મેઇડ છે એટલે કે અવકાશયાત્રી માટે વિશેષ તૈયાર કરેલો છે.
- ✓ ખરેખર તો આ સુટ પ્રેશરસૂટ હોય છે, જે વેક્યુમમાં અવકાશયાત્રીઓને જીવિત રાખે છે. ડિપ્રેશરાઇઝેશનમાં રક્ષણ આપે છે.
- ✓ નાસાના મતે આ સ્પેસસૂટમાં જાંઘ પર એક લાઇફ સપોર્ટ સિસ્ટમ છે, જેમાં હવા અને પાવરનું જોડાણ છે.
- ✓ હેલ્મેટ થ્રી ડી પ્રિન્ટ ટેકનોલોજીથી બનાવાઇ છે. તેમાં ઇન્ટિગ્રેટેડ વાલ્વ છે, વાઇઝર રિટ્રેક્ટેશનને લોકિંગ મિકેનિઝમ છે. હેલ્મેટની અંદર જ માઇક્રોફોન અને સ્પીકર પણ છે.

<u>સ્પેસએક્સ સાથે ભારતીય કનેકશન</u>

- ✓ સ્પેસએક્સની કેપ્સ્યૂલ ડ્રેગનનાં સફળ ઉડ્ડયન સાથે <u>ભારતીય બાલાચંદર રામમૂર્તિ</u>નું નામ જોડાયેલું છે. તેઓ ૯ વર્ષથી સ્પેસએક્સમાં કામ કરી રહ્યા છે.
- ✓ તેઓ સ્પેસએક્સનાં ક્રુ ઓપરેશન એન્ડ રિસોર્સ એન્જિનિયર છે.
- ✓ કેનેડી સ્પેસ સેન્ટર ખાતેનાં લૉન્ચ પેડમાં ફાયરિંગ રૂમ નં.૪માં ચીફ એન્જિનિયર છે.
- ✓ <u>મૂળ તેઓ ચેન્નઈનાં</u> છે અને અન્ના યુનિ.માંથી એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવેલી છે.

<u>ફાલ્કન-૦૯ રોકેટની વિશેષતા :</u>



- ✓ ફાલ્કન-૯ સ્પેસએક્સ કંપનીનું ડિઝાઈન કરેલું વારંવાર વાપરી શકાય તેવું બે સ્ટેજવાળુ રોકેટ છે. તેનું પ્રથમ સ્ટેજ વારંવાર વાપરી શકાય છે.
- ✓ રોકેટ બનાવવા માટે મર્લિન ફેમિલીનું રોકેટ વાપરવામાં આવ્યું છે જે સ્પેસ એક્સના ફાલ્કન-૧ થી માંડી ફાલ્કન-૯ સુધીના રોકેટમાં વાપરવામાં આવે છે. તેમાં બળતણ તરીકે રોકેટ કેરોસીન RP-1 અને પ્રવાહી ઓક્સિજન વાપરવામાં આવે છે. આ ઓક્સિજનને વારંવાર વાપરી શકાય તેવું Reusable બનાવાયું છે.
- ✓ રોકેટનું માળખું એલ્યુમિનીયમ અને મિથીયમના મિશ્ર ધાતુનું છે.

- ✓ ફાલ્કન-૯ રોકેટ પ્રથમ સ્ટેજમાં ૮૬૧૮૩ કિલોગ્રામનો ધક્કો એટલે થ્રસ્ટ પેદા કરે છે.
- ✓ ફાલ્કન-૯ રોકેટનો ઉપયોગ લો અર્થ ઓરબિટમાં ઉપગ્રહ તરતો મુકવા, આંતરરાષ્ટ્રીય અંતરીક્ષ મથક ઉપર માલસામાન કે અંતરીક્ષ યાત્રીને મોકલવા થઈ શકે છે.
- ✓ આ રોકેટનું નામ સ્ટારવોર સ્પેસશિપ મેલિનેયીમ ફાલ્કન ઉપરથી રાખવામાં આવ્યું છે.
- ✓ તેના પ્રથમ સ્ટેજમાં ૯ મર્લિન D રોકેટ એન્જિન બેસાડેલા છે.
- ✓ ફેલ્કન-૯ રોકેટ લો અર્થ ઓરબિટમાં ૨૨,૮૦૦ જીઓસ્ટેશનરી સ્ટ્રાસ્પર ઓરબિટમાં ૮,૩૦૦ કિલોગ્રામ પેલોડ ઉંચકી શકે છે.
- ✓ ફાલ્કન-૯ રોકેટ દ્વારા ઈન્ટેલ સેટ અને ટેલસ્ટાર જેવા ઉપગ્રહ અંતરિક્ષમાં ગોઠવવામાં આવ્યા છે.
- ✓ ડિસેમ્બર ૨૦૧૦ થી ફાલ્કન રોકેટનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.
- ✓ ફાલ્કન ફેમિલીના રોકેટ છેલ્લા દશ વર્ષમાં ૮૮ વાર લોન્ચ કરવામાં આવ્યા છે. જેમાંથી ૮૬ ટકા મિશન સફળ રહ્યા છે. સફળતાનો આંક ૯૮ ટકા જેટલો છે.
- ✓ ફાલ્કન-૯ રોકેટની છેલ્લી પ્રકાશિત કિંમત ૬૨ મિલિયન ડોલર છે.
- ✓ નાસા સાથેના ડ્રેગન કાર્ગો મિશન માટે સંપૂર્ણ મિશનની કોસ્ટ ૧૩૩ મિલિયન ડોલર રાખવામાં આવી છે.
- ✓ ફાલ્કન-૯ રોકેટના બન્ને સ્ટેજમાં એક જ પ્રકારનું બળતણ વાપરવામાં આવે છે.

<u>ક્રુ ડ્રેગન કેપ્સ્યૂલ વિશે :</u>

- ✓ ડ્રેગન-૨ અમેરિકન એરાસ્પેસ કંપની-સ્પેસ એકસનું વારંવાર વાપરી શકાય તેવું સ્પેસ ક્રાફ્ટ છે. જેને ફાલ્કન-૯ રોકટના મથાળે ગોઠવીને અંતરિક્ષમાં મોકલવામાં આવ્યું.
- ✓ આ સ્પેશક્રાફ્ટમાં મહત્તમ ૭ અંતરીક્ષ યાત્રી સફર કરી શકે છે.
- ✓ માલસામાન મોકલવા માટે વપરાતા ડ્રેગન-૨ને કાર્ગો ડ્રેગન તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ ડ્રેગન-ક્રુનો ઉપયોગ ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન પર અંતરીક્ષ યાત્રીને પહોંચાડવામાં આવ્યો છે.
- ✓ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સાથે ક્રુ ડ્રેગન ૨૧૦ દિવસ સુધી જોડાણ કરી રહી શકે તેમ છે.
- ✓ શરૂઆતમાં આ સ્પેસ ક્રાફ્ટ ડ્રેગન રાઈડર તરીકે ઓળખાતું હતું.
- ✓ મિશન પૂર્ણ થાય અથવા કટોકટીના સમયે આ સ્પેશક્રાફ્ટ મહાસાગરમાં ચોક્કસ સ્થળે ઉત્તરાણ કરી શકે છે.
- ✓ ડ્રેગન-૨નો આંશિક ભાગ વારંવાર વાપરી શકાય તેવો છે.
- ✓ આ સ્પેસક્રાફ્ટમાં ૩ સ્ક્રીવાળી કંટ્રોલ પેનલ છે.
- ✓ સ્પેશક્રાફટનું નિયંત્રણ ટચ સ્ક્રીન વડે થાય છે. જુના જમાનામાં વપરાતા જોય સ્ટીક,

બટન અને નોલને કંટ્રોલ પેનલ પરથી દૂર કરવામાં આવે છે.

- ✓ ડ્રેગન-૨ની ચાર દિશામાં ૮ એન્જિન બેસાડેલા છે જે ૮ ટનનો થ્રસ્ટ પેદા કરી શકે છે.
- ✓ ડ્રેગન-૨ના બાંધકામમાં નિકલ, લોહતત્ત્વ, કાર્બન અને એલ્યુમિનિયમની મિશ્ર ધાતુનો ઉપયોગ કરવામાં આવે છે.
- ✓ તેની નળાકાર ટેન્ટ ટિટાનીયમ ધાતુ ઉપર કાર્બન કોમ્પોઝીટનું લેયર ધરાવે છે.
- ✓ ડ્રેગન-૨ના અત્યાર સુધી ૪ લોન્ચીંગ થયા છે, જે સફળ રહ્યા છે.
- ✓ ઓગસ્ટ ૨૦૨૦માં નાસા ફરી વાર ૪ અંતરિક્ષ યાત્રી સાથે ડ્રેગન-૨નું લોન્ચીંગ કરવાનું આયોજન કરી રહ્યું છે.
- ✓ નાસા બોઈન્ગ કંપનીની સ્ટાઈ લાઈનર કેપ્સલમાં અંતરિક્ષ યાત્રી મોકલવા માટે ૯૦ મિલીયન ડોલર ચુકવશે.
- ✓ રશિયામાં સોયુઝ સ્પેશ ક્રાફ્ટ માટે દરેક સીટ દીઠ ૮૦ મિલીયન ડોલર ચુકવે છે. જ્યારે ક્રુ-ડ્રેગન ૧ સીટ માટે ૫૫ મિલિયન ડોલરનો ખર્ચ નાસા આપશે.

<u>સ્પેશ એક્સના સ્થાપક એલન મસ્ક (ઈલોન મસ્ક)</u>

<u>એલન મસ્ક કોણ છે?</u>



- ✓ દક્ષિણ આફ્રિકામાં જન્મેલો મસ્કે તેનું ભાગ્ય સિલિકોન વેલીમાં ટેકનોલોજીની દુનિયામાં અજમાવ્યું હતું.
- ✓ તે ઇલેક્ટ્રિક કાર અને બેટરી બનાવતી કંપની ટેસ્લા ઇન્કોર્પોરેશનના ચીફ એક્ઝિક્યુટીવ છે.
- ✓ ૨૦૦૨માં તેણે સ્પેસ એમ્પ્લોરેશન ટેકનોલોજીસ તરીકે જાણીતી સ્પેસ એક્સ નામની કંપની કેલિફોર્નિયાના હોથર્ન ખાતે શરૂ કરી હતી.
- ✓ સ્પેસ એકસની સામે એરોસ્પેસ સેક્ટરની જાણીતી કંપની બોઇંગે પણ પોતાની લોન્ચિગ સિસ્ટમ વિકસાવી હતી. સ્પેસ એકસ સામેની પ્રતિસ્પર્ધામાં તે જો કે પાછળ છે.
- ✓ આવતા વર્ષે પહેલી વખત તેનું CST ૧૦૦ સ્ટારલાઇન વ્હીકલ લોન્ચ કરી શકે છે.

<u>સ્પેસએકસના સ્થાપક ઇલોન મસ્કનો આઈકયુ ૧૫૫ છે</u>

- ✓ ઇલોન મસ્ક બહુ જાણીતા નહોતા થયા ત્યારના સમયગાળામાં તેમણે બે-ત્રણ વાર એપ્ટિટયૂટ ટેસ્ટસ કરાવ્યા હતા.
- ✓ આ ટેસ્ટસના આધારે ગણત્રી કરતા તેમનો IQ લેવલ ખાસ્સો ૧૫૫ આવ્યો હતો.
- ✓ જટિલ ટેકનિકલ ઇન્ફર્મેશન વિષેના વૈવિધ્યસભર અને અત્યંત જટિલ પુસ્તકો વાંચીને પછી આ માહિતીનો સચોટ વ્યવહારૂ ઉપયોગ કરવામાં ઇલોન મસ્કની બૌદ્ધિક ક્ષમતાનો જોટો જડે તેમ નથી.

- ✓ કેટલાક લોકો ઇલોન મસ્કને ૨૧મી સદીના આલ્બર્ટ આઇન્સ્ટાઇન કહે છે.
- ✓ આલ્બર્ટ આઇન્સ્ટાઇનનો I.Q. ૧૬૦ હતો. એપલના પૂર્વ C.E.O. સ્ટીવ જોબ્સ અને માઇક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટસનો I.Q. પણ આઇન્સ્ટાઇન જેટલો જ ૧૬૦ છે પણ આનાથીય આશ્ચર્યની મજેદાર વાત એ છે કે ઇલેન્ડની ચેશાયર ડાઉન્ટીની માત્ર ૧૨ વર્ષની એક કિશોરીનો I.Q. ટેસ્ટ આઇન્સ્ટાઇનથી ય આગળ વધીને ૧૬૨ છે. આમ આ કિશોરી I.Q. ટેસ્ટમાં ટોપર છે, જેના ૯૯.૯૯૮ પર્સન્ટાઇલ છે.
- ✓ ૧૪૦ની ઉપરનો સ્કોર હાઇ I.Q. કહેવાય છે અને જેમનો સ્કોર ૧૬૦ ઉપર હોય તેમની ગણના 'જિનિયસ' તરીકે થાય છે.

સ્પેશએક્સ કંપની વિશે :

- ✓ વિશ્વની સૌથી આધુનિક રોકેટ્સ અને સ્પેસ ક્રાફ્ટસની ડિઝાઇન, ઉત્પાદન અને તેના લોચિંગના મુખ્યત્વે હેતુ સાથે ઇલોન મસ્કે આજથી ૧૮ વર્ષ પહેલા વર્ષ ૨૦૦૨માં સ્પેસએક્સ (સ્પેસ એક્સપ્લોરેશન ટેકનોલોજિસ કોર્પોરેશન) નામની કંપનીની સ્થાપના કરી હતી.
- ✓ મસ્કની સ્પેસએક્સ કંપનીનું મૂલ્ય આજની તારીખે તેમની અન્ય કંપની ટેસ્લા કરતાંય વધી ગયું છે.
- ✓ છેલ્લા થોડા સપ્તાહ દરમિયાન સ્પેસએક્સે ૬૦ જેટલા સ્ટારલિન્ક સેટેલાઇટ્સ (ઉપગ્રહો) અવકાશી ભ્રમણકક્ષામાં તરતા મુક્યા છે.
- ✓ ગયા વર્ષે જ સ્પેસએક્સ કંપનીએ ૧ અબજ ડોલર જેટલું જંગી ભંડોળ ઊભુ કર્યું હતું
- ✓ સ્પેસએક્સ કંપનીનું આજનું મૂલ્ય ૩૩.૩ અબજ ડોલર છે.
- ✓ માર્ચ ૨૦૧૮ સુધીમાં ઇલોન મસ્કની સ્પેસએક્સ કંપનીને લગભગ ૧૦૦ જેટલા અવકાશયાન કે ઉપગ્રહો અવકાશી ભ્રમણકક્ષામાં તરતા મુકવાના કોન્ટ્રાકટ મળ્યા હતા અને આ કોન્ટ્રાકટમાંથી કંપનીને ખાસ્સી ૧૨ અબજ ડોલરની આવક થઇ હતી.
- ✓ સ્પેસ એક્સને માત્ર ખાનગી ઔદ્યોગિક કંપનીઓ જ નહીં પરંતુ ખુદ અમેરિકન સરકારની અવકાશ સંશોધન સંસ્થા નાસા પણ કોન્ટ્રાકટ આપે છે.
- ✓ આજે નાસા કરતા મસ્કની સ્પેસએક્સ આગળ નીકળી ગઈ છે, ખાસ કરીને ફરી ફરી ઉપયોગમાં લઇ શકાય એવા રોકેટ્સ બનાવવામાં સ્પેસએક્સ નંબર વન કંપની બની ગઈ છે.
- ✓ નાસા જે રોકેટ બનાવે છે તે એકવાર ઉપયોગમાં લીધા પછી ફરી તેનો ઉપયોગ થઇ શકતો નથી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. 'મન કી બાત' : ૬૫મી આવૃત્તિ તા.૩૧મી મે-૨૦૨૦



✓ સમયગાળો : માસનો અંતિમ રવિવાર

✓ સૌપ્રથમ પ્રારંભ : ૩જી ઓકટોબર-૨૦૧૪

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'મન કી બાત'ના મહત્વના અંશો :

✓ ૬ ફૂટનું અંતર જાળવવું અને માસ્ક પહેરવા જનતાને અપીલ

✓ કેન્દ્રએ તમામ ગામ અને શહેરોમાં રોજગારી, લઘુ ઉદ્યોગોની સંભાવનાઓ ખૂલી મુકી છે. આપણા ગામ, શહેરો, જિલ્લા, રાજ્યો આત્મનિર્ભર બની રહ્યાં છે.

✓ શ્રમિકોનું સ્કીલ મેપિંગ કરીને સ્ટાર્ટઅપ શરૂ કરવા આયોજન કરાયું છે. માઈગ્રેશન પંચ રચવા તૈયારીઓ ચાલી રહી છે.

✓ આત્મનિર્ભર ભારત અભિયાન એક દાયકામાં દેશને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

✓ આયુષ્યમાન ભારત યોજનામાં ૧ કરોડથી વધુને લાભ.

✓ બંગાળ અને ઓડિશાના લોકોએ હમણા અમ્ફાન વાવાઝોડાનો હિંમતથી સામનો કર્યો છે.

✓ ભારત સરકાર અને રાજ્ય સરકારો તીડનાં ટોળાનો સામનો કરવા ખેડૂતોને તમામ મદદ કરી રહ્યા છે.

✓ પમી જૂને વિશ્વ પર્યાવરણ દિવસ છે ત્યારે **આ વર્ષની થીમ - બાયો ડાઈવર્સિટી એટલે કે જૈવ વિવિધતા છે.**

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ભારત-નેપાળ સરહદી વિવાદ (વિદેશ નીતિ)

✓ નેપાળે ભારતના વિસ્તારો કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખને પોતાના ગણાવતા નક્શાને અને રાષ્ટ્રીય પ્રતિકમાં મંજૂરી માટેનો બંધારણીય ખરડો સંસદમાં રજૂ કર્યો.

શું છે વિવાદ :

✓ નેપાળે કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખના ૩૭૦ ચોરસ કિમી વિસ્તાર પર દાવો કર્યો છે. આ વિસ્તારો હાલ ભારતના રાજકીય નકશામાં સામેલ છે.

✓ તિબેટ, નેપાળ અને ભારતના ત્રિભેટે આવેલા વિસ્તારો પર દાવો કરતા નેપાળ કહે છે કે બ્રિટિશ શાસનકાળમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે થયેલી સંધિ અંતર્ગત આ વિસ્તારો નેપાળના છે.

- ✓ કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખ ભારત માટે ચીન સાથે ૧૯૬૨માં યુદ્ધ થયા પછી અત્યંત મહત્વના વ્યૂહાત્મક વિસ્તારો છે.
- ✓ ભારતે ૮ મેના રોજ માનસરોવર પહોંચવા માટે લિપુલેખ પાસને જોડતી નવી સડકનું ઉદ્ઘાટન કર્યા પછી વિવાદ સર્જાયો હતો.
- ✓ ભારતનો દાવો છે નવી સડક ભારતીય વિસ્તારમાં જ તૈયાર કરવામાં આવી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : ૩૧ મે

વિશ્વ તમાકુ નિષેધ દિવસ

- ✓ **થીમ 2020:** યુવાનોને ઉદ્યોગના ગેરમાર્ગેથી બચાવવા અને તેમને તમાકુ અને નિકોટિનના ઉપયોગ કરવાથી અટકાવવા' (Protecting youth from industry manipulation and preventing them from tobacco and nicotine use)



ઈતિહાસ :

- ✓ પહેલીવાર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા વર્ષ 1987માં વિશ્વ તમાકુ નિષેધ દિવસ મનાવવામાં આવ્યો હતો.
- ✓ તમાકુના સેવનથી થતી બીમારીઓને કારણે મૃત્યુદરમાં અણધાર્યો વધારો નોંધાતા વર્ષ 1987માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)એ તેને એક મહામારી જાહેર કરી દીધી હતી.

31મે ના રોજ 'વર્લ્ડ નો ટોબેકો ડે' મનાવવાનું નક્કી કરવામાં આવ્યું

- ✓ પ્રથમવાર 7 એપ્રિલ 1988ના દિવસે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પોતાની સ્થાપનાની વર્ષગાંઠ પર વિશ્વ તમાકુ નિષેધ દિવસ મનાવવામાં આવ્યો હતો.
- ✓ આ દિવસ મનાવવા માટે તારીખ નક્કી કરવામાં આવી અને દર વર્ષે 31મે ના રોજ 'વર્લ્ડ નો ટોબેકો ડે' મનાવવામાં આવે છે.

વિશ્વના લોકો પર તમાકુથી આરોગ્ય પર થતી અસરો

- ✓ ભારતમાં હેરોઈન, દારૂ અને સિગારેટ વિશે ચિંતા થતી રહે છે પરંતુ ચ્યૂઇંગ ટોબેકો સૌથી ખતરનાક છે.
- ✓ જીભ, ગલોફા અને ગળાના કેન્સરના દર વર્ષે ૮૫૦૦૦ નવા કેસમાંથી ૯૦%નું મૂળ તમાકુ હોય છે.
- ✓ ભારતમાં ૧૫ વર્ષથી વધુ વયની ૭ કરોડ મહિલાઓ તમાકુનું સેવન કરે છે તેવું ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વેક્ષણમાં બહાર આવ્યું છે.

- ✓ દેશમાં ૨૦% લોકો કોઈ ને કોઈ પ્રકારના તમાકુના વ્યસની છે જેમાં ૩૩% પુરુષો અને ૧૮% મહિલા છે.
- ✓ વિશ્વમાં સ્મોકલેસ તમાકુ એટલે કે ચાવવાની તમાકુથી દર વર્ષે અઢી લાખ લોકોનાં મૃત્યુ થાય છે, જેમાં ત્રણ ચતુર્થાંશ ભારતમાં છે.
- ✓ તમાકુ અનેક બીમારીઓ નોતરે છે, શ્વાસનળી, ફેફસાં, હૃદય, મગજ માટે ઘાતક આ વ્યસનથી ૮૫% મૃત્યુ દક્ષિણ-પૂર્વ એશિયામાં નોંધાય છે, જેમાં એકલા ભારતમાં ૭૪% મૃત્યુ થાય છે.

<u>તમાકુ ઉત્પાદનમાં ભારત :</u>

- ✓ તમાકુના ઉપયોગમાં ચીન અને ભારત લગોલગ છે, ફરક એટલો છે કે ચીનમાં ૩૦ કરોડ લોકો સિગારેટના બંધાણી છે, જ્યારે ભારતમાં ૭૦% લોકો ચ્યૂઇંગ તમાકુ ખાય છે.
- ✓ ભારત તમાકુના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા ક્રમે છે.
- ✓ દેશમાં ૧૫ રાજ્યોમાં ૪.૫ લાખ હેક્ટર જમીનમાં તમાકુનું ઉત્પાદન થાય છે.
- ✓ દેશમાં આંધ્રપ્રદેશમાં ૪૫%
- ✓ કર્ણાટકમાં ૨૬%
- ✓ ગુજરાતમાં ૧૪%
- ✓ ઉત્તરપ્રદેશમાં ૫%
- ✓ તમિલનાડુ-બિહારમાં ૨-૨%
- ✓ પશ્ચિમ બંગાળમાં ૧% તમાકુ પાકે છે.

<u>ખેતી અને આર્થિક હિસ્સો :</u>

- ✓ તમાકુનું ઉત્પાદન ઘટાડી ખેડૂતોને બીજા પાકો તરફ વાળવા સરકારે ક્રોપ ડાઈવર્સિફિકેશન પ્રોગ્રામ બનાવ્યો છે.
- ✓ જેના કારણે બે વર્ષમાં ૧૫ રાજ્યોમાં ૪.૫ લાખ હેક્ટરમાં તમાકુના બદલે બીજા પાક ઊગવા માંડયા છે. તમાકુના પાક તરફથી ખેડૂતોને બીજા પાકો તરફ વાળવા બહુ મુશ્કેલ છે બંજર જમીનમાં પણ તમાકુ બહુ આસાનીથી ઊગે છે.
- ✓ ચીન અને બ્રાઝિલ પછી ભારત એવો દેશ છે જે વિશ્વના તમાકુ ઉત્પાદનમાં ૯% હિસ્સો ધરાવે છે. ભારતમાં બીડી, હુક્કા, ચીરૂટ, ચાવવા સહિતના ભાતભાતના ફોર્મેટમાં તમાકુ વપરાય છે.
- ✓ બીડી ઉદ્યોગનું કદ ગંજાવર છે. ૪૪ લાખ લોકો માટે એ રોજગારી પણ છે.
- ✓ દેશમાં વિદેશ વ્યાપાર વિનિમયમાં તમાકુનું મૂલ્ય રૂ.૪૪૦૦ કરોડ છે.
- ✓ દેશના કૃષિ નિકાસમાં ૪% હિસ્સો તમાકુનો છે. તમાકુની બનાવટો પરથી મળતી ટેક્સની આવક ૧૪૦૦૦ કરોડ છે.
- ✓ તમાકુની નિકાસમાં ભારત બ્રાઝિલ પછી બીજા ક્રમે છે. છેલ્લાં પાંચ વર્ષમાં આ નિકાસમાં જુદીજુદી શ્રેણીમાં ૭૬થી ૨૦૯%નો વધારો થયો છે.
- ✓ તમાકુના ફ્લ્યૂ, ક્યોરડ વર્જિનિયાની ભારતમાંથી યુરોપ, જર્મની, રશિયા, કોરિયા, આફ્રિકા સહિતના દેશોમાં નિકાસ થાય છે. આંધ્રમાં સેન્ટ્રલ ટોબેકો રિસર્ચ

ઈન્સ્ટિટયૂટના અહેવાલ મુજબ ૨૦૧૫-૧૬માં ભારતીય અર્થતંત્રમાં તમાકુનું પ્રદાન ૨૩,૩૧૮ કરોડ અને નિકાસમૂલ્ય ૬૦૫૮ કરોડનું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : ૩૧ મે

દેવી : અહલ્યાબાઈ હોલકર

જન્મ – ૩૧ મે-૧૭૨૫

અવસાન – ૧૭૯૫

✓ માળવા પ્રાન્તના ઈન્દોર રાજ્યના રાણી અહલ્યાબાઈ હોલકર, ભૂતપૂર્વ ક્રિકેટર પંકજ રોય અને સાહિત્યકાર ભગવતીકુમાર શર્માનો આજે જન્મદિવસ તથા લોકપ્રિય ગઝલકાર શયદા, ક્રિકેટર સુભાષ ગુપ્તની પુણ્યતિથિ.



✓ અહલ્યાબાઈનો જન્મ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના છઉંડી (ચાઉડી) ગામે થયો હતો.

✓ પિતાએ અહલ્યા જમાનાથી અલગ પડી પુત્રીને ભણાવી હતી.

✓ મરાઠા સેનાપતિ મલ્હારરાવ હોલકરે અહલ્યાબાઈને મંદિરમાં કામ કરતા જોયા તેમના ચરિત્રને જોઈ પુત્ર ખંડેરાવ સાથે તેમનાં લગ્ન કરાવ્યા.

✓ 1754માં કુંભેરના યુદ્ધમાં પતિ અને તરત સસરાનું અવસાન થતા માળવા રાજ્યના શાસક બન્યાં.

✓ તેમની મુખ્ય શક્તિ સેનાપતિ તુકોજીરાવ હોલકર હતા.

✓ અહલ્યાબાઈ પોતાની કુનેહથી રાજ્યને દુશ્મનોના હુમલાઓથી બચાવ્યું.

✓ બહાદુર યોદ્ધા અને કુશળ તિરંદાજ અહલ્યાબાઈ સેનાનું નેતૃત્વ કરતાં હતાં તો મંદિરો, ધર્મશાળાઓ, રસ્તાઓ, ઘાટ, કૂવાઓ, પરબો અને અન્નક્ષેત્રો જેવી પ્રજા કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે ઉદાર હાથે સખાવતો પણ કરી હતી.

✓ નાનકડાં કસબા ઈન્દોરને રાજધાની તરીકે વિકસાવ્યું.

✓ ઉત્કૃષ્ટ વિચારો અને નૈતિક મૂલ્યોના આચરણને કારણે તેમને 'દેવી'નો દરજ્જો મળ્યો હતો.

✓ 13 ઓગસ્ટ 1795ના રોજ તેમનું અવસાન થયું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૧-૦૫-૨૦૨૦)

1. તાજેતરમાં વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન કોના દ્વારા સફળતાપૂર્વક લોન્ચ કરાયું- **નાસા અને સ્પેસ એક્સ**
2. તાજેતરમાં વિશ્વનું કયું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન અમેરિકાની ભૂમિ ઉપરથી સફળતાપૂર્વક લોન્ચ કરાયું- **ક્રુ ડ્રેગન**
3. તાજેતરમાં વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન અમેરિકાની ભૂમિ ઉપર કયા લોન્ચિંગ પેડ ઉપરથી સફળતાપૂર્વક છોડાયું- **કેનેડી સ્પેસ સ્ટેશન, ફ્લોરિડા**
4. તાજેતરમાં વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન કઈ તારીખે લોન્ચ કરાયું- 31/05/2020
5. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન કઈ કંપની દ્વારા તૈયાર કરાયું છે - SpaceX
6. SpaceX કંપનીના સીઈઓ-માલિકનું નામ જણાવો - **એલન મસ્ક**
7. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગનમાં પ્રથમ કયા બે અવકાશયાત્રીઓ જોડાયા છે - **1. રોબર્ટ બેનકેન 2. ડગ્લાસ હર્લે**
8. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન સફળતાપૂર્વક ક્યાં પહોંચ્યુ હતું - **ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન(ISS)**
9. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન કયા રોકેટ દ્વારા છોડવામાં આવ્યું - **ફાલ્કન-09**
10. તાજેતરમાં છોડાયેલા વિશ્વના સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગનમાં અવકાશયાત્રીઓની સાથે કયા એક નાના રમકડાને પણ લઈ જવામાં આવ્યું છે - **ડાયનાસોર**
11. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન અંદાજે કેટલા દિવસ ISS ઉપર રોકાશે - 110
12. તાજેતરમાં છોડાયેલા વિશ્વના સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગનમાં અવકાશયાત્રીઓની સાથે એક નાના ડાયનાસોરના રમકડાને પણ લઈ જવામાં આવ્યું છે તે શા માટે મોકલ્યું છે - **કેપ્સ્યુલમાં ગ્રેવિટી માપવા**
13. અમેરિકાની સ્પેસ એક્સ કંપની સાથે ભારતીયનું નામ જોડાયેલું છે - **મૂળ ચેન્નાઇના વતની બાલચંદ્ર રામમૂર્તિ**
14. SpaceX કંપનીના સીઈઓ- માલિક એલન મસ્કનું મૂળ વતન જણાવો - **દક્ષિણ આફ્રિકા**
15. SpaceX કંપનીનું વિસ્તૃત નામ જણાવો - **સ્પેસ એક્સ્પ્લોરેશન ટેક્નોલોજીસ કોર્પોરેશન(સ્થાપના-2002)**
16. SpaceX કંપનીના સીઈઓ-માલિક એલન મસ્કનો IQ લેવલ કેટલો છે – **૧૫૫**
17. આલ્બર્ટ આઇન્સ્ટાઇન, એપલના પૂર્વ C.E.O. સ્ટીવ જોબ્સ અને માઇક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટસનો I.Q. કેટલો છે – **૧૬૦**
18. જેમનો I.Q. ૧૬૦ ઉપર હોય તેમની ગણના કેવા વ્યક્તિ તરીકે થાય છે – **જિનિયસ વ્યક્તિ**
19. તા.૩૧મી મે-૨૦૨૦ને રવિવારના રોજ પ્રધાનમંત્રી મોદીના 'મન કી બાત' કાર્યક્રમની કેટલામી આવૃતિ યોજાઈ - **૬૫મી આવૃત્તિ**
20. પ્રધાનમંત્રી મોદીનો 'મન કી બાત' કાર્યક્રમનો સૌપ્રથમ પ્રારંભ જણાવો - **૩જી ઓકટોબર-૨૦૧૪**
21. પમી જૂને વિશ્વ પર્યાવરણ દિવસની આ વર્ષની થીમ જણાવો - **બાયો ડાઈવર્સિટી એટલે કે જૈવ વિવિધતા**
22. તાજેતર મે-૨૦૨૦માં નેપાળે ભારતના સંદર્ભે કયો બંધારણીય ખરડો સંસદમાં રજૂ કર્યો – **ભારતના કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખ વિસ્તારને પોતાના ગણાવતા નક્શાને અને રાષ્ટ્રીય પ્રતિકમાં મંજૂરી માટેનો ખરડો**
23. વિશ્વ તમાકુ નિષેધ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **તા. ૩૧ મે**
24. વિશ્વ તમાકુ નિષેધ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **યુવાનોને ઉદ્યોગના ગેરમાર્ગેથી બચાવવા અને તેમને તમાકુ અને નિકોટિનના ઉપયોગ કરવાથી અટકાવવા' (Protecting youth from industry manipulation and preventing them from tobacco and nicotine use)**
25. સૌપ્રથમવાર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા કયા વર્ષે વિશ્વ તમાકુ નિષેધ દિવસ મનાવવામાં આવ્યો હતો - 1987

26. **વિશ્વમાં સ્મોકલેસ તમાકુ એટલે કે ચાવવાની તમાકુથી દર વર્ષે કેટલા લોકોનાં મૃત્યુ થાય છે, જેમાં ત્રણ ચતુર્થાંશ ભારતમાં છે** - અઢી લાખ
27. વિશ્વમાં તમાકુના ઉત્પાદનમાં ભારતનો ક્રમ જણાવો – **બીજો**
28. ભારતમાં સૌથી વધુ તમાકુ ક્યા રાજ્યમાં પાકે છે – **આંધ્રપ્રદેશ ૪૫ ટકા**
29. દેશમાં થતી કુલ તમાકુમાંથી ગુજરાતમાં કેટલા ટકા તમાકુ પાકે છે – **૧૪ ટકા**
30. તમાકુનું ઉત્પાદન ઘટાડી ખેડૂતોને બીજા પાકો તરફ વાળવા સરકારે કયો પ્રોગ્રામ બનાવ્યો છે - **ક્રોપ ડાઈવર્સિફિકેશન**
31. દેશના કૃષિ નિકાસમાં કેટલા ટકા હિસ્સો તમાકુનો છે - **૪%**
32. દેશમાં તમાકુની બનાવટો પરથી મળતી ટેક્સની આવક કેટલી છે - **૧૪૦૦૦ કરોડ**
33. વિશ્વમાં તમાકુની સૌથી વધુ નિકાસ કરનાર પ્રથમ અને બીજા નંબરનો દેશ જણાવો – **પ્રથમ બ્રાઝિલ અને બીજો ભારત**
34. માળવા પ્રાન્તના ઈન્દોર રાજ્યના રાણી અહલ્યાબાઈ હોલકર, ભૂતપૂર્વ ક્રિકેટર પંકજ રોય અને સાહિત્યકાર ભગવતીકુમાર શર્માનો જન્મ દિવસ જણાવો– **૩૧મી મે**
35. માળવા પ્રાન્તના ઈન્દોર રાજ્યના રાણી અહલ્યાબાઈ હોલકરનું જન્મસ્થળ જણાવો-**મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના છઉંડી (ચાઉડી) ગામ**
36. કયા વર્ષમાં કુંભેરના યુદ્ધમાં પતિ અને તરત સસરાનું અવસાન થતા રાણી અહલ્યાબાઈ હોલકર માળવા રાજ્યના શાસક બન્યાં - 1754

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-06-2020



૧. કેન્દ્રીય કેબિનેટ:ભારત સરકાર (વહીવટ)

કેબિનેટના મહત્વના નિર્ણયો

કયા મુખ્ય ક્ષેત્રો માટે પ્રોત્સાહનો

✓ કૃષિ, MSME અને સ્ટ્રીટ વેન્ડર્સ (ફેરિયાઓ)

(૧) કૃષિ : ખેડૂતો માટે શું ?

✓ ખેડૂતો માટે રૂ. ૩ લાખ સુધીની લોન જો સમયસર ચૂકવે તો વ્યાજમાં ૩ ટકા રાહત માટેની સ્કીમ ૩૧ ઓગસ્ટ સુધી લંબાવાઈ.

✓ ખેડૂતોને વ્યાજમાં ૨ ટકા અને મુદ્દલ રકમની ચુકવણીમાં વ્યાજમાં ૩ ટકા રાહત અપાશે.

✓ સરકાર દ્વારા ૯ ટકાને બદલે વ્યાજમાં ૨ ટકા રાહત આપીને ૭ ટકા વ્યાજે લોન અપાશે. લોન કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા અપાશે.

૧૪ ખરીફ પાક માટેના ટેકાના લઘુતમ ભાવમાં ૫૦ ટકાથી ૮૩ ટકા સુધીનો વધારો

કયા પાકનાં લઘુતમ ટેકાના ભાવ કેટલા?

પાક	૨૦૧૯-૨૦માં MSP	૨૦૨૦-૨૧માં MSP	વધારો રૂપિયામાં
સામાન્ય ધાન	1,815	1,868	53
એ ગ્રેડ ધાન	1,835	1,888	53
જવાર (હાઈબ્રિડ)	2,550	2,620	70
જવાર (માલદાની)	2,570	2,640	70
બાજરો	2,000	2,150	150
રાગી	3,150	3,295	145
મકાઈ	1,760	1,850	90
તુવેર	5,800	6,000	200
મગ	7,050	7,196	146
અડદ	5,700	6,000	300
મગફળી	5,090	5,275	185
સૂરજમુખી બીજ	5,650	5,885	235
સોયાબીન	3,710	3,880	170
તલ	6,485	6,855	370
રામતલ	5,940	6,695	755
કપાસ (મધ્યમ રેસા)	5,255	5,515	260
કપાસ (લાંબા રેસા)	5,550	5,825	275

(૨) MSME માટે શું?

✓ સરકારે MSMEની નવી પરિભાષા નક્કી કરી છે.

✓ MSME માટે રૂ. ૫૦,૦૦૦ કરોડનાં ઇક્વિટી રોકાણ ફંડની જાહેરાત

✓ આર્થિક મુશ્કેલીમાં ફસાયેલા MSME માટે રૂ. ૨૦,૦૦૦ કરોડની લોન સ્કીમને મંજૂરી

અપાઈ છે જેનાંથી સંકટમાં ફસાયેલા ૨ લાખ MSMEને લાભ થશે.

✓ MSME માટે રૂ. ૪,૦૦૦ કરોડનું ડિસ્ટ્રેસ એસેટ ફંડ મંજૂર કરાયું.

(૩) સ્ટ્રીટ વેન્ડર્સ

✓ સરકારે રેંકડીવાળા અને ફૂટપાથ પર પાથરણાંવાળાઓ માટે ખાસ લોન યોજના જાહેર કરી છે જેનો લાભ રેંકડીવાળા, ફૂટપાથવાળા અને નાની દુકાનવાળાને મળશે.

✓ આનાથી ૫૦ લાખ લોકોને લાભ મળશે. સ્ટ્રીટ વેન્ડર્સને રૂ. ૧૦,૦૦૦ સુધીની લોન અપાશે.

✓ લોન લેનારાએ આ લોન ૧૨ માસિક હપ્તામાં ૧ વર્ષમાં ભરપાઈ કરવાની રહેશે.

✓ સમયસર હપ્તા ભરનારનાં ખાતામાં ૭ ટકા વ્યાજ સબસિડી રૂપે જમા કરાશે.

✓ સ્ટ્રીટ વેન્ડર્સ (શેરી ફેરિયા) પાથરણાવાળા

✓ **લાભ :** આ પ્રોત્સાહનથી ૬૬ કરોડ લોકોને ફાયદો થશે જેમાં ૫૫ કરોડ લોકો ખેતી ઉપર નભે છે જ્યારે ૧૧ કરોડ લોકો MSMEમાં કામ કરે છે જ્યારે ૫૦ લાખ જેટલા ફેરિયાઓને તેનો લાભ થશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અવસાન : મ્યુઝીક ડાયરેક્ટર-ગાયક વાજીદ ખાનનું ૪૨ વર્ષે મુંબઈ ખાતે અવસાન



✓ **પ્રદાન:** દબંગ, વોન્ટેડ, એક થા ટાઈગર રાઉડી રાઠૌર, પાર્ટનર, હાઉસફૂલ-૨, જેવી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું.

✓ બોલીવૂડની સાજિદ-વાજિદની સંગીતકારની જોડીમાં વાજિદ ખાનની વિદાય

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. USA : અમેરિકામાં પોલીસ દ્વારા અશ્વેતની હત્યા બદલ હવે ગૃહયુદ્ધની સ્થિતિ (વૈશ્વિક બાબતો)

કારણ: જ્યોર્જ ફ્લોઇડ નામના અશ્વેતની USમાં પોલીસ દ્વારા હત્યા કરતા અડધા USમાં ગૃહયુદ્ધની સ્થિતિ

✓ US પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પરિવાર સહિત એક કલાક કલાક વ્હાઈટ હાઉસના બંકરમાં વિતાવવો પડ્યો

વર્તમાન સ્થિતિનો એક ચિતાર :

✓ અમેરિકામાં અશ્વેત જ્યોર્જ ફ્લોયડની હત્યા સામે વિરોધ વંટોળ ચરમ પર પહોંચી ગયો છે. એક ચિનગારીએ સમગ્ર અમેરિકાને હિંસાના દાવાનળને હવાલે કરી દીધું છે.

- ✓ ૧૯૬૮માં ડો.માર્ટિન લ્યુથર કિંગની હત્યા થઇ તે પછી પહેલીવાર અમેરિકામાં આટલો આક્રોશ જોવા મળી રહ્યો છે.
- ✓ અશ્વેત નાગરિક જ્યોર્જ ફ્લોયડની પોલીસ દ્વારા થયેલી હત્યા પછી વીતેલા ૭ દિવસથી અમેરિકાના ૧૪૦ શહેરોમાં હિંસક દેખાવો અને લૂંટફાટનો દોર ચાલી રહ્યો છે.
- ✓ રમખાણો અને હિંસાને કારણે અમેરિકાના ૪૦ જેટલાં શહેરોમાં કરફ્યુ લાગી દેવામાં આવ્યો છે. શહેરોમાં આગજની અને લૂંટની ઘટના બની.

શું હતી ઘટના

- ✓ મિનિયાપોલિસની પોલીસ દ્વારા તા. ૨૬ મી મેના રોજ જ્યોર્જની ૨૦ ડૉલરની નકલી નોટ દ્વારા ખરીદી કરવા માટે છેતરપિંડીનાં આરોપમાં ધરપકડ કરાઈ હતી.
- ✓ આ પહેલા તેને પોલીસે પકડતી વખતે રસ્તા પર દબોચ્યો હતો. તેના હાથમાં હાથકડી પહેરાવી હતી.
- ✓ ડેરેક ચોવિયન નામના એક પોલીસ અધિકારીએ ૮ મિનિટ સુધી તેની ગરદન પર પગ મૂકતા જ્યોર્જે કહ્યું હતું કે તેને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આ પછી જ્યોર્જને હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં તેનું મોત થયું હતું.
- ✓ આ ઘટનાનો વીડિયો વાઇરલ થતાં લોકો વિફર્યા હતા અને વિરોધ પ્રદર્શનો કરવા રસ્તા પર ઉતરી આવ્યા હતા.
- ✓ યુએસ પ્રમુખ ટ્રમ્પ એક તબકકે એવું ટ્વિટ કર્યું હતું કે અમે લૂંટારાઓ પર ગોળી ચલાવતા ખચકાશું નહીં તેમની આ ટ્વિટ બળતામાં ઘી હોમ્યું હતું અને તોફાનો વણસ્યા હતા.
- ✓ જ્યોર્જની હત્યાના આરોપી ચોવિયનને અત્યારે અમેરિકાની સૌથી સુરક્ષિત જેલમાંની એક ઓક પાર્ક હાઈટ્સમાં રાખવામાં આવ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિસર્ગ ચક્રવાત (કુદરતી આપત્તિ)

વાવાઝોડાનું નામ આપનાર દેશ : બાંગ્લાદેશ

- ✓ **નિર્સગનો અર્થ** : પ્રકૃતિ/કુદરતી
- ✓ **પ્રભાવિત રાજ્યો:** મહારાષ્ટ્ર અને ગુજરાત



- ✓ તા. ૩-૪ જૂન-૨૦૨૦
- ✓ **ઉદભવ:** સુરતથી દક્ષિણ પશ્ચિમ તરફ ૮૫૦ કિ.મી. દૂર અરબ સાગરમાં ડિપ ડિપ્રેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. કોરોના વાયરસ : ભારતમાં કોરોનાના દરદીઓને USની રેમડેસિવિર દવા-ઈન્જેક્શન આપવા કેન્દ્રની મંજૂરી(આરોગ્ય)

✓ દવાની કંપની- ગિલિયાડ, USA



✓ **મંજૂરી:** સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન, ભારત સરકાર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ઈન્વેસ્ટ ઈન્ડિયાનો અહેવાલ - ભારત સરકાર (ઉત્પાદન)

સિદ્ધિ : ભારત બે માસમાં વિશ્વનો બીજા નંબરનો PPE કિટ સપ્લાયર દેશ બન્યો

INVEST INDIA
NATIONAL INVESTMENT PROMOTION AND FACILITATION AGENCY

વિગત :

✓ ભારતનું PPE બજાર રૂ. ૧૦ હજાર કરોડ સુધી પહોંચ્યુ

✓ કોરોનાને કારણે પીપીઈમાં સમાવેશ પામતા હેન્ડ ગ્લોવ્ઝ, કવરઓલ નામે ઓળખાતો પ્રેસ ડ્રેસ, ફેસ-શિલ્ડ, માસ્ક, ગાઉન વગેરે ચીજોની ડિમાન્ડ ઉભી થઈ.

✓ બે મહિના પહેલા ભારતમાં પીપીઈનું નામ કોઈએ સાંભળ્યું ન હતું, એટલે તેનું માર્કેટ પણ કોઈ ગણતરીમાં ન હતું.

✓ આજે એ માર્કેટ એવરેસ્ટ જેવી ઊંચાઈએ પહોંચી ગયું છે.

✓ ભારત સરકારે સ્થાપેલી કંપની ઈન્વેસ્ટ ઈન્ડિયાના આંકડા પ્રમાણે બે મહિનામાં આ ઈન્ડસ્ટ્રીનું કદ ૫૬ ગણુ વધ્યું.

✓ પીપીઈ ઉત્પાદનની મંજૂરી મળી છે. તેમાં કેટલીક નામી કંપનીઓ છે, તો કેટલીક નવી પણ છે.

✓ ભારતમાં અત્યારે રોજના ૪.૫ લાખ નંગ પીપીઈનું ઉત્પાદન થાય છે. હવે આ દરે જ તેજી જળવાશે તો ૨૦૨૫ સુધીમાં આ માર્કેટ ૬૦ અબજ ડૉલરનું થવાની સંભાવના છે.

✓ **પ્રોએક્ટિવ:** આ ઉદ્યોગમાં તેજીનું એક કારણ સરકારે ઝડપથી લીધેલા પગલાં છે. કેમ કે કોરોના શરૂ થયા પછી આવા ઉત્પાદન એકમો શરૂ કરવા સરકારે તૂરંત મંજુરી આપી હતી.

✓ **PPE :** પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ

✓ આપણુ સરકારી તંત્ર અઠવાડિયામાં થતું હોય એ કામ બે મહિને પુરું કરે એવું ધીમું ચાલતું હોય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વૈશ્વિક મોબાઈલ ઉત્પાદન : સિદ્ધિ-ભારત વિશ્વમાં બીજો નંબરનો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક – કેન્દ્ર સરકાર (ઉત્પાદન)

✓ **વિગતો:** ભારતમાં અત્યાર સુધીમાં ૩૩ કરોડ મોબાઈલનું ઉત્પાદન : ૩૦૦થી પણ વધુ મોબાઈલ બનાવતા યુનિટ કાર્યરત



અન્ય વિગતો :

✓ ભારતમાં અત્યાર સુધીમાં ૩૩ કરોડ મોબાઇલ હેન્ડસેટનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

✓ ૨૦૧૪માં આ આંકડો માત્ર ૬ કરોડ હતો અને મોબાઇલ મેન્યુફેકચરિંગના માત્ર બે જ યુનિટ હતાં.

✓ ૨૦૧૪ સુધીમાં ભારતમાં ત્રણ અબજ ડોલરના મોબાઇલ ફોનનું ઉત્પાદન થયું હતું જે ૨૦૧૯માં વધીને ૩૦ અબજ ડોલર થઇ ગયું હતું.

✓ વિશ્વમાં સૌથી વધુ મોબાઈલ ઉત્પાદન કરતી ફેકટરી ભારતમાં નોઈડા ખાતે કાર્યરત : સેમસંગ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : ૧ જૂન

પહેલાં મહિલા સ્નાતક : વિદ્યાગૌરી નીલકંઠ

જન્મ – ૧ જૂન-૧૮૭૬

અવસાન – ૭ ડિસેમ્બર-૧૯૫૮



✓ આજે ગુજરાતી મહિલાઓમાં પહેલાં સ્નાતક વિદ્યાગૌરી નીલકંઠ, અભિનેત્રી નરગીસ અને તદ્દન અજાણ્યા પણ ગાંધીજીના રચનાત્મક કાર્યકર અને આઝાદીના સૈનિક શ્રીમતી દંડાબેન ચૌધરીનો જન્મદિવસ.

✓ અમદાવાદમાં જન્મેલાં વિદ્યાબેનનાં લગ્ન માત્ર ૯ વર્ષની વયે રમણભાઈ નીલકંઠ સાથે થયાં હતાં.

- ✓ તેમનું પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં થયું હતું.
- ✓ 1901માં તેઓ ગુજરાત કોલેજમાંથી બહેન શારદાબેન સાથે વિનયન સ્નાતક થયાં ત્યારે તે ગુજરાતી સમાજમાં ઐતિહાસિક ઘટના બની હતી.
- ✓ વિદ્યાબેન મોરલ ફિલોસોફી અને લોજિક જેવા વિષયો સાથે સ્નાતક થયાં હતાં. તેમણે નેતાગીરીની કમાન પણ સંભાળી હતી.
- ✓ 1902માં અમદાવાદમાં હિન્દી રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન યોજાયું ત્યારે તેમણે મંચ પરથી વંદે માતરમ્ ગીત ગાયું હતું.
- ✓ વડોદરામાં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં તેઓ પરિષદના પહેલાં મહિલા પ્રમુખ બન્યાં હતાં. અને અહીં ગુજરાત યુનિ. સ્થાપવી જોઈએ તેવો મજબૂત ઠરાવ થયો હતો.
- ✓ વિદ્યાબેને ફોરમ, ગૃહદીપિકા, નારીકુંજ, જ્ઞાનસુધા, ધોડું કેશવ કર્વેનું જીવનચરિત્ર જેવાં મૌલિક પુસ્તકો અને હિન્દુસ્તાનમાં સ્ત્રીઓનું સ્થાન જેવું અનુવાદના પુસ્તક લખ્યા છે.
- ✓ તેમનું 7 ડિસે.1958નાં રોજ 82 વર્ષની ઉંમરે અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૬-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા 14 ખરીફ પાક માટેના ટેકાના લઘુત્તમ ભાવમાં કેટલા ટકા સુધીનો વધારો કરાયો - **50 થી 83 ટકા**
2. કેન્દ્રીય કેબિનેટ દ્વારા તાજેતર જૂન 2020માં કયા મુખ્ય ત્રણ ક્ષેત્રો માટે વિવિધ પ્રોત્સાહનો જાહેર કર્યા છે- **કૃષિ, એમ.એસ.એમ.ઈ. અને સ્ટ્રીટ વેન્ડર્સ-ફેરિયાઓ**
3. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટમાં એમ.એસ.એમ.ઈ. માટે કેટલા કરોડનાં ઇક્વિટી રોકાણ ફંડની જાહેરાત કરવામાં આવી - **રૂ.50,000 કરોડ**
4. કેન્દ્રીય કેબિનેટ દ્વારા આર્થિક મુશ્કેલીમાં ફસાયેલા એમ.એસ.એમ.ઈ. એકમો માટે કેટલી રકમની લોન સ્કીમને મંજૂરી આપી- **રૂ.20,000 કરોડ**
5. કેન્દ્રીય કેબિનેટ દ્વારા ખેડૂતો માટે કેટલા લાખ સુધીની રકમની લોન સમયસર ચૂકવે તો વ્યાજમાં કેટલા ટકા રાહત માટેની યોજના 31 ઓગસ્ટ 2020 સુધી લંબાવાઈ - **રૂ. 3 લાખ અને 3%**
6. કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ખેડૂતોને સરકાર નવ ટકાને બદલે વ્યાજમાં કેટલા ટકા રાહત આપશે- **2% (કુલ-7%)**
7. કેન્દ્ર સરકાર સ્ટ્રીટ વેન્ડર્સને કેટલી રકમની ખાસ લોન આપશે - **રૂ.10,000**
8. સમયસર લોન પરત કરનાર સ્ટ્રીટ વેન્ડર્સના ખાતામાં કેટલા ટકા વ્યાજ સબસીડી જમા કરાશે- **7%**
9. જૂન 2020ના કેન્દ્ર સરકારના અહેવાલ પ્રમાણે સમગ્ર વિશ્વમાં મોબાઈલ ઉત્પાદનમાં ભારત કયા ક્રમે છે- **બીજા**
10. ભારતમાં સેમસંગ દ્વારા વિશ્વની સૌથી મોટી મોબાઈલ ક્યાં સ્થાપવામાં આવી છે – **નોઈડા (ઉત્તર પ્રદેશ)**
11. જૂન-2020ની સ્થિતિએ વિશ્વમાં PPE કિટ સપ્લાયરમાં ભારત કયા ક્રમે છે - **બીજા**
12. PPEનું વિસ્તૃત નામ જણાવો - **પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ**
13. તાજેતરમાં બોલિવૂડના કયા મ્યુઝીક ડાયરેક્ટર અને ગાયકનું 42 વર્ષે મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયું- **વાજિદ ખાન**
14. બોલિવૂડમાં ફિલ્મ ગીતકાર તરીકે વાજિદ ખાન સાથે અન્ય કઈ જોડી ખૂબ પ્રસિદ્ધ હતી- **સાજિદ-વાજિદની જોડી**

15. અમેરિકામાં મે 2020માં કયા એક અશ્વેત નાગરિકની મિનિયાપોલિસની પોલીસ દ્વારા હત્યા બદલ ગૃહ યુદ્ધની પરિસ્થિતિ ઉભી થઇ છે - **જ્યોર્જ ફ્લોઈડ**
16. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તા.૩ અને 4 જૂનના રોજ કયું વાવાઝોડું-ચક્રવાત ફૂકાયું હતું - **નિસર્ગ**
17. "નિસર્ગ" વાવાઝોડાનું નામ કયા દેશ દ્વારા આપવામાં આવ્યું છે - **બાંગ્લાદેશ**
18. "નિસર્ગ" વાવાઝોડા કયા સમુદ્રમાં આકાર પામ્યું હતું - **અરબી સમુદ્ર**
19. "નિસર્ગ"નો અર્થ જણાવો - **પ્રકૃતિ/કુદરતી**
20. ભારતમાં કોરોના વાયરસના દર્દીઓની સારવાર માટે તાજેતરમાં અમેરિકાની કઈ દવા-ઈન્જેકશનને મંજૂરી આપવામાં આવી છે - **રેમડેસિવિર**
21. 'રેમડેસિવિર' દવા કઈ કંપની દ્વારા બનાવવામાં આવે છે - **ગિલિયાડ-USA**
22. ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતકનું નામ જણાવો - **વિદ્યાગૌરી નીલકંઠ**
23. ગુજરાતી સાહિત્ય પરિષદના પહેલાં મહિલા પ્રમુખનું નામ જણાવો – **વિદ્યાગૌરી નીલકંઠ**
24. ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતક વિદ્યાગૌરી નીલકંઠને વર્ષ ૧૯૨૬માં બ્રિટશ સરકાર તરફથી ક્યો ઈલ્કાબ મળ્યો હતો – **"કૈસરે હિન્દ"**
25. ગુજરાતી લેખિકા વિદ્યાગૌરી નીલકંઠનો જન્મ દિવસ જણાવો - **૧ જૂન-૧૮૭૬**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નિસર્ગ વાવાઝોડું : (કુદરતી આપત્તિ)

રેરેસ્ટ ઓફ રેર ઇવેન્ટ : મહારાષ્ટ્ર માટે

- ✓ વર્ષ ૧૮૯૧થી અત્યાર સુધીમાં મુંબઇમાં અથવા નજીક ફક્ત ૩ ચક્રવાતી તોફાન ઓક્ટોબર-નવેમ્બરમાં ત્રાટક્યાં છે, છેલ્લે વર્ષ ૨૦૦૯માં ફ્યાન વાવાઝોડું ત્રાટક્યું હતું.
- ✓ રેકોર્ડેડ હિસ્ટ્રી પ્રમાણે પ્રીમોન્સન સિઝનમાં મહારાષ્ટ્રના દરિયા કિનારા પર ટકરાનારું બીજું વાવાઝોડું, મે ૧૯૬૧માં પહેલું વાવાઝોડું આવ્યું હતું
- ✓ ચક્રવાત નિસર્ગ જૂન મહિનામાં મહારાષ્ટ્રના દરિયાકિનારા સાથે ટકરાનારું રેકોર્ડેડ હિસ્ટ્રીનું પહેલું સાઇકલોન બની રહેશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ચંબા ટનલ ઉદ્ઘાટન : ઉત્તરાખંડ (માળખાગત સુવિધા)

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉત્તરાખંડમાં ચંબા ટનલનું ઉદ્ઘાટન



વિગત :

- ✓ ઋષિકેશ-ધારસુ માર્ગ પર ચંબા શહેર હેઠળ ૪૪૦ મીટર લાંબી ટનલ બનાવવામાં આવી.
- ✓ આ ટનલનું સંચાલન આ ઓક્ટોબરમાં શરૂ કરવામાં આવશે.
- ✓ આ ટનલ ઉત્તરાખંડની ચારધામ પ્રોજેક્ટ યોજના હેઠળ બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (બીઆરઓ) દ્વારા બનાવવામાં આવી છે.
- ✓ ગંગોત્રી, કેદારનાથ, યમનોત્રી અને બદ્રીનાથને કનેક્ટિવિટી સુવિધા આપવા માટે રૂ. ૧૨,૦૦૦ કરોડનો પ્રોજેક્ટ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. 'મેરા જીવન મેરા યોગ' પ્રતિયોગિતા વિડિયો બ્લોગ (આરોગ્ય)



વિગત :

✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "મેરા જીવન મેરા યોગ" પ્રતિયોગિતા વીડિયો બ્લોગ દ્વારા શરૂ કરી જેમાં વિશ્વની કોઈ પણ વ્યક્તિ ભાગ લઇ શકશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. રાષ્ટ્રીય કારકિર્દી સેવાઓ પ્રોજેક્ટ (રોજગારી)



વિગત :

✓ શ્રમ અને રોજગાર મંત્રાલયે ટીસીએસ સાથે ભાગીદારીમાં રાષ્ટ્રીય કારકિર્દી સેવાઓ પ્રોજેક્ટ હેઠળ કારકિર્દી કુશળતા પ્રશિક્ષણ આપવાની યોજના ઘડી છે.

વિવિધ અભ્યાસક્રમો :

✓ જે કારકિર્દી પરામર્શ, જોબ મેચિંગ, વ્યવસાયિક માર્ગદર્શન, જોબ સર્ચ, કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો વગેરે માટે રોજગાર સંબંધિત સેવાઓ પ્રદાન કરશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. "સ્વચ્છ ભારત:સ્વચ્છતા રિવોલ્યુશન ઓફ ઇન્ડિયા" શોર્ટ ફિલ્મ



વિગત :

✓ નેશનલ જ્યોગ્રાફિક ચેનલે પીવાના પાણી અને સેનિટેશન મંત્રાલયના સહયોગથી "સ્વચ્છ ભારત સ્વચ્છતા રિવોલ્યુશન ઓફ ઈન્ડિયા" નામની એક ફિલ્મ રજૂ કરી છે.

✓ હાલમાં નેટ જિઓ ચેનલ પર ફિલ્મનું સ્ક્રીનિંગ થયું હતું. આ ફિલ્મ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણની યુટ્યુબ ચેનલ પર પણ ઉપલબ્ધ કરાઈ છે.

✓ આ ફિલ્મમાં ઘણા સ્વચ્છતા રાજદૂતોએ પોતાનાં મંતવ્યો શેર કર્યા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. G-7 બેઠક : ભારતવતી ઉપસ્થિત રહેવા યુએસ પ્રમુખનું વડાપ્રધાન મોદીને આમંત્રણ (વિદેશ નીતિ)



G-7 વિશેષ :

G-8 જૂથ G-7 જૂથ કેવી રીતે બન્યું ?

✓ રશિયાએ યુક્રેનના ક્રીમિયામાં દખલગીરી શરૂ કર્યાના વિરોધમાં આ દેશોએ 2014માં G-8 માંથી તેને બહાર કાઢી નાંખ્યું હતું. ત્યાર પછી આ જૂથ G-7 તરીકે ઓળખાતું.

G-7 એટલે કે સાત સમૂહનો દેશ :



✓ G-7 એ અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાંસ, જર્મની, ઈટાલી અને જાપાનનું જૂથ છે.

અન્ય વિગત :

US પ્રમુખ ટ્રમ્પ અન્ય દેશોને G-7માં સામેલ કરવા ઈચ્છુક

✓ હાલમાં જ ટ્રમ્પ G-7માં ભારત સહિત રશિયા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયાને સામેલ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

✓ G-7ના વિસ્તરણની વાત કરતા ટ્રમ્પ 10 થી 12 જૂને થનારા G-7 સંમેલનની બેઠક સપ્ટેમ્બર સુધી ટાળી દીધી હતી .

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. UN : સલામતી સમિત્તિનો અહેવાલ

કોરોના મહામારી વચ્ચે વિશ્વમાં સાઇબર ક્રાઇમ-હુમલામાં નોંધપાત્ર વધારો

✓ શંકાસ્પદ ઇમેલની સંખ્યામાં ૬૦૦ ટકાનો વધારો નોંધાયો

UNની આ અંગે ચેતવણી :

✓ પ્રત્યેક ૩૯ સેકન્ડે સાઈબર હુમલો થાય છે.

✓ UNની સલામતી સમિતિની એક અનૌપચારિક બેઠકમાં ઈઝુમી નાકામિત્સુએ કહ્યું કે કોરોના વાઈરસની મહામારીના કારણે વિશ્વમાં ટેક્નોલોજીકલ સંશોધનોમાં વધારો થયો છે અને ઓનલાઈન જોડાણો પણ વધ્યા છે.

✓ આ બધાની સાથે ચિંતાની બાબત એ પણ છે કે, આરોગ્ય સંસ્થાઓ અને મેડિકલ સંશોધનોની સુવિધા ધરાવતા સંસ્થાનો પરના સાયબર હુમલામાં વધારો થયો છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૬-૨૦૨૦)

1. નિસર્ગ વાવાઝોડા પહેલાં છેલ્લે ક્યા વર્ષમાં કયુ વાવાઝોડું ત્રાટક્યું હતું - **૨૦૦૯માં ફ્યાન**
2. વર્તમાન કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીનું નામ જણાવો - **નીતિન ગડકરી**
3. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ઉત્તરાખંડમાં કઈ ટનલનું ઉદ્ઘાટન કર્યું હતુ - **ચંબા**
4. ઉતરાખંડમાં નવી બનેલી ચંબા ટનલ કઈ યોજના હેઠળ બનાવવામાં આવી છે- **ચારધામ પ્રોજેક્ટ યોજના**
5. ઉતરાખંડની ચંબા ટનલ કોના દ્વારા બનાવવામાં આવી છે - **બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)**
6. ચંબા ટનલ ગંગોત્રી, કેદારનાથ, યમુનોત્રી અને બદ્રીનાથને કનેક્ટિવિટી સુવિધા આપવા માટે કેટલા રૂપિયાનો પ્રોજેક્ટ છે - **રૂ. ૧૨,૦૦૦ કરોડ**
7. ઋષિકેશ-ધારસુ માર્ગ પર ચંબા શહેર હેઠળ કેટલા મીટર લાંબી ટનલ બનાવવામાં આવી છે - **૪૪૦**
8. જૂન-૨૦૨૦માં કોના દ્વારા "મેરા જીવન મેરા યોગ" પ્રતિયોગિતા વીડિયો બ્લોગ દ્વારા શરૂ કરાયો છે - **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**
9. જૂન-૨૦૨૦માં કયા મંત્રાલય દ્વારા ટીસીએસ સાથે ભાગીદારીમાં કારકિર્દી કુશળતા પ્રશિક્ષણ આપવાની યોજના ઘડી - **શ્રમ અને રોજગાર મંત્રાલય**
10. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા કયા પ્રોજેક્ટ હેઠળ કારકિર્દી કુશળતા પ્રશિક્ષણ આપવાની યોજના ઘડી - **રાષ્ટ્રીય કારકિર્દી સેવાઓ પ્રોજેક્ટ**
11. જૂન-૨૦૨૦માં કઈ ચેનલે પીવાના પાણી અને સેનિટેશન મંત્રાલયના સહયોગથી એક શોર્ટ ફિલ્મ બનાવી - **નેશનલ જ્યોગ્રાફિક**
12. નેશનલ જ્યોગ્રાફિક ચેનલે પીવાના પાણી અને સેનિટેશન મંત્રાલયના સહયોગથી કઈ શોર્ટ ફિલ્મ રજૂ કરી - **"સ્વચ્છ ભારત : સ્વચ્છતા રિવોલ્યુશન ઓફ ઇન્ડિયા"**
13. કયા દેશ દ્વારા યુક્રેનના ક્રીમિયામાં દખલગીરી શરૂ કર્યાના વિરોધમાં G 8 દેશોએ 2014માં G 8માંથી તેને બહાર કાઢી નાંખ્યું હતું – **રશિયા**
14. G 7 સમૂહના દેશના નામ જણાવો - **અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાંસ, જર્મની, ઈટાલી અને જાપાન**
15. જૂન-૨૦૨૦માં કોના અહેવાલમાં કોરોના મહામારી વચ્ચે સાઇબર ક્રાઇમમાં વધારો થયો હોવાનું જણાવાયુ છે - **UNના સલામતી સમિતિ અહેવાલ**
16. જૂન-૨૦૨૦ UNના સલામતી સમિતિના અહેવાલ મુજબ વિશ્વમાં શંકાસ્પદ ઇમેલની સંખ્યામાં કેટલા ટકાનો વધારો નોંધાયો છે – **૬૦૦**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર

કેબિનેટના મહત્વના નિર્ણયો :

(૧) ખેડૂતો માટે 'વન નેશન વન માર્કેટ' માટે કાયદો ઘડાશે

- ✓ ખેડૂત દેશમાં જ્યાં વધુ ભાવ મળતા હોય ત્યાં પોતાની મરજી મુજબ પોતાની ઉપજ વેચી શકશે.
- ✓ દેશને વન નેશન વન માર્કેટની દિશા લઇ જવાશે. તેને માટે કાયદો બનશે.

હેતુ :

- ✓ ખેડૂતોને તેમની ઊપજની વધુ કિંમત મળે તે માટે નિકાસકર્તા, પ્રોસેસર અને અન્ય પદાર્થોના ઉત્પાદકોને પણ પારસ્પરિક સમજૂતીથી ખેતપેદાશો વેચવાની મંજૂરી આપવામાં આવી છે.
- ✓ આ નિર્ણયને પગલે ખેડૂતો હવે એગ્રીગેટર્સ, મોટા રિટેલર્સ, પ્રોસેસર્સ અને નિકાસકર્તાને પોતાનો માલ વેચી શકશે તેને પગલે સપ્લાય ચેઇન રચાશે.ભારતમાં પહેલીવાર આવો નિર્ણય લેવામાં આવ્યો છે.

(૨) ભારત રોકાણકર્તાઓ માટે અનુકૂળ દેશ બની શકશે

- ✓ વાણિજ્ય અને ઉદ્યોગજગત માટે મહત્વનો નિર્ણય
- ✓ તમામ મંત્રાલયમાં પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની રચના થશે.

ફાયદો :

- ✓ તેને પગલે ભારત રોકાણકર્તાઓ માટે આકર્ષક અને અનુકૂળ દેશ બની જશે.
- ✓ વિદેશી કંપનીઓને ભારત લાવવા અને રોકાણોને આકર્ષવા સરકારે એમ્પાવર્ડ ગ્રૂપને મંજૂરી પણ આપી દીધી છે.

(૩) કોલકાતા પોર્ટનું નામ શ્યામાપ્રસાદ મુખરજી પોર્ટ :

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧ જાન્યુઆરીએ કોલકાતા પોર્ટનું નામ શ્યામાપ્રસાદ મુખરજી પોર્ટ રાખવાની

જાહેરાત કરી હતી. કેબિનેટે તે નિર્ણયને મંજૂરી આપી દીધી છે.

(૪) ફાર્માકોપિયા પંચની રચના થશે :

- ✓ **ભૂમિકા:**ફાર્માકોપિયા કમિશનર હોમિયોપથી અને ભારતીય ઔષધો પર કામ કરશે. આયુષની બે લેબને મર્જ કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. આત્મનિર્ભર ભારત : કેન્દ્ર સરકાર (દવા ઉત્પાદન)



નિર્ણય - ૫૩ જીવન રક્ષક દવાના ઉત્પાદનમાં ભારત આત્મનિર્ભર બનશે

વિગત :

- ✓ ભારતે ૫૩ દવાઓના ઉત્પાદન અંગે આત્મનિર્ભર બનવાની યોજના બનાવી છે.
- ✓ કેન્દ્ર સરકારે તે માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ (PLI)ને મંજૂર કરી છે.
- ✓ **હાલની સ્થિતિ:** અત્યારે એવી મોટા ભાગની દવા માટે એપીઆઈ કે અન્ય તત્વ ચીનથી આયાત થતા હતા.
- ✓ હવે આ યોજના હેઠળ આત્મનિર્ભર થવાનું લક્ષ્ય છે, જેને કારણે ચીનને મોટો ફટકો પડશે.

હેતુ :

- ✓ આ સ્કીમ હેઠળ ભારતમાં સ્વદેશી સ્તરે આ દવાઓના મહત્વપૂર્ણ ડ્રગ ઇન્ટરમીડિએટ અને એક્ટિવ ફર્માસ્યુટિકલ્સ ઇન્ટેડિએસના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન આપશે.
- ✓ આ યોજના બીજી જૂનથી આગામી ૪ મહિના સુધી ચાલુ રહેશે, જે હેઠળ રોકાણકારો એવા કોઈ પણ ૫૩ ડ્રગ ઈન્ટરમીડિયેટરી અને જથ્થાબંધ દવાના ઉત્પાદન માટે નવા કારખાના સ્થાપિત કરવાની દરખાસ્ત કરી શકશે.
- ✓ હાલમાં આ દવાઓ મોટા ભાગે ચીનથી આયાત કરવી પડે છે.

પ્રોડક્શન લિંકડ ઈન્સેન્ટિવ સ્કીમ(યોજના)શું છે?

- ✓ આ યોજના હેઠળ દવા ઉત્પાદકોને પહેલા ચાર વર્ષ સુધી સરકાર વર્ષે વેચાણ વધારાના ૨૦ ટકા હિસ્સો પ્રોત્સાહન તરીકે આપશે. એ બાદ પાંચ અને છઠ્ઠા વર્ષમાં એ પ્રોત્સાહન ક્રમશ : ઘટાડીને ૧૫ અને ૫ ટકા કરાશે.
- ✓ કેમિકલી સિન્વેસિસથી થતા ઉત્પાદનો પર પાંચ વર્ષ સુધી વેચાણ વધારાના ૧૦ ટકા હિરસા જેટલું પ્રોત્સાહન અપાશે.
- ✓ સરકાર આ રીતે પ્રોત્સાહન આપવા માટે લગભગ ૬૯૪૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે.



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. 'નિસર્ગ' : વાવાઝોડું નબળું પડતા રાહત (કુદરતી આપતિ)



જમીન ઉપર આગમન:

- ✓ મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજીના રાયગઢ જિલ્લાના અલીબાગ નજીક તા. 3 જૂનના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે વાવાઝોડું જમીન સાથે ટકરાયું
- ✓ પવનની ઝડપ પ્રતિ કલાક ૧૪૦ કિલોમીટર
- ✓ નિસર્ગ વાવાઝોડાની ગુજરાત અને કર્ણાટકને નહિવત અસર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : 3 જૂન :

(1) વિશ્વ સાયકલ દિવસ



પ્રારંભ :

- ✓ ૨૦૧૮માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ સાયકલ દિનની શરૂઆત કરવામાં આવી હતી
- ✓ **વર્ષ-૨૦૨૦ થીમ:** "ENJOY THE WORLD FROM THE SEAT OF YOUR BIKE"

શોધક:

- ✓ સાઈકલની શોધ મેકમિલને (સ્કોટલેન્ડ) 1840માં કરી હતી.
- ✓ બાઇસિકલ (ટાયર, હવા) ૧૮૮૮
- ✓ જે.બી.ડનલોપ સ્કોટલેન્ડ

અન્ય વિગત :

- ✓ ઇ.સ. ૧૮૧૭માં કાર્લ વોન ડેરિસ નામના જર્મન વિજ્ઞાનીએ માત્ર બે પૈડાંનું વાહન બનાવ્યું તેમાં પેડલ નહોતા પરંતુ સવારી કરીને પગ વડે જમીનને ધક્કો મારી ચલાવાતું. આ વિશ્વની પ્રથમ સાઈકલ હતી.
- ✓ ઇ.સ. ૧૮૪૦માં સ્કોટલેન્ડના કર્કપેટ્રિક મેકમિલન નામના કારીગરે સાઈકલના પૈડા વચ્ચે ધરી સાથે પેડલ બનાવ્યા. તેના પેડલ આગળના વ્હીલની વચ્ચે હતા અને તે વ્હીલ ખૂબ જ મોટું હતું. આ સાઈકલને 'વેલોસીપેડ' કહેતા.
- ✓ ઇ.સ. ૧૮૭૯માં હેનરી લોસન નામના કારીગરે વચ્ચે પેડલ અને ચેઈનવાળી સાઈકલ બનાવી. આ સાઈકલને સેફ્ટી બાઈસિકલ કહેતા.
- ✓ ઇ.સ. ૧૮૮૮માં જોહન ડનલોપ નામના વિજ્ઞાનીએ રબરના ટાયરની શોધ કરી ત્યાં સુધી સાઈકલના પૈડા લાકડા કે લોખંડના બનતા.
- ✓ ઈ.સ. ૧૯૦૩માં 'ધ ટુર ડી ફ્રાન્સ' નામની શરૂ થયેલી સાઈકલ રેસ વિશ્વભરમાં જાણીતી છે.
- ✓ વર્ષ-૧૯૫૦ના સમયગાળા પછી સાઈકલને વાહન ગણવામાં આવતુ હતુ અને સાઈકલ ચલાવવા માટે લાયસન્સ લેવુ પડતુ હતુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૬-૨૦૨૦)

1. વિદેશી કંપનીઓને ભારત લાવવા અને રોકાણોને આકર્ષવા કેન્દ્ર સરકાર દ્વારા કયા ગ્રૂપને મંજૂરી આપી - **એમ્પાવર્ડ ગ્રુપ**
2. દેશમાં ક્યાં બંદરનું નામ શ્યામાપ્રસાદ મુખરજી અપાયું - **કોલકાતા**
3. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કયારે કોલકાતા પોર્ટનું નામ શ્યામાપ્રસાદ મુખરજી પોર્ટ રાખવાની જાહેરાત કરી હતી - **૧૧ જાન્યુઆરી-૨૦૨૦**
4. કેન્દ્રીય કેબિનેટે ફાર્માકોપિયા કમિશનની રચનાનો નિર્ણય લીધો જે અંતર્ગત આયુષની કઈ બે લેબને મર્જ કરાશે - **હોમિયોપથી અને ભારતીય ઔષધ**
5. ભારત કેટલી જીવનરક્ષક દવાઓના ઉત્પાદન અંગે આત્મનિર્ભર બનવાની યોજના બનાવી - **૫૩**
6. PLIનું વિસ્તૃત નામ જણાવો - **પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ**
7. કેન્દ્ર સરકારે જીવનરક્ષક દવાઓના ઉત્પાદન અંગે આત્મનિર્ભર બનાવવા માટે કઈ સ્કીમને મંજૂર કરી - **પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ**
8. પ્રોડક્શન સિંકડ ઈન્સેન્ટિવ સ્કીમ યોજના હેઠળ દવા ઉત્પાદકોને પહેલા ચાર વર્ષ સુધી સરકાર વર્ષે વેચાણ વધારાના કેટલા ટકા હિસ્સો પ્રોત્સાહન તરીકે આપશે – **૨૦**
9. પ્રોડક્શન સિંકડ ઈન્સેન્ટિવ સ્કીમ યોજના હેઠળ દવા ઉત્પાદકોને પહેલા ચાર વર્ષ સુધી સરકાર વર્ષે વેચાણ વધારાના ૨૦ ટકા હિસ્સો પ્રોત્સાહન તરીકે આપશે એ બાદ પાંચ અને છઠ્ઠા વર્ષમાં એ પ્રોત્સાહન ક્રમશ: ઘટાડીને કેટલા ટકા કરાશે – **ક્રમશ ૧૫ અને ૫**
10. કેન્દ્ર સરકાર કેમિકલી સિન્વેસિસથી થતા ઉત્પાદનો પર પાંચ વર્ષ સુધી વેચાણ વધારાના ૧૦ ટકા હિસ્સા જેટલું એટલે કે લગભગ કેટલા રૂપિયા ખર્ચ કરશે - **૬૯૪૦ કરોડ**
11. તા. ૩જી જૂન-૨૦૨૦ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા કયા મહત્વના નિર્ણયો કરાયા – **ખેડૂતો માટે વન નેશન વન માર્કેટ માટે કાયદો ઘડાશે, ખેડૂત પોતાની ઊપજ દેશમાં ગમે ત્યાં વેચી શકશે, તમામ મંત્રાલયમાં**

પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની રચના થશે, કોલકાતા પોર્ટનું નામ શયામાપ્રસાદ મુખરજી પોર્ટ રખાશે, ફાર્મોકોપિયા પંચની રચના થશે

12. નિસર્ગ વાવાઝોડુ મહારાષ્ટ્રના કયા સ્થળે ટકરાયું હતુ – **અલીબાગ (રાયગઢ જિલ્લો)**
13. નિસર્ગ વાવાઝોડું જમીનને ટકરાયું ત્યારે પવનની ઝડપ પ્રતિ કલાક કેટલી હતી - **૧૪૦ કિલોમીટર**
14. નિસર્ગ વાવાઝોડાની કયા બે રાજ્યો પર નહિવત અસર થઈ - **ગુજરાત અને કર્ણાટક**
15. વિશ્વ સાઈકલ દિવસ કયારે મનાવવામાં આવે છે - **3 જૂન**
16. વિશ્વ સાઈકલ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **"ENJOY THE WORLD FROM THE SEAT OF YOUR BIKE"**
17. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ સાઈકલ દિવસ મનાવવાની શરૂઆત કયારે કરવામાં આવી – **વર્ષ-૨૦૧૮**
18. સાઈકલની શોધ કોણે અને કયારે કરી હતી - **મેકમિલને (સ્કોટલેન્ડ) તથા વર્ષ-૧૮૪૦**
19. કયા વર્ષમાં 'ધ ટુર ડી ફ્રાન્સ' નામની શરૂ થયેલી સાઈકલ રેસ વિશ્વભરમાં જાણીતી બની – **વર્ષ-૧૯૦૩**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ભારત-ઓસ્ટ્રેલિયા સબંધો (વિદેશ નીતિ)

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન વચ્ચે પ્રથમવાર વર્ચ્યુઅલ સમિટ-૨૦૨૦ યોજાઇ



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે કરાયેલા કરાર અને જાહેરાતો

1. ઇન્ડો-પેસિફિક રિજિયનમાં મેરિટાઇમ સહકાર માટે જાહેરાત
2. સાયબર અને સાયબર ક્રિટિકલ ટેક્નોલોજીમાં સહકાર માટે કરાર
3. ખનિજ અને વ્યૂહાત્મક ખનિજોના સેક્ટરમાં સહકાર માટે એમઓયુ
4. મ્યુચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટ કરાર
5. ડિફેન્સ સાયન્સ અને ટેક્નોલોજીમાં સહકાર માટે એમઓયુ
6. જાહેર વહીવટ અને શાસકીય સુધારામાં સહકાર માટે એમઓયુ
7. વોકેશનલ એજ્યુકેશન અને ટ્રેનિગમાં સહકાર માટે એમઓયુ
8. વોટર રિર્સોસિસઝ મેનેજમેન્ટ માટે એમઓયુ

મ્યુચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટ કરાર

1. સંરક્ષણ સંબંધો મજબૂત બનાવવા માટે મિલિટરી બેઝ પર એકબીજાના લશ્કરી જહાજો અને વિમાનોને ઈંધણની સુવિધા, મરામત અને અન્ય સપ્લાયની સુવિધા
2. બંને દેશ વચ્ચે લશ્કરી કવાયતો વધારાશે, બંને દેશ સામેના સુરક્ષા પડકારોને પહોંચી વળવા નવી પદ્ધતિઓ વિકસાવાશે

3. મ્યુચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટ દ્વારા સંરક્ષણ કવાયતો દ્વારા મિલિટરી ઇન્ટર-ઓપરેબિલિટી વધારવા સહમતી

હેતુ અને વૈશ્વિક અસરો :

- ✓ ભારતીય ઉપખંડ અને ઇન્ડો-પેસિફિક રિજિયનમાં ચીનના વધી રહેલા પ્રભાવને અટકાવવા ભારત અને ઓસ્ટ્રેલિયાએ એકબીજાના મિલિટરી બેઝનો ઉપયોગ કરવા અંગેના અત્યંત મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યાં હતાં.
- ✓ ઇન્ડો-પેસિફિક રિજિયનમાં વધુ મિલિટરી સહકાર અને કવાયતોનો આ કરાર દ્વારા માર્ગ મોકળો થશે. આ કરારને પગલે ભારત અને ઓસ્ટ્રેલિયા એકબીજાના મિલિટરી બેઝ ખાતે મિલિટરી જહાજો અને યુદ્ધવિમાનોને ઈંધણ લેવાની અને મેન્ટેનન્સ કરવાની સુવિધા આપશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. મેઈડ ઇન ઇન્ડિયા : ભારતમાં નવા તેજસ લડાયક વિમાનને વિકસાવવા એજન્સી દ્વારા મંજૂરી (સંરક્ષણ)



વિગત:

- ✓ તેજસ લડાયક વિમાનને આઇએનએસ વિક્રમાદિત્ય પર લેન્ડિંગ કરાવવામાં સફળતા મળ્યા પછી એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા હવે બે એન્જિન ધરાવતું મેડ-ઇન- ઇન્ડિયા લડાયક વિમાન વિકસાવવા પણ લીલી ઝંડી આપી દેવામાં આવી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. આત્મનિર્ભર ગુજરાત : રૂ.૧૪૦૨૨ કરોડનું આર્થિક પેકેજ (આર્થિક)



- ✓ **હેતુ :** કોરોના મહામારી બાદ ગુજરાતના અર્થતંત્રને પુનઃ ધબકતું કરવા માટે

<u>સેક્ટર મુજબ પેકેજ અને રકમ :</u>

<u>૧૪,૦૨૨.૨૬ કરોડના આત્મનિર્ભર પેકેજનું વિહંગાવલોકન :</u>

- ✓ પ્રોપર્ટી ટેક્ષ,વીજ બીલ અને વાહન કરમાં માફી અને રાહતો ૨૩૦૦ કરોડ
- ✓ ઉધોગ વ્યવસાય માટે પ્રોત્સાહક સબસીડી ૩૦૩૮ કરોડ
- ✓ ગુજરાત ઔધોગિક વસાહતોમાં ઉધોગોને આર્થિક પ્રોત્સાહન ૪૫૮.૫૯ કરોડ
- ✓ હાઉસીંગ સેક્ટરમાં સબસીડી સહાય ૧૦૦૦ કરોડ
- ✓ કૃષિ,પશુપાલન અને મત્સ્યયોધ્યોગ ૧૧૯૦ કરોડ
- ✓ સ્વરોજગાર – ૫૨૫ કરોડ
- ✓ શ્રમિક કલ્યાણ – ૪૬૬ કરોડ
- ✓ અન્ય રાહતો ૫૦૪૪.૬૭ કરોડ

<u>કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ માટે રૂ.૧,૧૯૦ કરોડ :</u>



- ✓ ખેડૂતોને શુન્ય ટકાથી પાક ધિરાણ મળશે. ૨૪ લાખ ખેડૂતોને ૪૨૦ કરોડ
- ✓ પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતને દર મહિને ૯૦૦ લેખે મળશે. ૬૫૫૭૪ ખેડૂતોને ૬૬.૫૦ કરોડ
- ✓ નાના ગોડાઉનો બનાવવા માટે દરેક ખેડૂતને ૩૦ હજાર :૧.૨ લાખ ખેડૂતોને ૩૫૦ કરોડ
- ✓ ખેતપેદાશોનાં રક્ષણ માટે ગોડાઉનો બનાવવા ૧૦૦ કરોડ
- ✓ મત્સ્યોદ્યોગ માટે ફિશિંગ નેટ, બોટ, મત્સ્ય બીજ વગેરે જેવી સામગ્રી ખરીદવા ૧ લાખ માછીમારોને ૨૦૦ કરોડ
- ✓ રાજ્યના ૨૪ લાખ ખેડૂતોને અપાતા પાક ધિરાણના રીપેમેન્ટની મૂદત પાંચ મહિના વધારી આપી છે. જેના માટે ૪૧૦ કરોડની ફાળવણી
- ✓ દેશી ગાય આધારીત ખેતી માટે ખેડૂતને દર મહિને ગાય દિઠ રૂ.૯૦૦ લેખે વાર્ષિક રૂ.૧૦,૮૦૦ સહાય અપાશે.
- ✓ ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી માટે રૂ.૫૦થી ૭૫ હજારની સહાય માટે ૫૦ કરોડ ફાળવ્યાં
- ✓ કુદરતી આફતો સમયે ખેતેદાશોના રક્ષણ માટે બજાર સમિતિઓને ૫૦૦૦ મેટ્રિક ટન સુધીની ક્ષમતા વાળા ગોડાઉન બનાવવા રૂ.૧૦૦ કરોડ ફળવાશે.
- ✓ મત્સ્ય ઉદ્યોગ માટે રૂ.૨૦૦ કરોડની સહાય કરાશે.

GIDCના ઉધોગોના બાકી લહેણા માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના આવશે :



- ✓ GIDCના ઉધોગો માટે પણ ૪૫૮.૫૯ કરોડનું પેકજ જાહેર કરાયું છે.
- ✓ અહીંના ઉધોગોના બાકી લેહેણા માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના અમલમા આવશે.
- ✓ જેમા મોડી ચૂકવણીનાં વ્યાજની રકમમા ૫૦ ટકા માફી તથા વ્યાજની રકમ ૧૦૦ ટકા માફી અપાશે.જેમા કુલ ૧૩૩ કરોડની સહાય મળશે.
- ✓ તેમજ ચાલુ વર્ષે વણવપરાયેલા પ્લોટ પાસેથી કોઈપણ દંડ લેવાશે નહીં. આમા ૬૦ કરોડની રાહત મળશે.
- ✓ તેમજ પ્લોટોની ફાળવણીના હપ્તાની રકમ ચૂકવવા માટે છ મહિના વધુ અપાશે. વિલંબિત ચૂકવણીનાં વ્યાજમાં પણ રાહત અપાશે.
- ✓ આ જ રીતે અન્ય છૂટછાટો અપાશે. ચાલુ નાણાકીય વર્ષ માટેની GIDC ના પ્લોટોની ફાળવણીની કિંમતની સમીક્ષા સ્થગિત કરાશે.
- ✓ આ નિર્ણયથી ૭૨૭ નવા સાહસિકોને સસ્તા ભાવથી જમીન મળશે. જેનાંથી ૩૯ કરોડની સહાય મળશે.
- ✓ નવા ઉધોગોને ફાળવણી દર આધારીત વિવિધ ફી તથા ચાર્જીસમાં ૨૧.૪૫ કરોડની રાહત અપાશે, જેનો ૨૭૦૦ ઉધોગોને લાભ મળશે.
- ✓ ઉપરાંત સાહસિકોને પ્રોત્સાહન આપવા જમીનની કિંમતની ચૂકવણીમાં ત્રિમાસિક હપ્તાની છૂટ અપાશે. નિગમ દવારા વ્યાજ દરને ૧૨ ટકાથી ઘટાડીને ૧૦ ટકાનો કરશે.
- ✓ ઉધોગોને પાણીના વપરાશના બીલના ચૂકવણા માટે ૧૫ દિવસનો સમય અપાશે.

- ✓ પાણીના બીલ પરના વ્યાજ અને દંડ માફ કરાશે. GIDCના ઉધોગો માટે બીજી અનેક પ્રકારની સહાયની તેમજ છૂટછાટોની જાહેરાત કરાઈ છે.

ગરીબ પરિવારોય સહાય માટે ૪,૮૨૫ કરોડ :

- ✓ ગરીબ કુટુંબોને મફત અનાજ તથા તેના બેંક ખાતામાં ૧ હજારનું ચુકવણું
- ✓ તેમજ સહાય પેન્શન, દિવ્યાંગ પેન્શન, વિધવા સહાય પેન્શનનું આગોતરુ ચુકવણું સહિતની રાહત માટે ૪૩૭૫.૬૮ કરોડ
- ✓ વાર્ષિક ૧૨ કિલો તુવેર દાળનું રાહત દરે વિતરણ: ૬૨ લાખ કુટુંબો માટે ૩૦૦ કરોડ
- ✓ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોના પાલન માટે એસ.ટી.ની ૧૨ કરોડ
- ✓ મોરબી અને સુરેન્દ્રનગરના સિરામિક ટાઇલ્સ ઉદ્યોગ માટે પ્રાકૃતિક ગેસમાં રાહત : ૧૨૫૦ ઉદ્યોગને ૩૦ કરોડ

મહિલા-નાના વેપારીઓને સ્વરોજગારી માટે કેટલી સહાય :

- ✓ નાના વેપારીઓ, મધ્યમવર્ગના લોકો, કારીગરો તથા શ્રમિકોને ૧ લાખથી લઈને ૨.૫૦ લાખ સુધીનુ સહકારી બેન્કો-ક્રેડીટ સોસાયટીઓ ધિરાણ આપશે. ૩ લાખ લોકો માટે ૩૦૦ કરોડ
- ✓ મહિલાઓને સ્વરાજગારી માટે શુન્ય ટકાએ ૧ લાખની લોન મળી રહે તે માટે વ્યાજ સહાય. ૧૦ લાખ બહેનો માટે ૨૦૦ કરોડ
- ✓ સ્વરાજગારી માટે જ માનવ ગરીમાં યોજનાની કીટનું વિતરણ થશે. ૩૨ હજારથી વધુ લોકો માટે ૧૧.૧૧ કરોડ

ઉદ્યોગો માટે ૩૦૩૮ કરોડની સબસિડી :



- ✓ ઉદ્યોગોને કેપીટલ અને વ્યાજ સબસીડી : રૂપિયા ૭૬૮ કરોડ
- ✓ ટેક્સટાઈલ ઉદ્યોગોને કેપીટલ અને વ્યાજ સબસીડી : ૪૫૦ કરોડ
- ✓ મેગા ઈન્ડસ્ટ્રીઝને પણ કેપીટલ અને વ્યાજ સબસીડી : ૧૫૦ કરોડ
- ✓ ઉધોગ સાહસિકોને બાજપેયી બેન્કેબલ યોજનાંમાં સબસીડી : ૧૯૦ કરોડ
- ✓ સોલર રૂફ ટોપ યોજના : ૧૯૦ કરોડ
- ✓ ફૂડ પ્રસેસીંગ એકમોને કેપીટલ અને વ્યાજ સબસીડી: ૯૦ કરોડ

✓ ૩૨૦૦થી વધુ વેપારીઓને ૧૨૦૦ કરોડનું પડતર વેટ અને GST રીફંડ પણ ચૂકવી

વેટ-GST હેઠળ કેવી રાહત :

✓ ૧૦ કરોડથી ઓછુ ટર્નઓવર ધરાવતા વેપારીઓને આકારણીનાં સંદર્ભમાં અપાયેલી નોટિસો પાછી ખેંચાશે

✓ વેટ સમાધાન યોજના હેઠળ જેમણે પ્રથમ હપ્તો ભર્યો છે તેઓને ત્રણ મહિનાની મુદત્ત અપાશે.

✓ વેટ-અન્ય કાયદા હેઠળની પૂરી થતી મર્યાદાઓ,મનાઈ હુકમને લંબાવાશે.

આદિવાસી -લારીવાળા તથા શ્રમિકોને કેટલી સહાય :



✓ જે આદિવાસીઓને વતનમાં પોતાનું ઘર નથી તેઓને પાકું ઘર બનાવવા ૩૫ હજારની સહાય અપાશેઃ ૧ લાખ લોકો માટે ૩૫૦ કરોડ

✓ અમદાવાદ,સુરત,વડોદરા તથા રાજકોટના શ્રમિકોને મુસાફરી ખર્ચમાં સહાય મળશે : ૧.૨૦ લાખ લોકો માટે ૫૦ કરોડ

✓ લારીવાળાના શાકભાજી-ફળ બગડી ન જાય તે માટે મોટી સાઈઝની છત્રી અપાશે : ૧ લાખ લોકો માટે ૧૦ કરોડ

✓ બાંધકામ શ્રમિકોના પત્ની તથા બે બાળકો સુધી પ્રસુતિ પેટે ૨૭૫૦૦ની સહાય : ૨૫૦૦ મહિલાઓ માટે ૬ કરોડ

✓ **ગરીબ-મધ્યમ પરિવારો માટે રૂ.૫,૦૪૪.૬૭ કરોડ ખર્ચાશે :**

✓ મફત અનાજ, ગરીબ કુટુંબોના બેંક ખાતામાં ડી.બી.ટી.થી રૂ.૧૦૦૦નું ચુકવણું, આ રાહત માટે રૂ.૪,૩૭૪.૬૭ કરોડની ફાળવણી.

✓ પ્રોટીનયુક્ત આહર મળી રહે તે માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠલ લાભાર્થીદીઠ વાર્ષિક ૧૨ કિ.ગ્રા. તુવેરદાળનું વિતરણ કરવા મુખ્યમંત્રી રાહત નિધીમાંથી આરોગ્ય વિભાગને રૂ.૧૦૦ કરોડ ફાળવ્યાં.

✓ મોરબી અને સુરેન્દ્રનગરના સિરામિક ટાઈલ્સ ઉદ્યોગમાં થતા ગેસના ઉપયોગમાં જૂન માસ માટે રાહત આવા રૂ. ૩૦ કરોડની ફાળવણી કરાશે.

✓ અલંગ શીપ યોર્ડમાં વાર્ષિક લીઝ રકમમાં ચાલુ વર્ષે ૩૦ ટકાની માફી અપાશે. જેનાથી રૂ.૨૦ કરોડનો લાભ થશે.

ST નિગમને પણ રૂ.૧૨૦ કરોડની સહાય :

✓ કોરોનાના કારણે રાજ્યની જાહેર પરિવહન સેવાને ગંભીર આર્થિક અસર થઈ છે.

✓ લોકડાઉનના નિયંત્રણો પછી સોશિયલ ડીસ્ટન્સિંગનું પાલન કરી જાહેર સેવા આપવાની થાય છે.

✓ જેથી એસટી નિગમ પર વધુ ભારણ ના પડે તેના માટે રૂ.૧૨૦ કરોડની સહાય

કયા ધંધાર્થીને કેટલી રકમની સહાય :

✓ નાના વેપારીઓ, ઓફિસો, હોટેલો, રેસ્ટોરન્ટેને વાર્ષિક પ્રોપર્ટી ટેક્સમા ૨૦ ટકા રાહત : ૬૦૦ કરોડ

✓ રહેણાક મિલકતોના પ્રોપર્ટી ટેક્સમાં ૧૦ ટકાની રાહત : ૧૪૪ કરોડ

✓ મહિને ૨૦૦ યુનિટથી ઓછો વીજ વપરાશ હોય એવા રહેણાકના લોકોને વીજળી બીલમા ૧૦૦ યુનિટની માફી : ૬૫૦ કરોડ

✓ વાણિજ્યક વીજ ગ્રાહકો અને ઉધોગો માટે વીજ બીલમા ફિક્સડ ચાર્જમાં માફી : ૨૦૦ કરોડ

✓ નાના દુકાનો, કરીયાણા, કાપડ, રેડીમેઈડ કપડા, હાર્ડવેર, કલરકામ, કટલરી વગેરેને ત્રણ મહિના માટે વીજકરમા રાહત : ૮૦ કરોડ

✓ હાઈ ટ્રાન્સમિશન ગ્રાહકોને ફિક્સ ચાર્જિસના ૩ મહિનાની ચૂકવણી વ્યાજ વગર ચાર મહિનામા સરખા ભાગે કરી શકાશે : ૪૦૦ કરોડ



✓ લક્ઝરી બસો તથા મેક્સી કેબ,ટેક્સી,જીપ વગેરે જેવા ૬૩ હજાર વાહનો માટે એપ્રિલથી સપ્ટેમ્બર સુધીનો રોડ ટેક્સ માફ : ૨૨૧ કરોડ

- ✓ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ્સ માટે હંગામી વીજબીલમાં માફી : ૫ કરોડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિમણૂક : વર્લ્ડ બેંક :

IAS રાજીવ ટોપનો વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર



પરિચય :

- ✓ ગુજરાત કેડરના 1996 બેચના આઈએએસ અધિકારી તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ રાજીવ ટોપનોને ભારત સરકારે વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદે નિયુક્ત કર્યા.

ભારત માટે તેમની ભૂમિકા :

- ✓ નાણાં મંત્રાલયના અધિકારક્ષેત્રમાં આવતી આ જગ્યા માટે ભારતના પ્રતિનિધી તરીકે તેઓને સંયુક્ત સચિવ સમકક્ષ પદે 3 જૂન 2023 સુધી નિયુક્ત રહેશે.
- ✓ રાજીવ ટોપનો નરેન્દ્ર મોદીના ખૂબ નજીકના ગણાતા અધિકારીઓમાંના એક.
- ✓ આવનારા સમયમાં ભારત માટે નાણાંકીય સહાય પૂરી પડે તે માટે ટોપનો વિશ્વ બેંકને ભારત વતી ભલામણ અને સંયોજન કરશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ડિજિટલ ટેક્સ : ભારત એમેઝોન ગૂગલ ફેસબૂક વગેરે પાસેથી ડિજિટલ ટેક્સ વસૂલશે

શું છે ડિજિટલ ટેક્સ ?

- ✓ જો તમે કોઈ વિદેશી વેબસાઇટ પરથી કંઈક ખરીદો છો, તો તે અંતર્ગત વેબસાઈટે 2 % ટેક્સ ચૂકવવો પડશે.
- ✓ આ ટેક્સ ત્યારે જ લાગુ થશે જ્યારે વેબસાઇટ દ્વારા ભારતીય ગ્રાહકોએ રૂ. 2 કરોડથી વધુની કિંમતના માલ અથવા સેવાઓ વેચવામાં આવી હોય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. RTE એક્ટ : ગુજરાત સરકાર નવી જોગવાઈ-ધો.૧માં ૬ વર્ષ પુર્ણ કરનાર બાળકોને જ પ્રવેશ મળશે



- ✓ અમલ : જૂન-૨૦૨૩થી
- ✓ હવે તારીખ ૧લી જૂનના રોજ બાળકની ઉંમર છ વર્ષ પૂર્ણ થયેલી હોવી જોઈએ
- ✓ અગાઉ ગુજરાતમાં પાંચ વર્ષ પૂર્ણ કરનારને RTE અંતર્ગત પ્રથમ ધોરણમાં પ્રવેશ અપાતો હતો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. અવસાન : બોલિવૂડના ફિલ્મ સર્જક બાસુ ચેટર્જીનું ૯૦ વર્ષે મુંબઇ ખાતે અવસાન



- ✓ જન્મ સ્થળ : અજમેર (રાજસ્થાન)
- ✓ મૂળ વતન – બંગાળ
- ✓ ફિલ્મો : રજનીગંધા, તીસરી કસમ, બાતો બાતો મેં, ચિતચોર વગેરે.

બાસુ ચેટર્જીએ મેળવેલા એવોર્ડસ :



- ✓ ૧૯૭૨માં સારા આકાશ અને ૧૯૯૧માં કમલા કી મૌત માટે ફિલ્મફેરનો બેસ્ટ સ્ક્રિન પ્લે એવોર્ડ મેળવ્યો હતો.
- ✓ ફિલ્મ રજની ગંધા અને જીના યહાં માટે ફિલ્મફેરનો ક્રિટિક્સ એવોર્ડ
- ✓ ૧૯૭૮ની સ્વામી માટે ફિલ્મ ફેર એવોર્ડ ફોર બેસ્ટ ડાયરેકટર
- ✓ ફિલ્મ સ્વામી માટે નેશનલ એવોર્ડ ફોર બેસ્ટ પોપ્યુલર ફિલ્મ પ્રોવાઇડિંગ હોલસમ એન્ટરટેઇનમેન્ટ
- ✓ ૧૯૯૨માં ફિલ્મ દુર્ગા માટે નેશનલ ફિલ્મ એવોર્ડ ફોર બેસ્ટ ફિલ્મ ઓન ફેમિલિ વેલફેર
- ✓ ૨૦૦૭માં આઇફ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. અવસાન : બોલિવૂડના ગીતકાર સાગર અનવરનું ૭૦ વર્ષે મુંબઇ ખાતે અવસાન



✓ **સમયગાળો :** વર્ષ-૧૯૮૦થી ૧૯૯૦

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૬-૨૦૨૦)

1. વૈશ્વિક સંબંધોના ભાગરૂપે તા.04 જુન 2020ના કયા બે દેશો વચ્ચે સૌપ્રથમ વર્ચ્યુઅલ સમિટ યોજાઇ- **ભારત ઓસ્ટ્રેલિયા**
2. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્ચ્યુઅલ સમિટના માધ્યમથી કુલ કેટલા કરાર સંપન્ન થયા- **07**
3. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્ચ્યુઅલ સમિટના માધ્યમથી કયા કયા ક્ષેત્રોમાં કરાર કરાયા - **ઇન્ડો-પેસિફિક રિજિયનમાં મેરિટાઇમ સહકાર માટે જાહેરાત, સાયબર અને સાયબર ક્રિટિકલ ટેક્નોલોજીમાં સહકાર માટે કરાર, ખનિજ અને વ્યૂહાત્મક ખનિજોના સેક્ટરમાં સહકાર માટે એમઓયુ, મ્યુચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટ કરાર, ડિફેન્સ સાયન્સ અને ટેક્નોલોજીમાં સહકાર માટે એમઓયુ, જાહેર વહીવટ અને શાસકીય સુધારામાં સહકાર માટે એમઓયુ, વોકેશનલ એજ્યુકેશન અને ટ્રેનિગમાં સહકાર માટે એમઓયુ, વોટર રિર્સોસિસઝ મેનેજમેન્ટ માટે એમઓયુ**
4. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે કયો એક મહત્વનો કરાર કરાયો - **બંને દેશો વચ્ચે મિલિટરી બેઝનો ઉપયોગ, લશ્કરી જહાજો અને વિમાનોને ઈંધણની સુવિધા, મરામત અને અન્ય સપ્લાય**
5. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે મિલિટરી બેઝનો ઉપયોગ અંગે મહત્વનો કરાર કરાયો તેનાથી શું ફાયદો થશે - **ભારતીય ઉપખંડ અને ઇન્ડો-પેસિફિક રીજીયનમાં ચીનનો વધતા પ્રભાવ અટકાવવા**
6. ઓસ્ટ્રેલિયાના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો- **સ્કોટ મોરિસન**
7. તેજસ લડાયક વિમાનને INS વિક્રમાદિત્ય પર સફળ લેન્ડિંગ બાદ કઈ એજન્સી દ્વારા હવે બે એન્જિન ધરાવતું મેઈડ ઈન ઇન્ડિયા લડાયક વિમાન તૈયાર કરવાની મંજૂરી આપી છે - **એરોનોટિકલ ડેવલોપમેન્ટ એજન્સી**
8. તાજેતરમાં મુંબઈ ખાતે 90 વર્ષની ઉંમરે અવસાન પામેલ બાસુ ચેટરજીનું ક્ષેત્ર જણાવો-**બોલિવૂડના ફિલ્મ સર્જક**
9. બોલિવૂડના ફિલ્મ સર્જક બાસુ ચેટર્જીનો જન્મ ક્યાં થયો હતો- **અજમેર**
10. બોલિવૂડના ફિલ્મ સર્જક બાસુ ચેટર્જીને વર્ષે 1992માં કઈ ફિલ્મ માટે નેશનલ ફિલ્મ એવોર્ડ ફોર બેસ્ટ ફિલ્મ ઓન ફેમીલી વેલફેર અપાયો હતો - **દુર્ગા**
11. ગુજરાતમાં RTE એક્ટમાં નવા સુધારા મુજબ હવે કેટલા વર્ષની ઉંમર પૂર્ણ કર્યા બાદ બાળકને પ્રથમ ધોરણમાં પ્રવેશ અપાશે - **6 વર્ષે**
12. ગુજરાતમાં RTE એક્ટમાં નવા સુધારા મુજબ હવે 6 વર્ષની ઉંમર પૂર્ણ કર્યા બાદ બાળકને પ્રથમ ધોરણમાં પ્રવેશ અપાશે તેનો અમલ કયા વર્ષથી કરાશે - **જૂન 2023થી**
13. જૂન-૨૦૨૦માં ગુજરાત કેડરના ક્યા IAS અધિકારીની વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિમણૂંક થઈ - **રાજીવ ટોપનો**
14. IAS રાજીવ ટોપનો ગુજરાત કેડરના કઈ બેચના અધિકારી છે - **1996**
15. IAS અધિકારી રાજીવ ટોપનોની વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિમણૂંક થઈ તે પહેલાં તે ક્યાં હોદ્દા પર ફરજ બજાવતા હતા - **વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ**
16. ભારતમાં વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરનો હોદ્દો કયા મંત્રાલયના અધિકારક્ષેત્રમાં આવે છે - **નાણાં**

17. IAS અધિકારી રાજીવ ટોપનો વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદ પર ક્યાં સુધી રહેશે - **3 જૂન 2023**
18. IAS અધિકારી રાજીવ ટોપનો વર્લ્ડબેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદે રહી કઈ કામગીરી કરશે - **ભારત માટે નાણાંકીય સહાય પૂરી પડે તે માટે વિશ્વ બેંકને ભારત વતી ભલામણ અને સંયોજનની કામગીરી**
19. જૂન-૨૦૨૦માં ભારત સરકાર કઈ મલ્ટિનેશનલ કંપની પાસેથી ડિજિટલ ટેક્સ વસૂલશે - **એમેઝોન, ગૂગલ, ફેસબૂક વગરે**
20. વિદેશી વેબસાઇટ પરથી કંઈક ખરીદી કરીએ તો તે અંતર્ગત વેબસાઈટે કેટલા ટકા ટેક્સ કેન્દ્ર સરકારને ચૂકવવો પડશે - **2 %**
21. વિદેશી વેબસાઇટ દ્વારા ભારતીય ગ્રાહકોએ કેટલા રૂપિયાથી વધુની કિંમતના માલ અથવા સેવાઓ વેચવા પર કેન્દ્ર સરકારને બે ટકા ટેક્સ ચૂકવવો પડશે - **રૂ. 2 કરોડથી વધુ**
22. તાજેતરમાં મુંબઈ ખાતે 70 વર્ષે અવસાન પામેલ અનવર સાગરનું ક્ષેત્ર જણાવો - **બોલીવુડના ગીતકાર**
23. કોરોના મહામારી બાદ ગુજરાતના અર્થતંત્રને પુનઃ ધબકતું કરવા ગુજરાત સરકાર દ્વારા 04 જૂન 2020ના દિવસે કેટલી રકમનું કયું આર્થિક પેકેજ જાહેર કર્યું- **રૂ.14,022 કરોડ અને "આત્મનિર્ભર ગુજરાત"**
24. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ "આત્મનિર્ભર ગુજરાત પેકેજ"માં કયા કયા ક્ષેત્રો માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી છે - **પ્રોપર્ટી ટેક્ષ,વીજ બીલ અને વાહન કરમાં માફી અને રાહતો ૨૩૦૦ કરોડ, ઉદ્યોગ વ્યવસાય માટે પ્રોત્સાહક સબસીડી ૩૦૩૮ કરોડ, ગુજરાત ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન ૪૫૮.૫૯ કરોડ, હાઉસીંગ સેક્ટરમાં સબસીડી સહાય ૧૦૦૦ કરોડ, કૃષિ,પશુપાલન અને મત્સ્યોદ્યોગ ૧૧૯૦ કરોડ, અન્ય રાહતો ૫૦૪૪ કરોડ, ઉદ્યોગો માટે ૩૦૩૮ કરોડની સબસિડી**
25. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ "આત્મનિર્ભર ગુજરાત પેકેજ"માં મહિને કેટલા યુનિટથી ઓછો વીજ વપરાશ કરતા હોય તેવા રહેઠાણના લોકોને વીજળી બિલમાં કેટલા યુનિટની માફી આપવામાં આવશે - **100 યુનિટ**
26. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ "આત્મનિર્ભર ગુજરાત પેકેજ"માં આદિવાસી બાંધકામ શ્રમિકો અને મજૂરોને તેમના વતનમાં પાકુ મકાન બાંધવા કેટલા લાખ મજૂરો માટે કેટલી સહાય આપશે- **1 લાખ અને રૂ.35,000/-**
27. આત્મનિર્ભર ગુજરાત પેકેજમાં નાના વેપારીઓ માટે ઓછા વ્યાજે કેટલા રૂપિયા સુધીનું લોન કો-ઓપરેટિવ બેન્કો દ્વારા અપાશે - **રૂપિયા 1 લાખથી 2.5 લાખ**
28. આત્મનિર્ભર ગુજરાત પેકેજ કઈ કમિટીની ભલામણ ઉપર તૈયાર કરવામાં આવ્યું છે - **ડોક્ટર હસમુખ અઢિયા કમિટી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. કોરોના મહામારી : વૈશ્વિક અસરો (અર્થતંત્ર)

અહેવાલ: સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ એન્વાર્યમેન્ટ ઈન ફિગર્સ-૨૦૨૦



ભૂખમરા અંગેનો અહેવાલ :

- ✓ કોરોના વાઇરસ મહામારીને કારણે વિશ્વમાં ૨૬.૫ કરોડ લોકો પર ભૂખમરાનું જોખમ પેદા થયું છે.
- ✓ ભારતમાં પણ લગભગ ૧.૨૦ કરોડ લોકો ભૂખમરાનો ભોગ બને એવી ભીતિ છે.

મુખ્ય તારણો :

- ✓ આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક ગરીબી દરમાં ૨૨ વર્ષોમાં પહેલી વખત વધારો થશે.
- ✓ વૈશ્વિક વસતીમાંથી ૫૦ ટકા વસતી લોકડાઉનમાં છે, જેમની આવક ક્યાં તો ઘણી ઓછી છે અથવા તેમની પાસે આવકનું કોઈ સાધન જ નથી.
- ✓ એ સ્થિતિમાં આવકનો સ્ત્રોત બંધ થવાને કારણે ચારથી છ કરોડ લોકો આવનારા મહિનાઓમાં ગરીબીમાં જીવન પસાર કરશે.
- ✓ **સંસ્થા:** સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાર્યમેન્ટ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના મહામારી : ભારતના અર્થતંત્ર પર અસરો - કેન્દ્રીય નાણા મંત્રાલય (વહીવટ)

- ✓ વર્ષ-૨૦૨૦-૨૧ નાણાંકીય વર્ષમાં કોઈ નવી યોજના શરૂ નહીં કરવા મંત્રાલયો અને વિભાગોને આદેશ
- ✓ બજેટમાં મંજૂર યોજનાઓ આગામી તા.૩૧ માર્ચ-૨૦૨૧ સુધી મૌકૂફ

કઈ યોજનાઓ ચાલુ રહેશે :



- ✓ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગતની યોજનાઓ
- ✓ આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગતની યોજનાઓ
- ✓ જો અન્ય સ્પેશિયલ પેકેજ અથવા જાહેરાત કરાય તે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.આયુષ મંત્રાલય : આયુર્વેદિક કાવો (આરોગ્ય)

- ✓ **હેતુ:** કોરોનાથી બચવા રોગ પ્રતિકારક શક્તિ-ઈમ્યુનિટિ વધારતો આયુર્વેદિક કાવાના પાઉચ તૈયાર



આયુર્વેદિક કાવા વિશે :

- ✓ તજ, તુલસી, મરી અને સૂંઠ ભેળવીને બનાવેલો ઈમ્યુનિટી બુસ્ટર કાવો નાનકડા પાઉચમાં મળશે.
- ✓ પાઉચની કિંમત : રૂ. ૮
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગૌરવ – બહુમાન : UNADAP (મહિલા સશક્તિકરણ)

‘ગૂડવિલ એમ્બેસેડર ટુ ધ પુઅર’ તરીકે ભારતીય દિકરી નેત્રાને બહુમાન



UN ગૂડવિલ એમ્બેસેડર નેત્રાનો પરિચય-પ્રદાન

- ✓ તમિલનાડુના મદુરાઈમાં સલૂન માલિક મોહનદાસની પુત્રી નેત્રાને UNADAPની 'ગુડવિલ એમ્બેસેડર ટુ ધ પુઅર' બનવાનું બહુમાન.



- ✓ હવે નેત્રાને યુએનના મંચ પર બોલવાની તક મળશે.
- ✓ નેત્રાએ પિતાને કહીને બચતના 8.5 લાખ લૉકડાઉનમાં ગરીબોને ભોજન કરાવવામાં ખર્ચ કરી દીધા.
- ✓ મોદીએ 'મન કી બાત'માં નેત્રાનો ઉલ્લેખ કર્યો હતો
- ✓ **UNADAP:** યુનાઈટેડ નેશન્સ અસોસિએશન ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.વિશ્વ યોગ દિવસ-૨૦૨૦ (આરોગ્ય)

વર્ષ-૨૦૨૦ થીમ : યોગ એટ હોમ એન્ડ યોગ વિથ ફેમિલી



આયુષ મંત્રાલય દ્વારા વિવિધ સ્વરૂપે ઉજવણીનો પ્રારંભ :

- ✓ કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર કોઈ સામૂહિક કાર્યક્રમ નહીં યોજાય. ઉજવણી ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ પર થશે.

વિગત :

તા.૨૧મી જૂનની ઉજવણીની ઝલક

- ✓ આ વખતે 'માય લાઇફ, માય યોગ' નામની સ્પર્ધા રાખી છે, જે બે તબક્કામાં થશે.
- ✓ પ્રથમ તબક્કામાં આંતરરાષ્ટ્રીય વીડિયો બ્લોગિંગ સ્પર્ધા થશે. તેમાં દેશના વિજેતા પસંદ કરાશે. ત્યાર બાદ વૈશ્વિક પુરસ્કાર વિજેતાઓની પસંદગી વિવિધ દેશોમાંથી કરાશે.
- ✓ સ્પર્ધકોએ 3 યૌગિક અભ્યાસ (ક્રિયા, આસન, પ્રાણાયામ, બંધ કે મુદ્રા)નો 3 મિનિટનો વીડિયો ફેસબુક, ટ્વિટર કે

ઇન્સ્ટાગ્રામ પર #MyLifeMyYoga હેશટેગ સાથે અપલોડ કરવાનો રહેશે.

- ✓ તેની સાથે એક નાના વીડિયો મેસેજમાં એ જણાવવાનું રહેશે કે યોગ ક્રિયાઓએ તમારા જીવનને કેવી રીતે પ્રભાવિત કર્યું ?
- ✓ આ મેસેજ કોઈ પણ ભાષામાં આપી શકાય છે.
- ✓ સ્પર્ધા 1 જૂને શરૂ થઈ ચૂકી છે. વીડિયો 15 જૂન સુધીમાં અપલોડ કરી શકાય છે. વિજેતા 21 જૂને જાહેર કરાશે.
- ✓ ભારતીય વિજેતાઓને ટ્રોફી અને સર્ટિફિકેટ સાથે 1 લાખ, 50 હજાર અને 25 હજાર રૂ.ના પુરસ્કાર અપાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ખેલકૂદ : સિદ્ધિ

મહિલા એશિયા કપ-૨૦૨૨ : ભારતની પ્રથમવાર યજમાન તરીકે પસંદગી



વિગત :

- ✓ એશિયન ફૂટબોલ કન્ફડરેશન (એએફસી)એ 2022 મહિલા એશિયા કપની યજમાની ભારતને આપી.
- ✓ 1979થી રમાતી આ ટૂર્નામેન્ટના આયોજન માટે ભારતને પ્રથમવાર યજમાન પદ
- ✓ કમિટીએ મહિલા એશિયા કપ 2022 ફાઈનલ્સની યજમાનીનો અધિકાર ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને સોંપ્યો છે.
- ✓ આ ટૂર્નામેન્ટથી મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન મળશે,
- ✓ ટૂર્નામેન્ટ 2023 ફિફા મહિલા વર્લ્ડ કપ માટે અંતિમ ક્વોલિફિકેશન ઈવેન્ટ પણ છે
- ✓ કુલ ટીમ – ૧૨
- ✓ ફૂટબોલની વૈશ્વિક સંસ્થા: એશિયન ફૂટબોલ કન્ફેડરેશન (AFC)
- ✓ ભારતીય સંસ્થા : ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)



- ✓ અધ્યક્ષ AIFF : શ્રી પ્રફૂલ્લ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭.ક્યુમોલોનિમ્બસ-વાદળો (હવામાન શાસ્ત્ર)

શું છે ક્યુમોલોનિમ્બસ - વાદળો :

અર્થ :

- ✓ ક્યુમોલોનિમ્બસ જેને સંક્ષેપમાં સીબી ક્લાઉડ કહેવાય છે તે મૂળ બે લેટીન શબ્દ છે જેમાં ક્યુમુલસનો અર્થ થાય છે હીપ્ડ કે એક્યુમ્યુલેટેડ અર્થાત વાદળો ભેગા કરવા અને નિમ્બસ એટલે રેઈન અર્થાત વરસાદ.

ખાસિયત :

- ✓ આ વાદળોની ખાસિયત એ છે કે તેની આગાહીં નૈઋત્યના ચોમાસાની જેમ અગાઉથી નથી પણ આકાશમાં જુઓ તો સામાન્ય સમજ પ્રમાણે આગોતરા અણસાર પણ મળતા નથી.
- ✓ આ વાદળો સર્જાવા માટે મુખ્ય બે વસ્તુની જરૂર પડે છે, એક તો ભેજ. જેનું પ્રમાણ હાલ વધારે હોય છે અને બીજું લિફ્ટીંગ ફોર્સ અર્થાત્ ઉપર તરફ જતો વેગીલો પવન.
- ✓ હાલ, ગરમીના કારણે આ વેગીલો પવન પણ મળી રહેતો હોય છે.
- ✓ આ વાદળોના ત્રણ તબક્કા હોય છે અને તેનો સમય માંડ ત્રીસેક મિનિટનો હોય છે . તે ૫૦૦ મીટરથી માંડીને ૧૬૦૦૦ મીટર સુધી હોય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : ૫મી જૂન

વિશ્વ પર્યાવરણ દિવસ

World Environment Day
5 June

થીમ 2020: 'સેલિબ્રેટ બાયોડાઈવર્સિટી' (જૈવ વિવિધતા)



- ✓ યજમાન શહેર-૨૦૨૦: કોલમ્બિયા (USA)
- ✓ પાર્ટનર દેશ-૨૦૨૦ : જર્મની

વિશ્વ પર્યાવરણ દિવસ : ગુજરાતના પર્યાવરણના ભવ્ય વારસાની એક ઝલક :

- ✓ 1600 કિમી દરિયાકિનારો
- ✓ 14857 ચો.કિમી જંગલ વિસ્તાર
- ✓ 4 નેશનલ પાર્ક અને 21 અભયારણ્ય
- ✓ 700થી વધારે સિંહ ગીર નેશનલ પાર્કમાં
- ✓ 30,000 ચો.કિમી કચ્છનું રણ
- ✓ 1000 મીટર ઉંચાઈએ સાપુતારા

- ✓ 185 રીવર બેઝિન
- ✓ 205 નાના મોટાડેમ
- ✓ 14183 વેટલેન્ડ વિસ્તાર (જળપ્લાવિત).

દેશના પ્રથમ મરીન નેશનલ પાર્ક (જામનગર) વિશે :

- ✓ દુનિયાના કુલ મત્સ્ય ઉત્પાદનમાંથી 25 ટકા પરવાળાના ક્ષેત્રોમાંથી મળે છે.
- ✓ જામનગર મરીન નેશનલ પાર્ક અંદાજે 600 ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાયેલો છે.
- ✓ અહીં 42 ટાપુઓ છે જેમાંથી 34 ટાપુઓની ફરતે પરવાળાઓની શૃંખલાઓ છે.
- ✓ પીરોટન ટાપુમાં ક્યારેક ડોલ્ફિન પણ જોવા મળે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૬-૨૦૨૦)

1. "સ્ટેટ ઓફ ઇન્ડિયાઝ એન્વાયરમેન્ટ ઈન ફિગર્સ-2020"ના અહેવાલ મુજબ કોરોના મહામારીને કારણે વિશ્વમાં કેટલા લોકો પર ભૂખમરાનું જોખમ ઊભું થયું છે - **26.5 કરોડ**
2. "સ્ટેટ ઓફ ઇન્ડિયાઝ એન્વાયરમેન્ટ ઈન ફિગર્સ-2020"ના અહેવાલ મુજબ કોરોના મહામારીને કારણે ભારતમાં કેટલા લોકો પર ભૂખમરાનું જોખમ ઊભું થયું છે - **1.20 કરોડ**
3. "સ્ટેટ ઓફ ઇન્ડિયાઝ એન્વાયરમેન્ટ ઈન ફિગર્સ-2020" અહેવાલ કઈ સંસ્થા દ્વારા રજૂ કરાયો - **સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયૅમેન્ટ**
4. કોરોના મહામારીના પગલે કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા બજેટમાં મંજૂર યોજનાઓનો અમલ આગામી કઈ તારીખ સુધી મુલતવી રાખવામાં આવ્યો છે - **31 માર્ચ 2021**
5. કોરોના મહામારીના પગલે કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા બજેટમાં મંજૂર કઈ યોજનાઓ સિવાય અન્ય યોજનાઓનો અમલ આગામી વર્ષ સુધી મુલતવી રાખવામાં આવ્યો છે-**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અને આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ**
6. તાજેતરમાં કોરોનાથી બચવા રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષ મંત્રાલય દ્વારા કયો કાવો તૈયાર કરાવી છે- **ઇમ્યુનિટી બુસ્ટર કાવો**
7. ઇમ્યુનિટી બુસ્ટર કાવામાં કઈ કઈ ઔષધિઓ- ગરમ મસાલાનું મિશ્રણ કરાયું છે- **તજ, તુલસી, મરી અને સૂંઠ**
8. ઇમ્યુનિટી બુસ્ટર કાવાના એક પાઉચની કિંમત કેટલી નક્કી કરાઇ છે- **રૂ. 8/-**
9. તાજેતરમાં ભારતની કઈ દીકરીને UNADAP દ્વારા "ગુડવિલ એમ્બેસેડર ટુ ધ પુઅર"નું સન્માન આપવામાં આવ્યું - **નેત્રા, (મદુરાઈ- તમિલનાડુ)**
10. UNADAPનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઇટેડ નેશન્સ અસોસિએશન ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ**
11. ભારતની દીકરી નેત્રાને UNADAP દ્વારા "ગુડવિલ એમ્બેસેડર ટુ ધ પુઅર"નું સન્માન કઈ સિદ્ધિ બદલ આપવામાં આવ્યું - **પિતાની અનુમતિથી તેમના બચતના રૂ 8.5 લાખમાંથી લૉકડાઉન દરમિયાન ગરીબ લોકોને ભોજન કરાવ્યું**
12. વિશ્વ યોગ દિવસ ક્યારે ઉજવાય છે - **21 જૂન**
13. વિશ્વ યોગ દિવસ-2020ની થીમ જણાવો - **"યોગ એટ હોમ એન્ડ યોગ વિથ ફેમિલી"**
14. વિશ્વ યોગ દિવસની ભારતમાં કયા મંત્રાલય દ્વારા ઉજવણી કરવામાં આવે છે - **આયુષ મંત્રાલય**
15. વિશ્વ યોગ દિવસ-2020 નિમિત્તે કઈ સ્પર્ધા બે તબક્કામાં યોજાશે - **"માઈ લાઈફ, માય યોગ"**
16. આગામી મહિલા ફૂટબોલ એશિયા કપ-2022ની યજમાનની તાજેતરમાં કયા દેશને સૌપ્રથમ આપવામાં આવી - **ભારત**
17. મહિલા એશિયા કપ-2022માં કેટલી ટીમો ભાગ લેશે- **12**
18. મહિલા એશિયા કપ-2022 ફૂટબોલ કપ કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા યોજવામાં આવે છે - **એશિયન ફૂટબોલ કન્ફેડરેશન (AFC)**

19. આગામી સમયમાં યોજાનાર મહિલા એશિયા કપ-2022નું ભારતમાં કઈ સંસ્થા દ્વારા આયોજન કરાશે - **ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન- AIFF**
20. AIFFના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - **શ્રી પ્રફુલ્લ પટેલ**
21. વરસાદ સાથે જોડાયેલો "ક્યુમોલોનિમ્બસ" મૂળ કઈ ભાષાનો શબ્દ છે - **લેટીન**
22. ક્યુમુલસનો અર્થે જણાવો- **હીપ્ડ એટલે કે વાદળો ભેગા કરવા**
23. નિમ્બસનો અર્થ જણાવો - **વરસાદ**
24. ક્યુમોલોનિમ્બસ એટલે શું- **આકાશમાં અચાનક એકસાથે વાદળો ભેગા થઈને વરસાદ વરસવો**
25. "વિશ્વ પર્યાવરણ દિવસ" ક્યારે ઉજવાય છે - **5 જૂન**
26. વિશ્વ પર્યાવરણ દિવસ- 2020ની થીમ જણાવો - **સેલિબ્રેટ બાયોડાઈવર્સિટી(જૈવ વિવિધતા)**
27. વિશ્વ પર્યાવરણ દિવસ-2020નું યજમાન શહેર અને દેશ જણાવો - **કોલમ્બિયા, યુએસએ**
28. વિશ્વ પર્યાવરણ દિવસ-2020નો પાર્ટનર દેશ જણાવો - **જર્મની**
29. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું આયોજન વૈશ્વિક સ્તરે કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે - **યુનાઇટેડ નેશન્સ**
30. ભારતના પ્રથમ "મરીન નેશનલ પાર્ક"નું સ્થાન જણાવો - **જામનગર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. 'નગર વન' નવી યોજનાનો પ્રારંભ : કેન્દ્ર સરકાર (પર્યાવરણ)

શહેરી વનીકરણ યોજના અંતર્ગત: આગામી પાંચ વર્ષમાં સમગ્ર દેશમાં 200 **'નગર વન'નું નિર્માણ કરાશે**



- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘના પર્યાવરણ કાર્યક્રમ (UNEP) દ્વારા જાહેર કરવામાં આવેલી થીમને કેન્દ્ર સ્થાને રાખીને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય વિશ્વ પર્યાવરણ દિવસ.
- ✓ વર્ષ-2020ની થીમ : 'જૈવ વિવિધતા'.
- ✓ પ્રવર્તમાન કોવિડ-19 મહામારીની સ્થિતિને ધ્યાનમાં રાખીને મંત્રાલય દ્વારા આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની વર્ચ્યુઅલ ઉજવણી કરવામાં આવી હતી જેમાં નગર વન (શહેરી વનીકરણ)ની થીમને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી હતી.
- ✓ જૈવ વિવિધતાને કેન્દ્ર સ્થાને રાખવામાં આવેલી આ વર્ષની થીમ એટલે કે, "હવે પ્રકૃતિનો વારો" (ટાઇમ ફોર નેચર) પર વિશેષ ભાર મૂકતા શ્રી જાવડેકરે જણાવ્યું હતું કે, પાયાનો સિદ્ધાંત એ છે કે જો આપણે પ્રકૃતિનું રક્ષણ કરીશું તો, પ્રકૃતિ આપણું રક્ષણ કર શે."
- ✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે શહેરી વનીકરણના શ્રેષ્ઠ આચરણો દર્શાવતી માહિતી પત્રિકાનું વિમોચન અને નગર વન યોજનાની જાહેરાત કરી હતી.

જૈવ વિવિધતામાં ભારત :

- ✓ "ભારતમાં સમગ્ર દુનિયાનો માત્ર 2.5% ભૂપ્રદેશ, 16% માનવ વસ્તી તેમજ પશુધનનું સંચાલન તેમજ માત્ર 4% ચોખ્ખા પાણીના સ્ત્રોતો જેવી સંખ્યાબંધ

પ્રતિકૂળતાઓ વચ્ચે પણ સમગ્ર દુનિયાની કુલ જૈવ વિવિધતાનો ૪% હિસ્સો તો માત્ર ભારતમાં જ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભારત-ચીન વિવાદ (વિદેશ નીતિ)

✓ સ્થાન : LAC, પૂર્વ લદ્દાખ

✓ LAC : લાઈન ઓફ એક્ચ્યૂઅલ કંટ્રોલ

✓ લદ્દાખમાં ચીની ઘુષણખોરીનો અંત લાવવા બંને દેશો વચ્ચે લે.જનરલ સ્તરના કમાન્ડર વચ્ચે બેઠક યોજાઈ



બેઠકના અગત્યના મુદ્દા :

✓ છેલ્લા એક મહિનાથી લદ્દાખમાં એલએસી ખાતે ભારત અને ચીનની સેનાઓ વચ્ચે સર્જાયેલા ગજગ્રાહનો અંત લાવવા ૬ જૂને બંને દેશની સેનાઓના લે. જનરલ સ્તરના અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી.

✓ એલએસી પર ચીની વિસ્તારમાં આવેલા મિટિંગ પોઇન્ટ માલ્દો ખાતે હાથ ધરાયેલી મંત્રણામાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ લે. જનરલ હરિન્દર સિંહે કર્યું હતું.

✓ ૩ કલાક લાંબી બેઠકમાં પેંગોંગ લેક, ફિંગર ફોર અને ફિંગર એઇટ ખાતે ચીની સેનાના જમાવડા અને ટેન્ટ તથા કેમ્પ સાથેના પરમેનેન્ટ સ્ટ્રક્ચર સામે ભારતે ઉગ્ર વાંધો ઉઠાવીને ચીનને સ્પષ્ટ સંદેશો આપ્યો હતો કે પૂર્વ લદાખમાં ચીની સેના એપ્રિલ ૨૦૨૦ની સ્થિતિ પર ખસી જાય.

✓ ગલવાન ઘાટીમાં ચીનના સૈનિકો ઘટાડવામાં આવે અને તેમને તેમના સ્થાને પાછા ખસેડવામાં આવે.

✓ ચીની સેનાએ જણાવ્યું હતું કે, ભારત આ વિસ્તારમાં કોઇ સડક નિર્માણ કરી શકે નહીં પરંતુ ભારતે જવાબમાં જણાવ્યું હતું કે, ભારત તેના વિસ્તારમાં સડક નિર્માણ કરી રહ્યો છે તેથી ચીન તેમાં હસ્તક્ષેપ કરી શકે નહીં.

✓ વિસ્તાર : પૂર્વ લદ્દાખના પેંગોગ લેક ફિંગર એઈટ ખાતે ચીની સેનાની ઘુષણખોરી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ઈન્ટર પાર્લામેન્ટરી અલાયન્સ ઓન ચાઈના - IPAC (વૈશ્વિક બાબતો)



હેતુ: વેપાર, સુરક્ષા, માનવ અધિકાર, વિસ્તારવાદી નીતિ સામે ખતરો બનેલા ચીન સામે લડવા આઠ દેશોના સાંસદોનું ગઠબંધન

ચીનને સંગઠિત રીતે જવાબ આપવાની રણનીતિ

- ✓ ૮ દેશનાં સાંસદો દ્વારા IPACની રચના કરાઈ છે. જેમાં અમેરિકા, જર્મની, બ્રિટન, જાપાન, ઓસ્ટ્રેલિયા, કેનેડા, સ્વીડન, નોર્વે અને યુરોપની સંસદનાં સભ્યો સામેલ છે.
- ✓ ચીન સાથે જોડાયેલા તમામ પ્રશ્નો અને મુદ્દાઓનો સંગઠિત રીતે જવાબ આપવાની આ અલાયન્સની રણનીતિ છે.

કારણ :

- ✓ કોરોના વાઇરસનો ગુપ્ત રીતે ફેલાવો, સાઉથ ચાઈના સી માં ધૂસણખોરી અને હોંગકોંગમાં અત્યાચારનાં મામલે ચીન આખા વિશ્વ માટે ટાર્ગેટ બન્યું છે.
- ✓ બીજી તરફ ભારત સાથે લદ્દાખ સીમા પર તંગદિલી મામલે આખી દુનિયાની નજર ચીન પર છે ત્યારે ચીન સામે લડવા વિશ્વનાં ૮ દેશનાં સાંસદોએ અલાયન્સ રચ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિર્ણય : ગુજરાત સરકાર

ગુજરાતમાં SEBC-OBCના જાતિ-આવકના પ્રમાણપત્રના દાખલાની મુદ્દત ૧ વર્ષ વધારાઈ

- ✓ નોન ક્રિમિલિયર પ્રમાણપત્રની નવી મુદ્દત : તા.૩૧-૦૩-૨૦૨૧ સુધી માન્ય

વિગત :

- ✓ એસઈબીસી માટેના નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ આવક દાખલાની સમયમર્યાદા ૩ વર્ષની હોય છે, એટલે જે સર્ટી.માં સમયમર્યાદા તા. ૩૧-૩-૨૦૨૦ના રોજ પૂર્ણ થતી હોય તેમાં મુદત આપોઆપ તા.૩૧-૩-૨૦૨૧ સુધી એટલે કે ૧ વર્ષ માટે વધી જશે.



- ✓ રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને જે જાતિના પ્રમાણપત્ર અપાય છે તે તો આજીવન માન્ય રહે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. USA : રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ડેમોક્રેટ પક્ષના જો બિડેનનું નોમિનેશન (વૈશ્વિક રાજકારણ)

- ✓ ચૂંટણી : આગામી ૩ નવેમ્બર-૨૦૨૦

- ✓ જો બિડેનને જરૂરી ૧૯૯૩ પ્રતિનિધિઓનું સમર્થન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. WHO : કોરોના સામે રક્ષણ માટે નવી ગાઈડલાઈન મુજબ માસ્ક પહેરવું અનિવાર્ય

- ✓ અગાઉની સૂચના એવી હતી કે જાહેરમાં બધાએ માસ્કની જરૂર નથી, કોરોના જેવા લક્ષણો જણાતા હોય કે પછી બિમાર હોય તેમણે પહેરવું જરૂરી છે.



- ✓ હવે નવી ગાઈડલાઈન પ્રમાણે જાહેરમાં નીકળતા દરેક વ્યક્તિએ માસ્ક પહેરવું જોઈએ.
- ✓ અલબત્ત, આસપાસમાં કોઈ ન હોય એ વખતે માસ્ક ન પહેર્યું હોય તો ચાલે પરંતુ કોઈની નજીક આવતી વખતે માસ્ક પહેરવું અનિવાર્ય છે.
- ✓ સામાન્ય વ્યક્તિ ઘરે બનેલું કે બજારમાં મળતું સાદું માસ્ક પહેરે તો ચાલે. પરંતુ માસ્ક ૩ પડ (થ્રી-લેયર્સ) ધરાવતું હોય તો બેસ્ટ.
- ✓ ઘરમાં માસ્કની જરૂર નથી, પરંતુ દરેક ભીડભાડવાળી જગ્યાએ લોકો માસ્ક પહેરે એ જરૂરી છે.
- ✓ માત્ર માસ્ક પહેરવાથી સુરક્ષિત થઈ જવાશે એવું ન માની લેવું, હાથ ધોવા જેવી અન્ય સાવધાનીઓ રાખવાની તો છે જ.
- ✓ કપડાંનુ બનેલું માસ્ક રોજે રોજ ધોવાય એ જરૂરી છે.
- ✓ મેડિકલ સ્ટાફ દ્વારા વાપરવામાં આવતા એન-૯૫ પ્રકારના માસ્ક પહેરવાની બધાને જરૂર નથી, એ માસ્ક સારવાર કરનારા કે પછી ફ્રન્ટલાઈન વોરિયરો પહેરે એ જરૂરી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. બોલીવૂડના દિગ્દર્શક અનિલ સૂરીનું ૭૭ વર્ષે કોરોનાના કારણે મૃત્યુ



- ✓ સ્થાન : મુંબઈ
- ✓ ફિલ્મો : રાજ તિલક અને કર્મયોગી વગેરે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. અવકાશી સંશોધન : બે આકાશગંગા વચ્ચે પદાર્થનો પુલ રચાતો હોવાનું સંશોધન (અવકાશ)

ટીમના વડા : આફ્રિકામાં રહેતા મૂળ ભારતીય એવા બિલીમોરાના ડૉ. વિરલ પારેખ

✓ માન્યતા : નાસા (NASA)



✓ આ સંશોધનમાં નાસા સંચાલિત અવકાશ સ્થિત 'ચંન્દ્રા એકસ-રે ટેલિસ્કોપ'નો ઉપયોગ કરાયો હતો

✓ દક્ષિણ આફ્રિકન રેડીયો એસ્ટ્રોનોમી ઓબ્ઝર્વેટીરીમાં કાર્યરત ડો.વિરલ પારેખની ટીમનાં આ સંશોધનને MNRS જનરલે પ્રકાશિત કર્યા બાદ અમેરિકાની નાસાએ તેની વેબસાઈટ ઉપર પ્રકાશિત કરી માન્યતા આપી છે.

વધુ વિગતો :

✓ વિરલ પારેખ અને તેમની ટીમે દક્ષિણ આફ્રિકાનાં કેપટાઉન ખાતે બ્રહ્માંડમાં આવેલી કેટલીક આકાશગંગાઓ વચ્ચે એકબીજાની સાથે ટકરાયા બાદ સંબંધોનો સેતુ બંધાયો હોય એમ એકબીજા વચ્ચે પુલ બંધાતો હોવાના કરેલા સંશોધનથી આકાશ ગંગા અંગેના ખ્યાલને અલગ જ દિશા આપી છે.

વિરલ પારેખનો પરિચય :

✓ દક્ષિણ આફ્રિકા ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ દ્વારા રૂ. ૩ અબજ ડોલરનાં ખર્ચે દક્ષિણ આફ્રિકામાં ધ સ્કેવર કિલોમીટર એરે પ્રોજેક્ટમાં આઠ વર્ષ અગાઉ બિલીમોરા (નવસારી)નાં ડો. વિરલ જયસુખભાઈ પારેખે દક્ષિણ આફ્રિકાની યુનિવર્સિટી ઓફ કેપટાઉનમાંથી સ્કોલરશીપ મેળવી એસ્ટ્રોનોમી વિષયમાં પીએચ.ડી.ની ડિગ્રી હાંસલ કરી છે.

✓ જેમાં તેમનો વિષય "મલ્ટીવેવલેન્થ સ્ટડી ઓફ ગેલેક્સી કલસ્ટર' હતો.

✓ ડો.વિરલ પારેખની ટીમે હાલમાં એક ખાસ અને દુર્લભ પ્રકારનું ગેલેક્સી કલ્સટર અને તેમાં થતી પ્રક્રિયા ઉપર સંશોધન કર્યું હતું.

✓ જેમાં તેમના રિસર્ચ મુજબ અબજો વર્ષ અગાઉ બે ગેલેક્સી કલસ્ટરો, જેના નામ Abell-૨૩૮૪ નોર્થ અને Abell ૨૩૮૪ સાઉથ બન્ને એકબીજા સાથે પ્રચંડ રીતે અથડાયા હતા.

✓ જેના કારણે બંને કલ્ટરોમાંથી ઉંચા તાપમાન ધરાવતો ગેસ અને ગેલેક્સીઓ બહાર ફંગોળાયા હતા.

✓ તેના લીધે બે ઝુમખાઓ વચ્ચે ગેસનો બનેલો પુલ રચાયો.

આકાશગંગા વિશે:



✓ બ્રહ્માંડમાં મોટી સંખ્યામાં આકાશગંગાનાં જટિલ નેટવર્કને લાર્જ સ્કેલ સ્ટ્રક્ચર પણ કહેવામાં આવે છે.

✓ અબજો આકાશગંગાઓ જુદા જુદા ઝુમખામાં વણાયેલી હોય છે. જેને 'ગેલેક્સી કલસ્ટર' કહેવામાં આવે છે. જે ૧૦૦ થી ૧૦૦૦ ગેલેકસીથી બનેલું માળખુ છે.

✓ ગુરૂત્વાકર્ષણનાં કારણે તે માળખા બહાર છટકતી નથી. જો કે ક્યારેક અન્ય ઝુમખાઓ સાથે પ્રચંડ અથડામણ થાય છે.

✓ ગેલેકસી કલસ્ટર એ યુનિવર્સની સૌથી વધારે વજન-પ્રકાશ અને તાપમાન ધરાવે છે.

✓ આવા ગેલેકસી કલસ્ટરો આપણી આકાશગંગા કરતા ૩૦ થી ૪૦ ગણા મોટા હોય છે.

✓ યુનિવર્સમાં આવા સેંકડો ઝુમખાઓ અબજો કિલોમીટરનાં જુદા જુદા અંતરે આવેલા છે.

✓ તે દરેકને ઓપ્ટીકલ ટેલિસ્કોપથી નિહાળી શકાય છે.

✓ જો આપણે ગેલેક્સી કલસ્ટરને ઓપ્ટીકલ ફોટામાં જોઈએ તો જાણે રાત્રે આકાશમાં તારા નિહાળતા હોય તેમ લાગે છે.

✓ કારણ કે દરેક ઝુમખાની ગેલેક્સી સ્વયંપ્રકાશિત હોય છે.

✓ આ ઝુમખાને એકસ-રે ટેલિસ્કોપ અર્થાત હાઈફ્રિક્વન્સીમાં જોઈએ તો તે ઉંચા તાપમાન ધરાવતા ગેસના બનેલા ગોળાઓ જેવા દેખાશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : ૬ જૂન

ભારત વીર : એ.ઓ. હ્યુમ



જન્મ : ૬ જૂન ૧૮૨૯

અવસાન : ૧૮ જુલાઈ ૧૯૧૨

✓ 'હિન્દના દીકરાઓ હાથ ધરીને કેમ બેઠા છો, શું કોઈ દેવતાની મદદ મળવાની રાહ જુઓ છો ? 'ભારતની આઝાદીની લડત માટે યુવાઓને પોરસાવતી પ્રસ્તુત કાવ્ય પંક્તિ કોઈ ભારતીય કવિએ નહીં પણ એક

બ્રિટીશ વહીવટી અધિકારી એલન ઓક્ટોવિયન હ્યુમે લખી છે. આજના દિવસે તેમનો જન્મ થયો હતો.

- ✓ 1849માં આઈસીએસની પરીક્ષા પસાર કરી ઉત્તર પ્રાન્તના ઈટાવામાં કલેક્ટર તરીકે નિયુક્ત થયા હતા.
- ✓ ઇટાવામાં પ્રજા કલ્યાણની ભાવના સાથે સ્વખર્ચે હોસ્પિટલ અને 32 શાળાઓનું નિર્માણ કરાવ્યું હતું છતા 1857ના સંગ્રામ વખતે "અંગ્રેજ માત્ર શત્રુની ભાવનાથી કામ કરતા વિપ્લવકારીઓથી બચવા હ્યુમને ઇટાવાથી સ્ત્રી વેશે ભાગવુ પડ્યું હતું.
- ✓ 28 ડિસેમ્બર 1885ના રોજ મુંબઈમાં સ્થપાયેલી હિન્દી રાષ્ટ્રીય મહાસભા (આજની કોંગ્રેસ)ના પ્રેરક અને સંસ્થાપક તરીકે પણ હ્યુમ પ્રસિદ્ધ છે.
- ✓ તેની સ્થાપના પછી તરત કોંગ્રેસને બ્રિટીશ શાસન માટે શંકાની નજરે જોવાઈ હતી. પરિણામે હ્યુમને ભારત છોડવું પડ્યું.
- ✓ 31 જુલાઈ 1912ના રોજ ત્યાં તેમનું અવસાન થયું હતું.
- ✓ ગીતા અને બાઈબલના નિયમિત અભ્યાસી એલન લોકમાન્ય તિલક જ ભારતને આઝાદી અપાવશે તેવું તેઓ દૃઢપણે માનતા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

1. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કેન્દ્ર સરકાર દ્વારા શહેરી વનીકરણ માટે કઈ નવી યોજના શરૂ કરાઈ- **"નગર વન"**
2. કેન્દ્રની શહેરી વનીકરણ યોજના અંતર્ગત આગામી કેટલાક વર્ષમાં કેટલા "નગર વન"નું નિર્માણ કરાશે- **5 વર્ષ અને 200 વન**
3. ભારતના વર્તમાન પર્યાવરણ અને વન મંત્રીનું નામ જણાવો - **પ્રકાશ જાવડેકર**
4. કેન્દ્ર સરકાર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ-2020 નિમિત્તે વર્ચ્યુઅલ ઉજવણી કરવામાં આવી હતી જેમાં કઈ થીમને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી હતી - **નગર વન/ શહેરી વનીકરણ**
5. સમગ્ર વિશ્વમાં જૈવ વિવિધતામાં ભારત કેટલા ટકા હિસ્સો ધરાવે છે - **8%**
6. તાજેતર જૂન 2020માં ચીની સેનાના કયા પ્રદેશોમાં ઘૂસણખોરી અંગે ભારત સાથે વિવાદ ચાલી રહ્યો છે- **પૂર્વ લદાખના પેંગોંગ લેક, ફિંગર ફોર અને ફિંગર એઈટ**
7. વૈશ્વિક સ્તરે વેપાર, સુરક્ષા, માનવ અધિકાર, વિસ્તારવાદી નીતિ સામે ખતરો બનેલા ચીન સામે લડવા કેટલા કયા કયા 08 દેશોના સાંસદોએ નવું ગઠબંધન બનાવ્યું - **અમેરિકા, જર્મની, બ્રિટન, જાપાન, ઓસ્ટ્રેલિયા, કેનેડા,સ્વીડન, નોર્વે અને યુરોપના દેશો**
8. વૈશ્વિક સ્તરે વેપાર, સુરક્ષા, માનવ અધિકાર, વિસ્તારવાદી નીતિ સામે ખતરો બનેલા ચીન સામે લડવા 08 દેશોના સાંસદોએ કયું નવું ગઠબંધન બનાવ્યું - **IPAC**
9. IPACનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટર પાર્લામેન્ટરી અલાયન્સ ઓન ચાઈના**
10. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે જાતિ-આવક પ્રમાણપત્રના દાખલાની મુદત કયાં સુધી વધારવામાં આવી - **31 માર્ચ 2021**
11. આગામી નવેમ્બર 2020માં અમેરિકાના રાષ્ટ્રપતિ પદની યોજાનાર ચૂંટણીમાં ડેમોક્રેટ પક્ષના કયા ઉમેદવારનું તાજેતરમાં નોમિનેશન કરાયું -**જો બિડેન**

12. તાજેતરમાં બોલિવૂડના દિગ્દર્શક અનિલ સુરીનું 77 વર્ષે કોરોનાના કારણે કયા શહેરમાં અવસાન થયું - **મુંબઈ**
13. બે આકાશ ગંગા વચ્ચે પદાર્થોનો પુલ રચાતો હોવાનું સંશોધન કયા મૂળ ભારતીય અવકાશ વિજ્ઞાની દ્વારા આવ્યું જેને નાસાએ સમર્થન આપ્યું – **ડોક્ટર વિરલ પારેખ**
14. અવકાશ વિજ્ઞાની ડોક્ટર વિરલ પારેખ કઈ સંસ્થા સાથે જોડાયેલા છે -**દક્ષિણ આફ્રિકન રેડિયો એસ્ટ્રોનોમિ ઓબ્ઝર્વેટ્રી**
15. અવકાશ વિજ્ઞાની ડોક્ટર વિરલ પારેખનું મૂળ વતન જણાવો - **બીલીમોરા, નવસારી**
16. ભારતવીર તરીકે ઓળખાતા એ.ઓ.હ્યુમનો જન્મદિવસ જણાવો - **6 જૂન**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. BS-VI(6) : BS-VI(6) વાહનોમાં આગામી તા.1 ઓક્ટોબર 2020થી ઇંધણની માહિતી આપતી 'યુનિક ગ્રીન સ્ટ્રીપ' ફરજિયાત (પર્યાવરણ-પ્રદૂષણ)

હેતુ: નવા વાહનોમાં ઇંધણની માહિતી આપતી ત્રીજી નંબર પ્લેટ વિન્ડશિલ્ડમાં ફીટ કરાશે.



વિગત :

- ✓ કેન્દ્ર સરકારે તમામ BS-VI કપ્લેઇન્ટ વાહનો માટે રજિસ્ટ્રેશનની વિગતો ધરાવતું એક સેમીનું ગ્રીન સ્ટિકર ફરજિયાત બનાવ્યું.
- ✓ માર્ગ અને પરિવહન મંત્રાલય અનુસાર BS-VI વાહનોમાં ત્રીજી રજિસ્ટ્રેશન પ્લેટમાં ૧ સેમીની ગ્રીન સ્ટ્રીપ લગાવવાની રહેશે.
- ✓ અગાઉ ૧ એપ્રિલ ૨૦૧૯થી તમામ વાહનોમાં ટેમ્પર પ્રૂફ હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી) ફરજિયાત કરાશે.
- ✓ તમામ નવા વાહનોમાં આ ત્રીજી નંબર પ્લેટ ફિટ કરાશે.

યુનિક ગ્રીન સ્ટ્રીપની વિશેષતા :

- ✓ એચએસઆરપી અંતર્ગત વાહનની આગળ અને પાછળની નંબર પ્લેટમાં ડાબા ખૂણે ટોપ પર હોટ સ્ટેમ્પિંગ દ્વારા ક્રોમિયમ બેઝ્ડ હોલોગ્રામ લગાવવામાં આવે છે. તેમાં ડાબા ખૂણે નીચે ૧૦ ડિજિટનો પરમેનેન્ટ આઈ ડેન્ટિફિકેશન નંબર પણ સામેલ હોય છે.
- ✓ નવા વાહનોમાં મૂકાનારી ત્રીજી નંબર પ્લેટમાં કલર કોડિંગ દ્વારા વાહન કયા ઇંધણથી ચાલી રહ્યું છે તેનો ઉલ્લેખ કરાશે.

- ✓ પ્રદૂષણ ફેલાવી રહેલા વાહનોને અલગ તારવવા માટે આ કલર કોડિંગ કરાશે.
- ✓ આ માટે એક સેમી પહોળી યુનિક ગ્રીન સ્ટ્રીપમાં પેટ્રોલ અને સીએનજી માટે આછા ભૂરા રંગનું સ્ટિકર મરાશે જ્યારે ડીઝલથી ચાલતા વાહનો માટે નારંગી રંગની સ્ટ્રીપ મૂકાશે.
- ✓ મંત્રાલય : માર્ગ અને પરિવહન
- ✓ મંત્રી : શ્રી નીતિન ગડકરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અનલોક ૧.૦ : તા. ૮ મી જૂનથી વિવિધ સ્થાનો ખોલવા કેન્દ્રની નવી માર્ગદર્શિકા (વહીવટ)



વિગત :

- ✓ ૮ મી જૂનથી દેશમાં અનલોક ૧.૦ ના સમયગાળામાં ધાર્મિક સ્થળો, રેસ્ટોરન્ટ, શોપિંગ મોલ ખોલવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વિસ્તૃત ગાઇડલાઇન જારી કરાઇ હતી.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા તમામ નોન કન્ટેનમેન્ટ ઝોનમાં શોપિંગ મોલ, ધાર્મિક સ્થળો, રેસ્ટોરન્ટ, હોસ્પિટાલિટી સેવાઓ શરૂ કરવાની પરવાનગી અપાઇ છે પરંતુ અંતિમ નિર્ણય રાજય સરકારો પર છોડવામાં આવ્યો છે.
- ✓ કેન્દ્ર સરકારે ધાર્મિક સ્થળો, મોલ અને રેસ્ટોરન્ટમાં મર્યાદિત સંખ્યામાં મુલાકાતીઓ જેવાં પગલાં જાહેર કર્યા છે.
- ✓ સરકારે જણાવ્યું હતું કે, ૬ ફૂટના સોશિયલ ડિસ્ટન્સિગનું દરેક સ્થળે પાલન કરવાનું રહેશે.
- ✓ ફેસમાસ્ક ફરજિયાત પહેરવું પડશે.
- ✓ હાથ ગંદા ન હોય તો પણ સાબુ વડે ધોવાની પ્રેક્ટિસ ચાલુ રાખવી.
- ✓ ઉપલબ્ધ હોય ત્યાં સેનિટાઇઝરનો ઉપયોગ કરવો.
- ✓ દરેક નાગરિકો જાતે પોતાની કાળજી લેવાની રહેશે અને જો માંદગીના લક્ષણ જણાય તો તેમણે રાજ્ય, જિલ્લા હેલ્પલાઇન પર જાણ કરવાની રહેશે.
- ✓ લોકડાઉનના અઢી મહિના બાદ દેશના મોટાભાગનાં રાજ્યોમાં ધાર્મિક સ્થળો ખુલ્લો મુકાઇ રહ્યાં છે.
- ✓ દિલ્હી, મધ્યપ્રદેશ, હરિયાણા, પંજાબ, ચંડીગઢ, ગુજરાત સહિતનાં રાજ્યોમાં નોન કન્ટેનમેન્ટ ઝોનમાં ધાર્મિક સ્થળો, શોપિંગ મોલ, રેસ્ટોરન્ટ, હોટલને શરતો સાથે ખુલ્લો મૂકવાની પરવાનગી અપાઈ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. રિચર્ડ ડૉકિન્સ એવોર્ડ-૨૦૨૦ (કલા)

વિજેતા: બોલીવૂડ ગીતકાર અને પટકથા લેખક જાવેદ અખ્તર



પ્રદાન અને શ્રી જાવેદ અખ્તરનો પરિચય :

- ✓ આ એવોર્ડ પોતાના ક્ષેત્રમાં ઉચ્ચ સ્તરીય કામ અને તાર્કિક નિવેદનો માટે અપાયો.
- ✓ જાવેદ અખ્તર એકમાત્ર ભારતીય છે, જેમને આ એવોર્ડથી સન્માનિત કરાયા છે.
- ✓ તેમના પહેલા અમેરિકન કોમેડિયન બિલ માહેર અને ફલોસોફર ક્રિસ્ટોફર હિચેન્સને આ સન્માન મળ્યું હતું.
- ✓ જાવેદ ઘણી વાર સામાજિક-રાજકીય નિવેદનો કરે છે. તેઓ સીએએ, તબલીગી જમાત, ઈસ્લામોફોબિયા વગેરે વિષયો પર ટ્વિટ કરી ચૂક્યા છે.
- ✓ **એવોર્ડ વિશે :** વિશ્વ પ્રસિદ્ધ વિજ્ઞાની રિચર્ડ ડૉકિન્સની યાદમાં
- ✓ ડૉકિન્સ ધર્મ નિરપેક્ષતા અને તર્કવાદના સમર્થક
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. અવસાન : જાણીતા ગુજરાતી નાટ્ય લેખક ઉત્તમ ગડાનું ૭૧ વર્ષે નિધન



- ✓ સ્થાન : USA

પ્રદાન :

- ✓ **પ્રથમ નાટક :** 'મહારથી'
- ✓ અભિનય: પરેશ રાવલ
- ✓ આ સિવાય ગડાએ હિન્દી નાટકો તેમજ ફિલ્મો, કથા, પટકથા તેમજ ડાયલોગ પણ લખ્યા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. કોરોના વાઈરસ (આરોગ્ય)

ચીન દ્વારા કોરોના વાઈરસ અંગે 'શ્વેતપત્ર' જાહેર કરાયું



'શ્વેતપત્ર'માં સામેલ મુખ્ય બાબતો :

- ✓ દુનિયામાં કોરોના વાઈરસનો પ્રસાર કરવાના આરોપોથી ઘેરાયેલા ચીને આ મહામારી સંબંધિત એક શ્વેતપત્ર જાહેર કર્યું.
- ✓ તેમાં કહેવાયું છે કે ચીનમાં પહેલી વખત ૨૭મી ડિસેમ્બરે વાયરલ ન્યુમોનિયા તરીકે કોરોના વાઈરસ અંગે જાણ થઈ હતી અને સરકારને માણસથી માણસમાં ચેપ ફેલાવાની જાણ ૧૯ મી જાન્યુઆરીએ થઈ હતી.
- ✓ ત્યાર પછી કોરોના વાઈરસનો પ્રસાર અટકાવવા માટે તાત્કાલિક પગલાં લેવાયા હતા.
- ✓ ચીને કોરોના વાઈરસ અંગે વિશ્વ આરોગ્ય સંસ્થા તથા અમેરિકા સહિત વિવિધ દેશોને ૪ થી જાન્યુઆરીએ જ માહિતી આપી દીધી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : ૭ જૂન:

વર્લ્ડ ફૂડ સેફ્ટી ડે

થીમ-૨૦૨૦: **Food Safety, everyone`s business**



World Health Organization

૭ જૂન:વર્લ્ડ ફૂડ સેફ્ટી ડે





- ✓ પ્રથમ પ્રારંભ : વર્ષ-૨૦૧૯થી

૭. ફૂડ સેફ્ટી ઈન્ડેક્સ - આરોગ્ય મંત્રાલય (આરોગ્ય)

ગુજરાતનું ગૌરવ : FSSAI દ્વારા જાહેર કરાયેલા ફૂડ સેફ્ટી ઈન્ડેક્સમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે

- ✓ વર્લ્ડ ફુડ સેફટી દિવસની વર્ચ્યૂઅલ ઉજવણી પ્રસંગે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા કેન્દ્રિય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનની ઉપસ્થિતિમાં ગુજરાતને એવાર્ડ એનાયત
- ✓ હેતુ: રાજ્યોની ફુડ સેફટી એક્ટની કામગીરી અને ફુડના કાયદાના અસરકારક અમલીકરણ-કામગીરીના મુલ્યાંકન માટે

અન્ય વિગત :

- ✓ દેશના ૨૦ મોટા રાજ્યો પૈકી ગુજરાત રાજ્યનો પ્રથમ ક્રમ આવ્યો છે. જે રાજ્ય માટે અને રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર માટે ગૌરવની બાબત છે. તો બીજી તરફ આ મૂલ્યાંકનમાં તમિલનાડુ બીજા ક્રમે, મહારાષ્ટ્ર ત્રીજા ક્રમે અને કેરળ રાજ્યનો ચોથા ક્રમે સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ **માપદંડ:** આ એવોર્ડની પસંદગીમાં મુખ્ય પાંચ બાબત ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

1. ફૂડ સેફ્ટી અંગે કાયદા-નિયમોનું પાલન
2. ખોરાકના નમુનાનું પૃથ્થકરણ-ક્ષમતા અને સર્વેલન્સ
3. કન્ઝ્યુમર એમ્પાવરમેન્ટ
4. સ્ટાફ-ખાદ્ય ઉત્પાદકો અને વેપારીની ટ્રેનિંગ
5. તંત્ર પાસે ઉપલબ્ધ માનવબળ અને બેસ્ટ પ્રેક્ટિસીસનો સમાવેશ થાય છે.

- ✓ બળી ગયેલા ખાદ્ય તેલમાંથી બાયોડીઝલ બનાવવા શરૂ થયેલી અનોખી પહેલ અંતર્ગત ૫,૧૧,૩૪૧ કિગ્રા તેલનો જથ્થો જમા કરાવી ગુજરાત અગ્રેસર રાજ્ય બન્યુ
- ✓ **BHOG (Blissful Hygienic Offering to God)**એ FSSAIની એક એવી પહેલ છે. જેના અંતર્ગત ધાર્મિક સ્થળો ઉપર પિરસવામાં આવતો પ્રસાદ તેમજ અન્ય ખોરાક અંગેની ગુણવત્તાની તપાસ કરી ઓડીટ દ્વારા યોગ્ય ગુણ અપાઈ છે.

ફૂડ સેફ્ટીમાં ગુજરાત :

- ✓ દેશની સૌ પ્રથમ "ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ" તરીકેનું સન્માન કાંકરીયાને મળ્યું
- ✓ રાજ્યની કુલ ૯ સ્ટ્રીટ "ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ"નાં એવોર્ડથી સન્માનિત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 7 જૂન

વિદ્યાનગરના વિશ્વકર્મા : ભાઈકાકા

જન્મ – 7 જૂન - 1888

અવસાન – 31 માર્ચ 1970



- ✓ ભાઈકાકા તરીકે પસિદ્ધ થયેલા ભાઈલાલભાઈ પટેલનો આજે જન્મદિવસ.
- ✓ મોસાળ સારસામાં જન્મેલા ભાઈલાલભાઈ માતા-પિતાના ચાર સંતાનોમાં બીજા સંતાન હતા.
- ✓ પિતાનો મહેનતકશ સ્વભાવ વારસામાં મળ્યો હતો.
- ✓ બાળપણમાં ખેતરમાં વર્ષાડોડીનું ફૂલ તોડવા જતા તેનું ઝેરી દૂધ આંખમાં પાડતા કાયમ માટે એક આંખ ગુમાવવી પડી હતી.

- ✓ ભાઈલાલભાઈને ભાઈકાકા કહેતા હતા તે પછી તેમના બાળકો પણ ભાઈકાકા કહેવા લાગ્યા અને પછી તો આખું ગુજરાત તેમને ભાઈકાકા કહેવા લાગ્યું.
- ✓ ભણીગણી ભાઈલાલભાઈ ઇજનેર થયા.
- ✓ ગાયકવાડી વડોદરા, પુના, ધૂલિયા અંગ્રેજ સરકાર અને સિંધમાં ઈજનેરી પોતાની વ્યવસાયી કુશળતાનો પરિચય આપતા રહ્યા.
- ✓ તેઓના કૌશલ્યની તારીફ તો સરદાર પટેલ જેવા મહાનુભાવે કરી હતી.
- ✓ કાંકરિયા તળાવને રમણીય બનાવી તથા પ્રાણીબાગનો વિચાર તેમના જ ફળદ્રુપ દિમાગની નીપજ હતી.
- ✓ ભાઈકાકાના જીવનનું વિશેષ પાસુ તે તેમની રાજનીતિ.
- ✓ સ્વતંત્ર પક્ષ તરફથી ચૂંટણી લડી તેઓ 1962માં ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા થયા હતા.
- ✓ સરદાર પટેલ યુનિવર્સિટી આણંદના પહેલા ઉપકુલપતિ પણ બન્યા હતા.
- ✓ મોટા શિક્ષણશાસ્ત્રી ભાઈકાકાનું 31 માર્ચ 1970 ના રોજ 81 વર્ષની વયે અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૬-૨૦૨૦)

1. ભારતમાં BS-VI વાહનોમાં ઈંધણની માહિતી માટે આગામી સમયમાં કઈ નવી સિસ્ટમ ફરજિયાત કરાશે- **"યુનિક ગ્રીન સ્ટ્રિપ"**
2. ભારતમાં BS-VI વાહનોમાં ઈંધણની માહિતી માટે આગામી સમયમાં કયારે "યુનિક ગ્રીન સ્ટ્રિપ" નવી સિસ્ટમ ફરજિયાત કરાશે- **01 ઓક્ટોબર 2020**
3. BS-VI વાહનમાં ઈંધણની માહિતી આપતી "યુનિક ગ્રીન ટ્રીપ"માં પેટ્રોલ અને સી.એન.જી માટે કયા રંગનું સ્ટીકર લગાવવામાં આવશે - **આછો ભૂરા રંગ**
4. BS-VI વાહનમાં ઈંધણની માહિતી આપતી "યુનિક ગ્રીન ટ્રીપ"માં ડીઝલ માટે કયા રંગનું સ્ટીકર લગાવવામાં આવશે - **નારંગી રંગ**
5. કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રીનું નામ જણાવો - **નિતીન ગડકરી**
6. તાજેતરમાં "રિચર્ડ ડૉકિન્સ એવોર્ડ-2020" વિજેતા એકમાત્ર અને પ્રથમ ભારતીય – **બૉલીવુડ ગીતકાર-પટકથા લેખક જાવેદ અખતર**
7. જૂન 2020માં કયા જાણીતા ગુજરાતી નાટ્ય લેખકનું અમેરિકામાં 71 વર્ષે અવસાન થયું - **ઉત્તમ ગજ્ઞ**
8. ગુજરાતી નાટ્ય લેખક ઉત્તમ ગજ્ઞનું પ્રથમ નાટક જેમાં પરેશ રાવલ અભિનય કર્યો હતો - **મહારથી**
9. જૂન 2020માં કયા દેશ દ્વારા સૌપ્રથમ કોરોના વાયરસ -મહામારી અંગે 'શ્વેતપત્ર' જાહેર કરાયું - **ચીન**
10. શ્વેતપત્રમાં જણાવ્યા મુજબ ચીનમાં સૌપ્રથમ કઈ તારીખે વાયરલ ન્યુમોનિયા તરીકે કોરોના વાયરસની જાણ થઇ હતી- **27 ડિસેમ્બર 2019**
11. "World food safety day" ક્યારે ઉજવવામાં આવે છે- **7 જૂન**
12. "World food safety day" સૌપ્રથમ ઉજવવાનો પ્રારંભ કયા વર્ષે થયો- **2019**
13. "World food safety day"2020ની થીમ જણાવો - **"food safety, everyone's business"**
14. "World food safety day" કોના દ્વારા ઉજવવામાં આવે છે- **WHO**
15. FSSAI દ્વારા "World food safety day" 2020 નિમિત્તે જાહેર કરાયેલા "ફૂડ સેફ્ટી ઇન્ડેક્સ"માં ગુજરાતનો ક્રમ જણાવો - **પ્રથમ**

16. FSSAI દ્વારા "World food safety day" 2020 નિમિત્તે જાહેર કરાયેલા "ફૂડ સેફ્ટી ઇન્ડેક્સ"માં તમિલનાડુ, મહારાષ્ટ્ર અને કેરલનો ક્રમ જણાવો - **અનુક્રમે બીજો, ત્રીજો અને ચોથો**
17. ઉપયોગ કરાયેલા ખાદ્યતેલમાંથી બાયોડીઝલ બનાવવા ભારતમાં શરૂ થયેલી અનોખી પહેલ અંતર્ગત ગુજરાતે 5 લાખથી વધુ કિલોગ્રામ તેલનો જથ્થો જમા કરાવી દેશમાં કયો ક્રમ મેળવ્યો છે - **પ્રથમ**
18. દેશમાં FSSAIની "BHOG" પહેલ શું છે - **ધાર્મિક સ્થળો ઉપર પિરસવામાં આવતો પ્રસાદ તેમજ અન્ય ખોરાક અંગેની ગુણવત્તાની તપાસ કરી ઓડીટ દ્વારા યોગ્ય ગુણ અપાઈ છે**
19. BHOGનું વિસ્તૃત નામ જણાવો - **Blissful Hygienic Offering to God**
20. કેન્દ્રીય આરોગ્ય મંત્રીનું નામ જણાવો - **ડોક્ટર હર્ષવર્ધન**
21. વિદ્યાનગરના વિશ્વકર્મા તરીકે ઓળખાતા ભાઈકાકાનો જન્મદિવસ જણાવો - **7 જૂન 1888**
22. સરદાર પટેલ યુનિવર્સિટી આણંદના પ્રથમ ઉપકુલપતિનું નામ જણાવો - **ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નિર્ણય : મહેસુલ વિભાગ - ગુજરાત સરકાર (વહીવટ)

1. રૂપિયા ૧૫ કરોડ સુધીની પ્રતિબંધિત સત્તા પ્રકાર(પ્રસપ)ની જમીનને હવે જિલ્લા કલેકટર સ્તરે જ NAના નિર્ણયની સત્તા
2. ગણોત, નવી અવિભાજ્ય શરત માટે રૂ.૫ કરોડથી વધુની જમીનોની પણ કલેકટરને મંજૂરીની સત્તા



વિગત :

- ✓ ગુજરાતમાં પ્રતિબંધિત સત્તા પ્રકાર (પ્રસપ)ની જમીનને બિનખેતીમાં રૂપાંતરણ કરવામાં આવે ત્યારે આવી જમીનને જૂની શરતમાં ફેરવવી પડે છે.
- ✓ અત્યાર સુધી આવી જમીનનું જંત્રી અનુસાર મૂલ્ય રૂપિયા પાંચ કરોડ સુધી હોય તો પ્રીમિયમ સંદર્ભે નિર્ણય કરવાનો અધિકાર કલેક્ટર પાસે રહેતો હતો.
- ✓ મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવેલા એક ઠરાવથી આ પ્રક્રિયામાં કલેક્ટરોની સત્તા રૂ. ૫ કરોડથી વધારીને રૂ.૧૫ કરોડ કરવામાં આવી છે.
- ✓ ઠરાવમાં જણાવ્યા મુજબ ગણોતધારા સહિતની નવી અને અવિભાજ્ય શરતની જમીન ખેતી તેમજ બિનખેતી હેતુ માટે જૂની શરતમાં ફેરવતી વખતે પ્રીમિયમ લેવા માટે અગાઉના ઠરાવની જોગવાઈ મુજબ જંત્રી પ્રમાણે રૂ. ૫ કરોડથી વધારે મૂલ્યાંકનના કેસોના પ્રકરણોમાં સરકારની પૂર્વ મંજૂરી અનિવાર્ય હતી.
- ✓ પ્રીમિયમ અંગેના કેસોનો સમય મર્યાદામાં નિકાલ થાય તે માટે કલેક્ટરોને મૂલ્યાંકનની પ્રવર્તમાન રૂ. ૫ કરોડની

સત્તામાં વધારો કરવાની બાબત સરકારમાં વિચારા હેઠળ હતી.

- ✓ જે અન્વયે હવેથી જંત્રી મુજબ થતા મૂલ્યાંકન પ્રમાણે રૂ.૧૫ કરોડ સુધીના મૂલ્યાંકન અંગેની સત્તા જિલ્લા કલેકટરને રહેશે.
- ✓ રૂ.૧૫ કરોડથી વધારે મૂલ્યાંકન થતું હોય તેવા પ્રકરણો સરકારની પૂર્વમંજૂરી અર્થે ગાંધીનગર, મોકલવા પડશે.
- ✓ આ નિર્ણયથી હવે રૂ.૧૫ કરોડ સુધીની કેસમાં કલેક્ટર સ્તરે જ નિર્ણય થશે.
- ✓ અગાઉ રૂ. ૫ કરોડથી વધુ મૂલ્યની જમીનના બિનખેતીના કિસ્સામાં હિતધારકોને ગાંધીનગર આવવું પડતું હતું
- ✓ રૂ.૧૫ કરોડ સુધીના અધિકાર પ્રાપ્ત થતા જિલ્લા કક્ષાએ જ બિનખેતીના કેસોના નિકાલ પણ ઝડપી થશે.
- ✓ NA : નોન એગ્રીકલ્ચર (બિનખેતી)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના મહામારી (આરોગ્ય)

ન્યૂઝીલેન્ડ કોરોના મુકત : તમામ નિયંત્રણો હટાવાયા

લૉકડાઉન ખોલનારો વિશ્વનો પ્રથમ દેશ



- ✓ વિગત : લોકડાઉન તા. 25 માર્ચથી
- ✓ કુલ 75 દિવસ લૉકડાઉન
- ✓ કુલ વસતી - 50 લાખ
- ✓ વડાપ્રધાન : જેસિન્ડા આર્ડન
- ✓ રાજધાની : વેલિંગ્ટન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વર્લ્ડ બેંક : ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ (આર્થિક)



અનુમાન: નાણાકીય વર્ષ 2020-21 ભારતના GDPમાં 3.2 ટકાનો ઘટાડો થવાનો અનુમાન

- ✓ વર્ષ 2019-20માં ભારતનો GDP 4.2 ટકા

અન્ય આંકડાકીય વિગતો વિગતો :

- ✓ વર્લ્ડ બેંકે પોતાના તાજેતરના ગ્લોબલ-ઇકોનોમિક પ્રોસ્પેક્ટમાં ચાલુ નાણાકીય-વર્ષમાં ભારતના આર્થિક વિકાસના અંદાજમાં મોટા પાયે ઘટાડો કર્યો છે.
- ✓ જો કે ૨૦૨૧માં ભારતીય અર્થતંત્ર ફરીથી બેઠું થઇ જશે.
- ✓ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતનો વિકાસ દર ૪.૨ ટકા રહ્યો હતો.

- ✓ જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતના વિકાસ દરમાં ૩.૨ ટકાનો ઘટાડો જોવા મળશે.
- ✓ વર્લ્ડ બેંકે વધુમાં જણાવ્યું છે કે ભારતને મંદીમાંથી બહાર લાવવા માટે ભારત સરકાર દ્વારા અનેક પગલા લેવામાં આવ્યા.
- ✓ જો કે આ પગલા લેવામાં આવ્યા પછી પણ ચાલુ નાણાકીય વર્ષ આર્થિક રીતે પડકારજનક બની રહેશે.

ભારતનો જીડીપી :

- ✓ **નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ - ૪.૨ ટકા**
- ✓ **૨૦૧૮-૧૯ - ૬.૧ ટકા**
- ✓ **૨૦૧૭-૧૮ - ૭.૦ ટકા.**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ભારત-નેપાળ સંબંધો વિદેશ નીતિ



નેપાળમાં વર્ષ 2015ના ભૂકંપમાં તૂટી ગયેલી શાળાઓ ભારતે 184 કરોડના ખર્ચે નવી બનાવી આપશે

વર્ષ 2015માં કરાર થયો હતો

વિગત :

- ✓ ભારતની સેન્ટ્રલ બિલ્ડિંગ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટની ડિઝાઈનના આધારે ૧૮૪ કરોડ રૂપિયાના ખર્ચે સાત જિલ્લા - ગોરખા, નવાકોટ, ધડિંગ, દોલાખા, રામીચીપ, કવરીપેલેનચોક અને સિંધપેલેચોકમાં ૫૬ ઉચ્ચ માધ્યમિક શાળાઓની બિલ્ડિંગ બાંધી આપશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારતીય વાયુ સેના (સેવા)

કોરોનાના દર્દીઓ માટે IAF વિશિષ્ટ 'એરબોર્ન રેસ્ક્યુ પૉડ' તૈયાર કરાયું



- ✓ **હેતુ:** દેશના દુર્ગમ પ્રદેશો તેમજ દૂર સુદૂરના વિસ્તારોમાં રહેતા કોરોના સહિતના ચેપી રોગો સામે લડતાં તેમજ ગંભીર બિમારી ધરાવતા દર્દીઓને એર લિફ્ટ કરી હોસ્પિટલમાં પહોંચાડવાના હેતુથી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 8 જૂન

તું તારો દીવો થા : જયભિખ્ખુ

જન્મ – 8 જૂન-1908

અવસાન – 24 ડિસેમ્બર-1969

ગુજરાતી સાહિત્ય જગતમાં "જયભિખ્ખુ"ના નામે પસિદ્ધ થયેલા બાલાભાઈ વીરચંદભાઈ દેસાઈનો આજે જન્મદિવસ.



✓ રાજકોટ જિલ્લાના વીંછિયામાં મોસાળમાં તેમનો જન્મ થયો હતો.

✓ બાલાભાઈએ વરસોડા, બોટાદ, વિજાપુર અને અમદાવાદમાં શિક્ષણ લીધું હતું.

✓ તેમનું બાળપણનું નામ ભીખાલાલ હતું અને પત્નીનું નામ વિજયાબેન.

✓ તેમાંથી પત્ની વિજયાબેનમાંથી "જય" અને પોતાના નામમાંથી "ભિખ્ખુ" લઇ ઉપનામ જયભિખ્ખુ રાખ્યું.

✓ જૈન ધર્મના વિદ્યાધામ શિવપુરીમાંથી તર્કભૂષણ અને ન્યાયતીર્થની પદવીઓ હાંસલ કરી હતી.

✓ જયભિખ્ખુએ ૩૫ વર્ષની લેખન કારકિર્દીમાં વાર્તા, નવલકથા, ચરિત્રો, બાળસાહિત્ય, રેડીયો નાટક વગેરેને લગતા ૩૦૦ કરતા વધુ પુસ્તકો લખ્યા છે.

✓ તેમાં મંત્રીશ્વર વિમલ, ભાગ્યવિધાતા, કામવિજેતા, પ્રેમભક્ત કવિ વિજય, ભારત બાહુબલિ, દિલ્હીશ્વર, નરકેસરી, સંસારસેતુ, કંચન અને કામિની, માદરે વતન, યાદવાસ્થળી, કાજળ અને અરીસો, મનઝરૂખો, કન્યાદાન, પગનું ઝાંઝર, રસિયો વાલમ, વગેરેનો સમાવેશ થાય છે.

✓ પુરાણ અને ઇતિહાસમાં પડેલા વિરલ અને વિશિષ્ઠ ચરિત્રોનો મહિમા એ જયભિખ્ખુના સાહિત્યસર્જનની વિશેષતા છે.

✓ જયભિખ્ખુને 1948ના વર્ષે કુમારચંદ્રક પ્રાપ્ત થયો હતો.

✓ વર્તમાન ગુજરાતી સાહિત્યકાર-લેખક ડૉ. કુમારપાળ દેસાઈના પિતા એટલે જયભિખ્ખુ

✓ જયભિખ્ખુનું 24 ડિસે.1969ના રોજ અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૬-૨૦૨૦)

1. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા કેટલા કરોડ સુધીની પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનને બિનખેતી કરવાની સત્તા જિલ્લા કલેકટરશ્રીને આપી- **રૂ.15 કરોડ**
2. ગુજરાતમાં અગાઉ કેટલા કરોડ સુધીની પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનને બિનખેતી કરવાની સત્તા જિલ્લા કલેકટરશ્રી પાસે હતી- **રૂ. 5 કરોડ**
3. ગણોત, નવી અવિભાજ્ય શરતમા કેટલા કરોડથી વધુની જમીનોની પણ જિલ્લા કલેકટરશ્રીને સતા અપાવામાં આવી- **રૂ.5 કરોડ**
4. મહેસૂલી ભાષામાં NA એટલે શું - **નોન એગ્રીકલ્ચર (બિનખેતી)**
5. ગુજરાતના વર્તમાન મહેસૂલ મંત્રીનું નામ જણાવો- **શ્રી કૌશિકભાઈ પટેલ**
6. તા. 8 જૂન 2020ની સ્થિતિએ કોરોના મુક્ત જાહેર કરનાર વિશ્વનો પહેલો દેશ જણાવો- **ન્યુઝીલેન્ડ**
7. ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન અને રાજધાનીનું નામ જણાવો - **જેસિન્ડા આર્ડન અને વેલિંગ્ટન**
8. વર્લ્ડ બેંકના જૂન 2020ના ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ મુજબ નાણાકીય વર્ષ 2020-21માં ભારતના જીડીપીમાં કેટલા ટકાનો ઘટાડો થવાનો અનુમાન છે- **3.2%**
9. વર્ષ 2019-20માં ભારતનો GDP કેટલા ટકા હતો - **4.2**
10. વર્ષ 2017-18નો ભારતનો GDP જણાવો- **7 ટકા**
11. વર્ષ 2018-19નો ભારતનો GDP જણાવો- **6.1 ટકા**
12. તાજેતરમાં ભારતે વર્ષ 2015માં કયા દેશમાં ભૂકંપ વખતે તૂટી ગયેલી 56 શાળાઓને રૂપિયા 184 કરોડના ખર્ચે તૈયાર કરવાના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે - **નેપાળ**
13. દૂર-સુદૂરના ગંભીર અને કોરોનાના દર્દીઓને ભારતીય વાયુ સેના દ્વારા એરલિફ્ટ કરવા કયું એક ખાસ વિમાન તૈયાર કરાયું છે- **'એરબોર્ન રેસ્ક્યુ પોડ'**
14. ગુજરાતી સાહિત્ય જગતમાં "જયભિખ્ખુ"ના નામે પસિદ્ધ થયેલા લેખકનું પુરૂ નામ જણાવો - **બાલાભાઈ વીરચંદભાઈ દેસાઈ**
15. ગુજરાતી સાહિત્યના લેખક બાલાભાઈ વીરચંદભાઈ દેસાઈએ "જયભિખ્ખુ" ઉપનામ શાના પરથી રાખ્યું હતુ - **પત્ની વિજયાબેનમાંથી "જય" અને પોતાના નામમાંથી "ભિખ્ખુ" લઇ ઉપનામ જયભિખ્ખુ રાખ્યું**
16. ગુજરાતી લેખક "જયભિખ્ખુ"નો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો - **8 જૂન-1908 તથા રાજકોટ જિલ્લાના વિંછિયામાં**
17. સાહિત્યકાર જયભિખ્ખુને કયા વર્ષે કુમારચંદ્રક પ્રાપ્ત થયો હતો – **વર્ષ-1948**
18. વર્તમાન ગુજરાતી સાહિત્યકાર-લેખક ડૉ. કુમારપાળ દેસાઈના પિતાનું નામ જણાવો – **"જયભિખ્ખુ"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ભારત – ચીન સરહદી વિવાદ (વિદેશ નીતિ)



- ✓ વિસ્તાર : ગાલવાન ઘાટી, પૂર્વ લદ્દાખ
- ✓ **પરિણામ:** ભારતના કડક વલણ બાદ ચીને પૂર્વ લદ્દાખના ત્રણ સ્થળેથી સેનાને ૨.૫ કિ.મી. પાછળ ખસેડી

વધુ વિગત :

- ✓ ચીનના સૈનિકોએ ગાલવાન વેલી, પેટ્રોલિંગ પોઈન્ટ-૧૫ અને હોટ સ્પ્રિંગ એરિયામાંથી પીછેહઠ કરી છે અને ૨ થી ૨.૫ કિમી પાછા હટ્યાં છે.
- ✓ ૬ જૂને બંને દેશના લેફ્ટનન્ટ જનરલ કક્ષાના અધિકારીઓ વચ્ચેની વાતચીતનું આ પરિણામ છે.
- ✓ આ અઠવાડિયે પણ આ ત્રણ સ્થળો સહિત લદાખના જુદાજુદા પોઈન્ટ ખાતે મિટિંગ યોજાવાની છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના મહામારી : વૈશ્વિક અસરો (આરોગ્ય)

(૧) રેમન મેગ્સેસે એવોર્ડ ૬૦ વર્ષમાં ત્રીજી વખત રદ કરાયો



- ✓ એશિયામાં જેની નોબલ પ્રાઈસ તરીકે ગણના થાય છે તે રેમન મેગ્સેસે એવોર્ડ આ વખતે ૬૦ વર્ષ પછી ત્રીજીવાર રદ કરવામાં આવ્યો છે.
- ✓ ફિલિપાઈન્સનાં મનિલામાં આ કાર્યક્રમ યોજાઈ છે.

(૨) UNGA - ૭૫ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત વિશ્વનાં નેતાઓ UNGAની બેઠકમાં હાજર રહેશે નહીં.



- ✓ ન્યૂયોર્કમાં ૧૫ મી સપ્ટેમ્બરથી જનરલ એસેમ્બલીની મિટિંગ યોજાવાની છે.
- ✓ **UNGA:** યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ઈનર વર્લ્ડ મ્યુઝિક આલ્બમ (કલા-સંગીત)



- ✓ બૌદ્ધ ધર્મના આધ્યાત્મિક ધર્મગુરૂ દલાઈ લામા(તિબેટ)નું પ્રથમ મ્યુઝિક આલ્બમ 'ઈનર વર્લ્ડ' ૬ જૂલાઈએ લોન્ચ

આલ્બમ વિષયવસ્તુ :

- ✓ તેમના મંત્રો અને પ્રાર્થનાઓને સંગીત સાથે રાગબદ્ધ કરાયા
- ✓ **વિશેષતા:** ૬ જૂલાઈ દલાઈ લામાનો ૮૫મો જન્મ દિવસ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સ(પર્યાવરણ)



ક્રમ અને દેશ

- ✓ 01 – ડેન્માર્ક
- ✓ 12 – જાપાન
- ✓ 24 - USA
- ✓ 120 – ચીન
- ✓ 168 – ભારત

કુલ દેશ : 180

કુલ માપદંડ : 32

- ✓ **સંસ્થા:** યેલ અને કોલમ્બિયા યુનિવર્સિટી USA
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. IISC - બેંગ્લુરૂ : કોરોના સંક્રમણ અંગે અહેવાલ (આરોગ્ય)

✓ ભારતમાં કોરોનાનો ચેપ યુરોપ, મધ્ય પૂર્વ એશિયા અને દક્ષિણ એશિયાઈ વિસ્તારમાંથી આવ્યો હતો

INDIAN INSTITUTE OF SCIENCE
भारतीय विज्ञान संस्थान

વિગત :

✓ ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના લેટેસ્ટ સ્ટડીમાં જણાવ્યા મુજબ ભારતમાં કોરોના ચીનથી નહીં પણ યુરોપ, મધ્ય પૂર્વ, ઓશિનિયા તથા દક્ષિણ એશિયાઈ વિસ્તારોમાંથી આવ્યો છે.

✓ આ દેશોમાંથી સૌથી વધુ લોકો ભારત આવ્યા. વિજ્ઞાનીઓએ જીનોમિક્સ સ્ટડીના આધારે આ દાવો કર્યો છે.

ભારતમાં કોરોના ક્યારે આવ્યો :

✓ જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૨૦

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : ૯ જૂન

(૧) મહાન અંગ્રેજી નવલકથાકાર-સાહિત્યકાર ચાર્લ્સ ડિકન્સની ૧૫૦મી પૂણ્યતિથિ



જન્મ – ૭ ફેબ્રુઆરી-૧૮૧૨

અવસાન – ૯ જૂન-૧૮૭૦

✓ UKમાં મધ્યમવર્ગની સમસ્યાઓ નવલકથામાં રજૂ કરનાર સર્જક

✓ ખાસ :૧૯મી સદીનો સમયગાળો UKમાં વિક્ટોરિયન યુગ તરીકે ઓળખાય છે.

(૨) દિન વિશેષ : ૯ જૂન

રાજવી કવિ કલાપીની પૂણતિથિ



- ✓ ગોહિલ સુરસિંહજી તખ્તસિંહજી,
- ✓ ઉપનામ - 'કલાપી'
- ✓ જન્મ : ૨૬-૧-૧૮૭૪
- ✓ અવસાન : ૯-૬-૧૯૦૦
- ✓ કવિ, પ્રવાસ લેખક.
- ✓ જન્મ લાઠી (જિ.અમરેલી)ના રાજકુટુંબમાં.
- ✓ ૧૮૮૨ થી ૧૮૯૦ સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રાથમિક શિક્ષણ, જે આંખોની તકલીફ, રાજકીય ખટપટોને કૌટુંબિક કલશોને કારણે એ વખતના અંગ્રેજી પાંચમા ધોરણ આગળ અટક્યું.
- ✓ દરમિયાન ૧૮૮૯માં રોહા (કચ્છ)નાં રાજબા (રમા) તથા કોટડા સાંગાણીનાં આનંદીબા સાથે લગ્ન.
- ✓ પિતા અને મોટાભાઈના અવસાનથી સગીર વયે જ ગાદીવારસ ઠરેલા એમને ૧૮૯૫માં લાઠી સંસ્થાનનું રાજપદ સોંપાયું.
- ✓ રમા સાથે આવેલી ખવાસ જાતિની દાસી મોંઘી (પછીથી શોભના) પર ઢળેલી વત્સલતા એને કેળવવા જતાં સધાયેલી નિકટતાને કારણે ગાઢ પ્રીતિમાં પરિણમી અને એમના આંતરબાહ્ય જીવનમાં ખળભળાટ મચી ગયો.
- ✓ ઘણા સાંસારિક, માનસિક, વૈચારિક સંઘર્ષોને અંતે એમણે ૧૯૮૯માં શોભના સાથે લગ્ન કર્યું.
- ✓ ઋજુ અને સંવેદનશીલ પ્રકૃતિના આ કવિ પ્રાપ્ત રાજધર્મ બજાવવા છતાં રાજસત્તા અને રાજકાર્યમાં પોતાની જાતને ગોઠવી ન શક્યા. છેવટે ગાદીત્યાગનો દ્રઢ નિર્ધાર કરી ચૂકેલા કલાપીનું છપ્પનિયા દુકાળ વખતે લાઠીમાં અવસાન થયું.

<u>નોંધપાત્ર સર્જનો :</u>

- ✓ ૧૮૯૨ થી ૧૯૦૦ સુધીની એમની સર્વ કાવ્યરચનાઓને સમાવતા સંગ્રહ 'કલાપીનો કેકારવ'નું કાન્તને હાથે ૧૯૦૩માં મરણોત્તર પ્રકાશન થયું.
- ✓ કલાપીનો કાવ્યકલાપ , હમીરજી ગોહિલ (દીર્ઘકાવ્ય), કાશ્મીરનો પ્રવાસ, સ્વીડનબોર્ગનો ધર્મ વિચાર,હૃદયત્રીપૂટી
- ✓ 'રાજવી કવિ કલાપી' નામનું એમનાં જીવન વિશેનું પુસ્તક.
- ✓ એમના નામથી આઇ.એન.ટી નો 'કલાપી એવોર્ડ' - ગઝલ માટે આપવામાં આવે છે.
- ✓ 1997થી કલાપી એવોર્ડ આપવાની શરૂઆત કરવામાં આવી છે.
- ✓ ૧૯૬૬માં ગુજરાતી ચલચિત્ર 'કલાપી' બનાવાયું જેમાં અભિનેતા સંજીવ કુમારે કલાપીની ભૂમિકા ભજવેલી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૬-૨૦૨૦)</u>

1. ભારતના કડક વલણ બાદ કયા સરહદી પ્રદેશમાંથી ચીની સેનાને 2.5 કિમી પરત ખસવું પડ્યું- <u>ગાલવાન ઘાટી</u>
2. ભારતમાં ગાલવાન ઘાટી સરહદી વિસ્તાર ક્યાં આવેલો છે - <u>પૂર્વ લદાખ</u>

3. આગામી સમયમાં યોજાનાર UNGAની બેઠકમાં વૈશ્વિક કોરોના મહામારીને કારણે કેટલા વર્ષના ઇતિહાસમાં પ્રથમ વાર કોઇ નેતા હાજર રહેશે નહિ- **75 વર્ષે**
4. UNGAની બેઠક આગામી સમયમાં ક્યારે યોજાશે- **15 સપ્ટેમ્બર 2020**
5. UNGAનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી**
6. UNGA-2020ની આગામી બેઠક યોજાશે - **ન્યૂયોર્ક**
7. કોરોના વૈશ્વિક મહામારીને કારણે અત્યાર સુધી 60 વર્ષના ઇતિહાસમાં "રેમન મેગ્સેસે એવોર્ડ" આ વર્ષે પણ કેટલામી વખત રદ કરાયો - **ત્રીજી વખત**
8. "રેમન મેગ્સેસે એવોર્ડ" કયા દેશ દ્વારા આપવામાં આવે છે - **ફિલીપાઇન્સ**
9. એશિયાના નોબલ પ્રાઈઝ તરીકે કયો પુરસ્કાર ઓળખાય છે- **"રેમન મેગ્સેસે એવોર્ડ"**
10. "ઈનર વર્લ્ડ"મ્યુઝિક આલ્બમ કોના દ્વારા તૈયાર કરાયો છે - **બૌદ્ધ ધર્મ ગુરૂ દલાઈ લામા**
11. "ઈનર વર્લ્ડ" મ્યુઝિક આલ્બમનું વિષયવસ્તુ જણાવો- **દલાઈ લામાના મંત્રો અને પ્રાર્થનાઓને સંગીત સાથે રાગ બદ્ધ કરાયા**
12. બૌદ્ધ ધર્મ ગુરૂ દલાઈ લામાનો જન્મ દિવસ જણાવો - **6 જુલાઈ**
13. જૂન-૨૦૨૦ વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સ મુજબ પ્રથમ ક્રમનો દેશ જણાવો – **ડેન્માર્ક**
14. જૂન-૨૦૨૦ વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ જણાવો – **૧૬૮**
15. જૂન-૨૦૨૦ વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સમાં જાપાન, USA અને ચીનનો ક્રમ જણાવો – **અનુક્રમે ૧૨, ૨૪ અને ૧૨૦**
16. જૂન-૨૦૨૦ વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સમાં કેટલા દેશનો સમાવેશ કરાયો છે – **૧૮૦**
17. વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સ કોના દ્વારા તૈયાર કરાયો છે - **યેલ અને કોલમ્બિયા યુનિવર્સિટી USA**
18. કોના અહેવાલમાં ભારતમાં કોરોનાનો ચેપ યુરોપ, મધ્ય પૂર્વ એશિયા અને દક્ષિણ એશિયાઈ વિસ્તારમાંથી આવ્યો હોવાનું તારણ નીકળ્યુ છે - **IISC – બેંગ્લુરૂ**
19. IISCનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ**
20. ભારતમાં કોરોનાનો પ્રવેશ ક્યારે થયો હતો - **જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૨૦**
21. કયા અંગ્રેજી નવલકથાકાર-સાહિત્યકારની ૧૫૦મી પૂણ્યતિથિ ઉજવાઈ રહી છે - **ચાર્લ્સ ડિકન્સ**
22. અંગ્રેજી નવલકથાકાર-સાહિત્યકાર ચાર્લ્સ ડિકન્સનો જન્મ તથા અવસાન દિવસ જણાવો - **૭ ફેબ્રુઆરી-૧૮૧૨ તથા ૯ જૂન-૧૮૭૦**
23. UKમાં ૧૯મી સદીનો સમયગાળો કયા યુગ તરીકે ઓળખાય છે - **વિક્ટોરિયન યુગ**
24. પંડિતયુગના જાણીતા રાજવી કવિનું નામ જણાવો – **કલાપી**
25. કવિ કલાપીનું મૂળનામ જણાવો - **સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ**
26. કવિ કલાપીનો જન્મ કયાં અને ક્યારે થયો હતો – **તા.૨૬-૧-૧૮૭૪ તથા લાઠી(અમરેલી)**
27. કવિ કલાપીના સર્વ કાવ્યસંગ્રહનું નામ જણાવો – **'કલાપીનો કેકારવ'**
28. કલાપીનો કેકારવ કાવ્યસંગ્રહનું કોણે પ્રકાશિત કર્યો હતો – **કવિ કાન્ત**
29. કવિ કાન્તે ક્યા વર્ષમાં કલાપીનો કેકારવ કાવ્યસંગ્રહ પ્રકાશિત કર્યો હતો – **૧૯૦૩માં મરણોત્તર**
30. કવિ કલાપીના જીવન વિશેના પુસ્તકનું નામ જણાવો – **'રાજવી કવિ કલાપી'**
31. ગુજરાતી સાહિત્યમાં કલાપી એવોર્ડ કોના દ્વારા આપવામાં આવે છે – **આઈ.એન.ટી. સંસ્થા દ્વારા**
32. ગુજરાતી સાહિત્યમાં ક્યા ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન બદલ કલાપી એવોર્ડ આપવામાં આવે છે – **ગઝલ**
33. ગુજરાતી સાહિત્યમાં ગઝલ ક્ષેત્રમાં ઉત્તમ પ્રદાન બદલ અપાતો કલાપી એવોર્ડની શરૂઆત કયારથી થયો – **વર્ષ-૧૯૯૭**
34. ગુજરાતી ચલચિત્ર 'કલાપી' કયારે બન્યુ હતુ કે જેમાં અભિનેતા સંજીવ કુમારે કલાપીની ભૂમિકા ભજવેલી – **વર્ષ-૧૯૬૬**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. કોરોના મહામારી : વૈશ્વિક અસરો (આર્થિક)

✓ **UNનો અહેવાલ:** કોરોનાને કારણે આ વર્ષે-૨૦૨૦માં વધુ ૪.૯ કરોડ લોકો અતિ ગરીબીનો ભોગ બનશે



અન્ય તારણો :

UN મહામંત્રી એન્ટોનિયો ગુટરેસના નિવેદનો

✓ વૈશ્વિક GDPમાં ૧ ટકાના ઘટાડા સાથે ૭ લાખ બાળકોનો વિકાસ રૂંધાશે

✓ ખાદ્ય સુરક્ષા પર એક નીતિ જાહેર કરતાં તેમણે કહ્યું કે, દુનિયાની ૭.૮ અબજ વસ્તીને ભોજન માટે પૂરતાથી વધુ આહાર ઉપલબ્ધ છે.

✓ પરંતુ વર્તમાનમાં ૮૨ કરોડથી વધુ લોકો ભૂખમરાનો શિકાર બન્યા છે અને પાંચ વર્ષથી ઓછી વયના લગભગ ૧૪.૪ કરોડ બાળકોનો પણ વિકાસ થતો નથી.

✓ એન્ટોનિયો ગુટરેસે વિશ્વના દેશોને વૈશ્વિક ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તત્કાળ પગલાં ભરવા જણાવ્યું હતું.

✓ તેમણે ચેતવણી આપી હતી કે, જો તત્કાળ પગલાં ભરવામાં નહીં આવે તો સ્પષ્ટ છે કે ભીષણ વૈશ્વિક ખાદ્યાન્ન કટોકટી પેદા થવાનું જોખમ વધી રહ્યું છે.

✓ UN મહામંત્રી : એન્ટોનિયો ગુટરેસ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. એશિયાઈ સિંહ : 'પૂનમ અવલોકન' આધારિત વસતી ગણતરી ૨૦૨૦ – ગીર અભ્યારણ (વન્ય જીવ)

ખાસ : આ સત્તાવાર ગણતરી નહીં ગણાય

✓ વૈજ્ઞાનિક પરંપરાગત ગણતરી શકય ન હોવાથી પૂનમે તા. ૫ અને ૬ જૂને પૂનમ અવલોકન પદ્ધતિનો ઉપયોગ કરી ગણતરી કરી



આંકડાકીય માહિતી :

✓ વર્ષ-૨૦૨૦માં ગીરમાં સિંહોની સંખ્યા ૨૮.૮૭ ટકા એટલે અંદાજે ૨૯ ટકા વધીને કુલ-૬૭૪ થઈ

વિસ્તાર:

✓ સૌરાષ્ટ્રના ૯ જિલ્લાઓમાં ૩૦ હજાર ચોરસ કિલોમીટરમાં સિંહોના અવલોકનના આંકડા જાહેર

✓ છેલ્લાં ૩૦ વર્ષમાં સિંહોના રહેઠાણ વિસ્તારમાં ૨૩,૪૦૦ ચોરસ કિલોમીટરનો વધારો

✓ કુલ ૬૭૪માં ૧૬૧ નર, ૨૬૦ માદા, ૪૫ નર પાઠડા, ૪૯ માદા પાઠડા, ૨૨ વણ ઓળખાયેલા પાઠડા અને ૧૩૭ સિંહ બાળ

✓ છેલ્લાં પાચ વર્ષમાં સિંહનો વિસ્તાર ૩૬ ટકા વધી ગયો એટલે કે ૮ હજાર ચો.કિ.મી.નો વધારો થયો

સિંહોની વસતી અને વિસ્તરણનું અવલોકન

વર્ષ	વસ્તી	વિસ્તરણ
૧૯૯૦	૨૮૪	૬૬૦૦ ચો.કિલોમીટર
૧૯૯૫	૩૦૪	૧૦૦૦૦ ચો.કિલોમીટર
૨૦૦૧	૩૨૭	૧૨૦૦૦ ચો.કિલોમીટર
૨૦૦૫	૩૫૯	૧૩૦૦૦ ચો.કિલોમીટર
૨૦૧૦	૪૧૧	૨૦૦૦૦ ચો.કિલોમીટર
૨૦૧૫	૫૨૩	૨૨૦૦૦ ચો.કિલોમીટર
૨૦૨૦	૬૭૪	૩૦૦૦૦ ચો.કિલોમીટર

કેવી રીતે થયું પૂનમ અવલોકન ?

✓ 5 જૂને બપોરે બે વાગ્યાથી 6 જૂન બપોરે બે વાગ્યા સુધી સિંહોનું પૂનમ અવલોકન કરવામાં આવ્યું હતું.

✓ આ કવાયતમાં 1400 કર્મચારીઓ જોડાયા હતા.

✓ 13 વિવિધ વિભાગ પાડવામાં આવ્યા.

✓ જીપીએસ સ્થાન, સમય, સિંહોની સંખ્યા, વ્યક્તિગત ઓળખ, ગુણ, રેડિયો કોર્સ નંબર, છબીઓ અને ઈ-ગુજ ફોરેસ્ટ ડેટા રેકોર્ડ કરવામાં આવ્યો હતો.

✓ જીઆઈએસ અને આંકડાકીય સોફ્ટવેરનો ઉપયોગ કરીને ડેટા વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ પધ્ધતિને બીટ ચકાસણી (બ્લોક કાઉન્ટ મેથડ) તરીકે પણ ઓળખાય છે.

✓ દર પાંચ વર્ષે સિંહોની વસતી ગણતરી યોજાય છે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ભારત-નેપાળ સંબંધો (વિદેશ નીતિ)

ભારતના વિસ્તારને નેપાળે નવા નકશામાં પોતાનો ગણાવ્યો : નવા નકશાને નેપાળની સંસદની મંજૂરી



વિગત :

✓ નેપાળની સંસદ પ્રતિનિધિ સભાએ નવા રાજકીય નક્શા માટે લવાયેલા બંધારણીય સુધારાને સર્વાનુમતે મંજૂરી આપી દીધી છે.

✓ નેપાળના વડાપ્રધાન કે.પી. ઓલીની સરકાર રાજકીય નક્શા અને એક નવા રાષ્ટ્રીય પ્રતીક ચિતને માન્યતા આપવાનો પ્રસ્તાવ પ્રતિનિધિ સભા સમક્ષ રજૂ કર્યો હતો.

✓ નેપાળની સંસદના નીચલા ગૃહ ચર્ચા વિચારણાં પછી તેને મંજૂરી આપી દીધી.

✓ નેપાળની સંસદે જે રાજકીય નશાને મંજૂરી આપી છે તેમાં ભારતના હિસ્સાના લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને નેપાળનો હિસ્સો ગણાવાયો છે.

ભારતનો વિરોધ :

✓ ભારત સરકાર આ રાજકીય નક્શાને ફગાવી ચૂકી છે અને તેને નેપાળનું એકતરફી પગલું ગણાવતા તેનો અસ્વિકાર કર્યો હતો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સુજલામ સુફલામ જળ અભિયાન ત્રીજો તબક્કો પૂર્ણ : ગુજરાત સરકાર (જળ વ્યવસ્થાપન)

✓ ત્રીજો તબક્કો : તા. ૨૦ એપ્રિલ થી ૧૦ જૂન-૨૦૨૦



ફલશ્રૃતિ અને કામો :

- ✓ કુલ ૧૦,૭૦૩ કામો દ્વારા ૨૯ લાખ શ્રમિકોને રોજગારી અપાઈ
- ✓ અભિયાનના પગલે છેલ્લા ત્રણ વર્ષમાં ૪૦,૬૨૮ લાખ ઘનફૂટ જળ સંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે.
- ✓ આ વર્ષે વિપરિત સંજોગોમાં પણ ૧૭,૦૭૫ લાખ ઘન ફુટ જળસંગ્રહ ક્ષમતા વધી છે.

જળ અભિયાનનો સૌપ્રથમ પ્રારંભ અને સ્થળ :

- ✓ તા. ૧લી મે-૨૦૧૮
- ✓ સ્થળ : કોસમડી, ભરૂચ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. બોયકોટ ચાઈના પ્રોડ્કટ (આત્મનિર્ભર ભારત)

ભારતીય ગ્રાહકોને ગેરમાર્ગે દોરવા ચીને પ્રોડ્કટમાં મેઈડ ઈન PRC લખવાનું શરૂ કર્યું

- ✓ ચીનનું સત્તાવાર નામ - પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના (PRC)



- ✓ **ષડયંત્ર:** ભારતમાં ચાલતી ચીની પ્રોડ્કટના બહિષ્કારની જનજાગૃતિની ઝુંબેશમાંથી આબાદ બચીને હલકી ગુણવત્તાનો સામાન પધરાવી દેવાનો ચીનનો નવો પેંતરો એટલે કે PRC
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : ૮ જૂન

વર્લ્ડ ઓશન ડે (વિશ્વ મહાસાગર દિવસ)

થીમ-૨૦૨૦: 'ઈનોવેશન ફોર અ સસ્ટેઈનેબલ ઓશન'

- ✓ **સંસ્થા :** યુનાઈટેડ નેશન્સ







- ✓ **ખાસ :** આ વર્ષની થીમ ખાસ કરીને UN ડિકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ જે વર્ષ- ૨૦૨૧ થી ૨૦૩૦ સુધી ઉજવવામાં આવશે.
- ✓ **હેતુ:** માનવીય પ્રવૃત્તિને કારણે સમુદ્રમાં કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધતું જાય છે. હિમશીલાઓ ઓગળતી જાય છે અને સમુદ્રની સપાટી સતત ઊંચી આવી રહી છે. આ વિશે જાગરૂકતા લાવવા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : ૧૦ જૂન

ગોપાલક કેસરી : સુરાભાઈ પુનાભાઈ ભરવાડ

જન્મ – ૧૦ જૂન-૧૯૧૭

અવસાન – ૩૦ ઓગસ્ટ-૨૦૦૮

- ✓ આજે ગાંધીવાદી વિચારક મ. જો. પટેલ અને ગાંધીવાદી રચનાત્મક કાર્યકર સુરાભાઈ પુનાભાઈ ભરવાડનો જન્મદિવસ.
- ✓ અમદાવાદમાં ભરવાડ જ્ઞાતિમાં જન્મેલા સુરાભાઈ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ગાંધી પ્રભાવમાં આવ્યા અને જીવન આઝાદીના આંદોલન અને રચનાત્મક કાર્યો માટે સમર્પિત કર્યું હતું.
- ✓ સુરાભાઈના જીવનનું વિશેષ કાર્યક્ષેત્ર ભરવાડ સમાજમાં સુધારણા તથા ગાંધીવાદી રચનાત્મક કાર્યક્રમોમાં રહ્યું હતું.
- ✓ ગોપાલક સમાજ કુરિવાજોમાંથી મુક્ત થાય તે તેઓની પ્રાથમિકતા રહી હતી. તે દિશામાં વિદ્યાલયો અને છાત્રાલયો સ્થાપી સુરાભાઈએ ભગીરથ પ્રયાસો કર્યા હતા.
- ✓ ગુજરાત ગોપાલ શિક્ષણ સમિતિ, ભારત ગોપ જ્ઞાતિ મંડળ, શ્રી ગુજરાત ગોપાલક મંડળ, ગુજરાત ગોપાલક સેવા સંઘ, શ્રી ભાલ નળકાંઠા ગોપાલક મંડળ, શ્રી ગુજરાત સામાજિક સુધારા સમિતિ, ગુજરાત ગોપાલક વિકાસ મંડળ જેવી અનેક સંસ્થાની સ્થાપના અને સંવર્ધનમાં પણ સુરાભાઇનું યોગદાન રહ્યું હતું.
- ✓ ગુજરાતના ગોપાલક સમાજ વિષે સમાજમાં શાસ્ત્રીય સમજ ઉભી થાય તે માટે તેઓએ અનેક સંખ્યામાં પુસ્તકો અને સામયિકો પણ પ્રકાશિત કર્યા હતા.
- ✓ ગુજરાતના વંચિતોના વાણોતર સમા સુરાભાઈ ભરવાડનું 30 ઓગસ્ટ 2008ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૬-૨૦૨૦)

1. જૂન 2020ના યુનાઈટેડ નેશન્સના અહેવાલ મુજબ કોરોના મહામારીના કારણે વર્ષ 2020માં વિશ્વમાં કેટલા લોકો અતિ ગરીબીનો ભોગ બનશે- **4.9 કરોડ**
2. યુનાઈટેડ નેશન્સના વર્તમાન મહામંત્રીનું નામ જણાવો- **એન્ટોનિયો ગુટરેસ**
3. યુનાઈટેડ નેશન્સના તાજેતરના અહેવાલ મુજબ વૈશ્વિક જીડીપીમાં એક ટકાનો ઘટાડો થાય તો કેટલા બાળકોના વિકાસ ઉપર ગંભીર અસર પડે - **7 લાખ**
4. તાજેતરમાં જૂન -2020માં એશિયાઇ સિંહોની ગણતરી કયા આધાર-પદ્ધતિથી કરવામાં આવી - **"પૂનમ અવલોકન"**
5. ગુજરાતમાં વનવિભાગ દ્વારા "પૂનમ અવલોકન" આધાર યોજાયેલી ગણતરીમાં ગીરના સિંહોની સંખ્યા કેટલા ટકા વધીને કુલ કેટલી થઈ છે - **28.87(29%) અને 674**
6. ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલ બિન સત્તાવાર સિંહોની વસતિ ગણતરીમાં કેટલા જિલ્લા અને કેટલા વિસ્તારને આવરી લેવાયો છે - **09 જિલ્લા અને 30 હજાર ચોરસ કિલોમીટર**
7. ગુજરાતમાં છેલ્લા 30 વર્ષમાં સિંહોના રહેઠાણ વિસ્તારમાં કેટલા ચોરસ કિલોમીટરનો વધારો થયો - **23,400**
8. ગુજરાતમાં છેલ્લા 05 વર્ષમાં સિંહોના રહેઠાણ વિસ્તારમાં કેટલા ચોરસ કિલોમીટરનો વધારો થયો - **8,000 (36%)**
9. ગુજરાતમાં દર કેટલા વર્ષે સિંહોની ગણતરી યોજાય છે – **5 વર્ષ**
10. ગુજરાતમાં વર્ષ 2015માં સત્તાવાર રીતે કેટલા સિંહ નોંધાયા હતા - **523**
11. તાજેતરમાં કયા દેશની સંસદે ભારતના અમુક વિસ્તારોને તેનામાં દર્શાવતા નવા નકશાને મંજૂરી આપી છે જેનો ભારતે સખત વિરોધ નોંધાવીને અસ્વીકાર કર્યો છે - **નેપાળ**
12. નેપાળની સંસદે તેના નકશામાં ભારતના કયા વિસ્તારને નેપાળનો હિસ્સો ગણાવ્યો છે - **લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા**
13. તાજેતરમાં સુજલામ સુફલામ જળ અભિયાનનો કયો તબક્કો તા.10 જૂન 2020ના રોજ પૂર્ણ થયો - **ત્રીજો**
14. સુજલામ સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કાનો સમયગાળો જણાવો - **તા.20 એપ્રિલથી 10 જૂન 2020**
15. સુજલામ સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કામાં લૉકડાઉન દરમિયાન કેટલાક કામો થકી કેટલા માનવદિન રોજગારીનું નિર્માણ થયું - **10,703 અને 29 લાખ માનવદિન**
16. સુજલામ સુફલામ જળ અભિયાનના કુલ ત્રણ તબક્કાથી ગુજરાતની જળસંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો - **40,628 લાખ ઘન ફુટ**
17. સુજલામ સુફલામ જળ અભિયાનનો સૌપ્રથમ પ્રારંભ ગુજરાતમાં ક્યારે અને ક્યાં થયો - **01 મે 2018 અને કોસમડી, ભરૂચ**
18. ચાઇના દ્વારા ભારતીય ગ્રાહકોને ગેર માર્ગે દોરવા તેની પ્રોડક્ટ ઉપર કયા નામનો ઉલ્લેખ કરે છે - **મેઈડ ઈન PRC**
19. ચાઇનાનું સત્તાવાર નામ PRCનો વિસ્તૃતનો અર્થે જણાવો - **પિપલ્સ રિપબ્લિક ઓફ ચાઇના**
20. "વિશ્વ મહાસાગર દિવસ" ક્યારે ઉજવાય છે - **8 જૂન**
21. "વિશ્વ મહાસાગર દિવસ"-2020ની થીમ જણાવો - **"ઇનોવેશન ફોર અ સસ્ટેનેબલ ઓશન"**
22. UN ડીકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઉજવણી માટેનો દસકો જણાવો - **વર્ષે 2021થી 2030**
23. ગોપાલ કેસરી સુરાભાઈ પુનાભાઈ ભરવાડનો જન્મદિવસ જણાવો - **10 જૂન 1917**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.ભારતીય સુપ્રીમ કોર્ટ-નવી દિલ્હી (બંધારણ):

અનામત અંગે મહત્વની સુનાવણી

✓ બેન્ચ : જજ- એલ. નાગેશ્વર રાવ

અનામત માત્ર કાયદો છે મૂળભૂત અધિકાર નથી



વિગતવાર સુનાવણી :

✓ તામિલનાડુની મેડિકલ કોલેજોમાં ઓબીસી ઉમેદવારો માટેના ક્વોટા પર અરજીઓનો નિકાલ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, અનામત માત્ર કાયદો છે, મૂળભૂત અધિકાર નથી.

✓ જસ્ટિસ એલ નાગેશ્વર રાવના નેતૃત્વ હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે, કોઈ ભારતીય નાગરિક અનામતને મૂળભૂત અધિકાર હોવાનો દાવો કરી શકે નહીં.

✓ જો કોઈ નાગરિકને અનામતનો લાભ આપવામાં ન આવે તો તેના બંધારણીય અધિકારનું ઉલ્લંઘન થાય છે તેમ ગણી શકાય નહીં.

✓ તામિલનાડુની મેડિકલ કોલેજોમાં ઓબીસી વિદ્યાર્થીઓ માટે બેઠકો અનામત નહીં રાખીને તેમના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરાતું હોવાનો દાવો કરતી અરજીઓની સુનાવણી કરતાં જસ્ટિસ એલ નાગેશ્વર રાવે જણાવ્યું હતું.

અનામત મૂળભૂત અધિકાર નથી તેથી આર્ટિકલ ૩૨ અંતર્ગત અરજી કરી શકાય નહીં : સુપ્રીમ

✓ સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કે, અનામતના લાભ મૂળભૂત અધિકાર નથી

ત્યારે આર્ટિકલ ૩૨ અંતર્ગત કરાયેલી અરજી કેવી રીતે ટકી શકે ?

- ✓ કોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે ?
- ✓ મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોય ત્યારે જ આર્ટિકલ ૩૨ અંતર્ગત પડકાર આપી શકાય .'

શું છે સમગ્ર કેસ :

- ✓ સીપીઆઇ, ડીએમકે દ્વારા ૨૦૨૦-૨૧માં અંડર ગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમો માટે ઓલ ઇન્ડિયા ક્વોટામાં તામિલનાડુ દ્વારા સરન્ડર કરાયેલી બેઠકોમાં ૫૦ ટકા ઓબીસી અનામતની માગ કરતી પિટિશન દાખલ કરાઈ હતી.
- ✓ અરજકર્તાઓએ જણાવ્યું હતું કે, તામિલનાડુમાં ઓબીસી અનામત ૫૦ ટકા થવા જાય છે. તેથી તામિલનાડુ દ્વારા સરન્ડર કરાયેલી બેઠકોમાં મેડિકલ કોલેજમાં પ્રવેશ સમયે ઓબીસી ઉમેદવારોને ૫૦ ટકા અનામતનો લાભ મળવો જોઈએ.
- ✓ ઓબીસી ઉમેદવારોને અનામત અંતર્ગત પ્રવેશનો ઇનકાર તેમના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે. તેથી NEET અંતર્ગતના કાઉન્સેલિંગ પર મનાઇહુકમ આપવામાં આવે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. NIRF-૨૦૨૦: ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું રેન્કિંગ જાહેર (શિક્ષણ)



કેટેગરી મુજબ દેશની પ્રથમ ક્રમની શિક્ષણ સંસ્થાઓ (કુલ-૧૦ કેટગરી)

ઓવરઓલ રેન્કિંગ : IIT-મદ્રાસ

- ✓ યુનિવર્સિટી : IISC-બેંગલુરુ
- ✓ મેનેજમેન્ટ : આઇ.આઇ.એમ અમદાવાદ
- ✓ મેડીકલ : AIIMS-નવી દિલ્હી
- ✓ લૉ : નેશનલ લો સ્કૂલ ઇન્ડિયા યુનિવર્સિટી - બેંગ્લુરૂ
- ✓ શ્રેષ્ઠ કોલેજ : મિરિન્ડા હાઉસ-દિલ્હી
- ✓ પ્રથમવાર ડેન્ટલ કેટેગરીનો સમાવેશ : મૌલાના આઝાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેન્ટલ સાયન્સિસ-દિલ્હી
- ✓ આર્કિટેક્ચર : ખડકપુર (પશ્ચિમ બંગાળ)
- ✓ ઇજનેરી : IIT-મદ્રાસ
- ✓ ફાર્મસી : જામિયા હમદર્દ-નવી દિલ્હી
- ✓ રેન્કિંગ આપવાનો પ્રારંભ : વર્ષ ૨૦૧૬થી

ગુજરાતની સંસ્થાઓનું રેન્કિંગ કોષ્ટક

૨૦૨૦ રેન્ક	કોલેજ-યુનિવર્સિટી	શહેર	કેટેગરી	૨૦૧૯ની રેન્ક
35	આઈઆઈટી	ગાંધીનગર	ઓવરઓલ	51
60	ગુજરાત યુનિવર્સિટી	અમદાવાદ	ઓવરઓલ	0
44	ગુજરાત યુનિવર્સિટી	અમદાવાદ	યુનિવર્સિટી	0
24	આઈઆઈટી	ગાંધીનગર	એન્જિનિયરિંગ	24
54	SVNIT	સુરત	એન્જિનિયરિંગ	58
111	DAIICT	ગાંધીનગર	એન્જિનિયરિંગ	91
116	એમ.એસ.યુનિવર્સિટી	વડોદરા	એન્જિનિયરિંગ	137
131	નિરમા યુનિવર્સિટી	અમદાવાદ	એન્જિનિયરિંગ	136
177	પીડીપીયુ	ગાંધીનગર	એન્જિનિયરિંગ	0
193	ધર્મસિંહ દેસાઈ યુનિ.	નડિયાદ	એન્જિનિયરિંગ	0
1	આઈઆઈએમ	અમદાવાદ	મેનેજમેન્ટ	2
44	નિરમા યુનિવર્સિટી	અમદાવાદ	મેનેજમેન્ટ	40
72	ઈરમા	આણંદ	મેનેજમેન્ટ	51
74	પીડીપીયુ	ગાંધીનગર	મેનેજમેન્ટ	0
8	નાઈપર	ગાંધીનગર	ફાર્મસી	9
14	એમ.એસ. યુનિવર્સિટી	વડોદરા	ફાર્મસી	17
17	નિરમા યુનિવર્સિટી	અમદાવાદ	ફાર્મસી	21
45	એલ.એમ. કોલેજ ઓફ ફાર્મસી	અમદાવાદ	ફાર્મસી	31
24	પી.ડી.પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ	રાજકોટ	કોલેજ	26
59	સેન્ટ ઝેવિયર્સ કોલેજ	અમદાવાદ	કોલેજ	56
7	ગુજરાત નેશનલ લો યુનિ.	ગાંધીનગર	લો	9
4	સેપ્ટ યુનિવર્સિટી	અમદાવાદ	આર્કિટેક્ચર	0

માપદંડ :

- ✓ ટીચિંગ, લર્નિંગ એન્ડ રિસોર્સિસ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસિસ, રિઝલ્ટ અને પ્લેસમેન્ટ, વૈશ્વિક સ્તરે સંસ્થાની ભાગીદારી અને સંસ્થા અંગે લોકોની માન્યતા સામેલ.



- ✓ **NIRF :** નેશનલ ઇન્સ્ટિટયૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક
- ✓ **મંત્રાલય :** માનવ સંસાધન વિકાસ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.પહેલ : રિવર્સ ક્વોરન્ટાઈન પદ્ધતિ (આરોગ્ય)

આ પદ્ધતિનો અમલ કરનાર કેરળ રાજ્ય બાદ અમદાવાદ જિલ્લો બીજો



શું છે રિવર્સ ક્વોરન્ટાઈન પદ્ધતિ

- ✓ રીવર્સ ક્વોરન્ટાઈન સમાજના ચોક્કસ વય જુથના લોકોને અલિપ્ત કરવાની પ્રક્રિયા છે.
- ✓ સંક્રમણનો ખતરો વધુ હોય તેમને રીવર્સ ક્વોરન્ટાઈન કરવામાં આવે છે.
- ✓ વયોવૃદ્ધ લોકોને સંક્રમણનો સૌથી વધુ ખતરો હોય છે.
- ✓ આમ, વધુ વયના લોકો, કેન્સર, હાર્ટ, ઈમ્યુન સિસ્ટમ નબળી હોય, નાના બાળકો, સગર્ભા મહિલાઓના આ જુથમાં સમાવેશ થાય છે.
- ✓ આગોતરા આયોજનરૂપે રીવર્સ ક્વોરન્ટાઈન કરવામાં આવે છે.

- ✓ રિવર્સ ક્વોરન્ટાઈનની પદ્ધતિ અમલમાં મૂકનાર કેરળ રાજ્ય બાદ અમદાવાદ જિલ્લો દ્વિતીય બન્યો છે અને અમદાવાદ જિલ્લાની પહેલની કેન્દ્ર સરકારે નોધ લીધી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : ૧૧ જૂન

આંતરરાષ્ટ્રીય લેવલ ક્રોસિંગ જાગરૂકતા દિવસ

થીમ-૨૦૨૦ : Dia Internacional De Sensibilizacion En Los Pasos a Nivel



૫. જન્મ દિન વિશેષ : ૧૧ જૂન

ક્રાંતિવીર : રામપ્રસાદ બિસ્મીલ



જન્મ : ૧૧ જૂન-૧૮૯૭

અવસાન : ૧૯ ડિસેમ્બર-૧૯૨૭

- ✓ **'सरफ़रोशी की तमन्ना अब हमारे दिल में है, देखना है जोर कितना बाजुऐ कातिल मै है'** પ્રસ્તુત પ્રસિદ્ધ કાવ્ય પંક્તિના લેખક અને જાણીતા ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મીલનો આજે જન્મદિવસ.
- ✓ યુપીના શાહજહાંપુરમાં જન્મેલા રામપ્રસાદ ઘરમાં જ ઉચ્ચ દરજ્જાનું શિક્ષણ પામ્યા હતા.
- ✓ પિતા ઉર્દૂ શીખવા માટે મૌલવી પાસે મોકલતા.
- ✓ ભણવામાં અને ખાસ તો ભાષા શીખતી વખતે લાપરવાહી બદલ રામપ્રસાદ પિતાના હાથનો પુષ્કળ માર પણ ખાતા.
- ✓ યુવાવસ્થામાં જીવન આર્ય સમાજ માટે સમર્પિત કરવાનું નક્કી કર્યું ત્યારે પિતાએ ઘર અથવા આર્ય સમાજ એવા બે વિકલ્પો આપ્યા અને બિસ્મિલે આર્ય સમાજનો વિકલ્પ પસંદ કર્યો હતો.
- ✓ ભાઈ પરમાનંદની જન્મટીપની સજા વખતે રામપ્રસાદે 'મેરા જીવન' નામથી કવિતા લખી અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે ભણતર છોડી દીધું.
- ✓ રાજકીય વિચારસરણીમાં તેઓ લોકમાન્ય તિલકના ગાઢ અનુયાયી હતા.
- ✓ માતૃદેવી, શિવાજી સમિતિ જેવા ક્રાંતિકારી સંગઠનો પણ બનાવ્યા હતા.

- ✓ મૈનપૂરી અને કાકોરી હત્યાકાંડ બદલ રામપ્રસાદ બિસ્મીલને ગોરખપુર જેલમાં ફાંસીની સજા થઈ હતી.
- ✓ તેમના મૃત્યુનો આઘાત સહન ન થતા તેમના બહેને વિષ પી આત્મહત્યા કરી હતી.
- ✓ દેશવાસીઓના નામ સંદેશ અને આત્મકથા જેવા પુસ્તકો લખ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૬-૨૦૨૦)

1. જૂન-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે તામિલનાડુની મેડિકલ કોલેજોમાં ઓબીસી ઉમેદવારો માટેના ક્વોટા પર અરજીઓનો નિકાલ કરતાં અનામત અંગે કઈ મહત્વની ટીપ્પણી કરી - **અનામત માત્ર કાયદો છે, મૂળભૂત અધિકાર નથી**
2. તાજેતર જૂન 2020માં અનામત માત્ર કાયદો છે, મૂળભૂત અધિકાર નથી તેવી સુનાવણી સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચ દ્વારા કરવામાં આવી - **જજ એલ.નાગેશ્વર રાવ**
3. તામિલનાડુની મેડિકલ કોલેજોમાં ઓબીસી ઉમેદવારો માટેના ક્વોટા પર અનામત અંગે ચૂકાદો આપતા સુપ્રીમ કોર્ટે કોઈ ભારતીય નાગરિક અનામતને કયો અધિકાર હોવાનો દાવો કરી શકે નહીં તેમ જણાવ્યું - **મૂળભૂત**
4. કોના દ્વારા વર્ષ:૨૦૨૦માં અંડર ગ્રેજ્યુએટ૨૧-, પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમો માટે ઓલ ઇન્ડિયા ક્વોટામાં તામિલનાડુ દ્વારા સરન્ડર કરાયેલી બેઠકોમાં ૫૦ ટકા ઓબીસી અનામતની માગ કરતી પિટિશન દાખલ કરાઈ હતી – **CPI, DMK**
5. મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઇ રહ્યું હોય તો જ બંધારણની કઈ કલમ અંતર્ગત કોર્ટમાં પડકારી શકાય- **32**
6. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનું વર્ષે 2020નું રેન્કિંગ કયા નામથી જાહેર કરાયું- **NIRF**
7. NIRF-૨૦૨૦ ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં કુલ કેટલી કેટેગરીમાં રેન્કિંગ જાહેર કરાયા - **૧૦ કેટગરી**
8. ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાના NIRF-૨૦૨૦ ઓવરઓલ રેન્કિંગમાં પ્રથમ ક્રમે આવનાર સંસ્થાનું નામ જણાવો - **IIT-મદ્રાસ**
9. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં પ્રથમ ક્રમની યુનિવર્સિટીનું નામ જણાવો - **IISC-બેંગલુરૂ**
✓ અસ્થાઈ સભ્ય દેશોને પસંદ કરવાનો હેતું સુરક્ષા પરિષદમાં ક્ષેત્રીય સંતુલન બનાવી રાખવાનો છે.

✓ તેમા એશિયા કે આફ્રિકાના દેશોમાંથી 5, દક્ષિણ અમેરિકાના દેશોમાંથી 2, પૂર્વ યુરોપમાંથી 1, પશ્ચિમ યુરોપમાંથી 2 અથવા બીજા ક્ષેત્રમાંથી ચૂંટાશે. આફ્રિકા અને એશિયા-પ્રશાંત દેશો માટે નક્કી કરાયેલી બે સીટ ઉપર ત્રણ ઉમેદવાર જિબુતી, ભારત અને કેન્યા છે.

ભારત કયા કયા વર્ષે અસ્થાઈ સભ્ય તરીકે ચૂંટાયું

✓ 1950-51
✓ 1967-68
✓ 1972-73
✓ 1977-78
✓ 1984-85
✓ 1991-92
✓ 2011-12માં ચૂંટાયું હતું.

સુરક્ષા પરિષદમાં કુલ 15 દેશ

✓ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કુલ 15 દેશ.

✓ સ્થાઈ સભ્ય : અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન અને ચીન દેશ છે.

અસ્થાઈ સભ્ય : 10 દેશ

1. બેલ્જીયમ(2020)
2. કોટ ડી-આઈવરી ડોમિનિકન રિપબ્લિક (2020)
3. ઈસ્ટોનિયા(2021)
4. જર્મની(2020)
5. ઈન્ડોનેશિયા(2020)
6. નાઈજર(2021)
7. દક્ષિણ આફ્રિકા(2020)
8. ટ્યુનેશિયા(2021)
9. વિયેતનામ(2021)
10. સેઈન્ટ વિન્સેટ એન્ડ ધ ગ્રીનાડિનીસ (2021)

✓ અસ્થાઈ સભ્યનો કાર્યકાળ બે વર્ષ હોય છે. તેના માટે UNSC પાંચ સ્થાઈ સભ્યોની સીટ છોડીને દરેક પાંચ વર્ષે અસ્થાઈ સભ્યોની ચૂંટણી કરાવે છે.

✓ સંયુક્ત રાષ્ટ્રના મહાસભાના ૭૫માં સત્ર માટે અધ્યક્ષ અસ્થાયી સભ્યો અને ચૂંટાયા

✓ UN કુલ સભ્ય દેશ – ૧૯૩

ભારતનો મૂળ સિદ્ધાંત :

✓ આતંકવાદ સામે લડવા અને વસુધૈવ કુટુંબકમનો સિદ્ધાંત અપનાવ્યો

ભારતના એજન્ડામાં કયા પાંચ એસ :

- ✓ S – સંવાદ
- ✓ S – સહયોગ
- ✓ S – શાંતિ
- ✓ S – સમૃદ્ધિ
- ✓ S – સન્માન

- ✓ **UNSC** – યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોપા ઈટાલિયન કપ-૨૦૨૦(ખેલકૂદ)



- ✓ રમત : ફૂટબોલ
- ✓ વિજેતા : નેપોલી
- ✓ ઉપવિજેતા : જુવેન્ટસ્
- ✓ યજમાન : બર્લિન (જર્મની)
- ✓ અત્યાર સુધીમાં કોપા કપમાં નેપોલી અને જુવેન્ટસ્ બંને 5-5 વાર વિજેતા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. આત્મનિર્ભર ભારત અભિયાન (આર્થિક)

ભારતમાં કોલસાની ખાણોની કોમર્શિયલ હરાજીનો વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે પ્રારંભ



- ✓ કોરોનાની મહામારી વચ્ચે પીએમ મોદીએ તા.૧૮મી જૂને ખાનગી ક્ષેત્રને કોલસાની ખાણનાં કોમર્શિયલ ખાણકામ કરવાની છૂટ આપીને કોલસાની ૪૧ ખાણોની હરાજીનો પ્રારંભ કર્યો હતો.
- ✓ આને કારણે ઊર્જાક્ષેત્રે ભારત આત્મનિર્ભર અને સ્વાવલંબી બની શકશે.

કોલસા ભંડારમાં ભારતની સ્થિતિ :

- ✓ સરકારે કોલ માઇનિંગ સેક્ટરને હરીફાઈ, ભાગીદારી, ટેક્નોલોજી માટે ખુલ્લું મૂક્યું જે દેશ કોલસાના ભંડારમાં વિશ્વનો સૌથી મોટો ચોથો દેશ છે અને દુનિયામાં કોલસાનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે તે દેશ કોલસાની નિકાસ કરવાને બદલે કોલસાની આયાત કરતો બીજો સૌથી મોટો દેશ છે તે આપણી નિષ્ફળતા દર્શાવે છે.
- ✓ સરકારે ૨૦૧૪ પછી કોલ લિન્કેજનાં પગલાં લીધા છે. કોલ સેક્ટર મજબૂત થયું.

- ✓ કોલસાનાં પરિવહન માટે ઇન્ફ્રાસ્ટ્રકચર આધુનિક બનાવાથી નવી રોજગારીનું સર્જન થશે.
- ✓ સરકારે કોલ માઇનિંગ સેક્ટરને હરીફાઈ, ભાગીદારી અને ટેકનોલોજી માટે ખુલ્લું મૂક્યું છે.
- ✓ કોલસાનું ઉત્પાદન વધવાથી વીજળીનું ઉત્પાદન વધશે તેમ જ સ્ટીલ, એલ્યુમિનિયમ ફર્ટિલાઇઝર અને સિમેન્ટ જેવા ક્ષેત્રોમાં ઉત્પાદન અને પ્રોસેસિંગને વેગ મળશે.

લક્ષ્યાંક :

- ✓ 2030 સુધીમાં આશરે ૧૦ કરોડ ટન કોલસાનું ગેસમાં રૂપાંતર કરાશે. આ માટે રૂ. ૨૦,૦૦૦ કરોડનું રોકાણ કરાશે.
- ✓ આયાત ઘટાડાશે. દેશમાં જ સંશાધન વિકસાવાશે. આથી કરોડોનું વિદેશી હૂંડિયામણ વધશે.
- ✓ મિનરલ્સ અને માઈનિંગ આપણી ઇકોનોમીનાં મહત્વનાં પિલર્સ છે પણ હવે કોલસા સેક્ટર સંપૂર્ણ આત્મનિર્ભર બનાવાશે.
- ✓ કોરોના લૉકડાઉન પછી ઇકોનોમીને ખુલ્લી મુકાઈ છે. વેપાર ધંધા અને ઉદ્યોગો ફરી ધમધમતા થયા છે.
- ✓ ઈકોનોમી ઝડપથી મંદીમાંથી બહાર આવી રહી છે. વેપારી પ્રવૃતિ ઝડપથી નોર્મલ થઈ રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. જગન્નાથ રથયાત્રા : પુરી-ઓડિશા (ધર્મ)

ચૂકાદો : કોરોનાના કારણે સુપ્રિમ કોર્ટ દ્વારા રથયાત્રા યોજવા પર પ્રતિબંધ

- ✓ 285 વર્ષમાં પ્રથમવાર પુરીમાં રથયાત્રા નહીં યોજાય

વિગત :

- ✓ સુપ્રીમ કોર્ટે ઓડિશાના પુરી ખાતે ૨૩મી જૂનથી ૯ દિવસ માટે શરૂ થનારી જગન્નાથ મંદિરની વિશ્વવિખ્યાત રથયાત્રાના આયોજન પર રોક લગાવી દીધી હતી.



- ✓ ઓડિશાના પુરી ખાતે આવેલા જગન્નાથ મંદિર ખાતે ૯ દિવસ વાર્ષિક રથયાત્રાનું આયોજન થાય છે.
- ✓ જેમાં ભગવાન જગન્નાથ, ભગવાન બાલભદ્ર અને દેવી સુભદ્રાના રથને ગ્રાન્ડ રોડ પર આવેલા જગન્નાથ મંદિરથી અઢી કિલોમીટર જેટલા અંતરે આવેલા ગુંદેચા

મંદિર ખાતે લઇ જવામાં આવે છે. રથયાત્રામાં લાખો શ્રદ્ધાળુ ઊમટી પડે છે.

છેલ્લે ૧૭૩૫માં મોગલો દ્વારા રથયાત્રા અટકાવવામાં આવી હતી

- ✓ ૨૮૫ વર્ષ પછી પહેલીવાર પુરીમાં રથયાત્રાનું આયોજન નહીં થાય. છેલ્લે ૧૭૩૫માં મોગલો દ્વારા રથયાત્રા અટકાવવામાં આવી હતી.
- ✓ મંદિર મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ અને પુરીના ગજપતિ મહારાજ દિવ્યસિંહ દેબે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશથી ભક્તો નિરાશ થયાં છે પરંતુ આદેશ માનવો જરૂરી છે. સમિતિના સભ્યો પુરીના શંકરાચાર્ય સાથે ચર્ચા કરશે.
- ✓ સુપ્રીમના આદેશ પછી દૈતાપતિ સેવાયત જગન્નાથ સ્વાઇન મહાપાત્રાએ જણાવ્યું હતું કે, મંદિરની પરંપરા પ્રમાણે આગામી ૧૨ વર્ષ સુધી રથયાત્રાનું આયોજન નહીં થાય.
- ✓ જો આ વર્ષે રથયાત્રા રદ કરાશે તો તે સમગ્ર રાજ્ય માટે દુર્ભાગ્યની વાત ગણાશે.
- ✓ **ચૂકાદો :** SCના CJI શ્રી એસ.એ. બોબડે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારત-નેપાળ સરહદી વિવાદ (વિદેશનીતિ)

નેપાળ દ્વારા ભારતના ત્રણ વિસ્તારો પોતાનામાં દર્શાવતા નવા નકશાને અંતિમ મંજૂરી



- ✓ નેપાળની સંસદના ઉપલા ગૃહમાં ૩ ભારતીય વિસ્તારોને પોતાના દર્શાવતા વિવાદિત નકશાને મંજૂરી આપવામાં આવી
- ✓ આ નકશામાં નેપાળે ૩૯૫ ચોરસ કિ.મી.માં આવેલા ભારતના ત્રણે વિસ્તારો લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાનીને પોતાની માલિકીનાં અને પોતાના કબજાના હોવાનું દર્શાવ્યું છે.
- ✓ સંસદના નીચલા ગૃહમાં નકશાને બહાલી આપવામાં આવી હતી. તે વખતે ૨૭૫ માંથી ૨૫૮ સાંસદોએ તેને સમર્થન આપ્યું હતું.
- ✓ ૧૮મી જૂન-૨૦૨૦ના રોજ સંસદના ઉપલા ગૃહમાં ૫૯ માંથી ૫૭ સભ્યોએ સંવિધાન સંશોધન બિલની તરફેણમાં મત આપ્યા હતા.
- ✓ એકપણ મત વિરોધમાં પડ્યો ન હતો. આને કારણે નેપાળના રાષ્ટ્રીય પ્રતીકમાં હવે નવો સુધારેલો નકશો દર્શાવવાનું નેપાળ માટે આસાન બનશે.

- ✓ આ બિલ પર નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારીએ હસ્તાક્ષર કરતા હવે નવા નકશાએ કાનૂની સ્વરૂપ લઈ લીધું છે.
- ✓ નેપાળની આ હરકતને કારણે ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો વણસ્યા છે.
- ✓ નેપાળ સરકારે બનાવટી દાવા પર પૂરાવા એકઠાં કરવા માટે ૯ સભ્યોની નિષ્ણાંતોની સમિતિ બનાવી છે.

ભારત અને નેપાળ વચ્ચે કાયમી સીમા વિવાદ સર્જાયો

- ✓ ભારત અને નેપાળ વચ્ચે હવે કાયમી ધોરણે સીમા વિવાદ સર્જાયો છે.
- ✓ પાકિસ્તાન સાથે વર્ષોથી કાશ્મીર વિવાદ ચાલી રહ્યો છે.
- ✓ મેકમોહન રેખા અને અક્સાઈ ચીન મુદ્દે તેમજ સિક્કિમ અને લદાખ સરહદે ચીન સાથે તેનો સીમા વિવાદ વકરી રહ્યો છે.
- ✓ હવે નેપાળ સાથે સીમા વિવાદ સર્જાયો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ગુજરાતની ૬ મહાનગરપાલિકાઓની હદમાં વધારો કર્યો (વહીવટ)

મહાનગરપાલિકાઓ

1. અમદાવાદ
2. ગાંધીનગર
3. વડોદરા
4. સુરત
5. ભાવનગર
6. રાજકોટ

શું ફાયદો થશે ?

- ✓ મહાનગરપાલિકાઓની હદમાં ભળેલા વિસ્તારોને રોડ, પાણી, ગટર જેવી પાયાની સુવિધા સાથે ગાર્ડન, જીમ, સ્પોર્ટસ સંકુલ, સ્વીમીંગ પુલ, હેલ્થ સેન્ટર જેવી સગવડો ઉપલબ્ધ બનશે.
- ✓ પાલિકા અને ગ્રામપંચાયતની સરખામણીએ કોર્પોરેશનની આર્થિક સદ્ધરતાં, મજબુત વહીવટી માળખુ અને વધુ સરકારી સહાયના કારણે વિકાસના કામોને વેગ મળશે
- ✓ રાજ્યમાં કુલ - ૮ નગરપાલિકા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : ૧૮મી જૂન

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની પૂણ્યતિથિ

- ✓ જન્મ : ૧૯ નવેમ્બર ૧૮૨૮
- ✓ અવસાન : ૧૮ જૂન ૧૮૫૮



ઝાંસી રાજ્યની રાણી હતા. તેઓ સનઃ ૧૮૫૭ના ભારતીય સ્વતંત્રતા સંગ્રામની નાયિકા હતા

- ✓ તેમનો જન્મ કાશી (વારાણસી)માં તથા મૃત્યુ ગ્વાલિયરમાં થયું હતું.
- ✓ તેમનું નાનપણનું નામ મનિકર્ણિકા હતું પણ લાડમાં તેમને મનુ કહેતા.
- ✓ તેમના પિતાનું નામ મોરોપંત તાંબે હતું અને તેઓ એક મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ હતા. તેમની માતા ભાગીરથીબાઈ એક સુસંસ્કૃત, બુદ્ધિમાન અને ધાર્મિક મહિલા હતી.
- ✓ મનુ જ્યારે ચાર વર્ષની હતી ત્યારે તેમની માતાનું મૃત્યુ થયું. તેમનું પાલન પિતાએ કર્યું હતું.
- ✓ મનુને નાનપણમાં શાસ્ત્રોની શિક્ષા ની સાથે શસ્ત્રોની શિક્ષા પણ મળી.
- ✓ તેમનો વિવાહ સન ૧૮૪૨માં ઝાંસીના રાજા ગંગાધર રાવ નિવાલકરની સાથે થયો, અને તે રીતે તેઓ ઝાંસીની રાણી બન્યાં.
- ✓ વિવાહ પછી તેમનું નામ લક્ષ્મીબાઈ રાખવામાં આવ્યું.
- ✓ સન ૧૮૫૧માં રાણી લક્ષ્મીબાઈએ એક પુત્રને જન્મ આપ્યો પણ ચાર મહીનાની ઉંમરમાં જ તેનું મૃત્યુ થયું.
- ✓ સન ૧૮૫૩માં રાજા ગંગાધર રાવનું સ્વાસ્થ્ય ખૂબ બગડ્યુ એટલે તેમને દત્તક પુત્ર લેવાની સલાહ આપવામાં આવી.
- ✓ પુત્ર દત્તક લીધા પછી રાજા ગંગાધર રાવનું મૃત્યુ ૨૧ નવેમ્બર ૧૮૫૩ માં થયું. દત્તક પુત્રનું નામ દામોદર રાવ રાખવામાં આવ્યું.

ઝાંસીનું યુદ્ધ :

- ✓ ઝાંસી ૧૮૫૭ના વિપ્લવનું એક પ્રમુખ કેન્દ્ર બની ગયું હતુ, જ્યાં હિંસા ફાટી નીકળી હતી.
- ✓ રાણી લક્ષ્મીબાઈએ ઝાંસીની સુરક્ષાને સુદૃઢ કરવાનું શરૂ કરી દીધુ અને એક સ્વયંસેવક સેનાને સંગઠન કરવાનું પ્રારંભ કર્યું.
- ✓ આ સેનામાં મહિલાઓની ભરતી પણ કરવામાં આવી અને તેમને યુદ્ધ પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યુ.
- ✓ સાધારણ જનતાએ પણ આ વિદ્રોહમાં સહકાર આપ્યો.
- ✓ ૧૮૫૭ના સપ્ટેમ્બર તથા ઓક્ટોબર મહિનામાં પડોસી રાજ્યો ઓરછા તથા દતિયાના રાજાઓએ ઝાંસી ઉપર આક્રમણ કર્યું. રાણીએ સફળતાપૂર્વક તેમને હરાવ્યા.
- ✓ ૧૮૫૮ના જાન્યુઆરી મહિનામાં અંગ્રેજ સેનાએ ઝાંસી તરફ આગળ વધવાનું ચાલું કર્યું અને માર્ચ મહીનામાં શહેરને ઘેરી લીધુ.
- ✓ બે અઠવાડીયાની લડાઈ પછી અંગ્રેજ સેનાએ શહેર ઉપર કબ્જો કરી લીધો. પરંતુ રાણી, દામોદર રાવની સાથે અંગ્રેજોથી બચીને ભાગી જવામાં સફળ થઇ.
- ✓ રાણી ઝાંસીથી ભાગીને કાલપી પહોંચી અને ત્યાં તાત્યા ટોપેને મળી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૬-૨૦૨૦)

1. તાજેતરમાં 18 જૂન 2020ના રોજ ભારત UNSCના અસ્થાયી સભ્ય તરીકે પુનઃ કેટલામી વાર ચૂંટાયુ છે - **8મી વખત**
2. ભારત UNSCના અસ્થાયી સભ્ય તરીકે કેટલા વર્ષે માટે ચૂંટાયું છે - **2 વર્ષે**
3. ભારતની UNSCના અસ્થાયી સભ્ય તરીકેની મુદત ક્યારથી શરૂ થાય છે - **જાન્યુઆરી -2021થી**
4. ભારતે UNSCમાં 55 સભ્ય સમૂહવાળી કઈ બેઠક જીતી લીધી છે - **એશિયા પેસિફિક**
5. UNSCમાં વિશ્વના કેટલા સભ્ય દેશો પ્રતિનિધિત્વ ધરાવે છે - **193 દેશ**
6. ભારતને UNSCના અસ્થાયી સભ્ય તરીકે પસંદ કરવા માટે કેટલા સભ્ય દેશોએ સમર્થન કર્યું - **184**
7. તાજેતરમાં ભારતની સાથે UNSCના અસ્થાયી સભ્ય તરીકે અન્ય કયા કયા દેશો ચૂંટાયા - **આયર્લેન્ડ, મેક્સિકો અને નોર્વે**
8. ભારત સૌપ્રથમ કયા વર્ષે UNSCના અસ્થાયી સભ્ય પદે ચૂંટાયું હતું - **વર્ષે 1950-51**
9. UNSCમાં સ્થાયી સભ્ય દેશોના નામ જણાવો - **અમેરિકા, રશિયા, ફ્રાંસ, ઇંગ્લેન્ડ અને ચીન**
10. UNSCમાં જૂન-2020ની સ્થિતિએ અસ્થાયી સભ્ય દેશોના નામ જણાવો - **બેલ્જીયમ(2020), કોટ ડી-આઈવરી ડોમિનિકન રિપબ્લિક (2020), ઈસ્ટોનિયા (2021), જર્મની(2020), ઈન્ડોનેશિયા (2020), નાઈજર (2021), દક્ષિણ આફ્રિકા(2020), ટ્યુનેશિયા (2021), વિયેતનામ (2021) અને સેઈન્ટ વિન્સેટ એન્ડ ધ ગ્રીનાડિનીસ (2021)**
11. તાજેતરમાં ભારતની UNSCના અસ્થાયી સભ્ય તરીકેની પસંદગી UN મહાસભાના કેટલામાં સત્ર દરમિયાન કરાઈ - **75મા**
12. ભારત UNSCના અસ્થાયી સભ્ય પદે ચૂંટાયા બાદ કયા પાંચ એજન્ડા ઉપર કામ કરશે - **સંવાદ, સહયોગ, શાંતિ, સમૃદ્ધિ અને સન્માન**
13. UNSCનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (સુરક્ષા પરિષદ)**
14. ભારત અત્યાર સુધીમાં કયા કયા વર્ષે UNSCના અસ્થાયી સભ્ય પદે ચૂંટાયું છે - **1950-51, 1967-68, 1972-73, 1977-78, 1984-85, 1991-92, 2011-12 અને 2021-22**
15. તાજેતરમાં કોપા ઇટાલિયન કપ-2020 ટાઈટલ વિજેતા ટીમનું નામ જણાવો - **નેપોલી**
16. તાજેતરમાં કોપા ઇટાલિયન કપ-2020 ટાઈટલ ઉપ વિજેતા ટીમનું નામ જણાવો - **જુવેન્ટસ્**
17. તાજેતરમાં કોપા ઇટાલિયન કપ-2020 કયાં યોજાયો- **બર્લિન (જર્મની)**
18. આત્મનિર્ભર ભારત અંતર્ગત જૂન 2020માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સૌપ્રથમ ખાનગી ક્ષેત્ર માટે કેટલા કોલસાની ખાણોની કોમર્શિયલ હરાજીનો પ્રારંભ કરાવ્યો - **41**
19. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત આગામી વર્ષ 2030 સુધીમાં કેટલા કરોડ ટન કોલસાનું ગેસમાં રૂપાંતર કરાશે - **10 કરોડ ટન**
20. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત આગામી વર્ષ 2030 સુધીમાં 10 કરોડ ટન કોલસાનું ગેસમાં રૂપાંતર કરવા કેટલા કરોડના રોકાણનું લક્ષ્યાંક નક્કી કરાયું છે - **રૂ.20,000 કરોડ**
21. તાજેતરમાં કોરોના મહામારીના કારણે દેશની સૌથી મોટી કઈ રથયાત્રાના આયોજનનો ઉપર આ વર્ષે સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે - **ભગવાન જગન્નાથની રથયાત્રા, પુરી**
22. ભારતની સૌથી મોટી ભગવાન જગન્નાથ રથયાત્રા (પુરી) છેલ્લા કેટલાક વર્ષથી નિયમિત યોજાય છે - **285 વર્ષે**
23. ભારતની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રા (પુરી) કેટલા દિવસ માટે યોજાય છે - **9 દિવસ**
24. ભારતની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રા (પુરી)માં કોના કોના રથ જોડાય છે - **1. ભગવાન જગન્નાથ 2. ભગવાન બાલભદ્ર અને 3. દેવી સુભદ્રા**
25. ભારતની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રા (પુરી) અગાઉ કયા વર્ષે મોગલો દ્વારા અટકાવવામાં આવી હતી - **વર્ષે 1735**

26. તાજેતરમાં 18 જૂન 2020માં કયા પાડોશી દેશ દ્વારા ભારતના ત્રણ વિસ્તારોને ખોટી રીતે પોતાનામાં દર્શાવતા નવા નકશાને અંતિમ મંજૂરી અપાઈ- **નેપાળ**
27. તાજેતરમાં 18 જૂન 2020માં પાડોશી દેશ નેપાળ દ્વારા ભારતના કેટલા ચોરસ કિલોમીટરના ત્રણ વિસ્તારોને ખોટી રીતે પોતાનામાં દર્શાવતા નવા નકશાને અંતિમ મંજૂરી અપાઈ- **395**
28. તાજેતરમાં 18 જૂન 2020ના રોજ ગુજરાત સરકાર દ્વારા કઈ છ મહાનગરપાલિકાની હદમાં વધારો કરાયો- **અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટ**
29. ઝાંસીની રાણી શ્રી લક્ષ્મીબાઈની પુણ્યતિથિ જણાવો – **18મી જૂન-1858**
30. ઝાંસીની રાણી શ્રી લક્ષ્મીબાઈનું બાળપણનું નામ જણાવો - **મણિકર્ણિકા**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. રાજ્યસભા ચૂંટણી પરિણામો (રાજ્ય શાસ્ત્ર)

ભારતમાં રાજ્યસભાની ૧૯ બેઠકના પરિણામ જાહેર



- ✓ રાજ્યસભાની કુલ : ૧૯ બેઠક
- ✓ ભાજપ પક્ષ : ૦૮ બેઠક ઉપર વિજેતા
- ✓ કોંગ્રેસ પક્ષ : ૦૪ બેઠક ઉપર વિજેતા
- ✓ અન્ય પક્ષો : ૦૭ બેઠક ઉપર વિજેતા
- ✓ કુલ રાજ્ય : ૦૮
- ✓ કાર્યકાળ : ૬ વર્ષ

ગુજરાતની સ્થિતિ :

વિજેતા ઉમેદવાર અને પક્ષ

- ✓ અજય ભારદ્વાજ : ભાજપ
- ✓ રમિલાબેન બારા : ભાજપ
- ✓ નરહરી અમીન : ભાજપ
- ✓ શક્તિસિંહ ગોહિલ : કોંગ્રેસ

ગુજરાતમાંથી રાજ્યસભા માટે ચૂંટાયેલા ચારેય ઉમેદવારનો પરિચય :

(૧) અભય ભારદ્વાજ : કાયદા પંચના સભ્ય પદે રહ્યા હતા

- ✓ કોણ છે : મૂળ રાજકોટના વ્યવસાયે વકીલ એવા અભય ભારદ્વાજની કાયદાપંચના સભ્ય તરીકે નિમણૂક થઈ હતી.

(૨) રમીલા બારા: ભાજપના સંગઠનમાં ભૂમિકા ભજવી હતી

- ✓ કોણ છે : રમીલા બારા ત્રણ ટર્મથી ગુજરાત ભાજપના પ્રદેશ માળખામાં ઉપાધ્યક્ષ છે. 2004 માં જીત્યાં હતાં.

(3) નરહરિ અમીન : મૂળ કોંગ્રેસના પણ હવે ભાજપમાં

- ✓ કોણ છે : કોંગ્રેસના દિગ્ગજ નેતા અને કોંગ્રેસ શાસનમાં ગુજરાતમાં નાયબ મુખ્યમંત્રીની જવાબદારી.

✓ ભાજપમાં જોડાયા. આયોજનપંચના ઉપાધ્યક્ષપદે હતા.

(૪) શક્તિસિંહ ગોહિલ : ગુજરાતના હવે કોંગ્રેસનો રાષ્ટ્રીય ચહેરો

✓ **કોણ છે :** કોંગ્રેસના સિનિયર નેતા. ગુજરાત સરકારમાં મંત્રી તથા ચાર ટર્મ સુધી ધારાસભ્ય પદે રહી ચૂક્યાં છે.

✓ ગુજરાતમાં રાજ્યસભાની કુલ : ૧૧ બેઠક

✓ હાલમાં કુલ : ૧૧માંથી ૦૭ બીજેપી અને ૦૪ કોંગ્રેસ પાસે

રાજ્યવાર પરિણામ

ગુજરાત

કુલ બેઠક	ભાજપ	કોંગ્રેસ	અન્ય
૦૪	૦૩	૦૧	૦૦

આંધ્ર પ્રદેશ

કુલ બેઠક	ભાજપ	કોંગ્રેસ	YSR
૦૪	૦૦	૦૦	૦૪

રાજસ્થાન

કુલ બેઠક	ભાજપ	કોંગ્રેસ	અન્ય
૦૩	૦૧	૦૨	૦૦

મધ્ય પ્રદેશ

કુલ બેઠક	ભાજપ	કોંગ્રેસ	અન્ય
૦૩	૦૨	૦૧	૦૦

ઝારખંડ

કુલ બેઠક	ભાજપ	કોંગ્રેસ	JMM
૦૨	૦૧	૦૦	૦૧

મણીપુર

કુલ બેઠક	ભાજપ	કોંગ્રેસ	અન્ય
૦૧	૦૧	૦૦	૦૦

મેઘાલય

કુલ બેઠક	ભાજપ	કોંગ્રેસ	NPP
૦૧	૦૦	૦૦	૦૧

મિઝોરમ

કુલ બેઠક	ભાજપ	કોંગ્રેસ	MNF
૦૧	૦૦	૦૦	૦૧

✓ રાજ્યસભાની કુલ ૨૪ સીટ પર ચૂંટણી યોજાવાની હતી પણ ૨ રાજ્યોની ૫ સીટ પર ઉભેલા ઉમેદવારો બિનહરીફ ચૂંટાતા ત્યાં ચૂંટણી યોજાઈ ન હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિમણૂક : પૂર્વ RBI ગવર્નર શ્રી ઊર્જિત પટેલ NIPFPના ચેરમેન તરીકે નિમાયા



વિગત :

✓ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)નાં પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલને નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલીસી (NIPFP)ના ચેરમેન પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

કાર્યકાળ:

✓ ઉર્જિત પટેલ પહેલા આ પદ પર વિજય કેલકર હતા. કેલકરે ૨૦૧૪માં આ પદ સાંભળ્યું હતું. ઉર્જિત પટેલ ૨૨ જૂનના રોજ NIPFPનાં ચેરમેનનું પદ સંભાળશે.

✓ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલ ૨૨ જૂન,2020થી ચાર વર્ષ માટે સંસ્થાના ચેરમેન પદે જોડાઈ રહ્યા છે.

NIPFPનો મુખ્ય ઉદ્દેશ :

✓ સાર્વજનિક અર્થશાસ્ત્ર સાથે સંબંધિત ક્ષેત્રોમાં નીતિ નિર્માણમાં યોગદાન આપવાનું છે.

✓ આ સંસ્થાને નાણા મંત્રાલય. ભારત સરકાર ઉપરાંત વિવિધ રાજ્ય સરકારોની વાર્ષિક નાણાંકીય સહાય મળે છે.

✓ **NIPFP : નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલીસી**

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. આત્મનિર્ભર ભારત અંતર્ગત : નવી ઈ કોમર્સ નીતિ : મહત્વની જોગવાઈ ઉમેરાશે (વેપાર)

સૂચિત મહત્વની જોગવાઈ :

✓ ઈ-કોમર્સ કંપનીઓએ પ્રોડ્કટ ભારતીય છે કે નહીં તે જણાવવું પડશે :

✓ આ એક પ્રકારનો ચેકમાર્ક હશે, ગ્રાહક પાસે મેડ ઇન ઇન્ડિયા પ્રોડક્ટ ખરીદવાનો વિકલ્પ હશે.



પ્રોડક્ટ ભારતીય છે કે નહીં તે 'મેડ ઇન ઇન્ડિયા' એપથી જાણો



✓ બજારમાં વેચાતી દરેક પેક્ડ પ્રોડક્ટ પર એક બારકોડ હોય છે. તેનાથી સરળતાથી જાણી શકાય છે કે તે પ્રોડક્ટ ભારતમાં બની છે કે વિદેશમાં? પ્લે સ્ટોર પર 'મેડ ઇન ઇન્ડિયા' એપ ઉપલબ્ધ છે. તેના દ્વારા

કોઇ પણ પ્રોડક્ટનો બારકોડ સ્કેન કરીને તે કયા દેશમાં બની છે એ જાણી શકાય છે.

ચીનની 35થી વધુ કંપનીઓનું રોકાણ

- ✓ અમેરિકન એન્ટરપ્રાઇઝ ઇન્સ્ટિટ્યૂટ એન્ડ ધ હેરિટેજ ફાઉન્ડેશનના રિપોર્ટ મુજબ ચીનની 35થી વધુ કંપનીઓ એવી છે કે જેમણે ભારતમાં 2008થી 2019 દરમિયાન 10 કરોડ ડોલર (અંદાજે 760 કરોડ રૂ.)થી વધુ રોકાણ કર્યું છે.
- ✓ તેમાંથી અલીબાબાએ આ 12 વર્ષમાં 11,252 કરોડ રૂ.થી વધુ રોકાણ કર્યું છે. માર્ચ, 2020માં બ્રૂકિંગ્સ રિસર્ચ ગ્રૂપે આકલન કર્યું હતું કે ચીનની ભારતમાં 1.97 લાખ કરોડ રૂ.ના રોકાણની યોજના છે.

ચીન સાથે ભારતનો વેપાર :

- ✓ છેલ્લાં ૧૧ માસમાં ચીન સાથે ૩.૫૭ લાખ કરોડ રૂપિયાનો વેપાર

12 વર્ષમાં ભારતમાં રોકાણ વધતું ગયું

કંપની	રોકાણ કરોડ રૂ.
અલીબાબા	11,252
મિનમેટલ્સ	9120
સિંગશાન સ્ટીલ	8816
સીટ્રિપ	8284
ફુસાન	8208
બીબીકે ઇલે	0.4256
શાંઘાઇ ઓટો	2660

- ✓ 31 માર્ચ, 2020ના રોજ પૂરા થયેલા નાણાવર્ષના શરૂના 11 મહિનામાં ચીનનો ભારત સાથે વ્યાપાર 3.57 લાખ કરોડ રૂ. (47 અબજ ડોલર) સુધી પહોંચી ગયો હતો.
- ✓ મંત્રાલય : વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિર્ણય : કોરોના વાયરસ (આરોગ્ય)

કોરોનોમાં તત્કાલીન ઉપયોગ માટે ભારતીય કંપનીની દવા ફેવિપિરાવિરને સારવારમાં લેવા CDSCOની મંજૂરી



વિગત :

- ✓ કોરોના દર્દીઓની સારવાર માટે ભારતીય કંપની ગ્લેનમાર્કની દવા ફેવિપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી અપાઈ.
- ✓ પહેલી વખત દેશની કંપનીની દવાને આવી મંજૂરી મળી છે.
- ✓ અગાઉ રશિયાએ પણ આ દવાને મંજૂરી આપી હતી.
- ✓ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)ની સબ્જેક્ટ એક્સપર્ટ કમિટીએ ફેવિપિરાવિરની 200

એમજીની ટેબલેટ ડૉક્ટરોના નિરીક્ષણ હેઠળ કોરોનાના દર્દીઓને આપવાની મંજૂરી અપાઈ છે.

- ✓ અગાઉ 2014માં આ દવાનો ઉપયોગ જાપાનમાં ઈન્ફ્લૂએન્ઝા બીમારીની સારવારમાં થયો હતો.
- ✓ CDSCO : સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : ૧૯ જૂન

ગુજરાતી ચાર્લી ચેપ્લીન : પી.ખરસાણી

જન્મ : ૧૯મી જૂન – ૧૯૨૬

અવસાન : ૨૦ મેં ૨૦૧૬



- ✓ આજે ૧૯ જુને ગુજરાતી ચલચિત્રોના ચાર્લી ચેપ્લીન તરીકે જાણીતા થયેલા પી.ખરસાણીનો જન્મદીન.
- ✓ આજના દિવસે જ ૧૮૬૨ના વર્ષે અમેરિકી સેનેટે ગુલામી પ્રથાને કાયદા થકી તિલાંજલિ આપી હતી.
- ✓ પી.ખરસાણીનું આખું નામ પ્રાણલાલ દેવજીભાઈ ખરસાણી અને જન્મ કલોલ પાસેના ભાટવાડા ગામે થયો હતો.
- ✓ ૬ દાયકાથી વધુની તેમની અભિનેતા તરીકેની કારકિર્દીમાં ૧૦૦થી વધુ ફિલ્મો અને ટેલિવિઝન શ્રેણીઓ તથા ૭૫થી વધુ નાટકોમાં અભિનયના અજવાળા પાથર્યા હતા.

પ્રદાન :

- ✓ પત્તાની જોડ, પરણ્યા છતાં કુંવારા, હું કઈક કરી બેસીસ, માફ કરજો આ નાટક નહિ થાય, રણછોડે રણ છોડ્યું, રાજાને ગમી તે રાણી જેવા નાટકો અને માંડી જાયાનું મામેરું, નારી તું નારાયણી, લાખો ફુલાણી, ગોરલ ગરાસણી, ભાથીજી મહારાજ, મેના ગુર્જરી અને ભવની ભવાઈ જેવી ફિલ્મો તેઓની અભિનયક્ષમતાના ઉદાહરણો છે.
- ✓ ગુજરાતી સમાજમાં ચાર્લી ચેપ્લીન અને હરતી ફરતી યુનિ.તરીકે પસિદ્ધ થયેલા પી.ખરસાણીનું ૨૦ મેં ૨૦૧૬ના રોજ ૯૦ વર્ષની પૌઢ વયે અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૬-૨૦૨૦)

1. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં રાજ્યસભાની કેટલી કુલ બેઠકો માટે ચૂંટણી યોજાઈ- **19**
2. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં કેટલા રાજ્યોમાં રાજ્યસભાની 19 બેઠકો માટે ચૂંટણી યોજાઈ - **08**

3. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં યોજાયેલી રાજ્યસભાની 19 બેઠકો માટે ચૂંટણીમાં કયા પક્ષની કેટલી બેઠક મળી - **ભાજપ-08, કોંગ્રેસ-04, YSR કોંગ્રેસ-04,JMM-01,NPP-01 અને MNF-01**
4. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કેટલી બેઠક ઉપર ચૂંટણી યોજાઈ - **04**
5. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કયા પક્ષનો કેટલી બેઠક ઉપર વિજય થયો - **ભાજપ-03 અને કોંગ્રેસ-01**
6. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કયા કયા ઉમેદવારોનો વિજય થયો અને તેમનો પક્ષ જણાવો - **ભાજપ- અજય ભારદ્વાજ, રમીલાબેન બારા અને નરહરિ અમીન, કોંગ્રેસ-શક્તિસિંહ ગોહિલ**
7. રાજ્યસભાની મુદત કેટલા વર્ષની હોય છે - **06**
8. ગુજરાતમાં રાજ્યસભાની કુલ કેટલી બેઠકો છે - **11**
9. જૂન 2020ની સ્થિતિએ ગુજરાતમાં રાજ્યસભાની કુલ 11 બેઠકોમાંથી કયા પક્ષ પાસે કેટલી બેઠકો છે - **ભાજપ-07 અને કોંગ્રેસ- 04**
10. તાજેતરમાં NIPFPના ચેરમેન તરીકે કોની નિમણૂક કરાઈ - **પૂર્વ આરબીઆઇ ગવર્નર શ્રી ઉર્જિત પટેલ**
11. તાજેતરમાં NIPFPના ચેરમેન તરીકે પૂર્વ આરબીઆઇ ગવર્નર શ્રી ઉર્જિત પટેલની કેટલા વર્ષ માટે નિમણૂક કરાઈ – **04 (22 જૂન 2020થી)**
12. NIPFPનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક ફાઈનાન્સ એૅન્ડ પોલિસી**
13. કોઈપણ પ્રોડક્ટ ભારતીય છે કે નહીં તે કહી એપના માધ્યમથી જાણી શકાય છે - **મેડ ઇન ઇન્ડિયા**
14. કઈ નવી નીતિ મુજબ કંપનીઓએ આ પ્રોડક્ટ ભારતીય છે કે નહીં તે જણાવવું પડશે - **નવી ઈ-કોમર્સ નીતિ**
15. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના આંકડા મુજબ 31 માર્ચ 2020ના રોજ પૂર્ણ થતાં નાણાકીય વર્ષના શરૂઆતના 11 માસમાં ચીનનો ભારત સાથે વેપાર કેટલા અબજ ડોલર સુધી પહોંચ્યો હતો- **47 અબજ ડૉલર(3.57લાખ કરોડ)**
16. કોરોના દર્દીઓની સારવાર માટે કઈ ભારતીય કંપનીની દવા ફેવિપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી અપાઈ - **ગ્લેનમાર્ક**
17. કોરોના દર્દીઓની સારવાર માટે પહેલી વખત ભારતીય કંપની ગ્લેનમાર્કની દવા ફેવિપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે કોના દ્વારા મંજૂરી અપાઈ - **CDSCO**
18. કોરોના દર્દીઓની સારવાર માટે પહેલી વખત ભારતીય કંપની ગ્લેનમાર્કની દવા ફેવિપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી અપાઈ અગાઉ કયા દેશે પણ આ દવાને મંજૂરી આપી હતી - **રશિયા**
19. CDSCOનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન**
20. અગાઉ 2014માં કયા દેશ દ્વારા ફેવિપિરાવિર દવાનો ઉપયોગ ઈન્ફ્લૂએન્ઝા બીમારીની સારવારમાં થયો હતો – **જાપાન**
21. કયા ગુજરાતી અભિનેતાને ગુજરાતી ચાર્લી ચેપ્લીન તરીકે કોને ઓળખવામાં આવે છે - **પી.ખરસાણી**
22. ગુજરાતી ચાર્લી ચેપ્લીન તરીકે ઓળખાતા પી. ખરસાણીનો જન્મ દિવસ જણાવો - **૧૯મી જૂન, ૧૯૨૬**
23. ગુજરાતી અભિનેતા પી.ખરસાણીનું આખું નામ જણાવો - પ્રાણલાલ દેવજીભાઈ ખરસાણી અ
24. ગુજરાતી અભિનેતા પી.ખરસાણીનો જન્મ ક્યાં થયો હતો - **કલોલ પાસેના ભાટવાડા ગામે**
25. ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે અભિનેતા પી.ખરસાણીનું પ્રદાન જણાવો - **પત્તાની જોડ, પરણ્યા છતાં કુંવારા, હું કઈક કરી બેસીસ, માફ કરજો આ નાટક નહિ થાય, રણછોડે રણ છોડ્યું, રાજાને ગમી તે રાણી જેવા નાટકો અને માંડી જાયાનું મામેરું, નારી તું નારાયણી, લાખો ફુલાણી, ગોરલ ગરાસણી, ભાથીજી મહારાજ, મેના ગુર્જરી અને ભવની ભવાઈ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.ગરીબ કલ્યાણ રોજગાર યોજના – અભિયાન (રોજગારી)



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા નવી દિલ્હી ખાતેથી આ યોજનાનો ઈ-લોન્ચિંગના માધ્યમથી બિહારમાંથી પ્રારંભ કરાવ્યો

સ્થળ-તેલિહાર, જિ. ખગડિયા, રાજ્ય-બિહાર



હેતુ :

- ✓ કોરોના સંકટને કારણે પોતાના વતન અને ગામ પરત ફરેલા હજારો પ્રવાસી મજૂરોને કામ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ કલ્યાણ રોજગાર અભિયાનની શરૂઆત કરવામાં આવશે.
- ✓ આ યોજનાનો આશય ગ્રામીણ ભારતમાં ઈન્ફ્રા અને રોજગાર ઊભો કરવાનો છે. કોરોના સંકટમાં જે જિલ્લાઓમાં સૌથી વધારે શ્રમિકો પરત ફર્યા છે તેની ઓળખ કરી દેવાઈ છે.

યોજના વિશે :



- ✓ આ ૧૧૬ જિલ્લાઓમાં સરકાર દ્વારા ૨૫ જેટલા વિવિધ પ્રોજેક્ટમાં ૨૫,૦૦૦

મજૂરોને ૧૨૫ દિવસનો રોજગાર પૂરો પાડવામાં આવશે. તેના માટે સરકાર દ્વારા ૫૦,૦૦૦ કરોડના ખર્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવશે.

આ યોજના આત્મનિર્ભર ભારતનો જ હિસ્સો હશે

- ✓ નાણામંત્રીએ જણાવ્યું કે, સરકાર દ્વારા ૫૦,૦૦૦ કરોડના રકમ ખર્ચવામાં આવશે તે આત્મનિર્ભર ભારતનો જ ભાગ હશે.
- ✓ આ યોજના હેઠળ આગામી સમયમાં અન્ય જિલ્લાઓને પણ જોડવામાં આવશે.
- ✓ જે શ્રમિકો શહેરમાંથી વતન પરત ફર્યા છે તેમને આ યોજના હેઠળ કામ આપવામાં આવશે.

પસંદ કરાયેલા 116 જિલ્લાઓ

- ✓ રાજ્ય : જિલ્લાઓની સંખ્યા
- ✓ બિહાર : 32
- ✓ ઉત્તર પ્રદેશ : 31
- ✓ મધ્યપ્રદેશ : 24
- ✓ રાજસ્થાન : 22
- ✓ ઓડીશા : 04
- ✓ ઝારખંડ : 03

કેટલા દિવસ રોજગારી અપાશે ?

- ✓ સરકાર દ્વારા દરેક મજૂરને વર્ષમાં ૧૨૫ દિવસ રોજગારી અપાશે જે માટે રૂ. ૫૦,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું
- ✓ જ્યાં ૨૫,૦૦૦થી વધુ મજૂર પાછા આવ્યા હોય તેવા જિલ્લામાં સ્કીમનો અમલ કરાશે.
- ✓ કામદારોને તેમની કુશળતાને આધારે જુદી જુદી ૨૫ સરકારી સ્કીમોમાં કામ અપાશે.
- ✓ દેશના ૬ રાજ્યોમાં માઇગ્રન્ટ મજૂરોની સંખ્યા સૌથી વધારે છે તેથી તેમને કુશળતાને આધારે રોજીરોટી મળી રહે તે માટે ૬ રાજ્યોનાં ૧૧૬ જિલ્લાઓને તેમાં આવરી લેવાયા છે.
- ✓ આ જિલ્લાઓમાં ૬૭ લાખ માઇગ્રન્ટ મજૂરો પાછા ફર્યા છે.

કયા કયા કામ કરાવાશે ?

- ✓ આ અભિયાનમાં કોમ્યુનિટી સેનિટાઇઝેશન કોપ્લેક્સ, ગ્રામપંચાયત ભવન, નાણાપંચ હેઠળના કામો, નેશનલ હાઇવેને લગતા કામ, જળ સંરક્ષણ અને સિંચાઈ, કૂવાનું ખોદકામ, વૃક્ષારોપણ, હોર્ટિકલ્ચર, આંગણવાડી કેન્દ્ર, પીએમ આવાસ યોજના, પીએમ ગ્રામ સડક યોજના, રેલવે, શ્યામાં પ્રસાદ મુખરજી RURBAN મિશન, પીએમ KUSUM ભારત નેટ હેઠળ ફાઇબર ઓપ્ટિક બિછાવવી, જળ જીવન મિશન જેવા કામ કરાવાશે.

કોનો સંપર્ક સાધવો ?

- ✓ જે મજૂરો શ્રમિક સ્પેશિયલ ટ્રેન દ્વારા કે બસ દ્વારા ગામ ગયા છે તેમની યાદી અગાઉથી જ સરકાર પાસે છે. જેના આધારે તેમને કામ અપાશે.
- ✓ જે લોકો પગપાળા કે ખાનગી વાહનમાં ગામ ગયા છે તેમની યાદી જિલ્લા અધિકારીઓએ બનાવી છે.

- ✓ મજૂરોએ યોજનાની માહિતી માટે ગ્રામપંચાયત કે વિકાસ ખંડ કાર્યાલયનો સંપર્ક સાધવાનો રહેશે.
- ✓ બ્લોક કે તાલુકા અધિકારીનો સંપર્ક પણ કરી શકાશે.

અન્ય :

- ✓ મનરેગાનું બજેટ ૧ લાખ કરોડ કરાયું
- ✓ સરકારે મનરેગાનું બજેટ પણ વધાર્યું હતું. તેમાં ૪૦ હજાર કરોડનો ઉમેરો કરીને કુલ બજેટ ૧ લાખ કરોડ સુધી પહોંચાડ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગાલવાન વેલી : સરહદી વિવાદ (વિદેશનીતિ)

- ✓ વર્ષ-૧૯૫૦ બાદ પુન: ચીનનો ગાલવાન વેલી પર ઉપજાવી કાઢેલો દાવો



- ✓ ગાલવાન વેલી પર ચીનના ક્રમશ : આઠ જુઠ્ઠાણા

1. જુઠ્ઠાણો : ગાલવાન વેલી ચીન-ભારત સરહદ પર એલએસી ખાતે ચીન તરફ આવેલી છે, ચીની દળો ઘણા વર્ષોથી આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરતાં રહ્યાં છે.
2. જુઠ્ઠાણો : એપ્રિલ મહિનાથી ભારત એલએસી પર સડકો, બ્રિજનું નિર્માણ કરી રહ્યાં છે, ભારતીય ટુકડીઓ એલએસી ક્રોસ કરીને ઉશ્કેરણી કરી રહી છે.
3. જુઠ્ઠાણો : ૬ મેના રોજ ભારતીય ટુકડીઓએ ચીની વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો, ભારતીયોએ યથાસ્થિતિમાં બદલાવ, ઉશ્કેરણી કરી હતી
4. જુઠ્ઠાણો : તેથી સરહદ પર સર્જાયેલી સ્થિતિનો જવાબ આપવા ચીની સેનાની ટુકડીઓને જરૂરી પગલાં લેવાની ફરજ પડી હતી. તણાવ ઘટાડવા માટે ચીન અને ભારત મિલિટરી અને રાજદ્વારી ચેનલો દ્વારા મંત્રણા કરી રહ્યાં હતાં
5. જુઠ્ઠાણો : ચીનના આકરા વિરોધના પગલે ભારત એલએસી પાર કરનારા સૈનિકોને પાછા ખેંચવા અને તેમના દ્વારા ઊભા કરાયેલા માળખાઓનો નાશ કરવા સહમત થયો હતો
6. જુઠ્ઠાણો : ૬ જૂને બંને દેશની સેનાના કમાન્ડરો વચ્ચે મંત્રણા થઈ હતી અને તણાવ ઘટાડવા સહમતી સધાઈ હતી. ભારતે વચન આપ્યું હતું કે, તેની સેના ગાલવાન નદી ક્રોસ કરીને પેટ્રોલિંગ નહીં કરે અને માળખા ઊભા નહીં કરે
7. જુઠ્ઠાણો : ભારતના સૈનિકોએ સમજાવટ માટે ગયેલા ચીની અધિકારીઓ અને સૈનિકો પર હિંસક હુમલો કર્યો હતો જેના

કારણે બંને સેનાના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી.

૪. જુથ્થણો : ૧૫મી જૂનના રોજ આઘાતજનક રીતે ભારતીય સૈનિક ટુકડીઓએ કમાન્ડર લેવલની મિટિંગમાં થયેલી સમજૂતીનો ભંગ કરીને એલએસી પાર કરી હતી. ગાલવાન વેલીમાં તણાવ ઘટી રહ્યો હતો ત્યારે જ ભારતીય સેનાએ જાણીજોઈને ઉશ્કેરણી કરી હતી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિર્ણય : ગુજરાત હાઈકોર્ટ

કોરોના મહામારીને કારણે ગુજરાતમાં ૧૪૩ વર્ષમાં પ્રથમવાર અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નહીં યોજાય



✓ ગુજરાત હાઈકોર્ટનો ચૂકાદો

✓ અષાઢી બીજે રાજ્યમાં કુલ-૧૩૫ રથયાત્રા યોજાય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સિદ્ધિ : સોલાર રૂફટોપમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને (સૌરઊર્જા)



આંકડાકીય વિગતો અને લક્ષ્યાંક :

✓ 19મી જૂન સુધીમાં રાજ્યના કુલ 1,10,029 રહેણાંક મકાનો ઉપર સોલાર રૂફટોપ પ્લાન્ટ ઇન્સ્ટોલ કરવાની સાથે ગુજરાત દેશમાં પ્રથમ નંબરે આવ્યું છે.

✓ છેલ્લા 9 મહિનામાં જ રાજ્યમાં 55,630 ઘરો ઉપર કુલ 208 મેગાવોટના સોલાર રૂફટોપ પ્લાન્ટ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા.

✓ મિનિસ્ટ્રી ઓફ ન્યૂ એન્ડ રિનુએબલ એનર્જીના રીપોર્ટ મુજબ 31 મે 2020 સુધીમાં ગુજરાતમાં કુલ 558.17 મેગાવોટ કેપેસિટીના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થપાયા

✓ વર્ષ-2022 સુધીમાં રાજ્યના 8 લાખ ઘરોને સૂર્ય ગુજરાત સોલાર રૂફટોપ યોજના હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક છે.

✓ આ યોજનાની સબસિડીમાં વધારો કરીને 3 કિલોવોટ સુધી 40 ટકા અને 10 કિલોવોટ સુધીના પ્લાન્ટમાં 20 ટકા સબસિડી આપવામાં આવે છે.









- ✓ તાજેતરના બજેટમાં 912 કરોડ રૂપિયાની જોગવાઇ આ યોજના માટે કરવામાં આવી.
- ✓ લોકો પોતાના ઘર ઉપર સોલાર રૂફટોપ મારફતે ઉત્પન્ન થયેલી વીજળીમાંથી ઘરવપરાશ બાદની વધારાની વીજળી વીજ વિતરણ કંપનીને રૂ. 2.25 પ્રતિ યુનિટના ભાવે વેચી શકે છે.
- ✓ 19 જૂન સુધીમાં આ યોજના હેઠળ 1.28 લાખ અરજીઓ મળી છે.

સોલર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવામાં અગ્રેસર રાજ્યો અને ક્રમ

1. ગુજરાત ૫૫૮.૧૭ મેગાવોટ
2. રાજસ્થાન ૨૬૬.૮૨ મેગાવોટ
3. મહારાષ્ટ્ર ૨૪૫.૫૦ મેગાવોટ
4. કર્ણાટક ૨૩૨.૭૭ મેગાવોટ
5. દિલ્હી ૧૫૬.૨૦ મેગાવોટ
6. તમિલનાડું ૧૫૬.૦૦ મેગાવોટ
7. ઉત્તરપ્રદેશ ૧૪૬.૧૦ મેગાવોટ
8. હરિયાણા ૧૨૧.૩૪ મેગાવોટ
9. પંજાબ ૧૧૮.૫૨ મેગા વોટ
10. તેલંગણા ૧૧૮.૨૨ મેગાવોટ

- ✓ અહેવાલ : મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી–ભારત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.ગુજરાત પોસ્ટલ વિભાગ (જનજાગૃતિ)

ભારતનું પ્રથમ ક્યૂઆર કોડેડ ચેરિટી કવર લોન્ચ કરાયું

- ✓ ચેરિટી કવરની થીમ- કોવિડ-૧૯ને કારણે મનુષ્ય જીવનમાં આવેલા બદલાવ અર્થે જનતામાં જાગૃતિ માટે



વિગત અને નાણાનો ઉપયોગ :

- ✓ આ ચેરિટી કવરનું મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરમાં વિમોચન કર્યું હતું.
- ✓ રૂ. ૧૦૦માં વેચવામાં આવનારા આ ચેરિટી કવર કિંમતના ૭૫ ટકા નાણાં મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવશે.
- ✓ આ નાણાંનો ઉપયોગ કોરોનાની મહામારી સામે લડવા માટે કરવામાં આવશે.
- ✓ આ ચેરિટી કવર ભારતનું સૌથી પહેલું ક્યુઆર કોડેડ ચેરિટી કવર છે.
- ✓ ગુજરાતના પોસ્ટલ વિભાગે ૨૫૦૦૦ જેટલા વિશિષ્ટ ચેરિટી કરવા લોન્ચ કર્યા છે.
- ✓ આ ચેરિટી કવરનું ઓનલાઈન વેચાણ પણ થઈ શકશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. રાજ્યસભા: સંસદમાં વર્તમાન સ્થિતિ (જૂન-૨૦૨૦)

પક્ષવાર સ્થિતિ :

- ✓ BJP : 86 (NDA-100ની નજીક)
- ✓ કોંગ્રેસ : 41
- ✓ ચાલુ વર્ષે 61 બેઠકો પૈકી 42 બેઠકો બિન હરિફ જ્યારે 19 બેઠકો માટે ચૂંટણી યોજાઇ
- ✓ કુલ બેઠકો : 245



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. કંકણા કૃતિ સૂર્યગ્રહણ (ખગોળ)

- ✓ કંકણા કૃતિ સૂર્યગ્રહણ વર્ષ-૨૦૨૦નું પ્રથમ સૂર્યગ્રહણ



આ સૂર્યગ્રહણ કંકણાકાર કેમ છે ?

- ✓ આ સૂર્યગ્રહણને કંકણાકૃતિ કે કંકણાકાર કહેવાય છે તે પૃથ્વીથી વધારે અંતરે હશે.
- ✓ અંગ્રેજીમાં આ ગ્રહણને એન્યુલર સોલાર એલિસ કહે છે જેનો અર્થ વલયાકાર થાય છે, અર્થાત્ ગ્રહણ વખતે સૂર્યરિંગ ઓફ

ફાયર એટલે કે સળગતી વિંટી જેવો નજારો દેખાય છે.

✓ ગ્રહણના અન્ય બે પ્રકારોમાં અંશતઃ કે પાર્શિયલમાં સૂર્યનો સમગ્ર રીતે અંશતઃ ભાગ ઢંકાય જાય છે, અને પૂર્ણ સૂર્યગ્રહણમાં ચંદ્ર નજીક હોય છે ત્યારે સૂર્ય પૂર્ણ રીતે ઢંકાયેલો નજરે પડે છે જે અમુક વિસ્તારો પુરતો જ દેખાય છે.

પ્રથમ નજારો ભૂજમાં, અંતિમ દિબ્રુગઢમાં

✓ વર્ષ ૨૦૨૦નું આ સૌપ્રથમ સૂર્યગ્રહણ છે. વર્ષનું બીજું સૂર્યગ્રહણ ૧૪ ડિસેમ્બરના છે.

✓ નેહરુ પ્લેનેટેરિયમના પ્રમાણે સૂર્ય ગ્રહણનો સૌપ્રથમ નજારો સવારે ૯:૫૮ના ભૂજમાં જોવા મળશે.

✓ તેની સમાપ્તિ થતી બપોરે ૨:૨૯ના દિબ્રુગઢમાં થશે.

✓ એશિયા, આફ્રિકા, પેસિફિક, હિંદ મહાસાગર, યુરોપ-ઓસ્ટ્રેલિયાના કેટલાક હિસ્સામાં જોવા મળશે.

✓ આ સૂર્યગ્રહણ "ધ રિંગ ઓફ ફાયર" છે.

✓ આ વર્ષે પૃથ્વીના સૌથી લાંબા દિવસને એટલે કે ૨૧ જૂને સૂર્યગ્રહણ યોજાશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. અસેસમેન્ટ ઓફ ક્લાઈમેટ ચેન્જ ઓવર ધ ઈન્ડિયન રિજન રિપોર્ટ-૨૦૨૦ (પર્યાવરણ)

અહેવાલ વિશે :

૧૨૦ વર્ષના પર્યાવરણનું ચિત્ર રજૂ કરતો ભારત સરકારનો પ્રથમ અહેવાલ



પર્યાવરણીય અસરો :

✓ ભારત સરકાર દ્વારા આ પ્રકારનો પહેલો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે સદીના અંત સુધી ભારતના સરેરાશ તાપમાનમાં ૪.૪ ડિગ્રીનો વધારો થશે.

✓ જેની સીધી અસરથી હીટ વેવ અને વાવાઝોડાની સંખ્યા વધશે. એટલું જ નહીં, સમુદ્રના જળસ્તરમાં પણ વધારો થઇ શકે છે.

✓ આ રિપોર્ટ અનુસાર જો ક્લાયમેટ ચેન્જને રોકવાના પ્રયાસ ન કરવામાં આવ્યા તો હીટ વેવમાં ત્રણથી ચાર ગણો વધારો થશે અને સમુદ્રનું જળસ્તર ૩૦ સેન્ટીમીટર જેટલું વધી જશે.

✓ રિપોર્ટ અનુસાર છેલ્લા ૩૦ વર્ષોમાં સૌથી ગરમ દિવસના તાપમાનમાં ૦.૬૩ ડિગ્રી અને સૌથી ઠંડી રાતના તાપમાનમાં ૦.૪ ડિગ્રીનો વધારો થયો છે.

- ✓ આ સદીના અંત સુધીમાં આ તાપમાનમાં ક્રમશઃ ૪.૭ ડિગ્રી અને ૫.૫ ડિગ્રી જેટલો વધારો થશે.
- ✓ રિપોર્ટ અનુસાર ગરમ દિવસો અને ગરમ રાતોની ફ્રિકવન્સીમાં ૫૫થી ૭૦ ટકાનો વધારો થશે.
- ✓ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે પર્યાવરણમાં થઇ રહેલા આ ફેરફારના પરિણામે ભારતમાં બે પ્રકારના બદલાવ જોવા મળી રહ્યાં છે.
- ✓ એક છે તાપમાનમાં વધારો અને બીજો છે મોનસુનની પેટર્નમાં ફેરફાર.
- ✓ બંને પ્રકારના ફેરફાર દેશની અર્થવ્યવસ્થા માટે ઘાતક પુરવાર થઇ શકે છે.
- ✓ આ બંને પ્રકારના ફેરફારની દેશના અર્થતંત્રએ ભારે કીંમત ચૂકાવવી પડી શકે છે જે દેશની કુલ જીડીપીની ૨.૮ ટકા જેટલી હોઇ શકે છે.
- ✓ આટલા મોટા નુકસાનના કારણે ૨૦૫૦ સુધીમાં દેશની લગભગ અડધી વસતીની રહેણીકરણી પ્રભાવિત થઇ શકે છે.
- ✓ આમ તો ૨૦૫૦ સુધીમાં પૃથ્વીના તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો થવાનું અનુમાન છે.
- ✓ આ અનુમાન ત્યારે જ સાચુ પડશે જ્યારે ભારત ક્લાઇમેટ ચેન્જના જોખમને પહોંચી વળવા પેરિસ સંધિ અને અન્ય સમજૂતિઓમાં ભલામણ કરવામાં આવેલા માપદંડોને અનુસરે.
- ✓ જો આ માપદંડોને અનુસરવામાં ન આવ્યાં તો તાપમાનમાં ૧.૫થી લઇને ૩ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થઇ શકે છે.
- ✓ ક્લાઇમેટ ચેન્જના કારણે દેશભરમાં એક હજારથી વધારે હોટસ્પોટ બની ગયા છે. જે ક્ષેત્રોમાં ક્લાઇમેટ ચેન્જની સૌથી વધારે અસર થવાની શક્યતા છે તેમને હોટસ્પોટ કહેવામાં આવ્યાં છે.

લોકોના જીવન ઉપર તેમજ આર્થિક અસરો :

- ✓ આશરે ૧૫ કરોડ લોકો અત્યંત સંવેદનશીલ કહી શકય એવા વિસ્તારોમાં રહે છે તો ૪૪ કરોડની વસતી મધ્યમ કક્ષાના હોટસ્પોટમાં વસવાટ કરે છે.
- ✓ જો આ વિસ્તારોમાં પર્યાવરણની પરિસ્થિતિ હજુ વધારે બગડી તો દેશના સકલ ઘરેલુ ઉત્પાદન અર્થાત જીડીપીને ૧૧૭.૮ અબજ ડોલરનું નુક્સાન થઈ શકે છે.
- ✓ વધતી જતી વસતીના પ્રમાણમાં અનાજની ઉપજમાં ભયજનક ઘટાડો થશે અને કરોડો લોકો ભૂખમરાનો ભોગ બનશે.
- ✓ અનિશ્ચિત મોસમના કારણે લોકોનું સ્થળાંતર વધશે જેના પરિણામે સામાજિક અસ્થિરતા ઊભી થશે અને લોહિયાળ સંઘર્ષો થશે. રોગચાળાઓનું પ્રમાણ વધશે.
- ✓ હવામાન સંસ્થાઓ અને સંશોધકોના અહેવાલો નજર સામે છે, દુનિયાના તમામ દેશોએ આના ઉપર તાત્કાલિક પગલાં ભરવા પડશે.

૩. પ્રભાવિત શહેરો: મુંબઈ, ચેન્નઈ અને કોલકત્તા

- ✓ એક રિપોર્ટ અનુસાર છેલ્લા ૧૫૦ વર્ષમાં દિલ્હીના તાપમાનમાં ૧ ડિગ્રી સેલ્શિયસ અને કોલકાતાના તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો વધારો થઇ ગયો છે.
- ✓ મુંબઇ અને ચેન્નાઇમાં પણ તાપમાન વધી ગયું છે.
- ✓ દરિયાકાંઠાના શહેરો માટે જોખમ વધારે એટલા માટે છે કે ગરમી વધવાના કારણે સમુદ્રનું જળસ્તર વધી રહ્યું છે અને આવા શહેરો સમુદ્રમાં સમાઇ જવાનું જોખમ વધ્યું છે.
- ✓ એવામાં જો ૧.૫ થી ૨ ડિગ્રી તાપમાન પણ વધી ગયું તો એ કરોડો લોકો માટે જીવલેણ સાબિત થશે.
- ✓ આજે પરિસ્થિતિ એવી આવીને ઊભી રહી છે કે તાપમાનની વધી રહેલી દરેક ડિગ્રી સાથે પૃથ્વી વિનાશ તરફ ધકેલાઇ રહી છે.

૪. પીવાના પાણીનું જળસંકટ :

- ✓ આકરી ગરમી પોતાની સાથે જળસંકટ પણ લાવે છે.
- ✓ નીતિ પંચના એક રિપોર્ટ અનુસાર જો તાત્કાલિક પગલાં ઉઠાવવામાં ન આવ્યાં તો ૨૦૩૦ સુધી દેશમાં સૌને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવું શક્ય નહીં બને.
- ✓ આમાં દિલ્હી, બેંગાલુરુ, ચેન્નાઇ અને હૈદરાબાદ જેવા મોટા શહેરોમાં વસતા લોકો મોટી સંખ્યામાં સામેલ હશે.
- ✓ વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશના ૪૦ ટકા લોકો પીવાના પાણીની સમસ્યાનો સામનો કરતા હશે

૫. કારણો :

- ✓ તાપમાનમાં થયેલો અસહ્ય વધારો ક્લાયમેટ ચેન્જનું જ પરિણામ છે. પરંતુ એના મૂળ રાજકારણ અને કોર્પોરેટ જગતની સાંઠગાંઠ સાથે પણ જોડાયેલા છે.
- ✓ દેશના મોટા મોટા ઉદ્યોગગૃહો વેપાર વધારવાના ચક્કરમાં જંગલોનો આડેધડ સફાયો કરી રહ્યાં છે.
- ✓ આના કારણે આદિવાસીઓ તો વિસ્થાપિત થયા જ છે સાથે સાથે પર્યાવરણને મોટું નુકસાન થયું છે અને ગરમી વધી છે.
- ✓ આડેધડ થતા ખાણકામે પણ જંગલોને સારું એવું નુકસાન પહોંચાડયું છે.
- ✓ દેશમાં વધી રહેલી વસતી પણ જળસંકટ માટે કારણભૂત છે.
- ✓ દેશના લોકો અસમાન જળવિતરણની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. અવસાન : સ્વતંત્ર સેનાની ગાંધીવાદી અને પદ્મશ્રી વિદ્યા બહેન શાહનું ૯૮ વર્ષે નવી દિલ્હી ખાતે અવસાન



પરિચય :

- ✓ જન્મ : ૭મી નવેમ્બર-૧૯૨૨
- ✓ સ્થળ : રાજકોટ
- ✓ ચુસ્ત ગાંધી વાદી વિચારને વરેલા આ મહિલાએ સ્કૂલનું શિક્ષણ રાજકોટની વનિતા વિશ્રામ કે જે ત્યારબાદ બાર્ટન ટ્રેનિંગ સ્કૂલમાં પરિવર્તિત થઇ તેમાં લીધા બાદ ભાવનગરની શામળદાસ કોલેજમાંથી ગ્રેજ્યુએશન કરેલું.
- ✓ જે વખતે મહિલાઓને શિક્ષણ આપવામાં લોકો વિચાર કરતા હતા ત્યારે વિદ્યાબેને ડબલ ગ્રેજ્યુએશનની ડીગ્રી હાંસલ કરી.
- ✓ ૧૯૪૦માં વિદ્યાર્થીકાળ દરમ્યાન અલગ – અલગ ચળવળમાં ભાગ લીધો અને ત્યારબાદ મહાત્મા ગાંધી સાથે હિંદ છોડો આંદોલનમાં ખુબ સક્રિયભાગે લેતા તેઓને અનેક વાર અંગ્રેજ સરકારે જેલમાં મોકલ્યા હતા.
- ✓ તેમના લગ્ન ભારતના પૂર્વ વ્યાપાર પ્રધાન અને જામનગરના પૂર્વ સાંસદ મનુભાઇ શાહ સાથે થયા હતા.
- ✓ પદ્મશ્રી વિદ્યાબેન શાહ ઇન્ડિયન કાઉન્સિલ ફોર ચાઇલ્ડ વેલ્ફરના બાર વર્ષ પ્રમુખ રહી ચુક્યા છે.
- ✓ બાલભવન રાજકોટના ચેરપર્સન તરીકે સેવારત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૬-૨૦૨૦)

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ભારતમાં "ગરીબ કલ્યાણ રોજગાર યોજના"નો ઈ- લોન્ચિંગથી પ્રારંભ ક્યારે થયો- **20 જૂન 2020**
2. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ભારતમાં "ગરીબ કલ્યાણ રોજગાર યોજના"નો ઈ-લોન્ચિંગથી પ્રારંભ ક્યાંથી થયો- **તેલિહાર, બિહાર**
3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ભારતમાં "ગરીબ કલ્યાણ રોજગાર યોજના"નો ઈ-લોન્ચિંગથી પ્રારંભ કરાયો તેનો મુખ્ય હેતુ જણાવો થયો - **કોરોના સંકટને કારણે પોતાના વતન અને ગામ પરત ફરેલા પ્રવાસી મજૂરોને ઘર આંગણે રોજગારી આપવી**
4. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત સૌપ્રથમ કેટલા જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે - **116**
5. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત સૌપ્રથમ કેટલા દિવસની રોજગારી પૂરી પાડવામાં આવશે - **125 દિવસ**

6. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત સૌપ્રથમ કેટલા શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવશે - **25,000**
7. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત શ્રમિકોને રોજગારી પૂરી પાડવા કેટલા કરોડના ખર્ચે માળખાગત સુવિધાઓ ઉભી કરાશે- **રૂ.50,000/- કરોડ**
8. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત પ્રથમ તબક્કામાં કયા કયા રાજ્યના શ્રમિકોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવશે - **બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઓડિશા અને ઝારખંડ**
9. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત શ્રમિકોને કયા કયા કામો અંતર્ગત રોજગારી ઉપલબ્ધ કરાવાશે - **કોમ્યુનિટી સેનિટાઇઝેશન કોપ્લેક્સ, ગ્રામપંચાયત ભવન, નાણાપંચ હેઠળના કામો, નેશનલ હાઇવેને લગતા કામ, જળ સંરક્ષણ અને સિંચાઈ, કૂવાનું ખોદકામ, વૃક્ષારોપણ, હોર્ટિકલ્ચર, આંગણવાડી કેન્દ્ર, પીએમ આવાસ યોજના, પીએમ ગ્રામ સડક યોજના, રેલવે, શ્યામાં પ્રસાદ મુખરજી RURBAN મિશન, પીએમ KUSUM ભારત નેટ હેઠળ ફાઇબર ઓપ્ટિક બિછાવવી, જળ જીવન મિશન જેવા કામ**
10. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના"ને વધુ બળ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા મનરેગાનું બજેટ વધારીને કેટલું કરાયું - **રૂ. 40 હજાર કરોડ વધારીને રૂ. 1 લાખ કરોડ કરાયું**
11. કેન્દ્ર સરકારના અહેવાલ મુજબ તા.19 જૂન 2020ની સ્થિતિએ રહેણાંક મકાનો ઉપર સોલાર રૂફ ટોપ પેનલ ઇન્સ્ટોલ કરવામાં ભારતનું પ્રથમ રાજ્ય જણાવો - **ગુજરાત**
12. કેન્દ્ર સરકારના અહેવાલ મુજબ તા.31 મે 2020ની સ્થિતિએ રહેણાંક મકાનો ઉપર કેટલા મેગાવોટ કેપેસિટીના સોલાર રૂફ ટોપ પેનલ ઇન્સ્ટોલ કરાયા - **કુલ 558.17 મેગાવોટ**
13. આગામી વર્ષ 2022 સુધીમાં ગુજરાતમાં કેટલા ઘરોને "સૂર્ય ગુજરાત સોલાર રૂફ ટોપ યોજના" હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે - **8 લાખ**
14. કેન્દ્ર સરકારના અહેવાલ મુજબ તા.19 જૂન 2020ની સ્થિતિએ રહેણાંક મકાનો ઉપર સોલાર રૂફ ટોપ પેનલ ઇન્સ્ટોલ કરવામાં ભારતના પ્રથમ 5 રાજ્યોના નામ ક્રમશઃ જણાવો - **ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી**
15. તાજેતરમાં પોસ્ટલ વિભાગ દ્વારા ભારતનું પ્રથમ ક્યુઆર કોડેડ ચેરિટી કવર કયાંથી લૉન્ચ કરાયું - **ગાંધીનગર-ગુજરાત**
16. તાજેતરમાં ગુજરાત પોસ્ટલ વિભાગ દ્વારા ભારતનું પ્રથમ ક્યુઆર કોડેડ ચેરિટી કવર લૉન્ચ કરાયું તેની થીમ જણાવો - **કોવિડ-19ને કારણે મનુષ્ય જીવનમાં આવેલા બદલાવ અંગે જન જાગૃતિ માટે**
17. તાજેતરમાં પોસ્ટલ વિભાગ દ્વારા લૉન્ચ કરાયેલ ભારતનું પ્રથમ ક્યુઆર કોડેડ ચેરિટી કવરની રકમ કેટલી નક્કી કરાઈ- **રૂ.100/-**
18. તાજેતરમાં પોસ્ટલ વિભાગ દ્વારા લૉન્ચ કરાયેલ ભારતનું પ્રથમ ક્યુઆર કોડેડ ચેરિટી કવરની કેટલા ટકા રકમ મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવશે - **75%**
19. તા.21 જૂને જોવા મળેલું સૂર્યગ્રહણ અન્ય કયા નામે ઓળખાય છે - **કંકણાકૃતિ/કંકણાકાર**
20. કંકણાકૃતિ/કંકણાકાર સૂર્યગ્રહણ અંગ્રેજીમાં કયા નામે ઓળખવામાં આવે છે - **એન્યુલર સોલર એલિસ**
21. કંકણાકૃતિ/કંકણાકાર સૂર્યગ્રહણનો નજારો કેવા આકારે દેખાતો હતો- **ધ રિંગ ઓફ ફાયર**
22. તાજેતરમાં ભારત સરકારે છેલ્લા 120 વર્ષેના પર્યાવરણનું સમગ્ર ચિત્ર દર્શાવતો કયો પ્રથમ અહેવાલ રજૂ કર્યો - **એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020**
23. ભારત સરકારના એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020 મુજબ સદીના અંત સુધી ભારતના સરેરાશ તાપમાનમાં કેટલા ડિગ્રીનો વધારો થશે- **4.4**
24. ભારત સરકારના "એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020" મુજબ ગરમ દિવસો અને ગરમ રાતોની ફ્રિકવન્સિમાં કેટલા ટકાનો વધારો થશે - **55 થી 70%**
25. ભારત સરકારના "એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020" મુજબ છેલ્લા 30 વર્ષેમાં સૌથી ગરમ દિવસના તાપમાન અને સૌથી

ઠંડી રાતોના તાપમાનમાં કેટલા ડિગ્રીનો વધારો થયો છે - **0.63 અને 0.4**

26. ભારત સરકારના "એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020" મુજબ પર્યાવરણની પરિસ્થિતિ હજુ વધુ બગડશે તો દેશના GDPને અંદાજે કેટલું નુકસાન થઈ શકે છે - **117.8 અબજ ડોલર**
27. ભારત સરકારના "એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020" મુજબ ભારતમાં ક્લાઇમેટ ચેન્જની સૌથી વધુ અસર કયા શહેરોને થશે - **મુંબઈ, ચેન્નાઈ અને કોલકત્તા**
28. તાજેતરમાં સ્વાતંત્ર સેનાની, ગાંધીવાદી અને પદ્મશ્રી વિદ્યાબેન શાહનું 98 વર્ષે કયા શહેરમાં અવસાન થયું- **નવી દિલ્હી**
29. સ્વાતંત્ર સેનાની, ગાંધીવાદી અને પદ્મશ્રી વિદ્યાબેન શાહનું મૂળ વતન જણાવો - **રાજકોટ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 (રોજગારી)

હેતુ :

- ✓ કોવિડ-૧૯ના લીધે સર્જાયેલી પરિસ્થિતિમાં આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિને વેગવાન બનાવવા, ગુજરાત સરકારનું મોટું અને સંવેદનશીલ પગલું એટલે આત્મનિર્ભર સહાય યોજના.

સહાય :

- ✓ આ યોજનાના પ્રથમ તબક્કામાં ૧ લાખ સુધીના ધિરાણની મર્યાદા હતી
- ✓ હવે યોજના-૦૨માં રૂ.૧ લાખથી વધુ અને રૂ.૨.૫૦ લાખ સુધીનું ધિરાણ મળશે
- ✓ લાભાર્થીએ માત્ર ૪% વાર્ષિક વ્યાજ, ચુકવવાનું રહેશે જયારે બાકીનું વાર્ષિક ૪% વ્યાજ રાજ્ય સરકાર ચૂકવશે.
- ✓ લાભાર્થીએ પ્રથમ ૬ મહિના કોઈ હપ્તો ભરવાનો નથી, ત્યારબાદ ૩૦ સરખા માસિક હપ્તામાં ધિરાણ તથા વાર્ષિક ૪ % વ્યાજ ભરવાનું રહેશે.
- ✓ નાના વેપારીઓ, મધ્યમ વર્ગના વ્યક્તિઓ અને વ્યક્તિગત કારીગરો માટે રૂ.૫૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરતી સંવેદનશીલ સરકાર

અરજી કરવાની તારીખ તેમજ અન્ય બાબતો :

- ✓ આ યોજનાના ફોર્મ તા . ૦૧-૦૭-૨૦૨૦ થી સહકારી બેંકોમાંથી મળી શકશે . તા . ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં ફોર્મ ભરી જે તે સહકારી બેંકમાં પરત કરવાના રહેશે
- ✓ ગુજરાત રાજ્ય સહકારી બેંક લી., જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. તથા રાજ્યમાં આવેલ નાગરિક સહકારી બેંકોમાં અરજી કરનાર લાભાર્થીઓને તેમની પાત્રતાના આધારે સહકારી બેંકો દ્વારા નક્કી કરવામાં આવે તેટલું ધિરાણ મળી શકશે.
- ✓ વિભાગ : કૃષિ, ખેડૂત, કલ્યાણ અને સહકાર ગુજરાત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કંકણાકૃતિ સુર્યગ્રહણ : તા. ૨૧ જૂન (ખગોળ વિજ્ઞાન)



✓ ઉત્તરાખંડમાં જોવા મળી સંપૂર્ણ 'રિંગ ઓફ ફાયર'

✓ વર્ષ ૨૦૨૦નું અંતિમ કંકણાકૃતિ સૂર્યગ્રહણ

વિગત :

✓ ભારતમાં સૂર્ય ગ્રહણની શરૂઆત શરૂઆત ગ્રહણની શરૂઆત શરૂઆત સવારે : 9.16 કલાકે

✓ ઉત્તરાખંડ તથા કુરુક્ષેત્ર વિસ્તારમાં ગ્રહણ જ્યારે બરાબર મધ્યમાં હતું ત્યારે સૂર્યને ૯૪.૬ ટકા ઢાંકી દેતા ૩૦ સેકન્ડ 'રિંગ ઓફ ફાયર' જોવા મળી હતી

✓ ભારતમાં ૩૧ મે ૨૦૩૧ એ વલયાકાર અને ૨૦ માર્ચ ૨૦૩૪ એ પુર્ણ સૂર્યગ્રહણ દેખાશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિર્ણય : JEE હિન્દીમાં આપી શકાશે (ઉચ્ચ શિક્ષણ)

વિગત :

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (એનટીએ)ના નેશનલ ટેસ્ટ અભ્યાસ એપનું હિન્દી વર્ઝન લોન્ચ કરાયું.



ફાયદો :

✓ તેનાથી વિદ્યાર્થીઓ નીટ, જેઈઈ અને જેઈઈ મેઈન્સની તૈયારી હિન્દીમાં કરી શકશે.

✓ કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી – શ્રી રમેશ પોખરિયાલ (નિશંક)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વિકટરી ડે - પરેડ : ૭૫મી વર્ષગાંઠ - રશિયા (વૈશ્વિક સબંધો)



વિગત :

✓ રશિયાની વિક્ટરી ડે પરેડમાં ભાગ લેવા ભારતથી સૈન્યની ત્રણેય પાંખના 75 સભ્યની સંયુક્ત ટુકડી મોસ્કો ખાતે.

✓ મહત્વ: બીજા વિશ્વયુદ્ધમાં જર્મની સામે સોવિયેત સંઘની જીતની 75મી વર્ષગાંઠ પ્રસંગે આ પરેડ યોજાઈ રહી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. "નવી સવાર" - હોપ એન્થમ ઑફ ગુજરાત (કલા-સંગીત)

✓ વિશ્વ સંગીત દિવસ અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના શુભ અવસરે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ઉત્સાહવર્ધક તેમજ પ્રેરણાદાયી ગીત "નવી સવાર"- હોપ એન્થમ ઑફ ગુજરાત ગુજરાતીઓને અર્પણ.



ગીતના રચનાકાર :

✓ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા "યુવાન" તેમજ "વોર્ડ વિઝાર્ડ કંપની"નાં સહયોગથી રચવામાં આવ્યું.



હેતુ-ઉદ્દેશ્ય :

✓ આ ગીત મહામારીના આ કપરા સમયમાં પ્રજાજનોમાં એક આશા અને વિશ્વાસનો સંચાર કરશે તેમજ રાજ્યની સમગ્ર જનતાને એકસુરે જોડશે.

✓ આ સમગ્ર ગીત ડબલ્યુએચઓ દ્વારા અપાયેલ કમ્યુનિટી અવેરનેસ ગાઈડલાઈન હેઠળ 'કમ્યુનિટી એંગેજમેન્ટ' માટે નું ખૂબ જ મહત્વનું પાસું બની રહેશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : ૨૧ જૂન

(૧) ૬ઠ્ઠો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

✓ પ્રથમવાર આ વર્ષે યોગ દિવસની ડિજિટલ ઊજવણી કરાઈ



✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં યોગ કર્યા

✓ થીમ-૨૦૨૦ : યોગ એટ હોમ યોગ વિથ ફેમિલી

✓ પ્રથમ પ્રારંભ : ૨૧ જુન ૨૦૧૫

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) ૨૧ જૂન – વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ

(૩) વિશ્વ સેલ્ફી દિવસ

✓ **પ્રારંભ :** ૨૦૧૪થી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721



---

(૪) ફાધર્સ ડે

મે માસનો ત્રીજો રવિવાર



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૫) વિશ્વ મ્યુઝિક દિવસ



✓ **પ્રારંભ :** ૧૯૮૧

✓ **દેશ :** ફ્રાન્સ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૬) વર્લ્ડ હાઇડ્રોગ્રાફી દિવસ

ઈન્ટરનેશનલ હાઇડ્રોગ્રાફિક ઓર્ગેનાઇઝેશન (IHO) અને તેના આંતરરાષ્ટ્રીય સભ્યો દ્વારા દર વર્ષે 21 જૂને વર્લ્ડ હાઇડ્રોગ્રાફી ડેની ઉજવણી કરાઈ છે.



વર્ષ-૨૦૨૦ થીમ : Hydrography enabling autonomous technologies

- ✓ નવી નવીનતાઓ પર ધ્યાન આપશે જે આપણા સમુદ્રતલ પર નવી માહિતીને ઉજાગર કરવામાં મદદ કરી રહી છે.
- ✓ હાઈડ્રોગ્રાફી દરિયાઇ મેપ અને ભરતીના વિતરણ, સલામત દરિયાઇ પરિવહન માટે વર્તમાન અને જળસ્તરની માહિતી, તેમજ દરિયાઇ સંરક્ષણ માટે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : ૨૧ જૂન

ડુંગળીચોર : મોહનલાલ પંડ્યા



જન્મ – ૨૧ જૂન-૧૮૭૨

અવસાન – ૧૪ મે-૧૯૩૫

- ✓ આજે સ્વતંત્રતા સૈનિક, રચનાત્મક કાર્યકર મોહનલાલ કામેશ્વર પંડ્યાનો જન્મદિવસ.
- ✓ ખેડા જિલ્લાના કઠલાલમાં જન્મેલા મોહનલાલ પંડ્યા 1917માં ગોધરામાં ભરાયેલી પહેલી રાજકીય પરિષદ પછી જાહેર જીવનમાં સક્રિય થયા એ પહેલાં પણ ભૂગર્ભ પ્રવૃત્તિ અને જંગલમાં છાપખાનું ઉભું કરી બનાવતી નામે બોમ્બ બનાવવાનું સાહિત્ય પ્રકાશિત કરવું વગેરે પણ તેઓની પ્રવૃત્તિ રહી.
- ✓ ગુજરાત કક્ષાએ 1935 સુધી થયેલા મોટા સત્યાગ્રહો અને રચનાત્મક પ્રવૃત્તિમાં મોહનલાલ પંડ્યાનું યોગદાન રહ્યું પણ
- ✓ તેમને મુખ્યત્વે ખેડા સત્યાગ્રહ દરમિયાન કરેલી પ્રવૃત્તિ માટે વિશેષ સ્મરવામાં આવેછે.
- ✓ ખેડા સત્યાગ્રહમાં જમીન મહેસુલ વધારા વિરુદ્ધના સત્યાગ્રહમાં અંગ્રેજ સરકારે ખેતરો ખાલસા કર્યા. તેની સામે મોહનલાલના નેતૃત્વમાં ખેડાના નવા ગામ ગામેથી 200 ખેડૂતોએ રાતોરાત ખેતરમાંથી ડુંગળીનો ઊભો પાક ઉપાડી ઘર ભેગો કર્યો તેની સામે મોહનલાલ પંડ્યા સામે કેસ ચલાવી તેઓને 20 દિવસની કેદની સજા કરાઈ હતી.
- ✓ તેમના પર ચાલેલા કોર્ટ કેસ દરમિયાન ખુદ ગાંધીજી પણ કોર્ટમાં હાજર રહ્યા હતા.
- ✓ મોહનલાલ પંડ્યાને 'ડુંગળીચોર'નું બિરુદ આપી ગાંધીજીએ પોતાની આત્મકથા

સત્યના પ્રયોગોમાં તેમના વિશે ડુંગળીચોર નામનું એક પ્રકરણ પણ લખ્યું.

✓ મોહનલાલનું 1935માં અવસાન થયું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૬-૨૦૨૦)

1. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ સસ્તા વ્યાજે ધંધા-રોજગાર માટે કેટલી રકમ સુધીનું ધિરાણ આપવામાં આવશે- **૩.1 લાખથી ૩.2.50 લાખ સુધી**
2. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ સસ્તા વ્યાજે ધંધા-રોજગાર માટે વાર્ષિક કેટલા ટકાના વ્યાજે ધિરાણ આપવામાં આવશે – **4 %**
3. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ સસ્તા વ્યાજે ધંધા-રોજગાર માટે અપાતા ધિરાણમાં વાર્ષિક કેટલા ટકાની વ્યાજ સહાય ગુજરાત સરકાર આપશે – **4 %**
4. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ લાભાર્થીએ પ્રથમ કેટલા માસ હપ્તા ભરવાના નથી-**06**
5. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ કેટલી રકમનું પેકેજ જાહેર કરાયું છે – **૩. 5000 કરોડ**
6. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 કયા વિભાગ દ્વારા આયોજિત છે - **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**
7. તાજેતરમાં 21 જૂને 2020નું કયું અંતિમ સૂર્યગ્રહણ જોવા મળ્યું હતું - **કંકણાકૃતિ/કંકણાકાર**
8. હવે આગામી કયા વર્ષે ભારતમાં વલયાકાર અને પૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળશે - **31 મે 2031અને 20 માર્ચે 2034**
9. હવેથી JEE અને NEETની પરીક્ષા અંગ્રેજી સિવાય અન્ય કઈ ભાષામાં આપી શકશે - **હિન્દી**
10. તાજેતરમાં NTA દ્વારા કઈ એપ લોંન્ચ કરાઈ - **નેશનલ ટેસ્ટ અભ્યાસ એપ**
11. ભારતમાં JEE અને NEET કઈ એજન્સી દ્વારા યોજવામાં આવે છે - **NTA**
12. NTAનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ટેસ્ટ એજન્સી**
13. જૂન 2020માં વિકટરી ડે કયા દેશમાં ઉજવાયો જેમાં ભારતના 75 સૈનિકોએ ભાગ લીધો - **રશિયા**
14. "વિકટરી ડે" કોની યાદમાં મનાવવામાં આવે છે - **બીજા વિશ્વયુદ્ધમાં જર્મની સામે સોવિયત સંઘની જીત**
15. બીજા વિશ્વયુદ્ધમાં જર્મની સામે સોવિયત સંઘની જીતના આ વર્ષે 2020માં કેટલા વર્ષે પૂર્ણ થયા - **75**
16. સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ દ્વારા તાજેતરમાં વિશ્વ સંગીત દિવસના રોજ ગુજરાત માટે કયું નવું ગીત મુખ્ય મંત્રીશ્રીના હસ્તે લોન્ચ કરાયું - **"નવી સવાર"- હોપ એન્થમ ઓફ ગુજરાત**
17. તા. ૨૧મી જૂન-૨૦૨૦ના રોજ કેટલામો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો - **૬ઠ્ઠો**
18. કયા વર્ષે પ્રથમવાર યોગ દિવસની ડિજિટલ ઊજવણી કરાઈ – **વર્ષ-૨૦૨૦**
19. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **યોગ એટ હોમ યોગ વિથ ફેમિલી**
20. આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **૨૧ જૂન ૨૦૧૫**
21. વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ જણાવો - **૨૧ જૂન**
22. વિશ્વ સેલ્ફી દિવસ કયારે ઉજવવામાં આવે છે – **૨૧ જૂન**
23. વિશ્વ સેલ્ફી દિવસનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **૨૧ જૂન-૨૦૧૪**
24. ફાધર્સ ડે કયારે ઉજવવામાં આવે છે - **મે માસના ત્રીજા રવિવારે**
25. વિશ્વ મ્યુઝિક દિવસ ક્યારે ઉજવવામાં આવે છે – **૨૧ જૂન**
26. વિશ્વ મ્યુઝિક દિવસનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો – **૨૧ જૂન-૧૯૮૧**
27. વર્લ્ડ હાઇડ્રોગ્રાફી દિવસ કયારે ઉજવવામાં આવે છે – **૨૧ જૂન**
28. IHOનું વિસ્તૃત નામ જણાવો – **ઈન્ટરનેશનલ હાઇડ્રોગ્રાફિક ઓર્ગેનાઇઝેશન**
29. વર્લ્ડ હાઇડ્રોગ્રાફી દિવસની ઉજવણી કોના દ્વારા કરવામાં આવે છે - **આંતરરાષ્ટ્રીય હાઇડ્રોગ્રાફિક ઓર્ગેનાઇઝેશન અને તેના આંતરરાષ્ટ્રીય સભ્યો દ્વારા**
30. વર્લ્ડ હાઇડ્રોગ્રાફી ડે-૨૦૨૦ની થીમ જણાવો - **Hydrography enabling autonomous technologies**

31. કયા જાણીતા સ્વતંત્રતા સૈનિક-રચનાત્મક કાર્યકરને ડુંગળીચોર ઉપનામ મળેલું છે - **મોહનલાલ પંડ્યા**
32. મોહનલાલ પંડયાને ડુંગળીચોરનું ઉપનામ કોના દ્વારા આપવામાં આવ્યું હતુ – **મહાત્મા ગાંધીજી**
33. ડુંગળીચોરના ઉપનામથી જાણીતા મોહનલાલ પંડયાનો જન્મ દિવસ જણાવો - **૨૧ જૂન-૧૮૭૨**
34. જાણીતા સ્વતંત્રતા સૈનિક મોહનલાલ પંડયાનો જન્મ ક્યા થયો હતો - **ખેડા જિલ્લાના કઠલાલ**
35. ક્યા સત્યાગ્રહ વેળાએ જમીન મહેસુલ વધારા વિરુદ્ધના સત્યાગ્રહમાં અંગ્રેજ સરકારે ખેતરો ખાલસા કર્યા. તેની સામે મોહનલાલના નેતૃત્વમાં ખેડાના નવા ગામ ગામેથી 200 ખેડૂતોએ રાતોરાત ખેતરમાંથી ડુંગળીનો ઊભો પાક ઉપાડી ઘર ભેગો કર્યો તેની સામે મોહનલાલ પંડ્યા સામે કેસ ચલાવી તેઓને 20 દિવસની કેદની સજા કરાઈ હતી - **ખેડા સત્યાગ્રહ**
36. મહાત્મા ગાંધીજીની આત્મકથાનું નામ જણાવો - **સત્યના પ્રયોગો**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. જગન્નાથ રથયાત્રા પુરી-ઓડીસા (ધર્મ)

રથયાત્રા યોજવા અંગે સુપ્રીમ કોર્ટની શરતી મંજૂરી

- ✓ અગાઉ સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો હતો
- ✓ **શરતો:** સુપ્રિમ કોર્ટની ૧૧ શરતોને આધિન મંજૂરી
- ✓ પુરીમાં સોમવાર રાત્રે ૯.૦૦ થી બુધવારે બપોરે ૨.૦૦ સુધી લોકડાઉન-કરફ્યુ
- ✓ રથ ખેંચનારા સામાજિક અંતર જાળવશે
- ✓ ગણતરીના લોકો જ રથયાત્રામાં જોડાશે
- ✓ રથયાત્રા પુરી સિવાય અન્ય બીજે ક્યાંય નહીં ફરે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભારત-ચીન સરહદી વિવાદ (વિદેશ નીતિ)

ભારત ચીન વચ્ચે ૩૪૮૮ કિ.મી. લાંબી લાઇન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ (LAC)

વર્તમાન સ્થિતિ (૨૨ જૂન-૨૦૨૦)

- ✓ ગાલવાન વેલીમાં ૧૫ મી જૂને ભારત અને ચીનના સૈનિકો વચ્ચે હિંસક ઘર્ષણ પછી ભારત અને ચીન દ્વારા ૩૪૮૮ કિ.મી. લાંબી લાઈન ઓફ એકચ્યૂઅલ કન્ટ્રોલ (LAC) ખાતે ફૂલ આર્મી ગોઠવવામાં આવી.
- ✓ બંને દેશનાં એરબેઝ પર જેટ ફાઈટર ગોઠવાઈ ગયાં છે અને નેવીને પણ હિન્દ મહાસાગર ખાતે સ્ટેન્ડબાય રાખવામાં આવતા ગમે ત્યારે ચિનગારી ભડકી ઊઠે તેવી સ્થિતિ સર્જાઈ છે.
- ✓ ચીને લદ્દાખમાં વધુ ઊંચાઈ પર ઊડી શકે તેવાં યુદ્ધવિમાનો જે-૧૧ અને જે-૧૬-એસને ગોઠવ્યાં છે.
- ✓ ચીનનાં શેયયાંગ જે-૧૧ રશિયાનાં સુખોઈ એસયુ-૨૭ નું ચાઈનીઝ વર્ઝન છે. જે દૂર સુધી પ્રહાર કરી શકે છે.
- ✓ ભારતે લેહ અને શ્રીનગર ખાતે ફ્રન્ટ એરબેઝ પર સુખોઈ-૩૦ MKI તેમજ

જગુઆર અને મિરાજ ૨૦૦૦ તથા અપાચેને તહેનાત કર્યા છે.

- ✓ ચીન સાથે સરહદે તંગદિલી ચાલી રહી છે ત્યારે ઉત્તરાખંડના પિથોરાગઢમાં આવેલો મહત્વનો બેલી બ્રિજ તૂટી પડ્યો છે.
- ✓ મુનસ્યારી-મિલમ રોડ પર આવેલા આ બ્રિજ પરથી હેવી સાધનો અને મશીનરી લઈ જવાતી હતી ત્યારે જ તે તૂટી પડતા બે ને ઈજા થઈ હતી.
- ✓ બેલી બ્રિજ ઉત્તરાખંડના પિથોરાગઢને ચીનની બોર્ડર સાથે જોડે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. મોબાઈલ પશુ દવાખાના લોકાર્પણ સમારોહ - ગાંધીનગર : ગુજરાત સરકાર (પશુપાલન)







ગુજરાત દેશભરમાં એવું પ્રથમ રાજ્ય છે જ્યાં પશુઓ માટે ઓન કોલ સેવા ૧૯૬૨ નંબર પર ફોન કરવાથી તત્કાલ મળી રહે છે.

વિગત :

- ✓ રાજ્યની સાડા ત્રણ કરોડ જેટલી પશુ સંપદા-સમૃદ્ધિને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પડાશે
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરમાં રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા ગ્રામીણ વિસ્તારના પશુપાલકોને ઘરે બેઠા પશુ સારવારના અભિનવ પ્રયોગ એવા ૧૦૮ મોબાઇલ પશુ દવાખાનાનુ લોકાર્પણ કર્યું
- ✓ ૧૦ ગામ દિઠ એક મોબાઇલ પ્રમાણે પ્રારંભિક તબક્કે ૧૦૮ મોબાઇલ પશુ દવાખાનાને પ્રસ્થાન કરાવ્યું
✓ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ અને ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ઈન્કમટેક્સ એક્ટ, ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ જેવા વિવિધ કાયદાઓના કરાયેલા ઉલ્લંઘનની તપાસ માટે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા એક આંતરમંત્રાલય સમિતિની રચના કરાઇ છે.

✓ આ સમિતિનું નેતૃત્વ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના સ્પેશિયલ ડિરેક્ટર કરશે.

ટ્રસ્ટ વિશે :



૧. રાજીવ ગાંધી ફાઉન્ડેશન

✓ **સ્થાપના:** ૨૧ જૂન ૧૯૯૧ના રોજ સોનિયા ગાંધી દ્વારા સ્થાપના,

✓ **કાર્ય:** આરોગ્ય, શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, મહિલા અને બાળ વિકાસ, દિવ્યાંગ સહાય, શારીરિક રીતે અશક્તની સહાય, પંચાયતી રાજ, કુદરતી સંસાધનોની જાળવણી જેવાં ક્ષેત્રો.

હોદ્દેદારો :

અધ્યક્ષ-સોનિયા ગાંધી,

✓ **ટ્રસ્ટી**-મનમોહનસિંહ, પી ચિદમ્બરમ, મોન્ટેકસિંહ આહલુવાલિયા, સુમન દુબે, ડો. શેખર રહા, સંજીવ ગોએન્કા, પ્રિયંકા ગાંધી

૨. રાજીવ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ :

- ✓ **સ્થાપના :** વર્ષ ૨૦૦૨
- ✓ **કાર્ય :** પછાત વર્ગ અને ગ્રામીણ ગરીબોનો વિકાસ, મહિલા વિકાસ અને સશકતીકરણ, ઇન્દિરા ગાંધી આઇ હોસ્પિટલ

૩. ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ :

- ✓ **સ્થાપના:** ઇન્દિરા ગાંધીની હત્યા બાદ ૧૯૮૫માં
- ✓ **કાર્ય:** ઇન્દિરા ગાંધીના જીવનના આદર્શોનો પ્રચાર, નહેરુ-ગાંધી વિચારો પર સંશોધન, સામાજિક કાર્યો,
- ✓ **પુરસ્કાર:** દર વર્ષે વિશ્વના સમાજસેવક અથવા સંગઠનને ઇન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સોલાર પાવર પોલીસી : ગુજરાત સરકાર (ઊર્જા)

ગુજરાતની સોલર પાવર પોલીસી-૨૦૧૫ની મુદ્દત તા.૨૧ ડિસેમ્બર-૨૦૨૦ સુધી લંબાવાઈ



- ✓ આ પોલીસીની મુદત માર્ચ-૨૦૨૦માં પૂર્ણ થઈ હતી
- ✓ ઉર્જામંત્રી - સૌરભભાઇ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન : બોલિવૂડના હાસ્ય અભિનેતા જગદીપનું ૮૧ વર્ષે મુંબઈમાં નિધન



- ✓ પ્રખ્યાત રોલ : સૂરમા ભોપાલી (શોલે)
- ✓ કારકિર્દી : ૪૦૦થી વધુ ફિલ્મો-સિરીયલોમાં કામ કર્યું
- ✓ પ્રારંભ : વર્ષ ૧૯૫૧થી
- ✓ જન્મ : અમૃતસર
- ✓ મૂળ નામ : સૈયદ ઈશિયાક અહમદ જાફરી
- ✓ ફિલ્મોમાં જગદીપ તરીકેની ઓળખ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. મત્સ્ય ઉત્પાદન : ભારત

- ✓ વાર્ષિક મત્સ્ય ઉત્પાદનમાં તમિલનાડુ પ્રથમ ક્રમે.
- ✓ જયારે ગુજરાત બીજા ક્રમે.
- ✓ વાર્ષિક મત્સ્ય ઉત્પાદનમાં ૨.૩ ટકાનો વધારો નોંધાયો.

✓ તમિલનાડુમાં ૭.૭૫ લાખ ટન માછલીનું ઉત્પાદન થયું હતું, જ્યારે ગુજરાતમાં ૭ ૪૯ લાખ ટનનું થયું છે,



✓ આ આંકડા સેન્ટ્રલ મરીન ફિશરીઝ રીસર્ચ ઇન્સ્ટીટયુટ દ્વારા બહાર પાડવામાં આવ્યા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દુર્લભ પ્રજાતિ : રેડકોરલ કુકરી સાપ (વન્યજીવ)



✓ ઉત્તરપ્રદેશમાં રેડકોરલ કુકરી નામનો દુર્લભ પ્રજાતિનો સાપ જોવા મળ્યો.

✓ છેલ્લે આ સર્પ આજથી ૮૨ વર્ષ પહેલાં એટલે કે સાલ ૧૯૩૬માં દૂધવાના બંગલામાં જોવા મળ્યો હતો.

✓ તેની લંબાઇ ૧ મીટર આસપાસ હોય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. પુસ્તક વિમોચન : 'ઓવરડ્રાફ્ટ સેવિંગ ધ ઇન્ડિયન સેવર'

પુસ્તકના લેખક - RBIના પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જર્મની : કોલસાનો ઉપયોગ બંધ કરવાની જાહેરાત (પર્યાવરણ)



The Economist

✓ હેતુ: ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણ ઘટાડવા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : ૪ જુલાઈ

આદિવાસીઓના જંગલ હક્ક માટે લડનાર : જોરિયા પરમેશ્વર

જન્મ – ૪ જુલાઈ-1838

અવસાન – 1868



✓ જેની પ્રવૃતિઓ અખિલ ભારત સ્તરના ઈતિહાસમાં બિરાજમાન થઇ શકે તેવી છે છતાં ગુજરાતના ઈતિહાસમાં જ અવગણાયેલા એક બાહુબલી આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનો આજે જન્મદિવસ.

✓ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના વડેક ગામે જન્મેલા જોરિયાનું આખું નામ જોરિયા કાલિયા નાયક હતું.

✓ ગાંધીજીના જન્મ (1869) પહેલા એક વર્ષે જોરિયાએ આદિવાસીઓના જંગલના હક્કો, બળજબરીથી કરાવાતી વેઠ અને ખાસ તો આદિવાસીઓના સામાજિક અને ધાર્મિક ઉત્થાન માટે અંગ્રેજ સરકાર અને સ્થાનિક રજવાડાંઓ સામે જોરદાર આંદોલન શરૂ કર્યું હતું.

✓ માત્ર બે જ મહિના ચાલેલા તેના ભગત આંદોલને હજારોની સંખ્યામાં અનુયાયીઓને પ્રભાવિત કર્યા હતા.

✓ પ્રસ્તુત સ્થિતિ બ્રિટિશરો અને સ્થાનિક દેશી રજવાડાંઓ સહી શકયા નહીં અને 16 ફેબ્રુઆરી 1868ના રોજ 1100 સૈનિકોનાં ધાડાએ જોરિયા અને નાયક આદિવાસીઓ પર હલ્લો બોલાવ્યો, જોરીયો અને તેના અનેક સાથીદારો બહાદૂરીપૂર્વક ઝઝૂમ્યા. પણ આખરે તેઓ પકડાઈ ગયા, 16 એપ્રિલ 1868ના રોજ તેમના પર રાજદ્રોહનો કેસ ચાલ્યો ચલાવી પાંચ ક્રાંતિકારી આદિવાસીઓને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યા.

✓ સ્થાનિક સત્ર પર તો તેના નામ અને કામને લગતા અનેક ગીતો અને દંતકથાઓ પ્રચલિત થયા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૭-૨૦૨૦)

1. કોરોના વાયરસ હવાથી ફેલાતા હોવાના પુરાવા તાજેતરમાં મળી રહ્યા છે એવું કોણે દ્વારા જાહેર કરાયું - **WHO**
2. કોરોના વાયરસ હવાથી ફેલાય છે તેવું સંશોધન તાજેતરમાં કેટલા દેશોના 239 વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવ્યું છે - 32

3. WHOનું મુખ્ય મથક ક્યાં આવેલું છે - **જિનિવા**
4. તાજેતરમાં "બ્લેક લાઈવ્સ મેટર" અભિયાનનો વિશ્વ વ્યાપી પ્રારંભ કયા દેશમાંથી થયો છે - **અમેરિકા**
5. તાજેતરમાં શરૂ થયેલ "બ્લેક લાઈવ્સ મેટર" અભિયાનમાં કઈ નીતિ સામે વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે - **અશ્વેત સામેની રંગભેદ નીતિ**
6. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા તાજેતરમાં કયા ત્રણ ટ્રસ્ટ સામે મની લોન્ડરિંગ આરોપસર તપાસ માટે સમિતિની રચના કરાઈ છે - **1. રાજીવ ગાંધી ફાઉન્ડેશન 2.રાજીવ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ 3. ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ**
7. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા તાજેતરમાં ત્રણ ટ્રસ્ટ સામે મની લોન્ડરિંગ આરોપસર તપાસ માટે કઈ સમિતિની રચના કરાઈ છે - **આંતર મંત્રાલય સમિતિ**
8. તાજેતરમાં ગુજરાત સરકારે સોલર પાવર પોલિસીની મુદત ક્યાં સુધી વધારી છે - **31 ડિસેમ્બર 2020**
9. ગુજરાત "સોલર પાવર પોલિસી" કયા વર્ષે બનાવવામાં આવી હતી - **વર્ષે 2015**
10. ગુજરાતના વર્તમાન ઊર્જા મંત્રીનું નામ જણાવો - **સૌરભભાઈ પટેલ**
11. રાજીવ ગાંધી ફાઉન્ડેશનનું સ્થાપના વર્ષ જણાવો - **21 જૂન 1991**
12. રાજીવ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટનું સ્થાપના વર્ષે જણાવો - **2002**
13. ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટનું સ્થાપના વર્ષે જણાવો - **1985**
14. દર વર્ષે વિશ્વભરના સમાજ સેવક અથવા સંગઠનોને "ઇન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર" કોના દ્વારા આપવામાં આવે છે - **ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ**
15. જૂલાઈ-૨૦૨૦માં બોલિવૂડના ક્યા હાસ્ય અભિનેતાનું ૮૧ વર્ષે મુંબઈમાં નિધન થયુ હતુ - **જગદીપ**
16. બોલીવૂડની જાણીતી ફિલ્મ શોલેમાં પ્રખ્યાત સૂરમા ભોપાલીનો રોલ કોણે ભજવ્યો હતો - **હાસ્ય અભિનેતા જગદીપ**
17. બોલિવૂડના હાસ્ય અભિનેતા જગદીપે તેમની કારકિર્દીનો પ્રારંભ કયા વર્ષથી કર્યો હતો - **વર્ષ ૧૯૫૧**
18. બોલિવૂડના હાસ્ય અભિનેતા જગદીપનું મૂળ નામ જણાવો - **સૈયદ ઈશિયાક અહમદ જાફરી**
19. જૂલાઈ-૨૦૨૦માં સેન્ટ્રલ મરીન ફિશરીઝ રીસર્ચ ઇન્સ્ટીટયુટના અહેવાલ અનુસાર માછલીના વાર્ષિક ઉત્પાદનમાં પ્રથમ ક્રમનું રાજ્ય જણાવો - **તમિલનાડુ**
20. જૂલાઈ-૨૦૨૦માં સેન્ટ્રલ મરીન ફિશરીઝ રીસર્ચ ઇન્સ્ટીટયુટના અહેવાલ અનુસાર માછલીના વાર્ષિક ઉત્પાદનમાં બીજા ક્રમનું રાજ્ય જણાવો – **ગુજરાત**
21. જૂલાઈ-૨૦૨૦માં ઉત્તરપ્રદેશમાં કઈ દુર્લભ પ્રજાતિનો સાપ જોવા મળ્યો હતો - **રેડકોરલ કુકરી**
22. તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં દુર્લભ પ્રજાતિનો રેડકોરલ કુકરી સાપ જોવા મળ્યો હતો આ પહેલા આ સાપ ક્યારે જોવા મળ્યો હતો – **વર્ષ ૧૯૩૬ (દૂધવાના બંગલામાં જોવા મળ્યો હતો)**
23. જૂલાઈ-૨૦૨૦માં વિમોચીત થયેલ 'ઓવરડ્રાફ્ટ સેવિંગ ધ ઇન્ડિયન સેવર' પુસ્તકના લેખકનું નામ જણાવો - **RBIના પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલ**
24. જૂલાઈ-૨૦૨૦માં કયા દેશે કોલસાનો ઉપયોગ બંધ કરવાની જાહેરાત કરી હતી - **જર્મની**
25. જૂલાઈ-૨૦૨૦માં જર્મની એ કયા હેતુસર કોલસાનો ઉપયોગ બંધ કરવાની જાહેરાત કરી હતી - **ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણ ઘટાડવા**
26. બાહુબલી આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનો જન્મ દિવસ જણાવો – **8 જુલાઈ, 1838**
27. આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનું પુરુ નામ જણાવો - **જોરિયા કાલિયા નાયક**
28. આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનો જન્મ ક્યા થયો હતો - **વડેક ગામ, તા. જાંબુઘોડા, જિ. પંચમહાલ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ઇન્ડિયા ગ્લોબલ વીક-૨૦૨૦નો પ્રારંભ (આર્થિક)

વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે ઈ-ઉદ્ઘાટન



ઇન્ડિયા ગ્લોબલ વીક-૨૦૨૦ વિશે :

- ✓ થીમ : "બી ધ રીવાઇવલ ઇન્ડિયા અ બેટર ન્યુ વર્લ્ડ"
- ✓ વર્લ્ડના કુલ દેશ : ૩૦
- ✓ પ્રતિનિધિ : ૫૦૦૦ +
- ✓ કુલ સત્ર : ૭૫
- ✓ આયોજક : ઇંગ્લેન્ડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ (પ્રવાસન)

કેન્દ્ર સરકાર દ્વારા દ્વારકા, ગોપનાથ અને વેરાવળની દિવાદાંડીને પર્યટન સ્થળ તરીકે વિકસાવાશે



વિગત : પ્રોજેક્ટ વિશે

- ✓ ગુજરાતમાં ત્રણ દીવાદાંડી સહિત દેશમાં ૧૯૪ જેટલા દીવાદાંડીના સ્થળોને મુખ્ય પર્યટક આકર્ષણ સ્થળ તરીકે કેન્દ્રીય શિપિંગ મંત્રાલય દ્વારા વિકસાવાશે.
- ✓ લગભગ ૧૦૦ વર્ષ કરતાં વધુ જૂનો ઈતિહાસ ધરાવતી દીવાદાંડીઓને ઓળખ

આપવાનો પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પ્રવાસન પ્રવૃત્તિ :

- ✓ જેના પરિણામે દીવાદાંડી અને તેની આસપાસના વિસ્તારોમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળશે અને દીવાદાંડીના સમૃદ્ધ ઇતિહાસની જાણકારી મેળવવાની લોકોને તક મળશે.
- ✓ મંત્રાલય - શિપિંગ મંત્રાલય
- ✓ કેન્દ્રીય શિપિંગ મંત્રી – શ્રી મનસુખ માંડવિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. MSME એકમો : નવી વ્યાખ્યાનો અમલ (ઉદ્યોગ)

તા. ૧ જુલાઈ ૨૦૨૦થી અમલી બનેલી નવી વ્યાખ્યાને પરિણામે દેશના ૯૯ ટકા વેપાર ગૃહો MSMEની શ્રેણીમાં સામેલ



નવી વ્યાખ્યા :

- ✓ કોઈ ઉપક્રમનું ઇન્વેસ્ટમેન્ટ રૂપિયા ૧ કરોડ સુધીનું હોય અને તેનું ટર્નઓવર રૂપિયા પાંચ કરોડથી વધુ ન હોય તો તે માઈક્રો ઉપક્રમની વ્યાખ્યામાં આવે છે.
- ✓ સ્મોલ ઉપક્રમ માટે આ રકમ રૂપિયા ૧૦ કરોડ તથા ૫૦ કરોડ
- ✓ મીડિયમ માટે રૂપિયા ૫૦ કરોડ તથા રૂપિયા ૨૫૦ કરોડ.
- ✓ MSME : માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ

MICRO, SMALL & MEDIUM ENTERPRISES
सूक्ष्म, लघु एवं मध्यम उद्यम

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ધ ઇન્ડિયાસ્પોરા બિઝનેસ લીડર્સ લિસ્ટ-૨૦૨૦ (બિઝનેસ)



વિગત :

- ✓ દુનિયાભરમાં ફેલાયેલા ભારતીય મૂળના એક્ઝિકયુટિવ - કોર્પોરેટર અધિકારીમાંથી ટોચના ૫૮ અધિકારીઓ એવા છે, જે ૧૧

દેશમાં કુલ મળીને ૩૬ લાખ લોકોને રોજગારી આપે છે. <u>તેમની પાસે ૧ લાખ કરોડ ડૉલરના મૂલ્યની કંપનીઓનો વહિવટ છે.</u>

- ✓ જે અગિયાર દેશોમાં બિઝનેસ ફેલાયેલો છે, તેમાં અમેરિકા ઉપરાંત કેનેડા, ઇંગ્લેન્ડ, સિંગાપોર વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ ભારતીય મૂળના આ કોર્પોરેટ ઑફિસરો પાસે કુલ ૧ લાખ કરોડ ડૉલરની રેવન્યુ, ૪ લાખ કરોડ ડૉલરની માર્કેટ કેપ



<u>ટોચના ઉદ્યોગપતિ અને કંપની :</u>

- ✓ સુંદર પીચાઇ : આલ્ફાબેટ - ગૂગલ
- ✓ સત્યા નાદેલા : માઇક્રોસોફ્ટ
- ✓ અરવિંદ ક્રિષ્ના : આઇબીએમ
- ✓ લક્ષ્મી મિત્તલ : આર્સેલરમિત્તલ
- ✓ રાજ સુબ્રમણ્યમ : ફેડએક્સ
- ✓ વિવેક શંકરન : આલ્બર્ટસન્સ
- ✓ વસંત નરસિંહમન : નોવાર્ટિસ
- ✓ પુનિત રંજન : ડિલોઇટ ગ્લોબલ
- ✓ ભરત મસરાની : ટીડી બેન્ક
- ✓ માઇક મોહન : બેસ્ટ બાય
- ✓ આ માહિતી અમેરિકા સ્થિત પરદેશી ભારતીઓના મોટા સંગઠન ધ ઇન્ડિયા સ્પોરા બિઝનેસ લિડર્સ દ્વારા તેમના ૨૦૨૦ના લિસ્ટમાં આપવામાં આવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. મની લોન્ડરિંગ એટલે શું

<u>સરળ શબ્દોમાં કહીએ તો મની લોન્ડરિંગ એટલે કે કાળા નાણાંને કાયદેસરના બનાવવાની પ્રક્રિયા</u>



- ✓ મની લોન્ડરિંગ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા ગેર કાયદેસર આવકને કાયદેસર બનાવી દેખાડવામાં આવે છે.
- ✓ દર વર્ષે સમગ્ર વિશ્વમાં અબજો રૂપિયાના કાળા નાણાને કાયદેસરના બનાવવામાં આવે છે.
- ✓ વિશ્વની સરકારો મની લોન્ડરિંગ કરતા લોકોને શોધીને તેમને સજા કરવા માટે

અલગ-અલગ તપાસ એજન્સીઓની રચના કરી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૭-૨૦૨૦)

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા "ઇન્ડિયા ગ્લોબલ વીક-2020"નું ઈ-ઉદ્ઘાટન ક્યારે કરવામાં આવ્યું હતું - **09 જુલાઈ 2020**
2. "ઇન્ડિયા ગ્લોબલ વીક-2020"ની થીમ જણાવો - **"બી ધ રિવાઇવલ ઇન્ડિયા અ બેટર ન્યુ વર્લ્ડ"**
3. "ઇન્ડિયા ગ્લોબલ વીક-2020"માં કુલ કેટલા દેશોએ ભાગ લીધો - **30**
4. "ઇન્ડિયા ગ્લોબલ વીક-2020"નો આયોજક દેશ જણાવો - **ઇંગ્લેન્ડ**
5. કેન્દ્ર સરકારના દ્વારા પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ હેઠળ ભારતની કુલ કેટલી દીવાદાંડીનો વિકાસ કરાશે - **194**
6. દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ હેઠળ ગુજરાતમાં કઈ કઈ દીવાદાંડીનો વિકાસ કરાશે - **દ્વારકા, ગોપનાથ અને વેરાવળ**
7. દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ હેઠળ અંદાજે કેટલા વર્ષ જૂની દીવાદાંડીને નવી ઓળખ આપવાનો પ્રયાસ કરાશે - **100**
8. દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો છે - **શિપિંગ મંત્રાલય**
9. ભારત સરકારના વર્તમાન શિપિંગ મંત્રીનું નામ જણાવો - **મનસુખભાઈ માંડવીયા**
10. MSME એકમોની નવી વ્યાખ્યા કયારથી અમલી બની છે - **તા. ૧ જુલાઈ ૨૦૨૦**
11. તા. ૧ જુલાઈ ૨૦૨૦થી MSME એકમોની અમલી બનેલી નવી વ્યાખ્યાને પરિણામે દેશના કેટલા ટકા વેપાર ગૃહો MSMEની શ્રેણીમાં સામેલ થયા - **૯૯**
12. કોઈ ઉપક્રમનું ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૧ કરોડ સુધીનું હોય અને તેનું ટર્નઓવર રૂપિયા પાંચ કરોડથી વધુ ન હોય તો તે કઈ ઉપક્રમની વ્યાખ્યામાં આવે છે - **માઈક્રો**
13. કોઈ ઉપક્રમનું ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૧૦ કરોડ સુધીનું હોઈ અને તેનુ ટર્નઓવર ૫૦ કરોડથી વધુ ન હોય તો તે કઈ ઉપક્રમની વ્યાખ્યામાં આવે છે - **માઈક્રો સ્મોલ ઉપક્રમ**
14. કોઈ ઉપક્રમનું ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૫૦ કરોડ સુધીનું હોઈ અને તેનું ટર્નઓવર રૂપિયા ૨૫૦ કરોડથી વધુ ન હોય તો તે કઈ ઉપક્રમની વ્યાખ્યામાં આવે છે - **મીડિયમ**
15. MSMEનું વિસ્તૃત નામ જણાવો - **માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ**
16. ધ ઇન્ડિયા સ્પોરા બિઝનેસ લીડર્સ લિસ્ટ ૨૦૨૦-અનુસાર દુનિયાભરના ટોચના ૧૧ દેશમાં ફેલાયેલા ભારતીય મૂળના ૫૮ એક્ઝિકયુટિવ-કોર્પોરેટર અધિકારીઓ મળીને કેટલા લોકોને રોજગારી આપે છે - **૩૬ લાખ**
17. અમેરિકા સ્થિત પરદેશી ભારતીઓના મોટા સંગઠનનું નામ જણાવો - **ધ ઈન્ડિયા સ્પોરા બિઝનેસ લિડર્સ**
18. દુનિયાભરમાં ફેલાયેલા ભારતીય મૂળના ટોચના ૫૮ એક્ઝિકયુટિવ કોર્પોરેટર-ઑફિસરો પાસે કુલ કેટલી રેવન્યુ તથા કેટલી માર્કેકેપ છે – **અનુક્રમે ૧ લાખ કરોડ ડૉલર તથા ૪ લાખ કરોડ ડૉલર**
19. વિશ્વ પ્રસિદ્ધ આલ્ફાબેટ-ગૂગલ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **સુંદર પીચાઇ**
20. વિશ્વની જાણીતી માઇક્રોસોફ્ટ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **સત્યા નાદેલા**
21. વિશ્વની જાણીતી આઈબીએમ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **અરવિંદ ક્રિષ્ના**
22. આર્સેલરમિત્તલ કંપનીના વર્તમાન CEO-ચેરમેનનું નામ જણાવો - **લક્ષ્મી મિત્તલ**
23. ફેડએક્સ કંપનીના વર્તમાન પ્રેસિડેન્ટ-CEOનું નામ જણાવો - **રાજ સુબ્રમણ્યમ**
24. આલ્બર્ટસન્સ કંપનીના વર્તમાન પ્રેસિડેન્ટ-CEOનું નામ જણાવો - **વિવેક શંકરન**
25. નોવાર્ટિસ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **વસંત નરસિંહમન**

26. ડિલોઈટ ગ્લોબલ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **પુનિત રંજન**
27. ટીડી બેન્ક કંપનીના વર્તમાન ગ્રુપ પ્રેસિડેન્ટ-CEOનું નામ જણાવો - **ભરત મસરાની**
28. બેસ્ટ બાય કંપનીના વર્તમાન પ્રેસિડેન્ટ-CEOનું નામ જણાવો - **માઈક મોહન**
29. કાળા નાણાંને કાયદેસરના બનાવવાની પ્રક્રિયાને કયા નામે ઓળખવામાં આવે છે - **મની લોન્ડરિંગ**
30. કઈ પ્રક્રિયા દ્વારા ગેર કાયદેસર આવકને કાયદેસર બનાવી દેખાડવામાં આવે છે - **મની લોન્ડરિંગ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. રીવા સોલર પાવર પ્લાન્ટ : મધ્યપ્રદેશ (ઊર્જા)

વડાપ્રધાનના હસ્તે વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી મધ્યપ્રદેશના રીવા ખાતે એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનું ઉદઘાટન



સૌર ઊર્જા ક્ષેત્રે ભારત વિશ્વના ટોચના દેશોમાં પાંચમો ક્રમ

- ✓ ક્ષમતા :૭૫૦ મેગાવૉટ (૨૫૦X૩ = ૭૫૦)
- ✓ વિસ્તાર : ૧૫૦૦ હેક્ટર
- ✓ જિલ્લો : રીવા



વડાપ્રધાનના પ્રવચનના મહત્વના અંશો :

- ✓ મોદીએ કહ્યું કે ભારતને આત્મનિર્ભર બનાવવામાં સોલર એનર્જી મહત્વની ભૂમિકા નિભાવશે. તે ઊર્જાનું શુદ્ધ સ્વરૂપ છે. તે શ્યોર, પ્યોર અને સિક્યોર છે.
- ✓ તે શ્યોર છે કારણ કે સૂર્ય આખા વિશ્વમાં નિરંતર પ્રકાશ આપતો રહેવાનો છે. તે પ્યોર છે કારણ કે પર્યાવરણને પ્રદૂષિત કરવાને બદલે તે તેને શુદ્ધ કરે છે અને સિક્યોર છે કારણ કે તે આત્મનિર્ભર ભારતની દિશામાં દેશને લઈ જવાનું પ્રમાણ છે.
- ✓ આપણે ભારતને આત્મનિર્ભર બનાવવું હશે તો વીજળીનાં ક્ષેત્રમાં આત્મનિર્ભર થવું પડશે.

- ✓ આપણે જ્યારે આત્મનિર્ભરતા અને પ્રગતિની વાત કરીએ ત્યારે ઇકોનોમી તેમાં મહત્વની છે.
- ✓ સરકાર પર્યાવરણની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્કીમો શરૂ કરે છે. લોકોની જીવનશૈલી સરળ બને તે મહત્વનું છે.
- ✓ આપણે જ્યારે પુનઃ પ્રાપ્ય ઊર્જાની વાત કરીએ ત્યારે ક્લીન એનર્જીને ખાસ ધ્યાનમાં રાખીએ છીએ.
- ✓ દેશના દરેક નાગરિકને તેના લાભ પહોંચે તે જોઇએ છીએ.

સોલર એનર્જી ૨૧મી સદીમાં ઊર્જાની જરૂરિયાતો પૂરી પાડતું મહત્વનું માધ્યમ

- ✓ દિલ્હી મેટ્રોની જરૂરિયાત ઉપરાંત રીવા સોલર પાવર પાર્ક ઉદ્યોગોને પણ વીજળી પૂરી પાડશે.
- ✓ રીવાની જેમ શાજાપુર, નીમચ અને છત્તરપુર ખાતે પણ સોલર પાવર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.
- ✓ છેલ્લા છ વર્ષમાં સરકાર દ્વારા ૩૬ કરોડ LED બલ્બનું વિતરણ.
- ✓ ૧ કરોડથી વધુ LED બલ્બ સ્ટ્રીટ લાઇટોમાં નાંખવામાં આવ્યા છે.
- ✓ મધ્યપ્રદેશ રાજધાની : ભોપાલ
- ✓ મુખ્યમંત્રી : શિવરાજસિંહ ચૌહાણ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભારતીય વાયુદળ (સંરક્ષણ)

USAની વિમાન કંપની બોઇંગ દ્વારા IAFને કરાર મુજબ અત્યારસુધીમાં અત્યાધુનિક ૨૨ અપાચે : AH64-E અને ૧૫ માલવાહક ચીનૂક હેલિકોપ્ટર અપાયા



ફાઇટર હેલિકોપ્ટર અપાચે વિશે :

- ✓ અપાચે એક ફાઇટર હેલિકોપ્ટર છે જે ૩૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઊડવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ ગત વર્ષે આ હેલિકોપ્ટરને વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું છે.
- ✓ વિશ્વમાં પોતાની મારક ક્ષમતા માટે જાણીતા અપાચે હેલિકોપ્ટરમાં આધુનિક ટાર્ગેટ એક્વિઝિશન ડેસિગ્નેશન સિસ્ટમ છે જે હવામાનની જાણકારી પણ આપે છે.
- ✓ જેમાં અંધારામાં જોવાની ક્ષમતા પણ છે જે સૈન્ય માટે ખૂબ મદદરૂપ સાબિત થશે.
- ✓ સમુદ્ર પર ઉડાન ભરવાની ક્ષમતા પણ આ અપાચે હેલિકોપ્ટર ધરાવે છે.
- ✓ ચિનૂક પાણીમાં પણ તરી શકે છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. Top-100 મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ (બિઝનેસ)

વિગત :

- ✓ વિશ્વની સૌથી મૂલ્યવાન 100 બ્રાન્ડ્સ અંગેનો 'બ્રાન્ડ્ઝ ટોપ ૧૦૦ મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ્સ૨૨' રિપોર્ટ ૨જૂ.



- ✓ રિપોર્ટ મુજબ વિશ્વની સૌથી વધુ મૂલ્યવાન પ્રથમ ૧૦૦ બ્રાન્ડસની કુલ વેલ્યુ ૫ ટ્રિલિયન ડોલર એટલે કે જાપાનના અર્થતંત્ર જેટલી (અને ભારતના અર્થતંત્ર કરતાં ડબલ) થાય છે.
- ✓ એક વર્ષમાં આ ૧૦૦ બ્રાન્ડ્સની વેલ્યુમાં ૫.૯ ટકાનો વધારો નોંધાયો હતો. ૨૦૦૬થી આજ સુધીમાં ટોપ-૧૦૦ બ્રાન્ડની વેલ્યુમાં ૨૪૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.

ટોપ-૧૦૦માંથી ટોપ-૧૦ બ્રાન્ડ્સ

ક્રમ	બ્રાન્ડ	વેલ્યુ (અબજ ડૉલર)	વેલ્યુમાં વધ-ઘટ
૧	એમેઝોન (અમેરિકા)	૪૧૫.૯	+૩૨
૨	એપલ (અમેરિકા)	૩૫૨.૨	+૧૪
૩	માઈક્રોસોફ્ટ (અમેરિકા)	૩૨૬.૫	+૩૦
૪	ગૂગલ (ટેકનોલોજી)	૩૨૩.૬	+૫
૫	વિઝા (અમેરિકા)	૧૮૬.૮	+૫
૬	અલિબાબા (ચીન)	૧૫૨.૫	+૧૬
૭	ટેન્સિન્ટ (ચીન)	૧૫૦.૯	+૧૫
૮	ફેસબુક (અમેરિકા)	૧૪૭.૨	-૭
૯	મેકડોનાલ્ડ (અમેરિકા)	૧૨૯.૩	-૧
૧૦	માસ્ટરકાર્ડ (અમેરિકા)	૧૦૮.૧	+૧૮

- ✓ અહેવાલ : એપ્રિલ ૨૦૨૦ની સ્થિતિ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં 10 જૂલાઈએ એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનું ઉદ્ઘાટન વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કોના દ્વારા કરાયું - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
2. તાજેતરમાં 10 જૂલાઈએ એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનું ઉદ્ઘાટન ક્યાં કરવામાં આવ્યું - **રીવા, મધ્યપ્રદેશ**
3. તાજેતરમાં 10 જૂલાઈએ એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરાયું તેની ઉત્પાદન ક્ષમતા કેટલા મેગાવોટ છે - **750 MW**
4. તાજેતરમાં રીવા ખાતે શરૂ કરાયેલ એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનો કુલ વિસ્તાર જણાવો - **1500 હેકટર**
5. સૌર ઊર્જા ઉત્પાદનમાં ભારત વિશ્વના કેટલા ટોચના દેશોમાં છે - **05**
6. મધ્યપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શિવરાજસિંહ ચૌહાણ**

7. તાજેતરમાં અમેરિકાની બોઇંગ કંપનીએ ભારતીય વાયુદળને કયા બે પ્રકારના હેલિકોપ્ટર આપવાની પ્રક્રિયા પૂર્ણ કરી - **અપાચે અને ચિનૂક**
8. અમેરિકાની બોઇંગ કંપની દ્વારા ભારતીય વાયુદળને અત્યાર સુધીમાં કુલ કેટલા અપાચે અને ચિનૂક હેલિકોપ્ટર આપવામાં આવ્યા છે - **અપાચે-22 અને ચિનૂક-15**
9. અપાચે હેલિકોપ્ટરનું મૂળ નામ જણાવો - **AH64-E**
10. અપાચે હેલિકોપ્ટરની વિશેષતા જણાવો - **ફાઇટર હેલિકોપ્ટર**
11. ફાઇટર હેલિકોપ્ટર અપાચે પ્રતિ કલાકે કેટલી ઝડપે ઉડવાની ક્ષમતા ધરાવે છે - **350 કિલોમીટર**
12. ભારતીય વાયુદળમાં સમુદ્ર ઉપર ઉડાન ભરવાની ક્ષમતા કઈ હેલિકોપ્ટર ધરાવે છે - **અપાચે**
13. ચિનૂક હેલિકોપ્ટરની વિશેષતા જણાવો - **માલવાહક અને પાણીમાં પણ તરી શકે**
14. તાજેતરના અહેવાલ પ્રમાણે એપ્રિલ 2020ની સ્થિતિએ "વિશ્વની ટોપ-100 મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ"માં પ્રથમ ક્રમે કઈ કંપની છે – **એમેઝોન**
15. તાજેતરના અહેવાલ પ્રમાણે એપ્રિલ 2020ની સ્થિતિએ "વિશ્વની ટોપ-100 મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ"માં પ્રથમ 10 કંપનીઓ અને દેશનું નામ જણાવો – **૧. એમેઝોન(અમેરિકા) ૨. એપલ(અમેરિકા) ૩. માઈક્રોસોફ્ટ(અમેરિકા) ૪. ગુગલ ૫. વિઝા(અમેરિકા) ૬. અલીબાબા(ચીન) ૭. ટેન્સિન્ટ(ચીન) ૮. ફેસબૂક (અમેરિકા) ૯. મેકડોનાલ્ડ(અમેરિકા) ૧૦. માસ્ટર કાર્ડ (અમેરિકા)**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. સિદ્ધિ : ભારતમાં વાઘની વસ્તી ગણતરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન (વન્યજીવ)

રેકોર્ડની વિગત :

સિદ્ધિ : ભારતમાં વિશ્વનો સૌથી મોટા કૅમેરા ટ્રેપ વન્યજીવ સરવે કરાયો :

- ✓ ભારતમાં વાઘની વસ્તી ગણતરી ૨૦૧૮નો ચોથો તબક્કો દુનિયાના સૌથી મોટા કેમેરા ટ્રેપ વન્ય જીવ સર્વેક્ષણ હોવાનો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

લક્ષ્યાંક:

- ✓ ભારતે પોતાના લક્ષ્યને ચાર વર્ષ પહેલા જ વાઘની સંખ્યા બમણી કરીને પૂર્ણ કર્યું.

૧૨૧ સાઇટ પર ૩,૪૮,૫૮,૬૨૩ તસવીરો ખેંચાઇ :

- ✓ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ મુજબ ૨૦૧૮-૧૯માં કરાયેલા સર્વેક્ષણની ચોથી ગણતરી સંસાધન અને ડેટા બંનેના હિસાબે અત્યાર સુધીની સૌથી મોટી ગણતરી રહી.
- ✓ ૧૪૧ વિભિન્ન સાઇટોમાં ૨૬,૮૩૮ સ્થળે રખાયા હતા અને ૧,૨૧,૩૩૭ વર્ગ કિલોમીટર વિસ્તારમાં સર્વેક્ષણ કર્યું હતું.
- ✓ કેમેરા ટ્રેપે વન્યજીવોની ૩,૪૮,૫૮,૬૨૩ તસવીરો ખેંચી હતી. આ તસવીરોના માધ્યમથી વાઘોની ઓળખ થઇ હતી.

ભારત: કુલ-૨૯૬૭ વાઘનું ઘર :

- ✓ **નવીનતમ વસ્તી ગણતરી મુજબ દેશમાં વાઘોની અંદાજિત સંખ્યા ૨૯૬૭ છે, ભારતમાં વિશ્વના કુલ ૭૫ ટકા વાઘ છે.**
- ✓ ભારતે ૨૦૧૦માં સેન્ટ પીટસબર્ગમાં ૨૦૨૨ સુધીમાં વાઘની સંખ્યા બમણી કરવાનો સંકલ્પ લીધો હતો.

ભારતમાં વાઘની વસ્તી વિશે અહેવાલ :



- ✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.સાંસદ આદર્શ ગ્રામ યોજના (વહીવટ)

ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે પાંચ ગામ આ યોજના હેઠળ દત્તક લીધા



ગામ અને તેનું ઐતિહાસિક મહત્વ :

(૧) સાણંદ તાલુકો : ૧. માણકોલ ૨. મોડાસર

(૨)કલોલ તાલુકો:૧.બિલેશ્વરપુરા ૨.રામનગર

(૩) ગાંધીનગર તાલુકો : રૂપાલ

માણકોલ :

- ✓ નળસરોવર રોડ ઉપર આવેલું માણકોલ ગામ એ અવકાશ વૈજ્ઞાનિક ડો.વિક્રમ સારાભાઈનું વતનનું ગામ છે.
- ✓ સાણંદ અને નળ સરોવરને જોડતા ૬૦૦ વર્ષ જૂના આ ગામમાં શ્રી બુટ ભવાનીનું મંદિર અને ત્યાં યોજાતી નવરાત્રિનું પણ આગવુ મહત્વ છે.

રૂપાલ :

- ✓ પાંડવકાળના રૂપાલ ગામનો પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ દર વર્ષે નવરાત્રિમાં નોમની રાત્રિએ નીકળતી શ્રી વરદાયની માતાજીની પલ્લીની યાત્રાથી રૂપાલ વિશ્વપ્રસિદ્ધ છે.

મોડાસર :

- ✓ મોડાસર ગામ પૌરાણિક વારસો ધરાવે છે. આ પાંડવકાલીન ગામમાં અત્રિ ઋષિ દ્વારા બાણ મારીને બાણગંગા તળાવ અસ્તિત્વમાં આવ્યાની તથા તપોબળ દ્વારા અત્રેશ્વર મહાદેવની સ્થાપના કર્યાની વાયકા પ્રચલિત છે.

બિલેશ્વર ગામ :

- ✓ બિલેશ્વર ગામ કલોલથી આઠ કીલોમીટરના અંતરે આવેલુ છે. આ ગામનું નામ ગામમા સ્થિત સ્વંભૂ શિવલીંગ બિલેશ્વર મહાદેવ પરથી આવેલુ છે.
- ✓ બિલેશ્વેરપૂરા ગામમા જોવાલાયક રામજી મંદીર અને મહાકાળી માતાજીના મંદીરો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સિંગાપોર : સામાન્ય ચૂંટણીઓ સંપન્ન (વૈશ્વિક રાજકારણ)

વર્તમાન વડાપ્રધાન લી સીએન લુંગની PAP પુનઃ સત્તામાં

- ✓ PAP : પીપલ્સ એકશન પાર્ટી
- ✓ કુલ-૯૩માંથી ૮૩ બેઠક પર PAPનો વિજય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. IRDA : ભારતની 29 વીમા કંપનીઓને કોરોના કવચ પોલીસી લોન્ચ કરવા IRDAની મંજૂરી (આરોગ્ય)



નવી જોગવાઈ :

- ✓ ઉમર - ૧૮ થી ૬૫ વર્ષની વ્યક્તિ માટે
- ✓ વીમા ક્ષેત્રની નિયમનકાર ઈરડા એ 29 જનરલ અને હેલ્થ વીમા કંપનીઓને ટૂંકી મુદતની 'કોરોના કવચ' હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી બજારમાં રજૂ કરવા માટે મંજૂરી આપી.
- ✓ આ પૉલિસી હેઠળ કોરોનાની બીમારીના મેડીકલ ખર્ચને આવરી લેવાશે.
- ✓ કેટલીક વીમા કંપનીઓએ રૂ. 50,000થી રૂ. 5 લાખની રકમની સાડા ત્રણ મહિના, સાડા છ મહિના અને સાડા નવ મહિનાની 'કોરોના કવચ' પોલિસીઓ લોન્ચ કરી છે.
- ✓ IRDA: ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : ૧૧ જુલાઈ

વિશ્વ વસ્તી દિવસ



- ✓ **થીમ ૨૦૨૦ : Putting the brakes on COVID-19: how to safeguard the health and rights of women and girls now**



- ✓ વિશ્વની અંદાજે વસ્તી:૭૭૬ કરોડ ૭૦ લાખ
- ✓ ભારતની વસ્તી : ૧૩૮ કરોડ ૩ લાખ
- ✓ વિશ્વની વસ્તીમાં ભારતનો હિસ્સો ૧૭.૭ ટકા

The United Nations Population Fund (**UNFPA**), formerly the United Nations Fund for Population Activities, is a UN organization. The **UNFPA**

ભારતમાં વસ્તી અંગે વર્તમાન સ્થિતિ :

- ✓ 15 વર્ષથી વધુ વય જૂથમાં મહિલાઓની વસ્તીની ટકાવારી પુરુષથી વધુની થઈ ગઈ છે.
- ✓ 15 થી વધુ વયમાં મહિલાઓની ટકાવારી પુરુષોથી 0.6 ટકા વધુ જોવા મળી.
- ✓ બુનિયાદી માપદંડના હિસાબે મહિલાઓ સંબંધિત તમામ સામાજિક પરિસ્થિતિમાં પણ સુધારાનો સંકેત છે.
- ✓ ભારતના વસ્તી ગણતરી કાર્યાલયના સેમ્પલ રજિસ્ટ્રેશન સરવેનો રિપોર્ટ જાહેર થયો છે, જે 2018 સુધીની સ્થિતિ દર્શાવે છે. દરેક દાયકા પછી વસ્તી ગણતરી થાય છે. પરંતુ આ દરમિયાન થયેલા પરિવર્તન પર નજર રાખવા માટે આ સરવે કરાયો.
- ✓ તેમાં સૌથી પરિવર્તન મહિલાઓ અને પુરુષોની વસ્તીની પેટર્નમાં જોવા મળ્યું.
- ✓ શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારમાં વસ્તીની આ પેટર્ન લગભગ એક જેવી છે.
- ✓ 0 થી 4, 5 થી 9 અને 10 થી 14 વર્ષની વયમાં છોકરીઓની વસ્તી 0.4 ટકા ઓછી.
- ✓ ગામડામાં પણ આ ત્રણેય વર્ગમાં આ ફરક માત્ર 0.4 ટકા.

મહિલાની લગ્નની વય 19.3 થી વધી 22.3 વર્ષ

- ✓ 1991થી 2018 વચ્ચે વિધવા, છૂટાછેડાવાળી અને ત્યક્તા મહિલાઓની વસ્તીમાં 2.6 ટકાનો ઘટાડો નોંધાયો છે. 1991માં આ સંખ્યા 8.1 ટકા હતી. જે 2018માં 5.5 ટકા થઈ ગઈ.
- ✓ લગ્નની વયમાં પણ મહિલાઓની સ્થિતિમાં મોટાભાગે સુધારો જોવા મળ્યો છે. આ માપદંડમાં ભારતમાં મહિલાઓએ પ્રગતિ કરે છે.
- ✓ 1990માં મહિલાઓની લગ્નની સરેરાશ ઉંમર 19.3 વર્ષ હતી જે 2018માં વધીને 22.3 વર્ષની થઈ ગઈ.
- ✓ દેશમાં લગ્ન કરેલી મહિલાઓની સંખ્યા 1990માં 45.7 ટકા હતી જે 2018માં 49.5 ટકા થઈ ગઈ.

ગુજરાતની સ્થિતિ :

- ✓ વર્ષ 2021માં ગુજરાતની સંભવિત વસ્તી 6,97,88,000 (6.97 કરોડ) થશે.
- ✓ નેશનલ કમિશન ઓફ પોપ્યુલેશન દ્વારા નવેમ્બર, 2019માં જાહેર કરાયેલા પોપ્યુલેશન પ્રોજેક્શન રિપોર્ટમાં આ અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો.
- ✓ જેમાં 3.66 કરોડ પુરુષ જ્યારે 3.31 કરોડ મહિલાઓ હશે.
- ✓ 2011ની વસતી ગણતરી પ્રમાણે રાજ્યમાં 3.14 કરોડ પુરુષ અને 2.890 કરોડ મહિલાઓ હતી.

- ✓ 2011માં 6.04 કરોડ હતી જે 2021માં વધીને 6.97 કરોડ પહોંચી જવાનો અંદાજ.
- ✓ એટલે કે છેલ્લા 10 વર્ષમાં વસતીમાં 94 લાખનો વધારો થયો હોવાનો અંદાજ છે. જે 13.5 ટકાનો વધારો સૂચવે છે.
- ✓ ગુજરાતમાં 2021માં 3.25 કરોડ લોકો એટલે કે અડધી વસ્તી 20થી 50 વર્ષની વયની હશે.
- ✓ 2026માં ગુજરાતની વસ્તી 7.40 કરોડ સુધી પહોંચી જશે.
- ✓ 2011ની વસતી ગણતરી પ્રમાણે, વસતી ગીચતાનું પ્રમાણ પ્રતિ ચોરસ કિમીએ 308 હતું જે વધીને 2021માં 356 થયાનો અંદાજ છે.
- ✓ 2021થી 25માં પોપ્યુલેશન ગ્રોથ 12 ટકા રહેવાનો અંદાજ છે.

દરેક જન્મથી ધરતી પર કેટલી અસર?

- ✓ દરેક અમેરિકન બાળક પોતાના સમગ્ર જીવનમાં વાતાવરણમાં 10 હજાર મેટ્રિક ટન CO2 વધારે છે.
- ✓ કોઈ ચાઈનીઝ બાળકની સરખામણીમાં આ 5 ગણું વધુ છે.
- ✓ ભારતમાં માથાદીઠ કાર્બન ઉત્સર્જન 1.73 મેટ્રિક ટન છે.

સૌથી ઓછો પ્રજનન દર ક્યાં છે?

- ✓ દુનિયામાં સૌથી ઓછો પ્રજનન દર તાઈવાનમાં છે. 2.38 કરોડની વસ્તીવાળા આ દેશમાં દરેક મહિલા 1.21 બાળકને જન્મ આપે છે.
- ✓ મોલ્દોવામાં દરેક મહિલા 1.23 બાળકો અને પોર્ટુગલમાં 1.24 બાળકોને જન્મ આપી રહી છે.
- ✓ ભારતમાં પ્રજનન દર 2.0 છે.



લોકોનું સરેરાશ આયુષ્ય સૌથી ઓછું ક્યાં?

- ✓ આફ્રિકાના દેશ નાઈજરમાં લોકોની સરેરાશ આયુષ્ય માત્ર 15.2 વર્ષ છે.
- ✓ આ દુનિયાનો સૌથી વધુ યુવાન વસ્તીવાળો દેશ છે.
- ✓ ભારતમાં 15-59 વર્ષની વસ્તી દુનિયામાં સૌથી વધુ છે. વસ્તીનો 60% ભાગ તેમાં આવે છે.

વિશ્વની વસ્તી વધારા અંગે સરખામણી

- ✓ 18મી સદીમાં 100 કરોડ વસ્તી
- ✓ 20મી સદીમાં 200 કરોડ વસ્તી
- ✓ 1960માં 300 કરોડ વસ્તી
- ✓ 1974માં 400 કરોડ વસ્તી
- ✓ 1987માં 500 કરોડ વસ્તી
- ✓ 1999માં 600 કરોડ વસ્તી
- ✓ 2011માં 700 કરોડ વસ્તી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં ભારત કયા વન્ય પ્રાણીની વસ્તી ગણતરીને "ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ"માં સ્થાન અપાયું - **વાઘ**
2. ભારતમાં કયા વર્ષની વાઘની વસતી ગણતરીના ચોથા તબક્કાને "વિશ્વના સૌથી મોટા કૅમેરા ટ્રેપ વન્યજીવ સર્વેક્ષણ"ને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન અપાયું છે - **વર્ષ 2018**
3. ભારત વાઘની વસ્તી બમણી કરવાના લક્ષ્યાંકને કેટલા વર્ષ પહેલાં જ પૂર્ણ કરી દીધો હતો - **4 વર્ષ**
4. ભારતમાં હાલમાં વાઘની સંખ્યા કેટલી છે - **2967**
5. વિશ્વના કુલ વસ્તીના કેટલા ટકા વાઘ ભારત પાસે છે - **75%**
6. વર્ષ 2010માં વિશ્વના કયા શહેરમાં ભારતે વર્ષ 2022 સુધીમાં વાઘની સંખ્યા બમણી કરવાનો સંકલ્પ લીધો હતો - **સેન્ટ પિટ્સબર્ગ**
7. ભારતમાં વર્ષ 2018 વાઘની વસ્તી ગણતરી મુજબ કયા રાજ્યમાં સૌથી વધુ વાઘ છે અને અંદાજે કેટલા - **મધ્ય પ્રદેશ, 526**
8. ભારતના મુખ્યત્વે કયા કયા રાજ્યોમાં વાઘની વસતી જોવા મળે છે - **મધ્ય પ્રદેશ, કર્ણાટક, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, આસામ, કેરળ અને ઉત્તર પ્રદેશ**
9. ભારત સરકારના કેન્દ્રીય પર્યાવરણ મંત્રીનું નામ જણાવો - **પ્રકાશ જાવડેકર**
10. "સાંસદ આદર્શ ગ્રામ યોજના" અંતર્ગત ભારતના ગૃહ મંત્રી દ્વારા કયા લોકસભા મતવિસ્તારમાં પાંચ ગામ દત્તક લેવામાં આવ્યા - **ગાંધીનગર**
11. સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત તાજેતરમાં ભારતના ગૃહ મંત્રી દ્વારા પોતાના મતવિસ્તારમાં કયા પાંચ ગામ દત્તક લેવામાં આવ્યા- **માણકોલ, મોડાસર, બિલેશ્વરપુરા, રામનગર અને રૂપાલ**
12. સાણંદ તાલુકામાં આવેલું માણકોલ ગામની વિશેષતા જણાવો-**અવકાશ વિજ્ઞાની ડૉ.વિક્રમ સારાભાઈનું વતન**
13. તાજેતરમાં સિંગાપોરમાં કયા પક્ષની સરકાર પુન: સતા પર આવી છે - **પીપલ્સ એક્શન પાર્ટી(PAP)**
14. સિંગાપોરના નવા વડાપ્રધાનનું નામ જણાવો - **લી સીએન લુંગ**
15. જૂલાઈ-૨૦૨૦માં IRDA દ્વારા ભારતની કેટલી વીમા કંપનીઓને કોરોના કવચ પોલીસી લોન્ચ કરવાની મંજૂરી આપી – **29**
16. જૂલાઈ-૨૦૨૦માં IRDA દ્વારા ભારતની 29 વીમા કંપનીઓને કેટલા વર્ષની ઉંમરની વ્યક્તિઓ માટેની કોરોના કવચ પોલીસી લોન્ચ કરવાની મંજૂરી આપી – **૧૮ થી ૬૫ વર્ષ**
17. IRDAનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી**
18. વિશ્વ વસ્તી દિવસ કયારે મનાવવામાં આવે છે – **૧૧ જૂલાઈ**
19. વિશ્વ વસ્તી દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **Putting the brakes on COVID-19: how to safeguard the health and rights of women and girls now**
20. વર્તમાનમાં વિશ્વની વસ્તી કેટલી છે - **અંદાજે ૭૭૬ કરોડ ૭૦ લાખ**
21. વર્તમાનમાં ભારતની વસ્તી કેટલી છે – **અંદાજે ૧૩૮ કરોડ ૩ લાખ**
22. વર્તમાનમાં વિશ્વની વસ્તીમાં ભારતનો હિસ્સો કેટલા ટકા છે - **૧૭.૭**
23. ભારતમાં એક વસ્તી ગણતરીથી બીજી વસ્તી ગણતરી દરમિયાન થયેલા પરિવર્તન પર નજર રાખવા માટે ક્યો સરવે કરવામાં આવે છે - **સેમ્પલ રજિસ્ટ્રેશન સરવે**
24. વસ્તી ગણતરી કાર્યાલયના વર્ષ 2018 સુધીની સ્થિતિના સેમ્પલ રજિસ્ટ્રેશન સરવેનો રિપોર્ટ અનુસાર ભારતમાં મહિલાની લગ્નની વયમાં કેટલો વધારો થયો છે - **19.3 થી વધી 22.3 વર્ષ**
25. સેમ્પલ રજિસ્ટ્રેશન સરવેના આંકડા મુજબ ભારતમાં વર્ષ 1991થી 2018 વચ્ચે વિધવા, છૂટાછેડાવાળી અને ત્યક્તા મહિલાઓની વસ્તીમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો - **2.6**
26. નેશનલ કમિશન ઓફ પોપ્યુલેશન દ્વારા નવેમ્બર, 2019માં જાહેર કરાયેલા પોપ્યુલેશન પ્રોજેક્શન રિપોર્ટ

અનુસાર વર્ષ 2021માં ગુજરાતની સંભવિત વસ્તી જણાવો - **6,97,88,000 (6.97 કરોડ)**

27. 2011ની વસતી ગણતરી પ્રમાણે રાજ્યમાં પુરુષ-મહિલાની સંખ્યા કેટલી હતી - **3.14 કરોડ પુરુષ અને 2.890 કરોડ મહિલાઓ**
28. નેશનલ કમિશન ઓફ પોપ્યુલેશન દ્વારા નવેમ્બર, 2019માં જાહેર કરાયેલા પોપ્યુલેશન પ્રોજેક્શન રિપોર્ટ અનુસાર ગુજરાતમાં 2021માં કેટલા લોકો 20થી 50 વર્ષની વયની હોવાનો અંદાજ છે - **3.25 કરોડ લોકો**
29. 2011ની વસતી ગણતરી પ્રમાણે, વસતી ગીચતાનું પ્રમાણ પ્રતિ ચોરસ કિમીએ કેટલું હતું જે 2021માં વધીને કેટલો થવાનો અંદાજ છે – **308 તથા 356**
30. પ્રત્યેક અમેરિકન બાળક સમગ્ર જીવનમાં વાતાવરણમાં કેટલો CO2 વધારે છે - **10 હજાર મેટ્રિક ટન**
31. ભારતમાં માથાદીઠ કાર્બન ઉત્સર્જન કેટલો છે - **1.73 મેટ્રિક ટન**
32. દુનિયામાં સૌથી ઓછો પ્રજનન દર ક્યા દેશમાં છે – **તાઈવાન**
33. વિશ્વમાં કયા દેશના લોકોનું સરેરાશ આયુષ્ય સૌથી ઓછું છે - **આફ્રિકાના દેશ નાઈજર**
34. વિશ્વમાં સૌથી ઓછું આયુષ્ય આફ્રિકાના દેશ નાઈજરમાં કેટલા વર્ષનું છે - **15.2 વર્ષ**
35. વિશ્વમાં 18મી સદીમાં કેટલી વસ્તી હતી - **100 કરોડ**
36. કઈ સદીમાં વિશ્વની વસ્તી 200 કરોડે પહોંચી હતી - **20મી સદી**
37. વિશ્વની વસ્તી 300 કરોડે કયારે પહોંચી હતી – **વર્ષ 1960**
38. વર્ષ 1974માં વિશ્વની વસ્તી કેટલી હતી - **400 કરોડ**
39. વર્ષ 1987માં વિશ્વની વસ્તી કેટલી હતી - **500 કરોડ**
40. વિશ્વની વસ્તી 600 કરોડે ક્યારે પહોંચી હતી – **વર્ષ 1999**
41. વર્ષ 2011માં વિશ્વની વસ્તી કેટલી હતી - **700 કરોડ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ભારતીય સેના : ઇન્ડિયન આર્મીમાં અમેરિકી બનાવટની ૭૨,૦૦૦ એસોલ્ટ રાઇફલ ખરીદવામાં આવશે (સંરક્ષણ)



- ✓ નામ : SIG 716 એસોલ્ટ રાઇફલ
- ✓ પ્રોગ્રામ : ફાસ્ટ ટ્રેક પ્રોક્યુટમેન્ટ હેઠળ રાયફલની ખરીદી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના રસી : રસીના તમામ ક્લિનિકલ પરીક્ષણો પૂર્ણ કરનાર રશિયા વિશ્વનો પ્રથમ દેશ (આરોગ્ય)



વિગત :

- ✓ હાલમાં દુનિયાભરમાં કોરોનાની ૨૧ રસીનું પરીક્ષણ ચાલી રહ્યું છે પરંતુ રશિયાએ કોરોનાની રસીનું સફળતાપૂર્વક પરીક્ષણ કરી લીધું છે.
- ✓ કોરોના વાઈરસની રસીની તમામ ક્લિનિકલ ટ્રાયેલ પૂર્ણ કરનાર રશિયા વિશ્વનો પહેલો દેશ બન્યો છે.
- ✓ ઈન્સ્ટીટ્યુટ ફોર મેડિસન એન્ડ બાયોટેકનોલોજી વિભાગના ડિરેક્ટર વાદિમ તરાસોવે કહ્યું કે સેચેનોવ ફર્સ્ટ મોસ્કો સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાં વોલેન્ટિયર્સ પર આ રસીનું પરીક્ષણ કરાયું

- ✓ પહેલા જૂથમાં રહેલા વોલેન્ટિયર્સને ૧૫ જુલાઈએ તો બીજા જૂથમાં રહેલા વોલેન્ટિયર્સને ૨૦ જુલાઈએ રજા આપવામાં આવશે.
- ✓ રાજધાની : મોસ્કો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. એવોર્ડ : રાજકોટને ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ એવોર્ડ-2020 (પર્યાવરણ)



વિગત :

- ✓ ગુજરાતના ચોથા ક્રમના શહેર રાજકોટને ભારતમાં WWF ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ-૨૦૨૦નો પ્રતિષ્ઠીત એવોર્ડ.

પ્રદાન :

- ✓ વર્ષ ૨૦૧૫-૧૬ કરતાં ૨૦૨૨-૨૩માં કુલ વાર્ષીક સીએચજી એમિશન ૧૪ ટકા સુધી ઘટાડવા બદલ સતત ત્રીજા વર્ષે આ એવોર્ડ મળ્યો હતો.

અન્ય શહેરો :

- ✓ રાજકોટ ઉપરાંત ગંગટોક, ગુવાહાટી, ઇન્દોર, પણજી, નાગપુર, પુણે અને કોચીને પણ આ એવોર્ડ મળ્યો હતો.
- ✓ ઓપીસીસી ૨૦૧૯-૨૦ની પસંદગીમાં ૫૩ દેશોના ૨૫૫ શહેરોમાં આ શહેરોનો સમાવેશ થતો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. અવસાન : પદ્મશ્રી, પત્રકાર અને કટાર લેખક નગીનદાસ સંઘવીનું સુરત ખાતે અવસાન

ભારતમાં સૌથી મોટી વયના કટારલેખક તરીકે સેવારત



- ✓ અવસાન: ૧૨મી જુલાઈ ૨૦૨૦-સુરત

કટારલેખક તરીકે :

- ✓ દિવ્ય ભાસ્કરની રવિવારની પૂર્તિ 'રસરંગ'માં 'પરિક્રમા' અને બુધવારની પૂર્તિ "કળશ"માં 'તડ ને ફડ'ના કોલમ્નિસ્ટ અને પ્રખર રાજકીય સમીક્ષક.

વિસ્તૃત પરિચય :

- ✓ જ્ઞાનમાં ઊંડાણ અને હૃદયમાં વિશાળતા ધરાવનાર નગીનદાસ સંઘવીનો જન્મ 10 માર્ચ, 1920ના રોજ સૌરાષ્ટ્રના ભાવનગર ખાતે કપોળ વણિક પરિવારમાં થયો હતો.

- ✓ નવી પેઢીમાં નગીનબાપાના લાડકા નામે જાણીતા બનેલા નગીનભાઇએ ભાવનગરની શામળદાસ આર્ટ્સ કોલેજમાંથી પોલિટિકલ સાયન્સના વિષયમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી.
- ✓ ભારત દેશ આઝાદ થયો એ વર્ષે એટલે કે 1947માં તેમણે યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની ડિગ્રી મેળવી.
- ✓ બાદમાં તેઓ મુંબઇની મીઠીબાઈ કોલેજમાં ઇતિહાસના અધ્યાપક બન્યા અને પોલિટિકલ સાયન્સ વિભાગના વડા તરીકે નિવૃત્ત થયા.
- ✓ ત્રીસેક વર્ષ અધ્યાપન કાર્ય બાદ નિવૃત્તિ પછી નગીનભાઇએ 1962થી ગુજરાતના વિવિધ અખબારો અને સામયિકોમાં કટાર લેખનની શરૂઆત કરી.
- ✓ જીવનના અંતિમ શ્વાસ સુધી તેઓ લેખનકાર્યમાં સક્રિય રહ્યા.
- ✓ જીવનભર નાસ્તિક રહેલા નગીનભાઇએ ધર્મશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.
- ✓ તેમના બહુચર્ચિત પુસ્તકોમાં "રામાયણ'', ''મહાત્મા ગાંધી", "સરદાર પટેલ, અને "નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે.
- ✓ ઊંડા અભ્યાસના આધારે તેમણે "યોગનો ઇતિહાસ અને, ગીતાવિમર્શ' અને "મહામાનવ કૃષ્ણ સહિત કુલ 18 પુસ્તકો લખ્યા અને વિક્રમી કહી શકાય એટલી સંખ્યામાં 29 પરિચય પુસ્તિકાઓ લખી.
- ✓ 2019માં નગીનભાઈને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૭-૨૦૨૦)

1. ભારતીય સેનામાં કયા દેશ પાસેથી 72,000 જેટલી રાયફલ ખરીદવામાં આવશે - **અમેરિકા**
2. ભારતીય સેનામાં આગામી સમયમાં અમેરિકા પાસેથી કઇ નવી રાયફલ ખરીદવામાં આવશે - **એસોલ્ટ**
3. અમેરિકન બનાવટની એસોલ્ટ રાયફલ અન્ય કયા નામે ઓળખાય છે - **SIG 716**
4. તાજેતર જુલાઈ 2020માં કોરોના વાયરસની વેક્સિન તમામ ક્લિનિકલ પરીક્ષણો પૂર્ણ કરનાર વિશ્વનો પ્રથમ દેશ - **રશિયા**
5. રશિયાની રાજધાની જણાવો - **મોસ્કો**
6. જુલાઈ-૨૦૨૦માં ગુજરાતના કયા શહેરને ભારતમાં WWF ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ-૨૦૨૦નો પ્રતિષ્ઠીત એવોર્ડ પ્રાપ્ત થયો – **રાજકોટ**
7. રાજકોટ શહેરને સતત કેટલામા વર્ષે વખત ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ એવોર્ડ મળ્યો - **સતત ત્રીજા વર્ષે**
8. કયા હેતુસર રાજકોટ શહેરને ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ-૨૦૨૦ એવોર્ડ મળ્યો - **વર્ષ ૨૦૧૫-૧૬ કરતાં ૨૦૨૨-૨૩માં કુલ વાર્ષીક સીએચજી એમિશન ૧૪ ટકા સુધી ઘટાડવા બદલ**
9. ગુજરાતના રાજકોટ શહેર ઉપરાંત ભારતના અન્ય કયા શહેરોને ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ એવોર્ડ-૨૦૨૦ મળ્યો - **ગંગટોક, ગુવાહાટી, ઇન્દોર, પણજી, નાગપુર, પુણે અને કોચીન**
10. તાજેતરમાં સુરત ખાતે અવસાન પામેલ પદ્મશ્રી નગીનદાસ સંઘવીનું ક્ષેત્ર જણાવો- **કટાર લેખક, પત્રકાર, રાજકીય સમીક્ષક અને લેખક**
11. પદ્મશ્રી નગીનદાસ સંઘવી ગુજરાતના કયા પ્રસિદ્ધ દૈનિકમાં કોલમિસ્ટ તરીકે કાર્યરત હતા - **દિવ્ય ભાસ્કર**

12. પદ્મશ્રી નગીનદાસ સંઘવી દિવ્ય ભાસ્કર દૈનિકમાં રવિવારની રસરંગ પૂર્તિમાં કઈ કોલમ લખતા હતા - **પરિક્રમા**
13. પદ્મશ્રી નગીનદાસ સંઘવી દિવ્ય ભાસ્કર દૈનિકમાં બુધવારની કળશ પૂર્તિમાં કઈ કોલમ લખતા હતા - **તડ ને ફડ**
14. પદ્મશ્રી નગીનદાસ સંઘવીએ કયા વિષયના અધ્યાપક તરીકે મુંબઈની મીઠી બાઈ કોલેજમાં સેવા આપી હતી - **ઇતિહાસ**
15. પદ્મશ્રી નગીનદાસ સંઘવીના મહત્વના પુસ્તકોના નામ જણાવો - **રામાયણ, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, નરેન્દ્ર મોદી, યોગનો ઈતિહાસ, ગીતા વિમર્શ અને મહામાનવ કૃષ્ણ**
16. નગીનદાસ સંઘવીને કયા વર્ષે ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર અપાયો - **2019**
17. પદ્મશ્રી નગીનદાસ સંઘવીનો જન્મ કઈ તારીખે ક્યાં થયો હતો – **10 માર્ચ 1920 અને ભાવનગર**
18. તાજેતરમાં પદ્મશ્રી નગીનદાસ સંઘવીએ તેમનો કેટલામો જન્મદિવસ ઉજવ્યો હતો -**100**
19. પદ્મશ્રી નગીનદાસ સંઘવીને નવી પેઢી કયા લાડકા નામથી ઓળખતી હતી - **નગીનબાપા**
20. ગુજરાતી કટાર લેખક નગીનદાસ સંઘવીએ કઈ કોલેજમાંથી પોલિટિકલ સાયન્સના વિષયમાં સ્નાતકની પદવી મેળવી હતી - **ભાવનગરની શામળદાસ આર્ટ્સ કોલેજ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.ભારતમાં વિદેશી રોકાણ (FDI)

ડિજિટલ શિક્ષણ માટે ગૂગલ ભારતમાં રૂપિયા ૭૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે (આર્થિક)



ગૂગલ ફોર ઈન્ડિયાની છઠ્ઠી વાર્ષિક વર્ચ્યૂઅલ બેઠક યોજાઈ

વિગત :

✓ સર્ચ એન્જિન ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈ તેમજ પીએમ નરેન્દ્ર મોદી વચ્ચે ૧૩મી જુલાઈએ કોરોના મહામારી, આધુનિક ટેકનોલોજીનો આવિષ્કાર તેમજ કોરોના પછીના કાળમાં ઊભરી રહેલા નવા વર્ક કલ્ચર મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

રોકાણ :

✓ પિચાઈએ ભારતમાં ગૂગલ દ્વારા આગામી પાંચથી સાત વર્ષમાં ૧૦ અબજ ડોલર એટલે કે રૂ.૭૫,૦૦૦ કરોડનાં ડિજિટાઈઝેશન ફંડની જાહેરાત કરી.

ગૂગલના ભારતમાં રોકાણના ક્ષેત્રો :

✓ ઇક્વિટી અને પાર્ટનરશિપ દ્વારા રોકાણમાં ૪ મુદ્દા પર ભાર

1. દરેક ભારતીય માટે તેની પોતાની ભાષા હિન્દી, તામિલ, પંજાબી કે માતૃભાષા સિવાયની અન્ય કોઈપણ બીજી ભાષામાં માહિતી પૂરી પાડવાના પ્રયાસો કરાશે.
2. ભારતની જરૂરિયાત મુજબ નવી પ્રોડક્ટ અને સેવા શરૂ કરાશે.
3. ડિજિટલ ટ્રાન્સફોર્મેશન મુજબ બિઝનેસને વિકસાવાશે.
4. હેલ્થ, એજ્યુકેશન, કૃષિ સહિતનાં ક્ષેત્રોમાં સામાજિક કલ્યાણ માટે આધુનિક ટેકનોલોજી અપનાવવી તેમજ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવો.

ગૂગલ ભારતમાં દસ લાખ શિક્ષકોને તાલીમબદ્ધ કરશે

- ✓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) સાથે ગૂગલે ટાઈ-અપ કર્યું હતું. એ દ્વારા હવે ગૂગલ વર્ષના અંત સુધીમાં અંદાજે 10 લાખ શિક્ષકોને ઓનલાઈન શિક્ષણની તાલીમ આપશે તથા ગૂગલ ટુલ્સનો ઉપયોગ કરી કઈ રીતે એજ્યુકેશન સરળ બનાવવું એ શિખવશે. આ પ્રોજેક્ટનો લાભ આખા દેશની 22 હજાર જેટલી સ્કૂલોને મળશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.નોવેલ એલિફન્ટ વાયરસ (વન્યજીવ)

દક્ષિણ આફ્રિકાના દેશ બોત્સવાનામાં સંભવિત નોવેલ એલિફન્ટ વાયરસથી ૪૦૦ હાથીઓના મૃત્યુ



વિગત :

- ✓ દક્ષિણ આફ્રિકાના દેશ બોત્સવાનામાં એક રહસ્યમસી વાઈરસે દેખા દેખોયો છે. સદનસીબે આ વાઈરસ હજુ સુધી પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાયો નથી.
- ✓ વૈજ્ઞાનિકોએ કહ્યું કે દેશમાં જે આપદા આવી છે તેની પાછળ આ નોવેલ એલિફન્ટ વાઈરસ અથવા પેથોજન વાઈરસ હોવાની પણ આશંકા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.પદ્મનાભસ્વામી મંદિર : સુપ્રીમ કોર્ટનો મંદિરના વહીવટ માટે ઐતિહાસિક ચુકાદો (ધર્મ)



કોર્ટનો ચૂકાદો :

- ✓ કેરળના ઐતિહાસિક અને દેશના અતિ ધનાઢય એવા શ્રી પદ્મનાભસ્વામી મંદિર પ્રશાસન અને તેની સંપત્તિઓ પરના અધિકાર અંગે સુપ્રીમ કોર્ટે મંદિર મેનેજમેન્ટનો અધિકાર ત્રાવણકોર શાહી ઘરાનાને સોંપી દેવાનો ઐતિહાસિક ચૂકાદો આપ્યો.

અગાઉનો ચૂકાદો :

- ✓ કેરળ હાઇકોર્ટે ૨૦૧૧ની સાલમાં કેરળ સરકારને પદ્મનાભસ્વામી મંદિરની તમામ સંપત્તિઓ અને મેનેજમેન્ટનો કબજો સંભાળી લેવાનો આદેશ આપ્યો હતો.

ચૂકાદાની અન્ય બાબતો :

- ✓ સુપ્રીમની ખંડપીઠે તિરુવનંતપુરમના જિલ્લા જજની અધ્યક્ષતાવાળી કમિટીને કામચલાઉ ધોરણે મંદિરનો વહીવટ સંભાળી લેવાનો આદેશ આપ્યો છે.
- ✓ ખંડપીઠે કહ્યું કે, જ્યા સુધી મુખ્ય કમિટીની રચના ન થાય ત્યાં સુધી જિલ્લા જજની કમિટી મંદિરનો વહીવટ કરશે.
- ✓ હવે પછી સુપ્રીમ કોર્ટ મંદિરની સંપત્તિ અને તિરુપતિ તિરુમાલા, ગુરુવયૂર અને શબરીમાલા મંદિરોની જેમ દેવસ્થાનમ બોર્ડની સ્થાપનાની જરૂર છે કે નહીં તે અંગે ચુકાદો આપશે.

પદ્મનાભસ્વામી મંદિર દેશનું ધનાઢય મંદિર :

મંદિર પાસે રૂ. ૨ લાખ કરોડનો ખજાનો

- ✓ કેરળનું પદ્મનાભસ્વામી મંદિર દેશનું અતિ ધનાઢય મંદિર છે. ૨૦૧૧ની સાલમાં આ મંદિરના છ ભોંયરામાંથી એક લાખ કરોડનો ખજાનો મળી આવ્યો હતો.
- ✓ મંદિર પાસે અંદાજે રૂ.૨ લાખ કરોડનો ખજાનો હોવાનું અનુમાન છે.
- ✓ આ ભવ્ય મંદિરનું પુનઃનિર્માણ ૧૮મી સદીના ત્રાવણકોરના રાજાએ કરાવ્યું હતું અને તેમનો આખો પરિવાર દાસભાવે પદ્મનાભસ્વામીને સર્મિપત થઈને તેમની સેવા કરવા લાગ્યો હતો.

ત્રાવણકોરમંદિર વિશે

- ✓ બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, મત્સ્ય પુરાણ, વરાણ પુરાણ, સ્કંદ પુરાણ, વાયુ પુરાણ, ભગવત પુરાણ વગેરેમાં કેરળના આ પદ્મનાભ મંદિરનો ઉલ્લેખ હોવાનો દાવો થયો છે.
- ✓ ઈ.સ. પૂર્વ 500 આસપાસના કેરળના રાજાઓ આ મંદિરની રખેવાળી કરતા હોવાના ઉલ્લેખો પણ મળે છે.
- ✓ ત્રાવણકોર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું પછી એ રાજ્યના રાજાઓ આ મંદિરના સેવક તરીકે જ રાજ્ય સંભાળતા હતા.
- ✓ ત્રાવણકોરના ઈતિહાસકાર ડૉ. એલ. એ. રવિના કહેવા પ્રમાણે મંદિરના અસ્તિત્વ અંગે માન્યતા તો એવી ય છે કે કળિયુગના પહેલા દિવસે આ મંદિર સ્થાપિત થયું હતું.
- ✓ 1750માં માર્તંડ વર્માએ પોતાને ભગવાન પદ્મનાભના સેવક ગણાવીને રાજ્યનો બધો જ ખજાનો મંદિરને આપ્યો હતો. તેમણે જ મંદિરનું પુનઃનિર્માણ કરાવ્યું હતું. એ સમયે બનેલાં મંદિરના અત્યારે દર્શન કરી શકાય.
- ✓ સદીઓથી ત્રાવણકોર રાજવી પરિવાર જ મંદિરનું સંચાલન કરે છે. 2013માં છેલ્લા રાજા ઉત્રાટમ તિરૂનાલ માર્તન્ડ વર્માનું નિધન થયા પછી ત્રાવણકોર રાજ પરિવાર ટ્રસ્ટ બનાવીને મંદિરનું સંચાલન કરે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.UNO : નીતિ આયોગ દ્વારા UNમાં દ્વિતીય સમીક્ષા અહેવાલ રજૂ કરાયો (વિકાસ લક્ષ્યાંક)

Niti Aayog
नीति आयोग
National Institution for Transforming India

અહેવાલની વિગત :

- ✓ અહેવાલ મુજબ વર્ષ 2030 સુધીમાં યુએનના 17 સતત વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવા ભારતે પોતાની કુલ જીડીપીમાંથી 6.2 ટકાનો વધારાનો ખર્ચ કરવો પડશે.
- ✓ યુએનમાં કુલ 47 સભ્ય દેશો રિપોર્ટ રજૂ કરશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.પોલેન્ડ : વૈશ્વિક રાજકારણ

પોલેન્ડના રાષ્ટ્રપતિ આંન્દ્રેજ ડૂડાના પક્ષનો વિજય



- ✓ 5 વર્ષના કાર્યકાળ માટે પુનઃ ડૂડા ચૂંટાયા
- ✓ રાજધાની : વોર્સો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 13 જુલાઈ

એકલવ્યની એકનિષ્ઠા: છોટુભાઈ પુરાણી



જન્મ – 13 જુલાઈ-1885

અવસાન – 22 ડિસેમ્બર-1950

- ✓ ગુજરાતમાં વ્યાયામ પ્રસારક અને કેળવણીકાર છોટુભાઈ પુરાણીનો જન્મદિવસ.
- ✓ બંગાળી લેખિકા આશાપૂર્ણાદેવી તેમજ વિશ્વ હિન્દુ પરિષદના વરિષ્ઠ નેતા ગિરિરાજ કિશોરની પુણ્યતિથિ.
- ✓ ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિઓના પ્રણેતા અને આઝાદીના આશક છોટુભાઈ બાલકૃષ્ણ પુરાણીનો જન્મ મોસાળ ડાકોરમાં થયો હતો. બે વર્ષની વયે માતાનું અવસાન થયું હતું.
- ✓ તેઓએ શિક્ષણ ડાકોર, જામનગર, વડોદરા અને અમદાવાદમાં લીધુ હતું.

- ✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા છોટુભાઈ શ્રી અરવિંદની વિચારસરણીથી ખૂબ પ્રભાવિત હતા.
- ✓ બંગાળી ક્રાંતિકારીઓના પ્રભાવમાં ગુજરાતમાંથી પણ વ્યાયામ પ્રવૃત્તિઓના માધ્યમથી દેશ સેવા માટે મરજિવા તૈયાર કરવાના ભાગરૂપે અખાડા, મલખમની પ્રવૃત્તિઓ શરૂ કરી.
- ✓ યુવાનોને તન, મન અને ચારિત્ર્યથી સમૃદ્ધ કરવા વ્યાયામની સાથે ચર્ચા સભા, હસ્ત લિખિત સામયિકો, સાહસિક પ્રવાસો અને રમતો, પુસ્તકાલય અને સહકારી પ્રવૃત્તિઓ શરૂ કરી તત્કાલીન ગુજરાતના યુવાનોએ તેમની આ પ્રવૃત્તિને બહોળો પ્રતિસાદ આપ્યો હતો.
- ✓ પુસ્તકો : સારી સંતતિ, ઉષ્મા અને દેહધર્મ વિજ્ઞાન જેવા પુસ્તકો પણ લખ્યા છે.
- ✓ 22 ડિસેમ્બર 1950ના રોજ તેમનું અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં 13 જૂલાઇ 2020ના રોજ ગૂગલ ફોર ઈન્ડિયાની કેટલામી વાર્ષિક વર્ચ્યુઅલ બેઠક યોજાઇ - 6th
2. તાજેતરમાં યોજાયેલી ગૂગલ ફોર ઈન્ડિયાની વાર્ષિક વર્ચ્યુઅલ બેઠક-2020માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા બાદ ગૂગલના CEO દ્વારા ભારતમાં કેટલા કરોડની રોકાણની જાહેરાત કરી છે - રૂ. 75,000/- કરોડ (10 અબજ $)
3. ગૂગલ દ્વારા ભારતમાં કયા ક્ષેત્રમાં 10 અબજ ડોલરનું રોકાણ કરવામાં આવશે- ડિજિટલ શિક્ષણ અને ડિજિટલ ઇન્ડિયા
4. ગૂગલ દ્વારા ભારતમાં આગામી કેટલા વર્ષમાં 10 અબજ ડોલરનું રોકાણ કરવામાં આવશે – 5 થી 7 વર્ષ
5. આલ્ફાબેટના વર્તમાન સીઈઓનું નામ જણાવો - સુંદર પિચાઇ
6. સર્ચ એન્જિન ગૂગલના વર્તમાન સીઇઓનું નામ જણાવો - સુંદર પિચાઇ
7. ગૂગલ દ્વારા આગામી સમયમાં ભારતમાં સંભવિત કયા ચાર ક્ષેત્રોમાં રોકાણ કરવામાં આવશે - 1. દરેક ભારતીય માટે તેની પોતાની ભાષા હિન્દી, તામિલ, પંજાબી કે માતૃભાષા સિવાયની અન્ય કોઈપણ બીજી ભાષામાં માહિતી પૂરી પાડવાના પ્રયાસો કરાશે. 2.ભારતની જરૂરિયાત મુજબ નવી પ્રોડક્ટ અને સેવા શરૂ કરાશે. 3. ડિજિટલ ટ્રાન્સફોર્મેશન મુજબ બિઝનેસને વિકસાવાશે. 4. હેલ્થ, એજ્યુકેશન, કૃષિ સહિતનાં ક્ષેત્રોમાં સામાજિક કલ્યાણ માટે આધુનિક ટેકનોલોજી અપનાવવી તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવો
8. ગૂગલ દ્વારા આ વર્ષ 2020ના અંત સુધીમાં ભારતમાં કેટલા શિક્ષકોને ગૂગલ ટુલ્સના ઉપયોગ દ્વારા શિક્ષણ કઈ રીતે વધુ સરળ બનાવવું તેના માટે ઓનલાઇન શિક્ષણ આપી તાલીમબદ્ધ કરાશે - 10 લાખ
9. ગૂગલ દ્વારા આ વર્ષ 2020ના અંત સુધીમાં ભારતમાં કયા શિક્ષકોને ઓનલાઇન શિક્ષણ આપી તાલીમબદ્ધ કરાશે - CBSE
10. ગૂગલ દ્વારા આ વર્ષ 2020ના અંત સુધીમાં ભારતમાં કેટલી શાળાના શિક્ષકોને ઓનલાઇન શિક્ષણ આપી તાલીમબદ્ધ કરાશે - 22 હજાર
11. ગૂગલ દ્વારા ભારતમાં સૌપ્રથમ કયા વર્ષે ઓફિસ શરૂ કરવામાં આવી હતી - વર્ષે 2004
12. ગૂગલ દ્વારા ભારતમાં સૌપ્રથમ કયા શહેરમાં ઓફિસ શરૂ કરવામાં આવી હતી – હૈદરાબાદ અને બેંગલુરૂ
13. તાજેતરમાં દક્ષિણ આફ્રિકા ખંડના કયા દેશમાં વાયરસના કારણે 400 જેટલા હાથીના મૃત્યુ થયા હતા - બોત્સાવાના

14. તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના બોત્સાવાના દેશમાં હાથીઓમાં સંભવિત કયા વાયરસને કારણે મોટા પ્રમાણમાં મૃત્યુ થયા છે - **નોવેલ એલિફન્ટ વાઈરસ અથવા પેથોજન વાઈરસ**
15. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કેરળના કયા મંદિરના મેનેજમેન્ટ અધિકાર શાહી ઘરાનાને સોંપી દેવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે - **પદ્મનાભસ્વામી મંદિર**
16. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા પદ્મનાભસ્વામી મંદિરનો અધિકાર કોને સોંપવામાં આવ્યો છે - **ત્રાવણકોર શાહી ઘરાના**
17. ત્રાવણકોરનું પદ્મનાભસ્વામી મંદિર કઈ સદીમાં તૈયાર કરવામાં આવ્યું હતું - **18મી સદી**
18. ત્રાવણકોરનું પદ્મનાભસ્વામી મંદિર કયા રાજ્યના રાજા દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું - **ત્રાવણકોરના રાજા**
19. વિશ્વનું સૌથી ધનાઢ્ય પદ્મનાથ સ્વામી મંદિરની સંપત્તિ કેટલી હોવાનો અંદાજ છે - **20 અબજ ડોલર**
20. વિશ્વનું સૌથી ધનાઢ્ય પદ્મનાથ સ્વામી મંદિર કયા રાજ્યમાં આવેલું છે - **કેરળ**
21. નીતિ આયોગ દ્વારા UNમાં તાજેતરમાં ભારતે તેનો કેટલામો રાષ્ટ્રીય સમીક્ષા રિપોર્ટ રજૂ કર્યો - **બીજો**
22. નીતિ આયોગ દ્વારા UNમાં તાજેતરમાં રજૂ કરેલા રાષ્ટ્રીય સમીક્ષા રિપોર્ટ મુજબ કયા વર્ષ સુધીમાં 17 સતત વિકાસ લક્ષાંક પ્રાપ્ત કરવા ભારતના જીડીપીમાં કેટલા ટકાનો વધારાનો ખર્ચ કરવો પડશે - **વર્ષે 2020 અને 6.2%**
23. તાજેતરમાં પોલેન્ડના કયા રાષ્ટ્રપતિ ફરીથી સત્તામાં ચૂંટાયા - **આંદ્રેજ ડૂડા**
24. પોલેન્ડની રાજધાનીનું નામ જણાવો - **વોર્સો**
25. 13 જુલાઈ 1885 કયા ગુજરાતી વ્યાયામ પ્રચારકનો જન્મ દિવસ છે - **છોટુભાઈ પુરાણી**
26. ગુજરાતી વ્યાયામ પ્રચારક છોટુભાઈ પુરાણીનો જન્મ ક્યાં થયો હતો – **ડાકોર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. NGT : નિર્ણય (પેયજળ)

વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં લિટર દીઠ ૫૦૦ મિલિગ્રામથી ઓછી TDS ધરાવતા RO પ્યોરિફાયર પર પ્રતિબંધ



- ✓ **કારણ:** ROમાં પાણીમાં રહેલ ખનીજ તત્વો નાશ પામે છે

નવા માપદંડ :

- ✓ આરઓ પ્યોરિફાયર લિટરદીઠ પાણીમાં ટોટલ ડિસોલ્વ્ડ સોલિડ્સ (TDS) ૫૦૦ મિલિગ્રામથી ઓછું રહેતું હોય તેવા RO પર પ્રતિબંધ મુકાશે.

અમલ :

- ✓ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ (NGT)એ કેન્દ્રનાં પર્યાવરણ અને વન વિભાગને ડિસેમ્બર સુધીમાં દેશભરમાં RO પ્યોરિફાયરના ઉપયોગ પર પ્રતિબંધ.
- ✓ NGTના ચેરપર્સન : જસ્ટિસ આદર્શ કુમાર ગોયલ
- ✓ NGT : નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વોટર એરોડ્રોમ : ગુજરાત સરકાર



ગુજરાતમાં સંભવિત ચાર સ્થાનો ઉપર નવીન વોટર એરોડ્રામ તૈયાર કરાશે (ઉડ્ડયન- પ્રવાસન)



<u>ચાર સ્થળ :</u>

1. સાબરમતી રિવરફ્રન્ટ - અમદાવાદ
2. કેવડિયા - નર્મદા
3. ધરોઈ ડેમ - મહેસાણા
4. શેત્રુંજય ડેમ - પાલીતાણા (ભાવનગર)

<u>વિગત :</u>

- ✓ <u>ભારત સરકારની રિજનલ કનેક્ટિવિટી સ્કીમ ૩ અને ૪ અંતર્ગત</u> અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ, કેવડિયામાં નર્મદાડેમ, શેત્રુંજય ડેમ- પાલિતાણા અને ધરોઈ ડેમ એમ ૪ સ્થળોએ વૉટર એરોડ્રોમ શરૂ કરાશે.
- ✓ રાજ્ય સરકાર આને માટે પ્રત્યેક સ્થળે ૧ થી ૨.૫ એકર જમીન ફાળવશે, ભવિષ્યમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયની મંજૂરીથી હવાઈ સેવાનો વ્યાપ પણ વિસ્તારાશે.

<u>વૉટર એરોડ્રોમ વિશે :</u>

- ✓ વૉટર એરોડ્રોમ એ ખુલ્લા પાણીનો વિસ્તાર હોય છે, જેનો ઉપયોગ એમ્ફીબિયસ વિમાન દ્વારા ઉતરાણ કે ઉડાન માટે થઈ શકે છે.

<u>કરાર :</u>

- ✓ રાજ્યમાં ચાર વૉટર એરોડ્રોમના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને એરપોર્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા સાથે સમજૂતી કરાર કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. UN : ખાદ્ય સુરક્ષા અને પોષણ અહેવાલ

<u>ભારતમાં એક દાયકામાં ૬ કરોડ લોકો પરથી ભૂખનું સંકટ દૂર થયું (આરોગ્ય)</u>



<u>અહેવાલની વિગત :</u>

- ✓ ભારતમાં ગત એક દાયકાથી વધુ સમયમાં કુપોષિત લોકોની સંખ્યામાં 6 કરોડનો ઘટાડો નોંધાયો.
- ✓ <u>ભારતમાં કુપોષિતોની સંખ્યા 2004-06માં 24.94 કરોડ હતી. તે 2017-19માં ઘટીને 18.92 કરોડ રહી ગઈ.</u>

- ✓ ભારતમાં બાળકોમાં ઓછી ઊંચાઈની સમસ્યા પણ ઘટી છે, પણ મોટા લોકોમાં સ્થૂળતાની સમસ્યા વધી છે.
- ✓ 2019માં દુનિયાભરમાં આશરે 69 કરોડ લોકો કુપોષિત મળ્યા હતા. આ સંખ્યા 2018ની તુલનાએ એક કરોડ વધુ હતી.

હેતુ :

- ✓ સંયુક્ત રાષ્ટ્રએ કુપોષણને ડામવાની પ્રગતિ પર નજર રાખવાના ઉદ્દેશ્યથી આ રિપોર્ટ તૈયાર કર્યો હતો.

અહેવાલના મુખ્ય મુદ્દા :

- ✓ રિપોર્ટ મુજબ દુનિયામાં કોરોના સંકટને લીધે 2020ના અંત સુધી વધુ 13 કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી શકે.
- ✓ એશિયાના પૂર્વ, દક્ષિણમાં કુપોષણમાં ઘટાડો નોંધાયો છે. અહીં મોટાં અર્થતંત્રો ભારત અને ચીનનું વર્ચસ્વ છે.

ભારતમાં કુપોષણ, બાળકોનાં કદ અને વયસ્કોની સ્થૂળતા અંગે સ્થિતિમાં સંતુલન

ભૂખ : 14% લોકો પર હજુ સંકટ

વર્ષ	કુપોષિત	વસતીમાં
2004-06	24.94 કરોડ	21.70%
2017-19	18.92 કરોડ	14%

સ્થૂળતા : વયસ્કોમાં 0.8%નો વધારો

વર્ષ	વયસ્ક	ટકામાં
2012	2.52 કરોડ	3.10%
2016	3.43 કરોડ	3.9%

કદ : 5 વર્ષ સુધીના 34.7% પીડિત

વર્ષ	બાળકો	ટકામાં
2012	6.2 કરોડ	47.8%
2019	4.03 કરોડ	34.7%

અહેવાલ તૈયાર કરનાર :

- ✓ રિપોર્ટ સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય-કૃષિ સંગઠન, આંતરરાષ્ટ્રીય કૃષિ વિકાસ ફંડ, યુનિસેફ, સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ ખાદ્ય કાર્યક્રમ અને ડબ્લ્યુએચઓ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગૌરવ : સૂરીનામ દેશમાં ભારતીય વંશના ચંદ્રિકા પ્રસાદ સંતોખી નવા રાષ્ટ્રપ્રમુખ બન્યા



વિગત :

- ✓ ભૂતપૂર્વ ન્યાયમંત્રી અને પ્રોગ્રેસિવ રિફોર્મ પાર્ટીના નેતા સંતોખી બિનહરીફ રાષ્ટ્રપ્રમુખ ચૂંટાયા હતા.
- ✓ 51 સભ્યોની નેશનલ એસેમ્બલીએ તેમને 5 વર્ષ માટે ચૂંટયા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. માનવ સંસાધન વિકાસ મંત્રાલય : ઓનલાઈન અભ્યાસક્રમની 'પ્રજ્ઞાતા' માર્ગદર્શિકા જાહેર (શિક્ષણ)

Government of India
Ministry of Human Resource Development

નવી જોગવાઈ :

પ્રી-પ્રાઈમરી

સેશન	સમય	મહતમ સમય
1	30 મિનિટ	30 મિનિટ

ધોરણ 1થી 8

સેશન	સમય	મહતમ સમય
2	45 મિનિટ	1. 30 કલાક

ધોરણ 9થી 12

સેશન	સમય	મહતમ સમય
4	30થી 45 મિનિટ	2થી 3 કલાક

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિમણૂક : ખેલકૂદ

IPLના CEO હેમાંગ અમીન BCCIના નવા વચગાળાના CEO

✓ BCCI : મુખ્ય મથક – મુંબઈ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ગુજરાત સરકાર : નિર્ણય

ગુજરાતના ઓટો રિક્ષાચાલકો માટે માટે હવે વાદળી કલરના એપ્રોનનો યુનિફોર્મ નક્કી કરાયો



✓ **જાહેરનામું :** બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

✓ તા. ૧૩ જૂલાઈ ૨૦૨૦

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 14 જુલાઈ

અભિનય સમ્રાટ : ઉપેન્દ્ર ત્રિવેદી



જન્મ – 14 જુલાઈ 1937

અવસાન – 4 જાન્યુઆરી 2015

- ✓ આજે તારીખ 14 જુલાઈ અને વિલક્ષણ સંન્યાસી સ્વામી શિવાનંદ અને ગુજરાતી ચલચિત્ર જગત પર દાયકાઓ સુધી અમીટ છાપ છોડનાર અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મદિવસ છે.
- ✓ મૂળ ગામ ઇડર તાલુકામાં કુકડિયા પણ ઉપેન્દ્રનો જન્મ મધ્યપ્રદેશના ઈન્દોરમાં થયો હતો.
- ✓ વિદ્યાર્થી અવસ્થામાં વકતૃત્વ, નાટક અકાદમી એનએનસીમાં ભાગ લેતા. તે પછી મુંબઈ ભણવા ગયા. સિદ્ધાર્થ કોલેજમાં કોમર્સનાં અભ્યાસ સાથે અભિનયની તાલીમ પણ લીધી.
- ✓ ભીતરના વહેણ, ઝેર તો પીધાં જાણી જાણી, અભિનય સમ્રાટ જેવા નાટકો કર્યા.
- ✓ 1971માં જેસલ તોરલ ફિલ્મથી ઉપેન્દ્રભાઈને ગુજરાતી ચલચિત્રોમાં પ્રવેશ થયો.

અન્ય ફિલ્મો :

- ✓ સોન કંસારી, વીર માંગડાવાળો, માનવીની ભવાઈ, હોથલ પદમણી, જોગીદાસ ખુમાણ, રા નવઘણ, રાજા ગોપીચંદ, લીલુડી ધરતી, કાદુ મકરાણી, અમરસિંહ રાઠોડ, પાતળી પરમાર, ગરવો ગરાસિયો, વેરની વસૂલાત, સૂરજ ચંદ્રની સાખે, હલામણ જેઠવો, મેહુલો લુહાર અને સોરઠની પદમણી જેવી અનેક ફિલ્મોમાં અભિનયનાં ઓજસ પાથર્યા હતા.
- ✓ સ્નેહલતા સાથેની ઉપેન્દ્ર ત્રિવેદીની 30થી વધુ ફિલ્મોએ ગ્રામીણ ગુજરાતના દર્શકોને ખાસ્સું ઘેલું લગાવ્યું હતું.
- ✓ ગુજરાતી ફિલ્મોના આ સુપરસ્ટારનું 4 જાન્યુઆરી-2015ના રોજ અવસાન.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૭-૨૦૨૦)

1. NGTના આદેશ મુજબ ભારતમાં ક્યાં સુધીમાં RO પ્યોરિફાયર ઉપર પ્રતિબંધ મુકવામાં આવશે- ડિસેમ્બર 2020
2. ભારતમાં વર્ષ 2020ના અંત સુધીમાં લિટર દીઠ કેટલા મિલીગ્રામથી ઓછી TDS ધરાવતા RO ઉપર પ્રતિબંધ મુકવામાં આવશે- 500

3. તાજેતરમાં કયા વૈશ્વિક સંસ્થાના અહેવાલ મુજબ ROના કારણે પાણીમાં રહેલા ખનીજ તત્વો નાશ પામે છે - **WHO**
4. પીવાના પાણી માટે વપરાતા શબ્દ TDSનું વિસ્તૃત નામ જણાવો- **ટોટલ ડિસોલ્વ્ડ સોલિડસ્**
5. NGTનું વિસ્તૃત નામ જણાવો- **નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ**
6. NGTના વર્તમાન ચેરપર્સન જણાવો - **જજ આદર્શ કુમાર ગોયલ**
7. ગુજરાતમાં આગામી સમયમાં સંભવિત કયા ચાર સ્થાનો પર વોટર એરોડ્રામ તૈયાર કરાશે – **૧.સાબરમતી રિવરફ્રન્ટ – અમદાવાદ, ૨. કેવડિયા - નર્મદા, ૩. ધરોઈ ડેમ – મહેસાણા, ૪.શેત્રુંજય ડેમ - પાલીતાણા (ભાવનગર)**
8. વોટર એરોડ્રામમાં ઉતરાણ કે ઉડાન માટે ક્યાં વિમાનનો ઉપયોગ કરવામાં આવે છે - **એમ્ફીબિયસ વિમાન**
9. તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ યુએનના "ખાદ્ય સુરક્ષા અને પોષણ અહેવાલ" મુજબ ભારતમાં છેલ્લા એક દાયકામાં કેટલા કરોડ લોકો પરથી ભૂખનું સંકટ દૂર થયું છે - **06 કરોડ**
10. તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ યુએનના "ખાદ્ય સુરક્ષા અને પોષણ અહેવાલ" મુજબ ભારતમાં વર્ષ 2004-06માં કુપોષિતની સંખ્યા કેટલી હતી જે 2017-19માં ઘટીને કેટલી થઈ છે - **24.94 કરોડ અને 18.92 કરોડ**
11. યુએનના અહેવાલ મુજબ વર્ષ 2019માં કેટલા કરોડ લોકો કુપોષિત મળ્યા હતા - **69 કરોડ**
12. યુએનના અહેવાલ મુજબ ભારતમાં હજુ કેટલા ટકા લોકો પર ભૂખનું જોખમ છે - **14 %**
13. તાજેતરમાં જુલાઈ 2020માં જાહેર કરવામાં આવેલ"ખાદ્ય સુરક્ષા અને પોષણ અહેવાલ" કઈ સંસ્થાઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે - **સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય-કૃષિ સંગઠન, આંતરરાષ્ટ્રીય કૃષિ વિકાસ ફંડ, યુનિસેફ, સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ ખાદ્ય કાર્યક્રમ અને ડબ્લ્યુએચઓ**
14. તાજેતરમાં મૂળ ભારતીય વંશના ચંદ્રિકા પ્રસાદ સંતોખી કયા દેશના નવા રાષ્ટ્ર પ્રમુખ તરીકે બિન હરીફ ચૂંટાયા છે - **સુરીનામ**
15. મૂળ ભારતીય વંશના રાષ્ટ્રપ્રમુખ ચંદ્રિકા પ્રસાદ સંતોખીનો પક્ષ જણાવો - **પ્રોગ્રેસિવ રિફોર્મ પાર્ટી**
16. જૂલાઈ-૨૦૨૦માં MHRD મંત્રાલય દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની કઈ માર્ગદર્શિકા જાહેર કરાઈ - **'પ્રજ્ઞાતા'**
17. MHRD મંત્રાલય દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની જાહેર કરાયેલી 'પ્રજ્ઞાતા' માર્ગદર્શિકા અનુસાર પ્રી-પ્રાઈમરીના એક સેશન માટે કેટલો સમય નક્કી કરાયો – **૩૦ મિનિટ**
18. MHRD મંત્રાલય દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની જાહેર કરાયેલી 'પ્રજ્ઞાતા' માર્ગદર્શિકા અનુસાર ધો.૧ થી ૮ના બે સેશન માટે મહત્તમ કેટલો સમય નક્કી કરાયો – **૧.૩૦ કલાક**
19. MHRD મંત્રાલય દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની જાહેર કરાયેલી 'પ્રજ્ઞાતા' માર્ગદર્શિકા અનુસાર ધો.૯ થી ૧૨ના ચાર સેશન માટે મહત્તમ કેટલો સમય નક્કી કરાયો – **૨ થી 3 કલાક**
20. જૂલાઈ-૨૦૨૦માં BCCIના નવા વચગાળાના CEO તરીકે કોની નિમણૂક કરાઈ - **IPLના CEO હેમાંગ અમીન**
21. BCCIનું વડુ મથક કયાં આવેલુ છે – **મુંબઈ**
22. ગુજરાતના ઓટો રિક્ષાચાલકો માટે એપ્રોનનો યુનિફોર્મનો કયો કલર નક્કી કરાયો - **વાદળી**
23. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા ઓટો રિક્ષાચાલકો માટે એપ્રોનનો યુનિફોર્મનો વાદળી કલર નક્કી કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું - **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**
24. કયા ગુજરાતી કલાકારને અભિનય સમ્રાટનું બિરુદ મળેલું છે – **ઉપેન્દ્ર ત્રિવેદી**
25. ગુજરાતી અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મ દિન જણાવો - **14 જુલાઈ 1937**
26. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનું મૂળ ગામ કયુ છે – **કુકડિયા ગામ, તા. ઈડર**
27. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મ ક્યા થયો હતો – **ઈન્દોર(મધ્યપ્રદેશ)**
28. ઉપેન્દ્ર ત્રિવેદીએ કયા જાણીતા નાટકોમાં અભિનય કર્યો છે - **ભીતરના વહેણ, ઝેર તો પીધાં જાણી જાણી, અભિનય સમ્રાટ**

29. ઉપેન્દ્ર ત્રિવેદીએ 1971માં કઈ ફિલ્મથી ગુજરાતી ચલચિત્રોમાં પ્રવેશ કર્યો હતો - **જેસલ તોરલ**
30. ઉપેન્દ્ર ત્રિવેદીએ કઈ મહત્વની ગુજરાતી ફિલ્મોમાં અભિનય કર્યો છે - **સોન કંસારી, વીર માંગડાવાળો, માનવીની ભવાઈ, હોથલ પદમણી, જોગીદાસ ખુમાણ, રા નવઘણ, રાજા ગોપીચંદ, લીલુડી ધરતી, કાદુ મકરાણી, અમરસિંહ રાઠોડ, પાતળી પરમાર, ગરવો ગરાસિયો, વેરની વસૂલાત, સૂરજ ચંદ્રની સાખે, હલામણ જેઠવો, મેહુલો લુહાર અને સોરઠની પદમણી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. USA : વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકા છોડી જવાનો અગાઉનો આદેશ ટ્રમ્પ સરકાર દ્વારા પરત લેવાયો (વૈશ્વિક સંબંધો)

✓ **રાહત :** USAમાં અભ્યાસ કરતા ૨ લાખ ભારતીય સહીત ૧૦ લાખથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને રાહત



અગાઉનો શું નિર્ણય હતો :

✓ ૬ જૂનના રોજ યુએસ ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઇસીઇ)એ આદેશ કર્યો હતો કે, જેમની કોલેજ અથવા યુનિવર્સિટીમાં ફોલ સેમેસ્ટર દરમિયાન ફક્ત ઓનલાઇન ક્લાસિસ ઓફર કરાયાં છે તેમાં અભ્યાસ કરતાં વિદેશી વિદ્યાર્થીઓએ અમેરિકા છોડીને જવું પડશે અથવા તો તેમણે ઇન પર્સન ક્લાસિસ ચલાવનારી કોલેજ અથવા યુનિવર્સિટીમાં પ્રવેશ લેવો પડશે.

✓ આદેશનું ઉલ્લંઘન કરનારાને ઇમિગ્રેશન કાયદાઓ અંતર્ગત કાર્યવાહીનો સામનો કરવો પડશે. તેમને દેશનિકાલ કરવામાં આવી શકે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સંરક્ષણ મંત્રાલય : ભારતીય સેનાને રૂ. ૩૦૦ કરોડ સુધી સંરક્ષણ ખરીદીનો વિશેષાધિકાર અપાયો (સંરક્ષણ)



વિગત :

- ✓ સંરક્ષણ મંત્રાલય હેઠળની સંરક્ષણ ખરીદી પરિષદે (ડીએસી) સશસ્ત્ર દળોને રૂ. 300 કરોડ સુધીની સંરક્ષણ ખરીદીનો વિશેષાધિકાર આપ્યો છે.
- ✓ આ વિશેષાધિકારથી ફક્ત જરૂરિયાતો જ નહીં પણ ખરીદી માટેના સમયનો પણ બચાવ થશે તથા સશસ્ત્ર દળોને હવે મહત્વના હથિયારો એક વર્ષની અંદર મળી જશે.
- ✓ ઈમજરન્સી જરૂરી શ્રેણી હેઠળ દરેક ખરીદી 300 કરોડ કરતા વધારે હોવી ન હોવી જોઈએ.
- ✓ સંરક્ષણ મંત્રી – રાજનાથસિંહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. "કરમિત્ર" અભિયાનનો પ્રારંભ (આર્થિક)



હેતુ :

- ✓ સીજીએસટી દ્વારા રાજ્યમાં કર ચોરી ડામવા, તેની જાણકારી મેળવવા, પકડવા, કર મિત્ર અભિયાન શરૂ કરાયું :
- ✓ સાચી માહિતી આપનારને રિવોર્ડ-પુરસ્કાર અપાશે

અભિયાન વિશે :

- ✓ આ અભિયાન અગાઉ હાથ ધરાયેલ ઇન્ફોર્મર-બાતમીદાર આધારિત ઇન્ટેલિજન્સ સિસ્ટમ અભિયાનની તુલનાએ વધુ પ્રભાવી છે.
- ✓ આ સ્કીમ મારફ્ત ડિપાર્ટમેન્ટ કરચોરી સામેના અભિયાનમાં તમામ નાગરિકને જોડવા માગે છે અને કરચોરી વિરુદ્ધ સરકારને મદદ કરીને દેશના દરેક નાગરિક કરમિત્ર બની શકે

અભિયાનનું માધ્યમ :

- ✓ આ અભિયાન અંતર્ગત કોઈ પણ નાગરિક દૂરસંચારના અદ્યતન માધ્યમો જેવા કે વોટ્સઅપ, વિડિયો, ઓડિયો, એસએમએસ વગેરે માધ્યમો મારફ્ત કોઈ પણ વ્યક્તિ ટેક્સ ચોરી સંબંધિત માહિતી અને વિગતો ડિપાર્ટમેન્ટને સરળતાથી પૂરી પાડી શકે છે.
- ✓ આ હેતુસર અલગથી વોટ્સઅપ અને એસએમએસ માટે ૯૧૫૭૦૨૦૦૬ નંબર ફાળવવામાં આવ્યો છે. આ ફોન નંબરની સુવિધા ૨૪ કલાક ચાલુ રહેશે.
- ✓ ઈમેલ-commr-cexamd3@nic.in પર માહિતી મોકલી શકાશે.
- ✓ કોના દ્વારા : સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ (CGST) ગાંધીનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિમણૂક : ADBના નવા ઉપાધ્યક્ષ તરીકે ભારતના પૂર્વ ચૂંટણી કમિશનર શ્રી અશોક લવાસાની નિમણૂક



કાર્ય :

- ✓ તેઓ એડીબીમાં પ્રાઈવેટ સેક્ટર ઓપરેશન્સ અને પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ સંભાળશે.
- ✓ ADB : એશિયન ડેવલપમેન્ટ બેંક
- ✓ મુખ્ય મથક : મનિલા (ફિલિપાઈન્સ)
- ✓ ADBના વર્તમાન પ્રમુખ અને દેશ - માસાત્સુગૂ અસાકાવા (જાપાન)

Masatsugu Asakawa



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ક્લાઈમેટ ચેન્જ : વિશ્વમાં સૌથી ગરમ સ્થળ અમેરિકાના પૂર્વ કેલિફોર્નિયાના રણપ્રદેશની 'ડેથ વેલી'માં ગરમીનો પારો 53.3 ડિગ્રી :



કારણો :

- ✓ ક્લાઈમેટ ચેન્જની અસર દુનિયાભરમાં જોવા મળી રહી છે.
- ✓ અમેરિકાના પૂર્વ કેલિફોર્નિયાના રણપ્રદેશની 'ડેથ વેલી' એટલે કે 'મોતની ખીણ'માં ૧૨મી જુલાઈ-૨૦૨૦ના રોજ ગરમીનો પારો 53.3 ડિગ્રીએ પહોંચ્યો હતો
- ✓ આ છેલ્લાં ત્રણ વર્ષમાં પૃથ્વી પર કોઈ વિસ્તારમાં નોંધાયેલું સૌથી વધુ તાપમાન.
- ✓ સાઈબેરિયામાં જાન્યુઆરીથી જૂન 2020 સુધી 5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવા પાછળ ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન છે.
- ✓ અહીં જંગલોમાં લાગેલી આગથી 11.5 લાખ હેક્ટરમાં પથરાયેલાં વૃક્ષો ખાક થઈ ગયાં છે, જેથી 5.6 કરોડ ટન કાર્બન ઉત્સર્જન થયું હતું.
- ✓ આગની લપેટોએ અહીંના વાયુમંડળને પણ રાખથી ભરી દીધું છે.

ચેતવણી :

- ✓ જો કાર્બન ઉત્સર્જન આ જ ગતિએ વધતું રહ્યું તો વર્ષ-2030 સુધી આ ખીણનું તાપમાન 60 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.

- ✓ કેલિફોર્નિયાનો આ રણપ્રદેશ ફ્લોરિડાના પનામા સિટી સુધી આશરે પોણા ત્રણ હજાર કિ.મી.માં ફેલાયેલો છે.

મોતની ખીણ વિશે

- ✓ દુનિયાની સૌથી ગરમ જગ્યા છે.
- ✓ અહીં સામાન્ય તાપમાન પણ 50 ડિગ્રી સેલ્સિયસ ઉપર રહે છે.
- ✓ વર્ષ 1913માં અહીંનું તાપમાન 56.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે હમણાં સુધીનો સૌથી ઊંચો આંકડો હતો.
- ✓ અહીં વરસાદ ખૂબ ઓછો થાય છે અને શિયાળો હોતો નથી.
- ✓ પેસિફિક સમુદ્રમાંથી આવતી હવાઓ અહીં સુધી પહોંચે ત્યાં સુધી સૂકી થઈ ગઈ હોય છે. તેમાં ભેજ હોતો નથી, એટલે અહીં ફક્ત ગરમ પવન ફૂંકાય છે.
- ✓ આ ખીણની સપાટી એવી છે જે સૂરજના પ્રકાશમાં ઝળહળી ઊઠે છે.
- ✓ આ સ્થળ સમુદ્ર સપાટીથી 190 ફૂટ નીચે છે, જેથી હવાના દબાણથી ગરમી વધે છે.
- ✓ સૌથી મહત્વનું કારણ કાર્બન ઉત્સર્જન છે. તેનાથી ગરમી વધવાની ગતિ 600 ગણી વધી ગઈ છે.
- ✓ અહીં રાતનું તાપમાન 28થી 37 ડિગ્રી વચ્ચે રહે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ડાર્ક નેટ (ઇન્ટરનેટ)



કેમ ચર્ચામાં

- ✓ **મુંબઈમાં ડાર્ક નેટ ઉપર કોરોના દર્દીઓ માટે પ્લાઝમા રૂપિયા 10 લાખ પ્રતિ લિટરે વેચાતું હોવાનો ઘટસ્ફોટ**



ડાર્ક નેટ શું હોય છે ?

- ✓ ડાર્ક નેટ ઈન્ટરનેટનો એ ભાગ છે જેને સામાન્ય રીતે વપરાતા સર્ચ એન્જિનથી એક્સેસ ન કરી શકાય.

ઉપયોગ :

- ✓ તેનો ઉપયોગ માનવ તસ્કરી, નશીલા પદાર્થોના ખરીદ વેચાણ, હથિયારોની તસ્કરી જેવી પ્રવૃત્તિઓમાં થાય છે.

- ✓ ઈન્ટરનેટ પર તેને કોઈ ડાર્ક વેબ કહે છે તો કોઈ ડીપ વેબ.
- ✓ અહીં હથિયારો અને ડ્રગ્સની ડીલ થાય છે. જેને તમે ઈન્ટરનેટની દુનિયા માનો છો તે ફક્ત ચાર જ ટકા છે અને બાકી ૯૬ ટકા દુનિયા ડાર્ક છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. હોંગકોંગ સ્વાયત્તતા કાયદો

USની સંસદમાં પસાર : પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર કરાયા (વૈશ્વિક વિવાદ)

કાયદાની જોગવાઈ :

- ✓ આ કાયદા મુજબ ચીન સરકાર હોંગકોંગના લોકો પર દમનકારી હરકતો માટે જવાબદાર હશે અને અમેરિકાને આવી હરકતો સામે કાર્યવાહીનો અધિકાર હશે.

આરોપ:

- ✓ ચીને હોંગકોંગની આઝાદી છીનવીને ત્યાંના લોકો માટે સારી તકો ખતમ કરી દીધી.

ચીનની પ્રતિક્રિયા :

- ✓ બીજી તરફ અમેરિકાના નિર્ણયથી ચીન રોષે ભરાયું છે. ચીની વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે આ ચીનની આંતરિક બાબતોમાં દખલ છે, જેનો બદલો લઈશું.
- ✓ ચીન પણ તેનાં હિતોના રક્ષણ માટે અમેરિકી લોકો અને સંસ્થાઓ પર નિયંત્રણો લાદશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : ૧૫ જુલાઈ

વિશ્વ યુવા કૌશલ દિવસ

WYSD
WORLD YOUTH SKILLS DAY
15 JULY 2020

થીમ-૨૦૨૦: Skills For a Resilient Youth



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૭-૨૦૨૦)

1. ઓનલાઇન અભ્યાસક્રમમાં જોડાયેલા વિદેશી વિદ્યાર્થીઓ માટેની વિઝા રદ કરવાની અગાઉની નીતિ કયા દેશ દ્વારા તાજેતરમાં પરત ખેંચવામાં આવી છે - **અમેરિકા**
2. સંરક્ષણ મંત્રાલય ભારતીય સેનાને કેટલા કરોડના શસ્ત્રો ખરીદવા માટે તાજેતરમાં વિશેષાધિકાર આપ્યો છે - **૩.૩૦૦ કરોડ**

3. સંરક્ષણ મંત્રાલય માટે શસ્ત્રો ખરીદવા માટેની મંજૂરી કઈ કમિટી દ્વારા આપવામાં આવે છે - **સંરક્ષણ ખરીદી પરિષદ**
4. ભારતના વર્તમાન શિક્ષણ મંત્રીનું નામ જણાવો- **રાજનાથ સિંહ**
5. તાજેતરમાં ગુજરાતમાં કરચોરી અટકાવવા અને કરચોરને પકડવા કયું નવું અભિયાન લોન્ચ કરાયું છે - **"કરમિત્ર"**
6. "કરમિત્ર" અભિયાન કોના દ્વારા શરૂ કરાયું છે - **CGST, ગાંધીનગર**
7. CGSTનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ**
8. "કરમિત્ર" અભિયાનમાં માહિતી આપનારને રાજ્ય સરકાર દ્વારા કયા પ્રકારે સન્માન કરાશે - **પુરસ્કાર અથવા રિવોર્ડ**
9. "કરમિત્ર" અભિયાન અંતર્ગત કયા નંબર ઉપર whatsapp અથવા એસએમએસથી માહિતી આપી શકાશે - **91570 02006**
10. તાજેતરમાં ADBના નવા ઉપાધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે - **ભારતના પૂર્વ ચૂંટણી કમિશનર અશોક લવાસા**
11. ADBનું મુખ્ય મથક ક્યાં આવેલું છે - **મનિલા, ફિલીપાઇન્સ**
12. ADBનું વિસ્તૃત નામ જણાવો-**એશિયન ડેવલોપમેન્ટ બેન્ક**
13. તાજેતર જુલાઈ-2020માં અમેરિકાના કયા રણપ્રદેશમાં સૌથી વધુ ગરમીનો પારો નોંધાયો હતો - **પૂર્વ કેલિફોર્નિયા**
14. જુલાઈ-2020માં અમેરિકાના "ડેથ વેલી"વિશ્વમાં સૌથી વધુ કેટલા ડિગ્રી ગરમી તાપમાન નોંધાયું હતું - **53.3 ડિગ્રી**
15. વિશ્વનું સૌથી ગરમ સ્થળ "ડેથ વેલી" ક્યાં આવેલું છે - પૂર્વ કેલિફોર્નિયાના રણપ્રદેશમાં
16. વિશ્વનું સૌથી ગરમ સ્થળ "ડેથ વેલી"માં અત્યાર સુધીમાં કયા વર્ષે સૌથી વધુ કેટલું તાપમાન નોંધાયું છે - **1913 અને 56.7 ડિગ્રી**
17. તાજેતરમાં મુંબઈમાં ડાર્ક નેટ ઉપર કોરોના દર્દીઓ માટે પ્લાઝમા પ્રતિ લિટર કેટલામા વેચાતું હોવાનો ઘટસ્ફોટ થયો હતો – **રૂ. ૧૦ લાખ**
18. ડાર્ક નેટ કોને કહેવાય છે - **ડાર્ક નેટ ઈન્ટરનેટનો ભાગ છે જેને સામાન્ય રીતે વપરાતા સર્ચ એન્જિનથી એક્સેસ ન કરી શકાય**
19. ડાર્ક નેટનો ઉપયોગ શામાં થાય છે - **માનવ તસ્કરી, નશીલા પદાર્થોના ખરીદ વેચાણ, હથિયારોની તસ્કરી જેવી પ્રવૃત્તિઓમાં**
20. ડાર્ક નેટને ઈન્ટરનેટ પર અન્ય કયા નામે ઓળખવામાં આવે છે - **ડાર્ક વેબ તથા ડીપ વેબ.**
21. ઈન્ટરનેટની દુનિયા કેટલા ટકા છે તથા બાકી કેટલા ટકા દુનિયા ડાર્ક છે - **૪ તથા ૯૬**
22. જુલાઈ-૨૦૨૦માં USની સંસદમાં કયા દેશની સ્વતંત્રતા કાયદો પસાર કરાયો - **હોંગકોંગ**
23. જુલાઈ-૨૦૨૦માં USની સંસદમાં હોંગકોંગ સ્વતંત્રતા કાયદો પસાર કરાયો તેમાં કઈ જોગવાઈ કરાઈ છે - **ચીન સરકાર હોંગકોંગના લોકો પર દમનકારી હરકતો માટે જવાબદાર હશે અને અમેરિકાને આવી હરકતો સામે કાર્યવાહીનો અધિકાર હશે**
24. વિશ્વ યુવા કૌશલ દિવસ કયારે મનાવવામાં આવે છે - **૧૫ જુલાઈ**
25. વિશ્વ યુવા કૌશલ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **Skills For a Resilient Youth**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.ટ્વિટર : ટ્વિટરના ઈતિહાસનું સૌથી મોટું હેકિંગ : ૩૭૩ યુઝર્સ ભોગ બન્યા : બિટકોઈન કૌભાંડ (ટેકનોલોજી)

વિશ્વમાં કેટલા લોકો ભોગ બન્યા :

અમેરિકા, યુરોપ અને એશિયાના બિટકોઇન રોકાણકારો ભોગ બન્યા

- ✓ હેકરોએ ટ્વિટ દ્વારા ફોલોઅર્સને સંખ્યાબંધ એડ્રેસ પર નાણાં મોકલવા જણાવ્યું હતું.
- ✓ ૧૫મી જુલાઈ સાંજ સુધીમાં ૧,૨૦,૦૦૦ ડોલર જેટલાં ૪૦૦ બિટકોઇન ટ્રાન્ઝેક્શન કરાયાં હતાં.
- ✓ આ કૌભાંડનો ભોગ બનનાર ૫૦ ટકા અમેરિકી બિટકોઇન એક્સ્ચેન્જમાં ફંડ ધરાવતાં હતાં.
- ✓ ૨૫ ટકા પીડિત યુરોપ અને ૨૫ ટકા પીડિત એશિયાના હોવાનું મનાય છે.

કોના ટ્વિટર એકાઉન્ટ હેક કરાયાં :



- ✓ અમેરિકાના પૂર્વ પ્રમુખ બરાક ઓબામા
- ✓ માઇક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ
- ✓ ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક
- ✓ અમેરિકાના પ્રમુખપદના ડેમોક્રેટ ઉમેદવાર જો બિડેન
- ✓ અમેરિકાના પ્રમુખપદના સ્વતંત્ર ઉમેદવાર કેની વેસ્ટ
- ✓ રિયાલિટી ટીવી સ્ટાર કિમ કાર્દાશિયન
- ✓ બિઝનેસ ટાયકૂન વોરેન બફેટ
- ✓ એમેઝોનના સીઈઓ જેફ બેઝોસ
- ✓ મીડિયા બિલિયોનર માઇક બ્લુમબર્ગ
- ✓ એપલ કંપનીનું કોર્પોરેટ એકાઉન્ટ

✓ ઉબર કંપનીનું કોર્પોરેટ એકાઉન્ટ

કેવી રીતે એકાઉન્ટ હેક કરાયા :

✓ હેકરોએ એમ્પ્લોયી ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરીને મોટા માથાઓના ટ્વિટર એકાઉન્ટ હેક કરી લીધાં હતાં.

✓ હેકરોએ ઇન્ટરનલ સિસ્ટમ અને ટૂલ્સનો એસેસ ધરાવતા ટ્વિટરના કર્મચારીઓને જ ટાર્ગેટ બનાવ્યાં.

✓ તેના દ્વારા તેમણે અગ્રણી વ્યક્તિઓના ટ્વિટર એકાઉન્ટ પર કબજો જમાવ્યો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. દિયામેર – ભાષા ડેમ (જળ વિવાદ)

ભારતના વિરોધ વચ્ચે ચીનની મદદથી POKમાં ઝેલમ નદી પર વિશાળ ડેમનું ગેરકાયદેસર બાંધકામ શરૂ



✓ વિસ્તાર : ગિલગિટ બાલ્ટિસ્તાન

✓ ડેમ પ્રોજેક્ટ માટે પાકિસ્તાન અને ચીન વચ્ચે ૪૪૨ બિલિયન ડોલરનો કરાર

પ્રોજેક્ટ વિશે :

✓ પાકિસ્તાનનો આ ત્રીજો સૌથી મોટો ડેમ છે.

✓ આ પ્રોજેક્ટ દ્વારા ૪૫૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે

✓ લગભગ ૧૬,૦૦૦ લોકોને રોજગારી પૂરી પાડશે.

✓ ૨૦૨૮ની સાલમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થવાની ધારણા.

ભારતનો વિરોધ :

દિયામેર-ભાષા ડેમનું નિર્માણ ગેરકાયદેસર :

✓ ભારતે આ વિવાદિત વિસ્તારમાં ચીનની સહાયથી બાંધવામાં આવી રહેલા દિયામેર-ભાષા ડેમનો વિરોધ કર્યો છે.

✓ આ વિસ્તાર ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરનો હિસ્સો છે તેથી ડેમ બનાવવો ગેરકાયદેસર છે.

✓ ભારતના વિરોધ છતાં પણ પાકિસ્તાન દ્વારા ડેમ બનાવાઈ રહ્યો છે.

✓ પીઓકેના લોકો પણ કોહાલા વિસ્તારમાં બની રહેલા ડેમનો વિરોધ કરી રહ્યા છે.

✓ પાકિસ્તાન સરકારે કાશ્મીરના સુધાનોટી જિલ્લામાં ઝેલમ નદી પર આઝાદ પટ્ટાન હાઈડ્રો પ્રોજેક્ટની જાહેરાત કરી છે.

✓ આ તમામ પ્રોજેક્ટ બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ પહેલનો હિસ્સો છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. UNO : સ્થાપનાના ૭૫માં વર્ષની ઉજવણી

✓ સ્થાપના : ૨૪ ઓકટોબર-૧૯૪૫

✓ મુખ્યમથક : ન્યૂયોર્ક (અમેરિકા)

UNOની વિવિધ સંસ્થાઓ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાયરસ સાથે જોડાયેલા મહત્વના શબ્દો (આરોગ્ય)



૧. રેસિપરેટર:

✓ રેસિપરેટર એ ડિવાઈસ છે, જે કોઈ વ્યક્તિમાં શ્વાસ લેવા દરમિયાન ખતરનાક પદાર્થો જેવા કેમિકલ અથવા ચેપી કણોનાં પ્રવેશને અટકાવે છે. કોવિડ-19થી બચાવ માટે સામાન્ય રીતે જે રેસિપરેટરનો ઉપયોગ કરવામાં આવે છે.એન-95 માસ્ક છે

૨. એન્ટીબોડી:

✓ એન્ટીબોડી એવું પ્રોટિન મિશ્રણ છે, જે આપણી રોગપ્રતિકાર શક્તિનો ભાગ છે અને શરીરને સુરક્ષા પુરી પાડે છે. તે શરીરમાં બેક્ટરિયા કે માઈક્રોબ્સ દ્વારા પેદા થયેલા ઝેરી પદાર્થોને નિષ્ક્રિય કરે છે. એન્ટીબોડીને ઈમ્યુનોગ્લોબુલિન પણ કહે છે

૩. એન્ટીજન:

✓ એન્ટીજન એવા બહારના તત્વ હોય છે, જે રોગપ્રતિકાર તંત્રને એન્ટીબોડી બનાવવા માટે પ્રેરિત કરે છે. એન્ટીજન બીમારી ફેલાવતા બેક્ટરિયા, વાઈરસ કે ફંજાઈમાંથી કોઈ પણ હોઈ શકે છે.

૪. ઈક્યુબેશન:

✓ કોઈ વ્યક્તિને જ્યારે કોરોના વાઈરસનો ચેપ લાગે છે તો જરૂરી નથી કે બીમારીનાં લક્ષણ તરત જ દેખાય. તેની અસર દેખાવામાં 2 થી 14 દિવસ સુધીનો સમય લાગી શકે છે. આ સમયને ઈક્યુબેશન પીરિયડ કહે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિર્ણય : ભારતીય ચૂંટણી પંચ

✓ ૬૫ વર્ષથી મોટી વયના મતદારો માટે પોસ્ટલ બેલેટ સુવિધાને ચૂંટણીપંચ દ્વારા રદ્દ કરાઈ

✓ **અગાઉનો નિર્ણય :** ચૂંટણીપંચ દ્વારા અગાઉ તા. ૧૬ જૂનના રોજ આ નિયમ કરાયો હતો તે હવે રદ્દ કરાયો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. અવસાન : સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પુરુષોતમપ્રિયદાસજી ૭૮ વર્ષે અમદાવાદ ખાતે અક્ષર નિવાસી



✓ મણિનગર ગાદી સંસ્થાન, અમદાવાદ

✓ **પ્રદાન:** ૪૦ વર્ષમાં ૨૫૨ મંદિર બનાવનાર

✓ રૂ. ૧૦૦ કરોડનું દાન મેળવનાર

સ્વામીજીનો પરિચય :

પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજ

✓ **જન્મ :** 28.5.1942

✓ **બ્રહ્મલીન :** 16.1.2020

✓ **જન્મ:** ભારાસર(કચ્છ)

✓ **પિતા :** હીરજીભાઈ માધાણી

✓ **માતા :** રામબાઈ

✓ **આચાર્ય :** મણિનગર ગાદી સંસ્થાન

✓ **સાધુ જીવન શરૂઆત :** 21 માર્ચ 1962

✓ **ગુરૂ :** માત્ર 19 વર્ષ અને 9 મહિનાની વયે ગુરુદેવ જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપાના શિષ્ય બની સાધુ જીવન અપનાવ્યું.

✓ **શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્યપદે :** 28 ફેબ્રુઆરી 1979ના રોજ જીવનપ્રાણમુક્તજીવન સ્વામીબાપાએ પુરુષોત્તમપ્રિયદાસજીને શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્યપદે પ્રસ્થાપિત કર્યા.

✓ **ગાદી સંસ્થાનના આચાર્ય :** સાધુ જીવનના 16 વર્ષ, 11 મહિના પછી ગાદી સંસ્થાનના આચાર્ય બન્યા.

સાધુ જીવનની શરૂઆત :

✓ 28 ફેબ્રુઆરી 1979એ દિક્ષા ગ્રહણ કર્યા પછી ગુરુ જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપાની પૂજા કરીને આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજીએ સાધુ જીવનની શરૂઆત કરી હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં 16 જુલાઇના રોજ વિશ્વના ઈતિહાસમાં સૌપ્રથમવાર કેટલા ટ્વિટર એકાઉન્ટ યુઝર્સ હેક કરવામાં આવ્યા જે ટ્વિટર ઇતિહાસનું સૌથી મોટું હેકિંગ તરીકે ઓળખાય છે - 373
2. તાજેતરમાં વિશ્વના કયા કયા ભાગોમાં ટ્વિટર હેકિંગનો લોકો ભોગ બન્યા - **અમેરિકા, યુરોપ અને એશિયાના બિટકોઈન રોકાણકારો**
3. તાજેતરમાં વિશ્વના હેકરોએ કઈ પદ્ધતિથી મોટી હસ્તીઓના ટ્વિટર એકાઉન્ટ હેક કર્યા હતા - **એમ્પ્લોઈ ક્રેડેન્શિયલ્સના ઉપયોગ દ્વારા**
4. પીઓકેમાં ભારતના વિરોધ વચ્ચે પણ કઈ નદી ઉપર પાકિસ્તાન-ચીન ગેરકાયદેસર બંધમાંથી રહ્યું છે - ઝેલમ

5. POKમાં ઝેલમ નદી ઉપર કયો વિશાળ બંધ બાંધવામાં આવી રહ્યો છે - **દિયામોર-ભાષા ડેમ**
6. દિયામોર-ભાષા ડેમ માટે પાકિસ્તાન અને ચીન વચ્ચે કેટલા ડોલરનો સમજૂતી કરાર થયો છે - **442 બિલિયન ડોલર**
7. દિયામોર-ભાષા ડેમ પ્રોજેક્ટને ભારતે કયા કેન્દ્રશાસિત પ્રદેશનો હિસ્સો ગણાવ્યો છે - **જમ્મુ કાશ્મીર**
8. યુનાઇટેડ નેશન્સના સ્થાપના વર્ષેની 2020માં કેટલામી ઉજવણી કરવામાં આવી રહી છે - **75 વર્ષ**
9. યુનાઇટેડ નેશન્સનું મુખ્ય મથક ક્યાં આવેલું છે - **ન્યૂયોર્ક (યુએસએ)**
10. યુનાઇટેડ નેશન્સનો સ્થાપના દિવસ જણાવો - **24 ઓક્ટોબર 1945**
11. તાજેતરમાં ભારતીય ચૂંટણી પંચે અગાઉ કરેલો તેનો કેટલા વર્ષથી મોટી વ્યક્તિઓને પોસ્ટર બેલેટ પેપર દ્વારા મતદાન કરવાનો અધિકાર 16 જુલાઇના રોજ રદ કરાયો - **65 વર્ષે**
12. તાજેતરમાં સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણિનગરના કયા આચાર્યનું 78 વર્ષે અક્ષરવાસી થયા - **આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી**
13. મણીનગર ગાદી સંસ્થાનના સ્વામીનું મૂળ વતન જણાવો - **ભારાસર, કચ્છ**
14. મણીનગર ગાદી સંસ્થાન ક્યાં આવેલું છે – **અમદાવાદ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. યુરોપિયન સ્પેસ એજન્સી (EU) (ખગોળ વિજ્ઞાન)

EUના સ્પેસ ક્રાફ્ટ સોલાર ઓર્બિટર દ્વારા લેવાયેલી અત્યાર સુધીની વિશ્વની સૌથી નજીકની સૂર્યની તસવીર



અન્ય મહત્વના તથ્યો :

- ✓ તસવીર સૂર્યથી ૭.૭ કરોડ કિલોમીટરના અંતરેથી લેવાઈ.
- ✓ પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતર કરતાં આ અડધું.
- ✓ કરોડો કિલોમીટરનું અંતર આમ તો વધુ જ કહેવાય, પણ બ્રહ્માંડમાં આ અંતર ઘણુ ઓછુ.
- ✓ સૂર્યની અસાધારણ ગરમીને કારણે તેની નજીક તો જઈ શકાતું નથી. પરંતુ ઓર્બિટરની આ તસવીરથી સૂર્યની સપાટી પર ચાલતા પ્લાઝમા યુદ્ધને તથા તેની ગરમીને નજીકથી જોવાનો સંશોધકોને લાભ મળ્યો હતો.
- ✓ સોલાર ઓર્બિટર હજુ બે વર્ષ સુધી કાર્યરત રહી સૂર્યની શક્ય એટલું નજીક પહોંચી વધુ ક્લોઝ-અપ તસવીર લેવા પ્રયાસ કરશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સ્વદેશી કોરોના વેક્સિન : ICMR અને ભારત બાયોટેક દ્વારા કોરોનાની 'Covaxin' રસીના પ્રથમ ડોઝના માનવીય પરીક્ષણનો પ્રારંભ (આરોગ્ય)



પરીક્ષણની અન્ય વિગતો :

- ✓ હરિયાણાના રોહતકમાં PGIમાં વોલેન્ટિયર્સનાં પહેલા ગ્રૂપમાં ૩ વ્યક્તિઓને Covaxinનો પહેલો ડોઝ આપવામાં આવ્યો હતો.
- ✓ આ સાથે દેશમાં કોવાક્સિનની પ્રથમ ટ્રાયલમાં ૩૭૫ વોલેન્ટિયર્સને ડોઝ અપાયા
- ✓ આ ત્રણેય વ્યક્તિઓમાં વેક્સિનની કોઈ આડઅસરો જણાઈ નથી.
- ✓ પહેલા તબક્કાનાં ટ્રાયલમાં બીજો ડોઝ ૧૪મા દિવસે અપાશે. કુલ ૧૧૨૫ વોલેન્ટિયર્સ પર પરીક્ષણ કરવામાં આવશે.

૧૪ શહેરોમાં હ્યુમન ટ્રાયલ માટે સેફ્ટી પર ભાર મુકાશે

- ✓ રોહતક, હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ, પટના, કાનપુર, ગોરખપુર, ભુવનેશ્વર, ચેન્નઈ અને ગોવામાં હ્યુમન ટ્રાયલ માટે સુરક્ષા અને સ્ક્રીનિંગ પર ભાર મૂકવામાં આવશે.
- ✓ પટનામાં ૪ દિવસ પહેલા ટ્રાયલ શરૂ કરાઈ છે.
- ✓ પહેલા તબક્કામાં ઓછામાં ઓછો એક મહિનો લાગશે.
- ✓ પહેલા અને બીજા તબક્કામાં કુલ ૧૫ મહિનાનો સમય લાગશે.
- ✓ કોરોના વેકિસનની અદંજે કિંમત રૂ. ૧૦૦૦ જેટલી હોય શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ : સ્પેનિસ ફૂટબોલ લીગ લાલીગા-૨૦૨૦



- ✓ **વિજેતા:** રિયલ મેડ્રીડ ૩૪મી વાર ચેમ્પિયન
- ✓ **હરીફ ટીમ :** વિલારલ
- ✓ **યજમાન :** મેડ્રિડ-સ્પેન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. UN : UNની આર્થિક-સામાજિક પરિષદની ૭૫મી વર્ષગાંઠ નિમિતે વડાપ્રધાન મોદીનું UNમાં વર્ચ્યુઅલ સંબોધન (વૈશ્વિક સંબંધો)

ભારતને UNની અસ્થાયી સુરક્ષા પરિષદનું સભ્યપદ મળ્યા બાદ પ્રથમ સંબોધન



સંબોધનના મહત્વના અંશો :

- ✓ ભારતનું સૂત્ર છે સબકા સાથ સબકા વિકાસ અને સબકા વિશ્વાસ.
- ✓ ગત વર્ષે ગાંધીજીની ૧૫૦મી જયંતીએ ભારતે છ હજાર ગામડાઓમાં સ્વચ્છતાના લક્ષ્યને પ્રાપ્ત કર્યું.
- ✓ ૧૦ કરોડ કરતા વધારે મકાનોમાં ટોઈલેટ બનાવવામાં આવ્યા.
- ✓ ૭ કરોડ ગ્રામીણ મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રૂપનો ભાગ બનેલી.
- ✓ સ્થાનિક સરકારે ૧૦ લાખથી વધારે મહિલાઓનું પ્રતિનિધિત્વ કરી રહી છે.
- ✓ છેલ્લાં છ વર્ષમાં સરકાર દ્વારા ૪૦ કરોડ બેન્ક એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે.

યુએનમાં ભારતની ભૂમિકા :

- ✓ ભારત યુએનની સ્થાપના કરનારા ૫૦ દેશોમાં સ્થાન.
- ✓ બીજા વિશ્વ યુદ્ધ બાદ જે દેશો સાથે આવ્યા તે ૫૦ દેશોમાં ભારત પણ મહત્વની કામગીરી કરનારો દેશ હતો.
- ✓ યુએન દ્વારા આજે ૧૯૩ દેશોને એકસાથે લાવવામાં આવ્યા છે.
- ✓ જેમ જેમ યુએન સાથે દેશો જોડાતા ગયા તેમ તેમ તેનું કદ વિસ્તરતું ગયું અને તેની સામેના પડકારો અને તેની પાસેની અપેક્ષાઓ વધતી ગઈ.
- ✓ ભારતે સતત યુએનની કામગીરીમાં યોગદાન આપ્યું છે.
- ✓ દુનિયાભરમાં ભારતનો કોરોનાનો રિકવરી રેટ સૌથી વધારે છે.
- ✓ ભારત દ્વારા કોરોના સામેના જંગ દરમિયાન ૧૫૦થી વધુ દેશોને મદદ કરવામાં આવી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. HCL : નવા ચેરપર્સન તરીકે દેશના સૌથી શ્રીમંત મહિલા રોશની નાદાર મલ્હોત્રાની નિમણૂક



અન્ય વિગત :

- ✓ દેશની સૌથી શ્રીમંત મહિલા રોશની નાદર મલ્હોત્રા HCL ટેકનોલોજીની ચેર પર્સન બની છે.
- ✓ વેલ્થ ઇન્ડિયા મુજબ રોશની 2019માં 31400 કરોડ રૂપિયા સાથે દેશની સૌથી શ્રીમંત મહિલા હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. UNSC : પાકિસ્તાનના આંતકી સંગઠન તહરીક-એ તાલીબાનનો વડો નૂરવલી મહેસૂદ UNSC દ્વારા વૈશ્વિક આંતકવાદી જાહેર (વૈશ્વિક આંતકવાદ)



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. નિર્ણય : ગુજરાત સરકાર ગુજરાતમાં મેડિકલ અને પેરામેડિકલના તમામ વર્ષના વિદ્યાર્થીઓને "કોવિડ સહાયક" બનાવાશે (આરોગ્ય)



અન્ય વિગત :

- ✓ **હેતુ :** કોરોનાના કેસ વધતાં માનવ બળની અછતને પહોંચી વળવા
- ✓ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે મેડિકલ ઉપરાંત ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથી, નર્સિંગ, ફીઝિયોથેરાપી સહિતના તમામ મેડિકલ-પેરામેડિકલ કોર્સીસના પહેલાથી માંડી છેલ્લા વર્ષ સુધીના તમામ વિદ્યાર્થીઓને કોરોના કામગીરીમાં જોડવાનો નિર્ણય કર્યો છે.
- ✓ કોરોના મહામારીમાં માનવ સંસાધનની અછતને પહોચી વળવા સરકારે રાજ્યના ૪૦ હજારથી વધુ મેડિકલ-પેરામેડિકલ વિદ્યાર્થીની કોવિડ સહાયક તરીકે મદદ લેવા નિર્ણય કર્યો.

વિદ્યાર્થીઓને આ પ્રકારની કામગીરી સોંપાશે :

પ્રિવેન્ટિવ કેર

- ✓ કોમ્પ્યુનિટી સર્વેલન્સ, અવેરનેસ, આરોગ્ય શિક્ષણ, રોગનું કારણ-નિવારણની પ્રવૃતિ
- ✓ આઉટરીચ મેડિકલ ઓપીડીમાં ડોકોટરના સુપરવિઝનમાં મેડિકલ કેર, તાવ અને ઓક્સીજનની કમી વાળા દર્દીનું સ્ક્રિનિંગ
- ✓ ઈમ્યુનિટી વધે તેવો ખોરાક તથા ઔષધી બાબતો
- ✓ સેમ્પલ કલેકશન સમયે કાઉન્સેલિંગ

ક્લિનિકલ કેર

- ✓ -હેલ્પ ડેસક, કંટ્રોલરૂમ, કાઉન્સેલિંગ , હેલ્થ એજ્યુકેશન, હોમ આઈસોલેશન કરેલ દર્દીના કેર ટેકર તરીકે
- ✓ નિષ્ણાંત ડોક્ટરોના સુપરવિઝન હેઠળ મેડિકલ કેર-બેઝિક મેડિકલ ચેકઅપ,પેશન્ટ સ્ક્રિનિંગ, પેશન્ટ ફાઈલ મેઈન્ટેન, મેડિકલ પ્રોસિઝરમા મદદ
- ✓ સેમ્પલ કલેકશન, પેકેજિંગ અને ટ્રાન્સપોર્ટ

લોજિસ્ટિક

- ✓ વિવિધ દવાઓની જાણકારી, સ્ટોક મેઈન્ટેનિંગ અને નિષ્ણાંતોની સલાહ મુજબ સમયસર દવા અને ખોરાક મળે તેવી વ્યવસ્થા
- ✓ હોસ્પિટલ મેનેજમેન્ટમાં સહાય દર્દી તથા દર્દીઓના સગાઓનું કાઉન્સેલિંગ

અન્ય

- ✓ હેલ્થ અને મેડિકલ ડેટા મેનેજમેન્ટ
- ✓ તજજ્ઞાનના માર્ગદર્શન હેઠળ ડેટા એનાલિસીસ
- ✓ 1100 અને 104 હેલ્પલાઈન પર ટેલી કાઉન્સેલિંગ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. અવસાન : 'ગુજરાત સમાચાર'ના પ્રસિદ્ધ કાર્ટુનિસ્ટ ઈન્દ્રદેવ આચાર્યનું ૯૩ વર્ષે મુંબઈ ખાતે અવસાન



અન્ય વિગત :

- ✓ ગુજરાત સમાચાર સાથે ચાર દાયકા કરતાં પણ વધુ સમયથી સંકળાયેલા અને ૯૩ વર્ષની જૈફ ઉમ્મરે પણ સતત કાર્યરત રહેલા જાણીતા કાર્ટુનિસ્ટ ડૉ. ઈન્દ્રદેવ આચાર્યનું ૧૬મી જુલાઈએ મુંબઈમાં અવસાન થયું હતું.
- ✓ "આચાર્યની આજકાલ" શીર્ષક હેઠળ આવતાં તેમનાં પોકેટ કાર્ટૂનોથી જાણીતા બનેલા સ્વ. આચાર્ય અર્થશાસ્ત્રનાં ડોકટરેટ (પીએચ.ડી.) હતા.
- ✓ ડૉ. ઈન્દ્રદેવ આચાર્ય વ્યંગ ચિત્રકાર, લેખક, પત્રકારની બહુમુખી પ્રતિભાના કલાકાર હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : 17 જુલાઈ

નટવર્ય : અમૃત જાની

જન્મ : 17 જુલાઈ 1912

અવસાન : 9 ઓગસ્ટ 1997



✓ આજે ભારતીય હવાઈ દળના ફ્લાઈંગ ઓફિસર, પરમવીર ચક્ર વિજેતા નિર્મલજીત શેખો, જર્મન કલાવિદ હરમાન ગેત્સ અને ગુજરાતી રંગભૂમિના ઉમદા નટ અમૃતલાલ જટાશંકર જાનીનો જન્મદિવસ

✓ નંદશંકર મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક અને અર્થશાસ્ત્રના જનક આદમ સ્મિથની પુણ્યતિથિ.

✓ રંગભૂમિની પ્રયોગશાળા સમા મોરબી પાસે ટંકારામાં અમૃત જાનીનો જન્મ થયો હતો.

✓ 1927માં ભારત ગૌરવ નાટકમાં છાયાદેવીના પાત્ર દ્વારા નટ તરીકે કારકિર્દી શરૂ કરનાર અમૃત જાનીએ તે પછી રણગર્જના, લગ્ન બંધન, સમય સાથે શંભુ મેળો, ગર્ભ શ્રીમંત સમેત 450થી વધુ નાટકોમાં અભિનય કર્યો હતો.

✓ તેઓ નાટકમાં પ્રારંભે સ્ત્રી પાત્રો ભજવતા અને ગીતો પણ ગાતા.

✓ અમૃતભાઈએ નાટકોમાં કરુણ રસના પાત્રો ભજવવામાં સાર્થકતા અનુભવી હતી. તેઓએ પાછળથી પુરુષ પાત્રો પણ ભજવ્યા હતા.

✓ અમૃત જાનીએ ગુજરાતની જૂની રંગભૂમિ, ઉમળકો અને અભિનય પંથે (આત્મકથાનક) જેવા પુસ્તકો પણ લખ્યા.

✓ ચીન યુદ્ધ વખતે (1962) નાટકો કરી વડાપ્રધાન રાહત ફંડમાં ફાળો આપી કલાકારનો રાષ્ટ્રધર્મ પણ અમૃત જાનીએ અદા કર્યો હતો.

✓ ગુજરાતના આ નટવર્યનું 9 ઓગસ્ટ 1997ના રોજ અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૭-૨૦૨૦)

1. તાજેતર જૂલાઇ 2020માં કઈ એજન્સીના માધ્યમથી સૂર્યની અત્યાર સુધીની સૌથી નજીકની તસવીર લેવામાં આવી છે - **યુરોપિયન સ્પેસ એજન્સી**
2. -યુરોપિયન સ્પેસ એજન્સીના માધ્યમથી કયા ઓર્બિટર દ્વારા સૂર્યની સૌથી નજીકની તસવીર લેવામાં આવી - **સ્પેસ ક્રાફ્ટ સોલાર ઓર્બિટર**
3. "સ્પેસ ક્રાફ્ટ સોલાર ઓર્બિટર" દ્વારા તાજેતરમાં કેટલા નજીકના અંતરેથી સૂર્યની તસવીર લેવાઇ - **7.7 કરોડ કિ.મી.**

4. તાજેતરમાં સ્વદેશી કોરોના વેક્સિન માટે કઈ લેબ દ્વારા પ્રથમ માનવી પરીક્ષણનો પ્રારંભ કરાયો - **ICMR અને ભારત બાયોટેક**
5. ICMR અને ભારત બાયોટેક દ્વારા તૈયાર કરવામાં આવનાર સ્વદેશી કોરોના વેક્સિનને કયું નામ આપવામાં આવ્યું છે - **Covaxin**
6. જુલાઈ 2020માં સ્પેનિશ ફૂટબોલ લીગ લાલીગા-2020 ચેમ્પિયન ટીમનું નામ જણાવો - **રીયલ મેડ્રીડ**
7. સ્પેનિશ ફૂટબોલ લીગ લાલીગા-2020 ઉપવિજેતા ટીમનું નામ જણાવો - **વિલારલ**
8. તાજેતરમાં સ્પેનિશ ફૂટબોલ લીગ લાલીગા-2020 ચેમ્પિયન ટ્રોફી ક્યાં યોજાઈ - **મેડ્રિડ, સ્પેન**
9. તાજેતરમાં 16 જુલાઇના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યુએનની કેટલામી વર્ષગાંઠ નિમિત્તે પ્રથમવાર UN આર્થિક-સામાજિક પરિષદને સંબોધન કર્યું - **75મી**
10. ભારતનું યુએનની સ્થાપના કરનાર સૌપ્રથમ કેટલા દેશોમાં નામ સામેલ છે - **50**
11. વર્તમાનમાં UNOના કુલ સભ્ય દેશો જણાવો - **193**
12. HCLના નવા ચેરપર્સન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે - **રોશની નાદાર મલ્હોત્રા**
13. પાકિસ્તાનના આંતકી સંગઠન તહરીક-એ તાલીબાનના વડાનું નામ જણાવો - **નૂરવલી મહેસૂદ**
14. જુલાઈ-૨૦૨૦માં કોના દ્વારા પાકિસ્તાનના આંતકી સંગઠન તહરીક-એ તાલીબાનના વડા નૂરવલી મહેસૂદને વૈશ્વિક આંતકવાદી જાહેર કરાયો - **UNSC**
15. જુલાઈ-૨૦૨૦માં ગુજરાત સરકારે શાનો અભ્યાસ કરતાં તમામ વર્ષના વિદ્યાર્થીઓને "કોવિડ સહાયક" બનાવવાનો નિર્ણય કર્યો - **મેડિકલ અને પેરામેડિકલ**
16. જુલાઈ-૨૦૨૦માં ગુજરાત સરકારે કયા હેતુસર મેડિકલ અને પેરામેડિકલના તમામ વર્ષના વિદ્યાર્થીઓને "કોવિડ સહાયક" બનાવવાનો નિર્ણય કર્યો - **કોરોનાના કેસ વધતાં માનવ બળની અછતને પહોંચી વળવા**
17. ગુજરાત સરકારે કોરોના મહામારીમાં માનવ સંસાધનની અછતને પહોચી વળવા રાજ્યના કેટલા મેડિકલ-પેરામેડિકલ વિદ્યાર્થીની કોવિડ સહાયક તરીકે મદદ લેવા નિર્ણય કર્યો - **80 હજારથી વધુ**
18. ગુજરાત સરકારે મેડિકલ-પેરામેડિકલ વિદ્યાર્થીની કોવિડ સહાયક તરીકે કઈ કઈ પ્રકારની કામગીરી સોંપી - **પ્રિવેન્ટિવ કેર, ક્લિનિકલ કેર, લોજિસ્ટિક તથા અન્ય કામગીરી**
19. જુલાઈ-૨૦૨૦માં 'ગુજરાત સમાચાર'ના ક્યા પ્રસિદ્ધ કાર્ટુનિસ્ટનું ૯૩ વર્ષે મુંબઈ ખાતે અવસાન થયું - **ઈન્દ્રદેવ આચાર્ય**
20. પ્રસિદ્ધ કાર્ટુનિસ્ટ ઈન્દ્રદેવ આચાર્ય કયા શીર્ષક હેઠળ આવતાં તેમનાં પોકેટ કાર્ટૂનોથી જાણીતા બન્યા હતા - **"આચાર્યની આજકાલ"**
21. ગુજરાતના જાણીતા નટવર્ય અમૃત જાનીનો જન્મ દિવસ જણાવો - **17 જુલાઈ 1912**
22. ઈન્દુલાલ યાજ્ઞિકની પુણ્યતિથિ જણાવો - **17 જુલાઈ**
23. ગુજરાતી રંગભૂમિની પ્રયોગશાળા સમા અમૃત જાનીનો જન્મ કયાં થયો હતો - **મોરબી પાસે ટંકારામાં**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. રામ મંદિર નિર્માણ : અયોધ્યા (ધર્મ)



નવીન પ્રાચીન મંદિર સોમપુરા શિલ્પ વિદ્યા કોલ બેલિંગ પ્રમાણે આકાર લેશે.

પદ્ધતિ :

- ✓ મંદિરમાં સાકર સિમેન્ટ નહીં વપરાય. કોલ બેલિંગ વિશેષ શિલ્પવિદ્યા અનુસાર શિલાઓને એકબીજા સાથે જોડીને નિર્માણ પૂર્ણ આકાર પ્રાપ્ત કરશે.



- ✓ મંદિર નિર્માણમાં 10 હજાર ટન શિલાઓ વપરાશે.
- ✓ મંદિરના નિર્માણમાં સ્ટીલનો અને બંસી પહાડની ગુલાબી રંગની શિલાઓનો ઉપયોગ કરાશે.
- ✓ અમદાવાદ અને રાજસ્થાનના 450થી વધુ સોમપુરા શિલ્પકાર રામમંદિરના નિર્માણ કાર્યમાં જોડાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના સંક્રમણ (આરોગ્ય)

કોરોના ટ્રાન્સમિશન અંગે ભાસ્કર ગાઈડ

પરિસ્થિતિ ૧ થી ૫



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. મલક્કા સ્ટ્રીટ - આંદામાન નિકોબાર : ભારતીય નૌકાદળની આંદામાન સમુદ્રમાં જંગી લશ્કરી કવાયત (સંરક્ષણ)



મલક્કા સ્ટ્રીટ વિશે :

- ✓ આંદામાનમાં મલક્કા સ્ટ્રીટમાંથી ચીન, શ્રીલંકા, પાકિસ્તાન સહીત તમામ દેશોના વ્યાપારી તેમજ યુદ્ધ જહાજો હિન્દ મહાસાગરમાં પ્રવેશે છે
- ✓ ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્વની ધરાવતી એ જગ્યા કવાયત માટે પસંદ કરી છે
- ✓ લદાખમાં ચીન સાથે ભારતના સંઘર્ષ ચાલુ છે, પરંતુ ચીનની નજર આંદામાન દ્વિપસમુહ પર પણ છે.
- ✓ લદાખમાં સૈન્યને વ્યસ્ત રાખીને આંદામાનમાં ચીન કોઈ છમકલું કરે એવી શક્યતા અગાઉ લશ્કરી નિષ્ણાતો વ્યક્ત કરી ચૂક્યા છે.

- ✓ ભારતીય નૌકાદળ અહીં પૂર્ણપણે સતર્ક છે અને તૈયાર પણ છે એ સંદેશો આપવા ભારતે આ આયોજન કર્યું છે.
- ✓ કવાયતમાં કેટલા જહાજો-સબમરિન ભાગ લેશે તેનો આંકડો જાહેર કરવામાં આવ્યો નથી. પરંતુ ઈસ્ટર્ન કમાન્ડના તમામ મહત્વપૂર્ણ જહાજો ભાગ લેશે.
- ✓ જહાજ ઉપરાંત દરિયાઈ સર્વેલન્સ માટેના વિમાનો P-8-I ભાગ લેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. જન્મ દિન વિશેષ : 18 જુલાઈ

(૧) ઈતિહાસકાર : છોટુભાઈ નાયક

જન્મ – 18 જુલાઈ-1913

અવસાન – 9 જાન્યુઆરી-1976

- ✓ આજે લેખક, પત્રકાર ઈશ્વરલાલ દેસાઈ, રંગભૂમિના તેજસ્વી નટ અમૃત કેશવ નાયક, સ્થિતિ સ્થાપકતાના સિદ્ધાંતના શોધક રોબર્ટ હૂક, દંતકથારૂપ ગઝલ ગાયક મેંદી હસન, અને ફારસી, ઉર્દૂ અને મધ્યકાલીન ઈતિહાસના અભ્યાસી અને કોશકાર છોટુભાઈ રણછોડજી નાયકનો જન્મદિવસ તથા રાજેશ ખન્નાની પુણ્યતિથિ
- ✓ વલસાડના ભાગોદ ગામે જન્મેલા છોટુભાઈ પારડી, વડોદરા અને મુંબઈમાં ભણ્યા હતા.
- ✓ 1942માં 'અબ્દુલ રહીમ ખાનખાના અને એનું સાહિત્ય મંડળ' શીર્ષકથી પીએચડીની પદવી મેળવી હતી.



- ✓ છોટુભાઈએ કોલ્હાપુર, નવસારી, અમદાવાદની એચ.કે. કોલેજ અને પ્રતિષ્ઠિત ભો.જે. વિદ્યાભવન વગેરે જગ્યાએ અધ્યાપક તરીકે રહ્યા હતા.
- ✓ 1964માં ગુજરાત યુનિ.ના ભાષા ભવનમાં ફારસીના અધ્યાપક અને અધ્યક્ષ તરીકે જોડાયા હતા.
- ✓ ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યમાં ખેડાણ, અરબી-ફારસીની ગુજરાતી પર અસર, સૂફી મત, મધ્યયુગીન ભારત ખંડ 1-2 અને ગુજરાતમાંની ઈસ્લામી સલ્તનતનો ઈતિહાસ જેવા પુસ્તકો દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને ઈતિહાસ જેવી વિદ્યાશાખાઓને સમૃદ્ધ કરી છે.
- ✓ છોટુભાઈનું 9 જાન્યુ.1976ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) નેલ્સન મંડેલાનો જન્મ દિવસ

- ✓ જન્મ : ૧૮ જુલાઈ ૧૯૧૮
- ✓ અવસાન : ૫ ડિસેમ્બર ૨૦૧૩



- ✓ નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ
- ✓ **ઉજવણી :** યુનાઈટેડ નેસન્સ દ્વારા પ્રતિ વર્ષ ૧૮મી જૂલાઈના રોજ
- ✓ નેલ્સન મંડેલા : દક્ષિણ આફ્રિકાના ગાંધી તરીકે ઓળખ

સન્માનો :

- ✓ ૧૯૭૯માં આંતરરાષ્ટ્રીય દૂરંદેશી બદલ જવાહરલાલ નહેરૂ પારિતોષિક.
- ✓ ૧૯૯૦માં ભારતનું શ્રેષ્ઠ નાગરીક સન્માન ભારત રત્ન.
- ✓ ૧૯૯૩માં નોબેલ શાંતિ પુરસ્કાર સમેત મંડેલાને આશરે ૨૫૦ કરતાં વધુ સન્માનો પ્રાપ્ત થયા હતા.

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૭-૨૦૨૦)

1. અયોધ્યામાં નવીન પ્રાચીન રામ મંદિર કઈ વિશેષ પદ્ધતિ પ્રમાણે આકાર લેશે - **સોમપુરા શિલ્પ વિદ્યા કૉલ બેલિંગ**
2. અયોધ્યામાં નવીન રામ મંદિરમાં શિલાઓને એકબીજા સાથે જોડીને મંદિર નિર્માણ કરવામાં આવશે તેને શું કહેવામાં આવે છે - **કૉલ બેલિંગ**
3. અયોધ્યામાં નિર્માણ પામનાર રામ મંદિરમાં કયા રાજ્યના શિલ્પકારો જોડાશે - **ગુજરાત અને રાજસ્થાન**
4. અયોધ્યામાં નિર્માણ પામનાર રામ મંદિરમાં કયા શિલ્પકારો જોડાશે - **સોમપુરા શિલ્પકારો**
5. તાજેતર જુલાઈ 2020માં ભારતીય નૌકાદળ દ્વારા કયા સમુદ્રમાં જંગી લશ્કરી કવાયત યોજવામાં આવી હતી - **આંદામાન નિકોબાર**
6. ભારત માટે ખૂબ જ વ્યૂહાત્મક એવી મલાક્કા સ્ટ્રીટ ક્યાં આવેલી છે - **આંદામાન નિકોબાર**
7. ચીન, લંકા અને પાકિસ્તાન સહિત વિવિધ દેશોના વેપારી તેમજ યુદ્ધ જહાજો હિંદ મહાસાગરમાં ક્યાંથી પ્રવેશ કરે છે - **મલક્કા સ્ટ્રીટ**
8. ઇતિહાસકાર છોટુભાઈ નાયકનો જન્મદિવસ જણાવો - **18 જુલાઈ 1913**
9. ઇતિહાસકાર છોટુભાઈ નાયકનો જન્મ ક્યાં થયો હતો - **ભાગોદ, વલસાડ**
10. વર્ષ 1964માં છોટુભાઈ નાયક કઈ યુનિવર્સિટીમાં ફારસીના અધ્યાપક તરીકે જોડાયા હતા - **ગુજરાત યુનિવર્સિટી**
11. નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ ક્યારે ઉજવાય છે - **18 જુલાઈ 1918**
12. નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ કઈ સંસ્થા દ્વારા ઉજવવામાં આવે છે - **UNO**
13. દક્ષિણ આફ્રિકાના "ગાંધી" તરીકે કોણ ઓળખાય છે - **નેલ્સન મંડેલા**
14. નેલ્સન મંડેલાને કયા વર્ષે ભારતરત્ન એનાયત કરાયો હતો - **1990**
15. નેલ્સન મંડેલાને કયા વર્ષે શાંતિનો નોબલ પારિતોષિક અપાયો હતો – **1993**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. હિન્દ મહાસાગર (દરિયાઈ શક્તિ) આંદામાન નિકોબારમાં USનું સૌથી શક્તિશાળી યુદ્ધ જહાજ નિમિત્ઝ તહેનાત

✓ **હેતુ:** હિન્દ મહાસાગરમાં ચીનની ગતિવિધિ રોકવા પેટ્રોલિંગ કરશે



હિન્દ મહાસાગરમાં ડ્રેગનને પછડાટ આપવા ખાસ વ્યૂહ રચના

✓ એક તરફ ભારતનું શક્તિશાળી નૌકાદળ અને બીજી તરફ આંદામાન નિકોબાર તેમજ સાઉથ ચાઈના સી તરફ અમેરિકાનું વિમાનવાહક જહાજ પેટ્રોલિંગ કરી રહ્યું છે.

✓ ચીનનો ગલ્ફના દેશો સાથેનો વેપાર હિન્દ મહાસાગરમાંથી થાય છે અને તે ફૂડ તેમજ ઊર્જાની આયાત પણ આ દરિયાઈ માર્ગે કરે છે તેથી જો ભારત આ રૂટ બ્લોક કરે તો તેને મોટી પછડાટ ખાવી પડે તેમ છે.

યુદ્ધ જહાજ નિમિત્ઝ વિશે :

✓ અમેરિકાનાં સુપર કેરિયર્સમાં અણુથી ચાલતું નિમિત્ઝ ખૂબ જ શક્તિશાળી છે. તેને ૩ મે ૧૯૭૫માં અમેરિકાના નૌકાદળમાં સામેલ કરાયું હતું.

✓ આ જહાજ યુએસનાં સ્ટ્રાઈક ગ્રૂપ ૧૧નો એક હિસ્સો છે જે એકલા હાથે અનેક દેશોનો ખાતમો કરવાની ક્ષમતા ધરાવે છે.

✓ ૩૩૨ મીટર લાંબા વિમાનવાહક જહાજમાં ૯૦ યુદ્ધ વિમાનો અને હેલિકોપ્ટર્સ તેમજ ૩૦૦૦ સૈનિકો તહેનાત રહે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. રામ મંદિર : અયોધ્યા (ધર્મ)



મુખ્ય મંદિર વિશે :

- ✓ મુખ્ય મંદિર 5.5 એકરમાં ફેલાયેલુ હશે
- ✓ અયોધ્યામાં 5 શિખર અને મંડપનું મંદિર અને મંડપનું મંદિર નવા સ્વરૂપમાં 5.5 એકરમાં બનશે.
- ✓ મંદિરનું ગર્ભગૃહ જમીનથી 19 ફૂટ ઉપર હશે. ભોંયતળિયાની ઉપર બે માળ હશે.
- ✓ 5 શિખર ધરાવતા મંદિરની કમ્પાઉન્ડ વૉલ પણ હશે. તેમાં દિશા મુજબ પંચદેવ બિરાજશે.
- ✓ ટ્રસ્ટ પાસે કુલ 67.7 એકર ભૂમિ.
- ✓ મંદિર માટે 5.5 એકર વપરાશે.
- ✓ બાકીની 62.2 એકર જમીનમાં શ્રદ્ધાળુઓ માટે સુવિધા ઊભી કરાશે.



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. જન્મ દિન વિશેષ : 19 જુલાઈ

સત્તાવનનો અરુણોદય : મંગલ પાંડે

જન્મ – 19 જુલાઈ-1827

અવસાન – 8 એપ્રિલ 1857

- ✓ સન સત્તાવનના સંગ્રામના પહેલા શહીદ મંગલ પાંડેનો આજે જન્મદિવસ.
- ✓ તેમનો જન્મ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના નાગવા ગામે થયો હતો.



- ✓ યુવાવસ્થામાં તંદુરસ્ત શરીર હતું, શહેર અકબરપુરમાં સેનાની પરેડ જોવા ગયા ત્યાં કોઈએ તેમનું શરીર જોઈ લશ્કરમાં જોડાવા કહ્યું અને મંગલ પાંડે 1848માં બ્રિટિશ થળ આર્મીમાં જોડાઈ ગયા.
- ✓ 1850માં બરાકપુર સૈનિક ટુકડીમાં જોડાયા.
- ✓ એકવાર માતાદીન નામના વાલ્મીકિ જ્ઞાતિના કંપનીના સેવકે સૈનિકોના માટલામાંથી પાણી પીવા પ્રયત્ન કર્યો, તેને મંગલ પાંડેએ જમાનાની તાસીર મુજબ રોક્યો તો માતાદીને કહ્યું રાઈફલમાં ગાય

અને ડુક્કરની ચરબી લગાડેલી કારતૂસ મોંઢેથી તોડવાની થશે ત્યારે તમે શું કરશો. માતાદીન કારતૂસ બનાવવાના કારખાનામાં કામ કરતો હોવાથી તેની વાતમાં સચ્ચાઈ હતી.

- ✓ 29 માર્ચ 1857ના રોજ કારતૂસ તોડવાની કહેવાયું ત્યારે મંગલ પાંડેએ તેનો વિરોધ કર્યો.
- ✓ બ્રિટિશ ઓફિસરે રાઈફલ છીનવવા પ્રયાસ કર્યો, મંગલે ઓફિસરે પર હુમલો કરી તેને મારી નાંખ્યો.
- ✓ પ્રતિક્રિયારૂપે મંગલ પાંડેને ફાંસીની સજા કરવામાં આવી. પણ મંગલ પાંડેની લોકપ્રિયતા લીધે સ્થાનિક કક્ષાએ તેને ફાંસીની સજા કરવા માટે કોઈ જલ્લાદ તૈયાર ન થયો.
- ✓ આખરે કલકતાથી જલ્લાદ બોલાવી 8 એપ્રિલ 1857ના રોજ 29 વર્ષની વયે તેમને ફાંસી આપવામાં આવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં હિંદ મહાસાગરમાં ભારતીય સેનાને સહયોગ કરવા અમેરિકા દ્વારા કયું શક્તિશાળી યુદ્ધજહાજ તહેનાત કરવામાં આવ્યું છે - **નિમિત્ઝ**
2. "નિમિત્ઝ" યુદ્ધ જહાજ કયા વર્ષે અમેરિકન નૌકાદળમાં સામેલ થયું હતું - **3 મે 1975**
3. "નિમિત્ઝ" યુદ્ધ જહાજની લંબાઈ જણાવો - **332 મીટર**
4. "નિમિત્ઝ" યુદ્ધ જહાજ ઉપર એક સાથે કેટલા યુદ્ધ વિમાન અને સૈનિકો તહેનાત કરી શકાય છે - **90 અને 3,000**
5. ચીનનો ગલ્ફ દેશો સાથેનો કુડ તેમજ ઊર્જાનો વેપાર કયા સમુદ્ર માર્ગે થાય છે - **હિંદ મહાસાગર**
6. અયોધ્યા ખાતે ભગવાન રામનું મંદિર જમીન નિર્માણ પામશે - **5.5 એકર**
7. અયોધ્યા ખાતે ભગવાન રામના મંદિર પરિસરની કુલ કેટલી જમીન ઉપર યાત્રાળુઓ માટે વિવિધ સુવિધા ઊભી કરાશે - **62.2 એકર**
8. અયોધ્યા ખાતે ભગવાન રામના મંદિર પરિસરની કુલ કેટલી જમીન છે- **67.7 એકર**
9. 1857ના અરૂણોદય એવા શહીદ મંગલ પાંડેનો જન્મદિવસ જણાવો - **19 જુલાઈ 1827**
10. મંગલ પાંડેને ક્યારે ફાંસી આપવામાં આવી હતી - **8 એપ્રિલ 1857**
11. મંગલ પાંડેનું જન્મ સ્થળ જણાવો – **નાગવા (ઉત્તર પ્રદેશ)**
12. મંગલ પાંડે 1850માં સૌપ્રથમ કઈ લશ્કરી ટુકડીમાં જોડાયા હતા - **બરાકપુર સૈનિક ટુકડી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. અલ અમલ યાન : UAE દ્વારા મંગળ ગ્રહના અભ્યાસ માટે યાન લોન્ચ કરાયું (અવકાશ વિજ્ઞાન)



✓ **અર્થ :** અરબી ભાષા - આશા/ઉમ્મીદ

અલ અમલ યાન વિશે :

✓ મંગળની ભ્રમણકક્ષામાં એક વર્ષ સુધી અભ્યાસ કરશે

✓ અલ અમલ મંગળના પર્યાવરણ અને તુઓનો અભ્યાસ કરશે.

✓ **હેતુ :** લાંબાગાળાનો હેતુ તો આગામી ૧૦૦ વર્ષમાં મંગળ પર માનવ વસાહત વસાવવાનો છે.

✓ છ મહિનાનો પ્રવાસ કરીને અમલ ફેબ્રુઆરી ૨૦૨૧માં મંગળની કક્ષામાં પહોંચશે.

✓ યુ.એ.ઈ. એ સાત આરબ અમિરાતનું સંગઠન.

✓ આ સંગઠનના ૫૦ વર્ષ ફેબ્રુઆરી ૨૦૨૧માં પૂરાં થાય છે. એ વખતે જ મિશન મંગળ પર પહોંચે એવું યુએઈએ આયોજન કર્યું.

✓ **લોન્ચિંગ સ્થળ:** તનેગાશિમા અવકાશ મથક, જાપાન

✓ **કંપની :** મિત્સુબિશી હેવી ઇન્ડસ્ટ્રીઝ

✓ **એજન્સી :** આરબ સ્પેસ મિશન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ખેલકૂદ : ICC ટુર્નામેન્ટનો નવો કાર્યક્રમ જાહેર

✓ આગામી ત્રણ વર્ષમાં આઇસીસીની ત્રણ મોટી ટૂર્નામેન્ટ રમાશે.

International Cricket Council

- ✓ ટી ૨૦ વર્લ્ડ કપ : ઓક્ટોબર અને નવેમ્બર-૨૦૨૧
- ✓ ટી ૨૦ વર્લ્ડ કપ : વર્ષ-૨૦૨૨ (ભારત)
- ✓ વન-ડે વર્લ્ડ કપ : વર્ષ-ઓક્ટોબર તથા નવેમ્બર-૨૦૨૩ (ભારત)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. યુદ્ધ અભ્યાસ : આંદામાન-નિકોબાર ખાતે ભારતીય નૌકાદળ અને US નેવીનો સંયુક્ત યુદ્ધ અભ્યાસ સંપન્ન



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિમણૂક : ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ પદે નવસારીના મરાઠી સાંસદ સી.આર.પાટીલની નિમણૂક



- ✓ **જન્મ :** મહારાષ્ટ્ર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721



૫. નવા સુધારેલો ગ્રાહક સુરક્ષા કાયદો (વહીવટ)

- ✓ ભારતમાં અમલ : તા. ૨૧મી જૂલાઈ-૨૦૨૦થી



કાયદાના સુધારાની મહત્વની નવી જોગવાઇઓ

- ✓ ખરાબ વસ્તુથી ગ્રાહકનું મોત થાય તો આરોપીને ૭ વર્ષની કેદ થશે
- ✓ કંપની વ્યાપારી અને ડ્રિસ્ટીબ્યુટર પર પણ જવાબદાર રહેશે. અન્ય કેસોમાં રૂ. ૧ થી ૧૦ લાખ સુધીનો દંડ થશે.
- ✓ હવેથી પીઆઇએલ કે જાહેર હિતની અરજી કંઝ્યૂમર ફોરમમાં દાખલ કરી શકાશે, જે અગાઉ હાઇકોર્ટમાં જ થઇ શકતી હતી.
- ✓ નવા કાયદામાં હવે ઓનલાઇન અને ટેલિશોપિંગ કંપનીઓને પણ સામેલ કરવામાં આવી છે
- ✓ ખાણીપીણીની વસ્તુઓમાં મિલાવટ કરનારી કંપનીઓને નાણાકીય દંડ થઇ શકે છે.
- ✓ ગ્રાહક મધ્યસૃથતા સેલનું ગઠન કરાશે, બન્ને પક્ષો સહમિતીથી મધ્યસૃથતાનો રસ્તો પસંદ કરી શકશે
- ✓ કન્ઝ્યૂમર ફોરમમાં એક કરોડ રૂપિયા સુધીનો કેસ અને રાજ્ય ગ્રાહક આયોગમાં એકથી 10 કરોડનો કેસ ચાલી શકશે.
- ✓ થીયેટરોમાં હવેથી ખાણીપીણીની વસ્તુઓ પર વધુ પૈસા લેવાય તો ફરિયાદ થવાથી કાર્યવાહી કરવામાં આવશે
- ✓ કેરી બેગના પૈસા નહી વસુલી શકાય.

ઓનલાઇન વસ્તુ વેચવાના કડક નિયમો લાગુ થશે

- ✓ ૨૦મી જુલાઈએ કહ્યું હતું કે આ સપ્તાહના અંત સુધીમાં ઇ રિટેઇલર નિયમો લાગુ કરી દેવામાં આવશે.
- ✓ જેમાં હવેથી ઓનલાઇન જે પણ વસ્તુ વેચાણ માટે મુકવામાં આવે તે વસ્તુ ક્યા દેશ અને પ્રાંતમાં બની છે તેની જાણકારી ગ્રાહકોને ફરજિયાત આપવાની રહેશે.
- ✓ એટલે કે વસ્તુની તસવીરો અને અન્ય વિગતો ઓનલાઇન જાહેર કરવામાં આવે તેમાં તેનો સમાવેશ કરાશે.
- ✓ ભારતીય ગ્રાહકોને વસ્તુઓ પહોંચાડનારી ભારતની કે વિદેશી ઇ કોમર્સ કંપનીઓએ આ નિયમોનું ફરજિયાત પાલન કરવાનું રહેશે.
- ✓ કેન્દ્ર સરકાર, નવી દિલ્હી
- ✓ કેન્દ્રીય ગ્રાહક, અન્ન અને જાહેર વિતરણ મંત્રી : શ્રી રામ વિલાસ પાસવાન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. વૈશ્વિક બાબત : ચીનથી નારાજ બ્રિટન દ્વારા હોંગકોંગ સાથે ૩૦ વર્ષ જૂની પ્રત્યાર્પણ સંધી રદ

✓ **મુખ્ય કારણ:** ચીનના નવી રાષ્ટ્રીય સુરક્ષા ધારાના કારણે નિર્ણય કરાયો



✓ ચીને બ્રિટનની એક સમયની કોલોની એવા હોંગકોંગમાં નવો રાષ્ટ્રીય કાયદો લાગુ કરતાં બ્રિટને હોંગકોંગ સાથેની ૩૦ વર્ષ જૂની પ્રત્યાર્પણની સંધી તાત્કાલિક અસરથી અને અનિશ્ચિત સમય સુધી રદ કરી નાંખી.

✓ બ્રિટને ચીનમાં ઉઈધુર મુસ્લિમો પર ગુજારવામાં આવતા અત્યાચારોને મુદ્દે બનાવ્યો છે.

✓ બ્રિટિશ સરકારના આ નિર્ણયનું લેબર પાર્ટીએ પણ સમર્થન કર્યું હતું.

✓ યુકે ચીન સાથે સકારાત્મક સંબંધ ઈચ્છે છે. પરંતુ ચીને હોંગકોંગ પર નવો રાષ્ટ્રીય સુરક્ષા કાયદો લાગુ કરીને આંતરરાષ્ટ્રીય જવાબદારીઓનો ભંગ કર્યો છે.

✓ આ સંધી રદ થવાથી બ્રિટન હોંગકોંગમાં હથિયારોની નિકાસ અટકાવી દેશે.

✓ અમેરિકાએ ઉધુર મુસ્લિમો અને હોંગકોંગ સાથે જોડાયેલા કેટલાક મામલામાં ચીનના કેટલાક મહત્વની અધિકારીઓ અને સંસ્થાઓના હોદેદારોને અપાયેલો વિશેષ દરજ્જો હટાવી લીધો હતો.

✓ ૨૦૧૮માં તિબેતના મુદ્દે કાયદાનો હવાલો આપીને ચીનના કેટલાક અધિકારીઓના વિઝા પર પ્રતિબંધ લાદ્યો હતો.

✓ યુએસ અને બ્રિટન ઉપરાંત કેનેડાએ પણ હોંગકોંગ સાથેની પ્રત્યાર્પણ સંધીને રદ કરી

✓ ચીનના નવા અને ઘાતકી ધારાને લઇને પહેલા તો અમેરિકાએ હોગકોંગ સાથે વેપારમાં પ્રાથમિકતા આપવાનો દરજો પાછો ખેંચ્યો હતો. બ્રિટને પણ હોંગકોંગના નાગરિકોને બ્રિટનમાં આવવા આમંત્રણ આપ્યું હતું.

✓ ઉલ્લેખનીય છે કે ૧૯૯૭ સુધી બ્રિટને હોંગકોંગ પર શાસન કર્યું હતું. પછી બ્રિટન દ્વારા હોંગકોંગને ચીનને સોંપ્યું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૭-૨૦૨૦)

1. તાજેતર 20 જૂલાઇના રોજ UAE દ્વારા કયું અવકાશ યાન લોન્ચ કરાયું – **અલ અમલ યાન**
2. "અલ અમલ યાન" કયા ગ્રહના અભ્યાસ માટે છોડવામાં આવ્યું છે - **મંગળ**
3. "અલ અમલ યાન" કયા લોન્ચિંગ પેડ ખાતેથી છોડાયું અને દેશનું નામ જણાવો - **તનેગાશિયા અવકાશ મથક, જાપાન**

4. "અલ અમલ યાન"નો અર્થ અને કઈ ભાષાનો શબ્દ છે - **આશા/ઉમ્મીદ અને અરબી**
5. UAE કેટલા આરબ અમીરાતનું સંગઠન છે - **07**
6. તાજેતરમાં જાહેર કરાયેલા ICCના નવા કાર્યક્રમ મુજબ આગામી T-20 વર્લ્ડ કપ ક્યારે યોજાશે - **ઓક્ટોબર અને નવેમ્બર 2021**
7. તાજેતરમાં જાહેર કરાયેલા ICCના નવા કાર્યક્રમ મુજબ આગામી T-20 વર્લ્ડ કપ2022માં ક્યાં યોજાશે -**ભારત**
8. તાજેતરમાં જાહેર કરાયેલા ICCના નવા કાર્યક્રમ મુજબ આગામી વન ડે વર્લ્ડ કપ કયારે અને ક્યાં યોજાશે - **ઓક્ટોબર-નવેમ્બર 2023 અને ભારત**
9. ICCનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ**
10. તાજેતર જૂલાઇ 2020માં આંદામાન-નિકોબાર ખાતે કયા બે દેશો વચ્ચે નૌકાદળનો સંયુક્ત યુદ્ધ અભ્યાસ યોજાયો - **ભારત-અમેરિકા**
11. તાજેતરમાં ગુજરાતમાં ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **નવસારીના સાંસદ સી. આર. પાટીલ**
12. ભારત સરકાર દ્વારા નવા સુધારેલા ગ્રાહક સુરક્ષા કાયદાનો અમલ ક્યારથી કરવામાં આવ્યો - **21જુલાઈ 2020**
13. ભારતમાં નવા સુધારેલા ગ્રાહક સુરક્ષા કાયદા મુજબ ખરાબ વસ્તુથી ગ્રાહકનું મૃત્યુ થાય તો આરોપી કેટલા વર્ષની કેદ થશે - **07**
14. ભારતમાં નવા સુધારેલા ગ્રાહક સુરક્ષા કાયદા મુજબ કન્ઝ્યુમર ફોરમ અને રાજ્ય ગ્રાહક આયોગમાં કેટલી રકમ સુધીનો કેસ ચલાવવામાં આવશે- **રૂ.1 કરોડ સુધીનો અને રૂ. 1 થી 10 કરોડ**
15. કેન્દ્રના ગ્રાહક,અન્ન અને જાહેર વિતરણ મંત્રીનું નામ જણાવો – **રામ વિલાસ પાસવાન**
16. જુલાઈ 2020માં બ્રિટન દ્વારા કયા દેશ સાથેની 30 વર્ષે જુની પ્રત્યાર્પણ સંધિ તાજેતરમાં રદ કરાઈ - **હોંગકોંગ**
17. કયા દેશ દ્વારા હોંગકોંગમાં નવો રાષ્ટ્રીય સુરક્ષા કાયદો લાગુ કરાતા તાજેતરમાં બ્રિટન દ્વારા 30 વર્ષ જૂની સંધિ રદ કરાઈ છે - **ચીન**
18. કયા વર્ષ સુધી હોંગકોંગ ઉપર બ્રિટનનું શાસન હતું - **1997**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. કોરોના સંક્રમણ : કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા 'સિરો પ્રિવેલન્સ સરવે' (આરોગ્ય)



શું છે એન્ટિબોડી ટેસ્ટ

- ✓ આ ટેસ્ટ વ્યક્તિને કોરોના વાઇરસનું સંક્રમણ છે કે નહીં તે ચકાસવા માટે નહીં પરંતુ વ્યક્તિના શરીરમાં એન્ટિબોડીની હાજરી છે કે કેમ તે ચકાસવા માટે થાય છે.



- ✓ સમયાંતરે કરાતા સિરો સર્વે દ્વારા મહામારી કેટલી હદે પ્રસરી છે તે અંગેના મહત્વના પુરાવા મળી આવે છે.
- ✓ એન્ટિબોડી ટેસ્ટ કોરોના સંક્રમણ છે કે નહીં તેનું નિદાન કરતો ટેસ્ટ નથી પરંતુ આ ટેસ્ટ દ્વારા માહિતી મળે છે કે વ્યક્તિને કોરોના વાઇરસનો ચેપ ભૂતકાળમાં લાગી ચૂક્યો છે કે કેમ.

સિરો પ્રિવેલન્સ સર્વે શું છે અને તેના તારણો :

- ✓ સિરો પ્રિવેલન્સ સર્વે સમયાંતરે કરવામાં આવતો હોય છે જેથી મહામારીનો પ્રસાર સામાન્ય લોકોમાં કેવી રીતે થઇ રહ્યો છે તેની જાણકારી મળી રહે.
- ✓ મહામારીના ૬ મહિનામાં સરકાર દ્વારા લેવાયેલાં લોકડાઉનનાં પગલાં, અસરકારક કન્ટેનમેન્ટ અને સર્વેલન્સ, કોન્ટેક્ટ ટ્રેસિંગ અને ટ્રેકિંગના કારણે દિલ્હીમાં ફક્ત ૨૩.૪૮ ટકા લોકો જ કોરોનાથી સંક્રમિત થયાં છે.

- ✓ હજુ મોટી વસતી કોરોનાથી સંક્રમિત થઇ શકે છે તેથી કન્ટેનમેન્ટ જેવા આકરાં પગલાં જારી રાખવાની જરૂર છે.
- ✓ સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક અને હેન્ડ સેનિટાઇઝિંગનો ઉપયોગ જેવાં પગલાંનો સખતાઇથી અમલ થવો જોઇએ.

દિલ્હીમાં કરાયેલા સિરો પ્રિવેલન્સ સરવેના આંકડા જાહેર

- ✓ સેમ્પલ જુલાઇના પ્રારંભ સુધી લેવાયાં છે તેથી અંદાજ કરતાં વધુ લોકો સંક્રમિત હોઇ શકે છે.
- ✓ સર્વેમાં ડોર-ટુ-ડોર સેમ્પલ કલેક્શન કરાયું નથી તેથી ૧૦ ટકા વસતીનો સર્વેમાં સમાવેશ થયો નથી.
- ✓ એન્ટિબોડીની હાજરી છે જે જાણવું પૂરતું નથી, એન્ટિબોડી કેવા પ્રકારના છે તે જાણવાની પણ જરૂર.
- ✓ એન્ટિબોડી કોરોના વાઇરસનો નાશ કરવામાં સક્ષમ છે કે નહીં તેની માહિતી જરૂરી.
- ✓ ઇમ્યુનિટી લાંબાગાળા માટે આવી છે કે ટૂંકાગાળા માટે તે સંશોધનનો વિષય

- ✓ સિરો પ્રિવેલન્સ સર્વે અનુસાર દિલ્હીની ૧.૯ કરોડની વસતીમાંથી ૨૩.૪૮ ટકા એટલે કે ૪૭ લાખ લોકો કોરોનાથી સંક્રમિત થઇ ચૂક્યા છે.
- ✓ આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દિલ્હીમાં સરેરાશ ૨૩.૪૮ ટકા લોકોમાં ઇમ્યૂનોગ્લોબ્યુલિનજી (IgG) એન્ટિબોડી જોવા મળ્યા છે.
- ✓ સ્ટડી દર્શાવે છે કે, મોટી સંખ્યામાં સંક્રમિત થયેલા લોકોમાં કોરોનાના કોઇ લક્ષણ જોવા મળી રહ્યાં નથી. તેનો અર્થ એ થયો કે દિલ્હીમાં હર્ડ ઈમ્યૂનિટીનો પ્રારંભ થઈ ચુક્યો છે.
- ✓ નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ (NCDC) અને દિલ્હીની સરકારે ૨૭ જૂનથી ૧૦ જુલાઇ વચ્ચે આ અભ્યાસ હાથ ધર્યો હતો.
- ✓ સર્વેમાં લેબ સ્ટાન્ડર્ડ પ્રમાણે ૨૧,૩૮૭ સેમ્પલ લઇ ટેસ્ટ કરાયાં હતાં.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અમરનાથ યાત્રા : કોરોના સંક્રમણને કારણે સતત બીજા વર્ષે અમરનાથ યાત્રા રદ કરાઇ (ધર્મ)



અન્ય વિગત :

- ✓ સવાર સાંજની આરતીનું જીવંત પ્રસારણ કરાશે

- ✓ દર વર્ષે યાત્રા માટે એપ્રિલમાં નોંધણી શરૂ થાય છે
- ✓ સતત બીજા વર્ષે અમરનાથયાત્રા રદ કરાઇ છે.
- ✓ <u>૨૦૧૯માં કેન્દ્ર સરકારે આર્ટિકલ ૩૭૦ રદ કરી જમ્મુ-કાશ્મીરનું બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજન કરવાની જાહેરાત કરતાં તે સમયે ચાલી રહેલી અમરનાથયાત્રા અધવચ્ચે સ્થગિત કરી દેવાઈ હતી.</u>

<u>અમરનાથ શ્રાઇન બોર્ડ વિશે :</u>

- ✓ અમરનાથયાત્રાનું સંચાલન કરતા અમરનાથ શ્રાઇન બોર્ડની રચના વર્ષ ૨૦૦૦માં કરાઇ હતી.
- ✓ તેના અધ્યક્ષપદે જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ-ઉપરાજ્યપાલ રહે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૩. નવીન પહેલ : ભારતીય જળસીમા (દરિયાઇ વેપાર)</u>

<u>નિર્ણય : ભારતીય જળસીમામાં વ્યાપારી અને ફિશિંગ જહાજો માટે અલગ રૂટિંગ સિસ્ટમનો તારીખ ૧લી ઓગસ્ટ ૨૦૨૦થી પ્રારંભ</u>

- ✓ <u>હેતુ:</u> નેવિગેશનની સલામતી અને કાર્યક્ષમતાને ધ્યાને રાખીને નિર્ણય કરાયો

<u>વધુ વિગત :</u>

- ✓ દેશના શિપિંગ મંત્રાલયે, અરબી સમુદ્રમાં દક્ષિણ-પશ્ચિમ ભારતીય જળમાં વેપારી જહાજો અને ફિશિંગ જહાજોના સંચાલન માટેના માર્ગોને અલગ કરી દીધા છે અને અલગ રૂટિંગ સિસ્ટમ તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૦થી અમલી બનશે.



<u>ફાયદા અને અસરો :</u>

- ✓ જહાજોને ટક્કરથી બચવા સમુદ્રમાં જીવનની સલામતીની સાથેસાથે ટ્રાફિકમાં સરળતા અને દરિયાઇ પર્યાવરણની સુરક્ષામાં સુધારાની ખાતરી કરશે.
- ✓ તેના લીધે શિપિંગ ટ્રાફિકનું અસરકારક રીતે નિયમન કરશે.
- ✓ ભારતના દક્ષિણ-પશ્ચિમ દરિયાકાંઠાના આજુબાજુનો અરબી સમુદ્રનો વિસ્તાર એ વ્યસ્ત દરિયાઈ માર્ગ છે.
- ✓ જેમાં મોટી સંખ્યામાં વેપારી જહાજો આ વિસ્તારમાંથી પસાર થાય છે અને આ જ ક્ષેત્રમાં ફિશિંગ જહાજો પણ કાર્યરત છે.
- ✓ જેના કારણે કેટલીકવાર અકસ્માતો થાય છે અને મોટાપાયે સંપત્તિનું નુકસાન થાય છે, પર્યાવરણનું પ્રદૂષણ થાય છે અને ક્યારેક જાનહાનિ થાય છે.
- ✓ <u>કેન્દ્રીય શિપિંગ રાજ્ય મંત્રી : શ્રી મનસુખ માંડવીયા</u>

✓ મંત્રાલય : શિપિંગ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સ્વદેશી : "ભારત" ડ્રોન (સંરક્ષણ)



કાર્યક્ષેત્ર-હેતુ :

✓ ચીન પર નજર રાખવા માટે ભારતીય સેનાને દેશમાં જ વિકસિત કરાયેલ 'ભારત' ડ્રોનનો ઉપયોગ કરાશે.

✓ આ સ્વદેશી ડ્રોન ડીઆરડીઓએ તૈયાર કરાયુ. તેની મદદથી તેના પૂર્વ લદાખમાં એલએસીની સાથે ઊંચાઈવાળાં ક્ષેત્રો અને પર્વતીય વિસ્તારોમાં ચોક્કસ નિરીક્ષણ કરી શકશે.

✓ **કોના દ્વારા તૈયાર કરાયું :** આ ડ્રોન ચંદીગઢમાં આવેલી ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનની લેબમાં તૈયાર કરાયું.

ડ્રોનની વિશેષતા :

✓ આ ડ્રોન નાનું છે પણ અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી ડ્રોન ભારત અત્યંત સચોટ રીતે કોઈ પણ સ્થાને કામ કરે છે.

✓ અગ્રિમ રિલીઝ ટેક્નિકની સાથે યુનિબોડી બાયોમિમેટિક ડિઝાઈન નિરીક્ષણ મિશન માટે ઘાતક સંયોજન છે.

✓ ડ્રોનમાં કૃત્રિત ગુપ્ત તંત્ર પણ છે જે શત્રુઓ અને મિત્રોને શોધીને તે મુજબ કાર્યવાહી કરવામાં સક્ષમ છે.

✓ તે ઠંડા વિસ્તારમાં પણ નિરીક્ષણ કરી શકે છે. તેને રડાર પણ પકડી શકતું નથી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. રાજ્યસભા : નવા ૬૧ સાંસદના રાજ્યસભાના સભ્ય તરીકે શપથ (રાજ્યશાસ્ત્ર)



✓ કુલ ૬૧માંથી ૪૩ પ્રથમવાર વિજેતા

✓ રાજ્યસભામાં ભાજપના સાંસદોની સંખ્યા ૭૫થી વધીને ૮૬.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. EU : કોરોના મહામારી સામે લડવા યુરોપિયન યુનિયને ૮૫૫ અબજ ડોલર ફાળવ્યા : સમજૂતી (આરોગ્ય)



- ✓ ચાર દિવસની મેરેથોન વાટાઘાટો પછી યુરોપિયન સંઘના ૨૭ દેશોના નેતાઓ વચ્ચે કોરોનાના રાહત પેકેજ અંગે સમજૂતિ થઈ હતી.
- ✓ યુરોપિયન સંઘે ૮૫૫ અબજ ડોલરનું ફંડ ફાળવ્યું હતું.
- ✓ આ ફંડને યુરોપિયન સંઘના નેતાઓએ ઐતિહાસિક ગણાવ્યું હતું અને એ સંઘની એકતાના કારણે શક્ય બન્યું હોવાનું કહ્યું હતું.
- ✓ સાત વર્ષ માટે કોરોના પ્રભાવિત દેશોને આ ફંડમાંથી સહાય અપાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. NCERT : ધો.12ના પુસ્તકમાં જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જા માટેની કલમ 370 રદ કરતુ પ્રકરણ ઉમેરાયુ (શિક્ષણ)

- ✓ એનસીઆરટીએ ધો.12ના રાજકીય વિજ્ઞાનના પુસ્તકના એક પાઠમાં સંશોધન કરીને તેમાંથી અલગતવાદી રાજકારણની વિગતો દૂર કરી છે અને ગયા વર્ષે જમ્મુ-કાશ્મીરમાં સમાપ્ત કરાયેલા વિશેષ દરજ્જાનો ઉલ્લેખ કરવામાં આવ્યો.



- ✓ એનસીઆરટીએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે પાઠયપુસ્તકમાં સ્વતંત્રતા પછી ભારતમાં રાજકારણ નામના પ્રકરણમાં પણ સંશોધન કર્યુ છે.
- ✓ આ પ્રકરણમાંથી અલગતાવાદનો ઉલ્લેખ દૂર કરવામાં આવ્યો છે જ્યારે કલમ ૩૭૦નો ઉલ્લેખ સામેલ કરવામાં આવ્યો.
- ✓ ૫ ઓગસ્ટ-૨૦૧૯ના રોજ કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કર્યો હતો અને રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કર્યો હતો.
- ✓ અલગતાવાદનું જે પ્રકરણ હટાવવામાં આવ્યો છે તેમાં જણાવવામાં આવ્યું છે કે અલગતાવાદીઓનું એક જૂથ કાશ્મીરને અલગ રાષ્ટ્ર બનાવવા માગે છે.
- ✓ જ્યારે અલગતાવાદીઓનું એક અન્ય જૂથ કાશ્મીરને પાકિસ્તાનમાં ભેળવવા માગે છે. ત્રીજો અલગતાવાદી જૂથ રાજ્યના લોકો માટે વધુ સ્વાયત્તા માગે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. અવસાન : મધ્ય પ્રદેશના રાજ્યપાલ લાલજી ટંડનનું 85 વર્ષની ઉંમરે લખનઉ ખાતે નિધન



12 વર્ષની ઉંમરે સંઘ સાથે જોડાયા હતા

ટંડન 12 વર્ષની ઉંમરથી જ સંઘની શાખાઓમાં જતા હતા.

✓ સંઘ સાથે જોડાયેલા હોવાના કારણે જ તેમની મુલાકાત અટલ બિહારી વાજપેયી સાથે થઈ હતી.

✓ અટલજીએ લખનઉની સીટ છોડી ત્યારે તે વારસાગત લાલજી ટંડનને આપવામાં આવી હતી.

2009માં ટંડને લોકસભા ચૂંટણી જીતી અને લખનઉના સાંસદ બન્યા.

રાજકીય સફર

✓ ટંડનની રાજકીય સફર 1960થી શરૂ થઈ હતી.

✓ તેઓ 2 વાર કાઉન્સિલર અને બે વાર વિધાનસભા પરિષદના સભ્ય રહ્યા હતા.

✓ સતત ત્રણ વખત ધારાસભ્ય રહ્યા હતા.

✓ તેઓ કલ્યાણ સિંહ સરકારમાં મંત્રી પણ રહ્યા. તે સાથે જ યુપી વિધાનસભામામાં વિરોધપક્ષના નેતા પણ રહ્યા હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : 21 જુલાઈ

જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા: ઉમાશંકર જોશીની ૧૧૦મી જન્મજયંતી

જન્મ : 21 જુલાઈ 1911

અવસાન : 19 ડિસેમ્બર 1988

✓ આજે અવિનાશ વ્યાસ, રંગકર્મી ગોવર્ધન પંચાલ, ક્રિકેટર ચંદુ બોરડે, સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વે તથા "ભૂખ્યાજનોનો જઠરાગ્ની જાગશે ને ખંડેરની ભસ્મકણી ન લાધશે" જેવી અમર પંક્તિઓના સર્જક કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, સંપાદક, વિવેચક, સ્વતંત્રતા સૈનિક, ગુજરાત યુનિ.ના કુલપતિ અને જાહેર જીવનના અગ્રણી શ્રી ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મદિવસ.



- ✓ જૂના ઈડર રાજ્યના બામણા ગામે જન્મેલા કવિ ઉમાશંકર બી.એ., એમ.એ થઈ શિક્ષક અને પ્રાધ્યાપક થયા હતા.
- ✓ તેમની સર્વોચ્ચ વ્યવસાયી કારકિર્દી ગુજરાત યુનિ.ના ભાષા ભવનમાં પ્રોફેસર, અધ્યક્ષ અને ભવનના નિયામક અને ગુજરાત યુનિ.ના કુલપતિ તરીકે રહી હતી.
- ✓ સર્જનાત્મક સાહિત્યના ક્ષેત્રે ઉમાશંકરે સાપના ભારા, શ્રાવણી મેળો, પારકા જણ્યા, ગંગોત્રી, નિશીથ, વિશ્વ શાંતિ, પ્રાચીના, મહાપ્રસ્થાન જેવા કવિતા, વાર્તા, નવલકથાના પુસ્તકો ઉપરાંત હૃદયમાં પડેલી છબીઓ, પુરાણોમાં ગુજરાત, 31મા ડોકિયું, અખો એક અધ્યયન અને ચીનમાં 54 દિવસ જેવા ઈતિહાસ, ચરિત્ર અને પ્રવાસ વર્ણનો પણ લખ્યા છે."



ઉમાશંકર જોશી

જન્મ તા. : 21-7-1911 અવસાન તા. : 19-12-1988

સર્જક નામ : ઉમાશંકર જોશી ઉપનામ : વાસુકિ

ઉમાશંકર જોશીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના બામણા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ જેઠાલાલ અને માતાનું નામ નવલબેન હતું. ઉમાશંકર જોશીએ સાત ધોરણ સુધીનો અભ્યાસ ઈડરમાં અને એમ.એ. સુધીનો અભ્યાસ અમદાવાદમાં કર્યો હતો. મુંબઈમાં શિક્ષક તરીકે જોડાયા હતા. પછી અમદાવાદમાં અધ્યાપનકાર્ય કર્યું હતું. તેમણે આશ્રમભવનના અધ્યક્ષ અને પછી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે સેવાઓ આપી હતી. સત્યાગ્રહની લડતમાં જોડાયા અને જેલવાસ પણ તેમણે ભોગવ્યો હતો.

ઉમાશંકર જોશીની કવિતામાં 'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી'નો અભિગમ સ્પષ્ટ જોવા મળે છે. 'વિશ્વશાન્તિ', 'નિશીથ,' 'ગંગોત્રી' —તેમના કાવ્યસંગ્રહો અને 'શ્રાવણી મેળો' વાર્તાસંગ્રહ છે. એમણે 'સંસ્કૃતિ' સામયિક શરૂ કર્યું હતું. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદચંદ્રક અને ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક ઉપરાંત અન્ય પારિતોષિકો પણ પ્રાપ્ત થયાં હતાં. પ્રસ્તુત સૉનેટ 'ગંગોત્રી' માંથી લીધું છે.

દરેક માણસની એક એવી ઉત્કટ લાગણી હોય છે કે, કોઈ પોતાને ચાહે. આ સૉનેટમાં કવિ જગતનાં તત્ત્વોને પ્રશ્ન કરે છે, 'છે કો મારું અખિલ જગમાં....?' તમામ પ્રકૃતિતત્ત્વો તરફથી નકારમાં ઉત્તર મળે છે. છેલ્લે કવિ પોતાના હૃદયને પ્રશ્ન કરે છે. કવિનું હૃદય પણ શરમ ત્યજીને ના પાડી દે છે. ત્યાં કવિને વિચાર આવે છે કે જો મારું હૃદય અન્યો માટે હોય તો મારા માટે ક્યાંક તો એવું હૃદય હશે ને ! છેલ્લી બે પંક્તિઓમાં કવિએ ચમત્કૃતિ સર્જીને પોતાની કવિત્વશક્તિનો પરિચય કરાવ્યો છે.

- ✓ ગરવી ગુજરાત માટે ગૌરવરૂપ આ સાહિત્યકારનું 19 ડિસેમ્બર 1988નાં રોજ અવસાન થયું હતું.
- ✓ ઉપનામ : વાસુકી
- ✓ એવોર્ડ:
- ✓ જ્ઞાનપીઠ પુરસ્કાર - ૧૯૬૭
- ✓ રણજિતરામ સુવર્ણચંદ્રક - ૧૯૩૯
- ✓ નર્મદ સુવર્ણ ચંદ્રક - ૧૯૪૭
- ✓ સોવિએત લેન્ડ નહેરૂ એવોર્ડ – ૧૯૭૩

સભ્યપદ/હોદ્દાઓ

- ✓ સભ્ય - નેશનલ બુક ટ્રસ્ટ - ૧૯૬૫
- ✓ સભ્ય - કેન્દ્રીય ભાષા સલાહકર સમિતિ - ૧૯૬૬
- ✓ પ્રમુખ - ગુજરાતી સાહિત્ય પરિષદ - ૧૯૬૮
- ✓ પ્રમુખ - સાહિત્ય અકાદમી એવોર્ડ-ગુજરાતી - ૧૯૭૮-૧૯૮૨
- ✓ ઉપ કુલપતિ - ગુજરાત યુનિવર્સિટી - ૧૯૭૦
- ✓ રાજ્યસભાના સભ્ય - ૧૯૭૦-૧૯૭૬
- ✓ કુલપતિ, વિશ્વભારતી યુનિવર્સિટી - શાંતિનિકેતન - ૧૯૭૯-૧૯૮૨
- ✓ પ્રમુખ - દિલ્હી સાહિત્ય અકાદમી - ૧૯૭૮-૧૯૮૩
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૭-૨૦૨૦)

1. કોરોના મહામારીનો પ્રસાર સામાન્ય લોકોમાં કેવી રીતે થઈ રહ્યો છે તેની જાણકારી મળી રહે તે માટે તાજેતરમાં ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા કયો ખાસ સરવે કરાયો -**સિરો પ્રિવેલન્સ સરવે**
2. કોરોના સંક્રમણ સમયે આરોગ્ય વિભાગ દ્વારા વ્યક્તિનો એન્ટિબોડી ટેસ્ટ કેમ કરવામાં આવે છે - **વ્યક્તિના શરીરમાં એન્ટીબોડીની હાજરી છે કે કેમ તે તપાસવા અને ભૂતકાળમાં તેને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો કે નહીં**
3. તાજેતરમાં ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા કોરોના મહામારી અંગેનો સિરો પ્રિવેલન્સ સરવે કયા શહેરમાં કરાયો - **નવી દિલ્હી**
4. તાજેતરમાં દેશમાં કોરોના મહામારીના કારણે સતત બીજા વર્ષે અમરનાથ યાત્રા કોના દ્વારા રદ કરાઈ - **અમરનાથ શ્રાઈન બોર્ડ**
5. ગત વર્ષે 2019માં અમરનાથ યાત્રા કયા કારણોસર અધવચ્ચે રદ કરવામાં આવી હતી - **આર્ટિકલ 370 રદ કરાઈ હતી**
6. અમરનાથ શ્રાઈન બોર્ડની રચના ક્યારે કરવામાં આવી હતી - **વર્ષે 2000**
7. હોદ્દાની રૂએ અમરનાથ શ્રાઈન બોર્ડના અધ્યક્ષ સ્થાને કોણ હોય છે - **જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ/ઉપ રાજ્યપાલ**
8. ભારતીય જળસીમામાં વ્યાપારી અને ફિશિંગ જહાજો માટે અલગ રૂટ સિસ્ટમનો પ્રારંભ કઈ તારીખથી કરવામાં આવશે – **01 ઓગસ્ટ 2020**
9. ભારતીય શિપિંગ મંત્રાલય દ્વારા કયા કારણસર વેપારી-ફિશિંગ જહાજોના માર્ગ સમુદ્રમાં અલગ કરવાની જાહેરાત કરી છે - **નેવિગેશન સલામતી, પર્યાવરણની સુરક્ષા અને અરબી સમુદ્ર**
10. ભારતના વર્તમાન કેન્દ્રીય શિપિંગ રાજ્ય મંત્રીનું નામ જણાવો - **મનસુખભાઈ માંડવીયા**
11. ચીન પર નજર રાખવા ભારતીય સેના દ્વારા તાજેતરમાં કયું સ્વદેશી ડ્રોન ખરીદવામાં આવ્યું - **"ભારત"**
12. સ્વદેશી "ભારત" ડ્રોન કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયું છે - **DRDO, ચંદીગઢ**
13. દુશ્મનના રડારમાં પકડી ન શકાતું ભારત દ્વારા બનાવેલું અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી ડ્રોનનું નામ જણાવો - **"ભારત"**
14. રાજ્યસભામાં તા.21 જુલાઇના રોજ કુલ કેટલા નવા સભ્યોએ લીધા - **61**
15. રાજ્યસભામાં નવા સભ્યોના આગમનથી ભાજપનું તા.21જૂલાઇ 2020ની સ્થિતિએ કુલ સંખ્યાબળ જણાવો - **86**
16. કોરોના મહામારી સામે લડવા તાજેતરમાં EU દ્વારા તેના દેશો માટે કેટલી સહાય ફાળવવામાં આવી - **855 અબજ $**
17. EUમાં હાલમાં કેટલા સભ્ય દેશો જોડાયેલા છે - **27**
18. EUનું વિસ્તૃત નામ જણાવો - **યુરોપિયન યુનિયન**
19. તાજેતરમાં NCERT દ્વારા કયા ધોરણના અભ્યાસક્રમમાં જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જા માટેની કલમ 370 રદ કરતું ઐતિહાસિક પ્રકરણ કયા વિષયમાં ઉમેરવામાં આવ્યું છે - **ધોરણ 12, વિજ્ઞાન**
20. જમ્મુ કશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ 370ને કઈ તારીખે રદ કરવામાં આવી હતી - **05 ઓગસ્ટ 2019**
21. તાજેતરમાં NCERT દ્વારા કયા ધોરણના અભ્યાસક્રમમાંથી અલગતાવાદનું પ્રકરણ દૂર કરવામાં આવ્યું છે - **ધોરણ 12**
22. જુલાઈ-૨૦૨૦માં મધ્ય પ્રદેશના ક્યા રાજ્યપાલનું ૮૫ વર્ષની ઉંમરે લખનઉ ખાતે નિધન થયુ - **લાલજી ટંડન**
23. તાજેતરમાં અવસાન પામેલા મધ્યપ્રદેશના રાજ્યપાલ લાલજી ટંડને ક્યા વર્ષે લોકસભા ચૂંટણી જીતી અને લખનઉના સાંસદ બન્યા હતા – **૨૦૦૯**
24. ૨૧ જુલાઈ ૨૦૨૦ના રોજ કવિ ઉમાશંકર જોશીની કેટલામી જન્મજયંતિની ઉજવણી કરાઈ – **૧૧૦મી**
25. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીનું જન્મ સ્થળ જણાવો - **જૂના ઈડર રાજ્યના બામણા ગામે**
26. ગુજરાતી સંગીતકાર અવિનાશ વ્યાસનો જન્મ દિવસ જણાવો – **૨૧મી જુલાઈ**
27. પ્રચલીત કાવ્ય પંક્તિ “ભૂખ્યાજનોનો જઠરાગ્ની જાગશે ને ખંડેરની ભસ્મકણી ન લાધશે” કોની રચના છે – **કવિ ઉમાશંકર જોશી**
28. કવિ ઉમાશંકર જોશીનું ઉપનામ જણાવો - **વાસુકી**

29. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીને કયા વર્ષે જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો - **વર્ષ-૧૯૬૭**
30. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીને કયા વર્ષે રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો - **વર્ષ-૧૯૩૯**
31. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીને કયા વર્ષે નર્મદ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો - **વર્ષ-૧૯૪૭**
32. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે નેશનલ બુક ટ્રસ્ટના સભ્યપદે રહ્યાં હતા - **વર્ષ-૧૯૬૫**
33. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે કેન્દ્રીય ભાષા સલાહકર સમિતિના સભ્ય પદે રહ્યાં હતા - **વર્ષ-૧૯૬૬**
34. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા હતા - **વર્ષ-૧૯૬૮**
35. સાહિત્યકાર ઉમાશંકર જોશી ક્યા વર્ષો દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના ઉપ કુલપતિ પદે રહ્યાં હતા - **૧૯૭૦**
36. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે રાજ્યસભાના સભ્યપદે સેવા આપી હતી – **વર્ષ- ૧૯૭૦-૧૯૭૬**
37. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે વિશ્વભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતનના કુલપતિ પદે સેવા આપી હતી – **વર્ષ-૧૯૭૯-૧૯૮૨**
38. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે દિલ્હી સાહિત્ય અકાદમીના પ્રમુખ પદે રહ્યાં હતા– **વર્ષ-૧૯૭૮-૧૯૮૩**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. પેરિસ કલાયમેટ એગ્રીમેન્ટ (પર્યાવરણ)

ગૌરવ: સાયન્સ બેઝ્ડ ટાર્ગેટ ઈનિશિયેટીવ ઉપર હસ્તાક્ષર કરનાર અદાણી પોર્ટ ભારતનું એકમાત્ર બંદર (પોર્ટ) : વિશ્વનું સાતમું બંદર



વિગત :

- ✓ પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટ અંગે ભારતની નિષ્ઠા મજબૂત કરતા અદાણી પોર્ટ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડે સાયન્સ બેઝ્ડ ટાર્ગેટ ઈનિશિયેટિવ- SBTI ઉપર હસ્તાક્ષર કર્યા.

ગ્લોબલ વોર્મિંગ ઘટાડવાનો લક્ષ્યાંક :

- ✓ કંપનીઓ તેની સમગ્ર વેલ્યુ ચેઈનમાં ગ્લોબલ વોર્મિંગને ૧.૫ ડિગ્રી સેન્ટિગ્રેડના પ્રિ-ઈન્ડસ્ટ્રિયલ લેવલ સુધી સિમિત રાખવાના વિજ્ઞાન આધારિત એમિશન ઘટાડવાના લક્ષ્યાંકો માટે નિષ્ઠા દર્શાવે છે.
- ✓ અદાણી પોર્ટ એ SBTIના કમિટમેન્ટ લેટર ઉપર હસ્તાક્ષર કરનારું ભારતનું એક માત્ર અને વિશ્વનું સાતમું પોર્ટ છે.

SBTI સંસ્થા વિશે :

- ✓ SBTI એ સીડીપી, યુનાઈટેડ નેશન્સ ગ્લોબસ કોમ્પેકટ, વર્લ્ડ રિસોર્સ ઈન્સ્ટિટયૂટ અને વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર સાથે મળીને કામ કરતી સંસ્થા છે.
- ✓ વિવિધ કંપનીઓના લક્ષ્યાંકોનું મૂલ્યાંકન કરે છે.
- ✓ અદાણી પોર્ટે ટાસ્કફોર્સ ઓન ક્લાયમેટ રિલેટેડ ફાયનાન્સિયલ ડીસ્ક્લોઝરના ટેકેદાર તરીકેના કમિટમેન્ટ ઉપર પણ હસ્તાક્ષર કર્યા.
- ✓ કુલ ૧૬ કંપનીઓ તેને સહયોગ આપે છે.

- ✓ અદાણી પોર્ટ, SBTI અને TCFDની એમિશન ઘટાડવાની ઝુંબેશ માટે તેમજ કાર્બન ન્યુટ્રલનો ધ્યેય હાંસલ કરવા માટેના નક્કી કરાયેલા લક્ષ્યાંકો માટે કટિબદ્ધ.
- ✓ **SBTI** : સાયન્સ બેઝ્ડ ટાર્ગેટ ઈનિશિયેટીવ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ઇન્ડિયા આઈડિયા સમિટ-2020 (વિદેશી રોકાણ)

US-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (USIBC) વતી આયોજિત ઈ-સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું સંબોધન



વિષય : Building a better future

વડાપ્રધાન મોદીના સંબોધનના મહત્વના અંશો :

- ✓ ભારત હેલ્થ, એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિફેન્સ-સ્પેસ, કૃષિ, વીમા, સિવિલ એવિયેશન સહિત સાત સેક્ટરમાં રોકાણ કરવા માટે તમને આમંત્રિત કરે છે.
- ✓ ભારતનું હેલ્થકેર સેક્ટર ૨૨ ટકાની ઝડપે આગળ વધી રહ્યું છે.
- ✓ ભારત ગેસ બેસ્ડ ઈકોનોમી પરિવર્તિત થઈ રહ્યો છે. આ સેક્ટરમાં અમેરિકાની કંપનીઓ માટે ઘણી તકો હશે.
- ✓ ભારતમાં સૌથી મોટો ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે.
- ✓ ભારતમાં ડિફેન્સમાં રોકાણ માટેની એફડીઆઈ મર્યાદા ૭૪ ટકા કરી.
- ✓ વીમા સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજૂરી આપી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સિદ્ધિ : કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ : તાપી (ઉર્જા)

દેશમાં પ્રથમવાર સ્વદેશી ટેકનોલોજીથી ૭૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન



અન્ય વિગત :

- ✓ દેશનું પ્રથમ સ્વદેશી 700 મેગાવોટનું પરમાણુ વીજળીઘર એકમ કાકરાપાર યુનિટ-૩માં ૨૨મી જુલાઈ-૨૦૨૦ની વહેલી સવારે 09.36 કલાકે રિએક્ટરની અંદર ચેઇન રિએક્શનની પ્રક્રિયા સફળતાપૂર્વક કરવામાં આવી હતી.

- ✓ પરમાણુ રિએક્ટરનું હૃદય ધબકવાનું શરૂ થયું છે. જેને ક્રિટિકલટી કહેવામાં આવે છે.
- ✓ ઉત્પાદન શરૂ થતાં હજી 3 માસનો સમય લાગશે.
- ✓ આ રિએક્ટરના પાર્ટ, ઉપકરણ સંપૂર્ણ ભારતીય.
- ✓ 700 મેગાવોટ પીએચડબ્લ્યૂઆરમાં સુરક્ષાના આધુનિક ઉપકરણો લગાવવામાં આવ્યા છે
- ✓ કાકરાપાર ખાતે વર્ષ-૨૦૨૧માં ચોથુ રિએક્ટર શરૂ થશે.



ગુજરાતને મળશે 50 % વીજળી

- ✓ કાકરાપાર પરમાણુ એકમથી ગુજરાતને 50 ટકા વીજળી મળશે.
- ✓ બાકીનો હિસ્સો નજીકના પ્રદેશો તેમજ નેશનલ ગ્રિડમાં વીજળી વિતરણ યોજના અંતર્ગત અપાશે

એટોમિક પાવર પ્લાન્ટની વિશેષતા તથા ક્ષમતા :

- ✓ કુલ ખર્ચ : અંદાજે 16,500 કરોડ
- ✓ નિર્માણ કાર્ય : નવેમ્બર 2010થી શરૂ
- ✓ કોંક્રીટ-સળિયા : 8 લાખ ક્યૂબિક મીટર
- ✓ વીજળી ઉત્પાદન : કાકરાપાર 90 લાખ લોકોની રોજની વીજ જરૂરિયાત પૂરી કરશે
- ✓ હાલનું ઉત્પાદન : પહેલેથી જ 220-220 મેગાવોટના 2 યુનિટ વીજળીનું ઉત્પાદન કરે છે.
- ✓ **ખાસિયત:** દેશનું એકમાત્ર સૌથી મોટું રિએક્ટર છે. 700-700 મેગાવોટના બંને એકમોના ડોમનું વજન 570 ટન છે.
- ✓ એટલે કે અમેરિકાના સ્ટેચ્યુ ઓફ યુનિટીથી અઢી ગણું વધારે છે. જે મિસાઇલ હુમલાથી પણ સુરક્ષિત છે. આ સાથે તેની ડિઝાઇન ભૂકંપ પ્રૂફ છે.

ક્રિટિકલ એટલે સ્થિર સલામત :

- ✓ પરમાણુ ઊર્જાની બાબતમાં ક્રિટિકલનો અર્થ સ્થિર અને સલામત એવો થાય છે.

અણુ ઉર્જા પેદા કરવાની પ્રક્રિયા :

- ✓ ન્યુક્લિયર રિએક્ટરમાં યુરેનિયમ-૨૩૫નો અણુ તોડી તેના બે ભાગ કરી ઊર્જા પેદા કરવાની હોય છે.
- ✓ બે ભાગ થાય એમાંથી વળી અણુ નીકળે અને એના પણ ભાગ થાય. આ રીતે પરમાણુનું એકમાંથી બે, બેમાંથી ચાર, ચારમાંથી આઠ.. વિભાજન થતું રહે.

- ✓ એક સરખી રીતે જ વિભાજન થવું જોઈએ, અન્યથા અકસ્માત સર્જાઈ શકે પરંતુ જ્યારે કોઈ પરમાણુ રિએક્ટરમાં આ વિભાજન સલામત રીતે થવા લાગે, તેમાંથી ઊર્જા ઉત્પન થવા માંડે એ સ્થિતિને ક્રિટિકલ કહેવામાં આવે છે.
- ✓ વિભાજનની પ્રક્રિયા પર જ્યાં સુધી સંચાલકોનો કાબુ હોય ત્યાં સુધી એ રિએક્ટર સલામત ગણાય.

પરમાણુ ઉર્જાની દિશામાં આગેકૂચ :

- ✓ ભારતમાં હાલ કુલ ૨૨ પરમાણુ રિએક્ટર છે, જે મળીને વર્ષે ૬૭૮૦ મેગાવોટ વીજળી પેદા કરે છે.
- ✓ ભારતનું આયોજન 9,000 મેગાવોટ પરમાણુ ઊર્જા મેળવવાનું છે. એ લક્ષ્યાંક પૂર્વે કરવા બીજા નવ પરમાણુ રિએક્ટર તૈયાર થઈ રહ્યા છે.

ફાયદા-ગેરફાયદા

- ✓ પરમાણુ ઊર્જા બેધારી તલવાર છે. પરમાણુ દ્વારા અઢળક શુદ્ધ ઊર્જા મળે અને અકસ્માત થાય તો મોટી ખાનાખરાબી સર્જાઈ શકે જેનું મોટું ઉદાહરણ ૨૦૧૧માં જાપાનમાં થયેલા ફૂકુશિમા અકસ્માત વખતે જોવા મળ્યું હતું.
- ✓ આ કામગીરી જોખમી હોવાથી કોઈ પણ પરમાણુ પ્લાન્ટ ક્રિટિકલ સ્થિતિએ પહોંચે એ મોટી સિદ્ધિ ગણાય છે.
- ✓ કાકરાપારનો ત્રીજો પ્લાન્ટ એ પણ ભારતની સિદ્ધિ જ છે.

50 હજાર મકાન બને તેટલા કોંક્રીટનો ઉપયોગ થયો

- ✓ 700 મેગાવોટના એક પરમાણુ રિએક્ટરમાં કુલ 2 કુલિંગ ટાવર હશે. બંને એકમોમાં કુલ 4 કુલિંગ ટાવર હશે.
- ✓ જેના માટે કુલ 2.50 લાખ ક્યૂબિક મીટર કોંક્રીટની જરૂરિયાત હતી. એટલે કે થ્રી બીએચકેના 50 હજાર મકાનનું નિર્માણ થઇ શકે તેટલા કોંક્રીટથી ચાર કુલિંગ ટાવર બનાવવામાં આવ્યા છે. તેના પરથી તેની વિશાળતાનો ખ્યાલ આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. રામ મંદિર : અયોધ્યામાં નવા નકશા પ્રમાણે 3 નવા મંડપનો વધારો કરાયો (ધર્મ)

મંદિરની ભવ્યતા વિશે :

- ✓ **મંદિરમાં એક સાથે 10,000 લોકો સાથે ભગવાનના દર્શન કરી શકે તેવી વ્યવસ્થા**



મંદિરની ભવ્યતા વિશે :

- ✓ ઊંચાઈ 161 ફૂટ
- ✓ પહોળાઈ 235 ફૂટ
- ✓ લંબાઈ -360 ફૂટ
- ✓ મંદિરની ઉપર ધજા 35 ફૂટ
- ✓ થાંભલા 318
- ✓ દરેક લાઈનમાં 106 થાંભલા
- ✓ જમીનથી મંદિર 17 ફૂટ ઊંચું
- ✓ 3 લાખ 75 હજાર ઘન ફૂટ પથ્થરનો સમાવેશ કરાશે
- ✓ રામ મંદિર માટે જૂની ડિઝાઇન 1985-86માં તૈયાર કરવામાં આવી હતી, ત્યારે હાલ શ્રદ્ધાળુઓની ભીડને જોતા મંદિરની ડિઝાઇનમાં વધારો કરવામાં આવ્યો છે.
- ✓ નવા ડિઝાઇન પ્રમાણે મંદિરમાં 3 નવા નૃત્ય મંડપ તૈયાર કરવામાં આવશે, 2 મંડપ આગળ અને 1 બાજુમા તૈયાર કરવામાં આવશે.
- ✓ સમગ્ર મંદિરમાં 3 લાખ 75 હજાર ઘન ફૂટ પથ્થરનો ઉપયોગ કરવામાં આવશે, જે પૈકી 70 હજાર ઘન ફૂટ પથ્થર પહેલાથી તૈયાર હતા.
- ✓ બીજા 3 લાખ ઘન ફૂટ પથ્થર બંસીપુરા થી માંગવામાં આવશે.

મંદિરમાં ચોક્કસ 20 ફૂટની જગ્યામાં ખાડો કરીને ભૂમિ પૂજન કરાશે

- ✓ 5મી ઓગસ્ટ બપોરે 12.15 કલાકે રામ મંદિરની કોઈ ચોક્કસ જગ્યા નક્કી કરીને ભૂમિ પૂજન કરવામાં આવશે.
- ✓ ભૂમિ પૂજન એક જ અઠવાડિયા બાદ બંસીપુરાથી પથ્થરો મંગાવવામાં આવશે.

મંદિરના 40 ફૂટ નીચેથી માટીના સેમ્પલ લેવાયાં હતાં

- ✓ L એન્ડ T કંપની દ્વારા 1 અઠવાડિયા પહેલા મંદિરના દરેક જગ્યાની 40 ફૂટ નીચેથી માટીના સેમ્પલ લેવામાં આવ્યા હતા.
- ✓ સોલેટ બેસીંગ કેપેસીટીના સેમ્પલ બાદ નક્કી કરાશે કે દરેક મંડપમાં પથ્થરનો ભાર કેટલો રાખવો.
- ✓ ત્યાર બાદ સમગ્ર મંદિરમાં કેટલું વજન રાખવું તે નક્કી કરવામાં આવશે.
- ✓ રામમંદિરના આર્કિટેક નિખિલ સોમપુરા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ધ્રુવાસ્ત્ર મિસાઈલ : સફળ પરીક્ષણ (સંરક્ષણ)



ધ્રુવાસ્ત્ર મિસાઈલ વિશે :

- ✓ હેલિકોપ્ટરથી લોન્ચ થનારી 'નાગ' મિસાઈલ કોઈપણ ટેન્કને ઉડાવી શકે.
- ✓ **ગતિ :** 230 મીટર પ્રતિ સેકેન્ડ
- ✓ 8 કિલો વોરહેડ (દારૂગોળો) લઈ જઈ શકે
- ✓ **મારક ક્ષમતા :** 7 કિ.મી.

- ✓ **વજન :** 45 કિલો
- ✓ **લંબાઈ :** 19 મીટર
- ✓ **વ્યાસ :** 0.16 મીટર
- ✓ હવે આ મિસાઈલ 'ધ્રુવાસ્ત્ર' નામે ઓળખાશે
- ✓ ભારતમાં બનેલી ધ્રુવાસ્ત્ર એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે. તે 7 કિ.મી.ના દાયરામાં દુશ્મનની ટેન્કોને નિશાન બનાવી શકે છે.
- ✓ ભારતીય સેનાએ હેલિકોપ્ટરથી લૉન્ચ થઈ શકે એવી 'નાગ' મિસાઈલનું સફળ પરીક્ષણ કરીને સેનામાં સામેલ કરી છે.
- ✓ આ મિસાઈલનું પરીક્ષણ ઓડિશાના બાલાસોરમાં 15 અને 16 જુલાઈ-2020ના રોજ કરાયું હતુ.
- ✓ નાગ મિસાઈલ કોઈ પણ ટેન્કને ધ્વસ્ત કરવા સક્ષમ છે. તે ઉડાન ભર્યા પછી ઓપરેટરને સમગ્ર વિસ્તારની તસવીરો પણ મોકલે છે.
- ✓ **પરીક્ષણ : બાલાસોર, ઓડિશા**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નેલ્સન મંડેલા પુરસ્કાર-૨૦૨૦ : મોરિસાના કોયેટ અને મારિઆના વર્દીનોયને UN દ્વારા 'નેલ્સન મંડેલા પુરસ્કાર'થી સન્માનિત



- ✓ ૧૮ જુલાઈ–આંતરરાષ્ટ્રીય 'નેલ્સન મંડેલાના દિવસે એવોર્ડ એનાયત.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 22મી જુલાઇ ભારતીય તિરંગા દિવસ



- ✓ ભારતના વર્તમાન રાષ્ટ્રધ્વજ તિરંગાનો તારીખ ૨૨મી જુલાઇ-૧૯૪૭ના રોજ બંધારણસભા દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : ૨૦ જુલાઈ

આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ



- ✓ દર વર્ષે ૨૦મી જુલાઇએ આંતરરાષ્ટ્રીય ચેસ ડેની ઉજવણી.
- ✓ વર્ષ ૧૯૨૪માં આ દિવસે ઇન્ટરનેશનલ ચેસ ફેડરેશનની સ્થાપના થઇ હતી.
- ✓ યુનેસ્કોના પ્રસ્તાવને માન આપીને ૧૯૬૬થી દર વર્ષે તેની ઉજવણી થાય છે.
- ✓ બૌદ્ધિક એવી આ રમતની શોધ કરનાર- ભારત.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૭-૨૦૨૦)

1. ગ્લોબલ વોર્મિંગ ઘટાડવાના લક્ષ્યાંક સાથે તાજેતરમાં સાયન્સ બેઝ્ડ ટાર્ગેટ ઈનિશિયેટિવ ઉપર હસ્તાક્ષર કરનાર ભારતના પ્રથમ પોર્ટનું નામ જણાવો - અદાણી પોર્ટ
2. પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટ અંતર્ગત SBIT ઉપર હસ્તાક્ષર કરનાર અદાણી વિશ્વનું કેટલામું છે - 7th
3. પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટ અંતર્ગત SBIT ઉપર અદાણી પોર્ટની સાથે અન્ય કોને હસ્તાક્ષર કર્યા - સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિમિટેડ
4. SBIT કઈ કઈ સંસ્થાઓ સાથે ગ્લોબલ વોર્મિંગ ઘટાડવાના હેતુથી સાથે કાર્યરત છે - સીડીપી, યુનાઈટેડ નેશન્સ ગ્લોબસ કોમ્પેકટ, વર્લ્ડ રિસોર્સ ઈન્સ્ટિટયૂટ અને વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર
5. તાજેતરમાં 22 જૂલાઇ 2020ના રોજ ભારતમાં રોકાણ માટે અમેરિકા સાથે કઈ એક સમિટ યોજાઇ જેને વડાપ્રધાન શ્રી મોદી દ્વારા સંબોધન કરાયું - ઇન્ડિયા આઈડિયા સમિટ-2020
6. ઇન્ડિયા આઈડિયા સમિટ-2020નું આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું હતું - US-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ USIBC
7. "ઇન્ડિયા આઈડિયા સમિટ-2020"નો વિષય જણાવો - "બિલ્ડીંગ અ બેટર ફ્યુચર"
8. "ઇન્ડિયા આઈડિયા સમિટ-2020"માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં કયા સાત ક્ષેત્રમાં રોકાણ માટે અમેરિકન રોકાણકારોને આમંત્રણ આપ્યું - હેલ્થ, એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિફેન્સ-સ્પેસ, કૃષિ, વીમા, સિવિલ એવિયેશન
9. ભારતમાં સંરક્ષણ ક્ષેત્રે વિદેશી રોકાણની મર્યાદા કેટલા ટકા છે - 74%
10. ભારતમાં વીમા ક્ષેત્રે વિદેશી રોકાણની મર્યાદા કેટલા ટકા છે - 100 ટકા
11. તાજેતરમાં ભારતમાં સૌપ્રથમવાર સ્વદેશી ટેકનોલોજીથી કુલ 700 મેગાવોટ પરમાણુ ઊર્જા ઉત્પાદન પ્લાન્ટનો પ્રારંભ ક્યાં થયો - કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ
12. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ કયા જિલ્લામાં આવેલો છે - તાપી
13. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ ખાતે આગામી સમયમાં ક્યારે ચોથુ પરમાણુ રિએક્ટર શરૂ કરાશે- વર્ષે 2021
14. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટમાંથી ગુજરાતને કેટલા ટકા વીજળી મળશે - 50%
15. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટમાં અગાઉથી 2 યુનિટ કેટલા મેગાવોટ વીજળી ઉત્પાદન કરી રહ્યા છે - 220-220

16. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ ભારત સરકારની કઈ સંસ્થા દ્વારા ક્યારે સ્થાપવામાં આવ્યો છે - **ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા:1984**
17. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ ખાતે તાજેતરમાં 22 જુલાઈ 2020ના રોજ કયા યુનિટની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરાઇ - **ત્રીજા**
18. પરમાણુ ઊર્જાની બાબતમાં ક્રિટીકલનો અર્થ જણાવો - **સ્થિર અને સલામત**
19. ભારતમાં હાલ કુલ કેટલા પરમાણુ રિએક્ટર કાર્યરત છે - **22**
20. ભારતમાં 22 જુલાઈ 2020ની સ્થિતિએ હાલ કાર્યરત પરમાણુ રિએક્ટરોમાં કુલ કેટલા મેગાવોટ વીજળી ઉત્પાદન કરવામાં આવે છે - **6780 મેગાવોટ**
21. આગામી સમયમાં ભારત કુલ કેટલા મેગાવોટ પરમાણુ ઊર્જા મેળવવાનું લક્ષ્યાંક ધરાવે છે - **9000 મેગાવોટ**
22. ભારતમાં હાલની સ્થિતિ કુલ કેટલા નવા પરમાણુ રિએક્ટર નિર્માણાધીન છે - **09**
23. નવા નિર્ણય મુજબ રામ મંદિર અયોધ્યામાં મંદિરની ઉંચાઇ કેટલા ફૂટ રાખવામાં આવશે - **161 ફૂટ**
24. નવા નિર્ણય મુજબ રામ મંદિર અયોધ્યામાં એક સાથે કેટલા લોકો દર્શન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાશે - **10,000**
25. જુલાઈ-૨૦૨૦માં ભારતીય સેના દ્વારા કઈ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું - **ધ્રુવાસ્ત્ર**
26. ભારતની હેલિકોપ્ટરથી લોન્ચ થનારી કઈ મિસાઈલ કોઈપણ ટેન્કને ઉડાવી શકવા સક્ષમ છે - **'નાગ'**
27. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલની પ્રતિ સેકેન્ડની ગતિ ક્ષમતા જણાવો - **230 મીટર**
28. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલ તેની સાથે કેટલો વોરહેડ (દારૂગોળો) લઈ જઈ શકે છે - **8 કિલો**
29. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલની મારક ક્ષમતા જણાવો - **7 કિ.મી.**
30. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલનો વજન જણાવો - **45 કિલો**
31. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલ લંબાઈ-વ્યાસ જણાવો - **19 મીટર તથા 0.16 મીટર**
32. ભારતમાં બનેલી એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલનું નામ જણાવો - **ધ્રુવાસ્ત્ર**
33. ધ્રુવાસ્ત્ર મિસાઈલનું પરીક્ષણ કયારે કરવામાં આવ્યું - **15 અને 16 જુલાઈ-2020**
34. તા.15 અને 16 જુલાઈ-2020ના રોજ ધ્રુવાસ્ત્ર મિસાઈલનું પરીક્ષણ ક્યા સ્થળેથી કરાયુ – **બાલાસોર(ઓડિશા)**
35. આફ્રિકાના ગાંધી તરીકે ઓળખાતા નેલ્સન મંડેલાની યાદમાં પ્રતિ વર્ષ કયો પુરસ્કાર આપવામાં આવે છે - **નેલ્સન મંડેલા પુરસ્કાર**
36. નેલ્સન મંડેલા પુરસ્કાર-૨૦૨૦થી કોને સન્માનિત કરવામાં આવ્યા - **મોરિસાના કોયેટ અને મારિઆના વર્દીનોય**
37. પ્રતિ વર્ષ કયા દિવસે અને કોના દ્વારા નેલ્સન મંડેલા પુરસ્કાર આપવામાં આવે છે – **18 જુલાઈ તથા UN**
38. ભારતીય તિરંગા દિવસ કયારે મનાવવામાં આવે છે - **22મી જુલાઇ**
39. પ્રતિ વર્ષ 22મી જુલાઇના રોજ શા માટે ભારતીય તિરંગા દિવસ મનાવવામાં આવે છે - **ભારતના વર્તમાન રાષ્ટ્રધ્વજ તિરંગાનો ૨૨મી જુલાઇના રોજ બંધારણસભા દ્વારા સ્વીકાર કરાયો હતો**
40. આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **20મી જુલાઇ**
41. ઇન્ટરનેશનલ ચેસ ફેડરેશનની સ્થાપના કયા વર્ષે થઇ હતી – **વર્ષ-1924**
42. યુનેસ્કોના પ્રસ્તાવને માન આપીને ક્યારથી પ્રતિ વર્ષે આંતરરાષ્ટ્રીય ચેસ દિવસની ઉજવણી થાય છે – **વર્ષ-1966**
43. પ્રચંડ બુદ્ધિ માગી લેતી રમત ચેસની શોધ ક્યાં દેશમાં થઈ હતી – **ભારત**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. કોવિડ-19 : વેસ્ટના નિકાલ માટે નવી માર્ગદર્શિકા જાહેર (આરોગ્ય)



કોવિડ-૧૯ના વેસ્ટના નિકાલ માટે નવી ગાઈડલાઈન :

1. ઉપયોગમાં લેવાયેલા માસ્ક નિકાલ કરતાં પહેલાં કાપીને એક પેપર બેગમાં ૭૨ કલાક મૂકી રાખવાના રહેશે
2. હોસ્પિટલો અને મેડિકલ સંસ્થાનો ઉપરાંત મોલ અને ઓફિસો જેવા વ્યાવસાયિક સંસ્થાનોએ પણ આ ગાઇડલાઇન અનુસરવી પડશે
3. મોલ, ઓફિસ વગેરેમાં જનરલ પબ્લિક દ્વારા છોડાયેલા પીપીઇ 3 દિવસ અલગ કચરાપેટીમાં રાખવા
4. પીપીઇના નિકાલ પહેલાં તેને કાપી નાખવા પડશે જેથી તેનો અન્ય ઉપયોગ થાય નહીં
5. કોરોના સંક્રમિત વ્યક્તિ દ્વારા તરછોડાયેલું ભોજન, પાણીની ખાલી બોટલ પેકેજિંગ મટિરિયલને અલગ બેગમાં ટાઇટ બાંધીને નિકાલ કરવો
6. બાયો મેડિકલ વેસ્ટ માટેની પીળા રંગની બેગનો ઉપયોગ જનરલ સોલિડ વેસ્ટ માટે કરવો નહીં

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. હેમર મિસાઈલ : ચીન સામે લડવા રાફેલ ફાઈટર માટે હેમર મિસાઈલ તાત્કાલિક ખરીદાશે (સંરક્ષણ)



હેમર એટલે કે હાઈલી એજાઈલ મોડ્યુલર મ્યુનિશન એક્સટેંડેડ રેંજ

વિગત :

- ✓ રાફેલ ફાઇટર જેટને વધુ શક્તિશાળી બનાવવા માટે વાયુસેનાએ રાફેલને હેમર મિસાઇલથી સજ્જ કરવા માટે ઇમરજન્સી ઓર્ડર કર્યો છે.
- ✓ ૨૯ જુલાઇએ ફ્રાંસથી ભારતને ૫ રાફેલ મળશે. જ્યારે મીટિયર અને લોંગ રેન્જ સ્કાલ્પ જેવી અત્યાધૂનિક મિસાઇલ આ પહેલાં જ ભારતને મળી ગઇ છે.
- ✓ મીટિયર વિઝ્યુઅલ રેન્જથી આગળ પણ ટાર્ગેટ પાર પાડી શકે એવી ક્ષમતા ધરાવે છે.
- ✓ આ ખાસિયતને કારણે દુનિયામાં જાણીતી છે અને મીટિયર રેન્જ ૧૫૦ કિલોમીટરની છે.
- ✓ રાફેલ આવ્યા બાદ તેને સૈન્યમાં સામેલ કરવાની વિધિ ૨૦ ઓગષ્ટે કરવામા આવી છે.

હેમર મિસાઈલની વિશેષતાઓ :

- ✓ મૂળ બનાવટ : ફ્રાંસ
- ✓ હેમર (હાઇલી એજાઇલ મોડયુલર મ્યૂનિશન એક્સટેન્ટેડ રેન્જ) મીડિયમ રેન્જ મિસાઇલ છે.
- ✓ આકાશમાંથી જમીન પર હુમલો કરવા સક્ષમ.
- ✓ લદ્દાખ જેવા પહાડી વિસ્તારમાં પણ મજબૂતથી મજબૂત આશ્રય અને બંકરોને તબાહ કરી શકે છે.
- ✓ રેન્જ : ૬૦ થી ૭૦ કિલોમીટર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિમણૂક : GCMMFના નવા ચેરમેન તરીકે શ્રી શામળજી પટેલની નિમણૂક વાઇસ ચેરમેન તરીકે શ્રી વાલમજી હુમ્બલ



- ✓ કાર્યકાળ 2.5 વર્ષ
- ✓ હાલની જવાબદારી શ્રી શામળભાઈ પટેલ, ચેરમેન, સાબરડેરી-હિંમતનગર
- ✓ શ્રી વાલમજી હુમ્બલ : સરહદ ડેરી-કચ્છ



- ✓ GCMMF - ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, આણંદ
- ✓ કુલ રૂ.38 હજાર કરોડનું વાર્ષિક ટર્ન ઓવર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગુજરાત મત્સ્યઉદ્યોગ વટહુકમ-2020 (કાયદો)

ગુજરાત મત્સ્યઉદ્યોગ કાયદો-2003માં સુધારા વટહુકમ જાહેર

નવી જોગવાઇઓ :

- ✓ આ સુધારાથી ગુજરાત બહારની ફિશિંગ બોટો સામે સીમા ઉલ્લંઘન બદલ રૂપિયા એક લાખ દંડ અને બોટમાં મળેલ મત્સ્ય પેદાશોની હરાજી કરીને જે રકમ મળે તેની પાંચ ગણી રકમ સરકાર વસૂલી શકશે.
- ✓ પાકિસ્તાન સિક્યુરિટી દ્વારા ભારતીય ફિશિંગ બોટના અપહરણ અટકાવવા કડક પગલા લેવાશે
- ✓ સુધારાથી મરીન પોલીસના PSI કે તેથી ઉપરના ગુજરાતના જળ વિસ્તારમાં માછીમારી કરતી કોઈ પણ પ્રકારની ફિશિંગ વેશલ્સ, બોટ, ક્રાફ્ટ, ડિપસી બોટ અથવા અન્ય કોઈ યાંત્રિક રચના કે મછવોની તપાસ અને જપ્તીની સત્તાઓ મળશે.
- ✓ રાજ્ય બહારની બોટો ગુજરાતના દરિયાઇ વિસ્તારમાં માછીમારી કરતી પકડાશે તો તેને દંડિત કરવા, બોટમાંથી મળેલી મત્સ્યની હરાજી કરતા જે રકમ મળે તેથા પાંચ ગણી રકમ વસૂલાવા માટે સ્થાનિક સત્તાક્ષેત્રના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા શિક્ષાત્મક સજા થશે.
- ✓ અગાઉ આ કાયદામાં દંડની કોઈ જ જોગવાઈ નહોતી.
- ✓ આ સુધારાથી બીજા રાજ્યના માછીમારોથી ગુજરાતના માછીમારોને થતુ નુકશાન અટકશે.
- ✓ ગૃહ રાજ્ય મંત્રી : શ્રી પ્રદિપસિંહ જાડેજા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ગૌરવ :ગુજરાતમાં સૌપ્રથમવાર આદ્યશક્તિપીઠ અંબાજી મંદિરને શ્રેષ્ઠ સંચાલન માટે ISO-9001 પ્રમાણપત્ર અપાયું (વહીવટ-ધર્મ)



વિગત :

માપદંડ

- ✓ મંદિર પરિસરના સુઆયોજિત સંચાલન, ગબ્બર પરની સુવિધાઓ, પ્રસાદ-અન્ય ખાદ્યસામગ્રી તેમજ યાત્રા નિવાસ સગવડતાઓના સરળ સંચાલન સાથે અંબાજી વિસ્તારમાં ટ્રસ્ટ દ્વારા હાથ ધરાતી શૈક્ષણિક સંસ્થાઓના સંચાલન અને સેવાકીય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

સંસ્થા :

- ✓ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર સ્ટાન્ડેડાઈઝેશન ISO એ યુ.કે. બેઝ્ડ સંગઠન છે.
- ✓ જે તે સંસ્થા સંગઠનોને તેની ગુણવત્તાયુક્ત સેવાઓ, પર્યાવરણ જાળવણીના ઉપાયો,

સુરક્ષા સલામતીની બાબતોના મુલ્યાંકનના આધારે ISO સર્ટિ. માટે પસંદગી કરે છે.

- ✓ જે 3 વર્ષ માટે માન્ય રહેશે.
- ✓ દર વર્ષે સર્વેલન્સ ઓડીટ દ્વારા જે તે સુવિધાઓની ગુણવત્તામાં સુધારાની ચકાસણી થતી હોય છે.
- ✓ યાત્રાધામ વિકાસમંત્રી – શ્રી દિલીપકુમાર ઠાકોર
- ✓ યાત્રાધામ વિકાસ રાજયમંત્રી – શ્રી વિભાવરીબહેન દવે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. મણિપુર વોટર પ્રોજેક્ટ : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રોજેક્ટનું ઈ-શિલાન્યાસ (જળ વ્યવસ્થાપન)



પ્રોજેક્ટ અંગે રૂ. 3054 કરોડના ખર્ચે 2.80 લાખ ઘરને નળ જોડાણ મળશે

લક્ષ્યાંક :

- ✓ વર્ષ-2024 સુધીમાં 'જળ જીવન મિશન'થી ગ્રામીણ વિસ્તારમાં દરેક ઘર સુધી પીવાનું પાણી આપવાનો લક્ષ્યાંક

સિદ્ધિ :

- ✓ માર્ચ-2019 સુધીમાં ગ્રામીણ વિસ્તારોના 18.33 ટકા ઘરો સુધી નળ જોડાણ અપાયા
- ✓ મણિપુરના મુખ્યમંત્રી:શ્રી એન. બિરેન સિંહ
- ✓ રાજ્યપાલ : નજમા હેહેપતુલ્લા
- ✓ રાજધાની : ઈમ્ફાલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વાઈરસ સામે લડનાર એન્ટીબોડી કેવી રીતે તૈયાર થાય છે (આરોગ્ય)



શરીરમાં બનતા એન્ટિબોડીઝ એક પ્રકારનું પ્રોટીન છે અને વાઈરસની સામે લડીને આપણને સ્વસ્થ રાખે છે.

એન્ટિબોડી એટલે શું ?

- ✓ એન્ટિબોડી અંગ્રેજીના 'વાય' આકારના પ્રોટીન હોય છે, જે એક પ્રકારની શ્વેત રક્ત કોશિકાઓ છે.
- ✓ એન્ટિબોડીને ઈમ્યુનોગ્લોબુલિન પણ કહે છે. બેક્ટરિયા કે વાઈરસ (પેથોજન) જ્યારે શરીરમાં પ્રવેશે છે, તો ઈમ્યુન સિસ્ટમ (ઈમ્યુનોગ્લોબુલિન પ્રોટીન) તેની સામે લડે છે અને એન્ટિબોડી તૈયાર કરે છે. જેને શરીરના ગેટકીપર પણ કહેવાય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 23 જુલાઈ

ભારતીય રાષ્ટ્રવાદનો અરુણોદય : લોકમાન્ય ટિળક

જન્મ – 23 જુલાઈ-1856

અવસાન – 1 ઓગષ્ટ-1920

✓ આપણા દેશમાં આઝાદી વિશે જાહેરમાં બોલવું એ રાજદ્રોહ સમાન હતું ત્યારે "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ જંપીશ" જેવા સૂત્ર દ્વારા દેશમાં આઝાદીની ચેતના જગાવનાર બાળ ગંગાધર ટિળકનો આજે જન્મદિવસ.



✓ મહારાષ્ટ્રમાં નેતાઓની ખાણ ગણાતા રત્નાગિરિ જિલ્લામાં જન્મેલા ટિળક બી.એ, એલ.એલ.બી થયા પણ વકીલાત ન કરતા જીવન દેશસેવા માટે સમર્પિત કર્યું હતું.

✓ "કેસરી" અને "મરાઠા" જેવા સામયિકો ચલાવી અને ગણપતિ ઉત્સવ અને શિવાજી જયંતી જેવા પસંગો ઊજવવાની શરૂઆત કરી મહારાષ્ટ્ર અને ભારતમાં રાષ્ટ્રીય અસ્મિતાનો પાયો નાંખ્યો હતો.

✓ 'ગીતા રહસ્ય' અને 'આર્કિટિક હોમ ઓફ વેદાઝ' જેવા પુસ્તકો લખ્યા. 1897માં રેન્ડ અને આર્યસ્ટનના ખૂન પાછળ તેમના લખાણો કારણભૂત હોવાનું જણાવી ટિળકને 18 માસની સજા કરવામાં આવી હતી. તે પછી સમગ્ર દેશભરમાં તેમની પ્રચંડ લોકપ્રિયતા ઊભી થઇ હતી.

✓ ગુજરાતમાં પણ તેમના સેંકડો અનુયાયીઓ હતા.

✓ નેતા તરીકે ટિળકનું માનવું હતું કે નેતાએ કયારેય સભાઓમાં સમયસર ન જવું જોઈએ કારણકે લોકો નેતાઓને જેટલું માન આપે છે તેટલું કોઈને પણ આપતા નથી.

✓ 1914માં હોમરુલ લીગની સ્થાપના કરનારા આ ઝુઝારું નેતા લોકમાન્ય ટીળકનું 1920માં અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૭-૨૦૨૦)

1. કોરોના-19ના વેસ્ટ નિકાલ માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન મુજબ ઉપયોગમાં લેવાયેલ માસ્કને કાપીને કેટલા કલાક સુધી પેપર બેગમાં મૂકી રાખવાનો રહેશે - 72 કલાક
2. કોરોના અંગે વેસ્ટ નિકાલની કેન્દ્રની નવી ગાઇડલાઇન પ્રમાણે સામાન્ય લોકો દ્વારા ઉપયોગ કરાયેલ PPE કિટને કેટલા દિવસ સુધી કચરાપેટીમાં અલગ મૂકી રાખવાનો રહેશે - 3 દિવસ
3. ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા તાત્કાલિક ધોરણે રાફેલ ફાઈટર માટે ઉપયોગમાં લેવાનાર "હેમર મિસાઈલ"કયા દેશ પાસેથી ખરીદવામાં આવશે - ફ્રાંસ

4. "HEMER"નો અર્થ જણાવો - **હાઈલી એજાઈલ મોડ્યુલર મ્યુનિશન એક્સટેન્ડેડ રેન્જ**
5. "હેમર મિસાઈલ"ની રેન્જ જણાવો -**60-70 કિલોમીટર**
6. "હેમર મિસાઈલ"ની મારક ક્ષમતા જણાવો - **લદાખ જેવા પહાડી વિસ્તારમાં પણ મજબૂત બંકર તબાહ કરવા સક્ષમ**
7. તાજેતરમાં ગુજરાતમાં GCMMFના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરાઈ - **શામળજીભાઇ પટેલ**
8. તાજેતરમાં ગુજરાતમાં GCMMFના નવા વાઈસ ચેરમેન તરીકે કોની નિમણૂક કરાઈ - **શ્રી વાલમજી હુંબલ (સરહદ ડેરી, કચ્છ)**
9. હિંમતનગરમાં આવેલી સાબરડેરીના ચેરમેનનું નામ જણાવો - **શ્રી શામળજી પટેલ**
10. નવા ચૂંટાયેલા GCMMFના ચેરમેન અને વાઇસ ચેરમેનનો કાર્યકાળ જણાવો - **2.5 વર્ષ**
11. GCMMFનું વિસ્તૃત નામ જણાવો - **ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન- આણંદ**
12. તાજેતરમાં ગુજરાત મત્સ્ય ઉદ્યોગ વટહુકમ-2020 મુજબ ગુજરાત બહારની ફિશિંગ બોટ સામે સીમા ઉલ્લંઘન બદલ કેટલો દંડ અને મત્સ્ય પેદાશમાંથી કેટલી રકમ વસુલ કરશે - **રૂ. 1 લાખ અને મત્સ્ય પેદાશની હરાજી કરી જે રકમ મળે તેની પાંચ ગણી**
13. ગુજરાતમાં સૌપ્રથમવાર કયા મંદિરને શ્રેષ્ઠ સંચાલન માટે પ્રતિષ્ઠિત ISO-9001:2015 પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે - **આદ્ય શક્તિપીઠ અંબાજી મંદિર**
14. ગુજરાતના યાત્રાધામ વિકાસ મંત્રીનું નામ જણાવો - **શ્રી દિલીપભાઈ ઠાકોર**
15. "નલ સે જલ" યોજના અંતર્ગત તાજેતરમાં "મણિપુર વોટર પ્રોજેક્ટનો" ઇ-શિલાન્યાસ કોના દ્વારા કરાયો - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
16. મણિપુર વોટર પ્રોજેક્ટ પાછળ કેટલા કરોડના ખર્ચે અંદાજે 2.80 લાખ ઘરોને નળ જોડાણ આપવામાં આવશે - **રૂ. 3054 કરોડ**
17. કેન્દ્ર સરકાર દ્વારા કયા વર્ષ સુધીમાં "જળ જીવન મિશન" અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં દરેક ઘર સુધી પીવાનું પાણી આપવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે - **વર્ષ 2024**
18. મણિપુરના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **એન. બિરેન સિંહ**
19. મણિપુરના વર્તમાન રાજ્યપાલનું નામ જણાવો - **નજમા હેપતુલ્લા**
20. વાયરસ સામે લડનાર એન્ટિબોડી કયા આકારના પ્રોટીન હોય છે - **અંગ્રેજીના-Y**
21. એન્ટિબોડી અન્ય કયા નામે ઓળખાય છે - **ઈમ્યૂનોગ્લોબુલિન**
22. લોકમાન્ય ટિળકનો જન્મદિવસ જણાવો - **23 જુલાઈ 1856**
23. "સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ જંપીશ" આઝાદીની ચળવળમાં આ સૂત્ર કોના દ્વારા અપાયું હતું - **લોકમાન્ય ટિળક**
24. કેસરી અને મરાઠા જેવા સામયિકોનું મુખ્યત્વે કોણ ચલાવતું હતું - **લોકમાન્ય ટિળક**
25. મહારાષ્ટ્રમાં "ગણપતિ ઉત્સવ" અને "શિવાજી જયંતિ" જેવા ઉત્સવ ઉજવવાનો પ્રારંભ કોના દ્વારા કરાયો- **લોકમાન્ય ટિળક**
26. "ગીતા રહસ્ય" પુસ્તકના લેખકનું નામ જણાવો - **લોકમાન્ય ટિળક**
27. લોકમાન્ય ટિળકનું અવસાન ક્યારે થયું હતું - **01 ઓગસ્ટ 1920**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 24-07-2020



૧.ગુજરાતમાં આવેલા વિવિધ સરકારી વીજ પ્લાન્ટ અને તેની ઉત્પાદન ક્ષમતા (ઊર્જા)

પ્લાન્ટ-યુનિટ	બળતણ	મે.વો.ક્ષમતા	સ્થાપના
1. કચ્છ-૩	લિગ્નાઇટ	75	31-3-97
2. ગાંધીનગર-૫	કોલસા	210	17-3-98
3. વણાકબોરી-૭	કોલસા	210	31-12-98
4. ધુવારણ-૧	ગેસ	107	28-1-04
5. ધુવારણ-૨	ગેસ	113	01-11-07
6. ઉતરાણ- એક્સ.	ગેસ	375	08-11-09
7. કચ્છ-૪	લિગ્નાઇટ	75	20-12-09
8. ઊકાઈ-૬	કોલસા	500	8-6-13
9. ધુવારણ-૩	ગેસ	375	21-5-14
10.સિક્કા-૩	આ.કોલસા	250	14-9-15
11. સિક્કા-૪	આ.કોલસા	250	28-12-15
12. ભાવનગર-૧	લિગ્નાઇટ	250	16-5-16
13. ભાવનગર-૨	લિગ્નાઇટ	250	27-3-17
14. વણાકબોરી	કોલસા	800	-
કુલ		3,840	

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કુંભાર સશક્તિકરણ યોજના (રોજગારી)



વિગત :

✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે નવી દિલ્હીથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કુંભાર સમુદાયના લોકોને વિદ્યુત ચાકનું વિતરણ કર્યું હતું

✓ ખાદી-ગ્રામોદ્યોગ આયોગ દ્વારા કાર્યરત કુંભાર સશક્તિકરણ યોજના હેઠળ ૧૦૦ જેટલા પ્રશિક્ષિત કારીગરોને આ વિદ્યુત ચાકનું વિતરણ કરાયું હતું

હેતુ :

✓ પ્રજાપતિ સમુદાયને આત્મનિર્ભર બનાવવાના હેતુથી વિદ્યુત ચાકનું વિતરણ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિર્ણય : કેન્દ્ર સરકાર : જળ પરિવહનને પ્રોત્સાહન આપવા જળમાર્ગ વપરાશ શુલ્ક ત્રણ વર્ષ માટે માફ (દરિયાઈ વેપાર)



વિગત :

- ✓ જહાજ મંત્રાલયે, ભારત સરકારના અંતર્દેશીય જળમાર્ગ વપરાશના શુલ્ક ત્રણ વર્ષ માટે માફ કર્યા છે.
- ✓ અંતર્દેશીય જળમાર્ગને પૂરક, પર્યાવરણને અનુકૂળ અને સસ્તા પરિવહનના માધ્યમ તરીકે પ્રોત્સાહિત કરવાની નેમ સાથે તાત્કાલિક અસરથી જળમાર્ગ વપરાશ શુલ્ક માફ કરવાનો નિર્ણય લેવાયો છે.

હેતુ :

- ✓ કુલ કાર્ગો ટ્રાફિકના માત્ર ૨ ટકાનું જ જળમાર્ગથી પરિવહન થાય છે.
- ✓ જળમાર્ગ શુલ્ક માફ કરવાનો નિર્ણયને લીધે ઉદ્યોગોને તેમની લોજિસ્ટિક જરૂરિયાતો માટે રાષ્ટ્રીય જળમાર્ગનો ઉપયોગ કરવા તરફ આકર્ષિત કરશે.
- ✓ આ પરિવહનનું માધ્યમ પર્યાવરણને અનુકૂળ હોવાથી તે અન્ય પરિવહન માધ્યમો પરનું ભારણ ઘટાડશે અને ધંધામાં સરળતાને પ્રોત્સાહન આપશે.

વર્તમાન દર :

- ✓ ભારતીય જળમાર્ગ સત્તા (IWAI) અંતર્દેશીય કાર્ગો વહાણોને ચલાવા માટે કિ.મી. દીઠ કુલ રજિસ્ટર્ડ ટન દીઠ રૂ. ૦.૦૨ના દરે અને આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર ફ્લૂઝ જહાજોને ચલાવવા કિ.મી. દીઠ કુલ રજિસ્ટર્ડ ટનદીઠ રૂ. ૦.૦૫ના દરે જળમાર્ગ વપરાશ શુલ્ક વસૂલ કરાય છે.
- ✓ કેન્દ્રીય જહાજ રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર) – શ્રી મનસુખ માંડવિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સિદ્ધિ :ખેલકૂદ-એશિયન ગેમ્સ-૨૦૧૮

ભારતને ચાર બાય ૪૦૦ મીટર મિક્સ રિલે એશિયન ગેમ્સ-૨૦૧૮ના સિલ્વર મેડલને સ્થાને હવે ગોલ્ડ મેડલ અપાયો



- ✓ **કારણ:** ગોલ્ડ મેડલ વિજેતા બહેરીન ટીમનો ખેલાડી કેમી એડેકોયા ડોપિંગમાં પ્રતિબંધિત જાહેર થતા સંપૂર્ણ ટીમને ડિસક્વોલિફાય કરી દેવાને કારણે ગોલ્ડ મેડલ પરત લેવાયો

અન્ય વિગત :

- ✓ એઆઇયુએ એડેકોયાના પરિણામને રદ કરતાં અનુ રાધવનને વિમેન્સ ૪૦૦ મીટર હર્ડલ રેસમાં ચોથા સ્થાનેથી અપગ્રેટ કરીને ત્રીજા ક્રમે મૂકવામાં આવી હતી જેના કારણે તેને બ્રોન્ઝ મળ્યો હતો.

ભારતીય ટીમ

- ✓ મોહમ્મદ અનસ, એમ આર પૂવમ્મા, હિમા દાસ અને અરોકિયા રાજિવની ભારતીય ટીમે ૩:૧૫:૭૧નો સમય હાંસલ કર્યો હતો અને ભારતીય ટીમ બહેરીન (૩:૧૧:૮૯) કરતાં પાછળ રહી હતી.
- ✓ જાકાર્તા ખાતે યોજાયેલી આ એશિયન ગેમ્સની અંતિમ રેસમાં અનુ રાધવન ૫૬.૯૨ સેકન્ડના સમય સાથે ચોથા સ્થાને રહી હતી. આમ હવે ભારતના એશિયન ગેમ્સ ૨૦૧૮માં કુલ મેડલ્સની સંખ્યા ૨૦ની થઇ છે જેમાં આઠ ગોલ્ડ તથા નવ સિલ્વર મેડલ છે.

મેડલ ટેલી - ભારત

- ✓ ગોલ્ડ – ૦૮
- ✓ સિલ્વર – ૦૯
- ✓ બ્રોન્ઝ – ૦૩
- ✓ કુલ – ૨૦
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન : નૃત્યાંગના - કોરિયોગ્રાફર અમલા શંકરનું કોલકત્તા ખાતે ૧૦૧ વર્ષે નિધન



પરિચય :

- ✓ તેઓ પ્રખ્યાત નૃત્ય નિર્દેશક અને કોરિયોગ્રાફર સ્વ. ઉદયશંકરનાં પત્ની હતાં.
- ✓ તેમણે ઉદયશંકર સાથે કલ્પના ફિલ્મમાં કામ કર્યું હતું.

એવોર્ડ :

- ✓ પ.બંગાળ સરકાર દ્વારા 2011માં તેમને બંગવિભૂષણ એવોર્ડથી સન્માનિત.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિર્ણય : ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી દ્વારા તા. ૧લી ઓકટોબર-૨૦૨૦થી મીઠાઈના ઉત્પાદન અને ઉપયોગની તારીખ ફરજિયાત (આરોગ્ય)

નવી જોગવાઈ :

- ✓ હવે તમામ મીઠાઈ વિક્રેતાઓ એ મીઠાઈના પેકેટ પર મીઠાઈ ક્યારે બની છે અને ક્યાં સુધી તેનો ઉપયોગ કરી શકાશે તે લખવું ફરજિયાત બનાવાયું છે.
- ✓ આવું નહીં કરનાર દુકાનદાર વિરુદ્ધ દંડ અને દુકાન પર તાળા મારવા સુધીની કાર્યવાહી પણ થઈ શકશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. પથ્થલગડી ચળવળ શું છે (નકસલી પ્રવૃત્તિ)

પથ્થલગડી ચળવળ શું છે?

✓ ઝારખંડના ખૂંટી જિલ્લાનાં ગામોમાં ચાર વર્ષ પહેલાં પથ્થલગડી ચળવળે વેગ પકડ્યો હતો.

✓ પથ્થલગડી શબ્દ કોઈ મૃત વ્યક્તિની સમાધિ પર પથ્થર મૂકવાના આદિવાસી રિવાજમાંથી આવ્યો છે.

✓ આ રિવાજને ધ્યાનમાં રાખી ઝારખંડમાં આદિવાસી સમુદાયો મોટા પથ્થરો પર સંદેશા રજૂ કરે કરે છે, જેને પથ્થલગડી તરીકે ઓળખાય છે.

✓ જોકે તેઓ તેમના ઉદ્દેશો માટે હિંસક અને ગેરકાયદે રીતે આ રિવાજનો ઉપયોગ કરી રહ્યા છે.

વિગત :

✓ ગુજરાતમાં પથ્થલગડી ચળવળ ચલાવવા માટે આવેલા ઝારખંડના ખૂંટી જિલ્લાના બે સહિત ત્રણ નકસલવાદી તાપીમાંથી એટીએસે ઝડપી પાડ્યા હતા. આ ત્રણમાં એક મહિલા નક્સલવાદીનો પણ સમાવેશ થાય છે.

✓ પકડાયેલા નકસલવાદીઓ સતીપતી સંપ્રદાયના લોકોમાં હિંસક ઉશ્કેરણી કરી રહ્યા હતા.

✓ ATSની ટીમે તેમના ઘરમાં તપાસ કરતા નકસલી પ્રવૃત્તિની સામગ્રી તથા મોબાઈલ અને લેપટોપ મળી આવ્યા હતા.



✓ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના કટાસવણ ગામેથી ગુજરાત એટીએએસ (એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ)એ મૂળ ઝારખંડના બે સહિત ત્રણ નક્સલીને ઝડપી પાડ્યાં.

✓ પકડાયેલા નકસલવાદી બિરસા અને સામુ રાજ્યમાં પથ્થલગડી વિચારધારાનો પ્રચાર કરવા માટે પૈસા એકત્રિત કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

✓ તેઓ પથ્થલગડી આંદોલન પદ્ધતિ અપનાવી સ્થાનિક આદિવાસીઓને સરકાર વિરુદ્ધ ઉશ્કેરતા હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. નિર્ણય : ભારતીય સેનામાં મહિલા અધિકારીઓના સ્થાયી કમિશનને અધિકૃત મંજૂરી – રક્ષા મંત્રાલય, ભારત સરકાર (સંરક્ષણ)



વિગત :

- ✓ સેનામાં પુરુષ અધિકારીઓની જેમ જ જુદાં જુદાં મહત્વના પદો પર મહિલા ઓફિસરો તૈનાત થઇ શકશે.
- ✓ ગત ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાના પાંચ મહિના બાદ ભારતીય સેનામાં મહિલાઓના અધિકાર મામલે કેન્દ્ર સરકારે આદેશ જાહેર કર્યો છે.
- ✓ સરકારની મંજૂરી બાદ ભારતીય સેનામાં મહિલા અધિકારીઓ મોટી ભૂમિકામાં જોવા મળશે.
- ✓ આ આદેશ અનુસાર મહિલા અધિકારીઓને આર્મી એર ડિફેન્સ, સિગ્નલ, એન્જિનિયર્સ, આર્મી એવિએશન, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ મિકેનિકલ એન્જિનિયર્સ, આર્મી સર્વિસ કોર, આર્મી ઓર્ડિનન્સ કોર અને ઇન્ટેલિજન્સ કોર એમ ભારતીય સેનાની ૧૦ સ્ટ્રીમમાં સ્થાયી કમિશન મળવાપાત્ર છે.
- ✓ ઉપરાંત જજ અને એડવોકેટ જનરલ તેમજ આર્મી એજ્યુકેશન કોરને પણ આ સુવિધા મળશે.
- ✓ પરમેનન્ટ કમિશન સિલેક્શન બોર્ડ દ્વારા મહિલા અધિકારીઓને તૈનાત કરવામાં આવશે

સ્થાયી કમિશન એટલે શું :

- ✓ કોઇ અધિકારી નિવૃત્તિની ઉંમર સુધી સેનામાં કામ કરી શકે છે અને નિવૃત્ત થયા બાદ પેન્શનના પણ હકદાર બને છે.
- ✓ આ અંતર્ગત શોર્ટ સર્વિસ કમિશનમાં કામ કરતા અધિકારીઓ પણ સ્થાયી કમિશનમાં આવી શકે છે.
- ✓ શોર્ટ સર્વિસ કમિશન અંતર્ગત તૈનાત અધિકારીઓને ૧૪ વર્ષની સેવા બાદ નિવૃત્ત કરી દેવામાં આવે છે અને તેમને એ પછી પેન્શન પણ નથી મળતું.
- ✓ આ પહેલા મહિલાઓ માત્ર ૧૦ વર્ષ સુધી જ નેવીમાં સેવા આપી શકતી હતી.
- ✓ હકીકતમાં સેનામાં અધિકારીઓની ખોટ પૂરી કરવા માટે શોર્ટ સર્વિસ કમિશનની શરૂઆત થઇ હતી જે અંતર્ગત પુરુષ અને મહિલા બંનેની ભરતી કરવામાં આવતી હતી.
- ✓ પરંતુ સ્થાયી કમિશન માટે માત્ર પુરુષ અધિકારીઓ જ અરજી કરી શકતા હતાં.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. દિન વિશેષ : 23 જુલાઈ-1927

રાષ્ટ્રીય પ્રસારણ દિવસ



- ✓ ભારતીય રેડિયો પ્રસારણ સેવાનો પ્રારંભ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૭-૨૦૨૦)

1. ગુજરાતમાં કેટલા વિવિધ સરકારી વીજ પ્લાન્ટ આવેલા છે - 14
2. ગુજરાતમાં આવેલા સરકારી વીજ પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલા મેગાવોટ છે - **3840 મેગાવોટ**
3. ગુજરાતમાં કોલસા બળતણ આધારિત વીજ પ્લાન્ટ કયા કયા આવેલા છે - **ગાંધીનગર, વણાકબોરી કુલ-2, ઉકાઇ, સિક્કા-3, સિક્કા-4**
4. ગુજરાતમાં ગેસ બળતણ આધારિત વીજ પ્લાન્ટ કયા કયા આવેલા છે - **ધુવારણ 1,2 અને 3 અને ઉતરાણ**
5. ગુજરાતમાં લિગ્નાઇટ બળતણ આધારિત વીજ પ્લાન્ટ કયા કયા આવેલા છે - **કચ્છ-3 અને 4, ભાવનગર 1 અને 2**
6. તાજેતરમાં ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં કઈ યોજના અંતર્ગત પ્રજાપતિ સમાજના પ્રશિક્ષિત કારીગરોને આત્મનિર્ભર બનાવવા 100 જેટલા વિદ્યુત ચાકનું વિતરણ કરાયું - **કુંભાર સશક્તિકરણ યોજના**
7. કેન્દ્ર સરકારના શિપિંગ મંત્રાલય દ્વારા જળ પરિવહનને પ્રોત્સાહન આપવા કેટલા વર્ષ માટે જળ માર્ગ વપરાશ શુલ્ક માફ કરવામાં આવ્યું છે - 3 વર્ષ
8. હાલમાં ભારતમાં કુલ કાર્ગો ટ્રાફિકના માત્ર કેટલા ટકા જ જળ માર્ગ પરિવહનથી થાય છે- 02%
9. તાજેતરમાં ભારતને એશિયન ગેમ્સ-2018ના ચાર બાય 400 મીટર મિક્સ રિલેમાં સિલ્વર સ્થાને હવે કયો મેડલ પ્રાપ્ત થયો - ગોલ્ડ
10. એશિયન ગેમ્સ-2018માં ચાર બાય 400 મીટર મિક્સ રિલેમાં કયા કયા ભારતીય ખેલાડીઓનો સમાવેશ થાય છે - **મોહમ્મદ અનસ, એમ.આર.પૂવમ્મા, હિમા દાસ અને આરોકિયા રાજિવની**
11. એશિયન ગેમ્સ-2018 કયાં યોજાઈ હતી - **જાકાર્તા**
12. એશિયન ગેમ્સ-2018માં તાજેતરમાં થયેલ અપડેટ બાદ ભારતને કયા કયા મેડલ પ્રાપ્ત થયા છે - ગોલ્ડ-08, સિલ્વર-09 અને બ્રોન્ઝ- 03
13. તાજેતરમાં કોલકત્તામાં 101 વર્ષે અવસાન પામેલ અમલા શંકરનું ક્ષેત્ર જણાવો - **નૃત્યાંગના અને કોરિયોગ્રાફર**
14. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી દ્વારા આગામી કઈ તારીખથી ભારતમાં મીઠાઈના ઉત્પાદન અને ઉપયોગની તારીખ ફરજિયાત કરાઈ છે - 01 ઓક્ટોબર 2020
15. ભારતમાં નક્સલી પ્રવૃત્તિ સાથે જોડાયેલ પથ્થલગડી ચળવળએ કયા રાજ્યમાં વેગ પકડ્યો છે - **જિલ્લા-ખૂંટી, ઝારખંડ**
16. ભારતીય સેનામાં મહિલા અધિકારીઓના સ્થાયી કમિશને તાજેતરમાં અધિકૃત રીતે કોને મંજૂરી આપી છે - **સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર**
17. ભારતીય સેનામાં "સ્થાયી કમિશન" એટલે શું - **કોઇપણ અધિકારી નિવૃતિની ઉંમર સુધી સિંહનો કામ કરી શકે અને નિવૃત્તિ બાદ પેન્શનના હકદાર પણ બને**
18. ભારતીય સેનામાં શોર્ટ સર્વિસ કમિશન અંતર્ગત કેટલા વર્ષ બાદ અધિકારીઓને નિવૃત્ત કરી દેવામાં આવે છે - 14 વર્ષ
19. ભારતીય સેનામાં સ્થાયી કમિશનના અમલથી મહિલાઓને કઈ કઈ સ્ટ્રીમમાં લાભ મળશે - **આર્મી એર ડિફેન્સ, સિગ્નલ, એન્જિનિયર્સ, આર્મી એવિએશન, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ મિકેનિકલ એન્જિનિયર્સ, આર્મી સર્વિસ કોર, આર્મી ઓર્ડિનન્સ કોર અને ઇન્ટેલિજન્સ કોર**
20. ભારતમાં "રાષ્ટ્રીય પ્રસારણ દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે – 23 જુલાઈ
21. ભારતમાં રેડિયો પ્રસારણ સેવાનો પ્રારંભ ક્યારે થયો હતો જેને "રાષ્ટ્રીય પ્રસારણ દિવસ"તરીકે ઓળખાય છે - 23 જુલાઈ 1927

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નિર્ણય : શસ્ત્ર ખરીદી (સંરક્ષણ)

ભારત દ્વારા US પાસેથી 1.8 અબજ ડોલરના ખર્ચે 6 લોન્ગ રેન્જ પોઝિડોન-8 (P-8) આઈ વિમાન ખરીદવાનો નિર્ણય





વિગત :

- ✓ હાલમાં ભારતીય નૌકાદળમાં સામેલ P-8 આઇ વિમાનનો વ્યાપક ઉપયોગ.
- ✓ ભારતીય સેના અને નૌકાદળ અત્યારે હિંદ મહાસાગર અને પૂર્વ લદાખમાં સર્વેલન્સ માટે આ વિમાનનો ઉપયોગ કરી રહ્યાં છે.

લોન્ગ રેન્જ પોઝિડોન-8 આઈ વિમાન વિશે :

- ✓ આ વિમાન રડાર, ઇલેક્ટ્રો-ઓપ્ટિક સેન્સર્સ, હાર્પૂન બ્લોક-ટુ મિસાઇલ અને એમકે-૫૪ લાઇટવેઇટ ટોર્પિડોથી સજ્જ.
- ✓ ભારતીય નેવીએ જાન્યુઆરી ૨૦૦૯માં અમેરિકાની બોઇંગ કંપની સાથે ૮ નંગ P-8 આઇ વિમાનની ખરીદી કરવા માટે ૨.૧ અબજ ડોલરનો કરાર કર્યો હતો. જે હાલ નૌકાદળમાં સામેલ થઈ ચૂક્યાં છે.
- ✓ જુલાઈ ૨૦૧૬માં ભારતે વધુ વિમાનો માટે ૧.૧ અબજ ડોલરનો કરાર કર્યો હતો તે અંતર્ગત ૪ P-8 આઇ વિમાન ડિસેમ્બર મહિનામાં ભારત આવી પહોંચશે.

નિકાસ નિયંત્રણો હળવા બનતાં ભારતને મોટો લાભ થશે

- ✓ અમેરિકાએ ૮૦૦ કિમી પ્રતિ કલાક સુધીની ઝડપ ધરાવતા અનમેન્ડ એરિયલ વ્હિકલ

(યુએવી)ની નિકાસ પરના પ્રતિબંધ હળવા બનાવતાં ભારતને મોટો લાભ થશે.

- ✓ ભારત હવે અમેરિકા પાસેથી પ્રિડેટર-બી અને ગ્લોબલ હૉક સર્વેલન્સ ડ્રોન સરળતાથી મેળવી શકશે.
- ✓ આ બંને ડ્રોન ૮૦૦ કિમી પ્રતિ કલાક કરતાં ઓછી ઝડપ ધરાવે છે.
- ✓ ચીન અત્યારે પાકિસ્તાન, યમન અને લિબિયાને વિંગ લૂંગ ડ્રોન પૂરાં પાડી રહ્યો છે.
- ✓ આ ડ્રોન ૧,૦૦૦ કિલોગ્રામ બૉંબ અથવા એર ટુ સરફેસ મિસાઇલનું વહન કરી શકે છે.
- ✓ US પાસેથી અન્ય 6 પ્રિડેટર-B વેપનાઈઝ્ડ ગાર્ડિયન ડ્રોન ખરીદાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.પંજાબ 2020 રેફરેન્ડમ(વૈશ્વિક સંબંધો)

કેનેડા દ્વારા ભારતમાં પંજાબમાંથી અલગ ખાલિસ્તાનની માંગણી કરતો પંજાબ 2020 રેફ રેન્ડમ ફગાવાયો



વિગત :

- ✓ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની સરકારે અલગ ખાલિસ્તાન રાજ્યની માગણી કરતો પંજાબ-૨૦૨૦ રેફરેન્ડમ ફગાવ્યો હતો.
- ✓ કેનેડાનાં અલગતાવાદી અને ખાલિસ્તાન તરફી ગ્રુપ શીખ્સ ફોર જસ્ટિસ (SFJ) દ્વારા આ રેફરેન્ડમનું આ વર્ષનાં નવેમ્બરમાં આયોજન કરાયું હતું.
- ✓ કેનેડાની સરકારે તેને ફગાવતા ભારત માટે આ મોટી ફૂટનીતિક જીત.
- ✓ કેનેડા ભારતની સંપ્રભુતા અને સાર્વભૌમત્વ, એકતા અને પ્રાદેશિક અખંડતાનું સન્માન કરે છે અને કેનેડાની સરકાર સૂચિત રેફરેન્ડમને માન્ય રાખતું નથી.

SFJ વિશે :

- ✓ SFJની સ્થાપના: વર્ષ 2007માં અલગતાવાદીઓ દ્વારા
- ✓ SFJ : શીખ્સ ફોર જસ્ટિસ
- ✓ રાજધાની : ટોરેન્ટો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. UNનો અહેવાલ : કેરળ અને કર્ણાટકના ISના ગઢમાં 200 આતંકી સક્રિય (આતંકવાદ)

- ✓ IS : ઈસ્લામિક સ્ટેટ

(૧) ભારતમાં ISની નવી શાખા વિલાયાર ઓફ હિન્દ



✓ ગત વર્ષે 10 મેએ આઇએસએ તેની અમાક સમાચાર સંસ્થાના માધ્યમથી કહ્યું હતું કે તેની ભારતીય સહયોગી નવી શાખાનું નામ વિલાયાહ ઑફ હિન્દ (ભારત પ્રાંત) છે, જેના 180થી 200 સભ્ય છે.

(૨) IS ભારતમાં નવો 'ગઢ' બનાવવાની જાહેરાત કરી ચૂક્યું છે :

✓ ગત વર્ષે મેમાં ઇસ્લામિક સ્ટેટ (ISIS, ISIL અને દાએશ તરીકે પણ ઓળખાય છે) આતંકી સંગઠને ભારતમાં નવો પ્રાંત સ્થાપિત કરવાનો દાવો કર્યો હતો.

✓ આ કાશ્મીરમાં આતંકીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ બાદ અનોખી જાહેરાત.

✓ જમ્મુ-કાશ્મીરના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ તે દાવાને ફગાવી દીધો હતો.

✓ અગાઉ કાશ્મીરમાં આઇએસના હુમલાને તેની કથિત ખુરાસાન પ્રાંતીય શાખા સાથે જોડવામાં આવ્યા છે, જેની રચના 2015માં થઈ હતી અને જેનું લક્ષ્ય અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને આસપાસના ક્ષેત્ર હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સિદ્ધિ : VG 12-B (ભારતીય રેલવે)

પ્રથમવાર ભારતમાં બનેલું સૌથી શક્તિશાળી સ્વદેશી એન્જિન VG 12-Bના સફરનો પ્રારંભ

✓ ક્ષમતા : 12 હજાર H.P



વિગત :

✓ દિલ્હીથી રવાના થયેલું VG 12-B નામનું એન્જિન 25મી જુલાઈએ વહેલી સવારે 2:45 વાગ્યે ફુલેરા સ્ટેશન પહોંચ્યું.

ભારત વિશ્વનો છઠ્ઠો દેશ :

✓ આ સાથે ભારત 10 હજારથી વધુ હોર્સ પાવરના એન્જિન ધરાવનાર દુનિયાનો છઠ્ઠો દેશ બન્યો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારતીય રેલવે : અરવલ્લીની પર્વતમાળાને વિંધીને રેલવેએ હરિયાણામાં વિશ્વની પ્રથમ ડબલ કન્ટેનર ઈલેક્ટ્રિક ટનલ બનાવી



વિગત :

- ✓ હરિયાણામાં રેલવે દ્વારા દુનિયાની પ્રથમ ડબલ કન્ટેનર ઈલેક્ટ્રિક ટનલ બનાવાઈ.
- ✓ અરવલ્લીની પર્વતમાળાને વિંધીને એક કિલોમીટર લાંબી દુનિયાની પ્રથમ ઈલેકટ્રીફાઈડ રેલવે ટનલ તૈયાર, જેમાંથી બે માલગાડીઓ પસાર થઈ શકશે.
- ✓ પહાડીઓને કોતરીને બનાવેલા ભોંયરામાંથી ૧૦૦ કિ.મી.ની ઝડપે માલગાડી દોડશે.

ઈસ્ટર્ન કોરિડોર વિશે :

- ✓ ઈસ્ટર્ન કોરિડોર પશ્ચિમ બંગાળથી પંજાબના લુધિયાનાને જોડશે
- ✓ ૧૮૫૬ કિલોમીટર લાંબો કોરિડોર પશ્ચિમ બંગાળ ઉપરાંત ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબને જોડશે.
- ✓ બીજી તરફ વેસ્ટર્ન કોરિડોર ઉત્તર પ્રદેશના દાદરીથી મુંબઈના જવાહરલાલ નેહરુ પોર્ટ સાથે જોડાશે.
- ✓ ૧૫૦૬ કિલોમીટર લાંબો આ કોરિડોર હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર માટે ફાયદારૂપ બનશે.
- ✓ આ બંને કોરિડોર ૨૦૨૧ના અંત સુધીમાં પૂરા થાય તેવી શક્યતા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કોરોના વાયરસ : ગુજરાતમાં કોરોનાના સૌથી ઘાતક લક્ષણ GH ક્લેડનું પ્રમાણ 51.8 ટકા નોંધાયું

- ✓ IIM-GBRC દ્વારા ગુજરાતના 18 જિલ્લાઓમાં સર્વેક્ષણનું તારણ



ક્લેડ એટલે શું ?

ગુજરાતમાં જોવા મળતો GH ક્લેડ શા માટે ઘાતક ?

- ✓ દરેક વાયરસને એના પ્રોટીન સ્ટ્રકચર, સ્ટ્રીપ, ઘાતકતા વગેરે પ્રમાણે કેટેગરાઈઝ કરવામાં આવે છે.
- ✓ આ વિભાજન વાયરસને લગતા આગળના વૈજ્ઞાનિક અભ્યાસમાં મદદરૂપ નીવડે છે. ખાસ કરીને વાયરસની રસી બનાવવા માટે કે દાવાને લગતા સંશોધન માટે આ માહિતી જરૂરી બને છે.
- ✓ હાલની કોરોના વાયરસ એ જુના SARS cov ગ્રૂપનો જ નવા મેમ્બર છે. અને તેને

પણ તેના માળખા પ્રમાણે અને અન્ય વિશેષતાઓ પ્રમાણે ૭ અલગ અલગ ભાગમાં વહેંચવામાં આવ્યો છે. જેને ક્લડ કહેવામાં આવે છે.

- ✓ તેને WHO દ્વારા S, V, L, G, GH, GR અને ૦ એવા ૭ ક્લેડમાં વહેંચવામાં આવ્યો
- ✓ તેમાં GH પ્રકારનો ક્લેડ એ સૌથી ઘાતક અને ખતરનાક ક્લેડ છે જેનું ગુજરાતમાં જોવા મળતા કોરોના વાયરસના સેમ્પલમાં સૌથી ઊંચું ૫૧.૮ ટકા જેટલું પ્રમાણ છે.
- ✓ જેના લીધે ગુજરાતમાં મૃત્યુ દર ઘણો ઉંચો છે તેવું એક તથ્ય પણ સમજી શકાય છે.
- ✓ GBRC : ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર
- ✓ IIM : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 25 જુલાઈ

ગુજરાતના લ્યૂથર કિંગ અને પત્રકાર : કરસનદાસ મૂળજી

જન્મ – 25 જુલાઈ-1832

અવસાન – 28 ઓગસ્ટ-1871

- ✓ “ખીંચો ન કમાનો કો ન તલવાર ચલાઓ, જબ તોપ મુકાબીલ હો તબ અખબાર નીકાલો” પ્રસ્તુત કાવ્યપંકિત ગુજરાતી પત્રકારત્વમાં સિદ્ધ કરનાર કરસનદાસ મૂળજીનો આજે જન્મદિવસ.



કરસનદાસ મૂળજી (૧૮૩૨-૧૮૭૧)

- ✓ મુંબઇમાં જન્મેલા કરસનદાસે શિક્ષણ પણ મુંબઈમાં જ લીધું હતું.
- ✓ આ મહામાનવનું સ્મરણ ખાસ કરીને 1862માં થયેલા મહારાજ લાયબલ કેસ માટે થાય છે.
- ✓ 1855માં ‘સત્યપ્રકાશ’ નામનું સામયિક શરૂ કર્યું અને નામ પ્રમાણે પત્રકારત્વ ખેડ્યું. તત્કાલીન વૈષ્ણવ સંપ્રદાયમાં ચાલતી કુરીતિઓ સામે રીતસર અહાલેક જગાવી.
- ✓ તે મુદ્દે મુંબઇ હાઈકોર્ટમાં કેસ ચાલ્યો અને ધાર્મિક સત્તા સામે 30 વર્ષના યુવાનની તર્કબુદ્ધિવાદી અભિગમનો જ્વલંત વિજય થયો.
- ✓ મહારાજ લાયબલ કેસ સમગ્ર પશ્ચિમ ભારતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. અને કરસનદાસ ગુજરાતના અગ્રણી સુધારક તરીકે પ્રસ્થાપિત થયા હતા.
- ✓ 1862માં ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડ્યો અને સ્વાનુભવને આધારે “ઇંગ્લેન્ડમાં પ્રવાસ”

નામનું સુંદર પ્રવાસ વર્ણન લખ્યું. જેનો મરાઠીમાં પણ અનુવાદ થયો છે.

- ✓ કરસનદાસે 'નીતિ સંગ્રહ' અને 'સંસાર સુખ' નામના પુસ્તકો પણ લખ્યાં છે.
- ✓ બહુશ્રુતતા, સૂક્ષ્મ અવલોકનશક્તિ અને વિગતવાર વિવરણ એ તેમના લેખનનો વિષય છે.
- ✓ કરસનદાસ મૂળજીનું 28 ઓગસ્ટ 1871ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા અમેરિકા પાસેથી કયા 6 લોન્ગ રેન્જ વિમાન ખરીદવાનો નિર્ણય કરાયો છે - **P-8**
2. યુએસ બનાવટના P-8 આઈ વિમાનનું વિસ્તૃત નામ જણાવો - **પોઝિડોન-8**
3. તાજેતરમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા અમેરિકા પાસેથી કેટલા ડોલરના ખર્ચે 6 લોન્ગ રેન્જ P-8 આઇ વિમાન ખરીદવાનો નિર્ણય કરાયો છે - **1.8 અબજ ડૉલર**
4. ભારતમાં હાલમાં કયા દળમાં કુલ આઠ P-8 આઈ વિમાન વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે - **નૌકાદળ**
5. ભારત સંરક્ષણના હેતુથી આગામી સમયમાં અમેરિકા પાસેથી અન્ય છ નંગ કયા ડ્રોન ખરીદશે - **પ્રિડેટર-B વેપનાઈઝ્ડ ગાર્ડિયન ડ્રોન**
6. તાજેતરમાં ભારતના સમર્થનમાં કયા દેશ દ્વારા પંજાબ 2020 રેફરેન્ડમ ફગાવી દેવામાં આવ્યો છે - **કેનેડા**
7. પંજાબ 2020 રેફરેન્ડમનો મુખ્ય હેતુ જણાવો - **ભારતના પંજાબમાંથી અલગ ખાલિસ્તાન દેશની માગણી**
8. SFJ ગ્રૂપ એટલે શું - **શિખ્સ ફોર જસ્ટિસ**
9. ભારતના પંજાબમાંથી અલગ ખાલિસ્તાન દેશની માગણી કેનેડામાં કોના દ્વારા કરવામાં આવે છે - **SFJ**
10. કેનેડા સરકારમાં પંજાબ 2020 રેફરેન્ડમ કોના દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો - SFJ
11. SFJની સ્થાપના અલગતાવાદીઓ દ્વારા કયા વર્ષમાં થઈ હતી - **2007**
12. તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલ UNના અહેવાલ મુજબ કયા રાજ્યમાં અંદાજે 200 જેટલા ISના આંતકીઓ સક્રિય છે – **કેરળ અને કર્ણાટક**
13. IS દ્વારા ભારતમાં કઈ નવી શાખા શરૂ કરાઇ છે - **વિલાયાર ઑફ હિન્દ**
14. આંતકવાદી સંગઠન ISનું વિસ્તૃત નામ જણાવો - **ઈસ્લામિક સ્ટેટ**
15. આંતકવાદી સંગઠન IS અન્ય કયા નામે ઓળખાય છે -**ISIS, ISIL અને દાએશ**
16. જુલાઈ-૨૦૨૦માં પ્રથમવાર ભારતમાં બનેલું કયુ સૌથી શક્તિશાળી સ્વદેશી એન્જિનના સફરનો પ્રારંભ થયો - **VG 12-B**
17. જુલાઈ-૨૦૨૦માં પ્રથમવાર ભારતમાં બનેલું સૌથી શક્તિશાળી સ્વદેશી એન્જિન VG 12-Bના સફરનો પ્રારંભ થયો તેની ક્ષમતા જણાવો - **12 હજાર H.P**
18. ભારતીય રેલ્વે કેટલા હોર્સ પાવરના એન્જિન ધરાવનાર દુનિયાનો છઠ્ઠો દેશ બન્યો - **10 હજારથી વધુ**
19. કઈ પર્વતમાળાને વિંધીને રેલવેએ હરિયાણામાં ડબલ કન્ટેનર ઈલેક્ટ્રિક ટનલ બનાવી – **અરવલ્લી**
20. ભારતીય રેલ્વે દ્વારા કયા રાજ્યમાં વિશ્વની પ્રથમ ડબલ કન્ટેનર ઈલેક્ટ્રિક ટનલ બનાવવામાં આવી – **હરિયાણા**
21. જુલાઈ-૨૦૨૦માં ભારતીય રેલ્વે દ્વારા અરવલ્લીની પર્વતમાળાને વિંધીને કેટલી લાંબી ઈલેકટ્રીફાઈડ રેલવે ટનલ તૈયાર કરી - **એક કિલોમીટર**
22. જુલાઈ-૨૦૨૦માં ભારતીય રેલ્વે દ્વારા હરિયાણામાં અરવલ્લીની પર્વતમાળાને વિંધીને તૈયાર કરાયેલી ઈલેકટ્રીફાઈડ ટનલમાંથી કેટલી માલગાડી કેટલી ઝડપે દોડી શકશે – **બે તથા ૧૦૦ કિ.મી.**
23. ભારતીય રેલ્વેનો ઈસ્ટર્ન કોરિડોર પશ્ચિમ બંગાળથી પંજાબના કયા સ્થળને જોડશે - **લુધિયાના**
24. વર્ષ-૨૦૨૧ પૂર્ણ થનાર ભારતીય રેલ્વેના ઈસ્ટર્ન કોરિડોરની લંબાઈ જણાવો - **૧૮૫૬ કિલોમીટર**

25. ભારતીય રેલ્વેનો ઈસ્ટર્ન કોરિડોર કયા રાજ્યોને જોડશે - **પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબ**
26. વર્ષ-૨૦૨૧ પૂર્ણ થનાર ભારતીય રેલ્વેના વેસ્ટર્ન કોરિડોરની લંબાઈ જણાવો - **૧૫૦૬ કિલોમીટર**
27. ભારતીય રેલ્વેનો વેસ્ટર્ન કોરિડોર કયા રાજ્યો માટે ફાયદારૂપ બનશે - **હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર**
28. ગુજરાતમાં કોરોના વાયરસના કયા ઘાતક લક્ષણનું સૌથી વધુ પ્રમાણ નોંધાયું - **GH ક્લેડ**
29. ગુજરાતમાં કોરોના વાયરસના ઘાતક GH ક્લેડ લક્ષણનું સૌથી વધુ કેટલું પ્રમાણ નોંધાયું - **51.8 ટકા**
30. ગુજરાતમાં કોના દ્વારા કરાયેલા સર્વેક્ષણમાં કોરોના વાયરસના ઘાતક GH ક્લેડ લક્ષણનું સૌથી વધુ પ્રમાણ નોંધાયું - **IIM-GBRC**
31. ગુજરાતમાં કોરોના વાયરસના ઘાતક GH ક્લેડ લક્ષણ સંદર્ભે IIM-GBRC દ્વારા કેટલા જિલ્લાઓમાં સર્વેક્ષણ કરાયું - **18 જિલ્લા**
32. કોઈ વાયરસની રસી બનાવવા માટે કે દાવાને લગતા સંશોધન માટે કઈ માહિતી જરૂરી બને છે – વાયરસના પ્રોટીન સ્ટ્રકચર, સ્ટ્રીપ, ઘાતકતા વગેરે માહિતી
33. હાલની કોરોના વાયરસ એ જુના કયા ગ્રૂપનો જ નવા મેમ્બર છે - **SARS cov**
34. વિશ્વ આરોગ્ય સંસ્થા WHO દ્વારા કોવિડ-૧૯ને કયા ૭ ક્લેડમાં વહેંચવામાં આવ્યો - **S, V, L, G, GH, GR અને O**
35. GBRCનું વિસ્તૃત નામ જણાવો - **ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર**
36. IIMનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ**
37. ગુજરાતના લ્યૂથર કિંગ અને પત્રકાર કરસનદાસ મૂળજીનો જન્મ દિવસ જણાવો – **25 જુલાઈ-1832**
38. ગુજરાતી સાહિત્યકાર-પત્રકાર કરસનદાસ મૂળજી 1862માં થયેલા કયા કેસથી જાણીતા બન્યા - **મહારાજ લાયબલ**
39. વર્ષ-1855માં પત્રકાર કરસનદાસ મૂળજીએ કયુ સામયિક શરૂ કર્યું હતુ - **'સત્યપ્રકાશ'**
40. કયો કેસ સમગ્ર પશ્ચિમ ભારતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો તેમજ તેને કારણે કરસનદાસ મુળજી ગુજરાતના અગ્રણી સુધારક તરીકે પ્રસ્થાપિત થયા હતા - **મહારાજ લાયબલ કેસ**
41. કરસનદાસ મુળજી 1862માં ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડીને કયુ પ્રવાસ વર્ણન પુસ્તક લખ્યુ હતુ - **"ઇંગ્લેન્ડમાં પ્રવાસ"**
42. કરસનદાસ મુળજીનું પ્રવાસ વર્ણન પુસ્તક "ઇંગ્લેન્ડમાં પ્રવાસ"નો કઈ ભાષામાં અનુવાદ થયો છે – **મરાઠી**
43. કરસનદાસ મૂળજીનું અવસાન કયારે થયું હતું - **28 ઓગસ્ટ 1871**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 26-07-2020



૧. મન કી બાત : તારીખ 26મી જુલાઈ 2020 : 67મી આવૃત્તિ



દર માસના છેલ્લા રવિવારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મન કી બાત

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સોશિયલ મીડિયા (સમૂહ સંચાર)

facebookનું નવું ફીચર ROOMS : ન્યૂ ટેક્નોલોજી



Facebook ROOMS કેવી રીતે કામ કરે છે?

✓ દુનિયાના પાંચ અબજ કરતાં પણ વધુ લોકો આજે facebookનો ઉપયોગ કરે છે.

✓ facebook દ્વારા ૨૨મી જુલાઈ ૨૦૨૦ના રોજ એપ્લિકેશનમાં એક નવું અપડેટ આપવામાં આવ્યું છે.

✓ facebookનું વર્ઝન નંબર છે ૨૮૦.૦.૦.૪૮.૧૨૨ છે.

✓ જેમાં facebook દ્વારા એક ધમાકેદાર ફીચર રૂમ લોન્ચ કરવામાં આવ્યું છે.

facebookના અપડેટ રૂમ શું છે ?

✓ ૫૦૦૦ મિત્રો એક સાથે વીડિયો કોન્ફન્સથી વાતચીત કરી શકો તેવું ફીચર છે.

✓ ટૂંકમાં facebook દ્વારા વીડિયો કોન્ફ્ન્સિંગની પહેલ માટે આપવામાં આવેલો અપડેટ જેને આપણે આજે રૂમના નામથી ઓળખીએ છીએ.

facebook રૂમ લાવવાનો મુખ્ય આશય શું છે?

- ✓ હાલ કોરોના મહામારીને કારણે આખું વિશ્વ અનલોક હોવા છતાં પણ લોક ડાઉનમાં છે, અને ખાસ કરીને વર્ક ફ્રોમ હોમ તથા ઓનલાઇન એજ્યુકેશન ચાલી રહ્યું છે.
- ✓ ઘણી બધી એક્ટિવિટી ઓનલાઇન ચાલી રહી છે તે સંદર્ભે ફેસબુક દ્વારા નવું અપડેટ આપવામાં આવ્યુ છે.
- ✓ નવા ફિચરના માધ્યમથી તમે દુનિયાના કોઈપણ વ્યક્તિ સાથે દુનિયાના કોઇપણ ખૂણામાં બેઠેલા તમારા મિત્ર સાથે કે તમારા બધા મિત્રો સાથે રૂમ ફીચરથી વીડિયો કોન્ફ્રન્સિંગ કરી શકો છો.

facebook ROOMS કેવી રીતે કામ કરે છે?

- ✓ જ્યારે ફેસબુકમાં આવેલા રૂમ આઇકોન ઉપર ક્લિક કરવામાં આવે છે ત્યારે તમને પૂર્વ નિર્ધારિત રીતે તમારું નામ તમારા ડીપી નીચે દેખાય છે, તમારું નામ અને રૂમ નીચે કુલ ત્રણ ઓપ્શન આપવામાં આવેલા છે

1. **ROOMS એક્ટિવિટી**

- ✓ રૂમ એક્ટિવિટીમાં ૨૫ એક્ટિવિટીની યાદી આપવામાં આવે છે. જે તમારે એક્ટિવિટીને અનુરૂપ ન હોય તો ત્યાં ન્યૂ ટેબ પણ અપાયુ છે. જેના દ્વારા તમે તમારી પોતાની નવી એક્ટિવિટી પણ ઉમેરી શકો છો.
- ✓ ત્યારબાદ એક્ટિવિટીમાં જે નામનું ફેસબુક એકાઉન્ટ હોય તેના નામનું પૂર્વ નિર્ધારિત રૂમ બનાવીને અપાય છે.
- ✓ તમે પ્રસંગોને અનુસાર તમારી રૂમ એક્ટિવિટીને પસંદ કરી શકો છો.

2. **WHO IS INVITED?**

- ✓ ફેસબુકના આ ફીચરે બાકીની તમામ વીડિયો કોન્ફ્રન્સથી એપ્લિકેશન ઊંઘ ઉડાડી દીધી છે. આ ફીચરમાં યુઝર કોને ઇન્વાઇટ કરી શકે તે પ્રશ્ન છે.
- ✓ જેના જવાબમાં ફેસબુક દ્વારા બે રેડિયો અપાયા છે, જેમાં પહેલું તમે ફેસબુકના બધા જ ફ્રેન્ડને ઇન્વાઇટ કરી શકો છો અને બીજું કોઈ ચોક્કસ પ્રકારના લોકોને જ તમે બોલાવી શકો છો.
- ✓ જેની પસંદગી યુઝર ફેસબુક ફ્રેન્ડ લિસ્ટમાંથી કરીને રૂમ મિટિંગમાં બોલાવી શકે છે.

3. **START TIME**

- ✓ આ ફીચર દ્વારા તમારે કઈ તારીખે કેટલા વાગે અથવા કેટલા સમયે તમારે તમારી રૂમ મિટિંગની શરૂઆત કરવાની છે તે પણ તમે નિર્ધારિત કરી શકો છો
- ✓ પરિણામે તમે તમારી નિર્ધારિત સમયે મિટિંગ નિર્ધારિત કરી શકો છો.

શું રૂમ મિટિંગ સલામત છે ?

- ✓ તમે તમારા પસંદગીના વ્યક્તિઓ જોડે મિટિંગ કરવા ઈચ્છો છો તે જ વ્યક્તિઓને મિટિંગમાં બોલાવી શકો છો. પરિણામે એ શ્રેષ્ઠ છે
- ✓ તમારા સિવાય બહારની કોઈપણ વ્યક્તિ મિટિંગને જોઈ શકતી નથી. જેથી તે સલામત છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. રેન્સમવેર : માલવેર કે વાઈરસ (સાઇબર ક્રાઇમ)



રેન્સમવેર કેવી રીતે કામ કરે છે ?

- ✓ રેન્સમવેર હુમલો કમ્પ્યૂટર પર થાય તો, મુખ્ય સાત પ્રકારની માહિતીને આપના કમ્પ્યૂટરમાં બ્લોક કરે છે.
- ✓ માય ડોક્યુમેન્ટ ફોલ્ડર, બેન્ક રિલેટેડ સોફ્ટવેર અથવા ફાઈલો, ક્રેડિટ કાર્ડની માહિતી, પાસવર્ડ પ્રકારની કોઈ ફાઇલ બનાવી હોય તો તે, ઇમેલ એકાઉન્ટ, આપણા કમ્પ્યૂટરમાં પ્રોટેક્ટ કરેલી અથવા Hidden કરેલી ફાઈલો અને બ્રાઉઝર પ્રકારની પ્રક્રિયાઓ.
- ✓ જો આપના કમ્પ્યૂટર ઉપર રેન્સમવેર હુમલો થાય તો તેને કાઢવા માટે રેન્સમવેર decrypt ટૂલનો ઉપયોગ કરવામાં આવે છે, જે ૯૦ ટકા સુધી તમારી ફાઈલોને રિકવર કરીને આપી શકે છે.

રેન્સમવેર હુમલા મુખ્યત્વે ક્યાં થઈ શકે ?

- ✓ સરકારી ઓફ્સિ, સંરક્ષણ સંસ્થાઓ, શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટી, બેન્કો બેન્કના એટીએમ, રેલવેના સોફ્ટવેર, એરપોર્ટના સોફ્ટવેર, સમાચાર સંસ્થાઓ સોના-ચાંદીના વેપારીઓ, દવાખાના, મીડિયા હાઉસ અને હોટેલો

કમ્પ્યૂટરમાં રેન્સમવેર એટેકને ચકાસવાના ટૂલ્સ

- ✓ ID રેન્સમવેર
- ✓ ક્રિપ્ટો શેરીફ રેન્સમવેર

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. EMISAT : ભારતીય જાસૂસી ઉપગ્રહ (અવકાશ વિજ્ઞાન)



- ✓ નામ : કૌટિલ્ય

- ✓ DRDOના EMISAT ઉપગ્રહ દ્વારા ચીન અને પાકિસ્તાનની સરહદો પરની ગતિવિધિની માહિતી આપી

EMISAT વિશે :

- ✓ ભારતનાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઇઝેશનનો આ સેટેલાઇટ EMISAT ઇન્ટેલિજન્સ ઇનપુટ ભેગી કરવાનું કામ કરે છે.
- ✓ આમાં એક ELINT એટલે કે ઇલેક્ટ્રોનિક ઇન્ટેલિજન્સ સિસ્ટમ 'કૌટિલ્ય' લાગ્યું છે, જેની ખૂબી છે કે તે રક્ષા ક્ષેત્રની મહત્વની જાણકારીઓ ભેગી કરી શકે છે.
- ✓ સેટેલાઇટ હાલમાં અરૂણાચાલ પ્રદેશની પાસે આવેલા તિબેટની ઉપરથી પસાર થયો છે જે ચીનની પીપલ્સ લીબરેશન આર્મીનાં કબજા હેઠળ છે.
- ✓ ઇસરો દ્વારા બનાવવામાં આવેલા EMISATની ELINT સિસ્ટમ દુશ્મનનાં વિસ્તારમાં ટ્રાન્સમિશન માટે ઉપયોગ થનારા રેડિયો સિગ્નલ્સને વાંચી શકે છે.

પાકિસ્તાન પર પણ ભારતની બાજ નજર

- ✓ આ પહેલા પણ ભારતનાં સેટેલાઇટ EMISATનાં ELINTએ પાકિસ્તાન નેવીનાં ઓર્મારા બેઝ (જિન્નાહ નેવલ બેઝ)ની ઉપર ચક્કર લગાવ્યા હતા.
- ✓ આ બેઝ વિશે કહેવામાં આવે છે કે અહીં ચીનનાં સહયોગથી પાકિસ્તાને સબમરીન ભેગી કરી રાખી છે.
- ✓ પાકિસ્તાન અને ચીન મળીને આગામી ઠંડી સુધી ભારતની વિરુદ્ધ કાશ્મીર અને લદ્દાખમાં બેવડી લડાઈ લડવાની તૈયારી કરી રહ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. સુપ્રીમ કોર્ટ : IT એક્ટની કલમ 66A રદ્દ (બંધારણ)



ચૂકાદો :

- ✓ બંધારણના આર્ટિકલ ૧૯ એ હેઠળ દરેક નાગરિકને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર છે.
- ✓ આઈટી એક્ટની કલમ 66A મુજબ સોશિયલ મીડિયા પર વાંધાજનક લખનાર વ્યક્તિની ધરપકડ કરવાની સરકારની સત્તા હતી.
- ✓ છેલ્લા કેટલાક દિવસોમાં સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ કરવાને કારણે ઘણા લોકોને જેલમાં મોકલવામાં આવ્યા હતા.
- ✓ ફેસબુક પર ટિપ્પણી કરવા માટે મુંબઈની બે યુવતીઓને જેલ મોકલવામાં આવ્યા બાદ મામલો ગરમાયો હતો.

- ✓ જસ્ટિસ જે ચેલેમેશ્વર અને ન્યાયાધીશ રોહિંટન નરીમાનની ખંડપીઠે સરકાર દ્વારા કાયદાના દુરૂપયોગ અંગે ચુકાદો આપ્યો.
- ✓ કોર્ટે કહ્યું કે આઇટી એક્ટ સ્પષ્ટ રીતે people's right to know અધિકારનું ઉલ્લંઘન કરે છે.
- ✓ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે આ કાયદો ખૂબ જ અસ્પષ્ટ છે. તે ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે.
- ✓ ખૂબ જ કડક નિર્ણય લેતા કોર્ટે આ કાયદાને ગેરબંધારણીય ગણાવ્યો છે.
- ✓ હવે આ કાયદા હેઠળ કોઈને પણ જેલમાં રાખવામાં આવશે નહીં.
- ✓ કોર્ટે માન્યું કે 66Aના કાયદાથી નાગરિકોના અભિવ્યક્તિના મૂળભૂત અધિકારનો ભંગ થાય છે.

IT એક્ટની કલમ 66A શું છે ?

- ✓ IT એક્ટની કલમ 66A મુજબ કમ્પ્યૂટર અથવા કોઈ અન્ય સંદેશાવ્યવહાર ઉપકરણ જેવા મોબાઇલ ફોન અથવા ટેબલેટ દ્વારા "અપમાનજનક" સંદેશા મોકલવા માટેની શિક્ષાની વ્યાખ્યા છે.
- ✓ દોષિત ઠેરવવાથી વધુમાં વધુ ત્રણ વર્ષ જેલ અને પાંચ લાખ સુધીનો દંડની જોગવાઇ

કલમ 66A જામીનપાત્ર છે ?

- ✓ સોશિયલ નેટવર્ક સાઇટ્સ પર અપમાનજનક દ્રષ્ટિકોણ પોસ્ટ કરવાના મામલામાં મોટાભાગના કેસોમાં પોલીસે આઇપીસીની કલમ 153 અને 505ની સાથે આઇટી એક્ટની કલમ 66Aની પણ અરજી કરી શકે છે. જે જામીનપાત્ર ગુનો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : 26મી જુલાઇ 21મો કારગિલ વિજય દિવસ : ઓપરેશન વિજય



- ✓ ભારત દર વર્ષની 26 જુલાઈએ કારગિલ વિજય દિવસ ઉજવે છે.
- ✓ 26 જુલાઈ 1999ના રોજ ભારતે પાકિસ્તાન સાથેના કારગિલ યુદ્ધમાં 'ઓપરેશન વિજય' સફળ થયાની ઘોષણા કરી હતી.
- ✓ 'ઓપરેશન વિજય' અંતર્ગત ભારતીય સૈનિકોએ ઘૂસણખોર પાકિસ્તાની સૈનિકો પર બહાદૂરીભર્યું આક્રમણ કરીને હાલના કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના કારગિલ જિલ્લાની મુસ્કોહ વેલીમાં આવેલા ઝુલૂ ટોપ સ્થળને ફરી પોતાના કબજામાં મેળવી લીધું હતું.

- ✓ એ યુદ્ધ 60 દિવસો સુધી ચાલ્યું હતું. એ યુદ્ધમાં બંને દેશે સૈનિકોની ખુવારી ભોગવી હતી.
- ✓ ભારત દર વર્ષે આ તારીખે કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા દેશના વીર જવાનોને શ્રદ્ધાંજલિ પણ આપે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં 26 જુલાઈ 2020ના રોજ રવિવારે "મન કી બાત" કાર્યક્રમની કેટલામી આવૃત્તિ યોજાઈ- **67મી**
2. "મન કી બાત" કાર્યક્રમ દર મહિનાના કયા રવિવારે યોજાય છે - **છેલ્લા રવિવારે**
3. તાજેતરમાં facebook દ્વારા એક સાથે 5,000 લોકો વીડિયો કોન્ફરન્સથી વાતચીત કરી શકે તે માટે કયું નવું ફિચર લોન્ચ કરાયું - **ROOMS**
4. સાઇબર ક્રાઇમ તરીકે ઓળખાતો રેન્સમવેર હુમલો કોની ઉપર કરવામાં આવે છે - **કમ્પ્યુટર**
5. આપણા કમ્પ્યુટર ઉપર રેન્સમવેર હુમલો થાય તો તેને દૂર કરવા માટે કયા ટૂલ્સનો ઉપયોગ થાય છે જે તમારી ફાઇલ 90 ટકા રીકવર કરી આપે છે - **decrypt**
6. કમ્પ્યુટરમાં કયા ટૂલ્સ રેન્સમવેર હુમલોને જાણી શકાય છે - **ID રેન્સમવેર અને ક્રિપ્ટો શેરીફ રેન્સમવેર**
7. કમ્પ્યૂટર પર રેન્સમવેર હુમલો થાય તો મુખ્ય કેટલા પ્રકારની માહિતીને બ્લોક કરે છે - **સાત**
8. કમ્પ્યૂટર પર રેન્સમવેર હુમલો થાય તો મુખ્ય કયા સાત પ્રકારની માહિતીને બ્લોક કરે છે - **માય ડોક્યુમેન્ટ ફોલ્ડર, બેન્ક રિલેટેડ સોફ્ટવેર અથવા ફાઈલો, ક્રેડિટ કાર્ડની માહિતી, પાસવર્ડ પ્રકારની કોઈ ફાઇલ બનાવી હોય તો તે, ઇમેલ એકાઉન્ટ, કમ્પ્યૂટરમાં પ્રોટેક્ટ કરેલી અથવા Hidden કરેલી ફાઈલો અને બ્રાઉઝર પ્રકારની પ્રક્રિયાઓ**
9. કમ્પ્યૂટરમાં રેન્સમવેર વાયરસના હુમલા મુખ્યત્વે વધુ ક્યાં થવાની શક્યતા રહેલી છે - **સરકારી ઓફિસ, સંરક્ષણ સંસ્થાઓ, શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટી, બેન્કો બેન્કના એટીએમ, રેલવેના સોફ્ટવેર, એરપોર્ટના સોફ્ટવેર, સમાચાર સંસ્થાઓ સોના-ચાંદીના વેપારીઓ, દવાખાના, મીડિયા હાઉસ અને હોટેલો**
10. ચીન અને પાકિસ્તાનની સરહદો પરની ગતિવિધિની માહિતી આપનાર ભારતીય જાસૂસી ઉપગ્રહનું નામ જણાવો - **કૌટિલ્ય**
11. DRDOનું વિસ્તૃત નામ જણાવો – **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઇઝેશન**
12. EMISAT શું છે – **ભારતીય જાસુસી ઉપગ્રહ**
13. ભારતીય જાસુસી ઉપગ્રહ EMISAT કોના દ્વારા બનાવવામાં આવ્યો છે - **ઇસરો**
14. ભારતીય જાસુસી ઉપગ્રહ EMISATની વિશેષતા જણાવો - **EMISATની ELINT સિસ્ટમ દુશ્મનનાં વિસ્તારમાં ટ્રાન્સમિશન માટે ઉપયોગ થનારા રેડિયો સિગ્નલ્સને વાંચી શકે છે**
15. જુલાઈ-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે IT એક્ટની કઈ કલમ રદ્દ કરી - **66A**
16. ભારતીય બંધારણના કયા આર્ટિકલ હેઠળ દરેક નાગરિકને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર છે – **19A**
17. આઇટી એક્ટની કઈ કલમ મુજબ સોશિયલ મીડિયા પર વાંધાજનક લખનાર વ્યક્તિની ધરપકડ કરવાની સરકારની સત્તા હતી - **66A**
18. સુપ્રીમ કોર્ટની કઈ ખંડપીઠે સરકાર દ્વારા કાયદાના દુરુપયોગ અંગે IT એક્ટની કલમ 66A રદ્દ કરતો ચુકાદો આપ્યો - **જસ્ટિસ જે ચેલેમેશ્વર અને ન્યાયાધીશ રોહિંટન નરીમાન**
19. સુપ્રીમ કોર્ટે IT એક્ટની કલમ 66A રદ્દ કરતા ચુકાદામાં આઇટી એક્ટ સ્પષ્ટ રીતે કયા અધિકારનું ઉલ્લંઘન કરતુ હોવાનું નોધ્યુ - **people's right to know**
20. કમ્પ્યૂટર અથવા મોબાઇલ ફોન કે ટેબલેટ જેવા સંદેશાવ્યવહાર ઉપકરણ દ્વારા "અપમાનજનક" સંદેશા મોકલવા અંગે શિક્ષા માટે IT એક્ટની કલમ કઈ છે - **66A**

21. IT એક્ટની કલમ 66A મુજબ દોષિતને વધુમાં વધુ કેટલા વર્ષ જેલ અને કેટલા રૂપિયાના દંડની જોગવાઈ છે – **ત્રણ વર્ષ તથા પાંચ લાખ સુધીનો દંડ**
22. કારગિલ વિજય દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **26મી જુલાઇ**
23. તા.26મી જુલાઈ 2020ના રોજ કેટલામો કારગિલ વિજય દિવસ મનાવવામાં આવ્યો - **21મો**
24. ભારતે પાકિસ્તાન સાથેના કારગિલ યુદ્ધમાં 'ઓપરેશન વિજય' સફળ થયાની ઘોષણા કયારે કરી હતી - **26 જુલાઈ 1999**
25. કયા ઓપરેશન અંતર્ગત ભારતીય સૈનિકોએ ઘૂસણખોર પાકિસ્તાની સૈનિકો પર બહાદૂરીભર્યું આક્રમણ કર્યું હતુ - **'ઓપરેશન વિજય'**
26. 'ઓપરેશન વિજય' અંર્તગત ભારતીય સૈનિકોએ પાકિસ્તાની સૈનિકો પર આક્રમણ કરી હાલના કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના કારગિલ જિલ્લાના કયા સ્થળ પર કબ્જો મેળવ્યો હતો - **મુસ્કોહ વેલીમાં આવેલા ઝુલૂ ટોપ સ્થળ**
27. કારગિલ યુદ્ધ કેટલા દિવસ ચાલ્યું હતું – **60**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.ભારતીય હવાઈદળ : નવા પાંચ રાફેલ ફાઈટર જેટ ભારતીય હવાઈદળમાં સામેલ (સંરક્ષણ)

- ✓ ફ્રાન્સ બનાવટના રાફેલનું તા.૨૯મી જુલાઈ-૨૦૨૦ના રોજ ભારતમાં આગમન
- ✓ ફ્રાન્સના મેરિનેક એરબેઝથી રફાલની ભારત માટે ઉડાન
- ✓ રાફેલ બનાવનાર કંપની : દસોલ્ટ(દૈસો), ફ્રાન્સ



મહત્વની વિગત :

- ✓ આધુનિક હથિયારો અને મિસાઇલ્સથી સજ્જ રાફેલ વિમાનોને એક જ અઠવાડિયામાં રેડી ટુ મિશન કરવામાં આવશે.
- ✓ રાફેલ માટે ૧૨ પાઇલટને તાલીમ આપવામાં આવી છે. તેઓ આ પ્લેન લઈને ભારત આવી રહ્યા છે.
- ✓ ભારતે ૨૦૧૬માં ફ્રાન્સ સાથે રૂ. ૫૯ હજાર કરોડમાં ૩૬ રાફેલ ફાઇટર જેટનો સોદો કર્યો હતો
- ✓ ૩૬માંથી ૩૦ ફાઇટર જેટ્સ હશે અને ૬ ટ્રેનિંગ એરક્રાફ્ટ હશે.
- ✓ ટ્રેનર જેટ્સ બે બેઠકવાળા હશે અને તેમાં પણ ફાઇટર જેટ્સ જેવાં ફીચર્સ હશે.
- ✓ સંભવિત ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં આ તમામ જેટ ભારત આવશે.

કયા કયા એરબેઝ ઉપર રાફેલ તહેનાત કરાશે

૧. અંબાલા (હરિયાણા)

- ✓ પાકિસ્તાન સીમા કવર કરવા

૨. હાશિમારા (પશ્ચિમ બંગાળ)

- ✓ ચીન સીમા કવર કરવા



રાફેલ એટ એ ગ્લાન્સ :

- ✓ રાફેલની પહેલી ખેપ ફ્રાન્સના મેરિનેક બેઝ પરથી 7000 કિમીનું અંતર કાપીને ભારતના અંબાલામાં લેન્ડ કરશે
- ✓ આખી સફર દરમિયાન કલાકના લગભગ 1000 કિમીની ઝડપે ઉડાણ ભરશે. જોકે રાફેલની વધારેમાં વધારે સ્પીડ 2130 કિમી પ્રતિ કલાકની છે.
- ✓ રાફેલમાં અત્યાધુનિક મિસાઇલ અને ઘાતક બોંબ લગાડાયા છે.
- ✓ દુનિયાની સૌથી ઘાતક મિસાઇલ અને સેમિ સ્ટીલ્થ ટેક્નોલોજીથી સજ્જ
- ✓ હવામાંથી હવામાં જ ત્રાટકવાની ક્ષમતા ધરાવનાર દુનિયાની સૌથી ઘાતક મિસાઇલ મિટિયર અને સ્કાલ્પ પણ રાફેલમાં લગાડાઈ છે.
- ✓ રાફેલ પરમાણુ હુમલો કરવા માટે પણ સક્ષમ છે.
- ✓ 100 કિમીના વ્યાપમાં પણ ટાર્ગેટને શોધીને તેનો ખાતમો બોલાવી શકે છે
- ✓ 55,000 ફૂટની ઊંચાઇએથી પણ દુશ્મન પર હુમલો કરવા સક્ષમ છે રાફેલ
- ✓ 16 ટન બોમ્બ-મિસાઇલ લઇ જવાની અને એક મિનિટમાં 2,500 ગોળા ઝીંકવાની ક્ષમતા
- ✓ તેની ઝડપ 2,130 કિ.મી. પ્રતિ કલાક છે, એટલે કે અવાજની ગતિથી બમણી.
- ✓ તે પરમાણુ હુમલા માટે પણ સક્ષમ છે.
- ✓ તેના નોઝ પરનું મલ્ટિ ડાયરેક્શનલ રડાર 100 કિ.મી.ની રેન્જમાં 40થી વધુ ટાર્ગેટ પર નિશાન લઇ શકે છે.
- ✓ તેમાં લાગેલો 1 ટનનો કેમેરો એટલો શક્તિશાળી છે કે જમીન પર પડેલા ક્રિકેટ બૉલનો પણ ફોટો પાડી શકે છે.

રાફેલની અન્ય ખૂબીઓ...

- ✓ **ફીચર્સ:** પોતાના વજનથી દોઢ ગણો બોજ ઉપાડવા સક્ષમ વિશ્વનું એકમાત્ર જેટ
- ✓ ઊંચાઇ 5.3 મિટર, પહોળાઇ 10.9 મિટર, લંબાઇ 15.3 મિટર
- ✓ લેન્ડિંગ કેપેસિટી-450 મી.ના એરિયામાં લેન્ડિંગમાં સક્ષમ.
- ✓ પોતાના વજનથી દોઢ ગણો પેલોડ લઇ જવા સક્ષમ એકમાત્ર જેટ.
- ✓ હથિયારો વિનાના રાફેલનું વજન 11 ટન.
- ✓ 16 ટન વજનના બોમ્બ, મિસાઇલો અને ઇંધણ લઇ જવા સક્ષમ છે.

3 કરોડ રૂ. સુધીના લેસર બોમ્બ

- ✓ **મિકા એર-ટુ-એર મિસાઇલ:** આ મિસાઇલ 50 કિ.મી.ની રેન્જ સાથે લક્ષ્ય પ્રમાણે પોતાનો રસ્તો નક્કી કરી શકે છે.
- ✓ **મીટિયોર મિસાઇલ:** વિશ્વની અજોડ મિસાઇલ. રેન્જ 100 કિ.મી. ઘણાં નિશાનો પર હુમલો કરી શકે છે. આ મિસાઇલોથી સજ્જ હોવાથી રાફેલને દુશ્મન દેશની સરહદમાં ઘૂસીને હુમલો કરવાની જરૂર નહીં પડે.
- ✓ **લેસર કે જીપીએસ ગાઇડેડ બોમ્બ:** એક બોમ્બની કિંમત 50 હજારથી સાડા ત્રણ લાખ યુરો (44 લાખથી 3 કરોડ રૂ.) સુધી હોઇ શકે છે.
- ✓ આઇએસઆઇએસ પર હુમલા માટે મોટા ભાગે તેનો જ ઉપયોગ થયો. રાફેલમાં આ પ્રકારના 6 બોમ્બ લાગી શકે છે. તેમના બોમ્બ પોડ્સ 10 કિ.મી. સુધીના ટાર્ગેટને નિશાન પર લઇ શકે છે.
- ✓ **અન્ડર કેરેજમાં એક રિવોલ્વર કેનન:** તે 30 મિ.મી.ની ગોળી 1,055 મી. પ્રતિ સેકન્ડની સ્પીડે છોડે છે.
- ✓ આ રિવોલ્વર કેનન દર મિનિટે 2,500 ગોળા ઝીંકી શકે છે.
- ✓ **ફાયર એન્ડ ફરગેટ ફ્રૂઝ મિસાઇલ:** જાતે ટાર્ગેટ શોધી લે છે. પાઇલટ ટાર્ગેટ સેટ કરે છે અને પછી તે જાતે જ જઇને હિટ કરી દે.

દુશ્મનની મિસાઇલનો માર્ગ ભટકાવે છે

- ✓ રાફેલમાં લાગેલી સ્પેક્ટ્રા ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સિસ્ટમ શત્રુના રડારને જામ કરી શકે છે અને પોતાની તરફ આવતી મિસાઇલથી સાવચેત કરે છે. તે પ્લેનના પ્રોટેક્ટિવ શીલ્ડનું કામ કરે છે.
- ✓ ખોટાં સિગ્નલ મોકલી શકે છે, રડાર સિગ્નલ જામ કરી શકે છે અને શત્રુનાં સિગ્નલ નિષ્ક્રિય કરી શકે છે.
- ✓ તેમ છતાં પણ શત્રુ મિસાઇલ હુમલો કરે તો સ્પેક્ટ્રા ડિકોય સિગ્નલ છોડીને તે મિસાઇલનો રૂટ ખરાબ કરી દે છે, જેથી તે રસ્તો ભટકી જાય છે.

ફ્લાઈટ રેન્જ અને ઇંધણ ક્ષમતા

- ✓ ફ્લાઈટ રેન્જ સાડા દસ કલાકથી વધુ, એટલે કે સતત 10 કલાકથી વધુ ઊડી શકે
- ✓ આ દરમિયાન 6 વાર ઇંધણ ભરવાની જરૂર પડે, જે હવામાં જ ભરી શકાય છે.
- ✓ તેમાં અંદરની તરફ અંદાજે સાડા પાંચ ટન ઇંધણ સ્ટોર થઇ શકે છે.
- ✓ બહારની ટેન્કમાં 2 હજાર લિટર ઇંધણ સમાઇ શકે છે.

રાફેલના 3 પ્રકાર:

- ✓ ટ્રેનર- 2 સીટર, રાફેલ સી- સિંગલ સીટર, રાફેલ એમ-નેવીના વિમાનવાહક જહાજ માટે. તે સ્ફૂર્તિલું હોવા ઉપરાંત તેનાથી પરમાણુ હુમલા પણ કરી શકાય છે.

ભારતમાં તાલીમ અને મેઈન્ટેનન્સ :

- ✓ 7 ભારતીય પાઈલટને ઓક્ટોબર 2019થી ફ્રાન્સના બોન્દો મેરિનેક એરબેઝ પર ટ્રેનિંગ આપવામાં આવી રહી હતી. કુલ 15 પાઈલટને તાલીમ અપાશે.

- ✓ આ પાઈલટ અને ઇન્સ્ટ્રક્ટર બંને ભૂમિકા નિભાવશે. ત્રણ ફ્રેન્ચ એક્સપર્ટ ભારતીય વાયુદળ માટે નિમિત્ત રૂપે કામ કરશે.
- ✓ કંપની આ વિમાનોના મેઇન્ટેનન્સ માટે ભારતમાં યુનિટ તૈયાર કરી રહી છે.
- ✓ નાગપુરમાં એપ્રિલ 2018થી વિમાનના સ્પેરપાર્ટ્સ બનાવનારી કંપની તુરગીસ ગેલાર્ડના એકમનો પાયો નખાયો હતો.

ચીન, પાકિસ્તાનના ફાઇટર જેટ સાથે તુલના

ખાસિયત	રાફેલ (ભારત)	એફ-16 (પાક.)	જે-20 (ચીન)
સ્પીડ/કલાક	2,130 કિ.મી.	2,414 કિ.મી.	2,223 કિ.મી.
વજન	11 ટન	9 ટન	19 ટન
ઇંધણ ક્ષમતા	5.5 ટન	3.1 ટન	---
રેન્જ	3,700 કિ.મી.	4,220 કિ.મી.	3,400 કિ.મી.

- ✓ રાફેલ અને જે-20 એક મિનિટમાં 18 હજાર મી.ની ઊંચાઇ સુધી પહોંચી જાય છે જ્યારે એફ-16 15 હજાર મી. સુધી.

ફ્રાન્સ સિવાય માત્ર 3 દેશ પાસે રાફેલ

ફ્રાન્સ	108
ભારત	36 (કુલ ઓર્ડર)
ઇજિપ્ત	24
કતાર	24

આ ફાઇટર જેટ્સની ટક્કરનું છે રાફેલ

- ✓ અત્યાધુનિક ફાઇટર પ્લેન યુરોફાઇટર ટાયફૂન,
- ✓ ચીનના જે-20,
- ✓ પાક.ના એફ-16,
- ✓ સુપર હોર્નેટ,
- ✓ બ્લોક-60,
- ✓ મિગ-35,
- ✓ સાબ ગ્રિપિન જેવાં ફાઇટર જેટ્સને ટક્કર આપવા સક્ષમ.

આ 6 દેશ પણ રાફેલ ખરીદશે

1. જર્મની,
2. ઇટાલી,
3. સ્પેન,
4. બ્રિટન,
5. ઓસ્ટ્રિયા
6. સાઉદી અરેબિયા

- ✓ ફ્રાન્સ તેમને કુલ 707 રાફેલ વેચશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ડિજિટલ સ્ટ્રાઈક : ભારત સરકાર દ્વારા ચીનની વધુ ૪૭ એપ ઉપર પ્રતિબંધ (સ્વદેશી-સાયબર સુરક્ષા)



વિગત :

- ✓ ચીનની કુલ-૧૦૬ એપ પર પ્રતિબંધ

- ✓ મંત્રાલય : ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સ્પેશિયલ ૪૪ : UAPA હેઠળ આંતકવાદીઓની તમામ સંપત્તિ જપ્ત કરવા ગૃહ મંત્રાલય દ્વારા સ્પેશિયલ-૪૪ ટીમની રચના (આંતકવાદી ગતિવિધિ)

વિગત :

- ✓ કેન્દ્ર સરકાર હવે આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ લોકો ઉપર કડક કાર્યવાહી કરવા માટે UAPA સંશોધન બિલના નવા કાયદા હેઠળ એક નવી ટીમ બનાવી છે, જેનું નામ સ્પેશિયલ ૪૪ રખાયું

ટીમનો હેતુ :

- ✓ ભારતમાં આતંક ફેલાવવા કે આતંકમાં સામેલ તમામની સંપત્તિ પર આ ટીમ નજર રાખશે. આ ટીમમાં ૪૪ સ્પેશિયલ અધિકારી હશે.

ટીમમાં કોનો કોનો સમાવેશ :

- ✓ આ ટીમમાં ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઇબી), ફાઇનાન્શિયલ ઇન્ટેલિજન્સ (FIU) રિઝર્વ બેન્ક, ગૃહ મંત્રાલય, સેબી, રાજ્યોની એટીએસ, રાજ્યોની સીઆઇડી સહિત બીજા વિભાગ સામેલ હશે.
- ✓ આ અધિકારીઓ એવા લોકો પર નજર રાખશે જેમની વિરુદ્ધ UAPA કાયદા હેઠળ કેસ દાખલ થયેલા છે.
- ✓ આ અધિકારી આતંકવાદીઓની સંપત્તિ પર નજર રાખશે. સાથે જ તેમની સંપત્તિ જપ્ત કરવા અને બેન્ક એકાઉન્ટ ફ્રીજ કરવા માટે પણ આદેશ આપશે.

UAPAએ હેઠળ થયેલી કામગીરી :

- ✓ દાઉદ સહિત ૧૩ આતંકીઓ જાહેર



- ✓ ગૃહ મંત્રાલયે નવા યુએપીએ કાયદા હેઠળ જે આતંકવાદીઓની યાદી જાહેર કરી છે, તેની સંપત્તિ શોધી કાઢી જપ્ત કરશે.
- ✓ આ કાયદા હેઠળ અત્યાર સુધીમાં દાઉદ ઇબ્રાહીમ, મસૂદ અઝહર, ઝાકીર ઉર રહેમાન લખવી અને હાફિઝ સઇદને આતંકવાદી જાહેર કર્યા છે.
- ✓ ૯ ખાલિસ્તાની આતંકવાદીઓને વ્યક્તિગત રીતે યુએપીએ હેઠળ આતંકવાદી જાહેર કર્યા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કોરોના વાયરસ ટેસ્ટિંગ લેબ (આરોગ્ય)

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કોરોના ટેસ્ટિંગ માટે ત્રણ આધુનિક થ્રુ પૂટ ટેસ્ટિંગ લેબનું ઈ-લોકાર્પણ

સ્થળ :

1. નોઈડા (ઉત્તરપ્રદેશ)
2. મુંબઈ (મહારાષ્ટ્ર)
3. કોલકત્તા (પશ્ચિમ બંગાળ)



- ✓ ટેસ્ટિંગ ક્ષમતા પ્રતિ લેબ ૧૦,૦૦૦ સુધી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારતમાં દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનાર માટે પકડવા હેન્ડલ ફરજિયાત (માર્ગ સલામતિ)



જાહેરનામા મુજબ :

- ✓ દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનારને પકડવા માટે હેન્ડલ અનિવાર્ય કરાયું છે.
- ✓ અકસ્માત ઓછા કરવા માર્ગ પરિવહન મંત્રાલયે અનેક પરિવર્તનનો નિર્ણય લીધો. આ અંગેનું જાહેરનામું બહાર પાડી દેવાયું.
- ✓ તેને લાગુ કરવા દ્વિચક્રી વાહન કંપનીઓને દોઢ વર્ષનો સમય અપાયો છે.

કયારથી અમલ :

- ✓ જાન્યુઆરી 2022થી દ્વિચક્રી વાહનોમાં આ તમામ પરિવર્તન અનિવાર્ય હશે.

કારણ :

- ✓ દેશમાં કુલ 21 કરોડ વાહનોમાં 14 કરોડ દ્વિચક્રી વાહનો છે. તેઓ જ સૌથી વધુ અકસ્માતનો ભોગ બનતા હોવાથી આ નિર્ણય લેવાયો.

આ પરિવર્તન થશે :

- ✓ પાછળ બેસનાર માટે હેન્ડલ અનિવાર્ય જેથી ઝટકો લાગે ત્યારે તે એકાએક ઉછળી ન પડે
- ✓ જમણી તરફના પૈડાને કવર કરવાનું રહેશે જેથી સાડી, દુપટ્ટો કે કોઈ કપડું ફસાય નહીં.
- ✓ સાઈડ સ્ટેન્ડ ગોળાકાર કરાશે. ઘણીવાર સાઈડ સ્ટેન્ડ રહી જવાથી વળાંક સમયે સંતુલન ખોરવાય છે.
- ✓ ફૂટરેસ્ટ પણ નિશ્ચિત માપના હશે. દરેક વાહનમાં સમાન પેટર્ન.
- ✓ ડિલિવરી બોક્સની સાઈઝ પણ નિશ્ચિત કરાશે. બોક્સની લંબાઈ 550 મિમી,

પહોળાઈ 510 મિમી, ઊંચાઈ 500 મિમી હોવી જોઈએ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કુદરતી આપત્તિ USમાં હન્ના અને ડગલસ વાવાઝોડું ત્રાટક્યું

✓ ડગલસ : પવનની ઝડપ-૧૪૫ કિ.મી.

✓ ૩૨ પ્રાંતમાં ઈમરજન્સી જાહેર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ગુજરાત પોલીસ : નવતર પહેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્યના 110 પોલીસ અધિકારી-કર્મચારીઓને DGP કમેન્ડેશન ડિસ્ક એનાયત : ગુજરાત દેશનું સાતમુ રાજ્ય



✓ **પ્રથમવાર:** DGP કમેન્ડેશન ડિસ્ક આપવાની પ્રથાનો પ્રારંભ તા. ૨૭મી જુલાઈ-૨૦૨૦થી

હેતુ:

✓ ગુજરાત પોલીસની ઉત્તમ કામગીરીને બિરદાવવા અને મનોબળ વધારવા માટે આ પ્રથાનો પ્રારંભ

✓ વિગત :

✓ રાજ્યમાં સારી કામગીરી કરનારા અધિકારીઓ માટે ડીજીપીની કમેન્ડેશન ડિસ્ક એનાયત કરવાની પ્રથા શરૂ કરવામાં આવી છે.

એવોર્ડ વિજેતા :

✓ ગુજરાત પોલીસ અકેડેમી કરાઈ ખાતે પસંદગી પામેલા ૧૧૦ અધિકારીઓને ડીજીપી ડિસ્ક રૂપે આ એવોર્ડ એનાયત કરાયા.

✓ જેમાં ૨ એડિ.ડીજી, ૫ આઈ.જી., ૧ ડીઆઈજી, ૬ એસ.રી. ૧૬ ડીવાયએસપી, ૧૬ પીઆઈ, ૧૦ પીએસઆઈ, ૧૦ એએસઆઈ, ૨૨ હેડ કોન્સ્ટબલ તથા ૨૨ કોસ્ટેબલનો સમાવેશ થાય છે.

અન્ય રાજ્યો :

✓ દેશના આસામ, હિમાચલ પ્રદેશ, પંજાબ, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ અને કેરાલા જેવા રાજ્યો તથા સીમા સુરક્ષા બળ અને સી.આર.પી.એફ. જેવા પેરામીલીટરી ફોર્સદળોમાં આવા પદકો અપાઈ છે.

✓ હવે ગુજરાત પણ આવો ચંદ્રક આપનારૂ ૭મું રાજ્ય બન્યું છે.

✓ રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા દ્વારા એવોર્ડ એનાયત કરાયા

✓ **સ્થાન:** ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ-ગાંધીનગર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : ૨૭ જુલાઈ

(૧) કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (CRPF)નો સ્થાપના દિવસ



✓ રચના : ૨૭ જુલાઇ, ૧૯૩૯

✓ ભારતના કેન્દ્રીય સશસ્ત્ર આરક્ષક દળોમાં સૌથી વિશાળ છે.

✓ આ દળ ભારત શાસનના ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

✓ આ દળનું મુખ્ય કાર્ય આરક્ષણ કાર્યવાહીઓમાં રાજ્યો અને સંઘ પ્રદેશોની સહાયતા કરવાનું તેમજ આંતકવાદી પ્રવૃતીઓ સંબંધિત છે.

✓ ભારતના સામાન્ય નિર્વાચનોમાં નીતિ-વ્યવસ્થા જાળવી રાખવામાં આ દળ અગત્યની ભુમિકા ભજવે છે.

✓ સંયુક્ત રાષ્ટ્રસંઘ માટેની કાર્યવાહીઓમાં પણ આ દળનો ઉપયોગ કરવામાં આવે છે.

✓ CRPF : કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ

✓ મુદ્રાલેખ : સેવા અને નિષ્ઠા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) મિસાઈલમેન અને ભારતના ૧૧માં રાષ્ટ્રપતિ, ભારતરત્ન ડૉએ.પી.જે. અબ્દુલ કલામની પુણ્યતિથિ



✓ જન્મ તારીખ: 15 ઑક્ટોબર, 1931

✓ જન્મ સ્થળ: રામેશ્વરમ

✓ મૃત્યુ: 27 જુલાઈ, 2015, IIM-શીલોંગ

✓ પુરૂ નામ: અવુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ અથવા ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ

✓ ભારતના એરોસ્પેસ વૈજ્ઞાનિક હતા અને ઇ.સ.૨૦૦૨થી ૨૦૦૭ સુધી ભારતના રાષ્ટ્રપતિ પદે રહ્યા હતા.

✓ તેમનો જન્મ અને ઉછેર તમિલનાડુ રાજ્યના રામેશ્વરમ ખાતે થયો હતો.

સન્માન અને ખિતાબો :

✓ ૧૯૯૭માં અબ્દુલ કલામને વૈજ્ઞાનિક સંશોધન અને ભારતની સંરક્ષણ તકનિકીના આધુનિકિકરણમાં તેમણે કરેલા યોગદાન માટે ભારતના સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્નથી સન્માન

- ✓ ૨૦૧૨માં તેમનો ૭૯મો જન્મદિવસ યુનાઇટેડ નેશન્સે વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવ્યો હતો.
- ✓ તેમને ૪૦ વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટીઓ)માંથી માનદ ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી.
- ✓ ભારત સરકારે તેમના ઇસરો અને ડી.આર.ડી.એ.માં કરેલા કાર્યો તથા ભારત સરકારના વિજ્ઞાન સલાહકાર તરીકેની સેવાઓ બદલ વર્ષ ૧૯૮૧માં તેમને પદ્મભૂષણ અને ૧૯૯૦માં પદ્મવિભૂષણથી નવાજ્યા.
- ✓ ૨૦૦૫માં તેમની સ્વિત્ઝર્લેન્ડની મુલાકાત દરમ્યાન તે દેશે ૨૬ મેને વિજ્ઞાન દિવસ ઘોષિત કર્યો હતો.
- ✓ ૨૦૧૩માં નેશનલ સ્પેસ સોસાયટી તરફથી તેમને વોન બ્રાઉન એવોર્ડ મળ્યો જે મેળવનાર તેઓ સૌપ્રથમ વ્યક્તિ હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં 29 જૂલાઇ 2020ના રોજ ભારતીય હવાઈ દળમાં કયા આધુનિક ફાઈટર જેટ યુદ્ધ વિમાન સામેલ કરાયા - **રાફેલ**
2. "રાફેલ" યુદ્ધ વિમાનો કયા દેશ પાસેથી ખરીદવામાં આવ્યા છે - **ફ્રાંસ**
3. "રાફેલ" યુદ્ધ વિમાનોનું નિર્માણ કઈ કંપની દ્વારા કરવામાં આવે છે - **દસોલ્ટ**
4. "રાફેલ" યુદ્ધ વિમાનોને કયું ભારતીય નામ આપવામાં આવ્યું છે - **RB**
5. તાજેતરમાં 29 જૂલાઇ 2020ના રોજ ભારતીય હવાઈ દળમાં કેટલા આધુનિક ફાઈટર જેટ રાફેલ યુદ્ધ વિમાન સામેલ કરાયા - **05**
6. નવા "રાફેલ" યુદ્ધ વિમાનોને કયા ભારતીય એરબેઝ ઉપર તહેનાત કરાશે- **અંબાલા (હરિયાણા) તથા હાશિમારા (પશ્ચિમ બંગાળ)**
7. અંબાલા એરબેઝ અને હાશિમારા એરબેઝ કયા રાજ્યમાં આવેલા છે – **હરિયાણા અને પશ્ચિમ બંગાળ**
8. "રાફેલ" યુદ્ધ વિમાનો બનાવનાર કંપનીનું નામ જણાવો - **દસોલ્ટ**
9. તાજેતરમાં 29 જૂલાઇ 2020ના રોજ ભારતીય હવાઈ દળમાં આધુનિક ફાઈટર જેટ રાફેલ યુદ્ધ વિમાન સામેલ કરાયા જેનું સૌપ્રથમ આગમન કયા એરબેઝ થયું - **અંબાલા એરબેઝ, હરિયાણા**
10. ભારતે વર્ષે 2016માં ફ્રાન્સ સાથે કેટલા રાફેલ ખરીદવા કેટલા કરોડની સમજૂતી કરી હતી - **36 અને રૂ. 59 હજાર કરોડ**
11. તાજેતરમાં 29 જૂલાઇ 2020ના રોજ ભારતીય હવાઈ દળમાં આધુનિક ફાઈટર જેટ રાફેલ યુદ્ધ વિમાન સામેલ કરાયા તેને કયા એરબેઝ ઉપર પ્રથમ ઉડાન ભરી હતી - **મેરિનેક એરબેઝ, ફ્રાન્સ**
12. "રાફેલ" યુદ્ધ વિમાનોની રેન્જ જણાવો - **3700 કિ.મી.**
13. "રાફેલ" યુદ્ધ વિમાનની મહત્તમ સ્પીડ જણાવો - **2130 કિ.મી. પ્રતિ કલાક**
14. પરમાણુ હુમલા માટે સક્ષમ"રાફેલ" યુદ્ધ વિમાન કેટલા ટન બોમ્બ-મિસાઈલ લઈ જવા સક્ષમ છે - **16 ટન**
15. "રાફેલ" યુદ્ધ વિમાન પોતાના વજન કરતાં કેટલો વધુ વજન ઉપાડવા સક્ષમ છે - **1.5 (દોઢ ગણો)**
16. "રાફેલ" યુદ્ધ વિમાનમાં વપરાતી "ફાયર એન્ડ ફરગેટ ક્રૂઝ મિસાઈલ એટલે શું - **મિસાઈલ જાતે જ ટાર્ગેટ શોધીને માર કરે છે**
17. "રાફેલ" યુદ્ધ વિમાન સતત કેટલા કલાક ઉડી શકે છે - **10 કલાક**
18. ભારત સરકાર તાજેતરમાં 27 જૂલાઇ 2020ના રોજ ચીન ઉપર વધુ એક ડિજિટલ સ્ટ્રાઈક કરીને કેટલી એપ ઉપર પ્રતિબંધ લગાવ્યો છે - **47 (કુલ-106)**

19. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા ચાઈનીઝ એપ ઉપર પ્રતિબંધ મુકવા આવે છે – **ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી**
20. તાજેતરમાં ભારતમાં આંતકવાદીઓની તમામ સંપત્તિ જપ્ત કરવા કઈ નવી ટીમની રચના કરવામાં આવી છે - **સ્પેશિયલ-44**
21. સ્પેશિયલ-44 ટીમની રચના કયા એકટ હેઠળ કરવામાં આવી છે - **UAPA**
22. સ્પેશિયલ -44 ટીમમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની કઈ કઇ એજન્સીઓના અધિકારીઓ સામેલ હશે - **ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઇબી), ફાઇનાન્શિયલ ઇન્ટેલિજન્સ (FIU) રિઝર્વ બેન્ક, ગૃહ મંત્રાલય, સેબી, રાજ્યોની એટીએસ, રાજ્યોની સીઆઇડી સહિત બીજા વિભાગ સામેલ**
23. સ્પેશિયલ -44 ટીમમાં કેટલા અધિકારીઓ સામેલ હશે- **44**
24. ભારતમાં જુલાઈ-૨૦૨૦માં કોના હસ્તે ત્રણ આધુનિક કોરોના વાયરસ ટેસ્ટિંગ લેબનું ઈ-લોકાર્પણ કરાયું – **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
25. જુલાઈ-૨૦૨૦માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કઈ ત્રણ કોરોના વાયરસ ટેસ્ટિંગ લેબનું ઈ-લોકાર્પણ કરાયું - **નોઈડા (ઉત્તરપ્રદેશ), મુંબઈ (મહારાષ્ટ્ર) તથા કોલકત્તા (પશ્ચિમ બંગાળ)**
26. જુલાઈ-૨૦૨૦માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવેલી ત્રણ લેબની ટેસ્ટિંગની ક્ષમતા કેટલી છે – **પ્રતિ લેબ ૧૦,૦૦૦ સુધી**
27. જુલાઈ-૨૦૨૦માં ભારતમાં દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનાર માટે કઈ સુવિધા ફરજિયાત કરવાનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું - **પાછળ બેસનાર માટે પકડવા હેન્ડલ ફરજિયાત**
28. જુલાઈ-૨૦૨૦માં ભારતમાં દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનાર માટે પકડવા હેન્ડલ ફરજિયાત કરતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું તેને લાગુ કરવા કંપનીઓને કેટલો સમય અપાયો છે - **દોઢ વર્ષ**
29. જુલાઈ-૨૦૨૦માં ભારતમાં દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનાર માટે પકડવા હેન્ડલ ફરજિયાત કરતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું તે કયારથી અમલી બનશે - **જાન્યુઆરી 2022**
30. જુલાઈ-૨૦૨૦ની સ્થિતિએ એક અંદાજ મુજબ દેશમાં કુલ કેટલા વાહનો છે તે પૈકી દ્વિચક્રી વાહનોની સંખ્યા કેટલી છે - **21 કરોડ તથા 14 કરોડ**
31. જુલાઈ-૨૦૨૦માં કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના નવા જાહેરનામા મુજબ દ્વિચક્રી વાહનમાં અકસ્માત રોકવા કયા પૈડાને કવર કરવાનું રહેશે જેથી સાડી, દુપટ્ટો કે કોઈ કપડું ફસાય નહીં - **જમણી તરફના પૈડા**
32. જુલાઈ-૨૦૨૦માં કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના નવા જાહેરનામા મુજબ દ્વિચક્રી વાહનમાં ડિલિવરી બોક્સની સાઈઝ કેટલી નિશ્ચિત કરવામાં આવી છે - **લંબાઈ 550 મિમી, પહોળાઈ 510 મિમી, ઊંચાઈ 500 મિમી**
33. જુલાઈ-૨૦૨૦માં USમાં કયું વાવાઝોડું ત્રાટક્યું - **હન્ના અને ડગલસ**
34. જુલાઈ-૨૦૨૦માં USમાં તોફાન મચાવનાર ડગલસ વાવાઝોડાની સ્પીડ જણાવો - **૧૪૫ કિ.મી.**
35. જુલાઈ-૨૦૨૦માં ગુજરાત પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્યના કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓને વિશિષ્ટ એવોર્ડથી સન્માનિત કરાયા - **110**
36. જુલાઈ-૨૦૨૦માં ગુજરાત પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્યના 110 પોલીસ અધિકારી-કર્મચારીઓને કયા વિશિષ્ટ એવોર્ડથી સન્માનિત કરાયા - **DGP કમેન્ડેશન ડિસ્ક**
37. પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ DGP કમેન્ડેશન ડિસ્ક એવોર્ડ આપનાર ગુજરાત કેટલામુ રાજ્ય બન્યું - **સાતમુ**
38. દેશના કયા રાજ્યોમાં પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ વિશિષ્ટ એવોર્ડ આપવામાં આવે છે - **આસામ, હિમાચલ પ્રદેશ, પંજાબ, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ અને કેરાલા**
39. ભારતમાં કયા પેરામીલીટરી ફોર્સદળોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ વિશિષ્ટ પદકો આપવામાં આવે છે - **સીમા સુરક્ષા બળ અને સી.આર.પી.એફ.**
40. ગુજરાતમાં પ્રથમવાર ક્યારે DGP કમેન્ડેશન ડિસ્ક એવોર્ડ આપવાની પ્રથાનો પ્રારંભ થયો - **તા. ૨૭મી જુલાઈ-૨૦૨૦થી**
41. ગુજરાત પોલીસની ઉત્તમ કામગીરીને બિરદાવવા અને મનોબળ વધારવાના હેતુથી પોલીસને કયો વિશિષ્ટ

એવોર્ડ આપવાની પ્રથાનો પ્રારંભ થયો - **DGP કમેન્ડેશન ડિસ્ક**

42. ગુજરાત પોલીસ દ્વારા કઈ કેડરના કેટલા પોલીસ જવાનોને DGP કમેન્ડેશન ડિસ્ક-૨૦૨૦થી સન્માનિત કરાયા - **૨ એડિ.ડીજી, ૫ આઈ.જી., ૧ ડીઆઈજી, ૬ એસ.રી. ૧૬ ડીવાયએસપી, ૧૬ પીઆઈ, ૧૦**
43. કોના હસ્તે DGP કમેન્ડેશન ડિસ્ક-૨૦૨૦ એવોર્ડ આપી પોલીસ કર્મચારી-અધિકારીઓને સન્માનિત કરાયા - **રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા**
44. DGP કમેન્ડેશન ડિસ્ક-૨૦૨૦ એવોર્ડ સન્માન સમારોહ કયા સ્થળે યોજાયો હતો - **ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ-ગાંધીનગર**
45. CRPFનો સ્થાપના દિવસ જણાવો - **૨૭ જુલાઈ, ૧૯૩૯**
46. CRPFનું વિસ્તૃત નામ જણાવો - **કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ**
47. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ કયા મંત્રાલય હેઠળ કાર્યરત છે – **ગૃહ મંત્રાલય**
48. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળનું મુખ્ય કાર્ય જણાવો - **આરક્ષણ કાર્યવાહીઓમાં રાજ્યો/સંઘ પ્રદેશોની સહાયતા કરવા તેમજ આંતકવાદી પ્રવૃતીઓ સંબંધિત તથા સામાન્ય ચૂંટણીમાં નીતિ-વ્યવસ્થા જાળવવા**
49. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળનો મુદ્રાલેખ જણાવો - **સેવા અને નિષ્ઠા**
50. ભારતના કયા વૈજ્ઞાનિક મિસાઈલમેનના ઉપનામથી જાણીતા બન્યા છે – **ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ**
51. મિસાઈલમેન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ભારતના કેટલામાં રાષ્ટ્રપતિ બન્યા હતા - **૧૧માં**
52. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો રાષ્ટ્રપતિ તરીકેનો સમયગાળો જણાવો – **વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭**
53. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ દિવસ જણાવો – **15 ઓક્ટોબર, 1931**
54. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું જન્મ સ્થળ જણાવો – **રામેશ્વરમ (તામિલનાડુ)**
55. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું અવસાન ક્યારે થયુ હતુ - **27 જુલાઈ, 2015 (શીલોંગ)**
56. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું પુરૂ નામ જણાવો - **અવુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ**
57. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને ક્યા વર્ષે ભારતના સર્વોચ્ય પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કરાયા હતા – **વર્ષ ૧૯૯૭**
58. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો કેટલામો જન્મદિવસ યુનાઇટેડ નેશન્સે વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવ્યો હતો - **૭૯**
59. યુનાઇટેડ નેશન્સે કયા વર્ષમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મદિવસ વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવ્યો હતો – **વર્ષ ૨૦૧૨**
60. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને કેટલી વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટીઓ)માંથી માનદ ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી હતી - **૪૦**
61. ભારત સરકારે કયા વર્ષમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને પદ્મભૂષણ સન્માનિત કર્યા હતા- **વર્ષ ૧૯૮૧**
62. ભારત સરકારે કયા વર્ષમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને પદ્મવિભૂષણથી સન્માનિત કર્યાં હતા – **વર્ષ ૧૯૯૦**
63. વર્ષ ૨૦૦૫માં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની કયા દેશની મુલાકાત દરમ્યાન તે દેશે ૨૬ મેને વિજ્ઞાન દિવસ ઘોષિત કર્યો હતો - **સ્વિત્ઝર્લેન્ડ**
64. કયા વર્ષમાં નેશનલ સ્પેસ સોસાયટી તરફથી ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને વોન બ્રાઉન એવોર્ડ મળ્યો જે મેળવનાર તેઓ સૌપ્રથમ વ્યક્તિ હતા – **વર્ષ ૨૦૧૩**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. રાફેલ યુદ્ધ વિમાન (સંરક્ષણ)

30 હજાર હજાર ફૂટની ઊંચાઈએ પાંચ રાફેલમાં રિફ્યૂઅલિંગ કરાયું



વિગત :

- ✓ અબુધાબીથી ભારત તરફ પ્રયાણ કરી રહેલા પાંચ રાફેલને ૩૦ હજાર ફૂટની ઊંચાઈએ રિફ્યૂઅલ કરાયા હતા.
- ✓ ફ્રાન્સ એરફોર્સના એરબસ એ ૩૩૦ મલ્ટિરોલ ટેન્કર ટ્રાન્સપોર્ટ વિમાનોએ પાંચ રાફેલમાં ઇંધણ પૂરી આપ્યું હતું.
- ✓ ઇન્ડિયન એરફોર્સના રશિયન ilyushin-૭૮ દ્વારા એરિયર રિફ્યૂઅલિંગ સપોર્ટ પૂરો પાડવામાં આવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. રાફેલ યુદ્ધ વિમાન : પ્રથમ બેચ - પ્રથમ પાઇલટ

રાફેલ યુદ્ધ વિમાનને ઉડાડનાર પ્રથમ ભારતીય પાઈલટ એર કોમોડોર હિલાલ અહેમદ રાઠેર



વિગત :

રાફેલ ઉડાવનાર હિલાલ અહેમદ પહેલા ભારતીય પાઇલટ

- ✓ રાફેલની પ્રથમ બેચે તા. ૨૬મી જુલાઈ-૨૦૨૦ના રોજ ફ્રાન્સથી ઉડાન ભરી ત્યારે પેરિસમાં એર કોમોડોર હિલાલ અહેમદ રાઠેર પણ હાજર હતા.
- ✓ હિલાલે ભારત અને ફ્રાન્સ વચ્ચે કડી બનીને રાફેલની કામગીરી ઝડપી બનાવી હતી.

વતન અને કારકિર્દી :

- ✓ હિલાલ અહેમદ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના રહેવાસી.
- ✓ હિલાલ વર્ષ-૧૯૮૮માં ફ્લાઇટ લેફ. તરીકે સામેલ થયા હતા.
- ✓ તેમની પાસે ૩૦૦૦ કલાક મિગ-૨૧, મિરાઝ ૨૦૦૦ અને કિરણ એસ્કાર ઉડાવવાનો બહોળો અનુભવ.
- ✓ હિલાલ અહેમદ રાઠેર રાફેલ ઉડાવી રહ્યા હોવાની તસવીર સાથે ટ્વિટર પર #Anantnag ટોપ ટ્રેન્ડ પર આવ્યું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. 'મૌસમ' : 450 શહેરના હવામાનની સચોટ માહિતી માટે સરકારી એપ 'મૌસમ' લોન્ચ કરાઈ (હવામાન)

એપની વિશેષતા :

- ✓ આ એપ હવામાન, તાપમાન, વરસાદ, પવનની ઝડપ, હવામાં ભેજ સહિતની ઘણી બધી માહિતી સામાન્ય લોકોને આપતું રહેશે.



- ✓ આગામી સાત દિવસમાં દેશના ૪૫૦ શહેરની હવામાનની જાણકારી મળતી થઈ જશે.
- ✓ આ એપ પર ૨૪ કલાક હવામાનનું પૂર્વાનુમાન આપવામાં આવશે.
- ✓ એપને દિવસમાં આઠ વાર અપડેટ કરવામાં આવશે .
- ✓ **મંત્રાલય : અર્થ એન્ડ સાયન્સ (ભારત સરકાર)**
- ✓ **મંત્રીશ્રી : ડૉ. હર્ષવર્ધન**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિર્ણય : ગુજરાત સરકાર

જાહેરમાં માસ્ક ના પહેરનાર-થૂંકનારને ૩.200ને બદલે ૩.500નો દંડ



- ✓ **અમલ :** 1લી ઓગષ્ટ-2020થી

- ✓ રાજ્યના અમૂલ પાર્લર ઉપરથી રૂ.10માં 5 માસ્ક મળશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન : "મધર ઇન્ડિયા"ની અભિનેત્રી કુમકુમનું 86 વર્ષે મુંબઈમાં નિધન :



- ✓ કુમકુમનું મૂળનામ - જૈબુન્નિસા
- ✓ જન્મ : બિહાર
- ✓ પ્રથમ ફિલ્મ : આરપાર

અન્ય ફિલ્મો :

- ✓ તેમણે આરપાર, સીઆઇડી, કોહિનૂર, મધર ઇન્ડિયા, નયા દૌર, શ્રીમાન ફંટૂશ, ગંગા કી લહરેં, રાજા ઔર રંક, આંખે જેવી હિટ ફિલ્મોમાં કામ કર્યું હતું.

તેમના પર ફિલ્માવાયેલાં ગીતો :

- ✓ કભી આર કભી પાર
- ✓ મધુબન મેં રાધિકા નાચે રે ખૂબ લોકપ્રિય રહ્યાં.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. વિશ્વ વેપાર માટે હિન્દ મહાસાગરનું મહત્વ (વૈશ્વિક વ્યાપાર)



આંકડાકીય વિગતો :

વિશ્વ વેપાર માટે હિન્દ મહાસાગર મહત્વનો

- ✓ હિન્દ મહાસાગર કુલ 6.85 કરોડ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે અને ભારતીય નૌકાદળ એમાં સતત પેટ્રોલિંગ કરતું રહે છે.
- ✓ કુલ મળીને 36 દેશો છે, જેમને હિન્દ મહાસાગરની સરહદ સ્પર્શે છે.
- ✓ આ બધા દેશોના બંદરો પર રોજ રોજ માલવાહક જહાજો આવતાં-જતાં રહે છે.
- ✓ વિશ્વનો 95 ટકા વેપાર સમુદ્ર માર્ગે થાય છે, એટલે સમુદ્ર માર્ગ પર કોઈ પણ પ્રકારની અડચણ આવે તો તેની અસર જમીન પર ફેલાયેલા જે-તે દેશને થયા વગર રહે નહીં.
- ✓ અહીં ભારતીય નૌકાદળની હાજરીને કારણે જ દુનિયાના જહાજો સલામત રીતે પસાર થઈ શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 28 જુલાઈ :

વર્લ્ડ હેપેટાઈટિસ દિવસ



થીમ-2020: "Hepatitis-free future,"

- ✓ હેપેટાઈટિસ ફાઉન્ડેશન અનુસાર હેપેટાઈટિસ બી દુનિયાભરમાં લિવરમાં ચેપનું સૌથી મુખ્ય કારણ છે.
- ✓ હેપેટાઈટિસના મુખ્ય કારણોમાં કેટલીક અસાવધાનીની સાથે ભોજન અને શરીરની સફાઈ ન હોવાનું છે.
- ✓ WHOના 2016ના રિપોર્ટ અનુસાર, દુનિયાભરમાં લગભગ 25 કરોડ લોકો હેપેટાઈટિસ-બી થી સંક્રમિત છે.
- ✓ દુનિયામાં દર વર્ષે લગભગ 7 લાખ લોકોનું મોત હેપેટાઈટિસ અને તેની જટિલતાના લીધે થાય છે.
- ✓ એકલા ભારતમાં જ હેપેટાઈટિસ-બીના દર્દીઓની સંખ્યા 6.5 કરોડ છે અને લગભગ દર વર્ષે 2.50 લાખ લોકોનાં મોત થાય છે.
- ✓ આ બીમારીની મુશ્કેલી એ છે કે, કોઈ પીડિતમાં તેનાં લક્ષણ દેખાવામાં 60 થી 150 દિવસ લાગી જાય છે.
- ✓ હેપેટાઈટિસ-એ અને ઈ વાઈરસ કમળાના કારણોમાં મુખ્ય છે.
- ✓ તે વર્ષમાં ખાસ કરીને ચોમાસામાં વધુ થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 28 જુલાઈ

જ્ઞાનની પરબ : કે.કા. શાસ્ત્રી

જન્મ – 28 જુલાઈ-1905

અવસાન – 9 સપ્ટેમ્બર-2006

- ✓ જે કાર્લ પોપર, વિખ્યાત ધારાશાસ્ત્રી અને સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ નટવરલાલ હરીલાલ ભગવતી અને હાલતી ચાલતી વિદ્યાપીઠ સમા મહામહોપાધ્યાય અને કે. કા. ના ટૂંકા નામે પ્રસિદ્ધ થયેલા કેશવરામ કાશીરામ શાસ્ત્રીનો જન્મદિવસ.



- ✓ જૂનાગઢના માંગરોળમાં જન્મેલા કે.કા. શાસ્ત્રીની મૂળ અટક બાંભણીયા હતી.
- ✓ માંગરોળમાં ભણી શિક્ષકની નોકરી કરી અમદાવાદમાં સ્થાયી થયા હતા.

- ✓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને પછી ભો.જે. વિદ્યાભવનમાં અધ્યાપક અને સંશોધક તરીકે જોડાયા હતા. અનુગ્રહ અને પ્રજાબંધુના તંત્રી પણ રહ્યાં હતાં.
- ✓ કે.કા શાસ્ત્રી પ્રમુખપણે ગુજરાતી ગ્રંથોના સંપાદન, હસ્તપ્રતોને આધારે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, વ્યાકરણ અને ઇતિહાસ સાથે જોડાયેલા હતા.
- ✓ ગુજરાતી ભાષા, વ્યાકરણ, ઈતિહાસ અને કોશ સાહિત્યમાં તેમનું યોગદાન છે.
- ✓ 240 કરતાં વધુ પુસ્તકો અને દોઢ હજારથી વધુ લેખોના કર્તા કે. કા.ના ચાણક્યના નીતિ સૂત્રો, ઉર્દૂ, ગુજરાતી શબ્દકોશ, પાયાનો સંસ્કૃત- ગુજરાતી શબ્દકોશ, પ્રારંભિક સંસ્કૃત વ્યાકરણ, ગુજરાતી વ્યુત્પત્તિકોશ, અપભ્રંશ વ્યાકરણ, ગુજરાતના સારસ્વતો, મીરાંના પદો, નરસિંહ મહેતા, પ્રેમાનંદ, લાલ બહાદુર શાસ્ત્રી વગેરે મુખ્ય છે.
- ✓ 9 સપ્ટેમ્બર 2006ના રોજ તેમનું અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૭-૨૦૨૦)

1. જુલાઈ-૨૦૨૦માં અબુધાબીથી ભારત તરફ પ્રયાણ કરી રહેલા પાંચ રાફેલને કેટલા ફૂટની ઊંચાઈએ રિફ્યૂઅલ કરાયા હતા - **૩૦ હજાર**
2. જુલાઈ-૨૦૨૦માં અબુધાબીથી ભારત તરફ પ્રયાણ કરી રહેલા પાંચ રાફેલને ૩૦ હજાર ફૂટની ઊંચાઈએ રિફ્યૂઅલ કરાયા ત્યારે ઇન્ડિયન એરફોર્સના કયા વિમાન દ્વારા એરિયર રિફ્યૂઅલિંગ સપોર્ટ પૂરો પડાયો હતો - **રશિયન ilyushin-૭૮**
3. રાફેલ યુદ્ધ વિમાનને ઉડાડનાર પ્રથમ ભારતીય પાઈલટનું નામ જણાવો - **એર કોમોડોર હિલાલ અહેમદ રાઠેર**
4. રાફેલની પ્રથમ બેચે કયારે ફ્રાન્સથી ઉડાન ભરી હતી - **તા. ૨૬મી જુલાઈ-૨૦૨૦**
5. રાફેલ ઉડાવનાર પહેલા ભારતીય પાઇલટ હિલાલ અહેમદનું વતન જણાવો - **કાશ્મીરના અનંતનાગ જિલ્લાના રહેવાસી**
6. રાફેલ ઉડાવનાર પહેલા ભારતીય પાઇલટ હિલાલ ભારતીય વાયુસેનામાં ફ્લાઇટ લેફ. તરીકે ક્યારે જોડાયા હતા - **વર્ષ-૧૯૮૮**
7. રાફેલ ઉડાવનાર પહેલા ભારતીય પાઇલટ હિલાલ પાસે કયા વિમાનો ઉડાવવાનો બહોળો અનુભવ છે - **૩૦૦૦ કલાક મિગ-૨૧, મિરાઝ ૨૦૦૦ અને કિરણ એસ્કાર**
8. જુલાઈ-૨૦૨૦માં 450 શહેરના હવામાનની સચોટ માહિતી માટે કઈ સરકારી એપ લોન્ચ કરાઈ - **'મૌસમ'**
9. દેશના 450 શહેરના હવામાનની સચોટ માહિતી માટે લોન્ચ કરાયેલી સરકારી એપ 'મૌસમ'ની વિશેષતા જણાવો - **હવામાન, તાપમાન, વરસાદ, પવનની ઝડપ, હવામાં ભેજ સહિતની ઘણી બધી માહિતી પુરી પાડશે**
10. હવામાનની સચોટ માહિતી માટેની 'મૌસમ' એપ ક્યા મંત્રાલય દ્વારા બનાવવામાં આવી છે – **અર્થ એન્ડ સાયન્સ મંત્રાલય**
11. વર્તમાન કેન્દ્રીય અર્થ એન્ડ સાયન્સ મંત્રીનું નામ જણાવો - **ડૉ. હર્ષવર્ધન**
12. ગુજરાત સરકારે જાહેરમાં માસ્ક ના પહેરનાર-થૂંકનારને રૂ.200નો દંડ વધારીને કેટલો કર્યો - **રૂ.500**
13. ગુજરાતમાં જાહેરમાં માસ્ક ના પહેરનાર-થૂંકનારને રૂ.200ના બદલે રૂ.500 દંડના નિયમનો અમલ ક્યારથી કરાયો - **1લી ઓગષ્ટ-2020થી**
14. ગુજરાત સરકારના નવા નિર્ણય મુજબ રાજ્યના અમૂલ પાર્લર ઉપરથી કેટલા રૂપિયામાં કેટલા માસ્ક મળશે - **રૂ.10માં 5 માસ્ક**

15. જુલાઈ-૨૦૨૦માં કઈ બોલીવૂડ અભિનેત્રીનું 86 વર્ષે મુંબઈમાં નિધન થયું – **કુમકુમ**
16. અભિનેત્રી કુમકુમનું મૂળનામ જણાવો- **જૈબુન્નિસા**
17. અભિનેત્રી કુમકુમનું જન્મ સ્થળ જણાવો - **બિહાર**
18. અભિનેત્રી કુમકુમની પહેલી ફિલ્મનું નામ જણાવો - **આરપાર**
19. જુલાઈ-૨૦૨૦માં અવસાન પામનાર બોલીવૂડ અભિનેત્રી કુમકુમની જાણીતી ફિલ્મોના નામ જણાવો - **"મધર ઇન્ડિયા", આરપાર, સીઆઇડી, કોહિનૂર, નયા દૌર, શ્રીમાન ફંટૂશ, ગંગા કી લહરેં, રાજા ઔર રંક અને આંખે**
20. જુલાઈ-૨૦૨૦માં અવસાન પામનાર બોલીવૂડ અભિનેત્રી કુમકુમ પર ફિલ્માવાયેલાં ખૂબ લોકપ્રિય ગીતોના નામ જણાવો - **કભી આર કભી પાર તથા મધુબન મેં રાધિકા નાચે રે**
21. વિશ્વના કેટલા દેશોને હિન્દ મહાસાગરની સરહદ સ્પર્શ કરે છે - **36**
22. વિશ્વનો કેટલા ટકા વેપાર દરિયાઈ માર્ગે થાય છે- **95%**
23. હિન્દ મહાસાગર અંદાજે કેટલા ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે - **6.85 કરોડ ચોરસ કિ.મી.**
24. હિન્દ મહાસાગરનો મોટા ભાગનો વિસ્તાર કયા દેશના નૌકાદળના તબામાં આવે છે - **ભારતીય નૌકાદળના વેસ્ટર્ન અને ઈસ્ટર્ન કમાન્ડ**
25. વર્લ્ડ હેપેટાઈટિસ દિવસ કયારે મનાવવામાં આવે છે - **28 જુલાઈ**
26. વર્લ્ડ હેપેટાઇટિસ દિવસ-2020ની થીમ જણાવો - **“Hepatitis-free future,”**
27. હેપેટાઈટિસ ફાઉન્ડેશન અનુસાર વિશ્વભરમાં હેપેટાઈટિસ બી નું સૌથી મુખ્ય કારણ કયુ છે - **લિવરમાં ચેપ**
28. WHOના 2016ના રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં કેટલા લોકો હેપેટાઈટિસ-બી થી સંક્રમિત છે - **લગભગ 25 કરોડ**
29. WHOના 2016ના રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં દર વર્ષે અંદાજે કેટલા લોકોનું મોત હેપેટાઈટિસ અને તેની જટિલતાના લીધે થાય છે - **લગભગ 7 લાખ**
30. WHOના 2016ના રિપોર્ટ અનુસાર ભારતમાં હેપેટાઈટિસ-બીના દર્દીઓની સંખ્યા કેટલી હતી અને દર વર્ષે અંદાજે કેટલા લોકોનાં મોત થાય છે - **6.5 કરોડ તથા 2.50 લાખ**
31. જ્ઞાનની પરબ સમાન કે.કા. શાસ્ત્રીનો જન્મ દિવસ જણાવો - **28 જુલાઈ-1905**
32. હાલતી ચાલતી વિદ્યાપીઠ સમા મહામહોપાધ્યાય કે.કા. શાસ્ત્રીનુ અવસાન કયારે થયુ હતુ – **9 સપ્ટેમ્બર-2006**
33. ગુજરાતી વિદ્વાન કે.કા. શાસ્ત્રીનો જન્મ કયા થયો હતો - **જૂનાગઢના માંગરોળમાં**
34. ગુજરાતી વિદ્વાન કે.કા. શાસ્ત્રીની મૂળ અટક કઈ હતી - **બાંભણીયા**
35. વિદ્વાન કે.કા. શાસ્ત્રીએ કયા પેપરના તંત્રી તરીકે સેવા આપી છે - **અનુગ્રહ અને પ્રજાબંધુ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020(NEP-2020)ને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી (શિક્ષણ)



મહત્વની બાબતો :

- ✓ શાળાઓમાં 5+3+3+4ની સિસ્ટમ લાગૂ કરાશે, સ્નાતક માટે 4 વર્ષ
- ✓ ધોરણ-5 સુધી માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં જ શિક્ષણ
- ✓ HRD મંત્રાલયનું નવું નામ - શિક્ષણ મંત્રાલય



NEP-2020 એટ એ ગ્લાન્સ :

- ✓ ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં સિંગલ રેગ્યુલેટર, ડિગ્રી અભ્યાસક્રમોમાં મલ્ટિપલ એન્ટ્રી અને એક્ઝિટ પોઇન્ટ, એમ.ફિલ અભ્યાસક્રમો રદ કરવા, બોર્ડની હળવી પરીક્ષાઓ, યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ એક્ઝામ સહિતના મહત્વના સુધારા નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં સામેલ કરાયા છે.

✓ છેલ્લે ૧૯૮૬માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી હતી અને ૧૯૯૨માં સુધારો કરાયો હતો.



૫+૩+૩+૪ ડિઝાઇન

✓ ફાઉન્ડેશન સ્ટેજ ૩ વર્ષ આંગણવાડી-પ્રિસ્કૂલ વત્તા બે વર્ષ પ્રાઇમરી સ્કૂલમાં ધોરણ ૧ અને ૨ (૩ થી ૮ વર્ષ)

✓ પ્રિપેટરી સ્ટેજ ધોરણ ૩ થી પાંચ (૮ થી ૧૧ વર્ષ)

✓ મિડલ સ્ટેજ ધોરણ ૬ થી ૮ (૧૧થી ૧૪ વર્ષ)

✓ સેક્ન્ડરી સ્ટેજ ધોરણ ૯ થી ૧૨, બે તબક્કા – ધોરણ ૯-૧૦ અને ધોરણ ૧૧-૧૨ (૧૪થી ૧૮ વર્ષ)

5+3+3+4 સિસ્ટમનો મતલબ શું?

✓ શાળાકીય શિક્ષણ 10+2ના બદલે 5+3+3+4 સિસ્ટમ પર આધારિત રહેશે, જે અંતર્ગત વિદ્યાર્થીઓને 4 વર્ગમાં વહેંચ્યા.

✓ પ્રથમ વર્ગમાં 3થી 6 વર્ષના વિદ્યાર્થીઓ હશે. તેમને પ્રી-પ્રાઇમરી કે પ્લે સ્કૂલથી માંડીને ધો. 2 સુધીનું શિક્ષણ અપાશે.

✓ ધો. 2થી ધો. 5 સુધીનો અભ્યાસક્રમ તૈયાર કરાશે. ત્યાર બાદ ધો. 5થી ધો. 8 અને તે પછી ધો. 9થી ધો.12 સુધીના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી કાર્યક્રમ તૈયાર કરાયો છે.

ધોરણ પાંચ સુધી માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં જ અભ્યાસ

✓ નવી નીતિ ધોરણ પાંચ સુધી માતૃભાષા, પ્રાદેશિક ભાષાના માધ્યમથી જ અભ્યાસ કરાવવાનો રહેશે.

✓ શાળાઓ ધોરણ ૮ સુધી અમલ કરી શકે.

✓ તમામ ધોરણોમાં સંસ્કૃત શીખવવામાં આવશે અને સેકન્ડરી સ્કૂલ લેવલથી વિદેશી ભાષાઓનો અભ્યાસ કરાવાશે.

અંડર ગ્રેજ્યુએટ ડિઝાઇન ૪ વર્ષનો અભ્યાસક્રમ

✓ વિદ્યાર્થીને મલ્ટિપલ એક્ઝિટ ઓપ્શનની સુવિધા

✓ ૪ વર્ષનો અભ્યાસ કરશે તેને બેચલર ડિગ્રી અપાશે

- ✓ બે વર્ષ બાદ અભ્યાસ છોડી દેશે તેને ડિપ્લોમા અપાશે- ૧૨ મહિના જ અભ્યાસ કરનારે વોકેશનલ-પ્રોફેશનલ અભ્યાસ કરવો પડશે.



હાયર એજ્યુકેશન

- ✓ કાયદા અને મેડિકલ કોલેજો સિવાયની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે સિંગલ રેગ્યુલેટર
- ✓ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ એક્ઝામ
- ✓ ખાનગી અને સરકારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે એકસમાન નિયમો
- ✓ કોલેજોની સંલગ્નતા ૧૫ વર્ષમાં સમાપ્ત થશે, કોલેજોને સ્વાયત્તતા માટે રાજ્યવાર વ્યવસ્થા ગોઠવાશે
- ✓ દરેક કોલેજ ડિગ્રી આપતી સ્વાયત્ત કોલેજમાં તબદીલ થશે અથવા યુનિવર્સિટીનો હિસ્સો રહેશે
- ✓ એમ.ફિલના અભ્યાસક્રમ રદ કરી દેવાયાં

નવી શિક્ષણનીતિ હાઇલાઇટ્સ

- ✓ શાળામાં ધોરણ ૬ થી વોકેશનલ શિક્ષણ અપાશે
- ✓ સ્કીલ અને ક્ષમતાના આધારે રિપોર્ટ કાર્ડ અપાશે
- ✓ શિક્ષણ સંસ્થાઓ પર ફીની મર્યાદા લદાશે
- ✓ હાયર એજ્યુકેશનમાં વિષયોની છૂટછાટ રહેશે
- ✓ પ્રાદેશિક ભાષાઓમાં ઇ-કોર્સ તૈયાર કરાશે
- ✓ નેશનલ એજ્યુકેશનલ ટેકનોલોજી ફોરમની રચના કરાશે
- ✓ વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે નેશનલ એસેસમેન્ટ સેન્ટર પરખની રચના
- ✓ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે એક જ રેગ્યુલેટર રહેશે.
- ✓ ડિગ્રી કોર્સમાં મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટનો વિકલ્પ ઉપલબ્ધ બનશે એમફીલ કોર્સ બંધ કરવામાં આવશે.
- ✓ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવશે.
- ✓ નવી શિક્ષણ નીતિ હેઠળ વોકેશનલ એજ્યુકેશન સહિત ઉચ્ચ શિક્ષણમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વર્ષ-૨૦૩૫ સુધીમાં ૫૦ ટકા સુધી લઇ જવાનો લક્ષ્યાંક છે. વર્ષ-૨૦૧૮માં આ રેશિયો ૨૬.૩ ટકા હતો.
- ✓ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ૩.૫ કરોડ નવી બેઠકો ઉમેરવામાં આવશે.

- ✓ ૨૦૩૦ સુધીમાં શિક્ષણ માટેની લઘુતમ ડિગ્રી ચાર વર્ષના ઇન્ટીગ્રેટેડ બીએ ડિગ્રી રહેશે.
- ✓ હાલમાં શિક્ષણ પાછળ જીડીપીની ૪.૪૩ ટકા રકમ ખર્ચવામાં આવે છે જે વધારીને ૬ ટકા કરવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અનલૉક-૩ : નવી માર્ગદર્શિકા જાહેર (વહીવટ)



મુખ્ય બાબતો :

અનલોક-૩ એટ એ ગ્લાન્સ

આટલી રાહત અપાઇ

- ✓ નાઈટ કરફ્યૂમાંથી મુક્તિ
- ✓ પાંચ ઓગસ્ટથી જીમ અને યોગા સેન્ટર ખોલવામાં આવશે
- ✓ સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ૧૫ ઓગસ્ટની ઉજવણી

અનલોક-૩ની ગાઇડલાઇન

1. રાત્રી કરફ્યૂ દૂર કરવામાં આવશે, લોકો ઉપર કોઈ પ્રતિબંધ નહીં રહે.
2. યોગા સેન્ટરર્સ અને જિમ્નેશિયમ પાંચ ઓગસ્ટથી ખોલી શકાશે. આ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનું અનુસરણ કરવું પડશે. સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખવું પડશે.
3. સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દરમિયાન પણ સોશિયલ ડિસ્ટન્સિંગનું પૂરતું પાલન કરવું પડશે. આ માટે એસઓપીનું પાલન કરીને જ ઉજવણી કરવા દેવાશે.
4. શાળા, કોલોજો, શૈક્ષણિક સંસ્થાઓ, કોચિંગ ક્લાસિસ ૩૧ ઓગસ્ટ સુધી બંધ રહેશે.
5. વંદે ભારત મિશન હેઠળ મર્યાદિત સંખ્યામાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને ભારત આવવા દેવાશે. તેના માટે એરલાઈન્સ દ્વારા ગાઈડલાઈન્સ અનુસરવામાં આવશે.
6. કન્ટેન્મેન્ટ ઝોન અને રેડ ઝોન સિવાયના વિસ્તારોમાં જ ઉપરોક્ત સુવિધાઓ અને સેવાઓ ચાલુ કરવામાં આવશે.

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. રાફેલ યુદ્ધ વિમાન : તા.૨૯મી જુલાઈના રોજ બપોરે ૩.૦૦ કલાકે અંબાલા એરબેઝ ઉપર આગમન



- ✓ રાફેલનો અર્થ : તૂફાન-હવાની તીવ્ર લહેર
- ✓ અંબાલા એરફોર્સ સ્ટેશને લેન્ડિંગ બાદ પાંચેય રાફેલનું વૉટર સેલ્યૂટથી સ્વાગત

રાફેલનું સ્થાન :

- ✓ રાફેલ અંબાલા સ્થિત એરફોર્સની 17મી સ્ક્વોડ્રન ગોલ્ડન એરોનો હિસ્સો બનશે, જેમાં 18 રાફેલ તહેનાત થશે. તેમાંથી 3 ટ્રેનર અને બાકી 15 યુદ્ધ વિમાન હશે. એરફોર્સ માટે 42 સ્ક્વોડ્રનને મંજૂરી છે.



PM મોદીનું રાફેલના સ્વાગતમાં સંસ્કૃત ભાષામાં ટ્વિટ :

- ✓ નભઃ સ્પૃશં દીપ્તમ્...
- ✓ રાષ્ટ્રરક્ષાસમં પુણ્યં,
- ✓ રાષ્ટ્રરક્ષાસમં વ્રતમ,
- ✓ રાષ્ટ્રરક્ષાસમં યજ્ઞો,
- ✓ દ્રષ્ટો નૈવચ નૈવચ
- ✓ નભઃ સ્પૃશં દીપ્તમ્...
- ✓ સ્વાગતમ્!
- ✓ ભારતમાં રાફેલ
- ✓ **અર્થ:** રાષ્ટ્રરક્ષા સમાન કોઈ પૂણ્ય, રાષ્ટ્રરક્ષા સમાન કોઈ વ્રત, રાષ્ટ્રરક્ષા સમાન કોઈ યજ્ઞ ન દેખાય છે ન તો છે.
- ✓ AIFના એર ચીફ માર્શલ -આર.કે.ભદૌરિયા
- ✓ સુધારો : HEMMER મિસાઈલ માટે અગાઉ ભૂલથી શોર્ય ફોર્મ HEMER લખાયું હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. અવકાશ વિજ્ઞાન : સુરતની બે વિદ્યાર્થિનીઓ દ્વારા પૃથ્વીથી નજીકના એસ્ટ્રોઈડની શોધ



SPACE અભિયાનમાં શોધાયેલા એસ્ટ્રોઈડની NASAના વૈજ્ઞાનિકો દ્વારા પુષ્ટિ કરાઈ

અન્ય વિગત :

- ✓ સુરતની બે વિદ્યાર્થિનીએ પૃથ્વીથી નજીક આવેલો અને ભવિષ્યમાં પૃથ્વી માટે જોખમી નીવડી શકે એવો એસ્ટ્રોઇડ શોધીને ઐતિહાસિક ખગોળિય સિદ્ધિ મેળવી છે.
- ✓ સુરત સ્થિત પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલમાં સીબીએસઈ વિભાગમાં ધોરણ-૧૦માં ભણતી વૈદેહી વેકરિયા અને રાધિકા લખાણીએ એચએલવી-૨૫૧૪ નામનો શુદ્રગ્રહ એટલે કે એસ્ટ્રોઇડ શોધીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના હાંસલ કરી.
- ✓ આ એસ્ટ્રોઇડ હાલમાં ચંદ્રની આસપાસ ફરી રહ્યો છે અને પૃથ્વીની નજીક છે. તેને એનઇઓ (નીઅર અર્થ ઓબ્જેક્ટ) તરીકે ઓળખવામાં આવી રહ્યો છે.
- ✓ વૈદેહી વેકરિયા અને રાધિકા લખાણીએ સ્પેસ એઆઇએએસસી (ઓલ ઇન્ડિયા એસ્ટ્રોઇલ સર્ચ કેમ્પઇન)માં ભાગ કરીને કોરોનાકાળ દરમિયાન ઘરે બેસીને એક નવા એસ્ટ્રોઇડ એચએલવી-૨૫૧૪ની શોધ કરી
- ✓ નાસાના વૈજ્ઞાનિકોએ પણ આ વાતની પૃષ્ટિ કરી છે. ઇન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ સર્ચ કોલેબેશનના ડિરેક્ટર પેટ્રિક મિલરે પણ આ વાતને અનુમોદન આપ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ઈન્ડો-ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન ટ્રસ્ટ (ધર્મ)

અયોધ્યામાં મસ્જિદ નિર્માણ માટે ટ્રસ્ટની રચના : 15 સભ્યો રહેશે

- ✓ સંસ્થાપક : UP સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડ



વધુ વિગત :

- ✓ બોર્ડના અધ્યક્ષ જુફર અહમદ ફારુકીએ જણાવ્યું હતું કે અયોધ્યાના ધન્નીપુર ગામે ફાળવવામાં આવેલી પાંચ એકર જમીન પર મસ્જિદ, ઇન્ડો-ઇસ્લામિક રિસર્ચ સેન્ટર, ગ્રંથાલય અને હોસ્પિટલના નિર્માણ માટે ઇન્ડો-ઇસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન નામે ટ્રસ્ટની રચના કરવામાં આવી છે.
- ✓ ટ્રસ્ટમાં કુલ ૧૫ સભ્યો રહેશે.
- ✓ ફારુકીએ ટ્રસ્ટના નવ સભ્યોના નામની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે બોર્ડ પોતે સંસ્થાપક ટ્રસ્ટી રહેશે અને બોર્ડના મુખ્ય અધિકારી ટ્રસ્ટના પદે પ્રતિનિધિ બની રહેશે.
- ✓ ઉપરાંત તેઓ પોતે આ ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી અને અધ્યક્ષ રહેશે.
- ✓ ટ્રસ્ટના સભ્ય અતહર હુસેન ટ્રસ્ટના સત્તાવાર પ્રવકતા રહેશે.

- ✓ ફૈઝ આફતાબ મસ્જિદ નિર્માણના કોષાધ્યક્ષ રહેશે.
- ✓ મહમદ જુનૈદ સિદ્દીકી, શેખ સૈદુજ્જમ્માન, મહમદ રાશિદ અને ઇમરાન અહમદની ટ્રસ્ટના સભ્યપદે વરણી કરવામાં આવી છે.
- ✓ ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૯ નવેમ્બરે વિવાદિત સ્થાને રામમંદિર નિર્માણનો આદેશ કરવા ઉપરાંત મુસ્લિમોને મસ્જિદ નિર્માણ માટે અયોધ્યાના કોઇક મુખ્ય સ્થાને પાંચ એકર જમીન ફાળવવા આદેશ કર્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬.મેડન જુલિયન ઓક્સિલેશન એટલે શું (હવામાન)

- ✓ એમજેઓને વાદળી અને વરસાદની પલ્સ ગણાય, જે જુદા જુદા મહાસાગરમાં વિષુવવૃત્તની આજુબાજુ ફરે છે, જેનો સાઈકલ પિરિયડ 30 થી 90 દિવસનો હોય છે
- ✓ એમજેઓ સામાન્ય રીતે પશ્ચિમ તરફથી (આફ્રિકા) તરફથી આવીને પૂર્વ આગળ વધતું એક ડિસ્ટર્બન્સ છે, જે અરબી સમુદ્રમાંથી બંગાળની ખાડીમાં અને ત્યાંથી આગળ વધીને પેસેફિક મહાસાગર તરફ આગળ વધે છે.
- ✓ એમજેઓને કારણે પવનોની પેટર્ન અને વાદળોનો જથ્થો વાતાવરણમાં વરસાદ માટેની સાનુકૂળ સ્થિતિની રચના કરે છે.
- ✓ જેમાં એક્ટિવ-ડીએક્ટિવ એમજેઓ હોય છે. હાલમાં એક્ટિવ એમજેઓ આગળ વધ્યું, જેથી ઓગસ્ટમાં સારો વરસાદ ખેંચી લાવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. સમુદ્રફળ : ગુજરાતમાં પ્રથમવાર 'સમુદ્રફળ તરીકે ઓળખાતા વૃક્ષની નોંધ કરાઈ (વનસ્પતિ શાસ્ત્ર)

- ✓ બોટનિકલ નામ : બેરિંગટોનિઆ એક્યુટેન્ગુલા
- ✓ અન્ય નામ - મીઠા પાણીનું મેન્ગ્રૂવ
- ✓ શોધ કરનાર : ડૉ. કાશ્મીરા સુતરીયા, ભાવનગર

અન્ય સ્થાન :

- ✓ આ વૃક્ષ સામાન્ય રીતે ઓરિસ્સા, આસામ, બંગાળ અને દક્ષિણ ભારતમાં વહેતી નદીના કિનારે જોવા મળે છે
- ✓ જેના ફુલ લાલ રંગના રેસદાર હોય છે અને રાત્રે ખીલે છે.

ઔષધિય મહત્વ :

- ✓ ઔષધિય મહત્વ ધરાવતી આ વનસ્પતિના કુમળા પાન ખોરાક તરીકે ઉપયોગી છે. તે ડાયાબીટીસ, કેન્સર, હૃદય અને રુધિર સંબંધિત ઉપયોગી છે.
- ✓ તેના ફળ દવા તથા પુજામાં ઉપયોગમાં લેવાય છે.

- ✓ બજારમાં તથા ઓનલાઈન સ્ટોર્સમાં ૧૦૦ ગ્રામના ૩૦૦ થી ૪૦૦ રૂપિયાના ભાવે મળે છે.
- ✓ ખનીજ પોષકતત્વો, વિટામિન્સ અને ફેટી એસીડ જેવા પોષક ઘટકો ઉપરાંત એ વનસ્પતિમાંથી કેટલાક વનસ્પતિજન્ય રસાયણો પણ પ્રાપ્ય બને છે જેમ કે એસ્કોર્બીક એસીડ, કેરેટીનીડસ, ટર્પેનોઈડસ વગેરે જે વનસ્પતિ સંશોધન દરમ્યાન મળી આવી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. રાફેલ યુદ્ધ વિમાનો : પ્રતિ રાફેલની અંદાજે કિંમત રૂ. 1640 કરોડ



- ✓ અત્યારસુધીના સૌથી મોંઘા ફાઈટર જેટ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. વિશ્વનો સૌથી મોટો ન્યૂક્લિયર ફ્યૂઝન પ્રોજેક્ટ (ઊર્જા)

- ✓ ફ્રાન્સમાં વિશ્વના સૌથી મોટા ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટનો આરંભ.



હેતુ :

- ✓ આ પ્રોજેક્ટ પરમાણુ ફ્યુઝન એટલે કે બે પરમાણુ ભેગા કરીને ઊર્જા મેળવવામાં આવશે.
- ✓ જો પ્રયોગ સફળ રહેશે તો જગતની ઊર્જા સમસ્યાનો ઉકેલ આવી શકશે.
- ✓ દસ હજાર ટન કોલસા દ્વારા મળતી ઊર્જા અહીં સફરજન આકારના અણુ જથ્થા દ્વારા મળી શકશે.

પ્રોજેક્ટનો કુલ ખર્ચ અને જોડાયેલા દેશો

- ✓ પ્રોજેક્ટ પાછળ કુલ ૨૩.૫ અબજ ડોલર (૧૭૬૦ અબજ રૂપિયા) ખર્ચાઈ રહ્યા છે અને ભારત સહિત જગતના ૩૫ દેશો સંયુક્ત રીતે તેનું આયોજન કરી રહ્યાં છે.
- ✓ આ પ્રોજેકટ એક પ્રકારનું પરમાણુ રિએક્ટર તૈયાર કરવાનો છે, જે અણુના ભંજન (મિશ્રણ)થી પેદા થતી ઊર્જાને કાબુમાં કરી શકે.
- ✓ આજે આ પ્રોજેક્ટના એસેમ્બલિંગનો આરંભ થયો હતો. એ કામ ૨૦૨૫ સુધી ચાલશે.
- ✓ એ પછી બધું બરાબર જણાતા તેમાં અણુ ઊર્જા પેદા કરવાનો અને ખાસ તો પેદા થતી ઊર્જાને નાથવાનો પ્રયાસ કરાશે.

- ✓ ૩૫ ભાગીદાર દેશોમાં યુરોપિયન સંઘના ૨૭ દેશો ઉપરાંત ભારત, અમેરિકા, જાપાન, ચીન, રશિયા, દક્ષિણ કોરિયા અને સ્વિત્ઝરલેન્ડનો સમાવેશ થાય છે.
- ✓ અત્યારે કુલ ૨૩૦૦ વિજ્ઞાની-એન્જિનીયરો અને કામદારો આ પ્રોજેક્ટ શરૂ કરવાના કામમાં લાગ્યા છે.
- ✓ **<u>સ્થાન:</u>** આ પ્રોજેક્ટ ફ્રાન્સના દક્ષિણ ભાગમાં આકાર લઈ રહ્યો છે.

<u>પરમાણુ રિએક્ટર વિશે :</u>

- ✓ આ પ્રકારનું રિએક્ટર બાંધવુ એ અતિ મુશ્કેલ કામ છે. તેનું રિએક્ટર કુલ ૨૩ હજાર ટન વજનનું થશે.
- ✓ એ વજનમાં ૩ હજાર ટન વજનતો માત્ર સુપરકન્ડક્ટિંગ મેગ્નેટનું છે.
- ✓ આ મેગ્નેટને સતત માઈનસ ૨૬૯ ડીગ્રી તાપમાને ઠંડા રાખવા પડશે.
- ✓ આ પ્રોજેક્ટના કેટલાક પાર્ટ્સ ભારતની એલ એન્ડ ટી દ્વારા તૈયાર કરાયા છે.
- ✓ જોકે તેમાં પેદા થનારા પ્લાઝમાનું તાપમાન ૧૫ કરોડ અંશ સેન્ટિગ્રેડ એટલે કે સૂર્યના તાપમાન કરતાં દસગણુ વધારે હશે.
- ✓ આ પ્રોજેક્ટ સફળ થશે અને પ્રયોગ દરમિયાન પ્રથમ પ્લાઝમા રૂપી ઊર્જા પેદા કરશે તો એ ઊર્જાનો જથ્થો ૫૦૦ મેગાવોટ જેટલો હશે.
- ✓ અમેરિકા આખો દેશ અત્યારે ૫૦ મેગાવોટ પરમાણુ ઊર્જા મેળવે છે. તેના કરતા દસગણી ઊર્જા આ એકલા પ્રોજેક્ટના એક પ્રયાસમાં મળી શકશે.
- ✓ આ સમગ્ર <u>પ્રોજેક્ટનું સંચાલન ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર (આઈટીઈઆર) દ્વારા</u> કરવામાં આવી રહ્યું છે.
- ✓ આ પ્રોજેક્ટની મંજૂરી તો ૨૦૦૬માં જ મળી ગઈ હતી. પરંતુ તેની તૈયારીમાં ઘણો સમય લાગ્યો હતો.

<u>પરમાણુ ફ્યુઝન એટલે અખૂટ ઊર્જા :</u>

- ✓ અત્યારે જગતમાં પરમાણુ ઊર્જા મેળવાય છે, પરંતુ એ પરમાણુ ફિઝન (વિભાજન) દ્વારા પરમાણુ ભેગા કરીને પણ ઊર્જા મેળવી શકાય. એ માટે જોઈએ એવી ટેકનોલોજી હજુ સુધી વિકસી શકી નથી.
- ✓ પરમાણુ ફ્યુઝન દ્વારા પેદા થતી ઊર્જાનો જથ્થો અને તાકાત પ્રચંડ હોવાથી તેમાં સૌથી મોટો પ્રશ્ન પેદા થતી ઊર્જાને કાબુમાં રાખવાનો થાય છે.
- ✓ જ્યારે કાબુમાં રાખવાની ફૂલપ્રુફ ટેકનોલોજી શોધાઈ જશે, ત્યારે આ રીતે ઊર્જા મેળવવી સરળ બની જશે.
- ✓ 1967માં 'વ્યાપાર'માં સબ એડીટર બન્યાં બાદ ચિત્રલેખા, મુંબઇ સમાચાર, દિવ્ય ભાસ્કર, જનશક્તિ, સંદેશ, યુવા દર્શન, જનસત્તા સહિત ઘણા મેગેઝીનોમાં પોતાના લેખ લખ્યાં.
- ✓ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કાંતિ ભટ્ટ ભાવનગર મ્યુનિસિપલમાં નોકરી કરી હતી. ત્યારબાદ 10 વર્ષ મલેશિયાના પીનાંગમાં કાકા સાથે વેપારમાં જોડાયા.
- ✓ 1977માં કેન્યામાં થોડો સમય કામ કર્યું.
- ✓ અંતે તેમણે 1966માં પત્રકારત્વમાં પગ મૂક્યો હતો.
- ✓ 1965માં પ્રથમ લગ્ન રંજનબેન સાથે કર્યા હતા. ત્યારબાદ 1977માં છૂટાછેડા આપી બીજા લગ્ન 1979માં પોતાનાથી 26 વર્ષ નાના શીલાબેન સાથે કર્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૮-૨૦૨૦)</u>

1. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા ભારતના કયા પ્રદેશને પોતાના નવા રાજકીય નકશામાં દર્શાવવામાં આવ્યા છે - **<u>જમ્મુ કશ્મીર, સિરક્રિક, સિયાચીન, લદાખ, જુનાગઢ અને માણાવદર</u>**
2. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા ગુજરાતના કયા પ્રદેશને પોતાના નવા રાજકીય નકશામાં દર્શાવવામાં આવ્યા છે - **<u>સિરક્રિક, જુનાગઢ અને માણાવદર</u>**
3. પાકિસ્તાન હવે તેના નવા રાજકીય નકશામાં ભારતના જમ્મુ-કાશ્મીરને કયા નામથી ઓળખાવે છે -

પાકિસ્તાન ઇન્ડિયન ઈલલિગલી ઓક્યુપાઈડ જમ્મુ એન્ડ કાશ્મીર

4. કલમ 370 રદ થવાના વિરોધમાં પાકિસ્તાન દ્વારા ક્યારે એક મિનિટનું મૌન પાડવામાં આવ્યું હતું - 05 ઓગસ્ટ
5. અયોધ્યામાં નિર્માણ પામનર ભગવાન શ્રી રામ મંદિર કઈ શૈલીમાં તૈયાર કરવામાં આવશે - નાગર શૈલી અને અષ્ટકોણીય શિખર બંધી મંદિર
6. અયોધ્યામાં નિર્માણ પામનર ભગવાન શ્રી રામ મંદિરનું ભૂમિ પૂજન કેટલા કલાકે કરાયું - બપોરે 12.39.20 (માત્ર 32 સેકન્ડ)
7. ભારતીય નૌસેનાના કયા નિવૃત્ત અધિકારીની પાકિસ્તાન દ્વારા ખોટા આરોપસર ધરપકડ કરીને ફાંસીની સજા જાહેર કરવામાં આવી છે - કુલભૂષણ જાધવ
8. કુલભૂષણ જાધવ કેસમાં તાજેતરમાં પાકિસ્તાન કોર્ટ દ્વારા કેટલા વકીલોની કોર્ટ મિત્રની નિમણૂક કરવામાં આવી છે - 3
9. ભારતીય નૌસેનાના નિવૃત્ત અધિકારી કુલભૂષણ જાધવની પાકિસ્તાન દ્વારા ખોટા આરોપસર ધરપકડ કરીને ફાંસીની સજા જાહેર કરવામાં આવી છે તેને કઈ વૈશ્વિક કોર્ટ દ્વારા રોક લગાવવામાં આવી છે - આંતરરાષ્ટ્રીય કોર્ટ
10. કયા ગુજરાતી પત્રકાર પત્રકારત્વની પાઠશાળા તરીકે જાણીતા હતા - કાંતિ ભટ્ટ
11. કાંતિ ભટ્ટનું હુલામણુ નામ અને જન્મ સ્થળ – બચુ અને ઝાંઝમેર-ભાવનગર
12. કાંતિ ભટ્ટને વજુ કોટક એવોર્ડ કયારે અપાયો હતો – વર્ષ-૨૦૦૬

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 05-08-2020



૧. ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન-અયોધ્યા-ઉત્તરપ્રદેશ (ધર્મ)



- ✓ નદી : સરયૂ
- ✓ જૂનું નામ : અવધપુરી
- ✓ ભૂમિપૂજન : તા. 05/08/2020

ભૂમિ પૂજન વિશે :

- ✓ વડા પ્રધાને ૧૨:૪૮:૦૮ કલાકે મંદિરનું ભૂમિપૂજન કર્યું : મંદિર નિર્માણ ઝડપથી પૂરું થવાનો આશાવાદ વ્યક્ત કર્યો
- ✓ ૩૨ સેકન્ડના મુહૂર્તમાં પીએમ દ્વારા મંદિર નિર્માણનો સંકલ્પ લઈને પૂજનવિધિ પૂર્ણ કરવામાં આવી.



- ✓ ૧૯૮૯માં દુનિયાભરમાંથી અયોધ્યામાં આવેલી ૨.૭૫ લાખ ઈંટોમાંથી ૯ ઈંટોનો પણ પૂજામાં સમાવેશ
- ✓ ૨૦૦૦થી વધુ પવિત્ર સ્થળો અને ૧૦૦થી વધુ પવિત્ર નદીઓનાં પાણીનો પૂજન સંકલ્પમાં સમાવેશ
- ✓ ૪૦ મિનિટ ચાલેલી પૂજા દરમિયાન ચાંદીની નવ ઈંટોની પૂજા કરવામાં આવી



પહેલી વખત... :

- ✓ નરેન્દ્ર મોદી રામજન્મભૂમિ જનારા દેશના પહેલા વડા પ્રધાન બન્યા

- ✓ આ પહેલો અવસર હતો કે દેશના વડા પ્રધાન હનુમાનગઢી આવ્યા અને પૂજન કર્યું
- ✓ દેશની સાંસ્કૃતિક ધરોહર ગણાતા મંદિરનાં નિર્માણ માટેનાં ભૂમિપૂજનમાં પણ પહેલી વખત કોઈ ભારતીય વડા પ્રધાને ભાગ લીધો હતો
- ✓ પાંચ સદીથી ચાલી રહેલા વિવાદ અને ૧૩૪ વર્ષથી ચાલી રહેલા કાયદાકીય વિખવાદનો તા. ૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ ભૂમિપૂજન બાદ સુખદ અંત આવ્યો.



- ✓ પૂજામાં કાંચીના શંકરાચાર્ય દ્વારા મોકલવામાં આવેલું યંત્ર તથા બકુલના વૃક્ષમાંથી બનાવવામાં આવેલા શંકુની સ્થાપના કરવામાં આવી હતી. તેમાં સોના અને ચાંદી સહિત નવ રત્નો મૂકવામાં આવ્યાં હતાં.
- ✓ અયોધ્યા અને કાશીના પંડિતો સિવાય યુપીના સીએમ યોગી આદિત્યનાથ, યુપીના રાજ્યપાલ આનંદીબહેન પટેલ, રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવત, રામજન્મભૂમિ ટ્રસ્ટના વડા મહંત નૃત્યગોપાલદાસ અને સિંઘલ પરિવારના સભ્યોએ હાજરી આપી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સાષ્ટાંગ પ્રણામ



- ✓ ભૂમિ પૂજન પહેલા મોદીએ રામલલ્લાના અસ્થાયી મંદિરમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા.

સાષ્ટાંગ પ્રણામ કરવાની રીત :

- ✓ તેમાં માથુ, હાથ, પગ, હૃદય, આંખ, જાગ, વચન અને મન આ આઠને ભેગા કરી જમીન પર સીધા સુવાનું હોય છે.
- ✓ યોગ શાસ્ત્રમાં આ 6 અંગથી ચક્ર બને છે. આ સંપૂર્ણ સમર્પણનું પ્રતિક છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. બૈરૂત : ૨,૭૫૦ ટન એમોનિયમ નાઇટ્રેટના પ્રચંડ વિસ્ફોટમાં ૧૦૦થી વધું લોકોના મોત, ૪૦૦૦થી વધુને ઈજા



વિસ્ફોટની ભયાનકતા :

- ✓ લેબેનોનની રાજધાની બૈરૂતના બંદરગાહમાં આવેલા વેરહાઉસમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ૧૦૦ લોકોનાં મોત થયાં છે અને ૪,૦૦૦ લોકોને ઈજા પહોંચી છે.
- ✓ લેબેનોનના વડા પ્રધાન હસન દિયાબે જણાવ્યું હતું કે, બૈરૂત બંદરના વેરહાઉસમાં ૨,૭૫૦ ટન વિસ્ફોટક એમોનિયમ નાઇટ્રેટમાં ભયાનક વિસ્ફોટ થયો હતો.
- ✓ બૈરૂતના ગવર્નર અબૌદે જણાવ્યું હતું કે, વિસ્ફોટના કારણે અડધું બૈરૂત શહેર તબાહ થયું છે.
- ✓ શહેરને ૩થી પાંચ બિલિયન અમેરિકન ડોલરનું નુકસાન થયું છે.
- ✓ શહેરમાં ઘરવિહોણા લોકોની સંખ્યા ૩ લાખ પર પહોંચી છે. રેડક્રોસે બૈરૂતમાં ૧,૦૦૦ પરિવાર માટે હંગામી શેલ્ટર ઊભા કર્યાં છે.
- ✓ શહેરમાં આવેલી ૯૦ ટકા હોટેલોને નુકસાન
- ✓ લેબેનોનની રાજધાની : બૈરૂત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. એમોનિયમ નાઈટ્રેટ શું છે ?



- ✓ એમોનિયમ નાઈટ્રેટ એક ગંધવિહિન કેમિકલ પદાર્થ છે.
- ✓ જેનો ખેતીમાં ફર્ટિલાઈઝર તરીકે અને વિસ્ફોટ કરવા માટે ઉપયોગ થાય છે.
- ✓ કોઈ પહાડીમાં સડક બનાવવાનું કામ ચાલતું હોય તો ખડકને તોડવા માટે એમોનિયમ નાઈટ્રેટનો વિસ્ફોટ કરવામાં આવે છે.
- ✓ એમાં આગ લાગે ત્યારે નાઈટ્રોઝન ઓક્સાઈટ અને એમોનિયા ગેસ પેદા થાય છે.
- ✓ આ કેમિકલ ખૂબ જ જ્વલનશીલ છે. એમાં આગ લાગે તો પળવારમાં ખાક થઈ જાય છે. એ કારણે દુનિયાભરમાં તેના સ્ટોરેજ માટેના આકરા નિયમો છે.
- ✓ તેની સુરક્ષા વ્યવસ્થાનું અતિશય ધ્યાન રાખવામાં આવે છે અને શક્ય હોય ત્યાં સુધી માનવ વસાહતથી દૂર જ તેનું સ્ટોરેજ બનાવવામાં આવે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. કલમ-૩૭૦ : નાબૂદીનું એક વર્ષ પૂર્ણ



વર્તમાન સ્થિતિ :

✓ બંધારણની કલમ ૩૭૦ની નાબૂદી કરીને જમ્મુ કાશ્મીરને અપાયેલ વિશેષ દરજ્જો સમાપ્ત કરવાના ઐતિહાસિક ચુકાદાને એક વર્ષ પૂર્ણ થયું છે.

✓ વિવિધ કારણોસર એવી લોકધારણા હતી કે કલમ ૩૭૦ની નાબૂદી પછી આ રાજ્યનું ભારતમાં રહેવું અધરું બની જશે.

✓ પરંતુ ગત એક વર્ષનો અનુભવ જણાવે છે કે આ રાજ્યમાં કોઈ મોટી ઊથલપાથલ થઈ નથી કે તે કોઈ આંતરરાષ્ટ્રીય મુદ્દો પણ બન્યો નથી.

✓ તેમ છતાં પણ આ ચુકાદાના નફા-નુકસાનના આકલન માટે એક વર્ષનો સમય પૂરતો નથી.

✓ પાંચમી ઓગસ્ટે કાળો દિવસ મનાવવા કેટલાંક સંગઠનો દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

✓ કેન્દ્ર સરકાર દ્વારા ગયા વર્ષે ૫ ઓગસ્ટે જમ્મુ કાશ્મીર પુનઃગઠન અધિનિયમ લાગુ કર્યો હતો.

✓ આની સાથે જ કલમ ૩૭૦ અને ૩૫A ને રાજ્યમાંથી હટાવી લેવાઈ હતી.

✓ જમ્મુ અને કાશ્મીરને લદાખ અને જમ્મુ કાશ્મીર એમ બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજિત કરાયા હતા.

✓ કલમ ૩૭૦ની નાબૂદી ભાજપની એ વિચારધારામાં હતો જેને ભાજપના અસ્તિત્વ સાથે જોડીને જોવામાં આવતી હતી અને પૂર્ણ બહુમતીવાળી સરકારની રચના બાદ કલમ ૩૭૦ને હટાવવાનું શક્ય બન્યું હતું.

✓ જમ્મુ કાશ્મીરની બહાર દેશમાં આ અંગે કોઈ વિરોધ નહોતો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિમણૂક : SEBIના ચેરમેન તરીકે શ્રી અજય ત્યાગીની પુનઃનિમણૂક

નવો કાર્યકાળ :

તા.01/09/2020થી તા.28/02/2022 સુધી



- ✓ SEBI : સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ઈસાયસ વાવાઝોડું (કુદરતી આપત્તિ)

- ✓ USના ઉત્તર કેરાલીના વિસ્તારમાં વાવાઝોડુ ત્રાટક્યું
- ✓ પવનની ઝડપ : પ્રતિ કલાક ૧૦૫ કિ.મી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૮-૨૦૨૦)

1. ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન કયા સ્થળે કરવામાં આવ્યું - **અયોધ્યા (ઉત્તરપ્રદેશ)**
2. અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન કયારે કરવામાં આવ્યું – **૫મી ઓગસ્ટ-૨૦૨૦**
3. અયોધ્યા શહેર કઈ નદીને કિનારે આવેલું છે - **સરયૂ**
4. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણનું ભૂમિ પૂજન કયા સમયે કરવામાં આવ્યુ - **૧૨:૪૮:૦૮ કલાકે**
5. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કેટલી સેકન્ડના મુહૂર્તમાં શ્રી રામ મંદિર નિર્માણનો સંકલ્પ લઈને પૂજનવિધિ પૂર્ણ કરવામાં આવી - **૩૨**
6. અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન વેળાએ વર્ષ-૧૯૮૯માં દુનિયાભરમાંથી અયોધ્યામાં કેટલી ઈંટો આવેલી જે પૈકી કેટલી ઈંટોનો પૂજામાં સમાવેશ કરાયો-**૨.૭૫ લાખ ઈંટોમાંથી ૯ ઈંટો**
7. અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજનમાં કેટલા પવિત્ર સ્થળો અને કેટલી પવિત્ર નદીઓનાં પાણીનો પૂજન સંકલ્પમાં સમાવેશ કરાયો હતો - **૨૦૦૦થી વધુ તથા ૧૦૦થી વધુ**
8. રામજન્મભૂમિ જનારા દેશના પહેલા વડા પ્રધાનનું નામ જણાવો – **શ્રી નરેન્દ્ર મોદી**
9. તા. ૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણનું ભૂમિ પૂજન કરવાની સાથે કેટલી સદીથી ચાલી રહેલા વિવાદનો અંત આવ્યો – **પાંચ**
10. તા. ૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણનું ભૂમિ પૂજન કરવાની સાથે કેટલા વર્ષથી ચાલી રહેલા કાયદાકીય વિખવાદનો સુખદ અંત આવ્યો હતો - **૧૩૪**
11. તા. ૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન કાર્યક્રમમાં પીએમ મોદી સાથે બીજા કેટલા લોકોએ હાજરી આપી હતી-**૧૬**
12. ઓગસ્ટ-૨૦૨૦માં કયા સ્થળે ૨,૭૫૦ ટન વિસ્ફોટક એમોનિયમ નાઇટ્રેટના પ્રચંડ વિસ્ફોટમાં ૧૦૦થી વધું લોકોના મોત, ૪૦૦૦થી વધુને ઈજા થઈ હતી - **બૈરૂતના બંદરગાહમાં આવેલા વેરહાઉસ**
13. લેબેનોન દેશની રાજધાનીનું નામ જણાવો – **બૈરૂત**
14. લેબેનોન દેશના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **હસન દિયાબ**
15. તાજેતરમાં લેબનોનની રાજધાની બૈરૂતમાં થયેલા વિસ્ફોટના કારણે શહેરને કેટલું નુકસાન થયું હતુ – **૩ થી ૫ બિલિયન અમેરિકન ડોલર**
16. જમ્મુ કાશ્મીરમા બંધારણની કલમ ૩૭૦ કયારે નાબૂદ કરવામાં આવી હતી – **૫મી ઓગસ્ટ-૨૦૨૦**
17. જમ્મુ કાશ્મીરમા બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવાની સાથે જમ્મુ અને કાશ્મીરને ક્યા બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજિત કરાયા હતા - **લદાખ અને જમ્મુ કાશ્મીર**
18. ઓગસ્ટ-૨૦૨૦માં SEBIના ચેરમેન તરીકે કોની પુનઃનિમણૂક કરવામાં આવી - **શ્રી અજય ત્યાગી**
19. ઓગસ્ટ-૨૦૨૦માં SEBIના ચેરમેન તરીકે પુનઃનિમણૂક મેળવનાર શ્રી અજય ત્યાગીનો નવો કાર્યકાળ જણાવો - **તા. 01/09/2020 થી તા. 28/02/2022 સુધી**
20. SEBIનું વિસ્તૃત નામ જણાવો - **સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા**
21. ભારતીય સંસ્કૃતિમાં સાષ્ટાંગ પ્રણામ કોને કહેવાય છે - **માથુ, હાથ, પગ, હૃદય, આંખ, જાગ, વચન અને મન આ આઠને ભેગા કરી જમીન પર સીધા સુવું**

22. ઓગસ્ટ-૨૦૨૦માં ૫ડના ઉત્તર કેરાલીના વિસ્તારમાં કયા વાવાઝોડાએ તબાહી મચાવી હતી - **ઈસાયસ વાવાઝોડું**
23. ઓગસ્ટ-૨૦૨૦માં ૫ડના ઉત્તર કેરાલીના વિસ્તારમાં તબાહી મચાવનાર ઈસાયસ વાવાઝોડુંના પવનની ઝડપ જણાવો - **પ્રતિ કલાક ૧૦૫ કિ.મી.**
24. એમોનિયમ નાઈટ્રેટ શું છે - **ગંધવિહિન કેમિકલ પદાર્થ**
25. એમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ જણાવો - **મુખ્યત્વે ખેતીમાં ફર્ટિલાઈઝર તરીકે તથા વિસ્ફોટ કરવા માટે**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નિમણૂક : ભારતના નવા CAG તરીકે ગુજરાત કેડરના IAS શ્રી જી.સી. મુર્મુની નિમણૂક



- ✓ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા નિમણૂક
- ✓ નામ : ગિરીશચંદ્ર મુર્મુ
- ✓ CAG : કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા
- ✓ અગાઉ શ્રી મુર્મુ જમ્મુ-કાશ્મીરના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર હતા

શ્રી મુર્મુનો પરિચય :

- ✓ મુર્મુ ૧૯૮૫ની બેચના ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર.
- ✓ ગુજરાતમાં પીએમ મોદી જ્યારે મુખ્યપ્રધાન હતા ત્યારે મુર્મુએ રાજ્યના પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે કામગીરી બજાવી હતી.
- ✓ મોદી પીએમ બન્યા પછી તેમણે કેન્દ્રનાં નાણા મંત્રાલયમાં ખર્ચ વિભાગના જોઇન્ટ સેક્રેટરી તરીકે ફરજ બજાવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિમણૂક : જમ્મુ-કાશ્મીરના નવા LG તરીકે શ્રી મનોજ સિંહાની નિમણૂક



- ✓ LG : લેફ્ટનન્ટ ગવર્નર
- ✓ **પરિચય:** ઉત્તરપ્રદેશના ભાજપના ૬૧ વર્ષીય નેતા અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન

✓ હાલમાં લોકસભાના સાંસદ તરીકે
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. RBI : દ્વિપક્ષીય આર્થિક સમીક્ષા-૨૦૨૦ (આર્થિક)



આર્થિક સમીક્ષા એક નજર :

✓ **રેપોરેટ ૪ ટકા, રિવર્સ રેપોરેટ ૩.૩૫ ટકા MSF ૪.૨૫ ટકા સહિતના વ્યાજદર યથાવત રખાયા**
✓ જુલાઈ-સપ્ટેમ્બરમાં ફુગાવાનો દર ઊંચો રહેશે, ત્યારબાદ મોંઘવારી ઘટવાની સંભાવના
✓ ૨૦૨૦ના પ્રથમ ૬ મહિનામાં વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિઓ નાજુક રહી
✓ જુલાઈ ૨૦૨૦માં ભારતનો વિદેશી હૂંડિયામણ ભડાર ૫૩૪.૬ અબજ ડોલર
✓ પ્રથમ ૬ માસિકમાં ભારતીય અર્થતંત્રનો જીડીપી ગ્રોથરેટ નેગેટિવ ઝોનમાં રહેશે

એનબીએફસી અને હાઉસિંગ સેક્ટર માટે રૂ. 10,000 કરોડની ફાળવણી

✓ રિઝર્વ બેન્કે કોરોના સંકટને કારણે આર્થિક તંગીનો સામનો કરી રહેલી નોન બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઓ અને હાઉસિંગ સેક્ટરમાં લિક્વિડિટી વધારવા સિસ્ટમમાં રૂ. ૧૦,૦૦૦ કરોડ ઠાલવવાની જાહેરાત.
✓ આ અંતર્ગત રૂપિયા પાંચ હજાર કરોડ નાબાર્ડ અને રૂપિયા પાંચ હજાર કરોડ નેશનલ હાઉસિંગ બેકને અપાશે.

ચેક પેમેન્ટની સુરક્ષા માટે પોઝિટિવ પે યોજના

✓ રિઝર્વ બેન્ક દ્વારા પેમેન્ટ કરતા ગ્રાહકોની સુરક્ષા વધારવા માટે પોઝિટિવ પે નામની યોજનાની જાહેરાત કરાઈ છે.
✓ આ અતર્ગત રૂપિયા ૫૦,૦૦૦ કે તેનાથી વધુ રકમનો ચેકનો સમાવેશ કરાશે
✓ તેના પગલે દેશમાં જારી થતા ૨૦ ટકા ચેક આ યોજના અંતર્ગત આવી જશે. આ યોજનાની માહિતી હવે પછી જાહેર કરાશે.
✓ સોનાના ઘરેણાની કિંમતના હવે ૯૦ ટકા લોન
✓ અત્યારસુધી કિંમતના ૭૫ ટકા રકમની લોન અપાતી હતી તેમાં ૩૧ માર્ચ-૨૦૨૧ સુધી છૂટછાટ
✓ સ્ટાન્ડર્ડ લોન ખાતા ધરાવતી MSMEની રૂ. ૨૫ કરોડ સુધીની લોન રિસ્ટ્રકચર કરવા મંજૂરી
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : ૬ ઓગસ્ટ-૧૯૪૫ જાપાનના હિરોશિમા પર US દ્વારા પરમાણુ બોમ્બથી હુમલાના ૭૫ વર્ષ



વિગત :

- ✓ જાપાનના હિરોશિમા પર 75 વર્ષ પહેલાં 6 ઓગસ્ટ, 1945ના રોજ અમેરિકાએ પરમાણુ બોમ્બ 'લિટલ બોય' ઝીંક્યો હતો.



- ✓ તેમાં 1.40 લાખથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા.
- ✓ ત્યારે આડઅસરનો સામનો કરી રહેલી પેઢી હવે લુપ્ત થવાની અણીએ છે.
- ✓ જાપાનમાં ફક્ત 1,36,700 જ એવા લોકો છે જે એ વિનાશની સાક્ષી પૂરે છે. આ બધા 80 થી 90 વર્ષના છે.
- ✓ આ તમામ લોકો કોઈ ને કોઈ અસાધ્ય રોગથી પીડિત છે.

વિશ્વના દેશો પાસે પરમાણુ બોમ્બની સ્થિતિ

- ✓ US-રશિયા ઘટાડી રહ્યા છે, ભારત-ચીનમાં પરમાણુ હથિયાર વધી રહ્યાં છે, દુનિયામાં કુલ 13,400

દેશ	તહેનાત	અન્ય	2020માં	2019માં
અમેરિકા	1750	4050	5800	6185
રશિયા	1570	4805	6375	6500
યુકે	120	95	215	200
ફ્રાન્સ	280	10	290	300
ચીન	-	320	320	290
ભારત	-	150	150	130-140
પાકિસ્તાન	-	160	160	150-160
ઈઝરાયલ	-	90	90	80-90
ઉત્તર કોરિયા	-	30-40	30-40	20-30
કુલ	3,720	9,680	13,400	13,865

(સ્ત્રોત : સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો તાજેતરનો રિપોર્ટ)

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતના નવા CAG તરીકે કોની નિમણૂક કરાઈ - ગિરીશચંદ્ર મુર્મૂ
2. નવા CAG ગિરીશચંદ્ર મુર્મૂ કઇ બેંચ અને કેડરના સનદી અધિકારી છે - 1985 અને ગુજરાત
3. CAGનું વિસ્તૃત નામ જણાવો - કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા
4. જમ્મુ કાશ્મીરના નવા LGનું નામ જણાવો-મનોજ સિંહા
5. રાજકીય ભાષામાં LGનું વિસ્તૃત નામ જણાવો - લેફ્ટનન્ટ ગવર્નર
6. તાજેતરમાં ઓગસ્ટ 2020માં RBI દ્વારા યોજાયેલી દ્વિપક્ષીય આર્થિક સમીક્ષામાં RR, RRR અને MSF

કેટલો યથાવત રાખવામાં આવ્યો છે - **4%, 3.35% અને 4.25%**

7. તાજેતરમાં ઓગસ્ટ 2020માં RBI દ્વારા યોજાયેલી દ્વિપક્ષીય આર્થિક સમીક્ષા બેઠકમાં NBFC અને હાઉસિંગ સેક્ટર માટે કેટલી રકમ ફાળવવામાં આવી- **રૂ.10,000 કરોડ**
8. તાજેતરમાં ઓગસ્ટ 2020માં RBI દ્વારા યોજાયેલી દ્વિપક્ષીય આર્થિક સમીક્ષા બેઠકમાં સોનાના ઘરેણાં ઉપર કેટલા ટકા સુધી લોન આપવાનો નિણર્ય કરાયો - **90%**
9. અગાઉ સોનાના ઘરેણાં ઉપર કેટલા ટકા બેંક દ્વારા લોન આપવામાં આવતી હતી – **75 %**
10. સ્ટાન્ડર્ડ લોન ખાતા ધરાવતી MSMEની કેટલા રકમ સુધીની લોન રિસ્ટ્રકચર કરવાની મંજૂરી આપવામાં આવી છે – **રૂ.25 કરોડ**
11. RBI દ્વારા તાજેતરમાં ચેક પેમેન્ટની સુરક્ષા માટે કઈ નવી યોજના લોન્ચ કરવામાં આવી છે - **પોઝિટિવ પે યોજના**
12. RBI દ્વારા તાજેતરમાં ચેક પેમેન્ટની સુરક્ષા માટે લોન્ચ કરવામાં આવેલી "પોઝિટિવ પે યોજના" હેઠળ કેટલી રકમથી વધુ રકમના ચેકનો સમાવેશ થાય છે – **રૂ. 50,000/-થી વધુ**
13. જાપાનના હિરોશિમામાં દુઃખદ પરમાણુ હુમલાના કેટલા વર્ષે પૂર્ણ થયા- **75 વર્ષે**
14. જાપાનના હિરોશિમામાં દુઃખદ પરમાણુ હુમલા કયારે થયો હતો - **06.08.1945**
15. જાપાનના હિરોશિમામાં દુઃખદ પરમાણુ હુમલા કયા દેશ દ્વારા અને બોમ્બનું નામ જણાવો - **અમેરિકા અને લિટલ બોય**
16. વિશ્વમાં વિવિધ દેશો પાસે કેટલા પરમાણુ બોમ્બ હોવાની માહિતી કઈ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે - **સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ**
17. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો અહેવાલ મુજબ ઓગસ્ટ 2020ની સ્થિતિએ વિશ્વમાં સૌથી વધુ પરમાણુ બોમ્બ કયા દેશ પાસે છે–**રશિયા (6375)**
18. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો અહેવાલ મુજબ ઓગસ્ટ 2020ની સ્થિતિએ ભારત પાસે કેટલા પરમાણુ બોમ્બ છે - **130-140**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ગુજરાત સરકાર : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી ગુજરાત સરકારના સફળતાપૂર્વક ૪ વર્ષ પૂર્ણ અને ૫માં વર્ષમાં પ્રવેશ : તા.૭ ઓગસ્ટ-૨૦૨૦ (સુશાસન)



ગુજરાતની ઉત્તમથી સર્વોત્તમ તરફની આગેકૂચ : ૧૪૬૦ દિવસમાં ૧૫૦૦થી વધુ જનહિતના નિર્ણય

મહત્વના નિર્ણયો :

- ✓ ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમને તેની મહત્તમ ઊંચાઈ સુધી પહોંચાડાયો અને પાણીથી સંપૂર્ણ ભરાયો.
- ✓ જ્ઞાતિ-જાતિના વિગ્રહો કરાવનાર પરિબળોને ડામીને ગુજરાતમાં ચાર વર્ષથી સામાજિક સૌહાર્દ, બધા સમાજને પ્રગતિમાં પૂરતો ન્યાય, કોઈની ઉપેક્ષા નહીં અને સૌ સમાજનો સહિયારો વિકાસ "સબ સમાજકો લીયે સાથ મે આગે હી બઢતે જાના હે"ની ન્યાયપૂર્ણ નીતિ.
- ✓ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ અને કેવડિયા ખાતે વર્લ્ડ કલાસ ટૂરિઝમ. ગત વર્ષે તાજમહેલ કરતા વધારે પ્રવાસીઓએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા આવ્યા.
- ✓ સુજલામ સુફલામ જળ સંગ્રહ અભિયાન થકી જનભાગીદારી દ્વારા ૪૨,૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ કરાયો.
- ✓ સૌરાષ્ટ્રમાં દુષ્કાળ બન્યો ભૂતકાળ, સૌની યોજનાનો ઝડપી અમલ, સૌની યોજનાથી

સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ નર્મદાના પાણીથી ભરાયા.

- ✓ રૂ.૫૩૦૦ કરોડની બહુહેતુક ભાડભૂત યોજનાનાં ફળસ્વરૂપે નર્મદાના નીરમાં ખારું પાણી આવતું અટકશે અને જમીન ધોવાણની સમસ્યા પર અંકુશ લાગશે, ઉપરવાસમાં ૫૯૯ મિલિયન ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ થશે અને ૧૭ ગામોને પૂરની અસરથી બચાવાશે.
- ✓ કોઈપણ સમાજનો મેરિટ ધરાવતો છાત્ર ઉચ્ચ શિક્ષાથી વંચિત ના રહે તે માટે **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રૂ.૧૦૦૦ કરોડની** ફાળવણી, બે લાખ યુવાનોના સપના થયા સાકાર.
- ✓ છેલ્લા ચાર વર્ષમાં ૧ લાખ યુવાનોને મળી સરકારી નોકરી અને ૪૦૦૦ ભરતી મેળા દ્વારા ૧૦ લાખથી વધુ યુવાનોને નોકરી આપવામાં આવી.

શિક્ષણમાં આમૂલ પરિવર્તન :

- ✓ ગામડાઓમાં આધુનિક શિક્ષણ મળી રહે તે માટે ૧૫,૦૦૦ ડિજિટલ કલાસરૂમનું નિર્માણ અને કોલેજના ૮ લાખ વિદ્યાર્થીઓને ટેબલેટનું વિતરણ, છેલ્લા ૪ વર્ષમાં ૭ નવી મેડિકલ કોલેજ અને ૧૯૭૦ નવી મેડિકલ બેઠકો ઉમેરાઈ.

પહેલા પ્રોફકશન પછી પરમિશનની નવતર નીતિ

- ✓ આ નીતિથી લઘુ ઉદ્યોગોને મળ્યું પ્રોત્સાહન અને રોજગારીના સર્જનમાં થયો વધારો.

દિનકર યોજના

- ✓ ખેડૂતોને રાત્રે ખેતરમાં ઉજાગરા ન કરવા પડે અને દિવસે વીજળી મળતી રહે તે માટે દિનકર યોજના
- ✓ છેલ્લા ચાર વર્ષમાં ટેકાના ભાવે રૂ.૧૫,૯૦૦ કરોડથી વધુના મૂલ્યોના ખેત પેદાશની લાખો ખેડૂતો પાસેથી ખરીદી કરાઈ
- ✓ ભ્રષ્ટાચારને નાથવા માટે કાયદામાં વ્યાપક ફેરફારો અને ACB ને CBI જેવી સત્તાઓ, ટેકનોલોજીથી સજ્જ બનાવાઈ.
- ✓ અનુસૂચિત જાતીને સાંથણીની ૨૬૦ એકરથી વધુ જમીનની સોંપણી કરીને ન્યાય અને અધિકાર આપવામાં આવ્યો.
- ✓ આદિવાસી બંધુઓ માટે "પેસા એક્ટ"નો અમલ અને જંગલ ખેડે એની જમીનની રીતે લાખો આદિવાસીઓને જમીનના માલિક બનાવ્યાં.
- ✓ બનાસકાઠાંનું પૂર હોય, ૯૬ તાલુકામાં અછતની સ્થિતિ હોય, વાયુ વાવાઝોડું હોય, માવઠાનો માર હોય કે પછી કોરોનાની મહામારી, દરેક વખતે ગુજરાત સરકાર પ્રજાની પડખે ઉભી રહી છે.
- ✓ ઐતિહાસિક રીતે શહેરોની પ્રગતિને વેગ આપવા ૪૦૦થી વધુ ટાઉન પ્લાનિંગ (TP-DP) સ્કીમોની પારદર્શક અને ઝડપી મંજૂરી
- ✓ રિન્યુએબલ એનર્જીમાં થયા ઐતિહાસિક કામો, દેશના કુલ સોલાર રૂફટોપમાંથી ૬૪ ટકા એકલા ગુજરાતમાં, સોલાર અને

વિન્ડપાર્ક દ્વારા ૩૦,૦૦૦ MW વીજળી ઉત્પાદનનો સંકલ્પ.

- ✓ જીવદયા માટે કરૂણા અભિયાનની નવી પહેલ, ૪૬૦ હરતાં ફરતાં પશુ દવાખાના, પાંજરાપોળ અને ગૌ-શાળાઓને વિશેષ સહાયતાઓ.
- ✓ RTO તેમજ મહેસૂલ વિભાગની NA (બિનખેતી) સહિતની મોટાભાગની કામગીરી ઓનલાઈન કરાઈ જેથી ભ્રષ્ટાચાર પર અંકુશ લાગ્યો.
- ✓ CM ડેશબોર્ડ દ્વારા રાજયના દરેક વિભાગની કામગીરી પર મુખ્યમંત્રીની સીધી નજર, વહિવટ-વિકાસના કામો ઉપર ૩૪૦૦ ઈન્ડિકેટર્સ દ્વારા પળે પળ નજર.

કોરોનોની મહામારીમાં ગુજરાત સરકારની ઉત્કૃષ્ઠ કામગીરી

- ✓ IIMના સર્વે મુજબ કોરોના કાળમાં રાજયના ૮૦% નાગરિકો CMના નેતૃત્વથી ખુશ
- ✓ કોરોનાની મહામારીમાં અમદાવાદમાં ૧૨૦૦ બેડની અને સુરતમાં ૧૦૦૦ બેડની હોસ્પિટલનું માત્ર ૧૦ દિવસના જ રેકોર્ડ સમયમાં નિર્માણ કરાયું.
- ✓ રાજ્યમાં કોરોના દર્દીઓનો રિકવરી રેટ ૭૪ ટકા એ પહોંચાડ્યો તેમજ મૃત્યુદરમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો.
- ✓ ૨૦ લાખ શ્રમિકોને માનભેર અને ઝડપી તેમના વતન પહોંચાડયા.
- ✓ લોકડાઉન દરમિયાન રાજ્ય સરકાર દ્વારા APL અને BPL પરિવારોને ૩૬૯૫ કરોડના મુલ્યનું અનાજ નિઃશુલ્ક વિતરણ કરાયું.
- ✓ નાના દુકાનદારો અને પરંપરાગત વ્યવસાયિકોને પુનઃ પગભર કરવા રૂ. ૧૪૦૦૦ કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભાડભૂત બેરેજ યોજના : CMના હસ્તે બાંધકામનો ઈ-શુભારંભ (જળ વ્યવસ્થાપન)



યોજનાનો હેતુ :

- ✓ નર્મદા નદીમાંથી હજારો ક્યૂસેક પાણી દરિયામાંથી વહી જતુ અટકાવવા માટે કુલ રૂ. ૫૩૦૦ કરોડની ભાડભૂત યોજના
- ✓ સ્થળ : ગામ-સમની, તા.જિ. ભરૂચ
- ✓ તા. ૦૭-૦૮-૨૦૨૦

ભાડભૂત બેરેજ યોજનાના લાભો :

- ✓ ૨૧૦૦૦ મિલિયન ઘન ફૂટ મીઠા પાણીનો સંગ્રહ
- ✓ ૭ માર્ગીય પુલ થવાથી દહેજ-હાંસોટ-સુરત વચ્ચેના માર્ગ અંતરમાં આશરે ૧૮ કિ.મી.નો ઘટાડો થશે.

- ✓ નર્મદા નદીમાં, બેરેજથી શુક્લતીર્થ સુધીના વિસ્તારમાં ખારાશની સમસ્યાનો હલ તેમજ ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો
- ✓ ૨૦ કિ.મી. લાંબો પૂર સંરક્ષણ પાળો બનવાથી આ વિસ્તારમાં નર્મદા નદીના બંને કાંઠાની ખેતીલાયક જમીનોની ધોવાણની સમસ્યાનો અંત તથા ૧૭ ગામોને પૂરની સામે રક્ષણ
- ✓ ખેતી, પીવા તથા ઔદ્યોગિક વપરાશ માટેના પાણીની કાયમી સમસ્યાઓનું નિરાકરણ
- ✓ બેરેજની લંબાઇ ૧૬૪૮ મીટર, ૯૦ દરવાજા, બેરેજ પર ૬-માર્ગીય પુલ
- ✓ <u>વિભાગ : કલ્પસર</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ભારતીય રેલવે : ભારતની પ્રથમ કિસાન રેલવેનો પ્રારંભ (પરિવહન)



- ✓ રૂટ:દેવાલી-દાનપુર કિસાન રેલ (મહારાષ્ટ્ર)
- ✓ <u>હેતુ:</u> ખેતર-બજાર અને ગ્રાહકો વચ્ચે અવિરત જોડાણ માટે

<u>ટ્રેનની મુખ્ય વિશેષતા :</u>

- ✓ સૌપ્રથમ મલ્ટી-કોમોડિટી ટ્રેન, જે દાડમ, કેળા, દ્રાક્ષ જેવા ફળો અને કેપ્સીકમ, ફુલાવર, સરગવો, કોબીજ, ડૂંગળી, મરચાં જેવા શાકભાજી લઈ જશે.
- ✓ આ ટ્રેન ઓછા સમયમાં બગડી જાય તેવી વસ્તુઓને દૂરના સ્થળો પર લઈ જવાની નાના ખેડૂતો અને નાના વેપારીઓની જરૂરિયાતો પૂરી કરશે.
- ✓ રસ્તામાં આવતા બધા જ રોકાણ સ્ટેશનો પર ઓછા સમયમાં બગડી જાય તેવી કોમોડિટીના લોડિંગ અને અનલોડિંગની મંજૂરી અપાશે.
- ✓ શરૂઆતમાં આ ટ્રેન સેવા સપ્તાહમાં એક દિવસ ચાલશે. જોકે, ગ્રાહકોના અનુભવના આધારે તેમાં વધુ સુધારા કરવામાં આવી શકે છે.
- ✓ કિસાન સ્પેશિયલ પાર્સલ એક્સપ્રેસ ટ્રેન નાસિક રોડ, મનમાડ, જલગાંવ, ભુસાવળ, બુરહાનપુર, ખાંડવા, ઈટારસી, જબલપુર, સતના, કતનિ, માણિકપુર, પ્રયાગરાજ, છીવકી, પં.દીનદયાળ ઉપાધ્યાય જંકશન અને બક્સરમાં રોકાણ કરશે.
- ✓ <u>સંચાલન : સેન્ટ્રલ રેલવે</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગુજરાત સરકાર : નવી ઉદ્યોગ નીતિ-૨૦૨૦ જાહેર (ઉદ્યોગ)

- ✓ સમયગાળો : ૫ વર્ષ



(૧) નવી ઉદ્યોગનીતિ એટ-એ ગ્લાન્સ :

- ✓ થ્રસ્ટ સેક્ટરનું બે જૂથમાં વિભાજન-કોર સેક્ટર અને સનરાઈઝ સેક્ટર
- ✓ **૧. કોર સેક્ટર**માં ઇલેક્ટ્રિકલ અને ઇન્ડસ્ટ્રિયલ મશીનરી, ઓટોમોટિવ, સિરામિક્સ, ટેક્સ્ટાઈલ, ફાર્મા, એગ્રોફૂડ, કેમિકલ્સ વગેરે.
- ✓ **૨. સનરાઈઝ સેક્ટરમાં** ઇલેક્ટ્રિક વાહનો, વેસ્ટમેનેજમેન્ટ પ્રોજેક્ટ, ઇકો ફ્રેન્ડલી મટીરિયલ્સ, સોલર વિન્ડ ઇક્વિપમેન્ટ વગેરે.
- ✓ મોટા ઉદ્યોગોને એસજીએસટીના લાભો ૨૬ કરી તાલુકાની કેટેગરી મુજબ રોકાણ સામે ૪થી ૧૨% રોકડ સબસિડી, જેમાં પછાત તાલુકામાં વધુ અને વિકસિત તાલુકામાં ઓછી સબસિડી.
- ✓ આ કેશ સબસિડી મહત્તમ રૂ. ૪૦ કરોડની મર્યાદામાં ૧૦ વર્ષ સુધી અપાશે.
- ✓ નવા ઉદ્યોગોને ૫ વર્ષ સુધી ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી માફી યથાવત્.
- ✓ ઉદ્યોગોને જમીન લીઝથી ૫૦ વર્ષ માટે આપવા સરકાર સહાય કરશે, એટલે કે જમીન ભાડે અપાશે અને જમીનની બજાર કિંમતના ૬% સુધી ભાડુ વસૂલાશે. આ જમીન બેન્કની લોનમાં મોર્ગેજ માટે મૂકી શકાશે.
- ✓ સ્ટાર્ટ અપ્સમાં મહિલાઓ, વિકલાંગો, એસસી-એસટીને ૧ ટકો વધુ વ્યાજ સબસિડી અપાશે.

(૨) MSME સેકટર :

1. ધિરાણની રકમના ૨૫% સુધી, મહત્તમ રૂ. ૩૫ લાખ સુધી કેપિટલ સબસિડી, મધ્યમ કદના ઉદ્યોગોમાં ૧૦ કરોડથી વધુ રોકાણ હશે તો વધારાની રૂ. ૧૦ લાખની સહાય.
2. સેવાક્ષેત્રના એમએસએમઈ જેવા કે નાણાકીય, આરોગ્યલક્ષી, એન્જિનિયરિંગ, પર્યાવરણીયમાં ૭ % સુધી વ્યાજ સબસિડી
3. વિદેશી ટેક્નોલોજી-પેટન્ટ એક્વાયર કરવાના કિસ્સામાં કુલ ખર્ચના ૬૫% સુધી મહત્તમ રૂ. ૫૦ લાખની સહાય અપાશે.

(3) પછાત તાલુકામાં MSMEને ૧૦ વર્ષ વિશેષ ઈન્સેન્ટિવ બેનિફિટ મળતા રહેશે

- ✓ નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ના અમલ પછી પછાત તાલુકાઓમાં MSME એકમોને ૨૫ જૂલાઈ ૨૦૧૬ના ઠરાવથી મળી રહેલા લાભો યથાવત્ રહેશે.
- ✓ ચાર વર્ષ પહેલા ગુજરાતના ૨૫૧ તાલુકાઓને ત્રણ કેટેગરીમાં વિભાજિત કરીને ઉદ્યોગ વિભાગે નવા મૂડી રોકાણ તેમજ હયાત એકમોના વિસ્તરણને તબક્કે ૧૦ વર્ષ માટે ઈન્સેન્ટિવ બેનિફિટ જાહેર કર્યા હતા.
- ✓ નવી પોલિસીમાં રાજ્યમાં સંતુલિત વિકાસને પ્રોત્સાહન આપવા MSME અને મોટા ઉદ્યોગોને જે તે તાલુકામાં ઔદ્યોગિક વિકાસના આધારે ઈન્સ્ટેન્ટિવ જાહેર કર્યો.
- ✓ અગાઉની પોલિસીમાં જૂલાઈ ૨૦૧૬માં જાહેર ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કિમ હેઠળ ૧૨૭ તાલુકામાં વેટ ઉપરાંત નેટવેટમાં ૧૦ ટકા, ૮૩ તાલુકામાં ૨૦ ટકા અને ૪૧ તાલુકામાં ૩૦ ટકા એમ ત્રણ કેટેગરીમાં ૧૦ વર્ષ સુધી લાભો અપાયા હતા.
- ✓ જે પ્રોજેક્ટ પાઈપલાઈનમાં છે તેના ઈન્સેન્ટિવ બેનિફિટ ચાલુ રહેશે.

(૪) દેશમાં કુલ પ્રસ્તાવિત મૂડીરોકાણમાં 51% હિસ્સો ગુજરાત, કુલ 49 અબજ ડોલરનું ઇન્વેસ્ટમેન્ટ :

- ✓ 49 અબજ ડોલરના પ્રસ્તાવિત મૂડીરોકાણ સાથે ગુજરાતમાં દેશના કુલ મૂડી રોકાણનું 51 ટકા રોકાણ નોંધાયું છે.
- ✓ વર્ષ-2019માં દેશમાં પ્રસ્તાવિત મૂડી રોકાણમાં 49 ટકાનો વધારો થયો જ્યારે ગુજરાતમાં તે 333 ટકાનો વધારો થયો.

(૫) ગુજરાતમાં સૌથી ઓછો 3.4 ટકા બેરોજગારી દર :

- ✓ રાજ્યમાં બેરોજગારીનો દર 3.4 ટકા સાથે દેશના મોટા રાજ્યોમાં સૌથી ઓછો છે.
- ✓ ગુજરાત પછી કર્ણાટકમાં 5.3 ટકા બેકારી દર છે.
- ✓ મહારાષ્ટ્રમાં 6.6 ટકા, તમિલનાડુમાં 7.2 ટકા અને આંધ્ર પ્રદેશમાં 7.8 ટકા બેરોજગારી દર છે.
- ✓ ઉદ્યોગ અગ્રસચિવ : મનોજ દાસ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિર્ણય : ગુજરાત સરકાર (વહીવટ)

કોરોનામાં મૃત્યુ પામનારા સરકારી કર્મચારીના પરિવાર માટે અગત્યની ત્રણ જાહેરાત



(૧) આવાસ

- ✓ પ્રધાનમંત્રી આવાસ, મુખ્યમંત્રી આવાસ સહિત હાઉસિંગના મકાનોમાં મૃતક કોરોના વોરિયર્સના પરિવારના સદસ્યને લકી ડ્રો કર્યા વિના મકાન ફાળવાશે.

(૨) આરોગ્ય સહાય

- ✓ મૃતક કોરોના વોરિયર્સના પરિવારના સદસ્યને આરોગ્ય સેવા મફત મળી રહે તેના માટે રૂપિયા ૩ લાખની સહાય કરાશે. જેમાં મા અમૃત્તમ યોજના સહિત પ્રધાનમંત્રી જન ઔષધિ યોજના હેઠળ ગંભીર બિમારીની સારવાર થશે.

(૩) અભ્યાસ સહાય

- ✓ સરકારી કર્મચારી કોરોનાની કામગીરીને કારણે સંક્રમણના ભોગ થઈને મૃત્યુ પામ્યા છે તેમના બાળકોને અભ્યાસ માટે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ ખાનગી કે સરકારી કોલેજના ડિપ્લોમા સહિત અન્ય કોર્ષયો તેમજ સરકારી ભરતી કરવા માટે ૫૦ ટકા રાહત અપાશે.
- ✓ જેના માટે તે પરિવારની વ્યક્તિની કેટેગરીમાં અમુક નિયમોની ખરાઈ કરવાની રહેશે.
- ✓ મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને યોજાયેલા "મોકળા મને" સંવાદમાં નિર્ણય કરાયો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. શ્રીલંકા : સામાન્ય ચૂંટણીઓમાં શ્રીલંકા પીપલ્સ પાર્ટી (SLPP)નો વિજય (વૈશ્વિક રાજકારણ)



- ✓ કુલ બેઠક : ૨૨૫
- ✓ SLPP: કુલ-૧૪૫ બેઠક પર વિજેતા
- ✓ વર્તમાન વડાપ્રધાન : મહિંદા રાજપક્ષે
- ✓ પક્ષ : SLPP
- ✓ રાજધાની : કોલંબો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વિમાન અકસ્માત : કેરળના કોઝિકોડના કરિપુરી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ AXB1344ને અકસ્માત

- ✓ **કારણ:** વધુ વરસાદને કારણે વિમાન રનવે પરથી લપસી પડતાં બે ટૂકડા થયા
- ✓ રૂટ : દુબઈથી કોઝિકોડ
- ✓ ખાસ : વંદેમાતરમ મિશન હેઠળ દુબઈમાં ફસાયેલા ૧૯૦ લોકોને લઈને ભારત આવ્યું હતું.
- ✓ ટેબલટોપ – રનવે – કરિપુર એરપોર્ટ – કોઝિકોડ

ટેબલટોપ રનવે એટલે શું :

- ✓ કોઝિકોડના કરિપુરનું એરપોર્ટ પર્વતીય વિસ્તારમાં છે. તેનો રનવે ટેબલ ટોપ છે,

એટલે કે, એક ચોક્કસ અંતર પછી રનવેના આગળના ભાગમાં ઊંડી ખીણ છે.



- ✓ આવા સ્થળે પાઈલટ પાસે વિમાન રોકવા માટે ઘણી ઓછી જગ્યા હોય છે.
- ✓ એવું કહેવાય છે કે, ભારે વરસાદના કારણે લેન્ડિંગ કરતા સમયે વિમાન રનવે પર આગળ નીકળીને ખીણમાં પડી ગયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. શ્રીરામ નિર્માણ જન્મભૂમિ પૂજન-અયોધ્યા

- ✓ ભારતીય પોસ્ટ વિભાગના ઉપક્રમે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા આ પ્રસંગે રામમંદિર આધારિત રૂ. પની પોસ્ટ ટિકિટ લોન્ચ કરાઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : 7 ઓગસ્ટ

આવ ગિરા ગુર્જરી : ભોળાભાઈ પટેલ

જન્મ – 7 ઓગસ્ટ 1934

અવસાન – 20 મે 2012



- ✓ ભોળાભાઈ શંકરભાઈ પટેલ નિબંધકાર, વિવેચક, સામયિક સંપાદક, અનુવાદક.
- ✓ જન્મ/વતન - સોજા (જિ.મહેસાણા, હાલમાં ગાંધીનગર).
- ✓ ૧૯૫૨માં એસ.એસ.સી.
- ✓ ૧૯૫૭માં બનારસ હિંદુ યુનિવર્સિટીમાંથી બી.એ.
- ✓ ૧૯૬૦માં હિંદી-સંસ્કૃત વિષયોમાં પુન: એમ.એ.

- ✓ ૧૯૭૦માં અંગ્રેજી-ભાષાવિજ્ઞાન વિષયોમાં એમ.એ.
- ✓ ૧૯૭૮માં હિંદીમાં 'અજ્ઞેય: એક અધ્યયન' વિષય પર પી.એચ.ડી.
- ✓ ૧૯૬૦થી ૧૯૬૯ સુધી સરદાર વલ્લભભાઈ આર્ટસ કૉલેજ, અમદાવાદમાં અધ્યાપક.
- ✓ ૧૯૬૯થી ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનમાં હિંદીના વ્યાખ્યાતા અને ૧૯૮૦થી રીડર. પછીથી હિંદી વિભાગના અધ્યક્ષ. ૧૯૯૪માં નિવૃત્ત.
- ✓ ૧૯૮૩-૮૪માં વિશ્વભારતી, શાંતિનિકેતનમાં તુલનાત્મક ભારતીય સાહિત્યના વિઝિટિંગ ફેલો.
- ✓ ૨૫ વર્ષો સુધી 'પરબ'ના તંત્રી.
- ✓ ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી.
- ✓ પ્રવાસ નિબંધોના લલિત નિરૂપણમાં એમણે પોતાની આગવી મુદ્રા ઉપસાવી છે. એમાં સ્થળકાળના સંવેદનોએ અંગત સંવેદનાઓની અર્થચ્છાયાઓ સુપેરે ઝીલી.
- ✓ અંગ્રેજી, જર્મન, હિંદી, મરાઠી, બંગાળી, ઓડિયા, અસમિયા વગેરે ભાષાસાહિત્યનો એમનો અભ્યાસ એમના વિવેચનને તુલનામૂલક તેમ જ આસ્વાદ્ય બનાવે છે.
- ✓ આસ્વાદલક્ષી વિવેચન એમનો વિશેષ છે

<u>સાહિત્ય સર્જન :</u>

- ✓ એમના પ્રથમ પુસ્તક 'સુરદાસની કવિતા' (૧૯૭૨) પછી 'અધુના' (૧૯૭૩), 'ભારતીય ટૂંકીવાર્તા' (૧૯૭૩), 'પૂર્વાપર' (૧૯૭૬), 'કાલપુરુષ' (૧૯૭૯), 'આધુનિકતા અને ગુજરાતી કવિતા' (૧૯૮૭) 'સાહિત્યિક પરંપરાનો વિસ્તાર' (૧૯૯૬), 'મળી માતૃભાષા મને ગુજરાતી' (૧૯૯૭), 'આવ ગિરા ગુજરાતી' (૨૦૦૩) વગેરે વિવેચનગ્રંથો પ્રગટ થયા છે.

<u>સન્માન-એવોર્ડ્સ</u>

- ✓ ગુજરાત સાહિત્યસભા દ્વારા રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૯૫)
- ✓ હિન્દી સાહિત્યસેવી સન્માન, ગાંધીનગર ૨૦૦૦;
- ✓ શ્રી સ્વામી સચ્ચિદાનંદ સન્માન, ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૦૫;
- ✓ સાહિત્ય ગૌરવ પુરસ્કાર ૨૦૦૫
- ✓ ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી' ૨૦૦૮
- ✓ સાહિત્ય અકાદેમી દિલ્હી તરફથી તેનું સર્વોચ્ચ સન્માન 'મહત્તર સદસ્યતા' 'Fellowship'થી ૨૦૧૦માં બહુમાન કરવામાં આવ્યું છે.
- ✓ અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ, ૧૯૯૬;
- ✓ 'ભારતીય ઉપન્યાસ પરંપરા ઔર ગ્રામ કેન્દ્રી ઉપન્યાસ', હિન્દી ગ્રંથને રાષ્ટ્રીય પુરસ્કાર,
- ✓ કેન્દ્રીય હિન્દી નિદેશાલય, દિલ્હી ૨૦૦૨-૨૦૦૩;
- ✓ સારસ્વત ગૌરવ એવોર્ડ અમદાવાદ, ૨૦૦૩.
- ✓ મનુભાઈ પંચોળી દર્શક ફાઉન્ડેશનનો સાહિત્ય એવોર્ડ ૨૦૦૭ વગેરે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૮-૨૦૨૦)

1. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી ગુજરાત સરકાર તાજેતરમાં કઈ તારીખે સફળતા પૂર્વક 4 વર્ષે પૂર્ણ કર્યો - **07.08.2020**
2. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી ગુજરાત સરકારના તાજેતરમાં સફળતાપૂર્વક શાસનકાળના 1460 દિવસમાં કેટલા જનહીતના નિણર્ય કર્યો - **1500**
3. તાજેતરમાં ભરૂચ અને અંકલેશ્વર માટે મીઠા પાણીની કઈ યોજનાના કાર્યનો મુખ્યમંત્રી શ્રીના હસ્તે ઈ-પ્રારંભ કરાયો - **ભાડભૂત બેરેજ યોજના**
4. નર્મદા નદીમાંથી દરિયામાં વહી જતું હજારો ક્યુસેક પાણી અટકાવવા માટે તૈયાર થનાર સૌથી મોટી યોજનાનું નામ જણાવો - **ભાડભૂત બેરેજ યોજના**
5. ભાડભૂત બેરેજ યોજના કાર્યોન્વિત થવાથી કેટલા ઘન ફૂટ મીઠા પાણીનો સંગ્રહ થશે - **21,000 મિલિયન ઘન ફૂટ**
6. ભાડભૂત બેરેજ યોજનાનું કુલ કદ જણાવો - **રૂ. 5300 કરોડ**
7. ભાડભૂત બેરેજ યોજનાની લંબાઈ જણાવો - **1648 મિટર**
8. ભાડભૂત બેરેજ યોજના કયા તાલુકામાં તૈયાર થઇ રહી છે - **ભરૂચ**
9. તાજેતરમાં કયા રૂટ ઉપર ભારતની પ્રથમ "કિસાન રેલવે"નો પ્રારંભ કરાયો -**દેવાલીથી દાનપુર(મહારાષ્ટ્ર)**
10. સેન્ટ્રલ રેલવે દ્વારા ખેતર-બજાર અને ગ્રાહકોના જોડાણ માટે સૌપ્રથમ કઈ મલ્ટી-કોમોડિટી ટ્રેનની શરૂઆત કરવામાં આવી - **કિસાન રેલવે**
11. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020નો સમયગાળો જણાવો – **5 વર્ષે**
12. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020માં થ્રસ્ટ સેકટરને કયા બે જૂથમાં વિભાજન કરવામાં આવ્યું છે - **કોર સેકટર અને સનરાઈઝ સેકટર**
13. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ મોટા ઉદ્યોગોને GSTના લાભો રદ કરીને તાલુકા કેટેગરી મુજબ રોકાણ સામે કેટલા ટકા રોકડ સબસિડી અપાશે - **4 થી 12%**
14. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ મોટા ઉદ્યોગોને GSTના લાભો રદ કરીને તાલુકા કેટેગરી મુજબ રોકાણ સામે 4 થી 12% રોકડ સબસિડી અપાશે જેમાં મહત્તમ કેશ સબસિડી કેટલી કેટલા વર્ષે માટે અપાશે - **રૂ.40 કરોડ અને 10 વર્ષે**
15. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ નવા ઉદ્યોગોને કેટલા વર્ષે માટે ઈલેક્ટ્રિસિટી ડ્યુટી માફી યથાવત રખાઈ - **5 વર્ષે**
16. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ કેટલા વર્ષે માટે ઉદ્યોગોને જમીન લીઝ ઉપર આપવામાં સરકાર સહાય કરશે - **50 વર્ષે**
17. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ સ્ટાર્ટ અપમાં મહિલા, દિવ્યાંગ અને SC -STને કેટલા ટકા વધુ વ્યાજ સબસિડી અપાશે- **1 %**
18. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ MSME સેકટરને ધિરાણની રકમના કેટલા ટકા એટલે મહત્તમ કેટલી કેપિટલ સબસિડી અપાશે- **25% અને રૂ.35 લાખ**
19. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ મધ્યમ કદના ઉદ્યોગોમાં રૂ.10 કરોડથી વધુનું રોકાણ હશે તો વધારાની કેટલી સહાય અપાશે - **રૂ. 10 લાખ**
20. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ સેવાક્ષેત્રેના કયા કયા MSME માટે 7% સુધી વ્યાજ સબસિડી અપાશે - **નાણાકીય, આરોગ્યલક્ષી, એન્જિનિયરિંગ, અને પર્યાવરણીય**
21. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ પછાત તાલુકામાં MSMEને કેટલા વર્ષે સુધી ખાસ ઈન્સેન્ટિવ બેનિફિટ મળતા રહેશે - **10 વર્ષે**

22. દેશના કુલ પ્રસ્તાવિત મૂડીરોકાણમાં ગુજરાતનો હિસ્સો કેટલા ટકા છે - 51 %
23. ગુજરાત દેશમાં સૌથી ઓછો કેટલા ટકા બેરોજગારીનો દર ધરાવે છે - 3.4%
24. ગુજરાતમાં ફરજ બજાવતા બજાવતા કોરોના વાયરસથી મુત્યુ પામેલા સરકારી કર્મચારીઓના પરિવારજનો માટે મુખ્યમંત્રીશ્રીએ કયા ત્રણ લાભ આપવાની તાજેતરમાં જાહેરાત કરી – **૧. પ્રધાનમંત્રી-મુખ્યમંત્રી આવાસના મકાનોમાં મૃતક કોરોના વોરિયર્સના પરિવારના સદસ્યને લકી ડ્રો કર્યા વિના મકાન ફાળવાશે ૨. મૃતક કોરોના વોરિયર્સના પરિવારના સદસ્યને આરોગ્ય સેવા મફત મળી રહે તેના માટે રૂપિયા ૩ લાખની સહાય કરાશે. અને ૩. મૃતક સરકારી કોરોના વોરિયર્સના બાળકોને અભ્યાસ માટે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ ખાનગી કે સરકારી કોલેજના ડિપ્લોમા સહિત અન્ય કોર્ષ તેમજ સરકારી ભરતી કરવા માટે ૫૦ ટકા રાહત અપાશે.**
25. તાજેતરમાં તા.07 ઓગસ્ટે મુખ્યમંત્રીશ્રી સાથે "મોકળા મને" સંવાદ કાર્યક્રમ કયાં યોજાયો - **મુખ્ય મંત્રીશ્રી નિવાસ સ્થાન, ગાંધીનગર**
26. ઓગસ્ટ-૨૦૨૦માં પડોશી દેશ શ્રીલંકામાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં કયા પક્ષને સ્પષ્ટ બહુમતી મળી - SLPP (૧૪૫ બેઠક)
27. શ્રીલંકન રાજકીય પક્ષ SLPPનું વિસ્તૃત નામ જણાવો - **શ્રીલંકા પીપલ્સ પાર્ટી**
28. શ્રીલકાના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **મહિંદા રાજપક્ષે**
29. શ્રીલંકાની રાજધાની જણાવો - **કોલંબો**
30. ઓગસ્ટ-૨૦૨૦માં કેરળના કયા એરપોર્ટ ઉપર એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ AXB1344ને અકસ્માત નડયો - **કોઝિકોડના કરિપુરી ઈન્ટરનેશનલ**
31. ઓગસ્ટ-૨૦૨૦માં કેરળના કોઝિકોડના કરિપુરી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ AXB1344ને અકસ્માત નડયો તેનો રૂટ જણાવો - **દુબઈથી કોઝિકોડ**
32. ઓગસ્ટ-૨૦૨૦માં કેરળના કોઝિકોડના કરિપુરી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ AXB1344ને અકસ્માત નડયો તેમાં કોણ મુસાફરી કરતાં હતા - **વંદેમાતરમ મિશન હેઠળ દુબઈમાં ફસાયેલા ૧૯૦ મુસાફરો**
33. ચોક્કસ અંતર પછી આગળના ભાગમાં ઊંડી ખીણ હોય તેવા રનવેના કયા નામથી ઓળખવામાં આવે છે - **ટેબલટોપ રનવે**
34. તાજેતર ઓગસ્ટ-૨૦૨૦માં અયોધ્યામાં શ્રીરામ નિર્માણ જન્મભૂમિ પૂજન વેળાએ ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા કેટલા રૂપિયાની પોસ્ટ ટિકિટ લોન્ચ કરાઈ હતી – ૩.૫
35. તાજેતર ઓગસ્ટ-૨૦૨૦માં અયોધ્યામાં શ્રીરામ નિર્માણ જન્મભૂમિ પૂજન વેળાએ ભારતીય પોસ્ટ વિભાગના ઉપક્રમે કોના દ્વારા રામમંદિર આધારિત રૂ. ૫ની પોસ્ટ ટિકિટ લોન્ચ કરાઈ હતી – **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી**
36. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો - **7 ઓગસ્ટ 1934**
37. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલનું જન્મ સ્થળ/વતન જણાવો - **સોજા (જિ.મહેસાણા, હાલમાં ગાંધીનગર)**
38. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલે કયા વર્ષે અને કયા વિષય પર પી.એચ.ડી.ની પદવી મેળવી હતી – **વર્ષ-૧૯૭૮ તથા 'અજ્ઞેય: એક અધ્યયન' વિષય**
39. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલે કેટલા વર્ષો સુધી 'પરબ'ના તંત્રી તરીકે સેવા આપી - ૨૫
40. ગુજરાતી સાહિત્ય સામયિક પરબ કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે – **ગુજરાતી સાહિત્ય પરિષદ**
41. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલના પ્રથમ પુસ્તકનું નામ જણાવો - **'સુરદાસની કવિતા' (૧૯૭૨)**
42. વર્ષ-૧૯૯૭માં લખાયેલું પુસ્તક 'મળી માતૃભાષા મને ગુજરાતી'ના લેખકનું નામ જણાવો – **ભોળાભાઈ પટેલ**
43. વર્ષ-૨૦૦૩ લખાયેલું પુસ્તક 'આવ ગિરા ગુજરાતી'ના લેખકનું નામ જણાવો – **ભોળાભાઈ પટેલ**
44. સાહિત્યકાર ભોળાભાઈ પટેલને કયા વર્ષે ગુજરાત સાહિત્યસભા દ્વારા રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરાયા હતા – **વર્ષ-૧૯૯૫**
45. સાહિત્યકાર ભોળાભાઈ પટેલને કયા વર્ષે હિન્દી સાહિત્યસેવી સન્માન મળ્યુ હતુ – **વર્ષ-૨૦૦૦**

46. શ્રી સ્વામી સચ્ચિદાનંદ સન્માન કોના દ્વારા આપવામાં આવે છે - **ગુજરાતી સાહિત્ય પરિષદ**
47. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ક્યા વર્ષે ભોળાભાઈ પટેલને શ્રી સ્વામી સચ્ચિદાનંદ સન્માન આપવામાં આવ્યું હતુ – **વર્ષ-૨૦૦૫**
48. ભોળાભાઈ પટેલને સાહિત્ય ગૌરવ પુરસ્કાર કયા વર્ષે મળ્યો હતો – **વર્ષ-૨૦૦૫**
49. ભારત સરકાર તરફથી વર્ષ-૨૦૦૮માં ભોળાભાઈ પટેલનું કયા એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતુ - **'પદ્મશ્રી'**
50. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલને કયા વર્ષે અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ પ્રાપ્ત થયો હતો – **વર્ષ-૧૯૯૬**
51. વર્ષ-૨૦૦૭નો મનુભાઈ પંચોળી દર્શક ફાઉન્ડેશનનો સાહિત્ય એવોર્ડ કોને આપવામાં આવ્યો હતો - **ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નિમણૂક : UPSCના અધ્યક્ષ તરીકે પ્રો. પ્રદીપકુમાર જોશીની નિમણૂક

શિક્ષણવિદ પ્રોફેસર પ્રદીપકુમાર જોશીની યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ના અધ્યક્ષ તરીકે નિમણૂક.



✓ કાર્યકાળ : 4 એપ્રિલ, 2022 સુધી

કુલ-૪ મુખ્ય સેવાઓ :

✓ ભારતીય વહીવટી સેવા - IAS

✓ ભારતીય પોલીસ સેવા - IPS

✓ ભારતીય વિદેશી સેવા - IFS

✓ ભારતીય ફોરેસ્ટ સેવા - IFS

✓ UPSC : યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (દિલ્હી)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ISR : અમદાવાદ શહેર માટે "એડવાન્સ અર્લી અર્થક્વેક વોર્નિંગ સિસ્ટમ" વિકસાવાઈ (કુદરતી આપત્તિ)

✓ હેતુ : માત્ર ૪૦ સેકેન્ડ પહેલાં SMSથી ભૂકંપની ચેતવણી મળશે.

વિગત :

✓ ઇન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR), ભૂકંપ ત્રાટકે તેની ૪૦ સેકન્ડ પહેલાં લોકોને તેમના મોબાઇલ પર SMS મારફતે એલર્ટ-સાવધ કરીને ઘર કે ઓફિસના બિલ્ડિંગમાંથી બહાર નીકળવા માટેની તક પૂરી પાડશે.

✓ ગાંધીનગરમાં ISR એડવાન્સ અર્લી અર્થક્વેક વાર્નિંગ (EEW) સિસ્ટમ પર કામ કરી રહી છે અને તેનો હેતુ નાગરિકોને તેમના મોબાઇલ પર ૪૦ સેકન્ડ પહેલાં ભૂકંપ વિશે આગોતરી જાણ કરીને તેમની કીમતી જિંદગી અને ગેસ, વીજળીની

લાઈન જેવી મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રક્ષણ કરવાનો છે

આ સિસ્ટમ કેવી રીતે કામ કરશે

- ✓ જ્યારે ભૂકંપ આવે ત્યારે P-વેવ, વિનાશક જી-વેવ અને સરફેસ વેવ એમ ત્રણ વિવિધ કંપન- વેવ મોકલે છે.
- ✓ P- વેવ, શરૂઆતમાં સિસ્મોમીટર દ્વારા શોધી કાઢવામાં આવે છે અને તે સૌથી ઝડપથી આવે છે.
- ✓ સેન્સર્સ P- વેવ શોધીને તત્કાળ તે ડેટા ચોવીસે કલાક કાર્યરત મોનિટરિંગ સિસ્ટમ પર ટ્રાન્સમિટ થાય છે અને ત્યાં અલ્ગોરિધમ લોકેશન અને ભૂકંપની તીવ્રતા નક્કી કરે છે.
- ✓ S- વેવ, સંભવિત નુકસાન વિશે માહિતી આપે છે.
- ✓ S- વેવ P- વેવને અનુસરે છે.
- ✓ મોનિટરિંગ સેન્ટરમાંથી તત્કાળ તમારા મોબાઇલ અથવા ડેસ્કટોપ પર ભૂકંપની ચેવતણી ટ્રાન્સમિટ કરે છે.
- ✓ **સંસ્થા:** ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ-ISR, રાયસણ-ગાંધીનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર (સ્વસ્થ ભારત)

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના પ્રથમ 'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર'નું ઉદઘાટન કરાયું



- ✓ સ્થાન : રાજઘાટ, નવી દિલ્હી
- ✓ અંગ્રેજો ભારત છોડો આંદોલનની ૭૮મી વર્ષગાંઠ નિમિતે PM મોદી દ્વારા 'ગંદકી ભારત છોડો' નારો

રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર વિશે

- ✓ રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર મહાત્મા ગાંધીને સમર્પિત કરાયું.
- ✓ પીએમ મોદીએ ૧૦ એપ્રિલ ૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય સ્વચ્છતા મિશનની જાહેરાત કરી.
- ✓ આ કેન્દ્રના સભાગારમાં ભાવી પેઢીઓને સ્વચ્છ ભારત મિશનની સફળ યાત્રાનો પરિચય કરાવવામાં આવે છે.
- ✓ આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ સ્વચ્છ ભારત મિશન પરની એક ટૂંકી ફિલ્મ પણ જોઈ હતી તથા ૩૬૦ ડિગ્રી વિઝ્યુઅલ ઓડિયો-વિઝ્યુઅલ શો પણ નિહાળ્યો.
- ✓ રાજઘાટ – મહાત્મા ગાંધીની સમાધિ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ભારતના નવા CAG તરીકે શ્રી જી.સી.મૂર્મુના રાષ્ટ્રપતિ ભવન ખાતે શપથ



- ✓ કાર્યકાળ : ૨૦ નવેમ્બર-૨૦૨૪ સુધી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 7 ઓગસ્ટ

'નેશનલ હેન્ડલૂમ ડે'



- ✓ PM દ્વારા #vocal4handmade અભિયાન
- ✓ **હેતુ:** આત્મનિર્ભર ભારતના મંત્રને ચરિતાર્થ કરવા.
- ✓ ઈતિહાસ : ભારતમાં ૭ ઓગસ્ટ-૧૯૦૫માં કોલકત્તા ખાતેથી અંગ્રેજો સામે "સ્વદેશી ચળવળ"નો પ્રારંભ થયો હતો.
- ✓ **'નેશનલ હેન્ડલૂમ ડે' ઉજવવાનો સૌપ્રથમ પ્રારંભ :** વર્ષ-૨૦૧૫થી
- ✓ **સ્થાન :** ચેન્નઈ (તામિલનાડુ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : 8 ઓગસ્ટ

1942 અંગ્રેજો ભારત છોડો આંદોલનનો પ્રારંભ



- ✓ સ્થાન : મુંબઈ
- ✓ ૭૮મી વર્ષગાંઠ : ૮ ઓગસ્ટ-૨૦૨૦

સમગ્ર ઐતિહાસિક ઘટના :

- ✓ ભારતની આઝાદીના સંગ્રામનો ઇતિહાસ વિશ્વ ફલક પર એક સીમાચિહ્ન છે અને એમાં 'અંગ્રેજો ભારત છોડો' એ આખરી એલાન સ્વાતંત્ર્ય સંગ્રામનું ચરમબિંદુ હતું.
- ✓ ૮ ઓગસ્ટ ૧૯૪૨ એટલે આઝાદી પ્રાપ્ત કરવાનો સર્વમાન્ય પ્રજાકીય જંગ.
- ✓ ગાંધીજી પ્રેરિત 'કરેંગે યા મરેંગે' Do or Dieનો રાષ્ટ્રવ્યાપી આઝાદી માટેનો જનસંકલ્પ.
- ✓ ૧૯૪૨ની ૮મી ઓગસ્ટે મુંબઈમાં અખિલ ભારતીય કોંગ્રેસનું અધિવેશન મળ્યું હતું.
- ✓ ગાંધીજીના પ્રભાવશાળી પ્રવચન પછી પં. જવાહરલાલ નહેરુએ 'અંગ્રેજો ભારત છોડો'નો ઠરાવ રજૂ કર્યો હતો. તેને સરદાર પટેલે સમર્થન આપ્યું હતું.
- ✓ ગાંધીજીએ સમાપન સંદેશામાં કહ્યું હતું. "આ મંત્ર તમારા હૈયામાં કડારી લો. સહુના

શ્વાસ શ્વાસમાં એ મંત્ર રણકવો જોઈએ. 'કરો યા મરો' આપણે કાં તો આ સંઘર્ષમાં સ્વતંત્ર થઈશું યા મોતને ભેટીશું."

- ✓ ગાંધીજીએ જંગે એલાનના આખરી શબ્દોમાં રણટંકાર કરતા કહ્યું હતું. "અંગ્રેજો તમે ભારત છોડો. ગમે તેને સત્તા સોંપીને ચાલી જાઓ... હું તો કહું છું કે અરે ચોર ડાકુને સોંપીને જાઓને ? અમે પછી આપસ આપસનું જોઈ લઈશું. પણ હિન્દીને સત્તા સોંપો. તમે અંગ્રેજો હટ જાવ. નહીં તો પછી તમારી સાથે લડવે જ છૂટકો છે."
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 8 ઓગસ્ટ

ગુજરાતી નાટકના પ્રણેતા : રણછોડરામ ઉદયરામ દવે

જન્મ – 8 ઓગસ્ટ 1837

અવસાન – 9 એપ્રિલ-1923



- ✓ હિંદ છોડો આંદોલનનો આજના દિવસે 1942ના વર્ષે ઠરાવ થયો હતો અને ક્રિકેટર દિલીપ સરદેસાઈ, સ્વતંત્રતા સેનાની જ્યોત્સ્નાબેન શુક્લ, કેળવણીકાર અમૃતલાલ યાજ્ઞિક, હવેલી સંગીતના ખ્યાતનામ ગાયક વિઠ્ઠલદાસ બાપોદરા, ભીષ્મ સહાની, જિનેટિક્સ વિદ્યાના સ્થાપક વિલિયમ બેટ્સન અને ગુજરાતી નાટકના પ્રણેતા રણછોડરામ દવેનો જન્મદિન.
- ✓ ખેડાના મહુધા ગામે જન્મેલા રણછોડરામ મહુધા,નડિયાદ અને અમદાવાદમાં ભણ્યા હતા
- ✓ 1884માં તેઓને કચ્છ તરફથી હજુર આસિસ્ટન્ટ અને પછી પ્રધાનનું માનભર્યું પદ મળ્યું હતું.
- ✓ વ્યવસાયી પ્રવૃત્તિની સાથે તેઓ નાટ્યલેખક તરીકે પ્રસ્થાપિત થયા હતા.
- ✓ ગુજરાતી નાટકને અશુદ્ધિઓ અને અશ્લીલતામાંથી બહાર કાઢવાનું શ્રેય રણછોડરામને જાય છે.
- ✓ જયકુમારી વિજયનાટક, લલિતા દુઃખ દર્શક નાટક, તારામતી સ્વયંવર, હરિશ્ચંદ્ર, નળ દમયંતી નાટક, વંઠેલ વિરહાના કુંડા કૃત્યો, રણ પિંગળ, નાટ્ય પ્રકાશ વગેરે તેમની નાટક, નિબંધ અને પિંગળને લગતી કૃતિઓ છે.
- ✓ ફોર્બ્સ કૃત રાસમાળા, માલવિકાગ્નિમિત્ર, વિક્રમોવર્શિયમના અનુવાદ માટે પણ તેઓ જાણીતા છે.
- ✓ 1912માં રણછોડરામ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યાં હતાં.
- ✓ નાટ્યકારનું 9 એપ્રિલ 1923ના રોજ અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં 40 સેકન્ડ અગાઉ SMS દ્વારા ભૂકંપની માહિતી આપતી સિસ્ટમ વિકસાવાની જાહેરાત કરાઈ છે - **અમદાવાદ**
2. અમદાવાદમાં અગાઉથી ભૂકંપની માહિતી કઈ નવી સિસ્ટમ અમલી બનાવાશે - **"એડવાન્સ અર્લી અથેક્વેક વૉર્નિંગ સિસ્ટમ"**
3. અમદાવાદમાં કઈ સંસ્થા દ્વારા "એડવાન્સ અર્લી અથેક્વેક વૉર્નિંગ સિસ્ટમ"તૈયાર કરાશે - **ISR**
4. ISRનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજીકલ રિસર્ચ**
5. ISR સંસ્થા કયાં આવેલી છે - **રાયસણ,ગાંધીનગર**
6. તાજેતરમાં UPSCના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે - **પ્રો.પ્રદીપકુમાર જોશી**
7. તાજેતરમાં નિમણૂક પામેલા UPSCના નવા અધ્યક્ષ પ્રો.પ્રદીપકુમાર જોશીનો કાર્યકાળ જણાવો - **4 એપ્રિલ 2022**
8. UPSC અંતર્ગત મુખ્ય ચાર સેવાઓના નામ જણાવો- **ભારતીય વહીવટી સેવા(IAS), ભારતીય પોલીસ સેવા(IPS), ભારતીય વિદેશી સેવા(IFS), ભારતીય ફોરેસ્ટ સેવા(IFS)**
9. UPSCનું વિસ્તૃત નામ જણાવો - **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન**
10. તાજેતરમાં PM નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ભારતના પ્રથમ "રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર"નું ઉદ્ઘાટન કયારે કરવામાં આવ્યું - **8 ઓગસ્ટ 2020**
11. તાજેતરમાં PM નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ભારતના પ્રથમ "રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર"નું ઉદ્ઘાટન કયાં કરવામાં આવ્યું - **રાજઘાટ**
12. "અંગ્રેજો ભારત છોડો આંદોલન"ની 78 વર્ષગાંઠ નિમિત્તે PM નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છતા માટે કયો નવો નારો અપાયો - **"ગંદકી ભારત છોડો"**
13. ભારતના નવા CAG જી.સી. મૂર્મુનો કાર્યકાળ જણાવો - **20 નવેમ્બર 2024**
14. ભારતમાં "નેશનલ હેન્ડલૂમ ડે" કયારે ઉજવવામાં આવે છે - **7 ઓગસ્ટ**
15. ભારતમાં "નેશનલ હેન્ડલૂમ ડે" કયારથી ઉજવવામાં આવે છે - **7 ઓગસ્ટ 2015**
16. ભારતમાં સૌ પ્રથમ "નેશનલ હેન્ડલૂમ ડે" કયાંથી ઉજવવામાં આવ્યો હતો - **ચેન્નાઈ**
17. ભારતમાં "નેશનલ હેન્ડલૂમ ડે" કઇ ઐતિહાસિક ઘટનાની યાદમાં ઉજવવામાં આવે છે - **7 ઓગસ્ટ 1905 અંગ્રેજો સામે"સ્વદેશી ચળવળ"(કોલકત્તા)**
18. "અંગ્રેજો ભારત છોડો આંદોલન"નો પ્રારંભ ભારતમાં કયારે થયો હતો - **8 ઓગસ્ટ 1942**
19. "અંગ્રેજો ભારત છોડો આંદોલન"નો પ્રારંભ ભારતમાં કયાંથી થયો હતો - **મુંબઈ**
20. 'નેશનલ હેન્ડલૂમ ડે'-૨૦૨૦ના દિવસે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ટ્વિટર પર કયુ અભિયાન ચલાવાયું હતુ - **#vocal4handmade**
21. ગુજરાતી નાટકના પ્રણેતા તરીકે કોણ ઓળખાય છે - **રણછોડરામ ઉદયરામ દવે**
22. ગુજરાતી નાટકના પ્રણેતા રણછોડરામ ઉદયરામ દવેનો જન્મ દિવસ જણાવો - **08 ઓગસ્ટ 1837**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નિર્ણય : ભારતીય સંરક્ષણ મંત્રાલય : સંરક્ષણ મંત્રાલય દ્વારા આત્મનિર્ભર ભારત અંતર્ગત ૧૦૧ શસ્ત્ર અને સરંજામની આયાત પર પ્રતિબંધ (સંરક્ષણ)



- ✓ **હેતુ:** સંરક્ષણ સેકટરમાં આત્મનિર્ભરતા માટે MIIને વધુ વેગ આપવા અને ભારતને આત્મનિર્ભર બનાવવાનું લક્ષ્ય
- ✓ આ પ્રતિબંધ દ્વારા ઘરેલુ સંરક્ષણ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો લક્ષ્યાંક છે.
- ✓ પ્રતિબંધનો સમયગાળો : ડિસેમ્બર-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૫

વિગત :

- ✓ સશસ્ત્રદળોની જરૂરિયાતો સાથે સમાધાન કર્યા વિના સમયાંતરે આ યાદીમાં વધારો અથવા તો સુધારો થતો રહેશે.

હકારાત્મક અસરો :

- ✓ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર થવા માટે આ મોટું પગલું છે.
- ✓ આ નિર્ણયને પગલે ભારતની સંરક્ષણ કંપનીઓને નેગેટિવ લિસ્ટમાં સામેલ સંરક્ષણ ઉત્પાદનોનું પોતાની ડિઝાઇનનો ઉપયોગ કરીને ઉત્પાદન કરવા, પોતાની ક્ષમતાઓ વિકસાવવા અને ડીઆરડીઓ દ્વારા ડિઝાઇન કરાયેલી ટેક્નોલોજી અપનાવવાની મોટી તક ઉપલબ્ધ થશે.
- ✓ આર્મી, નેવી, એરફોર્સ, ડીઆરડીઓ, ડિફેન્સ સેક્ટરની જાહેરક્ષેત્રની કંપનીઓ, ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ અને ખાનગી કંપનીઓ સાથે ચર્ચાના સંખ્યાબંધ રાઉન્ડ પછી નેગેટિવ લિસ્ટ તૈયાર કરાયું છે.

રોકાણ :

- ✓ આ વસ્તુઓની આયાત પર પ્રતિબંધ તાત્કાલિક મૂકવાને બદલે ધીમે ધીમે

2020થી 2025 વચ્ચે લાગુ કરવાની યોજના છે.

- ✓ સેના-વાયુ સેના માટે આશરે 1,30,000 કરોડ રૂપિયા અને નેવી માટે 1,40,000 કરોડ રૂપિયાની વસ્તુઓ તૈયાર કરાશે.
- ✓ 2020-21માં ધરેલુ સંરક્ષણ ઉદ્યોગ માટે રૂ.52 હજાર કરોડનું અલગ બજેટ પણ રખાશે.

પ્રતિબંધિત મુખ્ય સંરક્ષણ સાધનો-સામગ્રી આયાતની યાદી :

મુખ્ય ઉત્પાદન : લડાકૂ હેલિકોપ્ટરથી લઈને હોવિત્ઝર તોપ પર રોક

- ✓ જેમાં 7.62 X 51 સ્નાઈપર રાઈફલ, આર્ટિલરી ગન, શોર્ટ રેન્જ જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ, 155 એમએમ/39 કોલ અલ્ટ્રા હાઈ હોવિત્ઝર તોપ, બુલેટપ્રૂફ જેકેટ, બેલેસ્ટિક હેલમેટ, મિસાઈલ ડિસ્ટ્રોયર, મલ્ટીપર્પઝ વેસલ્સ, વોટર જેટ ફાસ્ટક અટેક એરક્રાફ્ટ, એન્ટી સબમરીન રોકેટ, શિપ બોર્ન મીડિયમ રેન્જ ગન, રોકેટ લોન્ચર, ઈન્ટિગ્રેટેડ શિપ્સ બ્રિજ સિસ્ટમ, લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર, ટ્રાન્સપોર્ટર એરક્રાફ્ટ, જીસેટ-6 સેટેલાઈટ ટર્મિનલ, લૉ લેવલ ટ્રાન્સપોર્ટેબલ રડાર, પેરાશૂટ ટેક્ટિકલ અસૉલ્ટ, વ્હિલ આર્મ્ડ ફાઈટિંગ વ્હિકલ, લાઈટ મશીન ગન વગેરે સામેલ છે.

આત્મનિર્ભર લક્ષ્યાંકો :

- ✓ 15 વર્ષમાં 50% લક્ષ્ય પૂરું થયું, આયાતમાં ટોચના ક્રમે
- ✓ સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર 2005માં ભારતે તેની જરૂરિયાત મુજબના હથિયારોનો 70 ટકા હિસ્સો દેશમાં તૈયાર કરવાનું લક્ષ્ય રાખ્યું હતું.
- ✓ હાલ તે આશરે 35 ટકા સુધી પહોંચી શક્યું છે એટલે કે લક્ષ્ય 50 ટકા પ્રાપ્ત કરી શકાયું છે. 2010થી 2014 દરમિયાન વિશ્વ હથિયાર આયાતમાં ભારતનો હિસ્સો 15 ટકા હતો. તેની સાથે જ ભારત હથિયાર આયાત મામલે ટોચના ક્રમે હતો.
- ✓ ચીન વિશ્વનો ત્રીજો સૌથી મોટો હથિયાર નિર્યાતક દેશ છે.
- ✓ દુનિયાભરમાં સૈન્ય ખર્ચમાં દર વર્ષે 1.2%નો વધારો થઈ રહ્યો છે.
- ✓ તેમાં અમેરિકા એકલો 43% હિસ્સા સાથે સૌથી આગળ છે.
- ✓ ચીન 7% સાથે બીજા ક્રમે છે.
- ✓ તેના પછી બ્રિટન, ફ્રાન્સ અને રશિયા આશરે 4%ની આજુબાજુ છે.
- ✓ સંરક્ષણ મંત્રી : રાજનાથસિંહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ-૨૦૧૯ (કૃષિ)

વડાપ્રધાન શ્રી મોદી દ્વારા રૂ. ૧ લાખ કરોડના એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડનો પ્રારંભ

- ✓ કાર્યકાળ : વર્ષ-૨૦૧૯થી ૧૦ વર્ષ



વિગત :

- ✓ નવું એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ ૨૦૨૯ એટલે કે ૧૦ વર્ષ સુધી અમલમાં રહેશે.
- ✓ આ ફંડ દ્વારા પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કોમ્યુનિટી ફાર્મિંગ એસેટ્સ જેવા પ્રોજેક્ટમાં રોકાણ કરાશે.
- ✓ તેમાં વ્યાજમાં સબસિડી અને આર્થિક સહાય પણ પૂરી પાડવામાં આવશે.
- ✓ આ ફંડ અંતર્ગત પ્રાથમિક કૃષિ ક્રેડિટ સોસાયટીઓ, ખેડૂત સંગઠનો, કૃષિ ઉત્પાદન સંગઠનો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટ અપ, એગ્રિ-ટેક કંપનીઓને લોન અપાશે.
- ✓ આ માટે વિવિધ નાણાં ધિરાણસંસ્થાઓ સાથે ભાગીદારી કરીને રૂપિયા એક લાખ કરોડનું ફંડ મંજૂર કરાશે. આ માટે જાહેર ક્ષેત્રની ૧૨માંથી ૧૧ સરકારી બેન્કોએ કેન્દ્રીય કૃષિ મંત્રાલય સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- ✓ એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ ઓનલાઇન મેનેજમેન્ટ ઇનફર્મેશન સિસ્ટમ પ્લેટફોર્મ દ્વારા સંચાલિત રહેશે. લોન માટે આ પ્લેટફોર્મ પર અરજી કરવાની રહેશે.

નવું એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ વિશે :

- ✓ ૩ ટકાની વ્યાજ સબસિડી અને રૂપિયા બે કરોડ સુધીની ક્રેડિટ ગેરંટી
- ✓ વર્તમાન વર્ષમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડને મંજૂરી સાથે ચાર વર્ષ સુધી લોન અપાશે
- ✓ તે પછીના ૩ નાણાકીય વર્ષમાં દર વર્ષે રૂપિયા ૩૦,૦૦૦ કરોડની ફાળવણી
- ✓ લોનની પુનઃચુકવણી માટે મોરાટોરિયમ લઘુતમ ૬ મહિનાથી મહત્તમ બે વર્ષ રહેશે
- ✓ રૂપિયા બે કરોડ સુધીની લોન માટે સીજીટીએસએમએસઇ અંતર્ગત ક્રેડિટ ગેરંટી કવરેજ
- ✓ આ ક્રેડિટ ગેરંટી કવરેજ માટેની ફીની ચુકવણી સરકાર દ્વારા કરાશે

કઈ કઈ લોન આપવામાં આવશે :

- ✓ કોલ્ડ સ્ટોર અને કોલ્ડ સ્ટોરેજ ચેઇન
- ✓ વેર હાઉસિંગ
- ✓ સિલોસ
- ✓ એસેયિંગ
- ✓ ગ્રેડિંગ અને પેકેજિંગ યુનિટ
- ✓ ઇ- માર્કેટિંગ પોઇન્ટ
- ✓ ઇ-ટ્રેડિંગ પ્લેટફોર્મ
- ✓ રાઇપનિંગ ચેમ્બર્સ – ક્રોપ એગ્રિગેશન માટે પીપીપી પ્રોજેક્ટ

PM કિસાન સમ્માન નિધિ યોજના-૨૦૧૮ :

- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ અંતર્ગત ૮.૫૫ કરોડ

ખેડૂત લાભાર્થીઓ માટે રૂપિયા ૧૭,૧૦૦ કરોડનો છઠ્ઠો હપ્તો જારી કર્યો હતો.

- ✓ આ સાથે ૮.૫૫ કરોડ ખેડૂતોનાં બેન્ક ખાતાંમાં રૂપિયા બે-બે હજાર જમા થયા હતા.
- ✓ વર્ષ-૨૦૧૮માં શરૂ કરાયેલી પીએમ-કિસાન સ્કીમમાં સરકાર દ્વારા દર વર્ષે ૧૪ કરોડ ખેડૂતોના બેન્ક ખાતાંમાં ૩ હપતામાં રૂપિયા ૬૦૦૦ની આર્થિક સહાય જમા કરાવવામાં આવે છે.
- ✓ આ રકમ ખેડૂતોનાં બેન્ક ખાતાંમાં સીધી જમા થતી હોય છે.
- ✓ કેન્દ્રીય કૃષિ મંત્રી – શ્રી નરેન્દ્રસિંહ તોમર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. 'પ્રોજેક્ટ ચિતા' (સંરક્ષણ)

ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા ઇઝરાયલ પાસેથી હેરોન ડ્રોનની ખરીદી માટે પ્રોજેક્ટ 'ચિતા'નો પ્રારંભ

પ્રોજેક્ટ વિશે :

- ✓ અંદાજે કુલ ખર્ચ : રૂ. ૩૫૦૦ કરોડ
- ✓ ભારતીય સૈન્ય તેની લાંબા સમયથી પેન્ડિંગ ઇઝરાયેલના હેરોન ડ્રોનને અપગ્રેડ કરવાની યોજનામાં આગળ વધે તેવી સંભાવના.
- ✓ ઇઝરાયેલના આ ડ્રોનને લેઝર બોમ્બ અને એનટી ટેન્ક મિસાઇલ જેવી ક્ષમતાઓથી સજ્જ કરાશે.
- ✓ ઇઝરાયેલના આ ડ્રોનનો ઉપયોગ હાલ ભારતના ત્રણેય સૈન્ય કરી રહ્યા છે આર્મીએ ચીનને જવાબ આપવા માટે 'પ્રોજેકટ ચિતા'નામથી ફરીથી ઇઝરાયેલના ડ્રોનની ખરીદીનો પ્રોજેકટ શરૂ કર્યો છે.
- ✓ આ પ્રોજેક્ટ લાંબા સમયથી પેન્ડિંગ છે અને તેના પર અંદાજે રૂ.૩,૫૦૦ કરોડથી વધુનો ખર્ચ થવાની સંભાવના છે.
- ✓ આ પ્રોજેક્ટ હેઠળ આર્મી, નેવી અને એરફોર્સ ત્રણે સૈન્યના ૯૦ હેરોન ડ્રોનને લેસર ગાઈડેડ બોમ્બ, હવાથી જમીનમાં અને હવામાં પ્રહાર કરી શકતી ટેન્ક મિસાઈલોથી સજ્જ કરી અપગ્રેડ કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વૈશ્વિક રાજકારણ : વડા પ્રધાન તરીકે મહીંદા રાજપકશેના ચોથી વખત શપથ (નિમણૂક)



- ✓ પક્ષ : શ્રીલંકા પીપલ્સ પાર્ટી (SSLP)
- ✓ SSLP એ ચીન સમર્થક પાર્ટી
- ✓ રાજધાની : કોલંબો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારત છોડો આંદોલનની વર્ષગાંઠ નિમિતે સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન



- ✓ દર વર્ષે 9 ઓગસ્ટે રાષ્ટ્રપતિ ભવન ખાતે 'એટ હોમ' કાર્યક્રમ : દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કોરોનાને કારણે કાર્યક્રમ રદ્દ
- ✓ ગુજરાતના આઠ સ્વતંત્રતા સેનાનીનું કલેકટરશ્રી દ્વારા તેમના ઘરે જઈ સન્માન કરાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : 9 ઓગસ્ટ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ/ વિશ્વ મૂળ નિવાસી દિવસ



આદિજાતિ સમાજના વિકાસ માટે ગુજરાત સરકારે કરેલા મહત્વના નિર્ણયો :

વનબંધુ કલ્યાણ યોજના :

- ✓ આદિજાતિ વિકાસ માટે કુલ રૂ.૧,૦૦,૯૫૬ કરોડની ફાળવણી

પેસા એક્ટની જોગવાઈઓનો સઘન અમલ:

- ✓ આદિજાતિ સમાજને જંગલની જળ-જમીન અને ગૌણ વનપેદાશોના એકત્રીકરણના ગૌણ ખનીજ અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ
- ✓ ગુણવત્તાસભર શિક્ષણ માટે ૧૯ નવી મળી કુલ ૧૧૭ એકલવ્ય શાળાઓ
- ✓ ૩૨,૯૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ તથા ૨૪ નવી સરકારી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવાની મંજૂરી
- ✓ મેડીકલ/એન્જિનિયરીંગ અભ્યાસ માટે આદિજાતિના ૭,૧૧૯ વિદ્યાર્થીઓને ખાસ કોચિંગ
- ✓ ચાલુ વર્ષમાં ૧,૦૩૮ વિદ્યાર્થીઓ મેડીકલ/ એન્જિનિયરીંગ પ્રવેશ માટે પાત્ર
- ✓ આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની (રાજપીપળા ખાતે) સ્થાપના કરી છે.
- ✓ આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીયકક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ ગરૂડેશ્વર, રાજપીપળા

ખાતે ૨૫ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે.

સમરસ હોસ્ટેલ

- ✓ ૦૯ મહાનગરોમાં કોલેજ કક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૨,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ
- ✓ વન અધિકાર અધિનિયમ હેઠળ વ્યક્તિગત દાવા, સામુહિક દાવા અને માળખાકિય સુવિધા માટે ૧૩ લાખ એકર કરતા વધુ જંગલની જમીનના લાભોની મંજૂરી
- ✓ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ નિમિત્તે એકલવ્ય મોડલ શાળાઓ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણનો વ્યાપ વધારવા આદિવાસી વિસ્તારમાં ૦૯ શાળાઓ અને ૦૧ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ઈ-લોકાર્પણ/ ઈ–ભૂમિપૂજન
- ✓ આદિવાસી અને વન પર્યાવરણ મંત્રી – શ્રી ગણપતભાઈ વસાવા
- ✓ આદિવાસી રાજ્ય મંત્રી – શ્રી રમણ પાટકર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 9 ઓગસ્ટ

પૂર્વ મુખ્યમંત્રી : હિતેન્દ્ર દેસાઈ

જન્મ – 9 ઓગસ્ટ-1915

અવસાન – 12 સપ્ટેમ્બર-1993

- ✓ આજે તારીખ હિન્દ છોડો આંદોલનનો પ્રારંભ, ગ્રંથપાલ દિન, વિશ્વ આદિવાસી દિન અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ, આધુનિક મરાઠી રંગભૂમિના પ્રણેતા વિષ્ણુદાસનો જન્મદિવસ



- ✓ ૪૨ના પહેલા શહીદ ઉમાકાંત કડિયા, નટવર્ય અમૃત જાની અને ઇતિહાસકાર હરિપ્રસાદ શાસ્ત્રીની પુણ્યતિથિ.
- ✓ સ્વાતંત્ર્ય સૈનિક કુટુંબનો વારસો ધરાવતા અને સુરતમાં જન્મેલા હિતેન્દ્ર દેસાઈ વિદ્યાર્થીવસ્થામાં ચર્ચાસભાઓ, રમત ગમતમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. સુરત, મુંબઈમાં ભણી વકીલ થયા હતા.
- ✓ ૧૯૩૦માં દાંડીકુચ દરમિયાન અભ્યાસ પણ છોડ્યો હતો.
- ✓ હિતેન્દ્ર દેસાઈએ વ્યક્તિગત સત્યાગ્રહ અને ૧૯૪૨ના હિન્દ છોડો આંદોલનમાં ભાગ લઇ જેલવાસ ભોગવ્યો હતો.
- ✓ આઝાદી પછી તેઓ સુરત મ્યુ.કોર્પોરેશનના વાઈસ ચેરમેન બન્યા હતા.
- ✓ તેમની રાજકીય પ્રગતિનો ગ્રાફ વધતા ૧૯૫૭મા મુંબઈ ધારાસભાના સભ્યપદ સુધી અને ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય બન્યા પછી વિધાનસભાના સભ્ય અને મંત્રીપદ સુધી વિકસ્યો હતો.

- ✓ હિતેન્દ્ર દેસાઈ ૧૯૬૫ થી ૧૯૭૧ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે.
- ✓ તેમના શાસનકાળ દરમિયાન ગુજરાતમાં મોટાપાયે ઔધોગિકીકરણ, નવી યુનિવર્સીટીઓની સ્થાપના, મહાગુજરાતના શહીદોના શહીદ સ્મારકની રચના, રાજધાની ગાંધીનગરનો પાયો અને ૧૯૬૯માં અમદાવાદમાં થયેલા ભયંકર કોમી રમખાણો જેવી સારી નરસી ઘટનાઓ બની હતી.
- ✓ ગાંધીવાદી સંસ્કારો ધરાવતા અને ગુજરાતના રાજકારણમાં કેટલાક નવા ચીલાઓ પાડનાર હિતેન્દ્રભાઈ દેસાઈનું ૧૨ સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૮-૨૦૨૦)

1. ઓગસ્ટ-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે આત્મનિર્ભર ભારત અંતર્ગત કેટલા શસ્ત્ર અને સરંજામની આયાત પર પ્રતિબંધ મૂક્યો - **૧૦૧**
2. ઓગસ્ટ-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે આત્મનિર્ભર ભારત અંતર્ગત ૧૦૧ શસ્ત્ર અને સરંજામની આયાત પર પ્રતિબંધ મૂક્યો તેનો હેતુ જણાવો - **સંરક્ષણ સેકટરમાં આત્મનિર્ભરતા માટે MIIને વધુ વેગ આપવા અને ભારતને આત્મનિર્ભર બનાવવા**
3. ઓગસ્ટ-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે આત્મનિર્ભર ભારત અંતર્ગત ૧૦૧ શસ્ત્ર અને સરંજામની આયાત પર કેટલા સમય માટે પ્રતિબંધ લાદયો - **ડિસેમ્બર-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૫**
4. ભારતીય સંરક્ષણ મંત્રાલયે કોની સાથે ચર્ચા ક્યા બાદ ૧૦૧ શસ્ત્ર અને સરંજામની આયાત પર પ્રતિબંધ મૂકવા નેગેટિવ લિસ્ટ તૈયાર કર્યું હતુ - **આર્મી, નેવી, એરફોર્સ, ડીઆરડીઓ, ડિફેન્સ સેક્ટરની જાહેરક્ષેત્રની કંપનીઓ, ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ અને ખાનગી કંપનીઓ**
5. આત્મનિર્ભર ભારત અંતર્ગત સંરક્ષણ મંત્રાલય દ્વારા સેના-વાયુ સેના માટે આશરે કેટલા રૂપિયાની વસ્તુઓ તૈયાર કરાશે – **રૂ. 1,30,000 કરોડ**
6. આત્મનિર્ભર ભારત અંતર્ગત સંરક્ષણ મંત્રાલય દ્વારા નેવી માટે આશરે કેટલા રૂપિયાની વસ્તુઓ તૈયાર કરાશે – રૂ. 1,40,000 કરોડ
7. આત્મનિર્ભર ભારત અંતર્ગત સંરક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ 2020-21માં ધરેલુ સંરક્ષણ ઉદ્યોગ માટે કેટલા રૂપિયાનું અલગ બજેટ રખાશે - **રૂ. 52 હજાર કરોડ**
8. ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા પ્રતિબંધિત મુખ્ય સંરક્ષણ સાધનો-સામગ્રી આયાતની યાદી જણાવો - 7.62 X 51 સ્નાઈપર રાઈફલ, આર્ટિલરી ગન, શોર્ટ રેન્જ જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ, 155 એમએમ/39 કોલ અલ્ટ્રા હાઈ હોવિત્ઝર તોપ, બુલેટપ્રૂફ જેકેટ, બેલેસ્ટિક હેલમેટ, મિસાઈલ ડિસ્ટ્રોયર, મલ્ટીપર્પઝ વેસલ્સ, વોટર જેટ ફાસ્ટક અટેક એરક્રાફ્ટ, એન્ટી સબમરીન રોકેટ, શિપ બોર્ન મીડિયમ રેન્જ ગન, રોકેટ લોન્ચર, ઈન્ટિગ્રેટેડ શિપ્સ બ્રિજ સિસ્ટમ, લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર, ટ્રાન્સપોર્ટર એરક્રાફ્ટ, જીસેટ-6 સેટેલાઈટ ટર્મિનલ, લૉ લેવલ ટ્રાન્સપોર્ટેબલ રડાર, પેરાશૂટ ટેક્ટિકલ અસૉલ્ટ, વ્હિલ આર્મ્ડ ફાઈટિંગ વ્હિકલ, લાઈટ મશીન ગન
9. કોના રિપોર્ટ અનુસાર 2005માં ભારતે તેની જરૂરિયાત મુજબના હથિયારોનો 70 ટકા હિસ્સો દેશમાં તૈયાર કરવાનું લક્ષ્ય રાખ્યું હતું - **સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ**
10. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર 2005માં ભારતે તેની જરૂરિયાત મુજબના હથિયારોનો 70 ટકા હિસ્સો દેશમાં તૈયાર કરવાનું લક્ષ્ય હતું તે પૈકી હાલ આશરે કેટલા ટકા હથિયારો બન્યા છે - **35 ટકા**
11. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર વર્ષ 2010થી 2014 દરમિયાન વિશ્વ

હથિયાર આયાતમાં ભારતનો હિસ્સો કેટલા ટકા હતો – 15

12. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર વર્ષ 2010થી 2014 દરમિયાન હથિયાર આયાત મામલે ટોચના ક્રમના દેશનું નામ જણાવો – ભારત
13. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર વર્ષ 2010થી 2014 દરમિયાન વિશ્વનો ત્રીજો સૌથી મોટો હથિયાર નિર્યાતક દેશનું નામ જણાવો - ચીન
14. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર દુનિયાભરમાં સૈન્ય ખર્ચમાં દર વર્ષે કેટલા ટકાનો વધારો થઈ રહ્યો છે - 1.2 ટકા
15. ભારતના વર્તમાન સંરક્ષણ મંત્રીનું નામ જણાવો - રાજનાથસિંહ
16. ઓગસ્ટ-૨૦૨૦માં વડાપ્રધાન મોદીએ કેટલા રૂપિયાના એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડનો પ્રારંભ કરાવ્યો - રૂ. ૧ લાખ કરોડ
17. ઓગસ્ટ-૨૦૨૦માં વડાપ્રધાન મોદીએ રૂ.૧ લાખ કરોડના એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડનો પ્રારંભ કરાવ્યો આ ફંડ કયાં સુધી અમલમાં રહેશે - વર્ષ-૨૦૨૯ સુધી એટલે કે ૧૦ વર્ષ
18. એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ દ્વારા કયા પ્રોજેક્ટમાં રોકાણ કરાશે - પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કોમ્યુનિટી ફાર્મિંગ એસેટ્સ જેવા ક્ષેત્રો
19. એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ અંતર્ગત કોને લોન અપાશે - પ્રાથમિક કૃષિ ક્રેડિટ સોસાયટીઓ, ખેડૂત સંગઠનો, કૃષિ ઉત્પાદન સંગઠનો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટ અપ, એગ્રિ-ટેક કંપનીઓ
20. એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ અંતર્ગત વિવિધ નાણાં ધિરાણ સંસ્થાઓ સાથે ભાગીદારી કરીને કેટલું ફંડ મંજૂર કરાશે – રૂ. ૧ લાખ કરોડ
21. નવા એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત કેટલા ટકાની વ્યાજ સબસિડી અને કેટલા રૂપિયા સુધીની ક્રેડિટ ગેરંટી અપાશે – 3 ટકા તથા રૂ. બે કરોડ
22. નવા એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત ચાલુ વર્ષમાં કેટલા રૂપિયાને મંજૂરી સાથે ચાર વર્ષ સુધી લોન અપાશે - ૧૦,૦૦૦ કરોડ
23. નવા એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત આપવામાં આવતી લોનની પુનઃચુકવણી માટે મોરાટોરિયમ લઘુતમ કેટલા મહિનાથી મહત્તમ બે વર્ષ રહેશે – ૬ મહિના
24. નવા એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત કઈ કઈ લોન આપવામાં આવશે - કોલ્ડ સ્ટોર અને કોલ્ડ સ્ટોરેજ, ચેઇન, વેર હાઉસિંગ, સિલોસ, એસેયિંગ, ગ્રેડિંગ અને પેકેજિંગ યુનિટ, ઇ- માર્કેટિંગ પોઇન્ટ, ઇ-ટ્રેડિંગ પ્લેટફોર્મ, રાઇપનિંગ ચેમ્બર્સ – ક્રોપ એગ્રિગેશન માટે પીપીપી પ્રોજેક્ટ
25. ઓગસ્ટ-૨૦૨૦માં વડા પ્રધાન મોદીએ પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ અંતર્ગત કેટલા ખેડૂત લાભાર્થીઓ માટે કેટલા રૂપિયાનો છઠ્ઠો હપ્તો જારી કર્યો હતો - ૮.૫૫ કરોડ તથા રૂ. ૧૭,૧૦૦ કરોડ
26. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી હતી - વર્ષ-૨૦૧૮
27. કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત દર વર્ષે ૧૪ કરોડ ખેડૂતોના બેન્ક ખાતાંમાં કેટલા હપ્તામાં કેટલી આર્થિક સહાય જમા કરાવવામાં આવે છે - ૩ હપતામાં રૂ. ૬૦૦૦
28. વર્તમાન કેન્દ્રીય કૃષિ મંત્રીનું નામ જણાવો – શ્રી નરેન્દ્રસિંહ તોમર
29. ઓગસ્ટ-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા ઇઝરાયલ પાસેથી હેરોન ડ્રોનની ખરીદી માટે કયા પ્રોજેક્ટનો પ્રારંભ કરાયો - 'ચિતા'
30. ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા ઇઝરાયલ પાસેથી હેરોન ડ્રોનની ખરીદી માટે શરૂ કરાયેલા ચિતા પ્રોજેક્ટનો ખર્ચ જણાવો – અંદાજે રૂ. ૩૫૦૦ કરોડ
31. ભારતીય સંરક્ષણ મંત્રાલયના ચિતા પ્રોજેક્ટ હેઠળ આર્મી, નેવી અને એરફોર્સ ત્રણે સૈન્યના કેટલા હેરોન ડ્રોનને લેસર ગાઈડેડ બોમ્બ, હવાથી જમીનમાં અને હવામાં પ્રહાર કરી શકતી ટેન્ક મિસાઈલોથી સજ્જ કરી અપગ્રેડ કરાશે - ૬૦
32. ઓગસ્ટ-૨૦૨૦માં શ્રીલંકાના વડા પ્રધાન તરીકે કોણે ચોથી વખત શપથ લીધા - મહીંદા રાજપકશે
33. શ્રીલંકાના વર્તમાન વડા પ્રધાન મહીંદા રાજપકશેના રાજકીય પક્ષનું નામ જણાવો - શ્રીલંકા પીપલ્સ પાર્ટી

34. પ્રતિ વર્ષે કઈ તારીખે રાષ્ટ્રપતિ ભવન ખાતે 'એટ હોમ' કાર્યક્રમ અંતર્ગત દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરવામાં આવે છે - **9 ઓગસ્ટ**
35. દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન અંતર્ગત પ્રવર્તમાન કોરોના કાળ દરમિયાન ગુજરાતના કેટલા સ્વતંત્રતા સેનાનીનું કલેકટરશ્રી દ્વારા તેમના ઘરે જઈ સન્માન કરાયું - **આઠ**
36. આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ/ વિશ્વ મૂળ નિવાસી દિવસ કયારે મનાવવામાં આવે છે - **9 ઓગસ્ટ**
37. ગુજરાત સરકારે આદિજાતિ વિકાસ માટે કુલ કેટલા રૂપિયાની ફાળવણી કરી છે - **રૂ.૧,૦૦,૯૫૬ કરોડ**
38. ગુજરાતમાં આદિવાસીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટે કુલ કેટલી એકલવ્ય શાળાઓ કાર્યરત છે - **૧૧૭**
39. આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા કઈ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે - **બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી**
40. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ક્યાં આવેલી છે - **રાજપીપળા (જિ.નર્મદા)**
41. ગુજરાતમાં ક્યાં સ્થળે આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને ઉજાગર કરતું ૨૫ એકર જમીનમાં રાષ્ટ્રીયકક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ બનશે - **ગરૂડેશ્વર, રાજપીપળા ખાતે**
42. ગુજરાતના વર્તમાન આદિવાસી અને વન પર્યાવરણ મંત્રીનું નામ જણાવો – **શ્રી ગણપતભાઈ વસાવા**
43. ગુજરાતના વર્તમાન આદિવાસી રાજ્ય મંત્રીનું નામ જણાવો – **શ્રી રમણ પાટકર**
44. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈનો જન્મ દિવસ જણાવો - **9 ઓગસ્ટ-1915**
45. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈનું અવસાન કયારે થયું હતુ - **12 સપ્ટેમ્બર-1993**
46. ગ્રંથપાલ દિન ક્યારે મનાવવામાં આવે છે – **9 ઓગસ્ટ**
47. ગુજરાતી નટવર્ય અમૃત જાનીની પુણ્યતિથિ જણાવો - **9 ઓગસ્ટ**
48. પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ આઝાદી પછી કઈ મહાનગરપાલિકાના વાઈસ ચેરમેન બન્યા હતા – **સુરત**
49. પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈએ કયા આંદોલનમાં ભાગ લઇ જેલવાસ ભોગવ્યો હતો - **૧૯૪૨ના હિન્દ છોડો આંદોલન**
50. હિતેન્દ્ર દેસાઈ કયા સમયગાળા દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા - **૧૯૬૫ થી ૧૯૭૧ સુધી**
51. ક્યા મુખ્યમંત્રીના સમયકાળ દરમિયાન ગુજરાતના વર્તમાન પાટનગર ગાંધીનગરનો પાયો નંખાયો હતો – **હિતેન્દ્ર દેસાઈ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. મુખ્યમંત્રી કિસાન સહાય યોજના : ગુજરાત સરકાર (કૃષિ)



હેતુ :

- ✓ ૧૦મી ઓગસ્ટ-૨૦૨૦થી અમલમાં આવનારી આ નવી યોજના દ્વારા ચાલુ વર્ષે ખરીફના બધા જ પાકો આવરી લેવાયા.
- ✓ જેમાં દુષ્કાળ, અતિવૃષ્ટી કે માવઠાથી નુકશાન થશે તો ખેડૂત ખાતેદારને ચાર હેક્ટરની મર્યાદામાં વધુમાં વધુ એક લાખ સુધીની સહાય મળશે.

યોજના વિશે :

- ✓ રાજ્યના બધા ખેડૂતોને આવરી લેતી યોજના
- ✓ ખરીફ ઋતુના બધા પાકો માટે આ યોજનાનો લાભ
- ✓ ખેડૂતોએ કોઈપણ પ્રિમિયમ કે ફી ભરવાની નથી
- ✓ પારદર્શક, ઝડપી અને સરળ સહાય યોજના

સહાયના ધોરણો :

ખરીફ ઋતુમાં પાક નુકસાન સામે આ રીતે વળતર મળશે

- ✓ ૩૩ ટકાથી ૬૦ ટકા નુકશાનના કિસ્સામાં પ્રતિ હેક્ટરે રૂ.૨૦,૦૦૦ અર્થાત ૪ હેક્ટર હોય તો રૂ. ૮૦,૦૦૦

✓ ૬૦ ટકાથી વધારે નુકશાન થયુ હોય તો પ્રતિ હેક્ટરે રૂ. ૨૫,૦૦૦. અર્થાત ૪ હેક્ટરે એક લાખની સહાય મળશે

સહાયના ધોરણો

પાક નુકશાનની ટકાવારી	સહાય રૂ. પ્રતિ હેકટર
૩૩% થી ૬૦% સુધી	રૂ. ૨૦,૦૦૦
૬૦% થી વધુ	રૂ. ૨૫,૦૦૦

ત્રણ પ્રકારના જોખમોમાં ખેડૂતોને લાભ મળશે

(૧) અનાવૃષ્ટિ (દુષ્કાળ)

(૨) અતિવૃષ્ટિ, વાદળ ફાટવું

(૩) કમોસમી વરસાદ (માવઠું)

(૧) દુષ્કાળ :

✓ જે તાલુકામાં સિઝનમાં ૧૦ ઇંચથી ઓછો વરસાદ અથવા ચોમાસુ શરૂ થાય ત્યારથી ૩૧ ઓગસ્ટ વચ્ચે બે વરસાદ વચ્ચે ૪ સપ્તાહ વરસાદ ન પડ્યો હોય તો અનાવૃષ્ટિ અર્થાત દુષ્કાળ ગણાશે.

(૨) અતિવૃષ્ટિ

✓ વાદળ ફાટવું.

✓ સતત ભારે વરસાદની સ્થિતિમાં દક્ષિણ ગુજરાતમાં ૪૮ કલાકમાં ૩૫ ઇંચ કે તેથી વધુ અને તે સિવાય રાજ્યમાં ૪૮ ક્લાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ પડે તો પાક નુકશાનનું જોખમ ગણાશે

(૩) માવઠું :

✓ ૧૫ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર વચ્ચે સળગ ૪૮ કલાકમાં ૫૦ મી.મી. એટલે કે બે ઇંચથી વધુ વરસાદ પડે અને ખેતીના પાકને ખેતરમાં નુકશાન થાય તો કમોસમી વરસાદથી જોખમ ગણાશે

અન્ય બાબત :

✓ વધુમાં વધુ ૪ હેકટર સુધી સહાય મળશે.

✓ DBT મારફત ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધી સહાય જમા થશે.

✓ અરજી કરવાથી માંડીને પેમેન્ટ સુધીની પ્રક્રિયા ઓનલાઈન થશે.

✓ ઈ-ગ્રામ કેન્દ્ર પરથી રાજ્ય સરકારના ખર્ચે અરજી થશે.

✓ આ યોજનાની સહાય ઉપરાંત SDRFનો લાભ પણ મળવાપાત્ર રહેશે.

✓ આ યોજના ફક્ત ચાલુ ખરીફ ઋતુ માટે જ અમલી

સહાય આપવાની પ્રક્રિયા :

✓ સરકાર અલાયદી વેબસાઇટ બનાવશે.

✓ જેના પર ખેડૂત વળતર મેળવવા અરજી કરશે.

✓ આફતગ્રસ્ત ગામો અને ખેડૂતોની યાદી તૈયાર કરી કલેક્ટર સાત દિવસમાં મહેસૂલ વિભાગને મોકલશે.

✓ રાજ્ય સરકાર આ માટે સાત દિવસમાં મંજૂરીના હુકમ કરશે.

✓ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી 15 દિવસમાં નુકશાનીનો સર્વે કરાવી સહાય મેળવવા પાત્ર ખેડૂતોની યાદી નુક્સાનની ટકાવારી પ્રમાણે તૈયાર કરી આખરી હુકમ જાહેર કરશે.

ખાસ :

- ✓ એક પણ રૂપિયાનું પ્રિમિયમ ભર્યા વિના રાજ્યના તમામ ૫૬ લાખ ખેડૂતોને લાભ મળશે
- ✓ કેન્દ્રના SDRF હેઠળ પાક નુકસાન સહાય ચાલુ રહેશે
- ✓ ગુજરાતના કૃષિ મંત્રી – શ્રી આર.સી. ફળદુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. મોરેશિયસ : વડાપ્રધાન શ્રી પ્રવિન્દ જગન્નાથ દ્વારા પર્યાવરણ બચાવવા માટે કટોકટી જાહેર

પર્યટન અને દરિયાઈ જીવ ઉપર મોટો ખતરો



કારણ :

- ✓ તસવીર: મોરેશિયસના દરિયા કિનારે આવેલો બ્લૂ બે મરિન પાર્ક અને જહાજ.
- ✓ અહીં ગત અમુક દિવસોથી ઊભેલા જાપાની જહાજમાંથી ફ્યૂડ ઓઈલ લીક થઇ હવે સમુદ્ર કિનારે ફેલાવા લાગ્યું છે.
- ✓ હિન્દ મહાસાગરમાં ફસાયેલા આ ટેન્કરમાં આશરે 4 હજાર ટન ઓઈલ ભરેલું છે જેમાંથી અત્યાર સુધી એક હજાર ટન ઓઈલ લીક થઈ ચૂક્યું છે.
- ✓ એમ.વી. વાકાશિઓ નામનું આ જહાજ 25 જુલાઈથી દરિયામાં ફસાયેલું છે અને ધીમે ધીમે ડૂબતું જઈ રહ્યું છે.
- ✓ સ્થાનિકો અને પર્યાવરણ પ્રેમીઓએ ઓઈલ લીકને રોકવા પ્રયાસ કર્યો હતો પરંતુ ઝડપી પવન અને ખરાબ હવામાનને લીધે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.
- ✓ જહાજના નીચલા ભાગમાં પણ તિરાડો પડી રહી છે. તે સંપૂર્ણપણે ભાંગી પડી શકે છે.
- ✓ બચાવ અભિયાન માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરાઈ રહ્યો છે.
- ✓ ઈન્ડિયન ઓઈલ (મોરેશિયસ) એ સાઈટ પર એક બાર્જ તહેનાત કરી દીધું છે, જેથી દરેક શક્ય મદદ કરી શકાય.
- ✓ દરિયામાં ફેલાયેલા ફ્યૂડ ઓઈલને હટાવવા વોલેન્ટિયર એકઠા થયા છે.
- ✓ ક્ષેત્રની આજુબાજુ ટાપુ પરથી કાચબા અને દુર્લભ સમુદ્રી છોડને સુરક્ષિત બચાવાઈ રહ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. "ગંદકી મુક્ત ભારત" અભિયાન (સ્વચ્છતા)

- ✓ કેન્દ્ર ભારતના સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) અંતર્ગત "ગંદકી મુક્ત ભારત" અભિયાનની ઉજવણી

✓ **સમયગાળો:** તા.૦૮/૦૮/૨૦૨૦ થી તા.૧૫/૦૮/૨૦૨૦.



ઉજવણી વિશે :

✓ આ સપ્તાહના દરેક દિવસે એક વિશેષ સ્વચ્છતાની પહેલ કરવામાં આવી છે.

✓ રાજ્યના તમામ ગામોમાં સ્વચ્છતા કાયમી ધોરણે થાય અને ગામના તમામ ફળિયાગામના પેટા પરા જેવા તમામ વિસ્તારો સ્વચ્છ અને સુંદર બને તે જ ધ્યેય સાથે સ્વચ્છતા ઝુંબેશને કોવીડ-૧૯ હેઠળ જરૂરી સાવચેતી તથા સામાજિક અંતર જાળવીને નિરંતર આગળ વધારવાની દિશામાં જિલ્લાઓ દ્વારા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાશે.

✓ આ સપ્તાહની ઉજવણી અંતર્ગત પ્રથમ દિવસે રાજ્યના તમામ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા સરપંચો સાથે ઈ-રાત્રિસભાનું આયોજન કરાયું હતું.

✓ જેમાં ગામને સ્વચ્છ બનાવવા માટે ઘન અને પ્રવાહી કચરાના નિકાલ વ્યવસ્થાપનની કામગીરી સુચારું રૂપે હાથ ધરાય તે માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો.

✓ આ અભિયાન અંતર્ગત તા.૧૧ ઓગસ્ટના રોજ ગ્રામ્યકક્ષાએ જાહેર સ્થળો અને દીવાલો પર વોલ પેઈન્ટીંગ કરાવવામાં આવશે.

✓ તા.૧૨ ઓગસ્ટના રોજ ગ્રામ્યકક્ષાએ મનરેગા યોજનાના કન્વર્જન્સ,સખી મંડળો સહિત સેવાભાવી સંસ્થા, વ્યક્તિઓ, જનભાગીદારીના શ્રમદાન દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવશે.

✓ તા.૧૩ઓગસ્ટના રોજ ગંદકીમુક્ત મારૂ ગામની થીમ પર ઓનલાઈન ચિત્ર અને નિબંધ સ્પર્ધા યોજવામાં આવશે.

✓ તા.૧૪ઓગસ્ટના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ચોખ્ખાઈ અને સ્વચ્છતા અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

✓ ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્ર દિનની ઉજવણીના ભાગરૂપે સામાન્ય સભામાં જિલ્લાના મોડેલ ગામને ઓડીએફ પ્લસ જાહેર કરવામાં આવશે.

✓ રાજ્યભરમાં તા.૯ ઓગસ્ટના રોજ ગામના સરપંચ દ્વારા શ્રમદાનની પ્રવૃતિથી ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવા કચરાને એકત્રિત કરી એક વાર વપરાશમાં લેવાય તેવા પ્લાસ્ટિકને અલગ પાડી નિકાલ સુધીની વ્યવસ્થા કરવામાં આવી હતી

✓ તા.૧૦ ઓગસ્ટના રોજ ગામમાં વિશાળ જનભાગીદારીના શ્રમદાનની પ્રવૃતિઓ દ્વારા જાહેર મકાનોની સાફસફાઇ કરવામાં આવશે અને આઇવીઆર આધારીત ટેકનોલોજીના આધારે ઓડીએફ પ્લસના

જ્ઞાન અને જાણકારી મેળવવા માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦૦ ૪૦૪ ઉપર ફોન કરવા સ્વચ્છતાગ્રહીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. આંદામાન અને નિકોબાર : પ્રધાનમંત્રી મોદી દ્વારા આંદામાન અને નિકોબાર સુધી સબમરીન કેબલ કનેક્ટિવિટીનો પ્રારંભ કરાવ્યો



✓ નામ: સબમરીન ઓપ્ટિકલ ફાઇબર કેબલ (OFC)

✓ લંબાઈ - 2300 કિમી લાંબો

✓ પ્રોજેક્ટ : ચેન્નઈ-આંદામાન એન્ડ નિકોબાર આઈસલેન્ડ. (CANI)

અન્ય વિગતો :

✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આંદામાન અને નિકોબારના ટાપુઓને મુખ્ય ભૂપ્રદેશો સાથે જોડતા સબમરીન ઓપ્ટિકલ ફાઇબર કેબલ (OFC)નો વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રારંભ કરીને આ પરિયોજના રાષ્ટ્રને સમર્પિત કરી હતી.

✓ અગાઉ 30 ડિસેમ્બર, 2018ના રોજ પોર્ટબ્લેર ખાતે પ્રધાનમંત્રીએ આ પરિયોજનાનો શિલાન્યાસ કર્યો હતો.

✓ આંદામાન અને નિકોબાર ટાપુઓને બંદર આધારિત વિકાસના હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે

✓ આંદામાન અને નિકોબાર ટાપુઓ આંતરરાષ્ટ્રીય દરિયાઇ વ્યાપાર માટે મુખ્ય બંદર હબ બનશે

✓ આ કનેક્ટિવિટી હવે આ ટાપુઓ પર અનંત નવી તકો ઉભી કરશે. 2300 કિમી લાંબો સબમરીન કેબલ નાખવામાં આવ્યો.

આવરી લેવાયેલા વિસ્તાર :

✓ ચેન્નઇથી પોર્ટબ્લેર, પોર્ટબ્લેરથી લિટલ આંદામાન અને પોર્ટબ્લેરથી સ્વરાજ ટાપુ પર મોટા હિસ્સામાં આજથી સેવાની શરૂઆત થઇ છે.

✓ 2300 કિલોમીટર લાંબા દરિયામાં સર્વે, કેબલની ગુણવત્તા એકધારી જાળવી રાખવી અને વિશેષ નૌકાઓનો ઉપયોગ કરીને કેબલ નાંખ્યો

ડિજિટલ ઇન્ડિયા દ્વારા તકોમાં વૃદ્ધિ

✓ સબમરીન કેબલ આંદામાન અને નિકોબાર ટાપુઓને સસ્તી અને સારી કનેક્ટિવિટી મેળવવામાં મદદરૂપ થશે અને ખાસ કરીને ઓનલાઇન શિક્ષણ, ટેલિ-મેડિસિન, બેંકિંગ

પ્રણાલી, ઑનલાઇન વેપારમાં સુધારો અને પર્યટનને વેગવાન બનાવવા સહિત ડિજિટલ ઇન્ડિયાના તમામ લાભો પ્રાપ્ત થશે.

ભારતનો સમુદ્રી વિસ્તાર :

- ✓ ભારતનો સમુદ્ર હજારો વર્ષોથી ભારતના વેપાર અને વ્યૂહાત્મક શૌર્યનું કેન્દ્ર રહ્યો છે તેમજ આંદામાન અને નિકોબારના ટાપુઓ ભારતના આર્થિક- વ્યૂહાત્મક સહકાર માટે મહત્વપૂર્ણ કેન્દ્ર છે.
- ✓ ભારતના તમામ ટાપુઓ હિન્દ-પ્રશાંત પ્રદેશ માટે ભારતની નવી વેપાર વ્યૂહનીતિ અંતર્ગત મહત્વની ભૂમિકા નિભાવશે.
- ✓ એક્ટ-ઇસ્ટ નીતિ અંતર્ગત, પૂર્વ એશિયાના દેશો અને દરિયાથી જોડાયેલા અન્ય દેશો સાથે ભારતના મજબૂત સંબંધોમાં આંદામાન અને નિકોબારની ભૂમિકા ખૂબ જ ઊંચી છે અને તેમાં હજુ પણ વધારો થવા જઇ રહ્યો છે.
- ✓ ટાપુ વિકાસ એજન્સીની રચના ત્રણ વર્ષ પહેલાં કરવામાં આવી હતી જેથી તેમની ભૂમિકા વધુ મજબૂત કરી શકાય.

આંદમાન-નિકોબારના પ્રગતિ હેઠળના વિકાસ કામો

- ✓ ઉત્તર અને મધ્ય આંદામાનમાં માર્ગ કનેક્ટિવિટી સુધારવા માટે બે મુખ્ય પુલો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-4 માટે કામ ચાલુ.
- ✓ પોર્ટબ્લેર હવાઇમથક 1200 મુસાફરોનું સંચાલન કરી શકે તે પ્રકારે તેની ક્ષમતામાં વધારો કરવામાં આવી રહ્યો છે.
- ✓ આ ઉપરાંત, દિગ્લીપુર, કાર નિકોબાર અને કેમ્પબેલ- અખાતમાં પણ હવાઇમથકો પરિચાલન માટે તૈયાર થઇ ગયા છે.
- ✓ આગામી મહિનાઓમાં સ્વરાજ દ્વીપ, શહીદ દ્વીપ અને લોંગ આઇલેન્ડ ફ્લોટિંગ જેટ્ટી જેવા વોટર એરોડ્રામ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી પરિચાલન માટે તૈયાર થઇ જશે.
- ✓ કોચી શીપયાર્ડ ખાતે ચાર જહાજોનું નિર્માણ થઇ રહ્યું છે, જે ટૂંક સમયમાં ટાપુઓ અને મુખ્ય ભૂપ્રદેશ વચ્ચે જળ કનેક્ટિવિટી સુધારવા માટે આપવામાં આવશે.

બંદર આધારિત વિકાસ

- ✓ આંદામાન અને નિકોબારને બંદર આધારિત વિકાસના હબ તરીકે વિકસાવવામાં આવશે કારણ કે, દુનિયાના સંખ્યાબંધ બંદરોથી તે સ્પર્ધાત્મક અંતર ધરાવે છે.
- ✓ જેમની પાસે બંદરો અને તેની કનેક્ટિવિટીનું શ્રેષ્ઠ નેટવર્ક છે તેવા દેશો 21મી સદીમાં વેપારને વેગ આપવા માટે સમર્થ બનશે.

આંતરરાષ્ટ્રીય દરિયાઇ વ્યાપાર

- ✓ સરકાર દરિયામાં સરળતાથી વ્યવસાય (ઇઝ ઓફ બિઝનેસ)ને પ્રોત્સાહન અને દરિયાઇ હેરફેરની

સુવિધાઓના સરળીકરણ પર ધ્યાન આપી રહી છે.

- ✓ ડીપ ડ્રાફ્ટ ઇનર હાર્બરના ઝડપથી ચાલી રહેલા નિર્માણ કાર્ય અને અંદાજે રૂપિયા 10 હજાર કરોડના ખર્ચે ગ્રેટ નિકોબારમાં ટ્રાન્સ શીપમેન્ટ બંદરનું નિર્માણ કરવાની દરખાસ્ત.
- ✓ **અસરો:** આનાથી અહીં મોટા જહાજો લંગારી શકાશે અને તેનાથી દરિયાઈ વ્યાપારમાં ભારતની હિસ્સેદારી વધશે તેમજ રોજગારની નવી તકોનું પણ સર્જન થશે.
- ✓ આંદામાન અને નિકોબાર ટાપુઓ પર વિકસાવવામાં આવી રહેલા આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને અનુરૂપ ટાપુઓ પર મસ્ત્યપાલન, જળચર સંવર્ધન અને સીવીડ ખેતી જેવા બ્લુ ઇકોનોમીના કાર્યોમાં પણ વેગ આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. મદ્રાસ ક્રોકોડાઈલ બેંક (જીવસૃષ્ટિ)

દેશની અનોખી મહાકાય મગરમચ્છની બેંક

- ✓ સ્થાન : મહાબલિપુરમ (તામિલનાડુ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ઓરિગામી (કલા)

- ✓ કાગળમાંથી જુદાં-જુદાં પ્રકારના રમકડાં બનાવવાની કળા એટલે ઓરિગામી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 10 ઓગસ્ટ

વિશ્વ સિંહ દિવસ

થીમ-૨૦૨૦ : "Big Cats-Predators under Threat"



- ✓ એશિયાઈ સિંહોની રાજધાની સાસણ-ગીર

ઉજવણીનો પ્રથમ પ્રારંભ :

- ✓ વિશ્વમાં ઝડપથી ઘટતા જતા સિંહોને બચાવવા માટે નેશનલ જિઓગ્રાફિક સોસાયટી અને બિગ કેટ રેસ્કયુ સંસ્થાઓએ સાથે મળીને સન 2013 થી તારીખ 10 મી ઓગસ્ટને વિશ્વ સિંહ દિવસ તરીકે ઉજવવાનું શરૂ કર્યું.

ઉજવણી વિશે :

- ✓ સિંહને આંતર રાષ્ટ્રીય સ્તરે સંરક્ષણ આપવાના આ એક આવકારદાયક યોગદાનનું શ્રેય અમેરિકાના ફ્લોરિડા રાજ્યના ટેમ્પા શહેરમાં આવેલ બિગ કેટ

રેસ્કયુના સ્થાપક ડેરેક અને બેવરલી જૌબર્ટ યુગલને ફાળે જાય છે.

- ✓ આ પતિ-પત્નીએ આફ્રિકાના જંગલોમાં ફરીને સિંહ સહિતનાં પ્રાણીઓ વિશે ખુબ અભ્યાસ કર્યા બાદ બિલાડી કુળની આ જાતીને બચાવવા એક અભિયાન શરૂ કર્યું.
- ✓ ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી વન વિભાગ દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી

ગુજરાતમાં વર્ષવાર સિંહોની સંખ્યા

વર્ષ	સિંહોની સંખ્યા
૧૯૯૦	૨૮૪
૧૯૯૫	૩૦૪
૨૦૦૧	૩૨૭
૨૦૦૫	૩૫૯
૨૦૧૦	૪૧૧
૨૦૧૫	૫૨૩
૨૦૨૦	૬૭૪

- ✓ આપણા દેશમાં ધીમે ધીમે સિંહની સંખ્યામાં વધારો થતો જાય છે, જયારે આફ્રિકાના 54 દેશોમાંથી હાલ માત્ર 26 દેશમાં જ સિંહ જોવા મળે છે.
- ✓ હજુ થોડા દાયકા અગાઉ 50,000 થી વધુ આફ્રિકન સિંહ હતા, તે એક અંદાજ મુજબ અત્યારે 20,000 આસપાસ જ છે.
- ✓ જંગલમાં સિંહનું આયુષ્ય 15 વર્ષનું હોય છે. જયારે પ્રાણી સંગ્રહાલયમાં 20 વર્ષથી વધુ હોય શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 10 ઓગસ્ટ

સાક્ષરવર્ય : ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ



જન્મ – 10 ઓગસ્ટ-1853

અવસાન – 5 ડિસેમ્બર 1912

- ✓ આજે ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ, સુન્દરજી બેટાઈ, સાહિત્યકાર પીતાંબર પટેલ, લોકસાહિત્યકાર રતિકુમાર વ્યાસ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ વી.વી.ગીરી, ઇટાલીના એકીકરણનો શિલ્પી કેમિલ્લો કાવુંર અને અર્થશાસ્ત્રી કે.ટી.શાહનો જન્મદિવસ.
- ✓ વિનોદ કિનારીવાલા, કવિ રાવજી પટેલ અને સુરેશ દલાલની પુણ્યતિથિ છે.
- ✓ સુરતમાં જન્મેલા ઈચ્છારામના પૂર્વજોને મુઘલ શાસન દરમિયાન વેરો

ઉધરાવવાની સત્તા મળી હોવાથી તેઓની દેસાઈ અટક પડી હતી.

- ✓ અંગ્રેજી છઠ્ઠા સુધીના અભ્યાસ પછી પિતાનું અવસાન થતાં કમને અભ્યાસ છોડવો પડ્યો હતો.
- ✓ જુદા-જુદા ઠેકાણે નોકરીઓ કરી, સુરતમાં શારદાપૂજક મંડળી સ્થાપનારા ઈચ્છારામની મુખ્ય છબી સાહિત્યકાર અને પત્રકાર તરીકે છે.
- ✓ સ્વતંત્રતા અને ગુજરાતી નામના સામયિકો સફળતાપૂર્વક ચલાવનાર ઈચ્છારામે ગુજરાતી સામયિકોમાં દિવાળી અંકો કાઢવાનું શરૂ કર્યું.
- ✓ 1901માં તેઓએ ગુજરાતી પંચાંગ બહાર પાડ્યું હતું.

પુસ્તકો :

- ✓ દાર્શનિક, ટીપૂ સુલતાન હિન્દ અને બ્રિટાનિયા જેવા 46 જેટલા ઈતિહાસ, સાહિત્ય, સંપાદન અને ચરિત્રના પુસ્તકો લખ્યા છે.
- ✓ ભાષાશુદ્ધિના આગ્રહી અને ગુજરાતી પત્રકારત્વમાં સીમાસ્તંભરૂપ યોગદાન આપનારા ઈચ્છારામનું 5 ડિસેમ્બર 1912ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૮-૨૦૨૦)

1. ગુજરાત સરકારે ખેડૂતોએ કોઈપણ પ્રકારના પ્રીમિયમ ભર્યો વિના પાક વિમો મળી રહે તે માટે તાજેતરમાં કઈ મહત્વની યોજના લોન્ચ કરી છે - **"મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"**
2. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"ક્યારથી અમલમાં આવશે- **11ઓગસ્ટ 2020**
3. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"કયા પાક સિઝને લાગું પડશે- **ખરીફ**
4. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના" ખરીફના કયા કયા પાકોને લાગું પડશે - **તમામ પાક**
5. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં કયા વર્ષે માટે લાગું કરાશે- **વર્ષે 2020**
6. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં કયા કયા કુદરતી જોખમ સમાવાયા છે - **દુષ્કાળ-અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ-વાદળ ફાટવું અને માવઠું કે કમોસમી વરસાદ**
7. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં 33 ટકાથી 60 ટકા નુકસાનના કિસ્સામાં પ્રતિ હેકટર કેટલી સહાય મળશે- **રૂ. 20,000/- (મહત્તમ રૂ.80,000/-)**
8. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં 33 ટકાથી 60 ટકા કે 60 ટકા થી વધુ નુકસાનના કિસ્સામાં મહત્તમ કેટલા હેકટર સુધી સહાય મળશે- **4 હેકટર**
9. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં 60 ટકાથી વધુ નુકસાનના કિસ્સામાં પ્રતિ હેકટર કેટલી સહાય મળશે- **રૂ. 25,000/- (મહત્તમ રૂ.1 લાખ)**
10. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં ચોમાસામાં જે તે તાલુકામાં કેટલા ઈંચથી આછો વરસાદ થયો હોય તો દુષ્કાળ ગણાશે - **10 ઈંચ**
11. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં ચોમાસામાં અતિવૃષ્ટિની વ્યાખ્યામાં શું આવે છે - **સતત ભારે**

વરસાદની સ્થિતિમાં દક્ષિણ ગુજરાતમાં ૪૮ કલાકમાં ૩૫ ઈંચ કે તેથી વધુ અને તે સિવાય રાજ્યમાં ૪૮ કલાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ પડે તો પાક નુકશાનનું જોખમ ગણાશે

12. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં ચોમાસામાં કમોસમી અથવા માવઠાની વ્યાખ્યામાં શું આવે છે - **૧૫ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર વચ્ચે સળગ ૪૮ કલાકમાં ૫૦ મી.મી. એટલે કે બે ઈંચથી વધુ વરસાદ પડે અને ખેતીના પાકને ખેતરમાં નુકશાન થાય તો કમોસમી વરસાદથી જોખમ ગણાશે**
13. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં અંદાજે રાજ્યના કેટલા ખેડૂતોને લાભ મળશે- **તમામ 56 લાખ**
14. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં સહાય માટે કોના માધ્યમથી અરજી કરી શકાશે- **ઇ-ગામ કેન્દ્ર**
15. તાજેતરમાં એમ.વી.વાકાશિઓ(જાપાન) નામના ફૂડ ઓઈલ ભરેલા જહાજમાંથી સમુદ્રમાં ઓઈલ લીકેજ થતા કયા દેશના વડાપ્રધાન દ્વારા હિન્દ સમુદ્રમાં પર્યાવરણીય કટોકટી જાહેર કરી છે - **મોરિશિયસ**
16. મોરિશિયસના ભારતીય મૂળના વડાપ્રધાનનું નામ જણાવો - **પ્રવિન્દ જગન્નાથ**
17. તાજેતરમાં વડાપ્રધાન શ્રી મોદી દ્વારા જાહેર કરાયેલા "ગંદકી મુક્ત ભારત "અભિયાનનો સમયગાળો જણાવો – **તા. 08 થી 15 ઓગસ્ટ-2020**
18. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કયા ટાપુ ઉપર કેબલ નેટવર્ક કનેક્ટિવિટીનો પ્રારંભ કરાવ્યો - **આંદામાન અને નિકોબાર**
19. આંદામાન અને નિકોબાર ઉપર તાજેતરમાં શરૂ કરાયેલ કેબલ નેટવર્કને કયું નામ અપાયું છે - **સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ**
20. આંદામાન અને નિકોબાર ટાપુઓને સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ દ્વારા કયા શહેર સાથે જોડવામાં આવ્યા- **ચેન્નાઈ**
21. આંદામાન અને નિકોબાર ટાપુઓને કેટલા કિલોમીટરના સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ દ્વારા ચેન્નાઈ સાથે જોડવામાં આવ્યા - **2312 કિલોમીટર**
22. તાજેતરમાં ભારત સરકારના કયા પ્રોજેક્ટ અંતર્ગત સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલનો પ્રારંભ કરવામાં આવ્યો છે - **CANI**
23. CANI પ્રોજેક્ટનું વિસ્તૃત નામ જણાવો - **ચેન્નાઈ-આંદામાન એન્ડ નિકોબાર આઈસલેન્ડ**
24. મદ્રાસ ક્રોકોડાઈલ બેંક કયાં આવેલી છે- **મહાબલિપુરમ (TN)**
25. કાગળમાંથી જુદા જુદા પ્રકારના રમકડાં બનાવાની કળા કયા નામે ઓળખાય છે - **ઓરિગામી**
26. "વિશ્વ સિંહ દિવસ" કયારે ઉજવવામાં આવે છે - **10 ઓગસ્ટ**
27. "વિશ્વ સિંહ દિવસ"-2020ની થીમ જણાવો-**"BIG CATS-PREDATORS UNDER THREAT"**
28. "વિશ્વ સિંહ દિવસ"ની ઉજવણીનો પ્રથમ પ્રારંભ કયારે કરવામાં આવ્યો હતો - **વર્ષે 2013**
29. ગુજરાતમાં 2020ની સ્થિતિએ સિંહોની સંખ્યા કેટલી છે - **674**
30. જંગલમાં સિંહનું આયુષ્ય કેટલું હોય છે - **15 વર્ષે**
31. પ્રાણી સંગ્રહાલયમાં સિંહનું આયુષ્ય કેટલું હોય છે - **20 વર્ષે**
32. સાક્ષરવર્યે ઈચ્છારામ દેસાઈનો જન્મદિવસ જણાવો- **10 ઓગસ્ટ**
33. સાક્ષરવર્યે ઈચ્છારામ દેસાઈનો જન્મ કયા શહેરમાં થયો હતો- **સુરત**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.“Sputnik”(5) : રશિયા દ્વારા વિશ્વમાં પ્રથમ કોરોના વેક્સિન બનાવી હોવાની જાહેરાત (આરોગ્ય)



- ✓ વેક્સિનનું નામ : “Sputnik”(5)
- ✓ વિશ્વમાં સૌપ્રથમવાર રશિયા દ્વારા વર્ષ-૧૯૫૭માં અવકાશમાં છોડાયેલા પ્રથમ ઉપગ્રહ “સ્પુટનિક” પરથી વેક્સિનનું નામ અપાયું
- ✓ રસી માટે બેઝ : એડેનો વાઈરસ
- ✓ સંસ્થા : ગામલેયા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ
- ✓ રાષ્ટ્રપતિ : વ્લાદિમીર પુટિન
- ✓ રાજધાની : મૉસ્કો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અવસાન : મશહૂર શાયર ડૉ. રાહત ઈન્દોરીનું ૭૦ વર્ષે ઈન્દોરમાં અવસાન



- ✓ જન્મ : ૦૧/૦૧/૧૯૪૯
- ✓ સ્થળ : ઈન્દોર
- ✓ બોલિવૂડ માટે ગીતકાર તરીકેની ભૂમિકા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. હિન્દુ ઉત્તરાધિકાર (સુધારા) કાયદો-૨૦૦૫ (કાયદો)

<u>સંપત્તિના અધિકાર અંગે સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચૂકાદો :</u>

- ✓ પુત્રીઓને પણ પૈતૃક સંપત્તિ અને વારસામાં સરખા ભાગનો અધિકાર
- ✓ જસ્ટિસ અરુણ મિશ્રાની અધ્યક્ષતાવાળી ત્રણ જજની બેંચનો મહત્વનો ચૂકાદો



<u>મહત્વનું નિવેદન :</u>

- ✓ <u>દિકરો તો માત્ર લગ્ન સુધી જ દિકરો રહે છે જ્યારે દિકરીઓ આજીવન દિકરી રહે છે – જજ અરુણ મિશ્રા.</u>
- ✓ કોર્ટના ચુકાદા મુજબ હિન્દુ ઉત્તરાધિકાર કાયદા, 1956ની ધારા-6માં કરાયેલી જોગવાઈ સુધારા પહેલા કે ત્યાર પછી જન્મેલી પુત્રીઓને પુત્રો જેટલા જ સમાન વારસદારનો દરજ્જો આપે છે.
- ✓ તેમનો અધિકાર અને જવાબદારી પુત્રો જેટલી જ છે.
- ✓ સુધારા પહેલા જન્મેલી પુત્રીઓ પણ પિતાની સંપત્તિ પર દાવો કરી શકે છે. જોકે, આ 2 ડિસેમ્બર, 2004 સુધી થઈ ચુકેલી સંપત્તિની વહેંચણી કે વસિયતનામાના નિકાલને અસામાન્ય નહીં કરે.
- ✓ કોર્ટે કહ્યું કે, સમાન વારસદાર હોવું પુત્રીનો જન્મસિદ્ધ અધિકાર છે. એ જરૂરી નથી કે, સપ્ટેમ્બર, 2005ના રોજ તેમના પિતા જીવતા હોય.

<u>સંસદે 2005માં પુત્રીઓને સમાન અધિકાર આપવાની જાહેરાત કરેલી</u>

- ✓ સંસદે 2005માં પુત્રીઓને પૈતૃક સંપત્તિમાં સમાન ભાગીદાર માની હતી. જોકે, અત્યાર સુધી મનાતું રહ્યું હતું કે, 2005 પછી સંપત્તિની વહેંચણીમાં પુત્રીઓને અધિકાર અપાશે, કાયદો પસાર થવાથી પહેલાના કેસોમાં નહીં.
- ✓ જોકે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે, આ અગાઉના સમયમાં પણ અમલી મનાશે.
- ✓ વહેંચણીમાં પુત્રીઓને અધિકાર અપાશે, કાયદો પસાર થવાથી પહેલાના કેસોમાં નહીં જોકે , સુપ્રીમે સ્પષ્ટ કર્યું કે અગાઉથી લાગુ પડશે.

<u>કાયદો અને દિકરીઓના અધિકાર</u>

<u>(૧) હિન્દુ કાયદા હેઠળ પ્રોપર્ટીના બે પ્રકાર</u>

૧) એક પિતા દ્વારા ખરીદવામાં આવેલી. અને ૨) બીજી પૈતૃક સંપત્તિ. જે છેલ્લી ચાર પેઢીઓથી પુરુષોને મળતી આવી છે.

- ✓ કાયદા મુજબ, દીકરી હોય કે દીકરો આવી પ્રોપર્ટી પર બંનેનો જન્મથી જ સરખો અધિકાર હોય છે.
- ✓ કાયદો કહે છે કે, પિતા આ પ્રકારની પ્રોપર્ટીને પોતાના મનથી કોઈને ન આપી શકે.

- ✓ એટલે કે આ મામલામાં તે કોઈ એકના નામે વીલ ન કરી શકે તેનો અર્થ એ થાય છે કે તેઓ દીકરીને તેનો હિસ્સો આપવાથી વંચિત ન રાખી શકે.
- ✓ જન્મથી દીકરીનો પૈતૃક સંપત્તિ પર અધિકાર હોય છે.

(૨) પિતાની ખરીદેલી પ્રોપર્ટી અંગે શું કાયદો છે ?

- ✓ જો પિતાએ પોતે પ્રોપર્ટી ખરીદી છે એટલે કે પિતાએ પ્લોટ કે ઘર પોતાના પૈસાથી ખરીદ્યું છે તો દીકરીનો પક્ષ નબળો થઈ જાય છે.
- ✓ આ મામલામાં પિતાની પાસે પ્રોપર્ટીને પોતાની ઈચ્છાથી કોઈને ગિફ્ટ કરવાનો અધિકાર હોય છે. દીકરી તેમાં વાંધો ઉઠાવી શકે નહીં.

(3) પિતાનું મૃત્યુ થવાની સ્થિતિમાં શું ?

- ✓ જો પિતાનું મોત વીલ છોડ્યા વગર થઈ જાય છે તો તમામ ઉત્તરાધિકારીઓને પ્રોપર્ટી પર બરાબરનો અધિકાર હશે.
- ✓ હિન્દુ ઉત્તરાધિકારી કાયદામાં પુરુષ ઉત્તરાધિકારીઓને ચાર વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ટેલેન્ટ હન્ટ એપ : આત્મનિર્ભર એપ એવોર્ડ (રોજગારી)



વિગત :

- ✓ અભિનેતા સુનીલ શેટ્ટી દ્વારા શરૂ કરવામાં આવેલા ટેલન્ટ હન્ટ એપને ભારત સરકાર તરફથી આત્મનિર્ભર એપ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ એપ ઓનલાઇન એજન્સી એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા.

એપ વિશે :

- ✓ આ એપના માધ્યમ દ્વારા લોકોને હજી સુધી ૧ લાખ ૨૫ હજાર લોકોને એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં નોકરી મળી ગઈ છે.
- ✓ ફક્ત અભિનય ક્ષેત્રમાં જ નહીં પરંતુ વિવિધ ક્ષેત્રો જેવા કે લેખન, એડિટીંગ વગેરેમાં રોજગારી ઉપલબ્ધ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. 11 ઓગસ્ટ 1979 : મચ્છુના પૂરે મોરબીને તબાહ કર્યું હતું

- ✓ મોરબી-મચ્છુ હોનારતના 41 વર્ષ
- ✓ 11 ઓગસ્ટ 1979ના દિવસે બપોરના સમયે 3 વાગ્યાને 15 મિનિટે ડેમ તૂટ્યો હતો. ડેમ તૂટવાની 15 મિનિટમાં સમગ્ર શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું.



- ✓ 2 કલાકના સમયમાં તો મકાનો પાણીમાં જળસમાધી લઈ ચૂક્યા હતા. લોકો કંઈ સમજે તે પહેલા કુદરતનો કેર સર્જાઈ ચૂક્યો હતો. લોકોની સાથે હજારો પશુઓની પણ મોત થઈ હતી. ગણતરીની મિનિટમાં એક જીવતુ જાગતું શહેર સ્મશાન બની ગયું હતું.
- ✓ આજે પણ મચ્છુ હોનારતની વરસીના દિવસે નગરપાલિકા દ્વારા મૌનરેલી કાઢવામાં આવે છે. મૌનરેલી કાઢીને મણિમંદિર પાસેના દિવગંતોના સ્મૃતિ સ્તંભને પુષ્પાંજલિ કરી બે મિનિટ મૌન પાળીને સમગ્ર શહેરીજનોને શ્રદ્ધાંજલી આપે છે. હોનારત સમયે 11 સાયરન વગાડાય છે.
- ✓ જળહોનારતની ઘટના બાદ મોરબીને બેઠું કરવા એ વખતના ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઇ જસભાઈ પટેલે મોરબીમાં સચિવાલય બનાવીને પૂરગ્રસ્તો માટે અસરકારક કામગીરી કરી હતી.

<u>મોરબી તબાહીના સતાવાર આંકડા</u>

- ✓ સરકારી આંકડા મુજબ
- ✓ હોનારતમાં 6158 મકાન,
- ✓ 1800 ઝુપડા નાશ પામ્યા હતા
- ✓ 3900 જેટલા મકાનને નુક્શાન થયું હતુ.
- ✓ 1439 માનવ અને 12,849 પશુઓના મોત થયા હતા.

<u>ડોક્યુમેન્ટરી ફિલ્મ</u>

- ✓ મોરબીના પત્રકાર દિલીપ બરાસરા અને અમદાવાદના પત્રકાર દિલીપસિંહ ક્ષત્રિય તથા હર્ષદ ગોહેલએ મચ્છુ પુર દુર્ઘટનાના અસરગ્રસ્તોને મળીને મોરબીની ભાવિ પેઢીને આ ઘટનાની સાચી માહિતી મળે તે માટે મચ્છુ પુર દુર્ઘટના પરની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી હતી.
- ✓ આ ડોક્યુમેન્ટરી ફિલ્મમાં મચ્છુ હોનારતની ભયાનકતાનું સચોટ રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે.

<u>મચ્છુ જળ હોનારત પરનું પુસ્તક</u>

- ✓ મૂળ મોરબીનાં વતની અને અમેરિકામાં વસતા યુવાન ઊત્પલ સાડેંસરા અને તેનાં મિત્ર ટોમ વૂડને સંશોધન કર્યું
- ✓ જુદા જુદા દસ્તાવેજનો અભ્યાસ કર્યો,અનેક લોકોને મળ્યા બાદ તેમણે 'નો વન હેડ અ ટન્ગ ટૂ સ્પીચ જેનું ગુજરાતી અનુવાદ નીરંજન સાન્ડેસરાએ કર્યું જેનું નામ 'ઝીલો રે મચ્છુંનાં પડકાર'તૈયાર કર્યું.
- ✓ આ પુસ્તકમાં પૂર આટલું ભયાનક કેમ બન્યુ તેનાં કારણ રજુ કરવામાં આવ્યાં છે.

<u>મચ્છુ જળ હોનારત પર બની ફિલ્મ</u>

- ✓ મોરબીમાં સર્જાયેલી મચ્છુ જળ હોનારતની ઝાંખી કરાવતી 'મચ્છુ એક્ટ ઓફ ગોડ'

ફિલ્મનું બની, આ ફિલ્મમાં મયુર ચૌહાણે લીડ રોલ કર્યો છે. તેમની સાથે આ ફિલ્મમાં જયેશ મોરે, શ્રદ્ધા ડાંગર અને ગૌરાંગ આનંદ પણ રોલ કર્યો છે.

- ✓ ફિલ્મ જતિન પટેલે પ્રોડ્યુસ કરી છે તથા શૈલેષ લેઉઆ ડિરેક્ટ કરી. શૈલેષ લેઉઆ ઇન્ડસ્ટ્રીમાં લાંબા સમયથી કાર્યરત છે. તથા આ ફિલ્મની પટકથા જય ભટ્ટ તથા શૈલેષ લેઉઆએ લખી છે.
- ✓ .વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મદિન વિશેષ : 11 ઓગસ્ટ

(૧) થિયોસોફિસ્ટ મેડમ બ્લેવટસ્કી

જન્મ : 11 ઓગસ્ટ 1831

અવસાન : 8 મે 1891



- ✓ ભારતમાં 19મા સૈકાના મેડમ મહત્વપૂર્ણ સાંસ્કૃતિક આંદોલનના પ્રણેતા આ રશિયન મહિલા બ્લેવટસ્કીની 11 વર્ષની ઉંમરે માતાનું અવસાન થયું હતું.
- ✓ 7 સપ્ટેમ્બર 1875ના રોજ કર્નલ ઓલકોટ સાથે થિયોસોફિકલ (ઈશ્વરીય જ્ઞાન) સોસાયટીની સ્થાપના કરી.
- ✓ ફેબ્રુઆરી 1879માં સ્વામી દયાનંદ સરસ્વતીના નિમંત્રણથી ભારત આવ્યાં.
- ✓ ભારતમાં તેમનાં સહાયક તરીકે બાબુલ બુલ્લા નામનો ગુજરાતી કાર્યરત હતો.
- ✓ એક શ્વેતાંગ મહિલાને હિંદુ ધર્મ વિશે અસ્મલિતપણે ભાષણો આપતાં ભારતીય સમાજમાં સુધારા કરવા માંગતા સુધારકો વિરુદ્ધ કામ કરતાં સંરક્ષણવાદી સુધારકોને રક્ષા કવચ પ્રાપ્ત લેવટસ્કી થયું હતું.
- ✓ તેમનાં વિચારોની યુવા વર્ગ પર ગાઢ અસર પડી હતી. શ્રીમતી એની બેસન્ટ તેમાંના એક હતાં.
- ✓ "દિ થિયોસોફિટ" સામયિકનું સંપાદન અને દિ સિક્રેટ ડોકટ્રીન પુસ્તક વગેરે તેઓની લેખન પ્રવૃત્તિઓ હતી.
- ✓ 8મે 1891ના રોજ 59 વર્ષની ઉંમરે મેડમ બ્લવટસ્કીનું લંડનમાં અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 11 ઓગસ્ટ

વીર શહીદ - સ્વાધીનતા સંઘર્ષના મહાનાયક ખુદીરામ બોઝની પુણ્યતિથિ

- ✓ જન્મ: 3 ડિસેમ્બર 1889
- ✓ અવસાન : 11 ઓગસ્ટ 1908
- ✓ જન્મસ્થાન: હબીબપુર, જિલ્લો - મિદ્રાપોર (તત્કાલીન અવિભાજિત પશ્ચિમ બંગાળ)

- ✓ પિતા : ત્રીલોકનાથબોઝ
- ✓ માતા: લક્ષ્મીપ્રિયાદેવી.



- ✓ ખુદીરામ બોઝને શ્રીમદ્ભગવદ્ગીતા અને પોતાના શિક્ષક સત્યેન્દ્રનાથ બોઝ પાસેથી પ્રેરણા મળી હતી.
- ✓ 30 એપ્રિલ 1908ના રોજ ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકીએ યુરોપિયન ક્લબની બહાર કિંગ્સફોર્ડની બગી પર બોમ્બે ફેંક્યો હતો અને ગોળીઓ ચલાવી હતી. તેમને પછીથી ખબર પડી કે બગીમાં કિંગ ફોર્ડની બેટી અને એક મહિલા હતી, જેમનું મૃત્યુ થયું હતું.
- ✓ બ્રિટિશ સરકારે ખુદીરામ બોઝને પકડવા માટે 1000 રૂપિયાનું ઇનામ રાખ્યું હતું. 1લી મે 1908ના રોજ પોલીસે તેમને હિરાસતમાં લીધા હતા.
- ✓ 21 મે 1908ના રોજ તેમના કેસની સુનાવણી કરવામાં આવી હતી. વિનોદ બિહારી મજુમદાર અને મન્નુક બ્રિટિશ સરકારના ગવાહ હતા જ્યારે ઉપેન્દ્રનાથ સેન, કાલિદાસ બસુ અને ક્ષેત્રનાથ બંદોપાધ્યાય ખુદીરામ બોઝના બચાવમાં લડી રહ્યા હતા.
- ✓ 11 ઓગસ્ટ 1908ના રોજ આ વીર ક્રાંતિકારીને ફાંસી આપવામાં આવી હતી. જ્યારે ખુદીરામ શહીદ થયા ત્યારે તેમની ઉંમર માત્ર 19 વર્ષની હતી.
- ✓ વીસમી સદીની શરૂઆતમાં જ શહીદ થવા વાળા ક્રાંતિકારીઓમા ખુદીરામ બોઝ પહેલા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૮-૨૦૨૦)

1. ઓગસ્ટ-૨૦૨૦માં કયા દેશે વિશ્વમાં પહેલી કોરોના વેક્સિન બનાવી હોવાની જાહેરાત કરી હતી – **રશિયા**
2. ઓગસ્ટ-૨૦૨૦માં રશિયાએ વિશ્વમાં પહેલી કોરોના વેક્સિન બનાવી હોવાની જાહેરાત કરી તેનું નામ જણાવો – **"Sputnik(5)"**
3. રશિયા દ્વારા વિશ્વમાં સૌપ્રથમવાર વર્ષ-૧૯૫૭માં અવકાશમાં છોડેલા પ્રથમ ઉપગ્રહનું નામ જણાવો - **"સ્પુટનિક"**
4. રશિયાની રાજધાની કઈ છે - **મૉસ્કો**
5. રશિયાના વર્તમાન રાષ્ટ્રપતિનું નામ જણાવો - **વ્લાદિમીર પુટિન**
6. રશિયાએ વિશ્વમાં પહેલી કોરોના વેક્સિન બનાવી હોવાની જાહેરાત કરી તે બનાવનાર સંસ્થા કઈ છે - **ગામલેયા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ**
7. ઓગસ્ટ-૨૦૨૦માં કયા મશહૂર શાયરનું ૭૦ વર્ષે ઈન્દોરમાં અવસાન થયુ હતુ - **ડૉ. રાહત ઈન્દોરી**
8. ઓગસ્ટ-૨૦૨૦માં જેમનુ અવસાન થયુ તે મશહૂર શાયર ડૉ. રાહત ઈન્દોરીનો જન્મદિવસ જણાવો - **૦૧/૦૧/૧૯૪૯**
9. મશહૂર શાયર ડૉ. રાહત ઈન્દોરી કોના માટે ગીતકાર તરીકેની ભૂમિકા ભજવી હતી - **બૉલિવૂડ**

10. ઓગસ્ટ-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે કયા હિન્દુ કાયદા અંગે મહત્વનો ચૂકાદો આપ્યો - **હિન્દુ ઉત્તરાધિકાર (સુધારા) કાયદો-૨૦૦૫**
11. ઓગસ્ટ-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે પૈતૃક સંપત્તિ અને વારસામાં પુત્રની સાથે કોને સરખા ભાગનો અધિકાર આપવાનો ચૂકાદો આપ્યો – **પુત્રી**
12. કોની અધ્યક્ષતાવાળી સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેંચએ તાજેતરમાં પુત્રીઓને પણ પૈતૃક સંપત્તિ અને વારસામાં સરખા ભાગનો અધિકાર અંગેનો ચૂકાદો આપ્યો - **જસ્ટિસ અરુણ મિશ્રા**
13. સુપ્રીમ કોર્ટના જજ અરુણ મિશ્રા એ કયા કેસનો ચૂકાદા સંભળાવતી વેળાએ 'દિકરો તો માત્ર લગ્ન સુધી જ દિકરો રહે છે જ્યારે દિકરીઓ આજીવન દિકરી રહે છે' નિવેદન ટાંક્યુ હતુ - **પૈતૃક સંપત્તિ અને વારસામાં પુત્રીને સરખા ભાગનો અધિકાર અંગેના ચૂકાદા વેળાએ**
14. ભારતીય સંસદે ક્યા વર્ષે પુત્રીઓને સમાન અધિકાર આપવાની જાહેરાત કરેલી હતી – **વર્ષ-2005**
15. હિન્દુ કાયદા હેઠળ પ્રોપર્ટીના કેટલા પ્રકાર પડે છે – **બે**
16. હિન્દુ કાયદા હેઠળ પ્રોપર્ટીના કયા બે પ્રકાર પડે છે – **૧). એક પિતા દ્વારા ખરીદવામાં આવેલી અને ૨). પૈતૃક સંપત્તિ**
17. હિન્દુ કાયદા મુજબ છેલ્લી ચાર પેઢીઓથી પુરુષોને મળતી આવતી સંપત્તિને કઈ સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે - **પૈતૃક સંપત્તિ**
18. ઓગસ્ટ-૨૦૨૦માં ભારત સરકાર તરફથી આત્મનિર્ભર એપ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ એપ ઓનલાઇન એજન્સી એવોર્ડથી કોને સમ્માનિત કરવામાં આવી – **ટેલેન્ટ હન્ટ એપ**
19. ઓગસ્ટ-૨૦૨૦માં ભારત સરકાર તરફથી આત્મનિર્ભર એપ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ એપ ઓનલાઇન એજન્સી એવોર્ડ મેળવનારી ટેલેન્ટ હન્ટ એપ કોના દ્વારા શરૂ કરવામાં આવી હતી – **સુનિલ શેટ્ટી**
20. આત્મનિર્ભર એપ એવોર્ડ વિજેતા ટેલેન્ટ હન્ટ એપના માધ્યમ દ્વારા ઓગસ્ટ-૨૦૨૦ની સ્થિતિએ કેટલા લોકોને એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં નોકરી મળી છે – **સવા લાખ**
21. મચ્છુ નદીના કિનારે કયુ શહેર આવેલું છે – **મોરબી**
22. 11 ઓગસ્ટ 1979ના રોજ ગુજરાતમાં કઈ એક દુખદ ઘટના બની હતી – **મચ્છુ હોનારત મોરબી**
23. મોરબીમાં સર્જાયેલી મચ્છુ જળ હોનારત આધારિત બનેલી ફિલ્મનું નામ જણાવો - **'મચ્છુ એક્ટ ઓફ ગોડ'**
24. મચ્છુ જળ હોનારત પર કોણે પુસ્તક લખ્યું છે - **ઊત્પલ સાડેંસરા અને તેનાં મિત્ર ટોમ વૂડ**
25. ઊત્પલ સાડેંસરા અને તેનાં મિત્ર ટોમ વૂડે મચ્છુ જળ હોનારત પર લખેલા પુસ્તકનું નામ જણાવો - **'નો વન હેડ અ ટન્ગ ટૂ સ્પીચ'**
26. મચ્છુ જળ હોનારત પર લખાયેલા પુસ્તક 'નો વન હેડ અ ટન્ગ ટૂ સ્પીચ'નો અનુવાદ કોણે-ક્યા નામે કર્યો છે - **'ઝીલો રે મચ્છુંનાં પડકાર'**
27. ભારતમાં 19મા સૈકાના મેડમ-સાંસ્કૃતિક આંદોલનના પ્રણેતા રશિયન મહિલા બ્લેવટસ્કીનો જન્મ ક્યારે થયો હતો - **11 ઓગસ્ટ 1831**
28. 7 સપ્ટેમ્બર 1875ના રોજ કોના દ્વારા થિયોસોફિકલ (ઈશ્વરીય જ્ઞાન) સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી - **કર્નલ ઓલકોટ અને બ્લેવટસ્કી**
29. મેડમ બ્લવટસ્કી ફેબ્રુઆરી 1879માં કોના નિમંત્રણથી ભારત આવ્યાં હતા - **સ્વામી દયાનંદ સરસ્વતી**
30. સ્વાધીનતા સંઘર્ષના મહાનાયક ખુદીરામ બોઝની પુણ્યતિથિ જણાવો - **11 ઓગસ્ટ 1908**
31. સ્વાધીનતા સંઘર્ષના મહાનાયક ખુદીરામ બોઝનું જન્મસ્થાન જણાવો - **હબીબપુર, જિ. મિદ્રાપોર (તત્કાલીન અવિભાજિત પશ્ચિમ બંગાળ)**
32. 11 ઓગસ્ટ 1908ના રોજ વીર ક્રાંતિકારી ખુદીરામ બોઝને ફાંસી આપવામાં આવી ત્યારે તેમની ઉંમર કેટલી હતી - **માત્ર 19 વર્ષ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. પુરસ્કાર : વિવિધ કેસોના તપાસની શ્રેષ્ઠ કામગીરી માટે કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા ચંદ્રક-2020 એનાયત

✓ વિગત : વર્ષ 2020 માટે વિવિધ કેસોની "તપાસની શ્રેષ્ઠ કામગીરી માટેનું કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા 121 પોલીસ કર્મચારીઓને ચંદ્રક એનાયત કરાયો.

હેતુ :

✓ ગુનાની તપાસના ઉચ્ચ વ્યાવસાયિક ધોરણોને પ્રોત્સાહન આપવા અને તપાસ અધિકારીઓ દ્વારા તપાસમાં આવી શ્રેષ્ઠ કામગીરીને માન્યતા આપવાના ઉદ્દેશ સાથે આ ચંદ્રક એનાયત કરવાની રચના 2018માં કરવામાં આવી હતી.

✓ કેન્દ્રીય ગૃહમંત્રી – શ્રી અમિત શાહ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. માઈક્રોબ્લોગિંગ સાઈટ Twitter દ્વારા નવું લિમિટ રિપ્લાય ફીચર લોન્ચ કરાયું (સંચાર-ટેક્નોલોજી)



✓ **ફાયદા :** આ ફીચરની મદદથી ઓનલાઈન બુલિંગ જેવી સમસ્યાથી યુઝર્સ બચી શકશે.

✓ હવે યુઝરે નક્કી કરેલા અન્ય યુઝર્સ જ તેના ટ્વીટ પર રિપ્લાય આપી શકશે.

✓ ટ્વિટરે iOS અને એન્ડ્રોઈડ બંને યુઝર્સ માટે આ ફીચર લોન્ચ કર્યું.

✓ તમે રિપ્લાય કાઉન્ટ્સથી જોઈ શકો છો કે તમારા ટ્વીટ પર કેટલા યુઝર્સે રિપ્લાય આપ્યો છે અને તેનો ચોક્કસ આંકડો પણ જાણી શકાય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. દિન વિશેષ - શ્રાવણ વદ ૪ : જન્માષ્ટમી

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ એટલે જન્માષ્ટમી



- ✓ આ દિવસ કૃષ્ણજન્મોત્સવ તરીકે પણ ઓળખાય છે.
- ✓ શ્રીકૃષ્ણ માતા દેવકી અને વાસુદેવના પુત્ર હતા.
- ✓ તેમનો જન્મ મથુરામાં રાત્રે 12 વાગ્યે કારાગૃહમાં થયો હતો.



- ✓ કૃષ્ણ માતા દેવકીની આઠમી સંતાન હતા જેમને તેમનાં મામા કંસ મારી નાખવાના હતા એ ડરથી વાસુદેવ શ્રીકૃષ્ણને યમુના નદી પાર કરીને કૃષ્ણને બાબા નંદરાય અને યશોદા પાસે મૂકી આવ્યા હતા.
- ✓ શ્રી કૃષ્ણ ભગવાન વિષ્ણુના આઠમાં અવતાર હતા વળી તિથિ પણ શ્રાવણ વદ આઠમ, આથી આ દિવસ જન્માષ્ટમી તરીકે પવિત્ર ગણાય છે.
- ✓ જન્માષ્ટમીના દિવસે કરવામાં આવેલું વ્રત દશાફલ વ્રત (શ્રાવણ વદ આઠમ) કહેવાય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : 12 ઓગસ્ટ

(૧) વિશ્વ હાથી દિવસ :

World Elephant Day



ઉજવણીનો પ્રારંભ : 12 ઓગસ્ટ-2012થી.

ઉદ્દેશ :

- ✓ એશિયન અને આફ્રિકન હાથીની સુરક્ષા અને સંવર્ધન કરવાની સાથે તેમનો શિકાર ઉપરાંત હાથી દાંતની ચોરી અટકાવવી.

હાથી સંરક્ષણ અંગે ભારત સરકારના પ્રયાસો :

- ✓ તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા "સુરક્ષા" (SURAKSHA) પોર્ટલ લોન્ચ કરાયું.

ભારતમાં હાથીઓની સ્થિતિ:

- ✓ ભારતમાં વર્ષ 1992માં હાથી પરિયોજના અંતર્ગત અત્યાર સુધીમાં 13 રાજ્યોમાં 23 હાથી સંરક્ષિત સ્થળોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- ✓ ભારતમાં વર્ષ 2005 મુજબ હાથીઓની સંખ્યા 21,200 હતી. જે વિશ્વના કુલ હાથીઓની સંખ્યાઓની સંખ્યાના 50% છે.
- ✓ **ભારત સરકારે ભારતીય હાથીને વર્ષ 2010માં રાષ્ટ્રીય વિરાસત પ્રાણી (National Heritage Animal) તરીકે જાહેર કર્યું.**

અન્ય બાબતો :

- ✓ થાઈલેન્ડનું રાષ્ટ્રીય પ્રાણી - હાથી
- ✓ હાથીની મુખ્ય બે જાતિ : એશિયન અને આફ્રિકન.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) વીસમો આંતરરાષ્ટ્રીય યુવા દિવસ

International Youth Day



- ✓ થીમ-૨૦૨૦ : "Youth Engagement for Global Action"

આંતરરાષ્ટ્રીય યુવા દિવસ વિશે :

- ✓ સંયુકત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા 17 ડિસેમ્બર-1999ના રોજ યુવા વિશ્વ સંમેલનમાં 12 ઓગસ્ટને વર્ષ 2000થી પ્રતિ વર્ષે આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવાનું નક્કી કરાયું.

ઉદ્દેશ :

- ✓ સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાએ યુવા વર્ગ સાંસ્કૃતિક, સામાજિક અને કાયદાકીય બાબતો પ્રત્યે જાગૃત કરવાનો તેમજ ગરીબી નિવારણ અને સતત વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરવા યુવા વર્ગને નેતૃત્વ સોંપવાનો છે. ભારત યુવાઓના દેશ તરીકે જાણીતો છે.

ભારતમાં યુવાઓની વસતી :

- ✓ ભારતમાં કુલ વસતીમાંથી 25 વર્ષથી ઓછી ઉમરના લગભગ 50% અને 55 વર્ષથી ઓછી ઉંમરના લગભગ 65% વ્યકિતઓ નોંધાયેલા છે.

અન્ય વિગત :

- ✓ સંયુકત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા વર્ષ 1985ને આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ (International Youth Year) જાહેર કરાયુ હતું.
- ✓ ભારત સરકાર દ્વારા વર્ષ 1984થી સ્વામી વિવેકાનંદના જન્મદિવસ 12 જાન્યુઆરીને રાષ્ટ્રીય (National Youth Day) તરીકે ઉજવવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : 12 ઓગસ્ટ

ભારતીય અંતરીક્ષ વિજ્ઞાનના જનક : ડૉ. વિક્રમભાઈ સારાભાઈ

જન્મ – 12 ઓગસ્ટ-1919

અવસાન – 30 ડિસેમ્બર-1971



- ✓ ડો. વિક્રમ સારાભાઇએ 15મી ઓગસ્ટ-1969ના રોજ ઈસરો (ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન)ની સ્થાપના કરી
- ✓ ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના સ્પેસ પ્રોગ્રામના પિતામહ ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ 12મી ઓગસ્ટ, 1919ના રોજ અમદાવાદના ઉદ્યોગપતિ પરિવારમાં થયો હતો.
- ✓ વિક્રમ સારાભાઈને નાનપણથી જ મશીનોમાં રસ પડતો. કિશોરવયે જ તેમણે ટોય ટ્રેન કિટ પરથી પ્રેરણા લઈને ટ્રેક સાથેની આગગાડી બનાવી હતી, જે આજેય અમદાવાદ સ્થિત કોમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં જોવા મળે છે.

માતાએ મોન્ટેસરી પદ્ધતિથી ઘરમાં જ શિક્ષણ આપ્યું

- ✓ ભારતના માન્ચેસ્ટર ગણાતા અમદાવાદના ધનાઢ્ય ઉદ્યોગપતિ અંબાલાલ સારાભાઈ અને ગોદાવરી બાના પરિવારમાં વિક્રમભાઈનો જન્મ. તેમના પિતાને વારસામાં જ વિશાળ વેપાર મળ્યો હતો.
- ✓ માતાપિતા મહાત્મા ગાંધીના પણ ચુસ્ત સમર્થક. એ જમાનામાં ગોદાવરી બાએ બ્રિટીશ શિક્ષણવિદ્ મેડમ મોન્ટેસરીથી પ્રભાવિત થઈને બાળકોને પણ ઘરમાં જ શિક્ષણ આપ્યું.
- ✓ ઘરમાં ઉદ્યોગપતિઓની સાથે ટાગોર, જે. કૃષ્ણમૂર્તિ, મોતીલાલ નહેરુ, જવાહરલાલ નહેરુ, સરોજિની નાયડુ, મૌલાના આઝાદ અને સી. વી. રમન જેવા જુદા જુદા ક્ષેત્રોના ધુરંધરોની આવનજાવન, જેની નાનકડા વિક્રમ પર ઘેરી અસર થઈ.

ડો. રમનના માર્ગદર્શનમાં Ph.D

- ✓ ગુજરાત કોલેજમાં સ્નાતકની પદવી લઈને ઉચ્ચ શિક્ષણ માટે બ્રિટનની પ્રતિષ્ઠિત કેમ્બ્રિજયુનિવર્સિટીમાં પ્રવેશ લીધો.
- ✓ બીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળતા તેઓ ભારત પરત ફર્યા, અને દેશમાં જ પી.એચડી. કર્યું.
- ✓ તેમણે 'કોસ્મિક રે ઈન્વેસ્ટિગેશન્સ ઈન ટ્રોપિકલ લેટિટ્યુડ્સ' વિષયમાં થીસિસ લખ્યો અને તેમના ગાઈડ હતા, નોબલ વિજેતા વિજ્ઞાની ડૉ. સી.વી. રમન.

મોડર્ન ભારત માટેનું વિઝન

- ✓ વિક્રમ સારાભાઈનું 30 ડિસેમ્બર, 1971ના રોજ 52 વર્ષની વયે અવસાન થયું, એ પહેલાં તેમણે ભારતનો પહેલો ઉપગ્રહ આર્યભટ્ટ લૉન્ચ કરવાની તૈયારી કરી હતી.
- ✓ આજે આપણને કેબલ ટેલિવિઝનની લક્ઝરી મળી છે, એ માટે પણ તેમનો

આભાર માનવો પડે કારણ કે, 1975માં તેમણે નાસા સાથે મળીને સેટેલાઇટ ઇન્સ્ટ્રક્શન ટેલિવિઝન એક્સપિરિમેન્ટ (એસઆઇટીઇ)ની સ્થાપના કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

- ✓ ટેક્સ્ટાઇલ રિસર્ચ કરતી સંસ્થા અટીરા, સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી (સેપ્ટ) જેવી સંસ્થાઓ થકી દેશના ખરા વિકાસનો પાયો નાંખ્યો.
- ✓ તેઓ આઇઆઇએમના સ્થાપક સભ્યોમાંના પણ એક હતા.
- ✓ થુમ્બાના ચર્ચને સ્પેસ સેન્ટરમાં પરિવર્તિત કરીને પહેલું રોકેટ લૉન્ચ કર્યું



- ✓ 21 નવેમ્બર, 1963ના રોજ તેમણે થિરુવનંતપુરમના થુમ્બા ગામના એક ચર્ચની જગ્યાએથી સ્પેસમાં એક નાનકડું રોકેટ મોકલવાનું નક્કી કર્યું, એ સ્થળે થુમ્બા ઇક્વેટોરિયલ રોકેટ લૉન્ચ સ્થાપિત કરાયું, જે આજે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર તરીકે ઓળખાય છે.
- ✓ ડૉ. વિક્રમ સારાભાઇના શિષ્ય એટલે ડૉ. અબ્દુલ કલામ.
- ✓ વિક્રમ સારાભાઇએ યુવાન અબ્દુલ કલામનો ઇન્ટરવ્યૂ લઈ પોતાની ટીમમાં સામેલ કર્યા હતા. કલામની વિજ્ઞાની તરીકેની શરૂઆતની કારકિર્દીમાં પણ તેમની ભૂમિકા મહત્વની છે.
- ✓ કલામે નોંધ્યું છે કે, મને વિક્રમ સારાભાઇએ ઓળખી લીધો હતો. જોકે, તેનું કારણ હું બહુ ભણેલો હતો એ નહીં, પરંતુ હું ખૂબ મહેનત કરતો હતો, એ હતું. ત્યાર પછી તેમણે મને પૂર્ણ રીતે વિકસિત થવાનું કહ્યું હતું.

અમદાવાદના ઘરમાં શરૂ થયો ઇન્ડિયન સ્પેસ પ્રોગ્રામ

- ✓ દેશ આઝાદ થતાં જ, 1947માં, ડૉ. વિક્રમ સારાભાઇએ રાત-દિવસ કામ કરીને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની સ્થાપના કરી.
- ✓ અમદાવાદના શાહીબાગમાં આવેલા 'રિટ્રીટ' બંગલોના એક રૂમને વિક્રમ સારાભાઇએ ઓફિસમાં ફેરવી દીધો. ત્યાં તેમણે પીઆરએલનું કામ શરૂ કર્યું.
- ✓ આજેય આ સંસ્થા સ્પેસ અને એલાઇડ સાયન્સની અગ્રણી સંસ્થા ગણાય છે. જેનાથી દેશને અનેક મહાન વિજ્ઞાનીઓ મળ્યા છે.
- ✓ વિજ્ઞાન જાગૃતિ માટે 1968માં અમદાવાદમાં કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની સ્થાપના કરી

મૃણાલિની સારાભાઇ સાથે લગ્ન

- ✓ 1942માં ક્લાસિકલ ડાન્સર મૃણાલિની સારાભાઇ સાથે લગ્ન કર્યા, જેના થકી તેમને મલ્લિકા અને કાર્તિકેય એમ બે સંતાન છે.

સન્માન

- ✓ 1966માં પદ્મ ભૂષણ, 1972માં પદ્મ વિભૂષણ (મરણોપરાંત)
- ✓ 1972માં સરકારે તેમના માનમાં એક ટપાલ ટિકિટ પણ જારી કરી.
- ✓ ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયને 1973માં ચંદ્ર પર પડેલા 'બેસલ એ' નામના ક્રેટર (ખાડો)ને તેમની યાદમાં 'સારાભાઈ ક્રેટર' નામ આપ્યું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૮-૨૦૨૦)

1. વિવિધ તપાસ કેસોમાં તપાસની શ્રેષ્ઠ કામગીરી માટે કેન્દ્રના ગૃહમંત્રી દ્વારા વર્ષે 2020માં કેટલા પોલીસ કર્મયોગીઓને ચંદ્રકથી સન્માનિત કરાયા - **121**
2. વિવિધ તપાસ કેસોમાં તપાસની શ્રેષ્ઠ કામગીરી માટે કેન્દ્રના ગૃહમંત્રી દ્વારા કયા વર્ષેથી પોલીસ કર્મયોગીઓને ચંદ્રકથી સન્માનિત કરવામાં આવે છે - **2018**
3. વર્તમાન કેન્દ્રીય ગૃહમંત્રીનું નામ જણાવો - **શ્રી અમિત શાહ**
4. તાજેતરમાં ટિવટર દ્વારા કયું નવું ફીચર એડ કરાયું- **લિમિટ રિપ્લાય ફીચર**
5. શ્રાવણ વદ આઠમ એટલે- **કૃષ્ણનો જન્મ-જન્માષ્ટમી**
6. શ્રી કૃષ્ણ ભગવાન વિષ્ણુના કેટલામાં અવતાર હતા- **આઠમા**
7. "વિશ્વ હાથી દિવસ" કયારે ઉજવવામાં આવે છે - **12 ઓગસ્ટ**
8. -"વિશ્વ હાથી દિવસ"ઉજવવાનો સૌપ્રથમ પ્રારંભ કયારે કરવામાં આવ્યો હતો - **12 ઓગસ્ટ 2012**
9. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા હાથીઓની સુરક્ષા માટે કયું પોર્ટલ લોન્ચ કરાયું - **સુરક્ષા**
10. ભારત સરકારે કયા વર્ષે હાથીને "રાષ્ટ્રીય વિરાસત પ્રાણી" જાહેર કર્યું છે - **2010**
11. થાઈલેન્ડનું રાષ્ટ્રીય પ્રાણી જણાવો - **હાથી**
12. આંતરરાષ્ટ્રીય યુવા દિવસ કયારે મનાવવામાં આવે છે - **12 ઓગસ્ટ**
13. આંતરરાષ્ટ્રીય યુવા દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **"Youth Engagement for Global Action"**
14. "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ" કઈ સંસ્થા દ્વારા ઉજવવામાં આવે છે - **UNO**
15. "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ" કયા વર્ષેથી ઉજવવામાં આવે છે - **2000**
16. UNO દ્વારા કયા વર્ષેને "આંતરરાષ્ટ્રીય યુવા વર્ષે" તરીકે ઉજવવામાં આવ્યું - **1985**
17. ભારતના સ્પેસ પ્રોગ્રામના પિતામહ તરીકે કોણ ઓળખાય છે - **ડો. વિક્રમ સારાભાઇ**
18. પ્રખ્યાત વૈજ્ઞાનિક ડો. વિક્રમ સારાભાઇનો જન્મ દિવસ જણાવો - 12 ઓગસ્ટ-1919
19. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)ની સ્થાપના કોણે અને કયારે કરી હતી - **ડો.વિક્રમ સારાભાઇ અને ૧૫મી ઓગષ્ટ-૧૯૬૯**
20. ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ કયા થયો હતો - **અમદાવાદ**
21. વર્ષ-1975માં ડૉ. વિક્રમ સારાભાઈએ નાસા સાથે મળીને શેની સ્થાપના કરવામાં મહત્વની ભૂમિકા ભજવી - **સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શન ટેલિવિઝન એક્સપિરિમેન્ટ (એસઆઈટીઈ)**
22. ડૉ. વિક્રમ સારાભાઈને ભારત સરકાર દ્વારા 1966 અને 1972માં કયા કયા એવોર્ડથી સન્માનિત કરાયા - **પદ્મ ભૂષણ, અને પદ્મ વિભૂષણ (મરણોપરાંત)**
23. ડૉ. વિક્રમ સારાભાઈના માનમાં ભારત સરકારે કયા વર્ષમાં ટપાલ ટિકિટ જારી કરી – **1972**
24. કઈ સંસ્થાએ 1973માં ચંદ્ર પર પડેલા 'બેસલ'એ નામના ક્રેટર (ખાડો)ને તેમની યાદમાં 'સારાભાઈ ક્રેટર' નામ આપ્યું હતું - **ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન**

    વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' નવી આવક વેરા વ્યવસ્થાનો ભારતમાં પ્રારંભ (કરવેરા)

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ નવી આવક વ્યવસ્થા તા.૧૩મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ દેશને સમર્પિત કરાઈ



- ✓ નવીન પ્લેટફોર્મ : 'ટ્રાન્સપરન્ટ ટેક્સેસન : ઓનરિંગ ધ ઓનેસ્ટ.

મુખ્ય હેતુ અને ફાયદા :

- ✓ આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય નિર્બાધ, પીડારહિત અને ઓળખવિહીન કરવ્યવસ્થા
- ✓ નવી વ્યવસ્થા વર્તમાન કરવ્યવસ્થાને ફેસલેસ બનાવશે. દેશના નાગરિકોના જીવનમાં સરકારી હસ્તક્ષેપ ઘટાડવાની દિશામાં આ મોટું પગલું છે.
- ✓ નવી વ્યવસ્થામાં ફેસલેસ એસેસમેન્ટ, ફેસલેસ અપીલ અને ટેક્સપેયર્સ ચાર્ટર જેવા મોટા સુધારા સામેલ કરાયાં છે.
- ✓ ફેસલેસ એસેસમેન્ટ અને ટેક્સપેયર્સ ચાર્ટર તા.૧૩મી ઓગસ્ટ-૨૦૨૦થી અમલમાં જ્યારે ફેસલેસ અપીલનો તા. ૨૫મી સપ્ટેમ્બર-૨૦૨૦થી અમલ થશે.
- ✓ આ ફેસલેસ સિસ્ટમ કરદાતાઓને પારદર્શકતા અને ભયમુક્તતાનો ભરોસો અપાવશે.

શું છે નવી પારદર્શક કર વ્યવસ્થા :

ત્રણ મહત્વના સુધારા :

(૧) ફેસલેસ એસેસમેન્ટ: એક કેસનું એસેસમેન્ટ ત્રણ શહેરોની અલગ-અલગ ટીમ કરશે

- ✓ જ્યાં રિટર્ન ફાઈલ થઇ રહ્યું છે તે શહેરના અધિકારી કેસને નહીં જુએ. કમ્પ્યૂટરથી દેશના કોઇ પણ અધિકારી પાસે કેસ એલોટ થશે.
- ✓ એક એસેસમેન્ટ ત્રણ શહેરની ટીમ કરશે. પ્રથમ ટીમ ડ્રાફ્ટ એસેસમેન્ટ કરશે. બીજાં શહેરની ટીમ રિવ્યૂ, ત્રીજાં શહેરની ટીમ તેને ફાઈનલ કરશે.

ફાયદો શું થશે?

- ✓ એસેસમેન્ટ કરનાર અધિકારી અને કરદાતા ક્યારેય આમનેસામને નહીં આવે, કરદાતાને હેરાન કરી શકાશે નહીં. અધિકારી અને કરદાતા વચ્ચે મિલીભગત નહીં થઈ શકે.

ફેરફાર કેમ કર્યા

- ✓ સરકારને આવકવેરા દ્વારા વેપારીઓને હેરાન કરવાની ફરિયાદ મળતી રહેતી હતી.
- ✓ સીએ ઘણા સમયથી તેની માગ કરી રહ્યા હતા. અત્યાર સુધી દેશનાં 13 શહેરોમાં જ તેની વ્યવસ્થા હતી.

(૨) ક્સપેયર ચાર્ટર

- ✓ રેટ્રોસ્પેક્ટિવ ટેક્સ નહીં લાગે: કરદાતા પાસેથી પાછલી તારીખનો ટેક્સ વસૂલ કરી શકાશે નહીં
- ✓ ટેક્સપેયર ચાર્ટરમાં જ કરદાતાઓને અધિકાર અપાશે કે કાયદામાં થનારા ફેરફારને લીધે તેમના પર રેટ્રોસ્પેક્ટિવ એટલે કે ગત તારીખથી ટેક્સ નહીં લગાવાય. ટેક્સના કાયદામાં જે પણ ફેરફાર થશે તે વર્તમાન વર્ષ અને આગળનાં વર્ષો પર જ લાગુ થશે.

ફાયદો શું થશે

- ✓ મોટા બિઝનેસમેન અને વિદેશીઓને ફાયદો થશે. જો કાયદામાં ફેરફાર થયા પછી કોઈ નવો ટેક્સ લાગુ કરવામાં આવે તો પણ પાછલી તારીખથી નવા દરે ટેક્સ ભરવો પડશે નહીં.

ફેરફાર કેમ કર્યા

- ✓ યુપીએ શાસનમાં વોડાફોન પર 22 હજાર કરોડ અને કેયર્ન પર 11 હજાર કરોડનો પાછલી તારીખથી ટેક્સ લગાવાયો હતો. તેનાથી વિદેશી રોકાણકારોનું ભારત પ્રત્યે આકર્ષણ ઘટી ગયું હતું.

(૩) સરવેનો અધિકાર મર્યાદિત : ચીફ કમિશનર સહિત માત્ર ત્રણ અધિકારી સરવે કરાવી શકશે

- ✓ આઈટી એક્ટ 1961ની કલમ 133એમાં સુધારો કરી હવે સરવેના અધિકાર મર્યાદિત કરાયા છે. ટીડીએસના મામલે હવે ફક્ત ચીફ કમિશનર કે પ્રિન્સિપાલ ચીફ કમિશનર અને સામાન્ય બાબતોમાં ફક્ત ડીજીઆઈટી પાસે જ સરવેનો આદેશ આપવાનો અધિકાર રહેશે.

ફાયદો શું થશે

- ✓ ધંધાદારીઓને હેરાનગતિ કરવા માટે કરાતા સરવેમાં ઘટાડો થશે. ધંધાદારીઓના મનમાં આઈટી અધિકારીઓનો ભય ઓછો થશે. આઈટી

વિભાગમાં થનારા સંસ્થાગત ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે.

ફેરફાર કેમ કર્યા

- ✓ અનેકવાર રેન્જના આઈટી અધિકારી બિઝનેસમેનો પર દબાણ બનાવવા માટે સરવેનો સહારો લેતા હતા. સરવેની ધમકી અપાતી હતી. સરવે માટે ટાર્ગેટ પણ નક્કી કરાતો.

ફરિયાદનો અધિકાર

- ✓ ટેક્સ ઓફિસર કે અધિકારીના મેનેજરને ફરિયાદ કરી શકાશે. આસિસ્ટન્ટ ડાયરેક્ટર કસ્ટમરકેરને પણ ફરિયાદ આપી શકાશે.

ફરિયાદ અહીં પણ થઈ શકશે

- ✓ ઈમેલ info.mfin@gov.mt
- ✓ ફોન 25998285/25998000
- ✓ પોર્ટલ http://www.finance.gov.mt
- ✓ કસ્ટમરકેર કે નાણાંમંત્રાલયની વેબસાઈટ દ્વારા લોકપાલને પણ ફરિયાદ કરી શકાશે. ગંભીર ગુનાહિત આરોપ હશે તો પોલીસમાં પણ ફરિયાદ થઈ શકશે.
- ✓ જે શહેરમાં રિટર્ન દાખલ થશે એ શહેરના અધિકારી કેસ તપાસશે નહીં, સેન્ટ્રલાઈઝ્ડ કમ્પ્યુટર સિસ્ટમથી દેશના કોઈ બીજા શહેરમાં એસેસમેન્ટ થશે.

કર આધાર વધારવા વધુ નિયમ પાલન અને પારદર્શકતા

- ✓ નવા ટ્રાઝેકશન પર ટેક્સનું ડિડક્શન અને કલેક્શન (ટીડીએસ અને ટીસીએસ)
- ✓ રૂપિયા ૧ કરોડથી વધુની રોકડ ઉપાડ પર ટીડીએસ (રિટર્ન ન ભરનાર માટે રૂપિયા ૨૦ લાખ)
- ✓ મોટર વ્હિકલ પર ટીસીએસ રૂપિયા ૧૦ લાખ
- ✓ રૂપિયા ૭.૫ લાખ કરતાં વધુના ફોરેન રેમિટન્સ અથવા વિદેશ પ્રવાસ પેકેજ પર ટીસીએસ રૂપિયા ૫૦ લાખ કરતા વધુના સામાનની ખરીદી પર ટીસીએસ અને ઇ-કોમર્સ સપ્લાયર્સ પર ટીડીએસ

એસટીએફનું વિસ્તરણ

- ✓ કરન્ટ એકાઉન્ટમાં રૂ. ૫૦ લાખ કે તેથી વધુની કેશ ડિપોઝિટ અથવા ઉપાડ
- ✓ નોન-કરન્ટ એકાઉન્ટમાં રૂ.૧૦ લાખ કે તેથી વધુની કેશ ડિપોઝિટ ૧૦ લાખ કરતાં વધુના વિદેશી ચલણનું વેચાણ

ફરજિયાત આવકવેરા રિટર્ન ભરવું પડશે

- ✓ કરન્ટ એકાઉન્ટમાં રૂપિયા એક કરોડ કે તેથી વધુની ડિપોઝિટ
- ✓ વિદેશ પ્રવાસ પર રૂ. બે લાખ કે તેથી વધુનો ખર્ચ
- ✓ રૂપિયા એક લાખ કરતા વધુ વીજળી વપરાશ

વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦

- ✓ ઝડપથી ટેક્સ વિવાદોનો અંત લાવવાની વ્યવસ્થા આપતી પ્રક્રિયા માટે કાયદો
- ✓ ડિપાર્ટમેન્ટલ અપીલ ફાઇલ કરવા માટેની નાણા મર્યાદામાં વધારો

- ✓ ITAT સમક્ષ અપીલની મર્યાદા રૂ. ૨૦ લાખથી વધારી ૫૦ લાખ
- ✓ હાઇકોર્ટ સમક્ષ અપીલની મર્યાદા રૂ.૫૦ લાખથી વધારી ૧ કરોડ
- ✓ સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલની મર્યાદા રૂપિયા ૧ કરોડથી વધારી બે કરોડ

કોરોના મહામારીના પગલે રાહતના પગલાં

- ✓ ભારતની મુલાકાતે આવેલી વ્યક્તિનું ભારતમાં રોકાણ લબાઇ ગયું હોય તો લંબાયેલા રોકાણનો સમય ગણતરીમાં લેવાશે નહીં
- ✓ વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦ અંતર્ગત ચૂકવવાનો થતા ડાયરેક્ટી ટેક્સની મુદત ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી લંબાવાઇ
- ✓ ૨૦૧૯-૨૦ના આઇટી રિટર્ન જમા કરાવવાની મુદત ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધી લબાવાઇ
- ✓ આવકવેરાની ચુક્વણીમાં વિલંબ માટેના વ્યાજનો દર ઘટાડીને પ્રતિ વર્ષ ૯ ટકા કરાયો પીએમ કેર્સ ફંડમાં આપેલા દાનને સંપુર્ણ કરમુક્તિ

સ્કોપ ઓફ રિપોર્ટિંગ ઓક ટ્રાઝેશનનું વિસ્તરણ

- ✓ પ્રતિ વર્ષ રૂપિયા એક લાખથી વધુની એજયુકેશન ફી અથવા ડોનેશનની ચુક્વણી
- ✓ પ્રતિ વર્ષ રૂપિયા એક લાખથી વધુનો વીજવપરાશ
- ✓ ડોમેસ્ટિક બિઝનેસ ક્લાસ એર ટ્રાવેલ અને વિદેશ પ્રવાસ
- ✓ રૂપિયા ૨૦,૦૦૦ કરતાં વધુનાં હોટેલ બિલ
- ✓ રૂપિયા એક લાખ કરતાં વધુની જ્વેલરી, વ્હાઇટ ગુડસ માર્બલ વગેરેની ખરીદી
- ✓ કરન્ટ એકાઉન્ટમાં રૂપિયા ૫૦ લાખ કરતાં વધુની ડિપોઝિટ-ક્રેડિટ
- ✓ નોન કરન્ટ એકાઉન્ટમાં રૂપિયા ૨૫ લાખ કરતાં વધુની ડિપોઝિટ ક્રેડિટ
- ✓ પ્રતિ વર્ષ રૂપિયા ૨૦,૦૦૦ કરતાં વધુનો પ્રોપર્ટી ટેક્સ
- ✓ રૂપિયા ૫૦,૦૦૦ કરતાં વધુ જીવન વીમાનું પ્રીમિયમ
- ✓ રૂપિયા ૨૦,૦૦૦ કરતા વધુ આરોગ્ય વીમાનું પ્રીમિયમ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ઓવરબ્રિજ-અમદાવાદ (માળખાકીય સુવિધા)

AMC દ્વારા પાંચ નવા ઓવર બ્રિજને વિવિધ નામકરણ

બ્રિજ	નામકરણ	ખર્ચ
દિનેશ ચેમ્બર, બાપુનગર	મહારાણા પ્રતાપ	40 કરોડ
હાટકેશ્વર ચાર રસ્તા	છત્રપતિ શિવાજી મહારાજ	34.5 કરોડ
રાણીપ રેલવે ઓવરબ્રિજ	આત્મનિર્ભર ગુજરાત	59 કરોડ
ઇનકમટેક્સ ફ્લાયઓવર	સ્વ. અરૂણ જેટલી	58 કરોડ
અંજલિ ફ્લાયઓવર	સ્વ. સુષ્મા સ્વરાજ	88 કરોડ

1. દિનેશ ચેમ્બર જંકશન ઓવરબ્રિજ-મહારાણા પ્રતાપ ઓવરબ્રિજ
2. હાટકેશ્વર જંકશન ઓવરબ્રિજ-છત્રપતિ શિવાજી મહારાજ ફ્લાયઓવર બ્રિજ
3. રાણીપ રેલવે ઓવરબ્રિજ-આત્મનિર્ભર ગુજરાત, ફ્લાયઓવર બ્રિજ
4. ઇન્કમટેક્ષ ફ્લાયઓવર બ્રિજ-સ્વ અરુણ જેટલી ફ્લાયઓવર બ્રિજ
5. અંજલિ ફ્લાયઓવર બ્રિજ-સ્વ.સુષ્મા સ્વરાજ ફ્લાયઓવર બ્રિજ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ઈઝરાયેલ-UAE વચ્ચે પ્રથમવાર શાંતિ કરાર (વૈશ્વિક સંબંધો)



કરારમાં કઈ બાબતોનો સમાવેશ

✓ કરારના પગલે ઇઝરાયલે વેસ્ટ બેન્ક વિસ્તાર પર કબજાનો વિચાર પડતો મૂક્યો
✓ ઇઝરાયલ અને યુએઇના પ્રતિનિધિમંડળ આવનારા દિવસોમાં રોકાણ, પર્યટન, તેલ અવીવ-અબુધાબી વચ્ચે ડાયરેક્ટ ફ્લાઇટ, સુરક્ષા, ટેલિકોમ સહિતના મુદ્દે દ્વિપક્ષી સમજૂતીઓ પર સહી-સિક્કા કરશે.
✓ ટૂંક સમયમાં રાજદૂતો અને દૂતાવાસોના આદાન-પ્રદાનની પણ આશા રખાઇ રહી છે. ઇઝરાયલ અને યુએઇ કોરોનાની રસી માટે પણ સાથે મળીને કામ કરશે.

શાંતિકરારની શું અસર થશે?

✓ આ ઐતિહાસિક શાંતિકરારથી દુનિયાભરના મુસ્લિમ દેશોમાં ઇઝરાયલની સ્વીકાર્યતા વધવા ઉપરાંત તેની સુરક્ષા અને સ્થિરતાને પણ લાભ થશે.
✓ ઇઝરાયલ મધ્ય-પૂર્વના દેશો સાથે સંબંધો સુધારવા લાંબા સમયથી કાર્યરત હતું.
✓ આ કરારથી ઇરાન, ચીન અને પાક.ને મોટો ઝાટકો લાગશે, કેમ કે ઇરાન અને પાક.એ ઇઝરાયલને માન્યતા આપી નથી અને તેની સાથે રાજદ્વારી સંબંધો પણ નથી રાખ્યા જ્યારે ચીનની મધ્ય-પૂર્વના દેશોમાં મજબૂત થઇ રહેલી પકડને મોટો ફટકો પડ્યો છે.

ઇઝરાયલના વડાપ્રધાન:બેન્જામિન નેતન્યાહૂ
UAE-ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી (રાજકારણ)

સૌથી લાંબો સમય સત્તામાં રહેનાર શ્રી મોદી ભારતના ચોથા વડાપ્રધાન



અન્ય બાબતો :

- ✓ શ્રી નરેન્દ્ર મોદી બિન-કોંગ્રેસી વડાપ્રધાન તરીકે સૌથી લાંબો સમય દેશનું સુકાન સંભાળનારા દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા.
- ✓ અત્યાર સુધી આ રેકોર્ડ અટલ બિહારી વાજપેયીના નામે હતો.
- ✓ વાજપેયી તેમના ત્રણ કાર્યકાળમાં કુલ 2,272 દિવસ સત્તામાં રહ્યા હતા, જ્યારે મોદીનો વડાપ્રધાન તરીકે તા.13મી ઓગસ્ટ-2020ના રોજ 2,272મો દિવસ હતો.
- ✓ મોદી છ વર્ષ, બે મહિના અને 19 દિવસથી વડાપ્રધાન છે.

પીએમ તરીકે પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો નહીં કરી શકનાર બિન-કોંગ્રેસી વડાપ્રધાન

મોરારજી દેસાઈ	24 માર્ચ 1977 થી 28 જુલાઈ 1979
ચરણ સિંધ	28 જુલાઈ,1979 થી 14 જાન્યુઆરી,1980
વી.પી.સિંધ	2 ડિસેમ્બર, 1989 થી 10 નવેમ્બર, 1990
ચંદ્રશેખર	10 નવેમ્બર, 1990 થી 21 જૂન, 1991
એચ.ડી.દેવગૌડા	1 જૂન, 1996 થી 21 એપ્રિલ, 1997
આઈ.કે. ગુજરાલ	21 એપ્રિલ, 1997 થી 19 માર્ચ, 1998

સૌથી લાંબો સમય વડાપ્રધાન તરીકે રહેનાર કોંગ્રેસી PM

(૧) જવાહરલાલ નહેરુ : વડાપ્રધાન તરીકે સતત 17 વર્ષનો સૌથી લાંબો કાર્યકાળ

(૨) ઈન્દિરા ગાંધી : આશરે 15 વર્ષ

(૩) મનમોહન સિંહ : દસ વર્ષ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 13 ઓગસ્ટ

ઈન્ટરનેશનલ લેફ્ટહેન્ડર્સ ડે



- ✓ **હેતુ :** ડાબા હાથે કંઈક પ્રદાન કરતા લોકોને બિરદાવવા માટે ઉજવણી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં કઈ નવી આવક વેરા વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો હતો - **'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન'**
2. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં નવી આવક વેરા વ્યવસ્થા 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન'નો પ્રારંભ કયારે કરાવ્યો હતો - **તા.૧૩મી ઓગસ્ટ-૨૦૨૦**
3. નવી આવક વેરા વ્યવસ્થા 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન'નો મુખ્ય ઉદ્દેશ્ય જણાવો - **નિર્બાધ, પીડારહિત અને ઓળખવિહીન કરવ્યવસ્થા**
4. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત ફેસલેસ એસેસમેન્ટ અને ટેક્સપેયર્સ ચાર્ટર કયારથી અમલમાં આવશે - **તા.૧૩મી ઓગસ્ટ-૨૦૨૦**
5. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત ફેસલેસ અપીલ ક્યારથી અમલ થશે - **તા. ૨૫મી સપ્ટેમ્બર-૨૦૨૦**
6. નવી આવક વેરા વ્યવસ્થા 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' અંતર્ગત કયા ત્રણ મહત્વના સુધારા કરાયા - **(૧) ફેસલેસ એસેસમેન્ટ (૨) ફેસલેસ અપીલ અને (૩) અપીલટેક્સ પેયર ચાર્ટર**
7. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત એક કેસનું એસેસમેન્ટ કેટલા શહેરોની અલગ-અલગ ટીમ કરશે - **ત્રણ**
8. રેટ્રોસ્પેક્ટિવ ટેક્સ એટલે શું - **ગત તારીખથી લગાવવામાં આવતો ટેક્સ**
9. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત ચીફ કમિશનર સહિત કેટલા અધિકારી સરવે કરાવી શકશે - **ત્રણ**
10. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત આઈટી એક્ટ-1961ની કઈ કલમમાં સુધારો કરી હવે સરવેના અધિકાર મર્યાદિત કરાયા છે - **133એ**
11. નવી આવક વેરા વ્યવસ્થા 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' અંતર્ગત કોને-કોને ફરિયાદ કરી શકાશે - **ટેક્સ ઓફિસર કે અધિકારીના મેનેજર, આસિસ્ટન્ટ ડાયરેક્ટર કસ્ટમરકેર, ઈમેલ info.mfin@gov.mt, ફોન 25998285/25998000, પોર્ટલ http://www.finance.gov.mt, કસ્ટમરકેર કે નાણાંમંત્રાલયની વેબસાઈટ દ્વારા લોકપાલને ફરિયાદ કરી શકાશે, ગંભીર ગુનાહિત આરોપસર પોલીસમાં ફરિયાદ થઈ શકશે**
12. કેટલા રૂપિયાથી વધુની રોકડ ઉપાડ પર ટીડીએસ કપાશે – **રૂ.૧ કરોડ(રિટર્ન ન ભરનાર માટે રૂ.૨૦ લાખ)**
13. 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' વ્યવસ્થા અંતર્ગત શેના પર ટીસીએસ રૂપિયા ૧૦ લાખ થશે - **મોટર વ્હિકલ**
14. કેટલા રૂપિયાના ફોરેન રેમિટન્સ અથવા વિદેશ પ્રવાસ પેકેજ પર ટીસીએસ – **રૂ. ૭.૫ લાખ કરતાં વધુ**
15. કેટલા રૂપિયાના સામાનની ખરીદી પર ટીસીએસ અને ઇ-કોમર્સ સપ્લાયર્સ પર ટીડીએસ કપાશે – **રૂ. ૫૦ લાખ કરતા વધુ**
16. 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' વ્યવસ્થા અંતર્ગત કરન્ટ એકાઉન્ટમાં કેટલા રૂપિયા કે તેથી વધુની કેશ ડિપોઝિટ અથવા ઉપાડ કરી શકાશે - **રૂ. ૫૦ લાખ**
17. 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' વ્યવસ્થા અંતર્ગત નોન-કરન્ટ એકાઉન્ટમાં કેટલા રૂપિયા કે તેથી વધુની કેશ ડિપોઝિટ થઈ શકશે - **રૂ.૧૦ લાખ**
18. ભારતમાં ઝડપથી ટેક્સ વિવાદોનો અંત લાવવાની વ્યવસ્થા આપતી પ્રક્રિયા માટે કયો કાયદો અમલી છે - **વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦**
19. નવી કર વ્યવસ્થામાં વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦ અંતર્ગત ITAT સમક્ષ અપીલની મર્યાદા વધારી કેટલી કરવામાં આવી - **રૂ. ૨૦ લાખથી વધારી ૫૦ લાખ**
20. નવી કર વ્યવસ્થામાં વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦ અંતર્ગત હાઇકોર્ટ તથા સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલની મર્યાદા કેટલી કરાઈ - **રૂ.૫૦ લાખથી વધારી ૧ કરોડ તથા રૂ. ૧ કરોડથી વધારી બે કરોડ**
21. વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦ અંતર્ગત ચૂકવવાનો થતા ડાયરેક્ટી ટેક્સની મુદત કયા સુધી લંબાવાઇ – **તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦**
22. વર્ષ ૨૦૧૯-૨૦ના આઇટી રિટર્ન જમા કરાવવાની મુદત કયાં સુધી લબાવાઇ – **તા. ૩૦ નવેમ્બર ૨૦૨૦**
23. આવકવેરાની ચુક્વણીમાં વિલંબ માટેના વ્યાજનો દર ઘટાડીને પ્રતિ વર્ષ કેટલા ટકા કરાયો - **૯**

24. કયા ફંડમાં આપેલા દાનને સંપુર્ણ કરમુક્તિ આપવામાં આવી છે - **પીએમ કેર્સ ફંડ**
25. બિન-કોંગ્રેસી વડાપ્રધાન તરીકે સૌથી લાંબો સમય દેશનું સુકાન સંભાળનારા દેશના પ્રથમ વડાપ્રધાનનું નામ જણાવો - **નરેન્દ્ર મોદી**
26. તા.13મી ઓગસ્ટ-2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સૌથી લાંબો સમય સત્તામાં રહેનાર ભારતીય વડાપ્રધાનની યાદીમાં કેટલામુ સ્થાન પ્રાપ્ત કર્યું - **ચોથા વડાપ્રધાન**
27. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી તેમના ત્રણ કાર્યકાળમાં કુલ કેટલા દિવસ વડાપ્રધાન તરીકે સેવા આપી - 2,272
28. સૌથી લાંબો સમય વડાપ્રધાન તરીકે રહેનાર કોંગ્રેસી PMનું નામ જણાવો - **જવાહરલાલ નહેરુ**
29. પૂર્વ PM જવાહરલાલ નહેરુએ વડાપ્રધાન તરીકે સતત કેટલા વર્ષનો સૌથી લાંબો કાર્યકાળ ધરાવે છે - 17
30. ઈન્દિરા ગાંધી કુલ કેટલા વર્ષ વડાપ્રધાન પદે રહ્યાં હતા- **આશરે 15 વર્ષ**
31. મનમોહન સિંહ કુલ કેટલા વર્ષ વડાપ્રધાન પદે રહ્યાં હતા - **10 વર્ષ**
32. AMCનું વિસ્તૃત નામ જણાવો – **અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
33. AMC દ્વારા ઓગસ્ટ-૨૦૨૦માં કેટલા નવા ઓવર બ્રિજનું વિવિધ નામકરણ કરાયુ - પાંચ
34. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 40 કરોડના ખર્ચે બનેલા બાપુનગર સ્થિત દિનેશ ચેમ્બર બ્રિજને ક્યું નામ અપાયુ - **મહારાણા પ્રતાપ**
35. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 34.5 કરોડના ખર્ચે બનેલા હાટકેશ્વર ચાર રસ્તા સ્થિત બ્રિજને કયુ નામ અપાયું - **છત્રપતિ શિવાજી મહારાજ**
36. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 59 કરોડના ખર્ચે નિર્માણ પામેલા રાણીપ રેલવે ઓવરબ્રિજને કયુ નામ અપાયું – **આત્મનિર્ભર ગુજરાત**
37. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 58 કરોડના ખર્ચે નિર્માણ પામેલા ઇનકમટેક્સ ફ્લાયઓવર બ્રિજને કયુ નામ અપાયું – **સ્વ. અરૂણ જેટલી**
38. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 88 કરોડ કરોડના ખર્ચે નિર્માણ પામેલા અંજલિ ફ્લાયઓવર બ્રિજને કયુ નામ અપાયું – **સ્વ. સુષ્મા સ્વરાજ**
39. ઓગસ્ટ-૨૦૨૦માં ક્યા બે દેશ વચ્ચે પ્રથમવાર ઐતિહાસિક શાંતિ કરાર થયો – **ઈઝરાયેલ અને UAE વચ્ચે**
40. ઓગસ્ટ-૨૦૨૦માં ઈઝરાયેલ-UAE વચ્ચે થયેલા શાંતિ કરારના પગલે ઇઝરાયલે કયા વિસ્તાર પર કબજાનો વિચાર પડતો મૂક્યો - **વેસ્ટ બેન્ક**
41. ઓગસ્ટ-૨૦૨૦માં ઈઝરાયેલ-UAE વચ્ચે થયેલા શાંતિ કરારથી ઈઝરાયેલને શો ફાયદો થશે - **વિશ્વના મુસ્લિમ દેશોમાં ઇઝરાયલની સ્વીકાર્યતા વધવા ઉપરાંત તેની સુરક્ષા અને સ્થિરતાને પણ લાભ થશે**
42. ઇઝરાયલ દેશના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **બેન્જામિન નેતન્યાહૂ**
43. UAEના ક્રાઉન પ્રિન્સનું નામ જણાવો - **શેખ મોહમ્મદ બિન ઝાયેદ**
44. ઈન્ટરનેશનલ લેફ્ટહેન્ડર્સ ડે ક્યારે મનાવવામાં આવે છે - **13 ઓગસ્ટ**
45. કયા હેતુસર પ્રતિ વર્ષ 13 ઓગસ્ટના રોજ ઈન્ટરનેશનલ લેફ્ટહેન્ડર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે - **ડાબા હાથે કંઈક પ્રદાન કરતા લોકોને બિરદાવવા માટે**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.RBI : RBI દ્વારા કેન્દ્ર સરકારને ડિવિડન્ડ પેટે રૂ.૫૭,૧૨૮ કરોડની ચૂકવણીની મંજૂરી



- ✓ RBI બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ના હિસાબી વર્ષ માટે કેન્દ્ર સરકારને આ રકમ સરપ્લસ તરીકે ટ્રાન્સફર કરાશે

અન્ય વિગતો :

- ✓ ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષમાં આરબીઆઇએ સરકારને ૧,૭૬,૦૫૧ કરોડ આપ્યા હતા.
- ✓ ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષમાં રિઝર્વ બેન્કે કેન્દ્ર સરકારને સરપ્લસ તરીકે રૂપિયા ૧,૨૩,૪૧૪ કરોડની ચૂકવણી કરી હતી.
- ✓ બિમલ જાલાન સમિતિની ભલામણને પગલે વધારાની જોગવાઇઓ માટે અનામત રખાયેલા રૂપિયા ૫૨,૬૩૭ કરોડ પણ કેન્દ્ર સરકારને સોંપી દેવાયા.
- ✓ આ નાણાકિય વર્ષ દરમિયાન આરબીઆઇએ સરકારને રૂપિયા ૧,૭૬,૦૫૧ કરોડની ચૂકવણી કરી હતી.

આરબીઆઇ દ્વારા કેન્દ્રને ચુકવણી

- ✓ વર્ષ 2018-19 : રૂ. 65,896 કરોડ
- ✓ વર્ષ 2017-18 : રૂ. 50,000 કરોડ
- ✓ વર્ષ 2016-17 : રૂ. 30,659 કરોડ

શું છે સરપ્લસ અથવા ડિવિડન્ડ

- ✓ આરબીઆઇ એક્ટ ૧૯૩૪ અનુસાર રિઝર્વ બેન્કને થતો નફો કેન્દ્ર સરકારને સોંપી દેવામાં આવે છે.
- ✓ રિઝર્વ બેન્ક સામાન્ય રીતે સરકારી સિક્યુરિટિઝના ખરીદ-વેચાણ, બેન્કોને કરાતા ધીરાણના વ્યાજ, બોન્ડ પર મળતા વ્યાજમાંથી કમાણી કરતી રહે છે.

- ✓ ખર્ચા બાદ કરીને આરબીઆઇનો નફો નક્કી કરાય છે જે સરપ્લસ ગણાય છે.
- ✓ આરબીઆઇ દ્વારા આ ડિવિડન્ડ કેન્દ્ર સરકારને ચૂકવવામાં આવે છે.
- ✓ આરબીઆઇનું નાણાકીય વર્ષ જૂનથી જુલાઇ સુધી ગણાય છે.
- ✓ RBI ગવર્નર : શક્તિકાન્તા દાસ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સન્માન : મેડલ ફોર એક્સલેન્સ ઈન ઈન્વેસ્ટિગેશન-૨૦૨૦ (ગૃહ મંત્રાલય)



- ✓ ગુજરાતના પાંચ પોલીસ કર્મયોગીઓનું કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સન્માન
- ✓ કામગીરી : ગુનાઓ ઉકેલવા બદલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. અશોકચક્ર

ભારતીય તિરંગામાં ૨૪ આંકાવાળુ(ચક્ર) અશોકચક્ર ભગવાન બુદ્ધે આપેલાં ૨૪ જીવન મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે



૨૪ પ્રતિક : જીવન મૂલ્યો

સંયમ	આરોગ્ય	સેવા
ક્ષમા	બંધુત્વ	સંગઠન
કલ્યાણ	સહકાર્ય	સમૃદ્ધિ
શીલ	ઉદ્યોગ	બુદ્ધિમત્તા
નિયમ	ત્યાગ	સમાનતા
ન્યાય	કર્તવ્ય	અધિકાર
મૈત્રી	અર્થ	નીતિ
સુરક્ષા	શાંતિ	પ્રેમ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ચંદ્રયાન-૨ (અવકાશ વિજ્ઞાન)

સારાભાઈ ક્રેટર : ચંદ્રયાન-૨ દ્વારા મોકલાયેલ તસવીરને ઈસરો દ્વારા સારાભાઈ ક્રેટર નામ અપાયું

વિગત :

- ✓ ચંદ્રયાન-2 દ્વારા ચંદ્રના ઉત્તર પૂર્વના એક મોટા ખાડાની સ્પષ્ટ તસવીર મોકલવામાં આવી છે.



- ✓ ઇસરોએ ડૉ.વિક્રમ સારાભાઈના નામ પર તેને સારાભાઈ ક્રેટર નામ આપ્યું છે.
- ✓ આ ક્રેટરથી માત્ર 250-300 કિમી પૂર્વ તરફ એપોલો 17 અને લૂના 21 મિશનની લેન્ડિંગ સાઈટ છે.
- ✓ આ ખાડો 10 કિમી વ્યાસ ધરાવે છે અને લગભગ 1.7 કિલોમીટર જેટલો ઊંડો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. રાષ્ટ્રપતિ ચંદ્રક : ગુજરાત પોલીસ

વિગત :

- ✓ ૭૪માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિએ જાહેર કરેલા વિશિષ્ટ સેવા અને પ્રશંસનીય સેવા માટે ગુજરાતના કુલ 19 પોલીસ અધિકારી-જવાનોની પસંદગી કરાઈ.

વિશિષ્ટ સેવા મેડલ

- ✓ ડો.નિરજા ગોટરૂ, DIG
- ✓ એન.વી.વધાસિયા, PSI



પ્રશંસનીય સેવા મેડલ - DySP

- ✓ એસ.કે.ત્રિવેદી
- ✓ વી.એમ.જાડેજા
- ✓ જે.એસ.ચાવડા
- ✓ એસ.એલ.ચૌધરી
- ✓ આશુતોષ પરમાર
- ✓ એલ.ડી.રાઠોડ
- ✓ આર.એલ.ડાખરા
- ✓ પી.આર.સંઘાણી

પ્રશંસનીય સેવા મેડલ - PSI

✓ સંજય કોનોજિયા, દિપસિંહ પટેલ

પ્રશંસનીય સેવા મેડલ - હેડ કોન્સ્ટેબલ

✓ ભાનુભાઈ ભરવાડ, ભરત મુંગરા, સુરેશકુમાર નાયર, ધીરજકુમાર પરમાર, સુરેશ પટેલ, સુરેશ વણઝારા, રવિન્દ્ર ઘોડે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૮-૨૦૨૦)

1. તાજેતર ઓગસ્ટ 2020માં RBI દ્વારા કેન્દ્ર સરકારને ડિવિડન્ડ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી છે - **૩.57,128 કરોડ**
2. RBI દ્વારા કેન્દ્ર સરકારને કયા હિસાબી વર્ષે માટે આ રકમ સરપ્લસ તરીકે ચૂકવાઈ - **2019-20**
3. વર્ષે 2019-20ના નાણાકીય વર્ષેમાં RBI દ્વારા કેન્દ્ર સરકારને સરપ્લસ તરીકે કુલ કેટલી રકમ ચૂકવાઈ- **૩. 1,23,414**
4. RBIનું નાણાકીય વર્ષે જણાવો - **જૂનથી જુલાઈ**
5. RBIના વર્તમાન ગવર્નરનું નામ જણાવો - **શક્તિકાન્ત દાસ**
6. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા તાજેતરમાં ગુજરાતમાં ગુનાઓ ઉકેલવા બદલ પાંચ પોલીસને કયા એવોર્ડથી સન્માન નીતિ કરાયા - **મેડલ ફોર એક્સલેન્સ ઈન ઈન્વેસ્ટિગેશન-2020**
7. ભારતીય ત્રિરંગામાં કુલ 24 ચક્ર કોને આપેલા જીવન મૂલ્યોને પ્રકાશિત કરે છે - **ભગવાન બુદ્ધ**
8. ત્રિરંગામાં આવેલા 24 જીવન મૂલ્યો જણાવો – **સંયમ, આરોગ્ય,સેવા, ક્ષમા, બંધુત્વ, સંગઠન, કલ્યાણ, સહકાર્ય, સમૃદ્ધિ, શીલ, ઉદ્યોગ, બુદ્ધિમત્તા, નિયમ, ત્યાગ, સમાનતા, ન્યાય, કર્તવ્ય, અધિકાર, મૈત્રી, અર્થ, નીતિ, સુરક્ષા, શાંતિ, પ્રેમ**
9. તાજેતરમાં ISROના ચંદ્રયાન-2 દ્વારા મોકલવામાં આવેલી ખાડાની તસ્વીરને કયું નામ અપાયું છે - **સારાભાઇ ક્રેટર**
10. 74માં સ્વાતંત્ર્ય પર્વે નિમિત્તે ગુજરાતમાંથી કેટલા પોલીસ અધિકારી-કર્મયોગીઓને વિશિષ્ટ સેવા મેડલ અને પ્રશંસનીય સેવા મેડલ અપાયા - **02 અને 17**
11. 74માં સ્વાતંત્ર્ય પર્વે નિમિત્તે ગુજરાતમાંથી કયા કયા પોલીસ અધિકારીઓને વિશિષ્ટ સેવા મેડલ અપાયા- **ડૉ.નિરજા ગોટરૂ DIG અને એન.વી.વઘાસીયા PSI**
    વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 15-08-2020



૧. ૭૪મું સ્વાતંત્ર્ય પર્વ : તા. ૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ (ગુજરાત સરકાર)



ગુજરાતમાં ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે યોજાઈ

- ✓ સ્થાન : સ્વર્ણિમ પાર્ક-ગાંધીનગર
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ધ્વજવંદન કરાયું



- ✓ સ્વાતંત્ર્ય પર્વ નિમિતે રાજ્યભરના ૫૭ કોરોના વૉરિયર્સ તબીબોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માન કરાયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ૭૪મું સ્વાતંત્ર્ય પર્વ : નવી દિલ્હી

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સતત ૭માં વર્ષે નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી ધ્વજવંદન





વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા નવી દિલ્હીથી કરેલી નવી ઘોષણાઓ

૧. નેશનલ ડિજિટલ હેલ્થ મિશન

- ✓ દેશના દરેક નાગરિકને યુનિક હેલ્થ આઇડેન્ટિડેન્ટિટી કાર્ડ અપાશે
- ✓ આઇડી કાર્ડમાં નાગરિકના આરોગ્યની તમામ માહિતીનો સંગ્રહ કરાશે
- ✓ નવજાત બાળકના રસીકરણ અને અન્ય સારવારની તમામ માહિતી રખાશે
- ✓ હોસ્પિટલ અને ડોકટર ઈલાજના નામે વધારે નાણા વસૂલી શકશે નહીં
- ✓ બિનજરૂરી એન્ટિબાયોટિક લખનારા ડોકટરની જવાબદારી નક્કી કરાશે

2. દેશમાં સાઇબર ક્રાઇમ અટકાવવા માટે નવી સાઇબર સુરક્ષા નીતિનો અમલ કરાશે
3. નેશનલ કેડેટ કોર્પ્સનું વિસ્તરણ, ૧ લાખ નવા કેડેટને સેના દ્વારા તાલીમ અપાશે
4. આગામી ૧૦૦૦ દિવસમાં લક્ષદ્વીપને સબમરિન ઓપ્ટિકલ ફાઇબર કેબલથી જોડી દેવાશે
5. દેશના દરેક ગામને ઓપ્ટિકલ ફાઇબર કેબલથી જોડી દેવાશે
6. જંગલો અને વનસૃષ્ટિનાં સંરક્ષણ માટે પ્રોજેક્ટ લાયન એન્ડ ડોલ્ફિનની જાહેરાત
7. સમગ્ર દેશને રૂપિયા ૧૦૦ લાખ કરોડના ખર્ચે મોડેલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી જોડાશે
8. મોડેલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે અલગ અલગ સેક્ટરમાં ૭૦૦૦ પ્રોજેક્ટ ક્રાંતિ લાવશે
9. જમ્મુ-કાશ્મીરમાં ઝડપથી ચૂંટણીઓનું આયોજન કરાશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. કેન્દ્ર સરકાર : NCCના વિસ્તરણનો નિર્ણય (સંરક્ષણ)

૧૭૩ સરહદીય જિલ્લામાં એનસીસી કેડેટ્સને મંજૂરી : ૧ લાખ યુવાનોની ભરતી થશે

- ✓ દેશના ૧૭૩ સરહદીય તથા તટીય જિલ્લામાં નેશનલ કેડેટ કોર્પસ (એનસીસી)ના વિસ્તરણ સંબંધિત દરખાસ્તને મંજૂરી આપી.

- ✓ તમામ જિલ્લાઓમાંથી એક લાખ નવા કેડેટ્સની ભરતી કરવામાં આવશે.
- ✓ વડાપ્રધાન મોદી દ્વારા સ્વતંત્રતા દિવસે એનસીસી વિસ્તરણની જાહેરાત કરી હતી.
- ✓ સરહદીય અને દરિયાકિનારાના વિસ્તારોમાં એનસીસીને વિસ્તારિત કરવામાં આવશે.
- ✓ બોર્ડર અને કોસ્ટલ જિલ્લામાં ૧૦૦૦ કરતાં પણ વધારે શાળાઓ તથા કોલેજોની પસંદગી કરી લેવામાં આવી છે અને તેમાં ૧ લાખ નવા કેડેટ્સની ભરતી કરાશે.
- ✓ વિસ્તરણ પ્લાનના ભાગરૂપે જ કુલ ૮૩ એનસીસી યુનિટને સમાવવામાં આવશે.
- ✓ કેન્દ્રીય સંરક્ષણમંત્રી-શ્રી રાજનાથસિંહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ : ૩૯ વર્ષના મહેન્દ્રસિંહ ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ



- ✓ ઉપનામ : મિસ્ટર કૂલ/માહી

આંતરરાષ્ટ્રીય કારકિર્દી

- ✓ ડેબ્યુ : ૨૩ ડિસેમ્બર-૨૦૦૪
- ✓ સંન્યાસ : ૧૫ ઓગસ્ટ-૨૦૨૦



ધોનીની ઉપલબ્ધિ :

દેશનો સૌથી વધુ સફળ કેપ્ટન :

- ✓ 3 ICC ટ્રોફી અપાવી, વન-ડે અને T-20માં ૧૫૧ વાર જીત અપાવી.
- ✓ આ બંને મામલામાં રીકિ પોન્ટિંગ (૧૭૨ જીત) જ ધોનીથી આગળ

વિશ્વનો સૌથી મોટા મેચ ફિનિશર

- ✓ 47 વાર અણનમ રહ્યો, તેમાં 45 મેચ જીત્યો
- ✓ 9 વાર વન-ડે મેચમાં છગ્ગો ફટકારી જીત અપાવી

વિકેટકીપર તરીકે સૌથી વધુ છગ્ગા

- ✓ ધોની-359, ગિલક્રિસ્ટ-259, મેક્કુલમ-208

દેશનો સર્વશ્રેષ્ઠ વિકેટકીપર

- ✓ 829 શિકાર કર્યા, મોંગિયા (261) બીજા સ્થાને. દુનિયામાં બાઉચર (998) અને ગિલક્રિસ્ટ (905) જ ધોનીથી આગળ. વન-ડેમાં 123 સ્ટમ્પિંગનો વર્લ્ડરેકોર્ડ. ટી-20 ઈન્ટરનેશનલમાં 91 શિકાર. 34 સ્ટમ્પિંગ. આ પણ વર્લ્ડ રેકોર્ડ.

ડીઆરએસ એક્સપર્ટ

✓ ધોનીને ડીઆરએસ પસંદ નહોતું. પરંતુ જ્યારે ડીઆરએસ લાગુ થયું તો ધોની તેમાં એટલા માહેર થઈ ગયા કે તેને ડિસિઝન રિવ્યૂ સિસ્ટમના સ્થાને ધોની રિવ્યૂ સિસ્ટમ કહેવા માંડ્યા.

નાના શહેરનો મોટો ખેલાડી

✓ ધોની રાંચીથી આવતો હતો. રાંચી ઝારખંડનું પણ ક્રિકેટ સેન્ટર નહોતું. ધોની પછી અન્ય ઘણા નાના શહેરોમાંથી ખેલાડીઓ ટીમ ઈન્ડિયાનો હિસ્સો બન્યો.

કેપ્ટનના પણ 'કેપ્ટન'

✓ કોહલી તમામ મોટા નિર્ણય ધોનીની સલાહથી લેતો હતો. બોલિંગમાં ફેરફાર, ફિલ્ડ પ્લેસમેન્ટ અને DRS લેતા પહેલા વિરાટ ધોની સાથે વાત કરતો હતો.

સ્પિનરોનો સલાહકાર

✓ રવિન્દ્ર જાડેજા, અશ્વિનની કેરિયર બનાવવામાં ધોનીની મોટી ભૂમિકા છે. યજુવેન્દ્ર ચહલ અને કુલદીપ યાદવને તે સ્ટમ્પ પાછળથી ગાઈડ કરીને સફળતા અપાવી.

બોલર તરીકે એક વિકેટ પણ લીધી

✓ 2009માં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ વિકેટ લીધી.

રેકોર્ડની પરવાહ નહીં

✓ માત્ર 574 વધુ રન ફટકાર્યા હોત તો વિશ્વના શ્રેષ્ઠ વિકેટકીપર બેટ્સમેન બન્યા હોત. તેના 17,266 રન છે. તેનાથી વધુ સંગાકારાના 17,840 રન છે.

આંકડાકીય સિદ્ધિ :



✓ ટી-શર્ટ નંબર : 7

એવોર્ડ :

✓ માનદ લેફ્ટનન્ટ કર્નલ-ભારતીય સેના (નવેમ્બર-૨૦૧૧)

✓ રાજીવ ગાંધી ખેલરત્ન : ૨૦૦૭-૦૮

✓ પદ્મશ્રી એવોર્ડ : ૨૦૦૯

✓ પદ્મભૂષણ એવોર્ડ : ૨૦૧૮

✓ ICC વન-ડે પ્લેયર ઓફ ધ યર: ૨૦૦૮-૦૯

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલકૂદ : ક્રિકેટર સુરેશ રૈનાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ



- ✓ ડાબોડી બેટ્સમેન
- ✓ ડેબ્યુ : વર્ષ-૨૦૦૫



કારકિર્દી :

- ✓ 2005માં ડેબ્યુ કરનારા ડાબા હાથના બેટ્સમેન રૈનાએ 2008માં ઈંગ્લેન્ડ સામે અંતિમ મેચ રમી હતી.
- ✓ તેણે 2011 વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલ અને સેમિફાઈનલમાં 34 અને 36 રનની નાની પરંતુ મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી.
- ✓ રૈના ઈન્ટરનેશનલ ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનારો ભારતનો પ્રથમ બેટ્સમેન પણ છે.
- ✓ ભારત માટે રમેલી 322 મેચમાં 7 સદી અને 48 અડધી સદીની મદદથી તેણે 7988 રન બનાવ્યા છે.
- ✓ રૈનાએ 12 વન ડે અને 3 ટી 20માં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી છે.
- ✓ સૌથી નાની વયે ટી 20 ટીમની કેપ્ટનશીપ કરવાનો રેકોર્ડ પણ રૈના નામે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. અવસાન : પૂર્વ ક્રિકેટર અને ઉત્તરપ્રદેશના મંત્રી ચેતન ચૌહાણનું અવસાન



- ✓ એવોર્ડ : અર્જુન એવોર્ડ
- ✓ સાંસદ : વર્ષ-૧૯૯૧ થી વર્ષ-૧૯૯૮
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 15 ઓગસ્ટ

મહર્ષિ : શ્રી અરવિંદ

જન્મ – 15 ઓગસ્ટ-1872

અવસાન – 5 ડિસેમ્બર 1950

- ✓ આજે અધ્યાત્મ પુરુષ અરવિંદ ઘોષ, કુશાભાઉ ઠાકરે, ઐતિહાસિક

નવલકથાઓના જનક વોલ્ટર સ્કોટ અને જિન્હાપુત્રી દીના વાડિયાનો જન્મદિવસ



- ✓ આજે રામકૃષ્ણ પરમહંસ, મહાદેવ દેસાઈ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી અને ઝુઝારુ બાંગ્લા નેતા શેખ મુઝીબુર રહેમાનની પુણ્યતિથિ.
- ✓ કોલકાતામાં જન્મેલા અરવિંદના ડોક્ટર પિતા તેમને આઈસીએસ બનાવવા માંગતા હતા તે માટે દાર્જિલિંગ અને પછીથી બ્રિટન ભણવા મૂક્યા હતા.
- ✓ 1893માં ભારત પરત ફર્યા અને વડોદરામાં રાજકીય વિદ્યાલયમાં ઉપાચાર્યના હોદ્દે બિરાજ્યા હતા, જ્યાં તેઓ ઇતિહાસ ભણાવતા હતા.
- ✓ અરવિંદ ઘોષનું સ્મરણ 'વંદે માતરમ્'ના સંપાદક તરીકે પણ થાય છે.
- ✓ રાષ્ટ્રવાદી વિચારો અને અલીપુર બોમ્બ કેસમાં અરવિંદે જેલવાસ પણ વેઠ્યો હતો.
- ✓ 1909માં જેલમાંથી છૂટ્યા અને માર્ચ 1910માં પોડેચેરીમાં સ્થાયી થયા અને અરવિંદ ઘોષમાંથી શ્રી અરવિંદ બન્યા.
- ✓ ટાગોરે તો અરવિંદને 'સ્વદેશની આત્મવાણી' રૂપે બિરદાવી લખ્યું છે કે "અરવિંદ! રવિન્દ્રેર લોહો નમસ્કાર, હે બંધુ! હે દેશબંધુ, સ્વદેશ આમાર વાણી મૂર્તિ તુમિ'.
- ✓ ભારતીય રાષ્ટ્રવાદના અગ્રદૂત સમા અરવિંદ ઘોષ - શ્રી અરવિંદનું 5 ડિસેમ્બર 1950ના રોજ 78 વર્ષની વયે અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૮-૨૦૨૦)

1. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ દેશમાં કેટલામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી - **૭૪માં**
2. ગુજરાતમાં ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કયાં યોજાઈ હતી - **સ્વર્ણિમ પાર્ક ગાંધીનગર-**
3. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ ગુજરાતમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિતે કોનું સન્માન કરાયું - **રાજ્યના ૫૭ કોરોના વૉરિયર્સ તબીબોનું પ્રમાણપત્ર આપી સન્માન**
4. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી સતત કેટલામી વખત ધ્વજવંદન કરાયું - **૭માં**
5. NDHMનું વિસ્તૃત નામ આપો - **નેશનલ ડિજિટલ હેલ્થ મિશન**
6. PM મોદીએ તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ સ્વાતંત્ર્ય પર્વ નિમિતે આરોગ્યને લગતી કઈ મહત્વની યોજના/મિશનની જાહેરાત કરી - **નેશનલ ડિજિટલ હેલ્થ મિશન**
7. નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત દેશના દરેક નાગરિકને કયુ કાર્ડ અપાશે - **યુનિક હેલ્થ આઇડેન્ટિડેન્ટિટી**

8. નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત દરેક નાગરિકને આપવામાં આવનાર યુનિક હેલ્થ આઇડેન્ટિડેન્ટિટીમાં કઈ બાબતોનો સંગ્રહ થશે - **આરોગ્યની તમામ માહિતી**
9. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં દેશમાં સાઇબર ક્રાઇમ અટકાવવા માટે કઈ નીતિનો અમલ કરવાની જાહેરાત કરી - **નવી સાઇબર સુરક્ષા નીતિ**
10. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં નેશનલ કેડેટ કોર્પ્સનું વિસ્તરણ કરી કેટલા નવા કેડેટને સેના દ્વારા તાલીમ આપવાની જાહેરાત કરી - **૧ લાખ**
11. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં આગામી ૧૦૦૦ દિવસમાં કયા પ્રદેશને સબમરિન ઓપ્ટિકલ ફાઇબર કેબલથી જોડવાની જાહેરાત કરી - **લક્ષદ્વીપ**
12. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં દેશના દરેક ગામને શાનાથી જોડવાની જાહેરાત કરી - **ઓપ્ટિકલ ફાઇબર કેબલ**
13. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં જંગલો અને વનસૃષ્ટિનાં સંરક્ષણ માટે કયા પ્રોજેક્ટની જાહેરાત કરી - **લાયન એન્ડ ડોલ્ફિન**
14. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં સમગ્ર દેશને કેટલા રૂપિયાના ખર્ચે મોડેલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી જોડવાની જાહેરાત કરી – **રૂ. ૧૦૦ લાખ કરોડ**
15. ભારતમાં મોડેલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે અલગ અલગ સેક્ટરમાં કેટલા પ્રોજેક્ટ ક્રાંતિ લાવશે - **૭૦૦૦**
16. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં કયા રાજ્યમાં ઝડપથી ચૂંટણીના આયોજનની જાહેરાત કરી – **જમ્મુ-કાશ્મીર**
17. NCCનું વિસ્તૃત નામ આપો – **નેશનલ કેડેટ કોર્પસ**
18. દેશના કેટલા સરહદીય તથા તટીય જિલ્લામાં NCCના વિસ્તરણ સંબંધિત દરખાસ્તને મંજૂરી આપવામાં આવી - **૧૭૩**
19. વર્તમાન કેન્દ્રીય સંરક્ષણમંત્રીનું નામ જણાવો - **શ્રી રાજનાથસિંહ**
20. ૧૫ ઓગસ્ટ-૨૦૨૦ના રોજ ક્યા ભારતીય ક્રિકેટ વિકેટકિપર કેપ્ટને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી - **મહેન્દ્રસિંહ ધોની**
21. ભારતીય ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીનું ઉપનામ જણાવો - **મિસ્ટર કૂલ/માહી**
22. ભારતીય ક્રિકેટ ટીમના સૌથી વધુ સફળ કેપ્ટનનું નામ જણાવો - **મહેન્દ્રસિંહ ધોની**
23. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ICCની કેટલી ટ્રોફીમાં કેપ્ટનશીપ કરી દેશને જીત અપાવી છે – **ત્રણ**
24. પૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ કેટલા વન-ડે અને T-20માં જીત અપાવી છે - **૧૫૧ વાર**
25. ક્રિકેટમાં વિકેટકીપર તરીકે સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીનું નામ જણાવો - **મહેન્દ્રસિંહ ધોની**
26. પૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ બોલર તરીકે કેટલી વિકેટ લીધી - **એક વિકેટ (2009માં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ)**
27. પૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીનો ટી-શર્ટ નંબર જણાવો - **7**
28. ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને ભારતીય સેના દ્વારા ક્યારે માનદ લેફ્ટનન્ટ કર્નલની પદવી અપાઈ - **નવેમ્બર-૨૦૧૧**
29. ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને કયા વર્ષમાં રાજીવ ગાંધી ખેલરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા - **વર્ષ: ૨૦૦૭-૦૮**
30. ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને કયા વર્ષમાં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા – **વર્ષ : ૨૦૦૯**
31. ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને કયા વર્ષમાં પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા – **વર્ષ:૨૦૧૮**

32. ICC દ્વારા ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને કયા વર્ષે વન-ડે પ્લેયર ઓફ ધ યરથી સન્માનિત કરવામાં આવ્યા હતા - **વર્ષ : ૨૦૦૮-૦૯**
33. ૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની સાથે કયા અન્ય એક ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી - **સુરેશ રૈના**
34. ક્રિકેટ બેટ્સમેન સુરેશ રૈનાએ કયા વર્ષમાં ડેબ્યુ કર્યું તથા કયા વર્ષમાં ઇંગ્લેન્ડ સામે અંતિમ મેચ રમી હતી. – **વર્ષ 2005માં ડેબ્યુ તથા વર્ષ 2008માં અંતિમ મેચ**
35. આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનારો ભારતનો પ્રથમ બેટ્સમેન કયો છે – **સુરેશ રૈના**
36. ઓગસ્ટ-૨૦૨૦માં કયા પૂર્વ ભારતીય ક્રિકેટરનું અવસાન થયુ હતુ – **ચેતન ચૌહાણ**
37. પૂર્વ ભારતીય ક્રિકેટર ચેતન ચૌહાણ કયા રાજ્યના મંત્રી હતા – **ઉત્તરપ્રદેશ**
38. મહર્ષિ શ્રી અરવિંદનો જન્મ દિવસ જણાવો - **15 ઓગસ્ટ-1872**
39. રામકૃષ્ણ પરમહંસ, મહાદેવ દેસાઈ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી અને બાંગ્લા નેતા શેખ મુઝીબુર રહેમાનની પુણ્યતિથિ જણાવો – **૧૫મી ઓગસ્ટ**
40. મહર્ષિ શ્રી અરવિંદનો જન્મ ક્યાં થયો હતો – **કોલકાતા(પશ્ચિમ બંગાળ)**
41. મહર્ષિ શ્રી અરવિંદ કયા વર્ષમાં બ્રિટનથી ભારત પરત ફર્યા અને વડોદરામાં રાજકીય વિદ્યાલયમાં ઉપાચાર્યના હોદ્દે બિરાજ્યા હતા, જ્યાં તેઓ ઇતિહાસ ભણાવતા હતા – **વર્ષ : 1893**
42. 'વંદે માતરમ્'ના સંપાદકનું નામ જણાવો - **અરવિંદ ઘોષ**
43. મહર્ષિ અરવિંદ માર્ચ 1910માં કઈ જગ્યાએ સ્થાયી થયા અને અરવિંદ ઘોષમાંથી શ્રી અરવિંદ બન્યા - **પોડેચેરી**
44. રવિન્દ્રનાથ ટાગોરે મહર્ષિ અરવિંદને કયા નામે બિરદાવ્યા હતા - **'સ્વદેશની આત્મવાણી'**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નવતર સુવિધા : ગુજરાત હાઈકોર્ટ : ભારતમાં પ્રથમવાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઈ-મેઈલથી કેસની વિગતો મોકલવા ઈ-સેવાનો પ્રારંભ (કાયદો-ટેકનોલોજી)



- ✓ ઈ-સેવાનું નામ: ઈ-મેઈલ માય કેસ સ્ટેટસ
- ✓ તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦થી ઈ-સેવાનો પ્રારંભ

વિગત :

- ✓ કોરોના મહામારીના કારણે હાઇકોર્ટમાં રૂબરૂ આવીને કેસની માહિતી નહીં મેળવી શકતા પક્ષકારો અને વકીલો માટે ચીફ જસ્ટિસ વિક્રમનાથે એક નવતર સુવિધા શરૂ કરી.
- ✓ આ સુવિધા અંતર્ગત જે વ્યક્તિને કેસની માહિતી મેળવવી હશે તે ઈ-મેઇલ દ્વારા માહિતી જાણી શકશે.
- ✓ એક એસએમએસ કરીને કેસ નંબર મોકલીને રજિસ્ટર કરવાથી કેસની તમામ માહિતી અને તેના ચુકાદાની પીડીએફ ફાઇલ ઇમેઇલ દ્વારા મોકલવામાં આવશે. –

હેતુ :

- ✓ ઇ-મેઇલ માય કેસ સ્ટેટસ નામની સુવિધા શરૂ થવાને લીધે કોવિડ જેવા સંજોગોમાં પણ પક્ષકારો, સરકારી અધિકારીઓ અને વકીલો કેસની માહિતી ઇ-મેઇલ પરથી ઘર-બેઠાં જાણી શકશે.
- ✓ કોર્ટ સુધી સામાન્ય માણસ પણ સરળતાથી પહોંચી શકે તેવા ઉદેશથી દેશમાં સૌપ્રથમ વખત આ સેવાનો પ્રારંભ કરાવ્યો છે.

મોબાઈલ પર માહિતી ઉપલબ્ધ

- ✓ આ સુવિધા અંતર્ગત એક એસએમએસ કરીને કેસ નંબર મોકલીને રજિસ્ટર કરવાથી કેસની તમામ માહિતી મળશે.

- ✓ રજિસ્ટર કરેલો નંબર પર 99 કેસની માહિતી મેળવી શકાશે.
- ✓ દરેક કેસના CNR નંબર આપવાથી કેસના ચુકાદા સહિતની માહિતી મેઈલ પર મોકલી દેવામાં આવશે.
- ✓ 16 અક્ષરોના યુનિક નંબર પર તમામ વિગતો મળશે.
- ✓ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ : શ્રી વિક્રમનાથ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. શતમ્ આયુર્વેદિક કોવિડ કેર સેન્ટર : ભારતના પ્રથમ આયુર્વેદિક કોવિડ કેર સેન્ટરનો રાજકોટમાં પ્રારંભ (આરોગ્ય)



- ✓ નામ : સતમ્ આયુર્વેદિક કોવિડ કેર સેન્ટર
- ✓ ટ્રસ્ટ : શ્રી અરવિંદ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ, રાજકોટ
- ✓ સેન્ટર વિશે : આ સેન્ટરમાં કોરોના સંક્રમિત દર્દીઓને માઈલ્ડથી લઈ મોડરેટ સારવાર આપવામાં આવશે
- ✓ પૌરાણીક આયુર્વેદિક ઉપચાર પદ્ધતિથી શરીરની રોગ પ્રતિકાર શક્તિ વધે તેવી સારવાર કરાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. 2022માં આઝાદીની 75મી વર્ષગાંઠ : ભારત વિવિધ ક્ષેત્રે કઈ-કઈ સિદ્ધિ પ્રાપ્ત કરશે



અર્થતંત્ર: 27 કરોડ ગરીબીમાંથી નીકળ્યા, 2 વર્ષમાં ગરીબી દૂર કરવાનું લક્ષ્ય

- ✓ 2022 સુધી દેશના દરેક નાગરિક પાસે બેન્ક ખાતું હશે. સરકારની જનધન યોજના અંતર્ગત અત્યાર સુધી 40 કરોડ બેન્ક ખાતા ખૂલી ચૂક્યા છે. તેમણે જીવન વીમા-દુર્ઘટના વીમા આપવાનું લક્ષ્ય છે.
- ✓ સ્ટેટિસ્ટા અનુસાર, 2022 સુધી 13 કરોડ પરિવારની આવક 3.5 લાખથી 7.5 લાખ વાર્ષિક થવાનું અનુમાન. 2019માં આ આવકનું સ્તર 9.2 કરોડ પરિવાર જ હતા.
- ✓ 5.5% રહી શકે છે, ભારતનો આર્થિક વૃદ્ધિ દર 2022-23માં. તાજેતરમાં જ ગ્લોબલ

ઈકોનોમિક આઉટલૂકમાં ફિચ રેટિંગ્સે આ અનુમાન લગાવાયું છે. અનુમાન છે કે, કોરોના છતાં ભારત ઝડપથી બહાર આવશે.

- ✓ 27.3 કરોડ ભારતીય UN અનુસાર 2005થી 2015માં ગરીબીમાંથી બહાર નીકળ્યા. ભારતે 2022 સુધી ગરીબીમાંથી મુક્ત થવાનું લક્ષ્ય રાખ્યું છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર: ભારતમાલા અને સાગરમાલા વધારશે દેશની આર્થિક ગતિ

- ✓ 2022 સુધી 16 રાજ્યોને જોડનારી 35,000 કિમી હાઈવે નિર્માણની ભારતમાલા યોજના 2022 સુધી પૂરી થવાની છે. જેમાં 9000 કિમીના ઈકોનોમિક કોરિડોર બનવાનો છે. આ ઉપરાંત સાગરમાલા પ્રોજેક્ટ પણ પૂરો થશે. આ પ્રોજેક્ટ 75 હજાર કિમીમાં સમુદ્રી કિનારા, 12 મહત્વનાં પોર્ટ, 185 નાના પોર્ટનું આધુનિકીકરણ થશે. આ જ રીતે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત 2022 સુધી દેશમાં 20 સ્માર્ટ સિટીનું નિર્માણ લગભગ પુરું થઈ જશે. સાથે જ 99 સ્માર્ટ સિટીમાં રૂ. 2.01 કરોડના વિકાસ કાર્ય પણ ત્યાર પછી લગભગ 2થી 3 વર્ષમાં પૂરા થઈ જશે.
- ✓ 2.95 કરોડ ઘર બની જવાનું અનુમાન છે, હાઉસિંગ ફોર ઓલ યોજના અંતર્ગત. આ યોજનામાં 2022 સુધી દેશના દરેક પરિવારને ઘર આપવાની યોજના છે.

દુનિયાનો સૌથી ઊંચો રેલવે બ્રિજ તૈયાર થશે

- ✓ જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી પર બની રહેલો દુનિયાનો સૌથી ઊંચો રેલવે બ્રિજ આવતા વર્ષે બનીને તૈયાર થઈ જશે. 2022માં તેના પર ટ્રાફિક શરૂ કરવાનું લક્ષ્ય છે. બ્રિજ ભારતીય રેલવેના ઉધમપુર-શ્રીનગર-બારામુલા રેલવે લિન્કનો ભાગ છે.
- ✓ બ્રિજ નદીના તળિયાથી 359 મીટર ઊંચો.
- ✓ ફ્રાન્સના એફિલ ટાવરથી 35 મીટર ઊંચો.

ટેક્નોલોજી: દરેક ગામમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ હશે, 7 લાખ કરોડનો ખર્ચ થશે

- ✓ નેશનલ બ્રોડબેન્ડ મિશન અંતર્ગત 2022 સુધી દરેક ગામમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ પહોંચી જશે. તેના માટે રૂ.7 લાખ કરોડનું રોકાણ થશે. જેના અંતર્ગત 30 લાખ કિમી રૂટ ઓપ્ટિકલ ફાઈબર પાથરવામાં આવશે.
- ✓ 83 કરોડ સ્માર્ટફોન યુઝર્સ થઈ જશે. ઈન્ડિયન સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિયેશન અનુસાર દેશમાં 2022 સુધી. અત્યારે આ સંખ્યા 50 કરોડ છે.
- ✓ એન્ટરપ્રેન્યોરશિપ અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા 60 ઈન્ક્યુબેશન સેન્ટર બની ચૂક્યા છે. તેમની સંખ્યા વધારીને 100 કરવાની યોજના છે. 1000થી વધુ 'અટલ ટિંકરિંગ લેબ્સ' બની છે બે વર્ષમાં તેની સંખ્યા 10 હજાર સુધી થઈ જશે. ટિંકરિંગ લેબ્સનો ઉદ્દેશ્ય સ્કૂલના

વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સમાં જિજ્ઞાસા વધારવાનો છે.

<u>સંરક્ષણ: પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજથી આપણી શક્તિ વધશે</u>

- ✓ અગાઉ સ્વદેશી વિમાનવાહક જહાજ વિક્રાંતનું નિર્માણ ત્રીજા તબક્કામાં છે. 40 હજાર ટનના જહાજ 2021માં જલાવતરણની સંભાવના છે. 2022 સુધી જહાજ ભારતીય નોકાદળમાં સામેલ થઈ શકે છે. વિક્રાંતમાં 30 ફાઈટર જેટ અને 10 હેલિકોપ્ટર તૈનાત થશે.
- ✓ 2022 સુધી નવું તેજસ: ભારતને વધુ રાફેલ તો મળશે જ, સ્વદેશી તેજસનું નવું સ્વરૂપ એમકે 1 એ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ પણ પ્રથમ ઉડ્યન ભરશે. તેની ડિઝાઈન તૈયાર છે.
- ✓ **<u>5 થિયેટર કમાન્ડ:</u>** યુદ્ધના સમયે ત્રણેય સેનાઓ વચ્ચે તાલમેલ માટે થિયેટર કમાન્ડ બનાવાઈ છે. 2022 સુધી 5 થિયેટર કમાન્ડ હશે. ભારતની શક્તિ વધશે.

<u>કૃષિ: કૃષિ નિકાસ અને ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય</u>

- ✓ 4.5 લાખ કરોડ રૂપિયા કૃષિ નિકાસનું લક્ષ્ય 2022 સુધી, અત્યારે રૂ. 2.7 લાખ કરોડની નજીક છે.
- ✓ રોજગાર સર્જનની આગામી લહેર કૃષિ ક્ષેત્રથી આવી શકે છે. કૃષિ ક્ષેત્રમાં કુલ ખાનગી રોકાણ 2015-16માં રૂ.61 હજાર કરોડ હતું, જે 2022-23 સુધી 1.39 લાખ કરોડ રૂપિયા થવાની આશા છે.
- ✓ ભારતનું ખાદ્યાન્ન ઉત્પાદન અત્યારે વિક્રમી 296 મિલિયન ટન પર છે. અનાજનો સરેરાશ સ્ટોક અગાઉથી 2.2% વધુ છે. આગામી વર્ષોમાં ભારતનું ગ્રામીણ અર્થતંત્ર સમગ્ર વિકાસમાં એક મજબુત યોગદાન આપશે.
- ✓ સંકટ સમયે 2020-21માં કૃષિ ક્ષેત્ર અર્થતંત્રને મંદીથી બચાવી શકે. 2022માં ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય છે.

<u>આરોગ્ય/ શિક્ષણ: આરોગ્ય અને શિક્ષણનો દાયરો હવે દરેક બાળક-ગામ સુધી</u>

- ✓ 2022 માં શિક્ષણમાં સુધારા માટે નવી વ્યવસ્થા લાગુ થશે. શિક્ષણનો અધિકાર વધારવા જઈ રહ્યો છે. RTIમાં 3થી 18 સુધી બાળકો આવશે. અત્યાર સુધી 6થી 14 વર્ષ હતી.
- ✓ દેશના દરેક ગામમાં આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે 2022 સુધી 1.5 લાખ આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખોલાશે. અત્યારે આવા 28,005 સેન્ટર છે. આયુષ્યમાન ભારત સ્કીમથી 1.20 લાખ કમ્યુનિટી આરોગ્ય અધિકારીઓને રોજગાર મળશે.
- ✓ ભારતે 2025 સુધી ટીબી બીમારીને મૂળમાંથી દૂર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

કેરળ-2020, હિમાચલ પ્રદેશ-2021, સિક્કિમ અને લક્ષ્મદ્વીપ-2022 સુધી તેનાથી મુક્ત થઈ જશે.

અંતરિક્ષ: અંતરિક્ષમાં માનવ મોકલનારો ચોથો દેશ બનશે ભારત

- ✓ સ્વતંત્રતાના 75મા વર્ષમાં ભારત માટે સૌથી મોટી ઉપલબ્ધિ અંતરિક્ષમાં માનવ મોકલશે. ઈસરો ગગનયાન અભિયાન અંતર્ગત ત્રણ ભારતીય અંતરિક્ષમાં મોકલશે.
- ✓ ઈસરો ચંદ્રયાન-3નું લોન્ચિંગ પણ આવતા વર્ષે કરવા જઈ રહ્યું છે. જે ચંદ્રના દક્ષિણ પોલર ક્ષેત્રમાં લેન્ડિંગ કરશે.
- ✓ 2021ની શરૂઆતમાં ભારત પોતાના પ્રથમ સોલર મિશનની શરૂઆત કરશે.
- ✓ 36 મિશન પૂરા કરશે ઈસરો. નાસાની સાથે મળીને ઈસરો એનઆઈએસએઆર સેટેલાઈટ પર પણ કામ કરી રહ્યું છે, જે ભૂકંપ, ચક્રવાતના અનુમાન માટે અધ્યયન કરશે.

મનોરંજન: દુનિયાના ટોપ-10માં હશે ભારતનું ઓટીટી બજાર

- ✓ 2.4 લાખ કરોડ રૂપિયાનું થશે 2022 સુધી મીડિયા-એન્ટરટેઈનમેન્ટ સેક્ટર
- ✓ 14 કરોડ લોકો સુધી સ્માર્ટ ટીવી ઉપયોગ કરવાની આશા. આ આંકડો અત્યારે 40 લાખ છે.
- ✓ અર્નેસ્ટ એન્ડ યંગના રિપોર્ટ અનુસાર, 2021 -22 સુધી મનોરંજનના ડિજિટલ માધ્યમ, પારંપરિક માધ્યમો (ટીવી-રેડિયો)થી આગળ નીકળી જશે.
- ✓ એસોચેમ અને પીડબલ્યુસીના અભ્યાસ મુજબ 2022 સુધી ભારતનું વીડિયો ઓટીટી (નેટફ્લિક્સ, પ્રાઈમ વીડિયો, યુટ્યુબ વગેરે) બજાર દુનિયાના ટોપ-10 બજારમાં હશે. તે રૂ.5,363 કરોડનું બજાર બની જશે. સ્ટેટિસ્ટા અનુસાર ઓટીટી વીડિયો પ્લેટફોર્મ્સની રેવેન્યુ 2022 સુધી રૂ.4800 કરોડ સુધીની થઈ જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : 16 ઓગસ્ટ: પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીની બીજી પૂણ્યતિથિ

- ✓ અવસાન : 16-08-2018 (નવી દિલ્હી)



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 16 ઓગસ્ટ

પારસીઓના નવા વર્ષ-પતેતી

નવરોઝ મુબારક

ધર્મસ્થાન : અગિયારી



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૮-૨૦૨૦)

1. ભારતમાં સૌપ્રથમવાર કઈ હાઈકોર્ટેમાં "ઈ-મેઈલ માય કેસ સ્ટેટસ" સેવાનો પ્રારંભ થયો - **ગુજરાત હાઈકોર્ટ**
2. ગુજરાત હાઈકોર્ટેમાં "ઈ-મેઈલ માય કેસ સ્ટેટસ" સેવાનો પ્રારંભ થયો કયારથી થયો - **15.08.2020**
3. ગુજરાત હાઈકોર્ટેમાં "ઈ-મેઈલ માય કેસ સ્ટેટસ" સેવા શરૂ કરવાનો મુખ્ય હેતુ જણાવો - **અરજદાર-વકીલ ઘરે બેઠા કેસના હુકમ-સ્ટેટસ જાણી શકશે**
4. ગુજરાત હાઈકોર્ટેના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો - **જજ શ્રી વિક્રમનાથ**
5. તાજેતરમાં ગુજરાતના પ્રથમ "સતમ આયુર્વેદિક કોવિડ કેર સેન્ટર"નો પ્રારંભ કયા શહેરમાં થયો - **રાજકોટ**
6. 16 ઓગસ્ટ 2020ના રોજ કયા મહાનુભાવની બીજી પુણ્યતિથિ હતી - **અટલ બિહારી વાજપેયી**
7. અટલ બિહારી વાજપેયીનું અવસાન કયારે થયું હતું - **16.08.2018**
8. પારસીઓનું નવુ વર્ષ કયા નામથી ઉજવાય છે - **પતેતી**
9. પારસીઓનું ધર્મસ્થાન કયા નામે ઓળખાય છે - **અગિયારી**
10. "નવરોઝ મુબારક" શબ્દ પ્રયોગ કયારે કરવામાં આવે છે - **પારસીઓના નવા વર્ષની શુભેચ્છાઓ માટે**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 17-08-2020



૧.અવસાન : પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજનું USના ન્યૂજર્સી ખાતે ૯૦ વર્ષે અવસાન



- ✓ જન્મસ્થળ : પીપીમંદોરી (હરિયાણા)
- ✓ જન્મ : તા.૨૮-૦૧-૧૯૩૦
- ✓ અવસાન : ૧૭મી ઓગસ્ટ-૨૦૨૦
- ✓ ઓળખ : મેવાતી ઘરાના

એવોર્ડ :

- ✓ પદ્મશ્રી : વર્ષ-૧૯૭૫
- ✓ પદ્મભૂષણ : વર્ષ-૧૯૯૦
- ✓ પદ્મવિભૂષણ : વર્ષ-૨૦૦૦
- ✓ સંગીત નાટક એકેડેમી એવોર્ડ,
- ✓ મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર,
- ✓ હરિયાણા રાજ્ય સરકાર પુરસ્કાર,
- ✓ હૈદરાબાદ પુત્ર એવોર્ડ,
- ✓ કલા ગુર્જરી એવોર્ડ,
- ✓ કાંચી કામકોટિ શંકરાચાર્ય તરફથી સંગીત રત્ન એવોર્ડ
- ✓ ઉપરાંત તેમને વિદેશોમાં સન્માન મળ્યાં હતાં. અમેરિકાના બે શહેરોની કેલિફોર્નિયા અને ન્યૂયોર્કની ચાવી મેયર દ્વારા તેમને અર્પણ કરાઇ હતી.
- ✓ **સૂર્યમંડળના એક ગ્રહનું નામ : પં. જસરાજ**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિમણૂક: ગુજરાત હાઈકોર્ટમાં નવા ત્રણ જજ તરીકે સુપ્રીમ કોર્ટની મંજૂરી (કાયદો)



1. શ્રી વૈભવી દેવાંગ નાણાવટી
2. શ્રી નિઝર દેસાઈ
3. શ્રી નિખિલ કારિયલ

✓ ગુજરાત હાઈકોર્ટ હવે ૨૮+૦૩ = ૩૧ જજ (કુલ મહેકમ : ૫૨)
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિમણૂક : BSFના નવા DG તરીકે IPS રાકેશ અસ્થાનાની નિમણૂક



✓ બેંચ : ૧૯૮૪, ગુજરાત કેડર
✓ કાર્યકાળ : ૩૧મી જુલાઈ-૨૦૨૧ સુધી
✓ BSF : બોર્ડ સિક્યુરિટી ફોર્સ
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સિક્રેટ યુનિટ : "61398" (વૈશ્વિક સાઈબર કાઈમ)

ચીની સૈન્યનું સિક્રેટ યુનિટ "61398"

✓ ભારત ઉપર સાઈબર હુમલા કરવા સક્રીય થયુ : ભારતમાં એલર્ટ

સિક્રેટ યુનિટની ભૂમિકા :

✓ ચીનના આ સિક્રેટ યુનિટમાં ખતરનાક હેકર્સ અને સાઇબર એક્સપર્ટ કાર્યરત છે.
✓ ચીને અચાનક પોતાની સેનાના એક સિક્રેટ યુનિટને સક્રિય કરી દીધું છે.
✓ વિશ્વભરમાં બદનામ આ યુનિટ સામે આવીને શત્રુ સાથે હથિયારોથી નથી લડતું પરંતુ ચુપકીદીથી નિશાન સાધે છે.
✓ ચીન હવે ડિજિટલ વાંરના માધ્યમથી ભારતને નુકસાન પહોંચાડવા પ્રયાસ કરી રહ્યું છે.
✓ ચોરીછૂપીથી સાઇબર હુમલા કરવા માટે આ યુનિટ વિશ્વભરમાં બદનામ છે.
✓ વિશ્વના અનેક દિગ્ગજો ચીની સૈન્યના આ સિક્રેટ યુનિટથી ડરે છે.
✓ સુરક્ષા એજન્સીઓને મળેલી જાણકારી મુજબ કેટલાક મહિનાથી ડેટા ચોરીની ઘટનાઓ વધી રહી છે.
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ગુજરાત સરકાર : મુખ્ય સચિવ પદે શ્રી અનિલ મુકીમને આગામી ૭ માસ માટે એક્સટેન્શન અપાયું (વહીવટ)



✓ નવો કાર્યકાળ : ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ સુધી
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ઈનોવેશન ચેલેન્જ ફંડ (આરોગ્ય)

કોરોના વાઈરસ સામે લડવા માટે બ્રિટને ભારતને રૂ.૨૯ કરોડનું ઈનોવેશન ચેલેન્જ ફંડ આપ્યું

હેતુ :

✓ ભારતીય વૈજ્ઞાનિકો અને સંશોધકો ફંડનો લાભ લઈને કોરોના વાઈરસ અંગે સંશોધન કરશે
✓ કોરોના સામે લડવા બ્રિટન-ભારતના સંયુક્ત પ્રયાસો
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. INTERNET : (સંચાર)

ભારતમાં તા.૧૫-૦૮-૧૯૯૫થી ઈન્ટરનેટ સેવાનો પ્રારંભ



✓ સંસ્થા:VSNL-વિદેશ સંચાર નિગમ લિમિટેડ

વિગત

✓ ભારતમાં ઈન્ટરનેટનું આગમન સૌપ્રથમ ૧૯૮૬માં થયું હતું, પણ ત્યારે કનેક્શન કેટલીક શૈક્ષણિક અને સંશોધન કરતી સંસ્થાઓને જ મળ્યું હતું.
✓ જાહેર જનતા માટે ઈન્ટરનેટની શરૂઆત બીએસએનએલની વિદેશી પાંખ વિદેશ સંચાર નિગમ લિમિટેડ (વીએસએનએલ) દ્વારા ૧૫ ઑગસ્ટ, ૧૯૯૫ના દિવસે થઈ હતી.

નેટ સ્પિડ એટલે શું

✓ ઈન્ટરનેશનલ ધારાધોરણો પ્રમાણે ૪ એમબીપીએસ કરતાં વધારે ઝડપ હોય તો તેને **બ્રોડબેન્ડ** કહેવાય. ભારતમાં એવા ઈન્ટરનેટ કનેક્શન ૯.૯ ટકા છે.
✓ ૧૦ એમબીપીએસ કરતાં વધુ ડેટા મળતો હોય તો એ થયું **હાઈ-સ્પીડ ઈન્ટરનેટ,** ભારતમાં એવા કનેક્શન તો માત્ર ૧.૮ ટકા જ છે.
✓ ટેલિકોમ રેગ્યુલારિટી ઓથોરિટી ઓફ ઈન્ડિયાની વ્યાખ્યા પ્રમાણે ભારતમાં ૫૧૨ કિલોબાઈટ પ્રતિ સેકન્ડ (કેબીપીએસ)ની ઝડપને બ્રોડબેન્ડ ગણવામાં આવે છે.
✓ ભારતમાં વડાપ્રધાન ઓફિસની ઈન્ટરનેટ સ્પીડ ૩૪ એમબીપીએસ છે. એ ભારતના સૌથી ઝડપી નેટ કનેક્શન પૈકીનું એક છે.
✓ સ્પીડ ટેસ્ટ નામની વેબસાઈટ પ્રમાણે મોબાઈલ નેટની સ્પીડમાં ભારત જગતમાં ૧૨૯માં ક્રમે છે, ફિક્સ બ્રોડબેન્ડમાં ૭૫માં ક્રમે.

નેટ ક્યાંથી આવે છે

✓ ભારતમાં ઈન્ટરનેટ દરિયાઈ કેબલ દ્વારા પહોંચે છે.

- ✓ આખા જગતમાં ઈન્ટરનેટ પહોંચાડવા માટેનો સૌથી સરળ રસ્તો અન્ડર સી (અથવા સબમરિન) કેબલ છે.
- ✓ નવ કેબલ દ્વારા ભારતના પાંચ મહત્વના પોઈન્ટ પર નેટ પહોંચે છે, જે વિવિધ કંપનીઓને મળે અને કંપનીઓ પોતાના ગ્રાહકો સુધી વિતરણ કરે.
- ✓ ઉપરાંત પૂર્વોત્તરના શહેર અગરતલામાં રોડની સાઈડમાં બિછાવેલા કેબલ દ્વારા (ઓવરલેન્ડ ઈન્ટરનેટ કનેક્શન) પણ નેટ આવે છે.
- ✓ આખા જગતના સમુદ્ર તળિયે લગભગ ૩૮૦ કેબલ બિછાવેલા છે, જેની કુલ લંબાઈ ૧૨ લાખ કિલોમીટર જેટલી છે.

અરૂણાચલમાં હવે ટુ-જી

- ✓ પર્વતીય વિસ્તારને કારણે ૨૦૨૦ની ચોથી ઓગસ્ટે અરૂણાચલ પ્રદેશના વિજયનગર શહેરમાં પહેલી વખતબીએસએનએલ દ્વારા ટુ-જી ઈન્ટરનેટ સેવાની શરૂઆત થઈ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ખેલકૂદ : ક્રિકેટર સુરેશ રૈના-નિવૃત્તિ



- ✓ ક્રિકેટમાં જર્સીનો નંબર-૩
- ✓ ક્રિકેટમાં જય-વિરૂની જોડી
- ✓ ધોનીની ટી-શર્ટનો નં-૭ અને રૈનાનો-૩ એટલે ભારતના આઝાદીના ૭૩ વર્ષ પૂર્ણ થયા તે સંજોગ હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીનું કયાં અવસાન થયું - **ન્યૂજર્સી USA**
2. તાજેતરમાં પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીનું કયારે અવસાન થયું - **17.08.2020**
3. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીનું જન્મ સ્થળ જણાવો - **પીપીમંદોરી (હરિયાણા)**
4. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીનો જન્મ ક્યારે થયો હતો - **28.01.1930**
5. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજી કયા ઘરાનાના હતા - **મેવાતી ઘરાના**
6. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીને કયા વર્ષે પદ્મશ્રી અને પદ્મભૂષણ અપાયો - **1975 અને 1990**
7. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીને કયા વર્ષે પદ્મવિભૂષણ અપાયો - **2000**
8. ભારતમાં સૌપ્રથમ કયા ગ્રહને "પંડિત જસરાજ" નામ અપાયું - **સૂર્ય મંડળના ગ્રહને નામ અપાયું**
9. ગુજરાત હાઈકોર્ટેમાં સુપ્રીમ કોર્ટે દ્વારા કયા ત્રણ જજને મંજૂરી અપાઈ - **વૈભવી નાણાવટી, નિઝૅર દેસાઇ અને નિખિલ કારિયાલ**
10. તાજેતરમાં BSFના નવા DGP તરીકે કયા IPS અધિકારીની નિમણૂક કરાઈ - **રાકેશ આસ્થાના**

11. IPS અધિકારી રાકેશ આસ્થાનાની બેંચ અને કેડર જણાવો - **1984 અને ગુજરાત**
12. BSFના નવા DGP રાકેશ આસ્થાનાનો સમયગાળો જણાવો - **31 જુલાઈ 2021**
13. સિક્રેટ યુનિટ -"61398" કયા દેશનું છે - **ચીન**
14. ચીની સિક્રેટ યુનિટ-"61398"નું કાર્યે જણાવો - **સાઈબર એટેક**
15. ગુજરાતના વર્તમાન CSની મુદત કેટલી વધારવામાં આવી - **6 માસ**
16. ગુજરાતના વર્તમાન CSનું નામ જણાવો - **શ્રી અનિલ મૂકીમ**
17. તાજેતરમાં કોરોના વાયરસ સામે લડવા બ્રિટને ભારત કેટલું ફંડ આપવાની જાહેરાત કરી છે - **રૂ. 29 કરોડ**
18. તાજેતરમાં કોરોના વાયરસ સામે લડવા બ્રિટને ભારત ફંડ આપવાની જાહેરાત કરી છે તે કયા નામે ઓળખાય છે - **ઈનોવેશન ચેલેન્જ ફંડ**
19. ભારતમાં સૌપ્રથમ ઇન્ટરનેટ સેવાનો પ્રારંભ કયા વર્ષે થયો હતો - **15.08.1995**
20. ભારતમાં ઇન્ટરનેટ સેવાના પ્રારંભને કેટલા વર્ષ પૂર્ણ થયા - **25 વર્ષે**
21. તાજેતરમાં 4 ઓગસ્ટ 2020ના રોજ કયા રાજયમાં સૌપ્રથમવાર ઈન્ટરનેટ સેવાનો પ્રારંભ થયો - **અરુણાચલ પ્રદેશ**
22. તાજેતરમાં નિવૃત્તિ લેનાર ક્રિકેટર સુરેશ રૈનાના ટી શર્ટનો નંબર જણાવો - **3**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નિર્ણય : ગુજરાત સરકાર

ગુજરાતના પાંચ મુખ્ય શહેરોમાં 70 માળની ગગનચૂંબી ઇમારતોના બાંધકામને મંજૂરી (શહેરી વિકાસ)

✓ **પાંચ શહેરો : અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર**

વિગત :

✓ ગુજરાત સરકારે રાજ્યના પાંચ મુખ્ય શહેરોમાં સિંગાપોર-દુબઈની માફક ગગનચુંબી ઇમારતોને બાંધકામ પરમિશન આપવાનો માર્ગ મોકળો કર્યો છે.

✓ અત્યાર સુધી 22-23 માળ માટે મંજૂરી અપાતી હતી, હવે 70થી વધુ માળની ઇમારતોને, આઇકોનિક સ્ટ્રક્ચર્સને પરમિશન અપાશે.

✓ અત્યાર સુધી E1, E2 કમર્શિયલ ઝોન વગેરેમાં બેઈઝ એફએસઆઈ 1.2 મળતી હતી અને આ ઉપરાંત ઝોનવાર અમુક ચાર્જેબલ એફએસઆઈ મળતી હતી, હવે બેઇઝ એફએસઆઈ ઉપરાંત 4.2 એફએસઆઈ ચાર્જેબલ મળશે, એટલે કે બિલ્ડરો કુલ 5.4 એફએસઆઈનો લાભ લઈ શકશે.

✓ આ એફએસઆઇનો લાભ 30 મીટરથી વધુ પહોળા ટીપી-ડીપી- રસ્તા ઉપર મળશે. આ ચાર્જેબલ એફએસઆઇ જંત્રીદરના 50 ટકા રેટથી મળશે.

હાઈરાઈઝ બિલ્ડીંગના નવા નિયમો :

✓ 100 મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા અને આસ્પેક્ટ રેશિયો 1: 9 ના પ્રમાણમાં હશે તેવા મકાનને જ બહુમજલી ઇમારત બનાવવા માટેના નિયમોનો લાભ આપવામાં આવશે

✓ ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં નિર્માણ થનારા મકાનોને માટે જ આ નિયમ લાગુ કરાશે. સીજીડીસીઆર પ્રમાણે જેનો પાયોનો એફએસઆઈ 1.2 કે તેનાથી વધારે હશે તેમને જ આ જોગવાઈઓને લાભ આપવામાં આવશે.

✓ 70 મજલાની ઇમારત માટે મહત્તમ 5.4ની એફએસઆઈ આપવામાં આવશે. જે તે

ઝોનની બેઈઝ એફએસઆઈ ઉપરાંત ફ્રી એફએસઆઈ તરીકે કે વધારાની એફએસઆઈ પ્રીમિયમ લઈને આપવામાં આવશે. પ્રીમિયમ એફએસઆઈનો ચાર્જ જંત્રીના દરના 50 ટકા અથવા ખુલ્લા બિનખેતીના પ્લોટના જંત્રીના દર પ્રમાણે ગણવામાં આવશે.

- ✓ 70 મજલાના બિલ્ડિંગોની ચકાસણી કરવા સ્પેશિયલ ટેકનિકલ કમિટીની રચના કરવામાં આવશે. સ્પેશિયલ ટેકનિકલ કમિટી ચકાસણી કરીને પછી મંજૂરી આપશે કે ભલામણ કરશે.
- ✓ ઇમારતમાં રહેણાક ઉપરાંત મનોરંજન કે પછી વાણિજ્યિક હેતુ માટેના એકમો બનાવી શકાશે.
- ✓ 30 મીટર કે તેનાથી વધુ પહોળાઈ ધરાવતા રસ્તાઓ પર જ છૂટ આપવામાં આવશે.
- ✓ 100થી 150 મીટર ઊંચાઈ માટે ઓછામાં ઓછો 2500 ચોરસ મીટરનો પ્લોટ હોવો જરૂરી છે.
- ✓ 150 મીટરથી વધુ ઊંચાઈ માટે પ્લોટ ઓછામાં ઓછો 3500 ચોરસ મીટરનો હોવો જરૂરી છે.
- ✓ પાર્કિંગમાં ઇલેક્ટ્રિક ચાર્જિંગની સુવિધા હવે ફરજિયાત કરવી પડશે. વિન્ડ ટનલ બનાવવી પણ ફરજિયાત કરવામાં આવી છે.તદુપરાંત ડિઝાસ્ટર મૅનેજમેન્ટ પ્લાન પણ તૈયાર કરવાનો રહેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન ઓન ઈનોવેશન એચિવમેન્ટ્સ એવોર્ડ-2020 (ARIIA)

- ✓ ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વૈંકેયા નાયડુ દ્વારા ARIIA-2020નું રેન્કિંગ જાહેર
- ✓ ARIIA: અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન ઓન ઈનોવેશન એચિવમેન્ટ્સ

હેતુ :

- ✓ એમએચઆરડી(શિક્ષણ)ના ઈનોવેશન સેલ દ્વારા સ્ટાર્ટઅપ, ઈનોવેશન, એન્ટરપ્રિન્યોરશિપ અને આઈપીઆર જેવી વિવિધ પ્રવૃત્તિને વેગ મળે તે હેતુથી વર્ષ-2019થી અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન ઓન ઈનોવેશન એચિવમેન્ટ્સ એવોર્ડ 'એરિયા' આપવાની શરૂઆત.

ગુજરાતની સંસ્થાઓનું રેન્કિંગ અને કેટેગરી :

યુનિવર્સિટી કેટેગરી

- ✓ આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી : ચોથો ક્રમ
- ✓ જીટીયુ : પાંચમો ક્રમ
- ✓ ગુજરાત યુનિવર્સિટી : સાતમો ક્રમ

IIT કેટેગરી

- ✓ IIT ગાંધીનગર : નવમો ક્રમ
- ✓ મંત્રાલય : શિક્ષણ

દેશની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ રેન્કિંગ અને રાજ્ય

PRIVATE OR SELF-FINANCED COLLEGE/INSTITUTES (HEIS IN TOP 5 RANK)

Srno	Institute Name	Rank	State
1	S R ENGINEERING COLLEGE	1	Telangana
2	G. H. Raisoni College of Engineering, Nagpur	2	Maharashtra
3	SRI KRISHNA COLLEGE OF ENGINEERING AND TECHNOLOGY	2	Tamil Nadu
4	NITTE MEENAKSHI INSTITUTE OF TECHNOLOGY	3	Karnataka
5	Sri Krishna College of Technology	4	Tamil Nadu
6	CMR College of Engineering & Technology	5	Telangana

HIGHER EDUCATIONAL INSTITUTIONS EXCLUSIVELY FOR WOMEN (ONLY FROM GOVT. AND GOVT. AIDED CATEGORY) (HEIS IN TOP 2 RANK)

Srno	Institute Name	Rank	State
1	AVINASHILINGAM INSTITUTE FOR HOME SCIENCE AND HIGHER EDUCATION FOR WOMEN	1	Tamil Nadu
2	INDIRA GANDHI DELHI TECHNICAL UNIVERSITY FOR WOMEN	2	Delhi

GOVT. AND GOVT. AIDED UNIVERSITIES (HEIS IN TOP 5 RANK)

Srno	Institute Name	Rank	State
1	Institute of Chemical Technology	1	Maharashtra
2	Panjab University	2	Chandigarh
3	Chaudhary Charan Singh Haryana Agricultural University	3	Haryana
4	Anand Agricultural University	4	Gujarat
5	Periyar University	4	Tamil Nadu
6	Netaji Subhas Institute of Technology	5	Delhi
7	Graduate School of Engineering and Technology, Gujarat Technological University	5	Gujarat

GOVT. AND GOVT. AIDED COLLEGE/INSTITUTES (HEIS IN TOP 5 RANK)

Srno	Institute Name	Rank	State
1	COLLEGE OF ENGINEERING PUNE	1	Maharashtra
2	PES College of Engineering	2	Karnataka
3	COIMBATORE INSTITUTE OF TECHNOLOGY	3	Tamil Nadu
4	SHRI GURU GOBIND SINGHJI INSTITUTE OF ENGINEERING AND TECHNOLOGY	4	Maharashtra
5	PSGR Krishnammal College for Women	5	Tamil Nadu
6	VEERMATA JIJABAI TECHNOLOGICAL INSTITUTE	5	Maharashtra

PRIVATE OR SELF-FINANCED UNIVERSITIES (HEIS IN TOP 5 RANK)			
Srno	**Institute Name**	**Rank**	**State**
1	KALINGA INSTITUTE OF INDUSTRIAL TECHNOLOGY KHORDHA	1	Odisha
2	S.R.M. Institute of Science and Technology	2	Tamil Nadu
3	Vellore Institute of Technology	3	Tamil Nadu
4	Amrita Vishwa Vidyapeetham	4	Tamil Nadu
5	Sathyabama Institute of Science and Technology	5	Tamil Nadu

INSTITUTE OF NATIONAL IMPORTANCE, CENTRAL UNIVERSITIES & CFTIS (HEIS IN TOP 10 RANK)			
Srno	**Institute Name**	**Rank**	**State**
1	Indian Institute of Technology Madras	1	Chennai
2	Indian Institute of Technology Bombay	2	Mumbai
3	Indian Institute of Technology Delhi	3	New Delhi
4	Indian Institute of Science	4	Bangalore
5	Indian Institute of Technology Kharagpur	5	Kharagpur

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિમણૂક : મેઘાલયના નવા રાજ્યપાલ તરીકે એસ.પી. મલિકની નિમણૂક



✓ મલિક અગાઉ ગોવાના રાજ્યપાલ હતા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સાયન્સ જર્નલ 'નેચર'નો અહેવાલ પ્રસિદ્ધ (ક્લાઈમેટ ચેન્જ)

✓ **મહત્વનું તારણ :** ઉત્તર ધ્રુવનો અબજો ટન બરફ માત્ર ૧૫ જ વર્ષમાં સંપૂર્ણ પીગળી જશે : સવા લાખ વર્ષના વાતાવરણના અભ્યાસ બાદ તારણ રજૂ કરાયું



વિગતો :

✓ પૃથ્વીના બન્ને છેડા ઉત્તર ધ્રુવ (આર્કટિક) અને દક્ષિણ ધ્રુવ (એન્ટાર્કટિક) ત્યાં છવાયેલા બર્ફસ્તાન માટે જાણીતા છે. તેમની એ ઓળખ જ ન રહે એવા સંજોગો

આવી રહ્યા છે. એ બરફથી ઢંકાવવો જોઈએ ત્યાં આ વખતે બરફ જામ્યો ન હતો. ૧૯૭૯ પછી પ્રથમવાર આવું બન્યું.

- ✓ આર્કટિપ્રદેશ આસપાસ આર્કટિક સમુદ્ર આવેલ છે. દર શિયાળામાં આર્કટિક સમુદ્રની ૧૪ લાખ ચોરસ કિલોમીટર જેટલી સપાટી જાણીતી વાત છે કે ગ્લોબલ વૉર્મિંગના પ્રતાપે બને ધ્રુવનો બરફ પીગળી રહ્યો છે. પરંતુ કેટલી ઝડપથી એ અંગેનું લેટેસ્ટ સંશોધન આખા જગત માટે ચિંતાજનક છે.
- ✓ સાયન્સ જર્નલ 'નેચર'માં પ્રગટ થયેલા અહેવાલ મુજબ ઉત્તર ધ્રુવનો બરફ વર્ષ-૨૦૩૫ સુધીમાં જ સંપૂર્ણ પીગળી જાય એવી શક્યતા છે.
- ✓ સંશોધકોએ આ અંદાજ રજૂ કરતાં પહેલા ધરતીના ૧.૨૭ લાખ વર્ષના આવરણનો અભ્યાસ કર્યો છે.

<u>દસ હજાર કિલોમીટર દૂર ગુજરાતને શું અસર થશે :</u>

- ✓ ગુજરાતથી સીધી લીટીનું અંતર ગણીએ તો આર્કટિક પ્રદેશ આપણાથી દસેક હજાર કિલોમીટર દૂર છે. ત્યાં બરફ પીગળે તો આપણને શું ફરક પડે ?
તો એ વ્યક્તિને કોઈ ચોક્કસ સમયે હેરાન તેમજ પરેશાન કરવા માટે અને સાથે જ એના મોબાઈલમાં મેસેજનું ઈન-બોક્સ અને ઈમેલ ઈન-બોક્સ પૂરેપૂરું ભરી દેવા માટે, વ્યક્તિનો મોબાઈલ ટૅગ કરવા માટે, સતત અને સતત એક ચોક્કસ પ્રકારની API (એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઇન્ટરફેસ) દ્વારા અગણિત સંદેશાઓ અને ઈ-મેલ મોકલવાની પદ્ધતિને ઈ-અટકચાળા કહેવામાં આવે છે.

e- અટકચાળાને સ્પામ કહી શકાય ?

- ✓ સ્પામ એ કોઈપણ પ્રકારની અનિચ્છનીય, અવાંછિત ડિજિટલ કમ્યુનિકેશન છે, ઘણીવાર એ એક ઇમેઇલ સ્વરૂપે બલ્કમાં મોકલવામાં આવે છે.
- ✓ ટૂંકમાં સ્પામ એટલે અનિચ્છિત ટેસ્ટ સંદેશાઓ, ઈ-અટકચાળાને ટેકનિકલ ભાષામાં PRANKના નામથી પણ ઓળખવામાં આવે છે.
- ✓ આજકાલ યુટ્યુબર દ્વારા PRANKને લગતા વિડિઓ વધુ અપલોડ કરવામાં આવે છે.
- ✓ અત્યારના સમયમાં મોટાભાગના લોકો ઓનલાઇન વધારે સમય વિતાવે છે. પરિણામે ચોક્કસ પ્રકારની માનસિક્તા ધરાવતા લોકો જે આવા PRANK વીડિયો જોઈ લે તો, તેઓ દ્વારા આવી PRANK પ્રવૃત્તિ સૌથી પહેલાં મજાક સ્વરૂપે શરૂ થઈને ત્યારબાદ તે PRANK પ્રવૃત્તિ લોકોને હેરાન કરવામાં ઉપયોગમાં લેવાઈ.

હુમલાખોર દ્વારા કેવા પ્રકારની વિગત મોકલવામાં આવે છે ?

- ✓ ઈ-અટકચાળામાં હુમલાખોર દ્વારા મુખ્યત્વે OTP મોકલવામાં આવે છે. એ પણ એવા પ્રકારના OTP વ્યક્તિને મોકલવામાં આવે જે એપ્લિકેશન વ્યક્તિ દ્વારા ક્યારેય ઇનસ્ટોલ કરવામાં આવી જ ન હોય, તેમજ એક ચોક્કસ મેસેજ જે એક જ પ્રકારના SMS ગેટવેનો ઉપયોગ કરીને મોકલવામાં આવતા હોય છે.
- ✓ અમુકવાર બદલો લેવા માટે હુમલાખોર દ્વારા માલવેર પણ લિંકના માધ્યમથી મોકલવામાં આવે છે.
- ✓ જયારે માલવેર એકવાર ડિવાઇસમાં દાખલા થઈ જાય ત્યારબાદ તે ડિવાઇસમાં રહેલી પર્સનલ માહિતી ચોરવાનું કાર્ય કરે.
- ✓ જેમાં ખાસ કરીને બેન્ક ડિટેઈલ્સ, પાસવર્ડ જેવી વિગત જ ચોરવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં IRDAના નવા નિયમ મુજબ હવે વાહનોની વીમા પોલીસી રિન્યુઅલ વખતે કયું પ્રમાણપત્ર ફરજિયાત કરાયું - **PUC**
2. PUCનું વિસ્તૃત નામ જણાવો - **પોલ્યુશન અંડર કંટ્રોલ**
3. IRDAનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્સ્યુરિયન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા**
4. ભારતનું 40 ટકા ખનિજ ભંડારમાં ધરાવતું એકમાત્ર રાજ્ય જણાવો - **ઝારખંડ**

5. ભારતમાં કોલસાના ભંડારમાં પ્રથમ રાજય જણાવો - **ઝારખંડ**
6. ભારતમાં લોખંડના ઉત્પાદનમાં બીજું સ્થાન ધરાવતું રાજય જણાવો - **ઝારખંડ**
7. ભારતમાં તાંબાના ઉત્પાદનમાં ત્રીજું સ્થાન ધરાવતું રાજય જણાવો - **ઝારખંડ**
8. IIT ધનબાદના અહેવાલ મુજબ ઝારખંડમાં યુરોપિયન અને કોપરનો જથ્થો કેટલા વર્ષે સુધી મળતો રહેશે - **20 અને 25 વર્ષે**
9. IIT ધનબાદના અહેવાલ મુજબ ઝારખંડમાં કેટલા વર્ષે સુધી ખનિજ મેળવી શકાશે - **50**
10. પેસેન્જરોને ટ્રેન કયાં પહોંચી તેનું લોકેશનની જાણકારી માટે ISRO દ્વારા કઈ નવી સિસ્ટમ શરૂ કરાઈ - **રિયલ ટાઈમ ઈન્ફરમેશન સિસ્ટમ**
11. આગામી કયા વર્ષે સુધીમાં ભારતની તમામ ટ્રેનમાં GPS સુવિધાનો અમલ કરાશે - **વર્ષે 2021**
12. સાયબર ટેકનોલોજીમાં નવીન શબ્દ e-અટકચાળાને ટેકનિકલ ભાષામાં શું કહેવાય છે - **PRANK**
13. કોઇ વ્યક્તિને મોબાઈલ અથવા ઈમેલમાં મેસેજ દ્વારા હેરાન-પરેશાન કરવાની વૃત્તિને કયા નામથી ઓળખવામાં આવે છે - **e-અટકચાળા**
14. ટૂંકમાં e-અટકચાળાને અન્ય કયા નામથી ઓળખી શકાય – **સ્પામ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.વેસ્ટર્ન ડેડિકેડેટ ફ્રેઈટ કોરિડોર (લોજિસ્ટિક-વેપાર)



પ્રોજેક્ટ વિશે

- ✓ વેસ્ટર્ન કોરિડોરમાં અત્યારે બે રેલવે લાઈન પૈકી એક ઉપર પેસેન્જર ટ્રેનો તથા બીજી ઉપર ગુડ્ઝ ટ્રેનો દોડે છે.
- ✓ બે રેલવે લાઇન ધરાવતો નવો વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર વર્ષ ૨૦૧૫થી બની રહ્યો છે, જે તૈયાર થઈ ગયા બાદ હાલ બે પૈકી જે રેલલાઈન ઉપર ગુડ્ઝ ટ્રેનો દોડે છે તે ટ્રેક પેસેન્જર ટ્રાફિક માટે ફાળવાઈ જશે.
- ✓ મુંબઈના જવાહરલાલ નહેરુ પોર્ટ ટર્મિનલથી હરિયાણાના દાદરી સુધીના કુલ ૧,૫૦૪ કિલોમીટર લંબાઈના તૈયાર થઈ રહેલા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરમાં ૫૬૫ કિલોમીટરનો કોરિડોર એટલે કુલ પ્રોજેક્ટના ૩૭.૬ ટકા હિસ્સો ગુજરાતમાંથી પસાર થશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ઉન્નત યુદ્ધ જહાજ : પાકિસ્તાન માટે ચીને તૈયાર કરેલું યુદ્ધ જહાજ 'ઉન્નત' લોન્ચ કરાયું (વૈશ્વિક બાબતો)



વિગત :

- ✓ ચીને પાકિસ્તાન માટે પ્રથમ ઉન્નત યુદ્ધજહાજ ટાઈપ-054 લોન્ચ કર્યું.
- ✓ આ પ્રકારનાં ચાર યુદ્ધજહાજ પાકિસ્તાન માટે ચીન તૈયાર કરશે.
- ✓ શાંઘાઈમાં હૂડોંગ ઝોંધુઆ શિપયાર્ડમાં એક કાર્યક્રમમાં તેનું લોચિંગ કરાયું.
- ✓ આ યુદ્ધજહાજમાં એન્ટિએર વેપન્સ અને સેન્સર સહિત અત્યાધુનિક ઉપકરણો લગાવેલાં છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ભારતનો સૌથી લાંબો રિવર રોપ-વેનો બ્રહ્મપુત્રા નદી ઉપર પ્રારંભ

- ✓ સ્થાન : ગુવાહાટી (આસામ)



રોપ-વે એટ એ ગ્લાન્સ :

- ✓ લંબાઈ : ૧.૮ કિ.મી.
- ✓ કલાકનો પ્રવાસ ૪ મિનિટમાં પૂરો થશે
- ✓ 11 વર્ષમાં પૂરો થયો રોપ-વે
- ✓ ક્ષમતા : 30 લોકોની
- ✓ ખર્ચ : ૩.56 કરોડ
- ✓ પ્રતિ વ્યક્તિ ભાડું : ૩. 60
- ✓ આસામના ગુવાહાટીમાં બ્રહ્મપુત્ર નદી ઉપર ભારતનો સૌથી લાંબો રોપ-વે શરૂ થયો.
- ✓ આ રોપ-વે લોકોને ગુવાહાટી કચેરીઘાટથી ઉત્તર ગુવાહાટી સુધી માત્ર ૪ મિનિટમાં પહોંચાડશે.
- ✓ સડક માર્ગે જવામાં 24.4 કિ.મી.નું અંતર થાય છે અને 1 કલાકનો સમય લાગે છે.
- ✓ આ રોપ-વેને કારણે સ્થાનિક લોકો આરામથી હેરફેર કરી શકશે.
- ✓ લોકોને નિયમિત જવા માટે દૈનિક, સાપ્તાહિક અને માસિક પાસની પણ સુવિધા ઊભી કરાઈ છે.
- ✓ રોપ-વેનો સવારે ૪ થી સાંજે ૬ સુધી ઉપયોગ કરી શકાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. DRDO : આત્મનિર્ભર ભારત હેઠળ DRDO કુલ 108 સૈન્ય સિસ્ટમનું ભારતમાં નિર્માણ કરશે (સંરક્ષણ)

વિગત :

- ✓ ડીઆરડીઓના લક્ષ્યાંક મુજબ આગામી વર્ષથી આ વસ્તુઓનું ભારતમાં ઉત્પાદન શરૂ કરી દેવામાં આવશે.
- ✓ બે સપ્તાહ પહેલા સંરક્ષણ પ્રધાને ૧૦૧ સૈન્ય સિસ્ટમ અને શસ્ત્રોની આયાત પર પ્રતિબંધની જાહેરાત કરી હતી.

- ✓ જેમાં ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ, લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર, કન્વેનશનલ સબમરીન અને ક્રૂઝ મિસાઇલનો સમાવેશ થાય છે.
- ✓ વર્ષ ૨૦૨૪ સુધીમાં તબક્કાવાર રીતે આ સિસ્ટમ અને શસ્ત્રોનું ઉત્પાદન ભારતમાં કરવામાં આવશે.

લક્ષ્યાંક :

- ✓ સંરક્ષણ મંત્રાલયે નક્કી કરેલા લક્ષ્યાંક મુજબ આગામી પાંચ વર્ષમાં દેશમાં ૧.૭૫ લાખ કરોડ રૂપિયાનું ડિફેન્સ મેન્યુફેકચરિંગ કરવામાં આવશે.
- ✓ રૂ. ૩૫,૦૦૦ કરોડની નિકાસ કરવાનો પણ લક્ષ્યાંક નક્કી કરાયો.
- ✓ સંરક્ષણ પ્રધાન : રાજનાથ સિંહ
- ✓ DRDO : ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. સિદ્ધિ : સ્પેસ બ્રિક્સ

ચંદ્રની માટીનો ઉપયોગ કરીને ચંદ્ર પર કામ આપે તેવી ખાસ પ્રકારની સ્પેસ ઈંટો તૈયાર કરાઈ (અવકાશ વિજ્ઞાન)



ISRO અને IISCના વિજ્ઞાનીઓ દ્વારા સર્જન કરાયું

વિગત :

- ✓ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) અને ધ ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ સાયન્સ (આઈ.આઈ.સી.એસ.) બંને બેંગલુરુ)ના વિજ્ઞાનીઓએ સહિયારા પ્રયાસમાં ભવિષ્યમાં ચંદ્ર પર માનવ વસાહત બનાવવા માટે વિશિષ્ટ પ્રકારની સ્પેસ બ્રિક્સ-ચંદ્ર પર-અંતરીક્ષમાં માનવ વસાહત બનાવવા માટેની ખાસ પ્રકારની ઈંટ તૈયાર કરી છે.

મિશ્રણ :

- ✓ આવી વિશિષ્ટ પ્રકારની સ્પેસ બ્રિક્સ બનાવવામાં યુરિયા (માનવ મૂત્રમાં હોય છે), બેક્ટરિયા, ગુવાર ગમ અને ચંદ્રની માટી વગેરે સામગ્રીનો ઉપયોગ કર્યો.
- ✓ ગુવાર ગમનો ઉપયોગ સિમેન્ટ તરીકે થશે કે જેથી તેની મજબૂતી વધશે (ગુવાર શાકભાજીનો અર્ક)

ઉપયોગ :

- ✓ ભારતના અવકાશયાત્રીઓ ભવિષ્યમાં ચંદ્રની યાત્રાએ જશે ત્યારે તેઓ આવી સ્પેસ બ્રીક્સ એટલે કે ઈંટો ચંદ્રમાની ધરતી પર જ તૈયાર કરશે.
- ✓ તેના ઉપયોગ દ્વારા ત્યાં માનવ વસાહત પણ તૈયાર કરી શકશે. ચંદ્રની ધરતી પર પોતાનું ઘર બનાવી શકશે.
- ✓ ગુવાર ગમનો ઉપયોગ સિમેન્ટ તરીકે, બેકટેરિયાનો ઉપયોગ કેલ્શિયમ કાર્બોનેટ ક્રિસ્ટલ તરીકે કરવામાં આવ્યો છે.

- ✓ હાલ ફક્ત એક પાઉન્ડ જેટલા વજનની કોઇપણ વસ્તુ કે સામગ્રી ચંદ્ર પર મોકલવાનો ખર્ચ સાડા સાત લાખ રૂપિયા થાય છે.
- ✓ ભવિષ્યમાં ભારતના અવકાશયાત્રીઓ ચંદ્રની ધરતી પર જશે ત્યારે તેઓ આ બધી સામગ્રીની મદદથી ત્યાં જ ઇંટ બનાવીને પોતાનું ખાસ પ્રકારનું ઘર બનાવી શકશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : 24 ઓગસ્ટ

વિશ્વ ગુજરાતી દિવસ



- ✓ **વિશેષતા:** ગુજરાતી અસ્મિતાના પ્રતિક એવા વીર નર્મદના જન્મ દિવસ 24 ઓગસ્ટ વિશ્વ ગુજરાતી દિવસ તરીકે ઓળખાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 24 ઓગસ્ટ

(૧) યા હોમ કરીને પડો : નર્મદ

જન્મ : 24 ઓગસ્ટ 1833

અવસાન : 26-ફેબ્રુઆરી-1886

- ✓ "સૌ ચાલો જીતવા જંગ બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે" અને "છતરિયો હમે કા ના હોડિયે, પગરખાં હમે કા પહેરિયે, રાંડેલીનાં લગ્ન કા નહીં ?" આવી રાષ્ટ્રવાદી અને સમાજ પરિવર્તનને પ્રોત્સાહક કાવ્યપંક્તિઓનાં સર્જક, સુધારાના કડખેદ અને જેનાં મૂલ્યાંકન માટે વિશેષણો ટાંચા પડે અને અનેક રીતે અભૂતપૂર્વ એવા નર્મદા શંકર લાલશંકર દવે ઉર્ફે કવિ નર્મદનો આજે જન્મદિવસ.



- ✓ સુરતમાં જન્મેલા નર્મદ સુરત અને મુંબઇમાં ભણ્યા અને સુરત ઉપરાંત ગુજરાતમાં સમાજસુધારણાના આગેવાન બન્યા.

- ✓ નર્મ કવિતા, નર્મકોશ, નર્મગદ્ય, મારી હકીકત (આત્મકથા), દશમસ્કંધ (સંપા), ડાંડિયો (સાપ્તાહિક), કાઠીયાવાડ સર્વસંગહ, ગુજરાત સર્વસંગ્રહ (અનું.), રાજ્યરંગ જેવા અનેક સર્જનો કર્યા છે.
- ✓ કવિ, નિબંધકાર નર્મદનું 26 ફેબ્રુઆરી-1886ના રોજ 53 વર્ષની ઉંમરે મુંબઈમાં અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) શિવરામ હરી રાજગુરુ



જન્મ – 24 ઓગસ્ટ 1908

અવસાન – 23-માર્ચ-1931

- ✓ શિવરામ હરી રાજગુરુ ક્રાંતિકારી હતા. તેઓ મહારાષ્ટ્રનાં વતની હતા અને દેશસ્થ બ્રાહ્મણ પરિવારમાં જનમ્યા હતા.
- ✓ તેમનો જન્મ પુના નજીક ખેડ નામનાં ગામમાં થયો હતો, આ ગામ હવે તેમનાં માનમાં "રાજગુરુનગર" થી ઓળખાય છે.
- ✓ લાલા લજપતરાય પર અંગ્રેજી સિપાહીઓએ લાઠીઓ વરસાવી અને તે ઇજાઓથી તેમનું મૃત્યુ થયું, તેમનો બદલો લેવા માટે રાજગુરુએ ભગત સિંહ અને સુખદેવ સાથે મળી લાહોરમાં અંગ્રેજ અમલદાર જે.પી.સૌંડર્સની હત્યા કરી.
- ✓ આ ઔતિહાસિક કેસમાં તેમને અંગ્રેજો દ્વારા ફાંસીની સજા કરવામાં આવી હતી અને માર્ચ ૨૩, ૧૯૩૧ના રોજ આ ત્રણે વીર ક્રાંતિકારીઓને ફાંસી આપવામાં આવી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૮-૨૦૨૦)

1. ભારતીય રેલવેનો મહ્ત્વનો"વેસ્ટર્ન ડેડિકેડેટ ફ્રેઈટ કોરિડોર"કયા શહેરો વચ્ચે આકાર લઈ રહ્યો છે - જવાહરલાલ નહેરુ પોર્ટ, મુંબઈ અને દાદરી, હરિયાણા
2. "વેસ્ટર્ન ડેડિકેડેટ ફ્રેઈટ કોરિડોર"ની કુલ લંબાઈ જણાવો - 1,504 કિ.મી.
3. "વેસ્ટર્ન ડેડિકેડેટ ફ્રેઈટ કોરિડોર"પ્રોજેકટ ગુજરાતનો કેટલા કિલોમીટરનો હિસ્સો છે - 565 કિ.મી. એટલે 37.6 %
4. "વેસ્ટર્ન ડેડિકેડેટ ફ્રેઈટ કોરિડોર" કેટલી રેલવે લાઈન ટ્રેક ધરાવે છે - બે
5. તાજેતરમાં ઉન્નત યુદ્ધ જહાજ કયા નૌકાદળમાં સામેલ કરાયું - પાકિસ્તાન નેવી
6. તાજેતરમાં તૈયાર કરાયેલ ઉન્નત યુદ્ધ જહાજ કયા દેશ દ્વારા બનાવાયું છે - ચીન
7. તાજેતરમાં ભારતનો સૌથી લાંબો રિવર રોપ-વે કઈ નદી ઉપર ખુલ્લો મુકાયો - બ્રહ્મપુત્રા
8. તાજેતરમાં શરૂ થયેલા ભારતના સૌથી લાંબો રિવર રોપ-વેની લંબાઈ જણાવો - 1.8 કિ.મી.
9. તાજેતરમાં ભારતનો સૌથી લાંબો રિવર રોપ-વે કયા સ્થળે તૈયાર કરાયો - ગુવાહાટી(આસામ)

10. આત્મનિર્ભર ભારત હેઠળ DRDO કેટલી સૈન્ય સિસ્ટમનું ભારતમાં નિમાર્ણ કરશે - **108**
11. આત્મનિર્ભર ભારત હેઠળ DRDO દ્વારા કયા વર્ષે સુધીમાં આ સિસ્ટમ અને શસ્ત્રોનું ઉત્પાદન કરશે - **વર્ષે 2024**
12. ભારતીય સંરક્ષણ મંત્રાલયના લક્ષ્યાંક મુજબ આગામી 5 વર્ષેમાં ભારતમાં કેટલા કરોડના શસ્ત્રોનું ઉત્પાદન કરાશે - રૂ.1.75 લાખ કરોડ
13. DRDOનું વિસ્તૃત નામ જણાવો - **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન**
14. કંઈ સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા ચંદ્રની માટીનો ઉપયોગ કરીને ચંદ્ર પર કામ આપે તેવી ખાસ પ્રકારની સ્પેસ ઈંટો તૈયાર કરવામાં આવી - **ISRO અને IISC**
15. ભારતીય અવકાશ વિજ્ઞાન સંસ્થા ISROનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન**
16. IISCનું વિસ્તૃત નામ જણાવો - **ધ ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ સાયન્સ**
17. અવકાશ વિજ્ઞાન સંસ્થા ISRO અને IISC ક્યાં આવેલી છે – **બેંગલુરુ**
18. ISRO અને IISCના વૈજ્ઞાનિકો દ્વારા ચંદ્ર પર-અંતરીક્ષમાં માનવ વસાહત બનાવવા માટેની ખાસ પ્રકારની ઈંટો તૈયાર કરવામાં આવી તેને ક્યા નામે ઓળખવામાં આવે છે - **સ્પેસ બ્રિક્સ**
19. ISRO અને IISCના વૈજ્ઞાનિકો દ્વારા કઈ સામગ્રીના મિશ્રણથી અંતરીક્ષમાં માનવ વસાહત બનાવવા માટેની ખાસ પ્રકારની ઈંટો તૈયાર કરવામાં આવી - **યુરિયા, બેક્ટરિયા, ગુવાર ગમ અને ચંદ્રની માટી**
20. વર્તમાન સમયમાં એક પાઉન્ડ જેટલા વજનની કોઇપણ વસ્તુ કે સામગ્રી ચંદ્ર પર મોકલવાનો અંદાજિત ખર્ચ કેટલો થાય છે - **સાડા સાત લાખ રૂપિયા**
21. વિશ્વ ગુજરાતી દિવસ કયારે મનાવવામાં આવે છે – **24 ઓગસ્ટ**
22. 24 ઓગસ્ટના રોજ કયા ગુજરાતી સાહિત્યકારના જન્મદિવસ નિમિતે વિશ્વ ગુજરાતી દિવસ મનાવવામાં આવે છે – **નર્મદ**
23. ગુજરાતી અસ્મિતાના પ્રતિક સમા વીર નર્મદનો જન્મ દિવસ જણાવો - **24 ઓગસ્ટ 1833**
24. ગુજરાતી સાહિત્યની જાણીતી પંક્તિ “સૌ ચાલો જીતવા જંગ બ્યુગલો વાગે, થા હોમ કરીને પડો ફતેહ છે આગે” કયા સાહિત્યકારની રચના છે - **નર્મદ**
25. ગુજરાતી સાહિત્યકાર નર્મદની આત્મકથાનું નામ જણાવો - **મારી હકીકત**
26. નર્મ કવિતા, નર્મકોશ, નર્મગદ્યના રચયિતાનું નામ જણાવો – **નર્મદ**
27. ગુજરાતી સાહિત્યના ડાંડિયો સાપ્તાહિકના સંપાદકનું નામ જણાવો – **નર્મદ**
28. ગુજરાતી સાહિત્યકાર નર્મદનું ક્યાં-ક્યારે અવસાન થયું હતુ – **મુંબઈ તથા 26 ફેબ્રુઆરી-1886**
29. ક્રાંતિકારી શિવરામ હરી રાજગુરુનો જન્મ દિવસ જણાવો – **24 ઓગસ્ટ 1908**
30. અંગ્રેજો દ્વારા ક્રાંતિકારી શિવરામ રાજગુરુને ક્યારે ફાંસી આપવામાં આવી હતી – **23 માર્ચ 1931**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. NIA દ્વારા પુલવામા આતંકવાદી હુમલાની ચાર્જશીટ રજૂ (આતંકવાદ)

- ✓ હુમલામાં દુ:ખદ-CRPFના 40 જવાનો શહીદ થયા હતા
- ✓ NIA દ્વારા આતંકવાદી સંગઠન જૈશ એ મોહમ્મદનો વડો મૌલાના મસૂદ અઝહર સહિત 19 આતંકવાદી સામે જમ્મુની કોર્ટમાં 13,500 પાનાની ચાર્જશીટ દાખલ



ચાર્જશીટની ટૂંકી વિગત :

- ✓ ચાર્જશીટમાં પાકિસ્તાનની ધરતી પરથી કાશ્મીરમાં આતંકવાદ ફેલાવી રહેલા આતંકવાદી સંગઠન જૈશ એ મોહમ્મદ, તેના આતંકી સરગણા મૌલાના મસૂદ અઝહર, મસૂદના ભાઇ રઉફ અસગર, પિતરાઇ મોહમ્મદ અમાર, રઉફના બોડીગાર્ડ મોહમ્મદ ઇસ્માઇલ પર આરોપ ઘડવામાં આવ્યા.
- ✓ ચાર્જશીટમાં દર્શાવાયેલા ૧૯ આરોપી પૈકીના ૭ની ધરપકડ થઇ ચૂકી છે, જ્યારે બે આરોપી ફરાર છે અને મસૂદ અઝહરના ભત્રીજા મોહમ્મદ ઉમર ફારુક સહિતના ૬ આતંકવાદીને ઠાર મરાયા છે.

પુલવામા હુમલાની ટૂંકી વિગત :

હુમલો : ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯

- ✓ ૧૦ મહિનાથી આતંકવાદી હુમલાનું પ્લાનિંગ ચાલી રહ્યું હતું,
- ✓ ઓક્ટોબર ૨૦૧૮થી વિસ્ફોટકોની ખરીદીનો પ્રારંભ કરાયો
- ✓ ૩૫ કિલો આરડીએક્સ ઉપયોગમાં લેવાયું
- ✓ ૧૬૦ કિલો અને ૪૦ કિલો વજનના બે આઇઇડી બનાવાયાં હતાં

- ✓ ૬ ફેબ્રુઆરીએ પ્લાન નિષ્ફળ જતાં ૧૪ ફેબ્રુઆરીએ ભારતના જવાનોને નિશાન બનાવી હુમલો કરાયો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ઔદ્યોગિક સુરક્ષા ઝુંબેશ

તા.17 ઓગસ્ટથી તા.17 સપ્ટેમ્બર-2020

- ✓ હેતુ : રાજ્યમાં ઔદ્યોગિક દુર્ઘટનાઓમાં ઘટાડો કરવા અને કામદારોની સુરક્ષા માટે DISH દ્વારા ઉજવણી
- ✓ DISH : ધ ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ
- ✓ વિભાગ : શ્રમ અને રોજગાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ – સિદ્ધિ :

ઇંગ્લેન્ડનો બોલર જેમ્સ એન્ડરસન ટેસ્ટ ક્રિકેટમાં 600 વિકેટ પૂરી કરનાર વિશ્વનો પ્રથમ પેસ બોલર (ઝડપી બોલર)



- ✓ ટેસ્ટ ક્રિકેટમાં ઓવરઓલ વિશ્વનો ચોથો બોલર
- ✓ કુલ-156 ટેસ્ટમાં 600 વિકેટની સિદ્ધિ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગુજરાત સરકાર : મહેસૂલ વિભાગનો iORA પોર્ટલથી જમીન માપણી અંગેનો મહત્વનો નિર્ણય (મહેસૂલ)



- ✓ ગામ નમુના નં. 7 અને 8-અ રજૂ કરવામાંથી મુક્તિ

નવી જોગવાઈ :

- ✓ જમીન માપણી માટે હવેથી નાગરિકોએ જિલ્લા જમીન દફતર નિરીક્ષક- DILRની કચેરીએ રૂબરૂમાં અરજી કરવા જવું નહીં પડે.
- ✓ ૨૧ જેટલી મહેસૂલી સેવાઓની જેમ માપણીની અરજી પણ iORA પોર્ટલથી ઓનલાઈન કરી શકાશે.
- ✓ માપણીની અરજીની સાથે અરજદારને ગામ નમૂના નંબર ૭ અને ૮-અના કાગળો રજૂ કરવામાંથી મુક્તિ આપ્યાનું જાહેર કર્યું હતું.

નવી સુવિધા :

- ✓ અગાઉ માપણી ફી ચલણથી બેંકમાં ભરીને કચેરીમાં રજૂ કરવાની થતી હતી. આ નિર્ણયથી iORA પોર્ટલ ઉપર જ ઓનલાઈન અરજી થતા સિસ્ટમ દ્વારા જ માપણી ફીની આપોઆપ ગણતરી થશે.
- ✓ એક રીતે ફી પણ ઓનલાઈન ભરી શકાશે. આ નિર્ણયથી અરજદારોને કચેરીઓમાં ધક્કા ખાવા નહી પડે.
- ✓ ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત કચેરીઓ અને VCA દ્વારા પહેલાથી જ ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ છે. જેથી અરજદારોના સમય પણ બચશે અને કામગીરીમાં ઝડપ આવશે.
- ✓ હદ માપણી, હિસ્સા માપણી અને પૈકી માપણી પ્રકારની માપણી અરજીઓ કોઈપણ ખૂણેથી થઈ શકશે. એ અરજી સર્વેયરને ફાળવવાની પ્રક્રિયા પણ સિસ્ટમ દ્વારા સ્વયંસંચાલિત થઈ રહી છે.
- ✓ માપણીની તારીખ, તબક્કાવાર કામગીરીની જાણ પણ અરજી કરનારને SMS, E-mail દ્વારા થશે.
- ✓ અરજીની પ્રગતિ iORA પોર્ટલથી ટ્રેક કરી શકાશે. કાર્યવાહી પૂર્ણ થયા પછી માપણી શીપ પણ ઈmailથી મોકલી આપવામાં આવશે.
- ✓ ઉપરાંત હિસ્સા માપણીના કિસ્સાઓમાં તેમની હિસ્સા માપણી મુજબની ફેરફાર નોંધ પણ ઓનલાઈન થશે.
- ✓ એક રીતે જમીન માપણી માટે એક પણ વખત અરજદારને કચેરીમાં આવવું નહીં પડે. આ પ્રક્રિયામાં સરકારી રેકોર્ડ જેવા કે ગામ નમૂના નંબર ૮ અને ૮-અ ઓનલાઈન જ મેળવી લેવામાં આવશે.
- ✓ મહેસૂલ મંત્રી – શ્રી કૌશિકભાઈ પટેલ
- ✓ iORA : ઈન્ટિગ્રેટેડ ઓનલાઈન રેવન્યુ એપલિકેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : 25 ઓગસ્ટ

(૧) રાષ્ટ્રવાદી પત્રકાર : અમૃતલાલ શેઠ

જન્મ – 25 ઓગસ્ટ 1891

અવસાન – 30 જુલાઈ 1954

- ✓ કવિ-પત્રકાર સમાજ પરિવર્તન અને ક્રાંતિનું મસ્તિષ્ક છે.



- ✓ ગુલામ ભારતમાં ગુજરાત અને ખાસ તો કાઠીયાવાડને જગાડવાનું યુગ પરિવર્તનકારી કાર્ય અનેક પત્રકારોએ કર્યું તેમાંનું એક ગૌરવશાળી નામ અમૃતલાલ દલપતરામ શેઠનું છે.
- ✓ જન્મભૂમિ લીંબડી અને કર્મભૂમિ રાણપુર.
- ✓ બચપણથી લાલ, બાલ, પાલની રાષ્ટ્રવાદી ત્રિપુટીથી ગાઢ રીતે પ્રભાવિત થઇ તેમની છબીઓ ઘરમાં ટીંગાડી હતી, છબીઓ ઉતારવા આવેલા પોલીસોને તે ઉતારવા દીધી ન હતી.
- ✓ આવી દેશદાઝથી કાર્યરત અમૃતલાલની મુખ્ય ઓળખ રાષ્ટ્રવાદી પત્રકાર તરીકે છે.
- ✓ અમૃતલાલે "બોમ્બે ક્રોનિકલ"માં કાઠીયાવાડ લેટર લખવાથી પોતાનું પત્રકારત્વ શરૂ કર્યું હતું પણ તેમનું મન તો અમુક અપવાદોને બાદ કરતાં લગભગ અંધેર વહીવટ અને અમલદારશાહીમાં સબડતા સૌરાષ્ટ્રની વેદનાને વાચા આપવા તડપતુ હતું.
- ✓ ૨ ઓકટો.૧૯૨૧ના રોજ ગાંધી જયંતિના રોજ રાણપુરથી "સૌરાષ્ટ્ર"સાપ્તાહિક શરૂ કર્યું.
- ✓ જાનના જોખમે પણ રજવાડી ગુજરાતની કમજોરીઓ સૌરાષ્ટ્રના પાને પ્રગટાવતા મેઘાણી જેવા અનેક સર્જકો તેમની નિશ્રામાં પાંગર્યા હતા.
- ✓ ૧૯૩૧માં સૌરાષ્ટ્ર ઉપર પ્રતિબંધ મુકાયો હતો.
- ✓ અમૃતલાલ શેઠ ૧૯૩૪માં રાણપુર છોડી મુંબઈમાં સ્થાયી થયા તે પહેલા ધોલેરા મીઠા સત્યાગ્રહમાં સ્થાનિક પ્રજાને કુશળ નેતૃત્વ પૂરું પાડી ચુક્યા હતા.
- ✓ મુંબઈથી તેમણે "જન્મભૂમિ" (૧૯૩૪), "ડેઈલી સન" (૧૯૩૪), "નુતન ગુજરાત" (૧૯૪૨) જેવા પત્રો શરૂ કર્યા હતા તો ૧૯૩૫માં મરાઠી દૈનિક "લોકમાન્ય" પણ ખરીદી લીધું હતું.
- ✓ કાઠીયાવાડ રાજકીય પરિષદ, આરઝી હકુમત જેવી સંસ્થાકીય પ્રવુંતિઓ અને શિક્ષણની અનેક સંસ્થાઓમાં પણ અમૃતલાલ શેઠનું બહુમુલ્ય યોગદાન હતું.
- ✓ રાષ્ટ્રવાદી પત્રકાર અને ઉમદા સ્વત્રતંતા સૈનિક અમૃતલાલ શેઠનું ૩૦ જુલાઈ ૧૯૫૪ના રોજ મુંબઈમાં અવસાન થયું હતું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) વીરચંદ રાઘવજી ગાંધીનો 157મો જન્મદિવસ :

જન્મ – 25 ઓગસ્ટ 1864

અવસાન – 7 ઓગસ્ટ 1901



- ✓ વીરચંદ ગાંધીનો જન્મ ગુજરાતના ભાવનગર નજીક મહુવામાં નગરશેઠ રાઘવજી તેજપાલજી ગાંધીને ત્યાં થયો.
- ✓ વર્ષ-૧૮૯૩માં શિકાગોમાં પ્રથમ ધર્મ સંસદમાં સ્વામી વિવેકાનંદે હિંદુ ધર્મ તેમજ વીરચંદ ગાંધીએ જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ✓ તેમણે ૧૮૯૯માં આંતરરાષ્ટ્રીય વાણિજ્ય સંમેલનમાં એશિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ✓ તેમણે પાલીતાણા અને શિખરજી વચ્ચેના કર વિવાદોનું સમાધાન કર્યું હતું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૮-૨૦૨૦)

1. ફેબ્રુઆરી ૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરના પુલવામા ખાતે CRPFના કાફલા પર થયેલ આત્મઘાતી હુમલામાં CRPFના કેટલા જવાનો શહીદ થયા હતા - **40**
2. ફેબ્રુઆરી ૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરના પુલવામા ખાતે CRPFના કાફલા પર થયેલ આત્મઘાતી હુમલાના કેસમાં જમ્મુની કોર્ટમાં કઈ એજન્સીએ 13,500 પાનાંની ચાર્જશીટ દાખલ કરી હતી – **NIA**
3. તાજેતરમાં પુલવામા હુમલાના કેસમાં NIAએ જમ્મુની કોર્ટમાં દાખલ કરેલી ચાર્જશીટમાં મુખ્યત્વે કોના પર આરોપ ઘડવામાં આવ્યા છે - **આતંકવાદી સંગઠન જૈશ એ મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહર સહિત 19 પાક. આતંકવાદી સામે**
4. પાક. સમર્થક આતંકવાદીઓ દ્વારા જમ્મુ-કાશ્મીરના પુલવામા ખાતે CRPFના કાફલા પર કયારે આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો – **14 ફેબ્રુઆરી 2019**
5. NIAનું વિસ્તૃત નામ જણાવો – **નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી**
6. ગુજરાત સરકાર દ્વારા કયા સમયગાળા દરમિયાન ઔદ્યોગિક સુરક્ષા ઝુંબેશનું આયોજન કરાયું - **તા. 17 ઓગસ્ટથી તા. 17 સપ્ટેમ્બર-2020**
7. કયા હેતુસર ગુજરાત સરકાર દ્વારા તા.17 ઓગસ્ટથી તા.17 સપ્ટેમ્બર-2020 દરમિયાન ઔદ્યોગિક સુરક્ષા ઝુંબેશનું આયોજન કરાયું - **રાજ્યમાં ઔદ્યોગિક દુર્ઘટનાઓમાં ઘટાડો કરવા અને કામદારોની સુરક્ષા માટે**
8. DISHનું વિસ્તૃત નામ જણાવો - **ધ ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ**
9. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા તા. 17 ઓગસ્ટથી તા. 17 સપ્ટેમ્બર દરમિયાન ઔદ્યોગિક સુરક્ષા ઝુંબેશનું આયોજન કરાયું - **શ્રમ અને રોજગાર**
10. ટેસ્ટ ક્રિકેટમાં 600 વિકેટ પૂરી કરનારો વિશ્વનો પ્રથમ પેસ બોલરનું નામ જણાવો - **જેમ્સ એન્ડરસન**
11. ટેસ્ટ ક્રિકેટમાં 600 વિકેટ પૂરી કરનારો વિશ્વનો પ્રથમ પેસ બોલર જેમ્સ એન્ડરસન કયા દેશ વતી ક્રિકેટ રમે છે – **ઈંગ્લેન્ડ**

12. ક્રિકેટર જેમ્સ એન્ડરસન ટેસ્ટ ક્રિકેટમાં 600 વિકેટ પૂરી કરનારો વિશ્વનો કેટલામો બોલર બન્યો - **ચોથો**
13. ક્રિકેટર જેમ્સ એન્ડરસન કુલ કેટલી ટેસ્ટમાં 600 વિકેટ પૂરી કરી - **156 ટેસ્ટ**
14. iORAનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટિગ્રેટેડ ઓનલાઈન રેવન્યુ એપ્લિકેશન**
15. ઓગસ્ટ-૨૦૨૦માં ગુજરાત સરકારે જમીન માપણી અંગે કયો મહત્વનો નિર્ણય કર્યો - **iORA પોર્ટલથી જમીન માપણી**
16. ગુજરાત સરકાર દ્વારા iORA પોર્ટલથી જમીન માપણી કરવાના નિર્ણયને કારણે હવેથી નાગરિકોએ કઈ કચેરીએ રૂબરૂમાં અરજી કરવા જવું નહીં પડે - **જિલ્લા જમીન દફતર નિરીક્ષક- DILR**
17. ગુજરાતમાં iORA પોર્ટલથી કેટલી મહેસૂલી સેવાઓની ઓનલાઈન અરજી થાય છે – **૨૧ જેટલી**
18. ગુજરાતના વર્તમાન મહેસૂલ મંત્રીનું નામ જણાવો – **શ્રી કૌશિકભાઈ પટેલ**
19. ગુજરાતના જાણીતા પત્રકાર અમૃતલાલ શેઠનો જન્મ દિવસ જણાવો - **25 ઓગસ્ટ 1891**
20. ગુજરાતના જાણીતા પત્રકાર અમૃતલાલ શેઠનું અવસાન કયારે થયુ હતુ – **30 જુલાઈ 1954**
21. ગુજરાતી પત્રકાર અમૃતલાલ શેઠની જન્મભૂમિ અને કર્મભૂમિ જણાવો - **લીંબડી અને રાણપુર**
22. અમૃતલાલ શેઠે એ કયા પત્રમાં કાઠીયાવાડ લેટર લખવાથી પોતાનું પત્રકારત્વ શરૂ કર્યું હતું - **"બોમ્બે ક્રોનિકલ"**
23. અમૃતલાલ શેઠ એ કયાંથી-કયુ સાપ્તાહિક શરૂ કર્યું હતુ – **રાણપુરથી "સૌરાષ્ટ્ર"સાપ્તાહિક**
24. અમૃતલાલ શેઠ એ કઈ તારીખથી રાણપુરથી "સૌરાષ્ટ્ર"સાપ્તાહિક શરૂ કર્યું હતુ – **તા. ૨ ઓકટો.૧૯૨૧**
25. અમૃતલાલ શેઠ એ કયા વર્ષમાં મુંબઈથી "જન્મભૂમિ" સાપ્તાહિક શરૂ કર્યું – વર્ષ ૧૯૩૪
26. 25 ઓગસ્ટ-2020ના રોજ વીરચંદ રાઘવજી ગાંધીનો કેટલામો જન્મદિવસ ઉજવવામાં આવ્યો - **157મો**
27. વીરચંદ ગાંધીનો જન્મ કયાં થયો હતો - **ભાવનગર નજીક મહુવામાં**
28. વર્ષ-1893માં શિકાગોમાં મળેલી પ્રથમ ધર્મ સંસદમાં ભારતવતી હિંદુ ધર્મનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતુ - **સ્વામી વિવેકાનંદ**
29. કયા વર્ષમાં શિકાગોમાં પ્રથમ ધર્મ સંસદ મળી હતી – **વર્ષ-1893**
30. વર્ષ-1893માં શિકાગોમાં મળેલી પ્રથમ ધર્મ સંસદમાં ભારતવતી જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતુ - **વીરચંદ ગાંધી**
31. વર્ષ-1899માં યોજાયેલા આંતરરાષ્ટ્રીય વાણિજ્ય સંમેલનમાં એશિયાનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતુ - **વીરચંદ ગાંધી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. સિદ્ધિ : એક્સપોર્ટ પ્રીપેડનેસ ઈન્ડેક્સ (નિકાસ તત્પરતા સૂચકાંક-2020) (નિકાસ)



ગુજરાતની સિદ્ધિઓ :

- ✓ કેન્દ્રીય નીતિ આયોગ દ્વારા પ્રથમવાર જાહેર કરાયેલા એક્સપોર્ટ પ્રીપેડનેસ ઈન્ડેક્સમાં ઓલ ઓવર રેન્કિંગમાં 75.19ના સ્કોર સાથે ગુજરાત પ્રથમ ક્રમે
- ✓ ગુજરાત બિઝનેસ ઈકોસિસ્ટમ પિલરમાં 90.61 સ્કોર સાથે પ્રથમ ક્રમે.
- ✓ દેશની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો 20 ટકા
- ✓ નીતિ આયોગના આ રિપોર્ટ પ્રમાણે સમગ્ર દેશની કુલ નિકાસનો 70 ટકા હિસ્સો મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, તામિલનાડુ અને તેલંગાણા જેવા દરિયાકિનારો અને બંદરો ધરાવતાં રાજ્યોને આભારી છે.
- ✓ એકલાં ગુજરાતનું તેમાં પ્રમાણ વીસ ટકા જેટલું છે.
- ✓ ગુજરાતમાંથી 180થી વધુ દેશોમાં માલની નિકાસ થાય છે.
- ✓ માલસામાનના પરિવહન માટે ઊભી કરાયેલી માળખાકીય સુવિધા સંદર્ભે મળેલા રેન્કિંગ પ્રમાણે પણ ગુજરાત સૌથી આગળ રહ્યું છે.
- ✓ ગુજરાતે સતત બે વર્ષ 2018 અને 2019માં લોજિસ્ટિક્સ ઇઝ અક્રોસ ડીફરન્ટ

સ્ટેટસ LEADS ઇન્ડેક્ષમાં પ્રથમ સ્થાન મેળવેલું છે.

નિકાસમાં અન્ય રાજ્યો :

- ✓ બીજા ક્રમે મહારાષ્ટ્ર
- ✓ ત્રીજા ક્રમે તામિલનાડુ
- ✓ દેશની કુલ કાર્ગો વહન ક્ષમતાના 40% ગુજરાત વહન કરે છે
- ✓ ભારતનું સૌથી મોટું કોમર્શિયલ પોર્ટ મૂન્દ્રા પણ ગુજરાતમાં આવેલું છે અને તેણે વિશાળકાય કન્ટેઇનર જહાજોના આવા-ગમનથી ગુજરાતને કાર્ગો વહન કેપેસિટીમાં અગ્રીમતા અપાવેલી છે. વિશ્વની 500 ફોર્ચ્યુન કંપનીઝમાંથી 60 જેટલી કંપનીઓએ પોતાના રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કારોબાર માટે ગુજરાત પર પસંદગી ઉતારી પોતાના એકમો કાર્યરત કર્યા છે.

ગુજરાતના અન્ય રેન્કિંગ

- ✓ ગુજરાતે એક્સપોર્ટ ઈકોસિસ્ટમમાં ૪૭.૩૫નો સ્કોરે કરી નવમો નંબર, એક્સપોર્ટ પરફોર્મન્સ પિલરમાં ૬૧.૭૧ના સ્કોર સાથે બીજો નંબર તેમજ પોલિસી પિલરમાં ૮૫.૭૦ના સ્કોર સાથે બીજો નંબર હાંસલ કર્યો છે.

કુલ રાજ્ય, UT અને 50 માપદંડ :

- ✓ નીતિ આયોગે દેશના ૨૮ રાજ્યો તથા ૮ કેન્દ્રશાસિત પ્રદેશોને સમાવતો આ એક્સપોર્ટ પ્રીપેર્ડનેસ ઇન્ડેક્સ રિપોર્ટ ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસના આધાર ઉપર પ્રથમવાર બનાવ્યો છે.
- ✓ જેમાં બિઝનેસ ઇકોસિસ્ટમને સૌથી વધુ ૪૦ ટકા વેઈટેજ અપાયું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગુજરાતની જીવાદોરી : સરદાર સરોવર યોજના (જળ વ્યવસ્થાપન)



વિશ્વની સૌથી લાંબી પાકી સિંચાઈ માટેની નર્મદા કેનાલની વિશેષતા :

- ✓ નર્મદા મુખ્ય કેનાલની લંબાઇ : 458 કિલોમીટર
- ✓ કેનાલમાં કુલ સંગ્રહિત ક્ષમતા : 22,000 કરોડ લિટર
- ✓ કેનાલમાં અત્યારે પાણીનો જથ્થો : 17,100 કરોડ લિટર
- ✓ નર્મદાનું પાણી પીવા માટે મેળવે છે : 10,000 ગામ-175 શહેર
- ✓ સિંચાઇ માટે મળે છે લાભ : 18 લાખ હેક્ટર જમીનને
- ✓ નર્મદાની કેનાલ દ્વારા ભરાયા છે : 25 ડેમ, 750 તળાવો

- ✓ કેનાલમાં એટલું પાણી છે કે અમદાવાદની આખા વર્ષની તરસ અને ન્યૂયોર્ક શહેરની બે મહિનાની તરસ છીપાવી શકે છે.
- ✓ નર્મદા આધારિત રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી રાજ્યની 75 ટકા વસ્તીને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.
- ✓ નર્મદા કેનાલ દ્વારા રાજ્યના ખૂણે-ખૂણે પહોંચતા પાણીથી 18 લાખ હેક્ટર એટલે કે કુલ ખેતીલાયક વિસ્તારના 15 ટકા જમીનમાં સિંચાઇનો લાભ મળે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. ઉડાન-4 યોજના (ઉડ્ડયન)

નવી મંજૂરીઓ :

- ✓ આરસીએસ-ઉડાન-4 યોજના હેઠળ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે નવા 78 રૂટ મંજૂર કર્યા છે. જેમાં
- ✓ **ગુજરાત:** સુરત-દીવ અને વડોદરા-દીવના રૂટનો પણ સમાવેશ થાય છે.
- ✓ નવા રૂટ્સમાં મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડનાં શહેરો પણ સામેલ છે.
- ✓ યુપીની 5 ધાર્મિક નગરી માટે 10 રૂટ છે, જેમાં કાનપુરથી ચિત્રકૂટ, ચિત્રકૂટથી પ્રયાગરાજ, શ્રાવસ્તીથી વારાણસી, શ્રાવસ્તીથી પ્રયાગરાજ અને શ્રાવસ્તીથી કાનપુર સામેલ.
- ✓ કાનપુરથી મુરાદાબાદ અને બરેલીથી દિલ્હી માટે સસ્તી સેવા ઉપલબ્ધ હશે.



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.ભારત-શ્રીલંકા સંબંધો (વૈશ્વિક સંબંધો)

સુરક્ષાના સંદર્ભે શ્રીલંકા દ્વારા 'ઇન્ડિયા ફર્સ્ટ નીતિ' અપનાવાશે



શ્રીલંકાના વિદેશ સચિવ શ્રી જયનાથ કોલંબગેનું નિવેદન :

- ✓ શ્રીલંકા પોતાની વિદેશ નીતિ તટસ્થ રાખવા માગે છે પરંતુ પોતાની ઇન્ડિયા ફર્સ્ટ નીતિ છોડશે નહીં.
- ✓ રણનીતિક સુરક્ષાના મુદ્દે અમે ઇન્ડિયા ફર્સ્ટની નીતિ અપનાવીશું.
- ✓ અમે ભારત માટે સુરક્ષાનો ખતરો ન બની શકીએ અને અમારે ખતરો બનવાનું પણ નથી.
- ✓ અમારે ભારત પાસેથી ફાયદો લેવાનો છે.
- ✓ ચીનને હંબનટોટા બંદર ૯૯ વર્ષની લીઝ પર આપવું શ્રીલંકાની એક ભૂલ હતી.
- ✓ ઇન્ડિયા અમારી પહેલી પ્રાથમિકતા છે પરંતુ અમારે આર્થિક સંપન્નતા માટે બીજા સાથે ડીલ કરવાની છે.
- ✓ તટસ્થ વિદેશ નીતિ અપનાવાની સાથે શ્રીલંકા ભારતના રણનીતિક હિતોની રક્ષા કરશે.

ચીન સાથેના શ્રીલંકાના સંબંધો

- ✓ ચીને બીઆરઆઈ યોજનામાં શ્રીલંકાને સામેલ કર્યો છે.
- ✓ શ્રીલંકાએ ચીનનું દેવું ન ચૂકવી શકવા બદલ હંબનટોટા બંદર ચીનની મરચન્ટ પોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ કંપનીને ૧.૧૨ અબજ ડોલરમાં ૯૯ વર્ષના ભાડા પેટે આપ્યું છે.
- ✓ શ્રીલંકાના રાષ્ટ્રપતિ : ગોટબાયા રાજપક્ષે
- ✓ રાજધાની : કોલંબો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : 26 ઓગસ્ટ

મધર ટેરેસા

જન્મ : 26 ઓગસ્ટ 1910

અવસાન : 5 સપ્ટેમ્બર 1997

- ✓ આજે બ્રિટનના પહેલાં પ્રધાનમંત્રી રોબર્ટ વોલ પોલે અને મધર ટેરેસાનો જન્મદિવસ.



- ✓ મધર ટેરેસાનું મૂળનામ ઇગ્નેશ ગોનએકસહે બોજાક્ષહિયું
- ✓ પ્રજાસત્તાક મેસેડોનિયાની રાજધાની ઉસ્કુલમાં જન્મ થયો હતો
- ✓ તેઓનાં નામમાં ગોનએકસહેનો મતલબ "ગુલાબની કળી" થાય છે.
- ✓ ૧૮ વર્ષની ઉમરે લોરેટોની સિસ્ટરો સાથે જોડાવા અને મિશનરી બનવા માટે ઘર છોડ્યું. ૧૯૨૯માં ભારત આવ્યાં, દીક્ષાર્થી તરીકેનો અજમાયશી સમય દાજીલિંગમાં વીતાવ્યો, ૨૪ મે ૧૯૩૧નાં રોજ નન તરીકે ધાર્મિક શપથ લીધા અને પોતાનું નામ ટેરેસા રાખ્યું.
- ✓ મધર ટેરેસાની સેવા પ્રવુતિઓનું પદ્મશ્રી ભારત રત્ન અને શાંતિનાં નોબેલ

પારિતોષિક જેવાં પુરસ્કારોથી સન્માનિત થઈ છે.

- ✓ નોબેલ પારિતોષિક વખતે તેમની સલાહ માંગતા કોઈએ પૂછ્યું કે વિશ્વ શાંતિ માટે અમે શું કરી શકીએ ? મધર ટેરેસાએ જવાબ આપ્યો : ઘરે જાઓ અને તમારા પરિવારને પ્રેમ કરો.
- ✓ મધર ટેરેસાનું ૫ સપ્ટે.૧૯૯૭ નાં રોજ ૮૭ વર્ષની વયે અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્ર સરકારની કઈ સંસ્થા દ્વારા પ્રથમવાર દેશમાં "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020 જાહેર કરાયો - **નીતિ આયોગ**
2. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં ઑવર ઑલ રેન્કિંગમાં પ્રથમ રાજ્ય જણાવો - **ગુજરાત**
3. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં પ્રથમ આવનાર ગુજરાતનો સ્કોર જણાવો - **75.19**
4. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં બિઝનેસ ઈકોસિસ્ટમ પિલરમાં પ્રથમ આવનાર રાજ્ય અને સ્કોર જણાવો- **ગુજરાત અને 90.61**
5. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020 મુજબ દેશની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો જણાવો - **20 %**
6. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં ઑવર ઑલ રેન્કિંગમાં બીજા અને ત્રીજા ક્રમે આવનાર રાજ્ય - **મહારાષ્ટ્ર અને તમિલનાડુ**
7. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં નિકાસમાં કેટલા રાજ્યો પાસે 70 ટકા હિસ્સો છે - **મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક,તમિલનાડુ અને તેલંગણા**
8. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020 મુજબ ગુજરાતમાંથી કેટલા દેશોમાં નિકાસમાં કરવામાં આવે છે - **180**
9. દેશની કુલ કાર્ગો વહન ક્ષમતાના કેટલા ટકા ગુજરાતમાંથી વહન થાય છે - **40%**
10. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં કેટલા માપદંડ ગણતરીમાં લેવાયા - **50**
11. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં કેટલા રાજ્યો અને UTનો સમાવેશ કરાયો - **28 અને 08**
12. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રથમવાર જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં મુખ્ય કયો આધાર લેવાયો છે - **ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ**
13. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રથમવાર જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં મુખ્ય કયા કયા આધાર લેવાયા છે - **નીતિ, બિઝનેસ ઈકોસિસ્ટમ, એક્સપોર્ટ ઈકોસિસ્ટમ અને એક્સપોર્ટ પર્ફોર્મન્સ**
14. "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ" એટલે - **નિકાસ તત્પરતા સૂચકાંક**
15. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રથમવાર જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં 40 ટકા ભાર કોની ઉપર મુકાયો છે - **બિઝનેસ ઈકોસિસ્ટમ**
16. ઓગસ્ટ-૨૦૨૦માં શ્રીલંકાના વિદેશ સચિવ શ્રી જયનાથ કોલબંગે સુરક્ષાના સંદર્ભે શ્રીલંકા દ્વારા કઈ નીતિ અપનાવાશે એવું નિવેદન આપ્યું હતુ - **ઇન્ડિયા ફર્સ્ટ નીતિ**
17. શ્રીલંકા દ્વારા ચીનને કયુ બંદર ૯૯ વર્ષની લીઝ પર આપવામાં આવ્યું છે - **હંબનટોટા**
18. શ્રીલંકાએ કયા કારણોસર હંબનટોટા બંદર ચીનની મરચન્ટ પોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ કંપનીને ૧.૧૨ અબજ ડોલરમાં ૯૯ વર્ષના ભાડા પેટે આપ્યું છે - **દેવું ન ચૂકવી શકવા બદલ**

19. શ્રીલંકાના વર્તમાન રાષ્ટ્રપતિનું નામ જણાવો - **ગોટબાયા રાજપક્ષે**
20. શ્રીલંકાની રાજધાનીનું નામ જણાવો - **કોલંબો**
21. ગુજરાતની જીવાદોરી ગણાતી જળ યોજનાનું નામ જણાવો - **સરદાર સરોવર યોજના**
22. નર્મદાની મુખ્ય કેનાલની લંબાઇ જણાવો - **458 કિલોમીટર**
23. નર્મદા કેનાલની કુલ સંગ્રહ ક્ષમતા કેટલી છે - **22,000 કરોડ લિટર**
24. રાજ્યના કેટલા શહેર-ગામને નર્મદાનું પાણી પીવા માટે મેળે છે - **10,000 ગામ-175 શહેર**
25. નર્મદા કેનાલથી રાજ્યની કેટલી જમીનને સિંચાઇનો લાભ મળે છે -**18 લાખ હેક્ટર જમીન**
26. નર્મદા કેનાલમાં જે પાણી છે તેનાથી અમદાવાદને કેટલા સમય માટે પીવાનું પાણી મળી રહે તેમ છે – **એક વર્ષ**
27. નર્મદા આધારિત રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી રાજ્યની કેટલા ટકા વસ્તીને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે - **75**
28. નર્મદા કેનાલના પાણીથી રાજ્યભરના 18 લાખ હેક્ટર એટલે કે કુલ ખેતીલાયક વિસ્તારની કેટલા ટકા જમીનને સિંચાઇનો લાભ મળે છે - **15 ટકા**
29. ઓગસ્ટ-૨૦૨૦માં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કઈ યોજના હેઠળ નવા 78 રૂટ મંજૂર કર્યા - **ઉડાન-4 યોજના**
30. કેન્દ્ર સરકાર દ્વારા ઉડાન-4 યોજના અંતર્ગત ગુજરાતના ક્યા બે રૂટ મંજૂર કરાયા – **સુરત-દીવ અને વડોદરા-દીવ**
31. જમીન માર્ગે સુરતથી દીવ પહોંચવા માટે કેટલો સમય લાગે છે – **૮ કલાક**
32. ઉડાન-4 યોજના અંતર્ગત સુરત-દીવ રૂટ મંજૂર થતા જમીન માર્ગે થતા ૮ કલાકના સમયને બદલે હવે હવાઈ માર્ગે કેટલો સમય થશે – **એક કલાક**
33. ઓગસ્ટ-૨૦૨૦માં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઉડાન-4 યોજના હેઠળ કયા રાજ્યોના શહેરોના નવા 78 રૂટ મંજૂર કર્યા - **મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડ**
34. કેન્દ્ર સરકાર દ્વારા ઉડાન-4 યોજના અંતર્ગત ઉત્તરપ્રદેશની 5 ધાર્મિક નગરી માટે કેટલા રૂટ મંજૂર કરાયા – **10**
35. દયાની દેવી તરીકે જાણીતા મધર ટેરેસાનો જન્મ દિવસ જણાવો - **26 ઓગસ્ટ 1910**
36. સમાજ સેવિકા મધર ટેરેસાનું મૂળ નામ જણાવો - **ઇગ્નેશ ગોનએકસહે બોજાક્ષહિયું**
37. સમાજ સેવિકા મધર ટેરેસાનો જન્મ ક્યાં થયો હતો - **પ્રજાસત્તાક મેસેડોનિયાની રાજધાની ઉસ્કુલમાં**
38. મધર ટેરેસાના નામમાં ગોનએકસહેનો મતલબ શું થાય છે - **"ગુલાબની કળી"**
39. મધર ટેરેસા કયા વર્ષમાં ભારત આવ્યા હતા – **વર્ષ ૧૯૨૯**
40. ભારત સરકારે મધર ટેરેસાની સેવા પ્રવુતિઓને ક્યા એવોર્ડ આપી બિરદાવ્યા છે - **પદ્મશ્રી અને ભારત રત્ન**
41. મધર ટેરેસાને કયો નોબેલ પારિતોષિક મળ્યો હતો – **શાંતિનો નોબેલ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.GST કાઉન્સિલ 41મી બેઠક યોજાઈ - નવી દિલ્હી (કર)



બેઠકના મહત્વના બિંદુઓ :

- ✓ કોરોના મહામારીના કારણે જીએસટીની આવક પર ગંભીર અસર પડી છે.
- ✓ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષમાં જીએસટીની આવકમાં રૂપિયા ૨.૩૫ લાખ કરોડની ઘટ પડશે. તેથી રાજ્યોને અપાતા જીએસટી વળતરનો તફાવત ચાલુ વર્ષે વધીને અંદાજે રૂપિયા ૨.૩૫ લાખ કરોડ રહેશે.
- ✓ રાજ્યોને ચૂકવાતું વાર્ષિક જીએસટી વળતર અંદાજિત રૂપિયા ૩ લાખ કરોડ છે અને સેસમાંથી થતી આવક રૂપિયા ૬૫,૦૦૦ કરોડ અંદાજવામાં આવી છે.
- ✓ જેના પગલે રાજ્યોને ચૂકવાતા વળતરનો વાર્ષિક તફાવત રૂપિયા ૨.૩૫ લાખ કરોડ રહેશે.
- ✓ જીએસટીના અમલના કારણે વળતરની ઘટ રૂપિયા ૯૭,૦૦૦ કરોડ અંદાજવામાં આવી છે.
- ✓ બાકીની ઘટ કોરોના મહામારીના કારણે ઊભી થઈ છે.
- ✓ ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ ૨૦૨૦થી જુલાઈ ૨૦૨૦ સુધી રાજ્યોને ચૂકવવા પાત્ર કુલ જીએસટીનું વળતર રૂપિયા ૧.૫ લાખ કરોડ થાય છે કારણ કે એપ્રિલ અને મે મહિનામાં જીએસટી પેટે ભાગ્યે જ સરકારને કોઈ આવક થઈ છે.

રાજ્યોને અપાયેલા બે વિકલ્પ

- ✓ રાજ્યો રિઝર્વ બેન્ક પાસેથી વાજબી વ્યાજદરે રૂપિયા ૯૭,૦૦૦ કરોડ ઉધાર લે અને આ રકમ જીએસટીના અમલના પાંચ વર્ષ પૂરા થાય ત્યારે વર્ષ ૨૦૨૨ના અંતે સેસમાંથી થયેલી આવકમાંથી ચૂકવવાની રહેશે.

✓ રાજ્ય સરકારો સ્પેશિયલ વિન્ડો અંતર્ગત ચાલુ વર્ષની સંપૂર્ણ ઘટની રૂપિયા ૨.૩૫ લાખ કરોડની રકમ રિઝર્વ બેન્કનો સંપર્ક કરી ઉધાર લઈ લે.

જીએસટી લાગુ થયો ત્યારથી કેન્દ્ર સરકારની સરેરાશ માસિક આવક

વર્ષ	આવક રૂ.
વર્ષ ૨૦૧૭-૧૮	રૂ. ૮૨,૨૯૪ કરોડ
વર્ષ ૨૦૧૮-૧૯	રૂ. ૯૮,૧૧૪ કરોડ
વર્ષ ૨૦૧૯-૨૦	રૂ. ૧,૦૧,૮૪૪ કરોડ
વર્ષ ૨૦૨૦-૨૧	રૂ. ૬૮,૧૬૬ કરોડ

✓ કેન્દ્રીય નાણા મંત્રી: શ્રી નિર્મલા સિતારામન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. SC અને ST અનામત (બંધારણ)

સુપ્રીમ કોર્ટના તાજેતરના ચૂકાદા મુજબ રાજ્યો અનામત આપવા SC અને STમાં વર્ગીકરણ કરી શકે



ચૂકાદાના મહત્વના તારણો :

✓ રાજ્યને અનામતનો અધિકાર તેથી વિધાનસભા એસસી-એસટીમાં પેટાજાતિઓને વર્ગીકૃત કરીને પ્રાથમિકતા આપવા માટે કાયદા ઘડી શકે

✓ અનામતમાં સબ કેટેગરીને પ્રાથમિકતા આપતા રાજ્યોને અટકાવી શકાય નહીં, રાજ્ય વસ્તીના આધારે અનામતની જોગવાઈ કરી શકે

૩.ચૂકાદાની વિગત :

✓ અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)ને સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અપાતી અનામતના મામલામાં રાજ્ય સરકારોને એસસી-એસટીમાં વર્ગીકરણ કરવાનો અધિકાર નથી તેવા પોતાના જ વર્ષ ૨૦૦૪ના ચુકાદા પર સવાલ ઉઠાવતાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદા પર પુનઃ વિચારણા કરવાનો નિર્ણય કર્યો હતો.

✓ જસ્ટિસ અરુણ મિશ્રાના નેતૃત્વ હેઠળની પાંચ જજની બંધારણીય બેન્ચે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૪માં ઇ વી ચિન્નૈયાહ કેસમાં તત્કાલીન બંધારણીય બેન્ચે આપેલા ચુકાદા પર પુનઃ વિચારણા કરવાની જરૂર.

✓ જસ્ટિસ ઇંદિરા બેનરજી, જસ્ટિસ વિનીત સરણ, જસ્ટિસ એમ આર શાહ અને જસ્ટિસ અનિરુદ્ધ બોઝનો સમાવેશ કરતી બેન્ચે જણાવ્યું હતું કે, ૨૦૦૪ના મામલામાં યોગ્ય રીતે નિર્ણય લેવાયો નહોતો.

✓ રાજ્ય સરકારો એસસી-એસટીમાં પેટાજાતિઓને વર્ગીકૃત કરીને પ્રાથમિકતા આપવા માટે કાયદા ઘડી શકે છે.

✓ બેન્ચે પંજાબ-હરિયાણા હાઇકોર્ટના ચુકાદાને પડકારતી પંજાબ સરકારની અપીલને હવે ૭ જજની બંધારણીય બેન્ચને સોંપવાનો નિર્ણય કર્યો.

- ✓ સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેન્ચે અવલોકન આપ્યું હતું કે, અનામત આપવા માટે એસસી અને એસટીમાં પેટા વર્ગીકરણ કરી શકાય છે.
- ✓ પાંચ જજની બેન્ચમાં બે જજના મંતવ્ય વિરોધાભાસી હોવાથી આ મામલો હવે સાત જજની બંધારણીય બેન્ચને સોંપવામાં આવ્યો છે.
- ✓ બેન્ચે અવલોકન આપ્યું હતું કે, રાજ્ય સરકારોને અનામત આપવાનો અધિકાર હોવાથી તેઓ અનામતની યાદીમાં પેટા વર્ગીકરણ પણ કરી શકે છે.

વર્ષ-2004 ઇ વી ચિન્નૈયાહ વિરુદ્ધ આંધ્રપ્રદેશ સ્ટેટ કેસમાં સુપ્રીમનો ચુકાદો :

- ✓ ૨૦૦૪માં ઇ.વી. ચિન્નૈયાહ કેસમાં બંધારણીય બેન્ચે ચુકાદો આપ્યો હતો કે, એસસી અને એસટી કેટેગરીમાં રાજ્ય દ્વારા નક્કી કરાતી સબ કેટેગરી ગેરબંધારણીય છે.
- ✓ રાજ્ય એસસી-એસટી અનામતમાં સબ કેટેગરી નક્કી કરી પ્રાથમિકતા આપી શકે નહીં.
- ✓ બંધારણના આર્ટિકલ ૩૪૧ અંતર્ગતના પ્રેસિડેન્શિયલ લિસ્ટમાં સામેલ શિડ્યુલ્ડ કાસ્ટમાંથી જાતિઓને બાકાત કરવાનો નિર્ણય ફક્ત સંસદ લઇ શકે છે.

શું હતો કેસ અને પંજાબ અને હરિયાણા હાઇકોર્ટનો ચુકાદો? :

- ✓ પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે તેના ચુકાદામાં પંજાબ સરકાર દ્વારા ઘડાયેલા પંજાબ એસસી અને બીસી ક્લાસિસ (રિઝર્વેશન સર્વિસિસ) એક્ટ, ૨૦૦૬ના સેક્શન ૪(૫)ને રદ કરી નાખ્યો હતો.
- ✓ આ કાયદા અંતર્ગત એસસી માટેના ૫૦ ટકા અનામત ક્વોટામાં વાલ્મીકિ અને માઝબી શિખોને પ્રાથમિકતા આપવાની જોગવાઇ કરાઇ હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. લોરા હરિકેન (કુદરતી આપત્તિ)

USના લુઈસિયાના અને ટેક્સાસમાં 164 વર્ષનું સૌથી મોટું ચક્રવાત-વાવાઝોડુ (અગાઉ વર્ષ-1856માં)



- ✓ અંદાજે 260 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન
- ✓ અંદાજે પાંચ લાખ લોકોનું સ્થળાંતર
- ✓ ચોથી કેટેગરીમાં વાવઝોડાનો સમાવેશ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સાર : વિશ્વનો સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બ

રશિયાએ વર્ષ-1961માં વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હતું.



વિગત :

- ✓ રશિયાએ જાહેર કર્યું કે તેણે 1961માં એક હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ કર્યું હતું. તે દુનિયાનો અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી બોમ્બ વિસ્ફોટ હતો.
- ✓ ગત અઠવાડિયે પરમાણુ ઉદ્યોગની 75મી વર્ષગાંઠ પર પરમાણુ એજન્સી રોસાટોમે યુટ્યૂબ ચેનલ પર 40 મિનિટનો વીડિયો અપલોડ કરી આ સત્યનો ખુલાસો કર્યો.
- ✓ ઉલ્લેખનીય છે કે અમેરિકાએ 1945માં હિરોશિમા પર 4400 કિગ્રા વજનનો બોમ્બ ઝીંક્યો હતો.

હાઈડ્રોજન બોમ્બની વિશેષતા :

- ✓ હિરોશિમાથી 3333 ગણો વધુ શક્તિશાળી વિસ્ફોટ
- ✓ 65 કિમી ઊંચાઈ સુધી આગ, 800 કિમી દૂરથી રાખ દેખાઈ
- ✓ લાંબો : 8 મીટર
- ✓ પહોળો : 2 મીટર
- ✓ વજન : 27 ટન
- ✓ 1000 કિમી સુધી તેનો વિસ્ફોટ સંભળાયો.
- ✓ સાર નામના બોમ્બને વિમાનથી પેરાશૂટના માધ્યમથી આર્કટિક સાગરના સેવેર્ની ટાપુ પર ઝીંકાયો.
- ✓ વિસ્ફોટની 40 સેકન્ડમાં આગનો ગોળો 30 કિમી ઊંચાઈ સુધી પહોંચ્યો.
- ✓ આગામી ક્ષણોમાં તે 65 કિમી ઊંચાઈ સુધી અને 90 કિમીના દાયરામાં ફેલાયો હતો.
- ✓ પાઈલટે 800 કિમી દૂરથી તેની રાખ જોઈ હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલકૂદ : USના પ્રખ્યાત ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે નિવૃત્તિ જાહેર કરી



- ✓ ડબલ્સમાં 16 ગ્રાન્ડસ્લેમ ટાઈટલ વિજેતા
- ✓ 119 ટુર્નામેન્ટમાં ચેમ્પિયન

બ્રાયન બ્રધર્સનો બેજોડ રેકોર્ડ

- ✓ **જન્મ :** ૨૯ એપ્રિલ, ૧૯૭૮
- ✓ **નામ :** રોબર્ટ ચાર્લ્સ 'બોબ' બ્રાયન અને માઇકલ કાર્લ 'માઇક' બ્રાયન માઇક બોબ કરતા બે મિનિટ વહેલા જન્મ્યો હતો.

- ✓ **ખાસિયત:** માઇક જમણેરી અને બોબ ડાબોડી ખેલાડી છે જેને લીધે હરિફ જોડીને તેઓની સામે રમવું ભારે પડકારજનક રહેતું.
- ✓ **૧૬ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ :** બંનેની જોડીએ
- ✓ ફ્રેન્ચ ઓપન : ૨ (૨૦૦૩, ૨૦૧૩),
- ✓ વિમ્બલડન : ૩ (૨૦૦૬, ૨૦૧૧, ૨૦૧૩)
- ✓ ઓસ્ટ્રેલિયન ઓપન : ૬ (૨૦૦૬, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૩)
- ✓ યુ એસ ઓપન ૫ : (૨૦૦૫, ૨૦૦૮, ૨૦૧૦, ૨૦૧૨, ૨૦૧૪)
- ✓ **મિક્ષ ડબલ્સ :** ૭ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ
- ✓ માસ્ટર્સ મેન્સ ડબલ્સ : ૩૯ ટાઇટલ્સ
- ✓ વર્લ્ડ ટુર : ૪ ટાઇટલ્સ
- ✓ ડેવિસ કપ : એક ટાઈટલ (૨૦૦૭)
- ✓ ઓલિમ્પિક : ૨૦૧૨ લંડન **ઓલિમ્પિકમાં** ગોલ્ડ મેડલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 27 ઓગસ્ટ

સનદી સેવાના સિંહ : એચ.એમ.પટેલ

જન્મ – 27 ઓગસ્ટ 1904

અવસાન – 30 નવેમ્બર-1993



- ✓ મૂળ ચરોતરી પાટીદાર, વતન ધર્મજ પણ મુંબઈમાં જન્મેલા હીરૂભાઇ મુળજીભાઈ પટેલનો આજ રોજ જન્મ થયો હતો.
- ✓ પિતા શિક્ષક ઉપરાંત મિલકતની દલાલી પણ કરતાં મુળજીભાઈનું ઘર મુંબઈમાં અતિથિઓનું આશ્રયસ્થાન હતું.
- ✓ એચ.એમ પટેલનું શિક્ષણ મુંબઈની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, પેટલાદમાં મોતીભાઈ અમીન પાસે અને ઈંગ્લેન્ડમાં થયું હતું.
- ✓ તેઓ ૧૯૨૬માં આઈ.સી.એસ થઇ સિંધના લારખાનામાં આસી. કલેકટર તરીકે નીમાયા
- ✓ તેમની વહીવટી પ્રગતિ મુંબઈ સરકારમાં નાયબ નાણાં સચિવ, ભારત સરકારમાં ટ્રેડ કમિશ્નર, જોઈન્ટ સેક્રેટરી તરીકે રહી હતી.
- ✓ આઝાદી બાદ પ્રથમ ભારતીય કેબિનેટ સેક્રેટરી બન્યા હતા.
- ✓ એચ.એમ પટેલે દેશના ભાગલા પછી અસ્કયામતો, જવાબદારીઓ અને લશ્કરી દળોની કુનેહપૂર્વક, સમયસર અને સફળતાપૂર્વક વહેચણી કરી.
- ✓ ૧૯૫૯માં નિવૃત થયા પછી ૧૯૬૨મા વિદ્યાનગરના સરપંચ બન્યા.
- ✓ સ્વતંત્ર પક્ષની સ્થાપના થતાં તેમાં જોડાયા.
- ✓ ૧૯૬૭ની લોકસભાની ચુંટણી હાર્યા પણ ધાંગધ્રાના રાજાના આગ્રહથી ત્યાંથી ચુંટણી લડી વિધાનસભામાં પ્રવેશ્યા.
- ✓ ૧૯૭૫માં કટોકટી વખતે વિરોધ પક્ષને સંગઠિત કર્યો. આ જ સમયે સાબરકાંઠાથી

લોકસભાની ચૂંટણી જીત્યાં અને મોરારજી દેસાઈ સરકારમાં નાણામંત્રી બન્યા

- ✓ નાણામંત્રી તરીકે કુગાવો નાથવામાં તેમની મહત્વની ભૂમિકા રહી હતી.
- ✓ ચરણસિંહ સરકારમાં ગૃહમંત્રી બન્યા હતા.
- ✓ ૧૯૮૦માં સાબરકાંઠાથી લોકસભા ચુટણીમાં હાર્યા તો ૧૯૮૪માં ઇન્દિરા ગાંધીની હત્યા પછી વિરોધ પક્ષ માટે વિપરીત વાતાવરણમાં પણ ચુંટણી જીત્યાં હતા.
- ✓ ૧૯૯૦માં રાજનીતિમાંથી નિવૃત થયા
- ✓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત એચ.એમ.પટેલે "Rites of passege", "A policy for foreign trade", "Defence of india", "Vithalbhai patel", The first flush of freedom" જેવા પુસ્તકો લખ્યા.
- ✓ 30 નવે.૧૯૯૩ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં 27 ઓગસ્ટના રોજ GST કાઉન્સિલની કેટલામી બેઠક યોજાઇ - **41**
2. તાજેતરમાં 27 ઓગસ્ટના રોજ GST કાઉન્સિલની 41મી ઈ-બેઠક કોના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી - **કેન્દ્રીય નાણા મંત્રી શ્રી નિર્મલા સિતારામન**
3. 2020-21ના નાણાકીય વર્ષમાં GSTની આવકમાં અંદાજે કેટલા કરોડની ઘટ પડશે - **રૂ. 2.35 લાખ કરોડ**
4. કેન્દ્ર દ્વારા રાજ્યોને ચૂકવવાના થતા GST વળતર બાબતે કેટલા વિકલ્પ આપ્યા છે - **2**
5. રાજ્યો અનામત આપવા SC અને STમાં વર્ગીકરણ કરી શકે તેવો ચૂકાદો તાજેતરમાં કઈ કોર્ટે દ્વારા અપાયો - **સુપ્રીમ કોર્ટ**
6. રાજ્યો અનામત આપવા SC અને STમાં વર્ગીકરણ કરી શકે તેવો ચૂકાદો કોની નેતૃત્વ હેઠળની પાંચ જજની બેંચે આપ્યો હતો - **જજ અરૂણ મિશ્રા**
7. કયા વર્ષે ઈ.વી ચિન્નૈયાહ કેસમાં બંધારણીય બેન્ચે ચૂકાદો આપ્યો હતો કે SC અને ST કેટેગરીમાં રાજ્ય દ્વારા નક્કી કરાતી સબ કેટેગરી બંધારણીય છે - **2004**
8. તાજેતર ઓગસ્ટ 2020માં 164 વર્ષેબાદ USA માં કયું સૌથી મોટું - **ભયાનક હરિકેન-ચક્રવાત આવ્યું-લોરા**
9. ઓગસ્ટ 2020માં 164 વર્ષેબાદ USAમાં લોરા વાવાઝોડું આવ્યું તેને સૌથી વધુ કયા પ્રદેશને નુકસાન કર્યું હતું - **લુઈસિયાના અને ટેક્સાસ**
10. રશિયાએ કયા વર્ષે વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હોવાનો દાવો કર્યો હતો - **વર્ષ-1961**
11. રશિયાએ કયા પ્રસંગની 75મી વર્ષગાંઠ નિમિતે ખુલાસો કર્યો કે, વર્ષ-1961માં રશિયાએ વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હતું - પરમાણુ ઉદ્યોગની વર્ષગાંઠ
12. અમેરિકાએ કયા વર્ષે હિરોશિમા પર 4400 કિગ્રા વજનનો બોમ્બ ઝીંક્યો હતો - **1945**
13. રશિયાએ વર્ષ-1961માં વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કર્યો હોવાનો દાવો કર્યો તેનું નામ શું હતુ – **સાર**
14. વર્ષ-1961માં રશિયાએ કયા સ્થળે વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બ 'સાર'નું સફળ પરીક્ષણ કર્યું હતું - **આર્કટિક સાગરના સેવેર્ની ટાપુ**
15. વર્ષ-1961માં રશિયાએ વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બ 'સાર'નું સફળ પરીક્ષણ કર્યું હતું તે જાપાનના હિરોશિમા પર ફેંકાયેલા બોમ્બના વિસ્ફોટથી કેટલા ગણો વધુ શક્તિશાળી વિસ્ફોટ હતો - **3333**
16. તાજેતરમાં USના કયા પ્રખ્યાત ટેનિસ લેજેન્ડ બ્રધર્સે નિવૃત્તિ જાહેર કરી - **બ્રાયન**
17. USના પ્રખ્યાત ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે ડબલ્સમાં કેટલા ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યા હતા - **16**
18. USના પ્રખ્યાત ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સ તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન કુલ કેટલી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યા હતા - **119**

19. ઇડના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કેટલી વખત-ક્યારે ફ્રેન્ચ ઓપન કબ્જે કર્યો હતો – **બે વર્ષ ૨૦૦૩ તથા વર્ષ ૨૦૧૩**
20. ઇડના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કેટલી વખત-ક્યારે વિમ્બલડન જીત્યો હતો – **ત્રણ વખત વર્ષ ૨૦૦૬, ૨૦૧૧, ૨૦૧૩**
21. ઇડના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કેટલી વખત-ક્યારે ઓસ્ટ્રેલિયન ઓપન પર કબ્જો જમાવ્યો હતો – **૬ વખત વર્ષ ૨૦૦૬, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૩**
22. ઇડના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કેટલી વખત-ક્યારે યુ એસ ઓપન જીત્યો હતો – **પાંચ વખત વર્ષ ૨૦૦૫, ૨૦૦૮, ૨૦૧૦, ૨૦૧૨, ૨૦૧૪**
23. ઇડના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કયા ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો – **૨૦૧૨ના લંડન ઓલિમ્પિકમાં**
24. સનદી સેવાના સિંહ સમાન એચ.એમ.પટેલનો જન્મ કયારે થયો હતો – **27 ઓગસ્ટ 1904**
25. એચ.એમ.પટેલનો જન્મ કયા થયો હતો – **મુંબઈ (વતન-ધર્મજ)**
26. એચ.એમ.પટેલ કયા વર્ષે આઈ.સી.એસ થઇ સિંધના લારખાનામાં આસી. કલેકટર તરીકે નીમાયા હતા - **૧૯૨૬**
27. આઝાદ ભારતના પ્રથમ કેબિનેટ સેક્રેટરીનું નામ જણાવો – **એચ.એમ. પટેલ**
28. એચ.એમ.પટેલ કઈ લોકસભાની બેઠક પર વિજયી બન્યા બાદ મોરારજી દેસાઈ સરકારમાં નાણામંત્રી બન્યા હતા - **સાબરકાંઠા**
29. એચ.એમ.પટેલ કોની સરકારમાં ગૃહમંત્રી બન્યા હતા - **ચરણસિંહ**
30. એચ.એમ.પટેલના મહત્વના પુસ્તકના નામ જણાવો - **"Rites of passege", "A policy for foreign trade", "Defence of india", "Vithalbhai patel", The first flush of freedom"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. પ્રધાનમંત્રી જન ધન યોજના : યોજનાના 6 વર્ષ પુર્ણ



✓ પ્રારંભ : 28/08/2014

વર્તમાન સ્થિતિ અને હેતુ :

✓ સરકારની ગરીબી નાબૂદી કામગીરી માટે જન ધન યોજના ગેમ ચેન્જર અને પાયાનો પથ્થર પુરવાર થઈ છે.

✓ NDAની સરકાર ૨૦૧૪માં સત્તા પર આવી તે પછી તેણે સૌથી પહેલું કામ ગરીબો અને જરૂરિયાતમંદ વર્ગના લોકોના બેન્ક ખાતાઓ ખોલવા જન ધન યોજના શરૂ કરવાનું કર્યું હતું. આ સ્કીમ હેઠળ ગરીબો અને નબળા વર્ગનાં લોકોને સરકારની કલ્યાણ યોજનાઓ હેઠળ મળવાપાત્ર રકમ સીધી તેમના બેન્ક ખાતામાં જ જમા કરવામાં આવે છે.

✓ હાલ આ યોજના હેઠળ દેશમાં 40.35 કરોડ લોકોને લાભ આપવામાં આવે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. વૈશ્વિક રાજકારણ : જાપાનના વડાપ્રધાન શ્રી શિન્જો આબેનું નાદુરસ્ત તબિયતને કારણે હોદ્દા પરથી રાજીનામું



65 વર્ષીય શ્રી આબેનો સૌથી વધુ 2803 દિવસ જાપાનના વડાપ્રધાન પદે રહેવાનો રેકોર્ડ

✓ રાજધાની : ટોકિયો

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સ્ટેચ્યૂ ઓફ ઇક્વાલિટી - તેલંગાણા (ધર્મ)

ભારતમાં પ્રથમવાર સમાનતાનો સંદેશો આપનાર વૈષ્ણવ સંત રામાનુજાચાર્ય સ્વામીના ભવ્ય મંદિરનું નિર્માણ



મંદિર વિશે :

- ✓ 45 એકરમાં નિર્માણાધિન મંદિરનું 80 ટકા કામ પૂર્ણ
- ✓ **ખર્ચ :** રૂ. 1,000 કરોડથી વધુ.
- ✓ રામાનુજાચાર્યની બે મૂર્તિ ધરાવતુ મંદિર. જેમાં પહેલી મૂર્તિ અષ્ટધાતુની છે, જે 216 ફૂટ ઊંચી છે. તે સ્થાપિત થઇ ચૂકી છે. તેને 'સ્ટેચ્યૂ ઑફ ઇક્વાલિટી' (સમાનતાની મૂર્તિ) નામ અપાયું છે.
- ✓ જયારે બીજી મૂર્તિ 120 કિલો સોનામાંથી બનાવાઇ રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સન્માન : 'બ્લુ પ્લક' એવોર્ડ

બ્રિટન માટે બીજા વિશ્વ યુદ્ધમાં જાસુસી કરનાર ભારતીય નૂર ઈનાયત ખાનને મરણોપરાંત 'બ્લુ પ્લક' એવોર્ડ એનાયત

આ એવોર્ડ મેળવનાર ઈનાયત ખાન પ્રથમ મહિલા

- ✓ ઇંગ્લીશ હેરિટેજ ચેરિટા દ્વારા સંચાલિત બ્લુ પ્લક આખા લંડનમાં કોઇ ખાસ સેવામાં સંકાળાયેલાઓને અપાય છે.



વિગત :

નૂર ઈનાયત ખાન વિશે :

- ✓ ૧૯૪૩માં નાઝીઓના કબજા હેઠળના ફ્રાન્સમાં જાસુસી કરવા જતાં પહેલા તેઓ બ્લુમ્સબેરીના ટેવિટોન સ્ટ્રિટમાં રહેતા હતા.
- ✓ ટીપુ સુલતાનના પરિવારની વંશજે બીજા વિશ્વ યુદ્ધમાં સાહસિક કામગીરી કરેલી
- ✓ નૂરના પિતા ભારતના મોટા સુફી સંત હતા જેઓ મૈસુરના શાસક હઝરત ટીપુ સુલ્તાનના વંશજ હતા.
- ✓ નૂર ઇનાયત ખાને ખુબ જ સફળતાપૂર્વક બ્રિટન માટે જાસુસી કરી હતી, પરંતુ ૧૯૪૪માં ૩૦ વર્ષની વયે તે પકડાઇ જતા

દચાઉના કોન્સેન્ટ્રેશન કેમ્પમાં તેની હત્યા કરાઇ હતી.

- ✓ તેમણે મોત પસંદ કર્યું હતું, અનેક યાત્નાઓ સહન કર્યાં પછી પણ પોતાનું નામ તો શું એક પણ બાબત બતાવી ન હતી.
- ✓ પોતે કોણ છે અને શા માટે ફ્રાન્સ આવી તેની કોઈ જ માહિતી આપી ન હતી.
- ✓ આ સાહસિક મહિલાને બ્રિટનમાં શૌર્યની રાજકુમારી તરીકે ઓળખવામાં આવી હતી.
- ✓ 'નૂર ઇનાયત ખાને ઘર છોડ્યું ત્યારે સપનામાં પણ વિચારયું ન હતું કે એક દિવસે તે શુરવિરતાનો ઉત્તમ નમુનો બનશે' એમ નૂર ઇનાયત પર 'સ્પાય પ્રીન્સેસ : ધી લાઇફ ઓફ નૂર ઇનાયત ખાન' પુસ્તક લખનાર ઇતિહાસકાર શરબની બાસુએ કહ્યું હતુ.
- ✓ તેમણે એમ પણ કહ્યું નૂર એક સુફી હોવાથી સર્વ ધર્મ સમભાવ અને અહિંસામાં માનતી હતી.
- ✓ નૂર ઇનાયત ખાન ભારતીય મૂળની પ્રથમ મહિલા છે જેને બ્લુ પ્લક અપાયો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : 28 ઓગસ્ટ

રાષ્ટ્રીય શાયર : ઝવેરચંદ મેઘાણી

જન્મ – 28 ઓગસ્ટ 1897

અવસાન – 9 માર્ચ 1947

- ✓ હુલામણું નામ : દ.સ.ણી., સાહિત્યયાત્રી, વિલાપી, તંત્રી, વિરાટ, શાણો
- ✓ અભ્યાસ:બી.એ. (સંસ્કૃત)
- ✓ વ્યવસાય : સાહિત્યકાર (કવિ, લેખક)
- ✓ ખિતાબ : રાષ્ટ્રીય શાયર
- ✓ જીવનસાથી : દમયંતીબેન, ચિત્રદેવી
- ✓ માતા-પિતા : ધોળીબાઈ-કાળીદાસ



- ✓ જન્મ સ્થળ : ચોટીલા.
- ✓ તેમના પિતાની નોકરી પોલીસ ખાતામાં હતી અને પોલીસ ખાતા થકી તેમની બદલીઓ થવાને કારણે તેમણે પોતાના કુટુંબ સાથે ગુજરાતનાં અલગ અલગ ગામોમાં રહેવાનું થયું.
- ✓ ઝવેરચંદનું ભણતર રાજકોટ, દાઠા, પાળીયાદ, બગસરા, અમરેલી વગેરે જગ્યાઓએ થયું.

- ✓ તેઓ અમરેલીની તે વખતની સરકારી હાઈસ્કૂલ અને હાલની ટીપી ગાંધી એન્ડ એમટી ગાંધી ગર્લ્સ સ્કૂલમાં ૧૯૧૦ થી ૧૯૧૨ સુધી માધ્યમિક શિક્ષણ મેળવીને ૧૯૧૨ મૅટ્રીક થયા હતા.
- ✓ ઇ.સ. ૧૯૧૬માં તેઓએ ભાવનગરનાં શામળદાસ મહાવિદ્યાલયમાંથી અંગ્રેજી તેમજ સંસ્કૃતમાં સ્નાતકીય ભણતર પૂરું કર્યું.
- ✓ ભણતર પુરુ કર્યા બાદ ઇ.સ. ૧૯૧૭માં તેઓ કોલકાતા સ્થિત જીવનલાલ લીમીટેડ નામની એક એલ્યુમિનીયમની કંપનીમાં કામે લાગ્યા.
- ✓ આ કંપનીમાં કામ કરતી વખતે તેઓને એકવાર ઇંગ્લેંડ જવાનું પણ થયું હતું.
- ✓ ૩ વર્ષ આ કંપનીમાં કામ કર્યા બાદ વતનના લગાવથી તેઓ નોકરી છોડીને બગસરા સ્થાયી થયા.
- ✓ ૧૯૨૨માં જેતપુર સ્થિત દમયંતીબેન સાથે તેમના લગ્ન થયા.
- ✓ નાનપણથી જ ઝવેરચંદને ગુજરાતી સાહિત્યનું ઘણું ચિંતન રહ્યું હતું અને તેમના કલકત્તા રહ્યા દરમ્યાન તેઓ બંગાળી સાહિત્યનાં પરિચયમાં પણ આવ્યા હતાં.
- ✓ બગસરામાં સ્થાયી થયા બાદ તેમણે રાણપુરથી પ્રકાશીત થતાં 'સૌરાષ્ટ્ર' નામનાં છાપામાં લખવાની શરુઆત કરી હતી.
- ✓ ૧૯૨૨ થી ૧૯૩૫ સુધી તેઓ 'સૌરાષ્ટ્ર'માં તંત્રી તરીકે રહ્યા હતા.
- ✓ આ સમય દરમ્યાન તેઓએ પોતાના સાહિત્યીક લખાણને ગંભીરતાપુર્વક લઈ 'કુરબાનીની કથાઓ' ની રચના કરી કે જે તેમની પહેલી પ્રકાશીત પુસ્તક પણ રહી.
- ✓ તેઓએ 'સૌરાષ્ટ્રની રસધાર'નું સંકલન કર્યું તથા બંગાળી સાહિત્યમાંથી ભાષાંતર કરવાની પણ શરુઆત કરી.
- ✓ કવિતા લેખનમાં તેમણે પગલાં 'વેણીનાં ફુલ' નામનાં ઇ.સ. ૧૯૨૬માં માંડ્યા.
- ✓ ઇ.સ. ૧૯૨૮માં તેમને લોકસાહિત્યમાં યોગદાન બદલ પ્રથમ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યું હતું.
- ✓ તેમનાં સંગ્રામ ગીતોનાં સંગ્રહ 'સિંધુડો' - એ ભારતનાં યુવાનોને પ્રેરીત કર્યા હતાં અને જેને કારણે ઇ.સ. ૧૯૩૦માં ઝવેરચંદને બે વર્ષ માટે જેલમાં રહેવું પડ્યું
- ✓ આ સમય દરમ્યાન તેમણે ગાંધીજીની ગોળમેજી પરિષદ માટેની લંડન મુલાકાત ઉપર 'ઝેરનો કટોરો' કાવ્યની રચના કરી હતી.
- ✓ **ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરુદથી નવાજ્યા હતાં.**
- ✓ તેમણે ફુલછાબ નામનાં છાપામાં લઘુકથાઓ લખવાનું પણ ચાલુ કર્યું હતું.
- ✓ ઇ.સ. ૧૯૩૩માં તેમનાં પત્નીનાં દેહાંત બાદ તેઓ ૧૯૩૪માં મુંબઈ સ્થાયી થયા. અહીં તેમનાં લગ્ન ચિત્રદેવી સાથે થયા.
- ✓ તેમણે જન્મભૂમિ નામનાં છાપામાં 'કલમ અને કીતાબ' નાં નામે લેખ લખવાની

તેમજ સ્વતંત્ર નવલકથાઓ લખવાની શરુઆત કરી.

- ✓ ઇ.સ. ૧૯૩૬ થી ૧૯૪૫ સુધી તેઓએ ફુલછાબનાં સંપાદકની ભુમીકા ભજવી જે દરમ્યાન ૧૯૪૨માં 'મરેલાનાં રુધીર' નામની પોતાની પુસ્તીકા પ્રકાશિત કરી.
- ✓ ઇ.સ. ૧૯૪૬માં તેમની પુસ્તક 'માણસાઈનાં દીવા'ને મહીડાં પારિતોષિકથી સન્માનવામાં આવ્યું હતું અને તે જ વર્ષે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનાં સાહિત્ય વિભાગનાં વડા તરીકે નીમવામાં આવેલાં.

<u>સાહિત્ય સર્જન:</u>

- ✓ મેઘાણીએ ચાર નાટકગ્રંથ, સાત નવલિકા સંગ્રહ, તેર નવલકથા, છ ઇતિહાસ, તેર જીવનચરિત્રની રચના કરી હતી.



- ✓ તેમણે લોકસેવક રવિશંકર મહારાજની અનુભવેલ કથાઓનું "માણસાઇના દીવા"માં વાર્તારુપે નિરુપણ કર્યું છે.
- ✓ મેઘાણી તેમના લોકસાહિત્યમાં સૌરાષ્ટ્રની ઘિંગી તળપદી બોલીની તેજસ્વિતા અને તાકાત પ્રગટાવી શક્યા છે.
- ✓ તુલસીક્યારો, યુગવંદના, કંકાવટી, સોરઠી બહારવટિયા, સૌરાષ્ટ્રની રસધાર, અપરાધી વગેરે તેમનું નોંધપાત્ર સર્જન છે.
- ✓ ૯ માર્ચ ૧૯૪૭નાં દિવસે, ૫૦ વર્ષની ઉંમરે, હૃદય રોગના હુમલામાં તેમના બોટાદ સ્થિત નિવાસસ્થાને તેમનું મૃત્યુ થયું.

<u>સન્માન :</u>

- ✓ ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૮-૨૦૨૦)</u>

1. તા. 28/08/2020ના રોજ કેન્દ્ર સરકારની કઈ યોજનાને 6 વર્ષ પુર્ણ થયાં - **<u>પ્રધાનમંત્રી જન ધન યોજના</u>**
2. પ્રધાનમંત્રી જન ધન યોજનાનો પ્રારંભ ક્યારે થયો હતો - **<u>28/08/2014</u>**
3. કેન્દ્રની મોદી સરકારે કયા વર્ગના લોકોના બેન્ક ખાતાઓ ખોલવા જન ધન યોજના શરૂ કરી હતી - **<u>ગરીબો અને જરૂરિયાતમંદ વર્ગના લોકો</u>**
4. પ્રધાનમંત્રી જન ધન યોજના અંતર્ગત ગરીબો અને નબળા વર્ગનાં લોકોને સરકારની કલ્યાણ યોજનાઓ

હેઠળ મળવાપાત્ર રકમ કઈ રીતે આપવામાં આવે છે – **સીધી લાભાર્થીના બેન્ક ખાતામાં જમા કરવાય છે**

5. ઓગસ્ટ 2020ની સ્થિતિએ પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ દેશમાં અંદાજે કેટલા લોકોને લાભ આપવામાં આવે છે - **40.35 કરોડ**
6. ઓગસ્ટ 2020માં કયા દેશના વડાપ્રધાને નાદુરસ્ત તબિયતને કારણે હોદ્દા પરથી રાજીનામું આપ્યું - **જાપાન**
7. ઓગસ્ટ 2020માં જાપન દેશના વડાપ્રધાને નાદુરસ્ત તબિયતને કારણે હોદ્દા પરથી રાજીનામું આપ્યું તેમનુ નામ જણાવો - **શ્રી શિન્જો આબે**
8. શ્રી શિન્જો આબેનો સૌથી વધુ કેટલા દિવસ જાપાનના વડાપ્રધાન પદે રહેવાનો રેકોર્ડ છે - **2803**
9. જાપાન દેશની રાજધાનીનું નામ જણાવો - **ટોકિયો**
10. ભારતમાં પ્રથમવાર સમાનતાનો સંદેશો આપનાર વૈષ્ણવ સંતનું નામ જણાવો - **રામાનુજાચાર્ય સ્વામી**
- ✓ એનએચઆરસીએલ દ્વારા આ રૂટની ડિઝાઈન, ટ્રાફિક સ્ટડી સહિત ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

બુલેટ ટ્રેન રૂટ અને કિ.મી. : કુલ-7

શહેર	કિ.મી.
અમદાવાદ - વડોદરા - સુરત - મુંબઈ	503
અમદાવાદ - ઉદયપુર - જયપુર - દિલ્હી	886
દિલ્હી -નોઈડા-આગરા- લખનઉ - વારાણસી	865
મુંબઈ - પૂણે - હૈદરાબાદ	711
મુંબઈ - નાસિક - નાગપુર	753
ચેન્નઈ - બેંગલોર - મૈસૂર	435
દિલ્હી-ચંડીગઢ- લુધિયાના-જલંધર- અમૃતસર	459

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ISRO : ISROના ટેલિસ્કોપે 9.3 અબજ વર્ષ દૂર નવી આકાશગંગા શોધી (અવકાશ વિજ્ઞાન)

કામચલાઉ નામ : AUDFs01



વિગત :

- ✓ ઈસરોના અવકાશી ટેલિસ્કોપ એસ્ટ્રોસેટે બ્રહ્માંડમાં દૂરની આકાશગંગા (ગેલેક્સી) શોધી કાઢી છે.
- ✓ AUDFs01 એવુ કામચલાઉ નામ ધરાવતી આ ગેલેકસી 9.3 અબજ પ્રકાશવર્ષ દૂર છે.
- ✓ બ્રહ્માંડમાં સૌથી દૂર આવેલી ગેલેક્સીઓમાં તેનો સમાવેશ થાય છે.

એસ્ટ્રોસેટ વિશે :

- ✓ એસ્ટ્રોસેટ એ ટેલિસ્કોપિક ઉપગ્રહ છે, જેનું કામ ભ્રમણકક્ષામાં રહીને દૂરના બ્રહ્માંડ સુધી નજર પહોંચાડવાનું છે.
- ✓ જે રીતે અમેરિકાનું હબલ ટેલિસ્કોપ કામ કરે છે, એ રીતે જ ૨૦૧૫માં લૉન્ચ થયેલા સ્વદેશી ટેલિસ્કોપ એસ્ટ્રોસેટે બ્રહ્માંડના ઘણા અજાણ્યા પાસાં ઉજાગર કર્યા છે.
- ✓ એસ્ટ્રોસેટ દ્વારા દૂરના કિરણો ગ્રહણ કરી એ ડેટા સેન્ટરમાં મોકલાતા હોય છે.
- ✓ વિજ્ઞાનીઓ એ ડેટાનો અભ્યાસ કરી નવાં નવાં સંશોધનો જાહેર કરતાં હોય છે.
- ✓ એ રીતે જ પુના સ્થિત ઇન્ટર-સ્ટેટ યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સના વિજ્ઞાનીઓ આ આકાશગંગા ઓળખી કાઢી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 2 સપ્ટેમ્બર

ગાંધીવાદી : ચુનીભાઈ વૈધ (ચુનીકાકા)

જન્મ : 2 સપ્ટેમ્બર 1918

અવસાન : 19 ડિસેમ્બર 2014



- ✓ જન્મ સ્થળ – સંડેર, પાટણ
- ✓ આજે ગાંધીવાદી કર્મશીલ ચુનીભાઈ વૈધ, સ્વાતંત્રય સૈનિક અને સંશોધક ઈન્દ્રશંકર રાવલનો જન્મદિવસ
- ✓ મરાઠીના નામાંકિત સાહિત્યકાર વિષ્ણુ સખારામ ખાંડેકરની પુણ્યતિથિ.

- ✓ ચુનીભાઈ વૈદ્ય મેટ્રિકની પરીક્ષા નવસારીથી પાસ કરી સુરત વગેરે જગ્યાએ નોકરી અને વેપાર કર્યો હતો.
- ✓ 1930ની દાંડીકૂચ દરમિયાન મહાત્મા ચુનીભાઇ ગાંધીથી પ્રભાવિત થયા હતા. સ્વતંત્રતા આંદોલન દરમિયાન ભુગર્ભ પ્રવૃત્તિઓ દ્વારા ચુનીભાઈએ યોગદાન આપ્યું હતું.
- ✓ તેમની વિશેષ ઓળખ ગાંધીવાદી - સર્વોદય કાર્યકર તરીકે રહી છે.
- ✓ કોમી એકતા, ખેડૂતના જમીનના હક્કો કે પાણીના પ્રશ્નો હોય તે માટે ચીનુકાકા જીવનભર લડતા રહ્યા હતા.
- ✓ 1975માં ચીનુભાઈ વૈદ્ય કટોકટીનો વિરોધ કરી અત્યંત વિકટ સંજોગોમાં ભૂમિપુત્ર' સામયિકનું સંપાદન સંભાળ્યું હતું.
- ✓ તેઓના " સૂરજ સામે ધૂળ સાયું શું ? ખોટું શું ? પુસ્તકનો ભારતની 12 ભાષામાં અનુવાદ થયો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૯-૨૦૨૦)

1. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા PUBG સહિત કેટલી ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકાયો - **118**
2. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકારે IT એક્ટની કઈ ધારા અંતર્ગત ચાઈનીઝ મોબાઈલ એપ ઉપર પ્રતિબંધ મૂક્યો – **69 A**
3. કયા કારણોસર કેન્દ્ર સરકાર દ્વારા ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકાયો છે - **આ એપ્સ દેશના સાર્વભૌમત્વ અને એકતા સામે પડકારરૂપ પ્રવૃત્તિઓમાં સામેલ હોવાથી તથા દેશની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જોખમમાં મુકાતાં હોવાના કારણોસર**
4. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા 118 ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકવાની સાથે પ્રતિબંધિત ચાઈનીઝ મોબાઈલનો એપનો કુલ આંક કેટલાએ પહોંચ્યો - **224**
5. કેન્દ્ર સરકાર દ્વારા 29 જૂનના રોજ તથા જુલાઇના અંત ભાગમાં કેટલી ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો – **59 તથા 47**
6. કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ મોબાઈલ એપ પબજીના ભારતમાં કેટલા યુઝર છે તે પૈકી એક્ટિવ યુઝર્સની સંખ્યા કેટલી છે - **5 કરોડ તથા 3.5 કરોડ**
7. કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ મોબાઈલ એપ પબજીની ભારતમાં કેટલી રેવન્યું છે - **22 હજાર કરોડ**
8. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા ભારતમાં કુલ 224 ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂક્યો છે - **ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજી**
9. ૨જી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા ક્યા ત્રણ મહત્વના નિર્ણયો લેવાયા – **૧.કર્મયોગી યોજના, ૨.જમ્મુ-કાશ્મીર રાજભાષા બિલને મંજૂરી તથા 3. HR કાઉન્સિલની રચના અંગે**
10. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા અધિકારીઓની કુશળતા વિકસાવવા કઈ યોજનાને મંજૂરી અપાઈ - **કર્મયોગી**
11. સપ્ટેમ્બર-૨૦૨૦ કેન્દ્રીય કેબિનેટ દ્વારા જમ્મુ-કાશ્મીર રાજભાષા બિલને મંજૂરી અપાઈ, જેમાં કઈ ભાષાને સામેલ કરાઈ જેને આ જમ્મુ-કાશ્મીરની સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપવામાં આવી - **કાશ્મીરી ઉપરાંત હિન્દી, ઉર્દૂ, ડોગરી અને અંગ્રેજી**
12. ૨જી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા કયા દેશ સાથેના ત્રણ નવા MOUને મંજૂરી આપવામાં આવી – **જાપાન**
13. કેન્દ્રની જુદીજુદી નિયુક્તિ પર વિચારણા કરવા કઈ કાઉન્સિલની રચના કરાઈ – **હ્યુમન રિસોર્સ**
14. કેન્દ્ર સરકારની જુદીજુદી નિયુક્તિ પર વિચારણા કરવા રચાયેલી હ્યુમન રિસોર્સ કાઉન્સિલના વડા કોણ હશે – **વડાપ્રધાન મોદી**

15. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ-2020 યાદીમાં વિશ્વના ટોચના 50 ઇનોવેટિવ દેશોમાં ભારતનો ક્રમ કયો છે– 48
16. ગત વર્ષની ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ-2020 યાદીમાં ભારત કયા ક્રમે હતુ - 52માં ક્રમે
17. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં કુલ કેટલા દેશોનું રેન્કિંગ કરવામાં આવે છે - 131
18. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે - વર્લ્ડ ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન કોર્નવલ યુનિવર્સિટી
19. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ-2020માં પ્રથમ પાંચ ક્રમ પ્રાપ્ત કરનાર દેશના નામ જણાવો – ૧. સ્વિટ્ઝર્લેન્ડ ૨. સ્વીડન ૩. યુએસએ ૪. બ્રિટન તથા ૫. નેધરલેન્ડ
20. કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઈ કરકસરના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા CM-Dy.CM, મંત્રી MLA તથા નિવૃત્તિ બાદ કરારવાળા કર્મીઓના પગારમાં એક વર્ષ માટે કેટલા ટકાનો કાપ મૂક્યો - 30
21. કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઈ કરકસરના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા CM-Dy.CM, મંત્રી MLA તથા નિવૃત્તિ બાદ કરારવાળા કર્મીઓના પગારમાં કયા સમયગાળા માટે ૩૦ ટકાનો કાપ મૂક્યો - 1 એપ્રિલ 2020 થી 31 માર્ચ 2021
22. NHRCLનું વિસ્તૃત નામ જણાવો – નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ
23. ભારતીય રેલવે એ અમદાવાદ-મુંબઈ સાથે જોડતા હાઈ સ્પીડ (બુલેટ) રેલ કોરિડોરની કામગીરી કઈ કંપનીને સોંપી - NHRCL
24. ભારતીય રેલવે દ્વારા NHRCLને અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન ઉપરાંત દેશના અન્ય કેટલા રૂટ પર બુલેટ ટ્રેન પ્રોજેકેટની કામગીરી સોંપવામાં આવી - 6
25. દેશના સૌથી લાંબા મોટા અમદાવાદને દિલ્હી સાથે જોડતા અમદાવાદ-ઉદયપુર-જયપુર-દિલ્હી રૂટની લંબાઈ કેટલી છે - 886 કિલોમીટર
26. ભારતીય રેલવે દ્વારા NHRCLને દિલ્હી-નોઈડા-આગરા-લખનઉ - વારાણસી બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – 865
27. ભારતીય રેલવે દ્વારા NHRCLને મુંબઈ - પૂણે – હૈદરાબાદ બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – 711
28. ભારતીય રેલવે દ્વારા NHRCLને મુંબઈ - નાસિક – નાગપુર બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – 753
29. ભારતીય રેલવે દ્વારા NHRCLને અમદાવાદ - વડોદરા - સુરત – મુંબઈ બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – 503
30. ભારતીય રેલવે દ્વારા NHRCLને દિલ્હી-ચંડીગઢ-લુધિયાના-જલંધર- અમૃતસર બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – 459
31. ભારતીય રેલવે દ્વારા NHRCLને ચેન્નઈ - બેંગલોર - મૈસૂર બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – 435
32. તાજેતરમાં ISROના ટેલિસ્કોપે કેટલા અબજ વર્ષ દૂર નવી આકાશગંગા શોધી - 9.3
33. તાજેતરમાં ISROના ટેલિસ્કોપે 9.3 અબજ વર્ષ દૂર નવી આકાશગંગા શોધી તેનું કામચલાઉ નામ જણાવો - AUDFs01
34. એસ્ટ્રોસેટ એ શું છે – ટેલિસ્કોપિક ઉપગ્રહ
35. ઈસરોના અવકાશી ટેલિસ્કોપનું નામ જણાવો - એસ્ટ્રોસેટ
36. ઇન્ટર-સ્ટેટ યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ ક્યાં આવેલી છે - પુના
37. ગાંધીવાદી કર્મશીલ ચુનીભાઈ વૈધનો જન્મ દિવસ જણાવો – 2 સપ્ટેમ્બર 1918
38. ગાંધીવાદી કર્મશીલ ચુનીભાઈ વૈધનું જન્મ સ્થળ કયુ છે – સંડેર(પાટણ)
39. ચુનીભાઈ વૈધનું હુલામણુ નામ શુ છે - ચુનીકાકા
40. વર્ષ-1975માં ચીનુભાઈ વૈધે કટોકટીનો વિરોધ કરી અત્યંત વિકટ સંજોગોમાં કયા સામયિકનું સંપાદન સંભાળ્યું હતું - ભૂમિપુત્ર
41. ચીનુભાઈ વૈધનું “સૂરજ સામે ધૂળ સાચું શું? ખોટું શું? પુસ્તકનો ભારતની કેટલી ભાષામાં અનુવાદ થયો છે - 12

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.નિમણૂક : ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષપદે ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જજ રવિકુમાર ત્રિપાઠીની નિમણૂક



- ✓ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત દ્વારા શ્રી ત્રિપાઠીની નિમણૂક કરાઈ-શપથ લેવડાવ્યા
- ✓ સમયગાળો : 03 સપ્ટેમ્બર-2020થી ત્રણ વર્ષ માટે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભારત સરકાર : રેલવે બોર્ડ પુન: ગઠનને મંજૂરી



- ✓ રેલવે બોર્ડનું કોર્પોરેટ મોડલ સ્વરૂપમાં પુન: ગઠન કરાશે
- ✓ પ્રથમ ચેરમેન - CEO તરીકે શ્રી વિનોદકુમાર યાદવની પસંદગી
- ✓ શ્રી યાદવ હાલ રેલવે બોર્ડના ચેરમેન તરીકે કાર્યરત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વૈશ્વિક સંરક્ષણ સમજૂતી (સંરક્ષણ)



AK-47 203 રાઈફલનું ભારતમાં ઉત્પાદન કરવા ભારત અને રશિયા વચ્ચે સમજૂતી

- ✓ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહના ત્રણ દિવસના રશિયા પ્રવાસ દરમિયાન ભારત અને રશિયાએ AK-47 203 રાયફલ્સનું ભારતમાં ઉત્પાદન કરવા અંગેની સમજૂતીને મંજૂરી અપાઈ.

AK-47 203 રાઈફલ વિશે :

- ✓ AK-47 203 તે એકે-47 રાયફલનું અતિ આધુનિક રૂપ છે. તે રાયફલ ભારતની 5.56 X 45 એમએમ એસોલ્ટ રાયફલનું સ્થાન લેશે.
- ✓ ભારતીય સૈન્યને 7,70,000 AK-47 203 રાયફલની આવશ્યકતા છે.
- ✓ આ પૈકી એક લાખ AK-47 203 રાયફલ આયાત થશે અને બાકીની રાયફલનું ભારતમાં ઉત્પાદન થશે.
- ✓ રાયફલ સમજૂતી પ્રમાણે પ્રતિ રાયફલ 1100 ડોલર ખર્ચ થાય તેવી સંભાવના છે.

કરાર વિશે :

- ✓ આ રાયફલનું ઉત્પાદન ભારત-રશિયા રાયફલ પ્રાઇવેટ લિમિટેડ જેવા સંયુક્ત સાહસ હેઠળ ભારતમાં ઉત્પાદન થશે.
- ✓ ભારતના આયુધ નિર્માણ બોર્ડ (ઓએફબી) અને ક્લાશનીકોવ કંસર્ન તેમજ રોસોબોરેનેક્સપોર્ટ વચ્ચે આ સંયુક્ત સાહસની સ્થાપના કરાઇ.
- ✓ સંયુક્ત સાહસમાં ઓએફબીની 50.5 ટકા, ક્લાશનીકોવની 42 ટકા તો બાકીની 7.5 ભાગીદારી રશિયન સરકારની નિકાસ એજન્સી રોસોબોરેનેક્સપોર્ટની રહેશે.

ભારતમાં ક્યાં ઉત્પાદન થશે :

- ✓ ઉત્તર પ્રદેશમાં કોરવા આયુધ ફેક્ટરી ખાતે આ રશિયન શસ્ત્રનું ઉત્પાદન થશે.
- ✓ ભારત 5.56 X 45 એમએમ એસોલ્ટ રાયફલનો ઉપયોગ 1996થી કરી રહ્યું છે. પરંતુ તેમાં જામ થવાની કે હિમાલય જેવા ઉંચા વિસ્તારમાં મેગઝિનમાં પણ સમસ્યાનો સામનો કરવો પડે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક એન્ડ પાર્ટનરશિપ ફોરમની ત્રીજી વાર્ષિક બેઠકને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઈ-સંબોધન (ભારત-યુએસ સંબંધો)



ભારતના આર્થિક સુધારાના આંકડા :

- ✓ આર્થિક સુધારા ભારતનું ઉજ્જવળ ભાવિ સુનિશ્ચિત કરશે
- ✓ અમે ડિમાન્ડ અને સપ્લાય એમ બંનેને જાળવી રહ્યાં છીએ.

- ✓ ભારત વિશ્વના સૌથી ઓછા કરવેરા ધરાવતો દેશ.
- ✓ 2019માં વિશ્વમાં એફડીઆઇ એક ટકા ઘટયું ત્યારે ભારતમાં આવતા એફડીઆઇમાં 20 ટકાનો વધારો થયો હતો.
- ✓ ભારતમાં નોંધપાત્ર આર્થિક સુધારા કરાયાં. બિઝનેસ સરળ બનાવવા લાલફિતાશાહી ઘટાડવામાં આવી.
- ✓ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સમિટ ગુજરાતની નવી ઔદ્યોગિક પોલીસી-૨૦૨૦ અંતર્ગત રોકાણ કરવા સંબોધન કર્યું હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ફોર્ચ્યૂન મેગેઝિન : "40 અંડર 40"ની વાર્ષિક યાદી જાહેર (પ્રતિભા)



ભારતના 4 પ્રતિભાશાળી યુવાનો અને કેટેગરી

૧. આકાશ-ઈશા અંબાણી (ટેકનોલોજી)

૨. બૈજુ રવિન્દ્રન (ઓનલાઈન એજ્યુકેશન-ટેકનોલોજી)

૩. અદર પૂનાવાલા (હેલ્થકેર) (સિરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (SII)-પૂના

૪. મનુ કુમાર જૈન (ટેકનોલોજી)

કેટેગરી

- ✓ ફોર્ચ્યૂનના આ લિસ્ટમાં ફાઈનાન્સ, ટેકનોલોજી, હેલ્થકેર, પોલિટિક્સ અને મીડિયા તથા એન્ટરટેઇનમેન્ટની કેટેગરી સામેલ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. સિદ્ધિ : ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેક્ટમાં સ્માર્ટ સિટી અમદાવાદનો સમાવેશ (પર્યાવરણ)

- ✓ કુલ-95 શહેરોનો સમાવેશ



હેતુ :

- ✓ લોકો ઈંધણ આધારીત વાહનોને બદલે સાયકલનો ઉપયોગ કરતા થાય અને સ્વસ્થ રહે એ માટે દેશના ટોચના શહેરોમાં સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે.

પ્રોજેક્ટ વિશે :

- ✓ ઓકટોબર મહીનામાં દેશવ્યાપી શહેરોમાંથી મળેલા ફીડબેક જાહેર કરાયા બાદ વિજેતા શહેરને ઈનામ આપવામાં આવશે.
- ✓ દેશના લ્પ શહેરોમાં ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેકટ હેઠળ લોકો સાયકલનો ઉપયોગ કરતા થાય એ દિશામાં એક સર્વે કરાવવામાં આવ્યો.
- ✓ ઈન્સ્ટીટયૂટ ફોર ટ્રાન્સપોટેશન એન્ડ ડેવલપમેન્ટ પોલીસી હેઠળ વિવિધ શહેરોમાં વસતા લોકોને સાયકલના મહત્તમ ઉપયોગ કરવા તરફ વાળવા પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો.
- ✓ જે અંતર્ગત કયા શહેરોમાં લોકો કયા પ્રકારના વાહનોનો ઉપયોગ કરે છે.
- ✓ સાયકલ ચલાવવામાં તેમને કયા - કયા પ્રકારના અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે.
- ✓ સાયકલ ચલાવવા માટે તેમના શું સુચનો છે વગેરે બાબતેં પર શહેરીજનોની પાસેથી તેમના મંતવ્યો અને સુચનો મેળવવામાં આવી રહ્યા છે.
- ✓ લોકો તરફથી મળતા મંતવ્યો કે સુચનોના આધારે આગામી માસમાં એક રાષ્ટ્રવ્યાપી ફીડબેક જાહેર કરવામાં આવશે.
- ✓ ફીડબેક જાહેર કરવામાં આવ્યા બાદ દેશના જે શહેરમાં સાયકલ ચલાવવાની બાબતમાં ઉપયોગી વાતાવરણ હશે અને લોકોના ફિડબેક કેવા પ્રકારના છે એના આધારે વિજેતા શહેર નકકી કરી ઈનામ અપાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 03 સપ્ટેમ્બર

સ્મરણ મુકુર : નરસિંહરાવ દિવેટિયા

જન્મ : 03 સપ્ટેમ્બર 1859

અવસાન : 14 જાન્યુઆરી 1937

- ✓ અભિનેતા ઉત્તમકુમાર, ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કમલાપતિ ત્રિપાઠી, આપણી ભાષાના કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી નરસિંહરાવ દિવેટિયા, ગુજરાતના જાણીતા રાજકારણી ચીમનભાઈ શુક્લનો આજે એટલે કે 3 સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ



- ✓ મહીપતરામ રૂપરામ તથા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય.એસ. રાજશેખરની પુણ્યતિથિ.
- ✓ અમદાવાદમાં જન્મેલા નરસિંહરાવ અભ્યાસની રીતે તેજસ્વી વિદ્યાર્થી હતા.
- ✓ 1880માં મુંબઈની પ્રસિદ્ધ એલ્ફીન્સ્ટન કોલેજથી નરસિંહરાવ સંસ્કૃત સાથે સ્નાતક થયા હતા.
- ✓ 1921-1935 દરમિયાન તેઓ એલ્ફીન્સ્ટન કોલેજમાં ગુજરાતીના અધ્યાપક પણ રહ્યા હતા.

<u>સાહિત્ય સર્જન :</u>

- ✓ નરસિંહરાવ દિવેટિયાએ <u>કુસુમમાળા, હૃદય વીણા, નૂપુર ઝંકાર, સ્મરણ મુકુર, સ્મરણ સંહિતા, મનોમુકુર,</u> બુદ્ધ ચરિત, અભિનય કલા, નરસિંહરાવની રોજનીશી જેવા પુસ્તકો દ્વારા ગુજરાતી સાહિત્યને નવો આયામ આપ્યો છે.
- ✓ <u>તેમનું સ્મરણ મુકુર પુસ્તક ગુજરાતી સ્મૃતિચિત્રોનું પહેલું પુસ્તક અને ગુજરાતી રેખાચિત્રો સ્વરૂપમાં ગુજરાતના 1850થી 1900 દરમિયાનની અડધી સદીનું સાંસ્કૃતિક આલેખન છે.</u>
- ✓ અર્વાચીન ગુજરાતી કવિતાને સંસ્કારશુદ્ધ કરનારા કવિ-વિવેચક નરસિંહરાવ દિવેટિયાનું 14 જાન્યુઆરી 1937ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૯-૨૦૨૦)</u>

1. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષપદે કોની નિમણૂક કરવામાં આવી - **<u>હાઈકોર્ટના નિવૃત્ત જજ રવિકુમાર ત્રિપાઠી</u>**
2. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષપદે જજ રવિકુમાર ત્રિપાઠીની નિમણૂક કોના દ્વારા કરવામાં આવી તથા થપથ કોના દ્વારા લેવડાવવામાં આવ્યા – **<u>રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત</u>**
3. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના નવનિયુક્ત અધ્યક્ષ જજ રવિકુમાર ત્રિપાઠીનો કાર્યકાળ જણાવો-**<u>03 સપ્ટેમ્બર-2020થી ત્રણ વર્ષ માટે</u>**
4. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા બોર્ડનું કોર્પોરેટ મોડલ સ્વરૂપમાં પુનઃ ગઠન કરવાની મંજૂરી આપી - **<u>રેલવે</u>**
5. ભારતીય રેલવે બોર્ડના પુનઃ ગઠીત થનાર કોર્પોરેટ મોડલ સ્વરૂપના પ્રથમ ચેરમેન-CEO તરીકે કોની પસંદગી કરાઈ - **<u>શ્રી વિનોદકુમાર યાદવ</u>**
6. રેલવે બોર્ડના વર્તમાન ચેરમેનનું નામ જણાવો – **<u>શ્રી વિનોદકુમાર યાદવ</u>**
7. સપ્ટેમ્બર-૨૦૨૦માં સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ કયા દેશના ત્રણ દિવસના પ્રવાસે હતા - **<u>રશિયા</u>**
8. સપ્ટેમ્બર-૨૦૨૦માં AK-47 203 રાઈફલનું ભારતમાં ઉત્પાદન કરવા ભારત અને કયા દેશ વચ્ચે સમજૂતી થઈ - **<u>રશિયા</u>**
9. રશિયન બનાવટની AK-47 203 રાયફલ ભારતની કઈ રાયફલનું સ્થાન લેશે - **<u>5.56 X 45 એમએમ એસોલ્ટ</u>**
10. AK-47 203 રાયફલનું ભારતમાં કયા સંયુક્ત સાહસ હેઠળ ઉત્પાદન થશે - **<u>ભારત-રશિયા રાયફલ પ્રાઇવેટ લિમિટેડ</u>**
11. ભારતમાં ક્યા સ્થળે રશિયન શસ્ત્ર AK-47 203 રાયફલનું ઉત્પાદન થશે - **<u>ઉત્તર પ્રદેશમાં કોરવા આયુધ ફેક્ટરી ખાતે</u>**
12. ભારત 5.56 X 45 એમએમ એસોલ્ટ રાયફલનો ઉપયોગ કયા વર્ષથી કરી રહ્યું છે - **<u>1996</u>**
13. સપ્ટેમ્બર-૨૦૨૦માં યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક એન્ડ પાર્ટનરશિપ ફોરમની કેટલામી વાર્ષિક બેઠક યોજાઈ - **<u>ત્રીજી</u>**
14. સપ્ટેમ્બર-૨૦૨૦માં યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક એન્ડ પાર્ટનરશિપ ફોરમની ત્રીજી વાર્ષિક બેઠકમાં ભારત તરફથી કોણે ઈ-સંબોધન કર્યું હતુ - **<u>વડાપ્રધાન નરેન્દ્ર મોદી</u>**
15. વિશ્વના સૌથી ઓછા કરવેરા ધરાવતો દેશ કયો છે - **<u>ભારત</u>**
16. સપ્ટેમ્બર-૨૦૨૦માં કોના દ્વારા "40 અંડર 40"ની વાર્ષિક યાદી જાહેર કરાઈ - **<u>ફોર્ચ્યૂન મેગેઝિન</u>**
17. સપ્ટેમ્બર-૨૦૨૦માં ફોર્ચ્યૂન મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી "40 અંડર 40"ની વાર્ષિક યાદીમાં

ભારતના કેટલા પ્રતિભાશાળી યુવાનોને સ્થાન મળ્યું – **ચાર**

18. સપ્ટેમ્બર-૨૦૨૦માં ફોર્ચ્યૂન મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી "40 અંડર 40"ની વાર્ષિક યાદીમાં ભારતના કયા પ્રતિભાશાળી યુવાનોને સ્થાન મળ્યું – **ઈશા-આકાશ અંબાણી, બૈજુ રવિન્દ્રન, મનુ કુમાર જૈન તથા અદર પૂનાવાલા**
19. ભારતની સૌથી મોટી એજ્યુકેશન ટેક્નોલોજી કંપની ટેક સ્ટાર્ટઅપ બૈજુના સંસ્થાપકનું નામ જણાવો - **બૈજુ રવિન્દ્રન**
20. વિશ્વની સૌથી મોટી વેક્સિન બનાવનારી કંપની સિરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના વર્તમાન સીઇઓનું નામ જણાવો - **અદર પૂનાવાલા**
21. ફોર્ચ્યૂન મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી "40 અંડર 40"ની વાર્ષિક યાદીમાં કઈ કેટેગરીનો સમાવેશ કરાયો છે - **ફાઈનાન્સ, ટેકનોલોજી, હેલ્થકેર, પોલિટિક્સ અને મીડિયા તથા એન્ટરટેઈનમેન્ટ**
22. ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેક્ટમાં ગુજરાતના કયા શહેરનો સમાવેશ કરાયો છે - **સ્માર્ટ સિટી અમદાવાદ**
23. ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેક્ટમાં દેશના કુલ કેટલા શહેરોનો સમાવેશ કરાયો છે - **95**
24. લોકો ઈંધણ આધારીત વાહનોને બદલે સાયકલનો ઉપયોગ કરતા થાય અને સ્વસ્થ રહે એ માટે દેશના ટોચના શહેરોમાં કયો પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે - **સાયકલ ફોર ચેલેન્જ**
25. કઈ પોલીસી હેઠળ વિવિધ શહેરોમાં વસતા લોકોને સાયકલના મહત્તમ ઉપયોગ કરવા તરફ વાળવા ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો - **ઈન્સ્ટીટયૂટ ફોર ટ્રાન્સપોટેશન એન્ડ ડેવલપમેન્ટ**
26. ગુજરાતી સાહિત્યકાર નરસિંહરાવ દિવેટિયાનો જન્મદિવસ જણાવો - **03 સપ્ટેમ્બર 1859**
27. ગુજરાતી ભાષાના કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી નરસિંહરાવ દિવેટિયાનો જન્મ ક્યાં થયો હતો – **અમદાવાદ**
28. ગુજરાતી ભાષાના કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી નરસિંહરાવ દિવેટિયાના જણીતા પુસ્તકોના નામ જણાવો - **કુસુમમાળા, હૃદય વીણા, નૂપુર ઝંકાર, સ્મરણ મુકુર, સ્મરણ સંહિતા, મનોમુકુર, બુદ્ધ ચરિત, અભિનય કલા, નરસિંહરાવની રોજનીશી**
29. ગુજરાતી સ્મૃતિચિત્રોનું પહેલું પુસ્તકનું નામ જણાવો - **સ્મરણ મુકુર**
30. કયાં પુસ્તકમાં ગુજરાતી રેખાચિત્રો સ્વરૂપમાં ગુજરાતના 1850થી 1900 દરમિયાનની અડધી સદીનું સાંસ્કૃતિક આલેખન થયેલું છે - **સ્મરણ મુકુર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. RBI : લોન માટે નવી માર્ગદર્શિકા જાહેર

સ્ટાર્ટઅપ્સ, ખેડૂતો અને નબળા વર્ગને સરળતાથી બેંક લોન મળી શકશે



નવી જોગવાઈ કેટેગરી

- ✓ બેન્કો દ્વારા જરૂરિયાતમંદોને ધિરાણ વધારવા માટે આરબીઆઈ દ્વારા પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી.
- ✓ ખેડૂતોને સોલર પાવર સિસ્ટમ માટે તેમજ કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટ સ્થાપવા બેન્કો દ્વારા લોન અપાશે.
- ✓ ધિરાણ માટે કેટલીક નવી કેટેગરીનાં લોકોનો ગાઈડલાઈન્સમાં સમાવેશ કરાયો.
- ✓ ખાસ કરીને નાના-સિમાંત ખેડૂતો તેમજ સમાજનાં નબળા વર્ગનાં લોકો હવે આસાનીથી બેન્ક લોન મેળવી શકશે.
- ✓ જે વિસ્તારોમાં ધિરાણનું પ્રમાણ ઓછું છે ત્યાં ધિરાણ વધારવા આ પગલું લેવાયું છે.

૩. ૫૦ કરોડ સુધીનાં સ્ટાર્ટઅપ્સને સરળ લોન

- ✓ નવી ગાઈડલાઈન્સ મુજબ ૩. ૫૦ કરોડ સુધીનાં સ્ટાર્ટઅપ્સને સરળતાથી લોન અપાશે.
- ✓ રિન્યુએબલ એનર્જી તેમજ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચરને પણ આનાથી આસાનીથી લોન મળી શકશે.
- ✓ જે જિલ્લાઓમાં પ્રાયોરિટી સેક્ટરને ધિરાણનું પ્રમાણ ઓછું છે ત્યાં લોનનું પ્રમાણ વધારવામાં આવશે.

ખેતીવાડી ઉત્પાદન સંગઠનો માટે ધિરાણ મર્યાદા વધારવામાં આવી

- ✓ આરબીઆઈ દ્વારા ફાર્મર્સ પ્રોડયુસર્સ ઓર્ગેનાઈઝેશન (FPO) તેમજ ફાર્મર્સ

પ્રોડયુસર્સ કંપનીઓ (FPC) માટે મહત્તમ ધિરાણ મર્યાદા વધારવામાં આવી છે.

- ✓ અગાઉથી નક્કી કરવામાં આવેલા ભાવથી ખેત પેદાશોનું નિશ્ચિત વેચાણ કરી શકે તે માટે તેમને વધુ લોન સુવિધા અપાશે.

પૂનઃ પ્રાપ્ય ઉર્જા અને હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે લોનની રકમ બમણી કરાઈ

- ✓ રિન્યુએબલ ઉર્જા માટે તેમજ હેલ્થ ઈન્ફ્રકચર માટે લોનની મર્યાદા બમણી કરવામાં આવી છે. જેમાં આયુષ્યમાન ભારત હેઠળની સેવાનો સમાવેશ કરાયો છે. સર્વાંગી વિકાસ માટે આ પગલું લેવાયું છે.

કેટલીક કેટેગરી પ્રાયોરિટી લેન્ડિંગમાં ઉમેરાઈ

- ✓ આરબીઆઈ દ્વારા બેન્કો માટે પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ માટે કેટલીક નવી કેટેગરી ઉમેરવામાં આવી છે.
- ✓ જેમાં કૃષિ અને તેને આનુસાંગિક પ્રવૃતિ, માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈસિસ, ગરીબોને મકાન ખરીદવા તેમજ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે લોન અપાશે.
- ✓ ઓછી આવક ધરાવતા ગ્રુપને પણ પ્રાયોરિટી સેક્ટરમાં ગણાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિમણૂક : ગુજરાત ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં પ્રમુખ તરીકે હાઇકોર્ટના નિવૃત્ત જજ વી.પી. પટેલની નિમણૂક

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. SCO : મોસ્કોમાં યોજાયેલી SCO સમિટમાં ભાગ લેવા ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ રશિયાના પ્રવાસે

SCO હેઠળ આવતા દેશોના સંરક્ષણ પ્રધાનોની બેઠક યોજાઇ



- ✓ ભારત અને ચીનના સંરક્ષણ પ્રધાન વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા
- ✓ રશિયા રાજધાની : મોસ્કો
- ✓ SCO: શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.પ્રતિબંધ : ગુજરાતમાં ગુટકા-તમાકુનું વેચાણ સંગ્રહ પર વધુ એક વર્ષ માટે તા. ૧૧ સપ્ટેમ્બરથી પ્રતિબંધ (આરોગ્ય)



વિગત :

- ✓ સૌપ્રથમ પ્રતિબંધ વર્ષ ૨૦૧૨થી
- ✓ ગુજરાતમાં વધુ એક વર્ષ માટે ગુટકા, તમાકુ કે નિકોટિન યુક્ત પાન મસાલા વેચાણ, સંગ્રહ અને વિતરણ પરનો પ્રતિબંધ લંબાવ્યો
- ✓ વર્ષ ૨૦૧૦-૧૧માં સ્વર્ણિમ ગુજરાતની ઉજણવી વખતે રાજ્યમાં ઉપરોક્ત નશાકારક પદાર્થો (પાઉચ) વેચાણ, વિતરણ અને સંગ્રહ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.
- ✓ છેલ્લા નવ વર્ષથી દર વર્ષે ૧૧ સપ્ટેમ્બરે તેની મુદતમાં એક વર્ષનો વધારો કરવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.આત્મનિર્ભર ભારત:FAU-G સ્વદેશી ગેમ

અભિનેતા અક્ષય કુમાર દ્વારા ચાઈનીઝ પ્રતિબંધિત પબજી ગેમ્સ સામે પ્રથમ મેડ ઈન ઈન્ડિયા બેટલ રોયલ ગેમ - FAU-G લોન્ચ



- ✓ નામ : એક્શન ગેમ "Fearless and United: Guards (FAU-G)."
- ✓ ખાસ : આ ઓનલાઇન ગેમથી મળનારી આવકમાંથી 20 ટકા હિસ્સો ભારતના વીર ટ્રસ્ટ-સૈનિકોને અપાશે

હેતુ :

- ✓ યુવાનો-પ્લેયર્સ મનોરંજન સાથે આપણા સૈનિકોના શૌર્ય-શહીદી વિશે પણ તેમાંથી પ્રેરણા મળશે-દેશ ભક્તિ શીખી શકશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬.વૈશ્વિક બાબતો : 'થાઈ કેનાલ પ્રોજેક્ટ'

થાઈલેન્ડ દ્વારા ચીન પ્રેરીત થાઈ કેનાલ પ્રોજેક્ટ રદ્દ કરાયો



વિગત :

- ✓ ચીન સહિતના પૂર્વોત્તર દેશોએ અત્યારે હિન્દ મહાસાગરમાં પ્રવેશવું હોય તો મલક્કાની સમુદ્રધુનીમાંથી જ પ્રવેશ કરવો પડે. એ એકમાત્ર રસ્તો છે અને વળી તેના પશ્ચિમ છેડે ભારતીય નૌકાદળનું પેટ્રોલિંગ ચાલુ જ હોય છે.

- ✓ ભારતની જાણ બહાર કોઈ પરદેશી યુદ્ધ જહાજ હિન્દ મહાસાગરમાં પ્રવેશી શકે નહીં.
- ✓ ચીન મલક્કા સ્ટ્રીટના વિકલ્પ તરીકે થાઈલેન્ડમાંથી પનામા કે સુએઝ જેવી કેનાલ પસાર કરવા માંગે છે.

થાઈ કેનાલનું મહત્વ :

- ✓ થાઈ કેનાલ નામે ઓળખાતી આ કેનાલ તૈયાર થાય તો ચીનના જહાજોને હિન્દ મહાસાગરમાં પ્રવેશવા માટે બીજો રૂટ મળે અને ૧૨૦૦ કિલોમીટરનું અંતર પણ ઘટી જાય.
- ✓ આ કેનાલ માટે ચીન ફંડ આપવા તૈયાર હતું, જેથી કેનાલ બની ગયા પછી પોતાની ઈચ્છા પ્રમાણેના જહાજો ત્યાંથી પસાર કરી શકે.
- ✓ જો એ કેનાલ બને તો ભારતે બે દરવાજા પર પહેરો ભરવો પડે. પરંતુ હાલ તો થાઈલેન્ડની સરકારે ચીન સાથે આ કેનાલ બનાવવાનો કરાર રદ્દ કર્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 04 સપ્ટેમ્બર

હિંદના દાદા : દાદાભાઈ નવરોજી

જન્મ : 04 સપ્ટેમ્બર 1825

અવસાન : 30 જૂન 1917

- ✓ આજે પૂજ્ય મોટા, ઇતિહાસકાર અને "તહકીક -ઉલ- હિન્દ" જેવા પસિદ્ધ ગ્રંથના લેખક અલ્બેરુની, સારંગ બારોટ અને હિંદના દાદા તરીકે ઓળખતા દાદાભાઈ નવરોજીનો જન્મદિવસ.



- ✓ મુંબઈમાં જન્મેલા દાદાભાઈના પિતા પાલનજીનું નાનપણમાં જ અવસાન થયું હોવાથી તેઓનો ઉછેર માતા માણેકબાઈ દ્વારા થયો હતો.
- ✓ 11મા વર્ષે દાદાભાઈના લગ્ન થયા અને જીવનના 15મા વર્ષે અપશબ્દો નહિ બોલવાની અને મદ્યપાન ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.
- ✓ 27મા વર્ષે એલ્ફિન્સ્ટન કોલેજમાં ગણિત-ભૌતિકશાસ્ત્રના પહેલા ભારતીય પ્રોફેસર તરીકે જોડાયા હતા
- ✓ વિદ્યાર્થીઓ અને સ્ત્રીઓની પ્રવૃત્તિઓમાં આગેવાની લેનાર પણ દાદાભાઈ સૌપ્રથમ હતા.
- ✓ દાદાભાઈ વડોદરા રાજ્યના દીવાન (1874), હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ના ત્રણવાર પ્રમુખ બન્યા હતા.
- ✓ દાદાભાઈ નવરોજીએ તેમના "Poverty and unbritish rule in india" પુસ્તકમાં રજૂ કરેલો ડ્રેઈન થિયરીનો ખ્યાલ ભારતમાં

આર્થિક રાષ્ટ્રવાદના ઉદય માટે ઘણો ઉપકારક નીવડ્યો હતો.

- ✓ દાદાભાઈ નવરોજીનું 30 જૂન 1917ના રોજ 93 વર્ષની પૌઢ વયે મુંબઈમાં અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૯-૨૦૨૦)

1. સપ્ટેમ્બર-૨૦૨૦માં આરબીઆઈ દ્વારા પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ જાહેર કરાઈ જેને લીધે કયા વર્ગનાં લોકો બેન્કો પાસેથી સરળતાથી ધિરાણ મેળવી શકશે- **સ્ટાર્ટઅપ્સ, ખેડૂતો તેમજ નબળા વર્ગ**
2. RBIની પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ મુજબ કેટલા રૂપિયા સુધીનાં સ્ટાર્ટઅપ્સને સરળતાથી લોન અપાશે - **રૂ. ૫૦ કરોડ**
3. FPOનું વિસ્તૃત નામ જણાવો - **ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન**
4. FPCનું વિસ્તૃત નામ જણાવો - **ફાર્મર્સ પ્રોડ્યુસર્સ કંપનીઓ**
5. RBIની પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ મુજબ કયા ક્ષેત્રો માટે લોનની મર્યાદા બમણી કરવામાં આવી છે - **રિન્યુએબલ ઉર્જા માટે તેમજ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર**
6. RBIની પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ મુજબ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્ર માટે લોનની મર્યાદા બમણી કરવામાં આવી છે તેમાં કઈ યોજનાની સેવાનો સમાવેશ કરાયો છે - **આયુષ્યમાન ભારત હેઠળની સેવા**
7. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં નવા પ્રમુખ તરીકે કોની નિમણૂક કરાઈ - **હાઇકોર્ટના નિવૃત્ત જજ વી.પી. પટેલ**
8. SCOનું વિસ્તૃત નામ જણાવો - **શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન**
9. સપ્ટેમ્બર-૨૦૨૦માં કયા સ્થળે ત્રિદિવસીય SCO સમિટ યોજાઈ – **મોસ્કો(રશિયા)**
10. સપ્ટેમ્બર-૨૦૨૦માં રશિયાના મોસ્કોમાં યોજાયેલી ત્રિદિવસીય SCO સમિટમાં ભારત તરફથી કોણે ભાગ લીધો હતો - **સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ**
11. રશિયા રાજધાની કઈ છે - **મોસ્કો**
12. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત સરકાર દ્વારા કોના વેચાણ-સંગ્રહ પર વધુ એક વર્ષ માટે પ્રતિબંધ લગાવાયો - **ગુટકા-તમાકુ**
13. ગુજરાતમાં ગુટકા-તમાકુના વેચાણ-સંગ્રહ પર સૌપ્રથમ કયારે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે – **૧૧ સપ્ટેમ્બર-વર્ષ ૨૦૧૨**
14. ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૦-૧૧માં કયા કાર્યક્રમની ઉજવણી પ્રસંગે રાજ્યમાં ગુટકા-તમાકુ જેવાં નશાકારક પદાર્થો (પાઉચ) વેચાણ, વિતરણ અને સંગ્રહ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો - **સ્વર્ણિમ ગુજરાત ઉજવણી**
15. કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ ગેમ્સ પબજીની અવેજીમાં કઈ સ્વદેશી ગેમ લોન્ચ કરાઈ - **FAU-G સ્વદેશી ગેમ**
16. કયા બોલીવૂડ અભિનેતા દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ ગેમ્સ પબજીની સામે પ્રથમ મેડ ઈન ઈન્ડિયા બેટલ રોયલ ગેમ FAU-G લોન્ચ કરાઈ – **અક્ષયકુમાર**
17. FAU-G ગેમનું વિસ્તૃત નામ જણાવો - **Fearless and United: Guards**
18. ઓનલાઇન સ્વદેશી ગેમ FAU-Gની આવકનો કેટલા ટકા હિસ્સો ભારતના વીર સૈનિકોને અપાશે – **20 ટકા**
19. કયા હેતુસર બોલીવૂડ અભિનેતા અક્ષયકુમાર સ્વદેશી ગેમ FAU-G લોન્ચ કરવામાં આવી - **યુવાનો મનોરંજન સાથે સૈનિકોમાંથી પ્રેરણા મેળવે તથા દેશ ભક્તિ શીખી શકે તેવા હેતુસર**
20. સપ્ટેમ્બર-૨૦૨૦માં થાઈલેન્ડ દ્વારા ચીન પ્રેરીત કયો કેનાલ પ્રોજેક્ટ રદ કરાયો - **થાઈ કેનાલ પ્રોજેક્ટ**
21. ચીન સહિતના પૂર્વોત્તર દેશોએ હિન્દ મહાસાગરમાં પ્રવેશવા સમુદ્રધુનીમાંથી પ્રવેશ કરવો પડે છે - **મલક્કાની સમુદ્રધુની**
22. હિંદના દાદા તરીકે કોણ ઓળખાય છે - **દાદાભાઈ નવરોજી**

23. હિંદના દાદા તરીકે ઓળખાતા દાદાભાઈ નવરોજી જન્મ દિવસ જણાવો - **04 સપ્ટેમ્બર 1825**
24. પસિદ્ધ ગ્રંથ "તહકીક -ઉલ- હિન્દ"ના લેખક કોણ છે – **અલ્બેરુની**
25. વર્ષ-1874માં દાદાભાઈ નવરોજી કયા રાજ્યના દીવાન બન્યા હતા - **વડોદરા**
26. દાદાભાઈ નવરોજી હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ના કેટલી વાર પ્રમુખ બન્યા હતા – **ત્રણ**
27. દાદાભાઈ નવરોજીએ તેમના કયા પુસ્તકમાં રજૂ કરેલો ડ્રેઈન થિયરીનો ખ્યાલ ભારતમાં આર્થિક રાષ્ટ્રવાદના ઉદય માટે ઘણો ઉપકારક નીવડ્યો હતો - **"Poverty and unbritish rule in india"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ-2019 : કેન્દ્ર સરકાર દ્વારા રેન્કિંગ જાહેર



ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ટોપ ટેન રાજ્યો

1. આંધ્રપ્રદેશ
2. ઉત્તરપ્રદેશ
3. તેલંગણા
4. મધ્યપ્રદેશ
5. ઝારખંડ
6. છત્તીસગઢ
7. હિમાચલપ્રદેશ
8. રાજસ્થાન
9. પશ્ચિમ બંગાળ
10. ગુજરાત

રેન્કિંગના માપદંડો :

✓ રાજ્યોને બાંધકામ પરમિટ, શ્રમ કાયદા, પર્યાવરણનું રજિસ્ટ્રેશન, યોગ્ય સમયે યોગ્ય માહિતી, જમીનની પ્રાપ્તિ અને સિંગલ વિન્ડો સિસ્ટમ આધારે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન હેઠળ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા આપવામાં આવે છે.

રેન્કિંગનો પ્રથમ પ્રારંભ : વર્ષ-2015-16થી

✓ રેન્કિંગની આ ચોથી એડિશન છે જે વર્ષ 2019 માટે છે.

હેતુ :

✓ દેશનાં અને વિદેશનાં રોકાણકારોને આકર્ષવા તેમજ કારોબારના માહોલમાં સુધારા લાવવા રાજ્યો વચ્ચે સ્પર્ધા ઊભી કરવાનો છે.

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ભારત

- ✓ વર્લ્ડ બેન્કના ડુઇંગ બિઝનેસ રિપોર્ટમાં ત્રણ વર્ષમાં ભારતે 158 ક્રમની મોટી છલાંગ લગાવી છે.
- ✓ કારોબારીઓ માટે અનુકૂળ દેશોની યાદીમાં ભારત 2017માં 185મા ક્રમે હતો પરંતુ 2020માં 27માં ક્રમે આવ્યો છે.

ગુજરાતની રેન્કિંગમાં સ્થિતિ :

- ✓ વર્ષ-2015 : પ્રથમ ક્રમ
- ✓ વર્ષ-2018 : પાંચમો ક્રમ
- ✓ મંત્રાલય : વાણિજ્ય અને ઉદ્યોગ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.ભારત-બાંગ્લાદેશ વચ્ચે આંતરદેશીય જળમાર્ગ (વૈશ્વિક સંબંધો)

- ✓ પહેલી વખત બાંગ્લાદેશ સાથે ભારત જળમાર્ગે જોડાયું.
- ✓ બાંગ્લાદેશથી મોટી હોડી 50 ટન સિમેન્ટ લઈને રવાના થઈ હતી અને 60 કિલોમીટરનું અંતર કાપી ત્રિપુરાના સોનામુરા ખાતે પહોંચી.



- ✓ આ જળમાર્ગ વડે ભારતની ગોમતી અને બાંગ્લાદેશની મેઘના નદીનું જોડાણ થયું છે.
- ✓ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષિય વેપાર થાય છે અને આ રીતે જળમાર્ગનો ઉપયોગ થાય તો તેનો મોટો લાભ મળી શકે એમ છે.
- ✓ બંને દેશો વચ્ચે થયેલી સમજૂતીમાં સોનામુરા (ત્રિપુરા) અને દાઉદકાન્ડી (બાંગ્લાદેશ) રૂટનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. દિન વિશેષ - 05 સપ્ટેમ્બર : શિક્ષક દિવસ



ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં પ્રતિ વર્ષ 5 સપ્ટેમ્બરે ઉજવણી

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સન્માન : ગુજરાતના 44 શિક્ષકોનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ વ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સન્માન



- ✓ રાજ્યકક્ષાનો શિક્ષકદિનની ગાંધીનગર ખાતે ઉજવણી કરાઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : 05 સપ્ટેમ્બર

દાર્શનિક રાષ્ટ્રપતિ :ડો .રાધાકૃષ્ણન

જન્મ : 05 સપ્ટેમ્બર 1888

અવસાન : 17 એપ્રિલ 1975



- ✓ આજે શિક્ષક દિવસ અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ
- ✓ સમાજશાસ્ત્રી ઓગસ્ટ કોમ્તે, મધર ટેરેસા અને રતુભાઈ અદાણીની પુણ્યતિથિ.
- ✓ શિક્ષક અને કર્મકાંડી પિતાના આ પુત્રએ શિક્ષણ ગામ તીરુતાની, વેલ્લોર અને મદ્રાસથી લીધુ હતું.
- ✓ 1908માં પ્રેસિડેન્સી કોલેજ કોલકાતામાં તત્વજ્ઞાનના સહાયક અધ્યાપક બન્યા.
- ✓ વિદ્યાર્થીપ્રિય રાધાકૃષ્ણન કોલકતા યુનિ.માં ફિલોસોફીના પ્રોફેસર અને 1926માં આંધ્ર યુનિ.ના પહેલા કુલપતિ પણ રહ્યા હતા.
- ✓ તેઓ બનારસ હિંદુ યુનિ.ના કુલપતિપદે પણ નિમાયા હતા.
- ✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા રાધાક્રિષ્ણન 1938માં મહાત્મા ગાંધીને મળી આઝાદીના સંગ્રામમાં જોડાયા હતા.
- ✓ 1942ના આંદોલનમાં ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ આઝાદી પછી રશિયાના રાજદૂત, ભારતના ઉપરાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિ બન્યા.
- ✓ ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ પણ હોય છે તેમના અધ્યક્ષકાળ દરમિયાન તેમના નૈતિકતાના પાઠ સામે રાજનીતિ દબાઈ જતી.
- ✓ 'હું પહેલા શિક્ષક છું અને પછી રાષ્ટ્રપતિ' તેમ કહેનાર, ભારતના સાંસ્કૃતિક દૂત, દાર્શનિક અને મહાન રાજનીતિજ્ઞ ડો. રાધાકૃષ્ણનનું 17 એપ્રિલ 1975ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં જાહેર કરાયેલ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ-2019 રેન્કિંગમાં પ્રથમ ક્રમ મેળવનાર રાજ્ય કયું છે - **આંધ્રપ્રદેશ**
2. તાજેતરમાં જાહેર કરાયેલ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ-2019 રેન્કિંગમાં ગુજરાતનો ક્રમ જણાવો – **10મો ક્રમ**
3. તાજેતરમાં જાહેર કરાયેલ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ-2019 રેન્કિંગમાં પ્રથમ પાંચ ક્રમ મેળવનારા રાજ્યોના નામ જણાવો – **૧. આંધ્રપ્રદેશ ૨. ઉત્તરપ્રદેશ ૩. તેલંગણા ૪. મધ્યપ્રદેશ ૫. ઝારખંડ**
4. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ માટેના માપદંડો ક્યા કયા છે - રાજ્યોને બાંધકામ પરમિટ, શ્રમ કાયદા, પર્યાવરણનું રજિસ્ટ્રેશન, યોગ્ય સમયે યોગ્ય માહિતી, જમીનની પ્રાપ્તિ અને સિંગલ વિન્ડો સિસ્ટમ આધારે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન હેઠળ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ
5. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગનો પ્રથમ પ્રારંભ ક્યા વર્ષથી કરવામાં આવ્યો - વર્ષ-2015-16 થી
6. ક્યા હેતુસર ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ આપવામાં આવે છે - **દેશ-વિદેશનાં રોકાણકારોને આકર્ષવા તેમજ કારોબારના માહોલમાં સુધારા લાવવા રાજ્યો વચ્ચે સ્પર્ધા ઊભી કરવા**
7. વર્લ્ડ બેન્કના ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ રિપોર્ટમાં ત્રણ વર્ષમાં ભારતે કેટલા ક્રમની મોટી છલાંગ લગાવી છે - **158**
8. વર્ષ-2020ની કારોબારીઓ માટે અનુકૂળ દેશોની યાદીમાં ભારતનો કયો ક્રમ છે - **27**
9. વર્ષ-2015ના ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમાં ગુજરાત ક્યા ક્રમે હતુ - **પ્રથમ ક્રમે**
10. વર્ષ-2018ના ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમાં ગુજરાત ક્યા ક્રમે હતુ - **પાંચમા ક્રમે**
11. કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ જાહેર કરવામાં આવે છે - **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય**
12. તાજેતરમાં ભારત કયા પાડોશી દેશ સાથે આંતરદેશીય જળમાર્ગથી જોડાયું - **બાંગ્લાદેશ**
13. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે જળમાર્ગ માટે કઈ બે નદીનું જોડાણ થયુ છે – **ભારતની ગોમતી અને બાંગ્લાદેશની મેઘના નદી**
14. ભારત-બાંગ્લાદેશ જળમાર્ગ દ્વારા પહેલું જહાજ કયા સ્થળે આવી પહોંચ્યું હતુ - **સોનામુરા (ત્રિપુરા)**
15. ભારત-બાંગ્લાદેશ વચ્ચે થયેલી સમજૂતી અનુસાર જળમાર્ગ દ્વારા કયા બે રૂટનો સમાવેશ થાય છે - **સોનામુરા (ત્રિપુરા) તથા દાઉદકાન્ડી (બાંગ્લાદેશ)**
16. 5મી સપ્ટેમ્બર 2020ના રોજ શિક્ષક દિન નિમિત્તે ગુજરાતના કેટલા શિક્ષકોનું રાજ્યપાલ તથા મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું - **44**
17. રાજ્યકક્ષાના શિક્ષક દિન-2020ની કયા સ્થળે ઉજવણી કરવામાં આવી - **પાટનગર ગાંધીનગર**
18. ભારતમાં શિક્ષક દિવસ ક્યારે મનાવવામાં આવે છે – **5 સપ્ટેમ્બરે**
19. ભારતમાં પ્રતિ વર્ષ 5 સપ્ટેમ્બરના રોજ કોની યાદમાં શિક્ષક દિવસ મનાવવામાં આવે છે – **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન**
20. દાર્શનિક રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ જણાવો - **05 સપ્ટેમ્બર 1888**
21. પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું અવસાન કયારે થયુ - **17 એપ્રિલ 1975**
22. આંધ્ર યુનિ.ના પહેલા કુલપતિ કોણ હતા - **ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન**
23. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન કયા વર્ષે આંધ્ર યુનિ.ના પહેલા કુલપતિ બન્યા હતા – **વર્ષ 1926**
24. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન આઝાદી પછી કયા દેશના રાજદૂત બન્યા હતા – **રશિયા**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.ભારતનું ફોરેક્સ રિઝર્વ (અર્થશાસ્ત્ર)

ભારતનું ફોરેક્સ રિઝર્વ 541.431 બિલિયન ડોલરની ઓલ ટાઈમ હાઈ સપાટી પર



ફોરેક્સ રિઝર્વ એટલે શું : વિદેશી હુંડિયામણ અનામત ભંડોળ

વિગતવાર સ્થિતિ :

- ✓ 4 સપ્ટેમ્બરે ભારતીય રિઝર્વ બેન્કે જારી કરેલા આંકડા અનુસાર 28મી ઓગસ્ટે પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી હૂંડિયામણ અનામત ભંડોળ 3.883 બિલિયન ડોલરના વધારા સાથે 541.431 બિલિયન ડોલરની લાઇફટાઇમ હાઇ સપાટી પર પહોંચ્યું હતું.
- ✓ 5 જૂન 2020ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં પહેલીવાર ભારતના ફોરેક્સ રિઝર્વે 500 બિલિયન ડોલરની સપાટી વટાવી હતી.
- ✓ 1991માં આવી પડેલી મોટી આર્થિક કટોકટીના કારણે તત્કાલીન ભારત સરકારે સોનું ગીરવે મૂકવું પડ્યું હતું.
- ✓ માર્ચ 1991માં ભારતનું ફોરેક્સ રિઝર્વ ફક્ત 5.8 બિલિયન ડોલર હતું.
- ✓ આજે ભારત આર્થિક મોરચા પર કોઇપણ પ્રકારની કટોકટી સામે લડવા માટે ફોરેક્સ રિઝર્વનો ઉપયોગ કરી શકે તેવી સ્થિતિમાં છે.

સરકાર અને આરબીઆઈને મોટી રાહત

- ✓ ફોરેક્સ રિઝર્વમાં થઇ રહેલા વધારાના કારણે સરકાર અને આરબીઆઇને મોટી રાહત મળી છે, દેશનું અર્થતંત્ર કટોકટીમાં

છે ત્યારે ફોરેક્સ રિઝર્વના સહારે સરકાર અને આરબીઆઇ દેશના આંતરિક અને બાહ્ય આર્થિક મામલાઓ મેનેજ કરી શકે છે.

- ✓ ફોરેક્સ રિઝર્વ આર્થિક મોરચે કટોકટી પ્રવર્તતી હોય ત્યારે ગાદીનું કામ કરે છે જે આર્થિક આંચકાઓ પચાવવાની શક્તિ આપે છે.
- ✓ આટલું ફોરેક્સ રિઝર્વ દેશની એક વર્ષની આયાત જરૂરિયાત પૂરી કરવા પૂરતું છે.
- ✓ આના કારણે ડોલર સામે રૂપિયાને મજબૂત કરવામાં પણ સહાય મળી રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય : ગુજરાત સરકાર (આરોગ્ય) રાજયમાં પ્રથમવાર કોરોનાની શરીર પર થતી અસર જાણવો માટે મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરાશે



- ✓ રાજકોટમાં મેડિકલ ફોરેન્સિક વિભાગમાં ૨૦ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાશે : ખાસ પોસ્ટમોર્ટમ રૂમ તૈયાર
- ✓ અગાઉ એકમાત્ર ભોપાલ એઈમ્સમાં જ કોરોનાના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાતુ હતુ

કયા વય જૂથના મૃતદેહો પર રિસર્ચ કરાશે

- ✓ 20 મૃતદેહ પર રિસર્ચ કરાશે જેમાં 20 થી 30 વર્ષની વય, 30 થી 40, 40 થી 50 અને 50 થી વધુ વયના મૃતકના મૃતદેહ પર આ સંશોધન કરવામાં આવશે.
- ✓ પોસ્ટમોર્ટમ સવારના 7 વાગ્યા પછી જ થશે, મૃત્યુના 30 મિનિટમાં તેના મૃતદેહનું પીએમ કરાશે.

મગજ, હાર્ટ, આંખ, પેટ સહિતના ભાગમાંથી સેમ્પલ લેવાશે

- ✓ ભારતમાં અત્યાર સુધીમાં માત્ર ભોપાલ એઇમ્સ ખાતે મૃતદેહની પેથોલોજિકલ ઓટોપ્સી કરવામાં આવી હતી જેમાં માત્ર ફેફસાંના જ સેમ્પલ લેવામાં આવ્યા હતા, પરંતુ રાજકોટમાં થનારા રિસર્ચમાં કોરોનાથી મગજ, હાર્ટ, આંખ, પેશાબામાં અને પેટમાં તેમજ શરીરના અન્ય પાર્ટમાં કેવી અસર થાય છે તે જાણવા શરીરના અલગ અલગ અંગોમાંથી સેમ્પલ લઇ તેનું પૃથક્કરણ કરી સંશોધન કરવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. નિધન : કેરળના શંકરાચાર્ય સંત કેશવાનંદ ભારતીનું 79 વર્ષે નિધન

✓ વડા : ઇડનીર મઠ, કાસરગોડ



અન્ય પરિચય :

✓ તેમને બંધારણ બચાવનારા શખ્સ તરીકે યાદ કરાય છે, કેમ કે 47 વર્ષ પૂર્વે તેમણે મઠની સંપત્તિ મામલે કેરળ સરકાર વિરુદ્ધ સુપ્રીમકોર્ટમાં ઐતિહાસિક લડત આપી હતી.

✓ કેરળનો સુપ્રસિદ્ધ ઇડનીર શૈવ મઠ 1,200 વર્ષ પ્રાચીન છે. તેને આદિ શંકરાચાર્યની પીઠ પણ કહે છે.

✓ ગુરુના નિધન બાદ કેશવાનંદ માત્ર 20 વર્ષની ઉંમરે તેના વડા બન્યા હતા.

✓ અધ્યાત્મ ઉપરાંત નૃત્ય, કળા, સંગીત અને સમાજસેવામાં પણ આ મઠનું ઘણું યોગદાન છે.

✓ ભારતની નૃત્ય પરંપરાને પ્રોત્સાહન આપવા કાસરગોડ અને તેની આસપાસના વિસ્તારોમાં દાયકાઓથી ઇડનીર મઠની ઘણી સ્કૂલ-કોલેજ ચાલે છે.

કેશવાનંદ ભારતી કેસ :

સરકારે મઠની જમીન કબ્જે કરી તો સ્વામીએ નિર્ણય કોર્ટમાં પડકાર્યો

✓ મઠ વર્ષોથી ઘણા પ્રકારના વ્યવસાયોનું પણ સંચાલન કરે છે. 1970ના દાયકામાં કાસરગોડમાં આ મઠની હજારો એકર જમીન પણ હતી.

✓ આ એ જમાનો હતો કે જ્યારે ઇએમએસ નંબૂદરીપાદના નેતૃત્વ હેઠળ કેરળની તત્કાલીન ડાબેરી સરકાર જમીન સુધારા માટે પ્રયાસરત હતી.

✓ સમાજમાં આર્થિક અસમાનતા ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે રાજ્ય સરકારે ઘણા કાયદા ઘડીને જમીનદારો તથા મઠોની હજારો એકર જમીન સંપાદિત કરી લીધી.

✓ ઇડનીર મઠની સંપત્તિ પણ ઝપટમાં આવી. મઠની સેંકડો એકર જમીન સરકારની થઇ ચૂકી હતી.

✓ એવામાં મઠના યુવા વડા સ્વામી કેશવાનંદે સરકારના નિર્ણયને કોર્ટમાં પડકાર્યો. કેરળના અને કેન્દ્ર સરકારના જમીન સુધારા કાયદાઓને પણ પડકાર્યા.

માત્ર 1 મતના તફાવતથી કેસ જીત્યા

✓ કેરળ હાઇકોર્ટમાં સફળતા ન મળી તો બંધારણીય બાબતોના નિષ્ણાત વકીલ નાની પાલખીવાલા સાથે સલાહ-મસલત કરીને સુપ્રીમકોર્ટના દ્વાર ખટખટાવ્યા.

✓ ત્યાં સવાલ ઊઠ્યો કે શું દેશની સંસદને બંધારણીય સુધારા દ્વારા મૂળભૂત અધિકારો

સહિત અન્ય કોઇ પણ ભાગમાં અમર્યાદિત સુધારાનો અધિકાર છે?

- ✓ અગાઉના ગોલકનાથ કેસમાં બનેલી 11 જજની બંધારણ બેન્ચથી પણ મોટી બેન્ચ બનાવવાનું નક્કી થયું.
- ✓ 68 દિવસ લાંબી સુનાવણી બાદ 703 પેજના ચુકાદામાં માત્ર 1 વોટના તફાવતથી સુપ્રીમકોર્ટે સ્વામી કેશવાનંદની તરફેણમાં ચુકાદો આપ્યો.
- ✓ આ કેસના કારણે એક મહત્વપૂર્ણ બંધારણીય સિદ્ધાંત આવ્યો, જેણે સંસદની સુધારા કરવાની શક્તિ મર્યાદિત કરી દીધી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. અનોખી પહેલ : આજે તા. ૭મી સપ્ટેમ્બરના રોજ વિશ્વમાં પ્રથમ વાર મનાવાશે 'ઈન્ટરનેશનલ ક્લીન એર ડે ફોર બ્લ્યૂ સ્કાય' (પર્યાવરણ)

- ✓ UN દ્વારા જાહેરાત કરાઈ



વિશેષતા :

- ✓ કોરોનામાં દુનિયાના તમામ દેશોએ વર્ષો પછી તદ્દન સ્વચ્છ અને વાદળી આકાશ જોયું હતું.
- ✓ લૉકડાઉનના પ્રારંભિક દિવસોમાં પંજાબ અને ઉત્તર પ્રદેશનાં મકાનોના ધાબા પરથી હિમાલયના શિખરો દેખાવા લાગ્યા હતા. સડકો પર વાહનોનું પરિવહન અને ઔદ્યોગિક ગતિવિધિઓ ઘટવાને કારણે આમ થયું હતું.
- ✓ દુનિયાના તમામ દેશોમાં કારોના બદલે લોકોએ સાઈકલ ચલાવાનું શરૂ કર્યું છે. તેના અંગે યુનાઈટેડ નેશન્સ(યુએન)એ પ્રથમ વખત 7 સપ્ટેમ્બરને 'ઈન્ટરનેશનલ ક્લીન એર ડે ફોર બ્લ્યૂ સ્કાય' તરીકે મનાવવાની જાહેરાત કરી છે.

ભારત માટે વધુ મહત્વ :

ભારતમાં સૌથી વધુ વાયુ પ્રદૂષણ

- ✓ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરસ આ વિશેષ દિવસે એક વીડિયો સંદેશમાં વાયુ પ્રદુષણ રોકવા માટે પર્યાવરણ ધોરણો, નીતિઓ અને કાયદાઓ લાગુ કરવા, અશ્મિભૂત ઇંધણ પર સબસિડી સમાપ્ત કરવા, ક્લીન એનર્જી માટે ઈન્ટરનેશનલ સહયોગ અને વિકાસશીલ દેશોને અશ્મિભૂત ઇંધણ આધારિત પ્રોજેક્ટોને ક્લીન એનર્જીમાં બદલવા પર ભાર મુકવાનો આગ્રહ કરશે.
- ✓ 'ક્લીન એર ડેનું મહત્ત્વ ભારત માટે સૌથી વધુ છે.

- ✓ ભારત વાયુ પ્રદૂષણથી સૌથી વધુ પ્રભાવિત દેશ છે.
- ✓ આંકડા મુજબ દેશમાં આજે 90 કરોડ ટન કોલસો, 40 કરોડ ટન બાયોમાસ, 20 કરોડ ટન તેલ અને 5 કરોડ ટન ગેસની ઊર્જાનો વપરાશ છે.
- ✓ આજે 80-85% ઊર્જા કોલસા અને બાયોમાસથી મળે છે.

પ્રદૂષિત હવામાં વિશ્વની સ્થિતિ

- ✓ દુનિયાની 92% વસતી પ્રદૂષિત હવામાં શ્વાસ લે છે. જેના કારણે 70 લાખ લોકો સમયથી પહેલા મરી જાય છે.
- ✓ ખુલ્લામાં પ્રદૂષણથી દુનિયામાં લોકોનાં આરોગ્યને જેટલું નુકસાન થાય છે, યુનાઈટેડ નેશન્સ અનુસાર તે ગ્લોબલ જીડીપીના 4.8% (570 અબજ અમેરિકન ડોલર) જેટલું છે.
- ✓ ઓઝોનના પ્રદૂષણની અસર પાક પર પડે છે. સોયાબીનના પાકની પેદાવારમાં ઓઝોન પ્રદૂષણને કારણે 15% સુધીનો ઘટાડો થાય છે.
- ✓ પ્રદૂષણને કારણે ક્લાઈમેટ ચેન્જની ગતિ તેજ થઈ છે. હવામાનની એક્સ્ટ્રીમ ઈવેન્ટ (જેમકે કોઈ એક સ્થળે વધુ વરસાદ, મોટા વિસ્તારોમાં વારંવાર દુષ્કાળ, પૂર) વધી ગયા છે.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ: એન્ટોનિયો ગુટેરસ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. 5G વિશે (સંચાર ટેકનોલોજી)

5G એટલે ક્વોલિટી, કનેક્ટિવિટી, સ્પીડની દુનિયાનો સમન્વય



5th જનરેશન (5-G)

- ✓ ફોનના આ બદલતા રંગ રૂપની સાથે એની જનરેશન પણ જોડાયેલી હોય છે જે ૧ થી ૪ નો સફર પૂરો કરી ચુકી છે અને હવે 5-G તરફ વધી રહી છે.
- ✓ આ આવનારી 5-G શું છે, આમાં વપરાયેલી ટેક્નોલોજી શું છે અને અત્યારની ઈન્ડસ્ટ્રીઝમાં બદલાવ લાવી શકશે.
- ✓ દર ૧૦ વર્ષમાં મોબાઈલ ટેકનોલોજીમાં એક જનરેશનનો વધારો થાય છે.
- ✓ જેમકે ફર્સ્ટ જનરેશન (૧ જી) ૧૯૮૦માં, સેકન્ડ જનરેશન (૨જી) ૧૯૯૦માં, થર્ડ જનરેશન (3 જી) ૨૦૦૦માં, ફોર્થ જનરેશન(૪ જી) ૨૦૧૦માં, હવે ફિફથ જનરેશન (5-G).
- ✓ હવે દુનિયા આધુનિક અને સ્માર્ટ ટેકનોલોજીની તરફ વધી રહી છે 5-Gનું પૂલ ફોર્મ છે ફિફથ જનરેશન

- ✓ આ ફિફથ જનરેશન વાયરલેસ અથવા પજી, બોવેજ લેટેસ્ટ સેલ્યુલર ટેકનોલોજી છે. જેને ખાસ રીતે એન્જિનિયર્ડ કરવામાં આવ્યું છે.
- ✓ જેનાથી વાયરલેસ નેટવર્કની સ્પીડ અને પ્રતિભાવમાં વધારો કરી શકાય.
- ✓ 5-Gમાં ડેટાને વાયરલેસ બ્રોડબેન્ડ કનેક્શનના માધ્યમથી લગભગ ૨૦ gbpsથી પણ વધારે સ્પીડથી ટ્રાન્સમિટ થઈ શકે છે.

ટેકનોલોજીના ફાયદા

- ✓ 3 સેકંડમાં પૂર્ણ એચડી મૂવી ડાઉનલોડ કરી છે ?
- ✓ 5-G નેટવર્કથી આ ખૂબ ઝડપી બનશે
- ✓ 5-G ટ્રાફિક ક્ષમતા અને નેટવર્ક કાર્યક્ષમતામાં પ્રતિ સેકન્ડ ગતિ ૨૦ જીબી પહોંચાડવા માટે સક્ષમ છે
- ✓ એમએમ વેવ સાથે, જે કનેક્શનને નક્કી કરવા અને નેટવર્ક ટ્રાફિક ઘટાડવામાં મદદ કરે છે.
- ✓ 5-G નેટવર્ક આવી ગતિ આપશે, જે વાસ્તવિક સમયમાં વૃદ્ધિશીલતાની વાસ્તવિકતાનો અનુભવ કરી શકે છે.
- ✓ વાસ્તવિક્તા પર કામ કરતા હાર્ડવેરના વિકાસમાં પણ મદદ કરશે.
- ✓ આ ટેકનિક વર્ચ્યુઅલ રિયાલિટી, ઓટો ડ્રાઇવિંગ અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સનો પાયો બનશે.
- ✓ આ ફક્ત તમારા સ્માર્ટફોનનો ઉપયોગ કરવાનો અનુભવ સુધારશે નહીં પણ તબીબી માળખાગત સુવિધાઓ અને ઉત્પાદનના વિકાસમાં મદદ કરશે.

ટેકનોલોજીની વિશેષતાઓ :

- ✓ up to 10 gbps data rate હશે. એની સાથે 10 to 100Xની rateમાં નેટવર્ક અપડેટ થશે.
- ✓ બેન્ડવિથ હાઈસ્પીડ પર કામ કરશે
- ✓ ૧૦૦ ટકા કવરેજ પ્રદાન કરે છે. નેટવર્ક જવાનો કોઈ પ્રશ્ન જ નથી.
- ✓ ૯૦ ટકા સુધી નેટવર્કને પહોંચતી ઊર્જા ઓછી કરશે છતાં સ્પીડ મળશે
- ✓ વીડિયો સ્ટ્રિમિંગ ઘટશે, એક ક્લિક પર વીડિયો પ્લે થશે
- ✓ વધારે Data volume per unit area હોય છે. વધારે સક્ષમતા વધારે ડિવાઈસની સાથે નેક્ટિવિટી
- ✓ બેટરી ઓછી હશે તો પણ કામ કરશે.
- ✓ વધારે ડિવાઈસ હશે તો પણ નેટવર્ક સ્લો નહીં થાય
- ✓ વાઈફાઈ ફ્રિકવન્સી સાથે સેટ થઈને ડિવાઈસને જોડાણ આપશે.
- ✓ વિદેશી ટેકનોલોજી ઘર આંગણે તૈયાર થશે.

૨૦૧૯માં દક્ષિણ કોરિયામાં ૫ જી નેટવર્ક શરૂ થયું

- ✓ એપ્રીલ ૨૦૧૯ના ગ્લોબલ મોબાઇલ સ્પલાઇર્સ એસોસીએશનના આંકડા અનુસાર વિશ્વના ૮૮ દેશોમાં ૨૨૪ ઓપરેટર્સ દ્વારા ૫ જી નેટકર્વનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું

- ✓ આ જ આંકડા નવેમ્બર ૨૦૧૮માં ૮૧ દેશોમાં ૧૯૨ ઓપરેટર્સનો હતો.
- ✓ ૫ જી નેટવર્ક શરૂ કરનાર વિશ્વનો પહેલો દેશ દક્ષિણ કોરીયા હતો, જેને એપ્રિલ ૨૦૧૯માં 5-G નેટવર્ક શરૂ કર્યું હતું
- ✓ સ્વીડિસ ટેલિકોમ કંપની એરિક્સને દાવો કર્યો હતો કે ૨૦૨૫ સુધીમાં વિશ્વમાં ૬૫ ટકા લોકો ૫ જી નેટવર્કનો ઉપયોગ કરશે
- ✓ જેથી એરિક્સન દ્વારા બ્રાઝિલમાં ૨૩૮.૩૦ મિલિયન ડોલરનું રોકાણ કરી ફિફથ જનરેશન ટેકનોલોજી માટે નવી લાઇન નાખવાની પણ વિચારણા કરાઈ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. હૈશેન વાવાઝોડુ : જાપાનના દક્ષિણ કાંઠે હૈશેન વાવાઝોડું ફૂંકાયું (કુદરત્તિ આપત્તી)

- ✓ ઝડપ : પ્રતિ કલાક 162 કિ.મી.



- ✓ સ્થાન ક્યુશુ ટાપુ (યાકુશિમા)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. સાઉદી અરબમાં વિશ્વની સૌથી મોટી કેમલ હૉસ્પિટલનો પ્રારંભ (પ્રાણી કલ્યાણ)



- ✓ સ્થળ : બરાઈદાહ (અલ કાસિમ)

વિગત :

- ✓ સાઉદી અરબના અલ કાસિમના બરાઈદાહમાં દુનિયાની સૌથી મોટી કેમલ હૉસ્પિટલ શરૂ થઈ છે.
- ✓ આશરે 70 હજાર ચો.મી.માં ફેલાયેલી ધ સલમાન વેટરનરી હોસ્પિટલ એટલી મોટી છે કે અહીં 4 હજારથી વધુ ઊંટોને સારવાર માટે એકસાથે રાખી શકાય છે.
- ✓ ઉપરાંત અહીં ઊંટોની ઊંચી જાતિની બ્રીડિંગ પણ કરાવાય છે.
- ✓ આ હોસ્પિટલમાં અલગ અલગ વિંગવાળા આઉટડોર, યંગ કેમલ યૂનિટ, એક્સ રે તથા અલ્ટ્રાસાઉન્ડ યુનિટ તથા સિટી સ્કેન ઉપરાંત વિશાળ સર્જિકલ ઓપરેશન થિયેટર છે.
- ✓ જ્યાં દુનિયાની સૌથી ટોપ લેવલની ટેક્નોલોજી અને મેડિકલ એક્સપર્ટ્સ હાજર છે.

વિશેષતાઓ :

- ✓ 70 હજાર ચો.મી.માં ફેલાયેલી છે આ હોસ્પિટલ
- ✓ 73.24 કરોડ રૂપિયા એટલે કે (10 મિલિયન ડોલર)ના ખર્ચે બની છે આ હોસ્પિટલ.
- ✓ 144 ઊંટનું એકસાથે ચેકઅપ કરી શકાય છે હોસ્પિટલના આઉટડોરમાં
- ✓ 4000 થી વધુ બીમાર ઊંટોને અહીં રાખી શકાય છે.
- ✓ 160 પ્રકારની બીમારીઓને ડિટેક્ટ કરી શકાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 6 સપ્ટેમ્બર

ગ્રામમાતા : અનુબેન ઠક્કર

જન્મ : 6 સપ્ટેમ્બર 1944

અવસાન : 18 ડિસેમ્બર 2001

- ✓ લગભગ અજાણ્યું નામ પણ કામ પાયાનું અને નક્કર કરનાર અનુબેન ઠક્કરનો આજે જન્મદિવસ.



- ✓ જન્મ કચ્છના અંજારમાં પણ ઉછેર થયો સાણંદમાં થયો.
- ✓ અનુબેન બચપણમાં વિવેકાનંદથી પ્રભાવિત થયા હતા.
- ✓ મુનિશ્રી સંતબાલજી અને મૌની મહારાજના પ્રભાવે તેઓને સમાજસેવાની પ્રેરણા આપી હતી.
- ✓ આઝાદી પછી રાજકારણમાં જોડાવાની અને શહેરોમાં વસવાની હોડ મચી હતી ત્યારે અનુબેને ૧૯૭૮મા સમાજ સેવા અર્થે વડોદરા જીલ્લાના વાઘોડિયા તાલુકાના ગોરજ ગામે ધૂણી ધખાવી.
- ✓ પહેલા તો તેમના શુભેચ્છકોએ ચેતવ્યા પણ ખરા પણ સામા પ્રવાહે તરવા જેવી સ્થિતિમાં તેમણે ગામડાઓમાં કામ શરુ કર્યું.
- ✓ પહેલા તો આશ્રમ સ્થાપી છોકરાઓને ભણાવવાનું શરુ કર્યું ગરીબ બાળકોને દત્તક લીધા શારદા મંદિર સંસ્થા દ્વારા બાળ મંદિર, પ્રાથમિક, માધ્યમિક અને ઘોડિયા ઘરો ચાલુ કર્યા ગ્રામીણ મહિલાઓને ભરત-ગુંથણ -સીવણની તાલીમ આપી સ્વાશ્રયનો ખ્યાલ આપ્યો.
- ✓ ૧૯૮૧મા આરોગ્ય મંદિર શરુ કરી ખુબ જ ઓછા દરે દર્દીઓની સારવાર શરુ કરાવી સાથે અન્નપૂર્ણા મંદિરમાં દર્દીઓના સગાઓને વિનામુલ્યે ભોજનની સુવિધા ઉભી કરી
- ✓ અમદાવાદ સિવાય ક્યાય કેન્સર હોસ્પિટલ ન હતી ત્યારે કૈલાશ કેન્સર હોસ્પિટલ ઉભી

કરી વાનપ્રસ્થ મંદિર દ્વારા ભજન-કીર્તન, સત્સંગ,ધ્યાન અને વાંચનની વ્યવસ્થા ઉભી કરી તો ગૌશાળા દ્વારા બાયોગેસ અને પશુપાલનની તાલીમ આપી

- ✓ આ સંસ્થાનો ઉદ્દેશ "અમને રોટલો ન આપશો ,પણ રોટલો કેમ કમાવવો તે બતાવો "સાર્થક કર્યું હતું.
- ✓ અનુબેનના સેવાયજ્ઞની અશોક ગોંધિયા (૧૯૯૬), જાનકીદેવી બજાજ એવોર્ડ અને મેવાડ ફાઉન્ડેશન દ્વારા કદર થઇ છે.
- ✓ ૧૮ ડિસે.૨૦૦૧ના રોજ આ ગ્રામમાતાનું અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૯-૨૦૨૦)

1. ઓગસ્ટ 2020ના અંતમાં આરબીઆઇના અહેવાલ મુજબ ભારતમાં ફોરેક્સ રિઝર્વ ડોલરની ઓલટાઇમ હાઇ સપાટીએ હતું - **541.431 બિલિયન ડોલર**
2. ફોરેક્સ રિઝર્વ એટલે શું - **વિદેશી હૂંડિયામણ અનામત ભંડોળ**
3. વર્ષ-1991માં ભારતનું ફોરેક્સ રિઝર્વ કેટલા ડોલર હતું- **5.8 બિલિયન ડોલર**
4. ભારતે સૌપ્રથમ કયા વર્ષમાં પોતાનું સોનું ગીરવે મુકવું પડ્યું હતું - **વર્ષ 1991**
5. ગુજરાતમાં સૌપ્રથમ કયા શહેરમાં કોરોના સંક્રમણનો ભોગ બનેલ લોકોના મૃતદેહોનું સંશોધનના હેતુથી પોસ્ટમોર્ટમ કરવામાં આવશે - **રાજકોટ**
6. ભારતમાં સૌપ્રથમ કોરોના સંક્રમિત લોકોના મૃતદેહોનું કઈ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું - **AIIMS, ભોપાલ**
7. સપ્ટેમ્બર 2020મા "કેરળના શંકરાચાર્ય" તરીકે ઓળખાતા કયા સંતનું 79 વર્ષે અવસાન થયું - **સંત કેશવાનંદ ભારતી**
8. સંત કેશવાનંદ ભારતી કયા મઠના વડા હતા - **ઇડનીર મઠ**
9. કેરળમાં સુપ્રસિદ્ધ ઈડનીર શૈવ મઠ કેટલા વર્ષ જૂનો છે - **1200**
10. કેશવાનંદ ભારતીએ 1200 વર્ષ જૂના ઇડનીર મઠની સંપત્તિને સરકારી સંપાદનથી બચાવવા કયા બંધારણીય સુધારાને સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો હતો - **29મા**
11. 1200 વર્ષ જૂના ઇડનીર મઠની સંપત્તિને સરકારી સંપાદનથી બચાવવા 29મા બંધારણીય સુધારાને સુપ્રિમ કોર્ટમાં પડકારી હતી તે કેટલા દિવસની લાબી સુનાવણી બાદ કેટલા મતથી તેમના તરફેણમાં ચુકાદો આવ્યો હતો - **68 દિવસ અને 01 મત**
12. ભારતમાં બંધારણને બચાવનાર તરીકે કોનું નામ ઓળખાય છે - **કેશવાનંદ ભારતી**
13. કેશવાનંદ ભારતી કેસ માટે સુપ્રીમ કોર્ટની કેટલા જજની બેન્ચ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો હતો - **13 જજ**
14. સૌપ્રથમ ક્યારે 'ઈન્ટરનેશનલ ક્લીન એર ડે ફોર બ્લ્યૂ સ્કાય' મનાવવામાં આવ્યો – **તા.૭મી સપ્ટેમ્બર-૨૦૨૦**
15. સૌપ્રથમ તા.૭મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ 'ઈન્ટરનેશનલ ક્લીન એર ડે ફોર બ્લ્યૂ સ્કાય' મનાવવાની કોના દ્વારા જાહેરાત કરાઈ હતી – **સંયુક્ત રાષ્ટ્રસંઘ**
16. સંયુક્ત રાષ્ટ્રસંઘના આંકડા મુજબ ખુલ્લામાં પ્રદૂષણથી દુનિયામાં લોકોનાં આરોગ્યને જેટલું નુકસાન થાય છે, તે ગ્લોબલ જીડીપીના કેટલા ટકા બરાબર થાય છે - **4.8% (570 અબજ અમેરિકન ડોલર)**
17. સંયુક્ત રાષ્ટ્રના વર્તમાન મહાસચિવ કોણ છે - **એન્ટોનિયો ગુટેરસ**
18. મોબાઈલ ટેકનોલોજીના ક્ષેત્રે 1-G એટલે કે ફર્સ્ટ જનરેશન કઈ સાલમાં આવી હતી – **વર્ષ-1980**
19. મોબાઈલ ટેકનોલોજીના ક્ષેત્રે 2-G એટલે કે સેકેન્ડ જનરેશન કઈ સાલમાં આવી હતી – **વર્ષ-1990**

20. મોબાઈલ ટેકનોલોજીના ક્ષેત્રે 3-G એટલે કે થર્ડ જનરેશન કઈ સાલમાં આવી હતી – **વર્ષ-2000**
21. મોબાઈલ ટેકનોલોજીના ક્ષેત્રે 4-G એટલે કે ફોર્થ જનરેશન કઈ સાલમાં આવી હતી – **વર્ષ-2010**
22. 5-G નેટવર્કથી કેટલા સમયમાં પૂર્ણ એચડી મૂવી ડાઉનલોડ કરી શકાશે – **૩ સેકેન્ડ**
23. 5-G ટ્રાફિક ક્ષમતા અને નેટવર્ક કાર્યક્ષમતામાં પ્રતિ સેકન્ડ ગતિ કેટલા જીબી પહોંચાડવા માટે સક્ષમ છે – 20 **GB**
24. વિશ્વમાં સૌપ્રથમ 5-G ટેકનોલોજી કયા દેશમાં શરૂ થઈ – **દક્ષિણ કોરિયા**
25. વિશ્વમાં સૌપ્રથમ દક્ષિણ કોરિયામાં કયા વર્ષે 5-G ટેકનોલોજી શરૂ થઈ – **વર્ષ-2019**
26. સપ્ટેમ્બર-2020માં જાપાનના દક્ષિણ કાંઠે કયુ વાવાઝોડું ફૂંકાયું હતુ - **હૈશેન**
27. સપ્ટેમ્બર-2020માં જાપાનના દક્ષિણ કાંઠે ક્યુશુ ટાપુ (યાકુશિમા) પર કેટલાની ઝડપે હૈશેન વાવાઝોડુ ફૂંકાયું હતુ - **પ્રતિ કલાક 162 કિ.મી.**
28. સપ્ટેમ્બર-2020માં કયા દેશમાં વિશ્વની સૌથી મોટી કેમલ હૉસ્પિટલનો પ્રારંભ થયો - **સાઉદી અરબ**
29. સપ્ટેમ્બર-2020માં સાઉદી અરબમાં કયા સ્થળે વિશ્વની સૌથી મોટી કેમલ હૉસ્પિટલનો પ્રારંભ થયો - **બરાઈદાહ (અલ કાસિમ)**
30. સાઉદી અરબમાં બનેલી વિશ્વની સૌથી મોટી કેમલ હૉસ્પિટલ પાછળ કેટલો ખર્ચ થયો છે – **૩.73.24 કરોડ (10 મિલિયન ડોલર)**
31. સમાજસેવિકા અનુબેન ઠક્કરનું હુલામણુ નામ જણાવો - **ગ્રામમાતા**
32. સમાજસેવિકા અનુબેન ઠક્કરનો જન્મ દિવસ જણાવો - **6 સપ્ટેમ્બર 1944**
33. અનુબેન ઠક્કરનો જન્મ કયાં થયો હતો તથા ઉછેર કયાં થયો હતો – **અંજાર (કચ્છ) તથા સાણંદ**
34. અનુબેન ઠક્કરનું કયા વર્ષે અશોક ગોંધિયા એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતુ – **1996**
35. અનુબેન ઠક્કરને સમાજસેવા બદલ કયા એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું છે - **જાનકીદેવી બજાજ એવોર્ડ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. સિદ્ધિ : DRDO દ્વારા નવી પેઢીના હાઈપરસોનિક વ્હિકલનું સફળ પરીક્ષણ (સંરક્ષણ-ટેકનોલોજી)

ખાસ:મિસાઈલને 7,000 કિ.મી. પ્રતિ કલાકનો વેગ આપતા સ્ક્રેમજેટ એન્જિન અને હાઈપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલનું નિર્માણ કરનારો ભારત વિશ્વનો ચોથો દેશ



- ✓ અવાજથી છ ગણી ગતિ(મેક સિક્સ)થી પ્રહાર કરતા મિસાઈલ નિર્માણનો માર્ગ મોકળો
- ✓ લક્ષ્યાંક : આગામી પાંચ વર્ષમાં હાઈપર સોનિક મિસાઈલનું નિર્માણ શરૂ કરાશે
- ✓ પરીક્ષણ સ્થળ : ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ટેસ્ટિંગ રેન્જ, વ્હિલર આઈલેન્ડ, બાલાસોર (ઓડિશા)



વિગત :

- ✓ ભારતે સ્ક્રેમજેટ એન્જિનમાંથી શક્તિ પ્રાપ્ત કરતા દેશમાં જ વિકસાવાયેલા હાઇપરસોનિક ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલનું સફળ પરીક્ષણ કર્યું.
- ✓ ૮મી સપ્ટેમ્બર સવારે ૧૧.૦૩ કલાકે ઓડિશાના બાલાસોરમાં આવેલા વ્હીલર આઇલેન્ડ પરની એપીજે અબ્દુલ કલામ ટેસ્ટિંગ રેન્જ ખાતેથી ડીઆરડીઓના વૈજ્ઞાનિકોએ અગ્નિ મિસાઇલ બૂસ્ટરનો ઉપયોગ કરી સ્ક્રેમજેટ એન્જિનમાંથી શક્તિ

પ્રાપ્ત કરતા દેશમાં જ વિકસાવાયેલા હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલનું સફળ પરીક્ષણ કર્યું હતું.

- ✓ આ પરીક્ષણ પાંચ મિનિટ ચાલ્યું હતું.
- ✓ આ સફળતા બાદ હવે ડીઆરડીઓના વૈજ્ઞાનિકો મેક સિક્સની ઝડપથી એટલે કે અવાજ કરતાં ૬ ગણી વધુ ઝડપથી પ્રવાસ કરતા મિસાઇલનું નિર્માણ કરી શકશે.
- ✓ આ સફળતાનો અર્થ એ છે કે ડીઆરડીઓ આગામી પાંચ વર્ષમાં સ્ક્રેમજેટ એન્જિન સાથેના હાઇપરસોનિક મિસાઇલનું નિર્માણ કરી શકશે.
- ✓ હાઇપરસોનિક મિસાઇલ સેકન્ડના બે કિલોમીટરની ઝડપથી પ્રવાસ કરે છે.
- ✓ હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલ કમ્બશન ચેમ્બર પ્રેશર, એર ઇનટેક, કન્ટ્રોલ ગાઇડ સહિતના તમામ માપદંડો પર ખરું ઊતર્યું હતું.

<u>સફળ પરીક્ષણનો ક્રમ</u>

<u>૮મી સપ્ટેમ્બર સવારે ૧૧:૦૩ કલાકે પાંચ મિનિટમાં રચાયો ઇતિહાસ</u>

- ✓ સવારે ૧૧:૦૩ કલાકે અગ્નિ મિસાઇલ બૂસ્ટર હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલને લઇ આકાશમાં ૩૦ કિમીની ઊંચાઇ પર પહોંચ્યું
- ✓ આ ઊંચાઇ પર અગ્નિ મિસાઇલનું બૂસ્ટર અને હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલ એકબીજાથી અલગ થયાં
- ✓ ત્યારબાદ વ્હિકલની એર-ઇનટેક સિસ્ટમ કાર્યરત થઇ હતી જેનાથી સ્ક્રેમજેટ એન્જિન સફળતાપૂર્વક શરૂ થયું હતું
- ✓ આ કમ્બશન ૨૦ સેકન્ડ કરતાં વધુ સમય જારી રહ્યું હતું અને હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલે મેક સિક્સની સ્પીડ હાંસલ કરી હતી

<u>હાઇપરસોનિક સ્પીડ મેક સિક્સ</u>

- ✓ અવાજ કરતાં ૬ ગણી ગતિએ પ્રવાસ
- ✓ સામાન્ય રીતે મેક ફાઇવને હાઇપરસોનિક સ્પીડ તરીકે સ્વીકારવામાં આવે છે
- ✓ મેક ફાઇવમાં દરિયાની સપાટી પર ૨૦ ડિગ્રી તાપમાનમાં ગતિ ૩૮૩૬.૩૫ માઇલ પ્રતિ કલાક હોય છે
- ✓ તાપમાન અને દરિયાની સપાટીથી ઊંચાઇ પ્રમાણે હાઇપરસોનિક સ્પીડની વ્યાખ્યામાં બદલાવ થાય છે
- ✓ ભારતના હાઇપરસોનિક ટેસ્ટ વ્હિકલે મેક સિક્સ એટલે કે બે કિમી પ્રતિ સેકન્ડ (૭૦૦૦ કિમી પ્રતિ કલાક)ની ઝડપ હાંસલ કરી હતી

<u>હાલમાં કયા દેશો પાસે હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલ</u>

1. અમેરિકા
2. રશિયા
3. ચીન
4. ભારત

- ✓ ધરતી પરના માનવીઓ પોતાની જરૂરિયાત કરતાં પર્યાવરણીય સંસાધન ૫૬ ટકા જેટલા વધારે વાપરી રહ્યાં છે. એ બંધ કરે તો પણ ધરતીનું નિકંદન નીકળતું અટકી શકે.
- ✓ ઘણા દેશો જંગલો સાફ કરીને ખેતી કરી રહ્યા છે. પરંતુ વન્યજીવો જ નહીં રહે તો પછી છેવટે ખેતી પણ નહીં થઈ શકે એ વાત જંગલો કાપનારા સમજી શકતા નથી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ભારતમાં ગ્રીન ઈન્વેસ્ટમેન્ટમાં વધારો (પર્યાવરણ)

વિગતવાર અહેવાલ :

- ✓ ભારતે પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે ધ્યાન આપવાની શરૂઆત કરી છે. ખાસ તો રિન્યુએબલ એનર્જી સેક્ટરનું કદ ભારતમાં સતત વધી રહ્યું છે.
- ✓ ભારતમાં ક્લાઈમેટ ચેન્જ પર કામ કરતી થિન્ક ટેન્ક ક્લાઈમેટ પોલિસી ઈનિશિયેટીવ (સીપીઆઈ) દ્વારા એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- ✓ રિપોર્ટ પ્રમાણે ભારતમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૮ દરમિયાન કુલ ૨૪૮ હજાર કરોડનું રોકાણ આવ્યું.
- ✓ શક્તિ સસ્ટેનેબલ એનર્જી ફાઉન્ડેશન અને સીપીઆઈ દ્વારા તૈયાર થયેલા રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૧૬માં ૧૧૧ હજાર કરોડ, જ્યારે વર્ષ ૨૦૧૭માં ૧૩૭ હજાર કરોડનું રોકાણ થયું.
- ✓ ભારતમાં છેલ્લા વર્ષોમાં જેને ગ્રીન ઈન્વેસ્ટમેન્ટ કહેવામાં આવે છે એ પ્રકારનું રોકાણ વધી રહ્યું છે.
- ✓ આ રિપોર્ટ તૈયાર થયો એ વર્ષો દરમિયાન ભારતના જીડીપીનો વિકાસ દર સરેરાશ

સવા સાત ટકા હતા, જ્યારે ગ્રીન ઇન્વેસ્ટમેન્ટમાં એ દરમિયાન સરેરાશ ૨૪ ટકા જેવી વૃદ્ધિ જોવા મળી હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 11 સપ્ટેમ્બર

(૧) દિગ્વિજય દિવસ

✓ **વિશેષતા :** તા. 11 સપ્ટેમ્બર-1893ના રોજ સ્વામી વિવેકાનંદે શિકાગો ધર્મ પરિષદને સંબોધી હતી.



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) USના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર 11મી સપ્ટેમ્બર-2001ના રોજ આતંકવાદી હુમલો



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 11 સપ્ટેમ્બર

ભૂદાન યાત્રી : વિનોબા ભાવેની 125મી જન્મજયંતિ



જન્મ : 11 સપ્ટેમ્બર 1895

અવસાન : 15 નવેમ્બર 1982

✓ આજે વિનોબા ભાવે, લાલા અમરનાથ અને મહંમદ કરીમ ચાગલાનો જન્મદિવસ છે. વિનોબા ભાવેનો જન્મ મહારાષ્ટ્રના ગગોદામાં ભક્તિભાવવાળા અને રાષ્ટ્રવાદી પરિવારમાં થયો હતો.

✓ 1916માં વિનોબાએ હિમાલયમાં તપ કરવાનું નક્કી કર્યું હતું પરંતુ બનારસમાં મહાત્મા ગાંધીના ક્રાંતિકારી ભાષણને સાંભળ્યા પછી હિમાલયમાં વિનોબ જવાનું માંડી વળ્યું હતું.

✓ 21 વર્ષની વયે અમદાવાદમાં પહેલીવાર ગાંધીજીને મળ્યાને આજીવન ગાંધીવાદી બની રહ્યા.

✓ ગાંધીજી તેમના માટે કહેતા કે, વિનોબા આશ્રમના દુર્લભ રત્નો પૈકી એક છે અને

તેઓ અહીં કશું મેળવવા નહિ પણ અર્પણ કરવા આવ્યા છે.

- ✓ સ્વરાજ્ય યાત્રી, પહેલા વ્યક્તિગત સત્યાગ્રહી (1940), રાષ્ટ્રીય અધ્યાપક, ગાંધીજીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી, ભૂદાનયાત્રી એમ અનેક રીતે ભાવેનું સ્મરણ થાય છે.
- ✓ વિનોબાએ 18 એપ્રિલ 1951 એ તેલંગાણાના પોચમપલ્લીથી ભૂમિહીનો માટે ભૂમિની માંગણી કરી તેમના પ્રસિદ્ધ ભૂદાન યજ્ઞનો પ્રારંભ ભાવે કર્યો.
- ✓ વિનોબા ગાંધીજીના હાર્ડકોર અનુયાયી છતાં 1975 માં ઇન્દિરા ગાંધી શાસનમાં નંખાયેલી કટોકટીને "અનુશાસન પર્વ તરીકે ઓળખાવી વિવાદમાં આવ્યા હતા.
- ✓ ગીતા પ્રવચનો અને સ્વરાજ્ય શાસ્ત્ર વિનોબાજીના જાણીતા ગ્રંથો છે.
- ✓ 15 નવે.1982 એ વિનોબાનું અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૯-૨૦૨૦)

1. સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગ કોના દ્વારા જાહેર કરવામાં આવે છે – **કેન્દ્રીય ઉદ્યોગ મંત્રાલય**
2. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રીય ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં કયુ રાજય સતત બીજા વર્ષે પ્રથમ નંબરે આવ્યું - **ગુજરાત**
3. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત સરકારે હેરિટેજ સંદર્ભે કઈ નવી પોલિસી જાહેર કરી - **નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦**
4. ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦નો સમયગાળો જણાવો – **૨૦૨૦થી પાંચ વર્ષ**
5. ગુજરાત સરકારની નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત ક્યા સમય પહેલાંના મહેલો, કિલ્લા, ઐતિહાસિક વિરાસતો-ઈમારતોમાં મૂળભૂત માળખા-સ્ટ્રક્ચરમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કર્યા વિના તેને હેરિટેજ રેસ્ટોરન્ટ, હેરિટેજ બેન્કવેટ હોલ ફેરવી તેની જાળવણી માટે રાજ્ય સરકાર પ્રોત્સાહનો આપશે – ૧લી **જાન્યુઆરી-૧૯૫૦**
6. ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦નો હેતુ જણાવો - **રાજ્યમાં આવેલા રાજમહેલો- ઐતિહાસિક ઈમારતો- કિલ્લા-સાંસ્કૃતિક વિરાસતોની જાળવણી થાય, ટૂરિઝમ વધે**
7. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦માં એક વર્ષ સુધી કઈ ડયૂટી માફીની જોગવાઈ છે - **ઇલેક્ટ્રિસિટી**
8. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત નવી હેરિટેજ હોટેલમાં કેટલા રૂપિયા સુધીનું રોકાણ હશે તો સરકાર દ્વારા ૨૦ ટકા સબસિડી યાને મહત્તમ રૂ. ૫ કરોડ સહાય અપાશે - **રૂ. ૨૫ કરોડ**
9. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત નવી હેરિટેજ હોટેલમાં રૂ. ૨૫ કરોડથી વધુ રોકાણમાં સરકાર દ્વારા મહત્તમ કેટલી સહાય અપાશે - **રૂ. ૧૦ કરોડ**
10. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત નવા હેરિટેજ મ્યુઝિયમ- બેન્કવેટ હોલ- રેસ્ટોરાં માટે તથા વર્તમાન રેસ્ટોરાંમાં રિનોવેશન- રિસ્ટોરેશન માટે સરકાર દ્વારા કેટલા રૂપિયા સુધીના રોકાણમાં ૧૫ ટકા લેખે સબસિડી યાને મહત્તમ રૂ. ૪૫ લાખ અપાશે - **રૂ. ૩ કરોડ**
11. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત નવા હેરિટેજ મ્યુઝિયમ- બેન્કવેટ હોલ- રેસ્ટોરાં માટે તથા વર્તમાન રેસ્ટોરાંમાં રિનોવેશન- રિસ્ટોરેશન માટે રૂ. ૩ કરોડથી વધુ રોકાણમાં સરકાર દ્વારા મહત્તમ કેટલી સહાય કરાશે - **રૂ. ૧ કરોડ**
12. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત કેટલા રૂમ સુધીના આવાસો હોમ સ્ટે પોલિસીનો લાભ લઈ શકશે તથા ટેક્સમાં રાહત મળશે - **૬**

13. ગુજરાત સરકારની હોમ સ્ટે પોલિસી કયા વર્ષ સુધીની હતી જે સપ્ટેમ્બર-૨૦૨૦માં લંબાવીને વધુ સ્પષ્ટ બનાવાઈ છે - **વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯**
14. વૈશ્વિક આર્થિક સ્વતંત્રતા રેન્કિંગ-૨૦૧૮માં ભારતે કયો ક્રમ મેળવ્યો – **૧૦૫મો ક્રમ**
15. વૈશ્વિક આર્થિક સ્વતંત્રતા રેન્કિંગ-૨૦૧૭માં ભારતે કયા ક્રમે હતુ – **૭૯મો ક્રમ**
16. વૈશ્વિક આર્થિક સ્વતંત્રતા રેન્કિંગ-૨૦૧૮માં વિશ્વભરના કુલ કેટલા દેશોનો સમાવેશ કરાયો હતો -**૧૬૨**
17. કયા સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ પર્વની ઉજવણી કરાશે - **તા. ૮ થી ૨૫ સપ્ટેમ્બર-૨૦૨૦**
18. કેન્દ્ર સરકાર દ્વારા સ્ટાર્ટઅપ રેન્કિંગ કેટલા એક્શન પોઇન્ટના આધારે આપવામાં આવે છે - **30**
19. કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં કેટલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ભાગ લીધો હતો- **22 અને 03**
20. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં બેસ્ટ પર્ફોમન્સ રાજ્ય-UT જણાવો - **ગુજરાત અને આંદામાન નિકોબાર**
21. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ટોપ પર્ફોમન્સ રાજ્ય-UT જણાવો - **કર્ણાટક અને કેરળ**
22. કેન્દ્ર સરકાર દ્વારા કયા વર્ષથી સ્ટાર્ટઅપ રેન્કિંગ ફ્રેમવર્ક શરૂ કરવામાં આવ્યું છે - **2018**
23. તાજેતરમાં કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા"લિવિંગ પ્લાનેટ રિપોર્ટ" જાહેર કરાયો છે- **વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ**
24. વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ લિવિંગ પ્લાનેટ રિપોર્ટ મુજબ 1970 થી 2016 સુધીના 46 પૃથ્વી ઉપરના કેટલા ટકા વન્ય જીવો નષ્ટ થયા છે - **68 %**
25. વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ લિવિંગ પ્લાનેટ રિપોર્ટ મુજબ માનવીઓ પોતાની જરૂરિયાત કરતા પર્યાવરણીય સંસાધનોનો કેટલા ટકા વધુ ઉપયોગ કરી રહ્યા છે - **56%**
26. લિવિંગ પ્લાનેટ અહેવાલ મુજબ વિશ્વમાં ઔદ્યોગિક ક્રાંતિથી લઈને આજ સુધીમાં તાજા પાણીના કેટલા ટકા જળાશયો નાશ પામ્યા છે - **85 %**
27. CPIના અહેવાલ મુજબ ભારતમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે 2016 થી 2018 દરમિયાન કુલ કેટલા હજાર કરોડનું રોકાણ આવ્યું છે - **રૂ. 248 હજાર કરોડ**
28. ભારતમાં ક્લાઈમેટ ચેન્જ ઉપર કામ કરતી થિન્ક ટેન્ક CPIનું વિસ્તૃત નામ જણાવો - **ક્લાઇમેટ પોલિસી ઇનિશિયેટીવ**
29. દિગ્વિજય દિવસ કયારે મનાવવામાં આવે છે – **૧૧ સપ્ટેમ્બર**
30. સ્વામી વિવેકાનંદ દ્વારા શિકાગો ધર્મ પરિષદને કયારે સંબોધી હતી - **૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩**
31. આતંકવાદીઓ દ્વારા અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર કયારે હુમલો કરાયો હતો – **તા.૧૧મી સપ્ટેમ્બર-૨૦૦૧**
32. ભૂદાન યાત્રી વિનોબા ભાવેનો જન્મ દિવસ જણાવો – **૧૧ સપ્ટેમ્બર-૧૮૯૫**
33. ૧૧ સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ ભૂદાન યાત્રી વિનોબા ભાવેની કેટલામી જન્મ જયંતિ ઉજવાઈ – **૧૨૫મી**
34. ભૂદાન યાત્રી વિનોબા ભાવેનો જન્મ ક્યાં થયો હતો - **મહારાષ્ટ્રના ગગોદામાં**
35. વિનોબા ભાવેએ કયા સ્થળેથી ભૂદાન યજ્ઞનો પ્રારંભ કર્યો હતો - **તેલંગાણાના પોચમપલ્લી**
36. વિનોબા ભાવેએ કયારે તેલંગાણાના પોચમપલ્લીથી ભૂમિહીનો માટે ભૂમિની માંગણી કરી ભૂદાન યજ્ઞનો પ્રારંભ કર્યો હતો - **18 એપ્રિલ 1951**
37. વિનોબા ભાવેના જાણીતા ગ્રંથોનો નામ જણાવો - **ગીતા પ્રવચનો અને સ્વરાજ્ય શાસ્ત્ર વિનોબાજી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. NSO : 'હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમ્શન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા અહેવાલ (ટેકનોલોજી)

અહેવાલની વિગત :

- ✓ હેતુ: ઘરમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટના ઉપયોગ વિષે સરવે
- ✓ ભારત સરકારની નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ દ્વારા રિપોર્ટ જાહેર.
- ✓ સમયગાળો : જુલાઇ 2017થી જૂન 2018.

ગુજરાતની સ્થિતિ :

- ✓ ગુજરાત સામાજિક-આર્થિક સમીક્ષા 2019-20 અનુસાર, રાજ્યમાં ઓક્ટોબર 2019 સુધીમાં 6.92 કરોડ સેલ્યુલર ધારકો જ્યારે 4.26 કરોડ ઇન્ટરનેટ ધારકો છે.

ભારતના ઘરોમાં કમ્પ્યુટરની સ્થિતિ

- ✓ દેશમાં 10.7 ટકા ઘરોમાં કમ્પ્યુટરની સુવિધા છે જેમાં ગ્રામ્યમાં 4.4 ટકા જ્યારે શહેરોમાં 23.4 ટકા છે.
- ✓ દેશના 23.8 ઘરોમાં ઇન્ટરનેટની સુવિધા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં 14.9 ટકા અને શહેરી વિસ્તારોમાં 42.0 ટકા છે.
- ✓ માત્ર 16.5 ટકાને કમ્પ્યુટરનો ઉપયોગ કરતાં આવડે છે જેમાં 20 ટકા પુરૂષો છે જ્યારે 12.8 ટકા મહિલાઓ છે.
- ✓ 20.1 ટકાને ઇન્ટરનેટનો ઉપયોગ કરતાં આવડે છે. 25 ટકા પુરૂષોને જ્યારે 14.9 ટકા મહિલાઓને.
- ✓ દિલ્હીમાં સૌથી વધારે 34.9 ટકા ઘરોમાં કમ્પ્યુટર અને 55.7 ટકા ઘરોમાં ઇન્ટરનેટની સુવિધા છે.
- ✓ સરવેના સમયે છેલ્લા 30 દિવસમાં ઇન્ટરનેટનો ઉપયોગ કર્યો હોય એવા 17.6 ટકા લોકો હતા.

કમ્પ્યુટરની સુવિધામાં ભારતના રાજ્યો

રાજ્ય	કમ્પ્યુટર	ઇન્ટરનેટ
દિલ્હી	34.9	55.7
કેરાલા	23.5	51.3
તમિલનાડુ	18.1	19.6
પંજાબ	16.2	46.4
ઉત્તરાખંડ	14.3	43.5
રાજસ્થાન	11.7	26.7
ગુજરાત	11.2	33.2

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.વૈશ્વિક સંબંધો : શાંતિ સમજૂતી

ઈઝરાયેલ સાથે વધુ એક અખાતી દેશ બહરીન શાંતિ સમજૂતી માટે સહમત



✓ જાહેરાત: 11મી સપ્ટેમ્બર 2001ના રોજ યુએસના ટ્વીન ટાવર ઉપર થયેલા હુમલાના 19મી વાર્ષિક તિથિ નિમિત્તે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત

✓ મધ્યસ્થી : યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

✓ ઈઝરાયેલના વડાપ્રધાન : બેન્જામિન નેતન્યાહૂ

✓ બહરીન : કિંગ હામિદ બિન ઈશા અલ ખલીફા

✓ અગાઉ ઈઝરાયેલ UAE સાથે શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. યુનિસેફ ઇન્ડિયા : બોલિવૂડ અભિનેતા આયુષ્યમાન ખુરાના યુનિસેફ ઇન્ડિયા સાથે સેલિબ્રિટી એડવોકેટ તરીકે જોડાયા



✓ ભૂમિકા : બાળકો પર થતી હિંસા વિશે લોક જાગૃતિ ફેલાવશે

✓ અભિયાન : 'રાઈટ્સ ફોર એવરી ચિલ્ડ્રન'

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. જન્મ દિન વિશેષ : 12 સપ્ટેમ્બર

ફિરોઝશાહ ગાંધી

જન્મ : 12 સપ્ટેમ્બર 1912

અવસાન : 8 સપ્ટેમ્બર 1960

✓ આજે ફિરોઝ ગાંધી અને બંગાળી નવલકથાકાર વિભૂતિભૂષણ બંદોપાધ્યાયનો જન્મદિવસ



- ✓ અંબાલાલ સાકરલાલ, સંગીતકાર જયકિશન, પરીક્ષિતલાલ મજમુદાર અને સુબ્રમણ્યમ સી. ભારતીની પુણ્યતિથિ.
- ✓ ફિરોઝ ગાંધીનો જન્મ મુંબઇમાં પારસી પરિવારમાં સૌથી નાના સંતાન તરીકે થયો હતો.
- ✓ પિતાના અવસાન પછી 1920માં અલ્હાબાદમાં સ્થાયી થયા હતા.
- ✓ દેશની આઝાદીના જંગમાં ફિરોઝ ગાંધીએ વાનર સેનાના (કિશોર સ્વતંત્રતા સૈનિક) તરીકે જોડાયા હતા.
- ✓ 1930માં સવિનય કાનૂનભંગ આંદોલન દરમિયાન અભ્યાસ છોડી તેમાં જોડાયા હતાં.
- ✓ પિકેટિંગ અને બીજી પ્રવૃત્તિઓ દ્વારા જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ ફિરોઝ ગાંધી ઉત્તર પ્રદેશમાં કિસાન આંદોલન સાથે પણ ગાઢ રીતે જોડાયેલા હતા.
- ✓ સ્વતંત્રતા આંદોલનના ગાળામાં નેશનલ હેરાલ્ડ અને નવજીવન જેવાં સામયિકો દ્વારા પત્રકારત્વ પણ ખેડ્યું હતું.
- ✓ મહાત્મા ગાંધીજીની દરમિયાનગીરીથી માર્ચ 1942માં ઇન્દિરા ગાંધી સાથે લગ્ન થયાં હતાં.
- ✓ 1942માં આ દંપતી હિંદ છોડો આંદોલનમાં જેલમાં પણ ગયું.
- ✓ 8 સપ્ટેમ્બર 1960ના રોજ ફિરોઝ ગાંધીનું અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતના ઘરોમાં કમ્પ્યુટર અને ઇન્ટરનેના વપરાશ અંગે" હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમશન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" અહેવાલ કોના દ્વારા રજૂ કરાયો - **NSO**
2. તાજેતરમાં "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમશન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે કયા સમયગાળા દરમિયાન કરાયો - **જુલાઈ 2017 થી જૂન 2018**
3. "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમશન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે મુજબ ભારતના કેટલા ટકા ઘરોમાં જ કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ છે - **10.7%**
4. "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમશન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે મુજબ ભારતના કેટલા ટકા ઘરોમાં જ ઇન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે - **23.8%**
5. "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમશન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે મુજબ ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ કમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે - **દિલ્હી**
6. "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમશન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે મુજબ ગુજરાતમાં કેટલા ટકા ઘરોમાં કમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે - **11.2% અને 33.2%**
7. ભારતમાં કોમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધામાં ગુજરાતનો ક્રમ જણાવો - **07**

8. ભારતમાં કોમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધામાં એકથી પાંચ રાજ્યોનો ક્રમ જણાવો - **દિલ્હી, કેરળ, તમિલનાડુ, પંજાબ અને ઉત્તરાખંડ**
9. ઈઝરાયેલ સાથે અખાતી દેશ UAE સાથે શાંતિ સમજૂતી કરાર બાદ અન્ય બીજા ક્યા દેશ સાથે શાંતિ કરાર થયો - **બહરીન**
10. કયા કાર્યક્રમ પ્રસંગે ઈઝરાયેલ સાથે વધુ એક અખાતી દેશ બહરીન સાથે શાંતિ સમજૂતી કરારની જાહેરાત થઈ - **11મી સપ્ટેમ્બર 2001ના રોજ યુએસના ટ્વીન ટાવર ઉપર થયેલા હુમલાના 19મી વાર્ષિક તિથિ નિમિત્તે**
11. ઈઝરાયેલ અને અખાતી દેશ બહરીન વચ્ચે શાંતિ સમજૂતી કરારની જાહેરાત કોના દ્વારા કરવામાં આવી - **યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ**
12. ઈઝરાયેલના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **બેન્જામિન નેતન્યાહૂ**
13. બહરીનના વર્તમાન કિંગનું નામ જણાવો - **હામિદ બિન ઈશા અલ ખલીફા**
14. સપ્ટેમ્બર-૨૦૨૦માં બોલિવૂડના ક્યા અભિનેતા યુનિસેફ ઇન્ડિયા સાથે સેલિબ્રિટી એડવોકેટ તરીકે જોડાયા - **આયુષ્યમાન ખુરાના**
15. તાજેતરમાં બોલિવૂડના અભિનેતા આયુષ્યમાન ખુરાના યુનિસેફ ઇન્ડિયા સાથે સેલિબ્રિટી એડવોકેટ તરીકે જોડાયા તેની કઈ ભૂમિકા-કામગીરી હશે - **બાળકો પર થતી હિંસા વિશે લોક જાગૃતિ ફેલાવશે**
16. અભિનેતા આયુષ્યમાન ખુરાના યુનિસેફ ઇન્ડિયાના કયા અભિયાન સાથે જાડાયા - **'રાઈટ્સ ફોર એવરી ચિલ્ડ્રન'**
17. ફિરોઝ ગાંધીનો જન્મ દિવસ જણાવો - **12 સપ્ટેમ્બર 1912**
18. બંગાળી નવલકથાકાર વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની જન્મ તારીખ જણાવો - **12 સપ્ટેમ્બ**
19. ફિરોઝ ગાંધીએ સ્વતંત્રતા આંદોલનના ગાળામાં કયા સામયિકો દ્વારા પત્રકારત્વ ક્ષેત્રે ખેડાણ કર્યું હતું - **નેશનલ હેરાલ્ડ અને નવજીવન**
20. વર્ષ-1924માં ફિરોઝ ગાંધીના લગ્ન કોની સાથે થયા હતા - **ઇન્દિરા ગાંધી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. આયુષ મંત્રાલય: કોરોનાથી સાજા થયેલા દરદીઓ માટે પ્રથમવાર નવી ગાઈડલાઈન જાહેર (આરોગ્ય)

વ્યક્તિગત સ્તરે

- ✓ માસ્ક, સેનિટાઇઝર, સોશિયલ ડિસ્ટન્સ
- ✓ પૂરતા પ્રમાણમાં ગરમ પાણી પીવું
- ✓ તંદુરસ્તી સારી હોય તો ઘરનું કામ કરી શકાય
- ✓ પ્રોફેશનલ વર્ક તબક્કાવાર શરૂ કરવું
- ✓ યોગાસન, પ્રાણાયમ અને મેડિટેશન જેવી મધ્યમ કસરત કરવી
- ✓ ફિઝિશિયન દ્વારા સૂચિત શ્વાસની કસરત કરવી
- ✓ શરીર સાથ આપે તે રીતે સવારે અને સાંજે ચાલવું
- ✓ તાજો અને સુપાચ્ય ખોરાક લેવો
- ✓ ધૂમ્રપાન અને શરાબ સેવન અવગણવું
- ✓ ડોક્ટર દ્વારા સૂચવાયેલી દવાઓનું નિયમિત સેવન
- ✓ ઘેર જ બ્લડપ્રેશર, ટેમ્પરેચર, બ્લડશુગર માપતા રહેવું.
- ✓ ખાંસી અને ગળામાં ખારાશ હોય તો મીઠાનાં પાણીના કોગળા કરતાં રહેવું, નાસ લેવો
- ✓ ડોક્ટર દ્વારા સૂચિત ખાંસીની દવા લેવી
- ✓ તાવ, શ્વાસ લેવામાં તકલીફ, ઓક્સિજન લેવલમાં ઘટાડો, છાતીમાં દુખાવો, થાક જેવાં લક્ષણો અવગણવા નહીં

આયુષ મેડિસિન

- ✓ દિવસમાં એકવાર એક કપ આયુષ કવાથ પીવો
- ✓ દિવસમાં બે વાર ૫૦૦ એમજી સમશમણીવટીનું સેવન
- ✓ ૧૫ દિવસ સુધી ૧-૩ ગ્રામ ગિલોય પાઉડર ગરમ પાણી સાથે
- ✓ ૧૫ દિવસ સુધી બે વાર ૫૦૦ એમજી અશ્વગંધાનું સેવન
- ✓ દિવસમાં એકવાર આમળુ ખાવું અથવા ૧-૩ ગ્રામ આમળા પાઉડર ખાવો
- ✓ સૂકી ખાંસી હોય તો દિવસમાં બે વાર ગરમ પાણી સાથે ૧-૩ મુલેઠી પાઉડર

- ✓ સવાર - સાંજ અડધી ટીસ્પૂન હળદર સાથે ગરમ દૂધ
- ✓ હળદર અને મીઠાના પાણીના કોગળા કરવા
- ✓ રોજ ૧ ચમચી ચ્યવનપ્રાશનું સેવન કરવું.

સામુદાયિક સ્તરે

- ✓ સાજા થયેલા દર્દીએ સકારાત્મક અનુભવ શેર કરી ખોટી માન્યતાઓ દૂર કરવી.
- ✓ રિકવરી અને પુનર્વસન માટે સેલ્ફહેલ્પ ગ્રુપ-સિવિલ સોસાયટી સંગઠનો અને પ્રોફેશનલ્સની મદદ લેવી.
- ✓ આરોગ્ય કર્મચારીઓ અને કાઉન્સેલર પાસેથી સાઇકો સોશિયલ સહાય મેળવવી.
- ✓ યોગ, મેડિટેશનના ગ્રુપ સેશનમાં જોડાવું

આરોગ્યની કાળજી

- ✓ ડિસ્ચાર્જ થયાના પ્રથમ સાત દિવસમાં હોસ્પિટલમાં જઇ ચેક અપ કરાવવું.
- ✓ નજીકના એલોપથી-આયુર્વેદિક ડોક્ટર પાસે ફોલોઅપ ટ્રીટમેન્ટ લેવી
- ✓ હોમ આઇસોલેશનમાં રહેલા દર્દીઓએ પોસ્ટ કોવિડ લક્ષણો જણાય તો નજીકની હોસ્પિટલમાં જવું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. GPS : ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (નેવિગેશન ટેકનોલોજી)

નેવિગેશન અને GPSની ભૂમિકા

- ✓ નેવિગેશન ડાયરેકશન આપે છે જ્યારે GPS જે તે ડેસ્ટિનેશનનું ચોક્કસ લોકેશન બતાવે છે.



GPS શું છે

- ✓ GPS ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ : એક ઉપગ્રહ આધારિત નેવિગેશન પ્રણાલી છે જેનો ઉપીયોગ કોઈ પણ વસ્તુ કે જગ્યાને શોધવા માટે થાય છે
- ✓ પોઝિશન અને ડેસ્ટિનેશન અનિવાર્ય છે અન્યથા તે કોઈ રૂટ શોધવામાં મુંઝવણ અનુભવશે એ ઓછામાં ઓછા ૨૪ ઉપગ્રહોથી બનેલું છે.
- ✓ ગમે તેવા મૌસમમાં ૨૪ કલાક કામ કરી શકે છે.
- ✓ GPS ટેકનિકનો પેલીઅર ઉપયોગ ૧૯૬૦ના દાયકામાં સંયુક્ત રાજ્ય અમેરિકાની સેના દ્વારા સૌથી પહેલાં કરવામાં આવ્યો હતો જેમાં આજના જેવો લાઈવ મેપ ન હતો પણ સેટેલાઈટ ઈમેજથી છાવણીઓને ફોક્સ કરવામા આવી હતી
- ✓ વર્ષમાં ૧૯૮૦માં આ ટેક્નોલોજીનો ઉપયોગ નાગરિકો માટે કરવામાં આવ્યો ત્યારે આ એક ડિવાઈસ બેઝ હતું

- ✓ સ્માર્ટફોનની એપ કે સોફ્ટવેરથી હજાર ગણુ અલગ GISમાં ટેક્નિકનો સૌથી વધારે ઉપયોગ થાય છે
- ✓ આનો ઉપયોગ મોબાઈલ, હવાઈ જહાજ, રેલ, બસ અને ગાડીમાં થાય છે. હવે તો સાઇકલમાં પણ સેટ થાય એવા ડિવાઈસ આવે છે જે રૂટ બતાવે છે

GPS કેવી રીતે કામ કરે છે

- ✓ GPS સિસ્ટમમાં પૃથ્વીની સપાટીથી ૧૯,૩૦૦ કિ.મી. ઉપર અંતરિક્ષમાં મોકલેલા ઉપગ્રહોને સિગ્નલ મોકલે છે. તે દર કલાકે પૃથ્વીની એક પરિક્રમા કરે છે જે લગભગ કલાક દીઠ ૧૧,૨૦૦ કિ.મી.ની ખૂબ જ ઝડપથી ફરે છે.
- ✓ એટલે જે ઉપગ્રહ ભ્રમણ કરે છે એમાં આવા સિગ્નલ ફાયર થાય છે. જેમાં રેડિયો સિગ્નલ ડિટેક્શન કોડ હોય છે જે મેપિંગ કરી જે તે ડિવાઈસને રિબાઉન્સ કરે છે.
- ✓ એક એવી પણ ટેકનોલોજી આવી રહી છે જેના મેપિંગમાં તમે ચોક્કસ સ્થાનેથી એ વસ્તુના ફોટોગ્રાફ અપલોડ કરીને ટ્રેક કરી શકો છો.

ભારત પાસે પોતાની એક અનોખી સિસ્ટમ

- ✓ ભારતમાં પણ આ સિસ્ટમનો ઉપયોગ વધી રહ્યો છે.
- ✓ વૈશ્વિક પોઝિશનિંગ સિસ્ટમના આધારે ઇએમયુ આધારિત રેલવે પેસેન્જર ઇન્ફર્મેશન સિસ્ટમ શરૂ કરી રહી છે.
- ✓ પ્રથમ ઇએમયુ (બી-૨૬) ટ્રેન તામ્બરમ સ્ટેશનથી ચેન્નઈ બીચ સુધી દોડશે
- ✓ જેમાં ઈનકમિંગ ટ્રેનનું નામ, તે સ્ટેશન પર આગમનનો અંદાજિત સમય, જાહેર હિતના સંદેશા અને મુસાફરો સુરક્ષા સંદેશા પ્રદર્શિત થશે
- ✓ દરેક કોચમાં બે ડિસ્પ્લે પેનલ હોય છે તેમાં ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રકાશ ઉત્સર્જન ડાયોડ હોય છે જેથી કોચની અંદર મુસાફરો સરળતાથી વાંચી શકે
- ✓ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા અમદાવાદની સ્પેસ એપ્લિકેશન્સ લેબોરેટરીએ ડિસ્ટ્રેસ એલાર્મ ટ્રાન્સમિટર (DAT) નામનું એક નાનું ડિવાઇસ તૈયાર કર્યું છે.
- ✓ આ ઉપકરણ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ પર આધારિત એક ચેતવણી સિસ્ટમ છે. જેનો ઉપયોગ ચોમાસાના સમયમાં સિસ્ટમ જાણવા થાય છે.
- ✓ બેટરી સંચાલિત ડિવાઇસનો અનોખો આઈડી નંબર છે જે દર પાંચ મિનિટમાં પચીસ કલાકના અંતરે ચેતવણી મોકલે છે.
- ✓ આના માધ્યમથી બચાવ ટીમો કમ્પ્યૂટરની સ્ક્રીન પર સમુદ્રમાં નૌકાની સ્થિતિ જાણી શકે છે

GPS ઉપગ્રહ વિશે અન્ય કેટલાંક રસપ્રદ તથ્ય

- ✓ GPS માટે મોનિટરિંગ સિસ્ટમનું USDODનું નામ NAVSTAR છે.
- ✓ પહેલો GPS ઉપગ્રહ ૧૯૭૮માં લૉન્ચ કરવામાં આવ્યો હતો

- ✓ ૧૯૯૪મા ૨૪ ઉપગ્રહનો એક પૂર્ણ નક્ષત્ર મેળવવામાં આવ્યો હતો.
- ✓ પ્રત્યેક ઉપગ્રહનું નિર્માણ લગભગ 10 વર્ષ સુધી થાય છે. રિપ્લેસમેન્ટ સતત કક્ષામાં નિર્મિત અને લોન્ચ કરવામા આવે છે.
- ✓ એક GPSનો વજન લગભગ 2,000 પાઉન્ડ છે અને સૌર પેનલની સાથે તેનો વિસ્તાર ૧૭ ફિટ છે ડિવાઈસમાં એની પોર્ટેબિલિટી હોય છે.
- ✓ GPS ઉપગ્રહ સૌર ઊર્જાની સાથે સંચાલિત થાય છે, પરંતુ સૂર્યગ્રહણના મામલે એની પાસે બેકઅપ બેટરી ઓનબૉર્ડ હોય છે
- ✓ ટ્રાન્સમીટરની શક્તિ ૫૦ વોલ્ટ કે તેનાથી ઓછી હોય છે
- ✓ GPS સૌથી પહેલા ૧૯૯૬માં વાહનોમાં ઇન્સ્ટોલ કરાયું હતું
- ✓ GPSનો મિલિટરીમાં સૌથી પહેલો ઉપયોગ યુએ દ્વારા કરવામાં આવ્યો હતો.
- ✓ બીજા વિશ્વ યુદ્ધ સમયે ઉપયગમાં લેવામા આવેલી લોરેન અને ડેક્કા પદ્ધતિ પર જીપીએસ આધાર રાખે છે.

સામાન્ય રીતે GPSના પાંચ ઉપયોગ છે

- ✓ Location : સ્થિતિ નિર્ધાર
- ✓ Navigation : એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચવા
- ✓ Tracking : કોમોડિટી મોનિટરિંગ અથવા વ્યક્તિગત ચળવળ
- ✓ Mapping : વિશ્વ નો નકશો બનાવવા
- ✓ Timing : ચોક્કસ સમયનો ઉપાય કરે છે

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સ્વદેશી ભાભા કવચ : AK-47ની ગોળી પણ વીંધી ન શકે તેવું વૈશ્વિકકક્ષાનું સ્વદેશી બુલેટ પ્રૂફ જેકેટ – ભાભા કવચ તૈયાર (સંરક્ષણ)



વિગત :

- ✓ મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ (મિધાની) નામે ચાલતા આ એકમે તેના દ્વારા ઉત્પાદિત બુલેટપ્રૂફ જેકેટને ભાભા કવચ નામ આપ્યું.
- ✓ આ બુલેટપ્રૂફ જેકેટની મૂળ ટેટેકનોલોજી ભાભા એટમિક રિસર્ચ સેન્ટરે વિકસાવી હોવાથી મિધાનીએ તે જેકેટને ભાભા કવચ આપ્યું છે.

આર્મર વ્હિકલનું ઉત્પાદન :

- ✓ મિધાની કંપની સુરક્ષાદળો પડકારભર્યા સમયમાં ઉપયોગ કરી શકે તેવા આર્મર વ્હિકલનું પણ ઉત્પાદન કરે છે.
- ✓ આ વ્હિકલના ટાયરને ગોળીબાર કરીને નિશાન બનાવવામાં આવે તો પણ તે પછી ૧૦૦ કિ.મી.નું અંતર કાપવાની ક્ષમતા

ધરાવે છે. આવી ટાયર સિસ્ટમને રનફ્લેટ ટાયર સિસ્ટમ કહેવામાં આવે છે.

- ✓ વ્હિકલમાં શસ્ત્રો સાથે સાત સુરક્ષા જવાનો સફર કરી શકે તેમ છે.
- ✓ કંપની: મિશ્રધાતુ નિગમ લિમિટેડ, હૈદરાબાદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિધન : મનરેગા યોજનાના જન્મદાતા RJDના પૂર્વ કેન્દ્રીય કૃષિમંત્રી રઘુવંશ પ્રસાદનું નિધન



- ✓ મનરેગા મેન તરીકેની ઓળખ
- ✓ કાર્યક્ષેત્ર : પટના, બિહાર
- ✓ ઉપનામ : રઘુવંશ બાબુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના : ગુજરાત સરકાર (મહિલા સશક્તિકરણ)

- ✓ હેતુ : મહિલાઓને આત્મનિર્ભર બનાવવા
- ✓ લક્ષ્યાંક: એક લાખ મહિલા જૂથોને રૂ. ૧,૦૦૦ કરોડની વગર વ્યાજની લોન અપાશે



- ✓ ગુજરાતની મહિલા શક્તિને આત્મનિર્ભર–સ્વાવલંબી બનાવવા ગુજરાત સરકાર દ્વારા નવી યોજનાની જાહેરાત
- ✓ લાભાર્થી : મહિલા જૂથો
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ તા. ૧૭મી સપ્ટેમ્બરે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના લોન્ચ

મહિલા ઉત્કર્ષ યોજના વિશે :

- ✓ ૧૦ લાખથી વધુ માતા બહેનોને બેન્કો મારફત ધિરાણનો લાભ અપાશે
- ✓ ધિરાણનું તમામ વ્યાજ રાજ્ય સરકાર પોતે જ ભોગવશે
- ✓ ધિરાણ વખતે આપવી પડતી સ્ટેમ્પ ડ્યુટીમાં પણ માફી અપાશે
- ✓ યોજનામાં ૧૦ મહિલાઓના એક એવા એક લાખ જૂથ બનાવાશે
- ✓ ગ્રામીણમાં ૫૦ હજાર અને શહેરી ક્ષેત્રમાં ૫૦ હજાર મહિલા જૂથ બનાવાશે
- ✓ મહિલા ઉત્કર્ષ યોજનામાં વ્યાજ રાહત પેટે રૂ. ૧૭૫ કરોડની જોગવાઈ

- ✓ જૂથ રચવામાં સહાય થનારને રૂ. ૩૦૦નું પ્રોત્સાહન અપાશે
- ✓ સરકારી, સહકારી અને ખાનગી બેન્કો દ્વારા લોન અપાવાશે

અમલીકરણ એજન્સી :

- ✓ શહેરોમાં ગુજરાત અર્બન લાઇવલીહૂડ મિશન અને ગામડાંમાં ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની દ્વારા યોજનાનો અમલ થશે.
- ✓ યોજનામાં પ્રત્યેક મહિલા જૂથને સરકારી, સહકારી અને ખાનગી બેન્કો તથા ધિરાણ સંસ્થાઓ મારફત રૂ.૧ લાખની લોન અપાશે.
- ✓ રાજ્યમાં અત્યારે ગ્રામીણ વિસ્તારોમાં ૨.૫૧ લાખ અને શહેરી વિસ્તારોમાં ૨૩,૭૭૬ જેટલા સ્વસહાય જૂથ સખી મંડળો છે, જેમને ૨૦૧૯-૨૦માં રૂ.૪૨૮.૭૨ કરોડનું ધિરાણ અપાયેલું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. SFF : ચીન સરહદે દુર્ગમ પહાડો પર સરળતાથી ચઢી જતાં તિબેટી યોદ્ધા-SFF તહેનાત



- ✓ SFF : સ્પેશિયલ ફ્રન્ટિયર ફોર્સ
- ✓ SFF : ૧૯૭૧થી લઈ હાલના સંકટ સુધી બહાદુરી બતાવનારા તિબેટી યોદ્ધાઓની ગાથા

ભૂમિકા :

- ✓ લદાખમાં ભારતીય અને ચીનની સેનાઓ સામ-સામે છે.
- ✓ સેનાએ પેંગોંગ સરોવરના દક્ષિણ હિસ્સામાં 5 મુખ્ય શિખર હેલ્મટ, બ્લેક ટોપ, કેમલ્સ બેન્ક, ગુરુંગ શિખર તથા રેકિન લા પર સ્થિતિ મજબૂત કરી લીધી છે.
- ✓ આ નિર્ણાયક લીડમાં સ્થાનિક તિબેટિયન જવાનોની પણ મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.
- ✓ આ જવાનોમાં 53 વર્ષીય તેનજિન ન્યીમા પણ હતા જે પેંગોંગ સરોવર નજીક વિસ્ફોટક સુરંગમાં શહીદ થઇ ગયા.
- ✓ લદ્દાખમાં ચોગલામસર સ્થિત તિબેટિયન શરણાર્થી વસતીમાં રહેનારા ન્યીમા સ્પેશિયલ ફ્રન્ટિયર ફોર્સ (એસએફએફ)નો હિસ્સો હતા, જેને લદાખ, સિયાચિન અને કારગિલ જેવા ઊંચા સૈન્ય ક્ષેત્રોમાં લડવામાં વિશેષ મહારત હાંસલ છે.
- ✓ 1962ના ભારત-ચીન યુદ્ધ બાદ બનાવાયેલી આ બટાલિયનમાં આશરે 4000 તિબેટિયન શરણાર્થી હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ–"માણા પાસ" તૈયાર (સિવિલ ઈજનેરી)



વિશેષતા :

- ✓ ઉપરથી નીચે તરફ બનેલો ભારતનો પહેલો રોડ
- ✓ દુનિયાનો સૌથી ઊંચો મોટરેબલ રોડ માણા પાસ તૈયાર.
- ✓ ઉત્તરાખંડમાં ચીન સરહદ નજીક આ પાસ 18,192 ફૂટની ઊંચાઈએ છે.
- ✓ આ પાસથી માનસરોવર તથા કૈલાશ ખીણ જવાનો પણ મુખ્ય માર્ગ નીકળે છે.
- ✓ આ એકમાત્ર એવો રોડ છે જેને ઉપરથી નીચે સુધી બનાવાયો છે.
- ✓ પહેલાં હેલિકોપ્ટરથી ભારે રૉક કટિંગ મશીનો ઉપર પાસ પર પહોંચાડાયા અને ત્યાંથી રોડ નિર્માણ કરતા કરતા નીચે ૬૪ કિ.મી દૂર માણા ગામ સુધી લવાયા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ખેલકૂદ : US ઓપન-૨૦૨૦



- ✓ રમત : ટેનિસ
- ✓ મહિલા સિંગલ્સ વિજેતા: નાઓમી ઓસાકા-જાપાન
- ✓ હરિફ : વિક્ટોરિયા અઝારેન્કા-બેલારૂસ
- ✓ નાઓમી બીજીવાર US ઓપન વિજેતા
- ✓ યજમાન : ન્યૂયોર્ક(US)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. ૧૬૦ વર્ષ બાદ લીપ યર અને અધિક માસનો સંયોગ (ખગોળ)

દર ૩૪ માસ બાદ અધિક માસ આવે



વિગતવાર માહિતી :

- ✓ ૧૭ સપ્ટેમ્બરના શ્રાદ્ધ પક્ષની સમાપ્તિ થશે
- ✓ શ્રાદ્ધ પક્ષ બાદ શારદિય નવરાત્રિનો પ્રારંભ થતો હોય છે. પરંતુ આ વખતે ૧૮ સપ્ટેમ્બર-શુક્રવારથી અધિક માસ છે જ્યારે તેના ૨૯ દિવસ બાદ ૧૭ ઓક્ટોબર-શનિવારથી, નવરાત્રિનો પ્રારંભ થશે.
- ✓ વર્ષ ૨૦૨૦માં આ વખતે લીપ યરનો પણ સમાવેશ થતો હતો.
- ✓ આમ, એક જ વર્ષમાં લીપ યર અને અધિક માસ આવતા હોય તેવું ૧૬૦ વર્ષ બાદ બનશે.

- ✓ અધિક આસો માસ હોય તેવું છેલ્લે વર્ષ ૨૦૦૧માં બન્યું હતું.
- ✓ હવે પછીનો અધિક આસો માસ વર્ષ ૨૦૩૯માં આવશે.
- ✓ અષાઢ સુદ એકાદશીથી દેવ ઉઠી એકાદશી સુધી ચાતુર્માસ કહેવામાં આવે છે.
- ✓ આ વર્ષે દેવશયની એકાદશીથી દેવઉઠી એકાદશી ૧૪૮ દિવસ પાંચ માસ સુધીની રહેતી હોવાથી આ વર્ષે ચાતુર્માસ નહીં પણ પંચમાસ કહેવાશે.
- ✓ સૂર્ય વર્ષ અને ચંદ્ર વર્ષ વચ્ચેનો તફાવત દૂર કરવા અધિક માસ આવતો હોય છે.
- ✓ આ સૌર વર્ષ ૩૬૫ દિવસ ૬ કલાક અને ૯ મિનિટનું હોય છે. આ ૬ કલાકના તફાવતને સમાવવા માટે દર ચોથું વર્ષ લીપ યર હોય છે.
- ✓ ચંદ્ર વર્ષનો સમય ૩૫૪ દિવસ ૮ કલાક ૪૮ મિનિટનો હોય છે.
- ✓ વર્ષના ૧૨ મહિનાના હિસાબે કારતકથી આસો સુધીના ૧૨ મહિનાના સરેરાશ ૨૯ દિવસ ૧૨ કલાક હોય છે અને તેથી ક્ષય તિથિનો જન્મ થાય છે.
- ✓ હવે વર્ષના ૧૧ દિવસના તફાવતને દૂર કરવા અધિક માસની રચના કરાઇ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં કોરોનાથી સાજા થયેલા દર્દીઓ માટે કયા મંત્રાલય દ્વારા પ્રથમવાર ગાઇડલાઇન જાહેર કરવામાં આવી છે - **આયુષ મંત્રાલય**
2. નેવિગેશન અને GPSનો તફાવત જણાવો - **નેવિગેશન ડાયરેક્શન આપે છે જ્યારે GPS જે તે ડેસ્ટિનેશન ચોક્કસ લોકેશન બતાવે છે**
3. પહેલો GPS ઉપગ્રહ કયા વર્ષે લોન્ચ કરવામાં આવ્યો હતો - **1978**
4. સામાન્ય રીતે GPSના મુખ્ય પાંચ ઉપયોગ જણાવો - **લોકેશન, નેવિગેશન, ટ્રેકિંગ, મેપિંગ અને ટાઈમિંગ**
5. તાજેતરમાં ભારતની કઈ સંસ્થા દ્વારા વૈશ્વિક કક્ષાનો સ્વદેશી બુલેટ પ્રુફ જેકેટ તૈયાર કરવાની જાહેરાત કરી છે - **મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ**
6. તાજેતરમાં મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ દ્વારા વૈશ્વિક કક્ષાનો સ્વદેશી બુલેટ પ્રુફ જેકેટ તૈયાર કરવાની જાહેરાત કરી છે તેનું નામ જણાવો - **ભાભા કવચ**
7. મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ કયાં આવેલી છે- **હૈદરાબાદ**
8. તાજેતરમાં "મનરેગા મેન" તરીકે ઓળખાતા કયા પૂર્વ કેન્દ્રીય મંત્રીનું અવસાન થયું છે - **રઘુવંશ પ્રસાદ**
9. તાજેતરમાં "મનરેગા મેન" તરીકે ઓળખાતા પૂર્વ કેન્દ્રીય મંત્રી રઘુવંશ પ્રસાદનું રાજ્ય અને પક્ષ જણાવો - **બિહાર અને RJD**
10. ગુજરાતમાં મહિલાઓને વધુ આત્મનિર્ભર બનાવવા માટે તાજેતરમાં કઈ નવી યોજના લોન્ચ કરવામાં આવી - **મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના**
11. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં કેટલા મહિલા જૂથોને કેટલા કરોડની વગર વ્યાજે લોન અપાશે - **1 લાખ અને રૂ.1,000 કરોડ**
12. તાજેતરમાં ગુજરાત સરકારે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" કયા દિવસે જાહેર કરી - **17 સપ્ટેમ્બર- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો જન્મદિવસ**
13. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં કયા કયા મહિલા જૂથોને લાભ અપાશે - **50 હજાર ગ્રામીણ તેમજ 50 હજાર શહેરી મહિલા જૂથ**

14. ગુજરાતમાં મહિલા જૂથ રચવામાં સહાય કરનારને કેટલા રૂપિયાનું પ્રોત્સાહન અપાશે - **રૂ.300/-**
15. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં લાભ લેવા એક જૂથમાં કેટલી મહિલાઓ હોવી જોઈએ - **10**
16. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં પ્રતિ મહિલા જૂથને કેટલી લોન આપવામાં આવશે- **રૂ. 1 લાખ**
17. ચીનની સરહદે દુર્ગમ પહાડો પર સરળતાથી ચડી શકતા તિબેટીયન યોદ્ધાઓની ફોર્સ કયા નામે ઓળખાય છે - **SFF**
18. SFFનું વિસ્તૃત નામ જણાવો- **સ્પેશિયલ ફ્રન્ટિયર ફોર્સ**
19. તાજેતરમાં કયા રાજ્યમાં વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ તૈયાર કરાયો છે - **ઉત્તરાખંડ**
20. તાજેતરમાં ભારતમાં વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ તૈયાર કરાયો છે તેનું નામ જણાવો - **માણા પાસ**
21. US ઓપન: 2020 મહિલા સિંગલ્સ વિજેતા અને દેશ - **નાઓમી ઓસાકા અને જાપાન**
22. US ઓપન: 2020 મહિલા સિંગલ્સમાં ઉપ વિજેતા અને દેશ - **વિક્ટોરિયા અઝારેન્કા અને બેલારુસ**
23. તાજેતરમાં કેટલા વર્ષ બાદ લિપ યર અને અધિક માસનો સંયોગ એક સાથે ઉભો થયો છે - **160 વર્ષ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.NSO : ડ્રોપ આઉટ રેશિયો (શિક્ષણ)

✓ સર્વેક્ષણનો સમયગાળો : જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮

✓ ભારતનો સરેરાશ ડ્રોપ આઉટ દર ૧૨.૬ ટકા

ભારતના રાજ્યો અને ડ્રોપ આઉટ રેશિયો :

રાજ્યનું નામ	ડ્રોપ આઉટ રેશિયો		
પશ્ચિમ બંગાળ	23.5 %	છત્તીસગઢ	11.5 %
ઓડિશા	21.2 %	જમ્મુ-કશ્મીર	11.3 %
આસામ	20.3 %	બિહાર	10.2 %
ગુજરાત	17.8 %	તેલંગણા	9.5 %
મહારાષ્ટ્ર	15.3 %	હરિયાણા	8.9 %
કેરળ	13.6 %	તામિલનાડું	8.5 %
ઝારખંડ	13.5 %	ઉત્તરપ્રદેશ	6.5 %
કર્ણાટક	13.3 %	દિલ્હી	6.3 %
આંધ્રપ્રદેશ	13.3 %	હિમાચલપ્રદેશ	5 %
મધ્યપ્રદેશ	13.2 %	પંજાબ	4 %
રાજસ્થાન	13.1 %	ઉત્તરાખંડ	3.4 %
		સરેરાશ	12.6 %

National Statistics Office

ગુજરાતની સ્થિતિ :

✓ ગુજરાતના ગ્રામીણ વિસ્તારનો ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૫ ટકા છે જ્યારે શહેરી વિસ્તારનો ૧૩.૮ ટકા છે.

✓ આમ શહેરી વિસ્તાર કરતાં ગ્રામીણ વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયાનું પ્રમાણ વધુ ૬.૭ ટકા છે.

કારણો :

✓ આપતાં શિક્ષણ નિષ્ણાતો જણાવે છે કે, ગ્રામ્ય વિસ્તારમાં ધોરણ.૮નો અભ્યાસ કર્યા પછી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભણવાનું છોડી દેતા હોય છે, તેમાં સૌથી મોટી સંખ્યા વિદ્યાર્થિનીઓની હોય છે.

✓ જેનું મૂળ કારણ ગ્રામ્ય વિસ્તારમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોનું પ્રમાણ ઘણું ઓછું છે. જેથી ગામડાના પરિવારો યુવતીઓને નજીકના શહેરની હાઈસ્કૂલમાં ભણવા માટે મોકલતા નથી.

- ✓ આ સિવાય બીજું કારણ આર્થિક પરિસ્થિતિનું હોય છે. આર્થિક રીતે નબળા પરિવારો દીકરીઓને ભણાવવાનું ટાળે છે.
- ✓ આ સિવાય ગ્રામ્ય વિસ્તારમાં નાની ઉંમરમાં લગ્ન થઈ જતાં હોવાથી યુવતીઓનો અભ્યાસ અટકી જાય છે.
- ✓ આમ આ પ્રકારના વિવિધ કારણોથી ગ્રામ્ય વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયાનું પ્રમાણ વધુ જોવા મળે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નીતિ : રિન્યુએબલ એનર્જી જનરેશન પાર્ક – ગુજરાત સરકાર (ઊર્જા)

પાર્ક માટેની નવી જોગવાઈઓ :

પ્રોજેક્ટ વિશે :

- ✓ ગુજરાતમાં વિન્ડ, સોલાર અને વિન્ડ સોલાર હાઈબ્રિડ પાર્ક બનાવવા માટે કંપનીઓ કે ડેવલપર્સને સરકારી પડતર જમીન અપાશે
- ✓ મહેસૂલ વિભાગ દ્વારા આ સંદર્ભમાં અગાઉ જારી કરાયેલી પોલીસીના ઠરાવમાં કેટલાક સુધારાઓ કરીને છૂટછાટો આપી છે.
- ✓ રિન્યુએબલ એનર્જી જનરેશન પાર્ક માટે જમીનની ભાડાપટ્ટાની મુદત્ત ૪૦ વર્ષ માટેની રહેશે.
- ✓ પાર્ક ડેવલપરે ૪૦ વર્ષ પછી જમીન સરકારને પરત કરવી પડશે.
- ✓ આ સંદર્ભમાં સુધાર ઠરાવ કરી કેટલીક શરતોને ઉમેરવામાં આવી છે.
- ✓ જે મુજબ પ્રથમ ૫ વર્ષ પાર્કના વિકાસ માટે અને ૩૫ વર્ષ રિન્યૂએબલ એનર્જીનું ઉત્પાદન કરવા માટે રહેશે.
- ✓ સરકારને વાર્ષિક હેક્ટર દીઠ ૧૫ હજાર લેખે ભાડું ચૂકવવાનું રહેશે.
- ✓ પાર્ક ડેવલપ કર્યા બાદ અન્ય પ્રોજેક્ટ ડેવલપરને જમીન પેટા ભાડેથી આપી શકાશે.
- ✓ જમીનનો કબ્જો મેળવ્યાના દિવસથી ભાડું શરૂ થઈ જશે.
- ✓ કબજા વખતે કલેક્ટર અને નોડેલ એજન્સી વચ્ચે ત્રિપક્ષી કરાર સમયે ડેવલપરે જમીનના ૧ વર્ષના ભાડે જેટલી રકમ અનામત સ્વરૂપે મૂકવાની રહેશે.
- ✓ વીજ ઉત્પાદન માટે પ્રોજેક્ટ ડેવલપરને જમીન પેટા ભાડેથી આપી શકશે.
- ✓ પાંચ વર્ષના અંતે ભાડાપટ્ટે ફાળવેલી જમીન પર પ્રોજેક્ટની ૧૦૦ ટકા ક્ષમતા ઉભી કરવાની રહેશે.
- ✓ ત્રણ વર્ષમાં ૫૦ ટકા વીજ ક્ષમતા સ્થાપી વીજ ઉત્પાદન અને પાંચ વર્ષમાં ૧૦૦ ટકા વીજ ક્ષમતા સ્થાપિત કરવાની રહેશે.
- ✓ પાર્ક ડેવલપરે વીજ ખરીદ-વેચાણ કરાર, ઈરાદાપત્રક અથવા નિર્ણય પત્ર યુટીલીટી સાથે સંલગ્ન સંસ્થાઓ જેવી કે SECI, NTPC,GUVNL વગેરે સાથે ૨૦થી ૨૫ વર્ષ માટે કર્યા હોઈ અને એમનું પ્રોજેક્ટનું સ્થાન નિશ્ચિત ન હોય તેની વિગતો અરજી વખતે જમાં કરવાની રહેશે.

✓ રિન્યુએબલ એનર્જી માટે સરકારી પડતર જમીન અપાશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ : US ઓપન ટેનિસ ટુર્નામેન્ટ-૨૦૨૦



મેન્સ સિંગલ્સ વિજેતા અને દેશ

✓ ડોમિનિક થિએમ : ઓસ્ટ્રિયા

✓ US ઓપન વિજેતા પ્રથમ ઓસ્ટ્રિયન ખેલાડી

✓ હરિફ : એલેકઝાન્ડર ઝેવરેવ-જર્મની

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિમણૂક : ABCના નવા અધ્યક્ષ તરીકે દેવેન્દ્ર દર્ડા



✓ લોકમત મીડિયા ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર દેવેન્દ્ર વિજય દર્ડા વર્ષ 2020-21 માટે ઓડિટ બૂરો ઑફ સર્ક્યુલેશન (એબીસી)ના અધ્યક્ષ ચૂંટાયા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. હાઈબ્રીડ વૉરફેર

ચીની કંપની ઝેનહુઆ ડેટા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી દ્વારા ભારત સહિત આખા વિશ્વની જાસુસી

✓ વિશ્વભરના અંદાજે ૨૪ લાખ નાગરિકો ઉપર વૉચ



હાઈબ્રીડ વૉરફેર એટલે શું ?

✓ યુદ્ધ સામ-સામા શસ્ત્રો ફેંકીને જ લડી શકાય એ યુગ પુરો થયો.

✓ હવેનો જમાનો ટેકનોલોજીકલ અને હાઈબ્રીડ વોરફેરનો છે.

✓ કોઈ વ્યક્તિની બધી માહિતી મેળવી તેનું બ્રેઇન વોશિંગ કરવું એ હાઈબ્રીડ વોરફેરનો એક પ્રકાર છે.

- ✓ તમે સતત કોઈ વ્યક્તિને જાણતા હો તો પછી તેના આધારે તેને ગમતી-નાગમતી વાત કરી શકો.
- ✓ તેના ગમા-અણગમા જાણી શકો.
- ✓ આ માહિતીના આધારે કોઈ વ્યક્તિની વિચારધારા પણ બદલી શકાય છે.
- ✓ એ મનોવૈજ્ઞાનિક પરિવર્તનની પ્રક્રીયા હાઇબ્રીડ વોરફેર તરીકે ઓળખાય છે.
- ✓ આ કંપનીના માલિક વાંગ શુઇફેંગ અગાઉ આઇબીએમમાં હતો.
- ✓ હવે પોતાની કંપની ચલાવે છે.
- ✓ તેનો દાવો છે કે એ હાઇબ્રીડ વોરફેરનો એક્સપર્ટ છે.
- ✓ રાજકીય પક્ષો મતદારોને પોતાની તરફેણમાં લાવવા આ પ્રકારની ગેમ રમતાં જ હોય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : 14 સપ્ટેમ્બર

રાષ્ટ્રીય હિન્દી ભાષા દિવસ



- ✓ 14 સપ્ટેમ્બર 1949ના રોજ બંધારણ સભાએ હિન્દીને અનુચ્છેદ 343 હેઠળ ભારતની સત્તાવાર ભાષા પસંદ કરી હતી.
- ✓ સૌપ્રથમ હિન્દી દિવસ 14 સપ્ટેમ્બર 1953ના રોજ ઉજવવામાં આવ્યો હતો.
- ✓ હિન્દી ભાષાને દેવનાગરી લિપિમાં લખવામાં આવે છે. બંધારણમાં કુલ 22 અનુસૂચિત ભાષાઓ છે.
- ✓ ભારતમાં સત્તાવાર રીતે હિન્દી તથા અંગ્રેજીને રાજકીય કાર્ય માટે ઉપયોગમાં લેવામાં આવે છે.
- ✓ ભારતના 70 ટકા લોકો હિન્દી લખી, વાંચી, બોલી અને સમજી શકે છે.
- ✓ હિન્દી ભાષા વિશ્વમાં સૌથી વધુ બોલાનારી ભાષાઓમાં ત્રીજા ક્રમાંકની ભાષા છે.
- ✓ 2011ની વસ્તી ગણતરી અનુસાર 43.63 ટકા ભારતીયો હિન્દી ભાષાનો ઉપયોગ માતૃભાષાના રૂપે કરે છે.
- ✓ હિંદી પ્રતિ લોકોને પ્રોત્સાહિત કરવા માટે હિન્દી દિવસના અવસરે પુરસ્કાર સમારોહ આયોજિત કરવામાં આવે છે. રાષ્ટ્રપતિ દ્વારા પસંદ કરાયેલા વ્યક્તિઓને "રાજભાષા કીર્તિ પુરસ્કાર" અને "રાજભાષા ગૌરવ પુરસ્કાર" પ્રદાન કરવામાં આવે છે.

રાજભાષા ગૌરવ પુરસ્કાર

- ✓ આ પુરસ્કાર ટેકનિકલ અથવા વિજ્ઞાન વિષય પર હિન્દી ભાષામાં લખનાર કોઈપણ ભારતીય નાગરિકને પ્રદાન કરવામાં આવે છે.
- ✓ આમાં પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કરનારને 2 લાખ રૂપિયા, દ્વિતીય પુરસ્કાર પ્રાપ્ત કરનારને 1 લાખ 50 હજાર રૂપિયા અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનારને 75 હજાર રૂપિયા આપવામાં આવે છે.
- ✓ ઉપરાંત 10 લોકોને પ્રોત્સાહિત પુરસ્કારના રૂપે 10,000 રૂપિયા આપવામાં આવે છે.

રાજભાષા કીર્તિ પુરસ્કાર

- ✓ આ પુરસ્કાર યોજના દ્વારા કુલ 39 પુરસ્કાર આપવામાં આવે છે.
- ✓ આ પુરસ્કાર કોઈ સમિતિ, વિભાગ, મંડળ વગેરે દ્વારા હિન્દીમાં કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યો બદલ પ્રદાન કરવામાં આવે છે.
- ✓ ભારતમાં હિન્દી ભાષા ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને છત્તીસગઢમાં મોટાપાયા પર બોલાય છે.
- ✓ ભારત સિવાય વિશ્વના કેટલાક દેશો જેવા કે પાકિસ્તાન, મોરિશિયસ, ત્રીનીદાદ અને સુરીનામમાં પણ હિન્દી ભાષા બોલાય છે.
- ✓ અંગ્રેજી અને ફિજીયન સાથે હિન્દી પણ ફિજીની રાષ્ટ્રીય ભાષા છે. ફિજીમાં "ફિજી હિન્દી" બોલાય છે.
- ✓ જન્મ દિવસ : હિન્દીના કવિ મુન્શી પ્રેમચંદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૯-૨૦૨૦)

1. NSO દ્વારા તાજેતરમાં જાહેર થયેલા સર્વેક્ષણ અનુસાર જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮ દરમિયાન ભારતનો સરેરાશ ડ્રોપ આઉટ દર કેટલા ટકા હતો - **૧૨.૬**
2. NSO દ્વારા તાજેતરમાં જાહેર થયેલા સર્વેક્ષણ અનુસાર જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮ દરમિયાન ગુજરાતના ગ્રામીણ તથા શહેરી વિસ્તારનો ડ્રોપ આઉટ રેશિયો કેટલા ટકા હતો – **અનુક્રમે ૨૦.૫ તથા ૧૩.૮ ટકા**
3. NSO દ્વારા તાજેતરમાં જાહેર થયેલા સર્વેક્ષણ અનુસાર જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮ દરમિયાન સૌથી વધુ કયા રાજ્યનો કેટલા ટકા ડ્રોપ આઉટ રેશિયો હતો – **પશ્ચિમ બંગાળ તથા ૨૩.૫ ટકા**
4. NSO દ્વારા તાજેતરમાં જાહેર થયેલા સર્વેક્ષણ અનુસાર જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮ દરમિયાન સૌથી ઓછો કયા રાજ્યનો કેટલા ટકા ડ્રોપ આઉટ રેશિયો હતો – **ઉત્તરાખંડ તથા ૩.૪ ટકા**
5. ગુજરાત સરકાર દ્વારા કયા પાર્ક બનાવવા માટે કંપનીઓ કે ડેવલપર્સને સરકારી પડતર જમીન આપવામાં આવે છે - **વિન્ડ, સોલાર અને વિન્ડ સોલાર હાઈબ્રિડ**
6. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા વિન્ડ, સોલાર અને વિન્ડ સોલાર હાઈબ્રિડ પાર્ક બનાવવા માટે કંપનીઓ કે ડેવલપર્સને સરકારી પડતર જમીન આપવામાં આવે છે – **મહેસૂલ વિભાગ**
7. ગુજરાત સરકાર દ્વારા કયા પાર્ક માટે જમીનની ભાડાપટ્ટાની મુદત્ત ૪૦ વર્ષ માટેની રાખવામાં આવી છે - **રિન્યુએબલ એનર્જી જનરેશન**

8. US ઓપન ટેનિસ ટુર્નામેન્ટ-૨૦૨૦ મેન્સ સિંગલ્સ વિજેતા ખેલાડી-દેશ જણાવો - **ડોમિનિક થિએમ તથા ઓસ્ટ્રિયા**
9. US ઓપન ટેનિસ ટુર્નામેન્ટ વિજેતા પ્રથમ ઓસ્ટ્રિયન ખેલાડીનું નામ જણાવો - **ડોમિનિક થિએમ**
10. સપ્ટેમ્બર-૨૦૨૦માં ABCના નવા અધ્યક્ષ તરીકે કોણ ચૂંટાઈ આવ્યુ - **દેવેન્દ્ર દર્ડા**
11. લોકમત મીડિયા ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર દેવેન્દ્ર વિજય દર્ડા કયા સમયગાળા માટે ABCના અધ્યક્ષ તરીકે ચૂંટાયા - **વર્ષ 2020-21**
12. ABCનું વિસ્તૃત નામ જણાવો - **ઓડિટ બૂરો ઑફ સર્ક્યુલેશન**
13. સપ્ટેમ્બર-૨૦૨૦માં કઈ ચીની કંપની દ્વારા ભારત સહિત આખા વિશ્વના અંદાજે ૨૪ લાખ નાગરિકોની જાસુસી કરવાની ઘટના પ્રકાશમાં આવી - **ઝેનહુઆ ડેટા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી**
14. હાઇબ્રીડ વૉરફેર કોને કહેવામાં આવે છે - **કોઈ વ્યક્તિની બધી માહિતી મેળવી તેનું બ્રેઇન વોશિંગ કરવું**
15. રાષ્ટ્રીય હિન્દી ભાષા દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **14 સપ્ટેમ્બર**
16. બંધારણ સભાએ કયારે હિન્દીને ભારતની સત્તાવાર ભાષા પસંદ કરી હતી - **14 સપ્ટેમ્બર 1949**
17. બંધારણ સભાએ કયા અનુચ્છેદ હેઠળ હિન્દીને ભારતની સત્તાવાર ભાષા પસંદ કરી હતી - **343**
18. સૌપ્રથમ હિન્દી દિવસ કયારે ઉજવવામાં આવ્યો હતો - **14 સપ્ટેમ્બર 1953**
19. હિન્દી ભાષાને કઈ લિપિમાં લખવામાં આવે છે - **દેવનાગરી**
20. બંધારણમાં કુલ અનુસૂચિત ભાષાઓ કેટલી છે - **22**
21. ભારતમાં અંદાજે કેટલા ટકા લોકો હિન્દી લખી, વાંચી, બોલી અને સમજી શકે છે - **70**
22. હિન્દી ભાષા વિશ્વમાં સૌથી વધુ બોલાનારી ભાષાઓમાં કેટલામાં ક્રમે આવે છે - **ત્રીજા ક્રમે**
23. 2011ની વસ્તી ગણતરી અનુસાર કેટલા ટકા ભારતીયો હિન્દી ભાષાનો ઉપયોગ માતૃભાષાના રૂપે કરતા હતા - **43.63**
24. હિંદી પ્રતિ લોકોને પ્રોત્સાહિત કરવા માટે હિન્દી દિવસના અવસરે રાષ્ટ્રપતિ દ્વારા કયા પુરસ્કાર આપવામાં આવે છે - **"રાજભાષા કીર્તિ પુરસ્કાર" અને "રાજભાષા ગૌરવ પુરસ્કાર"**
25. ભારત સિવાય વિશ્વના કયા દેશોમાં હિન્દી ભાષા બોલાય છે - **પાકિસ્તાન, મોરિશિયસ, ત્રીનીદાદ અને સુરીનામ**
26. અંગ્રેજી અને ફિજીયન સાથે હિન્દી પણ કયા દેશની રાષ્ટ્રીય ભાષા છે - **ફિજી**
27. હિન્દી સાહિત્યના જાણીતા સર્જક મુન્શી પ્રેમચંદનો જન્મ દિવસ જણાવો – **14 સપ્ટેમ્બર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. UN : UN કમિશન ઓન સ્ટેટસ ઓફ વુમનના સભ્ય તરીકે યોજાયેલી ચૂંટણીમાં ચીન સામે ભારતનો વિજય (વૈશ્વિક સંબંધો)



- ✓ **સમયગાળો** : ભારત ચાર વર્ષ સુધી યુનાઇટેડ નેશન્સ કમિશન ઓન સ્ટેટસ ઓફ વુમનનો સભ્ય રહેશે.
- ✓ સંસ્થા : ECOSOC

ચૂંટણીની પ્રક્રિયા :

- ✓ આયોગમાં આ બેઠક મેળવવા માટે ભારત, ચીન અને અફઘાનિસ્તાન વચ્ચે જંગ હતો.
- ✓ ભારત અને અફઘાનિસ્તાનને ૫૪ માંથી મહત્તમ સભ્યોનો ટેકો મળ્યો, જ્યારે ચીનને અડધા સભ્યોનું પણ સમર્થન ન મળ્યું. આ રીતે ચીનનો કારમો પરાજય થયો હતો
- ✓ ચીનના વલણ સામે આ આંતરરાષ્ટ્રીય સ્તરે તેનો વિરોધના સંકેત ગણવા પડે એમ છે.
- ✓ આ વર્ષે બેઇજિંગ વર્લ્ડ કોન્ફરન્સ ઓન વિમેનની ૨૫મી વર્ષગાંઠ છે. એ સમયે ભારત આ સંસ્થાના સભ્ય તરીકે ચૂંટાઇ આવે અને ચીનને હરાવીને સભ્ય બને એ ઘટના આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ નોંધવા લાયક બની રહી છે.
- ✓ ઉમેદવારી કરનાર દેશો : ભારત અફઘાનિસ્તાન અને ચીન
- ✓ UN : યુનાઇટેડ નેશન્સ
- ✓ વડુમથક : વોશિંગ્ટન DC (USA)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. મંજૂરી : રૂ. ૧૯ અબજના ખર્ચે ભાવનગરમાં વિશ્વના સૌપ્રથમ સીએનજી ટર્મિનલ સ્થાપવા ગુજરાત સરકારની મંજૂરી (ઊર્જા)



વિશેષતા : સીએનજી અને એલએનજી પોર્ટ ટર્મિનલ ધરાવતું ગુજરાત પ્રથમ રાજ્ય બનશે

- ✓ એલએનજી પોર્ટ ટર્મિનલ-હજીરા અને દહેજ
- ✓ સીએનજી - ભાવનગર (સૂચિત)

વિગત :

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૧૯ અબજના ખર્ચે ભાવનગરમાં CNG ટર્મિનલ સ્થાપવા ત્રણ કંપનીઓના કોન્સોર્ટિયમ સાથે થયેલા લેટર ઓફ ઈન્ટેન્ટ-LOIને મંજૂરી આપી છે.
- ✓ પોણા બે વર્ષ પહેલા વાઈબ્રન્ટ સમિટમાં થયેલા કરારને માન્યતા મળતા હવે ડિટેઈલ્સ પ્રોજેક્ટ રિપોર્ટ-DPR અને એન્વાર્યમેન્ટ ક્લિયરન્સની પ્રક્રિયા ૧૮ મહિનામાં પૂર્ણ થશે.
- ✓ ત્યારબાદ ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ થશે.

ટર્મિનલની ક્ષમતા :

- ✓ પ્રથમ તબક્કે રૂ.૧૩૦૦ કરોડના રોકાણથી પ્રતિવર્ષ ૧૫ લાખ ટન ક્ષમતાનું CNG ટર્મિનલ, ૪૫ લાખ ટન ક્ષમતાનું લિકવિડ કાર્ગો ટર્મિનલ-કન્ટેનર અને વ્હાઈટ કાર્ગો તેમજ રો-રો ટર્મિનલ પણ વિકસાવાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. બન્ની ઘાસિયા મેદાનો-કચ્છ (ભૂગોળ)

કચ્છમાં ચાલુ વર્ષે ૨૬૭ ટકા વરસાદ થવાથી બન્ની પુન: એશિયાના સૌથી મોટા ઘાસિયા મેદાન બનશે



વિગત :

- ✓ બન્ની એશિયાનું સૌથી મોટું અને શ્રેષ્ઠ ચરિયાણ પ્રદેશ
- ✓ ભુજ તાલુકાના ઉત્તરે આવેલા બન્ની વિસ્તારો પુનઃ એશિયાના સૌથી મોટા ઘાસિયા મેદાન બનાવવા તરફ પ્રગતિ કરી રહ્યું છે.
- ✓ બન્ની પ્રદેશમાં ૧૯ પંચાયતો, ૫૬ ગામડાઓ (વાંઢો)માં ૪૦,૦૦૦ માનવ વસ્તી, ૧,૫૦,૦૦૦ ગાય, ભેંસ, ઘેટા, બકરા, તેમજ અન્ય પશુધન છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. પુસ્તક : "ધ એન્ડ ઓફ એન એરા ઈન્ડિયા એક્ઝિટ્સ તિબેટ"



- ✓ લેખક : ક્લાઉડ અર્પી, ફ્રાન્સ
- ✓ પુસ્તકમાં દાવો : લદ્દાખમાં ચીન રસ્તો બાંધે છે એવી માહિતી છતાં વર્ષ-૧૯૫૭માં નહેરુ સરકાર નિષ્ક્રિય રહી હતી

વિગત :

- ✓ ભારતના એક લશ્કરી અધિકારી અને એક હવલદારે ૧૯૫૭ના આરંભમાં સ્થાનિક ભરવાડો સાથે મળી અક્સાઈ ચીન (જે હવે ચીનના તાબામાં છે)માં મિશન હાથ ધર્યું હતું, જેને લીધે પાકો પુરાવો મળી ગયો હતો કે ચીને ભારતીય વિસ્તારમાં એક ગેરકાયદે રોડ બાંધ્યો હતો.
- ✓ તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નહેરુ અને ત્યારના સંરક્ષણ મંત્રી વી. કે. કૃષ્ણમેનને રોડના ચોક્કસ લોકેશન વિશે શંકા દર્શાવતા કુમાઉ રેજિમેન્ટના લેફ. કર્નલ આર. એસ. બસેરા અને કોર્પસ ઓફ એન્જિનીયર્સના હવાલદાર દિવાનસિંહના સાહસિક પ્રયાસ એળે ગયા હતા.
- ✓ બંને ઘણું જોખમ લઈ અને હાડમારી વેઠી ગુપ્ત મિશન પાર પાડ્યું હતું.
- ✓ બે વરસે ભારત સરકારે સંસદમાં સ્વીકાર્યું હતું કે હકીકતમાં ચીને રોડ બાંધ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 15 સપ્ટેમ્બર એન્જિનિયર દિવસ



કોની યાદમાં :

- ✓ મહાન ભારતીય એન્જિનિયર ભારતરત્ન સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાની યાદમાં
- ✓ ભારતમાં દર વર્ષે 15 સપ્ટેમ્બરને વર્ષ 1968થી એન્જિનિયર દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ જન્મ-15 સપ્ટેમ્બર 1860 મૈસૂર (વર્તમાન કર્ણાટકના ચિક્કબલ્લાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ગામમાં)
- ✓ અવસાન- 14 એપ્રિલ 1962 બેંગ્લોર

કારકિર્દી :

- ✓ 1912 થી 1918 સુધી તેમણે મૈસુરના દીવાન તરીકે સેવાઓ આપી હતી.
- ✓ કૃષ્ણરાજ સાગરબંધ, ભદ્રાવતી આયર્ન એન્ડ સ્ટીલ વર્કસ, મૈસૂર સંદલ ઓઈલ

એન્ડ સોપ ફેક્ટરી, મૈસુર વિશ્વ વિદ્યાલય, બેંક ઓફ મૈસુર –આબધાનું નિર્માણ તેમનાં અથાગ પ્રયત્નોને કારણે જ શક્ય બન્યું છે.

- ✓ તેઓ લંડનની સિવિલ એન્જિનિયર સોસાયટીમાં માનદ સભ્ય હતા.
- ✓ બ્રિટિશ સરકારે તેમના યોગદાન બદલ તેમને KCIE (નાઈટ કમાન્ડર ઓફ ધ બ્રિટિશ ઇન્ડિયન એમ્પાયર)થી સન્માનિત કર્યા હતા.
- ✓ તેમનાં કામોને જોતા ઈ.સ. 1955માં તેમને સર્વોચ્ચ ભારતીય સમ્માન ભારતરત્નથી સમ્માનિત કરવામાં આવ્યાં.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ કમિશન ઑન સ્ટેટ્સ ઑફ વૂમનના સભ્યની ચૂંટણીમાં કયા દેશ વિજેતા થયા - **ભારત અને અફઘાનિસ્તાન**
2. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ કમિશન ઑન સ્ટેટ્સ ઑફ વૂમનના સભ્યની ચૂંટણીમાં કયા કયા દેશે ઉમેદવારી કરી હતી- **ભારત, અફઘાનિસ્તાન અને ચીન**
3. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ કમિશન ઑન સ્ટેટ્સ ઑફ વૂમનમાં ભારત કેટલા વર્ષ માટે સભ્ય તરીકે રહેશે - **4 વર્ષ**
4. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ કમિશન ઑન સ્ટેટ્સ ઑફ વૂમનના સભ્યની ચૂંટણીમાં કેટલા દેશોએ મતદાન કર્યું હતું - **54**
5. UNનું વડુ મથક ક્યાં આવેલું છે - **વોશિંગ્ટન ડી.સી (યુએસએ)**
6. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ક્યાં બંદર ઉપર વિશ્વના સૌપ્રથમ સીએનજી ટર્મિનલ સ્થાપવાની મંજૂરી અપાય છે - **ભાવનગર**
7. સીએનજી અને એલએનજી પોર્ટ ટર્મિનલ ધરાવતું કયું દેશનું પ્રથમ રાજ્ય કયુ બનશે - **ગુજરાત**
8. ગુજરાતમાં LNG પોર્ટ ટર્મિનલ ક્યાં આવેલું છે - **હજીરા અને દહેજ**
9. ભાવનગરમાં અંદાજે કેટલા અબજના ખર્ચે સીએનજી ટર્મિનલ કાર્યરત થશે- **રૂ.19 અબજ**
10. ભાવનગર ખાતે તૈયાર થનાર સીએનજી ટર્મિનલમાં કેટલા લાખ ટન ક્ષમતાનું સીએનજી ટર્મિનલ તૈયાર કરાશે - **15 લાખ ટન**
11. CNGનું વિસ્તૃત નામ જણાવો - **કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ**
12. LNGનું વિસ્તૃત નામ જણાવો - **લિક્વિફાઇડ નેચરલ ગેસ**
13. કચ્છમાં ચાલુ વર્ષે કેટલા ટકા વરસાદ થયો છે -**267%**
14. એશિયાના સૌથી મોટા ઘાસિયા મેદાનો ક્યાં આવેલા છે - **કચ્છ**
15. એશિયાના સૌથી મોટા ઘાસિયા મેદાનો કયા નામથી ઓળખાય છે - **બન્ની**
16. એશિયાનું સૌથી મોટું અને શ્રેષ્ઠ ચરિયાણ પ્રદેશ ક્યાં આવેલો છે - **બન્ની, કચ્છ**
17. કચ્છનો બન્ની પ્રદેશ કયા તાલુકામાં આવેલો છે - **ભુજ**
18. તાજેતરમાં ચર્ચામાં આવેલ પુસ્તક "ધ એન્ડ ઓફ એન એરા ઈન્ડિયા એક્ઝિટ્સ તિબેટ"ના લેખકનું નામ જણાવો - **ક્લાઉડ અર્પી, ફ્રાન્સ**
19. ફ્રાન્સના લેખક ક્લાઉડ અર્પીએ તેમના પુસ્તક "ધ એન્ડ ઓફ એન એરા ઈન્ડિયા એક્ઝિટ્સ તિબેટ"માં ભારત અંગે કયો મહત્વનો દાવો કર્યો છે - **લદ્દાખમાં ચીન રસ્તો બાંધે છે એવી માહિતી છતાં વર્ષ-૧૯૫૭માં નહેરુ સરકાર નિષ્ક્રિય રહી હતી**
20. એન્જિનિયર દિવસ કયારે ઉજવવામાં આવે છે - **૧૫ સપ્ટેમ્બર**
21. એન્જિનિયર દિવસ કોની યાદમાં ઉજવવામાં આવે છે - **સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા**
22. ભારતમાં કયા વર્ષથી ૧૫ સપ્ટેમ્બરને એન્જિનિયર દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **વર્ષ ૧૯૬૮**
23. ભારતીય એન્જિનિયર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાનો જન્મ કયારે થયો હતો - **૧૫ સપ્ટેમ્બર ૧૮૬૦**

24. ભારતીય એન્જિનિયર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાનું જન્મ સ્થળ જણાવો - **મૈસૂર (વર્તમાન કર્ણાટકના ચિક્કબલ્લાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ગામમાં)**
25. મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા કયા શહેરની સિવિલ એન્જિનિયર સોસાયટીમાં માનદ સભ્ય હતા - **લંડન**
26. બ્રિટિશ સરકારે મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાને કયા હોદ્દાથી સન્માનિત કર્યા હતા - **KCIE (નાઈટ કમાન્ડર ઓફ ધ બ્રિટિશ ઇન્ડિયન એમ્પાયર)**
27. ભારત સરકારે મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાને કયા વર્ષે સર્વોચ્ચ ભારતીય સમ્માન ભારતરત્નથી સમ્માનિત કર્યા હતા – **વર્ષ ૧૯૫૫**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 16-09-2020



૧.રશિયન કોરોના વેક્સિન : Sputnik-V (આરોગ્ય)



- ✓ રશિયા દ્વારા ભારતને Sputnik-Vના ૧૦ કરોડ ડોઝ વેચાતા અપાશે
- ✓ ભારતની ડૉ. રેડ્ડીઝ લેબ સાથે ક્લિનિક ટ્રાયલ અને વિતરણ માટે સમજૂતિ
- ✓ **અન્ય :** USની નોવાવેક્સ માટે ભારતની સીરમ ઈન્સ્ટિટયૂટ વેક્સિનના બે અબજ ડોઝ બનાવશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સૈલી વાવાઝોડુ : USના અલાબામા વિસ્તારમાં ત્રાટકેલું ભયાનક વાવાઝોડું (કુદરતી આપત્તિ)



- ✓ પવનની ઝડપ : ૧૬૫ કિ.મી. પ્રતિ કલાક
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નવીન સંસદ ભવન (માળખાગત સુવિધા)



આકાર : ત્રિકોણ

- ✓ અંદાજે રૂ. ૮૮૯ કરોડના ખર્ચે નવી દિલ્હી ખાતે સંસદ ભવન તૈયાર થશે
- ✓ નિર્માણ કાર્ય:આગામી બે વર્ષમાં પૂર્ણ કરાશે
- ✓ સંયુક્ત સત્રમાં સાંસદો આરામથી બેસી શકે તે માટે નવા ભવનમાં ૧૩૫૦ બેઠક વ્યવસ્થા તૈયાર કરાશે
- ✓ નિર્માણ માટે ટાટા કંપનીને પ્રોજેક્ટ અપાયો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ-૨૦૨૦ સંસદમાં પસાર (આયુર્વેદ શિક્ષણ)



- ✓ ત્રણ આયુર્વેદ યુનિવર્સિટીને રાષ્ટ્રીયકક્ષાનો દરજ્જો અપાયો
- ✓ આયુર્વેદ બિલ, ૨૦૨૦'ને રાજ્યસભામાં ધ્વની મતથી પસાર કરાયો હતો. જયારે ગયા સત્રમાં લોકસભામાં આ ખરડો પાસ કરાયો હતો.

યુનિવર્સિટી અને સ્થળ

1. જામનગર - ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ
2. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય
3. ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 16 સપ્ટેમ્બર

વિશ્વ ઓઝોન દિવસ



થીમ-૨૦૨૦ : Ozone for Life: 35 years of ozone layer protection'



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 16 સપ્ટેમ્બર

કૃષ્ણલાલ શ્રીધરાણી

જન્મ : 16 સપ્ટેમ્બર 1911

અવસાન : 23 જુલાઈ 1960



- ✓ આજે ગુજરાતી-અંગ્રેજીના કલમકશ, પત્રકાર અને કવિ તથા નાટ્યકાર કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મદિવસ.
- ✓ વકીલ પિતા અને ગૃહિણી માતાના આ પુત્રનો જન્મ મોસાળ ઉમરાળામાં થયો હતો.
- ✓ શ્રીધરાણીએ શિક્ષણ દક્ષિણામૂર્તિ વિદ્યાભવન ભાવનગરમાં લીધું હતું. ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિ નિકેતનમાં પણ અભ્યાસ કર્યો.
- ✓ 1935માં એમ.એ. અને 1938માં કોલંબિયા યુનિથી પીએચડી થયા હતા.
- ✓ પહેલી કૃતિ બાળ કવિતા "કુમાર"માં છપાઈ અને તેમને કવિપદ પ્રાપ્ત થયું હતું.
- ✓ શ્રીધરાણીએ પત્રકાર તરીકે અમૃત બઝાર પત્રિકા, ન્યૂયોર્ક ટાઈમ્સ, કરન્ટ હિસ્ટરી, સેટરડે રિન્યૂ ઓફ લિટરેચર, ન્યૂયોર્ક હેરાલ્ડ ટ્રીબ્યુન, ટોક્યો શિખૂન અને વોઈસ ઓફ ઇન્ડિયા જેવા સામયિકો દ્વારા પત્રકારત્વમાં ખેડાણ કર્યું હતું.
- ✓ તેમની ઇનસાઇડ દિલ્હી" સાપ્તાહિક કોલમ ઘણી લોકપ્રિય બની હતી.

<u>મહત્વના પુસ્તકો</u>

- ✓ કૃષ્ણલાલ શ્રીધરાણીએ વડલો, ઈન્સાન, મિટા-દૂંગા, પીળા પલાશ, પદ્મીની, મોરના ઈંડા, કોડિયા, પુનરપી જેવા પુસ્તકો લખ્યા.
- ✓ કૃષ્ણલાલ સોનેટ અને ગીતો લખી દેશભક્તિને પ્રોત્સાહિત કરી હતી.
- ✓ તેઓએ દાંડીકૂચ દરમિયાન ગાંધીજીની ધરપકડનો અહેવાલ પણ લખ્યો છે.
- ✓ તેમનું <u>રણજીતરામ સુવર્ણચંદ્રક દ્વારા સન્માન</u> થયું હતું પરતું તે મળે તે પહેલા ૨૩ જુલાઈ ૧૯૬૦ના રોજ "પ્રવાસ મૈ જીવનનો પૂરો કર્યો, સ્વધામ જાતો પગલે ઉતાવળા"ના આ કવિ અને સ્કોલર જર્નાલીસ્ટનુ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૯-૨૦૨૦)</u>

1. રશિયા ભારતને કઈ વેક્સિનના ૧૦ કરોડ ડોઝ વેચાતા આપશે - **<u>Sputnik-V</u>**
2. રશિયા દ્વારા ભારતની કઈ લેબ સાથે ક્લિનિક ટ્રાયલ અને વિતરણ માટે સમજૂતિ થઈ - <u>ડૉ. રેડ્ડીઝ</u>
3. USની નોવાવેક્સ માટે ભારતની કઈ ઈન્સ્ટિટયૂટ વેક્સિનના બે અબજ ડોઝ બનાવશે - <u>સીરમ</u>
4. સપ્ટેમ્બર-૨૦૨૦માં USના અલાબામા ત્રાટકેલા ભયાનક વાવાઝોડુંનું નામ જણાવો - <u>સૈલી વાવાઝોડુ</u>

5. ૩૬ના અલાબામા ત્રાટકેલા **સૈલી વાવાઝોડુ** દરમિયાન પવનની ઝડપ કેટલા કિ.મી. પ્રતિ કલાક હતી - **૧૬૫**
6. નવી દિલ્હી ખાતે અંદાજે કેટલા રૂપિયાના ખર્ચે નવીન સંસદ ભવન તૈયાર થશે - **રૂ. ૮૮૯ કરોડ**
7. નવી દિલ્હી ખાતે નિર્માણ પામાનારા નવા સંસદ ભવનનો આકાર કેવો હશે - **ત્રિકોણ**
8. ભારતીય સંસદના નવા ભવનમાં કેટલી બેઠક વ્યવસ્થા તૈયાર કરાશે - **૧૩૫૦**
9. ભારતીય સંસદના નવા ભવનના નિર્માણની કામગીરી કઈ કંપનીને સોંપાઈ છે - **ટાટા કંપની**
10. સપ્ટેમ્બર-૨૦૨૦માં આયુર્વેદને લગતુ કયુ બિલ સંસદમાં પસાર કરાયું - **ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ-૨૦૨૦**
11. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ-૨૦૨૦માં દેશની કેટલી આયુર્વેદ યુનિવર્સિટીને રાષ્ટ્રીયકક્ષાનો દરજ્જો અપાયો - **ત્રણ**
12. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ-૨૦૨૦ અંતર્ગત કઈ ત્રણ યુનિવર્સિટીને રાષ્ટ્રીયકક્ષાનો દરજ્જો અપાયો - **ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ (જામનગર), ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ**
13. વિશ્વ ઓઝોન દિવસ કયારે મનાવવામાં આવે છે - **16 સપ્ટેમ્બર**
14. વિશ્વ ઓઝોન દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **Ozone for Life: 35 years of ozone layer protection'**
15. ગુજરાતી કવિ શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ દિવસ જણાવો - **16 સપ્ટેમ્બર 1911**
16. ગુજરાતી પત્રકાર શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીની કઈ સાપ્તાહિક કોલમ ઘણી લોકપ્રિય બની હતી - **'ઇનસાઇડ દિલ્હી'**
17. કૃષ્ણલાલ શ્રીધરાણીના જાણીતા પુસ્તકોના નામ જણાવો - **વડલો, ઈન્સાન, મિટા-દૂંગા, પીળા પલાશ, પદ્મીની, મોરના ઈંડા, કોડિયા, પુનરપી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 17-09-2020



૧.ગુજરાત સરકાર દ્વારા નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે વિવિધ ૫ પ્રજાલક્ષી પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત

(૧) સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત કુલ-૨ પગલાંનો પ્રારંભ

(૧) ખેડૂતો માટે ગાય નિભાવ ખર્ચ સહાય યોજનાનો શુભારંભ



- ✓ એક ગાયના નિભાવ માટે માસિક રૂ.૯૦૦ એમ કુલ વર્ષે રૂ. ૧૦,૮૦૦ની સહાય
- ✓ દેશી ગાય આધારિત પ્રાકૃતિક કરતા ખેડૂત કુટુંબને એક ગાયના નિભાવ ખર્ચમાં સહાય
- ✓ પ્રથમ તબક્કામાં કુલ ૧,૦૫,૦૦૦ લાભાર્થી ખેડૂતો માટે રૂ. ૬૬.૫૦ કરોડની જોગવાઈ

(૨) પ્રાકૃતિક કૃષિ કીટ સહાય યોજનાનો શુભારંભ

- ✓ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા માટે લાભાર્થીઓને કૃષિ કીટમાં સહાય
- ✓ કુલ ૧,૦૦,૦૦૦ લાભાર્થી ખેડૂતો માટે રૂ. ૧૩.૫૦ કરોડની જોગવાઈ

(૨) ગૃહમંત્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૪X૭ પીવાનું પાણી પૂરું પાડવાની યોજનાનું ખાતમુહૂર્ત



- ✓ રૂ. ૨૨૯ કરોડના ખર્ચે તૈયાર થનારી આ યોજનાથી ગાંધીનગરના શહેરવાસીઓને ૨૪ કલાક પુરતા પ્રેશરથી નળ દ્વારા પાણી મળી રહેશે
- ✓ **૨૪X૭ પીવાનું પાણી પૂરું પાડનાર ગાંધીનગર દેશનું પ્રથમ શહેર બનશે**

(૩) આદિવાસી વિસ્તારમાં સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાનો શુભારંભ



- ✓ ઉકાઈ જળાશય આધારિત રૂ. ૩૦૮ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ યોજનાથી નર્મદા જિલ્લાના સાગબારા અને ડેડીયાપાડા તાલુકા તેમજ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના કુલ ૨૦૫ ગામોના ૨.૭૩ લાખ લોકોને દૂરદરાજથી પાણી મેળવવાની હાડમારીમાંથી મુક્તિ મળશે.
- ✓ દૈનિક ૫.૪ કરોડ લિટરની પાણીની ક્ષમતા ધરાવતી ૭૦૦ કિ.મી. થી વધુ લંબાઈની વિતરણ પાઈપ લાઈનનું નિર્માણ

(૪) "બિલ્ડિંગ અ ક્લાઈમેટ રેસિલિયન્ટ ગુજરાત"નું મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન

- ✓ કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટના ૧૦ વર્ષની કામગીરીના ડોક્યુમેન્ટનું વિમોચન તેમજ ગુજરાત સરકાર ખ્યાતનામ રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે MOUs કરી તેમને નોલેજ પાર્ટનર બનાવશે

(૫)મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો શુભારંભ



- ✓ ૧ લાખ સ્વસહાય જૂથોની ૧૦ લાખ મહિલાઓને વગર વ્યાજે મળશે લોન
- ✓ ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ મહિલા જૂથોને આપવાનું આયોજન
- ✓ મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ ચાલુ વર્ષે રૂ.૧૭૫ કરોડનું બજેટ ફળવાયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. પુસ્તક વિમોચન : લોર્ડ ઓફ રેકોર્ડ્સ

✓ લેખક : હરિશચ્રંદ્ર વર્ણવાલ

✓ થીમ : નરેન્દ્ર મોદીની સિદ્ધિઓ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ક્લાયમેટ ચેન્જ વિભાગ : ગુજરાત સરકાર (પર્યાવરણ)

ગ્રીન એનર્જી માટે ત્રણ નવી યોજનાઓની જાહેરાત

(૧) ૧૦ હજાર વિદ્યાર્થીઓને રૂ.૬૦ હજારની કિંમતના બેટરીથી ચાલતા ટુ- વ્હીલર ખરીદવા યુનિટદીઠ રૂ. ૧૨ હજાર અને કુલ રૂ. ૧૨ કરોડની સબસિડી અપાશે



(૨) ૫ હજાર નંગ ઈ-રિક્ષા માટે યુનિટદીઠ રૂ. ૪૮ હજાર અને કુલ રૂ. ૨૪ કરોડની સબસિડી અપાશે

(૩) ૧૦ પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા એકમદીઠ રૂ. ૫ લાખ અને કુલ રૂ. ૫૦ લાખની સબસિડી અપાશે.

✓ ગુજરાત ક્લાઈમેટ ચેન્જના ૧૦ વર્ષ પૂર્ણ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વડનગર : PM શ્રી નરેન્દ્ર મોદીના વતનને વૈશ્વિકકક્ષાની ઓળખ અપાવવા કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા રૂ.૨૦૦ કરોડના ખર્ચે વિકાસ કરાશે (હેરિટેજ)



વિવિધ પ્રોજેક્ટ

✓ વર્ષ-૨૦૨૧થી પ્રોજેક્ટની કામગીરી શરૂ થશે

✓ વડનગરના વિકાસ માટે ડ્રીમ પ્રોજેક્ટરૂપે એથેન્સના 'એક્રોપોલિસ' મ્યુઝિયમની રાહ પર જમીનથી ૭ માળ નીચે વિશ્વનું બીજું સૌથી મોટું અદ્યતન A.C. 'હેરિટેજ મ્યુઝિયમ' તૈયાર કરાશે.

- ✓ તાના-રીરી સંગીત એકેડેમી, યુનિવર્સિટી યોગ સ્કુલ અને વિશ્વ સ્તરની સુવિધા ધરાવતું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ
- ✓ વડનગરની આજુબાજુના નાના-મોટા ૭૦ તળાવોને ડેવલપ કરીને 'ઝીલો કી નગરી' તરીકે ઓળખાતા ઉદેપુરની જેમ ગુજરાતનું સૌપ્રથમ 'લેક સિટી' બનાવવામાં આવશે.
- ✓ વડાપ્રધાન મોદીએ જે સ્કુલમાં અભ્યાસ કર્યો હતો તે એ.બી.એન. હાઈસ્કુલમાં યોગ સ્કુલ બનાવાશે અને વિદ્યાર્થીઓને યોગાસનો ઉપરાંત યોગમાં વ્યવસાયલક્ષી માર્ગદર્શન અપાશે.
- ✓ વડનગનરમાં અદ્યતન રેલવે સ્ટેશન બનાવાશે.
- ✓ શર્મિષ્ઠા તળાવ-વડનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ-૨૦૨૦

- ✓ સંસ્થા : વર્લ્ડ બેન્ક
- ✓ ભારતનો ક્રમ : ૧૧૬મો
- ✓ કુલ દેશ : ૧૭૪



અન્ય વિગત :

- ✓ આ રેન્કમાં ભારતના સ્કોરમાં વધારો
- ✓ ૨૦૧૮માં ભારતનો સ્કોર ૦.૪૪ હતો જે ૨૦૨૦માં વધીને ૦.૪૯ થયો છે.
- ✓ ૨૦૧૯માં વર્લ્ડ બેન્ક દ્વારા ૧૫૭ દેશોનો હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ જારી કરવામાં આવ્યો હતો. તે સમયે ભારત ૧૧૫માં ક્રમે હતો.
- ✓ ભારત દ્વારા ગત વર્ષે જ વર્લ્ડ બેન્કની આ રેન્કિંગ સિસ્ટમ અને રેન્ક સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. સરદાર સરોવર ડેમ : પ્રથમવાર તેની ૧૩૮.૬૮ મીટરની સંપૂર્ણ ઊંચાઈએ છલકાયો



- ✓ આગામી બે વર્ષ સુધી ગુજરાતને પાણી પૂરું પાડશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. સ્માર્ટ સિટી વૈશ્વિક ઈન્ડેક્સ-૨૦૨૦

વિશ્વના પ્રથમ દસ સ્માર્ટ શહેરો અને દેશ

1. સિંગાપોર
2. હેલસિંકી (ફિનલેન્ડ)
3. ઝુરીચ (સ્વિત્ઝરલેન્ડ)
4. ઓકલેન્ડ (ન્યુઝિલેન્ડ)
5. ઓસ્લો (નોર્વે)
6. કોપનહેગન (નેધરલેન્ડ)
7. જીનીવા (સ્વિત્ઝરલેન્ડ)
8. તાઈપેઈ (તાઈવાન)
9. આર્મસ્ટડેમ (નેધરલેન્ડ)
10. ન્યૂયોર્ક (અમેરિકા)

ભારતના શહેરો અને ક્રમ

- ✓ હૈદરાબાદ શહેર ભારતમાં પ્રથમ ક્રમે વૈશ્વિક રેન્કિંગમાં ૮૫માં ક્રમે
- ✓ દિલ્હી : ૮૬
- ✓ મુંબઈ : ૯૩
- ✓ બેંગાલુરુ : ૯૫
- ✓ કુલ માપદંડ : ૧૫

રિપોર્ટ મુજબ સ્માર્ટ સિટી

- ✓ સ્માર્ટ સિટી તેને કહેવાય જે અણધારી આફત આવે તો તેને પહોંચી વળવા તૈયાર હોય. એ હિસાબે જોઈએ તો ભારતના મહાનગરો તો દર વર્ષે આવનારી આફતોનો સામનો કરવા પણ સક્ષમ નથી.

ઈન્ડેક્સ જાહેર કરનાર સંસ્થા :

- ✓ ઇન્સ્ટિટયૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ સ્વિત્ઝરલેન્ડ અને સિંગાપુર ટેક્નોલોજી યુનિવર્સીટી ફોર ડિઝાઇન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 17 સપ્ટેમ્બર

(૧) PM નરેન્દ્ર મોદીનો 70મો જન્મદિન



જન્મ : 17 સપ્ટેમ્બર.

- ✓ PMનો જન્મદિવસ : ભાજપ દ્વારા તા. 14 સપ્ટેમ્બર થી 20 સપ્ટેમ્બર દરમિયના સેવા સપ્તાહ તરીકે ઉજવાયો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) ભારતના પિકાસો-ચિત્રકાર :

એમ.એફ.હુસૈન જન્મ : 17 સપ્ટેમ્બર 1915

અવસાન : 9 જૂન 2011



- ✓ આજે સર ફ્રાન્સીસ ચીચેસ્ટ, એમ.એફ હુસૈન, ગીતા પ્રેસ ગોરખપુરના સૂત્રધાર હનુમાનપ્રસાદ પોદાર, બાપાલાલ વૈધનો જન્મદિવસ છે.
- ✓ મકબૂલ ફિદા હુસૈન, એમ. એફ. હુસૈનનો જન્મ મહારાષ્ટ્રના પંઢરપુરમાં સુલેમાની વહોરા કુટુંબમાં થયો હતો.
- ✓ હુસૈને શિક્ષણ ઇન્દોર અને મુંબઈમાં લીધું. મુંબઈમાં સ્થાયી થઇ ફિલ્મોના હોર્ડિંગ્સ બનાવવાથી પોતાની ચિત્રકાર તરીકેની કારકિર્દી શરૂ કરી હતી.
- ✓ મુંબઈમાં પ્રોગેસિવ આર્ટિસ્ટ ગ્રૂપ ઓફ બોમ્બેના સ્થાપક સભ્ય હતા. 1940 પછી હુસૈનને ચિત્રકાર તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળવી શરૂ થઇ હતી.
- ✓ અનેક દેશોમાં તેમની કલાકૃતિઓના પ્રદર્શનો યોજાયા હતા.
- ✓ 1990ના દાયકામાં હિંદુ દેવી-દેવતાઓના અનાવૃત્ત ચિત્રો બનાવવા બદલ તેમને મારી નાંખવાની ધમકીઓ મળી હતી.
- ✓ 2006 થી ભારત બહાર રહેતા હતા. તેમના પર 100 કરતા વધુ કોર્ટ કેસો થયા હતા. થ્રૂ ધ આઈઝ ઓફ પેઈન્ટર, ગજગામિની અને એ ટેલ ઓફ દિ સિટીઝ જેવી ફિલ્મો બનાવી હતી.
- ✓ મકબૂલ ફિદા હુસૈનની ચિત્રકારીનું પદ્મશ્રી, પદ્મભૂષણ,પદ્મ વિભૂષણ અને રાજા રવિવર્મામાં પુરસ્કારથી સન્માનિત.
- ✓ મકબૂલ ફિદા હુસૈનનું 9 જૂન 2011ના રોજ 95 વર્ષની વયે લંડનમાં અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૯-૨૦૨૦)

1. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા વિવિધ કેટલા પ્રજાલક્ષી પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરાયા – પાંચ
2. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા વિવિધ કયા પાંચ પ્રજાલક્ષી પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરાયા - (૧) સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત કુલ-૨ પગલાંનો પ્રારંભ (૨) ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૪x૭ પીવાનું પાણી પૂરું પાડવાની યોજનાનું ખાતમુહૂર્ત (૩) આદિવાસી વિસ્તારમાં સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાનો શુભારંભ (૪) "બિલ્ડિંગ અ ક્લાઈમેટ રેસિલિયન્ટ ગુજરાત"નું મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન અને (૫) મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો શુભારંભ
3. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે એક ગાયના નિભાવ માટે માસિક કેટલી સહાય અપાશે – ૩.૯૦૦/-
4. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે એક ગાયના નિભાવ માટે વાર્ષિક કેટલી સહાય અપાશે – ૩.૧૦,૮૦૦/-
5. PM મોદીના જન્મદિન નિમિતે ગુજરાત સરકાર દ્વારા સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત કયા બે પગલાંનો પ્રારંભ કરાયો – (૧) પ્રાકૃતિક કૃષિ કીટ સહાય યોજના (૨) ખેડૂતો માટે ગાય નિભાવ ખર્ચ સહાય યોજના
6. ગુજરાત સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા માટે કુલ એક લાખ લાભાર્થી ખેડૂતો માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - ૩. ૧૩.૫૦ કરોડ
7. કયુ શહેર ૨૪x૭ પીવાનું પાણી પૂરું પાડનાર દેશનું પ્રથમ શહેર બનશે - ગાંધીનગર

8. PM મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે કોના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૪x૭ પીવાનું પાણી પૂરું પાડવાની યોજનાનું ખાતમુહૂર્ત કરાયું - **ગૃહમંત્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા**
9. PM મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે આદિવાસી વિસ્તારમાં કઈ જૂથ પાણી પુરવઠા યોજનાનો શુભારંભ કરાયો - **સાગબારા-ડેડીયાપાડા**
10. કેટલા રૂપિયાના ખર્ચે ઉકાઈ જળાશય આધારિત સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજના તૈયાર થશે - **રૂ. ૩૦૮ કરોડ**
11. ઉકાઈ જળાશય આધારિત સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાથી નર્મદા-તાપી જિલ્લાના કુલ કેટલા ગામ-લોકોને દૂરદરાજથી પાણી મેળવવાની હાડમારીમાંથી મુક્તિ મળશે - **૨૦૫ ગામોના ૨.૭૩ લાખ લોકો**
12. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત સરકારના કયા વિભાગના સ્થાપનાના ૧૦ વર્ષ પૂર્ણ થયા - **કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ**
13. કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટના ૧૦ વર્ષની કામગીરીના કયા ડોક્યુમેન્ટનું મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન થયુ - **"બિલ્ડિંગ અ ક્લાઈમેટ રેસિલિયન્ટ ગુજરાત"**
14. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત કેટલી સ્વસહાય જૂથોની કેટલી મહિલાઓને વગર વ્યાજે લોન મળશે - **૧ લાખ તથા ૧૦ લાખ**
15. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત મહિલા જૂથોને કેટલું ધિરાણ અપાશે – **એક હજાર કરોડ**
16. PM મોદીના જન્મદિને લેખક હરિશચ્રંદ્ર વર્ણવાલના કયા પુસ્તકનું વિમોચન થયુ - **લોર્ડ ઓફ રેકોર્ડસ**
17. PM મોદીના જન્મદિને લેખક હરિશચ્રંદ્ર વર્ણવાલ દ્વારા રચિત પુસ્તક લોર્ડ ઓફ રેકોર્ડસની થીમ જણાવો - **નરેન્દ્ર મોદીની સિદ્ધિઓ**
18. PM મોદીના જન્મદિને ગુજરાત સરકાર દ્વારા ગ્રીન એનર્જી માટે કેટલી નવી યોજનાઓની જાહેરાત કરાઈ – **ત્રણ**
19. PM મોદીના જન્મદિને ગુજરાત સરકાર દ્વારા ગ્રીન એનર્જી માટે કઈ ત્રણ નવી યોજનાઓની જાહેરાત કરાઈ – **(૧) ટુ-વ્હીલર ખરીદવા સબસિડી (૨) ઈ-રિક્ષા સબસિડી તથા (૩) પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા સબસિડી**
20. PM મોદીના જન્મદિને ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા ગ્રીન એનર્જી માટે ટુ-વ્હીલર, ઈ-રિક્ષા અને પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા સબસિડી માટેની યોજના જાહેર કરાઈ - **ક્લાયમેટ ચેન્જ વિભાગ**
21. ગુજરાત સરકાર દ્વારા ૧૦ હજાર વિદ્યાર્થીઓને રૂ.૬૦ હજારની કિંમતના બેટરીથી ચાલતા ટુ- વ્હીલર ખરીદવા યુનિટદીઠ તથા કુલ કેટલા રૂપિયાની સબસિડી અપાશે - **રૂ. ૧૨ હજાર તથા રૂ. ૧૨ કરોડ**
22. ગુજરાત સરકાર દ્વારા ૫ હજાર નંગ ઈ-રિક્ષા માટે યુનિટદીઠ તથા કુલ કેટલા રૂપિયાની સબસિડી અપાશે - **રૂ. ૪૮ હજાર તથા રૂ. ૨૪ કરોડ**
23. ગુજરાત સરકાર દ્વારા ૧૦ પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા એકમદીઠ તથા કુલ કેટલા રૂપિયાની સબસિડી અપાશે - **રૂ. ૫ લાખ તથા કુલ રૂ. ૫૦ લાખ**
24. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વતનને વૈશ્વિક ઓળખ આપવા કેન્દ્ર- રાજ્ય સરકાર દ્વારા કેટલા કરોડના ખર્ચે હેરિટેજ સિટી તરીકે વિકાસ કરવામાં આવશે- **રૂ. 200/-**
25. વડનગરમાં ડ્રીમ પ્રોજેક્ટ તરીકે એથેન્સના "એક્રોપોલિસ" મ્યુઝિયમની જેમ કેટલા માળ નીચે વિશ્વનું બીજું સૌથી મોટું હેરિટેજ મ્યુઝિયમ બનશે- **07**
26. વડનગરની આજુબાજુના કેટલા તળાવોને ડેવલપ કરીને ગુજરાતની સૌપ્રથમ લેક સિટી તરીકેનું બિરુદ આપવામાં આવશે - **70**
27. તાજેતરમાં વર્લ્ડ બેંક દ્વારા જાહેર કરાયેલ હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ-2020માં ભારતનો ક્રમ જણાવો- **116**
28. તાજેતરમાં વર્લ્ડ બેંક દ્વારા જાહેર કરાયેલ હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ-2020માં કુલ કેટલા દેશોનો સમાવેશ કરાયો - **174**
29. તાજેતરમાં વર્લ્ડ બેંક દ્વારા જાહેર કરાયેલ હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ-2020માં ભારતનો સ્કોર કેટલો થયો છે - **0.49**
30. તાજેતરમાં સરદાર સરોવર ડેમ તેની સંપૂર્ણ કેટલી ઉંચાઈએ તા.17 સપ્ટેમ્બરે છલકાયો હતો - **138.68**

31. તાજેતરમાં જાહેર કરાયેલ સ્માર્ટ સિટી વૈશ્વિક ઇન્ડેક્સ-2020માં ભારતના હૈદરાબાદ શહેરને સૌપ્રથમ કેટલામો ક્રમ અપાયો છે - **85મો**
32. તાજેતરમાં જાહેર કરાયેલ સ્માર્ટ સિટી વૈશ્વિક ઇન્ડેક્સ-2020માં પ્રથમ દસ સ્માર્ટ શહેરો અને દેશ જણાવો - **(૧) સિંગાપોર (૨) હેલસિંકી (ફિનલેન્ડ) (૩) ઝુરીચ (સ્વિત્ઝરલેન્ડ) (૪) ઓકલેન્ડ (ન્યુઝિલેન્ડ) (૫) ઓસ્લો (નોર્વે) (૬) કોપનહેગન (નેધરલેન્ડ) (૭) જીનીવા (સ્વિત્ઝરલેન્ડ) (૮) તાઈપેઈ (તાઈવાન) (૯) આર્મસ્ટડેમ (નેધરલેન્ડ) (૧૦) ન્યૂયોર્ક (અમેરિકા)**
33. - તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા સ્માર્ટ સિટી વૈશ્વિક ઈન્ડેક્સ-2020 જાહેર કરાયો- **ઇન્સ્ટિટયૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ સ્વિત્ઝરલેન્ડ અને સિંગાપુર ટેક્નોલોજી યુનિવર્સીટી ફોર ડિઝાઇન**
34. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો તા. 17 સપ્ટેમ્બર-2020 કેટલામો જન્મ દિવસ ઉજવાયો- **70**
35. ભારતના ચિત્રકાર એમ.એફ. એસ હુસેનનો જન્મદિવસ જણાવો - **17 સપ્ટેમ્બર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. રાષ્ટ્રીય સુરક્ષા ડેટા ધરાવતી NICના નેટવર્ક ઉપર સાયબર એટેક (સાયબર ક્રાઈમ)



સાયબર એટેકની મોડસ ઓપરેન્ડી :

- ✓ ૧૦૦થી વધુ કમ્પ્યૂટર હેક કરાયા
- ✓ હેકરોએ ઇ-મેલ મોકલીને NICના કોમ્પ્યુટરોમાંથી માહિતી તફડાવી
- ✓ એનઆઇસીને એક ઇ-મેલ મોકલવામાં આવ્યો હતો. એનઆઇસીના એક કર્મચારીએ આ ઇ-મેલ સાથેની એટેચમેન્ટ પર ક્લિક કરતાં જ સેંધમારી શરૂ થઇ ગઇ હતી અને તેના કોમ્પ્યુટરોમાં રહેલા ડેટાની તફડંચી થઇ ગઇ હતી.
- ✓ આ ઇ-મેલ સંદેશાના કારણે આ કર્મચારી સહિત એનઆઇસીના અન્ય કોંપ્યુટરોમાંથી પણ ડેટાની તફડંચી થઇ હોવાનું મનાય છે.
- ✓ પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, બેંગ્લોરની એક આઇટી કંપની દ્વારા આ ઇ-મેલ મોકલવામાં આવ્યો હતો.
- ✓ વધુ તપાસમાં સામે આવ્યું હતું કે બેંગ્લરૂ સ્થિત આઇટી કંપનીના પ્રોક્સી સર્વરનો ઉપયોગ કરીને અમેરિકાથી ઇ-મેલ મોકલાયો હતો.

NIC વિશે :

- ✓ એનઆઇસી દેશમાં અત્યંત મહત્વના સાઇબર ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જાળવણીનું કામ કરે છે.
- ✓ એનઆઇસી સરકાર માટે ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી તથા સિક્યુરિટીની જવાબદારી સંભાળે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.IPL-૨૦૨૦ લીગનો પ્રારંભ : ૧૩મી સીઝનનો 19મી સપ્ટેમ્બરથી પ્રારંભ (ખેલકૂદ)

- ✓ સ્થાન : UAE
- ✓ પ્રથમ મેચ : મુંબઇ ઇન્ડિયન્સ અને ચેન્નઇ સુપર કિંગ્સ
- ✓ મુંબઈ ઈન્ડિયન્સ વર્તમાન ચેમ્પિયન તરીકે ઉતરશે.



- ✓ કુલ : ૮ ટીમ



આઠ ટીમના કેપ્ટન (ડાબેથી)

- ✓ કોલકાતા : દિનેશ કાર્તિક
- ✓ દિલ્હી : શ્રેયસ ઐયર
- ✓ બેંગ્લોર : કોહલી
- ✓ ચેન્નાઈ : ધોની
- ✓ મુંબઈ : રોહિત શર્મા
- ✓ પંજાબ : કે. એલ. રાહુલ
- ✓ હૈદ્રાબાદ : વોર્નર
- ✓ રાજસ્થાન : સ્મિથ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.કોસી રેલ મહાસેતુ : બિહાર (સુવિધા)

- ✓ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ઈ-લોકાર્પણ
- ✓ જિલ્લો : સુપાલ
- ✓ કુલ ખર્ચ : રૂ. ૫૧૬ કરોડ



મહાસેતુથી લાભ :

- ✓ સુપાલ જિલ્લાના સરાયગઢથી આસનપુર કુપાહ વચ્ચે ટ્રેનને પણ રવાના કરી હતી.
- ✓ તેનાથી કોસી ક્ષેત્ર સાથે મિથિલાંચલ સીધા રેલવે માર્ગથી જોડાઈ ગયું હતું.
- ✓ અમુક અન્ય પ્રોજેક્ટ પણ શરૂ કરાયા.
- ✓ કોસી રેલવે પુલ શરૂ થવાથી નિર્મળીથી સરાયગઢનું 298 કિમીનું અંતર ઘટીને ફક્ત 22 કિમી રહી ગયું છે.

✓ હાલ નિર્મનીથી સરાયગઢ સુધીના પ્રવાસ માટે લોકોએ દરભંગા - સમસ્તીપુર - ખગડિયા માનસી - સહરસા થઈને 298 કિમીનું અંતર કાપવું પડતુ હતુ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ :૧૦૭મી ટૂર દી ફ્રાન્સ સ્પર્ધા

✓ ટૂર દી ફ્રાન્સ સાયકલ સ્પર્ધા : વિશ્વની સૌથી લાંબી રેસ



ટૂર દી ફ્રાન્સ સ્પર્ધા વિશે :

✓ ટૂર દી ફ્રાન્સ એટલે કે ફ્રાન્સનો પ્રવાસ નામે ઓળખાતી આ સ્પર્ધા જગતની સૌથી લાંબી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ છે.

✓ રૂટ : ફ્રાન્સના દક્ષિણ છેડે નાઈસથી શરૂ થતી સફર પેરીસમાં પુરી થશે. એ દરમિયાન વચ્ચે રાતવાસો સહિતના રોકાણ થતાં હોય છે.

✓ સામાન્ય રીતે જૂન જુલાઈમા યોજાઈ છે પણ આ વર્ષે કોરોનાને કારણે મોડી પડી.

✓ ૨૯મી ઓગસ્ટે સ્પર્ધા શરૂ થઈ અને ૨૦મી સપ્ટેમ્બરે પુરી થશે. એ દરમિયાન સ્પર્ધકો વિવિધ ૨૧ સ્ટેજમાંથી પસાર થઈને કુલ ૩૪૮૪.૨ કિલોમીટરનું અંતર કાપી નાખશે.

✓ આ વખતની સ્પર્ધામાં કુલ ૨૨ ટીમોએ ભાગ લીધો છે.

✓ દરેક ટીમમાં આઠ સાયકલિસ્ટ હોય છે, એ હિસાબે કુલ ૧૭૬ સાઈકલ સવારો પેડલ મારી રહ્યાં છે.

✓ કઠીન સ્પર્ધામાં વિજેતાને પાંચ લાખ યુરો ડોલરની રકમ મળશે, જ્યારે કુલ ઈનામો તો ૨૩ લાખ યુરો ડોલરના અપાશે.

✓ ૧૯૦૩માં શરૂ થયેલી સ્પર્ધા વચ્ચે વિશ્વયુદ્ધના કારણે કેટલાક વર્ષ બંધ રહી હતી. આ વખતની ઈવેન્ટ ૧૦૭મી સ્પર્ધા.

✓ આ સ્પર્ધામાં બાઈક તરીકે ઓળખાતી પાંચ હજારથી લઈને ૨૫ હજાર ડોલર સુધીની કિંમત ધરાવતી મોંઘામુલી સાઈકલો વાપરવામાં આવે છે.

✓ સૌથી લાંબી સાથે આ જગતની સૌથી લોકપ્રિય પૈકીની એક રમત છે.

✓ દુનિયાના પોણા બસ્સો કરતા વધારે દેશોમાં આ સાઈકલ સ્પર્ધા લાઈવ દર્શાવાય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : 18 સપ્ટેમ્બર

ક્રાંતિવીર : મદનલાલ ઢીંગરા

જન્મ : 18 સપ્ટેમ્બર 1883

અવસાન : 17 ઓગસ્ટ 1909

✓ ભારતીય આઝાદીના જંગની ક્રાંતિકારી વિચારધારાના સીમાસ્તંભ સમા મદનલાલ ઢીંગરાનો આજે જન્મદિન.



✓ પંજાબના અમૃતસરમાં જન્મેલા મદનલાલનું નામ અભ્યાસકાળ દરમિયાન લાહોર કોલેજમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે પોલીસના ચોપડે દર્જ થયું તરત જ બ્રિટિશભક્ત ડોક્ટર પિતાએ ઘરેથી કાઢી મૂક્યા.

✓ 1906માં આઈ.સી.એસ થવા ઇંગ્લેન્ડ ગયા પૈસાના અભાવે સ્ટીમરમાં મજૂરી કરી પૈસા ભેગા કરતા હતા.

✓ **શ્યામજીકૃષ્ણ વર્મા અને વી.ડી.સાવરકરના પ્રભાવમાં અભિનવ ભારત સંસ્થાના સભ્ય બન્યા.**

✓ ઢીંગરાનું ક્રાંતિકારી કામ લંડનની ઇન્ડિયા ઓફિસના મુખ્ય સલાહકાર અને ભારત સચિવના રાજકીય સલાહકાર કર્ઝન વાયલીની હત્યાના કિસ્સામાં છે.

✓ 1 જુલાઈ 1909ના રોજ વાયલીના મોઢાના ભાગ પર 4 ગોળીઓ ધરબી તેની હત્યા કરી નાંખી. પોતે પણ ગોળી છોડી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો પણ સફળ ન થયા અને પકડાઈ ગયા.

✓ વાયલીની હત્યાથી આખા બ્રિટનમાં હાહાકાર મચી ગયો. અહીં દેશમાં પિતાએ પણ ઢીંગરા સાથેનો સંબંધ તોડી નાંખ્યો.

✓ કોર્ટમાં તેમણે કહ્યું કે, અંગ્રેજોને અમારા દેશ પર રાજ કરવાનો કોઈ અધિકાર નથી, દેશભક્તિથી પ્રેરાઈ મેં આ હત્યા કરી છે.

✓ 17 ઓગસ્ટ 1909ના રોજ મદનલાલ ઢીંગરાને ફાંસી અપાઈ હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૯-૨૦૨૦)

1. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારતમાં રાષ્ટ્રીય સુરક્ષા ડેટા ધરાવતા ક્યા નેટવર્ક પર સાયબર એટેક થયો હતો – **NIC**
2. NICનું વિસ્તૃત નામ જણાવો – નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર
3. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારતમાં NIC નેટવર્ક પર થયેલા સાયબર એટેકમાં કેટલા કોમ્પ્યૂટર્સ હેક કરાયા - ૧૦૦થી વધુ કમ્પ્યૂટર
4. હેકરોએ કઈ રીતે NICના કોમ્પ્યુટરોમાંથી માહિતી-ડેટાની ચોરી કરી હતી – હેકર્સે NICને એક ઇ-મેલ મોકલ્યો, આ ઇ-મેલ સાથેની એટેચમેન્ટ પર ક્લિક કરતાં કોમ્પ્યુટરોમાં રહેલા ડેટા ચોરાયા હતા
5. NICની કામગીરી જણાવો - દેશમાં અત્યંત મહત્વના સાઇબર ઇન્ફાસ્ટ્રક્ચરની જાળવણીનું કામ

6. સરકાર માટે ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી તથા સિક્યુરિટીની જવાબદારી કોણ સંભાળે છે - **NIC**
7. તા.19મી સપ્ટેમ્બરથી IPL-2020 લીગની કેટલામી સિઝનનો પ્રારંભ થયો - **13મી સીઝન**
8. IPL-2020 લીગની 13મી સીઝનનું આયોજન કયા સ્થળે કરાયું - **UAE**
9. IPLની 12મી સિઝનની વિજેતા ટીમનું નામ જણાવો - **મુંબઇ ઇન્ડિયન્સ**
10. IPL-2020 લીગની 13મી સીઝનમાં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો – **આઠ**
11. IPL-2020 લીગની 13મી સીઝનમાં ભાગ લેનારી આઠ ટીમ તથા ટીમના કેપ્ટનનું નામ જણાવો – **(૧) કોલકાતા : દિનેશ કાર્તિક (૨) દિલ્હી : શ્રેયસ ઐયર (૩) બેંગ્લોર : કોહલી (૪) ચેન્નઈ : ધોની (૫) મુંબઈ : રોહિત શર્મા (૬) પંજાબ : કે. એલ. રાહુલ (૭) હૈદ્રાબાદ : વોર્નર (૮) રાજસ્થાન : સ્મિથ**
12. તાજેતરમાં રૂ.516 કરોડના ખર્ચે તૈયાર થયેલ કોસી રેલ મહાસેતુનું વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કયા રાજ્યમાં ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું - **જિલ્લો-સુપાલ, બિહાર**
13. ભારતીય રેલવે દ્વારા કોસી રેલ મહા સેતુ કઈ નદી ઉપર તૈયાર કરવામાં આવ્યો છે - **કોસી**
14. તાજેતરમાં કેટલામી "ટૂર દી ફ્રાંસ" સાયકલ સ્પર્ધા યોજાઇ - **107**
15. વિશ્વની સૌથી લાંબામાં લાંબી સાયકલ સ્પર્ધા કયા નામે ઓળખાય છે - **"ટૂર દી ફ્રાંસ"**
16. "ટૂર દી ફ્રાંસ" સાયકલ સ્પર્ધામાં સ્પર્ધકોએ કેટલા કિલોમીટરનું અંતર કાપવાનું હોય છે - **3484.02 કિલોમીટર**
17. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધામાં ચાલુ વર્ષે કેટલી ટીમોએ ભાગ લીધો - **22**
18. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધામાં એક ટીમમાં કેટલા ખેલાડીઓ હોય છે - **08**
19. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધામાં અન્ય કયા નામે ઓળખાય છે - **ફ્રાંસનો પ્રવાસ**
20. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધાનો રૂટ જણાવો - **ફ્રાન્સના દક્ષિણ છેડે આવેલા નાઈસ શહેરથી પેરિસ સુધી**
21. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધા સૌપ્રથમ કયા વર્ષે શરૂ થઈ હતી – **1903**
22. ક્રાંતિવીર મદનલાલ ઢીંગરાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો - **18 સપ્ટેમ્બર 1883 તથા અમૃતસર (પંજાબ)**
23. મદનલાલ ઢીંગરા કોના પ્રભાવમાં અભિનવ ભારત સંસ્થાના સભ્ય બન્યા હતા - **શ્યામજીકૃષ્ણ વર્મા અને વી.ડી.સાવરકર**
24. મદનલાલ ઢીંગરા એ તા. 1 જુલાઈ 1909ના રોજ કોની ગોળીઓ મારી હત્યા કરી પોતે પણ ગોળી છોડી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો - **લંડનની ઇન્ડિયા ઓફિસના મુખ્ય સલાહકાર અને ભારત સચિવના રાજકીય સલાહકાર કર્ઝન વાયલી**
25. ક્રાંતિકારી મદનલાલ ઢીંગરાને ક્યારે ફાંસી અપાઈ હતી - **17 ઓગસ્ટ 1909**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. INS વિરાટ : ભારતીય નેવીનું વિમાન વાહક યુદ્ધ જહાજ વિરાટની મુંબઈથી અંતિમ સફર (સંરક્ષણ)



- ✓ ઉપનામ : ગ્રાન્ડ ઓલ્ડ લેડી
- ✓ ગુજરાતના અલંગ બંદરે તેને ભાંગીને કાટમાળ વેચવામાં આવશે
- ✓ ખાસ : INS વિરાટે ભારતમાં ૩૦ વર્ષ સેવા આપી
- ✓ ગેટ વે ઓફ ઈન્ડિયા મુંબઈથી અંતિમ સફરનો પ્રારંભ

INS વિરાટ વિશે

- ✓ આઈએનએસ વિરાટ ભારતનું નહીં પણ વિશ્વનું સૌથી જૂનું યુદ્ધજહાજ છે. એટલે જ તે ગ્રાન્ડ ઓલ્ડ લેડી'ના હુલામણા નામે પણ ઓળખાય છે.
- ✓ આ વિશ્વનું એકમાત્ર યુદ્ધજહાજ છે, જેણે બ્રિટિશ અને ભારતીય નૌસેનામાં પણ સેવા આપી છે.
- ✓ સૌથી લાંબા સમય સુધી સેવા આપવા બદલ વિરાટનું નામ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ નોંધાયું છે.
- ✓ 18મી સપ્ટેમ્બર, 2020ના રોજ આઈએનએસ વિરાટ મુંબઈના ગેટ વે ઑફ ઈન્ડિયાથી ભાવનગરના અલંગ આવવા નીકળ્યું હતું. અલંગમાં આ ભવ્ય યુદ્ધજહાજને તોડવામાં આવશે.
- ✓ 2017 માં વિરાટને નિવૃત્ત કરાયા પછી એક નીલામીમાં ગુજરાતના ભાવનગર સ્થિત શ્રીરામ જૂથે રૂ. 38.54 કરોડમાં ખરીદી લીધું હતું.
- ✓ સેવા નિવૃત્ત માર્ચ-2017
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સિદ્ધિ : ગુજરાતનો શિવરાજપુર બીચ એશિયામાં બીજા નંબરનો બીચ તરીકે ભારત સરકાર દ્વારા પસંદગી-જાહેર (પ્રવાસન)



- ✓ ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા શિવરાજપુર કિનારે વૈશ્વિકકક્ષાનો બ્લૂ ફ્લેગ બીચ વિકસાવાશે
- ✓ સ્થાન : દ્વારકા

વિગત :

- ✓ હેતુ : પ્રવાસીઓ દરિયાઈ પ્રકૃત્તિનો આનંદ માણી શકશે

પસંદગી :

- ✓ સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા નજીક શિવરાજપુરના સમુદ્ર કિનારે વિશાળ અને આંતરરાષ્ટ્રીય કક્ષાનો બ્લૂ ફ્લેગ બીચ વિકસ્યો છે.
- ✓ ભારત સરકાર દ્વારા વર્લ્ડ બેંક પ્રાયોજિત ઇન્ટીગ્રેટેડ કોસ્ટલ-ઝોન મેનેજમેન્ટ પ્રોજેક્ટ અન્વયે શીવરાજપુરના દરિયાની પસંદગી કરવામાં આવી છે.
- ✓ હાલ આ બીચ પર હજારોની સંખ્યામાં પર્યટકો મુલાકાતે આવી રહ્યા છે.
- ✓ વિશ્વમાં હાલ 75 જેટલા બીચ આવેલા છે. જ્યારે 76માં અને એશિયાના બીજા બીચ તરીકે દ્વારકાના શિવરાજપુર બીચની ભારત સરકાર દ્વારા પસંદગી કરવામાં આવી છે.
- ✓ જે બીચને એશિયાનો બીજા નંબરનો બીચ જાહેર કરવામાં આવ્યો છે

સુવિધાઓ :

- ✓ બીચમાં વિશાળ સમુદ્ર કિનારો સાથે સાથે મનભરીને બોટીંગ, સ્કુબા ડ્રાઇવિંગ, દરિયાના છીંછરા પાણીમાં સ્નાન, હોર્સ રાઇડીંગ, સેન્ડ રીક્ષા ડ્રાઇવીંગ જેવી સુવિધાઓ બીચ પર તૈયાર કરવામાં આવી
- ✓ બીચ પર ટોયલેટ, બાથરૂમ, જોગીંગ ટ્રેક અને ચેન્જિંગ રૂમ તેમજ ચિલ્ડ્રન પ્લે એરિયા વગેરે સહિતની સુવિધા વિકસાવવામાં આવી છે.

બીચ ઓથોરિટી માન્ય માપદંડો :

- ✓ વન અને પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ મંત્રાલય દ્વારા દ્વારકાના શિવરાજપુરની પસંદગી કરવામાં આવી છે.

Ministry of Environment, Forest and Climate Change
Government of India

- ✓ બીચ ઓથોરિટી દ્વારા માન્ય કરાયેલા માપદંડો અનુસાર બ્લૂ ફ્લેગ બીચ એ આંતર રાષ્ટ્રિય સ્તરનું સર્ટિફિકેટ છે. જે સર્ટિફિકેટ લંડન સ્થિત ફાઉન્ડેશન ફોર ઇકોલોજીકલ એજ્યુકેશન દ્વારા આપવામાં આવે છે. જે શિવરાજપુરને અપાયું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. કોરોના મહામારીમાં બાળકોની સ્થિતિ અંગે વૈશ્વિક અહેવાલ (બાળ વિકાસ)

અહેવાલ વિશે :

- ✓ અત્યારસુધીમાં વિશ્વમાં ૧૫ કરોડથી વધુ બાળકો ગરીબીમાં ધકેલાયા

અસરો :

- ✓ ભારતમાં સૌથી વધુ અસરો
- ✓ ગામડાઓમાં પેદા થયેલા ઉત્પાદનો બજાર સુધી પહોંચી શકતા નથી અને ગામડાઓમાં ખાદ્ય અને મેડિકલ સપ્લાય પહોંચી શકતા નથી.
- ✓ આ રિપોર્ટમાં આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે કોરોના વાઇરસના કારણે થયેલી ભોજનના સપ્લાયની કમીના કારણે એક વર્ષમાં એક લાખ વીસ હજાર બાળકોના મૃત્યુ નીપજી શકે છે.
- ✓ સંયુકત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર દર મહિને સાડા પાંચ લાખથી વધારે બાળકો કુપોષણના શિકાર બને છે.
- ✓ યુ.એન.ની ચાર એજન્સીઓએ ચેતવણી આપી છે કે વધી રહેલા કુપોષણના લાંબા ગાળાના પરિણામ ભારે નુકસાનકારક હોઈ શકે છે.
- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા અનુસાર કોરોના સંકટની ખાદ્ય સુરક્ષા પરની અસરો વર્ષો સુધી દેખાવાની છે.
- ✓ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક હોવા છતાં ભારતમાં ભૂખમરો મોટી સમસ્યા છે.
- ✓ સરકારના વિકાસના દાવાઓ વચ્ચે દેશમાં ભૂખમરો સતત વધી રહ્યો છે અને ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન નીચું જઈ રહ્યું છે.
- ✓ સંસ્થા : યુનિસેફ અને સેવ ધ ચિલ્ડ્રન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. દિન વિશેષ : 19 સપ્ટેમ્બર

આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે



આગામી ઉજવણી ની તારીખો

DATES:
21 September 2019
19 September 2020
18 September 2021
17 September 2022
16 September 2023
21 September 2024
20 September 2025
19 September 2026
18 September 2027
16 September 2028
15 September 2029
21 September 2030

- ✓ દર વર્ષે સપ્ટેમ્બરનો ત્રીજો શનિવાર આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે તરીકે ઉજવાય છે
- ✓ હેતુ : દરિયાકાંઠાની સફાઈ
- ✓ સૌપ્રથમ પ્રારંભ : ૧૯૮૬થી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૯-૨૦૨૦)

1. ભારતના સૌથી જૂના યુદ્ધજહાજ આઈએનએસ વિરાટને નિવૃત્ત કરીને તાજેતરમાં કયા બંદરે તેના વિસર્જન માટે લાવવામાં આવ્યું છે - **અલંગ, ભાવનગર**
2. INS વિરાટને કયા વર્ષમાં ભારતીય નેવીમાંથી નિવૃત્ત કરવામાં આવ્યું હતું - **માર્ચ 2017**
3. INS વિરાટે કેટલા વર્ષ સુધી નેવીમાં સેવા આપી છે - **30**
4. INS વિરાટનું ઉપનામ જણાવો - **ગ્રાન્ડ ઑલ્ડ લેડી**
5. INS વિરાટ મૂળ કયા દેશની બનાવટનું યુદ્ધ જહાજ છે - **બ્રિટન**
6. બ્રિટન અને ભારતીય નેવીમાં સેવાઓ આપી હોય તેવું વિશ્વનું એકમાત્ર યુદ્ધ જહાજ જણાવો - **INS વિરાટ**
7. આઈએનએસ વિરાટે અલંગ આવવા માટે તેની અંતિમ સફર ક્યાંથી શરૂ કરી - **ગેટવે ઓફ ઇન્ડિયા, મુંબઈ**
8. INSનું વિસ્તૃત નામ જણાવો - **indian naval ship**
9. ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે શહીદ થનાર વીર વિનોદ કિનારીવાલાનો જન્મદિવસ જણાવો - **19.09**
10. ભારત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાતના કયા બીચને એશિયાના બીજા નંબરના બીચ તરીકે જાહેર કરવામાં આવ્યો છે - **શિવરાજપુર બીચ**
11. ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા શિવરાજપુરને વૈશ્વિક કક્ષાએ કયા પ્રકારના બીચ તરીકે વિકસાવવામાં આવ્યો છે - **બ્લ્યૂ ફ્લેગ**
12. શિવરાજપુર બીચ કયા ઐતિહાસિક યાત્રાધામ નજીક આવેલો છે - **દ્વારકા**
13. ભારત સરકાર દ્વારા વર્લ્ડ બેંક પ્રાયોજિત કયા પ્રોજેક્ટ અંતર્ગત શિવરાજપુરના સમુદ્ર કિનારાની પસંદગી કરાઈ છે- ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ- **ઝોન મેનેજમેન્ટ પ્રોજેક્ટ**
14. વિશ્વમાં હાલ મુખ્યત્વે કેટલા બીચ આવેલા છે જેમાં શિવરાજપુર બીચની કયા ક્રમે પસંદગી થઇ છે - **કુલ 75 અને 76**
15. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા શિવરાજપુર બીચની પસંદગી કરવામાં આવી છે - **વન અને પર્યાવરણ તેમજ કલાઈમેટ ચેન્જ મંત્રાલય**
16. તાજેતરમાં કોરોના મહામારીમાં બાળકોની સ્થિતી અંગેના વૈશ્વિક અહેવાલમાં સપ્ટેમ્બર 2020 સુધીમાં કેટલા ટકા બાળકો ગરીબીનો ભોગ બન્યા છે - **15 કરોડથી વધુ**
17. તાજેતરમાં કોરોના મહામારીમાં બાળકોની સ્થિતી અંગેનો વૈશ્વિક અહેવાલ સપ્ટેમ્બર 2020માં કઈ બે વૈશ્વિક સંસ્થાઓ દ્વારા રજૂ કરાયો છે - **યુનિસેફ અને સેવ ધ ચિલ્ડ્રન**
18. સંયુક્ત રાષ્ટ્રના તાજેતરના સપ્ટેમ્બર 2020ના અહેવાલ મુજબ દર મહિને અંદાજે કેટલા બાળકો વિશ્વમાં કુપોષણનો ભોગ બને છે - **5.50 લાખ**
19. સમગ્ર વિશ્વમાં પર્યાવરણ બચાવોના ભાગરૂપે કયા દિવસે "આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે" તરીકે ઉજવવામાં આવે છે - **સપ્ટેમ્બર મહિનાનો ત્રીજો શનિવાર**
20. સમગ્ર વિશ્વમાં પર્યાવરણ બચાવોના ભાગરૂપે આ વર્ષે 2020માં કયા દિવસે"આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે" તરીકે ઉજવવામાં આવે છે - **19 સપ્ટેમ્બર**
21. "આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે"તરીકે ઉજવવાનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે કરવામાં આવ્યો હતો - **વર્ષ 1986**
22. "આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે"ની ઉજવણીમાં શું કાર્ય કરવામાં આવે છે - **વિવિધ એનજીઓ- લોકો દ્વારા દરિયા કિનારાની સફાઈ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ભારતીય સંસદ (કાયદો)

✓ રાજ્યસભામાં કુલ ત્રણમાંથી બે કૃષિ ખરડા ધ્વનિમતથી પસાર : મંજૂરી માટે રાષ્ટ્રપતિને મોકલાયા



રાજ્યસભામાં પસાર થયેલા બે ખરડા

૧. ફાર્મર્સ એન્ડ પ્રોડયુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) બિલ-૨૦૨૦

૨. ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેક્શન) એગ્રિમેન્ટ ઓન પ્રાઈસ એસ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસીસ બિલ-૨૦૨૦

કૃષિ ખરડા :

(૧) ફાર્મર્સ એન્ડ પ્રોડયુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) બિલ-૨૦૨૦

✓ કૃષિ ઉપજના ઇલેક્ટ્રોનિક ટ્રેડિંગ, સીધા ઓનલાઇન લે-વેચ માટેના ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મની પરવાનગી આપે છે

મુખ્ય જોગવાઈઓ

✓ આ બિલ હેઠળ સરકારની યોજના એક એવું તંત્ર વિકસાવવાની છે, જ્યાં ખેડૂત તેની ઈચ્છા મુજબના સ્થળે તેનો પાક વેચી શકે, જેથી ખેડૂત તેના પાકનો સોદો માત્ર પોતાના જ નહીં અન્ય રાજ્યના વેપારીઓ સાથે પણ કરી શકે છે.

✓ હાલ ખેડૂતોને તેમની ઊપજ વેચવા માટે વધુ વિકલ્પો ઉપલબ્ધ નથી. ખેડૂતો તેમના વિસ્તારની એપીએમસીમાં અથવા રાજ્ય સરકારને જ પાક વેચી શકે છે.

- ✓ ખેડૂતોની ચિંતા એ છે કે આ નીતિ લાગુ થયા પછી એપીએમસી વ્યવસ્થા ખતમ થઈ જશે.
- ✓ આ વ્યવસ્થા ખતમ થતાં ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ એટલે કે એમએસપી નહીં મળે.
- ✓ જોકે, વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ જણાવ્યું છે કે એપીએમસી જળવાઈ રહેશે, તેના પર આ બિલની કોઈ અસર નહીં પડે.

૨. ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેક્શન) એગ્રિમેન્ટ ઓન પ્રાઈસ એસ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસીસ બિલ-૨૦૨૦

- ✓ કોઇપણ કૃષિ ઊપજના ઉત્પાદન કે લણણી પહેલાં કૃષિ કરારની પરવાનગી, આ પ્રકારના કરારમાં ગેરંટેડ મૂલ્ય દર્શાવવાનું રહેશે

મુખ્ય જોગવાઈઓ.

- ✓ આ બિલ હેઠળ સરકારનો દાવો છે કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગને નેશનલ ફ્રેમવર્ક મળશે. તેનાથી ખેતી સંબંધિત બધું જોખમ માત્ર ખેડૂત નહીં, પરંતુ તેની સાથે કરાર કરનારી કંપની પર પણ રહેશે.
- ✓ બીજો મોટો લાભ ખેડૂતોને તેમના ઉત્પાદનના માર્કેટિંગ પર ખર્ચ નહીં કરવો પડે અને દલાલી ખતમ થશે.
- ✓ કૃષિ ક્ષેત્રની કંપનીઓ, હોલસેલર્સ, એક્સપોર્ટર્સ અને રીટલર્સ સાથે ખેડૂતો પોતે કરાર કરીને પરસ્પર ઉત્પાદનોના ભાવ નક્કી કરશે અને પાક વેચશે.
- ✓ ખેડૂતોને તેનાથી તેમના ઉત્પાદનોનું યોગ્ય મૂલ્ય મળશે.
- ✓ દેશમાં હજી પણ ખેતી એક અનિશ્ચિત પ્રોસેસ છે, તેમાં વરસાદ, બજારની અનુકૂળતા વગેરેની અસર થાય છે અને ખેતીનું સંપૂર્ણ જોખમ ખેડૂતોના માથે હોય.
- ✓ નવા બિલ અંગે ખેડૂતો અને વિપક્ષની ચિંતા એ છે કે વિવાદની સ્થિતિમાં ખેડૂતો કોર્પોરેટ સામે કેવી રીતે લડશે. તેમની પાસે સંશાધનો ઓછા પડશે.
- ✓ સરકારનું કહેવું છે કે એગ્રીમેન્ટ સપ્લાય, ક્વૉલિટી, ગ્રેડ, સ્ટાન્ડર્ડ્સ અને ભાવ સંબંધિત શરતો પર વિવાદનો ઉકેલ લાવી શકાશે.

૩. એશેન્શિયલ કોમોડિટીઝ (અમેન્ડમેન્ટ) બિલ

- ✓ આ બિલ 1955માં બનાવાયેલા આવશ્યક વસ્તુ કાયદાની જોગવાઈઓમાં ફેરફારની વ્યાખ્યા કરે છે.

મુખ્ય જોગવાઈઓ.

- ✓ સરકારે તેની જોગવાઈઓમાં અનાજ, કઠોળ, ખાદ્ય તેલ, ડુંગળી, બટાકા વગેરેને આવશ્યક વસ્તુની યાદીમાંથી હટાવી દીધા.
- ✓ સરકારનો તર્ક છે કે સામાન્ય સ્થિતિમાં સરકાર આ વસ્તુઓના સંગ્રહ અને વિતરણ પર તેનું નિયંત્રણ નહીં રાખે. તેના મારફત ફૂડ સપ્લાય ચેનને આધુનિક બનાવાશે તથા ભાવમાં સ્થિરતા રખાશે.
- ✓ સરકારનું કહેવું છે કે વર્તમાન વ્યવસ્થામાં આવશ્યક વસ્તુ કાયદાના કારણે કોલ્ડ

સ્ટોરેજ, ગોદામો, પ્રોસેસિંગ અને એક્સપોર્ટમાં રોકાણ ઓછું હોવાથી ખેડૂતોને લાભ નથી મળતો. આથી, બમ્પર પાક થાય તો ખેડૂતોને નુકસાન થાય છે.

- ✓ નવા બિલ હેઠળ આ ખામીઓ દૂર થશે. જોકે, ખેડૂતો અને વિપક્ષની ચિંતા છે કે તેનાથી ભાવમાં અસ્થિરતા આવશે.
- ✓ ફૂડ સિક્યોરિટી સંપૂર્ણપણે ખતમ થઈ જશે. રાજ્યોને એ ખબર જ નહીં હોય કે રાજ્યમાં કઈ વસ્તુનો કેટલો સ્ટોક છે. તેથી આવશ્યક વસ્તુઓની કાળાબજારી વધશે.

<u>કૃષિ ખરડા અંગે PMનું નિવેદન :</u>

- ✓ <u>લઘુતમ ટેકાના ભાવ(MSP)ની વ્યવસ્થા જારી રહેશે, સરકાર કૃષિ ઊપજની ખરીદી કરતી રહેશે : પીએમ મોદી</u>
- ✓ કૃષિ ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા માટેના ૩ માંથી બે કૃષિ ખરડા રાજ્યસભાએ પસાર કરી દીધા છે.
- ✓ ભારતના કૃષિ ક્ષેત્રને માળખાકીય અને ટેકનિકલ સુધારાની તાતી જરૂર હતી અને હવે આ બંને ખરડા પસાર થતાં ખેડૂતો અત્યાધુનિક ટેકનોલોજી પ્રાપ્ત કરીને પોતાની ઊપજમાં વધારો કરી શકશે.
- ✓ આપણા કૃષિ ક્ષેત્રને આધુનિક ટેકનોલોજી સાથે ઉદ્યમી ખેડૂતોને સહાય મળે તેની ખૂબ જરૂર હતી.
- ✓ હવે ખેડૂતો સરળતાથી આધુનિક ટેકનોલોજી પ્રાપ્ત કરીને તેમની ઊપજમાં વધારો કરી શકશે. કૃષિ ક્ષેત્રમાંથી દલાલો અને વચેટિયાઓની નાબૂદી અત્યંત જરૂરી હતી.
- ✓ ઘણા દાયકાઓથી વચેટિયા ખેડૂતોનું શોષણ કરી રહ્યાં હતાં. સંસદમાં પસાર કરાયેલા ખરડા ખેડૂતોને આ પ્રકારની ગુલામીમાંથી મુક્ત કરાવશે.
- ✓ ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયાસો વેગ આપીને તેમને સમૃદ્ધ બનાવશે.
- ✓ એમએસપીની વ્યવસ્થા ચાલુ જ રહેશે. સરકાર દ્વારા કૃષિ ઊપજની ખરીદી જારી રહેશે. અમે અહીં ખેડૂતોની સેવા માટે બેઠા છીએ. અમે ખેડૂતોની ભાવિ પેઢીને સારું જીવન સુનિશ્ચિત કરી રહ્યાં છીએ.
- ✓ કેન્દ્રિય કૃષિ મંત્રી : શ્રી નરેન્દ્ર તોમર
- ✓ MSP : મિનિમમ સપોર્ટ પ્રાઈઝ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૨. કોરોના વોરીયર્સના સંતાનો માટે નિર્ણય : ગુજરાત સરકાર (આરોગ્ય)</u>

<u>નિર્ણય :</u>

- ✓ કોવિડ-19માં ફરજ બજાવતા મૃત્યુ પામેલા કર્મચારીઓના સંતાનોને MYSY યોજના હેઠળ પર્સન્ટાઈલ કે આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય લાભ અપાશે



વિગત અને પ્રક્રિયા :

- ✓ રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દર વર્ષે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ૫૦ ટકા જેટલી ફી માફીનો લાભ આપવામાં આવે છે.
- ✓ આ સહાય મેળવવા માટે જે તે વિભાગની કચેરીમાં ફરજ બજાવતા હોય તે વિભાગના નાયબ સચિવથી ઉતરતી કક્ષાના ન હોય તેવા અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ ઠરાવની જોગવાઈઓને શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧થી લાગુ કરવામાં આવશે.

MYSY વિશે :

- ✓ રાજ્યના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલો તેમજ ઉચ્ચ અભ્યાસ સુધી જઈ શકે અને સારી રીતે અભ્યાસ કરી શકે તેના માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વર્ષ-૨૦૧૫-૧૬થી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના લાગુ કરવામાં આવી.
- ✓ ચાલુ વર્ષે કોરોના મહામારીના કારણે રાજ્યના તમામ સરકારી કર્મચારીઓને ઉઁર્ દ્વારા કોરોના વોરિયર્સ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.
- ✓ અમલ : શૈક્ષણિક વર્ષ 2020-21થી
- ✓ MYSY : મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.ભારતનો પહેલો સૂચિત વર્ટિકલ લિફ્ટ રેલ્વે બ્રિજ-રામેશ્વરમ (ભારતીય રેલવે)

- ✓ આગામી વર્ષ 2022 સુધીમાં તૈયાર થશે



બ્રિજની વિશેષતા :

- ✓ દેશનો પ્રથમ વર્ટિકલલિફ્ટિંગ રેલવે બ્રિજ બની રહ્યો છે. અંદાજે રૂ.250 કરોડના ખર્ચે બની રહેલા આ બ્રિજનો ગત વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિલાન્યાસ કર્યો હતો. બ્રિજ 2 વર્ષમાં તૈયાર થઇ જશે.
- ✓ જૂનો પમ્બન બ્રિજ ભારતીય રેલવેએ 1914માં બનાવ્યો હતો, જે મુન્નારના અખાતમાં સ્થિત રામેશ્વરમને મેઇનલેન્ડ મંડપમ સાથે જોડતો હતો.
- ✓ 1988માં પમ્બન બ્રિજને સમાંતર રેલવે બ્રિજ બનાવાયો, જેથી લોકોને જવા-આવવામાં રાહત મળી.
- ✓ વર્ટિકલ બ્રિજ બનવાથી ટ્રેન પસાર ન થતી હોય ત્યારે બ્રિજને ઉપર કરીને નીચેથી જહાજો માટે રસ્તો કરી શકાશે.

✓ દેશના ૧૨ જ્યોર્તિલિંગમાંથી એક રામેશ્વરમ-તામિલનાડુ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વધરી બકરી : ગુજરાતમાં નવી પ્રજાતિની દેશી ઓલાદની વધરી બકરીની ઓળખ કરાઈ (પશુપાલન)



✓ વિસ્તાર : જામનગર ગ્રામ્ય

વિગત :

✓ પાંચાલી ઘેટા, કાહમી બકરી બાદ ગુજરાતમાં વધુ એક દેશી ઓલાદની બકરીની ઓળખ થઇ.

✓ કચ્છની સહજીવન સંસ્થાએ જામનગર જિલ્લાના ગામડાઓમાં વધરી બકરીની ઓળખ કરી.

✓ આ વધરી બકરીને નેશનલ બ્યુરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસ પાસેથી માન્યતા મળે તે માટે પ્રયાસો શરૂ કરાયા.

અત્યારસુધી ગુજરાતમાં માન્યતા પ્રાપ્ત પશુઓ

✓ ગુજરાતમાં અત્યાર સુધી ખારાઇ ઉંટ, હાલારી ગધેડો, કાહમી બકરી, ડગરી ગાય સહિત અન્ય કેટલીક દેશી ઓલાદના પશુઓને નેશનલ બ્યુરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસે માન્યતા આપી છે.

✓ શોધ કરનાર સંસ્થા : સહજીવન

વધરી બકરીની વિશેષતાઓ :

✓ વધરી બકરી રોજ દોઢ-બે લિટર દૂધ આપે છે

✓ વધરી બકરીનું દૂધ ગુણવત્તાસભર છે. ઉંટાટીયુ રોગમાં અકસીર દવા સમાન છે.

✓ ડુંગરાળ પ્રદેશવધરી બકરીનુ ચરિયાણ છે

✓ સફેદ ગરદન અને કાળા રંગનું શરીર વધરી બકરીની આગવી ઓળખ છે

✓ વધરી બકરી વર્ષમાં બે-ત્રણ વખત બચ્ચાને જન્મ આપે છે

✓ નર બકરાની કિંમત રૂ.૧૦-૧૨ હજાર સુધી બોલાય છે

✓ વધરી બકરીની કિંમત રૂા.૭-૮ હજારની અંકાય છે

✓ અંદાજે ૧૨ હજારથી વધુ સંખ્યા

✓ બકરીની ગરદનનો ભાગ સફેદ હોય છે અને શરીરનો ભાગ કાળા રંગનો હોય છે એટલે બે નામ હોવાથી વધરી નામ-ઓળખ

✓ ઉછેર : માલધારી પ્રજા-જામનગર

રાષ્ટ્રીય માન્યતા માટે રજૂઆત

✓ આ બકરીને રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળે તે માટે રાજ્ય પશુપાલન વિભાગને એક દરખાસ્ત મોકલી અપાઇ છે.

✓ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી વધરી બકરીની પ્રજનન ક્ષમતા, દૂધ ઉત્પાદન, દેખાવ,

શરીરની રચના સહિતની વિગતો સાથે પ્રોફાઇલ તૈયાર કરશે.

- ✓ આ પ્રોફાઇલ આધારે નેશનલ બ્યુરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસ વઘરી બકરીને માન્યતા આપશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : 20 સપ્ટેમ્બર

છાત્ર શક્તિ : વિનોદ કિનારીવાલા

જન્મ : 20 સપ્ટેમ્બર 1924

અવસાન : 9 ઓગસ્ટ 1942

- ✓ 'તમારો આદર્શ વિનોદ જે શહીદ થઇ ગયો એ છે, એણે જે બહાદુરી અને હિંમત બતાવી દેશદાઝનો નમૂનો આપ્યો છે. તેણે તમારે સંગ્રહી રાખવાનો છે તેમાંથી જીવનના પાઠ શીખવાના છે.' આ વાત સરદાર વલ્લભભાઈ પટેલે વિનોદ કિનારીવાલાની શહીદી નિમિત્તે અમદાવાદના યુવાઓને કહી હતી.



- ✓ વિનોદ કિનારીવાલા એટલે 1942ના હિન્દ છોડો આંદોલનનો અમદાવાદ-ગુજરાતમાં પર્યાય.
- ✓ હિન્દ છોડો આંદોલનના પ્રતિસાદરૂપે અમદાવાદમાં સર એલ.એ. શાહ લો કોલેજમાં 2 હજાર વિદ્યાર્થી ભાઈ-બહેનોનું ભવ્ય વિરોધ પ્રદર્શન યોજાયું, ભાષણો થયા, ધ્વજવંદન થયું અને 'ઇન્કલાબ ઝીન્દાબાદના નારા પણ પોકાર્યા.
- ✓ તેમાં અગ્રિમ પંક્તિમાં ઇન્ટર આર્ટ્સમાં ભણતા વિનોદ કિનારીવાલા હતા.
- ✓ ગાંધી-રવિશંકર મહારાજનો તેમના જીવન પર ઊંડો પ્રભાવ હતો, તો ચંદ્રશેખર આઝાદ જેમ કાંઈક કરી છૂટવાની તમન્ના પણ હતી.
- ✓ મિશન ચર્ચ પાસેથી જેવું વિરોધી સરઘસ નીકળ્યું કે યુવતીઓ પર લાઠીઓ વીંઝાઇ, બદલામાં પોલીસ પર પથ્થરમારો થયો અને નાસભાગ શરૂ થઇ.
- ✓ રાષ્ટ્રધ્વજ લઇ આગળ ધપતા વિનોદને બેયોનેટની અણી બતાવી ધ્વજ છોડી હટી જવા કહ્યું પણ વિનોદ મક્કમ રહ્યા એટલામાં અંગ્રેજ અધિકારીના ટોપા પર એક પથ્થર પડતા તેણે ગોળીબારનો હુકમ કરતાં પહેલો શિકાર વિનોદ કિનારીવાલા થયા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં રાજ્યસભામાં કયા ત્રણ કૃષિ ખરડા ધ્વનિ મતથી પસાર કરાયા – (૧) ફાર્મર્સ એન્ડ પ્રોડયુસ ટ્રેડ

એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) બિલ-૨૦૨૦ (૨) ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેક્શન) એગ્રિમેન્ટ ઓન પ્રાઈસ એસ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસીસ બિલ-૨૦૨૦ અને (૩) એશેન્શિયલ કોમોડિટીઝ (અમેન્ડમેન્ટ) બિલ

2. તાજેતરમાં રાજ્યસભામાં પસાર કરાયેલ કૃષિ અંગેના ફાર્મર્સ પ્રોડ્યુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિયેશન) બિલ 2020 ની મુખ્ય જોગવાઈઓ જણાવો - **કૃષિ ઉપજના ઇલેક્ટ્રોનિક ટ્રેડિંગ, સીધા ઓનલાઇન લે-વેચ માટેના ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મની પરવાનગી આપે છે**
3. તાજેતરમાં રાજ્યસભામાં પસાર કરાયેલ કૃષિ અંગેના ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ ફોટોપ્રોટેક્શન) એગ્રીમેન્ટ ઓન પ્રાઇસ એશ્યોરન્સ & ફાર્મ સર્વિસ બિલ 2020ની મુખ્ય જોગવાઈઓ જણાવો - **કોઇપણ કૃષિ ઊપજના ઉત્પાદન કે લણણી પહેલાં કૃષિ કરારની પરવાનગી, આ પ્રકારના કરારમાં ગેરંટેડ મૂલ્ય દર્શાવવાનું રહેશે**
4. કૃષિ બિલ એશેન્શિયલ કોમોડિટીઝ (અમેન્ડમેન્ટ) બિલ કયા કાયદાની જોગવાઈની વ્યાખ્યા કરે છે - **1955માં બનાવાયેલા આવશ્યક વસ્તુ કાયદાની જોગવાઈઓમાં ફેરફારની વ્યાખ્યા**
5. કૃષિ બિલ એશેન્શિયલ કોમોડિટીઝ (અમેન્ડમેન્ટ) બિલની મુખ્ય જોગવાઈઓ જણાવો – **સરકારે તેની જોગવાઈઓમાં અનાજ, કઠોળ, ખાદ્ય તેલ, ડુંગળી, બટાકા વગેરેને આવશ્યક વસ્તુની યાદીમાંથી હટાવી દીધા**
6. ભારતના વર્તમાન કેન્દ્રીય કૃષિ મંત્રીનું નામ જણાવો- **નરેન્દ્રસિંહ તોમર**
7. MSPનું વિસ્તૃત નામ જણાવો -**મિનિમમ સપોર્ટ પ્રાઈઝ**
8. ગુજરાતમાં કોરોના ફરજ દરમિયાન મૃત્યુ પામનાર સરકારી કર્મચારીઓના સંતાનોને કઈ યોજના અંતર્ગત કોઈપણ માપદંડ ધ્યાને લીધા સિવાય શૈક્ષણિક હેતુ માટે લાભ આપવામાં આવશે - **MYSY**
9. MYSYનું વિસ્તૃત નામ જણાવો - **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**
10. ગુજરાતમાં કોરોના ફરજ દરમિયાન મૃત્યુ પામનાર સરકારી કર્મચારીઓના સંતાનોને MYSY અંતર્ગત શૈક્ષણિક હેતુ માટે લાભ કયા વર્ષથી આપવામાં આવશે - **વર્ષ 2020-21**
11. ગુજરાતમાં કોરોના ફરજ દરમિયાન મૃત્યુ પામનાર સરકારી કર્મચારીઓના સંતાનોને MYSY અંતર્ગત શૈક્ષણિક હેતુ માટે કેટલા ટકા ફી માફીનો લાભ આપવામાં આવશે - **50 ટકા**
12. ભારતમાં સૌથી પહેલો સૂચિત વર્ટિકલ લિફ્ટ રેલવે બ્રિજ ક્યાં તૈયાર થઈ રહ્યો છે - **રામેશ્વરમ**
13. ભારતમાં સૌથી પહેલો સૂચિત વર્ટિકલ લિફ્ટ રેલવે બ્રિજ ક્યાં આગામી કયા વર્ષ સુધીમાં તૈયાર થઈ જશે - **વર્ષ 2022**
14. - ભારતના 12 જ્યોતિર્લિંગમાંનું એક રામેશ્વરમ કયા રાજ્યમાં આવેલું છે - **તમિલનાડુ**
15. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાતમાં નવી પ્રજાતિની દેશી ઓલાદની કઈ બકરીની ઓળખ કરાઈ - **વઘરી બકરી**
16. ગુજરાતમાં નવી પ્રજાતિની દેશી ઓલાદની વઘરી બકરીની ઓળખ કરાઈ તે ક્યા વિસ્તારમાં જોવા મળે છે - **જામનગર ગ્રામ્ય**
17. ગુજરાતમાં નવી પ્રજાતિની દેશી ઓલાદની વઘરી બકરીની ઓળખ કરાઈ તે પહેલા અન્ય કઈ બે ઘેટા-બકરીની દેશી ઓલાદની ઓળખ કરાઈ હતી - **પાંચાલી ઘેટા તથા કાહમી બકરી**
18. કઈ સંસ્થા દ્વારા જામનગર જિલ્લાના ગામડાઓમાં વઘરી બકરીની ઓળખ કરાઈ- **સહજીવન સંસ્થા(કચ્છ)**
19. નવી ઓળખ કરાયેલી વઘરી બકરીને કોની પાસેથી માન્યતા મળે તે માટે પ્રયાસો શરૂ કરાયા છે - **નેશનલ બ્યુરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસ**
20. અત્યારસુધી ગુજરાતમાં માન્યતા પ્રાપ્ત પશુઓના નામ જણાવો - **ખારાઇ ઉંટ, હાલારી ગધેડો, કાહમી બકરી, ડગરી ગાય**
21. નવી ઓળખ કરાયેલી વઘરી બકરીની વિશેષતાઓ જણાવો - **સફેદ ગરદન અને કાળા રંગનું શરીર, રોજ દોઢ-બે લિટર દૂધ આપે છે**
22. વઘરી બકરીનું દૂધ કયા રોગમાં અકસીર દવા સમાન છે - **ઉંટાટીયુ**
23. વઘરી નર બકરા-બકરીની કિંમત જણાવો – **અનુક્રમે રૂ.૧૦-૧૨ હજાર તથા રૂા.૭-૮ હજાર**

24. વઘરી બકરીને રાષ્ટ્રીય માન્યતા માટે કઈ કૃષિ યુનિવર્સિટી તેની પ્રજનન ક્ષમતા, દૂધ ઉત્પાદન, દેખાવ, શરીરની રચના સહિતની વિગતો સાથે પ્રોફાઇલ તૈયાર કરી રહી છે - **જૂનાગઢ**
25. શહિદ વિનોદ કિનારીવાલાનો જન્મ દિવસ જણાવો - **20 સપ્ટેમ્બર 1924**
26. વિનોદ કિનારીવાલા કયા આંદોલનમાં શહિદ થયા હતા - **1942ના હિન્દ છોડો આંદોલન**
27. 1942ના હિન્દ છોડો આંદોલન વેળાએ ક્યારે વિનોદ કિનારીવાલા શહિદ થયા હતા – **9 ઓગસ્ટ 1942**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નિમણૂક : રાજય માહિતી કમિશનર તરીકે બે નિવૃત્ત અધિકારીઓની નિયુક્તિ



- ✓ ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે શ્રી અમૃતભાઈ પટેલ અને ડો. સુભાષચંદ્ર સોનીને રાજય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય તરીકે આજે રાજભવન ખાતે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભારત-માલ્દિવ્સ સંબંધો : બંને દેશ વચ્ચે પ્રથમ સીધી કાર્ગો ફેરી સર્વિસ શરૂ (વૈશ્વિક સંબંધો)



- ✓ ભારતથી માલદિવ્સ જવા કોચીથી પ્રથમ કાર્ગો સેવાનો પ્રારંભ

વિગત :

- ✓ રાજ્ય કક્ષાના કેન્દ્રીય જહાજ મંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી મનસુખ માંડવિયા અને માલ્દિવ્સના પરિવહન અને નાગરિક ઉડ્ડયન મંત્રી સુશ્રી ઐશાથ નહુલાએ ભારત અને માલ્દિવ્સ વચ્ચે સીધી કાર્ગો ફેરી સર્વિસનું ઉદ્ઘાટન સંયુક્તપણે કર્યું હતું.
- ✓ પોતાની પ્રથમ સફર દરમિયાન 200 ટીઇયુ અને 3000 એમટી બ્રેક બલ્ક કાર્ગોની ક્ષમતા ધરાવતું જહાજ તુતિકોરિનથી કોચીની સફર કરશે, જ્યાંથી જહાજ ઉત્તર માલદિવ્સમાં કુલ્હુધુકુશી પોર્ટ તરફ આગળ વધશે અને પછી માલે પોર્ટ પહોંચશે.

- ✓ આ ફેરી સર્વિસ શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા ઓપરેટ કરે છે, જે મહિનામાં બે વખત ચાલશે તેમજ ભારત અને માલ્દિવ્સ વચ્ચે ચીજવસ્તુઓના પરિવહનના આ વાજબી, પ્રત્યક્ષ અને વૈકલ્પિક માધ્યમો પ્રદાન કરશે.
- ✓ આ સર્વિસ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગત વર્ષે જૂન મહિના દરમિયાન માલ્દિવ્સની યાત્રા દરમિયાન વ્યક્ત કરેલી પ્રતિબદ્ધતા પૂર્ણ કરવાના પ્રતીક સમાન છે.
- ✓ ઉપરાંત વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે 13 ઓગસ્ટ, 2020ના રોજ એમની વર્ચ્યુઅલ બેઠક દરમિયાન પણ આ ફેરી સર્વિસની જાહેરાત કરી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. કેન્દ્ર સરકાર : છ રવિ પાકના ટેકાના લઘુત્તમ ભાવ(MSP)માં વધારો કરાયો (કૃષિ)

કયા પાકનાં MSPમાં કેટલો વધારો

પાકનું નામ	MSP ક્વિન્ટલ દીઠ	પહેલા MSP ક્વિન્ટલ દીઠ	હવે તફાવત રૂ. ક્વિન્ટલ દીઠ
ઘઉં	૧૯૨૫	૧૯૭૫	૫૦
જવ	૧૫૨૫	૧૬૦૦	૭૫
સરસવ	૪૪૨૫	૪૬૫૦	૨૨૫
ચણા	૪૮૭૫	૫૧૦૦	૨૨૫
મસૂર	૪૮૦૦	૫૧૦૦	૩૦૦
કુસુમ/ સૂર્યમુખી	૫૨૧૫	૫૩૨૭	૧૧૨



- ✓ કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી નરેન્દ્ર તોમરે કહ્યું હતું કે, ૨૦૧૩-૧૪માં અનાજના MSP રૂ. ૧૩૧૦ હતા જે ૨૦૨૦-૨૧માં વધારીને રૂ. ૧૮૬૮ કરાયા છે આમ તેની MSP ૪૩ ટકા વધી છે.
- ✓ ઘઉંની MSP ૨૦૧૩-૧૪માં રૂ. ૧૪૦૦ હતી જે ૨૦૨૦-૨૧માં વધારીને રૂ. ૧૯૭૫ કરાઈ છે
- ✓ આમ તેની એમએસપી ૪૧ ટકા વધી છે. સરસવ અને રેપસીડની એમએસપી આ ગાળામાં ૫.૧ ટકા વધી છે.

MSP નક્કી કરવાની પદ્ધતિ

- ✓ સરકાર દ્વારા દર સિઝન પહેલા કમિશન ફોર એગ્રિકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઈસિસની ભલામણને આધારે જરૂર મુજબ દરેક પાકનાં MSP નક્કી કરવામાં આવે છે.
- ✓ જો કોઈ પાકની બમ્પર ઊપજ થઈ હોય તો બજારમાં તેના ભાવ ઓછા મળે છે. આથી ખેડૂતોને નુકસાન ન થાય તે રીતે

MSP નક્કી કરવામાં આવતા ખેડૂતો માટે તે બજારમાં નિશ્ચિત ભાવ મળવાની ખાતરી આપે છે.

✓ ખેડૂતો માટે તે ગેરંટેડ સમર્થન મૂલ્યનું કામ કરે છે. બજારમાં કોઈપણ પાકની કિંમતમાં વધઘટ થાય તો પણ તેને તેની ઉપજનાં ઓછામાં ઓછા ભાવ મળી રહે છે. જેને ટેકાના લઘુતમ ભાવ કહેવાય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. બે ટ્રિલિયન ડોલરનું વૈશ્વિક મની લોન્ડરિંગ કૌભાંડ (આર્થિક)

✓ સમયગાળો : ૧૯૯૮ થી ૨૦૧૯

✓ અહેવાલ : ઈન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઓફ ઈન્વેસ્ટીગેટિવ જર્નાલિસ્ટે (ICIJ) (પત્રકારસંઘ)



ટૂંકી વિગત

✓ અહેવાલ મુજબ અગ્રણી યુરોપિયન બેંક્સના અધિકારીઓએ જાણી જોઈને કૌભાંડીઓના નાણાની હેરાફેરી થવા દીધી હતી.

✓ આવી બેંકમાં એચએસબીસી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ, જેપી મોર્ગન ચેસ, ડોઈશે બેંક તથા બેંક ઓફ ન્યૂયોર્ક મેલોનનો સમાવેશ થાય છે.

✓ સ્કેમ જાહેર થયા બાદ એચએસબીસી અને સ્ટાન્ડર્ડ બેંકના શેર્સ તેમના બે દાયકાના તળિયાં પર ટ્રેડ થયાં હતાં

સ્કેમ વિશે :

✓ વૈશ્વિક મનીલોન્ડરિંગ કૌભાંડનું કદ ૨ ટ્રિલિયન ડોલર હોવાનો અંદાજ

કૌભાંડનો સમય

✓ ૧૯૯૮-૨૦૧૯ના સમયગાળામાં થયેલા ૨૧૦૦ એન્ટ્રીઝને બેંકોએ સસ્પિસિયસ એક્ટિવિટી રિપોર્ટ(એસએઆર) દર્શાવી

કોણ-કોણ સંડોવાયું છે

✓ ગેંગસ્ટર્સ, ડ્રગ માફિયા સહિતના ગુનેગારોના નાણા કેવાયસી વિના એક એકાઉન્ટમાંથી બીજા એકાઉન્ટમાં ટ્રાન્સફ થયાં છે

સ્કેમ કેવી રીતે બહાર આવ્યું

✓ ૨૦ વર્ષ દરમિયાન ટ્રાન્ઝેક્શન્સ હાથ ધરનાર બેંકોને જ પાછળથી લાગ્યું કે આ ટ્રાન્ઝેક્શન્સ શંકાસ્પદ હતાં અને તેમણે પોતે જ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરીના કાઈમ એન્ફેર્મેન્ટ નેટવર્કને આ માહિતી સુપ્રદ કરી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ગુજરાત સરકાર : ખરીફ પાકમાં નુક્સાનની વળતર પેટે રૂ. ૩૭૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર

✓ અંદાજે ૨૭ લાખ ખેડૂતોને લાભ



પેકેજની વિગત :

✓ ગુજરાતના વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખરીફ ઋતુમાં ભારે વરસાદથી થયેલા પાક નુકસાન અંગે 3700 કરોડનું સહાય પેકેજ જાહેર કર્યું હતું.

✓ આ સહાય રાજ્યના 20 જિલ્લાના 123 તાલુકાના 37 લાખ હેક્ટરને મળશે.

✓ આ સહાય પેકેજથી રાજ્યના 27 લાખ જેટલા ખેડૂત ખાતેદારોને ખાતાદીઠ સહાયનો લાભ મળશે.

✓ 1 ઓક્ટોબરથી પોર્ટલ ખુલ્લું મુકાશે

પેકેજ એટ-એ ગ્લાન્સ :

✓ મગફળી, કપાસ, ડાંગર, તલ, બાજરી, કઠોળ, શાકભાજી વગેરે પાકોમાં નુકસાન

✓ અરજી કરવાનો ખર્ચ પણ રાજ્ય સરકાર ભોગવશે

✓ રાજ્યના અન્ય તાલુકાઓમાં પાક નુકસાનીના આકલન આવશે તો રાજ્ય સરકાર એ અંગે પણ વિચારણા કરશે.

✓ આ સહાય મેળવવા ઓનલાઈન અરજી કરવાની રહેશે

✓ ખેડૂતોએ નજીકના ઇ-ગ્રામ કેન્દ્ર ખાતેથી અરજી કરવાની રહેશે.

✓ અરજી અન્વયે મંજૂરી પ્રક્રિયાને અંતે સહાયની રકમ સીધી જ ખેડૂતના બેંક ખાતામાં ઓનલાઇનથી જમા કરવામાં આવશે

✓ દિવાળી સુધીમાં સમગ્ર પ્રક્રિયા પૂરી કરી દેવામાં આવશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬.સિદ્ધિ : નેવીના ઈતિહાસમાં પ્રથમવાર બે મહિલા પાયલોટ્સ હેલિકોપ્ટર ઉડાડશે (મહિલા સશક્તિકરણ)



વિગત :

- ✓ યુદ્ધજહાજ પરથી પહેલીવાર મહિલા હેલિકોપ્ટર ઉડાડશે
- ✓ નેવીના ઇતિહાસમાં પ્રથમવાર બે મહિલા અધિકારીને યુદ્ધ જહાજ પર તહેનાત કરાઈ.
- ✓ તેઓ હેલિકોપ્ટર સ્ટ્રીમમાં એરબોર્ન ટેકનિશિયન માટે પસંદ થઈ છે.
- ✓ યુદ્ધ જહાજો ઉપર ઉડ્ડયનની કામગીરી સંભાળતા એરબોર્ન ટેક્નિશિયને-ઓબ્જર્વર્સ તરીકે ઓળખાય છે
- ✓ સબ લે. કુમુદિની ત્યાગી અને સબ લે. રીતિસિંહ દેશની પ્રથમ મહિલા એરબોર્ન ટેકનિશિયન હશે.
- ✓ સ્થાન : કોચી-કેરળ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. સિદ્ધિ : ગુજરાતની FSU અને RSUને રાષ્ટ્રીયકક્ષાનો દરજ્જો (શિક્ષણ)

વિગત :

- ✓ ગાંધીનગર જિલ્લાના દહેગામ સ્થિત લવાડ ખાતે આવેલી રાજ્યની રક્ષાશક્તિ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો અપાયો
- ✓ આ બંને યુનિવર્સિટીઓને રાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટી તરીકે અપગ્રેડ કરવાનું લોકસભામાં બીલ પસાર.
- ✓ આ સાથે જ બંને યુનિર્સિટીઓને ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ (રાષ્ટ્રીય મહત્વનું શૈક્ષણિક સંસ્થાન)નો પણ દરજ્જો અપાયો.
- ✓ આ સૂચિત કેન્દ્રિય યુનિવર્સિટીનું વડુ મથક ગાંધીનગર ખાતે રહેશે.
- ✓ વિવિધ કેન્દ્રીય સંસ્થાઓ, કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો અને વિદેશી સંસ્થાઓ પાસેથી રિસર્ચ અને કન્સલ્ટસિગ પ્રોજેક્ટ મેળવવામાં સરળતા રહેશે.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા આ યુનિવર્સિટીને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળશે.
- ✓ FSU: ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી-ગાંધીનગર
- ✓ RSU: રક્ષાશક્તિ યુનિવર્સિટી-લવાડ-ગાંધીનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ૭૨મો એમી એવોર્ડ : USA (કલા-ફિલ્મ)

ગુજરાત મૂળના આંદ્રિજ પારેખને બેસ્ટ ડિરેકટરનો એમી એવોર્ડ અપાયો

- ✓ શ્રી પારેખ ડિરેક્ટર અને સીનેમેટો ગ્રાફર HBOની સિરીઝ સક્સેશનના ડિટેકેશન માટે એવોર્ડ

એમી એવોર્ડ વિશે

- ✓ એમી એવોર્ડ અમેરિકાની ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીનો સર્વોચ્ચ એવોર્ડ.
- ✓ આ વખતે એમી એવોર્ડ સમારોહ વર્ચ્યુઅલ ઓનલાઈન યોજાયો હતો.



- ✓ આ એવોર્ડ એચબીઓ ચેનલ પર આવતી સિરિઝ સકસેશન માટે અપાયો હતો.
- ✓ પારેખનો જન્મ : બોસ્ટન
- ✓ સમગ્ર કાર્યક્રમ ઓનલાઇન યોજાયો
- ✓ શ્રી પારેખના પિતા પ્રવીણ પારેખ ગુજરાતી જ્યારે માતા લેસીઆ યુક્રેનના વતની
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. TRAI : ભારતમાં ઇન્ટરનેટ વપરાશકર્તાની સંખ્યા 74.31 કરોડ (સંચાર)

TRAI

सत्यमेव जयते

Telecom Regulatory Authority of India

(IS/ISO 9001-2008 Certified Organisation)

भारतीय दूरसंचार नियामक प्राधिकरण

TRAI અહેવાલ :

- ✓ માર્ચ 2020 સુધીના આંકડા

વિગત :

- ✓ ભારતમાં માર્ચ-૨૦૨૦ના અંત સુધીમાં ઈન્ટરનેટ વપરાશ કરનારાઓની સંખ્યા ૭૪.૩૧ કરોડ નોંધાઈ હતી.
- ✓ એક વર્ષ પહેલા માર્ચ-૨૦૧૯માં દેશમાં નેટ વપરાશકારોની સંખ્યા ૭૧.૮૭ કરોડ હતી. એટલે વપરાશકારોમાં ૨.૪૪ કરોડનો વધારો થયો છે.
- ✓ ઈન્ટરનેટ વપરાશકારોમાં ૭૨.૦૨ કરોડ વાયરલેસ કનેક્શન જ્યારે સવા બે કરોડ જેટલા વપરાશકર્તાઓ વાયર સાથેનું ઈન્ટરનેટ કનેકશન ધરાવે છે.

નેટ સેવા આપતી વિવિધ કંપનીઓ

- ✓ ભારતમાં સૌથી વધુ ૫૨.૩ ટકા માર્કેટ શેર રિલાયન્સ જિયોનો છે. એ પછી ૨૩.૬ ટકા સાથે ભારતી એરટેલ અને ૧૮.૭ ટકા વપરાશકારો વોડાફોન-આઇડિયાના ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- ✓ વાયર્ડ કનેક્શન વાપરનારા સવા બે કરોડમાંથી ૧.૧૨ કરોડ વપરાશકારો સાથે બીએસએનએલનો હિસ્સો ૫૦.૩ ટકા છે. એ પછી બીજા ક્રમે ભારતી એરટેલના ૨૪.૭ લાખ યુઝર્સ નોંધાયા છે.
- ✓ TRAI : ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. નિમણૂક : જાપાનના નવા વડાપ્રધાન તરીકે યોશિહિદે સુગાની નિયુક્તિ (વૈશ્વિક બાબતો)

✓ તારીખ: 16મી સપ્ટેમ્બર 2020 નવા વડાપ્રધાન તરીકે કાર્યરત



ખાસ :

શ્રી સુગા દ્વારા તે યુગને "રીવા"નામ અપાયું

✓ "રીવા" જાપાની શબ્દ તેનો અર્થ - સુંદર સદભાવ

✓ શ્રી સુગાનું હુલામણુ નામ "અંકલ રીવા"

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. દિન વિશેષ : 21 સપ્ટેમ્બર

(૧) વર્લ્ડ અલ્જાઇમર્સ ડે

વિશ્વમાં દર વર્ષે 21 સપ્ટેમ્બરની વર્લ્ડ અલ્જાઈમર્સ ડે તરીકે ઉજવણી થાય છે



ઉદ્દેશ

✓ અલ્જાઈમર અને ડિમેન્શિયા વિશે જાગૃતતા લાવવાનો.

✓ અલ્જાઈમર્સમાં મગજમાં થતી નર્વ સેલ્વ વચ્ચે થતું કનેક્શન નબળું પડી જાય છે. ધીમે ધીમે આ રોગ મગજના વિકારનું રૂપ લઈ લે છે અને યાદશક્તિને ખતમ કરી દે છે. વ્યક્તિ વિચારવાનું બંધ કરી દે છે.

✓ 1906માં ડો. એલોઈસ અલ્જાઈમરે આ રોગ વિશે શોધ કરી હતી, આ જ કારણે આ રોગને તેમનું નામ આપવામાં આવ્યું હતું.

✓ તેમણે માનસિક રોગથી પીડિત એક મહિલાને મગજમાં કોષિકાઓમાં ફેરફાર થતો જોયો હતો. સ્ટડીમાં ખબર પડી કે જે લોકોને અલ્જાઈમર્સ થાય છે તેમને કાર્ડિયોવસ્કુલર રોગ પણ થાય છે.

(૨) ઇન્ટરનેશનલ ડે ઓફ પીસ : 21 સપ્ટેમ્બર

✓ થીમ-2020 : 'શેપિંગ પીસ ટુગેધર';

✓ આજે 1981માં UNએ ઇન્ટરનેશનલ ડે ઓફ પીસની શરૂઆત કરી

✓ 1981માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ઈન્ટરનેશનલ ડે ઓફ પીસની સ્થાપના કરી હતી.

✓ બે દાયકા પછી 2001માં મહાસભાએ સર્વસંમતિથી આ દિવસને 24 કલાક અહિંસા અને સીઝફાયરની સમયમર્યાદા તરીકે ઉજવણી કરવાનો નિર્ણય કર્યો.

હેતુ :

- ✓ યુનાઈટેડ નેશન્સ તમામ રાષ્ટ્ર અને લોકોને અહિંસાનું મહત્ત્વ જણાવવા માટે આ દિવસની ઉજવણી કરે છે. આ દિવસે શાંતિના આદર્શોને મજબૂતાઈ આપવામાં આવે છે.
- ✓ આ દિવસે મહાત્મા ગાંધીની અહિંસાની શીખને યાદ કરવાનો પણ દિવસ છે. UNનું કહેવું છે કે આ વર્ષે આપણે એકબીજાના દુશ્મન નહીં, પણ કોવિડ-19ના રૂપમાં આપણા એક દુશ્મનને જાહેર કરવાનો છે, જેણે આખી દુનિયાને હેરાન કરી નાખી છે.

(3) મણિપુરનો ભારતમાં વિલય-1949 21 સપ્ટેમ્બર

- ✓ 15 ઓગસ્ટ 1947ના રોજ બ્રિટિશરાજ ખતમ થયાના થોડાક દિવસ પહેલાં જ મણિપુરના રાજાએ 11 ઓગસ્ટે ભારતના શાસનનો સ્વીકાર કર્યો હતો, પરંતુ રાજ્યએ આંતરિક સંપ્રભુતા હાંસિલ કરી લીધી હતી.
- ✓ મણિપુર સ્ટેટ કોન્સ્ટિટ્યુશન એક્ટ 1947 લાગુ થયો, જેનાથી રાજ્યને પોતાનું અલગ બંધારણ મળ્યું. મણિપુરમાં ઘણા લોકો ભારતમાં વિલય ઈચ્છતા હતા. મણિપુર ઈન્ડિયા કોંગ્રેસ પણ બની. ભારત સરકારે અલગ બંધારણને માન્યતા ન આપી.
- ✓ છેલ્લે, મહારાજા પર દબાણ થયું અને તેમણે 21 સપ્ટેમ્બર 1949ના રોજ ભારત સરકાર સાથે મર્જર એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરી લીધા. આ એગ્રીમેન્ટ 15 ઓક્ટોબરે લાગુ થયો હતો, ઘણાં વર્ષો સુધી કેન્દ્રનું સીધું શાસન અહીં રહ્યું, પણ 1972માં મણિપુરને ભારતમાં અલગ રાજ્યનો દરજ્જો મળ્યો હતો.

(૪) (RAW) નો સ્થાપના દિવસ

ભારતની આંતરરાષ્ટ્રીય ગુપ્તચર સંસ્થા (રીસર્ચ એન્ડ એનાલીસીસ વિંગ) (RAW) નો સ્થાપના દિવસ



- ✓ વડુમથક : દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૨. જન્મ દિન વિશેષ : 21 સપ્ટેમ્બર

લોકનેતા ઉચ્છંગરાય ઢેબર

જન્મ – 21 સપ્ટેમ્બર-1895

અવસાન – 11 માર્ચ-1977



- ✓ "કોઈ સુંદર પુસ્તક હું જોઉં અને તે હું ખરીદી ન શકું ત્યારે મને લાગે છે કે હું ગરીબ છું." આવા વિચારો ધરાવતા ઉચ્છંગરાય ઢેબરનો આજે જન્મદિવસ છે.
- ✓ જામનગરના ગંગાજળા ગામે જન્મેલા ઢેબરભાઈનું વતન ખંભાળિયા હતું.
- ✓ ઢેબરભાઈએ રાજકોટ મુંબઈમાં શિક્ષણ લઇ 1929માં રાજકોટમાં સ્વતંત્ર વકિલાત શરૂ કરી હતી.
- ✓ કાઠિયાવાડ ટાઈમ્સ સાથે પણ સંકળાયેલા હતા. ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓના પ્રભાવમાં 1936માં વકીલાત છોડી. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સક્રિય થયા.
- ✓ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ માટે પારિવારિક બાબતો પરત્વે એટલું તો દુર્લક્ષ્ય સેવ્યું હતું કે જે કોઈ ગૃહસ્થાશ્રમી માટે ગુનો ગણાય તે કક્ષાનું હતું.
- ✓ આઝાદી પછી 15 ફેબ્રુઆરી 1948માં સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા
- ✓ ગરાસદારી અને બારખલી પ્રથા નાબૂદ કરી દાખલ થયેલી જમીન સુધારણાનો શ્રેય ઉચ્છંગરાય ઢેબરના ફાળે જાય છે.
- ✓ મુખ્યમંત્રી તરીકે તેમણે કહ્યું કે, મારા રાજ્યમાં ઘાસચારાની અભાવે ગાય માતાએ ઘાસને બદલે કાગળ ખાવા પડે તેને હું મારી વ્યવસ્થાની ખામી ગણું છું.
- ✓ અનુસૂચિત જનજાતિઓ માટે રચાયેલા પંચના અધ્યક્ષ તરીકે આદિવાસીઓની જમીન બિન આદિવાસીઓના હાથમાં જતી રોકવાનો કાયદો પણ કર્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાતના નવા રાજ્ય માહિતી કમિશનર તરીકે કયા બે નિવૃત્ત અધિકારીઓની નિમણૂક કરાઈ - **શ્રી અમૃતભાઈ પટેલ અને શ્રી સુભાષચંદ્ર સોની**
2. રાજ્ય માહિતી કમિશનરને શપથ કોના દ્વારા લેવડાવવામાં આવે છે - **રાજ્યપાલશ્રી**
3. તાજેતરમાં વૈશ્વિક સંબંધોના ભાગરૂપે કયા બે દેશો વચ્ચે પ્રથમવાર સીધી કાર્ગો ફેરી સર્વિસનો પ્રારંભ થયો - **ભારત અને માલદીવ**
4. માલદીવ જવા માટે સૌપ્રથમ ભારતના કયા બંદરેથી જહાજ રવાના થયું - **કોચી**
5. ભારત અને માલદીવના કયા બે બંદરો વચ્ચે સૌપ્રથમ કાર્ગો ફેરી સર્વિસનો પ્રારંભ થયો - **કોચી અને કુલ્હુધુકુશી પોર્ટ**
6. ભારત અને માલદીવ વચ્ચે તાજેતરમાં શરૂ થયેલી કાર્ગો ફેરી સર્વિસ કોના દ્વારા ઓપરેટ કરવામાં આવશે- **શિપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા**
7. રાજ્યકક્ષાના કેન્દ્રીય જહાજ મંત્રીનું નામ જણાવો - **શ્રી મનસુખભાઈ માંડવીયા**
8. તાજેતરમાં સપ્ટેમ્બર 2020માં કેન્દ્ર સરકાર દ્વારા આગામી રવિ સીઝન માટે કયા કયા પાકના MSPમાં વધારો કર્યો - **ઘઉં, જવ, સરસવ, ચણા, મસૂર અને સૂર્યમુખી**
9. કેન્દ્ર સરકાર એમ એસ પી કોની ભલામણને આધારે નક્કી કરે છે - **કમિશન ફોર એગ્રિકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઇસિસ**
10. તાજેતરમાં વૈશ્વિક ક્ષેત્રે બે ટ્રિલિયન ડોલરનું મની લોન્ડરિંગ કૌભાંડ કઈ સંસ્થા દ્વારા બહાર લાવવામાં આવ્યું છે - **ઇન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઑફ ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ**

11. તાજેતરમાં ગુજરાત સરકારે અતિવૃષ્ટિને કારણે ખરીફ પાકમાં નુકસાનીના વળતર પેટે કેટલા કરોડનું ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કર્યું છે - **૩.3,700 કરોડ**
12. તાજેતરમાં ગુજરાત સરકારે અતિવૃષ્ટિને કારણે ખરીફ પાકમાં નુકસાનીના વળતર પેટે જાહેર કરેલા પ્રથમ પેકેજમાં કેટલાક ખેડૂતોને લાભ મળશે - **27 લાખ**
13. તાજેતરમાં ભારતીય નેવીના ઇતિહાસમાં પ્રથમવાર કયા બે મહિલા પાયલટ યુદ્ધ જહાજ પરથી હેલિકોપ્ટર ઉડાડશે - **સબ.લે.કુમુદિની ત્યાગી અને સબ.લે. રીતિસિંહ**
14. તાજેતરમાં લોકસભા દ્વારા ગુજરાતની કઈ બે સંસ્થાઓને" રાષ્ટ્રીય કક્ષાનો" દરજ્જો અપાયો - **FSU અને RSU ગાંધીનગર**
15. FSUનું વિસ્તૃત નામ જણાવો - **ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી**
16. RSUનું વિસ્તૃત નામ જણાવો - **રક્ષાશક્તિ યુનિવર્સિટી-લવાડ**
17. સપ્ટેમ્બર-૨૦૨૦માં USA ખાતે કેટલામો એમી એવોર્ડનું આયોજન કરાયું હતુ - **૭૨**
18. સપ્ટેમ્બર-૨૦૨૦માં આયોજિત ૭૨માં એમી એવોર્ડમાં ગુજરાત મૂળના કયા વ્યક્તિને બેસ્ટ ડિરેકટરનો એવોર્ડ અપાયો - **આંદ્રિજ પારેખ**
19. ગુજરાત મૂળના ડિરેક્ટર-સીનેમેટોગ્રાફર આંદ્રિજ પારેખને શાના માટે બેસ્ટ ડિરેકટરનો એમી એવોર્ડ અપાયો - **HBOની સિરીઝ સક્સેશનના ડિટેકેશન માટે**
20. અમેરિકાની ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીના સર્વોચ્ચ એવોર્ડનું નામ જણાવો - **એમી એવોર્ડ**
21. એમી એવોર્ડ-૨૦૨૦નો સમારોહ કઈ રીતે યોજાયો હતો - **વર્ચ્યુઅલ ઓનલાઈન**
22. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર માર્ચ 2020ની સ્થિતિએ ઈન્ટરનેટ વપરાશ કરનારાઓની સંખ્યા કેટલી નોંધાઈ હતી - **૭૪.૩૧ કરોડ**
23. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર ઈન્ટરનેટના વાયરલેસ કનેક્શન વપરાશકારોની કેટલી સંખ્યા નોંધાઈ હતી - **૭૨.૦૨ કરોડ**
24. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર વાયર સાથેનું ઈન્ટરનેટ કનેકશન વપરાશકારોની કેટલી સંખ્યા નોંધાઈ હતી - **સવા બે કરોડ**
25. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર વાયર્ડ કનેક્શન વાપરનારા સવા બે કરોડમાંથી ૧.૧૨ કરોડ વપરાશકારો સાથે પ્રથમ ક્રમે કઈ કપંની હતી – **બીએસએનએલ (૫૦.૩ ટકા હિસ્સો)**
26. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર ભારતમાં સૌથી વધુ પર.૩ ટકા માર્કેટ શેર કઈ કંપનીનો છે - **રિલાયન્સ જિયો**
27. TRAIનું વિસ્તૃત નામ જણાવો - **ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા**
28. તા.16મી સપ્ટેમ્બર 2020ના રોજ કોણે જાપાનના નવા વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો - **યોશિહિદે સુગા**
29. જાપાનના નવા વડાપ્રધાન શ્રી યોશિહિદે સુગાએ તે યુગને કયુ નામ આપ્યું - **"રીવા"**
30. જાપાની શબ્દ "રીવા"નો અર્થ જણાવો - **સુંદર સદભાવ**
31. જાપાનના નવા વડાપ્રધાન શ્રી યોશિહિદે સુગાનું હુલામણુ નામ જણાવો - **"અંકલ રીવા"**
32. વર્લ્ડ અલ્જાઇમર્સ ડે કયારે મનાવવામાં આવે છે - **21 સપ્ટેમ્બર**
33. પ્રતિ વર્ષ વર્લ્ડ અલ્જાઇમર્સ ડે ઉજવવા પાછળનો ઉદ્દેશ જણાવો–**અલ્જાઈમર-ડિમેન્શિયા વિશે જાગૃતતા લાવવા**
34. કયા વર્ષે ડો. એલોઈસ અલ્જાઈમરે અલ્જાઇમર્સ રોગ વિશે શોધ કરી હતી જેને લીધે આ રોગને તેમનું નામ આપવામાં આવ્યું હતું – **વર્ષ-1906**
35. ઇન્ટરનેશનલ ડે ઓફ પીસ કયારે મનાવવામાં આવે છે - **21 સપ્ટેમ્બર**
36. ઇન્ટરનેશનલ ડે ઓફ પીસ-2020ની થીમ જણાવો - **'શેપિંગ પીસ ટુગેધર'**
37. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ કયા વર્ષે ઇન્ટરનેશનલ ડે ઓફ પીસની સ્થાપના કરી હતી – **વર્ષ-1981**
38. કયા હેતુસર યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રતિ વર્ષે ઇન્ટરનેશનલ ડે ઓફ પીસ દિવસની ઉજવણી કરવામાં આવે છે - **તમામ રાષ્ટ્ર અને લોકોને અહિંસાનું મહત્વ જણાવવા**
39. મણિપુરનો ભારતમાં વિલય ક્યારે થયો હતો - **21 સપ્ટેમ્બર 1949**
40. ક્યા વર્ષે મણિપુરને ભારતમાં અલગ રાજ્યનો દરજ્જો મળ્યો હતો – **વર્ષ-1972**

41. RAWનું વિસ્તૃત નામ જણાવો – **રીસર્ચ એન્ડ એનાલીસીસ વિંગ**
42. RAWનો સ્થાપના દિવસ જણાવો - **21 સપ્ટેમ્બર**
43. ભારતની આંતરરાષ્ટ્રીય ગુપ્તચર સંસ્થા (RAWનું વડુમથક ક્યાં આવેલું છે - **દિલ્હી**
44. લોકનેતા ઉચ્છંગરાય ઢેબરનો જન્મ દિવસ જણાવો – **21 સપ્ટેમ્બર-1895**
45. લોકનેતા ઉચ્છંગરાય ઢેબરનું જન્મસ્થળ-વતન જણાવો - **જામનગરના ગંગાજળા ગામે તથા ખંભાળિયા**
46. આઝાદી પછી ઉચ્છંગરાય ઢેબર કયા રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા - **સૌરાષ્ટ્ર**
47. ઉચ્છંગરાય ઢેબર આઝાદી બાદ કયારે સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા - **15 ફેબ્રુઆરી 1948**
48. ગરાસદારી અને બારખલી પ્રથા નાબૂદ કરી દાખલ થયેલી જમીન સુધારણાનો શ્રેય કોના ફાળે જાય છે - **ઉચ્છંગરાય ઢેબર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ગુજરાત વિધાનસભા : શ્રમ અને રોજગાર અંતર્ગત ત્રણ સુધારા વિધેયક પસાર કરાયા (કાયદો)



(૧) ગુજરાત ઔદ્યોગિક તકરાર સુધારા વિધેયક :

નવી જોગવાઈ :

- ✓ નવા સુધારા મુજબ ૩૦૦ કે તેથી વધુ કામદારો ધરાવતી સંસ્થાએ પૂર્વ પરવાનગી લેવાની જોગવાઈ કરાઈ છે.
- ✓ આવી સંસ્થામાં છટણી કે સંસ્થા બંધ કરવાના સમયે ત્રણ મહિનાના સરેરાશ પગાર જેટલી રકમ વળતર તરીકે મળશે.
- ✓ પહેલાં ૩ મહિનાની નોટિસ કે નોટિસ પગાર આપીને છૂટા કરી શકાતા હતા.
- ✓ જોકે હવે ફરજિયાત ત્રણ માસની નોટિસ આપવાની રહેશે, નોટિસ પગાર આપી છટણી કરી શકાશે નહિ, ૧૦૦થી ૩૦૦ કામદાર ધરાવતી સંસ્થા આ જોગવાઈ લાગુ પાડી શકશે.
- ✓ અગાઉ ૧૦૦ કે તેથી વધુ કામદાર ધરાવતી સંસ્થાએ લે ઓફ, છટણી તથા સંસ્થા બંધ કરતાં પહેલાં સરકારની મંજૂરી લેવી જરૂરી હતી.
- ✓ નોકરીમાંથી છૂટા કરવા, સંસ્થા બંધ કરતી સમયે સળંગ નોકરીના દરેક પૂરા થતાં વર્ષ અથવા તેના કોઈ ભાગ માટે ૧૫ દિવસનો સરેરાશ પગાર આપવાની જોગવાઈ હતી.
- ✓ ૧૦ વર્ષ કોઈએ કામ કર્યું હોય તો પ્રત્યેક વર્ષના ૧૫ દિવસ લેખે ૧૦ વર્ષના ૧૫૦ દિવસના સરેરાશ પગાર જેટલું વળતર મળે, તેમાં હવે સુધારો કરીને ૧૫ દિવસના સરેરાશ પગાર ઉપરાંત વળતરમાં વધારો

કરીને છેલ્લા ત્રણ મહિનાના સરેરાશ પગાર જેટલી રકમ આપવાની જોગવાઈ.

(૨) કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબુદી) ગુજરાત સુધારા વિધેયક

નવી જોગવાઈ :

- ✓ હવે ૨૦ નહીં ૫૦ કામદાર હશે તો કોન્ટ્રેક્ટ જોગવાઈ લાગુ પડશે
- ✓ વિધાનસભામાં કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) વિધેયક પસાર કરાયું છે, જે મુજબ હવે ૨૦ના બદલે ૫૦ કોન્ટ્રેક્ટ કામદાર ધરાવતા કોન્ટ્રાક્ટર્સને લાગુ પડશે, તેમના માટે લાયસન્સ, રજિસ્ટ્રેશનની જોગવાઈ કરાઈ છે, બાકીને રાહત મળશે

(3) કારખાના અધિનિયમ(ગુજરાત સુધારા) :

- ✓ કારખાનાધારો હવે ૧૦ને બદલે ૨૦ કામદારોએ લાગુ પડશે
- ✓ ગૃહમાં કારખાના અધિનિયમ (ગુજરાત સુધારા) પસાર કરાયું છે.
- ✓ આ સુધારાથી બેરોજગારી ઘટશે.
- ✓ અત્યારે ૧૦ કામદારોએ કારખાનાધારો લાગુ પડે છે, સુધારાના કારણે કારખાનાધારો ૨૦ શ્રમયોગીએ લાગુ પડશે.
- ✓ ૨૦ કામદારો વીજળીની મદદથી ઉત્પાદન પ્રક્રિયામાં રોકાયા હોય અથવા તો ૪૦ કામદારો વીજળીની મદદ વગર ઉત્પાદન પ્રક્રિયામાં રોકાયેલ હોય ત્યાં કારખાનાધારો લાગુ પડશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. UGC : નિર્ણય (શિક્ષણ)

દેશભરની યુનિવર્સિટીઓમાં UG-PG કોર્સમાં તારીખ ૧લી નવેમ્બરથી નવું સત્ર શરૂ થશે



- ✓ યુજીસી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ના એકેડેમિક કેલેન્ડર જાહેર

વિગત :

- ✓ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સના ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક સત્રના હંગામી કેલેન્ડરને ફાઈનલ મંજૂરી આપી છે.
- ✓ કોરોનાના કારણે આ વર્ષે દેશભરની યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક સત્ર ૧લી નવેમ્બરથી શરૂ થશે. એડમિશન ઓક્ટોબર અંત સુધીમાં પુરા કરવાના રહેશે.
- ✓ યુજીસીની ગાઈડલાઈન પ્રમાણે એડમિશન પ્રોસેસ તા.૩૧-૧૦-૨૦૨૦ સુધીમાં પુરી કરવાની રહેશે. ફ્રેશ બેચ-ફર્સ્ટ સેમેસ્ટરના વિદ્યાર્થીઓના વર્ગનો આરંભ તા.૧-૧૧-૨૦ના રોજ થશે.
- ✓ પરીક્ષાની તૈયારી માટેની રજા તા.૧-૩-૨૦૨૧ થી તા.૭-૩-૨૦૨૧ સુધી રહેશે.

પરીક્ષા તા.૮-૩-૨૦૨૧ થી તા.૨૬-૩-૨૦૨૧ સુધીમાં લેવાની રહેશે.

- ✓ સેમેસ્ટર બ્રેક તા.૨૭-૩-૨૧ થી તા.૪-૪-૨૧ સુધી રહેશે. ઈવન સેમેસ્ટરની શરૂઆત તા.૫-૪-૨૧થી થશે.
- ✓ પરીક્ષાની તૈયારી માટેની રજા તા.૧-૮-૨૧ થી તા.૮-૮-૨૧ સુધી રહેશે. પરીક્ષાનું સંચાલન તા.૯-૮-૨૧ થી તા.૨૧-૮-૨૧ સુધી થશે.
- ✓ તારીખ 30 નવેમ્બર સુધીમાં પ્રવેશ રદ થાય તો વિદ્યાર્થીઓને તમામ ફી પરત આપવાની રહેશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. કેન્દ્ર સરકાર : એસેન્સિયલ કોમોડિટી સુધારો ખરડો રાજ્યસભામાં ધ્વનિ મતથી પસાર (કાયદો)

- ✓ હવે કૃષિક્ષેત્રના તમામ 3 ખરડાઓ પસાર



કાયદામાં સુધારાની અસરો

- ✓ રાજ્યસભામાં એસેન્શિયલ કોમોડિટી સુધારા ખરડો પસાર થતાં દાળ, કઠોળ, તેલીબિયાં, ખાદ્ય તેલ, ડુંગળી અને બટાકાને આવશ્યક ચીજવસ્તુઓની યાદીમાંથી નાબૂદ.
- ✓ હવે તેને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલી અપાશે. અગાઉ ૧૫મી સપ્ટેમ્બરે લોકસભામાં આ ખરડો પસાર કરાયો હતો.
- ✓ હવે આ ચીજવસ્તુઓના ઉત્પાદન, સંગ્રહ, હેરફેર અને પુરવઠા પરના નિયંત્રણો દૂર થતાં કૃષિ ક્ષેત્રમાંપ્રાઇવેટ સેક્ટર અને વિદેશી સીધા મૂડીરોકાણમાં વધારો થશે.
- ✓ આ ચીજવસ્તુઓના સંગ્રહ પર લદાયેલા નિયંત્રણોના કારણે કૃષિ ક્ષેત્રમાં માળખાકીય વિકાસમાં મૂડીરોકાણ મેળવવામાં અવરોધ સર્જાતો હતો.
- ✓ સાડા ૬ દાયકા જૂના કાયદામાં કરાયેલા સુધારા બાદ હવે સરકાર ફક્ત રાષ્ટ્રીય કુદરતી હોનારતો અને દુકાળ જેવી અસામાન્ય સ્થિતિમાં જ જથ્થાના સંગ્રહ પર મર્યાદા લાદશે.

રાજ્યસભામાં પસાર કરાયેલા ૬ ખરડા

1. એસેન્શિયલ કોમોડિટી (એમેન્ડમેન્ટ) બિલ
2. પાંચ નવા આઇઆઇઆઇટી સંસ્થાનોને રાષ્ટ્રીય મહત્વના જાહેર કરતો ખરડો
3. ધ કંપનીઝ (એમેન્ડમેન્ટ) બિલ
4. નેશનલ ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી બિલ
5. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી બિલ
6. બેન્કિંગ રેગ્યુલેશન એમેન્ડમેન્ટ બિલ

- ✓ ગ્રાહક બાબતોના રાજ્યમંત્રી ડી આર દાબારાવે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. UNની ૭૫મી એનિવર્સરી (વૈશ્વિક સંબંધો)



- ✓ જનરલ એસેમ્બલીની ઉચ્ચ કક્ષાની બેઠકનો વડાપ્રધાન મોદી દ્વારા ઈ-સંબોધન : વર્ષ-૧૯૪૫ના UNના માળખામાં ૨૧મી સદી મુજબ ફેરફાર જરૂરી
- ✓ ભારત ૧લી જાન્યુઆરી ૨૦૨૧થી UNSCમાં હંગામી સભ્ય તરીકે બે વર્ષ માટે ભૂમિકા ભજવશે
- ✓ ભારતનો હેતુ N.O.R.M.S. હાંસલ કરવાનો
- ✓ N.O.R.M.S. : ન્યુ ઓરિયેન્ટેશન ફોર અ રીફોર્મ્ડ મલ્ટિલેટરલ સિસ્ટમ
- ✓ ૧૦૦થી વધુ દેશના પ્રતિનિધિ જોડાયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન : ૧૦ વાર માઉન્ટ એવરેસ્ટ સર કરનારા નેપાળના અંગ રિટા શેરપાનું ૭૨ વર્ષે નિધન



- ✓ પર્વતારોહણની સિદ્ધિ : વર્ષ-૧૯૮૩થી ૧૯૯૬
- ✓ ઉપનામ : સ્નો લેપર્ડ
- ✓ ઓક્સિજન વિના પર્વતારોહણ કરનારા પર્વતારોહક
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. DRDO : સ્વદેશી લડાકુ ડ્રોન 'અભ્યાસ'નું સફળ પરિક્ષણ (સંરક્ષણ)

- ✓ સ્થાન : બાલાસોર (ઓડિશા)



ડ્રોનની વિશેષતા :

- ✓ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા કરવામાં હાઈ સ્પીડ એક્સપાન્ડેબલ એરિયલ ટાર્ગેટ-અભ્યાસના પરિક્ષણ પર વિભિન્ન રડારો અને ઈલેક્ટ્રો ઓપ્ટિક પ્રણાલીને સહારે નજર રાખવામાં આવી.
- ✓ તેમાં ફલાઈટ કન્ટ્રોલ કોમ્પ્યૂટર અને ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ પણ લગાવવામાં આવી હતી.
- ✓ અભ્યાસનું પરિક્ષણ પાંચ કિલોમીટરની ઊંચાઈ, ૦.૫ માક ઝડપ, ૩૦ મિનિટની

સ્થિરતા અને ટુજી ટર્ન ક્ષમતા માટે કરવામાં આવ્યું હતું , જે સફળ રહ્યું હતુ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ૨૫માં સૌર ચક્રનો પ્રારંભ (ખગોળ)

પ્રક્રિયા :

✓ સૂર્યના નવા સૌર ચક્રની શરૂઆત થઇ ગઇ છે. સૌર ચક્ર માત્ર વૈજ્ઞાનિક જ નહીં. પરંતુ ધાર્મિક અને સામાજિક રીતે પણ લોકોમાં કૂતુહલનો વિષય રહ્યું છે.



✓ દર ૧૧ વર્ષે સૌર ચક્ર બદલાય છે. જોકે ઘણી વખત સૌર ચક્ર ૧૪ વર્ષ સુધી પણ ચાલતું હોય છે.

✓ ગ્રહો નક્ષત્રોની અસર આમ તો જ્યોતિષશાસ્ત્રનો વિષય છે પરંતુ સૂરજની સૃષ્ટિ પર થતી અસરો વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

✓ ગત ઓકટોબરમાં સૂર્ય કલંક દેખાયા નહોતા ત્યારે વૈજ્ઞાનિકોને લાગ્યું કે હજુ ૨૪મુ સૌર ચક્ર લાંબુ ચાલશે. પરંતુ હવે નાસા અને ભારતના વૈજ્ઞાનિકોએ સ્વીકાર્યું છે કે સૌર ચક્ર બદલાઇ ગયું છે.

સૌર ચક્ર એટલે શું ?

✓ સુર્ય એવી રીતે ગતિ કરે છે કે જેના કારણે તેના ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાં અદલાબદલી થયા કરે છે અને આ પ્રક્રિયામાં ૧૧ વર્ષનો સમય લાગે છે, સતત ચાલતી આ પ્રક્રિયાને સોલર સાઇકલ એટલે કે સૌરચક્ર કહે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. US : ટેકસેસ કિનારે બીટા વાવાઝોડુ ત્રાટક્યુ (કુદરતિ આપત્તિ)

✓ પવનની ઝડપ ૭૨ કિ.મી. પ્રતિ કલાક

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. કાર ફ્રી ડે : ૨૨ સપ્ટેમ્બર

હેતુ :

✓ વિશ્વ આખું આજે 22મી સપ્ટેમ્બરના કાર ફ્રી ડે ઉજવી રહ્યું છે, પ્રદૂષણ મુક્ત વાતાવરણ, ટ્રાફિક સમસ્યાનું સમાધાન, ઇંધણ બચત, સમય બચત અને આર્થિક બચત સાથોસાથ સૌથી મોટું આરોગ્યપ્રદ જીવન માટે કાર ફ્રી માહોલ જ નહિં પરંતુ સાયકલ વપરાશ સમયનો તકાદો છે.

✓ ગ્લોબલ વોર્મિંગનું સમાધાન ચોક્કસપણે સાયકલિંગ જ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. દિન વિશેષ : 22 સપ્ટેમ્બર

શરદ સંપાત (ખગોળ)



- ✓ આજે દિવસ અને રાત બંનેના સમય એક સરખા રહેશે
- ✓ તા. 22-09-2020ના રોજ 12 કલાકનો દિવસ અને 12 કલાકની રાત્રિ
- ✓ ખગોળ શાસ્ત્રમાં આ ઘટનાને શરદ સંપાત તરીકે ઓળખાય છે

વિગત :

- ✓ તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ દિવસ અને રાત બંન્ને સરખા હશે.
- ✓ આજે દિવસ ૧૨ કલાકનો તેમજ રાત્રી પણ ૧૨ કલાકની જ રહેશે.
- ✓ ક્રાંતિવૃત્ત અને વિષુવૃવત્તના પરસ્પર છેદનને કારણે આ ખગોળિય ઘટના સર્જાય
- ✓ ખગોળ શાસ્ત્રમાં આ ઘટનાને શરદ સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ સૂર્યના ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વાર એકબીજાને છેદે છે. ત્યારબાદ દિવસ ક્રમશઃ ટૂંકો અને રાત ક્રમશ : લાંબી થતી જશે.
- ✓ ભારતમાં લોકોએ અગાઉ ગત ૨૧મી માર્ચે દિવસ અને રાત બંને સરખા હોવાનો અહેસાસ કર્યો હતો.

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલા ગુજરાત ઔદ્યોગિક તકરાર સુધારા વિધેયક મુજબ કેટલા કામદારો ધરાવતી કંપની બંધ કરતા પૂર્વે સરકારની મંજૂરી લેવાની રહેશે - **300 કે તેથી વધુ (અગાઉ 100 કે તેથી વધુ)**
2. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલા ગુજરાત કોન્ટ્રાક્ટ મજુર સુધારા વિધેયક મુજબ હવે 20ના બદલે કેટલા કામદાર હશે તેને લાગુ પડશે - **50**
3. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલા કારખાના અધિનિયમ સુધારા મુજબ હવે 10ને બદલે કેટલા કામદારોએ આ કારખાના અધિનિયમ લાગુ પડશે - **20**
4. તાજેતરમાં કોરોનાની પરિસ્થિતિમાં દેશભરની યુનિવર્સિટીઓમાં યુજીસીના નિર્ણય પ્રમાણે UG અને PG કોર્સમાં નવું સત્ર ક્યારથી શરૂ થશે - **1 નવેમ્બર 2020**
5. તાજેતરમાં કૃષિ સુધારા માટેનો કયો ત્રીજો ખરડો રાજ્યસભામાં પસાર થયો - **એસેન્સિયલ કોમોડિટી સુધારા ખરડો**
6. એસેન્સિયલ કોમોડિટી સુધારા ખરડા અંતર્ગત કઈ ચીજવસ્તુઓને આવશ્યક વસ્તુઓની યાદીમાંથી બહાર કરાઈ - **દાળ, કઠોળ, તેલીબિયા, ખાદ્યતેલ, ડુંગળી અને બટાકા**
7. તાજેતરમાં ભારતના વડાપ્રધાને યુનાઇટેડ નેશન્સની કેટલામી વર્ષગાંઠ નિમિત્તે યુએનની જનરલ એસેમ્બલીને સંબોધી હતી - **75**
8. ભારત આગામી 1 જાન્યુઆરી 2021 થી કેટલા વર્ષ માટે UNSCના હંગામી સભ્ય તરીકે સેવા આપશે - **2 વર્ષ**
9. UNSCનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ**
10. વિશ્વમાં સૌથી વધુ 10 વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર કયા પર્વતારોહકનું તાજેતરમાં અવસાન થયું - **અંગ રિટા શેરપા**

11. પર્વતારોહક અંગ રિટા શેરપાનું વતન જણાવો - **કાઠમંડુ, નેપાળ**
12. પર્વતારોહક અંગ રિટા શેરપા કયા હુલામણા નામથી ઓળખાતા હતા - **સ્નો લેપર્ડ**
13. તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા કયા સ્વદેશી લડાકુ ડ્રોનનું સફળ પરીક્ષણ કરાયું - **"અભ્યાસ"**
14. તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા સ્વદેશી લડાકુ ડ્રોન "અભ્યાસ"નું સફળ પરીક્ષણ ક્યા કરાયું - **બાલાસોર, ઓડિશા**
15. ડીઆરડીઓનું વિસ્તૃત નામ જણાવો - **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન**
16. તાજેતરમાં સૂર્યના નવા કેટલામાં સૌર ચક્રની શરૂઆત થઇ - **૨૫માં**
17. કેટલા વર્ષે સૌર ચક્ર બદલાય છે – **૧૧ વર્ષ**
18. સુર્ય એવી રીતે ગતિ કરે છે કે જેના કારણે તેના ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાં અદલાબદલી થયા કરે છે અને આ પ્રક્રિયામાં ૧૧ વર્ષનો સમય લાગે છે, સતત ચાલતી આ પ્રક્રિયાને કયા નામે ઓળખવામાં આવે છે - **સોલર સાઇકલ એટલે કે સૌરચક્ર**
19. સપ્ટેમ્બર-૨૦૨૦માં ઇડના ટેકસેસ કિનારે કયુ વાવાઝોડુ ત્રાટક્યુ હતુ - **બીટા**
20. તાજેતરમાં ઇડના ટેકસેસ કિનારે ત્રાટકેલા વાવાઝોડા દરમિયાન પવનની ઝડપ કેટલી હતી - **૭૨ કિ.મી. પ્રતિ કલાક**
21. વિશ્વભરમાં કાર ફ્રી ડે ક્યારે ઉજવવામાં આવે છે - **૨૨ સપ્ટેમ્બર**
22. ક્યા હેતુસર પ્રતિ વર્ષ ૨૨ સપ્ટેમ્બરે વિશ્વભરમાં કાર ફ્રી ડે ઉજવવામાં આવે છે - **પ્રદૂષણ મુક્ત વાતાવરણ, ટ્રાફિક સમસ્યાનું સમાધાન, ઈંધણ બચત, સમય બચત અને આર્થિક બચત સાથોસાથ આરોગ્યપ્રદ જીવન**
23. ખગોળ વિજ્ઞાન અનુસાર કયારે દિવસ અને રાત બંનેનો સમય એક સરખો હોય છે - **22 સપ્ટેમ્બર**
24. દિવસ અને રાત બંનેના સમય એક સરખા હોય આ ઘટનાને ખગોળ શાસ્ત્રમાં ક્યા નામે ઓળખવામાં આવે છે - **શરદ સંપાત**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721



૧.ટાઇમ મેગેઝિન:USA (વ્યક્તિ વિશેષ)

વર્ષ ૨૦૨૦ની ટાઇમ મેગેઝિનની ૧૦૦ સૌથી વધુ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદી જાહર



ટાઈમની યાદીમાં કુલ પાંચ ભારતીયો સામેલ

1. વડાપ્રધાન નરેન્દ્ર મોદી : રાજનેતા
2. આયુષ્યમાન ખુરાના : બોલિવૂડ અભિનેતા
3. બિલ્કિસ બાનો : શાહિનબાગ આંદોલનનો ચહેરો (૮૨ વર્ષ)
4. પ્રોફેસર રવીન્દ્ર ગુપ્તા : HIV - એઇડ્ઝ એક્ટિવિસ્ટ
5. સુંદર પિચાઇ : આલ્ફાબેટ અને ગૂગલના CEO (હાલમાં USA)

આ યાદીમાં અન્ય વૈશ્વિક નેતાઓ

- ✓ અમેરિકી પ્રમુખ : ડોનાલ્ડ ટ્રમ્પ
- ✓ ચીનના રાષ્ટ્રપતિ : શી જિનપિંગ
- ✓ જર્મન ચાન્સેલર : એન્જલા મર્કેલ
- ✓ અમેરિકી પ્રમુખપદની ચૂંટણીના ડેમોક્રેટ ઉમેદવાર : જો બાઈડન
- ✓ કમલા હેરિસ : USA
- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા ટેડ્રોસ.
- ✓ અગાઉ ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને વર્ષ ૨૦૧૪, ૨૦૧૫ અને ૨૦૧૭માં પણ ટાઈમની યાદીમાં સ્થાન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. DRDO : લેઝર ગાઈડેડ ATGMનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)

વિગત :

- ✓ ડીઆરડીઓ દ્વારા લેસર એન્ટિ ગાઇડેડ મિસાઇલ (એટીજીએમ)નું સફળ પરીક્ષણ.
- ✓ એમબીટી અર્જુન ટેન્ક પરથી સાધવામાં આવેલા લેસર ગાઇડેડ એન્ટિ ટેન્ક ગાઇડેડ મિસાઇલે ટેસ્ટ ફાયર દરમિયાન 3

કિ.મી.ના અંતરે આવેલા લક્ષ્યાંકને ભેદી નાખ્યું હતું.



- ✓ ભારત પહેલેથી જ નાગ જેવી ગાઇડેડ મિસાઇલ ધરાવે છે.
- ✓ ATGM : એન્ટી ગાઈડેડ મિસાઈલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિર્ણય - કેન્દ્ર સરકાર : કોરોના સામે જંગ લડવા સ્ટેટ ડિઝાસ્ટર રીલીફ ફંડના ૫૦ ટકા ખર્ચ કરવા મંજૂરી (આરોગ્ય)

- ✓ અત્યાર સુધી મર્યાદા ૩૫ ટકા હતી



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વેબ્લે સ્કોટ રિવોલ્વર (સંરક્ષણ)

બ્રિટનની પ્રસિદ્ધ શસ્ત્રો બનાવતી કંપની વેબ્લે એન્ડ સ્કોટ ઉત્તર પ્રદેશના હરદોઈમાં રિવોલ્વર બનાવશે



- ✓ નવેમ્બર ૨૦૨૦થી સુરક્ષા દળો માટે મેડ ઈન હરદોઈ "વેબ્લે સ્કોટ રિવોલ્વર" ઉપલબ્ધ
- ✓ દેશમાં શસ્ત્રો નિર્માણ કરતી આ પ્રથમ વિદેશી કંપની હશે.
- ✓ કંપનીએ તેના માટે લખનઉની સ્યાલ મેન્યુફેક્ચરર્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે કરાર કર્યો છે.
- ✓ હરદોઈના સંડલામાં કંપનીએ પોતાનો પ્લાન્ટ સ્થાપવાની તૈયાર કરી, નવેમ્બરથી ત્યાં ઉત્પાદન પણ શરૂ થઈ જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : 23 સપ્ટેમ્બર

જમ્મુ-કાશ્મીરના પુર્વ રાજા મહારાજા હરિસિંહની ૧૨૫મી જન્મ જયંતિ



✓ જન્મ : તા. ૨૩/૦૯/૧૮૯૫

✓ અવસાન : ૨૬/૦૪/૧૯૬૧.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ "ટાઈમ મેગેઝિન" દ્વારા વર્ષ 2020ના સૌથી પ્રભાવશાળી કેટલા મહાનુભવોની યાદી જાહેર કરાઇ - **100**
2. તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ "ટાઈમ મેગેઝિન" દ્વારા વર્ષ 2020ના વિશ્વના સૌથી પ્રભાવશાળી મહાનુભવોની યાદીમાં કેટલા ભારતીયોનો સમાવેશ કરાયો છે - **05**
3. તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ "ટાઈમ મેગેઝિન" દ્વારા વર્ષ 2020ના વિશ્વના સૌથી પ્રભાવશાળી મહાનુભવોની યાદીમાં કયા કયા ભારતીયોનો સમાવેશ કરાયો - **૧. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨. બોલિવૂડ અભિનેતા આયુષ્યમાન ખુરાના ૩. શાહિનબાગ આંદોલનનો ચહેરો બિલ્કિસ બાનો ૪. HIV - એઇડ્ઝ એક્ટિવિસ્ટ પ્રોફેસર રવીન્દ્ર ગુપ્તા અને ૫. આલ્ફાબેટ અને ગૂગલના CEO સુંદર પિચાઇ**
4. તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ "ટાઈમ મેગેઝિન" દ્વારા વર્ષ 2020ના વિશ્વના સૌથી પ્રભાવશાળી મહાનુભવોની યાદી કયા કયા નેતાઓની પસંદગી કરાઈ છે - **અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, જર્મન ચાન્સેલર એન્જલા મર્કેલ, અમેરિકી પ્રમુખપદની ચૂંટણીના ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડન, કમલા હેરિસ, વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા ટેડ્રોસ**
5. વિશ્વપ્રસિદ્ધ ટાઈમ મેગેઝિન દ્વારા અગાઉ કયા કયા વર્ષે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને ટાઈમની યાદીમાં સ્થાન અપાયું છે - **2014, 2015 અને 2017**
6. વિશ્વ પ્રસિદ્ધ ટાઈમ મેગેઝિન કયા દેશમાંથી પ્રસિદ્ધ થાય છે - **અમેરિકા**
7. તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા અર્જુન ટેન્ક ઉપરથી કયા મિસાઈલનું સફળ પરિક્ષણ કરાયું - **લેસર એન્ટી ગાઈડેડ મિસાઈલ**
8. તાજેતરમાં પરીક્ષણ કરાયેલા ATGM નું વિસ્તૃત નામ જણાવો - **એન્ટી ગાઈડેડ મિસાઈલ**
9. ATGMની રેન્જ જણાવો - **03 કિલોમીટર**
10. તાજેતરમાં કેન્દ્ર સરકારે કોરોના સંક્રમિત રાજ્યોને કોરોના સામે જંગ લડવા સ્ટેટ ડિઝાસ્ટર રીલીફ ફંડના કેટલા ટકા ખર્ચ કરવાની મંજુરી આપી–**50 (અગાઉ 35%)**
11. તાજેતરમાં બ્રિટનની કઈ સંસ્થાએ ભારતમાં રિવોલ્વર બનાવવા ભારતની કંપની સાથે સમજૂતી કરી છે - **વેબ્લે એન્ડ સ્કોટ**
12. વેબ્લે એન્ડ સ્કોટ કંપની ભારતમાં કયા શહેરમાં રિવોલ્વરનું ઉત્પાદન કરશે - **હરદોઇ, ઉત્તર પ્રદેશ**
13. આગામી સમયમાં ભારતમાં શસ્ત્રો નિર્માણ કરતી પ્રથમ વિદેશી કંપની કઈ બનશે - **વેબ્લે એન્ડ સ્કોટ**
14. વેબ્લે એન્ડ સ્કોટ રિવોલ્વર કંપની કયા દેશની છે– **બ્રિટન**
15. વેબ્લે એન્ડ સ્કોટ ભારતમાં ક્યા સ્થળે રિવોલ્વર બનાવશે – **હરદોઈ (ઉત્તર પ્રદેશ)**
16. વેબ્લે એન્ડ સ્કોટ કંપનીએ ભારતમાં રિવોલ્વર બનાવવા માટે લખનઉની કઈ કંપની સાથે કરાર કર્યો છે - **સ્યાલ મેન્યુફેક્ચરર્સ પ્રાઈવેટ લિમિટેડ**
17. જમ્મુ-કાશ્મીરના પુર્વ રાજા મહારાજા હરિસિંહનો જન્મ દિવસ જણાવો – **તા.૨૩/૦૯/૧૮૯૫**
18. તા. ૨૩મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ જમ્મુ-કાશ્મીરના પુર્વ રાજા મહારાજા હરિસિંહની કેટલામી જન્મ જયંતિ મનાવવામાં આવી - **૧૨૫**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 24-09-2020



૧.ગુજરાત વિધાનસભા : નવો કાયદો ગુજરાત જમીન પચાવી પાડવા પ્રતિબંધ વિધેયક-૨૦૨૦



લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ

લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટની જોગવાઈઓ

- ✓ જમીન પચાવી પાડવાના કેસમાં જામીન પણ ન મળે એવી ઓછામાં ઓછી ૧૦ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષ સુધી જેલની સખત સજા સાથે જમીનની જંત્રી જેટલો જ શિક્ષાત્મક દંડની જોગવાઈ
- ✓ કાયદેસરના જમીન માલિકોના હિતોના રક્ષણ માટે સરકાર પ્રતિબધ્ધ
- ✓ ખાનગી, સરકારી, ધાર્મિક- સામાજિક ટ્રસ્ટ કે અન્ય કોઈપણ પ્રકારની જમીન અને તેની સાથે જોડાયેલી મકાન સહિતની મિલકતો પચાવી પાડવા, હડપ કરવા, અનઅધિકૃત બાંધકામ માટે નાણાકિય સહાય, રેકર્ડ સાથે ચેડા સહિતના કૃત્યોને આ કાયદા હેઠળ આવરી લેવાયા છે.
- ✓ દરેક જિલ્લામાં કલેક્ટરની અધ્યક્ષતામાં સમિતિ બનશે. જેની ભલામણને આધારે નાયબ પોલીસ અધિક્ષક કે તેથી ઉતરતા ન હોય તેવા દરજ્જાના અધિકારીઓ તપાસ કરાવશે.
- ✓ આવા કેસોમાં સામેલ સરકારી અધિકારી કે કંપની કે ટ્રસ્ટમાં સામેલ ડિરેક્ટર-ટ્રસ્ટી સામે કાર્યવાહી થશે.
- ✓ આ કાયદો હેઠળના કેસોમાં ૬ મહિનામાં જ ન્યાય મળે તે માટે ખાસ અદાલતો સ્થપાશે, જેમાં સરકારી વકીલ પણ નિયુક્ત થશે
- ✓ મહેસૂલ મંત્રી – શ્રી કૌશિકભાઈ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગુજરાત વિધાનસભા-સુધારા વિધેયક

✓ ગુજરાત યુનિવર્સિટી કાયદા (સુધારા) વિધેયક પસાર



નવી જોગવાઈ-સુધારા

✓ રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટી હસ્તકની ૧૧ કોલેજો અને પોલિટેક્નિકો કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ કરાશે.

✓ રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટી હસ્તકની ચાર પશુ વિજ્ઞાન કોલેજો, બે ડેરી વિજ્ઞાન કોલેજો, બે મત્સ્ય વિજ્ઞાન કોલેજો અને પશુપાલનની ત્રણ પોલિટેક્નિક કોલેજો મળી કુલ ૧૧ કોલેજો કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ કરવામાં આવશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નવીન પહેલ : ગુજરાત વિધાનસભા ગૃહ દ્વારા પ્રથમવાર શ્રેષ્ઠ MLAનો એવોર્ડ એનાયત (બંધારણ)

વિજેતા MLA

૧. વર્ષ-૨૦૧૯ માટે - શ્રી મોહનસિંહ રાઠવા (કોંગ્રેસ) કુલ-૯મી વખત MLA તરીકે ચૂંટાયા

૨. વર્ષ-૨૦૨૦ માટે- શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા (BJP) કુલ-૫મી વખત MLA તરીકે ચૂંટાયા



✓ એવોર્ડનું નામ : બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ

✓ ખાસ : ટ્રોફી ૧.૫ કિલોની શુદ્ધ ચાંદીની વિધાનસભાની પ્રતિકૃતિ

✓ હવેથી દર વર્ષે આ એવોર્ડ એનાયત કરાશે

✓ જાહેરાત : ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી

✓ પસંદગી સમિતિના વડા : અધ્યક્ષશ્રી ગુજરાત વિધાનસભા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ફિટ ઈન્ડિયા ડાયલોગ : એક વર્ષ પૂર્ણ

વડાપ્રધાન શ્રી મોદી દ્વારા એક વર્ષ નિમિત્તે ખેલાડીઓ સાથે ઈ-સંવાદ



✓ વડાપ્રધાન મોદીનો ફિટનેસ માટે નવો મંત્ર 'ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ'

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વૈશ્વિક એવોર્ડ : સ્માર્ટ સિટીઝ એક્સલેટર અંતર્ગત સુરતને "શ્રેષ્ઠ રિઝિલિયન્સ"નો એવોર્ડ



વિશેષ સિદ્ધિઓ :

✓ વિવિધ કેટેગરીમાં વિશ્વના ૧૦ શહેરોમાંથી ભારતમાંથી માત્ર 'સુરત' શહેરની પસંદગી

✓ યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ-2020માં સુરતને સ્માર્ટ સિટીઝ એક્સેલેટર અંતર્ગત શ્રેષ્ઠ 'રિઝિલિયન્સ' (સ્થિતિસ્થાપકતા)ની કેટેગરીમાં એવોર્ડ માટે પસંદગી કરાઈ.

✓ સ્માર્ટ સિટીઝ એક્સેલેટર અંતર્ગત 10 અલગ-અલગ કેટેગરીમાં (ક્ષેત્રે) પ્રગતિ કરનાર શહેરોને એવોર્ડ અપાશે, જેમાંથી સુરત પણ એક છે.

✓ કેટેગરી: સુરતને પર્યાવરણ ક્ષેત્રે રિઝિલિયન્સ એટલે કે 'સ્થિતિસ્થાપકતા' માટે એવોર્ડ.

✓ હાલ સુરત ભારતમાં સૌથી ઝડપથી વિકસી રહેલા શહેરોમાં સામેલ છે, જે રોકાણકારોને પાતાના તરફ આકર્ષી રહ્યું છે.

✓ જ્યાં સુધી પહોંચવા માટે તંત્રએ 7 મુખ્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી 20 લક્ષ્ય રાખ્યા છે. જેના માટે 63 એક્શન પ્લાન પણ બનાવાયા છે. જેને 2025 સુધીમાં પહોંચી વળવાની તૈયારી દર્શાવાઈ છે .

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬.DRDO:પરમાણુ મિસાઈલ 'પૃથ્વી-૨'નું સફળ પરીક્ષણ (સંરક્ષણ



✓ રેન્જ : ૩૦૦ કિ.મી.

✓ સ્થળ : બાલાસોર (ઓડિશા)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 24 સપ્ટેમ્બર : વિશ્વ દરિયાઈ દિવસ

✓ થીમ-૨૦૨૦ : "Sustainable shipping for a sustainable planet"



- ✓ દરિયાઈ પરિવહને વિશ્વ વ્યાપારના ૮૦ ટકાથી વધુ લોકો અને સમગ્ર વિશ્વમાં સમુદાયમાં પરિવહન કરે છે.
- ✓ આ વર્ષે સંયુક્ત રાષ્ટ્ર સંઘ 'ટકાઉ ગ્રહ માટે સસ્ટેનેબલ shioing' સ્લોગન સાથે ટકાઉ વિકાસ લક્ષ્યોની જાગૃતિ લાવવા, આંતર રાષ્ટ્રીય દરિયાઈ સંગઠન અને તેના સભ્યોની કામગીરી દર્શાવવા માટે ઉત્તમ તક પૂરી પાડનાર છે. આઈ.એમ.ઓ. નિયમનકારી માળખાના સમર્થન સાથે શિપિંગ ઉદ્યોગે આ ટકાઉ ભવિષ્ય તરફ સંક્રમણ શરૂ કર્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 24 સપ્ટેમ્બર

આઝાદીનું ગુલાબી સોણલું- મેડમ કામા

જન્મ – 24 સપ્ટેમ્બર-1861

અવસાન – 13 ઓગષ્ટ-1936



- ✓ **મેડમ કામાનું આખુ નામ : ભીખાઈજી રૂસ્તમજી કામા** અને જન્મ મુંબઈના અત્યંત ધનાઢ્ય પારસી પરિવારમાં થયો હતો.
- ✓ તેમના પિતા સોરાબજી ફરામજી પારસી કોમમાં વગદાર વ્યક્તિ હતા.
- ✓ 1885માં લગ્ન થયા પણ પછી વૈવાહિક જીવનમાં વ્યસ્ત રહેવાના સ્થાને સામાજિક-રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં આગળ વધ્યા જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું.
- ✓ ચેપી રોગચાળો, દુષ્કાળો અને આર્થિક મંદીએ કામાને રાજનીતિના માર્ગે વાળ્યા.
- ✓ 1896માં મુંબઈ ઇલાકામાં ભયંકર પ્લેગ ફેલાયો ત્યારે જીવના જોખમે ભીખાઈજીએ અસરગ્રસ્તોની સેવા કરી હતી. દરમિયાન ખુદ પ્લેગમાં સપડાયાં, વધુ સારી સારવાર માટે લંડન ગયા, જ્યાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કામા કરતા ભારતીયોના સંપર્કમાં આવ્યા.
- ✓ ઓગસ્ટ 1907માં સ્ટૂટગાર્ડ(જર્મની)માં ભારતનો ત્રિરંગો લહેરાવવાનું સૌપ્રથમ શ્રેય માટે પણ મેડમ કામાનું સ્મરણ થાય છે.
- ✓ 1974ના પરમાણુ વિસ્ફોટના કર્ણધાર ડો. રાજા રમન્નાની પુણ્યતિથિ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાતમાં જમીન પચાવી પાડવા ઉપર પ્રતિબંધ મૂકતો કયો નવો કાયદો વિધાનસભામાં પસાર કરાયો - **લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ**
2. ગુજરાતમાં તાજેતરમાં પસાર કરાયેલા લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત જમીન પચાવી પાડવાના કેસમાં ઓછામાં ઓછી અને વધુમાં વધુ કેટલી સજાની કરાઈ છે - **10 વર્ષ અને 14 વર્ષ**
3. ગુજરાતમાં તાજેતરમાં પસાર કરાયેલા લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત જમીન પચાવી પાડવાના કેસમાં તપાસ માટે કોની અધ્યક્ષતામાં સમિતિ બનશે- **જિલ્લા કલેક્ટરશ્રી**

4. -ગુજરાતમાં તાજેતરમાં પસાર કરાયેલા લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત જમીન પચાવી પાડવાના કેસમાં કેટલા મહિનામાં ન્યાય અપાશે- **6 માસ**
5. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત યુનિવર્સિટી કાયદા સુધારા વિધેયક પસાર કરાયું જેમાં સુધારા મુજબ કેટલી કૃષિ યુનિવર્સિટીઓ અને કોલેજોને કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ કરાશે - **04 અને 11**
6. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત વિધાનસભા ગૃહ દ્વારા પ્રથમવાર કયો એવોર્ડ એનાયત કરાયો - **બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ**
7. ગુજરાત વિધાનસભા દ્વારા પ્રથમ(વર્ષ-૨૦૧૯નો) બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડથી કયા ધારાસભ્યને સન્માનિત કરાયા- **મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુરના ધારાસભ્ય)**
8. કોંગ્રેસના છોટા ઉદેપુરના ધારાસભ્ય મોહનસિંહ રાઠવા કુલ કેટલામી વખત MLA તરીકે ચૂંટાયા – **૯મી**
9. ગુજરાત વિધાનસભા દ્વારા વર્ષ-૨૦૨૦નો બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડથી કયા ધારાસભ્યને સન્માનિત કરાયા - **શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા**
10. ગુજરાત વિધાનસભા દ્વારા બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ વિજેતાને કઈ ટ્રોફી આપી સન્માનિત કરાઈ છે - **૧.૫ કિલોની શુદ્ધ ચાંદીની વિધાનસભાની પ્રતિકૃતિની ટ્રોફી**
11. ગુજરાત વિધાનસભા દ્વારા બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ પસંદગી સમિતિના વડા કોણ હોય છે - **અધ્યક્ષશ્રી ગુજરાત વિધાનસભા**
12. ગુજરાત વિધાનસભાના વર્તમાન અધ્યક્ષ કોણ છે - **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**
13. તાજેતરમાં ૨૫મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ કેન્દ્ર સરકારની કઈ ઝુંબેશનું એક વર્ષ પૂર્ણ થયું - **ફિટ ઈન્ડિયા ઝુંબેશ**
14. તાજેતરમાં ફિટ ઈન્ડિયા ઝુંબેશના એક વર્ષ નિમિતે વડાપ્રધાન શ્રી મોદીએ કયા વર્ગ સાથે ઈ-સંવાદ કર્યો હતો – **દેશના ખેલાડીઓ**
15. તાજેતરમાં ફિટ ઈન્ડિયા ઝુંબેશના એક વર્ષ નિમિતે વડાપ્રધાન શ્રી મોદીએ ફિટનેસ માટે કયો નવો મંત્ર આપ્યો હતો - **'ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ'**
16. યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ-2020માં વિવિધ કેટેગરીમાં વિશ્વના ૧૦ શહેરોમાં ભારતમાંથી માત્ર કયા શહેરની પસંદગી થઈ હતી - **'સુરત'**
17. યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ-2020માં સ્માર્ટ સિટીઝ એક્સલેટર અંતર્ગત સુરતને કયો એવોર્ડ મળ્યો - **"શ્રેષ્ઠ રિઝિલિયન્સ" (સ્થિતિ સ્થાપકતા)**
18. યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ-2020 અંતર્ગત સુરતને કયા ક્ષેત્રે રિઝિલિયન્સ એટલે કે 'સ્થિતિસ્થાપકતા' માટે એવોર્ડ અપાયો - **પર્યાવરણ**
19. કયા વર્ષે સુરતમાં પૂર આવેલા પૂર બાદ ખરાબ સ્વચ્છતા માટે અપૂરતા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને લીધે પ્લેગ ફેલાવાથી 50 જેટલા લોકોએ જીવ ગુમાવ્યા હતા - **વર્ષ 1994**
20. DRDO દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૦માં કઈ પરમાણુ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું - **'પૃથ્વી-૨'**
21. પરમાણુ મિસાઈલ 'પૃથ્વી-૨'ની રેન્જ કેટલી છે- **300 કિ.મી.**
22. DRDO દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૦માં પરમાણુ મિસાઈલ 'પૃથ્વી-૨'નું કયા સ્થળેથી સફળ પરીક્ષણ કરાયુ - **બાલાસોર (ઓડિશા)**
23. વિશ્વ દરિયાઈ દિવસ કયારે મનાવવામાં આવે છે - **24 સપ્ટેમ્બર**
24. વિશ્વ દરિયાઈ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **"Sustainable shipping for a sustainable planet"**
25. આંતર રાષ્ટ્રીય સ્તરે માલ પરિવહન-વાણિજ્ય સુવિધા માટે સૌથી વધુ કાર્યક્ષમ અને ઓછી ખર્ચાળ પરિવહન પધ્ધતિ કઈ છે - **શિપિંગ**
26. મેડમ કામાનું પુરૂ નામ જણાવો - મેડમ ભીખાઈજી રૂસ્તમજી કામા
27. મેડમ કામાનો જન્મ ક્યારે થયો હતો - **24 સપ્ટેમ્બર 1861**
28. ભીખાઈજી રૂસ્તમજી કામાનો જન્મ કયાં-ક્યા પરિવારમાં થયો હતો – **મુંબઈ તથા પારસી**
29. મેડમ કામાએ ક્યારે સ્ટૂટગાર્ડમાં સૌપ્રથમ ભારતનો ત્રિરંગો લહેરાવ્યો હતો – **ઓગસ્ટ-1907**
30. વર્ષ 1974ના પરમાણુ વિસ્ફોટના કર્ણધાર વ્યક્તિનું નામ જણાવો - **ડો.રાજા રમન્ના**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ગુજરાત વિધાનસભા : કાયદો ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા-૨૦૨૦ સુધારા વિધેયક પસાર



સુધારાની જોગવાઈઓ :

- ✓ રાજ્ય બહારની ફિશિંગ બોટો સામે સીમા ઉલ્લંઘન બદલ એક લાખના દંડની જોગવાઈ
- ✓ બોટમાં મળેલ મત્સ્ય પકડાશની હરાજી કરીને જે રકમ મળે તેની પાંચ ગણી રકમ વસૂલાશે.
- ✓ ફિશિંગ બોટો સામે સીમા ઉલ્લંઘન બદલ શિક્ષાત્મક સજાની સત્તા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટને સોપાઈ.
- ✓ ગુનાના દંડ વસૂલવા સબ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અને અપીલ તથા ફેર તપાસ માટે ન્યાય નિર્ણય અધિકારી તરીકે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને સત્તા અપાઈ.
- ✓ પાકિસ્તાન મેરિટાઈમ સિક્યુરિટી એજન્સી દ્વારા રાજ્યના માછીમારોના તથા તેમની બોટના અપહરણ અટકે તે માટે કડક પગલાં લેવાશે.
- ✓ રાષ્ટ્રીય દરિયાઈ સીમામાં માછીમારી કરતી બોટની સલામતી, સુરક્ષા માટે તપાસ જપ્તી માટે જરૂરી જોગવાઈ કરાઈ છે.
- ✓ મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે તેથી ઉપરના અધિકારીઓને વિશેષ સત્તા સોંપાઈ છે.
- ✓ બોટો આંતરરાષ્ટ્રીય સીમા ઓળંગે નહિ તે માટે જીપીએસ ખરીદી ૨૦ હજારની સહાય અપાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. બિહાર વિધાનસભા ચૂંટણી: કુલ-૨૪૩ બેઠક માટે ત્રણ તબક્કામાં મતદાન



ચૂંટણી કાર્યક્રમ :

- ✓ ૨૮ ઓક્ટોબરના રોજ પહેલા તબક્કામાં ૧૬ જિલ્લાની ૭૧ બેઠકો
- ✓ ૩ નવેમ્બરના રોજ બીજા તબક્કામાં ૧૭ જિલ્લાની ૯૪ બેઠકો અને
- ✓ ૭ નવેમ્બરના રોજ ત્રીજા તબક્કામાં ૧૫ જિલ્લાની ૭૮ વિધાનસભા બેઠકો પર મતદાન યોજાશે.



કોરોનાના દર્દીઓને મતદાનની પરવાનગી

ચૂંટણી માટે કોરોના ગાઇડલાઇન

- ✓ ઉમેદવારો ઓનલાઇન ઉમેદવારી પત્રો ભરી શકશે
- ✓ સિક્યુરિટી ડિપોઝિટ ઓનલાઇન જમા કરાવી શકશે
- ✓ ગાઇડલાઇન પ્રમાણે પ્રચાર કરી શકાશે
- ✓ ડોર ટુ ડોર પ્રચારમાં ફક્ત પાંચ વ્યક્તિને પરવાનગી
- ✓ મતદાનનો સમય એક કલાક વધારી સવારના ૭ થી સાંજના ૬
- ✓ ૧ મતદાન મથકમાં મહત્તમ ૧૦૦૦ મતદાર રહેશે
- ✓ મતદારોએ ૬ ફૂટનું સોશિયલ ડિસ્ટન્સ જાળવવું પડશે
- ✓ મતદાન મથક ખાતે સાબુ, પાણી, હેન્ડ સેનિટાઇઝર ઉપલબ્ધ રહેશે
- ✓ કોરોના સંક્રમિત મતદાર મતદાનના છેલ્લા કલાકમાં મત આપી શકશે
- ✓ દરેક જિલ્લામાં કોરોના ગાઇડલાઇનના પાલન માટે નોડલ હેલ્થ અધિકારી નિમાશે
- ✓ જરૂરી હશે ત્યાં વિનંતીના આધારે પોસ્ટલ બેલેટની સુવિધા અપાશે
- ✓ ૭,૦૦,૦૦૦ હેન્ડ સેનિટાઇઝર
- ✓ ૪૬,૦૦,૦૦૦ ફેસ માસ્ક
- ✓ ૬,૦૦,૦૦૦ પીપીઇ કિટ્સ
- ✓ ૭,૨૦,૦૦,૦૦૦ હેન્ડ ગ્લોવ્ઝ
- ✓ ૬,૭૦,૦૦૦ ફેસ શિલ્ડ
- ✓ ૨૩,૦૦,૦૦૦ હેન્ડ ગ્લોવ્ઝની જોડી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. અવસાન : હિન્દી અને તેલુગુ ફિલ્મોના પાશ્વ ગાયક એસ.પી.બાલા સુબ્રમણ્યમનું ૭૪ વર્ષે કોરોનાના કારણે નિધન



- ✓ જન્મ : ૦૪-૦૬-૧૯૪૬
- ✓ અવસાન : ૨૫-૦૯-૨૦૨૦
- ✓ ઉપનામ : બાલુ/એસ.પી. બાલુ

<u>સંગીત ક્ષેત્રે પ્રદાન :</u>

- ✓ ૧૬ ભાષામાં ૪૦,૦૦૦ ગીત ગાવાનો ગિનિઝ બૂક રેકોર્ડ
- ✓ એસ.પી.એ ૧૯૮૯માં બોલિવૂડ સ્ટાર સલમાન ખાનના અવાજ તરીકે અનોખી ઓળખ સ્થાપી હતી. સલમાને પણ થોડા દિવસ પહેલાં જલદી સાજા થવાની શુભેચ્છા પાઠવી હતી.
- ✓ ૧૯૬૬માં તેમને એક તેલુગુ ફિલ્મમાં ગીત ગાઈને કરિયરની શરૂઆત કરી હતી.
- ✓ આ પછી સૂર અને સાજ સાથેની તેમની સંગત વણથંભી પુરપાટ દોડતી રહી હતી.
- ✓ ૮ ફેબ્રુઆરી ૧૯૮૧નાં રોજ સતત ૧૨ કલાકમાં તેમણે ૨૧ ગીત રેકોર્ડ કરીને નવો વિક્રમ સ્થાપ્યો હતો.

<u>એએસપીબીના બોલિવૂડના પ્રખ્યાત ગીતો</u>

- ✓ મેરે રંગ મેં રંગનેવાલી... મૈને પ્યાર કિયા
- ✓ દીદી તેરા દેવર દીવાના... હમ આપકે હૈ કોન
- ✓ તુમસે જો દેખતે હી પ્યાર હુઆ.... પથ્થર કે ફૂલ
- ✓ સાથીયા તુને ક્યા કિયા... લવ
- ✓ દેખા હૈ પહેલી બાર... સાજન
- ✓ રોજા જાનેમન... રોજા
- ✓ મેરે જીવન સાથી... એક દુજે કે લીએ
- ✓ તેરે મેરે બિચમે... એક દુજે કે લીએ
- ✓ યે હસી વાદિયા .. રોજા
- ✓ સય મેરે યાર... સાગર

<u>પદ્મશ્રી-પદ્મભૂષણ સહિત ૬ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા</u>

- ✓ <u>૨૦૦૧માં તેમને પદ્મશ્રી અને ૨૦૧૧માં પદ્મભૂષણનાં નાગરિક સન્માન તેમજ ૬ વખત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.</u>
- ✓ <u>૧૯૮૧માં તેમણે હિન્દી ફિલ્મ એક દુજે કે લિયેમાં પહેલું ગીત ગાયું હતું. આ ફિલ્મનાં ગીતો માટે તેમને શ્રેષ્ઠ પાર્શ્વ ગાયકનો નેશનલ એવોર્ડ મળ્યો હતો.</u>
- ✓ મૈને પ્યાર કિયામાં તેમણે ગાયેલા ગીતો બ્લોક બસ્ટર રહ્યા હતા. જેમાં દિલ દીવાના... ગીત માટે તેમને ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણીનું સમાપન

કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૬મી સપ્ટેમ્બરથી ગાંધી ફિલ્મોત્સવ આગામી ૨જી ઓકટોબર સુધી ચાલશે





વિગત :

- ✓ બે વર્ષથી ચાલુ રહેલી ગાંધીજીની 150મી જયંતી સમારંભનું સમાપન 26 સપ્ટેમ્બરે.
- ✓ માહિતી અને પ્રસારણ મંત્રાલય 26 મીથી ગાંધી ફિલ્મોત્સવ શરૂ કરશે.
- ✓ આ ઓનલાઈન ફેસ્ટિવલ www.filmsdivision.org અને યુટ્યુબ પર 2 ઓક્ટોબર સુધી જોઈ શકાશે.
- ✓ આ દરમિયાન ધ ગ્રેટ સોલ્ટ માર્ચ, યુગ દેવતા જેવી ફિલ્મ જોવા મળશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલકૂદ : ફૂટબોલ ગોલકીપર ગુરુપ્રિતસિંહ સંધૂ અને મહિલા મિડ ફિલ્ડર સંજુને AIFF દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦નો પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ

- ✓ AIFF : ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ગુજરાત પ્રવાસન વિભાગ : ગુજરાત ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ એક્સલન્સ એવોર્ડ-૨૦૨૦ એનાયત

ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિવિધ પાંચ કેટેગરી માટે એવોર્ડ એનાયત



વિવિધ કેટેગરીમાં એવોર્ડ વિજેતાઃ

- ✓ બેસ્ટ ફાઈવ સ્ટાર હોટલઃ હયાત રિજન્સી, અમદાવાદ
- ✓ બેસ્ટ હેરિટેજ હોટેલઃ હેરિટેજ ખીરસરા પેલેસ, રાજકોટ
- ✓ બેસ્ટ ઈન્બાઉન્ડ ટૂર ઓપરેટરઃ હર્ષ ટ્રાવેલ્સ, અમદાવાદ

- ✓ લીડિંગ ટૂરિઝમ ઇનિશ્યટિવ બાય અ ડીસ્ટ્રીક્ટઃ ડીસ્ટ્રીક્ટ કલેક્ટર, નર્મદા
- ✓ સ્પેશલ કન્ટ્રીબ્યુશન ટુ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઇન્ડસ્ટ્રીઃ મહેન્દ્રસિંહ વાઘેલા
- ✓ મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રવાસન વિભાગ દ્વારા તૈયાર કરાયેલ "બનો સવાયા ગુજરાતી" કેમ્પેઇન
- ✓ ગુજરાત ટુરિઝમની નવી વેબ સાઇટ
- ✓ સ્ટેટ ઇન્સ્ટિટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ ન્યુ આઇન્ડેટિટીનું ઇ-લોન્ચિંગ કરાયું
- ✓ ઇન્ડિયા ટુડે દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીને આઈકોનીક લેન્ડ સ્કેપ–ટુરિઝમ સર્વે એન્ડ એવોર્ડ ૨૦૨૦ એનાયત કરાયો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 25 સપ્ટેમ્બર : વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 25 સપ્ટેમ્બર

(૧) છોટે સરદાર : ચંદુલાલ દેસાઈ

જન્મ : 25 સપ્ટેમ્બર 1882

અવસાન : 1968

- ✓ 20માં સૈકાની શરૂમાં એક યુવાન ડોક્ટરીનું ભણી સાધુ થવા માંગતો હતો ગાંધીજીને મળ્યો ગાંધીજીએ કહ્યું "મેં તો ક્રોધને વશ કર્યો નથી તમારું કેમ છે? ભગવા પહેરવાની મારી લાયકાત નથી, તમારી?'' આટલા સંવાદ પછી યુવાને સાધુ થવાનું માંડી વાળી ચિત્ત ભગવું રાખવાનું નક્કી કર્યું.



- ✓ આ યુવાન એટલે સ્વરાજ્ય યુગમાં "છોટે સરદાર'' તરીકે જાણીતા થયેલા ચંદુલાલ દેસાઈ.
- ✓ ભરૂચ, મુંબઈમાં ભણી દંત વિજ્ઞાનના અભ્યાસ માટે બ્રિટન ગયા અને દંતવિજ્ઞાનીની પદવી મેળવી હતી.
- ✓ ભરૂચમાં તેમણે શરૂ કરેલું દવાખાનું દાંતના દવાખાના તરીકે પ્રસિદ્ધ થયું હતું.
- ✓ દેશ સેવામાં આવ્યા પછી પોતાની બધી મિલકતો વેચી સેવાશ્રમ ટ્રસ્ટ શરૂ કરી રેલ સંકટ, દુષ્કાળ, ભૂકંપ જેવી કુદરતી આપદાઓ વેળાએ લોકસેવા માટે તૈયાર રહેતા હતા.
- ✓ આઝાદીના આંદોલનમાં તેમણે નાગપુર ઝંડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ સમેત

અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો, બારડોલી સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ તેમને અઢી વર્ષની સજા થઈ હતી.

- ✓ દાંડીકૂચ દરમિયાન તારીખ 26 માર્ચ 1930ના રોજ ગાંધીજી ભરૂચમાં ચંદુલાલ દેસાઈને ત્યાં રોકાણા હતા.
- ✓ ભરૂચથી 'વિકાસ' નામનું સામયિક શરૂ કર્યું હતું.
- ✓ ચંદુલાલ સ્પષ્ટ વક્તા અને કડક ટીકાકાર હોવાથી 1930માં તેમનું પ્રેસ પ્રતિબંધિત થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) પંડિત દીનદયાલ ઉપાધ્યાય



જન્મ-૨૫ સપ્ટેમ્બર-૧૯૧૬

અવસાન – ૧૧ ફેબ્રુઆરી-૧૯૬૮

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવેલ મત્સ્યોદ્યોગ કાયદા-2020 સુધારા વિધેયક મુજબ ગુજરાત બહારની ફિશીંગ બોટો સામે ઉલ્લંઘન બદલ કેટલા દંડની જોગવાઇ કરાઇ છે - **રૂ. 1 લાખ**
2. ગુજરાતની ફિશિંગ બોટ આંતરરાષ્ટ્રીય સીમા ઓળંગે નહીં તે માટે જીપીએસની ખરીદી માટે કેટલી નાણાકીય સહાય આપવામાં આવશે - **રૂ. 20,000/-**
3. આગામી ઓક્ટોબરમાં બિહાર વિધાનસભામાં કુલ કેટલી બેઠકો માટે ત્રણ તબક્કામાં મતદાન યોજાશે- **243**
4. ભારતીય ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ચૂંટણીમાં કોરોનાની પરિસ્થિતિ ધ્યાને રાખી કેટલા લોકોને ડોર ટુ ડોર પ્રચારની મંજૂરી અપાઇ છે - **5**
5. બિહાર વિધાનસભામાં મતદાનનો સમય કેટલો વધારવામાં આવ્યો છે - **1 કલાક**
6. તાજેતરમાં કોરોનાના કારણે 74 વર્ષે અવસાન પામનાર એસ પી બાલાસુબ્રમણ્યમ ક્ષેત્ર જણાવો - **હિન્દી અને તેલુગુ ફિલ્મોના પાર્શ્વગાયક**
7. એસ પી બાલાસુબ્રમણ્યમનો કેટલી ભાષામાં કેટલા ગીત ગાવાનો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલો છે - **16 ભાષા અને 40,000 ગીત**
8. એસ પી બાલાસુબ્રમણ્યમને ભારત સરકાર દ્વારા કયા વર્ષે પદ્મશ્રી અને પદ્મભૂષણ નાગરિક સન્માન અપાયા હતા - **2001 અને 2011**
9. એસ પી બાલાસુબ્રમણ્યમને કેટલી વખત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે - **06**
10. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા મહાત્મા ગાંધીજીની 150મી જન્મ જયંતિ ઉજવણીનું સમાપન નિમિત્તે ક્યાં સુધી ગાંધી ફિલ્મોત્સવનું આયોજન કર્યું છે - **તારીખ 26 સપ્ટેંબરથી બીજી ઓક્ટોબર 2020**
11. AIFF દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦નો પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ કોને આપવામાં આવ્યો - **ફૂટબોલ ગોલકીપર ગુરુપ્રિતસિંહ સંધૂ અને મહિલા મિડ ફિલ્ડર સંજુ**
12. AIFFનું વિસ્તૃત નામ જણાવો - **ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન**
13. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા ગુજરાત ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ એક્સલન્સ એવોર્ડ આપવામાં આવે છે - **ગુજરાત પ્રવાસન વિભાગ**
14. ગુજરાત ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ એક્સલન્સ એવોર્ડ-૨૦૨૦ કયા સ્થળેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ

રૂપાણીના હસ્તે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી એનાયત કરાયો – **ગાંધીનગર**

15. વિવિધ કેટેગરીમાં ગુજરાત ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ એક્સલન્સ એવોર્ડ-૨૦૨૦ એવોર્ડ વિજેતાનું નામ જણાવો - **બેસ્ટ ફાઈવ સ્ટાર હોટલઃ હયાત રિજન્સી, અમદાવાદ, બેસ્ટ હેરિટેજ હોટેલઃ હેરિટેજ ખીરસરા પેલેસ, રાજકોટ, બેસ્ટ ઈન્બાઉન્ડ ટૂર ઓપરેટરઃ હર્ષ ટ્રાવેલ્સ, અમદાવાદ, લીડિંગ ટૂરિઝમ ઈનિશ્યટિવ બાય અ ડીસ્ટ્રીક્ટઃ ડીસ્ટ્રીક્ટ કલેક્ટર, નર્મદા, સ્પેશલ કન્ટ્રીબ્યુશન ટુ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઇન્ડસ્ટ્રીઃ મહેન્દ્રસિંહ વાઘેલા**
16. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા તૈયાર કયુ કેમ્પેઈન તૈયાર કરાયુ છે - **"બનો સવાયા ગુજરાતી"**
17. વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે કયારે મનાવવામાં આવે છે - **25 સપ્ટેમ્બર**
18. ચંદુલાલ દેસાઈનો જન્મદિવસ જણાવો - **25 સપ્ટેમ્બર 1882**
19. કોણ છોટે સરદાર તરીકે ઓળખાય છે- **ચંદુલાલ દેસાઈ**
20. પંડિત દીનદયાલ ઉપાધ્યાયનો જન્મદિવસ જણાવો - **25 સપ્ટેમ્બર 1916**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. સાત પગલા ખેડૂત કલ્યાણના (કૃષિ)

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કુલ ૭માંથી છેલ્લા ત્રણ પગલાનું ઈ-લોકાર્પણ



સાત પગલાં ખેડૂત કલ્યાણના યોજના અંતર્ગત

- ✓ અગાઉ તારીખ ૧૦મી સપ્ટેમ્બરના રોજ બે તથા તારીખ ૧૭મી સપ્ટેમ્બર, વડાપ્રધાન મોદીના જન્મદિવસ નિમિત્તે બે એમ કુલ ૪ પગલાંનું ઈ- લોકાર્પણ સંપન્ન

5. સિમાંત ખેડૂતો અને ખેત મજૂરોને સ્માર્ટ હેન્ડ ટુલ્સ કીટ

- ✓ સિમાંત ખેડૂતો અને ખેત મજૂરોને લાભ
- ✓ વાવણીથી લઈ કાપણી સુધીના સ્માર્ટ સાધનો
- ✓ ખેતી અને બાગાયતી પાકોમાં ઉપયોગી
- ✓ ઓછા સમયમાં વધુ કાર્યક્ષમતાથી કામગીરી
- ✓ વૈજ્ઞાનિક ઢબે કામગીરીથી ખેત ઉત્પાદનમાં વધારો
- ✓ ૯૦% સહાય, રૂ.૧૦,૦૦૦ની મર્યાદામાં
- ✓ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.ના માન્ય એગ્રો સેન્ટર ખાતેથી સહાયની રકમ બાદ કરી વિતરણ
- ✓ ૩.૨૨ કરોડની નાણાકીય જોગવાઈ

6. કાંટાળી તારની વાડ માટેની યોજના

- ✓ ખેડૂતોના મહામૂલ્ય પાકને રોઝ અને ભૂંડના ત્રાસથી બચાવવા માટે રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય
- ✓ ક્લસ્ટર નિયમોમાં છૂટછાટ, ઓછામાં ઓછા ૫ હેકટર ક્લસ્ટર માટે લાભ
- ✓ તારની વાડ માટે પ્રતિ રનીંગ મીટર દીઠ રૂ.૨૦૦/- સહાય
- ✓ રૂ. ૨૦૦ કરોડની નાણાકીય જોગવાઈ

7. ફળ, ફૂલ, શાકભાજીના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી

- ✓ રોડ સાઈડ પર ખુલ્લી જગ્યામાં ફળ, ફૂલ, શાકભાજી તથા નાશવંત કૃષિ પેદાશો વેચનારા નાના વેચાણકારોને લાભ
- ✓ પાત્રતા ધરાવતા વેચાણકારોને કુટુંબદીઠ પુખ્ત વયની એક વ્યક્તિને વિનામૂલ્યે છત્રી
- ✓ ૬૫,૦૦૦ છૂટક વેચાણકારોને લાભ
- ✓ અરજી તા.૩૦-૦૯-૨૦૨૦ સુધી કરી શકાશે
- ✓ રૂ.૧૦ કરોડની નાણાકીય જોગવાઈ
- ✓ વેબસાઈટ:https://ikhedut.gujarat.gov.in
- ✓ વિભાગ : કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. UNની ૭૫મી વાર્ષિક સામાન્ય સભા



ભારતના વડાપ્રધાન શ્રી મોદીના ઈ-સંબોધનના મહત્વના અંશો :

- ✓ UNમાં ક્યાં સુધી ભારતને નિર્ણાયક માળખાઓથી દૂર રાખશો
- ✓ ભારતની ૧૩૦ કરોડની જનતા UNમાં સુધારા અને દેશની વિસ્તારિત ભૂમિકાની આશા રાખી રહી છે
- ✓ કોરોના સામેની લડાઈમાં UN ક્યાં છે ?
- ✓ આત્મનિર્ભર ભારતના વિઝન સાથે આગળ વધી રહ્યાં છીએ
- ✓ ભારત આતંકવાદ, હથિયારોની તસ્કરી, મની લોન્ડરિંગ, માદક દ્રવ્યો સામે લડતો રહેશે
- ✓ ભારત હંમેશાં સમગ્ર માનવજાતના હિત માટે વિચારે છે, નહીં કે પોતાના સ્વાર્થ માટે

કોરોના રસી માટે તમામ ક્ષમતાનો ઉપયોગ કરીશું

- ✓ ૯ મહિનાથી વિશ્વ કોરોના સામે સંઘર્ષ કરી રહ્યું છે ત્યારે આ લડાઇમાં સંયુક્ત રાષ્ટ્ર ક્યાં છે?
- ✓ સંયુક્ત રાષ્ટ્રનો એક પ્રભાવશાળી જવાબ ક્યાં છે?
- ✓ માનવજાતની મદદ માટે ભારતની વેક્સિન ઉત્પાદન અને ડિલિવરી ક્ષમતાઓનો ઉપયોગ કરી શકાશે.
- ✓ ભારતમાં અમે ત્રીજા તબક્કાની ટ્રાયલ તરફ આગળ વધી રહ્યાં છીએ.
- ✓ ડિલિવરી માટે કોલ્ડ ચેઇન અને સ્ટોરેજ ક્ષમતા વધારવામાં ભારત મદદ કરશે.

માનવતાના દુશ્મનો સામે ભારત અવાજ ઉઠાવશે

- ✓ ભારત આતંકવાદ સહિતના માનવતાના દુશ્મનો સામે અવાજ ઉઠાવતા ખચકાશે નહીં.
- ✓ વિકાસની યાત્રામાં ભારત વિશ્વના અનુભવો પરથી શીખવા અને પોતાના અનુભવ વિશ્વને વહેંચવા માગે છે.
- ✓ ભારત કોઇ એક દેશ સાથે મિત્રતા કરે છે તેનો અર્થ એ નથી કે તે અન્ય ત્રીજા દેશ સાથે દુશ્મની કરી રહ્યો છે.

- ✓ ભારત વિકાસ માટે ભાગીદારી કરે છે ત્યારે તેમાં અન્યને નિઃસહાય બનાવવાનો બદઇરાદો હોતો નથી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. શ્રી કૃષ્ણ જન્મભૂમિ : મથુરા (ધર્મ)

- ✓ મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ પર શ્રીકૃષ્ણ વિરાજમાને અદાલતમાં દાવો રજૂ કર્યો



દાવાની વિગત :

- ✓ ભગવાન શ્રીકૃષ્ણ વિરાજમાને મથુરાની સિવિલ કોર્ટમાં અરજી દાખલ કરી શહેરમાં આવેલી ૧૩.૩૭ એકરની કૃષ્ણ જન્મભૂમિની જમીનની માલિકીનો દાવો કરી આ સ્થળે આવેલી શાહી ઇદગાહ મસ્જિદ હટાવવાની માગ કરી છે.
- ✓ અરજીમાં દાવો કરાયો છે કે મથુરામાં આવેલી કૃષ્ણ જન્મભૂમિની એક એક ઇંચ જમીન ભગવાન શ્રીકૃષ્ણના અનુયાયીઓ અને હિંદુ સમુદાય માટે પવિત્ર છે.
- ✓ ભગવાન શ્રીકૃષ્ણના નેક્સ્ટ ફ્રેન્ડ રંજના અગ્નિહોત્રી અને અન્ય ૬ ભક્તો વતી એડવોકેટ હરિશંકર જૈન અને વિષ્ણુ જૈને દાખલ કરેલા દીવાની દાવામાં કટરા કેશવ દેવ ખેવટ, મૌજા મથુરા બજાર સિટી ખાતેના ભગવાન શ્રીકૃષ્ણ વિરાજમાનને વાદી ગણાવવામાં આવ્યા છે.
- ✓ દાવામાં ઉત્તરપ્રદેશ સુન્ની વકફ બોર્ડ, મથુરા ખાતેની શાહી ઇદગાહ મસ્જિદના ટ્રસ્ટ અને મેનેજમેન્ટ કમિટીને પ્રતિવાદી ગણાવવામાં આવ્યાં છે.

દીવાની દાવામાં કરાયેલી માગ

- ✓ શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંઘ અને શાહી ઇદગાહ ટ્રસ્ટ વચ્ચે ૧૯૬૮માં થયેલા સમાધાનને રદ કરાય
- ✓ શાહી મસ્જિદના ટ્રસ્ટે ત્યાં રહેતા મુસ્લિમોને ઉત્તર અને દક્ષિણની દીવાલની બહાર હટાવી દેવા જોઈએ
- ✓ શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંઘને માલિકી સાથે કોઈ લેવાદેવા નહીં હોય અને આ સંપત્તિ પ્રથમ વાદીને સોંપવામાં આવે
- ✓ કૃષ્ણ જન્મભૂમિ પર આવેલી શાહી ઇદગાહ મસ્જિદને હટાવી લેવામાં આવે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ભારત-ઇઝરાયલ વચ્ચે નવી હાઇટેક વેપન્સ સિસ્ટમ માટે સમજૂતી કરાર (વૈશ્વિક સંબંધો)



વિગતો :

- ✓ ભારતે સરહદની યુસ્ત સુરક્ષા માટે ઇઝરાયેલ સાથે જ ખૂબ જ મહત્વનો સુરક્ષા કરાર કર્યો.
- ✓ નવી સમજૂતી મુજબ રક્ષા ઔદ્યોગિક સહયોગમાં મુખ્ય કામ ટેકનોલોજી ટ્રાન્સફરનું છે.

મુખ્ય કાર્ય :

- ✓ રક્ષા સાધનોના સંયુક્ત વિકાસ અને ઉત્પાદન, ટેકનોલોજી સુરક્ષા, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ, ઇનોવેશન અને ત્રીજા દેશોને સંયુક્ત નિકાસ સુનિશ્ચિત કરાશે.
- ✓ આગામી પાંચ વર્ષોમાં લગભગ પાંચ અબજ ડોલરના રક્ષા નિકાસનું લક્ષ્ય નક્કી કરાયું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારત-જાપાન વચ્ચે સંયુક્ત રીતે 5G અને 5G+ ટેકનોલોજી માટે સમજૂતી (વૈશ્વિક સંબંધો)



વિગતો :

5G અને 5G પ્લસ ટેક્નોલોજી માટે સહયોગ કરવા ભારત અને જાપાન સહમત

- ✓ સત્તાવાર રીતે ક્વાડના વ્યૂહાત્મક મંત્રણા સભ્યો અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ઇઝરાયેલ પાસેથી મદદ લેવાશે.
- ✓ આગલી પેઢીની ટેલિકોમ્યુનિકેશન ટેકનોલોજી અંગે જાપાનમાં આવતા મહિને યોજાનારી ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં ચર્ચા કરાશે.
- ✓ ભારત અને જાપાને 5G અને 5G પ્લસ ટેકનોલોજી વિકસાવવાનો નિર્ણય કર્યો છે, તો બીજી તરફ ભારતની નજર ૩ જીપીપી પર છે.
- ✓ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનના નવા પ્રધાનમંત્રી સુગા સાથે વાત કરી હતી અને બંનેએ એવો નિર્ણય લીધો હતો કે તેઓ દ્વિપક્ષીય વિશેષ અને વ્યુહાત્મક તેમજ વૈશ્વિક ભાગીદારીને નવા સ્તરે લઇ જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. RRTS ટ્રેન: ભારતની પ્રથમ RRTS ટ્રેન દિલ્હી મેરઠ વચ્ચે દોડશે (રેલવે)



ટ્રેનની વિશેષતા :

- ✓ નેશનલ કેપિટલ રિજિયન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને ભારતની પહેલી રિજિયોનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ) ટ્રેન કેવી દેખાશે તે પહેલીવાર જાહેર કર્યું
- ✓ સૌથી પહેલી આરઆરટીએસ ટ્રેન દિલ્હી અને મેરઠ વચ્ચે દોડવાની છે.
- ✓ ટ્રેનની ઝડપ : સંભવિત ૧૮૦ કિમી પ્રતિ કલાક.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. વિશ્વ વિક્રમ : તેલંગાણામાં વિશ્વનો સૌથી લાંબો સ્પાન કોક્રિટ કેબલ સ્ટે બ્રિજ તૈયાર (માળખાગત સુવિધા)



- ✓ સ્થાન : દુર્ગમ ચેરુવુ લેક, માધવપુર જિલ્લો : રંગારેડ્ડી

વિશેષતા :

- ✓ આ ફોર લેન પુલથી માધવપુર શહેરમાં ભારે ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મળશે.
- ✓ નિર્માણ કરનાર : ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.
- ✓ આ વિશ્વની સૌથી લાંબો સ્પાન કોંક્રીટ ડેક એકસ્ટ્રા-ડોઝડ કેબલ સ્ટે બ્રિજ.
- ✓ બ્રિજ માટે કોંક્રીટથી 233.85 મીટરનો પ્રીકાસ્ટ સ્પાન બનાવાયો છે.
- ✓ ખર્ચ : રૂ. 184 કરોડ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ભારત-શ્રીલંકા સબંધો

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના વડાપ્રધાન શ્રી મહિન્દ્રા રાજપક્ષે વચ્ચે દ્વિપક્ષીય વર્ચ્યુલ બેઠક યોજાઈ



- ✓ શ્રીલંકામાં બૌદ્ધ સ્થળોના વિકાસ માટે ભારત તરફથી રૂપિયા ૧૧૧ કરોડની સહાય અપાશે

બંને દેશોના વડાપ્રધાન વચ્ચેના ચર્ચાના મહત્વના અંશો :

- ✓ આ વાટાઘાટોમાં વડાપ્રધાન મોદીએ શ્રીલંકન બંધારણના ૧૩માં સુધારાના અમલ પર વિશેષ ભાર મૂકતા કહ્યું હતું કે, શ્રીલંકામાં શાંતિ અને સમાધાનની પ્રક્રિયા માટે તેનો અમલ અતિ આવશ્યક છે.
- ✓ પડોશી દેશમાં બંધારણનો ૧૩મો સુધારો તમિલ સમાજને સત્તાની સોંપણીની સુવિધા પૂરી પાડે છે.
- ✓ ભારત વર્ષ ૧૯૮૭માં ભારત-શ્રીલંકન સરકાર વચ્ચે થયેલા કરાર પછી

બંધારણના ૧૩માં સુધારાના અમલ માટે શ્રીલંકા પર દબાણ કરી રહ્યું છે.

- ✓ બંને નેતાઓએ સંરક્ષણ અને સલામતી સંબંધો તેમજ વેપાર અને રોકાણમાં સહકાર સહિતના વિવિધ મુદ્દાઓ પર પણ વ્યાપક ચર્ચા કરી હતી.
- ✓ આ વાટાઘાટોમાં વડાપ્રધાન મોદીએ શ્રીલંકામાં બૌદ્ધ સ્થળોને પ્રોત્સાહન આપવા માટે ૧.૫ કરોડ યુએસ ડોલરની સહાયની પણ જાહેરાત કરી હતી.
- ✓ મોદીએ જણાવ્યું હતું કે, તેમને વિશ્વાસ છે કે રાજાપક્સે સરકારની નીતિઓની મદદથી શ્રીલંકામાં શાસક પક્ષને ચૂંટણીમાં મળેલા જંગી વિજયથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ ગાઢ બનશે.
- ✓ તમારા પક્ષના જંગી વિજય પછી ભારત - શ્રીલંકાના સંબંધોમાં એક નવું પ્રકરણ શરૂ કરવાની તક છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. નિધન : સંગીતકાર એસ.પી. બાલાસુબ્રમણ્યમ



- ✓ ચેન્નઈમાં ૨૪ તોપોની સલામી સાથે અંતિમવિધિ કરાઇ
- ✓ ઉપનામ : "સિંગિંગ મૂન"
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : 26 સપ્ટેમ્બર

(૧) સંરક્ષણવાદ:મણિલાલ નભુભાઈ દ્વિવેદી

જન્મ : 26 સપ્ટેમ્બર 1858

અવસાન : 1 ઓકટોબર 1898



- ✓ ગાંધીજીના શિક્ષક રહેલા શ્રીમાન મણિલાલ નભુભાઈનો આજે જન્મદિવસ.
- ✓ નડિયાદમાં જન્મેલા મણિલાલે અભ્યાસ નડીયાદ અને મુંબઈમાં કર્યો હતો.
- ✓ 1876માં આખી મેટ્રિકની પરીક્ષામાં બીજે ક્રમે પાસ થયા હતા.
- ✓ મણિલાલ નભુભાઈને ઈતિહાસ, ફિલસૂફી, અંગ્રેજી અને ગુજરાતી જેવા વિષયો સાથે વિશેષ મમત્વ હતું.
- ✓ માધ્યમિક શાળામાં શિક્ષક, શાળાઓના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર અને ભાવનગરની શામળદાસ કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસર બન્યા હતા.

- ✓ મુંબઈ યુનિ.માંથી સંસ્કૃતના પરીક્ષક નીમાનાર તેઓ સૌ પહેલા ગુજરાતી હતા.
- ✓ મણિલાલે શિક્ષાશતક, માલતી માધવ (અનુ.), કાન્તા, પૂર્વદર્શન, નારીપ્રતિષ્ઠા, રાજયોગ, પ્રેમજીવન, પ્રાણ વિનિમય, સિદ્ધાંતસાર, મણિલાલ નભુભાઈનું આત્મવૃત્તાંત જેવા અનેક પુસ્તકો લખવા સાથે પ્રિયવંદા તથા સુદર્શન જેવા સામયિકો પણ ચલાવ્યા હતા.
- ✓ મણિલાલે 1891માં અમલમાં આવેલા વયસંમતિ ધારાનો વિરોધ કર્યો હતો, કવિ નર્મદે પણ મણિલાલના રૂપમાં પોતાની સુધારાવૃત્તિ ગુજરાતી સમાજને ગળે ઉતારશે તેવી અપેક્ષા જીવનના સંધ્યાકાળે વ્યક્ત કરી હતી.
- ✓ સ્વભાવે આનંદી, માયાળુ અને સ્વતંત્ર મિજાજના મણિલાલનું 1 ઓક્ટોબર 1898ના રોજ માત્ર 40 વર્ષની નાની વયે અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) દયાસાગર : ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

જન્મ : 26 સપ્ટેમ્બર 1820

અવસાન : 29 જૂલાઈ 1891



- ✓ બંગાળ ભારતીય નવજાગરણનું આગેવાન રહ્યું છે. બંગાળમાં મેદનીપુર જિલ્લાના બીરસિંધ (આજનું બાંગ્લાદેશ) ગામે આજના દિવસે જન્મેલા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ભારતીય નવજાગરણના અગ્રદૂતો પૈકીના એક હતા.
- ✓ તેમની અટક તો બેનરજી હતી પણ અભ્યાસમાં પ્રવીણ હોવાથી કોલેજ દ્વારા "વિદ્યાસાગર"નું બિરુદ મળ્યું હતું.
- ✓ તેમનો મોટા ભાગનો અભ્યાસ કલકતામાં જ થયો હતોઅને મોટા ભાગની પરીક્ષાઓમાં પહેલા નંબરે જ પાસ થયા.
- ✓ ૧૮૫૧માં ઇંગ્લેન્ડથી ભારત નોકરી અર્થે આવતા અધિકારીઓની ભારતીય ભાષાઓની જાણકારી ચકાસતી હતી તે ફોર્ટ વિલિયમ કોલેજમાં જોડાયા. પણ ભાઈના લગ્ન માટે રજા ન મળતા નોકરીને છોડવા તૈયાર થયા પણ ઉપલા અધિકારીને વિદ્યાસાગરની નિષ્ઠા અને સગાઇ સંબંધોનો ખ્યાલ આવતા તેણે રાજીનામું ફાડી નાંખ્યું.
- ✓ તે પછી સંસ્કૃત કોલેજમાં નોકરી લીધી પણ ઉપલા અધિકારીના તોછડા વર્તનને કારણે નોકરી છોડી દીધી અને છાપખાનું શરૂ કર્યું.
- ✓ તેમાંથી થતી આવકમાંથી ખપ પુરતું રાખી બાકીનું ગરીબોમાં વહેચી દેતા તેથી "દયાસાગર" પણ કહેવાતા હતા.
- ✓ ઈશ્વરચંદ્રનું નામ મુખ્યત્વે સમાજસુધારા અને એમાં પણ વિધવા પુન:લગ્નો અને સ્ત્રી શિક્ષણ સાથે વિશેષ સંકળાયેલું છે.

- ✓ ૧૮૫૬માં થયેલો વિધવા પુન:લગ્નનો કાયદો વિદ્યાસાગરના આન્દોલનનું પરિણામ હતો.
- ✓ સમાજસુધારક તરીકે તેમણે પોતાના દીકરાના લગ્ન વિધવા સાથે કરાવી સમાજસુધારાનું જવલંત દ્રષ્ટાંત પૂરું પડ્યું હતું.
- ✓ તેઓ વિધવાઓને આર્થિક મદદ પણ કરતા હતા. તેમના જ પ્રયત્નોથી ૧૮૭૮થી છોકરીઓને કોલેજોમાં પ્રવેશ મળતો થયો.
- ✓ શિક્ષણ સંસ્થાઓના નામ જાતિ કે કોમ આધારિત ન હોવા જોઈએ તેવો વિચાર પણ ઈશ્વરચંદ્રએ રજુ કર્યો હતો.
- ✓ આવા મહાન સુધારકની એશિયાટિક સોસાયટીના સભ્યપદ અને નાઈટ કમાન્ડર દ્વારા કદર થઇ હતી
- ✓ ભારતીય સમાજસુધારા આન્દોલનના સીમાસ્તંભ સમાન ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું તારીખ ૨૦ જુલાઈ ૧૮૯૧ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા "સાત પગલાં ખેડૂત કલ્યાણના" અંતર્ગત કયા છેલ્લા ત્રણ પગલાનું ઇ-લોકાર્પણ કર્યું - **સિમાંત ખેડૂતો અને ખેત મજૂરોને સ્માર્ટ હેન્ડ ટુલ્સ કીટ, કાંટાળી તારની વાડ માટેની યોજના તથા ફળ, ફૂલ, શાકભાજીના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી**
2. સીમાંત ખેડૂતો અને ખેત મજુરોને સ્માર્ટ હેન્ડ ટુલ્સ કીટ માટે રૂ.10,000ની મર્યાદામાં કેટલા ટકા સહાય કરવામાં આવશે - **90%**
3. "સાત પગલાં ખેડૂત કલ્યાણના" અંતર્ગત જંગલી પશુઓથી પાક રક્ષણ માટે કાંટાળી વાડ બનાવવા કેટલા હેક્ટરના ક્લસ્ટરને લાભ આપવામાં આવશે - **5 હેકટર**
4. "સાત પગલાં ખેડૂત કલ્યાણના" અંતર્ગત જંગલી પશુઓથી પાક રક્ષણ માટે કાંટાળી વાડ બનાવવા કેટલા પ્રતિ રનીંગ મીટર કેટલી સહાય આપવામાં આવશે - **રૂ. 200/-**
5. તાજેતરમાં ભારતના વડાપ્રધાન દ્વારા યુએનની કેટલામી વર્ષગાંઠ નિમિત્તે સામાન્ય સભા સંબોધી હતી – **75 વર્ષ**
6. તાજેતરમાં કયા સ્થળે શ્રી કૃષ્ણ જન્મભૂમિ ઉપર અદાલતમાં પોતાનો દાવો રજૂ કરાયો છે - **મથુરા**
7. તાજેતરમાં કોના દ્વારા કોર્ટમાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ માટે દાવો રજૂ કરાયો છે- **શ્રી કૃષ્ણ વિરાજમાન**
8. શ્રીકૃષ્ણ વિરાજમાને મથુરાની સિવિલ કોર્ટમાં કેટલા એકર જમીન ઉપર શ્રી કૃષ્ણ જન્મભૂમિનો દાવો રજૂ કર્યો છે - **13.37 એકર**
9. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારત - ઇઝરાયલ વચ્ચે કયો સમજૂતી કરાર થયો - **નવી હાઇટેક વેપન્સ સિસ્ટમ માટે**
10. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારત-જાપાન વચ્ચે સંયુક્ત રીતે કઈ ટેકનોલોજી માટે સમજૂતી થઈ - **5G અને 5G+**
11. ભારતની પ્રથમ RRTS ટ્રેન કયા બે શહેરો વચ્ચે દોડશે - **દિલ્હી અને મેરઠ**
12. RRTSનું વિસ્તૃત નામ જણાવો – **રિજિયોનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ**
13. ભારતના ક્યા રાજ્યમાં વિશ્વનો સૌથી લાંબો સ્પાન કોંક્રિટ કેબલ સ્ટે બ્રિજ આવેલો છે - **તેલંગાણા**
14. તેલંગાણા ક્યા સ્થળે વિશ્વનો સૌથી લાંબો સ્પાન કોંક્રિટ કેબલ સ્ટે બ્રિજ આવેલો છે - **દુર્ગમ ચેરુવુ લેક, માધવપુર (જિ. રંગારેડ્ડી)**
15. માધવપુરમાં નવનિર્મિત વિશ્વનો સૌથી લાંબો સ્પાન કોંક્રિટ કેબલ સ્ટે બ્રિજનું નિર્માણ કોણે કર્યું છે - **ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

16. શ્રીલંકામાં બૌદ્ધ સ્થળોના વિકાસ માટે ભારત તરફથી કેટલી સહાય અપાશે – **રૂ. ૧૧૧ કરોડ**
17. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારત-શ્રીલંકાના PM વચ્ચે યોજાયેલી દ્વિપક્ષીય વર્ચ્યુલ બેઠકમાં શ્રી મોદીએ શ્રીલંકન બંધારણના કેટલામાં સુધારાના અમલ પર વિશેષ ભાર મૂકયો હતો - **૧૩માં**
18. શ્રીલંકામાં બંધારણનો ૧૩મો સુધારો કયા સમાજને સત્તાની સોંપણીની સુવિધા પૂરી પાડે છે - **તમિલ**
19. કયા વર્ષે ભારત-શ્રીલંકા વચ્ચે થયેલા કરાર પછી બંધારણના ૧૩માં સુધારાના અમલ માટે ભારત શ્રીલંકા પર દબાણ કરી રહ્યું છે - **૧૯૮૭**
20. સંગીતકાર એસ.પી. બાલાસુબ્રમણ્યમની ચેન્નઈમાં કેટલી તોપોની સલામી સાથે અંતિમવિધિ કરાઈ હતી - **૨૪**
21. સંગીતકાર એસ.પી. બાલાસુબ્રમણ્યમનું ખાસ ઉપનામ જણાવો - **"સિંગિંગ મૂન"**
22. પંડિતયુગના સાક્ષર સર્જક મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો જન્મ દિવસ જણાવો - **26 સપ્ટેમ્બર 1858**
23. મણિલાલ નભુભાઈ દ્વિવેદી કયાં મહાનુભાવના શિક્ષક હતા – **ગાંધીજી**
24. મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો જન્મ ક્યાં થયો હતો – **નડિયાદ**
25. મુંબઈ યુનિ.માંથી સંસ્કૃતના પરીક્ષક નીમાનાર સૌ પહેલા ગુજરાતી કોણ હતા - **મણિલાલ નભુભાઈ દ્વિવેદી**
26. મણિલાલ નભુભાઈની આત્મકથાનું નામ જણાવો - **આત્મવૃત્તાંત**
27. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કયા સામયિકના તંત્રી તરીકે સેવા આપી છે - **પ્રિયવંદા તથા સુદર્શન**
28. ભારતીય નવજાગરણના અગ્રદૂત સમાન ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ દિવસ જણાવો - **26 સપ્ટેમ્બર 1820**
29. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ ક્યાં થયો હતો – **બંગાળના મેદનીપુર જિલ્લાના બીરસિંઘ (આજનું બાંગ્લાદેશ) ગામે**
30. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું નામ મુખ્યત્વે કયા પ્રકારના સમાજસુધારા સાથે વિશેષ સંકળાયેલું છે - **વિધવા પુન:લગ્નો અને સ્ત્રી શિક્ષણ**
31. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના આંદોલનના પરિણામે કયા વર્ષમાં વિધવા પુન:લગ્નનો કાયદો બન્યો - **૧૮૫૬**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 27-09-2020



૧. રાફેલ યુદ્ધ વિમાન (સંરક્ષણ)

ફ્રાન્સ દ્વારા નવા વધુ પાંચ રાફેલ યુદ્ધ વિમાન ભારતને અપાયા : આગામી ઓક્ટોબર-૨૦૨૦માં ભારત આવશે



- ✓ આ નવીન પાંચ વિમાનો પશ્ચિમ બંગાળના કલઈકુંડા એરબેઝ ખાતે તહેનાત કરાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિધન : ભાજપના સ્થાપક, પૂર્વ સંરક્ષણ પ્રધાન જશવંતસિંહનું ૮૨ વર્ષે નિધન



રાજકીય પ્રદાન :

- ✓ અટલજીની સરકારમાં સંરક્ષણ, વિદેશ તેમજ નાણા મંત્રાલય સંભાળ્યા હતા
- ✓ સેનાના નિવૃત્ત અધિકારી
- ✓ અંતિમ સંસ્કાર : જોધપુર રાજસ્થાન

અન્ય ઘટના :

આતંકીને લઈને કંદહાર ગયા હતા

- ✓ વર્ષ-૧૯૯૯માં જ્યારે આતંકીઓને લઈને કંધાર ગયા અને બદલામાં ઈન્ડિયા એરલાઈન્સની ફ્લાઈટ આઈસી-૮૧૪ના યાત્રીઓ અને ક્રૂ મેમ્બર્સને લઈને પાછા આવ્યા હતા. તેના માટે તેમની આજે પણ

ટીકા થાય છે પણ આ નિર્ણય સંપૂર્ણ સરકારનો હતો, ફક્ત જસવંતસિંહનો નહીં.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. મન કી બાત : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 'મન કી બાત'ની ૬૯મી આવૃતિમાં દેશવાસીઓને સંબોધિત કર્યાં



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. જીવલેણ મગજભક્ષી અમીબા બેક્ટેરિયા : USA (આરોગ્ય)

USના ૮ શહેરોના પીવાના પાણીમાં જીવલેણ મગજભક્ષી અમીબા દેખાયો



✓ નામ:નેગ્લેરિયા ફોલરી બેકટરિયા(અમીબા)

✓ વિસ્તાર : દક્ષિણ-પૂર્વ ટેક્સાસ અમેરિકા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 27 સપ્ટેમ્બર

(૧) વિશ્વ પ્રવાસન દિવસ



✓ થીમ-૨૦૨૦ : **"Tourism and Rural Development",**

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) વિશ્વ નદી દિવસ : સપ્ટેમ્બર માસનો છેલ્લો રવિવાર



✓ વર્ષ-૨૦૦૫થી સમગ્ર વિશ્વમાં વિશ્વ નદી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

✓ <u>હેતુ :</u> સમગ્ર વિશ્વ નદીઓને બચાવવા માટે ચિંતન-મનન કરે છે

<u>વિગત :</u>

✓ આજે ધરતીના ૭૧ ટકા હિસ્સામાં પાણી છે. પરંતુ તેમાંથી ૯૭.૩ ટકા વિસ્તારમાં રહેલુ પાણી પીવાલાયક નથી. માત્ર ૨.૭ ટક વિસ્તારનું જ પાણી પીવાલાયક છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૩) દિકરી દિવસ

<u>પ્રતિ વર્ષે સપ્ટેમ્બર માસના છેલ્લાં રવિવારે દિકરી દિવસ ઉજવવામાં આવે છે</u>



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 27 સપ્ટેમ્બર

<u>શ્રી વિઠ્ઠલભાઈ પટેલની ૧૨૮મી જન્મ જયંતી</u>

<u>જન્મ દિવસ – ૨૭-૦૯-૧૮૭૩</u>

<u>અવસાન – ૧૯૩૩ (ડબ્લીનમાં)</u>

<u>જન્મ સ્થળ – કરમસદ (ખેડા)</u>



✓ ગુજરાત વિધાનસભાનું નામ : વિઠ્ઠલભાઈ પટેલ ભવન

✓ વિઠ્ઠલભાઈ બચપણમાં અને યુવાનીમાં ઘણી રમૂજ વૃત્તિના વ્યક્તિ હતા. તેમની યુવાનીના રમુજી કિસ્સાઓ વાંચ્યા પછી ભાગ્યે જ કોઈને એવી કલ્પના આવે કે આ યુવાન બંધારણીય બાબતોનો નિષ્ણાત થશે.

✓ બ્રિટનમાં બેરિસ્ટર થઈ જમાનાની તાસીર મુજબ વકીલાત શરૂ કરી, ગોધરા, બોરસદ વગેરે ઠેકાણે તેઓએ વકીલાતનો પરચમ દેખાડ્યો હતો. વકીલાત નિમિત્તે જ વિઠ્ઠલભાઈ જાહેરજીવન અને આઝાદીના જંગમાં પણ જોડાયા હતા.

✓ <u>1912માં મુંબઈ લેજિસ્લેટિવ એસેમ્બલીના સભ્ય તરીકે ચૂંટાયા હતા.</u> 1920માં ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો પ્રચાર કરવા માટે ઇંગ્લેન્ડ ગયા હતા.

✓ વિઠ્ઠલભાઈ પટેલ દિલ્હીની વડી ધારાસભાના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા.

✓ 1922માં અસહકાર આંદોલન પછી દેશમાં વ્યાપેલી નિરાશાના વાતાવરણમાં તેઓ સ્વરાજ્ય પક્ષના સ્થાપક સભ્ય બન્યા હતા.

- ✓ સવિનય કાનૂન ભંગ આંદોલન શરૂ થતા ધારાસભામાંથી રાજીનામું આપ્યું.
- ✓ લોખંડી પુરુષ વલ્લભભાઈ પટેલના મોટા ભાઈ
- ✓ સર્વોદયી - મીરાંબહેન ભટ્ટનો જન્મદિવસ
- ✓ ગાંધીવાદી કાર્યકર બબલ મહેતા અને રાજા રામમોહન રાયની પુણ્યતિથિ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૯-૨૦૨૦)

1. ફ્રાન્સ દ્વારા નવા વધુ કેટલા રાફેલ યુદ્ધ વિમાન ભારતને અપાયા જે આગામી ઓક્ટોબર-૨૦૨૦માં ભારત આવશે - **પાંચ**
2. આગામી ઓક્ટોબર-૨૦૨૦માં ભારત આવનારા નવા પાંચ રાફેલ યુદ્ધ વિમાન કયા એરબેઝ ખાતે તહેનાત કરાશે - **પશ્ચિમ બંગાળના કલઈકુંડા**
3. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભાજપના કયા સ્થાપક સભ્યનું ૮૨ વર્ષે નિધન થયું - **જશવંતસિંહ**
4. જસવંતસિંહજી કોની સરકારમાં સંરક્ષણ, વિદેશ તેમજ નાણા મંત્રાલય સંભાળ્યું હતું – **અટલ બિહારી વાજપેયી**
5. જસવંત સિંહ કયા વર્ષે આતંકીઓને લઈને કંદહાર ગયા અને બદલામાં ઈન્ડિયા એરલાઈન્સની ફ્લાઈટ આઈસી-814ના યાત્રીઓ અને ક્રૂ મેમ્બર્સને લઈને પાછા આવ્યા હતા – **વર્ષ-૧૯૯૯**
6. તા.૨૭મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 'મન કી બાત'ની કેટલામી આવૃતિમાં દેશવાસીઓને સંબોધિત કર્યા - **૬૯મી**
7. સપ્ટેમ્બર-૨૦૨૦માં કયા દેશના ૮ શહેરોના પીવાના પાણીમાં જીવલેણ મગજભક્ષી અમીબા દેખાયો - **દક્ષિણ-પૂર્વ ટેક્સાસ અમેરિકા**
8. સપ્ટેમ્બર-૨૦૨૦માં USના ૮ શહેરોના પીવાના પાણીમાં જીવલેણ મગજભક્ષી અમીબા દેખાયો તેનું નામ જણાવો - **નેગ્લેરિયા ફોલરી બેકટરિયા(અમીબા)**
9. વિશ્વ પ્રવાસન દિવસ ક્યારે ઊજવવામાં આવે છે - **27 સપ્ટેમ્બર**
10. વિશ્વ પ્રવાસન દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **"Tourism and Rural Development"**
11. વિશ્વ નદી દિવસ કયારે મનાવવામાં આવે છે - **સપ્ટેમ્બર માસના છેલ્લાં રવિવારે**
12. વિશ્વ નદી દિવસ ઊજવવાનો પ્રારંભ કર્યા વર્ષથી થયો - **વર્ષ-૨૦૦૫**
13. ક્યા હેતુસર પ્રતિ વર્ષ વિશ્વ નદી દિવસ મનાવવામાં આવે છે - **સમગ્ર વિશ્વ નદીઓને બચાવવા માટે ચિંતન-મનન કરે તે માટે**
14. દિકરી દિવસ કયારે મનાવવામાં આવે છે - **સપ્ટેમ્બર માસના છેલ્લાં રવિવારે**
15. લોખંડી પુરુષ વલ્લભભાઈ પટેલના મોટા ભાઈનું નામ જણાવો - **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ**
16. ગુજરાત વિધાનસભાને કયા નામે ઓળખવામાં આવે છે - **વિઠ્ઠલભાઈ પટેલ ભવન**
17. શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો – **તા. ૨૭-૦૯-૧૮૯૩**
18. તા.૨૭મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ શ્રી વિઠ્ઠલભાઈ પટેલની કેટલામી જન્મ જયંતી ઉજવવામાં આવી - **૧૨૮મી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.ભારતીય સંરક્ષણ મંત્રાલય (સંરક્ષણ)

USA પાસેથી નવી ૭૨,૦૦૦ એસોલ્ટ રાઈફલ્સ સહિત વિવિધ શસ્ત્રો ખરીદવા મંત્રાલય દ્વારા કુલ રૂ. ૨૨૯૦ કરોડની મંજૂરી



વિગત :

- ✓ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહના નેતૃત્વમાં મળેલી સંરક્ષણ પ્રાપ્ત પરિષદ (ડીએસી)ની બેઠકે અમેરિકી કંપની એસઆઇજી–સૌર પાસેથી રૂપિયા ૭૮૦ કરોડના ખર્ચે એસોલ્ટ રાઇફલ્સ ખરીદવા મંજૂરી આપી.
- ✓ ભારતના ૧૩ લાખ સૈનિકોના બનેલા સૈન્યને અગાઉ ૭૨,૪૦૦ એસઆઇજી–સૌર રાઇફલ્સની અપાઈ છે.

રાઇફલ્સની વિશેષતા

- ✓ એસઆઇજી–સૌર ૭.૬૨X૫૧ મિ.મી. કેલિબર રાઇફલ છે કે જે ૫૦૦ મીટરની રેન્જ ધરાવે છે.
- ✓ ડીએસી દ્વારા રૂપિયા ૯૭૦ કરોડને ખર્ચે સ્થાનિક ધોરણે સ્માર્ટ એન્ટિ એરફિલ્ડ વેપનની ખરીદી તેમજ રૂપિયા ૫૪૦ કરોડના ખર્ચે એચ.એફ. ટ્રાન્સ. રિસીવર સેટની ખરીદી કરવા પણ મંજૂરી આપી.
- ✓ ડિફેન્સ કાઉન્સિલે નવી અધિગ્રહણ પોલિસી હેઠળ ઘણા સંરક્ષણ ઉપકરણોને લીઝ પર લેવાની પણ મંજૂરી આપી છે આને કારણે હથિયારોની ખરીદીમાં લાગતા સમય અને કિંમતની બચત થશે.

અન્ય કરાર :

- ✓ ભારતે આ વર્ષે માર્ચ મહિનામાં ચીન અને પાકિસ્તાન સરહદે તૈનાત પોતાની સેના માટે રૂપિયા ૮૮૦ કરોડના ખર્ચે ૧૬,૪૭૯ ઇઝરાયેલી નેગેવ મશીનગન ખરીદવા પણ ઇઝરાયેલ સાથે કરાર કર્યા હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નવી ડિફેન્સ પોલિસી-૨૦૨૦ : ભારત સરકાર દ્વારા જાહેર કરાઈ



✓ હેતુ : ભારતમાં હથિયારોનું ઉત્પાદન વધારવા

✓ અમલ : ૧લી ઓકટોબર-૨૦૨૦થી

નવી જોગવાઈઓ :

✓ જે જરૂરી શસ્ત્ર-સામગ્રી હશે તેની ખરીદીની પ્રક્રિયા લાંબી ખેંચવાને બદલે ત્રણ સ્તરથી જ થઈ શકશે.

✓ આ નવી પોલિસીથી ભારત શસ્ત્ર ઉત્પાદનનું હબ બનશે.

✓ નવી પોલિસીથી સમયમર્યાદાનું પાલન કરવું સરળ બનશે.

✓ ડિફેન્સ સેક્ટરમાં આનાથી નવા ચેપ્ટરનો પ્રારંભ થશે.

✓ નવી ડિફેન્સ પોલિસીથી આર્મીની ત્રણેય પાંખોને શસ્ત્રોની, ખાસ તો ખૂબ જ જરૂરી શસ્ત્રોની ખરીદીની બાબતમાં સ્વતંત્રતા મળશે

✓ નવી પોલિસીમાં ભારતીય ઉત્પાદકોને પ્રાથમિકતા અને ભાગીદારી આપવાની દિશામાં પણ મક્કમ પગલાં ભરાયા છે.

✓ ઈમરજન્સી હથિયારોની ખરીદી માટે અલગથી રૂ.૫૦૦ કરોડનું ફંડિંગ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિમણૂક : ગુજરાત કેડરના IAS ડૉ. પી.ડી. વાઘેલા TRAIના નવા ચેરમેન



✓ કાર્યકાળ: 3 વર્ષ (અથવા ૬૫ વર્ષ)

✓ શ્રી વાઘેલા તા.૩૦-૦૯-૨૦૨૦ના રોજ નિવૃત્ત

✓ IAS-1986 : ગુજરાત કેડર

✓ TRAI : ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. INS વિરાટને વિદાય આપવા અલંગ ખાતે 'થેંક યુ વિરાટ' કાર્યક્રમ યોજાયો

✓ કોચ્ચિમાં INS વિક્રાંતનું નવસર્જન



વિગત :

- ✓ જે ઉત્પન્ન થાય છે તેનો અંત નિશ્ચિત છે. સૃષ્ટિના આ ક્રમને અનુલક્ષીને આઈ.એન.એસ. વિરાટ અલંગ શીપ રીસાઈક્લીંગ યાર્ડની અંતિમ સફરે આવ્યું.
- ✓ જ્યારે કોચી શીપ યાર્ડમાં વિક્રાંત નવસર્જન પામી રહ્યું છે. જેના પર ૧૨ એરક્રાફ્ટ અને ૪ હેલીકોપ્ટર લેન્ડીંગ અને ટેઈક-ઓફ કરી શકશે.
- ✓ આત્મનિર્ભરતાની દિશામાં મેરીટાઈમ સેક્ટર આગળ ધપશે'

INS વિરાટનું પ્રદાન :

- ✓ બ્રિટિશ નેવીમાં ૨૬ વર્ષ અને ઈન્ડિયન નેવીમાં ૩૦ વર્ષ એમ કુલ ૫૬ વર્ષ સેવા આપ્યા બાદ વર્ષ ૨૦૧૭માં ડિ-કમિશન્ડ થનાર આઈ.એન.એસ. વિરાટ અલંગની અંતિમ સફરે આવી પહોંચ્યું.
- ✓ આઈ.એન.એસ. વિરાટને પણ મ્યુઝિયમના સ્વરૂપમાં સાચવવા માટે શીપીંગ મિનિસ્ટ્રી અને ઈન્ડિયન નેવી વચ્ચે વાતચિત થઈ હતી અને આ માટે રૂ. ૪૦૦થી ૫૦૦ કરોડની ધનરાશિ ફાળવવાની પણ તૈયારી હતી.
- ✓ જેને લઈ તજજ્ઞોની સમિતિની પણ રચના કરવામાં આવી હતી. પરંતુ વિરાટ ૧૦-૧૫ વર્ષથી વધુ ટકી શકે તેવી સ્થિતિમાં નથી અને મ્યુઝિયમમાં પરિવર્તીત થયા બાદ અકસ્માત થઈ શકે તે બાબતને લઈને મ્યુઝિયમ બનાવવામાં આવ્યું નહોતું.
- ✓ કેન્દ્રિય શીપીંગ મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાની ખાસ ઉપસ્થિતિ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. આર્મેનિયા-અઝરબૈઝાન વચ્ચે યુદ્ધની સ્થિતિ (વૈશ્વિક બાબતો)



આર્મેનિયા-અઝરબૈઝાન વિવાદનો તુલનાત્મક અભ્યાસ

- ✓ ક્રિશ્ચનોની બહુમતીવાળા આર્મેનિયા અને મુસ્લિમોની બહુમતી ધરાવતા અઝરબૈઝાનની વચ્ચે નાગોર્ના-કારાબાખ પ્રદેશને લઈને વિવાદ.
- ✓ હવે આ યુદ્ધમાં કદાચ આર્મેનિયાનો સાથી રશિયા પણ સામેલ થઈ શકે છે કે, જેનું આર્મેનિયામાં સૈન્ય મથક છે.

- ✓ એશિયા અને યુરોપના બે નાનકડા દેશો આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે દાયકાઓ જૂનો સંઘર્ષ ફરીથી સપાટી પર આવતા બન્ને દેશોએ સામ-સામે સૈન્ય ગોઠવી દીધું છે.
- ✓ આ બન્ને દેશો વચ્ચે નાગોર્ના-કારાબાખ નામનો 4400 ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવેલો છે. બન્ને દેશો આ વિસ્તાર પોતાનો હોવાનો દાવો કરે છે.
- ✓ વર્ષ-1988માં આ સંઘર્ષની શરૂઆત થઈ હતી. આ બન્ને પ્રદેશો મૂળ તો સોવિયેત રશિયાનો ભાગ હતા.
- ✓ રશિયાનું વિભાજન થયું એ વખતે જોસેફ સ્ટાલિને નાગોર્ના-કારાબાખને સ્વતંત્ર પ્રદેશ જાહેર કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ બન્ને પડોશી આર્મેનિયા અને અઝરબૈજાન તેને પોતાની ભૂમિમાં શામેલ કરવા માંગતા હતા. ત્યારથી સંઘર્ષ ચાલે છે.
- ✓ રશિયા પરંપરાગત રીતે આર્મેનિયાનું મિત્ર છે. ઈરાનની સરહદ આ બન્ને દેશોને સ્પર્શતી હોવાથી ઈરાને પણ મધ્યસ્થીની તૈયારી દર્શાવી છે.
- ✓ મૂળ વર્ષ-1980થી આ પ્રદેશ માટે સંઘર્ષ ચાલ્યો આવે છે અને તેમાં 30 હજારથી વધારે નાગરિકો મૃત્યુ પામ્યા છે, જ્યારે 10 લાખથી વધારે પલાયન થયા છે.
- ✓ સોવિયેત સંઘના વખતમાં આ વિસ્તાર અઝરબૈજાનનો ભાગ હતો. પરંતુ તેને પૂરતી સ્વતંત્રતા હતી.
- ✓ આંતરરાષ્ટ્રીય સ્તરે તેને અઝરબૈજાનનો જ એક સ્વતંત્ર હિસ્સો ગણવામાં આવે છે.
- ✓ બીજી તરફ ત્યાં મોટી વસ્તી આર્મેનિયન પ્રજાની છે. એ વિસ્તારનો કેટલોક ભાગ પણ આર્મેનિયાએ પચાવી પાડયો છે અને હવે આખો વિસ્તાર કબજે કરવો છે.

અઝરબૈજાનનો દાવો

- ✓ અઝરબૈજાનનું કહેવું છે કે હવે ટૂંક સમયમાં એ પોતાનો પ્રદેશ પાછો મેળવી લેશે.
- ✓ અઝરબૈજાને એવો પણ દાવો કર્યો હતો કે અત્યાર સુધી જે પ્રદેશ પર આર્મેનિયાનું નિયંત્રણ હતું એ અમે કબજે લઈ લીધો છે.
- ✓ સામે આર્મેનિયા એવો દાવો કરે છે કે અમે અઝરબૈજાનને ભારે નુકસાન કરી નાખ્યું છે. સ્થિતિ કાબુમાં લેવા અઝરબૈજાનમાં ઇન્ટરનેટ જેવી સેવાઓ બંધ કરી દેવાઈ છે અને ઠેર ઠેર લશ્કર ઉતારી દેવાયું છે.

પાકિસ્તાન પણ મેદાનમાં આવ્યો

- ✓ તુર્કી બાદ પાકિસ્તાને પણ અઝરબૈઝાનને સપોર્ટ આપ્યો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા એક નિવેદન જારી કરવામાં આવ્યું હતું.
- ✓ પાકિસ્તાન દ્વારા આ યુદ્ધનો અંત લાવવાની અપીલ તો કરવામાં આવી હતી, પરંતુ સાથે જ જણાવવામાં આવ્યું હતું કે, પાકિસ્તાન અઝરબૈઝાનની પડખે છે અને સ્વબચાવના એના અધિકારને સપોર્ટ આપે છે.

શાંતિ માટે સંયુક્ત રાષ્ટ્રસંઘની હાકલ

- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ એન્ટોનિયો ગુટર્રેસે આર્મેનિયા અને અઝરબૈઝાન વચ્ચે યુદ્ધની સ્થિતિ બાબતે ચિંતા વ્યક્ત કરી.
- ✓ એન્ટોનિયોના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મહાસચિવે તાત્કાલિક લડાઈ બંધ કરવાની, તણાવ દૂર કરવાની અને કોઈ જાતના વિલંબ વિના અર્થપૂર્ણ સંવાદ કરવાની હિમાયત કરી હતી.
- ✓ ઇરાને પણ શાંતિ માટે હાકલ કરી હતી. ઇરાનના વિદેશ મંત્રાલયે આ બંને દેશોને તાત્કાલિક યુદ્ધવિરામ કરવા અને વિવાદનો અંત લાવવા માટે સંવાદ હાથ ધરવાની વિનંતી કરી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિધન : ગીતકાર અભિલાષનું મુંબઈ ખાતે નિધન

- ✓ શ્રેષ્ઠ રચના : પ્રાર્થના-'ઈતની શક્તિ હમે દેના દાતા'
- ✓ વર્ષ-૧૯૮૭માં દાદાસાહેબ ફાળકે એવોર્ડ વિજેતા.



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગ જાહેર (શિક્ષણ)

- ✓ વિશ્વની કુલ-૧૧૪ ટોચની કોલેજોનું મૂલ્યાંકન
- ✓ ૧ થી ૫૦માં ભારતની અમદાવાદ, કોલકત્તા અને બેંગ્લુરૂની IIM સંસ્થાનો સમાવેશ
- ✓ કુલ-૧૭ માપદંડો નક્કી કરાયા

સંસ્થા-શહેર-રેન્ક :

- ✓ આઈઆઈએમ અમદાવાદ - ૨૦મો ક્રમ
- ✓ આઈઆઈએમ કલકત્તા - ૨૧મો ક્રમ
- ✓ આઈઆઈએમ બેંગ્લુરુ અને એસ.પી. જૈન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ - ૩૬મો ક્રમ
- ✓ આઈઆઈએમ ઉદયપુર - ૭૨મો ક્રમ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : 28 સપ્ટેમ્બર આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ



✓ હેતુ : મહિલાઓના શરીર પર તેમના અધિકાર અંગે એક પ્રયાસ

ઈતિહાસ :

✓ આ દિવસને પહેલીવાર અમેરિકા અને કેરેબિયન દેશોમાં 28 સપ્ટેમ્બર 1990ના રોજ ગર્ભપાતના ઉન્મૂલન માટે કાર્યવાહીનો દિવસ તરીકે મનાવાયો હતો.

✓ વર્ષ-૨૦૧૫માં તેનું નામ બદલીને "આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ" કરી દેવાયું. ત્યારે ૪૭ દેશોમાં મોટા કાર્યક્રમ આયોજિત કરાયા.

✓ તેના પછી 2016 માં દુનિયાભરમાં દેખાવો કરાયા હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : 28 સપ્ટેમ્બર

(૧) શહિદ ભગતસિંહ

જન્મ : 28 સપ્ટેમ્બર 1907

અવસાન : 23 માર્ચ 1931



✓ ભગતસિંહનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ લયાલપુર જિલ્લાના બંગામાં થયો હતો.

✓ વ્યવસાયે તેઓ જાટ ખેડૂત હતા.

✓ ભગતસિંહના પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતી હતું.

✓ ભગતસિંહનું પ્રાથમિક શિક્ષણ બંગામાં થયું

✓ તેમના જીવન પર ભાઈ પરમાનંદ અને જયચંદ વિધ્યાલંકાર નામના રાષ્ટ્રવાદી શિક્ષકનો પ્રભાવ પડ્યો હતો.

યુવાવસ્થા

✓ ભગતસિંહ શરૂઆતમાં કોંગ્રેસમાં જોડાયા હતા પણ અમુક કારણોસર તેમણે તેનો ત્યાગ કર્યો હતો.

✓ ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી હતી. તે પછી તેઓ રાષ્ટ્રસેવામાં જોડાઈ ગયા હતા.

✓ તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસીયેશનના સભ્ય બન્યા અને આગળના સમયમાં મહામંત્રી પણ બન્યા.

✓ ઇ.સ. ૧૯૨૫ માં નવજવાન ભારત સભાની સ્થાપના કરી જેથી તેમને સુખદેવ, યશપાલ, ભગવતીચરણ , ચંદ્રશેખર આઝાદ, જતિન્દ્રનાથ દાસ જેવા વીર ક્રાંતિકારીઓનો ભેટો થયો.

✓ તેઓ જતિન્દ્રનાથ દાસ પાસે બોમ્બ બનાવતા શીખ્યા અને ૧૯૨૬ માં દશેરાના દિવસે એક બોમ્બ ફેકયો જેમાં તેમની ધરપકડ કરવામાં આવી પણ ભગતસિંહના

વિરુદ્ધ કોઈ પુરાવા ન મળ્યા હોવાથી તેઓ છૂટી ગયા.

- ✓ ભગતસિંહ માર્કસવાદ, સમાજવાદ, સોવિયત સંઘની તથા અન્ય મોટી ક્રાંતિઓ વિષે ઊંડો અભ્યાસ કર્યો હતો
- ✓ તેમના પિતા કિશનસિંહ તેમના લગ્ન કરવાનું નક્કી કર્યું છે તે વાત જાણી તેઓ લાહોરથી નાસી છૂટ્યો હતા અને ગુપ્ત વેશે દિલ્હીમાં જઈ રહ્યા. થોડા સમય બાદ કાનપુર ગયા અને ત્યાં 'અર્જુન' તથા 'પ્રતાપ' નામના સામયિકમાં લેખો લખી ગુજરાન ચલાવ્યું.



જલિયાવાલાબાગ હત્યાકાંડ

- ✓ ભગતસિંહ જ્યારે લગભગ ૧૨ વર્ષના હતા ત્યારે જલિયાવાલા બાગ હત્યાકાંડ થયો.
- ✓ આ વાતની જાણ થતાં ભગતસિંહ ૧૨ કી.મી પગે ચાલી જલિયાવાલા બાગ પહોચ્યા હતા.

અસહકારનું આંદોલન

- ✓ અસહકાર ચળવળ ૧૯૨૦થી શરૂ થઈ અને ફેબ્રુઆરી ૧૯૨૨ સુધી મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ચાલી હતી. ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી.

સાઈમન કમિશનનો બહિષ્કાર

- ✓ ૧૯૨૮માં સાયમન કમિશનના બહિષ્કાર માટે ભયાનક પ્રદર્શન થયા હતા. અને આની અંદર ભાગ લેનાર પર અંગ્રેજ સરકારે લાઠીચાર્જની અંદર લાલા લજપતરાય ઘાયલ થયા હતા, થોડા સમય પછી તેમનું મૃત્યુ થયું હતુ.
- ✓ ઘટનાથી ભગતસિંહ બહુ ક્રોધિત થયા અને તેમના સાથીઓ સાથે મળી અંગ્રેજ અધિકારી મી.સ્ટોકને મારવાનું કાવતરું ઘડ્યું હતું.
- ✓ ૧૭ ડિસેમ્બર ૧૯૨૮ ના રોજ લગભગ સવા ચાર વાગ્યે એ.એસ.પી. સાંડર્સના આવતાં જ રાજગુરુએ તેને ગોળી મારી.

અવસાન

- ✓ ૮ એપ્રિલ ૧૯૨૯ના રોજ ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત દિલ્હીમાં કેન્દ્રિય ધારાસભા ચાલુ હતી ત્યારે ત્યાં બોમ્બ નાખ્યા અને નાસી જવાને બદલે ત્યાં ઊભા રહી ગયા. આના કારણે તેમણે સજા કરવામાં આવી.
- ✓ ત્યારબાદ તેમની લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસીએ ચડતાં પહેલા 'ઇંકલાબ જિંદાબાદ' ની વીર ગર્જનાઓ કરી હતી.
- ✓ શહિદી : ૨૩મી માર્ચ-૧૯૩૧
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) ભારતરત્ન ગાયિકા શ્રી લતા મંગેશકરનો ૯૧મો જન્મદિવસ



- ✓ જન્મ : તા.૨૮-૦૯-૧૯૨૯
- ✓ જન્મસ્થળ : ઈન્દોર (મધ્યપ્રદેશ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા કયા દેશ પાસેથી નવી 72,000 રાયફલ ખરીદવા મંજૂરી આપવામાં આવી છે - **અમેરિકા**
2. તાજેતરમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા કઇ નવી 72,000 રાયફલ ખરીદવા મંજૂરી આપવામાં આવી છે - **એસોલ્ટ રાયફલ**
3. ભારતીય લશ્કર માટે ખરીદવામાં આવનાર નવી એસોલ્ટ રાયફલની રેન્જ જણાવો- **500 મીટર**
4. ભારતમાં હથિયારોનું ઉત્પાદન વધારવા તાજેતરમાં કઈ નવી પોલિસી લોન્ચ કરાઈ - **નવી ડિફેન્સ પોલિસી-2020**
5. નવી ડિફેન્સ પોલિસી-2020 ક્યારથી અમલમાં આવશે- **01 ઓક્ટોબર 2020**
6. TRAI નવા ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરાઈ - **નિવૃત્ત આઇ.એ.એસ ડૉ. પી ડી વાઘેલા**
7. TRAIના નવા ચેરમેનનો કાર્યકાળ જણાવો - **3 વર્ષ**
8. નિવૃત્ત IAS પી ડી વાઘેલા કઈ બેન્ચના અને કઈ કેડરના અધિકારી છે - **1986 અને ગુજરાત કેડર**
9. TRAIનું વિસ્તૃત નામ જણાવો - **ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા**
10. TRAIનું વડુ મથક ક્યાં આવેલું છે - **નવી દિલ્હી**
11. ગુજરાતમાં INS વિરાટને અંતિમ વિદાય આપવા કયો ખાસ કાર્યક્રમ ક્યાં યોજાયો - **થેન્ક્યુ વિરાટ-અલંગ**
12. ભારતીય નેવી દ્વારા કયા જહાજવાડામાં નવા INS વિક્રાંતનું નવસર્જન થઈ રહ્યું છે – **કોચી (કેરલ)**
13. INS વિરાટે કુલ કેટલા વર્ષ કયા બે દેશોની નેવીમાં સેવા આપી - **26 વર્ષ બ્રિટિશ નેવી અને 30 વર્ષ ભારતીય નેવી**
14. કેન્દ્રીય જહાજ મંત્રીનું નામ જણાવો - **મનસુખભાઈ માંડવીયા**
15. સપ્ટેમ્બર-૨૦૨૦માં એશિયા અને યુરોપના કયા બે નાનકડા દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ હતી - **આર્મેનિયા અને અઝરબૈજાન**
16. એશિયા અને યુરોપના કયા બે નાનકડા દેશો આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે કયા વિસ્તારને લઈને દાયકાઓથી સંઘર્ષની સ્થિતિ છે - **નાગોર્ના-કારાબાખ (4400 ચો. કિ.મી.)**
17. આર્મેનિયા અને અઝરબૈજાન બન્ને પ્રદેશો કોનો હિસ્સો હતો – **સોવિયેત રશિયા**
18. આર્મેનિયા અને અઝરબૈજાન બન્ને દેશો વચ્ચે સંઘર્ષની શરૂઆત કયારથી થઈ હતી – **વર્ષ-1980**
19. સપ્ટેમ્બર-૨૦૨૦માં મુંબઈ ખાતે અવસાન પામનારા ગીતકાર અભિલાષની જાણીતી-શ્રેષ્ઠ રચના કઈ છે - **પ્રાર્થના-'ઈતની શક્તિ હમે દેના દાતા'**
20. સપ્ટેમ્બર-૨૦૨૦માં કોના દ્વારા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગ જાહેર કરાયું - **ફાઈનાન્શિયલ ટાઈમ્સ**
21. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં કુલ કેટલી ટોચની કોલેજોનું મૂલ્યાંકન કરાયું હતુ - **૧૧૪**
22. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં ભારતની કઈ ઈન્સ્ટિટ્યૂટનો સમાવેશ થયો છે - **આઈઆઈએમ અમદાવાદ, કોલકત્તા, બેંગ્લુરૂ અને ઉદયપુર**

23. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં કુલ કેટલા માપદંડો નક્કી કરાયા હતા - **૧૭**
24. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં આઈઆઈએમ અમદાવાદ કયા ક્રમે છે – **૨૦માં ક્રમે**
25. ગત વર્ષે આઈઆઈએમ અમદાવાદ વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં કયા ક્રમે હતુ - **૨૧માં ક્રમે**
26. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં આઈઆઈએમ કલકત્તા કયા ક્રમે હતુ – **૨૧માં ક્રમે**
27. આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **28 સપ્ટેમ્બર**
28. આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ ઊજવવા પાછળનો હેતુ જણાવો - **મહિલાઓના શરીર પર તેમના અધિકાર અંગે એક પ્રયાસ માટે**
29. આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસને પહેલીવાર અમેરિકા અને કેરેબિયન દેશોમાં કયારે ગર્ભપાતના ઉન્મૂલન માટે કાર્યવાહીનો દિવસ તરીકે મનાવાયો હતો - **28 સપ્ટેમ્બર 1990**
30. ગર્ભપાતના ઉન્મૂલન માટે કાર્યવાહીનો દિવસ ને બદલે “આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ” કયારથી મનાવવામાં આવે છે - **વર્ષ-૨૦૧૫**
31. ક્રાંતિકારી ભગતસિંહનો જન્મ દિવસ જણાવો - **28 સપ્ટેમ્બર 1907**
32. ક્રાંતિકારી ભગતસિંહે કયારે શહિદી વહોરી હતી -**23 માર્ચ 1931**
33. ભગતસિંહનો જન્મ ક્યાં થયો હતો - **લયાલપુર જિલ્લાના બંગામાં**
34. ભગતસિંહે કયારે નવજવાન ભારત સભાની સ્થાપના કરી હતી – **વર્ષ-૧૯૨૫**
35. જલિયાવાલા બાગ હત્યાકાંડ સમયે ભગતસિંહની ઉંમર કેટલી હતી – **૧૨ વર્ષ**
36. ભારત રત્ન ગાયિકા શ્રી લતા મંગેશકરનો જન્મ દિવસ જણાવો - **તા.૨૮-૦૯-૧૯૨૯**
37. તા.૨૮મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ ગાયિકા શ્રી લતા મંગેશકરનો કેટલામો જન્મ દિવસ મનાવવામાં આવ્યો - **૯૧મો**
38. ગાયિકા શ્રી લતા મંગેશકરનું જન્મસ્થળ જણાવો - **ઈન્દોર (મધ્યપ્રદેશ)**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. કેન્દ્રીય ચૂંટણી પંચ (બંધારણ)

ગુજરાત સહિત ૧૧ રાજ્યોમાં વિધાનસભાની ૫૬ ખાલી બેઠકો માટે જ્યારે બિહારમાં એક લોકસભાની બેઠક માટે ત્રણ નવેમ્બરે મતદાન



કાર્યક્રમ

- ✓ મતદાન : 3 નવેમ્બરે-૨૦૨૦
- ✓ મતગણતરી/પરિણામ : ૧૦ નવેમ્બર-૨૦૨૦

દેશના ક્યા રાજ્યોમાં કેટલી વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી યોજાશે

રાજ્ય – પેટાચૂંટણી

મધ્યપ્રદેશ – ૨૮

ગુજરાત – ૦૮

ઉત્તરપ્રદેશ - ૦૭

ઝારખંડ – ૦૨

કર્ણાટક – ૦૨

નાગાલેન્ડ – ૦૨

ઓડિશા – ૦૨

મણિપુર – ૦૨

છત્તીસગઢ – ૦૧

હરિયાણા – ૦૧

તેલંગણા– ૦૧

ગુજરાતમાં કઈ બેઠકો માટે પેટાચૂંટણી યોજાશે

1. અબડાસા
2. લીંબડી
3. મોરબી
4. ધારી
5. ગઢડા
6. કરજણ
7. ડાંગ અને
8. કપરાડા

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. એક્શન : ભારત સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંગઠન એમ્નેસ્ટી ઇન્ટરનેશન-UKના ભારત સ્થિત તમામ બેન્ક એકાઉન્ટ સ્થગિત કર્યા



આરોપ :

- ✓ ભારતના ગૃહમંત્રાલયે જણાવ્યું હતું કે, માનવ અધિકારના નામે ભારતના કાયદાઓનું ઉલ્લંઘન કરી શકાય નહીં
- ✓ ભારતની સરકારે વિદેશી ભંડોળ મેળવવાનો ઇનકાર કર્યો ત્યારથી તે આ પ્રકારની મંજૂરી માટે યોગ્ય નહોતી.
- ✓ એફસીઆરએ નિયંત્રણો લદાવાના કારણે એમ્નેસ્ટી યુકે દ્વારા મોટી રકમ ભારતમાં નોંધાયેલી ૪ સંસ્થાઓમાં એફડીઆઇ તરીકે ટ્રાન્સફર કરી દેવાઇ હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ભારત-ચીન વિવાદ (વૈશ્વિક બાબતો)

ચીને ૧૯૫૯માં એક પક્ષીય રીતે નક્કી કરેલી LAC ભારતને તદ્દન અસ્વીકાર્ય

- ✓ કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખને માન્યતા આપવા ચીનનો ઈન્કાર



વર્ષ ૧૯૫૯નો LACનો સમગ્ર વિવાદ શું છે

- ✓ ભારતના મતે એલએસી (લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ-કામચલાઉ સરહદ)ની લંબાઈ ૩૪૮૮ કિલોમીટર લાંબી છે, જ્યારે ચીનના મતે ૨ હજાર કિલોમીટર જ છે !
- ✓ ચીન લદ્દાખ મોરચાની એલએસીને માનવા તૈયાર જ નથી.
- ✓ આઝાદી પછી સરહદી વિવાદ વખતે ૧૯૫૯માં ચીની વડાપ્રધાન ચાઉ એનલાઈએ વડા પ્રધાન નહેરુને પત્ર લખ્યો હતો.
- ✓ પત્રમાં ચાઉ એનલાઈએ પોતાની ઈચ્છા મુજબ એલએસી દર્શાવી હતી.
- ✓ ચીન આજે પણ એ પત્રના આધારે જ એલએસી માને છે, જેનો ભારત સ્વિકાર કરતું નથી.
- ✓ ચીનના મતે તે અત્યારની એલએસી છે, તેના કરતા ૨૦ કિલોમીટર અંદર સુધીનો પ્રદેશ તેનો જ છે.
- ✓ ભારતે ૧૯૫૯માં અને ૧૯૬૨માં પણ ચીનની એ એલએસીનો વિરોધ કર્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિમણૂક : FTIIના નવા ચેરમેન તરીકે ફિલ્મ ડાયરેક્ટર શેખર કપૂરની નિમણૂક



✓ FTII : ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા

✓ સ્થળ : પૂના (મહારાષ્ટ્ર)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. કેન્દ્ર સરકાર : તારીખ ૧લી ઓકટોબરથી દેશમાં ૯ મહત્વના ફેરફાર આવશે (સુવિધા)



વિગત :

(૧) લાઇસન્સ-આરસી બુક રાખવાની ઝંઝટ નહીં

✓ વાહન ચલાવતી વખતે હવે લાઇસન્સ અને રજિસ્ટ્રેશન ડોક્યુમેન્ટ્સ સાથે રાખવાની જરૂર નહીં પડે, તેમની સોફ્ટ કોપી પણ માન્ય ગણાશે.

✓ મોટર વાહન અધિનિયમ, 1989માં સુધારા અંતર્ગત વાહનના ડોક્યુમેન્ટ્સની આઇટી પોર્ટલ દ્વારા જાળવણી થશે.

(૨) વાહન ચલાવતી વખતે મોબાઇલ યુઝ કરી શકાશેઃ

✓ વાહન ચલાવતી વખતે રૂટ નેવિગેશન માટે મોબાઇલ ફોનનો ઉપયોગ કરી શકાશે.

✓ ડ્રાઇવરનું ધ્યાન ભંગ ન થવું જોઇએ.

✓ મોબાઇલ પર વાત કરવા બદલ રૂ. ૫ હજાર સુધીનો દંડ થઇ શકશે.

(3) ખુલ્લી મીઠાઇ પર એક્સપાયરી ડેટ લખવી પડશે :

✓ બજારમાં વેચાતી ખુલ્લી મીઠાઇ માટે વેપારીને તેના ઉપયોગ માટેની એકસપાયરી ડેટ દર્શાવવી પડશે.

✓ ખાધ નિયામક એફએસએસએઆઈને તે ફરજિયાત કરી દીધું છે.

(૪) આરોગ્ય વીમા પોલિસીમાં ફેરફાર :

✓ વીમા નિયંત્રક ઇરડાના નવા નિયમો મુજબ પોલિસી ધારકે સતત ૮ વર્ષ પ્રીમિયમ ચૂકવ્યું હોય તો કંપનીઓ ક્લેમ રિજેક્ટ નહીં કરી શકે.

✓ વધુ બીમારીઓ પણ કવર થશે જો કે, તેના કારણે પ્રીમિયમ વધી શકે છે

(૫) વિદેશમાં નાણા મોકલવાર પર ૫ ટકા ટેક્સ :

- ✓ વિદેશમાં સંતાનોને કે સંબંધીઓને નાણા મોકલો કે પ્રોપર્ટી ખરીદો તો જે - તે રકમ પર ૫ ટકા ટીસીએસ ચૂકવવો પડશે.
- ✓ ફાઇનાન્સ એક્ટ, ૨૦૨૦ મુજબ લિબરલાઇઝડ રિમિટન્સ સ્કીમ હેઠળ વાર્ષિક ૨.૫ લાખ ડોલર સુધીની રકમ વિદેશ મોકલી શકાય છે. તેને ટીસીએસના દાયરામાં લવાઈ છે.

(૬) સરસીયામાં ભેળસેળ નહીં :

- ✓ હવે સરસવનું તેલ (સરસીયું) શુદ્ધ મળશે. એફએસએસએઆઇએ તેમાં બીજા તેલ મિલાવવા પર રોક લગાવી દીધી છે.
- ✓ અત્યાર સુધી તેમાં રાઇસ બ્રાન ઓઈલ કે સસ્તા તેલ મિલાવાતા હતા.

(૭) કલર ટીવી મોંઘા થશે :

- ✓ કેન્દ્ર સરકારે કલર ટીવીના એસેમ્બલિંગમાં વપરાતા ઓપન સેલ કમ્પોનન્ટની આયાત પર 5 ટકા કસ્ટમ ડ્યુટી બહાલ કરી છે.
- ✓ તેના પર સરકારે એક વર્ષની છૂટ આપી હતી.

(૮) ગૂગલ મીટ પર ફ્રી મીટિંગ ૬૦ મિનિટ જ:

- ✓ ઓનલાઇન મીટિંગ માટે ગૂગલ મીટનો ઉપયોગ મર્યાદિત થશે.
- ✓ ફ્રી યુઝર મહત્તમ ૬૦ મિનિટ મીટિંગ કરી શકશે.
- ✓ પેઈડ યુઝર્સ તેનાથી લાંબી મીટિંગ કરી શકશે.

(૯) ઉજ્જવલા ગેસ કનેક્શન ફ્રી નહીં :

- ✓ એલપીજી (રાંધણગેસ) કનેકશન વિના મૂલ્ય મેળવવાની પ્રક્રિયા 30 સપ્ટેમ્બરે પૂરી થઇ રહી છે, કોરોનાના કારણે આ તારીખ લંબાવાઇ હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ચીની કેટ ક્યૂ વાયરસ (આરોગ્ય)

ICMR દ્વારા ચેતવણી : આ વાઇરસ ભારત માટે જોખમી ચેપ ફેલાઇ શકે છે



અસરો :

- ✓ આ વાઈરસથી માણસમાં મગજનો તાવની સમસ્યા ઉભી થઈ શકે છે.

વાઈરસ કયાં જોવા મળ્યો

- ✓ ચીન અને વિયેતનામમાં કેટ ક્યૂ વાઈરસની હાજરીની જાણ થઈ.

વાહક :

- ✓ ક્યુલેક્સ મચ્છર અને સુવરમાંથી આ વાઈરસ મળી આવ્યો છે.

ભારતની સ્થિતિ :

- ✓ વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે ભારતમાં પણ ક્યૂલેક્સ મચ્છરમાં કેટ ક્યુ વાઈરસ જેવું કંઈ મળી આવ્યું છે.

કયા ગ્રૂપનો વાયરસ

- ✓ કેટ ક્યૂ વાયરસ (સીક્યુવી) જીનસ ઓર્થોબનિયા વાયરસ (બનિયાવીરીડે પરિવાર)ના સિમ્બુ સેરો ગ્રૂપનો વાયરસ.

વાયરસનો ઈતિહાસ :

- ✓ ઉત્તરીય વિયેતનામમાં ૨૦૦૪માં બાળકોમાં એન્સેફેલિટિસીની સારવાર દરમિયાન આર્બોવાયરની પ્રવૃત્તિઓ પર નજર રાખતી વખતે મચ્છરોમાંથી આ વાયરસને સૌપ્રથમ વખત આઈસોલેટ કરાયો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. હવામાન વિભાગ : ભારતમાં ચાલુ વર્ષે કુલ ૧૦૯ ટકાથી વધુ વરસાદ નોંધાયો

- ✓ વર્ષ ૨૦૧૯માં કુલ વરસાદ ૧૧૦ ટકા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ટિહરી સરોવર : ઉત્તરાખંડ (સિવિલ ઈજનેરી)

ટિહરી સરોવર ઉપર ભારતનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ તૈયાર



વિશેષતા :

- ✓ કુલ લંબાઈ - ૭૨૫ મીટર
- ✓ સસ્પેન્શન બ્રિજ - ૪૪૦ મીટર
- ✓ પહોળાઈ - ૭ મીટર
- ✓ કુલ ખર્ચ - રૂ. ૨૭૦ કરોડ

સુવિધા :

- ✓ આ બ્રિજથી નઇ ટીહરીથી પ્રતાપ નગર જવા પાંચ કલાક લાગતાં હવે ફક્ત બે કલાકમાં જ પહોંચી શકાશે
- ✓ **ખાસ :** આ પહેલા દેશનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ લેહમાં આવેલો છે જેનું નામ મૈત્રી પુલ અને લંબાઈ ૮૦ મીટર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. સન્માન : UNDP

અભિનેતા સોનુ સૂદને 'એસડીઝી સ્પેશિયલ હ્યુમેનિટેરીયન એક્શન' એવોર્ડથી સન્માનિત કરાયા (સેવા)



- ✓ વિશ્વમાંથી પસંદગીની વ્યક્તિઓને જ આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો છે.
- ✓ આ એવોર્ડને યૂનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ સમિતિ દ્વારા આપવામાં આવ્યો છે.

પ્રદાન :

- ✓ કોરોના સંકટ દરમિયાન સોનૂએ સતત પરપ્રાંતીય મજૂરોને મદદ કરી છે જે હજૂ પણ ચાલુ છે.

- ✓ તેણે ગરીબ બાળકો માટે સ્કોલરશિપ કાર્યક્રમ પણ શરૂ કર્યો છે જેથી બાળકો પોતાના મનપસંદ વિષય સાથે ભણી શકે.
- ✓ આ ઉપરાંત અભિનેતાએ પ્રવાસી રોજગાર નામની એપ પણ શરૂ કરી છે. જેના દ્વારા પ્રવાસી મજૂરોને નોકરી પણ મળી શકશે.
- ✓ તેના આ સદકાર્યોની નોંધ લઇને સંયુક્ત રાષ્ટ્ર સંઘે તેનું વિશેષ સમ્માન કર્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. દિન વિશેષ : 29 સપ્ટેમ્બર

વર્લ્ડ હાર્ટ ડે :

- ✓ થીમ-૨૦૨૦ : "Use Heart To Beat Cardiovascular disease"



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાત સહિત કેટલા રાજયો તથા કેટલી વિધાનસભા બેઠકો માટે નવેમ્બરમાં પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી – **૧૧ રાજ્યો તથા ૫૬ બેઠક**
2. તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાતની કઈ કઈ બેઠકો માટે નવેમ્બરમાં પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી – **અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ અને કપરાડા**
3. તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાત સહિત કેટલા રાજયો તથા કેટલી વિધાનસભા બેઠકો માટે નવેમ્બરમાં પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી – **૧૧ રાજ્યો તથા ૫૬ બેઠક**
4. તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાતની કઈ કઈ બેઠકો માટે નવેમ્બરમાં પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી – **અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ અને કપરાડા**
5. તાજેતરમાં ભારત સરકાર દ્વારા કયા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંગઠનના ભારત સ્થિત તમામ બેન્ક એકાઉન્ટ સ્થગિત કરાયા - **એમ્નેસ્ટી ઇન્ટરનેશન-UK**
6. તાજેતરમાં ભારતે ચીન દ્વારા કયા વર્ષના એકપક્ષીય રીતે નક્કી કરેલી LACનો ભારતે અસ્વિકરા કર્યો છે - **વર્ષ-૧૯૫૯**
7. ભારત અને ચીનના મતે LACની કુલ લંબાઈ જણાવો - **૩૪૮૮ કિ.મી. તથા ૨૦૦૦ કિ.મી.**
8. સપ્ટેમ્બર-૨૦૨૦માં FTIIના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **ફિલ્મ ડાયરેક્ટર શેખર કપૂર**
9. મનોરંજન સાથે સંકળાયેલી FTIIનું વિસ્તૃત નામ જણાવો - **ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા**
10. FTIIનું વડુમથક જણાવો – **પૂના (મહારાષ્ટ્ર)**
11. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી લાઇસન્સ-આરસી બુક અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો - **લાઇસન્સ-આરસી બુક સાથે નહીં રાખવી પડે તેમની સોફ્ટ કોપી પણ માન્ય ગણાશે**
12. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી વાહન ચલાવતી વખતે મોબાઇલ યુઝ કરવા અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો - **વાહન ચલાવતી વખતે રૂટ નેવિગેશન માટે મોબાઇલ ફોનનો ઉપયોગ કરી શકાશે**
13. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી ખુલ્લી મીઠાઇ અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો - **ખુલ્લી મીઠાઇ પર એક્સપાયરી ડેટ લખવી ફરજિયાત**
14. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી આરોગ્ય વીમા પોલિસીમાં કયો નવો ફેરફાર અમલમાં આવ્યો –

પોલિસી ધારકે સતત ૮ વર્ષ પ્રીમિયમ ચૂકવ્યું હોય તો કંપનીઓ ક્લેમ રિજેક્ટ નહીં કરી શકે

15. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી વિદેશમાં નાણા મોકલવા અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો - **વિદેશમાં નાણા મોકલવા તથા પ્રોપર્ટી ખરીદીની રકમ ઉપર ૫ ટકા TCS ચૂકવવો પડશે**
16. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી સરસવના તેલ અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો – **સરસીયાના તેલમાં બીજા તેલ મિલાવવા પર પ્રતિબંધ**
17. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી કલર ટીવીના ભાવ બાબતે નવો શું ફેરફાર થશે - **કલર ટીવીના એસેમ્બલિંગમાં વપરાતા ઓપન સેલ કમ્પોનન્ટની આયાત પર 5 ટકા કસ્ટમ ડ્યુટી લાગતા તે મોંઘા થશે**
18. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી ગૂગલ મીટ પર ફ્રી મીટિંગ અંગે શું ફેરફાર અમલી બન્યો – **ઓનલાઇન મીટિંગ માટે ગૂગલ મીટનો ઉપયોગ મર્યાદિત થશે, ફ્રી યુઝર મહત્તમ ૬૦ મિનિટ મીટિંગ કરી શકશે**
19. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી ઉજ્જવલા ગેસ કનેક્શન અંગે નવો કયો ફેરફાર અમલી બન્યો - **એલપીજી (રાંધણગેસ) કનેકશન વિના મૂલ્ય નહીં મળે**
20. કોરોના વાયરસની મહામારી વચ્ચે સપ્ટેમ્બર-૨૦૨૦માં ચીનમાં કયા વાયરસ દેખાયો જે ભારત માટે જોખમી તથા ચેપ ફેલાવી શકે તેમ છે એવી ICMRએ ચેતવણી આપી છે - **કેટ ક્યૂ**
21. ચીની વાયરસ કેટ ક્યૂ સૌ પ્રથમ કયા વર્ષમાં જોવા મળ્યો હતો – **વર્ષ-૨૦૦૪**
22. કેટ ક્યૂ કયા ગ્રૂપનો વાયરસ છે - **સિમ્બુ સેરો ગ્રૂપ**
23. ચીન અને વિયેતનામમાં કેટ ક્યૂ વાઈરસની હાજરી કયા પ્રાણીઓમાં મળી આવી - **ક્યુલેક્સ મચ્છર અને સુવર**
24. ભારતમાં ચાલુ વર્ષે કુલ કેટલા ટકા વરસાદ નોંધાયો - **૧૦૯ ટકાથી વધુ (સપ્ટેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ)**
25. ભારતમાં ગત વર્ષ-૨૦૧૯માં કુલ કેટલા ટકા વરસાદ નોંધાયો હતો - **૧૧૦ ટકા**
26. ટિહરી સરોવર કયા રાજ્યમાં આવેલું છે - **ઉત્તરાખંડ**
27. સપ્ટેમ્બર-૨૦૨૦માં કયા સ્થળે ભારતનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ તૈયાર થયો - **ટિહરી સરોવર (ઉતરાખંડ)**
28. ઉત્તરાખંડના ટિહરી સરોવર ઉપર તૈયાર થયેલો ભારતના સૌથી લાંબા સસ્પેન્શન બ્રિજની કુલ લંબાઈ જણાવો - **૭૨૫ મીટર**
29. ઉત્તરાખંડના ટિહરી સરોવર ઉપર તૈયાર થયેલો ભારતના સૌથી લાંબાં સસ્પેન્શન બ્રિજની લંબાઈ જણાવો - **૪૪૦ મીટર**
30. ઉત્તરાખંડના ટિહરી સરોવર ઉપર તૈયાર થયેલો ભારતનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ બનાવવા પાછળ કુલ કેટલો ખર્ચ થયો છે - **રૂ. ૨૭૦ કરોડ**
31. ટિહરી સરોવર ઉપર તૈયાર થયેલો ભારતનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ બાદનો લેહનો સૌથી મોટા બ્રિજનું નામ તથા લંબાઈ જણાવો - **મૈત્રી પુલ તથા લંબાઈ ૮૦ મીટર**
32. તાજેતરમાં UNO દ્વારા અભિનેતા સોનુ સૂદને કયા એવોર્ડથી સન્માનિત કરાયા - **એસડીઝી સ્પેશિયલ હ્યુમેનિટેરીયન એક્શન**
33. UNOની કઈ સમિતિ દ્વારા અભિનેતા સોનુ સૂદને એસડીઝી સ્પેશિયલ હ્યુમેનિટેરીયન એક્શન એવોર્ડ આપવામાં આવ્યો - **યૂનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ સમિતિ**
34. તાજેતરમાં UNO દ્વારા અભિનેતા સોનુ સૂદને તેમના કયા કાર્યો બદલ એસડીઝી સ્પેશિયલ હ્યુમેનિટેરીયન એક્શન એવોર્ડથી સન્માનિત કરાયા - **કોરોના સંકટ દરમિયાન પરપ્રાંતીય મજૂરોને મદદ, ગરીબ બાળકો માટે સ્કોલરશિપ તથા પ્રવાસી મજૂરોને નોકરી મળી શકે તે માટે એક એક એપનું પ્લેટફોર્મ શરૂ કર્યું**
35. અભિનેતા સોનુ સૂદે પ્રવાસી મજૂરોને નોકરી મળી શકે તે હેતુથી શરૂ કરેલી એપનું નામ જણાવો - **પ્રવાસી રોજગાર**
36. વર્લ્ડ હાર્ટ ડે કયારે મનાવવામાં આવે છે - **૨૯ સપ્ટેમ્બર**
37. વર્લ્ડ હાર્ટ ડે-૨૦૨૦ની થીમ જણાવો - **"Use Heart To Beat Cardiovascular disease"**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. બાબરી વિધ્વંસ કેસ (કાયદો)

તમામ ૩૨ આરોપીઓ નિર્દોષ : CBIની ખાસ અદાલત લખનઉ દ્વારા મહત્વનો ચુકાદો



કેસની વિગતો

- ✓ અયોધ્યામાં ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ વિધ્વંસ કરવાના કેસમાં લખનઉ સ્થિત વિશેષ સીબીઆઇ અદાલતે ૨૮ વર્ષથી મેરેથોન અદાલતી કાર્યવાહી બાદ ચુકાદો આપ્યો.
- ✓ ચૂકાદામાં સીબીઆઇ દ્વારા મુખ્ય આરોપી ગણાવાયેલા પૂર્વ નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણી, પૂર્વ કેન્દ્રીય માનવ સંસાધન મંત્રી મુરલી મનોહર જોશી, પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ, ભાજપ અને વિહિપના નેતાઓ સહિતના તમામ ૩૨ આરોપીને નિર્દોષ જાહેર કર્યાં હતાં.
- ✓ નિવૃત્ત થઈ રહેલા વિશેષ સીબીઆઇ અદાલતના જજ સુરેન્દ્રકુમાર યાદવે ૨,૩૦૦ પાનાંના ચુકાદામાં જણાવ્યું હતું કે, પુરાવાના અભાવે તમામ ૩૨ આરોપીને નિર્દોષ છોડી મૂકવામાં આવે છે.
- ✓ સીબીઆઇ તેના જ દ્વારા રજૂ કરાયેલા ઓડિયો અને વીડિયો પુરાવાની અધિકૃતતા પુરવાર કરી શકી નથી.
- ✓ બાબરી મસ્જિદ તોડી પાડવાની ઘટના પૂર્વનિયોજિત નહોતી.
- ✓ આરોપીઓ દ્વારા મસ્જિદ તોડી રહેલા અસામાજિક તત્વોને રોકવાનો પ્રયાસ કરાયો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગુજરાત સરકાર : ટેકાના ભાવે મગફળીની ખરીદી માટેના નોંધણીનો તા.૧લી ઓકટોબર-૨૦૨૦થી શુભારંભ (કૃષિ)

✓ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫૨૭૫/-

✓ પ્રતિ મણ રૂ. ૧૦૫૫/-



✓ મગફળી ખરીદીનો પ્રારંભ તા. ૨જી ઓકટોબર-૨૦૨૦થી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. DRDO : બ્રહ્મોસ સુપર સોનિક ક્રુઝ મિસાઈલનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)



બ્રહ્મોસ મિસાઇલની ખાસિયત :

✓ રેન્જ : ૪૦૦-૪૫૦ કિ.મી.

✓ કેટેગરી : હવામાંથી હવામાં ત્રાટકવાની ક્ષમતા.

✓ સબમરિન, જહાજ, વિમાનમાંથી છોડી શકાય.

✓ આ મિસાઇલ રશિયાની પી ૮૦૦ ઓક્સિસ ક્રૂઝ મિસાઇલ ટેકનોલોજી પર આધારિત.

✓ ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મસ્કવા નદીને નામે તેનું નામ બ્રહ્મોસ રખાયું.

✓ ક્રૂઝ મિસાઇલ પૃથ્વીની સપાટીની સમાંતરે ચાલે છે અને તે ધાર્યું નિશાન પાર પાડી શકે છે.

✓ ક્રૂઝ મિસાઇલ પારંપરિક અને પરમાણુ બોંબ માટે ઉપયોગી.

તૈયાર કરનાર સંસ્થા :

✓ રશિયાની એનપીઓ મશીનોસ્ટ્રોયેનિયા અને ભારતના ડીઆરડીઓએ સાથે મળીને આ મિસાઇલ તૈયાર કરી.

✓ પરીક્ષણ સ્થળ : ચાંદીપુર (ઓડિશા)વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કુવૈત : નવા કાઉન પ્રિન્સ નવાફ અલ અહમદ અલ સબાહ કુવૈતના નવા શાસક : અમીરપદે વરણી (વૈશ્વિક બાબતો)



કુવૈતની પરંપરા :

- ✓ કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ નવાફ અલ અહમદ અલ સબાહ તેલ સમૃદ્ધ દેશના શાસક અમીર બની રહ્યા હતા.
- ✓ ૮૩ વર્ષના શેખ નવાફ વર્ષ ૨૦૦૬ થી ક્રાઉન પ્રિન્સપદ સંભાળી રહ્યા હતા.
- ✓ કુવૈતમાં શાસક પરિવારની અલ જાબેર અને અલ સલીમ શાખા વારાફરથી અમીરપદ સંભાળે તેવી પરંપરા છે.
- ✓ આ પરંપરાગત ઢાંચામાં શેખ નવાફ હવે કુવૈતના શાસક અમીર બની રહ્યા છે.
- ✓ કુવૈતના બંધારણ મુજબ શેખ નવાફે શાસક અમીરપદ સંભાળ્યા પછી આગામી સપ્તાહોમાં હવે દેશના આગામી ક્રાઉન પ્રિન્સ કોણ રહેશે તે વિષે વાટાઘાટો શરૂ થશે.
- ✓ પૂર્વ શાસક અમીર શેખ સબાહ અલ અહમદ અલ સબાહનું ૯૧ વર્ષની વયે અવસાન થયું હતું.
- ✓ સ્થળ : દુબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ગ્રીન રીબીન એ મૃત્યુ બાદ અંગદાન કરવાના શપથની નિશાની

- ✓ બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચને ઑર્ગન ડોનેટ કરવાની જાહેરાત કરી છે.
- ✓ તેમણે પોતાની એક તસવીર પોસ્ટ કરી છે જેમાં તેમના કોટ પર એક નાની ગ્રીન કલરની રીબીન પણ છે.



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિધન : બાળ સામયિક ચાંદામામાના ચિત્રકાર કે. સી. શિવશંકરનું ૯૭ વર્ષે નિધન



વિક્રમ-વૈતાળ સિરિઝના ચિત્રો માટે કે.સી. વધારે જાણીતા હતા

- ✓ વિવિધ બાળવાર્તાઓ પૈકી તેમાં આવતી વિક્રમ-વૈતાળની સિરિઝ ભારે લોકપ્રિય હતી. એ વિક્રમ-વૈતાળના ચિત્રો કે.સી.એ તૈયાર કર્યા હતા.
- ✓ ખભે વૈતાલનું મડદું, હાથમાં તલવાર લઈને ખોપરીઓ વચ્ચેથી મધરાતે પસાર થતા વિક્રમનું ચિત્ર તેમણે ૧૯૬૦ના અરસામાં તૈયાર કર્યું હતું.
- ✓ આજે એ ચિત્ર જ વિક્રમની ઓળખ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યુ છે.

સામયિક વિશે :

- ✓ ચાંદામામા સામયિકની મૂળ ટીમના તેઓ છેલ્લા સભ્ય હતા. બાળ સામયિક ચાંદામામા ૧૯૪૭માં તેલુગુ ભાષામાં શરૂ થયુ હતું, એક તબક્કે વિવિધ બાર ભાષામાં પ્રગટ થયું હતું. છેવટે વાચકોના અભાવે ૨૦૧૩માં એ બંધ થયું હતું.
- ✓ રામાયણ અને મહાભારતના પણ અનેક ચિત્રો તેમણે તૈયાર કર્યા હતા.
- ✓ જન્મ : જિ. ઈરોડ, તામિલનાડુ
- ✓ અવસાન : ચેન્નઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. 'વોટ ઈન્ડિયા ઈટ્સ' :કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા અહેવાલ જાહેર કરાયો (આરોગ્ય)

- ✓ થીમ : દેશની લાઈફ સ્ટાઈલ ખાન-પાન, આરોગ્ય વગેરેની ટેવોની વિગતો જાહેર કરવામાં આવી



અહેવાલના મુખ્ય તારણો :

- ✓ સરકારે દેશના સ્ત્રી-પુરુષોના સરેરાશ વજનમાં વૃદ્ધિ જાહેર કરી છે. એટલે કે સરકારે કહ્યું છે કે પુરુષોનું વજન ૬૫ કિલોગ્રામ હોય તો યોગ્ય ગણાય અને સ્ત્રીઓનું વજન ૫૫ કિલોગ્રામ હોય તો યોગ્ય ગણાય.
- ✓ આ પહેલા ૨૦૧૦માં રિપોર્ટ રજૂ થયો હતો જેમાં પુરુષોનું આદર્શ વજન ૬૦ કિલોગ્રામ અને સ્ત્રીઓનું આદર્શ વજન ૫૦ કિલોગ્રામ નિર્ધારિત કરાયું હતું.
- ✓ શરીરના પ્રમાણમાં વજન કેટલું હોવું જોઈએ તેની ગણતરી બોડી માસ ઈન્ડેક્સ તરીકે ઓળખાય છે.
- ✓ ભારત સરકારના આ નવા આંકડાઓથી બોડી માસ ઈન્ડેક્સમાં પણ ફેરફાર થયો.
- ✓ હવે નવી સરેરાશ પ્રમાણે પુરુષોની એવરેજ હાઈટ ૫ ફીટ ૬ ઈંચથી વધારીને પાંચ ફીટ આઠ ઈંચ નક્કી કરવામાં આવી.
- ✓ સ્ત્રીઓની સરેરાશ ઊંચાઈ પાંચ ફૂટ મનાતી હતી એ વધારીને પાંચ ફીટ ત્રણ ઈંચ ગણાશે. એટલે કે આ ઊંચાઈ આદર્શ મનાશે.
- ✓ રિપોર્ટ પ્રમાણે શહેરી વિસ્તારના રહેવાસીઓ ગામવાસીઓ કરતા વધારે ફેટ (ચરબીયુક્ત ખોરાક)નું સેવન કરે છે.
- ✓ સરેરાશ શહેરીજન રોજના ૫૧.૬ ગ્રામ ફેટનું સેવન કરે છે, જ્યારે ગ્રામ્ય રહેવાસીઓ દૈનિક ધોરણે ૩૬ ગ્રામ ફેટ આરોગે છે.
- ✓ શહેરમાં રહેતા દર બીજા વ્યક્તિનું પેટ બીનજરૂરી રીતે ફાંદ સ્વરૂપે બહાર નીકળેલું જોવા મળે છે. જ્યારે ૪૯ ટકાથી વધારે

લોકો ઓવરવેઈટ (વધારે વજન ધરાવતા) નોંધાયા છે.

- ✓ ગ્રામ્ય વિસ્તારમાં ૧૯ ટકા કરતા ઓછા લોકોની ફાંદ નીકળેલી જોવા મળે છે અને ૨૧ ટકા ગ્રામ્યવાસીઓ ઓવરવેટ નોંધાયા.
- ✓ વધારે વજન અને ફાંદને કારણે ઘણા રોગો શરીરમાં ઘર કરી જતા હોય છે, એ વાત જાણીતી છે.
- ✓ શહેરમાં રહેતા ૧૭ ટકા અને ગામડામાં રહેતા માંડ ૯ ટકા લોકો પોતાની દૈનિક જરૂરિયાત મુજબના શાકભાજી ખાય છે. એ રીતે નિર્ધારિત માત્રામાં દૂધ પણ શહેરમાં ૧૪.૩ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૮.૭ ટકા નાગરિકો જ લે છે.
- ✓ અહેવાલ તૈયાર કરનાર સંસ્થા : ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ન્યુટ્રીશિયન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં 28 વર્ષ બાદ બાબરી વિધ્વંસ કેસમાં કઈ અદાલતે 32 આરોપીઓને નિર્દોષ કરાર આપ્યો છે - **CBI ખાસ અદાલત, લખનઉ**
2. અયોધ્યામાં બાબરી વિધ્વંસ ક્યારે થયો હતો - **6 ડિસેમ્બર 1992**
3. ચાલુ સિઝનમાં ગુજરાત સરકાર 21 ઓક્ટોબર 2020થી કેટલા રૂપિયા પ્રતિ મણ મગફળીની ખરીદી કરશે- **રૂ. 1055/-**
4. તાજેતર સપ્ટેમ્બર 2020માં ડીઆરડીઓ દ્વારા કયા ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું -**બ્રહ્મોસ સુપરસોનિક**
5. બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલની રેન્જ જણાવો - **400-450 કિલોમીટર**
6. બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલની કેટેગરી જણાવો - **હવામાંથી હવામાં**
7. બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું સફળ પરીક્ષણ ક્યાંથી કરવામાં આવ્યું - **ચાંદીપુર, ઓડિશા**
8. બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ કઈ બે સંસ્થાઓ દ્વારા તૈયાર કરવામાં આવી છે - **ડીઆરડીઓ અને NPO રશિયા**
9. તાજેતરમાં કુવૈતના નવા ક્રાઉન પ્રિન્સ તરીકે કોની વરણી કરાઈ - **નવાફ અલ અહમદ અલ સબાહ**
10. મૃત્યુ બાદ અંગદાન કરવાના શપથની નિશાની સ્વરૂપે કઈ રીબીન પહેરવામાં આવે છે - **ગ્રીન રીબીન**
11. સપ્ટેમ્બર-૨૦૨૦માં કયા બોલીવૂડ અભિનેતાએ ઑર્ગન ડોનેટ કરવાની જાહેરાત કરી હતી - **અમિતાભ બચ્ચન**
12. સપ્ટેમ્બર-૨૦૨૦માં કયા જાણીતા ચિત્રકારનું ૯૭ વર્ષે ચેન્નઈ ખાતે નિધન થયુ - **કે. સી. શિવશંકર**
13. કે. સી. શિવશંકર કયા બાળ સામયિક માટે ચિત્ર દોરતા હતા – **ચાંદામામા**
14. કે. સી. શિવશંકર કઈ સિરિઝના ચિત્રો માટે વધારે જાણીતા હતા - **વિક્રમ-વૈતાળ**
15. બાળ સામયિક ચાંદામામા કયા વર્ષે તેલુગુ ભાષામાં શરૂ થયુ હતું – **વર્ષ-૧૯૪૭**
16. બાળ સામયિક ચાંદામામા વિવિધ કેટલી ભાષામાં પ્રગટ થતુ હતું - **બાર**
17. બાળ સામયિક ચાંદામામા વાચકોના અભાવે કયા વર્ષે બંધ થયું હતું - **૨૦૧૩**
18. કે. સી. શિવશંકરે કયા વર્ષે ખભે વૈતાલનું મડદું, હાથમાં તલવાર લઈને ખોપરીઓ વચ્ચેથી મધરાતે પસાર થતા વિક્રમનું ચિત્ર તૈયાર કર્યું હતું જે બાદમાં એ ચિત્ર જ વિક્રમની ઓળખ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યુ હતુ – **વર્ષ-૧૯૬૦**
19. જાણીતા ચિત્રકાર કે. સી. શિવશંકરનું જન્મ સ્થળ જણાવો – **તામિલનાડુના ઈરોડ જિલ્લો**
20. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા કયો અહેવાલ જાહેર કરાયો હતો - **'વોટ ઈન્ડિયા ઈટ્સ'**

21. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલમાં શાની વિગતો જાહેર કરવામાં આવી - **દેશની લાઈફ સ્ટાઈલ ખાન-પાન આરોગ્ય વગેરે ટેવોની વિગતો**
22. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયો હતો - **ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ન્યુટ્રીશિયન**
23. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ પુરુષો-સ્ત્રીઓનું કેટલુ વજન યોગ્ય ગણાય - **૬૫ કિ.ગ્રા. તથા ૫૫ કિ.ગ્રા.**
24. વર્ષ ૨૦૧૦માં રજૂ થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' રિપોર્ટ મુજબ પુરુષો-સ્ત્રીઓનું કેટલુ વજન યોગ્ય ગણાય - **૬૦ કિ.ગ્રા. તથા ૫૦ કિ.ગ્રા.**
25. શરીરના પ્રમાણમાં વજન કેટલું હોવું જોઈએ તેની ગણતરી કયા નામે ઓળખાય છે - **બોડી માસ ઈન્ડેક્સ**
26. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ નવી સરેરાશ પ્રમાણે પુરુષોની એવરેજ હાઈટ ૫ ફૂટ ૬ ઈંચથી વધારીને કેટલી નક્કી કરવામાં આવી - **પાંચ ફૂટ આઠ ઈંચ**
27. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ નવી સરેરાશ પ્રમાણે સ્ત્રીઓની એવરેજ હાઈટ ૫ ફૂટથી વધારીને કેટલી નક્કી કરવામાં આવી - **પાંચ ફૂટ ત્રણ ઈંચ**
28. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ સરેરાશ શહેરીજન રોજના કેટલા ફેટનું સેવન કરે છે - **૫૧.૬ ગ્રામ**
29. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ સરેરાશ ગ્રામ્ય રહેવાસી રોજના કેટલા ફેટનું સેવન કરે છે - **૩૬ ગ્રામ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-10-2020



૧. ગુજરાત સરકાર: રમતગમત વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ત્રણ નવી યોજનાઓનું ઈ-લોન્ચિંગ

ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી દ્વારા ત્રણ નવી યોજનાઓનો શુભારંભ

(૧) મોબાઈલ ટુ સ્પોર્ટ્સ

(૨) ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના

(૩) પદક વિજેતા રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર

Sports Authority of Gujarat
Sports, Youth and Cultural Activities Department, Government of Gujarat

(૧) મોબાઈલ ટુ સ્પોર્ટ્સ : ઘરમાં જ રમીએ (Play at Home) અભિયાન :

હેતુ :

- ✓ યુવાનોને રમતગમત પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવા તેમજ રમતગમત માટે પ્રોત્સાહિત કરવા.
- ✓ યુવાનોનું શારીરિક અને માનસિક આરોગ્ય તંદુરસ્ત રહે અને તેઓ રમતગમત પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત થાય તે હેતુથી વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન MOBILE TO SPORTS નામની નવી યોજના

શું છે Play at Home ?

- ✓ અત્યારની પરિસ્થિતિમાં યુવાનો ઘરે રહીને રમતો રમી શકે અને પોતાની તંદુરસ્તી જાળવી શકે તે માટે "ઘરમાં જ રમીએ" (Play at Home) પધ્ધિત વિકસિત કરવાના હેતુથી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના કોચીઝ દ્વારા તૈયાર કરવામાં આવેલ જુદા જુદા વિડિયો મારફતે યુવાનોને ઘરમાં જ રમવાની પધ્ધતિઓ શીખવવામાં આવશે.
- ✓ રેડિયોમાં Sports Quiz અને ટીવીમાં ટુંકી જાહેરાતો દ્વારા યુવાનોને શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે રમતગમત તરફ આકર્ષિત કરવાના હેતુથી MOBILE TO

SPORTS : PLAY AT HOME અભિયાન હાથ ધરવા નક્કી કરવામાં આવ્યું છે.

ઈનામ :

- ✓ FM રેડિયો ઉપર સ્પોર્ટ્સને લગતી ક્વીઝનું આયોજન કરી સાચા જવાબ આપનાર વિજેતાને રૂ.૧૦૦૦/-નો પુરસ્કાર.
- ✓ મોબાઈલ ટુ સ્પોર્ટ્સ યોજના અંતર્ગત કોઈ પણ વ્યક્તિ પોતાનો ત્રણ મિનિટનો હોમ ફીટનેસ વિડિયો બનાવી મોબાઈલ ટુ સ્પોર્ટ્સના ફેસબુક પેજ પર અપલોડ કરી શકશે.
- ✓ જેમાંથી બેસ્ટ હોમ ફીટનેસ વિડિયોની પસંદગી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની નક્કી કરવામાં આવેલ સમિતિ દ્વારા કરવામાં આવશે. બેસ્ટ હોમ ફીટનેસ વિડિયોના વિજેતાને રૂ.૨૫૦૦/-નો પુરસ્કાર.

ફિટનેસ ચેલેન્જ

- ✓ મોબાઈલ ટુ સ્પોર્ટ્સ યોજના અંતર્ગત દર મહીને ફિટનેસ ચેલેન્જનું આયોજન.
- ✓ જે અંતર્ગત કોઈ પણ વ્યક્તિ ફીટનેસ ચેલેન્જ વિડિયો બનાવી દર મહિનાની ૨૭ તારીખે મોબાઈલ ટુ સ્પોર્ટ્સના ફેસબુક પેજ પર અપલોડ કરી શકશે.
- ✓ જેમાંથી બેસ્ટ ફીટનેસ ચેલેન્જ વિડિયોની પસંદગી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની નક્કી કરવામાં આવેલ સમિતિ દ્વારા કરવામાં આવશે.
- ✓ બેસ્ટ ફીટનેસ ચેલેન્જ વિડિયોના વિજેતાને રૂ.૨૫૦૦/-નો પુરસ્કાર અપાશે.

(૨) ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના:

હેતુ :

- ✓ આ યોજના અંતર્ગત ગુજરાત રાજયના ૫૦૦ ગામોમાં વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષમાં બાસ્કેટબોલ, ફૂટબોલ, વોલીબોલ, ખો-ખો, કબડ્ડી, એથ્લેટીક્સ વગેરે જેવી રમતો માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના કોચીઝ દ્વારા સ્થળ પસંદ કરી રમતગમતના મેદાન તૈયાર કરાશે.

યોજનાનો વ્યાપ :

- ✓ જેમાં ગુજરાત રાજયના કુલ ૨૫૨ તાલુકામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના તાબાના ડીસ્ટ્રીક/સિનિયર કોચ દ્વારા તાલુકાઓની મુલાકાત કરી તાલુકા દીઠ બે ગામોમાંથી રમતગમતના મેદાનો વિકસીત કરવા માટે જમીન પસંદગી કરવામાં આવનાર છે.

રકમ :

- ✓ પસંદ કરેલ દરેક ગામને આશરે રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાઈઠ હજાર પુરા) ફાળવવામાં આવશે. ગુજરાત રાજય યુવક બોર્ડ હેઠળના સ્વામી વિવેકાનંદ કેન્દ્રના તાલિમ મેળવેલા સભ્યશ્રીઓ દ્વારા આ કાર્યક્રમની દેખરેખ તથા સંચાલન કરવામાં આવનાર છે.

લાભ :

- ✓ આ કાર્યક્રમ થકી યુવાનો નિયમિત રીતે ખેલ પ્રવૃત્તિઓમાં ભાગ લેશે અને તેમની શારીરિક-માનસિક તંદુરસ્તી વધશે અને ખેલ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે.

- ✓ ગુજરાત રાજયના અંતરીયાળ ગામોના યુવાનોમાં છુપાયેલી પ્રતિભાને બહાર લાવવા માટે આ યોજના થકી યુવાનોને એક તક મળી રહેશે.
- ✓ ગુજરાતના અંતરીયાળ ગામોના યુવાનો પણ રાજયકક્ષાએ, રાષ્ટ્રીયકક્ષાએ અને આંતરાષ્ટ્રીયકક્ષાએ રમતગમતની સ્પર્ધામાં ભાગ લઈ તેમના ગામનું, જિલ્લાનું, ગુજરાત રાજયનું અને ભારત દેશનું ગૌરવ વધારે તે હેતુ

(3) રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર

હેતુ :

- ✓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતવીરો પાસે નોકરી ન હોય તો તેઓને આ યોજના અંતર્ગત નોકરી મેળવવા માટે મદદ કરવામાં આવશે.

પ્રક્રિયા :

- ✓ દરેક જિલ્લામાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરીમાં સ્પોર્ટ્સપર્સન એપ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર બનાવવામાં આવ્યા છે.
- ✓ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ખેલાડીઓની માહિતી મેળવી એક યાદી તૈયાર કરશે અને એક ડેટા બેઈઝ મેન્ટેન કરશે.
- ✓ જ્યારે પણ ખેલાડીઓની ભરતી માટેની જાહેરાત આવે ત્યારે આવેલ જાહેરાતની માહિતી ડેટા એન્ટ્રી ઓપરેટર દરેક ખેલાડીને પહોંચાડશે જેથી ખેલાડીઓને તેમનીનોકરીની અરજી કરવા માટે મદદ મળી શકે.

લાભ :

- ✓ આ યોજના ભારત સરકાર, ગુજરાત સરકાર, બેંકીંગ ક્ષેત્ર તથા બોર્ડ કોર્પોરેશનમાં નોકરી માટે રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીયકક્ષાએ પદક મેળવેલ ખેલાડીઓને સ્પોર્ટ્સ ક્વોટા અંતર્ગત ભરતી માટે મદદરૂપ થશે.

યોજનાનો વ્યાપ

- ✓ રાજયના ૩૩ જિલ્લામાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરીમાં રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરાશે.
- ✓ **એજન્સી :** આ કાર્યક્રમનું મોનીટરીંગ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સ્પોર્ટ્સપર્સન એપ્લોયમેન્ટ સેલ દ્વારા કરાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. એર ઈન્ડિયા વન બોઈંગ 777-300 : ભારતમાં VVIP મહાનુભાવોના પ્રવાસ માટે તૈયાર કરાયેલું આધુનિક વિમાન (સુવિધા-સુરક્ષા)



વિશેષતા :

રૂપિયા ૮૪૫૮ કરોડને ખર્ચે તૈયાર થયો ઉડતો અભેદ કિલ્લો

- ✓ વિમાન સ્ટેટ ઓફ આર્ટ મિસાઇલ ડિફેન્સ સિસ્ટમથી સજ્જ છે. તે સિસ્ટમ લાર્જ એરક્રાફ્ટ ઇન્ફ્રારેડ કાઉન્ટર મેજરને નામે ઓળખાય છે.
- ✓ તેમાં બેસાડવામાં આવેલ સેલ્ફ પ્રોટેક્શન સ્યૂટ શત્રુની રડાર ફ્રીક્વન્સીને જામ કરવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ વિમાન માત્ર હુમલો ખાળવાની ક્ષમતા જ નથી ધરાવતું પરંતુ વળતા પગલાં લેવાની પણ ક્ષમતા ધરાવે છે.

વાયુસેનાના પાઇલટ સંભાળશે સંચાલન

- ✓ વિમાન સિક્યુર્ડ કોમ્યુનિકેશન સિસ્ટમથી સજ્જ છે. રેકોર્ડ કે ટેપ ના થઇ શકે તે રીતે વિમાનમાંથી સંદેશા વ્યવહાર થઇ શકે છે.
- ✓ વિમાન બે જીઇ ૯૦-૧૧૫ બીએલ એન્જિનથી સંચાલિત છે.
- ✓ વિમાન મિનિ મેડિકલ સેન્ટર પણ ધરાવે છે. વિમાન ફરી ઇંધણ ભર્યા વિના ૧૭ કલાકની ઉડાન ભરી શકે છે.

વિગત :

- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ એર ઇન્ડિયા વનનો ઉપયોગ કરશે. સ્ટેટ ઓફ આર્ટ ટેકનોલોજીથી સજ્જ એર ઇન્ડિયા વન બોઇંગ ૭૭૭-૩૦૦ ઇઆર વિમાન ભારત આવી પહોંચ્યું છે.
- ✓ આ વિમાન છેલ્લા ૨૫ વર્ષથી વીવીઆઇપી સેવામાં તૈનાત થયેલા ૭૪૭-૪૦૦ વિમાનનું સ્થાન લેશે.
- ✓ અમેરિકી પ્રમુખના એર ફોર્સ વનના મોડલ આધારે એર ઇન્ડિયા વન પણ આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે.
- ✓ એર ઇન્ડિયા વન મિસાઇલનો સામનો કરવાની પણ ક્ષમતા ધરાવે છે. ભારતીય વાયુસેના એર ઇન્ડિયા વનની જાળવણી કરશે.
- ✓ બનાવનાર કંપની : બોઇંગ, USA
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. દિન વિશેષ : 01 ઓક્ટોબર

(૧) રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ

ખાસ: ૧૮ થી ૬૫ વર્ષની વય ધરાવતા તંદુરસ્ત વ્યક્તિ દર ત્રણ-ચાર મહિને નિયમિત રક્તદાન કરી શકે છે



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) વિશ્વ વૃદ્ધજન દિવસ

- ✓ થીમ-૨૦૨૦:“Pandemics: Do They Change How We Address Age and Ageing?”.



✓ પ્રથમ પ્રારંભ તા. ૦૧-૧૦-૧૯૯૧થી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૩) યુ.એસ.એના નાણાકીય વર્ષનો પ્રથમ દિવસ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૪) ચીનનો રાષ્ટ્રીય દિવસ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રમત ગમત વિભાગ અંતર્ગત કઈ ત્રણ નવી યોજનાઓ લોન્ચ કરી- . **(૧) મોબાઈલ ટુ સ્પોર્ટ્સ (૨) ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના અને (૩) પદક વિજેતા રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર**
2. ગુજરાતના યુવાનોને રમતગમત પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવા કઈ નવી યોજના લોન્ચ કરી - **mobile to sports**
3. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા યુવાનો ઘરમાં રહીને જ રમતો રમી શકે તે માટે કઈ નવી પદ્ધતિ વિકસાવી છે - **ઘરમાં જ રમીએ- પ્લે એટ હોમ**
4. મોબાઈલ 2 સ્પોર્ટ્સ અંતર્ગત બેસ્ટ હોમ ફિટનેસ વીડિયો વિજેતાને કેટલું ઇનામ આપવામાં આવશે- **૩.2500/-**
5. mobile to sports યોજના અંતર્ગત દર મહિને ફિટનેસ ચેલેન્જને કેટલું ઇનામ અપાશે - **૩.2500/-**
6. તાજેતરમાં કઈ નવી યોજના અંતર્ગત ગુજરાતના 500 ગામોમાં રમતના મેદાન તૈયાર કરાશે - **ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના**
7. ગ્રામ્ય રમત ગમત વિકાસ યોજના અંતર્ગત કઈ રમતના મેદાનો ગ્રામ્ય સ્તરે તૈયાર કરાશે- **કબડી, બાસ્કેટબોલ, ફૂટબોલ, વોલીબોલ, ખો ખો અને એથ્લેટીક્સ**
8. ગ્રામ્ય રમત ગમત વિકાસ યોજના અંતર્ગત તાલુકા દીઠ કેટલા ગામમાં રમતના મેદાનો તૈયાર કરાશે -**02**
9. ગ્રામ્ય રમત ગમત વિકાસ યોજના અંતર્ગત પસંદ કરાયેલ ગામને મેદાન તૈયાર કરવા અંદાજે કેટલી રકમ ફાળવવામાં આવશે - **૩.60,000/-**
10. રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાએ પદક વિજેતા ગુજરાતી ખેલાડીઓને સરકારી કોટામાં નોકરી મેળવવા ગુજરાત સરકારે કયું નવું માળખું લોન્ચ કર્યું છે - **રોજગાર માર્ગદર્શન કેન્દ્ર**
11. ગુજરાતમાં પદક વિજેતા રમતવીરો માટે દરેક જિલ્લામાં કઈ કચેરીમાં રોજગાર માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરાશે - **જિલ્લા રમતગમત અધિકારીની કચેરી**
12. તાજેતરમાં ભારતના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ જેવા VVIP મહાનુભાવો માટે કયું નવું

વિમાન ખરીદવામાં આવ્યું છે - **એર ઇન્ડિયા વન બોઇંગ 777-300**

13. એર ઇન્ડિયા વન બોઇંગ 777-300 કઈ સિસ્ટમથી સજ્જ છે - **સ્ટેટ ઓફ આર્ટ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ**
14. એર ઇન્ડિયા વન બોઇંગ 777-300 વિમાન કયા મોડેલને આધારે તૈયાર કરાયું છે - **એરફોર્સ વન-યુએસ પ્રમુખનું સૌથી ખાસ વિમાન**
15. એર ઇન્ડિયા વન વિમાન કયા દેશની કઈ કંપની દ્વારા તૈયાર કરાયું છે - **બોઇંગ, યુએસએ**
16. રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ કયારે મનાવવામાં આવે છે – **૧લી ઓક્ટોબર**
17. ૧૮ થી ૬૫ વર્ષની વય ધરાવતા તંદુરસ્ત વ્યક્તિ દર કેટલા મહિને નિયમિત રક્તદાન કરી શકે છે - **ત્રણ-ચાર**
18. વિશ્વ વૃદ્ધજન દિવસ કયારે મનાવવામાં આવે છે - **૧લી ઓક્ટોબર**
19. વિશ્વ વૃદ્ધજન દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **“Pandemics: Do They Change How We Address Age and Ageing?”**
20. વિશ્વ વૃદ્ધજન દિવસ મનાવવાનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **તા. ૦૧-૧૦-૧૯૯૧થી**
21. યુ.એસ.એના નાણાકીય વર્ષનો પ્રથમ દિવસ જણાવો - **૧લી ઓક્ટોબર**
22. ચીનનો રાષ્ટ્રીય દિવસ કયારે ઉજવવામાં આવે છે - **૧લી ઓક્ટોબર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.બેલ્જિયમ: ડેલ્ફીન બોએલ બેલ્જિયમની સત્તાવાર રાજકુમારી (વૈશ્વિક બાબતો)

✓ ડેલ્ફીનને રોયલ ટાઈટલનો અધિકાર મળ્યો



સમગ્ર વિવાદ શું છે :

✓ બેલ્જિયમના પુર્વ રાજવી આલ્બર્ટ દ્વિતીયની અનૌરસ દિકરી ડેલ્ફીન બોએલ સત્તાવાર રાજકુમારી તરીકે ઓળખાશે.

✓ બ્રસેલ્સની કોર્ટ ચુકાદો આપ્યો છે કે બોએલ રોયલ ટાઇટલનો અધિકાર ધરાવે છે.

✓ આલ્બર્ટ દ્વિતીયના ડીએનએ ટેસ્ટે પુરવાર કર્યું હતું કે બોએલ તેમની જ દીકરી છે.

✓ બોએલે વર્ષ ૨૦૧૩માં કાનૂની લડત આપવાનું શરૂ કર્યું હતું.

✓ બેલ્જિયમના રાજવી સાત વર્ષ સુધી બોએલના દાવાને નકારતા રહ્યા હતા.

પ્રદૂષણ ફેલાવનારા દેશ :

- ✓ વિશ્વના કુલ પ્રદૂષણમાં ચીનનો હિસ્સો 30 ટકા છે જ્યારે અમેરિકા ભારતથી બમણુ પ્રદૂષણ ફેલાવે છે.

દેશ	પ્રદૂષણ ફેલાવવામાં હિસ્સેદારી
ચીન	30.3%
અમેરિકા	13.4%
બ્રિટન-ઇયુ	8.7%
ભારત	6.8%
રશિયા	4.7%
અન્ય દુનિયા	36.1%

પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન :

- ✓ એક અમેરિકી એક ભારતીયની તુલનાએ આઠ ગણું વધુ કાર્બન ઉત્સર્જન કરે છે
- ✓ અમેરિકામાં પ્રતિ વ્યક્તિ ૧૬.૫૬ મેટ્રિક ટન ઉત્સર્જન થાય છે.
- ✓ ભારતમાં 196 મેટ્રિક ટન થાય છે.
- ✓ સ્રોત : ઇયુ, વર્લ્ડ બેન્ક, કાર્બન મોનિટર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. અમૂલ ડેરી ચેરમેન તરીકે રામસિંહ પરમાર બિનહરીફ ચૂંટાયા



- ✓ અંદાજે વાર્ષિક ટર્ન ઓવર રૂ. ૪૪૦૦ કરોડ
- ✓ સ્થળ : આણંદ
- ✓ AMUL : આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. નિમણૂક: ગુજરાતી સાહિત્ય પરિષદના નવા પ્રમુખ તરીકે પ્રકાશ ન. શાહ ચૂંટાયા



- ✓ **કાર્યકાળ :** ત્રણ વર્ષ માટે
- ✓ **સંસ્થા :** અમદાવાદ
- ✓ મુખપત્ર : પરબ
- ✓ સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ : ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

ગુજરાતી સાહિત્ય પરિષદ વિશે :

- ✓ ગુજરાતી ભાષા સાહિત્યના ક્ષેત્રમાં કામ કરતી એક સ્વૈચ્છિક સંસ્થા છે.

હેતુ :

- ✓ ગુજરાતી સાહિત્યનો વિસ્તાર વધારવા, લોકપ્રિય ઉત્કર્ષ સાધવા, સ્ત્રી-બાળકો, વેપારીઓ, કારીગરો વગેરેને વિનોદ સાથે ઉન્નત કરે તેવું સાહિત્ય ઉપજાવવા, રંગભૂમિ અને વર્તમાનપત્રો જેવી પ્રજાજીવન ઘડનારી પ્રણાલિકાઓમાં કર્તવ્યાકર્તવ્ય શી રીતે નક્કી કરવાં, આપણા પ્રજાજીવનને ઉન્નત, શીલવાન, રસિક અને ઉદાર શી રીતે કરી શકાય, એવા અનેક હેતુઓથી સ્થાપના

સ્થાપના-સ્થાપક :

- ✓ રણજિતરામ મહેતાના પ્રયત્નોથી ઈ.સ. ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય

ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯૦૫ થી લઈને વર્તમાન પ્રમુખની યાદી

- સિતાંશુ યશશ્ચંદ્ર (સિકંદરાબાદ, ૨૦૧૭)
- ચન્દ્રકાન્ત ટોપીવાળા(ભુજ, ૨૦૧૫)
- ધીરુભાઈ પરીખ(આણંદ, ૨૦૧૩)
- વર્ષાબેન અડાલજા(- , ૨૦૧૨)
- ભોળાભાઈ પટેલ(જૂનાગઢ, ૨૦૧૧)
- ભગવતીકુમાર શર્મા(નવસારી, ૨૦૦૯)
- નારાયણ દેસાઈ(ગાંધીનગર, ૨૦૦૭)
- કુમારપાળ દેસાઈ (-, ૨૦૦૬)
- બકુલ ત્રિપાઠી (મુંબઈ, ૨૦૦૫)
- ધીરુબેન પટેલ (મહુવા, ૨૦૦૩)
- રઘુવીર ચૌધરી (પાટણ, ૨૦૦૧)
- ધીરુભાઈ ઠાકર (વિસનગર, ૧૯૯૯)
- નિરંજન ભગત (વડોદરા, ૧૯૯૭)
- વિનોદ ભટ્ટ (જામનગર, ૧૯૯૫)
- રાજેન્દ્ર શાહ (કોલકત્તા, ૧૯૯૩)
- ઉશનસ્ (કોઈમ્બતૂર, ૧૯૯૧)
- જયન્ત પાઠક (રાજકોટ, ૧૯૮૯)
- ભોગીલાલ સાંડેસરા (મુંબઈ, ૧૯૮૭)
- કે.કા.શાસ્ત્રી (પૂણે, ૧૯૮૫)
- યશવંત શુક્લ (સુરત, ૧૯૮૩)
- મનુભાઈ પંચોળી 'દર્શક'(હૈદરાબાદ, ૧૯૮૧)
- અનંતરાય મ. રાવળ (વડોદરા, ૧૯૭૯)
- ચંદ્રવદન ચી. મહેતા (કલ્યાણ, ૧૯૭૮)
- રામપ્રસાદ બક્ષી (પોરબંદર, ૧૯૭૬)
- ગુલાબદાસ બ્રોકર (વલ્લભવિદ્યાનગર, ૧૯૭૪)
- ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ'(ચેન્નાઈ, ૧૯૭૨)
- ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્'(જૂનાગઢ, ૧૯૭૦)
- ઉમાશંકર જોશી (દિલ્હી, ૧૯૬૮)
- જ્યોતીન્દ્ર હ. દવે (સુરત, ૧૯૬૬)
- રસિકલાલ છો. પરીખ (મુંબઈ, ૧૯૬૪)
- વિશ્વપ્રસાદ ર. ત્રિવેદી (કોલકત્તા, ૧૯૬૧)
- કાકાસાહેબ કાલેલકર (અમદાવાદ, ૧૯૫૯)
- કનૈયાલાલ મા. મુનશી (નડિયાદ, ૧૯૫૫)
- હરસિધ્ધભાઈ વ. દિવેટિયા (નવસારી, ૧૯૫૨)
- કનૈયાલાલ મા. મુનશી (નડિયાદ, ૧૯૪૯)
- રામનારાયણ વિ. પાઠક (રાજકોટ, ૧૯૪૬)
- વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ (વડોદરા, ૧૯૪૩)
- અરદેશર ફરામજી ખબરદાર (મુંબઈ, ૧૯૪૧)
- કનૈયાલાલ માણેકલાલ મુનશી (કરાંચી, ૧૯૩૭)
- મોહનદાસ કરમચંદ ગાંધી (અમદાવાદ, ૧૯૩૬)
- કૃષ્ણલાલ મો. ઝવેરી (લાઠી, ૧૯૩૧)
- ભુલાભાઈ જીવણજી દેસાઈ (નડિયાદ, ૧૯૩૧)
- આનંદશંકર બા. ધ્રુવ (નડિયાદ, ૧૯૨૮)
- રમણભાઈ મ. નીલકંઠ (મુંબઈ, ૧૯૨૬)
- કમળાશંકર પ્રા. ત્રિવેદી (ભાવનગર, ૧૯૨૪)
- હરગોવિંદ દ્વા. કાંટાવાળા (અમદાવાદ, ૧૯૨૦)
- નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા (સુરત, ૧૯૧૫)
- રણછોડલાલ ઉદયરામ દવે (વડોદરા, ૧૯૨૧)
- અંબાલાલ સા. દેસાઈ (રાજકોટ, ૧૯૦૯)
- કેશવલાલ હ. ધ્રુવ (મુંબઈ, ૧૯૦૭)
- ગોવર્ધનરામ મા. ત્રિપાઠી (અમદાવાદ, ૧૯૦૫)

ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન :

- ✓ અમદાવાદમાં એનું પહેલું સંમેલન ગોવર્ધનરામ મા. ત્રિપાઠીના પ્રમુખપદે જૂન જુલાઈ ૧૯૦૫માં યોજાયું હતું. ત્યારથી આજ સુધી ગુજરાત-સૌરાષ્ટ્રમાં અનેક અને ગુજરાત બહાર કરાંચી, દિલ્હી, કોલકત્તા, ચેન્નઈ, હૈદરાબાદ, પૂના, કોઈમ્બતૂર જેવાં અનેક સ્થળોએ પરિષદે પોતાનાં સંમેલનો યોજ્યાં છે.
- ✓ અત્યાર સુધીમાં કુલ ૨૬ જ્ઞાનસત્રો અને ૪૫ અધિવેશનો (સંમેલનો) યોજાયા છે.
- ✓ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી પ્રથમ પ્રમુખ થયા બાદ અનેક મૂર્ધન્ય સાહિત્યકારો તેમજ ગાંધીજી પણ આ સંસ્થાના પ્રમુખપદે રહી ચૂકયા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : ૨૩ ઓક્ટોબર

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર



જન્મ : તા. ૨૩ ઓકટોબર ૧૮૬૯

અવસાન : તા. ૨ જાન્યુઆરી ૧૯૫૨

- ✓ ગુજરાતી સાહિત્યનાં મોટાં ગજાના કવિ , વિવેચક અને ઇતિહાસ ચિંતક બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો આજે જન્મદિવસ છે.
- ✓ ઉપનામ : સેહેની
- ✓ બ.ક. ઠા. નાં ટુંકા નામે પ્રસિદ્ધ થયેલા બળવંતરાયનો જન્મ ભરૂચમાં થયો હતો.
- ✓ બ.ક. ઠાં વર્ષ ૧૮૯૦માં પ્રથમ વર્ગમાં વિનયન સ્નાતક થયાં હતાં.
- ✓ વર્ષ ૧૮૯૨માં પૂનાથી દક્ષિણા ફેલો તરીકે નિમાયા હતાં.
- ✓ વર્ષ ૧૮૮૩માં શાળાકીય ક્રિકેટ સ્પર્ધામાં તેઓ સૌથી નાની વયના ખેલાડી હતાં.
- ✓ બળવંતરાયએ વ્યવસાયી કારકિર્દીનો પ્રારંભ ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે સિંધની કરાંચી કૉલેજથી કર્યો હતો. તે પછી પ્રોફેસર ઠાકોર અજમેર, પૂનાની ડેક્કન કૉલેજ, રાજકુમાર કોલેજ, રાજકોટ વગેરે ઠેકાણે અધ્યાપન કાર્ય કર્યુ હતું.
- ✓ બળવંતરાય ઠાકોર સંસ્કૃતનાં જ્ઞાતા, ઇતિહાસ, રાજકારણ અને અર્થશાસ્ત્રનાં ગણ્યકોટીના વિદ્વાન અને ગુજરાતી તથા અંગ્રેજીના આરૂઢ અભ્યાસી હતાં.

સાહિત્ય સર્જન-સંપાદન-વિવેચન :

- ✓ ભણકાર, જૂનું પિયરઘર, મ્હારા સોનેટ, કવિતા, લિરિક ઝડપી આપણી કાવ્ય સમૃદ્ધિ, માલવિકાગ્નીમિત્ર, વિક્રમોવર્શિયમ, શાકુંતલ, પ્લૂટાકનું જીવનચરિત્ર, ઇતિહાસ દિગ્દર્શન, અંબાલાલભાઈ, લગ્નમાં બ્રહ્મચર્ય, વિવિધ વ્યાખ્યાનો (૨ ભાગ),

પંચોતેરમે, પ્રવેશકો જેવાં કવિતા, વિવેચન, અનુવાદ, જીવનચરિત્ર અને ઇતિહાસ વિષયક ગ્રંથો છે.

- ✓ ગુજરાતીમાં સોનેટના જનક અને કઠોર વિવેચક તરીકે પણ બ.ક. ઠાં જાણીતાં છે.
- ✓ કલાપી અને કવિ કાન્તના સંગાથી તથા મહાત્મા ગાંધીના સહાધ્યાયી એવાં બળવંતરાય ઠાકોરનું ૨ જાન્યુઆરી ૧૯૫૨ ના રોજ અવસાન થયું હતું.

સન્માન :

- ✓ બ.ક. ઠાકોરનું" ગગા ઓઝા પ્રાઈઝ " અને "દિવાન બહાદુર "જેવાં ઇલકાબોથી સન્માન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં ILO ગવર્નિંગ બૉડીના ચેરમેન પદે કયા ભારતીયની નિમણૂક કરાઈ- **શ્રમ સચિવ અપૂર્વ ચંદ્રા**
2. તાજેતરમાં ILO ગવર્નિંગ બૉડીના ચેરમેન પદે કેટલા વર્ષ બાદ ભારતીયની નિમણૂક કરાઈ - **35 વર્ષ**
3. ILOની ગવર્નિંગ બોડીના ચેરમેન પદે ભારતીય અપૂર્વ ચંદ્રાનો કાર્યકાળ જણાવો - **ઓક્ટોબર 2020થી જૂન 2021**
4. ILOનું વડુ મથક ક્યાં આવેલું છે - **જીનીવા**
5. ILOનું સ્થાપના વર્ષ જણાવો - **11 એપ્રિલ 1919**
6. તાજેતરમાં FATF દ્વારા પાકિસ્તાનને પુન: ક્યાં સુધી ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય કરાયો છે - **ફેબ્રુઆરી 2021**
7. FATFની વૈશ્વિક ભૂમિકા જણાવો - **વિશ્વમાં આંતકવાદી પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવા**
8. FATFનું વિસ્તૃત નામ જણાવો - **ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ**
9. વિવિધ રોગોથી પીડાતા વડીલો માટે તેમના ઘરે સારવાર આપવા કઇ મહાનગર પાલિકામાં" વડીલ સુખાકારી સેવા"ની નવતર પહેલ કરવામાં આવી છે - **અમદાવાદ**
10. તાજેતરમાં ગુજરાતની કઈ એકમાત્ર સરકારી યુનિવર્સિટીને ઇંગ્લેન્ડ દ્વારા એકેડેમિક ડિજીટાઇઝેશનમાં "ઇ-લીડ" કેટેગરી માટે પસંદ કરવામાં આવી છે - **GTU**
11. તાજેતરમાં એકમાત્ર GTUની "ઇ-લીડ" કેટેગરી માટે પસંદ કરવામાં આવી છે તે શું છે - **"ઈ-લર્નિંગ એક્સેલેન્સ ફોર એકેડેમિક ડિજીટાઇઝેશન"**
12. GTUના વર્તમાન વાઇસ ચાન્સેલરનું નામ જણાવો - **પ્રોફેસર નવીન શેઠ**
13. USAના વિશ્વ વિખ્યાત ટાઇમ મેગેઝિને કેટલા વર્ષના ઈતિહાસમાં પહેલીવાર મેગેઝિનના કવર પર લોગોની જગ્યાએ "VOTE" મૂકયુ છે - **૯૭**
14. તાજેતર ઓકટોબર-૨૦૨૦માં ટાઇમ મેગેઝિને કયા હેતુસર મેગેઝિનના કવર પર લોગોની જગ્યાએ "VOTE" મૂકયુ હતુ - **લોકોને મતદાન માટે અપીલ કરવાના હેતુથી**
15. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભારતનો પ્રથમ કઈ ટેકનોલોજી સાથેનો સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ રીટ્રોફીટ પ્રોજેક્ટનો અમલ શરૂ કરાયો - **લોરાવન**
16. AMC દ્વારા લોરાવન ટેકનોલોજી સાથેનો સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ રીટ્રોફીટ પ્રોજેક્ટનો શરૂ કરાયો તેનાથી શો ફાયદો થશે - **રથયાત્રા રૂટ, તાજિયા રૂટ, સિંધુભવન રોડ, રિવરફ્રન્ટ રોડ સહિતના રોડ ઉપરની ૨૦ હજારથી વધુ સ્ટ્રીટ લાઇટ ૧૨,૦૮૭ કંટ્રોલર સાથે કંટ્રોલ રૂમથી જોડી કંટ્રોલ થશે**
17. ઇયુ, વર્લ્ડ બેન્ક, કાર્બન મોનિટરના આંકડા અનુસાર વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૦ સુધી વિશ્વમાં કાર્બન ઉત્સર્જન કેટલા ટકા ઘટ્યું છે - **૬.૫ ટકા**
18. ઇયુ, વર્લ્ડ બેન્ક, કાર્બન મોનિટરના આંકડા અનુસાર વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૦ સુધી ભારતમાં કાર્બન ઉત્સર્જન કેટલા ટકા ઘટયુ છે – **૧૩.૪૦ ટકા**
19. ઇયુ, વર્લ્ડ બેન્ક, કાર્બન મોનિટરના આંકડા અનુસારવિશ્વના કુલ પ્રદૂષણમાં ચીનનો હિસ્સો કેટલા ટકા છે - **30 ટકા**

20. અમેરિકા-ભારતમાં પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ કેટલું છે - **૧૬.૫૬ તથા ૧૯૬ મેટ્રિક ટન**
21. ઓકટોબર-૨૦૨૦માં કોણ અમૂલ ડેરીના ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા - **રામસિંહ પરમાર**
22. ગુજરાતની જાણીતી સહકારી કંપની AMULનું વિસ્તૃત નામ જણાવો - **આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ**
23. ઓકટોબર-૨૦૨૦માં ગુજરાતી સાહિત્ય પરિષદના નવા પ્રમુખ તરીકે કોણ ચૂંટાયા - **પ્રકાશ ન. શાહ**
24. ગુજરાતી સાહિત્ય પરિષદના નવ નિયુક્ત પ્રમુખ પ્રકાશ ન. શાહનો કાર્યકાળ જણાવો - **ત્રણ વર્ષ**
25. ગુજરાતી સાહિત્ય પરિષદ ક્યાં આવેલી છે - **અમદાવાદ**
26. ગુજરાતી સાહિત્ય પરિષદનું મુખપત્ર કયુ છે - **પરબ**
27. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ કોણ હતા – **ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી**
28. ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના ક્યારે-કોણ કરી હતી – **વર્ષ-૧૯૦૫ તથા રણજીતરામ મહેતા**
29. ગુજરાતી સાહિત્યકાર બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો જન્મ દિવસ જણાવો - **તા.૨૩ ઓકટોબર ૧૮૬૯**
30. ગુજરાતી સાહિત્યનાં મોટાં ગજાના કવિ, વિવેચક અને ઇતિહાસ ચિંતક બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનું જન્મ સ્થળ જણાવો – **ભરૂચ**
31. ગુજરાતી સાહિત્યકાર બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનું ઉપનામ જણાવો - **સેહેની**
32. ગુજરાતીના ક્યા સાહિત્ય સર્જક સોનેટના જનક/સોનેટના પિતા તરીકે જાણીતાં છે - **બ.ક. ઠાકોર**
33. બ.ક. ઠાકોરનું કયા એવોર્ડ-ઇલકાબોથી સન્માન થયું હતું - **ગગા ઓઝા પ્રાઈઝ અને દિવાન બહાદુર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ગુજરાતમાં ત્રણ ઐતિહાસિક યોજનાના ઈ-લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દિલ્હીથી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી જૂનાગઢથી જોડાયા



(૧) કિસાન સૂર્યોદય યોજના :

હેતુ :

- ✓ ગુજરાત બનશે દેશનું એવું રાજ્ય જ્યાં ખેડૂતોને રાતના ઉજાગરા બંધ, અને હવે દિવસે વીજળી મળશે.



વિશેષતાઓ :

- ✓ ખેડૂતોને હવે દિવસે વીજળી મળતાં, રાતના ઉજાગરા, વન્ય જીવજંતુના ભય, કડકડતી ઠંડી અને ચોમાસામાં પડતી મુશ્કેલીઓથી કાયમ માટે મુક્તિ.
- ✓ સૂર્ય ઊર્જા થકી દિવસે ઉત્પન્ન થતી વીજળીનો દિવસે જ વપરાશ. આવો વધાવીએ કિસાન સૂર્યોદય યોજના, દિવસે વીજળી-રાત્રે આરામ.
- ✓ યોજનાના પહેલા તબક્કામાં જુનાગઢ, ગીર સોમનાથ, પાટણ તેમજ દાહોદ જિલ્લાના કુલ ૧૦૫૫ ગામોના ખેડૂતોને તા.૨૪મી ઓકટોબર-૨૦૨૦થી જ દિવસે વીજ પુરવઠો આપવામાં આવશે.
- ✓ આગામી ૩ વર્ષમાં તબક્કાવાર રીતે સમગ્ર રાજ્યને આવરી લેવાશે.
- ✓ આ યોજના માટે રૂ. ૩૫૦૦ કરોડના ખર્ચે - ૬૬ કે.વી.ની ૩૪૯૦ સર્કીટ કિ.મી. જેટલી

૨૩૪ નવી ટ્રાન્સમીશન લાઇનો તથા ૨૨૦ કેવીના ૯ નવા સબસ્ટેશનો થકી ગુજરાતનું વીજ માળખું સુદ્રઢ કરાશે.

(૨)વિશ્વનો સૌથી મોટો ગિરનાર ટેમ્પલ રોપવે



રોપવેની વિશેષતાઓ :

- ✓ વિશ્વનું સૌથી મોટું ગિરનાર ટેમ્પલ રોપવે
- ✓ કુલ ૨૫ કેબિન
- ✓ ૨૩૨૦ મીટરની લંબાઈ
- ✓ ૯૦૦ મીટરની ઊંચાઈ
- ✓ રૂ. ૧૩૦ કરોડની ગિરનાર રોપવે પરિયોજનાનો લાભ લઈને વધુને વધુ સંખ્યામાં દર્શનાર્થીઓ અંબાજી મંદિર સુધી પહોંચી શકશે.
- ✓ ૧ કલાકમાં ૧૦૦૦ વ્યકિતઓના વહનની ક્ષમતા ધરાવતું રોપવે યાત્રીને માત્ર ૮ મિનિટમાં ભવનાથની તળેટીથી. અંબાજીની ચોટી સુધી પહોંચાડશે.
- ✓ જુનાગઢ ખાતે આવનારા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે અને રોજગારીની શક્યતાઓ પણ વધશે.

પર્વત પર પવન વધારે, રોપવેની ડિઝાઇનમાં એનું જ ધ્યાન રખાયું

- ✓ ગિરનાર પર્વતની ઊંચાઇ 3,500 ફૂટ છે.
- ✓ સર્વોચ્ચ શિખર 3,666 ફૂટ ઊંચું છે.
- ✓ અહીં પવનની ગતિ 180 કિ.મી. પ્રતિ કલાક રહે છે. એનો સામનો કરવા રોપવેની ડિઝાઇન એરોડાયનેમિક બનાવાઇ છે.
- ✓ રોપવે માટે 9 ટાવર લગાવાયા છે. એમાંથી 6 નંબરનો ટાવર સૌથી ઊંચો (અંદાજે 67 મી.) છે, જે ગિરનારના છેલ્લા પગથિયાની નજીક છે.
- ✓ દરેક ટાવર વચ્ચે એમની ઊંચાઇ 7-8 માળ જેટલી રખાઈ છે.

ગિરનાર રોપવે મંદિરોમાં સૌથી મોટો, પર્યટન સ્થળોમાં ત્રીજો મોટો રોપવે

પ્રોજેક્ટ	લંબાઈ	ઊંચાઈ	રિટર્ન ટિકિટ	સમય
ગિરનાર	2.13 કિમી	900 મીટર	રૂ.700	7 મિનિટ
ગુલમર્ગ-ગોંડોલા (બે સ્ટેજ)	5 કિમી	3747 મીટર	રૂ.2000	21 મિનિટ
ઓલી	4 કિમી	3010 મીટર	રૂ.1000	24 મિનિટ
મનાલી	1.6 કિમી	500 મીટર	રૂ.500	5 મિનિટ
રાયગઢ	760 મીટર	420 મીટર	રૂ.315	5 મિનિટ
મસૂરી	400 મીટર	1600 મીટર	રૂ.75	5.10 મિનિટ

(૩) ભારતની સૌથી મોટી હૃદય રોગ હોસ્પિટલ અમદાવાદ

- ✓ ભારતની સૌથી મોટી હૃદયરોગ હોસ્પિટલ



- ✓ મેડીસીટી, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ ખાતે યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર સંલગ્ન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રૂ. ૪૭૦ કરોડના ખર્ચે નિર્મિત

વિશેષતાઓ :

- ✓ હાલની ૪૫૦ બેડની સુવિધા વધીને ૧૨૫૧ બેડની થશે
- ✓ અદ્યતન પિડીયાટ્રીક, નિયોનેટલ અને એડલ્ટ કાર્ડિયાક મોડ્યુલર ઓપરેશન થિયેટર (હાર્ટ અને લંગ ટ્રાન્સપ્લાન્ટ મિનીમલ ઇન્વેસીવ)
- ✓ અદ્યતન કાર્ડિયાક કેથ લેબ અને ઇલેકટ્રોફિઝિયોલોજી
- ✓ અદ્યતન ન્યુમેટીક ટ્યુબ સિસ્ટમ (લેબોરેટરી અને ફાર્મસી માટે) વધુ નવા અદ્યતન સ્પેશિયલ રૂમ અને જનરલ વોર્ડ
- ✓ બેડ - ૧૨૫૧
- ✓ કાર્ડિયાક આઇસીયુ બેડ - ૫૩૧
- ✓ કાર્ડિયાક મોડ્યુલર ઓપરેશન થિયેટર્સ-૧૫
- ✓ કાર્ડિયાક કેથ લેબ - ૬

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય : નાણા મંત્રાલય - કેન્દ્ર સરકાર (આર્થિક)

રૂપિયા બે કરોડ સુધીની લોન ધારકનું વ્યાજનું વ્યાજ માફ કરવાનો કેન્દ્રનો નિર્ણય

- ✓ કેન્દ્ર સરકારે લોન અને ક્રેડિટ કાર્ડ ધારકો માટે વ્યાજનું વ્યાજ માફ કરવાની યોજનાને મંજૂરી આપી

વિગતવાર માહિતી :

- ✓ કોરોના મહામારીના પ્રસારને અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા દેશવ્યાપી લોકડાઉન જાહેર કરાયા પછી લોનધારકો માટે જાહેર કરાયેલા મોરેટોરિયમનો લાભ લેનાર અને નહીં લેનાર તમામ લોનધારકોને વ્યાજમાફીનો આ લાભ અપાશે.

ગાઈડલાઈનમાં જોગવાઈ :

- ✓ કેન્દ્ર સરકારની ગાઇડલાઇન અનુસાર ૧ માર્ચથી ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ના સમયગાળા માટે નક્કી કરાયેલા લોન એકાઉન્ટના લોનધારકોને આ યોજનાનો લાભ અપાશે.

- ✓ મંજૂર કરાયેલી લિમિટ અને રૂપિયા ૨ કરોડથી ઓછી આઉટ સ્ટેન્ડિંગ લિમિટ ધરાવતા લોન એકાઉન્ટ ધરાવતા લોનધારકોને લાભ મળશે
- ✓ પરંતુ તે માટે તેમનું લોન એકાઉન્ટ ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ લાભ મેળવવાની શરતો માટે યોગ્ય હોવું જોઈશે.
- ✓ તા. ૨૯ ફેબ્રુઆરીના રોજ જે લોન એકાઉન્ટ એનપીએ જાહેર થયેલું નહીં હોય તેને વ્યાજમાફીનો લાભ અપાશે.
- ✓ વ્યાજમાફી યોજના અંતર્ગત ધિરાણ સંસ્થાઓ તા.૨૭ માર્ચ ૨૦૨૦ના રોજ ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા જાહેર કરાયેલ લોનની પુનઃચુકવણી માટેના મોરેટોરિયમનો લાભ લીધો હોય કે નહીં તેને ધ્યાનમાં લીધા વિના ૧ માર્ચથી ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ના સમયગાળા માટે યોગ્ય લોનધારકોના સંબંધિત લોન ખાતાઓમાં સાદા વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજનો તફાવત જમા કરાવશે. વ્યાજમાફીનો આ લાભ ધિરાણસંસ્થાઓના માધ્યમથી અપાશે.

કોને સરકારની વ્યાજમાફી યોજનાનો લાભ મળશે

1. રૂપિયા બે કરોડની લોન લેનાર લોનધારકને
2. ડયૂ ધરાવતા ક્રેડિટ કાર્ડ ધારકને
3. ૨૯ ફેબ્રુ. ૨૦૨૦ના રોજ લોન એકાઉન્ટ એનપીએ ન હોવું જોઈએ
4. મોરેટોરિયમનો લાભ ન લેનારને પણ વ્યાજમાફીનો લાભ

વ્યાજ માફીમાં કોને આવરી લેવાયાં :

1. હાઉસિંગ લોન
2. એજ્યુકેશન લોન
3. ક્રેડિટ કાર્ડની બાકી રકમ
4. ઓટોમોબાઇલ લોન
5. એમએસએમઇ લોન
6. કન્ઝયુમર ડયૂરેબલ લોન
7. કન્ઝમ્પશન લોન
8. પર્સનલ-પ્રોફેશનલ લોન

સરકારની વ્યાજમાફી યોજનાની હાઇલાઇટ્સ

- ✓ સરકારી બેન્કો, બેન્કિંગ કંપની, સહકારી બેન્ક, પ્રાદેશિક ગ્રામીણ બેન્ક, ફાઇનાન્શિયલ સંસ્થા, નોન ફાઇનાન્શિયલ સંસ્થા, હાઉસિંગ ફાઇનાન્સ કંપની અને માઇક્રો ફાઇનાન્સ કંપની દ્વારા લાભ અપાશે
- ✓ તમામ પ્રકારની લોનના કિસ્સામાં વ્યાજનો દર લોન એગ્રીમેન્ટ પ્રમાણે રહેશે
- ✓ ક્રેડિટ કાર્ડની બાકી રકમના કિસ્સામાં વ્યાજદર વેઇટેડ એવરેજ લેન્ડિંગ રેટ (WALR)ના આધારે નક્કી કરાશે
- ✓ વ્યાજમાફી યોજનાની નોડલ એજન્સી તરીકે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા કામ કરશે અને દાવાઓની રકમ સરકાર પાસેથી મેળવશે
- ✓ કોઈપણ ફરિયાદનો નિકાલ એસબીઆઇ દ્વારા નિયુક્ત સમિતિ નાણામંત્રાલય સાથે મળીને કરશે.

- ✓ ધિરાણકર્તા સંસ્થાએ લોનધારકના ખાતામાં વ્યાજનો તફાવત પાંચ નવેમ્બર સુધીમાં જમા કરાવી દેવાનો રહેશે.
- ✓ વ્યાજમાફીનો આ બોજો કેન્દ્ર સરકાર ઉઠાવશે. ધિરાણ સંસ્થાઓ ૧૫ ડિસેમ્બર સુધીમાં સરકાર પાસે વળતરનો દાવો કરી શકશે.
- ✓ જે લોનધારકોએ રૂપિયા બે કરોડથી વધુની લોન લીધી હશે તેમને વ્યાજમાફીનો લાભ અપાશે નહીં.
- ✓ **અંદાજે રૂપિયા ૬૫૦૦ કરોડનો બોજો**
- ✓ **સંસ્થા : ડિપાર્ટમેન્ટ ઓફ ફાઇનાન્સિયલ સર્વિસિઝ, નાણા મંત્રાલય**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. જાહેરાત : ગુજરાત સરકાર કેન્દ્રની આયુષ્યમાન ભારત યોજના હેઠળ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજનાનું એકત્રિકરણ (આરોગ્ય-વહીવટ)



મા યોજના અને મા વાત્સલ્ય યોજના અંગે



- ✓ અત્યાર સુધી ચાર કરોડ લોકોને આવરી લેવાયા. રાજ્યમાં મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજના અંતર્ગત દર્દીઓને ગંભીર રોગની સારવાર મફત મળતી હતી, પરંતુ હવે દર્દીઓને ગંભીર રોગોની સારવારમાં સરળીકરણ રહે અને વધુ રોગોની સારવારને આવરી લેવાય તે માટે બંને કાર્ડને આયુષ્યમાન ભારત કાર્ડ સાથે જોડાયા છે.
- ✓ આ કાર્ડ સાથે આધાર કાર્ડ લઇને જનાર દર્દીઓને નિયત કરેલી હોસ્પિટલમાં રૂપિયા પાંચ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે મળશે.
- ✓ આ ત્રણ પૈકી કોઇપણ યોજનાનું કાર્ડ હશે તે લાભાર્થીને એકસરખો રૂ. ૫ લાખ સુધીની વિનામૂલ્ય સારવાનો લાભ મળશે.
- ✓ આરોગ્ય મંત્રી : શ્રી નીતિનભાઇ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સિદ્ધિ : ખેલકૂદ

ડાંગ એક્સપ્રેસ દોડવીર સરિતા ગાયકવાડની ગુજરાત પોલીસમાં નાયબ પોલીસ અધિક્ષક-Dysp તરીકે સીધી નિમણૂક



✓ સરિતાને ૧૫ મહિનાની તાલીમ અપાશે

કારકિર્દી :

✓ ૧૮મી એશિયન ગેમ્સની ૪×૪૦૦ મીટર રિલે દોડમાં મેડલ વિજેતા

✓ વન પ્રદેશ ડાંગ જિલ્લા પૂર્વપટ્ટીના કરાડી આંબા ગામની ગરીબ પરિવારમાં જન્મ લેનાર સરિતા ગાયકવાડ મતલબ ભારતની ગોલ્ડન ગર્લ ડાંગ એક્સપ્રેસ એક સામાન્ય પરિવારથી ભારતને ગોલ્ડ અપાવવાની લાંબી સફર કરી હવે ગુજરાતની કાયદો વ્યવસ્થાને મજબુત બનાવવાના સફર શરૂ કરશે.

✓ ગૃહ વિભાગ, ગુજરાત સરકાર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. સુપ્રીમ કોર્ટ : નિશ્ચિત સમયમાં ચાર્જશીટ ન થાય તો આરોપીને જામીન મેળવવાનો મૂળભૂત અધિકાર (કાયદો)



ચુકાદાના મહત્વના તથ્યો :

✓ CRPCની કલમ ૧૬૭ મુજબ આરોપીને કરવામાં આવનાર સજા ૧૦ વર્ષની હોય કે આજીવન કેદની હોય તો તપાસ સંસ્થાએ ૯૦ દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવી પડશે જ્યારે કેદની સજાનો ગાળો ૧૦ વર્ષથી ઓછો હોય તો ૬૦ દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવી પડશે.

✓ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવ્યા પહેલાં ૯૦ દિવસનો સમયગાળો પૂરો થયા પછી જો ડિફોલ્ટ જામીન માટેની અરજી કરવામાં આવી હોય તો તેવા સંજોગોમાં ડિફોલ્ટ જામીનનાં અધિકાર પૂરા થઈ જાય છે.

સ્પેશિયલ કાયદા હેઠળ ૧૮૦ દિવસમાં ચાર્જશીટ થઇ શકે

✓ UAPA જેવા સ્પેશિયલ કાયદા હેઠળનાં કેસમાં તપાસ સંસ્થા દ્વારા ચાર્જશીટ ફાઈલ

કરવાનો સમયગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવી શકાય છે.

- ✓ આવા સંજોગોમાં જો નક્કી કરેલી મુદતમાં તપાસ સંસ્થા ચાર્જશીટ ફાઈલ ન કરે તો આરોપી ડિફોલ્ટ જામીન મેળવવાને પાત્ર છે.
- ✓ કોર્ટે આ સંદર્ભમાં હત્યાનાં આરોપી બિક્રમસિંહનાં જામીન ફગાવતા પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટનાં આદેશને પડકારતી અપીલને માન્ય રાખી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કોરોના રસી વિતરણ અંગે નવીન વૈશ્વિક પહેલ (આરોગ્ય)

કોવાક્સ : ભેદભાવ વિના કોરોનાની રસી તમામ માટે ઉપલબ્ધ કરાવવા ભારત સહિત ૧૮૪ દેશોનું જોડાણ



- ✓ કોવાક્સ : કોવિડ-૧૯ વેક્સિન્સ ગ્લોબલ એક્સપ્રેસ ફેસિલિટી

કોવાક્સની રચના કોણે કરી?

- ✓ વિશ્વ આરોગ્ય સંગઠન, ગાવી અને સીઈપીઆઈ નામની સંસ્થાઓએ કોરોનાની રસી તમામ લોકો માટે ઉપલબ્ધ કરાવવા સંયુક્ત રીતે એક યોજના તૈયાર કરી.
- ✓ આ યોજનાને કોવાક્સનું નામ આપવામાં આવ્યું છે. જેનું પૂરું નામ કોવિડ-૧૯ વેક્સિન્સ ગ્લોબલ એક્સેસ ફેસિલિટી છે.
- ✓ વિશ્વ આરોગ્ય સંગઠનનું કહેવું છે કે, તમામ લોકો માટે રસી ઉપલબ્ધ કરાવવાથી આરોગ્ય વ્યવસ્થાને સ્થિર કરવામાં મદદ મળશે. જેનાથી એકંદરે વૈશ્વિક સ્તરે અર્થતંત્રને ફરી મજબૂત કરવાના પ્રયાસોમાં સહાય મળશે.
- ✓ કોવાક્સમાં જોડાનારા નવા દેશોમાં એક્વાડોર અને ઉરુગ્વે સામેલ.

કેવી રીતે કામ કરે છે ?

- ✓ કોવાક્સ નવી રસી માટે રોકાણ કરીને તેમજ ફાર્માસ્યુટિકલ કંપનીઓ સાથે કિંમતોમાં વાટાઘાટો કરીને નવી રસીના સંશોધન અને વિકાસમાં સહાયરૂપ થાય છે.
- ✓ **૨૦૨૧ના અંત સુધીમાં બે અબજ ડોઝ તૈયાર કરીને લોકો માટે ઉપલબ્ધ કરાવવાનો કોવાક્સનો લક્ષ્યાંક છે.**
- ✓ આ રીતે મોટી સંખ્યામાં દેશોમાંથી એકત્રિત ભંડોળથી રસીના ઉત્પાદનની શરૂઆતમાં થતા ખર્ચને પહોંચી વળવામાં રસીના ઉત્પાદકોને મદદ મળે છે.
- ✓ તમામ સંશાધનોને એકત્રિત કરવાથી રસી ઝડપથી તૈયાર કરવાનો ઉદ્દેશ રહેલો છે.

કોવાક્સમાં ભારતીય કંપનીઓનું યોગદાન

- ✓ કોવાક્સમાં ભારતીય ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓનું પણ નોંધપાત્ર યોગદાન છે.
- ✓ કોવાક્સ હેઠળ ભારતીય કંપની હિન્દુસ્તાન સીરિન્જીસ એન્ડ મેડિકલ ડિવાઇસીસ લિમિટેડને ૧૪ કરોડ ઓટો ડિસ્પોઝેબલ સીરિન્જનો ઓર્ડર આપવામાં આવ્યો હતો.
- ✓ જેમાંથી અત્યાર સુધીમાં ૫.૬૦ કરોડ સીરિન્જ પહેલાંથી જ મોકલી દેવામાં આવી
- ✓ કોવાક્સ હેઠળ પૂણે સ્થિત સિરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા દ્વારા એની રસીનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.
- ✓ આ કંપનીએ જણાવ્યું હતું કે, એ રસીનો વધુ ૧૦ કરોડ ડોઝ તૈયાર કરશે. આ સાથે જ આ કંપની દ્વારા કુલ ૨૦ કરોડ ડોઝ તૈયાર કરાશે. એક ડોઝની કિંમત ત્રણ ડોલર રહેશે.

૨ અબજ ડોલરના લક્ષ્યાંક સામે માત્ર ૭૦ કરોડ ડોલર એકત્રિત થઈ શક્યા

- ✓ કોવાક્સ માટે શરૂઆતમાં બે અબજ ડોલરનું ભંડોળ ઊભું કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જોકે, એની સામે માત્ર ૭૦ કરોડ ડોલર જ એકત્રિત થઈ શક્યા છે.
- ✓ જેમાં સરકારો સિવાય ખાનગી ક્ષેત્રોમાંથી પણ મેળવવામાં આવેલું ભંડોળ સામેલ છે.
- ✓ કોવાક્સમાં હજી સુધી અમેરિકા, રશિયા, બેલારૂસ, કર્ગીસ્તાન, મલેશિયા તેમજ અન્ય કેટલાક નાના દેશો જોડાયા નથી.
- ✓ જેના લીધે વધુ ભંડોળ એકત્ર કરવાના પ્રયાસો પર અસર થઈ રહી છે.

યુરોપ સહાયમાં અગ્રેસર

- ✓ અમેરિકા કોવાક્સમાંથી નીકળી ગયા બાદ યુરોપિયન યુનિયન દેશો આ પહેલમાં અગ્રેસર રહ્યા છે.
- ✓ યુરોપિયન યુનિયન દેશોએ આ પહેલ માટે ૧૬ અબજ યૂરોનું ભંડોળ ફાળવ્યું છે.
- ✓ કોવાક્સમાં સામેલ હોવા છતાં ફ્રાન્સ અને જર્મનીએ તેમના દેશોના લોકો માટે રસી મેળવવા કેટલીક ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓની સાથે જોડાણ કર્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : ૨૪ ઓક્ટોબર

મહારાજા : ગોંડલ નરેશ ભગવતસિંહ



જન્મ : ૨૪ ઓક્ટોબર ૧૮૬૫

અવસાન : ૯ માર્ચ ૧૯૪૪

- ✓ મહારાજા ભગવતસિંહજી સંગ્રામસિંહજી જાડેજા (ગોંડલના બાપુ)
- ✓ જન્મ : ૨૪ ઓક્ટોબર-૧૮૬૫,
- ✓ કારતક સુદ પાંચમ ધોરાજી
- ✓ અવસાન - ૯ માર્ચ ૧૯૪૪
- ✓ ઉપનામ :– ગોંડલ બાપુ
- ✓ માતા :– મોંઘીબા

- ✓ પિતા :– સંગ્રામસિંહ ભાણજી જાડેજા

<u>રાજ્યાભિષેક:–</u>

- ✓ ૨૫ ઓગસ્ટ ૧૮૬૯માં પિતા સંગ્રામજી બાપુનું અવસાન થતા ગોંડલની ગાદી પર બેઠા અને ત્યારબાદ ઈ.સ. ૧૮૮૪માં ગોંડલની સ્વતંત્ર સત્તા સંભાળી.

<u>અભ્યાસ :-</u>

- ✓ નવ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૮૭૫માં રાજકુમાર કોલેજમાં અભ્યાસ માટે દાખલ થયા.
- ✓ ૧૮૮૭–સ્કોટલેન્ડની એડિનબરો યુનિ.માંથી એલ.એલ.ડી (ડોકટરી અભ્યાસ)
- ✓ ૧૮૯૦–એડિનબરોમાંથી એમ.બી.સી.એમ અને એમ.આર.સી.પી.

<u>વ્યવસાય : રાજકર્તા</u>

- ✓ ૧૮૮૭માં સૌપ્રથમ ટેલીફોન લાઈન (દરબારગઢ થી હજૂર બંગલો) શરૂ કરી.
- ✓ ૧૮૯૫માં ફર્ગ્યુસન કોલેજ, પૂનાને દાન આપી ગોંડલ રાજ્યની સીટો ભવિષ્ય માટે રીઝર્વ કરાવી તથા ઓક્સફર્ડ યુનિવર્સીટીને પણ દાન આપ્યું.
- ✓ ૧૯૦૦માં ગોંડલ ગરાસીયા કોલેજની સ્થાપના કરી જે હાલ સંગ્રામજી હાઇસ્કુલ તરીકે ઓળખાય છે.
- ✓ ૧૯૧૯માં મફત અને ફરજીયાત શિક્ષણની શરૂઆત કરાવી.
- ✓ ૧૯૨૪માં ગોંડલમાં ઈલેક્ટ્રીસીટીનો પ્રારંભ કર્યો.
- ✓ ૧૯૩૪માં ગોંડલ કોઈપણ કરવેરા રહિતનું રાજ્ય બનાવ્યું.

<u>લોકોપયોગી કાર્યો –</u>

- ✓ પુલો, નિશાળો, રસ્તા, ધોરાજી અને ઉપલેટામાં જળી, ટ્રામની સગવડ; ગોંડલ, ધોરાજી અને ઉપલેટા દેશનાં શ્રેષ્ઠ શહેરો ગણાયા.
- ✓ ગોંડલ અને મોવિયા ગામને સાત ટાંકીમાંથી શુદ્ધ પાણી, ગોંડલમાં તે જમાનામાં અન્ડર ગ્રાઉન્ડ ગટર વ્યવસ્થા, અન્ડર ગ્રાઉન્ડ વીજળીનું પ્લાનીંગ અને રાજ્યનાં તમામ ગામડાંઓ ગોંડલ સાથે ટેલિફોનથી જોડાયેલાં હતાં,
- ✓ ૧૯૩૬માં વાઇસરોય લોર્ડ વિલિંગટનની ગોંડલ રાજ્ય ની મુલાકાત.

<u>વિશેષ પ્રદાન :-</u>

<u>વૃક્ષપ્રેમ</u>

- ✓ ગોંડલ સ્ટેટના રસ્તાઓની બંને બાજુએ અસંખ્ય વૃક્ષો વવડાવ્યાં હતાં,

<u>પુસ્તક પ્રકાશન</u>

- ✓ ૧૯૨૮માં કે.કા. શાસ્ત્રી અને અન્ય વિદ્વાનોને રાજ્યાશ્રય આપીને કોઇ પણ ભારતીય ભાષામાં ન હોય તેવા ભગવદ્ગોમંડલના કુલ નવ દળદાર ગ્રંથોના ૯૮૭૦ જેટલા વિશાળ પૃષ્ઠોમાં વિશ્વકોશ જેવી કક્ષાની ભારતીય સંસ્કૃતિની માહિતીનો સંગ્રહ.

<u>સન્માન :-</u>

- ✓ ૧૮૯૭માં મહારાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલીમાં કાઠીયાવાડના રાજાઓના પ્રતિનિધિતરીકે હાજરી અને GCIEનો ઇલકાબ

- ✓ ૧૯૧૫માં ૨૭ જન્યુઆરીમાં મહારાજાની હાજરીમાં ગોંડલ ખાતે રસશાળા ઔશધાલયમાં રાજવૈધ જીવનરામ કાલિદાસ શાસ્ત્રી અને આચાર્ય ચરણતીર્થ મહારાજ (ભુવનેશ્વરી પીઠ) દ્વારા ગાંધીજીને મહાત્માની પદવીથી નવાજ્યા હતા.
- ✓ ૧૯૩૪માં તેમના રાજ્યકાલના પચાસ વર્ષ પૂરા થતાં, પ્રજાએ પોતાના ખર્ચે તેમની સુવર્ણતુલા કરી, સોનું એકઠું કર્યું હતું જે જાહેર કામો માટે વાપરવામાં આવ્યું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં તારીખ 24 ઓક્ટોબર 2020ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગુજરાતમાં કઈ ત્રણ યોજનાઓનું ડિજિટલ ઇ-લોકાર્પણ કરાયું - **1.કિસાન સૂર્યોદય યોજના 2.વિશ્વનો સૌથી મોટો ગિરનાર ટેમ્પલ રોપ વે અને 3.ભારતની સૌથી મોટી હૃદય રોગ હોસ્પિટલ- અમદાવાદ**
2. કિસાન સૂર્યોદય યોજનામાં પ્રથમ તબક્કામાં કેટલાક ગામોને સમાવી લેવામાં આવ્યા છે - **1055**
3. કિસાન સૂર્યોદય યોજનામાં પ્રથમ તબક્કામાં કયા કયા જિલ્લા આવરી લેવાયા - **જુનાગઢ, ગીર સોમનાથ, પાટણ અને દાહોદ**
4. ગુજરાતના ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી આપવા તાજેતરમાં કઈ યોજનાનો પ્રારંભ કરાયો - **કિસાન સૂર્યોદય યોજના**
5. કિસાન સૂર્યોદય યોજના માટે ગુજરાત સરકારે ત્રણ વર્ષ માટે કુલ કેટલી રકમ ફાળવી છે - **રૂ. 3500 કરોડ**
6. વિશ્વના સૌથી મોટા ગિરનાર ટેમ્પલ રોપ-વેની લંબાઈ જણાવો - **2320 મીટર**
7. વિશ્વના સૌથી મોટા ગિરનાર ટેમ્પલ રોપ-વેની ઊંચાઇ જણાવો - **900 મીટર**
8. ભારતની સૌથી મોટી હૃદયરોગ હોસ્પિટલ કયા કેમ્પસમાં કેટલાના ખર્ચે તૈયાર કરવામાં આવી છે - **સિવિલ હોસ્પિટલ અમદાવાદ અને રૂ. 470 કરોડ**
9. ભારતની સૌથી મોટી હૃદય રોગ હોસ્પિટલ અમદાવાદમાં હાલમાં કેટલા બેડની સુવિધા ઉપલબ્ધ કરાવી છે – **450 (આગામી સમયમાં 1251 કરાશે)**
10. કેન્દ્રના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં કેટલા કરોડ સુધીની લોનના વ્યાજનું વ્યાજ માફ કરવાનો નિર્ણય કરાયો છે - **રૂ. બે કરોડ**
11. કેન્દ્રના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં લોનના વ્યાજનું વ્યાજ માફ કરવાનો નિર્ણય કરાયો છે તેમાં કયા સમયગાળા માટે લોન ધારકોને આ લાભ આપવામાં આવશે - **તા. 1 માર્ચથી 31 ઓગસ્ટ 2020**
12. કેન્દ્રના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં લોનના વ્યાજનું વ્યાજ માફ કરવાનો નિર્ણય કરાયો છે તેમાં કોને કોને આ યોજનાનો લાભ મળશે– **લોકડાઉન બાદ લોનધારકો માટે જાહેર કરાયેલા મોરેટોરિયમનો લાભ લેનાર અને નહીં લેનાર તમામ લોનધારકો**
13. કેન્દ્રના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં લોનના વ્યાજનું વ્યાજ માફ કરવાનો નિર્ણય કરાયો છે તેમાં કઈ કઈ પ્રકારની લોન સમાવી લેવામાં આવી છે - **હાઉસિંગ લોન, એજ્યુકેશન લોન, ક્રેડિટ કાર્ડની બાકી રકમ, ઓટોમોબાઇલ લોન, એમએસએમઇ લોન, કન્ઝ્યુમર ડ્યૂરેબલ લોન, કન્ઝમ્પશન લોન, પર્સનલ-પ્રોફેશનલ લોન**
14. તાજેતર ઓકટોબર-૨૦૨૦માં ગુજરાત સરકાર દ્વારા કેન્દ્રની કઈ યોજના હેઠળ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજનાનું એકત્રિકરણ કરાયુ - **આયુષ્યમાન ભારત**
15. રાજ્યમાં આયુષ્યમાન ભારત કાર્ડ સાથે આધાર કાર્ડ લઇને જનાર દર્દીઓને નિયત કરેલી હોસ્પિટલમાં કેટલા રૂપિયા સુધીની સારવાર વિનામૂલ્યે મળશે - **રૂ. ૫ લાખ**
16. ગુજરાતના વર્તમાન આરોગ્ય મંત્રીનું નામ જણાવો - **શ્રી નીતિનભાઇ પટેલ**

17. ગુજરાતની કઈ રમતવીર ભારતની ગોલ્ડન ગર્લ તથા ડાંગ એક્સપ્રેસ તરીકે ઓળખાય છે- **સરિતા ગાયકવાડ**
18. તાજેતર ઓકટોબર-૨૦૨૦માં રમતવીર સરિતા ગાયકવાડની ગુજરાત પોલીસમાં કયા પદ પર સીધી નિમણૂક કરવામાં આવી-**નાયબ પોલીસ અધિક્ષક-Dysp**
19. ગુજરાત પોલીસ દ્વારા રમતવીર સરિતા ગાયકવાડને Dysp તરીકે કેટલી તાલીમ અપાશે - **૧૫ મહિના**
20. સરિતા ગાયકવાડે કેટલામી એશિયન ગેમ્સની ૪×૪૦૦ મીટર રિલે દોડમાં મેડલ જીત્યો હતો - **૧૮મી**
21. સરિતા ગાયકવાડનુ જન્મ સ્થળ જણાવો - **ડાંગ જિલ્લાના કરાડી આંબા ગામે**
22. ઓકટોબર-૨૦૨૦ના સુપ્રીમ કોર્ટે નિશ્ચિત સમયમાં શું ન થાય તો આરોપીને જામીન મેળવવાનો મૂળભૂત અધિકાર રહે છે - **ચાર્જશીટ**
23. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે CRPCની કલમ ૧૬૭ મુજબ આરોપીને કરવામાં આવનાર સજા ૧૦ વર્ષની હોય કે આજીવન કેદની હોય તો તપાસ સંસ્થાએ કેટલા દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવી પડશે તેમ જણાવ્યું - ૯૦
24. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે CRPCની કલમ ૧૬૭ મુજબ આરોપીને કરવામાં આવનાર કેદની સજા અનુસાર સજાનો ગાળો ૧૦ વર્ષથી ઓછો હોય તો તપાસ સંસ્થાએ કેટલા દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવી પડશે તેમ જણાવ્યું - ૬૦
25. UAPA જેવા સ્પેશિયલ કાયદા હેઠળનાં કેસમાં તપાસ સંસ્થા દ્વારા ચાર્જશીટ ફાઈલ કરવાનો સમયગાળો કેટલા દિવસ સુધી લંબાવી શકાય છે - ૧૮૦
26. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે કયા કેસમાં તપાસ સંસ્થા દ્વારા નિશ્ચિત સમયમાં ચાર્જશીટ ન થાય તો આરોપીને જામીન મેળવવાનો મૂળભૂત અધિકાર રહે છે તેમ જણાવ્યું - **પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટનાં આદેશ સામે હત્યાનાં આરોપી બિકમસિંહનો કેસ**
27. ભેદભાવ વિના કોરોનાની રસી તમામ માટે ઉપલબ્ધ કરાવવા ભારત સહિત કેટલા દેશોનું જોડાણ થયુ – ૧૮૪
28. કોવાક્સ એટલે શું - **કોવિડ-૧૯ વેક્સિન્સ ગ્લોબલ એક્સપ્રેસ ફેસિલિટી**
29. કોવાક્સ યોજનાની રચના કોણે કરી છે – **ડબલ્યુએચઓ, ગાવી અને સીઈપીઆઈ**
30. વર્ષ ૨૦૨૧ના અંત સુધીમાં કોરોનાના કેટલા ડોઝ તૈયાર કરીને લોકો માટે ઉપલબ્ધ કરાવવાનો કોવાક્સનો લક્ષ્યાંક છે - **બે અબજ**
31. યુરોપિયન યુનિયન દેશોએ કોવાક્સ યોજના અંતર્ગત કેટલુ ભંડોળ ફાળવ્યું છે - **૧૬ અબજ યૂરો**
32. મહારાજા ભગવતસિંહજીનો જન્મદિવસ જણાવો- **24 ઓક્ટોબર 1865**
33. મહારાજા ભગવતસિંહજીનુ ઉપનામ જણાવો - **ગોંડલ બાપુ**
34. મહારાજા ભગવતસિંહજીએ કે કા શાસ્ત્રી જેવા વિદ્વાનો પાસે ભારતીય ભાષામાં તૈયાર કરાવેલ નવ ગ્રંથ નામે ઓળખાય છે - **ભગવદગોમંડલ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 25-10-2020



૧. ૭૦મી મન કી બાત : વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ૭૦મી મન કી બાત રજૂ કરાઈ



- ✓ દર માસના અંતિમ રવિવારે મન કી બાતનું આયોજન

મન કી બાતની હાઈલાઈટ્સ :

- ✓ મેક્સિકોના ઓહાકામાં ગ્રામીણ ખાદી વણી રહ્યાં છે, જે ઓહાકા ખાદીના નામે પ્રસિદ્ધ બની રહી છે.
- ✓ અમેરિકામાં આપણો મલખંભ લોકપ્રિય બની રહ્યો છે, દુનિયાના ૨૦ દેશમાં મલખંભ શીખવવામાં આવી રહ્યો છે.
- ✓ તુતુકુટ્ટીમાં એક વાળંદે દુકાનમાં જ લાઇબ્રેરી બનાવી છે જેથી લોકો પુસ્તકો વાંચી શકે
- ✓ મધ્યપ્રદેશના સિંગરોલીમાં પુસ્તકોની દેવી તરીકે ઓળખાતી શિક્ષાએ સ્કૂટીને જ લાઇબ્રેરી બનાવી છે.
- ✓ તા.૩૧ મીએ સરદાર પટેલની જન્મજયંતી છે, તેમણે દરેક ભારતીયના મનમાં વિવિધતામાં એકતાનો મંત્ર જગાવ્યો હતો.
- ✓ રાષ્ટ્રીય એકતાના પ્રયાસો જોવા માટે ekbharat.gov.in વેબસાઇટ જોવાનું રાખો
- ✓ મહર્ષિ વાલ્મીકિના હકારાત્મક વિચારો આજે પણ ન્યૂ ઇન્ડિયા માટે જરૂરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોવિડ-૧૯ રસી અભિયાન : ભારત સરકાર (આરોગ્ય)



✓ રસીના સ્ટોકને ડિજિટલ ટ્રેક કરવા eVINનો ઉપયોગ

વિગત :

✓ આ અભિયાનમાં રસીના સ્ટોકને ડિજિટલી ટ્રેક કરવા માટે ઘરઆંગણે વિક્સાવવામાં આવેલ ઇલેક્ટ્રોનિક વેક્સિન ઇન્ટેલિજન્સ નેટવર્ક (eVIN)નો ઉમેરો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, જે રસી અપાયા બાદ વ્યક્તિને પણ ટ્રેક કરશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. UNO : પરમાણુ શસ્ત્ર પ્રતિબંધક સમજૂતી (વૈશ્વિક શાંતિ)

૫૦ સભ્ય દેશો દ્વારા પરમાણુ શસ્ત્ર પ્રતિબંધક સમજૂતી પર હસ્તાક્ષર



વિગત :

✓ પરમાણુ શસ્ત્ર પ્રતિબંધક સમજૂતી પર ૫૦ દેશો હસ્તાક્ષર કરીને તેને માન્યતા આપી ચૂક્યા છે અને આગામી ૯૦ દિવસમાં તે અમલી બની જશે.

✓ પરમાણુ શસ્ત્ર વિરોધી કાર્યકર્તાઓએ સંયુક્ત રાષ્ટ્રની આ જાહેરાતને વધાવી લીધી છે, પરંતુ અમેરિકા સહિતની મુખ્ય પરમાણુ સત્તાઓએ તે સમજૂતી સામે વિરોધ નોંધાવ્યો છે.

✓ આ સમજૂતિ ઉપર ૪૯ સભ્ય દેશોએ હસ્તાક્ષર કરેલા હતા. હવે ૫૦મા દેશ હોન્ડારસ તરફથી પણ સમજૂતી પર હસ્તાક્ષર થયા છે.

✓ અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન અને ફ્રાન્સ તેમજ નાટો દેશો સમજૂતીનો વિરોધ કરી રહ્યા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિધન : ગુજરાતી ફિલ્મના અભિનેતા-ગાયક, ભાજપના પૂર્વ સાંસદ મહેશ કનોડિયાનું ૮૩ વર્ષે અવસાન



ગુજરાત સરકાર દ્વારા મહેશ કનોડિયાને મળેલા વિવિધ એવોર્ડ :

✓ (૧) શ્રેષ્ઠ સંગીત માટેનો એવોર્ડ ફિલ્મ જીગર અને અમી માટે (૧૯૭૦-૭૧) (સંગીતકાર તરીકે)

✓ (૨) શ્રેષ્ઠ સંગીત માટેનો એવોર્ડ ફિલ્મ તાનારીરી માટે (૧૯૭૪-૭૫) (સંગીતકાર તરીકે)

✓ (૩) દ્વિતીય શ્રેષ્ઠ ફિલ્મ માટેનો એવોર્ડ ફિલ્મ જોગ સંજોગ માટે (૧૯૮૦-૮૧) (નિર્માતા તરીકે)

✓ (૪) શ્રેષ્ઠ સંગીત માટેનો એવોર્ડ ફિલ્મ જોગ સંજોગ માટે (૧૯૮૦-૮૧) (સંગીતકાર તરીકે)

✓ (૫) શ્રેષ્ઠ પાર્શ્વગાયક માટેનો એવોર્ડ ફિલ્મ અખંડ ચૂડલો માટે (૧૯૮૧/૮૨)

✓ (૬) શ્રેષ્ઠ સંગીત માટેનો એવોર્ડ ફિલ્મ લાજુ લાખણ માટે (૧૯૯૧-૯૨) (સંગીતકાર તરીકે)

✓ જન્મસ્થળ : કનોડા જિ. પાટણ

✓ ગુજરાતી ફિલ્મ જગતમાં મહેશ-નરેશની જોડી તરીકે નામના

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. આસો સુદ દશમ : વિજયાદશમી ઉત્સવ



ભગવાન શ્રીરામે આજના દિવસે અસુર રાવણનો વધ કર્યો હતો જેના ભાગરૂપે વિવિધ સ્થળોએ રાવણ દહનના કાર્યક્રમ

✓ હેતુ : દશેરાએ સત્યનો અસત્ય ઉપર વિજય

✓ ભારતભરમાં વિવિધ સ્વરૂપે વિજયાદશમી પર્વની ઉજવણી

✓ ભારતીય પરંપરા મુજબ શસ્ત્રોનું પૂજન કરાય છે



✓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-RSSનો સ્થાપના દિવસ

✓ સ્થાપના : ૧૯૨૫, નાગપુર

✓ વર્તમાન સરસંઘચાલક : શ્રી ડૉ. મોહનજી ભાગવત

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 25 ઓક્ટોબર

રણજિતરામ વાવાભાઈ મહેતા

જન્મ : 25 ઓક્ટોબર 1881

અવસાન : 4 જૂન, 1917

✓ તેમનાં પિતા વાવાભાઈ અમદાવાદ મ્યુનસિપલ કમિટિમાં મુખ્ય ઈજનેર પદે હતા, આથી તેમનું પ્રાથમિક શિક્ષણ અમદાવાદ ખાતે જ થયું.



- ✓ સને. ૧૯૦૩માં તેમણે ગુજરાત કોલેજમાંથી આર્ટ્સમાં સ્નાતકની ઉપાધી મેળવી અને ત્યાં જ આઠ માસ સુધી સંશોધક તરીકે કાર્ય કર્યું.
- ✓ સને. ૧૯૦૬ થી ૧૯૧૭ દરમિયાન તેઓએ પ્રો. ગજ્જર અને ભાવનગર રાજ્યના દિવાન પ્રભાશંકર પટ્ટણીનાં અંગત મદદનિશ તરીકે કાર્ય કર્યું.
- ✓ સને. ૧૯૦૫માં તેઓએ ઉમરેઠ ખાતે ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં આચાર્ય તરીકે પણ સેવા આપી.
- ✓ સને. ૧૯૦૪માં તેઓએ ગુજરાતી સાહિત્ય સભા (જે આમ તો ૧૮૯૮માં તેમના દ્વારા સ્થપાયેલ "સોશિયલ એન્ડ લિટરરી એશોશિએશન"નું ફેર નામકરણ છે) અને ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના કરી.
- ✓ ૪ જૂન, ૧૯૧૭ના રોજ, મુંબઈના જુહુના સમુદ્રકાંઠે, સમુદ્રમાં ડુબી જવાથી તેમનું અવસાન થયું.
- ✓ <u>ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિનો સર્વોચ્ચ પુરસ્કાર, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, તેમનાં નામે અપાય છે</u>
- ✓ તેમના પુત્ર, અશોક મહેતા (૧૯૧૧-૧૯૮૪), ભારતનાં સ્વતંત્ર સેવાભાવી કર્મશીલ અને સમાજવાદી રાજનેતા હતા.

<u>સાહિત્ય સર્જન :</u>

- ✓ સાહિત્યના વિવિધ પ્રકારોનું ખેડાણ કરેલું હતું, જેમ કે, નવલકથા, નિબંધ, નાટક અને ટુંકી વાર્તાઓ. તેમની રચનાઓનો સંગ્રહ, "રણજિતકૃતિ સંગ્રહ", તેમનાં અવસાન પછી સને ૧૯૨૧માં કનૈયાલાલ મુનશીએ પ્રગટ કર્યો હતો.
- ✓ તેમનાં નિબંધોનો સંગ્રહ, "રણજિતરામના નિબંધો", પણ તેમનાં અવસાન પછી સને ૧૯૨૩માં પ્રકાશિત થયો હતો.
- ✓ સને ૧૯૮૨માં, તેમની જન્મ શતાબ્દિ નિમિત્તે, ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા તેમનાં સંપૂર્ણ કાર્યો, રચનાઓનો સંગ્રહ, "રણજિતરામ ગદ્યસંચય ૧-૨", પ્રકાશિત કરાયા હતા. ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા "રણજિતરામ વાવાભાઈ અને તેમનું સાહિત્ય" નામક ગ્રંથ પ્રગટ કરાયો છે.
- ✓ તેમની "એહમદ રૂપાંદે" (૧૯૦૮) નામની રચના એક હિન્દુ છોકરી અને મુસ્લિમ છોકરા વચ્ચેની પ્રેમકથા છે. તેમણે એકઠાં કરેલાં ૧૩૪ જેટલાં લોકગીતોના સંગ્રહનું ઈ.સ.૧૯૨૨માં "લોકગીતો" નામથી પ્રકાશન થયું.
- ✓ સને ૧૯૦૫માં તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે પ્રગટ કરેલા એક સંશોધન પત્ર દ્વારા ગુજરાતી લોકરચનાઓ માટે

"લોકગીત" અને "લોકકથા" એવા બે નવા શબ્દો આપ્યા હતા.

- ✓ ગુજરાતની અસ્મિતા શબ્દસમૂહની રચનાનું શ્રેય રણજીતરામ મહેતાને ફાળે જાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૧૦-૨૦૨૦)

1. તાજેતર ઓક્ટોબરના અંતમાં વડાપ્રધાનશ્રી દ્વારા કેટલામી "મન કી બાત"ની આવૃત્તિ યોજાઇ - **70મી**
2. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા "મન કી બાત" ક્યારે યોજવામાં આવે છે - **દર માસના અંતિમ રવિવારે**
3. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં મેક્સિકોના કયા વિસ્તારમાં ગ્રામીણ ખાદી પ્રસિદ્ધ બની રહી છે તેની વાત કરી હતી - **ઓહાકા ખાદી**
4. ભારતની અખાડાની કઈ રમત અત્યારે અમેરિકા સહિત 20 દેશોમાં શીખવાડવામાં આવે છે - **મલખંભ**
5. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં રાષ્ટ્રીય એકતાના જોવા માટે કઈ વેબસાઈટ જોવાનો યુવાનોને અનુરોધ કર્યો હતો - **ekbharat.gov.in**
6. Covid-19 રસી અભિયાન અંતર્ગત ભારતમાં રસીના સ્ટોકને ડિજિટલ ટ્રેક કરવા શાનો ઉપયોગ કરાશે-**eVIN**
7. eVINનું વિસ્તૃત નામ જણાવો - **ઇલેક્ટ્રોનિક વેક્સિન ઈન્ટેલિજન્ટ નેટવર્ક**
8. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સના ભારત સહિત કેટલા દેશો વચ્ચે વૈશ્વિક શાંતિ માટે કઈ સમજૂતી ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે - **50 દેશ અને પરમાણુ શસ્ત્ર પ્રતિબંધક સમજૂતી**
9. તાજેતરમાં "પરમાણુ શસ્ત્ર પ્રતિબંધક સમજૂતી" ઉપર હસ્તાક્ષર કરાયા તેનો અમલ આગામી કેટલા દિવસમાં કરવામાં આવશે - **90 દિવસ**
10. તાજેતર ઓકટોબરમાં કયા ગુજરાતી અભિનેતા અને ગાયકનું ૮૩ વર્ષે અવસાન થયુ - **મહેશ કનોડિયા**
11. તાજેતર ઓકટોબરમાં અવસાન પામનાર મહેશ કનોડિયાનું જન્મ સ્થળ જણાવો - **કનોડા જિ. પાટણ**
12. ગુજરાતી ફિલ્મોમાં મહેશ-નરેશની જોડી તરીકે ઓળખાતી સંગીત બેલડીનું આખુ નામ જણાવો – **નરેશ કનોડિયા અને મહેશ કનોડિયા**
13. ગુજરાત સરકાર દ્વારા મહેશ કનોડિયાને વર્ષ ૧૯૭૦-૭૧માં ફિલ્મ જીગર અને અમી માટે કયો એવોર્ડ મળ્યો હતો - **શ્રેષ્ઠ સંગીત માટેનો એવોર્ડ**
14. ગુજરાત સરકાર દ્વારા મહેશ કનોડિયાને વર્ષ ૧૯૭૪-૭૫માં ફિલ્મ જીગર અને અમી માટે કયો એવોર્ડ મળ્યો હતો - **શ્રેષ્ઠ સંગીત માટેનો એવોર્ડ**
15. ગુજરાત સરકાર દ્વારા મહેશ કનોડિયાને વર્ષ ૧૯૮૦-૮૧માં કઈ ફિલ્મના નિર્માતા માટે દ્વિતીય શ્રેષ્ઠ ફિલ્મ માટેનો એવોર્ડ મળ્યો હતો - **જોગ સંજોગ**
16. ગુજરાત સરકાર દ્વારા મહેશ કનોડિયાને વર્ષ ૧૯૮૦-૮૧માં ફિલ્મ જોગ સંજોગ માટે કયો એવોર્ડ મળ્યો હતો - **શ્રેષ્ઠ સંગીત માટેનો એવોર્ડ**
17. ગુજરાત સરકાર દ્વારા મહેશ કનોડિયાને વર્ષ ૧૯૮૧-૮૨માં કઈ ફિલ્મ માટે શ્રેષ્ઠ પાર્શ્વગાયક માટેનો એવોર્ડ મળ્યો હતો - **અખંડ ચૂડલો**
18. ગુજરાત સરકાર દ્વારા મહેશ કનોડિયાને વર્ષ ૧૯૯૧-૯૨માં ફિલ્મ લાજુ લાખણ માટે કયો એવોર્ડ મળ્યો હતો - **શ્રેષ્ઠ સંગીત માટેનો એવોર્ડ**
19. આસો સુદ દશમ ભારત ભરમાં કયા દિવસ તરીકે ઉજવાય છે - **વિજયાદશમી**
20. ભગવાન શ્રીરામે કયા દિવસે અસુર રાવણનો વધ કર્યો હતો – **આસો સુદ દશમ**
21. ભારતભરમાં વર્ષમાં એકવાર કયા દિવસે પરંપરાગત રીતે શસ્ત્રોનું પૂજન કરવામાં આવે છે – **વિજયાદશમી**
22. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-RSSનો સ્થાપના દિવસ અને વર્ષ જણાવો – **વિજયાદશમી તથા ૧૯૨૫**
23. સાહિત્યકાર રણજિતરામ વાવાભાઇ મહેતાનો જન્મ દિવસ જણાવો - **25 ઓક્ટોબર 1881, સુરત**
24. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સાહિત્યમાં પ્રદાન બદલ કયો શ્રેષ્ઠ પુરસ્કાર આપવામાં આવે છે - **રણજિતરામ સુવર્ણચંદ્રક**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. ટુ પ્લસ ટુ મંત્રણા (વિદેશ નીતિ)

ભારત અને અમેરિકાનાં વિદેશ તથા સંરક્ષણ પ્રધાન વચ્ચે નવી દિલ્હીમાં ટુ પ્લસ ટુ મંત્રણા યોજાશે



મંત્રણા વિશે :

✓ ઈન્ડો-પેસિફિક તેમજ ભારતીય ઉપખંડમાં ચીન દ્વારા વધી રહેલા વિસ્તારવાદનો સામનો કરવા ચીન મુદ્દે ચર્ચા કરવા અમેરિકાનાં વિદેશપ્રધાન માઈક પોમ્પિયો તેમજ સંરક્ષણપ્રધાન માર્ક એસ્પર તા. ૨૬મી ઓકટોબરથી ભારતની મુલાકાતે.

✓ ભારત અને અમેરિકાનાં વિદેશપ્રધાન અને સંરક્ષણપ્રધાન વચ્ચે તા. ૨૭મી ઓકટોબરે ટુ પ્લસ ટુ મંત્રણા યોજાશે.

✓ પોમ્પિયો અને કેસ્પર ભારતનાં વિદેશપ્રધાન એસ જયશંકર તેમજ સંરક્ષણપ્રધાન રાજનાથસિંહ સાથે મંત્રણા કરશે.

મંત્રણાનો મુખ્ય એજન્ડા

બંને દેશનાં નેતાઓ વચ્ચેની મંત્રણામાં ખાસ કરીને ચાર મુદ્દાઓ પર ભાર મુકાશે.

1. પ્રાદેશિક સુરક્ષા સહયોગ,
2. ડિફેન્સ ઈન્ફર્મેશનની આપ- લે
3. લશ્કરી બાબતો અને માહિતીનું આદાન પ્રદાન,
4. ડિફેન્સ ટ્રેડને લગતા મુદ્દા.

અગાઉ ક્યાં-કયારે ટુ પ્લસ ટુ મંત્રણા યોજાઈ

✓ બંને દેશો વચ્ચે પહેલી ટુ પ્લસ ટુ મંત્રણા નવી દિલ્હીમાં સપ્ટેમ્બર ૨૦૧૮માં અને બીજી ૨૦૧૯માં વોશિંગ્ટન ડીસીમાં યોજાઈ હતી.

USA

✓ વિદેશ પ્રધાન : માઈક પોમ્પિયો

✓ USA સંરક્ષણ પ્રધાન : માર્ક એસ્પર

ભારત

- ✓ વિદેશ પ્રધાન : શ્રી એસ. જયશંકર
- ✓ સંરક્ષણ પ્રધાન : શ્રી રાજનાથ સિંહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. iRIS : ગુજરાતના મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલે iRIS સિસ્ટમ લોન્ચ કરી (મહેસૂલ)



iRIS સિસ્ટમ વિશે :

- ✓ મહેસૂલ અધિકારીઓ દ્વારા તમામ પ્રકારની મહેસૂલી પરવાનગીઓ, હકપત્રકની નોંધો અને મહેસૂલી કેસોની તપાસ પણ ઓનલાઈન થશે.
- ✓ મહેસૂલમાં તપાસની કામગીરી ઓનલાઈન કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય.

iORA પોર્ટલ વિશે :

- ✓ iORA પોર્ટલથી નાગરિકો માટે બિનખેતી, પ્રીમિયમ અને બોનાફાઈડ જેવી પરવાનગી પહેલાથી ઓનલાઈન ઉપલબ્ધ. વારસાઈ નોંધ, સુધારા હુકમ, જમીન માપણી જેવી ૨૭ વિવિધ સેવાઓ પણ સિંગલ વિન્ડો સિસ્ટમથી કાર્યરત છે.
- ✓ iRIS: ઇન્ટિગ્રેટેડ રેવન્યૂ ઇન્સ્પેક્શન સિસ્ટમ, ગાંધીનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સિંદુર ખેલાની : પશ્ચિમ બંગાળ (ઉત્સવ)

- ✓ દેશમાં સિંદુર ખેલાની ઉજવણી સાથે દુર્ગાપૂજાની પૂર્ણાહુતિ



મહત્વ :

- ✓ દેશભરમાં બંગાળી સમુદાય દ્વારા અને જ્યાં જ્યાં દુર્ગાપૂજા થાય છે તેવા તમામ સ્થળોએ સિંદુર ખેલાની ઉજવણી સાથે દુર્ગાપૂજાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.
- ✓ દુર્ગામાતાને સિંદુર અર્પણ કર્યા બાદ સ્ત્રીઓ એબીજાને સિંદુર લગાવીને શુભેચ્છા પાઠવે છે. ત્યારબાદ દુર્ગામાતાની મૂર્તિને નદી અથવા દરિયામાં વિસર્જિત કરવામાં આવે છે.
- ✓ લાંબા સૌભાગ્યની પ્રાપ્તિ માટે સ્ત્રીઓ દ્વારા આ પરંપરાગત ઉજવણી કરવામાં આવે છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ઈન્ડિયા એનર્જી ફોરમ (ઊર્જા)



વડાપ્રધાન મોદીના સંબોધનના મહત્વના અંશો

- ✓ વર્ષ ૨૦૨૨ સુધીમાં અક્ષય ઊર્જાના લક્ષ્યને પહોંચી વળવા માટે દેશ યોગ્ય માર્ગ પર છે.
- ✓ વર્ષ ૨૦૨૨ સુધીમાં તેની ઇલેક્ટ્રિસિટી ગ્રીડમાં ૧૭૫ ગિગાવોટ અક્ષય ઊર્જાનો ઉમેરો કરવાનું લક્ષ્ય છે જેને સિદ્ધ કરવા માટે દેશ યોગ્ય માર્ગ પર છે, ક્લાઇમેટ ચેન્જ સામેની લડાઇને ભારત જાળવી રાખશે.
- ✓ ઊર્જાના સંરક્ષણ માટે પાછલા છ વર્ષ દરમિયાન ૧૧ મિલિયનથી વધારે સ્માર્ટ એલઇડી સ્ટ્રીટ લાઇટ્સ ઇન્સ્ટોલ કરવામાં આવી છે. તેને કારણે દર વર્ષે અંદાજે ૬૦ બિલિયન યુનિટ્સની બચત થઈ છે.
- ✓ ગ્રીનહાઉસ ગેસ એમિશનમાં અંદાજે ૪.૫ કરોડ ટન ઘટાડો થયો હતો.
- ✓ ઓઈલ કંપનીના CEO સાથે વડાપ્રધાન શ્રી મોદીની વીડિયો કોન્ફરન્સ.

અક્ષય ઊર્જાના સર્જનના મોરચે ભારત સૌથી વધારે સક્રિય દેશોમાંનો એક દેશ

- ✓ ભારતની ઊર્જા યોજનાનો લક્ષ્ય ઊર્જા ન્યાયની ખાતરી કરવાનો છે.
- ✓ ટકી શકે તેવા લક્ષ્ય માટેની વૈશ્વિક પ્રતિબદ્ધતાના સંપૂર્ણ પાલન સાથે તેને સુરક્ષિત કરાશે.
- ✓ અક્ષય ઊર્જાના સર્જનના મોરચે ભારત સૌથી વધારે સક્રિય દેશોમાંનો એક દેશ છે.
- ✓ આત્મ નિર્ભર ભારત વૈશ્વિક અર્થતંત્ર માટે વેગને વધારનારું હશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નવતર પહેલ : કામગીરીનું યુ-ટયૂબ પર જીવંત પ્રસારણ કરનાર ગુજરાત હાઈકોર્ટ દેશની પ્રથમ કોર્ટ બની (કાયદો-ટેકનોલોજી)



કુલ-૫ કેસની સુનાવણીનું યુ-ટયૂબ પર જીવંત પ્રસારણ

અમલનો પ્રારંભ: તા.૨૬મી ઓકટોબર-૨૦૨૦

- ✓ ચીફ જસ્ટિસ : વિક્રમનાથ
- ✓ ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કેન્દ્રીય કર્મચારીઓના સેવા નિયમમાં સુધારા (વહીવટ)

નવા સુધારા :

(૧) એકલા હાથે બાળકનો ઉછેર કરતાં સિંગલ પેરેન્ટ પુરુષોને ચાઈલ્ડ કેર લિવ મળશે (CCL)

(૨) લિવ ટ્રાવેલ એલાઉન્સનો પણ લાભ લઈ શકશે

✓ આ જોગવાઈમાં અમુક છૂટ આપતાં જે સીસીએલ પર જવા માગે છે તેમને પહેલાથી અપ્રૂવલ અપાઈ રહી છે. સાથે જ એ કર્મચારી લીવ ટ્રાવેલ એલાઉન્સનો લાભ થઈ શકે છે. પહેલા વર્ષે સંપૂર્ણ પેઈડ લીવને સીસીએલ તરીકે વાપરી શકાશે.

(3) દિવ્યાંગ બાળકોની દેખરેખ માટે નવા નિયમ

✓ હવે દિવ્યાંગ બાળકોની દેખરેખ માટે કોઈ સરકારી કર્મચારી ગમે ત્યારે સીસીએલ લઈ શકે છે.

✓ પહેલા તેના માટે બાળકોની મહત્તમ વયમર્યાદા 22 વર્ષ નક્કી હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ભારત-અમેરિકા સંબંધો : બંને દેશો વચ્ચે 2+2 મંત્રણામાં 'બેકા' કરારની શકયતા

✓ BECA-બેકા : બેઝિક એક્સચેન્જ એન્ડ કો-ઓપરેશન એગ્રીમેન્ટ



બેકાનું મહત્વ શું છે

✓ 'બેકા' કરાર થતાં ભારત યુદ્ધ વખતે અમેરિકાના જિયો મેપનો ઉપયોગ કરી શકશે. એટલું જ નહીં, તેનાથી સર્જિકલ સ્ટ્રાઈક જેવાં ઓપરેશનમાં પણ ઘણી મદદ મળશે.

ભારત અને અમેરિકા વચ્ચે લશ્કરી અને વ્યુહાત્મક સહિતના વિવિધ કરાર.

GSOMIA 2002

✓ જનરલ સિક્યુરિટી ઓફ મિલિટરી ઈન્ફર્મેશન એગ્રીમેન્ટ અમેરિકાની કંપનીઓ અને ભારત સરકાર વચ્ચે આદાન-પ્રદાન

LEMOA 2016 :

✓ લોજિસ્ટિક એક્સચેન્જ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ એકબીજીના લશ્કરીમથકો વાપરવા માટે જે અંતર્ગત ભારતના

લશ્કરી મથક પર અમેરિકી વિમાનને તાજેતરમાં જ બળતણ ભરી અપાયું હતું.

COMCASA 2018

- ✓ કમ્યુનિકેશન કમ્પિટેબિલિટી એન્ડ સિક્યુરિટી એગ્રીમેન્ટ લશ્કરી ટેકનોલોજીના ખરીદ-વેચાણ માટે કેમ કે ભારત અમેરિકા પાસેથી મોટે પાયે લશ્કરી સામગ્રી ખરીદે છે.

BECA 2020

- ✓ ધ બેઝિક એક્સચેન્જ એન્ડ કોઓપરેશન એગ્રીમેન્ટ સેટેલાઈટ તસવીરો સહિતની વ્યૂહાત્મક લશ્કરી માહિતીના આદાન-પ્રદાન કરી શકાશે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. આત્મકથા : 'અ રોડ વેલ ટ્રાવેલ્ડ'

- ✓ લેખક : CBIના પૂર્વ વડા : આર.કે.રાઘવન



- ✓ ગુજરાતમાં વર્ષ ૨૦૦૨માં થયેલા રમખાણો બાદ સુપ્રિમ કોર્ટ દ્વારા SITની રચના કરાઈ હતી તેના અધ્યક્ષ આર.કે. રાઘવનની આત્મકથા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. NASA : જાહેરાત (અવકાશ વિજ્ઞાન)

ચંદ્ર પર આપણી કલ્પના કરતાં વધારે પાણી – તેનો ઉપયોગ અવકાશયાત્રીઓ કરી શકશે



- ✓ **ખાસ :** પાણી બરફના કણોના સ્વરૂપે ઉપલબ્ધ
- ✓ પાણીની હાજરીના સૌપ્રથમ પુરાવા ૨૦૦૯માં ભારતના ચંદ્રયાને આપ્યા હતા, ૪૦ હજાર ચો.કિ.મી. વિસ્તારમાં પાણી બરફની સંભાવના
- ✓ NASA : નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેશ એડમિનિસ્ટ્રેશન-USA
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં 2+2 મંત્રણા કયા બે દેશો વચ્ચે ક્યાં યોજાઈ - **ભારત અને અમેરિકા, નવી દિલ્હી**
2. -તાજેતરમાં 2+2 મંત્રણા કયા કયા વિભાગના પ્રધાનો વચ્ચે યોજાઇ - **વિદેશ અને સંરક્ષણ પ્રધાન**

3. તાજેતરમાં 2+2 મંત્રણામાં ભાગ લેવા માટે અમેરિકાના કયા વિદેશ મંત્રી અને વિદેશ પ્રધાન ભારત પ્રવાસે હતા - **માઈક પોમ્પિયો અને માર્ક એસ્પર**
4. તાજેતરમાં 2+2 મંત્રણા ભારતમાં કઈ તારીખે યોજાઇ - **27 ઓક્ટોબર 2020**
5. તાજેતરમાં યોજાયેલી 2+2 મંત્રણાના મુખ્ય ચાર એજન્ડા જણાવો - **૧. પ્રાદેશિક સુરક્ષા સહયોગ, ૨. ડિફેન્સ ઈન્ફર્મેશનની આપ- લે, ૩. લશ્કરી બાબતો અને માહિતીનું આદાન પ્રદાન અને ૪. ડિફેન્સ ટ્રેડને લગતા મુદ્દા**
6. ભારત અને અમેરિકા વચ્ચે પ્રથમ 2+2 મંત્રણા કયા વર્ષે અને ક્યાં યોજાઇ હતી - **2018 અને નવી દિલ્હી**
7. ભારતના વિદેશ મંત્રી અને સંરક્ષણ પ્રધાનનું નામ જણાવો - **એસ. જયશંકર અને રાજનાથસિંહ**
8. તાજેતર ઓક્ટોબર 2020માં ગુજરાતમાં તમામ પ્રકારની મહેસૂલી પરવાનગીઓ, હકપત્રની નોંધો અને મહેસૂલી કેસોની તપાસ ઓનલાઇન કરવા નવી સિસ્ટમ લોન્ચ કરાઈ - **iRIS**
9. iRISનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટિગ્રેટેડ રેવન્યુ ઇન્સ્પેક્શન સિસ્ટમ**
10. મહેસૂલમાં તપાસની કામગીરી ઓનલાઇન કરનાર ભારતનું પ્રથમ રાજ્ય જણાવો - **ગુજરાત**
11. ગુજરાતના વર્તમાન મહેસૂલ મંત્રીનું નામ જણાવો - **શ્રી કૌશિકભાઈ પટેલ**
12. ગુજરાતમાં iORA પોર્ટલ ઉપર કેટલી નાગરિક સેવાઓ સિંગલ વિન્ડો સિસ્ટમથી કાર્યરત છે - **27**
13. ભારતભરમાં દુર્ગા પૂજાની પુર્ણાહૂતી કયા ઉત્સવથી કરવામાં આવે છે - **સિંદુર ખેલા**
14. સિંદુર ખેલાની ઉજવણી ખાસ કરીને કયા પ્રદેશમાં કરવામાં આવે છે- પશ્ચિમ બંગાળ
15. તાજેતરમાં 26 ઓક્ટોબરે કેટલામી "ઇન્ડિયા એનર્જી ફોરમ"ની બેઠક યોજાઇ - **4th**
16. તાજેતરમાં "ઇન્ડિયા એનર્જી ફોરમ"ની બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંબોધન મુજબ વર્ષ 2022 સુધીમાં ભારતની ઇલેક્ટ્રિસિટી ગ્રીડમાં કેટલા ગિગા વોટ અક્ષય ઊર્જાનો ઉમેરો કરવાનું લક્ષ્ય નક્કી કરાયું છે - **175**
17. ભારતમાં ગ્રીન હાઉસ ગેસ એમિશનમાં અંદાજે કેટલા કરોડ ટનનો ઘટાડો થયો છે - **4.5 કરોડ ટન**
18. તા.૨૬મી ઓકટોબર-૨૦૨૦ના રોજ કોર્ટ કામગીરીનું યુ-ટયૂબ પર જીવંત પ્રસારણ કરનાર કઈ હાઈકોર્ટ દેશની પ્રથમ કોર્ટ બની - **ગુજરાત હાઈકોર્ટ**
19. તા.૨૬મી ઓકટોબર-૨૦૨૦ના રોજ ગુજરાત હાઈકોર્ટે કુલ કેટલા કેસની સુનાવણીનું યુ-ટયૂબ પર જીવંત પ્રસારણ કર્યું હતુ – **પાંચ**
20. ગુજરાત હાઈકોર્ટના વર્તમાન ચીફ જસ્ટિસનું નામ જણાવો - **વિક્રમનાથ**
21. ઓકટોબર-૨૦૨૦માં કેન્દ્રીય કર્મચારીઓના સેવા નિયમમાં કયા ત્રણ સુધારા કરાયા - **(૧) એકલા હાથે બાળકનો ઉછેર કરતાં સિંગલ પેરેન્ટ પુરૂષોને ચાઈલ્ડ કેર લિવ મળશે (CCL), (૨) લિવ ટ્રાવેલ એલાઉન્સનો પણ લાભ લઈ શકશે (૩) દિવ્યાંગ બાળકોની દેખરેખ માટે નવા નિયમ**
22. BECA કરારનું વિસ્તૃત નામ જણાવો - **બેઝિક એક્સચેન્જ એન્ડ કો-ઓપરેશન એગ્રીમેન્ટ**
23. ભારત માટે 'બેકા' કરારનું મહત્વ જણાવો - **ભારત યુદ્ધ વખતે અમેરિકાના જિયો મેપનો ઉપયોગ કરી શકશે તથા સર્જિકલ સ્ટ્રાઈક જેવાં ઓપરેશનમાં મદદ મળશે**
24. ભારત-અમેરિકા વચ્ચેના GSOMIA કરારનું વિસ્તૃત નામ જણાવો - **જનરલ સિક્યુરિટી ઓફ મિલિટરી ઈન્ફર્મેશન એગ્રીમેન્ટ**
25. ભારત-અમેરિકા વચ્ચેનો GSOMIA-૨૦૦૨ કરાર શું છે - **અમેરિકાની કંપનીઓ અને ભારત સરકાર વચ્ચે આદાન-પ્રદાન અંગે**
26. ભારત-અમેરિકા વચ્ચેના LEMOA કરારનું વિસ્તૃત નામ જણાવો – **લોજિસ્ટિક એક્સચેન્જ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ**
27. ભારત-અમેરિકા વચ્ચેના LEMOA-૨૦૧૬ કરાર શું છે - **એકબીજીના લશ્કરીમથકો વાપરવા અંગે**
28. ભારત-અમેરિકા વચ્ચેના COMCASA કરારનું વિસ્તૃત નામ જણાવો – **કમ્યુનિકેશન કમ્પિટેબિલિટી એન્ડ સિક્યુરિટી એગ્રીમેન્ટ**
29. ભારત-અમેરિકા વચ્ચેના COMCASA-૨૦૧૮ કરાર શું છે - **લશ્કરી ટેકનોલોજીના ખરીદ-વેચાણ અંગે**

30. ભારત-અમેરિકા વચ્ચેના BECA કરારનું વિસ્તૃત નામ જણાવો – **ધ બેઝિક એક્સચેન્જ એન્ડ કોઓપરેશન એગ્રીમેન્ટ**
31. ભારત-અમેરિકા વચ્ચેના BECA-૨૦૨૦ કરાર શું છે – **બંને દેશ સેટેલાઈટ તસવીરો સહિતની વ્યૂહાત્મક લશ્કરી માહિતીના આદાન-પ્રદાન કરી શકાશે**
32. ઓકટોબર-૨૦૨૦માં CBIના પૂર્વ વડા આર.કે.રાઘવન દ્વારા લખાયેલી આત્મકથાનું નામ જણાવો - **'અ રોડ વેલ ટ્રાવેલ્ડ'**
33. ગુજરાતમાં વર્ષ ૨૦૦૨માં થયેલા રમખાણો બાદ સુપ્રિમ કોર્ટ દ્વારા SITની રચના કરાઈ હતી તેના અધ્યક્ષ કોણ હતા - **આર.કે. રાઘવન**
34. ઓકટોર-૨૦૨૦માં અમેરિકન અવકાશ સંસ્થા NASAએ કઈ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી - **ચંદ્ર પર આપણી કલ્પના કરતાં વધારે પાણી છે જે બરફના કણોના સ્વરૂપે ઉપલબ્ધ છે જેનો અવકાશયાત્રીઓ ઉપયોગ કરી શકશે**
35. ચંદ્ર ઉપર પાણીની હાજરીના સૌપ્રથમ પુરાવા કોણે-ક્યારે આપ્યા હતા-**ભારતના ચંદ્રયાન તથા વર્ષ-૨૦૨૦**
36. અમેરિકન અવકાશ સંસ્થા NASAનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેશ એડમિનિસ્ટ્રેશન**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. જાહેરનામું : કેન્દ્ર શાસિત જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં કોઈ પણ ભારતીય ખેતી સિવાય જમીન-મકાન ખરીદી શકશે – ગૃહ મંત્રાલય-કેન્દ્ર સરકાર (કાયદો)

- ✓ ખેતીની જમીન ખરીદીનો પ્રતિબંધ ચાલુ રહેશે
- ✓ નામ : જમ્મુ- કાશ્મીર રિ-ઓર્ગેનાઈઝેશન (એડેપ્શન ઓફ સેન્ટ્રલ લોઝ) ત્રીજો આદેશ-૨૦૨૦ તરીકે ઓળખાશે



ટૂંકી વિગત :

- ✓ કેન્દ્રીય ગૃહમંત્રાલયે તા. ૨૬મી ઓકટોબર-૨૦૨૦ના રોજ જારી કરેલા નોટિફિકેશન પ્રમાણે દેશનો કોઈ પણ નાગરિક હવે જમ્મુ-કાશ્મીર અને લદાખમાં પોતાનાં ઘર, દુકાન, ફેક્ટરી કે વેપાર માટે જમીન ખરીદી શકે છે, જેના પર હવે કોઈ પ્રતિબંધ નથી.
- ✓ કૃષિ જમીન ખરીદવા પર પ્રતિબંધ રહેશે, જ્યારે સ્કૂલ, હોસ્પિટલ વગેરે માટે કૃષિ જમીનનો હેતુ બદલી શકાય એ માટે કાયદામાં અનેક પ્રકારની છૂટ અપાઈ છે.

કેન્દ્રના નિયમો અને શરતો લાગૂ પડશે :

- ✓ જમ્મુ-કાશ્મીરમાં હવે કેન્દ્ર સરકારના તમામ નિયમો અને શરતો લાગુ થઈ જશે.
- ✓ આ પ્રક્રિયાને સંપૂર્ણપણે સ્પષ્ટ કરવા રાજ્ય સાથે સંકળાયેલી રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ-2016 (રેરા) પોલિસી જરૂરી છે.

જમ્મુ- કાશ્મીરના પુન:ગઠનની પ્રથમ વર્ષગાંઠ તા.૩૧-૧૦-૨૦૧૯ થી તા. ૩૧-૧૦-૨૦૨૦

- ✓ તા.૩૧ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીર અને લદાખને રાજ્યમાંથી કેન્દ્રશાસિત પ્રદેશ બનાવાયા હતા.

- ✓ ૬ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીરને વિરોષ રાજ્યનો દરજ્જો આપતી કલમ-370ની મોટા ભાગની જોગવાઈઓ અને કલમ 35-એ રદ કરી દેવાયા હતા.
- ✓ કલમ 35-એના કારણે રાજ્યમાં દેશનાં બીજા રાજ્યોના લોકો જમીન ખરીદી શકતા ન હતા.
- ✓ જમ્મુ- કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર : શ્રી મનોજ સિંહા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. 2 + 2 ડાયલોગ (મંત્રણા) : ભારત-USA વચ્ચે ઐતિહાસિક BECA (બેકા) સહિત પાંચ કરાર સંપન્ન (વિદેશ નીતિ)



મહત્વના પાંચ કરાર :

1. બેઝિક એક્સચેન્જ એન્ડ કો-ઓપરેશન એગ્રિમેન્ટ (બેકા)
2. અર્થ સાયન્સમાં ટેક્નિકલ સહકાર મુદ્દે એમઓયુ
3. પરમાણુ સહકારમાં પણ વધારાના એગ્રિમેન્ટ
4. પોસ્ટલ સર્વિસ સાથે જોડાયેલા કરાર
5. આયુર્વેદ અને કેન્સર રિસર્ચમાં પણ ભાગીદારી

સંધિ :

- ✓ સૈન્ય ટેક્નોલોજી નકશા અને સેટેલાઈટ ડેટાનું આદાન-પ્રદાન કરાશે

ડેટા શેરિંગને વિગતે સમજીએ :

- ✓ હવેના સમયમાં કોઇ પણ માણસ કોઇ સાવ અજાણી જગ્યાએથી એક નાના અમથા લેપટોપ અને સેટેલાઇટ ફોનથી દુનિયાના ગમે તે છેડે તબાહી મચાવી શકે છે.
- ✓ ડેટા શેરિંગથી અમેરિકા કરતા ભારતને વધુ ફાયદો થશે.
- ✓ ભારતને હવે મિલિટરી ગ્રેડડેટાનો એક્સેસ મળશે. તેનાથી ફાયદો એ થશે કે, દેશની સેનાને એક્ઝેક્ટ ટાર્ગેટ લોકેટ કરવામાં સરળતા રહેશે.
- ✓ ઉદાહરણ તરીકે આતંકવાદીઓની કોઈ મૂવમેન્ટની પરફેક્ટ માહિતી મળે એ પછી તેના પર મિસાઇલ છોડી શકાય છે અથવા તો ફાઇટરથી બોંબ ફેંકી શકાય છે. નિશાન એકદમ પરફેક્ટ જગ્યાએ વાગે છે.
- ✓ અમેરિકાએ એવા ઘણા નિશાનો પાર પાડ્યા છે. ઇરાનના કમાન્ડર કાસિમ સુલેમાની પરનો હુમલો તેનું મોટું ઉદાહરણ

છે. ઇરાનની કુડ્રસ ફોર્સના ટોપ કમાન્ડર કાસિમ સુલેમાની તા.૩ જાન્યુઆરી 2020ના રોજ ઇરાકની રાજધાની બગદાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી કારમાં બહાર નીકળ્યા કે તરત જ તેની કારના કાફલા ઉપર ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો હતો.

- ✓ કાસિમ સુલેમાની જે કારમાં હતા એ જ કાર ઉપર બોંબ ઝીંકાયો અને ઘટના સ્થળે જ તેનું મોત થયું.
- ✓ આ વાતને જુદી રીતે સમજીએ તો, માનો કે પાકિસ્તાનમાં બેઠેલો આતંકવાદી સંગઠનનો કોઈ વડો ભારતની બોર્ડર ઉપર અવરજવર કરતો હોય તો એને લોકેટ કરી શકાય છે અને જરૂર પડ્યે તેને ખતમ પણ કરી શકાય છે.
- ✓ આપણા દેશે પાકિસ્તાન ઓક્યુપાઇડ કાશ્મીરના બાલાકોટમાં એર સ્ટ્રાઇક કરી હતી. એ સમયે ભારતની સેના પાસે પરફેક્ટ લોકેશન તો હતું જ, પણ જો ડેટા વધુ સ્પેસીફાઈડ હોત તો હુમલો વધુ આસાન બની શક્યો હોત.
- ✓ અમેરિકાએ પાકિસ્તાનના અબોટાબાદમાં છુપાયેલા ઓસામા બિન-લાદેનને એટકે કરતી વખતે પણ હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો.
- ✓ ઓસામા પોતાના બંગલામાં પણ ક્યા ખૂણામાં બેઠો છે તેનું પરફેક્ટ લોકેશન મેળવીને હુમલો કરાયો હતો.
- ✓ ટૂંકમાં બેકા કરારથી લોંગ રેન્જ નેવિગેશન અને મિસાઇલ ટાર્ગેટિંગની એક્યુરસીમાં અનેકગણો વધારો થશે.

ઉપયોગ :

- ✓ આપણને જે ડેટા મળવાના છે તેનાથી આપણને પાકિસ્તાન અને ચીનની સરહદ પર ગતિવિધિ વધુ સારી રીતે જાણવા મળશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. BECA કરારના ફાયદા



- ✓ ભારત અને અમેરિકા વચ્ચેના BECA કરારથી ભારતીય મિસાઇલો હવે લક્ષ્યાંક પર અચૂક પ્રહાર કરી શકશે.
- ✓ કરાર અંતર્ગત અમેરિકા અને ભારત વચ્ચે મિલિટરી ટેકનોલોજી, સેટેલાઇટ ડેટાની આપ-લેનાં દ્વાર ખુલ્લાં મુકાયાં છે.
- ✓ BECA કરારના માધ્યમથી સેટેલાઇટ, યુએવી, એરક્રાફ્ટ, એરોસ્ટેટ દ્વારા એકઠી કરાયેલી વ્યૂહાત્મક તસવીરો મળશે.

- ✓ તેના દ્વારા વિવિધ વ્યૂહાત્મક લક્ષ્યાંકોની સચોટ ઓળખ થશે અને ભારતીય મિસાઇલો તેમને અચૂકપણે વીંધી નાખશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિધન : ગુજરાતી સિનેમાના "નરેશ" – નરેશ કનોડિયાનું ૭૭ વર્ષે નિધન



- ✓ વતન : કનોડા, તા. બહુચરાજી, જિ.પાટણ
- ✓ અવસાન : તા.૨૭-૧૦-૨૦૨૦, ગાંધીનગર

કારકિર્દી :

- ✓ MLA : વર્ષ ૨૦૦૨થી વર્ષ-૨૦૦૭ દરમિયાન કરજણ વિધાનસભા
- ✓ ૫૦ વર્ષની ફિલ્મ કારકિર્દીમાં ૧૨૫ ફિલ્મોમાં અભિનય.

જાણીતી ફિલ્મો :



- ✓ વર્ષ 1970માં 'વેણીને આવ્યા ફૂલ' નરેશ કનોડિયાની પ્રથમ ફિલ્મ હતી.



- ✓ નરેશ કનોડિયાની જાણીતા ફિલ્મોમાં મેરુમાલણ, રાજરાજવણ, લાજુલાખણ, ભાથીજી મહારાજ, મેરુમુળાંદે, મોતી વેરાણાં ચોકમાં, વણઝારી વાવ, ઢોલામારુ, કડલાની જોડ; રાજરતન સહિતની અનેક ફિલ્મોનો સમાવેશ થાય છે.
- ✓ મહેશ-નરેશ કનોડિયા તેમની પાર્ટી માટે પણ જાણીતા હતા. તેમણે મહેશ-નરેશ એન પાર્ટીએ 60 વર્ષ સુધી દેશવિદેશમાં 15 હજારથી વધુ શૉ કર્યા હતા.



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારતીય સેના : ત્રણેય પાંખ આર્મી, નેવી અને એરફોર્સની કામગીરીના સંકલન માટે વર્ષ ૨૦૨૨ સુધીમાં પાંચ મિલેટરી થિયેટર કમાન્ડમાં પુન : ગઠિત કરાશે (સંરક્ષણ)



સૂચિત આયોજન :

✓ US અને ચીનની તર્જ પર ભારતીય સેનામાં ધરમૂળથી બદલાવ કરાશે

હેતુ :

✓ ચીન અને પાકિસ્તાનને ધ્યાનમાં રાખીને નોર્ધન અને વેસ્ટર્ન કમાન્ડની વિશેષ રચના થશે

પ્રસ્તાવિત મિલિટરી થિયેટર કમાન્ડ અને વડુમથક

(૧) નોર્ધન કમાન્ડ

✓ કારાકોરમ પાસથી અરુણાચલમાં કિબિથુ સુધી, મુખ્યમથક- લખનઉ (UP)

(૨) વેસ્ટર્ન કમાન્ડ

✓ સિયાચીનથી ગુજરાત સુધી, મુખ્યમથક – જયપુર (રાજસ્થાન)

(૩) પેનિસ્યુલર કમાન્ડ

✓ મધ્ય-દક્ષિણ ભારતનો સમગ્ર વિસ્તાર, મુખ્યમથક – તિરુવનંથપુરમ (કેરળ)

(૪) સંપૂર્ણ એર-ડિફેન્સ કમાન્ડ – ભારતીય હવાઈદળ

✓ ભારતીય હવાઇસીમાની સુરક્ષાની જવાબદારી

(૫) મેરિટાઇમ કમાન્ડ – ભારતીય નૌકાદળ

✓ ભારતની દરિયાઇ સીમાની સુરક્ષાની જવાબદારી



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ગુજરાત ડાયાલિસીસ પ્રોગ્રામ-જીડીપી (આરોગ્ય)



ગુજરાતમાં વધુ ૧૩ ડાયાલિસિસ કેન્દ્ર શરૂ કરાશે : હાલમાં કુલ ૪૭ કેન્દ્રો કાર્યરત. (૪૭+૧૩=૬૦)

વિગત :

- ✓ જીડીપી અંતર્ગત રાજયભરમાં દર ૩૦ કિ.મી. ત્રિજ્યા વિસ્તારમાં એક ડાયાલિસીસ કેન્દ્ર ઊભું કરાયું છે.

કામગીરી :

- ✓ ૧૦ વર્ષમાં ૮.૮૫ લાખથી વધુ દર્દીઓએ નિઃશુલ્ક ડાયાલિસિસ સારવાર મેળવી છે.
- ✓ આ પ્રોગ્રામમાં ૫૦૦થી વધારે મશીન ડાયાલિસીસની જરૂરિયાતવાળા દર્દીઓની સેવામાં મુકાયા છે.
- ✓ ડાયાલિસીસ સેન્ટરમાં વર્ષે ૩ લાખથી વધુ દર્દીઓ સેવાનો લાભ લે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ભારત સરકાર : UAPA હેઠળ પાકિસ્તાન સ્થિત ૧૮ આતંકી સરગણાને ભારતે વ્યક્તિગત આતંકી જાહેર કર્યાં (વૈશ્વિક આતંકવાદ)



અસર :

- ✓ હવે તમામ આતંકવાદીઓની ભારત સ્થિત સંપત્તિ જપ્ત થશે

વિગત :

- ✓ ભારત સરકારે તા.૨૭મી ઓકટોબર-૨૦૨૦ના રોજ જાહેરનામું બહાર પાડીને વર્ષ ૧૯૯૩ના મુંબઇ સિરિયલ બ્લાસ્ટ, ૨૬ નવેમ્બરના મુંબઇ હુમલા, વર્ષ ૨૦૧૯ના પુલવામા આતંકી હુમલા, વર્ષ ૨૦૧૬ના પઠાણકોટ એરબેઝ પરના આતંકવાદી હુમલા, વર્ષ ૧૯૯૯ના કાબુલ વિમાન અપહરણકાંડ સહિત ઇન્ડિયન મુજાહિદ્દીનો દ્વારા ભારતમાં અને જમ્મુ-કાશ્મીરમાં અવિરત આતંકવાદી હુમલાઓની ઘટનામાં સંડોવાયેલા પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓ અને તેમના સહયોગીઓને હવે વ્યક્તિગત સ્તરે આતંકવાદી જાહેર કર્યાં છે.

કાર્યવાહી :

- ✓ ભારત સરકાર દ્વારા આ તમામ ૧૮ આતંકવાદીને અનલોફુલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ (યુએપીએ) અંતર્ગત આતંકવાદી જાહેર કરાયાં છે. આ કાયદા અંતર્ગત ભારત સરકાર હવે આ આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરી શકશે.

સરકારે જાહેર કરેલી આતંકીની યાદી

- ✓ સાજિદ મીર-૨૬/૧૧ના મુંબઇ હુમલાના મુખ્ય કાવતરાખોર પૈકીનો એક
- ✓ યુસુફ મુઝમ્મિલ-કાશ્મીરમાં લશ્કર-એ-તોયબાના ઓપરેશન સંભાળતો કમાન્ડર

- ✓ અબ્દુર રહેમાન મક્કી-લશ્કરે તોયબાની રાજકીય પાંખનો વડો
- ✓ શાહિદ મેહમૂદ-ફલાહ ઇન્સાનિયત ફાઉન્ડેશનનો ડેપ્યુટી ચીફ
- ✓ ફરહાતુલ્લા ઘોરી- ગુજરાતના અક્ષરધામ હુમલાનો કાવતરાખોર
- ✓ અબુ અસગર-૨૦૦૧ના સંસદ પરના હુમલાના કાવતરાખોરો પૈકીનો એક
- ✓ ઇબ્રાહીમ અથર-કંદહાર વિમાન અપહરણકાંડમાં સંડોવણી
- ✓ રિયાઝ ભટકલ ઇન્ડિયન મુજાહિદ્દીનનો સહસ્થાપક
- ✓ છોટા શકીલ-અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહીમનો જમણો હાથ
- ✓ અનિસ શેખ-૧૯૯૩ના મુંબઇ આતંકી હુમલામાં સંડોવણી? ટાઇગર મેમણ-દાઉદનો ગુર્ગો.
- ✓ **UAPA : અનલોફુલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. નવી દિલ્હી ખાતે વિજિલન્સ એન્ડ એન્ટિ કરપ્શન નેશનલ કોન્ફરન્સ યોજાઈ

- ✓ નેશનલ વિજિલન્સ અવેરનેસ સપ્તાહ તા. ૨૭ ઓકટોબરથી તા.૨જી નવેમ્બર-૨૦૨૦
- ✓ ઉજવણી : સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)
- ✓ વર્તમાન CVC : શ્રી સંજય કોઠારી



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. નવીન પહેલ દેશમાં પ્રથમવાર ફળ અને શાકભાજીના MSP નક્કી કરનાર કેરળ પ્રથમ રાજ્ય



વિગત :

- ✓ કેરળ સરકાર દ્વારા ખેડૂતોને તેમના પાકનું પૂરેપુરૂ વળતર મળે તે મુદ્દાને ધ્યાનમાં રાખીને રાજયમાં કુલ ૨૧ જેટલી ચીજવસ્તુઓની એમએસપી નક્કી કરવામાં આવી.

- ✓ જેમાં વિવિધ અનાજ તેમજ ફળો અને શાકભાજીનો પણ સમાવેશ કરાયો છે.
- ✓ જે તે જણસનો પાક લેવા પાછળ ખેડૂતોને જે ખર્ચ થાય છે તેના કરતા એમએસપી ૨૦ ટકા ઉંચી રાખવામાં આવી છે.
- ✓ અમલ : તા. ૧ નવેમ્બર-૨૦૨૦થી.
- ✓ મુખ્યમંત્રી : શ્રી પી. વિજયન
- ✓ રાજધાની : થીરૂવનંતપુરમ
- ✓ MSP : મિનિમમ સપોર્ટ પ્રાઈઝ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. UNCTAD : કોરોનાના કારણે વર્ષ ૨૦૧૯ની સરખામણીએ વર્ષ ૨૦૨૦ના પ્રથમ છ માસમાં વૈશ્વિક FDIમાં ૪૯ ટકાનો ઘટાડો (આર્થિક)

- ✓ વિકસિત દેશોનું FDI ૯૮ અબજ ડોલર.
- ✓ અહેવાલ : યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. દિન વિશેષ : 27 ઓક્ટોબર ૭૪મો ઇન્ફન્ટરી ડે



- ✓ ભારતીય સેના દ્વારા દર વર્ષે ઇન્ફન્ટરી ડે ઉજવવામાં આવે છે.
- ✓ ભારતીય સેનાના વડા જનરલ શ્રી મુકુંદ નરવણે દ્વારા સૈનિકોને શ્રદ્ધાંજલિ અપાઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં 26 ઓક્ટોબરે કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં કોઈપણ ભારતીય ખેતી સિવાયની જમીન અને મિલકત ખરીદી શકે તે માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે - **જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ**
2. જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં સામાન્ય લોકો માટે મિલકત ખરીદવા માટે કરવામાં આવેલા આદેશ કયા નામે ઓળખાય છે - **જમ્મુ કાશ્મીર રી-ઓર્ગેનાઇઝેશન (એડોપ્શન ઓફ સેન્ટ્રલ લૉઝ) ત્રીજો આદેશ 2020**
3. જમ્મુ-કાશ્મીરના પુનગઠનની પ્રથમ વર્ષગાંઠ ક્યારે ઉજવવામાં આવી - **31 ઓક્ટોબર 2020**
4. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં કોઈપણ ભારતીય મિલકત ખરીદી શકે તે માટેનું જાહેરનામું કયા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવ્યું - **ગૃહ મંત્રાલય**
5. જમ્મુ-કાશ્મીરમાં કઈ કલમના કારણે બીજા રાજ્યના લોકો જમીન ખરીદી શકતા ન હતા - **35-એ**
6. જમ્મુ-કાશ્મીરના વર્તમાન લેફ્ટનન્ટ ગવર્નર કોણ છે - **શ્રી મનોજ સિંહા**
7. તાજેતરમાં ભારત અને યુએસ વચ્ચે 2+2 ડાયલોગ દરમિયાન કેટલા મહત્વના કરાર પૂર્ણ થયા - **05**
8. તાજેતરમાં ભારત અને યુએસ વચ્ચે BECA સહિત કયા કયા મહત્વના કરાર થયા – **અર્થ સાયન્સમાં ટેક્નિકલ સહકાર મુદ્દે એમઓયુ, પરમાણુ સહકારમાં પણ વધારાના એગ્રિમેન્ટ, પોસ્ટલ સર્વિસ સાથે જોડાયેલા કરાર તથા આયુર્વેદ અને કેન્સર રિસર્ચમાં પણ ભાગીદારી**
9. BECAનું વિસ્તૃત નામ જણાવો - **બેઝિક એક્સચેન્જ એન્ડ કો-ઓપરેશન એગ્રિમેન્ટ**

10. 2+2 ડાયલોગ દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે કઈ મહત્વની સંધિ કરાઈ - **સૈન્ય ટેકનોલોજી નકશા અને સેટેલાઈટ ડેટા આદાન-પ્રદાન-BECA**
11. તાજેતરમાં 27 ઓક્ટોબરના રોજ કયા ગુજરાતી ફિલ્મ અભિનેતાનું 77 વર્ષે દુઃખદ અવસાન થયું - **નરેશ કનોડીયા**
12. ગુજરાતી ફિલ્મ અભિનેતા નરેશ કનોડીયાનો જન્મદિવસ જણાવો - **20 ઓગસ્ટ 1943**
13. ગુજરાતી અભિનેતા નરેશ કનોડીયા કયા પક્ષમાંથી કયા વર્ષે ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા - **ભાજપ અને વર્ષ 2002**
14. નરેશ કનોડીયા કઈ બેઠક ઉપરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા - **કરજણ**
15. નરેશ કનોડીયા તેમની 50 વર્ષની કારકિર્દીમાં કેટલી ફિલ્મોમાં અભિનય કર્યો હતો - **125**
16. ગુજરાતી અભિનેતા નરેશ કનોડિયાનું જન્મ સ્થળ જણાવો - **કનોડા, તાલુકો- બહુચરાજી, જિલ્લો-પાટણ**
17. ગુજરાતી અભિનેતા નરેશ કનોડિયાની પ્રથમ ફિલ્મ અને વર્ષ જણાવો - **"વેણીને આવ્યા ફુલ" અને 1970**
18. વર્ષ 2012માં નરેશ કનોડિયાને કયા એક પ્રતિષ્ઠિત ફિલ્મ એવોર્ડથી કર્યા હતા - **દાદા સાહેબ ફાળકે એકેડેમી એવોર્ડ**
19. ભારતમાં આર્મી, નેવી અને એરફોર્સની કામગીરીના સંકલન માટે આગામી કયા વર્ષ સુધીમાં પાંચ મિલિટરી થિયેટર કમાન્ડ પુનઃ ગઠીત કરાશે - **2022**

ભારતના પ્રસ્તાવિત મિલિટરી થિયેટર કમાન્ડ અને તેનું વડુમથક જણાવો – **(૧) નોર્ધન કમાન્ડ કારાકોરમ પાસથી અરુણાચલમાં કિબિથુ સુધી, મુખ્યમથક- લખનઉ (UP), (૨) વેસ્ટર્ન કમાન્ડ સિયાચીનથી ગુજરાત સુધી, મુખ્યમથક – જયપુર (રાજસ્થાન), (૩) પેનિસ્યુલર કમાન્ડ મધ્ય-દક્ષિણ ભારતનો સમગ્ર વિસ્તાર, મુખ્યમથક – તિરુવનંથપુરમ (કેરળ), (૪) સંપૂર્ણ એર-ડિફેન્સ કમાન્ડ – ભારતીય હવાઈદળ (૫) મેરિટાઇમ કમાન્ડ – ભારતીય નૌકાદળ**

20. ઓકટોબર-૨૦૨૦ની સ્થિતિએ ગુજરાતમાં કેટલા ડાયાલિસિસ કેન્દ્ર કાર્યરત છે - **૪૭ કેન્દ્રો**
21. ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં કેટલા નવા ડાયાલિસિસ કેન્દ્રો શરૂ કરાશે – **૧૩ કેન્દ્ર**
22. ગુજરાત સરકારનું દર કેટલા કિ.મી. ત્રિજ્યા વિસ્તારમાં એક ડાયાલિસીસ કેન્દ્ર ઊભું કરવાનું લક્ષ્યાંક છે - **૩૦**
23. ઓકટોબર-૨૦૨૦માં ભારત સરકારે UAPA હેઠળ પાકિસ્તાન સ્થિત કેટલા આતંકી સરગણાને વ્યક્તિગત આતંકી જાહેર કર્યા - **૧૮**
24. ઓકટોબર-૨૦૨૦માં ભારત સરકારે UAPA હેઠળ પાકિસ્તાન સ્થિત ૧૮ આતંકી સરગણાને વ્યક્તિગત આતંકી જાહેર કર્યા બાદ હવે તે તમામ ૧૮ આતંકવાદીઓની ક્યાં આવેલી સંપત્તિ જપ્ત કરશે - **ભારત**
25. આતંકવાદ વિરોધી UAPA એક્ટનું વિસ્તૃત નામ જણાવો - **અનલોફુલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ**
26. તાજેતર ઓકટોબર-૨૦૨૦માં ક્યા સ્થળે વિજિલન્સ એન્ડ એન્ટિ કરપ્શન નેશનલ કોન્ફરન્સ યોજાઈ - **નવી દિલ્હી**
27. નેશનલ વિજિલન્સ અવેરનેસ સપ્તાહ ક્યારે મનાવવામાં આવશે - **તા. ૨૭ ઓકટોબરથી તા.૨જી નવેમ્બર-૨૦૨૦**
28. કોના દ્વારા તા. ૨૭ ઓકટોબરથી તા.૨જી નવેમ્બર-૨૦૨૦ દરમિયાન નેશનલ વિજિલન્સ અવેરનેસ સપ્તાહ ઉજવવામાં આવશે – **CVC**
29. કેન્દ્રીય સંસ્થા CVCનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ વિજિલન્સ કમિશન**
30. વર્તમાન સેન્ટ્રલ વિજિલન્સ કમિશનરનું નામ જણાવો - **શ્રી સંજય કોઠારી**
31. દેશમાં પ્રથમવાર ફળ અને શાકભાજીના MSP નક્કી કરનાર પ્રથમ રાજ્ય કયુ છે - **કેરળ**
32. ઓકટોબર-૨૦૨૦માં કેરળ સરકાર દ્વારા ખેડૂતોને તેમના પાકનું પૂરેપુરૂ વળતર મળે તે મુદ્દાને ધ્યાનમાં રાખીને રાજયમાં કુલ કેટલી ચીજવસ્તુઓની MSP નક્કી કરવામાં આવી - **૨૧**
33. કેરળ સરકાર દ્વારા ખેડૂતોને જે તે જણસનો પાક લેવા પાછળ જે ખર્ચ થાય છે તેના કરતા કેટલા ટકા ઉંચી રાખવામાં આવી છે - **૨૦ ટકા**
34. કેરળ સરકાર દ્વારા ખેડૂતોને તેમના પાકનું પૂરેપુરૂ વળતર મળે તે મુદ્દાને ધ્યાનમાં ચીજવસ્તુઓની MSP નક્કી કરાઈ તેનો અમલ ક્યારથી કરાશે - **તા. ૧ નવેમ્બર-૨૦૨૦થી**

35. કેરળના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શ્રી પી. વિજયન**
36. કેરળની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **થીરૂવનંતપુરમ**
37. MSPનું વિસ્તૃત નામ જણાવો - **મિનિમમ સપોર્ટ પ્રાઈઝ**
38. UNCTADના તાજેતરના અહેવાલ અનુસાર કોરોનાના કારણે વર્ષ ૨૦૧૯ની સરખામણીએ વર્ષ ૨૦૨૦ના પ્રથમ છ માસમાં વૈશ્વિક FDIમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો - **૪૯**
39. UNCTADનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ**
40. તા. ૨૭ ઓક્ટોબર-૨૦૨૦ના રોજ કેટલામો ઇન્ફન્ટરી ડે ઉજવવામાં આવ્યો - **૭૪**
41. પ્રતિ વર્ષ ૨૭ ઓક્ટોબરના રોજ કોના દ્વારા ઇન્ફન્ટરી ડે ઉજવવામાં આવે છે - **ભારતીય સેના**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. જી-૨૦ શિખર મંત્રણા-૨૦૨૦

જી-૨૦ શિખર મંત્રણાના યાદમાં સાઉદી અરબ દ્વારા ૨૦ રિયાલની બેન્ક નોટ પ્રસિદ્ધ કરાઈ (વૈશ્વિક સંબંધો)



- ✓ તા.૨૧-૨૨ નવેમ્બર-૨૦૨૦
- ✓ યજમાન : સાઉદી અરબ
- ✓ ચલણ : રિયાલ

વિગત :

- ✓ જી-૨૦ શિખર મંત્રણાના યાદમાં સાઉદી અરબ દ્વારા ૨૦ રિયાલની બેન્ક પ્રસિદ્ધ કરી.

રિયાલ બેન્ક નોટ



- ✓ સાઉદી દ્વારા નવી નોટમાં ગિલગિટ અને પીઓકેને પાકિસ્તાનના નકશામાંથી હટાવાયું

બેન્ક નોટ

- ✓ આ બેન્ક નોટ પર વિશ્વનો નકશો છાપવામાં આવ્યો છે જેમાં પીઓકે, ગિલગિટ અને બાલ્ટિસ્તાનને પાકિસ્તાનનો હિસ્સો બતાવવામાં આવ્યા નથી.
- ✓ સાઉદી અરબનું આ પગલું પાકિસ્તાનની કાશ્મીર નીતિ માટે મોટા ફટકા સમાન છે.
- ✓ પાકિસ્તાન પણ હવે સાઉદીથી હટકે તુર્કી અને અઝરબૈજાન સાથે સંબંધો વધારી રહ્યો છે.
- ✓ આ પહેલાં પાકિસ્તાન તેનો નવો રાજકીય નક્શો જારી કરી ચૂક્યો છે. જેમાં ભારતના જૂનાગઢ, સિરક્રિક અને માણાવદર, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને પોતાના હિસ્સા ગણાવ્યા હતા.

✓ ભારત સરકારે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી ધારા ૩૭૦ રદ કર્યા પછી પાકિસ્તાને નવો રાજકીય નક્શો જારી કર્યો હતો.

OIC વિશે



✓ કાશ્મીર મુદ્દે ઓર્ગેનાઇઝેશન ઓફ ઇસ્લામિક કન્ટ્રીઝ (ઓઆઇસી), સંયુક્ત રાષ્ટ્ર સહિતના આંતરરાષ્ટ્રીય મંચો પર જાકારો મળ્યા બાદ પાકિસ્તાનને હવે વધુ એક ફટકો પડયો છે.

✓ પાકિસ્તાનના કબજા હેઠળના એક્ટિવિસ્ટ અમજદ અયુબ મિર્ઝાએ તા.૨૮મી ઓકટોબરે જણાવ્યું હતું કે, સાઉદી અરબે પાકિસ્તાનના નકશામાંથી પાકિસ્તાની કબજા હેઠળના કાશ્મીર, ગિલગિટ અને બાલ્ટિસ્તાનને હટાવી દીધાં છે.

✓ મિર્ઝાએ ટ્વિટ સાથે પોસ્ટ કરેલી તસવીર અંગે લખ્યું હતું કે, સાઉદી અરબની ભારતને દિવાળીની ભેટ.

✓ સાઉદી અરબે પાકિસ્તાનના નકશામાંથી પાકિસ્તાની કબજા હેઠળના કાશ્મીરના હિસ્સા હટાવી દીધા છે.

અગાઉની સ્થિતિ :

✓ પીઓકે અને ગિલગિટ બાલ્ટિસ્તાન અંગે ભારતના વાંધાના જવાબમાં પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારે દેશનો નવો રાજકીય નકશો જારી કર્યો હતો.

✓ તેમાં ભારતના જૂનાગઢ, સરક્રીક અને જમ્મુ-કાશ્મીર તથા લદાખને પોતાનો હિસ્સો બતાવ્યો હતો.

✓ પાકિસ્તાનનું આ કૃત્ય કલમ 370ને રદ કરવાના ભારત સરકારના નિર્ણયની પ્રથમ વર્ષગાંઠ બાદ સામે આવ્યું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. GPF વ્યાજ દર જાહેર : કેન્દ્ર સરકાર (આર્થિક)



ઓકટોબરથી ડિસેમ્બર-૨૦૨૦ ત્રિમાસિક ગાળાનો વ્યાજદર ૭.૧ ટકા જાહેર

✓ અગાઉ ત્રિમાસિક ગાળામાં પણ વ્યાજદર ૭.૧ ટકા હતો

✓ GPF - જનરલ પ્રોવિડન્ટ ફંડ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩.વીજ બિલના દરમાં ઘટાડો : ગુજરાત સરકાર (ઊર્જા)

- ✓ જાહેરાત : સરકારી વીજ ગ્રાહકોના બિલમાં યુનિટે ૧૯ પૈસાનો ઘટાડો કરાયો



વિગત :

- ✓ રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ગ્રાહકો પાસેથી વસૂલાતા ફ્યૂઅલ સરચાર્જમાં યુનિટે ૧૯ પૈસાનો ઘટાડો કરવાનો નિર્ણય મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કર્યો છે.
- ✓ આ નિર્ણયના પરિણામે સરકારી વીજળી વાપરતા રાજ્યના અંદાજે ૧.૪૦ કરોડ વીજગ્રાહકોને ત્રણ મહિનામાં બિલમાં રૂ.૩૫૬ કરોડની રાહત મળશે.
- ✓ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ હેઠળની ચાર વીજ વિતરણ કંપનીઓ જુલાઈ-૨૦થી સપ્ટેમ્બર-૨૦ સુધીના ત્રણ માસમાં ફ્યૂઅલ સરચાર્જ યાને FPPPA યુનિટ દીઠ રૂ.૨ વસૂલતી હતી.
- ✓ હવે ઓક્ટોબર-૨૦થી ડિસેમ્બર-૨૦ના ક્વાર્ટરમાં ફ્યૂઅલ સરચાર્જ પ્રતિ યુનિટે રૂ. ૧.૮૧ વસૂલવાનું નક્કી થયું છે.

ચાર સરકારી વીજ કંપનીઓ

- ✓ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ
- ✓ ઉતર ગુજરાત વીજ કંપની લિમિટેડ
- ✓ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
- ✓ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
- ✓ ઊર્જા મંત્રી : શ્રી સૌરભભાઈ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ડેટા પ્રોટેકશન બિલ -2019 (કાયદો-ડેટા સુરક્ષા)

લેહને ચીનનો પ્રદેશ બતાવવા બદલ ટ્વિટરે સંસદીય સમિતિની માફી માગી



- ✓ ડેટા પ્રોટેકશન બિલ-2019ના મામલામાં સંસદીય સમિતિ સમક્ષ તા.૨૮મી ઓકટોબરે ટ્વિટર અને એમેઝોનના-પ્રતિનિધિ હાજર થયા.

ટ્વિટર :



- ✓ એક નકશામાં લેહને ચીનનો હિસ્સો બતાવવાના કેસમાં સમિતિએ ટ્વિટરની ઝાટકણી કરી હતી. ટ્વિટરે તેને ટેકનિકલ ભૂલ ગણાવીને માફી માંગી,
- ✓ સમિતિએ કહ્યું કે, " આવી ભૂલ માટે સાત વર્ષની જેલ થઈ શકે છે અને ટ્વિટરને ભારતમાં પ્રતિબંધિત પણ કરી શકાય છે."

એમેઝોન

- ✓ સંસદીય સમિતિએ એમેઝોન ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્સ અને વેરહાઉસ પ્રતિનિધિની સાડા ત્રણ કલાક પૂછપરછ કરી હતી.
- ✓ સમિતિએ એમેઝોનના પ્રતિનિધિઓને સવાલ કર્યો હતો કે, એમેઝોન ફક્ત વેચાણનું પ્લેટફોર્મ હતું, તો પોતે વિક્રેતા કેમ બન્યું ?
- ✓ એમેઝોનમાં યુઝર્સ ડેટાની સુરક્ષાની શું વ્યવસ્થા છે ? તે ક્યાં સ્ટોર થાય છે અને તેના રિ-સેલની મંજૂરી કોણે આપી ?
- ✓ આ દરમિયાન એમેઝોને માહિતી આપી હતી કે, હાલ ભારતમાં અમારો વેપાર રૂ. 6 અબજનો છે, જે 10 અબજ સુધી લઈ જવાનો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ : 28 ઓક્ટોબર

લોકમાતાઃ ભગિની નિવેદિતા

જન્મ : 28 ઓક્ટોબર 1867

અવસાન : 13 ઓકટોબર 1911

- ✓ ભારતીય સંસ્કૃતિના ઉદગાતા ભગિની નિવેદિતાનો જન્મદિવસ



- ✓ ભગિની નિવેદિતાનું મૂળ નામ માર્ગારેટ એલિઝાબેથ નોબલ. તેમના દાદા પાદરી હતા અને આર્યલેન્ડ મુક્તિ આંદોલનના સૈનિક હતા
- ✓ ભગિની નિવેદિતાએ આર્યલેન્ડમાં શિક્ષણ લીધું તેમના લગ્ન નક્કી થયા પરંતુ લગ્ન પૂર્વે જ ભાવિ પતિનું અવસાન થતા સંસાર પરથી મનું ઊઠી ગયું હતું.
- ✓ 1892માં લંડનમાં રશ્કીન સ્કૂલની સ્થાપના કરી જીવન સમાજ સેવાને સમર્પિત કર્યું.
- ✓ સ્વામિ વિવેકાનંદ સાથે પત્રવ્યવહાર કર્યો, વિવેકાનંદે તેમને ભારત બોલાવ્યાં

- ✓ 28 જાન્યુ.1898ના રોજ ભારત આવ્યાં ત્યારે તેમને સત્કારવા કોલકાતા બંદર પર ખુદ વિવેકાનંદ હાજર હતા.
- ✓ 25 માર્ચ 1898એ દીક્ષા લીધી અને નવું નામ મળ્યું નિવેદિતા.
- ✓ સ્વામિ વિવેકાનંદના કહેવાથી-યોગ, ધ્યાન અને સમાધિ શીખ્યા.
- ✓ 1905માં સ્વદેશીની પ્રતિજ્ઞા લીધી. પ્લેગ, પુર અને દુષ્કાળ જેવા સમયે અનેક વિપત્તિઓની સામે આ ગોરી મહિલાને ઝઝૂમતી જોઈ હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૧૦-૨૦૨૦)

1. આગામી G-20 શિખર મંત્રણા 2020 ક્યાં દેશમાં યોજાશે - **સાઉદી અરબ**
2. આગામી G-20 શિખર મંત્રણા 2020 ક્યારે યોજાશે - **21-22 નવેમ્બર 2020**
3. આગામી G-20 શિખર મંત્રણા 2020ની યાદમાં સાઉદી અરબ દ્વારા કેટલા રિયાલની નવી બેંક નોટ પ્રસિદ્ધ કરવામાં આવી છે - 20
4. આગામી G-20 શિખર મંત્રણા 2020ની યાદમાં સાઉદી અરબ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ રિયાલની નવી બેંક નોટમાં વિશ્વના નકશા પરથી પાકિસ્તાનના નકશામાંથી કયા પ્રદેશો હટાવવામાં આવ્યા છે - **પીઓકે, ગિલગિટ અને બાલ્ટિસ્તાન**
5. સાઉદી અરેબિયાની કરન્સી જણાવો - **રિયાલ**
6. ઈસ્લામિક દેશો સાથે જોડાયેલ OICનું વિસ્તૃત નામ જણાવો - **ઓર્ગેનાઇઝેશન ઑફ ઈસ્લામિક કન્ટ્રીઝ**
7. ઈસ્લામિક દેશો સાથે જોડાયેલ OICના કુલ સભ્ય દેશ જણાવો - 12
8. G-20 એટલે શું - **વિશ્વની 85% ઈકોનોમી ધરાવતા 20 દેશોનો સમૂહ, (GROUP-20)**
9. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ઓક્ટોબરથી ડિસેમ્બર 2020ના ત્રિમાસિક સમયગાળાનો GPF વ્યાજ દર કેટલા ટકા જાહેર કરાયો - 7.1%
10. GPFનું વિસ્તૃત નામ જણાવો - **જનરલ પ્રોવિડન્ટ ફંડ**
11. અગાઉ જુલાઈથી સપ્ટેમ્બર 2020નો GPF વ્યાજ દર કેટલા ટકા હતો - 7.1%
12. તા. ૨૮મી ઓકટોબર-૨૦૨૦ના રોજ ગુજરાત સરકારે વીજ બિલમાં વસૂલાતા ફ્યૂઅલ સરચાર્જમાં યુનિટે કેટલો ઘટાડો કર્યો હતો - **૧૯ પૈસા**
13. GEDAનું વિસ્તૃત નામ જણાવો - ગુજરાત ઊર્જા વિકાસ નિગમ
14. GEDA હેઠળની ચાર વીજ વિતરણ કંપનીના નામ જણાવો – UGVCL, PGVCL, DGVCL અને MGVCL
15. UGVCLનું વિસ્તૃત નામ જણાવો - **ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**
16. PGVCLનું વિસ્તૃત નામ જણાવો - **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
17. DGVCLનું વિસ્તૃત નામ જણાવો - **દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
18. MGVCLનું વિસ્તૃત નામ જણાવો – **મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ**
19. ગુજરાતના વર્તમાન ઊર્જા મંત્રીનું નામ જણાવો - **શ્રી સૌરભભાઈ પટેલ**
20. તાજેતરમાં કયા વિસ્તારને ચીનનો પ્રદેશ બતાવવા બદલ ટ્વિટરે ભારતના સંસદીય સમિતિની માફી માગી - **લેહ**
21. ભારતીય સંસ્કૃતિના ઉદગાતા ભગિની નિવેદિતા કયા નામે ઓળખાય છે - **લોકમાતા**
22. લોકમાતા ભગિની નિવેદિતાનો જન્મ દિવસ જણાવો - **૨૮ ઓકટોબર-૧૮૬૭**
23. લોકમાતા ભગિની નિવેદિતાનું મૂળ નામ જણાવો - **માર્ગારેટ એલિઝાબેથ નોબલ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 29-10-2020



૧. નિમણૂક : ભારતના નવા CIC તરીકે નિવૃત્ત IFS યશવર્ધન સિન્હાની નિમણૂક



Central Information Commission

- ✓ શ્રી સિન્હા હાલમાં માહિતી કમિશનર હવે મુખ્ય માહિતી કમિશનર તરીકે નિમણૂક
- ✓ વરિષ્ઠ પત્રકાર ઉદય માહુરકર દેશના નવા માહિતી કમિશનર



- ✓ હાલમાં ઈન્ડિયા ટૂડે ગ્રુપના ડેપ્યુટી એડિટર તરીકે
- ✓ મૂળ : મરાઠી
- ✓ શિક્ષણ : વડોદરા ખાતે
- ✓ CIC : ચીફ ઈન્ફોર્મેશન કમિશન
- ✓ CIC : ચીફ ઈન્ફોર્મેશન કમિશનર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નવી દિલ્હીમાં હવા પ્રદૂષણ અટકાવવા નવીન વટહુકમ (પર્યાવરણ)

નવીન જોગવાઈ :

- ✓ દિલ્હીમાં હવામાં પ્રદૂષણ ફેલાવનારને પાંચ વર્ષ સુધીની કેદ અને રૂ. ૧ કરોડ સુધીનો દંડ

વિસ્તાર :

- ✓ દિલ્હી અને તેની આસપાસનો NCR વિસ્તાર તેમજ પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના કેટલાંક વિસ્તારોમાં કાયદો લાગુ પડશે

વિગત :

- ✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ધ કમિશન ફોર એર ક્વૉલિટી મેનેજમેન્ટ ઇન નેશનલ કેપિટલ રિજિયન એન્ડ એડજોઇનિંગ એરિયા, ૨૦૨૦ પર હસ્તાક્ષર કર્યા હતા.
- ✓ કેન્દ્ર સરકારે પહેલીવાર એન્વાયરમેન્ટ પ્રોટેકશન એક્ટ ૧૯૮૬ અંતર્ગત ધારાકીય પંચની રચના : પંચમાં ૧૮ સભ્ય રહેશ

વટહુકમ પ્રમાણે દિલ્હીમાં પ્રદૂષણ ફેલાવવાના ઘટાડામાં શું આવશે

- ✓ પરાળી કે કચરો સળગાવવો, કન્સ્ટ્રક્શન સાઈટ પર ધૂળ ઊડવી, વાહનોનું પ્રદૂષણ તેમજ ઈન્ડસ્ટ્રી ફેક્ટરીઓ દ્વારા થતા પ્રદૂષણને પણ તેમાં આવરી લેવાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. સિદ્ધી : ગ્રાહકોને 24 X 7 વીજ પુરવઠો પૂરો પાડવામાં ગુજરાત દેશમાં અગ્રેસર (ઊર્જા)

વિગત :

- ✓ સ્માર્ટ પાવર ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી એક્સસે એન્ડ બેંચ માર્કિંગ ઓફ ડિસ્ટ્રીબ્યુશન યુટિલિટીઝ પરના નીતિ આયોગ અને રોકફેલર ફાઉન્ડેશન સાથેના તેના સંયુક્ત અભ્યાસ ૧૦ રાજ્યોમાં હાથ ધરવામાં આવ્યો હતો.

માપદંડ :

- ✓ જેમાં ગ્રામીણ અને શહેરી બન્ને વિસ્તારોમાંથી વિવિધ ગ્રાહક શ્રેણીઓ જેવી કે ઘરેલુ, કૃષિ, વાણિજ્યિક સાહસો અને સંસ્થાઓનો સમાવેશ કરાયો હતો.

વીજ વિતરણમાં ભારતની સ્થિતિ :

- ✓ તાજેતરના વર્ષોમાં ભારત પોતાના નાગરિકોને વીજ વપરાશ પૂરો પાડવા માટે એક અગ્રણી દેશ તરીકે ઉભરી આવ્યો છે.
- ✓ જે પાછલા ૨૦ વર્ષોમાં ૫૯.૪ થી લગભગ ૧૦૦ % ઘરોમાં ગ્રિડ કનેકશનનો વિસ્તાર કરવા માટે વપરાશના દરને બમણો કરી રહ્યો છે.

અભ્યાસ મુજબ ગુજરાતની સ્થિતિ :

- ✓ આ અભ્યાસ મુજબ ગુજરાત એકમાત્ર રાજ્ય છે કે જે ગ્રાહકોની ત્રણેય શ્રેણી : ઘરેલુ, વાણિજ્યિક અને સંસ્થાઓને લગભગ ૨૪ કલાક વીજ પુરવઠો પ્રદાન કરી રહ્યું છે.



- ✓ ગુજરાતના તમામ ચાર વિતરણ ઉપયોગિતા માટે કૃષિ ગ્રાહકોને વીજ પુરવઠાના અંકને સમાવિષ્ટ કરાતા રાજ્યના વીજ પુરવઠાના કલાકોની કુલ સંખ્યા ૧૦ કલાક સુધી ઘટી જાય છે .
- ✓ ગુજરાત પશ્ચિમ એકમાત્ર વિતરણ ઉપયોગિતા છે, જેના માટે ચાર શ્રેણીઓ (ઘરેલૂ, કૃષિ, વાણિજ્યિક અને સંસ્થાકીય)માંથી દરેકમાં ૧૦૦ % ગ્રાહકોએ ઝીરો વોલ્ટેજમાં વધઘટ નોંધાઈ છે.
- ✓ ગુજરાત પશ્ચિમ, ગુજરાત ઉત્તર અને એપી ઇસ્ટ અનુક્રમે ૧૦૦ %, ૮૬ % અને ૮૪ % ઘરેલૂ ગ્રાહકો સાથે ઘરેલૂ શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરે છે, જેમાં ઝીરો વોલ્ટેજની વધઘટ નોંધાઈ છે.
- ✓ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને એમપી સેન્ટ્રલ માત્ર ત્રણ વિતરણ ઉપયોગિતાઓ છે, જેના માટે સંસ્થાકીય ગ્રાહકોએ વજળી સાથે સંબંધિત દુર્ઘટનાઓની શૂન્ય ઘટનાઓના અહેવાલ આપ્યા છે.
- ✓ ૧૦૦ % (પશ્ચિમ ગુજરાત) અને ૮૦ % (દક્ષિણ ગુજરાત) કૃષિ ગ્રાહકોની ફરિયાદોને ગત એક વર્ષમાં ૩ કલાકની અંદર ઉકેલવા માટે કૃષિ શ્રેણીમાં પશ્ચિમ ગુજરાત અને દક્ષિણ ગુજરાત ટોચ પર છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. SAI : ભારતીય સૈન્યએ સરળ અને સુરક્ષિત મેસેજિંગ એપ SAI વિકસાવી (ટેકનોલોજી)



એપ વિશે :

- ✓ ભારતીય સૈન્યએ પોતાના ઉપયોગ માટે 'SAI' એપ ડેવલપ કરી
- ✓ આ એપ વૉટ્સએપ, ટેલીગ્રામ જેવું કામ કરશે પણ તેનાથી ડેટા ચોરીનું જોખમ નહીં હોય.
- ✓ "આત્મનિર્ભર ભારત" અંતર્ગત "સિક્યોર એપ્લીકેશન ફોર ઇન્ટરનેટ" (એસએઆઈ) નામની સરળ અને સુરક્ષિત મેસેજિંગ ઍપ વિકસાવાઈ.

✓ તેના દ્વારા જવાનો સુરક્ષિત વોઇસ, ટેકસ્ટ અને વીડિયો કૉલિંગ કરી શકશે.



✓ SAI : સિક્યોર એપ્લિકેશન ફોર ઈન્ટરનેટ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નિધન : ભાજપના ભિષ્મ પિતામહ અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષે ગાંધીનગર ખાતે નિધન

✓ ઉપનામ : બાપા

✓ ગુજરાતમાં RSSના પાયાના કાર્યકર તરીકે તેમનું મહત્વનું પ્રદાન

✓ જન્મ : તા. ૨૪-૦૭-૧૯૨૮

✓ અવસાન : તા. ૨૯-૧૦-૨૦૨૦



રાજકીય કારકિર્દી :

ગુજરાતના બે વાર મુખ્યમંત્રી બનેલા અને આજના ભાજપ તથા જૂના જનસંઘના સ્થાપક એવા કેશુભાઈ સવદાસ પટેલના ૯૨ વર્ષના સુદીર્ઘ જીવનની તવારીખ :

✓ ૨૪ જુલાઈ, ૧૯૨૮ના રોજ જૂનાગઢ જિલ્લાના વિસાવદર ખાતે સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મ.

✓ પરિવાર મૂળે ખેડા જિલ્લાના દેસાઈ વગાનો, બાદમાં એમનો પરિવાર જૂનાગઢમાં સ્થાયી થયો, કેશુભાઈએ સૌરાષ્ટ્રને કર્મભૂમિ બનાવી.

✓ ૧૯૫૨માં ભારતીય જનસંઘની સ્થાપનાકાળથી સભ્ય રહ્યાં, ૧૯૮૦માં જનસંઘ મટીને ભારતીય જનતા પાર્ટીની ગુજરાતમાં સ્થાપના થઈ ત્યારે તેના સ્થાપક પ્રમુખ બન્યાં.

✓ વિસાવદર, મોરબી, કાલાવડ અને ગોંડલથી ધારાસભ્ય રહ્યાં.

✓ ૧૯૭૫થી ૧૯૭૭ સુધીમાં બાબુભાઈ જશભાઈ પટેલની જનતા મોરચા સરકાર રહી, એમાં સૌ પ્રથમ વખત સિંચાઈમંત્રી રહ્યાં.

✓ તેઓએ ૧૯૯૦માં ચીમનભાઈ પટેલની જનતાદળ-ભાજપની સંયુક્ત સરકારમાં નાયબ મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતું.

✓ તેઓ બે વાર મુખ્યમંત્રીપદે રહ્યાં. પ્રથમવાર માર્ચ ૧૯૯૫ થી ઓક્ટોબર ૧૯૯૫.

✓ પહેલી સરકાર લગભગ ૬ મહિના ચાલી.

✓ માર્ચ ૧૯૯૮માં બીજીવાર મુખ્યમંત્રી બન્યાં, જે કાળ લગભગ ત્રણ વર્ષ સુધી એટલે કે ઓક્ટોબર-૨૦૦૧ સુધી ચાલ્યો.

- ✓ એમના નેતૃત્વ હેઠળ ૧૯૯૮માં ભાજપને વિધાનસભામાં ૧૨૧ બેઠકો મળી અને એટલી બેઠકો ભાજપને આજ સુધી ક્યારેય મળી નથી. ૧૯૯૫માં ભાજપને ૧૧૯ બેઠકો મળી હતી.
- ✓ ૨૦૦૪માં તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા.
- ✓ ૧૯૯૦થી તેઓએ ૧૯૯૮ સુધી ધારાસભ્ય તરીકે વિસાવદર વિધાનસભા બેઠકનું પ્રતિનિધિત્વ કર્યું.
- ✓ ૨૦૧૨માં તેઓ ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાયા અને ૬ માસ બાદ આવેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં વિસાવદરથી લડી ધારાસભ્ય બન્યાં, એ વખતે જીપીપીને માત્ર બે જ સીટ આવી હતી. જો કે અધવચ્ચે જ એમણે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું.
- ✓ ઓક્ટોબર, ૨૦૦૧માં શ્રી કેશુબાપાને સ્થાને શ્રી નરેન્દ્ર મોદીને મુખ્યમંત્રીની ધુરા સોંપવામાં આવી હતી.
- ✓ તેમના મુખ્યમંત્રીના કાર્યકાળમાં 'ગોકુળ ગામ' યોજનાનો પ્રારંભ થયો હતો
- ✓ ગુજરાતનું પ્રથમ ગોકુળિયુ ગામ : રાયસણ-ગાંધીનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે કોની નિમણૂક કરાઈ - **યશવર્ધન સિન્હા**
2. તાજેતરમાં ભારતના નવા માહિતી કમિશનર તરીકે કયા વરિષ્ઠ પત્રકારની નિમણૂક કરાઈ -**ઉદય માહુરકર**
3. CICનું વિસ્તૃત નામ જણાવો - **ચીફ ઇન્ફોર્મેશન કમિશન/કમિશનર**
4. ભારતમાં આર.ટી.આઈ.નો અમલ ક્યારે થયો હતો - **12 ઓક્ટોબર 2005**
5. ભારતમાં સૌ પ્રથમવાર કયા શહેરમાં હવા પ્રદૂષણ અટકાવવા તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્વારા વટહુકમ બહાર પડાયો - **નવી દિલ્હી**
6. તાજેતરની જોગવાઈ મુજબ નવી દિલ્હીમાં હવામાં પ્રદૂષણ ફેલાવનારને કેટલા વર્ષની કેદ અને દંડની સુધીની જોગવાઇ કરાઇ છે - **પાંચ વર્ષ અને રૂપિયા 1 કરોડ સુધીનો દંડ**
7. કેન્દ્ર સરકારે પ્રથમ વાર એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટ 1986 અંતર્ગત ધારાકીય પંચની રચના કરવાની મંજૂરી આપી છે તેમાં કેટલા સભ્યો રહેશે - **18**
8. નવી દિલ્હીમાં પ્રદૂષણ અટકાવવા બહાર પાડવામાં આવેલા નવા વટહુકમ કયા વિસ્તાર સમાવી લેવામાં આવ્યા છે - **પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તાર**
9. દેશનું કયુ રાજ્ય વીજ ગ્રાહકોને 24 X 7 વીજ પુરવઠો પૂરો પાડવામાં અગ્રેસર છે - **ગુજરાત**
10. ઓકટોબર-૨૦૨૦માં કોના દ્વારા સંયુક્ત રીતે સ્માર્ટ પાવર ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી એક્સસે એન્ડ બેંચ માર્કિંગ ઓફ ડિસ્ટ્રીબ્યુશન યુટિલિટીઝ પર ૧૦ રાજ્યમાં અભ્યાસ હાથ ધરાયો હતો - **નીતિ આયોગ અને રોકફેલર ફાઉન્ડેશન**
11. ઓકટોબર-૨૦૨૦માં ભારતીય સૈન્યએ સરળ અને સુરક્ષિત કઈ મેસેજિંગ એપ વિકસાવી - **SAI**
12. ભારતીય સૈન્ય દ્વારા વકસિત મેસેજિંગ એપ SAIનું વિસ્તૃત નામ જણાવો - **સિક્યોર એપ્લિકેશન ફોર ઈન્ટરનેટ**
13. તા. ૨૯મી ઓકટોબર-૨૦૨૦ના રોજ ગુજરાતના કયા પૂર્વ મુખ્યમંત્રીનું ૯૨ વર્ષે ગાંધીનગર ખાતે અવસાન થયુ – **શ્રી કેશુભાઈ પટેલ**

14. કોણ ગુજરાત ભાજપના ભિષ્મ પિતામહ તરીકે ઓળખાય છે – **શ્રી કેશુભાઈ પટેલ**
15. ગુજરાના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલનું ઉપનામ જણાવો - **બાપા**
16. શ્રી કેશુભાઈ પટેલનો જન્મ કયાં-ક્યારે થયો હતો – **વિસાવદર, જિ. જૂનાગઢ તથા તા. ૨૪-૦૭-૧૯૨૮**
17. શ્રી કેશુભાઈ પટેલ કયારથી ભારતીય જનસંઘના સભ્ય બન્યા હતા - **૧૯૫૨માં ભારતીય જનસંઘની સ્થાપનાકાળથી**
18. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના સ્થાપક પ્રમુખ કોણ હતા - **શ્રી કેશુભાઈ પટેલ**
19. પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ કયા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે - **વિસાવદર, મોરબી, કાલાવડ અને ગોંડલ**
20. શ્રી કેશુભાઈ પટેલ સૌપ્રથમ વખત કયારે-કયા મંત્રી બન્યા હતા – **વર્ષ ૧૯૭૫થી ૧૯૭૭ સુધીમાં બાબુભાઈ જશભાઈ પટેલની જનતા મોરચા સરકારમાં સિંચાઈ મંત્રી**
21. શ્રી કેશુભાઈ પટેલે કયારે-કોની સરકારમાં નાયબ મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતું - **૧૯૯૦માં ચીમનભાઈ પટેલની જનતાદળ-ભાજપની સંયુક્ત સરકારમાં**
22. શ્રી કેશુભાઈ પટેલ કેટલી વાર-ક્યારે મુખ્યમંત્રીપદે રહ્યાં હતા – **બે વાર તથા પ્રથમવાર માર્ચ ૧૯૯૫ થી ઓક્ટોબર ૧૯૯૫ તેમજ માર્ચ ૧૯૯૮માં બીજીવાર મુખ્યમંત્રી બન્યાં**
23. શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ૧૯૯૮માં ભાજપને વિધાનસભામાં કેટલી બેઠકો મળી હતી જે આજ સુધી ક્યારેય ભાજપને મળી નથી – **૧૨૧**
24. શ્રી કેશુભાઈ પટેલ કયા વર્ષે રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા - **૨૦૦૪**
25. વર્ષ-૨૦૧૨માં શ્રી કેશુભાઈ પટેલ કઈ પાર્ટીમાં જોડાયા હતા - **ગુજરાત પરિવર્તન પાર્ટી**
26. શ્રી કેશુભાઈ પટેલના મુખ્યમંત્રીના કાર્યકાળમાં કઈ મહત્વપૂર્ણ યોજનાનો પ્રારંભ થયો હતો - **'ગોકુળ ગામ'**
27. ગુજરાતનું પ્રથમ ગોકુળિયુ ગામ કયુ છે - **રાયસણ-ગાંધીનગર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.સ્ટેચ્યૂ ઓફ યુનિટી-SOU-કેવડિયા : મંત્ર:એક ભારત, શ્રેષ્ઠ ભારત (પ્રવાસન)

- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તા. ૩૦ અને ૩૧મી ઓકટોબર-૨૦૨૦ બે દિવસના ગુજરાત પ્રવાસે
- ✓ તા. ૩૦મી ઓકટોબર-૨૦૨૦ના રોજ કેવડિયા ખાતે વડાપ્રધાનશ્રીના હસ્તે કુલ એક હજાર કરોડથી વધુના વિવિધ ૧૧ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ૪ નવા પ્રોજેક્ટનો શિલાન્યાસ



- ✓ આ ઉદઘાટન પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ખાસ ઉપસ્થિતિ
- ✓ કેવડિયા એટલે : ઈતિહાસ, વિકાસ, કુદરત, પર્યાવરણ અને પ્રવાસનનો અદભૂત સંગમ

નવા પ્રવાસન આકર્ષણો :

(૧) યુનિટી ગ્લો ગાર્ડન :-



ગ્લો ગાર્ડન

- ✓ પ્રવાસીઓને રોમાંચ, ઉત્તેજના અને આનંદ થાય તેવો ખાસ થીમ સાથેનો યુનિટી ગ્લો ગાર્ડન અહિં આકર્ષણનું કેન્દ્ર બને તેવો છે. આ પ્રકારનો દેશમાં સૌ પ્રથમ ગાર્ડન છે.
- ✓ ૩.૬૧ એકરમાં પથરાયેલા આ વિશાળ ગાર્ડનમાં LED લાઈટથી ઝગમગતાં પ્રાણીઓની પ્રતિકૃતિ, વૃક્ષો અને ફુવારાઓ પ્રવાસીઓને મંત્ર મુગ્ધ કરી દે છે.

- ✓ કેવડિયા ખાતે મુલાકાત કરનાર પ્રવાસીઓને રાત્રે આ વિશિષ્ટ પ્રકારના ગાર્ડન જેમાં ઝળહળતી રોશનીની હારમાળાઓ અવિસ્મરણીય અનુભવ કરાવશે.

(૨) એકતા ક્રૂઝ (ફેરી બોટ) :-



એકતા ક્રૂઝ (ફેરી બોટ)

- ✓ પ્રવાસીઓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે આવે ત્યારે નર્મદા નદીમાં બોટીંગ દ્વારા સાતપુડા તથા વિધ્યાંચળ પર્વતમાળાની હરિયાળીનો આનંદ મળે તે હેતુથી ફેરી બોટ સર્વિસ - એકતા ક્રૂઝ પ્રોજેકટ કરવામાં આવ્યો છે.
- ✓ એકતા ક્રૂઝ દ્વારા પ્રવાસીઓ ૬ કિ.મી. સુધી અને ૪૦ મિનીટ બોટીંગનો આહલાદક આનંદ મેળવી શકે છે.
- ✓ એકતા ક્રૂઝની લંબાઈ ૨૬ મીટર અને પહોળાઈ ૯ મીટર છે અને ૨૦૦ પ્રવાસીઓની ક્ષમતા ધરાવે છે.
- ✓ આ ફેરી બોટ સર્વિસ માટે શ્રેષ્ઠ ભારત ભવન ખાતે અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે જેટ્ટી બનાવવામાં આવી છે.

(૩) આરોગ્ય વન :-



આરોગ્ય વન

- ✓ માનવ સમુદાયના સ્વાસ્થ્ય અને સુખાકારીના વિષય વસ્તુને ધ્યાનમાં રાખીને જુદા જુદા વૈદિક વૃક્ષો સાથેનું આ આરોગ્ય વન ૧૭ એકરમાં પથરાયેલું છે.
- ✓ આરોગ્ય વનમાં યોગ, આયુર્વેદ અને ધ્યાનને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે.
- ✓ ૩૮૦ પ્રજાતિના જુદા જુદા ૫ લાખ વૃક્ષો વાવવામાં આવેલા છે.
- ✓ આ વનમાં કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, લ્યુટીયા ગાર્ડન, એરોમા ગાર્ડન, યોગ અને ધ્યાન - સ્થળ, ઈન્ડોર પ્લાન્ટ સેકશન, ડિઝીટલ ઇન્ફર્મેશન સેન્ટર, સોવીનીયર શોપ, કાફેટેરિયા વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ અહિના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કેરાલાના ડોકટર અને નિષ્ણાત સ્ટાફ દ્વારા જુદી જુદી નેચર થેરાપીનો પ્રવાસીઓને લાભ મળે છે. આરોગ્ય વનમાં પ્રવાસીઓ શારિરીક સુખાકારી સાથે કુદરત સાથે તાદમ્ય પણ અનુભવે છે.

(૪) ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક :-



ચિલ્ડ્રન ન્યુટ્રીશીયન પાર્ક

- ✓ અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫૦૦૦ ચો.મી. વિસ્તારમાં પથરાયેલો છે.
- ✓ બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી આ પાર્ક ખાસ ડિઝાઈન કરવામાં આવેલો છે. જેમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટર પ્રવાસ કરે છે.
- ✓ પ્રવાસ દરમિયાન ફળ-શાક ગૃહમ્, પાયોનગરી, અન્નપૂર્ણા, પોષણપુરમ્, સ્વસ્થ ભારતમ્ અને ન્યુટ્રી હંટ જેવા સ્ટેશનો છે.
- ✓ આ સ્થળોમાં જુદી જુદી ૪૭ જેટલી ટેકનોલોજીનો ઉપયોગ કરી બાળકોને મનોરંજનની સાથે માહિતી મળે અને "સહિ પોષણ-દેશ રોશન" ચરિતાર્થ થાય તે પ્રયાસ કરવામાં આવ્યો છે.
- ✓ વધુમાં નાના-મોટા તમામ પ્રવાસીઓને મનોરંજન માટે મીરર મેઈઝ, 5-D થિયેટર,ભૂલ-ભુલૈયાં પણ છે.

(૫) જંગલ સફારી (સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્ક) અને ડોમ એવીયરીઝ :-



જંગલ સફારી અને ડોમ એવિએરી

- ✓ વિશ્વમાં રેકર્ડ સમયમાં ઝડપથી પૂર્ણ કરવામાં આવેલ જંગલ સફારી ૩૭૫ એકરમાં અને ૭ જુદી જુદી સપાટીએ બનાવવામાં આવેલું "સ્ટેટ ઓફ આર્ટ" ઝુઓલોજીકલ પાર્ક છે.
- ✓ જંગલ સફારીમાં પ્રવાસીઓ દેશના અને વિદેશના કુલ-૧૧૦૦ પક્ષીઓ અને ૧૦૦ પ્રજાતિઓના પ્રાણીઓ જોવાનો આનંદ માણી શકશે.
- ✓ આ પ્રોજેકટમાં જુદા જુદા ૨૯ પ્રાણીઓ માટે ખાસ નિયત વિસ્તાર અને વિશ્વમાં સૌથી મોટા બે "જીઓડેસીક ડોમ એવીયરીઝ"નો સમાવેશ. જેમાં પ્રવાસીઓ પોતાની આજુબાજુ ઉડતાં પક્ષીઓ જોવાનો રોમાંચ માણી શકે.
- ✓ જંગલ સફારી પ્રોજેકટમાં પ્રવાસીઓ ખાસ કરીને બાળકો પણ પક્ષીઓ અને નાના પ્રાણીઓને અડી અને રોમાંચ અનુભવી શકે તેવો "પેટીંગ ઝોન" નો સમાવેશ છે.
- ✓ પેટીંગ ઝોનમાં મકાઉ, કોકેટુ, પરીશયન બિલાડી, સસલાઓ, ગુનીયા પીગ, નાનો

અશ્વ, નાના ઘેંટા અને બકરા, ટર્કી અને ગીઝનો સમાવેશ છે.

(૬) એકતા મોલ :-



એકતા મોલ

- ✓ દેશ-વિદેશના પ્રવાસીઓ કેવડિયાની મુલાકાત દરમિયાન ખરીદીનો વિશિષ્ટ પ્રકારનો અનુભવ લઈ શકે તે માટે બે માળ અને ૩૫,૦૦૦ ચો.ફુટમાં પથરાયેલ વિશાળ એકતા મોલનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- ✓ જેમાં દેશના જુદાજુદા રાજયોમાંથી ૨૦ જેટલા પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ એમ્પોરીયા છે. એકતા મોલમાં દેશના જુદા જુદા રાજ્યોની વખણાતી ચીજવસ્તુઓ એક જ જગ્યાએથી ખરીદીનો પ્રવાસીઓ આનંદ માણે છે.
- ✓ જેમાં ગરવી ગુર્જરી, પુરબશ્રી, કૈરાલી, મુર્ગનૈની, પુમ્પુહર, ગંગોત્રી, કાવેરી, ખાદી ઈન્ડિયા, કાશ્મીર અને CCI એમ્પોરિયમ આવેલું છે.

(૭) કેકટ્સ ગાર્ડન :-



કેકટસ ગાર્ડન

- ✓ સરદાર સરોવર ડેમ નજીક નર્મદા નદીના ડાબા કાંઠે ૨૫ એકરમાં આ ગાર્ડન પથરાયેલો છે.
- ✓ જેમાં ૪૫૦ પ્રકારની કેક્ટી અને સેક્યુલન્ટસ પ્રજાતિ છે અને વિશ્વના જુદા જુદા ૧૭ દેશોના કુલ ૬ લાખ જેટલાં કેકટ્સના છોડવાઓ આવેલા છે.
- ✓ કેકટ્સ ગાર્ડનમાં ૮૩૮ ચો.મી.નો અદ્વિતીય અષ્ટકોણીય ડોમ આવેલું છે જે પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ છે.
- ✓ અહિ પ્રવાસીઓને જુદી જુદી પ્રજાતિના કેકટ્સ અંગે જાણકારી મળે છે.
- ✓ કેકટ્સ ગાર્ડનમાં કેકટ્સમાંથી બનતી દવાઓ અને હર્બલ પ્રોડક્ટની ખાસ દુકાન છે અને પ્રવાસીઓ તેમાંથી કેકટ્સના છોડવાઓ તથા દવાઓ ખરીદી શકે છે.

(૮) એકતા નર્સરી :-



એકતા નર્સરી

- ✓ જુદા જુદા રોપાઓના પ્રદર્શન-વેચાણ થકી એકતાના વિચારના થીમ ઉપર ૧૦ એકરમાં પથરાયેલું આ એકતા નર્સરી પ્રવાસીઓને અદ્વિતીય અનુભવ કરાવે છે.
- ✓ ઉચ્ચ કક્ષાની ટેકનોલોજીથી સજ્જ આ નર્સરીની ૧૦ લાખ રોપાઓ પ્રતિ વર્ષ ઉછેરવાની ક્ષમતા છે.
- ✓ એકતા નર્સરી "એકતા હેન્ડીકાફ્ટ" પ્રવાસીઓનું આકર્ષણ સ્થળ છે જેમાં બામ્બુ કાફ્ટ્સ, સોપારીના પાંદડાઓમાંથી બનતી વસ્તુઓ અને ઓર્ગેનિક પોટ્સનું પ્રદર્શન-વેચાણ છે.
- ✓ આ જગ્યાએ પ્રવાસીઓ વસ્તુઓ જાતે બનાવવાનો અનુભવ અને આનંદ મેળવે છે. કાફેટેરીયામાં આદિવાસી મહિલાઓ દ્વારા સ્થાનિક સ્વાદિષ્ટ વ્યંજનોનો સ્વાદ ઉપલબ્ધ છે.
- ✓ સોવીનીયર શોપમાં પ્રવાસીઓને સાબુ, મધ, રોપાઓ વગેરેની ખરીદી પણ કરી શકે છે.
- ✓ આ જુદી જુદી પ્રવૃત્તિઓ થકી મહિલાઓના "સેલ્ફ-હેલ્પ ગૃપ" થકી ૩૧૧ કુટુંબોને આર્થિક લાભ મળે છે.

(૯) એકતા દ્વારથી ગ્લો ગાર્ડન સુધીના ડેકોરેટિવ લાઈટ્સ



એકતા દ્વારથી ગ્લો ગાર્ડન સુધીના ડેકોરેટીવ લાઈટ્સ

ખલવાણી ઈકો-ટુરિઝમ :-

- ✓ પ્રવાસીઓને કુદરતના સાનિધ્યમાં રહેવા અને સાહસિક પ્રવૃત્તિઓ કરવાનું આ એક ઉત્તમ સ્થળ છે.
- ✓ ખલવાણી ઈકો-ટુરિઝમ સ્થળ ૧૦૦ એકર વિસ્તારમાં પથરાયેલ છે જેમાં ૮૨ એકર વિસ્તારમાં ૧.૩ લાખ વૃક્ષોની હરિયાળી છે.
- ✓ આ સ્થળે ૧૦૦ જેટલા પ્રવાસીઓને રહેવા માટેની ઉત્તમ સગવડતા છે.
- ✓ જેમાં ટ્રી હાઉસ, ટેન્ટ વગેરેનો સમાવેશ છે.
- ✓ અહીં કાફેટેરીયામાં સેલ્ફ-હેલ્પ ગૃપ દ્વારા મહિલાઓને રોજગારી મળે છે અને આદિવાસી સ્થાનિક વિસ્તારના વ્યંજનનો સ્વાદ મળે છે.
- ✓ એડવેન્ચર ટુરિઝમ માટે આદર્શ સ્થળ છે જેમાં ગુજરાતનું એકમાત્ર રીવર રાફટીંગ

ઉપલબ્ધ છે. ૪.૫ કિ.મી. લંબાઈ અને ૯ રેપીડ ધરાવતું આ રીવર રાફ્ટીંગ યુવાનો માટે રોમાંચક અનુભવ છે.

ગરૂડેશ્વર વિયર:-

- ✓ સરદાર સરોવર ડેમમાં જળ વિદ્યુત મથકના રીવર્સેબલ ટર્બાઈનના સંચાલન માટે નીચે વાસમાં તળાવનું નિર્માણ કરવા માટે ગરૂડેશ્વર વિયર બનાવવામાં આવ્યું.
- ✓ ગરૂડેશ્વર વિયર નર્મદા ડેમથી ૧૨.૧૦ કિ.મી. નીચે વાસમાં આવે છે.
- ✓ ગરૂડેશ્વર વિયરની લંબાઈ ૬૦૯ મીટરનાં સ્પીલવે સાથે કુલ- ૧૨૧૮ મીટર છે.
- ✓ વિયરની સંગ્રહ શક્તિ ૮૭.૨૦ મીલીયન કયુબીક મીટર છે.
- ✓ ગરૂડેશ્વર વિયરમાં ૯ મે.વો. જળવિદ્યુત ઉત્પન્ન કરવાની ક્ષમતા છે.

નવો ગોરા બ્રીજ :-

- ✓ ગોરા ગામ નજીક નર્મદા નદી પર લો લેવલનો કોઝવે ગરૂડેશ્વર વીયરના કારણે ડુબમાં આવતો હોવાથી નવો ગોરા બ્રીજ બનાવવામાં આવ્યો છે.
- ✓ જેમાં મુખ્ય ભાગની લંબાઈ ૯૨૦ મીટર છે અને એપ્રોચીઝની લંબાઈ ૧.૬ કિ.મી. છે.
- ✓ આ બ્રીજમાં વાહનોની સરળતાથી અવરજવર માટે ચાર લેન કરવામાં આવ્યા
- ✓ ગોરા બ્રીજ સરદાર સરોવર ડેમથી ૬.૩૦ કિ.મી. નીચે વાસમાં છે. આ બ્રીજ કેવડિયાથી રાજપીપળા રસ્તાને જોડે છે.

સરકારી વસાહતો :-

- ✓ સરદાર સરોવર નર્મદા નિગમના કર્મચારી-ઈજનેરોને વસવાટ માટે કુલ-૧૧૨ ફલેટ બનાવવામાં આવ્યા છે.
- ✓ જેમાં જુદી જુદી કેટેગરીનો સમાવેશ છે. આ વસાહત બનતા કર્મચારી/અધિકારીઓને કેવડિયા ખાતે રહેવા માટે સગવડતા ઉપલબ્ધ થશે.

બસ બે ટર્મિનસ:-

- ✓ પ્રવાસીઓને વિવિધ સ્થળોએથી લેવા અને મુકવા માટે ૧૦ સબ-બસ સ્ટેન્ડ ધરાવતું વિશાળ ટર્મિનસ બનાવવામાં આવ્યું છે.
- ✓ પ્રત્યેક બસ સ્ટેન્ડની સાઈઝ ૨૦ મીટર X ૮ મીટર છે. બસ બે સ્ટેન્ડની ક્ષમતા એક જ સમયે ૧૫૦૦ પ્રવાસીઓ માટેની છે, જે માટે ૧૨૦૦ મીટર લંબાઈની સ્ટેનલેસ સ્ટીલ રેલીંગ નાખવામાં આવી છે.
- ✓ અહીં પ્રવાસીઓ માટે ૬૦૦ જેટલા લોકર પણ ઉપલબ્ધ છે.

હોમ સ્ટે પ્રોજેકટ :-

- ✓ હોમ સ્ટે એટલે કે કોઇકના ઘરમાં ટુંક સમય માટે ભાડેથી રોકાણ કરવું.
- ✓ શહેરની ભીડ-ભાડ અને વૈભવી વિસ્તારોથી વિપરીત ગામડાના શાંત અને કુદરતી વાતાવરણમાં આવેલ આ હોમ સ્ટેના મકાનો પ્રવાસીઓના રોકાણ માટે આર્કષણનું કેન્દ્ર બની રહેશે.

- ✓ આ મકાનોમાં સુંદર અને સ્વચ્છ વાતાવરણ તેમજ નજીવી કિંમતે જમવાનું પણ પ્રવાસીઓને મળી રહેશે.
- ✓ હોમ સ્ટેમાં રોકાનાર પ્રવાસીઓ આદિવાસી સમાજના લોકોના પરિચયમાં આવશે તથા તેમને આદિવાસી સમાજની પરંપરા અને સંસ્કૃતિ વિશે જાણવા મળશે.
- ✓ જે મકાનોમાં પ્રવાસીઓ રોકાશે તે કુટંબોને આજીવિકા મળી રહેશે.
- ✓ આ પ્રોજેકટથી શહેરમાં રહેતા લોકોને ગામડાનું જીવન માણવાની તક મળશે.
- ✓ આવા સુંદર વિચાર સાથે "ટ્રાયબલ હોમ સ્ટે પ્રોજેકટ" ગરૂડેશ્વર તાલુકામાં આવેલ "સ્ટેચ્યુ ઓફ યુનિટિ"ની આસપાસના વિસ્તારમાં રહેતા ગરીબ આદિવાસી કુંટંબોના સામાજીક અને આર્થિક વિકાસ માટે શરૂ કરવામાં આવ્યો છે.

આદર્શ ગામ :-

- ✓ ૬ ગામોનાં અસરગ્રસ્ત કુટુંબોને જરૂરી તમામ સવલતો સાથે વસવાટ કરવાની "આદર્શ ગામ" યોજના અંતર્ગત ગોરા ગામ પાસે ૪૦૦ કુટુંબોને પાકા મકાનો સાથે પ્રાથમિક નિશાળ, આંગણવાડી, દવાખાનું, પશુઓ માટે અવેડો, કોમ્યુનિટી હોલ, બાળકોને રમવા માટે ખાસ જગ્યાઓ વિગેરે સવલતો ઉપલબ્ધ થશે.
- ✓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુ પ્રવાસીઓ માટે આકર્ષણ સમાન પ્રોજેકટને ખાસ "મિશન મોડ"થી રેકર્ડ સમયમાં પૂર્ણ કરાયુ. અને સ્થાનિક વિસ્તારના યુવાનો અને મહિલાઓ સહિત ૩૦૦૦ કુટુંબને રોજગારીની તકો ઉભી થઇ છે.
- ✓ કેવડિયા સંકલિત વિકાસ હેઠળ સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુ ૧૦૦ કિ.મી.ની ત્રિજયામાં ખાસ કરીને આદિવાસી વિસ્તારને પરોક્ષ રીતે સને ૨૦૨૦-૨૨ દરમિયાન અંદાજી રૂા.૯૦૦૦/- કરોડનો લાભ થશે.

SOUના વિવિધ પ્રવાસન સ્થળો અને તેમની ટિકિટોના દર

એક જ સ્થળે સમગ્ર વિશ્વની ઝલક, વ્યક્તિ દીઠ ફરવાનો ખર્ચ રૂ. ૩૨૮૦, ટેન્ટનું ભાડું રૂ. ૫૫૦૦.

સ્થળ	ટિકિટ રૂ. મોટા	ટિકિટ રૂ. બાળકો
SOU	૧૫૦	૯૦
SOU ગેલેરી	૩૮૦	૨૦૦
જંગલ સફારી	૨૦૦	૧૨૫
ક્રૂઝ	૪૩૦	૪૩૦
રાફટિંગ	૧૦૦૦	૧૦૦૦
કેક્ટસ ગાર્ડન	૬૦	૪૦
નર્સરી	૩૦	૨૦
ન્યુટ્રિશન પાર્ક	૨૦૦	૧૨૫
વિશ્વ વન	૩૦	૨૦
નૌકા વિહાર	૨૯૦	૨૯૦

આરોગ્ય વન	૩૦	૨૦
ઝરવાણી ખલવાણી	૩૦૦	૨૫૦
ચિલ્ડ્રન પાર્ક	૨૦૦	૧૨૫
કુલ	૩૨૮૦	૨૭૨૫

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' : ગુજરાત સરકાર (શિક્ષણ)

ગુજરાતમાં શિક્ષણને વધુ સુદ્રઢ બનાવવા આગામી ૬ વર્ષમાં ૧ અબજ ડોલરનું રોકાણ કરાશે.



હેતુ :

✓ તાલુકા, જિલ્લા ક્લસ્ટરમાં વિશ્વકક્ષાનું શિક્ષણ પુરુ પાડવાનો પ્રયાસ

✓ રાજ્યમાં મહત્તમ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેવી શાળાઓની પસંદગી કરીને તે શાળાઓના ઉત્કૃષ્ટ શાળાઓ કરીકે વિકસાવવાનો 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' મુખ્ય હેતુ છે.

✓ આ મિશન હેઠળ પસંદ કરાયેલી સ્કુલોને ખાનગી શાળા કરતાં પણ વધુ સારી અને ઉત્કૃષ્ટ શાળા બનાવાશે.

કઈ સંસ્થા કેટલું રોકાણ કરશે :

✓ 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' માટે વર્લ્ડ બેન્ક દ્વારા ૫૦૦ મિલિયન ડોલર

✓ એશિયન વિકાસ બેંક દ્વારા ૧૦૦ મિલિયન ડોલર

✓ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા ૨૫૦ મિલિયન ડોલર તેમજ રાજ્ય સરકાર તથા અન્ય સ્ત્રોત મારફતે રોકાણ કરવામાં આવશે.

✓ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩ હજાર કરોડ સહિત ૬ વર્ષમાં કુલ રૂ. ૧૦ હજાર કરોડનું રોકાણ કરાશે.

કેટલી શાળાઓને સાંકળી લેવાશે :

✓ રાજ્યમાં ૩૩,૫૦૦ સરકારી પ્રાથમિક શાળાઓ પૈકી ૧૫ હજાર પ્રાથમિક શાળાઓ, ૬,૫૦૦ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી ૫ હજાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પસંદગી કરાશે.

✓ આગામી ૬ વર્ષમાં દરેક તાલુકામાં ધોરણ-૬થી ૧૨ માટે એક એવી ૨૫૦ રેસીડેન્શિયલ સ્કુલ સ્થપાશે.

✓ ૬ હજાર પ્રાથમિક શાળાઓને ઈમર્જિંગ સ્કુલ ઓફ એક્સેલન્સમાં પરિવર્તીત કરાશે.

- ✓ ૯ હજાર પ્રાથમિક શાળા અને ૫ હજાર માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક સરકાર અને ગ્રાન્ડ ઈન એઈડ શાળાઓને એસ્પાયરિંગ સ્કુલ્સ ઓફ એક્સેલન્સ તરીકે વિકસાવવામાં આવશે.
- ✓ સમગ્ર મિશનમાં 'ડેટા' મહત્વનો ભાગ ભજવશે. કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર દ્વારા આર્ટિફિસિયલ ઈન્ટેલીજન્સ અને મશીન લર્નિંગનો ઉપયોગ કરીને સતત ડેટા એનાલિસીસ કરીને નિર્ણય લેવામાં આવશે.
- ✓ શિક્ષણ મંત્રી : શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ભારતીય નેવી : એન્ટી-શિપ કાર્વેટ મિસાઈલનું સફળ પરિક્ષણ



વિગત :

- ✓ ઈન્ડિયન નેવીએ પોતાની તાકાત વધારતા એન્ટી-શિપ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું
- ✓ બંગાળના અખાતમાં INS કોરા ખાતેથી કાર્વેટ મિસાઈલ છોડવામાં આવી હતી
- ✓ જે જહાજ પર છોડાઈ હતી તે સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયુ હતુ.
- ✓ મિસાઈલે મહતમ રેન્જનો ઉપયોગ કર્યો હતો
- ✓ પરીક્ષણ સ્થળ : બંગાળનો અખાત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ૭૩મો કાન્સ ફિલ્મ ફેસ્ટિવિલ-૨૦૨૦ (ફિલ્મ)



- ✓ તા. ૨૮મી ઓકટોબરથી ત્રણ દિવસીય ખાસ એડિશનની ઉજવણી
- ✓ ખાસ : કાળી કાર્પેટ બિછાવીને ફ્રાન્સના નીસના કટ્ટરપંથી હુમલાનો વિરોધ કરાયો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫.મલબાર નેવી ડ્રીલ -૨૦૨૦ (સંરક્ષણ)



✓ અભ્યાસ : કુલ બે તબક્કામાં નૌકા કવાયાત-૨૦૨૦ યોજાશે

પ્રથમ તબક્કો :

✓ માલાબાર નેવી ડ્રિલનો પ્રથમ તબક્કો 3 થી 6 નવેમ્બર દરમિયાન વિશાખાપટ્ટનમના દરિયાકાંઠા નજીક બંગાળના અખાતમાં યોજાશે.

✓ તેમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાના નૌકાદળો ભાગ લેશે.

બીજો તબક્કો :

✓ ચારેય દેશો બીજા તબક્કાની ડ્રિલ 17 થી 20 નવેમ્બર દરમિયાન અરબી સમુદ્રમાં કરશે.

✓ ભારતે જાહેરાત કરી હતી કે ઓસ્ટ્રેલિયા આ નવી ડ્રિલનો હિસ્સો હશે.

✓ હવે આ અસરકારક રીતે ક્વાડના તમામ 4 સભ્ય દેશની ડિલ બની ગઇ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 : કેન્દ્ર સરકાર (સુશાસન)

પબ્લિક અફેર્સ સેન્ટર દ્વારા રાજ્યોનું સુશાસન રેન્કિંગ જાહેર

સુશાસનમાં મોટા રાજયોમાં કેરળ અને નાના રાજ્યોમાં ગોવા પ્રથમ સ્થાને

હેતુ :

✓ ભારતમાં આર્થિક અને સામાજિક મુદ્દાઓ પર આપણી સમક્ષ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની પર પ્રકાશ પાડે છે.

રાજ્યોની રેન્કિંગની વિગતો :

મોટા રાજ્યોની કેટેગરી અને તેનો સ્કોર

✓ દક્ષિણના ચાર રાજ્યો કેરળ (1.388 પોઈન્ટ) તમિલનાડુ (0.912), આંધ્ર પ્રદેશ (0.531) અને કર્ણાટક (0.468).

નકારાત્મક સ્કોર ધરાવતા છેલ્લાં મોટા રાજ્યો

✓ ઉત્તર પ્રદેશ માઈનસ 1.461, ઓડિશા માઈનસ 1.201 અને બિહાર માઈનસ 1.158 પોઈન્ટ.

નાના રાજ્યોની કેટેગરી અને તેનો સ્કોર

✓ ગોવા 1.742 પોઈન્ટ

✓ મેઘાલયે 0.797 પોઈન્ટ

✓ હિમાચલ પ્રદેશે 0.725 પોઈન્ટ

નકારાત્મક સ્કોર ધરાવતા છેલ્લાં નાના રાજ્યો

✓ મણિપુર (-0.363)

✓ દિલ્હી (-0.289)

✓ ઉત્તરાખંડ (-0.277).

કેન્દ્ર શાસિત પ્રદેશનું રેન્કિંગ અને તેનો સ્કોર:

✓ ચંડીગઢ 1.05 પોઈન્ટ

✓ પુડુચેરી (0.52)

✓ લક્ષ્યદ્વિપ (0.003)

નકારાત્મક સ્કોર ધરાવતા કેન્દ્ર શાસિત પ્રદેશ

✓ દાદરા નગર હવેલી (-0.69)

✓ જમ્મુ-કાશ્મીર (-0.50)

✓ આંદામાન, અને નિકોબાર (-0.30).

માપદંડ :

✓ ઈક્વિટી, વૃદ્ધિ અને સાતત્યપૂર્ણ વિકાસના પરિપ્રેક્ષ્યમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શાસનનું વિશ્લેષણ.

✓ સર્વવ્યાપક વિકાસના પરીપ્રેક્ષ્યમાં કોમ્પોસાઈટ ઈન્ડેક્સ પર આધારિત શાસનના પરફોર્મન્સ પર રાજ્યોને રેન્કિંગ આપવામાં આવ્યું છે.

✓ PAIના અધ્યક્ષ : ઈસરોના પૂર્વ ચેરમેન કે. કસ્તુરીરંગન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. તમિલનાડુ : સરકારી શાળાના વિદ્યાર્થીઓને વિવિધ તબીબી કોર્સમાં 7.5 ટકા અનામત અપાશે



✓ રાજ્યપાલ દ્વારા અનામત કોટા બિલને મંજૂરી

✓ વિવિધ કોર્સ : એમબીબીએસ, બીડીએસ સહિતના સ્નાતક મેડિકલ કોર્સ

વિગત :

✓ તમિલનાડુ સરકારે વર્તમાન 2020-21 શૈક્ષણિક વર્ષથી મેડિકલ કોર્સ (અન્ડર ગ્રેજ્યૂએટ)માં એડમિશન માટે રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સરકારી સ્કૂલોના વિદ્યાર્થીઓ માટે 7.5 ટકા અનામતનો આદેશ જાહેર કર્યો છે.

✓ હવેથી જે વિદ્યાર્થીઓ સરકારી સ્કૂલમાં અભ્યાસ કરેલો હોય અને નેશનલ એલિજિબિલિટી-કમ એન્ટ્રાન્સ ટેસ્ટ પાસ કરી લીધી હોય તેઓને અન્ડર ગ્રેજ્યૂએટ મેડિકલ કોર્સમાં 7.5 ટકા કોટાનો લાભ મળશે

✓ રાજધાની : ચેન્નઈ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 30 ઓક્ટોબર

અણુશક્તિના જનક : હોમીભાભા



જન્મ : 30 ઓક્ટોબર 1909

અવસાન : 24 જાન્યુઆરી 1966

- ✓ મુંબઈમાં પારસી પરિવારમાં જન્મેલા હોમીભાભાએ શિક્ષણ મુંબઈ અને કેમ્બ્રિજ યુનિ.માંથી લીધું હતું.
- ✓ કેમ્બ્રિજમાં અભ્યાસ દરમિયાન 1939માં બીજું વિશ્વયુદ્ધ ચાલુ થઇ જતાં બ્રિટન છોડવું પડ્યું હતું.
- ✓ ભારત આવ્યા હોમી પછી બેંગ્લોરમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં દાખલ થયા એ જ વર્ષે સી.વી.રામનના નેતૃત્વમાં અને કોસ્મિક રે ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી હતી.
- ✓ જે.આર.ડી ટાટાની મદદથી મુંબઈમાં ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ સંસ્થાની સ્થાપના કરી હતી.
- ✓ આઝાદી પછી હોમીભાભાએ કેન્દ્ર સરકારની સંમતિથી અણુશક્તિના શાંતિમય ઉપયોગ અંગેના સંશોધનો શરૂ કર્યા, આ યોજના અંતર્ગત 1948મા એટોમિક એનર્જી ઓફ ઇન્ડિયાની સ્થાપના થઇ અને ભારતની અણુશક્તિયાત્રા શરૂ થઈ હતી.
- ✓ તેમણે આંતરરાષ્ટ્રીય અણુશક્તિ સભાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ✓ 1955માં તેઓ જીનીવામાં આયોજિત સંયુક્ત રાષ્ટ્રની અણુશક્તિના શાંતિમય ઉપયોગની સભાના પ્રમુખ રહ્યા હતા.
- ✓ તેમનું રોયલ એશિયાટિક સોસાયટીના ફેલો અને પદ્મભૂષણથી સન્માન થયું હતું.
- ✓ 24 જાન્યુઆરી 1966ના રોજ વિમાની દુર્ઘટનામાં તેમનું અવસાન થયું હતું.
- ✓ આજે આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીની પુણ્યતિથિ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૧૦-૨૦૨૦)

1. SOU સ્થિત યુનિટી ગ્લો ગાર્ડન કેટલા વિસ્તારમાં પથરાયેલુ છે જેમાં LED લાઈટથી ઝગમગતાં પ્રાણીઓની પ્રતિકૃતિ, વૃક્ષો અને ફુવારાઓ આકર્ષણનું કેન્દ્ર બને છે - **૩.૬૧ એકર**
2. પ્રવાસીઓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે આવે ત્યારે નર્મદા નદીમાં બોટીંગ દ્વારા સાતપુડા તથા વિધ્યાંચળ પર્વતમાળાની હરિયાળીનો આનંદ મળે તે હેતુથી કયો પ્રોજેકટ કાર્યરત છે - **ફેરી બોટ સર્વિસ - એકતા ક્રૂઝ**
3. SOU સ્થિત એકતા ક્રૂઝ દ્વારા પ્રવાસીઓ કેટલા કિ.મી. સુધી અને કેટલી મિનીટ બોટીંગનો આનંદ મેળવી શકશે – **૬ તથા ૪૦**
4. એકતા ક્રૂઝની લંબાઈ-પહોળાઈ કેટલી છે તથા કેટલા પ્રવાસીની ક્ષમતા ધરાવે છે - **૨૬ મીટર, ૯ મીટર તથા ૨૦૦ પ્રવાસીની ક્ષમતા**
5. માનવ સમુદાયના સ્વાસ્થ્ય અને સુખાકારીના વિષય વસ્તુને ધ્યાનમાં રાખીને જુદા જુદા વૈદિક વૃક્ષો સાથેનું

SOU સ્થિત આરોગ્ય વન કેટલા વિસ્તારમાં પથરાયેલું છે - **૧૭ એકર**

6. SOU સ્થિત આરોગ્ય વનમાં કયા બાબતોને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે-**યોગ, આયુર્વેદ અને ધ્યાન**
7. SOU સ્થિત આરોગ્ય વનમાં કેટલી પ્રજાતિના જુદા જુદા ૫ લાખ વૃક્ષો વાવવામાં આવેલા છે - **૩૮૦**
8. SOU સ્થિત આરોગ્ય વનના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કયા રાજ્યના ડૉકટર-નિષ્ણાત સ્ટાફ દ્વારા જુદી જુદી નેચર થેરાપીનો પ્રવાસીઓને લાભ મળે છે - **કેરળ**
9. અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક કયાં આવેલો છે – **SOU, કેવડિયા**
10. ચિલ્ડ્રન ન્યુટ્રિશન થીમ બેઝ પાર્ક કેટલા વિસ્તારમાં પથરાયેલો છે - **૩૫૦૦૦ ચો.મી.**
11. SOU ખાતે બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી કયો ખાસ પાર્ક તૈયાર કરાયો છે જેમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટર પ્રવાસ કરી શકે છે - **ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક**
12. SOU સ્થિત જંગલ સફારી જાણીતુ છે - **સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્ક**
13. SOU સ્થિત જંગલ સફારી પાર્ક કેટલા વિસ્તારમાં વિસ્તરેલું છે - **૩૭૫ એકર**
14. જંગલ સફારીમાં કેટલા પક્ષીઓ-પ્રાણીઓ જોવા મળશે -**કુલ-૧૧૦૦ પક્ષીઓ અને ૧૦૦ પ્રજાતિઓના પ્રાણીઓ**
15. જંગલ સફારીમાં વિશ્વમાં સૌથી મોટા કયા બે ડોમ છે - **"જીઓડેસીક ડોમ એવીયરીઝ"**
16. દેશ-વિદેશના પ્રવાસીઓ કેવડિયાની મુલાકાત દરમિયાન ખરીદીનો વિશિષ્ટ પ્રકારનો અનુભવ લઈ શકે તે માટે બે માળ અને ૩૫,૦૦૦ ચો.ફુટમાં પથરાયેલ કયા મોલનું નિર્માણ કરવામાં આવ્યું છે - **એકતા મોલ**
17. SOU સ્થિત એકતા મોલમાં જુદાજુદા રાજયોમાંથી કેટલા પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ એમ્પોરીયા છે - **૨૦**
18. SOU સ્થિત એકતા મોલમાં પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટના કયા એમ્પોરીયા આવેલા છે - **ગરવી ગુર્જરી, પુરબશ્રી, કૈરાલી, મુર્ગનૈની, પુમ્પુહર, ગંગોત્રી, કાવેરી, ખાદી ઈન્ડિયા, કાશ્મીર અને CCI**
19. સરદાર સરોવર ડેમ નજીક નર્મદા નદીના ડાબા કાંઠે કેટલા વિસ્તારમાં કેકટ્સ ગાર્ડન પથરાયેલો છે. - **૨૫ એકર**
20. કેકટ્સ ગાર્ડનમાં કઈ-કેટલી પ્રજાતિ તથા કેકટ્સના કેટલા છોડ આવેલા છે - **૪૫૦ પ્રકારની કેક્ટી અને સેક્યુલન્ટસ પ્રજાતિ તથા ૧૭ દેશોના કુલ ૬ લાખ જેટલાં કેકટ્સના છોડ**
21. જુદા જુદા રોપાઓના પ્રદર્શન-વેચાણ થકી એકતાના વિચારના થીમ ઉપર બનેલું એક્તા નર્સરી કેટલા વિસ્તારમાં પથરાયેલું છે - **૧૦ એકર**
22. એકતા નર્સરીમાં આવેલુ "એકતા હેન્ડીક્રાફ્ટ"માં શાનું પ્રદર્શન-વેચાણ આવેલુ છે - **બામ્બુ ક્રાફ્ટસ, સોપારીના પાંદડાઓમાંથી બનતી વસ્તુઓ અને ઓર્ગેનિક પોટ્સ**
23. એકતા નર્સરીમાં આવેલા સોવીનીયર શોપમાં કઈ વસ્તુઓ પ્રવાસીઓના વેચાણ અર્થે મૂકવામાં આવી છે - **સાબુ, મધ, રોપાઓ**
24. એકતા નર્સરીમાં આવેલા સોવીનીયર શોપ મહિલાઓના "સેલ્ફ-હેલ્પ ગૃપ" થકી કેટલા કુટુંબોને આર્થિક લાભ મળે છે - **૩૧૧**
25. SOU ખાતે પ્રવાસીઓને કુદરતના સાનિધ્યમાં રહેવા અને સાહસિક પ્રવૃત્તિઓ કરવા માટે કયુ સ્થળ આવેલું છે - **ખલવાણી ઈકો-ટુરિઝમ**
26. ખલવાણી ઈકો-ટુરિઝમ સ્થળ કેટલા વિસ્તારમાં પથરાયેલ છે જેમાં ૮૨ એકર વિસ્તારમાં ૧.૩ લાખ વૃક્ષોની હરિયાળી છે - **૧૦૦ એકર**
27. ગુજરાતનું એકમાત્ર રીવર રાફટીંગ કયા આવેલું છે – **ખલવાણી ઈકો-ટુરિઝમ, SOU**
28. ગુજરાતનું એકમાત્ર રીવર રાફટીંગની લંબાઈ કેટલી છે - **૪.૫ કિ.મી.**
29. સરદાર સરોવર ડેમમાં જળ વિદ્યુત મથકના રીવર્સેબલ ટર્બાઈનના સંચાલન માટે નીચે વાસમાં તળાવનું નિર્માણ કરવા માટે શું બનાવવામાં આવ્યું છે - **ગરૂડેશ્વર વિયર**
30. ગરૂડેશ્વર વિયર નર્મદા ડેમથી કેટલા નીચે વાસમાં આવેલુ છે - **૧૨.૧૦ કિ.મી.**
31. ગરૂડેશ્વર વિયરની લંબાઈ જણાવો - **૬૦૯ મીટરનાં સ્પીલવે સાથે કુલ- ૧૨૧૮ મીટર**

32. ગરૂડેશ્વર વિયરની સંગ્રહ શક્તિ જણાવો - **૮૭.૨૦ મીલીયન કયુબીક મીટર**
33. ગરૂડેશ્વર વિયરમાં કેટલું જળવિદ્યુત ઉત્પન્ન કરવાની ક્ષમતા છે - **૯ મે.વો**
34. હોમ સ્ટે પ્રોજેક્ટ એટલે શુ - **કોઇકના ઘરમાં ટુંક સમય માટે ભાડેથી રોકાણ કરવું**
35. હોમ સ્ટે પ્રોજેક્ટથી પ્રવાસી-સ્થાનિકોને શો લાભ થશે - **પ્રવાસીઓ આદિવાસી સમાજના પરિચયમાં આવશે અને આદિવાસી સમાજની પરંપરા અને સંસ્કૃતિ વિશે જાણી શકશે તથા સ્થાનિક કુટંબોને આજીવિકા મળશે**
36. કેવડિયામાં આવેલા ૬ ગામોનાં અસરગ્રસ્ત ૪૦૦ કુટુંબોને કઈ યોજના અંતર્ગત જરૂરી તમામ સવલતો સાથે વસવાટ ઉપલબ્ધ કરાવાશે - **"આદર્શ ગામ" યોજના**
37. ઓકટોબર-૨૦૨૦માં વડાપ્રધાન શ્રી મોદી કયા બે દિવસ દરમિયાન ગુજરાત પ્રવાસે હતા – **તા.૩૦ તથા ૩૧ ઓકટોબર**
38. તા.૩૦મી ઓકટોબર-૨૦૨૦ના રોજ કેવડિયા ખાતે વડાપ્રધાનશ્રીના હસ્તે કુલ કેટલા રૂપિયાના કેટલા પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ૪ નવા પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો – **૧ હજાર કરોડથી વધુના ૧૧ પ્રોજેક્ટ્સ**
39. તા.૩૦મી ઓકટોબર-૨૦૨૦ના રોજ કેવડિયા ખાતે કોની ખાસ ઉપસ્થિતિમાં વડાપ્રધાનશ્રીના હસ્તે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-શિલાન્યાસ કરવામાં આવ્યો - **રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
40. ગુજરાતમાં સરકારી શાળા-શિક્ષણને વધુ સુદઢ બનાવવા નવું મિશન લોન્ચ કરાશે - **"મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ"**
41. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત આગામી છ વર્ષમાં કેટલું રોકાણ કરાશે - **1 અબજ ડોલર**
42. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત કઈ કઈ વૈશ્વિક સંસ્થાઓ રોકાણ કરશે - **વર્લ્ડ બેંક, એશિયન ડેવલપમેન્ટ બેંક, એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક અને ગુજરાત સરકાર**
43. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પસંદગી કરાશે - **6,500 અને 5,000**
44. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત ધોરણ ૬ થી ૧૨માં કેટલી નિવાસી શાળાઓ સ્થપાશે - **250**
45. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત કેટલી પ્રાથમિક શાળાઓને ઇમર્જિંગ સ્કૂલ ઓફ એક્સલન્સમાં પરિવર્તિત કરાશે - **6,000**
46. ગુજરાતના વર્તમાન શિક્ષણ મંત્રીનું જણાવો - **ભુપેન્દ્રસિંહ ચુડાસમા**
47. તાજેતરમાં બંગાળના અખાતમાંથી ભારતીય નેવી દ્વારા કયા એન્ટિ-શિપ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું - **કાર્વેટ**
48. ભારતે તાજેતરમાં કયા જહાજમાંથી એન્ટિ- શિપ મિસાઈલ કાર્વેટનું સફળ પરીક્ષણ કર્યું - **INS કોરા**
49. તાજેતરમાં તારીખ 28 ઓક્ટોબરથી ત્રણ દિવસ માટે કેટલામો કાન્સ ફેસ્ટિવલ-2020 યોજાયો - **73મો**
50. તાજેતરમાં કાન્સ ફેસ્ટિવલ-2020 ક્યાં યોજાયો - **ફ્રાંસ**
51. મલાબાર નૌકા કવાયત 2020 કુલ કેટલા તબક્કામાં યોજાશે - **બે**
52. મલાબાર નૌકા કવાયત 2020 કયા બે તબક્કામાં યોજાશે - **તારીખ 3 થી 6 નવેમ્બર અને તારીખ 17થી 20 નવેમ્બર**
53. આગામી સમયમાં મલાબાર નૌકા કવાયત 2020 બે તબક્કામાં કયા સ્થળે યોજાશે - **વિશાખાપટ્ટનમ અને અરબી સમુદ્ર**
54. મલાબાર નૌકા કવાયત 2020માં કયા કયા દેશ જોડાશે - **ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા**
55. કેન્દ્ર સરકારનો પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 શું છે - **રાજ્યોનું સુશાસન રેન્કિંગ**
56. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 અનુસાર સુશાસનમાં મોટા-નાના રાજ્યોમાં પ્રથમ સ્થાને કોણ છે - **કેરળ અને ગોવા**
57. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020નો હેતુ જણાવો - **ભારતમાં આર્થિક અને સામાજિક મુદ્દાઓ પર રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની સ્થિતિ પર પ્રકાશ પાડવાનો**

58. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ દેશના મોટા રાજ્યોની કેટેગરીમાં પ્રથમ ચાર સ્થાન મેળવનારા રાજ્યો અને તેનો સ્કોર જણાવો - **કેરળ(1.388 પોઈન્ટ), તમિલનાડુ (0.912), આંધ્ર પ્રદેશ (0.531) અને કર્ણાટક (0.468)**
59. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ દેશના મોટા રાજ્યોની કેટેગરીમાં નકારાત્મક સ્કોર ધરાવતા છેલ્લાં મોટા રાજ્યો અને તેનો સ્કોર જણાવો - **ઉત્તર પ્રદેશ માઈનસ 1.461, ઓડિશા માઈનસ 1.201 અને બિહાર માઈનસ 1.158 પોઈન્ટ**
60. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ દેશના નાના રાજ્યોની કેટેગરીમાં પ્રથમ ચાર સ્થાન મેળવનારા રાજ્યો અને તેનો સ્કોર જણાવો - **ગોવા 1.742 પોઈન્ટ, મેઘાલયે 0.797 પોઈન્ટ, હિમાચલ પ્રદેશે 0.725 પોઈન્ટ**
61. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ દેશના નાના રાજ્યોની કેટેગરીમાં નકારાત્મક સ્કોર ધરાવતા છેલ્લાં નાના રાજ્યો અને તેનો સ્કોર જણાવો - **મણિપુર (-0.363), દિલ્હી (-0.289), ઉત્તરાખંડ (-0.277)**
62. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ પ્રથમ ત્રણ સ્થાન મેળવનારા કેન્દ્ર શાસિત પ્રદેશ-તેનો સ્કોર જણાવો - **ચંડીગઢ 1.05 પોઈન્ટ, પુડુચેરી (0.52), લક્ષ્યદ્વિપ (0.003)**
63. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ નકારાત્મક સ્કોર ધરાવતા કેન્દ્ર શાસિત પ્રદેશ-તેનો સ્કોર જણાવો - **દાદરા નગર હવેલી (-0.69), જમ્મુ-કાશ્મીર (-0.50), આંદામાન, અને નિકોબાર (-0.30).**
64. કયા માપદંડને આધારે પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવે છે - **ઈક્વિટી, વૃદ્ધિ અને સાતત્યપૂર્ણ વિકાસના આધારે શાસનના પરફોર્મન્સ અનુસાર**
65. PAIના વર્તમાન અધ્યક્ષ કોણ છે - **ઈસરોના પૂર્વ ચેરમેન કે. કસ્તુરીરંગન**
66. ઓકટોબર-૨૦૨૦માં કઈ રાજ્યની સરકારે સરકારી શાળાના વિદ્યાર્થીઓને એમબીબીએસ, બીડીએસ સહિતના સ્નાતક મેડિકલ કોર્સમાં 7.5 ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો - **તમિલનાડુ**
67. તમિલનાડુ સરકાર દ્વારા કયા શૈક્ષણિક વર્ષથી મેડિકલ કોર્સ (અન્ડર ગ્રેજ્યૂએટ)માં એડમિશન માટે સરકારી સ્કૂલોના વિદ્યાર્થીઓ માટે 7.5 ટકા અનામતનો આદેશ જાહેર કર્યો છે - **વર્ષ 2020-21**
68. તામિલનાડુની રાજધાની કઈ છે - **ચેન્નઈ**
69. કયા વૈજ્ઞાનિકને ભારતમાં અણુશક્તિના જનક તરીકે ઓળખવામાં આવે છે – **ડૉ. હોમીભાભા**
70. જાણીતા વૈજ્ઞાનિક ડૉ. હોમીભાભાનો જન્મ દિવસ જણાવો - **30 ઓક્ટોબર 1909**
71. જાણીતા વૈજ્ઞાનિક ડૉ. હોમીભાભાનો જન્મ ક્યાં-કયા પરિવારમાં થયો હતો – **મુંબઈ તથા પારસી પરિવાર**
72. ડૉ. હોમીભાભાએ કોના નેતૃત્વમાં કોસ્મિક રે ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી હતી - **સી.વી.રામન**
73. જાણીતા વૈજ્ઞાનિક ડૉ. હોમીભાભાએ કોની મદદથી મુંબઈમાં ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ સંસ્થાની સ્થાપના કરી હતી - **જે.આર.ડી ટાટા**
74. કયા વર્ષે એટોમિક એનર્જી ઓફ ઇન્ડિયાની સ્થાપના થવાની સાથે ભારતની અણુશક્તિયાત્રા શરૂ થઈ હતી – **વર્ષ 1948**
75. હોમીભાભા કયા વર્ષે જીનીવામાં આયોજિત સંયુક્ત રાષ્ટ્રની અણુશક્તિના શાંતિમય ઉપયોગની સભાના પ્રમુખ રહ્યા હતા – **વર્ષ 1955**
76. આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીની પુણ્યતિથિ કઈ છે – **30 ઓકટોબર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫મી જન્મજયંતી : ૩૧ ઓકટોબર



સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયા ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિતે રાષ્ટ્રીય એકતા પરેડનું CRPF દ્વારા આયોજન : PM દ્વારા પરેડને સલામી અપાઈ

SOU ખાતે PM દ્વારા તા. ૩૧-૧૦-૨૦૨૦ના રોજ વિવિધ પ્રકલ્પોનો પ્રારંભ

- ✓ સરદારની પ્રતિમાનું પૂજન
- ✓ રાષ્ટ્રીય એકતા પરેડનું નિરીક્ષણ કરી રાષ્ટ્રજોગ સંબોધન, રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા
- ✓ પ્રોબેશનલ IASની વર્ચ્યુઅલ સ્પીચ આપી-મસુરી
- ✓ સી-પ્લેન સેવાનો પ્રારંભ

વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે

દેશની પહેલી સી-પ્લેન સર્વિસ

- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી સાબરમતી રિવરફ્રન્ટ-અમદાવાદ સુધીની સી-પ્લેન સર્વિસનું ઉદ્ઘાટન.
- ✓ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સી-પ્લેન દ્વારા ગુજરાત ભારતના ઉદ્યન સેક્ટરમાં અને ટૂરિઝમ સેક્ટરમાં એક નવું સોપાન લખી રહ્યું છે.
- ✓ સી-પ્લેન દ્વારા ગુજરાતની ભૌગોલિક સુંદરતાને માણી શકાશે અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અદભૂત એરિયલ વ્યૂને નિહાળી શકાશે.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતિક "સ્ટેચ્યૂ ઓફ યુનિટી"



- ✓ વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં ૪૫ લાખથી વધુ લોકો SOU મુલાકાત લઈ ચૂક્યાં છે.
- ✓ શાંઘાઈ કો-ઓપરેશન-SCO દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને વિશ્વની આઠમી અજાયબી જાહેર કરાઈ હતી

કેવડિયામાં પ્રથમ વોટર એરોડ્રોમનું ઉદઘાટન તથા સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ વચ્ચે જળવિમાન સેવાઓનો શુભારંભ

- ✓ ભારતની પહેલી વાણિજ્યિક જળવિમાન સેવા
- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડિયા અને સાબરમતી રિવરફ્રન્ટ વચ્ચે યાત્રાનો સમય ૪ કલાકથી ઘટાડી ૪૫ મિનિટ

જળ હવાઈ મથકની મુખ્ય વિશેષતાઓ

- ✓ ટર્મિનલ બિલ્ડિંગ ક્ષેત્રફળ-૭૦૦ ચો.મી.
- ✓ પ્રતિ વિમાન ૧૪ યાત્રીની ક્ષમતાવાળા શ્રેણી રબી ટાઈપ ફ્લોટપ્લેન
- ✓ આઠ ટ્રિપ પ્રતિ દિન

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિધન : પ્રથમ જેમ્સ બોન્ડ અભિનેતા સર શોન કોનેરીનું ૯૦ વર્ષે અવસાન



- ✓ હોલિવૂડના પ્રથમ જેમ્સ બોન્ડ - ૭ વાર જેમ્સ બોન્ડની ભૂમિકા ભજવી

જેમ્સ બોન્ડ મૂળ એક કાલ્પનિક જાસૂસી પાત્ર

કારકિર્દી :

- ✓ વર્ષ ૧૯૬૨માં પ્રથમવાર 'ડૉ. નૉ' - ફિલ્મમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવ્યું હતુ.

પ્રસિદ્ધ ડાયલોગ :

- ✓ The names bond... James bond
- ✓ બ્રિટિશ એજન્ટ – 007 તરીકે

શોન કોનેરીની કેટલીક સિદ્ધીઓ

- ✓ વર્ષ 1988માં અનટચેબલ્સમાં પોલીસની ભૂમિકા માટે ઓસ્કાર
- ✓ વર્ષ 2000માં ક્વિન એલિઝાબેથ દ્વારા નાઇટહૂડનો ખિતાબ એનાયત
- ✓ બે વાર બાફ્ટા અને 3 ગોલ્ડન ગ્લોબ એવોર્ડથી સન્માનિત
- ✓ સ્થાન : લંડન (UK)
- ✓ જન્મ : સ્કૉટલેન્ડ (UK)

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિમણૂક : નિવૃત્ત IAS સંગીતા સિંઘની ગુજરાતના નવા વિજિલન્સ કમિશનરપદે નિમણૂક



- ✓ રાજ્ય તકેદારી આયોગ-ગાંધીનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિર્ણય : કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય

વર્ષ ૨૦૨૧-૨૨થી દેશભરની ૩૧ સૈનિક સ્કૂલોમાં OBC - નોન ક્રિમિલિયર માટે ૨૭ ટકા બેઠકો અનામત

વર્તમાન સ્થિતિ :

- ✓ **ખાસ:** અનામત બેઠક ન ભરાય તો હોમ સ્ટેટના મિલિટરી અને જનરલ કેટેગરીનાને પ્રવેશ



- ✓ અત્યારે સૈનિક સ્કૂલોમાં એસસીને ૧૫ ટકા, એસટીને ૭.૫ ટકા અને ડિફેન્સ કેટેગરી અંતર્ગત મિલિટરી કર્મચારીઓના સંતાનો માટે ૨૫ ટકા બેઠકો અનામત રખાય છે.
- ✓ આ અનામતો ઉપરાંત હવે ઓબીસીને ૨૭ ટકા અનામત અપાશે. આ સાથે સૈનિક સ્કૂલોમાં અનામતનું પ્રમાણ ૭૪.૫ ટકા પર પહોંચી જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. માઈક્રો ક્રેડિટ યોજના – કેન્દ્ર સરકાર (સહાય)



- ✓ **હેતુ:** સામાજિક યોજનાઓનો લાભ આપવા ભારતના ફેરિયાઓ અને પાથરણાવાળાઓ સામાજિક અને આર્થિક ડેટા બેઝ તૈયાર કરવા માઈક્રો ક્રેડિટ સ્કીમ

જિલ્લા અને શહેર સ્તરે સમિતિઓ રચાશે

- ✓ લાભાર્થીઓનો ડેટાબેઝ તૈયાર કરવાથી તેઓ કોણ છે અને સરકારની કલ્યાણ યોજના હેઠળ કેટલા લોકોને આવરી લેવામાં આવ્યા છે તેની વિગતો તૈયાર કરાશે.

- ✓ આ માટે સરકાર કલેક્ટર્સ સમિતિઓ બનાવવા માગે છે આ પછી દરેક શહેરમાં નોડલ ઓફિસર્સની નિયુક્તિ કરાશે.
- ✓ તમામ લાભાર્થીઓને સરકારની તમામ કલ્યાણ યોજનામાં સામેલ કરાશે.
- ✓ સમાજ કલ્યાણ યોજનાઓના સ્ટ્રીટ વેન્ડર્સ સ્વનિધિ યોજનાને કાયમી સ્થાન અપાશે.
- ✓ માઈક્રો ક્રેડિટ કાર્યક્રમ હેઠળ સ્ટ્રીટ વેન્ડર્સને વર્કિંગ કેપિટલ તરીકે રૂ. ૧૦,૦૦૦ આપવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. અક્ષયપાત્ર : બ્રિટનમાં ગરીબ બાળકોને ભોજન આપશે (સેવા)



વિગત :

- ✓ ભારતમાં ગરીબ બાળકોને ભોજન પૂરું પાડતી સંસ્થા અક્ષયપાત્ર ચેરિટી હવે બ્રિટનના જીએમએસપી ફાઉન્ડેશન સાથે મળીને જરૂરિયાતમંદ બાળકોને મફત ભોજન પૂરું પાડશે.
- ✓ ઉત્તર પશ્ચિમ લંડનના વોટફોર્ડ ક્રિયનમાંથી પ્રથમ જથ્થો વહેચાયો હતો.
- ✓ ઇંગ્લેન્ડમાં 30 લાખથી વધુ બાળકોને શાળામાં રજા દરમિયાન ભોજનની જરૂર પડતી હોય છે.
- ✓ ગુજરાતમાં મધ્યાહન ભોજન અંતર્ગત અક્ષયપાત્ર દ્વારા સ્કૂલના બાળકોને ભોજનની સુવિધા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ઓપરેશન મેડલ : કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પોલીસકર્મીઓ માટે વિશેષ 'ઓપરેશન મેડેલ'ની જાહેરાત (સુરક્ષા-સન્માન)

Home Minister's Special Operation Medal



કોનુ સન્માન કરાશે અને રાજ્ય

- ✓ ગુજરાત : ગુજરાત ATSના નવા વડા હિમાંશુ શુક્લા સહિત પાંચ અધિકારીઓ
- ✓ દિલ્હી : ૧૫
- ✓ કેરળ : ૦૮
- ✓ કર્ણાટક : ૦૬
- ✓ તામિલનાડુ : ૦૫
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. કેસર દિવસ : 27 ઓક્ટોબર (કૃષિ)

વિશ્વની સૌથી મોંઘી કૃષિ પેદાશ-કેસર : શ્રીનગર-કાશ્મીરમાં લણણીનો પ્રારંભ



કેસર પાક વિશે :

- ✓ શ્રીનગર-કાશ્મીરમાં હજારો એકર જમીનમાં કેસરની ખેતી.
- ✓ કેસર દિવસ એટલે કે 27 ઓક્ટોબરથી પાકની લણણીનો પ્રારંભ.
- ✓ ઓક્ટોબરમાં જેવા જ કેસરના ફૂલ ખીલે છે એવી જ રીતે ખેડૂત પરિવાર ટોકરીઓની સાથે ખેતરોમાં પહોંચવા લાગે છે અને ફૂલો વીણે છે.
- ✓ નેશનલ સેફ્રોન મિશન સાથે સંકળાયેલા કૃષિ વિજ્ઞાની જણાવે છે કે કેસર દુનિયાનો સૌથી મોંઘો પાક છે. કેસર 1.60 લાખથી 3 લાખ રૂપિયા કિલોના ભાવે વેચાય છે.
- ✓ ભારતમાં તેનું ઉત્પાદન ફક્ત કાશ્મીરમાં થાય છે. અહીં દર વર્ષે 3715 હેક્ટરમાં કેસરનો પાક લેવાય છે. તેનાથી આશરે 5 ટન કેસરના ઉત્પાદનનો અંદાજ છે.
- ✓ આ ખેતીથી 16 હજાર પરિવારોને રોજગાર.

લણણીની પ્રક્રિયા :

- ✓ પહેલા ખેતરોમાંથી ફૂલ વીણવામાં આવે છે. પછી તેમાંથી સ્ટિગ્માને અલગ કરાય છે. તે સ્ટિગ્માને ઓછામાં ઓછા 5 દિવસ સુકવાય છે જે પછી કેસર કહેવાય છે.
- ✓ કેસરના એક ફૂલમાં બેથી ત્રણ સ્ટિગ્મા હોય છે. આશરે 1.60 લાખથી 1.70 લાખ ફૂલોથી એક કિલો કેસર નીકળે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : 31 ઓક્ટોબર

રાષ્ટ્ર નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલ

જન્મ : 31 ઓક્ટોબર 1875

અવસાન : 15 ડિસેમ્બર 1950

- ✓ 'કણબી પાછળ કરોડો અને કણબી કોઈની પાછળ નહિ' તેવી કહેવતને સાર્થક કરનાર અને ભારતનો દરેક નાગરિક જેઓને પોતાના નેતા તરીકે જુએ છે. તેવા સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિવસ.



- ✓ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન, દેશી રિયાસતોનું એકીકરણ વગેરે અત્યંત જાણીતા તથ્યો વચ્ચે તેમના જીવનનું આદિવાસી પરિમાણ જોઈએ.

- ✓ ‘તાડ જેવું ઝાડ જેમા એક પણ ડાળખું નથી હોતું તેના પર બંદુકની ગોળીની પેઠે ચડી જનારો અને જંગલમાં વાઘ અને વરુઓ જેવા હિંસક પ્રાણીઓ સાથે રહેનારો આદિવાસી અંગ્રેજો, શાહુકારો-શોષકોથી ડરીને ચાલશે.’ આ શબ્દો બારડોલી ખેડૂત સત્યાગ્રહ સમયે આદિવાસીઓની સભામાં કહ્યા અને હજારોની સંખ્યામાં આદિવાસીઓ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામ માટે તૈયાર થઈ ગયા.
- ✓ આદિવાસી સમાજને ગજબનો સધિયારો પૂરો પાડનાર અને માળખાકીય સુવિધાના માસ્ટર, રાષ્ટ્ર નાયક સરદારની વૈચારિક નિશ્રામાં આદિવાસીઓમાંથી અગ્ર વર્ગ તૈયાર થયો હતો.
- ✓ જેઓએ પ્રત્યેક ક્ષેત્રે આદિવાસી સમાજને કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું.
- ✓ સરદાર પટેલનું 15 ડીસેમ્બર 1950ના રોજ મુંબઈ ખાતે અવસાન થયું હતું.

૧૦. દિન વિશેષ : 31 ઓક્ટોબર

પૂણ્યતિથિ : પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી

- ✓ ઈન્દિરા ગાંધીનું સમાધિ સ્થળ-શક્તિ સ્થળ, નવી દિલ્હી
- ✓ એસ. ડી. બર્મન, અને અમૃતા પ્રીતમની પણ પુણ્યતિથિ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૧-૧૦-૨૦૨૦)

1. તા.૩૧ ઓકટોબર-૨૦૨૦ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની કેટલામી જન્મજયંતીની ઊજવણી કરવામાં આવી - **૧૪૫**
2. રાષ્ટ્રીય એકતા દિવસ કયારે ઉજવવામાં આવે છે - **તા. ૩૧ ઓકટોબર સરદાર પટેલના જન્મ દિવસે**
3. તા. ૩૧ ઓકટોબર-૨૦૨૦ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયા ખાતે કોની ઉપસ્થિતિમાં CRPF દ્વારા રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન કરાયું હતુ - **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી**
4. PM મોદી દ્વારા તા.૩૧-૧૦-૨૦૨૦ના રોજ SOU-કેવડિયાથી અમદાવાદ રિવરફ્રન્ટ વચ્ચે કઈ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો - **દેશની પહેલી સી-પ્લેન સર્વિસ**
5. ગુજરાત સ્થિત કઈ પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી તેમજ ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતિક સમાન છે - **“સ્ટેચ્યૂ ઓફ યુનિટી”**
6. વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં કેટલા લોકોએ SOUની મુલાકાત લઈ ચૂક્યાં છે - **૪૫ લાખથી વધુ**
7. કોના દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને વિશ્વની આઠમી અજાયબી તરીકે જાહેર કરવામાં આવી હતી - **SCO**
8. સી-પ્લેનના માધ્યમથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડિયા અને સાબરમતી રિવરફ્રન્ટ વચ્ચે ૪ કલાકની યાત્રા કેટલા સમયમાં પૂર્ણ થશે - **૪૫ મિનિટ**
9. ઓકટોબર-૨૦૨૦માં કયા પ્રથમ જેમ્સ બોન્ડ અભિનેતાનું ૯૦ વર્ષે અવસાન થયું - **સર શોન કોનેરી**
10. સૌપ્રથમવાર કયારે ડૉ. નો-ફિલ્મમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવ્યું હતુ - **વર્ષ ૧૯૬૨**
11. અભિનેતા શોન કોનેરી કયા નામે પ્રસિદ્ધ હતા - બ્રિટિશ એજન્ટ – **007**
12. હોલિવૂડમાં પ્રચલિત કાલ્પનિક જેમ્સ બોન્ડના પાત્રની મુખ્ય ભૂમિકા કઈ છે – **જાસૂસી પાત્ર**
13. અભિનેતા શોન કોનેરીને ક્યા વર્ષે અનટચેબલ્સમાં પોલીસની ભૂમિકા માટે ઓસ્કાર મળ્યો હતો - **વર્ષ 1988**
14. અભિનેતા શોન કોનેરીને વર્ષ 2000માં ક્વિન એલિઝાબેથ દ્વારા કયો ખિતાબ એનાયત કરાયો હતો - **નાઇટહૂડ**

15. અભિનેતા શોન કોનેરી જન્મ કયાં થયો હતો - **સ્કોટલેન્ડ (UK)**
16. ઓકટોબર-૨૦૨૦માં ગુજરાતના નિવૃત્ત IAS સંગીતા સિંઘની કયા પદે નિમણૂક કરાઈ હતી - **વિજિલન્સ કમિશનર**
17. કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨થી દેશભરની ૩૧ સૈનિક સ્કૂલોમાં OBCને નોન ક્રિમિલિયર માટે કેટલા ટકા બેઠક અનામત રાખવાનો નિર્ણય કરાયો - **૨૭ ટકા**
18. સૈનિક સ્કૂલોમાં અનામત બેઠક ન ભરાય તો કોને પ્રવેશ અપાશે - **હોમ સ્ટેટના મિલિટરી અને જનરલ કેટેગરી**
19. હાલમાં સૈનિક સ્કૂલોમાં SC, ST અને ડિફેન્સ કેટેગરી અંતર્ગત મિલિટરી કર્મચારીઓના સંતાનો માટે કેટલા ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે – **અનુક્રમે ૧૫ ટકા, ૭.૫ ટકા અને ૨૫ ટકા**
20. કેન્દ્ર સરકાર દ્વારા સામાજિક યોજનાઓનો લાભ આપવા ભારતના ફેરિયાઓ અને પાથરણાવાળાઓ સામાજિક અને આર્થિક ડેટા બેઝ તૈયાર કરવા કઈ યોજના કાર્યાન્વિત કરશે - **માઈક્રો ક્રેડિટ સ્કીમ**
21. માઈક્રો ક્રેડિટ કાર્યક્રમ હેઠળ સ્ટ્રીટ વેન્ડર્સને વર્કિંગ કેપિટલ તરીકે કેટલી રકમ આપવામાં આવશે - **રૂ. ૧૦,૦૦૦**
22. રાષ્ટ્ર નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો – **તા.31 ઓક્ટોબર 1875**
23. તા.૩૧મી ઓકટોબરે કોની પૂણ્યતિથિ મનાવવામાં આવે છે - **પૂર્વ PM ઈન્દિરા ગાંધી, એસ. ડી. બર્મન, અને અમૃતા પ્રીતમ**
24. કઈ જાણીતી સામાજિક સંસ્થા ભારતમાં ગરીબ બાળકોને ભોજન પૂરું પાડે છે - **અક્ષયપાત્ર ચેરિટી**
25. જાણીતી સંસ્થા અક્ષયપાત્ર ભારત બાદ હવે કયા દેશના ગરીબ બાળકોને ભોજન આપશે – **બ્રિટન**
26. ઓકોટોબર-૨૦૨૦માં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પોલીસકર્મીઓ માટે ક્યા મેડલની જાહેરાત કરાઈ - **વિશેષ ઓપરેશન મેડેલ**
27. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પોલીસકર્મીઓ માટે જાહેર કરવામાં આવેલા વિશેષ ઓપરેશન મેડેલ માટે ગુજરાતના ક્યા કર્મીઓની પસંદગી કરવામાં આવી - **ગુજરાત ATSના નવા વડા હિમાંશુ શુક્લા સહિત પાંચ અધિકારી**
28. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પોલીસકર્મીઓ માટે જાહેર કરવામાં આવેલા વિશેષ ઓપરેશન મેડેલ અંતર્ગત કયા રાજ્યોના કેટલા પોલીસની પસંદગી કરવામાં આવી – **દિલ્હી : ૧૫, કેરળ : ૦૮, કર્ણાટક : ૦૬, તામિલનાડુ : ૦૫**
29. શ્રીનગર-કાશ્મીરમાં કયારે કેસર દિવસ મનાવવામાં આવે છે - **27 ઓક્ટોબર**
30. શ્રીનગર-કાશ્મીરમાં કયા દિવસથી સૌથી મોંઘા કેસરના પાકની લણણી શરૂ કરવામાં આવે છે - **27 ઓક્ટોબર - કેસર દિવસથી**
31. ભારતમાં એક માત્ર કેસરની ખેતી કયા પ્રદેશમાં થાય છે – **શ્રીનગર-જમ્મુ કાશ્મીર**
32. કેસરનો એક કિલોનો કેટલો ભાવ હોય છે - **રૂ.1.60 લાખથી 3 લાખ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-11-2020



૧. રો-પેક્સ સેવા (બંદરો)

ઘોઘા-હજીરા વચ્ચે દરિયાઈ માર્ગે તા. ૮ નવેમ્બર-૨૦૨૦થી રો-પેક્સ સેવાનો પ્રારંભ



✓ PM શ્રી મોદીના હસ્તે વર્ચ્યૂઅલ ઉદઘાટન

રો-પેક્સના ફાયદા

✓ શિપિંગ મંત્રાલયે અદાણી જૂથની કંપનીને કોન્ટ્રાક્ટ આપ્યો છે, જે બોટદીઠ વ્હારફેજ વસૂલશે, જ્યારે ઇન્ડિગો સી-વેઝ પ્રાઇવેટ લિમિટેડ કંપની રો-પેક્સ ફેરી ચલાવશે.

✓ ઘોઘા-હજીરા વચ્ચે રો-પેક્સ સર્વિસ દિવસમાં ત્રણ ટ્રીપ કરશે.

✓ અત્યારે ઘોઘા-હજીરા વચ્ચે રસ્તાનું અંતર ૩૭૦ કિલોમીટર છે, જે રો-પેક્સ દ્વારા દરિયાઇ માર્ગે ૯૦ કિલોમીટરનું ૪ કલાકમાં કપાઈ જશે.

રો-પેક્સનું ભાડુ અને ક્ષમતા :

રો-પેક્સ ક્ષમતા અને ભાડું

વિગત	ક્ષમતા	પેસેન્જર-વાહન ભાડું
પેસેન્જર	૫૦૦+૩૪ ક્રૂ	રૂ. ૬૦૦
પેસેન્જર-બિઝનેસ વર્ગ	-	રૂ. ૮૦૦
કાર	૧૦૦	રૂ. ૧,૨૦૦
ટૂ-વ્હીલર્સ	૧૦૦	રૂ. ૩૫૦
ટ્રક	૩૦	રૂ. ૭,૫૦૦થી શરૂ
બસ	-	રૂ. ૫,૦૦૦
ટેમ્પો	૭	રૂ. ૪,૦૦૦

10થી 12 કલાકના બદલે
માત્ર 4 કલાકમાં સુરતથી સૌરાષ્ટ્ર



રો-પેક્સ સર્વિસ વિશે

કંપની: ઘોઘા સિમ્કની

ક્ષમતા: 30 ટ્રક (50 મેટ્રિક ટન વજન સહિત), 100 પેસેન્જર કાર, 500 પેસેન્જર+ 34 શીપ ક્રૂ

સગવડતા: કેમ્બે લોન્જ (14 વ્યક્તિ), બિઝનેસ ક્લાસ (78 વ્યક્તિ), એકઝીક્યુટીવ (316 વ્યક્તિ), ઈકોનોમી (92 વ્યક્તિ)

ફૂડ કોર્ટ: 2

સુરક્ષા: લાઈફ રાફ્ટ 22 નંગ (ક્ષમતા 25 વ્યક્તિ), મરીન ઈવેક્યુએશન ડીવાઈસ 2 નંગ (ક્ષમતા 3000 વ્યક્તિ), 2 નંગ (ક્ષમતા 300 વ્યક્તિ), ફાસ્ટ રેસ્ક્યુ બોટ 1 નંગ (ક્ષમતા 9 વ્યક્તિ)

✓ મંત્રાલય : કેન્દ્રીય શિપિંગ

✓ કેન્દ્રીય શિપિંગ રાજ્યમંત્રી : શ્રી મનસુખભાઈ માંડવીયા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સરહદી વિવાદ : પાકિસ્તાન દ્વારા POK હેઠળના ગિલગિટ-બાલ્ટિસ્તાનને તેના પાંચમાં પ્રોવિઝનલ પ્રાંત તરીકે જાહેર



વિગત અને સ્થાનિક લોકોના વિરોધ :

✓ આ વિસ્તારના ૭૩માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દરમિયાન પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને આ જાહેરાત કરી હતી.

✓ ગિલગિટ-બાલ્ટિસ્તાનને બંધારણીય અધિકારો આપવામાં આવશે. તે ઉપરાંત નવેમ્બરમાં અહીંયા ચૂંટણીનું પણ આયોજન કરવામાં આવશે.

✓ આ પહેલાં આ પ્રદેશનું સંચાલન મર્યાદિત સ્વાયત્તતા સાથે ગિલગિટ-બાલ્ટિસ્તાન એમ્પાવરમેન્ટ એન્ડ સેલ્ફ ગવર્નન્સ ઓર્ડર ૨૦૦૯ના માધ્યમથી થતું હતું.

✓ ગિલગિટ-બાલ્ટિસ્તાનના સ્થાનિક જૂથોએ પાકિસ્તાનની હિલચાલ સામે વિરોધ નોંધાવ્યો હતો.

✓ પાકિસ્તાન ડેમોક્રેટિક મૂવમેન્ટ સહિતના ૧૧ જેટલા વિરોધપક્ષોના વડા મૌલાના ફઝલુરે વિરોધ કરતા જણાવ્યું હતું કે કાશ્મીરના રાજકારણને નામે બિઝનેસ ચાલી રહ્યો છે. કાશ્મીરી જનતાના લોહીના બદલામાં સોદા થઇ રહ્યા છે. તેઓ કાશ્મીર વિભાજનનો વિરોધ કરી રહ્યા છે.

ભારતે સખત વિરોધ નોંધાવ્યો

✓ ગિલગિટ-બાલ્ટિસ્તાનને પ્રાંતનો દરજ્જો આપવાના પાકિસ્તાનના પગલાંને ભારતે વખોડી કાઢતાં જણાવ્યું હતું કે પાકિસ્તાને જે પ્રદેશ પર ગેરકાયદે અને બળપૂર્વક કબજો કર્યો છે તે પ્રદેશના દરજ્જાને બદલવાનો તેને કોઇ અધિકાર નથી.

✓ ગિલગિટ-બાલ્ટિસ્તાન સહિત જમ્મુ, કાશ્મીર અને લદ્દાખ વિસ્તાર ભારતનો આંતરિક ભાગ છે અને પાકિસ્તાનને તે વિસ્તાર પર કાયદેસર રીતે કે બળજબરીથી કબજો કરવાનો કોઇ અધિકાર નથી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સ્ટિલ્થ ટેકનોલોજી (સંરક્ષણ ટેકનોલોજી)

વ્યાખ્યા : રડારમાંથી નીકળતા તરંગોને પરત જ ન જવા દે ત્યારે ટ્રેકિંગ ડિવાઈસ પણ મૂંઝવણમાં મૂકાઈ જાય છે.



શું છે આ સ્ટિલ્થ ટેક્નોલોજી?

- ✓ સેનાને જ્યારે દુશ્મનના રડારથી બચવું હોય છે ત્યારે સ્ટિલ્થ ટેકનોલોજી અપનાવે છે. સૈન્યના કોઈ પણ વ્હિકલ્સ જેવા કે ટ્રક, જીપ, વિમાન કે શિપ હોય તેને છુપવા માટે માત્ર આવા વ્હિકલ્સ જ નહીં પણ આપણા દેશના જવાનો પણ દુશ્મનો પર બાજ નજર રાખવા માટે જીવના જોખમે અમુક એવી સિક્રેટ જગ્યાઓ પર છુપાય જાય છે. જ્યાં એમના શ્વાસના અવાજ પણ શત્રુના કાન સુધી પહોંચતા નથી.
- ✓ ઘણી વખત જેવી ભૌગોલિક સ્થિતિ એવો વેશ ધારણ કરીને સૈનિકો દુશ્મનોના અડ્ડા પર નજર રાખે છે. મોટી મોટી યુદ્ધ શિપ અને ફાયટરને જ્યારે આવું કરવાનો વખત આવે છે ત્યારે તે સ્ટિલ્થ ટેકનોલોજીનો સહારો લે છે. જેમાં ખાસ તો દુશ્મનના રડારથી બચવાનું હોય છે. રડાર એટલે આકાશમાં નજર રાખતી એક બાજ નજર.
- ✓ જ્યારે દુશ્મનની છાવણી પરનો તમામ ગ્રાઉન્ડ રિપોર્ટ જાણવો હોય ત્યારે સૌથી મહત્વનું હોય છે એની નજરમાંથી બચવું. સ્ટિલ્થ ટેકનોલોજીથી દુશ્મનને ગંધ પણ ન આવે એવી રીતે હુમલો કરી શકાય છે. ઊલટું એના હુમલાથી બચી પણ શકાય છે. આવા સમયે કામ આવે છે સ્ટિલ્થ ટેકનોલોજી જે રડારની નજરમાં આવતી નથી.

<u>કેવી રીતે કામ કરે છે આ ટેકનોલોજી :</u>

- ✓ રડારનું કામ તરંગો કે કિરણોને હવામાં આકાશ તરફ ફેંકવાનું અને રિસીવ કરવાનું છે. એક વખત કિરણ કે તરંગ છોડયા બાદ તે કેટલા સમયમાં પાછા ફરે એના પરથી આકાશમાં રહેલા વિમાનની આખી બાયોગ્રાફી નોટ થાય છે.
- ✓ રડારના તરંગો આકાશમાં ઉડતા વિમાન સાથે અથડાઈને પરત આવે છે પણ વિમાનમાં રહેલા કોઈ પાઇલટને એટલી ખબર હોય છે આ એરસ્પેસ કોની છે. પરંતુ ક્યા રડારમાં એ ટ્રેક થાય છે એની વિમાન ચલાવતી વખતે ખબર નથી હોતી.
- ✓ હવે, રડારમાં પકડાવું જ ન હોય તો બચવું પડશે આવા તરંગોથી જેને રેડિયો વેવ કહેવાય છે.
- ✓ હવે રેડિયો વેવ જ્યારે રડારમાંથી આવે છે અને વિમાનને અથડાઈને પરત જાય છે.
- ✓ હવે, આ વેવને પરત જવા જ ન દઈએ તો? ન રહેગા બાંસ ન બજેગી બાસુરી.
- ✓ આ માટે બે વસ્તુ થઈ શકે છે. એક આ રેડિયો વેવને પોતાનામાં પકડી રાખવા અથવા તેને એવી રીતે ડાઈવર્ટ કરવા કે તે

પાછા જ ન જાય. આ જ કોન્સેપ્ટ પર કામ કરે છે સ્ટિલ્થટેકનોલોજી.

- ✓ આ માટે વિમાન અથવા શિપમાં ચોક્કસ પ્રકારનું કોટિંગ લગાવવામાં આવે છે. જે તરંગોને હવામાં જ વિખેરી શકે છે અથવા જકડી રાખે છે.
- ✓ આયરલ મટિરિયલ અને પેઈન્ટ બંને આ વેવને પોતાનામાં ખેંચી રાખે છે. જેને એબસોર્બ ફેર્મ્યુલા કહે છે. જેને પછી હીટ આપીને ડિસ્પ્યુટ કરી દે છે.

<u>સંરક્ષણ ક્ષેત્રે વપરાતી વિવિધ ટર્મિનોલોજી</u>

- ✓ <u>લાંબા અંતર</u> સુધી મારણ કરી શકે એને <u>સ્ટ્રેટેજિક કહેવાય</u> અને <u>ઓછા અંતરે</u> વાર કરી શકે એને <u>ટેક્ટિકલ કહેવાય</u>
- ✓ <u>ખતરનાક મારક ક્ષમતા</u> ધરાવતા વિમાનને <u>લિથલ કહેવાય</u>. જે ટેક્ટિકલ પણ હોઈ શકે
- ✓ યુદ્ધ વિમાનમાં આગળ અણીવાળો કે સાઈડમાં અણીવાળો ભાગ કોઈ મિસાઈલ નહીં પણ ફ્યૂઅલ ટેન્ક હોય છે. જેને સ્ટોરર કહેવાય
- ✓ ટેક્ટિકલ દુશ્મનને આગળ વધતા રોકે છે. લાંબા અંતર સુધી કામ ન આવી શકે. એટલે રડાર ટ્રેકિંગ ઝડપથી થાય
- ✓ <u>સ્ટ્રેટેજિક વિમાન દૂર જઈ શકે. પણ તે ખતરનાક નથી.</u>
- ✓ સ્ટ્રેટેજિક વિમાન એટલું મોટું હોય છે કે તેમાં એક હેલિકોપ્ટર સમાવી શકાય
- ✓ લડાઈમાં સ્ટ્રેટેજિક અને લિથલ પ્લેન વપરાય. જે બોંબમારો પણ કરી શકે અને વેપન્સનું પણ વહન કરી શકે.
- ✓ દરેક લોકેશનના કોર્ડિનેટ હોય છે જેને પોઈન્ટ નંબર કહેવાય છે.
- ✓ કાર્પેટ બોમ્બિંગ માટે અમેરિકાના બીપર વિમાનો શ્રેષ્ઠ.
- ✓ ટેકનોલોજી અને ક્ષમતા સાથે સ્ટિલ્થ ટેકનોલોજી મર્જ થાય તો દુશ્મન શ્વાસ લે તો પણ સંભળાય.
- ✓ દુનિયાના સૌથી ખતરનાક વિમાનની વાત આવે ત્યારે બી રનું નામ પહેલું આવે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૪. ગોની ટાયફૂન : ફિલિપાઈન્સ (કુદરતી આપત્તિ)</u>

<u>વિગત :</u>

- ✓ ઝડપ : પ્રતિ કલાક ૨૨૫ કિ.મી.
- ✓ પ્રભાવિત વિસ્તાર : ફિલીપાઇન્સનો સૌથી મોટો લુઝોન ટાપુ
- ✓ ફ્લિીપાઇન્સમાં વર્ષ ૨૦૨૦નું સૌથી શકિતશાળી વાવાઝોડું ગોની ત્રાટક્યું હતું.
- ✓ વર્ષ ૨૦૨૦ની સાલને કોરોના મહામારી, વાવાઝોડુ, પૂર, ધરતીકંપ, આતંકી હિંસા, યુદ્ધના વર્ષ તરીકે ઈતિહાસ ક્યારેય ભૂલી શકશે નહીં.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 31 ઓકટોબર વિશ્વભરમાં હેલોવીન ડેની ઉજવણી



વિગત :

- ✓ ૧૯૪૪માં બીજા વિશ્વ યુદ્ધ પછી પહેલી વખત ૩૧મી ઓક્ટોબરે હેલોવીન ડેની ઉજવણી સમયે બ્લૂ મૂનના દુર્લભ દશ્યો જોવાયાં હતાં.
- ✓ એક જ મહિનામાં બીજી વખત પૂનમનો ચંદ્ર જોવા મળ્યો હતો.
- ✓ કોરોનાને કારણે હેલોવીનની ઉજવણી બંધ રહી હતી ત્યારે, અમેરિકા સહિત અનેક દેશોના લોકોએ આ દુર્લભ દશ્યને જોયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૧૧-૨૦૨૦)

1. આગામી તારીખ 08 નવેમ્બર 2020થી ગુજરાતમાં રો-પેક્સ સેવા કયા બે બંદરો વચ્ચે શરૂ કરવામાં આવશે - **ઘોઘાથી હજીરા**
2. અત્યારે બાય રોડ ઘોઘાથી હજીરા વચ્ચે કેટલું અંતર છે જે રો-પેક્સ શરૂ થયા બાદ ઘટીને કેટલું થશે - **370 કિલોમીટર અને 90 કિલોમીટર**
3. ગુજરાતમાં સૌપ્રથમ રો-પેક્સ સેવા કયા બે બંદરો વચ્ચે શરૂ કરવામાં આવશે - **ઘોઘાથી હજીરા**
4. કઈ કંપની દ્વારા ઘોઘાથી હજીરા વચ્ચે રો- પેક્સ સેવા શરૂ કરવામાં આવશે – **અદાણી ગ્રુપ, કંપની-વોયાજ સિમ્ફની**
5. કેન્દ્રીય શિપિંગ રાજ્યમંત્રીનું નામ જણાવો - **મનસુખભાઈ માંડવીયા**
6. તાજેતર નવેમ્બર 2020માં પાકિસ્તાન દ્વારા POK હેઠળના કયા વિસ્તારને પ્રોવિઝનલ પ્રાંત તરીકે જાહેર કર્યા છે જેનો ભારત દ્વારા સખત વિરોધ નોંધાવવામાં આવ્યો છે - **ગિલગિટ અને બાલ્ટિસ્તાન**
7. પીઓકે હેઠળના ગિલગિટ અને બાલ્ટિસ્તાન વિસ્તારને પાકિસ્તાન દ્વારા કેટલામાં પ્રાંત તરીકે જાહેર કરવામાં આવ્યું છે - **પાંચમા**
8. તાજેતરમાં ગિલગિટ અને બાલ્ટિસ્તાન વિસ્તારના કેટલામો સ્વાતંત્ર દિવસની ઉજવણી કરાઈ - **73મા**
9. રડાર એટલે શું - **આકાશમાં નજર રાખતી બાજ નજર**
10. રડારનું કામ શું હોય છે - **તરંગો કે કિરણોને હવામાં આકાશ તરફ ફેંકવાનું અને રિસીવ કરવાનું**
11. સંરક્ષણ ટર્મિનોલોજી મુજબ લાંબા અંતર સુધી મારણ કરી શકે એને શુ કહેવાય – **સ્ટ્રેટેજિક**
12. સંરક્ષણ ટર્મિનોલોજી મુજબ ઓછા અંતરે વાર કરી શકે એને શું કહેવાય - **ટેક્ટિકલ**
13. ખતરનાક મારક ક્ષમતા ધરાવતા વિમાનને શુ કહેવાય - **લિથલ**
14. કાર્પેટ બોમ્બિંગ માટે અમેરિકાના કયા વિમાનો શ્રેષ્ઠ ગણાય છે - **બી૫૨**
15. કયા વિમાનને દુનિયાનું સૌથી ખતરનાક વિમાન પૈકીનું એક ગણવામાં આવે છે - **બી ૨**
16. ઓકટોબર-૨૦૨૦માં ફિલીપાઇન્સના સૌથી મોટા લુઝોન ટાપુ પર કયુ વાવાઝોડુ ફૂંકાયુ હતુ - **ગોની ટાયફૂન**
17. ફિલીપાઇન્સમાં વર્ષ ૨૦૨૦નું સૌથી શકિતશાળી વાવાઝોડું ગોની ત્રાટક્યું હતું તેની ઝડપ કેટલી હતી - **પ્રતિ કલાક ૨૨૫ કિ.મી.**
18. વિશ્વભરમાં હેલોવીન ડેની ઉજવણી કયારે કરવામાં આવે છે - **31 ઓકટોબર**
19. કયા વર્ષે પહેલી વખત ૩૧મી ઓક્ટોબરે હેલોવીન ડેની ઉજવણી સમયે બ્લૂ મૂનના દુર્લભ દશ્યો જોવાયાં હતાં - **૧૯૪૪માં બીજા વિશ્વ યુદ્ધ પછી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 02-11-2020



૧. વૈશ્વિક આતંકવાદ : અફઘાનિસ્તાનની કાબુલ યુનિવર્સિટીમાં આતંકવાદી હુમલો

અફઘાન અને ઇરાનના અધિકારીઓ દ્વારા યુનિવર્સિટીમાં આયોજિત એક પુસ્તક પ્રદર્શન વેળાએ આતંકવાદીઓએ હુમલો કર્યો જેમાં અંદાજિત ૨૫ના મૃત્યુ



- ✓ કાબુલ યુનિવર્સિટી સ્થાપના : વર્ષ ૧૯૩૨
- ✓ અફઘાનિસ્તાનની સૌથી જૂની યુનિવર્સિટી - કાબુલ યુનિવર્સિટી
- ✓ રાષ્ટ્રપતિ : અશરફ ગની
- ✓ રાજધાની : કાબુલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગુજરાત વિધાનસભા ગૃહ : નવી જોગવાઈ (બંધારણ)

ગૃહમાં ધારાસભ્ય પાંચ વર્ષના બદલે છેલ્લા ત્રણ વર્ષની માહિતી અંગે અતારાંકિત પ્રશ્ન પૂછી શકશે



- ✓ એક ધારાસભ્ય એક સપ્તાહમાં વધુમાં વધુ ત્રણ જ પ્રશ્નો પૂછી શકશે
- ✓ અન્ય: ૧૪મી ગુજરાત વિધાનસભા વર્ષ ૨૦૧૮માં અસ્તિત્વમાં આવી.

- ✓ ગુજરાત વિધાનસભા અધ્યક્ષ : શ્રી રાજેન્દ્ર ત્રિવેદી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. રાજ્યસભામાં બેઠકોની વર્તમાન સ્થિતિ (બંધારણ)

તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં રાજ્યસભામાં ભાજપે-૮ બહુજન સમાજ પાર્ટી અને સમાજવાદી પાર્ટીએ એક-એક બેઠક જીતી



વિગત :

- ✓ ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડની રાજ્યસભાની ૧૧ બેઠકોના આવેલાં પરિણામો બાદ ભાજપે અત્યારસુધી ઇતિહાસમાં સૌથી વધુ બેઠકો મેળવી લીધી છે. કોંગ્રેસની બેઠકો ઇતિહાસમાં સૌથી ઓછી બચી છે.
- ✓ હાલમાં ભાજપ રાજ્યસભામા ૯૨ અને કોંગ્રેસ ૩૮ બેઠક ધરાવે છે.
- ✓ હાલમાં NDAની કુલ ૧૧૨ બેઠક જયારે બહુમતી માટે ૧૨૨ બેઠક જરૂરી.
- ✓ રાજ્યસભાની કુલ ૨૪૫ બેઠકો હોય છે. તે પૈકી ૧૨ બેઠકો પર રાષ્ટ્રપતિ સભ્યોની વરણી કરે છે, બાકી બેઠકો માટે ચૂંટણી યોજાતી હોય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગૌરવ : ૪૧ વર્ષના પ્રિયંકા રાધાકૃષ્ણન ન્યૂઝીલેન્ડના પ્રથમ ભારતીય મૂળના પ્રધાન બન્યા

પક્ષ : લેબર પાર્ટી



વતન : એનાકુલમ જિલ્લો, કેરળ

રાજકીય કારકિર્દી :

- ✓ મંત્રાલય : સોશિયલ ડેવલપમેન્ટ અને યુથ વેલફેર, રોજગાર
- ✓ ભારતના કેરળના પ્રિયંકા રાધાકૃષ્ણને તા.૨ નવેમ્બર-૨૦૨૦ના રોજ ન્યુઝીલેન્ડમાં મંત્રી તરીકેના શપથ લીધા.
- ✓ ન્યુઝીલેન્ડના મંત્રીમંડળમાં સ્થાન પામનાર તેઓ પ્રથમ ભારતીય.
- ✓ તેમનો જન્મ ચેન્નાઈમાં થયો છે. જ્યારે ઉછેર અને ભણતર સિંગાપુરમાં થયું છે.
- ✓ તેમના દાદી કોચીમાં એક મેડિકલ પ્રોફેશનલ હતા અને કમ્યુનિસ્ટ પણ હતા.

- ✓ લેબર પાર્ટી તરફથી તેઓ પ્રથમ વખત સપ્ટેમ્બર ૨૦૧૭માં સંસદના સભ્ય તરીકે ચૂંટાયા હતા.
- ✓ વર્ષ ૨૦૧૯માં તેમને જાતીય સુમદાયો માટે પાર્લામેન્ટરી પ્રાઈવેટ સેક્રેટરી તરીકે નિમવામાં આવ્યા હતા.
- ✓ <u>ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન : જેસીન્ડા આર્ડન</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૫. કોરોના ગાઈડલાઈન : સત્કાર સમારંભ/લગ્ન પ્રસંગોમાં હવે ૧૦૦ના બદલે ૨૦૦ લોકો માટે છૂટ અપાઈ</u>

सत्यमेव जयते
ગુજરાત સરકાર
Government of Gujarat

<u>વિગત :</u>

- ✓ કોરોના સંક્રમણ વચ્ચે અનલોકની કેન્દ્ર સરકારની ગાઈડલાઈનના આધારે રાજ્ય સરકાર દ્વારા હવે રાજ્યમાં લગ્ન પ્રસંગમાં મહત્તમ ૨૦૦ લોકોને એકત્ર થવાની છૂટ આપવાનો નિર્ણય કર્યો છે.
- ✓ અત્યારસુધી આ મર્યાદા ૧૦૦ લોકોની હતી. <u>નવો નિર્ણય તા. ૩જી નવેમ્બર-૨૦૨૦થી અમલી બનશે.</u>
- ✓ જાહેરનામા મુજબ લગ્ન, સત્કાર સમારંભ (રિસેપ્શન) જેવી અન્ય ઉજવણીઓમાં ખુલ્લા અને બંધ સ્થળોએ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહનું આયોજન કરી શકાશે.
- ✓ બંધ હોલમાં હોલની ક્ષમતાના ૫૦ ટકા પરંતુ ૨૦૦થી વધુ નહીં તેટલા લોકો એકત્રિત થઈ શકંશે.
- ✓ આ સમારોહમાં પણ સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક, સેનિટાઇઝેશન સહિતના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે અને આ શરતોને આધિન જ આયોજન થઈ શકશે.
- ✓ રાજ્યના ગૃહ વિભાગ દ્વારા આ અંગે જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૬. નિધન : ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર – અભિનેતા, વોઈસ ઓવર આર્ટિસ્ટ આશિષ કક્કડનું ૪૯ વર્ષે હાર્ટ એટેકથી અવસાન</u>



✓ અવસાન : કોલકતા ખાતે

✓ જન્મ : તા. ૨૧/૦૯/૧૯૭૧

✓ કર્મભૂમિ : અમદાવાદ

ફિલ્મો :

✓ વર્ષ ૨૦૧૦માં 'બેટર હાફ', ૨૦૧૬માં 'મિશન મમ્મી' જેવી ગુજરાતી ફિલ્મ ડિરેક્ટ.

✓ આ ઉપરાંત 'બે યાર', 'વિટામિન સી', 'તમે કેવા' જેવી ગુજરાતી ફિલ્મો તેમજ બોલિવૂડની લોકપ્રિય ફિલ્મ 'કાઇ પો છે' માં પણ ભૂમિકા અદા કરી હતી.

✓ 'કાઇ પો છે' ફિલ્મ દિવંગત અભિનેતા સુશાંત સિંઘ રાજપૂતની પણ પ્રથમ ફિલ્મ હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૧૧-૨૦૨૦)

1. તાજેતરમાં અફઘાનિસ્તાનની કઈ યુનિવર્સિટી ઉપર આતંકવાદી હુમલામાં અંદાજે 25 નાગરિકોના મૃત્યુ થયા - **કાબુલ યુનિવર્સિટી**
2. અફઘાનિસ્તાનના રાષ્ટ્રપ્રમુખનું નામ જણાવો - **અશરફ ગની**
3. અફઘાનિસ્તાનની રાજધાનીનું નામ જણાવો - **કાબુલ**
4. અફઘાનિસ્તાનની સૌથી જૂની યુનિવર્સિટીનું નામ જણાવો - **કાબુલ યુનિવર્સિટી**
5. તાજેતરમાં નવી જોગવાઈ મુજબ ગુજરાત વિધાનસભા ગૃહમાં ધારાસભ્યો હવેથી છેલ્લા કેટલા વર્ષની માહિતી અંગે અતારાંકિત પ્રશ્ન પૂછી શકશે - **3 વર્ષ**
6. અગાઉ ગુજરાત વિધાનસભા ગૃહમાં ધારાસભ્યો કેટલા વર્ષની માહિતી અંગે અતારાંકિત પ્રશ્ન પૂછી શકતા હતા - **પાંચ વર્ષ**
7. ગુજરાત વિધાનસભાના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**
8. ગુજરાતમાં વર્ષ 2018થી પાંચ વર્ષ માટે કેટલામી વિધાનસભા અસ્તિત્વમાં છે - **14મી**
9. તાજેતર તા. 02 નવેમ્બર 2020ના દિવસે ભારતમાં રાજ્યસભાની કેટલી બેઠકો માટે ચૂંટણી યોજાઈ - **11**
10. તાજેતર તા.02 નવેમ્બર 2020ના દિવસે ઉત્તરપ્રદેશમાંથી ભારતીય જનતા પાર્ટીને રાજ્યસભાની કેટલી બેઠકો મળી - **08**
11. તાજેતર તા.02 નવેમ્બર 2020ની સ્થિતિએ રાજ્યસભામાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ કેટલી બેઠકો ધરાવે છે - **92 અને 38**
12. તાજેતર તા.02 નવેમ્બર 2020ની સ્થિતિએ રાજ્યસભામાં NDA કુલ કેટલી બેઠકો ધરાવે છે - **112**
13. ભારતમાં રાજ્યસભાની કુલ બેઠકો જણાવો - **245**
14. રાજ્યસભામાં બહુમતી માટે કેટલી બેઠકો જરૂરી છે - **122**
15. રાજ્યસભામાં કેટલી બેઠકોની પસંદગી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે - **12**
16. તા. બીજી નવેમ્બર-૨૦૨૦ના રોજ કોણ ન્યૂઝીલેન્ડના પ્રથમ ભારતીય મૂળના પ્રધાન બન્યા - **પ્રિયંકા રાધાકૃષ્ણન**
17. નવેમ્બર-૨૦૨૦માં ન્યૂઝીલેન્ડના પ્રથમ ભારતીય મૂળના પ્રધાન બનનાર પ્રિયંકા રાધાકૃષ્ણનનો પક્ષ જણાવો - **લેબર પાર્ટી**
18. ભારતીય મૂળના ન્યુઝિલેન્ડના રાજકારણી પ્રિયંકા રાધાકૃષ્ણનનું વતન જણાવો - **એનાકુલમ જિલ્લો, કેરળ**
19. ન્યૂઝીલેન્ડના પ્રથમ ભારતીય મૂળના પ્રધાન બનનાર પ્રિયંકા રાધાકૃષ્ણનને કયા મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી - **સોશિયલ ડેવલપમેન્ટ અને યુથ વેલફેર, રોજગાર**
20. પ્રિયંકા રાધાકૃષ્ણન લેબર પાર્ટી તરફથી પ્રથમ વખત કયારે સંસદના સભ્ય તરીકે ચૂંટાયા હતા - **સપ્ટેમ્બર ૨૦૧૭**
21. ન્યૂઝીલેન્ડના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **જેસીન્ડા આર્ડન**

22. કોરોના સંક્રમણ વચ્ચે અનલૉકની કેન્દ્ર સરકારની ગાઈડલાઈનના આધારે રાજ્ય સરકાર દ્વારા નવેમ્બર-૨૦૨૦માં રાજ્યમાં લગ્ન પ્રસંગમાં ૧૦૦ લોકોને બદલે મહત્તમ કેટલા લોકોને એકત્ર થવાની છૂટ આપવાનો નિર્ણય કર્યો – **૨૦૦**
23. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા લગ્ન પ્રસંગમાં ૨૦૦ લોકોને એકત્ર થવાની છૂટ આપતુ જે જાહેરનામુ બહાર પાડ્યુ તે ક્યારથી અમલી બનશે – **તા. ૩જી નવેમ્બર-૨૦૨૦**
24. નવેમ્બર-૨૦૨૦માં કયા ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર અભિનેતા, વોઈસ ઓવર આર્ટિસ્ટનું ૪૯ વર્ષે હાર્ટ એટેકથી અવસાન થયુ - **આશિષ કક્કડ**
25. નવેમ્બર-૨૦૨૦માં કયા સ્થળે ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર અભિનેતા, વોઈસ ઓવર આર્ટિસ્ટ આશિષ કક્કડનું અવસાન થયુ – **કોલકત્તા (પ.બંગાળ)**
26. ફિલ્મ ડિરેક્ટર આશિષ કક્કડે કઈ ગુજરાતી ફિલ્મો ડિરેક્ટ કરી છે - **વર્ષ ૨૦૧૦માં 'બેટર હાફ', ૨૦૧૬માં 'મિશન મમ્મી'**
27. આશિષ કક્કડે કઈ ફિલ્મોમાં અભિનય કર્યો છે - **ગુજરાતી ફિલ્મો 'બે યાર', 'વિટામિન સી', 'તમે કેવા' તથા હિન્દી ફિલ્મ 'કાઇ પો છે'**
28. દિવંગત અભિનેતા સુશાંત સિંઘ રાજપૂતની પ્રથમ ફિલ્મ કઈ હતી - **'કાઇ પો છે'**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. USA : અમેરિકામાં ૪૬માં પ્રમુખ પદ માટે તા. ૩જી નવેમ્બર ૨૦૨૦ના રોજ મતદાન



✓ વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડેન વચ્ચે જંગ

પ્રમુખ પદના ઉમેદવાર અને પક્ષ

(૧) પ્રમુખ : ડોનાલ્ડ ટ્રમ્પ
ઉપ-પ્રમુખ માઈક પેન્સ
પક્ષ : રિપબ્લિકન

(૨) પ્રમુખ : જો બાઈડેન
ઉપ-પ્રમુખ : કમલા હેરિસ
પક્ષ : ડેમોક્રેટિક



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.ખેલકૂદ : ત્રીજી વિમેન્સ T-20 ચેલેન્જ-2020



✓ પ્રારંભ : તા. ૦૪-૧૧-૨૦૨૦
✓ સ્થાન : શારજાહ
✓ ખેલાડીઓ : ભારત, UK, વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકા
✓ ગત વર્ષે વિજેતા ટીમ : સુપરનોવાઝ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ઈન્ટરપોલ : કોરોનાને કારણે પ્રથમવાર ઈન્ટરપોલની ૮૯મી સામાન્ય સભા મૌકૂફ રખાઈ

INTERPOL

✓ આગામી ડિસેમ્બર-૨૦૨૦માં UAE ખાતે બેઠક યોજાવાની હતી.
✓ ઈન્ટરપોલ કુલ સભ્યો : ૧૯૪
✓ ઈન્ટરપોલ – ધ ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન
✓ વડુમથક : લીઓં (ફ્રાંસ)
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ઓસ્કાર એવોર્ડ : કોરોનાને કારણે પ્રથમવાર ઓસ્કાર એવોર્ડના નિયમોમાં ફેરફાર (ફિલ્મ)



વિગત

✓ કોરોના કાળ દરમિયાન ઓવર ધ ટોપ (ઓટીટી) પ્લેટફોર્મે દર્શકોનું ભરપૂર મનોરંજન કર્યું. એટલે ફિલ્મી દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત ઓસ્કર એવોર્ડ પણ ઓટીટી પ્લેટફોર્મની શરતોમાં છૂટ છાટ મૂકી છે.

નવા નિયમો :

✓ પહેલીવાર ઓસ્કાર એવોર્ડની આયોજક એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સે નામાંકન માટે એવાં સ્ટ્રીમિંગ ટાઈટલ્સને પણ શ્રેષ્ઠ ફિલ્મોની શ્રેણીમાં સામેલ કરવાની મંજૂરી આપી છે, જે ફક્ત ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થઈ છે.
✓ અત્યાર સુધી શ્રેષ્ઠ ફિલ્મોની શ્રેણીમાં નામાંકિત ફિલ્મો થિયેટરમાં ફરજિયાત રિલીઝ થઈ હોવી જોઈએ, એવો નિયમ હતો.
✓ કોરોનાકાળમાં ઓસ્કર એવોર્ડ સેરેમની બે મહિના સુધી ટાળી દેવાયો હતો.
✓ આ સમારંભ હવે આવતા વર્ષે 25 એપ્રિલે યોજાશે. તેમાં જાન્યુઆરી 2020થી ફેબ્રુઆરી 2021 વચ્ચે રિલીઝ ફિલ્મો સામેલ કરાશે.
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. એર સ્ટ્રાઈક : માલી ખાતે ફ્રાન્સ સેનાની એર સ્ટ્રાઈક (આતંકવાદ)

✓ અલકાયદાના ૫૦થી વધુ આતંકવાદી ઠાર



વધુ વિગત :

- ✓ માલી ખાતે અલ-કાયદાની આતંકી છાવણી નજીક જઈ રહેલા આતંકીઓના મોટરસાઇકલ કાફલા પર ફ્રાન્સે એરસ્ટ્રાઇક કરી છે, જેમાં 50થી વધુ આતંકી માર્યા ગયા છે.
- ✓ ગત 30 ઓક્ટોબરે ફ્રાન્સે પાકી બાતમી મેળવ્યા બાદ એરસ્ટ્રાઇકને અંજામ આપ્યો હતો.

પશ્ચિમ આફ્રિકાનું માલી શા માટે ?

- ✓ પશ્ચિમ આફ્રિકાના માલી, નાઈજર વગેરે દેશોમાં આતંકી સંગઠન IS અને અલ-કાયદાના દરિંદાઓ આશરો લઈ રહ્યા હોવાનું જાણીતું છે. અહીં મોટા પ્રમાણમાં ટ્રેનિંગ કેમ્પ પણ ચાલે છે.
- ✓ ફ્રાન્સે સેટેલાઈટ અને ભૂમિગત જાસૂસીની મદદથી બુર્કિના ફાસો અને નાઈજરની માલી સાથે જોડતી સરહદ પર આતંકીઓના એક મોટા જૂથને 30 જેટલી મોટરસાઈકલ પર પસાર થતું જોયું હતું.
- ✓ ખાતરી કર્યા બાદ ફ્રાન્સે 2 મિરાજ વિમાન અને ડ્રોન વડે હુમલો કરીને તેમનો ખાતમો કરી દીધો છે.

ફ્રાન્સમાં હાલ સાંપ્રદાયિક તણાવ ચરમસીમાએ

- ✓ પયગંબરનું ચિત્ર દોરવાના મુદ્દે એક શિક્ષકનું ગળું કાપીને હત્યા કરી દેવાના મુદ્દે ફ્રાન્સે બહુ કડક વલણ દાખવ્યું હતું. એ પછી ધર્માંધોએ ફ્રાન્સમાં વિભિન્ન સ્થળે આતંકી હુમલાઓ શરૂ કરી દીધા હતા.
- ✓ ફ્રાંસ પ્રમુખ : ઈમેન્યુઅલ મેક્રોન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. આતંકવાદી હુમલો : ઓસ્ટ્રિયાની રાજધાની વિએનામાં IS દ્વારા આતંકવાદી હુમલો



વિગત :

- ✓ ઓસ્ટ્રિયાની રાજધાની વિએનામાં મુંબઈ જેવા આતંકી હુમલાને અંજામ અપાયો.
- ✓ હુમલાખોરોએ શહેરની વચ્ચે એક યહૂદી ધર્મસ્થળ નજીક ભારે ભીડ હતી, ત્યારે રાત્રે આઠ વાગ્યે આડેધડ ફાયરિંગ કર્યું હતું.
- ✓ આ હુમલામાં બે મહિલા સહિત ચારનાં મોત થયાં છે અને 20 થી વધુને ઈજા થઈ
- ✓ આ ઘટના પછી વિએનાને સીલ કરી દેવાયું છે અને 1000થી વધુ પોલીસકર્મી

હુમલાખોરોને શોધવા અભિયાન શરૂ કર્યું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. એટા વાવાઝોડુ (કુદરતી આપત્તિ)



✓ ઉદભવ : કેરેબિયન સમુદ્ર

મધ્ય અમેરિકાના પ્રભાવિત દેશો :

✓ નિકારાગુઆ અને હોન્ડુરાસ સહિતના દેશો પ્રભાવિત

✓ પવનની ઝડપ : પ્રતિ કલાક ૨૪૦ કિલોમીટર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ૨૪મો મલાબાર-૨૦૨૦ : સંયુક્ત આંતરરાષ્ટ્રીય યુદ્ધાભ્યાસ (સંરક્ષણ)



✓ બંગાળની ખાડીમાં ભારત, US, જાપાન અને ઓસ્ટ્રેલિયા નૌસેના વચ્ચે યુદ્ધ અભ્યાસનો પ્રારંભ

✓ આ વર્ષે ઓસ્ટ્રેલિયા પ્રથમવાર જોડાયું

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : 03 નવેમ્બર

શાસક અને વિજ્ઞાની સવાઈ જયસિંહ બીજા



જન્મ : 03 નવેમ્બર 1688

અવસાન : 1743

✓ જયપુર નગરના સ્થાપક અને સાંસ્કૃતિક અને વિજ્ઞાનના ક્ષેત્રે પ્રસિદ્ધ શાસક સવાઈ જયસિંહ બીજાનો જન્મદિવસ

✓ આ ઉપરાંત સ્વતંત્ર ભારતની સર્વોચ્ચ અદાલતના પહેલા મુખ્ય ન્યાયધીશ હરિલાલ કાણીયા અને અભિનેતા પૃથ્વીરાજ કપૂરનો જન્મદિવસ

- ✓ જયસિંહ ૧૧ વર્ષની વયે આમેરના રાજા બન્યા હતા. મોગલ બાદશાહે તેમને સવાઈ (એક વ્યક્તિ કરતા પા ગણા મોટા)નું બિરુદ આપ્યું હતું.
- ✓ સવાઈ જયસિંહે વર્ષ ૧૭૨૭માં નિયોજન અને વાસ્તુકલાના અદભુત નમૂના સમાન જયપુર નગરની સ્થાપના કરી હતી.
- ✓ જયસિંહને જ્યોતિષ અને વિજ્ઞાનમાં પુષ્કળ રસ હોવાથી તે અંગેનું ગહન અધ્યયન અને સંશોધન કર્યું, પ્રચલિત જ્યોતિષશાસ્ત્રની ગણતરીઓ સુધારી હતી.
- ✓ તેમણે 'જીજ મુહમ્મદશાહી' નામથી બધી ગણતરીઓનું પુસ્તક પણ લખ્યું છે.
- ✓ તેમણે જયવિનોદ પંચાંગ અને સમ્રાટ સિદ્ધાંતની રચના પણ કરી હતી.
- ✓ નક્ષત્ર વિજ્ઞાનના ક્ષેત્રે નવા આયામો રચનાર અને જ્યોતિષવિદ્યાને નવો આધાર અને આકાર આપનાર સવાઈ જયસિંહ બીજાનું વર્ષ ૧૭૪૩માં અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૧૧-૨૦૨૦)

1. તાજેતરમાં અમેરિકામાં કેટલામાં પ્રમુખપદ માટેની ચૂંટણી યોજાઈ - **46માં**
2. તાજેતરમાં અમેરિકામાં પ્રમુખપદ માટેની ચૂંટણીમાં કોને કોને ઉમેદવારી નોંધાવી હતી - **ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઇડેન**
3. અમેરિકામાં પ્રમુખપદ માટેની ચૂંટણી કઈ તારીખે યોજાઇ હતી - **3 નવેમ્બર 2020**
4. તાજેતરમાં અમેરિકામાં પ્રમુખપદ માટેની ચૂંટણીમાં સાથેસાથે ઉપ-પ્રમુખ પદે કોને કોને ઉમેદવારી નોંધાવી હતી - **માઈક પેન્સ અને કમલા હેરિસ (મૂળ ભારતીય)**
5. તાજેતરમાં કયા સ્થળે ત્રીજી વિમેન્સ T-20 ચેલેન્જ 2020નો તારીખ 4 નવેમ્બરે પ્રારંભ થયો - **શારજાહ**
6. ત્રીજી વિમેન્સ T-20 ચેલેન્જ 2020માં કયા કયા દેશોની ખેલાડીઓ ભાગ લઇ રહી છે - **ભારત, ઇંગ્લેન્ડ વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકા**
7. આગામી સમયમાં ડિસેમ્બર 2020માં કયા સ્થળે યોજાનાર ઇન્ટરપોલની 89મી સામાન્ય સભા કોરોના મહામારીના કારણે મોકૂફ રાખવામાં આવી છે - **UAE**
8. ઈન્ટરપોલમાં ભારત સહિત કુલ સભ્ય દેશો જણાવો - **194**
9. ઈન્ટરપોલનું વિસ્તૃત નામ જણાવો - **ધ ઇન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઇઝેશન**
10. ઈન્ટરપોલનું વડુ મથક ક્યાં આવેલું છે - **લિયોન, ફ્રાંસ**
11. કોરોના કાળમાં ફિલ્મી દુનિયામાં કયા પ્લેટફોર્મ દ્વારા દર્શકોને ભરપૂર મનોરંજન પુરુ પાડવામાં આવ્યું છે - **OTT**
12. OTTનું વિસ્તૃત નામ જણાવો - **ઓવર ધ ટોપ**
13. તાજેતરમાં કોરોના મહામારીના કારણે ફિલ્મી દુનિયાના કયા વૈશ્વિક એવોર્ડની પસંદગીની આ શરતોમાં પ્રથમવાર છૂટછાટ આપવામાં આવી છે - **ઓસ્કાર એવોર્ડ**
14. વૈશ્વિક ક્ષેત્રે ફિલ્મી દુનિયાનો સર્વ શ્રેષ્ઠ "ઓસ્કાર એવોર્ડ" કોના દ્વારા આપવામાં આવે છે - **એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સ**
15. તા. 30 ઓક્ટોબર-૨૦૨૦ના રોજ ફ્રાન્સની સેનાએ કયા સ્થળ નજીક એર સ્ટ્રાઈક કરી જેમાં અલકાયદાના ૫૦થી વધુ આતંકવાદી ઠાર મરાયા – **માલી (પશ્ચિમ આફ્રિકા)**
16. તા. 30 ઓક્ટોબર-૨૦૨૦ના રોજ ફ્રાન્સની સેનાએ પશ્ચિમ આફ્રિકાના માલી ખાતે શા માટે એર સ્ટ્રાઈક કરી હતી - **પશ્ચિમ આફ્રિકાના માલી, નાઈજર વગેરે દેશોમાં આતંકી સંગઠન IS અને અલ-કાયદાના આતંકવાદીઓ તથા તેમના કેમ્પનો ખાત્મો કરવા**

17. કઈ ઘટનાને પગલે ફ્રાસી સેનાએ માલીમાં એર સ્ટ્રાઈક કરી હતી - **પયગંબરનું ચિત્ર દોરવાના મુદ્દે એક શિક્ષકનું ગળું કાપીને હત્યા કરાયા બાદ ધર્માંધોએ ફ્રાન્સમાં વિભિન્ન સ્થળે આતંકી હુમલાઓ કર્યા હતા**
18. ફ્રાંસના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **ઈમેન્યુઅલ મેક્રોન**
19. તાજેતરમાં ISIS દ્વારા ઓસ્ટ્રિયામાં કયા સ્થળે મુંબઈ જેવો આતંકવાદી હુમલો કરાયો - **રાજધાની વિએના**
20. ઓસ્ટ્રિયાના વર્તમાન ચાન્સેલર કોણ છે - **સેબાસ્ટિયન કૂર્ઝ**
21. નવેમ્બર-૨૦૨૦માં કેરેબિયન સમૂદ્રમાં કયુ વાવાઝોડુ ઉદભવ્યુ હતુ - **એટા વાવાઝોડુ**
22. એટા વાવાઝોડાથી મધ્ય અમેરિકાના કયા દેશો પ્રાભાવિત થયા હતા - **નિકારાગુઆ અને હોન્ડુરાસ સહિતના દેશ**
23. નવેમ્બર-૨૦૨૦માં મધ્ય અમેરિકાને ધમરોળનારા એટા વાવાઝોડાની ઝડપ જણાવો - **પ્રતિ કલાક ૨૪૦ કિ.મી.**
24. નવેમ્બર-૨૦૨૦માં કેટલામો મલાબાર સંયુક્ત આંતરરાષ્ટ્રીય યુદ્ધ અભ્યાસ યોજાયો - **૨૪**
25. પ્રતિ વર્ષ કયા દેશો વચ્ચે મલાબાર યુદ્ધ અભ્યાસ થાય છે અને આ વર્ષે કયો નવો દેશ આ યુદ્ધ અભ્યાસમાં સામેલ થયો - **ભારત, US, જાપાન તથા ઓસ્ટ્રેલિયા**
26. શાસક અને વિજ્ઞાની સવાઈ જયસિંહ બીજાનો જન્મ દિવસ જણાવો - **03 નવેમ્બર 1688**
27. કોણે વર્ષ 1727માં નિયોજન અને વાસ્તુકલાના અદભુત નમૂના સમાન જયપુર નગરની સ્થાપના કરી હતી – **જયસિંહ બીજા**
28. સ્વતંત્ર ભારતની સર્વોચ્ચ અદાલતના પહેલા મુખ્ય ન્યાયધીશ કોણ હતા - **હરિલાલ કાણીયા**
29. સવાઈ ઉપનામનો અર્થ જણાવો – **એક વ્યક્તિ કરતા પા ગણા મોટા**
30. જયવિનોદ પંચાંગ અને સમ્રાટ સિદ્ધાંત તથા જીજ મુહમ્મદશાહી પુસ્તકો કોણે લખ્યા હતા - **જયસિંહ બીજા**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721



૧. નિમણૂક : બનાસ ડેરીના ચેરમેન તરીકે શ્રી શંકરભાઇ ચૌધરી સતત બીજી ટર્મ માટે ચૂંટાયા

- ✓ સિદ્ધિ : બનાસ ડેરીનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૪ હજાર કરોડ હતું તે વધારીને રૂપિયા ૧૨ હજાર કરોડે પહોંચાડયું



વધુ વિગત :

- ✓ બનાસકાંઠા જિલ્લાની બનાસડેરીમાં સંચાલક મંડળની ચૂંટણી બિનહરીફ થયા બાદ ચેરમેન તરીકે શંકર ચૌધરીએ બીજી ટર્મમાં ચૂંટાઈ આવ્યા હતા. ૪૦ વર્ષ બાદ સંચાલક મંડળની બિનહરીફ વરણી થઇ.

બનાસ ડેરીની કામગીરી :

- ✓ બનાસકાંઠા ઉપરાંત અન્ય રાજયોમાં જેવા કે કાનપુર તેમજ હૈદરાબાદ સહીતના સ્થળે બનાસડેરીની સ્થાપના કરી અને બનાસડેરીનું કદ વધાર્યું છે.
- ✓ તેમજ બાયોગેસ પ્લાન્ટ થકી સસ્તુ ઈંધણ મળી રહે તે માટે સફળ પ્રયોગ કરીને દેશના વડાપ્રધાનના સ્વપ્નને પુર્ણ કરવા પ્રયાસ કર્યો હતો.
- ✓ મધ, તેલ, ફુટ જ્યુસના પ્લાન્ટને વિકસિત બનાવી અમુલ બ્રાન્ડથી દેશભરમાં શુધ્ધ ફુટ જ્યુસ આપવા માટેનો પ્રયત્ન હાથ ધરવામાં આવનાર છે.
- ✓ હાલમાં બનાસડેરીમાં કાતરવાના પશુદાણના પ્લાન્ટની કેપેસીડી વધારીને પશુપાલકોને પુરતા પ્રમાણમાં સમયસર દાણ મળી રહે તે માટે પ્લાન્ટ તૈયાર કર્યો છે અને ઉત્પાદન વધાર્યું છે.
- ✓ બનાસ ડેરી : પાલનપુર (બનાસકાંઠા)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. લડાકુ વિમાન રાફેલ : ફ્રાન્સથી વધુ ત્રણ રાફેલ વિમાનનું ભારતમાં આગમન



રાફેલ વિશે :

- ✓ રાફેલ ડીએચ (ટુ સીટર) અને રાફેલ ઇ એચ (સિંગલ સીટર) બંને ટ્વિન એન્જિન, ડેલ્ટા-વિંગ, સેમી સ્ટીલ્થ કેપેબિલિટી ધરાવતા ચોથી જનરેશનના લડાયક વિમાન છે. આ વિમાન પરમાણુ હુમલાની ક્ષમતા ધરાવે છે.
- ✓ આ ફાઇટર જેટને રડાર ક્રોસ - સેકશન અને ઇન્ફ્રા રેડ સિગ્નેચર સાથે ડિઝાઇન કરવામાં આવ્યું છે.
- ✓ તેમાં ગ્લાસ કોકપીટ હોવા ઉપરાંત વિમાન પાઇલટને કમાન્ડ અને કંટ્રોલ કરવામાં મદદ કરી શકે તેવી એક કોમ્પ્યૂટર સિસ્ટમ પણ ધરાવે છે.
- ✓ ત્રણ રાફેલ સાથે હવામાં ઇંધણ ભરવાની ક્ષમતા ધરાવતા ફ્રાન્સ એરફોર્સના વિશેષ વિમાને પણ ઉડાન ભરી હતી. રસ્તામાં કોઇપણ સ્થાને ઉતરાણ કર્યા વિના રાફેલ ભારત પહોંચ્યાં હતાં.
- ✓ આ પહેલાં ૨૯ જુલાઇના રોજ ફ્રાન્સના પાંચ રાફેલ વિમાન ભારત પહોંચ્યાં હતાં, ત્યારે પણ હવામાં જ ઈંધણ ભરીને ભારત પહોંચ્યાં હતાં.
- ✓ અગાઉના પાંચ સહિત કુલ આઠ રાફેલ IAFમાં સામેલ
- ✓ કરાર : વર્ષ ૨૦૧૬માં ફ્રાન્સ સાથે રૂપિયા ૫૮ હજાર કરોડમાં ૩૬ રાફેલ લડાયક જેટ માટે સમજૂતી કરાર થયા હતા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. પિનાક મલ્ટિ : બરેલ રોકેટ સિસ્ટમ નવા વર્ઝનનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)



પરીક્ષણ વિશે :

- ✓ ભારતે તારીખ ૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ પિનાક મલ્ટિ-બેરેલ રોકેટ સિસ્ટમના નવા વર્ઝનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું
- ✓ એક પછી એક ઝડપથી કુલ છ રોકેટ લોન્ચ કરવામાં આવ્યાં હતાં અને મિશનના લક્ષ્યાંકોને અનુરૂપ જ પરિણામ મળ્યું હતું.
- ✓ રેન્જ : ૬૦ થી ૯૦ કિલોમીટર

- ✓ પરીક્ષણ સ્થળ : ITR-ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ, ચાંદીપુર ઓડિશા
- ✓ સંસ્થા : DRDO
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. આર્ગિલ ડાયમંડ માઇન્સ : વિશ્વની ૯૦ ટકા ગુલાબી હીરા પૂરી પાડતી ૩૭ વર્ષ જૂની ખાણ બંધ કરાશે

- ✓ સ્થળ : ક્રિમ્બલે ઓસ્ટ્રેલિયા



ખાંણની વિશેષતા :

- ✓ આ ખાણમાંથી 865 મિલિયન કેરેટના હીરા કાઢવામાં આવ્યા હતા
- ✓ 22.35 કરોડ રૂપિયા પ્રતિ કેરેટ વેચાતો હતો ગુલાબી હીરો
- ✓ 5 વર્ષ લાગશે આ હીરા ખાણને બંધ કરવામાં
- ✓ આર્ગિલ ડાયમંડ માઇન્સ નામની ખાણને ઓપરેટ કરનાર કંપની વૈશ્વિક માઇનિંગ જાયન્ટ રિયો ટિંટોએ આ વાતની જાણકરી આપી હતી.
- ✓ કંપનીએ દાવો કર્યો હતો કે ખાણમાં હિરાનો ભંડાર પૂરો થઈ ગયો છે એટલા માટે બંધ કરવાનો નિર્ણય લીધો છે.
- ✓ ઓસ્ટ્રેલિયાના ક્રિંબર્લે સ્થિત આ ખાણને 1979માં શોધવામાં આવી હતી. તેના માત્ર 4 વર્ષ પછી એંગ્લો ઓસ્ટ્રેલિયા નામની કંપનીએ ખાણનું કાર્ય શરૂ કર્યું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. USA પ્રમુખ પદની ચૂંટણીની પદ્ધતિ

ઇલેક્ટોરલ વોટ અને પોપ્યુલર વોટ વચ્ચેનો તફાવત શું છે ?

- ✓ અમેરિકન પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણીમાં અમેરિકાના મતદારો સીધા પ્રમુખ કે ઉપ-પ્રમુખને નહીં પણ ઈલેક્ટોરલ કોલેજને મત આપે છે. મતદારો સૌથી પહેલા ઈલેક્ટરો ચૂંટે છે.
- ✓ અમેરિકાના વિવિધ રાજ્યોને વસતીના આધારે ઈલેક્ટરોની બેઠક ફાળવાઈ હોય છે. જેમ કે, કેલિફોર્નિયામાં 55 ઈલેક્ટર છે, તો અલાસ્કા, ડેલવર, કોલમ્બિયા, મોન્ટાના, નોર્થ ડાકોટા, સાઉથ ડાકોટા, વર્મોન્ટ અને વ્યોમિંગ જેવા રાજ્યોમાં ફક્ત 3-3 ઈલેક્ટર છે.
- ✓ આમ, અમેરિકાના 50 રાજ્યમાં મતદારો કુલ 538 ઈલેક્ટર ચૂંટે છે.
- ✓ અમેરિકન મતદારોએ કરેલું મતદાન 'પોપ્યુલર વોટ' તરીકે ઓળખાય છે.

ચૂંટણીમાં ગુજરાતી પાવર

બેલેટ પેપરમાં પણ આપણી ભાષા



- ✓ જગત જમાદાર દેશમાં ગુજરાતી 'પાવર' : બેલેટ પેપરમાં પણ આપણી ભાષા!
- ✓ અમેરિકામાં મતદાન માટે બેલેટ પેપરમાં અંગ્રેજીની સાથે ગુજરાતીમાં પણ લખેલું હોય છે.
- ✓ ચૂંટણીમાં કોરોનાના કારણે મતદારોને બેલેટ પેપર દ્વારા મતદાન કરવાનું કહેવામાં આવ્યું હતું.
- ✓ ગત માર્ચ મહિનામાં તો ઘણાને ત્યાં બેલેટ પેપર પહોંચી પણ ગયા હતા.
- ✓ 3 નવેમ્બર સુધી બેલેટ પેપર મોકલી દેવાયા હતા.
- ✓ આ વખતે ગુજરાતીઓના મતદાનમાં પણ વધારો થયો હતો.
- ✓ ન્યૂ જર્સીમાં રહેતા સૃજલ પરીખે 'દિવ્ય ભાસ્કર'ને પોતાના ઘરે આવેલા બેલેટ પેપર સર્ટિફિકેટનો ફોટો શેર કર્યો હતો.

અમેરિકામાં દર બેમાંથી એક મોટેલ ભારતીયની, એમાં 70 % ગુજરાતીની

- ✓ અમેરિકામાં દર બેમાંથી એક મોટેલ ભારતીયની. એમાંથી 70% તો ગુજરાતીની.
- ✓ અમેરિકામાં ભારતીયોની સંખ્યા 44 લાખ આસપાસ છે. એમાં અંદાજે 15 લાખ ગુજરાતીઓ હશે.
- ✓ ન્યૂ જર્સીમાં બે લાખથી વધારે ભારતીયો છે એમાં અડધોઅડધ ગુજરાતીઓ છે.
- ✓ મોટા ભાગના ગુજરાતીઓ હોસ્પિટાલિટીના બિઝનેસ સાથે સંકળાયેલા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 4 નવેમ્બર

(૧) આદ્ય ક્રાંતિકારી : વાસુદેવ ફડકે

જન્મ : 4 નવેમ્બર 1845

અવસાન : 17 ફેબ્રુઆરી 1883



- ✓ સન ૧૯૫૭ના સંગ્રામ અને હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના વચ્ચે ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું રણશિંગું ફૂંકનાર

વાસુદેવ બળવંત ફડકે, જલારામ બાપા, સંગીતકાર જયકિશન અને ઉદ્યોગપતિ જમનાલાલ બજાજનો આજે જન્મદિવસ.

- ✓ પ્રારંભિક શિક્ષણ મરાઠીમાં લેનાર વાસુદેવ ફડકે સાધારણ અંગ્રેજી પણ જાણતા હતા.
- ✓ વાસુદેવ પુણેમાં નોકરી દરમિયાન કુટુંબમાં શ્રાદ્ધ વખતે અંગ્રેજ અધિકારીએ રજા ન આપતા ગુલામગીરીને તિલાંજલિ આપી.
- ✓ મહારાષ્ટ્રમાં દુષ્કાળ સમયે અને દેશ ગુલામીમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી કપાળે ચંદન ન લગાવવાની, માથા પર વસ્ત્ર ન પહેરવાની અને વાળ ન કપાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.
- ✓ જનજાગૃતિ માટે ભાષણો આપ્યાં, શિક્ષિતોએ સહકાર ન આપતાં નિરક્ષરોનું સંગઠન સાધ્યું.
- ✓ મહારાષ્ટ્રમાં કોળી, ભીલ અને ધાંગડ લોકોનું સંગઠન સાધીને "રામોશી" નામનું ક્રાંતિકારી સંગઠન પણ ઊભું કર્યું હતું. તે પછી દેશવ્યાપી સંગઠનની ગુપ્ત યોજના બનાવી.
- ✓ તેઓ કહેતા કે મને 5 હજાર રૂપિયા અને 200 વીર પુરુષો મળી જાય તો ભારતમાંથી અંગ્રેજોને ભગાડી દઉં.
- ✓ અંગ્રેજો સામેની લડત માટે ધનિકો પાસે ધનની યાચના કરી હતી.
- ✓ મુંબઈમાં ગવર્નર સીયર્ટ ટેમ્પલનું માથું લાવનાર માટે ઇનામની જાહેરાત પણ કરી હતી.
- ✓ 17 ફેબ્રુઆરી 1883 ના રોજ તેમનું અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) ગુજરાતના સુપ્રસિદ્ધ સદાવ્રતી સંત શિરોમણિ ભક્ત શ્રી જલારામબાપા

જન્મ : ૪ નવેમ્બર ૧૭૯૯



- ✓ સંતશ્રી જલારામબાપાનો જન્મ વીરપુરમાં થયો હતો. તેમના પિતા પ્રધાન ઠક્કર દુકાનદાર હતા. તેમનાં માતા રાજબાઈ અત્યંત ધાર્મિક સંન્નારી હતાં.
- ✓ તેઓ સાધુસંતોની ખૂબ સેવા કરતાં. આથી બાળક જલારામને પણ માતા તરફથી સંતસેવા અને રામસ્મરણનો વારસો મળ્યો હતો.
- ✓ તેમના લગ્ન આટકોટના પ્રાગજીભાઈ ઠક્કરનાં પુત્રી વીરબાઈ સાથે થયાં હતાં.
- ✓ લગ્ન પછી જલારામ પિતાની દુકાને બેસવા લાગ્યાં. સાધુસંતો દુકાને આવે

તેમને જલારામ જરૂરી વસ્તુઓ વિનામૂલ્યે - મફત જ આપી દેતા. તેમના પિતાને આ લક્ષણો ન ગમ્યાં. તેમણે જલારામને જુદા રહેવા મોકલ્યા.

- ✓ તેઓ તેમના કાકા વાલજી ઠક્કર સાથે રહેવા લાગ્યા. કાકાની દુકાન સંભાળવા લાગ્યા. અહીં પણ તેમની પરોપકારની ભાવના એ જ હતી.
- ✓ એક વાર જૂનાગઢ-સોમનાથની યાત્રાએ જતા સાધુઓની મંડળીને તેમણે દુકાનમાંથી ખૂબ સામાન આપી દીધો.
- ✓ સામાન લેવા આવેલા સાધુ એ ઊંચકી શક્યા નહીં. આથી પોતે એ સામાન ઊંચકીને મૂકવા ગયા.
- ✓ કાકાએ દુકાનમાં તપાસ કરી તો દુકાનનો બધો જ સામાન યથાવત હતો. તેમને જલારામની ચમત્કારિક અને આધ્યાત્મિક શક્તિનો પરિચય થયો.
- ✓ સમગ્ર વીરપુરમાં જલારામની આધ્યાત્મિકતાનો સ્વીકાર થયો. એ પછી જલારામને સંસારમાં બિલકુલ રસ ન રહ્યો.
- ✓ તેઓ ૧૮ વર્ષની ઉંમરે યાત્રાએ નીકળ્યા. બે વર્ષ સુધી યાત્રાધામોમાં ફરી તેઓ વીરપુરમાં પાછા આવ્યા. તેમણે એક આશ્રમ સ્થાપ્યો.
- ✓ પતિ-પત્ની બંને રાત-દિવસ મહેનત-મજૂરી કરીને અનાજ લાવતાં. તેમાંથી પોતાની જરૂરિયાત જેટલું વાપરી બાકીનું સંગ્રહ કરતાં.
- ✓ આમ અનાજ એકત્રિત થતાં તેઓ અન્નદાન કરવા માટે તત્પર થયાં. આવું સદાવ્રત સતત ચાલે માટે તેમણે તેમના ગુરુના આશીર્વાદ માંગેલા.
- ✓ જલારામબાપાએ અમરેલી પાસે ફતેહપુરા જઈ ત્યાંના પ્રસિદ્ધ સંત ભોજા ભગત પાસે ગુરુદીક્ષા લીધેલી. તેમજ અન્નદાનની આજ્ઞા માગેલી.
- ✓ ૧૮૨૨માં જલારામ વીરપુરમાં સાધુસંતો અને ગરીબ ગુરબાંઓ માટે સદાવ્રત ચાલુ કર્યું. એ સમયે તેમની ઉંમર માત્ર ૨૨ વર્ષની હતી. એ જ વર્ષે દુષ્કાળ પડ્યો ત્યારે જલારામ ભૂખ્યા અને દુઃખિયારા લોકોનો વિસામો બન્યા હતા.
- ✓ રોગીઓ, અંધો, લકવાગ્રસ્ત અપંગો, પીડિતો સાજા થવાની આશાએ તેમના આશીર્વાદ લેવા આવવા લાગ્યા.
- ✓ ભક્ત જલારામબાપાની કીર્તિ પ્રસરતી ગઈ. પછી તો સદાવ્રત માટે દાનનો પ્રવાહ પણ વહેલા લાગ્યો. જલારામબાપા અને વીરબાઈ સતત રામનામ જપતાં. સાધુસંતોની સેવા કરતાં.
- ✓ તેઓ સર્વમાં રામનું સ્વરૂપ જોતાં સૌને સમાનભાવે અન્નજળ આપી સંતોષ આપતાં. તેઓ હંમેશાં દયા, દાન અને દીનતા રાખીને પ્રભુભજન અને પરમાર્થ કરવાનો ઉપદેશ આપતાં.
- ✓ લોકસમુદાય તેમને જલારામબાપા અને વીરબાઈમા તરીકે સંબોધતો.

- ✓ વીરબાઈની સમાધિ જલારામની જગ્યાની નજીક આવેલી છે. તેમને એક પુત્રી હતી. એમનાં સંતાનોએ જલારામની જગ્યાનો ઉત્તરાધિકાર સંભાળી આજે પણ સદાવ્રત અખંડપણે ચાલુ રાખ્યું છે.
- ✓ આજે પણ જલારામની જગ્યામાં ચાલતા સદાવ્રતમાં બે-વાર ભોજન આપવામાં આવે છે.
- ✓ અહીં રામજીનું મંદિર છે. એક બાજુ જલારામ બાપાની પૂરા કદની મૂર્તિ-છબીની પ્રતિષ્ઠા કરવામાં આવેલી છે.
- ✓ મંદિરમાં ગર્ભગૃહમાં વીરબાઈમાને એક વૃદ્ધ મહાત્માએ આપેલ ઝોળી અને ધોકો સ્મૃતિ રૂપે સચવાયેલાં છે.
- ✓ ગુજરાતમાં અને ગુજરાત બહાર જલારામબાપાની પૂરા કદની મૂર્તિઓવાળાં મંદિરો છે.
- ✓ આમાંનાં કેટલાંક મંદિરોમાં સદાવ્રત-ગરીબોને ભોજન આપવામાં આવે છે.
- ✓ આજે પણ લોકો આસ્થા અને શ્રદ્ધાથી જલારામબાપાની માનતા માને છે અને તેઓની મનની મુરાદ પૂરી પણ થાય છે.
- ✓ <u>૨૩ ફેબ્રુઆરી, ૧૮૮૧ ના રોજ આ પરોપકારી પરદુઃખભંજન સંતશ્રી જલારામબાપાનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો.</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૧૧-૨૦૨૦)

1. તાજેતરમાં કોણ બનાસ ડેરીના ચેરમેન તરીકે સતત બીજી ટર્મ માટે ચૂંટાયા - **<u>શ્રી શંકરભાઇ ચૌધરી</u>**
2. બનાસડેરીમાં વર્તમાન સંચાલક મંડળે ડેરીનું ટર્નઓવર રૂ. ૪ હજાર કરોડથી વધારી હાલમાં કેટલા સુધી પહોચાડ્યુ છે – **<u>રૂ. ૧૨ હજાર કરોડ</u>**
3. બનાસ ડેરી ક્યા આવેલી છે - **<u>પાલનપુર (બનાસકાંઠા)</u>**
4. નવેમ્બર-૨૦૨૦માં ફ્રાન્સથી વધુ કેટલા રાફેલ વિમાન ભારતમાં આવ્યા - **<u>ત્રણ</u>**
5. નવેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ કેટલા રાફેલ વિમાન ભારતીય સેનામાં સામેલ છે – **<u>આઠ</u>**
6. વર્ષ ૨૦૧૬માં ભારત-ફ્રાન્સ વચ્ચે કેટલા રૂપિયામાં ૩૬ રાફેલ લડાયક જેટ માટે સમજૂતી કરાર થયા હતા – **<u>રૂ. ૫૮ હજાર કરોડ</u>**
7. ભારતે તા.૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ કઈ મલ્ટિ-બેરેલ રોકેટ સિસ્ટમના નવા વર્ઝનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું - **<u>પિનાક</u>**
8. ભારતે તા.૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ કયા સ્થળેથી પિનાક મલ્ટિ-બેરેલ રોકેટ સિસ્ટમના નવા વર્ઝનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું - **<u>ઓરિસ્સાના કાંઠે ચાંદીપુરમાં ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ</u>**
9. DRDO દ્વારા તૈયાર કરાયેલા પિનાક મલ્ટિ-બેરેલ રોકેટની રેન્જ જણાવો – **<u>૬૦ થી ૯૦ કિ.મી.</u>**
10. ભારતે તા.૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ પિનાક મલ્ટિ-બેરેલની કેટલી રોકેટ સિસ્ટમ લોન્ચ કરાઈ હતી – **<u>૬</u>**
11. વિશ્વની ૯૦ ટકા ગુલાબી હીરા પૂરી પાડતી ૩૭ વર્ષ જૂની ખાણનું નામ જણાવો - **<u>આર્ગિલ ડાયમંડ માઇન્સ</u>** તાજેતર નવેમ્બર-૨૦૨૦માં કયા સ્થળે આવેલી વિશ્વની ૯૦ ટકા ગુલાબી હીરા પૂરી પાડતી ૩૭ વર્ષ જૂની ખાણ બંધ કરવામાં આવી - **<u>કિમ્બલે ઓસ્ટ્રેલિયા</u>**
12. ઓસ્ટ્રેલિયાના કિમ્બલે સ્થિત આર્ગિલ ડાયમંડ માઇનસ ખાણને કયા વર્ષે શોધવામાં આવી હતી – **<u>૧૯૭૯</u>**
13. અમેરિકન પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણીમાં અમેરિકાના મતદારો સીધા પ્રમુખ કે ઉપ-પ્રમુખને બદલે કોને મત આપે છે - **<u>ઇલેક્ટોરલ કોલેજ</u>**
14. અમેરિકાના વિવિધ રાજ્યોને શાના આધારે ઇલેક્ટરોની બેઠક ફાળવવામાં આવે છે – **<u>વસતી</u>**

15. અમેરિકાના ૫૦ રાજ્યમાં મતદારો કુલ કેટલા ઈલેક્ટર ચૂંટે છે - **૫૩૮**
16. અમેરિકન મતદારોએ કરેલું મતદાન કયા નામે ઓળખાય છે - **'પોપ્યુલર વોટ'**
17. તાજેતર અમેરિકામાં યોજાયેલા મતદાન માટે બેલેટ પેપરમાં અંગ્રેજીની સાથે કઈ ભારતીય ભાષામાં પણ લખાણ હતુ - **ગુજરાતી**
18. આદ્ય ક્રાંતિકારી વાસુદેવ ફડકેનો જન્મ દિવસ જણાવો - **૪ નવેમ્બર ૧૮૪૫**
19. ક્રાંતિકારી વાસુદેવ ફડકેએ મહારાષ્ટ્રમાં કોળી, ભીલ અને ધાંગડ લોકોનું સંગઠન સાધીને કયુ ક્રાંતિકારી સંગઠન ઊભું કર્યું હતું - **"રામોશી"**
20. ગુજરાતના સુપ્રસિદ્ધ સદાવ્રતી સંત શિરોમણિ ભક્ત શ્રી જલારામબાપાનો જન્મ દિવસ જણાવો - **૪ નવેમ્બર ૧૭૯૯**
21. સંતશ્રી જલારામબાપાનો જન્મ સ્થળ જણાવો – **વીરપુર**
22. સંતશ્રી જલારામબાપાએ કયા વર્ષે વીરપુરમાં સાધુસંતો અને ગરીબ ગુરબાંઓ માટે સદાવ્રત ચાલુ કર્યું – **૧૮૨૨**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧.ખેલકૂદ : સ્પેનિસ ટેનિસ ખેલાડી રફેલ નડાલના પ્રોફેશનલ ટેનિસમાં ૧૦૦૦ વિજય

૧૦૦૦ વિજય મેળવનારો વિશ્વનો ચોથો ખેલાડી



વિગત :

- ✓ સ્પેનના ટેનિસ સ્ટાર તથા ક્લે કોર્ટના બાદશાહ ગણાતા રફેલ નડાલે પ્રોફેશનલ ટેનિસમાં ૧,૦૦૦ વિજય પૂરા કરવાની સિદ્ધિ મેળવી હતી અને તે વિશ્વનો માત્ર ચોથો ખેલાડી બની ગયો છે.

Open Eraના હાઇએસ્ટ વિજય મેળવનાર વિશ્વના ટેનિસ ખેલાડીઓ

પ્લેયર	વિજય	વર્ષ
જિમી કોનર્સ	૧,૨૭૪	૧૯૭૦-૯૫
રોજર ફેડરર	૧,૨૪૨	એક્ટિવ
ઇવાન લેન્ડલ	૧,૦૬૮	૧૯૭૮-૯૪
રફેલ નડાલ	૧,૦૦૦	એક્ટિવ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. UGC : કોરોનાની નવી ગાઈડલાઈન જાહેર (શિક્ષણ)

- ✓ દેશભરમાં યુનિવર્સિટી અને કોલેજોને શરૂ કરવા UGCની નવી ગાઈડલાઈન
- ✓ કોલેજ શરૂ કરવા રાજ્ય સરકારની મંજૂરી જરૂરી
- ✓ નવી ગાઇડલાઇન મુજબ સંબંધિત રાજ્ય સરકારોનો સંપર્ક સાધીને કન્ટેનમેન્ટ ઝોન

બહારના વિસ્તારમાં યુનિવર્સિટી અને કોલેજ ખોલી શકાશે.

- ✓ ગાઇડલાઇનનું મુલ્યાંકન આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા પણ થઇ ચુક્યું છે. ગૃહ મંત્રાલય અને શિક્ષણ મંત્રાલય તેને મંજૂરી આપી ચૂક્યા છે.
- ✓ સોશિયલ ડિસ્ટન્સના અનુપાલન માટે યુજીસીએ છ દિવસનું સપ્તાહ અને વર્ગખંડનું ટૂંકું કદ સૂચવ્યું છે.
- ✓ જોકે સંસ્થાની જરૂરિયાત મુજબ દિવસ દરમિયાન શૈક્ષણિક કલાકોમાં વૃદ્ધિ થઇ શકશે. સોશિયલ ડિસ્ટન્સની જરૂરિયાત પૂરી થઇ શકે તે મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવી શકાય તે હેતુસર વર્ગખંડોમાં શિક્ષણ પણ તબક્કાવાર આપી શકાય તે હેતુસર છ દિવસનું સપ્તાહ સૂચવવામાં આવ્યું છે.
- ✓ UGC : યુનિવર્સિટી ગ્રાંટ કમિશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. USA : પ્રમુખપદની ચૂંટણી-૨૦૨૦ (બંધારણ)

USના ઈતિહાસમાં જો બિડેનનો વિક્રમ : સૌથી વધુ ૭૦.૭ મિલિયન પોપ્યુલર મત મેળવ્યા



- ✓ બિડેન સૌથી વધુ પોપ્યુલર મત મેળવનાર પ્રમુખપદના ઉમેદવાર
- ✓ પક્ષ : ડેમોક્રેટ



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ : વિવિધ ૭ પ્રકલ્પોનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ઈ-લોકાર્પણ



વિવિધ પ્રકલ્પો-યોજના

1. અમદાવાદ અને વડોદરા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનું ઈ લોકાર્પણ
2. ૯૮૩૬ લાભાર્થીઓને DBT મારફતે રૂ. ૨૩૨ લાખનું ચુકવણું
3. શ્રમયોગી તાલીમ યોજના અંતર્ગત સરકારી નોકરી મેળવેલ તાલીમાર્થીઓનું સન્માન
4. IOCL દ્વારા CSR હેઠળ આપેલ રકમમાંથી રૂ. ૩૫ લાખના ખર્ચે ૩ મોબાઇલ મેડિકલવાનનું ઇ-લોકાર્પણ
5. ફેકટરી માલિકોને મેડિકલવાનનું બુકિંગ કરવા માટેની મોબાઇલ એપનું લોન્ચિંગ
6. રૂ. ૧ લાખની સહાય આપતી શ્રમયોગી અકસ્માત મૃત્યુ સહાય યોજનાનો શુભારંભ
7. શ્રમયોગીઓને સહાય પેટે રૂ. ૧૫૦૦ની રકમ આપતી 'સાયકલ સબસીડી યોજના'નો શુભારંભ

✓ શ્રમિકોના સર્વાંગી કલ્યાણ માટે ગુજરાતમાં કુલ ૨૨ જેટલી યોજનાઓ અમલી

✓ **શ્રમ અને રોજગાર મંત્રી-શ્રી દિલીપ ઠાકોર**

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. સૌથી મોટો ડબલ ડેકર ફ્લાય ઓવર (ઈજનેરી)



બિહારના છપરામાં ભારતનો સૌથી મોટો ડબલ ડેકર ફ્લાય ઓવર બનાવવામાં આવ્યો

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. આસામ : જાહેર સેવા આયોગની પરીક્ષામાં ટ્રાન્સજેન્ડર્સને સામેલ કરનારું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું(જાહેર સેવા)

ASSAM PUBLIC SERVICE COMMISSION (APSC)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. કાર્બેટ ટાઇગર રીઝર્વ (મહિલા સશક્તિકરણ)



✓ કાર્બેટ ટાઇગર રીઝર્વમાં પહેલી વખત મહિલા ગાઇડની નિમણૂક કરાઈ

કાર્બેટ પાર્ક વિશે :

✓ કાર્બેટ પાર્ક એ ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન.

✓ સ્થાપના : 1936

✓ જૂનું નામ : હેલી નેશનલ પાર્ક.



વર્તમાન નામ :

✓ પ્રકૃતિવાદી, જાણીતા સંરક્ષણવાદી જીમ કોર્બેટની સ્મૃતિમાં 1957માં આ પાર્કનું નામ કાર્બેટ નેશનલ પાર્ક રાખવામાં આવ્યું હતુ.

✓ આ પાર્ક નૈનીતાલથી કાલાધુંગી અને રામનગરથી 118 કિલોમીટરના અંતરે છે.

પાર્કનો વિસ્તાર :

✓ કાર્બેટ નેશનલ પાર્ક 521 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો છે, તે હિમાલયની તળેટીમાં આવેલું છે.

✓ આ પાર્ક બે જિલ્લામાં વિસ્તરેલો છે, પાર્કનો મોટો ભાગ પૌડી ગઢવાલ જિલ્લામાં 312.86 વર્ગ કિલોમીટરમાં અને બાકીનો 208.14 વર્ગ કિલોમીટર નૈનિતાલ જિલ્લામાં વિસ્તરેલો છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. સિંધુ ઘાટી સભ્યતા : ડેરી ઉત્પાદનના પુરાવા શોધાયા (ઈતિહાસ)



ભારત અને કેનેડાના સંશોધકોએ સિંધુ ઘાટી સભ્યતામાં ડેરી ઉત્પાદનના પુરાવા શોધ્યા છે

✓ ભારતમાં ડેરીનું ઉત્પાદન લગભગ ઈ.સ. ૩૦૦૦ વર્ષ પૂર્વે શરૂ થયું હતું અને તે સિંધુ ખીણની સંસ્કૃતિ જાળવવા પાછળનો પરિબળ હોઈ શકે.

✓ સિંધુ ખીણની સંસ્કૃતિમાં ડેરીનું ઉત્પાદન થતુ હોવાનો પ્રથમ વખત વૈજ્ઞાનિક પૂરાવો મળ્યો છે.

✓ **આ વર્ષે એટલે કે 2020માં સિંધુ ખીણની સંસ્કૃતિની શોધના 100 વર્ષ પણ પૂર્ણ.**

✓ માહિતી : નેચર જર્નલ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : 5 નવેમ્બર

પાઠક સાહેબ : દેવવ્રત

જન્મ : 5 નવેમ્બર 1920

અવસાન : 8 સપ્ટેમ્બર 2006

✓ આજે દેશબંધુ ચિત્તરંજનદાસ, બાળાસાહેબ દેવરસ, ઈતિહાસકાર વીલ ડ્યૂરા અને

ગુજરાતમાં પાઠક સાહેબ તરીકે પંકાયેલા દેવવ્રત પાઠકનો જન્મદિવસ.

- ✓ રાજ્યશાસ્ત્રી દેવવ્રત પાઠક સ્નાતક મુંબઈ યુનિ.માં પ્રથમ ક્રમે અને અનુસ્નાતક શિકાગો યુનિ.થી થયા હતા.
- ✓ પાઠક સાહેબે રાજ્યશાસ્ત્રના અધ્યાપક તરીકે એલ. ડી. આર્ટસ કોલેજ અને ગુજરાત યુનિ.ના રાજ્યશાસ્ત્ર વિભાગમાં સેવાઓ આપી હતી.
- ✓ ગુજરાતના રાજ્યશાસ્ત્ર મંડળ જેવી અનેક ગાંધીવાદી અને લોકશાહીવાદી સંસ્થાઓના તેઓ સ્થાપક અને સંવર્ધક રહ્યા હતા.
- ✓ કોમી સંવાદિતાના પ્રખર હિમાયતી દેવવ્રત પાઠકે 1975માં કટોકટીનો વિરોધ કર્યો હતો.
- ✓ તેઓ સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ પણ રહ્યા હતા.

અગત્યના પુસ્તકો :

- ✓ આપણા રાજ્ય બંધારણનો પરિચય, નાગરિકતા પરિચય, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી-1971 : એક અભ્યાસ, જગત ઈતિહાસ દર્શન, ચોથી ચૂંટણી ભારતમાંને ગુજરાતમાં, થ્રી જનરલ ઇલેક્શન ઇન ગુજરાત - 1952-1962, સરદાર વલ્લભભાઈ પટેલ ફોર્મ સિવિક ટુ નેશનલ લીડરશીપ, ડાઇમેન્શન ઓફ પોલિટિકલ બિહેવિયર ઇન ગુજરાત 1971 જેવાં પુસ્તકો લખ્યાં છે.
- ✓ 8 સપ્ટેમ્બર 2006ના રોજ તેઓનું અવસાન થયું હતું.

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૧૧-૨૦૨૦)

1. નવેમ્બર-૨૦૨૦માં કયો ટેનિસ ખેલાડી પ્રોફેશનલ ટેનિસમાં ૧૦૦૦ વિજય મેળવનારો વિશ્વનો ચોથો ખેલાડી બન્યો અને તેનો દેશ - **રફેલ નડાલ અને સ્પેન**
2. પ્રોફેશનલ ટેનિસમાં હાઇએસ્ટ વિજય મેળવનાર પ્રથમ ખેલાડીનું નામ જણાવો - **જિમી કોનર્સ (૧૨૭૪ વિજય)**
3. નવેમ્બર-૨૦૨૦માં દેશભરમાં યુનિવર્સિટી અને કોલેજોને શરૂ કરવા કોના દ્વારા નવી ગાઈડલાઈન જાહેર કરાઈ હતી – **UGC**
4. UGCની નવી ગાઈડલાઈન અનુસાર કોલેજ શરૂ કરવા કોની મંજૂરી જરૂરી છે તથા કયા વિસ્તારમાં કોલેજ ખોલી શકાશે - **રાજ્ય સરકાર તથા કન્ટેનમેન્ટ ઝોન બહારના વિસ્તારમાં**
5. UGCની નવી ગાઈડલાઈન અનુસાર શાળા-કોલેજમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાય રહે તે મુજબ વર્ગખંડોમાં તબક્કાવાર શિક્ષણ આપી શકાય તે હેતુસર કેટલા દિવસનું સપ્તાહ સૂચવવામાં આવ્યું છે - **છ**
6. UGCનું વિસ્તૃત નામ જણાવો - **યુનિવર્સિટી ગ્રાંટ કમિશન**
7. USના ઈતિહાસમાં પ્રમુખ પદના ઉમેદવાર જો બિડેન વિક્રમજનક કેટલા મિલિયન પોપ્યુલર મત મેળવ્યા - **૭૦.૭**
8. અમેરિકાના પ્રથમ પ્રમુખનું નામ-વર્ષ જણાવો – **જ્યોર્જ વોશિંગ્ટન તથા ૧૭૮૯**
9. તા.૫મી નવેમ્બર-૨૦૨૦ના રોજ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ હસ્તકના વિવિધ ૭ પ્રકલ્પોનું કોના હસ્તે ઈ-લોકાર્પણ કરાયું - **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
10. તા.૫મી નવેમ્બર-૨૦૨૦ના રોજ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ હસ્તકના વિવિધ કયા ૭ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ કરાયું – **૧.અમદાવાદ અને વડોદરા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનું લોકાર્પણ, ૨. ૯૮૩૬ લાભાર્થીઓને DBT મારફતે રૂ. ૨૩૨ લાખનું ચુકવણું, ૩. શ્રમયોગી તાલીમ યોજના અંતર્ગત**

સરકારી નોકરી મેળવેલ તાલીમાર્થીઓનું સન્માન, ૪. IOCL દ્વારા CSR હેઠળ આપેલ રકમમાંથી ૩ મોબાઇલ મેડિકલ વાનનું ઇ-લોકાર્પણ, ૫. ફેકટરી માલિકોને મેડિકલ વાનનું બુકિંગ કરવા માટેની મોબાઇલ એપનું લોન્ચિંગ, ૬. રૂ. ૧ લાખની સહાય આપતી શ્રમયોગી અકસ્માત મૃત્યુ સહાય યોજનાનો શુભારંભ તથા ૭. શ્રમયોગીઓને રૂ. ૧૫૦૦ની રકમ આપતી સાયકલ સબસીડી યોજનાનો શુભારંભ

11. શ્રમિકોના સર્વાંગી કલ્યાણ માટે ગુજરાતમાં કેટલી યોજનાઓ અમલી છે - **૨૨ જેટલી**
12. ભારતનો સૌથી મોટો ડબલ ડેકર ફ્લાઇ ઓવર કયા સ્થળે બનાવવામાં આવ્યો છે - **છપરા (બિહાર)**
13. ક્યુ રાજ્ય જાહેર સેવા આયોગની પરીક્ષામાં ટ્રાન્સજેન્ડર્સને સામેલ કરનારું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું - **આસામ**
14. ક્યા ટાઇગર રીઝર્વમાં પહેલી વખત મહિલા ગાઇડની નિમણૂક કરવામાં આવી - **કાર્બેટ**
15. ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન કયો છે - **કાર્બેટ નેશનલ પાર્ક**
16. ક્યા વર્ષે કાર્બેટ નેશનલ પાર્કની સ્થાપના થઈ હતી - **1936**
17. કાર્બેટ નેશનલ પાર્કનું જૂનુ નામ જણાવો - **હેલી નેશનલ પાર્ક**
18. કોના નામ ઉપરથી કાર્બેટ નેશનલ પાર્કનું નામ પાડવામાં આવ્યું છે - **જાણીતા પ્રકૃતિ-સંરક્ષણવાદી જીમ કાર્બેટ**
19. કયા વર્ષે હેલી નેશનલ પાર્કનું નામ બદલી કાર્બેટ નેશનલ પાર્ક રાખવામાં આવ્યું હતુ - **1957**
20. તાજેતર નવેમ્બર ૨૦૨૦માં ક્યા દેશના સંશોધકોએ સિંધુ ઘાટી સભ્યતામાં ડેરી ઉત્પાદનના પુરાવા શોધ્યા છે - **ભારત અને કેનેડા**
21. વર્ષે-2020માં સિંધુ ખીણની સંસ્કૃતિનના સંશોધનના કેટલા વર્ષ પૂર્ણ થયા - **૧૦૦**
22. ગુજરાતમાં પાઠક સાહેબ તરીકે પંકાયેલા દેવવ્રત પાઠકનો જન્મદિવસ જણાવો - **તા.5 નવેમ્બર 1920**
23. ગુજરાતના રાજ્યશાસ્ત્ર મંડળ જેવી અનેક ગાંધીવાદી અને લોકશાહીવાદી સંસ્થાઓના તેઓ સ્થાપક અને સંવર્ધકનું નામ જણાવો - **દેવવ્રત પાઠક**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ – ગુજરાત સરકાર (વહીવટ)

✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં તા. ૧૨મી નવેમ્બરે કચ્છના ધોરડો ખાતે પ્રથમવાર ત્રણ સરહદી જિલ્લાના વસાહતીઓનું સંમેલન



કાર્યક્રમની વિગત :

✓ રાજ્યના સરહદી વિસ્તારમાં કચ્છ જિલ્લાના ૧૦૬, પાટણના ૩૫ અને બનાસકાંઠા જિલ્લાના ૧૭ મળીને કુલ ૧૫૮ ગામો સમાવિષ્ટ છે, જેના સરપંચો, આગેવાનો, જિલ્લા-તાલુકા પંચાયતોના સદસ્યો અને સ્થાનિક લોકો મળીને એક હજાર જેટલા માણસોનું ધોરડોમાં સંમેલન યોજાશે.

સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ વિશે :

✓ ગુજરાત સરકારના ૪૦ ટકા અને કેન્દ્રના ૬૦ ટકા ખર્ચની હિસ્સેદારીમાં ચાલતા સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમના આયોજન માટે ખાસ કોઈ ખર્ચ થતો નથી. જેના આયોજન માટે સંમેલન યોજાશે.

✓ આ સંમેલનમાં શિક્ષણ, રસ્તા, આરોગ્ય જેવા સરહદી વિસ્તારોના વિકાસના પ્રશ્નોની ચર્ચા-આયોજન થશે.

✓ ખાસ ઉપસ્થિતિ : કેન્દ્રીય ગ્રામ વિકાસ મંત્રી નરેન્દ્રસિંહ તોમર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.ડ્રઝબા યુદ્ધ અભ્યાસ-'DRUZHBA -IV' : રશિયા અને પાકિસ્તાન સેના વચ્ચે રાવલપિંડીમાં પાંચમો સંયુક્ત યુદ્ધ અભ્યાસ (વૈશ્વિક બાબતો)



યુદ્ધાભ્યાસનો હેતુ :

- ✓ આતંકવાદ (Terrorism) વિરુદ્ધ કાર્યવાહીમાં અનુભવોની આપ લે કરાશે. આ ઉપરાંત હવામાંથી જમીન પર છલાંગ લગાવવાનો અને અપહરણ કે બંધક બનાવવાની સ્થિતિમાં શું કરવું તેનો યુદ્ધાભ્યાસ કરવામાં આવશે.
- ✓ રશિયા અને પાકિસ્તાન સૈન્ય (Russia-Pakistan Army) વચ્ચે આ યુદ્ધાભ્યાસ બે સપ્તાહ સુધી ચાલશે અને પોતાની યુદ્ધ ક્ષમતાને પારખવામાં આવશે.

અન્ય બાબતો :

- ✓ ભારત (India)ના ખાસ અને પરંપરાગત મિત્ર રશિયા (Russia)એ અચનાક જ પાકિસ્તાની સેના (Pakistan Army) સાથે યુદ્ધાભ્યાસ કરવાનો નિર્ણય.
- ✓ લદ્દાખમાં ચીન અને ભારત (India-China) સામ સામે છે ત્યારે જ રશિયાએ પાકિસ્તાન સાથે યુદ્ધાભ્યાસ કરવાનો નિર્ણય લીધો છે.
- ✓ રશિયન સ્પેશ્યલ ફોર્સ (Russian Special Forces)ના જવાનો આ યુદ્ધ અભ્યાસમાં જોડાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ધર્મજ : ગુજરાતમાં આણંદ જિલ્લાનું ધર્મજ દેશનું સૌથી ધનાઢ્ય ગામ



ગામ વિશે :

- ✓ આ ગામમાં ૧૩ બેન્કો અને રૂ. ૧૩૦૦ કરોડનું ટર્ન ઓવર
- ✓ કુલ વસ્તી : ૧૧,૩૩૩
- ✓ માત્ર આર્થિક માપદંડ જ નહી આરોગ્ય, શિક્ષણ, ખેતી, સહકાર, લો ભાગીદારી અને સેવા પ્રવૃતિના કારણે આ ગામ અન્ય ગામોથી જુદુ પડે છે.
- ✓ ગામડામાં પણ શહેરો જેવી સુવિધાઓ ધરાવતા થઇ જાય તો ગામડાઓમાંથી શહેરો તરફ લોકો દોટ મુકી રહ્યા છે તે અટકી જાય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ભારત-નેપાળ સંબંધો : ભારતીય સેનાના જનરલ એમ.એમ.નરવણે ત્રણ દિવસના નેપાળના પ્રવાસે (વૈશ્વિક સંબંધો)



- ✓ નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી સાથે ફળદાયી બેઠક

વિશેષ સૈન્ય પરંપરા

- ✓ ભારત અને નેપાળની સેના વચ્ચે સદીઓથી ચાલતી પરંપરા અનુસાર ભારતના થલસેના અધ્યક્ષ જનરલ મનોજ મુકુંદ નરવણેને નેપાળની સેનાના માનદ અધ્યક્ષનું પદ આપવામાં આવ્યું
- ✓ આર્મી ચીફ નરવણેને નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યા દેવી ભંડારીના હસ્તે આ પદવીથી સન્માનિત કરાયા.



- ✓ આ પૂર્વે વર્ષ 2017માં તત્કાલિક સેના પ્રમુખ જનરલ બિપિન રાવતને આ પદવી આપવામાં આવી હતી.
- ✓ નેપાળની સેનાના જનરલ પૂર્ણ ચંદ્ર થાપાને ગત વર્ષે રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદે ભારતની સેનાના માનદ અધ્યક્ષની પદવી આપી હતી.
- ✓ પૂર્ણ ચંદ્ર થાપા ભારતના નેશનલ ડિફેન્સ કોલેજથી સ્નાતકની ડિગ્રી મેળવી ચૂક્યા છે.
- ✓ ગત વર્ષે નેપાળની સેનાના અધ્યક્ષ પૂર્ણ ચંદ્ર થાપાને ભારતે ભારતની સેનાના માનદ અધ્યક્ષનું પદ આપ્યું હતું.
- ✓ સૌપ્રથમ આવી પદવી ભારતીય સેનાના કમાન્ડર-ઇન-ચીફ રહેલા જનરલ કે. એમ. કરિયપ્પાને વર્ષ 1950માં આપવામાં આવી હતી.

ભારત - નેપાળ સર્વગ્રાહી સંબંધો વિશે

- ✓ ભારત નેપાળનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે આ ઉપરાંત, નેપાળમાં સૌથી વધુ વિદેશી રોકાણનો સ્રોત ભારત છે.
- ✓ ભારતની ગોરખા રેજિમેન્ટમાં નેપાળના પર્વતીય જિલ્લાઓમાંથી યુવાનોની ભરતી કરવામાં આવે છે.
- ✓ સૂર્ય કિરણ ભારત અને નેપાળ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત છે.
- ✓ ભારત અને નેપાળ એક સાથે બહુપક્ષીય મંચો સાથે જોડાયેલું છે.
- ✓ જેમાં BIMSTEC (Bay of Bengal Initiative for Multi Sectoral Technical and Economic Cooperation),
- ✓ SAARC (South Asian Association for Regional Cooperation),

- ✓ NAM (Non-aligned Movement),
- ✓ BBIN (Bangladesh, Bhutan, India and Nepal).
- ✓ ભારત અને નેપાળે કાઠમંડુ-વારાણસી, જનકપુર-અયોધ્યા અને લુમ્બિની-બોધગાયા નામના ત્રણ સિસ્ટર સિટીઝ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- ✓ નેપાળ માનવતાવાદી સહાય પ્રાપ્ત કરનાર વિશ્વનો સૌથી મોટો દેશ છે.

ભારત-નેપાળ વચ્ચે વર્તમાન વિવાદ

- ✓ કાલાપાની ક્ષેત્ર પર ભારત અને નેપાળ વચ્ચે સરહદ વિવાદ છે. તાજેતરમાં જ નેપાળ સરકારે તેમના દેશના નવા નકશામાં કાલાપાની, લિપુલેખ અને લિમ્પીયાધુરાના સમાવેશને મંજૂરી આપી હતી. તે હવે દેશો વચ્ચે મોટી અડચણ બની ગઈ છે.
- ✓ રાજધાની : કાઠમાંડુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વૉટસએપ : ભારતમાં વૉટ્સએપની UPI આધારિત પેમેન્ટ સેવાનો પ્રારંભ (આર્થિક-ટેકનોલોજી)



પ્રથમ તબક્કો :

- ✓ ભારતના વધુમાં વધુ બે કરોડ યુઝર્સને કંપની હાલ પૂરતી આ સર્વિસ પૂરી પાડી શકશે.
- ✓ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ મંજૂરી આપી દેતા હવે સત્તાવાર રીતે પેમેન્ટ સર્વિસનો પ્રારંભ.
- ✓ અગાઉ ૨૦૧૮માં વોટ્સએપે આ સર્વિસનું ભારતમાં ટેસ્ટિંગ કર્યું હતુ, પરંતુ પરવાનગી મળી ન હોવાથી બંધ કરવી પડી હતી.

પેમેન્ટ સેવા વિશે :

- ✓ વોટ્સએપની આ સર્વિસમાં ૧૬૦ વિવિધ બેંકોનો સમાવેશ થશે. ૧૬૦ બેંકોના એકાઉન્ટ્સમાં આ સર્વિસ મળશે.
- ✓ તેના માટે માત્ર નવું અપડેટ મેળવ્યા પછી યુઝર્સે એડ પેમેન્ટ મેથડ કરશે એટલે સર્વિસમાં જરૂરી માહિતી ભર્યા પછી સર્વિસ એક્ટિવ થઈ જશે.

પ્રક્રિયા :

- ✓ આ ખૂબ જ આસાન પદ્ધતિ હોવાથી ચેટ કરતા કરતાં જ પૈસા ટ્રાન્સફર કરી શકાશે.
- ✓ તેના માટે અટેચમેન્ટ બોક્સમાં ક્લિક કરવાનું રહેશે. એમાં પેમેન્ટનો વિકલ્પ મળશે.
- ✓ કુલ ૪૦ કરોડ જેટલાં યુઝર્સ છે, પરંતુ વોટ્સએપને ૨ કરોડ ગ્રાહકોને સર્વિસ આપવાની મંજૂરી અપાઈ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 6 નવેમ્બર

યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને રોકવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 6 નવેમ્બર

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' કાવ્ય પંક્તિના સર્જક અરદેશર ખબરદાર

જન્મ : 6 નવેમ્બર 1881

અવસાન : 30 જુલાઈ 1953



✓ અરદેશર ફરામજી ખબરદારનો જન્મ દમણમાં થયો હતો.

✓ તેમના કુટુંબની પહેલી અટક હિંગવાલા હતી પણ અરદેશર ખુદ શાળામાં ખબરદાર અટક રાખી લીધી હતી.

સાહિત્ય સર્જન :

✓ તેમણે ગુજરાતીમાં 20 અને અંગ્રેજીમાં બે પુસ્તકો લખ્યા છે. તેમાં પ્રકાશિકા, રાષ્ટ્રિકા, સંદેશિકા, ગાંધીબાપુનો પવાડો, ગાંધીબાપુને વગેરે મુખ્ય છે.

✓ તેમાં રાષ્ટ્રવાદ અને ગુજરાત પ્રીતિના કાવ્યો વધુ છે.

✓ ગાંધીજીની હત્યા પછી ખબરદારે લખ્યું કે " ઉડતા વાયુ થંભી ગયા, થંભ્યા વાદળ યે વ્યોમ, થંભી થંભી સિંધુ પૂછતો આજ રોતી શે ભોમ" અને "આવ્યો જ્યાં આઝાદીના અમૃતનો કુંભ જ્યાં, અમૃતનો પાનારો ચાલી ગયો, સૂર્ય વધાવવાને ઉષા પધારી ત્યાં ઉષાનો રંગ ન એકે રહ્યો."

✓ 30 જુલાઈ 1953ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૧૧-૨૦૨૦)

1. તા. ૧૨મી નવેમ્બર-૨૦૨૦ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાતમાં પ્રથમવાર કયો કાર્યક્રમ યોજાશે – **સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ**
2. તા. ૧૨મી નવેમ્બર-૨૦૨૦ના રોજ કયા સ્થળે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં પ્રથમવાર સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત ત્રણ જિલ્લાના વસાહતીઓનું સંમેલન યોજાશે - **કચ્છના ધોરડો**
3. સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર-રાજ્ય સરકારની ખર્ચની હિસ્સેદારી કેટલી હોય છે - **૬૦ ટકા તથા ૪૦ ટકા**
4. વર્તમાન કેન્દ્રીય ગ્રામ વિકાસ મંત્રીનું નામ જણાવો - **નરેન્દ્રસિંહ તોમર**
5. નવેમ્બર-૨૦૨૦માં રશિયા અને પાકિસ્તાન સેના વચ્ચે કયો સંયુક્ત યુદ્ધ અભ્યાસ યોજાયો-**ડ્રુઝબા યુદ્ધ અભ્યાસ**

6. નવેમ્બર-૨૦૨૦માં રશિયા અને પાકિસ્તાન સેના વચ્ચે કયા સ્થળે-કેટલામો સંયુક્ત યુદ્ધ અભ્યાસ યોજાયો - **રાવલપિંડી તથા પાંચમો**
7. દેશનું સૌથી ધનાઢ્ય ગામ કયું છે - **આણંદ જિલ્લાનું ધર્મજ**
8. દેશનું સૌથી ધનાઢ્ય ધર્મજ ગામમાં કેટલી બેન્કો છે તથા તેનું ટર્નઓવર જણાવો - **૧૩ બેન્કો તથા રૂ. ૧૩૦૦ કરોડનું ટર્ન ઓવર**
9. નવેમ્બર-૨૦૨૦માં ભારતીય સેનાના જનરલ એમ.એમ.નરવણે કયા દેશની ત્રણ દિવસની મુલાકાતે હતા - **નેપાળ**
10. નેપાળના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **કે.પી. શર્મા ઓલી**
11. નવેમ્બર-૨૦૨૦માં નેપાળ સરકાર દ્વારા ભારતીય સેનાના જનરલ એમ.એમ.નરવણેને કયુ પદ આપી સન્માનિત કરાયા - **સેનાના માનદ અધ્યક્ષ**
12. નેપાળના વર્તમાન રાષ્ટ્રપતિનું નામ જણાવો - **વિદ્યા દેવી ભંડારી**
13. નેપાળમાં કોના દ્વારા ભારતીય સેનાના જનરલ એમ.એમ.નરવણેને સેનાના માનદ અધ્યક્ષનું પદ આપી સન્માનિત કરાયા હતા – **નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યા દેવી ભંડારી**
14. નેપાળની સેનાના કયા જનરલને ગત વર્ષે રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદે ભારતની સેનાના માનદ અધ્યક્ષની પદવી આપી હતી - **પૂર્ણ ચંદ્ર થાપા**
15. નેપાળ સરકાર દ્વારા સૌપ્રથમ ભારતીય સેનાના કયા કમાન્ડર-ઇન-ચીફને કયારે માનદ અધ્યક્ષની પદવી આપી સન્માનિત કરાયા હતા - **જનરલ કે. એમ. કરિયપ્પા તથા વર્ષ 1950**
16. નેપાળની રાજધાનીનું નામ જણાવો - **કાઠમાંડુ**
17. નવેમ્બર-૨૦૨૦માં કઈ સોશિયલ મેસેજિંગ એપની ભારતમાં UPI આધારિત પેમેન્ટ સેવાનો પ્રારંભ કરાયો હતો – **વૉટ્સએપ**
18. કોની મંજૂરી મળ્યા બાદ ભારતમાં વૉટ્સએપની UPI આધારિત પેમેન્ટ સેવાનો પ્રારંભ થયો - **નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા**
19. ભારતમાં વૉટ્સએપની UPI આધારિત પેમેન્ટ સર્વિસમાં વિવિધ કેટલી બેંકોનો સમાવેશ થશે – **૧૬૦**
20. યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને રોકવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ કયારે મનાવવામાં આવે છે - **6 નવેમ્બર**
21. ગુજરાતી કવિ અરદેશ ખબરદારનો જન્મ દિવસ જણાવો - **6 નવેમ્બર 1881**
22. ગુજરાતી ગઝલકાર આદિલ મન્સુરી તથા કવિ ઉશનસની પુણ્યતિથિ જણાવો - **6 નવેમ્બર**
23. ગુજરાતી કવિ અરદેશર ફરામજી ખબરદારનો જન્મ ક્યાં થયો હતો - **દમણ**
24. અરદેશર ફરામજી ખબરદારના કુટુંબની પહેલી અટક કઈ હતી - **હિંગવાલા**
25. ગુજરાતી સાહિત્યની જાણીતી પંક્તિઓ " ઉડતા વાયુ થંભી ગયા, થંભ્યા વાદળ યે વ્યોમ, થંભી થંભી સિંધુ પૂછતો આજ રોતી શે ભોમ" અને "આવ્યો જ્યાં આઝાદીના અમૃતનો કુંભ જ્યાં, અમૃતનો પાનારો ચાલી ગયો, સૂર્ય વધાવવાને ઉષા પધારી ત્યાં ઉષાનો રંગ ન એકે રહ્યો."ના રચનાકારનું નામ જણાવો - **અરદેશર ખબરદાર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. USA : પ્રમુખપદના પરિણામ જાહેર ડેમોક્રેટિક ઉમેદવાર જો બાઈડેન USAના ૪૬માં રાષ્ટ્રપ્રમુખ

- ✓ કમલા હેરિસ પ્રથમ મહિલા ઉપપ્રમુખ બનશે.

મતની વિગતો :

- ✓ બહુમતીનો આંક 270
- ✓ જો બાઈડેન 290 મત
- ✓ ડોનાલ્ડ ટ્રમ્પ 214 મત



જો બાઈડેનની સફર

- ✓ 77 વર્ષના બાઈડેન અમેરિકાના ઇતિહાસના સૌથી વૃદ્ધ રાષ્ટ્રપતિ
- ✓ અગાઉ વર્ષ 2009-2017માં ઉપ પ્રમુખ હતા
- ✓ 77 વર્ષીય જો બાઈડન આશરે 50 વર્ષથી અમેરિકાના રાજકારણમાં સક્રિય.
- ✓ બાઈડન એક વકીલ તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. જેના પછી તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો.
- ✓ 1972માં તે પહેલીવાર રાજકારણમાં આવ્યા અને ડેલાવેયરની ન્યૂ કાઉન્ટીથી ચૂંટાયા.
- ✓ બાઈડન અહીંથી સતત 2009 સુધી સેનેટર ચૂંટાયા.
- ✓ વર્ષ-2009માં તેઓ બરાક ઓબામાની સરકારમાં ઉપરાષ્ટ્રપતિ બન્યા હતા જેના લીધે સેનેટરનું પદ છોડવું પડ્યું હતું.

અમેરિકામાં શું બદલાશે

- ✓ બાઈડને અગાઉ કહ્યું હતું કે તેઓ કોરોના મહામારીને નિયંત્રણમાં લેવા માટે જરૂરી પગલાં ભરશે અને આ તેમની પ્રાથમિકતા છે.
- ✓ તેમણે દેશના 2 કરોડ બેરોજગારો માટે આર્થિક પેકેજ જાહેર કરવાનું વચન આપ્યુ હતુ.

✓ આરોગ્ય ક્ષેત્રમાં પણ મોટા બદલાવના સંકેતો છે.

ભારતને શું ફાયદો થશે

✓ બાઈડન અગાઉ ભારતને અમેરિકાનું સૌથી મોટો પાર્ટનર દેશ ગણાવી ચૂક્યા છે.
✓ પ્રમુખ બન્યા બાદ તેઓ ઇમિગ્રેશનના નિયમોમાં ફેરફાર લાવશે.
✓ ખાસ કરીને સિટિઝનશિપની રાહ જોતા હજારો ભારતીયોને લાભ મળી શકે એમ છે.
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. USA : કમલા હેરિસ પ્રથમ અશ્વેત ભારતીય મૂળના વાઇસ પ્રેસિડેન્ટ



કમલા હેરિસ વિશે

✓ બાઈડેન અમેરિકાના આગામી પ્રમુખ જાહેર થતાં જ કમલા હેરિસ અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ બનશે.
✓ તેઓ કેલિફોર્નિયાના સેનેટર છે, તેઓ સાન ફ્રાન્સિસ્કોના પ્રથમ મહિલા ડિસ્ટ્રિક્ટ એટર્ની પણ રહી ચૂક્યા છે.
✓ કેલિફોર્નિયાના પ્રથમ અશ્વેત એટર્ની જનરલ તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે.
✓ કમલા હેરિસના માતા ભારતથી જ્યારે પિતા જમૈકાથી અમેરિકામાં ગયા હતા.
✓ કમલાએ પ્રેસિડેન્ટની ચૂંટણીમાં વાસ્તવમાં બિડેનની વિરુદ્ધ ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર બનવા માટે પ્રયાસો કર્યા હતા.
✓ જોકે, ડિસેમ્બરમાં તેઓ આ રેસમાંથી ખસી ગયા હતા.
✓ તેઓ પ્રથમ એશિયન-અમેરિકન ઉપ પ્રમુખ પણ છે
✓ મૂળ વતન : તામિલનાડુ (તેમની માતાનું જન્મ સ્થળ)
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. UAE : વ્યક્તિગત સ્વાતંત્ર્ય માટે ઈસ્લામિક કાયદાઓમાં છૂટછાટ - નવા નિયમોની જાહેરાત (વૈશ્વિક કાયદો)

મુખ્ય હેતુ :

✓ પશ્ચિમના પર્યટકો, બિઝનેસમેનને આકર્ષવા યુએઇ દ્વારા તાજેતરમાં ત્વરિત નિર્ણયો લેવાઇ રહ્યા છે.
✓ ઘરઆંગણે બદલાઇ રહેલા સમાજના સ્વરૂપ જોતાં અમિરાતના શાસકો ઇસ્લામિક કાયદામાં આ છૂટછાટો આપી રહ્યા છે.

નવા નિયમો

✓ ઇસ્લામિક કાયદામાં છૂટછાટ આપતાં યુએઇ દ્વારા લગ્ન કર્યા વિના યુગલને સાથે

રહેવાની તેમ જ શરાબ પરના પ્રતિબંધોને હળવા થયાની જાહેરાત કરી હતી.

- ✓ ઓનર કિલિંગ જેવી ઘટનાને પણ અપરાધની શ્રેણીમાં મૂકવાની જાહેરાત કરી હતી.
- ✓ વ્યક્તિગત સ્વતંત્રતા માટે છૂટછાટ આપતાં આ નિર્ણયો યુએઇના બદલાઇ રહેલા ચહેરાનું પ્રતિબિંબ છે.



ઓનર કાઇમને કાયદો રક્ષણ નહીં આપે

- ✓ પરિવારની મહિલા જો કુટુંબની ઇજ્જતને હાની પહોંચાડે અને કુટુંબના પુરુષ સભ્ય તે મહિલાને માર મારે તો તે પુરુષ કાનૂની કાર્યવાહીથી બચી શકતો હતો.
- ✓ નવા નિયમ મુજબ હવે મહિલાને જો રિવાજો ના પાળવા બદલ માર મારવામાં આવે તો બાકી અપરાધો જેવી જ કાનૂની કાર્યવાહી થશે.
- ✓ UAE : યુનાઈટેડ આરબ અમિરાત
- ✓ રાજધાની : દુબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ISRO : ભારતીય EOS-01 અને નવ વિદેશી સહિત કુલ ૧૦ સેટેલાઈટ સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં સ્થાપિત કરાયા (અવકાશ વિજ્ઞાન)



વિશેષતા :

- ✓ ઇસરો દ્વારા આ વર્ષનું પ્રથમ સફળ લોન્ચિંગ

EOS-01 વિશે :

- ✓ હેતુ : પૃથ્વીનું નિરીક્ષણ કરવા
- ✓ EOS-01 - ઓલ વેધર અર્થ ઇમેજિંગ સેટેલાઇટ
- ✓ અન્ય નામ – RISAT 2BR2

EOS-01ની ભૂમિકા વ્યૂહાત્મક રહેશે

- ✓ EOS-૦૧ રડાર ઇમેજિંગ સેટેલાઇટ છે. તેનું સિન્થેટિક અપાર્ચર રડાર વાદળોની આરપાર જોઈ શકશે.
- ✓ દિવસ-રાત ફોટો લઇ શકશે. તેને પરિણામે અવકાશમાંથી દેશની સીમાઓ પર નજર રાખવામાં મદદ મળશે.
- ✓ કૃષિ, વનીકરણ, માટીમાં ભેજનું પ્રમાણ માપવામાં અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સપોર્ટ માટે કામ કરશે.

- ✓ 600 કિગ્રાનો રડાર ઈમેજિંગ સેટેલાઈટ છે. તેના સિવેટિક અપર્ચર રડાર વાદળોની આરપાર પર જોઈ શકશે.

પ્રથમવાર અર્થ ઈમેજિંગ સેટેલાઈટ લોન્ચ

- ✓ તે દિવસ રાત અને દરેક ઋતુમાં ફોટો લઈ શકશે. તેનાથી આકાશથી દેશની સરહદો પર નજર રાખવામાં મદદ મળશે.

અન્ય નવ વિદેશી સેટેલાઈટ :

- ✓ લિથુનિયા – ૦૧
- ✓ લક્ઝમબર્ગ – ૦૪
- ✓ USA – ૦૪
- ✓ કુલ-૦૯
- ✓ લોન્ચિંગ વાહન : PSLV-C49 રોકેટ
- ✓ લોન્ચિંગ સ્થળ : સતિશ ધવન સ્પેશ સેન્ટર (SDSC) શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ)
- ✓ ISROના પ્રમુખ : કે.સિવન
- ✓ ISRO : ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન-બેંગલૂરૂ

કુલ ૩૨૮ વિદેશી સેટેલાઇટ્સને અવકાશમાં પહોંચાડયા

- ✓ ઇસરો મારફત વિદેશી સેટેલાઇટ્સને અવકાશમાં મોકલવાનો આંકડો ૩૨૮ પર પહોંચી ગયો છે.
- ✓ વિક્રમ સારાભાઇ સ્પેસ રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર એસ સોમનાથે જણાવ્યું હતું કે PSLV-C૪૯ પછી ડિસેમ્બરમાં PSLV-C૫૦ લોંચ કરવાની યોજના છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. UNO: મહત્વની સલાહકાર સમિતિમાં ભારતીય રાજદૂત વિદિશા મૈત્રા ચૂંટાયા (વૈશ્વિક બાબતો)



વધુ વિગતો :

- ✓ ભારતીય રાજદૂત વિદિશા મૈત્રા વહીવટી અને બજેટ સંબંધિત સવાલો બાબતોની સંયુક્ત રાષ્ટ્રસંઘની સલાહકાર સમિતિમાં સભ્ય તરીકે ચૂંટાયા.
- ✓ ન્યૂયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતના સ્થાયી મિશનના પ્રથમ સચિવ મૈત્રાને ૧૨૬ મત મળ્યા હતા.
- ✓ એશિયા પ્રશાંત ગ્રૂપમાં મૈત્રાના હરીફ ઇરાકના અલી મોહમ્મદ ફઇક અલ-દબગને ૬૪ મત મળ્યા હતા.
- ✓ મૈત્રાની મુદત ત્રણ વર્ષની રહેશે. જે પહેલી જાન્યુઆરી ૨૦૨૧ થી શરૂ થશે
- ✓ ભારત જાન્યુઆરી ૨૦૨૧થી સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં બે વર્ષ માટે બિન કાયમી સભ્ય રહેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. કોરોના વાઈરસ:USA, સ્પેન, ઈટલી, નેધરલેન્ડ અને સ્વિડનમાં મિન્ક નામના પ્રાણીમાં કોરોના વાઈરસથી સંક્રમણ



- ✓ આ દેશોમાં મિન્કને મારી નાખવાનો આદેશ
- ✓ ડેન્માર્કમાં જૂન પછી ૨૧૪ લોકોમાં ૫ જુદાજુદા પ્રકારનાં કોરોના વાઈરસ મળી આવ્યા હતા.
- ✓ એક મિન્ક ૧૨ વ્યક્તિને સંક્રમિત કરી શકે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. 15મા નાણાપંચની નીતિમાં ફેરફાર (વહીવટ)



વિગત :

- ✓ ગ્રામ્ય કક્ષાએ 15મા નાણાપંચની પોલિસીના ફેરફારથી જિલ્લા પંચાયતને 10 ટકા રકમ મળશે.
- ✓ કુલ ગ્રાન્ટમાંથી 70 ટકા સરપંચો, 20 ટકા તાલુકા પંચાયતો અને 10 ટકા જિલ્લા પંચાયતોને ગ્રાન્ટની ફાળવણી થશે.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા 14મા નાણાપંચમાં અપાયેલી ગ્રાન્ટ સીધેસીધી ગ્રામ્ય પંચાયત ખાતે પહોંચી જતી હતી.
- ✓ આ ગ્રાન્ટમાંથી સરપંચો પોતાની રીતે અને પોતાની પસંદગીની કંપનીઓ પાસેથી ખરીદી કરતા હતા.
- ✓ તેમજ પોતાની પસંદગીના કોન્ટ્રાક્ટરોને કોન્ટ્રાક્ટ પણ આપતા હતા, પરંતુ 15મા નાણાપંચમાં કેન્દ્ર સરકાર દ્વારા ફેરફાર કરવામાં આવતાં ગ્રાન્ટ ત્રણ ભાગમાં વહેંચાઈ ગઈ છે.
- ✓ કુલ 50 કરોડ ગ્રાન્ટમાંથી 70 ટકા ગ્રામપંચાયતને ફાળવણી કરાશે તેમજ સરપંચોને 20 ટકા, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોને 10-10 ટકા ગ્રાન્ટ ફાળવાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ – અમદાવાદ:અદાણી ગ્રુપ ૫૦ વર્ષ માટે અમદાવાદ એરપોર્ટનું સંચાલન કરશે



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. દિન વિશેષ : 7 નવેમ્બર

રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ



કોની યાદમાં :

✓ પ્રખ્યાત વૈજ્ઞાનિક મેડમ ક્યુરીની જન્મજયંતિની સાથે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ ઘોષિત કરાયો છે.

હેતુ-મહત્વ :

✓ કેન્સર નિવારણ વિશે જાગૃતિ લાવવા અને લોકોમાં કેન્સરની તપાસના મહત્વને ઉજાગર કરવા.

ભારતમાં કેન્સરની સ્થિતિ :

✓ ભારત દેશમાં પ્રતિ વર્ષ અંદાજે ૧.૧ મિલીયન જેટલા કેન્સરના નવા કેસો નોંધાય છે. તેમાંથી બે તૃતીયાંશ નિદાન મોડા તબક્કે થતું હોવાથી દર્દીઓના જીવવાની સંભાવના ઓછી થાય છે.

✓ એક અંદાજ મુજબ દેશમાં ૪૦ ટકા કેન્સર તમાકુને કારણે થાય છે. જેમાં સ્ત્રીઓમાં ગર્ભાશય અને સ્તનના કેન્સર સામાન્ય છે.

✓ પુરુષોમાં મૌખિક પોલાણ અને ફેફસાના કેન્સરનાં મોત ૨૫ ટકા છે.

✓ વર્ષ ૨૦૧૮માં પુરુષો અને સ્ત્રીઓમાં તમાકુ અને ધુમ્રપાનથી ૩ લાખથી પણ વધુ મૃત્યુ થયા હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : 7 નવેમ્બર

કર્મવીર : કલ્યાણજી મહેતા

જન્મ : 7 નવેમ્બર 1890

અવસાન : 11 જુલાઈ 1973

✓ તારીખ 7 નવેમ્બર અને ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકર કલ્યાણજી મહેતા, પુરાતત્વવિદ્ ભગવાનલાલ ઈન્દ્રજી, મેડમ ક્યૂરી, વૈજ્ઞાનિક સીવી રામનનો જન્મદિવસ

✓ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતા અને બહાદુરશાહ ઝફરની પુણ્યતિથિ.

✓ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના વાંઝ ગામે જન્મેલા કલ્યાણજીભાઈ 1907માં સુરતમાં યોજાયેલા હિન્દી રાષ્ટ્રીય મહાસભાના સુરત અધિવેશન અને પાટીદાર આશ્રમની સ્થાપના દ્વારા જાહેરજીવનમાં સક્રિય થયા હતા.

✓ હોમરૂલ આંદોલન પછી રાજકારણમાં જોડાનાર કલ્યાણજી મહેતાએ શિક્ષક તરીકે રાજીનામું આપી જીવન રાષ્ટ્ર માટે સમર્પિત કર્યું હતું.

✓ કલ્યાણજીભાઈ 1916થી લઇ દેશને આઝાદી મળી ત્યાં સુધી ગુજરાતમાં થયેલા

મોટાભાગના સત્યાગ્રહો અને આંદોલનોમાં સક્રિય રહ્યા હતા.

- ✓ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા બદલ તથા નવયુગ સામયિકના ક્રાંતિકારી લેખો માટે કલ્યાણજીભાઈને અનેકવાર જેલવાસ વેઠવો પડ્યો હતો.
- ✓ બારડોલીમાં આશ્રમો ઊભા કરવામાં તથા શૈક્ષણિક સુવિધાઓ વિસ્તારવામાં પણ તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.
- ✓ કુશળ રચનાત્મક કાર્યકર, સ્વતંત્રતા સૈનિકનું 11 જુલાઈ 1973ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૧૧-૨૦૨૦)

1. તાજેતર નવેમ્બર 2020માં અમેરિકાના નવા રાષ્ટ્રપ્રમુખ તરીકે કોણ ચૂંટાઇ આવ્યું - **જો બાઇડેન**
2. તાજેતરમાં નવેમ્બર 2020મા ચૂંટાયેલા અમેરિકાના નવા રાષ્ટ્રપ્રમુખનો ક્રમ જણાવો - **46**
3. તાજેતરમાં અમેરિકાના ચૂંટાયેલા નવા ઉપપ્રમુખનું નામ જણાવો - **કમલા હેરિસ**
4. અમેરિકાના પ્રથમ અશ્વેત ભારતીય મૂળના વાઇસ પ્રેસિડેન્ટનું નામ જણાવો - **કમલા હેરિસ**
5. કમલા હેરિસના માતાનું જન્મનું રાજ્ય જણાવો - **તમિલનાડુ**
6. અમેરિકાના નવા રાષ્ટ્રપ્રમુખ જો બાઇડેનનો પક્ષ જણાવો - **ડેમોક્રેટિક**
7. જો બાઇડેન કારકિર્દીના પ્રારંભમાં કયા વ્યવસાય સાથે જોડાયેલા હતા - **વકીલાત**
8. અગાઉ જો બાઇડેન કયા વર્ષે કોના સમયમાં અમેરિકાના ઉપ પ્રમુખ હતા - **2009, બરાક ઓબામા**
9. નવેમ્બર-૨૦૨૦માં કયા દેશે વ્યક્તિગત સ્વાતંત્ર્ય માટે ઈસ્લામિક કાયદાઓમાં છૂટછાટના નવા નિયમોની જાહેરાત કરી હતી - **UAE**
10. નવેમ્બર-૨૦૨૦માં UAE એ કયા હેતુસર ઈસ્લામિક કાયદાઓમાં છૂટછાટના નવા નિયમોની જાહેરાત કરી હતી - **પશ્ચિમના પર્યટકો, બિઝનેસમેનને આકર્ષવા**
11. UAEનું પુરૂ નામ જણાવો - **યુનાઈટેડ આરબ અમિરાત**
12. UAEની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **દુબઈ**
13. ભારતીય અંતરિક્ષ એજન્સી ISRO દ્વારા તા. ૭મી નવેમ્બર-૨૦૨૦ના રોજ કેટલા સેટેલાઈટ સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં સ્થાપિત કરાયા – **૧૦**
14. તા. ૭મી નવેમ્બર-૨૦૨૦ના રોજ ISRO દ્વારા ભારતનો કયો સેટેલાઈટ પ્રક્ષેપિત કરાયો - **EOS-01**
15. ઇસરો દ્વારા વર્ષ-૨૦૨૦નું પ્રથમ સફળ લોન્ચિંગ કયુ હતુ - **તા.૭મી નવેમ્બર-૨૦૨૦ના રોજ ૧૦ સેટેલાઈટનું લોન્ચિંગ**
16. ઈસરો દ્વારા કયા હેતુસર EOS-01 સેટેલાઈટ લોન્ચ કરાયો - **પૃથ્વીનું નિરીક્ષણ કરવા**
17. EOS-01 કયા પ્રકારનો સેટેલાઇટ છે - **રડાર ઇમેજિંગ**
18. તા.૭મી નવેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ ઈસરો દ્વારા કુલ કેટલા વિદેશી સેટેલાઇટ્સને અવકાશમાં પહોંચાડાયા - **૩૨૮**
19. ભારતીય અંતરિક્ષ એજન્સી ISRO દ્વારા તા. ૭મી નવેમ્બર-૨૦૨૦ના રોજ કયા દેશના કેટલા સેટેલાઈટ સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં સ્થાપિત કરાયા – **લિથુનિયા-૦૧, લક્ઝમબર્ગ-૦૪, USA-૦૪ (કુલ-૯ વિદેશી તથા એક ભારતીય)**
20. ભારતીય અંતરિક્ષ એજન્સી ISRO દ્વારા તા. ૭મી નવેમ્બર-૨૦૨૦ના રોજ કયા સ્થળેથી ૧૦ સેટેલાઈટ લોન્ચ કરાયા - **સતિશ ધવન સ્પેશ સેન્ટર (SDSC) શ્રીહરિકોટા (આંધ્રપ્રદેશ)**
21. ISROના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **કે.સિવન**
22. ISROનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન**
23. ભારતીય અંતરીક્ષ એજન્સી ઈસરોનું મુખ્ય મથક જણાવો - **બેંગલૂરૂ**
24. નવેમ્બર-૨૦૨૦માં UNOની મહત્વની સલાહકાર સમિતિમાં કયા ભારતીય રાજદૂત ચૂંટાયા-**વિદિશા મૈત્રા**

25. ભારતીય રાજદૂત વિદિશા મૈત્રા સંયુક્ત રાષ્ટ્રસંઘની સલાહકાર સમિતિમાં કઈ બાબતોના સભ્ય તરીકે ચૂંટાયા - **વહીવટી અને બજેટ સંબંધિત સવાલો**
26. ન્યૂયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતના સ્થાયી મિશનના પ્રથમ સચિવ મૈત્રાને કેટલા મત મળ્યા હતા - **૧૨૬**
27. એશિયા પ્રશાંત ગ્રૂપમાં મૈત્રાના હરીફ ઇરાકના અલી મોહમ્મદ ફઇક અલ-દબગને કેટલા મત મળ્યા હતા - **૬૪**
28. UNOની મહત્વની સલાહકાર સમિતિમાં ચૂટાયેલા ભારતીય રાજદૂત વિદિશા મૈત્રાની મુદત કેટલી હશે અને તે ક્યારથી શરૂ થશે - **ત્રણ વર્ષ તથા જાન્યુઆરી ૨૦૨૧**
29. નવેમ્બર-૨૦૨૦માં USA, સ્પેન, ઈટલી, નેધરલેન્ડ અને સ્વિડનમાં કયા પ્રાણીમાં કોરોના વાઈરસનું સંક્રમણ મળી આવ્યું - **મિન્ક**
30. ગ્રામ્ય કક્ષાએ 15મા નાણાપંચની પોલિસીના ફેરફારથી જિલ્લા પંચાયતને કેટલા ટકા રકમ મળશે - **10**
31. 15મા નાણાપંચની પોલિસીના ફેરફાર મુજબ ગ્રામ્ય કક્ષાએ કુલ ગ્રાન્ટ પૈકી ગ્રામપંચાયત, સરપંચ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને કેટલા ટકા ગ્રાન્ટની ફાળવણી કરાશે – **અનુક્રમે 70, 20 તથા 10-10 ટકા**
32. અમદાવાદના હવાઈ મથકનું નામ જણાવો - **સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ**
33. કઈ કંપનીને અમદાવાદ એરપોર્ટ ૫૦ વર્ષ માટે અપાયું - **અદાણી**
34. રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ કયારે મનાવવામાં આવે છે - **7 નવેમ્બર**
35. કોની યાદમાં રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ મનાવવામાં આવે છે - **વૈજ્ઞાનિક મેડમ ક્યુરીની જન્મજયંતિની યાદમાં**
36. પ્રતિ વર્ષ કયા હેતુસર તા. ૭મી નવેમ્બરના રોજ રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ મનાવવામાં આવે છે - **કેન્સર નિવારણ વિશે જાગૃતિ લાવવા અને લોકોમાં કેન્સરની તપાસના મહત્વને ઉજાગર કરવા**
37. ભારતમાં પ્રતિ વર્ષ અંદાજે કેન્સરના કેટલા નવા કેસો નોંધાય છે - **૧.૧ મિલીયન જેટલા**
38. ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકરનું નામ જણાવો - **કલ્યાણજી મહેતા**
39. ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકર કલ્યાણજી મહેતાનો જન્મ દિવસ જણાવો - **7 નવેમ્બર 1890**
40. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા - **જીવરાજ મહેતા**
41. કલ્યાણજી મહેતાનું જન્મસ્થળ જણાવો - **વાંઝ ગામ, તા.ચોર્યાસી જિ. સુરત**
42. કલ્યાણજી મહેતા એ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા બદલ તથા કયા સામયિકમાં ક્રાંતિકારી લેખો લખવા બદલ અનેકવાર જેલવાસ વેઠયો હતો - **નવયુગ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



૧. નવતર પહેલ : રો-રો પેક્સ સેવા અને રો-પેક્સ ટર્મિનલનું ઉદઘાટન (દરિયાઈ માર્ગ સેવા)

મલ્ટિ મોડલ પરિવહન નેટવર્ક : કેન્દ્ર-ગુજરાત સરકાર



- ✓ સુરત સાથે સૌરાષ્ટ્રને દરિયાઈ માર્ગે જોડતી હજીરા (સુરત)થી ઘોઘા (ભાવનગર)ને જોડતી રો-રો પેક્સ સેવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે નવી દિલ્હીથી વર્ચ્યુઅલ લોકાર્પણ
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય શિપિંગ રાજ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાની હાજીરા ખાતે ખાસ ઉપસ્થિતિ
- ✓ ગુજરાત ભારતના સમુદ્રી દ્વાર તરીકે પ્રસ્થાપિત થશે



વિવિધ સુવિધાઓ :

- ✓ 12 કલાકનો પ્રવાસ હવે 4 કલાકમાં પૂર્ણ થશે, વર્ષે ૪૦ હજાર યાત્રીઓ મુસાફરી કરશે

રો-રો પેક્સ ફેરી સર્વિસ એટલે શું :

- ✓ દરિયાઈ માર્ગે વાહનો અને મુસાફરોને સાથે લઈ જતા જહાજને રો-રો પેક્સ કહેવાય

વર્ચ્યુઅલ લોકાર્પણ સમારોહ : PMના વક્તવ્યના મુખ્ય અંશો

- ✓ દરિયાઇ વ્યાપારને વેગ આપવા માટે મેરીટાઇમ યુનિવર્સિટી દેશનું મેગા

અલબત્ત, મોટું સેન્ટર બનશે. દરિયાઇ કાયદો અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કાનુની શિક્ષણ સાથે મેરીટાઇમ મેનેજમેન્ટ શીપીંગ એન્ડ લોજીસ્ટીકમાં MBA સુધીની સુવિધા હશે.

- ✓ દહેજ-ઘોઘા રો-રો ફેરી પણ પુનઃ શરૂ કરાશે.
- ✓ લોથલમાં દેશની સમુદ્રી વિરાસતની સાચવણી અર્થાત, જાળવણી માટે દેશનું સૌપ્રથમ નેશનલ મ્યુઝિયમ બનાવવામાં આવશે.
- ✓ સમુદ્રમાં જઇ માછીમારી કરનારાઓ માટે સરકારે અનેક કલ્યાણકારી યોજનાઓ બનાવી છે. જે અંતર્ગત પ્રધાનમંત્રી મત્સ્ય યોજના હેઠળ રૂપિયા ૨૦ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવશે.

કાર્ગો કન્ટેનરની પણ સુવિધા

- ✓ સુરતથી રો-પેક્સ સર્વિસમાં કાર્ગો કન્ટેનરની સુવિધા હોવાથી વ્યાપાર ઉદ્યોગને પણ નવું બળ મળશે. રો-પેક્સ સર્વિસમાં સુરતની સાડી સહિતની ચીજવસ્તુઓ માટે ઇન્કવાયરી આવી રહી હોવાથી રો-પેક્સ સર્વિસમાં કન્ટેનર મુકવામાં આવ્યા છે.

મુખ્ય વિશેષતાઓ :

- ✓ હજીરા અને ઘોઘા વચ્ચે 12 કલાકની માર્ગ મુસાફરી રો-પેક્સ ફેરી વડે હવે 4 કલાકમાં સંભવ
- ✓ વાર્ષિક લગભગ 33 લાખ લિટર ઇંધણની બચત
- ✓ રોજગાર અને સ્વરોજગારીના નવા અવસરોનું સર્જન
- ✓ રો-પેક્સ ફેરી સેવા વડે વાર્ષિક 5 લાખ યાત્રીઓ, 30 હજાર ટ્રકો, 50 હજાર ટ્રિચક્રી વાહનો અને 80 હજાર યાત્રી વાહનોની અવરજવર
- ✓ કાર્બન ઉત્સર્જનમાં વાર્ષિક લગભગ 8,600 MT ના ઘટાડાથી સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન
- ✓ આર્થિક પ્રવૃત્તિઓ અને પર્યટનને મળશે મોટું પ્રોત્સાહન
- ✓ સંકલન: જહાજ મંત્રાલય, ગુજરાત મેરિટાઈમ બોર્ડ અને સાગરમાલા પ્રોજેક્ટ
- ✓ જહાજનું નામ : DG SEA CONNECT
- ✓ કંપની : વોયાજ સિમ્ફોની
- ✓ શિપિંગ મંત્રાલયને નવું નામ અપાયું : બંદરો, શિપિંગ અને જળમાર્ગો મંત્રાલય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભારતનું ગૌરવ :પ્રથમ મૂળ ભારતીય અમેરિકન મહિલા પ્રેસિડેન્ટ કમલા હેરિસ (મહિલા સશક્તિકરણ)

ઉપપ્રમુખ કમલા હેરિસ વિશે :

- ✓ હું આ ક્ષણે હું મારી માતાની અત્યંત આભારી છું.
- ✓ મારી માતા, શ્યામલા ગોપાલન હેરિસ ૧૯ વર્ષની વયે ભારતથી અમેરિકા આવી હતી

ત્યારે તેણે કદાચ આ ક્ષણની કલ્પના નહી કરી હોય.



- ✓ પરંતુ તેણીને ઊંડો વિશ્વાસ હતો કે અમેરિકામાં આવી ક્ષણ સંભવ છે એમ કમલા હેરિસે અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ તરીકે દેશને કરવામાં આવેલા પ્રથમ સંબોધનમાં જણાવ્યું હતું.
- ✓ ૫૭ વર્ષના કમલા હેરિસે જણાવ્યું હતું કે હું તેમના અને મહિલાઓ, અશ્વેત મહિલાઓ, એશિયન, શ્વેત, લેટિન, નેટિવ અમેરિકન મહિલાઓ અંગે વિચારું છું જેમણે પેઢીઓ માટે આજ રાતની ક્ષણ માટે માર્ગ તૈયાર કરી આપ્યો છે.
- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કમલા હેરિસની આ સિદ્ધિને બિરદાવતાં ટ્વિટ કર્યું હતું કે, આ બાબત ફક્ત તમારા માટે જ ગર્વ લેવાની બાબત નથી, પરંતુ તમામ અમેરિકન ભારતીયો માટે પણ ગર્વની બાબત છે.
- ✓ કમલા હેરિસ ભારતીય મૂળનાં મહિલા છે, તેમની માતા ભારતીય ઈમિગ્રન્ટ છે અને પિતા જમૈકામાં જન્મેલા છે.
- ✓ તેણી ક્રિશ્ચિયન છે, પરંતુ પોતાની માતા સાથે ભારતીય મંદિરોમાં પણ જાય છે.
- ✓ જ્યારે બાઇડેને તેમને પોતાના સાથીદાર તરીકે પસંદ કર્યા ત્યારે તેમણે તેનો સ્વીકાર કરતાં પોતાના ભારતીય મૂળનો ઉલ્લેખ કર્યો હતો અને બાળપણમાં ભારતના પ્રવાસો અંગે વાત કરી હતી.
- ✓ **કમલા અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયેલી પ્રથમ મહિલા છે, પ્રથમ અશ્વેત છે, પ્રથમ ઈન્ડિયન અમેરિકન છે અને પ્રથમ એશિયન છે.**
- ✓ આ અગાઉ તે કેલિફોર્નિયામાં સાન ફ્રાન્સિસ્કોમાં પ્રથમ મહિલા અને પ્રથમ આફ્રિકન અમેરિકન અને ભારતીય મૂળના વ્યક્તિ તરીકે ડિસ્ટ્રિક્ટ એટર્ની તરીકે ચૂંટાયાં હતાં
- ✓ મૂળ વતન : થાલાસેન્દ્રપુરમ (તામિલનાડુ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ગૌરવ : મારિયા થટ્ટિલે

મિસ યુનિવર્સ ઓસ્ટ્રેલિયા બનેલી ભારતીય માતા પિતાની દીકરી મારિયા



પરિચય :

- ✓ 27 વર્ષીય મારિયા થટ્ટિલે તાજેતરમાં વર્ચ્યુઅલી આયોજિત મિસ યુનિવર્સ ઓસ્ટ્રેલિયન સ્પર્ધા વિજેતા.
- ✓ તે 2021માં મિસ યુનિવર્સ સ્પર્ધામાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કરશે.
- ✓ તે સફળ મોડેલ, મેક-અપ આર્ટિસ્ટ, ફેશન સ્ટાઈલિસ્ટ અને બ્લોગર પણ છે.
- ✓ ભારતીય મૂલ્યોએ જ તેમની ઓળખ ભારતીય-ઓસ્ટ્રેલિયન મહિલાની બનાવી, જેમાં પૂર્વ-પશ્ચિમનો સમાવેશ છે.
- ✓ મારિયાની માતા કોલકાતાના રહેવાસી અને પિતા કેરળના વતની.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. અવસાન : ગુજરાતના સૌપ્રથમ ટાઉન પ્લાનર જમનાદાસ પટેલનું 104 વર્ષે અમદાવાદ ખાતે અવસાન



- ✓ જન્મ : સાણંદ

કારકિર્દી :

- ✓ આઝાદી સમયના સેન્ટ્રલ રિલીફ કમિટીના સિનિયર એન્જિનયર અને ગુજરાત ટાઉન પ્લાનિંગ અને વેલ્યુએશનના વડા રહી ચુકેલા અમદાવાદના જમનાદાસ પટેલે એન્જિનિયરીંગ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરેલી હતી.
- ✓ સાણંદમાં ખેડૂત પરિવારને ત્યાં જન્મેલા જમનાદાસ પટેલે બૃહદ મુંબઇની એકમાત્ર 'એન્જિનિયરિંગ કોલેજ ઓફ પૂના'માં એન્જિનિયરિંગનો અભ્યાસ શરૂ કર્યો હતો પરંતુ કોલેજ કાળમાં ૧૯૪૪ વખતે ગાંધીજીએ કરેલા 'ભારત છોડો' એલાનથી પ્રેરણા લઈ અભ્યાસ છોડી આઝાદીની ચળવળમાં જોડાઇ ગયા.
- ✓ વર્ષ ૧૯૪૭માં એન્જિનિયર થયા બાદ દિલ્હી સેન્ટ્રલ પી.ડબ્લ્યુ.ડીમાં આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયર તરીકે કામગીરી શરૂ કરી હતી.
- ✓ આઇઆઇએમ અમદાવાદની ડિઝાઈન તૈયાર કરનારા લુઇ કહાને સાબરમતી નદી પર રિવરફ્રન્ટ બનાવવા માટે પાંચ ફૂટ લાંબુ એક મોડલ બનાવ્યું હતું.
- ✓ આ પ્રોજેક્ટ પર તે સમયે કોઈએ બરાબર ધ્યાન આપ્યું ન હતું. આ અંગે જમનાદાસભાઈએ સરકારને પત્ર લખ્યો અને ત્યાર બાદ, રિવરફ્રન્ટને ધ્યાનમાં રાખી ૧૯૭૨ની આસપાસ એક કમિટી રચાઈ હતી.

મહત્વના યોગદાન :

- ✓ સ્વતંત્રતા વખતે પાકિસ્તાનથી આવતા નિર્વાસિત પરિવારો માટે વાડજથી

નવાવાડજ વચ્ચે કાચા મકાનો માટે વસાહતનો લાઈફમાં પહેલો પ્લાન બનાવી આપ્યો. જેમાં ૧૫૦ પરિવારોને આશ્રય મળ્યું હતું.

- ✓ ૧૯૪૯ વખતે પંડિત નહેરુના કહેવાથી માત્ર ૧૫ દિવસમાં રાજઘાટ પર ગાંધીમંડપ બનાવ્યો હતો અને ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધીએ તેમને સન્માનિત કર્યા હતા.
- ✓ અંબાજી મંદિરના જૂના નાના મંદિરને યથાવત રાખી નવું ભવ્ય મંદિર બનાવ્યું
- ✓ ટૂરિઝમ હેતુથી સાપુતારા હિલ સ્ટેશન ઉભું કર્યું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખરડ કાર્પેટ : કચ્છ જિલ્લાના સરહદી ગામ કુરનમાં સચવાયેલી દુર્લભ પ્રાચીન વણાટકલા - ખરડ

- ✓ ગામની ખાસ ઓળખ : 'હેલ્લારો' ફિલ્મનું શુટિંગ થયુ તે ગામ એટલે કુરન



ખરડ કાપડની વિશેષતા :

- ✓ ખરડના વૉલપીસ લંડન અને સિડનીના મ્યુઝિયમમાં મૂકાયા છે.
- ✓ કચ્છના રણમાં આવેલા ગામોમાં મહેમાનોની આગતા સ્વાગતા માટે ગોદડીઓથી પણ વિશેષ ખરડ ચટાઈનું વિશેષ મહત્વ હતું.
- ✓ ભૂંગામાં વસતા લોકો ઠંડી સામે રક્ષણ મેળવવા ખરડ ચટાઈનો ઉપયોગ કરતાં.
- ✓ ભારત અને પાકિસ્તાનના ભાગલા નહોતા પડ્યા ત્યારે કચ્છ અને સિંધના રણ વચ્ચે ઊંટ દ્વારા આવન-જાવન રહેતી આવા સમયે માલ- સામાનની મોટી બેગો તરીકે પણ ખરડના કાપડનો ઉપયોગ થતો.
- ✓ માત્ર સાવ સાદા થોડા લાકડાંની ખરડની લૂમ બનાવવામાં આવે છે અને ખૂબ સીમિત ઓજારોથી આ કાપડ વણાય છે.
- ✓ તેમાં ઊંટના રંગના વાળ અને બકરાના કાળા વાળને કારણે ખરડનો અસલ નીખાર આવે છે.
- ✓ મારવાડ અને સિંધના રણમાંથી ગુજરાતમાં આવેલી આ કલા મારવાડા સમુદાયના વણકરો સ્થળાંતર થકી કચ્છમાં લાવ્યા.
- ✓ કચ્છ, મારવાડ અને સિંધમાં ઊંટ અને બકરાનું પાલન થતું હોવાને કારણે તેમાંથી ઊન મેળવવાનું સરળ બન્યું.
- ✓ રણમાં વસતા માલધારી સમુદાય ઊંટ અને ઘેટા-બકરાના ઊનને ચરાવતી વખતે જ હાથમાં તકલી લઈને કાંતતા અને ઊન તેઓ પોતાના ગામના ખરડના વણકરોને આપતાં જેના કારણે આ સુંદર કલા સચવાઈ અને કેટલાંક વર્ષો સુધી તેની ખપત પણ થઈ.

- ✓ કચ્છના મહારાજાઓ પણ પોતાની બેઠકો માટે ખરડ દરીનો ઉપયોગ કરતા.
- ✓ આજે ખરડ દરીનો ઉપયોગ વોલ હેંગીગ અને કારના સીટ કવર પર પાથરવામાં પણ થાય છે.
- ✓ ખરડના જાણકાર કારીગર શ્રી તેજસભાઈ અને તેમના પુત્ર સામતભાઈ(કચ્છ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : ૪ નવેમ્બર

- ✓ ભારતમાં નોટબંધીના ૪ વર્ષ પૂર્ણ
- ✓ તા. ૦૮ નવેમ્બર-૨૦૧૬



નોટ બંધી હેતુ :

- ✓ કાળા નાણાને અંકુશમાં લેવામાં પારદર્શકતા વધારવામાં મદદ મળી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૧૧-૨૦૨૦)

1. તા. 8 નવેમ્બર 2020ના રોજ હજીરા (સુરત)થી ઘોઘા (ભાવનગર)ને જોડતી કઈ સેવાનો પ્રારંભ કરાયો હતો - **રો-રો પેક્સ**
2. તા. 8 નવેમ્બર 2020ના રોજ કોના દ્વારા હજીરા (સુરત)થી ઘોઘા (ભાવનગર)ને જોડતી રો-રો પેક્સ સેવાનો વર્ચ્યુઅલ લોકાર્પણ કરાયો હતો - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી (નવી દિલ્હીથી)**
3. તારીખ 8 નવેમ્બર 2020ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા હજીરા (સુરત)થી ઘોઘા (ભાવનગર)ને જોડતી રો-રો પેક્સ સેવાનો નવી દિલ્હીથી વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યુ આ પ્રસંગે હાજીરા ખાતે ખાસ કોણ ઉપસ્થિતિ રહ્યાં હતા - **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય શિપિંગ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા**
4. હજીરા (સુરત)થી ઘોઘા (ભાવનગર)ને જોડતી રો-રો પેક્સના જહાજનું નામ જણાવો - **DG SEA CONNECT**
5. હજીરા (સુરત)થી ઘોઘા (ભાવનગર)ને જોડતી રો-રો પેક્સનું જહાજ બનાવનાર કંપનીનું નામ જણાવો - **વોયાજ સિમ્ફોની**
6. હજીરાથી ઘોઘાને જોડતી રો-રો પેક્સ સેવા શરૂ થતા કેટલા કલાકનો પ્રવાસ હવે કેટલા કલાકમાં પૂર્ણ થશે – **12 તથા 4**
7. રો-રો પેક્સ ફેરી સર્વિસ એટલે શું - **દરિયાઈ માર્ગે વાહનો અને મુસાફરોને સાથે લઈ જતા જહાજને રો-રો પેક્સ કહેવાય**
8. નવેમ્બર-૨૦૨૦માં શિપિંગ મંત્રાલયને કયુ નવું નામ અપાયું - **બંદરો, શિપિંગ અને જળમાર્ગો મંત્રાલય**
9. હજીરાથી ઘોઘા વચ્ચેનું જમીન માર્ગ-જળ માર્ગનું અંતર જણાવો - **370 કિ.મી. તથા 90 કિ.મી.**
10. હજીરાથી ઘોઘાને જોડતી રો-રો પેક્સ સેવાને કારણે કાર્બન ઉત્સર્જનમાં વાર્ષિક કેટલો ઘટાડો થશે જેના લીધે સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન મળશે - **લગભગ 8,600 MT**
11. વર્તમાન કેન્દ્રીય જહાજ રાજ્યમંત્રીનું નામ જણાવો - **શ્રી મનસુખ માંડવીયા**
12. પ્રથમ અમેરિકન મહિલા ઉપપ્રમુખનું નામ જણાવો - **કમલા હેરિસ**

13. મૂળ ભારતીય અમેરિકન મહિલા ઉપપ્રમુખ કમલા હેરિસનું મૂળ વતન જણાવો-**થાલાસેન્દ્રપુરમ (તામિલનાડુ)**
14. તાજેતરમાં મિસ યુનિવર્સ ઓસ્ટ્રેલિયા સ્પર્ધાના વિજેતાનું નામ જણાવો - **મારિયા થટ્ટિલે**
15. તાજેતરમાં મિસ યુનિવર્સ ઓસ્ટ્રેલિયા સ્પર્ધાના વિજેતા મારિયા થટ્ટિલેના માતા-પિતા ક્યાંના વતની છે - **કોલકાતા તથા કેરળ**
16. ભારતમાં નોટબંધી કયારે કરવામાં આવી હતી - **તા. ૦૮ નવેમ્બર-૨૦૧૬**
17. તા. ૦૮ નવેમ્બર-૨૦૨૦ના રોજ ભારતમાં નોટબંધીના કેટલા વર્ષ પૂર્ણ થયા - **૪ વર્ષ**
18. ભારતમાં કયા હેતુસર નોટબંધી કરવામાં આવી હતી - **કાળા નાણાને અંકુશમાં લાવીને પારદર્શકતા વધારવા**
19. તાજેતરમાં ગુજરાતના કયા સૌપ્રથમ ટાઉન પ્લાનરનું 104 વર્ષે અવસાન થયું - **જમનાદાસ પટેલ**
20. ગુજરાતના પ્રથમ ટાઉન પ્લાનર જમનાદાસ પટેલનો જન્મ સ્થળ જણાવો - **સાણંદ**
21. વર્તમાન અંબાજી મંદિરના જુના મંદિરને યથાવત રાખીને નવું ભવ્ય મંદિર બનાવનાર ઇજનેરનું નામ જણાવો - **જમનાદાસ પટેલ**
22. ગુજરાતમાં ટૂરિઝમના હેતુથી સાપુતારા હિલ સ્ટેશન તૈયાર કરનાર ઇજનેરનું નામ જણાવો-**જમનાદાસ પટેલ**
23. આઝાદી વખતે ગુજરાતમાં સૌપ્રથમ કયા શહેરમાં કોને પ્રથમ રેફ્યુજી વસાહત તૈયાર કરી હતી - **વાડજ, અમદાવાદ અને જમનાદાસ પટેલ**
24. ગુજરાતના પ્રથમ ટાઉન પ્લાનર જમનાદાસ પટેલની કર્મભૂમિ જણાવો - **અમદાવાદ**
25. સૌથી પ્રાચીન "ખરડ"વણાટકલા કયા પ્રદેશમાં જોવા મળે છે - **કચ્છ**
26. હાલ કચ્છના કયા એકમાત્ર ગામમાં કાપડની ખરડ વણાટકલા જોવા મળે છે - **કુરન**
27. ગુજરાતી સફળ ફિલ્મ "હેલ્લારો"નું શૂટિંગ કચ્છના કયા ગામમાં થયું હતું - **કુરન**
28. કચ્છના ગામોમાં આવતા મહેમાનોના સ્વાગત માટે કઈ વિશેષ ચટાઈનો ઉપયોગ કરવામાં આવે છે -**ખરડ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721



૧. ખેલકૂદ : વિમેન્સ ચેલેન્જ T-20 ટુર્નામેન્ટ-2020



- ✓ વિજેતા ટીમ : ટ્રેલબ્લેઝર્સ
- ✓ કેપ્ટન : સ્મૃતિ મંધાના
- ✓ હરિફ ટીમ : સુપરનોવાસ
- ✓ કેપ્ટન : હરમનપ્રિત કૌર
- ✓ યજમાન : શારજહા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નવતર અભિગમ : સુરત બાદ રોબોટ દ્વારા ગટરની સફાઈ કરતું ગાંધીનગર રાજ્યનું બીજુ શહેર (સ્વચ્છતા-ટેકનોલોજી)

- ✓ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે લોકાર્પણ
- ✓ નામ : બેન્ડીકૂટ રોબોટ
- ✓ અંદાજે કિંમત રૂ. ૩૮ લાખ



વિશેષતા :

- ✓ ગાંધીનગર શહેરની સફાઈ માટે સાબરમતી ગેસ કંપની દ્વારા બેન્ડીકૂટ રોબોટ અપાયો.
- ✓ આ મશીનોથી મેનહોલની અંદરનો ધનકચરો જેવી કે માટી, પથ્થર, ઈંટો વગેરેની પુરેપુરી સફાઈ થશે.

- ✓ ધી એમ્પ્લોયમેન્ટ ઓફ મેન્યુઅલ સકવેન્જર્સ એન્ડ કંસ્ટ્રક્શન ઓફ ડ્રાય લેટ્રીન્સ પ્રોહીબીશન એક્ટની જોગવાઈઓ તથા સુપ્રિમ કોર્ટનો ચૂકાદો અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માર્ગદર્શિકા અન્વયે મેન્યુઅલ સ્કેવેન્જંગ પર પ્રતિબંધ કરવામાં આવ્યો છે.
- ✓ જેને અનુલક્ષીને ભારત દેશના ૧૧ રાજ્યોમાં અંદાજે ૪૫ જેટલા રોબોટ ગટર મેનહોલની સફાઈ માટે ઉપયોગ લેવાય છે.
- ✓ બેન્ડીકૂટ રોબોટમાં ચાર કેમેરા ફીટ કરેલા હોવાથી મેનહોલની અંદરથી માટી, પથ્થર, ઈટ વગેરેની સફાઈ સરળતાથી કરી શકાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. હાઈપરલૂપ ટયૂબ ટ્રેન : પ્રવાસીઓ સાથે વિશ્વમાં પ્રથમ હાઈપરલૂપનું USમાં સફળ પરીક્ષણ-ટ્રાયલ (પરિવહન)



હાઈપરલૂપ વિશે :

- ✓ રિચર્ડ બ્રેન્સનની કંપની વર્જિન હાઈપરલૂપે હાઈસ્પીડ પોડ સિસ્ટમનું પ્રથમ સફળ ટેસ્ટિંગ અમેરિકાના નેવાડાના લાસ વેગાસમાં કરવામાં આવ્યું.
- ✓ લોસ એન્જલસની કંપનીએ ભવિષ્ય માટે પોડ આધારિત ટ્રેન સિસ્ટમ, જે વેક્યુમ ટ્યૂબ સિસ્ટમ પર મેગ્નેટિક એનર્જી મારફત 966 કિમી પ્રતિ કલાકની સ્પીડે દોડે છે.
- ✓ વિશ્વની સૌપ્રથમ હાઈપરલૂપ ન્યૂયોર્ક અને વોશિંગ્ટન વચ્ચે બનાવવામાં આવી છે.
- ✓ પોડ સિસ્ટમ કોમર્શિયલ જેટ ફ્લાઈટ કરતાં બમણી અને હાઈસ્પીડ ટ્રેન કરતાં 4 ગણી સ્પીડે દોડે છે.
- ✓ વર્ષ 2030 સુધી પ્રથમ હાઈપરલૂપ ટ્રેન શરૂ થશે.
- ✓ ભારતમાં પણ મુંબઈ-પૂણે, બેંગ્લરુ સિટીથી બેંગ્લર એરપોર્ટ, અમૃતસરથી ચંદીગઢ, ભોપાલથી ઈન્દોર-જબલપુર રૂટમાં પણ હાઈપરલૂપ ટ્રેન શરૂ કરવાની યોજના છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. CNG સહભાગી યોજના : ગુજરાત સરકાર - ગુજરાતમાં CNG સહભાગી યોજના હેઠળ બીજા તબક્કામાં નવા ૧૬૪ CNG સ્ટેશન સ્થપાશે (ગ્રીન એનર્જી)



✓ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે ફાળવણી પત્રો એનાયત

ગુજરાતમાં CNG સ્ટેશન-પંપની સ્થિતિ

✓ હવે કુલ ૬૯૦ CNG સ્ટેશન કાર્યરત થશે

✓ ભારતમાં કુલ-૨૩૦૦ સામે ગુજરાતમાં ૬૯૦ CNG પંપ ઉપલબ્ધ

CNG સહભાગી યોજના વિશે :

✓ રાજ્યમાં પર્યાવરણ જાળવણી સાથે ગ્રીન એનર્જીનો વ્યાપ વધારવા ગુજરાત સરકારની યોજના અમલી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ઐતિહાસિક અબ્રાહ્મ સમજૂતી (વૈશ્વિક સંબંધો)

✓ ૨૬ વર્ષમાં પ્રથમવાર ઈઝરાયલના તેલઅવીવથી મુસાફર વિમાન UAEના દુબઈ પહોંચ્યું



અબ્રાહ્મ સમજૂતી વિશે :

✓ સપ્ટેમ્બર-૨૦૨૦માં USની પહેલ પર ઈઝરાયલ, UAE અને બહેરીન વચ્ચે શાંતિની બહાલી અંગે થયેલી સમજૂતી એટલે - અબ્રાહ્મ સમજૂતી

✓ UAE - યુનાઈટેડ આરબ અમિરાત

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. લૉટ્સ વેલી : ઈન્દોર (ફૂલોની ખેતી)

લૉટ્સ વેલી વિશે :

✓ ઈન્દોર શહેરથી આશરે 20 કિમી દૂર આવેલા લોટસ વેલીના નામે પ્રસિદ્ધ ગુલાવટ દિવાળીના દિવસે અઢીથી ત્રણ લાખ કમળનાં ફૂલ આપવા તૈયાર.

✓ 300 એકરમાં પથરાયેલી લોટસ વેલીમાં 300 જેટલા ખેડૂતો કમળની ખેતી કરે છે.

✓ મે-જૂનમાં જ્યારે આ ક્ષેત્રમાં પાણી નથી હોતું ત્યારે કમળનાં બીજ રોપાય છે.

✓ અહીંથી નીકળતાં ફૂલોની દિલ્હી-મુંબઈ સુધી વેપાર થાય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. NGT : વાયુ પ્રદૂષણ અટકાવવા સમગ્ર દેશમાં તા. ૩૦ નવેમ્બર સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

✓ કેટલાંક શહેરોમાં રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ બે કલાક ફટાકડા ફોડવાની છૂટ અપાઈ

- ✓ NGT :નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ-નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. અવસાન : ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત - 'સવાયા ગુજરાતી' ફાધર વાલેસનું ૯૬ વર્ષે સ્પેનમાં નિધન



- ✓ 1990માં માતાની સેવા કરવા વતન જવા માટે ગુજરાત છોડ્યું હતું અને માદરે વતન મેડ્રિડ (સ્પેન)માં રહેતા હતા
- ✓ કાકાસાહેબ કાલેલકર પ્રથમ સવાઈ ગુજરાતી અને ફાધર વાલેસ બીજા સવાઈ ગુજરાતી

ફાધર વાલેસનો પરિચય :

- ✓ મૂળ નામ : વાલેસ કાલોસ જોસેફ
- ✓ જન્મ સ્થળ : લોગ્રોન્યો (સ્પેન)
- ✓ જન્મ તારીખ : 4 નવેમ્બર, 1925
- ✓ માતાનું નામ : મારિયા
- ✓ પિતાનું નામ : જોસેફ
- ✓ એસએસસી – 1941
- ✓ ગ્રીક વિષય સાથે બી.એ. – 1945
- ✓ તત્વજ્ઞાન વિષય સાથે બીજી વખત સ્નાતક – 1949
- ✓ મદ્રાસ યુનિવર્સિટીમાંથી ગણિતશાસ્ત્ર વિષયમાં એમ.એ.નો અભ્યાસ – 1953
- ✓ દસ વર્ષની વયે તેમના પિતાનું અવસાન.
- ✓ સ્પેનિસ આંતરવિગ્રહને કારણે તેમનું ઘર છૂટી ગયું અને ચર્ચમાં તેઓ શરણાર્થી તરીકે રહ્યા હતા.
- ✓ માત્ર 15 વર્ષની વયે તેમણે દીક્ષા લીધી હતી.
- ✓ 1949માં તેમને ચેન્નઈ (એ વખતનું મદ્રાસ) મોકલવામાં આવ્યા. અહીં તેમણે ગણિતશાસ્ત્ર વિષયમાં એમ.એ. કર્યું.
- ✓ 1960માં તેમને ગુજરાત, અમદાવાદ મોકલવામાં આવ્યા.
- ✓ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ રહી છે અને ગુજરાતી ભાષા-સાહિત્યને સમૃદ્ધ કરવા માટે એક માણસ એ જ દિવસે એટલે કે પહેલી મે, 1960ના રોજ મુંબઈથી ટ્રેનમાં બેસીને, અમદાવાદ આવ્યા હતા.
- ✓ ફાધર વાલેસ 1960થી 1982 સુધી સેન્ટ ઝેવિયર્સ કોલેજ - અમદાવાદમાં ગણિતશાસ્ત્રના અધ્યાપક હતા.
- ✓ ગણિતમાં પણ તેમણે માતબર પ્રદાન કર્યું. પ્ર.ચુ. વૈદ્યના નેજા હેઠળ ગુજરાતમાં નવું ગણિત આવ્યું તેમાં નવા ગણિતની ગુજરાતીમાં નવી પરિભાષાઓ અને નવા શબ્દોનું સર્જન તેમણે કરેલું.
- ✓ ફાધર વાલેસ ગુજરાત અને ગુજરાતીઓને ખૂબ ચાહતા હતા તો ગુજરાતીઓ પણ તેમને હૃદયથી આદર આપતા હતા.

- ✓ ફાધર વાલેસે જેમને પોતાનું 'નાઈન નાઈટ્સ ઈન ઈન્ડિયા' પુસ્તક કાકાસાહેબ કાલેલકરને અર્પણ કરતા લખ્યું છે કે ઈન મેમરી ઓફ કાકા કાલેલકર, હૂ અન્ડરસ્ટૂડ મી. એટલે કે કાકા કાલેલકરને જેઓ મને સમજી શક્યા હતા.
- ✓ એકસોથી વધારે પુસ્તકો લખનારા ફાધર વાલેસે ખરેખર ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું હતું.
- ✓ જો પન્નાલાલ પટેલને ગુજરાતી સાહિત્યનો ચમત્કાર કહેવાતા હોય તો ફાધર વાલેસને પણ, જરા જુદી રીતે, ગુજરાતી ભાષા-સાહિત્યના ચમત્કાર જ ગણવા પડે.

સાહિત્ય સર્જન :

- ✓ તેમનું પ્રથમ પુસ્તક સદાચાર
- ✓ ફાધરે ઘરેથી પૈસા મગાવીને આ પુસ્તક છપાવ્યું હતું, કારણ કે કોઈ પ્રકાશકને આ પુસ્તકમાં રસ જ નહોતો પડ્યો.
- ✓ ગુજરાત સમાચારમાં તેમની 'નવી પેઢીને' નામની કોલમ ખૂબ જ લોકપ્રિય થઈ હતી.
- ✓ ફાધર વાલેસ ગુજરાતી ભાષા એટલી સરસ રીતે શીખ્યા કે એમાં એકરૂપ થઈ ગયા.
- ✓ શરૂઆતનાં વર્ષોમાં વલ્લભ વિદ્યાનગર હોસ્ટેલમાં રહ્યા ત્યારે વિદ્યાર્થીઓને સાંભળી સાંભળીને ગુજરાતી ભાષા શીખતા ગયા. એ પછી તો ગુજરાતી ભાષામાં માહેર થયા.
- ✓ ટૂંકાં ટૂંકાં વાક્યો અને સહજ અભિવ્યક્તિ વાચકોને તેમની શૈલી, તેમના વિચારો, તેમનું જીવનદર્શન ખૂબ ગમ્યું. જોતજોતાંમાં તેઓ આખા ગુજરાતમાં લોકપ્રિય થઈ ગયા.

અગત્યના પુસ્તકો :

- ✓ સદાચાર, જીવન જીવતાં, સાધકની આંતરકથા, શબ્દયોગ, લગ્નસાગર, પરદેશ, મૃગચર્યાના લાભ, સમાજ ઘડતર, આત્મીય ક્ષણો, જીવનનું વળતર, ઘરના પ્રશ્નો, તરુણાશ્રમ, ગાંધી-હિંસાનો વિકલ્પ, ગાંધીજી અને નવી પેઢી, જીવન ઘડતરના ધ્યેયથી, ભારતમાં નવ રાત્રિ, એક રાષ્ટ્ર માટે એક શિક્ષક, હિમાલય જેવડી ભૂલ, ઉત્કૃષ્ટતાના પંથે, નેતાઓના નેતા, સંસ્કાર તીર્થ એમ સતત પુસ્તકોનું લેખન કર્યું.
- ✓ અંગ્રેજીમાં 70થી વધુ પુસ્તકો અને ગુજરાતીમાં 50થી વધુ પુસ્તકો લખ્યાં.

એવોર્ડ/સન્માન

- ✓ તેમને ગુજરાતી ભાષામાં કરેલા ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જન માટે 1966માં કુમારચંદ્રક અને 1998માં રણજિતરામચંદ્રક મળ્યો હતો.
- ✓ આ ઉપરાંત તેમને 1995માં કાલેલકર અવોર્ડથી પણ વિભૂષિત કરવામાં આવ્યા હતા.
- ✓ તેમને સર્વધર્મોમાં આંતરરાષ્ટ્રીય સંવાદિતા પ્રસ્થાપિત કરવા માટે 1997માં રાધાકૃષ્ણ જયદાલાલ અવોર્ડ એનાયત કરાયો હતો.
- ✓ 1999માં 74 વર્ષની વયે તેમણે સ્પેનિસ અને અંગ્રેજી ભાષામાં પોતાની વેબસાઈટ શરૂ કરી હતી.

✓ વર્ષો સુધી નિયમિત રીતે તેઓ વેબસાઈટ (www.carlosvalles.com)નું સંચાલન કરતા અને વાચકોને પ્રશ્નોના ઉત્તરો પણ આપતા.

ફાધર વાલેસ આઠ ભાષાના જાણકાર :

1. ગુજરાતી
2. હિન્દી
3. અંગ્રેજી
4. સ્પેનિશ
5. લેટિન
6. જર્મન
7. ફ્રેન્ચ
8. ઈટાલિયન

✓ છેલ્લે, તેઓ 2015માં ગુજરાતની મુલાકાતે આવ્યા. સુરતમાં તેમને ગોવિંદભાઈ ધોળકિયાની માતુશ્રીની સ્મૃતિમાં મોરારિબાપુના હસ્તે અવોર્ડ એનાયત થયેલો (આઠમી ફેબ્રુઆરી, 2015).

✓ તેમનું લગ્નસાગર નામનું પુસ્તક તો એટલું બધું લોકપ્રિય થયું હતું કે લગ્ન પ્રસંગે વર્ષો સુધી એ જ પુસ્તક ભેટ અપાતું રહ્યું.

✓ ફાધર વાલેસે ગુજરાતી ભાષા વિશે શબ્દલોક નામનું એક સુંદર પુસ્તક લખ્યું છે (તેનું નવું નામ છે, વાણી તેવું વર્તન) ગુજરાતી ભાષા સાથે સંબંધ ધરાવતી દરેક વ્યક્તિએ આ અનિવાર્યપણે વાંચવું જોઈએ તેવું પુસ્તક છે.

✓ આ પુસ્તકમાં તેમણે ગુજરાતી ભાષાને જુદી જુદી રીતે જોઈ અને મૂલવી છે. ભાષા વિશેની આખી સમજણ જ બદલાઈ જાય તેવું આ પુસ્તક તમામ ભારતીય ભાષાઓમાં ભાષા વિશે લખાયેલાં પુસ્તકોમાં શિરમોર કહી શકાય તેવું છે.

✓ એક મુલાકાતમાં ફાધર વાલેસે કહ્યું હતું કે મારું સૌથી પ્રિય પુસ્તક શબ્દલોક છે.

✓ હસ્તાક્ષર પણ ગુજરાતીમાં કરતાં હતા



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. દિન વિશેષ : 9 નવેમ્બર

(૧) જૂનાગઢ આઝાદી દિવસ



✓ **૯ નવેમ્બર-૧૯૪૭ જૂનાગઢની આઝાદી; આરજી હકુમતે** ઉપરકોટની રાંગ ઉપર શામળદાસ ગાંધીએ તિરંગો ફરકાવ્યો હતો.

આરઝી હકૂમત વિશે :

✓ આરઝી હકૂમત એ એક સંગઠન હતું જેણે જૂનાગઢને નવાબનાં શાસનથી મુક્ત કરાવ્યું હતું.

✓ દેશને આઝાદી મળ્યાનાં લગભગ અઢી મહિના પછી જૂનાગઢ આઝાદ થયું હતું.

જૂનાગઢ આઝાદ થયાં પછી પણ મહિનાઓ પછી જૂનાગઢમાં ભારત કે પાકિસ્તાનની પસંદગી માટે ચૂંટણી યોજાઇ.

- ✓ 15 ઓગસ્ટ-1947માં દેશને આઝાદી મળી ગઇ હતી. પરંતુ જૂનાગઢે પાકિસ્તાનમાં ભળવાનો નિર્ણય કર્યા બાદ આખા શહેરમાં કર્ફ્યું લાદવામાં આવ્યો હતો.
- ✓ શામળદાસ ગાંધી આરઝી હકૂમત સરકારના વડાપ્રધાન અને વિદેશમંત્રી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) રિમેમ્બન્સ ડે-બ્રિટન : 9 નવેમ્બર

પ્રથમ વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની યાદમાં બ્રિટનમાં રિમેમ્બન્સ ડેની ઉજવણી

- ✓ અન્ય નામ : પોપી ડે
- ✓ મહત્વ : શહીદો માટે ફંડ એકત્રિત કરવા લોકોને લાલ રંગનું કૃત્રિમ ફૂલ આપવામાં આવતું હતુ. આ ફૂલ પોપી તરીકે ઓળખાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ

મહત્વ : બંધારણની કલમ-39 Aમાં પ્રત્યેક રાજ્યનું કર્તવ્ય છે કે, તમામ નાગરિકોને સમાન ન્યાયિક સુવિધાઓ આપવી

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : 9 નવેમ્બર

સારે જહાં સે અચ્છા : મહંમદ ઈકબાલ

જન્મ : 9 નવેમ્બર 1877

અવસાન : 1938



- ✓ આજે અવિભાજિત ભારતના પ્રસિદ્ધ કવિ મહંમદ ઇકબાલ અને ગાંધીઘરના સ્થાપક કીકુભાઈ નાયકનો જન્મદિવસ
- ✓ કવિ, નેતા અને દાર્શનિક મહંમદ ઇકબાલનો જન્મ આજના પાકિસ્તાનના સિયાલકોટમાં થયો હતો.
- ✓ પ્રારંભિક શિક્ષણ મદરેસામાં લેનાર મહંમદ ઇકબાલે ઉચ્ચ શિક્ષણ બ્રિટન અને જર્મનીમાં લીધું હતું.
- ✓ ઇકબાલ પર જલાલુદીન રૂસી અને ફેડરિક નિત્સેનો ગાઢ પ્રભાવ હતો.
- ✓ 1904માં ઇત્તેહાદ સામયિકથી પોતાની સાહિત્ય સર્જન શરૂ કરનાર ઇકબાલે અસરાર-ઈ-ખુદી, એ ખુદી, બંગ-ઈ-દારા જેવા પુસ્તકો લખ્યા છે.
- ✓ દિ સિક્રેટ ઓફ દિ સેલ્ફ ,દિ સિક્રેટ ઓફ દિ સેલ્ફલેસનેસ, મેસેજ ફ્રોમ દિ ઇસ્ટ જાવીદનામા જેવા પુસ્તકો લખ્યા છે.

- ✓ તેમની "સારે જહાં સે અચ્છા હિન્દોસ્તા હમારા "તરાના-ઈ-હિન્દોસ્તા" રચના બંગ-ઈ-દારાનો ભાગ છે.
- ✓ કારકિર્દીના પ્રારંભે રાષ્ટ્રવાદી કવિતાઓ લખનાર મહંમદ ઇકબાલ પાછળથી કટ્ટર પાકિસ્તાનવાદી બન્યા હતા.
- ✓ 1930માં અલ્હાબાદમાં મુસ્લિમ લીગના અધિવેશનમાં પ્રમુખ તરીકે મહંમદ ઇકબાલે બે ભિન્ન રાષ્ટ્રની વાત કરી હતી જેનાથી મહંમદઅલી જિન્હા પણ પ્રભાવિત થયા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૧૧-૨૦૨૦)

1. તાજેતરમાં વિમેન્સ ચેલેન્જ T-20 ટુર્નામેન્ટ 2020 વિજેતા ટીમનું નામ જણાવો - **ટ્રેલબ્લેઝર્સ**
2. વિજેતા ટીમ ટ્રેલબ્લેઝર્સના કેપ્ટનનું નામ જણાવો - **સ્મૃતિ મંધાના**
3. વિમેન્સ ચેલેન્જ T-20 ટુર્નામેન્ટ 2020 હરીફ ટીમ અને કેપ્ટનનું નામ જણાવો – **સુપરનોવાસ અને હરમનપ્રિત કૌર**
4. તાજેતરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના હસ્તે કયા શહેરમાં ગટરની સફાઇ માટે રોબોટનું લોકાર્પણ કરાયું - **ગાંધીનગર**
5. તાજેતરમાં સુરત બાદ રોબોટ દ્વારા ગટરની સફાઇ કરતું ગુજરાતનું બીજું શહેર જણાવો - **ગાંધીનગર**
6. તાજેતરમાં કયા દેશમાં સૌપ્રથમ હાઇપરલૂપ ટ્યુબ ટ્રેનનું સફળ પરીક્ષણ કરાયું - **અમેરિકા**
7. વિશ્વની પ્રથમ હાઇપરલૂપ ટ્યુબ ટ્રેન બનાવનાર કંપનીનું નામ જણાવો - **વર્જિન**
8. "CNG સહભાગી યોજના" કયા રાજ્યમાં અમલી બનાવવામાં આવી છે - **ગુજરાત**
9. "CNG સહભાગી યોજના" અંતર્ગત તાજેતરમાં ગુજરાતમાં બીજા તબક્કામાં કેટલા નવા સીએનજી સ્ટેશનને મંજૂરી અપાઈ - **164**
10. ગુજરાતમાં પર્યાવરણ જાળવણી સાથે એનર્જીનો વ્યાપ વધારવા કઈ યોજના અમલી બનાવી છે - **CNG સહભાગી યોજના**
11. CNG સહભાગી યોજના અંતર્ગત ગુજરાતમાં નવેમ્બર 2020ની સ્થિતિએ કેટલા સીએનજી સ્ટેશન આવેલા છે- **690**
12. શાંતિ જાળવવા માટે કયા કયા દેશો વચ્ચે ઐતિહાસિક "અબ્રાહમ સમજૂતી" કરવામાં આવી છે - **ઇઝરાઇલ, UAE અને બહેરીન**
13. ઈન્દોર શહેરથી આશરે 20 કિમી દૂર આવેલી કઈ વેલીના નામે પ્રસિદ્ધ ગુલાવટ દિવાળી સમયે ત્રણ લાખ કમળનાં ફૂલ તૈયાર થાય છે - **લોટસ**
14. ઈન્દોરમાં 300 એકરમાં પથરાયેલી લોટસ વેલીમાં કેટલા ખેડૂતો કમળની ખેતી કરે છે - **300 જેટલા**
15. NGT દ્વારા વાયુ પ્રદૂષણ અટકાવવા સમગ્ર દેશમાં કયા સમયગાળા સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકાયો - **તા. 30 નવેમ્બર-2020**
16. NGTનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ-નવી દિલ્હી**
17. ગુજરાતી સાહિત્યમાં કયા સાહિત્યકારોને 'સવાયા ગુજરાતી'નું બિરૂદ મળેલું છે – **કાકાસાહેબ કાલેલકર તથા ફાધર વાલેસ**
18. ગુજરાતી સાહિત્યકાર ફાધર વાલેસનું જન્મ સ્થળ જણાવો - **લોગ્રોન્યો (સ્પેન)**
2. કેન્દ્ર સરકારે તાજેતરમાં કયા એક્ટ અંતર્ગત ચીનની વિવિધ મોબાઈલ એપ ઉપર ભારતમાં પ્રતિબંધ મૂક્યો છે - **ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ 69A**
3. ભારત સરકાર દ્વારા અત્યાર સુધીમાં નવેમ્બર 2020ની સ્થિતિએ કેટલી ચીની મોબાઇલ એપ પ્રતિબંધિત કરાઈ છે - **267**
4. તાજેતરમાં ગુજરાતમાં સૌપ્રથમવાર કયા સ્થળે કેટલામી "ઓલ ઇન્ડિયા પ્રિસાઇડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ" યોજાઇ - **ટેન્ટ સિટી, કેવડિયા, નર્મદા અને 80th**
5. તાજેતરમાં "૮૦મી અખિલ ભારતીય પીઠાસીન અધિકારી સંમેલન" કઈ તારીખે ગુજરાતમાં યોજાયું - **તારીખ 25 અને 26 નવેમ્બર 2020**
6. "૮૦મી અખિલ ભારતીય પીઠાસીન અધિકારી સંમેલન"નો મુખ્ય વિષય જણાવો - **સશક્ત લોકતંત્ર માટે વિધાયિકા, કાર્યપાલિકા અને ન્યાયપાલિકાનો આદર્શ સમન્વય**
7. ભારતમાં સૌપ્રથમ "અખિલ ભારતીય પીઠાસીન અધિકારી સંમેલન"નો પ્રારંભ કયા વર્ષે થયો હતો - **વર્ષ 1921**
8. સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં સૌપ્રથમ વખત ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કયા "અખિલ ભારતીય પીઠાસીન અધિકારી સંમેલન"નું ઉદઘાટન કર્યું - **80th, કેવડિયા- ગુજરાત**
9. તાજેતરમાં 24 નવેમ્બર 2020ના રોજ કયા રાજ્ય દ્વારા ધર્મ પરિવર્તન વિરુદ્ધ વટહુકમ બહાર પાડવામાં આવ્યો - **ઉત્તર પ્રદેશ**
10. ધર્મ પરિવર્તન-લવ જેહાદ વિરુદ્ધ વટહુકમ બહાર પાડનાર ઉત્તરપ્રદેશ ભારતનું કેટલામું રાજ્ય બન્યું-**3rd**
11. ભારતમાં અત્યાર સુધીમાં કયા કયા રાજ્યો દ્વારા લવ જેહાદ વિરુદ્ધ વટહુકમ લાવવામાં આવ્યો છે - **મધ્ય પ્રદેશ અને હરિયાણા**

12. ભારતમાં લવ જેહાદ વિરુદ્ધ વટહુકમ લાવનાર પ્રથમ રાજ્ય જણાવો - **મધ્ય પ્રદેશ**
13. નવેમ્બર-૨૦૨૦માં ભારતમાં તામિલનાડુ અને પુડુચેરીના દરિયાઈ કિનારે કયુ ચક્રવાત ત્રાટકયુ - **નિવાર**
14. નવેમ્બર-૨૦૨૦માં ભારતમાં નિવાર ચક્રવાત ત્રાટકયુ તેનું ઉદભવસ્થાન જણાવો - **બંગાળની ખાડી**
15. ટેલિકોમ વિભાગ દ્વારા લેન્ડ લાઈનથી મોબાઈલ પર કોલ કરવા કયો નંબર ડાયલ કરવો ફરજિયાત બનાવાશે - **"0"**
16. ટેલિકોમ વિભાગ દ્વારા લેન્ડ લાઈનથી મોબાઈલ પર કોલ કરવા "0" નંબર ડાયલ કરવાની જોગવાઈનો અમલ કયારથી થશે - **તા. ૧લી જાન્યુઆરી-૨૦૨૧થી**
17. વિશ્વ હવામાન સંસ્થાના વર્ષ ૨૦૧૯ના રિપોર્ટ અનુસાર કાર્બન ડાયોક્સાઇડનું સ્તર દસ લાખે કેટલું હતું જે છેલ્લા દસ વર્ષની સરેરાશ કરતા વધારે છે - **૪૧૦.૫**
18. તાજેતરના વિશ્વ હવામાન સંસ્થાના અહેવાલ મુજબ કોરોના મહામારીમાં લાગુ કરાયેલા લૉકડાઉન દરમિયાન કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન ગયા વર્ષ કરતા કેટલા ટકા ઘટયું હતું - **૧૭ ટકા**
19. વિશ્વ હવામાન સંસ્થા એ કઈ વૈશ્વિક સંસ્થા અંતર્ગત કાર્યરત છે – **UN**
20. WMOનું વિસ્તૃત નામ જણાવો - **World Meteorological Organization**
21. વિશ્વ હવામાન સંસ્થાની સ્થાપના કયારે થઈ હતી - **તા.૨૩-૦૩-૧૯૫૦**
22. વિશ્વ હવામાન સંસ્થાનું વડુ મથક જણાવો - **જીનીવા (સ્વિત્ઝર્લેન્ડ)**
23. સ્વાતંત્ર સેનાની પટ્ટાભિ સીતારામૈયાનો જન્મદિવસ જણાવો - **24 નવેમ્બર 1880**
24. ભારત સરકાર દ્વારા વર્ષ 2015થી 24 નવેમ્બરને કયા દિવસ તરીકે ઉજવાય છે - **લાચિત બડફૂલન દિવસ**
25. મહાન યોદ્ધા લાચિત બડફૂલન કયા વિસ્તારમાં થઈ ગયા- **ગૌહાટી,આસામ**
26. લાચિત બડફૂલનને ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં કયું બિરુદ આપવામાં આવ્યું છે - **શિવાજી**
27. લાચિત બડફૂલનના નામનો વિજયસ્તંભ ક્યાં આવેલો છે - **ગૌહાટી**
28. ઉત્તર પૂર્વના મહાન યોદ્ધા લાચિત બડફૂલને કયા યુદ્ધમાં અપ્રિતમ સાહસ દર્શાવ્યું હતું – **સરાઈઘાટ**
29. દુરદર્શન પર પ્રસારિત' લાચિત સ્મારક વ્યાખ્યાન'નો શુભારંભ સૌપ્રથમ કોના દ્વારા કરવામાં આવ્યો હતો - **ડો. એપીજે અબ્દુલ કલામ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. ઈ-સપ્તક સંગીત સમારોહ-2021 અમદાવાદ (કલા)

✓ સમયગાળો:તા. 1 થી 13 જાન્યુઆરી 2021



✓ હેતુ: પરંપરાગત ભારતીય શાસ્ત્રીય સંગીત અને કલાકારોને પ્રોત્સાહન આપવા

✓ આપણાં સગીતને વિશ્વ સમક્ષ લઈ જવાની તક.

✓ ખાસ: દર વર્ષે જાન્યુઆરીના પ્રથમ પખવાડિયામાં આયોજન

કોણ કોણ સંગીત રજૂ કરશે :

✓ ઈ-સપ્તક સંગીત સમારોહમાં પ્રખ્યાત વાંસળી વાદક પંડિત હરિપ્રસાદ ચૌરસિયા, મોહન વીણા વાદક પંડિત વિશ્વ મોહન ભટ્ટ ઉપરાંત ઉસ્તાદ અમજદ અલીખાન, વિદુષી શુભા મુદગલ, પંડિત જસરાજ તેમજ પંડિત રાજન અને સાજન મિશ્રા, રંજની ગાયત્રી બેલડી ટી. એમ. કૃષ્ણા અને વાયોલિન વાદક વિધવાન કુમારેશ પણ ભાગ લેશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કોરોના વેક્સિન : ગુજરાત

ગુજરાતમાં સૌપ્રથમવાર સોલા સિવિલ - અમદાવાદ ખાતે કોવાક્ષિન વેક્સિનનું માનવીય પરિક્ષણ શરૂ



વિગત :

- ✓ ભારત બાયોટેક દ્વારા આઈસીએમઆર તથા નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજી સાથે મળીને તૈયાર કરાયેલી કોરોના વેક્સિન કોવાક્ષિનનું ક્લિનિકલ ટ્રાયલ તા.૨૬મી નવેમ્બર-૨૦૨૦થી વિધિવત રીતે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે શરૂ.
- ✓ રોજના ૨૦થી૨૫ વોલિન્ટિયર્સને ડોઝ અપાશે અને વેક્સિનેશન તેમજ તેની અસરના ફોલોઅપ સાથે સંપૂર્ણ પ્રક્રિયા એક વર્ષ સુધી ચાલશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિધન : કોંગ્રેસના ચાણક્ય, પથદર્શક અને રાજ્યસભાના સાંસદ એહમદ પટેલનું ૭૧ વર્ષે અવસાન

- ✓ નવી દિલ્હી ખાતે ગુરૂગ્રામની મેદાંતા હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા



- ✓ જન્મ સ્થળ : પિરામણ જિ. ભરૂચ
- ✓ પિરામણ ખાતે દફનવિધિ.

અહેમદ પટેલ વિશે :

- ✓ જન્મ : 21/08/1949
- ✓ અવસાન : 25/11/2020
- ✓ હુલામણું નામ : બાબુભાઈ

રાજકીય કારકિર્દી :

- ✓ એહમદ પટેલની ભૂમિકા તમામ સ્તરે અત્યંત મહત્વની
- ✓ ૧૯૭૭, ૧૯૮૦ અને ૧૯૮૪માં લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા.
- ✓ ૧૯૯૩થી સતત પાંચ વખત રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા.
- ✓ આ તમામ સફળતાઓ વચ્ચે તેમણે ક્યારેય કોઈ પદ સ્વીકાર્યું નહોતું તેમને મુખ્યમંત્રી કે અન્ય કોઈ મંત્રી બનવામાં રસ નહોતો.
- ✓ તેઓ સગઠન સાથે જોડાઈને પડદા પાછળની સક્રિય રાજનીતિમાં માનતા હતા.
- ✓ તેમને કિંગ બનવા કરતાં કિંગમેકર બનવામાં વધારે રસ હતો.
- ✓ એક સમયે નરસિમ્હા રાવે પણ તેમને મંત્રીમંડળમાં સ્થાન આપવાની ઓફર કરી હતી છતા તેમણે ફગાવી દીધી હતી.
- ✓ મનમોહનસિંહના કેબિનેટની રચના હોય કે ૨૦૦૯માં કોંગ્રેસની સૌથી વધુ મત સાથે વાપસી હોય અને ત્યારબાદ મંત્રીમંડળની રચના હોય એહમદ પટેલની ભૂમિકા તમામ સ્તરે અત્યંત મહત્વની હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિધન : ગુજરાત સમાચારના લેખક અને ગુજરાતમાં પ્રથમ લાફિંગ થેરાપી ક્લબના સ્થાપક ડૉ. મુકુંદ મહેતાનું 93 વર્ષે અવસાન



- ✓ ગુજરાત સમાચારની રવિપૂર્તિમાં ફિટનેસ તથા બુધવારની શતદલ પૂર્તિમાં ટીટબિટ્સ કોલમના લેખક
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૫. બે દિવસીય ૮૦મી 'ઓલ ઇન્ડિયા પ્રિસાઇડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ'નો પ્રારંભ (બંધારણ)



- ✓ સમયગાળો : તા. 25 અને 26 નવેમ્બર 2020
- ✓ સ્થાન : ટેન્ટ સિટી, કેવડીયા, નર્મદા

વિશેષતાઓ :

- ✓ ગુજરાતમાં પ્રથમવાર આ કોન્ફરન્સનું આયોજન
- ✓ પ્રથમવાર રાષ્ટ્રપતિશ્રીની ઉપસ્થિતિ
- ✓ ઉદઘાટન : રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ
- ✓ અન્ય મહાનુભાવો : ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ વૈંકેયા નાયડુ
- ✓ લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલા
- ✓ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી
- ✓ ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ઉત્તરપ્રદેશ સરકાર : નિર્ણય

અયોધ્યા એરપોર્ટનું નવું નામ : મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામ એરપોર્ટ



- ✓ અયોધ્યામાં એરપોર્ટ રેલવે સ્ટેશન અને બસ સ્ટેશનને આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસાવાશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ભારતીય નૌકાદળ : US બનાવટના બે પ્રિડેટર ડ્રોન ભારતીય નૌકાદળમાં સામેલ (સંરક્ષણ)



ડ્રોન વિશે :

✓ અમેરિકી વાયુસેના અને સીઆઈએ માટે બનેલા આ ડ્રોન એરિયલ સર્વેલન્સ માટે બન્યા હતા. હવે તેના મોડિફાઈડ વર્ઝન આવી ચૂક્યા છે, જેમાં ઘાતક મિસાઈલ તૈનાત કરી શકાય છે.

✓ અનમેન્ડ એરિયલ વ્હિકલ અથવા તો રિમોટલી પાઈલટેડ એરક્રાફ્ટ તરીકે ઓળખાતા ડ્રોનનો સૌથી મોટો લાભ એ કે તેમાં કોઈ મનુષ્ય હોતો નથી.

✓ દુશ્મનો આકાશમાં તોડી પાડે કે દુશ્મન ભૂમિ પર તૂટી પડે તો પણ માનવિય નુકસાન નથી થતું.

✓ **નામ : રિમોટલી પાઈલટેડ એરક્રાફ્ટ**

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. 'કોમી સંવાદિતા અભિયાન સપ્તાહ' : કોમી એકતા અને રાષ્ટ્રીય અખંડીતતાની ભાવનાને વધુ સુદ્રઢ બનાવવા તા.૧૯ થી ૨૫ નવેમ્બરે ઉજવણી

✓ ૨૫ નવેમ્બર 'ધ્વજદિન' તરીકે ઉજવણી

વિગત :

✓ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય તથા નેશનલ ફાઉન્ડેશન ફોર કોમ્યુનલ હાર્મની દ્વારા કોમી એકતા અને રાષ્ટ્રીય અખંડીતતાની ભાવનાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુસર 'કોમી સંવાદિતા અભિયાન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.

✓ આ વર્ષે તા.૧૯/૧૧/૨૦૨૦ થી તા.૨૫/૧૧/૨૦૨૦ દરમિયાન 'કોમી સંવાદિતા અભિયાન સપ્તાહ' તથા આ સપ્તાહ દરમિયાન તા.૨૫/૧૧/૨૦૨૦ ધ્વજદિન તરીકે ઉજવાશે.

હેતુ :

✓ વિવિધ કોમ વચ્ચેના સંબંધ મજબુત બનાવવા તથા કોમી તોફાનોના કારણે અસર પામેલા કુટુંબોના નિરાશ્રિત બાળકોની સારસંભાળમાં મદદરૂપ થવા તેમજ તેઓને યોગ્ય શિક્ષણ અને તાલીમ મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા "રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદભાવ પ્રતિષ્ઠાન"ની પ્રવૃતિનો પ્રચાર કરવા 'કોમી સંવાદિતા અભિયાન સપ્તાહ'ની ઊજવણી કરવામાં આવે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. ખેલકૂદ : ભારતીય તીરંદાજી સંઘ આઠ વર્ષ બાદ ભારતીય તીરંદાજી સંઘને રમતગમત મંત્રાલય દ્વારા એક વર્ષ માટે માન્યતા

વિગત :

✓ ટોક્યો ઓલિમ્પિક પહેલા આઠ વર્ષના સસ્પેન્શન પછી ભારતીય તીરદાજી સંઘને ફરીથી માન્યતા મળી.

✓ રમત ગમત મંત્રાલય તરફથી તીરંદાજી સંઘને રાષ્ટ્રીય ખેલ સંઘ તરીકે એક વર્ષ માટે માન્યતા અપાઈ.

✓ અધ્યક્ષ : અર્જુન મુંડી.

શું હતો વિવાદ :

✓ મંત્રાલયે ચેતવણી સાથે કહ્યું કે, જો તીરંદાજી સંઘના બંધારણનું ઉલ્લંઘન થયું તો તેની માન્યતા પાછી ખેંચી લેવાશે.

✓ ખેલ મંત્રાલયે 2012માં યોગ્ય રીતે ચૂંટણી ન કરાવવા અને ગોટાળાના કારણે માન્યતા રદ્દ કરી હતી.

✓ જોકે વિશ્વ તીરંદાજી અને ભારતીય ઓલિમ્પિક સમિતિએ ભારતીય તીરંદાજી સંઘની ચૂંટણીને માન્યતા આપી ચૂક્યા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. નિવાર વાવાઝોડુ (કુદરતી આપત્તિ)



✓ નામ આપનાર દેશ : ઈરાન

✓ અર્થ : અટકાવવું

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૧૧. નિધન : 'હેન્ડ ઓફ ગોડ' તરીકે જાણીતા મહાન ફૂટબોલર ડિએગો મારાડોનાનું 60 વર્ષે હાર્ટ એટેકથી નિધન



✓ વતન : આર્જેન્ટીના

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૨. ભાષા ગૌરવ : ભારતીય મૂળના ન્યૂઝીલેન્ડના સાંસદ ડો. ગૌરવ શર્માએ સંસ્કૃતમાં શપથ લીધા (વૈશ્વિક સંબંધો)



ડૉ. ગૌરવનો પરિચય :

✓ ન્યૂઝીલેન્ડની સંસદમાં નવા જ ચૂંટાઇ આવેલા યુવાન સાંસદ ડો.ગૌરવ શર્માએ દેશની સંસદમાં સંસ્કૃત ભાષામાં શપથ લઇને ઇતિહાસ સર્જ્યો.

✓ 33 વર્ષના ડો. શર્મા હિમાચલ પ્રદેશના હમિરપુરના વતની.

✓ ન્યુઝીલેન્ડની હેમિલ્ટન સંસદીય બેઠક પરથી તેઓ લેબર પાર્ટીના ઉમેદવારના રૂપમાં વિજયી થયા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૩. સ્કોટલેન્ડ: મહિલા સ્વાસ્થ્ય સન્માન સેનેટરી પેડઝ જેવી તમામ પિરિયડ પ્રોડક્ટ તમામ મહિલાઓને વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવા બદલ કાયદો ઘડનાર વિશ્વનો પ્રથમ દેશ સ્કોટલેન્ડ



વિગત :

✓ સ્કોટલેન્ડ સંસદે તા.૨૪ નવેમ્બર-૨૦૨૦ના રોજ તમામ ૧૨૧ સાંસદો દ્વારા સર્વાનુમતે એના માટેના ખરડાને પસાર કર્યો હતો.

✓ ચાર વર્ષ સુધી ચાલેલા અભિયાન બાદ આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો.

✓ આ કાયદા હેઠળ સ્થાનિક વહીવટીતંત્રે પિરિયડ પ્રોડક્ટ્સ મફતમાં ઉપલબ્ધ કરાવવી પડશે.

✓ આ ખરડો લાવનારા લેબર પાર્ટીના મોનિકા લેનને જણાવ્યું હતું કે, “હવે જાહેરમાં પિરિયડ્ઝ વિશે ચર્ચા થાય છે.

આ એક મોટું પરિવર્તન છે. વર્ષો પહેલાં જાહેરમાં આ વિશે વાતચીત ન હોતી થતી.'

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૪. નિમણૂક : ICCના નવા ચેરમેન તરીકે ગ્રેગ બાર્કેલ ચૂંટાયા

✓ હાલમાં શ્રી બાર્કેલ ન્યૂઝીલેન્ડ ક્રિકેટ વડા

✓ ICC : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ

✓ મુખ્યમથક : દુબઈ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૫. દિન વિશેષ : 25 નવેમ્બર ઈન્ટરનેશનલ "મીટ લેસ ડે એન્ડ એનિમલ રાઈટ્સ ડે"



✓ પ્રાણી સંવેદના - મારુ પેટ મૃત પ્રાણીઓનું કબ્રસ્તાન નથી

વિશ્વભરમાં શાકાહારીઓની સંખ્યા-સ્થિતિ :

✓ વિશ્વમાં શાકાહારીઓની સંખ્યા વધી રહી છે.

✓ એક આંકડા પ્રમાણે વિશ્વમાં શાકાહારી ભોજનની માંગમાં ૧૪ ટકાનો વધારો થયો.

✓ એકમાત્ર પોર્ટુગલમાં શાકાહારીઓની સંખ્યામાં ૪૦૦ ટકા વધારો થયો છે.

✓ પોર્ટુગલના ૬૦,૦૦૦ લોકો શાકાહારી છે.

✓ ઓસ્ટ્રેલિયામાં જે કોઈ ફૂડ પ્રોડક્ટનું લોન્ચિંગ થયું તેમાં શાકાહારી પદાર્થોવાળા ફૂડમાં ૯૨ ટકાનો વધારો થયો છે અને તે વિશ્વનું ત્રીજા નંબરનું શાકાહારી ફૂડ માર્કેટ બની ગયું છે.

✓ ૨૦૨૦ સુધીમાં ચીનના વેજિટેબલ ફૂડના માર્કેટમાં ૧૭ ટકાનો વધારો થશે તેવું અનુમાન છે.

✓ યુનાઈટેડ કિંગ્ડમમાં હવે ૫૦ ટકા લોકો બીફ ઓછું ખાય છે.

✓ ૫૦ ટકા અમેરિકનો કતલખાનાંઓનો વિરોધ કરી રહ્યા છે.

✓ વિશ્વમાં ભારત એક એવો દેશ છે કે જ્યાં ઓછામાં ઓછું મીટ ખવાય છે.

✓ ભારતનાં કતલખાનાંમાં કપાતાં નિર્દોષ પ્રાણીઓનું માંસ વિપુલ પ્રમાણમાં ભારતના જ કેટલાક માંસના વેપારીઓ કરે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૬. જન્મ દિવસ વિશેષ – ૨૫ નવેમ્બર

બેફામ : બરકત અલી વીરાણી



- ✓ અનેક અમર કાવ્ય પંક્તિઓના સર્જક અને પોતાના તખલ્લુસ બેફામનો ગઝલમાં બખૂબી ઉપયોગ કરનાર ગઝલકાર બરકતઅલી ગુલામઅલી વિરાણી ઉર્ફે બેફામનો આજે જન્મદિવસ.
- ✓ ભાવનગરના શિહોર તાલુકાના ધાંધળી ગામે જન્મેલા બેફામ નાનપણથી જ ગઝલો લખતા થયા હતા.
- ✓ 1942માં હિન્દ છોડોના જુવાળમાં અભ્યાસ અધૂરો છોડ્યો હતો.
- ✓ તત્કાલીન ગુજરાતી સામયિકો અને આકાશવાણીને સ્ક્રિપ્ટ એડિટર તરીકેની કામગીરીમાંથી બેફામની ગઝલકાર તરીકે કારકિર્દી ઘડાઇ.
- ✓ સાહિત્ય ક્ષેત્રે માનસર, ઘટા, પ્યાસ અને પરબ જેવા ગઝલસંગ્રહો થકી ગુજરાતી ગઝલ સાહિત્યને રળિયાત કર્યું છે.
- ✓ ટૂંકીવાર્તાઓ અને રેડિયો નાટકો પણ તેમણે રચ્યા હતા.
- ✓ ગુજરાતી ગઝલોમાં જીવનનું દર્દ ઘૂંટવામાં અને ગઝલના મક્તાના શેરમાં મૃત્યુ અંગેનો શેર મૂકી જીવનની ઊંડી ફિલસૂફી રજૂ કરવામાં બેફામ અજોડ છે.

પ્રખ્યાત કાવ્ય પંક્તિઓ-

- ✓ 'બેફામ' તોયે કેટલું થાકી ' જવું પડ્યું ? નહિ તો જીવનનો માર્ગ છે, ઘરથી કબર સુધી'
- ✓ 'રડયા હતા સૌ "બેફામ" મુજ મૃત્યુ પર એજ કારણથી, હતો મારો જ એ અવસરને મારી હાજરી ન હતી'
- ✓ 'તબીબો પાસેથી હું નીકળ્યો દિલની દવા લઈને જગત સામે જ ઊભું હતું દર્દો નવા લઈને"
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૧૧-૨૦૨૦)

1. ઈ-સપ્તક સંગીત સમારોહ-2021 કયા શહેરમાં યોજાશે - **અમદાવાદ**
2. અમદાવાદમાં કયા સમયગાળા દરમિયાન ઈ-સપ્તક સંગીત સમારોહ-2021 યોજાશે - **તા. 1 થી 13 જાન્યુઆરી 2021**
3. કયા હેતુસર સપ્તક સંગીત સમારોહ યોજવામાં આવે છે - **આપણાં સગીતને વિશ્વ સમક્ષ લઈ જવા તથા પરંપરાગત ભારતીય શાસ્ત્રીય સંગીત અને કલાકારોને પ્રોત્સાહન આપવા**
4. ગુજરાતમાં પ્રતિ વર્ષ કયારે સપ્તક સંગીત સમારોહનું આયોજન કરવામાં આવે છે - **જાન્યુઆરીનું પ્રથમ પખવાડિયુ**
5. તા.૨૫ નવેમ્બર-૨૦૨૦માં કોંગ્રેસના ચાણક્ય, પથદર્શક અને રાજ્યસભાના સાંસદ કયા નેતાનું ૭૧ વર્ષે અવસાન થયુ - **એહમદ પટેલ**

6. દિગ્ગજ કોંગ્રેસ નેતા એહમદ પટેલનો જન્મ કયાં-કયારે થયો હતો - **પિરામણ જિ. ભરૂચ તથા તા. 21/08/1949**
7. કોંગ્રેસના વરિષ્ઠ નેતા એહમદ પટેલ કયા વર્ષે લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા – **વર્ષ ૧૯૭૭, ૧૯૮૦ અને ૧૯૮૪**
8. કોંગ્રેસી નેતા એહમદ પટેલ કયા વર્ષથી સતત પાંચ વખત રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા - **૧૯૯૩**
9. તા. 25 અને 26 નવેમ્બર 2020ના રોજ કઈ કોન્ફરન્સનું ગુજરાતમાં પ્રથમવાર આયોજન થયુ - **'ઓલ ઇન્ડિયા પ્રિસાઇડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ'**
10. કેવડીયાના ટેન્ટ સિટી ખાતે યોજાયેલી ૮૦મી 'ઓલ ઇન્ડિયા પ્રિસાઇડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ'માં કોણ પ્રથમવાર ઉપસ્થિતિ રહ્યું હતું – **રાષ્ટ્રપતિશ્રી**
11. કેવડીયાના ટેન્ટ સિટી ખાતે યોજાયેલી ૮૦મી 'ઓલ ઇન્ડિયા પ્રિસાઇડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ'નું ઉદઘાટન કોણે કર્યું હતુ અને કયા મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા - **રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ તથા ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ વૈંકેયા નાયડુ, લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલા, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**
12. નવેમ્બર-૨૦૨૦માં ઉત્તરપ્રદેશ સરકારે અયોધ્યા એરપોર્ટનું નવું નામ શું આપ્યું - **મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામ એરપોર્ટ**
13. કોમી એક્તા અને રાષ્ટ્રીય અખંડીતતાની ભાવનાને વધુ સુદ્રઢ બનાવવા કયુ સપ્તાહ ઉજવવામાં આવે છે - **'કોમી સંવાદિતા અભિયાન સપ્તાહ'**
14. કયા સમયગાળા દરમિયાન 'કોમી સંવાદિતા અભિયાન સપ્તાહ'-૨૦૨૦ ઉજવવામાં આવ્યું - **તા.૧૯ થી ૨૫ નવેમ્બર**
15. કયા દિવસની 'ધ્વજદિન' તરીકે ઉજવણી કરાઈ છે - **૨૫ નવેમ્બર**
16. કોના દ્વારા કોમી એક્તા અને રાષ્ટ્રીય અખંડીતતાની ભાવનાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુસર 'કોમી સંવાદિતા અભિયાન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે – **કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા નેશનલ ફાઉન્ડેશન ફોર કોમ્યુનલ હાર્મની**
17. નવેમ્બર-૨૦૨૦માં રમતગમત મંત્રાલયે આઠ વર્ષ બાદ કયા રમત સંઘને એક વર્ષ માટે માન્યતા આપી - **ભારતીય તીરંદાજી સંઘ**
18. ટોક્યો ઓલિમ્પિક પહેલા આઠ વર્ષના સસ્પેન્શન પછી ભારતીય તીરદાજી સંઘને રમત ગમત મંત્રાલય તરફથી કયા ખેલ સંઘ તરીકે એક વર્ષ માટે માન્યતા અપાઈ – **રાષ્ટ્રીય ખેલ સંઘ**
19. ભારતીય તીરદાજી સંઘના વર્તમાન અધ્યક્ષ કોણ છે - **અર્જુન મુંડી**
20. ખેલ મંત્રાલયે કયા વર્ષે યોગ્ય રીતે ચૂંટણી ન કરાવવા અને ગોટાળાના કારણે ભારતીય તીરદાજી સંઘની માન્યતા રદ્દ કરી હતી – **વર્ષ 2012**
21. નવેમ્બર-૨૦૨૦માં દક્ષિણ ભારતમાં તબાહી ફેલાવનાર વાવાઝોડાને નિવાર નામ આપનાર દેશનું નામ જણાવો - **ઈરાન**
22. નિવારનો અર્થ જણાવો - **અટકાવવું**
23. નવેમ્બર-૨૦૨૦માં આર્જેન્ટીના કયા જાણીતા ફૂટબોલરનું 60 વર્ષે હાર્ટ એટેકથી નિધન થયુ - **ડિએગો મારાડોના**
24. આર્જેન્ટીના ફૂટબોલર ડિએગો મારાડોના કયા નામે જાણીતા હતા - **'હેન્ડ ઓફ ગોડ'**
25. નવેમ્બર-૨૦૨૦માં કયા દેશના ભારતીય મૂળના સાંસદે સંસ્કૃતમાં શપથ લીધા હતા – **ન્યૂઝીલેન્ડ**
26. નવેમ્બર-૨૦૨૦માં ભારતીય મૂળના ન્યૂઝીલેન્ડના કયા સાંસદે સંસ્કૃતમાં શપથ લીધા હતા - **ડો. ગૌરવ શર્મા**
27. નવેમ્બર-૨૦૨૦માં ન્યૂઝીલેન્ડમાં સાંસદ તરીકે ચૂંટાયેલા ડો. ગૌરવ શર્માનું મૂળ વતન જણાવો - **હિમાચલ પ્રદેશનું હમિરપુર**
28. નવેમ્બર-૨૦૨૦માં સેનેટરી પેડઝ જેવી તમામ પિરિયડ પ્રોડક્ટ તમામ મહિલાઓને વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવા બદલ કાયદો ઘડનાર કયો દેશ વિશ્વનો પ્રથમ દેશ બન્યો - **સ્કોટલેન્ડ**
29. નવેમ્બર-૨૦૨૦માં ICCના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **ગ્રેગ બાર્કેલ**
30. ક્રિકેટની આંતરરાષ્ટ્રીય સંસ્થા ICCનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ**

31. ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ મુખ્યમથક કયાં આવેલું છે - **દુબઈ**
32. ઈન્ટરનેશનલ "મીટ લેસ ડે એન્ડ એનિમલ રાઈટ્સ ડે" કયારે મનાવવામાં આવે છે - **25 નવેમ્બર**
33. એકમાત્ર કયા દેશમાં શાકાહારીઓની સંખ્યામાં ૪૦૦ ટકાનો વધારો થયો છે - **પોર્ટુગલ**
34. વિશ્વમાં કયો એક માત્ર દેશ એવો છે કે જ્યાં ઓછામાં ઓછું મીટ ખવાય છે - **ભારત**
35. ગુજરાતમાં સૌપ્રથમવાર કઈ જગ્યાએ કોરોનોની કોવાક્ષિન વેક્સિનનું ટ્રાયલ શરૂ કરાયું - **સોલા સિવિલ અમદાવાદ**
36. ભારતમાં કોવાક્ષિન વેક્સિન કઈ સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી છે - **ભારત બાયોટેક, આઈસીએમઆર તથા નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજી**
37. નવેમ્બર-૨૦૨૦માં ગુજરાત સમાચારના કયા કોલમિસ્ટનું 93 વર્ષે અવસાન થયુ હતુ - **ડૉ. મુકુંદ મહેતા**
38. ડૉ. મુકુંદ મહેતાનું ક્ષેત્ર જણાવો – **કટાર લેખક અને લાફિંગ થેરાપી ક્લબના સ્થાપક**
39. ડૉ. મુકુંદ મહેતાની ગુજરાત સમાચાર કઈ કોલમ પ્રસિદ્ધ થતી હતી - **રવિપૂર્તિમાં ફિટનેસ તથા શતદલ પૂર્તિમાં ટીટબિટ્સ**
40. તાજેતરમાં ભારતીય નૌકાદળના US બનાવટના કયા બે ડ્રોન નૌકાદળમાં સામેલ કરાયા - **પ્રિડેટર**
41. ગુજરાતી કવિ -ગઝલકાર બરકત અલી વિરાણીનો જન્મદિવસ જણાવો-**25 નવેમ્બર 1923**
42. ગઝલકાર બરકત વિરાણીનું તખલ્લુસ જણાવો - **બેફામ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. તાનારીરી મહોત્સવ-૨૦૨૦

વડનગર, જિ. મહેસાણા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગાંધીનગરથી ઈ-શુભારંભ



તાનારીરી મહોત્સવનો ઈતિહાસ :

- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના વતન વડનગરમાં દર વર્ષે દ્વિદિવસીય તાના-રીરી મહોત્સવનું આયોજન પ્રધાનમંત્રીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી કરવામાં આવે છે.

મહત્વ :

- ✓ આદ્યકવિ નરસિંહ મહેતાની બે દોહિત્રી તાના-રીરીના અમર સંગીત ઇતિહાસની સ્મૃતિ જનમાનસમાં સદાકાળ ઊજાગર રહે તેવા ઉદાત્ત ભાવ સાથે આ તાના-રીરી મહોત્સવ યોજાય છે.

તાના-રીરી એવોર્ડની પ્રારંભ :

- ✓ વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇએ ૨૦૧૦ના વર્ષથી સિધ્ધહસ્ત મહિલા ગાયક સંગીતજ્ઞ, વાદ્ય કલાકારોને તાના-રીરી એવોર્ડથી સન્માનિત કરવાની પરંપરા શરૂ કરી.
- ✓ ગિનીઝ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન પામેલા આ તાના-રીરી મહોત્સવમાં ૨૦૧૦થી તાના-રીરી એવોર્ડ અર્પણ કરવામાં આવે છે.
- ✓ રમત-ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી : શ્રી ઇશ્વરસિંહ પટેલ
- ✓ સંગીત નાટય અકાદમી અધ્યક્ષ : શ્રી પંકજભાઇ ભટ્ટ
- ✓ આયોજક: રમત-ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સંગીત નાટય અકાદમી
- ✓ તાના-રીરી એવોર્ડ-૨૦૨૦ : અનુરાધા પોંડવાલ અને વર્ષાબહેન ત્રિવેદી સંયુક્ત રીતે





✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૨. ભારતીય બંધારણ દિવસ :

26 નવેમ્બર – ભારતભરમાં બંધારણના આમુખનું પઠન કરાયું



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના મહત્વના સૂચનો/સંબોધન :

✓ ૮૦મી 'ઓલ ઇન્ડિયા પ્રિસાઇડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ'-2020

✓ ભારતની જરૂરિયાત એક દેશ એક ચૂંટણી

✓ દર માસે ક્યાંકને ક્યાંક ચૂંટણી યોજાય છે તેથી વિકાસ વિકાસ કાર્યો ઉપર અસર થાય છે.

✓ લોકસભા, વિધાનસભા અને પંચાયત ચૂંટણી માટે એક જ મતદાર યાદી બનાવવા સૂચન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૩. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ અહેવાલ 2020 (આર્થિક)

✓ એશિયામાં ભ્રષ્ટાચાર અંગેના આંકડા જાહેર

✓ સરવે : જૂન-જુલાઇ 2020



ગ્લોબલ કરપ્શન બેરોમીટરના ભારત અંગેના મહત્વના તારણો :

- ✓ 39 ટકા લાંચનું પ્રમાણ એશિયામાં સૌથી વધુ
- ✓ 50 ટકા પાસે સામેથી લાંચ માગવામાં આવે છે
- ✓ 32 ટકા અંગત સંબંધો દ્વારા લાંચ ચૂકવી કામ કઢાવે છે
- ✓ 46 ટકા સરકારી કામો માટે અંગત સંબંધોનો ઉપયોગ કરે 63 ટકા માને છે કે ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવવાના દુષ્પરિણામ આવે છે, ફરિયાદી સામે બદલાની કાર્યવાહી
- ✓ 89 ટકા માને છે કે સરકારી ભ્રષ્ટાચાર દેશની સૌથી મોટી સમસ્યા છે, પાયાની સુવિધા માટે પણ લાંચ આપવી પડે છે.

ભ્રષ્ટાચાર લગામ માટે સરકારી કામગીરી :

- ✓ ૭૩ ટકા ભારતીયો માને છે કે સરકારી એજન્સીઓ ભ્રષ્ટાચાર ડામવા સારી કામગીરી કરી રહી છે.
- ✓ ભારતમાં ભ્રષ્ટાચાર બેફામ હોવા છતાં ૬૩ ટકા ભારતીયો એમ માને છે કે, મોદી સરકાર ભ્રષ્ટાચાર પર લગામ કસવા માટે સારા પગલાં લઈ રહી છે.
- ✓ ૭૩ ટકા ભારતીયોનું માનવું છે કે ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીઓ ભ્રષ્ટાચાર ડામવા માટે સારી કામગીરી કરી રહી છે.
- ✓ કયા દેશમાં કેટલા ટકા ભ્રષ્ટાચાર

દેશ	ટકા
ભારત	૩૯
કમ્બોડિયા	૩૮
ઈન્ડોનેશિયા	૩૦
ચીન	૨૮
બાંગ્લાદેશ	૨૪
થાઈલેન્ડ	૨૪
મંગોલિયા	૨૨
મ્યાનમાર	૨૦
ફિલિપાઈન્સ	૧૯
તાઈવાન	૧૭

- ✓ ભ્રષ્ટાચાર ઉપર નજર રાખતી આંતરરાષ્ટ્રીય વોચ ડોગ સંસ્થા ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ
- ✓ મુખ્ય મથક : બર્લિન, જર્મની
- ✓ સ્થાપના : 4 મે 1993
- ✓ અધ્યક્ષ : ડેલિયા ફેરીરા રૂબીયો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.ફૂટબોલર ડિએગા મારાડોના : સન્માન

ઈટાલીની ક્લબ નેપોલીએ પોતાના સાઓપાઉલો સ્ટેડિયમનું નામ મારાડોના રાખવાની જાહેરાત



- ✓ ખાસ : મારાડોનાએ વર્ષ ૧૯૮૭ અને ૧૯૯૦માં નેપાલી ટાઈટલ અપાવ્યું હતુ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 26 નવેમ્બર

(૧) નેશનલ મિલ્ક ડે : 26 નવેમ્બર



✓ ભારતમાં મિલ્ક મેન મેન ડો. વર્ગીસ કુરિયનના જન્મદિવસની યાદમાં ઉજવણી

✓ રાષ્ટ્રીય દૂધ દિવસ દર વર્ષે 26 નવેમ્બરના રોજ ડો.વર્ગીઝ કુરિયનના જન્મદિવસ પર ઉજવવામાં આવે છે.

✓ તેઓ ભારતમાં શ્વેત ક્રાંતિના પિતા હતા.

✓ દૂધ અને દૂધ ઉદ્યોગને લગતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા, તેના મહત્વ વિશે જાગૃતતા લાવવામાં ડો.કુરિયને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમની યાદમાં રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

✓ વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૬ દરમિયાન ભારતીય દૂધ ઉત્પાદનમાં ૬.૨૮ ટકાનો વધારો જોવા મળ્યો છે.

✓ ઉપરાંત, માથાદીઠ દૂધ વપરાશની ક્ષમતા પ્રતિ દિન 307 ગ્રામ (2013-14)થી વધીને 340 ગ્રામ પ્રતિ દિવસ (2015-16) થઈ છે.

રાષ્ટ્રીય દૂધ દિવસનો ઇતિહાસ

✓ ભારતીય ડેરી એસોસિએશન (આઇડીએ) દ્વારા 26 નવેમ્બર 2014ના રોજ પ્રથમ રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

✓ 22 રાજ્યોના વિવિધ દૂધ ઉત્પાદકોએ આ દિવસમાં ભાગ લીધો હતો.

✓ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 01 જૂને વિશ્વ દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) બંધારણ સ્વીકાર દિવસ

તારીખ 26 નવેમ્બર 1949

વર્ષ-2020માં બંધારણને 71 વર્ષ પૂર્ણ



✓ દેશમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં આ દિવસને રાષ્ટ્રીય કાયદા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.

✓ ભારતની બંધારણ સભાએ 26 નવેમ્બર 1949ના રોજ ઔપચારિક રીતે બંધારણને સ્વીકાર્યું.

✓ 26 જાન્યુઆરી 1950ના રોજ અમલમાં આવ્યું.

✓ ભારત સરકારે 19 નવેમ્બર 2015ના રોજ દર વર્ષે 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

વિશ્વનું સૌથી લાંબું બંધારણ

✓ ભીમરાવ આંબેડકર ભારતીય બંધારણના પિતા માનવામાં આવે છે. તેમણે વિશ્વનું સૌથી લાંબું બંધારણ તૈયાર કર્યું છે.

✓ તે વિશ્વના તમામ બંધારણની તપાસ કર્યા પછી બનાવવામાં આવ્યું હતું. તે વિશ્વનું સૌથી મોટું બંધારણ માનવામાં આવે છે.

✓ તેમાં 448 લેખ, 12 સૂચિ અને 94 સુધારાઓ છે.

✓ ભારતીય બંધારણ તૈયાર કરવામાં 2 વર્ષ, 11 મહિના અને 17 દિવસ થયા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(3) મુંબઈ પર આતંકવાદી હુમલાની 12મી વરસી : 26 નવેમ્બર



✓ તા.26/11/2008

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૪) વિશ્વ પર્યાવરણ સંરક્ષણ દિવસ - 26 નવેમ્બર

✓ દર વર્ષે 26 નવેમ્બરે ઉજવવામાં આવે છે.

✓ **હેતુ-** આ દિવસ પર્યાવરણીય સંતુલન જાળવવા અને લોકોને જાગૃત કરવાના સંદર્ભમાં સકારાત્મક પગલા ભરવા માટે ઉજવવામાં આવે છે.

✓ **આયોજન-**યુનાઇટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) દ્વારા કરાઈ છે.

✓ દસ વૈશ્વિક પર્યાવરણ સંધિઓ અને સો જેટલા પ્રાદેશિક અને દ્વિપક્ષીય વાટાઘાટો થઈ છે.

✓ આ તમામ પરિષદો રિયો ડી જાનેરોમાં યોજાઇ હતી.

✓ આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય સંમેલનો અને નીતિઓના સંદર્ભમાં રિયો ડી જાનેરોમાં આ પરિષદ ખૂબ મહત્વનો મુદ્દો હતો

૬. જન્મ દિન વિશેષ : 26 નવેમ્બર

શ્વેત ક્રાંતિના જનક : ડૉ. વર્ગીસ કુરિયનની 99મી જન્મ જયંતી

(વર્ષ 1921થી વર્ષ 2012)

જન્મ - 26 નવેમ્બર 1921

અવસાન - 9 સપ્ટેમ્બર 2012



✓ ઉપનામ : ભારતના મિલ્ક મેન

ડો. કુરિયરનું પ્રદાન :

- ✓ વર્ગીસ કુરિયનની ૯૯મી જન્મજયંતિના અવસરે, આપણે માનીએ તેઓશ્રીનો આભાર એક સ્વરે.
- ✓ ભારતીય ડેરી ખેડૂતોને આત્મનિર્ભર થવા સશકત બનાવવા માટે.
- ✓ સૌને આર્થિક આઝાદી દ્વારા સન્માનિત કરવા માટે
- ✓ ૧૦ કરોડથી વધુ ખેડૂતોને સમૃદ્ધિના પથ પર અગ્રેસર કવા માટે.
- ✓ લાખો કુટુંબોને રાષ્ટ્રીય અર્થતંત્રનો સુદ્રઢ હિસ્સો બનાવવા માટે.
- ✓ ડેરી ખેડૂતો સંચાલિત ચાલતી સહકારી દૂધ મંડળીઓની સ્થાપના કરાવવા માટે.
- ✓ ભારતમાં શ્વેતક્રાંતિની મશાલ પ્રગટાવવા માટે
- ✓ ભારતને વિશ્વભરમાં સૌથી મોટા દૂધ ઉત્પાદક તરીકે પ્રતિષ્ઠિત કરવા માટે.
- ✓ આજે નેશનલ મીલ્ક ડે અને ભારતના મિલ્ક મેન ડોક્ટર વર્ગીસ કુરિયનનો 99મો જન્મદિવસ.
- ✓ ડો.વર્ગીસ કુરિયનનો જન્મ કેરળમાં કોઝીકોડ ખાતે થયો હતો.
- ✓ સ્નાતક અને ડેરી ઇજનેરીનો અભ્યાસ પ્રાપ્ત કુરિયન 1949માં આણંદમાં ડેરી ઈજનેર તરીકે કાર્યરત થયા હતા.
- ✓ આ સમયે ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ ખાનગી માલિકીની પોલસન ડેરી સામે ઝઝૂમી રહી હતી.
- ✓ આવા વિકટ સંજોગોમાં ડો.કુરિયન ઇજનેરની નોકરી છોડી શ્રી ત્રિભુવનદાસ પટેલ સાથે જોડાયા અને ટેસ્ટ ઓફ ઇન્ડિયા અમૂલનો જન્મ થયો.
- ✓ તેમનો ઉદ્દેશ ભારતને દૂધ ઉત્પાદનમાં સ્વાશ્રયી બનાવવાની સાથે ખેડૂતોની દશા સુધારવાનો પણ હતો.
- ✓ અમૂલની સફળતાના પાયા પર રાષ્ટ્રીય દૂધ વિકાસ બોર્ડ એનડીડીબી અને ગુજરાત કોપોરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન જેવી સંસ્થાઓ સ્થપાઈ, જેનું સુકાન પણ ડો.કુરિયને સંભાળ્યું.
- ✓ આ બધા સહિયારા પ્રયત્નોથી ટૂંક સમયમાં જ ભારત દૂધ ઉત્પાદનમાં આત્મનિર્ભર બન્યું.
- ✓ દેશના દૂધ ઉત્પાદનમાં પણ નવા કીર્તિમાનો સ્થાપ્યા હતા.
- ✓ વર્ષ 1963 માં તેમને 'રેમન મેગ્સેસે' એવોર્ડ અને 1989 માં 'વર્લ્ડ ફૂડ' એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.
- ✓ ભારત સરકાર દ્વારા તેમને વર્ષ 1965 માં પદ્મશ્રી, વર્ષ 1966 માં પદ્મ ભૂષણ અને વર્ષ 1999 માં પદ્મવિભૂષણથી નવાજવામાં આવ્યા હતા.
- ✓ તેમણે દૂધની અછતને દૂર કરીને દેશને વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક બનાવ્યો.
- ✓ "મિલ્ક મેન ઓફ ઇન્ડિયા" તરીકે જાણીતા ડો.વર્ગીસ કુરિયનનું 9 સપ્ટેમ્બર 2012ના રોજ નડિયાદમાં અવસાન થયું,

આત્મકથા- મારુ સ્વપ્ન



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૧૧-૨૦૨૦)

1. તાનારીરી મહોત્સવ-૨૦૨૦નો કોના દ્વારા ગાંધીનગરથી ઈ-શુભારંભ કરવામાં આવ્યો હતો - **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
2. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં દર વર્ષે કેટલા દિવસના તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે – **દ્વિદિવસીય**
3. વડનગરમાં કયા વર્ષથી તાના-રીરી મહોત્સવનો પ્રારંભ થયો હતો - **વર્ષ ૨૦૦૩**
4. તાના-રીરી મહોત્સવનું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે - **રમત-ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સંગીત નાટય અકાદમી**
5. ગુજરાતના વર્તમાન રમત-ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્ય મંત્રી કોણ છે - **શ્રી ઇશ્વરસિંહ પટેલ**
6. ૮૦મી 'ઓલ ઇન્ડિયા પ્રિસાઇડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ'-2020ને સંબોધતા વડાપ્રધાન મોદીએ કઈ ચૂંટણી માટે એક જ મતદાર યાદી બનાવવા સૂચન કર્યું હતુ - **લોકસભા, વિધાનસભા અને પંચાયત**
7. તાજેતરમાં જાહેર કરાયેલા ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ-2020ના અહેવાલ મુજબ એશિયામાં ભ્રષ્ટાચારનું સૌથી વધુ પ્રમાણ કયા દેશમાં છે - **ભારત**
8. ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ-2020ના અહેવાલ મુજબ એશિયામાં સૌથી વધુ ભારતમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ કેટલા ટકા છે – **39 %**
9. ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ-2020ના અહેવાલ મુજબ એશિયામાં સૌથી ઓછું ભ્રષ્ટાચારનું પ્રમાણ કયા દેશમાં અને કેટલા ટકા છે - **તાઇવાન અને 17 ટકા**
10. ભ્રષ્ટાચાર ઉપર નજર રાખતી આંતરરાષ્ટ્રીય વોચ ડોગ સંસ્થાનું નામ જણાવો-**ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ**
11. ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલનું વડુ મથક જણાવો - **બર્લિન, જર્મની**
12. નવેમ્બર-૨૦૨૦માં ઈટાલીની ક્લબ નેપોલીએ સાઓપાઉલો સ્ટેડિયમનું નામ શુ રાખવાની જાહેરાત કરી - **મારાડોના**
13. ફૂટબોલર મારાડોનાએ કયા વર્ષે નેપાલી ટાઈટલ અપાવ્યું હતુ - **વર્ષ ૧૯૮૭ અને ૧૯૯૦**
14. વિશ્વમાં દૂધ દિવસ ક્યારે ઉજવાય છે- **01 જૂન**
15. ભારતમાં રાષ્ટ્રીય દૂધ દિવસ કોની જન્મજયંતી નિમિત્તે ઉજવાય છે- **ડૉ. વર્ગીસ કુરિયન**
16. ભારતના' મિલ્કમેન' તરીકે કોણ ઓળખાય છે- **ડૉ. વર્ગીસ કુરિયન**
17. ભારતના' મિલ્કમેન' તરીકે જાણીતા ડૉ. વર્ગીસ કુરિયનનો જન્મ કયારે થયો હતો - **26 નવેમ્બર 1921**
18. ડૉ.વર્ગીસ કુરિયનની આત્મકથાનું નામ જણાવો- **મારુ સ્વપ્ન**
19. ડૉ.વર્ગીસ કુરિયનની જન્મભૂમિ અને કર્મભૂમિ જણાવો- **કોઝીકોડ, કેરળ અને ગુજરાત**
20. ભારતમાં શ્વેતક્રાંતિના પિતા તરીકે કોણ ઓળખાય છે- **ડૉ.વર્ગીસ કુરિયન**
21. ભારતમાં બંધારણ દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે - **26 નવેમ્બર**
22. 26 નવેમ્બર 1949નું મહત્વ જણાવો - **ભારતની બંધારણ સભા દ્વારા બંધારણનો સ્વીકાર**
23. 26 નવેમ્બર 2020માં કેટલામો બંધારણીય દિવસ ઉજવાયો-**71**
24. વિશ્વ પર્યાવરણ સંરક્ષણ દિવસ ક્યારે ઉજવાય છે - **26 નવેમ્બર**
25. ભારતમાં બંધારણ દિવસ ક્યારથી ઉજવવામાં આવે છે- **26 નવેમ્બર 2015**
26. મુંબઈમાં તાજ હોટલ ઉપર આંતકવાદી હુમલો ક્યારે થયો હતો - **26 નવેમ્બર 2008**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. શ્રમ કાયદામાં સુધારો : ગુજરાત સરકાર (શ્રમ કલ્યાણ)

Director of Labour
An ISO 9001:2015 Certified Organization
Labour & Employment Department
Government of Gujarat

મુખ્ય હેતુ :

- ✓ કોરોના મહામારીને કારણે મુશ્કેલીમાં મુકાયેલા ઔદ્યોગિક એકમોને કોન્ટ્રાક્ટ લેબર તથા આંતરરાજ્ય સ્થળાંતરિત કામદારોને લગતાં કાયદાઓ હળવા બનાવી ઉદ્યોગકારોને રાહત આપવા.

નવા સુધારા :

- ✓ કોન્ટ્રાક્ટ લેબર (નિયમન અને નાબુદી અધિનિયમ) (ગુજરાત) નિયમ, ૧૯૭૨માં કેટલાક સુધારા દાખલ કરાયાં.
- ✓ હવેથી ૫૦ કે તેથી ઓછા કામદારો ધરાવતા ઉદ્યોગ એકમે કોઈપણ પ્રકારની કોન્ટ્રાક્ટ ફી ભરવાની રહેશે નહીં.
- ✓ અગાઉ એકમ માટે મેળવાયેલા લાઇસન્સની માન્યતા ૧૨ મહિના સુધી રહેતી હતી, હવે નિયમ-૨૫માં ફેરફાર કરી લાઇસન્સની મુદત ફોર્મ-5માં દર્શાવી હશે તેટલી રહેશે.
- ✓ નિયમ-૨૯, ૩૦ અને ૩૨ સંપૂર્ણપણે નાબૂદ કરાયા છે. આ નિયમો લાઇસન્સ રિન્યૂ કરાવવું, રજિસ્ટ્રેશન અથવા લાઇસન્સનું ડુપ્લિકેટ સર્ટિફિકેટ કરાવવું તેમજ રજિસ્ટ્રેશન અને લાઇસન્સનું કામચલાઉ સર્ટિફિકેટ કરાવવું- તે અંગેના હતા.
- ✓ શ્રમ અને રોજગાર મંત્રી : શ્રી દિલીપભાઈ ઠાકોર
- ✓ વિભાગ : શ્રમ અને રોજગાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ

ગુજરાતમાં 325 કિલોમીટરની લાઇન માટે NHSRCL એ L&T સાથે રૂ. ૨૫,૦૦૦ કરોડનો કરાર કર્યો



- ✓ જાપાની ટેકનોલોજીનો ઉપયોગ કરાશે
- ✓ NHSRCL : નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ
- ✓ L&T : લાર્સન એન્ડ ટુબ્રો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ગુજરાતમાં FDI : કેન્દ્રના DPIITનો અહેવાલ (આર્થિક)



- ✓ બીજા ક્વાર્ટરમાં ગુજરાતમાં રેકોર્ડ બ્રેક રૂપિયા 1.19 લાખ કરોડનું વિદેશી રોકાણ
- ✓ પ્રથમ ક્વાર્ટર એપ્રિલ થી જૂન-૨૦૨૦માં માત્ર રૂ. 3055 કરોડ
- ✓ બીજા ક્વાર્ટરનો સમયગાળો : જુલાઈથી સપ્ટેમ્બર 2020

ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં FDI :

- ✓ રિપોર્ટ પ્રમાણે, રાજ્યમાં છેલ્લા 1 વર્ષમાં 1.38 લાખ કરોડનું વિદેશી રોકાણ આવ્યું.
- ✓ દેશમાં કુલ રોકાણના 35 ટકા વિદેશી રોકાણ ગુજરાતમાં આવ્યું.
- ✓ દેશમાં છેલ્લાં 20 વર્ષમાં 30 લાખ કરોડનું વિદેશી રોકાણ આવ્યું. જુલાઇથી સપ્ટેમ્બર સુધી દેશમાં રૂપિયા 1.75 લાખ કરોડ રોકાણ આવ્યું. ઑગસ્ટમાં જ રૂપિયા 1.30 લાખ કરોડ રોકાણ આવ્યું.

આ ક્વાર્ટરનો આંકડો સમગ્ર વર્ષ ગુજરાતને આગળ રાખશે

- ✓ બીજા ક્વાર્ટરમાં ગુજરાતમાં 1.19 લાખ કરોડનું વિદેશી રોકાણ આવ્યું. એપ્રિલથી જૂન મહિના સુધીના લૉકડાઉનના સમયમાં ગુજરાતમાં રૂપિયા 3055 કરોડનું વિદેશી મૂડીરોકાણ આવ્યું હતું.
- ✓ દેશમાં ગુજરાત સાતમા સ્થાને હતું.
- ✓ વર્ષ 2020-21ના પહેલા ત્રણ મહિનાના આંકડાઓ મુજબ, કર્ણાટકમાં રૂ. 10,255 કરોડ, મહારાષ્ટ્રમાં રૂ. 8,859 કરોડ, દિલ્હીમાં રૂ. 7,237 કરોડ, ઝારખંડમાં રૂ. 5,985 કરોડ, તેલંગાણામાં રૂ. 4,180 કરોડ, તામિલનાડુમાં રૂ. 3,377 કરોડ વિદેશી મૂડીરોકાણ થયું છે.
- ✓ 2019-20ના એક જ વર્ષમાં રાજ્યમાં 42,976 કરોડ રૂપિયાનું ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ આવ્યું હતું.
- ✓ FDI ઇક્વિટી ઇનફ્લોના આંકડાઓ મુજબ, ઓક્ટોબર 2019થી જૂન 2020 સુધીના સમયગાળામાં દેશના કુલ વિદેશી મૂડીરોકાણમાં ગુજરાતનો ફાળો 10 ટકા

હતો. મહારાષ્ટ્રનો ફાળો 28 ટકા, કર્ણાટકનો 19 ટકા, દિલ્હીનો ફાળો 16 ટકા છે.

એપ્રિલથી સપ્ટેમ્બર 2020માં વિવિધ રાજ્યોમાં FDI :

રાજ્ય	રોકાણ
ગુજરાત	119566
મહારાષ્ટ્ર	27143
કર્ણાટક	27458
દિલ્હી	19863
ઝારખંડ	5990
તામિલનાડુ	7062
હરિયાણા	5111
તેલંગાણા	5045
ઉત્તરપ્રદેશ	1680
પ.બંગાળ	1985

- ✓ DPIIT : ડિપાર્ટમેન્ટ ઓફ પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનેશનલ ટ્રેડ-કેન્દ્ર સરકાર
- ✓ FDI : ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. પરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં ગુજરાતનું પ્રદાન (ઊર્જા)

આંકડાકીય વિગતો :

- ✓ દેશની કુલ રિન્યુએબલ એનર્જી ઉત્પાદનમાં ગુજરાતનું પ્રદાન ૧૩ ટકા
- ✓ દેશની રિન્યુએબલ એનર્જી કેપેસિટી ૮૯,૨૩૦ મેગાવોટની સામે ગુજરાતે ૧૧,૨૬૪ મેગાવોટ કેપેસિટીનું યોગદાન આપ્યું



- ✓ ૨૦૧૦માં ચારણકામાં એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક સ્થાપીને ગુજરાતે વન સન-વન વર્લ્ડ-વન ગ્રીડનો સફળ રાહ વિશ્વને બતાવ્યો
- ✓ ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્મેન્ટ રિજીયનમાં પાંચ હજાર મેગાવોટ અલ્ટ્રા મેગા સોલાર પાર્કનું નિર્માણ થઇ રહ્યું છે
- ✓ રિન્યુએબલ એનર્જી સેકટર રોજગારી સર્જનનું પણ મહત્વનું સેકટર બન્યું
- ✓ રાજ્યમાં ૩૦ ગીગાવોટ ક્ષમતામાં રિન્યુએબલ એનર્જી ૩૭ ટકા ફાળો આપે છે
- ✓ ખેતીવાડીને સૂર્ય ઊર્જા સાથે જોડીને રાજ્યના કિસાનોને સૂર્યશકિતથી ખેતી કરતા બનાવ્યા છે –પ્રદૂષણમુકત ખેતી દ્વારા હરિતક્રાંતિની પરિભાષા સાકાર થઇ

- ✓ રાજ્યમાં ૧ લાખ ૭૦ હજાર ઘરો પર સોલાર રૂફટોપથી ઘર વપરાશ માટે સૌર ઊર્જાનો ઉપયોગ થાય છે
- ✓ રિન્યુએબલ એનર્જી સેકટરના મજબૂત ઇન્ફ્રાસ્ટ્રકચરને પરિણામે ૨૦૩૦ સુધીમાં રિન્યુએબલ એનર્જી સેકટરમાં ૬૫ થી વધુ ગીગાવોટની ક્ષમતા પ્રાપ્ત થઇ શકશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૫. 26/11 મુંબઈ હુમલાના માસ્ટર માઇન્ડ આતંકી સાજિદ મીર ઉપર USA દ્વારા 50 લાખ ડોલરનું ઈનામ (વૈશ્વિક આતંકવાદ)



- ✓ સાજિદ મીર પાકિસ્તાની આતંકી સંગઠન લશ્કરે તોયબા સાથે સંકળાયેલા હોવાની USની સ્પષ્ટતા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ફૂટબોલર ડિઓગો મારાડોના : જર્સી નંબર-10



- ✓ મારાડોનાનું તાજેતરમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયુ હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. 94મો થેન્ક્સગિવિંગ ડે : 27 નવેમ્બર



- ✓ USમાં ૬૨ વર્ષે 27 નવેમ્બરે થેન્ક્સગિવિંગ ડેની ઉજવણી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિવસ વિશેષ - 27 નવેમ્બર

(૧) છ અક્ષરનું નામ : રમેશ પારેખ

જન્મ : 27 નવેમ્બર 1940

અવસાન : 17 મે 2006

- ✓ આજે ઉદ્યોગપતિ નાનુભાઈ અમીન, હાસ્યકાર બકુલ ત્રિપાઠી, હરિવંશરાય બચ્ચન અને કવિ રમેશ પારેખનો જન્મદિન.



- ✓ અમરેલીમાં જન્મેલાં રમેશ મોહનલાલ પારેખ 1958માં મેટ્રિક થઇ સરકારી નોકરીમાં જોડાયા હતાં.
- ✓ કવિ, વાર્તાકાર, બાળ સાહિત્યકાર રમેશ પારેખ ખડિંગ, ત્વ, વિદાન સુદ બીજ, સનનન, ક્યાં, સ્તનપૂર્વક, છાતીમાં બારસાખ, યશમાના કાચ પર જેવાં પુસ્તકો લખ્યાં.
- ✓ કાવ્ય પંક્તિ : ત્રાજવે તોળ્યા હતાં એ નખશીખ હલકા નીકળ્યા, શા-જે રહેતાં હતાં બહુ ભારમાં", "પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર? એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર"
- ✓ રમેશ પારેખની ધીમે ધીમે ઢાળ ઉતરતી ટેકરીઓની સાખે, તમને ફૂલ દીધાનું યાદ જેવી અનેક રચનાઓ ચિરસ્મરણીય છે.
- ✓ કવિ રમેશ પારેખે ગીતોને લોકગીતોની કક્ષાએ પહોચાડયા છે.

સન્માન :

- ✓ નર્મદા ચંદ્રક, રણજીતરામ સુવર્ણચંદ્રક, ઉમા સ્નેહરશ્મિ પારિતોષિક જેવાં અનેક સન્માનો પ્રાપ્ત થયાં.
- ✓ ચિત્રકલા અને સંગીતપ્રેમી તથા ગુજરાતી કવિતાને નવી ઉંચાઈ પર લઇ જનાર રમેશ પારેખનું 17 મે 2006ના રોજ રાજકોટ ખાતે અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) દાદાસાહેબ : ગણેશ વાસુદેવ માવલંકર



જન્મ – ૨૭ નવેમ્બર ૧૮૮૮

અવસાન - ૨૭ ફેબ્રુઆરી-૧૯૫૬

- ✓ દાદાસાહેબના હુલામણા નામે જાણીતા થયેલા ગણેશ વાસુદેવ માવલંકર મૂળ મહારાષ્ટ્રના પણ તેમનો જન્મ વડોદરામાં થયો હતો.
- ✓ માવલંકર 1904માં મેટ્રિક અને 1906માં ગુજરાત કોલેજથી વિનયન સ્નાતક થયા.
- ✓ અભ્યાસ બાદ વકીલાત અને વકીલાત થકી જાહેરજીવનમાં આવ્યા હતા.
- ✓ દાદાસાહેબ માવલંકરની જાહેર પ્રવૃત્તિઓમાં કેળવણી ક્ષેત્રે તેમની પ્રવૃત્તિઓ અન્ય પર સરસાઈ ધરાવે છે.
- ✓ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, ગુજરાત યુનિ. જેવી રાષ્ટ્રીય મહત્વની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનામાં તેઓનું માતબર યોગદાન રહ્યું હતું.
- ✓ 23 નવેમ્બર 1949ના રોજ સ્થપાયેલી ગુજરાત યુનિ.ની સ્થાપના માટે તેમણે કહ્યું કે, ગુજરાત યુનિ.ની સ્થાપનાને હું મારું સ્વપ્ન નહિ પણ જાગૃત અવસ્થા કહું છું.
- ✓ આ યુનિ. કોઈ એકલ દોકલ દાતાના દાનથી અને તેના બદલે હજારો ગુજરાતીઓની સખાવતથી બને તેવી કાળજી રાખી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૧૧-૨૦૨૦)

1. તાજેતર નવેમ્બર 2020માં ગુજરાત સરકારે કયા શ્રમ કાયદામાં સુધારો કર્યો છે - **કોન્ટ્રાક્ટ લેબર(ગુજરાત) નિયમ 1972**
2. ગુજરાત સરકારે કોન્ટ્રાક્ટ લેબર નિયમમાં તાજેતરમાં કરેલા ફેરફાર મુજબ હવે કેટલા કામદારો ધરાવતા એકમોએ કોઈપણ પ્રકારની કોન્ટ્રાક્ટ ફી ભરવાની રહેશે નહીં- **50 કે તેથી ઓછા**
3. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર મંત્રીનું નામ જણાવો - **શ્રી દિલીપ ઠાકોર**
4. અમદાવાદ-મુંબઈ બુલેટટ્રેન પ્રોજેક્ટનું કામ તાજેતરમાં કઇ કંપનીને આપવામાં આવ્યું - **એલ એન્ડ ટી**
5. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનના કુલ કિલોમીટર જણાવો - **325**
6. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે કઇ કંપનીની રચના કરવામાં આવી છે - **નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ**
7. તાજેતરમાં ગુજરાતમાં એફડીઆઈ અંગે કેન્દ્રની કઈ સંસ્થા દ્વારા અહેવાલ રજૂ કરાયો - **ડિપાર્ટમેન્ટ ઓફ પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનેશનલ ટ્રેડ (DPIIT)**
8. DPIITના અહેવાલ મુજબ બીજા ક્વાર્ટર્સ-2020માં ગુજરાતમાં સૌથી વધુ કેટલું વિદેશી રોકાણ આવ્યું - **1.19 લાખ કરોડ**
9. તાજેતરના DPIITના અહેવાલ મુજબ છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં કુલ કેટલું વિદેશી રોકાણ આવ્યું - **1.38 લાખ કરોડ**
10. તાજેતરના DPIITના અહેવાલ મુજબ છેલ્લા એક વર્ષમાં સૌથી વધુ FDI ધરાવતા ભારતના પાંચ રાજ્યના નામ જણાવો - **ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી, ઝારખંડ**
11. FDIનું વિસ્તૃત નામ જણાવો – **ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ**
12. દેશની કુલ રિન્યુએબલ એનર્જી ઉત્પાદનમાં ગુજરાતનું પ્રદાન કેટલા ટકા છે - **૧૩**
13. દેશની રિન્યુએબલ એનર્જી કેપેસિટી ૮૯,૨૩૦ મેગાવોટની સામે ગુજરાતે કેટલી મેગાવોટ કેપેસિટીનું યોગદાન આપ્યું - **૧૧,૨૬૪**
14. ગુજરાતે ૨૦૧૦માં કયા સ્થળે એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક સ્થાપીને વન સન-વન વર્લ્ડ-વન ગ્રીડનો સફળ રાહ વિશ્વને બતાવ્યો - **ચારણકા**

15. ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્મેન્ટ રિજીયનમાં કેટલા મેગાવોટ અલ્ટ્રા મેગા સોલાર પાર્કનું નિર્માણ થઇ રહ્યું છે - **પાંચ હજાર**
16. ગુજરાતમાં ૩૦ ગીગાવોટ ક્ષમતામાં રિન્યુએબલ એનર્જીનો ફાળો કેટલા ટકા છે - **૩૭ ટકા**
17. રિન્યુએબલ એનર્જી સેકટરના મજબૂત ઇન્ફ્રાસ્ટ્રકચરને પરિણામે કયા વર્ષ સુધીમાં રિન્યુએબલ એનર્જી સેકટરમાં ૬૫ થી વધુ ગીગાવોટની ક્ષમતા પ્રાપ્ત થઇ શકશે - **૨૦૩૦**
18. USA દ્વારા 26/11 મુંબઈ હુમલાના માસ્ટર માઇન્ડ આતંકી સાજિદ મીર ઉપર કેટલા ડોલરનું ઈનામ જાહેર કર્યું - **50 લાખ ડોલર**
19. તાજેતરમાં હૃદયરોગના હુમલાથી અવસાન પામનારા ફૂટબોલર ડિઓગો મારાડોનાનો જર્સી નંબર કયો હતો - **10**
20. થેન્ક્સગિવિંગ ડે કયારે મનાવવામાં આવે છે - **27 નવેમ્બર**
21. 27 નવેમ્બર-2020માં કેટલામો થેન્ક્સગિવિંગ ડે મનાવવામાં આવ્યો - **94**
22. છ અક્ષરનું નામ કવિતા સંગ્રહ કોનો છે – **કવિ રમેશ પારેખ**
23. કવિ રમેશ પારેખનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **27 નવેમ્બર 1940 તથા અમરેલી**
24. 'ધીમે ધીમે ઢાળ ઉતરતી ટેકરીઓની સાખે, તમને ફૂલ દીધાનું યાદ છે' કાવ્ય પંક્તિ કોની છે - **કવિ રમેશ પારેખ**
25. 27 નવેમ્બરે ગુજરાતમાં કયા મહાનુભાવની જન્મ જયંતી ઉજવાઇ - **ગણેશ વાસુદેવ માવલંકર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. ગતિ વાવાઝોડું (કુદરતી આપતિ)



- ✓ ઉદભવ સ્થાન: દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્ર (ગુજરાતનો દરિયાકિનારો)
- ✓ વાવાઝોડાનું નામ આપનાર દેશ : ભારત.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગ્લોબલ સ્માર્ટ સિટીઝ ફોરમ-૨૦૨૦ (શહેરી વિકાસ)

- ✓ તારીખ 27 અને 28 નવેમ્બર 2020
- ✓ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદને 'સ્માર્ટ પાર્કિંગ' અને સ્માર્ટ સ્ટ્રીટ લાઇટ પ્રોજેક્ટમાં ગોલ્ડન કેટેગરી એવોર્ડ



- ✓ કુલ ૧૫ કેટેગરી સામેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વિશેષ સન્માન : UN-ECOSOC દ્વારા શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર ધરમપુરને સલાહકારના વૈશ્વિક દરજ્જા સાથે સન્માન



વિગત :

- ✓ હેતુ: સેવાકીય પ્રવૃતિ બદલ સલાહકાર સન્માન

સંસ્થા :

- ✓ ગુરૂદેવ રાકેશભાઇ સંસ્થાપિત શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના સામાજિક અભિયાન શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરની અનેક સેવાકીય પ્રવૃત્તિઓની યુનાઈટેડ નેશન્સ ઇકોનોમીક એન્ડ સોશ્યલ કાઉન્સિલ (UN-ECOSOC) દ્વારા વિશેષ સલાહકારનો દરજ્જો આપીને ઉચ્ચતમ સન્માન.

મહત્વ :

- ✓ યુ.એન. દ્વારા અપાતો વિશેષ સલાહકારનો દરજ્જો NGOને અપાતો સૌથી ઉચ્ચતમ દરજ્જો.
- ✓ સંસ્થાના સામાજિક કાર્યો પ્રત્યેની પ્રતિબધ્ધતા વગેરેથી પણ યુ.એન.ની સમિતિ પ્રભાવિત થઈ હતી.
- ✓ યુ.એન.ના આ સન્માન અને સ્વીકૃતિ સાથે શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત કરી છે, જે માત્ર શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર જ નહીં તો સમગ્ર ભારત માટે ગૌરવની વાત છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૪. સ્વદેશી કોરોના વેક્સિન (આરોગ્ય)

ભારતની ત્રણ અગ્રણી કોરોના વેક્સિનની તૈયારીની સમીક્ષા કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમદાવાદ હૈદરાબાદ અને પૂણેની પ્રત્યક્ષ મુલાકાત



વડાપ્રધાન મોદીની વેક્સિન ટૂર :

પહેલું ડેસ્ટિનેશનઃ અમદાવાદ

- ✓ રસીનું નામઃ ઝાયકોવ-ડી
- ✓ ફોર્મ્યુલાઃ ઝાયડસ બાયોટેક, અમદાવાદ
- ✓ નિર્માતાઃ ઝાયડસ બાયોટેક
- ✓ નિર્માણ સ્થળઃ ચાંગોદર, અમદાવાદ (ગુજરાત)
- ✓ સ્ટેટસઃ ત્રીજા તબક્કાની ટ્રાયલ શરૂ
- ✓ ઝાયડસ એ ગુજરાત બેઝ્ડ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ફાર્મા કંપની છે. કોરોના વિરોધી રસી વિકસિત કરવામાં ઝાયડસ શરૂઆતથી જ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં લાગી ગઈ હતી.
- ✓ સંપૂર્ણ સ્વદેશી ફોર્મ્યુલા અને સ્વદેશી નિર્માણ પ્રક્રિયા ધરાવતી ઝાયડસની વેક્સિન ટ્રાયલના છેલ્લા તબક્કામાં
- ✓ ઝાયડસ કેડીલા ખાતેની પીએમ મોદીની મુલાકાત સારવારની જરૂરિયાતોમાં રહેલી

ખામીઓ દૂર કરવા ઊંચા શિખરો સર કરવા પ્રોત્સાહિત કરી ગઈ - પંકજ પટેલ ચેરમેન ઝાયડસ કેડિલા

- ✓ ઝાયડસ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર શર્વિલ પટેલ

બીજું ડેસ્ટિનેશનઃહૈદરાબાદ

- ✓ વેક્સિનનું નામ : કોવેક્સિન
- ✓ ફોર્મ્યુલાઃ ભારત બાયોટેક અને ICMR
- ✓ બનાવનાર કંપનીઃ ભારત બાયોટેક
- ✓ પ્લાન્ટઃ હૈદરાબાદ
- ✓ સ્ટેટસઃ ટ્રાયલ ત્રીજા તબક્કામાં, જાન્યુઆરી સુધી પરિણામ આવવાની આશા
- ✓ સ્વદેશી વેક્સિન'કોવેક્સિન' વિશે માહિતી લેવા માટે મોદી હૈદરાબાદ. હાકિમપેઠ એરફોર્સ સ્ટેશન પર લેન્ડ કર્યા પછી ભારત બાયોટેક પહોંચ્યા.
- ✓ એક કલાક સુધી વેક્સિન બનાવનાર પ્લાન્ટ પર રોકાણ બાદ પુણે માટે રવાના.
- ✓ ભારત બાયોટેકે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ(ICMR)સાથે કોવેક્સિન બનાવવા માટે હાથ મિલાવ્યો છે.
- ✓ હરિયાણાના સ્વાસ્થ્યમંત્રી અનિલ વિજ અંબાલા કેન્ટની એક હોસ્પિટલમાં આ વેક્સિનના ડોઝ લગાવડાવી ચૂક્યા છે.
- ✓ લાર્જ-સ્કેલ ટ્રાયલ્સમાં જો વેક્સિન ઈફેક્ટિવ સાબિત થઈ તો આગામી વર્ષની શરૂઆતમાં કંપની તેને રેગ્યુલેટરી અપ્રૂવલ માટે અરજી કરશે
- ✓ વડાપ્રધાનની મુલાકાતથી અમને મહાન પ્રેરણા મળી. અમે સંશોધન, આરોગ્યની સમસ્યાઓના નિવારણ, કોરોના સામેની લડાઇ સામે પ્રતિબંધ છીએ. - કૃષ્ણા એલ્લા ચેરમેન ભારત બાયોટેક.

ત્રીજું ડેસ્ટિનેશનઃ પુણે

- ✓ વેક્સિનનું નામ : કોવિશીલ્ડ
- ✓ ફોર્મ્યુલાઃ ઓક્સફર્ડ યુનિવર્સિટી/ બ્રિટિશ ફાર્મા કંપની એસ્ટ્રાજેનેકા
- ✓ બનાવનાર કંપનીઃ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા
- ✓ પ્લાન્ટઃ પુણે(મહારાષ્ટ્ર)
- ✓ સ્ટેટ્સઃ ટ્રાયલ અંતિમ તબક્કામાં
- ✓ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ કોરોના વેક્સિન કોવિશીલ્ડના પ્રોડક્શન માટે બ્રિટનની કંપની એસ્ટ્રાજેનેકા અને ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે ભાગીદારી કરી.
- ✓ SII દુનિયામાં સૌથી વધુ વેક્સિન બને છે. એક્સપર્ટ્સ અને સરકારી અધિકારીઓનું માનવું છે કે ભારતમાં સૌથી પહેલા આ જ વેક્સિન મળશે.
- ✓ કોવિશીલ્ડના અંતિમ તબક્કાની ટ્રાયલ્સ બે પ્રકારે કરવામાં આવી છે.
- ✓ પહેલામાં 62% અસરકારક જોવા મળી, જ્યારે બીજામાં 90%થી વધુ. સરેરાશ જોવામાં આવે તો ઈફેક્ટિવનેસ 70%ની આસપાસ રહી છે
- ✓ બ્રિટનમાં ચાલી રહેલી ટ્રાયલ અંગે અમે વડાપ્રધાનને માહિતી આપી. રસી વિતરણ

અંગે પણ ચર્ચા કરી. ઇમર્જન્સી લાયસન્સ મેળવવાની પ્રક્રિયામાં છીએ - <u>આદર પૂનાવાલા, CEO- સીરમ ઈન્સ્ટિટ્યૂટ, પૂના.</u>

- ✓ SIIના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સુરેશ જાધવે હાલમાં જ દાવો કર્યો હતો કે અમે વેક્સિન બનાવવાનું શરૂ કરી દીધું છે.
- ✓ જાન્યુઆરીથી અમે દર મહિને 5-6 કરોડ વેક્સિન બનાવવા લાગીશું.
- ✓ જાન્યુઆરી સુધી અમારી પાસે 8થી 10 કરોડ ડોઝનો સ્ટોક તૈયાર હશે. સરકાર પાસેથી મંજૂરી મળશે તો અમે સપ્લાઈ શરૂ કરી દેશું

- ✓ 28 નવેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝાયડ્સ કેડિલાના ચાંગોદર પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને તેમને ઝાયડ્સ દ્વારા વિકસાવાઈ રહેલી કોરોના વેક્સિન અંગે જાણકારી મેળવી હતી.
- ✓ પ્રધાનમંત્રી મોદીની પ્લાન્ટ વિઝિટ અંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શર્વિલ પટેલે જણાવ્યું કે, PM મોદીની મુલાકાત અમારા માટે ઘણી પ્રેરણાદાયી હતી. તેમને વેક્સિન અંગે સંપૂર્ણ નોલેજ હતું અને આગામી અમુક મહિનાઓમાં શું જરૂરિયાતો ઊભી થશે એનું પણ તેમને નોલેજ છે. હવે શું કરવાનું છે એનો રોડમેપ તેમની પાસે છે.
- ✓ મોદીએ આગામી પ્લાન વિશે ચર્ચા કરી
- ✓ શર્વિલ પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી સાથે કોરોના વેક્સિન અને એને લઈને કંપનીની આગામી યોજનાઓ વિશે વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હતી.
- ✓ શર્વિલ પટેલે કહ્યું હતું કે ચર્ચા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોરોનાની રસીની સાથે સાથે એના ઉપચાર વિશે પણ ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.
- ✓ ઝાયડ્સ કેડિલાની વેક્સિન 'ઝાયકોવિડ'ની ક્લિનિકલ ટ્રાયલનો બીજો તબક્કો પૂરો થયો છે અને કંપની ડિસેમ્બરમાં ફેઝ-3 પર કામ શરૂ કરશે.

<u>સરકાર તમામ સહયોગ આપવા તૈયાર</u>

- ✓ નરેન્દ્ર મોદીએ આ સમગ્ર પ્રક્રિયામાં સરકાર કઈ રીતે મદદરૂપ થઇ શકે એની પણ વિસ્તારથી વાત કરી હતી.
- ✓ કોવિડમુક્ત વિશ્વ માટેની તેમના વિઝનથી ભારત જલદીથી આ રોગચાળામાંથી બહાર આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૫. જાહેરાત : કેન્દ્ર સરકાર (માર્ગ-સુરક્ષા)</u>

<u>જૂન 2021થી ભારતમાં દ્વિચક્રી વાહન ચાલકો માટે BIS પ્રમાણિત હેલ્મેટ ફરજિયાત થશે</u>



<u>વિગતો :</u>

- ✓ 1 જૂન 2021થી નોન-BIS હેલ્મેટનું ઉત્પાદન અને વેચાણ અપરાધ ગણાશે

✓ BIS : બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ

✓ મંત્રાલય : કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરી માર્ગ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. સિદ્ધી : હિમાચલ પ્રદેશ

✓ હિમાચલ પ્રદેશ ૧૦૦ ટકા ઘરમાં એલપીજી કનેક્શનવાળું દુનિયાનું પ્રથમ રાજ્ય બન્યુ.



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. સિદ્ધી : પીલીભીત ટાઇગર રીઝર્વ-ઉત્તરપ્રદેશ

✓ પીલીભીત ટાઇગર રીઝર્વને વાધની વસ્તી ડબલ કરવા માટે આંતરરાષ્ટ્રીય પુરસ્કાર



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૮. ભારત-અફઘાનિસ્તાન સંબંધો

ભારતે અફઘાનિસ્તાન માટે ૧૦૦થી વધુ પરિયોજનાઓની જાહેરાત કરી



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. વૈશ્વિક વિવાદ : ઈરાનના ટોચના પરમાણુ વિજ્ઞાની મોહસિન ફખરીજાદેહની તહેરાનમાં ગોળી મારી હત્યા



મોહસિન વિશે :

- ✓ મોહસિન ફખરીજાદેહે ઇરાનના પરમાણુ કાર્યક્રમનું નેતૃત્વ સંભાળી રહ્યા હતા
- ✓ અમેરિકા, નાટો, ઇઝરાયેલ અને આરબ દેશો આ પરમાણુ કાર્યક્રમના વિરુદ્ધમાં છે.
- ✓ એક દાયકા પહેલાં મોહસિનના કેટલાક નજીકના વિજ્ઞાનીની પણ હત્યા થઈ હતી.

ઇઝરાયેલના મોસાદ ઉપર શંકા

- ✓ ૭ ઓગસ્ટના રોજ તહેરાનમાં જ અલ કાયદાના નંબર બે અબુ મહમદ અલ માસરીની પણ આ રીતે જ હત્યા થઈ હતી. ત્યારે પણ હત્યા કોણે કરી તેની જાણકારી મળી શકી નહોતી.
- ✓ ફખરીજાદેહની હત્યાના કિસ્સામાં પણ આવી જ હકીકત છે. પરંતુ ઇઝરાયેલની ગુપ્તચર એજન્સી મોસાદે હત્યા કરી હોવાની શંકા સેવાઈ રહી છે.
- ✓ મોહસિન મોસાદના હિટ લિસ્ટમાં ટોચ પર હતી તેમ ચર્ચાઈ રહ્યું છે
- ✓ **ઈરાન પ્રમુખ : હસન રુહાની**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. દિન વિશેષ : ૨૪મી નવેમ્બર

દર વર્ષે ૨૪મી નવેમ્બરે શિખ ગુરુ તેગ બહાદૂર શહાદત દિવસ મનાવવામાં આવે છે



- ✓ શહાદત : નવી દિલ્હી
- ✓ વતન : અમૃતસર, પંજાબ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. દિન વિશેષ : ૨૫મી નવેમ્બર આંતરરાષ્ટ્રીય ઘરેલુ હિંસા નિવારણ દિવસ



- ✓ દર વર્ષે ૨૫મી નવેમ્બરે આંતરરાષ્ટ્રીય ઘરેલુ હિંસા નિવારણ દિવસ મનાવવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૨. જન્મ દિવસ વિશેષ – ૨૮ નવેમ્બર

સંસ્કારમૂર્તિઃ ઇન્દુબેન શેઠ



જન્મ – ૨૮ નવેમ્બર ૧૯૦૬

અવસાન - ૧૧ માર્ચ ૧૯૮૫

- ✓ ગુજરાતના પહેલા મહિલા મંત્રી ઇન્દુબેન શેઠનો જન્મદિવસ
- ✓ અમદાવાદમાં જન્મેલાં ઇન્દુબેનના પિતાનું તેમની 2 વર્ષની ઉંમરે અવસાન થયું હતું. તેમના પિતાએ મૃત્યુ પહેલા મોટાભાગની સંપતિ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે દાન કરી દીધી હતી.
- ✓ અમદાવાદની જ સરકારી શાળામાં ભણેલાં ઇન્દુબેનને 1921માં મેટ્રિકની પરીક્ષામાં આખા મુંબઈ ઈલાકામાં પ્રથમ આવવા બદલ ચેટફિલ્ડ પ્રાઈઝ પ્રાપ્ત થયું હતું.
- ✓ ઇન્દુબેન ગાંધી પ્રભાવમાં ઉચ્ચ અભ્યાસ વિદ્યાપીઠમાં જોડાયાં અને સ્નાતક થયાં અને ત્યાં માનદ અધ્યાપક પણ બન્યાં હતાં
- ✓ 1920-22ના અસહકાર આંદોલન અને 1942ના હિન્દ છોડો આંદોલનમાં ભાગ લઈ તેમણે જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ ઇન્દુબેન શેઠનું કાર્યક્ષેત્ર કોમી એકતા અને મહિલા ઉત્કર્ષ તથા શિક્ષણ પણ રહ્યું હતું.
- ✓ અમદાવાદની પ્રતિષ્ઠિત શેઠ સી.એન. વિદ્યાલયમાં શિક્ષક તરીકે પણ સેવા આપી હતી.
- ✓ અમદાવાદ મ્યુ.સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે પણ તેઓ નિમાયાં હતાં.
- ✓ પદ્મશ્રીથી પુરસ્કૃત ઇન્દુબેનનું 11 માર્ચ 1985ના રોજ અવસાન થયું હતું.
- ✓ આજે જર્મન ચિંતક ફેડરિક એન્જલ્સ, શ્રીમન્ન નૃસિંહાચાર્ય, કવિ કરસનદાસ માણેકનો જન્મદિવસ
- ✓ સામાજિક ક્રાંતિના અગ્રદૂત મહાત્મા જ્યોતિરાવ ફૂલે, ક્રાંતિકાર સેનાપતિ બાપટ અને ગુજરાતી વિશ્વકોશના પુરસ્કર્તા સાંકળચંદ પટેલની પૂણ્યતિથિ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૧૧-૨૦૨૦)

1. નવેમ્બર-૨૦૨૦માં ત્રાટકેલા ગતિ વાવાઝોડાનું ઉદભવ સ્થાન કયુ હતુ - **દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્ર**
2. નવેમ્બર-૨૦૨૦માં દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્રમાં ઉદભવેલું વાવાઝોડાનું 'ગતિ' નામ કોના દ્વારા આપવામાં આવ્યું હતુ - **ભારત**
3. ૧૦૦ ટકા ઘરમાં એલપીજી કનેક્શનવાળું દુનિયાનું પ્રથમ રાજ્ય કયુ છે - **હિમાચલ પ્રદેશ**
4. તાજેતરમાં "ગ્લોબલ સ્માર્ટ સિરીઝ ફોરમ 2020" ક્યારે યોજાઇ- **તારીખ 27 અને 28 નવેમ્બર**
5. "ગ્લોબલ સ્માર્ટ સિરીઝ ફોરમ 2020"માં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદને ગોલ્ડન કેટેગરીમાં કયા પ્રોજેક્ટમાં એવોર્ડ પ્રાપ્ત થયા-**સ્માર્ટ પાર્કિંગ અને સ્માર્ટ સિટી લાઇટ**
6. તાજેતરમાં સૌપ્રથમ ગુજરાતની કઈ સંસ્થાને UN-ECOSCO દ્વારા સલાહકારનો વૈશ્વિક દરજ્જો અપાયો - **શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર**
7. શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર સંસ્થા ક્યાં આવેલી છે - **ધરમપુર, વલસાડ**
8. UN-ECOSCO વિસ્તૃત નામ જણાવો - **યુનાઇટેડ નેશન્સ ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ**
9. UN-ECOSCO દ્વારા કયા પ્રકારની સંસ્થાને વિશેષ સલાહકારનો ઉચ્ચતમ દરજ્જો અપાય છે - **સેવાકીય પ્રવૃત્તિ**
10. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ભારતમાં કોરોનાની સ્વદેશી વેક્સિનની તૈયારી માટે કઈ સંસ્થાઓની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી - **ઝાયડસ**

બાયોટેક અમદાવાદ, ભારત બાયોટેક હૈદરાબાદ અને સિરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા, પુણે

11. ઝાયડસ બાયોટેક અમદાવાદ દ્વારા શોધનાર કોરોના વેક્સિનનું નામ જણાવો - **ઝાયકોવ-ડી**
12. ભારત બાયોટેક હૈદરાબાદ દ્વારા શોધનાર કોરોના વેક્સિન નામ જણાવો - **કોવેક્સિન**
13. સિરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા, પુણે દ્વારા શોધનાર કોરોના વેક્સિન નામ જણાવો - **કોવિશીલ્ડ**
14. નવેમ્બર-૨૦૨૦માં કયા ટાઇગર રીઝર્વને વાઘની વસ્તી ડબલ કરવા માટે આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો - **પીલીભીત**
15. ભારતે અફઘાનિસ્તાન માટે કેટલી પરિયોજનાઓની જાહેરાત કરી - **૧૦૦થી વધુ**
16. ભારતમાં દ્વિચક્રી વાહન ચાલકો માટે કયારથી BIS પ્રમાણિત હેલ્મેટ ફરજિયાત થશે - **જૂન 2021**
17. BISનું વિસ્તૃત નામ જણાવો - **બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ**
18. વર્તમાન કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરી માર્ગ મંત્રીનું નામ જણાવો – **નીતિન ગડકરી**
19. નવેમ્બર-૨૦૨૦માં કયા આરબ દેશના ટોચના પરમાણુ વિજ્ઞાની તહેરાનમાં ગોળી મારી હત્યા કરાઈ – **ઈરાન**
20. નવેમ્બર-૨૦૨૦માં ઈરાનના કયા પરમાણુ વિજ્ઞાનીની તહેરાનમાં ગોળી મારી હત્યા કરાઈ - **મોહસિન ફખરીજાદેહની**
21. ઈરાનના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **હસન રુહાની**
22. ઇઝરાયેલની ગુપ્તચર એજન્સીનું નામ જણાવો - **મોસાદ**
23. શિખ ગુરુ તેગ બહાદૂર શહાદત દિવસ કયારે મનાવવામાં આવે છે - **૨૪ નવેમ્બર**
24. શિખ ગુરુ તેગ બહાદૂરનું વતન કયુ છે - **અમૃતસર, પંજાબ**
25. આંતરરાષ્ટ્રીય ઘરેલુ હિંસા નિવારણ દિવસ કયારે મનાવવામાં આવે છે – **૨૫ નવેમ્બર**
26. ગુજરાતના પહેલા મહિલા મંત્રીનું નામ જણાવો - **પદ્મશ્રી ઈન્દુબહેન શેઠ**
27. શ્રી ઈન્દુબહેન શેઠનો જન્મદિવસ જણાવો- **28 નવેમ્બર 1906**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. મન કી બાત : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા મન કી બાતની 71મી આવૃત્તિ રજૂ કરાઈ



મન કી બાતના મુખ્ય અંશો :

- ✓ નવા કૃષિ કાયદાઓએ ખેડૂતો માટે વધુ અધિકાર અને નવી તકો આપી છે.
- ✓ ૧૦૦ વર્ષ જૂની દેવી અન્નપૂર્ણાની પ્રતિમા કેનેડાથી ભારત પાછી લવાશે
- ✓ અરબિંદો દ્વારા પ્રસ્તાવિત રાષ્ટ્રીય શિક્ષણનીતિ અમલમાં મુકાઇ છે.
- ✓ ૧૨મી નવેમ્બરે બર્ડ વૉચર ડો. સલીમ અલીની ૧૨૫મી જન્મજયંતી ગઇ.
- ✓ બર્ડ વૉચિંગમાં તેમણે અદ્ભુત યોગદાન આપ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ચંદ્રગ્રહણ-૨૦૨૦ : તા. ૩૦ નવેમ્બરે વર્ષ-૨૦૨૦નું અંતિમ ચંદ્રગ્રહણ (ખગોળ વિજ્ઞાન)

- ✓ આગામી તા. ૨૬ મે ૨૦૨૧ના રોજ ખગ્રાસ(સંપૂર્ણ) ચંદ્રગ્રહણ થશે.



વિગત :

- ✓ જાણીતા ખગોળશાસ્ત્રી અને ધ ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટીના અધ્યક્ષ ડો.જે.જે.રાવલે માહિતી આપી હતી કે ૩૦ નવેમ્બરનું ચંદ્રગ્રહણ પેન્યુમ્બ્રલ એટલે કે છાયાગ્રહણ હશે.

ચંદ્રગ્રહણના ત્રણ પ્રકાર :

- ✓ ચંદ્રગ્રહણ ખગ્રાસ(સંપૂર્ણ), ખંડગ્રાસ (આંશિક) અને છાયા (ઝાંખુ) એમ ત્રણ પ્રકારનાં હોય છે.
- ✓ ૩૦ નવેમ્બરના છાયા ચંદ્ર ગ્રહણ વખતે ચંદ્ર પૃથ્વીની ક્ષિતિજની નીચે હોવાથી ભારતમાં નહીં જોઈ શકાય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. રેકોર્ડ - ખેલકૂદ : ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીનો ફાસ્ટેટ આંતરરાષ્ટ્રીય ૨૨,૦૦૦ રનનો વર્લ્ડ રેકોર્ડ



વિગત :

- ✓ કોહલીએ એક મહત્વની સિધ્ધી મેળવતા ટેસ્ટ, વન ડે અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટની કુલ ૪૧૮મી મેચમાં ૪૬૨મી ઈનિંગ રમતા ૨૨,૦૦૦ રન પૂરા કર્યા. જે ક્રિકેટ ઈતિહાસના ફાસ્ટેટ છે.

અગાઉના રેકોર્ડસ :

- ✓ ૨૨,૦૦૦ રન પર પહોંચવા તેંડુલકરે ૪૯૩ ઇનિંગ, લારાએ ૫૧૧ અને પોન્ટિંગે ૫૧૪ ઈનિંગ લીધી હતી.
- ✓ જયારે કોહલીએ વન ડેમાં ૧૧૯૭૭, ટેસ્ટમાં ૭૨૪૦ અને ટી-૨૦માં ૨૭૯૪ રન કર્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ભારતીય રેલવે - નિર્ણય : ભારતના ૪૦૦ રેલવે સ્ટેશન પર પ્રથમ તબક્કે પ્લાસ્ટિકના કપને બદલે કુલ્લડ (કુલડી)માં ચા અપાશે



- ✓ **હેતુ:** સ્થાનિક લાખો લોકોને રોજગારી તેમજ પ્લાસ્ટિક મુકત ભારત માટે નવી પહેલ
- ✓ રેલવે મંત્રી : શ્રી પિયુષ ગોયલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ – 29 નવેમ્બર

સેવાના ભેખધારી : ઠક્કરબાપા



જન્મ – 29 નવેમ્બર 1869

અવસાન – 20 જાન્યુઆરી-1951

- ✓ આજે ભગવા વિનાના સંન્યાસી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર ઉર્ફે ઠક્કરબાપાનો જન્મદિવસ.
- ✓ ભાવનગરમાં લોહાણા પરિવારમાં જન્મેલા ઠક્કરબાપાનું કાર્યક્ષેત્ર આખું ભારત અને દુનિયાભરના વંચિતો હતા.
- ✓ ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા ઠક્કરબાપાએ ભારત અને યુગાન્ડામાં રેલવે ઇજનેર તરીકે વ્યવસાયી જીવનની શરૂઆત કરી હતી.
- ✓ તે પછી ગોપાલ કૃષ્ણ ગોખલે સ્થાપિત હિન્દી સેવક સમાજના સભ્ય બન્યા હતા. આ સંસ્થાના આશ્રયે ઠકકરબાપાએ કરેલી સેવા પ્રવૃત્તિઓ અને તેના નિષ્ઠાવાન સેવકોનો ગુજરાત ભારતના ઇતિહાસમાં જોટો જડે તેમ નથી.
- ✓ દાહોદનું ભીલ સેવા મંડળ, ગુજરાત અંત્યજ સેવા મંડળ જેવી સંસ્થાઓ તેમની અનુપમ કૃતિઓ હતી.
- ✓ દુષ્કાળ, પૂર, ચેપી રોગચાળો જેવી સમસ્યાઓ વખતે બાપા અને તેઓના સમર્પિત સેવકો પહોંચી જતા.
- ✓ ગુજરાતમાં રચનાત્મક કાર્યોમાં તેમણે જે કરિશ્મા દેખાડ્યો તે હજારો સ્વતંત્રતા સૈનિકોના કામ કરતા વિશેષ હતું. સેવા પ્રવૃત્તિઓના ક્ષેત્રે તો આજે પણ તેઓના નામ અને કામની દુહાઈ દેવાય છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૧૧-૨૦૨૦)

1. તાજેતર નવેમ્બર 2020માં ભારતના વડાપ્રધાન શ્રી મોદી દ્વારા કેટલામી "મન કી બાત" રજૂ કરાઈ - **71મી**
2. તાજેતરમાં 71મી "મન કી બાત"માં કયા દેવીની 100 વર્ષ જૂની પ્રતિમા કયા દેશમાંથી પરત લાવવાની વાત કરવામાં આવી હતી - **અન્નપૂર્ણા અને કેનેડા**
3. ભારતની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કોના દ્વારા દસ્તાવેજ કરવામાં આવી હતી - **અરબિંદો ઘોષ**
4. તાજેતરમાં વર્ષ 2020નું અંતિમ ચંદ્રગ્રહણ ભારત સિવાય ક્યારે જોવા મળશે - **30 નવેમ્બર**
5. આગામી સમયમાં ક્યારે ખગ્રાસ ચંદ્રગ્રહણ જોવા મળશે - **26 મે 2021**
6. 30 નવેમ્બર 2020ના ચંદ્રગ્રહણને અન્ય કયા નામથી ઓળખાય છે - **છાયા ગ્રહણ એટલે કે પેન્યુમ્બ્રલ**
7. ચંદ્રગ્રહણના ત્રણ પ્રકાર જણાવો - **ખગ્રાસ(સંપૂર્ણ), ખંડગ્રાસ (આંશિક) અને છાયા (ઝાંખુ)**
8. તાજેતર નવેમ્બર 2020માં કયા ભારતીય ખેલાડી દ્વારા વિશ્વમાં સૌથી વધુ 22,000 રનનો વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો - **વિરાટ કોહલી**
9. ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ નવેમ્બર 2020માં કુલ કેટલી મેચમાં સૌથી વધુ 22,000 રન પૂર્ણ કર્યા - **418**
10. ભારતીય રેલવેએ પ્રથમ તબક્કામાં કેટલા રેલવે સ્ટેશન ઉપર પ્લાસ્ટિક કપના સ્થાને કયા કપમાં ચા આપવાનો નિર્ણય કર્યો છે – **400 અને માટેની કુલડી**
11. ભારતના વર્તમાન રેલવે મંત્રીનું નામ જણાવો - **પિયુષ ગોયલ**
12. ઠક્કરબાપાના ઉપનામથી ઓળખાતા અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરનો જન્મદિવસ જણાવો- **29 નવેમ્બર 1869**
13. પૂજ્ય ઠક્કરબાપાની વર્ષ 2020માં કેટલામી જન્મજયંતિ ઉજવાય - **151મી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. નવતર પહેલ : ટીઝર ગન : ગુજરાત પોલીસ (કાયદો-વ્યવસ્થા)

ભારતમાં સૌપ્રથમ ગુજરાત પોલીસે વિદેશોમાં વપરાતી ઈલેક્ટ્રીક શોક આપતી ટીઝર ગન વિકસાવી



ટીઝર ગન વિશે :

- ✓ આ ગનની વિશેષતા એ છે કે ટ્રીગર દબાવવાથી ફાયર થતુ નથી પરંતુ કેટલાક મીટરના અંતર સુધી ઈલેકટ્રીક કરંટ લાગે છે અને વ્યકિત મરતો નથી પરંતુ થોડાક સમય માટે બેશુધ્ધ રહે છે.
- ✓ વિદેશમાં યુનાઈટેડ કિંગડમ, ન્યુયોક પોલીસ આ ગનનો યુઝ કરી રહી છે.
- ✓ ભારતમાં હવે એક માત્ર ગુજરાત પોલીસ સેવા દળે આ ગન વિકસાવી છે.
- ✓ ગુજરાત પોલીસ પાસે હાલમાં ૨૫ ટીઝન ગન છે જેનો ઉપયોગ મોબને કંટ્રોલ કરવા માટે તથા વી.આઈ.પી. અને વી.વી.આઈ.પી.ના બંદોબસ્ત માટે ઉપયોગ થઈ શકે છે.
- ✓ વી.આઈ.પી. તથા VVIPના બંદોબસ્ત માટે અને મોબને કંટ્રોલમાં રાખવા માટે આ ગનનો ઉપયોગ થઈ શકે છે.
- ✓ હાલ કયા દેશમાં ઉપયોગ : UK અને US પોલીસ
- ✓ મોટા શહેરોમાં ટીઝર ગન ફાળવાશે
- ✓ ગુજરાત પોલીસ વડા : આશિષ ભાટિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સિદ્ધી: માર્ગ પરિવહન : ગુજરાત સરકાર

- ✓ અમદાવાદ-ગાંધીનગર-ચિલોડા માર્ગ ઉપર ૫૦ કિ.મી. સુધી સિગ્નલ નહીં નડે



- ✓ નોઈડા-UP પછી દેશમાં પહેલીવાર આ પ્રકારનો માર્ગ બન્યો છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૩. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી : વારાણસી ખાતે દેવ દિવાળીની ઉજવણી



વડાપ્રધાનશ્રીની મુલાકાતની મહત્વની બાબતો :

વારાણસીમાં વડા પ્રધાનનો વિહાર અને વિચાર

- ✓ વડા પ્રધાને વારાણસી પ્રવાસના પ્રારંભે કાશી વિશ્વનાથ મહાદેવમાં અભિષેક કર્યો.
- ✓ ૬ લેનના હાઈવેના લોકાર્પણ બાદ તેઓ ફૂઝ દ્વારા રાજઘાટ પહોંચ્યા, દીપ પ્રજ્વલિત કર્યો.
- ✓ કાશીના ૮૪ ઘાટ ઉપર ૧૫ લાખ દીપ પ્રજ્વલિત કરીને દેવ દિવાળીની ઉજવણી કરાઈ.
- ✓ પવિત્ર વલણ સાથે કામ કરવામાં આવે તો પૂરાં થાય જ છે, રામમંદિરનું નિર્માણ તેનું ઉદાહરણ છે. ભગવાન રામની ઈચ્છાને તેમના આશીર્વાદથી પૂર્ણ કરવામાં આવી.
- ✓ મનના મેલા ભાવ સાથે નહીં પણ હવે ગંગાજળ જેવા પવિત્ર ભાવ સાથે કામ થઈ રહ્યું છે
- ✓ જે લોકો દાયકાઓ સુધી ખેડૂતોનું શોષણ કરતા આવ્યા હતા, તેમની સાથે છેતરપિંડી કરતા હતા, તે લોકો જ હવે ખેડૂતોને ગેરમાર્ગે દોરીને વધારે નુકસાન કરી રહ્યા છે.
- ✓ આજે આપણે રિફોર્મની વાતો કરીએ છે પણ ગુરુ નાનકજી જ્યારે કાશી આવ્યા હતા ત્યારે તેમણે સમાજને નવી દિશા બતાવીને સુધારાની શરૂઆત કરી હતી.
- ✓ આ દિવાળીના તહેરવામાં લોકોએ વોકલ ફોર લોકલના સૂત્રને સાર્થક કરીને સમાજના નાનામાં નાના વર્ગના જીવનમાં અજવાસ ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો.
- ✓ ૧૦૦ વર્ષ પહેલાં માતા અન્નપૂર્ણાની જે મૂર્તિ કાશીથી ચોરાઈ હતી તે વતન પરત આવી રહી છે. માતા ફરી એક વખત ઘરે પરત ફરી રહ્યાં છે, તેનો આનંદ છે.

- ✓ આપણા દેવી દેવતાની પ્રાચિન મૂર્તિઓ પરત લાવવી તે આપણો સાચો વારસો છે જ્યારે કેટલાક માટે પોતાની પ્રતિમાઓ અને પરિવારની તસવીરો જ વારસો છે.
- ✓ કોરોનાકાળમાં પણ કાશીની ઊર્જા, શક્તિ અને ભક્તિમાં ફેરફાર જોવા મળ્યો નથી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. સફળતા : ભારત સરકાર ગુગલ, ફેસબૂક, એમેઝોન અને ટ્વિટરનો ભારતીય યુઝર્સનો ડેટા હવે ભારતમાં જ રહેશે (સોશિયલ મીડિયા-કાયદો)

- ✓ ભારતના નોઈડામાં પ્રથમ ડેટા સેન્ટરનું નિર્માણ

વિગત :

- ✓ વિશ્વભરની સોશિયલ મીડિયા સાઈટના સર્વર ભારતની બહાર છે.
- ✓ કેન્દ્ર સરકાર આ કંપનીઓ પર ભારતીય યુઝર્સનો ખાનગી ડેટા ભારતમાં જ રાખવા દબાણ કરી રહી હતી.
- ✓ મોદી સરકારને આ મામલે મોટી સફળતા મળી છે.
- ✓ હવે ગૂગલ, ફેસબુક, ટ્વિટર, એમેઝોન જેવી મોટી કંપનીઓ ભારતમાં જ પોતાના ડેટા સેન્ટર બનાવશે. આ માટે ઉત્તર પ્રદેશના નોઈડામાં પ્રથમ ડેટા સેન્ટરના નિર્માણનું કામ શરૂ થઈ ગયું છે.
- ✓ નોઈડામાં રૂ. ૬૦૦ કરોડના ખર્ચે બનનારા ડેટા સેન્ટરનો મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથના હસ્તે શિલાન્યાસ
- ✓ વિસ્તાર : ૨૦ એકર જમીન
- ✓ કંપની : હિરાનંદ જૂથ, મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૫.શાંઘાઈ સહયોગ સંગઠન (વૈશ્વિક સંબંધો) વર્ચ્યુઅલ માધ્યમથી SCOના વડાઓની બેઠક યોજાઈ



- ✓ યજમાન : ભારત (પ્રથમવાર)
- ✓ ભારતના પ્રતિનિધિ તરીકે ઉપરાષ્ટ્રપતિ એમ વૈકેયા નાયડુનું સંબોધન

સંબોધનના મહત્વના અંશો :

- ✓ ભારતે ૩૦મી નવેમ્બર-૨૦૨૦ના રોજ શાંઘાઇ સહયોગ સંગઠનની બેઠકમાં જણાવ્યું હતું કે પ્રદેશ ત્રાસવાદના રૂપમાં સૌથી મોટા પડકારનો સામનો કરી રહ્યો છે, આ જોખમનો અંત આણવાથી આર્થિક સહિતના મોરચે ક્ષમતાનો વિસ્તાર

કરવામાં મોટી સિદ્ધિ હાંસલ કરી શકાય તેમ છે.

- ✓ સહિયારા પ્રયાસથી ત્રાસવાદનો સામનો કરવા તેમણે અનુરોધ કર્યો હતો.
- ✓ ભારત તમામ પ્રકારના આતંકવાદનો સામનો કરી રહ્યું હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં ભારત સામે સૌથી મોટો પડકાર ત્રાસવાદ છે.
- ✓ ઉપરાષ્ટ્રપતિએ સ્પષ્ટપણે પાકિસ્તાનના સંદર્ભમાં જણાવ્યું હતું કે, 'એક દેશ પોતાની નીતિના ભાગરૂપે ત્રાસવાદને પ્રોત્સાહન આપી તેનો લાભ લઇ રહ્યો છે તે વાતે અમે ચિંતિત છીએ.'
- ✓ નાયડુએ કહ્યું કે આતંકવાદના ખતરાનો ખાતમો કરવાથી વાસ્તવિક ક્ષમતાઓ સાકાર કરવામાં મદદ મળશે.
- ✓ ભારતે વર્ષ ૨૦૧૭માં આ પ્રભાવશાળી સંગઠનનું પૂર્ણ સભ્યપદ હાંસલ કર્યું હતું. તે પછી પહેલી જ વાર ભારતના યજમાન પદે બેઠકનું આયોજન થયું છે.

૨૦૨૫ સુધીમાં ભારતનો જીડીપી પાંચ ટ્રિલિયનની સપાટીએ પહોંચશે

- ✓ કોરોના વિરુદ્ધ ભારત દ્વારા અપાઇ રહેલી લડતની પ્રશંસા કરતાં ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ જણાવ્યું હતું કે દેશમાં કોવિડ-૧૯થી થતા મૃત્યુનો દર વિશ્વમાં સૌથી ઓછો છે.
- ✓ ભારત કોરોના સામે પોતાની પૂરી ક્ષમતા સાથે લડત આપી રહ્યું છે. વાઇરસ સામે લડત આપવાની સાથોસાથ આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવા પણ નોંધપાત્ર પ્રયાસ થઇ રહ્યા છે.
- ✓ વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતનો જીડીપી પાંચ ટ્રિલિયનની સપાટીએ પહોંચે તેવી આશા છે.

દ્વિપક્ષીય મુદ્દા ઉઠાવવા બદલ પાક.ની ટીકા

- ✓ વેંકૈયા નાયડુએ જણાવ્યું હતું કે એસસીઓમાં જાણીબુઝીને દ્વિપક્ષીય મુદ્દા ઉઠાવવા પ્રયાસ થાય છે તે દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. આવા પ્રયાસથી સંગઠનના માપદંડોનું ઉલ્લંઘન થાય છે.
- ✓ ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બરના મધ્યભાગમાં શાંઘાઇ સહયોગ સંગઠનના સભ્ય દેશોના ટોચના સુરક્ષા અધિકારીઓની બેઠક મળી ત્યારે પાકિસ્તાની પ્રતિનિધિએ કાશ્મીરને ખોટી રીતે ચીતરતું ચિત્ર પેશ કરતાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ બેઠકમાંથી બહાર નીકળી ગયા હતા.
- ✓ ભારતે તે બેઠકમાં સંગઠનના માપદંડો અને નિયમોનો ખુલ્લેઆમ ભંગ કર્યા બદલ પાકિસ્તાનની ભારે ટીકા કરી હતી.
- ✓ ભારત વર્ષ 2017માં SCOના સભ્ય તરીકે સામેલ થયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિધન : સેનેગલના સ્ટાર ખેલાડી ફૂટબોલર પાપા બાઉબાનું ૪૨ વર્ષે અવસાન



- ✓ નિધન : પેરિસ (ફ્રાન્સ)
- ✓ જન્મ : ૨૮/૦૧/૧૯૭૮
- ✓ સ્થળ : ડકાર
- ✓ ઉપનામ : સેનેગલનો વર્લ્ડકપ હીરો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ઓશિયન બર્ડ : પવન ઊર્જા દ્વારા ચાલતુ વિશ્વનું પ્રથમ અને સૌથી મોટું માલવાહક જહાજ (પવન ઊર્જા)



ઓશિયન બર્ડ વિશે :

- ✓ સરેરાશ 7 હજાર કાર લઇ જવાની ક્ષમતા માલવાહક જહાજ ધરાવે છે, ડિઝલની તુલનામાં સરેરાશ ૨૭ ટકા ઓછું કાર્બન ઉત્સર્જન કરશે.
- ✓ સ્વીડનની શિપ બિલિમ કંપની દ્વારા બનાવેલ ઓશિયન બર્ડને ભવિષ્યનું જહાજ કહેવામાં આવે છે.
- ✓ 650 ફૂટ લાંબુ આ જહાજ પારંપારિક કાર કેરિયરના સમાન આકાર જેવું જ છે, જેમાં 260 ફુટના પાંચ ટેલિસ્કોપિક વિંગ્સ સેલ છે જે એક બીજા સાથે અથડાયા વગર 360 ડિગ્રી વળી શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ધ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન(OIC) વિદેશ મંત્રીઓની બેઠક-૨૦૨૦

- ✓ સમયગાળો : તા. ૨૭ થી ૨૯ નવેમ્બર-૨૦૨૦
- ✓ યજમાન : નાએમે, આફ્રિકી દેશ નાઈઝરનું પાટનગર
- ✓ બેઠક વિશે : સંગઠનના તમામ ૫૭ દેશના વિદેશ મંત્રી ઉપસ્થિત



મુખ્ય વિવાદ :

- ✓ બેઠકમાં કાશ્મીરમાં ભારતે ગયા વર્ષે હટાવેલી કલમ 370 સહિતના મુદ્દે

ભારતની ટીકા કરવામાં આવી હતી. એ ઉપરાંત પાકિસ્તાનના દોરી-સંચારથી ભારતની ટીકા કરતો ખરડો પણ પસાર કરવામાં આવ્યો હતો.

- ✓ ખરડામાં કહેવાયુ હતુ કે ઓઆઈસી કાશ્મીરમાં ભારતે લીધેલા ગેરકાયદેસર પગલાંની ટીકા કરે છે અને કાશ્મીરના સંઘર્ષમાં અમે કાશ્મીરીઓ સાથે છીએ. ભારતે આ ખરડા અંગે કડક શબ્દોમાં વિરોધ નોંધાવ્યો હતો.
- ✓ વિદેશ મંત્રાલયે સીઆઈસીને તુરંત જાણ કરી હતી કે કાશ્મીર અમારો આંતરીક મામલો છે. તેમાં તમે જે કંઈ દખલ કરશો એ બિનજરૂરી અને તથ્યાત્મક રીતે ખોટું પગલું ગણાશે.
- ✓ આ વખતે ભારતે કહ્યું હતું કે ઓઆઈસીને કોઈ અધિકાર નથી કે એ કાશ્મીર મુદ્દે ચર્ચા કરે કે દખલ કરે. ભારત અન્ય દેશોના મામલામાં કોઈ ચંચૂપાત કરતું નથી.

OIC સંગઠન અંગે :

- ✓ મુખ્ય મથક : જિદ્દાહ-સાઉદી અરબ.
- ✓ આંતરરાષ્ટ્રીય સ્તરે મુસ્લીમ દેશોનું પ્રતિનિધિત્વ કરવા માટે સંગઠન 1969માં સ્થપાયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. પરમાણુ વિજ્ઞાની મોહસિન ફખરીજાદેહ-ઈરાન



- ✓ હત્યા અંગે ખાસ: ઈઝરાયેલે પ્રથમવાર ઉપગ્રહ સંચાલિત હથિયાર દ્વારા અણુ વિજ્ઞાનીની હત્યા કરી હોવાનો દાવો
- ✓ ઉપગ્રહ સંચાલિત હથિયાર સેટેલાઈટ વેપન્સ
- ✓ સ્પેશ વેપન્સનો કોઈની હત્યા માટે ઉપયોગ થયાની સંભવત પ્રથમ ઘટના
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦ દિન વિશેષ :

(૧) દેવ દિવાળી



- ✓ હિંદુ પંચાંગ પ્રમાણે કારતક માસની પૂનમના રોજ ઉજવવામાં આવે છે.
- ✓ જેમ દિવાળી પાંચ દિવસોની છે, તેમ દેવ દિવાળી પણ અગીયારસથી શરૂ થઇને

પૂનમ સુધી એમ પાંચ દિવસ માટે ઉજવવામાં આવે છે.

- ✓ તેનું નામ સુચવે છે તેમ, આ દેવોની દિવાળી ગણવમાં આવે છે, માટે માણસો, કોઇ વિશેષ ઉજવણી કરતાં નથી, પરંતુ તેનું ધાર્મિક મહત્વ ઘણું છે તથા તે દિવાળીનાં પર્વની પૂર્ણાહુતિ તરીકે ઉજવવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) શીખ સંપ્રદાયના જગતગુરુ ગુરુ નાનકની ૫૫૧મી જયંતી પ્રકાશ પર્વ



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૧૧-૨૦૨૦)

1. ભારતમાં સૌપ્રથમ ગુજરાત પોલીસે વિદેશમાં વપરાતી કઇ ઇલેક્ટ્રિક શૉક આપતી ગન વિકસાવી છે - **ટીઝર**
2. ગુજરાત પોલીસના વર્તમાન DGPનું નામ જણાવો - **આશિષ ભાટિયા**
3. તાજેતરમાં ભારતના વડાપ્રધાને કયા સ્થળે દેવ દિવાળીની ઉજવણી કરી વિવિધ વિકલ્પોની ભેટ આપી હતી - **વારાણસી, ઉત્તર પ્રદેશ**
4. તાજેતર તારીખ 27 થી 29 નવેમ્બર દરમિયાન OIC-2020ની વિદેશ મંત્રીઓની બેઠક ક્યાં યોજાઈ - **નાએમે, નાઇઝર**
5. OICમાં કુલ કેટલા સભ્યો દેશો છે - **57**
6. OICનું વિસ્તૃત નામ જણાવો - **ધ ગ્રેજ્યુએશન ઑફ ઈસ્લામિક કોઓપરેશન**
7. OICનું વડુ મથક ક્યાં આવેલું છે - **જિદ્દાહ, સાઉદી અરેબિયા**
8. OIC-2020ની વિદેશ મંત્રીઓની બેઠકમાં ભારત વિરુદ્ધ માં કયો ખરડો પસાર કરાયો - **કલમ 370 રદ કરવી સહિતના મુદ્દે ભારતની ટીકા**
9. તાજેતરમાં ઈરાનના પરમાણુ વિજ્ઞાની મોહસિનની હત્યા કયા આધુનિક હથિયારોથી કરાઈ હોવાની શંકા છે - **ઉપગ્રહ સંચાલિત હથિયાર- સેટેલાઈટ વેપન્સ**
10. 50 કિલોમીટર સુધીના શહેરીમાં માર્ગમાં એક પણ સિગ્નલ આવતું ન હોય તેવો ગુજરાતનો પ્રથમ માર્ગ જણાવો- **અમદાવાદ-ગાંધીનગર-ચિલોડા**
11. કઈ સોશિયલ મીડિયા સાઈટના ભારતીય યુઝર્સનો ડેટા હવે ભારતમાં જ રહેશે - **ગુગલ, ફેસબૂક, એમેઝોન અને ટ્વિટર**
12. ભારતમાં કયા સ્થળે પ્રથમ ડેટા સેન્ટરનું નિર્માણ થશે – **નોઈડા (UP)**
13. તા.૩૦મી નવેમ્બર-૨૦૨૦ના રોજ નોઈડામાં 600 કરોડના ખર્ચે બનનારા ડેટા સેન્ટરનો કોના હસ્તે શિલાન્યાસ કરાયો - **મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ**
14. ઉત્તરપ્રદેશના નોઈડામાં બનનારા ભારતના પ્રથમ ડેટા સેન્ટર કેટલા વિસ્તારમાં ફેલાયેલું હશે - **૨૦ એકર**
15. ઉત્તરપ્રદેશના નોઈડામાં બનનારા ભારતના પ્રથમ ડેટા સેન્ટર કઈ કંપની દ્વારા બનાવાશે - **હિરાનંદ જૂથ, મુંબઈ**
16. SCOનું વિસ્તૃત નામ જણાવો - **શાંઘાઈ સહયોગ સંગઠન**

17. ૩૦મી નવેમ્બર-૨૦૨૦ના રોજ યોજાયેલી શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકનો યજમાન દેશનું નામ જણાવો - **ભારત (પ્રથમવાર)**
18. ૩૦મી નવેમ્બર-૨૦૨૦ના રોજ યોજાયેલી શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં ભારતના પ્રતિનિધિ તરીકે કોણ જોડાયું હતુ – **ઉપરાષ્ટ્રપતિ એમ વૈકેયા નાયડુ**
19. ભારતે કયા વર્ષે શાંઘાઈ સહયોગ સંગઠનનું પૂર્ણ સભ્યપદ હાંસલ કર્યું હતું - **વર્ષ ૨૦૧૭**
20. નવેમ્બર-૨૦૨૦માં સેનેગલના કયા સ્ટાર ફૂટબોલર ખેલાડીનું ૪૨ વર્ષે પેરિસ ખાતે અવસાન થયુ - **પાપા બાઉબા**
21. સેનેગલના સ્ટાર ફૂટબોલર ખેલાડી પાપા બાઉબાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **તા. ૨૮/૦૧/૧૯૭૮ તથા ડકાર**
22. સેનેગલના સ્ટાર ફૂટબોલર ખેલાડી પાપા બાઉબાનું ઉપનામ જણાવો - **સેનેગલનો વર્લ્ડકપ હીરો**
23. પવન ઊર્જા દ્વારા ચાલતુ વિશ્વનું પ્રથમ અને સૌથી મોટા માલવાહક જહાજનું નામ જણાવો - **ઓશિયન બર્ડ**
24. પવન ઊર્જા દ્વારા ચાલતુ વિશ્વનું પ્રથમ અને સૌથી મોટા માલવાહક જહાજ ઓશિયન બર્ડનું નિર્માણ કરનાર કંપની-દેશનું નામ જણાવો - **શિપ બિલિમ કંપની તથા સ્વીડન**
25. હિંદુ પંચાંગ પ્રમાણે દેવ દિવાળી કયારે મનાવવામાં આવે છે - **કારતક માસની પૂનમ**
26. દેવ દિવાળી કયા પાંચ દિવસ માટે ઉજવવામાં આવે છે - **અગીયારસથી પૂનમ સુધી**
27. તાજેતરમાં શીખ સંપ્રદાયના જગતગુરૂ ગુરૂ નાનકની કેટલામી જયંતી મનાવવામાં આવી - **૫૫૧**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....

VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-12-2020



સ્થાનિક બાબતો

૧.નિર્ણય : મહેસૂલ વિભાગ-ગુજરાત સરકાર

PM આવાસ યોજનામાં મહિલાઓના નામે થતા દસ્તાવેજમાં માત્ર રૂ.૧૦૦ જ ફી પેટે લેવાશે



અન્ય વિગતો :

- ✓ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ તૈયાર થતા ઈડબલ્યુએસ, એલઆઈજીના મકાનોના દસ્તાવેજ પરીવારના મહિલાઓના નામે થશે તો રૂ.૧૦૦ની ફી લઈને નોંધણી કરી આપવામાં આવશે.
- ✓ જેનો અમલ ગુજરાત હાઉસિંગ બોર્ડ સહિત શહેરી ગૃહ નિર્માણ, ઔડા, ગુડા સહિતના જાહેર આવાસ સંસ્થાનાનોએ કરવાનો રહેશે
- ✓ ક્રેડિટ લિંક સબસિડી સ્કિમ- CLSS કે જે શહેરી વિસ્તારોમાં ઘરવિહોણાને મકાન આપે છે તેવી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જે આવાસ મેળવતા પરીવારોમાં મહિલાઓના નામે મિલકતની નોંધણી થાય તો તેવા કિસ્સાઓમાં માત્ર રૂ.૧૦૦ જ ડયુટી લેવામાં આવશે.

માપદંડ :

- ✓ આ રાહત ૪૦ સ્કેવર મિટર સુધીના કાર્પેટ એરિયા ધરવાતા ઈડબલ્યુએસ, ૪૧ થી ૬૦ સ્કેવર મિટર સુધીના એલઆઈજી આવાસમાં મહિલા માલિક હોય તેવી સ્થિતિમાં મળશે.

લાભ :

- ✓ આ નિર્ણયથી ગરીબ પરીવારો ઉપર આવતા સ્ટેમ્પ ડયુટી રજિસ્ટ્રેશનના ભારણમાં ઘટાડો થશે.
- ✓ મહેસૂલ વિભાગના આ નિર્ણયથી ગરીબ પરીવારોને મોટાપાયે ફાયદો થશે.

- ✓ ગુજરાતમાં મિલકત દસ્તાવેજ રજિસ્ટ્રેશન ૪.૯ ટકા સ્ટેમ્પડયુટી અને દસ્તાવેજના એક ટકા ફી વસૂલાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ગીધ સંરક્ષણ માટેનો એક્શન પ્લાન વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ : કેન્દ્ર સરકાર (વન્ય જીવ સંરક્ષણ)



ગુજરાત વન વિભાગ :

- ✓ આ પ્લાન અંતર્ગત ગિરનાર ખાતે ૧૨ ગીધ ઉપર રિસર્ચનો પ્રારંભ
- ✓ લોકેશન માહિતી માટે ૬ ગીધને સૌરઉર્જા સંચાલિત ટેગિંગ

વિગત :

- ✓ એક્શન પ્લાનના ભાગરૂપે ૧૨ ગીધ પર રિસર્ચ કરવાનું નક્કી કરીને વન વિભાગ દ્વારા હાલમાં છ ગીધને સૌરઉર્જાથી ચાલતા ટેગ લગાવીને ડેટા મેળવવાનું શરૂ કરાયું.
- ✓ જેમાં સૌરાષ્ટ્રના બે સફેદ પીઠ ગીધ, ત્રણ ગિરનારી ગીધ અને એક રાજગીધનો સમાવેશ.

ગિરનારી ગીધ વિશે :

- ✓ ખાસ કરીને ગિરનાર પર્વત પર ગીધનો મોટો વસવાટ છે, આ ગીધ ગિરનારી ગીધ તરીકે ઓળખાય છે.
- ✓ અહીની ખાસિયત એ છે કે, આ ગીધ ગિરનાર પરથી અંદાજે એક હજાર મીટરની ઉંચાઈએથી ઉડાન ભરે છે અને સીધા દેવળિયા પાર્કમાં લેન્ડિંગ કરે છે.

ટેગિંગના ફાયદા :

- ✓ આ ટેગિંગની મદદથી ગીધના સ્થળાંતર, વસવાટ સ્થાનની પસંદગી, વ્યાપ વિસ્તાર, ખોરાકના સ્થળો, પ્રવાસના માર્ગો, ચોક્કસ ઉંચાઈઓ, રાતવાસાના અને પ્રજનનના સ્થળો તેમજ તેના વ્યાપ વિસ્તાર અંગેની ઊંડાણપૂર્વકની અને વૈજ્ઞાનિક માહિતી મળશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. નિધન : ભાજપના ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજનું ૬૬ વર્ષે ચેન્નઈ ખાતે નિધન



- ✓ જન્મ : યુગાન્ડા
- ✓ વતન : રાજકોટ

પરિચય અને કારકિર્દી :

- ✓ વ્યવસાય : વકીલાત
- ✓ ૪૦ વર્ષથી RSSના સ્વયંસેવક, જનસંઘ અને ભાજપના વરિષ્ઠ નેતા
- ✓ તેમણે ભારતના ૨૧માં લો કમિશનમાં સભ્ય તરીકે ટ્રીપલ તલ્લાક, યુનિફોર્મ સિવિલ કોડની રચનામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.
- ✓ NRI પતિથી ભારતીય સ્ત્રીઓની સુરક્ષા માટે તેમજ IPC, CRPCમાં સુધારા માટે અનેક ઉપયોગી સૂચનો સરકારને કર્યા છે.
- ✓ સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલમાં તેઓ સભ્ય તરીકે પણ હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વૈશ્વિક સન્માન : 'વેવિશાળ' નવલકથા ઝવેરચંદ મેઘાણીની નવલકથા 'વેવિશાળ'નો રશિયન-ચાઈનિઝ ભાષામાં અનુવાદ (સાહિત્ય)



અન્ય વિગત :

- ✓ 'રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી'એ ૧૦ ઉત્તમ કૃતિમાં 'વેવિશાળ'નો સમાવેશ કર્યો

વિવિધ ૧૦ ભારતીય ભાષાઓ

- ✓ ગુજરાતી, અસમિયા, બંગાળી, હિન્દી, કન્નડ, ઓડિયા, તમિલ, તેલુગુ, પંજાબી, ઉર્દુ વગેરેનો સમાવેશ કરાયો હતો.
- ✓ પ્રસિદ્ધ : વર્ષ – ૧૯૩૯
- ✓ ૧૦ સર્વોત્તમ ભારતીય સ્વદેશી કૃતિઓનો અનુવાદ કરવાનું કામ પૂર્ણ. તેમાં ગુજરાતી ભાષામાંથી મેઘાણીએ સૌરાષ્ટ્રના સમાજ જીવનને રજૂ કરતી તળપદી ભાષામાં લખેલી આ કૃતિનો પણ સમાવેશ થયો હતો. જેની ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ દ્વારા જાહેરાત કરાઈ હતી.
- ✓ આ બન્ને અનુવાદો વેવિશાળના અંગ્રેજી અનુવાદ પરથી કરાયા હતા.
- ✓ અમેરિકા સ્થિત ઝવેરચંદ મેઘાણીના પુત્ર અશોક મેઘાણીએ ૨૦૦૨માં વેવીશાળ અંગ્રેજીમાં અનુવાદિત કરી હતી. તેના પરથી કુલદીપ ધીંગરાએ રશિયન, જ્યારે ચીની લેખક લીઉ જિનાઉ દ્વારા ચીનની મેન્ડેરિન ભાષામાં અનુવાદ કરાયો હતો.
- ✓ ૨૦૦૪માં ફ્રાન્સમાં વસતા ગુજરાતીઓ માટે આ વાર્તા ગુજરાતીમાંથી સીધી જ ફ્રેન્ચ ભાષામાં અનુવાદિત થઈ હતી.

'વેવિશાળ' નવલકથા વિશે :

- ✓ ૩૭ પ્રકરણ ધરાવતી વાર્તા વેવિશાળમાં સગાઈ એટલે કે વેવિશાળ નક્કી થયા પછી સર્જાતી સમસ્યાની વાત છે. વેવિશાળ નક્કી થયા પછી બે પરિવાર વચ્ચે આર્થિક અસમાનતા સર્જાઈ હતી. પરિણામે શ્રીમંત

પરિવારે સગાઉ તોડવાની તૈયારી કરી હતી. વાર્તા આઠ દાયકા જુની હોવા છતાં તેમાં રજૂ થયેલી સમસ્યા આજે પણ યથાવત છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૫. ભારતીય ચૂંટણી પંચ - નવી દિલ્હી (બંધારણ)

NRIને ભારતની ચૂંટણીમાં મત આપવાની સુવિધા માટે પોસ્ટલ બેલેટની કવાયત શરૂ

✓ ચૂંટણીપંચ દ્વારા કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલાયો



શું છે પોસ્ટલ બેલેટ સુવિધા :

✓ પોસ્ટલ બેલેટ એક પ્રકારનું ડાક મત પત્ર છે.

✓ ૧૯૮૦માં ચલણમાં રહેલા પેપર બેલેટ જેવું જ મતપત્ર હોય છે.

✓ આ સુવિધા એવા લોકોને આપવામાં આવે છે જે પોતાની નોકરીના કારણે પોતાના મતવિસ્તારમાં રહીને વોટ આપી શકતા નથી.

✓ આવા મતદારોને સર્વિસ વોટર્સ કે એબસન્ટી વોટર્સ પણ કહેવાય છે.

✓ વર્તમાન સમયમાં ગણતરીના લોકોને જ આ સુવિધા આપવામાં આવી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દક્ષિણ ભારત : વર્ષ 2020માં દક્ષિણ ભારત ઉપર કુલ ચાર વાવાઝોડાનો કેર-પ્રકોપ (કુદરતી આપત્તિ)

વાવાઝોડું	માસ	પ્રદેશ
અમ્ફાન	મે	તમિલનાડુ
નિસર્ગ	જૂન	તમિલનાડુ
નિવાર	નવેમ્બર	તમિલનાડુ
બુરેવી (સૂચિત)	ડિસેમ્બર	કેરળ/ તમિલનાડુ

2004થી નામકરણ કરવાની શરૂઆત થઈ



✓ અરબી સમુદ્ર અને પશ્ચિમ બંગાળની ખાડીમાં આવતા દરિયાઈ વાવાઝોડાંનું નામ રાખવાની પ્રથા 15 વર્ષ પહેલા 2004થી શરૂ થઈ.

✓ તે માટે એક યાદી બનાવવામાં આવી છે. આ યાદીમાં આઠ દેશ સામેલ છે. આઠ દેશોના ક્રમાનુસાર આઠ નામ આપવાના છે. જ્યારે જે દેશનો નંબર આવે છે ત્યારે તે દેશ દ્વારા આપવામાં આવેલા નામથી વાવાઝોડાંનું નામકરણ કરવામાં આવે છે.

8 દેશોએ 64 નામ આપ્યા

✓ 8 દેશો દ્વારા વાવાઝોડાંના નામ આપવામાં આવ્યા છે. તેમાં બાંગ્લાદેશ. ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ સામેલ છે. આમ વાવાઝોડાંના કુલ 64 નામ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ઝારખંડ સરકાર – નિર્ણય (આરોગ્ય)

સરકારી નોકરી માટે તમાકુ સેવન નહીં કરતા હોવાનું સોંગદનામુ જરૂરી

✓ અમલ : ૧લી એપ્રિલ-૨૦૨૧થી





સાત જિલ્લા ધુમ્રપાન મુક્ત

1. રાંચી
2. ધનબાદ
3. બોકારો
4. ખૂંટી
5. સરાયકેલા
6. હજારીબાગ
7. સિંહભૂમનો શહેરી વિસ્તાર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૮. વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ-૨૦૨૦

દક્ષિણ-પૂર્વ એશિયામાં મેલેરિયાને સૌથી સારી રીતે નિયંત્રણમાં લેવા બદલ WHO દ્વારા ભારતના પ્રયાસોની પ્રશંસા (આરોગ્ય)



વિગત :

વર્લ્ડ મલેરિયા રિપોર્ટ-૨૦૨૦ના મહત્વના તારણ :

- ✓ મેલેરિયા સામેની વૈશ્વિક લડાઇમાં ભારતે દક્ષિણ-પૂર્વ એશિયામાં સૌથી સારો દેખાવ કર્યો છે અને વર્ષ 2000માં બે કરોડ કેસની સામે પાછલા વર્ષે ૫૬ લાખ કેસ નોંધાયા હતા. મોતના આંકડાની બાબતે પણ ઘણો સુધારો નોંધાવ્યો છે.
- ✓ વર્ષ ૨૦૦૦માં દેશમાં મેલેરિયાનાં કારણે ૨૯,૫૦૦ લોકો મોતને ભેટ્યાં તેની સામે પાછલા વર્ષે આ આંક ૭૭૦૦નો હતો.
- ✓ વિશ્વમાં મેલેરિયાના કુલ કેસ આશરે ૨૨.૯ કરોડ છે જે પાછલા ચાર વર્ષથી લગભગ બદલાયેલ નથી.
- ✓ WHO : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન
- ✓ મુખ્ય મથક : જિનિવા, સ્વિત્ઝરલેન્ડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. વૈશ્વિક યુનિકોર્ન સ્ટાર્ટઅપ : બિઝનેસ

વૈશ્વિક યુનિકોર્ન સ્ટાર્ટઅપની સંખ્યા 500 : ભારતના 25 સ્ટાર્ટઅપનો સમાવેશ



યુનિકોર્ન એટલે શું :

- ✓ કોઈ ખાનગી કંપની કે ખાનગી સ્ટાર્ટઅપનું મૂલ્ય ૧ અબજ ડૉલર કરતા વધી જાય ત્યારે તેને યુનિકોર્ન કહેવામાં આવે છે.
- ✓ યુનિકોર્ન શબ્દ એ સફળતા અને સિદ્ધિનું પ્રતિક છે.
- ✓ મૂળભૂત રીતે ઘોડા જેવા દેખાતા અને માથામાં શીંગ ધરાવતા પ્રાણીને યુરોપની લોકકથાઓમાં યુનિકોર્ન તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ જેનું દરેકનું મૂલ્ય ૧ અબજ ડૉલર કરતાં વધારે હોય તેવા વિશ્વમાં કુલ ૫૦૧ યુનિકોર્ન સ્ટાર્ટઅપ નોંધાયા છે.

ભારત સહિત વિશ્વના સ્ટાર્ટઅપ

- ✓ ગ્લોબલ રિસર્ચ ફર્મ સીબી ઈન્સાઈટે આ તમામ સ્ટાર્ટઅપનો રેકોર્ડ રાખ્યો છે. એ પ્રમાણે બધા સ્ટાર્ટપઅની કુલ સંપત્તિ ૧૫૯૨ અબજ ડૉલર થાય છે.
- ✓ ૫૦૧ સ્ટાર્ટઅપમાં સૌથી વધારે ૨૪૨ અમેરિકન સ્ટાર્ટઅપ છે. એ પછી ૧૧૯ સાથે ચીન બીજા ક્રમે છે.
- ✓ ભારત ૨૫ સાથે ત્રીજા ક્રમે, જ્યારે યુ.કે. ૨૪ સાથે ભારત પછીના ક્રમે છે.

સ્ટાર્ટઅપ વિશે

- ✓ સ્ટાર્ટઅપ એ બિઝનેસનો આધુનિક કન્સેપ્ટ છે જે સામાન્ય રીતે બે-પાંચ વ્યક્તિઓ દ્વારા ઓછી મૂડીથી શરૂ કરવામાં આવતો હોય છે. પણ તેમાં આઈડિયા નવો હોવાથી આવા બિઝનેસને મોટું રોકાણ મળી રહેતું હોય છે.

- ✓ સ્ટાર્ટઅપ મૂળભૂત રીતે નવતર આઈડિયા પર વિકસતો બિઝનેસ છે. સ્ટાર્ટઅપ યુનિકોર્ન થાય તેનો અર્થ એવો થાય કે આઈડિયામાં દમ છે.
- ✓ સ્ટાર્ટઅપનું જાણીતું ઉદાહરણ ઈન્સ્ટાગ્રામ છે, જે માત્ર થોડા દિવસોમાં જ બે મિત્રોએ રાતે કોડિંગ શિખતા શિખતા બનાવ્યું હતું. એ પછી ઈન્સ્ટાગ્રામની સંભવિત સફળતા (પોટેન્શિયલ) જોઈને તેને તુરંત ૫ લાખ ડૉલરનું રોકાણ મળ્યું હતું.

ભારતના યુનિકોર્ન સ્ટાર્ટઅપ

- ✓ ૫૦૧ના લિસ્ટમાં સમાવેશ પામેલા ભારતના સ્ટાર્ટઅપનું લિસ્ટ અહીં રજૂ કર્યા છે. એ બધા ભારતીય સ્ટાર્ટઅપ છે, પરંતુ રોકાણ તો ચીન સહિત અનેક દેશોનું છે.

નામ	ક્ષેત્ર	મૂલ્ય (અબજ ડૉલર)
પેટીએમ	ફિનટેક	૧૬
બાયજુસ	એજ્યુકેશન	૧૨
ઓયો રૂમ્સ	ટ્રાવેલ	૭.૭
સ્નેપડીલ	ઈકોમર્સ	૬.૫
એનએસઈ	ફિનટેક	૬.૫
ઓલા કેબ્સ	ટ્રાન્સપોર્ટેશન	૬.૩
સ્વિગી	ફૂડ સપ્લાય	૩.૬
ઝોમેટો	ફૂડ સપ્લાય	૩.૬
ડ્રીમ-૧૧	સોફ્ટવેર-ઈન્ટરનેટ	૨.૫
ઉડાન	સપ્લાય-ડિલિવરી	૨.૩
રીન્યુ પાવર	ઊર્જા	૨.૨૯
અનએકેડમી	એજ્યુકેશન	૨
બિલડેક્સ	ફિનટેક	૧.૯
પાઈન લેબ્સ	ફિનટેક	૧.૬
ડેલ્હિવરી	સપ્લાય-ડિલિવરી	૧.૫
પોલિસીબાઝાર	ફિનટેક	૧.૫
લેન્સકાર્ટ	ઈકોમર્સ	૧.૫
હાઈક	કમ્યુનિકેશન	૧.૪
રિવિગો	સપ્લાય-ડિલિવરી	૧.૦૭
ઈનમોબિ	કમ્યુનિકેશન	૧
બિગબાસ્કેટ	સપ્લાય-ડિલિવરી	૧
ઓલા ઈલેક્ટ્રિક	ટ્રાન્સપોર્ટેશન	૧
ફર્સ્ટકાય	ઈકોમર્સ	૧
રેઝરપે	ફિનટેક	૧
કાર-૨૪	ઈકોમર્સ	૧

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. દિન વિશેષ : 1 ડિસેમ્બર

(૧) વિશ્વ એઇડ્સ દિવસ



- ✓ થીમ-2020 : 'વૈશ્વિક ઐક્ય સામૂહિક જવાબદારી'.

"Global solidarity, resilient HIV services"

World Health Organization

- ✓ વર્ષ 2008 બાદ, પ્રત્યેક વર્ષની થીમને વિશ્વ એઇડ્સ અભિયાનની ગ્લોબલ સ્ટીયરિંગ કમિટી દ્વારા નક્કી કરાઈ છે.
- ✓ એઇડ્સ હેલ્પ લાઇન નંબર 1097

હેતુ :

- ✓ વિશ્વભરમાં એચઆઇવી સંક્રમણ પ્રત્યે લોકોને જાગરૂત કરવા માટે દર વર્ષે 1 ડિસેમ્બરના રોજ વર્લ્ડ એઇડ્સ ડે મનાવવામાં આવે છે.
- ✓ WHOએ સૌથી પ્રથમ વિશ્વ એઇડ્સ ડેને વૈશ્વિક સ્તરે મનાવવાની શરૂઆત ઑગષ્ટ 1987માં કરી હતી.

વર્ષ-2019ની સ્થિતિએ ભારતમાં એઈડ્સના કેસ અને રાજ્યો

રાજ્ય	કેસ
મહારાષ્ટ્ર	૩.૨૯ લાખ
કર્ણાટક	૨.૪૭ લાખ
તેલંગણા	૨.૦૩ લાખ
પશ્ચિમ બંગાળ	૧.૪૩ લાખ
તામિલનાડુ	૧.૪૧ લાખ
ઉત્તરપ્રદેશ	૧.૩૪ લાખ
બિહાર	૧.૧૫ લાખ
ગુજરાત	૯૧ હજાર

વર્લ્ડ એઇડ્સ ડેનો ઉદ્દેશ્ય

- ✓ વર્લ્ડ એઇડ્સ ડે મનાવવાનો ઉદ્દેશ્ય એચઆઇવી સંક્રમણના કારણે થતી મહામારી એઇડ્સ વિશે દરેક ઉંમરના લોકો વચ્ચે જાગરૂકતા વધારવાનો છે.
- ✓ એઇડસ આજના આધુનિક સમયની સૌથી મોટી સ્વાસ્થ્ય સમસ્યાઓમાંથી એક છે.
- ✓ UNICEFના રિપોર્ટ અનુસાર અત્યાર સુધીમાં 36.9 મિલિયનથી વધારે લોકો HIVના શિકાર થઇ ચુક્યા છે.
- ✓ ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ભારતમાં એચઆઇવીના દર્દીઓની સંખ્યા લગભગ 2.7 મિલિયનની આસપાસ છે.
- ✓ વિશ્વમાં દરરોજ પ્રત્યેક દિવસે 980 બાળકો એચઆઇવી વાયરસથી સંક્રમિત થાય છે, જેમાંથી 320નું મૃત્યુ થઇ જાય છે.
- ✓ વર્ષ 1986માં ભારતમાં પ્રથમ એઇડ્સનો કેસ જોવા મળ્યો હતો.

કેવી રીતે થઇ વિશ્વ એઇડ્સ દિવસની શરૂઆત?

- ✓ વિશ્વ એઇડ્સ દિવસ સૌથી પ્રથમ ઑગષ્ટ 1987માં જેમ્સ ડબ્લ્યૂ બુન અને થોમસ નેટર નામના વ્યક્તિએ મનાવ્યો હતો.
- ✓ જેમ્સ ડબ્લ્યૂ બુન અને થોમસ નેટર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનમાં એઇડ્સ પર ગ્લોબલ કાર્યક્રમ માટે સત્તાવાર રીતે જિનેવા, સ્વિટ્ઝરલેન્ડમાં નિયુક્ત હતા.
- ✓ જેમ્સ ડબ્લ્યૂ બુન અને થોમસ નેટરે WHOના ગ્લોબલ પ્રોગ્રામ ઑન એઇડ્સના ડાયરેક્ટર જોનાથન માનની સામે વિશ્વ એઇડ્સ દિવસ મનાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

- ✓ જોનાથનને વિશ્વ એઇડ્સ દિવસ મનાવવાનો વિચાર ગમ્યો અને તેમણે 1 ડિસેમ્બર 1988ના દિવસને વિશ્વ એઇડ્સ દિવસ તરીકે મનાવવા માટે નક્કી કર્યો.
- ✓ આઠ સરકારી સાર્વજનિક સ્વાસ્થ્ય દિવસોમાં વિશ્વ એઇડ્સ દિવસ સામેલ છે.

કોઇ પણ ઉંમરના વ્યક્તિને અસર કરી શકે છે

- ✓ શરૂઆતના સમયમાં વિશ્વ એઇડ્સ દિવસને માત્ર બાળકો અને યુવાનોને ધ્યાનમાં રાખીને મનાવવામાં આવતો જ્યારે એચઆઇવી સંક્રમણ કોઇ પણ ઉંમરના વ્યક્તિને અસર કરી શકે છે.
- ✓ ત્યારબાદ વર્ષ 1996માં HIV/AIDS પર સંયુક્ત રાષ્ટ્રે વૈશ્વિક સ્તરે તેનો પ્રચાર અને પ્રસારનું કામ સંભાળતા વર્ષ 1997માં વિશ્વ એઇડ્સ અભિયાન હેઠળ સંચાર, જાગરૂકતા, રોકથામ અને શિક્ષણ પર ઘણું કામ કરવાનું શરૂ કરી દીધું હતું.

શું છે એચઆઇવી એઇડ્સ?

- ✓ HIV એક પ્રકારની જીવલેણ ઇન્ફેક્શનથી થતી ગંભીર બીમારી છે. તેને મેડિકલની ભાષામાં હ્યૂમન ઇમ્યૂનોડેફિશિયન્સી વાયરસ એટલે કે એચઆઇવીના નામથી ઓળખવામાં આવે છે.
- ✓ લોકો બોલચાલમાં AIDS એટલે કે એક્વાયર્ડ ઇમ્યૂન ડેફિશિયન્સી સિન્ડ્રોમના નામથી ઓળખે છે.
- ✓ તેમાં જીવલેણ ઇન્ફેક્શન વ્યક્તિના શરીરના ઇમ્યૂન સિસ્ટમ પર હુમલો કરે છે જેના કારણે શરીર સામાન્ય બીમારીઓ સામે પણ લડવામાં સક્ષમ રહેતું નથી.

આ કારણથી થાય છે એઇડ્સ

- ✓ અનસેફ સેક્સ (કોન્ડોમ વગર)
- ✓ સંક્રમિત લોહી ચઢાવવાથી.
- ✓ HIV પૉઝિટિવ મહિલાઓના બાળકોમાં.
- ✓ એકવાર ઉપયોગમાં લેવામાં આવતી સોંય-સિરિંજનો બીજીવાર ઉપયોગ કરવાથી.
- ✓ ઇન્ફેક્ટેડ બ્લેડ યૂઝ કરવાથી.

એચઆઇવીના લક્ષણ?

(HIV/AIDS Symptoms)

- ✓ તાવ
- ✓ પરસેવો થવો
- ✓ ઠંડી લાગવી
- ✓ થાક
- ✓ ભૂખ ઓછી લાગવી
- ✓ વજન ઘટવું
- ✓ ઉલ્ટી થવી
- ✓ ગળામાં ખારાશ થવી
- ✓ દસ્ત થવો
- ✓ ખાંસી આવવી
- ✓ શ્વાસ લેવામાં તકલીફ પડવી
- ✓ શરીર પર લાલ ચકમા પડવા
- ✓ સ્કીન પ્રોબ્લેમ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) BSFનો 56મો સ્થાપના દિવસ (રાઈઝીંગ ડે) - તા. ૧લી ડિસેમ્બર

BSF : બોર્ડર સિક્યુરીટી ફોર્સ



- ✓ દેશની પ્રથમ રક્ષા પંક્તિ એટલે કે સીમા સુરક્ષા બળ (BSF)નો આજે 56મો સ્થાપના દિવસ.
- ✓ 1 ડિસેમ્બર 1965એ કે.એફ.રુસ્તમજીના નેતૃત્વમાં BSFની સ્થાપના કરાઇ.
- ✓ વર્તમાન DG : રાકેશ અસ્થાના
- ✓ હેડ ક્વાર્ટર્સ – નવી દિલ્હી



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. જન્મ દિન વિશેષ : 1 ડિસેમ્બર

સવાઈ ગુજરાતી : કાકાસાહેબ કાલેલકર



જન્મ : 1 ડિસેમ્બર 1885

અવસાન : 21 ઓગસ્ટ 1981

- ✓ આજે ગુજરાતી સમાજમાં સવાઈ ગુજરાતી તરીકે જાણીતા બનેલા કાકા કાલેલકરનો જન્મદિવસ
- ✓ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનો જન્મ મહારાષ્ટ્રમાં સતારામાં થયો હતો અનેક ઠેકાણે શિક્ષણ મેળવતા તેઓ આખરે ગાંધીપ્રભાવમાં ગૂજરાત વિદ્યાપીઠમાં સ્થાયી થયા હતા.
- ✓ ગૂજરાત વિદ્યાપીઠમાં ગુજરાત મહાવિદ્યાલયના આચાર્ય, કુલનાયક તરીકેની જવાબદારી કુશળતાપૂર્વક વહન કરી હતી.
- ✓ જીવન આનંદ, જીવન સંસ્કૃતિ, રખડવાનો આંનદ, હિમાલયનો પ્રવાસ, સ્મરણયાત્રા, જીવતા તહેવારો, ઓતરાદી દીવાલો વગેરે કાલેલકરના અત્યંત જાણીતા પુસ્તકો છે.
- ✓ કાકાસાહેબે રાષ્ટ્રમત, નવજીવન, શિક્ષણ અને સાહિત્ય. સર્વોદય, હંસ, વિહંગમ અને મંગલ પ્રભાત જેવા સામયિકો થકી પત્રકારત્વ પણ ખેડ્યું હતું.

- ✓ તેઓના સાહિત્ય સર્જન અને રચનાત્મક પ્રવૃતિઓનું ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ, સાહિત્ય અકાદમી પુરસ્કાર, રાજ્યસભાના સભ્ય, બેકવર્ડ ક્લાસ કમિશનના અધ્યક્ષ અને પદ્મ વિભૂષણ એમ અનેક રીતે થયું હતું.
- ✓ કાકા સાહેબ કાલેલકરનું 21 ઓગસ્ટ 1981ના રોજ 96 વર્ષની વયે અવસાન.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૧૨-૨૦૨૦)

1. તાજેતરમાં મહેસૂલ વિભાગ દ્વારા ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મહિલાઓના નામે થતા દસ્તાવેજમાં કેટલી ફી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે - **રૂ.100**
2. ગુજરાતમાં મિલકત દસ્તાવેજ રજીસ્ટ્રેશન માટે કેટલી ફી વસૂલવામાં આવે છે - **4.9 % સ્ટેમ્પ ડ્યુટી અને દસ્તાવેજના 1%**
3. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલા ગીધ સંરક્ષણ માટેના એક્શન પ્લાનનો સમયગાળો જણાવો - **2020-2025**
4. કેન્દ્રના એક્શન પ્લાન અંતર્ગત ગુજરાત વન વિભાગ દ્વારા તાજેતરમાં ગીધ સંરક્ષણ માટે કેટલા ગીધ ઉપર રિસર્ચનો પ્રારંભ કરવામાં આવ્યો છે - **12**
5. ગુજરાત વન વિભાગ દ્વારા ગીધના લોકેશન માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરાયો છે - **સૌર ઊર્જા સંચાલિત ટેગિંગ**
6. ગિરનાર પર્વત ઉપર વસવાટ કરતા ગીધ કયા નામે ઓળખાય છે - **ગિરનારી ગીધ**
7. તાજેતરમાં ભાજપના ગુજરાતમાંથી ચૂંટાયેલા રાજ્યસભાના કયા સાંસદનું તારીખ 01 ડિસેમ્બરના રોજ ચેન્નઈ ખાતે 66 વર્ષે અવસાન થયું હતું - **અભય ભારદ્વાજ**
8. રાજ્યસભાના સાંસદ સ્વ. અભય ભારદ્વાજનો જન્મ ક્યાં થયો હતો - **યુગાન્ડા**
9. રાજ્યસભાના સાંસદ સ્વ. અભય ભારદ્વાજનું વતન જણાવો - **રાજકોટ**
10. રાજ્યસભાના સાંસદ સ્વ. અભય ભારદ્વાજ ભારત સરકારના કેટલામાં લૉ કમિશનમાં સભ્ય હતા - **21મા**
11. રાજ્યસભાના સાંસદ સ્વ. અભય ભારદ્વાજ મૂળ કયા વ્યવસાય સાથે જોડાયેલા હતા - **વકીલાત**
12. તાજેતરમાં "વેવિશાળ" નવલકથાનું કઇ કઇ ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યું છે - **રશિયન અને ચાઈનીઝ (મેન્ડેરિન)**
13. તાજેતરમાં રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા 10 ઉત્તમ કૃતિઓમાં ગુજરાતની કઇ કૃતિનો સમાવેશ કરાયો છે - **વેવિશાળ**
14. "વેવિશાળ" અમર નવલકથાના લેખક જણાવો - **ઝવેરચંદ મેઘાણી-1939**
15. ગુજરાતી નવલકથા "વેવિશાળ"નું ભારતની કઇ કઇ ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યું છે – ગુજરાતી, અસમિયા, બંગાળી, હિન્દી, કન્નડ, ઓડિયા, તમિલ, તેલુગુ, પંજાબી અને ઉર્દુ
16. ભારતની ચૂંટણીમાં સૌ પ્રથમવાર પોસ્ટલ બેલેટ પેપરથી કોણ મત આપી શકે તે માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા કવાયત શરૂ કરાઇ છે - **NRI**
17. વર્ષ 2020માં ખાસ કરીને દક્ષિણ ભારતમાં કયા કયા વાવાઝોડાએ કહેર વર્તાવ્યો હતો - **અમ્ફાન, નિસર્ગ, નિવાર અને બુરેવી**
18. અરબી સમુદ્ર અને પશ્ચિમ બંગાળની ખાડીમાં આવતા દરિયાઈ વાવાઝોડાના નામ આપવાનો પ્રારંભ કયા વર્ષથી થયો - **2004**
19. આગામી એપ્રિલ 2021થી સરકારી નોકરી માટે તમાકુનું સેવન નહીં કરતા હોવાનું સોગંદનામુ કયા રાજ્ય દ્વારા ફરજિયાત કરાશે- **ઝારખંડ**
20. ઝારખંડ સરકારે કયા સાત જિલ્લાને ધુમ્રપાન મુક્ત જાહેર કર્યા – **રાંચી, ધનબાદ, બોકારો, ખૂંટી, સરાયકેલા હજારીબાગ, સિંહભૂમનો શહેરી વિસ્તાર**
21. દક્ષિણ-પૂર્વ એશિયામાં મેલેરિયાને સૌથી સારી રીતે નિયંત્રણમાં લેવા બદલ WHO દ્વારા કયા દેશના પ્રયાસોની પ્રશંસા કરી - **ભારત**

22. વર્લ્ડ મલેરિયા રિપોર્ટ અનુસાર વર્ષ 2000માં બે કરોડ કેસની સામે ગત વર્ષે કેટલા કેસ નોંધાયા હતા - **૫૬ લાખ**
23. વર્ષ ૨૦૦૦માં ભારતમાં મેલેરિયાનાં કારણે કેટલા લોકો તથા ગત વર્ષે કેટલા લોકો મૃત્યુ પામ્યા હતા - **૨૯,૫૦૦ તથા ૭૭૦૦**
24. વૈશ્વિક આરોગ્ય સંસ્થા WHOનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન**
25. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન મુખ્ય મથક જણાવો - **જિનિવા, સ્વિત્ઝરલેન્ડ**
26. કોઈ ખાનગી કંપની કે ખાનગી સ્ટાર્ટઅપનું મૂલ્ય ૧ અબજ ડૉલર કરતા વધી જાય ત્યારે તેને શું કહેવામાં આવે છે - **યુનિકોર્ન**
27. કઈ દેશની લોકકથાઓમાં મૂળભૂત રીતે ઘોડા જેવા દેખાતા અને માથામાં શીંગ ધરાવતા પ્રાણીને યુનિકોર્ન તરીકે ઓળખવામાં આવે છે - **યુરોપ**
28. વર્તમાન સ્થિતિ અનુસાર હાલમાં વિશ્વમા કુલ કેટલા યુનિકોર્ન સ્ટાર્ટઅપ નોંધાયા છે - **૫૦૧**
29. વિશ્વના નોંધાયેલા ૫૦૧ યુનિકોર્ન સ્ટાર્ટઅપમાં ભારતના કેટલા સ્ટાર્ટઅપનો સમાવેશ થાય છે - **૨૫**
30. કઈ કંપનીએ વૈશ્વિકકક્ષાએ તમામ સ્ટાર્ટઅપનો રેકોર્ડ રાખ્યો છે - **ગ્લોબલ રિસર્ચ ફર્મ સીબી ઈન્સાઈટ**
31. વિશ્વના તમામ યુનિકોર્ન સ્ટાર્ટપઅની કુલ સંપત્તિ કેટલી થાય છે - **૧૫૯૨ અબજ ડૉલર**
32. વિશ્વના ૫૦૧ સ્ટાર્ટઅપમાં સૌથી વધારે કેટલા સ્ટાર્ટઅપ કયા દેશના છે - **૨૪૨ તથા અમેરિકા**
33. વિશ્વના ૫૦૧ સ્ટાર્ટઅપ પૈકી બીજા અને ત્રીજા ક્રમનો સ્ટાર્ટઅપ વાળા દેશના નામ જણાવો - **ચીન તથા ભારત**
34. વર્ષ 2008 બાદ પ્રત્યેક વર્ષની થીમને વિશ્વ એઇડ્સ અભિયાનની કઈ કમિટી દ્વારા નક્કી કરાઈ છે - **ગ્લોબલ સ્ટીયરિંગ**
35. એઇડ્સ હેલ્પ લાઇન નંબર જણાવો - **1097**
36. ભારતમાં પ્રથમ એઇડ્સનો કેસ કયા વર્ષે જોવા મળ્યો હતો - **વર્ષ 1986**
37. વિશ્વ એઇડ્સ દિવસ સૌપ્રથમ ઑગષ્ટ 1987માં કઈ વ્યક્તિએ મનાવ્યો હતો - **જેમ્સ ડબ્લ્યૂ બુન અને થોમસ નેટર**
38. કાકાસાહેબ કાલેલકરનો જન્મદિવસ જણાવો- **1 ડિસેમ્બર 1885**
39. કાકાસાહેબ કાલેલકરનું ઉપનામ- **સવાઈ ગુજરાતી**
40. કાકાસાહેબ કાલેલકરનો જન્મ ક્યાં થયો હતો- **સતારા (મહારાષ્ટ્ર)**
41. વિશ્વ એડ્સ દિવસ ક્યારે ઉજવાય છે- **01 ડિસેમ્બર**
42. વિશ્વ એઇડ્સ દિવસ -2020ની થીમ જણાવો- **'વૈશ્વિક એકય, સામૂહિક જવાબદારી'**
43. બીએસએફનો સ્થાપના દિવસ જણાવો- **01 ડિસેમ્બર 1965**
44. બીએસએફના વર્તમાન DG – **રાકેશ અસ્થાના**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. નિર્ણય : NGT - નવી દિલ્હી

ભારતમાં કોરોના નિયંત્રણમાં ના આવે ત્યાં સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ



✓ ખાસ: હવાની ગુણવત્તા સારી નહીં હોય તેવા રાજ્યોમાં અમલી

વિગત :

✓ દિલ્હી-એનસીઆરમાં દિવાળીમાં ફટાકડા પર પ્રતિબંધ બાદ પણ પ્રદૂષણ અપેક્ષા અનુસાર કાબૂમાં ના આવતાં નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલે (એનજીટી)આ પ્રતિબંધને લંબાવવાનો નિર્ણય કર્યો.

✓ હવે કોવિડ-૧૯ નિયંત્રણમાં ના આવે ત્યાં સુધી ફટાકડા ફોડવા પરનો પ્રતિબંધ જળવાઇ રહેશે.

✓ તેના પરિણામે હવે જ્યારે લગ્નની સિઝન ખૂલી છે તેમાં લોકો ફટાકડા ફોડી શકશે નહીં.

✓ દેશના જે રાજ્યોમાં હવાની ગુણવત્તા સારી નહીં હોય ત્યાં પણ ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લાદવામાં આવશે.

✓ કોવિડ-૧૯ના રોગચાળા દરમિયાન જ્યાં વ્યાપક એર ક્વોલિટી પૂઅર અને તેનાથી ઉપરની કેટેગરીમાં આવે છે ત્યાં તમામ પ્રકારના ફટાકડાનાં વેચાણ અને તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

નવા વર્ષની ઉજવણીમાં પણ માત્ર ગ્રીન ફટાકડાની મંજૂરી

✓ જે શહેરો અને ગામોમાં વ્યાપક એર ક્વોલિટી મોડરેટ અથવા તેનાથી નીચેની કેટેગરીમાં આવતી હોય ત્યાં બે કલાકથી વધારે નહીં એટલા સમય માટે જ ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવશે.

- ✓ ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી દરમિયાન જે સ્થળોએ હવાની ગુણવત્તા મોડરેટ અથવા તેનાથી નીચી કેટેગરીમાં આવતી હોય તેવા સ્થાનો પર ૧૧:૫૫ પીએમથી ૧૨:૩૦ એએમ દરમિયાન જ ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવશે.
- ✓ NGT : નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ૨૬ જાન્યુઆરી- પ્રજાસત્તાક પર્વ-૨૦૨૧ (વૈશ્વિક સંબંધો)

ભારતમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય મહેમાન તરીકે બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સનને આમંત્રણ અપાયું



- ✓ આમંત્રણ સ્વિકારે તો ૨૭ વર્ષમાં પ્રથમવાર યુકેના વડા પ્રધાન રાજપથ પરેડના મુખ્ય મહેમાન તરીકે બિરાજશે.
- ✓ છેલ્લે ૧૯૯૩માં બ્રિટનના વડા પ્રધાન જ્હોન મેજર ૨૬ જાન્યુઆરીની પરેડમાં હાજર રહ્યા હતા.

જોન્સને G7 સમિટમાં હાજર રહેવા ભારતના વડાપ્રધાન મોદીને આમંત્રણ

- ✓ જોન્સને આગામી વર્ષે યુકેમાં યોજાનારી G7 સમિટમાં હાજર રહેવા ભારતીય વડા પ્રધાનને પણ આમંત્રણ આપ્યું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વિદેશ વ્યાપાર : ત્રણ દાયકા બાદ ચીનનો પ્રથમવાર ભારતમાંથી ચોખાની ખરીદી માટે પ્રસ્તાવ (નિકાસ)

ચોખા નિકાસમાં ભારત :

- ✓ ચોખાના વિશ્વ બજારમાં ભારત સૌથી મોટું નિકાસકાર જ્યારે ચીન સૌથી મોટું આયાતકાર.



- ✓ ચીન દર વર્ષે ૪૦ લાખ ટન ચોખાની આયાત કરતું હતું.
- ✓ આ વર્ષે સપ્લાયની સમસ્યા ઊભી થઇ અને ભારતે ડિસ્કાઉન્ટ આપતા બેઇજિંગે ભારત તરફ હાથ લંબાવ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વિશેષ સિદ્ધિ : લખનઉ નગર નિગમ જાહેર સેવા માટે BSE બોન્ડ લોન્ચ કરનાર લખનઉ ઉત્તર ભારતનું પ્રથમ નગર (આર્થિક)



વિગત :

- ✓ યોગી આદિત્યનાથે બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લખનઉ નગર નિગમના બોન્ડ લોન્ચ કર્યાં હતા
- ✓ લખનઉ ઉત્તર ભારતનું પ્રથમ નગર નિગમ છે જેણે બોન્ડનું લિસ્ટિંગ બીએસઇ પર કર્યું છે.
- ✓ પ્રથમવાર યુપીના CM યોગી આદિત્યનાથે BSEનો બેલ વગાડવાની તક મળી.
- ✓ રૂ. ૨૦૦ કરોડના બોન્ડનું BSEમાં લિસ્ટિંગ કરાયું
- ✓ BSE : બોમ્બે સ્ટોક એક્સચેન્જ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલકૂદ : વિરાટ કોહલી વન-ડેમાં ૧૨ હજાર રન કરનાર વિશ્વનો છઠ્ઠો ખેલાડી

- ✓ સૌથી ઓછી ૨૪૨ ઈનિંગ્સમાં ૧૨,૦૦૦ રન જયારે સચિન તેડુંલકરે ૩૦૦ ઈનિંગ્સમાં ૧૨,૦૦૦ રન કર્યાં હતા.



- ✓ ૧૨ હજાર રન બનાવનાર અન્ય ખેલાડીઓ
- ✓ પોન્ટિંગ-ઓસ્ટ્રેલિયા
- ✓ સંગાકારા – શ્રીલંકા
- ✓ જયસુર્યા – શ્રીલંકા
- ✓ જયવર્દને - શ્રીલંકા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. WHO : વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ-૨૦૨૦ (આરોગ્ય)

અહેવાલના મહત્વના તારણો :

- ✓ વિશ્વમાં મેલેરિયાથી થતા મૃત્યુમાં વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૯ સુધીમાં સતત ઘટાડો.



- ✓ વિશ્વમાં ૨૦ વર્ષ પહેલા મેલેરિયાથી ૭.૩૬ લાખ લોકોના મૃત્યુ થયા હતા જે ૨૦૧૯માં ઘટીને ૪.૦૯ લાખ થયા.
- ✓ મૃતકોમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બે તૃતિયાંશ બાળકોનો સમાવેશ થાય છે.

✓ વર્ષ ૨૦૧૯માં દુનિયાના ૮૭ મેલેરિયા પીડિત દેશોમાં કુલ ૨૨.૯ કરોડ લોકોને મેલેરિયા થયો હતો.

ભારતમાં મેલેરિયાની સ્થિતિ :

✓ ભારતના આરોગ્ય મંત્રાલય મુજબ દેશમાં વર્ષ ૨૦૧૮ની સરખામણીમાં ૨૦૧૯માં ૧૭ ટકાનો ઘટાડો.

✓ વર્ષ ૨૦૦૦ની સરખામણીમાં ૨૦૧૯માં મેલેરિયાના કેસમાં ૭૧.૮ ટકાનો ઘટાડો થયો છે. આ ગાળાનો મરણ આંક પણ ૮૩.૮૪ ટકા ઘટયો છે.

✓ છેલ્લા ૨૦ વર્ષમાં વિશ્વમાં ૧.૫૦ અબજ લોકો મેલેરિયાનો ભોગ બન્યા હતા જેમાંથી ૭૬ લાખથી વધુના મુત્યુ થયા હતા.

✓ મલેરિયા રિપોર્ટ મુજબ ભારતમાં મેલેરિયાના કેસમાં ઘટાડો થઇ રહયો છે તેમ છતાં વિશ્વમાં મલેરિયાના વધુ કેસો ધરાવતા ત્રણ દેશોમાં સૌથી આગળ છે.

✓ વિશ્વમાં મલેરિયાથી થતા મોતમાં ૯૫ ટકા તો માત્ર ૩૧ દેશોમાં જ થાય છે જેમાં નાઇજીરિયા, કોંગો જેવા આફ્રિકી દેશો ઉપરાંત ભારતનો પણ સમાવેશ.

✓ જો કે ૨૦૧૯ના અહેવાલમાં આ દેશોની મોતની ટકાવારી ઘટીને ૫૧ ટકા થઈ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૭. UN : સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઈમેટ-૨૦૨૦ અહેવાલ (ક્લાઈમેટ ચેન્જ)



મહત્વના તારણો :

✓ વર્ષ-૨૦૨૦નું વર્ષ-૧૮૫૦ પછીનું આજ સુધીનું ત્રીજુ સૌથી ગરમ વર્ષ નોંધાયુ

✓ આ વર્ષે સરેરાશ કરતાં ૧.૨ ડિગ્રી વધારે તાપમાન નોંધાયું

✓ આંકડાની દૃષ્ટિએ નાનો લાગતો આ ફેરફાર ધરતીના હવામાનમાં બહુ મોટો ફેરફાર કરી શકે છે.

✓ સતત વધી રહેલા વાવાઝોડા, વરસાદ, જંગલની આગ, હીટવેવ, બરફ પીગળવો વગેરે પાછળ આ તાપમાન વૃદ્ધિ જ કારણભૂત છે.

✓ 2015માં પેરિસમાં પર્યાવરણ સંધિની જાહેરાત થઈ હતી. તેના પાંચ વર્ષ નિમિતે મળેલી બેઠકમાં આ રિપોર્ટ રજૂ થયો હતો.

✓ રિપોર્ટ પ્રમાણે જમીન ઉપરાંત સમુદ્ર સપાટી પર પણ હીટવેવનું પરિણામ વધી

રહ્યું છે, તેનાથી સમગ્ર હવામાન ચક્ર ખોરવાઈ રહ્યું છે.

- ✓ સપ્ટેમ્બર 2019થી ઓગસ્ટ 2020 સુધીના એક વર્ષમાં ધ્રુવ પ્રદેશોનો 152 અબજ ટન બરફ પીગળી ગયો હતો. બીજી તરફ એટલાન્ટિક મહાસાગરમાંથી આ વર્ષે અત્યાર સુધીમાં 30 વાવાઝોડાં ઉદ્ભવ્યા છે.
- ✓ આ આંકડો અત્યાર સુધીનો સૌથી મોટો છે. દક્ષિણ અમેરિકા ખંડના દેશો બ્રાઝિલ, આર્જેન્ટિના, ઉરૂગ્વે, પેરાગ્વે વગેરે ભીષણ દુકાળનો ભોગ બન્યા છે.
- ✓ આ દેશોના કૃષિ ક્ષેત્રને અંદાજે 3 અબજ ડૉલરનું નુકસાન થયું છે. 1850થી 1900 સુધીના સરેરાશ તાપમાનની સરખામણીમાં ધરતીનું તાપમાન આ વખતે 1.2 ડીગ્રી વધારે જોવા મળ્યું છે.
- ✓ આ પહેલા 2016 સૌથી ગરમ વર્ષ નોંધાયુ હતું. હવામાનના ફેરફારોને કારણે ભારતને આ વર્ષે 1994 પછી સૌથી વધુ વરસાદ મળ્યો હતો. ચોમાસાની સિઝન પછી પણ દેશના અનેક ભાગોમાં વરસાદ પડતો નોંધાયો હતો.
- ✓ અહેવાલ જાહેર કરનાર સંસ્થા : વર્લ્ડ મિટિરિયોલોજીકલ ઓર્ગેનાઈઝેશન

WMO વિશે :



- ✓ વિશ્વ હવામાન સંસ્થા એ UN અંતર્ગત કાર્યરત
- ✓ WMO : World Meteorological Organization
- ✓ ૭૦ વર્ષ : ૧૯૫૦-૨૦૨૦
- ✓ સ્થાપના: તા.૨૩-૦૩-૧૯૫૦
- ✓ વડુ મથક : જીનીવા (સ્વિત્ઝર્લેન્ડ)
- ✓ કુલ સભ્ય દેશ : ૧૯૩

WORLD METEOROLOGICAL ORGANIZATION

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. બ્રિટન : ફાઇઝર- બાયોએનટેકની કોરોના વેક્સિનને ત્રણ ટ્રાયલ બાદ મંજૂરી આપનારો વિશ્વનો પ્રથમ દેશ - WHOનું સમર્થન (આરોગ્ય)



સંયુક્ત કોરોના વેક્સિન

- ✓ ફાઈઝર-USA અને બાયોએનટેક-જર્મનીની કંપની : **રસી ૯૬ ટકા અસરકારક**
- ✓ સ્વાસ્થ્ય કર્મીઓ અને કોરોના વોરિયર્સને તથા કેર હોમ્સમાં રહેનારા લોકોને રસી આપવા માટે પ્રાથમિકતા આપવાની ગણતરી છે.
- ✓ બીજી તરફ બ્રિટનની માન્ય રસી અંગે વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું કે, કોરોનાની રસીને માન્યતા આપનારો બ્રિટન વિશ્વનો પહેલો દેશ છે.
- ✓ WHOના વડા ટેડ્રોસે જણાવ્યું કે, બ્રિટન દ્વારા ઈમર્જન્સીમાં રસીનો ઉપયોગ કરી શકાય છે. અમને આશા છે કે, તે ઝડપથી રસીકરણ કામગીરી શરૂ કરી દેશે.

રસીકરણ યોજના:

- ✓ બ્રિટન દ્વારા શરુઆતમાં દેશના બે કરોડ લોકોને રસી આપવાની યોજના તૈયાર કરી દેવાઈ છે. આ માટે ચાર કરોડ ડોઝનો ઓર્ડર પણ આપી દેવાયો છે.
- ✓ બ્રિટન દ્વારા દરેક વ્યક્તિને ૨૧ દિવસમાં બે ડોઝ આપવાનું આયોજન કરાયું છે. બીજો ડોઝ બુસ્ટર ડોઝ હશે.
- ✓ ૧ કરોડ ડોઝ આગામી અઠવાડિયે આવી જાય તેવી ધારણાઓ છે.
- ✓ બીજી તરફ ૮ લાખ પ્રારંભિક ડોઝ સાથે ૫૦ હોસ્પિટલોમાં રસીકરણ શરૂ કરી દેવાશે.

ફાઇઝર- બાયોએનટેકની રસી કેવી રીતે કામ કરે છે :

1. કોરોના વાઇરસના જિનેટિક કોડનો એવો ભાગ લેવામાં આવ્યો કેજે આ વાઇરસનીસપાટી પર 'સ્પાઇક પ્રોટીન'નું નિર્માણકરે છે.
2. ફેટના ડ્રોપલેટમાં આ જિનેટિક સંરચના રાખવામાં આવે છે, જેને બાદમાં દર્દીને ઇન્જેક્ટ કરવામાં આવે છે.
3. રોગપ્રતિકારક કોષો સ્પાઇક પ્રોટીન બનાવે છે કે જેથી શરીર તેમની ઓળખ કરી શકે. આ પ્રોટીનના લીધેવાઇરસ માનવ કોષો પર પ્રોટીન રિસેપ્ટર્સ પર ચોંટીજાય છે. જેથી એ એની અંદર જાય અને સમગ્ર શરીરમાં ફેલાઈ જાય.
4. આ સ્પાઇક પ્રોટીનના કારણે શરીરની રોગપ્રતિકારકશક્તિ સક્રિય થઈ જાય છે અને એન્ટિબોડીઝ ઉત્પન્ન કરે છે કે જેનાથી આ વાઇરસ કોષોમાં જતાઅટકે છે.
5. જો એ વ્યક્તિને ક્યારેય કોરોનાનું સંક્રમણ થાય છે તો આ એન્ટિબોડી અને ટી-સેલ્સ એ જ રીતે અસરકારકતાથી એનો સામનો કરે છે અને સંક્રમણ અટકાવે છે.

કોને પ્રાથમિકતા અપાશે?

૧. કેર હોમ રેસિડેન્સ, વકર્સ

૨. ૮૦ વર્ષથી વધારે વયના લોકો અને હેલ્થ વકર્સ

૩. ૭૫ વર્ષથી વધારે

૪. ૭૦ વર્ષથી વધારે

૫. ૬૫ વર્ષથી વધારે
૬. હાઇ રિસ્કવાળા
૭. મધ્યમ રિસ્કવાળા
૮. ૬૦ વર્ષથી વધારે ૯. ૫૦ વર્ષથી વધારે
✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. નવતર પહેલ - ગેલેક્સી મેપિંગ : બ્રહ્માંડનો ગુગલ મેપ (અવકાશ વિજ્ઞાન)



✓ ઓસ્ટ્રેલિયન રેડિયો ટેલિસ્કોપે માત્ર ૩૦૦ કલાકમાં જ ૩૦ લાખ આકાશગંગાનું મેપિંગ પૂર્ણ
✓ ૩૦૦ કલાકમાં ૧૩.૫ એક્ઝાબાઈટ કાચો ડેટા તૈયાર કરાયો

ટેલિસ્કોપ વિશે :

✓ ઓસ્ટ્રેલિયન સ્કવેર કિ.મી. એરે પાથફાઇન્ડર (એએસકેએપી) રેડિયો ટેલિસ્કોપ છે.
✓ ૧૩.૮ કરોડ અમેરિકી ડોલરના ખર્ચે તૈયાર થયેલું આ રેડિયો ટેલિસ્કોપ પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં કાર્યરત છે.
✓ આ ટેલિસ્કોપે માત્ર બે સપ્તાહ અર્થાત ૩૦૦ કલાકમાં લાખો ગેલેકસીનું મેપિંગ પૂરું કર્યું છે. આ પહેલાં આટલું કામ કરતાં વર્ષો લાગતાં હતાં.

ટેલિસ્કોપ તૈયાર કરનાર સંસ્થા :

✓ ઓસ્ટ્રેલિયાની વિજ્ઞાન સંસ્થાના જણાવ્યા મુજબ આ સર્વેના પરિણામે બ્રહ્માંડનો એટલાસ સામે આવ્યો છે.
✓ ટેલિસ્કોપની સંરચના પણ ઓસ્ટ્રેલિયાની વિજ્ઞાન એજન્સી સી.એસ.આઇ.આર.ઓ. દ્વારા થયેલી છે. વિજ્ઞાન એજન્સી જ તેને ઓપરેટ કરે છે.

ગેલેક્સીનો ૮૩ ટકા ભાગ આવરી લેવાયો :

✓ આકાશગંગાના નવા નકશામાં આકાશનો ૮૩ ટકા ભાગ આવરી લેવામાં આવ્યો છે.
✓ ૩૦૦ કલાકમાં ઝડપાયેલી ૯૦૩ તસવીરો ૨૦૦૦ થી ૪૦૦૦ અંતરિક્ષ પદાર્થો ધરાવે છે.
✓ આ તસવીરોમાં આકાશગંગાના જેવા દર્શન થાય છે તેવા દર્શન ભૂતકાળમાં કદી નથી થયા.
✓ સંશોધનના વડા ખગોળશાસ્ત્રી ડેવિડ મેકકોનલના જણાવ્યા મુજબ વિજ્ઞાનીઓને આશા છે કે નવા સર્વેની મદદથી વિશ્વભરના ખગોળશાસ્ત્રીઓને એક નવો ડેટા ઉપલબ્ધ થશે.
✓ જેની મદદથી તેમને અજાણ્યા બ્રહ્માંડને ઓળખવામાં, તારા બનવાની પ્રક્રિયાથી માંડીને આકાશગંગા અને વિશાળ બ્લેક હોલ વિશેની જાણકારી મેળવવામાં મદદ મળશે.

હેતુ અને ભાવિ પ્રયોગ

- ✓ પનોરમા મોડમાં લેવાય છે તસવીર
- ✓ એએસકેએપી ટેલિસ્કોપ અંદાજે ૩૬ જેટલા ડિશ એન્ટેના ધરાવે છે. તે તમામ ડિશ એન્ટેના મળીને પનોરમા મોડમાં તસવીરો ખેંચે છે.
- ✓ હાઇ ક્વોલિટીના ટેલિસ્કોપ રિસીવરનો અર્થ એ કે ટીમને સમગ્ર આકાશનો નકશો તૈયાર કરવા માટે માત્ર ૯૦૩ તસવીરો જોડવી પડે છે. આ પહેલાં મેપિંગ માટે હજારો તસવીરોને જોડવી પડતી હતી.
- ✓ એએસકેએપી સર્વેક્ષણ કામગીરીને પગલે ૩૦૦ કલાકમાં ઝીલવામાં આવેલી ૯૦૩ જેટલી તસવીરોની મદદથી ગૂગલ મેપ તૈયાર કરવામાં આવ્યો છે.

ગાઢ અંતરિક્ષ સંશોધનનાં દ્વાર ખૂલી ગયાં

- ✓ એએસકેએપી ટેલિસ્કોપની મદદથી હાથ લાગેલા નવા ડેટાની મદદથી ખગોળશાસ્ત્રી સંખ્યાબંધ આકાશગંગાનું આંકડાકીય વિશ્લેષણ કરી શકશે.
- ✓ નવા ડેટાની મદદથી બ્રહ્માંડ કઇ રીતે વિકસ્યું અને આજે તેનું સ્વરૂપ શું છે તે સમજવામાં પણ મદદ મળશે. ઓસ્ટ્રેલિયાના ઉદ્યોગ, વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન કેરન એન્ડ્રૂનું કહેવું છે કે એએસકેએપી ટેલિસ્કોપ તે મોટી ટેકનોલોજિકલ સિદ્ધિ છે.
- ✓ આ ટેકનોલોજી ખગોળવિજ્ઞાનની તરાહ જ બદલી નાખશે. તેણે આપણા વિજ્ઞાની, ઇજનેરો અને ઉદ્યોગ માટે ગાઢ અંતરિક્ષ સંશોધન માટે ભાવિ પેઢીને અગ્ર હરોળમાં ગોઠવી દીધી છે.
- ✓ સંશોધકે જણાવ્યું હતું કે સર્વેક્ષણ દરમિયાન એલિયન જીવનના કોઇ સંકેત નથી મળ્યા, પરંતુ કેટલાક તારા અસામાન્ય રેડિયો એક્ટિવિટી કરી રહ્યાનું ધ્યાને આવ્યું હતું. સંશોધકોને આશા નથી કે સર્વેક્ષણમાં એલિયનના કોઇ પુરાવા મળે, પરંતુ કોઇ પણ બાબતને નકારી ના શકાય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. દિન વિશેષ – ૨ ડિસેમ્બર

(૧) નેશનલ પોલ્યુશન પ્રિવેન્શન ડે



વિગત-

થીમ-૨૦૨૦ : raise awareness about the importance of pollution control measures and to educate people on how to prevent pollution.

- ✓ ભારતમાં બીજી ડિસેમ્બરે નેશનલ પોલ્યુશન પ્રિવેન્શન ડેની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ ૧૯૮૪માં ભોપાલ ખાતે ૨-૩ ડિસેમ્બરે મધરાતે ગેસકાંડ થયો હતો.

✓ ભારતમાં આ સૌથી મોટી ઔદ્યોગિક હોનારત ગણાય છે. તે દિવસે મધરાતે થયેલી ગેસ ટ્રેજેડીમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા.

હેતુ :

✓ આ દિવસને ધ્યાનમાં રાખીને મૃતકોને શ્રદ્ધાંજલી આપવા તથા દેશ અને દુનિયાના લોકોને ઔદ્યોગિક પ્રદુષણ તથા અન્ય પ્રદુષણ વિશે માહિતગાર કરવા અને જાગ્રત રહેવા માટે ભારત સરકાર પ્રયાસ કરતી આવી છે.

પર્યાવરણ માટે આપણે શુ કરી શકીએ ?

✓ સૌથી પહેલાં તો જળ સંરક્ષણ ખૂબ જરૂરી છે, પાણી ઘણી રીતે બચાવી શકાય છે

✓ નહાવા માટેનો સમય ઘટાડો અને બિનજરૂરી પાણી વહેતું અટકાવો

✓ એરકન્ડિશનમાંથી ટપકતાં પાણીનો સંગ્રહ કરીને છોડવામાં નાખી શકાય અથવા પક્ષીઓ માટે વાપરી શકાય.

✓ આર.ઓ પ્લાન્ટમાંથી નીકળતા પાણીનો સંગ્રહ કરીને તેને ઘરના વાસણ કે અન્ય કામો માટે વાપરીને પાણીને બચાવી શકાય.

✓ કામના સ્થળો પર પ્લાસ્ટિક કે થર્મોકોલના કપનો ઉપયોગને બદલે સિરામિક કે કાચના મગ વાપરવાનો આગ્રહ રાખવો જોઇએ

✓ ઘરેથી ધાતુના ટિફિનમાં ભોજન લાવવાનો આગ્રહ રાખવો જેથી કરીને એલ્યુમિનિયમ ફોઇલ કે પ્લાસ્ટિકના કન્ટેનરનો ઉપયોગ ટાળી શકાય

✓ બહારથી પાણી ખરીદવાને બદલે ઘરની વોટરબેગ વાપરવાનો આગ્રહ રાખો તેનાથી પ્લાસ્ટિકની બોટલનો વપરાશ ઘટાડી શકાશે. પ્લાસ્ટિકની બોટલો બાયોડીગ્રેડેબલ નથી તેથી તેને ઘસવા માટે ઘણા વર્ષો લાગે છે.

✓ ઘરના તમામ બિલ્સને ઓનલાઇન ભરવા જોઈએ તેનાથી કાગળના બિલ્સનો વપરાશ ઘટશે છેવટે ઝાડ કપાતા બચાવી શકાશે

✓ ઘરેથી કામના સ્થળે જવા માટે પોતાના વાહનના બદલે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરી શકાય જેથી હવામાં પ્રદૂષણને અને તમારા પેટ્રોલના બિલને ઘટાડી શકાય

✓ તમારી કારમાં બળતણને નિયંત્રિત કરવાનું બટન મૂકો જેથી નિશ્ચિત સમય મર્યાદા કરતા વધુ બળતણ વપરાય નહીં.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) વર્લ્ડ કોમ્પ્યૂટર લિટરસી ડે :

૨ ડિસેમ્બર



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. જન્મ દિવસ વિશેષ – ૨ ડિસેમ્બર

સાંદીપનિ ઋષિ મામાસાહેબ ફડકે



- ✓ આજે ગઝલકાર આસીમ રાંદેરી, દલિત કવિ નીરવ પટેલ અને મામાસાહેબ ફડકેનો જન્મદિવસ.
- ✓ જન્મ : મહારાષ્ટ્રમાં નેતૃત્વની ખાણ ગણાતા રત્નાગિરિ જામુલઆડ ખાતે
- ✓ મૂળનામ વિઠલ લક્ષ્મણ ફડકે પણ જાણીતા થયા હતા મામાસાહેબના નામે.
- ✓ બાલ્યાવસ્થામાં સ્વદેશીની લગની લાગી હોવાથી દાખલો બેસાડવા. સ્વદેશી ધાબળો ઓઢી શાળાએ ગયા હતા.
- ✓ મામા સાહેબે ગાંધીપ્રભાવમાં રચનાત્મક કાર્યક્રમમાંથી અસ્પૃશ્યતા નિવારણ અને અંત્યોદ્ધારની પ્રવૃત્તિઓને પોતાનું જીવન ધ્યેય બનાવ્યું હતું.
- ✓ હિંદુ ધર્મમાં પ્રચલિત અસ્પૃશ્યતાનું કલંક કોઈ બ્રાહ્મણ જ ધોઈ શકે તેવા ગાંધીવિચારને માથે ચડાવી મહારાષ્ટ્રના ચિત્તપવન બ્રાહ્મણ 1919થી ગોધરામાં આશ્રમ સ્થાપી સ્થાયી થયા હતા.
- ✓ ગોધરા અને પંચમહાલના દલિતોના ઉત્કર્ષ કાજે તેઓએ પોતાની જિંદગીના 5 દાયકા ત્યાં ખર્ચી નાંખ્યા હતા.
- ✓ ખાદીની બચત કરવા તેઓ ઉપદેશ નહિ પણ ઉદાહરણરૂપ બનો જેવા ગાંધીવાક્યને અનુસરી ધોતિયાને બદલે ખાદીની ખાખી ચડ્ડી જ પહેરતા.
- ✓ મામાસાહેબના કામને સાંદીપનિ ઋષિનો આશ્રમ, શાંત ક્રાંતિના પ્રણેતા જેવા વિશેષણોથી વધાવાયું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૧૨-૨૦૨૦)

1. ભારતમાં કોરોના નિયંત્રણમાં ના આવે ત્યાં સુધી કઈ સંસ્થા દ્વારા ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે - **NGT**
2. ભારતમાં નવા વર્ષની ઉજવણીમાં કયા પ્રકારના ફટાકડા ફોડવાની મંજૂરી NGT દ્વારા અપાઇ છે - **ગ્રીન ફટાકડા**
3. NGTનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, નવી દિલ્હી**
4. આગામી 26 જાન્યુઆરી 2021ના રોજ ભારતમાં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે કયા PMને આમંત્રણ અપાયું છે - **U.K**
5. ઇંગ્લેન્ડના વડાપ્રધાનનું નામ જણાવો -**બોરીસ જોન્સન**
6. તાજેતરમાં કયા દેશ દ્વારા ભારત પાસેથી ચોખાની ખરીદી માટે પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે - **ચીન**
7. તાજેતરના અહેવાલ મુજબ ચોખાના વિશ્વ બજારમાં સૌથી મોટો નિકાસકાર દેશ જણાવો - **ભારત**
8. વિશ્વમાં ચોખાનો સૌથી મોટો આયાતકાર દેશ જણાવો - **ચીન**
9. તાજેતરમાં ઉત્તર ભારતમાં સૌપ્રથમ કયા રાજ્યના કયા નગર નિગમ દ્વારા જાહેર સેવા માટે BSE બોન્ડ લોંચ કરવામાં આવ્યા - **ઉત્તર પ્રદેશ અને લખનઉ**
10. લખનઉ નગર નિગમ દ્વારા સૌ પ્રથમવાર માટે જાહેર સેવા માટે કેટલા કરોડના BSE બોન્ડ લોન્ચ કરવામાં આવ્યા - **રૂ.200 કરોડ**

11. તાજેતરમાં વિરાટ કોહલી દ્વારા વન-ડેમાં કેટલી ઇનિંગમાં કેટલા રન કરી સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો છે - **242 અને 12,000**
12. તાજેતરમાં કયો ક્રિકેટર વન-ડે ક્રિકેટમાં સૌથી ઓછી ઈનિંગમાં ૧૨ હજાર રન બનાવનાર વિશ્વનો છઠ્ઠો ખેલાડી બન્યો – **વિરાટ કોહલી**
13. ડિસેમ્બર 2020માં વિશ્વમાં સૌપ્રથમ કોરોના વેક્સિનને ત્રણ ટ્રાયલ બાદ મંજૂરી આપનાર દેશ - **બ્રિટન**
14. ડિસેમ્બર 2020માં વિશ્વમાં સૌપ્રથમ બ્રિટન દ્વારા કઈ કોરોના વેક્સિનને મંજૂરી આપવામાં આવી - **ફાઈઝર-બાયોએનટેક**
15. ફાઈઝર-બાયોએનટેક કોરોના વેક્સિન કયા દેશની કંપનીઓ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી છે - **અમેરિકા અને જર્મની**
16. ફાઈઝર-બાયોએનટેક કોરોના વેક્સિન કેટલા ટકા અસરકારક હોવાનો દાવો કરાયો છે - **96 ટકા**
17. ફાઈઝર-બાયોએનટેક કોરોના વેક્સિનને કયા વૈશ્વિક સંગઠન દ્વારા સમર્થન અપાયું છે - **WHO**
18. વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ-૨૦૨૦ અનુસાર વિશ્વમાં ૨૦ વર્ષ પહેલા મેલેરિયાથી ૭.૩૬ લાખ લોકોના મૃત્યુ થયા હતા જે ઘટીને ૨૦૧૯માં કેટલા થયા-**૪.૦૯ લાખ**
19. વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ-૨૦૨૦ અનુસાર વર્ષ ૨૦૧૯માં દુનિયાના ૮૭ મેલેરિયા પીડિત દેશોમાં કુલ કેટલા લોકોને મેલેરિયા થયો હતો - **૨૨.૯ કરોડ**
20. ભારતના આરોગ્ય મંત્રાલય મુજબ વર્ષ ૨૦૦૦ની સરખામણીમાં ૨૦૧૯માં મેલેરિયાના કેસમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે - **૭૧.૮**
21. ભારતના આરોગ્ય મંત્રાલય મુજબ વર્ષ ૨૦૦૦થી વર્ષ ૨૦૧૯ના ગાળામાં મરણ આંક કેટલા ટકા ઘટયો છે- **૮૩.૮૪**
22. વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ-૨૦૨૦ અનુસાર છેલ્લા ૨૦ વર્ષમાં વિશ્વમાં કેટલા લોકો મેલેરિયાનો ભોગ બન્યા હતા જેમાંથી ૭૬ લાખથી વધુના મૃત્યુ થયા હતા - **૧.૫૦ અબજ**
23. વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ-૨૦૨૦ અનુસાર વિશ્વમાં મલેરિયાથી થતા મોતમાં ૯૫ ટકા કેટલા દેશોમાં થાય છે જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે - **૩૧**
24. કયારે-ક્યાં વૈશ્વિક પર્યાવરણ સંધિની જાહેરાત થઈ હતી – **વર્ષ-2015 તથા પેરિસ**
25. UNના સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઈમેટ-૨૦૨૦ અહેવાલ મુજબ વર્ષ-૨૦૨૦ કયા વર્ષ પછીનું આજ સુધીનું ત્રીજુ સૌથી ગરમ વર્ષ નોંધાયુ - **૧૮૫૦**
26. સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઈમેટ-૨૦૨૦ અહેવાલ મુજબ આ વર્ષે સરેરાશ કરતાં કેટલી ડિગ્રી વધારે તાપમાન નોંધાયું - **૧.૨**
27. સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઈમેટ-૨૦૨૦ અહેવાલ મુજબ સપ્ટેમ્બર 2019થી ઓગસ્ટ 2020 સુધીના એક વર્ષમાં ધ્રુવ પ્રદેશોનો કેટલો બરફ પીગળી ગયો હતો - **152 અબજ ટન**
28. એટલાન્ટિક મહાસાગરમાંથી આ વર્ષે કેટલા વાવાઝોડાં ઉદભવ્યા છે - **30**
29. સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઈમેટ-૨૦૨૦ અહેવાલ જાહેર કરનાર સંસ્થાનું નામ જણાવો - **વર્લ્ડ મિટિરિયોલોજીકલ ઓર્ગેનાઈઝેશન**
30. વર્લ્ડ મિટિરિયોલોજીકલ ઓર્ગેનાઈઝેશનનું વડુ મથક કયાં આવેલું છે - **જીનીવા (સ્વિત્ઝર્લેન્ડ)**
31. તાજેતરમાં કયા દેશના રેડિયો ટેલિસ્કોપે માત્ર ૩૦૦ કલાકમાં જ ૩૦ લાખ આકાશગંગાનું મેપિંગ પૂર્ણ કર્યું - **ઓસ્ટ્રેલિયા**
32. ઓસ્ટ્રેલિયન રેડિયો ટેલિસ્કોપ તૈયાર કરનાર સંસ્થાનું નામ જણાવો - **ઓસ્ટ્રેલિયાની વિજ્ઞાન એજન્સી CSIRO**
33. વિશ્વમાં 2જી ડિસેમ્બર કયા દિવસ તરીકે ઉજવાય છે- **નેશનલ પોલ્યુશન પ્રિવેન્શન ડે**
34. નેશનલ પોલ્યુશન પ્રિવેન્શન ડે-2020ની થીમ જણાવો – **raise awareness about the importance of pollution control measures and to educate people on how to prevent pollution**
35. ભારતમાં સૌથી ભયાનક ભોપાલ ગેસ દુર્ઘટના ક્યારે બની હતી- **2-3 ડિસેમ્બર 1985**
36. વર્લ્ડ કોમ્પ્યૂટર લિટરસી ડે કયારે મનાવવામાં આવે છે – **2 ડિસેમ્બર**
37. અસ્પૃશ્યતા નિવારણ માટે જીવન આપનાર સાંદિપની ઋષિ વિઠ્ઠલ લક્ષ્મણ ફડકે-મામા સાહેબનો જન્મદિવસ જણાવો- **2 ડિસેમ્બર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. ODPS 2.0 : ગુજરાત સરકાર (શહેરી વિકાસ)

મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતેથી ભારતમાં પ્રથમ એવી ODPS 2.0નું લોન્ચિંગ કરાયું



- ✓ હેતુ: સંપૂર્ણ પારદર્શિતા સાથે બાંધકામ મંજૂરી માટે ઓનલાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ ૨.૦ : માત્ર ૨૪ કલાકમાં બાંધકામ પ્લાનની ઓનલાઈન મંજૂરી.

અન્ય વિગત :

- ✓ સમગ્ર દેશમાં પ્રથમ વખત ગુજરાત રાજ્યમાં શરૂ થયેલી બાંધકામ પરવાનગી માટેની આ ઓનલાઇન સિસ્ટમમાં એફએસઆઈ, હાઇટ, માર્જિન, પાર્કિંગ, ફાયર સેફ્ટી જેવી ૧૫ વાઇટલ બાબતોનું પાલન થતું હશે તો ૨૪ કલાકમાં જ રજા ચિઠ્ઠી સાથે બાંધકામ પ્લાન પાસ થઈ જશે.

ODPS 2.0 વિશે

- ✓ ODPSથી લોકો પોતાના કોમ્પ્યુટરમાંથી પ્લાન સબમિટ કરે ને ૨૪ કલાકમાં તો પાકી મંજૂરી મળી જાય જેથી ડેવલપમેન્ટ ચાર્જ ભરીને વ્યક્તિ મકાન બાંધકામ શરૂ કરી શકે.

ઝડપ અને પારદર્શિતાનો સંગમ ઓનલાઇન ડેવલપમેન્ટ પરમીશન સિસ્ટમ 2.0

- ✓ CGDCRનાં મહત્વપૂર્ણ ૧૫ માપદંડોની ચકાસણી
- ✓ માનવ હસ્તક્ષેપ વિના દુનિયાના કોઇપણ ખૂણેથી ડીજીટલે સીસ્ટમ થકી અરજી કરવી શક્ય.

- ✓ ODPS 2.0માં ચકાસણી સોફ્ટવેર દ્વારા નકશાની ચકાસણીની અતિ મહત્વના પેરામીટર્સની ચકાસણી પર મુખ્ય આધાર.
- ✓ ૧૫ મહત્વના માપદંડો સંતોષાતા હોય પરંતુ તે સિવાયના CGDCRનાં કોઇ એક યા વધુ માપદંડો સંતોષાતા ના હોય તો માત્ર તે કારણસર પ્લાન નામંજૂર નહિ થાય, પરંતુ તે અંગે પર્સનઓનરેકર્ડ (POR) દ્વારા તથા જરૂરી ડેક્લરેશન/બોહેંધરી આપી હોય તેના આધારે પ્લાન મંજુર થશે.
- ✓ આર્કિટેક્ટ એન્જિનિયરશ્રીઓ ઇનગર પોર્ટલ પર વિનામૂલ્યે વિકાસ પરવાનગીના નકશાની ઓનલાઇન ચકાસણી કરી શકશે. ઓનલાઇન વિકાસ પરવાનગીના અરજીઓનો મહત્તમ ૨૮ દિવસ સુધીમાં નિકાલ.

ODPS 2.0 સિસ્ટમથી થનાર ફાયદાઓ

- ✓ ફી નહિ ભરવાથી અથવા દસ્તાવેજ યા નકશાના મુદ્દે અરજી નામંજૂર થઈ હોય તો ૩૬૫ દિવસમાં ફરીથી તે જ જમીન અને હેતુ માટે અરજી કરવામાં આવે તો અગાઉ ભરેલ ચકાસણી ફી નજરે મળશે.
- ✓ સત્તામંડળ તરફથી સાઇટ વિઝીટ લેવાની થતી હોય તો તેની પણ સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. આર્કિટેક્ટ/એન્જીનીયર અને અરજદારના સેલ્ફ ડીક્લેરેશનને પુરતું મહત્વ આપવામાં આવેલ છે.
- ✓ સત્તામંડળના ચકાસણી/ મંજૂરીના ત્રણ (૩) તબક્કા અને પ્રત્યેક તબક્કે ચકાસણીની સમય મર્યાદા.

અરજી કરવાની પદ્ધતિ

- ✓ અરજદાર દ્વારા નિમણુંક કરાયેલ પર્સનઓન રેકર્ડ (POR)એ ઇનગર પોર્ટલમાં લોગઇન કરી નકશાની ચકાસણી માટે Pre-Scrutiny Moduleમાં Pre-DCR એપ્રુવ પ્લાન સબમિટ કરવાના રહેશે.
- ✓ પ્લાન પ્રીસ્કુટીનીમા પાસ થઈ ગયા બાદ અરજદારે https://enagar.gujarat.gov.in માં લોગઇન કરી એપ્લિકેશન ફોર્મ ભરવાનું રહેશે અને તે પરત્વેના જરૂરી બિડાણો અપલોડ કરવાના રહેશે.
- ✓ અરજદાર દ્વારા અરજી સબમીટ કર્યા બાદ PORએ ઇનગર પોર્ટલમાં લોગઇન કરી અરજીનું વેરીફીકેશન કરવાનું રહેશે.
- ✓ POR વેરીફીકેશન થયા બાદ અરજી પરત્વેની ચકાસણી ફી અરજદારે ઓનલાઇન ભરી શકશે.
- ✓ ચકાસણી ફી ભર્યા બાદ તુરંત મંજૂરી પ્રાપ્ત થઈ જશે. રજા ચીઠ્ઠી અને QR કોડીંગ સાથેનો પ્લાન જનરેટ થશે અને અરજી વધુ ચકાસણી માટે જેતે સત્તામંડળમાં ઇનવર્ડ થઈ જશે.
- ✓ ત્યારબાદ ઇ નગર પોર્ટલ પર સત્તામંડળ કક્ષાએ અરજીની જરૂરી ચકાસણી થઈ ફક્ત ત્રણ લેવલથી ૨૮ દિવસમાં જ યોગ્ય અને ચોક્કસ નિર્ણય.

- ✓ ODPS : ઓનલાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૨. નિધન : MDH મસાલાના માલિક – ઉદ્યોગપતિ ધર્મપાલ ચુન્નીલાલ ગુલાટીનું ૯૮ વર્ષે નવી દિલ્હી ખાતે નિધન



પરિચય અને કારકિર્દી :

- ✓ જન્મ : તા. ૨૭-૦૩-૧૯૨૩
- ✓ જન્મ સ્થળ : સિયાલકોટ પાકિસ્તાન
- ✓ કર્મભૂમિ : નવી દિલ્હી
- ✓ અવસાન : તા. ૦૩-૧૨-૨૦૨૦
- ✓ MDHનું વિસ્તૃત નામ : મહાશિયાં દી હટ્ટી
- ✓ હવે MDH ગરમ મસાલાની કંપની તરીકે
- ✓ વર્ષ-૨૦૧૯માં પદ્મવિભૂષણથી સન્માનિત
- ✓ MDHના વિશ્વભરમાં ૧,૦૦૦થી વધુ વિતરકો, રૂ.૨૦૦૦ કરોડની બ્રાન્ડ વેલ્યુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. કેન્દ્રીય ગૃહ મંત્રાલય - સન્માન : સૌથી શ્રેષ્ઠ કામગીરી કરનારા દેશના ટોચના દસ પોલીસ સ્ટેશનની યાદી જાહેર : પ્રથમ પોલીસ સ્ટેશન મણિપુરનું નોંગપોસેક્મી



શ્રેષ્ઠ ૧૦ પોલીસ સ્ટેશન અને રાજ્ય

1. નોંગપોસેક્મી (મણિપુર)
2. એસડબ્લ્યુપીસી-સુરામંગલમ (તમિલનાડુ)
3. ચાંગલાંગ ખારસાંગ (અરૂણાચલ પ્રદેશ)
4. સૂરજપૂર ઝિલમિલ (છત્તીસગઢ)
5. સંગૂઇમ (ગોવા)
6. કાલિઘાટ (અંદમાન-નિકોબાર)
7. પાકયોંગ (સિક્કિમ)
8. કાંઠ(ઉત્તર પ્રદેશ)
9. ખાનવેલ (દાદર અને નગર હવેલી)
10. જમ્મીકુંટા (તેલંગણા)

- ✓ વર્ષ 2020 માટે દેશના 16671 પોલીસ સ્ટેશનોમાંથી દસ પોલીસ સ્ટેશનની પસંદગી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કેન્દ્ર સરકાર : મંજૂરી

બ્રહ્મપુત્રા નદી પર ચીન સરહદ નજીક ભારત દ્વારા સૌથી લાંબો ૧૯ કિ.મી.નો બ્રિજ તૈયાર કરાશે (માળખાગત સુવિધા)



વ્યૂહાત્મક મહત્વ :

- ✓ **આ બ્રિજ ૧૯ કિ.મી જેટલો લાંબો હશે અને તે ભૂતાન વિએટનામને પૂર્વોત્તર ભારત સાથે જોડશે.**
- ✓ ટ્રાન્સ એશિયાઈ કોરિડોરના સંદર્ભમાં આ બ્રિજ પાડોશી દેશો વચ્ચે સૌથી મોટું જોડાણ કરશે.
- ✓ આ વિશાળ પરિયોજના માટે જાપાનની ટેકનિકલ મદદ મળશે.
- ✓ ચીનની વિસ્તારવાદી નીતિ સામે લડત આપવા માટે જાપાન-ભારત આ પ્રોજેક્ટના સંદર્ભમાં વ્યૂહાત્મક રીતે મ્યાંમાર, થાઈલેન્ડ, કંબોડિયા અને લાઓસને જોડશે.
- ✓ આ બ્રિજના કારણે આસામના ધુબરીથી મેઘાલયની ફુલબારી જોડાઈ જશે. તેના કારણે રસ્તો ખૂબ જ ટૂંકો જઈ જશે. ત્રિપુરા સુધી જવાનું સરળ બનશે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. વૈશ્વિક સિદ્ધી : સિંધુદુર્ગના ૪૯૦ વર્ષ જૂના ધામાપુર સરોવરને વર્લ્ડ હેરિટેજ ઇરીગેશન સ્ટ્રકચરનો દરજ્જો (વારસો)



માપદંડ :

- ✓ મહારાષ્ટ્રના કોકણના સિંધુદુર્ગ વિસ્તારમાં આવેલા ૪૯૦ વર્ષ પુરાણા ધામાપુર સરોવરને આ વર્ષે વર્લ્ડ હેરિટેજ ઇરીગેશન સ્ટ્રકચર (WHIS)નો દરજ્જો.
- ✓ આટલા વર્ષોથી સરોવરના જળનો ઉપયોગ જમીનના જળસિંચન માટે થતો આવ્યો છે માટે વૈશ્વિક ધરોહરનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- ✓ ઇન્ટરનેશનલ કમિશન ઓન ઇરિગેશન એન્ડ ડ્રેઇનેશન તરફથી મહારાષ્ટ્રના ધામાપુર સરોવર સહિત કમ્બમ ટેન્ક, પોરૂમામીલ્લા ટેન્ક-આંધ્ર પ્રદેશ અને કર્નૂલ -કડપ્પા કેનાલને આપવામાં આવ્યો છે.
- ✓ આ અગાઉ ભારતના બે સરોવરને આ દરજ્જો અપાયો હતો.
- ✓ આમ ભારતના આ જળસ્ત્રોતને આંતરરાષ્ટ્રીય ફલક પર મહત્વ મળ્યું છે.

ધામાપુર સરોવર વિશે :

- ✓ દેશના ૧૦૦ ટોચના જળાશયોમાં ધામાપુર લેકનો સમાવેશ.
- ✓ દર વર્ષે આ સરોવરના પાણીમાંથી ૨૩૭ હેકટર જમીનમાં ખેતી કરવામાં આવે છે.
- ✓ ૧૫૩૦ની સાલમાં ધામાપુર અને કળશના ગ્રામજનોએ ભેગા મળીને આ જળાશયનું નિર્માણ કર્યું હતું.
- ✓ આમ ગ્રામજનોને શ્રમદાનથી તૈયાર થયેલા વિશાળ સરોવરના પાણીમાંથી છેલ્લાં ૪૯૦ વર્ષથી ખેતી થાય છે.
- ✓ ખાસ : સદીઓ પહેલાં ગ્રામજનોને શ્રમદાનથી સરોવરનું નિર્માણ કર્યું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૬. યુ એસ વિઝા નીતિ : સેનેટનો નિર્ણય (વૈશ્વિક સંબંધો)

- ✓ અમેરિકન સેનેટ દ્વારા એમ્પ્લોયમેન્ટ આધારિત ઇમિગ્રેશન વિઝામાં દેશ દીઠ સંખ્યાની મર્યાદા દૂર કરાઈ : જ્યારે ફેમિલી આધારિત વિઝા વધારવામાં આવ્યા
- ✓ એક્ટ : ફેરનેસ ફોર હાઇસ્કિલ્ડ ઈમિગ્રન્ટ્સ એક્ટને સર્વસંમતિથી મંજૂરી



ભારતીયોને લાભ :

- ✓ જેઓ ગ્રીનકાર્ડ મેળવવા વર્ષોથી રાહ જોઈ રહ્યાં છે તેવા લાખ્ખો ભારતીય વ્યવસાયિકોને આ ખરડાથી ફાયદો.
- ✓ યુએસસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસિસ (USCIS)ના આંકડા અનુસાર, હાલમાં અમેરિકા દર વર્ષે સાત ટકાના કન્ટ્રી કેપ સાથે આવા પ્રકારના ૧,૪૦,૦૦૦ ગ્રીનકાર્ડ ઈસ્યુ કરે છે.
- ✓ એપ્રિલ ૨૦૨૦ની સ્થિતિએ આઠ લાખ ભારતીય એમ્પ્લોયમેન્ટ આધારિત ગ્રીનકાર્ડની રાહ જોઈ રહ્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. UNO : ભાંગને માન્યતા (આરોગ્ય)

- ✓ UNO દ્વારા WHOની ભલામણની આધારે ભાંગને ડ્રગ્સની યાદીમાંથી દૂર કરીને એક દવા તરીકે માન્યતા



- ✓ સંયુકત રાષ્ટ્ર માદક પદાર્થ પંચે ભાંગને ડ્રગ્સની યાદીમાંથી દૂર કરી દીધી છે. આ યાદીમાં હેરોઇન જેવા ખતરનાક ડ્રગ્સનો સમાવેશ થતો હોય છે.

- ✓ ખૂબ જ માદક અને માનવીય આરોગ્ય માટે ના બરોબર ઉપયોગી હોય તેવા પદાર્થનો આ યાદીમાં સમાવેશ.
- ✓ સંયુક્ત રાષ્ટ્રના કાયદા મુજબ ભાંગને હજીપણ બિનતબીબી ઉપયોગના રૂપમાં પ્રતિબંધિત ડ્રગ જ માનવામાં આવશે.
- ✓ કેટલાક સમયથી ભાંગ અને ગાંજાના તબીબી ફાયદાને મુદ્દે ચર્ચામાં.
- ✓ હાલમાં ૫૦ થી વધુ દેશોએ ભાંગના તબીબી મૂલ્યને સમજીને ઉપયોગને કાયદેસર માન્યો છે.
- ✓ કેનેડા, ઉરૂગ્વે અને અમેરિકાના ૧૫ રાજ્યો ભાંગના મનોરંજક અને તબીબી ઉપયોગને કાયદેસર મનાય છે.

<u>સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મતદાન</u>

<u>૨૭ દેશો સમર્થનમાં, ભારતે વિરોધમાં કર્યું મતદાન</u>

- ✓ ભાંગને પ્રતિબંધિત ડ્રગની યાદીમાંથી બહાર કાઢવા સંયુક્ત રાષ્ટ્રે મતદાન કરાવ્યું હતું. તે મતદાન વખતે પક્ષમાં ૨૭ મત તો વિરોધમાં ૨૫ મત પડયા હતા.
- ✓ ઐતિહાસિક મતદાન વખતે બ્રિટને ફેરફારની તરફેણમાં તો ભારત, નાઇજિરિયા, પાકિસ્તાન અને રશિયા સહિતના દેશોએ વિરોધમાં મતદાન કર્યું હતું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૮. ટાઈમ મેગેઝિન : પ્રથમ વાર 'કિડ ઓફ ધ યર'ની જાહેરાત – USA</u>



- ✓ વિજ્ઞાની-સંશોધક : ભારતીય મૂળની ૧૫ વર્ષિય ગિતાંજલી 'ટાઈમ કીડ ઓફ ધ યર'

<u>વિગત :</u>

- ✓ ટાઈમ મેગેઝિન દ્વારા ભારતીય મૂળની ૧૫ વર્ષિય બાળકી ગિતાંજલી રાવને પસંદ કરાઈ હતી.
- ✓ ટાઈમ દર વર્ષે પર્સન ઓફ ધ યર જાહેર કરે છે, પરંતુ આ વખતે કિડ ઓફ ધ યરનો ઉમેરો કર્યો છે.
- ✓ ગિતાંજલી રાવને સંશોધક-વિજ્ઞાની અને સ્ટેમ (એસટીએમઈ-સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ)ની સમર્થક ગણાવાઈ હતી. ટાઈમ માટે ગિતાંજલીનો ઈન્ટરવ્યુ ઓસ્કર વિજેતા હોલિવૂડ એક્ટ્રેસ એન્જેલિના જોલીએ લીધો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. શાંતિ મંત્રણા : અફઘાન સરકાર અને તાલિબાન વચ્ચે પ્રથમ લેખિત સમજૂતિ (વૈશ્વિક સંબંધો)



સમજૂતિ અંગે :

- ✓ અફઘાનિસ્તાનની સરકાર અને તાલિબાન વચ્ચે ચાલી રહેલી શાંતિ મંત્રણમાં પહેલી લેખિત સમજૂતિ થઈ છે.
- ✓ બંને પક્ષો વચ્ચે છેલ્લા ૧૯ વર્ષમાં આ પહેલી લેખિત સમજૂતિને યૂ.એન. અને અમેરિકાએ આવકારી.
- ✓ આ સમજૂતિ આગળની મંત્રણા માટેની રૂપરેખા તૈયાર કરશે.
- ✓ અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થપાવાની દિશામાં આ ઘણું મહત્ત્વનું પગલું મનાઇ રહ્યું છે કારણ કે આ સમજૂતિ દ્વારા બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ સહિતના મહત્ત્વના મુદ્દા પર ચર્ચા થશે.
- ✓ આ પ્રારંભિક સમજૂતિ કતારની રાજધાની દોહા ખાતે ઘણા મહિનાની વાતચીત બાદ શક્ય બની.
- ✓ આ શાંતિ મંત્રણામાં અમેરિકાની મધ્યસ્થી તરીકે ભૂમિકા.

૧૦. દિન વિશેષ – ૩ ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિવસ

- ✓ થીમ-2020: "બિલ્ટ, બેક અને બેટર"



વિગત-

- ✓ દર વર્ષે ૩ ડિસેમ્બરના આંતરરાષ્ટ્રીય વિકલાંગ વ્યક્તિઓ માટે આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ માણવાની શરૂઆત કરવામાં આવી હતી.
- ✓ ૧૯૯૨માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તેને આંતરરાષ્ટ્રીય પરંપરાગત તરીકે પ્રચરિત કરવામાં આવ્યું હતું.

ઉદ્દેશ્ય/હેતુ :

- ✓ વિકલાંગ વ્યક્તિઓને સમાન તક આપવા અને તેમના અધિકારોની અનુભૂતિ કરાવવા માટે દર વર્ષે ૩ ડિસેમ્બરે વિશ્વ વિકલાંગ દિવસ મનાવવામાં આવે છે.
- ✓ વિકલાંગ વ્યક્તિઓના માનવ અધિકારો, સ્થાયી વિકાસ અને શાંતિની સાથે સુરક્ષા જાળવી રાખવા માટે જરૂરી છે.
- ✓ આ વ્યક્તિઓને વાસ્તવિક જીવનમાં સહાયતા અપાવવા માટે આ દિવસને મનાવવામાં આવે છે.

- ✓ વિકલાંગ વ્યક્તિઓ માટે આ સૌથી ખાસ દિવસોમાંથી એક હોય છે.
- ✓ તેનો ઉદ્દેશ્ય તમામ ક્ષેત્રમાં વિકલાંગ લોકોના અધિકારો અને કલ્યાણને પ્રોત્સાહન આપવાનો છે.
- ✓ આ ઉપરાંત રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનના દરેક પાસામાં વિકલાંગ વ્યક્તિઓની પરિસ્થિતિ વિશે જાગરૂકતા વધારવાનો છે.

વિશ્વ વિકલાંગ દિવસનો ઇતિહાસ

- ✓ સમગ્ર વિશ્વમાં સને ૧૯૯૨થી ૩જી ડિસેમ્બરના રોજ વિશ્વ અક્ષમતા દિવસ(વર્લ્ડ ડિસેબિલીટી ડે) ઉજવવામાં આવે છે.
- ✓ વિશ્વની ૧૫ થી ૧૭ ટકા વસ્તી ડિસેબીલીટી અનુભવી રહી છે. શારિરીક અથવા માનસિક અક્ષમતા ધરાવતા લોકોને આ દિવસ સમર્પિત કરવામાં આવે છે.

વિશ્વ વિકલાંગ દિવસનું મહત્વ

- ✓ આ દિવસે વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણની વાતો કરવામાં આવે છે. સમાજમાં થતી તેમની અવગણના અને તેમના પ્રત્યે લઘુતા ગ્રંથિ રાખવા જેવી બાબતો પર અંકુશ લગાવવા માટે આ દિવસ ખાસ મહત્વ ધરાવે છે.
- ✓ કળા પ્રદર્શન, ચિત્રોની ગેલેરી, તેમની કુશળતા વગેરે દ્વારા આ દિવસ મનાવવામાં આવે છે.
- ✓ વિકલાંગ વ્યક્તિઓને સન્માન આપતાં કાર્યક્રમોનું આયોજન કરીને તેમને સમાજમાં એક સમાન વર્ગમાં સમાવિષ્ટ કરતાં જાગરૂકતા ફેલાવી શકાય છે.
- ✓ વિકલાંગ વ્યક્તિઓના કામની પ્રશંસા કરતાં તેમને સન્માનિત કરવાથી આ દિવસનું મહત્વ વધી જાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. જન્મ દિવસ વિશેષ – 3 ડિસેમ્બર

સુધારાના સારથિ : મહીપતરામ રૂપરામ



જન્મ- 3 ડિસેમ્બર, 1829

અવસાન - 3 સપ્ટેમ્બર, 1891

- ✓ પુરૂનામ : નીલકંઠ મહીપતરામ રૂપરામ
- ✓ કેળવણીકાર, સુધારક, નવલકથાકાર, ચરિત્રકાર.
- ✓ સુરતની ગામઠી શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવી ત્યાંની સરકારી અંગ્રેજી શાળામાં અભ્યાસ કર્યો અને ત્યાં જ ૧૮૫૧માં મદદનીશ શિક્ષક તરીકે જોડાયા.

- ✓ ૧૮૫૨માં એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુટ, મુંબઈના હાઈસ્કૂલ વિભાગમાં દાખલ થયા અને ૧૮૫૪માં ત્યાં શિક્ષક નિમાયા.
- ✓ ૧૮૫૭માં અમદાવાદની માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક ને પછી નિરીક્ષક. ૧૮૫૯માં 'હોપ વાચનમાળા' સમિતિના સભ્ય તરીકે પસંદગી પામેલા એમને ટ્રેનિંગ કૉલેજોના અનુભવ લેવા સરકારે ૧૮૬૦માં ઇંગ્લેન્ડ મોકલ્યા.
- ✓ પરત આવીને ૧૮૬૧થી નિવૃત્તિપર્યંત અમદાવાદની પ્રે.ર. ટ્રેનિંગ કૉલેજના આચાર્ય રહ્યા. ૧૮૫૦માં 'પરહેજગાર' નામના પત્રનું સંપાદન કરી ચૂકેલ એમણે ૧૮૬૨ થી કેટલાંક વર્ષો સુધી 'ગુજરાત શાળાપત્ર'ના સંપાદક તરીકે રહી મહત્વની કામગીરી બજાવેલી.
- ✓ ૧૮૮૫માં એમને સી.આઈ.ઈ.નો સરકારી ઈલકાબ મળેલો.
- ✓ 'પ્રાર્થનાસમાજ' અને 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' જેવી અનેક સંસ્થાઓમાં મંત્રી ને પ્રમુખ તરીકે તેમ જ સક્રિય કાર્યકર તરીકે તથા અમદાવાદ મ્યુનિસિપાલિટીના કમિશનર અને ચેરમેન તરીકે પણ એમણે સેવાઓ આપેલી.
- ✓ ગુજરાતી સાહિત્યનો પ્રથમ પ્રવાસગ્રંથ ગણાયેલી એમની કૃતિ 'ઇંગ્લાંડની મુસાફરીનું વર્ણન' (૧૮૬૨)માં ઇંગ્લેંડનાં પ્રસિદ્ધ સ્થળોના પરિચય ઉપરાંત ત્યાંની તત્કાલીન રાજ્કીય-સામાજિક-શૈક્ષણિક સ્થિતિનું મુગ્ધ પ્રશંસામૂલક આલેખન થયેલું છે.
- ✓ 'ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજી' (૧૮૭૭) એમનું, સમાનધર્મા મિત્ર કરસનદાસના જાહેરજીવનને મૂલવતું, નર્મ-મર્મની ચમકવાળું, સરળ અને રસભરી શૈલી ધરાવતું ગુજરાતી સાહિત્યનું નોંધપાત્ર ચરિત્ર છે.
- ✓ 'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર' (૧૮૭૯) ની પ્રધાન સામગ્રી દુર્ગારામની રોજનીશી હોવા છતાં મહેતાજીનું ચરિત્ર ઊભુ થાય એવી મૂલ્યાંકનરીતિ એમણે પ્રયોજી છે.
- ✓ 'પાર્વતીકુંવર આખ્યાન' (બી.આ. ૧૮૮૧) પત્નીનું ગુણદર્શી ચરિત્ર આલેખતી ગદ્યકૃતિ છે. 'અકબરચરિત્ર' (બી.આ.૧૮૮૭) એમનું ઇતિહાસવિષયક ચરિત્ર છે.
- ✓ ગુજરાતી સાહિત્યની પ્રારંભકાળની, પ્રાથમિક સ્વરૂપની, પણ ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્વની એમની ત્રણ નવલકથાઓમાંથી 'સાસુવહુની લડાઈ'(૧૮૬૬)માં હિંદુ કુટુંબજીવનનાં પાત્રો, એમના સ્વભાવ અને પ્રસંગોનું હાસ્યની છાંટવાળું નિરૂપણ છે.
- ✓ તત્કાલીન લગ્નગીતોનો અને દંતકથાઓનો વિનિયોગ સાધતી એમની ઐતિહાસિક નવલકથાઓ 'સધરા જેસંગ' (૧૮૮૦) અને 'વનરાજ ચાવડો' (૧૮૮૧) કેવળ પ્રસંગ-વર્ણનો આપતી કથાઓ જેવી છે. લાંબી પ્રસ્તાવનામાં લોકકલાના એક સ્વરૂપ લેખે

ભવાઈની પુનઃસ્થાપનાની ઈચ્છા વ્યક્ત કરતા એમણે સંપાદિત કરેલો ભવાઈના ઓગણીસવેશોનો, સર્વપ્રથમ સંકલનરૂપ 'ભવાઈસંગ્રહ' એમની અગત્યની સાહિત્યસેવા છે.

- ✓ કોલંબસ, ગેલેલીઓ, ન્યૂટન વગેરેનાં જીવનવૃત્તાંતો નિરૂપતું 'ચરિત્રનિરૂપણ' (૧૮૫૬) તથા નાનાભાઈ હરિદાસ સાથે મળીને એમણે કરેલું ચેમ્બરના પુસ્તકનું ભાષાંતર બોધક છે.
- ✓ 'ગુજરાતી ભાષાનું નવું વ્યાકરણ' (૧૮૮૩) અને 'વ્યુત્પત્તિપ્રકાશ' (૧૮૮૯) એમના શાળોપયોગી ગ્રંથો છે. આ ઉપરાંત શિક્ષણ, ભૂગોળ, ખગોળ, ભૂસ્તરવિદ્યા, વિજ્ઞાન, વૈદક આદિ વિષયો ઉપરનાં એમનાં પુસ્તકો પૈકી મોટા ભાગના ભાષાંતરિત ને વિદ્યાર્થી-ઉપયોગી છે.
- ✓ 19મા સૈકાના સમાજ સુધારાની ધરી સમાન સુધારકનું 3 સપ્ટેમ્બર 1891ના રોજ અમદાવાદમાં અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૧૨-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાતમાં માત્ર 24 કલાકમાં બાંધકામ પ્લાનની ઓનલાઇન મંજૂરી માટે ભારતમાં સૌપ્રથમ કઈ નવી સિસ્ટમ લોન્ચ કરવામાં આવી છે - **ODPS 2.0**
2. ODPSનું વિસ્તૃત નામ જણાવો - **ઓનલાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ**
3. ગુજરાતમાં સૌપ્રથમ ODPSનું લોન્ચિંગ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ક્યાંથી કરવામાં આવ્યું - **મહાત્મા મંદિર, ગાંધીનગર**
4. ODPS 2.0માં બાંધકામની પરવાનગી માટે કેટલી વાઇટલ બાબતોનું પાલન કરવાનું રહેશે - **15**
5. તાજેતરમાં MDH મસાલાના માલિકનું ૯૪ વર્ષે અવસાન થયું તેમનું નામ જણાવો - **ધર્મપાલ ચુનીલાલ ગુલાટી**
6. ધર્મપાલ ચુનીલાલ ગુલાટીનું જન્મ સ્થળ જણાવો - **સિયાલકોટ, પાકિસ્તાન**
7. ધર્મપાલ ચુનીલાલ ગુલાટીને ભારત સરકાર દ્વારા પ્રતિષ્ઠિત પદ્મવિભૂષણ કયા વર્ષે અપાયો હતો - **વર્ષ 2019**
8. MDH મસાલાનું વિસ્તૃત નામ જણાવો - **મહાશિયાં દી હટ્ટી**
9. તાજેતર ડિસેમ્બર 2020માં અમેરિકન સેનેટ દ્વારા એમ્પ્લોયમેન્ટ આધારિત કયા એક્ટને સર્વ સંમતિથી મંજૂરી અપાઈ - **ફેરનેસ ફોર હાઇ સ્કિલ્ડ ઇમિગ્રન્ટ્સ**
10. તાજેતરમાં કયા દેશ દ્વારા એમ્પ્લોયમેન્ટ આધારિત ઈમિગ્રેશન વિઝામાં દેશ દીઠ સંખ્યાની મર્યાદા દૂર કરાઈ, જ્યારે ફેમિલી આધારિત વિઝા વધારવામાં આવ્યા - **યુએસએ**
11. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા WHOની ભલામણને આધારે ભાંગને કઇ યાદીમાંથી દૂર કરી દવા તરીકે માન્યતા આપી છે - **ડ્રગ્સ**
12. ડિસેમ્બર-૨૦૨૦માં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સૌથી શ્રેષ્ઠ કામગીરી કરનારા દેશના ટોચના કેટલા પોલીસ સ્ટેશનની યાદી જાહેર કરી – **૧૦**
13. ડિસેમ્બર-૨૦૨૦માં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા દેશના શ્રેષ્ઠ ૧૦ પોલીસ સ્ટેશન અને રાજ્યનું નામ જણાવો - **નોંગપોસેકમી (મણિપુર), એસડબ્લ્યુપીસી-સુરામંગલમ (તમિલનાડુ), ચાંગલાંગ ખારસાંગ (અરૂણાચલ પ્રદેશ), સૂરજપૂર ઝિલમિલ (છત્તીસગઢ), સંગૂઇમ (ગોવા), કાલિઘાટ (અંદમાન-નિકોબાર), પાકયોંગ (સિક્કિમ), કાંઠ(ઉત્તર પ્રદેશ), ખાનવેલ (દાદર અને નગર હવેલી), જમ્મીકુંટા (તેલંગણા)**

14. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા વર્ષ 2020 માટે દેશના કેટલા પોલીસ સ્ટેશનોમાંથી 10 પોલીસ સ્ટેશનની પસંદગી કરવામાં આવી હતી - **16671**
15. ભારત સરકાર દ્વારા કઈ નદી પર ચીન સરહદ નજીક સૌથી લાંબો ૧૯ કિ.મી.નો બ્રિજ તૈયાર કરાશે - **બ્રહ્મપુત્રા**
16. ભારત સરકાર દ્વારા બ્રહ્મપુત્રા નદી પર ચીન સરહદ નજીક સૌથી લાંબો ૧૯ કિ.મી.ના બ્રિજ બનાવવાની પરિયોજના માટે કયા દેશની ટેકનિકલ મદદ મળશે - **જાપાન**
17. ભારત સરકાર દ્વારા બ્રહ્મપુત્રા નદી પર ચીન સરહદ નજીક સૌથી લાંબો ૧૯ કિ.મી.ના બ્રિજના કારણે ભારતના કયા બે સ્થળો જોડાવાથી રસ્તો ખૂબ જ ટૂંકો થવાના કારણે ત્રિપુરા સુધી જવાનું સરળ બનશે - **આસામના ધુબરીથી મેઘાલયની ફુલબારી**
18. ડિસેમ્બર-૨૦૨૦માં સિંધુદુર્ગના ૪૯૦ વર્ષ જૂના કયા સરોવરને વર્લ્ડ હેરિટેજ ઇરીગેશન સ્ટ્રકચરનો દરજ્જો મળ્યો - **ધામાપુર**
19. WHISનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ હેરિટેજ ઇરીગેશન સ્ટ્રકચર**
20. કોના તરફથી મહારાષ્ટ્રના ધામાપુર સરોવર સહિત કમ્બમ ટેન્ક, પોરૂમામીલ્લા ટેન્ક-આંધ્ર પ્રદેશ અને કર્નૂલ -કડપ્પા કેનાલને વર્લ્ડ હેરિટેજ ઇરીગેશન સ્ટ્રકચરનો દરજ્જો આપવામાં આવ્યો છે - **ઇન્ટરનેશનલ કમિશન ઓન ઇરિગેશન એન્ડ ડ્રેઇનેશન**
21. કયા વર્ષે ધામાપુર અને કળશના ગ્રામજનોએ ભેગા મળીને ધામાપુર જળાશયનું નિર્માણ કર્યું હતું – **વર્ષ ૧૫૩૦**
22. ડિસેમ્બર-૨૦૨૦માં ટાઈમ મેગેઝિન દ્વારા પ્રથમ વાર કયા એવોર્ડની જાહેરાત કરવામાં આવી - **'કિડ ઓફ ધ યર'**
23. ટાઈમ મેગેઝિન દ્વારા પ્રથમ વાર 'કિડ ઓફ ધ યર' માટે કોની પસંદગી કરવામાં આવી - **ભારતીય મૂળની ૧૫ વર્ષિય ગિતાંજલી**
24. ડિસેમ્બર-૨૦૨૦માં કઈ દેશની સરકાર અને તાલિબાન વચ્ચે પ્રથમ લેખિત સમજૂતિ થઈ - **અફઘાન સરકાર**
25. અફઘાનિસ્તાન સરકાર-તાલિબાન વચ્ચે શાંતિ મંત્રણામાં કયા દેશની મધ્યસ્થી તરીકે ભૂમિકા રહી - **અમેરિકા**
26. વિશ્વ દિવ્યાંગ/ વિકલાંગ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **3 ડિસેમ્બર**
27. વિશ્વ દિવ્યાંગ/ વિકલાંગ દિવસ-2020ની થીમ જણાવો - **બિલ્ટ, બેક એન્ડ બેટર**
28. મહીપતરામ રુપરામનો જન્મદિવસ જણાવો - **3જી ડિસેમ્બર, 1829**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. ગુજરાતનું ગૌરવ : અયોધ્યાના રામલલ્લાને રોજ બે ટાઈમ ભોજનથાળ જલારામ વિરપુર મંદિર તરફથી જશે (ધર્મ સેવા)



✓ ગાદીપતિ : રઘુરામબાપાની થાળ સેવાની માંગણી સ્વીકારાઈ

વિગત :

✓ અયોધ્યામાં નિર્માણ પામી રહેલા રામ મંદિરમાં રામ લલ્લાને દરરોજ બે ટાઇમ જે ભોજન થાળ ધરવામાં આવશે તે આજીવન વીરપુર જલારામ જગ્યા તરફથી આપવામાં આવશે.

✓ અયોધ્યાના રામમંદિરના ટ્રસ્ટીઓએ આ માગણી સ્વીકાર્યાની જાણ વીરપુરના લોકોને કરવામાં આવતાં નાના એવા ગામમાં ફરી દીવાળી આવી હતી અને આતશબાજી સાથે આ પ્રસંગને વધાવવામાં આવ્યો હતો.

✓ અયોધ્યામાં દેશના મોટા મંદિરો દ્વારા જુદીજુદી સેવા કરવામાં આવશે. તેમાં અતિ મહત્વનું કહી શકાય તેવી ક્રેડિટ જલારામધામને મળી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૨. RBI : પોલિસીની હાઇલાઇટ્સ (આર્થિક)

✓ ૨૦૨૦-૨૧માં જીડીપી ૭.૫ ટકાનો ઘટાડો દર્શાવે તેવી અપેક્ષા



- ✓ ઓક્ટોબર-ડિસેમ્બરના ત્રીજા ક્વાર્ટરમાં જીડીપી ૦.૧ ટકા વૃદ્ધિ દર્શાવશે
- ✓ જાન્યુઆરી-માર્ચના ચોથા ક્વાર્ટરમાં જીડીપી ૦.૭ ટકા વૃદ્ધિ દર્શાવશે
- ✓ નાણા વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રથમ છ માસ દરમિયાન જીડીપી ૨૧.૯ ટકા વૃદ્ધિ દર્શાવે તેવો અંદાજ
- ✓ નાણા વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રથમ છ માસ દરમિયાન તે ૬.૫ ટકાની આસપાસ રહેવાનો અંદાજ
- ✓ આરબીઆઇ સિસ્ટમમાં પુષ્કળ લિક્વિડિટી જળવાય રહે તે માટે વિવિધ સાધનોનો યોગ્ય સમયે ઉપયોગ કરતી રહેશે.
- ✓ બેંકે કોન્ટેક્ટસેલ કાર્ડ ટ્રાન્ઝક્શન્સ પરની મર્યાદાને ૧ જાન્યુઆરીથી રૂ.૨૦૦૦થી વધારીને રૂ. ૫૦૦૦ કરી છે.
- ✓ આગામી કેટલાક દિવસોમાં રિઅલ - ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ સિસ્ટમ (આરટીજીએસ) ૨૪x૭ ઉપલબ્ધ રહેશે.
- ✓ RBI ગવર્નર : શક્તિકાંત દાસ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. PETA : 'પર્સન ઓફ ધ યર' તરીકે અભિનેતા જ્હોન અબ્રાહમની પસંદગી (જીવ દયા)



વિગત અને PETA વિશે :

- ✓ આ પ્રાણીઓના અધિકાર અને પશુ પ્રેમ અને પ્રાણીઓ પર અત્યાચારનો વિરોધ કરનારી સંસ્થા પીપલ્સ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ (PETA) એ જહોન અબ્રાહમને પર્સન ઓફ ધ યર તરીકે પસંદ કર્યો છે, તેને આ સમ્માન પ્રાણીઓ પ્રત્યેના પોતાના પ્રેમ અને તેમના અધિકારની વાત કરવા માટે આપવામાં આવ્યો છે.
- ✓ PETAનું મુખ્ય મથક : વર્જિનિયાના નોર્ફોલ્ક (USA)
- ✓ સ્થાપના : તા.૨૨મી માર્ચ-૧૯૮૦
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. FICCI : નવા ચેરમેન તરીકે શ્રી ઉદય શંકર

- ✓ સ્ટાર ઇન્ડિયાના ભૂતપૂર્વ ચેરમેન અને વોલ્ટ ડિઝની કંપનીના એશિયા પેસિફિકના પ્રેસિડેન્ટ ઉદય શંકર ફિક્કીના ચેરમેન તરીકે ચૂંટાયા.



- ✓ મુદત : 1 વર્ષ.
- ✓ સંગીતા રેડ્ડીનું સ્થાન લેશે.
- ✓ મીડિયા અને એન્ટરટેઈમેન્ટ ઉદ્યોગમાંથી ફિક્કીના ચેરમેન બનનાર ઉદય શંકર પ્રથમ વ્યક્તિ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારત પાકિસ્તાન વૉર-1971 : ગોલ્ડન જ્યુબિલી (ઇતિહાસ- શૌર્ય)

- ✓ સમયગાળો : તા. 16/12/1971થી તા.16/12/2020 = 50
- ✓ અલગ બાંગ્લાદેશનું નિર્માણ : 16 ડિસેમ્બર-1971



ટૂંકી વિગત

- ✓ ભારત પોતાનું એ શાનદાર સૈનિક અભિયાન પૂરું થવાના 50માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે, જેમાં પાકિસ્તાને આત્મસમર્પણ કરવું પડ્યું હતું અને 16 ડિસેમ્બર, 1971માં બાંગ્લાદેશનું નિર્માણ થયું. ત્યારથી બે પેઢીઓ બદલાઈ ચૂકી છે અને લોકોને પાકિસ્તાન સાથેના 1971ના યુદ્ધની પ્રાથમિક માહિતી તો છે, પરંતુ નાની-નાની બાબતો ખબર નથી.

પાકિસ્તાન વિશે :

- ✓ પાકિસ્તાન 1947 થી 1971 સુધી બે ભાગમાં વહેંચાયેલું હતું, જેને 2000 કિમીનો ભારતનો ભાગ અલગ પાડતો હતો.
- ✓ પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાનમાં ધર્મ એક હતો, પરંતુ સાંસ્કૃતિક અને ભાષાકીય સ્તરે મોટું અંતર હતું. તેનાથી બે રાષ્ટ્રવાળો એ સિદ્ધાંત પોતાના અસ્તિત્વને સાચું ઠેરવવા સંઘર્ષ કરવા લાગ્યો, જેના આધારે જિન્નાનું પાકિસ્તાન બન્યું હતું.
- ✓ સરેરાશમાં લઘુમતિ પશ્ચિમ પાકિસ્તાને દરેક રીતે પૂર્વ પર પ્રભાવી રહેવાનો પ્રયાસ કર્યો.
- ✓ પશ્ચિમના પંજાબી, સિંધી, બલોચ અને પખ્તુન, પૂર્વના બંગાળીઓને નીચી દૃષ્ટિએ જોતા હતા.

પાકિસ્તાનનું આત્મ સમર્પણ :

- ✓ પાકિસ્તાનની કારમી હારનો પાયો નખાઈ ચૂક્યો હતો. આખરે 16 ડિસેમ્બર, 1971ના રોજ ઢાકાના પ્રખ્યાત મેદાનમાં લે. જનરલ એ. એકે. નિયાઝીએ ભારતના ઈસ્ટર્ન આર્મી કમાન્ડર લે.જનરલ જગતીત અરોડાને પિસ્તોલ સોંપીને આત્મસમર્પણ

કરી દીધું અને 93,000 પાકિસ્તાની સૈનિકો રાતોરાત યુદ્ધકેદી બની ગયા.

- ✓ અંતમાં એ ઉલ્લેખ જરૂરી છે કે, સૈનિક વિજયની કીર્તિને સાત મહિના પછી શિમલા વાટાઘાટોમાં દર્શાવી શક્યા નહીં.
- ✓ પાકિસ્તાને પૂર્વ વિસ્તાર ગુમાવી દીધો, જે બાંગ્લાદેશ નામનો ગૌરવશાળી દેશ બન્યો.
- ✓ પાકિસ્તાને પોતાના સૈનિકો અને પશ્ચિમમાં ગુમાવેલા વિસ્તારો પાછા મેળવી લીધા તે પણ ભારત પાકિસ્તાન સંબંધોના સૌથી જટિલ મુદા જમ્મુ-કાશ્મીર પર કોઈ છૂટ આપ્યા વગર.
- ✓ આ સુનિશ્ચિત કરવામાં ભારતની દુર્ભાગ્યપુર્ણ અક્ષમતા જ હતી જેનો આપણે આજ સુધી અફસોસ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. વૈશ્વિક સિદ્ધિ : ગ્લોબલ ટીચર પ્રાઈઝ-2020



મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાની પ્રાથમિક શાળાના એક શિક્ષક રણજિતસિંહ ડિસાલે ગ્લોબલ ટીચર પ્રાઈઝ મેળવનાર પ્રથમ ભારતીય શિક્ષક

- ✓ ઇનામ : રૂપિયા 7 કરોડ
- ✓ આ રકમ 10 ફાઈનાલિસ્ટ વચ્ચે વહેંચવાની ઉદારતા બતાવી સૌના દિલ જીત્યા

શ્રી રણજિતસિંહનો પરિચય :

- ✓ વર્ષ-2009થી શિક્ષક તરીકે
- ✓ શાળા : પરીતવાદી
- ✓ જિલ્લો : સોલાપુર
- ✓ રાજય : મહારાષ્ટ્ર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. મહત્વનો સુધારો : ભારતીય સેના (આર્મી-વહીવટ)

નવો સુધારો : રેન્કની જગ્યાએ હવે કારકિર્દીના આધારે જવાનો HRA લઈ શકશે



- ✓ નવી વ્યવસ્થા વર્ષ 2006થી લાગુ કરાશે

વિગત :

- ✓ એરફોર્સ અને નેવીએ પહેલેથી જ આ વ્યવસ્થા અપનાવી છે
- ✓ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની વ્યવસ્થા હેઠળ સૈન્ય બાબતોના વિભાગ ખૂલવાની શરૂઆતનો એક મોટો ફાયદો આર્મીના જુનિયર કમિશન ઓફિસર અને જવાનોને મળશે.

- ✓ ત્રણેય સૈન્યની સારી પ્રથાઓને દરેક સૈન્ય દળમાં લઈ જવાના ઉદ્દેશ્ય હેઠળ આર્મી વિભાગે સૈનિકોને આ ફાયદો સુનિશ્ચિત કરાવ્યો છે.
- ✓ ત્રણેય સૈન્ય માટે સરકારે એક જોગવાઈ કરી હતી કે જે જવાનો ભાડેથી ક્વાર્ટર લઈને રહે છે તે રેન્કને બદલે પોતાની સુનિશ્ચિત કારકિર્દીની પ્રગતિવાળા પગારના આધારે ભાડાના મકાનનું ભથ્થું મેળવી શકે
- ✓ આર્મીમાં તેને મિનિમમ એશ્યોર્ડ કેરિયર પ્રોગ્રેશન (એમએસીપી) કહેવાય છે જેમાં જો કોઈ જવાનને કોઈ કારણોસર રેન્ક ન મળી શકે તો એક નક્કી સમયગાળામાં તેનો પગાર વધારી દેવાય છે.
- ✓ વધેલા પગારના આધારે ભાડાનું મકાન લેવાની જોગવાઈ કરાઈ હતી. તેને એચઆરએની જગ્યાએ સૈન્યદળોમાં ક્લેમ ઈન લિયુ ઓફ ક્વાર્ટર એટલે કે મકાનના બદલે મળતું ભથ્થું કહેવાય છે.
- ✓ આ વ્યવસ્થાને એરફોર્સ અને નેવીએ ઝડપથી અપનાવી પણ આર્મીમાં રેન્કના આધારે ભથ્થુ મળવાનું ચાલુ રહ્યું.
- ✓ તેનાથી આ એ જવાનો અને જેસીઓને નુકસાન થતું રહ્યું જેમને રેન્ક મળી શકયુ હતું.
- ✓ એક અનુમાન અનુસાર નવી વ્યવસ્થાથી 12 લાખ આર્મીના જવાનોને 1000 કરોડ રૂપિયાનો ફાયદો થશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૮. ખેલકૂદ : સન્માન :

કોરોના કાળમાં મદદ બદલ ટેનિસ સ્ટાર રફેલ નડાલને સ્પેન દ્વારા 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ડી કોરોસ' એવોર્ડથી સન્માનિત



સેવાકાર્ય :

- ✓ ટેનિસ સ્ટાર રફેલ નદાલનું સ્પેનની રાજધાનીમાં કોરોના વાઇરસના કપરા સમયમાં કોમ્યુનિટી ચેરિટી વર્ક માટે વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું.
- ✓ આ સમારંભ પ્રાંતિય સરકારના મુખ્ય મથકે યોજવામાં આવ્યો હતો.
- ✓ ૨૦ ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન નદાલે કોરોના વાઇરસની મહામારીમાં લોકોને મદદરૂપ થવા માટે સમયાંતરે મેસેજ આપીને તમામને કોરોના સામે લડત આપવા માટે જાગૃત કર્યા હતાં.
- ✓ સ્પેનની રાજધાની : મેડ્રિડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. દિન વિશેષ – ૪ ડિસેમ્બર

(૧) ઈન્ડિયન નેવી ડે



૪ ડિસેમ્બરનું મહત્વ

ભારત પાકિસ્તાન યુદ્ધ વખતે 'ઓપરેશન ટ્રાયડેંટ'

- ✓ તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૭૧ના રોજ ભારતીય નેવી દ્વારા પાકિસ્તાન નેવીના મુખ્યમથક કરાંચી બંદરને નષ્ટ કરવા માટે આપેલું મિશન.
- ✓ ભારતીય નેવીએ ૪ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ પાકિસ્તાનના નેવીના હેડક્વાર્ટર્સ કરાચી બંદરે પાકિસ્તાનના ત્રણ જહાજ તોડી પાડ્યા હતા.
- ✓ ભારતીય નૌસેના પ્રમુખ એડમિરલ એસ.એમ નંદાના નેતૃત્વમાં સફળ ઓપરેશન.
- ✓ ભારતે આ યુદ્ધમાં આઈએનએસ ખુકરી યુદ્ધ જહાજ ગુમાવ્યું હતું જેનું દીવ ખાતે દરિયાકિનારે સ્મારક બનાવવામાં આવ્યું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિવસ વિશેષ – ૪ ડિસેમ્બર

રાષ્ટ્રવાદી ઈતિહાસકાર: આર.સી.મજુમદાર



જન્મ- 4 ડિસેમ્બર, 1888

અવસાન - 3 સપ્ટેમ્બર, 1980

- ✓ આજે ક્રિકેટર અમરસિંહ નકુમ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ આર.વેંકટરામન, પૂર્વ વડાપ્રધાન ઇન્દ્રકુમાર ગુજરાલ અને રાષ્ટ્રવાદી ઇતિહાસકાર રમેશચંદ્ર મજુમદારનો જન્મદિવસ તથા અભિનેતા દેવાનંદની પુણ્યતિથિ છે.
- ✓ આજના બાંગ્લાદેશના ફરીદપુર પાસે ખંડાપુરમાં નદીકાંઠાની વસ્તીમાં રમેશચંદ્રનો જન્મ થયો હતો.
- ✓ અત્યંત ગરીબાઈની સ્થિતિમાંથી ઉપર ઊઠી મજુમદાર કલકત્તા યુનિ.માંથી સ્નાતક અને અનુસ્નાતક થયા હતા.
- ✓ તેમના જીવન પર રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદનો ઊંડો પ્રભાવ હતો.
- ✓ અનુસ્નાતક પછી નવી સ્થપાયેલી ઢાકા યુનિ.માં ઇતિહાસના અધ્યાપક તરીકે જોડાયા હતા. પાછળથી ત્યાં જ કુલપતિ પણ બન્યા હતા.

- ✓ પ્રાચીન ભારતમાં સંઘજીવન, ભારતનો પ્રારંભિક ઈતિહાસ, ચંપાઃ દૂર પૂર્વ અને સુવર્ણદ્વીપમાં ભારતની પ્રાચીન વસાહત, એડવાન્સ હિસ્ટરી ઓફ ઇન્ડિયા અને દિ હિસ્ટરી એન્ડ કલ્ચર ઓફ ઇન્ડિયન પીપલ (સંપાદક-11 ભાગ) વગેરે રમેશચંદ્ર મજુમદારના ભારતીય ઈતિહાસ લેખનમાં મહત્વપૂર્ણ યોગદાનો છે.
- ✓ વસ્તુલક્ષી દૃષ્ટિકોણ અને પૂર્વગ્રહ અનુગ્રહવિહીન લેખન એ રમેશચંદ્ર મજુમદારના ઈતિહાસ લેખનનો વિષય રહ્યો છે.
- ✓ 92 વર્ષની વયે તેમનું કોલકાતામાં અવસાન થયું હતું .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૧૨-૨૦૨૦)

1. જલારામ વિરપુર મંદિરના વર્તમાન ગાદીપતિ કોણ છે - **રઘુરામ બાપા**
2. અયોધ્યા રામ મંદિરમાં રામ લલ્લાને દરરોજ બે ટાઇમ કોના દ્વારા આજીવન ભોજનથાળ આપવામાં આવશે - **વીરપુર જલારામ ધામ**
3. તા.૪ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ RBI દ્વારા જાહેર કરાયેલી પોલિસીમાં ૨૦૨૦-૨૧માં જીડીપી કેટલા ટકાનો ઘટાડો દર્શાવે તેવી અપેક્ષા વ્યક્ત કરી - **૭.૫**
4. તા.૪ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ RBI દ્વારા જાહેર કરાયેલી પોલિસીમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રથમ છ માસ દરમિયાન કેટલા ટકાની આસપાસ રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો - **૬.૫**
5. પેટા પર્સન ઓફ ધ યર-૨૦૨૦ તરીકે કોની પસંદગી થઈ - **અભિનેતા જ્હોન અબ્રાહમ**
6. વૈશ્વિક સંસ્થા PETAનું વિસ્તૃત નામ જણાવો - **પીપલ્સ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ**
7. પ્રાણીઓના અધિકાર અને પશુ પ્રેમ અને પ્રાણીઓ સાથે દુર્વ્યવહાર કરવાની વિરોધ કરનારી વૈશ્વિક સંસ્થાનું નામ જણાવો – **PETA**
8. અભિનેતા જ્હોન અબ્રાહમની કયા કારણોસર પેટા પર્સન ઓફ ધ યર તરીકે પસંદગી કરવામાં આવી - **પ્રાણીઓ પ્રત્યેના પ્રેમ અને તેમના અધિકારની વાત કરવા માટે**
9. પ્રાણી કલ્યાણ માટે વૈશ્વિકકક્ષાએ કામ કરતી સંસ્થા PETAનું મુખ્ય મથક કયાં આવેલું છે – **વર્જિનિયાના નોર્ફોલ્ક (USA)**
10. પ્રાણીઓ માટે વૈશ્વિકકક્ષાએ કામ કરતી સંસ્થા PETAની સ્થાપના કયારે થઈ હતી - **તા.૨૨મી માર્ચ-૧૯૮૦**
11. ડિસેમ્બર-૨૦૨૦માં FICCI નવા ચેરમેન તરીકે કોણ ચૂંટાયા - **શ્રી ઉદય શંકર**
12. ફિક્કીના ચેરમેન તરીકે ચૂંટાયેલા ઉદય શંકરે અગાઉ કયા હોદ્દા પર સેવા આપી છે - **સ્ટાર ઇન્ડિયાના ચેરમેન તથા વોલ્ટ ડિઝની કંપનીના એશિયા પેસિફિકના પ્રેસિડેન્ટ**
13. ફિક્કીના નવા ચેરમેન ઉદય શંકરનો કાર્યકાળ કેટલો રહેશે – **એક વર્ષ**
14. મીડિયા અને એન્ટરટેઈમેન્ટ ઉદ્યોગમાંથી ફિકકીના ચેરમેન બનનાર પ્રથમ વ્યક્તિ કોણ છે - **ઉદય શંકર**
15. ડિસેમ્બર-૨૦૨૦માં ભારત પાકિસ્તાન વૉર-1971ના કેટલા વર્ષ થશે – **50**
16. પાકિસ્તાનમાંથી અલગ બાગ્લાદેશનું નિર્માણ કયારે થયુ હતુ – **16 ડિસેમ્બર 1971**
17. ગ્લોબલ ટીચર પુરસ્કાર-2020 મેળવનાર શિક્ષકનું નામ જણાવો - **રણજિતસિંહ ડિસાલે**
18. ગ્લોબલ ટીચર પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય શિક્ષકનું નામ જણાવો - **રણજિતસિંહ ડિસાલે**
19. ગ્લોબલ ટીચર પુરસ્કાર-2020 મેળવનાર શિક્ષક રણજિતસિંહ ડિસાલે કઈ શાળામાં સેવારત છે - **મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં**
20. ગ્લોબલ ટીચર પુરસ્કાર-2020 મેળવનાર શિક્ષક રણજિતસિંહ ડિસાલેને કેટલી ઇનામી રકમ અપાશે–**રૂ. 7 કરોડ**

21. ભારતીય સેના દ્વારા ડિસેમ્બર-૨૦૨૦માં કરાયેલા નવા સુધારા મુજબ જવાનો રેન્કની જગ્યાએ હવે શાના આધારે HRA લઈ શકશે - **કારકિર્દી**
22. ભારતીય સેના દ્વારા કરાયેલા નવા સુધારા મુજબ આર્મી જવાનો રેન્કની જગ્યાએ હવે કારકિર્દીના આધારે HRA લઈ શકશે આ નવી વ્યવસ્થા કયારથી લાગુ કરાશે - **વર્ષ 2006**
23. આર્મી જવાનો ભાડેથી ક્વાર્ટર લઈને રહે છે તે રેન્કને બદલે પોતાની સુનિશ્ચિત કારકિર્દીની પ્રગતિવાળા પગારના આધારે ભાડાના મકાનનું ભથ્થું મેળવી શકે છે તેને આર્મીમાં શું કહેવાય છે - **મિનિમમ એશ્યોર્ડ કેરિયર પ્રોગ્રેશન (એમએસીપી)**
24. ભારતીય સેના દ્વારા ડિસેમ્બર-૨૦૨૦માં કરાયેલા નવા સુધારા મુજબ જવાનો રેન્કની જગ્યાએ હવે કારકિર્દીના આધારે HRA લઈ શકશે આ નવી વ્યવસ્થાથી આર્મીના કેટલા જવાનોને કેટલા રૂપિયાનો ફાયદો થશે - **૧૨ લાખ તથા રૂ. ૧૦૦૦ કરોડ**
25. કોરોના કાળમાં મદદ બદલ કયા ખેલાડીને સ્પેન દ્વારા 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ડી કોરોસ એવોર્ડથી સન્માનિત કરાયો - **ટેનિસ સ્ટાર રફેલ નડાલ**
26. સ્પેનની વર્તમાન રાજધાની કઈ છે - **મેડ્રિડ**
38. 'ઇન્ડિયન નેવી ડે' ક્યારે ઉજવાય છે - **4 ડિસેમ્બર**
39. ભારતીય નેવી દ્વારા 4 ડિસેમ્બર 1971માં પાકિસ્તાન નેવીના મુખ્ય મથક કરાંચી બંદર ઉપર હુમલો કરવા કયુ સફળ ઓપરેશન હાથ ધર્યું હતું -**ઓપરેશન ટ્રાઈડેંટ**
40. ડિસેમ્બર 2020ની સ્થિતિએ ભારતના નૌકાદળના વડાનું નામ જણાવો - **એડમિરલ કરમવીરસિંહ**
27. રાષ્ટ્રવાદી ઇતિહાસકાર આર.સી. મજુમદારનો જન્મદિવસ જણાવો- **4 ડિસેમ્બર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. નવું સંસદભવન : વડાપ્રધાન મોદી 10 ડિસેમ્બરે નવા શિલાન્યાસ કરશે (ઈજનેરી કૌશલ્ય)



- ✓ સૂચિત : દેશને આગામી 21 મહિના પછી એટલે કે 2022 સુધીમાં નવું સંસદ ભવન મળી જશે.

નવા સંસદ ભવન વિશે :

- ✓ નવા ભવનના નિર્માણ માટે લગભગ રૂ. 971 કરોડનો ખર્ચ થશે.
- ✓ નવું સંસદ ભવન જૂના સંસદ ભવનની સરખામણીએ ત્રીજા ભાગના સમયમાં તૈયાર થઈ જશે પરંતુ ખર્ચ 1200 ગણો વધુ થશે.
- ✓ સંસદભવનની ડિઝાઇન તૈયાર કરનાર : ગુજરાતી આર્કિટેક્ટ બિમલ પટેલ-અમદાવાદ
- ✓ ડિજિટલ સુવિધા પણ ઉપલબ્ધ કરાવાશે જેથી સંસદને પેપર લેસ બનાવવામાં મદદ મળશે.
- ✓ નવી ઇમારતમાં લોકસભાના 888 અને રાજ્યસભાના 384 સભ્ય બેસી શકશે.
- ✓ હાલના ભવનમાં લોકસભાના 543 અને રાજ્યસભાના 245 સભ્યો બેસી શકે તેવી વ્યવસ્થા છે.
- ✓ નવું ભવન આત્મનિર્ભર ભારતની મિશાલ બનશે. તેને સંપૂર્ણ રીતે ભારતીય લોકો તૈયાર કરશે.
- ✓ તેના નિર્માણમાં 2000 લોકો પ્રત્યક્ષ રીતે અને 9000 લોકો પરોક્ષ રીતે સામેલ થશે.

નવા ભવનની સુવિધા-વિશેષતા

- ✓ લોકસભા સ્પીકર ઓમ બિરલાના જણાવ્યા મુજબ નવા ભવનમાં સંસદ સભ્યો માટે લોન્જ, લાઈબ્રેરી, સમિતિ રૂમ અને ભોજન રૂમ પણ હશે.
- ✓ નવી ઇમારતની ઊંચાઈ હાલના ભવન જેટલી જ હશે
- ✓ ભૂકંપ પ્રતિરોધક ઇમારત ત્રિકોણીય હશે. અવકાશમાંથી 3 રંગના કિરણ જેવી દેખાશે
- ✓ નવું ભવન 65 હજાર ચો.મી.માં હશે, 16,921 ચો.મી. અંડર ગ્રાઉન્ડ હશે.
- ✓ નવું ભવન 65 હજાર ચો.મી.માં હશે, 16,921 ચો.મી. અંડર ગ્રાઉન્ડ હશે.

સેન્ટ્રલ વિસ્ટા શું છે?

- ✓ 1911માં બ્રિટિશ આર્કિટેક્ટ એડવિન લુટિયન્સે ડિઝાઇન કરેલું નવી દિલ્હી અસ્તિત્વમાં આવ્યું એ પછી 1921-27 દરમિયાન હાલના સંસદ ભવનની ઈમારતનું નિર્માણકાર્ય થયું હતું.
- ✓ ઈન્ડિયા ગેટથી રાષ્ટ્રપતિ ભવન સુધીના વિસ્તારને નવનિર્માણ માટે પસંદ કરાયો હતો અને એને સેન્ટ્રલ વિસ્ટા નામ અપાયું હતું. ત્યારથી નવી દિલ્હીનો આ વિસ્તાર આ નામે જ ઓળખાય છે.
- ✓ હાલમાં જૂના સંસદભવનના રિનોવેશન, નવા ભવનના નિર્માણ સહિત જે કંઈ ફેરફાર થઈ રહ્યા છે એ આ વિસ્તારના નામે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ તરીકે જ કેન્દ્ર સરકારે ઓળખાવ્યા છે.

બિમલ પટેલનો પરિચય

- ✓ આર્કિટેક્ચરિંગની દુનિયામાં બિમલ પટેલ ઘણું જ જાણીતું નામ છે. તેમની કંપની HCP ડિઝાઇન, પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રાઇવેટ લિમિટેડે ગુજરાત સરકાર અને ભારત સરકાર માટે ઘણા મહત્વના પ્રોજેક્ટ્સ કર્યા છે.
- ✓ અમદાવાદનો રિવરફ્રન્ટ પ્રોજેક્ટ, કાંકરિયા રી-ડેવલપમેન્ટ, રાજકોટ રેસકોર્સ રી-ડેવલપમેન્ટ, RBI અમદાવાદ, ગુજરાત હાઈકોર્ટ, IIM અમદાવાદ, IIT જોધપુર સહિતનાં બિલ્ડિંગની ડિઝાઇન તૈયાર કરી.
- ✓ તેમની પાસે 35થી વધુ વર્ષનો અનુભવ છે અને ભારત સરકારે તેમને પદ્મશ્રીથી નવાજ્યા છે.

નવાં-જૂનાં બિલ્ડિંગ્સનો ડાયમંડ લૂક

- ✓ આ આખા પ્રોજેક્ટમાં જૂના બિલ્ડિંગની બંને તરફ ટ્રાયેન્ગલ શેપમાં બે બિલ્ડિંગ બનશે.
- ✓ જૂના સંસદભવનનો આકાર ગોળ છે, જ્યારે નવી ઈમારત ત્રિકોણ આકારમાં છે અને એને કારણે નવાં અને જૂનાં બિલ્ડિંગ્સને એકસાથે જોઈએ તો એ ડાયમંડ જેવો આકાર લાગશે.
- ✓ વિક્ટરી હાઉસ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ પાર્લમેન્ટ માટે અત્યાધુનિક સવલતો ઊભી કરવાનો છે.
- ✓ હાલ બંને ઈમારતોનો ઉપયોગ થવાનો છે, પણ ભવિષ્યમાં નવું બિલ્ડિંગ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. GST : તમામ રાજ્યોએ જીએસટી આવકની ભરપાઇ માટે વિકલ્પ-1ની પસંદગી (કર)



✓ વિધાનસભા ધરાવતા ત્રણ કેન્દ્ર શાસિત પ્રદેશો અને 28 રાજ્યોએ જીએસટીની આવકમાં થયેલા ઘટાડાના વળતર પેટે કેન્દ્ર સરકારના બોરોઇંગ ઓપ્શન(ઉધાર વિકલ્પ)ને સ્વીકારી લીધો.

✓ કેન્દ્ર સરકારે રાજ્યો વતી 30,000 કરોડ રૂપિયાનું ઉધાર લીધું છે અને તે પૈકી 26 રાજ્યો અને ત્રણ કેન્દ્ર શાસિત પ્રદેશોને પાંચ હપ્તામાં 23 ઓક્ટોબર, 2 નવેમ્બર, 9 નવેમ્બર, 23 નવેમ્બર અને 1 ડિસેમ્બરે રકમ ચુકવવામાં આવી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ : રીતુ ફોગાટે ચોથી વખત MMA કુસ્તી ટાઇટલ જીત્યુ



✓ વિજેતા : રીતુ ફોગાટ-ભારત

✓ હરિફ : જોમારી ટોરેસ-ફિલિપાઈન્સ

✓ યજમાન : સિંગાપોર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૪. સિદ્ધિ : ચીન ચંદ્ર પર પોતાનો ઝંડો ફરકાવનાર દુનિયાનો બીજો દેશ બન્યો (અવકાશ વિજ્ઞાન)



- ✓ આ પહેલા અમેરિકાએ 1968માં પોતાનો ધ્વજ ફરકાવ્યો હતો.
- ✓ ચીનની અવકાશી સંસ્થા નેશનલ સ્પેસ એડમિનિસ્ટ્રેશને ચંદ્રની સપાટી પર ચીનનો ધ્વજ લહેરાતો હોય તેવી તસવીર પણ રિલિઝ કરી છે.
- ✓ આ તસવીર ચંદ્રની સપાટી પરથી નમૂના એકઠા કરવા પહોંચેલા ચીનના યાન ચાંગ ઈ-5 પર લાગેલા કેમેરાથી લેવામાં આવી હતી.
- ✓ અમેરિકા જોકે 1969 થી 1972 સુધીના સમયગાળામાં પાંચ વખત પોતાના ઝંડા ફરકાવી ચુક્યુ છે.
- ✓ ચીને અગાઉ 2019માં ચાંગ ઈ-4 યાનને ચંદ્ર પર મોકલ્યુ હતુ.
- ✓ ચીને છેલ્લા સાત વર્ષમાં પાંચમુ મૂન મિશન સફળતાપૂર્વક પાર પાડ્યુ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. કેમ્બ્રિજ ડિક્ષનરી : ક્વોરન્ટાઇનને વર્ડ ઑફ ૨૦૨૦ ઘોષિત (ભાષા)



- ✓ આ એવો શબ્દ છે જેનો અર્થ આજે ભારતના ગામડાનો અભણ માણસ પણ સમજે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. અર્જેન્ટિના સરકાર : ધનવાનો પર "કોરોના ટેક્સ" : સેનેટની મંજૂરી (વૈશ્વિક બાબતો)



- ✓ અર્જેન્ટિનાની સરકારે કોરોના વાયરસનાં વધતા પ્રકોપને રોકવા માટે કરવામાં આવેલા નાણાકિય ખર્ચને પહોચી વળવા અને તે માટે ફંડ ઉભું કરવા માટે ધનવાનો પર કોરોના ટેક્સ લગાવ્યો.
- ✓ સરકારનાં આ નિર્ણયથી દેશના 12,000 ધનિકોને અસર થશે. દેશની સંસદે આ નિર્ણયને મંજૂરી પણ આપી દીધી છે.
- ✓ તેનાથી મળનારી રકમનો ઉપયોગ કોરોના વાયરસ સામેની જંગમાં થશે.

- ✓ જેમાં મેડિકલ સપ્લાય અને ગરીબો તેમજ નાના વેપારીઓને આપવામાં આવેલી રાહતનો પણ સમાવેશ થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૧૨-૨૦૨૦)

1. આગામી 10 ડિસેમ્બરના રોજ કોના હસ્તે સંસદના નવા ભવનનો શિલાન્યાસ કરવામાં આવશે - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
2. ભારતની નવી સંસદ ભવનનું કામ આગામી ક્યાં સુધી પૂર્ણ કરાશે - **વર્ષ 2022**
3. ભારતની નવી સંસદ ભવનનો અંદાજિત ખર્ચ જણાવો - **રૂ. 971 કરોડ**
4. ભારતીય સંસદ ભવનની ડિઝાઇન કોના દ્વારા તૈયાર કરવામાં આવશે - **ગુજરાતી આર્કિટેક્ટ વિમલ પટેલ**
5. સંસદ ભવનની નવી ઇમારતમાં લોકસભા અને રાજ્યસભાની કેટલી બેઠક વ્યવસ્થા તૈયાર કરાશે - **888 અને 384**
6. લોકસભાના વર્તમાન સ્પીકરનું નામ જણાવો - **શ્રી ઓમ બિરલા**
7. ભૂકંપ પ્રતિરોધક સંસદ ભવનની નવી ઇમારતનો આકાર જણાવો - **ત્રિકોણીય**
8. નવી સંસદ ભવનનો વિસ્તાર જણાવો - **65,000 ચોરસ મીટર**
9. વર્તમાન સંસદ ભવન કયા વર્ષે કયા આર્કિટેક દ્વારા ડિઝાઇન કરાયું હતું - **બ્રિટિશ આર્કિટેક્ટ એડવિન લુટિયન્સ અને વર્ષ 1911**
10. વિધાનસભા ધરાવતા ત્રણ કેન્દ્ર શાસિત પ્રદેશો અને 28 રાજ્યોએ જીએસટીની આવકમાં થયેલા ઘટાડાના વળતર પેટે કેન્દ્ર સરકારના કયા ઓપ્શનને સ્વીકાર્યો હતો – **ઓપ્શન-૧, બોરોઇંગ ઓપ્શન(ઉધાર વિકલ્પ)**
11. કેન્દ્ર સરકારે રાજ્યો વતી કેટલા રૂપિયાનું ઉધાર લીધું છે - **30,000 કરોડ**
12. કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીની આવકમાં થયેલા ઘટાડાના વળતર પેટે 26 રાજ્યો અને ત્રણ કેન્દ્ર શાસિત પ્રદેશોને કેટલા હપ્તામાં ક્યારે રકમ ચુકવવામાં આવી – **પાંચ હપ્તામાં તથા 23 ઓક્ટોબર, 2 નવેમ્બર, 9 નવેમ્બર, 23 નવેમ્બર અને 1 ડિસેમ્બર**
13. ડિસેમ્બર-૨૦૨૦માં કોણ MMA કુસ્તી ટાઇટલ વિજેતા બન્યું - **રીતુ ફોગાટ**
14. ભારતની ખેલાડી રીતુ ફોગાટે કેટલામી વખત MMA કુસ્તી ટાઇટલ જીત્યું - **ચોથી વખત**
15. ડિસેમ્બર-૨૦૨૦માં કોણે MMA કુસ્તી ટાઇટલ હરીફ-દેશનું નામ જણાવો - **જોમારી ટોરેસ-ફિલિપાઈન્સ**
16. MMA કુસ્તી ટાઇટલ-૨૦૨૦નું યજમાન જણાવો - **સિંગાપોર**
17. કયો દેશ ચંદ્ર પર પોતાનો ઝંડો ફરકાવનાર દુનિયાનો બીજો દેશ બન્યો - **ચીન**
18. કયા દેશે સૌપ્રથમવાર ચંદ્ર પર પોતાનો ઝંડો ફરકાવ્યો હતો – **અમેરિકા**
19. અમેરિકાએ કયા વર્ષે ચંદ્ર પર સૌપ્રથમ પોતાનો ધ્વજ ફરકાવ્યો હતો - **1968**
20. ચીનની અવકાશી સંસ્થાનું નામ જણાવો - **નેશનલ સ્પેસ એડમિનિસ્ટ્રેશ**
21. અમેરિકાએ 1969થી 1972 સુધીના સમયગાળામાં કેટલી વખત ચંદ્ર પર પોતાનો ઝંડો ફરકાવ્યો હતો - **પાંચ**
22. ચીને 2019માં કયા યાનને ચંદ્ર પર મોકલ્યુ હતુ - **ચાંગ ઈ-4**
23. ચીને છેલ્લા સાત વર્ષમાં કેટલામુ મૂન મિશન સફળતાપૂર્વક પાર પાડ્યુ - **પાંચમુ**
24. કેમ્બ્રિજ ડિક્ષનરીએ કયા શબ્દને વર્ડ ઑફ ૨૦૨૦ ઘોષિત કર્યો - **ક્વોરન્ટાઇન**
25. ધનવાનો પર સૌપ્રથમ વખત "કોરોના ટેક્સ" લગાવનાર દેશનું નામ જણાવો - **અર્જેન્ટિના**
26. અર્જેન્ટિનાની સરકારે કયા કારણોસર સૌપ્રથમ વખત "કોરોના ટેક્સ" લગાવ્યો - **કોરોના વાયરસનાં વધતા પ્રકોપને રોકવા માટે કરવામાં આવેલા નાણાકિય ખર્ચને પહોચી વળવા અને તે માટે ફંડ ઉભું કરવા**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. BHARAT QR કોડ : ડિજિટલ પેમેન્ટ (ટેકનોલોજી)

✓ આજના સમયમાં QR કોડ સૌથી સરળ પેમેન્ટ પદ્ધતિ.



✓ જેમાં સામાન્ય રીતે કોડને સ્કેન કરીને પેમેન્ટ થઇ શકે છે.

✓ ક્યૂ આર કોડ એક પ્રકારનો ડિજિટલ બાર કોડ છે.

✓ ડિજિટલ પેમેન્ટ અને કેશલેસ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન આપવા માટેના હેતુગત NPCI - નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાએ ભારત ક્યૂ આર કોડ (BHARAT QR) નામની ચુકવણી સુવિધા સપ્ટેમ્બર ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી.

✓ ઓક્ટોબર ૨૦૨૦માં રજૂ થયેલા એક રિપોર્ટ અનુસાર ભારતમાં અંદાજિત ૯૪ લાખ જેટલા વેપારીઓ ભારત QR કોડ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા છે.

✓ અગાઉ પણ NPCI દ્વારા ભીમ એપ્લિકેશન શરૂ કરવામાં આવી હતી. જે UPI દ્વારા સુરક્ષિત રીતે ચુકવણી થઇ શકે છે.

ભારત ક્યૂ આર કોડ શું છે ?

✓ પી ટુ એમ (PERSON TO MERCHANT)ના મોડેલ પર આધારિત ભારત ક્યૂ આર કોડ એક સિંગલ યુનિફાઇડ ક્યૂ આર કોડ છે. જે વિઝા, માસ્ટરકાર્ડ, અમેરિકન એક્સપ્રેસ અને રૂપે કાર્ડ્સ દ્વારા થતી ચુકવણી સ્વીકારવામાં પણ સક્ષમ છે.

✓ કોઈ પણ ગ્રાહક સરળતાથી વેપારીને ભારત ક્યૂ આર કોડ સુવિધા અંતર્ગત ચુકવણી કરી શકે છે. પરિણામે ગ્રાહકને

ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ અને હાર્ડ કેશ સાથે રાખવાની જરૂર પડતી નથી.

<u>સુરક્ષા અંગે શું ધ્યાન રાખવું ?</u>

- ✓ વેપારીએ જે મોબાઇલમાં એપ્લિકેશન રજિસ્ટર કરી હોય તે ખોવાય તો તાત્કાલિક બેંકનો સંપર્ક કરવો.
- ✓ સોફ્ટવેરને સતત અપડેટ રાખવું જરૂરી.
- ✓ જો સોફ્ટવેરમાં અપડેટ આવે તો એપ સ્ટોર કે પ્લે સ્ટોર પરથી જ કરવો.
- ✓ એકાઉન્ટને રજિસ્ટર કરતાં સમયના ક્રેડેન્સિયલ કોઈને આપવા જોઇએ નહીં.

<u>પેમેન્ટ સ્વીકારવા શું કરવું ?</u>

- ✓ વેપારી જે બેંકમાં એકાઉન્ટ ધરાવતા હોય તે એકાઉન્ટને વેરિફાય કરાવીને એકાઉન્ટ સેટ અપ કરી શકે છે. તેની એપ્લિકેશન એન્ડ્રોઇડ અને આઇઓએસ પ્લેટફેર્મ પર ઉપલબ્ધ છે.
- ✓ એકાઉન્ટ વેરિફઈ થયા પછી બેંક દ્વારા વેપારીને QR કોડ અપાય છે. જેના થકી વેપારી ગ્રાહકો પાસેથી પેમેન્ટ સ્વીકારી શકે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. EUA-ઇમર્જન્સી યુઝ ઓથોરાઇઝેશન (આરોગ્ય-પરિક્ષણ)

- ✓ EUA વેક્સિન, દવા, ડાયગ્નોસ્ટિક ટેસ્ટ અને મેડિકલ ડિવાઇસ માટે લેવાઈ છે.
- ✓ વેક્સિન અને દવાઓની સુરક્ષા અને અસરની સમીક્ષા બાદ ઇમર્જન્સી યૂઝ માટે મંજૂરી અપાતી હોય છે.
- ✓ આ માટે ક્લિનિકલ ટ્રાયલના ડેટાને આધાર બનાવવામાં આવે છે.
- ✓ સામાન્ય રીતે વેકિસનને મંજૂરી મળવામાં ઘણા વર્ષ લાગી જતાં હોય છે.
- ✓ <u>વેક્સિન એપ્રુવલનો સૌથી ઓછો સમય</u> <u>યાડા ચાર વર્ષનો નોંધાયો</u> છે.



- ✓ સંસ્થા : સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન રેગ્યુલેટરી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ : ભારત સતત 5મી ટી20 શ્રેણી વિજેતા

- ✓ ભારત ઓસી.ને બીજી ટી-ટ્વેન્ટીમાં હરાવી 2-0થી આગળ



- ✓ ટીમ ઇન્ડિયાએ ઓસ્ટ્રેલિયા સામે ત્રણ મેચની ટી ટ્વેન્ટી શ્રેણીમાં 2-0થી સરસાઈ મેળવી લઈને શ્રેણી જીતી લીધી છે.

- ✓ બીજી મેચમાં 6 વિકેટે વિજય મેળવ્યો હતો.
- ✓ હાર્દિક પંડ્યા 22 બોલમાં અણનમ 42 રન ફટકારી મેન ઓફ ધ મેચ બન્યો હતો.
- ✓ ટીમ ઇન્ડિયા સતત પાંચમીવાર ટી-ટ્વેન્ટી શ્રેણી જીત્યું છે અને તે પણ અલગ-અલગ દેશ સામે.

ભારતે ટી-20 શ્રેણીમાં આમને હરાવ્યા

- ✓ બાંગ્લાદેશ 2-1
- ✓ વિન્ડીઝ 2-1
- ✓ શ્રીલંકા 2-0
- ✓ ક્વિઝ 5-0
- ✓ ઓસી 2-0

કોહલીનો અનોખો વિક્રમ

- ✓ ટીમ ઇન્ડિયાએ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ અને વન-ડે શ્રેણી પછી ટી-ટ્વેન્ટી શ્રેણી પણ જીતી. આવું કરનાર કોહલી પ્રથમ એશિયન કેપ્ટન બન્યો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ : કુલદીપ હાંડુને ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના એમ્બેસેડર બનાવવામાં આવ્યા



- ✓ શ્રીનગરમાં જન્મેલા વુશુ કોચ અને જમ્મુ-કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રથમ દ્રોણાચાર્ય એવોર્ડ મેળવનાર કુલદીપ હાંડુને ફીટ ઈન્ડિયા મુવમેન્ટના એમ્બેસેડર બનાવવામાં આવ્યા.
- ✓ તેણે રાષ્ટ્રીય સ્તરે 6 અને આંતરરાષ્ટ્રીય સ્તરે 11 ગોલ્ડ મેડલ જીત્યા છે, તે ટીમ ઈન્ડિયાના વર્તમાન વુશુ કોચ છે. તેમના માર્ગદર્શન હેઠળ રમતવીરોએ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં બે અને વર્લ્ડ કપમાં એક ગોલ્ડ મેડલ જીત્યા છે. તે જમ્મુ કાશ્મીરમાં પોલીસ ઈન્સપેક્ટર તરીકે પણ કામ કરી રહ્યો છે.

ફિટ ભારત ચળવળ વિશે:

- ✓ તંદુરસ્ત અને ફીટ જીવનશૈલીનો માર્ગ મોકળો કરવા ભારતીયોને તેમના રોજિંદા જીવનમાં તંદુરસ્તી પ્રવૃત્તિઓ અને રમતગમતનો સમાવેશ કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ ઓગસ્ટ 2019 માં શરૂ કરવામાં આવી હતી.
- ✓ ફીટ ઇન્ડિયાના સ્થાપક : સુપર્ણો સતપથી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : ૬ ડિસેમ્બર

(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૬૫મી પુણ્યતિથિ

- ✓ ૬૫મો મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઓળખાય છે



✓ અવસાન- તા. ૬ ડિસેમ્બર-૧૯૫૬, દિલ્હી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) બાબરી ધ્વંસ – અયોધ્યા

✓ તા. ૬ ડિસેમ્બર-૧૯૯૨

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721



(૩) નાગરિક સંરક્ષણ દિવસ : ૬ ડિસેમ્બર



નાગરિક સંરક્ષણ દળ એટલે શું?

✓ દેશના નાગરિકો દ્વારા કટોકટી કે આકસ્મિક કુદરતી, માનવસર્જિત આપત્તિ પહેલા, આપત્તિ દરમિયાન અને આપત્તિ પછીના સમય દરમિયાન આંતરિક બચાઉ માટેનું સુઆયોજિત બચાવ તંત્ર એટલે નાગરિક સંરક્ષણ દળ.

✓ નાગરિક સંરક્ષણ દળ ખાસ કરીને નાગરિકો દ્વારા નાગરિકો માટે ચલાવવામાં આવતુ દળ છે. જેમાં નાગરિકોને સ્વયંસેવક તરીકે ભરતી કરવામાં આવે છે.

મુખ્ય ઉદ્દેશ :

✓ લોકોના જાન અને માલ મિલકત નુકસાન ઓછું થાય તેવા પ્રયાસ કરવા.

✓ નાગરિક સંરક્ષણ એટલે સ્વરક્ષણથી સમાજ રક્ષણથી રાષ્ટ્ર રક્ષણ.

નાગરિક સંરક્ષણ દળનો ઇતિહાસ

✓ બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન ભારતમાં નાગરિક સંરક્ષણના ઉપાય કરવામાં આવ્યા. પણ અન્ય દેશો કરતાં તે ખૂબ જ સામાન્ય હતા. જેથી હવાઇ હુમલાની ધમકીઓ ભારત દેશ સામે ચાલુ રહ્યા.

✓ ઓગસ્ટ ૧૯૩૭માં કેન્દ્રીય હવાઈ હુમલા ચેતવણી કમિટીની રચના કરવામાં આવી.

✓ Air Riad Precautions સંસ્થાના નામથી તેનો વિકાસ થયો.

✓ ૧૯૪૨માં ભારતમાં નાગરિક સંરક્ષણનો વિકાસમાં ખૂબ વધારો થયો.

✓ ૬ ડીસેમ્બર ૧૯૬૨ના રોજ નાગરિક સંરક્ષણને જુદા જુદા રાજ્યોમાં સ્થાપિત

કરવામાં આવ્યું અને ૧૯૬૮માં નાગરિક સંરક્ષણ એકટ હેઠળ સંપૂર્ણ રીતે નાગરિક સંરક્ષણને ગૃહ ખાતામાં મૂકવામાં આવ્યું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૪) રાષ્ટ્રીય હોમગાર્ડ દિવસ : ૬ ડિસેમ્બર



✓ તા. ૬ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ ૫૮માં હોમગાર્ડ સ્થાપના દિવસની ઉજવણી

✓ ડો.ઝાકિરહુશેને હોમગાર્ડઝન દળની સ્થાપના કરી, પૂર્વ પ્રધાનમંત્રી શ્રી મોરારજીભાઇ દેસાઇએ દળમાં પ્રાણ પૂર્યા હતા.

કામગીરી :

✓ કોમી હુલ્લડ, ભારત-પાક યુદ્ધ, વાવાઝોડા, ભૂકંપ કે અન્ય આકસ્મીક સમયે હોમગાર્ડઝ જવાનો હંમેશા પ્રવૃત રહ્યાં છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિવસ વિશેષ – ૬ ડિસેમ્બર

વિરલ સંશોધક : ભૃગુરાય દુર્લભજી અંજારિયા



જન્મ - ૬ ડિસેમ્બર – ૧૯૧૩

અવસાન – ૭ ઓગસ્ટ – ૧૯૮૦

✓ આજે સંસ્કૃતવેત્તા, ભારતશાસ્ત્રી મેક્સમૂલર અને ગુજરાતી સાહિત્ય સંશોધન જગતના મોટા સંશોધક ભૃગુરાય દુર્લભજી અંજારિયાનો જન્મદિવસ અને બાબાસાહેબ આંબેડકર અને નેલ્સન મંડેલાની પુણ્યતિથિ

✓ સાહિત્ય સંશોધક અને વિવેચક ભૃગુરાય અંજારિયાનો જન્મ રાજકોટમાં અને અભ્યાસ જામનગર, રાજકોટ, શામળદાસ કોલેજ ભાવનગર અને મુંબઈમાં કર્યો હતો.

✓ અંગ્રેજી અને ગુજરાતી વિષયો સાથે સ્નાતક અને અનુસ્નાતક થયેલા ભૃગુરાય અંજારિયાના જીવનમાં અનેક આરોહ અવરોહો આવ્યા હતા છતાં પોતાની ભૃગુરાય સાહિત્ય સંશોધન વિવેચન પ્રવૃત્તિને ધસાવા દીધી ન હતી.

✓ વ્યવસાયિક રીતે તેઓ મુંબઈની પ્રસિદ્ધ મીઠીબાઈ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક હતા અને 1977માં ત્યાંથી નિવૃત્ત થયા હતા.

- ✓ 'કાન્ત વિશે', કલાન્ત કવિ, બીજા વિશે, રેષાએ રેષા ભરી જ્ઞાનઝંખા વગેરે ભૃગુરાય અંજારિયાના ગુજરાતી સાહિત્યમાં મહત્વપૂર્ણ યોગદાન છે.
- ✓ કવિ કાન્તને પોતાના મહાનિબંધનો વિષય બનાવનાર અંજારિયાનો કાન્ત વિશેનો ગ્રંથ (1983) વિસ્તૃત દસ્તાવેજી સામગ્રી અને પ્રમાણભૂત હકીકતોના કારણે શ્રદ્ધેય ગ્રંથ બન્યો છે.
- ✓ 7 ઓગસ્ટ 1980ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું હતું .

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૧૨-૨૦૨૦)

1. ક્યૂ આર કોડ કયા પ્રકારનો બાર કોડ છે - **ડિજિટલ**
2. NPCIનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા**
3. કયા હેતુસર નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાએ ભારત ક્યૂ આર કોડ (BHARAT QR) નામની ચુકવણી સુવિધા શરૂ કરી છે - **ડિજિટલ પેમેન્ટ અને કેશલેસ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન આપવા**
4. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા કયારથી ભારત ક્યૂ આર કોડ (BHARAT QR) નામની ચુકવણી સુવિધા શરૂ કરવામાં આવી હતી - **સપ્ટેમ્બર ૨૦૧૬**
5. ઓક્ટોબર ૨૦૨૦ની સ્થિતિએ ભારતમાં કેટલા વેપારીઓ ભારત QR કોડ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા હતા - **અંદાજિત ૯૪ લાખ**
6. ભારત ક્યૂ આર કોડ કયા મોડેલ પર આધારિત ચૂકવણી માધ્યમ છે - **પી ટુ એમ (PERSON TO MERCHANT)**
7. ભારત ક્યૂ આર કોડ કયા માધ્યમ દ્વારા થતી ચુકવણી સ્વીકારવા સક્ષમ છે - **વિઝા, માસ્ટરકાર્ડ, અમેરિકન એક્સપ્રેસ અને રૂપે કાર્ડ્સ**
8. ઇમર્જન્સી યુઝ ઓથોરાઇઝેશન શાના માટે લેવામાં આવે છે - **વેક્સિન, દવા, ડાયગ્નોસ્ટિક ટેસ્ટ અને મેડિકલ ડિવાઇસ**
9. ભારતમાં ઇમર્જન્સી યુઝ ઓથોરાઇઝેશન માટે કઈ રેગ્યુલેટરી સંસ્થા છે - **સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન**
10. વેક્સિન એપ્રુવલનો સૌથી ઓછો કેટલો સમય નોંધાયો છે - **ચાડા ચાર વર્ષ**
11. ડિસેમ્બર-૨૦૨૦માં ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમ સામે શ્રેણી વિજય સાથે સતત કેટલી ટી૨૦ શ્રેણી જીતવાનો રેકોર્ડ બનાવ્યો - **5મી**
12. ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ, વન-ડે અને ટી-ટ્વેન્ટી શ્રેણી જીતનાર પ્રથમ એશિયન કેપ્ટન કોણ છે – **ભારતીય કેપ્ટન વિરાટ કોહલી**
13. ડિસેમ્બર-૨૦૨૦માં કોને ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના એમ્બેસેડર બનાવવામાં આવ્યા - **કુલદીપ હાંડુ**
14. કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રથમ દ્રોણાચાર્ય એવોર્ડ મેળવનાર ખેલાડીનું નામ જણાવો - **કુલદીપ હાંડુ**
15. ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના એમ્બેસેડર બનનાર કુલદીપ હાંડુ કઈ રમત સાથે સંકળાયેલા છે - **વુશુ**
16. ફીટ ઇન્ડિયાના સ્થાપક કોણ છે - **સુપર્ણો સતપથી**
17. ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ ક્યારે શરૂ કરવામાં આવી હતી - **ઓગસ્ટ 2019**
18. કયા હેતુસર ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ શરૂ કરવામાં આવી હતી – **દેશના નાગરિકોને તંદુરસ્ત અને ફીટ જીવનશૈલી માટે પ્રોત્સાહિત કરવા**
19. રાષ્ટ્રીય હોમગાર્ડ દિવસ કયારે મનાવવામાં આવે છે - **૬ ડિસેમ્બર**
20. તા. ૬ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ હોમગાર્ડનો કેટલામાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી – **૫૮**
21. હોમગાર્ડ દળની સ્થાપના કોણે કરી હતી - **ડો.ઝાકિરહુશેન**
41. ડૉ. બાબાસાહેબ સાહેબ આંબેડકરનો મહાપરિનિર્વાણ દિવસ જણાવો- **6 ડિસેમ્બર 1956**
42. આ વર્ષે 2020માં ડોક્ટર બાબા સાહેબનો કેટલામો મહાપરિનિર્વાણ દિવસ ઉજવાયો-**65મો**
43. બાબરી ધ્વંસ-અયોધ્યાની તારીખ જણાવો - **છઠ્ઠી ડિસેમ્બર**
22. ભારતમાં નાગરિક સંરક્ષણ દિવસ તરીકે ક્યારે ઉજવાય છે- **6 ડિસેમ્બર.**

23. દેશના નાગરિકો દ્વારા કટોકટી કે આકસ્મિક કુદરતી, માનવસર્જિત આપત્તિ પહેલા-પછી તથા આપત્તિ દરમિયાન આંતરિક બચાઉ માટેનું સુઆયોજિત બચાવ તંત્ર કયા નામે ઓળખાય છે - **નાગરિક સંરક્ષણ દળ**

24. ગુજરાતી સાહિત્ય સંશોધન જગતના મોટા સંશોધક ભૃગુરાય દુર્લભજી અંજારિયાનો જન્મદિવસ જણાવો - **6 ડિસેમ્બર 1913**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. કલ્પસર પ્રોજેક્ટ - ગુજરાત સરકાર : ખંભાતના અખાતમાં બનશે વિશ્વનો સૌથી લાંબો ડેમ (ઈજનેરી કૌશલ્ય-જળ સંચય)



✓ 'કલ્પસર યોજનામાં કુલ 33 અભ્યાસ અહેવાલો પૈકી 28 પૂર્ણ થયા છે.

✓ અભ્યાસ રિપોર્ટ્સ તૈયાર કરવા પાછળ અત્યાર સુધી આશરે કુલ ખર્ચ રૂ. 150 કરોડ ખર્ચાયા.

સૂચિત પ્રોજેક્ટનાં મહત્વના પાસા

✓ ખંભાતના અખાતમાં ભાવનગર અને દહેજ વચ્ચે 30 કિમીનો ડેમ બનશે.

✓ જળાશયમાં 77,700 લાખ ઘનમીટર મીઠું પાણી ઉપલબ્ધ થશે, જેમાંથી 56,000 લાખ ઘનમીટર પાણી સિંચાઈ માટે ખેડૂતોને, 8,000 લાખ ઘનમીટર પાણી ઘરવપરાશ માટે તથા 4,700 લાખ ઘનમીટર જથ્થો ઉદ્યોગોને આપવાનું આયોજન.

✓ સિંચાઈથી 10 લાખ 54 હજાર હેક્ટર જમીન નવસાધ્ય થવાનો અંદાજ.

✓ વિવિધ સ્થળોએ પાણી લિફ્ટ કરવા માટે વર્ષે 700 મેગાવોટ વીજળીની જરૂર પડશે, જેના માટે 13 પમ્પિંગ સ્ટેશન બનાવવાનું આયોજન.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. QR કોડ : રાજયમાં સૌપ્રથમ સૌરાષ્ટ્ર યુનિ.ની માર્કશીટમાં QR કોડ ઉમેર્યો (શિક્ષણ-ટેકનોલોજી)

QR કોડના ઉપયોગ વિશે :

- ✓ કોઈપણ વિદ્યાર્થી માર્કશીટનો ક્યુઆર કોડ પોતાના મોબાઈલમાં સ્કેન કરશે તો તેને પોતાના અગાઉના તમામ સેમેસ્ટરની માર્કશીટ ઓનલાઈન જોવા મળશે.



- ✓ વિદ્યાર્થી આ માર્કશીટ ઓનલાઈન જોવાની સાથે મોબાઈલ કે કમ્પ્યુટરમાં ડાઉનલોડ પણ કરી શકશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૩. આગ્રા મેટ્રો પ્રોજેક્ટ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આગ્રા મેટ્રો પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો (પરિવહન)

- ✓ આઠ હજાર કરોડના ખર્ચે શરૂ થયેલો મેટ્રો પ્રોજેક્ટ આગ્રાના સ્માર્ટ સિટી મિશનને મજબૂત કરશે.
- ✓ છ વર્ષમાં ઉત્તરપ્રદેશની સાથોસાથ સમગ્ર દેશમાં મેટ્રો નેટવર્કનું કામ સરકારની પ્રતિબદ્ધતા.



આગ્રા મેટ્રો પરિયોજના વિષે

- ✓ આગ્રા મેટ્રો પરિયોજનામાં કુલ ૨૯.૪ કિ.મી.ની લંબાઇ ધરાવતા બે કોરિડોર સામેલ છે.
- ✓ આ પ્રોજેક્ટ તાજમહાલ, આગ્રા કિલ્લા, સિકંદરા જેવા મુખ્ય પર્યટક સ્થળો અને બસ સ્ટેન્ડને સાંકળી લેશે. પરિયોજનાથી શહેરની ૨૬ લાખની વસતી લાભાન્વિત થશે.
- ✓ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં સિકંદરાથી તાજ ઇસ્ટ ગેટ કોરિડોર તૈયાર કરવામાં આવશે. અનુમાન છે કે પ્રથમ ચરણમાં ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં સિકંદરાથી તાજ ઇસ્ટ ગેટ સુધીની મેટ્રો સેવા શરૂ થઇ જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ભારત-ચીન આયાત-નિકાસ-૨૦૨૦ : ચીનમાંથી ભારતની નિકાસ ૧૬% વધી તથા આયાત ૧૩% ઘટી

આયાત નિકાસ અહેવાલ :

- ✓ ચીનના કસ્ટમ્સના ડેટા અનુસાર ચાલુ વર્ષના જાન્યુઆરીથી નવેમ્બર દરમિયાન

ચીને ભારતમાં ૫૯ અબજ ડોલરની કિંમતનાં ઉત્પાદનોની નિકાસ કરી હતી જે ૧૩ ટકા ઘટેલી હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ભારતીય સૈન્ય : ૨૦૦ સ્વદેશી હોવિત્ઝર તોપ ખરીદશે (સંરક્ષણ)

✓ ભારતીય સૈન્ય ૪૦૦ હોવિત્ઝર તોપની જરૂરિયાત સામે આગામી ૧૮ થી ૨૪ મહિનામાં ૨૦૦થી વધુ મેડ ઇન ઇન્ડિયા એડવાન્સ ટાવર આર્ટિલરી ગન સિસ્ટમ હોવિત્ઝર તૈયાર કરાશે.

✓ સંસ્થા : DRDO

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૬. નિમણૂક : WHOના CEO તરીકે અનિલ સોનીની નિમણૂક(વૈશ્વિક બાબતો)



✓ કાર્યકાળ : જાન્યુઆરી, 2021થી

ભૂમિકા :

✓ પોતાનું ભંડોળ વધારવાની આશાએ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન ફાઉન્ડેશને એવા સીઇઓની નિમણૂક કરી છે જે વધારે પ્રમાણમાં પ્રાઇવેટ ડોનેશન લાવી શકે જેથી કરીને કોઇ દેશ ભંડોળ ન આપે તો તેને પોતાની પ્રવૃત્તિઓ ચલાવવામાં તકલીફ ન પડે.

✓ તાજેતરમાં અમેરિકાએ ડબ્લ્યુએચઓના ભંડોળમાં કાપ મૂક્યો હતો.

કારકિર્દી :

✓ અનિલ સોનીએ મલ્ટીનેશનલ ફાર્મા કંપની સાથે આઠ વર્ષ કાર્ય કર્યું હતુ.

✓ અનિલ સોની બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનના સલાહકાર રહી ચૂક્યા છે.

ડબ્લ્યુએચઓ ફાઉન્ડેશન વિશે :

✓ સ્થાપના : મે, 2020

✓ મુખ્યાલય : જીનિવા

ડબ્લ્યુએચઓને ભંડોળ આપનાર :

✓ જર્મની

✓ બિલ અન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. કોરોના વેક્સિન - 'પ્રવાહી સોના' તરીક ઓળખ

✓ આંતરરાષ્ટ્રીય સંસ્થા ઈન્ટરપોલે ચેતવણી આપી છે કે આ રસી હવે પ્રવાહી સોનુ છે. તેની ચોરી કરવા માટે ઈન્ટરનેશનલ

ક્રિમિનલ ગેંગ સક્રિય થઈ છે. માટે દરેક દેશ પોતાને ત્યાં રહેલી રસીનો જથ્થો સંભાળીને રાખે અને ખાસ તો ગુપ્ત રાખે.

- ✓ રસી ક્યાં રાખી છે એ બને ત્યાં સુધી કોઈને જણાવવું ન જોઈએ. એટલિસ્ટ બ્રિટનમાં તો સરકારે રસી ક્યાં સ્ટોર કરી તેની વિગતો અત્યંત ગુપ્ત રાખી છે.
- ✓ અત્યારે રસી જ જગતની મોસ્ટ વોન્ટેડ પ્રોડક્ટ છે. બ્રિટનમાં લશ્કરી કિલ્લેબંધી વચ્ચે જ રસીની હેરાફેરી થઈ રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. સન્માન : ભારતીય શાંતિદૂત - દ. સુદાન (વૈશ્વિક શાંતિ)



- ✓ દક્ષિણ સુદાનમાં યુનાઈટેડ નેશન્સના મિશન સાથે સંકળાયેલા ૮૦૦થી વધુ શાંતિદૂતોને તેમની સમર્પિત સેવા અને બલિદાન માટે પદક આપી સન્માનિત કરાયા.
- ✓ મેડલ મેળવનાર ચેતના એક માત્ર મહિલા અધિકારી.
- ✓ ગયા વર્ષે પણ યુએન મિશન ઇન સાઉથ સુદાન (યુએનએમઆઇએસએ)માં કાર્યરત ૧૫૦ શાંતિદૂતોને મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. દિન વિશેષ – ૭ ડિસેમ્બર

(૧) સશસ્ત્ર સેના ધ્વજ દિવસ



- ✓ હેતુ- સૈનિકોના પરિવારના કલ્યાણ માટે ઉદાર હાથે ફાળો આપવા



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ : ૭ ડિસેમ્બર



- ✓ વિશ્વભરમાં દર વર્ષે ૭ ડિસેમ્બરના રોજ મનાવવામાં આવે છે.

પ્રથમ પ્રારંભ :

- ✓ વર્ષ ૧૯૯૬માં પ્રથમ વખત સત્તાવાર રીતે ઉજવણી કરવામાં આવી. જ્યારે સંયુક્ત રાષ્ટ્રએ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસને સત્તાવાર માન્યતા આપી હતી.

મુખ્ય ઉદ્દેશ :

- ✓ લોકોને સામાજિક, આર્થિક વિકાસ માટે નાગરિક ઉડ્ડયન વિશે જાગૃત કરવા.
- ✓ ૭ ડિસેમ્બરે ભારતમાં આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ પણ મનાવવામાં આવે છે.
- ✓ આધુનિક સમયમાં લોકે મોટા ભાગે વિશ્વની મુસાફરી માટે ઉડ્ડયન સેવાઓનો સહારો લે છે. ઉપરાંત, ઉડ્ડયન સેવાઓનો ઉપયોગ વ્યવસાય ક્ષેત્રમાં પણ થાય છે.
- ✓ વિશ્વભરમાં વિમાન દ્વારા ૪ બિલિયનથી વધુ મુસાફરો મુસાફરી કરે છે.
- ✓ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ સંયુક્ત રાષ્ટ્રની એક શાખા છે. તેની સ્થાપના શિકાગોમાં ૧૯૪૪માં થઈ હતી.
- ✓ જ્યારે પર વર્ષ પછી ૭ ડિસેમ્બર ૧૯૬૬ના રોજ સંયુક્ત રાષ્ટ્રએ સત્તાવાર ઘોષણાને માન્યતા આપી આ વર્ષથી આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસની ઉજવણી શરૂ થઈ હતી.
- ✓ ભારતમાં ૧૮ ફેબ્રુઆરી ૧૯૧૧ના રોજ નાગરિક ઉડ્ડયનની શરૂઆત થઈ.
- ✓ જ્યારે હેનરીએ પ્રયાગરાજથી નૈની સુધી ૬ માઇલની મુસાફરી કરી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. જન્મ દિન વિશેષ : 7 ડિસેમ્બર

સંત શિરોમણિ : પ્રમુખ સ્વામી મહારાજ



જન્મ : 7 ડિસેમ્બર 1921

અવસાન : 13 ઓગસ્ટ 2016

- ✓ જૂના વડોદરા રાજ્યના ચાણસદ ગામે શાંતિલાલ પટેલ તરીકે જન્મેલા પ્રમુખ સ્વામી બાલ્યાવસ્થામાં પ્રામાણિક, પરિપક્વ અને તેજસ્વી હતા. કિશોર અવસ્થામાં ક્રિકેટ, તરણ અને ગાવાનો શોખ ધરાવતા હતા.
- ✓ પ્રમુખ સ્વામીએ 22 નવેમ્બર 1939ના રોજ શાસ્ત્રીજી મહારાજ પાસેથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં દીક્ષા લીધી.

- ✓ આધ્યાત્મિક વિકાસના ચડતા ક્રમમાં 1950માં બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સંસ્થા (BAPS)ના ગુરૂ બન્યા હતા.
- ✓ BAPSના પ્રમુખ તરીકે સ્વામિનારાયણ સંપ્રદાયને આંતરાષ્ટ્રીય ફલક પર લઇ જવામાં તેઓનું મોટું યોગદાન છે.
- ✓ 17 હજારથી વધુ ગામોનો પ્રવાસ અને અઢી લાખથી વધુ પરિવારોની પ્રત્યક્ષ મુલાકાત પછી પ્રમુખ સ્વામીનું આધ્યાત્મિક કલેવર ઘડાયું હતું.
- ✓ યુવાનોમાં ચારિત્રયશીલતા અને નીતિમત્તાના પ્રખર આગ્રહી, બધાનાં ભલામાં આપણું ભલું છે જેવી વાણી કથનાર, સંતોને પ્રોફેસર સમાન ગણાવતા અને વિશાળ અનુયાયી વર્ગ ધરાવતા હતા
- ✓ પ્રમુખ સ્વામી મહારાજનું દેહાવસાન 13 ઓગસ્ટ, 2016ના રોજ સાળંગપુર ખાતે થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૧૨-૨૦૨૦)

1. ગુજરાત સરકાર દ્વારા ખંભાતના અખાતમાં વિશ્વનો કયો સૌથી લાંબો ડેમ તૈયાર થવા જઈ રહ્યો છે - **કલ્પસર પ્રોજેક્ટ**
2. ખંભાતના અખાતમાં કયા બે શહેરો વચ્ચે 30 કિલોમીટર લાંબો ડેમ બનવા જઈ રહ્યો છે - **ભાવનગર અને દહેજ**
3. કલ્પસર પ્રોજેક્ટ સાકાર થવાથી અંદાજે કેટલા ઘનમીટર મીઠું પાણી ગુજરાતને ઉપલબ્ધ થશે - **77,700 લાખ ઘન મીટર**
4. કલ્પસર પ્રોજેક્ટથી અંદાજે સિંચાઇની કેટલા હેકટર જમીન નવસાધ્ય થશે - **10.54 લાખ હેકટર જમીન**
5. રાજયમાં સૌપ્રથમ કઈ યુનિવર્સિટીએ માર્કશીટમાં QR કોડ ઉમેર્યો – **સૌરાષ્ટ્ર યુનિ.**
6. સૌરાષ્ટ્ર યુનિ.નો કોઈપણ વિદ્યાર્થી માર્કશીટનો કયો કોડ મોબાઈલમાં સ્કેન કરી માર્કશીટ ઓનલાઈન મેળવી તથા ડાઉનલોડ કરી શકશે - **QR કોડ**
7. ડિસેમ્બર-૨૦૨૦માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ઉત્તરપ્રદેશમાં કયા મેટ્રો પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો - **આગ્રા**
8. ઉત્તરપ્રદેશમાં આગ્રા મેટ્રો પ્રોજેક્ટ પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે - **આઠ હજાર કરોડ**
9. આગ્રા મેટ્રો પરિયોજનામાં કુલ કેટલા કિ.મી.ની લંબાઇ ધરાવતા બે કોરિડોર સામેલ છે - **૨૯.૪**
10. આગ્રા મેટ્રો પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં કયો ઇસ્ટ ગેટ કોરિડોર તૈયાર કરાશે - **સિકંદરાથી તાજ**
11. આગ્રા મેટ્રો પ્રોજેક્ટના પ્રથમ ચરણમાં કયાં સુધીમાં સિકંદરાથી તાજ ઇસ્ટ ગેટ સુધીની મેટ્રો સેવા શરૂ થશે - **ડિસેમ્બર ૨૦૨૨**
12. વર્ષ-૨૦૨૦માં ચીનમાંથી ભારતની નિકાસ કેટલા ટકા વધી - **૧૬%**
13. વર્ષ-૨૦૨૦માં ચીનમાંથી ભારતની આયાત કેટલા ટકા ઘટી - **૧૩%**
14. ભારતીય સૈન્ય ૪૦૦ હોવિત્ઝર તોપની જરૂરિયાત સામે આગામી ૧૮ થી ૨૪ મહિનામાં કેટલી મેડ ઇન ઇન્ડિયા એડવાન્સ ટાવર આર્ટિલરી ગન સિસ્ટમ હોવિત્ઝર તૈયાર કરશે - **૨૦૦થી વધુ**
15. ડિસેમ્બર-૨૦૨૦માં WHOના CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી - અનિલ સોની
16. WHOના આગામી CEO અનિલ સોનીનો કાર્યકાળ જણાવો - **જાન્યુઆરી, 2021થી**
17. કયા કારણોસર WHOએ અનિલ સોનીની CEO તરીકે નિમણૂક કરી – **સંસ્થાને વધારે પ્રમાણમાં પ્રાઇવેટ ડોનેશન મળે જેથી કોઇ દેશ ભંડોળ ન આપે તો તેને પોતાની પ્રવૃત્તિઓ ચલાવવામાં તકલીફ ન પડે**
18. અનિલ સોની કયા ફાઉન્ડેશનના સલાહકાર રહી ચૂક્યા છે - **બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ**

19. ડબ્લ્યુએચઓ ફાઉન્ડેશનની સ્થાપના કયારે થઈ હતી - **મે, 2020**
20. ડબ્લ્યુએચઓ ફાઉન્ડેશનનું મુખ્યાલય કયાં આવેલું છે - **જીનિવા**
21. વર્તમાન સમયમાં કોની ઓળખ 'પ્રવાહી સોના' તરીક થાય છે - **કોરોના વેક્સિન**
22. કયા દેશમાં યુનાઈટેડ નેશન્સના મિશન સાથે સંકળાયેલા ૮૦૦થી વધુ શાંતિદૂતોને તેમની સમર્પિત સેવા અને બલિદાન માટે પદક આપી સન્માનિત કરાયા - **દક્ષિણ સુદાન**
23. દક્ષિણ સુદાનમાં યુનાઈટેડ નેશન્સના મિશન સાથે સંકળાયેલા જે શાંતિદૂતોને સન્માનિત કરાયા તેમાં મેડલ મેળવનાર એક માત્ર મહિલા અધિકારીનું નામ જણાવો - **ચેતના**
24. ગત વર્ષે યુએન મિશન ઇન સાઉથ સુદાન (યુએનએમઆઇએસએ)માં કાર્યરત કેટલા શાંતિદૂતોને મેડલથી સન્માનિત કરાયા હતાં - **૧૫૦**
25. કયા હેતુસર પ્રતિ વર્ષ ૭મી ડિસેમ્બરે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ મનાવવામાં આવે છે - **સૈનિકોના પરિવારના કલ્યાણ માટે ઉદાર હાથે ફાળો આપવા**
26. આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ કયારે ઉજવવામાં આવે છે - **૭ ડિસેમ્બર**
27. આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **વર્ષ ૧૯૯૬**
28. લોકોને સામાજિક, આર્થિક વિકાસ માટે નાગરિક ઉડ્ડયન વિશે જાગૃત કરવા કયો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવાય છે - **આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ**
29. ભારતમાં નાગરિક ઉડ્ડયનની શરૂઆત કયારે થઈ હતી - **૧૮ ફેબ્રુઆરી ૧૯૧૧**
30. ભારતમાં હેનરીએ સૌપ્રથમવાર કયા સ્થળો વચ્ચે ૬ માઇલની મુસાફરી કરી હતી - **પ્રયાગરાજથી નૈની**
31. સશસ્ત્ર સેના ધ્વજ દિવસ કયારે ઉજવવામાં આવે છે – **7 ડિસેમ્બર**
32. સંત શિરોમણિ પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ દિવસ જણાવો - **7 ડિસેમ્બર 1921**
33. પૂ. પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ ક્યાં થયો હતો - **ચાણસદ ગામ**
34. પૂ. પ્રમુખ સ્વામી મહારાજનું બાળપણનું નામ શું હતુ – **શાંતિલાલ**
35. પૂ. પ્રમુખ સ્વામીએ કયારે-કોની પાસેથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં દીક્ષા લીધી - **22 નવેમ્બર 1939 તથા શાસ્ત્રીજી મહારાજ**
36. પૂ. પ્રમુખ સ્વામી કયા વર્ષે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થા (BAPS)ના ગુરુ બન્યા – **વર્ષ 1950**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ-2020 (સંચાર)

✓ તારીખ 8 થી 10 ડિસેમ્બર 2020



PM મોદીના સંબોધનના મહત્વના અંશો :

✓ દેશમાં 5G ટેક્નોલોજીને સમયસર લોન્ચ કરાશે. તે ઉપરાંત દેશના દરેક શહેર અને ગામને ડિજિટલ કરવામાં આવશે.

✓ આગામી ત્રણ વર્ષમાં ભારતને પ્રોજેક્ટ અંતર્ગત દરેક ગામડામાં હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી પહોંચાડશે.

✓ ભારત હાલમાં મોબાઈલ ટેક્નોલોજી અને એપ બિઝનેસનું હબ બનવા અગ્રેસર.

✓ દેશમાં કરોડો લોકો પાસે મોબાઈલ છે. દરેક પાસે પોતાની ડિજિટલ ઓળખ છે. તેના પગલે જ સરકારને લોકો સુધી મદદ પહોંચાડવામાં સરળતા પડી છે.

✓ ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલી એક્ટિવ લોકોની સંખ્યા વધી છે.

✓ આજે અબજોના કેશલેસ અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. પરીક્ષણ : સ્વદેશી ટેન્ક અર્જુન માર્ક A-1નું સફળ પરીક્ષણ (સંરક્ષણ)



✓ પરીક્ષણ સ્થળ : પોખરણ ફાયરિંગ રેન્જ (રાજસ્થાન)

ટેન્કની વિશેષતાઓ :

✓ આ ટેન્કને હન્ટર કિલર કહેવામાં આવે છે. તે પોતાની રીતે લક્ષ્યને શોધીને દુશ્મન પર હુમલો કરવા સક્ષમ હોય છે.

✓ ગ્રાઉન્ડ ઉપર લગાવાયેલી લેન્ડ માઈનને સાફ પણ કરી શકે છે. એન્ટી ટેન્ક ગ્રેનેડ અને મિસાઈલની પણ તેના પર કંઈ અસર થતી નથી.

✓ કેમિકલ અથવા પરમાણુ બોમ્બ વિસ્ફોટની સ્થિતિમાં તેમાં લગાવાયેલું એલાર્મ વાગે છે.

✓ આત્મનિર્ભર ભારતના ઉપક્રમે આ પ્રકારે હવે ટેન્કનું ઉત્પાદન દેશમાં શરૂ થઈ ગયું.

✓ સંસ્થા : DRDO

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૩. વૈશ્વિક સામૂહિક રસીકરણ કાર્યક્રમ લંડન-ઇંગ્લેન્ડ (આરોગ્ય)



વિશ્વમાં પ્રથમવાર બ્રિટનમાં ફાઇઝર-બાયોએનટેકની રસીકરણનો પ્રારંભ

૯૦ વર્ષીય દાદીમા કોરોનાની રસી મેળવનારા વિશ્વના પ્રથમ વ્યક્તિ

✓ બ્રિટન : મંગળવારને તારીખ ૪ ડિસેમ્બર 2020નો દિવસે વી-ડે જાહેર

✓ વી-ડે - વેક્સિન ડે

વિગત :

✓ તા.૮મી ડિસેમ્બર-૨૦૨૦ની વહેલી સવારે ૬:૩૧ કલાકે યુનિવર્સિટી હોસ્પિટલ કોવેન્ટ્રી ખાતે ૯૦ વર્ષીય માર્ગારેટ કીનેનને અમેરિકાની ફાઇઝર અને જર્મનીની બાયોએનટેક કંપનીઓ દ્વારા વિકસાવવામાં આવેલી કોરોનાની રસીનો ડોઝ અપાયો.

✓ માર્ગારેટ કીનેન આગામી સપ્તાહમાં ૯૧ વર્ષનાં થશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. માઉન્ટ એવરેસ્ટ : નવી ઊંચાઈ 8848.86 મીટર : અગાઉ કરતાં 86 સે.મી.નો વધારો નોંધાયો (ભૂગોળ)



✓ સરવે ઓફ ઇન્ડિયાએ વર્ષ 1954માં એવરેસ્ટની ઊંચાઈ 8848.86 મીટર જાહેર કરી હતી

અન્ય વિગત :

- ✓ નેપાળ અને ચીન દ્વારા સંયુક્ત રીતે ઊંચાઈ માપવાની કામગીરી પૂર્ણ.

ભૌગોલિક ફેરફાર :

- ✓ છેલ્લા પાંચેક વર્ષથી એવું માનવમાં આવે છે કે, ભૂકંપ અથવા અન્ય કોઇ ભૌગોલિક કારણને પગલે એવરેસ્ટની ઊંચાઇમાં ફેરફાર થયો છે.
- ✓ ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ઓક્ટોબરમાં નેપાળ અને ચીન વચ્ચે માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ નવેસરથી માપવા માટે થયેલા કરાર પ્રમાણે હાલમાં કામગીરી કરીને નવી ઊંચાઈ જાહેર કરવામાં આવી.

નેપાળના ભૂકંપ બાદ એવરેસ્ટની ઊંચાઇમાં વધારો :

- ✓ નેપાળમાં વર્ષ 2015માં આવેલા વિનાશક ભૂકંપની અસર હિમાલય ઉપર પડી હોવાનો મત ઘણા સમયથી ચર્ચામાં હતો.
- ✓ ચીન દ્વારા એવરેસ્ટની ઊંચાઈ માપવા માટે થોડા સમય પહેલાં જ ૩૦ સભ્યોની એક ટીમને મોકલવામાં આવી છે.
- ✓ શિખર ઉપર પહોંચીને આ દળ દ્વારા ગ્લોબલ સેટેલાઈટ સિસ્ટમની મદદથી શિખરનું માપ લેવામાં આવ્યું હતું.

માઉન્ટ એવરેસ્ટની નવી ઊંચાઈ :

- ✓ ૨૦૦૫માં એવરેસ્ટની ઊંચાઈ ૮૮૪૪.૪૩ મીટર હતી
- ✓ જાણકારોના મતે આ જૂથ દ્વારા ગ્લોબલ સેટેલાઈટ તથા ગ્રેવીમીટરની મદદથી એવરેસ્ટની ઊંચાઈ માપવામાં આવી હતી.
- ✓ આ જૂથ એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ ચોમોલુંગમા બેઝ કેમ્પ ઉપર પહોંચી ગયું હતું.
- ✓ ઉલ્લેખનીય છે કે, આ જૂથ દ્વારા ૧૯૪૯માં તેની સ્થાપના બાદ અત્યાર સુધીમાં ૬ વખત એવરેસ્ટનું આરોહણ કરવામાં આવ્યું છે અને એવરેસ્ટની ઊંચાઈ માપવામાં આવી છે.

ચીને એવરેસ્ટ શિખર ઉપર 5G સિગ્નલ લગાવ્યું :

- ✓ અહીંયાં પર્વતારોહકો માટે આધુનિક સુવિધા અને ઝડપ ધરાવતું 5G નેટવર્ક શરૂ કરવામાં આવ્યું છે.
- ✓ ૬,૫૦૦ મીટરની ઊંચાઈએ આ નેટવર્ક સ્થાપિત કરવામાં આવ્યું છે.
- ✓ હવે તેની ગણતરી દુનિયાના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટના અત્યાધુનિક બેઝ કેમ્પ તરીકે થાય છે.
- ✓ ભૂસ્તર વિજ્ઞાનીઓના મતે એવરેસ્ટ ભારતીય પ્લેટ અને યુરેશિયન પ્લેટની કિનારીઓ વચ્ચે આવેલો છે, જયાં ખૂબ ઝડપથી ભૂગર્ભીય ફેરફાર થઈ રહ્યા છે તેના કારણે જ એવરેસ્ટની ઊંચાઇમાં ફેરફાર થઈ રહ્યો છે.

માઉન્ટ એવરેસ્ટ ઊંચાઈ માપવાની પદ્ધતિ :

- ✓ દરેક ઊંચાઈ સમુદ્ર સપાટીને તળિયું ગણીને માપવામાં આવે છે.
- ✓ ભારતે બંગાળના અખાતની સપાટીના સંદર્ભમાં ઊંચાઈ માપી હતી અને નેપાળ પણ સપાટીને સંદર્ભ માની ચાલતું હતું.

- ✓ ચીને પીળા સમુદ્રના સંદર્ભમાં ઊંચાઈ માપી હતી.
- ✓ પરંતુ હવે જીપીએસ દ્વારા મળતી માહિતી, ટ્રિગોનોમિટ્રિ (ત્રિકોણમિતિ) વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ✓ નેપાળે આસપાસના બાર શિખર સાથે સરખામણી કરી હતી. એમ વિવિધ રીતે માપણી કરીને અંતિમ આંકડો જાહેર કરવામાં આવ્યો હતો.

એવરેસ્ટ નામનો ઇતિહાસ :

ભારતીય ગણિતશાસ્ત્રી રાધાનાથ સિકદર સૌપ્રથમ એવરેસ્ટની ઊંચાઈ માપનાર ભારતીય રાધાનાથ સિકદર

- ✓ સૌથી પહેલાં માઉન્ટ એવરેસ્ટની ઊંચાઇ માપનાર ભારતીય ગણિતશાસ્ત્રી અને સરવે ઓફ ઇન્ડિયાના કર્મચારી રાધાનાથ સિકદર હતા.
- ✓ અંગ્રેજ અધિકારી જ્યોર્જ એવરેસ્ટ સાથે રાધાનાથ ગ્રેટ ઈન્ડિયન સર્વેમાં સંકળાયેલા હતા અને આખા દેશના નકશા સહિતની ભૂગોળ માપન કામગીરી કરતા હતા. ત્યારે એ શિખર નકશામાં માત્ર નંબરથી ઓળખાતું હતું.
- ✓ જ્યોર્જ એવરેસ્ટની નિવૃત્તિ પછી તેના સ્થાને આવેલા એન્ડ્રુ સ્કોટે બ્રિટિશ સરકારને પ્રસ્તાવ મોકલ્યો કે જગતના સૌથી ઊંચા શિખરને સર એવરેસ્ટનું નામ આપવું જોઈએ. એટલે એવરેસ્ટનું નામ અપાયું, જેઓ ક્યારેય શિખર સુધી ગયા ન હતા, કે શિખર જોયું પણ ન હતું.
- ✓ કાઠમાંડુ-નેપાળ
- ✓ તિબેટીયન ભાષામાં માઉન્ટ એવરેસ્ટને કોમોલંગમા તરીકે ઓળખ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ફોર્બ્સ મેગેઝિન-USA :

સૌથી શક્તિશાળી વિશ્વની 100 મહિલાઓની 17મી યાદી જાહેર (મહિલા સશક્તીકરણ)



વિગત :

- ✓ 30 દેશોની મહિલાઓએ આ સ્થાન પ્રાપ્ત કર્યું છે તેમાં ભારતમાંથી નિર્મલા સિતારામન, કિરણ મજમુદાર, રોશની નાદર મલ્હોત્રા, રેણુકા જગતિયાનીનો સમાવેશ.
- ✓ 100માંથી 38 વિવિધ કંપનીની સીઇઓ છે, પાંચ મનોરંજનના ક્ષેત્રમાંથી અને 10 સ્ટેટ હેડ છે.

✓ નિર્મલા સિતારામનને આ યાદીમાં 41મું સ્થાન આપવામાં આવ્યું.

નામ અને ક્રમ :

નામ	ક્રમ
એંજેલા માર્કેલ	1
ક્રિસ્ટિને લેગાર્ડ	2
કમલા હેરિસ	3
જેસિના એંન્ડ્રે	32
ટી સાઇ ઇંગ વેન	37
કેરન લીંચ	38
નિર્મલા સિતારામણ	41
રોશની નાદર	55
કિરણ મજમુદાર	68
રેણુકા જગતિયાની	98

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ – ૫ ડિસેમ્બર :

વર્લ્ડ સોઈલ ડે



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ – ૮ ડિસેમ્બર

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી

જન્મ- 8 ડિસેમ્બર,1880

અવસાન - 2 માર્ચ, 1978



✓ ગુજરાતના જ્ઞાનજગતના તેજસ્વી તારલા સમાન પંડિત સુખલાલજીનો આજે જન્મદિન.

✓ લેખક, તત્વજ્ઞ, સંપાદક અને ભાષાશાસ્ત્રી સુખલાલજી સંઘવીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે થયો હતો .

✓ સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો 16માં વર્ષે શીતળાના રોગમાં આંખોની રોશની ગુમાવી પણ તે તેમની વિદ્યાકીય અને સંશોધનની પ્રવૃત્તિમાં કદી અવરોધરૂપ ન બની શકી.

✓ સુખલાલજીએ 1904થી 1921 કાશી મિથિલા વિદ્યાપીઠમાં ભારતીય તત્વજ્ઞાનનો વિશદ્ અભ્યાસ કર્યો.

✓ તેઓ 1921થી 1930 દરમિયાન ગુજરાત વિદ્યાપીઠ અને 1933થી 1944 વચ્ચે બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયમાં અધ્યયન-અધ્યાપન હેતુ પ્રવૃત્ત રહ્યા હતા.

✓ તેના પરિપાકરૂપે જે નીપજી આવ્યું તે ઘણું સુદઢ સાહિત્ય છે.

✓ ચાર તીર્થકર, સમદર્શી આચાર્ય હરિભદ્ર, મારું જીવનવૃત્ત, દર્શન અને ચિંતન, તત્વાર્થસૂત્ર, અધ્યાત્મવિચારણા, ભારતીય

તત્ત્વવિદ્યા વગેરે જેવા ગ્રંથો પંડિતજીનું ગુજરાતના વિદ્યાજગતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન છે.

✓ સંપાદકીય અને સલાહકાર મંડળના સભ્ય તરીકે પણ સુખલાલજીનું પ્રદાન સરાહનીય

✓ તેઓને ત્રણ ડી. લિટ્ની પદવી એનાયત થઈ છે.

✓ પદ્મભૂષણથી સન્માનિત પંડિત સુખલાલજીનું 2 માર્ચ 1978ના રોજ અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૧૨-૨૦૨૦)

1. ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ-2020નું આયોજન કયારે કરાયું હતુ – **તા. 8 થી 10 ડિસેમ્બર 2020**
2. નવેમ્બર-૨૦૨૦માં કઈ સ્વદેશી ટેન્કનું સફળ પરીક્ષણ કરાયું - **અર્જુન માર્ક A-1**
3. નવેમ્બર-૨૦૨૦માં સ્વદેશી ટેન્ક અર્જુન માર્ક A-1નું કયા સ્થળેથી સફળ પરીક્ષણ કરાયું - **પોખરણ ફાયરિંગ રેન્જ (રાજસ્થાન)**
4. કઈ સ્વદેશી ભારતીય ટેન્કને હન્ટર કિલર કહેવામાં આવે છે – **અર્જુન માર્ક A-1**
5. તા.૮મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ ઇંગ્લેન્ડમાં કયા સ્થળેથી વૈશ્વિક સામૂહિક રસીકરણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી - **લંડન**
6. વિશ્વમાં પ્રથમવાર તા.૮મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ બ્રિટનમાં કઈ રસીકરણનો પ્રારંભ કરાયો - **ફાઇઝર-બાયોએનટેક**
7. કોરોનાની રસીનો ડોઝ મેળવનારા વિશ્વના પ્રથમ વ્યક્તિનું નામ જણાવો - **માર્ગારેટ કીનેન**
8. બ્રિટનમાં કયા દિવસને વી-ડે જાહેર કરાયો – **તા.8 ડિસેમ્બર 2020 (મંગળવાર)**
9. વી-ડે એટલે શું - **વેક્સિન ડે**
10. તા. ૮ ડિસેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ માઉન્ટ એવરેસ્ટની નવી ઊંચાઈ જણાવો - **8848.86 મીટર**
11. કોના દ્વારા વર્ષ 1954માં એવરેસ્ટની ઊંચાઈ 8848.86 મીટર જાહેર કરાઈ હતી - **સરવે ઓફ ઇન્ડિયા**
12. ડિસેમ્બર-૨૦૨૦માં કયા દેશ દ્વારા સંયુક્ત રીતે માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ માપવાની કામગીરી પૂર્ણ કરાઈ - **નેપાળ અને ચીન**
13. ચીન દ્વારા એવરેસ્ટની ઊંચાઈ માપવા માટે કેટલા સભ્યોની ટીમ મોકલવામાં આવી હતી - **30**
14. ચીનની 30 સભ્યની ટીમ દ્વારા માઉન્ટ એવરેસ્ટના શિખર ઉપર પહોંચીને કઈ સિસ્ટમની મદદથી શિખરનું માપ લેવામાં આવ્યું હતું - **ગ્લોબલ સેટેલાઈટ**
15. વર્ષ ૨૦૦૫માં એવરેસ્ટની ઊંચાઈ કેટલી હતી - **૮૮૪૪.૪૩ મીટર**
16. કયા દેશ દ્વારા એવરેસ્ટ શિખર ઉપર ૬,૫૦૦ મીટરની ઊંચાઈએ 5G સિગ્નલ લગાવાયું – **ચીન**
17. ભારતે કઈ સપાટીના સંદર્ભમાં માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ માપી હતી અને નેપાળ પણ આ સપાટીને સંદર્ભ માની ચાલતું હતું - **બંગાળના અખાત**
18. ચીને કયા સંદર્ભમાં માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ માપી હતી - **પીળા સમુદ્ર**
19. માઉન્ટ એવરેસ્ટની સૌપ્રથમ ઊંચાઈ માપનાર ભારતીય ગણિતશાસ્ત્રી અને સરવે ઓફ ઇન્ડિયાના પૂર્વ કર્મચારીનું નામ જણાવો - **રાધાનાથ સિકદર**
20. કયા અંગ્રેજ અધિકારીના નામ પરથી માઉન્ટ એવરેસ્ટ શિખરને નામ અપાયું હતુ - **જ્યોર્જ એવરેસ્ટ**
21. તિબેટીયન ભાષામાં માઉન્ટ એવરેસ્ટને કયા નામે ઓળખાય છે - **કોમોલંગમા**
22. ડિસેમ્બર-૨૦૨૦માં ફોર્બ્સ મેગેઝીન-USAની સૌથી શક્તિશાળી મહિલાઓની કેટલામી યાદી જાહેર થઈ – **17**
23. ફોર્બ્સની સૌથી શક્તિશાળી મહિલાઓની 17મી યાદીમાં વિશ્વની સૌથી શક્તિશાળી કેટલી મહિલાઓનો સમાવેશ કરાયો હતો - **100**
24. ફોર્બ્સની સૌથી શક્તિશાળી મહિલાઓની 17મી યાદીમાં ભારતની કઈ મહિલાઓને સ્થાન મળ્યુ છે - **નિર્મલા સિતારામણ, કિરણ મજમુદાર, રોશની નાદર મલ્હોત્રા, રેણુકા જગતિયાની**

25. ફોર્બ્સની સૌથી શક્તિશાળી મહિલાઓની 17મી યાદીમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમનનું સ્થાન જણાવો – **41**
26. ફોર્બ્સની સૌથી શક્તિશાળી મહિલાઓની 17મી યાદીમાં વિશ્વની પ્રથમ ત્રણ સૌથી શક્તિશાળી મહિલાના નામ જણાવો – **અનુક્રમે એંજેલા માર્કેલ, ક્રિસ્ટિને લેગાર્ડે તથા કમલા હેરિસ**
27. ગુજરાતના જ્ઞાનજગતના તેજસ્વી તારલા સમાન પંડિત સુખલાલજીનો જન્મદિન જણાવો - **8 ડિસેમ્બર, 1880**
28. પં. સુખલાલજીનો જન્મ કયાં થયો હતો – **લીંબડી, જિ. સુરેન્દ્રનગર**
29. ભારત સરકારે પં. સુખલાલજીને ક્યા પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કર્યાં હતા - **પદ્મભૂષણ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. ખેલકૂદ : ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાંથી ભારતના પૂર્વ વિકેટકીપર અને બેટ્સમેન ગુજરાતી પાર્થિવ પટેલની નિવૃત્તિ



કારકિર્દી :

- ✓ ૩૫ વર્ષીય પાર્થિવે ૧૮ વર્ષની કારકિર્દીમાં ભારત માટે ૨૫ ટેસ્ટ, ૩૮ વન-ડે તથા બે ટી૨૦ ઇન્ટરનેશનલ મેચ રમી હતી.
- ✓ ડોમેસ્ટિક ક્રિકેટમાં પાર્થિવ ગુજરાત માટે ૧૯૪ મેચ રમ્યો છે. તે ૨૦૧૮માં ભારતે જોહાનિસબર્ગ ખાતે સાઉથ આફ્રિકા સામે મેળવેલા ઐતિહાસક વિજયમાં પણ ટીમનો હિસ્સો હતો.
- ✓ તેના એક વર્ષ બાદ ઓસ્ટ્રેલિયામાં પ્રથમ વખત ટેસ્ટ શ્રેણી જીતનાર ભારતીય ટીમમાં પણ પાર્થિવ સામેલ હતો.

ટેસ્ટ રમનાર ભારતનો યંગેસ્ટ વિકેટકીપર :



- ✓ પાર્થિવે ૨૦૦૨માં ભારત માટે ઇંગ્લેન્ડ સામે નોટિંગહામ ખાતે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. તે ભારત માટે ટેસ્ટ રમનાર યંગેસ્ટ વિકેટકીપર બન્યો હતો. તે સમયે તેની વય ૧૭ વર્ષ અને ૧૫૩ દિવસની હતી.



- ✓ તેની કારકિર્દી શાનદાર રીતે આગળ વધી રહી હતી પરંતુ ૨૦૦૪માં દિનેશ કાર્તિક અને ત્યારબાદ મહેન્દ્રસિંહ ધોનીના આગમન બાદ પાર્થિવ ટીમમાં નિયમિત સ્થાન મેળવી શક્યો નહોતો.
- ✓ એક સમયે તેણે પુનરાગમન કર્યું હતું પરંતુ રિદ્ધિમાન સાહા પ્રથમ પસંદગીનો વિકેટકીપર બન્યો હતો.
- ✓ **ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૦,૦૦૦થી વધુ રન**
- ✓ **ખાસ સિદ્ધિ : વર્ષ ૨૦૧૭માં પાર્થિવ પટેલની કેપ્ટનશીપ હેઠળ ગુજરાત પ્રથમ વાર રણજી ટ્રોફી ચેમ્પિયન બન્યું હતુ.**
- ✓ વતન : અમદાવાદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૨. કેન્દ્રીય કેબિનેટ – તા. 09/12/2020 : મહત્વના નિર્ણયોને મંજૂરી (વહીવટ)



નિર્ણયો :

1. PM-WANI યોજના :

- ✓ **હેતુ :** દેશમાં પબ્લિક વાઇફાઇ નેટવર્કના વિકાસને પ્રોત્સાહન આપવા

PM-WANI યોજના વિશે :

- ✓ દેશભરમાં વાઇફાઇ નેટવર્ક માટે 1 કરોડ પબ્લિક ડેટા ઓફિસ શરૂ કરાશે
- ✓ દેશભરમાં વ્યાપક વાઇફાઇ નેટવર્ક ઊભું કરવાની કેન્દ્ર સરકારની યોજનાને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી.
- ✓ કોઈપણ પ્રકારની લાઇસન્સ ફીની વસૂલાત વિના પબ્લિક ડેટા ઓફિસના માધ્યમથી પબ્લિક વાઇફાઇ સર્વિસ ઉપલબ્ધ કરાવવા માટે પબ્લિક વાઇફાઇ નેટવર્કની સ્થાપના માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મંજૂરી આપી.
- ✓ આ પબ્લિક વાઇફાઇ નેટવર્કને પીએમ-વાની નામ આપવામાં આવ્યું.
- ✓ દેશમાં પબ્લિક વાઇફાઇ નેટવર્કના વિકાસને પ્રોત્સાહન આપવા માટે આ યોજના તૈયાર કરાઈ.
- ✓ દેશભરમાં પબ્લિક ડેટા ઓફિસ એગ્રીગેટર્સ (PDOAs)ની નિયુક્તિ કરાશે જેઓ પબ્લિક ડેટા ઓફિસ દ્વારા સમગ્ર દેશમાં પબ્લિક વાઇફાઇ સર્વિસ પૂરી પાડશે.
- ✓ સરકાર આ યોજના દ્વારા દેશભરમાં બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સેવાઓનો વ્યાપ વધારવા અને વેગ આપવા માગે છે.

પીડીઓ શું કરશે ?

- ✓ પીડીઓ વાણીને અનુરૂપ વાઈફાઈ એક્સેસ પોઈન્ટ સ્થાપિત કરશે અને તેની દેખરેખ કરશે. ગ્રાહકો સુધી બ્રોડબેન્ડ સેવા પહોંચાડશે.

પીડીઓ- સેન્ટ્રલ રજિસ્ટ્રીની ભૂમિકા શું હશે ?

- ✓ પબ્લિક ડેટા ઓફિસ એગ્રીગેટર પીડીઓના એગ્રીગેટર તરીકે કામ કરશે. મંજૂરી અને લેખા-જોખાં રાખવાનું કામ કરશે.
- ✓ સેન્ટ્રલ રજિસ્ટ્રી પીડીઓ, એપ પ્રોવાઈડર્સ - પીડીઓએની વિગતની દેખરેખ કરશે.
- ✓ PM-WANI (પીએમ-વાણી) : પબ્લિક વાઇફાઇ એક્સેસ નેટવર્ક ઇન્ટરફેસ

2. રોજગાર યોજના માટે રૂ. ૨૨,૮૧૦ કરોડની ફાળવણી :

- ✓ દેશભરમાં લાગુ કરાયેલી આત્મનિર્ભર ભારત રોજગાર યોજના માટે સરકાર દ્વારા રૂ.૨૨,૮૧૦ કરોડની ફાળવણી કરાઈ છે.
- ✓ વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ સુધીમાં આ રકમનો ખર્ચ કરવામાં આવશે જેનો લાભ ૫૮.૫ લાખ કર્મચારીને મળશે.
- ✓ આ યોજના અંતર્ગત સરકાર નવી નિયુક્તિઓ માટે બે વર્ષ સુધી ઇપીએફમાં કર્મચારી અને નોકરીદાતાનું યોગદાન જાતે ભોગવવાની છે.

3. કેબિનેટના અન્ય નિર્ણયો :

- ✓ લક્ષદ્વીપના ટાપુઓને પણ ફાઇબર કનેક્ટિવિટીથી જોડાશે. કોચ્ચીથી લક્ષદ્વીપ વચ્ચે આવેલા ૧૧ ટાપુઓમાં ૧,૦૦૦ દિવસમાં કનેક્ટિવિટી પહોંચાડવામાં આવશે.
- ✓ ટેલિકોમ ડેવલપમેન્ટ પ્લાન અંતર્ગત આસામના બે જિલ્લા અને અરુણાચલપ્રદેશમાં મોબાઇલ કવરેજ માટે યુએસઓએફ યોજનાને મંજૂરી, ૨,૩૭૪ ગામ આવરી લેવાશે
- ✓ કેન્દ્રીય શ્રમ મંત્રી : સંતોષ ગંગવાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. નવી શિક્ષણ નીતિ : કેન્દ્ર સરકાર (શિક્ષણ)

નવી શિક્ષણ નીતિ હેઠળ નવી સ્કૂલબેગ નીતિ લાગુ કરવામાં આવશે



સ્કૂલબેગ પોલિસી :

- ✓ સ્કૂલબેગનું વજન વિદ્યાર્થીના વજનના ૧૦ ટકાથી વધુ હોવું જોઇએ નહીં
- ✓ વિદ્યાર્થીને મધ્યાહન ભોજન આપવામાં આવે જેથી લંચબોક્સની જરૂર રહે નહીં
- ✓ શાળામાં પીવાના પાણીની સારી વ્યવસ્થા હોવી જોઇએ જેથી વોટરબોટલની જરૂર રહે નહીં
- ✓ દિવ્યાંગ બાળકોને પાઠયપુસ્તકના બે સેટ આપવા જોઇએ જેથી તેઓ એક સેટ શાળામાં રાખી શકે

✓ શાળામાં ડિજિટલ વેઇંગ મશીન રાખી સ્કૂલબેગનું નિયમિત મોનિટરિંગ કરવું

કયા ધો.ના વિદ્યાર્થીની સ્કૂલબેગનું કેટલું વજન

ધોરણ	સ્કૂલ બેગનું વજન
ધોરણ ૧ અને ૨	૧.૬ કિલોથી ૨.૨ કિલો
ધોરણ ૩ થી ૫	૧.૭ કિલોથી ૨.૫ કિલો
ધોરણ ૬ અને ૭	૨.૦ કિલોથી ૩.૦ કિલો
ધોરણ ૮	૨.૫ કિલોથી ૪.૦ કિલો
ધો. ૯ અને ૧૦	૨.૫ કિલોથી ૪.૫ કિલો
ધો. ૧૧ અને ૧૨	૩.૫ કિલોથી ૫.૦ કિલો

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. મેઘાલય : મશરૂમની નવી પ્રજાતિની શોધ (વન્ય સૃષ્ટિ)

✓ **નામ : રોરિડોમાયસેસ સિલોસ્ટેચિડીસ**



નવા મશરૂમ વિશે :

✓ મેઘાયલમાંથી મળી આવેલા અનોખા મશરૂમ લીલા રંગનો પ્રકાશ પ્રસારિત કરે છે.

✓ ભારત અને ચીનના વૈજ્ઞાનિકની એક ટૂકડીએ મેઘાલયમાં જોવા મળતી મશરૂમની આ નવી પ્રજાતિની શોધ કરી. જેને રોરિડોમાયસેસ સિલીસ્ટેચિડીસ નામ આપવામાં આવ્યું.

✓ વિશ્વમાં અત્યાર સુધી ૯૬ ફૂગની પ્રજાતિ એવી છે કે, જેમાંથી પ્રકાશ નીકળે છે અને તેમાં હવે મેઘાલયના આ અનોખા મશરૂમનો સમાવેશ થઈ ગયો છે.

✓ ઉત્તર-પૂર્વિય ભારતના જંગલોમાં જોવા મળતાં મશરૂમના દસ્તાવેજીકરણના પ્રોજેક્ટ અંતર્ગત ફૂગની ૬૦૦ જેટલી પ્રજાતિઓની નોંધ પણ કરવામાં આવી છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૫. ટ્વિટેડ પર્સન ઓફ ધ યર-2020 (સોશિયલ મીડિયા)



ક્રમ અને મહાનુભાવ

૧.	યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ
૨.	યુએસના નવા ચૂંટાયેલા પ્રમુખ જો બાઈડેન
૭.	ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી
૧૦.	યુએસના નવા ચૂંટાયેલા ઉપપ્રમુખ કમલા હેરિસ (એકમાત્ર મહિલા)

વર્ષ દરમિયાન ટોપ ત્રણ સૌથી વધુ હેશટેગ - ટ્વીટ

1. #Covid19
2. #blacklivesmatter
3. #stayhome

✓ અહેવાલ : માઇક્રો બ્લોગિંગ સાઇટનો યર એન્ડ રિવ્યુ-2020, માઈક્રો બ્લોગિંગ સાઈટ્સ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ગ્રેટ કંજક્શન : તારીખ 21 ડિસેમ્બર 2020ના રોજ 400 વર્ષ પછી ગુરૂ અને શનિ ગ્રહ નજીક આવશે (ખગોળ વિજ્ઞાન)

વિગત :

✓ ગુરૂ અને શનિ ગ્રહો માત્ર ૦.૧ ડિગ્રીના અંતરે રહેશે.

✓ ૨૧ ડિસે.ના વર્ષની સૌથી લાંબી રાતના બનનારી આ ઘટનાને ગ્રેટ કંજકશન કહેવાય છે.

✓ દર ૨૦ વર્ષે ગુરૂ અને શનિ ગ્રહ એકબીજાની નજીક આવે છે. પરંતુ ચાલુ વર્ષે બંને ગ્રહો વચ્ચેનું અંતર માત્ર ૦.૧ ડિગ્રી જ રહેશે.

✓ આવું અંદાજીત ૪૦૦ વર્ષ બાદ બની રહ્યું છે. અગાઉ ૧૬૨૩માં આ બંને ગ્રહો આટલા નજીક આવ્યા હતા.

✓ આ વર્ષ પછી ૧૫ માર્ચ ૨૦૮૦માં ગુરૂ શનિ બંને ગ્રહો આટલા નજીક જોવા મળશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 9 ડિસેમ્બર આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ



✓ **થીમ-2020 : 'યૂનાઇટેડ અગેન્સ્ટ કરપ્શન'** જે સતત વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં સૌથી મોટી અડચણોમાંથી એક ભ્રષ્ટાચાર પર કેન્દ્રિત છે.

✓ હેતુ : ભ્રષ્ટાચાર વિરુદ્ધ જાગરૂકતા ફેલાવવા

✓ દર વર્ષે નવમી ડિસેમ્બરે ભ્રષ્ટાચાર વિરોધી દિવસની ઉજવણી.

ઈતિહાસ :

✓ સંયુક્ત રાષ્ટ્ર સંઘ એટલે કે યુનોમાં ૩૧મી ઓક્ટોબર-૨૦૦૩ના દિવસે 'આંતરરાષ્ટ્રીય

ભ્રષ્ટાચાર વિરોધી દિવસ' મનાવવા એક સમજૂતિ થઈ હતી.

- ✓ સૌપ્રથમ કોન્ફરન્સ ડિસેમ્બર ૨૦૦૫માં યોજાઇ હતી. તે પછી દર વર્ષે નવમી ડિસેમ્બરે ભ્રષ્ટાચાર વિરોધી દિવસ દુનિયાભરમાં મનાવવા માટેની જાહેરાત થઈ.
- ✓ ડ્રગ્સ એન્ડ ક્રાઇમ પર યુનાઇટેડ નેશન્સ ઓફિસને સ્ટેટ પાર્ટીઝના કોન્ફરન્સ માટે સચિવાલય તરીકે નિયુક્ત કરાઈ હતી.

આંતરરાષ્ટ્રીય વિરોધી દિવસનું મહત્વ

- ✓ સંયુક્ત રાષ્ટ્રના આંકડાઓ અનુસાર, દર વર્ષે 1 ટ્રિલિયન ડૉલરની ચુકવણી રિશ્વત સ્વરૂપે કરવામાં આવી રહી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મ દિન વિશેષ : 9 ડિસેમ્બર

ભારતના પ્રથમ મહિલા તસવીરકાર હોમાઈ વ્યારાવાલા

જન્મ : 9 ડિસેમ્બર 1913

અવસાન : 15 જાન્યુઆરી 2012



- ✓ આજે કવિ જોન મિલ્ટન અને ભારતમાં કેમેરાને નવાઈની ચીજ માનવામાં આવતી હતી ત્યારે પોતાના કૌશલ્યથી છબીકલાના ક્ષેત્રે મહારથ હાંસલ કરનાર હોમાય વ્યારાવાલાનો જન્મદિવસ છે.
- ✓ નવસારીમાં મધ્યમવર્ગીય પારસી પરિવારમાં વ્યારાવાલાનો જન્મ થયો હતો.
- ✓ પિતા નાટકમંડળી સાથે જોડાયેલા હોવાથી અનેક સ્થાનોએ ફરવું પડતું પરિણામે તેમણે અભ્યાસ પણ અનેક જગ્યાએ કરવો પડ્યો.
- ✓ આખરે પિતા મુંબઈમાં સ્થાયી થતા ત્યાંની જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં ડિપ્લોમાં થયા.
- ✓ પતિ અને મિત્રો પાસેથી હોંશભેર તસવીરકળા શીખ્યાં.
- ✓ 1938થી સામયિકમાં તસવીરકાર તરીકે કારકિર્દી શરૂ કરી શરૂમાં મહિલા અને વળી પાછા તસવીરકાર એટલે તેમની તસવીરો પતિના નામે છપાતી.
- ✓ 1942માં તેઓ બ્રિટિશ માહિતી ખાતામાં જોડાયાં તે પછી તેમની કળાની કદર રાષ્ટ્રીય કક્ષાએ લેવાવા માંડી.
- ✓ તેઓ ફોટોગ્રાફી માટે દિલ્હીની સડકો પર સાઈકલ લઈ ફરતાં અને અનેક રાજપુરુષોને કચકડામાં કેદ કાર્ય હતા
- ✓ પંડિત નેહરુ તેમની ફોટોગ્રાફીનો ખાસ વિષય રહ્યા હતા.
- ✓ જન્મનું વર્ષ 1913, લગ્ન 13મા વર્ષે અને તેમની ગાડીનો નંબર પણ 13 સાથે

સંકળાયેલો હોવાથી તેમને 13નાં આકડા સાથે ખાસ લગાવ હતો.

- ✓ વર્ષ-2011માં પદ્મવિભૂષણથી સન્માનિત
- ✓ 15 જાન્યુઆરી 2012ના રોજ તેમનું અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૧૨-૨૦૨૦)

1. તાજેતરમાં 9 ડિસેમ્બરે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી કયા ભારતીય ક્રિકેટર નિવૃત્તિ જાહેર કરી - **ગુજરાતી પાર્થિવ પટેલ**
2. ગુજરાતની ક્રિકેટ ટીમે સૌપ્રથમ રણજીત ટ્રોફી કયા વર્ષે જીતી હતી - **વર્ષ 2017**
3. ગુજરાતની ક્રિકેટ ટીમે સૌપ્રથમ રણજીત ટ્રોફી કોની કેપ્ટનશીપમાં જીતી હતી - **પાર્થિવ પટેલ**
4. ગુજરાતી ક્રિકેટર પાર્થિવ પટેલે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં કેટલા રન પૂર્ણ કર્યા છે - **10,000 +**
5. ટેસ્ટ રમનાર ભારતના સૌથી યુવા વિકેટકીપરનું નામ જણાવો - **પાર્થિવ પટેલ**
6. તાજેતર ડિસેમ્બર 2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા દેશમાં પબ્લિક વાઇફાઇ નેટવર્કના વિકાસ-પ્રોત્સાહન માટે કઈ નવી યોજનાને મંજૂરી આપી છે - **PM-WANI**
7. ભારતભરમાં PM-WANI અંતર્ગત કેટલા વાઇફાઇ નેટવર્ક માટે કેટલા કરોડ પબ્લિક ડેટા ઓફિસ શરૂ કરાશે - **1 કરોડ**
8. PM-WANIનું વિસ્તૃત નામ જણાવો - **પ્રધાનમંત્રી પબ્લિક wifi એક્સેસ નેટવર્ક ઇન્ટરફેસ**
9. ડિસેમ્બર 2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા રોજગાર યોજના માટે કેટલા કરોડની ફાળવણી કરાઈ - **રૂ.22,810 કરોડ**
10. ભારતના કયા 11 ટાપુને ફાઇબર કનેક્ટિવિટીથી જોડવામાં આવશે તેવો કેન્દ્રીય કેબિનેટે નિર્ણય કર્યો છે - **લક્ષદ્વીપ**
11. ભારતના કેન્દ્રીય શ્રમ મંત્રીનું નામ જણાવો - **સંતોષ કુમાર ગંગવાર**
12. કેન્દ્રની નવી શિક્ષણ નીતિ અંતર્ગત નવી સ્કૂલબેગ નીતિમાં સ્કૂલ બેગનું વજન વિદ્યાર્થીના વજનના કેટલા ટકાથી વધુ હોવું જોઈએ નહીં - **10%**
13. તાજેતરમાં કયા રાજ્યમાંથી મશરૂમની નવી પ્રજાતિ મળી આવી છે - **મેઘાલય**
14. તાજેતરમાં મેઘાલયમાંથી મશરૂમની કઈ નવી પ્રજાતિ મળી આવી છે - **રોરિડોમાયસેસ સિલીસ્ટેચિડીસ**
15. વિશ્વમાં અત્યાર સુધીમાં કેટલી ફુગની પ્રજાતિ એવી છે જેમાંથી પ્રકાશ આવે છે - **96**
16. મેઘાલયમાંથી મશરૂમની નવી શોધ કયા દેશના વૈજ્ઞાનિકો દ્વારા કરાઈ હતી - **ભારત અને ચીન**
17. મેઘાયલમાંથી મળી આવેલા અનોખા મશરૂમ કયા રંગનો પ્રકાશ પ્રસારિત કરે છે - **લીલા**
18. ટ્વિટેડ પર્સન ઓફ ધ યર-2020ની યાદીમાં પ્રથમ તથા બીજા ક્રમે કોનો સમાવેશ થયો - **યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તથા યુએસના નવા ચૂંટાયેલા પ્રમુખ જો બાઈડેન**
19. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ટ્વિટેડ પર્સન ઓફ ધ યર-2020ની યાદીમાં કયા ક્રમે સમાવેશ થયો છે – **સાત**
20. વર્ષ-૨૦૨૦ દરમિયાન ટોપ ત્રણ સૌથી વધુ હેશટેગ ટ્વીટનું નામ જણાવો - **#Covid19, #blacklivesmatter તથા #stayhome**
21. તારીખ 21 ડિસેમ્બર 2020ના રોજ કેટલા વર્ષ પછી ગુરૂ અને શનિ ગ્રહ નજીક આવશે - **400**
22. તારીખ 21 ડિસેમ્બર 2020ના રોજ ગુરૂ અને શનિ ગ્રહ માત્ર કેટલી ડિગ્રીના અંતરે રહેશે - **0.1**
23. ગુરૂ અને શનિ ગ્રહ નજીક આવવાની ઘટનાને કયા નામે ઓળખવામાં આવે છે - **ગ્રેટ કંજકશન**
24. વર્ષની સૌથી લાંબી રાત કયારે હોય છે – **તારીખ 21 ડિસેમ્બર**
25. અગાઉ કયા વર્ષે ગુરૂ અને શનિ ગ્રહ વચ્ચે 0.1 ડિગ્રીનું અંતર રહ્યુ હતુ – **વર્ષ-૧૬૨૩**
26. તારીખ 21 ડિસેમ્બર 2020 બાદ કયા વર્ષે ગુરૂ અને શનિ ગ્રહ વચ્ચેનું અંતર માત્ર 0.1 ડિગ્રી જ રહેશે - **૧૫ માર્ચ ૨૦૮૦**

27. આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ કયારે મનાવવામાં આવે છે - **9 ડિસેમ્બર**
28. આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **'યુનાઇટેડ અગેન્સ્ટ કરપ્શન'**
29. કયા હેતુસર દર વર્ષે ૯મી ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ મનાવવામાં આવે છે - **ભ્રષ્ટાચાર વિરુદ્ધ જાગરૂકતા ફેલાવવા**
30. સંયુક્ત રાષ્ટ્ર સંઘ એટલે કે યુનોમાં કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ' મનાવવા એક સમજૂતિ થઈ હતી - **૩૧મી ઓક્ટોબર-૨૦૦૩**
31. ભારતના પ્રથમ મહિલા ફોટોગ્રાફરનું નામ જણાવો - **હોમાઈ વ્યારાવાલા**
32. ભારતના પ્રથમ મહિલા ફોટોગ્રાફર હોમાઈ વ્યારાવાલાનો જન્મદિવસ જણાવો- **9 ડિસેમ્બર 1913**
33. ભારતના પ્રથમ મહિલા ફોટોગ્રાફર હોમાઈ વ્યારાવાલાનો જન્મ કયાં થયો હતો – **નવસારી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. નિમણૂક : બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે ડૉ.મધુકર પાડવીની નિમણૂક



વિશેષ વિગત :

- ✓ ગુજરાત સરકારના આદિવાસી વિકાસ વિભાગ દ્વારા સંચાલિત નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે બિરસા મુંડા યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતના આચાર્ય અને તાપી જિલ્લાના નિઝર તાલુકાના મેણપુર ગામના વતની ડૉ.મધુકરભાઇ સુંદર્યાભાઇ પાડવીની પસંદગી
- ✓ મધુકર પાડવીનો જન્મ તા.૩-૩-૧૯૬૧ના રોજ તાપી જિલ્લાના નિઝર અને કુકરમુંડા તાલુકાના મેણપુર ખાતે સામાન્ય આદિવાસી પરીવારમાં થયો હતો.
- ✓ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ઓકટોમ્બર-૨૦૧૭થી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મકાનમાં રાજપીપળા ખાતે કાર્યરત છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિમણૂક : ગુજરાત વિદ્યાપીઠના ૧૬માં કુલનાયક તરીકે પૂર્વ રજિસ્ટ્રાર ડૉ. રાજેન્દ્ર ખીમાણીની નિમણૂક



- ✓ કાર્યકાળ: તા.૧ જાન્યુઆરી-૨૦૨૧થી ત્રણ વર્ષ માટે
- ✓ સ્થળ : અમદાવાદ
- ✓ રાજેન્દ્ર ખીમાણી આ પહેલા વર્ષ-૨૦૦૪થી લઈને ૨૦૧૯ સુધી વિદ્યાપીઠમાં રજિસ્ટ્રાર પદે રહ્યા હતા.
- ✓ વર્તમાન કુલનાયક અનામિક શાહની ૩૧ મી ડિસેમ્બરે ત્રણ-ત્રણ વર્ષની બે ટર્મ પૂર્ણ થશે.
- ✓ ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપના : તા. ૧૮ ઓકટોબર-૧૯૨૦
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ : ગુજરાત કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે GCAની ઈન્ડોર એકેડમીનો પ્રારંભ

- ✓ BCCIના સેક્રેટરી જય શાહ દ્વારા ઉદઘાટન
- ✓ GCAના નવા કન્સલ્ટન્ટ નિવૃત્ત ક્રિકેટર્સ પાર્થિવ પટેલ



ઈનડોર એકેડમી વિશે :

- ✓ ગુજરાત ક્રિકેટ એસોસિયેશનની ઇનડોર એકેડેમી તૈયાર કરવા માટે લગભગ ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો.
- ✓ સ્થાનિક ખેલાડી વિવિધ પરિસ્થિતિ તથા બાઉન્સ ધરાવતી પિચો ઉપર વધારે સારો દેખાવ કરી શકે તે માટે ચાર અલગ અલગ પ્રકારની પિચ તૈયાર કરવામાં આવી છે.
- ✓ આ પિચ પેસ બોલર્સ તથા સ્પિનર્સને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે.
- ✓ આ ઉપરાંત એકેડેમીમાં ૪૦ એલઈડી લાઈટ્સ લગાવવામાં આવી હોવાના કારણે વરસાદની સિઝનમાં પણ ખેલાડીઓ ઇનડોરમાં પ્રેક્ટિસ કરી શકશે.
- ✓ એકેડેમીમાં બે બોલિંગ મશીન પણ છે જેની સ્પીડ હાઇએસ્ટ ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની છે.
- ✓ આ બોલિંગ મશીન દ્વારા સ્પિન, વિવિધ સ્વિંગ સાથે બોલને ધારેલી સ્પીડમાં નાખી શકાય છે.

વિશ્વનું સૌથી મોટુ સ્ટેડિયમ : સરદાર વલ્લભભાઈ પટેલ ક્રિકેટ સ્ટેડિયમ – અમદાવાદ

આગામી ક્રિકેટ કાર્યક્રમ :

- ✓ વિશ્વમાં સૌથી મોટા સ્ટેડિયમ મોટેરા ખાતે આવેલા સરદાર વલ્લભભાઈ પટેલ ક્રિકેટ સ્ટેડિયમમાં આગામી વર્ષની શરૂઆતમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે બે ટેસ્ટ અને પાંચ ટી૨૦ ઇન્ટરનેશનલ મેચો રમાશે.
- ✓ બીસીસીઆઇના સેક્રેટરી : જય શાહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૪. નવીન ભારતીય સંસદભવન વિશે



ઐતિહાસિક મહત્વ :

- ✓ જુના સંસદભવનની ડિઝાઇન મધ્યપ્રદેશના મુરૈના સ્થિત ચૌસઠ યોગિની મંદિર ઉપરથી લેવામાં આવી.
- ✓ આપણી સંસદ, દેશના લોકશાહી મૂલ્યોની શ્રેષ્ઠ અભિવ્યક્તિ છે. તેમાં જનપ્રતિનિધિઓ રાષ્ટ્રીય વિધાનસભા તરીકે સંઘની વૈધાનિક શક્તિઓનો ઉપયોગ કરે છે. તેનું આપણી લોકશાહી વ્યવસ્થામાં મહત્વપૂર્ણ સ્થાન છે.
- ✓ લોકશાહીના સિદ્ધાંતોનું જતન કરવા માટે ભારતના લોકો માટે આ એક શ્રદ્ધા અને વિશ્વાસનું મંદિર છે. ભારત વર્ષ ૨૦૨૨માં પોતાની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ ઊજવશે.
- ✓ આ પ્રસંગને યાદગાર બનાવવા માટે ભારતીયો દ્વારા દેશની રાજધાની નવી દિલ્હીમાં પહેલીવાર લોકસંસદનું નિર્માણ થઈ રહ્યું છે.

આપણા દેશમાં લોકશાહીનાં મૂળિયાં પ્રાચીન ભારતના સમયકાળથી છે

- ✓ મૌર્ય સામ્રાજ્ય હેઠળ સશક્ત સ્થાનિક સરકારી સંસ્થાઓ સહિત વૈદિક કાળની જન આધારિત સભાઓ અને સમિતિઓએ આપણને લોકશાહીનાં મૂલ્યોનો મૂળભૂત આધાર ઉપલબ્ધ કરાવ્યો છે.
- ✓ જોકે, સલ્તનત અને મુગલ યુગની છ શતાબ્દીઓ તેમજ તે પછી બ્રિટિશ વસાહતી શાસને ભારતીય લોકશાહીને ઘણી નિર્બળ કરી દીધી, પરંતુ સ્વતંત્રતા હાંસલ થયા પછી લોકશાહી આદર્શોનો શાસનના મૂળભૂત સિદ્ધાંત સ્વરૂપે પુનઃએકીકરણ આપણા રાષ્ટ્રીય નેતૃત્વનું મહત્વપૂર્ણ પગલું રહ્યું છે.
- ✓ આ દરમિયાન પરતંત્રતાના સમયગાળા દરમિયાન બનાવવામાં આવેલા હાલના સંસદભવને આપણી લોકશાહીને મૂળભૂત સુવિધા ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

સંસદભવન બાબતે પહેલો સવાલ ૧૯૧૨માં બ્રિટનની સંસદમાં ઉઠાવવામાં આવ્યો હતો

- ✓ સંસદભવન બાબતે પહેલો સવાલ ૧૯૧૨માં બ્રિટનની સંસદમાં ઉઠાવવામાં આવ્યો હતો. તેમાં રાજધાની દિલ્હીમાં વિધાન પરિષદ સ્થાપવા માટે અલગ

ભવનનું નિર્માણ કરવાની વ્યવસ્થા બાબતે પૂછવામાં આવ્યું હતું.

- ✓ વર્તમાન સંસદ પરિસરનું ઉદ્ઘાટન વર્ષ ૧૯૨૭માં થયું હતું, જેમાં ત્રણ હોલ હતા – ચેમ્બર ઓફ પ્રિન્સેસ, સ્ટેટ કાઉન્સિલ અને સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બ્લી, જે સ્વતંત્રતા મળ્યા બાદ ક્રમશઃ લાઇબ્રેરી હોલ, રાજ્યસભા અને લોકસભા તરીકે ઉપયોગમાં લેવાઈ રહ્યાં છે. વધેલી જરૂરિયાતોને પહોંચી વળવા માટે વર્ષ ૧૯૫૬માં તેમાં બે વધારાના માળ બાંધવામાં આવ્યા.

નવા સંસદ ભવનની સ્થાપના ભારતીય લોકશાહીની ઐતિહાસિક પહેલ

- ✓ હાલનું સંસદભવન એક વસાહતી શાહી નિર્માણ છે, જેમાં ભારતે જન આધારિત લોકશાહીના સફળ એવા સાતથી વધુ દશકોમાં પ્રગતિ સાધી છે.
- ✓ જેમ-જેમ રાષ્ટ્ર વર્ષ ૨૦૨૨માં સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ તરફ અગ્રેસર બની રહ્યું છે, તેમ તેમ ૧૩૦ કરોડ ભારતીયોની આકાંક્ષાઓને પૂરી કરવા માટે નવા લોકસંસદના નિર્માણની યોજના રાષ્ટ્રના સમૃદ્ધ ઇતિહાસમાં સ્થાયી સ્મારકના સ્વરૂપે સામે આવી રહી છે.
- ✓ આ ભવનની સ્થાપના ભારતીય લોકશાહીની એવી ઐતિહાસિક પહેલ છે, જે રાષ્ટ્રની જનતા દ્વારા, જનતાના અને જનતા માટે બનાવેલા સિદ્ધાંતના અનુપાલન કરીને સમૃદ્ધ સાંસ્કૃતિક વૈવિધ્યને અકબંધ બનાવશે.

નવું સંસદભવન ભારતીય લોકશાહીનાં પ્રતીક સમું બની રહેશે

- ✓ નવું સંસદભવન, ભારતીય લોકશાહી માટે એક પ્રતીકનું કાર્ય કરવા ઉપરાંત, દેશે અતિ આધુનિક ભવનના નિર્માણની દિશામાં કેવી પ્રગતિ સાધી છે, તે પણ સૂચવતું હશે.
- ✓ તે નવા ભારતની છબિ હોવાની સાથે સાથે નવા ભારતના વિઝનનું એક મહત્ત્વનું અંગ પણ હશે. તેમાં વર્ષ ૨૦૨૨માં સંસદના શિયાળુ સત્રનું આયોજન કરવામાં આવશે.

ત્રિકોણીય આકારનું નવું ભવન ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિના અનન્ય વૈવિધ્યથી છલકાતું હશે

- ✓ સંસદના પરિસરમાં વર્તમાન સંસદભવન અને ત્રિકોણીય આકારનું નવું ભવન પરસ્પર જોડાયેલાં હશે, જેમાં સંસદની કાર્યવાહીનું અસરકારક સંચાલન થઈ શકશે. તે ભારતીય લોકશાહીની વધતી જતી ક્ષમતા રજૂ કરશે.
- ✓ નવી સંસદની ડિઝાઇન અને તેની આંતરિક સજાવટ ભારતીય મૂલ્યો અને પ્રાદેશિક કલાઓ, શિલ્પો અને સંસ્કૃતિની અનોખી વિવિધતાથી ભરેલાં હશે. તેનું લોકસભા ગૃહ હાલની લોકસભા કરતાં ત્રણ ગણું મોટું હશે.

- ✓ લોકસભા અને રાજ્યસભામાં સાંસદો માટે ઉચ્ચ કક્ષાની સુરક્ષાની સાથેસાથે શ્રેષ્ઠ ગુણવત્તાવાળા ધ્વનિ, દૃશ્ય-શ્રાવ્ય સુવિધાઓ તથા કટોકટીના સંજોગોમાં સુરક્ષિત રીતે બહાર નીકળવાની વ્યવસ્થા પણ હશે. આ ભવનની જાળવણી અને સંચાલન પણ સરળતાથી કરી શકાશે.

<u>નવા સંસદભવનમાં પ્રત્યેક સાંસદ માટે અલગ-અલગ ચેમ્બર હશે</u>

- ✓ વર્ષ ૨૦૨૪ સુધીમાં પ્રત્યેક સંસદસભ્ય માટે અલગ-અલગ ચેમ્બર પણ બનાવવામાં આવશે. તેમાં પ્રત્યેક સાંસદે સંસદ પરિસરમાં પોતાના કાર્યાલય માટે પૂરતી જગ્યા હશે, જેમાં તે સન્માનજનક રીતે પોતાના મતવિસ્તારના વ્યક્તિ કે અન્ય લોકો સાથે મળીને ચર્ચા કરી શકશે.
- ✓ ઉપરાંત, સાંસદો માટે ચેમ્બર, સંસદ એનેક્સી અને પુસ્તકાલય ભવન સહિતની એક લેજિસ્લેટિવ એન્ક્લેવ બનાવવામાં આવશે, જે આપણી લોકશાહીના આધુનિક કોલેજિયમ તરીકે પ્રતિષ્ઠિત બનશે.
- ✓ એકંદરે, સેન્ટ્રલ વિસ્ટાના વારસાનું જતન કરવાની સાથે સાથે નવું સંસદભવન, નવા ભારતની ભાવિ માગણીઓનું સમાધાન લાવશે.

<u>નવુ સંસદ ભવન ભારતીય સંસ્કૃતિનું અનન્ય વૈવિધ્યસભર હશે :</u>

- ✓ નવુ સંસદ ભવન, દેશે અતિ આધુનિક ભવનના નિર્માણની દિશામાં કેવી પ્રગતિ સાધી છે તે પણ સૂચવતું હશે. તે નવા ભારતની છબી હોવાની સાથે-સાથે નવા ભારતના વિઝનનું મહત્વનું અંગ પણ હશે.

<u>ભારતીય લોકશાહીના નવીન મંદિર : નવીન સંસદ ભવન એટ અ ગ્લાન્સ</u>



- ✓ 971 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થશે
- ✓ 64,500 ચોરસમીટમાં બનશે
- ✓ 888 લોકસભાના સાંસદો બેસી શકશે
- ✓ 326 રાજ્યસભાના સાંસદ બેસી શકશે
- ✓ 1,224 સાંસદને હોલમાં સમાવી શકાશે
- ✓ 2022 સુધીમાં ઈમારત તૈયાર થશે
- ✓ 1224 સાંસદો માટે કચેરીની
- ✓ ઓડિયો વિઝયુઅલ સિસ્ટમસ, ડેટા નેટવર્કની સુવિધા, ભવ્ય બંધારણ હોલમાં લોકશાહીના વારસાને પ્રદર્શિત કરાશે
- ✓ વ્યવસ્થા અમદાવાદની એચસીપી મેનેજમેન્ટે ડિઝાઇન તૈયાર કરી, ભવન નિર્માણનો કોન્ટ્રાક્ટ તાતા પ્રોજેક્ટ્સને અપાયો છે

<u>ગ્રીન કવરિંગ</u>

- ✓ ૩૨૬ નવા વૃક્ષો
- ✓ ૨૫૦ હાલમાં રહેલા વૃક્ષોની સંખ્યા

- ✓ ૨૫૦ નવા વધારાના વૃક્ષો વાવવાનું આયોજન
- ✓ ૧૯૪ વૃક્ષોનું સ્થળાંતર કરાશે
- ✓ આકાર : ત્રિકોણ

<u>જૂના સંસદ ભવન પર એક નજર</u>

- ✓ ૯૩ વર્ષનું કુલ આયુષ્ય
- ✓ ૮૩ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ કરાયું હતું
- ✓ ૧૨ ફેબ્રુઆરી ૧૯૨૧ના રોજ પાયો નખાયો હતો
- ✓ ૧૯૨૭માં સંસદ ભવન બનીને તૈયાર થયું હતું
- ✓ જૂના સંસદ ભવનને મ્યુઝિયમ તરીકે જાળવી રખાશે
- ✓ દુનિયાના સંખ્યાબંધ દેશોએ જૂના સંસદ ભવનમાં જ કામ ચાલુ રાખ્યું
- ✓ અમેરિકી સંસદ કેપિટોલ ઇ.સ. ૧૮૦૦
- ✓ ચીનનો ગ્રેટ હોલ ઓફ પીપલ ઇ.સ. ૧૯૫૯
- ✓ ઇટાલીનું પ્લાઝો મડામા ૧૬મી શતાબ્દી
- ✓ ફ્રાન્સનો લક્ઝમબર્ગ પેલેસ ઇ.સ. ૧૬૧૫
- ✓ નેધરલેન્ડની ધ બિન્નેનહોફ ૧૩મી શતાબ્દી
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભૂમિપૂજન તા. ૧૦-૧૨-૨૦૨૦
- ✓ વર્ષ-૨૦૨૦માં તૈયાર થશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૫. કર્ણાટક વિધાનસભા : ગૌહત્યા વિરોધી કાયદો પસાર (કાયદો)</u>



<u>નવીન કાયદામાં જોગવાઈ :</u>

- ✓ દોષિતને સાત વર્ષની સજા કે રૂ.૧૦ લાખ સુધીનો દંડ કે બંને સજા કરાશે.
- ✓ ગાય, વાછરડા, બળદ અને ભેંસ કે પાડાના માંસને બીફની કક્ષામાં મુકાયું
- ✓ કાયદો : ગૌહત્યા પ્રતિબંધક અને પશુ બચાવ (સુધારા) વિધેયક
- ✓ મુખ્યમંત્રી : બી.એસ. યેદ્દીયુરપ્પા
- ✓ રાજધાની : બેંગ્લુરૂ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૬. DRDO : સ્વદેશી હાઈટેક સબ મશીનગનનું સફળ પરીક્ષણ (શોધ)</u>

<u>વિગત :</u>

- ✓ દેશની સેનાને સ્વદેશી કાર્બાઈન ઉપલબ્ધ થશે.
- ✓ <u>ડીઆરડીઓ દ્વારા ડિઝાઈન કરાયેલી જોઈન્ટ વેન્ચર પ્રોટેક્ટિવ કાર્બાઈન-હાઈટેક સબમશીનગન</u> તમામ પ્રકારના પરીક્ષણમાં ખરી ઉતરી છે.
- ✓ 5.56x30 મિ.મી.ની પ્રોટેક્ટિવ કાર્બાઈનનું હાલમાં જ આખરી સફળ પરીક્ષણ કરાયું.

- ✓ ઉનાળામાં ઊંચા તાપમાને અને શિયાળામાં યુઝર ટ્રાવેલ્સની શ્રેણીનો આખી દોર હતો. આ ગરમીમાં વધુ તાપમાનમાં પહેલેથી જ તેનો ટેસ્ટ કરાયો હતો.

મોડર્ન સબમશીન કાર્બાઈનની ખાસિયત

- ✓ આ ગેસ ઓપરેટેડ સેમી બુલ-પ્યુપ ઓટોમેટિક હથિયાર છે, જેનાથી 700 આરપીએમ દરથી વધુ ફાયર થઈ શકે છે.
- ✓ કાર્બાઈનની મારક ક્ષમતા 100 મીટરથી વધુ છે અને વજન આશરે 300 કિ.ગ્રા છે.
- ✓ એર્ગોનોમિક ડિઝાઈન હોવાથી એક સાથે અનેક ફાયરિંગની ક્ષમતા ધરાવે છે.
- ✓ જવાબી હુમલા અને આતંકી અભિયાન માટે બહુ જ શક્તિશાળી છે.
- ✓ ઈન્સાસ રાઈફલોનું નવું વર્ઝન છે, જે બુલેટપ્રૂફ જેકેટને પણ વીંધી શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ભારતનું ગૌરવ : ભારતીય મૂળના એસ્ટ્રોનેટ રાજાચારીને NASA દ્વારા ચંદ્ર ઉપર મોકલાશે (અવકાશ વિજ્ઞાન)



વિગત :

- ✓ ભારતીય મૂળના રાજાચારીને નાસા ચંદ્ર પર મોકલશે
- ✓ નાસાએ ભારતીય મૂળના એસ્ટ્રોનોટ રાજાચારી સહિત 18 અંતરિક્ષયાત્રીઓની પ્રારંભિક ટીમની પસંદગી કરી છે. તેઓ 2024ના મૂન મિશનનો હિસ્સો બનશે.
- ✓ આ ટીમમાં પહેલીવાર એક મહિલાને પણ સામેલ કરાઈ છે.
- ✓ રાજાચારીએ એમઆઈટીમાંથી એસ્ટ્રોનોટિક્સ અને એરોનોટિક્સમાં માસ્ટર ક્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૮. બાયોનિક સૈનિક : સૈનિકોને અજેય બનાવવા ફ્રાંસનું અનોખુ પગલું (આરોગ્ય)



શું છે બાયોનિક સૈનિક :

- ✓ આતંકવાદ અને બહારના ખતરાનો સામનો કરી રહેલા ફ્રાન્સે પોતાના સૈનિકોને અજેય યોદ્ધા બનાવવાની દિશામાં પ્રયાસો.

- ✓ ફ્રાન્સ એના બાયોનિક સૈનિક તૈયાર કરી રહ્યું છે કે જેમના મસ્તકમાં પીડા કે દર્દનો અહેસાસ જ નહીં થાય. આ સૈનિકોનું મગજ વધુ ઝડપથી ચાલશે અને વધુ સારી રીતે સાંભળી શકશે.
- ✓ ફ્રાન્સની નીતિવિષયક સમિતિએ સંરક્ષણ વિભાગને આ દિશામાં આગળ વધવા મંજૂરી આપી દીધી છે.
- ✓ ફ્રાન્સ હવે આ દિશામાં કામ કરી રહેલા દેશો સાથે સમજૂતીઓ કરી શકશે .
- ✓ દર્દ ન થાય તેવી માઈક્રો ચીપ લગાવાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. UN હાઈ કમિશનર ફોર રેફ્યુજી (UNHCR) અહેવાલ-૨૦૨૦



- ✓ માનવ અધિકાર દિવસે રિપોર્ટ જાહેર

અહેવાલના મહત્વના તારણો :

- ✓ કોરોના પહેલાં સાત કરોડ લોકો બે-ઘર હતા પણ હવે વધુ એક કરોડ લોકો બે-ઘર બન્યા
- ✓ યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નર ફોર રેફ્યુજી (યુએનએચસીઆર)ના આંકડા પ્રમાણે દુનિયામાં ૪ કરોડ લોકો દર દર ભટકવા મજબૂર બન્યા છે. મહામારી, યુદ્ધ,ગૃહયુદ્ધ કે કોમી સંઘર્ષના કારણે અસંખ્ય લોકો દર વર્ષે ઘરબાર વિહોણા થાય છે.
- ✓ સીરિયા, કોંગો, મોઝામ્બિક, સોમાલિયા અને યમનમાં સર્જાયેલી અરાજકતાથી રેફ્યુજીની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો હતો. યુએન સંલગ્ન એજન્સીએ ચિંતા વ્યક્ત કરી હતી કે દુનિયાની કુલ વસતિની એક ટકો વસતિ રેફ્યુજી કેમ્પોમાં કે રઝળપાટ કરીને જીવન વીતાવે છે.
- ✓ 21મી સદીની દુનિયા માટે આ ચિંતાનો વિષય છે. આંકડા પ્રમાણે રેફ્યુજી કેમ્પમાં રહેતા લગભગ સાડા ત્રણ કરોડ લોકોની વય તો 18થી પણ નીચે છે. તેમના અંધકારમય ભાવિ અંગે યુએને ચિંતા વ્યક્ત કરી હતી. 5.57 કરોડ કમનસીબ લોકો એવા છે, જે પોતાના દેશમાં જ ઘરબાર વગર જીવવા મજબૂર બન્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. દિન વિશેષ : 10 ડિસેમ્બર

(૧) વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબેલની પુણ્યતિથિ

સ્વિડન ખાતે તા.10મી ડિસેમ્બરે વર્ષ-2020ના તમામ નોબેલ વિજેતાને વર્ચ્યૂઅલી એવોર્ડ એનાયત કરાયા



જન્મ – 21 ઓકટોબર-1833 (સ્ટોકહોમ)

અવસાન - 10મી ડિસેમ્બર 1896 (ઈટલી)

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(3) વિશ્વ માનવ અધિકાર દિવસ : 10 ડિસેમ્બર



- ✓ **થીમ-2020 : Recover Better - Stand Up for Human Rights**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. જન્મ દિન વિશેષ – 10 ડિસેમ્બર

પુરાતત્વાચાર્ય : હસમુખ સાંકળિયા

જન્મ – 10મી ડિસેમ્બર -1908 (મુંબઈ)

અવસાન – 28 જાન્યુઆરી - 1989

- ✓ ગુજરાતમાં આંગળીએ ગણી શકાય તેવા ઈતિહાસકારો પુરાતત્વવિદોમાં શીર્ષસ્થ એવા હસમુખ ધીરજલાલ સાંકળિયાનો આજે જન્મદિવસ.



- ✓ મુંબઈમાં જન્મેલા આ ગુજરાતી વણિકને ચોપડામાં નહિ ચોપડીઓમાં રસ પડ્યો અને પ્રાચીન ગુજરાત તેઓના પુરાતત્વીય સ્પર્શથી ઝળહળી ઊઠ્યું.
- ✓ લંડન યુનિ.થી 1936માં પીએચડીની પદવી મેળવનારા ડો.સાંકળિયાએ 12થી વધુ પુરાતત્વીય સ્થળોનું ઉત્ખનન, 12થી વધુ પુસ્તકો અને પ્રોજેક્ટ રિપોર્ટસ અને 200 જેટલા સ્તરીય સંશોધન લેખો દ્વારા ગુજરાત-ભારતના જ્ઞાનજગતમાં માતબર યોગદાન આપ્યું છે.
- ✓ તેમની આત્મકથા બોર્ન ફોર આકર્યોલોજી, એન ઓટોબાયોગ્રાફી, ગુજરાતીમાં પુરાતત્વના ચરણે નામથી પ્રકાશિત થઈ.
- ✓ પુરાતત્વીય ઉત્ખનન માટે જ જન્મેલા, શિક્ષણને પવિત્ર વ્યવસાય માનતા અને શિષ્યોને શીખવવા સદૈવ તત્પર રહેતા
- ✓ હસમુખ સાંકળિયાનું 28 જાન્યુ. 1989ના રોજ અવસાન થયું હતું.
- ✓ તેમનું ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ, રણજિતરામ સુવર્ણચંદ્રક એમ અનેક રીતે સન્માન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૧૨-૨૦૨૦)

1. ડિસેમ્બર-૨૦૨૦માં બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **ડૉ.મધુકર પાડવી**
2. બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા સંચાલિત છે - **આદિવાસી વિકાસ**
3. બિરસા મુંડા યુનિવર્સિટી ક્યાં આવેલી છે – **રાજપીપળા, જિ.નર્મદા**
4. બિરસા મુંડા આદિજાતી યુનિવર્સિટી કયારે શરૂ થઈ હતી - **ઓકટોમ્બર-૨૦૧૭**
5. ડિસેમ્બર-૨૦૨૦માં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **રાજેન્દ્ર ખીમાણી**
6. ડિસેમ્બર-૨૦૨૦માં ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ રજિસ્ટ્રાર રાજેન્દ્ર ખીમાણીની કેટલામાં કુલનાયક તરીકે નિમણૂક કરાઈ - **૧૬**
7. તાજેતરમાં BCCIના સેક્રેટરી દ્વારા ગુજરાતમાં કયા સ્થળે નવીન ઈન્ડોર એકેડમીનો પ્રારંભ કરાયો - **ગુજરાત કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ અમદાવાદ**
8. BCCIના વર્તમાન સેક્રેટરી કોણ છે - **જય શાહ**
9. GCAના નવા કન્સલ્ટન્ટ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરાઈ - **ક્રિકેટર્સ પાર્થિવ પટેલ**
10. વિશ્વનું સૌથી મોટુ સ્ટેડિયમ ક્યુ છે - **સરદાર વલ્લભભાઈ પટેલ ક્રિકેટ સ્ટેડિયમ –અમદાવાદ**
11. ડિસેમ્બર-૨૦૨૦માં કર્ણાટક વિધાનસભા દ્વારા ગૌહત્યા વિરોધી કયો કાયદો પસાર કરાયો - **ગૌહત્યા પ્રતિબંધક અને પશુ બચાવ (સુધારા) વિધેયક**
12. ડિસેમ્બર-૨૦૨૦માં કર્ણાટક વિધાનસભા દ્વારા પસાર કરાયેલા ગૌહત્યા વિરોધી કાયદામાં દોષિતો માટે કઈ સજાની જોગવાઈ છે - **સાત વર્ષની સજા કે રૂ.૧૦ લાખ સુધીનો દંડ કે બંને**
13. ડિસેમ્બર-૨૦૨૦માં કર્ણાટક વિધાનસભા દ્વારા પસાર કરાયેલા ગૌહત્યા વિરોધી કાયદામાં ગાય, વાછરડા, બળદ અને ભેંસ કે પાડાના માંસને કઈ કક્ષામાં મુકાયું - **બીફ**
14. કર્ણાટકના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **બી.એસ. યેદીયુરપ્પા**
15. કર્ણાટકની રાજધાનીનું નામ જણાવો - **બેંગ્લુરૂ**
16. ડિસેમ્બર-૨૦૨૦માં DRDO દ્વારા કઈ સ્વદેશી સબમશીનગનનું સફળ પરિક્ષણ કરાયું - **જોઈન્ટ વેન્ચર પ્રોટેક્ટિવ કાર્બાઈન- હાઈટેક સબમશીનગન**
17. ડિસેમ્બર-૨૦૨૦માં DRDO દ્વારા પરિક્ષણ કરાયેલી કાર્બાઈન સબમશીનગનની મારક ક્ષમતા-વજન જણાવો - **100 મીટરથી વધુ તથા 300 કિ.ગ્રા**
18. કયા ભારતીય મૂળના એસ્ટ્રોનેટને NASA દ્વારા ચંદ્ર ઉપર મોકલાશે – **રાજાચારી**
19. ભારતીય મૂળના એસ્ટ્રોનેટ રાજાચારી NASAના કયા વર્ષના મૂન મિશનનો હિસ્સો બનશે – **વર્ષ-2024**
20. ભારતીય મૂળના એસ્ટ્રોનેટ રાજાચારીએ શેમાંથી એસ્ટ્રોનોટિક્સ અને એરોનોટિક્સમાં માસ્ટર કર્યું છે - **એમઆઈટી**
21. ફ્રાંસ દ્વારા તેમના સૈનિકોને અજેય બનાવવા કયા પ્રકારના સૈનિકો તૈયાર કરાશે - **બાયોનિક સૈનિક**
22. ફ્રાન્સનું સંરક્ષણ વિભાગ તેમના સૈનિકોને મસ્તકમાં પીડા કે દર્દનો અહેસાસ ન થાય તથા તેમનુ મગજ વધુ ઝડપથી ચાલે તે માટે શું કરશે – **સૈનિકોમાં માઈક્રો ચીપ લગાવશે**
23. UNHCRનું વિસ્તૃત નામ જણાવો – **યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નર ફોર રેફ્યુજી**
24. UNHCR અહેવાલ-૨૦૨૦ કયારે જાહેર કરવામાં આવ્યો હતો - **માનવ અધિકાર દિવસે**
25. UNHCR અહેવાલ-૨૦૨૦ મુજબ કોરોના પહેલાં કેટલા લોકો બે-ઘર હતા તથા કોરોના બાદ વધુ કેટલા લોક બે-ઘર બન્યા હતા - **સાત કરોડ તથા એક કરોડ લોકો**
26. UNHCR અહેવાલ-૨૦૨૦ અનુસાર વિશ્વની કુલ વસતિની કેટલા ટકા વસતિ રેફ્યુજી કેમ્પોમાં કે રઝળપાટ કરીને જીવન વીતાવે છે - **એક**
27. વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબેલની પૂણ્યતિથિ જણાવો - **10 ડિસેમ્બર**

28. સ્વિડન ખાતે તા.10મી ડિસેમ્બરે વર્ષ-2020ના રોજ તમામ નોબેલ વિજેતાને કયા માધ્યમ દ્વારા એવોર્ડ એનાયત કરાયા - **વર્ચ્યૂઅલી**
29. વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબેલનો જન્મ કયારે-કયાં થયો હતો – **21 ઓકટોબર-1833 તથા સ્ટોકહોમ**
30. વિશ્વ માનવ અધિકાર દિવસ કયારે મનાવવામાં આવે છે - **10 ડિસેમ્બર**
31. વિશ્વ માનવ અધિકાર દિવસ-2020ની થીમ જણાવો - **Recover Better - Stand Up for Human Rights**
32. પુરાતત્વચાર્ય હસમુખ સાંકળિયાનો જન્મ કયારે-કયાં થયો હતો – **10મી ડિસેમ્બર-1908 તથા મુંબઈ**
33. પુરાતત્વચાર્ય હસમુખ સાંકળિયાની આત્મકથાનું નામ જણાવો - **બોર્ન ફોર આકર્યોલોજી, એન ઓટોબાયોગ્રાફી**
34. પુરાતત્વચાર્ય હસમુખ સાંકળિયાની આત્મકથા બોર્ન ફોર આકર્યોલોજી, એન ઓટોબાયોગ્રાફી ગુજરાતીમાં કયા નામથી પ્રકાશિત થઈ છે - **પુરાતત્વના ચરણે**
વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. SOU : 562 રજવાડાના ઇતિહાસની ગૌરવગાથા દર્શાવતું ભવ્ય ઐતિહાસિક મ્યુઝિયમ (ઐતિહાસિક વારસો)



મુખ્ય ઉદ્દેશ્ય :

✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલે દેશની આઝાદી બાદ 562 દેશી રજવાડાઓનું ભારતમાં વિલીનીકરણ કરી એક અને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યું તેની ગૌરવવંતી સ્મૃતિ અને ઇતિહાસ આવનારી પેઢીઓ સુધી અકબંધ સચવાઇ રહે તે માટે કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં આ ઇતિહાસનો સાક્ષાત્કાર કરાવતું ભવ્ય મ્યૂઝિયમ નિર્માણ કરવાનો નિર્ણય કર્યો.

✓ આવનારી પેઢી અને વિશ્વભરના લોકો ભારતના ભવ્ય તેમજ એકતા અને અખંડિતતાના વારસાથી પરિચિત થાય તે હેતુથી આ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે.

✓ શ્રી સરદાર વલ્લભભાઈએ રાજા-રજવાડાઓ સાથે વિવિધ સ્તરે પરામર્શ-ચર્ચાઓ-બેઠકો કરીને ભારતમાં તેના વિલીનીકરણની સફળતા મેળવી તેની ફલશ્રુતિએ આજે ભારત સમગ્ર વિશ્વમાં એક અને અખંડ રાષ્ટ્ર તરીકે ખ્યાતિ પામ્યુ.

સૂચિત મ્યુઝિયમ વિશે :

✓ કેવડીયામાં વિશ્વની સૌથી ઊંચી સરદાર પ્રતિમા અને અન્ય પ્રવાસન આકર્ષણ માણવા-નિહાળવા આવતા વિશ્વભરના પ્રવાસીઓ સમક્ષ ભારત વર્ષના દેશી રજવાડાઓની ભવ્યતા તેમજ દેશની અખંડિતતા એકતા માટે તેમણે આપેલા

ત્યાગની ભાવના સાથે સરદાર સાહેબના પ્રબળ પુરૂષાર્થની પરિણામકારી ગાથા આ ભવ્ય મ્યૂઝિયમ ઊજાગર કરશે.

- ✓ સ્ટેચ્યુ પરિસરમાં આવતા દરેક પ્રવાસીઓ ભારતના ભવ્ય ઈતિહાસની ગાથા વિશે માહિતગાર થઈ શકશે.
- ✓ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યો.
- ✓ જેમા પ્રવાસીઓ દેશી રજવાડાના ગૌરવવંતા ઈતિહાસની ગાથા અત્યાધુનિક થ્રીડી હોલોગ્રાફી ઓગમેન્ટેડ રિયાલિટી સહિત ઓડિયો વીડિયો કંટ્રોલ લાઈટ સિસ્ટમના આકર્ષણ સાથે માણી શકશે.
- ✓ સ્ટેચ્યુ ખાતે નિર્માણ પામનારા આ મ્યૂઝિયમ માટે દેશભરના તમામ રાજ્યોનો સંપર્ક કરી તેમના રાજ્યોના તત્કાલિન રાજા-રજવાડાઓની વિગતો ભારતમાં વિલિનીકરણના દસ્તાવેજો-બેનમૂન ચીજવસ્તુઓ-ઐતિહાસિક વિરાસતની સંપૂર્ણ વિગતો મેળવી આ મ્યુઝિયમમાં રાખવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિર્ણય : મહેસૂલ વિભાગ - ગુજરાત સરકાર (વહીવટ)

નવી જોગવાઈ :

- ✓ રાજ્યમાં જમીન તકરારી નોંધની સુનાવણી સીધી પ્રાંત અધિકારી કક્ષાએ થશે
- ✓ રાજ્યભરમાં તારીખ 11મી ડિસેમ્બર 2020થી અમલ અમલ શરૂ



વિગતવાર માહિતી :

- ✓ હેતુ : મહેસૂલી પ્રક્રિયા વધુ સરળ, ઝડપી અને પારદર્શી બનાવવા
- ✓ જમીન તકરારી નોંધની અપીલની સુનાવણી સીધી પ્રાંત અધિકારી કક્ષાએ થઈ શકશે, આ માટે આખરી મંજૂરી અપાઈ

અગાઉની પ્રક્રિયા :

- ✓ આ પહેલાં તકરારી નોંધ જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨-૧૦૮ અન્વયે પહેલાં મામલતદાર કક્ષાએ સુનાવણી હાથ ધરાયા બાદ પ્રાંત અધિકારી કક્ષાએ અને તે પછી કલેક્ટર સમક્ષ અપીલ કરવાની રહેતી હતી,
- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તકરારી પ્રક્રિયાને વધુ સરળ બનાવતાં જુદા જુદા ત્રણ તબક્કે મહેસૂલી અધિકારીઓ સમક્ષ કરવાની થતી અપીલને સ્થાને માત્ર બે તબક્કે એટલે કે પ્રાંત અધિકારી અને કલેક્ટર કક્ષાએ કરવાનો અભિગમ અપનાવ્યો છે. ગુજરાતના મહેસૂલ વિભાગે આ અંગેનું આખરી જાહેરનામું જારી કર્યું છે.

- ✓ હવે જમીન તકરારી નોંધ અંગે સમય મર્યાદામાં નિર્ણય થઈ શકશે અને બિનજરૂરી લીટીગેશન નિવારી શકાશે. હક્કપત્રક એટલે ગામ નમૂના નં.૬ જેમાં હક્ક સંપાદન થાય ત્યારે નોંધ કરાય છે.
- ✓ સામાન્ય રીતે ૧૧ પ્રકારની નોંધ પાડવામાં આવે છે, આ પ્રકારની નોંધો અંગે નિર્ણય કરવાની સત્તા નાયબ મામલતદારની છે.
- ✓ ઘણી વખત અલગ અલગ કારણસર હક્કપત્રકની નોંધોની નોટિસ અપાય તે સમયે પક્ષકારો તરફથી કે ત્રાહિત પક્ષકાર તરફથી વાંધો લેવાય છે.
- ✓ તેથી હક્કપત્રકની નોંધો સમય મર્યાદામાં મંજૂર ન થવાથી હુકમની નોંધના કિસ્સાઓમાં રેકર્ડે અસર આવતા ઘણો બધો સમય પસાર થાય છે.
- ✓ મહેસુલ મંત્રી : શ્રી કૌશિકભાઈ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. અવસાન : લોકસાહિત્ય-સંગીત ક્ષેત્રે ઉંડો અભ્યાસ કરનાર ડો.હસુભાઇ યાજ્ઞિકનું અવસાન



- ✓ ગુજરાતી સાહિત્યમાં નવલકથાઓ વિવેચન ગ્રંથો, અભ્યાસ ગ્રંથો નારી ગ્રંથો અને ખાસ કરીને લોકસાહિત્ય અને સંગીત ક્ષેત્રે ઉંડો અભ્યાસ કરનાર ડો. હસુભાઇ યાજ્ઞિકનું ૮૩ વર્ષની વયે નિધન થયું.

પરિચય – કારકિર્દી :

- ✓ ડો.હસુભાઇ યાજ્ઞિકનો જન્મ ૧૨ ફેબ્રુઆરી, ૧૯૩૮ના રોજ રાજકોટમાં થયો હતો.
- ✓ તેઓ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર રહી ચૂકયા છે.
- ✓ તેમની કેન્દ્રીય સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પશ્ચિમ ભારતના કલાસિક લિટરેચરના સ્કોલર તરીકે ભાષા સન્માન પ્રાપ્ત થયું.

ઉપનામ :

- ✓ ઉપમન્યુ, પુષ્પધન્વા, બી.કાશ્યપ, વ્રજનંદન જાની, શ્રીધર.

સાહિત્ય સર્જન :

- ✓ દગ્ધા (૧૯૬૮), હાઇવે પર એક રાત (૧૯૮૧), બીજી સવારનો સુરજ (૧૯૮૨), સળો પછી (૧૯૮૬), નીરા કૌસાની (૧૯૮૭) વગેરે તેમની નવલકથાઓ છે.
- ✓ મનડાની માયા (૧૯૮૫), એક જુબાનીમાંથી (૧૯૮૫) અને પછીતના પથ્થરો (૧૯૮૫) એમના વાર્તાસંગ્રહો છે.
- ✓ એમણે મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથા (૧૯૭૪), મધ્યકાલીન કથા સાહિત્ય (૧૯૭૮), શામળ (૧૯૭૮) વગેરે વિવેચનગ્રંથ આપ્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૪. ટાઈમ મેગેઝિન-USA : 'ટાઈમ પર્સન ઓફ ધ યર 2020' (વ્યક્તિ વિશેષ)

✓ US પ્રમુખ જો બાઈડેન અને ઉપપ્રમુખ કમલા હેરિસ 'પર્સન ઓફ ધ યર 2020'



✓ USAના ઉપપ્રમુખ તરીકે આવુ સન્માન મેળવનાર કમલા હેરિસ પ્રથમ

✓ શિર્ષક : અમેઝિંગ અમેરિકાસ સ્ટોરી

✓ અમેરિકાનો ઇતિહાસ બદલવામાં નિમિત્ત બન્યા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ટાઈમ મેગેઝિન : કવર પેજ પર વર્ષ 2020 પર લાલ ચોકડી : અત્યાર સુધીનું સૌથી ખરાબ વર્ષ - "ધ વર્સ્ટ યર એવર"

✓ છેલ્લા સો વર્ષમાં પાંચમીવાર કવરપેજ પર ચોકડી



અન્ય સન્માન :

✓ બિઝનેસ પર્સન ઓફ ધ યર 2020 : ઝૂમ એપના CEO શ્રી એરિક યુઆન

✓ એન્ટરટેઈનર ઓફ ધ યર-2020 : કોરિયન બેન્ડ BTS

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. ખેલકૂદ : ટાઇમ મેગેઝિન "એથ્લીટ ઓફ ધ યર" 2020 : બાસ્કેટબોલ ખેલાડી લેબ્રન જેમ્સ

✓ વતન : USA



વિગત :

- ✓ અમેરિકામાં જાતિભેદની અનેક ઘટનાઓ પછી લેબ્રને 'મોર ધેન અ વોટ' નામથી એક અભિયાન ચલાવ્યું હતું.
- ✓ મેગેઝિને તેને જ આધાર બનાવીને તેમને પોતાના કવર પેજ પર સ્થાન આપ્યું છે.
- ✓ તે એનબીએ ટીમ લોસ એન્જલિસ લેકર્સ તરફથી રમે છે અને થોડા દિવસ પહેલા ટીમને ચેમ્પિયન બનાવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ખેલકૂદ : વૈશ્વિક સન્માન

WTA દ્વારા સોફિયા કેનિન "પ્લેયર ઓફ ધ યર"-2020 એવોર્ડથી સન્માનિત

- ✓ ઓસ્ટ્રેલિયન ઓપન 2020 વિજેતા ખેલાડી
- ✓ વતન : USA



WTA એવોર્ડ વિશે :

- ✓ WTA દ્વારા પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ ૧૯૭૭ થી આપવામાં આવે છે.
- ✓ અત્યાર સુધીમાં સર્વાધિક ૨૦ વખત અમેરિકન ખેલાડીઓએ આ એવોર્ડનું સન્માન મેળવ્યું છે.
- ✓ સૌથી વધારે સેરેના અને નવરાતિલોવાએ સાત-સાત વખત આ એવોર્ડ જીત્યો હતો . બાકીની અમેરિકન પ્લેયર્સે એક - એક વખત આ સન્માન મેળવ્યું હતું.
- ✓ WTA : વિમેન્સ ટેનિસ એસોસિએશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ક્લાયમેટ ચેન્જ પરફોર્મન્સ ઇન્ડેક્સ-2020 : વાર્ષિક અહેવાલ જાહેર (પર્યાવરણ)

- ✓ ભારતનો સતત બીજા વર્ષે ટોપ ટેનમાં સમાવેશ



- ✓ કાર્બન ઉત્સર્જન ઘટાડવાની દિશામાં ભારતની નોંધપાત્ર પ્રગતિ : રેન્ક-૧૦

ભારતની સ્થિતિ :

- ✓ ભારતને એ પ્રથમ દસ દેશોમાં સ્થાન મળ્યું છે જે દેશો કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે ઝડપથી પ્રયાસ કરી રહ્યાં છે.
- ✓ વાયુ પ્રદૂષણના મામલે ભલે દેશની સ્થિતિ સારી ન હોય પરંતુ ક્લાયમેટ ચેન્જની આફતને લઇને જાગૃતિના મામલે ભારત આગળ આવ્યું છે.
- ✓ સીસીપીઆઇમાં ગયા વર્ષની જેમ આ વર્ષે પણ પહેલા ત્રણ સ્થાન ખાલી રાખવામાં

આવ્યાં છે કારણ કે કાર્બન ઉત્સર્જન ઘટાડવાના મામલે કોઇ પણ દેશે હજુ સુધી સંપૂર્ણ સફળતા હાંસલ કરી નથી.

ટોપ-૧૦માં વિશ્વના દેશો

- ✓ ૦૧ થી ૦૩ ખાલી
- ✓ ૦૪ – સ્વીડન
- ✓ ૦૫ - યૂ.કે
- ✓ ૦૬- ડેન્માર્ક
- ✓ ૦૭ – મોરક્કો
- ✓ ૦૮ – નોર્વે
- ✓ ૦૯ - ચીલી
- ✓ ૧૦- ભારત

ઈન્ડેક્સનો માપદંડ :

- ✓ કોઇ દેશે કોલસાનો વપરાશ ઓછા કરવા સહિત એવા કયા ઉપાયો પ્રયોજ્યા છે જેમાં ઝેરી ગેસોનું ઉત્સર્જન ન થાય.
- ✓ ભારતે છેલ્લા થોડા સમયમાં આ દિશામાં જે કામ કર્યું છે એ તેના નિર્ધારિત લક્ષ્ય કરતા પંદર ટકા વધારે છે.
- ✓ જોકે વૈશ્વિક સ્તરે ઘણાં દેશોએ કોલસા પરની નિર્ભરતા ઓછી કરવાની દિશમાં ગંભીરતા દર્શાવી છે.
- ✓ અત્યાર સુધી જે ૫૭ દેશો સૌથી વધારે કાર્બન ઉત્સર્જિત કરી રહ્યાં હતાં એમાંના ૩૧ દેશોએ કાર્બન ઉત્સર્જન ઓછું કરવા માટે બીજા વિકલ્પો અજમાવવાની શરૂઆત કરી દીધી છે.
- ✓ એવા ઉપાયો પણ શોધવામાં આવી રહ્યાં છે જેમાં કાર્બનનું ઉત્સર્જન ઘટાડી શકાય.

ઊર્જા ક્ષેત્રે ભારત :

- ✓ ભારતની કુલ ઊર્જામાંથી ૮૦ ટકા ઉર્જા કોલસાથી ઉત્પન્ન થાય છે.
- ✓ કુલ ઊર્જાનો બહુ નાનો હિસ્સો સૌર, પવન, જળ ઊર્જા, બાયોમાસ અને હાઇડ્રો પ્રોજેક્ટ્સમાંથી આવે છે.
- ✓ ભારતે વાયદો કર્યો છે કે ૨૦૨૨ સુધી ૧ લાખ ૭૫ હજાર મેગા વોટ ઊર્જા બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોતોમાંથી પ્રાપ્ત કરશે.
- ✓ દેશમાં આજે પણ ૩૦ કરોડ લોકો ગરીબીના સ્તર નીચે જીવે છે એ સંજોગોમાં કોલસાનો ઉપયોગ બંધ કરવો અશક્ય છે.

કાર્બન ઉત્સર્જનમાં ભારત :

- ✓ મેડ્રિડ ખાતેના કોપ-૨૫ સંમેલનમાં પણ આ જ મુદ્દાઓ અવરોધરૂપ બનેલા છે.
- ✓ આજે કાર્બન ઉત્સર્જનમાં વિકાસશીલ દેશો સૌથી આગળ છે.
- ✓ આ દેશો ૬૦ ટકા કાર્બનનું ઉત્સર્જન કરી રહ્યાં છે. જેમાં પહેલા સ્થાને ચીન છે અને ત્રીજા સ્થાને ભારત છે.
- ✓ આ બંને દેશો દુનિયામાં સૌથી વધારે વસતી ધરાવે છે. એવામાં વધારે વસતીનો સીધો અર્થ છે વધારે કાર્બનનનું ઉત્સર્જન. પરંતુ ભારતના મામલે આ વાત સંપૂર્ણ સત્ય નથી.
- ✓ ભારતમાં પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન માત્ર ૧.૮ ટન છે. જે પ્રતિ વ્યક્તિ વૈશ્વિક ઉત્સર્જનના અડધા કરતા પણ ઓછું છે. જો લોકોના અસ્તિત્વ અને થોડા ઘણાં

ઉપભોગના અધિકારને ધ્યાનમાં લેવામાં આવે તો વિકાસશીલ અર્થવ્યવસ્થાઓમાં ભારત સૌથી ઓછું કાર્બન ઉત્સર્જન કરતા દેશોમાંનું એક છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : 11 ડિસેમ્બર

ધ્યાનસ્થ ઇતિહાસકાર: એમ.એસ.કોમિસેરિયેટ

જન્મ : 11 ડિસેમ્બર 1881

અવસાન : 25 મે 1972

✓ ગુજરાતના ઈતિહાસકારોમાં આંગળીએ ગણી શકાય તેવામાં સ્થાન ધરાવતા અને ગુજરાતના ઈતિહાસ વિશે વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરનાર ઇતિહાસકાર એમ. એસ. કોમિસેરિયેટનો આજે જન્મદિવસ .

✓ મૂળનામ માણેકશા સોરાબજી કોમિસેરિયટ

✓ માણેકશાનું શિક્ષણ ભરૂચ અને મુંબઈમાં થયું હતું.

✓ 1905માં તેઓ ઈતિહાસ અને રાજકીય અર્થશાસ્ત્ર સાથે મુંબઈ યુનિ.થી અનુસ્નાતક થયા હતા. તે પછી તરત જ ગુજરાતની સૌથી જૂની કોલેજ, ગુજરાત કોલેજમાં ઈતિહાસના પ્રોફેસર તરીકે નિમાયા હતા.

✓ ગુજરાત કોલેજના મેગેઝિનના પહેલા સંપાદક પણ બન્યા હતા.

✓ અધ્યાપકનું કામ જ્ઞાનપ્રાપ્તિની સાથે જ્ઞાનસર્જનનું પણ છે તે ન્યાયે પ્રોફ. કોમિસેરિયેટે history of gujarat (in 3 vols.), studies in history of Gujarat અને જર્મનીથી ભારતની મુલાકાતે આવેલા મુસાફર મેન્ડેલ્સ્લોના યાત્રાવૃત્તાંત (1638) medelslos travel in western indiaનું સંપાદન કર્યું છે.

✓ ગુજરાતના ઈતિહાસને લગતા અનેક લેખો તો ખરા જ !

✓ બ્રિટિશ સરકારે તેમને આઈ.ઈ.એસ (ઇન્ડિયન એજ્યુકેશન સર્વિસ) અને ખાનબહાદુરનો ઈલ્કાબ આપ્યો હતો.

✓ તેમનું 25 મે 1972ના રોજ 91 વર્ષની વયે મુંબઈમાં અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૧૨-૨૦૨૦)

1. સરદાર સાહેબના પ્રબળ પુરૂષાર્થની પરિણામકારી ગાથા તથા ભારતના 562 રજવાડાના ઇતિહાસની ગૌરવ ગાથા દર્શાવતું ભવ્ય ઐતિહાસિક મ્યુઝિયમ કયા સ્થળે બનશે – **સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયા**
2. કયા હેતુસર કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં 562 રજવાડાના ઇતિહાસની ગૌરવ ગાથા દર્શાવતું ભવ્ય ઐતિહાસિક મ્યુઝિયમ બનશે - **આવનારી પેઢી અને વિશ્વભરના લોકો ભારતના ભવ્ય તેમજ એકતા અને અખંડિતતાના વારસાથી પરિચિત થાય તે હેતુથી**
3. ગુજરાતમાં જમીન તકરારી નોંધની સુનાવણી મામલતદારના બદલે હવે કયા અધિકારી કક્ષાએ થશે – **પ્રાંત અધિકારી**
4. ગુજરાતમાં જમીન તકરારી નોંધની સુનાવણી સીધી પ્રાંત અધિકારી કક્ષાએ થશે આ નિર્ણય કયારથી અમલી બનશે – **તારીખ 11મી ડિસેમ્બર 2020**
5. ગુજરાતના વર્તમાન મહેસુલ મંત્રીનું નામ જણાવો - **શ્રી કૌશિકભાઈ પટેલ**

6. ડિસેમ્બર-૨૦૨૦માં ગુજરાતના લોકસાહિત્ય-સંગીત ક્ષેત્રે ઉંડો અભ્યાસ કરનાર કયા મહાનુભાવનું અવસાન થયુ - **ડો.હસુ યાજ્ઞિક**
7. ગુજરાતી સાહિત્યના સંશોધક ડો.હસુભાઇ યાજ્ઞિકનો જન્મ કયારે-ક્યાં થયો હતો – **તા.૧૨ ફેબ્રુઆરી, ૧૯૩૮ તથા રાજકોટ**
8. ગુજરાતી સાહિત્યના સંશોધક ડો.હસુભાઇ યાજ્ઞિકના ઉપનામ જણાવો - **ઉપમન્યુ, પુષ્પધન્વા, બી.કાશ્યપ, વ્રજનંદન જાની, શ્રીધર**
9. ટાઈમ મેગેઝિન-USA દ્વારા 'ટાઈમ પર્સન ઓફ ધ યર 2020' તરીક કોની પસંદગી કરી - **US પ્રમુખ જો બાઈડેન અને ઉપપ્રમુખ કમલા હેરિસ**
10. USAના ઉપપ્રમુખ તરીકે 'ટાઈમ પર્સન ઓફ ધ યર 2020' સન્માન મેળવનાર પ્રથમ વ્યક્તિનું નામ જણાવો - **કમલા હેરિસ**
11. ટાઈમ મેગેઝીન દ્વારા વર્ષ-2020 અત્યાર સુધીનું સૌથી ખરાબ વર્ષ-"ધ વર્સ્ટ યર એવર" બતાવવા માટે કયા પ્રકારનું કવર પેજ તૈયાર કરાયું - **વર્ષ 2020 પર લાલ ચોકડી**
12. ટાઈમ મેગેઝીન દ્વારા છેલ્લા સો વર્ષમાં કેટલામી વાર ચોકડી વાળુ કવર પેજ તૈયાર કરાયું - **પાંચમી**
13. બિઝનેસ પર્સન ઓફ ધ યર 2020 તરીકે કોની પસંદગી કરાઈ - **ઝૂમ એપના CEO શ્રી એરિક યુઆન**
14. એન્ટરટેઈનર ઓફ ધ યર-2020 તરીકે કોની પસંદગી કરાઈ - **કોરિયન બેન્ડ BTS**
15. ટાઇમ મેગેઝીન દ્વારા "એથ્લીટ ઓફ ધ યર" 2020 તરીકે કોની પસંદગી કરાઈ - **બાસ્કેટબોલ ખેલાડી લેબ્રન જેમ્સ : USA**
16. અમેરિકામાં જાતિભેદની અનેક ઘટનાઓ પછી લેબ્રન જેમ્સે કયા નામથી એક અભિયાન ચલાવ્યું હતું - **'મોર ધેન અ વોટ'**
17. WTA દ્વારા "પ્લેયર ઓફ ધ યર"-2020 એવોર્ડથી કોને સન્માનિત કરાયા - **સોફિયા કેનિન : USA**
18. WTA દ્વારા પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ કયા વર્ષથી આપવામાં આવે છે - **૧૯૭૭**
19. અત્યાર સુધીમાં સર્વાધિક કેટલી વખત અમેરિકન ખેલાડીઓએ "પ્લેયર ઓફ ધ યર" એવોર્ડનું સન્માન મેળવ્યું છે – **૨૦**
20. WTAનું વિસ્તૃત નામ જણાવો - **વિમેન્સ ટેનિસ એસોસિએશન**
21. ક્લાયમેટ ચેન્જ પરફોર્મન્સ ઇન્ડેક્સ-2020 અનુસાર ભારતનો સતત કેટલામાં વર્ષે ટોપ ટેનમાં સમાવેશ - **બીજા**
22. ક્લાયમેટ ચેન્જ પરફોર્મન્સ ઇન્ડેક્સ-2020 અનુસાર ભારતને કયા પ્રથમ દસ દેશોમાં સ્થાન મળ્યું - **જે દેશો કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે ઝડપથી પ્રયાસ કરી રહ્યાં છે**
23. કાર્બન ઉત્સર્જન ઘટાડવાના મામલે કોઇ પણ દેશે હજુ સુધી સંપૂર્ણ સફળતા હાંસલ ન કરી શકવાના કારણે સીસીપીઆઇમાં ગયા વર્ષની જેમ આ વર્ષે પણ કેટલા સ્થાન ખાલી રાખવામાં આવ્યાં – **પ્રથમ ત્રણ**
24. ક્લાયમેટ ચેન્જ પરફોર્મન્સ ઇન્ડેક્સ-2020 અનુસાર કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે ઝડપથી પ્રયાસ કરનારા ટોપ-૧૦ દેશનો ક્રમ જણાવો - **૦૧ થી ૦૩ ખાલી, ૦૪ – સ્વીડન, ૦૫ - યૂ.કે, ૦૬- ડેનમમાર્ક, ૦૭ – મોરક્કો, ૦૮ – નોર્વે, ૦૯ – ચીલી, ૧૦- ભારત**
25. ક્લાયમેટ ચેન્જ પરફોર્મન્સ ઇન્ડેક્સ તૈયાર કરવાનો માપદંડ જણાવો - **કોઇ દેશે કોલસાનો વપરાશ ઓછા કરવા સહિત એવા કયા ઉપાયો પ્રયોજ્યા છે જેમાં ઝેરી ગેસોનું ઉત્સર્જન ન થાય**
26. અત્યાર સુધી જે ૫૭ દેશો સૌથી વધારે કાર્બન ઉત્સર્જિત કરી રહ્યાં હતાં એમાંના કેટલા દેશોએ કાર્બન ઉત્સર્જન ઓછું કરવા માટે બીજા વિકલ્પો અજમાવવાની શરૂઆત કરી દીધી છે - **૩૧**
27. ભારતની કુલ ઊર્જામાંથી કેટલા ટકા ઊર્જા કોલસાથી ઉત્પન્ન થાય છે - **૮૦**
28. ભારત ૨૦૨૨ સુધી કેટલી મેગા વોટ ઊર્જા બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતોમાંથી પ્રાપ્ત કરશે - **૧ લાખ ૭૫ હજાર**
29. ભારતમાં પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન કેટલુ છે - **૧.૮ ટન**
30. ધ્યાનસ્થ ઇતિહાસકાર એમ.એસ.કોમિસેરિયેટનો જન્મ કયારે થયો હતો - **11 ડિસેમ્બર 1881**
31. ઇતિહાસકાર એમ.એસ.કોમિસેરિયેટનું મૂળનામ જણાવો - **માણેકશા સોરાબજી કોમિસેરિયટ**

32. ગુજરાત કોલેજના મેગેઝિનના પહેલા સંપાદક કોણ હતા - **એમ.એસ.કોમિસેરિયેટ**

33. બ્રિટિશ સરકાર દ્વારા ઇતિહાસકાર એમ.એસ.કોમિસેરિયેટને કયા ઈલ્કાબથી સન્માનિત કરાયા હતા - **આઈ.ઈ.એસ (ઇન્ડિયન એજ્યુકેશન સર્વિસ) અને ખાનબહાદુર ઈલ્કાબ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. નેશનલ ફેમિલી હેલ્થ સરવે અહેવાલ જાહેર : ભારત સરકાર (આરોગ્ય)



ગુજરાતમાં ડાયાબિટીસથી પીડાતા લોકોની આંકડાકીય વિગતો :

ડાયાબિટીસ

- ✓ નેશનલ ફેમિલી હેલ્થ સરવેના નવા રિપોર્ટ મુજબ, ગુજરાતમાં 33 પુરુષ અને 30 ટકા મહિલાઓ ડાયાબિટીસની સમસ્યાથી પીડાય છે.
- ✓ ગ્રામ્ય કરતાં શહેરી વિસ્તારમાં આ સમસ્યાનું પ્રમાણ વધારે છે.
- ✓ હાઈ સુગર હોય કે સુગર કંટ્રોલ માટે દવા લેતા હોય એવા લોકોની ટકાવારી વધારે.

હાઈપર ટેન્શન

- ✓ 37 ટકા મહિલાઓ અને 38 ટકા પુરુષો હાઈપર ટેન્શનની સમસ્યાથી પીડાય છે.
- ✓ હાઈપર ટેન્શનમાં પણ દવા લેતા હોય એવા લોકોની સંખ્યા વધારે છે.
- ✓ 15 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓ પર કરાયેલા સરવેમાં આ વિગતો બહાર આવી

અન્ય વિગતો :

- ✓ સરવેમાં બહાર આવેલી નોંધપાત્ર વિગતો મુજબ, 2015-16ના સરવેની સરખામણીમાં 2019-20મા સેક્સ રેશિયો વધીને 950થી 965 થયો.
- ✓ 97 ટકા લોકોને વીજળી અને પાણીની સુવિધા મળી રહે છે.
- ✓ સેનિટેશન મામલે આ ટકાવારી 74 ટકા છે.
- ✓ 22 ટકા યુવતીઓ અને 28 ટકા યુવાનો લગ્નની નક્કી કરેલી ઉંમર કરતાં વહેલા પરણી જાય છે.
- ✓ 5 ટકા યુવતીઓ 15-19 વર્ષની ઉંમરે જ માતા બની જાય છે કે ગર્ભવતી હોય છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૨.નિર્ણય :ઉત્તરપ્રદેશ સરકાર (આરોગ્ય) નવી જોગવાઈ: ઉત્તરપ્રદેશમાં ૧૦ વર્ષ ફરજિયાત તબીબી સેવા ન કરનાર PMS તબીબને રૂપિયા એક કરોડનો દંડ



✓ હેતુ : ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં સ્પેશિયાલિસ્ટ તબીબોની અછત નિવારવાનો પ્રયાસ

વિગત :

✓ PG કોર્ષ અધવચ્ચેથી છોડનાર તબીબને ત્રણ વર્ષ માટે ડિબાર કરવામાં આવશે. એટલે એ આ ત્રણ વર્ષ માટે ફરીથી એડમિશન નહીં મેળવી શકે

✓ ઉત્તરપ્રદેશમાં સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની અછત નિવારવા યોગી આદિત્યનાથ સરકારે પોસ્ટગ્રેજ્યુએશનનો અભ્યાસ કરવા ઇચ્છતા પ્રોવિન્શિયલ મેડિકલ સિવસના તમામ ડોક્ટર માટે ૧૦ વર્ષની ફરજિયાત નોકરીનું બોન્ડ અમલી બનાવવાનો નિર્ણય

✓ પીએમએસ કેડરના ડોક્ટર સામાન્ય રીતે ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં આવેલા પ્રાયમરી અને સેકન્ડરી હેલ્થ સેન્ટર ખાતે ફરજ બજાવતા હોય છે.

✓ પીએમએસ કેડરમાં આવતા ડોક્ટર અનુસ્નાતક સ્તરના અભ્યાસ માટે ૩ વર્ષની સ્ટડી લીવ લેવા માગતા હશે તો તેમણે અભ્યાસ પૂરો કર્યા પછી ફરી ફરજની જગ્યા પર હાજર થઇને ૧૦ વર્ષ સુધી સતત ફરજ બજાવવી પડશે.

✓ જો અનુસ્નાતક અભ્યાસ બાદ કોઇ ડોક્ટર પીએમએસ કેડરની તેની નોકરી છોડી દેશે તો તેણે ઉત્તરપ્રદેશ સરકારને રૂપિયા ૧ કરોડનો દંડ ચૂકવવો પડશે.

✓ PMS : પ્રોવિન્સિયલ મેડિકલ સર્વિસ

✓ મુખ્યમંત્રી : શ્રી યોગી આદિત્યનાથ

✓ રાજધાની : લખનઉ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. પુસ્તક : ધ પ્રેસિડેન્સિઅલ યર્સ

✓ થીમ: ભારતરત્ન અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના અવસાન પહેલાંના સંસ્મરણો



✓ પ્રકાશક : રૂપા

✓ આગામી જાન્યુઆરી ૨૦૨૧માં પ્રકાશિત થશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૪. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ-૨૦૨૦ (પર્યાવરણ)

વર્ષ-૨૦૨૦ના કાર્બન ઉત્સર્જનમાં ૨.૪ અબજ મેટ્રિક ટનનો ઘટાડો : ધરતી પર કાર્બનનું પ્રદૂષણ 7 ટકા ઓછું થયું



મહત્વની આંકડાકીય વિગતો :

✓ ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટે આપેલા અહેવાલ પ્રમાણે આ વર્ષે હવામાં ૨.૪ અબજ મેટ્રિક ટન ઓછો કાર્બન ઉમેરાયો.

✓ જ્યારે વર્ષ-૨૦૧૯માં હવામાં ૩૬.૪ અબજ ટન કાર્બન ઠલવાયો હતો. આ વર્ષે ૩૪ અબજ ટન જ ઠલવાયો છે.

✓ ચીન, અમેરિકા, યુરોપિયન સંઘ અને ભારત એ કાર્બનના ચાર મોટા ઉત્સર્જકો.

✓ ચીને વર્ષ-૨૦૧૯માં ૧૦.૨ અબજ ટન કાર્બન જ્યારે વર્ષ-૨૦૨૦માં ૧૦ અબજ ટન કાર્બન ઉત્પન્ન કર્યો.

✓ અમેરિકાનો આંકડો પણ ૫.૩ અબજ ટનથી ઘટીને ૪.૭ અબજ ટન થયો.

✓ યુરોપના દેશોનું કાર્બન ઉત્પાદન ૨૦૧૯માં ૨.૯ અબજ ટન હતું, એ ૨.૬ અબજ ટન થયું.

✓ ભારતનો આંકડો ૨.૬ અબજ ટનથી ઘટીને ૨.૪ અબજ ટન થયો.

✓ કાર્બનનો આ ઘટાડો ટકાવારી દૃષ્ટિએ સાત ટકા જેવો થાય છે. બીજા વિશ્વયુદ્ધ પછીનો આ સૌથી મોટો ઘટાડો છે.

✓ દોઢસો-પોણા બસ્સો વર્ષથી કાર્બન ઠલવાવાનું પ્રમાણ સતત વધતું રહ્યું છે. એમાં એકાદ વર્ષે ઘટે તો લાંબો ફરક પડવાનો નથી. એટલે જ કાર્બનના પ્રમાણમાં માંડ સાત ટકા ઘટાડો આવ્યો છે.

✓ કાર્બનનું ઉત્સર્જન ઘટ્યું છતાં હવામાં દર સેકન્ડે સરેરાશ ૧૦૭૫ ટન કાર્બન હવામાં ઠલવાયો છે.

સૌથી વધુ કાર્બન ક્યાંથી પેદા થાય છે?

ઉત્સર્જક	પ્રમાણ (ટકા)
કોલસો	૩૯
ઓઈલ	૩૩
ગેસ	૨૧
સિમેન્ટ	૪

✓ જગતના કાર્બન ઉત્સર્જન-પ્રદૂષણમાં ૧૯૫૦ના દાયકા પછી અચાનક ઉછાળો

આવ્યો છે. કેમ કે એ પહેલા પેટ્રોલિયમ અને ગેસની વ્યાપક હાજરી જ ન હતી.

સૌથી મોટા કાર્બન ઉત્સર્જક દેશ

✓ જગતનું ૬૫ ટકા કાર્બન પ્રદૂષણ છ દેશો-સંગઠનમાંથી આવે છે.

ઉત્સર્જક	પ્રમાણ (ટકા)
ચીન	૨૮
અમેરિકા	૧૫
યુરોપિયન સંઘ	૮
ભારત	૭
રશિયા	૫
જાપાન	૩

વ્યક્તિદીઠ કાર્બન ઉત્પાદન

ઉત્સર્જક	વ્યક્તિદીઠ ઉત્પાદન (ટન)
અમેરિકા	૧૬.૧
રશિયા	૧૧.૫
જાપાન	૮.૭
ચીન	૭.૧
યુરોપ	૬.૬
ભારત	૧.૯

✓ વૈશ્વિક વ્યક્તિ દીઠ કાર્બન ઉત્સર્જનનું સરેરાશ પ્રમાણ ૪.૭ ટન છે. જયારે ભારત તેનાથી ત્રણ ગણું ઓછુ કાર્બન ઉત્સર્જન કરે છે.

✓ ભારતમાં સૌથી વધુ પ્રદૂષણ ફેલાવનાર તત્વ કોલસો છે.

✓ ઊર્જા મથકો કે કારખાના કોલસા વગર ચાલવાના નથી. ખાસ કરીને ઊર્જા ઉત્પાદનમાં કોલસાની અનિવાર્યતા ઘટે તો પ્રદૂષણમાં મોટો કાપ આવી શકે.

✓ ભારતમાં કુલ ૨.૪ અબજ ટન કાર્બન ઉત્સર્જનમાં એકલા કોલસાનો જ ફાળો ૧.૬ અબજ ટન છે.

✓ ત્યારબાદ ઓઈલનું પ્રમાણ ૦.૬ અબજ ટન, ગેસથી સર્જાતુ ઉત્સર્જન ૦.૧ અબજ ટન અને સિમેન્ટથી પણ લગભગ ૦.૧ અબજ ટન ઉત્સર્જન થાય છે.

ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ વિશે :

✓ વિશ્વભરની પર્યાવરણ સંસ્થા અને વિજ્ઞાનીઓનું બનેલુ સંગઠન.

✓ કાર્ય : વિશ્વભરના કાર્બનનું ટ્રેકિંગ કરવાનું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. એનર્જી, એન્વાર્યમેન્ટ અને વેધર કાઉન્સિલનો અહેવાલ (ક્લાઈમેટ ચેન્જ)

75 ટકા ભારતના વાતાવરણમાં ભયાનક ફેરફારો : દોઢ દાયકામાં કુદરતી હોનારતો વધી : તાપમાન 0.6 ટકા વધ્યું



અન્ય વિગતો :

- ✓ યુનાઈટેડ નેશન્સના પર્યાવરણ પ્રોગ્રામના અહેવાલ મુજબ ભારતમાં વર્ષ 1970થી વર્ષ 2005 દરમિયાન 35 વર્ષમાં 250 પૂર-દુકાળ-વાવાઝોડાં જેવી કુદરતી હોનારતો જ્યારે 2005થી 2020 સુધીના 15 વર્ષમાં 310 હોનારતો સર્જાઈ ચૂકી
- ✓ યુએનના પર્યાવરણના અહેવાલમાં ચેતવણી અપાઈ હતી કે વિશ્વનું તાપમાન આ સદીના અંત સુધીમાં સરેરાશ 3 ડિગ્રી વધી જશે.
- ✓ દુનિયામાં લગભગ 12,000 કરતાં વધુ હોનારતો થઈ હતી અને તેના કારણે 3.54 ટ્રિલિયન ડોલરનું આર્થિક નુકસાન દુનિયાને થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ – 12 ડિસેમ્બર આંતરરાષ્ટ્રીય સાર્વભૌમિક સ્વાસ્થ્ય કવરેજ દિવસ

- ✓ **થીમ-૨૦૨૦ : 'બધા માટે આરોગ્ય - બધા માટે સલામતી'.**



- ✓ **હેતુ :** લોકો અને સંસ્થાઓને દરેક સુધી આરોગ્ય સુવિધા પહોંચાડવાની જરૂરિયાત વિશે જાગૃત કરવા

ઇતિહાસ :

- ✓ સંયુક્ત રાષ્ટ્રએ 72/138 ઠરાવ દ્વારા 12 ડિસેમ્બર 2017ના રોજ આંતરરાષ્ટ્રીય સાર્વભૌમિક સ્વાસ્થ્ય કવરેજ દિવસની સ્થાપના કરી.
- ✓ સાર્વત્રિક સ્વાસ્થ્ય કવરેજનો અર્થ એ છે કે દેશમાં વસતા તમામ લોકો અને સમુદાયોને ગુણવત્તાવાળી આરોગ્ય સેવાઓ માટે સમાન તક મળે.
- ✓ યુએચસીનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે દરેકને તેમની જાતિ, ધર્મ, લિંગ, આવક સ્તર, સામાજિક દરજ્જાને ધ્યાનમાં લીધા વગર પરવડે તેવી, પ્રતિભાવકારક, ગુણવત્તાવાળી અને યોગ્ય આરોગ્ય સેવાઓ મળી રહે.
- ✓ આરોગ્ય સેવાઓમાં રોગ નિવારણ, સારવાર અને પુનર્વસનની સંભાળ સામેલ.
- ✓ ટકાઉ વિકાસ માટે એજન્ડા-2030 હેઠળ બધા દેશોએ વર્ષ 2030 સુધીમાં સાર્વત્રિક આરોગ્ય કવરેજ પ્રાપ્ત કરવા પ્રતિબદ્ધતા વ્યકત કરી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મદિન વિશેષ – 12 ડિસેમ્બર ટૂંકીવાર્તાના ભિષ્મ પિતામહ : ધૂમકેતુ

જન્મ - 12 ડિસેમ્બર 1892

અવસાન - 11 માર્ચ 1965



- ✓ આજે સમાજશાસ્ત્રી જી.એસ.ઘુર્યે અને ધૂમકેતુનો જન્મદિવસ તથા ક્રિકેટર જશુ પટેલ અને મૈથલીશરણ ગુપ્તની પુણ્યતિથિ
- ✓ મૂળ નામ - ગૌરીશંકર ગૌવર્ધનરામ જોષી
- ✓ જન્મ -સૌરાષ્ટ્રના જલારામધામ વીરપુર.
- ✓ 1914માં મેટ્રિક અને 1920માં સ્નાતક થયા
- ✓ ગોંડલ રેલવે સ્કૂલમાં શરૂમાં નોકરી કર્યા પછી અમદાવાદમાં ખાનગી શાળાઓમાં પણ નોકરી કરી.

સાહિત્ય સર્જન :

વાર્તા સંગ્રહો

- ✓ તણખામંડળ ભાગ 1થી 4, અવશેષ,પ્રદીપ, ત્રિભેટો, આકાશદીપ, આમ્રપાલી, ચંદ્રલેખા
- ✓ પોસ્ટ ઓફિસ, ભૈયાદાદા, ગોવિંદનું ખેતર, લખમી, હૃદયપલટો, પૃથ્વી અને સ્વર્ગ વગરે સર્વાધિક લોકપ્રિય વાર્તાઓ.
- ✓ આત્મકથાનક: જીવન પંથ અને જીવન રંગ
- ✓ ઉપરાંત અનેક ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ
- ✓ ધૂમકેતુને 1935માં રણજિતરામ સુવર્ણ ચંદ્રક આપવાનું નક્કી થયું હતું પણ તેઓએ તેને પરત કર્યો હતો.
- ✓ 1953માં નર્મદ ચંદ્રક એનાયત થયો હતો.
- ✓ 11 માર્ચ 1965માં તેમનું અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૧૨-૨૦૨૦)

1. નેશનલ ફેમિલી હેલ્થ સરવેના ડિસેમ્બર-2020ના અહેવાલ અનુસાર ગુજરાતમાં કેટલા ટકા પુરુષ તથા મહિલાઓ ડાયાબિટીસની સમસ્યાથી પીડાય છે - **33 તથા 30**
2. નેશનલ ફેમિલી હેલ્થ સરવેના ડિસેમ્બર-2020ના અહેવાલ અનુસાર ગુજરાતમાં કેટલા ટકા પુરુષ તથા મહિલાઓ હાઈપર ટેન્શનની સમસ્યાથી પીડાય છે - **37 તથા 38**
3. નેશનલ ફેમિલી હેલ્થ સરવેના ડિસેમ્બર-2020ના અહેવાલ અનુસાર ગુજરાતમાં વર્ષ 2015-16ના સરવેની સરખામણીમાં 2019-20મા સેક્સ રેશિયો વધીને કેટલો થયો - **950થી 965**
4. નેશનલ ફેમિલી હેલ્થ સરવેના ડિસેમ્બર-2020ના અહેવાલ અનુસાર ગુજરાતમાં કેટલા ટકા લોકોને વીજળી અને પાણીની સુવિધા મળી રહે છે - **97**
5. નેશનલ ફેમિલી હેલ્થ સરવેના ડિસેમ્બર-2020ના અહેવાલ અનુસાર ગુજરાતમાં કેટલા ટકા યુવતીઓ-યુવકો લગ્નની નક્કી કરેલી ઉંમર કરતાં વહેલા પરણી જાય છે. – **22 તથા 28**
6. ડિસેમ્બર-2020માં ઉત્તરપ્રદેશ સરકારે સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની અછત નિવારવા કયો મહત્વનો નિર્ણય કર્યો - **10 વર્ષ ફરજિયાત તબીબી સેવા ન કરનાર PMS તબીબને રૂપિયા એક કરોડનો દંડ**
7. ડિસેમ્બર-2020માં ઉત્તરપ્રદેશ સરકારે લીધેલા મહત્વના નિર્ણય અનુસાર PG કોર્ષ અધવચ્ચેથી છોડનાર તબીબને કેટલા વર્ષ માટે ડિબાર કરવામાં આવશે - **ત્રણ**
8. PMSનું વિસ્તૃત નામ જણાવો - **પ્રોવિન્સિયલ મેડિકલ સર્વિસ**

9. ઉત્તરપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રી કોણ છે - **યોગી આદિત્યનાથ**
10. ઉત્તરપ્રદેશની વર્તમાન રાજધાની કઈ છે - **લખનઉ**
11. આગામી જાન્યુઆરી 2021માં પ્રકાશિત કયા પુસ્તકમાં ભારતરત્ન અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના અવસાન પહેલાંના સંસ્મરણો છે - **ધ પ્રેસિડેન્સિઅલ યર્સ**
12. ધ પ્રેસિડેન્સિઅલ યર્સ પુસ્તકનું પ્રકાશન કોણે કર્યું છે - **રૂપા**
13. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ-2020ના અહેવાલ મુજબ વર્ષ 2020માં કાર્બન ઉત્સર્જનમાં કેટલો ઘટાડો થયો છે - **2.4 અબજ મેટ્રિક ટન**
14. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ-2020ના અહેવાલ મુજબ વર્ષ 2020માં પૃથ્વી ઉપર કાર્બનનું પ્રદૂષણ કેટલા ટકા ઓછું થયું છે - **7 ટકા**
15. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ-2020ના અહેવાલ મુજબ વર્ષ 2019માં હવામાં કેટલો કાર્બન ઠલવાયો હતો - **36.4 અબજ ટન**
16. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ-2020ના અહેવાલ મુજબ વિશ્વના ચાર મોટા કાર્બન ઉત્સર્જન દેશ જણાવો - **ચીન, અમેરિકા, યુરોપિયન સંઘ અને ભારત**
17. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ-2020ના અહેવાલ મુજબ ભારતે વર્ષ 2020માં કેટલો કાર્બન ઉત્સર્જન કર્યો હતો - **2.4 અબજ ટન**
18. વિશ્વમાં સૌથી વધુ કાર્બન કયા ઉત્સર્જકથી ઉત્પન્ન થાય છે - **કોલસો-39%, ઓઇલ-33%, ગેસ-21%**
19. વિશ્વના સૌથી મોટા 65% કાર્બન પ્રદૂષણ 6 દેશ, સંગઠનના નામ અને ટકાવારી જણાવો - **ચીન-28%, અમેરિકા-15%, યુરોપિયન સંઘ-8%, ભારત-7%, રશિયા-5% અને જાપાન-3%**
20. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ-2020ના અહેવાલ મુજબ કાર્બન ઉત્સર્જક અને વ્યક્તિદીઠ ઉત્પાદન જણાવો - **અમેરિકા-16.1%, રશિયા-11.5, જાપાન-8.7, ચીન-7.1, યુરોપ-6.6 અને ભારત-1.9%**
21. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ-2020ના અહેવાલ મુજબ વૈશ્વિક વ્યક્તિદીઠ કાર્બન ઉત્સર્જનનું સરેરાશ પ્રમાણ જણાવો - **4.7 ટન**
22. ભારતમાં સૌથી વધુ પ્રદૂષણ ફેલાવનાર તત્વ અને ટકાવારી જણાવો - **કોલસો અને 1.6 અબજ ટન**
23. તાજેતરના એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વેધર કાઉન્સિલના અહેવાલ મુજબ કેટલા ટકા ભારતના વાતાવરણમાં ભયાનક ફેરફારો આવ્યા છે - **75%**
24. એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વેધર કાઉન્સિલના અહેવાલ મુજબ તાપમાન કેટલા ટકા વધ્યું છે - **0.6%**
25. UNના પર્યાવરણના અહેવાલ મુજબ વિશ્વનું તાપમાન આ સદીના અંત સુધીમાં સરેરાશ કેટલા ડિગ્રી વધવાની ચેતવણી અપાઈ છે - **3 ડિગ્રી**
26. આંતરરાષ્ટ્રીય સાર્વભૌમિક સ્વાસ્થ્ય કવરેજ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **12 ડિસેમ્બર**
27. આંતરરાષ્ટ્રીય સાર્વભૌમિક સ્વાસ્થ્ય કવરેજ દિવસ-2020ની થીમ જણાવો - **'બધા માટે આરોગ્ય - બધા માટે સલામતી'**
28. પ્રતિ વર્ષ 12 ડિસેમ્બરે કયા હેતુસર આંતરરાષ્ટ્રીય સાર્વભૌમિક સ્વાસ્થ્ય કવરેજ દિવસ મનાવવામાં આવે છે - **દરેક સુધી આરોગ્ય સુવિધા પહોંચાડવાની જરૂરિયાત વિશે જાગૃત કરવા**
29. ટકાઉ વિકાસ માટે એજન્ડા-2030 હેઠળ બધા દેશોએ કયા વર્ષ સુધીમાં સાર્વત્રિક આરોગ્ય કવરેજ પ્રાપ્ત કરવા પ્રતિબદ્ધતા વ્યકત કરી છે - **વર્ષ 2030**
44. ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તાના ભિષ્મ પિતામહ તરીકે કોણ ઓળખાય છે - **ધૂમકેતુ**
45. ગુજરાતી સાહિત્યકાર ધૂમકેતુનો જન્મ દિવસ જણાવો - **12 ડિસેમ્બર 1892**
46. ગુજરાતી સાહિત્યકાર ગૌરીશંકર ગૌવર્ધનરામ જોષીનું તખ્ખલુસ જણાવો – **ધૂમકેતુ**
30. વિશ્વપ્રસિદ્ધ ગુજરાતી વાર્તા પોસ્ટ ઓફિસના સર્જકનું નામ જણાવો- **ધૂમકેતુ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. ખેલકૂદ : ગુજરાતી ટેનિસ સ્ટાર અંકિતા રૈના દુબઈ ATF ડબલ્સમાં ચેમ્પિયન



- ✓ વિજેતા જોડી : ભારતીય અંકિતા રૈના અને જોર્જિયાની કેટરિન ગોગોઈ
- ✓ પ્રકાર : હાર્ડ કોર્ટ ટુર્નામેન્ટ
- ✓ યજમાન : દુબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નવી ફાયર પોલીસી : ગુજરાત સરકાર (આપત્તિ વ્યવસ્થાપન)



નવી નીતિની મહત્વની બાબતો :

- ✓ ડાયરેક્ટર ઓફ ફાયરની નવી પોસ્ટ : ચાર ઝોનમાં ફાયર ઓફિસરની નિમણૂક
- ✓ નવા મકાનો માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ - NOC ત્રણ વર્ષ માટે માન્ય રહેશે
- ✓ અમલ : આગામી તા. ૨૬ જાન્યુઆરી-૨૦૨૧થી
- ✓ બિલ્ડિંગની ડિઝાઈન-વિકાસ પરવાનગી વખતે જ ફાયર સેફ્ટીની મંજૂરી લેવી પડશે

1. ફાયર સેફ્ટી ઓફિસર તરીકે યુવા એન્જિનીયરને જરૂરી તાલીમ પછી ફાયર સેફ્ટી ઓફિસર તરીકે ખાનગી પ્રેક્ટિસ માટે સરકાર મંજૂરી આપશે. આથી સ્થાનિક વહીવટી તંત્રમાં ફાયર સેફ્ટી, એનઓસી,

રિવ્યુઅલની કામગીરીનું વધુ પડતું ભારણ ઓછું થશે.

2. કોમર્શિયલ કોમ્પ્લેક્સ, શાળા-કોલેજ, હોસ્પિટલ, બહુમાળી મકાન, ઓદ્યોગિક એકમોને ફાયર એનઓસી તથા દર છ મહિને રિન્યુઅલ કરાવવાની સેવા ઝડપથી મળશે. એટલું જ નહીં વિના વિલંબે મળશે. મિલકત માલિકો પોતાની પસંદગીના ફાયર સેફ્ટી ઓફિસરની સેવા લઈ શકશે.

3. ફાયર એનઓસી લેવા માટે કચેરીએ ધક્કા ખાવાના રહેશે નહીં. રાજ્ય સરકાર ફાયર સેફ્ટીઓ-ફાયર સેફ્ટી કોમ્પ્લાયન્સ પોર્ટલ વિક્સાવશે. આ પોર્ટલ પરથી સેફ્ટી એનઓસી, રિન્યુઅલ, ઓનલાઈન પેમેન્ટ અને ફાયર સેફ્ટી ઓફિસર સહિતની તમામ માહિતી મળી રહેશે.

4. ઓનલાઈન ભરવાના ફોર્મ, અરજી, પ્રમાણપત્રો બધુ જ સામાન્ય માણસને પણ સમજાય અને જાતે એપ્લાય કરી શકે એ રીતે તેનું સરલીકરણ કરાયું છે. નવા બિલ્ડિંગ માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ 3 વર્ષ માટે માન્ય રહેશે. રિન્યુઅલ સર્ટિફિકેટ 2 વર્ષ માટે માન્ય રહેશે.

5. ડેવલોપરે બાંધકામની પરવાનગી વખતે જ ફાયર સેફ્ટી પ્લાનની મંજૂરી લેવી પડશે. બાંધકામ પૂરું થયા પછી ફાયર સેફ્ટી પ્રમાણપત્ર અને ત્યારપછી અગ્નિશમન વ્યવસ્થા વગેરે ચકાસ્યા પછી ફાયર સેફ્ટી સર્ટિફિકેટ રિન્યૂ થશે. સમયાંતરે ઇન્સ્પેક્શન પણ કરાતું રહેશે.

6. ફાયર સેફ્ટી ઓફિસર જે ફાયર એનઓસી રિન્યૂ કરે તેનું રેન્ડમ ચકાસણી કરશે. પ્રમાણપત્ર આપતા પહેલા બધા જ પેરામીટર ધ્યાનમાં લેવાયા છે કે નહીં તે ચકાસશે. જો તેમાં ચૂક જણાશે તો ફાયર સેફ્ટી ઓફિસરની સાથે બિલ્ડર, કબજેદાર સામે પણ દંડનીય કાર્યવાહી કરાશે.

✓ એજન્સી : ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM)

GUJARAT INSTITUTE OF DISASTER MANAGEMENT
BUILDING RESILIENCE

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૩. સંરક્ષણ અંગે મહત્વનો નિર્ણય : કેન્દ્ર સરકાર (સંરક્ષણ)

Ministry of Defence
Government of India

ભારતીય સેનાને ૧૫ દિવસ સુધીનાં યુદ્ધ માટેનો શસ્ત્રસરંજામનો સ્ટોક કરવા કેન્દ્રની મંજૂરી

વ્યૂહાત્મક મહત્વ :

- ✓ ચીન સાથે એલએસી અને પાકિસ્તાન સાથે એલઓસી ઉપર ચાલી રહેલા સતત સંઘર્ષને પગલે ભારત સરકારે સેનાને વધુ શસ્ત્ર સજ્જ કરવા મહત્વનો નિર્ણય લીધો.
- ✓ તાજેતરમાં જ ભારત સરકાર દ્વારા સૈન્યની ત્રણેય પાંખને હવે ૧૦ દિવસના બદલે ૧૫ દિવસ સુધી યુદ્ધ લડી શકાય તેટલો શસ્ત્રસરંજામનો અનામત જથ્થો જમા કરવાની પરવાનગી આપવામાં આવી છે.
- ✓ ચીન અને પાકિસ્તાન સાથેના તણાવભર્યા સંબંધોને જોતાં ઘણા સમયથી ભારતીય સેના એકસાથે બે મોરચે યુદ્ધ લડવાની તૈયારીઓ કરી રહી છે.
- ✓ સૈન્યને આપવામાં આવેલા વિશેષ અધિકારો હેઠળ આગામી કેટલાક સમયમાં ૫૦,૦૦૦ કરોડનાં વધારાનાં ખર્ચ સાથે દેશી અને વિદેશી હથિયારો અને દારૂગોળા તથા શસ્ત્રસરંજામ અને રક્ષા સાધનો ખરીદવામાં આવશે.

અગાઉની અને વર્તમાન સ્થિતિ :

પહેલાં ૪૦ દિવસ ચાલે એટલો સ્ટોક રખાતો હતો

- ✓ એક સમયે ૪૦ દિવસ સુધી સ્ટોક રિઝર્વ રાખવાની સૈન્યને પરવાનગી આપવામાં આવતી હતી.
- ✓ જેમ જેમ યુદ્ધની સ્થિતિ બદલાતી ગઈ, હથિયારો અને દારૂગોળાની સ્થિતિ બદલાતી ગઈ, પરિસ્થિતિઓ બદલાતી ગઈ તેમ તેમ તેમાં ફેરફાર થતા ગયા અને રિઝર્વ સ્ટોકની મર્યાદા ૧૦ દિવસ કરવામાં આવી હતી.
- ✓ ઉરી હુમલા બાદ સરકારને ફરીથી તેની ગંભીરતા ધ્યાને આવી અને તેમાં સુધારા લાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો.
- ✓ તત્કાલીન સંરક્ષણમંત્રી પારિકરે ત્રણેય સેનાઓની આર્થિક શક્તિઓ ૧૦૦ કરોડથી વધારીને ૫૦૦ કરોડ કરી દીધી હતી.
- ✓ સેનાઓને રૂ. ૩૦૦ કરોડના ઇમર્જન્સી ફાઇનાન્શિયલ પાવર પણ આપવામાં આવ્યા છે.
- ✓ ખાસ : ટેન્ક, મિસાઈલ અને તોપગોળા ઉપર વધારે ધ્યાન અપાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. RTGS : ભારતમાં આ સુવિધા ૨૪ કલાક ઉપલબ્ધ (આર્થિક)

- ✓ અમલ : ૧૪ ડિસેમ્બર-૨૦૨૦થી



વિગત :

- ✓ મોટી રકમના ટ્રાન્ઝેક્શન માટેની ધ રીઅલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ સિસ્ટમ (RTGS) સુવિધા હવે ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે.

- ✓ આરબીઆઇના આ પગલાંના કારણે ભારત ૨૪ કલાક RTGS સુવિધા ધરાવતા ગણ્યાગાંઠ્યા દેશોની યાદીમાં સામેલ.
- ✓ રોજના રૂપિયા ૪.૧૭ લાખ કરોડના ૬.૩૫ લાખ ટ્રાન્ઝેક્શન RTGSના માધ્યમથી થાય છે. RBIએ ૧ જાન્યુઆરી ૨૦૨૧થી પોઇન્ટ ઓફ સેલ ટર્મિનલ પર કોન્ટેક્ટલેસ કાર્ડ ટ્રાન્ઝેક્શનની મર્યાદા રૂપિયા ૨૦૦૦થી વધારીને રૂપિયા ૫૦૦૦ કરવાનો નિર્ણય કર્યો છે.

RTGS વિશે :

- ✓ દિવસના પ્રારંભ અને અંતના ઇન્ટરવલ સિવાય ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે, ઇન્ટરવલનો સમય સિસ્ટમ પર જાહેર કરાશે
- ✓ સરળ ઓપરેશન માટે ઇન્ટ્રા-ડે લિક્વિડિટી ફેસિલિટી ઉપલબ્ધ કરાવાશે
- ✓ સામાન્ય બેંકિંગ કલાકો પછી થનારા RTGS ટ્રાન્ઝેક્શન એસટીપી મોડ દ્વારા થશે
- ✓ ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર : શક્તિકાન્તા દાસ
- ✓ મુખ્ય મથક : મુંબઈ
- ✓ સ્થાપના : વર્ષ-૧૯૩૫
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ – 13 ડિસેમ્બર

ભારતીય સંસદ ઉપરના આંતકી હુમલાની ૧૯મી વરસી



- ✓ સંસદ ઉપર હુમલો : તા. ૧૩-૧૨-૨૦૦૧, નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મદિન વિશેષ – 13 ડિસેમ્બર

કળાના શહિદ : હાજી મહમદ શિવજી



જન્મ - 13 ડિસેમ્બર 1878

અવસાન - 21 જાન્યુઆરી 1921

- ✓ ગુજરાતી પત્રકારત્વ જગતમાં નવાચારી દૃષ્ટિકોણના પ્રણેતા હાજી મહમદ અલારખા શિવજીનો આજે જન્મદિવસ છે.
- ✓ હાજી મૂળ કચ્છના ઈસરા આશરી ખોજા, જન્મ ભુજમાં પણ મુંબઈમાં સ્થાયી થયા હતા.
- ✓ તેમને પિતાનો વેપાર સાથે સાહિત્યપ્રેમ પણ વારસામાં મળ્યો હતો.

- ✓ હાજી ખુદ ફારસી, મરાઠી, ગુજરાતી અને અંગ્રેજીના જ્ઞાતા હતા.
- ✓ તેમણે 1910માં "ગુલશન" સામયિક દ્વારા પત્રકારત્વની શરૂઆત કરી હતી.
- ✓ જે માત્ર એક વર્ષ ચાલ્યું પણ મહત્વકાંક્ષા ગુજરાતી ભાષામાં રંગીન સામયિક કાઢવાની હતી.
- ✓ "વીસમી સદી" નામે સામયિકની પર્યાપ્ત તૈયારી કરી તેના પહેલા અંકના કવર પેજનો બ્લોક બનાવવા માટે ઠેઠ વિલાયત મોકલેલા, મુખપૃષ્ઠ લંડનના છાપખાનામાં છપાયું હતું.
- ✓ છ રૂપિયા લવાજમ સાથે તેના લગભગ ચાર હજાર ગ્રાહકો હતી, વિદેશમાં પણ તેના ગ્રાહકો હતા. છતાં દેવુ કરવું પડ્યું પણ હાજીએ તેને ટકાવવા માટે સર્વસ્વ રેડી દીધું.
- ✓ વીસમી સદી સામયિકને ઊભું કરવામાં ઘરના બે માળ વેચવા પડેલા પણ હોંશલો બુલંદ હતો.
- ✓ હાજીએ પત્રકારત્વની સાથે સલીમ ઉપનામે ઈમાનના મોતી , નૂરજહાંનનો પ્રેમ, શીશ મહલ, રશીદા જૈવા પુસ્તકો પણ લખ્યા છ.
- ✓ 21 જાન્યુઆરી 1921ના રોજ તેમનું અવસાન થયું હતું .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૧૨-૨૦૨૦)

1. તાજેતર ડિસેમ્બર 2020માં કઈ ગુજરાતી ખેલાડી દુબઈ ATF ડબલ્સમાં ચેમ્પિયન બની છે - **અંકિતા રૈના**
2. દુબઈ ATF 2020 ડબલ્સમાં ચેમ્પિયન મહિલા જોડીનું નામ અને દેશ જણાવો - **અંકિતા રૈના, ભારત અને કેટરીન ગોગોઇ, જ્યોર્જિયા**
3. તાજેતરમાં દુબઈ ATF ટુર્નામેન્ટ કયા કોર્ટ ઉપર રમાઈ - **હાર્ડ કોર્ટ**
4. તાજેતરમાં દેશમાં સૌપ્રથમવાર કયા રાજ્ય દ્વારા નવી ફાયર પોલીસી જાહેર કરવામાં આવી છે - **ગુજરાત સરકાર**
5. ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બરમાં જાહેર કરેલી નવી ફાયર પોલીસીનો અમલ ક્યારે થશે - **26 જાન્યુઆરી 2020**
6. ગુજરાતની નવી ફાયર પોલીસી અંતર્ગત કંઈ નવી જગ્યા ઊભી કરાશે - **ડાયરેક્ટર ઓફ ફાયર અને ચાર ઝોનમાં ફાયર ઓફિસર**
7. નવા મકાનો માટે ફાયર સેફટી કેટલા વર્ષ માટે માન્ય રહેશે - **3**
8. નવી ફાયર પોલિસી અંતર્ગત રિન્યૂઅલ સર્ટિફિકેટ કેટલા વર્ષ માટે માન્ય રહેશે - **2 વર્ષ**
9. ગુજરાત સરકારની નવી ફાયર પોલીસી કઈ એજન્સી દ્વારા તૈયાર કરાઈ - **ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ**
10. ભારતીય સેનાને તાજેતરમાં કેટલા દિવસ સુધીના યુદ્ધ સ્ટોકને-શસ્ત્ર સરંજામની મંજૂરી અપાઈ - **15 દિવસ**
11. ભારતીય સેનાને ઇમર્જન્સીમાં કેટલા કરોડની ખરીદી કરવાની સત્તાઓ આપેલી છે - રૂ.300 કરોડ
12. RTGSનું વિસ્તૃત નામ જણાવો - **ધ રીઅલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ સિસ્ટમ**
13. RBI દ્વારા તાજેતરમાં મોટી રકમના ટ્રાન્ઝેક્શન માટે કઈ સુવિધા ૨૪ કલાક ઉપલબ્ધ કરાવી - **RTGS**
14. ભારતમાં કયારથી RTGSની સુવિધા ઉપલબ્ધ થશે - **૧૪ ડિસેમ્બર-૨૦૨૦થી**
15. ભારતમાં રોજના કેટલા રૂપિયાના ૬.૩૫ લાખ ટ્રાન્ઝેક્શન RTGSના માધ્યમથી થાય છે – **રૂ. ૪.૧૭ લાખ કરોડ**

16. RBIએ કયારથી પોઇન્ટ ઓફ સેલ ટર્મિનલ પર કોન્ટેક્ટલેસ કાર્ડ ટ્રાન્ઝેક્શનની મર્યાદા રૂ.૨૦૦૦થી વધારીને રૂ. ૫૦૦૦ કરવાનો નિર્ણય કર્યો છે – **તા.૦૧-૦૧-૨૦૨૧થી**
17. ભારતીય રિઝર્વ બેન્કના વર્તમાન ગવર્નર કોણ છે - **શક્તિકાન્તા દાસ**
18. તા.૧૩-૧૨-૨૦૨૦ના રોજ ભારતીય સંસદ ઉપરના આંતકી હુમલાની કેટલામી વરસી ઉજવવામાં આવી – **૧૯**
19. નવી દિલ્હી ખાતે ભારતીય સંસદ ઉપર આંતકવાદી હુમલો કયારે થયો હતો - **તા. ૧૩-૧૨-૨૦૦૧**

47. હાજી મહમદ શિવજીનો જન્મદિવસ જણાવો-**13 ડિસેમ્બર 1878**
20. હાજી મહમદ અલારખા શિવજીનું જન્મ સ્થળ જણાવો- **ભૂજ (કચ્છ)**
21. હાજી મહમદ અલારખા શિવજીએ વર્ષ-1910માં કયા સામયિક દ્વારા પત્રકારત્વની શરૂઆત કરી હતી - **“ગુલશન”**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. ભારતમાં કોવિડ રસીકરણ માટે નવી ગાઈડલાઈન જાહેર : કેન્દ્ર સરકાર (આરોગ્ય)



- ✓ KOVIN : કોવિડ વેક્સિન ઈન્ટેલિજન્સ નેટવર્ક સિસ્ટમ
- ✓ શરૂઆતમાં દરેક બૂથ ઉપર રોજ ૧૦૦ લોકોને રસી અપાશે
- ✓ **૧૨ પૂરાવા માન્ય :** વોટર આઈડીઆઈડી, આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ વગેરે.

ગાઈડલાઈન અંગે :

- ✓ કોવિડ વેક્સિન ઈન્ટેલિજન્સ નેટવર્ક સિસ્ટમ - કોવિન દ્વારા રજિસ્ટર્ડ લોકોને જ ટ્રેક કરવામાં આવશે અને તેના દ્વારા એન્ટિ કોરોના વેક્સિનેશન અંગે રિયલ ટાઈમ ઈન્ફોર્મેશન મળશે
- ✓ પહેલેથી રજિસ્ટર્ડ વ્યક્તિને જ રસી આપવામાં આવશે
- ✓ ઓન ધ સ્પોટ વેક્સિનેશનની કોઈ વ્યવસ્થા નથી
- ✓ રાજ્યોમાં એક જિલ્લામાં એક જ વેક્સિન મેન્યુફેક્ચરરની વેક્સિન એલોટ કરાશે
- ✓ વેક્સિન વાઈલ મોનિટર નહીં થાય, બોટલ પર એક્સપાયરી ડેટ નહીં હોય તેથી રસીકરણ ઉપર અસર ન પડવી જોઈએ
- ✓ વેક્સિનેશન પછી બાકી રહેલી તમામ બોટલ્સને આઈસપેકમાં મૂકીને ડિસ્ટ્રિબ્યૂટિંગ કોલ્ડ ચેન પોઈન્ટ ઉપર લઈ જવાશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ભારતીય નેવી : CDS જનરલ બિપીન રાવત દ્વારા INS હિમગીરી લૉન્ચ કરાયું



- ✓ સ્થળ : હુગલી - કોલકત્તા
- ✓ પ્રોજેક્ટ 17-એનું પ્રથમ યુદ્ધ જહાજ હિમગીરી લૉન્ચ
- ✓ દેશમાં પ્રોજેક્ટ 17-એ હેઠળ બનાવાઈ રહેલા યુદ્ધ જહાજ આઈએનએસ હિમગીરીનું તા.૧૪-૧૨-૨૦૨૦ના રોજ જલાવતરણ કરાયું હતું. હવે તેનું પરીક્ષણ થશે.
- ✓ તેને ડિફેન્સ પીએસયુ ગાર્ડન રીચ શિપ બિલ્ડર દ્વારા બનાવાયું છે.
- ✓ દુશ્મનના રડારની પકડમાં ન આવે તેવા આ પ્રકારના ત્રણ યુદ્ધ જહાજનું નિર્માણ થઈ રહ્યું છે.
- ✓ INS : ઈન્ડિયન નેવલ શિપ
- ✓ CDS : ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સિદ્ધિ : હરિયાણા જાહેરખબરો માટે ERP સોફ્ટવેર ધરાવતું દેશનું પ્રથમ રાજ્ય(ટેકનોલોજી)



ફાયદા :

- ✓ હરિયાણામાં મીડિયા હાઉસીસને જારી થનારી સરકારી જાહેરખબરો અને તેની ચૂકવણીની પ્રક્રિયા હવે સંપૂર્ણપણે ઓનલાઈન હશે.
- ✓ આ માટે મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે તા.૧૪-૧૨-૨૦૨૦ના રોજ એન્ટરપ્રાઈઝીસ રિસોર્સ પ્લાનિંગ (ઈઆરપી) સોફ્ટવેર લૉન્ચ કર્યું.
- ✓ આવું કરનારું હરિયાણા પહેલું રાજ્ય બન્યું.

હેતુ :

- ✓ આખી પ્રક્રિયામાં પારદર્શકતા લાવવાનો.

- ✓ સોફ્ટવેર શરૂ થવાથી રિલીઝ ઓર્ડર અને જાહેરખબર સંબંધિત ચૂકવણી પણ આ જ ઓનલાઈન સિસ્ટમ થકી થશે.
- ✓ બિલ અપલોડ થયા પછી 30 દિવસમાં મીડિયા હાઉસને જાહેરખબરની ચૂકવણી થઈ જશે.
- ✓ આ સિસ્ટમ તા.૧૫-૧૨-૨૦૨૦ના રોજથી લાગુ થશે.
- ✓ નવી વ્યવસ્થા પ્રમાણે વિવિધ વિભાગો અને બોર્ડ/નિગોમાંથી મળેલી અપીલોના આધારે મીડિયા પ્લાન ઓનલાઈન જનરેટ થશે.
- ✓ પ્રિન્ટ મીડિયા માટે મીડિયા પ્લાનની સ્વીકૃતિ અને રિલીઝ ઓર્ડરનું સર્જન ઓનલાઈન વર્કફ્લો પર આધારિત હશે.
- ✓ ખટ્ટરે વીડિયો કોન્ફરન્સ દ્વારા જોડાયેલા વિવિધ મીડિયા હાઉસના પ્રતિનિધિઓની હાજરીમાં આ સોફ્ટવેર લોન્ચ કર્યું હતું.
- ✓ મુખ્યમંત્રી : મનોહરલાલ ખટ્ટર
- ✓ રાજધાની : ચંદીગઢ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. હિમાલયન શેરો : લુપ્ત મનાયેલું 'હિમાલયન શેરો' પ્રથમવાર સ્પિતિ વેલીમાં જોવા મળ્યું

- ✓ હિમાચલ પ્રદેશની સ્પિતિ વેલીમાં પ્રકૃતિના ખજાના જેવો વન વિસ્તાર આવેલો છે.
- ✓ હિમાચલના જંગલોમાં પ્રથમવાર 'હિમાલયન શેરો' નામે ઓળખાતું પ્રાણી જોવા મળ્યું હતું.



- ✓ આ પ્રાણી મૂળ તો એક પ્રકારનું હરણ છે, પણ દેખાવ બકરી જેવો છે.
- ✓ સંશોધકોએ કયારનું તેને લુપ્ત માની લીધું હતું.
- ✓ આંતરરાષ્ટ્રીય સજીવ લિસ્ટમાં પણ એ લુપ્ત કેટેગરીમાં મુકાયું હતું. એ વચ્ચે હિમાચલ વનવિભાગના કેમેરામાં જોવા મળતા અહીં તેની વસ્તી હોવાનો આશાવાદ ઉભો થયો છે.
- ✓ હવે સમગ્ર જંગલ વિસ્તારનો વ્યવસ્થિત સર્વે કરી પ્રાણીની હાજરી અંગે તપાસ કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : 14 ડિસેમ્બર

રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ



- ✓ હેતુ : ભવિષ્યના વપરાશ માટે ઉર્જાની બચત કરવાનો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મદિન વિશેષ – 14 ડિસેમ્બર

ધ ગ્રેટ શો મેન : રાજકપૂર



જન્મ - 14 ડિસેમ્બર 1924

અવસાન - 2 જૂન 1988

- ✓ પ્રસિદ્ધ ભવિષ્યવેત્તા નોસ્ત્રડેમસ અને અભિનેતા, દિગ્દર્શક અને નિર્માતા રાજકપૂરનો આજે જન્મદિવસ છે.
- ✓ પિતા પૃથ્વીરાજ કપૂરને દીકરા રાજ તરફથી વિશેષ આશા ન હતી.
- ✓ રાજ કપૂરે 1935માં 'ઇન્કલાબ'થી ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી, 1949માં ફિલ્મ "આગ"નું નિર્માણ કરી સૌથી નાની વયના નિર્દેશક બન્યા અને આર.કે.સ્ટૂડિયોનું નિર્માણ પણ કર્યું
- ✓ પછી તો જિસ દેશમાં ગંગા બહતી હૈ, આવારા, સંગમ, મેરા નામ જોકર, શ્રી 420, બોબી, સત્યમ શિવમ સુન્દરમ્, પ્રેમરોગ, રામ તેરી ગંગા મૈલી જેવી અનેક ફિલ્મોમાં અભિનય અને નિર્દેશન કર્યું.
- ✓ મહાન માણસો કદી સરળ ન હોય તે ન્યાયે તેઓ પોતાના નાયક નાયિકાઓ અને ભાઈઓ સુદ્ધાં સાથે કામ કરતી વખતે અત્યંત કઠોર રહેતા અને તેનું જ પરિણામ રાજકપૂરની સફળતા છે.
- ✓ સંગીતની સારી સમજ, પોતાના જીવન પર આધારિત ફિલ્મની વિષયવસ્તુ, નાયિકાઓને રજૂ કરવાનો અનોખો અંદાજ વગેરે તેઓની ફિલ્મી કારકિર્દીના વિશેષો રહ્યા છે.
- ✓ 11 વખત ફિલ્મ ફેર એવોર્ડ, ત્રણ વાર નેશનલ પુરસ્કાર, દાદાસાહેબ ફાળકે પુરસ્કાર, પદ્મભૂષણથી પુરસ્કૃત.
- ✓ 2 જૂન 1988ના રોજ તેમનું અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૧૨-૨૦૨૦)

1. ભારતમાં કોવિડ વિતરણ માટેની KOVINનું વિસ્તૃત નામ જણાવો- **કોવિડ વેક્સિન ઇન્ટેલિજન્સ નેટવર્ક સિસ્ટમ**
2. તાજેતરમાં ભારતમાં કોવિડ રસીકરણ માટેની નવી ગાઇડલાઇન મુજબ શરૂઆતમાં એક બુથ ઉપર કેટલા લોકોને રસી અપાશે - **100**
3. ભારતમાં કોરોના રસી માટે કઈ સિસ્ટમ ઉપર નોંધાયેલા લોકોને રસી આપવામાં આવશે - **કોવિન KOVIN**
4. ભારતમાં કોરોના રસીની નોંધણી માટે કેટલાં પુરાવા માન્ય રાખવામાં આવ્યા છે - **12**
5. ડિસેમ્બર-2020માં ભારતીય નેવી દ્વારા કયું યુદ્ધ જહાજ લોન્ચ કરવામાં આવ્યું છે - **INS હિમગીરી**
6. તાજેતરમાં ભારતીય નેવી દ્વારા INS હિમગીરી કઈ નદીમાંથી તરતું મુકાયું - **હુગલી, કોલકત્તા**
7. તાજેતરમાં ભારતીય નેવી દ્વારા પ્રથમ INS હિમગીરી યુદ્ધ જહાજ કયા પ્રોજેક્ટ અંતર્ગત લોન્ચ કરાયું - **પ્રોજેક્ટ-17**
8. INSનું વિસ્તૃત નામ જણાવો - **indian naval ship**
9. ભારતના પ્રથમ CDSનું નામ જણાવો - **બિપીન રાવત**
10. ડિસેમ્બરમાં કયા રાજ્ય દ્વારા સૌપ્રથમ જાહેરખબર માટેનું ERP સોફ્ટવેર લોન્ચ કરાયું - **હરિયાણા**
11. ERP સોફ્ટવેરનું વિસ્તૃત નામ જણાવો - **એન્ટરપ્રાઇઝીસ રિસોર્સ પ્લાનિંગ**
12. 14 ડિસેમ્બરે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે - **રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ**
13. હરિયાણાના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **મનોહરલાલ ખટ્ટર**
14. વર્ષો અગાઉ લુપ્ત થયેલું "હિમાલયન શેરો" ડિસેમ્બર 2020માં પ્રથમવાર ક્યાં જોવા મળ્યું છે - **સ્પિતિ વેલી, હિમાચલ પ્રદેશ**
15. "હિમાલયન શેરો" મૂળ કયા પ્રકારનું પ્રાણી છે - **હરણ**
16. 14 ડિસેમ્બર કયા દિવસ તરીકે ઉજવાય છે - **રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ**
17. હિન્દી ફિલ્મના અભિનેતા-દિગ્દર્શક રાજકપૂરનો જન્મ દિવસ જણાવો - **14 ડિસેમ્બર, 1924**
18. પ્રખ્યાત ફિલ્મ સ્ટૂડિયો આર.કે.સ્ટૂડિયોનું નિર્માણ કોણે કર્યું હતું – **રાજકપૂર**
19. રાજકપૂરે પોતાને ફિલ્મી કારકિર્દી કઈ ફિલ્મ દ્વારા કરી હતી - **ઈન્કલાબ 1935**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. કચ્છ : વડાપ્રધાન મોદીના હસ્તે ત્રણ વિવિધ વિકાસ પ્રોજેક્ટના શિલાન્યાસ



(૧) સરહદ ડેરી અંજાર-કચ્છ : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે સરહદ ડેરીના વિવિધ કામોનો શિલાન્યાસ

શિલાન્યાસ :

- ✓ અંજાર (કચ્છ)માં ૨ એલએલપીડી ક્ષમતાના (૪ એલએલપીડી સુધી ક્ષમતા વધારવા સક્ષમ) સંપૂર્ણ સ્વયંસંચાલિત દૂધ પ્રોસેસિંગ અને પેકેજિંગ પ્લાન્ટનો વિડિઓ કોન્ફરન્સિંગના માધ્યમથી શિલાન્યાસ



- ✓ 'સરહદ ડેરી' કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. હેઠળ કાર્યરત
- ✓ શિલાન્યાસ સ્થળ : ધોરડો-કચ્છ
- ✓ તા. ૧૫-૧૨-૨૦૨૦
- ✓ વિભાગ : કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર – ગુજરાત સરકાર

(૨) વિશ્વનો સૌથી મોટા રિન્યૂએબલ એનર્જી પાર્ક



- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કચ્છ ખાતે ૩૦ GW (૩૦,૦૦૦ MW) ક્ષમતાનો વિશ્વનો સૌથી મોટો હાઇબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક અને દૈનિક 10 કરોડ લિટર ક્ષમતાના ડિસેલિનેશન પ્લાન્ટનો શિલાન્યાસ
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની ખાસ ઉપસ્થિતિ
- ✓ સ્થળ : ધોરડો-ભૂજ

વિશ્વનો સૌથી મોટા રિન્યૂએબલ એનર્જી પાર્ક વિશે :

- ✓ કચ્છના ખાવડા ખાતે ભારત-પાક. સરહદ પર સ્થિત
- ✓ પવન અને સૌર ઊર્જા બન્ને સાથે આ પ્રકારનો પ્રથમ પાર્ક
- ✓ 72,600 હેક્ટર વિસ્તારની ફાજલ જમીનનું આ પ્રકારનાં પ્રથમ હાઇબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કમાં રૂપાંતરણ
- ✓ વર્ષ 2030 સુધીમાં 450 GW (4,50,000 MW) ઊર્જા ઉત્પન્ન કરવાના આપણા પ્રધાનમંત્રીશ્રીના વિઝનને પૂર્ણ કરવામાં તે મુખ્ય ભૂમિકા ભજવશે
- ✓ કચ્છના રણના ઉત્તરીય ભાગમાં પ્રસ્તાવિત 30 GW હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક

(૩) ડિસેલિનેશન પ્લાન્ટ

- ✓ કચ્છના માંડવી ખાતે દૈનિક 10 કરોડ લિટરની ક્ષમતા સાથે ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની દીર્ઘદ્રષ્ટિભરી પહેલ
- ✓ ગુજરાતમાં 5 ડિસેલિનેશન પ્લાન્ટમાંથી એક અન્ય પ્લાન્ટ્સ દહેજ (100 MLD), દ્વારકા (70 MLD), ઘોઘા (70 MLD) અને ગીર સોમનાથ (30 MLD) ખાતે
- ✓ આ પ્લાન્ટ પુર્ણ થયા બાદ ગુજરાતની ડિસેલિનેશન ક્ષમતા દૈનિક 37 કરોડ લિટર થઇ જશે
- ✓ નર્મદા ગ્રીડ, સૌની યોજના નેટવર્ક અને ટ્રીટેડ વેસ્ટ વોટર ઇન્ફ્રાસ્ટ્રકચરના પૂરક તરીકે પાણીની સુરક્ષાને મજબૂત બનાવે છે

વડા પ્રધાન મહત્વના અંશો :

- ✓ ધોરડોના સફેદ રણમાંથી ખાવડા વિધાકોટની વચ્ચે ૭૨,૬૦૦ હેક્ટરમાં ઊભા થનારા વિશ્વના સૌથી મોટા ૩૦ હજાર ગિગા વોટના હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક, સરહદ ડેરીના દૂધ વિસ્તરણ પ્રકલ્પ અને ગુંદિયાળી માંડવી તથા દહેજ, સૌરાષ્ટ્રના દ્વારકા, ગીર સોમનાથ સહિતના

૩૭ એમએલડી ડિસેલિનેશન પ્લાન્ટનો વર્ચ્યુઅલ શિલાન્યાસ કર્યો હતો.

- ✓ ગુજરાતમાં ૨૦૨૨ સુધી ૩૦ હજાર મેગાવોટ ગ્રીન એનર્જીનાં ઉત્પાદનનું લક્ષ્ય ગણાવ્યું હતું.
- ✓ ૧૫મી ડિસેમ્બરના સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ હોવાથી તેમને અંજલિ આપી હતી.
- ✓ સૌર ઊર્જાની નીતિ બતાવનારું ગુજરાત પ્રથમ રાજ્ય
- ✓ ગુજરાત પ્રથમ રાજ્ય છે કે જ્યાં સૌર ઊર્જાની નીતિ બનાવવામાં આવી છે.
- ✓ નહેરો પર સોલાર પેનલ્સ લગાવાઈ છે. ૧૬ રૂપિયામાં મળતી વીજળી રૂપિયા ૨ કે ૩માં મળતી થઈ છે.
- ✓ અગાઉ જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે રાત્રે વાળુ કરવા માટે વીજળી મળવી જોઈએ તેવી માગણી હતી.
- ✓ આજે ૨૪ કલાક વીજળી સમગ્ર રાજ્યમાં મળી રહી છે.
- ✓ **શિલાન્યાસનું બોર્ડ સૌપ્રથમવાર સંસ્કૃત ભાષામાં તૈયાર કરાયું : કુલ-૪ ભાષામાં બોર્ડ રજૂ થયુ**

એજન્સીઓ :

- ✓ ગુજરાત હાઈબ્રિડ રિન્યૂઅબલ એનર્જી પાર્ક
- ✓ ગુજરાતી પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડ
- ✓ GWIL : ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૨. પ્રજાસત્તાક પરેડ નવી દિલ્હી : ૨૬ જાન્યુઆરી-૨૦૨૧

ભારતમાં મુખ્ય અતિથિ તરીકે UKના વડાપ્રધાન બોરિસ જહોન્સ ઉપસ્થિત રહેશે



- ✓ બોરિસ જહોન્સની વડાપ્રધાન બન્યા બાદ ભારતની આ પ્રથમ મુલાકાત
- ✓ અગાઉ ૧૯૯૩માં UKના તત્કાલિન વડાપ્રધાન જહોન મેજર ભારતના પ્રવાસે હતા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. પોઝિટિવ પે સિસ્ટમ (બેન્કિંગ સેવા)

✓ અમલ : તા. ૦૧-૦૧-૨૦૨૧થી

શું છે પોઝિટિવ પે સિસ્ટમ :

✓ તા. ૧લી જાન્યુઆરી-૨૦૨૧થી ચેક દ્વારા ચુકવણીની પોઝિટિવ પે સિસ્ટમ લાગુ પડશે.



✓ 50 હજારથી વધુની રકમને લાગુ પડશે.

✓ જે વ્યક્તિ ચેક આપે તેમાં લાભાર્થીનું નામ, રકમની વિગત બેન્કને SMS કે મોબાઈલ એપથી આપવાની રહેશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.પુસ્તક વિમોચન - નામ : 'ઇન્ડિયા'ઝ બ્રેવહાર્ટસ અનટોલ્ડ સ્ટોરિઝ ફ્રોમ ધ ઈન્ડિયન આર્મી'

✓ **વિષયવસ્તુ :** ભારતીય સૈન્યના જવાનોના સાહસોના પ્રસંગો

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. અવસાન : સ્વદેશી LCA તેજસ વિમાન નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવનારા વૈજ્ઞાનિક પ્રોફેસર રોડમ નરસિમ્હાનું ૮૭ વર્ષે નિધન

✓ **પ્રદાન :** ભારતમાં એરોસ્પેસ ક્ષેત્રે મહત્વનું યોગદાન

✓ પદ્મવિભૂષણ : વર્ષ-૨૦૧૩



✓ જન્મ : તા.૨૦ જુલાઈ ૧૯૩૩

✓ સ્થળ : બેંગલુરુ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૬. ખેલકૂદ : ICC દ્વારા મહિલા વન-ડે વર્લ્ડકપનો કાર્યક્રમ જાહેર



✓ સમયગાળો : ૪ માર્ચથી ૩ એપ્રિલ ૨૦૨૨

✓ ભારત સહિત કુલ આઠ ટીમ

✓ યજમાન : ન્યુઝીલેન્ડ

✓ ICC : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ

✓ મુખ્યમથક : દુબઈ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ – 15 ડિસેમ્બર

સરદાર વલ્લભભાઈ પટેલની પૂણ્યતિથિ

અવસાન – 15 ડિસેમ્બર- 1950

અવસાન – મુંબઈ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. જન્મદિન વિશેષ – 15 ડિસેમ્બર

ચૂંટણી સુધારક : ટી.એન. શેષાન



જન્મ - 15 ડિસેમ્બર 1932

અવસાન - 10 નવેમ્બર 2019

✓ જૂના મદ્રાસ રાજ્યના પલક્કડ ખાતે જન્મેલા ટી. એન. શેષાનનું આખુ નામ તિરુનેલ્લાઈ નારાયણ ઐયર હતું.

✓ શેષાનનો અભ્યાસ ઇવેન્જિકલ મિશન હાયર સેકન્ડરી સ્કૂલ, ગવર્નમેન્ટ વિક્ટોરિયા કોલેજ, મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ અને હાર્વડ યુનિ.માં થયો હતો.

✓ ટી. એન. શેષાને થોડો સમય પ્રોફેસર તરીકે પણ કામ કર્યું હતું.

✓ 1954ની બેચના આઇએએસ શેષાને અનેક સ્થાનોએ અધિકારી તરીકે જવાબદારીઓ નિભાવી.

✓ 12 ડિસેમ્બર-1990ના રોજ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો.

ચૂંટણીલક્ષી સુધારા :

✓ ચૂંટણી કમિશનર તરીકે તેઓએ ઇલેક્શન કાર્ડ, ચૂંટણી ખર્ચની મર્યાદા, ચૂંટણી દરમિયાન રોજના ખર્ચા રજૂ કરવા, ઓબ્ઝર્વરોની નિયુક્તિ જેવા મોડેલ કોડ ઓફ કંડક્ટ લાગુ કરી દેશમાં તંદુરસ્ત ચૂંટણી પ્રક્રિયા બનાવી હતી.

✓ શેષાન 1997માં રાષ્ટ્રપતિની ચૂંટણી લડ્યા અને હાર્યા હતા.

✓ 10 નવેમ્બર 2019ના રોજ 87 વર્ષની વયે તેમનું અવસાન થયુ હતુ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૧૨-૨૦૨૦)

1. તાજેતરમાં 15 ડિસેમ્બર 2020 ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કયા ત્રણ પ્રોજેક્ટનું કચ્છમાં ભૂમિપૂજન કરાયું – (૧) અંજાર ખાતે સરહદ ડેરી (૨)

ખાવડા ખાતે રિન્યૂએબલ એનર્જી પાર્ક તથા (૩) માંડવી ખાતે ડિસેલિનેશન પ્લાન્ટ

2. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કઈ ડેરી અંતર્ગત સંપૂર્ણ સ્વયંસંચાલિત દૂધ પ્રોસેસિંગ - પેકેજિંગ પ્લાન્ટનો શિલાન્યાસ કરાયો - **સરહદ ડેરી, અંજાર**
3. તાજેતરમાં 15 ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિશ્વનો સૌથી મોટો કેટલી ક્ષમતાના હાઇબ્રીડ રિન્યુએબલ એલર્જી પાર્કનું ભૂમિ પૂજન કરાયું - **30 GW અથવા 30,000 મેગાવોટ**
4. તાજેતરમાં 15 ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કચ્છના માંડવીમાં કેટલા કરોડ લીટર દૈનિક ક્ષમતાના ડિસેલિનેશન પ્લાન્ટનું ભૂમિપૂજન કરાયું - **10 કરોડ લિટર**
5. કચ્છના રણમાં અંદાજિત કેટલા હેક્ટર વિસ્તારની ફાજલ જમીન ઉપર વિશ્વનો સૌ પ્રથમ હાઇબ્રીડ એનર્જી પાર્ક બનવા જઈ રહ્યો છે - **72,600 હેક્ટર**
6. ભારતમાં વર્ષ 2030 સુધીમાં કેટલા ગીગાવોટ પરંપરાગત ઊર્જા ઉત્પાદન કરવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે - **450GW**
7. ગુજરાતમાં કયા કયા સ્થળે ડિસેલિનેશન પ્લાન્ટ તૈયાર કરવામાં આવશે – **સરહદ ડેરી દૂધ વિસ્તરણ પ્રકલ્પ અને ગુંદિયાળી માંડવી તથા દહેજ, સૌરાષ્ટ્રના દ્વારકા, ગીર સોમનાથ સહિતના ૩૭ એમએલડી ડિસેલિનેશન પ્લાન્ટ**
8. સોલર ઊર્જા નીતિ બનાવનાર ભારતનું પ્રથમ રાજ્ય જણાવો - **ગુજરાત**
9. કચ્છમાં વડાપ્રધાનશ્રી દ્વારા વિવિધ 3 શિલાન્યાસ પ્રસંગે સ્ટેજ બેનર કઈ ભાષામાં તૈયાર કરાયું હતું - **સંસ્કૃત સહિત કુલ ૪ ભાષામાં**
10. નવી દિલ્હી ખાતે તા. ૨૬ જાન્યુઆરી-૨૦૨૧ પ્રજાસત્તાક પરેડના દિવસે મુખ્ય અતિથિ તરીકે કોણ ઉપસ્થિત રહેશે - **UKના વડાપ્રધાન બોરિસ જહોન્સ**
11. અગાઉ કયા વર્ષે UKના તત્કાલિન વડાપ્રધાન જહોન મેજર ભારત પ્રવાસે આવ્યા હતા - **૧૯૯૩**
12. પોઝિટિવ પે સિસ્ટમ કયારથી અમલી બનશે - **તા. ૦૧-૦૧-૨૦૨૧થી**
13. ચેક દ્વારા ચુકવણીની પોઝિટિવ પે સિસ્ટમ અંતર્ગત જે વ્યક્તિ ચેક આપે તેમાં લાભાર્થીની કઈ વિગત બેન્કને SMS કે મોબાઈલ એપથી આપવાની રહેશે - **લાભાર્થીનું નામ અને રકમની વિગત**
14. તાજેતરમાં વિમોચન કરાયેલા પુસ્તક 'ઇન્ડિયા'ઝ બ્રેવહાર્ટસ અનટોલ્ડ સ્ટોરિઝ ફ્રોમ ધ ઈન્ડિયન આર્મી'નું વિષયવસ્તુ શું છે - **ભારતીય સૈન્યના જવાનોના સાહસોના પ્રસંગોનું વર્ણન**
15. સ્વદેશી LCA તેજસ વિમાન નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવનારા કયા વૈજ્ઞાનિકનું ડિસેમ્બર-૨૦૨૦માં ૮૭ વર્ષે નિધન થયું – **પ્રો.રોડમ નરસિમ્હા**
16. ભારતમાં એરોસ્પેસ ક્ષેત્રે મહત્વનું યોગદાન આપનારા વૈજ્ઞાનિક પ્રો. રોડમ નરસિમ્હાને કયા વર્ષે પદ્મવિભૂષણથી સન્માનિત કરાયા હતા - **વર્ષ-૨૦૧૩**
17. ભારતીય વૈજ્ઞાનિક પ્રો. રોડમ નરસિમ્હાનો જન્મ કયારે-ક્યાં થયો હતો - **તા.૨૦ જુલાઈ ૧૯૩૩ તથા બેંગલુરુ**
18. ICC દ્વારા આગામી મહિલા વન-ડે વર્લ્ડકપ કયારે યોજાશે - **૪ માર્ચથી ૩ એપ્રિલ ૨૦૨૨**
19. આગામી વર્ષ-૨૦૨૨માં કયા સ્થળે મહિલા વન-ડે વર્લ્ડકપ યોજાશે - **ન્યુઝીલેન્ડ**
20. ક્રિકેટની સર્વોચ્ચ સંસ્થા ICCનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ**
21. ICCનું મુખ્યમથક કયાં આવેલું છે - **દુબઈ**
22. સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથી જણાવો- **15 ડિસેમ્બર 1950**
23. સરદાર વલ્લભભાઇ પટેલનું અવસાન કયા શહેરમાં હતું- **મુંબઈ**
24. ચૂંટણી સુધારક સ્વ. ટી.એન. શેષાનનો જન્મદિવસ જણાવો- **15 ડિસેમ્બર- 1932**
25. પૂર્વ ચૂંટણી કમિશનર ટી. એન. શેષાનનો જન્મ ક્યાં થયો હતો - **જૂના મદ્રાસ રાજ્યના પલક્કડ ખાતે**
26. પૂર્વ ચૂંટણી કમિશનર ટી. એન. શેષાનનું પુરૂનામ જણાવો - **તિરુનેલ્લાઈ નારાયણ ઐયર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. ધ ગુજરાત ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-૨૦૨૦ (કાયદો)



- ✓ અમલ : ૧૬ ડિસેમ્બર ૨૦૨૦થી
- ✓ હેતુ : ગુજરાતમાં જમીન પચાવી પાડવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ ડામી દેવા કડક કાયદો

એકટની મહત્વની જોગવાઇઓ :

- ✓ લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એકટ અન્વયે મળતી ફરિયાદોની ચકાસણી માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં કમિટીની રચના..

સમિતિના સભ્યો :

- ✓ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક, મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર ઉપરાંત શહેરી વિકાસ સત્તામંડળના સી.ઇ.ઓ. અને અધિક નિવાસી કલેકટર આ સમિતિના સભ્યો રહેશે.
- ✓ સરકારી જમીન પર ગેરકાયદેસર કબજાના કિસ્સામાં જિલ્લા કલેકટરને અને રાજ્ય સરકારને આપમેળે-સુઓમોટો પગલાં લેવાની સત્તા.
- ✓ કમિટીની બેઠક ફરજિયાતપણે દર ૧૫ દિવસે યોજાશે.
- ✓ તપાસના પ્રથમ તબક્કાથી જ દરેક સ્ટેજ માટે પ્રક્રિયાની સમયમર્યાદા નિશ્ચિત.

- ✓ જિલ્લા કલેકટરની અધ્યક્ષતાવાળી કમિટી સમક્ષ તપાસ અહેવાલ રજૂ થાય તેના ૨૧ દિવસમાં કમિટી નિર્ણય લેશે.
- ✓ કમિટી એ નિષ્કર્ષ પર આવે કે આ ગુનો છે અને પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય જાહેર કરે ત્યારે એક સપ્તાહ (૭ દિવસ)માં ફરિયાદ નોંધાશે.



- ✓ ફરિયાદ (F.I.R.) નોંધાય તેના ૩૦ દિવસમાં સંપૂર્ણ તહોમતનામું આ કાયદાના અમલ માટેની ખાસ અદાલત-સ્પેશ્યલ કોર્ટમાં રજૂ કરવાનું રહેશે.
- ✓ આ કાયદા અન્વયે ગુનાઓની તપાસ નાયબ પોલીસ અધિક્ષક-Dy.SP દરજ્જાના અધિકારી કરશે.
- ✓ કેસોના ઝડપી નિકાલ-ગુનેગારોને કડક સજા અને અસરગ્રસ્ત-નિર્દોષ વ્યક્તિને યોગ્ય વળતર માટે વિશેષ અદાલતો.
- ✓ વિશેષ અદાલતો સમક્ષ ચલાવવામાં આવનારા કેસોનો વધુમાં વધુ ૬ મહિનામાં નિકાલ કરાશે.
- ✓ વિશેષ અદાલતોને દિવાની અને ફોજદારી-બંને અદાલતોની સત્તા.
- ✓ જે વ્યક્તિ પર જમીન પચાવી પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેણે આવી જમીન પોતે પચાવી પાડી નથી તેવું કોર્ટ સમક્ષ સાબિત કરવું પડશે. જેથી કેસ ઝડપથી પૂરવાર કરવામાં વેગ આવશે.
- ✓ જમીન ખરીદનારે ખરીદી માટેના નાણાંકીય સ્ત્રોત પોતાની આવકમાંથી ઊભા કરેલા છે તેવું સાબિત કરવાનું રહેશે.

સજાની જોગવાઈઓ :

- ✓ આ કાયદા હેઠળ ગુનેગાર દોષિત ઠરે તો ઓછામાં ઓછી ૧૦ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષની કેદની સજાની કડક જોગવાઈ.
- ✓ મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષાની જોગવાઈ.
- ✓ લેન્ડ ગ્રેબીગ પ્રોહિબિશન એક્ટ સરકારી, અર્ધ સરકારી સંસ્થાની જમીન, જાહેર સાહસોની જમીન, ધાર્મિક-સખાવતી સંસ્થાની જમીન તેમજ ખાનગી જમીનને લાગુ પડશે.
- ✓ જમીન પચાવી પાડનાર, મદદગારી કરનાર, ગેરકાયદેસર કબજો લેવા માટે નાણાંકીય સહાય કરનાર, ગુનાઈત

ધાકધમકીથી ભાડુ, વળતર કે બીજા ચાર્જ વસૂલ કરનાર, કાયદેસરના અધિકાર વગર કબજા-ભોગવટા હક્ક, પટ્ટો, લાયસન્સ, કબુલાત, તબદીલી કે વેચાણ ઉભા કરનાર વ્યક્તિઓને સજા થઈ શકશે.

- ✓ વ્યક્તિ, સમૂહ અથવા મંડળ, એસોસિએશન, કંપની કે સંસ્થાઓ પણ ગુનેગાર હોઈ શકે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨.ઈ-ગુજકોપ એપ - ગૃહ વિભાગ : ગુજરાતની ઈ-ગુજકોપ દેશમાં પ્રથમ ક્રમે (કાયદો-ટેકનોલોજી)



વિગત :

- ✓ ગુડ ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાત આજે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે.
- ✓ દેશના તમામ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશમાં સંચાલિત સી.સી.ટી.એન.એસ એપ્લીકેશન અંતર્ગત ગુજરાતના ગૃહ વિભાગની ઈ-ગુજકોપ એપ્લિકેશન પ્રથમ ક્રમે.
- ✓ પ્રારંભ : ૧૯ સપ્ટેમ્બર-૨૦૧૩
- ✓ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રારંભ કરાયો હતો.

CCTNS પ્રોજેક્ટ : ટોપ ફાઈવ રાજ્ય :

ગુજરાત	૯૯.૯૯
તેલંગણા	૯૭.૬
કર્ણાટક	૯૫.૬
આંધ્રપ્રદેશ	૯૩.૮
તામિલનાડુ	૮૪.૯

- ✓ CCTNS : ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ એન્ડ નેટવર્ક સોફ્ટવેર
- ✓ ગૃહ રાજ્યમંત્રી : પ્રદિપસિંહ જાડેજા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. મ્યુકર માઈક્રોસિસ રોગ (આરોગ્ય)

ગુજરાતમાં કોરોનાથી સાજા થયેલા ડાયાબિટીસના દર્દીઓમાં હવે મ્યુકર માઈક્રોસિસનો રોગ - અમદાવાદ સિવિલમાં કેસ જોવા મળ્યા

પ્રભાવિત દર્દી :

- ✓ ડાયાબિટીસ, બ્લડ કેન્સર અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટવાળા દર્દીઓ સૌથી વધુ અસરગ્રસ્ત
- ✓ આ બીમારી એક વ્યક્તિથી બીજામાં નથી ફેલાતી પરંતુ હાઈ ડાયાબિટીસ હોય, બ્લડ કેન્સર કે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હોય કે પછી રોગ પ્રતિકારક શક્તિ ઓછી તેઓ મ્યુકર માઈકોસીસના શિકાર થઈ રહ્યા છે.

દવા :

- ✓ ઈન્ફ્લેટેરેસીના બી ઈન્જેક્શનથી ઈલાજ કરીએ છીએ. આ ઈન્જેક્શન ત્રણ પ્રકારના છે, જેમાં લિપિડ, લાઈપોલાઈઝ અને કોલાઈડ બેઝ ઈન્જેક્શન હોય છે.

ગુજરાતમાં ડાયાબિટિસના દર્દીઓ :

- ✓ ગુજરાતમાં ૪૫ લાખ જેટલા લોકોને ડાયાબિટીસની બીમારી
- ✓ ICMRના એક લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૪૫ લાખ જેટલા લોકો ડાયાબિટીસની બીમારીથી પીડાઈ રહ્યા છે.
- ✓ શહેરી વિસ્તારોમાં વસતિના ૧૦.૩ ટકા, ગ્રામ્ય વિસ્તારોમાં ૫.૧ ટકા એટલે કે રાજ્યમાં કુલ ૭.૧ ટકા લોકો ડાયાબિટીસથી પીડાઈ રહ્યા છે.
- ✓ મ્યુકર માઈક્રોસિસની બીમારીના જે કેસો સામે આવ્યા છે તેમાં મોટા ભાગના દર્દીઓ ડાયાબિટીસવાળા હોવાનું સામે આવ્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ : સુરત મહાનગરપાલિકા (ઊર્જા)

Surat Municipal Corporation

NTPC 750 ટન ઘનકચરામાંથી વિજળી પેદા કરી સુરત મનપાને આપશે

વિગત :

- ✓ કવાસ સ્થિત એનટીપીસી યુનિટે વર્ષ 2032 સુધી 1.30 લાખ મેગાવોટ સ્થાપિત વીજ ક્ષમતાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ ક્ષમતામાં વિવિધ મિશ્રિત ઇંધણ હશે, જેમાં 70 ટકા થર્મલ આધારિત અને 30 ટકા અન્ય વિદ્યુત ઉત્પાદન સામેલ હશે.
- ✓ આ સાથોસાથ એનટીપીસી કવાસએ તેના વેસ્ટ ટૂ એનર્જી પ્રોજેક્ટનું એક નવું સાહસ હાથમાં લીધું છે, જે અંતર્ગત 750 ટન ઘનકચરામાંથી વિજળી પેદા કરીને સુરતને આપશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૫. કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર (વહીવટ)

કેબિનેટના મહત્વના નિર્ણયો

- ✓ સેક્ટર : કૃષિ, ટેલિકોમ અને પાવર

(૧) ખાંડની નિકાસ પર રૂ.૩૫૦૦ કરોડની સબસીડી (કૃષિ)

વિગત :

- ✓ વર્તમાન માર્કેટિંગ વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૬૦ લાખ ટન ખાંડની નિકાસ પર ખાંડની મિલોને રૂપિયા ૩,૫૦૦ કરોડની સબસિડી આપવા સરકારની મંજૂરી.



- ✓ શેરડી પકવતા ખેડૂતોના ખાંડની મિલો પાસેના બાકી લેણા ચૂકવવામાં મદદરૂપ થવાના પ્રયાસ અંતર્ગત આ નિર્ણય.
- ✓ ખેડૂતોને મદદ કરવા સરકારે સબસિડીની રકમ તેમના બેન્ક ખાતામાં સીધી જમા કરાશે.
- ✓ રૂ.૬૦૦૦ પ્રતિ ટનના ભાવે ૬૦ લાખ ટન ખાંડની નિકાસ માટે આ સબસિડી અપાશે.
- ✓ સરકારના નિર્ણયને કારણે પાંચ કરોડ ખેડૂતો અને વિવિધ ખાંડની મિલોમાં કામ કરતા પાંચ લાખ કામદારોને મદદ મળશે.
- ✓ ખેડૂતોનાં બેન્ક ખાતામાં ૩ હપ્તામાં નાણાં જમા કરાવવામાં આવશે.
- ✓ એક સપ્તાહમાં જ ખેડૂતોનાં ખાતામાં રૂપિયા ૫,૩૬૧ કરોડ જમા કરાવી દેવાશે.
- ✓ નિકાસના રૂપિયા ૧૮,૦૦૦ કરોડ તેમના બાકી નીકળતા લેણાના પ્રમાણમાં ખેડૂતોનાં ખાતામાં જમા કરાવાશે.

(૨) માર્ચ ૨૦૨૧માં પ્રસ્તાવિત સ્પેક્ટ્રમની હરાજીના બીજા રાઉન્ડને મંજૂરી (ટેલિકોમ) :

વિગત :

- ✓ કેબિનેટે રૂ.૩.૯૨ લાખ કરોડની અનામત કિંમત ધરાવતા ૨,૨૫૧.૨૫ મેગાહર્ટ્ઝની હરાજીના પ્રસ્તાવને મંજૂરી આપી.
- ✓ ૭૦૦ MHz, ૮૦૦ MHz, ૯૦૦ MHz, ૧,૮૦૦ MHz, ૨,૧૦૦ MHz, ૨,૩૦૦ MHz અને ૨,૫૦૦ MHzની ફ્રિક્વન્સી બેન્ડ ધરાવતા સ્પેક્ટ્રમ કોર્મિશયલ મોબાઇલ સેવાઓ માટે ૨૦ વર્ષના ગાળા માટે અપાશે.
- ✓ હરાજીમાં સ્પેક્ટ્રમ મેળવનાર ટેલિકોમ સર્વિસ પ્રોવાઇડર્સ તેમની નેટવર્ક કેપેસિટીમાં વધારો કરી શકશે અને નવી કંપનીઓ ટેલિકોમ સેવાઓ શરૂ કરી શકશે.
- ✓ હરાજીના નિયમો વર્ષ ૨૦૧૬માં યોજાયેલી હરાજી પ્રમાણે રહેશે.

કેબિનેટના અન્ય નિર્ણયો :

(૩) નેશનલ સિક્યુરિટી ડિરેક્ટિવને મંજૂરી :

વિગત :

- ✓ સુરક્ષા મામલા પરની કેબિનેટની સમિતિઓ ટેલિકોમ્યુનિકેશન સેક્ટર પરના નેશનલ સિક્યુરિટી ડિરેક્ટિવને મંજૂરી આપી. જે અંતર્ગત સપ્લાય ચેઇન સિક્યુરિટીની અખંડતા જાળવવા સરકાર ટેલિકોમ સર્વિસ પ્રોવાઇડર્સના લાભ માટેના સોર્સ અને પ્રોડક્ટની યાદી જાહેર કરશે

(૪) પાવર ટ્રાન્સમિશન એન્ડ ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ

- ✓ કેન્દ્ર સરકારની આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ઇન્ટ્રા-સ્ટેટ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યૂશન સિસ્ટમને મજબૂત બનાવવા માટે ઉત્તર પૂર્વનાં ૬ રાજ્યોમાં નોર્થ ઇસ્ટર્ન રિજિયન પાવર સિસ્ટમ ઇમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ માટેની સુધારેલી અંદાજિત કિંમતને મંજૂરી આપી.
- ✓ સુરક્ષાના કારણોસર ચીનના ટેલિકોમ ઇક્વિપમેન્ટ બ્લેક લિસ્ટ પાવર ડિસ્ટ્રીબ્યુશન કરાશે
- ✓ કેન્દ્રીય સૂચના પ્રસારણ મંત્રી : પ્રકાશ જાવડેકર
- ✓ કેન્દ્રીય ટેલિકોમ્યુનિકેશન્સ મંત્રી : રવિશંકર પ્રસાદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૬. UN : હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૨૦ : વિશ્વના કુલ ૧૮૯ દેશોમાં ભારત ૧૩૧માં ક્રમે : વર્ષ ૨૦૧૯માં ભારત ૧૩૦મા ક્રમે હતું



માપદંડ :

- ✓ રાષ્ટ્રની આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણની સ્થિતિ.
- ✓ રિપોર્ટ પ્રમાણે ભારતમાં ૨૦૧૯માં સરેરાશ આયુષ્ય ૬૯.૭ વર્ષ નોંધાયુ છે, જ્યારે બાંગ્લાદેશમાં ૭૨.૬ વર્ષ નોંધાયુ છે.

ભારતની સ્થિતિ :

- ✓ રિપોર્ટ મુજબ ભારતની માથાદીઠ આવક ૨૦૧૮માં ૬૮૨૯ ડોલર હતી એ પણ ઘટીને ૬૬૮૧ ડૉલર થઈ હતી. આ ગણતરી પરચેસિંગ પાવર પેરિટીના ધોરણે કરવામાં આવી હતી.
- ✓ રિપોર્ટમાં નોંધ છે કે ભારતમાં મહિલાઓની સંપત્તિમાં વધારો થઈ રહ્યો છે અને તેના કારણે મહિલા સશક્તિકરણ પણ વધ્યું છે.
- ✓ લિસ્ટમાં અમેરિકા ૧૭મા ક્રમે, જાપાન ૧૯મા ક્રમે અને ચીન ૮૫મા ક્રમે છે.

પ્રથમ ૧૦ દેશો

ક્રમ	દેશ
૧	નોર્વે
૨	આર્યલેન્ડ
૩	સ્વિત્ઝરલેન્ડ
૪	હોંગકોંગ
૫	આઈસલેન્ડ
૬	જર્મની
૭	સ્વિડન
૮	ઑસ્ટ્રેલિયા
૯	નેધરલેન્ડ્સ
૧૦	ડેન્માર્ક

છેલ્લા ૧૦ દેશો :

ક્રમ	દેશ
૧૮૦	ઈરિટિયા
૧૮૧	મોઝામ્બિક
૧૮૨	બુર્કિનો ફાસો
૧૮૩	લિઓન
૧૮૪	માલી
૧૮૫	બરુન્ડી
૧૮૬	દક્ષિણ સુદાન
૧૮૭	ચાડ
૧૮૮	સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક
૧૮૯	નાઇઝર

પડોશી દેશોની સ્થિતિ :

- ✓ ભુતાન ૧૨૯મા ક્રમે, બાંગ્લાદેશ ૧૩૩મા ક્રમે, નેપાળ ૧૪૨મા ક્રમે, પાકિસ્તાન ૧૫૪મા ક્રમે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ખેલકૂદ : ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ ડે નાઈટ ટેસ્ટ પિન્ક બોલથી રમાશે



- ✓ યજમાન : એડિલેડ (ઓસ્ટ્રેલિયા)

પિન્ક બોલની ક્રાંતિ :

- ✓ પિન્ક બોલ વડે સૌપ્રથમ ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની વીમેન્સ ટીમ વચ્ચે ૨૦૦૯માં રમાયેલી વન-ડેમાં પ્રયોગ કરવામાં આવ્યો હતો.
- ✓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પિન્ક બોલ વડે સૌપ્રથમ ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ હતી, જે ઓસ્ટ્રેલિયાએ ત્રણ વિકેટે જીતી હતી.
- ✓ ડે-નાઇટ ટેસ્ટમેચમાં રેડ બોલ યુઝ ન કરવાનું કારણ તેને લાઇટ હેઠળ શોધવો અઘરો પડે છે. તેની તુલનાએ પિન્ક બોલ લાઇટ હેઠળ સરળતાથી પકડી શકાય છે.
- ✓ વ્હાઇટ બોલ પસંદ કરવાનું કારણ એ છે કે ટેસ્ટમેચ માટે તે ટકાઉ નથી.
- ✓ જો કે ત્રણેય ક્રિકેટ બોલ રેડ, વ્હાઇટ અને પિન્કની કોર કે પાયો એક જ છે. પિન્ક બોલ માટે લેધરને પિન્ક પિગમેન્ટમાં કોટ કરવામાં આવે છે.

પિન્ક બોલ અંગે જાણો

- ✓ પિન્ક બોલનું ઉત્પાદન ઓસ્ટ્રેલિયન કંપની કૂકાબૂરા દ્વારા જ કરવામાં આવે છે. આ પહેલા પીળા અને બ્રાઇટ ઓરેન્જ કલરના બોલનો પ્રયોગ થઈ ચૂક્યો છે, પરંતુ છેવટે પિન્ક બોલ પર સહમતી બની છે.
- ✓ કૂકાબૂરા પિન્ક બોલની સીમ કાળી હોય છે. તેના પર લાખનું એકસ્ટ્રા કોટિંગ હોય છે, તેના લીધે રેડ બોલ કરતાં પણ તેનો ચળકાટ અને રંગ લાંબા સમય સુધી રહે છે. તેમા લેધરનું પિન્ક પિગમેન્ટ વડે કોટિંગ કરવામાં આવે છે.

- ✓ રેડ બોલની તુલનાએ પિન્ક બોલને અંડર ધ લાઇટ સરળતાથી જોઈ શકાય છે. પિન્ક બોલ મેચના પ્રારંભિક સમયમાં વધારે સ્વિંગ થાય છે.
- ✓ ફૂકાબૂરા પિન્ક બોલની પ્લેક સીમ છે. આ પહેલા તેણે ડાર્ક ગ્રીન અને વ્હાઇટ સીમનો ઉપયોગ કર્યો હતો. પણ ૨૦૧૬માં તે બ્લેકઔ સીમ પર પરત ફર્યુ હતુ.
- ✓ પિન્ક બોલના ચળકાટને ઝાંખો પડવામાં ચારથી પાંચ દિવસનો સમય લાગે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ – 16 ડિસેમ્બર

વિજય દિવસ



મહત્વ -

- ✓ ૧૯૭૧ ભારત-પાકિસ્તાન યુદ્ધની સુવર્ણ જયંતિ - ૫૦ વર્ષ
- ✓ પરિણામ : યુદ્ધનો પ્રારંભ તા. ૩ ડિસેમ્બર ૧૯૭૧ અને શરણાગતિ : તા. ૧૬ ડિસેમ્બર ૧૯૭૧
- ✓ મહત્વની ભૂમિકા : ફિલ્ડ માર્શલ માણેક શો

વડાપ્રધાન શ્રી મોદીએ સ્વર્ણિમ વિજય મશાલ પ્રગટાવીને સ્વર્ણિમ વિજય વર્ષનો પ્રારંભ કરાવ્યો હતો.



વિગત :

- ✓ વર્ષ ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન પર હુમલો કરીને સ્વતંત્ર બાંગ્લાદેશની રચનાની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં નેશનલ વૉર મેમોરિયલ ખાતે ભારતીય સેનાના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.



સ્વર્ણિમ વિજય મશાલ વિશે :

- ✓ સ્વર્ણિમ વિજય મશાલ ૧૯૭૧ના યુદ્ધ પરમવીર ચક્ર અને મહાવીર ચક્રથી સન્માનિત થયેલા જવાનોનાં ગામો સહિત દેશના વિવિધ વિસ્તારોમાં લઇ જવાશે.
- ✓ ૧૬ ડિસેમ્બર ૧૯૭૧ આ એ તારીખ છે, જ્યારે ૧૩ દિવસની લડાઈ પછી

પાકિસ્તાનની સેનાએ ભારતીય સૈનિકોના શૌર્ય સામે આત્મસમર્પણ કર્યું હતું.

- ✓ એક નવો દેશ બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવ્યો.
- ✓ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ લોકસભામાં ભારતની જીતનું એલાન કર્યું ત્યારે આખો દેશ ગર્વ અનુભવતો હતો.
- ✓ ભારતીય સેનાએ પાકિસ્તાનને ૧૩ દિવસમાં ઘૂંટણિયે પડવા મજબૂર કરી દીધું હતું,
- ✓ પરંતુ એ માટે અનેક જવાનોએ કુરબાની આપી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૧૨-૨૦૨૦)

1. 'ધ ગુજરાત ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-૨૦૨૦' કાયદાનો અમલ કયારથી કરાશે–તા.**૧૬/૧૨/૨૦૨૦થી**
2. કયા હેતુસર ગુજરાત સરકાર દ્વારા 'ધ ગુજરાત ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-૨૦૨૦' અમલી બનાવાયો છે - **ગુજરાતમાં જમીન પચાવી પાડવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ ડામવા**
3. 'ધ ગુજરાત ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-૨૦૨૦'ની જોગવાઇ મુજબ લેન્ડ ગ્રેબ્રિંગ પ્રોહિબીશન એકટ અન્વયે મળતી ફરિયાદોની ચકાસણી માટે કોની અધ્યક્ષતામાં કમિટીની રચના કરાશે - **જિલ્લા કલેકટર**
4. લેન્ડ ગ્રેબ્રિંગ પ્રોહિબિશન એકટ અન્વયે મળતી ફરિયાદોની ચકાસણી માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં રચાયેલી કમિટીની બેઠક કયારે મળશે - **ફરજિયાતપણે દર ૧૫ દિવસે**
5. 'ધ ગુજરાત ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-૨૦૨૦' અન્વયે ગુનાઓની તપાસ કયા અધિકારી કરશે - **નાયબ પોલીસ અધિક્ષક-Dy.SP દરજ્જાના અધિકારી**
6. 'ધ ગુજરાત ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-૨૦૨૦' અન્વયે વિશેષ અદાલતો સમક્ષ ચલાવવામાં આવનારા કેસોનો વધુમાં વધુ કેટલા મહિનામાં નિકાલ કરાશે - **૬**
7. 'ધ ગુજરાત ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-૨૦૨૦' હેઠળ ગુનેગાર દોષિત ઠરે તો સજાની શું જોગવાઈ છે - **ઓછામાં ઓછી ૧૦ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષની કેદની સજા**
8. ડિસેમ્બર-૨૦૨૦માં દેશભરમાં ગુડ ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતના ગૃહ વિભાગની કઈ એપ્લિકેશન પ્રથમ ક્રમે આવી - **ઈ-ગુજકોપ**
9. ગુજરાતમાં ઈ-ગુજકોપ એપ્લિકેશનનો પ્રારંભ ક્યારે-કયા મુખ્યમંત્રીના શાસનમાં થયો હતો – **૧૯ સપ્ટેમ્બર ૨૦૧૩ તથા નરેન્દ્ર મોદી**
10. ડિસેમ્બર-૨૦૨૦માં ગુજરાતમાં કોરોનાથી સાજા થયેલા ડાયાબિટીસના દર્દીઓમાં કયો રોગ જોવા મળ્યો - **મ્યુકર માઇક્રોસિસ**
11. ICMRના તાજેતરના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં કેટલા લોકો ડાયાબિટીસના દર્દી છે - **૪૫ લાખ જેટલા**
12. ICMRના તાજેતરના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં કેટલા ટકા લોકો ડાયાબિટીસના દર્દી છે - **૭.૧**
13. NTPC 750 ટન ધનકચરામાંથી વિજળી પેદા કરી ગુજરાતની કઈ મહાનગરપાલિકાને આપશે - **સુરત**
14. કવાસ સ્થિત NTPC યુનિટ દ્વારા વર્ષ 2032 સુધી કેટલી વીજ ક્ષમતાનું લક્ષ્ય નક્કી કરાયુ છે - **1.30 લાખ મેગાવોટ**
15. તા. ૧૬-૧૨-૨૦૨૦ના રોજ કેન્દ્રીય કેબિનેટે કયા ક્ષેત્રે મહત્વના નિર્ણયો કર્યાં - **કૃષિ, ટેલિકોમ અને પાવર**
16. તા. ૧૬-૧૨-૨૦૨૦ના રોજ કેન્દ્રીય કેબિનેટે કયા ચાર મહત્વના નિર્ણયો કર્યાં - **(૧) ખાંડની નિકાસ પર રૂ.૩૫૦૦ કરોડની સબસીડી, (૨) માર્ચ ૨૦૨૧માં પ્રસ્તાવિત સ્પેક્ટ્રમની હરાજીના બીજા રાઉન્ડને મંજૂરી, (૩) નેશનલ સિક્યુરિટી ડિરેક્ટિવને મંજૂરી, (૪) સુરક્ષાના કારણોસર ચીનના ટેલિકોમ ઇક્વિપમેન્ટ બ્લેક લિસ્ટ પાવર ડિસ્ટ્રીબ્યુશન કરાશે**
17. કેન્દ્ર સરકારે માર્કેટિંગ વર્ષ ૨૦૨૦-૨૧ માટે કેટલી ખાંડની નિકાસ પર ખાંડની મિલોને રૂપિયા ૩,૫૦૦ કરોડની સબસિડી આપવા મંજૂરી આપી- **૬૦ લાખ ટન**

18. કેન્દ્રીય કેબિનેટે કેટલા રૂપિયાની અનામત કિંમત ધરાવતા ૨,૨૫૧.૨૫ મેગાહર્ટ્ઝની હરાજીના પ્રસ્તાવને મંજૂરી આપી - **૩.૯૨ લાખ કરોડ**
19. ૭૦૦, ૮૦૦, ૯૦૦, ૧,૮૦૦, ૨,૧૦૦, ૨,૩૦૦ અને ૨,૫૦૦ MHzની ફ્રિક્વન્સી બેન્ડ ધરાવતા સ્પેક્ટ્રમ કોર્મિશયલ મોબાઇલ સેવાઓ માટે કેટલા વર્ષના ગાળા માટે અપાશે - **૨૦**
20. કેન્દ્રીય કેબિનેટે ૨,૨૫૧.૨૫ મેગાહર્ટ્ઝની હરાજીના પ્રસ્તાવને મંજૂરી આપી હતી આ હરાજીના નિયમો કયા વર્ષમાં યોજાયેલી હરાજી પ્રમાણે રહેશે – **વર્ષ-૨૦૧૬**
21. કેબિનેટની કઈ સમિતિએ ટેલિકોમ્યુનિકેશન સેક્ટર પરના નેશનલ સિક્યુરિટી ડિરેક્ટિવને મંજૂરી આપી - **સુરક્ષા મામલા સમિતિ**
22. ભારતમાં સુરક્ષાના કારણોસર કયા દેશના ટેલિકોમ ઇક્વિપમેન્ટને બ્લેક લિસ્ટ પાવર ડિસ્ટ્રીબ્યુશન કરાશે - **ચીન**
23. વર્તમાન કેન્દ્રીય સૂચના પ્રસારણ મંત્રીનું નામ જણાવો - **પ્રકાશ જાવડેકર**
24. વર્તમાન કેન્દ્રીય ટેલિકોમ્યુનિકેશન્સ મંત્રીનું નામ જણાવો - **રવિશંકર પ્રસાદ**
25. UNના હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૨૦માં કુલ કેટલા દેશનો સમાવેશ કરાયો હતો – **૧૮૯**
26. UNના હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૨૦માં ભારતનો ક્રમ જણાવો - **૧૩૧**
27. UNના હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૧૯માં ભારત કયા ક્રમે હતો – **૧૩૦**
28. UN દ્વારા કયા માપદંડને આધારે હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ તૈયાર કરાઈ છે - **રાષ્ટ્રની આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણની સ્થિતિના આધારે**
29. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૨૦ પ્રમાણે ભારતમાં ૨૦૧૯માં સરેરાશ આયુષ્ય કેટલા વર્ષ નોંધાયુ - **૬૯.૭**
30. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૨૦પ્રમાણે ભારતની માથાદીઠ આવક ૨૦૧૮માં ૬૮૨૯ ડૉલર હતી એ ઘટીને કેટલી થઈ હતી - **૬૬૮૧ ડૉલર**
31. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૨૦પ્રમાણે ભારતમાં કોની સંપત્તિમાં વધારો થઈ રહ્યો છે – **મહિલાઓ**
32. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૨૦માં ટોપ ફાઈવ ક્રમાંક ધરાવતા દેશના નામ જણાવો – **અનુક્રમે નોર્વે, આયર્લેન્ડ, સ્વિત્ઝરલેન્ડ, હોંગકોંગ તથા આઈસલેન્ડ**
33. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૨૦માં સૌથી છેલ્લા ક્રમે કયો દેશ છે – **નાઇઝર (૧૮૯ ક્રમે)**
34. ડિસેમ્બર-૨૦૨૦માં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાનારી પ્રથમ ડે નાઈટ ટેસ્ટ કયા બોલથી રમાશે - **પિન્ક**
35. પિન્ક બોલ વડે સૌપ્રથમ કયા વર્ષે ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની વીમેન્સ ટીમ વચ્ચે વન-ડે રમાઈ હતી – **વર્ષ-૨૦૦૯**
36. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પિન્ક બોલ વડે સૌપ્રથમ ટેસ્ટ મેચ કયા બે દેશ વચ્ચે રમાઈ હતી - **ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ**
37. પિન્ક બોલનું ઉત્પાદન ઓસ્ટ્રેલિયાની કઈ કંપની દ્વારા કરવામાં આવે છે – **કૂકાબૂરા**
38. વર્ષ ૧૯૭૧માં ભારત પાકિસ્તાન યુદ્ધની કઈ જયંતિ ઉજવાય રહી છે – **સુવર્ણ (૫૦ વર્ષ)**
39. વર્ષ ૧૯૭૧માં ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધનો પ્રારંભ કયારે થયો હતો - **તા. ૩ ડિસેમ્બરે**
40. વર્ષ ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધમાં પાકિસ્તાને કયારે શરણાગતિ સ્વિકારી હતી - **તા. ૧૬ ડિસેમ્બરે**
41. વર્ષ ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધમાં ભારત તરફથી કોણે મહત્વની ભૂમિકા ભજવી હતી - **ફિલ્ડ માર્શલ માણેક શો**
42. સમગ્ર દેશમાં 16 ડિસેમ્બર કયા દિવસ તરીકે ઉજવાય છે - **વિજય દિવસ**
43. સમગ્ર દેશમાં 16 ડિસેમ્બર કઈ ઘટનાની યાદમાં ઉજવવામાં આવે છે - **પાકિસ્તાનથી બાંગ્લાદેશની આઝાદી આપવા સામે ભારતીય સેનાની જીત-1971**
44. સ્વર્ણિમ વિજય મશાલ કયા યુદ્ધના પરમવીર ચક્ર અને મહાવીર ચક્રથી સન્માનિત જવાનોના ગામમાં ભ્રમણ કરશે – **૧૯૭૧ ભારત-પાકિસ્તાન યુદ્ધ**
45. સ્વર્ણિમ વિજય મશાલ પ્રગટાવીને કોના દ્વારા સ્વર્ણિમ વિજય વર્ષનો પ્રારંભ કરાવાયો – **PM નરેન્દ્ર મોદી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. નિર્ણય – કેન્દ્ર સરકાર : આગામી બે વર્ષમાં તમામ ટોલ પ્લાઝા ઓટોમેટિક ટોલ વસૂલાશે (વાહન વ્યવહાર)



- ✓ તમામ ટોલ પ્લાઝા ઉપર GPS ટેકનિકથી ટેક્સ વસૂલાશે
- ✓ તમામ ટોલ પ્લાઝા GPS ટેકનિક પર કામ કરશે
- ✓ કેન્દ્રીય માર્ગ-પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. ISRO : ૪૨મો કોમ્યુનિકેશન સેટેલાઈટ CMS-01 લોન્ચ (અવકાશ વિજ્ઞાન)



હેતુ

- ✓ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ઈન્ટરનેટ કનેક્ટિવિટીમાં મદદ કરવા.

વિગત :

- ✓ કોરોનાકાળમાં ISRO દ્વારા કરવામાં આવેલું આ બીજું પ્રક્ષેપણ છે.

સ્થાન-વાહન :

- ✓ શ્રી હરિકોટા સ્થિત બીજા પ્રક્ષેપણ સ્થળેથી PSLV-C50 રોકેટ અંતરિક્ષ માટે રવાના.
- ✓ ધ્રુવિય ઉપગ્રહ પ્રક્ષેપણ યાનનું આ 52મું અભિયાન છે.
- ✓ આંધ્રપ્રદેશના નેલ્લોર જિલ્લામાં સ્થિત સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર(SDSC)ને SHAR પણ કહેવાય છે.

કાર્યક્ષેત્ર :

- ✓ આ સંચાર ઉપગ્રહ ભારતની મુખ્ય ભૂમિ, અંદામાન નિકોબાર અને લક્ષદ્વીપને કવર કરતા ફ્રિક્વન્સી સ્પેક્ટ્રમના વિસ્તારિત સી બેંડમાં સેવા પુરી પાડવા તૈયાર કરાયો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. સંરક્ષણ મંત્રાલય – કેન્દ્ર સરકાર : સૈન્યની ત્રણેય પાંખ માટે સ્થાનિક ઉદ્યોગો પાસેથી હથિયાર-શસ્ત્રો-ઉપકરણો ખરીદવા રૂ. ૨૮ હજાર કરોડના સોદાને મંજૂરી



કયા શસ્ત્રો ખરીદાશે :

- ✓ જે સોદાને મંજૂરી આપવામાં આવી તેમાં ૧૧ જેટલા આધુનિક ઓફશોર પેટ્રોલ નૌકા (રૂપિયા ૯૦૦૦ કરોડ), ૪૦૦ કિ.મી.ની રેન્જ ધરાવતા ૩૮ જેટલા બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ (રૂપિયા ૧૮,૦૦૦ કરોડ), નૌકાદળ માટે જહાજમાંથી નિયંત્રણ થઇ શકે તેની માનવરહિત એરિયલ સિસ્ટમ તેમજ સૈન્ય માટેના ૪૦ નવા મોડયુલર બ્રિજ ખરીદીનો સમાવેશ થાય છે.
- ✓ સરહદો પર બાજ નજર રાખવા સ્થાનિક ધોરણે એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ = (એવાક્સ) ધરાવતા ૫ વિમાનો વિકસાવાશે
- ✓ સ્થાનિક ઉદ્યોગો પાસેથી રૂ. ૨૭ હજાર કરોડની ખરીદી(આત્મનિર્ભર મિશન હેઠળ)
- ✓ મંજૂરી : સંરક્ષણ પ્રાપ્તિ પરિષદ (DAC)
- ✓ અધ્યક્ષ : સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪.ભારત-બાંગ્લાદેશ સંબંધો (વૈશ્વિક સંબંધો)



ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બનાવવા વિવિધ ૭ કરાર

- ✓ **કરારના મુખ્ય ક્ષેત્રો :** હાઈડ્રોકાર્બન, કૃષિ અને ટેક્સટાઈલ્સ

ભારત-બાંગ્લાદેશ ટ્રેનનો પુન: પ્રારંભ :

- ✓ વર્ષ ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુદ્ધ બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સ્થગિત કરાયેલી ટ્રેન સેવાનો પુનઃપ્રારંભ કરાયો.
- ✓ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીના વચ્ચે તા.૧૭-૧૨-૨૦૨૦ના રોજ યોજાયેલી વર્ચ્યુઅલ બેઠકમાં ચિલ્હાટી-

હલ્દીબારી રેલવે લિન્કના પ્રારંભથી આસામ અને પશ્ચિમ બંગાળની બાંગ્લાદેશ સાથેની કનેક્ટિવિટીમાં વધારો થશે.

- ✓ શરૂઆતમાં આ રેલવે રૂટ પર ગુડ્સ ટ્રેનો દોડાવવામાં આવશે. ત્યારબાદ તેના પર પ્રવાસી ટ્રેનોનો પ્રારંભ પણ થઈ શકે છે.
- ✓ મોદી અને શેખ હસીનાએ બાંગ્લાદેશના સ્થાપક મુજીબૂર રહેમાન અને મહાત્મા ગાંધી પરના બંગબંધુ-બાપુ ડિજિટલ પ્રદર્શનનું ઉદ્ઘાટન તેમજ ટપાલ ટિકિટ લોન્ચ કરાઈ.

'ચિકન નેક' શેષ ભારત સાથે પૂર્વોત્તરને જોડે છે

- ✓ આ રેલવેલાઈન એ સિલિગુડી કોરિડોરનો ભાગ છે જેને 'ચિકન નેક' પણ કહેવાય છે.
- ✓ આ કોરિડોર આશરે 22 કિ.મી.માં ફેલાયેલો. તેના પર ચીનની નજર ઘણા સમયથી છે એટલા માટે 'ચિકન નેક'નું વ્યૂહાત્મક મહત્વ છે.
- ✓ આ કોરિડોર ભારતનાં પૂર્વનાં રાજ્યોનું એક પ્રવેશદ્વાર છે. આ વિસ્તાર પૂર્વ ભારતનાં રાજ્યોમાં સૈનિકો અને રેશનના સપ્લાય માટે મહત્વપૂર્ણ છે.
- ✓ ફ્રચ બિહાર સ્થિત હલ્દીબાડી 22 કિ.મી. લાંબા સિલિગુડી કોરિડોરથી ફક્ત 75 કિ.મી. દૂર છે.
- ✓ બાંગ્લાદેશ-ભારતની નેબર હૂડ ફર્સ્ટ નીતિનો સ્તંભ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. યોગને પ્રતિ સ્પર્ધી રમતની માન્યતા – કેન્દ્ર સરકાર (આરોગ્ય)



- ✓ ફાયદો : યોગ સ્પર્ધાને સરકારની મદદ મળશે
- ✓ આયુષ રાજ્યમંત્રી : શ્રીપદ નાઈક
- ✓ રમતગમત મંત્રી : કિરણ રિજ્જૂ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. PETA : વર્ષ ૨૦૨૦ના હોટેસ્ટ વેજિટેરિયન તરીકે અભિનેતા સોનૂ સૂદ અને શ્રદ્ધા કપૂર (જીવદયા)



વિગત :

- ✓ પીપલ ફોર ધ ઇથિકલ ટ્રીટમેન્ટ ઓફ પીપલ(પેટા) એ એકટર સોનૂ સૂદ અને એકટ્રેસ શ્રદ્ધા કપૂરને ૨૦૨૦ના ઇન્ડિયાના 'હોટેસ્ટ વેજિટેરિયન' ઘોષિત કર્યા.
- ✓ સોનૂ સૂદ પેટાના પ્રો વેજિટેરિયન પ્રિન્ટ ઓફ ઇન્ડિયા કેમ્પેઇનમાં સામેલ થયા હતા અને હગ અ વેજિટેરિયન ડેમાં પણ હિસ્સો લીધો હતો.

સન્માન મેળવનરા અન્ય ભારતીયો :

- ✓ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિતાભ બચ્ચન, રેખા, માનુષી છિલ્લર, સુનીત્ર છેત્રી, અનુષ્કા શર્મા, કાર્તિક આર્યન, વિદ્યુત જામવાલ, કંગના રનૌત અને શાહિદ કપૂર.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. નિર્ણય : કેન્દ્રીય ગૃહ વિભાગ ભારતમાં તમામ ખાનગી સુરક્ષા ગાર્ડ માટે ૨૦ દિવસની તાલીમ ફરજિયાત



વિગત :

- ✓ ૧૦૦ કલાક ક્લાસરૂમ અને ૬૦ કલાક ફિલ્ડ તાલીમ
- ✓ તમામ ખાનગી સીક્યુરીટી ગાર્ડસને ઓછામાં ઓછા ૨૦ દિવસ ટ્રેનિંગ લેવાની રહેશે.
- ✓ ટ્રેનિંગમાં ભીડ પર અંકુશ, આગ પર નિયંત્રણ અને IED ઓળખવાની તાલીમ અપાશે.
- ✓ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓના માલિકોને ઇન્ટરનલ સિક્યુરિટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની છ દિવસની ટ્રેનીંગ લેવાની રહેશે.
- ✓ જાહેરનામુ : પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સી (રેગ્યુલેશન) એક્ટ-૨૦૦૫
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૮. ૨૧ ડિસેમ્બર-૨૦૨૦ : ગુરૂ અને શનિ બે ગ્રહોનું સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે મિલન : ૨૧ ડિસેમ્બરે સૌથી નજીક રહેશે (ખગોળ વિજ્ઞાન)



અગાઉની સ્થિતિ :

- ✓ બંને ગ્રહો વર્ષ ૧૬૨૩માં અને એ પહેલા વર્ષ ૧૨૨૬માં આ રીતે જુગલબંધીમાં જોવા મળ્યા હતા : બંને ગ્રહ નજીક લાગે છે પણ તેમની વચ્ચે ૬૫ કરોડ કિમીનું અંતર છે.
- ✓ સૂર્યમાળાના કદાવર ગ્રહો શનિ અને ગુરુ એકબીજાથી કરોડો કિલોમીટરના અંતરે છે અને હંમેશા રહેવાના છે પરંતુ અત્યારે તેમની ભ્રમણ કક્ષાનો મારગ કંઈક એવો છે કે ધરતી પરથી બંને ગ્રહો પાસપાસે દેખાશે.
- ✓ બંને ગ્રહો એકબીજાની સૌથી વધારે નજીક ૨૧મી ડિસેમ્બરે હશે. બંનેના મિલનમાં વળી ત્રીજે ચંદ્ર પણ ભળ્યો છે. અત્યારે ચંદ્ર પણ આકાશમાં જોવા મળે છે અને સાથે ગુરુ શનિ તો ખરા જ એટલે થોડા દિવસો ત્રિપુટી સંગમ પણ પશ્ચિમ આકાશમાં જોઈ શકાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૧૨-૨૦૨૦)

1. કેન્દ્ર સરકાર દ્વારા આગામી કેટલા વર્ષમાં ટોલ પ્લાઝા પર ઓટોમેટિક ટોલ વસૂલવાની જાહેરાત કરી - બે
2. કેન્દ્ર સરકાર દ્વારા આગામી બે વર્ષમાં તમામ ટોલ પ્લાઝા પર ટોલ ફ્રી કરી કઈ રીતે ટોલ વસૂલશે - **તમામ ટોલ પ્લાઝા GPS લગાવી ઓટોમેટિક વસૂલાશે**
3. વર્તમાન કેન્દ્રીય માર્ગ-પરિવહન મંત્રીનું નામ જણાવો - **શ્રી નીતિન ગડકરી**
4. ડિસેમ્બર-૨૦૨૦માં ISRO દ્વારા કેટલામો કોમ્યુનિકેશન સેટેલાઈટ (CMS-01) લોન્ચ કરાયો – ૪૨
5. તાજેતરમાં CMS-01 સેટેલાઈટ કયા રોકેટ દ્વારા ક્યાંથી લોન્ચ કરાયું - **PSLV-C50 તથા શ્રી હરિકોટા**
6. ડિસેમ્બર-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે સૈન્યની ત્રણેય પાંખ માટે સ્થાનિક ઉદ્યોગો પાસેથી હથિયાર-શસ્ત્રો/ઉપકરણો ખરીદવા કેટલા રૂપિયાના સોદાને મંજૂરી આપી - **રૂ. ૨૮ હજાર કરોડ**
7. ડિસેમ્બર-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલયની કઈ પરિષદે સૈન્યની ત્રણેય પાંખ માટે સ્થાનિક ઉદ્યોગો પાસેથી હથિયાર-શસ્ત્રો/ઉપકરણો ખરીદવા રૂ. ૨૮ હજાર કરોડના સોદાને મંજૂરી આપી - **સંરક્ષણ પ્રાપ્તિ પરિષદ (DAC)**
8. ભારતીય સંરક્ષણ મંત્રાલયની સંરક્ષણ પ્રાપ્તિ પરિષદ (DAC)ના વર્તમાન અધ્યક્ષ કોણ છે - **સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ**
9. ડિસેમ્બર-૨૦૨૦માં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બનાવવા વિવિધ કેટલા કરાર કરાયા – સાત
10. ડિસેમ્બર-૨૦૨૦માં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બનાવવા કયા મુખ્ય ક્ષેત્રોમાં કરાર કરાયા - **હાઈડ્રોકાર્બન, કૃષિ અને ટેક્સટાઈલ્સ**
11. તાજેતરમાં વર્ષ ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુદ્ધ બાદ ભારત અને કયા દેશ વચ્ચે સ્થગિત કરાયેલી ટ્રેન સેવાનો પુનઃપ્રારંભ કરાયો હતો - **બાંગ્લાદેશ**
12. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીના વચ્ચે તા.૧૭-૧૨-૨૦૨૦ના રોજ યોજાયેલી વર્ચ્યુઅલ બેઠકમાં કઈ રેલવે લિન્કના પ્રારંભ કરાયો - **ચિલ્હાટી-હલ્દીબારી**
13. ડિસેમ્બર-૨૦૨૦માં PM મોદી અને શેખ હસીનાએ બાંગ્લાદેશના સ્થાપક મુજીબૂર રહેમાન અને મહાત્મા ગાંધી પરના કયા ડિજિટલ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું - **બંગબંધુ-બાપુ**
14. 'ચિકન નેક' ભારતના ક્યા વિસ્તારમાં આવેલું છે - **પૂર્વોત્તર**
15. સિલિગુડી કોરિડોરના ભાગરૂપ ચિલ્હાટી-હલ્દીબારી રેલવેલાઈન કયા નામે ઓળખાય છે - **'ચિકન નેક'**

16. ડિસેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા કોને પ્રતિ સ્પર્ધી રમતની માન્યતા અપાઈ – **યોગ**
17. કેન્દ્ર સરકાર દ્વારા યોગને પ્રતિ સ્પર્ધી રમતની માન્યતા અપાતા શો ફાયદો થશે - **યોગ સ્પર્ધાને સરકારની મદદ મળશે**
18. વર્તમાન કેન્દ્રીય આયુષ રાજ્યમંત્રી કોણ છે - **શ્રીપદ નાઈક**
19. વર્તમાન કેન્દ્રીય રમતગમત મંત્રી કોણ છે - **કિરણ રિજ્જૂ**
20. PETA દ્વારા વર્ષ ૨૦૨૦ના હોટેસ્ટ વેજિટેરિયન તરીકે કયા અભિનેતા-અભિનેત્રીની પસંદગી કરી - **સોનૂ સૂદ અને શ્રદ્ધા કપૂર**
21. PETAનું વિસ્તૃત નામ જણાવો - **પીપલ ફોર ધ ઇથિકલ ટ્રીટમેન્ટ ઓફ પીપલ**
22. PETA તરફથી હોટેસ્ટ વેજિટેરિયન સન્માન મેળવનરા ભારતીયોના નામ જણાવો – **PM નરેન્દ્ર મોદી, અમિતાભ બચ્ચન, રેખા, માનુષી છિલ્લર, સુનીત્ર છેત્રી, અનુષ્કા શર્મા, કાર્તિક આર્યન, વિદ્યુત જામવાલ, કંગના રનૌત અને શાહિદ કપૂર**
23. કેન્દ્રીય ગૃહ વિભાગના તાજેતરના જાહેરનામા મુજબ તમામ ખાનગી સુરક્ષા ગાર્ડે કેટલા દિવસની તાલીમ લેવી પડશે - ૨૦
24. કેન્દ્રીય ગૃહ વિભાગના તાજેતરના જાહેરનામા મુજબ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સી ૨૦૦૫ એક્ટ (રેગ્યુલેશન) અંતર્ગત સિક્યુરિટી ગાર્ડસે કેટલો સમય ક્લાસરૂમ અને કેટલો સમય ફિલ્ડ તાલીમ લેવાની રહેશે – **૧૦૦ તથા ૬૦ કલાક**
25. ડિસેમ્બર-૨૦૨૦ના રોજ કયા બે ગ્રહ સૌથી નજીક હશે - **ગુરૂ અને શનિ**
26. અગાઉ કયા વર્ષે ગુરૂ અને શનિ ગ્રહ સૌથી વધુ નજીક આવ્યા હતા – **વર્ષ ૧૬૨૩ તથા વર્ષ ૧૨૨૬**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. ગુજરાતના સરપંચો સાથે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો ઈ-સંવાદ

- ✓ તા.૧૮-૧૨-૨૦૨૦
- ✓ સમય : સાંજે ૫.૦૦ વાગ્યે
- ✓ સ્થળ: મુખ્યમંત્રી નિવાસ સ્થાન-ગાંધીનગર



વિગત :

- ✓ પ્રથમવાર ગુજરાતના દરેક ગામના સરપંચશ્રીઓ સાથે મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીનો SATCOM સંવાદનો કાર્યક્રમ

ઈ-સંવાદના મુખ્ય મુદ્દા :

- ✓ ગ્રામ્ય વિકાસની વાત, મુખ્યમંત્રીને સાથ
- ✓ કોવિડ વેક્સિનની વિતરણની વ્યવસ્થાઓના સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી તમામ સરપંચો સાથે ચર્ચા
- ✓ છેવાડાના માનવી સુધી વિકાસલક્ષી યોજનાઓ પહોંચાડવામાં સરપંચોના મહત્વપૂર્ણ યોગદાનને મુખ્યમંત્રીશ્રી બિરદાવ્યું
- ✓ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોએ કોરોના મહામારી સામેની લડાઈમાં જે શિસ્ત દાખવી છે અને સંક્રમણને અંકુશમાં રાખ્યું છે તે માટે મુખ્યમંત્રીશ્રી સરપંચોનો આભાર વ્યક્ત કર્યો
- ✓ ગુજરાત સરકાર દ્વારા ગ્રામીણ સ્તરે કરવામાં આવેલા વિકાસ કાર્યો અંગે સરપંચો સાથે દ્વીપક્ષીય સંવાદ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. "મોકળા મને" સંવાદ : ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીનો રાજ્યના ૨૦ જિલ્લાના પશુપાલક ભાઈઓ-બહેનો સાથે મોકળા મને સંવાદ યોજાયો



✓ સ્થળ: મુખ્યમંત્રી નિવાસ સ્થાન-ગાંધીનગર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૩. ખેલકૂદ : "ફિફા પ્લેયર ઓફ ધ યર" -૨૦૨૦

એવોર્ડ ખેલાડી અને દેશ

"ફિફા પ્લેયર ઓફ ધ યર"

✓ રોબર્ટ લેવાન્ડોવસ્કી – પોલેન્ડ

"વિમેન્સ પ્લેયર ઓફ ધ યર"

✓ લ્યૂસી બ્રોન્ઝ - ઇંગ્લેન્ડ

બેસ્ટ કોચ

✓ જુર્ગેન ક્લોપ - લિવરપુલ

બેસ્ટ ગોલકીપર

✓ મેન્યુઅલ નૂએર - બાયર્ન મ્યૂનિચ

બેસ્ટ ગોલ માટે પુસ્કાસ એવોર્ડ

✓ સોન હ્યુંગ મિન - ટોટનહામ

✓ ફિફા વર્ચ્યૂઅલ એવોર્ડ સેરેમની – જ્યૂરિચ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. માનવીય આઝાદી સૂચકાંક-2020 (હ્યુમન ફ્રિડમ ઈન્ડેક્સ)

વિશ્વના કુલ 162 દેશોમાં ભારત 111મા સ્થાને : વર્ષ 2019માં ભારત 94માં સ્થાને હતુ



ક્રમ દેશો અને :

1. ન્યૂઝીલેન્ડ
2. સ્વિત્ઝરલેન્ડ
3. હોંગકોંગ

129 ચીન

139 બાંગ્લાદેશ

✓ ભારતે વ્યક્તિગત સ્વતંત્રતાને મુદ્દે ૧૦માંથી ૬.૩ ગુણ હાંસલ કર્યા છે તો આર્થિક આઝાદીને મુદ્દે ૬.૫૬ ગુણ હાંસલ કર્યા છે. કુલ મળીને માનવીય આઝાદી મુદ્દે ૧૦માંથી ૬.૫૬ ગુણ હાંસલ કરેલા છે.

માપદંડ :

✓ ૭૬ ઇન્ડિકેટર આધારે સૂચકાંક તૈયાર થાય છે. આ ૭૬ માપદંડ વ્યક્તિગત, નાગરિક, આર્થિક આઝાદી વિષે તાળો સૂચવે છે.

માનવીય આઝાદી સૂચકાંક સંબંધિત આ ઇન્ડિકેટર્સમાં થયો ઘટાડો

- ✓ વર્ષ ૨૦૧૮થી માનવ સ્વતંત્રતામાં ઘટાડો નોંધાયો છે. જે ૧૨ મુખ્ય માપદંડ આધારે સૂચકાંક તૈયાર થાય છે તે પૈકી પાંચ ઇન્ડિકેટર્સમાં ઘટાડો નોંધાયો છે.
- ✓ તેમાં ધર્મ, ઓળખ અને સંબંધોની સ્વતંત્રતા તેમ જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો સમાવેશ થાય છે.
- ✓ સંયુક્ત રાષ્ટ્રે આ અહેવાલ જાહેર કર્યો હતો. માનવ વિકાસ સૂચકાંક દેશે આરોગ્ય સેવા, શિક્ષણ અને જીવન ધોરણોમાં કરેલી પ્રગતિને આંકે છે.

<u>રિપોર્ટ તૈયાર કરનાર સંસ્થા :</u>

- ✓ અમેરિકાની થિંક ટેન્ક કેટો ઇન્સ્ટિટયૂટ તથા કેનેડાની ફ્રેઝર ઇન્સ્ટિટયૂટ સંયુક્ત રીતે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૫. જન્મદિન વિશેષ – 18 ડિસેમ્બર</u>

<u>સર તેજબહાદુર સપ્રુ</u>



- ✓ જન્મ – 18 ડિસેમ્બર-1875
- ✓ અવસાન – 20 જાન્યુઆરી-1949
- ✓ <u>ઉત્તરપ્રદેશના અલીગઢ ખાતે જન્મેલા</u> સપ્રુના પૂર્વજો કાશમીરી બ્રાહ્મણ હતા.
- ✓ તેજ બહાદુર સપ્રુએ અલીગઢ અને આગ્રામાં અભ્યાસ કર્યો હતો. એલએલબી થઈ 1898માં અલ્હાબાદ હાઇકોર્ટમાં વકીલાત શરૂ કરી હતી.
- ✓ તેઓ અંગ્રેજી ઉપરાંત ફારસી અને ઉર્દુના પણ નિષ્ણાત હતા.
- ✓ વકીલાતની સમાંતર દેશના અન્ય વકીલોની જેમ આઝાદીના આંદોલનમાં પણ ઝુકાવ્યું હતું અને 1942માં હિન્દ છોડો સુધીના દરેક આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી.
- ✓ તેઓ ઉદારવાદી અને ક્રાંતિકારી વિચારસરણી વચ્ચે સેતુ સમાન હતા.
- ✓ કાનૂની અને બંધારણીય બાબતો પર પ્રભુત્વને લીધે તેમની નિમણૂક ગવર્નર જનરલની કાઉન્સિલમાં એક્ઝિક્યુટિવ મેમ્બર તરીકે થઈ હતી. તેજ બહાદુર સપ્રુના જીવનનું એક ઉમદા પાસું તે તેમની ઉદારવાદી વિચારધારા અને મધ્યમ માર્ગીય વલણ.
- ✓ મહાત્મા ગાંધી અને વાઈસરોય લોર્ડ ઈર્વિન (1931), ગાંધી આંબેડકર મતભેદો (1932)માં તેમણે મધ્યસ્થી કરી હતી.
- ✓ ગોળમેજી પરિષદોમાં તેઓ ઉદારવાદી વિચારધારાના પ્રતિનિધિ તરીકે ગયા હતા.
- ✓ વકીલ, રાજનીતિજ્ઞ <u>તેજ બહાદુરનું 20 જાન્યુ. 1949ના રોજ અવસાન</u> થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૧૨-૨૦૨૦)

1. તાજેતર ડિસેમ્બર 2020માં મુખ્યમંત્રીશ્રીએ "મોકળા મને" સંવાદ કોની સાથે યોજ્યો હતો - **પશુપાલક ભાઈ બહેનો**
2. ડિસેમ્બર 2020માં યોજાયેલ મોકળા મને સંવાદમાં કેટલા જિલ્લાના પશુપાલક ભાઈ બહેનો જોડાયા હતા - **20 જિલ્લા**
3. તાજેતર 18 ડિસેમ્બર 2020માં SATCOMના માધ્યમથી મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ પ્રથમવાર સ્થાનિક સ્વરાજ્યના કયા મહાનુભાવો સાથે ઇ- સંવાદ યોજ્યો હતો - **ગામના સરપંચશ્રીઓ સાથે**
4. મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં કયા સ્થળેથી સરપંચશ્રીઓ સાથે ઇ- સંવાદ યોજ્યો હતો - **મુખ્યમંત્રી નિવાસસ્થાન, ગાંધીનગર**
5. ગુજરાતમાં સૌપ્રથમ મોકળા મને કાર્યક્રમનો પ્રારંભ કોના દ્વારા કરાયો - **મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી**
6. "ફિફા પ્લેયર ઓફ ધ યર-૨૦૨૦" વિજેતા ખેલાડી અને દેશનું નામ જણાવો - **રોબર્ટ લેવાન્ડોવસ્કી-પોલેન્ડ**
   "વિમેન્સ પ્લેયર ઓફ ધ યર-૨૦૨૦" વિજેતા ખેલાડી અને દેશનું નામ જણાવો - **લ્યૂસી બ્રોન્ઝ-ઈંગ્લેન્ડ**
7. ફિફા દ્વારા વર્ષ-૨૦૨૦ના બેસ્ટ કોચ તરીકે કોની પસંદગી કરવામાં આવી અને તેમનો દેશ જણાવો - **જુર્ગેન ક્લોપ-લિવરપુલ**
8. ફિફા દ્વારા વર્ષ-૨૦૨૦ના બેસ્ટ ગોલકીપર તરીકે કોની પસંદગી કરવામાં આવી અને તેમનો દેશ જણાવો - **મેન્યુઅલ નૂએર-બાયર્ન મ્યૂનિચ**
9. ફિફા દ્વારા વર્ષ-૨૦૨૦ના બેસ્ટ ગોલ માટે કોને પુસ્કાસ એવોર્ડ આપવામાં આવ્યો - **સોન હ્યુંગ મિન- ટોટનહામ**
10. ફિફા વર્ચ્યૂઅલ એવોર્ડ સેરેમની કયા સ્થળે યોજાઈ હતી - **જયૂરિચ**
11. માનવીય આઝાદી સૂચકાંક-2020માં વિશ્વના કુલ કેટલા દેશોનો સમવાશે કરાયો હતો – **162**
12. માનવીય આઝાદી સૂચકાંક-2020માં ભારતનો ક્રમ જણાવો – **111**
13. માનવીય આઝાદી સૂચકાંક-2019માં ભારત કયા સ્થાને હતુ - **94**
14. માનવીય આઝાદી સૂચકાંક-2020માં પ્રથમ ત્રણ ક્રમ મેળવનારા દેશના નામ જણાવો - **અનુક્રમે ન્યૂઝીલેન્ડ, સ્વિત્ઝરલેન્ડ અને હોંગકોંગ**
15. માનવીય આઝાદી સૂચકાંક-2020 અનુસાર ભારતે વ્યક્તિગત સ્વતંત્રતાને મુદ્દે ૧૦માંથી કેટલા ગુણ મેળવ્યા હતા - **૬.૩**
16. માનવીય આઝાદી સૂચકાંક-2020 અનુસાર ભારતે આર્થિક આઝાદીને મુદ્દે કેટલા ગુણ મેળવ્યા હતા - **૬.૫૬**
17. માનવીય આઝાદી સૂચકાંક-2020 રિપોર્ટ કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયો હતો - **અમેરિકાની થિંક ટેન્ક કેટો ઇન્સ્ટિટયૂટ તથા કેનેડાની ફ્રેઝર ઇન્સ્ટિટયૂટ સંયુક્ત રીતે**
18. માનવીય આઝાદી સૂચકાંક કયા માપદંડના આધારે તૈયાર કરવામાં આવે છે - **૭૬ માપદંડ વ્યક્તિગત, નાગરિક અને આર્થિક આઝાદી વિષે તાળો સૂચવે છે**
19. રાજનીતિજ્ઞ તેજ બહાદુર સપ્રુનો જન્મ દિવસ જણાવો – **18 ડિસેમ્બર-1875**
20. તેજ બહાદુર સપ્રુનો જન્મ ક્યાં થયો હતો – **અલીગઢ (UP)**
21. તેજ બહાદુર સપ્રુ ગોળમેજી પરિષદોમાં કઈ વિચારધારાના પ્રતિનિધિ તરીકે ગયા હતા - **ઉદારવાદી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. એસોચેમ એન્ટરપ્રાઈઝ ઓફ સેન્ચ્યૂરી એવોર્ડ-૨૦૨૦



- ✓ વિજેતા : તાતા ગ્રૂપ
- ✓ એસોચેમના ૧૦૧માં સ્થાપના દિવસ નિમિતે વડાપ્રધાન મોદીએ તાતા ગ્રૂપને એસોચેમ એન્ટરપ્રાઇઝ ઓફ સેન્ચ્યૂરી એવોર્ડથી સન્માનિત કર્યું.
- ✓ Assocham : Associated Chambers of Commerce and Industry of India
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. DRDO : સ્વદેશી હોવિત્ઝર તોપનું સફળ પરીક્ષણ : વિશ્વની સૌથી શક્તિશાળી તોપ (સંરક્ષણ)



વિશેષતા :

- ✓ રેન્જ : ૪૮ કિ.મી. જે બોફર્સ તોપ કરતાં ૧૬ કિ.મી. વધુ રેન્જ
- ✓ આ તોપનો સિક્કિમ અને પોખરણમાં બે હજાર ગોળા છોડીને ટેસ્ટ કરાયો હતો.
- ✓ દેશને અત્યારે ૧૫૮૦ ટોડ તોપો સિવાય ૧૫૦ એટીએજીએસ અને ૧૧૪ ધનુષ તોપોની જરૂરિયાત.
- ✓ પરીક્ષણ સ્થળ : બાલાસોર (ઓડિશા)
- ✓ સંસ્થા : ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ખેલકૂદ : ભારત તેના ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસનો નિમ્ન માત્ર ૩૬ રનનો સ્કોર



✓ મેચ : ભારત-ઓસ્ટ્રેલિયા

✓ યજમાન : એડિલેડ

✓ અગાઉનો ભારતનો રેકોર્ડ ઈંગ્લેન્ડ સામે વર્ષ ૧૯૭૪માં ૪૨ રનનો હતો

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૪. વિશ્વ શ્રમ સંગઠન-ILO (રોજગારી)

અહેવાલના મહત્વના તારણો :

✓ એશિયા-પ્રશાંત પ્રદેશમાં ત્રણ ક્વાટર દરમિયાન શ્રમિકોની એકંદરે આવકમાં ૯.૯ ટકાનો ઘટાડો

✓ કોરોના વાઇરસને કારણે પડેલા આર્થિક ફટકાએ એશિયા-પ્રશાંત પ્રદેશમાં આ વર્ષે ૮.૧ કરોડ નોકરીઓની તકનું ધોવાણ કરતાં મહિલા અને યુવાનો મોટેપાયે પ્રભાવિત થયા.

International Labour Organization

✓ રોજગારમાં યુવાનોની સહભાગિતાને મુકાબલે ૩થી ૧૮ ગણા યુવાનોએ નોકરી ગુમાવી.

✓ પ્રદેશમાં શ્રમિકોની એકંદર આવકમાં ૩.૪ ટકા જેટલો ઘટાડો નોંધાયો.

✓ પૂર્વ એશિયામાં નોકરીઓની તકનો આ તફાવત ૧.૬ કરોડનો.

✓ દક્ષિણ એશિયા અને પ્રશાંત ટાપુઓમાં આ તફાવત અનુક્રમે ૧.૪ કરોડ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ઈઝરાયલ : ગ્રીન પાસપોર્ટ આપનાર પ્રથમ દેશ (આરોગ્ય)



ગ્રીન પાસપોર્ટની વિગતો :

- ✓ ઇઝરાયલ કોરોનાની વેક્સિન લઇ ચૂકેલા લોકોને ગ્રીન પાસપોર્ટ આપશે.
- ✓ આ પાસપોર્ટ બાદ ફરજિયાત ક્વોરેન્ટાઇન તથા અન્ય પ્રતિબંધોથી રાહત મળશે.
- ✓ ગ્રીન પાસપોર્ટ હોલ્ડર તમામ પ્રકારની ઇવેન્ટ્સમાં ભાગ લઇ શકશે અને વિશ્વમાં ક્યાંય પણ ટ્રાવેલ કરી શકશે.
- ✓ પાસપોર્ટથી જાણી શકાશે કે તેના હોલ્ડરે વેક્સિન લઈ લીધી છે અને હવે તેને કોઈ જોખમ નથી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ – 19 ડિસેમ્બર

ગુજરાતના રાજકુમાર : ગોપાળદાસ દેસાઈ



જન્મ- 19 ડિસેમ્બર, 1887

અવસાન- 5 ડિસેમ્બર, 1951

- ✓ વસોમાં જન્મેલા ગોપાળદાસ ઢસા પાસે રાય સાંકળીને જાગીરદાર હતા. તેમનો વિચાર, વાણી અને વર્તનમાં રાષ્ટ્રપ્રેમ ઝળકતો રહેતો હતો.
- ✓ 1920-22ના અસહકારના આંદોલનમાં ભાગ લેવા બદલ અંગ્રેજોએ તેમની રાય સાંકળીની જાગીર છીનવી લીધી હતી.
- ✓ તે પછી મહાત્મા ગાંધીના ગાઢ પરિચયમાં આવ્યા અને ગુજરાત કક્ષાએ થયેલી મોટાભાગની સંસ્થાકીય પ્રવૃત્તિઓ જેવી કે- વડોદરા રાજ્ય પ્રજા પરિષદ, કાઠિયાવાડ રાજકીય પરિષદ, હરીપુરા કોંગ્રેસ અને સ્વાતંત્ર્યની બધી જ લડતોમાં સક્રિય યોગદાન આપ્યું હતું.
- ✓ આઝાદીની લડતોમાં ભાગ લેવા બદલ ઘણી વખત જેલમાં પણ ગયા હતા.
- ✓ દરબાર સાહેબનું બીજું વિશેષ પાસું એ હતું કે તેઓએ સ્ત્રી શિક્ષણ, અસ્પૃશ્યતા નિવારણ જેવી રચનાત્મક પ્રવૃત્તિઓમાં અસાધારણ કૌવત દાખવ્યું હતું.
- ✓ ગુજરાતના આ પીઢ સ્વતંત્રતા સૈનિક અને રચનાત્મક કાર્યકર અને પ્રજાના રાજવી તરીકે પંકાયેલા દરબાર ગોપાલદાસનું 5 ડિસેમ્બર 1951ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૧૨-૨૦૨૦)

1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા એસોચેમ એન્ટરપ્રાઇઝ ઑફ સેન્ચ્યુરી એવોર્ડ-2020 કયા ઉદ્યોગ ગ્રુપને અપાયો - **તાતા ગ્રુપ**
2. તાજેતરમાં એસોચેમનો કેટલામાં સ્થાપના દિવસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયો -**101**
3. ASSOCHAMનું વિસ્તૃત નામ જણાવો - **એસોસિએડેટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટિ ઓફ ઇન્ડિયા**

4. તાજેતરમાં DRDO દ્વારા કઈ સ્વદેશી તોપનું સફળ પરીક્ષણ કરાયું - **હોવિત્ઝર તોપ**
5. તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા પરીક્ષણ કરાયેલા સ્વદેશી હોવિત્ઝર તોપની રેન્જ જણાવો - **48 કિલોમીટર**
6. વિશ્વમાં સૌથી શક્તિશાળી સ્વદેશી હોવિત્ઝર તોપનું સફળ પરીક્ષણ તાજેતરમાં ક્યાંથી કરાયું - **બાલાસોર, ઓડિશા**
7. DRDOનું વિસ્તૃત નામ જણાવો - **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઇઝેશન**
8. ડિસેમ્બર 2020માં ભારતીય ક્રિકેટ ટીમ કયા દેશ સામે ટેસ્ટમાં સૌથી ઓછા માત્ર 36 રનમાં ઓલ આઉટ થઇ હતી અને તે ટેસ્ટ કયા શહેરમાં રમાઈ હતી - **ઓસ્ટ્રેલિયા અને એડિલેડ**
9. વૈશ્વિક સંગઠન ILOનું વિસ્તૃત નામ જણાવો – **ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન**
10. વિશ્વ શ્રમ સંગઠનના તાજેતરના અહેવાલ અનુસાર કોરોના વાઇરસને કારણે પડેલા આર્થિક ફટકાના પગલે એશિયા-પ્રશાંત પ્રદેશમાં ત્રણ ક્વાર્ટર્સ દરમિયાન શ્રમિકોની આવકમાં એકંદરે કેટલા ટકાનો ઘટાડો નોંધાયો છે - ૯.૯
11. કોરોના વાઇરસને કારણે પડેલા આર્થિક ફટકાના પગલે એશિયા-પ્રશાંત પ્રદેશમાં કેટલા ગણા યુવાનોએ નોકરી ગુમાવી - **૩થી ૧૮**
12. ગ્રીન પાસપોર્ટ આપનાર પ્રથમ દેશ કયો છે - **ઇઝરાયલ**
13. ઈઝરાયલ દ્વારા અપાનારા ગ્રીન પાસપોર્ટથી કઈ બાબત જાણી શકાશે - **પાસપોર્ટ હોલ્ડરે વેક્સિન લઈ લીધી છે અને હવે તેને કોઈ જોખમ નથી**
14. ગુજરાતના રાજકુમાર ગોપાળદાસ દેસાઈનો જન્મ દિવસ જણાવો - **19 ડિસેમ્બર, 1887**
15. ગોપાળદાસ દેસાઈનો જન્મ ક્યાં થયો હતો – **વસો**
16. ગોપાળદાસ દેસાઈએ ગુજરાત કક્ષાએ થયેલી કઈ સંસ્થાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન આપ્યું હતું - **વડોદરા રાજ્ય પ્રજા પરિષદ, કાઠિયાવાડ રાજકીય પરિષદ, હરીપુરા કોંગ્રેસ અને સ્વાતંત્ર્યની બધી જ લડત**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. નવતર પહેલ : દીનદયાલ ક્લિનિક ગુજરાત સરકાર (આરોગ્ય)



વિગત :

- ✓ રાજ્યના મુખ્ય શહેરો તેમજ ૧ લાખની વસતિવાળા નગરોમાં ગીચ જગ્યાએ પ્રથમવાર દીનદયાલ ક્લિનિક શરૂ કરાશે
- ✓ ઓ.પી.ડી.નો સમય : સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક
- ✓ હેતુ: શહેરી વિસ્તારમાં ગીચ જગ્યાએ વસતા ગરીબોને ઘર આંગણે આરોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવવા.
- ✓ આરોગ્ય મંત્રી : શ્રી નીતિનભાઈ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૨. રાજગીર : દેશનો બીજો "ગ્લાસ બ્રિજ" તૈયાર (પ્રવાસન)



વિગત :

- ✓ બિહારના નાલંદા જિલ્લાના રાજગીરમાં દેશનો બીજો અને રાજ્યનો પહેલો ગ્લાસ બ્રિજ તૈયાર કરાયો.
- ✓ બૈભારગિરિ પહાડના બે શિખરની વચ્ચે ગ્લાસ બ્રિજ બનાવાયો છે.

- ✓ ઝૂ સફારીનું પણ ૮૦ ટકા કામ પૂરું થઇ ચૂક્યું છે. ત્યાર બાદ ગ્લાસ સ્કાય વૉક પર્યટકો માટે ખુલ્લો મુકાશે.
- ✓ દેશનો પહેલો સ્કાય બ્રિજ સિક્કિમમાં છે, જે માર્ચ, ૨૦૨૧માં તૈયાર થઇ જશે જ્યારે વિશ્વનો પહેલો ગ્લાસ બ્રિજ ચીનના હાંગઝોઉ પ્રાંતમાં છે.

"ગ્લાસ બ્રિજ" એટ એ ગ્લાન્સ :

- ✓ ખર્ચ : રૂ.૧૯ કરોડ
- ✓ લંબાઈ-પહોળાઈ : ૮૫ ફૂટ લાંબો, ૫ ફૂટ પહોળો
- ✓ જમીનથી ઊંચાઈ : ૨૦૦ ફૂટ
- ✓ બૈભારગિરિ પર્વતના બે શિખરની વચ્ચે બ્રિજ બનાવાયો છે.
- ✓ બંને પર્વત વચ્ચેનું અંતર : ૪૦૦ મીટર
- ✓ સ્થળ: રાજગીર-નાલંદા(બિહાર)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૩. નેપાળ : વડાપ્રધાનની ભલામણના આધારે રાષ્ટ્રપતિ દ્વારા નેપાળ સંસદ ભંગ કરાઈ (વૈશ્વિક બાબતો)



- ✓ આગામી સામાન્ય ચૂંટણી તા. ૩૦ એપ્રિલથી ૧૦ મે-૨૦૨૧
- ✓ વડાપ્રધાન: કે.પી. શર્મા ઓલી
- ✓ રાષ્ટ્રપતિ : વિદ્યાદેવી ભંડારી
- ✓ રાજધાની : કાઠમંડુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. યુનેસ્કો એવોર્ડ-૨૦૨૦ (પ્રકૃત્તિ)

- ✓ યુનેસ્કો દ્વારા એશિયા-પેસિફિક એવોર્ડની બે કેટેગરી માટે દિલ્હીની "સુંદર નર્સરી"ની પસંદગી.



"સુંદર નર્સરી" વિશે :

- ✓ નિઝામુદ્દીનમાં હુમાયુના મકબરો અને કિલ્લા પાસે 90 એકરમાં ફેલાયેલી સુંદર નર્સરીમાં અનેક ગાર્ડન, તળાવ અને ઐતિહાસિક ધરોહરો છે.
- ✓ સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટે આ એવોર્ડ વર્ષ ૨૦૦૦થી ખાનગી સંસ્થાઓ અને વ્યક્તિઓને આપવામાં આવે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. જન્મ દિન વિશેષ – 20 ડિસેમ્બર

રંગભૂમિ કલાકાર : શાંતા ગાંધી

જન્મ- 20 ડિસેમ્બર, 1917

અવસાન- 6 મે, 2002



✓ ગુજરાતી રંગભૂમિના ઉચ્ચ દરજ્જાના કલાકાર શાંતા ગાંધીનો જન્મદિન.

✓ મહારાષ્ટ્રના નાસિકમાં જન્મેલા શાંતાબેન મુંબઈ અને પુનામાં ભણ્યા હતા. અહીં તેઓ ઈન્દિરા ગાંધીના સહાધ્યાયી અને મિત્ર પણ હતા.

✓ વિદ્યાર્થીવસ્થામાં સામ્યવાદી વિચારધારાનો રંગ પણ લાગેલો.

✓ એન્જિનિયર પિતાની ઈચ્છા મુજબ મેડીસીનનો અભ્યાસ કરવા ઇંગ્લેન્ડ ગયા પણ 1939માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થતા તેમનો મેડીકલનો અભ્યાસ અધુરો રહ્યો.

✓ શાંતા ગાંધીનો જીવ નાટકનો હતો યુવાવસ્થામાં સંસ્કૃત નાટકો પ્રત્યેના લગાવને લઈ ભરતમુનિના નાટ્યશાસ્ત્રથી લઈ કાલિદાસ, ભાસ, ભવભૂતિ જેવા અનેક પ્રાચીન નાટ્યકારોને આત્મસાત કર્યા, તેમના વિશે ભણ્યા અને ભણાવ્યું.

✓ નાટકોમાં તેમને લોકનાટ્યનું ભવાઈ ગાંધી સ્વરૂપ વિશેષ પસંદ હતું તેમના રઝીયા સુલતાન અને જસમા ઓડણ નાટકો વિશેષ પ્રસિદ્ધિ પામ્યા હતા તેમાય જસમા ઓડણ નાટક તો સમકાલીન નાટકોમાં સીમાચિન્હરૂપ લેખાયું હતું.

✓ શાંતાબેન ઈન્ડિયન પીપલ્સ થિયેટર એસો.ના સ્થાપક સભ્ય પણ હતા.

✓ 6 મે-2002એ તેમનું અવસાન થયું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૧૨-૨૦૨૦)

1. ગુજરાતી રંગભૂમિના કલાકાર શાંતા ગાંધીનો જન્મદિવસ જણાવો - 20 ડિસેમ્બર
2. ગુજરાતી રંગભૂમિના કલાકાર શાંતા ગાંધીને ભારત સરકારે કયો એવોર્ડ આપી સન્માન કર્યું છે - પદ્મશ્રી
3. તાજેતરમાં કયા પાડોશી દેશની સંસદને ભંગ કરવામાં આવી છે - નેપાળ
4. નેપાળના રાષ્ટ્રપ્રમુખનું નામ જણાવો - વિદ્યા દેવી ભંડારી
5. નેપાળમાં સામાન્ય ચૂંટણીઓ ક્યારે યોજાશે - તારીખ 30 એપ્રિલથી 10 મે 2021
6. નેપાળની રાજધાનીનું નામ જણાવો - કાઠમંડુ
7. ગુજરાત સરકાર દ્વારા આગામી સમયમાં એક લાખની વસ્તી ધરાવતા મુખ્ય શહેરોમાં કયા ક્લિનિક શરૂ કરાશે - દિનદયાલ ક્લિનિક

8. ગુજરાતમાં ગીચ વિસ્તારમાં વસતા ગરીબોને ઘર આંગણે કઈ નવી સારવાર આપવામાં આવશે - **દિનદયાલ ક્લિનિક**
9. ગુજરાતના વર્તમાન આરોગ્ય મંત્રીનું નામ જણાવો - **નીતિનભાઇ પટેલ**
10. આ વર્ષે 2020માં યુનેસ્કો દ્વારા એશિયા પેસિફિક એવોર્ડની બે કેટેગરી માટે દિલ્હીમાં કોની પસંદગી કરાઈ - **સુંદર નર્સરી**
11. યુનેસ્કો દ્વારા સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટે આ એવોર્ડ કયા વર્ષથી ખાનગી સંસ્થાઓને આપવામાં આવે છે - **વર્ષ 2000**
12. ભારતનો બીજો સૌથી મોટો ગ્લાસ બ્રિજ તાજેતરમાં કયા રાજ્યમાં કયા સ્થળે તૈયાર કરવામાં આવ્યો છે - **બિહાર અને રાજગીર**
13. તાજેતરમાં તૈયાર થયેલો બિહારનો ગ્લાસ બ્રિજ કયા પર્વત ઉપર આવેલો છે - **બૈભારગિરિ**
14. ભારતમાં સૌથી પહેલા સ્કાય બ્રિજ કયા રાજ્યમાં આવેલો છે - **સિક્કિમ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. AIIMS - રાજકોટ : AIIMS ખાતે પ્રથમ MBBS બેંચનો પ્રારંભ (આરોગ્ય)



- ✓ MBBSની ૫૦ વિદ્યાર્થીઓની પ્રથમ બેંચનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધન દ્વારા ઈ-શુભારંભ
- ✓ હાલમાં AIIMSનું હંગામી કેમ્પસ PDU હોસ્પિટલ રાજકોટ ખાતે કાર્યરત
- ✓ AIIMS રાજકોટ મેન્ટર તરીકે AIIMS જોધપુરને જવાબદારી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૨. સાગરમાલા પ્રોજેક્ટ : ભારતમાં નવા જળમાર્ગ રૂટની જાહેરાત (જળમાર્ગ)



જળમાર્ગની વિગત :

- ✓ ભારત સરકારના બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે દેશમાં રો-રો, રો-પેક્સ અને ફેરી સર્વિસ માટે કુલ ૧૩ બંદરોના નવા રૂટ જાહેર કર્યા. જેમા ગુજરાતના ૯ રૂટનો સમાવેશ.

ગુજરાતના નવા ૦૯ રૂટ :

- ✓ સાગરમાલા કાર્યક્રમ હેઠળ ભારતના ૭૫૦૦ કિલોમીટર દરિયાકાંઠાનો ઉપયોગ કરીને બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે ગુજરાતના હઝીરા, ઓખા, સોમનાથ મંદિર, પીપાવાવ, દિવ, મુંબઈ-JNPT, જામનગર, કોચી, ઘોઘા, ગોવા, મુન્દ્રા અને માંડવી જેવા સ્થાનિક બંદરોની પસંદગી કરી છે.

અગાઉના જળમાર્ગ :

- ✓ બાંગ્લાદેશના ચટ્ટોગ્રામ, પૂર્વ આફ્રિકાના સેશીલ્સ તેમજ મડાગાસ્કર અને શ્રીલંકાના જાફના એમ ચાર આંતરરાષ્ટ્રીય સ્થળોને જોડવા ભારતીય મુખ્ય દરિયાઈ શહેરોમાંથી ૬ આંતરરાષ્ટ્રીય જળમાર્ગની પણ પસંદગી કરાઈ જેના દ્વારા આંતરીક જળમાર્ગ દ્વારા ફેરી સેવાઓ શરૂ થશે.
- ✓ ભારત સરકારે તાજેતરમાં જ હઝીરાથી ઘોઘા વચ્ચે રોપેક્સ ફેરી સર્વિસ શરૂ કરીને તેનો સફળતા પૂર્વક અમલ કર્યો છે.
- ✓ આ સેવાથી ઘોઘા- હઝીરા વચ્ચે ૩૭૦ કિલોમીટરનું અંતર ઘટીને ૯૦ કિલોમીટર થયુ છે.
- ✓ પ્રવાસનનો સમય ૧૦થી ૧૨ કલાક ઘટીને આશરે પાંચેક કલાકનો થયો છે.

જળમાર્ગનો ઉપયોગ અને મહત્વ

- ✓ જળમાર્ગે પરિવહન સેવાઓ શરૂ થવાથી રેલ અને રોડ નેટવર્ક ઉપરનું ભારણ ઘટશે અને પ્રવાસન પ્રવૃતિઓ વધશે
- ✓ જળમાર્ગો પર વ્યાવસાયિક મોડલની સફળતા માટે બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલય ખાનગી ઓપરેટરને આ રૂટોની પસંદગી કરવા પ્રોત્સાહન આપે છે.
- ✓ જેથી દરરોજ આવાગમન કરતા નાગરીકો, પ્રવાસીઓ અને કાર્ગો પરિવહન માટે લાભદાયી થતા રેલ અને રોડ પરિવહનથી પર્યાવરણને અનુકૂળ પધ્ધતિ તરફ અગ્રેસર થઈને કાર્બનનું ઉત્સર્જન ઘટાડવામાં મદદરૂપ પણ થશે.
- ✓ દરિયાકાંઠાના વિસ્તારોમાં રોજગોરીની તકોનું સર્જન પણ થશે. સમય અને ખર્ચમાં પણ ઘટાડો થશે.
- ✓ બંદર, જહાજ અને જળમાર્ગ રાજ્ય મંત્રી : મનસુખ માંડવિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. દિપડાની વસતી ગણતરી : કેન્દ્ર સરકાર (વન્યજીવ)



અહેવાલના મહત્વના તારણો :

- ✓ વર્ષ ૨૦૧૪ થી વર્ષ ૨૦૧૮ સુધીમાં ભારતમાં દિપડાની વસતી ૬૦ ટકા વધીને ૧૨, ૮૫૨ થઈ

વર્ષ ૨૦૧૮ની સ્થિતિએ દિપડાની વસતીમાં અગ્રેસર રાજ્યો :

- ✓ મધ્યપ્રદેશ : ૩૪૨૧
- ✓ કર્ણાટક : ૧૭૮૩
- ✓ મહારાષ્ટ્ર : ૧૬૯૦
- ✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી : પ્રકાશ જાવડેકર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪."વીજળી (ગ્રાહક અધિકાર) નિયમ-2020" જાહેર : કેન્દ્ર સરકાર (ઊર્જા)



નવા નિયમો :

- ✓ કેન્દ્ર સરકારે વીજળી ક્ષેત્રમાં સુધારા માટે નવા નિયમોની જાહેરાત કરી.
- ✓ તેમાં વીજ વપરાશકારોના અધિકાર નક્કી કરાયા.
- ✓ નવા નિયમો હેઠળ અરજી કર્યા બાદ વીજળી કનેક્શન મેટ્રોમાં ૭, અન્ય શહેરોમાં ૧૫ અને ગામડામાં ૩૦ દિવસના સમયગાળામાં કનેક્શન આપવું પડશે.
- ✓ વીજ વપરાશકારની ફરિયાદનો નિકાલ ન લવાતા વીજળી કંપનીને દંડ ફટકારાશે.
- ✓ નવા નિયમો હેઠળ વીજળી કનેક્શન આપવા, વીજળી બિલની ચૂકવણીની સુવિધા અને વીજ સપ્લાય માટે ગ્રાહકોના ઊર્જા અધિકાર નક્કી કરાયા.
- ✓ કેન્દ્રીય ઊર્જા રાજ્યમંત્રી : આર.કે. સિંહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૫. કોરોના વાયરસ (આરોગ્ય)

બ્રિટનમાં નવા શોધાયેલા સ્ટ્રેઈન વિશે



- ✓ વાઈરસની સપાટી પર થોરની માફક દાંડીઓ ઉગેલી જોવા મળે છે. એ દાંડી એ વાઈરસનો વંશ (બ્રેઈન) ફેલાવાનું કામ કરે છે. એ દાંડી સ્પાઈક પ્રોટિન છે.
- ✓ શરીરમાં ઘૂસ્યા પછી આ સ્ટ્રેઈનની મદદથી વાઈરસ શરીરના કોષ પર પકડ જમાવે છે.
- ✓ સ્પાઈક એક પ્રકારની સાણસી છે, જે શરીરમાં રહેલા કોષની સપાટી પર પકડ જમાવી, કોષમાં પ્રવેશ મેળવી ત્યાં બની રહેલા પ્રોટીન પ્રોડક્શન પર કબજો જમાવે છે.
- ✓ વાઈરસ કોષમાં પ્રવેશ મેળવે પછી એ પોતાની ઈચ્છા મુજબ ત્યાંથી વાઈરસ પેદા કરી આખા શરીરમાં ફેલાવો કરવાની શરૂઆત કરે.



બ્રિટનમાં શોધાયેલાં સ્ટ્રેઇન અંગે મુખ્ય ચિંતા શું છે?

- ✓ યુકે અને યુએસના હેલ્થ એક્સપર્ટ કહે છે કે આ સ્ટ્રેઇન અન્યની તુલનાએ વધારે સરળતાથી ચેપ પ્રસરાવી શકે છે.
- ✓ આ અંગે સામાન્ય લોકોને એક જ ચિંતા છે કે, જ્યારે વ્યાપક ધોરણે રસીકરણ ચાલી રહ્યું છે ત્યારે આ રસી દ્વારા વાઈરસના નવા સ્ટ્રેનને પણ કાબૂ કરી શકાશે.
- ✓ બ્રિટિશ સરકારના મુખ્ય સાઇન્ટિફિક એડવાઇઝર પેટ્રિક વેલાન્સ કહે છે કે આ સ્ટ્રેઇન ઝડપથી મૂવ થાય છે અને તેનું આધિપત્ય વધી રહ્યું છે.
- ✓ તેના માટેની ચિંતાનું મુખ્ય કારણ તેના ઘણા બધા મ્યૂટેશન્સ- લગભગ બે ડઝન- છે અને તેમાના કેટલાક સ્પાઇક પ્રોટીન પર છે જેનો ચેપ લગાડવા માટે ઉપયોગ કરે છે.

આ નવો સ્ટ્રેઇન કેવી રીતે બને છે?

- ✓ સામાન્ય ઉત્ક્રાંતિ દરમિયાન વાઇરસ ઘણીવાર નાના પરિવર્તનો હસ્તગત કરે છે. સહેજ મોડિફાઇડ થયેલો સ્ટ્રેઇન જે તે દેશ કે પ્રદેશમાં કોમન બને છે.
- ✓ જ્યારે એક વાઇરસ કોઈ દવા અથવા પ્રતિકાર શક્તિથી બચવા માટે તેની સપાટી પરના પ્રોટેઇનને બદલાવીને પરિવર્તન લાવે છે ત્યારે તે મોટી ચિંતા બને છે.
- ✓ ઇમર્જિંગ એવિડન્સ દર્શાવે છે કે નવા કોરોના સાથે આવું બનવાની શરૂઆત થઈ શકે છે.
- ✓ આપણે હવે વાઇરસના ઘણા વેરિયન્ટને ઊભરતા, પ્રસરતા જોઈ રહ્યા છીએ તે આ બાબત દર્શાવે છેય
- ✓ વર્તમાન કોરોના વાયરસ કરતા નવો સ્ટ્રેઈન ૭૦ ટકા વધુ ઝડપથી ફેલાઈ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. 6Th ભારત-જાપાન સંવાદ સંમેલન (વૈશ્વિક સંબંધો)



- ✓ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સથી જોડાયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ભારત – વિયેતનામ ઈ-શિખર બેઠક (વૈશ્વિક સંબંધો)



વિવિધ સાત સમજૂતી કરાર :

- ✓ ભારત અને વિયેતનામ વચ્ચે સંરક્ષણ, પેટ્રોકેમિકલ્સ અને પરમાણુ ઊર્જા સહિતના સાત ક્ષેત્રે સહયોગ માટે સમજૂતી.
- ✓ ભારત અને વિયેતનામે શાંતિ અને સમૃદ્ધિ અંગેના પોતાના સંયુક્ત દૃષ્ટિકોણને પણ વાચા આપી હતી.

વડાપ્રધાન મોદીના સંબોધનના મુખ્ય અંશો :

- ✓ વિયેતનામ ભારતની એક્ટ ઇસ્ટ નીતિનો મહત્વનો પિલર છે અને ભારત- પ્રશાંત વિઝનનો મહત્વનો સાથીદાર પણ છે.
- ✓ ભારત વિયેતનામ સાથેના સંબંધોની મુલવણી લાંબા ગાળાના વ્યૂહાત્મક સંબંધોના રૂપમાં કરે છે. ભારત -પ્રશાંત સાગરમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ તે બંને દેશના હેતુ છે.

વિયેતનામને ૧૦ કરોડ ડોલરની સંરક્ષણ માટેની ક્રેડિટ લાઇન

- ✓ ભારત હાલમાં વિયેતનામ ૧૨ હાઇ સ્પીડ પેટ્રોલ બોટ પ્રાપ્ત કરી શકે તે માટે તેને આપવામાં આવેલી ૧૦ કરોડ ડોલરની સંરક્ષણ ક્રેડિટ લાઇનનો અમલ કરી રહ્યું છે.
- ✓ ચેન્નાઇના લાર્સન એન્ડ ટબ્રો શિપયાર્ડમાં પાંચ બોટ તૈયાર થઇ રહી છે. બાકીની બોટનું નિર્માણ ભારતની કંપનીની દેખરેખ હેઠળ વિયેતનામના બંદરગાહ હાઇ ફોંગ ખાતે થશે.
- ✓ વિયેતનામ વડાપ્રધાન : નગુઆન શુઆન ફૂક
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ – 21 ડિસેમ્બર ખગોળની ભાષામાં વિન્ટર સોલ્સટિસ તરીકે ઓળખ સૌથી લાંબી રાત અને ટૂંકો દિવસ

- ✓ ૨૧ ડિસેમ્બર પૃથ્વીના એક ભાગમાં સૌથી ટૂંકો દિવસ અને બીજામાં સૌથી લાંબો દિવસ બન્યો એટલે કે ૨૧ ડિસેમ્બરનો દિવસ આ વર્ષનો સૌથી ટૂંકો દિવસ રહ્યો હતો.
- ✓ વર્ષના આ સૌથી ટૂંકા દિવસને વિન્ટર સોલ્સટિસ તરીકે ઓળખવામાં આવે છે. તે એક લેટિન શબ્દ છે જેનો અર્થ સૂરજનું સ્થિર થઈ જવું એવો છે.
- ✓ ધરતી પોતાની ધરી પર ઘૂમતા ઘૂમતા સૂરજ સામે દિશા બદલે છે. આ દરમિયાન ધરતીનો જે હિસ્સો સૂરજની સામે આવે છે તેને સોલ્સટિસ શબ્દ સાથે જોડી દેવામાં આવે છે.

- ✓ ઉત્તર ગોળાર્ધમાં ૨૧ ડિસેમ્બરનો દિવસ સૌથી ટૂંકો છે તેનો અર્થ એ છે કે આ દિવસે ધરતીના આ હિસ્સામાં સૂરજ સૌથી ઓછા સમય માટે દેખાશે. તેની સામે સૂરજ પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં સૌથી વધારે સમય માટે રહેશે તેથી આ હિસ્સામાં આવતાં દેશોમાં સૌથી મોટો દિવસ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮૦૦ વર્ષ બાદ 21 ડિસેમ્બરે ગુરૂ અને શનિ સીધી લીટીમાં દેખાશે જેને સંયોજન તરીકે ઓળખાય છે



વધુ વિગત :

- ✓ ૧૧.૫૦ પીએમ પર બન્ને ગ્રહ વચ્ચેનુ એંગલ ફક્ત ૦૧ ડિગ્રી હશે અથવા તો સામાન્ય બોલચાલની ભાષામાં કહીએ તો બને છ મિનિટ, છ સેકંડ દૂર હશે.
- ✓ અહેવાલ: નહેરુ પ્લેનેટોરિયમ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૧૨-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્ર સરકારના જહાજ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા કેટલા નવા જળમાર્ગ રૂટની જાહેરાત કરવામાં આવી છે - **13**
2. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ ભારતના નવા 13 જળમાર્ગમાં ગુજરાતના કેટલા જળ માર્ગનો સમાવેશ થાય છે - **09**
3. કેન્દ્ર સરકાર દ્વારા કયા પ્રોજેક્ટ અંતર્ગત તાજેતરમાં નવા જળમાર્ગ જાહેર કરવામાં આવ્યા છે - **સાગરમાલા પ્રોજેક્ટ**
4. સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં કેટલા કિલોમીટરના દરિયા કિનારો કરવામાં આવે છે- **7500**
5. ભારત સરકાર દ્વારા સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત કેટલા આંતરરાષ્ટ્રીય સ્થળોને જોડવામાં કેટલા આંતરરાષ્ટ્રીય જળમાર્ગની પસંદગી કરવામાં આવી છે - **4 અને 6**
6. ભારત સરકારના બંદર, જહાજ અને જળ માર્ગ રાજ્યમંત્રીનું નામ જણાવો - **મનસુખભાઈ માંડવીયા**
7. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીના હસ્તે કયા શહેરમાં AIIMSની પ્રથમ બેચનો ઇ-પ્રારંભ કરાયો - **રાજકોટ**
8. ગુજરાતમાં સૌપ્રથમ AIIMSનો પ્રારંભ કયા શહેરમાં કરવામાં આવ્યો છે - **રાજકોટ**
9. AIIMSનું વિસ્તૃત નામ જણાવો - **ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ**
10. તાજેતરના અહેવાલ મુજબ ભારતમાં વર્ષ 2014થી 2018 દરમિયાન દિપડાની વસ્તીમાં કેટલા ટકાનો વધારો થયો – **60 %**
11. તાજેતરના અહેવાલ મુજબ ભારતમાં વર્ષ 2014થી 2018 દરમિયાન દિપડાની વસ્તી વધીને કેટલી થઈ છે - **12,852**
12. ભારતમાં કયા રાજ્યમાં સૌથી વધુ દીપડાની વસતી છે અને કેટલી - **મધ્ય પ્રદેશ અને 3421**
13. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ વીજળી (ગ્રાહક અધિકાર) નિયમ-2020 મુજબ મેટ્રો શહેરમાં અરજી કર્યા બાદ કેટલા દિવસમાં વીજ જોડાણ ઉપલબ્ધ કરાવવાનું રહેશે - **07**

14. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ વીજળી (ગ્રાહક અધિકાર) નિયમ-2020 મુજબ અન્ય શહેરમાં અરજી કર્યા બાદ કેટલા દિવસમાં વીજ જોડાણ ઉપલબ્ધ કરાવવાનું રહેશે - **15**
15. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ વીજળી (ગ્રાહક અધિકાર) નિયમ-2020 મુજબ ગામડામાં અરજી કર્યા બાદ કેટલા દિવસમાં વીજ જોડાણ ઉપલબ્ધ કરાવવાનું રહેશે - **30**
16. કેન્દ્રીય ઊર્જા રાજ્ય મંત્રીનું નામ જણાવો- **આર.કે સિંહ**
17. ડિસેમ્બર-૨૦૨૦માં બ્રિટનમાં કોરોના વાયરસનું કયુ નવુ સ્વરૂપ શોધાયું - **સ્ટ્રેઈન**
18. તા. ૨૧ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ ભારત-જાપાન વચ્ચે કેટલામુ સંવાદ સંમેલન યોજાયુ - **6Th**
19. ભારત-જાપાન 6Th સંવાદ સંમેલનમાં ભારત તરફથી કોણ વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
20. તા. ૨૧ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ ભારત અને કયા દેશ વચ્ચે ઈ-શિખર બેઠક યોજાઈ - **વિયેતનામ**
21. તા.૨૧ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ ભારત-વિયેતનામ વચ્ચે યોજાયેલી ઈ-શિખર બેઠકમાં વિવિધ કેટલા સમજૂતી કરાર થયા - **સાત**
22. તા.૨૧ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ ભારત-વિયેતનામ વચ્ચે કયા વિવિધ ક્ષેત્રે સમજૂતી કરાર થયા - **સંરક્ષણ, પેટ્રોકેમિકલ્સ, પરમાણુ ઊર્જા સહિતના ક્ષેત્રે**
23. વિયેતનામ ભારતની કઈ નીતિનો મહત્વનો પિલર છે - **એક્ટ ઇસ્ટ**
24. ભારત હાલમાં કયો દેશ ૧૨ હાઇ સ્પીડ પેટ્રોલ બોટ પ્રાપ્ત કરી શકે તે માટે તેને આપવામાં આવેલી ૧૦ કરોડ ડોલરની સંરક્ષણ ક્રેડિટ લાઇનનો અમલ કરી રહ્યું છે - **વિયેતનામ**
25. વિયેતનામની ૧૨ હાઇ સ્પીડ પેટ્રોલ બોટ પૈકી ભારતમાં ક્યા સ્થળે પાંચ બોટ તૈયાર થઇ રહી છે - **ચેન્નાઇના લાર્સન એન્ડ ટબ્રો શિપયાર્ડમાં**
26. ભારતીય કંપનીની દેખરેખ હેઠળ વિયેતનામની ૧૨ હાઇ સ્પીડ પેટ્રોલ બોટ પૈકી સાત બોટનું નિર્માણ વિયેતનામના કયા બંદરગાહ ખાતે થશે - **હાઇ ફોંગ**
27. વિયેતનામ વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **નગુઆન શુઆન ફૂક**
28. વર્ષની સૌથી લાંબી રાત અને ટૂંકો દિવસ કયો છે - **21 ડિસેમ્બર**
29. વર્ષના સૌથી ટૂંકા દિવસ-૨૧ ડિસેમ્બરને કયા નામે ઓળખવામાં આવે છે - **વિન્ટર સોલ્સટિસ**
30. વિન્ટર સોલ્સટિસ કઈ ભાષાનો શબ્દ છે - **લેટિન**
31. લેટિન શબ્દ વિન્ટર સોલ્સટિસનો અર્થ શું થાય છે - **સૂરજનું સ્થિર થઈ જવું**
32. તા. ૨૧ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ કેટલા વર્ષ બાદ ગુરૂ અને શનિ સીધી લીટીમાં દેખાયા જેને સંયોજન તરીકે ઓળખાય છે – ૮૦૦

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. તબીબી બેઠકો : ભારત સરકાર

દેશમાં ૧ હજારની વસતી દીઠ એક તબીબના લક્ષ્યાંકને સિદ્ધ કરવા MBBSની બેઠકો વધારીને હવે વર્ષ ૨૦૨૧ના અંતે ૮૦ હજાર કરાશે (આરોગ્ય-શિક્ષણ)



ભારતમાં તબીબી બેઠકોની વર્તમાન સ્થિતિ :

- ✓ હાલ દેશમાં સરકારી કોલેજોમાં MBBS બેઠકોની સંખ્યા ૪૨,૪૯૫.

WHOની માર્ગદર્શિકા :

- ✓ દેશમાં ૧,૦૦૦ની વસ્તી દીઠ એક તબીબના રેશિયાને હાંસલ કરવા વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ કરેલી ભલામણને પહોંચી વળવા હેતુથી બેઠકોની સંખ્યા વધારવામાં આવશે.
- ✓ દેશમાં નાગરિકોની વસ્તી અને તબીબો વચ્ચેના તફાવતને દૂર કરવા માટેના પ્રયાસરૂપે કેન્દ્ર સરકાર MBBSની બેઠકોની સંખ્યા વધારીને ૮૦ હજાર કરશે.
- ✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રી : હર્ષવર્ધન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. AMU- અલિગઢ : સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ (શિક્ષણ)



- ✓ વડાપ્રધાન મોદી દ્વારા ઉજવણી પ્રસંગે ઈ-સંબોધન

✓ ૫૬ વર્ષ બાદ AMUમાં ભાષણ આપનારા મોદી બીજા વડાપ્રધાન

✓ પ્રથમ વડાપ્રધાન : લાલ બહાદૂર શાસ્ત્રી

AMU વિશે :

✓ સ્થાપક : સર સૈયદ એહમદ ખાન

✓ સ્થાપના : ૧૯૨૦, અલીગઢ-ઉત્તરપ્રદેશ

✓ AMU : અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વાયુ પ્રદૂષણ : ભારતની સ્થિતિ અંગે અહેવાલ

ICMRનો સંશોધન અંગે અહેવાલ :

✓ વાયુ પ્રદૂષણથી થતી બીમારીઓના કારણે છેલ્લા એક વર્ષમાં અંદાજે 17 લાખ લોકોનાં મોત થયાં.

✓ આ દરમિયાન દર્દીઓની સારવાર તથા અન્ય ખર્ચના કારણે દેશ પર 1 વર્ષમાં રૂ. 2 લાખ 60 હજાર કરોડનો આર્થિક બોજ પડ્યો.

પ્રદૂષણની સ્થિતિ :

✓ ઇનડોર પોલ્યુશન 64% ઘટ્યું પણ આઉટડોર પોલ્યુશન 11 5% વધ્યું.

✓ વાતાવરણમાં પાર્ટિક્યુલેટ મેટર(PM) વધુ હોવાથી થતી બીમારીઓથી અંદાજે 10 લાખ, હાઉસહોલ્ડ પોલ્યુશનના કારણે થતી બીમારીઓથી અંદાજે 6 લાખ અને ઓઝોનમાં પોલ્યુશનના કારણે થતી બીમારીઓથી અંદાજે 1 લાખ મૃત્યુ થયા.

વિવિધ બિમારીઓથી મૃત્યુ :

✓ વાયુ પ્રદૂષણથી સૌથી વધુ 32.5% મોત ક્રોનિક ઓસ્ટ્રક્ટિવ પલ્મોનરી બીમારીથી થયા. 29.2% મોત હૃદયની બીમારીઓથી, 16.2% સ્ટ્રોકથી, 11.2% લોઅર રેસ્પિરેટરી, 5.2% દર્દી નવજાત, 3.8% ડાયાબિટીસ અને 1.7 % દર્દીના મોત ફેફ્સાંના કેન્સરથી થયા.

✓ દેશમાં દર 10 લાખની વસતીએ 53.5 લોકો વાયુ પ્રદૂષણના કારણે થતી કોઇ ને કોઇ બીમારીથી પીડિત.

વાયુ પ્રદૂષણથી આર્થિક બોજ

રાજ્ય	આર્થિક બોજ (રૂ. કરોડમાં)	મૃત્યુ (%)
ગુજરાત	20,020	18.9
મહારાષ્ટ્ર	27,825	16.7
રાજસ્થાન	16,058	21.2
મધ્ય પ્રદેશ	13,790	18.7
હરિયાણા	10,962	19
બિહાર	10,871	18.8
દિલ્હી	8,449	18.2
પંજાબ	8,043	18.8
છત્તીસગઢ	4,830	16.9
ઝારખંડ	3,801	16.7

✓ ICMR : ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ-નવી દિલ્હી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૪. વૈશ્વિક સન્માન : વડાપ્રધાન મોદી સહિત ત્રણ દેશોના મહાનુભાવોને US પ્રમુખ ટ્રમ્પ દ્વારા "લિજન ઓફ મેરિટ" પુરસ્કારથી સન્માનિત કરાયા



✓ લિજન ઓફ મેરિટ : USનું સર્વોચ્ચ મિલિટરી સન્માન.

વિગત:

✓ વડા પ્રધાન મોદી દ્વારા ફૂટનીતિક સંબંધોને મજબૂત બનાવવા માટે થયેલા પ્રયાસો બદલ સર્વોચ્ચ મિલિટરી સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અન્ય સન્માનિત વૈશ્વિક નેતા :

✓ જાપાનના પૂર્વ PM : શિન્જો આબે

✓ ઓસ્ટ્રેલિયા PM : સ્કૉટ મોરિસન



✓ સન્માન સ્વિકારતા ભારતના રાજદૂત તરણજિત સિંહ સંધૂ.

"લિજન ઓફ મેરિટ" પુરસ્કાર વિશે :

✓ અમેરિકી સંસદ દ્વારા ૨૦ જુલાઈ ૧૯૪૨માં લિજન ઓફ મેરિટ મેડલ આપવાની શરૂઆત કરવામાં આવી હતી.

✓ અમેરિકાએ જણાવ્યું કે, મોદીની આગેવાનીમાં ભારત ગ્લોબલ પાવર બની રહ્યો છે, ભારતના વડા પ્રધાનના કારણે અમેરિકા સાથેની સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ વધારે પ્રગાઢ બની છે.

PM મોદીને મળેલા અન્ય વૈશ્વિક સન્માન :

✓ સાઉદી અરબે ૨૦૧૬માં પીએમ મોદીને ઓર્ડર ઓફ અબ્દુલઅઝિઝ અલ-સાઉદથી સન્માનિત કર્યા હતા.

✓ સ્ટેટ ઓર્ડર ઓફ ગાઝી અમિર અમાનુલ્લાહ ખાન (૨૦૧૬)

✓ ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઈન એવોર્ડ (૨૦૧૮)

✓ ઓર્ડર ઓફ ઝાયેદ એવોર્ડ (૨૦૧૯-યુનાઈટેડ આરબ અમિરાત)

- ✓ ઓર્ડર ઓફ સેન્ટ. એન્ડ્રયુ (૨૦૧૯- રશિયા)
- ✓ ઓર્ડર ઓફ ધ ડિસ્ટિંગ્વિશ્ડ રુલ ઓફ નિશાન ઈઝુદ્દિન (૨૦૧૯ - માલદિવ્સ).
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખેલકૂદ : ATP-2020 ટોપ એવોર્ડ



વિજેતા અને દેશ

- ✓ નોવોક યોકોવિચ : સ્વિત્ઝરલેન્ડ
- ✓ રોજર ફેડરર : સર્બિયા
- ✓ રાફેલ નડાલ : સ્પેન
- ✓ ફાન્સિસ ટિયાફો : અમેરિકા
- ✓ ATP : એસોસિયેટ ટેનિસ પ્રોફેશનલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દિન વિશેષ : તા. 22 ડિસેમ્બર

રાષ્ટ્રીય ગણિત દિવસ



- ✓ શ્રીનિવાસ ઐયંગર રામાનુજનનો જન્મ દિવસ રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવવામાં આવે છે
- ✓ શ્રી એસ. રામાનુજનની 125મી જન્મજયંતી નિમિતે વર્ષ 2012માં ભારતના તત્કાલીન વડાપ્રધાન ડો.મનમોહન સિંહે આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી. જયારે વર્ષ 2012ને ગણિતના રાષ્ટ્રીય વર્ષ તરીકે ઉજવવામાં આવ્યુ હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ – તા. 22 ડિસેમ્બર

મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજન



જન્મ- ૨૨ ડિસેમ્બર ૧૮૮૭

અવસાન – ૨૬ એપ્રિલ ૧૯૨૦

- ✓ શ્રીનિવાસ ઐયંગર રામાનુજનનો જન્મ દિવસ રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે.
- ✓ ૨૦મી સદીમાં ભારતના સૌથી મહાન અને સૌથી પ્રખ્યાત ગણિતજ્ઞ હતા.
- ✓ શ્રી નિવાસ રામાનુજનનો જન્મ ઈરોડ ખાતે થયો હતો.

- ✓ નાનપણથી જ તેઓ ગણિતમાં અસાધારણ પ્રતિભા દેખાડી શિક્ષકોને અચંબામાં નાખી દેતા હતા.
- ✓ મુખ્યતઃ તેઓ ગણિત જાતે જ શિખ્યા હતા અને જીવનમાં ક્યારેય યુનિવર્સિટી ગયા નહોતા.
- ✓ રામાનુજનની પ્રતિભાની ઓળખ વિશ્વને કરાવી રામાનુજનને પ્રસિદ્ધ કરવામાં અંગ્રેજ પ્રોફેસર ગોડફ્રી હાર્ડીનો મોટો હાથ હતો.
- ✓ તેમણે ટૂંકા જીવનગાળા દરમ્યાન લગભગ ૩૯૦૦ જેટલાં ગણિતનાં પરિણામો શોધ્યાં હતા.
- ✓ અત્યંત ધાર્મિક રામાનુજને કહ્યું હતું, "ગણિતનુ જે સમીકરણ ઈશ્વરના વિચારને ન દર્શાવતુ હોય, તે સમીકરણ મારા માટે નિરર્થક છે."
- ✓ ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૨૬ ડિસેમ્બર ૨૦૧૧ અને ૨૨ ડિસેમ્બર ૨૦૧૨માં રામાનુજનના માનમાં સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૧૨-૨૦૨૦)

1. WHOની માર્ગદર્શિકા મુજબ ભારતમાં કેટલી વસ્તીએ એક તબીબ હોવો જોઈએ - 1,000
2. WHOની માર્ગદર્શિકા મુજબ ભારતમાં તબીબો ઉપલબ્ધ કરાવવા વર્ષ 2021 સુધીમાં ડોક્ટરોની બેઠકો વધારી કેટલી કરાશે - 80,000
3. ભારતમાં ડિસેમ્બર 2020ની સ્થિતિએ દેશમાં એમબીબીએસની કુલ બેઠક કેટલી છે - 42,495
4. ભારત સરકારના વર્તમાન આરોગ્ય મંત્રીનું નામ જણાવો - હર્ષવર્ધન
5. તાજેતરમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના કેટલા વર્ષ પૂર્ણ થયા - 100
6. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીનું સ્થાપના વર્ષ જણાવો - 1920
7. AMUમાં 56 વર્ષ બાદ કયા વડાપ્રધાન દ્વારા સંબોધન કરાયું - નરેન્દ્ર મોદી
8. AMUની સ્થાપના કોણે કરી હતી - સર સૈયદ અહમદ ખાન
9. તાજેતરના ICMRના વાયુ પ્રદૂષણ અંગેના અહેવાલમાં બીમારીના કારણે ભારતમાં એક વર્ષમાં અંદાજે કેટલા લોકોના મૃત્યુ થયા છે - 17 લાખ
10. તાજેતરના ICMRના અહેવાલ મુજબ ઇન્ડોર પોલ્યુશન કેટલા ટકા ઘટયું છે જ્યારે આઉટડોર પોલ્યુશન કેટલા ટકા વધ્યું છે – 64 % અને 115 %
11. તાજેતરના ICMRના અહેવાલ મુજબ વાયુ પ્રદૂષણથી સૌથી વધુ આર્થિક બોજ કયા રાજ્ય પર આવશે - ગુજરાત
12. ICMRનું વિસ્તૃત નામ જણાવો - ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ
13. ડિસેમ્બર-૨૦૨૦માં કયા દેશે વડાપ્રધાન મોદીને "લિજન ઓફ મેરિટ" પુરસ્કારથી સન્માનિત કર્યાં હતા - US
14. US દ્વારા કયા કારણોસર PM મોદીને USના સર્વોચ્ચ મિલિટરી સન્માન "લિજન ઓફ મેરિટ" પુરસ્કારથી સન્માનિત કર્યાં હતા - વડાપ્રધાન મોદી દ્વારા કૂટનીતિક સંબંધોને મજબૂત બનાવવા માટે થયેલા પ્રયાસો બદલ
15. ડિસેમ્બર-૨૦૨૦માં વડાપ્રધાન મોદી વતી કોના દ્વારા "લિજન ઓફ મેરિટ" સન્માન સ્વિકાર્યું હતું – USના ભારતના રાજદૂત તરણજિત સિંહ સંધુ
16. ડિસેમ્બર-૨૦૨૦માં US દ્વારા PM મોદી સિવાય અન્ય કોને "લિજન ઓફ મેરિટ" પુરસ્કારથી સન્માનિત કર્યાં હતા - જાપાનના પૂર્વ PM શિન્જો આબે અને ઓસ્ટ્રેલિયાના PM સ્કોટ મોરિસન

17. અમેરિકી સંસદ દ્વારા કયારથી લિજન ઓફ મેરિટ મેડલ આપવાની શરૂઆત કરવામાં આવી હતી - **૨૦ જુલાઈ ૧૯૪૨**
18. સાઉદી અરબે કયા વર્ષે PM મોદીને ઓર્ડર ઓફ અબ્દુલઅઝિઝ અલસાઉદથી સન્માનિત કર્યા હતા- - **૨૦૧૬**
19. PM મોદીને કયા વર્ષે સ્ટેટ ઓર્ડર ઓફ ગાઝી અમિર અમાનુલ્લાહ ખાનથી સન્માનિત કરાયા હતા - **૨૦૧૬**
20. PM મોદીને કયા વર્ષે ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઈન એવોર્ડથી સન્માનિત કરાયા હતા - **૨૦૧૮**
21. વર્ષ-૨૦૧૯માં કયા દેશે PM મોદીને ઓર્ડર ઓફ ઝાયેદ એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા - **યુનાઈટેડ આરબ અમિરાત**
22. વર્ષ માં કયા દેશે૨૦૧૯-PM મોદીને ઓર્ડર ઓફ સેન્ટ . એન્ડ્રયુએવોર્ડ આપી સન્માનિત કર્યા હતા -**રશિયા**
23. વર્ષમાં૨૦૧૯- માલદિવ્સે PM મોદીને કયો એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા - **ઓર્ડર ઓફ ધ ડિસ્ટિંગ્વિશ્ડ રુલ ઓફ નિશાન ઈઝુદ્દિન**
24. ATP- ટોપ એવોર્ડ 2020વિજેતા ખેલાડી અને દેશનું નામ જણાવો - **નોવોક યોકોવિચ-સ્વિત્ઝરલેન્ડ, રોજર ફેડરર-સર્બિયા, રાફેલ નડાલ-સ્પેન તથા ફ્રાન્સિસ ટિયાફો-અમેરિકા**
25. ભારતમાં રાષ્ટ્રીય ગણિત દિવસ કયારે મનાવવામાં આવે છે - **22 ડિસેમ્બર**
26. ભારતમાં કોની યાદમાં 22 ડિસેમ્બરે રાષ્ટ્રીય ગણિત દિવસની ઊજવણી કરવામાં આવે છે - **ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનના જન્મદિવસ નિમિતે**
27. એસ રામાનુજનની .કેટલામી જન્મજયંતી નિમિતે ભારતના તત્કાલીન વડાપ્રધાન ડો મનમોહન સિંહે.આ દિવસને રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી - **125**
28. કયા વર્ષે તત્કાલીન વડાપ્રધાન ડો મનમોહન સિંહે.૨૨ ડિસેમ્બરને રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી - **વર્ષ 2012**
29. શ્રી નિવાસ રામાનુજનનો જન્મ કયાં થયો હતો – ઈરોડ
30. શ્રીનિવાસ રામાનુજનના માનમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા કયારે સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી -**૨૬ ડિસેમ્બર ૨૦૧૧ અને ૨૨ ડિસેમ્બર ૨૦૧૨**
31. ભારતના મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનનો જન્મદિવસ જણાવો-**22 ડિસેમ્બર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. કેન્દ્રીય કેબિનેટ : મહત્વના નિર્ણયો (વહીવટ)

(૧) અનુસૂચિત જાતિ(SC)ના વિદ્યાર્થીઓ માટેની ચાવીરૂપ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજનાના બજેટમાં પાંચ ગણો વધારો



નાણાંની ફાળવણી અંગે :

- ✓ આ યોજનામાં કુલ રૂ.૫૯ હજાર કરોડ પૈકી કુલ રકમના કેન્દ્રના રૂ. ૩૫,૫૩૪ કરોડ એટલે કે ૬૦ તેમજ રાજ્ય સરકાર ૪૦ ટકા ફંડ આપશે.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા સ્કોલરશીપ સીધી વિદ્યાર્થીઓના ખાતામાં જમા થશે
- ✓ **લાભ : આગામી પાંચ વર્ષમાં ૪ કરોડ SC વિદ્યાર્થીઓને લાભ મળશે**
- ✓ સામાજિક સુરક્ષા અને સશક્તીકરણ મંત્રી : શ્રી થાવરચંદ ગેહલોત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) DTH સેવાઓ માટે માર્ગરેખા મંજૂર



વિગતો :

- ✓ હવે ડીટીએચ લાઇસન્સ ૨૦ વર્ષ માટે ઈસ્યૂ કરવામાં આવશે. અગાઉ આ લાઇસન્સ ૧૦ વર્ષ માટે અપાતુ હતું
- ✓ અગાઉ લાઇસન્સ ફી ગ્રોસ રેવન્યૂના ૧૦ ટકા હતી તેને એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુના ૦૮ ટકા કરવામાં આવી.
- ✓ ગ્રોસ રેવન્યૂમાંથી જીએસટી કાપીને એડજસ્ટેડ ગ્રોસ રેવન્યૂની ગણતરી થાય છે
- ✓ DTH : ડાયરેક્ટ ટુ હોમ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. GST : નિર્ણય - કેન્દ્ર સરકાર (કર) મહિનામાં રૂ. ૫૦ લાખથી વધુનો વેપાર થાય તો ૧ ટકા GST રોકડમાં ભરવો પડશે



મુખ્ય ઉદ્દેશ્ય :

- ✓ નકલી ઈનવોઈસ દ્વારા થતી કરચોરી રોકવા.
- ✓ સીબીઆઈસીએ જીએસટી નિયમોમાં નિયમ ૪૬-Bનો ઉમેરો કર્યો. આ નિયમ ઇનપુટ કર ક્રેડિટની મહત્તમ ૯૯ ટકા સુધી જ વપરાયેલા જીએસટીની ચુકવણીના સેટઓફની મંજૂરી આપે છે.

નવા નિયમ અહીં લાગુ નહીં પડે :

- ✓ કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર કે પાર્ટનરે રૂ.૧ લાખથી વધુ રકમ આવકવેરા તરીકે આપી હોય.
- ✓ જીએસટીમાં રજિસ્ટર્ડ વ્યક્તિએ ઇનપુટ ટેક્સ ક્રેડિટનો ઉપયોગ ન કર્યો હોય અને તે કારણે વિતેલા વર્ષમાં રૂ.૧ લાખથી વધુની રકમનું રિફંડ મળ્યું હોય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. DRDO : ભારતીય આર્મી માટે MRSAMનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)



MRSAMની વિશેષતા :

- ✓ રેન્જ : ૧૦૦ કિ.મી.
- ✓ પ્રકાર : પરમાણુ સક્ષમ મિસાઈલ
- ✓ વજન : ૨.૭ ટન
- ✓ વોરહેડ ક્ષમતા : ૬૦ કિલોગ્રામ
- ✓ પરીક્ષણ સ્થળ : ચાંદીપુર રેન્જ, ઓડિસા
- ✓ MRSAM : મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ
- ✓ સંસ્થા : DRDO
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૪. ઇઝરાયલ : વર્તમાન વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સરકારનું પતન (વૈશ્વિક રાજકારણ)



- ✓ આગામી તારીખ ૨૩માર્ચ ૨૦૨૧માં સામાન્ય ચૂંટણી
- ✓ છેલ્લા બે વર્ષમાં ઈઝરાયલમાં ચોથીવાર ચૂંટણીઓ યોજાશે
- ✓ રાજધાની : જેરુસલેમ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દિન વિશેષ : તા. ૨૩ ડિસેમ્બર રાષ્ટ્રીય કિસાન દિવસ



- ✓ કોની યાદમાં : ખેડૂત નેતા અને પૂર્વ PM સ્વ. ચૌધરી ચરણસિંહની જન્મજયંતિ.
- ✓ વતન : ઉત્તરપ્રદેશ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૧૨-૨૦૨૦)

1. તા. ૨૩ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ કેન્દ્રીય કેબિનેટમાં અનુસૂચિત જાતિ(SC)ના વિદ્યાર્થીઓ માટે કયો મહત્વનો નિર્ણય લેવાયો - **પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજનાના બજેટમાં પાંચ ગણો વધારો**
2. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજના માટે કુલ રકમના કેન્દ્ર સરકાર-રાજ્ય સરકાર કેટલા ટકા ફંડ આપશે – **૬૦ તથા ૪૦**
3. કેન્દ્રીય કેબિનેટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા રૂપિયાની પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજનાને મંજૂરી આપી – **રૂ. ૫૯ હજાર કરોડ**
4. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં SCના કેટલા વિદ્યાર્થીઓને લાભ મળશે - **૪ કરોડ**
5. કેન્દ્રીય સામાજિક સુરક્ષા અને સશક્તીકરણ મંત્રીનું નામ જણાવો - **શ્રી થાવરચંદ ગેહલોત**
6. ડિસેમ્બર-૨૦૨૦માં કેન્દ્રીય નાણા મંત્રાલયે નકલી ઈનવોઈસ દ્વારા થતી કરચોરી રોકવા GST અંગે કયો મહત્વનો નિર્ણય લીધો - **મહિનામાં રૂ. ૫૦ લાખથી વધુનો વેપાર થાય તો ૧ ટકા GST રોકડમાં ભરવો પડશે**
7. કેન્દ્રીય નાણા મંત્રાલયે મહિનામાં રૂ. ૫૦ લાખથી વધુનો વેપાર થાય તો ૧ ટકા GST રોકડમાં ભરવો પડશે એવો નિર્ણય કર્યો આ નિયમો કોને લાગૂ પડશે નહીં - **કંપનીના MD કે પાર્ટનરે રૂ.૧ લાખથી વધુ રકમ આવકવેરા તરીકે આપી હોય, જીએસટીમાં રજિસ્ટર્ડ વ્યક્તિએ ઇનપુટ ટેક્સ ક્રેડિટનો ઉપયોગ ન કર્યો હોય અને તે કારણે વિતેલા વર્ષમાં રૂ.૧ લાખથી વધુની રકમનું રિફંડ મળ્યું હોય.**

8. નવા નિયમ મુજબ DTH લાઇસન્સ ૧૦ વર્ષને બદલે હવે કેટલા વર્ષ માટે ઈસ્યૂ કરાશે - **૨૦**
9. લાઇસન્સ ફી ગ્રોસ રેવન્યૂના ૧૦ ટકા હતી તેને એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુના કેટલા ટકા કરવામાં આવી - **આઠ**
10. DTHનું વિસ્તૃત નામ જણાવો - **ડાયરેક્ટ ટુ હોમ**
11. ૨૩મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ DRDO દ્વારા ભારતીય આર્મી માટે કઈ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું - **MRSAM**
12. DRDOનું વિસ્તૃત નામ જણાવો – **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન**
13. MRSAMનું વિસ્તૃત નામ જણાવો - **મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ**
14. ભારતીય મિસાઈલ MRSAMની રેન્જ જણાવો - **૧૦૦ કિ.મી.**
15. ભારતીય મિસાઈલ MRSAMનો પ્રકાર જણાવો - **પરમાણુ સક્ષમ મિસાઈલ**
16. ભારતીય મિસાઈલ MRSAMનો વજન કેટલો છે - **૨.૭ ટન**
17. ભારતીય મિસાઈલ MRSAMની વોરહેડ ક્ષમતા કેટલી છે - **૬૦ કિલોગ્રામ બોમ્બ**
18. ભારતીય મિસાઈલ MRSAMનું સફળ પરીક્ષણ કયા સ્થળેથી કરાયું હતુ - **ચાંદીપુર રેન્જ, ઓડિસા**
19. ડિસેમ્બર-૨૦૨૦માં ઇઝરાયલના કયા વર્તમાન વડાપ્રધાન સરકારનું પતન થયુ - **બેન્જામિન નેતન્યાહૂ**
20. છેલ્લા બે વર્ષમાં ઈઝરાયલમાં કેટલામી વાર ચૂંટણીઓ યોજાશે - **ચોથી**
21. ઈઝરાયલની રાજધાની કઈ છે - **જેરુસલેમ**
22. રાષ્ટ્રીય કિસાન દિવસ કયારે ઊજવવામાં આવે છે - **તા. ૨૩ ડિસેમ્બર**
23. પ્રતિ વર્ષ તા. ૨૩ ડિસેમ્બરે કોની યાદમાં રાષ્ટ્રીય કિસાન દિવસ ઊજવવામાં આવે છે - **ખેડૂત નેતા અને પૂર્વ PM સ્વ. ચૌધરી ચરણસિંહની જન્મજયંતિ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. અન્ન બ્રહ્મ યોજના : ગુજરાત સરકાર (વહીવટ)

✓ નિર્ણય : ગુજરાતમાં અન્ન બ્રહ્મ યોજના હેઠળ સેક્સ વર્કરોને વિના મૂલ્યે ૧૦ કિલો ઘઉં અને ૫ કિ.ગ્રા ચોખા અપાશે



વિગત :

✓ નેશનલ એઇડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન (NACO) સંસ્થામાં નાંધાયેલ સેક્સ વર્કરોને અન્ન બ્રહ્મ યોજના હેઠળ સસ્તા અનાજની દુકાનોમાંથી ૧૦ કિલો ઘઉં અને ૫ કિ.ગ્રા ચોખા વિના મૂલ્યે વિતરણ કરવાનો અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા નિર્ણય

પ્રક્રિયા :

✓ અનાજ મેળવવા માટે આ મહિલાઓએ માત્ર NACO સાથે જોડાયેલ વિવિધ એનજીઓની કૂપન રજૂ કરવાની રહેશે.

✓ અનાજ આપતી વખતે દુકાનદારે આ મહિલાઓ પાસે ઓળખ અંગેના પુરાવા માગવાના રહેશે નહીં.

✓ સુપ્રીમ કોર્ટના આદેશ અને વડી કચેરીના ૧૭-૧૦-૨૦૨૦ અને ૭-૧૨-૨૦૨૦ના પત્ર મુજબ નેશનલ એઇડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન (NACO) સંસ્થામાં નાંધાયેલ સેક્સ વર્કરને કોઈપણ જાતના પુરાવાનો આગ્રહ રાખ્યા વગર ડ્રાય રાશન વિના મૂલ્યે આપવાનું જાહેર કરાયું છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અવસાન : સમસ્ત રબારી સમાજના મહંત બળદેવગીરી બાપુ ૧૦૧ વર્ષે અવસાન-બ્રહ્મલીન

મહત્વ :

✓ સમસ્ત રબારી સમાજની ગુરુગાદી વાળીનાથ અખાડાના મહંત બળદેવગીરી



- ✓ સ્થાન : તરભ, વિસનગર, જિ. મહેસાણા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૩. વિશ્વભારતી યુનિવર્સિટી : શાંતિ નિકેતન- વિરભૂમ

- ✓ દેશની સૌથી જૂની કેન્દ્રીય યુનિવર્સિટી વિશ્વભારતીનો શતાબ્દી મહોત્સવ



નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સ મારફત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનના મહત્વના અંશો :

- ✓ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના વિઝનમાં કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારતનું વિઝન રહેલું હતું.
- ✓ વિશ્વ ભારતીએ ભારતની આઝાદીની ચળવળમાં આપેલાં યોગદાન અને વૈશ્વિક ભાઈચારાના મોરચે આપેલા યોગદાનને પણ વડા પ્રધાને બિરદાવ્યું હતું.
- ✓ વર્ષ ૧૯૫૧માં સંસદમાં એક કાયદો પસાર કરીને વિશ્વ ભારતીને કેન્દ્રીય યુનિવર્સિટી અને રાષ્ટ્રીય મહત્વ ધરાવતી સંસ્થા જાહેર કરવામાં આવી હતી.
- ✓ ગુરુદેવે વિશ્વભારતી માટે જે વિઝન જોયું હતું તે આત્મનિર્ભર ભારતનું સત્વ છે.
- ✓ આત્મનિર્ભર ભારત પણ વિશ્વના વિકાસ માટે ભારતને વિકસાવવાનો એક માર્ગ છે.
- ✓ ભારતના સશક્તીકરણ અને સમૃદ્ધિ માટેનો એક કેમ્પેન છે.
- ✓ ટાગોર અને આ સંસ્થાએ રાષ્ટ્રવાદના સ્પિરિટને જ મજબૂત નથી કર્યો સાથોસાથ સમાવિષ્ટતાને પણ પ્રમોટ કરી છે જેણે વિશ્વ બંધુત્વને મજબૂત કર્યું છે.

વિશ્વભારતી યુનિવર્સિટી વિશે :

- ✓ સ્થાપક : રવીન્દ્રનાથ ટાગોર
- ✓ સ્થાપના : વર્ષ-1921
- ✓ કુલાધિપતિ : વડાપ્રધાન (હોદ્દાની રૂએ).
- ✓ સ્થાન : શાંતિ નિકેતન, જિ. વિરભૂમ (પશ્ચિમ બંગાળ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ : BCCI વાર્ષિક સામાન્ય સભા : IPL-૨૦૨૨માં બે નવી ટીમ સામેલ

વિગત :

- ✓ ભારતીય ક્રિકેટ બોર્ડની અમદાવાદમાં યોજાયેલી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)માં ૨૦૨૨માં રમાનારી આઇપીએલની ૧૫મી સિઝનમાં વધુ બે ટીમોને સામેલ કરવાનો નિર્ણય લેવાયો.



- ✓ IPL-૨૦૨૨ની સિઝનમાં આઠને બદલે હવે ૧૦ ટીમો લીગમાં રમશે

BCCI :

- ✓ ડાયરેક્ટર : સૌરવ ગાંગુલી
- ✓ સેક્રેટરી : જય શાહ
- ✓ નવા ઉપપ્રમુખ : કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાજીવ શુક્લા
- ✓ પૂર્વ ઉપપ્રમુખ : માહિમ વર્મા-ઉત્તરાખંડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દેશની ૪૨મી રામસર સાઈટ જાહેર (પર્યાવરણ)

લદાખની પ્રથમ અને દેશની ૪૨મી રામસર સાઈટ એટલે મીઠા-ખારા પાણીના પરસ્પર જોડાયેલા બે તળાવ



તળાવના નામ :

- ✓ મીઠું પાણી : "સ્તાર્તાસાપુક સો'
- ✓ ખારું પાણી : "સો કર''
- ✓ સ્થાન : ચાંગથાન, લદ્દાખ

તળાવોની વિશેષતા :

- ✓ "સ્તાર્તાસાપુક સો' તળાવનું પાણી મીઠું છે, જ્યારે "સો કર''નું પાણી ખારું છે. તેની સાથે આ તળાવો લદાખના પ્રથમ અને દેશના 42મા રામસર સાઈટ બન્યા છે.
- ✓ સ્તાર્તાસાપુક ત્સોનું ક્ષેત્રફળ 438 હેક્ટરમાં ફેલાયેલું.
- ✓ ઉત્તરે ત્સો કર છે જે 1800 હેક્ટરમાં છે.
- ✓ ત્સો કર સૌથી ઊંચાઈએ આવેલ જળક્ષેત્ર.
- ✓ અહેવાલ અનુસાર દેશમાં વેટલેન્ડની સંખ્યા 42 થઈ. આ સંખ્યા દ.એશિયામાં ભારતમાં સૌથી વધુ છે.
- ✓ ગત મહિને મહારાષ્ટ્રના લોનાર તળાવ અને આગરાના સુર સરોવરને રામસર સ્થળોની યાદીમાં સામેલ કરાયાં હતાં.

વેટલેન્ડ ક્ષેત્ર શું હોય છે?

- ✓ આ એવી જમીન હોય છે જ્યાં દરેક સમયે પાણી રહે છે. ત્યાં પક્ષીઓ વસવાટ કરે છે અને મોટી સંખ્યામાં પાણીજન્ય છોડ હોય.

- ✓ 2 ફેબ્રુઆરી 1971માં જળચર જીવ અને પક્ષીઓના સંરક્ષણ માટે ઈરાનના રામસર શહેરમાં રામસર પ્રસ્તાવ પર હસ્તાક્ષર થયા હતા.
- ✓ કેન્દ્રીય પર્યાવરણમંત્રી : પ્રકાશ જાવડેકર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. નિમણૂક : ભારતીય ક્રિકેટ ટીમના નવા મુખ્ય પસંદગીકાર તરીકે ચેતન શર્માની પસંદગી



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ : 24 ડિસેમ્બર

રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ

થીમ-૨૦૨૦ : સસ્ટેનેબલ કન્ઝ્યૂમર

- ✓ દર વર્ષે 24 ડિસેમ્બરે ભારતમાં રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- ✓ હેતુ: રાષ્ટ્રનો દરેક ગ્રાહક પોતાના અધિકારો અને જવાબદારીઓ અને અધિકારો પ્રત્યે સજાગ રહે.



રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસનો ઈતિહાસ :

- ✓ 24 ડિસેમ્બર વર્ષ 1986માં ગ્રાહક સંરક્ષણ અધિનિયમ ખરડો પસાર કરાયો હતો.
- ✓ વર્ષ 1991 અને વર્ષ 1993માં આ અધિનિયમમાં સુધારો કરાયોહતો.
- ✓ આ અધિનિયમને વધારેમાં વધારે ઉપયોગમાં લાવવા વર્ષ 2002ના ડિસેમ્બર મહિનામાં એક નવો સુધારો કરાયો.
- ✓ ગ્રાહક સંરક્ષણ કાયદો 15 માર્ચ 2003થી લાગૂ કરવામાં આવ્યો.
- ✓ ગ્રાહક સંરક્ષણ નિયમને વર્ષ 1987માં પણ સુધારણા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ 05 માર્ચ, 2004ના રોજ તેને સંપૂર્ણપણે માન્યતા આપી દેવામાં આવી હતી.
- ✓ વર્ષ 2000માં રાષ્ટ્રીય ગ્રાહક દિવસને પ્રથમવાર મનાવવામાં આવ્યો હતો.
- ✓ આ ઉપરાંત દર વર્ષે 15 માર્ચને વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ તરીકે મનાવવામાં આવે છે.

ગ્રાહકના મુખ્ય અધિકાર :

- ✓ સુરક્ષાનો અધિકાર

- ✓ માહિતીનો અધિકાર
- ✓ પસંદગીનો અધિકાર
- ✓ નિવારણનો અધિકાર
- ✓ ગ્રાહક શિક્ષણનો અધિકાર
- ✓ **રાજ્ય ગ્રાહક હેલ્પલાઇન ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૦૨૨૨**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ- 24 ડિસેમ્બર

ગાંધીજીનો બાબલો : નારાયણ દેસાઈ



જન્મ:- 24 ડિસેમ્બર, 1924

અવસાન:- 15 માર્ચ, 2015

- ✓ આજે 'ગાંધીજીના હનુમાન' અને અંગત સચિવ મહાદેવ દેસાઈના પુત્ર, ગાંધીજીનો બાબલો અને પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક નારાયણ દેસાઈનો જન્મદિવસ.
- ✓ તેમની જન્મભૂમિ વલસાડ, મહાત્મા ગાંધી, વિનોબા અને જયપ્રકાશ નારાયણથી અત્યંત પ્રભાવિત રહેલા નારાયણ દેસાઈના ઉછેર અને વિકાસ અમદાવાદના ગાંધી આશ્રમ અને સેવાગ્રામમાં થયો હતો.
- ✓ કોલેજનો દરવાજો ભાળ્યો ન હોવા છતાં ગુજરાતી ઉપરાંત હિન્દી, અંગ્રેજી, બંગાળી, મરાઠી, ઉડ્યિા અને સંસ્કૃતના જ્ઞાતા હતા. તેમનું નામ અને કામ શિક્ષા, કાંતણ, નઈ તાલીમ, સર્વોદય, ભૂદાન આંદોલન, ગાંધીકથા, ગ્રામ સ્વરાજ અને લોકતાંત્રિક સંસ્થાઓ એમ અનેકવિધ ક્ષેત્રોમાં ફેલાયેલું હતું.
- ✓ ગાંધીવાદી ચિંતકોની માફક નારાયણ દેસાઈએ પણ ગીતો, નાટક, ચરિત્રો અને અનુવાદો થકી ગાંધીવિચારને ધબકતો રાખ્યો હતો.
- ✓ રણજિતરામ પુરસ્કાર, સાહિત્ય અકાદમી પુરસ્કાર, જમનાલાલ બજાજ એવોર્ડ અને મૂર્તિદેવી પુરસ્કાર જેવા અનેક પુરસ્કારોથી તેઓ સન્માનિત થયા હતા. નારાયણ દેસાઈનું 15 માર્ચ 2015ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૧૨-૨૦૨૦)

1. અન્ન બ્રહ્મ યોજના કયા રાજ્યમાં અમલી છે - **ગુજરાત**
2. તાજેતરમાં ગુજરાત સરકારે અન્ન બ્રહ્મ યોજના હેઠળ કોને વિના મૂલ્યે ૧૦ કિલો ઘઉં અને ૫ કિ.ગ્રા ચોખા આપવાનો નિર્ણય કર્યો - **સેક્સ વર્કરો**
3. NACOનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ એઇડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન**
4. અન્ન બ્રહ્મ યોજના અંતર્ગત અનાજ આપતી વખતે દુકાનદારે સેક્સ વર્કર મહિલાઓ પાસે કયા પુરાવા માગવાના રહેશે નહીં - **ઓળખ અંગે**
5. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા અન્ન બ્રહ્મ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે – **અન્ન, નાગરિક પુરવઠા નિગમ**

6. ડિસેમ્બર-૨૦૨૦માં સમસ્ત રબારી સમાજના કયા મહંતનું ૧૦૧ વર્ષે અવસાન થયું - **બળદેવગીરી બાપુ**
7. ડિસેમ્બર-૨૦૨૦માં બ્રહ્મલીન થનારા બળદેવગીરી બાપુ કયા અખાડાના મહંત હતા - **ગુરુગાદી વાળીનાથ અખાડા, તરભ-વીસનગર**
8. દેશની સૌથી જૂની કેન્દ્રીય યુનિવર્સિટી કઈ છે-ક્યાં આવેલી છે– **વિશ્વભારતી યુનિ.શાંતિનિકેતન (પ.બંગાળ)**
9. ડિસેમ્બર-૨૦૨૦માં કોલકત્તા સ્થિત વિશ્વભારતી યુનિનો કયો મહોત્સવ ઊજવવામાં આવ્યો - **શતાબ્દી**
10. વિશ્વભારતી યુનિવર્સિટીના શતાબ્દી મહોત્સવમાં મુખ્ય અતિથિપદે કોણ સહભાગી થયુ હતુ - **નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સ મારફત વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
11. કયા વર્ષે સંસદમાં એક કાયદો પસાર કરીને વિશ્વ ભારતીને કેન્દ્રીય યુનિવર્સિટી અને રાષ્ટ્રીય મહત્વ ધરાવતી સંસ્થા જાહેર કરવામાં આવી હતી - **૧૯૫૧**
12. દેશમાં ફાસ્ટેગ ક્યારથી ફરજિયાત કરાયું છે – **૧ જાન્યુઆરી-૨૦૨૧**
13. વર્તમાન કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી કોણ છે - **નીતિન ગડકરી**
14. કયા હેતુસર દેશભરમાં ૧ જાન્યુઆરી-૨૦૨૧થી ફાસ્ટેગનો અમલ કરાશે - સમય અને ઈંધણની બચત
15. વિશ્વભારતી યુનિવર્સિટી ક્યા આવેલી છે - **શાંતિ નિકેતન, વિરભૂમ (પશ્ચિમ બંગાળ)**
16. ડિસેમ્બર-૨૦૨૦માં BCCIની AGM ક્યાં સ્થળે યોજાઈ હતી –**મોટેરા સ્ટેડિયમ-અમદાવાદ**
17. ડિસેમ્બર-૨૦૨૦માં અમદાવાદમાં યોજાયેલી BCCIની AGMમાં કયો મહત્વનો નિર્ણય લેવાયો - **IPL-૨૦૨૨માં બે નવી ટીમ સામેલ કરાશે**
18. ૨૦૨૨માં રમાનારી આઇપીએલની ૧૫મી સિઝનમાં આઠને બદલે કેટલી ટીમ રમશે – **દસ**
19. BCCI ના વર્તમાન ડાયરેક્ટર કોણ છે - **સૌરવ ગાંગુલી**
20. BCCI ના વર્તમાન સેક્રેટરી કોણ છે - **જય શાહ**
21. ડિસેમ્બર-૨૦૨૦માં BCCIના ઉપપ્રમુખ તરીકે કોની વરણી કરવામાં આવી - **કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાજીવ શુક્લા**
22. AGMનું વિસ્તૃત નામ જણાવો – **એન્યુઅલ જનરલ મિટિંગ (વાર્ષિક સામાન્ય સભા)**
23. BCCIનું વિસ્તૃત નામ જણાવો – **બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા**
24. ડિસેમ્બર 2020માં ભારતની 42મી અને લદાખની પ્રથમ "રામસર સાઇટ" તરીકે કોને જાહેર કરવામાં આવી - **મીઠા-ખારા પાણીના પરસ્પર જોડાયેલા બે તળાવ**
25. 42મી રામસર સાઇટ તરીકે જાહેર કરાયેલ બંને તળાવના નામ જણાવો - **મીઠું પાણી- સ્તાતોંસાપુક સો અને ખારું પાણી- સો કર**
26. 42મી રામસર સાઇટ તરીકે જાહેર કરાયેલ બંને તળાવનો વિસ્તાર જણાવો - **ચાંગથાન, લદાખ**
27. દક્ષિણ એશિયામાં સૌથી વધુ રામસર સાઈટ કયા દેશમાં આવેલી છે - **ભારત**
28. રામસર શહેર કયા દેશમાં આવેલું છે - **ઈરાન**
29. કેન્દ્રીય પર્યાવરણ મંત્રીનું નામ જણાવો - **પ્રકાશ જાવડેકર**
30. તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના નવા મુખ્ય પસંદગીકાર તરીકે કોની પસંદગી કરવામાં આવી - **ચેતન શર્મા**
31. 24 ડિસેમ્બર કયા દિવસ તરીકે ઉજવાય છે- **રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ**
32. રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **સસ્ટેનેબલ કન્ઝ્યૂમર**
33. રાજ્ય ગ્રાહક હેલ્પલાઇન ટોલ ફ્રી નંબર કયો છે - **૧૮૦૦ ૨૩૩ ૦૨૨૨**
34. ગાંધીવાદી નારાયણભાઈ દેસાઈનો જન્મદિવસ જણાવો- **24 ડિસેમ્બર 1924**
35. ગાંધીજીના બાબલા તરીકે કોણ ઓળખાય છે - **નારાયણ દેસાઈ**
36. 'ગાંધીજીના હનુમાન' તરીકે કોણ ઓળખાય છે જેઓ તેમને અંગત સચિવ પણ હતા - **મહાદેવ દેસાઈ**
37. નારાયણ દેસાઈને કયા મહત્વના પુરસ્કાર/એવોર્ડ મળ્યા હતા - **રણજિતરામ પુરસ્કાર, સાહિત્ય અકાદમી પુરસ્કાર, જમનાલાલ બજાજ એવોર્ડ અને મૂર્તિદેવી પુરસ્કાર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. કિસાન કલ્યાણ કાર્યક્રમ: 25 ડિસેમ્બર

કિસાન કલ્યાણ કાર્યક્રમ :

- ✓ સુશાસન દિવસ નિમિતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે કિસાન કલ્યાણ કાર્યક્રમ યોજાયો
- ✓ ગુજરાતના ૨૪૮ તાલુકાઓમાં સામૂહિક કિસાન કલ્યાણ કાર્યક્રમનું વિવિધ મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં આયોજન



ખાસ :

- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ PM કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દેશના ૯ કરોડ ખેડૂત ખાતેદારોના ખાતામાં DBT દ્વારા રૂ. ૧૮ હજાર કરોડ જમા કરાવ્યા.
- ✓ જેમાં ગુજરાતના ૫૧.૩૪ લાખ ખેડૂતોના ખાતામાં રૂ. ૧૦૨૬ કરોડ જમા થયા.
- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું દેશના ખેડૂતોને સુશાસન દિવસ નિમિત્તે સંબોધન

૨. અટલ સેવા શટલ-આરોગ્ય રથનો પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગાંધીનગરથી આરોગ્ય રથનો ઈ-શુભારંભ



- ✓ વિસ્તાર : ધરમપુર અને કપરાડા વલસાડ
- ✓ સંસ્થા : જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધરમપુર

અટલ સેવા શટલ આરોગ્ય રથ વિશે

- ✓ "અટલ-સેવા- શટલ"ના મુખ્ય બે ભાગ રહેશે. જે પૈકી ભાગ-૧માં વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાના તમામ ગામોમાં કેન્દ્ર અને રાજય સરકારની આરોગ્ય અને મહિલા બાળ કલ્યાણની તમામ કલ્યાણકારી યોજનાઓ લોકહૃદય સુધી પહોંચે તથા તેની અક્ષરશઃ અમલવારી થાય તે માટે પ્રધાનમંત્રી માતૃવંદના, આંગણવાડી કેન્દ્ર, રાષ્ટ્રીય પોષણ અભિયાન, પૂર્ણા, પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ, કુપોષણ મુકત ગુજરાત, બાલ સખા, બાળ સંજીવની, ચિંરજીવી, મા કાર્ડ/મા વાત્સવલ્ય/આયુષ્માન ભારત, જનની સુરક્ષા, વ્હાલી દીકરી જેવી યોજના હેઠળ બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓની સંભાળ, વનરેબલ પોપ્યુહલેશનમાં વરિષ્ઠ નાગરિકો, ટી.બી, ડાયાબીટીસ, હાઇપર ટેન્શાન જેવા રોગથી પીડાતા લોકોની વિશેષ સંભાળ લેવાશે.
- ✓ ભાગ-૨માં સામાજિક સુરક્ષા હેઠળ વિધવા સહાય, ઇન્દિરાઆવાસ, સંકટ મોચન, નિરાધાર વૃદ્ધ પેન્શન, અટલ પેન્શન, કુવરબાઇનું મામેરૂ, દિવ્યાંગ શિષ્યમવૃત્તિ/ સાધન સહાય/ડીસેબીલીટી પેન્શન/સંત સુરદાસ, પી.એમ. કિસાન, કૃષિ યોજનાઓ સહિત તમામ નાગરિકોનું લાભાર્થી યોજનામાં ૧૦૦ ટકા નામાંકન થાય અને તેમના સુધી લાભ પહોંચે, રાશન કાર્ડની તમામ સેવા, હક્કપત્રમાં વારસાઇ નોંધ, મકાન સહાય જેવી યોજનાઓનો લાભ ઘરબેઠાં મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.
- ✓ "અટલ-સેવા-શટલ" સેવાના લાભ માટે રૂટ નક્કી કરવામાં આવશે. આ રથમાં મેડીકલ સ્ટાફ સહિત રેવન્યુ' તલાટી પણ રહેશે જે લોકોના લાભાર્થીઓના ફોર્મ ભરી જેતે શાખાને મોકલી આપશે.
- ✓ સંબંધિત ગામોમાં રથના કાર્યક્રમ અંગે બે દિવસ અગાઉ જાણ કરવામાં આવશે જેથી તલાટી સરપંચ સહિત દ્વારા ગામમાં પ્રચાર કરી વધુને વધુ લોકો લાભ લે તેવા પ્રયાસો કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૩. કોરોના રસીકરણ અભિયાન(આરોગ્ય)



કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ ટ્રાયલ માટે 'ડ્રાય રન' યોજવા ચાર રાજ્યોની પસંદગી

1. ગુજરાત
2. પંજાબ
3. આસામ
4. આંધ્રપ્રદેશ

- ✓ ટ્રાયલ : તા.૨૮ અને ૨૯ ડિસેમ્બર ૨૦૨૦
- ✓ ડ્રાય રનમાં કોઈને રસી નહીં અપાય પણ સમગ્ર પ્રક્રિયાની ચકાસણી કરાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. કેન્દ્ર સરકાર : કેન્દ્ર સરકારની તમામ સંપત્તિની માહિતી માટે પોર્ટલનો પ્રારંભ (વહીવટી)



- ✓ પોર્ટલ : WWW.esampada.mohua.gov.in
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. સ્વ.અટલજીની ૯૬મી જન્મજયંતી અટલ સ્મારક, નવી દિલ્હી



- ✓ વડાપ્રધાન મોદીના હસ્તે પુસ્તક વિમોચન-પુષ્પાંજલિ
- ✓ અટલજીના જીવન ઉપર આધારિત પુસ્તક **'અટલ બિહારી બાજપાઈ ઈન પાર્લામેન્ટ : એ કોમેમોરેટિવ વોલ્યૂમ'**
- ✓ સંસદ ભવન, નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. આસામ : ગુહાવાટીમાં રાજ્યની પ્રથમ હ્યુમન મધર મિલ્ક બેંકનો ઈ-પ્રારંભ



બેંક વિશે :

- ✓ જન્મતાની સાથે જ અનાથ થતા બાળકોને આ બેંક દૂધ પૂરું પાડશે. ત્યાંની મહિલાઓ સ્વૈચ્છિક રીતે પણ બેંકમાં દૂધનું દાન આપી શકશે.
- ✓ **ભારતની આ ૧૫મી હ્યુમન મધર મિલ્ક બેંક.**
- ✓ રાજધાની : ગુહાવાટી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૭. ખેલકૂદ : હોકી વર્લ્ડ કપ-૨૦૨૩

- ✓ યજમાન: ભારત ચોથી વાર યજમાન બનશે
- ✓ ઓડિશાના રાઉરકેલા ખાતે ભારતનું સૌથી મોટું હોકી સ્ટેડિયમ બનશે

✓ ક્ષમતા : ૨૦ હજાર દર્શકો



હોકી વર્લ્ડ કપ-૨૦૨૩ વિશે :

✓ હોકી વર્લ્ડ કપની ૧૫મી સિઝન

✓ તા.૧૩મી જાન્યુઆરીથી ૨૯મી જાન્યુઆરી-૨૦૨૩ દરમિયાન મેન્સ એફઆઇએચ હોકી વર્લ્ડકપનું આયોજન.

✓ વર્લ્ડ કપ ૨૦૧૮માં પણ ભારત દ્વારા જ તેની મેજબાની કરવામાં આવી છે.

✓ આ વખતે ટૂર્નામેન્ટમાં ૨૦૧૮ની જેમ ૧૬ ટીમો ભાગ લેશે. જેમાં ભારત સહિત ૫ કોન્ટિનેન્ટલ ચેમ્પિયન ટીમો સીધી જ તેમાં કવોલિફાઈ કરશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ : 25 ડિસેમ્બર

(૧) સુશાસન દિવસ

✓ પૂર્વ PM અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિની યાદમાં સુશાસન દિવસની ઊજવણી

✓ **વર્ષ-૨૦૧૪થી સુશાસન દિવસની ઊજવણીનો પ્રારંભ**



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) દિન વિશેષ : મોક્ષદા એકાદશી એટલે કે ગીતા જંયતિ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૯. જન્મ દિન વિશેષ : 25 ડિસેમ્બર

(૧) ભારતરત્ન અને પૂર્વ PM અટલ બિહારી વાજપેયીનો જન્મદિવસ

જન્મ : 25 ડિસેમ્બર 1924

અવસાન : 16 ઓગસ્ટ 2018



- ✓ જન્મ સ્થળ : ગ્વાલિયર, મધ્યપ્રદેશ
- ✓ ભારતરત્ન : વર્ષ-૨૦૧૫
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(૨) ભારત રત્ન મદન મોહન માલવિયા

જન્મ : ૨૫ ડિસેમ્બર ૧૮૬૧

અવસાન : ૧૨ નવેમ્બર ૧૯૪૬

- ✓ કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના પ્રણેતા એવા મહામના પંડિત મદન મોહન માલવીયાનો જન્મ દિવસ
- ✓ ઉત્તર પ્રદેશ રાજ્યમાં આવેલા અલ્હાબાદ શહેરમાં પિતા બ્રિજનાથ અને માતા મૂનાદેવીના ઘરે જન્મ.



- ✓ પોતાના જીવન-કાળમાં પત્રકારત્વ, વકીલાત, સમાજ-સુધારણા, માતૃ-ભાષા તથા ભારતમાતાની સેવા કાજે પોતાનું જીવન અર્પણ કરનારા આ મહામાનવે જે વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી એમાં એમની પરિકલ્પના એવા વિદ્યાર્થીઓને શિક્ષિત કરીને દેશ સેવા કાજે તૈયાર કરવાની હતી, જે દેશનું મસ્તક ગૌરવથી ઊંચુ કરાવી શકે. એ જગજાહેર છે કે
- ✓ તેઓ સત્ય, બ્રહ્મચર્ય, વ્યાયામ, દેશભક્તિ તથા આત્મ-ત્યાગમાં આ દેશમાં અદ્વિતીય સ્થાન રાખતા હતા.
- ✓ તેઓ સમસ્ત આચરણ પર સદૈવ ઉપદેશ જ ન આપતા, પરંતુ એનું સર્વથા પાલન પણ કરતા હતા. તેમજ પોતાના વ્યવહારમાં સદૈવ મૃદુભાષી રહ્યા હતા.
- ✓ કર્મ એ જ એમનું જીવન હતું. ઘણી બધી સંસ્થાઓના જનક તથા સફળ સંચાલકના રૂપમાં એમની વિધિ-વ્યવસ્થાનું સુચારૂ સંચાલન કરતાં કરતાં પણ રોષ અથવા કડક બોલીનો પ્રયોગ ક્યારેય પણ નહીં કર્યો.

✓ ભારતરત્ન : વર્ષ ૨૦૧૫

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

(3) માનવધર્મી : દુર્ગારામ મહેતાજી



જન્મ:- 25 ડિસેમ્બર,1809

અવસાન:- 1876

✓ ગુજરાતના સમાજસુધારાના આદ્ય સુધારક, પોકારચી દુર્ગારામ મંછારામ મહેતાજીનો જન્મ થયો હતો. સુરતમાં વડનગરા નાગર જ્ઞાતિમાં જન્મેલા દુર્ગારામના માતા ને 11 વર્ષની ઉમરે મૃત્યુ પામતા માસીએ તેમનો ઉછેર કર્યો હતો.

✓ શરૂમાં કઈ, ભણેલા નહિ પણ 1825માં મુંબઈ ગયા ત્યાં શાળા જોઈ અને ભણવા બેસી ગયા. ત્યાંથી મહેતાજી બની સુરત પરત આવ્યા તેમની શાળાની એવી તો છાપ હતી કે, દુર્ગારામ મહેતાનો કોઈ વિદ્યાર્થી ઠોઠ હોઈ જ ન શકે !

✓ 19મા સૈકામાં દુર્ગારામે પુસ્તક પ્રસારક મંડળી, માનવ ધર્મસભા જેવી સંસ્થાઓના માધ્યમથી વિધવા વિવાહ, નાત જાતના બંધનો, ભૂત પ્રેતના ચમત્કારો વગેરે મુદ્દે જબરદસ્ત વાતાવરણ તૈયાર કર્યું હતું. ભૂત-પ્રેત છે એવું સાબિત કરનારાઓ માટે તો તેઓએ ઈનામ સહિતનો જાહેર પડકાર ફેંક્યો હતો.

✓ 1844માં મીઠા વેરા વિરુદ્ધ સુરતમાં આંદોલન પણ ચલાવ્યું હતું તો માનવ ધર્મસભા (22 જૂન 1844) જેવી સંસ્થા તો તર્કબુદ્ધિવાદના પાયા પર ચલાવી હતી.

✓ આજે નાતાલ અને આજના દિવસે સંત વિચારક કેદારનાથ, ધર્મવીર ભારતી, સંગીતકાર નૌશાદનો જન્મ થયો હતો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૧૨-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાતમાં સૌપ્રથમ કયા જિલ્લામાં અટલ-સેવા-શટલ આરોગ્ય રથનો મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઇ-પ્રારંભ કરવામાં આવ્યો છે - ધરમપુર,વલસાડ
2. અટલ-સેવા-શટલ આરોગ્ય રથનો મુખ્ય હેતુ જણાવો - ધરમપુર અને કપરાડાના આદિવાસી વિસ્તારના લોકોને સારવાર અને કુપોષણથી મુક્ત કરાવવા
3. અટલ-સેવા-શટલ આરોગ્ય રથનો કોના સંયુક્ત ઉપક્રમે પ્રારંભ કરવામાં આવ્યો - જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ અને શ્રીમદ રાજચંદ્ર મિશન, ધરમપુર
4. અટલ-સેવા-શટલ આરોગ્ય રથનો ઈ-શુભારંભ ક્યારે કરવામાં આવ્યો - 25 ડિસેમ્બર 2020
5. વર્ષ 2023માં હોકી વર્લ્ડ કપ કયા દેશમાં રમાશે - ભારત
6. અંદાજે 20 હજાર દર્શકોની ક્ષમતાવાળું ભારતનું સૌથી મોટું હોકીનું સ્ટેડિયમ કયા સ્થળે બનવા જઈ રહ્યું છે - રાઉરકેલા, ઓડિશા
7. કેન્દ્ર સરકાર દ્વારા ડિસેમ્બર 2020માં કોરોના રસીકરણના પ્રથમ ટ્રાયલ માટે 'ડ્રાય રન' યોજવા કયા કયા રાજ્યોની પસંદગી કરવામાં આવી છે - ગુજરાત, પંજાબ, આસામ અને આંધ્રપ્રદેશ
8. રસીકરણ માટે વપરાતો શબ્દ 'ડ્રાય રન' એટલે શું - કોઈને પણ રસી આપ્યા વિના સમગ્ર પ્રક્રિયાની ચકાસણી કરવી

9. તાજેતરમાં 25મી ડિસેમ્બરે સ્વ.અટલબિહારી બાજપાઈની કેટલામી જન્મ જયંતી ઉજવાઇ - 96
10. સ્વ.અટલબિહારી બાજપાઈની જન્મ જયંતી નિમિત્તે તેમના જીવન આધારિત કયા પુસ્તકનું વડાપ્રધાન શ્રીમોદી દ્વારા દિલ્હી ખાતે વિમોચન કરાયું - **'અટલ બિહારી બાજપાઈ ઈન પાર્લામેન્ટ : એ કોમેમોરેટિવ વોલ્યૂમ'**
11. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા તેની તમામ સંપત્તિની માહિતી માટે કયા પોર્ટલનો પ્રારંભ કરાયો - www.esampada.mohua.gov.in
12. તાજેતરમાં કયા રાજ્યમાં પ્રથમ હ્યુમન મધર મિલ્ક બેંકનો પ્રારંભ કરાયો - **ગુવાહાટી, આસામ**
13. તાજેતરમાં ગુવાહાટી, આસામ ખાતે ભારતની કેટલામી હ્યુમન મધર મિલ્ક બેંકનો પ્રારંભ કરાયો - 15
14. ભારત સરકાર દ્વારા ભારતરત્ન સ્વ.અટલજીના જન્મદિવસ 25 ડિસેમ્બરને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **સુશાસન દિવસ**
15. તાજેતરમાં મહાત્મા મંદિર ખાતે "કિસાન કલ્યાણ કાર્યક્રમ" ક્યારે યોજાયો - **25 ડિસેમ્બર, સુશાસન દિવસ**
16. 25 ડિસેમ્બર-સુશાસન દિવસે ગુજરાતમાં એક સાથે વિવિધ મંત્રીઓની ઉપસ્થિતિમાં કેટલાક તાલુકાઓમાં "કિસાન કલ્યાણ કાર્યક્રમ" યોજાયો હતો - 248
17. તાજેતરમાં 25 ડિસેમ્બર-સુશાસન દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત કેટલા ખેડૂતોના ખાતામાં DBT દ્વારા કેટલા રૂપિયા જમા કરાવ્યા - **9 કરોડ ખેડૂત અને રૂ.18,000 કરોડ**
18. તાજેતરમાં 25 ડિસેમ્બર-સુશાસન દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ગુજરાતના કેટલા ખેડૂતોના ખાતામાં DBT દ્વારા કેટલા રૂપિયા જમા કરાવ્યા - **51.34 લાખ ખેડૂત અને રૂ.1026 કરોડ**
19. પૂર્વ વડાપ્રધાન-ભારતરત્ન અટલજીનો જન્મદિવસ જણાવો - **25 ડિસેમ્બર 1924**
20. ભારતરત્ન પંડિત મદનમોહન માલવિયનો જન્મદિવસ જણાવો - **25 ડિસેમ્બર 1861**
21. દુર્ગારામ મહેતાજીનો જન્મ દિવસ જણાવો- **25 ડિસેમ્બર 1809**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721



સ્થાનિક બાબતો

૧. ઈડરિયો ગઢ : ગુજરાતમાં 'પ્રવાસન ધામ' તરીકે સમાવેશ (પ્રવાસન)



વિગત :

- ✓ ગુજરાત રાજયના પ્રવાસન વિભાગે ઈડરિયા ગઢને ટુરીઝમના સ્થળોમાં સામેલ કર્યો.
- ✓ તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા 'ખુશ્બુ ગુજરાત કી' મેગેઝિનમાં આર્ટીકલ પ્રસિધ્ધ કરાયો.

સાંસ્કૃતિક મહત્વ :

- ✓ અમે ઈડરિયો ગઢ જીત્યારે આનંદ ભયો...
- ✓ ગુજરાતમાં ભાગ્યે જ કોઈ એવું હશે કે જેણે લગ્ન પ્રસંગે ગવાતી આ પંકત્તિ નહી સાંભળી હોય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. અવસાન : પર્યાવરણના સાચા રક્ષક પ્રેમજીભાઈ પટેલનું 90 વર્ષે નિધન

- ✓ તા. 25-12-2020
- ✓ સ્થાન : અમદાવાદ
- ✓ ઉપનામ : ઝાડવાવાળા પ્રેમજીબાપા



હરિયાળી ક્રાંતિનું સર્જન :

- ✓ સૌરાષ્ટ્રના ખેડૂતો માટે 50,000 કૂવા રિચાર્જ, કુવા રિચાર્જ માટે 50,000 ફૂટ પાઇપનું વિતરણ
- ✓ વહી જતું પાણી રોકવા 400 ચેકડેમ બનાવ્યા, 33 ટકા લોક ભાગીદારી સાથે 2000 ચેકડેમ
- ✓ 3000 રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ વિકસાવી

પ્રેમજીભાઈ પટેલ વિશે :

- ✓ 45 વરસના સમયગાળામાં તેમણે અંદાજે 1 કરોડ જેટલા વૃક્ષો રોપ્યાં હતા અને 2400 આસપાસ ચેકડેમ, પાંચ હજાર જેટલા વરસાદી પાણીના ટાંકાના સર્જનમાં તેમનો સિંહ ફાળો હતો.
- ✓ ઉપલેટાના ભાયાવદરના પ્રેમજીભાઈ પટેલનો જન્મ ખેડૂત પરિવારમાં 9 ઓક્ટોબર, 1931ના રોજ થયો. 1975માં રિલાયન્સના ડિસ્ટ્રીબ્યુટર બન્યા હતા અને મુંબઈ ગયા. પણ તેમના મનમાં મનુભાઈ પંચોળીના એક નાટકનું પાત્ર ગોપાળબાપા રમી રહ્યું હતું.
- ✓ વૃક્ષારોપણ અને જળસંચય માટે મુંબઈમાં ધીકતો ધંધો છોડી અભિયાન શરૂ કર્યું હતું, જ્યારે તેમણે મુંબઈ અને ધીકતી કમાણી છોડવાનો નિર્ણય કર્યો ત્યારે એ સમયે તેમની આવક મહિને એક લાખ હતી, તેમની કામગીરીની સરાહના પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે પણ કરી હતી. તેમણે બીજ રોપવાની શરૂઆત મંદિરોની આજુબાજુ કરી હતી. 1968માં વૃક્ષ પ્રેમ સેવા ટ્રસ્ટની સ્થાપના કરી આ કામગીરીને આગળ વધારી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. વિશ્વની પ્રથમ અને સૌથી મોટી સોલાર પેનલ-વડોદરા (ઊર્જા)

- ✓ સ્થળ : અકોટા, દાંડિયા બજાર, બ્રિજ



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૪. જમ્મુ-કાશ્મીર : વડાપ્રધાન મોદીના હસ્તે PMJAY-SHEHAT આરોગ્ય સેવાનો પ્રારંભ (આરોગ્ય)



યોજના વિશે :

- ✓ યોજના અંતર્ગત જમ્મુ-કાશ્મીરના તમામ પરિવારોને રૂપિયા પાંચ લાખનું આરોગ્ય વીમા કવચ મળશે.
- ✓ રાજ્યના છ લાખ પરિવારો યોજનાનો લાભ મેળવી રહ્યા છે. હવે તમામ ૨૧ લાખ પરિવારોને યોજનાનો લાભ મળશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. ખુકરી સ્મારક : દીવ

રાષ્ટ્રપતિ શ્રી રામનાદ કોવિંદ દ્વારા ખુકરી સ્મારકનું ડિસેમ્બર-૨૦૨૦માં ઉદઘાટન (ઈતિહાસ)



સ્મારકની વિશેષતા અને ઈતિહાસ :



- ✓ દીવના અરબી સમુદ્રમાં દીવથી 140 નોટિકલ માઈલ દૂર 1971માં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું.
- ✓ જેમાં લડાઈ માટે INS ખુકરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. યુદ્ધ દરમ્યાન 194 જવાનોએ જળ સમાધિ લીધી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. સિકર-રાજસ્થાન : 10 હજાર ટન યુરેનિયમ મળી આવ્યું (પરમાણુ ઊર્જા)



ખાણ વિશે :

- ✓ રાજસ્થાનના સિકરના ખંડલામાં રોયલ-સુહાગપુરા વિસ્તારમાં 10 હજાર ટન યુરેનિયમનો ભંડાર મળ્યો છે. તેનાથી 40 વર્ષ સુધી વીજળી મેળવી શકાશે.
- ✓ જમીનનથી 80 ફૂટ નીચે અંદાજે 1 કિ.મી. લાંબી સુરગ બનાવાઇ રહી છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. 6 હજાર કરોડ ખર્ચાશે. આગામી એક-બે વર્ષમાં યુરેનિયમ કાઢવાનું કામ શરૂ થઈ જશે. તે પૂર્વે અહીં સુવિધાઓ ઉભી કરવાનું અને યુરેનિયમ કાઢવા માટે જરૂરી મશીનો લગાવવાનું કામ શરૂ થઈ ગયુ છે.

પ્રોસેસિંગ માટે હૈદરાબાદ મોકલાશે :

- ✓ લેબર યુનિ.ના ઉપાધ્યક્ષ બી. એન. ચૌધરી જણાવે છે કે હાલ અહીંથી યુરેનિયમ હૈદરાબાદ પ્રોસેસિંગ યુનિટ ખાતે મોકલાશે,

- ✓ જ્યાં પ્રોસેસિંગ બાદ યલો કેકના રૂપમાં યુરેનિયમ મળે છે.
- ✓ દેશમાં યુરેનિયમથી 10 ટકા વીજળી પણ ઉત્પન્ન નથી થઇ રહી.
- ✓ અંદાજે 3-4 હજાર લોકોને રોજગારી મળશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. દિન વિશેષ - 26 ડિસેમ્બર : ભારતના પ્રથમ ચરખાવાળા તિરંગાની આજે શતાબ્દી - ૧૦૦ વર્ષ



વિશેષતા-ઇતિહાસ :

- ✓ અમદાવાદમાં પ્રથમ ચરખાવાળો ધ્વજ લહેરાયો હતો. ધ્વજ પર લાલ અને લીલો રંગ ઉપરાંત રેંટિયાનું ચિત્ર દોરેલું હતું
- ✓ 26 ડિસેમ્બર અને વર્ષ 1921. અમદાવાદ એક ઐતિહાસિક ઘટનાનું સાક્ષી બન્યું હતું.
- ✓ સાબરમતી નદીના કાંઠે એકતરફ ગગનભેદી નારાઓ ગૂંજી રહ્યા હતા તો બીજી તરફ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ દેશના પહેલા ચરખાવાળા ત્રિરંગાને લહેરાવ્યો હતો.
- ✓ અમદાવાદ શહેરને ગૌરવ અપાવતી આ ઐતિહાસિક ઘટના 99 વર્ષ પૂર્ણ કરી શતાબ્દીમાં પ્રવેશ કરી રહી છે.
- ✓ જાણીતા ઇતિહાસકાર અને પ્રોફેસર ડૉ. રિઝવાન કાદરી કહે છે કે, અમદાવાદને આ યશ અપાવનાર સરદાર પટેલ હતા.
- ✓ જે સ્થળે ત્રિરંગો લહેરાયો હતો એ સ્થળ આજની વી.એસ. હોસ્પિટલ છે.
- ✓ 13મી ડિસેમ્બર, 1931ના રોજ હોસ્પિટલનું ઉદ્ઘાટન કરાયું હતું.

બાપુ, રેંટિયાને આપણા સ્વરાજ ધ્વજ પર કેમ સ્થાન ના મળે?

- ✓ 31મી માર્ચ, 1921ના રોજ અખિલ હિંદ કોંગ્રેસ સમિતિની બેઠક વખતે ધ્વજનો એક નમૂનો ગાંધીજી સમક્ષ મુકાયો.
- ✓ લાલા હંસરાજે સૂચવ્યું કે, બાપુ, રેંટિયાને આપણા સ્વરાજ ધ્વજ પર કેમ સ્થાન ના મળે?
- ✓ ગાંધીજીએ લાલ, લીલો અને ભોંય પર રેંટિયાનું ચિત્ર દોરેલો ધ્વજ તૈયાર કરી આપવા કહ્યું.
- ✓ ત્રણ જ કલાકમાં ત્રિરંગો તૈયાર કરાયો જેનો રાષ્ટ્રધ્વજ તરીકે સ્વીકાર થયો.
- ✓ સાબરમતીના કાંઠે ગાંધીજીએ સરદાર પટેલ, સરોજિની નાયડુની હાજરીમાં ધ્વજ લહેરાવ્યો હતો. એ સ્થળ રાષ્ટ્રીયતાનું પ્રતીક હોવાથી સરદારે ત્યાં જ વી.એસ. હોસ્પિટલનું નિર્માણ કરાવ્યું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. દિન વિશેષ - 26 ડિસેમ્બર :

અભય સાધક : બાબા આમ્ટે



જન્મ:- 26 ડિસેમ્બર, 1914

અવસાન:- 9 ફેબ્રુઆરી, 2008

- ✓ મહાત્મા ગાંધીના અવસાન પછી ગાંધીવાદીઓએ તેમની વિચારધારાને અખંડ રાખી તેમાંના એક બાબા આપ્ટેનો આજે જન્મદિવસ છે.
- ✓ મૂળ નામ મુરલીધર દેવીદાસ આમ્ટે અને જન્મ મહારાષ્ટ્રના વર્ધા પાસે હિંગલગઢ ખાતે.
- ✓ અત્યંત શ્રીમંત કુટુંબમાં જન્મેલા મુરલીધરને બાબા નામ તેમના પિતાએ આપ્યું હતું બાબા ધનિક પરિવારમાં શરૂનું જીવન વૈભવી રહ્યું હતું.
- ✓ અભ્યાસની રીતે બી. એ., એલએલબી થયા અને પછી વકીલાત શરૂ કરી.
- ✓ દરમિયાન ગાંધીજીના પ્રભાવમાં આઝાદીની લડતોમાં જોડાયા 1942ના હિન્દ છોડો આંદોલનમાં જેલવાસ પણ ભોગવ્યો. ખાદી અને ચરખાનું અનુસરણ કર્યું.
- ✓ ખુદ ગાંધીજીએ તેમને અભય સાધક નામ આપ્યું હતું. આઝાદી પછી તેમનું કાર્યક્ષેત્ર બદલાયું
- ✓ કલકતાથી રક્તપિતિયાઓની સેવાની ભાવના જન્મી તે માટે 15 ઓગસ્ટ 1943એ વર્ધામાં સેવા યજ્ઞ કરી આનંદવન નામની સંસ્થા શરૂ કરી જે જમાનામાં રક્તપિતિયાઓ પ્રત્યે સમાજ જોજનોનું અંતર રાખતો હતો ત્યારે બાબાએ પોતાની સંસ્થા થકી દર્દીઓ પ્રત્યેનો અભિગમ જ સમૂળગો બદલી નાંખ્યો.
- ✓ બાબાનું નામ પર્યાવરણ સમતુલાની જાગૃતિ, નર્મદા બચાવો આંદોલન, વન સંરક્ષણ અને ભારત જોડો અભિયાન સાથે પણ ગાઢ રીતે સંકળાયેલું છે.
- ✓ 9 ફેબ્રુ. 2008એ તેમનું અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૧૨-૨૦૨૦)

1. તાજેતર ડિસેમ્બર 2020માં કયા ઐતિહાસિક સ્થળને ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસનધામ તરીકે સમાવેશ કરાયો છે - ઈડરિયો ગઢ
2. ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના કયા મેગેઝિનમાં ઈડરિયા ગઢને પ્રવાસન ધામમાં સ્થાન અપાયું છે - ખુશ્બુ ગુજરાત કી
3. ડિસેમ્બર 2020માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જમ્મુ કાશ્મીરના લોકો માટે કઈ આરોગ્ય સેવા યોજનાનો પ્રારંભ કર્યો છે - PMJAY-SHEHAT
4. -PMJAY-SHEHAT યોજના અંતર્ગત જમ્મુ-કાશ્મીરના તમામ પરિવારોને કેટલા રૂપિયાનું આરોગ્ય વીમા કવચ અપાશે- રૂ. 5 લાખ

5. PMJAY-SHEHAT યોજના અંતર્ગત જમ્મુ-કાશ્મીરના તમામ કુલ કેટલા પરિવારોને લાભ મળશે - **21 લાખ પરિવાર**
6. તાજેતરમાં ડિસેમ્બર 2020ના અંતમાં રાષ્ટ્રપતિ શ્રી કોવિંદ દ્વારા કયા સ્થળે ખુકરી સ્મારકનું ઉદ્ઘાટન કરાયું - **દીવ**
7. INS ખુકરી કયા યુદ્ધની યાદ અપાવે છે - **ભારત-પાકિસ્તાન યુદ્ધ,1971**
8. વર્ષ 1971 ભારત-પાકિસ્તાન યુદ્ધ વખતે INS ખુકરીએ અંદાજે કેટલા જવાનો સાથે કયા સમુદ્રમાં જળસમાધિ લીધી હતી - **194 અને અરબી સમુદ્ર**
9. 25 ડિસેમ્બર 2020ના રોજ 90 વર્ષે અમદાવાદમાં અવસાન પામેલા પ્રેમજીભાઈ પટેલનું કાર્યક્ષેત્ર જણાવો - **પર્યાવરણ વોરિયર અને ઝાડવાવાળા બાપા**
10. પર્યાવરણના સાચા રક્ષક પ્રેમજીભાઈ પટેલે 45 વર્ષમાં કેટલા વૃક્ષો અને ચેકડેમ ગુજરાતભરમાં તૈયાર કરાવ્યા હતા - **1 કરોડ અને 2400**
11. પર્યાવરણના રક્ષક પ્રેમજીભાઈ પટેલનું જન્મ સ્થળ જણાવો - **ભાયાવદર, ઉપલેટા**
12. વિશ્વની પ્રથમ અને સૌથી લાંબી મોટી સોલાર પેનલ કયા બ્રિજ ઉપર તૈયાર કરવામાં આવી છે - **દાંડિયાબજાર બ્રિજ, અકોટા, વડોદરા**
13. ભારતના પ્રથમ ચરખાવાળા તિરંગાની શતાબ્દી વર્ષ કયારે શરૂ થયુ – **26 ડિસેમ્બર 2020**
14. તા.26 ડિસેમ્બર-1921ના રોજ કયા સ્થળે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ દેશના પહેલા ચરખાવાળા ત્રિરંગા ધ્વજ લહેરાયો હતો – **અમદાવાદ**
15. પ્રથમ ચરખાવાળા ધ્વજ પર કયા રંગ ઉપરાંત રેંટિયાનું ચિત્ર દોરેલું હતું - **લાલ અને લીલો**
16. અમદાવાદમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ દેશના પહેલા ચરખાવાળા ત્રિરંગા ધ્વજ લહેરાયો હતો તે સ્થળે આજે શું છે - **વી.એસ. હોસ્પિટલ**
17. તા.31મી માર્ચ, 1921ના રોજ અખિલ હિંદ કોંગ્રેસ સમિતિની બેઠક વખતે ગાંધીજીએ કયા પ્રકારનો ધ્વજ તૈયાર કરવા સૂચન કર્યું હતુ જે બાદમાં ભારતનો રાષ્ટ્રધ્વજ બન્યો હતો - **લાલ, લીલો અને ભોંય પર રેંટિયાનું ચિત્રવાળો**
18. ગુજરાતમાં વૃક્ષ પ્રેમ સેવા ટ્રસ્ટની સ્થાપના 1968 કોને કરી હતી - **વૃક્ષપ્રેમી પ્રેમજીબાપા**
19. કયા રાજ્યમાંથી તાજેતરમાં 10 હજાર ટન યુરેનિયમ મળી આવ્યું છે - **સિકર, રાજસ્થાન**
20. 10 હજાર ટન યુરેનિયમમાંથી અંદાજે કેટલા વર્ષ સુધી વીજળી મેળવી શકાશે - **40 વર્ષ**
21. ગાંધીવાદી વિચારધારા ધરાવતા બાબા આમ્ટેનો જન્મદિવસ જણાવો- **26 ડિસેમ્બર -1914**
22. બાબા આમ્ટેનું મૂળ નામ જણાવો- **મુરલીધર દેવીદાસ આમ્ટે**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. સાયન્સ સિટી : રોબોટિક ગેલેરી સાથે દેશનું સૌથી મોટું એક્વેરિયમ બનશે (સાયન્સ)



વિગત :

- ✓ અમદાવાદના સાયન્સ સિટીમાં ટૂંક સમયમાં જ ગ્લોબલ રોબોટિક ગેલેરી અને દેશનું સૌથી મોટું એક્વેરિયમ આકાર પામવા જઈ રહ્યું છે.
- ✓ આ ઉપરાંત મ્યુઝિકલ ફાઉન્ટેન-થિયેટર-પ્લેનેટ અર્થ વિભાગ-એનર્જી પાર્ક-લાઇફ સાયન્સ વિભાગ પણ આવનારા દિવસોમાં સાયન્સ સિટીમાં આકર્ષણનું કેન્દ્ર બનશે.
- ✓ આ ઉપરાંત રાજ્યના દરેકજિલ્લામાં વિજ્ઞાન કેન્દ્રો પણ વિકસાવવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૨. 'મન કી બાત'ની ૭૨મી આવૃત્તિ : PM મોદી દ્વારા વર્ષ-૨૦૨૦ની છેલ્લી 'મન કી બાત' યોજાઈ

વોકલ ફોર લોકલ ઉપર ભાર મૂકવા દેશવાસીઓને અનુરોધ



'મન કી બાત' હાઈલાઈટ્સ :

- ✓ લોકડાઉનમાં દેશના નાગરિકોએ કોરોના વોરિયર્સની ભૂમિકાને એક અવાજે વધાવી લીધી હતી
- ✓ કોરોના મહામારીમાં આપણે દેશની જનતાનો આત્મનિર્ભર ભારત માટેનો જુસ્સો જોયો છે. યુવા ભારત કાંઇ પણ કરી શક્વાની સમર્થતા ધરાવે છે
- ✓ મે ૨૦૨૦માં કાશ્મીરના કેસરને જીઆઇ ટેગ અપાયો, અમે તેને વૈશ્વિક બ્રાન્ડ બનાવીશું
- ✓ જ્ઞાનની શોધના પ્રારંભની અદ્વિતીયતા ગીતામાં છે
- ✓ આજના દિવસે ગુરુગોવિંદ સિંહના પુત્રો સાહિબજાદા જોરાવર સિંહ અને ફત્તેસિંહને જીવતા દિવાલમાં ચણી દેવાયા હતાં.
- ✓ આજના દિવસે ગુરુગોવિંદ સિંહના માતા શહાદતને વર્યાં હતાં
- ✓ આપણા દેશમાં વૈશ્વિક ધોરણો પ્રમાણેના ઉત્પાદન બને તે જરૂરી છે. જનતાને તેમના ઘરમાં વપરાતા વિદેશી ઉત્પાદનોની યાદી તૈયાર કરે જેથી તેઓ તેમના સ્થાને મેઇડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો વાપરી શકે.
- ✓ આપણે વિદેશી ઉત્પાદનના વિકલ્પો શોધી કાઢીએ જેથી ભારતીયોની આકરી મહેનત અને પરસેવાથી તૈયાર થયેલા ઉત્પાદનો આપણે વાપરી શકીએ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

3. ખેલકૂદ : ટીમ ઓફ ધ ડિકેડ એવોર્ડ :

સમયગાળો : 2011-2020



- ✓ ICC દ્વારા છેલ્લાં દસકાની ટીમ જાહેર
- ✓ **ખાસ :** ક્રિકેટના વન-ડે, ટી-20 અને ટેસ્ટ એમ ત્રણેય ફોર્મેટમાં ભારતીય કેપ્ટન

એવોર્ડ્ઝ વિશે :

માપદંડ :

- ✓ છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન ખેલાડીઓના સર્વશ્રેષ્ઠ દેખાવના આધારે ICC દ્વારા દાયકાની એવોર્ડ્ઝની જાહેરાત કરે છે

પુરુષ કેટેગરી :

ફોર્મેટ, કેપ્ટન અને ટીમ

ICCની દાયકાની વન ડે ટીમ



1. મહેન્દ્રસિંહ ધોની(કેપ્ટન અને વિકેટકીપર)
2. રોહિત શર્મા
3. ડેવિડ વોર્નર
4. વિરાટ કોહલી
5. એબી ડિવિલિયર્સ
6. શાકીબ અલ હસન
7. બેન સ્ટોક્સ, મિશેલ સ્ટાર્ક
8. મચેલ સ્ટાર્ક
9. ટ્રેન્ટ બોલ્ટ
10. ઇમરાન તાહિર
11.લસિથ મલિંગા

ICCની દાયકાની ટી૨૦ ટીમ



1. મહેન્દ્રસિંહ ધોની(કેપ્ટન અને વિકેટકીપર)
2. રોહિત શર્મા
3. ક્રિસ ગેઇલ
4. એરોન ફિંચ
5. વિરાટ કોહલી
6. એબી ડિવિલિયર્સ
7. ગ્લેન મેક્સવેલ
8. કીરોન પોલાર્ડ
9. રાશીદ ખાન
10. જસપ્રીત બુમરાહ
11. લસિથ મલિંગા.

ICCની દાયકાની ટેસ્ટ ટીમ



1. વિરાટ કોહલી(કેપ્ટન)
2. એલિસ્ટર કૂક
3. ડેવિડ વોર્નર
4. કેન વિલિયમસન
5. સ્ટિવ સ્થિથ
6. કુમાર સંગાકારા (વિકેટકીપર)
7. બેન સ્ટોક્સ
8. રવિચંદ્રન અશ્વિન
9. ડેલ સ્ટેન
10.સ્ટુઅર્ટ બ્રોડ
11.જેમ્સ એન્ડરસન.

મહિલા કેટેગરી :

ફોર્મેટ, કેપ્ટન અને ટીમ

મહિલા વન-ડે ટીમ :



1. મેગ લેનિંગ(કેપ્ટન)
2. એલિસા હિલી
3. સુઝી બેટ્સ
4. મિતાલી રાજ (ભારત)
5. સ્ટેફની ટેલર
6. સારાહ ટેલર (વિકેટ કીપર)
7. એલિસા પેરી
8. ડોન વાન
9. મારીઝાન કેપ
10. ઝુલન ગોસ્વામી (ભારત)
11. અનિસા મોહમ્મદ

મહિલા ટી૨૦ ટીમ :



1. મેગ લેનિંગ(કેપ્ટન)
2. એલિસા હિલી(વિકેટ કીપર)
3. સોફી ડિવાઇન
4. સુઝી બેટ્સ
5. હરમનપ્રીત કૌર (ભારત)
6. સ્ટેફની ટેલર
7. ડિએંડ્રા ડોટિન
8. એલિસા પેરી
9. અન્યા શ્રબ્સોલ
10. મેગન શટ
11. પૂનમ યાદવ (ભારત)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. નિર્ણય : કેન્દ્રીય પર્યટન મંત્રાલય (ફિલ્મ ઉદ્યોગ)

જાહેરાત :

✓ તા. ૨૫ ડિસેમ્બર-૨૦૨૦થી ૧૫મી ઓગસ્ટ-૨૦૨૧ સુધી હેરિટેજ સાઈટ સિવાયના ૨૦૦ પ્રાચીન સ્મારકોમાં વિનામૂલ્યે શૂટિંગ અને ફોટોગ્રાફી કરી શકાશે



વિગત :

✓ કેન્દ્રિય પર્યટન મંત્રાલય દ્વારા હેરિટેજ, રાષ્ટ્રીય ભાષાનો વિકાસ, ભારતીય પરંપરા અને સંસ્કૃતિ, સ્વાતંત્રસેનાનીઓ, સ્વતંત્રતા સંગ્રામ, લોકસંગીત તેમજ ભાષા અને પર્યટન સહિતના પ્રોજેક્ટ્સ પર કામ કરતા ભારતીયો તેમજ એજન્સીઓને કેન્દ્રિય પુરાતત્વ વિભાગ હસ્તકના વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવિષ્ટ દેશના 27 અને રાજ્યમાં પાટણની રાણીની વાવ, ચાંપાનેર અને ધોળાવીરા સિવાયના 200 પ્રાચીન

સ્મારકો પર 25 ડિસેમ્બરથી 15 ઓગસ્ટ 2021 સુધી વિનામૂલ્યે શૂટિંગ અને ફોટોગ્રાફી કરી શકાશે.

✓ શૂટિંગ-ફોટોગ્રાફી માટે પહેલાની જેમ ઓનલાઇન મંજૂરી લેવી પડશે.

ફીમાંથી મુક્તિ અપાઇ નથી તેવા દેશભરના 27 સ્મારકો અને રાજ્ય :

1. ચાંપાનેરનો કિલ્લો - ગુજરાત
2. રાણીની વાવ પાટણ - ગુજરાત
3. ધોળાવીરા કચ્છ - ગુજરાત
4. આગ્રાનો કિલ્લો - ઉત્તરપ્રદેશ
5. તાજમહેલ - ઉત્તરપ્રદેશ
6. ફતેહપુર સિક્રી - ઉત્તરપ્રદેશ
7. ઉલટાખેરા-રઘુનાથજીનો ટેકરો - ઉત્તરપ્રદેશ
8. અજંટાની ગુફાઓ - મહારાષ્ટ્ર
9. ઇલોરાની ગુફાઓ - મહારાષ્ટ્ર
10. એલીફન્ટા - મહારાષ્ટ્ર
11. મહાબલિપુરમ - તામિલનાડુ
12. ચોલા ટેમ્પલ - તામિલનાડુ
13. રંગઘર - તામિલનાડુ
14. આદીચનલ્લુર -તામિલનાડુ
15. કોણાર્ક સૂર્યમંદિર - ઓરિસ્સા
16 .ચર્ચ કોન્વેન્ટ - ગોવા
17. હમ્પીના સ્મારકો - કર્ણાટક
18. પટ્ટડકલ - કર્ણાટક
19. ખજુરાહો - મધ્યપ્રદેશ
20. સાંચી બૌદ્ધસ્તુપ - મધ્યપ્રદેશ
21 .ભીમબેટકા - મધ્યપ્રદેશ
22. હુમાયુનો મકબરો - દિલ્હી
23. કુતુબમિનાર - દિલ્હી
24. દિલ્હીનો કિલ્લો - દિલ્હી
25. હિલ્સ ઓફ - રાજસ્થાન
26. નાલંદા ઉત્ખનન સાઈટ - બિહાર
27. રાખીગ્રહી - હરિયાણા

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નાસિક: દેશની વાઈન કેપિટલ બનશે : વાઈનરીઝને GI ટેગ



વિગત :

✓ નાસિક કેન્દ્ર સરકારે નાસિકની વાઇનરીઝને જીઆઇ ટેગ આપ્યું છે, તેનાથી હવે અહીંની વાઇનની ડિમાન્ડ વધવા ઉપરાંત નાસિક દેશની વાઇન કેપિટલ પણ બની જશે.

✓ નાસિકમાં હાલ કુલ 1,400 એકરમાં 52 વાઇનરી છે, જેમાંથી 27 એક્ટિવ છે.

✓ GI : જીઓગ્રાફીકલ ઈન્ડિકશન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૧૨-૨૦૨૦)

1. તાજેતરમાં ડિસેમ્બર 2020ના અંતિમ રવિવારે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કેટલામી 'મન કી બાત' યોજાઇ - 72મી

2. તાજેતરમાં ડિસેમ્બર 2020ના અંતિમ રવિવારે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા યોજાયેલી 'મન કી બાત'માં કઈ બાબત ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો - **વોકલ ફોર લોકલ**
3. કાશ્મીરના કેસરને ક્યારે GI ટેગ આપવામાં આવ્યો હતો - **મે 2020**
4. GIનું વિસ્તૃત નામ જણાવો - **જીઓગ્રાફીકલ ઈન્ડિકશન**
5. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 'ટીમ ઑફ ધ ડીકેડ એવોર્ડ' 2011-2020 જાહેર કરવામાં આવ્યો છે - **ICC**
6. તાજેતરમાં 'ટીમ ઑફ ધ ડીકેડ એવોર્ડ' ક્રિકેટના કયા ફોર્મેટ માટે જાહેર કરવામાં આવ્યો - **વન ડે,T-20 અને ટેસ્ટ**
7. તાજેતરમાં ICC દ્વારા જાહેર કરેલ દાયકાની વન-ડે ટીમના કેપ્ટન તરીકે કોની પસંદગી કરાઈ છે - **મહેન્દ્રસિંહ ધોની**
8. તાજેતરમાં ICC દ્વારા જાહેર કરેલ દાયકાની T-20 ટીમના કેપ્ટન તરીકે કોની પસંદગી કરાઈ છે - **મહેન્દ્રસિંહ ધોની**
9. તાજેતરમાં ICC દ્વારા જાહેર કરેલ દાયકાની ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકે કોની પસંદગી કરાઈ છે - **વિરાટ કોહલી**
10. તાજેતરમાં ICC દ્વારા જાહેર કરેલ દાયકાની મહિલા વન-ડે અને T-20 ટીમના કેપ્ટન તરીકે કોની પસંદગી કરાઈ છે - **મેગ લેનિંગ**
11. તાજેતરમાં ICC દ્વારા જાહેર કરેલ દાયકાની મહિલા વન-ડે અને T-20 ટીમમાં કઈ ભારતીય ખેલાડીઓને સ્થાન અપાયું છે - **મિતાલી રાજ, જુલન ગોસ્વામી હરમનપ્રિત કૌર અને પૂનમ યાદવ**
12. ICCનું વિસ્તૃત નામ જણાવો – **ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ**
13. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કેટલા પ્રાચીન સ્મારકોમાં વિનામૂલ્યે શૂટિંગ અને ફોટોગ્રાફી કરવાની મંજૂરી આપી છે - **200**
14. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કયા સમયગાળા માટે પ્રાચીન સ્મારકોમાં વિનામૂલ્યે શૂટિંગ અને ફોટોગ્રાફી કરવાની મંજૂરી આપી છે - **25 ડિસેમ્બર થી 15 ઓગસ્ટ 2021**
15. કેન્દ્ર સરકાર દ્વારા કેટલા પ્રાચીન સ્મારકોની શૂટિંગ અને ફોટોગ્રાફી માટે વિનામૂલ્યે મંજૂરી અપાઈ નથી - **27**
16. તાજેતરમાં ભારતના કયા શહેરની વાઇનરીઝને GI ટેગ આપવામાં આવ્યું છે - **નાસિક**
17. ગુજરાતમાં કયા સ્થળે રોબોટિક ગેલેરી સાથે દેશનું સૌથી મોટું એક્વેરિયમ બનવા જઈ રહ્યું છે - **સાયન્સ સિટી, અમદાવાદ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. મોનોલિથિક કોંક્રિટ કન્સ્ટ્રક્શન બાય ટનલ ફોર્મ વર્ક ટેક્નોલોજી(સિવિલ ઈજનેરી)



ગુજરાતમાં પ્રથમવાર રાજકોટ ખાતે હાઉસિંગ પ્રોજેક્ટનું વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે લોન્ચીંગ

વિગત :

- ✓ વડા પ્રધાન મોદી નવા વર્ષના પ્રથમ દિવસે પહેલી જાન્યુઆરીએ ગુજરાત સહિત ૬ રાજ્યોના ૬ શહેરોમાં સૌ પ્રથમવાર અત્યાધુનિક ટેક્નોલોજીથી બનનારા એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સ દ્વારા કરશે.
- ✓ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 'દીવાદાંડી રૂપ' તરીકે ઓળખાવાતા આ પ્રોજેક્ટમાં રાજકોટમાં ૧,૧૪૦ મકાનો બંધાશે.
- ✓ ખાતમુહૂર્ત વખતે મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટમાં સાઇટ ખાતે ઉપસ્થિત રહેશે.

નવી ટેકનોલોજી શું છે

- ✓ મોનોલિથિક કોંક્રિટ કન્સ્ટ્રક્શન બાય ટનલ ફોર્મ વર્ક-એ ટેક્નોલોજી આમ તો ઘણી જૂની છે, પણ પહેલીવાર સરકારી આવાસ યોજનાઓમાં આ વપરાવાની છે.
- ✓ આ ટેક્નોલોજીવાળા મકાનોની આવરદા ડબલ હશે, મકાનો ભેજરહિત, મજબૂત તથા ભૂકંપપ્રૂફ રહેશે તેમજ લોડ બેરિંગવાળા હોઈ બાંધકામ પણ અત્યંત ઝડપી થશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. દેશનો પ્રથમ બ્લુ ફ્લેગ બીચ : શિવરાજપુર-દ્વારકા (પ્રવાસન)

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના પ્રથમ શિવરાજપુર બીચને બ્લુ ફ્લેગ બીચ તરીકે વિધિવત માન્યતા

✓ જિલ્લો : દેવભૂમિ દ્વારકા, ગુજરાત



✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી : પ્રકાશ જાવડેકર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. પ્રભાસપાટણ : પુરાતત્વ સરવે મુજબ સોમનાથ મંદિર જેવડુ ત્રણ માળનું બાંધકામ ભૂગર્ભમાં : GPR ઇન્વેસ્ટિગેશનમાં શોધાયું



✓ ભારતના બાર જ્યોતિર્લિંગ પૈકીનું પ્રથમ : સોમનાથ મંદિર

વિગત :

✓ વૈજ્ઞાનિક પદ્ધતિથી અહેવાલ તૈયાર

✓ આઇઆઇટી ગાંધીનગર દ્વારા એની 4 સહયોગી સંસ્થાના આર્કિયોલોજીના નિષ્ણાતોની ટીમ સોમનાથ આવી હતી.

✓ સોમનાથ અને પ્રભાસપાટણમાં કુલ 4 સ્થળે આ ટીમે જીપીઆર ઇન્વેસ્ટિગેશન કર્યું હતું, જેમાં ગૌલોકધામ, સોમનાથ મંદિરના દિગ્વિજય દ્વાર તરીકે ઓળખાતા મેઇન ગેટથી સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યૂ આસપાસના સ્થળે તેમજ બૌદ્ધ ગુફાનો સમાવેશ થાય છે, જેનો 32 પાનાંનો રિપોર્ટ નકશા સાથે સોમનાથ ટ્રસ્ટને સોંપવામાં આવ્યો હતો.

✓ હિરણના કાંઠે પણ ભૂગર્ભમાં બાંધકામના પુરાવા મળ્યા

✓ પ્રભાસપાટણના સોમનાથ હસ્તકના ગૌલોકધામમાં આવેલા ગીતામંદિરના આગળના ભાગમાં હિરણ નદીના કાંઠે થયેલા સર્વેમાં ભૂગર્ભમાં પાકું બાંધકામ હોવાનું જણાયું છે.

✓ દિગ્વિજય દ્વારથી સરદાર પટેલના સ્ટેચ્યૂ પાસે અગાઉ જૂનો કોઠાર નામથી ઓળખાતું બાંધકામ હતું, જે દૂર કરવામાં આવ્યું છે. ત્યાં ભૂગર્ભમાં 3 માળનું મકાન હોવાનું માલૂમ પડ્યું છે.

✓ જેમાં એક માળ અઢી મીટર, બીજો માળ 5 મીટર અને ત્રીજો માળ સાડાસાત મીટરની ઊંડાઇએ આવેલો છે.

- ✓ જ્યારે સોમનાથમાં અત્યારે યાત્રિકોની સિક્યોરિટી તપાસ થાય છે એ સ્થળે પણ ભૂગર્ભમાં એલ આકારનું બાંધકામ હોવાનું જણાયું છે.
- ✓ ઈન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરના નિષ્ણાતોએ આશરે 5 કરોડની કિંમતનાં મોટાં મશીનો સાથે પ્રભાસપાટણ આવી સોમનાથમાં એક દિવસ રાત્રિ રોકાણ કરી સાઇડ લે આઉટ પ્લાન તૈયાર કરી સરવે કરી જે સ્થળોએ 2 મીટરથી 12 મીટર સુધી જીપીઆર ઇન્વેસ્ટિગેશન દ્વારા જમીનની અંદર વાઇબ્રેશન આવે એના પરથી નિષ્ણાત પોતાનો અભિપ્રાય આપે છે. એના પરથી રિપોર્ટ તૈયાર થાય છે.

મંદિરનો ઈતિહાસ :

- ✓ નાસિકના ઉશતદાત રાજાના બીજી સદીના શિલાલેખમાં પ્રભાસનો પુણ્ય ભૂમિ તરીકે ઉલ્લેખ છે. ત્યાં ખોદકામ દરમિયાન પહેલા મંદિરના અવશેષ મળ્યા હતા.
- ✓ આ જગ્યાએ બીજું મંદિર વલભીપુર (ઈસ 500થી 700)ના રાજાએ બંધાવ્યું હતું.
- ✓ ત્રીજું મંદિર કનોજના ગુર્જર પ્રતિહાર રાજાઓએ (ઈસ 800થી 950)માં બંધાવ્યું હતું.
- ✓ માળવાના રાજા ભોજ અને ગુજરાતના રાજા ભીમદેવે ત્રીજા મંદિરના અવશેષો પર ચોથું મંદિર બનાવ્યું હતું.
- ✓ ઈસ 1169માં ગુજરાતના રાજા કુમારપાળે બનાવ્યું હતું, જેના અવશેષો ઈસ 1950 સુધી રહ્યા હતા.
- ✓ ઈસ 1169માં ગુજરાતના રાજા કુમારપાળે બંધાવેલું સોમનાથાનું પાંચમું મંદિર 13 નવે. 1947ના રોજ ઉતારવામાં આવ્યું તથા નવા મંદિરના નિર્માણનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.
- ✓ 8 મે 1950માં સોમનાથ મંદિરની પાયાવિધિ થઈ હતી. બાદમાં 11 મે 1951માં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.
- ✓ ખાસ:PM મોદીના સૂચનાથી સંશોધન કરાયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૪. ભારતની ૧૦૦મી કિસાન રેલ (કૃષિ)

વડાપ્રધાન મોદી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી શુભારંભ



- ✓ રૂટ: સાંગોલા, મહારાષ્ટ્રથી શાલીમાર, પશ્ચિમ બંગાળ સુધી

✓ ૧૦૦મી કિસાન રેલ ૪૦ કલાકમાં ૨૧૩૨ કિલોમીટરનું અંતર કાપશે.

હેતુ :

✓ તાજા ખેત ઉત્પાદનો જેવા કે સાંગોલાના દાડમ, નાગપુરના નારંગી અને જેઉર, બેલ્વંડી અને કોપરગાંવના શકરટેટી અને અન્ય ઉત્પાદનો ખુબ જ આસાનીથી દેશના ઉત્તર-પૂર્વીય ભાગો સુધી પહોંચાડી શકાશે.

કિસાન રેલની વિશેષતાઓ :

✓ **ખેડૂતોની સમૃદ્ધિ વધારતી ગેમ ચેન્જર પહેલ**

✓ કિસાન રેલના માધ્યમથી ખેડૂતો પોતાના કૃષિ ઉત્પાદનો દેશભરની બજારોમાં વેચી શકશે.

✓ ૫૦ ટકાની સબસીડીના કારણે ફળો અને શાકભાજીનું પરિવહન સસ્તુ થશે.

✓ શહેરી બજારો સુધી પહોંચ વધવાના કારણે ખેડૂતોને સારો નફો મળશે.

✓ ૩ મહિનામાં કિસાન રેલ મારફતે ૨૭,૦૦૦ ટન જેટલાં કૃષિ ઉત્પાદનોનું પરિવહન થઈ ચૂક્યું છે.

✓ કિસાન રેલના રૂટમાં વચ્ચે આવતા હોલ્ટમાં માલ-સામાન ચડાવવા અને ઉતારવાની સુવિધા છે. તેનાથી સ્થાનિક ઉત્પાદનોને ફાયદો થશે.

ઉપસ્થિતિ

✓ મંત્રી શ્રી નરેન્દ્ર સિંહ તોમર : કૃષિ અને ખેડૂત વેલ્ફેર, ગ્રામ વિકાસ, પંચાયતી રાજ અને ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ

✓ મંત્રી શ્રી પિયુષ ગોયલ : રેલવે, કોમર્સ અને ઈન્ડસ્ટ્રી, કન્ઝયૂમર અફેર્સ ફૂડ એન્ડ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશન ભારત સરકાર

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. દેશની સૌપ્રથમ ડ્રાઇવરલેસ ઓટોમેટેડ મેટ્રો (પરિવહન)



વડાપ્રધાન શ્રી મોદી દ્વારા નવી દિલ્હીમાં ડ્રાઇવરલેસ મેટ્રોનો મજન્ટા લાઇન ઈ-શુભારંભ

મેટ્રો વિશે :

✓ **રૂટ :** જનકપુરી પશ્ચિમથી નોઈડાના બોટોનિકલ ગાર્ડન

✓ **લંબાઈ :** ૩૭ કિ.મી

ઓટોમેટેડ મેટ્રો વિશે :

✓ ચાલક વિના જ ઓટોમેટેડ સિસ્ટમથી ચાલતી આ ટ્રેનમાં એક સાથે ૨૨૮૦ પ્રવાસી સફર કરી શકશે.

✓ પ્રત્યેક કોચમાં ૩૮૦ પ્રવાસી સફર ખેડી શકશે.

- ✓ દિલ્હી મેટ્રોએ સૌ પ્રથમ વાર સપ્ટેમ્બર ૨૦૧૭માં તેની ટ્રાયલ શરૂ કરી હતી.
- ✓ મહત્તમ ૯૫ કિ.મી.ની ગતિ ધરાવનારી આ ટ્રેન પાટા પર ૮૫ કિ.મી.ની ગતિએ દોડશે.
- ✓ દિલ્હી રેલવે કોર્પોરેશન (ડીએમઆરસી)ના જણાવ્યા મુજબ આ ટ્રેન સંચાલનમાં ઓછી ઊર્જા ખર્ચ થશે.

<u>માનવીય ભૂલની શક્યતા ખતમ :</u>

- ✓ ચાલક વિના જ મેટ્રો ટ્રેન પાટા પર દોડશે, હાલમાં મજેન્ટા લાઇન પર ગ્રેડ ઓફ ઓટોમેશનના ત્રીજા ફેઝ હેઠળ ચાલક વિના જ મેટ્રો ટ્રેન સંચાલન થશે.
- ✓ ટ્રેન ઓટોમેટિક સિસ્ટમથી દોડતી રહે છે. ટ્રેનને સ્ટાર્ટ કે સ્ટોપ કરવા અથવા દરવાજા ખોલ બંધ કરવા કોઇ ડ્રાઇવરની જરૂર નથી
- ✓ ૫૦ મીટરના દૂરના અંતરે ટ્રેક પર કોઇક વસ્તુ હશે તો ટ્રેનને આપોઆપ બ્રેક લાગી જશે.
- ✓ ઇમરજન્સી સંજોગો માટે ટ્રેનમાં ડ્રાઇવરની હાજરી હોય છે, પરંતુ સામાન્ય સંચાલનમાં તેની ભૂમિકા એટેન્ડેન્ટ બરોબર જ હોય છે. ટ્રેનમાં ડ્રાઇવર કેબિન નહીં હોય.

<u>ભારતમાં મેટ્રોની સ્થિતિ :</u>

- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તા. ૨૮ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ વીડિયો કોન્ફરન્સિંગની મદદથી દેશની સૌપ્રથમ ડ્રાઇવરલેસ ઓટોમેટેડ મેટ્રો ટ્રેનનો શુભારંભ કરાવ્યો હતો.
- ✓ જનકપુરી પશ્ચિમથી નોઇડાના બોટનિકલ ગાર્ડન સુધીની મેટ્રોની ૩૭ કિ.મી. લાંબી મજન્ટા લાઇન પર હવે આ સુવિધા શરૂ થઇ ચૂકી છે.
- ✓ દિલ્હીની આ એક લાઇન પર સેવા શરૂ થતાં લોકોને મેટ્રો પ્રવાસનો નવો અનુભવ મળશે અને તે સુરક્ષિત પણ હશે.
- ✓ ઓટોમેટેડ મેટ્રોની સિસ્ટમ એવી છે કે બે ટ્રેન કદાચ એક ટ્રેક પર આવી જશે અથવા કોઈ વસ્તુ ટ્રેક ઉપર હશે તો આપોઆપ રોકાઇ જશે.
- ✓ દિલ્હીમાં મેટ્રો અટલજીના પ્રયાસોથી ચાલુ થઈ છે. ૨૦૧૪માં જ્યારે NDAની સરકાર બની ત્યારે માત્ર પાંચ શહેરોમાં મેટ્રો ટ્રેન હતી. હાલમાં આ સેવા ૧૮ શહેરોમાં ઉપલબ્ધ.
- ✓ <u>વર્ષ ૨૦૨૫ સુધીમાં ૨૫થી વધુ શહેરોમાં તેનો વિસ્તાર કરવાનું લક્ષ્યાંક.</u>
- ✓ <u>હાલમાં મેટ્રોનો વિસ્તાર ૭૦૦ કિ.મી.નો છે. ૨૦૨૫ સુધીમાં વિસ્તાર ૧૭૦૦ કિ.મી. કરાશે</u>
- ✓ વિશ્વમાં પ્રથમ વર્ષ-૧૯૮૧માં જાપાનમાં ડ્રાઈવર લેસ મેટ્રો શરૂ થઈ હતી

<u>વન નેશન, વન મોબિલિટી સેવા :</u>



- ✓ સમગ્ર દેશમાં વન નેશન, વન મોબિલિટી સેવા શરૂ થશે. વર્ષ 2025 સુધીમાં 25થી વધુ શહેરોમાં મેટ્રો સેવા શરૂ થઈ જશે. ડ્રાઈવર લેસ મેટ્રોની ખાસિયત એ છે કે જો બે ટ્રેન એક ટ્રેક પર આવી જશે તો બંને ટ્રેન આપોઆપ અટકી જશે.
- ✓ મેટ્રો ટ્રેનના કારણે શહેરોમાં પ્રદૂષણ ઓછું થશે. 4 મોટી કંપનીઓ મેટ્રોના કોચનું ઉત્પાદન કરી રહી છે. પરિણામે આત્મનિર્ભર ભારત અભિયાનને પણ મદદ મળી રહી છે. હાઈવે પર બિનજરૂરી રોકટોક બંધ કરાઈ છે.
- ✓ વન નેશન, વન ટેક્સથી અનેક કરવેરા ખતમ કરાયા છે. વન નેશન, વન હેલ્થ નેશન સ્કીમ એટલે કે આયુષ્યમાન ભારતથી ગમે ત્યાં સારવાર કરાવી શકાય છે. તેવી જ રીતે કૃષિ સુધારા દ્વારા વન નેશન, વન એગ્રીકલ્ચર માર્કેટની દિશામાં દેશ આગળ વધી રહ્યો છે.
- ✓ ડ્રાઈવરલેસ મેટ્રો કોમ્યુનિકેશન બેઝ ટ્રેન કન્ટ્રોલ સિંગ્નલિંગ સિસ્ટમ દ્વારા કામ કરે છે. આ વાઈફાઈ જેવી સિસ્ટમ છે

વન નેશન, વન મોબિલિટી કાર્ડ એટલે NCMC વડાપ્રધાન મોદી દ્વારા નવી દિલ્હી ખાતે એરપોર્ટ એક્સપ્રેસ લાઈન પર લોંચ

- ✓ નામ: નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC)

NCMC અંગે વિગત :

- ✓ એનસીએમસી પ્રવાસીઓને મેટ્રો ટ્રાવેલિંગ માટે રૂપે ડેબિટ કાર્ડનો ઉપયોગ કરવાની છુટ આપશે.
- ✓ આ કાર્ડનો ઉપયોગ કરીને દેશના કોઇ પણ ભાગના પેસેંજર એરપોર્ટ એક્સપ્રેસ લાઇન પર ટ્રાવેલ કરી શકશે.
- ✓ આ સુવિધા પુરા દિલ્હી મેટ્રો નેટવર્કમાં 2022 સુધીમાં શરૂ કરી દેવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. દેશની સૌથી યુવા મેયર : શ્રી આર્યા રાજેન્દ્રન

- ✓ શહેર : થિરુવનંતપુરમ્, કેરળ
- ✓ વય : ૨૧ વર્ષ
- ✓ પક્ષ : માર્કસવાદી પાર્ટી



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. ઈલેક્ટ્રિક કાર : વર્ષ-૨૦૨૧થી ભારતમાં ટેસ્લા ઈલેક્ટ્રિક કારનું વેચાણ શરૂ કરશે (પર્યાવરણ)

- ✓ ટેસ્લા : વિશ્વની સૌથી મોટી ઈલેક્ટ્રિક કાર ઉત્પાદન કંપની.
- ✓ દેશ : USA
- ✓ માલિક : ઈલોન મસ્ક
- ✓ જાહેરાત : કેન્દ્રીય પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૮. ન્યૂમોસિલ : સિરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ન્યૂમોનિયાની પ્રથમ સ્વદેશી રસી તૈયાર કરાઈ (આરોગ્ય-સંશોધન)



વિગત :

- ✓ પુના સ્થિત જગતની સૌથી મોટા રસી ઉત્પાદક સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના (એસઆઈઆઈ)એ કોરોનાની રસી ઉપરાંત ન્યૂમોનિયા (ફેફસાંમાં સોજો લાવતો તાવ)ની રસી તૈયાર કરવામાં સફળતા મેળવી લીધી છે.
- ✓ ન્યૂમોસિલ નામની રસી સંપૂર્ણપણે સ્વદેશી છે અને આજે કેન્દ્રિય આરોગ્ય મંત્રી હર્ષવર્ધન દ્વારા તેને લૉન્ચ કરાઈ
- ✓ સિરમના સીઈઓ : આદર પુનાવાલા

આંતરરાષ્ટ્રીય બાબતો

૯. કોવાક્સ : વિશ્વમાં કોરોના વેક્સિનના વિતરણ-આયોજન માટેનો WHOનો ખાસ પ્રોગ્રામ (આરોગ્ય)



કોવાક્સ પ્રોગ્રામ વિશે :

- ✓ આ પ્રોગ્રામ હેઠળ મંજૂર થયેલી રસી, તેની ઉત્પાદન ક્ષમતા, વિતરણ, રસીની અસરકારકતા વગેરેની નોંધ રખાશે.
- ✓ ખાસ તો રસીનું સમાન ધોરણે વિતરણ થાય એ માટે પ્રયાસ થશે. કેમ કે અનેક દેશોને રસી મળવાની શક્યતા નથી, જ્યારે કેનેડાએ પોતાની વસ્તી કરતા ત્રણગણી રસી ઓર્ડર કરી રાખી છે.

- ✓ આવી અસમાનતા ઘટાડવા હેલ્થ ઓર્ગેનાઈઝેશન કોવાક્સના માધ્યમથી કામ કરશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૦. તિબેટ બિલ : તિબેટીયન બુદ્ધિસ્ટ સમુદાય (વૈશ્વિક બાબતો)

બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામાના વારસદારના મામલે ચીનને અવગણી યુએસ પ્રમુખ ટ્રમ્પે તિબેટ બિલ પર હસ્તાક્ષર કર્યા



તિબેટ બિલ અંગે :

- ✓ અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે એક લો બિલ પર હસ્તાક્ષર કરી દીધા છે જે તિબેટમાં એક અમેરિકન કોન્સ્યુલેટની સ્થાપના કરવા અને આગામી દલાઈ લામાની પસંદગી ચીનની દરમિયાનગીરી વગર ફક્ત તિબેટિયન બૌદ્ધ સમુદાય મારફત જ થાય તેની ખાતરી કરવા માટે એક આંતરરાષ્ટ્રીય ગઠબંધન ઊભું કરવા અમેરિકાને સક્ષમ બનાવશે.
- ✓ તિબેટિયન પોલિસી એન્ડ સપોર્ટ એક્ટ ઓફ ૨૦૨૦ તિબેટને સંબંધિત વિવિધ કાર્યક્રમો અને જોગવાઈઓને સુધારે છે અને રિઓથોરાઇઝ કરે છે.
- ✓ ટ્રમ્પે ૨.૩ ટ્રિલિયન ડોલરના જંગી પેકેજના ભાગરૂપે આ એક્ટ પર સહી કરી.

લામા માટે આંતરરાષ્ટ્રીય ગઠબંધન ઉભુ કરાયું :

- ✓ આ નવો કાયદો હવે તિબેટિયન મુદ્દા માટેની યુએસ સ્પેશિયલ કો-ઓર્ડિનેટરની કચેરીને સત્તા આપે છે કે તેઓ કચેરીની ફરજને વિસ્તરીત કરે અને આગામી દલાઈ લામાની પસંદગી તિબેટિયન બુદ્ધિસ્ટ સમુદાય મારફત જ થાય તે માટેની ખાતરી કરવા આંતરરાષ્ટ્રીય ગઠબંધન ઊભું કરવા જેવી વધારાની કામગીરીનો સમાવેશ કરે.
- ✓ તેમણે સેક્રેટરી ઓફ સ્ટેટને પણ આદેશ કર્યો છે કે લ્હાસામાં એક અમેરિકન કોન્સ્યુલેટ કાર્યરત ના થાય ત્યાં સુધી યુએસમાં કોઈ નવી ચાઇનીઝ કોન્સ્યુલેટ ખૂલે નહીં.
- ✓ ચીનના વિદેશ મંત્રાલયે અમેરિકન સેનેટ દ્વારા આ બિલને પાસ કરવાના મુદ્દાને ચીનની આંતરિક બાબતમાં દખલરૂપ ગણાવ્યું હતું.
- ✓ વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને જણાવ્યું હતું કે અમે અમેરિકાને વિનંતી

કરીએ છીએ કે તે ચીનની આંતરિક બાબતમાં દરમિયાનગીરી કરવાનું બંધ કરે અને નેગેટિવ ક્લોઝ અને એક્ટ ધરાવતાં કાયદાને પસાર કરવાથી દૂર રહે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૧. USA : USAમાં ગાંધીજી-માર્ટિન લ્યૂથરના સંયુક્ત અભ્યાસ માટે ફોરમની સ્થાપના (વૈશ્વિક સંબંધો)



વિગત :

✓ ટ્રમ્પે 'ગાંધી-કિંગ સ્કોલરલી એક્સચેન્જ ઇનિશિયેટિવ' લૉ પર પણ સહી કરી હતી.

હેતુ :

✓ આ ફોરમ દ્વારા બન્ને દેશના નેતાઓ ગાંધીજી અને માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની પરંપરા-વારસાનો અભ્યાસ કરશે.

✓ એ માટે બન્ને દેશમાંથી વિદ્વાનો પસંદ થશે. અમેરિકામાં અશ્વેતોના રંગભેદ સામે લડનારા માર્ટિન લ્યુથર જુનિયર પર ગાંધીની ઊંડી અસર હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૨. ખેલકૂદ : ICC દ્વારા છેલ્લાં દશકના એવોર્ડઝ-૨૦૨૦ જાહેર



એવોર્ડઝ, ખેલાડી અને દેશ

1. સર્વશ્રેષ્ઠ મેન્સ ક્રિકેટર : વિરાટ કોહલી અને ભારત
2. સર્વશ્રેષ્ઠ વનડે મેન્સ ક્રિકેટર : વિરાટ કોહલી અને ભારત
3. સર્વશ્રેષ્ઠ ટેસ્ટ મેન્સ ક્રિકેટર : સ્ટિવ સ્મિથ અને ઓસ્ટ્રેલિયા
4. સર્વશ્રેષ્ઠ T-20 મેન્સ ક્રિકેટર : લેગ સ્પિનર રાશિદ ખાન અને અફઘાનિસ્તાન
5. ખેલ ભાવના સ્પિરિટ ઓફ ક્રિકેટ : મહેન્દ્રસિંહ ધોની અને ભારત
6. સર્વશ્રેષ્ઠ મહિલા T-20 અને વન-ડે ખિલાડી : એલિસ પેરી અને ઓસ્ટ્રેલિયા

✓ ICC : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ

✓ મુખ્ય મથક : દુબઈ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૧૩. દિન વિશેષ : 28 ડિસેમ્બર – ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનો સ્થાપના દિવસ



- ✓ **<u>સ્થાપના-તા. 28મી ડિસેમ્બર-1885</u>**
- ✓ **<u>સ્થળ-મુંબઈ</u>**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૧૪. જન્મ દિન વિશેષ : 28 ડિસેમ્બર</u>

<u>ધીરુભાઈ હિરાચંદ અંબાણી</u>



- ✓ જન્મ – તા. 28 ડિસેમ્બર-1932
- ✓ અવસાન – 6 જુલાઈ-2002
- ✓ જન્મ સ્થળ – ચોરવાડ
- ✓ મૂળ નામ – ધીરજલાલ
- ✓ ફાઉન્ડર ચેરમેન - રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
- ✓ સૂત્ર – ગ્રોથ ઈઝ લાઈફ
- ✓ ભારતના ટોચના ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરનાર ધીરૂભાઇ અંબાણીની આજે (6 જુલાઇ)એ પુણ્યતિથિ.
- ✓ તેઓ 1932થી લઈને 2002 સુધી સંઘર્ષ કરીને આપબળે ધનવાન બનેલા ભારતીય હતાં કે જેમણે મુંબઈમાં પોતાના પિતરાઈ સાથે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી હતી.
- ✓ 1977માં અંબાણી તેમની કંપની રિલાયન્સને જાહેરમાં લઈ ગયા હતાં.
- ✓ હૃદય રોગના હુમલાના કારણે 24 જૂન 2002ના રોજ ધીરુભાઈ અંબાણીને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. એક અઠવાડિયા કરતાં વધારે સમય સુધી તેઓ બેભાન અવસ્થામાં રહ્યા હતાં.
- ✓ તેઓ 6 જુલાઈ-2002ના રોજ અવસાન પામ્યા હતાં. તેમની અંતિમ સંસ્કાર વિધિમાં માત્ર ઉદ્યોગપતિઓ, નેતાઓ અને સુપ્રસિદ્ધ માણસો જ નહીં પરંતુ હજારોની સંખ્યામાં લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા.
- ✓ ધીરુભાઈ અંબાણીનો ગુજરાતના જૂનાગઢ પાસે આવેલ ચોરવાડ ખાતે હિરાચંદ ગોરધન અંબાણી અને જમનાબેનના ઘરે અત્યંત સામાન્ય સ્થિતિ ધરાવતા મોઢ વણિક પરિવારમાં થયો હતો.
- ✓ 16 વર્ષની ઉંમરે તેઓ યેમનમાં આવેલા એડન ખાતે ગયા હતા. તેમણે 300

રૂપિયાના પગારથી એ.બીસ એન્ડ કું.માં કામ કર્યું હતું.

- ✓ કોકિલાબેન સાથે તેમના લગ્ન થયા હતાં અને બે દીકરા મુકેશ અને અનિલ અંબાણી તથા બે દીકરીઓ નિતા કોઠારી અને રિના સલગાંવકર છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૧૨-૨૦૨૦)

1. વડા પ્રધાન મોદી ૧ જાન્યુઆરી-૨૦૨૧ના રોજ નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સ દ્વારા ગુજરાત સહિત ૬ રાજ્યોના ૬ શહેરોમાં સૌપ્રથમવાર અત્યાધુનિક ટેક્નોલોજીથી બનનારા કયા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે - **એફોર્ડેબલ હાઉસિંગ**
2. રાજકોટમાં પહેલીવાર સરકારી આવાસ યોજનાઓમાં કઈ ટેક્નોલોજીવાળા મકાનો બનશે - **મોનોલિથિક કોંક્રિટ કન્સ્ટ્રક્શન બાય ટનલ ફોર્મ વર્ક**
3. કેન્દ્ર સરકાર દ્વારા દેશના પ્રથમ કયા બ્લુ ફ્લેગ બીચને વિધિવત માન્યતા અપાઇ - **શિવરાજપુર, જિ. દેવભૂમિ દ્વારકા**
4. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કયા પ્રથમ બીચને બ્લુ ફ્લેગની માન્યતા આપવામાં આવી - **શિવરાજપુર, જિ.દેવભૂમિ દ્વારકા**
5. વર્તમાન કેન્દ્રીય પર્યાવરણ મંત્રી કોણ છે - **પ્રકાશ જાવડેકર**
6. બાર જ્યોતિર્લિંગ પૈકીનું પ્રથમ કયુ છે - **સોમનાથ મંદિર**
7. PM મોદીના સૂચનાથી કરાયેલા સંશોધનમાં પુરાતત્વના તાજેતરના સરવે મુજબ કયા મંદિર જેવડ ત્રણ માળનું બાંધકામ ભૂગર્ભમાં GPR ઇન્વેસ્ટિગેશનમાં બહાર આવ્યું - **સોમનાથ**
8. કયા વર્ષમાં ગુજરાતના રાજા કુમારપાળે બંધાવેલું સોમનાથાનું પાંચમું મંદિર 13 નવે. 1947ના રોજ ઉતારવામાં આવ્યું તથા નવા મંદિરના નિર્માણનો સંકલ્પ કરવામાં આવ્યો હતો – **વર્ષ 1169**
9. સોમનાથ મંદિરની પાયાવિધિ કયારે થઈ હતી - **8 મે 1950**
10. સોમનાથ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કયારે યોજાયો હતો - **11 મે 1951**
11. તા. ૨૮મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ વડાપ્રધાન મોદી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્મયથી ભારતની કેટલામી કિસાન રેલને લીલી ઝંડી અપાઈ - **૧૦૦**
12. તા. ૨૮મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ વડાપ્રધાન મોદી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્મયથી ભારતની ૧૦૦મી કિસાન રેલને લીલી ઝંડી અપાઈ તેનો રૂટ જણાવો – **સાંગોલા, મહારાષ્ટ્રથી શાલીમાર, પશ્ચિમ બંગાળ સુધી**
13. ૧૦૦મી કિસાન રેલ ૪૦ કલાકમાં કેટલા કિલોમીટરનું અંતર કાપશે - **૨૧૩૨**
14. સાંગોલાના દાડમ, નાગપુરના નારંગી અને જેઉર, બેલ્વંડી અને કોપરગાંવના શકરટેટી જેવા ઉત્પાદનો કોના માધ્યમથી ખુબ જ આસાનીથી દેશના ઉત્તર-પૂર્વીય ભાગો સુધી પહોંચાડી શકાશે – **૧૦૦મી કિસાન રેલ**
15. વર્તમાન કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગ્રામ વિકાસ, પંચાયતી રાજ અને ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રી કોણ છે - **નરેન્દ્ર સિંહ તોમર**
16. વર્તમાન કેન્દ્રીય રેલવે, કોમર્સ અને ઈન્ડસ્ટ્રી, કન્ઝયૂમર અફેર્સ ફૂડ એન્ડ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશન મંત્રી કોણ છે - **પિયુષ ગોયલ**
17. નવી દિલ્હીમાં દેશની સૌપ્રથમ ડ્રાઇવરલેસ ઓટોમેટેડ મેટ્રોનો શુભારંભ કોણે-ક્યારે કરાવ્યો - **વડાપ્રધાન શ્રી મોદી તથા તા. ૨૮ ડિસેમ્બર-૨૦૨૦**
18. નવી દિલ્હીમાં દેશની સૌપ્રથમ ડ્રાઇવરલેસ ઓટોમેટેડ મેટ્રોનો રૂટ જણાવો - **જનકપુરી પશ્ચિમથી નોઈડાના બોટોનિકલ ગાર્ડન**
19. નવી દિલ્હીમાં જનકપુરી પશ્ચિમથી નોઈડાના બોટોનિકલ ગાર્ડન સુધીનો ડ્રાઇવરલેસ ઓટોમેટેડ મેટ્રોની લંબાઈ કેટલી છે - **૩૭ કિ.મી**
20. ચાલક વિના જ ઓટોમેટેડ સિસ્ટમથી ચાલતી દિલ્હી મેટ્રો ટ્રેનમાં એક સાથે કેટલા પ્રવાસી સફર કરી શકશે - **૨૨૮૦**

21. દિલ્હી મેટ્રોએ સૌપ્રથમવાર કયારે ડ્રાઇવરલેસ ઓટોમેટેડ મેટ્રોની ટ્રાયલ શરૂ કરી હતી - **સપ્ટેમ્બર ૨૦૧૭**
22. ૨૦૧૪માં પાંચ શહેરોમાં મેટ્રો ટ્રેન હતી તેને સ્થાને ડિસેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ કેટલા શહેરોમાં મેટ્રો ટ્રેન ઉપલબ્ધ છે - **૧૮**
23. ડિસેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ ભારતમાં મેટ્રોનો વિસ્તાર કેટલો કિ.મી.નો છે તથા વર્ષ ૨૦૨૫ સુધીમાં કેટલા કિ.મી.માં મેટ્રોનો વિસ્તાર કરવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે – **૭૦૦ તથા ૧૭૦૦ કિલોમીટર**
24. વિશ્વમાં જાપાનમાં પ્રથમ કયા વર્ષે ડ્રાઈવર લેસ મેટ્રો શરૂ થઈ હતી - **વર્ષ-૧૯૮૧**
25. NCMCનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ કોમન મોબિલિટી કાર્ડ**
26. વડાપ્રધાન મોદી દ્વારા તા. ૨૮મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ કઈ એક્સપ્રેસ લાઈન પર વન નેશન, વન મોબિલિટી કાર્ડ (એનસીએમસી)ને લોંચ કરાયું – **એરપોર્ટ એક્સપ્રેસ લાઈન (દિલ્હી)**
27. દેશની સૌથી યુવા મેયરનું નામ જણાવો - **આર્યા રાજેન્દ્રન**
28. ૨૧ વર્ષીય આર્યા રાજેન્દ્રન કયા શહેરના મેયર બનવાની સાથે દેશની સૌથી યુવા મેયર તરીકેની સિદ્ધિ મેળવી - **થિરુવનંતપુરમ્, કેરળ**
29. દેશની સૌથી યુવા મેયર બનનારા આર્યા રાજેન્દ્રન કયા પક્ષના છે - **માર્કસવાદી પાર્ટી**
30. વર્ષ-૨૦૨૧થી ભારતમાં કઈ કંપની ઈલેક્ટ્રિક કારનું વેચાણ શરૂ કરશે - **ટેસ્લા**
31. વિશ્વની સૌથી મોટી ઈલેક્ટ્રિક કાર ઉત્પાદન કંપની કઈ છે - **ટેસ્લા, USA**
32. વિશ્વની સૌથી મોટી ઈલેક્ટ્રિક કાર ઉત્પાદન કંપની ટેસ્લાના માલિક કોણ છે - **ઈલોન મસ્ક**
33. ડિસેમ્બર-૨૦૨૦માં કોના દ્વારા જાહેરાત કરવામાં આવી કે વર્ષ-૨૦૨૧થી ભારતમાં ટેસ્લા કંપની ઈલેક્ટ્રિક કારનું વેચાણ શરૂ કરશે - **કેન્દ્રીય પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી**
34. ડિસેમ્બર-૨૦૨૦માં કોના દ્વારા ન્યૂમોનિયાની પ્રથમ સ્વદેશી રસી તૈયાર કરાઈ - **સિરમ ઈન્સ્ટિટ્યૂટ, પૂના**
35. ડિસેમ્બર-૨૦૨૦માં સિરમ ઈન્સ્ટિટ્યૂટ, પૂના દ્વારા ન્યૂમોનિયાની પ્રથમ સ્વદેશી રસી તૈયાર કરાઈ તેનું નામ જણાવો - **ન્યૂમોસિલ**
36. ડિસેમ્બર-૨૦૨૦માં કોના દ્વારા ન્યૂમોનિયાની પ્રથમ સ્વદેશી ન્યૂમોસિલ રસી લૉન્ચ કરાઈ - **કેન્દ્રિય આરોગ્ય મંત્રી હર્ષવર્ધન**
37. વિશ્વમાં કોરોના વેક્સિનના વિસ્તરણ માટે કોના દ્વારા ખાસ પ્રોગ્રામ તૈયાર કરાયો છે – **WHO**
38. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન(WHO)એ કોરોના રસીના વૈશ્વિક વિતરણ-આયોજન માટે કયો પ્રોગ્રામ લોન્ચ કર્યો - **કોવાક્સ**
39. WHO કોરોના રસીના વિતરણ માટેના કોવાક્સ પ્રોગ્રામ અનુસાર શુ કાર્ય કરાશે - **રસી, તેની ઉત્પાદન ક્ષમતા, વિતરણ, રસીની અસરકારકતા વગેરેની નોંધ રખાશે તથા ખાસ તો રસીનું સમાન ધોરણે વિતરણ થાય એ માટે પ્રયાસ થશે**
40. સિરમ ઈન્સ્ટિટ્યૂટ, પૂનાના વર્તમાન સીઈઓ કોણ છે - **આદર પુનાવાલા**
41. ડિસેમ્બર-૨૦૨૦માં બૌદ્ધ ધર્મગુરૂ દલાઈ લામાના વારસદારના મામલે ચીનને અવગણી કોના દ્વારા તિબેટ બિલ પર હસ્તાક્ષર કરાયા - **યુએસ પ્રમુખ ટ્રમ્પ**
42. યુએસ દ્વારા કયા એક્ટ અંતર્ગત તિબેટમાં એક અમેરિકન કોન્સ્યુલેટની સ્થાપના કરાશે – **તિબેટિયન પોલિસી એન્ડ સપોર્ટ એક્ટ ઓફ ૨૦૨૦**
43. USAમાં કયા બે મહાન વ્યક્તિઓના સંયુક્ત અભ્યાસ માટે ફોરમની સ્થાપના કરાઈ - **ગાંધીજી-માર્ટિન લ્યૂથર**
44. ડિસેમ્બર-૨૦૨૦માં US પ્રમુખ ટ્રમ્પે ગાંધીજી-માર્ટિન લ્યૂથરના સંયુક્ત અભ્યાસ માટે ફોરમની સ્થાપના અંગેના કયા લૉ પર સહી કરી હતી - **'ગાંધી-કિંગ સ્કોલરલી એક્સચેન્જ ઇનિશિયેટિવ'**
45. ICC દ્વારા દશકના એવોર્ડઝ-૨૦૨૦ અંતર્ગત સર્વશ્રેષ્ઠ મેન્સ ક્રિકેટર તરીકે કોની પસંદગી કરાઈ – **ભારતીય ક્રિકેટર-કેપ્ટન વિરાટ કોહલી**
46. ICC દ્વારા દશકના એવોર્ડઝ-૨૦૨૦ અંતર્ગત સર્વશ્રેષ્ઠ વનડે મેન્સ ક્રિકેટર તરીકે કોની પસંદગી કરાઈ – **ભારતીય ક્રિકેટર-કેપ્ટન વિરાટ કોહલી**

47. ICC દ્વારા દશકના એવોર્ડઝ-૨૦૨૦ અંતર્ગત સર્વશ્રેષ્ઠ ટેસ્ટ મેન્સ ક્રિકેટર તરીકે કોની પસંદગી કરાઈ – **ઓસ્ટ્રેલિયન ક્રિકેટર સ્ટિવ સ્મિથ**
48. ICC દ્વારા દશકના એવોર્ડઝ-૨૦૨૦ અંતર્ગત સર્વશ્રેષ્ઠ T-20 મેન્સ ક્રિકેટર તરીકે કોની પસંદગી કરાઈ – **અફઘાનિસ્તાનના લેગ સ્પિનર રાશિદ ખાન**
49. ICC દ્વારા દશકના એવોર્ડઝ-૨૦૨૦ અંતર્ગત ખેલ ભાવના સ્પિરિટ ઓફ ક્રિકેટ તરીકે કોની પસંદગી કરાઈ – **પૂર્વ ભારતીય ક્રિકેટર-કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની**
50. ICC દ્વારા દશકના એવોર્ડઝ-૨૦૨૦ અંતર્ગત સર્વશ્રેષ્ઠ મહિલા T-20 અને વન-ડે ખિલાડી તરીકે કોની પસંદગી કરાઈ – **ઓસ્ટ્રેલિયન ક્રિકેટર્સ એલિસ પેરી**
51. ક્રિકેટની વૈશ્વિક સંસ્થા ICCનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ**
52. ક્રિકેટની વૈશ્વિક સંસ્થા ICCનું મુખ્ય મથક ક્યાં આવેલું છે - **દુબઈ**
53. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો સ્થાપના દિવસ જણાવો- **28 ડિસેમ્બર 1885**
54. સફળ ઉદ્યોગપતિ ધીરૂભાઇ અંબાણીનો જન્મદિવસ જણાવો-**28 ડિસેમ્બર-1932**
55. ઉદ્યોગપતિ ધીરુભાઇ અંબાણીનુ જન્મ સ્થળ અને મૂળ નામ જણાવો - **ચોરવાડ અને ધીરજલાલ**
56. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ફાઉન્ડર ચેરમેનનું નામ જણાવો – **શ્રી ધીરૂભાઇ અંબાણી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. 'ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧' (સૌર ઊર્જા)

મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ગાંધીનગર ખાતેથી 'ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧' જાહેર

✓ સમયગાળો : પાંચ વર્ષ - ૧લી જાન્યુઆરી-૨૦૨૧થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫.

હેતુ :

✓ નવી પોલિસીમાં ગુજરાતના ઉદ્યોગકારોની પ્રોડક્શન કોસ્ટ નીચી જાય, દુનિયાભરમાં મેઈડ ઈન ગુજરાત બ્રાન્ડ પ્રસ્થાપિત કરવા

પોલિસીની મહત્વની જોગવાઈ :

✓ **સ્થાપિત સોલર પ્રોજેક્સ માટેના લાભો ૨૫ વર્ષના સમયગાળા માટે મેળવી શકાશે.**





- ✓ રાજ્યમાં કોઈપણ વ્યક્તિ, ડેવલપર કે ઉદ્યોગને પોતાની જમીન અથવા જગ્યામાં કોઈપણ પ્રકારની લિમિટ વગર પોતાની આવશ્યકતા મુજબ સોલર પ્રોજક્ટ સ્થાપવાની છૂટ આપી છે.
- ✓ ૪ મેગા વોટ સુધીના નાના પાયાના સોલર પ્રોજેક્ટને પ્રોત્સાહિત કરવા વીજ વિતરણ કંપનીઓ સ્પર્ધાત્મક બીડમાં દ્વારા નક્કી થતા ટેરિફ ઉપરાંત પ્રતિયુનિટે ૨૦ પૈસા વધારે ચૂકવીને સોલર એનર્જીની ખરીદી કરશે.
- ✓ **૪ મેગા વોટથી વધુ કેપેસિટીના પ્રોજેક્ટમા કમ્પિટિટિવ બિડિંગમાં નક્કી થતી કિંમતે સૂર્ય ઉર્જાની ખરીદી થશે.**
- ✓ HT (હાઈટેન્શન) અને LT (લો ટેન્શન) અર્થાત ડિમાન્ડ આધારિત ગ્રાહકો માટે બેંકિગ ચાર્જ સોલર વીજ વપરાશ મુજબ પ્રતિ યુનિટે રૂ.૧.૫૦ રહેશે.
- ✓ તે સિવાયના ગ્રાહકો અને SMSEના કિસ્સામાં પ્રતિ યુનિટે રૂ.૧.૧૦ રહેશે. રહેણાંક ગ્રાહકો અને સરકારી બિલ્ડિંગ માટે આ ચાર્જ લાગુ પડતો નથી.
- ✓ પોતાની જમીન અથવા પ્રિમાઈસિસમાં કોઈપણ પ્રકારની લિમિટ વગર પોતાની જરૂરિયાત મુજબ સોલર પ્રોજેક્ટ સ્થાપવાની છુટમાં સ્વવપરાશ પછી વધારાના સોલર પાવરથી ઈલેક્ટ્રોનિક કાર, બાઈક જેવા વાહનોની બેટરી ચાર્જ કરવા જેવી અનેક પ્રવૃતિઓથી કમાણી કરી શકાશે
- ✓ આગામી સમયમાં ઈ-વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન સંદર્ભે પણ પોલિસી તૈયાર થશે.
- ✓ નવી પોલિસીથી એક પ્રકારે સાવ ઓછા વપરાશની જગ્યાઓ કાયમી આવકના નવા સ્ત્રોત તરીકે ઉભરી આવશે.
- ✓ આ પોલિસીમાં સ્વવપરાશના કિસ્સામાં કોઈ ક્રોસ સબસિડી સરચાર્જ તથા એડિશનલ સરચાર્જ લાગુ પડશે નહી.
- ✓ થર્ડ પાર્ટી વેચાણના કિસ્સામાં અન્ય ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતો ક્રોસ સબસિડી સરચાર્જ તથા એડિશનલ સરચાર્જ લાગુ પડશે.
- ✓ ટ્રાન્સમિશન અને વ્હિલિંગ ચાર્જ, લોસ અન્ય ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતા દર મુજબ રહેશે.

ફાયદા :

- ✓ નવી નીતિ હેઠળ સ્થપાતા સોલર પ્રોજેક્ટમાં રહેણાંકના ગ્રાહકોને અંદાજે પ્રતિ યુનિટે રૂ.૧.૭૭થી રૂ.૩.૭૮ પૈસા સુધીનો ફાયદો થશે.
- ✓ ઔદ્યોગિક, વાણિજ્યિક એકમોમાં સ્વવપરાશ (કેપ્ટીવ) હેઠળના ગ્રાહકોને રૂ.૨.૯૨થી રૂ.૪.૩૧ અને થર્ડ પાર્ટી સોલર પ્રોજેક્ટમાંથી ખરીદી કરતા ગ્રાહકોને પ્રતિ યુનિટે રૂ.૦.૯૧થી રૂ.૨.૩૦ પૈસા જેટલો ફાયદો થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.
- ✓ સોલર પાવરમાં વપરાશ પછી વધારાની વીજળી હાલમાં સરકાર પ્રતિ યુનિટે રૂ.૨.૨૫ના ભાવે ખરીદી રહી છે. નવી પોલિસીમાં પણ પ્રથમ પાંચ વર્ષ માટે

રહેણાક, SMSEને આ જ ભાવ મળતો રહેશે.

- ✓ પ્રોજેક્ટ કાર્યન્વિત થયાના અગાઉ ૬ મહિનામાં GUVNL દ્વારા નોન- પાર્ક આધારિત સોલર પ્રોજેક્ટ માટેની કમ્પિટિટિવ બિડિગ દ્વારા શોધાયેલા અને કરાર કરાયેલા સરેરાશ ટેરિફના ૭૫ ટકા દર પ્રમાણે ખરીદી થશે.
- ✓ અન્ય ગ્રાહકોને પણ આ જ પ્રકારે ટેરિફના દર મળશે જે ૨૫ વર્ષના પ્રોજેક્ટ જીવનકાળ માટે નિશ્ચિ રહેશે.

<u>સોલર પોલિસી એટ એ ગ્લાન્સ :</u>

- ✓ વીજ કંપનીઓને લીઝ માટે આપવાની સિક્યોરીટી ડિપોજીટની રકમ પ્રતિ મેગાવોટ ₹ 25 લાખથી ઘટાડીને ₹ 5 લાખ પ્રતિ મેગાવોટ કરી દેવા
- ✓ ગ્રાહકોનું કોઈ એક જૂથ સામૂહિક માલિકીના પ્રોજેક્ટ તરીકે સ્વવપરાશ માટે સાલર પ્રોજેક્ટ્સ સ્થાપી શકે છે અને તેઓની માલિકીના હિસ્સા પ્રમાણે ઉત્પન્ન થતી સૌર ઊર્જાનો વપરાશ કરી શકશે
- ✓ પ્રોજેક્ટ ડેવલોપર દ્વારા વીજ વિતરણ કંપનીને ચૂકવવાની થતી સિક્યોરિટી ડિપોઝિટની રકમને પ્રતિ મેગાવોટ રૂ. 25 લાખથી ઘટાડીને હવે પ્રતિ મેગાવોટ રૂ. ₹. 5 લાખ કરવામાં આવી છે.
- ✓ નાના પાયાના સોલાર પ્રોજેક્ટ્સને પ્રોત્સાહિત કરવા માટે, વીજ વિતરણ કંપનીઓ હવે આ નાના પાયાના સોલર પ્રોજેક્ટ્સ (4 મેગાવોટ સુધી) માંથી સ્પર્ધાત્મક બીડ દ્વારા નક્કી થયેલ ટેરિફ ઉપરાંત 20 પૈસા પ્રતિ યુનિટ વધુ ચૂકવી વીજ ખરીદી કરશે.
- ✓ ચાર મેગાવોટથી વધારાની કેપેસીટીનાં પ્રોજેક્ટ્સમાંથી વીજ વિતરણ કંપનીઓ દ્વારા સ્પર્ધાત્મક બીડ હેઠળ સૌર ઉર્જા ખરીદી કરશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નવીન શોધ : સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ-ભાવનગર (આરોગ્ય વિજ્ઞાન)



- ✓ **<u>શોધ :</u>** કોરોના વાઈરસને કોષમાં પ્રવેશતા અટકાવવા કેમોસ્ટેટ મીથાયલેટ ડ્રગ તૈયાર કરાયું
- ✓ સંસ્થા દ્વારા પ્રોટિયેઝ ઇન્હિબિટર ડ્રગનું ભારતમાં સૌપ્રથમવાર સિંથેસિસ

<u>સમગ્ર પ્રક્રિયા :</u>

- ✓ <u>આ ડ્રગ કોરોના વાઇરસને કોષની અંદર દાખલ થતાં અટકાવે છે. જેથી કોષમાં તેની કોપી જ ન બને અને તે સ્વસ્થ</u>

શરીરના કોષના સંપર્કમાં પણ ન આવે. આ ડ્રગ અત્યારે ઉપલબ્ધ નથી. તેથી બીજા દેશમાંથી મંગાવવામાં આવે છે.

- ✓ સેન્ટ્રલ સોલ્ટનાં ત્રણ વૈજ્ઞાનિકો ડૉ. એસ.આદીમૂર્થી, ડૉ. સુભાષ ઘોષ અને ડૉ. સુકલ્યાન ભાદ્રની ટીમ કેમોસ્ટેટ મીથાયલેટ ડ્રગનું સિંથેસીસ કરવામાં સફળ રહ્યા છે.
- ✓ સેન્ટ્રલ સોલ્ટ દ્વારા કેમોસ્ટેટ મીથાયલેટ માટે કોઈ કંપની પાસે માગણી કરવામાં આવી ત્યારે 1 કિલોગ્રામ માટે 15 લાખ થી વધુ માંગવામાં આવી હતી.
- ✓ અહીંના સાઇન્ટિસ્ટ દ્વારા આ જ ડ્રગ ને ફક્ત 20 હજાર રૂપિયા કિલોના ભાવે બનાવવામાં આવ્યું છે.
- ✓ અત્યારે સિંથેસિસ કરવામાં આવેલ ડ્રગ 90 ટકા શુદ્ધિ ધરાવે છે વૈજ્ઞાનિકો તેને 99 સુધી પહોંચાડવાના પ્રયત્નોમાં છે.

केन्द्रीय नमक व समुद्री रसायन अनुसंधान संस्थान
CENTRAL SALT & MARINE CHEMICALS RESEARCH INSTITUTE
वैज्ञानिक तथा औद्योगिक अनुसंधान परिषद
COUNCIL OF SCIENTIFIC & INDUSTRIAL RESEARCH

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

3. ઇસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર-EDFC : ભારતીય રેલવે (પરિવહન)

વડા પ્રધાન મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ૩૫૧ કિમી લાંબો ન્યૂ ભાઉપુર- ન્યૂ ખુર્જા ફ્રેઇટ કોરિડોર દેશને સર્મિપત

- ✓ રાજ્ય : ઉત્તરપ્રદેશ



વિગત :

- ✓ ઉપરાંત મોદીએ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ સ્થિત ડીએફસીના ઓપરેશન કંટ્રોલ સેન્ટરનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.
- ✓ ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર યોજના અંતર્ગત છેલ્લા સાત વર્ષમાં વર્તમાન સરકારે ૧૧૦૦ કિલોમીટરના ટ્રેક તૈયાર કર્યો છે.

EDFCના લાભ અને યોજના વિશે :

ઇસ્ટર्न ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર



- ✓ ૧,૮૪૦ કિમી કુલ લંબાઇ, પંજાબના લુધિયાણાથી પશ્ચિમ બંગાળના કોલકાતા સુધી
- ✓ યુપીના એલ્યુમિનિયમ, ડેરી, ટેક્સ્ટાઇલ, બ્લો પ્રિન્ટિંગ, ગ્લાસવેર, પોટરી, તાળાં ઉદ્યોગોને લાભ
- ✓ કાનપુર-દિલ્હી રૂટ પર ટ્રેનોનો બોજો ઘટાડવામાં મદદ મળશે
- ✓ PM મોદીએ ૧.૫ કિમી લાંબી ગૂડ્સ ટ્રેનને નવા કોરિડોર પર લીલી ઝંડી બતાવી
- ✓ થોડા મહિનામાં કોરિડોરનું ૧૧૦૦ કિમીનું કામ પૂરું કરી લેવાશે
- ✓ ૧૫૦૪ કિમી લાંબા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરનું નિર્માણ ચાલી રહ્યું છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૪. ખેલકૂદ : ભારતીય ટેસ્ટ ટીમ કેપ્ટન અજિંક્ય રહાણેને ૧૫૨ વર્ષ જૂનો "જોગી મુલાગ" મેડલ અપાયો



વિગત :

- ✓ કોહલીની ગેરહાજરીમાં ટીમનું નેતૃત્વ કરનાર અજિંક્ય રહાણેએ ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટેસ્ટ (બોક્સિંગ-ડે ટેસ્ટ)ના પ્રથમ દાવમાં લડાયક સદી ફટકારી હતી અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

"જોગી મુલાગ" મેડલ વિશે

- ✓ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ તેને ઐતિહાસિક મુલાગ મેડલ આપીને સન્માનિત કર્યો.
- ✓ જોની મુલાગ વિદેશના પ્રવાસે જનારી પ્રથમ ઓસ્ટ્રેલિયન ટીમના સુકાની હતા.
- ✓ મુલાગના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયન ટીમે ૧૮૬૮માં ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડ્યો હતો.
- ✓ મુલાગ ઓલરાઉન્ડર હતા અને તેમણે ૧૮૬૮માં પ્રોવિન્સ ટીમનું નેતૃત્વ પણ કર્યું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ – કેન્દ્ર સરકાર (આર્થિક)



નવી જોગવાઈ :

- ✓ જેમ્સ એન્ડ જવેલરીના વેપારમાં રૂ. ૧૦ લાખથી વધુના કેશ વ્યવહાર માટે રેકોર્ડ ફરજિયાત કરાયો

અન્ય વિગત :

- ✓ સોના, ચાંદી, હીરા અને અન્ય મૂલ્યવાન સ્ટોનના વેપારમાં થતા રોકડ વ્યવહારોને

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ અંતર્ગત સામેલ કરાયાં.

- ✓ સિંગલ ઓપરેશનમાં રૂપિયા ૧૦ લાખ કે તેથી વધુના ગ્રાહક સાથેના કોઈપણ રોકડ વ્યવહારોમાં સામેલ કિંમતી ધાતુઓ અને મૂલ્યવાન સ્ટોનના ડીલરોનો અધિકૃત વેપાર અથવા વ્યવસાયમાં સમાવેશ.
- ✓ તેમણે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ અંતર્ગત આ રોકડ વ્યવહારોનો રેકોર્ડ ફરજિયાત રાખવો પડશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. લદ્દાખ - પ્રથમ હવામાન કેન્દ્ર : ભારતમાં પ્રથમ વખત 3500 મીટરની ઊંચાઇએ હવામાન કેન્દ્રની સ્થાપના-ઉદઘાટન (હવામાનશાસ્ત્ર)



ભૂમિકા :

- ✓ આ કેન્દ્ર લદ્દાખમાં હવામાન સંબધી ચેતવણી આપવાનું કાર્ય કરશે.

વિગત :

- ✓ કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં હવામાનશાસ્ત્ર કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયુ હતું.
- ✓ આ હવામાનશાસ્ત્ર કેન્દ્રની રચના 3500 મીટરની ઉંચાઇ પર કરવામાં આવી છે.
- ✓ ભારતમાં આટલી વધારે ઉંચાઇ પર બનાવવામાં આવેલુ આ પ્રથમ હવામાનશાસ્ત્ર કેન્દ્ર છે. આ કેન્દ્ર લેહ અને કારગીલ માટે ત્રણ દિવસ (ટૂંકા ગાળા), 12 દિવસ(મધ્યમ ગાળા) અને 30 દિવસ(લાંબા ગાળા)ના હવામાનની આગાહી કરશે.
- ✓ લેહ અને કારગીલમાં સમગ્ર વર્ષ દરમિયાન વિષમ આબોહવા જોવા મળે છે. દ્રાસ સેક્ટરમાં તાપમાન માઇનસ 40 સુધી જાય છે. આ કેન્દ્ર નુબ્રા, ચંગથાંગ, પેનગોંગ લેક, ઝંસકાર, કારગીલ, દ્રાસ, ખાલસી જેવા પર્યટન સ્થળો માટે પણ હવામાનની આગાહી કરશે.
- ✓ ઉદઘાટન : કેન્દ્રીય અર્થ સાયન્સ પ્રધાન : હર્ષવર્ધન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૭. જન્મ દિન વિશેષ : 29 ડિસેમ્બર

પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્ના



જન્મ 29 ડિસેમ્બર 1942

અવસાન 18 જુલાઈ 2012

- ✓ 'પુષ્પા એ પુષ્પા, ઈન આંસુઓ કો પોંચ ડાલો, આઈ હેટ ટિયર્સ' જેવા વિશિષ્ટ લહેકાવાળા સંવાદો અને બાબુ મોશાય જેવાં અમર ચરિત્રો દ્વારા વર્ષો સુધી હિન્દી ચિત્રપટ જગત પર રાજ કરનાર રાજેશ ખન્ના નો આજે જન્મ દિવસ છે.
- ✓ પંજાબના અમૃતસરમાં જન્મેલા રાજેશ ખન્નાનું મૂળ નામ જતીન અને તેમનો ઉછેર ચુનિલાલ ખન્નાએ કર્યો હતો.
- ✓ 1959-61 દરમિયાન પુનાની નવરોજી વાડિયા કોલેજથી કલાના સ્નાતકની પદવી પણ લીધી હતી.
- ✓ 1962માં 'અંધાયુગ' નાટકમાં ઘાયલ સૈનિકની ભૂમિકા પછી ઇનામ વિતરણ પ્રસંગે મુખ્ય મહેમાને ફિલ્મોમાં કામ કરવા સૂચવ્યું અને 'કાકા' નીકળી પડ્યાં સુપરસ્ટાર બનવાની દિશામાં.
- ✓ પહેલી ફિલ્મ 'આખરી ખત'થી શરૂઆત કરનાર ખન્નાજીએ પછી તો સચ્ચા-જુઠા, ઈત્તેફાક, સફર, આરાધના, આન મિલો સજના, ટ્રેન, આનંદ, મહેબૂબ કી મહેંદી, ખામોશી, હાથી મેરે સાથી, અમર પ્રેમ, દાગ, બાવરચી, નમક હરામ, રોટી, આવિષ્કાર જેવી અનેક સફળ ફિલ્મો આપી.
- ✓ 1969થી 1971 વચ્ચે રાજેશ ખન્નાએ 15 હિટ ફિલ્મો કરી.
- ✓ તે દરમિયાન આવેલી 'આરાધના'થી રાજેશ ખન્નાને સુપરસ્ટારનું બિરુદ મળ્યું.
- ✓ તેમણે 120 જેટલી ફિલ્મોમાં અભિનય કર્યો.
- ✓ ઉપરાંત આજે વ્યોમેશચંદ્ર બેનરજી અને રામાનંદ સાગરનો જન્મ દિવસ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૧૨-૨૦૨૦)

1. ડિસેમ્બર-૨૦૨૦માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સોલર પાવર અંગે કઈ નીતિની જાહેરાત કરાઈ - **'ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧'**
2. 'ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧' ક્યારથી અમલી બનશે - **૧લી જાન્યુઆરી-૨૦૨૧**
3. 'ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧'નો મુખ્ય હેતુ કયો છે - **ગુજરાતના ઉદ્યોગકારોની પ્રોડક્શન કોસ્ટ નીચી જાય, દુનિયાભરમાં મેઈડ ઈન ગુજરાત બ્રાન્ડ છવાય**
4. નવી 'ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧'પોલિસી ક્યાં સુધી અમલી રહેશે - **આગામી પાંચ વર્ષ એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી**
5. 'ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧' અંતર્ગત સ્થાપિત સોલર પ્રોજેક્સ માટેના લાભો કેટલા વર્ષના સમયગાળા માટે મેળવી શકાશે - **૨૫**
6. 'ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧'માં કયા ઉદ્યોગો માટે બેંકિગ ચાર્જ પ્રતિ યુનિટે રૂ.૧.૧૦ કરાયો - **લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો**
7. 'ગુજરાત સોલર પાવર પોલિસી-૨૦૨૧' હેઠળ સ્થપાતા સોલર પ્રોજેક્ટમાં રહેણાંકના ગ્રાહકોને અંદાજે પ્રતિ યુનિટે કેટલા રૂપિયા સુધીનો ફાયદો થશે - **રૂ. ૧.૭૭થી રૂ. ૩.૭૮ પૈસા**
8. કોરોના વાયરસને કોષમાં પ્રવેશતા અટકાવવા તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા ડ્રગ તૈયાર કરવામાં આવ્યું છે - **સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ**
9. કોરોના વાયરસને કોષમાં પ્રવેશતા અટકાવવા તાજેતરમાં કયું ડ્રગ તૈયાર કરવામાં આવ્યું છે - **કેમોસ્ટેટ મીથાયલેટ**
10. સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ સંસ્થા ક્યાં આવેલી છે - **ભાવનગર**

11. EDFC નું વિસ્તૃત નામ જણાવો - **ઇસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર**
12. તા. ૨૯મી ડિસેમ્બરના રોજ વડા પ્રધાન મોદીના હસ્તે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ૩૫૧ કિમી લાંબો કયો કોરિડોર દેશને સર્મિપત કરાયો - **ન્યૂ ભાઉપુર-ન્યૂ ખુર્જા ફ્રેઇટ**
13. ન્યૂ ભાઉપુર- ન્યૂ ખુર્જા ફ્રેઇટ કોરિડોર કયા રાજ્યમાં આવેલો છે - **ઉત્તરપ્રદેશ**
14. ભારતમાં ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરની યોજના કયા વર્ષે તૈયાર હતી પરંતુ તેના પર વર્ષ ૨૦૧૪ પછી કામ શરૂ થયું હતું - **વર્ષ ૨૦૦૬**
15. ભારતમાં ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરની યોજના અંતર્ગત વર્ષ-૨૦૧૪ થી ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં કેટલા કિલોમીટરના ટ્રેક તૈયાર કરાયો છે - **૧૧૦૦**
16. ઇસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરની કુલ લંબાઈ કેટલી છે - **૧,૮૪૦ કિમી**
17. ઇસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર ક્યાં સુધી વિસ્તરેલો છે - **પંજાબના લુધિયાણાથી પશ્ચિમ બંગાળના કોલકાતા સુધી**
18. કેટલા કિલોમીટર લાંબાઈના વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરનું નિર્માણ હાલ પ્રગતિમાં છે - **૧૫૦૪ કિ.મી.**
19. ભારતીય ટેસ્ટ ટીમ કેપ્ટન અજિંક્ય રહાણેને ૧૫૨ વર્ષ જૂનો કયો મેડલ અપાયો - **"જોગી મુલાગ"**
20. ભારતીય ટેસ્ટ ટીમ કેપ્ટન અજિંક્ય રહાણેને કયા કારણોસર-કયારે ઓસ્ટ્રેલિયાના ૧૫૨ વર્ષ જૂનો "જોગી મુલાગ" મેડલ અપાયો – **ઓસ્ટ્રેલિયાની બીજી ટેસ્ટમાં મેન ઓફ ધ મેચ થવા બદલ તા. ૨૯ ડિસેમ્બર-૨૦૨૦**
21. કેન્દ્ર સરકાર દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની નવી જોગવાઈ અનુસાર જેમ્સ એન્ડ જવેલરીના વેપારમાં કેટલા રૂપિયાથી વધુના કેશ વ્યવહાર માટે રેકોર્ડ ફરજિયાત કરાયો - **રૂ. ૧૦ લાખ**
22. ભારતમાં પ્રથમ વખત 3500 મીટરની ઊંચાઇએ કયા સ્થળે હવામાન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી – **કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખ**
23. ભારતમાં પ્રથમ વખત 3500 મીટરની ઊંચાઇએ કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં હવામાન કેન્દ્રનું ઉદઘાટન કોના દ્વારા કરાયું હતુ – **કેન્દ્રીય મંત્રી ડૉ. હર્ષવર્ધન**
24. વર્તમાન કેન્દ્રીય અર્થ સાયન્સ પ્રધાનનું નામ જણાવો – **ડૉ. હર્ષવર્ધન**
25. તાજેતરમાં કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં હવામાન કેન્દ્ર શરૂ કરાયું તેનો કયા કામ માટે ઉપયોગ કરાશે - **હવામાન ચેતવણી**
26. હિન્દી ફિલ્મોના પ્રથમ સુપરસ્ટાર અભિનેતાનું નામ જણાવો – **રાજેશ ખન્ના**
27. અભિનેતા રાજેશ ખન્નાનો જન્મ દિવસ જણાવો - **29 ડિસેમ્બર, 1942**
28. અભિનેતા રાજેશ ખન્નાનો જન્મ ક્યાં થયો હતો - **અમૃતસર (પંજાબ)**
29. અભિનેતા રાજેશ ખન્નાનું મૂળ નામ જણાવો – **જતીન**
30. અભિનેતા રાજેશ ખન્નાની પ્રથમ ફિલ્મનું નામ જણાવો - **'આખરી ખત'**
31. કઈ ફિલ્મથી અભિનેતા રાજેશ ખન્નાને સુપરસ્ટારનું બિરુદ મળ્યું હતુ - **'આરાધના'**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



રાષ્ટ્રીય બાબતો

૧. કેન્દ્રીય કેબિનેટ : મહત્વના નિર્ણયો (વહીવટ)

નિર્ણયો :

(૧) ઇથેનોલનું ઉત્પાદનને પ્રોત્સાહન :

- ✓ ઇથેનોલનું ઉત્પાદન વધારવા ઉદ્યોગોને ૪૫૭૩ કરોડની રાહત
- ✓ ૨૦૨૨ સુધીમાં ૧૦ ટકા અને ૨૦૩૦ સુધીમાં ૨૦ ટકા ઇથેનોલ પેટ્રોલમાં મિક્સ કરવાની સરકારની યોજના
- ✓ આ સ્કીમ હેઠળ એવા એકમોને વ્યાજ માફી આપવામાં આવશે જે અનાજ આધારિત ડિસ્ટિલરીની રચના કરશે. અથવા અનાજ આધારિત ડિસ્ટિલરીનો વિસ્તાર ઇથેનોલના ઉત્પાદન માટે કરશે.
- ✓ સરકાર આ પ્રકારના ઉદ્યોગોને પાંચ વર્ષ સુધી બેંકનું ૬ ટકા સુધીનું વ્યાજ અથવા બેંક દ્વારા વસૂલ કરવામાં આવેલ વ્યાજની ૫૦ ટકા રકમ પૈકી જે રકમ પણ ઓછી હશે તેનું વહન કરશે.
- ✓ આ ઉપરાંત આ પ્રકારના ઉદ્યોગોને એક વર્ષના મોરેટોરિયમની પણ સુવિધા આપવામાં આવશે.
- ✓ આ સુવિધા એવા ઉદ્યોગોને મળશે જે ૭૫ ટકા ઉત્પાદિત ઇથેનોલ પેટ્રોલ બ્લેડિંગ માટે આપશે.

૪૦ હજાર કરોડનું નવું રોકાણ આવશે

- ✓ ૨૦૧૯-૨૦માં ૧૭૩ કરોડ લીટર ઇથેનોલની ખરીદી કરવામાં આવી હતી. જેને ૨૦૩૦ સુધીમાં ૧૦૦૦ કરોડ લીટર કરવામાં આવશે.
- ✓ જેના કારણે આ સેક્ટરમાં ૪૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ આવવાની આશા છે અને ક્ષમતા વધીને ૧૭૫૦ કરોડ લીટર થશે. આનાથી ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના લક્ષ્યાંકને પણ મદદ મળશે

(૨) ૭૭૨૫ કરોડના ખર્ચે ત્રણ લાખ નોકરીનું સર્જન

- ✓ ૭૭૨૫ કરોડના ખર્ચે ત્રણ લાખ રોજગારીનું સર્જન કરવાની યોજનાને મંજૂરી આપવામાં આવી છે.
- ✓ કૃષ્ણાપટ્ટનમ પોર્ટમાં ૨૧૩૯ કરોડ રૂપિયાના ખર્ચે ઓદ્યોગિક સેક્ટરનો વિકાસ કરવામાં આવશે.

(૩) ભારત અને ભૂતાનની સમજુતીને મંજૂરી

- ✓ કેન્દ્રીય પ્રધાન જાવડેકરે જણાવ્યું હતું કે કેબિનેટની બેઠકમાં ભારત અને ભૂતાનની વચ્ચે થયેલા એમઓયુને મંજૂરી આપવામાં આવી છે.
- ✓ આ સમજૂતીમાં આઉટ સ્પેસના શાંતિપૂર્ણ ઉપયોગ અંગે બંને દેશો વચ્ચે સંમતિ સાધવામાં આવી છે.

(૪) પારાદીપને વિશ્વસ્તરીય પોર્ટ તરીકે વિકસાવાશે

- ✓ કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે પારાદીપ પોર્ટમાં એક વેસ્ટર્ન ડોક બનાવવા માટે નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારે 3000 કરોડ રૂપિયાના ખર્ચે એક આધુનિક અને વિશ્વસ્તરીય પોર્ટના નિર્માણનો નિર્ણય લીધો છે.



(૫) આકાશ મિસાઇલ સિસ્ટમની નિકાસને મંજૂરી

- ✓ આકાશ મિસાઇલ સિસ્ટમની નિકાસને પણ મંજૂરી આપવામાં આવી છે. મિસાઇલની નિકાસ ઝડપથી વધારવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે.
- ✓ આકાશ મિસાઇલની રેન્જ ૨૫ કિલોમીટર છે અને તેને ડીઆરડીઓએ બનાવી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. કેન્દ્ર સરકાર : EPF ખાતામાં એકસાથે ૮.૫ ટકા વ્યાજ આપવા કેન્દ્ર સરકાર સહમત (આર્થિક)



વિગત :

- ✓ ઈપીએફ ખાતામાં એકસાથે ૮.૫ % વ્યાજ આપવા સંમતિ
- ✓ કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (EPF) પર એકસાથે ૮.૫% વ્યાજ આપવાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. પહેલ : ઉત્તરાખંડમાં દેશનો પ્રથમ પરાગનયન પાર્ક ખુલ્લો મૂકાયો (નાના વન્યજીવ)

✓ દેશનો પ્રથમ પોલિનેટર-પરાગનયન



મહત્વ :

✓ વૃક્ષ-છોડ-વેલાની વૃદ્ધિ પરાગનયન વગર થતી નથી.

✓ પરાગ કહેવાતી રજ એક છોડ પરથી લઈ જઈ બીજા છોડ પર રોપવાની કામગીરી વિવિધ પ્રકારનાં જીવડાં, પતંગીયા, માખી વગેરે કરતા હોય છે.

✓ આ નાના સજીવોનું જગતના કૃષિ ઉત્પાદનમાં બહુ મોટુ મહત્વ છે.

✓ કેટલાય પાકો એવા છે, જે પરાગનયન વગર ફૂલી-ફાલી શકતા નથી.

✓ વિસ્તાર : ૪૦ એકર

✓ સ્થળ : હલ્દવાની, ઉત્તરાખંડ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

આંતરરાષ્ટ્રીય બાબતો

૪. બ્રિટન : ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકાની વેક્સિન 'કોવિશિલ્ડ'ના ઈમરજન્સી ઉપયોગને બ્રિટનની મંજૂરી (આરોગ્ય)



✓ બ્રિટનમાં હવે કુલ બે વેક્સિનને મંજૂરી : કોવિશિલ્ડ પહેલાં ફાઈઝરને ઈમરજન્સી માટે મંજૂરી અપાઈ છે.

✓ ભારતમાં ઓક્સફોર્ડની વેક્સિનનું ઉત્પાદન પૂણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટમાં થઈ રહ્યું છે.

✓ નવી દિલ્હીમાં સબ્જેક્ટ એક્સપર્ટ કમિટી (એસઈસી) સમક્ષ સીરમ અને ભારત બાયોટેકની વેક્સિનના ત્રીજા તબક્કાના ડેટા રજૂ કરાયા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. આર્જેન્ટિના : ૧૪ સપ્તાહમાં ગર્ભપાતને કાયદેસર માન્યતા (કાયદો)

ગર્ભપાતને મંજૂરી આપનાર પહેલો લેટિન અમેરિકન દેશ – આર્જેન્ટિના

ભારતની સ્થિતિ :

✓ ભારત, બ્રિટન અને ફિનલેન્ડ સહિત 14 દેશ સગર્ભાની સ્થિતિ મુજબ તેને એ નક્કી કરવાનો અધિકાર આપે છે કે તે બાળકને જન્મ આપવા માગે છે કે નહીં ?

✓ 23 % એટલે કે 38 કરોડ મહિલાઓ આ દેશોમાં રહે છે.



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૬. જન્મ દિન વિશેષ : 30 ડિસેમ્બર

ગુજરાતની અસ્મિતા : કનૈયાલાલ મુનશી



જન્મ - 30 ડિસેમ્બર 1887

અવસાન - 1971

✓ ભરૂચમાં જન્મેલા મુનશીએ બીએ, એલએલબી સુધીનો અભ્યાસ કર્યો હતો.

✓ 1913માં તેમણે વકીલાત શરૂ કરી.

✓ ગાંધીજીના પ્રભાવમાં આવ્યા, આઝાદીના આંદોલનમાં જોડાયા.

✓ મુંબઈ સરકારના પ્રધાન મંડળના મંત્રી પણ બન્યા હતા.

✓ આઝાદી પછી સરદાર પટેલ સાથે હૈદરાબાદના વિલીનીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

✓ બંધારણ સભાના સભ્ય, યુપીના રાજ્યપાલ, કેન્દ્ર સરકારમાં પ્રધાન જેવા હોદ્દાઓ પણ શોભાવ્યા હતા.

✓ મુંબઈમાં ભારતીય વિદ્યાભવન નામની સંસ્થા પણ શરૂ કરી.

સાહિત્યિક પ્રદાન :

✓ ગુજરાતનો નાથ, પાટણની પ્રભુતા, રાજાધિરાજ, કૃષ્ણઅવતાર, લોપામુદ્રા, તપસ્વિની, પૃથ્વીવલ્લભ, કાકાની શશી, પૌરાણિક નાટકો, ગુજરાતની અસ્મિતા વગેરે તેમના જાણીતા પુસ્તકો છે.

✓ તેઓ 1937, 1949 અને 1955માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા હતા.

✓ વર્ષ 1971માં કનૈયાલાલ મુનશીનું અવસાન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૧૨-૨૦૨૦)

1. કેન્દ્રીય કેબિનેટે તા.૩૦મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ ઇથેનોલના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા ઉદ્યોગોને કેટલા રૂપિયાની રાહત આપી – **રૂ. ૪૫૭૩ કરોડ**
2. વર્ષ-૨૦૨૨ તથા ૨૦૩૦ સુધીમાં કેટલા ટકા ઇથેનોલ પેટ્રોલમાં મિક્સ કરવાની કેન્દ્ર સરકારની યોજના છે – **૧૦ તથા ૨૦ ટકા**
3. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૭૩ કરોડ લીટર ઇથેનોલની ખરીદી કરી હતી. જેને ૨૦૩૦ સુધીમાં કેટલા લીટર કરાશે - **૧૦૦૦ કરોડ**

4. કેન્દ્રીય કેબિનેટે તા.૩૦મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ રૂ. ૭૭૨૫ કરોડના ખર્ચે કેટલી નોકરીનું સર્જન કરવાની યોજનાને મંજૂરી આપી - **ત્રણ લાખ**
5. કયા પોર્ટમાં રૂ. ૨૧૩૯ કરોડના ખર્ચે ઓદ્યોગિક સેક્ટરનો વિકાસ કરવામાં આવશે - **કૃષ્ણાપટ્ટનમ**
6. કેન્દ્રીય કેબિનેટે તા.૩૦મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ ભારત અને ભૂતાન વચ્ચેની કઈ સમજુતીને મંજૂરી આપી - **આઉટ સ્પેસના શાંતિપૂર્ણ ઉપયોગ અંગે**
7. કેન્દ્રીય કેબિનેટે તા.૩૦મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ કયા પોર્ટમાં રૂ. ત્રણ હજાર કરોડના ખર્ચે વેસ્ટર્ન ડોક બનાવવા માટે મંજૂરી આપી – **પારાદીપ**
8. કેન્દ્રીય કેબિનેટે તા.૩૦મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ કઈ મિસાઇલ સિસ્ટમની નિકાસને મંજૂરી આપી - **આકાશ**
9. આકાશ મિસાઇલની રેન્જ કેટલી છે - **૨૫ કિલોમીટર**
10. આકાશ મિસાઇલ કોણે બનાવી છે - **DRDO**
11. કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે EPF ઉપર એકસાથે કેટલા ટકા વ્યાજ આપવાનો નિર્ણય કર્યો છે – **૮.૫**
12. EPFનું વિસ્તૃત નામ જણાવો - **એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ**
13. ક્યા સ્થળે દેશનો પ્રથમ પોલિનેટર-પરાગનયન પાર્ક ખુલ્લો મૂકાયો - **હલ્દવાની, ઉત્તરાખંડ**
14. પરાગ કહેવાતી રજ એક છોડ પરથી લઈ જઈ બીજા છોડ પર રોપવાની કામગીરી કોણ કરે છે - **વિવિધ પ્રકારનાં જીવડાં, પતંગીયા, માખી વગેરે**
15. તા. ૩૦મી ડિસેમ્બર-૨૦૨૦ના રોજ બ્રિટન સરકારે ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકાની કઈ વેક્સિનના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી - **'કોવિશિલ્ડ'**
16. બ્રિટન સરકારે સૌપ્રથમ કઈ વેક્સિનને ઈમરજન્સી ઉપયોગને મંજૂરી અપાઈ છે - **ફાઈઝર**
17. ભારતમાં ઓક્સફોર્ડની વેક્સિનનું ઉત્પાદન કયાં થઈ રહ્યું છે - **પૂણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટ**
18. ડિસેમ્બર-૨૦૨૦માં ક્યા દેશે ૧૪ સપ્તાહમાં ગર્ભપાતને કાયદેસર માન્યતા આપી - **આર્જેન્ટિના**
19. ગર્ભપાતને મંજૂરી આપનાર પહેલો લેટિન અમેરિકન દેશ કયો છે – **આર્જેન્ટિના**
20. ગુજરાતી સાહિત્યકાર કનૈયાલાલ મુનશી કઈ સરકારના પ્રધાન મંડળના મંત્રી બન્યા હતા - **મુંબઈ**
21. ક.મા.મુનશીએ આઝાદી પછી સરદાર પટેલ સાથે કોના વિલીનીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી - **હૈદરાબાદ**
22. ક.મા.મુનશી કયા રાજ્યના રાજ્યપાલ બન્યા હતા – **ઉત્તરપ્રદેશ**
23. મુંબઈમાં ભારતીય વિદ્યાભવન સંસ્થાની સ્થાપના કોણે કરી હતી – **ક.મા.મુનશી**
24. ક.મા.મુનશી લિખિત જાણીતા પુસ્તકના નામ જણાવો - **ગુજરાતનો નાથ, પાટણની પ્રભુતા, રાજાધિરાજ, કૃષ્ણઅવતાર, લોપામુદ્રા, તપસ્વિની, પૃથ્વીવલ્લભ, કાકાની શશી, પૌરાણિક નાટકો, ગુજરાતની અસ્મિતા**
25. ક.મા.મુનશી કયા વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા હતા – **વર્ષ 1937, 1949 અને 1955**
26. કનૈયાલાલ મુનશીનો જન્મ દિવસ જણાવો-**30 ડિસેમ્બર 1887**
27. કનૈયાલાલ મુનશીનો જન્મ ક્યાં થયો હતો- **ભરૂચ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....વંદે માતરમ્.....



સ્થાનિક બાબતો

૧. AIIMS : ગુજરાતની પ્રથમ તથા ભારતની ૨૧મી AIIMSનું રાજકોટ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઈ-ભૂમિપૂજન (આરોગ્ય)



- ✓ રાજકોટ ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની ઉપસ્થિતિ
- ✓ તારીખઃ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦



AIIMS રાજકોટ વિશે

- ✓ રાજકોટ ખાતે ગુજરાતની પ્રથમ નિર્માણ પામનાર અત્યાધુનિક સુવિધાઓવાળી AIIMS હોસ્પિટલ ૨૦૧ એકરની વિશાળ જગ્યામાં બનશે આ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ સપ્ટેમ્બર-૨૦૨૨થી શરૂ થશે
- ✓ મેડિકલ કોલેજ, અદ્યતન લેબોરેટરી, નર્સિંગ કોલેજ, સ્ટાફ ક્વાટર્સ, હોસ્ટેલ જેવી સુવિધા ઉપરાંત દર્દીઓના સગાવ્હાલાઓ માટે ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળુ ગેસ્ટ હાઉસ
- ✓ આ હોસ્પિટલમાં દેશના કોઈ પણ દર્દીની સારવાર ઉપરાંત વિદેશના દર્દીઓને પણ સુપર સ્પેશિયાલિટી સારવાર ઉપલબ્ધ થશે જેના કારણે મેડિકલ ટુરિઝમમાં વધારો કરી અને નવી રોજગારી પણ ઉપલબ્ધ થશે
- ✓ કુલ ખર્ચ : રૂ. ૧૨૦૦ કરોડ
- ✓ કુલ : ૭૫૦ બેડ

- ✓ મેડિકલ કોલેજ સહિતની અદ્યતન હોસ્પિટલ
- ✓ સંભવિત-૨૦૨૨થી OPDનો પ્રારંભ
- ✓ ૧૦૦૦ તબીબો ફરજ બજાવશે
- ✓ AIIMS: અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન
- ✓ સ્થળ : ખંઢેરી, રાજકોટ

PM મોદીના સંબોધનના મુખ્ય અંશો :

- ✓ વર્ષ-૨૦૨૧નો નવો મંત્ર : 'દવાઈ ભી કડાઈ ભી'
- ✓ ૨૦૨૧નું વર્ષ હેલ્થ સોલ્યુશનનું વર્ષ બનશે
- ✓ દેશમાં આગામી ૬ વર્ષમાં ૧૦ એમ્સ અને તેના જેવી ૨૦ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલનું લક્ષ્ય છે. એકપણ રાજય એમ્સથી બાકાત નહીં રહે.
- ✓ દેશમાં દર ત્રણ લોકસભા મતક્ષેત્રો દીઠ ન્યુનતમ એક મેડીકલ કોલેજ હશે.
- ✓ છેલ્લા વર્ષમાં મેડીકલની ૩૧૦૦૦ અને પોસ્ટ ગ્રેજયુએશન મેડીકલની ૨૪૦૦૦ બેઠકો વધી છે.
- ✓ ભારત હેલ્થ ઓફ ફયુચર અને ફયુચર ઓફ હેલ્થ બંનેમાં મહત્વની ભૂમિકા ભજવશે.
- ✓ વિશ્વને માસ ઈમ્યુનાઈઝેશન અને એક્સપર્ટાઇઝેશન બંને જોવા મળશે.
- ✓ બિમારીઓ ગ્લોબલાઈઝ થઈ રહી છે ત્યારે હેલ્થ સોલ્યુશન્સ પણ ગ્લોબલાઈઝ થાય, પૂરી દુનિયા ઈલાજ માટે એક બને તે જરૂરી છે.
- ✓ ભારતે ગ્લોબલ પ્લેયર તરીકે ડિમાન્ડ મુજબ એડપ્ટ, ઈવોલ્વ અને એકસ્પાન્ડની ક્ષમતા દર્શાવી છે.
- ✓ હવે દુનિયાના સૌથી મોટા રસીકરણ અભિયાન માટે ભારત તૈયાર છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. નિમણૂક - SAC : અમદાવાદના નવા ડિરેક્ટર તરીકે ગુજરાતી વૈજ્ઞાનિક નિલેશ એમ. દેસાઈની નિમણૂક



- ✓ સાડા ત્રણ દાયકા પછી ગુજરાતની પસંદગી

કારકિર્દી :

- ✓ અગાઉ વિક્રમ સારાભાઈ અને એ પછી પ્રોફેસર પી.ડી.ભાવસાર એ બે ગુજરાતી અગાઉ અમદાવાદની આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સંસ્થા સેકના ડિરેક્ટરો તરીકે.
- ✓ પ્રોફેસર ભાવસાર ૧૯૮૫થી ૧૯૮૬ સુધી ડિરેક્ટર હતા. એ પછી દેસાઈ પ્રથમ ગુજરાતી છે.

- ✓ સ્પેસ એપ્લિકેશન સેન્ટર ઈસરોની મહત્વની સંસ્થા છે અને ભારતના અનેક ઉપગ્રહોની કામગીરી અહીં જ થાય છે.
- ✓ SAC : સ્પેશ એપ્લિકેશન સેન્ટર-અમદાવાદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૩. ૪૧મો સપ્તક સંગીત સમારોહ-૨૦૨૧ - અમદાવાદ (કલા સંગીત)



- ✓ પ્રારંભ : તા. ૧ થી ૧૩ જાન્યુઆરી-૨૦૨૧
- ✓ કોરોનાને કારણે પ્રથમવાર સપ્તકનું ઓનલાઈન આયોજન

વિગત :

- ✓ અમદાવાદમાં વિશ્વ વિખ્યાત ૪૧મો સપ્તક સંગીત સમારોહ તા.૧ જાન્યુઆરીથી શરૂ થશે.
- ✓ કોરોનાના કારણે સપ્તકના ઈતિહાસમાં પ્રથમ વખત ઓનલાઈન પ્લેટફોર્મ પર સમારોહ યોજાશે.
- ✓ છેલ્લા ૪૦ વર્ષની પરંપરા ૪૧માં વર્ષે પણ અનેક તર્ક વિતર્કોની વચ્ચે આયોજકોએ જાળવી રાખી છે.
- ✓ સપ્તક સંગીત સમારોહ આવતીકાલ ૧, જાન્યુઆરીથી સતત ૧૩ દિવસ સુધી ઈન્ટનેટ થકી ઓનલાઈન ઉજવાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

રાષ્ટ્રીય બાબતો

૪. અવસાન : ૧૯૬૫માં ભારતના પ્રથમ એવરેસ્ટ અભિયાનના હીરો અને ઈન્ડિયન આર્મીના સુપર સ્ટાર કર્નલ નરેન્દ્ર કુમારનું ૮૭ વર્ષે નિધન



- ✓ જન્મ : ૧૯૩૩, રાવલપિંડી

પ્રદાન:

- ✓ કાશ્મીરના ઉત્તર છેડે આવેલી સિઆચેન હિમનદી આજે ભારતના કબજામાં છે, તેનો શ્રેય પણ બુલના લાકડા નામે ઓળખાતા કર્નરલ નરેન્દ્રને જાય છે.
- ✓ ૧૯૮૪માં ઈન્ડિયન આર્મીએ અકલ્પનિય અને અશક્ય લાગતા ઓપરેશન મેઘદૂત દ્વારા સિઆચેન શિખર કબજે લીધું હતું. એ ઓપરેશનના આગેવાન કર્નલ નરેન્દ્ર હતા.

- ✓ ૧૯૮૪ સુધી સિઆચેન વિસ્તાર નધણિયાતી હાલતમાં હતો. પાકિસ્તાને તેના પર કબજાની તૈયારી કરી લીધી હતા.
- ✓ પર્વતારોહી અને હિમાલયના અનેક શિખરો ખુંદી વળેલા કર્નલ નરેન્દ્રને એ બાતમી મળી. સિઆચેન વિસ્તાર દસેક હજાર ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે.
- ✓ ઓપરેશન મેઘદૂત દ્વારા એ સમગ્ર વિસ્તાર કબજે લઈ કર્નલ નરેન્દ્ર અને તેની ટીમે ત્યાં ત્રિરંગો લહેરાવ્યો, જે આજે પણ લહેરાય છે.
- ✓ કર્નલ નરેન્દ્રનો જન્મ ૧૯૩૩માં બ્રિટિશ હિન્દના રાવલપિંડીમાં થયો હતો. બોક્સિંગ, સાયકલિંગ સહિત અનેક રમતોમાં માસ્ટરી ધરાવતા કર્નલ નરેન્દ્ર ૧૯૫૦માં ભારતમાં જોડાયા હતા.
- ✓ ૧૯૬૫ના પ્રથમ ભારતીય એવરેસ્ટ અભિયાનના તેઓ ડેપ્યુટી લિડર હતા. ૧૯૮૪માં તેઓ નિવૃત્ત થયા હતા. તેઓ કિર્તી ચક્ર અને અતિ વિશિષ્ટ સેવા મેડલ વિજેતા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૫. નવું વર્ષ એક : ઊજવણી ૩૮ (ભૂગોળ)



નવા વર્ષની ટાઈમઝોન આધારે ઉજવણી

વિગત :

- ✓ ધરતીના ગોળા પર કુલ ૩૮ ટાઈમઝોન.
- ✓ ટાઈમઝોન એટલે સાદી ભાષામાં એક દેશમાંથી બીજા દેશમાં જઈએ ત્યારે અનુભવાતો સમયનો તફાવત.
- ✓ ન્યૂઝિલેન્ડ પૂર્વમાં છે, તો ત્યાં સૂર્યના કિરણો પહેલા પહોંચે અને એ તરફના દેશો નવા વર્ષમાં સૌથી પહેલા પ્રવેશે.
- ✓ અમેરિકા-કેનેડા છેલ્લા પ્રવેશનારા પૈકીના એક હોય. એવા કુલ ૩૮ ટાઈમઝોન છે,
- ✓ એટલે નવા વર્ષની અલગ અલગ દેશોમાં ૩૮ વખત ઉજવણી થાય એમ કહી શકાય.
- ✓ કેમ કે દરેક દેશ માટે નવું વર્ષ રાતે ૧૨ વાગે ત્યારે જ આરંભાય. ૩૮ ટાઈમઝોનને કારણે ધરતી પર વિવિધ સ્થળે કુલ ૩૮ વખત બાર વાગે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

.....જય હિન્દ.....

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૧-૧૨-૨૦૨૦)

1. તાજેતરમાં 31 ડિસેમ્બર 2020ના રોજ ગુજરાતના કયા શહેરમાં સૌપ્રથમ AIIMSનો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઈ-શિલાન્યાસ કરાયો - **રાજકોટ**
2. રાજકોટ ખાતે ભારતની કેટલામી AIIMSનું ભૂમિપૂજન કરાયું - **21**
3. રાજકોટ ખાતે કેટલા બેડની કેટલા ડોક્ટરો સાથેની AIIMS હોસ્પિટલ તૈયાર કરાશે- **750 અને 1,000**
4. રાજકોટ AIIMSમાં OPDનો સંભવિત પ્રારંભ કયા વર્ષથી કરવામાં આવશે - **સપ્ટેમ્બર 2022**
5. AIIMSનું વિસ્તૃત નામ જણાવો - **ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ**
6. ભારતમાં આગામી 6 વર્ષમાં કેટલી નવી AIIMS શરૂ કરવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે - **10**
7. તાજેતરમાં SAC-અમદાવાદના નવા ડિરેક્ટર તરીકે કયા ગુજરાતીની નિમણૂક કરવામાં આવી છે - **વૈજ્ઞાનિક નિલેશ દેસાઈ**
8. SACનું વિસ્તૃત નામ જણાવો - **સ્પેસ એપ્લીકેશન સેન્ટર**
9. વર્ષ 2021માં અમદાવાદ ખાતે કેટલામાં સપ્તક સંગીત સમારોહનો પ્રારંભ થશે - **41**
10. અમદાવાદમાં વર્ષ 2021માં ઑનલાઇન યોજાનાર સપ્તક સંગીત સમારોહનો સમયગાળો જણાવો - **01 જાન્યુઆરીથી 13 જાન્યુઆરી 2021**
11. 31 ડિસેમ્બર 2020ના રોજ ભારતના કયા પ્રથમ એવરેસ્ટ હીરોનું અવસાન થયું - **ઇન્ડિયન આર્મીના સુપર સ્ટાર કર્નલ નરેન્દ્રકુમાર**
12. ઇન્ડિયન આર્મીના સુપર સ્ટાર કર્નલ નરેન્દ્રકુમારનો જન્મ ક્યાં થયો હતો - **રાવલપિંડી, પાકિસ્તાન**
13. વર્ષ 1984માં સિયાચીન શિખર પરત લેવાના ઇન્ડિયન આર્મીના ઓપરેશન મેઘદૂતના મુખ્ય હીરો કોણ હતા - **કર્નલ નરેન્દ્રકુમાર**
14. ધરતીના ગોળા પર કુલ કેટલા ટાઈમઝોન છે - **૩૮**
15. સાદી ભાષામાં ટાઈમઝોન એટલે શું - **એક દેશમાંથી બીજા દેશમાં જઈએ ત્યારે અનુભવાતો સમયનો તફાવત.**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721